No Englishman can read without a feeling of shame the news telegraphed from Johannesburg that a large number of Indian soldiers, many of them wearing medals for fighting Britain's battles, are threatened with starvation for refusing to comply with a law which was intended to humiliate them and their fellow countrymen. . . More than a hundred of these men have been dismissed from their employment for refusing to register. They have not the means to return to India, and are virtually outlawed in a British Colony for the crime of having a coloured skin. When President Kruger attempted to interfere with the full freedom of British Indians, his action constituted part of our *casus belli*. Yet nothing that President Kruger did will for a moment compare with what is now being done under the shadow of the British flag and under the authority of a Liberal and Free Trade Government.

Sir William Wedderburn's Appeal

Sir Wm. Wedderburn, Bart., chairman of the London Committee of the Indian National Congress, has addressed a letter to the *Daily News* from which we extract the following:

May I ask for your benevolent influence on behalf of some eight thousand of our Indian fellow-subjects, permanent residents in the Transvaal, who, since the 31st of October, have become "passive resisters" against the insulting Transvaal Registration Act of 1907, and have thereby become liable to imprisonment, confiscation, and expulsion from the Colony?

Surely it behoves the British public to inquire whether these men, admittedly docile and industrious, have done anything which deserves that they and their families should be driven from their homes, and whether there is any ground for this persecution except trade jealousy and race prejudice.

For the sake of our national credit some *modus vivendi* should be discovered by the Colonial Office before measures of severity are allowed against this inoffensive community.

I would remind your readers that under the London Convention of 1881 British Indians had "full liberty to enter and reside in the Transvaal, to own houses and shops, and to trade in person or by agent. And the withdrawal of such privileges and the enactment of differential laws by the Boer Government were put forward by Lord Lansdowne and Lord Selborne as an important part of the *casus belli*.

The New Reform Club, London, has written to Lord Elgin, protesting against the disabilities imposed on British Indians in the Transvaal.

A Churlish Refusal

The following letter addressed to Mr. M. M. Joshi, of Pretoria, by the Town Clerk of Pretoria, speaks for itself. The second paragraph is of especial interest:

In reply to your letters of the 4th and 19th inst. applying on behalf of an Indian named Rattanjee Makan for the lease of the above two stands in the Asiatic Bazaar, I have the honour to inform you that:—

1. Stand No. 530 is already under lease to another Indian.

2. Rattanjee Makan not having registered himself in terms of the Asiatic Law Amendment Act 1907, is only resident in the Transvaal.

My Council are therefore unable to grant him the lease of Stand No. 527.

Alleged Durban Registrations

The Durban correspondent of the *Transvaal Leader* telegraphed on Monday that the steamer *Kaiser* had arrived from India to-day with 80 Indians, 33 of whom have proceeded to the Transvaal. All have taken out visiting passes, but those going to the Transvaal were especially examined by the Transvaal Government Immigration Agent here, and were registered under the provisions of the new Act. We have ourselves made careful inquiries, and are quite unable to obtain confirmation of the alleged list of registrations in Durban. A representative of INDIAN OPINION has interviewed most of the passengers by the *Kaiser* who declare that no registrations have taken place and that the allegations are

The Port Elizabeth Indian Association has forwarded to the British Indian Association the sum of £25 in view of the heavy strain upon the resources of the Transvaal Indian community.

At a private meeting of the Madrassi community in Johannesburg over 50 persons agreed to re-place those of their leaders who should be kept in durance by the Government.

News from London

Lord Ampthill's Proposed Action in Parliament

Reuter sends the following cables :—

London, Jan. 1.—Lord Ampthill, who was for many years Governor of Madras, will preside at a non-party meeting in London, called for this evening, to protest against the Transvaal Immigration Act. It is further stated that Lord Ampthill's intention is to bring up the matter upon the re-assembly of the House of Lords, and it will also be introduced in the House of Commons in the form of an amendment to the address.

London, Jan. 1.—The *Morning Post*, reverting to the Indian question in the Transvaal, suggests that the Transvaal Government should give voluntary registration another chance; also that the Imperial Government should instruct the Indian Government to refuse in future to allow the emigration of indentured labourers to Natal.

London, Jan. 1.—The *Daily Chronicle* welcomes the suggestion of *The Times* that the question of Indian Immigration should be considered at a meeting of the Imperial Conference, and that, in the meantime a commission be organised by the Colonial Secretariat to investigate the problem. The *Chronicle* adds that such treatment of the question would be the means of expressing to the Colonies the desirability of effecting the restriction and regulation of Asiatic immigration, with due regard to Imperial interests and responsibilities.

London, Jan. 2.—*The Times*, in a leading article, remarks that if the present situation shows the way in which Colonials have heeded Imperial aspects of the question, the Mother Country must show that she could comprehend the local aspects, but, while not denying what was substantial in local prejudices and fears, she was entitled to claim that things involving the Empire in immense responsibilities and perils, of which she had to bear the brunt, would not be decided exclusively by local prejudices. The paper adds that the Transvaal Government's attitude towards Asiatics is provocative and harsh. It hopes that the delay in effecting the treatment of Mr. Gandhi and others is due to counsels of moderation from the Imperial Government.

The Press on the Immigration Act

A Few Choice Clippings

The Imperial Government, we are informed, was persuaded to acquiesce in the Immigration Act on the plea that if the Transvaal Administration were placed in a position to deport or imprison one or two of the leaders of the agitation the resistance of the Indians as a body would collapse.—*Pretoria News.*

Is not the root-question, Do we wish the Asiatics to be removed or not? If we do, let us say so straightforwardly. There is nothing to be ashamed of in that attitude. It is not immoral, though it may in the end prove unsound economically. It would simply be a measure of Protection, where at least there would be this to be said for it, that it was an attempt to protect a race and a civilisation, and not merely a few individual fortunes. Most of us say we do not wish to go this length. We say we are willing that Asiatics who have been here for a certain period should have the right to remain, on conditions. But if we find practically the entire community concerned rejecting these conditions and preferring imprisonment and deportation to compliance with them, must we not, as reasonable people, amend the law in a sense favourable to the complainants' views, or admit that our object is to expel them? But if this be the object—even if the other party persist by his actions in making this the effect—must the State not in justice compensate for disturbance?—*Transvaal Leader.*

They have to fight clever, and not very scrupulous opponents, who will mark their leaders and imprison or expel priests, lawyers, and doctors, who are keeping the commoner people together. The agitation will then languish and come to an ignoble end. The most valuable and intelligent members of the Indian community will find themselves permanently expelled from Transvaal, and the lower classes remaining, after having registered, will be at the mercy of those white traders—chiefly of foreign descent—who are insisting upon their being refused the ordinary rights of citizenship.—*Pretoria News.*

The new Act simply puts an end to a grotesque situation by giving the citizens of the Transvaal the power to enforce a claim which has already been admitted, and as such must be welcome from every logical and constitutional point of view. Whether it means an equally simple end to the practical Asiatic difficulty is a very different question. The enthusiastic meeting of Indians held last night in Vrededorp certainly showed no signs of weakening in the campaign of passive resistance and the Government will have to exercise its new powers with considerable patience and tact if it is to succeed in winning the day without losing credit in the eyes of the world.—*Star.*

Even at this late hour the position of the Indians should appeal to that sense of justice and fair play, to that sympathy with the weaker cause, which is so essentially a characteristic of the British nations and which is shared by our newly adopted Dutch-speaking fellow colonists. It is not too late for the Government to offer to the Indians some concession which while not affecting the spirit and practical usefulness of the Registration Act, will remove the religious objections to the Act. "O, it is excellent to have a Giant's strength; but it is tyrannous to use it like a Giant."—*Pretoria News.*

The deportation policy might easily lead to friction of an undesirable kind between the Transvaal and its neighbours. There are some difficult questions of law involved, or likely to be raised, in the event of deportation of Asiatics from the Transvaal—questions that might be awkward for the Transvaal Government itself, and not less awkward, say, for Natal, if we were forced to thrust back again into the Transvaal such deported Indians as the Transvaal authorities might dump amongst us. It is of special interest to us to note the suggestion of one important London Newspaper, to the effect that the reply to the Transvaal's policy might be an instruction from Downing Street to the Indian Government to refuse in future to allow the emigration of indentured labourers to Natal. No doubt, there are people in Natal who would be delighted at such a prospect, not realising the extent to which our industries and social arrangements would be dislocated. Such a contingency may be improbable or fantastic, but the mention of it serves to illustrate how far-reaching are the questions raised in connection with the Asiatic crisis in the Transvaal whatever may be the cause of the delay in forcing the crisis to extremes, the breathing space may be useful, if it is used for the purpose of deliberately and calmly weighing all the factors in the problem, and making one more effort to see whether Imperial, Indian, and Colonial interests cannot be reconciled and the threatened Imperial dangers averted.—*Natal Mercury.*

ઇંડિઅન ઓપિનિઅન.

પુસ્તક ૬. ફીનીક્સ—શનીવાર, તારીખ ૪ થી જાનેવારી, ૧૯૦૮. અંક ૧.

અઠવાડીક પંચાંગ.

ખ્રીસ્તી—તા૦ ૪ થી જાનેવારીથી, તા૦ ૧૦ જાન્યુઆરી સુધી, ઇ૦ સ૦ ૧૯૦૮.

હીંદુ—પોશ સુદ ૧ થી, પોશ સુદ ૭ સુધી, સંવત ૧૯૬૪.

મુસલમાની—તા૦ ૨૯મી જીલ્હાદ થી ૫ મી જીલ્હેજ સુધી, ૧૩૨૫ હીજરી.

વાર.	ખ્રીસ્તી તારીખ.	હિંદુ તીથી.	મુસલમાની તારીખ.	સુર્યોદય	સુર્યાસ્ત
				ક. મી.	ક. મી.
શની ...	૪	૧	૨૯	૫ ૨૦	
રવી ...	૫	૨	૩૦	૫ ૨૦	
સોમ ...	૬	૩	૧	૫ ૨૦	
મંગળ	૭	૪	૨	૫ ૨૦	
બુધ ...	૮	૫	૩	૫ ૨૦	
ગુરૂ...	૯	૬	૪	૫ ૨૦	
શુક્ર ...	૧૦	૭	૫	૫ ૨૦	

અનુક્રમણિકા.

રામસુંદર પંડીત ૧
હવે રંગ જામ્યો ... ... ,,
ટ્રા. આ. જિ. ઈ. કમીટી. ૩
મી. ગાંધીનો કાગળ... ... ... ,,
ટ્રાંસવાલમાં અચેલો જંગ ૩
ખાણની કરાર. ૫
વિલાયતમાં હીંદી ચરચા ... ... ,,
જોહાન્સ્બરગનો ખબરપત્ર. ૬
જોહાન્સ્બરગમાં હીંદીની મંત્રણા મીટીંગ ૮
ટ્રાંસવાલના હિંદીની માત્ર મીટીંગ ૯
ગુજરી ખબરો ૧૦
નાતાલ ઉંડિઅન કોંગ્રેસની મીટીંગ... ૧૧
ટ્રાંસવાલના દુઃખ માટે શોક પાળવા
નાતાલના ભાઇઓને અરજ... ... ... ,,
ટ્રાંસવાલ ઉંમીગ્રેશન રીસ્ટ્રીકશન એકટ.. ૧૨
ટ્રાંસ્વેસ્ટરમના હીંદીપર આરોપ ! ... ૧૪
ડર્બન બન્દર બાબત ... ... ,,

તા. ૨ જી એ લંડનથી રૂટર જણાવે છે કે:—લંડનમાં બરાનારી પ્રોટેસ્ટ મીટીંગ [illegible] પ્રમુખપદ લોર્ડ એમ્પટહીલ લેશે. એમ જણાવવામાં આવે છે કે લોર્ડ એમ્પટહીલ ટ્રાંસવાલની આખી બાબત [illegible] ઓફ લોર્ડઝમાં રજુ કરશે. તેમજ [illegible] ઓફ કોમન્સમાં પણ તે વાત [illegible]

ઇંડિઅન ઓપિનિઅન.

શનીવાર તા૦ ૪ થી જાનેવારી, ૧૯૦૮.

રામસુંદર "પંડિત"

રામ સુંદર ખરે 'પંડીત' નથી, તેથી તેના નામનો એટલો ભાગ અમે ત્રીજા અક્ષરમાં નોખો છાપ્યો છે. પંડિત એ તેણે અટક ધારણ કરેલી. પણ જ્યારે પંડિતાઇ ગઇ ત્યારે તેને 'પંડિત' એ નામથી ઓળખી શકાય નહિ.

રામ સુંદરને અમે આ પત્રમાં બહુ માન આપ્યું, તેને વિષે માનના શબ્દો વાપર્યા, અને ક્રાયદા સંબંધી તેની વરત બહુ અમે બધાને ધડો લેવા જેવી બતાવી, તેને સારૂં અમે અમારા વાંચક વરગની માફી માગીએ છીએ. અમે ખોટા દોર વાઇ ગયા—અમને ખરી હકીકતનું ભાન ન હતું—તેથી અમે નિર્દોષ છીએ. આપણામાં કહેવત છે કે માણસનું પેટ અને દેહલના પોલાણની કોઇને ખબર નથી પડતી. તેમજ અમે રામ સુંદરના પેટમાં શું હતું ને જોઇ શકતા નહતા. તેણે ઉપરથી જે કહી દેખાડયું તે ખરૂ માની અમે તેને શુરવીર ગણ્યા. આ પ્રમાણે અમે હજુ પણ બીજાઓને વિષે કરતા. તેજ રીતે સંસાર ચાલી શકે છે. ઇશ્વરને માણસો સાચા દિલે તેની ઉપર [illegible] તેને બાતલ કરવો એમાં આપણે બુદ્ધાદ જ્ઞાનનો ઢાંચો કર્યા જેવુ થાય. માણસનાં દિલ જાણનાર તો ઇશ્વર એકજ છે. આપણે તો માણસને તેનાં કાર્યોથીજ ઓળખી શકીએ છીએ. રામ સુંદરનું કાર્ય સારૂ લાગ્યું તે પ્રજાની આગળ મુકવાની અમારી ફરજ હતી. એજ પ્રમાણે હવે જ્યારે તે ઢગનો વેષ ખુલ્લો પડયો છે ત્યારે અમે તેની ઢગાઇ પણ વાંચક વરગની આગળ મુકતાં અચકાતા નથી. એજ રિતે અમારા બુદ્ધથી થએલા દોષનું નિવારણ કરીએ છીએ. રામ સુંદર કોમને મન આજે મરણ પામ્યા છે. તેનું જીવિત મિથ્યા થયું છે. તેણે [illegible] ને જેલનો પ્યાલો પીધો છે. [illegible] તેની ચેતા કરતા સારૂં છીએ. ગણીએ છીએ. તેણે ખરે વખતે જરમી રટનથી નાતાલની ટ્રેનમાં પગ મુકયો તેના પહેલાં તે અકસ્માતથી મરણ પામ્યા હત તો તે અમર થઇ જાત. પણ તેના નસીબ વાંકાં હતાં. તે કંગાળ થઇ પોતા ની જરમીસ્ટનની જગાતને, કોમને, પોતા ને, તથા પોતાના કુટુંબને ઢગો દઇ [illegible] કાયા બની જેલના ડરથી નાસી ગયા છે. ઇશ્વર તેને હજુ પણ સન્મતિ આપો એમ અમે તેની પાસે સ્તુતિ કરીએ છીએ.

અમે તીખા શબ્દો વાપર્યા છે પણ અમારી લાગણી દુભાની છે. તેનો દોષ ધુપાવવો એ અમે નિરદયતા સમજીએ છીએ. જો તેના ગુણ નહિ ગાયા હત તો તેના દોષ જાહેર કરવાની જરૂર ન રહેત.

રામ સુંદરની બની આપણે હજુ ચિંતવાની છે. તે બનીને જોઇ સદાય માગવાનું છે કે "હે ખુદા (ઇશ્વર) અમને રામ સુંદર જેવી દશામાંથી ઉગારજે, અમને બોટી હિમત ન આપજે, અને છેવટ લગી અમને સાચવજે. જ્યારે જ્યારે કોઇના મનમાં દુલકા વિચાર આવે ત્યારે રામ સુંદરનું નામ લઇ, અને હેબ તાઇ ઉડી, પોતાનો તિરસ્કાર કરી પછી ઇશ્વરને સંભાળવાનો છે. છોકરાંઓને જેમ 'બાઉ' કહી બડકાવીએ છીએ તેમ આપણે રામસુંદર બાઉનો વિચાર કરી આપણને પોતાને બાઉ ન વળગે એમ જોવાનું છે.

હિંદીને હજુ બહુ લડવાનું છે. લડત હવેજ શરૂ થઇ છે. તેમાં રામ સુંદરનુ નાટક આપણે જોઇ શકયા. એને સારૂ તેનો ઉપકાર માનવાનો છે.

હવે રંગ જામ્યો

હવે લડત ટ્રાંસવાલમાં શરૂ થઇ ચુકી છે. આજલગી તો માત્ર બંને પક્ષ કરૂ ગોળો એકઠો કરતા હતા. રણશિંગું વાગ્યું છે ને હિંદીને પોકારે છે કે 'ઉઠો, ને ઉઠયા પછી આંખ ન મીચતા.' આ સમામ દેવતાઓ જોવા આવશે એવો છે. અમે હિંદીની લડતને ખુદાઇ માનીએ છીએ, સરકારની લડતને શેતાની માનીએ છીએ, સત્ય હજુ તેથી રામચંદ્ર [illegible]

રતું સરકાર લઇ દશ માયાળા થવાનું હરાંસી ગાવ્યા હતા. હિંદી બરા છે, એટલે તેઓ અગણિત માથાવાળા સરકાર તે કરાવશે એવું અમારું પણ છે. તે એક શરતે—હિંદી સાચા, શુરા, ને સંપી લા રહેશે તો.

'ઇમીગ્રેશન કાયદો વડી સરકારે પસાર કર્યો, હાય હવે કેમ થશે?' એવું વચન માત્ર બીકણ કહાડશે. આપણે આશા વડી અરબારની રાખતા હતા. હજુએ રાખીએ. પણ આપણી માંસ તો એક પથ્થરની બાજળ છે. જ્યારે તે આપણને તજશે ત્યારે જોઇ લઇશું. પણ ખુદાએ કોઇને તજ્યા એવો દાખલો ઇતિહાસમાં નથી; એટલે આપણે તે વિચાર કરવાનો વખત નથી આવવાનો.

ઇમીગ્રેશન બીલ પસાર થયું તેથી શું? જેલમાં દેશ નિકાલ ભળ્યું. તે તો સગા કાકાના દીકરાઓ જેવું થયું. જે જેલમ સહાય રહેવા તયાર છે તે શું દેશ નિકાલ નહિ થાય? જેલમાં તો ચાર દિવાલોમાં ચગડાઇને રહેવાનું છે. તે તો પાંજરામાં સિંહ પડયો. દેશ નિકાલ થતાં તો વન માં પડેલો સિંહ રણકારા કરી આખું વન ગજાવી મુકે. ખુદા કંઇ ટરાંસવાલની તુરંત માંજ નથી વસનારો. તે તો આપણી સાથે છે. પછી ધરિત શી? આપણે જેલની વાતથી ટેવાએલા છીએ, એટલે કંઇક ભય છોડી દીધો છે. દેશપારની વાતથી ટેવાઇયું ત્યારે તે તો વધારે વહા લું લાગશે.

કોઇ કહે કે દેશ નિકાલ કરવાના પૈસા પણ સરકાર દેશ નિકાલ થનાર ધણીની પાસેથી લેશે. આ દલિલ ગેર સમજની ગણાય. જેલ જતાં પાઇસાની નુકસાની ખમવી પડશે તો દેશ નિકાલ થવે નહિ ખમવી? એ નુકસાનીમાં તો આપણે જેઠા છીએજ. એક પગ દહિંમાં ને બીજો દુધમાં એમ નહિ રખાય. માન અને પાઇસો, ધરમ અને શરીર, સુખ અને દુઃખ એ બધાં વિરોધી છે. હિંદી કોમ અત્યારે મહાન પુરષાર્થ કરવા નિકળી છે. ત્યાં પાઇસાની ગણત્રી નહિ કરે એમ અમે માનીએ છીએ.

ઇમીગ્રેશન બીલ પસાર થયાના ખબર મળ્યા તેવાજ જોહાન્સબરગ, પ્રીટોરિઆ, પીટરસબરગના હિંદી પકડાયા. આ કામ ચુપ થયું. પકડાએલા પણ ચીણી કહ વામાં આવ્યા છે, તે ધણે ભાગે નહિ કરનારા તથા જેણે કાયદાની સજત લીધી છે તેવા છે. તે બધાને અમે મુકે રાવહી આવીએ છીએ. તેઓ કેવું કે સામી છાતે એમ તેઓની પાસે માગીએ છીએ. અને તેઓની આબરૂ રાખ સુંદર ની બબી બદી કરીએ છીએ. તેઓ ભલે જેલ જાય, દેશ પાર થાય. અને વહેલે પાપારી ત્યારે જેલમાં તો બિરાજ માન થઇ પણ ગણા હોય.

પાછળના કેમ કરશે? તેના સંતોષ કારક જવાબમાં બધું સમાએલું છે. જનરલ સ્મટસે જે આ પત્રનું ભરણું છે તેને સારૂ તેને ધન્યવાદ ઘટે છે. હવે આપણી ખરી કસોટી થશે. જો લોકોને પોતાના કસમ વહાલા હશે, પોતાની આબ રૂ વહાલી હશે, તો એક પણ હિંદીએ ખુની કાયદાને વશ થવું તેના જેવું બીજું દુઃખ નથી. એટલે બીજાં ગમે તે દુઃખ પડે તે ભલે, પણ કાયદો 'ન ખરે'

સાઉથ આફ્રિકા બ્રિટીશ ઇન્ડિઅન કમીટી.

શ્રી. રીચનો સપ્તાહિક કાગળ.

તા. ૬ ડીસેંબરના કાગળમાં શ્રી. રીચ લખે છે કેઃ—

સાથેના કાગળોથી જોશો કે અહિં શું ચાલે છે. સર વીલીયમ વેડરબરને ઘણો સરસ કાગળ 'ડેલી ન્યુસ'ને લખ્યો છે. ખેડૂત એંપ્ટહીલ મહેનત ખુબ કરી રહ્યા છે.

કનસરવેટીવ અને લીબરલ પક્ષના કલબો પણ દિલસોજીના ઠરાવ પસાર કરવાની હિલચાલ થઇ રહી છે.

સર મંચેરજી ત્યાંની મજબુત હડત ના સમાચાર જાણી ઘણાજ ખુશી થયા છે.

[શ્રી. રીચે ઘણા કાગળો મોકલ્યા છે તેનો તરજુમો અમે અહિં હવે નથી આપતા કેમ કે ઇમીગરેશન કાયદો મંજુર થવાથી તે નકામા થઇ પડયા. મીસીસ રીચની તબીયત હજુ ઘણી ખરાબ રહે છે અને તેનું ખરચ થયા કરે છે.—અ.ઇ.ઓ.

સુરત ખાતે કોંગ્રેસની મેાહરેટાની મોટી ગમાં ટરાંસવાલની લડાઇની સવાલ ચર્ચયેા હતેા. ટરાંસવાલના ડેલીગેટે રજીસ્ટ્રેશન કાયદા વિષે જાણ્યું કર્યું, તે જણાવ્યું કે ટરાંસવાલનું નાતાલ અનુકરણ કરે ત્યારે બહુ માઠી દશા થવાનેા સંભવ છે. ટરાંસવાલ સંબંધમાં વચ્ચે પડવા માટે વેાઇસરાયપર, તમા સેાડ ઝેલગ્રીનપર અરજો મેાકલવામાં આવ્યા હતા.

મી. ગાંધીનો કાગળ

મી. ગાંધીનેા નીચે મુજબ કાગળ ટરાંસવાલના છાપામાં પ્રગટ થયેા છે:—

એશીઆટીક કાયદાની સામે પાસીવ રીઝીસ્ટન્સની લડતમાં આગેવાની ભર્યો ભાગ લેનારાઓ પર હિંમતથી અને પ્રમાણીકપણે કામ ચલાવવા માટે સરકારને મુબારકબાદી ઘટે છે. એશીઆ ટીક લાગણીની કસોટી કરવાનો એજ રસ્તો છે. પણ પકડાએલામાં કેટલાક આગેવાની ન લેનારા છે, તથા કેટલાક આગેવાની લેનારાને મુકી દેવામાં આવ્યા છે. આ બંને બાબતમાં અર્થ સમાએલેા છે. છતાં તે બાબત પર બોલવા માટે હું આપની જગા રોકવા માગતેા નથી.

ઇમીગ્રેશન કાયદાની મંજુરીની સાથેજ સરકારે પકડવાનું પગલું લીધું છે. એ બતાવે છે કે સરકાર પોતાની નવી સતા વાપરવા માગે છે. હવે સરકારના હાથમાં ત્રણ રસ્તા છે: જેલ, લાઇસેન્સ ની બંધી, અને દેશવટો. આ બધી સતાઓ સરકારે લીધી છે, અથવા તો સરકારને મળી છે તે એશીઆટીક ધસારો અટકાવવા માટે નહિ; કારણકે કોઇને એ ધસારો જોઇતો નથી. અને રજીસ્ટ્રેશન કાયદાથી એ ધસારો અટકાવી શકાય એમ પણ નથી. આ સતાઓ સરકારને મળી છે અથવા લીધી છે તે વેપારી હરિફાઇ દુર કરવા માટે પણ નથી કારણ કે કાયદાને શરણ થનાર હિંદીને જોઇએ તેટલા વેપારી લાઇસેન્સ મળી શકશે એટલે આ સતાઓ માત્ર એટ લાજ માટે છે કે હિંદીઓને સરકારની મરજી અનુસાર પળાવવા, તેમની અંતઃ કરણની લાગણીઓને દુભાવવી, અને દુઃખમાં કહીએ તો એક ધાતકી કટકાવડે હિંદીઓની મરદાઇ હરી લેવી અને તેમ કરીને તેમને કાયદાના હાથમાં બીલ્લા સમાન કરવા.

કોલોનીસ્ટો આ નવા કાયદાની ઇચ્છા આપવાના દેશવટાનો અર્થ સમજે છે (દેશવટાના જુલમનું બ્યાન કર્યા બાદ મી. ગાંધી કહે છે કે) ગુન્હા માટે સજા હદથી ત્યારે હોય ત્યારે તે માત્ર જંગલી પાર્યું બતાવે છે. ઇમીગ્રેશન એકટની સતાનો દુરપયોગ કરાય તો ટરાંસવાલના ચુંટણી કરનારાઓના નામે એક જંગલી કાય કર્યા બરોબર થશે. શું એક આખ પ્રજાની પાયમાલીના બનાવ જોઇ

ઠેકડી કરીને હસશે? ગોરાઓ તેમના કુદરતી રક્ષણ કરનારથી વિખુટી પડશે તે માટે 'લોયલ વીમેનસ ગીલ્ડ' મંડળીની સ્ત્રીઓ શું કહેશે? હું બ્રિટીશ રાજને વખાણનારો છું, ટ્રાંસવાલનો શહેરી (એ ટ વોટ વગરનો) છું, અને તેથી દેશના ભલાની બાબતોમાં ભાગ લેવા ઇચ્છનારો છું. એશીયાટીક કાયદો મરેદાક હરી લેનારો અને ધર્મનું અપમાન કરનારો હોવાથી તેને શરણ ન થવાની સલાહ આપવામાં મેં મારા ઉપર જણાવેલ ઇરાદાને વધતું જ કરેલું છે, અને તેમ કરવામાં હું માન સમજું છું. કાયદા ઘડનારાઓ ભુલ ન કરે એમ હું કદી માનતો નથી. પાસીવ રીઝીસ્ટન્સ નિર્દોષ અને સહીસલામત રસ્તો છે. તેનો આશ્રય લેવાથી જરૂર પડયે કારભારીઓના જુલમથી કંટાળેલા કાફરો પણ સંભવીત લોહીલાલાણ યુધ્ધમાંથી બચી શકે તેવી એ લડત છે.

કેટલાક કહે છે કે કાયદો ખરાબ હોય તો હિંદીએ મુલક છોડી ચાલ્યા જવું. તેનો જવાબ એ છે કે બોયર સરકારના જુલમ વખતે અંગ્રેજો માટે ખરાબ કાયદા હતા. તેથી ડરીને અંગરેજો કદી ચાલતા થયા નથી. હિંદીઓ તેવીજ રીતે ટ્રાંસવાલ કદી છોડશે નહિ, સિવાય કે તેમને જંગલી રીતે, ને જોરાવરીથી પકડીને મોકલી દેવામાં આવે. કાયદાએ ને આંધળા થઇને શરણ થવું એ શહેરી પણાનો સદગુણ નહિ ગણાય. અને જો મારા દેશના ભાઇઓ ઇશ્વરને માનતા હશે અને ઇનસાન રહેવા ચાહતા હશે તો તેમનાં મન, તેમની મરજી, અને તેમનાં અંત:કરણ એ હવામાં નિરંકુશપણે ફરનાર અને રહેનાર પક્ષીઓ જેટલાં સ્વતંત્ર છે; અને સરકારની તિક્ષણતામાં તીક્ષ્ણ ગોળી તેમને ભેદી શકશે નહિ; અને એમ છે તો તેમનાં શરીરને સરકાર કબ્જે કરે, જેલમાં નાખે, અથવા દેશવટે મોકલે તેથી કાંઇ પણ થવાનું નથી.

કોઇ એલગીનના દયાળુપણાથી મંજુર થએલા જુલમગાર કાયદાઓ પર વિશ્વાસ મુકતાં જનરલ સ્મટસ ભુલી જાય છે કે પોતાની ટેક માટે લડનાર હિંદીઓ તેમના ગમે તેવા ધાતકી મંત્રથી ડરવાના નથી. આગેવાનોને પકડવા પકડવામાં આવ્યા બાદ જો મારા સ્વદેશી બંધુઓ કાયદાને શરણ થાય તો તો અમે કાયદાને લાયકજ ઠરીએ એમ લેખાશે; અને તેમ છતાં પણ પાસીવ રીઝીસ્ટન્સની લડત તો નિરદોશજ ગણાશે.

ટ્રાન્સવાલમાં મચેલો જંગ

આગેવાનો પકડાયા

કેસની વિગતવાર હકીકત

ટ્રાંસવાલ છોડવાની નોટીસ!

સખણો ફૂલાઝલી ચરચા

[ઈ. ઓ. માટે ખાસ રીપોર્ટ]

શુક્રવારે સવારે ટ્રાંસવાલ એટર્ટીંગ પોલીસ કમીશનર તરફથી મી. ગાંધીને ટેલીફોનથી સંદેશો આવ્યો કે તેમને તથા બીજાઓને (નામો અમારા જોહાન્સબરગ અખબારમાં અપાયાં છે.) પકડવાનો હુકમ થયો છે. મી. ગાંધીએ જણાવ્યું કે સહુ શનીવારે ૧૬ વાગે માજીસ્ટ્રેટ આગળ ખડા થશે. મી. પેપરફ્રસે એ જમીનગીરી કબુલ રાખી.

શનીવારે બરાબર ૧૦ વાગે જોહાન્સ બરગવાળાઓ સહુ મી. જોરડનની કોરટ માં હાજર થઈ ગયા હતા. તેમની પાસે રજીસ્ટ્રેશન સરટીફીકેટ છે? એવો સવાલ સુપરીનટેન્ડન્ટ વરમને પુછતાં નકારમાં જવાબ મળતાં તે બધાને પકડવામાં આવ્યા, અને એશિયાટીક કાયદાની કલમ ૨ પેટા કલમ ૮ મુજબ નવાં રજીસ્ટ્રેશન સરટીફીકેટ વગર ટ્રાંસવાલમાં રહેવા માટે કેસ ચાલ્યો. કોરટ જોનારાઓથી ચીકાર ભરાઇ ગઇ હતી. હાજર થનારામાં મી. જયોર્જ गોડફ્રે, ડો. એમ. એ. પરેરા, તથા બીજા હીંદી આગેવાનો હતા. પહેલાં મી. ગાંધીનો કેસ ચાલ્યો. તેમણે જણાવ્યું કે મારે રજુઆતમાં કાંઇ કહેવાનું નથી. છતાં શોધું સમેન્દવવા માટે કોરટ મને છુટ આપે એમ માગું છું.

મી. જોરડન—તેને કેસ સાથે સંબંધ નથી. તમે કાયદાનો ભંગ કર્યો છે. રાજદ્વારી ભાષણની જરૂર નથી.

મી. ગાંધી—હું રાજદ્વારી ભાષણ કરવા નથી માગતો.

મી. જોરડન—જો તમે રજીસ્ટર ન થયા હો તો તમારો કેસ થઇ ચુકયો. મારે જે કરવાનું છે અને હું જે કરી શકું છું તે કાયદાનિ અંમલમાં મુકવાનું કામ છે.

મી. ગાંધી—મારે કાંઇ લંબાણ પૂરાવા આપવા નથી. અને ડીફેન્સ તેમ ન કરી શકું એમ પણ જાણું છું.

મી. જોરડન—મારે અહીં ડીમેન્સ પુરો વાનું કામ છે. તમે કાયદાની વિરૂધ્ધ છો, અને અંત:કરણથી તેને નહારો માનવાનું કહેવા માગો છો.

મી. ગાંધી—બરોબર એમજ છે.

મી. જોરડન—હારે હું સાંભળીશ.

મી. ગાંધી રજુઆત કરતાં હતા ત્યારે માજીસ્ટ્રેટે તે વાતને કેસ સાથે સંબંધ ન હોવાનું જણાવ્યું.

મી. ગાંધી—તે તો મેં પહેલેથી કહ્યું મેં કોરટ પાસે પહેલેથી પાંચ મીનીટની છુટ માગી હતી.

મી. જોરડન—આમાં કોરટ છુટ આપી શકે તેમ નથી લાગતું.

મી. ગાંધી—ઠીક, સાહેબ, ત્યારે મારે કાંઇ વધુ નથી કહેવાનું.

૪૮ કલાકની નોટીસ

મી. જોરડને ચુકાદો આપતાં લડત વિષે બોલીમે કહ્યું કે આ બાબતમાં હું કુદ થવા માગતો નથી. તેમ ૪૮ કલાકની નોટીસ આપવા સરકારી વકીલે કહ્યું તેમ પણ કરવા ધારતો નથી. મી. ગાંધી તથા બીજાઓને તાબેદારી કરવા માટે પુરતો વખત આપવો જોઇએ. પણ મારે જણાવવું જોઇએ કે હુકમનો અનાદર થએ એક માસની સખત જેલ આપી શકાય છે, અને તે મુદત આઠ સાત દિવસમાં કોલોની ન છોડે તો કે માસની બીજી સજા કરી શકાય છે. એટલે આ બાબતમાં જરા ઢીલાપણાથી વરતવામાં આવે એવી આશા છે. લોક જો સરકાર વિરૂદ્ધ જાય તો સરકાર ઘણાંજ ઓશીયાળ છે, ને તેની સામે થનારને સહન કરવું પડે છે.

(અહીં મી. ગાંધીએ વચ્ચે પડીને કહ્યું કે તમે માત્ર ૪૮ કલાકમાં કોલોની છોડવા નો હુકમ કરશો એમ માગું છું. ને તે કરતાં પણ ઓછી નોટીસ આપવાનું બને તો તેથી અમે વધુ ખુશી થઇશું.) તેથી મી. જ્હેરડને ૪૮ કલાકમાં દરાંસવાલ છોડવાનો હુકમ કર્યો.

બીજા કેસો

કેસ પુરો થયા બાદ બીજા આરોપીઓને બોલાવવામાં આવ્યા. તેમના તરફથી મી. ગાંધીએ અત્રાત કર્યો. પહેલાં મી. પી. કે. નાઇડુને બોલાવવામાં આવ્યા. તેમણે જણાવ્યું કે—હું બીન ગુન્હેગાર છું. બ્રિટીશ પ્રજા છું. ૧૮૮૮થી અહીં છું. નવા કાયદા પ્રમાણે પરમીટ લેવાનું નામોશીભરેલું સમજું છું.

મી. જ્હેરડન—શા માટે? જવાબઃ જો કાયદાની નકલ મારી આગળ હોય તો બતાવી આપું કે આટલી આટલી બાબત ને લીધે બ્રિટીશ પ્રજાને માટે તેને શરણ થવું એ અણછાજતું છે. કાયદો અમારાં આંગળાં માગે છે. અમારી આંખોનાં નામોશી માગે છે.

સ—તમે રજીસ્ટર થવા નથી માગતા?

જ—ના.

પછી મી. નવાબખાન, અને મી. સમંદખાનના કેસો ઇંટરપ્રીટર ન મળવાથી તા. ૩જી જાનેવારીપર મૂલતવી રાખવામાં આવ્યા.

મી. સી. એમ. પીલેએ જણાવ્યું કે—૧૮૮૩થી હું અહીં છું. લડાઇ પહેલાં એશીઆટીક પાસ અને લાઇસેન્સનો ઇન્સ પેક્ટર હતો. લડાઇ વખતે લશ્કર ખાતા માં હતો, તથા કોરટના સંદેશા લાવવાનું કામ કરતો. હું માનું છું કે કોઇપણ સ્વાભિમાનની દરકાર કરનાર માણસ તે કાયદાને શરણ થશે નહિ. તેથી અમારી સ્વતંત્રતા એશિયાટીક રજીસ્ટરારના હાથમાં મુકાય છે, કે જે માણસ, મારા મત પ્રમાણે, એ હોદ્દા વાસ્તે લાયક નથી.

સરકારી અમલદારપર કોરટમાં એવી તોછડા રીતે બોલવા વિરૂદ્ધ ટીકા કરીને માજીસ્ત્રેટે ઉપર પ્રમાણે નોટીસ આપી.

મી. થંબી નાઇડુએ જણાવ્યું કે કાયદા થી હોદ્દીઓને કાબુ કરતાં હલકા ગણવા માં આવે છે. તેને શરણ થવું તે અધર્મ છે. પછી મી. ગાંધીએ ૪૮ કલાકની નોટીસ આરોપી માટે માગી. મી. જ્હેરડને કહ્યું કે એ માણસ વેપારી છે માટે તેને હું ૪૪ કિવસમાં દરાંસવાલ છોડવાની નોટીસ આપું છું.

મી. કડવાએ જણાવ્યું કે લડાઇ વખતે હું સરકારી ખાતાના કંત્રાકટનું કામ કરતો હતો. તે વખતે લેડીસ્મીથમાં સર જ્યોર્જ વાઇટની સાથે હતો. મેં મારા સરદીપ્રી કેટપર હમણાંજ અંગુઠા આપ્યા છે, હવે આંગળાં નહિ આપું. તે મારા ધર્મથી વિરૂદ્ધ છે.

મી. જ્હેરડન—પણ તમે બેઉ અંગુઠા તો આપ્યાને.

આરોપીએ (કોરાધમાં હાથ હલાવીને) કહ્યું. એક અંગુઠો તે જુદી વાત છે. ૧૦ આંગળાં તે ધર્મથી વિરૂદ્ધ છે

પછી મી. એસ્ટન (ચીનાઇ પીકેટ)ની રજુઆત સાંભળીને તેમને ૪૮ કલાકની નોટીસ અપાઇ.

મી. હયુઅંગ કરીને જણાવ્યું કે—હું ચાઇનીઝ એસોસીએશનનો પ્રમુખ છું. વેપારી છું. નવા કાયદા પ્રમાણે પરમીટ કઢાવવી તે મારે પોતાને માટે તથા પ્રજા માટે નામોશી છે. મેં એ કાયદાનો ચીનાઇ ભાષામાં તરજુમો કરીને મારા ભાઇઓમાં વહેંચ્યો છે. અને સરકાર કેસ ચલાવે તેની વાટ જોયા કરતો હતો. જો ૪૮ કલાકની નોટીસ આપશો તો રાજી થઇશ. મેં બધી તૈયારીઓ અગાઉથી કરી રાખેલ છે.

માજીસ્ત્રેટે આગ્રહથી કહ્યું કે બીજા હીંદી વેપારીઓની જેમ ૧૪ કિવસની નોટીસ આપું છું.

મી. જોન ફોરરીને કહ્યું કે—હું લડાઇ પહેલાં ૧૩ વરસ થયાં આ કોલોનીમાં છું. હું મારા કાકા સાથે અહીં આવ્યો હતો ત્યારે માત્ર બાળક હતો. હવે મારો કાકો કયાં છે તે હું જાણતો નથી. મારાં માબાપ જીવતાં છે કે નહિ તેની મને ખબર નથી. હું વિદ્યાર્થી છું, ને ૧૯૦૪ સુધી કેપમાં ક્રોંસ્ટની નીશાળમાં ભણતો હતો. દક્ષિણ આફ્રિકાને હું મારું વતન ગણું છું. ચીનમાં એક પણ માણસને હું ઓળખતો નથી. મારી ઉમર ૨૧ વરસની છે. કાયદાને શરણ થવું તેને હું નામોશી ગણું છું.

મી. ગાંધીએ છેવટનું ભાષણ કરતાં જણાવ્યું કે—મારે કોરટમાં ભાષણ કરવાની આ છેલ્લી તક છે. મારા અસીલોને બીનગુન્હેગાર હોવાનું કહેવાની મેં જાણી જોઇને સલાહ આપી હતી, કેમકે આ કરીને તેમને શું કહેવાનું છે એ વાતની કોરટને પ્રત્યક્ષ ખબર પડી શકે. દુનિયામાં હકીકત બાબત એવી છે કે જે દુઃખદાયક છતાં તે સમજવવાનું બનતું નથી; તેવીજ રીતે કાયદામાં કેટલીક બાબતો એવી છે કે તેથી લોકોને વેદના થાય છે, પણ લોકો તે સમજવી શકતા નથી. એટલે એ સમજીને આરોપીની લાગણીનો ખ્યાલ કરવા હું કોરટને અરજ કરું છું.

મી. જ્હેરડને ચુકાદામાં જણાવ્યું કે મારે કામ માત્ર કાયદાને અમલમાં મુકવાનું છે. આરોપીઓએ જાણી જોઇને કાયદો તોડયો છે ને એવી સ્થિતિ થઇ છે કે જે જેલને હું બહુ દિલગીર છું. આ લોકોએ બિલા વતના પાસીવ રીઝીસ્ટરોનું અનુકરણ કરવાનું ધારયું છે. તે બલબત્ત મને બીલકુલ પસંદ નથી. અંગુઠો અપાય તો પછી આંગળાં કેમ ન અપાય તે હું સમજી શકતો નથી. અંગુઠો આપતી વખતે વાંધો ઉઠાવ્યો હતો તો પાસીવ રીઝીસ્ટરની દલીલને મજબુતી મળી શકત. પરમીટો બહુ વેચાઇ છે ને તેથી ખરા ખોટા ઓળખવાનું મુશ્કેલ થાય છે. ફોરરીનને હું સાત દિવસની નોટીસ આપું છું.

મીટીંગ

કેસ પુરો થયા બાદ ગવરમેંટ સ્કુલેરની સામેના ખુલ્લા મેદાનમાં મળેલા સેંકડો હીંદી, ચીના, તથા ગોરાઓના આગળ મી. ગાંધીએ ભાષણ કરયું. કેસની વિગત હીંદુસ્તાનીમાં સમજાવી. પછી અંગ્રેજીમાં ભાષણ કરતાં ખાસ કરીને ગોરાઓને ઉદ્દેશીને જણાવ્યું કે—મને અથવા બીજા કોઇને પણ ગમે તે થાય છતાં અમે અમારી લડત ચલાવ્યે રાખવાના છીએ. હું મારા વિચાર કદી બદલાવવાનો નથી, અને એસિયાટીક કોમોને આગ્રહ કરું છું કે દેશવટાની દરકાર ન કરતાં કાયદાની સામે ઝુકયા કરવું. જો ખુલ્લા સંદેશો આવે કે હું ભુલ કરું છું, તો હું મારી ભુલ ખુશીથી કબૂલીને માફી માગું. પણ તેવો સંદેશો કદી આવવાનો નથી. એટલે હું ભુલ કરતો હોઉં એમ માનતો નથી. માટે હું ભાર પૂરવક કહું છું કે ગુલામ ની માફક રહીને ઇજ્જત અને આબરૂ ગુમાવી બેસવા કરતાં કોલોની છોડવું તે બહેતર છે. આ લડત તે ધરમની છે. અને હું તો હમેશાં આપી છે તે એકજ સલાહ આપું છું—છેવટ તલક લડજો.

દિલસોજીને હિંમતના સંખ્યાબંધ તારો દક્ષિણ આફ્રિકાના જુદા જુદા ભાગમાંથી આવ્યા હતા તે વંચાયા હતા. ઇંડિઅન નેશનલ કોંગ્રેસ તથા સા. આ. કમીટીને બબલો ગોકલવામાં આવ્યા હતા.

જરમીસ્ટનનો કેસ

રામસુંદર પંડિત ગુરુવારે રાત્રે નાતાલ ઉપડી ગએલ હોવાથી કોરટમાં હાજર થએલ નહોતા.

પ્રીટોરીઆના કેસ.

પ્રીટોરીઆમાં પકડાએલા હીંદીમાંથી એકનો કેસ મા જોરડન આગળ આવેલ અને એક બેનોની કામસર ગએલ તેને કેસની નોટીસ ન મળેલ. એ બે સિવાય બાકીના શનીવારે વખતસર હાજર થએલ. પહેલાં મી. ઇસ્માએલ સુજને બોલાવતાં તેમણે જણાવ્યું કે—હું ૧૫ વરસ થયાં પ્રીટોરીઆમાં છું. ને હમેશાં કાયદાને માન આપનાર ગણાયો છું. આ કાયદો અમારી કોમને હલકી પાડનારો છે, તથા અમારે માટે નામોશી ભરેલો છે. મારે ત્રણ છોકરાં છે. રજીસ્ટર થવા સિવાય બીજું કોરટ જે કહે તે કરવા તયાર છું. માજીસ્ટ્રેટે પોતાના હાથમાં કાયદાના અમલ કરતાં વધુ સત્તા ન હોવાનું જણાવી તા. ૭મી જનેવારી પહેલાં કોલોની છોડવાની નોટીસ આપી.

મેસર્સ શેઠ અને તુલસીને તા. ૩૦ મી સુધીની મુદત આપવામાં આવી તે સિવાય બીજા બધાને ઉપર પ્રમાણે નોટીસ મળી.

બાબુ ગંગાદીને જણાવ્યું હતું કે—હું લડાઇ પહેલાંનો અહીં છું, અને તેથી અહીં રહેવા માટે મને સંપુર્ણ હક છે. જે કાયદો માણસ વાસ્તે તો શું, પણ કુતરાં વાસ્તે અણઘટતો છે, તેવા કાયદાને હું કદી શરણ થવાનો નથી. તમે ચાહે તો કેદ કરો, ચાહે તો દેશપાર કરો. મને કાપીને ચુરેચુરા કરો તે માટે પણ તયાર છું. બાકી કાયદાને શરણ મારાથી નહિ થવાય. વગેરે. બીજા આરોપીઓએ પણ પોતાની હકીકત જુસ્સાભેર રજુ કરી હતી.

પીટરમારીત્સબરગના કેસ

મેસર્સ ખંડેરીઆ, અમરશી ગોકળ, તથા અંબાપ્રસાદ શનીવારે કોરટમાં વખતસર હાજર થયા હતા. તેમને પા. પ૦ ના જમીન આપવાનું કહેલ પણ તેમણે જમીન લેવા ના પાડી હતી. તેમને તા. ૪ થી પહેલાં ટ્રાંસવાલ છોડવાની નોટીસ મળી હતી.

ઇમીગરેશન બીલ કેમ પાસ થયું

આ બાબતમાં 'પ્રીટોરીયા ન્યુસ' લખે છે કે " અમને એવા ખબર મળ્યા છે કે વડી સરકારે ઇમીગરેશન બીલને મંજુરી એ કારણથી આપી કે તેને એવું કહેવામાં આવેલું કે જો પાસીવ રીઝીસ્ટન્સના એક બે આગેવાનોને દેશપાર કરવાની સત્તા ટ્રાંસવાલ સરકારને મળે તો હિંદીઓની એશીઆટીક કાયદા સામેની લડત પડી ભાંગશે. "

'સન્ડે ટાઇમ્સ'

લખે છે કે મી. ગાંધી તથા તેના પીડાએલા ભાઇઓ કેસ માટે કોરટમાં જતા હતા તે વખતના ટોળાનો દેખાવ એક વીજય મેળવનાર વરઘોડા જેવો લાગતો હતો. હિંદી તથા ચીના આરોપી ઓ ટ્રાંસવાલના એશીઆટીક જુસ્સાના પ્રતીનીધીઓ જેવા જણાતા હતા. ને તેમની પુઠે સેંકડો માણસો ફરતા હતા. ને ઇમીગરેશન કાયદો પાસ થયાથી તેઓ જરાયે ડર્યા હોય એમ લાગતું નહોતું.

દિલસોજીના તાર

સુરત કોંગ્રેસ કેંપ, બાબુ સુરેંદ્રનાથ બેનરજી એ નામથી એસોસીએશનને નીચે મુજબ કેબલ મળ્યો છે:—"દિલસોજી બતા વીએ છીએ, ટેકો આપવા વચન આપીએ છીએ, હીંમત રાખજો." લંડનથી સાઉથ આફરિકા કમીટી તથા એથીકલ સોસાયટી ના સેક્રેટરી, કેપટાઉનથી ડો. અબદુલ રહેમાન તથા બીજે ઘણે ઠેકાણેથી દિલસોજી અને ઉતેજનના તારો એસોસીએશનને મળ્યા છે.

નાદારી કોર્ટનો નોટીસો વગેરે

(ગવરમેંટ ગેઝેટમાંથી)

ડરબનના સ્ટોર કીપર સુબ્રતીના લેણુ દારોની મીટીંગ તા. ૭ મીએ ડરબન માજી સ્ટેટની આગળ ભરાશે.

ન્યુકેસ્લનના સ્ટોર કીપર નારાયણના લેણુદારોએ પોતાના દાવા તા. ૨૩ ડીસેંબર થી ૬ અઠવાડીયામાં ચંદરધજ મહારાજ, (૧૨૬, ગ્રે સ્ટ્રીટ બરનાર્ડ ગેપ્રીઅલ, ડરબન) આગળ નોંધાવવા; તથા દેણુદા રોએ તેજ મુદતમાં દેણું ભરવું.

ચરચાપત્રોઓને જવાબ.

ટ્રાંસવાલની લડત સંબંધી લખાણોને લીધે જગાપર બહુ દબાણ હોવાથી અમે ચર્ચાપત્રો બીલકુલ જોઇ શકયા નથી.

અ. ઇ. ઓ.

વિલાયતમાં હિંદી ચર્ચા

'ટાઇમ્સ' નો ટીકા

મી. કોકસનો કાગળ

'ટાઇમ્સ' પત્ર ટ્રાંસવાલના આગલા પર ટીકા કરતાં લખે છે કે કોલોનીમાં એશીઆટીક ઇમીગ્રેશનનો સવાલ ચર્ચવા માટે ખાસ ઇમ્પીરીઅલ કોનફરન્સ ભર વાની જરૂર ઉભી થાય છે. એ કામ માટે એક ખાસ કમીશન નીમાય તો તેના પુરાવાથી કેટલાક કોલોનીઓને ખાત રી થાય કે પુર્વના લોકો સામે સાવ દર વાજો બંધ કરવાનું અસંભવિત છે.

મી. હેરલ્ડ કોકસ 'ટાઇમ્સ' માં એક કાગળ દરમ્યાન લખે છે કે—વડી સરકારે ટ્રાંસવાલના એશીઆટીકો સંબંધમાં લીધેલું વલણ સખત રીતે વખોડવું લાયક છે. સ્વરાજ્ય ભોગવતા કોલોનીનો મુરજી મુજબ કરવાનો હક છે એવી દલીલ ટકી શકે તેમ નથી. ટ્રાંસવાલના એશીઆટીકોને વોટ નથી. તેમનો એકજ ઉપાય વડી સરકાર આગળ રાવ ખાવાનો છે. એ જરા જેટલા કોલોનીને લોર્ડ એલગીન તથા તેના સાથીઓ ઠેકાણે નથી લાવી શકતા એ ઘણુંજ ખેદકુરી ભરેલું દેખાય છે. ટ્રાંસવાલપર દબાણ કરવાના ઘણા રસ્તા છે. ટ્રાંસવાલમાંનું લશ્કર તથા ૫૦ લાખની લોન પાછી ખેંચી લેવાથી ટ્રાંસવાલપર વડી સરકાર ઠીક દબાણ કરી શકશે.

લંડનથી રૂટર જણાવે છે કે ટ્રાંસવા લના આમલાપર લોકો બહુ ધ્યાન આપી રહ્યા છે. એ સવાલને લીબરલો તથા કોનઝરવેટીવો ઘણો અગત્યનો ને મુંચવાડા ભરેલો ગણે છે.

સર હેનરી કોટને જણાવ્યું હતું કે મી. ગાંધીને દેશપાર કરવાથી હિંદુસ્તા ઉશ્કેરાઇ જશે, અને લોકોમાં ઘણોજ ખળભળાટ થશે.

સર મંચેરજી ભાવનગરીએ જણાવ્યું હતું કે હિંદીમાં વફાદારી નરમ પડશે.

સર વીલીયમ બુલ જણાવે છે કે ટ્રાં સવાલમાંથી હિંદીને દેશપાર કરવા એ રાક્ષસીપણું ગણાશે.

ટ્રાંસવાલના કામ સામે પ્રોટેસ્ટ કરવા તા. ૯ મીએ લંડનમાં માસ મીટીંગ ભરા વાનું જાહેર થયું છે.

'વેસ્ટમીનસ્ટર ગેઝેટ' લખે છે કે બ્રિટીશ વાવટા તળે હિંદીઓની દશા કુલીના વખ ત કરતાં વધારે ખરાબ થઇ છે.

મી. રીચે વિલાયતના છાપામાં કાગળ લખેલ છે, તથા પત્રવ્યુ આપેલ છે.

ખબરપત્ર

જોહાન્સબર્ગ

C.O.I.VII 47

(અમારા ખાસ પ્રતિનિધિ તરફથી.)

પકડ પકડી

પ્રીટોરીયા, પીટર્સબર્ગ, જોહાન્સબર્ગ ને જરમીસ્ટનમાં સરકારે ફીંગરપ્રીંટર કારો ન રોપ્યો. પ્રીટોરીયામાં ૧૨, જોહાન્સ બરગમાં ૬, પીટર્સબર્ગમાં ૩, અને જરમીસ્ટનમાં ૧ એમ વોરંટ નીકળ્યાં. પ્રીટોરીયામાં મી. સુલેમાન સુજ, મી. ગ્રે. એમ. કાજીઆ, મી. અરદેસર બેગ, મી. નવરોજીઅર વ્યાસ, મી. ગુલામ મહમદ રશીદ, મી. ઇસ્માઇલ જુમા, મી. રહેમતખાન, મી. ચુનીલાલ શેઠ, મી. તુલસી, મી. ઝંગાદીન, તથા મી. મણી ભાઇ દેસાઇ ઉપર સમન્સ હતા. જોહા ન્સબરગમાં મી. ગાંધી, મી. થંબી નાઇડુ, મી. પી. કે. નાઇડુ, મી. મી, એમ, પીલે, મી. નવાબખાન, મી. સમુંદરખાન, મી. કડવા, મી. ફ્રીન, મી. ઇસ્ટન, અને મી. કોરબુને હતા, પીટરમારીત્સમાં મી. મેહનલાલ ખડેરીયા, મી. અમરશી ગોકળ, ને મી. અંબાપ્રસાદ હતા. અને જરમીસ્ટનમાં રામસુંદર 'પંડીત'. આમાંના મી. રહેમતખાન બહારગામ હોવાથી તે નહિ પકડાએલા. મી. કાચલીયા સમન વખાની લેવા પોતાનું કામ પડતું મેલી બપોર પડતાંજ વોકસરસ્ટથી પ્રીટોરીયા દોડયા. ત્યારે રામ સુંદરે પોબારાં ગણ્યા. મી. ચુનીલાલ તથા તુલસીએ કેસ મુલતવી રખાવ્યો.

રામસુંદરની કથા ફરવાની જરૂર છે. તે ભાઇ સાહેબ શુક્રવારે જ્યારે પોલીસ કસ્ટડીયનની તોહીમ આવી ત્યારે મી.ગાંધીની ઓફીસે હતા ને કહેલું કે રવીવારે ક્રોરટમાં હાજર થશેજ. પણ જરમીસ્ટન જઇ તેના એક બે શિષ્યો હતા તેને ભોલાવી જણાવ્યું કે તેનાથી વખારે જેલ સહન નહિ થાય. તેથી તેનો વિચાર જતા રહેવાનો છે. શિષ્યોએ બહુ સમજાવ્યા પણ રામસુંદરની ઉપર બીક ચડી બેઠી હતી. તેથી તેણે કોઇનું નહિ માનતાં બીજાને પાછર દીધા વિના ચુપકીથી નાતાલની ટ્રેન લીધી. આમ જોવા ચડયા વેવા પડયા છે. તેને લિખે હું બહુ લખાણ આ પત્રમાં લખી ચૂકયો છું તે હવે બીનજરૂર થઇ પડયાં. તેને વિષેનાં કાગળો તો નકામાં ગયાં. ખોટા રૂપિયા તે આવો નજ થાય. આ લડત એવી છે કે બધાનું ચોત ઉદયે કળાઇ આવશે. કોમને હિસાબે રામસુંદર હવે જીવતા નથી. તેને આપણે ભુલી જવાના છે.

એ સિવાયના બાકીતો મકમ જોવામાં આવે છે. પકડાએલામાં ઘણીખરી બધી જાત આવી જાય છે. એટલે કે ચાર સુરતી મુસલમાન, એક મેમણ, બે પઠાણ, એક પારસી, એક બ્રાહ્મણ, ત્રણ વાણીયા, એક કલકતાના હીંદુ, એક સીખ, બે દેસાઇ, એક ભુહાણા, ત્રણ મદ્રાસી હીંદુ, અને ત્રણ ગ્રીના એમ મળી ચેવીશ બ્લેકીઆટીક પકડાયા છે. તેમાંથી મી. સુજ, મી. દેસાઇ, મી. વ્યાસ, મી. અડેરીયા, મી. નાઇડુ એટલાનાં બાળ બચ્ચાં ટ્રાંસવાલમાં છે. કેટલાક વેપારી છે. કેટલાક નોકર છે. એટલે દરેક કોમને રાજી થવા જેવું છે.

વેપારી વર્ગારે કેમ નહિ પકડાયા?

આ સવાલ ઉઠેલો છે. હું એમ માનું છું કે વેપારીની ઉપર લાઇસેન્સની પજવણી કરવી છે તેથી મી. ઇસપમીંયા વગેરેને હાલ છોડી દીધા જણાય છે. વળી તેઓને છોડી દેવાનું એ પણ કારણ હોવાનો સંભવ છે કે કેટલાક વેપારીઓએ સરકારને લખ્યું છે કે જો પીકેટો વિગેરે તોફાની માણસો દુર થાય તો તેઓ કાયદાને તાબે થવા રાજી છે. આ ઉપરથી તેઓને નથી પકડયા એમ જણાય છે. કેટલાક એવાને પકડયા છે કે જેઓએ બિલકુલ લડતમાં ભાગ નથી લીધો. તેનું કારણ અત્યારે તપાસવાની જરૂર નથી જોતો.

એમીગ્રેશન કાયદામાં કેમ સહી થઇ

પકડા પકડી થઇ તેથી એમીગ્રેશન કાયદો મંજુર થવાની વાત જરા પાછળ પડી ગઇ છે. ને લોકોની માસ્તિ તે વિષેની ઉઠી ગઇ છે. તે કાયદામાં સહી થવાનું કારણ આપણે પોતે હોઇએ એમ હું માનું છું. ઉપર જણાવી ગયો તે મુજબ કેટલાક વેપારીઓએ કાગળ લખ્યો છે કે કેટલાક માણસ બસે તો તેઓ તાબે થશે. વળી બીજા એકની ચાર વાત રજીસ્ટરારની આગળ કરી આવે છે. આ બધું મોટા રૂપમાં મુકાઇને લોર્ડ એલગીન ને મળે કે જો એમીગ્રેશન કાયદો પસાર થાય તો માણસો બધા રજીસ્ટર થાય. આવી હકીકત લોર્ડ એલગીન પાસે જાય ને કાયદામાં સહી થાય તેમાં શી નવાઇ? સંતોષની વાત એ છે કે કાયદો હીંદી કોમ પીઇ ગઇ જણાય છે. તેમ છતાં

કેટલાક બીજાં તો

નીકળી પડયા છે. આમાંના જે કેટલાક મેમણો પીટરસબરગમાં બાકી રહ્યા હતા તેમાંથી અરજી જઇ પહોંચી છે કે તેઓ હાથ ઘસવા હવે રાજી છે. હું તો એમજ માનીશ કે જેમ જેમ ઇજા પડશે તેમ તેમ આવો કચરો નિકળતો જશે ને બાકી નું સોનું ખરું રહેશે. તેઓજ કોમના વહાણને બંદરે પહોંચાડશે. જેઓ શરમ થી દુર જેવા થઇ રહ્યા છે પણ અંતે બીકણ છે તે નબી શકે એમ માનવાનું કારણ નથી.

બીક નકામી છે.

પણ આવી બીક બીન સબબ છે. હજારો માણસો દેશનિકાલ થનારા નથી. ને તાબે થયા હશે તેના બુરા હાલ ટ્રાંસવાલમાં થશે એમ સહુ ગોરા માને છે.

ઇમીગ્રેશનના ધારા.

આ કાયદાની રૂએ ધારા ઘડાઇને બહાર પડયા છે તેનો તરજુમો આંધપતિ બીજી જગ્યાએ આપશે. તે ધારામાં ચમત્કારે તો એકજ નવાઇ જેવી વાત ઉપર હું ટીકા કરું છું. તે ધારાનીરૂએ જે પરમીટો, પાસો વિગેરે નીકળવાનાં છે તે બધા ઉપર દસ આંગળાં મુકવાનાં છે. આ ગોરા ગોરા કાળા બધાને લાગુ પડે છે. વિલાયતથી આવતા ગોરા નોકરોને એવો પાસ હશે ત્યારેજ તેઓ ટ્રાંસવાલમાં આવી શકશે. હવે બરોબર સમજી શકાશે કે ખુની કાયદાની લડત તે આંગળાંની નથી પણ તે કાયદાના મુજબ થાની સામે છે. ઇમીગ્રેશનના ધારાની સામે આપણે થઇ શકીએ એવું જરાએ નથી. અત્યારે તો તે કાયદો આપણને નકામો છે. તેનો ઉપયોગ જેઓ ખુની કાયદાને તાબે થયા છે તેજ કરી શકે છે. આપણને તો તેની દેશનીકાલનીજ કલમ સાથેજ સંબંધ રહ્યો છે. પણ ઉપરની બાબત ધ્યાનમાં લેવા જેવી છે. આંગળાં ની વાત કહાડી નાખે તોપણ ખુની કાયદો આપણાથી કબુલ નજ થઇ શકે. કાયદોજ ઝેરરૂપી છે. તેની સરખામણી બીજા કાયદાની સાથે થાયજ નહિ.

મી. ગાંધીની ગેરહાજરીમાં કોણ?

મી. ગાંધીની ગેરહાજરીમાં કામ કરનાર વિષે સવાલ થયો છે. મી. પોલાકે હીંદી કોમને પોતાનો જાન અરપણ કરયો છે એમ મારું માનવું છે. તેમણે તે સવાલ નું જ્ઞાન સરસ મેળવ્યું છે. તે ખાનદાન કુટુંબનું માણસ છે. તેનું લખાણ તેજ છે. તેનું અંગ્રેજી બહુ ઠીક છે. બધુ

ખરા ગોરાઓના પ્રસંગમાં તે આવેલ છે, અને દરેક હીંદી તેને ઓળખે છે. તેની મદદ ઘણી આબતોમાં થઈ શકશે એમાં કંઈજ શક નથી. એટલે બ્રીટીશ ઈંડિઅન એસોસીએશનની ઉપર જે કાગળો વિગેરે આવશે તેની વ્યવસ્થા પણ તે કરી શકશે. તેની ઉપર બનતાં સુધી અંગ્રેજીમાં કાગળ લખાય તે વધારે ઠીક છે.

ઘેરૂવીવ રીઝીસ્ટન્સનો પ્રચાર

હીંદી કેસોના રિપોર્ટ બાબાઓમાં ખુબ આવે છે ને દરેક છાપાનું વલણ ચોખી રીતે આપણી તરફ જોવામાં આવે છે. ઘણા ગોરાતો હવે જનરલ સ્મટસથી કંટાળ્યા છે. ટ્રાંસવાલ લીડરે આ નવા કેસો કરવા માટે હિંદીના પક્ષમાં લાગણી ભરેલી ટીકા કરી છે.

હવે સંભવ શો?

હવે લડાઈનો અંત વહેલો આવવા જેવું છે. પકડ્યા છે તેની ઉપરાંત હાલ તુરત બીજાને પકડે એમ જણાતું નથી. લાયસેન્સની અટકાયત, તેમજ મી. ગાંધી તથા બીજાઓની ગેરહાજરીની અસર સરકાર તપાસશે. અને તેમ છતાં જો કોમ ઘણે ભાગે ચૂસ્ત રહેશે તો માર્ચ માસમાં નિકાલ પતે એમ જણાય છે. બધી બાજી આપણા હાથમાં છે.

રામ રાખે તેને કોણ ચાખે?

જનરલ સ્મટસે જે બળ હિંદીને સારૂ પાથરેલી તે ઉઠાવવી પડી છે. આજે (મંગળવારે) સવારે મી. નાયડુ, મી. પીલે, મી. પ્રસ્ટન, મી. કડવા, તથા મી. ગાંધી જેલ મહેલમાં બેસવાના હતા. પણ દસ વાગ્યા પહેલાં ટેલીફોન આવ્યો કે બીલકુલ કોરટમાં જવાની જરૂર નથી. જ્યારે નોટીસ મળે ત્યારે કોરટમાં આવવું. એટલે હમણાં તો જેલનું સુખ ઉપરના હીંદી જવાનો ચાખી શકવાના નથી. આથી પુલાઈ જવાનું નથી. હવે તો સહુ હિંદી સમજતા હશે કે લડાઈ કઠણ ચાલવાની છે. જેલ તો જવું જ પડશે. તેમાં કંઈ શક નથી. જેઓને હમણાં નથી પકડ્યા તેને હજુ પાછળથી પકડે એમજ માનવાનું છે.

આ વખતે તો સહુએ પોતાનાં હથી આર સજ કરી તયાર થઈ બેસી રહેવાનું છે. જનરલ બોંજ અને તેનું લશ્કર એક વેળા ચોવીસે કલાક બખ્તર પહેરી તયાર રહેલ, તેમજ આપણે કરવાનું છે. નહિ પકડે એવા ખબર મળવાથી લોકો જુસ્સા થી ઉભરાઈ ગયા. મી. ગાંધીની ઓરીસ ઘેરાઇ, બાપણો થયાં. દરમ્યાન આ મીટીંગ રસ્તામાં ચાલેલી તેથી સીપાઇએ આવી ખબર આપ્યા કે ટાઉન કાઉંસીલની પરવા નગી વિના રસ્તાપર મીટીંગ નહિ ભરવી જોઇએ. તેથી બુધા વીખરાઈ ગયા. અત્યારે તો તમામ હિંદી જોરમાં જોસમાં આવે છે.

દેશ નિકાલની જડ

દેશ નિકાલ કરવાની જે સરત ઇમીગ્રેશન કાયદામાં છે તે બાબત મી. લેનર્ડ મત આપ્યો છે. તે તદન આપણા પક્ષમાં છે, અને બતાવે છે કે હિંદીને હરગીજ દેશ નિકાલ નહિ કરી શકે. કરવાનો વિચાર કરશે તો લડશું. હિંદી અધિરા નહિ થઇ ઘર ઝાલી બેઠા રહેશે અને જે નુકશાન થાય તે સહન કરશે તો બધું ઠીક થઇ રહેશે.

મી. હોસકીનની લાગણી

મંગળવારે મી. હોસકીન ખાસ મી. ગાંધીની ઓફીસે આવેલા, અને ઘણા ગળા થઇ પોતાની લાગણી બતાવી ગયા. આપણી લડત ધાર્મીક છે એમ તેને ચોકકસ જણાયું. એજ પ્રશ્નો ઘણા નામાંકિત ગોરાઓ માંહોમાંહે વાતચીત ચલાવી રહ્યા છે. હવે તો ઘણે ભાગે બધા ગોરા હિતેચ્છુઓ લડત મજબુત રાખવાનું જ કહે છે.

દગાખોર હિંદી

ડેલાગોઆબેથી ખબર મળ્યા છે કે બે લુંટારા હીંદી ટ્રાંસવાલથી ડેલાગોઆબે ગએલા છે. તેઓ લોકોને કહે છે કે પા. ૧૨॥ જણદીક મળે તો મી. ચમની ને ડેલાગોઆબે ઓલાવી પરમીટ અપાવશે. આ વાત હું તદન જુઠી માનું છું. મી. ચમની ઓફી રિતે કાંઇ રજીસ્ટર કરી શકે નહિ. આવા માણસોથી દરેક હીંદીને ચેતવા હું ભલામણ કરું છું. તેવાઓ પરમીટ નથી અપાવી શકવાના અને, તેવા માણસો કોમને સરકારના કરતાં પણ વિશેષ નુકશાન કરે છે.

ડરબનમાં સરકારી ઠગો?

એવો તાર આવેલો છે કે દેશથી આવતા હીંદીને ડરબનમાંજ સુબામીબત આપવામાં આવે છે અને તે હીંદી અહિં આવે છે. ડરબનના હીંદી બહુ તાર કરે છે, વાતો કરે છે. મેં ઘણીવાર સુચના કરી છે કે એક માણસે દેશથી આવતા બધા હીંદીને મળવું જોઇએ, અને તેઓને કાયદો સમજાવવો જોઇએ. છતાં આવું સહેલું કામ કોઇ કરતું હોય તેમ જણાતું નથી. ટ્રાંસવાલને પછી હિંમત આપવી તે શા કામની? હું ઉમેદ રાખું છું કે ડરબનને એવો એક હીંદી તો મળશેજ કે જે સ્ટીમરપરથી ઉતરતા હીંદીને મળશે ને તપાસ કરશે. જરૂર જણાય તો તેવા હીંદીને ડેલાગોઆબેમાં પણ મળવું જોઇએ.

પ્રેસીડેન્સી એસોસીએશન

ના એસોસીએશને પા. ૨૫ ની મદદ બિ. ઇ. એસોસીએશન પર મોકલી છે, જે આભાર સાથે સ્વીકારવામાં આવી છે.

હિંદીની મીટીંગ

ગુરવારે સાંજરે હમીદીઆના હોલમાં એક જંબલવર મીટીંગ થઇ હતી. ૧૦૦૦ જેટલા માણસો હાજર હતા. સ્ટેજમાં જુસ્સો ફેલાએલો હતો. ઇમીગ્રેશન કાયદા ને વખોડી કાઢનારા ઠરાવ પસાર કરી વિલાયત કેબલ મોકલવામાં આવ્યો છે.

ચીનાની મીટીંગ

તેજ સાંજરે ચીનાઓની મીટીંગ ભરાઇ હતી. મી. કવીને પોતાના દેશવટા ના સંભવને લીધે તેમની મંડળીના એકટીંગ ચેરમેન તરીકે મી. પોલાકને નીમવાની દરખાસ્ત કરી જે પાસ થઇ. મી. પોલાકે ભાષણ કરયું. સહુ હિમતમાં હતા, તથા છેવટ તલક લડવાનો ઉત્સાહ દેખાઇ રહ્યો હતો.

વધુ મીટીંગો

જોહન્સબરગમાં ઠેકાણે ઠેકાણે મીટીંગો ભરાઈ છે. સોમવારે સાંજરે ચીનાઓની મીટીંગ થઇ; તે પછી મદ્રાસી લોકની મીટીંગ હતી. બંને મીટીંગમાં ઘણો જુસ્સો તે હિંમત દેખાએલાં હતાં. મી. ગાંધી હાજર હતા. સોમવારે રાતના હીંદીઓની એક મંજલદર મીટીંગ ભરાઇ હતી. તેમાં ચીના પ્રતિનીધિઓ હાજર હતા. મી. ડસપ્રમીસ્યાએ મજબુત રહેવા તથા સહુએ આપેલાવચનોની જથ્થા પુરવાની ભલામણ કરનારૂં ભાષણ કર્યું હતું.

પ્રીટોરીયામાં મીટીંગ

પ્રીટોરીયામાં સોમવારે મીટીંગ હતી. ૩૦૦ માણસ હાજર હતા. મી. હજી હમીદ્ય પ્રમુખ હતા. મી. ગાંધી તથા ચાર ચીના આગેવાનો ખાસ બોલાવેલ હતા. મી. ગાંધીએ ભાષણમાં જણાવ્યું કે ચીના ઓના એકસંપનો આપણે બખલો લેવાનો છે. જો આપણે આપણી ફરજ બજાવે જશું તો ટ્રાંસવાલ સરકાર કે આખું રાજ આપણી વિરૂધ હોય તો પણ ગાંધ થવાનું નથી. મને તો જીતની ખાતરી છે. ખરી લડત હજુ હવેજ શરૂ થાય છે. મી. સુજે જણાવ્યું કે અમે તે બાબ પણ

હું કાયદાને શરણ થયો. નહિ. મી. દેસાઇએ જણાવ્યું કે હું દેશવટા માટે ખુશી છું. મી. એગે કહ્યું કે ભોગ આપવાથીજ જીત મળ્યાના દાખલા ઇતીહાસમાંથી મળે છે. હાજરથનારામાંથી મી.મનજી તથા બીજાઓ પણ બોલ્યા. મી. હાજી દમીએ કહ્યું કે મી. ગાંધીના બોલ સાંભળવાની આ છેલ્લી તક છે. છતાં તેઓ દેશપાર થયા પછી આપણે મજબુત રહીને તેમને પાછા બોલાવી શકશું. દેશવટાથી કે લાઇસેન્સ અટકવાથી આપણે બીવાનું નથી.

આ મીટીંગમાં વધુ માણસો નહોતા તે વાત ગોરા છાપાની નજર બહાર ગઇ જણાતી નથી.

પ્રીટોરીયામાં રટેંડનો કેસ

મી. રતનજી મકન માટે એશીયાટીક બજારમાં રટેંડના લીસ માટે અરજી કરવામાં આવી હતી. તેના જવાબમાં ટાઉન કલાર્કે જણાવ્યું છે કે 'અરજદાર રજીસ્ટર થએલ ન હોવાથી ટ્રાંસવાલમાં ગેરકાયદેસર રહેનાર ગણાય.' આમ એશીયાટીક કાયદાના લડનારાને વધુ ઘેરવા માંગે છે. આ બધાં આપણી અવદેશાનાં ચિન્હે છે. અને તે જોઇ ટ્રાંસવાલના હીંદીએ પોતાનાં બંધન તોડવા વધુ મક્કમ થઇ વગર રહેશે નહિ.

મી કેનડાલનો કાગળ

મી. ગોરડને ચુકાદા દરમ્યાન કરેલી ટીકાના જવાબમાં મી. કેનડાલે 'લીડર'માં કાગળ લખ્યો છે કે "અગાઉ હિંદીઓએ એક અંગુઠો આપ્યો હતો, અને તે પોતાની મરજીથી આપ્યો હતો. હાલ ૮૮ નીશાન માગવામાં આવે છે અને તે મરજી વાત માગે છે. આને હિંદીઓ બેશક ધારમીક વાંધો ગણી શકે છે. સુસ્ત મુસલમાન કદી પોતાનાં બધાં આંગળાં આપશે નહિ. તેમ કરવું એ મુર્તિ ચિતરવા બરોબર થયું. ને તે વાતની મુસલમાની મઝહબમાં મનાઇ છે."

ક્રેડની નોટીસ

નાદાર અહમદ ઇસ્માઇલ સાલે એન્ડ કું. ના લેણદારોની મીટીંગ માજીસ્ટ્રેટની કોરટમાં તા. ૧૦ મીએ ૧૧–૩૦ થશે.

કવીન્સ ટાઉનના હીંદીઓની સભામાં ઠરાવ થતાં ત્યાં બ્રિ. ઇ. એસોસીએશન નામથી એક મંડળ સ્થાપ્યું છે; તે તેના પ્રમુખ મી. કલ્યાણ વીઠલ, ઉપપ્રમુખ મી. કારા લાલા, તથા મી. લલુ નાગર, મેકરે ટરી મી. મહમદ ઇસ્માઇલ, તથા ત્રેઝરર મી. ગોવીંદ નીઝા એ મુજબ હોદ્દેદારો ચુંટાયા હતા. દર રવિવારે સભાઓ ભરી ચર્ચા કરવાનો ધારો રાખવામાં આવ્યો છે.

જોહાન્સબરગમાં હીંદીનો ગંજાવર મીટીંગ

મી. ગાંધીનું ભાષણ.

શુક્રવારે સાંજરે દમીદાઆ ઇસ્લામીક સોસાયટીના હોલમાં એક ગંજાવર મીટીંગ ભરાઇ હતી. હોલ ચીકાર ભરાઇ ગયો હતો. અને ઘણા લોકોને જગ્યાની તંગી ને લીધે બહાર ઉભા રહેવું પડયું હતું. હાજર થનારાઓની સંખ્યા આશરે ૧૦૦૦ની હશે. મી. ઇસપર્મીઆ પ્રમુખ હતા. સભામાં મી. ગાંધી, જોહાન્સબરગના બીજા પકડાએલાઓ, તથા મેસરસ વ્યાસ, એમ. એલ. દેસાઇ, સઇદ અેદરૂ સાહેબ, મોલવી અહમદ મુખ્તયાર સાહેબ, ઇમામ અબદુલ કાદર તથા બીજા આગેવાનો હાજર હતા. મી. પોલાક તથા બીજા કેટલાક ગોરાઓ પણ હતા. પહેલાં મીટીંગનું કામ ગુજરાતીમાં ચાલ્યું. મેસરસ વ્યાસ, દેસાઇ, થંબી નાઇડુ, ઇમામ અબદુલ કાદર, મોલવી સાહેબ, સઇદ સાહેબ, ઉમરજી સાલે. તથા સી. એમ. પીલેએ ભાષણો કર્યાં.

મી. ગાંધીએ અંગ્રેજીમાં ભાષણ કરતાં જણાવ્યું કે ઇમીગ્રેશન કાયદાને મંજુરી આપવાના સમાચારથી મારા મનમાં પહેલો વિચાર એજ આવ્યો કે લોર્ડ એલગીન ના આવા કામ છતાં હિંદીઓ કેવી રીતે વફાદારી સાચવી શકે? લોરડ એલગીન ભુલી જાય છે કે હિંદુસ્તાન અત્યારે જે બલબુતપર છે તેવું બલબુ હિંદુસ્તાનમાં અગાઉ કદી નહોતું. અગાઉ હિંદ કદી બળવાખોર નહોતું. પણ આજે કેટલાક હિંદીઓના દિલમાં તે બીજ રોપાએલું જોઇએ છીએ. એ બીજ ઉંડાં મુળ ઘાલશે ત્યારે બુરો દિવસ આવશે, છતાં લોરડ એલગીને તેવું બીજ રોપ્યું છે. એ જુસ્સો એકના વિદ્યાર્થીમાં હોત તો ઠીકજ હતું. પણ આજે એશિઆટીક કાયદાને લીધે હિંદી વેપારીઓને પણ એ જુસ્સાનો રંગ ચઢયો છે. આ લડતમાં મોટો ભાગ લેવા માટે હું મગરૂર છું. પણ સાથે કહેવું જોઇએ કે મારા વિચારો હું માત્ર નરમ રૂપમાં મુકું છું. અને આ કારણથી હું કહું છું કે ઇમીગ્રેશન કાયદાને મંજુરી આપીને લોરડ એલગીને હિંદીની વફાદારીપર ન મુકવાનો ગોળો ગણ્યું છું. તે સુધરેલી સરકારનો જંગલી કાયદો છે. તે કાયદો પસાર કરનાર સરકાર ખ્રિસ્તી કહેવડાવવાને હિંમત કરે છે. જો ઇસુ ખ્રિસ્તી જોહાન્સબરગ અને પ્રીટોરીઆની મુલાકાત લેનાર હોય અને જનરલ બોથા, જનરલ સ્મટસ અને બીજાઓનાં અંતઃકરણ તપાસી જુએ તો ઇસુ ખ્રિસ્તને તેમાં કાંઇક એવું માલુમ પડશે કે જે ખ્રિસ્તીપણાથી તદન વિરૂદ્ધ છે. અને ખાતરી છે કે જેઓને પકડવામાં આવ્યા છે તેઓને જેલ કે દેશવટો આપવામાં આવે ત્યારે પાછળનાઓ રજીસ્ટ્રેશન કાયદાની લડતમાં મક્કમ રહેશે. આ કાયદાની કલમોને મેં જંગલી કહી છે. એક વગર સુધરેલા રાજ્યનેજ તે લાગે. તેવી સત્તાઓનો ઉપયોગ કરવામાં આવે અને અમને બધાને સરકાર દેશપાર કરે અથવા જેલ મોકલે તે એક માન છે. પેટને સારૂ થઇ આબરૂ અને મરદાનગી ગુમાવવા કરતાં અને પોતાના કસમનો ભંગ કરવા કરતાં જેલ ને દેશવટો બહેતર છે. આ કાયદો એવો છે કોઇ પણ સ્વાભિમાની પ્રજા કે માણસ તે કબુલ ન રાખે– તેના ધારાઓમાં લાઠમારીઓ છે તેટલા વાસ્તેજ નહિ, પણ તેવા જુલમી કાયદ માટે આપણને એકલા તારવવામાં આવ્યા છે તેટલા માટે. આપણને વોટ નથી તે વિષે હું કાંઇ નથી કહેતો, છતાં વોટ વગરનાપર આમ જુલમ થાય તે વિષે બોલવુંજ જોઇએ. વડી સરકાર હિંદુસ્તાનને રાખવા માગતી હોય તો તેણે આમ કરતાં અટકવું જોઇએ. ઇંગ્લાંડને હિંદુસ્તાન અથવા કોલોનીઓ એમ બેમાંથી એક છોડવાનો વખત આવશે. કદાચ તેને કાંઇક વખત લાગશે, પણ લોરડ એલગી નના કામથી તેવાં બીજ રોપાયાં છે. છેવટે ચેમ્બરલેન સાહેબ માત્ર વણ જાણ હોવા છતાં ખુદાની સહાયથી દુશ્મનોને હઠાવી શકયા હતા તે દાખલો આપી મી. ગાંધીએ જણાવ્યું કે ખુદા—ઇશ્વર આપણી સાથે છે, અને સત્ય આપણે પક્ષમાં છે. એટલે સરકારના હાથમ ગમે તેવી સત્તાઓ હોય, અથવા તો સરકાર ગમે તેટલા જંગલીપણાથી તેનો ઉપયોગ કરે તેની જરાપણ દરકાર કરવાની નથી. (તાળીઓ)

મી. ગાંધી તથા બીજાઓનાં ભાષણો દરમ્યાન શ્રોતાઓ 'શરમ, શરમ' એવા પોકારો કરી ઉશ્કેરાએલી લાગણીનો ખ્યાલ આપતા હતા. પછી ઇમીગ્રેશન કાયદા સામે પ્રોટેસ્ટનો ઠરાવ સરવાનુમતે પાસ થયો, જેની નકલ વડી સરકારપર મોકલ વાની સુચના કરી સભા બરખાસ્ત થઇ.

ટ્રાંસવાલના હીંદીની માસ મીટીંગ

૨૦૦૦ માણસોની હાજરી

બહારના સંખ્યાબંધ ડેલીગેટો

કાયદા સામે ગ્રોટેસ્ટ

[ઇ. ઓ. માટે ખાસ રીપોર્ટ.]

ગુરુવારે એક ગંજાવર મીટીંગ સુરતી મરજીદમાં ભરાઇ હતી. ૨૦૦૦ જેટલા માણસો હાજર હતા. બહાર ગામના ડેલીગેટો ઘણેખરે ઠેકાણેથી હતા. ચીના તથા બીજાઓએ પણ ભાગ લીધો હતો.

મી. પ્રસપર્મોઆ પ્રમુખ હતા. તેમણે અસરકારક ભાષણ કરયું, જેનો તરજુમો મી. એન. એ. કામાએ અંગરેજીમાં વાંચી સંભળાવ્યો. તે ગુજરાતીમાં નીચે મુજબ છે.

ચેરમેનનું ભાષણ

જ્યારે આ મીટીંગ માટે નોટીસો કાઢવામાં આવી ત્યારે કોઇને ખબર નહોતી કે ઇસુ ખ્રિસ્તના જન્મ દિવસ માટે ઉત્સાહના ગણ્યાતા નાતાલના દહાડામાં આપણી શાંતિનો આ ખ્રિસ્તી મુલકમાં આવી નોછડાઇથી અને અક્ષરમાત રીતે ભંગ કરવામાં આવશે. એશીઆટીક કાયદાને શરણ ન થવા માટે નવા વરસના લાઇસેન્સ ન આપવામાં આવે તો શું કરવું તે વિચારવાનો આપણો હેતુ હતો. પણ ગઇ કાલે પુરા થએલા વરસના છેલ્લા અઠવાડીઆમાં

આપણા ઉપર ત્રાસો

ગબડાવવાનું કામ લોરડ એલગીન અને જનરલ સ્મટસે બજાવ્યું છે. બ્રિટીશ રાજના ન્યાય ઉપર આપણને એટલો બધો વિશ્વાસ હતો કે લોરડ એલગીન ઇમીગ્રેશન કાયદાને મંજુરી નહિજ આપે એમ આપણે માની લીધું હતું. રજીસ્ટ્રેશન કાયદાને મંજુરી આપવાથી લોરડ એલગીને એકવાર ભુલ કરી હતી, ને હવે ઇમીગ્રેશન કાયદાને મંજુરી આપી ને બીજીવાર ભુલ કરી છે. આપણે તો એ કાયદાને મુદ્દાં જેટલો મરેલો માન્યો હતો, પણ ૨૭ મી ડીસેંબરે ટ્રાંસવાલના હિંદીને અચાનક

વિસવાસના ઘેનમાંથી

ઉઠાડવામાં આવ્યા, અને ખબર થઇ કે તેમને માટે બ્રિટીશ ન્યાયનું નામ પણ છે નહીં. ઇમીગ્રેશન બીલને મંજુરી મળી, ને જોરાવર જનરલ સ્મટસને એક વધુ હથિઆર સોપાયું. પણ આપણે આશા રાખીશું કે એ જોર ખુદ તેમની નબળાઇ નીવડે અને વિચારવંત માણસોની નજરમાં જ્યાનક લાગે તેવા મામલામાંથી કોસોની બચે.

આગેવાનોની ધરપકડ

એ ખબર થતાંવેંત એસોસીએશનના સેક્રેટરી તથા કેટલાક બીજા આગેવાનોને પકડવામાં આવ્યા. જો કે એ બનાવ અચાનક બન્યો છતાં આપણે એ વિચારથી એટલા ટેવાઇ ગયા છીએ કે આપણે તઇયારી વગરના નહોતા. સહિએ બહાદુરીથી પોતાની ફરજ બજાવી છે, અને સજાઓ ઉઠાવવા સહુ તઇયાર છે એ જાણીને હું ખુશી થયો છું. આ સંબંધમાં રામ સુંદર પંડિત ચાલ્યા જવા માટે મારે દિલગીરી બતાવ્યા વગર ચાલતું નથી. પણ તેના બીકણપણાથી આપણે ચેતવણી મળે છે કે આપણે નબળાઇમાં આપણા કસમનો ભંગ કરવાનો નથી. આ લડતમાં આપણે જીતવાનો એકજ રસ્તો એ છે કે હરી ફરીને દુઃખો સહન કરી દૃતેહ મેળવવી. જેઓ ઇશ્વરપર વિશ્વાસ રાખીને ચાલનારા છે તેમને માટે લડતમાં ડગવાપણું રહેતુંજ નથી. તેને મન ફાંતો આપાર ફાંતો પેલે પાર એમ હોવું જોઇએ. આપણે અત્યાર સુધીમાં

ઘણાં દુઃખો

ઉઠાવી ચુક્યા છીએ. વેપાર ધટાડી નાખેલ છે, ને ગાંઠ ખાઇને રહીએ છીએ. ઘણા હીંદીને રજીસ્ટર ન થવા માટે નોક રીપરથી રજા મળી છે. આને હું ડરા મણી કહું છું. રેલવે ખાતાએ હીંદી મજુરોને ધંધા વગરના કર્યા છે. પોસ્ટ ખાતાએ પોસ્ટ માસ્તરોને રજા આપી છે, જેમાંના એક મી. ગ્રામા છે. તેઓ ૧૪ વરસ સુધી એ ખાતાના નોકર હતા. આશરે ૬૦૦૦ જેટલા હીંદી લડતના દુઃખો ન ઉઠાવી શકવાથી દેશ છોડી ગયા છે. પણ આ દુઃખો લોકોની જાણમાં ન આવી શકે તેવાં છે. હવે જેલ, દેશવટો અને બીજી સજાઓ ઉઠાવવાનો વખત આવ્યો છે. મી. ગાંધી અને બીજાઓ આપણી સાચે છે એ માત્ર અણધાર્યા છે. કાલે તેમને જેલમાં નાખવાના હતા. એટલે આજે તેમને સાંભળવાની સહુને તક મળશે, પણ આપણે નિશ્ચય કર્યો છે કે

મી. ગાંધીની મહદ વગર

મીટીંગનું કામકાજ ચલાવવું, અને તેમ કરી સરકારને ખાતરી કરી આપવી આગેવાનોને મેદાનમાંથી અલેહદા કરવામાં આવે તો દરેક દરેક હીંદી આગેવાનોની જા પુરી શકશે. આપણામાંથી ઉતરતામાં ઉતરતો માણસ પણ પોતાની ટેક માટે દૃઢ છે અને જેલ જવા ખુશી છે. આપણી લડત બહુજ સહેલી છે અને હીંમત અને ખુદાપર ભરોસો એ બે કરતાં વધારે બાબતની તેમાં જરૂર પડે તેવું નથી. સરકારે કરેલી પકડાપકડીથી કોમ વાંકી હોવા જેવું નથી. આપણી હીંમત ખરી છે કે ખોટી તેની

કસોટી

There are no signs of any weakening in the attitude of the passive resisters, and the amount of attention being given to the matter in highly influential circles at Home, and the certainty that a big question will be made of it when the Imperial Parliament meets towards the end of the month, seem to be likely to have the effect of stiffening, instead of weakening, the resistance. [Any forcible measures adopted towards Mr. Gandhi and the other leaders of the agitation will only have the effect of making martyrs of them in a cause which is popular among their own people, and may produce quite unforeseen results, both here and in India. So far as intimidation goes, Mr. Smuts has used it more frequently than any of the Indian leaders, as he has again and again threatened that if the Indians would not register they would be bundled out of the country, and we can hardly imagine any stronger form of intimidation than for a prominent member of the Government to declare that unless the Indians followed a certain course they would lose their means of live hood, as that is what deportation would mean to the majority. We very much doubt whether the whole question will be materially simplified by Mr. Smuts' access to power, by showing no mercy to the leaders.]

The Religious Objections to Registration

Where the Shoe Pinches

[The Rev. Joseph Doke, Baptist minister in Johannesburg, writes as follows to the *Transvaal Leader*:

The question whether there is any religious reason for the "passive resistance" of the Asiatics may be very easily answered by referring to the Act itself, the text of which lies before me. In the list of "Definitions" on the first page, it is stated that "'Asiatic' shall mean any such male person as is described in Article 1 of Law No. 3 of 1885."

Article 1 of the Law referred to is this:—"This Law shall apply to the persons belonging to any of the native races of Asia, including the so-called coolies, Arabs, Malays, and Mahommedan subjects of the Turkish Dominion." That is, a distinction is made between the Mahommedan subjects of the Turkish Dominion and the Christian subjects of the Turkish Dominion, with the result that Syrians, who may profess to be Christians, are admitted without the process of registration demanded of the Mahommedans. In other words, a religious test of objectionable character is applied. It is this, I believe, which has more than anything else incensed the Mahommedans of the Transvaal and caused them to join forces with the other Asiatics. Before the finger prints were required, it mattered comparatively little. But now that it means for Mahommedans to be classed as criminals, and Christians to be regarded as free from that stigma, it matters a great deal. Another "religious" point worth noting, but difficult of explanation to anyone who has not travelled in India, is connected with the Hindoos.

The application form, P.9., requires the Asiatic adult to give his mother's name and wife's name, as well as other details. Anyone conversant with Oriental peoples knows that it is counted a sin and a shame to divulge the names of the women of the family. To do it is a religious degradation not to be tolerated. It was this that the Pundit tried to explain in the Court the other day, when he was sentenced to imprisonment. I am afraid he failed, as no doubt this letter will fail, to make clear a point that is so alien to our civilisation. But it is there, and one would imagine needlessly.

The thing, however, that hurts most, and I think that we should be glad that it hurts most—unless we wish ill to these men—is the inclusion of them all, except Christians and Jews, on the criminal list. If you take up E. R. Henry's book on the subject of "finger-prints" you will find that it is largely divided into two parts. One has to do with thumb-prints, of which he says in his introduction:—"This part will be useful to departments such as Registration, Pensions, Post Office, Survey, Opium, and others who take the impression of a single digit." Part II. has to do with the finger impressions. Of this he says:—"This part will be required by the Police Department." Everywhere in England, in South Africa, in India, the impressions of the whole hand are reserved for criminals. To claim this of these men is to claim degradation of manhood, intensified by a religious test which ought not to form a feature of our laws. We are all conscious of the difficulties of the Government in settling this matter. We are all anxious to help a settlement. We are all agreed as to the need of stringent regulations—but, surely, these facts would suggest that a revision of the Law is needed, and that the Asiatics are not being treated with that justice and regard to religious convictions which we pride ourselves are features of British legislation.]

Late News

[SPECIAL TELEGRAMS]

Johannesburg, Friday.

Mr. Gandhi and others Imprisoned

All whose notice has expired have been arrested. Messrs. Vyas, Rashid, Desai, Beg, Cachalia, Gungaram, and Juma were sentenced to three months' imprisonment with hard labour, and fined heavily in addition with the alternative of another three months' imprisonment with hard labour.

Messrs. Gandhi, Easton, Fortoen, Pillay, Naidoo, Thambi Naidoo, and Karwa's cases were fixed for two o'clock.

An enthusiastic meeting was held at eleven o'clock in the Surti Mosque compound, when all the people showed great firmness.

On the case coming on at two o'clock, Messrs. Gandhi, Fortoen, P. M. Pillay, P. K. Naidoo, Karwa and Easton were sentenced to two months' imprisonment without hard labour.

A Mass Meeting is now being held to pass a resolution of protest and also one to continue the struggle to the bitter end.]

ઇન્ડિઅન ઓપિનિઅન.

પુસ્તક ૬. ફોનીક્સ—શનીવાર, તારીખ ૧૧ મી જાનેવારી, ૧૯૦૮. અંક ૨.

અઠવાડીક પંચાંગ.

અસ્તી—તા૦ ૧૧ મી જાનેવારીથી, તા૦ ૧૭ જાન્યુઆરી સુધી, ૪૦ સ૦ ૧૯૦૮.

હીંદુ—પોષ સુદ ૮ થી, પોષ સુદ ૧૪ સુધી, સંવત ૧૯૬૪.

મુસલમાની—તા૦ ૬ઠી જીલ્હેજ થી ૧૨ મી જીલ્હેજ સુધી, ૧૩૨૫ હીજરી.

વાર.	સુર્ય ઉદય	ચંદ્ર ઉદય	ભરતી	ઓટ	પારસી સુર્યોદય કે.	મી.	સુર્ય અસ્ત. કે.	મી.
શની.	૧૧	૮	૬	૩૦	૫	૨	૧૬	૦
રવી.	૧૨	૯	૧૭	૬	૫	૨	૧૭	૦
સોમ.	૧૩	૧૦	૮	૨	૫	૨	૧૭	૧
ભામ	૧૪	૧૧	૯	૩	૫	૩	૧૭	૧
બુધ.	૧૫	૧૨	૧૦	૪	૫	૩	૧૭	૧
ગુરૂ.	૧૬	૧૩	૧૧	૫	૫	૪	૧૭	૨
શુક્ર.	૧૭	૧૪	૧૨	૬	૫	૫	૧૭	૩

અનુક્રમણિકા.

જનરલ સ્મટસનું ભાષણ ૧૫–૧૬
રામસુંદર.. ... ... ૧૫
સા. આ. ખ્રિ. ઈ. કમીટી... ... ... ૧૬
મી. ગાંધીનો જવાબ. ૧૮
ટ્રાંસવાલના મામલાપર સ્ટાપાની ટીકા. ૧૯
હીંદીની હિમાયતના કાગળો ૨૦
ટ્રાંસવાલના મામલાપર વિલાયતમાં ચર્ચા. ,,
નાતાલ કોંગ્રેસની મીટીંગ.. ... ... ,
હીંદી માટે લંડનમાં ચોકકસ. ૨૧
ઉલ્લા ખબરો... ... ... ,,
જોહાન્સબરગમાં ઉલ્લી માસ મીટીંગ... ૨૨
જમાદાર નવાબખાન તથા સમુંદરખાન ના કેસો ૨૩
ઉલાગોઆબેના હીંદી.. ... ... ૨૪
જોહાન્સ્બરગનો ખબરપત્ર... ... ... ,,
ડમીદીઆ ઈસ્લામીક સોસાયટી... ... ૨૭
કેપના હીંદીપર હુમલો ... ...
એક અરજ ૨૮
પરમુરબ્બુ ચરચા ... ... ,,
ટ્રાંસવાલના હીંદી તરફથી લડત ચલા ચલાને ચુંબઈ અમુમને—ઈસ્લામ તરફથી ડેલીગેટ ૨૯
નાદારી કેરટ... ... ... ,,
અમારી ડાયરી.. ... ... ૩૦
સનાતન ધરમસભા... ... ... ,,
રેલ્વે ખબર બાબ ... ... ,,

ઇંડિઅન ઓપિનિઅન.

શનીવાર તા૦ ૧૧મી જાનેવારી, ૧૯૦૮.

જનરલ સ્મટસનું ભાષણ.

[illegible]
—૨૦

જનરલ સ્મટસે લાંબું ભાષણ કરયું છે. તેનો જવાબ મી. ગાંધીની પાસેથી ઈંદર બ્યુતા આકારમાં 'રટારે' તથા 'લીડરે' છાપ્યો છે. તેનો તરજુમો અમે બીજી જગ્યાએ આપીએ છીએ ભાષણ બહુ સમજવા લાયક છે. ચાર માસ પહેલાં જે જોર સ્મટસ સાહેબ બતાવતા હતા તે હવે ગયું છે. તેજ ભાષણમાં એક ઠેકાણે કહે છે કે 'હજારો હીંદીને જેલમાં કેમ નખાય જેલજ કયાં છે? તેટલાને દેશ નીકાલ પણ કેમ કરાય?' બીજી જગ્યાએ કહે છે જો હીંદી રજીસ્ટર નહિ થાય તો છેવટે તે ઉપાય પણ લેમ ખરા. આજ સુધી વડી સરકારે મદદ કરી છે હવે કરશે કે નહિ તેનો ખ્યાલ જનરલ સ્મટસને નથી. વળી કહે છે કે આ વિચાર પોતાના ખાનગી છે. સ્થાનીક સરકાર શું કરશે તેની જનરલ સ્મટસને ખબર નથી. આવું ભાષણ તો ગાંડપણનુંજ ગણાય. જનરલ સ્મટસ ગુસ્સામાં છે. તેને ભાન નથી એટલે જેમ તેમ બોલે છે.

હીંદીનો તિરસ્કાર પણ ચોખ્ખો બતાવે છે. કુલી શબ્દ પચ્ચીસ વાપરે છે. આપણે 'કેટલેક દરજ્જે' જ ઑટીશ રૈયત કહીએ એમ કહે છે. આ વળી નવી વાત. આજ દહાડા સુધી તો ઑટીશ રૈયત હતા. પણ હવે તો થોડા વખતજ ઑટીશ રહેવાનું ગણાયએ. વળી કહે છે કે આજ સુધી વડી સરકાર વચમાં આવતી તેથી લેજીસ્લેશનમાં નહિ કહાડતા. હવે તેને ઇમેદ છે કે લેજીસ્લેશનમાં હીંદીને કહાડવા એ સહેલ વાત છે. વળી કહે છે કે મી. ગાંધીના પકડાયા પછી બધા હીંદીએ કહ્યું કે તેઓ રજીસ્ટર લેવા રાજી છે.

આ બધાનો શો અર્થ કરવો? એટલું તો દેખાતું છે કે હીંદી કોમે જનરલ સ્મટસનો પણ કેટલીક અગત્યની તો બતાવી છે. તે સાહેબ કબુલ કરે છે કે ગયા માર્ચ મહીનામાં તેને આશા નહતી કે આ પ્રમાણે હીંદી કોમ સામે થાય ને આટલું જોર બતાવે. હજુ તેઓ સાહેબ માને છે કે હીંદી કોમ માત્ર બેચાર આગેવાનોની શીખવણીથી ભમાય છે. આગેવાનો તો જેલ જશે. પછી શું કરીને હીંદી કોમ આગલી બનશે? જો તેમ નહિ કરે—હિંમત રાખશે—તો આંખોવો પણ જોઇ શકે છે ને બહેરો પણ સાંભળી શકે છે કે જનરલ સ્મટસથી કશું થનાર નથી. તેજ સાહેબ કહે છે કે ઇલાજ હીંદી કોમના હાથમાંજ છે. અરે તેમજ છે. માત્ર તફાવત એ કે મી. સ્મટસના કહેવા પ્રમાણે ઝટ ગુલામીની માળા પહેરવી એ ઇલાજ છે. અમારા કહેવા પર માણે આઝાદી—મરતબો—આબરૂ—સ્વતંત્રતા—ખુદા—ઇશ્વરની બીક—રૂપી સઘળી માળા પહેરવી તે ઇલાજ હીંદીના હાથમાં છે. લડત ચાલુ કરવા આંગણે આવી છે. હવે હીંદી કોમ શેહું કેરવશે? વિચાર આ છે. રજીસ્ટરની વાત સ્વપ્નેપણ ન કરવી. બેધડક ધંધા વેપાર કરવો. તેમ કરતાં જેલ આવે તો ભલે: દેશ નિકાલ થઇએ તોપણ ભલે. આમ કરતાં બેમાંથી એક પણ આફત નહિ આવે. અને આવશે તો કરજીયાત રજીસ્ટરની બલા કરતાં એ આફત બહુ સારી છે.

રામસુંદર

રામસુંદરને માન અપાયું તે બાબત અમે ઘણું સાંભળ્યું છે. અમને કેટલાક કાગળો પણ મળ્યા છે. કોઇ કહે છે કે તે ગીરમીટીઓ છે, કોઇ કહે તેણે ઘણા માણસોને ધુતેલાં છે, કોઇ કહે કે આવા માણસને બાદશાદી માન આપવાથી હવે ફરીથી હીંદી કોમ કંઇ કોઇ આગેવાનોનું સાંભળનાર નથી. આવા માણસને સારું દુકાનો બંધ કરી તે મોટી ભુલ થઇ ગણાય, અને હવે પછી ગમે તે હીંદીને સારું હશે તોપણ દુકાનો બંધ થવાની આશા કોઇ રાખે નહિ. કેટલાક વળી લાગ જોઇને હીંદુ મુસલમાન વચ્ચે ફાંસો નાંખવા તલપી રહ્યા છે. આ બધાની અમે બહુ સમજીએ છીએ. જે તમ

સુંદર ગીરમીટીઓ હતા અને તેમ જાણી ને કેમે ખરી બહાદુરીને સારૂ માન આપ્યું હતા તો તેમાં કેમની વધારે શોભા ગણાત. ગરીબાઇમાં લાંછન નથી, તેમ ગીરમીટમાં પણ નથી. ગીરમીટીઓ મહાન બહાદુરી કરે તેમાં હીંદીને વધારે મગરૂર થવાનું છે. કેમકે તેનાથી સારી સ્થિતી ભોગવનારા તેથી પણ વધારે બહાદુરી કરે એવો અવસર આવે. પણ રામસુંદર ગીરમીટીઓ હતો અથવા કરજદાર હતો કે નહિ તેની કેમને ખબર ન હતી. તે વિષે કેમને દરકાર ન હતી. જે કામ તેણે કરવું, જે ભાષણો તેણે કર્યાં તે બધાં વખાણવા લાયક હતાં. બાદશાહી માન તે રામસુંદરને નથી અપાયું, પણ એક મહીનો જેલ ભોગવનારને અપાયું છે. દુકાનો બંધ રહી હતી તે રામસુંદર ને ખાતર નહિ પણ એક હીંદીને નહાકી જેલ મળી તેનો શોક બતાવવા. તથા આપણી એકત્રતાની બધાઓની ઉપર છાપ પાડવા બંધ કરી હતી. દુકાનો બંધ કરવાનો તથા બાદશાહી માન આપવાનો લાભ હીંદી કોમ ઝાઝ ચુકી છે. તેનો લાભ રામસુંદરને મળેલો તે તે બોઅર બેસેલ છે. આપણે જે માન આપ્યું છે તે તે માણસને નહિ પણ તેનામાં રહેલા અને આપણે માનેલાં સત્ય અને હીંમતને આપેલું છે. એટલે જે કંઇપણ રામસુંદર ના સંબંધમાં થયું તે થવા જોગ હતું. હવે જ્યારે આપણે તે માણસ બેલાડી છે એમ જોઇ શક્યા છીએ ત્યારે તેનો તુચ્છ કાર કરીએ છીએ. તે પણ વારતવીક છે. આ પ્રમાણે દુનીઆમાં સદાય ચાલતું આવ્યું છે. મદ્રાસવાળા આરબ્રુ થેતોટ ત્યાં સુધી પ્રમાણીક ગણાતા હતા ત્યાં સુધી રાજાના તથા પ્રજાના માનીતા હતા. જ્યારે તેનું બોપાણું બહાર પડયું ત્યારે તેજ સાહેબ ઉપર કામ ચાલ્યું અને દોઢ જેલ ભોગવી. દરેક બાબતની અંદર હમેશાં આપણે સત્ય અસત્યનો ભેદ રાખશું ત્યારેજ આપણે લાયક થયા ગણાઇશું, અને દરેક મામલાઓમાં જીતશું. હીંદુ મુસલમાન વચ્ચે ભેદ ઉદાવેલો છે તે બાબત અમે વધારે કહેવા માગતા નથી. પણ એવો ભેદ ઉદાવવો એ અંત યંત ગેરસમજ છે એમાં જરાએ શંકા નથી. હીંદુ અને મુસલમાનના ભેદ જ્યાં બંનેનો સ્વાર્થ છે અને જ્યાં ધર્મની વાત નથી ત્યાં કેમ ઉઠવા કરે છે એ અમારી સમજની પણ બહાર છે.

તા. ૬૨ ના અકબારમાં હીંદુસ્તાનની ટપાલ આવવાની નથી

સાઉથ આફ્રિકા બ્રિટીશ ઇન્ડિઅન કમીટી.

મી. રીચનો સપ્તાહિક કાગળ.

તા. ૧૩ ડીસેંબરના કાગળમાં મી. રીચ લખે છે કે:—

તમારો કાગળ તથા રૂપરના પેપરો વિષેથી જોઉં છું કે ત્યાં હવે કામ ઝપાટા બેર ચાલી રહ્યું છે. જેમ જેમ કામ અંત ઉપાવતી જશે તેમ તેમ લડત મજ બુતી પકડશે. પંડીતના કેસ બાબતનો તમારો કાગળ અહીંના છાપાઓમાં મોકલાવ્યો છે. સાંના અખબારોમાં તે બહાર પડયો હતો. અહીંના છાપાઓ હવે એ સવાલ ઉપર બહુ ધ્યાન આપે છે. જેઓ ત્યાં બહાદુરીથી લડી રહ્યા છે તેઓને બહુ શાબાશી ઘટે છે. આ લડતનું પરિણામ બહુ ઉંડા મૂળ ઘાલશે. મારા પુસ્તકની ૭૦૦ નકલો અહીં પ્રસ રેલી છે. ઘણી જગોએથી કાગળો આવેલા છે અને તે દીલસોજીના છે.

અહીંની ટ્રેડ કાઉંસીલના સેક્રેટરીઓ ઉપર ત્રેવિસ કાગળ લખ્યા છે.

ડેલાગોઆબેના હીંદી બાબત દિલચાલ ચાલી રહી છે. કોલોનીઅલ ઓફીસ તરફથી જવાબ આવી ગયો છે.

[મી. રીચના કાગળ સાથે બીજા ઘણા કાગળીયા છે તેનો તરજુમો હવે કરવો કોઇક છે. કેપ વિગેરેને લગતા કાગળીયા હાલ આપવા જેટલી જગ્યા નથી. મીસીઝ રીચની તબીયત હજુ ઘણી બારીક રહ્યા કરે છે.—ઇ.ઓ.અ.]

તા. ૧૦ના અંકમાં 'મરકયુરી' લખે છે કે—ટ્રાંસવાલનો એશીયાટીક સવાલ અરસપરસ સમજુતીથી પતાવવા માટે મત વધતો જતો જોઇ અમે ખુશી થયા છીએ. હીંદીઓની ધાર્મીક લાગણી ન દુખાવવા હીંદી સરકારને હમેશાં કાળજી રાખવી પડેલ છે. આપણે પણ નાતા લમાં કાફરોના રીતરીવાજને માન આપવું પડયું છે. ગમે તેમ હોય, એતો દેખીતું છે કે કાયદો અમલમાં મુકવાના પ્રયત્નથી બેહુમાર ખરચ અને પંચાત ઉભા થાય છે, ને તેથી લાભ કાંઇ નથી; વળી તેથી ચડી સરકાર તથા પાડોશી કોલોનીઓને એવી રીતે નુકસાન થાય છે કે તેને વખોડી કાઢયા વગર ચાલે નહીં.

તા. ૨૦ મી એ ક્યારે ૯ વાગે હીંદુસ્તાનની ટપાલ પ્રીટોરીઆમાં બંધ થશે.

જનરલ સ્મટસનું ભાષણ

જનરલ સ્મટસે પોતાના ચુંટનારાઓ આગળ ગયા સોમવારે ભાષણ કરતાં એશીઆટીક સવાલ સંબંધમાં જણાવ્યું હતું કે:—

એ કાયદો ગયા માર્ચમાં પાસ થયો છે. તેને અમલમાં મુકતાં જેવો અનુભવ થયો તેવો થશે એમ પહેલાં કોઇએ ધારવું નહોતું. જો કાયદો કેમ પસાર થયો તે આપણે યાદ લાવવું જોઇએ. અગાઉ સંખ્યાબંધ લોકો ખોટી પરમીટો આવતા. એશીયાટીક ધસારાનો ભય જોઇને ૧૮૮૫ના રજીસ્ટ્રેશન કાયદા ઉપરાંત તેમને બજારમાં વેપાર માટે કાઢવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. તેમને સારૂ વેપાર કરવા માટે બાસ લોકેશનો કાઢવામાં આવ્યાં પણ બ્રીટીશ સરકારે વચ્ચે પડી તે દબાવી દીધું. એટલે વોકસરાડનો કાયદો અમલમાં મુકાયો તેમ નહોતું. તે અમલમાં મુકાય તો લડાઇ થાય તેમ હતું. પરિણામે એશિઆટીક લડાઇ થયા સાં સુધી બાઇસેન્સ વગર વેપાર કરી શક્યા. કારણ કે કાયદા મુજબ તેમને બજારનાં લાઇસેન્સનો હક હતો. અને બ્રિટીશ સરકાર કહેતી કે 'તમે મરજી પ્રા ત્યાં વેપાર કરી શકશો.' આ પ્રમાણે

'કુલી' વેપારીઓનું બળ

બહુ વધી ગયું. લડાઇ બધ્યા અને તકરાર પછી ઘણાં માણસો આવ્યાં તેમને પીસ પ્રીઝરવેશન કાયદા પ્રમાણે પરમીટો કઢાવવી પડતી. આવી પરમીટો મુંબઇ, કરબન તથા કોલાગોઆબેની ઓફીસોમાં પા. ૨૦ થી ૩૦ સુધી વેચાતી. જ્યારે જુની પરમીટો ન મળતી ત્યારે 'કુલીઓ' કામલદારને લાંચ આપતા. તે માટે ૧૯૦૨થી આજ સુધીમાં ૬૫૦૦ જેટલા કેસ ચાલેલ. તેવી સ્થિતિને લીધે આ દેશમાં 'કુલીઓ'ને ૨૭ સ્ટર કરવા માટે કાયદો બનાવ્યો. તેમને સારી ઓળખ સિવાય બીજા નહિ; તેમ ફોટોગ્રાફની રીત સરીસરામની વગ રની હોવાથી

૬૨૩ આંગળાં

લેવાની રીત તેમાં દાખલ કરી. હીંદીઓ એ ઉલટો અરથ લીધો; અને ઘણા લોકોનો અહીં દાખલ કરવાના હેતુથી કેટલાક પ્રપં ચી લોકોએ મેસરસ ગાંધી અને અલીનું ડેપ્યુટેશન વિલાયત મોકલ્યું. તેમણે ત્યાં જઇને ખળભળાટ કરી મુકયો. અને તેથી લોર્ડ સેલબોરનના કાયદાનો અંત આવ્યો. ત્યારે પછી કરવાનું બાકી રહ્યું. [હીંદીજ બારીસ્ટરોએ] મુકત થી કાયદો કરીયા

પડ્યો. વડી સરકારે અત્યારે તેને મંજુરી આપી. તે મુજબ રજીસ્ટરના બારા સર કારે પડીને રજીસ્ટર કરવાનાં વખત ને ઠેકાણાં નીમ્યાં. ત્યારે મી ગાંધી અને તેના દોસ્તોએ

સરકારના રસ્તામાં અડચણો

મુકી, ને ઠેકાણે ઠેકાણે પીકેટો મુક્યા. જેથી પણ ખરા રજીસ્ટર થયા નહીં. ને રીઝીસ્ટન્સ ફતેહમંદ ઉતર્યું. હજારો લોકોએ બીકને લીધે રજીસ્ટર થવા ના પાડી. મી. ગાંધી વગેરેએ કરેલી ઉશ્કેરણી સારુ ફતેહમંદ નીવડી એ હું ખાત્રીપુર્વક કહી શકું છું. કાયદો પસાર થયો ત્યારે ચાલીસ હજાર સલ મારી આસપાસ બોઅર કે ચીનાઓ રજીસ્ટર થવામાં કાંઇ વાંધો કાઢશે નહિ. જો તેમને કોનસલની ઓથીસે રજીસ્ટર કરવામાં આવે તો. આ વાતની મેં ના ન પાડી. પણ મી. ગાંધીની ફતેહ જોઇને

ચીનાઓ

એ પણ કહ્યું કે અમે પણ રજી સ્ટર નહિ થઇએ. એક ચીનો રજીસ્ટર થયો. તેનાપર એટલો જુલમ ગુજા રવામાં આવ્યો કે તેને આપઘાત કરીને મરી જવું પડ્યું. લોકો બહાર આવી રજીસ્ટર થતા તેમને બોયકોટ કરવામાં આવતા. એટલે કોઇએ રજીસ્ટર થયું નહિ. એટલે સરકારના હાથમાં

એકજ રસ્તો

રહ્યો. તેથી તેમણે ફરીથી વખત નીમ્યો ને એક માસની મુદત આપી. મારાપર સખત ટીકાઓ થએલી ને હું જાણું છું. પણ સરકારે ઉદાર નાથી, દહાપણથી, અને ધીરજથી કામ લેવાનો નિશ્ચય કર્યો. મામલો બારીક છે તે વાત સરકાર જોઇ શકી. જ્યાં માસ પુરો થએ કોઇ રજીસ્ટર થયું નહિ. પણ કાયદાથી પરિણામ એ આવ્યું છે કે ઘણા બોઅરીકા મુલક છોડીને ચાલ્યા ગયા. તેમની સંખ્યા ૫૦૦૦ ની હશે. ફકત ૫૦૦ રજીસ્ટર થયા ને બાકી ૬૫૦૦ રજીસ્ટર થયા વગરના રહ્યા. આ લોકો નું કેમ કરવું એ સવાલ થયો. કોઇ બોલ્યું કે

'કાઢી મુકો.'

પણ આ મોટો ને ગંભીર સવાલ છે. દક્ષિણ આફ્રીકામાં સઉથી અધરામાં અધરો સવાલ આ છે. બોયર સરકારે તેનો નીકાલ કરવા બહુ કરેલ પણ વડી સરકાર વચ્ચે પડતી ને કહેતી કે એ લોકો અમારી પ્રજા છે. તમારાથી તેમને મરજી મુજબ નહિ પજવાય. આમાં કિચર મી. ગાંધી વગેરને આધાર છે. પણ આજે

ટ્રાંસવાલનું બળ

ચિટી ફ્રાલોની બવાથી પુરતું છે. રજીસ્ટ્રેશન કાયદો કર્યો પણ તેથી એ લોકોને ફ્રાલોની બહાર કાઢી શકાય તેમ નહોતું. તેથી ઇમીગ્રેશન કાયદો થયો. તે વિલાયતની સરકારે પાસ કર્યો છે. એટલે આજે સરકારની પક્ષમાં ચિટીશ સરકાર પણ છે. જ્યાં તે આપણી સાથે કેટલો વખત મળતી રહેશે તે હવે જોવાનું છે. છતાં હાલ તો સાથે છે અને ચતુરાઇથી અને ડહાપણ પુર્વક કામ લેશું તો ટ્રાંસવાલને મદદ દેવાનું તે બંધ કરશે નહિ. હાલ આપણા હાથમાં પણ રસ્તા છે લાઇસેન્સ બંધ કરવાથી ૫૦૦૦ બોઅરીકાનો નીકાલ થશે. બીજો રસ્તો કેદખાનાનો છે. એટલા બધા વાસ્તે જેલમાં મારગ હોય છતાં તેથી કાંઇ બહુ વળે તેવું નથી. ત્રીજો રસ્તો

હદપાર

કરવાનો છે. પણ સરકાર બને તેટલી ધીમાશ વાપરવામાગે છે. ટ્રાંસવાલના લોકોનો જુલમી કે નિરદય થવાનો સ્વભાવ નથી. ૬૫૦૦ માણ સને પકડીને જેલમાં નાખવા એ ભયાનક વાત છે. તેમને પકડીને હદપાર કરવા એ તેટલુંજ ભયાનક છે. પણ સર કારને સખત પગલાં લેવાનો વખત આવશે ખરો. કેસની બરી સ્થિતિ ધ્યાનમાં લેવી અને ન્યાય સ્થાપવો એ સરકારની ફરજ છે. સ્થિતિ આ પ્રમાણે છે. હજારોના હજારો બોઅરીકાર કાયદાની સામે થયા. તેઓ દ્રષ્ટાંત બરાબર સમજતા નથી.

આગેવાનો

તેમને બોટે રસ્તે દોરે છે. તેઓ કહે છે કે બોયર વખતની જેમ વડી સરકાર તેમનું રક્ષણ કરશે. આગેવાનો તેમને કહે છે: "અમે તમને બચાવી લેશું. અમારી પડખે ઉભા રહો, અને અમને મદદ કરો એટલે બસ." લોકોએ આગેવાનોપર વિશ્વાસ મુકયો. અને તેથી આજે લોકો મુશ્કીબતમાં આવી પડ્યા છે. અજ્ઞાનતાથી તેઓ બોટે રસ્તે દોરવાઇ ગયા છે. એટલે સરકારના હાથમાં ઇલાજ છે. ને તે એ કે આગેવાનોને પકડવા. તક લીધેલું બીજ તેઓ છે. સરકારને મુશ્કી બત આપનારાઓને પકડવા જોઇએ. ને સરકારે અને તેમ તેમનો નિકાલ કરવો જોઇએ. અને તે પ્રમાણેજ સરકારે કર્યું છે, ને જોખમદાર માણસોને પકડીને કાયદાનો અમલ કરવા માગે છે. તેમ કર્યાવગર સરકારને છુટકો નથી. કેટલાં સુધી. અજાયબી હોય તો તેઓએ

રજીસ્ટર થવા તયાર

છે. તે બાબતના મારી પાસે પુરાવા છે. કેદીમાં મારી સફર દરમ્યાન ઘણા લોકો મને આવીને કહે છે કે "બાપ સાહેબ, રજીસ્ટર કરો." મી. ગાંધીને પકડવા પછી તેઓને બીક પેઠી. તેઓ કહે છે કે અમારે સરકાર સામે નથી થવું "અમે રજીસ્ટર બ્રટ થઇએ. તક આપો તો." તે વાતનો હવે સરકારે વીચાર કરવાનો છે. જો બધા ચીંદી એક સામટા આવી ને કહે કે "અમે ભુલ કરી, અમને આગેવાનોએ ભમાવ્યા, અમને રજીસ્ટર થવાની તક આપો" તો સરકારે તે વિચારમાં લેશે. જો તેઓ સામે થવા નું ચાલુજ રાખશે તો ઝોસ્લો કહેશે કે "દેશ છોડી જાઓ." પણ હમણાં આવું પગલું લેવાની જરૂર નથી. ચિંદીઓ જો સામટા આવે તો તક આપી રજીસ્ટર થવા વખત આપવું. ને નહિ માને તો પછી કાયદો છે. આ લોકો ઘણીજ દરકારે ચિટીશ પ્રજા છે એટલે સવાલ બહુ બારીક છે. ઉતાવળ ઉપર મુજબ છે. પણ જો ચીંદીઓ તેમ ન કરે તો સર કાર કાયદો અમલમાં મુકવા સિવાય બીજું કરી શકે તેમ નથી. આગેવાનોની વાત કહીએ તો તેઓજ જોખમદાર છે અને હું તેમના તરફ દયા કરીશ નહિ. તેમના સંબંધમાં કાયદો અમલમાં મુકાવો જોઇએ. પણ બીજા અજ્ઞાન લોકોને રજીસ્ટર કરવાની તક આપવી કે નહિ તે સરકાર વીચારમાં લેશે. પણ જેઓ

રજીસ્ટર થવા ન માગતા

હોય તેમને પરિણામ ભગવું જોઇએ. કાયદો નકામો થવાની અસર ઉપર બાબત થયા વગર રહે નહિ. જો આપણે અત્યારે આમ સહેલાઇથી હારી જઇએ તો આગળ જતાં ભયંકર ખરાબી થાય. આપણે ન્યાયપુરવક અને ધીરજથી ફરજ બજાવવી, ને પછી આખરે કાયદા અમ લમાં મુકવા, ને અને લાગે છે કે સરકાર તેમ કરશે.

જનરલ રમટસના બાકીના બાદ સવાલ જવાબ વખતે એક ગોરાએ જણાવ્યું હતું કે ચીંદીઓ વિષે ગમે તેમ કહેવામાં અને કરવામાં આવે, છતાં તેઓથી ગોરા ખેડુતોને મોટો આધાર છે. આપણે તુરત નીકાલ કરવા બેસીએ તો હલકા લતુ ગોરા છે, કે જેની સાથે હરિફાઇમાં ઉતરવું જ બરાબર ગણાય છે

શ્રી. ગાંધીનો જવાબ

જનરલ સ્મટસના ભાષણ ઉપર 'ટ્રાંસવાલ લીડર' તથા 'સ્ટાર' ની. ગાંધી ઉપર ઇંટરવ્યુ લીધેલ છે. 'લીડર' ને આપેલા ઇંટરવ્યુ દરમ્યાન શ્રી ગાંધીએ જણાવ્યું હતું કે:—

આરોપનો ઇનકાર.

હું હીંદીઓવતી એશીઆટીક છુપી રીતે ટોળાબંધ આવ્યા મના છે એ વાત મેં કદાપ કબુલકાર કર્યું હોવાનો આરોપ કર્યો છે. આનો અર્થ એમ નહિ કે એકે હીંદી છુપી રીતે નથી આવ્યા. તેવા બધાનો ઉપાય આપણે પીસ પ્રીઝરવેશન કાયદાથી લઇ શકાય છે. જેઓ પરમીટધારના હાલે તેઓ અજાણ્યા જગાઓમાં ભરાઇ રહે. જેમની પાસે પરમીટ અથવા કોઇ જાત તો પરવાનો નથી તેમને એશીઆટીક કાયદો પહોંચી શકે તેમ નથી. પરમીટ કે હોય અથવા નકામા પરવાના હોય તેવા લોકો રજીસ્ટ્રાર આગળ રજીસ્ટર કરવા જાય તો તેમને ટ્રાંસવાલ છોડવાની નોટીસજ મળે; એટલે તેવાઓપર રજીસ્ટર કાયદો કામ લાગે એવો સંભવ નથી

રીપોર્ટ શું સાબીત કરે છે?

મના વરઘના રીપોર્ટપરથી મુકેલો આરોપ રીપોર્ટનીજ હકીકત ઉપરથી પડી ભાંગે છે. કોઇ કાંઇએ સાબીત થતું હોય તો તે એ કે ૧૫૦૦ માણસોપર પાંચ વરસમાં કામ ચાલ્યું. તો પછી પીસ પ્રીઝરવેશન કાયદો અસરકારક કરી ચુકયો. ઘણા બધાએ દાખલ થવા માગનારાઓ (કે જેને લીધે જે ૧૫૦૦ કેસો થએલ) કાંઇ ખોટીજ રીતે આવનારા હતા એમ છે નહિ. શરૂઆત માં ભુલમાં કેટલાક ગોરાઓની પેઠે અમે માનતા કે બ્રિટીશ વાવટા તળે દાખલ થવામાં કાંઇ મુશ્કીલત નથી. તેમાંના ઘણાખરા રેફ્યુજી (લડાઇ વખતે ભાગેલા) હતા. ને લડાઇ પુરી થાય તો ફરી દાખલ થવાની રાહ જોઇ પ્રીટોરાના ઝાંપામાં હતા.

બુઠ્ઠી પરમીટોની દલીલનું પોકળ.

જનરલ સ્મટસ ખોટી સહીવાળી પરમીટોનું કહે છે; પણ તેજ વાક્યમાં તે સાહેબ બોલ્યા છે કે ૬૪ પરમીટ ખોટી સહીવાળી ખરે સાચીવાળી એ ઓળખી કાઢાતું નથી. એટલે તે વાત અણઘટતી છે. મને ખબર છે કે રજીસ્ટ્રારની ઓફીસના કોઇ કામચલાઉ ઘોડા વખતપર કેટલાક કાગળો પરવાના તરીકે ફેલાવેલ. તે ખરા હોવાર હાલ અહીં નથી; અને મેમ લોકો છે કે લોકોને સારી પેઠે ધ્રુતીને પકડાવાની બીકને લીધે આવ્યો ગયો છે. બુંબઇ કે કોઇ જગાએ કદી પરમીટની ઓફીસ હતી નહિ. એકાદ કોઇક લુચ્ચા લોકો હતા (હીંદમાં નહિ, પણ દક્ષિણ આફ્રિકામાં) કે જેઓ જોહાન્સબરગ એશીઆટીક ઓફીસમાંથી પરમીટો લાઇ રેફ્યુજીને અથવા બીજાઓને આપતા.

તે કેમ નીકળતી.

જોહાન્સબરગના એશીઆટીક અમલદારો કેટલાંક નામ ખરા (પરમીટ માટે) અરજદાર તરીકે કોલોનીઅલ સેક્રેટરીને આપતા. તેથી પરમીટ આપવાની રજા મળતી. આ નામો ઘણી વખત ધારણ કરેલાં હતાં, જોકે પરમીટો બરોબર કાઢવામાં આવતી અને અંગુઠા પણ પરમીટ ધારણ કરનાર માણસના હતા. આ પ્રમાણે જેમને દાખલ થવા મળ્યું તેમને દાખલ થતા પહેલાં મોટી રકમો આપવી પડતી. આ વાત બધા વખત સુધ આરબર બોલી આવેલ રજુ થએલી; ને કેસ પણ ચાલેલા. તથા તે કામમાં ભળેલા અમલદારોને રજા પણ મળેલ. આ બતાવે છે કે પ્રીસ પ્રીઝરવેશન કાયદો અસરકારક હતો.

નવો કાયદો.

એશીઆટીક કાયદાથી તદ્દન નવુંજ વલણ લેવામાં આવ્યું છે. તે બોટા આરોપોને લીધે રચાએલો છે ને તેથી હીંદી કોમ કદી તે કબુલ રાખશેજ નહીં. તેની સામે બધા હીંદી કોમ સોગનથી બંધાએલી છે. તે આરોપોમાં તપાસ કરવા કોમે માગણી કરી છે. જો તે આરોપ સાબીત કરી શકાય તો રજીસ્ટ્રેશન કાયદા માટે કાંઇક કારણ છે એમ ગણાય. ને બોટા ઠરે તો સરકાર પોતાની ભુલ કબુલ કરી કાયદો સામટો પાછો ન ખેંચે?

સાંગળ્યાં.

અમે પહેલાં અંગુઠા, મરજીવાલ આપ્યા હતા. હવે આંગળાં આપવાં તે બદમાશ ઠરવા બરોબર છે. જે ચોપડી ઉપર જનરલ સ્મટસ આધાર રાખે છે તેજ જણાવે છે કે આંગળાં ગુન્હેગારો પાસેથી, અને અંગુઠા અજાણ લોકો પાસેથી, લેવાય છે. અમારો વાંધો આખા કાયદાની સામે છે.

કાયદો ખરાબ નથી!

જે એશીઆટીકો રજીસ્ટર થયા છે તેઓ રજીસ્ટર થયા તે બીકને લીધે, નહિ કે કાયદાને સારો ગણવાને લીધે. આગેવાનોએ જે લોકોને છેતરવા એવું જનરલ સ્મટસ કહે છે તે બનવાકટું છે. કાયદાનો તરજુમો થએલ છે અને લોકોમાં તે ફેલાવવામાં આવ્યો છે.

આભારદાર કોમ કે 'કુલી'?

જનરલ સ્મટસે આભારદાર હીંદી કોમને 'કુલી' ની કોમ ઠરાવેલ છે. એમ ધારવું નહીં કે હીંદીઓ આ વાત નથી જાણતા, અથવા તો તેથી તેમને દરદ નથી લાગતું. એમના શબ્દો હીંદીઓએ વાંચ્યા છે, અથવા તરજુમા સાંભળ્યા છે. કહેવાની જરૂરજ નથી કે તેવા શબ્દોથી કોમને દુઃખ થાય એ કુદરતી છે. જ્યાં સુધી હીંદીઓને આમ નમાલા ધારશે અને બ્રિટીશ પ્રજાના સામાન્ય હકો અને જાતની સ્વતંત્રતા નહીં આપશે ત્યાંસુધી હીંદીઓ કેફ અને દેશવટામાં સંતોષ માનશે.

કાયદામાં ફેરફાર કેમ ન થાય?

ફેરફાર કરવાથી કાફરોપર બરાબર અસરનું કહ્યું: પણ એ નિયમે તો કાયદાઓ સારા નરસા હોય તેની સામે બોલાયજ નહીં એવો અર્થ થયો. અમુક કોમનેજ લાગુ પડતા કાયદામાં ફેરફાર થવાના દાખલા આપું તોપણ મળી શકશે. નાતાલ પાર લીમેંટરી વોટના કાયદામાં ફેરફાર કેમ થયો હતો? નાતાલ મ્યુનીસીપાલ કાયદો હજુ મંજુરીની રાહ જોતો પડયો છે. તેમજ ટ્રાંસવાલમાં કલરડ વોટના સંબંધમાં કાયદો અમલમાં ન આવ્યાના દાખલા છે.

ઇલાજ

'લીડર' ના પ્રતિનીધિએ પુછ્યું કે "આ મુસ્કેલીનો કાંઇ સારો ઇલાજ નથી? જવાબમાં શ્રી. ગાંધી બોલ્યા કે—હા છે. હીંદીઓ સરકારને પોતાની ઓળખાણ આપવા ખુશી છે. ને એથી ઓળખાણ લેવા એટલોજ કાયદાનો હેતુ છે. એશીઆટીક કાયદો રદ કરવો. ને રજીસ્ટ્રેશન કાયદામાં ફેરફાર કરી ઓળખાણની કલમ દાખલ કરવી એ રીતે પણ સમાધાન થાય તેમ છે.

રજીસ્ટ્રેશન કાયદામાં કેવી જાતનો ફેરફાર કરવો તે વિગેરે વિગે લંબાણ વિગતથી શ્રી. ગાંધીએ સમજાવ્યા બાદ ઇન્ટરવ્યુ બક્ષાસ થયું હતું.

તા. ૨૮ ડીસેંબરના અંકમાં ડેલાગોઆબે ની લાયબ્રેરીવાળા ચર્ચામાં પહેલું વાકય "જનરલ કુંડમાં બે ગ્રહસ્થો તરફથી ભરાયા છતાં એક પેની સરખી પણ આવી નથી" એમ લેખકે —અ. ઇ. ઓ

ટ્રાંસવાલના મામલાપર છાપાની ટીકા

'ટ્રાંસવાલ લીડર'

લખે છે કે—ઇમીગ્રેશન કાયદાને મંજુરી મળી છે. હવે જોવાનું છે કે ભાંધો સરકારના કામા તરફ હાજી હા કર્યા કરશે, અથવા તેના વિરૂદ્ધ ટીકા કરીને 'અનઈજાયરેબલ' ઠરીને રાજ્યની સુલેહ માટે જોખમકાર મણાવાનું જોખમ ઉઠાવશે. કાયદો ૧ લી જનેવારી પહેલાં અમલમાં આવતો નથી, છતાં બે દિવસ અગાઉજ તેના આધારે ઠેસ ચલાવાયો, અને દેશ નિકાલની નોટીસ અપાઇ. તો પછી સરકારની રાજનીતિ પર ટીકા કરનારાને પોતાનું શું યશે તેનો ડર લાગ્યા વગર કેમ રહે? ગોરા ઓને એશઆરામની વગર ચાલતું ન હોવાથી —તેના મુકરેલાપણાની આજ—નીશાની તેઓ એશીઆટીક સાથે હરિફાઇમાં ઉતરી શકતા નથી ને તેથી એશીઆટીક ઇમીગ્રેશન બંધ કરવાનું કહેવામાં આવે છે. પણ જેઓ બ્રિટીશ રાજનાં સિદ્ધાંતો માટે અગત્ય માને છે તેઓને ખી. ગાંધી જેવા દેશ નીકાલ થવાથી દરદ થયા વગર રહે નહીં. આપણે એમ કહીએ છીએ કે એશીઆટીકો અમુક શરતે અહીં રહી શકે. પણ આ શરતો પાળવા આખી કોમ ના પાડે અને તે કરતાં જેલ અને દેશવટો બહેતર ગણે, તો આપણે સમજુ માણસ ગણાઇએ છીએ, એટલે આપણી ફરજ છે કે તેમને આકરક આવતી રીતે કાયદામાં ફેરફાર કરવો, અથવા તો કબુલ કરવું કે તેમને કાઢી મુકવાનો આપણે ઇરાદો છે. ને આમજ હોમતો ઇન્સાફની ખાતર રાજની ફરજ છે કે તેમને નુકસાની આપવી. આપણે વડી સરકારના હાથ તળે છીએ. તે આપણા રક્ષક તરીકે છે. વડી સરકારને બધી સત્તા હીંદને લીધે છે. જ્યારે કેનેડાના ગોરા કોલોની સ્ટોને જાપાન સાથે ટંટો હતો ત્યારે તેમને પોતાના ખાસ પ્રધાનને જાપાન મોકલવા જરૂર પડી હતી, ત્યારે ટ્રાંસવાલના બ્રિટીશ મુલકમાં બ્રિટીશ પ્રજા (કે જેમાં બાદશાહના લડવૈયા છે) સંબંધમાં ગમદેા ઘડવામાં આવે છે, ને કહેવામાં આવે છે કે તેને ગરજ થવું પડશે, નહીં તો કાઢી મુકશું! આ વાતથી હીંદીઓને દુઃખ થયા વગર રહે નહીં. વચ્ચે એ પણ કહેવું જોઇએ કે કેટલાક હીંદી દક્ષિણ આફરિકામાંજ જન્મેલા છે; અને તેઓ હીંદ અને હીંદની ભાષાથી તદન અજાણ્યા છે. શું તેમને તેમની જન્મ ભુમિ માંથી કાઢી મુકવાના છે? બારા બારમાં પ્રવીણ ગણાતા પુરૂષોનો મત એવો છે કે કોલોનીઓને પોતાની હદની બહાર કાર ભાર માટે રજ જેટલી પણ સત્તા નથી. આપણે આપણા મુલકને ફિતિવંત અને આબાદ બનાવવા ઇચ્છીએ છીએ, અને તેથી જણીએ છીએ કે આપણી શાખ એ બહુ નાજુક બાબત છે. વેપારી આબાદી માટે તેની બહુ અગત્ય છે. અને તેથી આપણે મુલક કોઇના હક તરફ અણઘટતી વરતણુક ચલાવે તો આપણે બાના માના નહીં બેસી રહી શકીએ. સરકાર કોઇને જરા પણ કને ડતી ન હોય એમ કહેવા શક્તિમાન થઇએ એવું ઇચ્છીએ છીએ.

'નાતાલ મરકયુરી'

તા. ૭ મીએ લખે છે કે—રજીસ્ટર ન થનારાઓને હદપાર કરવાની સત્તા ટ્રાંસ વાલને છે નહિ. પાસીવ રીઝીસ્ટરો નબળા પડવાનું એક પણ ચિન્હ જણાતું નથી. અને વિલાયતમાં જે ચર્ચા ચાલી રહી છે અને પાર્લામેંટ આગળ જે ગંભીર રૂપમાં તે સવાલ મુકાશે તે ઉપરથી અમને લાગે છે કે પાસીવ રીઝીસ્ટરની લડત ઢીલી પડવાને બદલે વધારે મજબુત થતી જશે. મી. ગાંધી તમા બીજા આગે વાનો સામે સખત પગલાં લેવાયાનું અહીં અને હીંદુસ્તાનમાં બહુધાર્યું પરિ ણામ આવે. ડરામણીનીતિ જો વાત હોય તો કોઇ હીંદી આગેવાન કરતાં જનરલ સ્મટસે તેનો બહુ ઉપયોગ કર્યો છે. કારણ કે તેમણે વારંવાર એવી ધમકીઓ આપેલી કે જે હીંદી રજીસ્ટર નહિ થાય તેને કોલોનીમાંથી હાંકી મુકવા માં આવશે. અને કોઇ રાજનો મુખ્ય કારભારી આવું બોલે તે કરતાં વધારે સખત ધમકી કઇ કહેવાય તે અમે સમ જતા નથી. જનરલ સ્મટસ આગેવાનો પર સખતી વાપરવાનું કહે છે તે ઉપાય વડે આ સવાલ પતે એ વાતનો અમને બહુ શક છે. આપણે કોલોનીઓએ એક વાત કબુલ રાખવી જોઇએ કે વડી સરકારના મુરબ્બીપણાના લાભો આપણે ઉઠાવીએ છીએ, તો સાથે થોડા ગેરલાભ પણ આપણે સહન કરવા જોઇએ. જનરલ બોથાએ લોર્ડ એલ્જીનને આપેલ વચન મુજબ, અને બ્રી. ઇ. ઇંડીયન ની સુચનાઓ મુજબ થોડા ફેરફાર કરી રાહત અપાવાથી હાલનો મામલો ઉભો થવા ન પામ્યો હોત.

'પ્રીટોરીયા ન્યુસ'

લખે છે કે—ટ્રાંસવાલનો એશીઆટીક સવાલ આખા બ્રિટીશ રાજમાં મરમાળ રહ્યો છે. છતાં ટ્રાંસવાલના કારભારીઓને એ ગંભીર મામલાનો ખ્યાલ આવ્યો જણાતો નથી. હજુ બ્રીટીશ રાજ સળગી ઉઠયું નથી, છતાં ટ્રાંસવાલ સળગાવે એવું દેખાય છે. ટ્રાંસવાલ સરકારે પહેલેથી હિંદી આગેવાનો તરફ જે મુરબ્બાઇ ભરેલી અને જકડી વરતણુક બતાવી છે, તે એક ના ! ગામડાના કારભારીને છાજે. હીંદીઓ જે યુધ્ધે ચઢયા છે, તેમાં તેઓ ધાર્મિક ગણે છે; ને તેમાંથી તેઓ પાછા નહિ હઠે એ દેખીતું છે. સારા નસીબે સરકારને પાછા ફરવાનો રસ્તો છે. જો ધમીગ્રેશન કાયદાને નિરર્થક નીવડેલો કાયદો જાહેર કરે તો ટ્રાંસવાલે અચકાયા વગર પોતાની હાર તુરત કબુલ કરવી જોઇએ, ને હીંદી આગેવાનોને મળી સમાધાનું લાવવું જોઇએ. ધાર્મિક ટેક મુકે નહિ તો દેશ છોડવો એમ કહેવું તે હાંકી કાઢવા બરોબર છે. તેમ થાય તો હજાર જેટલા હીંદીઓ વેરના માર્યા હીંદુસ્તાનમાં બ્રિટીશ રાજના અન્યાય માટે પોકાર ઉઠાવશે.

જોહાનીસબર્ગનું 'કુરીઅર'

લખે છે કે—એશીઆટીકો પાસે હાલજ પરમીટો તો છે, છતાં તે બદલાવવાનું ટ્રાં સવાલ કહે ને તે માટે ગુન્હેગારોને લાગે પડે તેવી રીત વાપરવામાં આવે તો તેઓ સામે થાય એ સમજી શકાય એવું છે. કેટલાક એશીઆટીકો હાલજ વસેલા છે; તેઓ જે શરતે વસી શકે તે બાબતમાં હવે ટ્રાંસવાલને ફેરફાર કરવાને હક નથી. છતાં ટ્રાંસવાલ પોતે ચાહે તેવી સરતો બનાવવા માટેજ છે તેવું લાજમ છે કે તે સરતો ન કબુલ રાખનારને નુકસાની ભરી આપે.

મી. આમદ ભાયાત જણાવે છે કે લાલા લજપતરાય તથા સરદાર અજીત સીંહના છુટકારા વખતે તેમને મુબારક બાદીના ટેલ્લ મોકલવા મારિત્સબર્ગના હીંદીઓએ સભામાં ઠરાવ કરી તે માટે ઉઘરાણું કર્યું હતું, જેમાં પા. ૫-૨-૬ થયેલ. તેમાંથી બે કેબલનું ખર્ચ પા. ૩-૩-૧૧ બાદ જતાં બાકી પરાંત પા. ૧-૧૮-૭ મારી પાસે છે.

જુટનીકમાં દીનીઆ નામનો એક નિરાધાર હીંદુ ગુજરી જવાથી બાંની હીંદુ સોસાયટીએ પોતાને ખરચે મરનારની લાસને ઘટતી ક્રિયા સાથે દાટવા પાછી હતી.

હિંદીની હિમાયતના કાગળો

ટ્રાંસવાલ લીડર' માં મી. એચ. પી. ક્રનડોસ લખે છે કે—હું જોહાન્સબરગમાં ઘણા લોકોના સંબંધમાં આવું છું. એશીઆટીકોના તરફ જોહાન્સબરગના ગોરાની દિલસોજી નથી એમ જનરલ સ્મટસ ધારતા હોય તો તે ભુલ છે. દિવસે દિવસે તે દિલસોજીમાં વધારો થતો જાય છે. અને ટેકની ખાતર લડનારાપર જનરલ સ્મટસ જુલમી કાયદાનો અમલ કરે તેની સામે બ્રિટીશનું લોહી ઉકળ્યા વગર રહેશે નહિ. હું જનરલ સ્મટસના બહલવાળાઓમાંનો એક છું. તેમની રીતવણીઓપર ધ્યાન ન આપવું તે જોખમીપણું ગણાશે.

'ડા. મેનલી' નામથી એક ગોરા લખનાર લખે છે કે સરકાર હેશતીકાલનું ધાતકીપણું નહિ વાપરે એમ હું ધારું છું. ઇસુખ્રીસ્તીએ કહ્યું છે કે 'બીજાઓ આપણા તરફ વરતે એમ ઇચ્છો તેમ બીજા તરફ વરતવું.' તેની બાદબાકીના દિવસો ક્રમણુંજ વીતતા છે. જેઓ આપણા કરતાં વધારે પુરાણા ગુજારાવાળા છે તેમની ધાર્મીક લાગણી દુખાવ્યા વગર રજીસ્ટર કરવાની રીત શોધી કાઢવીજ.

રેવ. એ. રેસા લખે છે કે—રજીસ્ટરની રીત સામેનો હિંદીનો વાંધો સાચો ને વજનદાર છે. તેમની વાજબી ફરિયાદ નહિ સાંભળીએ તો તેમને નહિ પણ આપણ જોજ નુકસાન થશે. આપણી પ્રજાના લોકો ને હલકારા ભરેલું ન લાગે તેવી રીત રજીસ્ટર માટે શોધી કાઢવી.

રેવરંડ જે. ડોક હીંદીની ધાર્મિક લાગણી ઓને માન આપવા લંબાણ દલીલો સાથે લીડરમાં લખે છે કે—બધી હકીકત ઉપરથી જણાય છે કે કાયદો ફરીથી તપાસવાની જરૂર છે. આપણે મગરૂરી મારીએ છીએ કે બ્રિટીશ રાજના કાયદા માં ધાર્મિક ભેદો નથી. છતાં એવું જણાય છે કે એશીઆટીકોની ધાર્મિક લાગણીને માન અને ન્યાય અપાતાં નથી.

મી. જવલભાઇ મેદ્રીકમાં પાસ થયાના સમાચાર આપ્યા અમે તેમની ઉજ્વલ કારકીર્દની જાણી ને ઇચ્છીએ.

ટ્રાંસવાલના મામલા પર વિલાયતમાં ચરચા

ટેલાગ્રેલી લાગણી

(૨૮૨)

તા. ૩જીએ રૂટર જણાવે છે કે:—ટ્રાંસવાલનો સવાલ બહુ બહોળા રીતે ચર્ચાઇ રહ્યો છે. રાજદ્વારી માણસો અને કોલોનીઓ સાથે સંબંધ ધરાવતા માણસો જણાવે છે કે આ બાબતમાં વડી સરકારે જોર પકડવાની જરૂર છે. તેમાં હીંદનાં કરોડ માણસના હિતનો સવાલ સમાએલો છે. આથી બંગાળી 'એડવોકેટ' ના લાયમાં હથિયાર મળશે એવી ધાસ્તિ ઘણે ઠેકાણે બતાવવામાં આવે છે. મી. રીચે 'ટાઇમ્સ' માં હીંદીના હક બાબત કાગળ લખ્યો છે. બીજા કેટલાક માણસો કહે છે કે માંડ શાંતિ ફેલાવાનો વખત જણાવા લાગ્યો તેવામાં ટ્રાંસવાલે વડી સરકાર માટે મુશીબત ઉભી કરી છે. એક બીજા સમૂહના લોકો કહે છે કે ઇમીગ્રેશન કાયદો અટકાવવાની જરૂર હતી.

'ડેઇલ્યુસ' પત્ર લખે છે કે—મી. સ્મટસનું બાપણ અણુધરતું છે. જનરલ બોથા તથા જનરલ સ્મટસને વડી સરકા રની જોખમદારીઓની ખબર પડતી નથી. કોલોનીઓને સ્વતંત્રતા આપી તેનો અરથ લીજરલો એવોજ કરે છે કે તેમાં બ્રિટીશ રાજના બીજા ભાગમાંથી આવતા રાના હક સચવાવા જોઇએ. ટ્રાંસ વાલને વડી સરકારે સ્વતંત્રતા આપી ત્યારે દસ્તાવેજમાં ન આવી શકે એવી કેટલીક બાબતો દર્શાવી નથી. ટ્રાંસ વાલમાં હીંદીથી ભય છે એમ ગણાશેજ નહીં એ ગોરાઓએ જાણવું જોઇએ. સ્વરાજ્ય ભોગવતા કોલોનીની વરતણુંક એવી ન હોવી જોઇએ કે તેથી આખા રાજનું બંધારણ જોખમમાં આવે. કોલો નીની પાસે આવી માગણી કરવા અમને હક છે. દેશ નિકાલની કલમને અમલમાં મુકવાનું, દક્ષિણ આફ્રિકાના કોલોનીઓ એકત્રતાથી જોડાઇ જાય ત્યાં સુધી મોંડી વાળવાની અમે સુચના કરીએ છીએ. ટ્રાંસવાલનો કારભારી કહે છે કે ૫૦૦૦ માણસો બીકને લીધે કોલોની છોડીને ચાલ્યા ગયા છે: અને આગેવાનો તરફ બીલકુલ નરમાશ વાપરતો નહીં. એ બતાવે છે કે બ્રિટીશ ઓથોરીટી તથા પારસીવ રીઝીસ્ટન્સને ટેકો આપે છે, તથા કહે છે કે વડી સરકારને નમ્રતા ઘરમા ખુબ ચાલવાનું નથી.

લોર્ડ એલગીને એવું જણાવ્યું છે કે એશીયાટીક ઓરડીનન્સને મંજૂરી અપાઇ, એટલે ઇમીગ્રેશન કાયદાને મંજુરી આપ્યા વગર ચાલે તેમ નહોતું.

હિંદીઓને રાહત આપવા સારૂ વચ્ચે ન પડવા માટે લોર્ડ સેલબોર્નને 'નેશન' પત્ર ઠપકો આપે છે. તથા લોર્ડ એલગીને આપેલો જવાબ સ્વીકારવા ના પાડે છે. તે છાપો કહે છે કે ટ્રાંસવાલનો મામલો રંગદ્વેષને લીધે છે, કે જેને પરિણામે એટમોરલ ટોળો કે પ્રીન્સ રણજીતસિંહ જેવાને પણ જોહાન્સબરગ જવાનું ન ગમે. વડી સરકારે ટ્રાંસવાલને અટકી જવાનું કહેવું જોઇએ.

'ઓબઝરવર' તથા 'રેનોલ્ડઝ ન્યુસ પેપર' લોર્ડ એલગીનના વલણને સખત રીતે વખોડી કાઢે છે, અને જણાવે છે કે તેને બદલે જો કોઇ વધારે મજબુત કોલો નીઅલ સેક્રેટરી હોત તો ટ્રાંસવાલને મામલો ઉભો થવા પામત નહીં.

'ડેલી ન્યુસ' લખે છે કે હીંદીના હક નક્કી કરવાની જરૂર છે. હીંદીઓપર જુલમ કરવાની ટ્રાંસવાલને હાલ વડી સરકારે જેવી છુટ આપી દીધી છે તેવી બીજી સરકારને કદી આપાત નહીં.

'મોરનીંગ લીડર' લખે છે કે ટ્રાંસ વાલે વડી સરકારની મુશીબત દુર કરવી જોઇએ, અને હીંદીની સુચના સ્વીકારવી જોઇએ.

સર જોર્જ બર્ડવુડ કહે છે કે—જોહા ન્સબરગના ગોરાઓના પંજામાં હીંદીને ન ફસાવવા માટે વડી સરકાર બંધાએલી છે. હીંદીપર જુલમ થવા દેવો તે અધ મમાં અધમ હીચકારાપણું છે.

સર વેરટ રીજવે 'ટાઇમ્સ'માં લખે છે કે ગોરાઓને નવા આવનારને અટકા વવાનો સંપુર્ણ હક હોઇ શકે. પણ જુના વસેલાની વાત જુદી છે. તેમને ન્યાય અપાવવા વડી સરકારને હક છે. ટ્રાંસ વાલે રજીસ્ટર કરવા માટે નરમ રીત વાપરવી જોઇએ.

બીરકાંઉટ મેડલટને જણાવ્યું હતું કે આખા રાજનો સ્થંભ હીંદુસ્તાન છે, તે વાતનો વિચાર રાખી ગોરાઓએ કામ લેવું જોઇએ.

'સ્ટાંડરડ' પત્રનો લખનૌનો ખબરપત્રો જણાવે છે કે બધી કોમના હિંદીઓ ટ્રાંસવાલના કાયદાથી ગુસ્સે થયા છે, ને પારસીવ રીઝીસ્ટન્સને ટેકો આપે છે, તથા કહે છે કે વડી સરકારને નમ્રતા બતાવવા ચાલવાનું નથી.

તા. ૬ઠીએ રૂટર જણાવે છે કે:—

એશીઆટીક ચર્ચા આજે હમેશ કરતાં વધી પડેલી જોવામાં આવે છે. અગાઉ હીંદપરના જુલમ સંબંધમાં જે વચનો મી. ચેમ્બરલેન, લોર્ડ લેન્સડાઉન, લોર્ડ લીટલટન વગેરે બોલેલ છે તે ઉપર બધામાં ધ્યાન ખેંચવામાં આવેલું છે. હીંદીઓ તરફનો એક કાગળ 'ટાઇમ્સ'માં પ્રસિદ્ધ થયો છે જેમાં જણાવે છે કે જે એ બોયરના જુલમને અગાઉ વખોડી કાઢતા હતા તેઓ આજે "મુંગા કુતરા" જેવા કેમ થઇ બેઠા છે? મી. હેરલ્ડ કોક્સ 'ટાઇમ્સ'માં લખે છે કે ટ્રાંસ્વાલની ના કાયદા રદ કરવાની સત્તા લોર્ડ એલ્ગીને પોતેજ ટ્રાંસ્વાલના પટામાં રાખેલી છે; છતાં ટ્રાંસ્વાલ આપણા આગળ લોન માટે ભીખ માગે છે તેવે વખતે લોર્ડ એલ્ગીને કાયદાને રદ્દ માટે મંજુરી આપી?"

તા. ૭મીએ રૂટર જણાવે છે કે—

સ્વરાજ્ય આપ્યા પછી વચ્ચે પડવાનું ન બને તેમ હોવાથી ટ્રાંસ્વાલના હીંદી સંબંધમાં વચ્ચે પડવાનો વડી સરકારનો ઇરાદો નથી એમ કહી શકાય છે. દેશ નીકાલનું ખરચ તથા વડી સરકારની જોખમદારી એ બાબતો ધ્યાનમાં લઈ ટ્રાંસ્વાલ સરકાર વધુ પગલાં લેતાં નથી અટકી, તે માટે વડી સરકાર તરફથી બેદ દર્શાવાયો છે.

તા. ૯મીએ રૂટર જણાવે છે કે:—

'પૅલમેલ ગેઝેટ' તથા 'વેસ્ટ મીનસ્ટર ગેઝેટ' લખે છે કે મી. ગાંધીની સુચના કબુલ રાખવામાં આવશે એવી આશા રાખીએ છીએ.

હીંદીઓ માટે લંડનમાં પોકાર

ગજાવર મીટીંગ

લોર્ડ રોબર્ટસનો કાગળ

(રૂટર)

તા. ૯મીએ લંડનમાં માસ મીટીંગ ભરાઇ હતી, જેમાં બધા પક્ષના પાર્લા મેંટના મેંબરોએ તથા બીજા નામાંકિત માણસોએ ભાગ લીધો હતો. ઘણા પ્રસિદ્ધ માણસો તરફથી હાજર ન થઇ શકવાથી તારો તથા કાગળો મોકલ્યા હતા. લોરડ રોબર્ટસેજે તાર મોકલીને જણાવ્યું હતું કે હું મીટીંગના હેતુને પોષો આપું છું લોર્ડ એમ્પટહીલે પ્રમુખ પદ લીધું હતું. તેમણે જણાવ્યું કે આ બાબતમા દરેક પક્ષે (લીબરલો, તથા કોનઝરવેટીવ વગેરે એ) પોતાના અંદર અંદરના મતભેદ દુર કરીને વિચાર કરવાનો છે. ટ્રાંસ્વાલને ગોરાનો મુલક રાખવાના હકની કોઇ ના પાડતું નથી. હીંદીઓ તેમાં વધો ઉહાપોહ નથી. (ના, ના, ના અવાજો) છતાં હીંદીઓનું બ્રિટીશ વાયટાનજો અપમાન કરી તેમને પછાડાશે નહીં. અને શહેનશાહે તથા બ્રિટીશ રાજ્યે આપેલાં વચનોને નકામાં ગણી નાખી દઇ શકાશે નહીં. મીટીંગનો હેતુ આખા રાજની સુલેહ જળવાવાનો છે. વિગેરે.

છાપાની ટીકા

લંડનની માસ મીટીંગપર ટીકા કરતાં 'મોરનીંગ લીડર' કહે છે કે વિલાયતના બધા પક્ષના મેંબરોએ એ મીટીંગમાં ભાગ લીધો છે એ અજાજ સમજવા જેવી વાત છે. મી. ગાંધીની દરખાસ્ત એવી છે કે જરા ડહાપણ વાપરવાથી બધી પંચાત મટી જશે. 'મોરનીંગ પોસ્ટ' કહે છે કે લીબરલ તથા રેડીકલ એવા પક્ષના મેંબરો સાથે લોર્ડ એમ્પટહીલ જેવા કનઝરવેટીવ એકમત છે એ ખાસ નજીવા લાયક છે. 'ડેલી ટેલીગ્રાફ' કહે છે કે ભયંકર જોખમો ભરેલો સવાલ ઉભો થયો છે એમ લંડનની મીટીંગ ઉપરથી જણાય છે. ટ્રાંસ્વાલ આપણુ ને આપે છે તે કરતાં વધારે નમણાં કારણો માટે આપણે લડાઇઓ કરી છે. 'ડેલીક્રોનીકલ' કહે છે કે મી. ગાંધીજીએ જણાવવા પ્રમાણે ફેરફાર થાય તો કોલોની ના રાજદ્વારીઓનું ડહાપણ ગણાશે.

જોહાન્સબરગ અખબારપત્રમાં સુચવેલુ ચિત્ર અંગ્રેજી વિભાગમાં આપ્યું છે તે ઉપર ગુજરાતી વાંચકોનું ધ્યાન ખેંચીએ છીએ.

પોર્ટ એલીઝાબેથના હિંદીઓએ ટ્રાંસ્વાલ ના લાઇસેંસો પર તેમની આફત માટે દીલ સોજી બતાવનારો તાર એસોસીએશનપર મોકલ્યો છે.

તા. ૧૫ જનેવારીને રોજ જરૂરી બંદ ના મુસલમાનો તહેવાર છે.

'ધ ડિઆ' પત્ર ઉપરથી જણાય છે કે માનવંતા દાદાભાઇ હાલ પોતાના વતન વરસોવા ખાતે છે, અને તેમની તબીયત માં ધીમે ધીમે સુધારો થતો જણાય છે.

છેલ્લા ખબરો.

(ઇ. ઓ. માટે ખાસ તાર.)

જોહાન્સબર્ગ, ગુરૂવાર.

પ્રીટોરીઆમાં નોટીસ પુરી થએલી તેવા બધા હીંદીને પકડયા છે. કેસ શુક્રવાર પર મુલતવી રહ્યો છે.

શુક્રવાર

મેસરસ ઇબ્રાસ, એજ, દેસાઇ, કાબલીઆ, ગંગાદાસ, રસીદ તથા જુમા એ દરેકને ત્રણ માસની સખત મજુરી સાથે જેલ ને દંડની, અને દંડ ન ભરે તો ત્રણ માસની વધુ સખત જેલની એ મુજબ સજાએ થઇ છે. મી. સુજનો કેસ મુલતવી રહ્યો છે. મી. ખટેરીયાનો કેસ સોમવારે છે.

મેસર્સ ગાંધી, એસ્ટન, ફોરટીન, પીલે, થંબી નાઇડુ, કડવા એમના કેસ બપોરે બે વાગે ચાલશે. ૨૬ વાગે સુરતી મરજીદ માં ગંજાવર મીટીંગ ભરાઇ હતી. સહુ મજબુત છે. ૨. ૩૦ વાગે.

મેસર્સ ગાંધી, એસ્ટન, ફોરટીન, પીલે, પી. કે. નાઇડુ, તથા કડવા એટલાને બે માસની (સખત મજુરી વગરની) જેલ મળી છે. અત્યારે માસમીટીંગ ભરાય છે. પ્રોટેસ્ટના તથા આખર સુધી લડત લેવા સૌ મજબુત રહેશે એવા ઠરાવો પસાર કરવામાં આવશે.

નાતાલ કોંગરેસે ઠરાવ કર્યો છે કે મી. ગાંધી વગેરેને જેલ મળવાથી તા. ૧૧મીને શનીવારે આખા નાતાલમાં દુકાનો તથા બધો રોજગાર બંધ કરવો. શનીવારે ૬૦ વાગે મેદની બજારમાં માસ મીટીંગ ભરાશે.

તા. ૬ઠ્ઠીના લખાણમાં 'લીડર' પત્ર હીંદીની સુચના સ્વીકારવા સરકારને આગ્રહ કરે છે તે જણાવે છે કે આપણે રજીસ્ટર કરવા એજ હેતુ છે, તો પછી રજીસ્ટર આ કાયદાથી થાય કે બીજી રીતે થાય તેમાં શું બગડ્યું? કોલોનીને મોટું ખરચ અને પંચાત પડે તેવી રીત લેવા કરતાં દરેક બીજી રીતે નીયંત્રણ લાવવાનો પ્રયત્ન કરવાની સરકારને પુરી જરૂર છે.

જોહાન્સબરગ ચર્ચ કાઉંસીલે એશિયા ટીકની દલીલમાં તપાસ ચલાવીને ઠરાવ કર્યો છે કે રજીસ્ટ્રેશન કાયદાથી એશિયાટીકની ધાર્મિક લાગણીઓ દુભાય છે માટે અરજ કરીએ છીએ કે બહારની બધી કાયતો સરકારે ફરીથી તપાસવી.

જોહાન્સબર્ગની છેલ્લી માસ મીટીંગ

વિગતવાર હેવાલ

ભાષણો

(ઇ. ઓ. માટે ખાસ રીપોર્ટ)

છેલ્લી માસ મીટીંગ વખતે હાજર થએલાની સંખ્યા ૨૦૦૦ થી ૨૫૦૦ જેવડી અથવા ટ્રાંસ્વાલની હાલની બધી વસ્તિના ત્રીજા ભાગ જેવડી હતી. પ્રાંતો રીબાયી ૧૦૦ જેટલા ડેલીગેટો હતા, તથા બીજા પણ પોલેટરૂમ, રચ્છાપટન વગેરે ટેકાવાળી હતા. મસ્જીદના ચોદાનમાં મીટીંગના કામકાજ વાસ્તે ખાસ ઉંચી બેઠક કરવામાં આવી હતી. જ્યાં પ્રમુખ મી. કાજી મીયા, મોલવી મુખત્યાર સાહેબ, કામરૂ અબદુલ કાદર (હમીદી આ કોમ્પાનીના મેનેજર) તથા બીજા બીજા આગેવાનોએ બેઠક લીધી હતી. જાપાના પ્રતિનીધિઓ તથા કેટલાક મેમોબો પણ હાજર હતા.

શરૂઆતમાં પ્રમુખનું ભાષણ થયું. (જે અમે છેલ્લા અંકમાં આપી ગયા છીએ.) મી. એન. સી. કામાએ સૌનું સ્વાગત વાંચી સંભળાવ્યું. પછી ઇ. ઓ. ના અધિપતિ અને કોલોનીયલ કમીટીના મદદનીશ સેક્રેટરી મી. પોલાકે પહેલો ઠરાવ રજુ કરી ભાષણ કર્યું.

મી. પોલાકનું ભાષણ

બગાઉની માસ મીટીંગોમાં મેં બોલવા નું બોગ્ય નહોતું ગણ્યું પણ હાલ વખત બદલાઇ ગયો છે, મામલો ફરી ગયો છે, અને લોકોમાં એટલી બધી લાગણી ફેલા એલી છે કે આ (ઇમીગ્રેશન કાયદા સામે પ્રોટેસ્ટનો) ઠરાવ રજુ કરવા મેં ખાસ માગણી કરી છે. તેમ કરવામાં મારે ઘણુ કારણો છે. હું ઈગ્લાંડમાં જન્મેલ ગોરો છું; ટ્રાંસ્વાલમાં વોટર છું, તથા જે ધરમ હું પાળું છું તેણે કરી આજ હાજર થએલાઓની સાથે મને નજીકમાં જોડાએલો સમજું છું. આ કાયદો બ્રિટીશ રાજને નુકશાન કરનારો છે, તથા મારા વતનના મુલક માટે નામોશી ભરેલો છે. એમ કહેવામાં આવ્યું છે કે બધા ગોરાઓ એશિઆટીક સામે છે. હું કહું છું કે તે સાચું નથી. તેમ કહેવું તે એકદમ ખોટું છે. એ કાયદાની મંજુરીના બબર સાંભળી હું એકદમ લેવાઇ ગયો, ને વડી સરકારના અગાઉ અપાએલાં વચનો યાદ આવતાં મને એમજ લાગ્યું કે પડી સર કામની મોટપ ચાલી ગઇ કે શું! બ્રિટીશ નામને બ્રિટીશ પ્રધાનોએજ બદનામ કર્યા જેવું લાગ્યું. અને તેથી હું આજે બોલ વાની મારી ફરજ ગણું છું.

હું ટ્રાંસ્વાલનો ચુંટણી કરનાર છું. અમારા નામમાં રાજ કરનારાઓએ આ કામ કરવું તેથી હું શરમાઉં છું. તેથી મારે હૃદય ચીરાઇ જતા છે. જ્યારે મારે મારો વોટ આપવાનો હતો ત્યારે મારા વિભાગના મેમ્બરોના એશિયાટીક સવાલ પર મત માગ્યા હતા; ને તેમના વિચાર જુલ્મ ભરેલા જણાવાથી મેં મારો વોટ ઉપયોગમાં ન લેવાનું બહેતર ગણ્યું હતું. આજે મને લાગે છે કે તેમ કરવામાં મેં બાજબીજ કરેલું છે.

હું યહુદી જન્મેલો છું અને તે માટે મગરૂર છું. હીંદીઓ અને ઝેરીઆટી કોની દુઃખની ચુસ્કી જ્યારે હું સાંભળું છું, ત્યારે મારા ભાઇઓને વરસો સુધી જુલમ તળે જે ચીસો પાડવી પડી હતી તે ચીસો હિંદીનાં દુઃખ જોઇ મારા કાન સોંસરી નીકળી જતી મને લાગે છે.

હું એમ સમજું છું કે જ્યારે કોઇપણ માણસ વિચાર પુરવક રાજના કાયદાને ખરાબ ગણે છે, અને તેની સામે થાય છે ત્યારે લાજનો ઘણી તે સામે થનાર છે, અને કારભારીઓ ચોટના ધણી છે, જો કે સરકારના હાથમાં શારીરીક સજાની સત્તા છે. આ સત્યાગ્રહને હું નીતિની અથવા ખુદાઇ હિલચાલ ગણું છું, એટલું જ નહિ પણ તેથી આપણા રાજના હિત માં લાભ છે. પોતાની બરદાનગી, ટેક, અને ઇજ્જત હરી લેનારા કાયદાની સામે સત્યાગ્રહથી લડે છે તેઓજ કોમપણ રાજ ના લાયક શહેરી ગણાશે. તેથી હું માનું છું કે સત્યાગ્રહ ધારણ કરવામાં હિંદીઓ એ બ્રિટીશ રાજની સેવા બજાવી છે.

છેવટમાં હું એકજ બોલ કહેવા માગું છું. હું કાલ રાત્રે સેલ્વેશન આર્મીના હોલ આગળથી પસાર થતો હતો. ત્યારે મેં વાંચ્યા તે શબ્દો (ખુદાના પ્યારા અમે ગણાયશું) અહીં આપણા મુદ્રાલેખ માટે બરોબર શોભશે. આજે નવા વરસનો પહેલો દિવસ છે. અને નવા વરસ માટે મુબારકબાદીનો બોલ કહેવાને મને આ હોલ તો "ખુદાના પ્યારા અમે ગણાયશું" એ શબ્દો હું તમોને યાદ રાખવા સુચવું છું.

પછી સંમત વરસાદ રાહ જવાથી મીટીંગમાં કામકાજ આટોપવું પડ્યું. છતાં લોકોનો ઉત્સાહ એટલો બધો હતો કે વરસાદ વચ્ચે તેઓ એક કલાક જેટલો વખતસુધી ઉભા રહ્યા અને જે હિંમત અને ઉતેજન આપનારાં ભાષણો થયાં તે સાભળ્યાં. ભાષણ કરનારામાં હીંદી આગેવાનો ઉપરાંત એક ગોરી બાઇ પણ હતી.

[જગ્યાની તંગીને લીધે બધાં ભાષણો અમે આપી શકયા નથી.—અ. ઇ. ઓ.]

નાતાલ કોંગ્રેસની મીટીંગ

તા. ૬ઠીએ રાતરે બરાબર આઠ વાગ્યે (નોટીસમાં જણાવેલ વખતસર) મી. દાવુદ મહમદના હોલમાં કોંગ્રેસની મીટીંગ ભરાઇ હતી. ધણાખરા આગે વાનો તથા બીજા બહારથી ઉપરાંત જોહા ન્સબરગથી કામ પ્રસંગે આવેલ મી. આઇઝાક, તથા સ્ટેંગરથી આવેલા કેટ લાક વેપારીઓએ હાજરી આપી હતી. સેક્રેટરીએ મીનીટબુક વાંચી તેપર સહી થયા પછી મીટીંગના હેતુમાં વિલાયતમાં થનારી મીટીંગપર તારના ઠરાવ માટે, કોંગ્ રેસના કામકાજ માટે મી. શેલતને નીમવા માટે, તથા ઉઘરાણું એકસંપથી ને જપાટાબંધ ચલાવવાની જરૂર વિષે જણાવ્યું. પછી થએલ ઉઘરાણાની રકમો વાંચી સંભળાવી. પછી મી. અબ્દુલ કાદરે દરખાસ્ત કરી કે વિલાયતમાં તા. ૬ઠીએ ભરાનારી પ્રોટેસ્ટ મીટીંગપર તાર કરવા અને તે માટે જોઇતું ખરચ કરવા સેક્રેટરીને મંજુરી આપવી. મી. પારસી રૂસ્તમજીએ ટેકો આપ્યા બાદ તે દરખાસ્ત પસાર થઇ. પછી મી. પારસી રૂસ્તમજીએ દરખાસ્ત કરી કે કોંગ્રેસના કામકાજ માટે મી. શેલતને પા. ઉના પગારથી નીમવા. કાયદામાં ઉતરેલા ૪૭ હીંદીઓ કરબનમાં રજીસ્ટર થયા એમ છાપામાં હતું તે વિષે કોંગ્રેસે કરેલી તપાસ પરથી તે વાત નાપાયાદાર ઠરે છે, માટે તેનો ઇન્કાર કરવો. મી. ઇસ્માઇલ ગોરાએ તેને ટેકો આપ્યો, ને જણાવ્યું કે કોંગ્રે સની મીલકતની દેખરેખ કરનીચરની વ્ય વસ્થા તથા બીજા કામકાજ માટે એ નીમ ણુકની જરૂર છે. બાદ સરવાનુમતે તે ઠરાવ પાસ થયો.

પછી મી. આઇઝાકે ટ્રાંસ્વાલની હાલત નો અસરકારક ચિતાર અંગ્રેજીમાં આપ્યો, જે બધાનો સાર ગુજરાતીમાં સમજાવતાં મી. આંબલીઆએ કહ્યું કે ટ્રાંસ્વાલ સર કારે હીંદીઓપર હડહડતો જુલમ આદર્યો છે. પણ હીંદી ભાઇઓ છેવટ સુધી

કાયમ રહેશે તો જીત થશે ને આખી દુનિઆમાં વખણાશે. લડાઇમાં લશ્કર જેમ જીત મેળવે છે તેમ આપણે એક સંપીથી રહેશું તો કતેહમંદ થશું. માટે ટ્રાંસવાલના ભાઇઓને સંદેશો મોકલવો કે તેમણે છેવટ સુધી કાયમ રહેવું. ડો. હીરા માણેક મી. આઇઝાટે વરણવેલી સ્થિતિપર વિવેચન કરતાં કહ્યું કે ટ્રાંસવાલ આપણને ગુલામગીરી કરાવવા માગે છે. આપણે સંપથી પાઇસાની મદદ ટ્રાંસવાલના ભાઇઓને કરવા જરૂર છે. મી. પારસી રૂસ્તમજીએ મીટીંગ ઠરેલી બરાબર નીચેલ વખતસર બરાબરી માટે વખત સર હાજર થવાને સહુને વિનંતી કરી. ઉઘરાણા સંબંધમાં વિવેચન કરી સુરત હીંદુ એસોસીએશને ટ્રાંસવાલ માટે ના ઉઘરાણામાં મદદ કરવાની જરૂર બતાવી. લાઇસેન્સ અટકાવવા જનરલ સ્મટસે વિચાર જણાવ્યો તેપર મી. રૂસ્તમ માઇલ ગોરા અમલદારને અને સખ્ત ભાષામાં બોલ્યા. ટ્રાંસવાલ માટેના ઉઘરાણામાં અહીંની હીંદુ કોમ પછાત રહેતી જણાવા માટે મી. અબદુલ કાદરે દિલગીરી બતાવી. મી. દાદા ઓથમાને જણાવ્યું કે હીંદુઓ ઘટતી મદદ કરાવવા માં આનાકાની કરે તો તે મોટી દિલગીરી ગણાય. મી. કેશવલાલ હીંદુઓ સારી સ્થિતિમાં ન હોવા વિષે જણાવીને બોલ્યા કે સુરત એસોસીએશને ટ્રાંસવાલ માટે ફંડ કરેલ નથી. મી. શેલતે તથા મી. દાદા ઓસમાને જણાવ્યું કે તે ઉઘરાણા ની સુરત હીંદુ એસોસીએશનની મીટીંગ વખતે તેઓ હાજર હતા ને ફંડ ખાસ ટ્રાંસવાલના ભાઇઓની મદદ માટે થયેલું. મી. પારસી રૂસ્તમજીએ જણાવ્યું કે મારે ત્યાં તે એસોસીએશનના અમુક માણસોએ ટ્રાંસવાલના ભાઇઓની મદદમાં પાઇસા આપવાનું જણાવેલ. મી. સફલાએ જણાવ્યું કે આપણે હીંદુ મુસલમાનને એક ગણીએ છીએ. મી. ગાંધી હીંદુ છે. તેઓ આપણી કોમ વાસ્તે લડી રહ્યા છે. ટ્રાંસવાલમાં હીંદુ અને મુસલમાનો મોટી નુકસાની ઉઠાવી રહ્યા છે; કેટલાકને પેપા રમાં ખોટ ખમવી પડી છે. કેટલાક નોકરી વગરના, ને કેટલાક સાવ મુજરા નનાં સાધન વગરના થઇ પડેલ છે. તેવા ને મદદ કરવામાં હીંદુ એસોસીએશન પછાત રહેવા માગે એ કરતાં વધારે દિલ ગીરી બનેલું કાંઇ હોઇ શકે નહિ. મુસલ માનો મદદના કામમાં હીંદુ મુસલમાનનો ભેદ કરી બતાવતા નથી; તે કોઇ હીંદુ કાઢવા માગે અને દિલેજાનીથી મદદ ન આપે તો તે બહુજ શરમ ભરેલું છે.

મી. અહમદ મીંદાએ કહ્યું કે સ્ટેંગરમાં જે ઉઘરાણું બાકી છે તે બનતી કોશીશે મેળવી તાકીદે મોકલી આપશું.

મી. રૂસ્તમ ઇસ્માઇલે જણાવ્યું કે સુરત હીંદુ એસોસીએશન ટ્રાંસવાલ માટે ઉઘ રાણું કરે તેમ કરવા કરતાં હીંદુઓ પાસે થી મુખ્ય ઉઘરાણામાં રકમો ભરાવવામાં આવે તો તેમના પાસેથી ૬૦૦ બતા હશે તો ૨૦૦ પૌંડ થશે. એમ કરવાથી મી. ઓથમ કાનજી, તથા મી. બાબુ પુરૂષોતમ જેવા મહત્વે ટ્રાંસવાલના ભાઇઓની મદદ જેવા ઉપયોગી અને અગત્યના કામ માં વધારે સારી રીતે મદદ કરી શકશે. અમે ફરટરરેની એસોસીએશન સ્થાપી છે તેમાંથી અમુક રકમ આપવા બનતી કોશીષ કરીશું.

મી. પારસી રૂસ્તમજીએ જણાવ્યું કે જે લોકો પોતાના દેશની ઇજ્જતની ખાતર પાયમાલીમાં આવી પડયા છે તે લોકોની મદદમાં પાઇસા ઓપવા તેના જેવું ધરમ નું કામ બીજું એક નથી. એટલે જેઓ ધરમ માટે લડત નથી એમ કહી મદદ કરવા ના પાડે તે અર્થ વગરનું છે. મી. રૂસ્માઇલ ગોરાએ જણાવ્યું કે હું સુરતી હોવાથી સુરત હીંદુ એસોસીએશનપર આવી ટીકા સાંભળી મને શરમ આવે છે. મી. ઇસપ રૂસ્માઇલે આ સંબંધી કામ માં બનતી મદદ કરવાનું જણાવ્યું. મી. અબદુલ કાદરે તથા મી. શેલતે કેટલુંક વીવેચન કર્યા બાદ છેવટે પ્રમુખે જણાવ્યું કે—અત્યારે થએલી ચર્ચા ઉપરથી કોમ મોટો ખ્યાલ લઇ બેસે. પણ હું એમજ કહું છું કે હીંદુ તથા મુસલમાન એ એક જ છે. બંને હીંદના બેટા છે. અમો આ વાત દરેક સભામાં હીંદી સ્વરાજ્યે છે. માટે ક્રમણાં થએલી ચર્ચા એ કોમ જાત ની ફાટફૂટ નહિ, પણ ટ્રાંસવાલના હીંદી ને મદદ કરવાની ખરી લાગણીને લીધે છે. તે કયા રૂપમાં વધુ જલદી કામ તેને લગતા મતફેર લીધેજ ચર્ચા છે. હું આશા રાખું છું કે આ મતફેર તુરત દુર થશે. અને સહુ બોલ્સપે કહેશે કે ટ્રાં સવાલના હીંદીઓ આપણા ભાઇઓ છે અને તેને દિલોજાનીથી ને જનમાલથી મદદ કરવા અમે તયાર છીએ. બાદ મીટીંગ બરખાસ્ત થઇ.

ડરબનમાં શરૂ થએલું ઉઘરાણું

પા. શી. પે.

મી. દાવુદ મહમદ ...	...	૨૫	૦ ૦
,, એમ. સી. ક્રમરદીન ...		૨૫	૦ ૦
,, જી. અબુબકર આમદ ...		૨૫	૦ ૦
,, બી. ઇબ્રાહીમ ઇસ્માઇલ..		૨૫	૦ ૦
,, જી. એચ. મીઆખાન...		૨૫	૦ ૦
ઇસ્ટ ઇંડીઆ ટ્રેડીંગ કું. ...		૨૫	૦ ૦
મી. હુસેન કાસમ		૨૫	૦ ૦
,, પારસી રૂસ્તમજી. ...		૩૦	૦ ૦
,, દાદા અબદુલાની કું. ...		૨૦	૦ ૦
,, એમ. સી. આંગલીઆ...		૧૨	૧૨ ૦
,, મહમદ ઇબ્રાહીમ ...		૧૦	૧૦ ૦
,, ડો. હીરા માણેક. ...		૧૦	૧૦ ૦
		૨૫૮	૧૨ ૦

જમાદાર નવાબખાન તથા સમુંદરખાનના કેસો

૧૪ દિવસની મોદીસ

[ઇ. ઓ. માટે રીપોર્ટ]

તા. ૩ જી એ પાછા મી. જોરડનની કોરટમાં ટોળાબંધ માણસો હાજર થયા હતા. કોરટ ચીકાર ભરાઈ ગઇ હતી. તથા સેંકડો લોકો બહાર ઉભા રહ્યા હતા. હીંદીઓની સંખ્યા આશરે ૧૫૦૦ ની હશે. અને તેમનામાં ફેલાએલી લાગણીને લીધે ઝીણોઝીણો અવાજ કોરટની અંદર કાને પડતો હતો. મી. નવાબખાન, તથા મી. સમુંદરખાન વખતસર હાજર થએલ હતા. તેમના તરફથી બચાવ કરવા મી. ગાંધી હતા.

મી. નવાબખાનનો કેસ

તેમણે જણાવ્યું કે—હું લડાઇ વખતે ટ્રાંસવાલમાં આવ્યો હું. ઇલેંદેસ, ચીવલ. ગ્લેડસ્ટોન, ટીરાદ વગેરે ચડાઇમાં હું લડયો હું. એ વખત બાંયમાં ઉપરના ભાગમાં ગોળી થી ઇજા થઇ હતી. મારો બાપ બોરટ રેજીમેંટના લશ્કર સાથે કંદહાર ગએલ. તેનો હોદો સુબેદાર મેજરનો હતો. હું અહીં રેલ્વેપર કાયર પોલીસનો ઉપરી હતો. નવા કાયદા પ્રમાણે હું કરી રજી સ્ટર થઇશ નહિ. રજીસ્ટર થતે પાયમાલ થવા બરોબર છે.

ચુકાદામા મી. જોરડને જણાવ્યું કે મને કેટલાક હીંદી અને ચીનાએ કહ્યું હતું કે આમળામાં કાંઇ ધરમ વિરૂધ્ધ નથી. એક હીંદી તો કહે કે તે તો ૨૦ આંગળી આપે તેમાં પણ ધરમનો બાધ નથી. આ બારોપી 'કુલી' ને બારકેટવાળા બીજી જાતના કામનો છે. હું તેને ૧૪ દિવસની મોદીસ ફરમાવું છું.

શ્રી. નવાબખાનને જણાવ્યું કે હું બને જુદી ભાષાનો હોઉં, આ બાબતમાં અમે બધા એકજ છીએ. અમે દેશ છોડયુ તોપણ સાથે છીએ, ને જેલ જઈ તોપણ સાથેજ છીએ.

શ્રી. સમુ દરખાનનો કેસ

તેમણે જણાવ્યું કે:—હું મોર રિમર્ઝસ સાથે અહિં આવ્યો છું. તે પહેલાં હું ૩૦ વરસ સુધી હિંદી દરબારમાં હતો. ફરીદ કોટના દરબાર વખતે હું યુદ્ધમાં હતો. તે વખતે સાબળમાં ગોળી લાગવાથી જખમ થએલ. પ્રીટોરીયામાં એસીયાટીક ઓફીસમાં નોકરી. કાયદાને શરમ્ય થવા માગતો નથી.

સ—તમને કોઇએ ડરામણી કરેલ છે?

જ—ના. મને કોણ ડરાવનાર છે? મને ફાંસીએ લટકાવે તો પણ નહિ રજીસ્ટર થાઉં. હું બે અઠવાડીયાં થયાં દેશથી પાછો ફર્યો છું.

શ્રી. જોરદત—તમે લખી શકો છો?

જ—ના.

સ—તમારો મદાર તમને કેવી રીતે મળતો?

જ—હું વિનન્તી કરતો.

સ—આંગળાં ન આપતા?

જ—ના.

અહીં તપાસ પુરી થઇ.

શ્રી. ગાંધી—કોરટની કેટલીક ટીકાથી મને અગવડ થાય છે. પણ કોરટે જણાવ્યું તેમ એ લોકોને કોઇએ ડરાવ્યા નથી, ને કરે તેમ પણ નહોતા. એ છેલ્લા આરોપીની રજુઆતપરથી દેખાઇ આવે છે.

માજીસ્ટ્રેટ—શ્રી. ગાંધી, તમે જણાવો કે પંજાબી લોકોમાં અને બીજામાં ફેર છે. આ માણસ પંજાબી છે.

શ્રી. ગાંધી—ફેર છે તે સાચું, પણ ડરામણીની વાતજ નથી. જો ડરામણી હત તો તેનો ઉપાય લેવા કાયદાને સ પૂર્ણ સત્તા હતી. ડરામણીના કારણથી રજીસ્ટર ન લેવાએલ એમ બતાવ્યું એ નકામું છે. ને એક આરોપીએ જણાવ્યું છે કે આંખ ફોની વાત જુદી છે. કાયદો એજ કોમને પાયમાલ કરનાર છે. કરજીયાત અને મરજીયાત એજ મોટો સવાલ છે.

માજીસ્ટ્રેટ—શ્રી. ગાંધી બહાર મીટીંગ ભરી કહેવું હોય તે કહી શકે છે.

શ્રી. ગાંધી—ટીકાની પહેલ કોરટે ન કરી હોત તો મારે બોલવા કારણ નહોતું.

માજીસ્ટ્રેટ—તેમે કેસ સાથે સંબંધ નથા, તેથી તે બોલવાની વધુ છૂટ આપી નહિ.

શ્રી. ગાંધી—આખી લડત આંગળાં માટે છે એવો વહેમ કોરટમાંથી જનારને ન પેસી જવો જોઇએ. અમારી લડત છૂટ માટે છે.

માજીસ્ટ્રેટ—અને હિંદી તથા ચીનાઓએ જણાવેલ કે ડરામણીને લીધે તેઓ રજીસ્ટર નથી થયા.

હું આરોપીને ૧૪ દિવસની નોટીસ આપું છું.

ડેલાગોઆબેના હીંદી

એક લખનાર જણાવે છે કે:—અત્રે પ્લેગની અફવા ફેલાવાથી ડાકતરે સારૂ સુરી માટે ઘણી સખતી વાપરવા માંડી છે. રાતરે દુકાનમાં એક કરતાં વધારે માણસને સુવાની મનાઇ કરી છે. ડાકતર ઘણી વખતે રાતરે ફરવા નીકળે છે ત્યારે હીંદીમાં બહુ પજવણી કરે છે. કેદ લાકનો વચર વાંકે અરધે ઉઘાડે શરીરે પકડી જવામાં આવેલ, અને સવારે છોડી મુકેલ. એક વખત રાતરે તપાસ માટે ડાકતર એક બે હીંદી દુકાનોની બારીએ, તોડી અંદર સુતેલાને પકડી ગએલ. આમ અહીં જુલમ ચાલી રહ્યો છે.

અતરે એક એસોસીએશન સ્થપાયું છે. તા. ૨૬મીએ મેસરસ નાનજી કુલભદાસને ત્યાં મીટીંગ હતી. એસોસીએશનના પ્રમુખ, સેક્રેટરી વગેરેએ રાજીનામાં આપ વાથી શ્રી. બાલમણ કુન્નનદાસ પ્રમુખ, સેક્રેટરી શ્રી. સોરાબજી જીનવાળા, ટ્રેઝરર મેસરસ પુરૂસોતમ અમરચંદના ફા., તથા જોઈટ સેક્રેટરી શ્રી. અબદુ રહેમાન (મેસરસ અબુબકર સકુર ફા.ના ભાગી દાર) ને મંદ્રસ્થો ચુંટાયા. પ્રમુખ સાહેબે અસરકારક ભાષણ કરવું હતું. મીટીંગ ખલાસ થયા પછી ગવરનર જન રલ પાસે હક માણસનું એક ડેપ્યુટેશન ડાકતરની પજવણીમાંથી રાહત માગવા મોકલવું હતું.

શ્રી. એચ ઓ. અલીએ છાપાના રિપોર્ટાઉનના પ્રતિનિધિને જણાવ્યું આપ્યો છે. તેમાં તેમણે જણાવ્યું છે કે સરકાર હિંદી સુચના કબુલે અને મરજીઆત રજીસ્ટર થયા હોય તે અંધુઓથી સંતોષ માને તો રજીસ્ટર થવામાં હિંદીઓ આનાકાની નહિ કરે.

અખબારપત્ર

C.A.O.VIII
જોહાન્સબર્ગ —27—

(અમારા ખાસ પ્રતિનીધિ તરફથી.)

પેસીવરીઝીસ્ટન્સ

પેસીવરીઝીસ્ટન્સનું ગુજરાતી અધિપતિ એ માગ્યું છે. મારી પાસે એક શબ્દ આવ્યો છે તે બરાબર નથી, જો કે તેમાં બધો અર્થ નથી સમાતો. છતાં હાલ તો વાપરું છું. તે શબ્દ 'સદાગ્રહ' છે. તેને બદલે 'સત્યાગ્રહ' કંઇક વધારે ઠીક માનું છું. કોઇ વસ્તુની સામે જોર કરવું તેને રીઝીસ્ટન્સ કહે છે. આ લખનારે તેને આગ્રહ કહ્યો. અને સાચો આગ્રહ તે સત્ અથવા સત્યઆગ્રહ થયો. પેસીવરીઝીસ્ટન્સને લેખકે સારો આગ્રહ કહ્યો. 'પેસીવ' તો બધો ભાવનો આમાં નથી આવતો પણ પ્રતાપી શબ્દ નીકળતાં સુધી 'સત્યાગ્રહ' ચલાવશું.

મી. અબ્દુલ ગનીએ જણાવ્યું કે આ વખત હીંદુ અને મુસલમાન અને બીજી કોમનાં માણસોએ હળીમળીને સદરહુ કાયદા સામે થવાનું છે. અને તેમ થવાથી જરૂર ફાયદો થશે. જે નસીબવાન હશે તે પકડાશે. ફરી જનાર નામરદ લેખાશે. માણસ જ્યારે પેદા થયો ત્યારે સાથે કાંઇ નહોતો લાવ્યો. બધું જે કમાયો તે ખુદા એ આપ્યું. તો તેનાપરજ ભરોસો રાખ વાથી જરૂરજ ફાયદો થશે. "હીંમતે મરદાં મદદે ખુદા." તેમ આપણે હીંમત રાખવાની છે. ભલે સરકાર ગમે તે કરે. છતાં આપણે એ કાયદાને નહિજ કબુલ કરીશું. અને તેમ કરી દેખાડી આપીશું કે તમે જેમ જંગલી પ્રજા પા નથી. તમે જંગલી નથી, પણ સારેહરી સભ્યતા હકને લાયક છીએ.

મી. નવાબખાન જમાદારે જણાવ્યું કે સરકાર ગમે ત્યારે ગમે તેમ કરે. ફાંસી આપે, અગર દેશપાર કરે. તોપણ એ કાયદો કદી કબુલ કરવાના નથી. અને કોલોની નોરીસ એ દોઢસો માણસોને મળ્યા બરાબર છે. અને તેથી હું દિલગીર નથી. સરકાર જે કંઈ સજા આપશે તે ઉઠાવીશ પણ કાયદાને શરણ નહિ જાઉં.

મી. નાદીરશાહ કામાએ જણાવ્યું કે સરકારને ગોરાઓની સાથે કલર્ડ લોકનું પણ રક્ષણ કરવાની ફરજ છે. છતાં સરકાર કલર્ડ લોકપર તો અપમાન ઉપર અપમાન વરસાવવા જાય છે. જો સરકાર એમજ કહી દીએ કે કલર્ડ લોકને તેના રાજ્યમાં ન્યાય અને ન્યાય મળશે નહિ તો તે બહેતર છે. આ કરતાં તો રશિયાના રાજ માં વસવું વધારે સારું છે. આ કાયદાને શરણ થવું તે ગુલામ કરવા બરોબર છે. આપણે સરકારને દસ્તારેજ કરી દઇને છુટ બોજ નાખવા બરોબર થયું. ને હાથે કરીને એવું કરીએ તો હીંદમાં પાછા જઇ આપણે શું મહોં બતાવી શકીએ. જો આગેવાનોને જેલ મળે તો દરેક માણસ આગેવાન બનશે. ભલે હજારો રમટસ ભરવા કરે, પણ હીંદી કદી કાયદા ને શરણ નહિ થાય.

પછી મેસર્સ એસ. આર. ચેટી, નાના લાલ શાહ, ધરમાધલ, ડોડ, આઇઝાક, મોરારજી, નનુભીખા, મહમદ કસપ, ગોરધન કાનજી. ધરમાધલ મુલ્લા, જરૂરી, કાસમ, મુસા, કસપ મનસર, હજુરાસંગ વગેરેએ ઘટતું વિવેચન કર્યું. લોકો એટલા જુસ્સામાં હતા કે ભાષણો દરમ્યાન "શરમ, શરમ" "છેવટ સુધી લડશું" "શરણ નહિ થઇએ" એવા પોકારથી વારંવાર ગર્જના કરી મુકતા હતા. પછી સભા વિસરજન થઈ હતી.

પ્રીટોરીઆ

વધી ગએલો જુસ્સો

કેસ

શુક્રવારે ૧૦ વાગ્યાથી ટોળાંબંધ હીંદીઓ કોરટમાં હાજર થઇ ગયા હતા, અને કેસ સાંભળવા આતુર થઇ રહ્યા હતા. તેવામાં બેતેલાન્સજર્ગમાં મી. ગાંધી વગેરે પકડાયા ના ખબર મળતા લોકોમાં વધારે જુસ્સો ફેલાયો.

પહેલાં મી. ગુલામ મહમદનો કેસ ચાલ્યો. મી. લીચનસ્ટીને આરોપીઓ વતી જણાવ્યું કે બધાના કેસ જોગા લેવા જોઇએ. માજીસ્ટ્રેટે બધા કેસો જોગા ચલાવવા કબુલ કર્યું. જેથી મેસર્સ વ્યાસ, રંગારામ, બેગ, દેસાઇ. કાળલીઆ, તથા ધરમાધલ જુમા એ બધાને ડોકમાં લઇ જવામાં આવ્યા. બધાએ ગુન્હેગાર હોવાનું જણાવ્યું.

મી. લીચનસ્ટીને જણાવ્યું કે મારા અસીલો કાયદાની સજા ઉઠાવવા તૈયાર છે; તેઓ રજીસ્ટર થશે નહિ, અને તેટલા માટે જે જોગ આપવા પડે તે આપશે. માટે તેઓ માનપૂર્વક પણ હિંમતથી સજાઓને શરણ થશે.

મી. રસીદે જણાવ્યું કે હું ઘોબીખાનાનો ભાગીદાર છું. મી. વ્યાસે કહ્યું કે જનરલ એજંટ છું, ને મારે ત્યાં ત્રણ કારકુન રાખું છું. મી. રંગારામે જણાવ્યું કે વેપારી છું, ને એક નોકર રાખું છું. મી. બેગે સોલીસીટરના કારકુન હોવાનું કહ્યું. મી. દેસાઇએ કહ્યું કે વેપારી છું. ને એક નોકર રાખું છું. મી. કાળલીઆ એ જણાવ્યું કે વેપારી છું, ને મારે ત્યાં ૧૦-૧૨ માણસ રાખું છું. મી.ધરમાધલ જુમાએ કહ્યું કે ફેરીઓ છું, ને બે નોકર રાખું છું.

ચુકાદો

માજીસ્ટ્રેટ મી. મેજર ડીકસને કહ્યું કે દરેક ઓરોપીને ત્રણ માસની સખત મજુરી સાથે સજા કરું છું. તથા રસીદ ને પા. ૧૦૦ નો બીજા ચાર આરોપીઓને દરેકને પા. ૫૦ નો દંડ કરું છું. ને તે ન આપે તો ત્રણ માસની વધુ જેલ ફરમાવું છું.

જેવા આરોપીઓ કોરટમાંથી હસ્તે ચહેરે નીકળ્યા ત્યારે લોકોમાંથી તેમની તારીફનો અવાજ સંભળાતો હતો.

મી. સુજે પોતાની બીછનેસની વ્યવસ્થા માટે તથા પોતાના કુટુંબના બંદોબસ્ત માટે એક દિવસની મુદત માગી. સર કારી વકીલ તેની સામે થયા. છતાં માજીસ્ટ્રેટે પા. ૨૫નો જેલ લઇ મુદત આપી.

લોકોમાં જુસ્સો

ચુકાદો થઇ ગયા પછી પોતાના બહાદુર ભાઇઓને જોવામાટે કોરટમાં હાજર થએલા સરવ હીંદી આતુરતાથી વાટ જોઇ ઉભા થઇ રહ્યા હતા. જ્યારે તેઓ આવ્યા ત્યારે તેમના મુખ ઉપર ઘણીજ દૃઢતા જોવામાં આવતી હતી, ને ચહેરો હસતો હતો. બધાએ રૂમાલ સાથે હાથ ઉંચા કરીને સલામ કરી. મી. કાળલી આનો નંબર છેલ્લો હતો. તેમણે હિંમત પુરવક મોટે અવાજે હાજર થએલાઓને જણાવ્યું કે આગેવાનોનો દાખલો લઇને ચાલજો અને છેવટ સુધી દૃઢ રહેજો. સરકાર ભલે ચાહે તે કરી લીએ; પણ આપણે કાયદાને શરણ કદી થઇશું નહીં. બાદ ગાડીનો દરવાજો બંધ થયો. ને ચુપકીદીવચ્ચે ગાડી ચાલતી થયા પછી સહુ વિખરાઇ ગયા.

મીટીંગ

શુક્રવારે પ્રીટોરીઆના આગેવાનોને સજા થયા પછી એક જંગી મીટીંગ લેકિયનમાં થઇ હતી. ૩૦૦ ઉપરાંત માણસો હાજર હતા. જુસ્સા ભરેલાં ભાષણો થયાં. તથા છેવટ સુધી સહકાર

રહેવાનું સહુએ જણાવ્યું. પ્રીટોરીઆ કમીટીમાંના ઉપકડાએલા આગેવાનોની જગ્યા લેવા માટે નીચેના હોદ્દેદારોને ચુંટવા. મી. વલી મહમદ બગસ પ્રમુખ, મી. એમ. એમ. પટેલ સેક્રેટરી, મી. વી. પીલ્લે ટ્રેઝરર, મી. એ. એમ. સુલેમાન (જોઇંટ ટ્રેઝરર). બીજા ૨૬ માણસોની મેનેજીંગ કમીટી નીમાઇ. બાદ મક્કમ રહેવાના ઠરાવો કરી સહુ વિસરજન થયા હતા.

સાંજરે બીજી મીટીંગ થઇ. મી. વલી મહમદ પ્રમુખ હતા. મી. આઇઝાંક મી. ગાંધી તરફનો તાર વાંચ્યો. તેમાં જણાવ્યું હતું કે પ્રીટોરીઆના ભાઇઓને મોટી સજા થવાથી વધારે મોટો ભોગ આપવાની તક મળી છે તે માટે હું મુબારકબાદી આપું છું, ને છેવટ તકલીફ ભલામણ કરું છું. સહુ છેવટ સુધી લડવા તઇયાર છે કે નહીં એવો સવાલ મી. આઇઝાંકે પુછતાં એકે અવાજે પોકાર થયો કે "અમે સર્વસ્વનો ભોગ આપવા તઇયાર છીએ. અમે કાયદાને શરણ કદી નહીં થઇએ. બધા જેલ જઇશું." પછી જુદા જુદા બોલનારાઓએ લંબુન બારે ભાષણો કરયાં. એક જણે જણાવ્યું કે ફાંસીએ લટકાવે તોપણ રજીસ્ટર નહીં થઇએ. પછી પ્રીટોરેટના ને મક્કમ રહેવા ના ઠરાવો કરી સભા વિસરજન થઇ હતી.

શનીવારની મીટીંગમાં પ્રીટોરીઆના હીંદીઓ ઉપરાંત કેટલાક ચીનાઓ તથા જોહાન્સબરગના આગેવાનો હાજર હતા, જેમાં મેસરસ ઇસપ મીયાં, કુવાદીઆ, ઇનરશી, ઇમામ અબદુલ કાદર, મોલવી સાહેબ, તથા મી. પોલાક વગેરે હતા. પકડાએલા તરફ દિલસોઝીના સંખ્યા બંધ તારો મળ્યા હતા તે વાંચવામાં આવ્યા. મી. પોલાકે ભાષણ કરયું. તેમણે જણાવ્યું કે જેલના ઉપરીએ જણાવ્યું છે કે હીંદીની ધાર્મિક લાગણીને વાસ્તે સંભાળ રાખવામાં આવશે. બીજું જેમને સખત મજુરી મળી હતી તે કાઢી નાંખી હવે સાદી જેલ કરવામાં આવી છે. સરકાર પોતાની ધાનમી વરતણુક જોઇ શકી છે. પણ આપણે સરકાર ગમે તે કરે અને ગમે તેટલી નિરદય હોય છતાં દિલમાંથી ને છેવટસુધી લડવાનું છે. મી. રમટસ હીંદીને કુલી તરીકે રાખવા માગે છે. ને કુલી તરીકે દયા બતાવવા માગે છે. આપણે ઇજ્જત દાર હીંદી તરીકે રહેવા માગીએ છીએ. આગેવાનો જવાયા બીજા રજીસ્ટર થઇ જશે એમ સરકાર ધારે છે પણ તે ખુબ છે. દરેક દરેક હીંદી આગેવાન છે. મક્કમ રહેવાથી આપણને અવશ્ય જીત મળશે.

સ્ટારના રીપોર્ટર મી. એડવર્ડસ નીચે પ્રમાણે બોલ્યા હતા—આપને યાદ રાખ વાની જરૂર છે અને આપના દીલમાં કોતરી રાખવું જોઇએ કે આપણે જે જે બોલ્યા છીએ ને સરવે કરી બતાવવાનું છે કોઇ સાહેબો સ્વાર્થનો અને જીંદગીનો ભોગ આપવા વિશે બોલ્યા છે. જીંદગીનો ભોગ આપવાની જરૂર નથી પડવાની. પણ સ્વારથનો ભોગ આપવાનો વખત આવ્યો છે અને એવો ભોગ આપી આપણી સંગીન મજબુતાઇ અને એકત્ર પણું બતાવી મજબુત રહેવું જોઇએ. તવારીખમાં જોયું છે કે પ્રજા રાજાઓએ નબળાઓપર પોતાનું જોર અને જુલમ ચલાવ્યું હતું, અને તેમ તમારા સંબધમાં પણ બનવાજોગ છે. માટે આવા મંહીર મામલા અને મુશ્કીલ વેળા આપણે આપણી દ્રઢતા અને અચલપણું દેખાડયું તો તેના પરિણામમાં પ્રબલ સરકારના જોર છતાં આ સાચી લડત માં ખુદ તમને ફતેહ દેશે. તમે દેખાડશો કે અમે સાચી રીતે લડયા છીએ ખુને સાચું માનીને કામ કરયું છે. હાલનો વખત મોટી મોટી વાતો કરવાનો નથી. ગઇ કાલે તમારા મુખીઓ અને ભાઇઓને કેદ માં પુર્યા છે તે બરાબર ધ્યાનમાં રાખજો. તેમની સખ્ત કેદખાનાની સજા આજે આસાન કેદખાનામાં ફેરવાઇ છે. એજ સરકારની નબળાઇ જાહેર કરે છે. સરકાર થી બીશો નહિ. હું એક દાખલો દઇશ કે જ્યારે ઇરાનનો શાહ ઝર્કસીસ ૧૦ લાખ માણસનું મોટું લશ્કર લઇ રપાટપર ચઢાઇ લઇ ગયો ત્યારે રપાટનો સરદાર લીયોનીદાસ મુઠીભર માણસનું લશ્કર લઇ તેની સામો થયો અને તેના મોટા લશ્કરને હરાવી ફતેહમંદ નીવડયો. તમારો મામલો તવારીખના આ દાખલાને બરાબર મળે છે; અને જો તમો બરાબર હીંમત રાખી સરકારના જોરથી બીધા વગર મજબુતપણે લડશો તો આખરે તમે ફતેહ પામશો.

બીજાઓએ પણ જુસ્સા ભરેલાં ભાષણો કરયાં. જે દરમ્યાન વારંવાર તાળીઓની ગર્જનાથી મકાન ગાજી રહેતું હતું. પછી ઘણા જુસ્સામાં મીટીંગ બરખાસ્ત થઇ.

કેપટાઉનમાં માસ મીટીંગ

૨૦૦૦ માણસોની હાજરી

પ્રોટેસ્ટના ઠરાવો

કાળા ચાવટાનું સરઘસ

હડતાળ

કેપ ટીઝીકટના ઘણાખરા ભાગના હીંદી ની એક ગંભીરવર મીટીંગ તા. ૧૨ મીને રવિવારે ટ્રાંસવાલ સરકારના જુલમ સામે પ્રોટેસ્ટ ઉઠાવવાને મળી હતી. ૨૦૦૦ જેટલા માણસો હાજર હતા. કેપટાઉનના બ્રિટીશ ઇન્ડિઅન લીગના ચેરમેન મી. આદમ હા. ગુ. મહમદે પ્રમુખ પદ લીધું હતું. તેમણે એક જુસ્સાદાર ભાષણ દરમ્યાન જણાવ્યું કે વટહુકમ અને કાયદેસર ચાલનાર હીંદી પ્રજાપર એક જુલમી કાયદો અમલમાં આવ્યો છે. કે જે કાયદાથી હીંદીઓ માનભંગ થાય છે. આમ કરવાથી બ્રિટીશ રાજનીતિપર મોટું કલંક બેઠું છે. હીંદુસ્તાન એ બ્રિટીશ રાજનો આધાર છે એ વાત લક્ષમાં જુલી જવામાં આવે છે. હીંદીઓના જુના હાલ કરવામાં આવે છે તેનું પરિણામ બ્રિટીશ પ્રજા માટે ભયંકર આવ્યા વગર રહેશે નહિ. બાદ સભામાં સરવાનુમતે ઠરાવ કરી વચ્ચે પડવા હીંદી સ્ટેટ સેક્રેટરી મી. જોન મોરલીપર ટેલીગ્રામ મોકલવામાં આવ્યો. તેવીજ મતલબના ટેલીગ્રામ હીંદી બાબાપર તથા લોરડ મીન્ટોપર મોકલવામાં આવ્યા. લોરડ સેલસ્બોરનપર એવો તાર કરવામાં આવ્યો કે મી. ગાંધી તથા બીજા હીંદી આગેવાનોને [illegible] કરવામાં આવી છે તે માફ થવી જોઇએ. કારણ કે તે લોકો જેલમાં જવા તઇયાર છે એવો કાયદાને જુલમી ગણે છે. એ વાતની ખાતરી એક દિવસ જેલમાં રાખવાથીજ થઇ શકે છે.

મીટીંગમાં કેટલાંક સખ્ત ભાષણો થયાં હતાં. મી. ગુલે તથા કેટલાક ગોરાઓએ પણ ભાષણો કરયાં હતાં. તથા એવો ઠરાવ કરવામાં આવ્યો હતો કે સોમવારે હીંદી દુકાનો તથા ધંધો રોજગાર બંધ રાખવો. મીટીંગ વિસરજન થયા બાદ લોકો એક સરઘસના આકારમાં ઓડરલી ઓફીસ તરફ ગયા હતા, જે વખતે કાળા ચાવટાઓ રાખવામાં આવ્યા હતા, તથા બ્રિટીશ ચાવટાને (બુનીયન બોર્ડને) કાળો કરીને દેખાડવામાં આવતો હતો.

ટ્રાંસવાલમાં પકડાપકડી

હીંદીઓ તથા ચીનાઓ

કેસોની વિગત

આગળ મુજબ હુકમો

મુલતવી રહેલા કેસો

મી. કવીન (ચાઇનીઝ એસોસીએશનના પ્રમુખ) તથા મી. કંપી નાઇડુ જેમને આગાઉ પકડયા હતા અને જેમની નોટીસ બલાસ થઇ છે તેમનો ફરીવાર કેસ મંગળવારે ચાલ્યો. તેમાં મી. કવીનને તથા મી. નાઇડુને બે માસની સાદી જેલ મળી છે. મી. નાઇડુએ જણાવ્યું કે જોહાન્સબરગમાં મુખ્ય પીકેટ હતો. માટે મને સખતમાં સખત સજા કરજો.

મી. તુલસીની નોટીસની મુદત બલાસ થવાથી તેને કોરટમાં ખડો કરવામાં આવતાં ઉમાસની સખત મજુરી સાથે જેલ મળી છે.

મેસર્સ અંબાલાલ તથા અમરશીને બે માસની જેલ, ને પા. પ૦ના દંડની ને દંડ ન આપે તો ૧ માસની વધુ જેલ નીં સજા થઇ છે.

મી. ખડેરીઆને બે માસની જેલ, અને પા. પ૦ના દંડની સજા થઇ છે.

મી. મુજનો કેસ જે મુલતવી રહ્યો હતો તેમને ત્રણ માસની જેલની સજા થઇ છે.

જોહાન્સબરગના નવા કેસો

મંગળવારે ૩૫ હીંદી તથા ૧૫ ચીના ને સરકારે નવા કાયદા પ્રમાણે રજીસ્ટર થવા માટે પકડયા છે. તેમનાં નામ નીચે મુજબ છે.

મી. ધસપમીઆ (ચેરમેન, બ્રિ. ઇ. એસોસીએશન), મી. ઇમામ અબદુલ કાદર બાવાઝીર (ચેરમેન, હમીદીઆ ધસ લામીક સોસાયટી), મી. એમ. પી. ફેનસી (સેક્રેટરી હમીદીઆ ઇ. સોસા યટી), મેસરસ મુલ્લાં, દાહ્યાભાઇ, અહ મદ હલીમ, અબદુલ્લા, ઉમરજી સાબેજી, ઝીણાભાઇ ખંડુભાઇ, એમ. એસ. કુવા ડીઆ, મોરારજી રણછોડ, નાદીરશા કામા, મેથ્યુ, ધસપજી ગારડી, કુરીરા, નાઇડુ, વીરસામી, નાઇડુ કંડાપાણી, પાઠ, હરાન મોસ, રણછોડ, મુલાભાભાઇ જીવાભાઇ, નાયડુ, લલુભાઇ, અલીભાઇ આકુજી, બાલભાઇ, અને ૧૭ ચીના એટલાને પકડયા છે. અને તેમનો કેસ મી. જોરડન ની કોરટમાં ચાલ્યો છે.

કેસોની હકીકત

મી. ધસપ મીઆએ જણાવ્યું કે—૧૯ વરસ થયાં અહી છું. આ પહેલીજ વખત કોરટમાં ખડા થવું પડયું છે. મારે મોટું ખીજનેસ છે. રજીસ્ટર થવું તે ધરમ વિરૂદ્ધ છે, ને અમારી કેમનો ભંગ થાય છે. મારે અહીં કુટુંબ છે, અને ૧૨૫ જેટલાં મારાં સંબંધીઓ આ મુલકમાં છે. હું મેં ગુન્હો કર્યો છે એમ ગણું છું. પછી મેસરસ ઇમામ અબદુલ કાદર, મુલ્લા, દાદાભાઇ વગેરેએ જુરસાબેર હકીકત રજુ કરી. બાદ બધાને ૧૪ દિવસમાં ટ્રાંસવાલ છોડવાની નોટીસ મળી.

પછી બીજી ટુકડીનો વારો આવ્યો. તેમાં મેસરસ અબદુલ અલી બક્ષ, ઉમરજી સાબે, મહમદ હુસીમ, ઝીણાભાઇ ખંડુભાઇ, અને મુસા કમરાઇ એટલા હતા. મી. અબ દુલ અલી બક્ષે જણાવ્યું કે મારો જન્મ દક્ષિણ આફ્રિકામાં થયો છે. મી. હુસીમે જણાવ્યું કે હું આવા કાયદા મુજબ રજીસ્ટર થાઉં તો મારા બચ્ચાં ધ્યાનત આપે. મી. મુસાએ કહ્યું કે કાયદો બહુજ ખરાબ છે. બધાને ૧૪ દીવસની નોટીસ મળી.

પછીની ટુકડીમાં મેસરસ જે. આર. નાઇડુ, લલુભાઇ બીમભાઇ, અલી આકુજી, જે. કે. દેસાઇ, ને બાલભાઇ પટેલ એટલા હતા. તેમાંના એકે જણાવ્યું કે "આને હું કાયદો માનતો નથી. ને તેને સરણ નહિજ જાઉં." બધાને ૧૪ દીવસ ની નોટીસ મળી.

પછીની ટુકડીમાં મેસરસ મોરારજી દાજીભાઇ, રણછોડ નીજાભાઇ, નાદીરશાહ કામા, એસ મેથ્યુસ, તથા ગારડી એટલા હતા. એકે અનાવીલ બ્રાહ્મણે એવું જણાવ્યું કે હું સ્યામાં ઉંચી જનતનો ગણાવું છું ને રજીસ્ટર થવું તેને ધરમ વિરૂધ્ધ માનું છું. મી. કામા સિવાયનાને ૧૪ દિવસની નોટીસ મળી.

મી. કામાએ જણાવ્યું કે વહી પાલગેંટ માં બીરાજનારાઓની કોમનો હું પોસ્ટમાસ્તરમાં ડીસેંબર સુધી નોકર હતો અપમાન ભરેલા કાયદાને શરણ થઇશ નહીં. પારસી કોમ એશીઆટીકમાં નથી ગણાતી; મોરાઓના જેવા પાસ તેમને મળ્યા છે. તેવા મુરાબા રજુ કરતા તા. ૧૪ ફેબ્રુ કેસ મુલતવી રહ્યો.

તે પછીની ટુકડીમાં મેસરસ કકર ફરા ફકીરા, ડી. એન. નાઇડુ, આર. કે. નાઇડુ, વીરા સામી, તથા કંડાપાણી હતા. તેમને પણ ૬૪ દિવસની નોટીસ મળી. ત્યાર પછી મેસરસ એસ. પી. પડીઆચી. ફ્રાન્સીસ લાંડ્રામ. ને ધનજીરામ રણછોડને ૧૪ દિવસની નોટીસ મળી.

પછી ૧૬ ચીનાનો કેસ ઇન્ટરપ્રીટર વગર મુલતવી રહ્યો.

અસજીદમાં મીટીંગ

કેસો બલાસ થયા બાદ મસજીદમાં ગંજવર મીટીંગ થઇ. મી. ધસપ ગીયા એ જણાવ્યું કે હું આજે બહુ ખુશી થયો છું કે મને જેલ મળશે. વધુ બાપણ કરીને પુછયું કે કોણ રજીસ્ટર થશે. એકે અવાજે જવાબ મળ્યો કે "નહિ." મેસર્સ અબદુલ ગની, ગારડી, કુવાડીયા વગેરેએ જુરસાદારબાપણો કર્યાં. મી. કુવાડીઆ એ જણાવ્યું કે સરકાર બલેને ૫ વરસની જેલ આપે. આપણે ટ્રાંસવાલ છોડયું નહિ. વડી સરકારની મદદની જરૂર નથી. શહેનશાહનો શહેનશાહ જે ખુદા તે આપણા પક્ષમાં છે. આજથી જોહાન્સબરગમાં ખુણે ખુણે પીકેટો ફરશે. ને આગેવાનો ટ્રાંસવાલમાં ગામે ગામ ફરશે. બાકી કોઇ પણ માણસ કાયદાને શરણ થાય એવી સરકારે આશા રાખવી નહિ.

મી. કવીને (ચીનાના પ્રમુખે) જણાવ્યુ કે હું હમણાંજ ચીનાઓની મીટીંગમાંથી આવું છું. ચીનાઓ કહે છે કે તેઓ ગમે તેમ થશે પણ કદી રજીસ્ટર થવાના નથી. ને તેઓ ઇચ્છે છે કે હિંદીઓ પણ તેવીજ રીતે વરતશે. આ લડતમાં દરેક એશીઆટીક પોતેજ આગેવાન છે. ચીનાની મીટીંગે એવો ઠરાવ પસાર કરયો છે કે જે હિંદી રજીસ્ટર થશે તેને ચીનાઓ બોયકોટ કરશે. રજીસ્ટ્રેશન ઓફીસ ઉઘડી ત્યારથી આજ સુધીમાં ૬ચીના રજીસ્ટર થયા. તેમાંથી બેજ અહિં છે: બાકી દેશ ચાલ્યા ગયા છે; ને એકે આપઘાત કરી મરણ પામ્યો છે. મને આજે ૬ માસની જેલ મળે તો પણ હું ખુશી થઇશ.

પછી મી. અલીભાઇ આકુજી, મી. પોલાક વગેરેએ ભાષણો કર્યા બાદ મીટીંગ બરખાસ્ત થઇ; ને સહુ કેસ સાંભળવા માટે કોરટમાં ગયા.

ચીનાઓનું ઝનુન

ચીનાઓની એક ગંજવર મીટીંગ મંગળ વારે રાત્રે મળી હતી. મી. વોંગસી નવા (ચેરમેન) પ્રમુખ હતા. મી. કવીનને જેલ મળ્યા થી ઠરાવમાંક ચીનાઓ હાજર થયા હતા

મી. વેંગસીએ જાહેર કરતાં જણાવ્યું કે જેમ જેમ સરકાર માણસને જેલમાં નાખતી જશે તેમ તેમ દરેક આગેવાનની જગા ચીનાઓ પુરતા જશે પછી એકે ચીનો બાકી ન રહે ત્યાં સુધી જેલમાં નાખશે એટલે સરકારને સહેજ આંચ જોઈ અટકવું પડશે. અપમાન ભરેલા કાયદાને આપણે કદી પણ શરણ થવાના નથી. મી. પોલાકે લાંબા ભાષણ દરમ્યાન જણાવ્યું કે આ લડાઇ આખી દુનીયાના ઇતીહાસમાં જાણવા લાયક થશે. આથી ગોરાઓને ખાતરી થશે કે એશીયાટીકો હવે વધારે વખત ગોરાઓથી દબાવી રાખવાના નથી. પણ એશીયાટીકો તે યુરોપી લોક જેટલાજ ઉંચા ને સુધરેલા છે.

એડવોકેટ કોર્ટમાં ભાષણ કરતાં ઈતિહાસમાંથી દાખલા બતાવીને જણાવ્યું કે દેશ તે સ્વજની ખાતર જેલ અને દુઃખ ભોગવવાના ઘણા દાખલા મળે છે. એસીઆટીક કોર્ટમાં મકકમ રહેવાથી જીત મળશે. એમાં જરાએ શક નથી. મી. ડેવીટ પોલાકે પણ અસરકારક ભાષણ કરયું. પછી બીજા ગોલનારાઓ બોલી રહ્યા બાદ છેવટ સુધી લડવાનો ઠરાવ કરી સભા વિસરજન થઈ હતી.

લેડલબરગ

લેડલબરગમાં મી. ઇસાકજી, તથા મી. રંગુનને પકડીને કોરટમાં બંદા કરવામાં આવ્યા હતા. તેમને ૪૮ કલાકમાં ટ્રાંસવાલ છોડવાની નોટીસ મળી છે.

પોચેસ્ટરૂમ

પોચેસ્ટરૂમમાં સાત હીંદીને પકડયા છે. તેમના નામ: મેસર્સ અબદુલ રહેમાન, મુસા હસન, હમાનદાસ. એ. ઇ. પટેલ, રતનજી લખમીદાસ, સુલેમાન બોપાત, અને હાફેજી મુસા. તેમના કેસ તા. ૧૬ મી પર મુલતવી રાખવામાં આવ્યા છે.

સહુ મજબુત છે. પોચેસ્ટરૂમ ઈંડિઅન એસોસીએશનની એક મીટીંગ ગુરૂવારે સાંજરે મળવાની હતી. બધાએ ગમે તે દુઃખ ઉઠાવવા દૃઢ નિશ્ચય કરયો છે.

પ્રીટારીઆ

મેસરસ ગોવિંદ નાનજી અહમદ મહમદ હુસેન ગોપાળ ચેટી વગ પડીઆથી નાઈડુ પીટર મુસા પટેલ ચેલા ખુશાલ તથા કેટલાક ચીનાને પકડયા છે. તેમના કેસ ચાલ્યા ત્યારે આખી કોરટ ચીકાર ભરાઇ ગઇ હતી. હીંદી તથા ચીનાઓ ટોળાબંધ હાજર થયા હતા. મજીસ્ટ્રેટે તેમને તા. ૨૫મા પહેલાં ટ્રાંસવાલ છોડવાની નોટીસ આપી.

સોમવારે પકડાએલા ૮ ચીનાઓને તા. ૨૬મી પહેલાં ટ્રાંસવાલ છોડવાની નોટીસ મળી છે. તેમણે હુંબામાં હુંકી નોટીસની માગણી કરી હતી. પછી ૧૦ હિંદીના કેસ ચાલ્યા. તેમાંના એકે પણ હુંબામાં હુંકી નોટીસ માટે માગણી કરી. બધાને તા. ૨૬ પહેલાં ટ્રાંસ્વાલ છોડવા ની નોટીસ મળી છે.

પછી મીટીંગ ભરાઇ હતી ને ભાષણો થયાં. સહુ જેલ જવા માટે ઉમંગમાં છે. કેટલાક પીકેટો નીમાયા છે. તે પીકેટોને પકડવામાં આવે ત્યારે તેમની જગા લેવા બીજા ૭૫ તયાર છે ને તેને પણ સરકાર જેલ નાખે તો બીજા ૨૫૦ તેમની જગા લેશે. એશીઆટીક ઓરડીસ ઉઘડી નથી. પણ છુપી રીતે ઉઘડે તે માટે અગાઉથી પીકેટો ચોકી પહેરો ભરવા લાગ્યા છે. મી. ચમનીએ તો જણાવ્યું છે કે ઓરડીસ હવે ઉઘડશેજ નહિ.

છેલ્લા અખરો.

(ઇ. ઓ. માટે ખાસ તાર.)

જોહાન્સબર્ગ, ગુરૂવાર.

બારબરટનમાં ૭ હીંદીઓને પકડવામાં આવ્યા છે, ને કોરટમાં કેસ ચાલતાં ૬ જણા ને ૭ દિવસમાં ટ્રાંસવાલ છોડવાની નોટીસ તથા મી. મંચલીને ૧૪ દિવસની નોટીસ મળીછે.

બારબરટનવાળાનાં નામ: મેસરસ જીવી, કાળીદાસ, મંચણી, ગોનજામીન, કેવીડ, બુદત, અને વાલજી.

લેાર્ડ એમ્પટહીલ તથા બીજા લંડનમાં લડત લેનારાપર આભારનો કેબલ મોકલ્યો છે.

પોચેસ્ટરૂમના બધા કેસ મુલતવી રહ્યા છે.

હેડલબરગમાં પકડાએલાને ૭ દિવસની નોટીસ મળી છે.

નોટીસ પુરી થએલામાંના મી. ઇસપજી દેસાઇવાળા અને મી. કેવેટસામીને બે માસની (સખત મજુરી વગરની) જેલની સજા થઇ છે.

જમાદાર નવાબખાન તથા સમુંદરખાનને નોટીસ પુરી થયાથી ફરીથી પકડયા છે ને કાલે જેલની સજા થશે.

જરમીસ્ટન અને આસપાસના બાકીના હીંદીની નાસ મીટીંગ ગુરૂવારે બે વાગે હીંદુ મંદિરના મેદાનમાં મળશે.

સઘળે ઠેકાણે લોકોમાં અચંબો પમાડે તેવો જુસ્સો, એકસંપી, અને દૃઢતા દેખાય છે.

લેહાન્સબરગમાં બે વધુ મદ્રાસીઓને પકડેલ છે. તેમના કેસ આજ બપોરે ચાલશે. સંભવ છે કે ૧૪ દિવસની નોટીસ મળશે.

ગઈ કાલે ૧૨ હીંદી તથા ૫ ચીનાને ૧૪ દિવસની નોટીસ મળી છે. તેમાંના એક મી. પી. મુરજને કોરટની સમક્ષ નોટીસના કાગળના ચીરેચીરા કરી નાખ્યા. માજીસ્ટ્રેટે તે માટે પા. ૨ નો દંડ કરયો.

૬ ૪૩ વાગે

એશિયાટીક કાયદા પ્રમાણે રજીસ્ટર ન થવાથી લાઇસેન્સ ન મળતાં, લાઇસેન્સ વગર ફેરી કરનારામાંથી કેટલાક હીંદીને પ્રીટારીઆમાં પકડેલ છે. તેનો કેસ અત્યારે ચાલુ છે.

સુરતી મસ્જીદવાળા મૌલવી અહમદ મુખત્યાર સાહેબની પરમીટ લંબાવી આપવા નામદાર સાહેબે તુરતો તુરત ટ્રાંસવાલ છોડે નહીં તો પકડવામાં આવશે એવી તેમને નોટીસ મળી છે. મુદત લંબાવી આપવા માટે ૪૫૦ મુસલમાન આગેવાનોની સહીવાળી અરજી મોકલવામાં આવી છે.

પરચુરણ અખબરો

એવું જણાય છે કે મી. ગાંધીલાલ, તથા મી. અમરશી (પીટરસબરગના જેલ જનારા) ને પહેલાં સખત જેલની સજા થઇ હતી પણ પાછળથી આસાન જેલમાં ફેરવી નાખવામાં આવી છે.

'સ્ટાર' લખે છે કે રજીસ્ટર ઓફીસ ખુલશે એમ ધારી કેટલાંએ કેટલાંએ પીકેટો નીમાઈ ગયા છે. પણ ખરી રીતે ઓફીસ ખુલી નથી. મી. ચમની જોહાન્સબરગમાં આવેલ છે તે નવેમ્બર પહેલાં અરજી કરી હોય તેવા (બ્લેકલેગ) ને તેનાં સરટીફીકેટ આપવા આવેલ છે. રજીસ્ટર ઓફીસ ખોલવા માટે નહિ.

મિ. ઈજેકીયલ, હુસેનદીઆ સોલમંદીપર, મી. ઇસપ મીઆપર. તથા મી. કુવાદી આપર કોંગ્રેસ તરફથી તાર મોકલવામાં આવ્યો છે કે—જેલ ગએલાઓને અને જેલ જવા તયાર થએલાને દીલની બુલંદગી આદી આપીએ છીએ; બ્લેગ લેમને નહીં.

ઈંડી મજેસ્ટેસ્ટન કીમેંટીસ સોસાયટીએ દિલસોજીનો ઠરાવ પસાર કરી હમીદીઆ સોસાયટી પર મોકલી આપ્યો છે.

કઠોરમાં મંજાવર મીટીંગ

ટ્રાંસવાલના ભાઇઓમાટે દિલસોજી

ગઇ મેહફીલે ગુનકુલ ઈસ્લામના સેંકરે કરી મી. મહમદ ઈકબ અદ્રામાન, તથા મી. અબ્દુલ વાહેદ સબે છે કે:—ટ્રાંસવાલના હીંદીવાનોપર રહએલાબ એકટના અમલથી ગુજરાત કેરથી અત્યંત દુઃખી થએલા એસી આપીઓ ભાઈઓના દુઃખમાં ભાગ લેવાને કઠોર ખાતે ગઈ તા. ૧૭મા ડીસેંબરના રાને આશરે ૮॥ વાગે અતરેની મેહફીલે રોનકુલ ઈસ્લામના મકાન આગળ આવેલા પબલીક રોડપર એક જંગી મીલાવડો થયો હતો. તે વખતે કઠોરના હીંદુ તથા મુસલમાન મળી ને આશરે હજાર સદગૃહસ્થોએ પણ ઉત્સાહ થી તેમાં ભાગ લીધો હતો. એ વખત રાત રીનો હોવાથી ફીટસન લાઈટની રોશનીમાં કામાની ઠરમાં આવી હતી, સભાનું કામ શરૂ થતાં મી. અબ્દુલ વાહેદની દરખાસ્તથી તથા રોઠ મોહનલાલ લખમીચંદના ટેકાથી અતરેના લોકપ્રીય વકીલ મી. મણીભાઈ પ્રમુખસ્થાનપર બીરાજ્યા હતા. એકઠા થએલા સરવ સદગૃહસ્થોનો ઉપકાર માની પ્રમુખ સાહેબે ટ્રાંસવાલના રજીસ્ટ્રેશન એકટ ના બદલ જાહેર થએલા તાજેમી અમલનું પાસ્તવીક સ્વરૂપ પૂરાવાપણે દરશાવ્યું હતું. તેમના વીવેચનને મી. માધવરાવ તથા મી. અબરતલાલ તથા મી. મોલવી લાલ્લાભાઈ વલી અલ્લા વગેરેએ સારો ટેકો આપ્યો હતો. ત્યારબાદ પ્રમુખે નીચે મુજબના ઠરાવો જાહેરને વાંચી સંભળાવ્યા અને તે વીષે સરવનો મત મેળ્યો. સરવે સદગૃહસ્થોએ સધળા ઠરાવો એકમતે મંજુર રાખ્યા અને તેથી પ્રમુખ સાહેબે પોતાની અનુમતી આપી પોતાનું સ્વામાન લીધું.

સરવાનુમતે પસાર થએલા ઠરાવો

૧. ગઈ તારીખ રજમીના રોજ મુંબઈ ધારાસભા ઉપરાંતની સાર્વભૌમની સંસ્થાના ઈસ્ટ લાંડન તરફથી એક જંગી સભા મળી હતી. તે વખતે અતરેથી જઈને આફરીકામાં વસેલા આપણા હીંદીવાનો જે હાલ ત્યાં સખત જુલમ નીચે દબાઈ મરી રહ્યા છે તેઓના તરફેણ માં દુખાંડ જઈને સખત ચલાવવા ખાતર પ્રખ્યાત બારીસ્ટર-એટ-લો મી. ગાંધીજીને ડેલીગેટ તરીકે ચુંટી કાઢવામાં આવ્યા હતા. એ કામ વહેલું વખાણવા લાયક હોવાથી તે સભાને આપણે અભિનંદન આપવું ઘટે છે.

૨ મી. ગાંધીએ હિંદુ મુસલમાન સરવ તે ઓ નથી પોતે કે આ મહાન કઠણ કામ પોતાને માથે ઉપાડયું છે તે વાસ્તે આપણે તેમોના બહાજ આભારી હોઈએ, અને તે મદિ તેમોને આપણે અંતઃકરણથી અભીનંદન આપવું જોઇએ.

૩ આફરીકામાં વસતા આપણા હિંદી ભાઈઓ નાહીંમ ધીરજથી અને બહાદુર પણ બહાદુર છે તે માટે તેમોને ઘણા ધન્યવાદ ઘટે છે. અને આશા છે કે તેઓ પોતાના નીશ્ચયને છેક સુધી વળગી રહેશે. કારણ કે સત્યને ઈશ્વરની સહાય હોય છે અને ક્રિમતે મરદા મદદે ખોદા એ કહેવત પ્રમાણે તેઓ ઈશ્વર કૃપાથી આખરે જય મેળવશેજ.

૪ ગોરા લોકો ત્યાં ત્યાં સામાન્ય ભ્રાતૃ ભાવના (Universal Brotherhood) બાબતના અતિ પ્રશંસનીય સિધ્ધાંતને પોતે અનુસરે છે એમ જણાવવાને ઘણા ઉત્સુક હોય છે. અને પોતે ન્યાય દયા અને નિરા પક્ષપાતથી રાજ્ય વ્યવહાર ચલાવે છે એવો ભાવ પ્રકટ કરતાં થાકતા નથી પણ ત્યાં બોલતા ફરે છે પણ એ તો 'કહેનેકા કુચ ઔર કરનેકા નહિં' એ કહેવત પ્રમાણે જેમ પ્રમાણે વરતન રાખતા નથી. દ્રષ્ટાંત તરીકે હાલનો ટ્રાંસવાલ રેજીસ્ટ્રેશન એકટ જે સામાન્ય રીતે હિંદીવાનોપર અત્યંત નામોશી ભરેલો જુલમ ગુજારે છે તેજ કાયદો તુરક રતાનનાં મુસલમાનોને પણ હાજુ પડયો છે. છતાં ત્યાંના વિદ્યમનોને તેમાંથી મુક્ત રાખવામાં આવ્યા છે એ શું તેઓનો પક્ષ પાત રપષ્ટપણે સિદ્ધ કરી આપતું નથી.

૫. સુરતમાં ભરાનારી ૨૩મી નેશનલ કોંગ્રેસમાં આ બાબત પણ અગત્યની હોવા થી પુરમપણે ચરચાય એવી સુચના કોંગ્રેસ ને થવી જોઈએ. અને આશા છે કે તે પર સર્વે ઉપર જણાવેલો રજીસ્ટ્રેશન એકટ નાબ ના જુલમી કાયદો રદ થાય એવી સખત ચરચા કરવામાં આવશે.

૬. આ સભાનો એવો મત છે કે આ કાયદો જ્યાં સુધી રદ થશે નહિં ત્યાં સુધી હીંદીવાનો અને તેના તરફ દીલસોજી ભરાબ નાશ કોઈપણ મનુષ્યને કદી સંતોષ થશે નહિ.

૭ યુરોપીઅન વીગેરે બીજી પ્રજાઓનો એવો મત થઈ ગયો છે કે ઇંડીઅનો કહેણી પ્રમાણે રહેણી કરી શકે એવા નથી. કારણ કે તેઓ આળસુ પ્રમાદી અને બીકણ છે. અને તેથી તેઓ કોઈપણ મોટું કામ કરી કરી શકવા ના નથી. પણ હાલ બંગાળાએ બતાવવા માંડયું છે તેમ આપણે પણ બતાવવું જોઈએ કે ઈંડીઅનોને કંઈ નામરદ નથી. પણ સાંપ્રતીક ગુણપ્રાધાન્ય હોવાથી તેઓ દરગુજર કરવાના ચોટલે કોમળ સ્વભાવના હોય છે. પણ જ્યારે તેઓને અત્યંત કાયર કરીને હરકેરવામાં આવે છે ત્યારે તેઓ સત્યને રસ્તે હઠવામાં કદી પણ પાછી પાની કરે એવા નથી. અને ઉપર પ્રમાણે આપણે પણ દૃઢ આત્મી અને શુરવીર છઈએ તે બતાવવા ખાતર આપણા આફરીકાવાસી ભાઇઓને તેઓ જ્યાં સુધી સત્યને આશ્રયે રહી લડયે ત્યાં સુધી સર્વ પ્રકારની મદદ આપવા દૃઢ નીશ્ચય કરવો.

૮ ગોર લોકોની લડાઈ પહેલાં આપણાં હિંદીવાનો પર ટ્રાંસ સરકાર તરફથી જે જુલમ ગુજરાતો હતો તે હાલમાં બોઅર સરકાર તરફથી ગુજરતા જુલમ કરતાં ઘણો મોટો હતો. છતાં બોઅર સરકાર તે વખતે વધ દૃઢતાને તે બાબત ઠપકો આપતી હતી અને બોઅર વોર થવામાં એ પણ એક મોટું કારણ હતું એમ તેઓ જણાવે છે. છતાં જ્યારે હાલ પોતાના હાથમાં રાજ્ય આવ્યું ત્યારે તે લોકો કરતાં પણ વધીક જુલમ ગુજારે છે તે પ્રત્યક્ષ બેદકારક અને નીંદા પાત્ર છે એ રપષ્ટ માલમ પડે એવું છે.

૯ મહા રાણી વીક્ટોરીયાએ પ્રસિધ્ધ કરેલા ૧૮૫૮ના ઢંઢેરામાં તેઓ શ્રીએ સર્વ પ્રજાને સમાન હક આપવા, ન્યાય અને નિરપક્ષપાતપણે રાજ્ય ચલાવવા વચન આપ્યું હતું. તે વચન તેઓ શ્રીના અનુયાયીઓ 'બે આંખની શરમ' એ કહેવત પ્રમાણે અત્યારે ભંગ કરે છે એ તેઓ શ્રીને પણ એક રીતે અપમાન કરતા છે એમ કહી શકાય.

૧૦ આ ઠરાવો નીચેને ઠેકાણે મોકલાવી દેવા નક્કી બનાવવી.

લોર્ડ હિતેચ્છુ મી. ઓસ્ટ્રા બારીસ્ટર, ઈંડીઅન વાઇસરોય મારફતે હિંદી પ્રધાન, નાતાલ ઈંડીઅન કોંગ્રેસ, ટ્રાંસવાલ બરીટીસ ઈંડીઅન એસોસીએશન, કેપલાંડ ન્યુસપેપરો તથા સુરતમાં ભરાનારી કોંગ્રેસપર.

ઉપર પ્રમાણેના ઠરાવો પસાર કરી પ્રમુખ નો આભાર માની સભા વિસરજન થઇ હતી.

ઇસ્ટ લંડનમાં માસ મીટીંગ

હડતાળ

તા. ૬૧મીને શનિવારે ઇસ્ટ લંડનના હીંદીઓની એક માસ મીટીંગ મળી હતી, જેમાં ટ્રાંસવાલ સરકાર સામે પ્રોટેસ્ટના, તથા હીંદી ભાઇઓ તરફ દિલસોજીના ઠરાવો પસાર થયા હતા. લોરડ એલગીન પર, તથા હીંદી બોઅસરાયપર પત્રો પાઠ માટે કેપલો મોકલવામાં આવ્યા હતા. આખા ગામમાં હીંદી દુકાનો તથા બીજો રોજગાર બંધ કરી હડતાલ પાડવામાં આવી હતી.

ઝાંઝીબારની દિલસોજી

મી. ખીમજી ખટાઉ સાલે (ઝાંઝીબારના હીંદીની માસ મીટીંગના પ્રમુખ) તરફથી નીચે મુજબ સંદેશો મળ્યો છે: "ટ્રાંસ વાલમાં જોહાન્સબર્ગ, પ્રીટોરીઆ, તથા બીજે ઠેકાણે મી. ગાંધી તથા બીજા હીંદી ભાઇઓને સજા થવાના સમાચાર સાંભળી અહિંની કોમ દિલગીર થઇ છે, તથા ટ્રાંસવાલના ભાઇઓની દૃઢતા જોઇને ખુશી થઇ છે".

રોડેશીઆની દિલસોજી

મી. ખીમજી નાયક સીસુકેથી તાર કરે છે કે—મી. ગાંધી તથા બીજા દેશાભિમાની નરો જેલો જેલ થયા છે તેમના તરફ અંતઃકરણ પુરઃસર દિલસોજી બતાવીએ છીએ.

ટ્રાન્સવાલ માટે નાતાલમાં શોક

ડરબનમાં ગંજાવર મીટીંગ

૨૦૦૦ માણસોની હાજરી

જુસ્સાદાર ભાષણો ને ઠરાવો

સંપૂર્ણ હડતાલ

[ઇ. ઓ. માટે ખાસ રીપોર્ટ]

મી. માંથી તથા બીજા આગેવાનોને સજા થયાના ખબર મળતાં ગુરુવારે સાંજરે કોંગરેસ કમીટીની એક સભા તુરતો તુરત બોલાવવામાં આવી, અને અગાઉ નઠારી થયા મુજબ શનીવારે આખા કોલોનીમાં દુકાનો તથા ધંધો રોજગાર બંધ રાખવાનો, તથા તા. ૧૬મી નો શનીવારે સવારે ૧૦ વાગે ગોદડી બજારમાં માસ મીટીંગ ભરવાના ઠરાવ થયા. આ બાબતના ખબરો તાબડતોબ આખા કોલોનીમાં ફેલાવવા માટે દરેક ઠેકાણે તારો મોકલવામાં આવ્યા, જેની સંખ્યા ૮૪ જેટલી થવા જાય છે. પછી હડતાલ સંબંધમાં દેખરેખ માટે તથા માસ મીટીંગ સંબંધમાં બીજા કામકાજ માટે કેટલાએક વોલંટીરો નીમવામાં આવ્યા. માસ મીટીંગ આગળ રજુ કરવાના ઠરાવો ના મુસદ્દા ઘડવા એક ખાસ કમીટી નીમાઇ જેણે સંપુરણ ચર્ચા કરી બને તેટલા સખત શબ્દોમાં મુસદ્દાઓ તયાર કર્યા હતા.

બીજે દીવસે સમારમાં હીંદી કોમના લોકોમાં શોકની લાગણી ફેલાએલી હતી. ઠેકાણે ઠેકાણે ટ્રાંસવાલની વાતની ચર્ચા થતી હતી, અને સહુ કોઈ ઇચ્છા બતાવતા હતા કે ટ્રાંસવાલના ભાઇઓ મક્કમ રહી હતે મેળવે ને હીંદનું નામ રાખે. બીજી તરફ માસ મીટીંગ માટે વેરલમ, સ્ટેંગર વગેરે કેકાણેથી ડેલીગેટો આવતા જતા હતા. ગોદડી બજારમાં નીમેલ વખતની અગાઉ લોકો જમા થયા હતા, ને દસ વાગતાં મીટીંગનું કામકાજ શરૂ કરવામાં આવ્યું ત્યારે ૨૦૦૦ જેટલાં માણસો જમ થયાં હતાં; જેમાં બધી કોમના હીંદીઓ ઉપરાંત કેટલાક મેમનો પણ કોલોનમાં આવતા હતા. બેસવા માટે એટલાં બધા માણસો માટે મોકવણ નહિ થઇ શકેલ. ખાસ બાંધેલા સ્ટેજપર પ્રમુખ સાહેબ, આગેવાનો, તથા વોલંટી યરો વગેરે બીજા ગ્રહસ્થો હતા, જે બધા પણ મીટીંગની શરૂઆતથી તે છેવટ સુધી મોરજ્યો ઉભા રહ્યા હતા. મીટીંગમાં કામ બહુજ વ્યવસ્થીત રીતે ચાલ્યું હતું, જો કે ટ્રાંસવાલની સરકારની, વડીસરકારની તથા હીંદી સરકારની વખોડવા લાયક રાજ નીતીનો ચિતાર અપવામાં આવતો ત્યારે "શરમ શરમ" ના પોકાર થઇ રહેતા, અને તાળીઓની મોટી ગરજના કરી મુકવામાં આવતી હતી.

પ્રમુખનું ભાષણ

તાળીઓની મોટી ગરજના વચ્ચે મી. દાવુદ મહમદે ટેબલપર ઉભા થઇ મુદ્દાના નામથી મીટીંગનું કામકાજ કરવાનું કહી ભાષણ શરૂ કરતું: તેમણે ટ્રાંસવાલમાં હીંદી ભાઇઓની આવી પડેલી આફત માટે શોક ને દીલગીરી પ્રદર્શીત કરીને જણાવ્યું કે—હવે ટ્રાંસવાલનો જુલમ ટોચપર પહોંચ્યો છે, અને બહુ બારીક વખત આવી લાગ્યો છે. ટ્રાંસવાલના ભાઇઓની લડત એવા મામલાપર આવી છે કે આપણે નાતાલના ભાઇઓએ મદદ દેવાને બનતું કરવામાં પાછા ન રહેવું જોઇએ. ટ્રાંસવાલ સરકાર હીંદીઓને બનાવટ મીસાલ બનાવવા માગે છે. કુલસો ની જંજરી કબુલ કરવા કરતાં હીંદી ભાઇઓ કાયદાની સામે થાય તે સ્વભાવીક છે. આપણે બ્રિટીશ પ્રજાના લોકો છીએ, ને આપણું રક્ષણ કરવું તે વડી સરકારની ફરજ છે. છતાં કાયમનું મહત્વ તેથી આપણું રક્ષણ કરવા સરકાર ના પાડે છે. (શરમ, શરમના પોકારો), વીલાયતની સરકાર પોતાની જોહાજ બળવી બાજી છે તે હીંદુસ્તાનને લીધે. વીલાયતના જેટલો વૈભવ જોગવે છે તે હીંદુસ્તાનના પાકસાને લીધે છે. છતાં બધું ભુલી જઇ વીલાયતની સરકાર સંક હીંદી પ્રજાપર આવો જુલમ ચાલવા દીએ તે મોટા અફસોસની વાત છે. (શરમ, શરમ). અત્યારે ટ્રાંસવાલે નવો કાયદો ઘડી હીંદીને સંપામાં નાખી તેને ખુંદી લેવા નારા કરવાનો ઇલાજ કાઢયો છે. (શરમ, શરમ). શું તે કામદારને આપણા ટ્રાંસ વાલના ભાઇઓ શરણ થશે? નહિજ થાય. કોઇ બીજાનરના વખતમાં તેમના માનની ખાતર હીંદીઓ પોતાની મરજીથી રજીસ્ટર થયા હતા, ને એક અંગુઠો આપ્યો હતો. તેથીજ તે વખતે વચન આપ્યું હતું કે હીંદીઓને ફરીથી રજીસ્ટર થવાની જરૂર નહિ પડે. છતાં તે વચન આજે પુરા બેવા મળ્યાં છે. ને આજે રજીસ્ટ્રેશન કાયદો, તથા ઇમીગ્રેશન કાયદો પાસ થયા છે. સ્વરાજ્ય ગવર્તાવિત રજીસ્ટર કાયદો ઘડીને બોયરો એ બ્રિટીશ લોકની ઉદારતાનો કેવો ઠીક આપ્યો! હીંદીઓએ મરજીઆત રજીસ્ટર ની બોયર કરી, તથા ઘણી ઘણી અરજીઓ કરી, પણ કોઇએ દાદ ન દેવાથી કાયદા ની સામે સત્યાગ્રહથી લડવું એ સીવાય બીજો ઉપાય તેમની પાસે હતો. એ કામકાજ શરૂ થયું તે જંગલી જોર ઠરવા બરોબર છે. (તાળીઓ). તેથી હીંદી કોમે તે કાયદાની સામે થવા કસમ લીધા, અને કાયદા સામે શરણ થવા કરતાં જેલ કે દેશવટો કે દરેક જાતની નુકસાની સહન કરવાનો નિશ્ચય કર્યો. તે પવિત્ર કસમને હીંદી કોમ અદ્યતોદમ કદી તોડશે નહિ. ત્યારે હીંદી માટે ટ્રાંસવાલમાં આવા કાયદા બનવામાં આવે છે ત્યારે જુઓ કે બોયરોને કેટલી છુટ છે. જેઓ રાજે બાતર બાંડ છે, ને દિવસે લુંટ ચલાવે છે, જેઓ કરતી મદદ વડે બાજુએ ઉઠાડવાની અથવા પોતે જમીન દોસ્ત કરવાની કોશીશ કરે છે, જેઓ બેફ પર ઘાડ પાડે છે, અથવા ગોરી બોયરોના પર રસ્તામાં હુમલા કરે છે, અને ટુંકમાં કહીએ તો આપણા હુશીયના કમરા બરોબર છે તેવા લોકોને તેમની સફેદ ચામડી સારૂ બધા હક્ક છે! આ પ્રમાણે ટ્રાંસવાલે અન્યાય આદર્યો છે. હવે મી. ગાંધી તથા આગેવાનોને પકડીને જેલમાં નાખ્યા છે. (શરમના પોકારો). બીજા કેટલાકને જેલ સાથે સખત મજુરી તથા દંડની સજા થએલ છે. (શરમ, શરમ). આજ સુધી હીંદીઓને બ્રિટીશ ન્યાયમાં વિશ્વાસ હતો; છતાં આજે એમ જણાય છે કે

હીંદીનું રક્ષણ કરનાર કોઇ નથી. માટે આપણા બચાવનો આધાર આપણાપર છે ને તે કામ સત્યાગ્રહની લડતથી આપણે બજાવી શકશું. આગળ ઘણાંએ મોટાં રાજ્યો થયાં તે તેના જુલમને લીધે પડી ભાંગ્યાં છે. બ્રિટીશ રાજમાં આવો જુલમ થાય ને લોકોની દાદ ન સંભળાય તો બ્રિટીશ રાજ માટે ને બરાબ ચિન્હ છે. બોયર લડાઇ વખતે હીંદીઓએ મદદ કરી હતી: છતાં તેજ હીંદીને આજે વિલાયત ની સરકારે બોયરના ફાંસામાં સપડાવ્યા છે. આ દશાથી મારી આંખમાં આંસુ ઓ ભરાઇ આવે છે. ને મારૂં કલેજું ચીરાઇ જાય છે; ગાંડો હું વધુ લખી શકતો નથી. (બી. કાજુદ મહમદે આંખોમાંથી આંસુ સાથે ને ગળગળા અવાજે કહ્યું કે) મારે સાહેબો, આપની આગળ જે ઠરાવો રજુ કરવામાં આવે તે એકમતે પસાર કરશો એવી હું આશા રાખું છું. (નાણી ઓની અર્જના).

૧ લો ઠરાવ

પછી મી. અબદુલ કાદરે પહેલો ઠરાવ રજુ કર્યો. "ઓન. કોલોનીઅલ સેક્રેટરી લોર્ડ, મારિત્સબરગ—નીચે મુજબ કેબલ લોરડ ઓલગીનપર મોકલવા નાતાલ ઇંડિ અનકોંગ્રેસ અરજ કરે છે. ખરચ આપશું. "કોંગ્રેસ તરફથી, લોરડ ઓલગીનને, લંડન. ટ્રાંસવાલનો એશિયાટીક રજીસ્ટ્રેશનનો કાયદો, તથા ઇમીગ્રેશન રીસ્ટ્રીકશન કાયદો અમલ માં મુકી જે જુલમ આદરવામાં આવ્યો છે તેની સામે નાતાલના હીંદીઓની આ મીટીંગ સખત પ્રોટેસ્ટ કરે છે, અને વેટ વગરના હીંદીઓપર જુલમ ગુજારવા ને બાટલી ઉપર લાયસેન્સ આપવામાં આવી છે તે બદ અફસોસ કરે છે. હીંદી ની આજે કોઇ સુરક્ષા નથી. બ્રિટીશ રાજમાં ન્યાય અને ઇન્સાફ હોવા છતાં હીંદીઓને અસરકારક મદદ આપવા જેટલું જોર સરકાર બતાવી શકતી નથી તે માટે બેહદ દરગુદાવીએ છીએ. હીંદીનો વિશ્વાસ ઉઠી જવા, અને વફાદારીને ઢીલી કરવા માટે આ જુલમ પુરતો છે."

મી. અબદુલ કાદર

પહેલો ઠરાવ રજુ કરી તેપર ભાષણ કરતાં મી. અબદુલ કાદરે જણાવ્યું કે:—હું આ શહેરી થયો એમ ગણતો આવ્યો છું કે બ્રીટીશ સલતનત ઇન્સાફ અને ન્યાયથી રાજ ચલાવે છે પણ હાલમાં થઇ રહેલા જુલમપરથી જણાય છે કે એ ઇન્સાફના દરવાજા તો સ્વપ્નાની પેઠે ભાસવા લાગ્યા છે. બોઅરોને હિંદીપર આવેલો જુલમ કરવા દીધો તે ઇન્સાફની પ્રાપ્ત માટે નામોશી ભરેલું છે. લોર્ડ ઓલગીને સાચ બોલવા પણું બતાવ્યું છે. તે સાહેબે હીંદના વોઇસરોય તરીકે હીંદુસ્તાનનું નીમક ખાધું છે. છતાં હીંદીના બચાવ ખાતર કાંઇ ન કરે તે તેની કમનાકાદી અને કમઅકલપણું બતાવે છે. યુનાઇટેડ સ્ટેટ્સનો કોન્સોની ખોંસે પડશે એ વિચારથી એલગીન સાહેબ દીયકારા બની ગયા છે. જનરલ સ્મટસ તથા જનરલ બોથાએ યાદ રાખવું જોઇએ કે હીંદીઓ એક મહાન પ્રજાના અને પુરાણા સંસ્કારવાળા લોક છે. હીંદની ઉન્નતિ માટે આપણી ઉપર આધાર રાખવા હું જવાન હીંદીઓને બલામણ કરું છું. પણ ઇંગ્લાંડ એ હીંદીના હક માટે ત્રાગી છે ને તેથી હું આશા રાખું છું કે છેવટે તેને દાદ આપ્યા વગર છુટકો નથી.

મી. આર. કે. ખાન

ઠરાવને ટેકો આપતાં મી. ખાને જણાવ્યું કે ટ્રાંસવાલ જુલમી કાયદા માટે હીંદીને એકલા તારવે તે મોટા અજાયની વાત છે. મી. ગાંધી તથા બીજા આગેવાનોને હું મુબારકબાદી આપું છું. ને ખાતરી પુરવક માનું છું કે હીંદીઓ છેવટ સુધી મકકમ રહેવાથી જરૂર ફતહ મેળવશે. ટ્રાંસવાલ ની વસ્તીનું બતાવે છે કે બ્રિટીશ રાજના લાભ તરીકે તેની સાથે ભળવાને ટ્રાંસ વાલ નાલાયક છે.

મી. પીરન મહમદ

મી. પીરન મહમદે ટેકો આપતાં જણાવ્યું કે ટ્રાંસવાલમાં થાય છે તેવો જુલમ કદી પણ સાંભળવામાં આવ્યો નહોતો. ટ્રાંસ વાલનો તેમાં ફતેહ પામે તો દરેક કોલોની માં હીંદીના તેવા હાલ થવા સંભવ છે. માટે ટ્રાંસવાલના ભાઇઓએ છેવટ તલક લડવું, ને બીજા કોલોનીના હીંદીઓએ તેમની મદદમાં રહેવું એ આપણી ફરજ છે. છેવટે ખુદા જરૂર સહાય કરશે.

બાદ ઠરાવ મીટીંગ આગળ મુકતાં સરવાનુમતે પાસ થએલો જાહેર કરવામાં આવ્યો.

૨ જો ઠરાવ

"કોંગ્રેસ તરફથી, લોર્ડ સેલબોરન જોગ—ટ્રાંસવાલ રજીસ્ટ્રેશન એકટ, અને ઇમીગ્રેશન એકટને અમલમાં મુકવા જુલમ આદરવા માટે નાતાલના હીંદીઓ માસ મીટીંગ ભરીને સખત પ્રોટેસ્ટ કરે છે: અને બ્રિટીશ રાજના પ્રતિનીધિ થઇને આપ નામદારે આવા બ્રિટીશનું નામ બોળનારા, અને બ્રિટીશની કીર્તિ અને દરજ્જાને નુકશાન કરનાર કાયદાને સહા પણ કરી તે માટે બેહદ દરગુદાવે છે. માતા છે કે એક મોટી પ્રજાના તમે પ્રતિનીધિ છો તેથી તમોને સોંપાએલી જોખમદારીઓ વિચારમાં લેશો. અને બ્રિટીશ નામને નામોશી અને હોશીમાંથી બચાવશો."

મી. જે. ડબલ્યુ. ગોડફ્રે

મી. ગોડફ્રેએ અંગરેજીમાં ભાષણ કરતાં જણાવ્યું કે ટ્રાંસવાલે જે વલણ લીધું છે તે અપમાન ભરેલું, અનીતિ માન, અને ખ્રિસ્તીને અણછાજતું છે. હીંદીઓની કુતરા જેવી સ્થિતી થઇ પડી છે. ને તેમને હેવાન જેવા ગણે છે. આવા જુલમને ટેકો આપનારા ગોરાઓ, બ્રિટીશ નહિ પણ અદેખા દુકાનદારો. જ્યુ, આરીરીયન, પોલ. ને જરમન એવા લોકો છે. તે એ લોકો ગોરા થયા ના દાવો કરવા માગે છે! હજુ પણ હીંદીની સુચના સ્વીકારવાનો વખત છે; તેમ કરવાથી બ્રિટીશ પ્રજા કલંકમાંથી બચશે.

મી. દાદા અબદુલ્લા

મી. દાદા અબદુલ્લાએ ટેકો દેતાં જણાવ્યું કે ટ્રાંસવાલના ભાઇઓ માટે મને બહુ લાગણી પેદા થાય છે. હીંદીઓ છેવટ સુધી લડશે એવી આશા છે. સરકારને દાદ આપ્યા વગર છુટકો નથી. નહિ તો હીંદ ખોઇ બેસે.

મી. શાપુરજી સાંઢેરીઆ

મી. સાંઢેરીઆએ ટેકો આપતાં જણાવ્યું કે બંગાળામાં ભાગલા પાડવાથી અશાંતિ નું એક બીજ રોપાયું હતું; અને ટ્રાંસ વાલના ભાઇઓપરના જુલમથી બીજું પણ રોપાશે. ને તે મદ્રાસ તથા મુંબઇ પ્રેસીડન્સીમાં. સરકારના વલણથી તેનું જ નામ બદનામ થાય છે અને તેને સમાધાન કર્યા વગર છુટકો નથી.

બાદ ઠરાવ સર્વાનુમતે પસાર થએલો જાહેર કરવામાં આવ્યો.

૩ જો ઠરાવ

"કોંગ્રેસ તરફથી, કોલોનીઅલ સેક્રેટરી જોગ, મેરીત્સબરગ. નીચે મુજબ ઠરાવ હીંદી બોઇસરોયપર મોકલવા કોંગ્રેસ અરજ કરે છે. ખરચ આપશું.—કોંગ્રેસ તરફથી લોર્ડ મીંટો, કલકતા. ટ્રાંસ વાલના જુલમી કાયદા સામે નાતાલના હીંદીઓ માસ મીટીંગ ભરી પ્રોટેસ્ટ કરે છે. હીંદી આગેવાનોને સખત જેલ આપવામાં આવી છે. નિરાધાર હીંદીઓ આજીજી કરે છે કે બોઅરોરામ વચ્ચે પડશે."

મી. પારસી રૂસતમજી

મી. પારસી રૂસતમજીએ ઠરાવ રજુ કરતાં જણાવ્યું કે—હીંદમાં આપણે લોકો

દુકાળને લીધે ભૂખથી પીડાય છે, ત્યારે તેવા ગરીબ લોકોના પક્ષકારો બ્રિટીશ લોકો ઐરાઆરામ કરે છે. હીંદમાંથી મેળવેલા પક્ષકારો આખું રાજ નભે છે; હીંદના પક્ષકારોથી ઈંડીયા ઓફીસનું ખરચ ખપાય છે, ત્યારે કોલોનીઓ ઈંગ્લાંડને એક પેની સરખી આપતાં નથી. એટલુંજ નહિ પણ ઉલટાના કોલોનીયલ સેક્રેટરીનું ખરચ વળી સરકાર આપે છે. છતાં વળી સરકાર હીંદી ઉપર જુલમ કરવા દે છે! તો હીંદીને લાજમ છે કે હવે સુસ્તી છોડી સરકારને બતાવી આપવું કે તેવો જુલમ તે મુંગે મોઢે સહન કરશે નહિ, પણ પાસીવ રીઝીસ્ટન્સથી વળી સરકારને ખાતરી કરી આપવાની છે કે હીંદીઓ ગુલામ થવા નથી માગતા. તેઓ સુધરેલી આબરૂદાર કોમના છે. જો હીંદી ભાઈઓ પોતાના જાતિઅભીમાન માટે તથા ઇજ્જત માટે છેવટ સુધી લડશે તો જરૂર જીત મળશે.

મી. ચેટીએ ટેકો આપ્યો ને તામીલમાં ભાષણ કરવું.

મી. હાસમ જુમા

મી. હાસમ જુમાએ ટેકો આપતાં જણાવ્યું કે કોઇ વિશ્વાસભંજનનો દાખલો જોઇતો હોય તો તેવો મોટામાં મોટો દાખલો ઇંગ્લાંડના પ્રધાનમંડળનો છે. મી. ગાંધી વગેરેને કેદમાં નાખવાથી જુલમની હદ થઇ છે. હીંદી લડવૈયાઓ બ્રિટીશને માટે ટ્રાંસવાલમાંજ લડયા હતા છતાં તેવા હીંદીપર જુલમ થાય છે એ જોઇ લોહી ઉકળી આવે છે. વગેરે. બાદ સરવાનુમતે ઠરાવ પસાર થયો.

૪ થો ઠરાવ

["કોંગ્રેસ તરફથી, સા. આ. બ્રિ. ઇ. કમીટીને, લંડન—ટ્રાંસવાલના જુલમી કાયદા અમલમાં મુકાયા છે. મી. ગાંધી તથા બીજા આગેવાનોને સખત જેલની સજા થઇ છે. વળી સરકાર હીંદીને દાદ આપતી નથી. બ્રિટીશ પ્રજા રાહેત આપશે એવી આશા રાખીએ છીએ."

મી. બી. ગેબરીઅલ

[મી. બી. ગેબરીઅલે ભાષણ કરતાં જણાવ્યું કે બ્રીટીશ લોકની આપણે દીલસોજી માગીએ છીએ તે અર્થીના નહિ પણ વિકાયતના. અર્થના ગોરાને બ્રિટીશ નામ આપી શકાશે નહિ. તેઓ ઇંગ્લાંડનો કીનારો છોડતાં બ્રીટીશ વિચારો ને લાગણીઓને મુકી આવે છે. જો દક્ષાંડ કોલોનીપર હાથ ન ધરાવી શકે તો ઇંગ્લાંડની પડાઇ માત્ર નામનીજ છે. આશા છે કે હિંદીને ન્યાય આપી ઇંગ્લાંડ બતાવી આપશે કે ખરેખર મહાન રાજ્યના નામને તે લાયક છે.

મી. ગુલામ હુસેન મીયાંખાને ટુંક શબ્દોમાં પણ અસરકારક રીતે ટેકો આપ્યો. મી. દોરાસામી પીલેએ તામીલમાં ટેકો આપ્યા બાદ ઠરાવ પસાર થયો.

૫ મો ઠરાવ

"કોંગ્રેસ તરફથી, દીનશા વાછા તથા સર શીરોજશાહ મહેતાને, મુંબઇ.—ટ્રાંસવાલના જુલમી કાયદા અમલમાં મુકાયા છે. મી. ગાંધી તથા બીજા આગેવાનોને સખત જેલની સજા થઇ છે. વળી સરકાર દાદ સાંભળતી નથી. હિંદમાં મોટો પોકાર ઉઠવાની જરૂર છે. આખાહિંદમાં આગેવાનો ને કેમલની નકલ પહોંચાડજો." આ ઠરાવને મી. સંઘવીએ રજુ કર્યો. મી. આયરે ટેકો આપતાં જણાવ્યું કે આપણે એકસંપથી કેટલું કરી શકીએ છીએ તે બતાવી દુનિયાને અચંબામાં નાખવા જેવો વખત અત્યારે છે. સરકાર હિંદીને કાઢી મુકવા માગે છે, ને તેથી આડી રીતે કામ લીએ છે. પણ આશા છે કે હિંદીઓ આ વાત સમજી શકશે અને છેવટ સુધી લડશે. મી. રોલતે ટેકો આપ્યો ને સખત શબ્દોમાં ટુંક ભાષણ કરવું. બાદ ઠરાવ પસાર થયો.

૬ ઠો ઠરાવ

"કોંગ્રેસ તરફથી, મીસીસ ગાંધીને, ફીનીક્સ.—હિંદીની લડત માટે મી. ગાંધી પર બહાદુરીથી જે ભોગ આપ્યો છે તે માટેની આફતના વખતમાં મીસીસ ગાંધી તથા તેમના કુટુંબને નાતાલના હિંદીઓ માસ મીટીંગ ભરી અંતઃકરણ પૂર્વક દીલસોજી બતાવે છે, ને ઇચ્છે છે કે હિંદુસ્તાનમાં બીજા પણ ગાંધી પેદા થાય."

ડો. નાનજી

ડો. નાનજીએ અંગ્રેજીમાં ભાષણ કરતાં જણાવ્યું કે બોયર સરકારે પોતાની આબરૂની બાજી ચાલુ રાખી છે. અંગ્રેજને ને તેઓ ધાંધા કાઢવા માંડયા છે, ને તેની જગાએ બોયરોને લાવે છે. તે તેઓ હિંદીને કાઢી મુકવા માગે તે દેખીતું છે. લોર્ડ સેલબોર્ન બ્રીટીશ ધોરણને તજી દીએ તે અફસોસની વાત છે. લોર્ડ સેલબર્ન સાવ નમાલા નીવડેલ છે. હિંદુસ્તાનની તેની કારકીરદી વખતે પુનાના નાતુ બ્રધર્સ જેલમાં નખાયા હતા. ઇંગ્લાંડની તેજુરી ભરનાર હિંદ છે. કોલોની કાંઇ આપતાં નથી. હિંદુસ્તાનમાં બ્રીટીશ સરકાર રાજ કરી શકે છે. કારણકે હિંદુ મુસલમાનને તે લડાવી શકે છે. હવે ઇંગ્લાંડ બરડું બસ ગાંડું છે. હિંદની ફરજ છે કે તેણે એકય થવું. ઠરાવ સંબંધમાં કહેવાનું કે આપણે લાગણી બતાવવાની છે તે મી. ગાંધી તરફ નહિ. તે તો જેલથી આનંદ માને છે. પણ આપણે મીસીસ ગાંધી તરફ ખરી લાગણી બતાવવાની છે. મી. રહેતુદીને, તથા બાજુ તાલેવંતસીંહે ચટતા શબ્દોમાં ટેકો આપ્યા બાદ ઠરાવ પસાર થયો.

તે ઉપરાંત ઠરાવ થયો કે દરેક પક્ષકારો એલાઓની ઓરતોને તથા કુટુંબને એવાજ તાર મોકલવા. બાદ મી. ગાંધી તથા બીજા જેલ ગએલા આગેવાનો માટે પણ વાર ખુશાલીના પોકાર કરી સભા બરખાસ્ત થઇ. સભાના કામકાજ દરમ્યાન ડંડી, ચાર્લસટાઉન, વેરૂલમ, તથા બીજી ઘણી જગાએથી મીટીંગના હેતુને ટેકો આપનારા તથા હડતાળ પાડવાના તારો આવ્યા હતા.

હીંદ કોંગ્રેસ કમીટીની એસોસીએશનની મીટીંગ

નાતાલ કોંગ્રેસની મીટીંગ થઇ રહ્યા બાદ ઉપરના એસોસીએશનની એક મીટીંગ કવીન સ્ટ્રીટમાં ભરાઇ હતી. ટ્રાંસવાલના હીંદી માટે ભાષણો થયા બાદ નીચે મુજબ ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા.

"સરકારનો જુલમ જોતાં આ મીટીંગને મોટો અફસોસ થયો છે. અને આશા છે કે હજુ સરકારને તેમાં ભુલનું ભાન કરાવશે તથા હીંદીલાઇ છેવટ સુધી લડશે."

બીજો ઠરાવ જેલ જનારા બહાદુર હીંદી ઓ તરફ દિલસોજીના હતો. જેની નકલ કોલોનીઅલસ્પરમ એસોસીએશનપર તથા સેંટ્રલ જેલમાં મી. ગાંધી વગેરેપર મોકલવામાં આવી હતી.

વેરૂલમમાં મીટીંગ

મી. ગાંધી વગેરેને જેલ મળી તેની લાગણી બતાવવા નાતાલ ઇંડિઅન કોંગ્રેસ ના તાર મુજબ અત્ર બધી દુકાનો શનીવારે બંધ કરવામાં આવી હતી. સોમવારે સવળા હીંદીની એક મોટી સભા મળી હતી જેમાં ટ્રાંસવાલ સરકારના કામ તરફ વાંધો દરશાવનારા તથા મી. ગાંધી અને તેના કુટુંબ તરફ દિલસોજી દરશાવનારા ઠરાવ કરવામાં આવ્યા હતા. અત્રેના મી. સુલેમાન ગુલામ અને સનની દુકાન શનીવારે બંધ કરવામાં નહીં આવેલ તે માટે તેમની સાથે કોઇપણ જાતનો સંબંધ નહીં રાખવાનું ઠરાવવામાં આવ્યું છે.

ટોંગાટમાં શોક

આગેવાનો જેલ જવાના ખબર થતાં

સભાના કામમાં બહુ વાગતા જેટલું દુઃખ થયું હતું. ગઈકાલે બધી દુકાનો તથા બધી રેસ્ટોરાં બંધ હતાં. મુસલમાન ભાઈઓએ મસ્જીદમાં, તથા હીંદુ ભાઈઓ એ મી. રેમંડના મકાનમાં મળી મુલ્કાન્ બરને પ્રાર્થના કરી હતી કે હીંદી ભાઈ ઓના દુઃખનો અંત લાવે, ને તેમને હીંમત બક્ષે. મીટીંગ બંધ થયા પછી તેમાં કવિતાઓ ગવાઈ, તથા બાપજીએ બમાં. પછી પ્રેસીડેન્સનો તથા બેલ બજવાના કુટુંબ તરફ દીલસોજીઓ દર્શાવી તથા પ્રાર્થના કરી સભા વીસર્જન થઈ હતી.

મારિત્સબરમમાં ગંજાવર મીટીંગ

સંપૂર્ણ હડતાલ

તીખાં ભાષણો

તા. ૧૧મીને ગઈકાલે મારિત્સબરમમાં હીંદી દુકાનો તથા ધંધા બંધ હતો. તથા એક જંગી મસ્ત મીટીંગ ટાઉન હોલના ઉપર કરવામાં આવી હતી, જેમાં ૭૦૦ ઉપરાંત માણસો હાજર થયા હતા. કેટલાક આફ્રીકન ભીનાઓ પણ જોવામાં આવતા હતા. મી. સી. વી. પીલેએ જુસ્સાદાર અને લંબાણ ભાષણ કરેલું. અને મી. ગાંધી તથા બીજાઓને જેલ મોકલવા માટે મી. "રમટસ અને કું." ના ક્રમસે સખત શબ્દોમાં વખોડી કાઢયું. મી. ગાંધી વગે રેનો કાંઈ વાંક હોય તો તે એટલોજ છે કે ટરાંસવાલ સરકાર તેમને લડવૈયા અને બદમાશો જેમ ચમકવા માગે છે અને મી. ગાંધી વગેરે કહે છે કે હીંદી કોમ તેમ કદી રહેવી નહિ. બાંમ અપમાનોનો જે વરસાદ આપણાપર વરસાવવામાં આવે છે, તેને કોઈપણ સ્વાભિમાની હીંદી સહન કરે નહિ. પણ લોર્ડ મેલનરે આપણને તજ દીધા તે માટે આપણે જવાબ દેવાનું નથી. સરકારના જુલમ થી મને જે રોષ પેદા થયો છે તેનું વર્ણન કરવા હું શક્તિમાન નથી. જે દીવસથી હીંદીઓ બ્રિટીશ પ્રજા ગણાય છે, તે તેમને બ્રિટીશ સરકારે વચનો આપ્યાં છે ત્યારે બોઅરોનું ઈતિહાસમાં નામ પણ નહોતું જોવામાં આવ્યું. હેલ્ફ કાલ સવારના બોઅરોએ બ્રિટનનાં વચનો પર પાણી ફેરવાવ્યું છે, અને એવી ભય કર તુલ કરી છે કે આપણું રાજ તેના પરીણામે પામમાલ થશે. આપણી લડત સત્યની છે. માટે આપણે તીરપણે લડવાનું છે. બોથા, સ્મટસ અને તેના ગ્રેડીઓ ભલે ચાય તે કરી લીએ.

મી. એન. બી. નાયકે જણાવ્યું કે આપણે ટરાંસવાલના બ્રિટીશ રાજના મુંહ નારાઓને કહેવા માગીએ છીએ કે અમ ને ટરાંસવાલના ઘાડી ખાનારાં બીધના મોમાંથી બચાવો. હવે વધુ વખત સુધી આપણે મુંગે મોઢે જુલમ સહન કરવું નહિ.

મી. મણીપતરામ, મી. બી. એમ. પટેલ, મી. એસ. આર. નાયકુ, તથા મી. બાર. એમ. મુડલે વગેરેએ ભાષણો કર્યાં. બાદ નીચેના ત્રણ ઠરાવો એકમતે પાસ થયા.

(૧). ટરાંસવાલના બ્રિસ્તીપણાને ન લાજતા અને જંગલી કાયદાઓની સામે બહાદુરીથી થવા માટે મી. ગાંધી તથા બીજા આગેવાનોને મારિત્સબરગના હીંદીઓ માસ મીટીંગ ભરીને મુબારકબાદી આપે છે; અને ટરાંસવાલના બીજા ભાઈઓને આગ્રહપુરવક જણાવે છે કે તમારા કસમને છેવટ સુધી વળગી રહેજો, ને ન્યાય અને ધાર્મિક સ્વતંત્રતા માટેની લડતમાં છેવટ સુધી મક્કમ રહેજો.

(૨). જોહાન્સબરગ ચાઇનીઝ એસો સીએશનને. ટરાંસવાલના જુલમગાર અને અપમાન ભરેલા કાયદાની સામે થવા માટે મેસરસ કરીત, એસ્ટન, તથા બીજા ચીના ઓને મારિત્સબરગના હીંદીઓ માસ મીટીંગ ભરીને મુબારકબાદી આપે છે તથા ચીના કોમને આગ્રહ કરે છે કે ન્યાયીપ તામ અને સ્વાભિમાન માટેની લડતમાં છેવટ સુધી મક્કમ રહેજો.

(૩). (મીસીસ ગાંધીને) આપણી પ્રાતવી સાધ્વી અને ધાર્મિક છુટ માટેની લડતમાં મી. ગાંધીને જેલમાં જવાનું બન્યું તે બદલમાં મારિત્સબરગના હીંદી ઓ મીસીસ ગાંધી તથા તેમના કુટુંબ તરફ અંતઃકરણપુરવક દીલસોજી બતાવેછે.

બાદ મીટીંગ બરખાસ્ત થઈ હતી.

રવિવારે પ્રાર્થના વખતે પણ બહુ ઠેકાણે હિંદીઓએ ટરાંસવાલના હીંદી ભાઈઓ માટે દુઆ માગી હતી. કેટલેક ઠેકાણે નાની નાની મીટીંગ હતી અને જુવાન વરસાતઓ હાલના સામલામાં વિવેચન કરતા હતા.

'ટરાંસવાલ લીડર' (જોહાનીસબરગ) નામના પત્રમાં જોહાન્સબરગના જેલમાં ગએલાઓ ના એક ફોટો, તથા એક બીજો ફોટો તે દિવસે મી. ગાંધીની ઓફીસ આગળ મળેલા ગોરાઓ માણસના દેખાવનો આપવામાં આવ્યો છે.

'ટરાંસવાલ લીડર' (જોહાનીસ) નામના પત્રમાં જોહાન્સબરગના જેલમાં ગએલાઓ ના એક ફોટો, તથા એક બીજો ફોટો તે દિવસે મી. ગાંધીની ઓફીસ આગળ મળેલા ગોરાઓ માણસના દેખાવનો આપવામાં આવ્યો છે.

બહાદુર પંજાબી લડવઈયા

અસરકારક અપીલ

"સ્મટસ ને બોથા અમને જલે ગોળીથી ઉડાવી દીએ"

પંજાબી લડવઈયા (જમાદાર નવાબખાન તથા સમુંદરખાન વગેરે) તરફથી લોર્ડ એલગીનને અરજી કરવામાં આવી છે તેનો સાર નીચે આપીએ છીએ.

"અમે વૃદ્ધ થએલા છીએ. અને થોડો વખત થયાં હિંદી લશ્કરની નોકરીમાંથી ફારગત થયા છીએ. બોયર લડાઈ વખતે અમે આવ્યા છીએ. તે વખતે અમે હિંદી લશ્કરમાં હતા.

ટરાંસવાલમાં રહેવાનો અમને હક છે એ બતાવનારાં સરટીફીકેટો આ સાથે બીડ્યાં છે. રજીસ્ટર થવું એ નામોશી ભરેલું છે; તથા હડહડતા અપમાન બરોબર છે; અને અમારા ધરમથી વિરુદ્ધ છે. હિંદી સરકારને અમારી ધાર્મિક લાગણીઓ સાંચવવા બહુ ચીવટ રાખવી પડે છે. આ સંબંધમાં ટરાંસવાલ સરકારે મોટી ભુલ કરી છે. દેશાભીમાની વૃદ્ધ લડવઈયાને અપમાન અને નામોશીમાંથી રક્ષણ નહિ મળી શકે? ના. શહેનશાહની વફાદારીથી અમે નોકરી બજાવી તેનો આવો બદલો હોય એ અમે માની શકતા નથી. જો ના. શહેનશાહના હિંદી લડવઈયા ઓને ટરાંસવાલમાં ન્યાય અપાવવા તમે સકિતવાન ન હો તો અમે એટલું માગીએ છીએ કે અમને નામોશી, જેલ, અને દેશવટામાંથી બચાવો. અમે બ્રિટીશ લડ વઈયા છીએ. રાજના ભલા માટે લડાઇના મેદાનમાં ઉતર્યા છીએ ને અમારા જનને જોખમમાં નાખ્યા તે માટે અમે મગરૂર છીએ. માટે અમે વધુમાં એવું ઇચ્છીએ છીએ કે ના. શહેનશાહે જનરલ બોથા અને સ્મટસને એવો હુકમ કરવો કે દક્ષીણ આફ્રીકાના રણક્ષેત્રમાં તેઓ (જનરલ બોથા અને સ્મટસ) અમને ગોળીથી ઠાર કરે, કે જે રણક્ષેત્રમાં બ્રિટીશ રાજ માટે અમે દુશ્મનોની ગોળીઓ તળે ઘુમેલા છીએ.

ટ્રાંસવાલના મામલા પર વિલાયતમાં ચરચા

(૩૬૨)

સર રેમંડ વેસ્ટે ગી. ગાંધી જેવાને જેલમાં નાખવા માટે બ્રિટીશ લોકોએ દિલગીર થવું જોઇએ. તથા આ બાબત માં જેઓ ભાગ લેવા માગતા હોય તેમણે આફ્રિકાના ગોરાઓમાં ફેરવવા એક અપીલ કાઢવી જોઇએ.

'ડેલી મારીઃ' લખે છે કે એ સજાઓ ઇંગ્લાંડના ઉપર કલંકરૂપે છે. ને તે માટે જોખમદાર લોરડ એલગીન છે.

'વેસ્ટ મીનસ્ટર ગેઝેટ' ટ્રાંસવાલનો મામલો ઉઘા મના માટે નાખુશી બતાવી જણાવે છે કે ટ્રાંસવાલની એક જુલથી આખું રાજ મોટા જોખમમાં આવી પડવા સંભવ છે.

'ગ્લોબ' કહે છે કે પાલમેંટે એ સવાલ પર તુરત વિચાર કરવો જોઇએ. ઇંગ્લાંડ કહેતું કે તેની પ્રજાના લોઠ તેના મુલકમાં ગમે તેમ આવી જઈ શકે. આ મંજરી તે આજે નામોશી થઇ પડી છે.

'ડેલી ન્યુઝ' લખે છે કે એ સજાઓથી ઇંગ્લાંડમાં ખળભળાટ જાગશે. દિલગીરીની વાત છે કે લોરડ એલગીન દૃઢતા બતાવી શકતા નથી.

'લીડર'ના કટરના લંડન બાતેના પ્રતિનીધિને મી. હેરલ્ડ કોકસ એમ. પી. એ જણાવ્યું હતું કે જે નામોશીને અંગ્રેજો કદી ન શરણ થાય તેવીજ નામોશીને લીધે હીંદીઓ કાયદાને શરણ થતા નથી. એવા ગુન્હા માટે માણસોને આવી જંગલી સજા કરવી તેથી બ્રિટીશ વાવટો બદનામ થાય છે; અને તેવી સ્થિતિ જોઇ મને મોટો ખેદ થાય છે.

વડી પાલમેંટની બેઠકની શરૂઆત વખતે ના. સહેનશાહના ભાષણ ઉપર મી. હેરલ્ડ કોકસ એવો સુધારો રજુ કરશે કે ટ્રાંસવાલના હીંદીનું રક્ષણ નથી કરવામાં આવ્યું એ મોટા ખેદની વાત છે. આ સુધારાને મી. ઓ. ગ્રેડી ટેકો આપશે.

વિલાયત આસપાસ બાબતે એક મોટી માસ મીટીંગ મળી હતી, જેણે ઠરાવાનુસારે ઠરાવ કરી ટ્રાંસવાલના એશીઆટીક કાયદા સામે સખત પ્રોટેસ્ટ કરવા છે.

મી. રીચ એસોસીએશનને કેબલ કરે છે કે વિલાયતમાં હિંદીની તરફેણ કરે એવી જાહેર મીટીંગ બહુ જલદીથી ભરાશે.

લંડનની માસ મીટીંગ

વધુ વિગત

(૩૬૨)

માસ મીટીંગના બોલનારાઓમાં પ્રસિદ્ધ ગોરાઓ તથા હિંદીઓ હતા. તેમાંના મી. હેરોલ્ડ કોકસ એમ. પી. એ જણાવ્યું કે દક્ષિણ આફ્રીકા કાને સાથ ગોરાઓનો મુલક બનાવવાનું કદી પણ થઇ શકશે નહિ. સર મંચેરજી ભાવનગરીએ એન્ટી એશીયાટીક કાયદાને મંજુરી આપવાની રાજનીતીને વખોડી કાઢી. મી. ઓ. ગ્રેડી એમ. પી. એ આંકડાની રીત દાખલ કરાઇ તેની સામે સખત વાંધો બતાવ્યો. સર વીલ્યમ વેડરબરને જણાવ્યું કે ટ્રાંસવાલના હિંદીઓના હાલ ઉપરથી જણાય છે કે ગોરાઓ બીજી જાતના લોકોને કચરી નાખવા માગે છે. કે કોલોનીના લોકો આખા રાજના વિભાગ હોવા માટે હક્કો ભોગવે છે તેમણે ન્યાયના સિધાંતોને દાખલ રાખવાજ પડશે. સર રેમંડ વેસ્ટ તથા સર હેનરી કોટન એમ. પી. એ પણ ભાષણ કર્યાં હતાં. પછી પ્રોટેસ્ટનો ઠરાવો પસાર થયા હતા. તેમાં જણાવ્યું છે કે ટ્રાંસવાલનો કાયદો હિંદીઓને હાંકી કાઢવા માટે ઘડાયો છે. વડી સરકારે તેવા કાયદાને મંજુરી આપી તે દીલગીરી ભરેલું છે. અને તેની ફરજ છે કે તેણે વચ્ચે પડવું.

ટ્રાંસવાલના મામલાપર છાપાની ટીકા

'મરકયુરી'

તા. ૧૪ મી એ લખે છે કેઃ—મી. ગાંધી તથા કેટલાક બીજા હીંદી આગેવાનો જેલ જવાથી ટ્રાંસવાલનો એ આટીક સવાલ એક જગતું આગળ વધ્યો છે. ટ્રાંસવાલમાં ઉઠેલો સવાલ વડી સરકારને લગતો છે. તે હીંદીઓને લાગુ પડે છે કે જેને આ મુલકમાં બીલકુલ વોટ છે નહિ. ખોટી પરમીટો લઇને કેટલાક દાખલ થયા એમ કહેવામાં આવ્યું છે પણ તે કોણ તે સાબીત હજી હવે કરવાનું છે તેમાં વાંક હીંદીનો છે, કે ખરીદ ભરવા મામનારા ગોરાનો છે તે જોવાનું છે. ટ્રાંસવાલમાં વગર હકના હીંદી અને સુરોપનો કચરો ભરવા માટે એશીઆટીક ઓરીસનો દોષવાળો કારભાર તથા પ્રમીગ્રેશનના પારાનો કારભાર જોખમદાર છે. છતાં હીંદીઓને તે માટે જોખમદાર ગણવામાં આવ્યા છે. બને તેમ હોય પણ પ્રમીગ્રેશનનો કલાજ લેવામાં મી. ગાંધી તથા તેના સ્વદેશીઓ વિરૂદ્ધ નથી. પોતાને દિલગીરી અને કલાપણ વાપરવામાં ટ્રાંસવાલને કાંઇ બોજો તેમ નથી. ટ્રાંસવાલ સરકારે વડી સરકારની દિમતિનો વિચાર, અને તેમ કરીને પણ, કરવોજ જોઇએ. વડી સરકારે ટ્રાંસવાલના રાજકરવારા તરફ બહુ ઉદારતા બતાવી છે; એટલે વડી સરકારની સ્થિતિનો વિચાર કરવામાં આવે તેમાં ટ્રાંસવાલે બહુ કર્યું ગણાશે નહિ. કારણ કે વડી સરકાર મુશ્કેલીમાં છે, અને તે આ સવાલમાં ઠરેટી તરીકે છે. જો કુંગરે આવો અમલ શરૂ કર્યો હત તો આજે જુલમને ટેકો આપનારાઓ પોતેજ તેની વિરૂદ્ધ બોલત એમાં જરાએ શક નથી. 'ટ્રાંસવાલ લીડર' તથા મી. ચેમ્બરલીનના શબ્દો ધ્યાનમાં લેવા જેવા છે. જેઓ પોતાની ટેકની ખાતર લડતા હોય તેવાઓ માનને લાયક છે. આપણી પોતાની જાતના બહા લોકો ટેકને ખાતર લડયા છે અને પોતાની પ્રજાને તેમ કરીને તેમણે બળવાન કરી છે.

'ટ્રાંસવાલ લીડર'

તા. ૬ઠ્ઠીના અંકમાં લખે છે કે—આપણે બધાને જેલમાં નાખી શકીએ એ કબુલ રાખીએ તોપણ ગોરાઓ તેવી રીતે જુના વસી રહેલાઓને ઉત્તેજન આપી જુલમ કરવા ઇચ્છે છે શું? આજે એશિયાટીક તો વારો છે: કાલે બીજાનો વારો આવશે. વળી આપણે બ્રિટીશ સરકારના પૈસાવડે કોલોનીને બીલવી શકીએ છીએ. તે પૈસા ઇંગ્લાંડને મોટે ભાગે હીંદમાંથી મળે છે. આપણે ઇંગ્લાંડપર લોન માટે આધાર રાખીએ છીએ, તેથી તે મુસીબત ન આવે તેમ કરવા નીતિની રીતે બંધાએલા છીએ.

તા. ૧૦મીના અંકમાં 'ટ્રાંસવાલ લીડર' લખે છે કે—કાલનો દિવસ એ દક્ષિણ આફ્રિકાના એકલાજ નહિ, પણ આખા બ્રિટીશ રાજના ઇતિહાસમાં જાણવા લાયક થઇ પડશે. મી. ગાંધીનું બોલવું આપણે જેમણે વાંચ્યું હશે તેમને લાગણી થયા વગર નહિ રહી હોય. આ સવાલ જોતા આવ્યા છે તેવા હજારો માણસ ઇચ્છતા હશે કે અરસપરસ સમજુતીથી કામ થાય તો ઠીક. મી. ગાંધી તે મુંગા લોકોના અવાજરૂપે હતા. તેમને જેલમાં મોકલ્યાથી આખા રાજમાં સઘળે બેચેની જેવા

કરે એવા વિચારો ઉભા થાય છે. તા. ૨૯મીના સાદની પ્રજાના લોકોને ટ્રાંસવાલે જેલમાં મોકલ્યા છે; તેમાં મગરૂરી માને એવો ટ્રાંસવાલર ભાગ્યેજ કોઇ હશે.

'રાંડેલી મેલ'

લખે છે કે:—મી. ગાંધી અથવા બીજા કોઇને જેલમાં નાખવાની કોઇની ઇચ્છા હતી નહિ. તેમને જેલમાં નાખ્યા એ હકીકતથી પણ કોઇ રાજી થતું નથી. તેમણે કાયદો કબુલ ન કરયો અને સખત પગલાંની જરૂર પડી તેથી ઘણા ખરા દિલ ગીર પણ થયા હશે. છતાં કાયદો ચોપડે ચડયો એટલે તેને અમલમાં મુકવો જોઇએ.

ધ્લોબમ્ફ્રેન્ટીન 'ફ્રેંડ'

લખે છે કે—આગેવાનોને પકડયા તેથી જો હીંદીઓ ડરી ન જાય ને સરકાર હદ કરે તો ૬૦૦૦૦ વાસ્તે નવી જેલો બાંધવી પડે. વળી રજીસ્ટર ન થનારામાં ચીનાઓ છે. તેમણે ચીનાઇ સરકારપર પ્રોટેસ્ટ મોકલેલ છે. આ ચીનાના કેસથી ચીનમાં ગોરાઓ સામે તિરસ્કાર વધશે, ને ચીનમાંના ગોરા વેપારી અથવા મિશનરીઓનાં ખુનનો બનાવ પણ બને. આમ થાય તો તે ટ્રાંસવાલની એસિયાટીક સામેની તોછડી વરતણુંકનું પરિણામ ગણાશે.

તા. ૧૩મીના લખાણમાં 'ફ્રેંડ' લખે છે કે—વધુ હીંદીઓને જેલમાં નાખવાથી સરકારને હીંદીના નિશ્ચયની ખાતરી થશે. એટલે પાર્લામેંટની ખાસ મીટીંગ ભરી હીંદીઓની ફરિયાદ ધ્યાનમાં લેવી અને એ સવાલનું સમાધાન કરવાનો રસ્તો લેવો. સત્યની ખાતર લડનારા ગમે તેવા હોય તોપણ તેઓ મોટામાં મોટી સરકારના પણ માનને પાત્ર છે.

'પ્રીટોરીયા ન્યુસ'

લખે છે કે—ગઇ હાલના બનાવો (મી. ગાંધી વગેરેને જેલ મળી તે) થી બધા વટી સરકારના જવાબદારીઓને, અને આખા રાજનું હીત ચાહનાર દરેક માણસને અસંતોષ થયા વગર નહિ રહેતો હોય. બ્રિટીશ પ્રજાના લોકોને જેલ ભોકલવામાં આવ્યા છે તથા સત્યની ખાતર દંડ અને સખત મજૂરીની સજાઓ પણ થએલી છે! તેઓ કાયદેસર ચાલનારા, પ્રમાણીક, ને નીતિવાન છે. તેમણે કોઇ જાતનો ગુન્હો કરયો નથી. તેમની લાગણી આપણે ગોરા સમજી શકતા નથી.

પણ કહેવું જોઇએ કે એ લાગણી ને સારૂં. તેઓ સખ્તમાં સખ્ત સજા ઉઠાવવા અને પોતાનું સરસ્વસ્વ ગુમાવવા તયાર થયા છે.

અખબારપત્ર

—*—

જોહાન્સબર્ગ

(અમારા ખાસ પ્રતિનીધિ તરફથી.)

પકડશે

કદાચ થોડા બીજા આગેવાનોને પકડશે એવો સંભવ છે. પણ તે કોણ અને કયારે એ નકકી નથી. પણ મને ખબર મળ્યા છે તેપરથી એતો ખુલ્લુંજ છે કે થોડા પકડાશે, ગમે તેમ હો પણ હાલતો લોકોમાં જુસ્સો ખરેખરો પ્રગટી નીકળ્યો છે. અને એવોજ જુસ્સો કાયમ રહેશે તો કાયદાની બેડી બહુજ ટુંકા મુદતમાં કુટશે. આ વખત હીંમતને હિંમત હારવાની નથી. પણ એકત્ર થઇ સરકારને દેખાડી આપવાનું છે કે અમે પોતે આગેવાન છીએ. અને તેમ કરી પોતાને છુટા થવાનો મારગ મેળવવાનો છે.

ચાઇનીઝનું જોર

શુક્રવારે રાતના ૮ વાગે ચાઇનીઝ લોકોની મીટીંગ મળી હતી. તેમાં અત્યંત જુસ્સો જોવામાં આવતો હતો. કાયદાને શરણ થવા કરતાં મોતને શરણ થવા બહેતર ગણ્યું હતું. મી. પોલાકે ભાષણ કરયું હતું. પછી સભાએ ઠરાવ કરયો હતો કે જે કોઇ હીંદી રજીસ્ટર થશે તેને ચીનાઓ બાયકોટ કરશે.

મી. કવીનનો કાગળ

ચાઇનીઝ એસોસીએશનના પ્રમુખ મી. લ્યુઅંગ કવીને જાપામાં કાગળ લખ્યો છે. તેમાં જનરલ સ્મટસને જવાબ આપવામાં આવ્યો છે. જનરલ સ્મટસે પોતાના ભાષણમાં જણાવેલું કે ચીનાઓ હીંદીને લીધેજ લડે છે, એટલે કે ચીનાઓ મજબુત હોવા કારણ નથી. મી. કવીને જણાવ્યું છે કે ચીનાઓ બહુજ મજબુત છે ને તેમણે લડત પોતાની મેળેજ લીધી છે. વળી તેઓ લખે છે કે હીંદી કોમ ગમે તેમ કરે. તેના માણસો ટાયદો કબુલ કરે કે ન કરે, છતાં ચીનાઓના પ્રમુખ તરીકે હું કહી શકું છું કે ચીનાઓ કદી કાયદો કબુલ કરશે નહી. અમે સ્વતંત્ર રાજના લોકો છીએ, અને અમને અમારી પ્રજાના માન વાસ્તે મગરૂરી છે. ચીનાઇ કોંનસલે જો કાંઇ રજીસ્ટર થવા બાબત કહ્યું હોય તો તે તેણે જાહેર કરવું જોઇતું હતું. વળી તેનો અખત્યાર ચીના કુલી ઉપર છે, સ્વતંત્ર ચીના ઉપર નહીં. તેણે એવું કહેવામાં અમારી કોમને પુછ્યું નહોતું.

કરગર્સડોર્પના ગોરા

કરગર્સડોર્પના ગોરાઓના સંબંધમાં એવું જણાવવામાં આવ્યું છે કે—તેઓ કહે છે કે ચીના મજુરો અમારા સરસ્ત ધરાક હતા. તેમને કાઢવાથી અમારી ખેતરની પેદાશ વેચાતી નથી. તથા હીંદીઓ અમારા માલની ફેરીમાટે સરસ માં સરસ કામ બજાવતા. તેમના સંબંધમાં લડત શરૂ થઇ છે ત્યારથી અમારો માલ ખપાવવાનું મુશ્કેલ થઇ પડયું છે. ટનના હિસાબે તરકારી બાજોપર વેચાતી તે આજે સાય બંધ થઇ છે. તેને બદલે ગોરાઓમાં તેથી અરધા ભાગનો માલ પણ ખપશે નહીં. આ લોકો નુકસાની માટે પોતાના ડીસ્ટ્રીકટના મેંબર મારફત સરકારને અરજ કરવાના છે.

દિલસોજીના તારો

નાતાલ કોંગ્રેસ, સુરત હીંદુ એસોસી એશન, (ડરબન) મી. પારસી રુસ્તમજી, મેસરસ દાવુદ મહમદ, ભાભા (મીડલબરગ), પોચેફસ્ટ્રમ એસોસીએશન, મી. મહમદ ઇસ્માઇલ (કલર્કસડોર્પ), બોકસ બરગ હીંદી કોમ, દર્બ (લોયર ટ્વુગેલા), મેસરસ મેઢ, જેશી, મુકલ (ડરબન), મહેતા કલબ (ડરબન), પોર્ટ એલીઝાબેથ ચાઇનીઝ એસોસીશન, મી. બાલુ ગુરૂ (ડરબન), ત્રાઇબરગની હીંદી કોમ, જુટનીક હીંદુ સોસાયટી, પોચેફસ્ટ્રમ હીંદુ કોમ, મી બોકા (હેડલબરગ), મી નરસી જીણાભાઇ, મી. હીરજી મુળજી, મી. નાનજી દુલભદાસ (ત્રણે ડેલાગોઆ બેના), મી. આજમ આમેદ (લીકતન બરગ), મેફેકીંગ ઇંડિઅન એસોસીએશન, મી. મુસા નુર મહમદ (સ્ટેલનબોસ બ્રિટીશ ઇંડિઅન એસોસીએશન), મી. બીખા (જુટનીક), ઇસ્ટ લંડન ઇંડિઅન એસોસીએશન, લેડીસ્મીથ ઇસ્લામીઆ સોસાયટી, ડરબન હીંદુ કોઓપરેટીવ એસોસીએશન, ઇસ્ટ લંડન હીંદુ ધરમ સભા. એ તથા બીજા કેટલાક કોંગ્રેસોથી દિલસોજી બતાવનારા, હિંમત આપનાર તથા લડતમાં છેવટ સુધી ટકી રહેવાની ભલામણના તારો બ્રિટીશ ઇંડિઅન એસોસીએશનને મળ્યા છે. તે બધાનો આભાર માનવામાં આવે છે.

ફરીથી સ્મટસ સાહેબ

સ્મટસ સાહેબે ફરીથી ભાષણ કરયું છે. તેમાં પણ હિંદી આગેવાનોથી હિંદી કોમને ખુટવવાનો પ્રયત્ન કરયો છે. સાહેબ એમજ ગણે છે કે આગેવાનો જશે એટલે પાછળનાઓ મેંઢાની પેઠે રજીસ્ટર થઇ જશે. પણ આમાં તેમની

શાજી સા૦—તે ગુન્હો ન કહેવાય. હું માગણી કરું છું કે મને પાંચ મીનીટમાં ટ્રાંસવાલ છોડવાની નોટીસ આપશો. પણ હું તમને એક સવાલ પુછું છું કે જો તમને (માજીસ્ટ્રેટને) કહેવામાં આવે કે પાંચ મીનીટમાં ટ્રાંસવાલમાંથી ચાલ્યા જજો તો તેમ કરો ખરા કે?

માજીસ્ટ્રેટે ૧૪ દિવસની નોટીસ આપી.

પછી જમાદાર નવાબખાન તથા સમું દરખાનને બોલાવ્યા કે તુરતજ તેઓ લશ્કરી પોશાકમાં હાજર થયા.

સરકારી પુરાવા મુજબ તેમને તા. ૩ જીએ નોટીસ મળી હતી અને ૧૭મીએ ૫ વાગે પકડેલ. માજીસ્ટ્રેટે જણાવ્યું કે આરોપીની નોટીસની મુદત નથી થઇ. તે કદાચ આજ રાતની ટરેઇનમાં જાત તો? પોલીસને શું ઉતાવળ આવી હતી કે આવી જુલમ કરે છે?

સુપ્રી. વરમન—સાહેબ, મેં સુચના કરી હતી.

માજીસ્ટ્રેટ—તે કાંઇ કામ ન આવે. તે માણસની મુદત ૧૭મીની રાતરે બાર વાગે ખલાસ થાય: એટલે તેને મુદત પહેલાં પકડેલ છે.

જમાદાર નવાબખાન—આજે કેસ ચાલે કે કાલે તેમાં મને કાંઇ હરકત નથી. આજેજ કેસ ચલાવો એવું કહ્યું હતું.

માજીસ્ટ્રેટે તેમ કરવા કબુલ કરયું નહિ. તેથી જમાદાર નવાબખાનને છોડી મુકવા માં આવ્યા.

જમાદાર સમુંદરખાનને બે માસની જેલની સજા કરવામાં આવી.

મી. ગાંધીનો કેસ તેમના વકીલ મી. ડી. વીલીઅર્સની અરજીપરથી તા. ૨૭મી ૫૨ મુલતવી રહ્યો.

ફેરીવાળાના કેસો

શનીવારે ૧૮ ફેરીવાળાના કેસ 'ડી' કોરટમાં માજીસ્ટ્રેટ મી. ગ્રેહામ કોસની કોરટના ચાલવાના હોવાથી ટોળાબંધ હીંદીઓએ કોરટમાં હાજરી આપી હતી. આરોપીઓએ જણાવ્યું કે અમે લાઇસેન્સ માટે અરજી કરી હતી, પણ રજીસ્ટર ન હોવાને લીધે આપવામાં આવ્યાં નહિ. પોલીસે લાઇસેન્સ માગતાં સહુએ પોતાનાં જુનાં લાઇસેન્સ બતાવ્યાં હતાં. માજી સ્ટ્રેટે ચુકાદો આપતાં પા. ૨નો દંડ અથવા ૧૪ દીવસની જેલની સજા કરી: અને સાથેણી સાથે જણાવ્યું કે મારે કાયદામાં હોય તે પ્રમાણે અમલ કરવાનો છે. હું જાણું છું કે પા. ૨૦ સુધીનો દંડ કરવા તે માજીસ્ટ્રેટને સત્તા છે. અને પા ૫ કરતાં વધારે દંડ હોય ને તે ન આપવા માં આવે તો ત્રણ માસની જેલ આપી શકાય છે. આરોપીને પા. ૨ના દંડના અથવા ૧૪ દીવસની જેલની સજા કરું છું. સહુએ દંડ આપવાનું કબુલ ન કરતાં જેલ પસંદ કરી હતી.

સોમવારે "ડી" કોરટમાં મી. ગ્રેહામ કોસ આગળ ૫૭ ફેરીવાળાને કોરટમાં હાજર કરવામાં આવતાં બધાને ૧૪ દિવસ

જેલ અથવા પા. રનો દંડની સજા થતાં સહુએ જેલ કબુલ કરી.

વધુ છોકરાને સગીર વયના મણી માજી સ્ટરેટે છોડી મુકયા.

મી. અહમદ સુલેમાન, તથા મી. મુસાજી અહમદ જેઓ પીકેટો હતા તેમને ૧૪ દિવસની નોટીસ મળી.

બીજા ૩૫ ફેરીવાળાને ૧૪ દિવસની જેલ આપવામાં આવી. માજીસ્ટરેટે ચુકાદામાં જણાવ્યું કે આ લોકોના વરણનની ચોપડીમાં 'હીંદી કુલી' એવું કહેવામાં આવ્યું છે. હું પોલીસનું ધ્યાન ખેંચું છું કે આ લોકો 'કુલી' નથી; 'કુલી' શબ્દ તો ગાળ તરીકે વપરાય છે. તેઓ હીંદી છે અને તેમને હીંદીજ કહેવા જોઇએ.

બીજા પાંચ ફેરીવાળાને સગીર વયના ગણીને છોડી મુકવામાં આવ્યા.

નીલીસ્ટ્રમના મી. ઇબ્રાહીમ તુરને ૧૪ દિવસની નોટીસ મળી છે.

બારબરટનમાં મી. સુલેમાન મુસા મી. અ. મુરાસામી, તથા મી. ઇબ્રાહીમ મુસા ને ૧૪ દિવસની નોટીસ મળી છે.

પોચેસ્ટ્રમના હીંદીનો કેસ તા. ૧૬મી એ હતો. વકીલે બચાવમાં જણાવ્યું હતું કે બધાં ગામોમાં ઓરીસ ગઇ તેમ પોચેસ્ટ્રમમાં નહોતું બન્યું. ૩૦મી નવે મ્બર સુધીમાં બધા રજીસ્ટર થઈ શકે તેમ હતા, તેમ જણાવી સરકારી વકીલે આ વાંધો રદ કર્યો. આરોપીના વકીલે જણાવ્યું કે આરોપીઓ હાઇકોરટ સુધી જવાનો ઇરાદો રાખે છે માટે કેસ મુલતવી રાખવો. વળી મેસરસ રહેમાન ને પટેલ આ કાયદા તળે નથી આવતા એમ સાબીત કરવા હું આશા રાખું છું. બાદ કેસ મુલતવી રહ્યો છે. મંગળવારે એક વધુ હીંદીને પકડવામાં આવેલ તે મળી કુલ ૮ હીંદી પોચેસ્ટ્રમમાં તા. ૨૩ સુધી પકડાયા છે.

સોમવારના કેસ

જમાદાર નવાબખાનને ફરીથી પકડવામાં આવ્યા અને કેસ ચાલતાં બે માસની સાદી જેલની સજા થઇ.

રૂસ્ટીપોર્ટના મી. હસનમીંઆંનો કેસ ચાલતાં તેમને ૧૪ દિવસની નોટીસ મળી.

મેસર્સ નનુમીંઆ રહેમતુલા, મહમદ ઇબ્રાહીમ કુનકે, હસનમીંઆ ઇબારે, અબદુલ જબ્બર ઇજંદાર, અને અહમદ કરોદીઆને ૧૪ દિવસની નોટીસ મળી.

ચાઇનીઝ એસોસીએશનના નવા ચેરમેન મી. વેંગસી, તથા મી. હો લીંગ, તથા મી. સુ ચીન તથા બીજા ૧૩ ચીનાના કેસ ચાલ્યા.

મી. વેંગસીએ જણાવ્યું કે ૨૧ વરસ થયાં અહીં છું. હોલસેલ અને રીટેલ વેપાર કરું છું. દક્ષિણ આફરિકામાં સાદી કરી છે. મારે એક છોકરી છે તેને ૬૨ સનમાં બોલાવું છું. કાયદો બહેજજ ખરાબ છે. તેને શરણ થવું તે મારી પ્રબ્ન માટે નામોશી છે. જેમ બને તેમ ઢુંકા નોટીસ માગું છું. મી. હો લીંગે જણાવ્યું કે હોલસેલ વેપાર કરું છું અને ચીનમાંથી પરબારો માલ આયાત કરું છું. હાલ પા. ૮૦૦૦ થી ૯૦૦૦નો માલ મારી પાસે છે, તથા પા. ૨૦૦૦ ની ઉધરાણી છે. હું તો આજસુધી એમ ધારતો હતો કે અંગ્રેજને સુધરેલા છે, અને ન્યાય આપનારા છે. કાયદો એવો ખરાબ છે કે ઇન્સાન કદી તેને શરણ ન થાય. મારે બૈરી તથા પાંચ છોકરાં છે. પણ તેનું શું થશે તેની મને પરવા નથી. માટે ઢુંકામાં ઢુંકી નોટીસ માગું છું. મી. લુ ચીને જણાવ્યું કે હું ચીના પીકેટોનો મુખી હતો. એસિયાટીક માટે આવો કાયદો અમલમાં મુકવાનો પ્રયત્ન કરવામાં સરકારે ભુલ કરી છે. ૧૯૦૬ના સપ્ટે મ્બરથી મેં મારૂં કામ છોડી કાયદા સંબંધમાં પબ્લીક કામ હાથમાં લીધું છે. વિગેરે. બીજા ચીનાઓ પણ ઉપરના પ્રમાણેજ જુબાનીઓ બોલ્યા બાદ માજીસ્ટરેટે બધાને ૧૪ દિવસની નોટીસ આપી છે.

કરસનીમાં રેલવેપર કામ કરતા ૭ હિંદીને નવા કાયદા મુજબ પકડવામાં આવ્યા છે. તેમનો કેસ તા. ૧૮મીએ ચાલવાનો હતો.

હેડલબરગથી મી. અબદુલ રહેમાન પીરીનીગીંગ ગએલ ત્યાં તેમને રજીસ્ટર ન થવા માટે પકડેલ છે. કોરટમાં કેસ જતાં તેમણે ઢુંકામાં ઢુંકા નોટીસ માટે માગણી કરી. માજીસ્ટરેટે ૪૮ કલાકની નોટીસ આપી છે.

પ્રીટોરીઆ

ગુરૂવારે બપોરે એશીઆટીક બજારમાં હીંદીની એક મીટીંગ ભરાઇ હતી. મી. વલી મહમદ બગસ પ્રમુખ હતા. મી. પોલાક. મી. આબ્રાહામ, તથા હીંદી આગેવાનોએ ભાષણો કરી જેલ જવાનો દ્રઢ નિશ્ચય બતાવ્યો હતો.

મી. ઇસપ આમદને લાઇસેન્સ વગર વેપાર કરવા માટે પકડવામાં આવેલ છે. કેસ બુધવારપર મુલતવી રહ્યો છે.

સોમવારે પાંચ એશીઆટીકને નવા કાયદાની રૂએ પકડવા માટે ચાર્જ ઓરીસે હાજર થવાનું કહેવામાં આવ્યું હતું. પણ તેમાંથી માત્ર ત્રણ જણ હાજર રહ્યા. તેમનાં નામ મેસરસ મુસા ઇસ માઇલ અડીઆ, સરફુદીન અનજે. અને ઇદરસ છે. પછી તેમને પોતાના બોલ ઉપર છોડવામાં આવ્યા છે. તેમનો કેસ મંગળવારે ચાલશે.

મંગળવારે ઉપરના ત્રણ માણસોનો કેસ ચાલતાં તેમને તા. ૧લી ફેબ્રુવારી પહેલાં ટ્રાંસવાલ છોડવાનો હુકમ થયો છે.

છેલ્લા અખબરો.

(ઇ. ઓ. માટે ખાસ તાર.)

જોહાન્સબર્ગ, શુક્રવાર,

મી. અબદુલ ગની (એસોસીએશનના માજી પ્રમુખ)ના કેસ તા. ૫મી ઉપર મુલ તવી રહ્યો છે.

હેડલબરગમાં મી. કયુ યોમસને બે માસ ની સાદી જેલ મળી છે.

વીરીનીગીંગમાં મી. અબદુલ રહેમાનને બે માસની સાદી જેલ મળી છે.

પોચેસ્ટ્રમમાં મેસર્સ બોબર્ટ, રહેમાન, પટેલ, મુસા હસન, મુસા રાજા, હાજી મુસા, હનુમાનદાસ, તથા રતનજી ને ૩૧મી એ બપોર પહેલાં ટ્રાંસવાલ છોડવાની નોટીસ મળી છે.

પ્રીટોરીઆમાં મી. સી. યુ. શેદને ત્રણ માસની સખત મજુરી સાથે જેલ મળી છે.

જરમીસ્ટનમાં ગઈ કાલે ૧૩ ફેરીવાળાને પકડવામાં આવ્યા છે.

ક્રુગરસડોર્પમાં ૧૨ ફેરીવાળાને પકડ વામાં આવ્યા છે.

જોહાન્સબરગમાં બીજા વધુ ફેરીવાળાને પકડવામાં આવ્યા છે, જેમાંના કેટલાનો કેસ મુલતવી રહ્યો છે. ટેસ્ટ કેસ થાય તેવો સંભવ છે.

ગઇ કાલે ૪૩ વધુ માણસોને પકડેલ છે. બાકી કેસ ચાલે અને ૧૪ દિવસની નોટીસ મળે તેવો સંભવ છે.

ગવરનરે પ્રીટોરીયાની બધી સજાઓ ઘટાડીને બે માસની જેલ (સખત મજુરી વગર) કરી છે. તથા દંડ પણ માફ કર્યો છે.

બુધવારે ૬ વધુ હિંદીને ૧૪ દિવસમાં ટ્રાંસવાલ છોડવાની નોટીસ મળી છે.

સંભવ છે કે દરેક જગ્યાની સજાઓ સંબંધમાં આમ થશે.

સહુ મક્કમ છે. નબળાઇનું એક પણ ચિન્હ નહિ. 'ટ્રાંસવાલ લીડર' માં એવી અફવા પ્રસિદ્ધ થઇ હતી કે સ્ટાર્ટનમાં કેટલાક રજીસ્ટર થયા છે. આ અફવા ખોટી ઠરી છે. છેલ્લી હીલ ચાલસરૂ થઇ ત્યારથી પ્રીટોરીઆમાં કોઇપણ રજીસ્ટર થયાના ખબર થયા છે. તે સંબંધમાં એવું જણાય છે કે નવા દોરાયી આવનારા મેમણોમાંથી કોઇક થયું હશે.

ક્રીંબરલીના ગુજરાતી હિંદુ તથા ઇંડી અન પોલીટીકલ એસોસીએશન તરફથી મદદ મળી છે.

નાતાલની હિંદીઓ તરફથી દિલસોજી ના તાર મળ્યો છે.

જોહાન્સબરગમાં કેટલાક વધુ ચીનાને પકડયા છે.

બારબરટનમાં મેસરસ રહેમાન, તથા જીવા ને બે માસની સજા થઇ છે. તથા મી. ગુલ તથા મોહન જેને ૧૪ દિવસની નોટીસ મળી છે.

હમીદોઆ ઇસલામીક સોસાઇટી

ગંજાવર મીટીંગ

[ઇ. ઓ. માટે ખાસ રીપોર્ટ]

તા. ૧૬ મીની મીટીંગ મરજીદ સામેના મકાનમાં મળી હતી. ૨૦૦૦ જેટલાં માણસો હાજર હતાં. પ્રમુખ મી. ઇમામ અબદુલ કાદરે જાહેરાત કરતાં જણાવ્યું કે મુંબઇની મુસ્લીમ કોમના ઇસલામે મી. ઝીણા બારીસ્ટરને આપણી વતી વિલાયતમાં લડવાનું સોંપવાથી સોસાઇટી અહેસાનમંદ થઇ છે. પછી કાયદાના બારામાં વિવેચન કરતાં સહુને મકકમ રહેવાની ભલામણ કરી. ત્યારબાદ પ્રમુખના ફરમાનથી મી. ગુલામભાઇએ મુંબઇ મુસ્લીમ કોમના ઇસલામનો કાગળ વાંચી સંભળાવ્યો. તેમાં ખાસ એ હતું કે (૧) અત્રેથી દરેક જાતની ખબર મી. ઝીણાને પહોંચાડતા રહેવું. (૨) તથા મી. ઝીણાને ડેલીગેટ તરીકેની સત્તા સોંપવાનો ઠરાવ પસાર કરવો. પછી મી. ફેનસીએ ભાષણ કરતાં જણાવ્યું કે સોસાયટી કોમી કામ હજુ સુધી બજાવી રહી છે, અને હમેશાં બજાવતી રહેશેજ. ઇદની મુબારક બાદીના કેબલોમાં કાયદા સામે પ્રોટેસ્ટ કરવાની ભલામણ કરી હતી, તેમાં પા. રપનું ખરચ થયું છે. હીંદુસ્તાનમાં તથા દરેક જગાએ પહેલેથી સવાલ સંપનો છે. મી. અબદુલ ગની તથા બીજા કેટલાકે વગેરે પકડાવાના સમાચારથી ખુશી થયો હતું. તેમનો કેસ સોમવારે છે. સરકારનું જોર આપણે જાણી લીધું છે. તે ૧૪ દિવસની નોટીસ, અને નોટીસ પૂરી થયે બે માસની જેલ છે. બીજું સરકારથી કાંઇ થઇ શકે તેમ નથી. જેણે "પીટીટ" ના પટા ચોડેલા હશે તેને વગર વોરંટે પોલીસ પકડી શકશે. ફેરીયાળાઓએ બેલ આપવાનો નથી તે યાદ રાખવું. પછી તેમણે મુંબઇની અંજુમનનો મી. ઝીણા બેરીસ્ટર ને વિલાયતના ડેલીગેટ તરીકે નીમવા માટે આભારનો ઠરાવ રજુ કરેલો, જે મી. અહમદ હલીમના ટેકા બાદ પાસ થયો. પછી મી. ઝીણાને આપણી વતી લડત લેવાની સત્તા આપવાનો ઠરાવ મોલવી સાહેબે રજુ કર્યો. તે મી. ઇબ્રાહીમ સાહેબજી કુવાડીઆના ટેકાથી પાસ થયો. મોલવી સાહેબે ભાષણ દરમ્યાન જણાવ્યું કે દિવસે દિવસે લડત વધુ સખત થતી જાય છે ને સાથે આપણી જીત જણાતી જાય છે. હવે સહુએ મકકમ રહેવાનું છે. મને નોટીસ આપીને મી. ચમની ડરાવે છે; પણ તેમને ખબર નથી કે મારે કરી દેખાડવાનો વખત આવ્યો છે તેવે વખતે હું કદી કોલોની છોડીશ નહીં. જ્યાં સુધી સરકાર મને પકડીને દેશપાર ન કરે ત્યાં સુધી હું કદી કોલોની છોડવાનો નથી તે તમો નકકી માનજો. જો બે હજાર જેટલાને એકદમ સરકાર જેલમાં નાંખે તો તરતજ ધરાઇ રહેશે ને બાકી જવાથી અંત વહેલો આવશે. પછી સોસાયટી માટે મદદ કરવાની સુચના કરી, તથા સોસાયટીના ચેરમેન, તથા સેક્રેટરી વગેરે પકડાએલા હોવાથી તેમની જગાએ નવા હોદેદારો નીમવાની સુચના કરી, જેથી મી. અહમદ મુસાજી ઓલવડીઆ ચેરમેન નીમાયા. બાદ સોસાયટીની મીટીંગ બરખાસ્ત થઇ.

સાઉથ આફ્રિકા બ્રિટીશ ઇન્ડિઅન કમીટી.

મી. રીચનો સપ્તાહિક કાગળ.

તા. ૨૭ ડીસેંબરના કાગળમાં મી. રીચ લખે છે કે:—

જીત હાથ તેટલી મજબુતી જોઇ ખુશી થાઉં છું. જો કે હજુ ધીરજથી લડવાનું છે. તમે બહુ મહેનત લઇ રહ્યા છો એમ દેખાઇ આવે છે. બાયલાપણાના વટા લેતાં ૫૦૦ સિવાયના બધા બચી શકયા તે માટે મુબારક બાદી આપું છું. જેમનું નવું રૂપ પ્રકાશતું જાય છે.

ચીના પ્રધાનપર મેં લખાણ કરેલું છે. જામ રણજીતસિંહને પણ લખ્યું છે. પંજાબી લડવૈયાવાળી અરજી ફેલાવી છે; ને તે જોઇ બેકો કાંઇક ચમકયા પણ છે. પાર્લામેંટમાં ચર્ચા ઉઠવાનો સંભવ છે. મને તો લાગે છે કે આપણે જીત ઉપર છીએ.

મીસીસ રીચની તબીયતમાં ધીમો સુધારો જણાવા લાગ્યો છે.

પાસીવ રીઝીસ્ટન્સપર નીબંધ

સત્યાગ્રહ (પાસીવ રીઝીસ્ટન્સ) ઉપર અંગરેજીમાં નિબંધ લખવા માટે ઇંડીઅન ઓપીનીઅન પ્રેસ તરફથી જે ઇનામ ગાંધી નું ઇનામ કાઢવામાં આવ્યું હતું, તેનું પરીણામ જાહેર થયું છે, અને ઇનામ માટે આવેલા નિબંધોમાં મી. એમ. એસ. મોરીસનો નિબંધ સહુથી સરસ ઠરયો છે. મી. મોરીસ ટ્રેનટાહનમાં (કલેરમાઉંટ, ડોલફીનો રોડ)વસતા એક હિંદી ગૃહસ્થ છે. તેમને ઇનામની ૬૦ નોટો ગોકલ્દી આપવામાં આવી છે. બાકીનો નિબંધ અમે થોડા વખતમાં પ્રસિદ્ધ કરશું.

ટ્રાંસવાલના મામલા પર વિલાયતમાં ચરચા

(૩૮૨)

કેનેડાને જાપાન વચ્ચે ઇમીગ્રેશન સંબંધમાં સલાહ શાંતિથી કરારકરાર થયા તે ઉપર ટીકા કરતાં 'ટાઇમ્સ' લખે છે કે કેનેડા ના વરતણુક સાથે ટ્રાંસવાલની એશીઆ ટીક સંબંધી વરતણુકનો મુકાબલો કરવો જોઇએ. હીંદી સવાલથી પોતાને આવવાની મુશીબતને, તથા વડી સરકારની મુશીબતને ટ્રાંસવાલ ખ્યાલમાં લેતું નથી. પણ આશા છે કે હજુ પણ વડી સરકારના નાકની ખાતર ટ્રાંસવાલ લોર્ડ મીલનરે આપેલાં વચનને વીચારમાં લેશે, જેમાં તેમણે જણાવ્યું હતું કે હીંદીઓને વધુ વખત રજીસ્ટર નહિ થવું પડે. બીજા એક લખાણમાં 'ટાઇમ્સ' જણાવે છે કે ટ્રાંસવાલમાં બેદકારક મામલો ઉભો થયો છે; જો ટ્રાંસવાલ સરકારે હીંદી સરકાર સાથે મળીને કામ લીધું હત તો તેવું થવા પામત નહિ.

'વેસ્ટ મીનીસ્ટર ગેઝેટ' તા. ૧૭ના લખાણમાં જણાવે છે કે હીંદીઓ સરકાર ને શરણે આવવા માટે માત્ર શરતો મામવા કરતાં વધારે કરતા નથી; તો જનરલ સ્મટસ મી. ગાંધીની સાથે સમજુતી કરશે એવી અમે આશા રાખીએ છીએ.

મર એડવર્ડ કારસને ટનબીજ ખાતે એક ભાષણ દરમ્યાન જણાવ્યું કે હીંદીઓને એયરના હાથમાં સોંપી દેવાથી જે તેમની દશા થઇ છે તે માટે મને બેદ થાય છે. આ લોકો (બોયરો) ને નથી આપણે વારતે દરકાર, કે નથી બ્રિટીશ રાજ માટે દરકાર.

વિલાયતની વોટ માટે લડત લેનાર ઓસ્તોની એક ટોળીએ ઇગ્લાંડના પ્રધાન મંડળના મેંબરોને ઘેરી લીધા હતા, તથા સર હેનરી કેમ્પબેલ બેનરમેનનો દરવાજો રોકી દઇ કેટલીક મુશીબત ઉભી કરી હતી. તેમને કારટમાં લઇ જવામાં આવતાં દંડ કરતાં જેલની સજા તેમણે પસંદ કરી હતી.

હીંદુસ્તાનની ટપાલ સમકૂલીમાં તા. ૬૨ મી ફેબ્રુઆરીના અરસામાં આવવા વકી છે.

હીંદીની હીમાયત

મી. હેરલ્ડ ક્રોકસનો 'ટાઇમ્સ' માં કાગળ

મી. હેરલ્ડ ક્રોકસ એમ. પી. નો નીચે મુજબ કાગળ લંડનના 'ટાઇમ્સ' માં પ્રગટ થયો હતોઃ—

તમારા તા. ૨૧ના અંકમાં એવો તાર પ્રગટ થયો હતો કે સ્ટાંડરટનમાં રેલ્વેપર કામ કરતા ૪૦ હીંદીને રજીસ્ટર ન થવા માટે નોકરીપરથી રજા મળી છે. ટ્રાંસવાલના આ પગલાં ઉપરથી રજીસ્ટ્રેશન કાયદાપર હું બોલવા માગું છું.

રજીસ્ટર કરવામાટે ટ્રાંસવાલ સરકારે એવું બહાનું આપ્યું છે કે તેમ કર્યા વગર હકદાર વસનારાઓ દાખ અને ચોરીથી દાખલ થનારા કોણ તે ઓળખી શકાતું નથી. આપણે કબૂલીએ છીએ કે બ્રિટીશ વાવટાતળે બ્રિટીશ પ્રજાને જેવેક સરખી છુટ છે તે આ દાખલામાં કયાં જાય છે તે સમજાતું નથી. છતાં એ વાત થોડીવાર હું બાજુએ મુકીશ. આજ દિવસ સુધી અંગ્રેજને એમ મનાતા આવ્યા છે કે જ્યાં જ્યાં બ્રિટીશ વાવટો છે ત્યાં બધી પ્રજાના લોકને આવવા જવાનો હક છે, સિવાય કે તે શારીરીક દરદને લીધે અથવા ગુજરાન ચલાવી ન શકે તેવા હોવાને લીધે ના લાયક ઠરે. આ ધોરણ ઉપર બ્રિટીશ રાજનું બંધારણ છે. અને હું એમ માનું છું કે જ્યારે આ ધોરણને તજી દેવાશે ત્યારે બ્રિટીશ રાજના નાશનો વખત આવશે.

હવે ટ્રાંસવાલની દલીલ તપાસીએ. ૪૦ હીંદીને રજા આપી એ બતાવે છે કે રજીસ્ટર કરવામાટેની ટ્રાંસવાલની દલીલ ખોટી છે. તે માણસો તો ઓળખાએ લાજ હોવા જોઇએ. તેઓ સરકારી નોકર હતા, ને સરકારનો પગાર લેતા હતા. એવું ભાગ્યેજ કહી શકાશે કે ટ્રાંસવાલ સરકારના કારસ્થાનમાં એવું અંધેર છે કે જેઓ તેની નોકરી કરત. હોય ને જેને તે પગાર આપતી હોય તેને તે ન ઓળખે. આજ દલીલ ગોરાઓને ત્યાં નોકરી કરતા હીંદીને લાગુ પડે છે. તેમને નોકરીમાં રાખનારાઓ પોતાના નોકરને ઓળખતા હોવા જોઇએજ. માટે તેવા અપમાન ભરેલા રજીસ્ટ્રેશનની કાંઇ જરૂર નહોતી.

મારી પાસે હીંદી લડવૈયાની અરજની એક નકલ છે. એ લોકોએ લડાઇ વખતે સરકારની નોકરી બજાવેલ છે, ને તેથી તેમને ટ્રાંસવાલમાં રહેવાનો હક મળ્યો છે. છતાં તેવા લોકોને અપમાન ભરેલા રજીસ્ટ્રેશનને શરણ ન થવા સારૂ નોકરી પરથી રજા આપવામાં આવી છે!

તેઓ કહે છે કે "એશીઆટીક કાયદાથી અમારૂં જેવું અપમાન થાય છે તેવું હીંદુસ્તાનમાં અમારે કદી અનુભવું પડયું નથી. તેને શરણ થવાથી અમારા દરજ્જાનો અને અમારી આબરૂનો ભંગ થાય છે. તેથી તેને શરણ થવાનું અમારાથી બની શકે તેમ નથી." આ સાદો સાંભળી કયા અંગ્રેજને લાગણી નહીં થાય? તેઓ બ્રિટીશ વાવટાતળે જન્મ્યા છે; બ્રિટીશ વાવટાતળે લડવા છે. અને હવે બ્રિટીશ વાવટાતળેજ તેને કહેવામાં આવે છે કે નકામા અને અપમાન ભરેલા કાયદાને શરણ આઓ, નહીં તો ભુખે મરવું પડશે!

આ દાખલો તે ઘણામાંનો એક છે. સત્યાગ્રહની લડત વાજબી છે તેમ હવે દરેક એશીઆટીક તેમ ગોરો જોઇ શકે છે. પણ સરકારના ઓળખાણના બહાના પાછળ મુળ મુદ્દો એ છે કે હીંદીઓને કનડગત કરીને તેમને ટ્રાંસવાલમાંથી ધીમે ધીમે કાઢી મુકવા; અને તેમનો ધંધો રોજગાર ગોલાંડ, રહિઆ, અને ગ્રીસના ગોરાઓના હાથમાં જવા દેવો. રજીસ્ટ્રેશન કાયદાનો ઉદ્દેશ આવો છે.

હીંદી વેપારીપર જુલમ ગુજારી તેમને કાઢી મુકવા અને દક્ષિણ આફ્રિકાને સફેદ લોકોનો મુલક બનાવવો એવી ઉમેદ બાંધવામાં આવતી હોય તે સ્વપ્ના જેવી નકામી છે. કારણ કે દક્ષિણ આફ્રિકામાં કાફરની વસ્તી ગોરા કરતાં પાંચ ગણી છે. અને તે પ્રમાણ રોજ રોજ વધતું જાય છે. કાફરોનો વેપાર તથા ખીજ ધંધામાં નહીં પેસવા દેવાની આશા પણ નકામી છે. કારણ કે તેઓ પોતાને ખરચે ધીમે ધીમે કેળવણી પામવા લાગ્યા છે, અને સુધારામાં આગળ વધતા ચાલ્યા છે. દરેક અંગ્રેજ ધારશે કે તેઓ વધુ ને વધુ સુધરેલા થાય. પ્રજાતંત્રની હરીફાઇમાં કાફરો કરતાં ગોરા ચડે તેમ નથી. એટલે કુદરતી વધારાને કોઇ કાયદાથી અટકાવાય તેમ નથી. માટે દક્ષિણ આફ્રિકા ગોરાનો મુલક રહેશે કે કાળાનો એ સવાલનું નીરાકરણ સહેલાઇથી થઇ જાય છે. સવાલ માત્ર ઓજ રહે છે કે ગોરાઓ સારૂં થઇને—કે જેમાંના ઘણા બ્રિટીશ પ્રજાના પણ ન હોય—હીંદીઓને તેમની માલમતા અને ધંધા રોજગાર છીનવી લઇને શું કાઢી મુકશે?

ટ્રાંસવાલ સ્વરાજ્ય ભોગવતું કોલોની છે માટે ગમે તેમ કરી શકે એ દલીલ ટકી શકતી નથી. જ્યારે દરેક દરેકને વોટ હોય ત્યારેજ તેની સરતો તો આપી શકાય. તેમ હોય તો એ લોકો પોતાના વોટની મદદવડે પોતાની હાડમારીનો ઇલાજ લઇ શકે, અને વડી સરકાર આગળ ફરિયાદ આવે નહીં. પણ ટ્રાંસવાલમાં હીંદીને વોટ છે નહીં. તેમને તો હાથ પગ બાંધી લઇને તેમના હરીફોના કબજામાં સોંપી દેવામાં આવ્યા છે. તેમને વડી સરકારને અરજ કરવા સિવાય દાદ મેળવવાનો બીજો ઉપાય નથી. જ્યારે ટ્રાંસવાલ પરદેશી વાવટાતળે હતું ત્યારે ઇંગ્લાંડ હીંદીઓની ફરિયાદ સાંભળતું. લડાઇનું એક કારણ હીંદીની હાડમારીનું હતું. તે વખત કરતાં આજે હીંદીની દશા સોગણી વધારે ખરાબ છે. છતાં તેમને માટે આંગળી ઉંચી કરવાને વડી સરકાર ના પાડે છે!

આપણે ટ્રાંસવાલને ઠેકાણે લાવી શકીએ તેમ નથી એમ કહેવું તે અર્થ વગરનું છે. દક્ષિણ આફ્રિકામાં પા. ૩૦,૦૦,૦૦૦ના ખરચે બ્રિટીશ લશ્કર રહે છે. આ બધાનું ખરચ ઇંગ્લાંડના કર ભરનારાના માથે પડે છે. આ લશ્કરને લીધે કોલોનીમાં બહારનો પૈસો આવે છે ને પોલીસ ખરચ ઓછું થાય છે તે લાભને લીધે. ટ્રાંસવાલના પ્રધાને લાંબી નોટીસ આપ્યા વગર તે લશ્કર પાછું ખેંચતા ના પાડી છે. આ ઉપરાંત આપણે પા. ૫૦,૦૦,૦૦૦ની લોન હમણાંજ આપી છે. માટે ટ્રાંસવાલને ઠેકાણે લાવવાને આપણને સંપુર્ણ સત્તા છે; તેમજ બ્રિટીશ પ્રજાના હીંદીને રક્ષણ આપવાને આપણી સંપુર્ણ જોખમદારી છે.

ટીપોરાડવાળા લક્ષ્મીનારાયણના મંદિરના સેક્રેટરી જણાવે છે કે તા. ૨૬ માર્ચે એક વાગે મંદિરમાં જાંગાળી વક્તા પંડીત સત્યચંદ્ર મેનરજી હીંદુ ધર્મ ઉપર હીંદુસ્તાની ભાષણ આપશે તો સર્વ હીંદુ ભાઇઓને હાજર થવા વિનંતિ છે.

ટરાંસવાલના બામલાપર ટીકા

કેપ ટાઇમ્સ

લખે છે કે:—ટરાંસવાલના બામલા પરની ટીકાઓમાં લંડનના 'ડેલી ક્રોનીકલ' ની ટીકા સહુથી વધુ ઉદ્દાપણ ભરેલી છે. તે જણાવે છે કે ટરાંસવાલના કારભારી એમાં જો ઉદ્દાપણ હોય તો તેમણે શ્રી. ગાંધીની સુચના મુજબ વરતીને પોતાનો હેતુ પાર પાડવો જોઇએ. સરકારનો ઉદ્દેશ માત્ર એટલો છે કે જે હિંદીઓને ટરાંસવાલમાં વસવાને ખરો હક ન હોય તેમને બહાર કાઢવા. તથા જેઓ હકદાર છે તેમનો હક પાકો કરવો. આ હેતુ માટે કોઇક જાતની ઓળખાણની જરૂર છે. આ ઓળખાણ માટે સરકારે જે યોજના કાઢી તેને હિંદીઓ વાંધા ભરેલી ગણે છે. કાયદામાં એવી કલમો છે કે સ્વાભિમાની હિંદી શહેરીઓ ભાગ્યેજ તે કબુલ કરે. જો હિંદી આગેવાનો સરકારને મદદ દેવા વચન આપે; અને હિંદીઓને સરકાર માન ભંગ કર્યા વગર ધારેલો ઉદ્દેશ પાર પાડે તો આ કઠોડી સ્થિતિમાંથી રસ્તો મળી શકશે. તેથી હિંદુસ્તાનમાં ખરાબ પરિણામ આવવાનો સંભવ પણ દુર થશે.

મો. ઇમામ અબદુલ કાદરનો કાગળ

હમીદીઆ સોસાયટીના પ્રમુખ મી. ઇમામ અબદુલ કાદરનો નીચે મુજબ કાગળ જોહાન્સબરગના છાપામાં પ્રગટ થયો છે.

જનરલ સ્મટસ એવું ધારતા દેખાય છે કે હીંદી આગેવાનોને જેલમાં મોકલવા થી હીંદીઓ રજીસ્ટર થવા આતુર છે. ખરૂં શું છે તે પોતાની મેળે બહાર આવશે. પણ તે સાહેબ કહે છે કે હીંદી ઓ મરજીથી રજીસ્ટર થવા આવે તો હું તે ઉપર વીચાર કરીશ, તેનો અરથ હીંદી કોમે કલ વોલંટરી રજીસ્ટ્રેશન બીલકુલ નથી. તેમના કહેવાનો અરથ એવો છે કે કાયદો અમલમાં મુકવોજ છે. હીંદીઓ કહે કે "મહેરબાની કરીને ઓરીજીસ ઉઘાડોને: અમારે રજીસ્ટર થવું છે" તો તે ઓરીજીસ ઉઘાડે એમ મી. સ્મટસનું કહેવું છે. શું મી. સ્મટસ એમ કહે છે કે આજ ૧૬ માસ થયાં હીંદીઓ લડી રહ્યા છે તે આટલા માટે? શું તેઓ એમ ધારે છે કે આટલા દીવસ થયાં જેની સામે લડત ચલાવી રહ્યા છે તેજ કામ કરવા માટે હીંદીઓ આજજી કરે છે! મને પોતાને ૨૪ દીવસમાં ટરાંસવાલ છોડવાની નોટીસ મળી છે. પણ હું કદી ટરાંસવાલ છોડવાનો નથી. એક સ્વતંત્ર હીંદી અને બ્રિટીશ પ્રજા તરીકે નો મારો હક સાબીત કરવા હું માગું છું. કાયદાને શરણ થવા કરતાં મારા દીવસો જેલમાં ગુજારવાને હું તૈયાર છું. ચુસ્ત મુસલમાન થઇ ધરમનું અપમાન કરનારા નઠારા કાયદાને શરણ કદી થઇશ નહિ. મારી કોમને તેના કસમનો ભંગ કરવાની અને તેની મરદાનગીને ગુમાવી દેવાની સલાહ હું કદી આપીશ નહિ. કહેવાની જરૂર નથી કે કાયદામાં મુસલમાન અને ક્રિશ્ચની વચ્ચે ભેદ રાખવામાં આવ્યો છે: અને તેથી તેને શરણ થવું તે અસંભવિત છે.

ધી ટરાન્સ્વાલ ઇંડીઅન કુલી એસોસીએશન

ટરાંસવાલના ભાઇઓને મદદ

ઘરો લેવા જોગ દાખલો

સેક્રેટરી જણાવે છે કે:—એસોસીએશનની ખાસ મીટીંગ તા. ૨૦મી જને વારીના રોજ ૨ વાગે મી. મુડલેના મકાન પર મી. ઓથમ કાનજીના પ્રમુખપણા નીચે મળી હતી. મેંબરો મોટી સંખ્યામાં હાજર હતા. તે ઉપરાંત મેસરસ હાજી મહમદ, પારસી રૂસ્તમજી, દાદા ઓસમાન, મહમદ ઇબ્રાહીમ વગેરે ગ્રહસ્થો પણ પધાર્યા હતા. શરૂઆતમાં સેક્રેટરી એ મીટીંગ બોલાવવાનું કારણ જણાવી ટરાંસવાલની ધી. ઇ. એસોસીએશન તરફ થી મળેલો કાગળ વાંચી સંભળાવ્યો. તે કાગળમાં "પૈસાની ઘણી જરૂર છે માટે તમારી એસોસીએશન તરફથી મોટી રકમ ટરાંસવાલના ભાઇઓ માટે જમા કરવામાં આવી છે તે ટેલીગ્રાફથી મોકલો" એ મુજબ લખેલું છે. માટે તે બાબતપર વીચાર કરવા સરવે મેંબરોને સુચના કરી અને ટરાંસવાલ ખાતે ટેલીગ્રાફ કર્યો હતો તે વાંચી સંભળાવ્યો. જોઇંટ સેક્રેટરીએ જણાવ્યું કે એસોસીએશનના ફંડમાં પૌંડ ૨૩ અને ટરાંસવાલ માટે ઉઘરેલા ફંડમાં પૌંડ ૬૭—૦—૫ જમા આવ્યા છે. મી. ટીમોલે દરખાસ્ત મુકી કે આપણે ૬૦ પૌંડની રકમ નાતાલ ઇંડીઅન કોંગ્રેસની મારફતે મોકલવા ઠરાવ કરવો. મી. ઇસપ ઇસમાઇલે જણાવ્યું કે આપણું ઉઘરાણું જરી છે તેવી બધા પૈસા મોકલી આપવા મી. ટીમોલની દર ખાસ્તને ટેકો આપું છું. મેસરસ મહમદખાન, વલી કાસમ, મહમદ અસમાલ, અને હસન આદમે ઉપરની દરખાસ્તને ટેકો આપ્યો. પ્રમુખ સાહેબે જણાવ્યુ આપણે બી. ઇ. એસોસીએશનના નામથી ચેક લખીને કોંગ્રેસની મારફત મોકલાવી આપીએ તો તેમાં શું હરકત છે? મી ઇસપ ઇસમાઇલે જણાવ્યું કે કોંગ્રેસ પાસેથી આપણે લાલ મેળવવાના છીએ માટે કોંગ્રેસના નામનીજ ચેક આપીશું તેજ ઠીક ગણાશે. સેક્રેટરીએ આ બાબતનો ખુલાસો મેળવતાં ના. ઈ. કોંગ્રેસના સેક્રેટરી મી. દાદા ઓસમાને જણાવ્યું કે તમે કોંગ્રેસના નામથી ચેક આપો તે ચેક મળવાથી કોંગ્રેસ ટેલીગ્રાફથી જો. ઇ. એ. પર પૈસા મોકલી દેશે અને તેમાં આ એસોસીએશનની શોભા ગણાશે. મી. હાજી મહમદે ઓસરકારક ભાષણ કરી જણાવ્યું કે કોંગ્રેસને આપશો તે પણ ત્યાંજ પહોંચાડવામાં આવશે. મી. પારસી રૂસ્તમજીએ જણાવ્યું કે બહારથી જે પૈસા આવે છે તે કોંગ્રેસ મારફતેજ રવાના થાય છે માટે તમે પણ તેજ મુજબ આપશો. પછી પોતે એસોસીએશનને ૧૦ ગીની બેટ તરીકે આપવા માગણી કરી જે ખુશીથી સ્વીકારવામાં આવી. છેવટે પ્રમુખ સાહેબે સરવે મેંબરોનાં મત લઇને ૧૦૦ પાકિંડ કોંગ્રેસ મારફતે મોકલવાનો ઠરાવ પસાર કરયો. બહારના સ્ટેશનોથી કુલ્ટ મોકલનાર ગ્રહસ્થો પાસે ઉઘરાણી જવા માટે મી. મહમદ આદમે માગણી કરી કે મારી સાથે ચાર માણસો આવવા જોઇએ. તે ઉપરથી મેસરસ હસન આદમજી, હીરા રામજી, ખુસાલ ભગા અને પ્રમુખ સાહેબે જવા ખુશી બતાવી, અને તા. ૨૧ મીએ જવા ઠરાવ કરી મીટીંગ બરખાસ્ત કરી.

રૂટર જણાવે છે કે અરબસ્તાનમાં કોલેરા ચાલુ થયો છે, જેના પરિણામે મક્કામાં હાજીઓમાં રોજનાં ૪૦૦ મરણ થાય છે.

મોઝાંબીકના ગવરનરની બન્ડમ્બેનની મુલાકાત વખતે ત્યાંના હિંદી વેપારીઓએ એક મેળો મેળાવડો કરી મોટા દબદબા સાથે ગવરનરને માનપત્ર આપ્યું હતું.

અખબારપત્ર

જોહાન્સબર્ગ

(અમારા ખાસ પ્રતિનીધિ તરફથી.)

કાયદા સામે એક વધુ દલીલ

મરહુમ મી. અબુબકર આમદને જમીન ના હક સંબંધમાં કોલોનીઅલ સેક્રેટરી પર વધુ લખાણ કરવામાં આવ્યું હતું; ને તેનો જવાબ આવ્યો છે કે તે હક નહિ મળી શકે. સરકારને હીંદીઓને હાંકી કાઢવાનોજ ઇરાદો હોય તો પછી હક શામાટે આપે એ દેખીતું છે. જો હક મેળવવા હોય તો હીંદી પોતાનું જોર સત્યાગ્રહથી બતાવી આપશે તોજ લક્ષ થશે : અને નહિ તો બધા હીંદીને દુઃખ મુક્તમાં ઠરાંસવાલ છોડવું પડશે તેનાં આ ચિન્હ છે.

નાતાલ કોંગ્રેસનો કાગળ

નાતાલ કોંગ્રેસના પ્રમુખ તરીકે મી. દાઉદ મહમદ તરફથી બ્રિટીશ ઈન્ડિઅન એસોસીએશનપર, તથા ટ્રાંસવાલની બીજી હીંદી કમીટીઓને નીચે મુજબ કાગળો મળ્યા છે :—તમારી દીમતની નાતાલના હીંદીઓ તારીફ કરે છે, અને તમારી આફતમાં અંતઃકરણપૂરવક " દીલસોજી બતાવે છે. ટ્રાંસવાલ સરકાર તમોને બીવડાવવા માટે બનશે તેટલું કરશે : પણ આશા છે કે તેને ન ગણકારતાં તમે છેવટ સુધી મક્કમ રહેશો. તમે સારી પેઠે જાણતા હશો કે આપણે આ લડત માં જુલ્મથાપ ખાઇએ તો તે પામમાલ કર્તા નીવડે. માટે સહુની ફરજ છે કે પોતે મક્કમ રહેશે અને બીજાને મક્કમ રહેવા ઉલ્લાસમા કરશે. તથા એક માણસ ને જેલ જવાનું થાય કે તરતજ બીજો માણસ તેની જગ્યા લેવા એમ જનવું જોઇએ."

લોકેશનમાં કાઢી શકે ?

એવી અફવા ઉઠેલી કે જે બ્લેકલેગોએ રજીસ્ટર કઢાવ્યાં છે તેમને લાઇસેન્સ કઢાવવા બધા ત્યારે એવું કહેવામાં આવેલું કે જો તેઓ સરકાર કહે ત્યારે લોકેશન માં વેપાર માટે જાય તો લાઇસેન્સ મળશે. આ વાત તો ખોટી ઠરી છે. કાયદોજ રદ થઇ પડ્યો છે ત્યાં આગળ આ લખ સરકાર દાખલ કરી શકની નથી. જ્યાં એ દેખીતું છે કે હીંદી કોમ જો બધા લડતમાં છત ન મેળવે તો તેને માથે સરકાર જે ન કરે તે થોડું એવું બન્યા વગર નહિ રહે. માટે બહેતર છે કે ચેતીને લડત માં મક્કમ રહે, અને લડતમાં ફતેહ મેળવી સરકારને બતાવી આપે કે હીંદી કોમને સરકાર મરજી મુજબ નહિ કનેડી શકે.

કાળમુખા

આરજરટનમાં પકડાએલા મહસ્થો પૈકી બધાને ૧૪ દહાડામાં કોલોની છોડવાની નોટીસ મળી છે. ને સૌ જેલ માટે તૈયાર છે. પણ તેઓ પકડ્યા મી. આર. નરસુ આપરે આવી ગુલામી લેનાર નીકળી પડ્યા છે. એ બાબુ બરાબર વાત છે. આવા નકામા ડરનારાઓથી કોમને નુકસાન થાય છે.

મી. અબદુલ ગની અને બીજા કેદકુછી

ગઇ કાલે ૭ માણસોને પકડવામાં આવ્યા છે. જેમાના પાંચ કેદકુછી મી. અબદુલ ગની (એમ. સી. કમરૂદીનની પેઢીના ભાગીદાર), મી. હસનમીયા ઉભારે (રૂદી ચોરટ), મી. અબદુલ ગફુર (મહમદ હુસેન કંપનીના મેનેજર), મી. મહમદ ઇબ્રાહીમ કુનકે, મી. નનુમીયા, અને મી. અહમદ કોદીઆ (એમ. એ. કડોદીઆ કંપનીના ભાગીદાર) એટલાને આજે રન વાગે કોરટમાં હાજર થતાં ૧૪ દહાડાની નોટીસ મળી છે. હું એ સાહેબોને મુબારકબાદી આપું છું.

લાઇસેન્સ આબત ૧૫૦ હીંદી ફેરીવાળા જેલમાં

લાઇસેન્સ બાબત ગયા ગુરવારથી આજ સુધીમાં લગભગ ૧૫૦ માણસોને પકડવા માં આવ્યા હતા, તેમાંના બબુાખસને માજીસ્ટ્રેટે ૧૪ દહાડાની આસન કેદ અગર બે પાઉંડની સજા કરી છે. સજા કરતી વખતે માજીસ્ટ્રેટે દીલસોજી દેખાડી હતી. પણ કાયદા પ્રમાણે ચાલવું એ મારી ફરજ છે એમ કહ્યું. બહાદુર માણસોએ દંડ નહિ આપતાં જેલ માં જવાનું પસંદ કરવું છે, અને જેલ માં ગયા છે. જો એજ પ્રમાણે બધા મજબુત રહેશે તો જરૂરજ વહેલો અંત આવશે.

ઘરમાં બેસી રહેનારાઓ માટે

મારા સાંભળવામાં આવ્યું છે કે કેટલાક ફેરીવાળા અને પેડલરો પકડાવાની બીકને લીધે ધંધે જતા નથી. મારે કહેવું જોઇએ કે એમાં તે બેકની ભુલ છે. આપણી લડત બહાદુર થઇ મેદાનમાં ઉતરવાની છે, નહીં કે નામરદ થઇ ઘર માં બેસવાની છે. સત્યની લડતમાં આપણે કોઇપણ તરેહની પસ્તી નથી રાખવાની. હમેશાં યાદ રાખવાનું છે કે આપણે જ્યારે પુરેપુરું નુકસાન ઉઠાવીશું ત્યારેજ સરકારને હરાવી શકશું.

બહાદુર ઓરતો

પ્રીટોરીઆમાં મદ્રાસી તથા બીજી કોમની ઓરતોએ મીટીંગ કરી ઠરાવ કર્યો છે કે બધા માણસો પ્રીટોરીઆના પકડાયા પછી ઓરતો પીકેટીંગ કરશે અને જેમ માણસો કામ પ્રીટોરીઆમાં બજાવતા હતા તેમ ઓરતો બજાવશે એ ખરેખર મગરૂર થવા જેવું છે. આવું જોર જ્યારે દરેકને ચઢશે ત્યારે આ ગુલામી કાયદાની બેડી એક ક્ષમ તુટી જશે. જરમીસ્ટનમાં સ્ત્રીઓએ ભરેલું પગલું પણ સ્તુતીપાત્ર છે. તેમણે મીટીંગ કરી ઠરાવ કર્યો છે કે સરકારને અરજ કરવી કે અમારા ધણીને જેલ માં સરકાર મોકલે તેમ અમને પણ ભલે મોકલે. કારણ જો સરકાર અમને બહાર રાખશે તો અમો પણ અમારા મરદોના જેવાં કામ બજાવીશું. ઓરતો ના શરીરમાં હીંદુસ્તાનનું લોહી વહે છે તેઓ આવી બહાદુરી બતાવે છે, તો શું બીજા બાદશીઓએ શરમાવું ન જોઇએ ?

મોલવી મુખત્યાર સાહેબ

મોલવી મુખત્યાર સાહેબને મી. ચમનીએ ટ્રાંસવાલ છોડવાની નોટીસ આપી છે; પણ તેથી ડરી મોલવી સાહેબ પોતાની ધાર્મિક ફરજો બજાવવાનું કામ છોડી દઇ શકવા જશે નહિ. દીની સેવા તજી દેવા કરતાં જેલને તેઓ બહેતર ગણે છે. તેઓ જોહાન્સબરગમાં હમીદીઆ મદ્રેસા નાં બચ્ચાંને દીની તાલીમ આપે છે. તે છોકરાંઓનાં માબાપ અને વાલી તરફથી મી. ચમનીને અરજી કરવામાં આવી છે કે "મોલવી સાહેબની પરમીટ લંબાવી દેવા જોઇએ. તે મરજીટ દર વખત લંબાવી આપવાનું મી. ચમનીએ બગાડ એક વખત મી. હાજી હબીબની સમક્ષ તથા બીજી વખત મી. નઝદી, તથા મી. ઇસ્માઇલ મંજાની સમક્ષ વચન આપેલું. તે ઉપરથી હમીદીઆ મદ્રેસા બોલવામાં આવેલ છે, ને મોલવી મુખત્યાર સાહેબ તેના ઉપરી છે. અમારાં બાળકોને દીની તાલીમ માટે આ એકજ રીત છે. મોલવી સાહેબ સીવાય બીજો કોઇ માણસ તે કામ બજાવી શકે તેમ જોહાન્સબરગમાં નથી તો તમારો ચુકાદો ફરીથી તપાસવા અરજ કરીએ છીએ."

મદ્રાસીઓનું જોર

મદ્રાસીઓ ખુબ જોરમાં છે. વારંવાર મીટીંગો ભરી પોતાનું જનુન બતાવી રહ્યા

છે. રજીસ્ટ્રેશન ઓફીસ ઉઘડે તો પીકેટીંગ માટે નીચેના માણસોને ચુંટી કાઢવામાં આવ્યા છે. મેસર્સ કે. પોલ, (મુખી), એમ. ચીમસામી પીલ્લે, સી. એમ. પ્રીલીપ, વી. વીરા પીલ્લે, કે. કલાપા પીલ્લે. વી. એમ. રોમી, પી. એસ. ફરાન સીસ, એમ. વીકલીંગા પીલ્લે, ટોમસ ડેની ચલ. જેકબ, મુરગન, વીરા મુથુ, પડીયાચી, બી. એમ. નાયના. વી. એમ. પીક, પી. એમ. જોરજ, એ. પી. ફ્રાન સીસ. આર. એ. ફ્રાનસીસ, વી. એમ. અપાયુરપ્પ ચેટી, વી. એલ. જેક, વી. મુલીયન. એમ. એલ. જોસફ, પરીમા થંથી. દોરાસામી, જેક, જોરજ જેકસન. ફ્રેડીક પુનસામી. એસ. પી. પડીયાચી, વી. વી. રામસામી, નાઇડુ, એમ. અબદુલ, સુબ્રહ્મ, આર. પ્રીલીપ, ડી. ટોલરજી, સેમ્મુઅલ, કંગાપા, ગુરે કયુદર, હેરી, થામલ, સી. હેરી, લજમન મુનુસામી ચેટી. એસ. ગોવીંદસામી, પડીયાચી, પી. આર. મુરગન, અનુમુતભુ, એમ. રામસામી, મુરથામુથુ, પડીયાચી, જી. સામી, કે. કુપુસામી નાયક, અબદુલ રહીમન. આર. મુનીન, વી. વેંકટસામી નાયક, કે. પથ્થાનાસામી, વી. રામાસામી આપા, જેક, થંબીઆપા, અને પડીયાચી.

સમજુતીનો ચરચા

મને ખબર મળી છે તેમ બધા લોકોમાં ફેલાયું છે કે સરકાર હવે કેદીઓને આપી છે, ને સમજુતી કરવા માગે છે. તથા મી. ગાંધીની કેદલાક ગોરા જેલમાં મુલાકાત લેવાના છે. એક માતબર ગોરા વકીલને બોલાવી મી. સ્મટસે સવાલનો કડચો લાવવા મુદ્દો બતાવી હતી. હવે આપણે ઉતાવળ કરવાનું નથી. પણ આપણે તો ત્યારે આપણું મગેલું મળે તોજ સલાહ કરવાની છે. માટે હાલ તો કામે ખુબ જોર બતાવવાનું છે.

આપણી લડત

આપણી લડતને આજે ૧૬ મહિના થવાછે. જેનાં શુભ ચીન્હથી પરમાત્મા પડે છે કે આપણે ઘણેભાગે જીતી ચુકયા છીએ. પણ વીરજથીજ પુરતું ફળ મળી શકશે. મી.સ્મટસસાહેબે થોડો ઘણો સુધારો કરવા તયાર છે. પણ આપણી લડત આંગળાં કે કાયદામાં સુધારા માટે નથી, પણ આખો કાયદો રદ કરવા માટે છે. માટે કાયદો રદ થાય ત્યારેજ ચોલંટરી રજીસ્ટર થઇએ એ યાદ રાખવાનું છે.

જેલ બહારના સમાચાર

તા. ૧૭મી બપોરેનું જેલમાં મિત્ર ચોઇ વ્યવસ્થામાં જાહેરસભા જવાબ છે. જવામાં સવારે પુપુ, બપોરે રોટી તથા કેબેજ પટાટા વગેરે તરકારી, સાંજના ચાવલ તથા તરકારી વગેરે એ મુજબ આપવામાં આવે છે. સુવા ઓઢવાનું સારું છે. કપડાં જેલનાં છે. પણ પ્રીટોરીઆમાં જુદું છે. તેમણે ત્યાં પણ પાસીવ રીઝીસ્ટન્સથી બે દિવસ ભુખનું દુઃખ સહન કરવાથી હવે બધો દેશી ખોરાક મળે છે. મી. બ્યાસ રસોઇના કામ માટે મુખ્ય ભાગ લીએ છે. બધા ખુશીમાં છે.

એક બીકણ

સાધારણ રીતે એમ લાગે કે જ્યારે લશ્કર જીતપર હોય ત્યારે તો ભાગ્યેજ કોઇ પાછો નાશે. છતાં આવો માણસ પ્રીટોરીઆમાં નીકળ્યો જણાય છે. તેણે કોરટમાં કેસ વખતે એવું જણાવેલું કે હું પીકેટોની બીકને લીધે નથી રજીસ્ટર થયો; મને મારવાની ધમકી દેવામાં આવી હતી. આ માણસને ૧૪ દીવસની નોટીસ આપતાં માજીસ્ટરેટે કહ્યું કે તુરત રજીસ્ટર માટે અરજી કરવી. આવા માણસ કોરટમાં કામપર ખોટા આરોપ મુકી હાથે કરીને પોતાની વધુ કજેતી કરવાનો રસ્તો લે છે. તેઓ લડતને બ્લેકલેગ કરતાં સો ગણું વધારે નુકસાન કરે છે. ખુદા પાસે દુવા ચાહું છું કે આવા માણસો સારી બુધ્ધ આપે.

લડતનું ઝનુન

ઉપરના બીકણોને તથા જેલથી ડરનારા બીજાઓને જોહાન્સબરગના થુરાલનનો દાખલો લેવા ભલામણ કરું છું. એવી અફવા ઉઠી છે કે જેણે 'પાકેટ' એવો પટો ચોડેલો હશે તેવાને પોલીસ વોરંટ વગર પકડશે. આથી કરીને જોહાન્સબરગના હિંદીમાં એવા પટા મેળવવા દોડાદોડ થઇ રહી હતી. એક જણની નોટીસ રૂપમાંએ પુરી થઇ તેણે એવો નિશ્ચય કરેલો હતો કે હવે કોરટમાં જતી વખતે સાથે પાટલુ લઇ જવું ને તે ઉપર મોટા અક્ષરે એવું લખવું કે 'ટ્રાંસવાલમાં ન્યાય નથી. બ્રીટીશ રાજમાં પણ ન્યાય નથી. હું દીવા લઇ ન્યાયને શોધવા નીકળ્યો છું.' આ માણસને એટલો ગુસ્સો ચઢેલ કે તેને શાંત પાડવા માટે સમજાવવાની જરૂર પડી હતી. શું આવા દાખલા તથા ઓરતોની બહાદુરીના દાખલા જેઓ જેલથી ડરતા હોય તેમને હિંમત આપવા પુરતા નથી?

એક વધુ કારતુસ

કેપટાઉનના "કેપ" નામના અઠવાડીક પત્રમાં એશીઆટીક બાબતે સૌથી મોટું ચિત્ર છે. તેમાં કેબીનેટ જેવડો છે. એક હીંદી બાબતે ઉપર બેઠો છે. "બ્રહ્મજ્ઞાન" બીજા રૂપમાં જનરલ બોથાને બોધ આપે છે કે "મારા નામમાં તમે લડયા; હવે મારા નામમાં આ (હીંદીનું) યુધ્ધ છે તો તેના તરફ તમને દિલસોજી નથી?"

છાપામાં કાગળ

'એમ. ચર્ચવર્ડ' નામથી એક ગોરે 'લીડર'માં લખે છે કે 'ચોલવીને ટ્રાંસવાલ છોડવાની નોટીસ અપાઇ એ જુલમ થઇ છે. બીજા ધરમના માણસને આવી નોટીસ ખરો અંગ્રેજ કદી ન આપે. તેમ કામ સુધરેલી બ્રિટીશ પ્રજાનો માણસ ગુન્હેગારની પેઠે રજીસ્ટર પણ ન થાય. જે બોલવી કેલોની છોડે તો પછી હીંદી અને મલાર્ડ બચ્ચાને કોણ તાલીમ આપે? ટ્રાંસવાલના આ કામથી બ્રિટીશ રાજને નુકસાન થશે.'

રેવરંડ ડોકનો કાગળ

રેવરંડ જે. ડોક ફરીથી છાપામાં કાગળ લખી જણાવ્યું છે કે—કેટલાક ગોરા ધરમ, ભાષા, તથા વિચારોના ફેરને લીધે હીંદીની લડત હજુ સમજી શકતા નથી. જેઓ ગુન્હેગાર નથી તેવા માણસો વડે આપણે આપણાં કેદખાનાં ભરી દેવા માગતા નથી, તેમને પાયમાલ કરી. નોકરીથી લગાડી અને ઘરબાર ફોડાવીને કાઢી મુકવા પણ માગતા નથી. તેઓ આપણીજ પ્રજાના લોક છે. અને લડાઇના મેદાનમાં આપણા ઘાયલ થએલા લડવઇયાની તેમણે દયા બાદને ચાકરી કરેલ છે. આવા લોકપર જુલમ કરવાથી ત્રાસ છુટવો જોઇએ અને શરમાવું જોઇએ. જેમ બને તેમ આનું વહેલું સમાધાન કરવાની જરૂર છે.

વગર ધંધાવાળાઓને સુચના

વગર ધંધાવાળાઓને એક સુચના કરવાની કે આપણે સાચા છીએ ને કેસ જીતવા ખાતર બધાએ જેલમાં જવાનો ઉપાય લેવાનો છે. સાચા સાથે ખુદા છે. એ હમેશાં યાદ રાખવાનું છે. માટે હવે વગર ધંધાવાળાઓએ જો કે ઘણુ ફીલીંગ નું કરટ લઇ પોલીસ અથવા એવો કોઇ ઓફીસર ઉભેલો હોય તે બાજુપર વેચવા માટે ઉભા રહેવું. એટલે પોલીસ જરૂર તેમને વગર લાઇસેન્સથી વેપાર કરવા માટે પકડશે. અને માજીસ્ટરેટ જેલની સજા કરશે. એમ કરીને આપણે સરકારની જેલ ચીકાર ભરી દેવાની છે. એટલે સરકાર પોતે કંટાળશે.

ગેઝેટની નોટીસ

નાદાર શેખ મહમદ ઇસાક પ્રીટોરીઆ વાળાની ત્રીજી મીટીંગ માજીસ્ટરેટની કોરટમાં ૩૧ જાનેવારીએ ૧૦ વાગે મળશે.

નાદાર અમોદ ઇસ્માઇલ મેમણવાળાના એસ્ટેટની તપાસ તા. ૬૮ થી ૨૫ સુધી જોહાનિસબરગમાં અને તા. ૩૮ થી ૬૪ ફેબ્રુવારી સુધી પ્રીટોરીઆમાં થશે.

નાદાર દાદા હાજી તથા નાદાર હુસનની મીલકતની તપાસણી તા. ૧૮ થી ૨૫ સુધી પીટર્સબરગમાં તથા તા. ૨૮ જાને વારીથી તા. ૫ ફેબ્રુવારી સુધી મીટીંગો બોલાવી.

કેપટાઉનમાં માસ મીટીંગ

સા. આ. ઇ. એસોસીએશનનો જુસ્સો

મી. ઇ. મુરદીનનું ભાષણ

વિગતવાર હેવાલ

(ઇ. ઓ. માટે મળેલ રીપોર્ટ)

[ગએ અઠવાડીએ રૂટરના તારપરથી કેપટાઉનની માસ મીટીંગનો હેવાલ અમે આપ્યો હતો. પાછળથી શુક્રવારે કેપ ટાઉનથી મી. આદમના નામથી તાર મળેલ કે "રૂટરની ભુલ. મહેરબાની કરી એવું છાપશો કે રવીવારે લીગે જંગી મીટીંગ ભરી હતી અને મી. આદમ એચ. જી. મહમદ પ્રમુખ હતા." પાછળથી અમને મળેલ રીપોર્ટ ઉપરથી એમ જણાય છે કે મજકુર માસ મીટીંગ કેપ ટાઉનના સાઉથ આફ્રીકન ઇંડીઅન એસોસીએશને ભરેલી અને પ્રમુખ મી. અબરાહીમ મુરદીન હતા. તે મીટીંગનો વિગતવાર હેવાલ નીચે મુજબ છે:— અ. ઇ. ઓ.]

કેપ ટાઉનના જુદા જુદા ભાગના હિંદીઓની માસ મીટીંગ રવીવારે ૪થાગે હેનોવર સ્કાંટ, એથલ ઇસ્ટીટ્યુટમાં મળી હતી. તેનો ઉદ્દેશ ટ્રાંસવાલના જુલમ સામે પ્રોટેસ્ટ કરવાનો તથા મી. ગાંધી વગેરે જેલ જનારાઓ તરફ દિલસોજી બતાવવાનો હતો. મીટીંગમાં હાજર થનારાઓની સંખ્યા ૨૦૦૦ જેટલી હતી. હાજર થનારાઓમાં મેસરસ એ. અબાસ, અબદુલ ગની, એસ. ઇસ્માઇલ, ઇ. છ. કેશલ, અલી આદમ એસ. ફાસીમલી, એમ. એસ. મેરીસ, મી. જે. એમ. એમ. ગુલ, એ. છ. ગનસાર, મુસા નુર મહમદ (સ્ટેલન બોશ), હાજી ઇબ્રાહીમ (સમરસેટ સ્ટરેંડ), ફકીર ઇસ માઇલ (ગુડવુડ), એમ. જે. રાવળ (ક્લેર માર્કેટ) રતનજી નુરસજી તથા બીજા ઘણા આગેવાનો જોવામાં આવતા હતા. સા. આ. ઇ. એ. ના ચેરમેન મી. ઇબ્રાહીમ નુરદીન પ્રમુખ હતા.

પ્રમુખનું ભાષણ

તેમણે મીટીંગનું કામ શરૂ કરતાં ભાષણમાં જણાવ્યું કે મી. ગાંધી વગેરેને પકડી ને ટ્રાંસવાલે મોટો જુલમ કર્યો છે. વધારે પ્રજાનું અપમાન કરનારો કાયદો અમલમાં મૂકીને બ્રિટીશ પ્રજાને કલંક લગાડ્યું છે. આખી દુનિયામાં હીંદીને જલદગી થી સમજાવી ટ્રાંસવાલ છે. માટે ટ્રાંસવાલના જુલમથી આપણને કેટલો રોષ થયો છે તે બતાવવા, તથા ટ્રાંસવાલના ભાઇઓને આપણી અંતઃકરણની દિલસોજી બતાવવા આપણે મળ્યા છીએ, વગેરે.

ઠરાવો

(૧) "હીંદી સ્ટેટ સેક્રેટરી મી. મોરલીપર—ટ્રાંસવાલમાં હીંદી આગેવાનો સામે જુલમી રીતે એશીઆટીક કાયદો અમલમાં મુકવામાં આવ્યો છે તે ઉપર સા. આ. ઇ. એ. માન પ્રરવક ધ્યાન ખેંચે છે; અને વચ્ચે પડવા આતુરતા પુરવક અરજ કરે છે; કારણ કે આ જુલમથી ભયંકર પરિણામો આવવા સંભવ છે." મી. અહમદ અબાસની દરખાસ્ત અને મી. એસ. ઇસ્માઇલ તથા મી. આર. નથરોજજીના ટેકાથી સર્વાનુમતે પસાર થયો.

(૨) કલકત્તાના આગેવાન બાપા પર નીચે મુજબ કેબલ મોકલવા ઠરાવ થયો. "મોટા શોક સાથે અમે જણાવીએ છીએ, અને તેથી આખા હીંદુસ્તાનને વાકેફ કરીએ, કે અમારા આગેવાનોને ટ્રાંસવાલ સરકારે જેલમાં નાખ્યા છે. અમે આતુરતા પૂરવક આશા રાખીએ છીએ કે અહીંના દુઃખી દશા ભોગવતા હીંદીની વતી હીંદી સરકાર વચ્ચે પડશે." આ ઠરાવ મી. એ. છ. ગનસાર ની દરખાસ્ત અને મેસરસ બ્રિસપ અહમદ દાદ પટેલ તથા મી. એસ. વી. સાઠેના ટેકાથી પાસ થયો.

(૩) "ટ્રાંસવાલને પોતાની મરજી મુજબ કારભાર કરવાનો હક છે એ કબુલ કરવા છતાં ખરાબ કાયદો હીંદી સામે જુલમગાર રીતે અમલમાં મુકવામાં આવ્યો છે તે માટે બહુજ શોક થાય છે. વધી સરકારને જે મોટું નુકશાન થાય તેમ છે તે વાત ટ્રાંસવાલ બુકી જાય છે એ ખેદ કારક છે. આશા છે કે છેલ્લી ઘડીએ પણ સરકાર વિચાર કરશે અને હીંદી આગેવાનોને છોડી મુકશે. તેમને એક દિવસ પણ જેલમાં રખાય એજ કાયદો અન્યાયી ઠરાવવાને પુરતું છે." આવો તાર લોર્ડ સેલબોરનપર મોકલવાનો ઠરાવ મી. એસ. કારીમલીની દરખાસ્ત અને મી. અલી આદમ તથા મી. ફકીર ઇસ્માઇલના ટેકાથી પાસ થયો.

(૪) મી. મોરસે જુદા જુદા બોલનારાનાં ભાષણ હીંદુસ્તાનીમાંસમજાવ્યાપછી મીસીસ ગાંધીપર દિલસોજીનો તાર કરવા નીચેનો ઠરાવ કર્યો. "બોઅર યુધ્ધ સાથે સા. આ. ઇ. એસોસીએશન [illegible] દિલ સોજી સ્વીકારવા અરજ કરે છે. આપણી આફતમાં ઇશ્વર આપણને બધાને સહાય થાય એવું માગીએ છીએ." મી. હલીમ ના ટેકાથી આ ઠરાવ પસાર થયો.

(૫) મી. ઇસ્માઇલ દાવુદે નીચે મુજબ સંદેશો જોહાન્સબરગના એસોસીએશનપર તારથી મોકલવા દરખાસ્ત કરી. "ટ્રાંસ વાલ સરકારના જુલમથી સા. આ. ઈ. એસોસીએશન બહુ દિલગીર થઇ છે. અહીં લોકો બહુ ગુસ્સે થયા છે. તમારા તરફ દિલસોજી બતાવીએ છીએ. સોમવારે હીંદી કોમ ધંધો રોજગાર બંધ કરશે." મી. હસન સમસુદીનના ટેકા બાદ આ ઠરાવ પાસ થયો.

પછી મી. ટી. એલ. બી. એજકોંબ, મી. જે. એમ. એચ. ગુલ તથા બીજા બોલનારાઓએ ટ્રાંસવાલના કામને વખોડી કાઢનારાં ભાષણ કરયાં. મી. એસ. સોલ નામના નેટીવે તાળીઓની ગરજના વચ્ચે જણાવ્યું કે કાફરો રંગમાં હીંદીને મળતા છે; અને તેમની દિલસોજી હીંદીઓના પક્ષમાં છે. પછી સોમવારે બધો ધંધો રોજગાર બંધ કરવાનો ઠરાવ કરી મી ગાંધીના તથા બીજા ટ્રાંસવાલના આગેવાનો માટે, તથા સા. આ. ઇ એસોસીએશન માટે હુરરા બોલાવી સભા વિસરજન થઇ હતી. પછી શોકની નીશાની તરીકે કાળા વાવટા સાથે એક સરઘસ એડરલી સ્ટ્રીટના છેડા સુધી ગયું હતું.

સ્ટોમરેની હિલચાલ.

[નાતાલ ડાયરેક્ટર ઓફ નેટલ.]

અમબુલી—તા. ૬૮ મીએ મદ્રાસથી નાતાલ આવવા ઉપડી છે.

[જરમન લાઇન]

ફ્રાંકિસ—તા. ૨૮મીએ મુંબઇ પહોંચી છે.

ગવરનર—તા. ૨૮મી જાનેવારીએ મુંબઇ જવા ઉપડશે.

પ્રેસીડંટ—તા. ૧૮મી ફેબ્રવારીએ મુંબઇ જવા ઉપડશે.

[પેનિઅન આફ્રિકન લાઇન]

ગાંડ—તા. ૨૫મી જાનેવારીએ કલકત્તાથી ઉપડશે.

એટનહોલ—બોઆ બખતમાં કલકત્તાથી ઉપડશે.

[illegible] હીંદુસ્તાનનો વપાર જાનેવારીની ૨૫ મી એ મદ્રાસમાં [illegible] બોટ બાંધે બધે

પોર્ટ એલીઝાબેથ

મી. કે. એન. જગત, (સેક્રેટરી પોર્ટ એલીઝાબેથ બ્રિ. ઈ. એ.) લખે છે કે:—

તા. ૨૦મીને રોજ મી. ગાંધી વગેરેને જેલ મળવાના ખબર તારથી મળતાં અત્રેના લોકોને બહુ જુસ્સો ચડ્યો હતો અને એક મીટીંગ તુરતો તુરત ભરવામાં આવી. જેમાં મેસરસ મુસા દાઉદ, દાઉદ, અબ્દુલ્લા બ્રધર્સ, મુલ્લતાની બ્રધર્સ, તથા બીજા ઘણા હિંદુ મુસલમાન તથા મદરાસીઓ હાજર હતા. મીટીંગનું કામ ચાલુ થતાં ગોરમેને બહુસરકારક શબ્દોમાં ભાષણ કરયું. એસોસીએશનપર દિલગીરીનો તાર કરવાનો ઠરાવ થયો. મેસરસ નાઇડુ, સુદીયાલ, અલીભાઇ, મુસા કાસમ, દાઉદ મહમદ ખાન તથા બીજા મહદ્દોએ ભાષણો કર્યાં તથા સખત શબ્દોમાં સરકારના કામને વખોડી કાઢયું. આગેવાનો પર જુલમ ગુજારવાથી દરેકને ગમે તેવી સજા ઉઠાવવાનું શુર ચડેલું હતું. પછી બેનોની, બરેકમાન, સ્મીથ વગેરે હિંદીઓને મકકમ રહેવાની ભલામણ કરવા માટે ભાષણો થયાં. ત્યારબાદ કરી સભા વિસરજન થઇ હતી.

ક્રોરસ્ટ

(અમારા ખબરપત્રી તરફથી)

તા. ૫મીએ ક્રોરસ્ટ કમીટીની એક મીટીંગ મળી હતી. મેસરસ વડવાળા, તથા અબદુલ્લા ગની તથા બીજા મહદ્દોએ કાયદાના બારામાં જુસ્સાદાર ભાષણો કરયાં. પછી લાઇસેન્સ માટે બધાએ મળી એક વખત જજ આવવું એવો ઠરાવ થયો. પછી બ્લેક લેજને કોઇ માણસ બોલાવે તો મહેલીવાર રૂા. ૭/૬, ને બીજી વખત રૂા. ૨૧/—નો દંડ કરવો એવો ઠરાવ સર્વાનુમતે થયો. અત્રે રામસીંગ નામના મદ્રાસી એસ. એ. સી. માં રસોયાનું કામ કરે છે તેને રજીસ્ટર કરવા ગોરાએ ઘણું ઘણું સમજાવ્યા છતાં તેણે બહાદુરીથી જવાબ આપ્યો કે મારે ગમે તેટલું દુઃખ વેઠવું પડે તોપણ હું કદી મારા ભાઇઓથી વિરૂદ્ધ નહીં ચાલું, ને રજીસ્ટર નહીં થાઉં. આ વાત કમીટીની મીટીંગમાં ચર્ચાતાં મી. રામસીંગની સઉએ તારીફ કરી, પછી જ્યાં જતાં સુધી લડતમાં દૃઢ રહેવા અસરકારક વિવેચન થયા પછી સભા બરખાસ્ત થઇ હતી.

મીડલબરગમાં ઊધરાણું

મી. એ. ઈ. ભાભા, મી. દાવુદ ઇસ્માઇલ, મી. આઇ. એ. કાજી, તથા મી. ઓસમાન લખા મીડલબરગની હીંદી કોમ વતી લખે છે કે—અહીં ઉઘરાણું કરેલ તેમાંથી પા. ૨૦ની ચેક બ્રિટીશ ઇંડીઅન એસોસીએશનપર મોકલી આપવામાં આવી છે. બાકીના પૈસા પંદરમા આવનાર છે તે હાલ અત્રે રાખવામાં આવશે. ઉઘરાણા માં ભરનારનાં નામ નીચે મુજબ છે.

મી. એ. ઈ. ભાભા પા. ૫, મી. દાઉદ ઇસ્માઇલ પા. ૩–૧૦–૦, મેસર્સ આઇ. એ. કાજીની કું., ઓસમાન લખા, દરેકના પા. ૨–૧૦–૦, મેસરસ અમુબાઇ વરીંદ, એમ. એ. દીનાત, રામસામી ધોબી, દરેકના પા. ૧–૧૦–૦, મેસરસ એમ. એ. બદા, શેખા હાજી દરેકના પા. ૦–૧૫–૦, મેસરસ મહમદ ઇબ્રાહીમ, કાસમ આમદ બાટવાવા, ગોપાળ મીઠ દરેકના ૦–૧૦–૦, મેસરસ હાજી મુસા હાજી આમદ ખોડીજા, ઇસપ મહમદ પટેલ, ઇબ્રાહીમ આમદ નાનાભાઇ, મહ મદ ઇસપ સાયજી, ઇસપ હુસેન ગંભાર, હસન ઇબ્રાહીમ, ઇસપ ઇસ્હાક, મહમદ ઇસ્માઇલ તેલપરીયા, સુલેમાન હુસેન બચાત, મહમદ મુસાજી મુલ્લા, પ્રેમા કેશવ, મુસા મહમદ પટેલ, મુસા મહમદ પાનદોરા, તથા રૂપચંદ ઠાકોર દરેકના ૦–૫–૦, મી. બાબુ ૦–૬–૭, મેસરસ દાઉદ ઇબ્રાહીમ ગાચા, તથા આમદ કાસમ દરેકના ૦–૨–૬, તથા મેસરસ સાલે મામદ માંજેડી ને આકુજી ૦–૫–૬ કુલ પા. ૨૫–૬–૬.

ગ્રેહામ્સટાઉનમાં ઊધરાણું

ગ્રેહામ્સટાઉન (કેપ)થી મી. મોહન ભાઇ દેસાઇ, મી. ઇસ્માઇલ મહમદ, તથા મી. ગોવીંદ નારાણ લખે છે કે—

ટ્રાંસવાલના ભાઇઓની મદદ માટે ઉઘરાણું કરી પા. ૨૪–૮–૬ની રકમ બ્લેક્સબરગ એસોસીએશનપર મોકલી આપી છે. તેમાં ભરનારાનાં નામ નીચે મુજબ છે:—

મેસરસ ઇસ્માઇલ મહમદ, ગોવીંદ નારાણ, બાલા ડરી દરેકના પા. ૨: મેસરસ મોહનભાઇ દેસાઇ, ધોળી વલભ પ્રેમા, ધોળી બાલા પ્રેમા, ધોળી બાલા નારાણ, ધોળી કલ્યાનજી નારાણ, ધોળી રણછોડ હરીભાઇ, ધોળી દયા નાગર, ઠાકોર વજેસીંગ મંગોરસીંગ, એન. એસ. સામી, મોચી મોરાર મુખા દરેકના પા. ૧; મેસરસ કીકા મોરાર, તથા લાલા મોરાર દરેકના ૦–૧૫–૦; મેસરસ જુલા વસન, ડાહ્યા છીબા, ખુશાલ મોરાર ગોપાલ પરશોતમ, મુકસેડ અદલા, પી. રંગસામી, લાલા કાનજી (મુંબઇવાળા) દરેકના ૦–૧૦–૦; મો. એમ. જે. નાઇડુ શી. ૧૦/૬, મો. વી. રંગસામી શી. ૭/૬, મેસરસ પરશોતમ રામજી તથા વી. નારાણસામી નાઇકર દરેકના શી. ૫/; મેસરસ સુલેમાન શેની, જોન હેંડ્રીક, એસ. વેલુ, શૌ. મુનુસામી કે. વીરાસામી, તથા ડી. એસ. પીલ્લે દરેકના શી. ૨/૬: મેસરસ મીઠા મોરાર, તથા વી. એમ. નાઇડુ દરેકના શી. ૨/; મી. રડીઆ રૂપલા શી. ૧/; મી. લાલ મહમદ ૦/૬; કુલ પા. ૨૪–૮–૬.

'બહાદુર પંજાબી લડવૈયા', એ મથાળા તળે અમે અંકમાં આપેલી અરજીપર જમાદાર નવાબખાન તથા મી. સમુંદર ખાન ઉપરાંત બીજા ૨૧૬ પંજાબી અને બહાદુ લડવૈયાની સહીઓ હતી.

બેરા

(એક ખબરપત્રી તરફથી)

અત્રેના હીંદીની એક મીટીંગ તા. ૧૯ મી એ મળી હતી. મી. દામોદર આણુદજી પ્રમુખ હતા. મી. જીમજી આર. નાયક જે નાતાલના તહેવાર માટે રોડેશીઆથી અહીં આવેલ હતા ને ખાસ રોકાએલ હતા તેમણે અહીંના હીંદીઓમાં જાગ્રતિની જરૂરવિષે ભાર દઇને ભાષણ કરયું તથા દરખાસ્ત કરી કે અહીં હીંદી વેપારી મંડળ (ઈન્ડિયન ચેંબર ઓફ કોમરસ) સ્થાપવું. તે દરખાસ્ત અનુમતે પાસ થતાં મી. નાયકે તેમાટે કાયદાકાનુનો રસ્તો કર્યો તેપણ પાસ કરવામાં આવ્યા. પછી મી. મકુરદાસ કાનજી (મી. દામોદર આણુંદજીના મેનેજર) ને ચેરમેન, મી. જુસબ હાજી સકુર (મી. સકુર હાજી હબીબના મેનેજર) ને સેક્રેટરી, મી. વલ્લભદાસ લાલજી (મી. ચોથમલદાસ ખેતસીના મેનેજર) ને તથા મી. તયબજી ઇબ્રાહીમ (મેસરસ તયબજી સકુર કું. ના ભાગદાર) ને કમીટીના મેંબરો તરીકે નીમવામાં આવ્યા. મંડળના ઉપયોગ માટે તયબજી સકુર તરફથી એક મકાન વગર ભાડે વાપરવા મળ્યું છે. બીજા કેટલાક ગ્રહસ્થો તરફથી ખુરસીઓ, ટેબલો, બત્તી, તથા ચોપડા વગેરે ચીજો ભેટ મળી છે. મી. તયબજી ઇબ્રાહીમ તરફથી તેમના ભત્રીજાના લગ્ન પ્રસંગે બે ચીની ભેટ મળી છે. બાદ બીજું પરચુરણ કામ કાજ કરી સભા વિસરજન થઇ હતી.

ગુટનીક

(એક ખબરપત્રી તરફથી)

ટ્રાંસવાલના આગેવાનો પકડાવાના ખબર થતાં ગુટનીકમાં હીંદીઓની એક મંગળવાર મીટીંગ ગુરૂવારને તા. ૧૨ મીએ રાત્રે મળી હતી. લોકો ઉસ્કેરાઇ જવાથી ટોળાબંધ હાજર થયા હતા. પ્રમુખ મી. આર. આર. નાઇડુએ એક જુસ્સા ભરેલું ભાષણ કરયું, તથા સરકારના જુલમને સખત શબ્દોમાં વખોડી કાઢયો. લોકોએ તે દિવસે બંધો રોજગાર બંધ કર્યો હતો તે માટે આભાર માન્યો. પછી ટ્રાંસવાલના આગેવાનોએ મોકલેલો દિલસોજીનો સંદેશો વાંચી સંભળાવ્યો, જેમાં જણાવ્યું હતું કે અંતઃકરણ પુરવક દિલસોજી બતાવીએ છીએ, તે મદદ આપવા હમેશાં તયાર છીએ. બીજા કેટલાક બોલનારાઓએ ભાષણો કરયાં જેમાં ઇંગ્લાંડની હોંશીઓ માટેની બેદરકારી પર સખત ટીકા કરવામાં આવી હતી. પછી મી. મોરલીપર, તથા વેપારસરાપર પ્રોટેસ્ટના સખત કેબલો મોકલવાનો ઠરાવ કરીને સભા વિસરજન થઇ હતી.

ચરચા પત્ર.

અમારા ખરચાપત્રીઓ નીચેના નીયમો યાદ રાખશે તો તેઓના ઘણો કંટાળ દુર થવા ધ્યાન આપવાનો સંભવ છે.

૧. કાગળની એકજ બાજુએ લખવું.

૨. અક્ષર ચોખા ચોકખી લખવા.

૩. હાલ તથા કેફીયત અલગ લખવાં. કે હમેશાં બહાર પાડવા લાયક નહિ. પણ અમારી જાણને માટે.

૪. મંજુરીની ટાંક ચુકીમાં મળેલ લખાણો તેજ અઠવાડીયામાં છાપવા કરી શકાશે.

૫. લખાણ હમેશાં ટુંકું અને ચોકખું કરવું.—અધિપતિ.

"પટેલ" (ક્વીન સ્ટ્રીટ)—નામ વગરના કાગળપર ધ્યાન આપી શકતા નથી.

મી. એચ. એ. પટેલ—તા. ૪ ના અંકમાં ૮મે પાને આપેલ છે.

પોપ્યુલેશનના ચર્ચાપત્રી—હદપાર કરવાનું સરકારથી બને તેમ નથી; તેમ કોમના અકકમ રહેવાથી સમાધાન વહેલું થવાનો સંભવ છે. એટલે તમે ઉઠાવેલ સવાલ રહેતો નથી.

એક હીંદી (ફ્રસ્ટ સ્ટ્રીટ)—નામ વગરના કાગળપર ધ્યાન આપી શકતા નથી.

જે. જી—અમારા અંકમાં લખાણ અગેજ હોવાથી એ વિષય ફરી ઉશ્કેરણીમાં લાભ નથી.

મી. ગોવીંદ નારણ—એ વિષે વધુ ખોલવાની જરૂર રહેતી નથી.

મી. દેવચંદ; તથા 'પટેલ'—અખબાર સિવાય કવિતા છાપવાનું બંધ કરેલ છે.

મી. એચ. પટેલ—જે લખાણ માટે જગ્યા બચાવી શકાય તેમ નથી.

મી. એન. જે. પટેલ—અપવાદ સિવાય કવિતા છાપવાનું બંધ કરેલ છે.

ડેલાગોઆબેના હીંદીઓનો બેદરકારી.

મે. ઇ. ગો. ના અધિપતિ સ્નેહ,

મી. ગાંધી અને બીજાઓને જેલ મળતા સંબંધમાં કરવાનથી કોંગરેસનો તાર તા. ૧૨-૧-૦૮ના સવારના નવ બજે અહીંના આગેવાન રોડીઆઓને મળ્યો જે ઉપરથી મેસરસ નાનજી દુધવદાસ કું. ના મકાનમાં હીંદી ભાઇઓની એક મીટીંગ મી. નાનકરામના પ્રમુખપણા નીચે મળી હતી.

શરૂઆતમાં મી. ગાંધી વગેરે જેલ મળ્યા તેમના તરફ દીલસોજી જાહેર કરવા મોકાએક રોડીઆઓ તથા પરચુરણ દુકાન દારો તથા ફેરીવાળાઓ તરફથી એવી ઠરાવ આસ્તે પાસ થઇ કે રાતીવારે બપોરના બાર બજ્યા પછી દરેક વેપાર ધંધો બંધ કરવો પણ મોકાએ જોઇને ફીરહ થઇ પોતાનો વીચાર એમ જણાવ્યો કે આપણે આતરેના એડવોકેટ મી. "બાંજેસો હરેરા" ની સલાહ લઇ દુકાનો બંધ કરવી. તેની સલાહ બન મતી બજતાં બાતરેના લગભગ દોઢસો રોડીઆઓએ દુકાન બંધ કરવાનો વીચાર માંડી વાળ્યો. જેથી બીચારા ગરીબ માણુસોને દુકાન બંધ કરવા ધમકાવી હતો તે દરખાસ્ત થવામાં હતી ગઇ. તેમ વળી સરકારને તાર કરવા વીચાર હતો તે પણ માંડી વાળ્યો.

ડેલાગોઆબેના હીંદીઓ આવી નજીવી બાબતથી પણ ઠરાંસવાલના ભાઇઓ તરફ દીલસોજી નથી બતાવી શકતા એ ખોટા ખેદની વાત છે. હવે પકડ્યા ની મદદ આપી આ આરોપ દુર કરશે? કે ગમે તે મતાં પણ કુસંપ દુર કરી જાગ્રત થશે નહિ?

ઇમિગ્રેશન રીસ્ટ્રીકશન એકટ તા. ૧૫ ફેબ્રુવારી પછી અમલમાં આવી જવાનો છે તેમ સાંભળીએ છીએ. તેની સામે સખત લેવાને માટે "ઇન્ડિયન એસોસીએશન બન" સ્થાપી ઉધરાણું કરવું છતાં કુસંપ ના બીજે હજુ સુધી કોઇપણ તે કામની સામે પગલાં લેવાયાં નથી. હજી પણ પાણી આવવા પહેલાં પાળ બાંધે તો સારી વાત છે નહિ તો પછી અપમાન સહન કરવાનો વખત નજીક આવતો જણાય છે.

ડેલાગોઆબે, હી. હિરેન્દ્રુ.

તા. ૧૭-૧-૦૮.

મી. ઓધવ કાનજીની સલાહ

મે. ઇ. ઓ. ના અધિપતિ સાહેબ,

મી. ગાંધી તથા બીજા આગેવાનો જેલ ગયાના સમાચારથી દિલગીર થયો છું પણ આશા છે કે જેવી રીતે મી. ગાંધી પોતાની ટેક કદી છોડવાના નથી તેવીજ રીતે કોઇ હીંદી ભાઇએ પોતાની ટેકને જેલ કે દેશનીકાલથી ડરીને છોડવાની નથી. સાચાનો બેલી ઇશ્વર છે એ કહેવત મુજબ ઇશ્વરપર વિશ્વાસ મુકી પોતાની ટેક જાળવવા તેમજ સ્વદેશનું અભિમાન રાખવા લડતમાં ચુસ્ત રહેવું એવી ટ્રાંસવાલના હીંદીઓને મારી ભલામણ છે. કોઇ રજીસ્ટર થઇ કમાવાની અાશા રાખતું હોય તો મારા વિચારથી તે ખોટી છે. કારણ કે લડતમાં હાર થાય તો પછી ટાઉનમાં વેપાર કરવા દેશે નહીં. મારે અમે તેમ કરીને આપણે લડતમાં જીત મેળવવાની છે. ટ્રાંસવાલના હીંદી ભાઇઓને તથા ખાસ કરીને મારા લાગતા વળગતાઓને નમ્રતા પુરવક કહું છું કે પોતાની ટેક જાળવવામાં કદી પાછી પાની કરશો નહીં. જેલ કે દેશ નીકાલથી નાડરતાં હિંમત રાખી ઇશ્વરના પર ભરોસો મુકી લડતમાં મકકમ રહેવાનું છે.

લી. તાબેદાર સેવક
ડરબન ઓધવ કાનજી

[દિલગીર કરવાનું નહીં અને તેવું હોવાને લીધે તમા જગાની નંબરને લીધે એ સંબંધી થોડો ભાગ ઉપરના કાગળમાંથી કાઢી નાખ્યો છે. અ. ઇ. ઓ.]

ડેલાગોઆબેથી એક ચર્ચાપત્રી લખે છે કે કસ્ટમમાં ઉતરેલા પાસેંજરોને ક્વોરેન્ટાઇનમાં લઇ જતી વખતે પાસેંજરોનાં પોતાનાં નામ ઉપરાંત માનાં નામો પણ માગવામાં આવ્યાં, અને પૈસાના લોભથી આંજાઇ ગએલાઓએ સ્વાભિમાન ભુલી જઇ વિના તકરારે તે આપ્યાં તે મોટી દિલગીરની વાત છે. આશા છે કે હવે પછી આમ ન બનવા માટે ડેલાગોઆબેમાં સ્થપાએલી સિ. ઇ. એસોસીએશન આ વાત ઉપાડી લેશે.

બેનોનીથી મી. પરસોતમ મોઢા લખે છે કે—અહીં બધા હીંદી મકકમ છે; અને લાઇસેન્સ વગર વેપાર ચાલુ રાખ્યો છે. ગોરાઓ કે કોઇ પૂછે છે તો જવાબ આપવામાં આવે છે કે જેલ જરૂર દેખાવા થયું પણ રજીસ્ટર નહિ થઇએ.

પરચુરણ ચરચા

અમસીંગાથી એક 'બુકડીપર' લખે છે કે મી. ગાંધી વગેરે આગેવાનો પકડાયા ના ખબર થતાં અત્રે બધી દુકાનો બંધ થએલ. પણ મેસરસ જુથુ અને સન વાળાએ ગોરાની ડરામણીથી ડરી જઇને ખોલવા માંડી. તેને લોકો સમજાવતા હતા ત્યારે મી. રથવીરે ડરબનથી આવેલા મી. સુચીત મહારાજની સલાહ પુછતાં તેણે ઉંધી શીખામણ આપવાથી તેમણે દુકાન ઉઘાડી હતી. આ બહુ દીલગીરની વાત છે. જે વખતે કોંગરેસના ડેલીગેટ અહિ ઉઘરાણા વાસ્તે આવેલ તે વખતે મી. રથુવીરે બહુ મોટો ભોગ આપવાની વાતો કરી હતી તે ક્યા ગઇ? તેણે શમ સુંદર જેવું કરવું છે એમ કેમ ન કહેવાય?

મી. રતિલાલ હેડલબરગથી લખે છે કે કોઇએ મારે વિષે એવી અફવા ઉડાડેલી કે જે આગેવાનોને જેલમાં નાખે તો ઘણા હીંદી રજીસ્ટર થશે એમ મેં સરકારને કહ્યું છે. આ અફવા તદન ખોટી છે. મેં કોઇને તેવું કહ્યું નથી. જો એ વાત કોઇ સાબીત કરી આપે તો હીંદી ભાઇઓ ફરમાવે તે સજા ઉઠાવું તથા નિરાશ્રીત ફંડમાં પા. ૨૦ની રકમ આપું. પણ એ અફવા તદન ખોટી છે. કાયદા સામે લડત લેનારા બહાદુર ભાઇઓને હું હુતેહ ઇચ્છું છું. તથા મારાથી બનતી મદદ દેવા પણ તયાર છું. માટે મારે વિષે કોઇને ખોટો વહેમ ગયો હોય તે કાઢી નાખવો.

મી. મહમદ ઇસ્માઇલ દીગોલ વાટર વાલ બોવનના હીંદી તરફથી લખે છે કે અમોએ લડત માટે ઉઘરાણું કરીને તે પૈસા બેલફાસ્ટવાળા મી. સલુજીને ત્યાં જમા રાખેલ છે. તો પૈસા મી. સલુજી એ બિ. ઇ. એસોસીએશનપર ન મોકલ્યા હોય તો હવે તે તુરત મોકલી આપવા જોઇએ. અગાઉ કોઇ માણસે એવી સુચના છાપામાં કરી હતી પણ તે ઉપર ધ્યાન અપાયું જણાતું નથી એ દીલગીરી ની વાત છે. આશા છે કે મી સલુજી તે પૈસા એસોસીએશનપર મોકલી આપશે અથવા તો ઉઘરાણામાં ભરનારાઓને પાછા આપશે.

ડરબલકંડનથી મી. મણીભાઇ દેસાઇ લખે છે કે અત્રેની હીંદુ ધર્મ સોસાયટીને માટે ઉઘરાણું કરતાં પા. ૧૪–૬–૮ ની રકમ થઇ છે.

એથલથી મી. મહમદ ઇસ્માઇલ દાદા ભાઇ લખે છે કે તા. ૬ઠીએ સારજંટે મારી પાસે આવી લાઇસેન્સ માગતાં મેં તેને જુલાઇ માસનું લાઇસેન્સ બતાવ્યું; ને નવું લાઇસેન્સ માગતાં મેં કહ્યું કે જનેવારીની આખર પછી વાત. પછી કેટલીક રગઝગ કરીને લાઇસેન્સ તો લઇ ગયો. મારા વકીલને વાત જણાવતાં તેણે કહ્યું કે તેથી કાંઇ થાય તેમ નથી. તેવામાં સારજંટ પાછો આવીને લાઇસેન્સ પાછું આપી ગયો, ને બોલ્યો કે મારી ભુલ થઇ. પેટ દુખેને માથુ કુટે એના જેવું બિચારાને થયું. રજીસ્ટરનું કહેલું હતું પણ એ વાત તેની કોઇ સાંભળે તેમ ન હોવાથી લાઇસેન્સ માગ્યું! વળી તેને ખબર નથી કે લાઇસેન્સ વગર વેપાર કરનારને બહુ કરીને તે જેલમાં નાખી શકે; તો જેલમાં જવા હીંદીઓ તયારજ છે. ને હું તો જેલ અને સખત ગમે તેવી મજુરી કરવા પણ તયારજ છું.

લેડનબરગથી મી. અબદુલ લતીફ ઓસમાણ લખે છે કે અહીંના વેપારીઓ લાઇસેન્સ લેવા સાથે મળીને ગયા હતા. લાઇસેન્સ અમલદારે નવાં રજીસ્ટર વગર લાઇસેન્સ ન આપવાનું કહ્યું, તેથી સહુ પાછા ચાલ્યા આવ્યા છે; ને લાઇસેન્સ વગર વેપાર ચાલુ રાખ્યો છે. અત્રે સહુ જોરમાં છે. તા. ૨૮ ડીસેંબરના બ્રેકફલેગ ના લીસ્ટમાં લેડનબરગનું નામ હતું પણ કહેવું જોઇએ કે તેમાંનો એક ગુમાસ્ત અબદુલ કરીને છે તે પહેલાં અહીં નોકર હતો પણ પાછળથી પ્રીટોરીએ ગએલ, અને બીજો અબદુલ લતીફ તે પણ અહીંનો નથી. બાકી અહીંના કુલ માણસો હીંમતમાં છે.

પોચેસ્ટરમથી મી. ઓસમાણ દાદા અબદુલ લતીફ લખે છે કે પોચેસ્ટરમના હીંદીપર આરોપમાં જણાવેલ લપોણા કોઇએ અદાવતથી કરેલ હશે. આખા દુનિઆ વાકેફ થએલ છે છતાં કાયદાથી અહીંના હીંદી અજાણ્યા એમ બબડનાર બહુ બોલેલ છે. તેમ છતાં કોઇને અરે અર સમજણ નહિ પડી હોય ને મને પુછશે તો મારા સમ મુજબ સમજાવવા હું પ્રયત્ન કરીશ. બાકી બાડણીમાં માથું નાખી ધણકારાથી બીવું તે નામરદનું કામ છે. મરવું તો છે; તો જીવતાં સુધી કામ ની આબરૂ જાળવવી તે ફરજ છે.

મી. એન. જી. પટેલ સેટલરલીલા (કેપ) થી લખે છે કે ટ્રાંસવાલનાપર આવી મોટી આફત આવી પડી છે તો કેપના ભાઇઓ એ ઉઘરાણું કરી સારી મદદ આપવામાં વધુ વખત સુધી પછાત ન રહેવું જોઇએ.

માલમ્સબરી (કેપ)થી મી. અબદુલ અઝીજ લખે છે કે તા. ૨૮ ડીસેંબરના અંકમાં જંગી ફંડ કરવાની જે સુચના કરવામાં આવી તેને હું મળતો છું. ને તે વાત ઉપાડી લેવા ભલામણ કરું છું.

મુટનીઝ (કેપ)થી મી. કલ્યાણ ગંગાદાસ ખોલવડીઆ લખી જણાવે છે કે ટ્રાંસવાલ માં હાડમારીથી આપણા દેશીભાઇઓ ધંધા રોજગાર વગરના થઇ પડયા છે તો તેમને મદદ માટે કેપમાં દરેક કેકાણે ઉઘરાણાની જરૂર છે.

મી. મુસા અ. ઉમટ ચોટરબરગથી લખે છે કે લોરડ એલગીનની કમ અકલ ને લીધે ઇમીગ્રેશન કાયદો પસાર કર્યો છે; પણ તેથી કાંઇ ન ડરતાં હડત ચાલુ રાખવાથી જરૂર ફતેહ મળશે.

મી. સુલેમાન હુસેન કરમરસડોરપથી લખે છે કે હીંદી ભાઇઓ એક સંપ રહીને ટકર ઝીલશે તો સરકારથી કે તેના કાયદા થી કાંઇ થઇ શકવાનું નથી.

મી. ઇસ્માઇલ મહમદ વરીઆવા વેરૂલમ થી લખે છે કે મી. ગાંધી જેવા આગેવાન જેલમાં ગયા તો તેવા પ્રસંગે એક નહિ પણ બે દિવસ દુકાનો બંધ કરવાનો ઠરાવ કોંગ્રેસે કર્યો હોત તો વધારે સારૂં થાત.

મી. સુલેમાન હુસેન કરમરસડોરપથી લખે છે કે આ દુનિઆમાં ઇજ્જત અને આબરૂ એજ મોટી વાત છે. માટે ગુલામ બનવા કરતાં જેલ જવું અથવા દેશપાર થવું એજ મરદાનગી છે.

પોર્ટ શેપ્સટનથી એક જખનાર જણાવે છે કે તા. ૧૦મીએ આખા ગામમાં બધા હીંદીઓ દુકાનો બંધ કર્યા છતાં મી. અબદુલ કાદર અબદુલ રહેમાને રોજગાર ચાલુ રાખ્યો હતો.

લેડીસ્મીથથી મી. મહમદ કાસમ ઝરૂથી લખે છે કે લોર્ડ એલગીન પોતાના વચનપર ચોકસ છે તો હિંદીઓએ ખુદા પર ભરોસો રાખી હડત ચલાવવી.

ક્રેરોલીનાથી મી. ઇસ્માઇલ બાવા રાઠોડ લખે છે કે તા. ૧૨મીના અંકમાં ક્લેક લેગેના નામમાં 'બાવા ઇસ્માઇલ' એવું નામ હોવાથી કેટલાક મારૂં નામ ભુલથી સમજીને મને ઠપકા આપે છે. તેને લીધે મને કેટલાક ઠપકાના કાગળો પણ મળ્યા છે. માટે આથી હું જાહેર કરૂં છું કે હું રજીસ્ટર થયો નથી, અને થવાનો પણ નથી.

લેડીસ્મીથથી મી. જીવા મહમદ લખે છે કે ટ્રાંસવાલના ભાઇઓને મદદ કરવા દરેક કેકાણે ઉઘરાણાં કરવાની જરૂર છે.

કૃગર્સડોરપથી મી. સુલેમાન ઇબ્રાહીમ સૌને મક્કમ રહેવા ભલામણ કરે છે.

ચાલુ વર્તમાન.

ગેનોનીથી મી. કારા મુસા લખે છે કે— હું, અસમાલજી નાનાભાઇ, તથા અસમાલ હાસમ રાવત અહિંઆં પીકેટનું કામ સારી રીતે બજાવીએ છીએ. તેમજ અમોને સરકાર જો પકડે તો અમારી પાછળ બીજા ઘણા ભાઇઓ પીકેટીંગ કરવાને આતુર થઇ બેઠા છે.

પારલ (કેપ)થી મી. ભાણાભાઇ લખે છે કે મી. ગાંધી તથા બીજા આગેવાનોને જેલ મળ્યાના ખબર સાંભળી અત્રેના હિંદીઓને શોક થયો હતો. તેમણે પ્રાર્થના કરવા વખતે એવી દુવા માગી હતી કે ટ્રાંસવાલના ભાઇઓને હડતમાં જીત મળે.

મી. ઇસ્માઇલ મહમદ કેપટાઉનથી લખે છે કે—અહીંની મીટીંગના ઠરાવ મુજબ તા. ૧૩ મીએ અહીં હડતાળ હતી ને દિવસે અત્રેના એસોસીએશનના પ્રમુખ, સેક્રેટરી, ટ્રેઝરર તથા બીજા એવા આગેવાનોએ જાતે પીકેટ તરીકે કામ કરેલું; અને પરિણામે હડતાળ ફતેહમંદ ઉતરી હતી.

નાતાલ મેમણ કમ્યુનીટી ફંડના સેક્રેટરી લખી જણાવે છે કે—તા. ૧૫-૧-૧૯૦૮ સુધી ધી નાતાલ મેમણ કમ્યુનીટી ફંડના પા. ૧૦૫-૪-૬૦ (એકસો પાંચ પાઉંડ ચાર શીલીંગ અને છ પેન્સ) બેંક ઓફ આફ્રિકામાં જમા છે.

ઇંગ્લંડન

મી. મણીભાઇ દેસાઇ લખે છે કે :—

તા. ૧૧મીએ ઇંગ્લંડના 'રેલીડીસ્પેચ' ના છાપા વાંચતાં આ તરફ ઘણીજ દીલગીરી પેદા થઇ હતી, અને તુરતજ મારકેટ સ્કવેરના મેદાનમાં એક પબ્લીક મીટીંગ થઇ હતી જેમાં આ તરફના સેક્રેટરી મી. એસ. કાસુજીએ બધાને જાહેર કર્યું કે ફરટ લેકર તથા દુકાન વગેરે આજે સર્વ બંધ રાખવાં. તે ઘણાજ ઉત્સાહથી સહુએ કબુલ રાખ્યું. એક કલાકની અંદર સંપ જેવો કોઇ દીવસ ન થએલો એવો જોવામાં આવ્યો. તેજ વખતે ઠરાવ થએલો કે એસોસીએશનના હોલમાં બરાબર એક વાગે મસ્ત મીટીંગ ભરવી. આવો એકદમ થએલો સંપ જોઇ માસ્ટર તથા કેટલાક સુજ્ઞ મોરા લોકો હિંદીના સંપનાં વખાણ કરતા હતા, તથા અચંબો પામતા હતા.

મંગળવારે પાંચ હીંદીની નોટીસની મુદત પુરી થવાથી તેમને કોરટમાં ખડા કરવામાં આવ્યા હતા. તેમાના એક મી. મુસ્તફાએ જણાવ્યું હતું કે એશીઆટીકોને ત્રણ માસની સજા કરીછે તે ફકત ત્રણ દિવસ બરોબર છે. હું માગણી કરું, છું કે કોરટે ત્રણ વરસની સજા કરવી. માજીસ્ટ્રેટે ચુકાદો આપતાં બધાને ત્રણ માસની સખત મજુરી સાથે સજા કરી. ને જણાવ્યું કે અગાઉ થએલી સજામાં ફારેબારીખાતા તરફથી ઘણોજ ઓછો થવાનું મેં સાંભળ્યું છે તે ખાતા સાથે કોરટને સંબંધ નથી, મારે માત્ર કાયદા મુજબ અમલ કરવાનો છે. ત્યાર પછી બીજા ૨૦ માણસોનો કેસ ચાલ્યો તેમને પણ ત્રણ માસની સખત મજુરી સાથે સજા થઇ.

કરજરસડોરપ

મી. સુલેમાન ઇબ્રાહીમ જીતાલી લખે છે કે તા. ૨૩મીએ અહીંઆં ૧૪ માણસને પકડવામાં આવ્યા હતા. તેમનો કેસ તા. ૨૪મીને ગુરુવારે હતો. કેસ સાંભળવા માટે તમામ હીંદીઓએ હાજરી આપી હતી. કોરટ હીંદી તથા ગોરાઓથી ચીકાર ભરાઇ ગઇ હતી. માજીસ્ટ્રેટે દરેક આરોપીને પા. ૨ નો દંડ અથવા દંડ ન આપે તો ૧૪ દીવસની સાદી જેલની સજા ફરમાવી. બધા હીંદીઓએ જેલ કબુલ કરી છે. કેસ પુરો થયા પછી મી. ખરસેદજી દેસાઇએ કોરટના કરવાજા આગળ હીંદી નથા ગોરા બોકોનાં ટોળાં આગળ અંગ્રેજીમાં ભાષણ કરયું. તેમાં સરકારની રીતને સખત રીતે વખોડી કાઢી જણાવ્યું કે હીંદીઓ મુલ્કી કાયદાને કદી પણ શરણ થશે નહિ. પછી બોકો વખત માટે વધારે દૃઢ થવાનો નિશ્ચય કરીને વીખરાઇ ગયા હતા.

બીજા ચાર હીંદીનો કેસ સોમવારે ચાલશે.

કરજરસડોરપમાં લાલા ખુશાલ અને પ્રેમા લાલાને ૭ દીવસની નોટીસ મળી હતી.

જરમીસ્ટન

ગયા-ગુરુવારે જરમીસ્ટનના માજીસ્ટ્રેટે ૬ હીંદી ફેરીવાળાને લાઇસેન્સ વગર ધંધો કરવા માટે સખત મજુરી સાથે ૭ દીવસની જેલની સજા કરી હતી.

મી. ઠકુરાસીંગને જરમીસ્ટનમાં ગયા સનીવારે સોમવારના દિવસે હાજર રહેવા માટે નોટીસ મળી હતી. તે પ્રમાણે તે 'ઓ' માજીસ્ટ્રેટની કોરટમાં હાજર થયા હતા. તેમને માજીસ્ટ્રેટે ૪૮ કલાકમાં કોલોની છોડવાની નોટીસ આપી છે.

૧૩ હીંદી ફેરીઆને કોરટમાં ખડા કર વામાં આવતાં માજીસ્ટ્રેટે પા. ૨ ના દંડની અથવા ૧૪ દીવસની જેલની સજા કરી. બધાએ જેલમાં જવાનું પસંદ કરયું હતું.

ક્રોકસલ્ડર્ઝ

સોમવારે મી. સુધાસીંગનો કેસ ચાલ્યો હતો. કેસ સાંભળવા ૨૦૦ જેટલા હીંદીઓ હાજર હતા. માજીસ્ટ્રેટ આગળ રજુઆત કરતાં મી. સુધાસીંગે જણાવ્યું કે "આપને જે સજા કરવી હોય તે કરો. રજીસ્ટર થવા સામે મારે વાંધો છે." બાદ તેને ૧૪ દિવસની નોટીસ મળી.

રૂડીપોર્ટમાં મેસર્સ ઇસપ અહમદ, કબીરા, તથા હીરા જીવાને લાઇસેન્સ વગર ફેરી કરવા માટે ૧૪ દીવસની જેલ અથવા પા. ૨-૧૫-૦ ના દંડની સજા થઇ હતી.

પોચેસ્ટરૂમ ખાતે મેસરસ ઓસમાન જીવા અને મુસા અલારખીમાતે ૧૪ દીવસની નોટીસ મળી છે.

નાતાલ કોંગરેસની બઢતિ

[ઈ. ઓ. મટે ખાસ રીપોર્ટ.]

ગુરુવારે રાત્રે નાતાલ કોંગરેસની એક ખાસ મીટીંગ મી. હાજુદ મહમદના હોલમાં મળી હતી. જે વખતે આગેવાનો ઉપરાંત ૨૦૦ જેટલા ગૃહસ્થો હાજર હતા. મી. આંજલીઆએ જણાવ્યું કે હીંદી લાઇસેન્સ સંબંધમાં ચરચા કરવા માટે મેદરેની મીટીંગ નાતાલના પ્રાઇમ મીનીસ્ટરે બોલાવી છે. માટે તે સંબંધમાં કોંગરેસ તરફની અરજો તાર પ્રાઇમ મીનીસ્ટરને કરવામાં આવે છે. એસિઆટીક-લાઇસેન્સ વિષે જે કેટલ ફરન્સ મળવાનું છે તે સંબંધમાં નાતાલ કોંગરેસનું એક ડેપ્યુટેશન કાલની મીટીંગ બરાબર તે પહેલાં પોતાના વિચારો ઓનરેબલ પ્રાઇમ મીનીસ્ટરને જણાવવા માગે છે. આ તારનો પ્રાઇમ મીનીસ્ટર તરફથી કોંગરેસને જવાબ મળ્યો છે કે "તમારા તારના જવાબમાં જણાવવાનું કે મીટીંગ કાલે ૧ વાગે બરાબર શરૂ થઇ ગઇ છે એટલે તે બરાબર તે પહેલાં ડેપ્યુટેશનને મળવાનું બની શકે તેવું નથી; પણ કોંગરેસને જે રજુઆત કરવી હશે તે સાંભળવા સરકાર તૈયાર છે, અને તે રજુઆત માટે ડેપ્યુટેશને મળવું એવી ઇચ્છા હશે તો હવે પછી વખત નોંધી શકાશે. ડેપ્યુટેશનમાં ૬ મેંબરો આવી શકશે, અને તે કોઇના વિચારો બતાવનારા હોવા જોઇએ." ડો. નાનજીએ જણાવ્યું કે આ પત્રક બહુ સરસ લેવાયું છે, હવે આપે કોના લાઇસેન્સ અટકયા છે તે પુછાવ્યું. મી. અબદુલ કાદરે તે સુચનાને મળતા થઇ ડો. નાનજીનું નામ ડેપ્યુટેશન માટે સુચવ્યું. મી. ઇરમાઇલ ગોરાએ જણાવ્યું કે કોંગરેસનું પત્રક વખાણવા લાયક છે. જે લોકો કહે છે કે કોંગરેસ કાંઈ કરતી નથી તેઓને પણ ખબર પડશે કે કોંગરેસ તો કામ કરતીજ જાય છે. મી. આંજલીઆએ જણાવ્યું કે ગયે વરસે જ્યારે આગેવાનો મરહુમ મી. લાજીરદીન ને મળ્યા હતા તેજ વખતે તેઓ સાહેબે જણાવ્યું હતું કે લાઇસેન્સ વિષે બરોબર અન્યાયજ ચાલે છે, અને આજ પ્રમાણે ગવરમેંટની મીનીટ બુકમાં પણ લખવામાં આવ્યું હતું, અને એશીઆ ન્યાય ખાતાના પ્રધાન તરફથી હુકમ થએલો કે જે હીંદી બરાબર લાઇસેન્સથી કામ કરે તેના ઉપર મારા હુકમ વિના કામ અટકાવવું નહિ. મી. આમદ જાવતને ડેપ્યુટેશનમાં લઇ જવા હું સુચના કરું છું. મી. પારસી રૂસ્તમજીએ મી. જાવાતમે ડેપ્યુટેશન કયાં લઇ જવાની સુચનાને ટેકો આપ્યો. મી. હાજી ઓસમાએ જણાવ્યું કે આ મીટીંગમાં ડેપ્યુટેશન મોકલવાનો ઠરાવ પસાર કરવો. મી. ઇરમાઇલ ગોરાએ ડેપ્યુટેશન મોકલવાની દરખાસ્ત મુકી, જે મી. અબદુલ કાદરના ટેકાથી સરવાનુમતે પાસ થઈ.

ડો. નાનજીએ જણાવ્યું હતું કે લેજીસ્લેટીવ બના એક આગેવાનને ડેપ્યુટેશનમાં નીમવા ની હું મારા તરફથી સુચના કરું છું. મી. અબદુલા હાજી આદમે જણાવ્યું કે ડેપ્યુટેશનથી સારું અંતિમ આવશે. મી. સુલેમાન ઇસાકે ડેપ્યુટેશન જવા માટે ખુશાલી બતાવી. મી. મુસા બિગે ઝુસ્સા ભરેલા શબ્દો માં ટાપણ કરેલું હતું. ત્યાર બાદ પ્રસુખ મી. દાઉદ મહમદે જણાવ્યું કે ઘેડી સમીયવાળા સાહેબો દુકાન ખુલ્લી રાખત તો સારું થાત. ડરબનરોડપરના એક મહાસારી નું લાયસેન્સ બુલમને લીધે અટકયું હતું, પણ તેણે દુકાન ખુલ્લી રાખી. તો આજે ૧ વરસ થયાં વેપાર કરતોજ આવ છે. માટે મંડળી કે બીજી રીતે કહેવા જેવું જરાએ ન રાખ્યું હોય છતાં લાયસેન્સ અટકે તો તેથી બીજું નહિ. બાદ ૧૦ વાગે મીટીંગ બરખાસ્ત થઇ.

સર્વ સંગ્રહ

પંજાબમાં હીંદીઓની એક જબરદાર મીટીંગ ભરાઇ હતી જે વખતે ટરાંસવાલના હીંદીઓની આફ્રત સામે પ્રોટેસ્ટનો ઠરાવ કરવામાં આવ્યો હતો.

બાહોરમાં મુસલમાનોની એક મીટીંગ મળી હતી. તેમાં ટરાંસવાલના મામલા સામે પ્રોટેસ્ટ કરવામાં આવ્યો હતો. રજીસ્ટ્રેશન અને ઇમીગ્રેશન કાયદાને વડી સરકારે ન અટકાવવા માટે ખેદ દરશાવવામાં આવ્યો હતો; તથા ટરાંસવાલના બાઇઓની હાડમારીઓ દુર કરવાને વડી સરકારને તથા હીંદી સરકારને અરજ કરવામાં આવી હતી.

કેકસટન હોલમાં લંડન ખાતે વસતા હીંદીઓની એક મીટીંગ મળી હતી, જેમાં ટરાંસવાલના હીંદીઓ તરફ દિલસોજીનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો; અને વડી સરકારને બતાવવામાં આવ્યું હતું કે ટરાંસવાલ સરકારના વલણથી હીંદમાં વડી સરકારને મોટું નુકસાન પહોંચે છે.

ટરાંસવાલના હિંદીઓની હાડમારી સામે પ્રોટેસ્ટ કરવા ૭૦૦૦ માણસોની એક જંબરદર મીટીંગ મુંબઇમાં મળી હતી જે વખતે હિંદુ મુસલમાન પારસી તથા આગેવાન ગોરાઓએ હાજરી આપી હતી.

મુબઇની રોટ પબ્લીક ગ્રાતિએ મીટીંગમાં ઠરાવ કરી મી. ગાંધી તરફ દિલસોજીનો કેબલ મોકલ્યો છે.

ટરાંસવાલના એશીઆટીક સવાલનું સમાધાન થયા માટે 'ટાઇમ્સ' પત્ર મોટો સંતોષ બતાવે છે. મી. ગાંધી તથા હીંદી આગેવાનોની વરતણુક તે વખાણ કરે છે, અને કોલોનીસ્ટોએ રંગદ્વેષની લાગણીને લીધે ચલેલું સમાધાન ન થવા દીધું તે માટે ખેદ બતાવે છે.

વિલાયતના અખબારોમાં પ્રસિદ્ધ થએલા અખબારપરથી જણાય છે કે સુરત કોંગ્રેસ વિખેરાઇ ગયા પછી મળેલા કનવેનશનમાં ટરાંસવાલના હીંદીની હાડમારીનો સવાલ ખાસ કરીને ચરચવામાં આવ્યો હતો. મી. ઉમર હાજી આમદ ઝવેરીએ હીંદી ઓની દયાનું વિવેચન કરયું હતું, તથા જણાવ્યું હતું કે જો ટરાંસવાલ એ કાયદો અમલમાં મુકવામાં કૃતેહમંદ થાય તો નાતાલમાં પણ તેવો કાયદો ઘડાય, અને હીંદીના બુરા હાલ થાય એવો સંભવ છે. માટે કાયદો રદ કરવામાટે યત્ન કરવા હું દરજ્જર મહસ્થોને અરજ કરું છું. પ્રોટેસ્ટના તારો બાબુ સુરેંદ્રનાથ બેનરજીએ વાંચ્યા હતા.

ચાલુ વર્તમાન.

રૂટર જણાવે છે કે—

હીંદી અને ચીના કોમના આગેવાનોએ મળી કોલોનીઅલ સેક્રેટરીપર કાગળ લખ્યો હતો. તેના જવાબ દરમ્યાન મી. સ્મટસે જણાવ્યું છે કે મારા કહેવા મુજબ એસિયા ટીકોએ રાજીખુશીથી રજીસ્ટર થવા પગલું ભરયું તે તેમનું ડહાપણ બતાવે છે. પરંતુ જાત રજીસ્ટર બનાવપર કાયદાની સજાઓનો અમલ થશે નહિ. રજીસ્ટરેશન ફરજીયાતી અને છેવટનું પાય એવું કરવાને આગેવાનો પોતાના નત ભાઈઓને કહેશે એવી ખાતરી સરકાર કબુલ રાખે છે.

ટરાંસવાલ સરકારે નીચે મુજબ કેબલ લોર્ડ એલગીનપર મોકલ્યો છે: મી. ગાંધી અને બીજા હીંદ તથા ચીના આગેવાનોએ ચાર માસમાં મરજીઆત રજીસ્ટર થવાની ઓફર કરી છે; આ ઓફર સરકારે કબુલ કરી છે; અને એવું માંથે લીધું છે કે જેઓ મરજીઆત રજીસ્ટર થાય તેમનાપર કાયદાની સજાઓનો અમલ થશે નહીં. કાલે બધા જેલ મએલા એશીઆટીકોની સજા માફ થશે."

રૂટર જણાવે છે કે તા. ૩૦ મીની સાંજે મી. ગાંધી છુટા થયા પછી 'સાંજેલી મેલ' ના પ્રતિનીધીએ તેમની મુલાકાત લીધી હતી. તે દરમ્યાન મી. ગાંધીએ એવું જણાવ્યું હતું કે લડતના પરિણામથી હીંદીઓએ ખુશ થવાનું નથી. તેથી જનરલ સ્મટસનો નરતબો જળવાઇ રહે છે ત્યારે હીંદી કોમને જે જોઇતું હતું તે મળ્યું છે.

એશીયાટીક લાઈસેન્સ સંબંધમાં બરબેલી નાતાલના મેયરોની મીટીંગ વખતે એવી વાત ચરચાઈ હતી કે જો હિંદીઓને લાઈસેન્સના ઝઘડા સંબંધમાં સુપ્રીમ કોરટને અપીલ કરવાનો હક આપવામાં આવે તોજ મ્યુનીસીપાલ બીલમાંથી હિંદીનો વેટ કાઢી નાખવાની કલમને વડી સરકાર ના મંજુર ન કરે. કોનફરન્સના બધા બરા મેંબરોએ આ વાત સ્વીકારવાની ના પાડી હતી.

એડવરટાઈઝરનો જોહાન્સબરગનો ખબર પત્રી જણાવે છે કે એશિયાટીકોને છુટા કરે વાથી ગોરાઓમાં નિરાશા અને ગુસ્સો ચેહા યરો. સરકારનો ઠરાવ તે નામોશી ભરેલી હાર બરોબર છે; અને તેને વખોડી કાઢવા ગોરાઓની મીટીંગો ભરાવ તો નવાઈ નહિ.

નાતાલ પ્રધાન આગળ જનારા હીંદી ડેપ્યુટેશન માટે મેસરસ ડો. નાનજી, દાઉદ મહમદ, અબદુલ કાદર, એમ. સી. આંગણીઆ, આમદ બાવાત, તથા એક લેડીરમીયના આગેવાન એટલા ગ્રહસ્થો નીમાયા છે.

તા. ૩જી ફેબ્રુવારી અને સોમવારે એશી આટીક સવાલપર ચરચા કરવા માટે ગોરા ઓની એક મીટીંગ ડરબનમાં ભરાવાની છે.

છેલ્લા ખબરો.

હિંદી કોમનો જીત

મરજીઆત રજીસ્ટર કબુલ

જેલ જનારાઓને છોડી મુકયા

(ઇ. ઓ. માટે ખાસ તાર.)

જોહાન્સબર્ગ, શુક્રવાર, ૨. ૩૫

સમાધાન થયું છે. તેને એશીઆટીક કોમમાં સામાન્ય રીતે સંતોષ ભારક જણવામાં આવે છે.

આજ સવારે બધા (૨૦૦ જેટલા) જેલ મએલાઓને છુટા કરવામાં આવ્યા છે.

જેના કેસ ચાલવાના હતા તે પાછા ખેંચી લેવાયા છે.

પાર્લામેંટની મીટીંગ ભરાવ ત્યાં સુધી લાયસેન્સ વગર વેપાર ચાલુ રાખવામાં આવશે.

ખુશાલીમાં બનાવ મીટીંગો ભરાવાની નથી.

પીટરસબરગથી મી. અબદુલ ગની તાર કરેછે કે—હું છુટો થયો છું. મેમર્સનું નાક રાખ્યું છે.

હીંદી છાપાનો ટીકા

ટરાંસવાલની લડતપર હીંદી છાપામાં ઘણી ચર્ચા થઇ છે. તેમાંથી કેટલાક છાપાની ટીકા નીચે આપીએ છીએઃ—

'અખબારે સોદાગર'

તા. ૪થી ડીસેંબરના અંકમાં મુંબઇનું 'અખબારે સોદાગર' લખે છે કેઃ—

ટરાંસવાલના હીંદીવાનો સામે જે સખત કાયદો ત્યાંની સરકારે પસાર કીધો છે, તે કાયદાને શરણ નહીં થવાની અને એ રીતે ટરાંસવાલની સરકારને હંફાવવાની હીંદીવાનોએ જબરી જુમ્મેસ ઘાલ્યુ રાખી છે. જોહાન્સબરગ જાતેથી મળેલા છેલ્લા તારના સંદેશાઓ ઉપરથી જણાય છે કે, હીંદીવાનો પોતાની લડતમાં ઘણા મક્કમ છે. તેઓને આ લડત ઉઠાવવામાં મોટી નુકશાની ખમવી પડી છે અને હવે તેઓ પોતાનું સર્વસ્વ ખોવાને તયાર થયા છે. હીંદીવાનોની આવા પ્રકારની થઇ પડેલી સ્થિતિ ખરે ખર ઘણી ભયંકર છે. તેઓની લડત ઉપર સંસ્થાનોમાં વસતા હીંદીવાનોનાં તારણનો આધાર રહેલો છે. જો દક્ષિણ આફ્રિકાના ગોરાઓ ત્યાંના હીંદીવાનો ઉપર જુલમ ગાંજવામાં ફાવ્યા, તો તેવાજ પ્રકારનો જુલમ કેનેડા, વગેરે બીજાં સંસ્થાનોમાં વસતા હીંદીવાનો ઉપર ગુજરવાની ધાસ્તી રહે છે. આ સવાલ આપણી પ્રજાકીય કોંગ્રેસમાં રજુ થવાની મોટી જરૂર છે, અને ટરાંસવાલની સરકારના આપખુદ પગલાં સામે મજબુત પોકાર ઉઠાવવો ઘટે છે.

તા. ૫મી ડીસેંબરના અંકમાં 'અખબારે સોદાગર' લખે છે કેઃ—

ટરાંસવાલમાં પેઢા ધંધા અર્થે જઇ રહેતા હીંદીવાનો ઉપર જે આપત્તાઓ પડે છે અને તેમને રજીસ્ટર થવાની જે ફરજ નાખવામાં આવી છે તેથી સરપે કોઇ માહેત છે. આ હીંદીવાનો ઘણા રાંક અને મુંગે મોઢેાડે કામ કરતા રાંગો છે. તેમનો ત્યાંના કારોબારમાં બીલકુલ અવાજ તો નથી એટલુ જ નહીં પણ ગોરા વસ્તીઓને ખાતર તેમની ઉપર તરેહવાર સખતાઇ પણ ગુજારવામાં આવે છે. જો કે બુલદ બ્રિટીશ સરકારે ટરાંસવાલને સ્વરાજ્ય બક્ષ્યું છે છતાં ખુદ બ્રિટીશ હીંદુસ્તાનના રહીશો ઉપરજ આવા જુલમના [illegible] નાખવા માં આવે છે બધા [illegible]

એ જણાવતાંઓ મુંગે મોઢે બાપડા એ હીંદીવાનો સહન કર્યા જાય છે. પણ મામલો ઘણો બેહદ્દો જાય છે ત્યારે નામોશીભર્યા કાયદાઓને શરણ થવા કરતાં તેઓ જેલમાં પણ જવા તયાર થયા છે. હાલ ત્યાંના હીંદીવાનોની એસોસીએશને આપણી આવતી નેશનલ કોંગ્રેસના પ્રમુખ એા. ડા. રાષ્ટ્ર બીહારી ઘોસ ઉપર હાંગ્રેસમાં એ બાબત રૂબરૂ લેવાને આગ્રહ કરનારો એક પત્ર લખ્યો છે, જે ઉપર અમો વાંચનારાઓનું ધ્યાન ખેંચીએ છીએ.

ટરાંસવાલના હીંદીઓ વતી લડત લેવા ઇગ્લાંડમાતે મી. ગીણા બેરીસ્ટરને મુંબઇની અંજુમન ઇસ્લામે પ્રતિનીધિ નીમ્યા તે ઉપર ટીકા કરતાં 'અખબારે સોદાગર' લખે છે કેઃ—આપણા જાણીતા રાજદારી મી. મહમદઅલી ગીણા બેરીસ્ટર ઇગ્લાંડમાં જનાર છે અને તેમની એ મુલાકાત વેળા દક્ષિણ આફ્રિકામાં હીંદીવાનો ઉપર જે જુલમાટભર્યા કાયદા લાગુ પાડવામાં આવ્યા છે તેમાટે બ્રિટીશ પ્રજા અને ચડતા બ્રિટીશ સત્તાધારીઓ સનમુખ દાદ મેળવવા માટે તેમને અત્રેની અંજુમન ઇસ્લામે પોતાના એક પ્રતિનીધિ નીમ્યા છે. મી. ગીણાએ રાજ્યદ્વારી દીલચાલોમાં અત્યાર આગમચ ઘણો કખાણવા જેવા ભાગ ભજવ્યો છે. અને હમેશાં પ્રજા તરફ ખડા રહી પોતાની લડતો એાસતવારીથી ચલાવી છે. મી. ગીણા આપણી પ્રજાકીય કોંગ્રેસમાં હમેશાં ઘણો ઉલટભર્યો ભાગ લે છે; અને પ્રજાના ખરા આગેવાનો અને રાહબરોની કતારમાં ઉભા રહી મજકુર રાહબરોને પોતાની લડતો ચલાવવામાં સંગીન મદદ આપે છે. મધ્યમ પક્ષના એક આગેવાન રાજ્યદ્વારી તરીકે મી. ગીણાનું નામના મેળવ્યા છે અને આગળ પણ ચોકકસ વરસોની વાત ઉપર હીંદી પ્રજાના અવાજ ઇગ્લાંડના લોકો સનમુખ રજુ કરવા તેવણ અત્રેના એક માનવંત પ્રતિનીધિ તરીકે ઇગ્લાંડ ગયા હતા. જે વેળા તેવણે ત્યાં ઘણું ઉપયોગી કામ બજાવ્યું હતું. જનની ખરીસીએ ચઢી રહેલા 'ડોકસ' દેસમાં તેવણે જનરીસો તરફની ચુંટણી રદ કરાવવા સારૂ પ્રજાના માનીતા અને જાણીતા સભાસદોએ જે કરીનાદી માંડી હતી તેમાં પ્રજાકીય પક્ષોના મુકરદમો ચલાવ્યો હતો. અને સામ્રાજ્યધ અમલદાર- એાફીસર વાર્દિઓ ની વિરૂધે જે [illegible] નાલક લીધા હતા તે [illegible] તેવણનો મારા [illegible] અને વાગ્મયાતુર્ય જ્ઞાન ખુલ્લું માલમ પડી આવ્યું હતું.

તા. ૧૦મી ડીસેંબરના અંકમાં ઉપરનુંજ પત્ર લખે છે કેઃ—દક્ષિણ આફ્રિકામાં ખુદ બ્રિટીશ રક્ષણ હેઠળનાં સંસ્થાનોમાં ગરિબ અને મહેનતુ હીંદીવાનો ઉપર તરેહવાર પ્રકારના સીતમો પડે છે, કાયદાનાં બહાનાં હેઠળ તરેહવાર જાતનાં નામોશી લગાડનારા જુલમાટ તેમના ઉપર ગુજારવામાં આવે છે, તેથી આ દેશના લોકોનાં દીલ અત્યીતજ દુખાય છે. મુખ્યત્વે કરી એટલા માટે કે એ ગરિબ હીંદીવાનોનું રક્ષણ કરવા તેમના તરફથી અવાજ બુલંદ પડવા ઇગ્લાંડના મોટા રાજ્યદ્વારીઓ પોતાને અશકત જણાવે છે. એ સબબથી દક્ષિણ આફ્રિકાના સ્વરાજ્ય ભોગવતા ગોરા સંસ્થાનીઓ બાપડા હીંદીઓ ઉપર જેમ ગમે તેમ દોર ચલાવે છે, અને હીનપસ્તીમાં નાખે એવા કાયદાઓ કહાડી તેમને હવે દેશમાંથી ગોરા કહાડવાનીજ તજવીજ સખ્ત બેઠા છે. પણ ધન્ય છે એ હીંદીવાનોની ધીરજને અને વફાદારીને કે તેઓ ગમે એવો જુલમાટ છતાં કશી પણ ગડબડ કરતા નથી, કોઇપણ જાતના આકરા પગલાંજ લેતા નથી, પણ જ્યારે મામલો અણીની ધીક ઉપર જાય છે ત્યારે માત્ર "પેસીવ રીઝીસ્ટન્સ" દેખાડી તેઓ પોતાની નામરજી જાહેર કરે છે.

એક સંદેશો મળ્યો કે ઝુલુલેંડમાં દીનાઝુલુ નામનાં આફ્રિકન સરદારે રમખાણ જગાડેલું હોવાથી ટરાંસવાલમાં વસતા [illegible] હીંદીવાનો જેઓમાં પઠાણો, શીખો, વગેરે છે, તેઓએ બ્રિટીશ સરકાર તરફથી લડત કરવા માટે બહાર પડવા માટે ત્યાંના હાલ કમીસનર લોર્ડ સેલબોર્નને માંગણી કરી છે. શાબાશ છે હીંદીવાનો! આ તે કેવી વફાદારી. એક તરફથી ગરિબ અને રાંક અને મહેનતુ હીંદીવાનો ઉપર જાત જાતના જાપતા નાખવામાં આવે છે, તેમને દેશમાંથી હાંકી કહાડવાની કોશીસ કરવામાં આવે છે, ત્યારે બીજી તરફથી એજ ગરિબ અને મુંગે મહોંટના હીંદીવાનો બ્રિટીશ સરકાર તરફથી આફ્રિકન જુલમગારો સામે લડાઇ કરવા બહાર પડવા માગે છે. હાલનો મામલો જોતાં સંસ્થાની સત્તાધારીઓએ હીંદીઓ તરફથી આવી જાતની માંગણી તો કદી પણ કરી હોય એમ જણાતું નથી. બરકસ તેઓ [illegible] તેઓ [illegible]

પડયા હશે. અપકારના બદલામાં ઉપકાર કરવાની હીંદીઓની આ રાજ્યનીતી ખરેખરી વખાણવા જેવી છે, અને તાંના ગોરા સતાવણીઓને તેથી ભારે ખેજાલત પેદા થતી હશે એમાં શક નથી. જ્યારે બુઅર બ્રિટીશ સરકારને ટ્રાંસવાંયતા બોયરો સાથ લડાઇ જાગી ત્યારે પણ દક્ષિણ આફ્રિકાના હીંદીઓએ બ્રિટીશ સરકારની ખરેખરી સેવા બજાવી અને ખુદ લડાઇમાં પણ ઘણી બહાદુરી દેખાડી હતી.

"મુંબઇ સમાચાર"

તા. ૨૩ મી નવેંબરના અંકમાં 'મુંબઇ સમાચાર' લખે છે કે—લંડનમાં વસતા ઇસ્લામીઓએ ટ્રાંસવાલમાં હીંદીઓ અને એશીઆટીકો વિરુદ્ધ બાંધેલા જાપ્તાના કાયદા સામે જે મજબુત વાંધા દરસાવ્યો છે તેનું અનુકરણ કરનારી જાહેર સભાઓ ખુદ હીંદ દેશમાં ફેર ફેર ભરવાનો વખત હવે આવી લાગ્યો છે. એ કાયદાના અકારાપણાં તેમજ બ્રિટીશ શાહેનશાહી નજીક હીંદી રૈયતનાં ધ્રુટાપણાંના તેની રૂએ લેવાતા બોગ વિષે અત્યાર આગમચ પુષ્કળ વિવેચન અમો કરી ચુકેલા હોવાથી તે વિષે લંબાણ કરવાની જરૂર રહેતી નથી. તેમ છતાં તેની રૂએ ટ્રાંસવાલની હીંદી રૈયત જે ભારે વિપત્તીમાં આવી પડી છે. તે પ્રત્યે આખા હીંદે ઘાડી દિલસોજી બતાવવાની જરૂર છે. તે વિષે બે મત પડશે નહીં. તે દિલસોજી દરશાવવાનો વખત હવે ખરેખર આવી લાગ્યો છે, અને ટ્રાંસવાલના હીંદીઓએ અત્યાર સુધી જાહેરમાં બહુ મક્કમ દેખાવ કરી તે મેળવવાને પોતાને સંપુરણ લાયક અને યોગ્ય પુરવાર કરી આપ્યા છે.....ટ્રાંસવાલના હીંદીઓએ જે દેખાવ કર્યો છે તે ઉપરથી કહી શકાશે કે અત્યાર સુધી જે જબરી કસોટીને સાચા નીવડવાને તેઓએ પોતાથી બનતું કરયું છે, અને હવે તેમને નીરાશ થઇ પાછળ હઠવું પડે તો તેમાટે તેઓ કરતાં તેમનાં અતરેનાજ જાતભાઇઓ વધારે જોખમદાર ગણાશે. ઘણી દિલગીરી સાથે આપણે જોતા આવ્યા છીએ કે એ લડત ચાલુ રાખવા માટે તેમને નાણાં સંબંધી કે બીજી મદદ તો રહી, પણ તેમના પ્રત્યે જે ઘાડી દિલસોજી આપે સમયે બતાવવી જોઇએ તે બતાવવાને પણ તેમના હીંદી જાતભાઇઓ કે તેમનાં આ દેશ મધ્યેનાં નાનાં મોટાં શુભેચ્છકારી મંડળો હજી જાગૃત થયાં નથી. જે જાપ્તાના કાયદા વિરુદ્ધ તેઓએ જાહેર સભાઓ ભરવા કે ચઢતા સતાવણીઓ જોવા ઝરછએ મોકલવાનાં કયાં પગલાં ભરયાં નથી, પણ હવે વખત આવી લાગ્યો છે.....આફ્રિકાના હીંદીઓએ માત્ર ભ્રહોરેયીજ નહીં પણ વરસો વરસ કોંગ્રેસ દ્વારા અતીસુંદરપણે મોકલવા જે ભારે કાબજી બતાવી છે તે પછી અહિંના સમયે તેઓ પ્રત્યે બતાવવામાં આવતું ઠંડાપણું જે તેમને નગુણાપણાનો ભાસ આપનારૂં લાગે અને તેથી તેમની હિમ્મત તુટી જઇ તેઓ નીરાશ બની જાય. તો અમોએ શરૂઆતમાં કહ્યું છે તેમ તેમની નીષ્ફળતાનો ઓપ તેમને નહીં પણ અહીંના તેમના સ્વદેશ બંધુઓ અને તેમના મંડળો ઉપરજ રહેશે.

તેમની ઉપર જે જાતના હાદેસા ગુજરવામાં આવ્યા છે તે જોતાં હીંદીઓ સિવાય બીજી કોઇ પણ પ્રજા આવી સબુરી બતાવી શકત કે તે એક ધ્યેયજ મનન કરવાજોગ સવાલ છે. શાંતી અને સુમેલને ચાહનારા દમેશાં શાંત હીંદીઓએ ટ્રાંસવાલ અને દક્ષિણ આફ્રિકાના બીજા મથકો ખાતે પણ પોતાની એવી શાંત વરતણુકના અનેક પુરાવા આપ્યા છે. અનેક જાપ્તાઓનો દોર તેઓએ મુંએ મ્હોંડે સહેલ્યો છે એટલુંજ નહીં પણ લડાઇ જેવે પ્રસંગે તેવા દીનપરતીજારેલા સતકારની યાદ દઇને નહીં ધરતાં ખરી વફાદારી અને ઉદારતાથી શહેનશાહી સરકારની બાજુમાં ઉભા રહેવાનું પોતાનું દિલ બતાવ્યું હતું.....તેમની લડત હવે તેમના સ્વદેશ બંધુઓએ ઉપાડી લઇ આગળ ચલાવવી જોઇએ છે. અને જે તેઓ એકલે હાથની મદદથી મેળવી શકયા નહીં તે હીંદી સરકાર મારફતે આખી હીંદી પ્રજાએ મેળવવાને મથવું ઘટે છે.

બીજા એક લંબાણ આરટીકલ દરમ્યાન "મુંબઇ સમાચાર" લખે છે કે:—

હાલ જે સ્થિતીમાં ટ્રાંસવાલની સરકાર મેલાઇ છે તે જોતાં તેને માટે ખચીત પાછાં પગલાં ભરવાનો વખત આવી લાગ્યો છે, અને એશીઆટીકો વીરુદ્ધ મજબુત લડત ચલાવનારાં વાઘરીઓએ ફેરવેલી પલ્ટણ, તેને નબળી પણ નીર્દોષ એશીઆટીક પ્રજાને આખરે ધનસાહ આપવાને ગેરે એમ આપણે દીલોજાનથી ચાહીશું. ટ્રાંસવાલના હીંદીઓએ પોતાના મકકમપણાથી પોતાની માતૃભુમીને ભારે અહેસાન તળે મેલી છે; કેમકે, આ વાતમાં કશો સંદેહ નથી કે બીજાં ગોરાં સંસ્થાનોના સત્તા વાળાઓ પણ એવાજ કાયદા ઓસીઆ હીંદો વીરુદ્ધ ઘડવા અને અમલમાં આ સીવાય તમામ હીંદીઓ અને એશીઆ ટીકો સામે પોતાના મુલકના દરવાજા હમેશના બંધ કરવા માટે ટ્રાંસવાલની સરકારની કુતેદની રાહ જોતા ટાંપી રહયા છે. આવે કટોકટને સમયે ટ્રાંસવાલના હીંદીઓ પ્રત્યે હીંદે પોતાની ફરજ બજાવવાની છે. ફેલાજીભાનને ખાતર જેઓ દુરદરાજ મુલકમાં પોતાનું સર્વસ્વ ખોઇ દેવાની અણીપર આવી પડયા છે, તેઓ પ્રત્યે દિલસોજી દર્શાવનારા તેમજ તેમની કુર્બાદને ટેકો આપનારા દરાવોને આવતી કોંગરેસની બેઠક વેળાએ ખાસ અગત્ય આપી પસાર કરાવવાની ફરજ તેણે બજાવવાની છે.

બ્રીટીશ ઇંડીઅન એસોસી એશનની મીટીંગ

મંગળવારે બ્રિટીશ ઇંડિઅન એસોસીએશનની મીટીંગ હમીદીઆ મસજીદની સામેના મકાનમાં મળી હતી. તેમાં જોહાન્સબરગ ઉપરાંત બહારગામના ઘણા મતકર્યાઓએ ભાગ લીધો હતો. લગભગ બે હજાર માણસો હાજરી આપી હતી. મીટીંગનું કામ શરૂ કરતાં ચેરમેન મી. ઇસપમીંઆએ જણાવ્યું કે આપણે ફકત એકજ બાબતને માટે એકઠા થયાએ છીએ. મારે ફકત એટલુંજ કહેવું છે કે આ બાબત બધાને માથે સરખી છે. માટે દરેક એમાં આગેવાની પડતો ભાગ લેવો. એમતો સમજાયુંજ નહીં કે આગેવાનોના જવાથી અમે શું કરશું. જેમ બાપના મોતથી તેના છોકરો તે વગર ચલાવે છે તેમ આપણે આગેવાનો વગર ચલાવવાનું છે. પણ જ્યારે સરકાર સલાહપર જાય ત્યારે આગેવાનોને ભુલવાનું નથી. ત્યારે ખાસ આગેવાનોને યાદ કરવા, અને કહેવું કે જ્યાં સુધી આમના આગેવાનોને છોડશો નહીં ત્યાં સુધી અમે સલાહ કરી શકતા નથી. શ્રુત કે હાર તે આપણા જ હાથમાં છે. આપણે મજબુત રહી કાયદાને શરણ નહીં થઇશું તો સરકાર હારેલી છે; અને હારીજ. જ્યાંસુધી આપણે કાયદો કબુલ કરતા નથી, ત્યાંસુધી ભલેને સરકાર કાયદા ઘડયા કરે. પણ મને દિલગીરી એટલીજ છે કે છાતી ઠોકી સરકાર સામે નીકળવાના વખતે કેટલાક લોકો ઘરમાં ભરાય છે. આપણી લડત ખુદાની છે, અને [આપણે કુતકુંજ પાર્લામેંટ; અથવા વહી સરકારે, અથવા તો મી. રીચ, અગર મી. ગાંધીપર પણ

કર્યો, આધાર રાખ્યાનો નથી. પણ જેને ક્રમાનો ફ્રીકર છે અને જેણે આપણને મેદા કર્યા છે, તેનાપરજ આપણો આધાર રાખવાનો છે. કંઇક ગોરા વિરુદ્ધ વાત કરતા હતા તે પણ તરફેણમાં વાત કરવા લાગ્યા છે. અને જો આપણે તેજ મુજબ મજબુત રહીશું તો સરકારને બેજ ગોરાઓ વ્યુસન કરતા અટકાવશે.

મી. ઇમામ અબદુલ કાદર બાવાઝીરે જણાવ્યું કે આપણી લડત હવે અંતમે પહોંચી છે, અને તેટલા માટે દરેક હવે તદન મજબુત રહેવાનું છે. સભરનો બહુજ ખરચ મળે છે, માટે માણસ બને ફ્રમેશાં સભર કરવાની છે. મારે આ ઉપરનું જ બાકી હું ગયું હું. આજે હું ખુશી થાઉ છું કે મેં જે વાત તમારી આગળ કહી હતી તે કરી દેખાડવાનો વખત આવ્યો છે.

મી. અબદુલ ગનીએ જણાવ્યું કે આ લડતથી આપણું નામ દુનિયાના દરેક ખુણામાં પહોંચી ચુકયું છે; અને આપણને એમાં જીતવાનું છેજ. જો સંપથી રહ્યા તો. અને જો તેમ થયું તો આપણું નામ હમેશને માટે દુનિયામાં કાયમ રહેશે. હું પોતે કોમ સાથે છું; અને થાય તે સજા ઉઠાવીશ, પણ કાયદાને હરગીજ વશ થઇશ નહીં. પછી મેસરસ્સ કલ્યુરાસીંગ, આચા બાત, ઇન્જ. એસ. એમ. પોલાક, મોલવી સાહેબ, મોહમદ હનીફ, જનસુર, ગલાબભાઇ કોકાભાઇ. તથા કુવાડીઆ વિગેરે ગ્રહસ્થોએ આપણો કર્યા બાદ મીટીંગ બરખાસ્ત થઈ હતી.

જરમીસ્ટનમાં માસ મીટીંગ

[ઇ. ઓ. માટે ખાસ રીપોર્ટ].

ગયા બુધવારે જરમીસ્ટનના હીંદુ મંદીરમાં એક ગંજાવર મીટીંગ મળી હતી, જે વખતે મેનાની, બરકેપાન, બોકસબરગ, ક્રેલ્સબરગ, રીટફનટીન અને બીજે કેટલેક ઠેકાણેથી ડેલીગેટો હાજર થયા હતા. હાજર થનારાઓમાં મેસરસ્સ કલ્યુરાસીંગ, લાલ બહાદુરસીંગ, નાઇડુ, આપાસામી, મુસા ઇસ્માઇલ કાદવા, તથા જોહાન્સબરગથી મોલવી મુખત્યાર સાહેબ, ઇમામ અબદુલ કાદર, એન. એ. કામા. જી. કે. દેસાઇ, એમ. ટી. દેસાઇ, એચ. એસ. એલ. પોલાક વગેરે હતા. શ્રોતાઓથી હોલ ભરાઇ ગયો હતો, અને સમાવેશ ન થવાથી લોકો બહાર ઉભા રહ્યા હતા.

બરાબર બપ્પુ વાગે મીટીંગનું કામ શરૂ કરતાં ચેરમેન મી. લાલ બહાદુરસીંગે જણાવ્યું કે આપણામાંના જે આગેવાનો દેશના ભલા ખાતર તેમજ આપણી ટેક અને આબરૂ જળવાયા ખાતર આપણાપર ભરોસો કરી લડત ઉપાડી લઇ જેલમાં ગયા છે તેમને પગલે ચાલવું એ આપણી પહેલી તેમજ જરૂરી ફરજ છે. (તાળીઓ) જો આપણે એમાં મજબુત રહીશું તો જરૂરજ જીતશું એ બાતરી રાખવી. કાયદાને મંજુર કરવો, અમલમાં લાવવો અગર નહીં લાવવો તો આપણા હાથમાં છે. જો આપણે કાયું ઓછું નહિ કરી મજબુતીથી લડશું તો એ કાયદો આપણે તોડેલા સમાનજ છે એમ નડબી જાણ્યું. સરકાર કહે છે કે આગેવાનોને અટેડવા થી કોમ ડરી જઇ રજીસ્ટર થશે. પણ સરકારે ખાતરી રાખવી કે અમારો કોઇ આગેવાન નથી, કોઇ ચેરમેન નથી, કોઇ પીકેટ નથી, પણ અમે બધાજ ચેરમેન પીકેટ. અમે આગેવાન છીએ; અને એમ કરી અમારામાંથી છેલ્લો ગાળુસ બાકી રહેશે તે પણ આ લડતમાંથી પાછું માથું ફેરવશે નહિ. (તાળીઓ). મી. કે. કે. પટેલે નીચેનો ઠરાવ રજુ કર્યો. "ઇસ્ટ રેંડના દીંદીઓની આ માસ મીટીંગ ઠરાવ કરે છે કે ગમે તે થાય અમો લડત છેવટ સુધી ચાલુ રાખવી; આ મીટીંગ એવું માને છે કે જેઓ જેલ ગયા છે તેમની સાથે જેલ જઇ તેમની સજામાં ભાગ લેવો એ આપણી ફરજ છે. અને તેથી બધા દીંદીઓ તેમ કરવા નિશ્ચય કર્યો છે." ઉપરના ઠરાવને મી. એન. આર. મુદીયાળા (બોકસબરગ), મી. કારીમ અમી (બોકસબરગ), તથા મી. ઇસ્માઇલ નાના (બેનોની) એ ટેકો આપ્યા બાદ સર્વાનુમતે તે પાસ થયો. પછી મેસરસ્સ આપાસામી, નાદીરશા કામા, કલ્યુરાસીંગ, એચ. એસ. એલ. પોલાક, મોલવી સાહેબ, ઇમામ અબદુલ કાદર, ઇસ્માઇલ ખાન, રામસામી, રામ લાલ સીંગ, પારસી, સુબ્રમનીઆ વગેરે ગ્રહસ્થોએ બે આપણો કર્યા પછી મીટીંગ બરખાસ્ત થઇ હતી.

નાતાલ કોંગ્રેસની મીટીંગ

[ઇ. ઓ. માટે ખાસ રીપોર્ટ]

તા. ૨૫મીએ રાતરે નાતાલ કોંગ્રેસની મીટીંગ મી. હાજી હબીબના હોલમાં મળી હતી, જે વખતે મેસરસ્સ અબદુલ કાદર, ઇસ્તમજી પારસી, મહમદ કુવાડીઆ (મેસરસ હુસેન કાસમની કુ.ના ભાગીદાર), અબદુલ કે, ઇસ્માઇલ મોરા, સંઘવી, રહિરીઆ, દીનશા, કે. નાનજી, જી. કે. પટેલ, આર. બી. શેઠ, એ. એ. માંકી (ટોંગાટ), ઇસપ જીવા હાવજી (ન્યુકાસલ), સુલેમાન ગુલામ (વેરુલમ), મુસા હાજી આદમ, અબદુલા હાજી આદમ વગેરે ઉપરાંત આશરે બીજા ૭૦૦ મહરથી હાજર હતા. મી. આંગલીઆ બહારગામ મોકલા હોવાથી તેમની વતી મી. કેશવે મીનીટ બુક વાંચી સંભળાવી. મી. હાજી મોહમદે જણાવ્યું કે મેજર સાહેબના મી સમજુતી સંબંધમાં, તથા ન્યુકાસલ થી મી. ખરસાણીએ લાઇસેન્સની લડત નું ભરય આપવા બિસે પુછાવ્યું છે તે સંબંધમાં વિચાર કરવાનો છે. પારસી રૂસ્તમજીએ જણાવ્યું કે એસ્ટકોરટવાળાને તેમના લાઇસેન્સ અટકવા સંબંધમાં સોમલમાં રહેવા કાગળ લખ્યો છે. અમુક માણસના લાઇસેન્સ સંબંધમાં કોંગ્રેસ ખરચ આપી શકે તેમ નથી. જે બાબતમાં મારે લડત હોય તે મારે કોંગ્રેસ વિચાર કરે. જે માણસને કોંગ્રેસનો હીસાબ તપાસવો હોય તે ખુશી થી તપાસી શકે છે. બેટલી તે બારામાં કોઇને ફરીયાદનું કારણ નહિ હોય એવી આશા છે. કેટલીક મર્યા બાદ એસ્ટ કોરટવાળાના લાઇસેન્સ અટકયા છે તે સંબંધમાં ઇસ્માઇલ વાત કરીને ખુલાસો કરવા નકી થયું. તાર મરચો ઓછો કરવા સંબંધી સુચના થતાં જવાબમાં જણાવવામાં આવ્યું હતું કે જરૂર હોય ત્યાંજ તાર કરવા ને બીજું કામ કાગળથી લેવા બંદોબસ્ત થયો છે. પ્રટરર એસો. સીએશન તરફની પા. ૧૦૦ની ચેક જોહા ન્સબરગ મોકલાવ્યાનું જણાવતાં બીજા મંડળો પણ તેવીજ રીતે મદદનું કામ ઉપાડી લેશે એવું જણાવવામાં આવ્યું. મોઘન લાઇનિવાળાઓ વતી મી. ઇસ્માઇલ બોરાએ જણાવ્યું કે તેઓ બધા ગામ વાળાઓ સાથે મળીને પછી પોતાની હકીકત રજુ કરશે. તેઓ પૈસા દેવા તથા કામ સાથે રહી કામ કરવા રાજી છે. મી. ઝીણા બેરીસ્ટર સા. આ. પ્રે. ઇ. કમીટી ની સાથે મળી કામ કરશે એવો કાગળ લખવા, તથા તેમને નીમવા માટે બંધુ મન ઇસ્માઇલપર આભારનો કાગળ લખવા ઠરાવ થયો. કેટલાક માણસો ટ્રાંસવાલ થી આવ્યા આવે છે તે તેવા માણસોને સભ્યપણે મોકલવા સંબંધી આજે આમ છે તો તેવો બધોજાર ખુલ્લા

શબ્દોમાં થાય તે કરતાં તેવી વાતચીત માટે કોઇ ઘડવા ડૉ. નાનજી તરફથી સુચના થતાં તે કામ મી. અબદુલા હાજી આદમને સોંપવામાં આવ્યું. ટ્રાંસવાલ થી કોઇ ભાગી આવેલ હોય ત્યારે તેવા માંથી હીંમતવાળા હોય તેને પાછા મોકલવા અને હીંમત વગરના હોય તેવાને ન મોકલવા એમ નક્કી થયું. મી. દાવુદ મહમદે નુકસાનવાળાનો હાજર થવા માટે ઉપકાર માન્યો, ને કહ્યું કે કૉંગ્રેસ કેવી વ્યવસ્થાપૂરવક પોતાનું કામ કરે છે એ તેમણે જોયું હશે. મેઇન લાઇનવાળાનું સમાધાન સંપ સાથે યશ જય અને સૌ હળીમળીને કામ લે એવી ઉમેદ રાખું છું. આપણે એકસંપ હશું તોજ ફતેહ મંદ થશું. એસ્ટકોરટવાળાઓ હીંમત થી આખર સુધી લડવા (લાઇસેન્સ વગર વેપાર કરવા પણ) નિશ્ચય કરશે તો ફતેહ મેળવી શકાશે. તેમને રૂબરૂ મળવા પછી સલાહ આપી શકાશે. ટ્રાંસવાલવાળાઓ જેઓ પોતાનું સર્વસ્વ ગુમાવી બેઠે છે તેમની મદદ માટે મેઇન લાઇનવાળાઓ ઇંડ કરી પોતાની લાગણી બતાવી આપશે એવી હું આશા રાખું છું. મોલવી મુખતાર સાહેબને જેલ મળે તે દીવસે અંજુમન ઇસ્લામે માસ મીટીંગ ભરી પ્રોટેસ્ટ કરવો જોઇએ. કૉસ્મોપોલીટન એસોસીએશનને તેમની મદદ માટે ધન્યવાદ ઘટે છે. મહેતા વતન ફંડ માટે બનતું કરશે એવી ઉમેદ છે. બીજા દરેક વરગે પણ ફંડ માટે તજવીજ કરવી જોઇએ. મેપુ મુલુવાળા હાજી સાહેબે પા. પ. તથા મી. મોતાલાએ પા. ૬૦ કૉંગ્રેસને આપ્યા છે માટે આભાર માનું છું. પછી બીજું કેટલુંક વીવેચન કરી તથા હાજર મહમ્દોનો ઉપકાર માની પ્રમુખે મીટીંગ બરખાસ્ત કરી.

કેપટાઉન લોઝની મીટીંગ

મી. આદમ એચ. જી. મહમદનું ભાષણ

દિલસોજીનો ઠરાવ

ઉપરતી મીટીંગનો રીપોરટ તા. ૨૩ મીના 'કેપ ટાઇમ્સ' માં પ્રસિદ્ધ થયો હતો તેની અમને મળેલી નકલમાંથી કેટલોક સાર નીચે આપીએ છીએ.

મી. ગાંધી વિગેરે દીલ્હી આગેવાનોને કરાવવામાં જેલ મળી તે સંબંધમાં કેપટાઉન બ્રિ. ૪. લીગની એક મીટીંગ મી. આદમ એચ. જી. મહમદના પ્રમુખ પણા નીચે મળી હતી, જે વખતે મેસરસ એ. તાલેખ, મોલવી બાદી ઓસમાન તથા બીજા મહમ્દો હાજર હતા. પ્રમુખે એક અસરકારક અને લાંબા ભાષણ દરમ્યાન જણાવ્યું કે આપણા માનવંતા દોસ્ત અને આગેવાન મી. ગાંધીને જેલમાં નાખવાથી આપણાં હૃદય ચીરાઇ જાય છે; બ્રિટીશ પ્રજા ઉપર આમ નિર્દય રીતે અન્યાય થાય છે તો આપણે દુનીયા રાજા કર્યા છે? તે કેમ નથી કહેતા કે 'બસ થયું: હીંદીપર વધુ અન્યાય નહીં થાય.' કોલોનીઅલ સરકાર બ્રિટીશ પ્રજાના લોકપર અપમાનો ગુજારે એ દુખદાયક વાત છે. આથી હીંદમાં બહુ માઠું પરિણામ આવશે. વિગેરે. પછી સોમવારે શોકની નીશાની તરીકે રોજગાર બંધ કરવાનું કહી મી. એ. કાદરને ઠરાવ રજુ કરવાનું કહ્યું.

મી. એ. કાદરે દિલસોજી બતાવનારો ઠરાવ રજુ કરતાં પોતાના ભાષણ દરમ્યાન જણાવ્યું કે બ્રિટીશ રાજતળે ગુલામી નથી એવું કહેવાય છે પણ હીંદીઓને ફી ભરતાં છતાં વેપાર કરવાની રજા ન મળે એ શું કહેવાય? મી. ગાંધી જેવાને સજા કરવી એ સુધરેલાપણું નહીં પણ જંગલીપણું છે.

મી. એચ એ. અલીએ જણાવ્યું કે હીંદીઓની હજામત છીનવી લેવા માટે એ તથા તેમને હાંકી કાઢવા માટે એ કાયદો ઘડાયો છે. લોરડ સેલબોરને જણાવ્યું હતું કે સરકાર બ્રિટીશ પ્રજાના હકના ટ્રસ્ટી તરીકે છે. તો તેમણે તેમ કરી બતાવવું જોઇએ. પછી ટ્રાંસવાલના હીંદીની દાઢમારીનું વરણન કરવા બાદ મી. અલીએ બાકીનું ખુલાસ કરવું. પછી ઠરાવ પસાર કરી મીટીંગ બરખાસ્ત થઇ હતી.

ડરબન અંજુમન ઇસલામની મીટીંગ

[૪. ઓ. માટે ખાસ રીપોર્ટ]

તા. ૨૨મીએ ડરબન અંજુમન ઇસલામની એક મીટીંગ મળી હતી. ચેરમેન મી. અબદુલ કાદરે પ્રમુખપદ લેવા જણાવ્યું. મી. પીરન મહમદ તથા મી. હુસેન કાસમ, તથા મી. દાવજી કેવા તરફ જવાના છે તેમને માન આપવા માટે આ મેળાવડો થયો છે. પછી અંજુમન તરફનું મી. પીરન મહમદ (અંજુમનના માજી પ્રમુખ) ને આપવાનું માનપત્ર સેક્રેટરીએ વાંચી સંભળાવ્યું. પ્રમુખ સાહેબે તે માનપત્ર મી. પીરન મહમદને આપ્યું. તથા બીજા દેશ જનારા મહમ્દોને પુલના તોરા વગેરેથી માન આપ્યું. પછી મેમણ કમ્યુનીટી તરફનું મી. પીરન મહમદ (કમીટીના માજી સેક્રેટરી) ને આપવાનું માનપત્ર, મજકુર કમીટીના પ્રમુખ મી. અબદુલા હાજી આદમની ફરમાયશથી, મી. હુસેન દાવુદે વાંચી સંભળાવ્યું. પછી મી. અબદુલા હાજી આદમે મી. પીરન મહમદને તે આપ્યું. પછી મી. દાવુદ મહમદે ભાષણ કરતાં જણાવ્યું કે મી. પીરન મહમદ દેશ જઇ ટ્રાંસવાલની લડતના બારામાં ત્યાં મીટીંગો બોલાવી કામ કરશે એવી આશા છે; ને તેમ થાય ત્યારેજ આ માનપત્રો શોભી નીકળશે. મી. દાદા ઓસમાને પણ ટ્રાંસવાલની બાબત દેશમાં ચરચરા ભળામણ કરી. મી. ઇસપ મામદ ગોરાએ મી. હુસેન કાસમે અસ ઝદના બારાની કરેલી સેવાનાં વખાણ કર્યાં. મી. આંગલીઆએ ટ્રાંસવાલની બાબત દેશમાં ચર્ચવાની મી. પીરન મહમદને ભલામણ કરી. મી. ઇસપ દેસાઇએ ટ્રાંસવાલના હીંદીઓને એસોસીએશન તરફથી મદદમાં આપવા માટે ૫ ગીની આપી, તથા અંજુમનને દર મહીને રૂા. ૨/૬ આપવા કહ્યું. મી. રૂસ્તમજીએ ટ્રાંસવાલના હીંદી માટે અંજુમન તરફથી આપવા માટે પા. ૫ આપ્યા. મી. ઇસપ અસમાલે, તથા મી. ઇસ માસ્ટર ગોરાએ મહેસા સ્થાપવા સંબંધે મીવીવેચન કરયું. મી. હુસેન કાસમે અંજુમનને પા. ૫ આપ્યા; મી. પીરન મહમદે બે ગીની આપી. મોલવી ફતેહ મહમદ સાહેબે દેશ જનારા મહમ્દોના હકમાં દુઆ ગાઇ. મી. હાસમ હુમા એ તથા મી. અબદુલા હાજી આદમે ટ્રાંસવાલની લડત માટે કોશીશ કરવા ભલામણ કરી. મેસરસ સરંગ, ઇમ માસ્ટર ઇસા પટેલ, મહમદ મીર, ઉકતુ દીન, પીરભાઇ પટલર, વોરાજી, નુર મહ મદ (સેક્રેટરી) તથા દાવજી સફલા વગેરે મહમ્દો વખતને અનુસરતું બોલ્યા હતા. પછી દેશ જનારા મહમ્દોએ ટ્રાંસવાલના ભાઇઓ માટે બનતું કરવા કબુલત આપી. પછી પ્રમુખ સાહેબે ભાષણ કરી મીટીંગ બરખાસ્ત કરી હતી.

ધી નાતાલ મેમણ કમ્યુનીટી ફંડ

(ધ. ઓ. માટે મોકલેલો રીપોર્ટ)

સદરહુ ફંડની મીટીંગ તા. ૧૫ મી એ મેસર્સ દાદા અબ્દુલાના મકાન ઉપર મળી હતી. મી. દાદા ઓસમાણે ગયા મીટીંગનો રીપોર્ટ તથા ફંડનો હિસાબ વાંચી સંભળાવ્યો, ને કહ્યું કે ટ્રાંસવાલ ના કામને લીધે તથા ઉઘરાણું કાંઇક ઉઘરાવ્યા બાદ મીટીંગ બોલાવવામાં આવે તો ઠીક એમ ધારી મીટીંગ બોલાવતાં ઢીલ થઇ છે. મી. અબ્દુલા હાજી મીસ્કીન માણસ છે, એટલે તેને મદદ કરવાનું કેટલાક તરફથી મને કહેવામાં આવેલ તેથી તે બાબત ઉપર વીચાર કરવા આ મીટીંગ બોલાવવામાં આવી છે. મી. નુર મામદને દેશ ચઢાવેલ તેનું બીલ મળ્યેથી બુકમાં માંડવામાં આવશે. મીટીંગને માટે ખુરશીઓ નથી માટે તેનો બંદોબસ્ત થવો જોઇએ. મુસા હાજી આદમ, તથા મી. મીઠા ઓસમાણ આ કમીટીના મેંબરો થશે. ત્યારબાદ તેમણે મી. પીરન મહમદનું રાજીનામું વાંચ્યું, ને કમીટીના ધારા બાબત ખુલાસો કરવા કહ્યું. મી. પીરન મહમદે કહ્યું કે મારે આવતી તા. ૨૧ ની સ્ટીમરમાં જરૂર દેશ જવાનું છે. ફંડના ઉઘરાણા માટે તારીખ રાખવી જોઇએ. મી. દાદા ઓસમાણ પોતેજ ઉઘરાણા માટે નિકળશે ત્યારે મળશે. કમીટીના ધારા ધોડી મુસદાની એક એક નકલ વિચાર કરવા માટે મેંબરોને આપવી જોઇએ. આપણી કમીટી સારા પાયા ઉપર આવે એમ દુવા ચાહું છું.

મી. દાદા ઓસમાણે કહ્યું કે મારા જવાની જરૂર જણાય તો હું આનાકાની કરતો નથી પરંતુ વધારે કામના બોજાને લીધે મારાથી ન નીકળી શકાય તો. મારા માણસને આપી દેશો એમ આશા રાખું છું. મી. દાદા ઓસમાણે ધારાનો મુસદ્દો વાંચી સંભળાવ્યો અને સહુને મત આપવા કહ્યું. મી. તારમામદે કહ્યું કે આવતા અઠવાડીઆમાં ધારા તયાર થયે જોઇશું અને તેમાં ફેરફાર કરવો ઘટશે તે કરીશું. મીટીંગ દર મહીને ભરવી જોઇએ અને મી. પીરન મહમદને દેશ જવાનું નકી થયું હોય તો રાજીનામું કબુલ રાખવું જોઇએ. મીટીંગને માટે હોલ મુકરર કરવો જોઇએ અથવા કોંગરેસ હોલમાં કાંઇક ઠરાવથી ગોઠવાવું કરવી જોઇએ.

મી. જુસબ ઓસમાણે કહ્યું કે ચડેલા પક્ષના મી. દાદા ઓસમાણ ઉમરસરી ત્રીજે તો આવતી પહેલી તારીખથી દર મહીને વખતસર હું પી ઉઘરાવતો જઇશ. મી. મુસા હાજી આદમે તથા મી. હાસમ જુમાએ પહેલ વહેલાં ધારા ઘડાવાની જરૂર હોવાનું જણાવ્યું. મી. તારમામદે કહ્યું કે રાણાવાવની અંજુમન ઇસ્લામના ધારાની બુક ઉપર વિચાર કરી અહિંના ધારા ઘડવાની દરખાસ્ત કરું છું. મી. નુરમામદ મીઠા તથા મી. નુરમામદ હાજી અજીજે મી. તારમામદની દરખાસ્તને ટેકો આપ્યો જે સર્વાનુમતે પસાર થઇ. મી. તારમામદે બીજી દરખાસ્ત મુકી કે મી. અબ્દુલા ગાજી મીસ્કીન હોય તો તપાસ કર્યા બાદ તેને પા. પની મદદ કરવી. મી. જુસબ ઓસમાણ તથા મી. નુરમામદ મીઠાએ મી. તારમામદની દરખાસ્તને ટેકો આપ્યો જે સરવાનુમતે પસાર થઇ. મી. જુસબ હાજી વલીએ પા. ૧—૦—૦ મી. અબ્દુલા ગાજીને કમીટી મારફત આપ્યો જે આભાર સાથે સ્વીકારવામાં આવ્યો. મી. તારમામદે મી. પીરન મહમદનું રાજીનામું કબુલ રાખવા દરખાસ્ત મુકી. મી. જુસબ ઓસમાણ તથા મી. હાસમ જુમાએ મી. તારમામદની દરખાસ્તને ટેકો આપ્યો જે સરવાનુમતે પસાર થઇ. મી. અબ્દુલા હાજી આદમે કહ્યું કે મી. તારમામદ મી. પીરન મહમદને ત્યાંથી અંજુમન ઇસ્લામના ધારાની બુક લઇ આવી મી. મુસા હાજી આદમ, મી. હાસમ જુમા તથા સેક્રેટરીઓને આપશે એટલે તેમાં ફેરફાર કરવો ઘટશે. તે કરી આવતી મીટીંગમાં રજુ કરવામાં આવશે. ત્યાર બાદ મીટીંગ વિસરજન થઇ હતી.

પ્રીટોરીઆ અંજુમન ઇસ્લામ

મી. હાજી દાઉદ લખે છે કે—તા. ૧૨મીએ અંજુમનની મીટીંગ મળી હતી. મી. અલી, અ. લતીબ પ્રમુખ હતા. શરૂ આતમાં મી. ઇસમાઇલખાને ગયે મીટીંગનો રીપોર્ટ વાંચી સંભળાવ્યો, જે ઉપર ચેરમેને સહી કરી. મી. અબ્દુલ ઇબ્રાહીમ તથા મી. રમામદની મેંબર થવાની અરજીઓ આવી હતી તેમને દાખલ કરવાનું આવતા અઠવાડીઆપર રાખવામાં આવ્યું. મી. સુલેમાન ખાન મહમદે દરખાસ્ત કરી કે અંજુમનના મેંબરોમાંથી મી. મહમદ અળા દેશ તરફ જાય છે તો તેમના માનમાં અંજુમનની મીટીંગ બોલાવી તેમને માન આપવું. મી. સુલેમાન મહમદે સુધારો મુકતાં સુચવ્યું કે મી. મહમદ અળા ઉપરાંત મી. ઇબ્રાહીમ હાજી મહમદ, તથા બીજા મહરથી પણ જનાર છે. તેમાં કોઇ અંજુમનના મેંબર જો હોય તો તેઓને પણ માનપાનની મીટીંગમાં આમંત્રણ કરવું જોઇએ. મી. અલી મહમદના ટેકાથી ઉપલી દરખાસ્ત તથા સુધારો પાસ થયાં. મી. નુર મહમદ અધ્યક્ષે જણાવ્યું કે દેશ તરફ જનારા મેંબરોને યાદગીરી તરીકે આપવા અંજુમન તરફથી ચાંદીના મેડલો આપવા જોઇએ. મી. સુલેમાન પુંજાણીએ દરખાસ્ત મુકી કે બુધવારે બદલ દેહા (બકરીઇદ) છે તો બદની મુબા રકબાદીનો અંજુમન તરફથી નામદાર તુરકીના સુલતાનપર તાર કરવો. મી. સુલેમાન ખાન, મહમદ તથા મી. હાજી અબુ બકરના ટેકાથી ઉપલી દરખાસ્ત પાસ થઇ. પછી ચડેલ લવાજમ વસુલ કરવા માટે વાદવિવાદ થતાં તે કામ માટે સેક્રેટરીને મદદ કરવા મી. સુલેમાન મહમદે પોતાની ખુશી બતાવી હતી. પછી વધુ કામકાજ ન હોવાથી સભા વિસરજન થઇ હતી.

રોડેશીઆ

મી. જીમજી આર. નાયક સીલુકવેયી લખે છે કે:—

રોડેશીઆ તેમજ બેરા વગેરે ઠેકાણે વડી સરકારે ટ્રાંસવાલ ઇમીગરેશન રીસ્ટ્રીક્શન બીલને મંજુરી આપવાથી હિંદી ભાઇઓ અસ્તવ્યસ્તમાં પડી ગયા હતા. તે બીનાની સાયેજ ટ્રાંસવાલની સરકારે મી. ગાંધી અને બીજા કેટલાક ગૃહસ્થોની ધડ પકડ કરી જેલમાં બેસાડવાના સમાચાર જાણી સર્વ હિંદીઓ એકદમ દીલગીર થયા છે. તેઓમાં, અંગરેજી, ભણેલા અન્યાયથી સામાન્ય ગુસ્સાની લાગણી પ્રસરેલી જોવામાં આવે છે. ખ્રીસ્તિ રાજ્યની ચાહનામાં આ બીનાથી સામાન્ય હિંદીના મનમાં પણ મોટે ભાગે ફેર ફાર થએલ જોવામાં આવે છે. કેટલાક સમજુ યુરોપીઅનો પણ આને એક અન્યાય અને ખ્રિસ્તિ નામને ન છાજતું પગલું ગણે છે.

મી. ગાંધી તેમજ બીજા સ્વદેશાભિમાની ગૃહસ્થો જેઓએ હિંદની આબરૂને માટે ભોગ આપ્યો છે તેઓ માટે સરવ હિંદીઓ ખરા દીલોજાનથી દીલસોજી બતાવે છે, અને પરમાત્મા તે મહાન પુરૂષોને કષ્ટ સહન કરવાની હીંમત અને શક્તિ બક્ષે એમ પ્રાર્થના કરે છે; તથા બાકીના હિંદીઓને છેવટ સુધી ઝઝવા બળ આપે છે.

ક્રીઅરલી

એક ખબર પત્રી લખે છે કે:—તા. ૧૦ જાનેવારીએ ગુજરાતી હિંદુ મુસલમાનોની એક મીટીંગ મળી હતી. પચ્ચા લોકો હાજર હતા. મી. અહમદ મહમદ પ્રમુખ પદે હતા. પછી સરવાલમતે ઉભરાણું કરવાનો ઠરાવ થવાથી પા. ૨૧–૩–૦ તેજ વખતે બેગા થયા. બીજા પૈસા વસુલ કરવાનો બંદોબસ્ત કરી મીટીંગ બંધ થઇ હતી.

મી. ગાંધી વગેરેને જેલ મજવાના ખબર કોંગ્રેસ તરફથી મળવાથી તા. ૬૧ મીએ તમામ ધંધો રોજગાર બંધ કરવાનો ઠરાવ થયો. તે મુજબ તમામ ગુજરાતી હિંદુ મુસલમાનોએ તથા કોંમ્પ્રીઓએ ધંધો રોજગાર બંધ કર્યો હતો. પણ દિલગીર છીએ કે મદ્રાસી કોમે તેમ નહોતું કરયું. તે દિવસે સાંજના પાંચ વાગે મલાબારકેંપ માં મીટીંગ ભરાઇ. મી. અહમદ મહમદ બહારબાગ ગએલ હોવાથી મી. શેખમ્મલી બરડાઇએ પ્રમુખપદ લીધું. પછી લંડન ની કમીટી મારફત વડી સરકારપર પ્રોટેસ્ટનો કેબલ, તથા ખ્રિ. ઇ. એ. પર દિલસોજીનો તાર તથા નાતાલ કોંગ્રેસપર ઠરાવોના ખબરનો તાર મોકલવા ઠરાવો થયા. આ કામના ખરચ માટે મીટીંગમાં ૬૦ કરી લેવાં પા. ૪–૮–૬ થતાં કેબલ તમા તારો કરવામાં આવ્યા.

તા. ૨૦ મી જાનેવારીએ પા. ૩૦ નો પ્રાઇટ ઓફ સાન્સપ્રસ્થ એસોસીએશનપર મોકલ્યો છે. આ રકમ ગુજરાતી હિંદુ ને મુસલમાનોએ કરી છે. લખ્યાને દિલગીરી થાય છે કે અહીં બીજા બધા હીંદીઓ કરતાં કોંમ્પ્રી લોકો વસ્તીમાં વધારે છે અને તમામ જનરલ ડીલર લાઇસેન્સવાળા છે, અને બધા પોતાની પ્રોપરટીવાળા છે. પણ તેઓ બીજા ભાઇચારાનોની ભલામણ છતાં ૬૦ કરવામાં પછાત રહયા છે. આશા છે કે ડરબનવાળા શેઠ ઓમ. સી. કમરૂદીન અત્રેની કોંમ્પ્રી કોમને ૬૦ કરવા ભલામણ કરશે.

મદ્રાસી લોકોનું ઇડિયન પોલીટીકલ એસોસાસીએશન નામનું મંડળ છે તેમણે પા. ૨૫ નો પ્રાઇટ ઓફ સાન્સપ્રસ્થ એસોસીએશનપર મોકલી આપ્યો છે. ગુજરાતી હિંદુ મુસલમાનોએ ભરેલી રકમનું લીસ્ટ નીચે મુજબ છે.

મેસર્સ અહમદ મહમદ, લાલા દેવા, કેસા વલ્લભ, અબરામ મહમદ બાનર, જીવા મીઠા, છીબા લાલા, મકન સ્વામ, જીવા મકન, ડાહ્યા દેવા દરેકનો પા. ૬; મેસર્સ ડાદમા ખુશાલ, લાલા ખુશાલ, રહીમ જીવા, છીબા કીડીઆ, મોરાર લાલા, મીઠા કસન, તુલસીરામ અને ખુશાલભાઇ, કે. જે. પટેલ, અહમદજી રાજે, ગોપાલ દુલભ કરજી, ખંડુભાઇ મીઠાભાઇ, છીબા જગા, ડાહ્યા વસન સુતાર, છીબા ગોવન, બાવા જેમી, ગોવન ધના, મહમદ અબાસ, સુલેમાન મમુજી સાલુજી, જેગી દુબલા, કાસમ મુનીઆ દરેકની શી. ૧૦/–; મેસર્સ ઇબ્રાહીમ આદમ શેખ, પરાગજી નીછા ભાઇ, કુંવરજી પરાગ દરેકની શી. ૫/–; મેસરસ લલ્લુ સોમા, સોમા કીડીઆ, મોરાર ગોવન દરેકની શી. ૪/; મેસરસ હમરજી, ભાવજી ભંગડ, ભાણા મોરાર, પ્રેમા મોરાર, છીબા મુલજી, ભંગડ મીઠા, દેવા જીવા, ફકીર હાંસજી, નાના કીડીઆ, ચતુરભાઇ પટેલ, નાથુ અમીર, ડી. કે. પટેલ, દેવા મકન, જેગી બાવા, ડાદમા જેરામ, જસમત નાના, બાવા મીઠા, કેસા બાલા, મજીલુદીન, મોરાર બુધીઆ, રણ છોડ મોરાર, સુલેમાન આકુ, ભાણા કીકા, દેવા કીકા, મુલજી મીઠા, ભાણા અલ્લુ, રધા લીલા, નરોતમ પુંજા, મહમદ અમીર, ગોવન કીડીઆ, જના ભગવાન, નાના દુલ્લભ, નાથુ બાલી, કારા કાનજી, હુસેન આદમ, સોમા બાવન, જેરામ બીખા, છીબા નીછા, મકન જુબા, મકન મંગલ, બાબા લાલા, સુખા પ્રેમા, લાલા દુલ્લભ, રવજી ફકીર, લાલા બાવા, મણીભાઇ રામભાઇ, નાના રામા, નાથુ દુલભ, વસન નરસી, દીપાલ સુંદર, લાલા સોમા, વસન રામજી, દીતા વાલા, કલ્યાણ ભાણા, હુસેન અમદ, કેસા ભાણા, વાલા રવજી, જીવા મોરાર, વાલા જેગી, કુંવરજી રામજી, ભાણા સુખા, પ્રેમા હરખા, વાલજી ડાદમા, મોરાર ડાદમા, ઇસપ હુસેન, વાલ સુલતાન, મરજી, એચ. પરશોતમ, મોરાર કામા, બુધીઆ બાનર, ઇસપ અસમાલ પટેલ, મંગળ બુધીઆ, તથા મણીશંકર મહારાજ દરેકની શી. ૩/–; મથારામ હરજી સોની શી. ૨/–; કુલ પા. ૬૧–૮–૦.

[ગયે અઠવાડીએ છેલ્લા ખબરોમાં જણાવ્યું કે એસોસીએશનને ક્રીઅરલીના ગુજરાતી હિંદુ તરફથી મદદ મળી છે તે ખરું છે. ગુજરાતી હિંદુ મુસલમાનો જનેગે મદદ આપેલા જણાય છે — અ. ઇ. ઓ.]

સ્ટેલનબોશ

(અમારા ખબરપત્રી તરફથી)

સ્ટેલનબોશ બ્રિટીશ ઇંડિઅન એસોસી એશનની એક મીટીંગ ગયા સોમવારે મળી હતી, જેમાં ઘણા હીંદી ગૃહસ્થો હાજર હતા. મી. અબદુલ કરીમ નુર મહમદ પ્રમુખ હતા. તેમણે ટ્રાંસવાલની આદ્રત નું વરણુન કરયું. મી. મુસા નુર મહમદે કેટલીક ચર્ચા કરીને દરખાસ્ત કરી કે મી. ગાંધી તથા બીજા જેલ જનારાઓ તરફ દિલસોજીનો ઠરાવ કરી તાર મોકલવા; બુધવારે બદને દિવસે બપોરના વખતે ટ્રાંસવાલની આદ્રત સંબંધમાં ભાષણ કરવા માગવું; તથા બીજાં મંડળોને પણ એમ કરવાની સુચના કરવી. મી. અકબર બેકરે ભાષણ કરતાં જણાવ્યું કે ટ્રાંસવાલના ભાઇઓને મદદ માટે આપણે સર્વસ્વનો ભોગ આપવા તયાર થવું. મી. એલ. એલ. મુનસી તથા બીજા ગૃહસ્થોએ પણ ભાષણો કરયાં હતાં. મીટીંગમાં કરેલા ઠરાવ મુજબ એક આખો દિવસ બધો ધંધો રોજગાર બંધ રાખવામાં આવ્યો હતો. બધા સ્ટોરપર એવી નોટીસ ચોટી હતી કે "મી. ગાંધી તથા બીજા હીંદીઓને ટ્રાંસવાલ સરકારે જેલમાં નાખ્યા છે તેમના તરફ દિલસોજીની નીશાની તરીકે આ સ્ટોર આજે બંધ રાખેલ છે."

જોહાનિસબર્ગ

(એક ખબરપત્રી તરફથી)

જોહાનિસબર્ગના હીંદીઓની એક મોટી મીટીંગ ગયા શુક્રવારે મળી હતી, જેમાં મેસર્સ સુલેમાન મુસા, મહમદ મુસા, હાજી કમરૂદીન, લેંગવન મહારાજ, જે. મુન સામી, અને અબદુલ સુભન વગેરે ઘણા ગૃહસ્થો હાજર હતા. મી. મયુર મહારાજ પ્રમુખ હતા. તેમણે ભાષણ કરતાં જણાવ્યું કે મી. મંગળ વગેરેને નોટીસ મળી ગઇ છે અને બીજાઓને વખત જતાં મળશે એવો સંભવ છે. આપણે ગમે તે થાય તોપણ મક્કમ રહી છેવટ સુધી લડવાનું છે. હું બધાને ભલામણ કરૂં છું કે તમો તમારા ડરાવને અને કસમને મજબુતીથી વળગી રહેજો. (કાયદાને શરણ થવા કરતાં અમે જેલ જવું એવી ધુમો.) પછી એસોસીએશન માટે તથા લેણદારો તરીકે મેસર્સ અબદુલ સુભન, હાજી કમરૂદીન, દાવુદ, અરબી જેન મુનસામી, રસુલખાવે,

અને ઓપાળજી જવા એટલાને નીમવામાં આવ્યા; ને મીટીંગ બરખાસ્ત થઇ.

પીટર્સબરર્ગ

(એક ખબરપત્રી તરફથી)

તા. ૨૧મીએ રપેલેાનકનથી કેટલાક હીંદી આગેવાનેા અત્રે આવેલા. તેમણે મી. ખડેરીઆ, મી. અમરશી મેાકળા, તથા મી. અંબાપ્રસાદ દેસાઇ વગેરેની જેલમાં મુલાકાત લીધી હતી; અને લડત વાસ્તે વધારે મક્કમ થયા છે. મજકુર ત્રણે હીંદીઓ મજામાં છે, ને જેલમાં કેાઇ પણ જાતની તેમને અગવડ હેાય તેમ નથી. પછી રપેલેાનકના હીંદીઓની મી. કેસવજી ગીગાના પ્રમુખપણા નીચે મીટીંગ થઇ, અને સહુએ લડતમાં મક્કમ રહેવા ઠરાવ કર્યો, તથા ઉઘરાણું કરી પા. ૧૦ની રકમ જોહાન્સબરગ ઓસોસીએશનપર મેાકલી આપી.

મી. કાસમ સુલેમાન હાજીઆણી દેશ જવાના હેાવાથી તેમના માનમાં મી. અબ્દુલ મહમદને ત્યાં ચાપારટી કરવામાં આવી હતી, જે વખતે લડતમાં મજબુત રહેવા ભાષણેા થયાં હતાં. પછી મી. કાસમે અત્રેની મસ્જીદમાં ગીની ૨, તથા ગદ્દાની મસ્જીદમાં પા. ૫, તથા કબરસ્તાન ફંડમાં મી. ૧૦/૬ આપી મીટીંગનેા આભાર માન્યેા. પછી તેમના હકમાં દુઆ માગી પાન સેાપારી લઈ સહુ વિસરજન થયા હતા.

પરચુરણ ખબરેા

મી. અબદુલ ગની મુસા દેશ તરફ વિદાય થતા હેાવાથી તેમના માનમાં ગ્રીસ્ટમાં એક ખાસ મીટીંગ ગ્રીસ્ટની કમીટી તરફથી બેાલાવવામાં આવી હતી. મી. અબદુલ ગનીની સેવાની તારીફ કરવામાં આવી. તેમણે વૃદ્ધ અવસ્થાને લીધે દેશ તરફ જવાનેા વિચાર કર્યો છે. દેશ જઇને એશીઆટીક કાયદા સંબંધમાં લેાકેાને વાકેફ કરવા પેાતાથી બનતું કરવા જણાવ્યું; તથા કમીટીને વરસ એકની માસીક ફી ભેટ આપી. બાદ તેમના હકમાં દુઆ માગી સભા વિસરજન થઇ હતી.

જોહાનીસબર્ગથી એક ખબરપત્રી લખે છે કે—અહીં તથા ડીસ્ટ્રીક્ટમાં આ સાલ લાઇસેન્સ સંબંધી કાંઇ મુશ્કેલાત નથી. ટાઉનમાં બે જણને નવાં લાઇસેન્સ મળ્યાં છે. ગયા સાલ જેનાં લાઇસેન્સ બંધ થએલાં તે ત્રણે જણે ડીસ્ટ્રીક્ટમાં લાઇસેન્સ માટે અરજી કરી છે.

મી. હાજી હબરાહીમ પાઇનટાઉનથી લખે છે કે સાઉથ કોસ્ટ જંકશન મદરેસા માટે પા. ૧૬ સખ્યદ હમદુની બેાર્ત મરણ પામ્યાથી તેના વારસીક મદદના, તથા પા. ૭-૧૬-૬ બીજા ઉઘરાણાના મળ્યા છે.

નાતાલમાં જે હિંદીના લાઇસેન્સ અટકયા હેાય તેમણે નામ ઠામ તથા લાઇસેન્સ અટકવાનાં કારણેા વગેરે હકીકત નાતાલ કોંગ્રેસપર ડરબન બેાકસ ૪૪૧ એ શીરનામે લખી મેાકલવી.

ડરબન ઇંડિઅન ફ્રેન્ચાઇઝ એસોસીએશન તરફથી ટ્રાંસવાલની લડતમાં મદદ માટે ધી ન્યુ ચીએટ્રીકલ કંપની "બનામેખુદા" નામનેા ખેલ આજરાત્રે (તા. ૧ ફેબ્રુઆરીના રેાજ) ક્વીન સ્ટ્રીટવાળા વીક્ટેારીઆ થીએટરમાં ભજવી બતાવશે.

લંડનના 'ડેલી ટેલીગ્રાફ'માં સમજુતી થવાની હીલચાલ ચાલી રહેવા સંબંધી તાર પ્રગટ થયેા હતેા તે ઉપર ટીકા કરતાં 'પ્રીટેારીઆ ન્યુસ' લખે છે કે તે તારમાં જણાવ્યા મુજબ મસલત ચાલી રહી છે. પણ તે તદન ખાનગી રીતે ચલાવવાનું જરૂરી જણાવાથી જાહેરમાં બહાર પાડવામાં આવ્યું નથી. અમને એમ માલુમ પડે છે કે પાસીવ રીઝીસ્ટન્સની લડતને લીધે ઉભી થતી વડી સરકારદારની મુશ્કેલાત જોઇ ટ્રાંસવાલ સરકારે આખેા મામલેા ફરીવાર વિચારમાં લેવાનેા નીશ્ચય કર્યો છે. આ બાબતમાં અમે આભારી અંતઃકરણ પૂરવકની ઇચ્છા દર્શાવીએ છીએ કે ન્યાય અને નરમાશની લાગણીથી કામ લેવામાં આવે.

દક્ષિણ આફ્રિકાના જુદા જુદા ભાગમાં જે જે હીંદી મંડળેા (એસોસીએશન, સેાસાયટી વગેરે) છે તેમના પ્રમુખ, સેક્રેટરી, વ્યવસ્થાપક વગેરેનાં નામ ઠામ, તથા તારની સરનામાં વગેરે હકીકત નાતાલ ઇંડિઅન કોંગ્રેસને ડરબન બેાકસ ૪૪૧ એ સરનામે મેાકલવા વીનંતી છે.

તા. ૧૮મીના અંકમાં ૪૩ પાને 'ચેરલમમાં મીટીંગ' એ મથાળાતળે આપેલા રીપેાર્ટમાં અમે એવું પ્રસિદ્ધ કરેલું કે મી. સુલેમાન ગુલામ અને સનની દુકાન રવીવારે (તા. ૧૧મીની લડતાળના દિવસે) બંધ કરવામાં નહીં આવેલ તેમાટે તેમની સાથે કેાઇપણ જાતનેા સંબંધ નહીં રાખવાનું ઠરાવવામાં આવ્યું છે. હવે અમને જણાય છે કે બીજા કેટલાકે પણ તે દિવસે થેાડેા ઘણેા વેપાર કર્યો હતેા છતાં મી. સુલેમાન ગુલામ એન્ડ સનનું એકનું નામ પ્રસિદ્ધ થએલ, તેથી તેમને ખાસક અન્યાય થયેા એમ તેઓ જણે છે. તેને લીધે આ ખુલાસેા અમે કરીએ છીએ. એમ જણાય છે કે હવે તેમની સાથે ફરીથી સંબંધ ચાલુ કરવામાં આવ્યેા છે.

મેસરસ એમ. મેતર એન્ડ સન્સ જણાવે છે કે તેમણે સવારમાં થેાડેા વેપાર કરેલ જણ પાછળથી તેમણે ડરબન જતાં રસ્તામાં ફીનીક્સ સ્ટેશનથી પેાતાના માણસને પાછા મેાકલી દુકાન સાથ બંધ કરાવી હતી.

આવતેા અંક

ટ્રાંસવાલ સરકાર સાથે થએલી સમજુતીની ને લગતી ખબરેા, મી. ગાંધી તરફથી જાણવા લાયક ખબરેા, હવે આપણી શું ફરજ છે વગેરે ઉપયેાગી લખાણેા આવતા અંકમાં બહાર પડશે. છુટી તહત મંગાવનારાઓ એ બેાનસર લખી જણાવવું. કીમત ચાર પેની (પેારટેજ સાથે). કેાઇ પણ કોલોનીના સ્ટેાંપ સ્વીકારવામાં આવશે.

ઇંડિઅન ઓપિનિઅન ડાયરી

અમારા જે ગ્રાહકેા પાસેથી ચાલુ સાલનું લવાજમ આવી ગયું છે તેને બેટની ડાયરી અમે મેાકલી આપી છે. ફેબ્રુઆરીની ૧૫ તારીખ સુધીમાં જેનું લવાજમ મળશે તેને હજુ બીજી ડાયરી બેટ મેાકલશું. ત્યારબાદ આ ડાયરી જે ગ્રાહકેા લવાજમ ઉપરાંત ૬/- મેાકલશે તેનેજ મળશે. માટે જેમનાં લવાજમ બાકી છે તેમને તે મુદતમાં લવાજમ મેાકલી આપવા બલા ણ કરીએ છીએ. ફેબ્રુઆરી તા. ૧૫ સુધીમાં લવાજમ મેાકલી નવા ગ્રાહક થનાર ગ્રાહકેાને પણ આ ડાયરી બેટ નીકે મેાકલવામાં આવશે. આ ડાયરીમાં

ગુજરાતી અને અંગ્રેજીમાં પંચાંગ, મુસલમાન, પારસી, તથા હિંદુ તહેવારની યાદી, દક્ષિણ આફ્રિકામાં જુદા જુદા કોલોનીમાં પળાતા જાહેર તહેવારો, બધે કોલોનીમાં એશીઆટિકને લગતા ઇમીગરેશન, લાઇસેન્સીસ તથા બીજા કાયદાનું તારણ, નાતાલમાં સ્ટીમર ઉપર થી આવતા હિંદીઓ માટે કેટલીક અગત્યની સુચના, નાતાલના દુકાન બંધ કરવા બાબત, ફર્મ રજીસ્ટર કરવા બાબત, જુદા જુદા સરટીફીકેટ ઉપર લેવામાં આવતી ફી બાબત, લાઇસેન્સ કાયદાના નવા ધારા વગેરે, દક્ષિણ આફ્રિકામાં લેવાતી જગાત, ટપાલને લગતી બાબતો, પરદેશ મોકલવામાં આવતા તારના દર, હિંદુસ્તાન વગેરે ઠેકાણે મોકલવાના મનીઓરડરના દર, ઉપયોગી સરનામાં વગેરે વિષે વિષે બાબતો અંગરેજી તથા ગુજરાતી બંને ભાષામાં દાખલ કરવામાં આવી છે. ખાસ કરી યાદી, સરનામાં વગેરે લખવા માટે કેટલાંક કોરાં પાનાં પણ રાખેલાં છે.

ચરચા પત્ર.

અમારા ચરચાપત્રીઓ નીચેના નીયમો યાદ રાખશે તો તેઓના પત્રો ઉપર તુરત ધ્યાન મળવાનો સંભવ છે.

૧. કાગળની એકજ બાજુએ લખવું.

૨. અક્ષર ચોખા સાફીથી લખવા.

૩. નામ તથા ઠેકાણું બરોબર લખવાં. તે હમેશાં બહાર પાડવા સારૂં નહિ, પણ અમારી બાજુને સારૂં.

૪. મંગળવારની સાંજ સુધીમાં મળેલ લખાણો તેજ અઠવાડીઆમાં દાખલ કરી શકાશે.

૫. લખાણ હમેશાં ટૂંકું અને મુદ્દાસર કરવું.—અધિપતિ.

ચરચાપત્રીઓને જવાબ.

મી. ઇસ્માઇલ ઇસપજી કાલીયા—તમારા નામ સાથે પ્રગટ કરી શકાશે.

મી. ઇ. મુ. કોટવાળી—છાપામાં નાખવા જરૂર નથી.

એક મેમણ—નામ વગરના કાગળપર ધ્યાન આપી શકતા નથી.

મી. રાંકેરભાઇ—તમે મોકલાવ્યું જાણ્યું નથી.

ઇસ્ટ લંડન એસોસીએશનનું ભલું ઇચ્છનાર—નામ વગરના કાગળપર ધ્યાન આપી શકતા નથી.

મી. કે. જે. પટેલ—એ વિષે કહેવાઇ ગયું તે પુરતું છે.

એક ઇસ્લામી—નામ વગરના કાગળો પર ધ્યાન આપી શકતા નથી.

અ. ઇ. એ.

ક્રેપટાઉન મીટીંગ સંબંધી ખુલાસો

એ. ઇ. એ. ના અધિપતિ જોગ,

તા. ૧૮મીના 'ઓપિનિઅનમાં' એ જુલો મારા જોવામાં આવે છે. તે ભુલ સમજ ફેરને લીધે થએલી હોવી જોઇએ. આશા રાખું છું કે તે જુલોને અમલ મતલબ ઉપર સુધારવા ઉપકાર કરશો.

તા. ૨૨મીને રવિવારે બ્રિ. ઇ. લીગની મોટી સભા ભરાએલી હતી. તેની અંદર પાસ થએલી દરખાસ્ત કોઇ પ્રસ્થ રૂટર ની ઓફીસમાં દઈ આવેલ, અને તેજ રાતે રૂટરે સહુ જગોપર તાર કરી દીધેલ. તા. ૧૩ જનેવારીનું 'નાતાલ મરકયુરી' મારા વાંચવામાં આવેલ તેમાં લખેલ કે 'બ્રિ. ઇ. લીગની મીટીંગ થએલ, ને તેમાં મી. જે. એચ. એમ. ગુલ પ્રમુખ હતા.' આ જોઇ મેં વિચાર કરયો કે રૂટરવાળાની ભુલ થએલી છે. એ ભુલ 'ઇડિઅન ઓપિનિઅન'માં છપાશે તો લીગના મેંબરો અજાણમાં પડશે. તેથી એ ભૂલ સુધારવા મેં આપને નીચે મુજબ તાર તા. ૧૩મીએ કરેલ "Reuter's mistake please publish as follows League held large meeting Sunday last President Adam H. G. Mahomed." ઉપરનાની મતલબ કે મી જે. ગુલના નામને બદલે મારૂં નામ તે જગોપર નાખશો; લીગની મીટીંગમાં. અને તેમ તમોને તા. ૧૩–૧–૦૮ નો 'કેપ ટાઇમ્સ' છાપો પણ મોકલેલ હતો. તે તા. ૧૭મીએ તમોને મળેલ હશે. તેથી તમને ખાતરી થાત કે લીગ ના પ્રમુખની બાબતમાં રૂટરે ભૂલ કરેલી છે. તમારા છાપાના પાના ૩૮ પર બ્રિ. ઇ. લીગની દરખાસ્ત અંગ્રેજીમાં છપાએલી છે તે દરખાસ્ત રૂટર મુજબ છે. તેમાં પ્રમુખનું નામ તમે જોયેલ નહિ. તમારા મજકુર છાપામાં ૩૭ પાને ગુજરાતીમાં ૨૦૦૦ માણસોની આસ મીટીંગ જોઈ હું અજાયબીમાં પડેલ. મારૂં નામ તેમાં ચેરમેન તરીકે જોઇ તેમજ મોટી સંખ્યા માં માણસો જોઇ તાજુબ થએલ કે તમે કયા છાપા મુજબ એ બાબત લીધેલી. અન્યના છાપામાં ઉપલી બાબત હતીજ નહિ. મારે કહેવું જોઇએ કે તા. ૧૪ ના 'કેપ ટાઇમ્સ'ના પાનાપર લખેલ છે કે એક બહુ મોટી મીટીંગ હતી અને સા. આ. ઇ. એસોસીએશનના પ્રમુખ મી. ઇ. હુસેનને ખુરસી લીધી હતી.

(માટે) મજકુર મીટીંગનો પ્રમુખ હું નહિ, મગર મી. ઇબ્રાહીમ તુરકીન હતા. તેમને ઇન્સાફ દેવો જોઇએ. આ સાથે 'કેપટાઇમ્સ' અપાની કાગલી ૨ બીડેલી છે તેમાંથી બને તો લીગની મીટીંગનો, તથા એસોસીએશનની મીટીંગનો હેવાલ પ્રગટ કરશો.

લી. આદમ એચ. જી. મહમદ.

ક્રેપટાઉન, તા. ૨૬–૧–૦૮

[ઉપરના લખાણપરથી તપાસ કરતાં એમ જણાય છે કે બ્રિટીશ ઇ. લીગની મીટીંગ રવીવારે હતી, તેમજ સા. આ. ઇ. એસોસીએશનની મીટીંગ પણ તેજ રવીવારે હતી. લીગની મીટીંગનો રીપોર્ટ ૧૩મીના છાપામાં પ્રગટ થએલ; ને એસોસીએશનની મીટીંગનો રીપોર્ટ ૧૪ મીના છાપામાં પ્રગટ થએલ. ગુજરાતી ખાતાએ જે રીપોર્ટ લીધો તે તા. ૧૭ના છાપા (એસોસીએશનનો) મુજબ છે. એટલે પ્રથમ ગુજરાતી, રીપોરટમાં એસોસીએશનનું તથા તેના પ્રમુખ મી. ઇબ્રાહીમ તુરકીનનું નામ હતું. તે મુજબ અમે ગુજરાતીમાં છાપવાના હતા તે ઘડીએ (શુક્રવારે) મી. આદમ તરફથી તેમણે ઉપર જણાવ્યું તેવો તાર મળેલ. તે ઉપરથી એસોસી એશન અને મી. ઇબ્રાહીમ તુરકીનનુ નામ કાઢી ઉપર કહેલા તારમાં જણાવ્યા પ્રમાણે લીગ અને મી. આદમનું નામ છાપેલ. પણ હવે જણાય છે કે મી. આદમનો તાર તે ૧૭ના છાપાના સુધારા તરીકે હતો; ત્યારે ગુજરાતી ખાતાના જોવામાં તે રીપોરટ ન આવેલ હોવાથી તા. ૧૪ના રીપોરટમાં તાર મુજબ સુધારો થયો. આ પ્રમાણે તે બેદરકારીને ભુલનો ખુલાસો થઇ આવે છે. ને અમે આશા રાખીએ છીએ કે તેથી બને મંડળીના મનનું સમાધાન થશે. કારણ કે એ દેખીતું છે કે જો ભુલ કોઇએ ઇરાદાપુરસ્સર કરી નથી.—અ. ઇ. ઓ.]

પરચુરણ ચરચા

એક "નાતાલવાસી" લખે છે કે—હવે ખુલ્લી રીતે જણાવી શકાય છે કે ટ્રાંસ વાલના હીંદીઓની હાલત દયેહમંદ ઉતરશેજ. છતાં મારે દીલગીરી સાથે જણાવવું પડે છે કે હાલમાં ટ્રાંસવાલના હીંદીભાઇઓ જેલની બીકથી અથવા તો ગમે તે ડરથી અવર સવર કોલોનીઓમાં ભાગ નાશ કરી રહ્યા છે. તેવા બેડાક એમ કર્યા કરશે તો આપણી હાલતને નુકસાન પહોંચવા સંભવ છે, માટે આવા ભાઇઓને મારી ભલામણ છે કે તેમણે થોડા વખત હિંમત પકડી જેલમાટે મકકમ રહેવું; તો તુરત પરિણામ સારૂં આવશે.

જોનોનીથી મી. ખંડુભાઇ દેસાઇ, મી. ઇસ્માઇલ નાનાભાઇ, તથા મી. પરસોતમ ભીખાભાઇ પટેલ લખે છે કે—અહીં સૌ આખર સુધી લડવા મકકમ છે. અમે એટલે સુધી ઠરાવ કર્યો છે કે કોઇ ડરથી ઘરમાં બેસી રહે તો પીકેટોએ તેવાને શોધી કાઢી તેનો શી. ૫/ દંડ કરવો.

મી. અબુબ મુસા વ્રીહીડથી લખે છે કે—જોડીઆ ઇસ્લામીઆ મદરેસા સારૂં ડંડીમાં મી. હાજી અબદરહેમાન તથા મી. ઓદા નુરમામદની કોસીયથી આશરે પા. ૩–૧૦–૦ થયા છે. તે તથા મી. ઓદા નુરમામદ વિશેષ કોસીષ કરીને જે ઉમેરો કરે તે જોડીઆ મદરેસાના આગેવાન મારફત મોકલી આપશે. મજકુર મદરેસાને પૈસાની બહુ જરૂર છે તેપર જોડીઆના ઇસ્લામીઓનું ધ્યાન ખેંચું છું.

મી. અબદુલ કરીમ લખે છે કે—ગઇ ઇદને રોજ પીટર્સબર્ગમાં સર્વ દુકાનો બંધ હતી, ત્યારે સ્ટેસને કેટલીક ખુલ્લી હતી એ દીલગીરીની વાત છે.

મી. રતીલાલના કામણના જવાબમાં હેડલબરગથી મી. ઇસપ આમદ કાનમીયા લાંબો કાગળ લખે છે જેમાં છેવટમાં જણાવે છે કે મી. રતિલાલ કોમનું ભલું ઇચ્છતા હોય તો તેમણે પોતાનું નવું રજીસ્ટર સરકારને પાછું મોકલી આપવું જોઇએ; આમ કરે તો સમજાય કે તે ખરી રીતે પસ્તાય છે, અને હવે કોમમાં સામેલ થવા માગે છે.

જોનોનીથી મી. કારા મુસા લખે છે કે—તા. ૨૫ના અંકમાં ૬૫ પાને જે કારા મુસા નામથી લખનારે જણાવ્યું છે તે બોટું છે. કારણ કે મારૂં નામ કારા મુસા છે ને તા. ૨૫માં પ્રસિદ્ધ થઇ તેવી હકીકત વિષે હું કાંઇ જાણતો નથી.

કલાકરસડોરપથી મી. નાગરદાસ એન. પટેલ લખે છે કે—મી. ઇસપ મંજી, તથા મી. અબદુલ કની અત્રે આવ્યા હતા, અને હીંદીઓની એક મીટીંગ ભરી ભાષણો કરયાં હતાં. અત્રે સઉ જેલ જવા મકકમ છે. ગમે તેટલું દુઃખ પડે તોપણ કાયદાને શરણ ન થવા દ્રઢ નિશ્ચય કર્યો છે.

પારલ (કેપ) થી "દેશીમીત્ર" લખે છે કે—અહીંના હીંદીઓને ટ્રાંસવાલમાટે ઉધરાણું કરવા ભલામણ કરૂં છું.

જોહાન્સબરગથી મી. એસ. પીલે લખે છે કે—મી. એ. મુથુ એડ્રસને જેલ મળી તે માટે મુબારકબાદી આપું છું.

હિંદુસ્તાનના અખબારો.

જામનગર ખાતે હવામાં બગાડો થઇ પાછા મરકીના કેસો થવા લાગ્યા છે.

પોરબંદર સંસ્થાનની આજોમાંના પથ્થરો, સમુદ્ર મારગે કલકત્તા, રંગુન અને મદ્રાસ બંદરે મોકલવાનો હુકમ આપવામાં આવ્યો છે.

જુનાગઢના નવાબ અલીગઢ કોલેજમાં એક બોર્ડીંગ હાઉસ બંધાવી આપનાર છે.

જામ્બન શ્વેતાંબર કોનફરન્સ ભાવનગર ખાતે આવતા ફાગણ માસમાં ભરવાનું નકકી થયું છે.

કરાંચી ખાતે આવતા એપ્રીલ માસમાં સુહાણા કોનફરન્સ ભરવાનું નકકી થયું છે અને તે માટે ફંડ ભેગું થાય છે.

અમદાવાદ મ્યુનીસીપાલીટીએ શહેરમાં રીચીરોડપર વોશીંગટન રોસ્તનીની અજમાયશ કરવાનો ઠરાવ કર્યો છે.

કળાભવનના પ્રીન્સીપાલ તરીકે છ વરસ ની બધીએ એડવર્ડ્સને લંડનથી બોલાવવામાં આવશે.

યુવરાજ કૃષ્ણકુમારસિંહરાવ લશ્કરી કામ શીખવા મહુ ખાતે જનાર છે.

પ્રીલીયસની પરીક્ષામાં ત્રીજા 'રાજપુત્ર' શીવાજીરાવ પસાર થયા છે.

વડોદરા રાજ્યની ધારાસભા માટે મેસરસ વરજભાઇ લાધાભાઇ, વકીલ ગોવીંદભાઇ, શેઠ કાળિદાસ નારાણદાસ, શેઠ પુનમચંદ અને મારડાજી વગેરેની ચુંટણી થઇ છે.

ગાયકવાડી રાજ્યમાં હારીજ રેલવે જાનપુમારીથી ખુલી મુકાવા વહ્યી છે.

વડોદરાના પાદરા મહાલના ૩૩ ગામો ને ખરીફ તથા રવીના પાકને 'પાણીના ધારાની માફી આપવાનો હુકમ થયો છે.

વડોદરા કળાભવનની નવી ઇમારત ચાલુ વરષના દુકાળ બાંધકામ તરીકે બાંધવામાં આવનાર છે.

વડોદરા રાજ્યની દીવાનગીરી ઉપર ખા. બા. કેરશાસપજી રૂસ્તમજી દાદાચાનજી ની નોકરીમાં એક વર્ષનો વધારો કરવામાં આવ્યો છે.

ખંભાતનું બારૂં સુધારવા માટે સર કરે વિચાર ચલાવે છે. રેલવેના બંને છેડા હરીઆ તરફ વધારવામાં આવનાર છે.

જરચ ખાતે હથીયારબંધ પોલીસના રહેઠાણ માટે કુકરવાડાના રસ્તા ઉપર રૂા. એક લાખના ખરચે પોલીસ લાઇન બાંધવામાં આવનાર છે.

મુંબઇ ખાતે વસ્તા સુરતવાસીઓની એક સભા મી. ત્રીભોવનદાસ એન. માળવી વીગેરેના આમંત્રણથી મળી હતી, જે વેળા કોંગ્રેસના ખરચ માટે ફંડ ઉઘરાવવા સંબંધી વિવેચન થયા પછી સભામાં તરતજ રૂા. ૫૮૦૦ની રકમ ભરાઇ હતી.

બીજાપુર ખાતે આખી દુનીયાના જુદા જુદા ધર્મોની મોટી કોંગરેસ ભરવાની ગોઠવણ થાય છે અને તે વીશે મુંબઇ વાળા ગોસ્વામી શ્રી દેવકીનંદનાચાર્યજી તેમજ પારસી, જૈન, મુસલમાન યાહુદી તથા બીજી કોમોના ધરમ ગુરૂઓ, અને એજન્સીઓ સાથ મસલત ચલાવી એ કોંગરેસ ભરવાની તૈયારી કરવામાં આવશે.

મદ્રાસનું સ્વદેશી માલનું બીજા વર્ષનું પ્રદર્શન કૃષ્ણાજીલ્લામાં ભરવામાં આવનાર છે.

અલીગઢ કોલેજના નવા સેક્રેટરી તરીકે નવાબ વિકાર ઉલ ઉમરાવની નીમ ૂક કરવામાં આવી છે.

સાહેર ખાતે પંજાબના જૂના જૂદા ભાગોમાંના બેગા મળેલા ઇસ્લામીઓ તરફથી એક પ્રાંતીક ઇસ્લામી મંડળ સ્થાપવામાં આવ્યું છે.

હિંદુસ્તાનમાં ૨૩૮૦ છાપખાના છે. ૭૪૬ વર્તમાનપત્ર અને ૮૯૩ ચોપાનીયાં નીકળે છે.

સ્ટીમરોની હિલચાલ.

[નાતાલ ડાયરેક્ટ લાઇન.]

અમદુલી—તા. ૧૨મી ફેબ્રુવારીએ કલકત્તા જવા ઉપડશે.

કોંગેલા—તા. ૨૮મીએ કોલંબોથી નાતાલ આવવા ઉપડી છે.

[ઇડિઅન આકૃન્ડિન લાઇન]

બેટનહોલ—તા. ૨૫મીએ કલકતાથી નાતાલ આવવા ઉપડી છે.

દીન્હાઉ—થોડા દિવસમાં કલકતાથી ઉપડવાની છે.

ઓમ્બો—ફેબ્રુવારીમાં કલકતાથી ઉપડશે.

[જરમન લાઇન]

પ્રેસીડેંટ—તા. ૧૮મી ફેબ્રુવારીએ મુંબઇ જવા ઉપડશે.

ડેલાગોઆબેના ગ્રાહકો માટે ખાસ

ડેલાગોઆબે ખાતે છાપવાનું લવાજમ, જાહેર ખબર, જોબ વગેરેના પઇસા જેમની પાસે બાકી છે તેઓને ત્યાં ખાતેના અમારા એજંટ મેસરસ વ્રજદાસ લાલચંદ ને રસીદ લઇ આ રકમ આપવા વીનંતી છે. જાહેર ખબર, જોબ છાપા વગેરેના નવા ઓરડરો પણ ત્યાં નોંધાવ્યાથી અમને મળી જશે.

લી. મેનેજર, ઇડિઅન ઓપીનીઅન.

હીંદુસ્તાનની ટપાલ અમદુલીમાં તા. ૯ મી ફેબ્રુવારીના અરસામાં આવવા નકકી છે.

મી. ગાંધીએ જણાવ્યું કે મેં પેસીવ રીઝીસ્ટર તરીકે કામ કરયું છે અને કરીશ, એટલે ખુદા વગર હું બીજા કોઇ નો પણ ડર રાખું એ અને નહિ. કોઇક લોકો તરફથી ધમકી આપવામાં આવી છે કે 'જો હરા આંગળાં આપવા કોમ કબુ લશે તો મારવામાં આવશે.' તેવાઓ ને મારે કહેવાનું કે હું પોતે જેલમાં બે વખત આંગળાં આપી આવ્યો છું. માટે મારવું હોય તો મને પહેલાં મારજો. હું તે માટે મેજીસ્ટ્રેટ આગળ ફરીઆદ કરવા જવાનો નહિ. પણ મારનારનો આભાર માની ચુકર કરીશ કે મારા ભાઇની લાકડી મારાપર આવી, અને તેમાં હું મારી આબરૂ સમજીશ. જે કામ થયું છે તે મારાથીજ થયું છે, અને મારાથીજ થશે. તો કોઇ કામ માટે કોઇ બીજાને દબકો દેવાનો નથી; પણ અને દેવાનો છે. હું કોમનો આગેવાન થવા મગરૂરી અથવા આબરૂ માગતો નથી, પણ હું કોમના નોકર તરીકેજ રહેવા માગું છું. અને તે માટે મારાથી બનશે તેટલી કોમની ચાકરી કરવામાં આનંદ સમજીશ. અને તેમાંજ મારી આબરૂ પણ છે. બારી હકીકત જે છે તે બહાર લાવવી એ મારૂ કામ છે. અને તે હું અસલથીજ કરતો આવ્યો છું. જ્યે નવા કાયદામાં મારી સથી લઇ રજીસ્ટર થવા કહ્યું હોત તોપણ હું તો નાજ પાડત. નવો કાયદો તુટયો એટલે બેલ ફરી રજીસ્ટર લેવામાં હું માન સમજું છું. આપણી જે ટેક હતી, જે કસમ હતા, જે હઠ હતી, તે બધી કાયદો તુટવાથી જળવાય છે. એ આપણને એક માણસાઇ મળ્યા બરોબર છે. કાયદાની બાબત હું જેટલી જાણું અને જેટલી સમજાવી શકું છું, તેટલી બીજો કોઇ સમજાવી શકશે નહિ. એમ કહી હું મગરૂર થવા માગતો નથી, પણ હું જે સમજ આપીશ તે મારા ખ્યાલથી બરાબરજ આપીશ. ૧૯૦૩ થી આજ સુધીના બનેલ બનાવ હું સારી પેઠે જાણું છું. આપણે હમણાં સુધીની લડતમાં એકજ કામ પાર ઉતારયું છે અને તે એ કે જમીન સાફ કરી છે. હવે તેનાપર ઘર બાંધવાનું બાકી છે. ઘર કેમ બાંધવું, શું રચના કરવી વગેરે હવે નક્કી કરવાનું છે. હજુ સવાલ દસ બારમાં આપણાપર આવ્યો નથી. પણ કદાચ આપવાં પણ પડે તો તે આપણી ખુશીથીજ છે. મારાથી બનતી તજવીજ હું એ બાબતમાં કરું છું, અને તે પ્રમાણે હું આગળ પણ કહી ગયો છું. મારે પાછું પણ કહેવું જોઇએ કે આપણે આપણું કામ તદન છાનગી રાખવાનું છે. ઢોલ કરવાની નથી. અને જો કદાચ આપણે ઢોલ કરીશું તો તેટલુંજ આપણને નુકસાન થશે. જેમ બને તેમ વધારે નમનતાપ આપણે વાપરવાની છે. આપણે જે ફરિયાદથી સરકાર સામે આજ બાંડી છે તેનો નીવેડો સારોજ આવશે. હજુ પણ ધીરજથીજ રહેવાનું છે. હું જે કામ કરું છું તે કોમ પાસેથી ઇનામ અથવા આભાર લેવા માટે નથી કરતો. પણ મારી ફરજ તરીકે કરું છું, અને કરીશ. કાયદા સંબંધી કંઇ પણ પુછવું હોય તો મારી ઓફીસ ખુલી છે. મારાથી બનતી સલાહ હું આપીશ. તે ઠીક લાગે તોજ અમલ કરવાનો છે, અને નહિ તો નહિ. હું હમેશાં કોમની સાથે છું. કાયદા સંબંધી હું સમજાવી ગયો છું. છતાં વધુ ખુલાસો ઓપિનિઅનમાં આવશે એટલે જોઇ લેવો.

મોલવી અહમદ મુખત્યાર સાહેબે જણાવ્યું કે દરેકને એકજ રીતે ચાલવા એમ મી. ગાંધીનું કહેવું છે. અને તેથી લોકોના દીલમાંથી શંકા દુર થઇ હશે. મી. ગાંધી હજુ પણ કાયદાની બાબતમાં

લડવા માગે છે, પણ છોડી દેવા માગતા નથી. મી. વેગલે જણાવ્યું કે હું તમને તમારી ખરી લડતની યોગ્યતા જોઈ મુબારકબાદી આપું છું. મારે કંઈ બોલવું કરવાનો વિચાર નહોતો, પણ મી. ગાંધીના કહેવાથી હું થોડુંક કહીશ. તમે ખરી લડતમાં ટકી રહી જીત મેળવી જે નામના કમાયા છો તેમાં હવે સરકાર સાથે સલાહ પર આવી ઘણેરો કરશો. સરકારે જેમ તમને રાજી કર્યા છે તેમ તમે સરકાર સાથે સલુકાઈ બતાવશો. બહાદુર બહાદુર સાથેજ મેળાપ કરે છે. માટે તમે પણ તેમજ કરશો. વગેરે. બાદ બીજા વક્તાઓએ વખતને અનુસરતું વિવેચન કર્યા બાદ મીટીંગ બરખાસ્ત થઈ હતી.

નાતાલના એશીઆટીક વેપારી

નાતાલ લેજીસ્લેટીવ એસેંબ્લીના મેંબર મી. જોન ડાલેલીએ લેડીસ્મીથમાં ગોરા ઓની એક મીટીંગ આગળ ભાષણ કરતાં જણાવ્યું હતું કે—

ગોરા વેપારી તરફ મારી દીલસોજી છે; અને તેઓ આરબની સાથે હરીફાઈ કરી શકે એ અસંભવીત અથવા મુશ્કેલ છે; પણ એ સવાલના નીવેડા માટે બાંધેલામાં જે ઉપાય સુચવવામાં આવે છે તેવી રીતે એનો નીવેડો આવી શકશે નહિ. મારો મત એવો છે કે જે હાલ છે તે સુધરાઈને લગતા તથા બીજા ધારાઓને બરાબર અમલમાં મુકવામાં આવે તો. હરિફાઈમાં જે અણઘટતાપણું છે તેને નાબુદ કરી શકાય. કારીગીરી વાળી મજુરીમાં પણ આ કોલોનીમાં એશીઆટીકો ગોરાની જગા લેતા જાય છે; ત્યારે ગોરાઓને રોજી વગર ફરવું પડે છે. મજુર ના મેંબર તરીકે આ હકીકતથી મને ખેદ થાય છે; છતાં આપણે ગોરા ન્યાય અને ઇન્સાફ માટે દરકાર કરનારા છીએ, તેથી કોઈ લોકોનો પોતાની રહેતી કરવાનો હક અટકાવી શકતા નથી. જે મજુરી સંબંધમાં કાયદા ઘડાય તો ગોરા કામદારોનું રક્ષણ કરી શકાય. સોંઘી મજુરી નુકસાનકારક લાગતી હોય તો તેને આપણે અટકાવી શકીએ છીએ. માટે પહેલાં વધુ એશી આટીકોને આવતા બંધ કરવા જોઈએ. મી. રમારસે કહ્યું છે કે આપણે એક સંપ થઈ હિંદી વેપારીનો ટેકો આપવાનું બંધ કરવું જોઈએ. આ ખ્યાલ છે ઠીક; પણ જ્યાંથી ગોરા મજુરને સોંઘું મળે ત્યાંથી ખરીદવાનો હક રહેવો જોઈએ. જો ગોરા સિવાય બીજાને પોતાની નોકરી માં ન રાખે તો ગોરા વેપારીને ટેકો આપવાને હું માગતો છું. પણ જો તેઓ સોંઘી મજુરીનો લાભ લીધેલો ગોરા મજુરો પણ આરબ વેપારીના સોંઘા ભાવ હશે ત્યાં સુધી તેનો લાભ લેશે. પણ હું પોતે નથી માનતો કે આરબ સોંઘા ભાવ રાખતો હોય; કારણકે તેના ભાવ ઉતરતા હોય છે ત્યારે તેનો માલ ખરાબ હોય છે. છતાં જો ગોરા કામદારો ને લાગે કે હીંદી પાસેથી ખરીદવામાં લાભ છે તો તેનો લાભ લેવાના હકની હું ગોરા કામદારો ને ના પાડી શકતો નથી.

ડરબનમાં હિંદી ઓરતોના મંડળની સ્થાપના

ગયા રવીવારે ક્રોસ રોડમાં હીંદુ યંગ મેન્સ સોસાયટીના હોલમાં હીંદી ઓરતોનું મંડળ સ્થાપવા એક મીટીંગ મળી હતી, જે વખતે ૧૦૦ જેટલી બાનુઓએ હાજરી આપી હતી. સર્વાનુમતે મીસીસ કે. આર. નીયા પ્રમુખપદે ચુંટાયા પછી તેમણે લંબાણ ભાષણ કરી ઓરતનું એક એસોસીએશન સ્થાપવાની જરૂર બતાવી. મીસીસ ખડેરીયા, તથા મીસીસ એસ. ગોડફ્રેએ જણાવ્યું કે હીંદુસ્તાનમાં બાલુનાં મંડળો છે તેના ધોરણે મંડળ થવું જોઇએ. તેવા મંડળ ની જરૂર છે, અને તેથી લાભ થવા સંભવ છે. મીસીસ અમીરઅલ, મીસીસ બી. ગ્રેબીઅલ, મીસીસ જી. પીલે, મીસીસ દીવાન વિગેરેએ પણ ભાષણો કરવાં. મીસીસ વી. આર. આર. મુડલે એ દરખાસ્ત કરી કે એક એસોસાએશન સ્થાપવું અને તેનું 'ઇન્ડિઅન વીમેન્સ એસોસીએશન' એવું નામ રાખવું. મીસીસ એસ. ગોડ ફરેના ટેકાથી આ ઠરાવ સર્વાનુમતે પાસ થયો. પછી નીચે મુજબ હોદ્દેદારોની ચુંટણી કરવામાં આવી. મીસીસ એસ. ગોડફ્રે પ્રમુખ, મીસીસ કે. આર. નીયા અને મીસીસ વી. આર. આર. મુડલે ઉપપ્રમુખ, તથા મીસ એ. પોલ, અને મીસ આર. જી. મુડલે સેક્રેટરીઓ અને ટ્રેઝરર. પછી પ્રમુખનો આભાર માનીને સભા વિસરજન થઈ હતી.

સરકારનો હારનો ચિતાર

ટ્રાંસવાલ એશીઆટીક કાયદા સંબંધમાં 'કોલોનીઅલ સેક્રેટરીની ડાયરીમાંથી થોડાંક પાનાં' એવા લખાણમાં નીચે મુજબ રમુજને અર્થસુચક હકીકત 'સન્ડે ટાઇમ્સ' માં પ્રસટ થઈ છે.

સોમવાર—હીંદીઓના એક ડેપ્યુટેશન ની મુલાકાત લીધી, ને એશીઆટીક કાયદા સંબંધમાં તેમની ફરિયાદ સાંભળી, ગરમા ગરમ જવાબ આપ્યો કે સરકાર પોતાના વલણમાંથી એક તસુ પણ નહિ હઠે. હજુ સુધી તમને (હીંદીઓને) દાદ પાર નથી કર્યા તે મોટાં ભાગ્ય સમજો ને. એલચીન તરફથી હમણાંજ દબાણકારક કેબલ મળ્યો. એવો જવાબ આપીશ કે "તમારે વચ્ચે ન આવવું: હું મારે ગમે તે કરીશ."

મંગળવાર—મારફતેટોને સુચના કરી કે તમારી પાસે જે હીંદીને લાવવામાં આવે તેને સખત સજા કરજો. પોલીસ ના વડાને તેડાવ્યા ને વધુ હીંદીઓને ન પકડવા માટે સખત તાકીદ કરી. એશી આટીક સવાલ ઉપર જાહેર ભાષણ આપ્યાં; અને જણાવ્યું કે ગમે તે થાય, ભલેને ઇગ્લાંડ હીંદ ખુવે, તોપણ આ કાયદાને અમલમાં મુકવાનો સરકારે નિશ્ચય કર્યો છે.

બુધવાર—સરકારનો સખત પગલાં લેવા ના ઇરાદો જાપાને જણાવ્યો. એશીયાટીક વિરુધ્ધ કેટલાંક સખત બાંધેલા આપ્યાં. હીંદીઓને દેખતાંવેંત ગોળીથી ઠાર કરવાની સત્તા પોલીસને આપવી કે કેમ તેનો વિચાર કરવા પ્રધાન મંડળની ખાસ મીટીંગ બોલાવી.

ગુરૂવાર—પ્રધાનોની સાથે મસલત કરી કેદમાં પડેલા બધા હીંદીઓને છોડી મુકવાનો ઠરાવ કરવો. તથા એવો પણ ઠરાવ કર્યો કે હવેથી એશિયાટીક વિરુધ્ધના કાયદાને અમલમાં ન જ મુકવા. મી. ગાંધીને બોલી લેવા આમંત્રણ આપ્યું. હવે મારા ભાષણમાં જણાવીશ કે અમારી બાબ તમાં સરકાર કાંઇ ઓછી તાકાત નથ બતાવતી!

આમારા એડવર્ટાઈઝરનો ખબરપત્ર જે પહેલા ફોર્મમાં છપાઈ ગયા તેમાં જણાવ્યું છે કે રજીસ્ટરની આરબનાં ફોરમ નવાં છપશે; પાછળથી મળેલા ખબર ઉપરથી જણાય છે કે તેવાં ફોરમ મળી શકેલ નથી.

અખબારપત્ર

જોહાન્સબર્ગ

(અમારા ખાસ પ્રતિનીધિ તરફથી.)

સલાહ (કોંગ્રેસમાધ્યમ) તે શું ?

જનરલ સ્મટસની ઉપર જોહાન્સબરગ ની જેલમાંથી તા. ૨૯મી જાનેવારીએ મી. ગાંધી, મી. નાયડુ તથા મી. કરીન એમ સર્વ જણે નીચે પ્રમાણે કાગળ લખ્યો :

અમે દીંદી અને ચીનાઓ કોમના માણુસો કે જેઓએ એશીઆટીક કાયદા ની સામે સખત ભાગ લીધેલો છે તેઓ નીચેની હકીકત જણાવવાની રજા લઇએ છીએ :—

અમારી સલાહ તે કાયદાની રૂએ ઘડેલા ધારાની અંદર આંગળાં પાડવાની હકીકત છે તેની સામે નહિ હતી, પણ તે કાય દાની અંદર કરજની અંધાણી છે તેની સામે હતી. જેઓની ઓળખ બીજી રીતે નહિ થઇ શકે તેઓની ઓળખને સારૂ આંગળાંની નીશાનીઓ દેવી પડે તો તેમાં અમે અડચણ માનીએ તેમ નથી. જો કાયદો રદ થાય તો અમે મરજીયાત રજીસ્ટ્રેશન લેવાનું ઘણી વખત લખી ચુક્યા છીએ. અને હલુ પણ જો અમે હમેશાં કહેતા આવ્યા છીએ તે રસ્તો લેવાનું સરકારને સુચવીએ છીએ.

અમે જણાવીએ છીએ કે પાર્લામેંટ બેઠી નથી ત્યાં સુધી કાયદો રદ થઇ શકે તેમ નથી. કાયદો રદ થવાનો સંભવ નથી એમ આપ ઘણી વાર બોલી ચુક્યા છો એ અમારા ધ્યાનમાં છે; છતાં હવે ગવરમેંટ એસેંબ્લમાં રજીસ્ટર થવા બાબત ની નોટીસો બહાર પડેલી તે બરાસ થઇ છે. એટલે જો કંઇ રજીસ્ટ્રેશન થાય તે ખાત્ર મરજીયાત થઇ શકે કે જે બાબત અમે પ્રથમથીજ કહેતા આવ્યા છીએ.

આમ હોવાથી વળી પણ અમે અરજ કરીએ છીએ કે સોળ વરસની ઉપરના બધા એશીઆટીક અમુક મુદતની અંદર (જેમ કે ત્રણ મહીનાની અંદર) રજીસ્ટર થાય. અને જેઓ તે પ્રમાણે રજીસ્ટર થે તેને નવો કાયદો લાગુ ન પડે. અને મરજીયાત રજીસ્ટ્રેશનને કાયમ કરવા સારૂ જે કંઇ પગલાં ભરવાં પડે તે સર કાર લે. જેઓ કોલોનીમાંથી બહાર ગયા છે પણ જેઓને પાછા આવવાનો હક છે તેઓને પણ આવી બનતના રજી સ્ટ્રેશનનો લાભ લેવો જોઇએ.

એશીઆટીકને રજીસ્ટર કરતાં કાયદાની જરૂરની હકીકત અને ધારાની હકીકત મુજબ રજીસ્ટર કરવા. તેમાં અમને બાધ નથી. પણ તે એવી શરતે કે અરજદાર ની ધર્મની લાગણી દુખાય તેવા સવાલ નહિ પુછવા, અને જેઓ પોતાની દેશ વણી, પોતાની માલકત, અથવા પોતાની કારકીરદીથી જાણીતા હોય અથવા સહેજે જેની ઓલખ થઇ શકે એવા હોય તેઓ નાં આંગળાં નહિ લેવાની પરવાનગી રજી સ્ટ્રેશન અમલદારોને મળવી જોઇએ. આવા માણુસોની સહી જોગ પુરતી ઓળખ એમ ગણવાની છુટ અમલદારોને મળવી જોઇએ.

જો સરકાર ઉપરની સુચના કબુલ રાખે અને તે પ્રમાણે રજીસ્ટ્રેશન લે તો અમે માની લઇએ છીએ કે રજીસ્ટ્રેશનની મુદત અંદર કોઇની ઉપર કામ ચલાવવા માં નહિ આવે, અને કોઇને સજા નહિ થાય. અમે અમારાથી બનેલી બનશે તેટલી મહેનત રજીસ્ટર લેવાનું અમારા ભાઇઓને સમજાવવામાં કરશું; અને જેઓ રજીસ્ટર નહિ લે અથવા જેઓને કાયદેસર રહેવાનો હક નથી તેવા માણુસો ને બીલકુલ મદદ નહિ કરીએ. ઉપરની હકીકત અમે રલુ કરીએ છીએ તે એમ જતાવવાને ખાતર કે અમે વફાદાર છીયે; અને અમારા ધરમની લાગણી દુખાવ્યા વિના અમારૂં માનભંગ કર્યા વિના અથવા અમારી નામોશી કર્યા વિના આ અડચણ દુર કરવા જે કંઇ કરવું ઘટે તે કરવા રાજી છીએ.

જનરલ સ્મટસનો જવાબ

તમારો તા. ૨૯ મીનો કાગળ મળ્યો. તેમાં દીંદીઓ અને ચીનાઓ કે જેઓ ટ્રાંસવાલમાં કાયદેસર રહે છે અને જેઓ ને રજીસ્ટર થવાનો હક છે તેવાઓને મર જીઆત રજીસ્ટર કરવાની સુચના તમો કરો છો. કોલોનીઅલ સેક્રેટરી તમારા આ પગલાને ઠહાપણ ભરેલું ગણે છે. કોલોનીઅલ સેક્રેટરી કહેતા આવ્યા છે કે ટ્રાંસવાલના એશિયાટીક મરજીઆત રજીસ્ટર કરવાનું જણાવે તો તેમને તક આપવામાં આવશે. તમારા કાગળમાં કાયદાની હકીકત તમે બરોબર બતાવી છે. કાયદેસર રજીસ્ટ્રેશન, નોટીસો બહાર થવા બાદ થઇ શકે તેમ નથી. કોલોનીઅલ સેક્રેટરી કાયદામાં જણાવ્યું છે એવી દરેક જુંજ રજીસ્ટ્રેશન કબુલ કરી શકે; પણ રીત વિરૂદ્ધ જે નાના ફેરફાર કરવાનું તમે કહેતા છો તે મંજુલ કરશે. દરમ્યાનમાં જેઓ રજીસ્ટર કરશે તેઓની સામે કાયદા સજા અમલમાં નહિ આવે. આ રજી સ્ટ્રેશન ઉપરનું અને સરસ કરવા તમે તમારા ભાઇઓને સમજાવવામાં મહેનત કરશો એ તમારી ખાત્રી કબુલ રાખે છે.

ઉપરના કાગળનો અરથ

આ કાગળો બને રાજદ્વારી છે. તે બાબત ખરી મહેનત મી. આલબર્ટ કાર્ટ રાઇટ (ટ્રાંસવાલ 'લીડર'ના અધિપતિ) ની છે. મી. આલબર્ટ કાર્ટરાઇટ પોતે પોતાના સબને સારૂ જેલમાં બેઠેલા છે. તેથીજ તેમણે દીંદીને મદદ મેળવવા અથાગ પ્રયત્ન કર્યા છે. તેમણે મી. ગાંધીને જેલમાં મળવાને સારૂ સરકારની પાસેથી ખાસ પરવાનગી મેળવી. જે વખત મળ્યા. પહેલી મુલાકાત તેમણે ૨૧મી તારીખે લીધી. તેમાં બંનેની વચ્ચે જેવી વાત થઇ કે આવતી પાર્લામેંટમાં નવો કાયદો રદ થાય અને હાલ દીંદી કોમ મરજીયાત રજીસ્ટર થેય. આ બાબતનું લખાણ પણ બંને વચ્ચે થયું. ત્યાર બાદ મી. કાર્ટ રાઇટ પ્રોગ્રેસીવ પારટીના પ્રધાનોને મળ્યા તેઓએ સુચના કબુલ રાખી, પણ એવો વિચાર બતાવ્યો કે તેવા બનતાં લગી જેલમાંથી દીંદીઓ લખે, ને મરજીઆત રજીસ્ટરનું કહેણ મોકલે. એવો કાગળ ઘડી મી. કાર્ટ રાઇટ ફરી તા. ૨૮મીએ જેલમાં આવ્યા. નવો કાયદો મરજીઆત રજીસ્ટરવાળાને લાગુ ન પડે એમ તે કાગ ળમાં ચોખ્ખું નહોતું; અને તે અરજી ઉપરના દીંદી તરફની હતી; તથા તેમાં જેઓ હાલ ટ્રાંસવાલ બહાર છે તેનો બચાવ નહોતો, તેમજ તેમાં ૧૬ વરસની અંદરના છોકરાઓનો પણ સમાસ થતો હતો તેથી તેટલા ફેરફાર મી. ગાંધીએ કર્યા. મી. કાર્ટ રાઇટે આનાકાની કરી, ત્યારે મી. ગાંધીએ કહ્યું કે જો તેટલું કબુલ ન થાય તો હજુ દીંદી જેલમાંજ રહેશે. તુરત મી. કાર્ટ રાઇટ ગળગળા થઈ ગયા, અને કહ્યું "ભલે તમારે જે ફેરફાર કરવો હોય તે કરો. તમે સત્યને અરથે લડો છો. તે ફેરફાર બાજબી છે. ને તેથીજ તમારૂં માન જળવાય. જો તેટલું મી. સ્મટસ કબુલ નહિ કરે તો હું પોતે તેની સામે થઇશ અને પ્રોગ્રેસીવ પારટીને તેની સામે કરીશ એવી હમેદ છે." બધી ઉપર મુજબ ફેરફાર કરી મી. કરીન તથા મી. યંગી નાયડુ જેવો બહુંજ સરસ કામ કરવું છે તેમને બોલાવ્યા. તેમણે બંનેએ કાગળ પસંદ કર્યો તેમાં સહી કરી, તે સબ મી. કાર્ટ - ને વિદાય થયા. આ સહી [illegible] ૧૨--૩૦ વાગે થઇ. મી. કાર્ટ

રાખવા ૨-૩૦ ની ટ્રેનમાં તેજ દહાડે પ્રીટોરીઆ ગયા. પાંચ વાગે તેમણે ટેલીફોન કરેલ કે જનરલ સ્મટસ તે કાગળ કબુલ રાખે છે. એક શબ્દનો ફેરફાર કરવા પરવાનગી માગી તે આપી. આ ઉપરથી જણાયું કે હવે હીંદીનો છુટકારો વેળાસર થવો જોઇએ.

બીજી શરતો

કેટલુંક કાગળમાં લખાય છે, ને કેટલુંક માત્ર વચન ઉપર હમેશાં રાખવું પડે છે. તેમજ આ સમાધાનીમાં થયું છે. મી. ફારેટ રાઇટની સાથે એમ પણ કહેવડાવ્યું કે જે હીંદીઓ સરકારી નોકરીમાંથી છુટયા છે તેને બધાને પાછી નોકરી મળે એવી તજવીજ થવી જોઇએ. અને જે નવું રજીસ્ટર બને તે કેવા પ્રકારનું થાય તે બાબત હીંદી કોમની સાથે વાતચીત થવી જોઇએ. આ વિશે મી. ફારેટ રાઇટે ટેલીફોનમાં જણાવ્યું કે નોકરીવાળાઓ વિષે જનરલ સ્મટસ બંધાતા નથી પણ પુરતી તજવીજ કરશે. અને રજીસ્ટરના ફોરમ બાબત મસલત કરશે. નવાં રજીસ્ટર ગેરકાયદેસર થશે ને તે કાયદેસર કેવા રીતે કરવાં તે વિષે પણ મસલત થશે.

મી. ગાંધીનું પ્રીટોરીઆ જવું

તા. ૩૦મીએ ગુરૂવારે મી. ગાંધીને પ્રીટોરીઆ ગોઠવવાના જેલના ગવરનર ઉપર હુકમ આવ્યો. તેથી તે સુપ્રીન્ટેન્ડન્ટ વરનનની સાથે પ્રીટોરીઆ ગયા. રસ્તામાં ખાવા પીવાનો બંદોબસ્ત સરકારે કરેલ હતો. બધું છુપું રાખવાનું હતું. તેથી પ્રીટોરીઆ હીંદી પીકેટ બધું સરસ કામ કરતા હતા તેઓ દેખ્યા વિના ન રહે તેથી પ્રીટોરીઆ પહોંચતાં પહેલાં ટ્રેન ઘાસ ઉભી રાખી મી. ગાંધીને ઉતાર્યા, અને મી. કેન તથા મુ. એટસની સાથે કોલોનીઅલ ઓફીસે ગયા. હજુ મી. ગાંધી કેદીજ હતા એ યાદ રાખવાનું છે. બરોબર બે વાગે જનરલ સ્મટસની મુલાકાત થઇ. તેણે કહ્યું "મને પોતાને હીંદી કોમની સામે કંઇજ નથી. ઉપરના કાગળમાં જે માગણી કરી છે તે બહુ વધારે પડતી કહેવાય, પણ સરકારનો વિચાર તે કબુલ રાખવાનો છે. રજીસ્ટર કેવા રૂપમાં કરવું અને તેને પાળવાની કાયદાનું રૂપ કેમ આપવું એ હવે પછી વિચારીશું. આ રજીસ્ટર નવા કાયદાની જરૂરજ થશે. પણ મારી સલાહ છે કે આ બાબત તમારા મોંઢેથી જાહેર થવી નથી પહેલાની. જે જાહેર થશે તો તમનેજ નુકસાન થશે, કેમકે મારી સામે લોકો થશે." મી. ગાંધીએ દશ આંગળાંની વાત ઉખેળતાં તેમણે કહ્યું કે "જો દશ આંગળાંની જરૂર પડશે તો તમારે દેવાં જોઇએ. તેની સામે તમારી લડત નથી એમ તમે કહી ગયા છે. છતાં તે બાબત પણ આપણે વાતચિત કરશું." પછી તેઓ બોલ્યા "મારી બીજી સલાહ એ છે કે 'તમારે બ્લેક લેગને મદ્દ નહીં દેવી'. મી. ગાંધીએ કહ્યું કે 'તે બાબત આપે કંઇ ભલામણ કરવાની જરૂર ન હોય. તેઓએ ભુલ કરી છે એવું અમે ઓફસ માનીએ છીએ. છતાં તેઓ અમારા ભાઇ છે ને અમારૂં લોહી છે. એને હેરાનગતી કરવી એવો કોઇ સારા હીંદીનો હેતુ હોય નહીં. અને જેઓ વધારે પડતા જુસ્સાવાળા હશે તેઓને કાબુમાં રાખવા એ દરેક સમજુ હીંદીનું કામ છે." આ સિવાય બીજી વાત થઇ તે અહીં આપવાની જરૂર નથી. ત્યારબાદ પ્રધાન મંડળની મીટીંગ થઇ અને તેમણે મંજુર કર્યા બાદ ઉપર તરજુમો આપ્યો છે તે પ્રમાણે જવાબ મી. ગાંધીને આપી તેમને કેદમાંથી મુકત કર્યા.

સાર

આ સમાધાનીનો સાર એ છે કે હીંદી કોમે મરજીઆત રજીસ્ટરની ઓફર કરેલી તે પુરી કબુલ થઇ છે. નવું રજીસ્ટર કાયદાની રૂએ નહીં થાય, પણ કાયદાની બદાર થશે, ને તે રજીસ્ટરને નવો કાયદો લાગુ નહીં પડે. ઓર્ડરની નોટીસ રજીસ્ટર થયા બાબતની ખેંચવાની જરૂર નથી રહેતી, કેમકે તે નોટીસોની મુદત પૂરી થવાથી તે બધલાસ થઇ છે.

લાઇસેન્સનું કેમ?

લાઇસેન્સ બાબતની નોટીસ કાયમ છે તેથી એવો બંદોબસ્ત થયો છે કે બ્લેક લેગ સિવાયના દરેક હીંદી હાલ વગર લાઇસેન્સથી વેપાર કરી શકશે, ને જ્યારે નવાં રજીસ્ટરને સારૂં નવો કાયદો થશે ત્યારે લાઇસેન્સ મળશે. તેટલા દરમ્યાન ડાઇની ઉપર વગર લાઇસેન્સથી વેપાર કરવાને સારૂં કામ નહીં ચાલી શકે.

દશ આંગળાંનું શું?

"દશ આંગળીઓ તણી નીશાની દિયો મુજનું બનશે પાણી" આવાં ગીતો ગવાયા પછી શું મી. ગાંધી દશ આંગળાં દેવાની સલાહ આપશે? આનો જવાબ 'હા આપશે' એમ મી. ગાંધીએ આપ્યો છે ને હજુ આપી છે. આપણે મરજી આંગળાંની નથી, પણ હાજરીની છે. કાલક્રમે થઇ ન શકે એટલે આ બસ છે. કાયદાને બદલે થઇને સહી આપવામાં નામોશી છે. પણ કાયદાની બહાર આંગળાં ઉપરાંત બધારે આપવામાં પણ નામોશી નથી. ઉપરનું ગાયન તે કાયદાને સારૂં બનાવ્યું છે. દશ આંગળાં વિગેરે કાયદાની બાજુ નિશાનીઓ હતા. બધા કેદી કેદીના કપડાં પહેરે છે તેથી તેને કેદી તરીકે ઓળખીએ છીએ. તે કેદીનું ગાન કરતાં તેના પહેરવણનું વરણન આપણે આપીશું. પણ તેજ પોશાક મરજીથી શોખથી પહેરે અથવા અંગ્રેજ ફેન્સી ડ્રેસ બોલમાં પહેરે તેથી તે કેદી નથી થતા.

મી. ગાંધીએ તથા બીજા હીંદીએ જેલમાં બદાર આંગળાં આપ્યાં. તેમાં તેઓને માન છે. તેમ આપવામાં તેઓએ બોટું નથી કરવું. ન આપત તો બોટું ગણાત. તે આંગળાં પાડેલ કાગળ મળી શકે તો તે મદાવવાને લાયક છે. કેમકે તે જેલમાં જવું એ હીંદીની છુટનો દરવાજો હતો. એટલે તે જેલના સંબંધમાં જે કંઇ વાજબી બન્યું તે વખાણવા લાયક ગણાય.

હીરની દોરી ફાંસી દેવાના કામમાં આવી શકે છે ત્યારે તેનાથી આપણે બડકશું. એજ હીરની દોરીનો માળા બનાવી પહેરશું તો તેને શોભાયમાન હાર ગણશું. દશ આંગળાં આપવાં પડશે એવું ચોકસ નથી. તે બાબત હજુ વાતચીત ચાલે છે. પણ કાયદો બને ને દશ આંગળાં આપવાં પડે તો તે નહિ આપવાની લડત લેવી એ બાબત પણ ગણાય. સુરજનું અજવાળું છોડી આગીયાના અજવાળાની બાબત દોડવા જેવું બનાય.

વળી દશ આંગળાં હવે ગોરાઓને સારૂં ઇમીગ્રેશન કાયદા પ્રમાણે દાખલ થયાં છે એટલે તે વિષે બહુ ભાર મુકી કહેવાય તેવું નથી. આટલો ખુલાસો કરવાની જરૂર પણ ન હોય. છતાં તેમ કરવાની જરૂર છે કેમકે તે વિષે કેટલાક માણસો ચર્ચા કરી રહ્યા છે. એટલે પધારે સમજ પાડી છે.

કેળવાએલા તથા જાણીતા

કેળવાએલા તથા જાણીતા વેપારી વિગેરેની સહી લેવાની પરવાનગી અમલ દારને આપી છે જો આ મરજીઆત રજીસ્ટરમાં પધારો છે. આ પધારાનો આગ્રહ મી. ગાંધીએ નથી કર્યો. પણ જે બાબત તેમની પાસે મુકવામાં આવેલ તેમણે જરૂર કરી, તે જરૂર કરવા એ મિ

નહિ જંપ્યુાપાથી રહેવા દીધો છે. કેળવણી પામેલાની સહીથી ચલાવી લેવું એ બરોબર વાત જણાય છે. કેમકે કેળવાએલા કોણ તેનો આધાર અમલદારની મરજી ઉપર નથી રહેતો. પણ જાણીતાની સહી તે કેળવાએલ ન હોય તો પણ લેવી એમાં બહુ ટોપ છે. જાણીતા કોણ એતો ઠરાવ અમલદાર આપે તેમાં ગુલામીનો ભાવ આવે છે. એટલે તે રસ્તાનો ઉપયોગ નહિ કરવાની મારી ભલામણ છે. હુકમથી જે ચીજ થાય તેમાં ઠીક છે. મંડ્રેરબાનીથી મેળવવામાં દોષ છે. આમાં સારા બુરા, ગરીબ તવંગરનો ભેદ નથી રહેતો એમ નથી. પણ સારા બુરા અને ગરીબ તવંગર ઠરાવનાર તે અમલદાર નહિ હોવો જોઇએ.

પુરવણીહુતી

મી. ગાંધીને કોલોનીયલ ઓફીસેથી પરવાનગી મળ્યા પછી તેને જોહાન્સબરગ છુટા થઇ જવાની પરવાનગી આપવામાં આવી. ચર્ચાર પીકેટોને ખબર પડતાં તેઓએ કોલોનીયલ ઓફીસ ઘેરી લીધી હતી. તેઓને સુ. બેટસે જણાવેલું કે મી. ગાંધી ચાલ્યા ગયા છે. તેઓએ જવાબ આપ્યો કે "જો તે ચાલ્યા ગયા હોય તો અમે જાસ્યા પીના નજ રહીએ. કેમકે અમે બધા દરવાજા ઘેરયા છે." એટલે બદાર બીજાનાં પીકેટોની મુલાકાત થઇ. તેઓને ખબર આપ્યા ને સંદેશો મોકલ્યો કે બધા શુક્રવારે સવારે છુટશે.

મધરાતે મીટીંગ

મી. અબદુલ્લાએ મી. પ્રસપ મીયાંને તાર કરેલો કે છેલ્લી ટ્રેન ઉપર તેઓ અને મી. પોલાક મી. ગાંધીને પારક સ્ટેશન ઉપર મળે. તે ઉપરથી માત્ર મી. પ્રસપ મીંયા તથા મી. અસવાત મળ્યા. તેજ વખતે ઘણા ખરા હિંદી મસજીદ ઉપર હાજર થયા, ને કમ્પાઉંડમાં લગભગ ૧૦૦૦ હિંદીની મીટીંગ રાતના બાર વાગે થઇ. મી. ગાંધીએ ઉપરની સમજુતીની વાત કહી અને કોઇ પણ ચોખાટ કર્યા વિના કે સરવસ કહાડયા વિના હવે સુપ્રકાથી કામ લેવાનું છે એમ સમજાવ્યું. 'લીડરનો' રીપોરટર હાજર હતો તેણે મીટીંગનો હેવાલ નહિ છપાવવા કબુલ કરયું. સહુ સમજ્યા કે આપણે સારું કામ છે. ઉજવણીની જરૂર નથી. લોકો અત્યંત ખુશી થયા.

જેલના દરવાજા ખુલ્યા

જુહાનીસબર્ગ ખાતે બાર વાગે જેલના દરવાજા ખુલ્યા. બાબા દરબિયાલાલ કાયદા બાબત કે લાઇસેન્સ બાબત જેટલા દીંદી પકડાયા હતા તે બધા છુટા થયા. અને છાપાઓમાં ઘણી ખરી બીના જાહેર થઇ. સહુ આશ્ચર્ય પામ્યા. ગોરાઓ પણ ઘણા ખુશી થયા. એસોસીએશન ઉપર જેલીઓને મુબારકબાદીના તારો મળ્યા. સો ઉપરાંત તાર આવ્યા હશે. તે બધા અહીં આપવાની જરૂર નથી. અપાય તેટલી જગ્યા પણ નથી. તેમાં એક તાર પોરબંદરથી, એક એડનથી, તેમ એક પ્રિટોરીયતથી એમ પણ હતા. કેટલાક ગોરાઓના તાર પણ મળ્યા છે. અને ઘણા ગોરાઓએ દીંદી કોમને મુબારકબાદી ઓફીસે આવી આપેલી.

ગ્રોગરેસીવ પારટીની સંમતી

આ સમજુતી કરતાં પહેલાં મી. સ્મટસે ગ્રોગરેસીવ પારટીની સંમતી લીધી હતી. સર જોરજ ફરારપર મી. સ્મટસે નીચે મુજબ કાગળ તા. ૨૭મીએ લખ્યો હતો:—

હવે એશીઆટીકો મરજીઆત રજીસ્ટર થવાનું કહે છે તો તેમને ફરીથી રજીસ્ટર થવા દેવામાં આવે, અને કેળવાએલા તથા જાણીતા હિંદી પાસેથી આંગળાં ન લેવામાં આવે તેમાં તમને તથા તમારા એંગરોને કાંઇ વાંધો છે, તે જરા મહેર બાની કરીને પુછી જોશો? એમ જણાય છે કે આમ હવે જે રજીસ્ટરો થાય તેને ખરાં ઠરાવવા માટે પારલામેંટને બીજો કાયદો ઘડવો પડશે, અને જેઓ મરજીઆત રજીસ્ટર થાય તેમનાપર કાયદા ની સત્તાઓ અમલમાં મુકવાનું બંધ રહે એવો સંભવ છે. એશીઆટીક સરકારને આવી ઓફર કરવાના હોય એમ જણાય છે: તો તેનો નીવડો આવતા પહેલાં તમારો મત મળે એવું ઇચ્છું છું.

જવાબમાં તા. ૩૦મીએ સર જોજ ફરારે લખ્યું કે:—

તમારો કાગળ મળ્યો છે: અને તેની હકીકત બીજા મારા મીત્રોને જણાવી. તેમાંથી નીચે મુજબ સવાલો નીકળે છે, જેના જવાબ સાથે આપ્યા છે.

સવાલ ૧લો: એશીયાટીકો માટે ફરીથી રજીસ્ટર. ખુલ્લું મુકવામાં આવે, અને તેઓની ઇચ્છા મુજબ તેમને મરજીઆત રજીસ્ટર થવાની તક આપવામાં આવે તેમાં કાંઇ વાંધો છે?

જવાબ: ના, એટલી શરત કે તે માટે અમુક મુદત મુકરર કરવામાં આવે.

સવાલ ૨જો: કેળવાએલા અને જાણીતા એશીયાટીકોના સંબંધમાં આંગળાં ન માગવામાં આવે એમાં કાંઇ વાંધો છે?

જવાબ: ના, શરત એટલી કે ઓળખાણ માટેનાં બીજાં સહેલાં સાધન હોય.

સવાલ ૩જો: દરમ્યાન જેઓ મરજી આત રજીસ્ટર થાય તેમનીપર કાયદાની સત્તાઓ અમલમાં મુકવામાં ન આવે એમાં કાંઇ વાંધો છે?

જવાબ: ના.

તમારા કાગળના છેલ્લા પાકય ઉપરથી શું મારે એમ સમજવું કે એશીઆટીક કોમ આ નવી રીત કબુલ કરવા માગે છે એવી ખાતરી ન થાય તો સરકાર ઉપરની શરતો નહિ આપે?

આ સંબંધમાં અમારા પક્ષનું શું કહેવું છે તે હું ચોખ્ખું કરવા માગું છું.

અમે કાયદાને મળતા હતા. અને તેને વળગી રહીએ છીએ; તેનો હેતુ પાર પડવો જોઇએ. અમારે જણાવવું જોઇએ કે ધારાઓ ઘડાયા તે સરકારે ઘડયા છે; અને તે પારલામેંટ આગળ આવેલ નહોતા માટે તે સંબંધી બધી જોખમદારી સરકારે ઉઠાવવાની છે.

અમને લાગે છે કે કુતેહમંદ થવા માટે કાયદાનો અમલ જેમ બને તેમ નરમ હાથે થવો જોઇએ, અને બને ત્યાં સુધી વડી સરકારની જોખમદારીઓ અને મુશ્કેલીઓ ધ્યાનમાં રાખવી જોઇએ.

આનો અર્થ

આ કાગળો બતાવે છે કે ગ્રોગરેસીવ પારટી આપણી વિરુદ્ધ નથી. ઉપરના કેટલાક કાગળોમાં નવો કાયદો રદજ થશે અથવા મરજીઆત રજીસ્ટર વાળાને લાગુ નહિજ પડે એવું ખુલી રીતે જોવામાં નથી આવતું એમ કોઇને શક જશે તે બરોબર છે. કાગળો ગોરાઓને બહુ નહિ, ચોકીયાતના ઇરાદાથી લખાએલા છે. છતાં કદી સરકાર હવે ફરીને કાયદો તેજ રાખશે તો શું થાય એમ સવાલ ઉઠેલો છે. તેનો જવાબ સીધો છે. આપણે નવું રજીસ્ટર કાયદેસર નથી લેતા એ તો ચોખ્ખુંજ છે. પછી સરકાર કાયદો રદ ન કરે તેમાં કોઇ આપણે બંધાઇ નથી જતા. કાયદો રદ ન કરે તો વળી લડીએ. ને ત્રણ માસમાં વધારે જોર મેળવેલું તે આપણને કામ આવે એટલુંજ નહિ પણ સરકારની વધારે નામોશી થાય અને તેટલે દરજે આપણું જોર વધે. મરજીઆત રજીસ્ટરની અને સત્યાગ્રહ (પાસીવ રીઝીસ્ટન્સ)ની એ ખુબી છે કે આપણી ફોરી સરકારના હાથમાં હોવાને બદલે આપણુજ હાથમાં રહે છે

સંપુર્ણ સરમાન્નાની

ઉપરની સમાધાનીનું સવિસ્તર જણાવ્યું પાડ જનરલ સ્મટસની સાથે કરી મુલાકાત થઈ છે. તેમાં બધી મુશ્કેલીઓ ગઇ છે

(૧) જો હીંદી કોમ મરજીઆત રજીસ્ટર લેશે તો આખો નવો કાયદો રદ થશે.

(૨) અને મરજીઆત રજીસ્ટરને કાયદેસર બનાવવા સારૂ એક બીલ પસાર થશે.

(૩) મરજીઆત રજીસ્ટર ૧૬ વરસની અંદરના છોકરાને લાગુ નહિ પડે.

(૪) મરજીઆત રજીસ્ટરની અરજી તથા રજીસ્ટર નવાં છપાશે. રજીસ્ટરમાં ધણીનું, બૈરાંનું તથા છોકરાઓનું નામ તથા તેઓની ઉમર આપવામાં આવશે.

મરજીઆત અરજીમાંથી માનું નામ નીકળી જશે અને તેમાં છોકરાઓ તથા સગીરનાં નામ આપશે. જેઓના સોળ વરસની અંદરના છોકરા ચાલી હાલી શકે તેવા હશે તેને સાથે લઇ જવા પડશે, કે જેથી તેને જોઇ તેની ઉમર, તથા જો ચહેરાની ઉપર નીશાની હોય તો લખી શકશે. જેના છોકરા ટ્રાંસવાલની બહાર હશે તેનાં માત્ર નામ તથા ઉમર આપવા થી બસ થશે. જો કે દોઢપણ છોકરા સોળ વરસની અંદરના હોવા છતાં બાપ તેને સારૂં નોખું રજીસ્ટર માગશે તો તે તેને મળી શકશે. એટલે હવે યાદ રાખવું કે રજીસ્ટર લેવા જતી વખતે જે છોકરાઓ ટ્રાંસવાલમાં હોય અને લઇ જવા લાયક હોય તેને સાથે લઇ જવા.

આંગળાં છાપની

૧ જેઓ અંગ્રેજી સારી કેળવણી પામેલા છે તેઓને આંગળાં કે અંગુઠા આપવાની જરૂર નહિ પડે.

૨ જેઓ અજ્ઞાનીતા છે અથવા જેઓની બાલ બીલકુલ છે તેઓ આંગળાં અને અંગુઠા આપવાથી મુકત થઇ શકે છે.

૩ જેઓને દસ આંગળાં આપવા તરફ બહુ હરકત હોય તેઓના અંગુઠાથી સરકાર ચલાવી લેશે.

૪ બાકી બધાને દસ આંગળાં આપવાં પડશે.

આમ છુટ મળેલી છે તે અત્યંત સંતોષકારક ગણી શકાય છે. આથી વીશેષ કંઇપણ માંગવું તે હીંદી કોમને હીતાવહ લગાડનારૂં ગણી શકાય. હમેશાં માણસોનું માન તેમની મર્યાદા-આજ્ઞા-ની અંદર રહેલું છે. ઉલાંજણા થઇ વધારે માગવા જવું તે મળે તોપણ નહી લેવા જેવું છે. એટલે બારી દરેક હીંદીને બરાબર છે કે કેળવણી અથવા બાલ બીલકુલ કલમ બીજાને લીધે રહેલી છુટનો લાભ ન લેવો. મરજીઆત રજીસ્ટરની નીચે આપણે જે કંઇ હદની અંદર કરશું તેમાં નહાનમત નથી, પણ સારમાણસાઇ છે. જેમકે પીછાનતને સારૂં સરકારને આપણે મદદ કરશું, ઓળખ કરવાને સારૂં જેટલું જોઇએ તેટલું બલકે તેથી વધારે આપશું તેમ આપણે ઉંચા ચડશું એ બાજીયુર્વક સમજવાનું છે. તેવા કારણસર મી. ઇસપમીઆએ, મી. ગાંધીએ, તથા બીજા સત્યાગ્રહીઓ (પારસીય ક્રીશ્ચીસ્ટરો) એ પોતાનાં દસ આંગળાં આપવાનો કરાર કર્યો છે. ઉપરનાઓ દરદ છે તે એથી ઝુમાવતા નથી, પણ તેનો સંગ્રહ થઇ શકે છે. કેટલાક દરદ એવા હોય છે કે તેનો ઉપયોગ નહિ કરવાથી બરોબરની માફક શોભે છે, પણ ઉપયોગ કરવા જતાં પરીણામ નુકસાન કર્તા નીવડે છે. આવું કારે આબેહુબ નજરે આવે છે. તે આપણી હાલત સમજવાને ખાતર હું આપું છું. બાબદો અને તેનું રહસ્ય કહેતાં તેનો ભેદ એને આપણે આત્મા અથવા દુષ્ટ કહી શકાએ છીએ. બારાએ એટલે આંગળાં પીએરેને આપણે શરીર અથવા બદનની ઉપમા આપી શકીએ છીએ. કાપદારૂપી આત્મા તે દુરાત્મા અથવા બરાબર દુષ્ટ હોય તેનું છેદન કરવા આપણે સોળ મહીના થયાં મથી રહ્યા છીએ. તેને પરીણામે તે બરાબર દુષ્ટ અથવા દુરાત્મા નો નાશ થયો છે. હવે જે શરીર રહ્યું છે તેની સાથે સંબંધ નથી. એજ શરીરની અંદર બરાબર દુષ્ટને બદલે સારો દુષ્ટ અથવા આત્મા પણ તો તે શરીરની સામે આપણે નહિ થઇએ. મરજીઆત રજીસ્ટર રૂપી સારો આત્મા અથવા દુષ્ટ, તેજ અથવા તેવી જાતના શરીરની અંદર દાખલ થયા થી આપણે આ શરીરની સાથે કુસ્તી તકરાર રહેતી, તથી એટલું જ નહિ, પણ તેને આપણે માન આપીશું. આ રૂપ આને લખનારા ગંભીર રૂપમાં ગણે છે. તે ઘોરણે ઘણા વિચારો પેદા થાય છે અને તેને લંબાવવાથી એમ દેખીતું સામેત થઇ શકે છે કે આપણી હાલત તે બરોબરી ખુદાઇ અથવા ધાર્મિક હતી: અને સમજુ માણસ તુરત જોઇ શકશે કે તેમાં આપણને સંપુરણ કુતેહ નહીં ધારેલી ઝડપથી મળેલ છે.

કોણ રજીસ્ટર થઇ શકશે

(૧) જેઓની પાસે બરી પરમીટ છે અહલે જેઓના અંદાજ વિગેરે પોતાની પરમીટ ઉપર બરોબર હશે તે.

(૨) જેઓ ૧૯૦૨ના મે માસની ૩૧મી તારીખે ટ્રાંસવાલમાં હતા તે-પછી તેની પાસે પરમીટ હોય યા ન હોય.

(૩) જેઓની પાસે પા. બણના ૩૫ વખત નાં તેઓનાં પોતાનાં રજીસ્ટર છે અને જેઓ હાલ ટ્રાંસવાલમાં છે.

(૪) જેઓ ૧૬ વરસની ઉમરની અંદર ટ્રાંસવાલમાં લડાઇ પછી ચોખ્ખી રીતે દાખલ થયા હોય તે.

આટલા પુરાવાવાળા માણસને મરજીઆત રજીસ્ટર લેવામાં અડચણ નહિ આવે.

ચેતવણી

આ લખતી વેળા હું 'સ્ટાર' માં સરકારની સામે બે ઘણા સખત કાગળ જોઉં છું. એક જણ ફીલીપ હેમંડ કરીને છે. તે લખે છે કે સરકારે હીંદીને બધું આપી દીધું છે, ને તેથી મી. સ્મટસ એ જોરાવર ન ગણાય. મી. હેમંડ કહે છે કે હીંદીને જેલમાં બરોબર રાખવા ઘટતા હતા. મી. હાજમેન લીખે કરીને બીજા એક લખે છે કે તેણે મી. સ્મટસ ના પક્ષના માણસોને પોતાના વોટ આપેલા. હવે તેણે હીંદીની બાત સાંભળી છે તેથી તે ગુસ્સે થએલ છે, અને મી. સ્મટસની વિરૂદ્ધ બાધું સખત લખાણ કરયું છે. આ કાગળો બતાવે છે કે પારલામેંટ મળતી વખતે મી. સ્મટસની હાલત કફોડી થઇ પડશે. આ બધું વિચારી હીંદી કોમે બરોબર ખ્યાલ કરવાનો છે. ને રજીસ્ટરના બાપારા બંધ ઉંકલી નાખવાનું છે. કે જેથી કરીને બધાને ખાત્રિ આપી શકાય કે આપણે બરી રમતજ રમીએ છીએ. આ ગ્રણ મહિનાના કામ ઉપર હીંદી કોમની હવે પછીની હાલતનો આધાર રહેશે. તેથી હું ઉમેદ રાખું છું કે કોઇ પણ હીંદી પોતાનો સ્વાર્થ વિચાર્યા વિના માત્ર કોમનું કેમ ભલું થાય એજ વિચાર કરશે.

ઓરીસ કયારે ખુલશે?

મરજીઆત રજીસ્ટર કરવા સારૂં ઓરીસ આવતે સોમવારે વાન બેંડીસ સ્કવેરમાં પુરાણા દેવળમાં ખુલસે. તે વખતે મરજીઆત રજીસ્ટર લેનારે ત્યાં તુરત હાજર થઇ જવું. કપાટાબંધ પુરૂં કરવું એ આપણી ફરજ છે. આ બાબત ગેઝેટમાં નોટીસ નહીં પંડ એવો અંદોબસ્ત થયો છે. તે એમ સમજીને કે તેમાં આપણું બધારે ખુલ્લું છે. પ્રીટોરીયા સિવાય બીજા ગામોમાં મેજીસ્ટ્રેટની મારફતે રજીસ્ટર થશે એમ સંભવ છે. આપણને ગ્રણ માસની મુદત છે. પણ બે માસની મુદતમાં બધારામ કરશું તો બધારે સારૂં ગણાશે.

તારોના વરસાદ

કેદીઓ છુટયા બાબત તારોના વરસાદજ વરસ્યા છે. દક્ષિણ આફ્રિકાના દરેક ભાગ માંથી તારો છુટેલા. લગભગ દોઢસો તાર આવેલા જણાય છે. શુક્રવારે અને શનિવારે તારવાળો પાંચ પાંચ મીનીટે આવતો જોવામાં આવ્યો. વળી તાર એડનથી અને હીંદુસ્તાનથી પણ આવી ચુકયા છે. એડનથી મી. કેકાબાદનો, પોરબંદરથી મી. હાજી મસમાઇલ ઝવેરીનો તથા મુંબઇથી પ્રેસીડન્સી એસોસીએશન વતી સર ફીરોઝશા મહેતાની સહીનો. સર ફીરોઝશાનો તાર લાંબો છે, અને કોમને ભારે મુબારકબાદી આપે છે; ને તેની ધૈર્યતા, તેની હીંમત, તેની ઇજ્જ ઉઠાવવાની શક્તિ, તથા તેની ચાતુરીની તારીફ કરે છે.

ગોરાઓની મદદ

ટ્રાંસવાલની લડતમાં ગોરાઓની મદદ જે મળી છે તેની હદ નથી રહી. મી. કારટ રાઇટ, મી. ડેવીડ પોલેક, મી. ફીલીપ્સ, મી. પોક, મી. સેંટ ('પ્રીટોરીઆ ન્યુસ'ના અધિપતિ) વિગેરે પ્રખ્યાત ગોરાઓએ ઘણીજ સરસ મદદ કરેલી છે. તેમાંના ઘણાં તો છેવટ સુધી આપણી સાથે રહેવા તૈયાર થઇ રહ્યા હતા. આ સિવાયના સેંકડો ગોરાઓએ મદદ કરવા ધારેલું તેનો આપણને પતો પણ નથી મળ્યો. વિલાયતમાં વધી પડેલું જોર બતાવે કે સત્યને સારૂં તેઓ પણ લડવા તૈયાર થઇ ગએલ છે. આ વિચારને દીલમાં રાખી ગોરાની તરફનો રોષ પણ હીંદી કોમે ઉતારવો ઘટે છે. તેઓમાં કંઇજ સારૂં હોય નહિ એમ ઘણી વાર આપણે વગર વિચાર્યે બોલીએ છીએ. પણ દેખીતી ભુલ છે. આદમ જાત એકજ છે, ને કદી ઘણા ગોરા ભુલ થી ભેદ રાખે તો તેવી ભુલ આપણે કરવાની નથી.

ફેડરેશન હોલ

બુધવારે એસોસીએશનની કમીટીની મીટીંગ થઇ હતી તેમાં ઠરાવ થયો છે કે ફેડરેશન હોલને સારૂં તથા બીજા કેટલાક ખરચ સારૂં ઉઘરાણું કરવું. દરેક કોલોનીની ટીકીટ કહાડવી, અને તેટલું દરેકે ઓળખમાં ઓછું આપવું. વધારે આપી શકે તેણે વધારે આપવું. વિશેષ હું આવતે અઠવાડીએ લખીશ. મને ઉમેદ છે કે સહુ આ બાબતમાં પુરતી મદદ કરશે.

છતનું ચિત્ર

ગયા તા. ૧૧મીના અંકમાં ટ્રાંસવાલ સરકારરૂપી સ્ટીમ રોલર હીંદી કોમરૂપી હાથીને કચરી નાખવા મહેનત કરતી હતી એમ બતાવતું ચિત્ર 'સન્ડે હાઇમ્સે' આપ્યું હતું તે વિષે કહેવામાં આવ્યું છે. હાલમાં તે પત્રે હીંદી કોમની છત બતાવવા એજ ચિત્રને બીજા રૂપમાં આપ્યું છે. તેમાં સ્ટીમરોલર જુકા થઇને ચુંથાએલું પડેલું છે. રમટસ સાહેબની ખુરસી ભાંગેલી સ્થિતિમાં જમીનપર પડી છે ને તે ઉપર ચુરે થાએ પડેલા દેખાતા રમટસ સાહેબ સામે હાથી તરફ ભયની લાગણી સાથે જોઇ રહ્યા છે. તેમને માથે નામોશીની ટોપી છે. ચુંથાએલા સ્ટીમરોલર તરફ ફરીને હેઠ રમટસ સાહેબ બતા આગળ સુંઢ લઇ જઇ હરખાવો હરખાતો હીંદી કોમરૂપી હાથી ઉભો છે, ને પુછે છે "કેમ, બોલો તો સહુ ખુશીમાં કે?" મી. ગાંધીરૂપી માવત પોતાના બે હાથનાં આંગળાં પંપાળને પહોળો કરવામાં આવે તેમ પહોળાં કરીને નાકને આડી બનાવે કોમ મી. રમટસને કહેતા હોય કે "આંગળીનો સ્વાદ કેમ આવ્યો કે?" એવો દેખાવ આપવામાં આવ્યો છે. ચિત્ર નીચે લખ્યું છે કે "મી. ગાંધીની આંગળીની નીશાની પડાવનાર કોલોનીઅલ સેક્રેટરીનું ચિત્ર."

એસ્ટકોર્ટ

(એક ખબરપત્રી તરફથી)

અહીંઆંનાં જંગલનાં સઘળાં લાઇસન્સ બંધ થયાં છે. ફકત એક કેલોનીયલ બોર્ન ઇન્ડીયન તથા એક બીજાને મુરી રીવરમાં મળેલ છે. બંધ થયેલાની સંખ્યા ૭ છે; તથા હજુ બીજા બે બાકી છે. તેમને આજરોજ બોલાવ્યા છે. લાઇસેન્સીંગ ઓફીસર જેણે ગયે વરસે ઝેડીસ્મીથનાં સઘળાં લાઇસન્સ અટકાવ્યાં હતાં તે છે. હીંદીઓએ અપીલ નોંધાવી છે. વગર લાઇસન્સથી વેપાર કરવા હીંમત ધરાવે છે. લાઇસન્સીંગ ઓફીસરે દરેકને બોલાવી પખું કલાક સુધી જુબાની લીધી હતી, અને આખરે સઘળાને ના પાડી.

અમને ખબર મલ્યા છે કે—ચેપુમુકુ ના મી. એમ. એ, કાજીનું લાઇસેન્સ લોવર ટ્યુગેલા ડીવીઝનમાં રીન્યુ થએલ. ત્યાર પછી ટ્યુગેલાની બોરડે બેસીને તે રદ કરયું. આ બાબત સંબંધમાં આ વેપારી ઉપર સુધી લડવા હીંમતવાન છે; અને તેણે દુકાન ઉઘાડી રાખી વેપાર કરવો શરૂ કર્યો છે; ને કાંઇ અટકાયત ન હોય એમ સમજી માલ ખરીદી દુકાનપર બોલાવે છે.

ફોડશીઆ

(અમારા ખબરપત્રી તરફથી)

ટ્રાંસવાલ આતે મી. ગાંધી વગેરે ૭૬ હબસીઓને સરકારે જેલ મોકલવાથી સરકારના કામ પ્રત્યે ચેઢ બતાવવા તથા દેશ સેવકો પ્રત્યે દીલસોજી બતાવવા જુલવાયેા ખાતે હીંદી બાઇઓની એક મોટી મીટીંગ તા. ૨૬ જનેવારીના રોજ મળી હતી. આકરો ખર માસમાં દંડ ભરવા ચળેલી બોઅરણ બહેનો આશરે પા. ૧૦૦ની રકમ દંડમાં ભરાઇ હતી, જેમાંથી મોટી રકમ ટ્રાંસવાલ ઇન્ડીઅન ઇન્ડિઅન એસોસીએશન ઉપર મોકલવા ઠરાવ કરવામાં આવ્યો હતો.

રૂડીચોઢ

મી. એ. એમ. દેસાઇવતી મી. અહમદ ફખાન લખે છે કે એસોસીએશન કેમાની નંજીમાં હોવાથી બત્રે ઉઘરાણું કરી પા. ૨૦ની મોક તા. ૨૭મીએ જોહાન્સબરગ મોકલી આપી છે. ઉઘરાણામાં ભરનારા મોનાં નામો નીચે મુજબ છે:—

મી. અહમદખાન પા. ૩; મી. ઇસવા ઇલ ગાંધેડ ૧-૫-૦; મેસરસ હસનભીંયા, ઇસમાઇલ અબ્રવાન, હાજી હરકુદીનખાન, કમાલખાન, મકુર સાહેબ અલી, અબદુલા મીંયા પટેલ, મહમદ ઇસમાલ દરેકનો પા. ૧; મેસરસ મહમદખાન બાકુખાન, અલીખાન, ટેલર ખુશાલ, દરેકની ૧૫/; મેસરસ મુસા ઇસમાઇલ, ઇબરાહીમ મુસા, આલેજી કાજી, સઇયદ ઇસમાઇલ, મોરાર રામજી મોચી, રવજી રબુછોડ, દરેકની ૧૦/-; મી. કે. એન. દેસાઇ ૧૨/૬; મેસરસ નાગર ગોપાલ, ઇસમાઇલ, આમુજી, ગાંડા જદુ દરેકની ૭/૬; મેસરસ શેખ મહમદ, અહમદ સુલેમાન, મહમદ સુલેમાન, ઇબરાહીમ મહમદ, મહમદ ઇસપ, ઇસમાઇલ અહમદ, મહમદ મુસા, ઇબરાહીમ હાસમ, પરબુ જુલા, બાઇલા મંજલા. કલબ ગોવન, ભાણા, ભાણા ઇબાળા, ગોકળ, નારાણ ધનજી, વાલા ભીખા, રામા બાઇલા, મકન ભીખા, પ્રેમા ભીખા, ખાબર કુલજી, લાંબણ, હાજી, જસા, વસન દયાળ, વીઠલ, ધનમાણી, માવજી, દેવખા, ઇસમાઇલ સુલેમાન, દરેકની ૫/-; મેસરસ હસન હાજી, રામાં મકનં. દરેકની ૨/૬; મી. પરશોતમ બખા ૨/-; કુલ ૨૬-૨-૦.

ટ્રાંસવાલના હીંદીની મદદ માટે ડરબનમાં નાટક

[ખ. ઓ. માટે રીપોર્ટ]

ડરબન ફ્રેટરર એસોસીએશનની ભોંયરણ અને ઠરાવ મુજબ ઉર્દુ જબાન માં 'બનામેખુદા' નામનો ખેલ ગઇ તા. ૧ લે ધ્રસ્ટ ઇન્ડિઅન થીએટ્રીકલ કંપનીએ વીક્ટોરીઆ થીએટરમાં ભજવી બતાવ્યો હતો. ખેલની આગ્રહ ટ્રાંસવાલના હીંદી ઓની મદદ માટે મોકલી આપવાનું નક્કી થએલું હોવાથી થીએટર ચીકાર ભરાઇ ગયું હતું; અને રજીસ્ટર કાયદા બાબત માં જે નીવેડો આવી ગયો છે તોપણ પોતાના ભાઇઓ તરફની ફરજ બજાવવા માં ડરબનના હીંદીઓ પાછા પડયા નથી. ખેલનો બીજો અંક પુરો થતાં મી. યુ. એમ. શેલતે ઝટદાર ભાષામાં કંપની તરફ થી હાજર થએલાનો આભાર માન્યો હતો. નાતાલ ઇંડિઅન કોંગ્રેસ તરફથી મી. દાદા ઓસમાને (ઓનરરી સેક્રેટરી) જણાવ્યું કે ટ્રાંસવાલના ભાઇઓની લડત માં નાતાલે અરેખરી જીન કેસાની દેખાદી છે. નાતાલમાં લાઇસેન્સ કાયદા બાબત જબરજસ્ત લડત ઉઠાવવી પડશે. મી. પારસી શાપુરજી રાંદેરીઆએ રજીસ્ટ્રેશન કાયદાથી જાગ્રત થએલા સ્વદેશાભિમાનપર વીવેચન કરતાં કહ્યું કે સારી નીષ્ઠાથી સ્વદેશાભીમાનને હમેશ જીગરમાં કોતરી રાખી વરતન કરવાથી હીંદીની ઉન્નતિ નો દહાડો બહુ વહેલો આવી પહોંચશે. નાટક કરનારા તથા જોવા આવેલા સહુના ઓએ આજે અરેખરી દેશ સેવા બજાવી છે તે ઉપર મી. રાંદેરીઆએ વીવેચન કર્યું. મી. દાવુદ મહમદે (નાતાલ ઇંડિઅન કોંગ્રેસના પ્રેસીડેંટ) મી. ગાંધીની દેશ સેવાનું વરણન કીધું, ત્યારે આખો હોલ તાળીઓથી ગાજી રહ્યો હતો. મી. દાવુદ મહમદે સહુનાઓની હાજરી માટે હીંદુ ઓને 'રામરામ' તથા મુસલમાનોને 'સલામ' બહુ નમી નમી કર્યા હતા. મી. પારસી રૂસ્તમજીએ મુસલમાન, હીંદુ, પારસી વીગેરેની એકત્ર હાજરીની તથા એકત્રતા ની નોંધ લીધી. જોહાન્સબરગથી મળેલા મી. પોલાકના કાગળ મુજબ ત્યાંના બ્રિટીસ ઇંડિઅન એસોસીએશન તરફથી સરવેનો આભાર ઉપકાર માન્યો અને આવતા શનિ વારે ખેજ કામને માટે થનારા ગુજરાતી ખેલમાં હાજરી આપવા સરવેને અરજ કર્યા. મી. ઓમરજી કાનજી પટેલે ફ્રેટરર્ન ઓર્ગેનાઇઝેશન તરફથી હાજર થએલાનો આભાર માન્યો. કેટલાક ખેલનારાઓએ મી. ઓમરજી કાનજી પટેલ, મી. ઇસપ ઇસ માઇલ, મી. મહમદ આદમ, મી. દીમોલ વગેરેની સેવાની ખાસ પીછાન કીધી, અને આશા બતાવી કે આવતો ગુજરાતી ખેલ પણ સંપુરણ કૃતેહમંદ ઉતારવામાં સઘળાઓ પાછા હઠશે નહિ.

સ્વદેશી હીલચાલપર ભાષણ

ડરબનથી મી. કેશવરામ ભટ લખે છે કે તા. ૨૬મીએ લક્ષ્મીનારાયણના મંદિર માં આશરે ૨૦૦ માણસોની એક મીટીંગ મળી હતી. મી. સુચીત મહારાજ પ્રમુખ હતા. ભાષણકાર બાબુ સત્યેંદ્રકુમાર બેન રજીએ સનાતન ધરમ ઉપર વિવેચન કર્યા પછી સ્વદેશી ઉપર ભાષણ કરતાં લાલા લજપતરાય તથા સરદાર અજીતસિંહની સેવાનાં વખાણ કરયાં, ને જણાવ્યું કે આજે સ્વદેશીની લડત માટે ૬૨ વરસની ઉમરના ઘરડાઓ જેલ ભોગવે છે. સરકાર હીંદુ મુસલમાનો વચ્ચે કુસંપ કરવા પ્રયત્ન કરે છે પણ તેમાં આપણે તેને ફાવવા દેવાની નથી. દરેક હીંદીએ સ્વદેશી માલ વાપ રવો જોઇએ. અહીં નાતાલમાં સ્વદેશી સ્ટોર ખોલી શકાય છે. હીંદુસ્તાનમાં કોલર, ટોપી, ટાય, મોજાં તથા બીજાં સુતરાઉ તથા ગરમ કપડાં બધી જનતનાં થાય છે. પરદેશી ચીજો ધરમને બાધ આવે તેવી રીતે બનેલી હોય છે. જેવી કે ખાંડ, આટો, સાબુ, બીસકીટ, મીણ બત્તી વગેરે. છેવટે તેમણે શ્રોતાનાં મન પર અસરકારક છાપ પાડી પોતાનું ભાષણ સમાપ્ત કર્યું હતું. પછી બીજા મહત્સ્થો એ તથા પ્રમુખે વખતને અનુસરતું ભાષણ કરયા બાદ સભા વિસરજન થઇ હતી.

વેરૂલમથી એક લખનાર જણાવે છે કે:—તા. ૨૭મીએ પંડિત સત્યેંદ્ર કુમાર બેનરજીને આવકાર દેવા હીંદુ બંધે સભા તરફથી એક મીટીંગ શ્રી ગોપાળ લાલજી ના મંદિરમાં ભરવામાં આવી હતી જે વખતે આશરે ૩૦૦ જેટલા મહત્સ્થો હાજર થયા હતા. પંડિતજીએ સનાતન ધર્મવિષે તથા સ્વદેશી હિલચાલ વિષે ખુબસુરત ભાષણ કરયું હતું. પછી મંદિરમાં આરતી થયા બાદ પ્રસાદ લઇને સભા વિસરજન થઇ હતી.

ક્રાપ્રોથી એક લખનાર જણાવે છે કે ત્યાં જંગલનાં લાઇસેન્સ મળી ગયાં છે.

લેડીસ્મીથ ઇસ્લામીઆ સોસાઇટી

સેક્રેટરી જણાવે છે કે:—તા. ૬૧મી જનેવારીએ અંજુમનના મકાનમાં માસ મીટીંગ હતી, જે વખતે ટ્રાંસવાલના હીંદી માટે ઉઘરાણું કરવા તથા દિલસોજીનો તાર કરવા ઠરાવો થયા હતા. મી. દોસ્ત મહમદ સુરતી દેશ જવાના હોવાથી તેમના માનમાં તા. ૧૬મીએ મીટીંગ થઇ હતી, જે વખતે મી. દોસ્ત મહમદની સેવાની તારીફ કરી તેમના હકમાં દુઆ ગાહવામાં આવી હતી. મી. દોસ્ત મહમદે ઘટતો જવાબ આપી પા. ૬ સોસાયટીને બેટ આપ્યા. પછી ચાહ લઇને ફુલના તોરા ગુલાબ વગેરે વહેંચાયા બાદ મીટીંગ બરખાસ્ત થઇ હતી.

તા. ૨૦મીની મીટીંગમાં મી. ઓસમાન અહમદ એંફેન્દી પ્રમુખ હતા. મી. મહમદ અહમદ ગોગા, તથા મી. ઇબ્રાહીમ કાસમ અમલાનાં આગા બન્યાં તથા મી. ઇસમાઇલ કાસમ અમલા દેશ જવાના હોવાથી તેમના હકમાં દુઆ ગાહવામાં આવી. મેસરસ અહમદ મુસાજી ઉમર, અહમદ અસનજી લોખાત, અહમદ મુલ્લાં, ઇસ્માઇલ હાના આવા, સુલેમાન મેતર વગેરે મહત્સ્થોએ ભાષણો કરવાં હતાં. મી. ગોગાએ પા. ૬ તથા મી. ઇબ્રાહીમ કાસમ અમલાએ પા. ૨ સોસાયટીને બેટ આપ્યા. મી. ઇસમાઇલ કાસમ અમલાએ થી. ૧૦ બેટ આપી તથા થી. ૫ આપી મેંબરશીપમાં દાખલ થયા. સોસાયટી વતી મી. અહમદ મુસાજી ઉમરે એ બંધે મહત્સ્થોનો આભાર માન્યો. મી. ઓસમાન અહમદ એંફેન્દીએ વખતને અનુસરતું વિવેચન કરયું. પછી ફુલગુલાબ વહેંચાયા બાદ મોડી રાત્રે સભા વિસરજન થઇ હતી.

મી. મદનજીતનું 'સુનાઇટેડ બરમા' પત્ર લખે છે કે જોહીઆ પ્રાંતોમાં મુરાદાબાદ નો રહીશ એક હીંદી ફકીર હાલમાં કોન સ્ટાનટીનોપલ પહોંચેલ છે. તે ફકીર જણાવે છે કે તેણે પોતાના ખીસામાં એક પેની ન હોવા છતાં ટ્રાંસવાલ, આસ્ટ્રેલીઆ, જપાન, બર્મા, ચીન, ટીબેટ, ગ્રેટબ્રિટન, અમેરિકા તથા બીજા કેટલાક મુલકોની મુસાફરી કરેલ છે. તે પોતાની પાસે એક ચોપડી રાખે છે જેમાં તેણે પોતાના અનુભવ વરણવેલ છે.

ચરચા પત્ર.

અમારા ચરચાપત્રીઓ નીચેના નીયમો યાદ રાખશે તો તેઓના પત્રો ઉપર તુરત ધ્યાન અપવાનો સંભવ છે.

૧. કાગળની એકજ બાજુએ લખવું.

૨. અક્ષર ચોખા સાહીથી લખવા.

૩. નામ તથા ઠેકાણું જરોબર લખવાં. તે હમેશાં ખહાર પાડવા સારૂં નહિ, પણ અમારી નાખુને સારૂં.

૪. મંગળવારની સાંજ સુધીમાં મળેલ લખાણો તેજ અઠવાડીયામાં દાખલ કરી શકાશે.

૫. લખાણ હમેશાં ટુંકું અને મુદ્દાસર કરવું.—અધિપતિ.

ચરચાપત્રોઓને જવાબ.

આમસ્ટરડામના ચરચાપત્રી, તથા મી. એમ. એમ.—નામઠામ વગરના કાગળપર ધ્યાન આપી શકતા નથી.

મી. રહેમાનભાઇ (પ્રીટોરીઆ)—એવા માણસો હવે પોતાની મેળે પસ્તાવો કરશે.

અ. ધ. ઓ.

ટ્રાંસવાલના હીંદી આભાર માને છે

મે. ધ. ઓ. ના અધિપતિ જોગ,

એસોસીએશન ઉપર તથા મારી ઉપર તેમજ છુટા થએલા હિંદી કેદીઓ ઉપર મુબારકબાદીના તારનો પાર નથી રહ્યો. કાગળો પણ ઘણા પહોચ્યા છે. બધાને જોખા જવાબ લખવા જેટલી અવકાશ નથી, તેથી આપ સાથીઓ વતી અને મારી વતી સરવે તાર મોકલનાર તથા કાગળ લખનારનો આભાર આ છાપા દ્વારા માગવાની રજા લઉં છું, તથા જોખા નથી લખ્યા તેની માફી માગું છું. અને વિશેષ એવું ધ્રુજ્યું છું, તથા ધ્રુજ્વરની પાસે પ્રાર્થના કરું છું કે જ્યારે ફરી આવો અવસર આવે ત્યારે જેમ હિંદી કેદીઓએ હાલ કરયું છે તેમ તેજ કેદીઓ તથા આપણે બીજા બધા હિંદી સત્ય તથા દેશને અરથે કરીએ.

હું છું

મોહનદાસ કરમચંદ ગાંધી.

જોહાન્સબરગ તા. ૪-૨-૦૮

એક જુલમનો દાખલો

મે. ધ. ઓ. ના અધિપતિ જોગ,

તા. ૨૮ મીએ બપોરના ૧ વાગે અત્રે એક હીંદુ ઓરત સુવાવડની બીમારીથી ગુજરી જવાથી હું ડોકટર પાસે સરટીરી કેટ લેવા ગયો હતો. ડાકટર હાજર ન હોવાથી કેટલોક વખત વાટ જોયા બાદ કમીસ્ટે સરટીરીકેટ આપ્યું. ત્રણ વાગે હું પોલીસ સારજંટ પાસે ગયો, અને મુડદું બાળવા માટે પરવાનગી માગી. જવાબમાં કહ્યું કે ટાઉન કલાર્ક પાસે તપાસ કરીને જણાવીશ. બાદ સાંજના ૪॥ વાગ્યે તેણે સુચના આપી કે મુડદું વહેલું બાળવું. તેથી બાળવા માટે લાકડાં વગેરે અહીંઆંના ગોરમીટીઆ વગેરે જ્યાં દાટે છે તે જગાપર મોકલી દીધાં. ત્યાર બાદ રાતના ૯॥ વાગે પોલીસ સારજંટે જણાવ્યું કે મુડદું બાળી શકશો નહિ, કારણ કે લોકલ બોર્ડનો ડાકટર ના પાડે છે. આ ખબર પડવાથી દશ વાગ્યાને સુમારે હું સારજંટ પાસે ગયો. હું તથા મારા બીજા બે સાથીઓ તેની સાથે કોર પોરેશનના ડાકટર આગળ ગયા. ડાકટરને વિનંતિ કરી, ને રજા માગી કે મુડદું દાટવું એ હીંદુના ધરમથી વિરૂદ્ધ હોવાથી બાળવા માટે રજા આપવી. પણ તેણે માન્યું નહિ. અમે જણાવ્યું કે ડરબન, વેરૂલમ, સ્ટેંગર, મારિત્સબરગ વગેરે સધળે ઠેકાણે હીંદુઓને મુડદાં બાળવાની છુટ છે. ત્યારે જવાબમાં કહ્યું કે એસ્ટ કોર્ટ માટે મારી મરજી તે કાયદો છે! આ પ્રમાણે ગોરાઓના જુલમને લીધે હીંદુને પોતાના ધરમ વિરૂદ્ધ મુડદું દાટવાની જરૂર પડી હતી. બાબતથી ડરબનથી એક અનુભવી ગ્રહસ્થ આવેલ તેની સાથે માજીસ્ટ્રેટ આગળ ગયા. માજીસ્ટ્રેટે કોલો નીઅલસેકરેટરીતરફથીતારકરીને બાળવામાટે રજામગાવી. પણ કાંઇ જવાબઆવ્યો નહિ. બીજે દિવસે તાર કર્યો તોપણ જવાબ મળ્યો નહિ. કહ્યું છું કે આ જુલમથી વાત ચરચાઇને ફરીથી આવું ન બને તેવા ઇલાજ લેવામ.

લી. માહિતગાર.

જોહરટકોટ, તા. ૩-૨-૦૮

સ્ટેંગરથી મી. નુર મહમદ તારવણ લખે છે કે હિંદુસ્તાનમાં પણ હિંદીઓ પોતાના બળ ઉપર આધાર રાખી લડત લે તો જોઇતા હકો આફેલાધથી મળી શકે; ને હિંદુસ્તાનની ઉન્નતી વહેલી થાય.

પરચુરણ ચરચા

અરમેલોથી મી. અહમદ દાવજી કુવાડીયા લખે છે કે અહીં મી. ઇસ્માઇલ અહમદ જસાત, મી. ઇબ્રાહીમ મુસા મેમણ, તથા મી. હાજી મહમદ અહમદ દીનદાર એટલા હિંદીઓએ સદ તા.૨૭મીએ વકીલ મારફતે રજીસ્ટર થવા અરજી કરી છે.

બેલફાસ્ટથી મી. એસ. એફ. દીન લખે છે કે કેટલાક ગોરા વેપારીઓ આપણી લડત વિરૂધ કામ કરે છે; માટે તેવાને બોયકોટ કરવાનાં પગલાં લેવાં જોઇએ.

એક લખનાર જણાવેછે કે ક્વીન્સટાઉન ના હીંદીઓએ ટ્રાંસવાલમાટે ઉઘરાણું કરવા ના હેતુથી મદરાસી લોકોને બોલાવી એક મીટીંગ કરી હતી; તેમાં મદરાસીઓએ ઉઘરાણું કરવા વચન આપી બીજી મીટીંગ ભરવા કહ્યું; છતાં તેઓમાંથી કોઇ બીજી મીટીંગમાં હાજર થયા નહિ, ત્યારે ગુજરાતીઓ થોડા હોવાથી ઉઘરાણું કરી શકયા નહિ આ મોટી દિલગીરીની વાત છે.

સ્ટીમરોની હિલચાલ.

[નાતાલ ડાયરેકટ લાઇન.]

અમપુલી—તા. ૧૨મી ફેબ્રવારીએ કલકત્તા જવા ઉપડશે.

કોંગેલા—તા. ૨૮મીએ કેલંબોથી નાતાલ આવવા ઉપડી છે.

કોંગેલા—તા. ૧૮ મીએ કલકત્તા જવા ઉપડશે.

[ઇડિઅન આકૃરિકન લાઇન]

બેટનહોલ—તા. ૨૫મીએ કલકત્તાથી નાતાલ આવવા ઉપડી છે.

ટીન્હાઉ—તા. ૫મીએ કલકત્તાથી ઉપડવાની હતી.

ઓગ્મે—તા. ૬૨ ફેબ્રવારીના અરસામાં કલકત્તાથી ઉપડશે.

[જરમન લાઇન]

ગ્રેસીડૂ—તા. ૧૮મા ફેબ્રવારીએ મુંબઇ જવા ઉપડશે.

ગેઇ—તા. ૨૨મી જનેવારીએ કલકત્તાથી ઉપડી છે.

હીંદુસ્તાનની ટપાલ આમપુલીમાં આજ રોજ આવવાની છે.

ચાલુ વર્તમાન.

મી. રહીમ ઝીણા લખે છે કે વીન્ડસર ટાઉનમાં તા. ૧૦ મી એ એક મીટીંગ થઇ હતી જે વખતે ટ્રાંસવાલના હીંદીની મદદ માટે ઉઘરાણું થયું હતું.

પારસથી એક લખનાર જણાવે છે કે ત્યાં તા. ૧૮ મી એ ડો. અબદુ રહેમાને કેપના ઈમીગ્રેશન તથા નવા કાયદા વિષે ભાષણ કરયું હતું.

સ્ટાન્ડરટનથી એક લખનાર જણાવેછે કે અત્રે તા. ૧૮ મી જનેવારીએ એક મીટીંગ થઇ હતી, જેમાં લડત માટે ઉઘરાણું કરતાં પા. ૩૬-૧૨-૦ ની રકમ થઇ છે.

તા. ૨૫મીએ ક્વીનસ્ટાઉનના હિંદીઓની એક મીટીંગ મળી હતી. કેટલાંક ભાષણો થયા પછી મેંબરોએ માસીક ફી ભરી આપી હતી. પછી માસીક ફીમાં વધારો કરવાના પ્રશ્નદાથી પ્રમુખ પાસેથી ૪/-, સેક્રેટરી પાસેથી ૩/૬, મેંબરો પાસેથી ૩/- એ મુજબ લેવાનો ઠરાવ કરીને સભા વિસરજન થઇ હતી.

જરમીસ્ટનમાં તા. ૨૭મીએ ૨૦૦ માણુસની એક મીટીંગ મળી હતી. જે વખતે આગેવાનો પકડાવાનો સંભવ હોવાથી મી. આપાસામી પલીઆપ્પાને સેક્રેટરી, મી. આદમ કારાને આસીસ્ટંટ સેક્રેટરી, મી. સુબરાયન નાયડુને ચીફ પીકેટ ને મી. આદમ કારાને આસીસ્ટંટ પીકેટ નીમવા નક્કી થયું હતું. પછી ઉઘરાણા માટે માણુસો નીમી સભા વિસરજન થઇ હતી.

લેડનબરગના હીંદીઓએ મીટીંગ ભરી લડતમાટે નીચે મુજબ ઉઘરાણું કરયું છે. મી.તયબઅલી હાજી કાસમ પા. ૨; મેસરસ અબદુલ લતીબ અબદુલ ગનીની કું., અબ્દુલ્લા તકિયાની કું., રંગનાથ કેવથી ડાકર, કરીમ ઓસમાન, પીકર મુનસ્વામી, ઓસમાન મુસા, દરેકનો પા. ૧; મેસરસ મુળારક મુલ્લાં, ઇસાક આદમની કું., દરેકની શી. ૧૦. કુલ પા. ૯. ઉપરની રકમ એસોસીએશનપર મોકલી દેવામાં આવી.

ડેપટાઉનનું ધી સાઉથ આફ્રિકન રમેકટેક ઇજીપ્શીયન ખાતાપર [illegible] આરટીકલ દરમ્યાન કહ્યું છે કે—આ ખાતા સંબંધમાં અમને મળેલી ખબરમાંથી અરધી ખરી હોય તો ઇમીગ્રેશન ખાતામાં પુરેપુરી તપાસ કરવાની જરૂર છે. અમને ખબર આપવા માં કેટલાક હીંદીઓ છે. એક જણે કેટલાક ગેર કાયદેસર વસનારાના દાખલા અમને બતાવ્યા હતા. હવે સરકાર ઇંટર પ્રીટર તરીકે સ્વતંત્ર માણસને રાખે તો હાલ જેઓ અહીં ઉનરી શકે છે તેમાંના ઘણા લોકો આવતા બંધ થાય.

કેપટાઉન યુનાઇટેડ હીંદુ એસોસીએશનના સેક્રેટરી જણાવે છે કે—ટ્રાંસવાલની લડતમાં જીત થવા માટે સાંના હીંદીઓને મુબારકબાદી આપવા તથા સરકારનો આભાર માનવા અમારા એસોસીએશનની એક મીટીંગ મળી હતી. જે વખતે ઘણા અગ્રસ્થો હાજર હતા. મી. લછી રામ પ્રમુખ હતા. ભાષણો થયા બાદ ઉપર મુજબ ઠરાવો પસાર કરી ખુશાલી વચ્ચે સહુ વીસરજન થયા હતા.

નાદારી કોર્ટની નોટીસો વગેરે

(ગવરમેંટ ગેઝેટમાંથી)

મેરિત્સબરગના એસ. હસન, મહમદની મીલ્કત મુદતની જપ્તીમાં લેવામાં આવી છે.

નોર્થહીલના વિશ્વનાથ સીંગની નાદાર મીલ્કતના સંબંધમાં વહેંચણીના આંકડા સુપ્રીમ કોરટમાં દાખલ થયા છે, તથા તેની નકલ કરવત, અમલાથી કોરટના રેસીડંટ માજીસ્ટરેટ આગળ રાખવામાં આવી છે, ત્યાં તે ૧૮મી સુધી તપાસણી માટે ખુલ્લા રહેશે.

ઝમરોડઝના રસમની નાદાર મીલ્કતના સંબંધમાં તેના લેણદારોની મીટીંગો તા. ૧૧મી એ તથા ૧૮મી એ સુપ્રીમ કોરટના મારફત આગળ ભરાશે.

ડરબનના વી. વીજય રંગવલુ રડીઅરની નાદાર મીલ્કતના સંબંધમાં તેના લેણદારો ની મીટીંગો તા. ૧૧મી એ તથા ૨૫મી એ ડરબન કોરટ હાજરીમાં માજીસ્ટ્રેટ ફોગાટી ભરાશે.

ડરબનના સ્ટોર પરપર આતમારામ કુલસની નાદાર મીલ્કતના સંબંધમ વહેંચણીના આંકડા સુપ્રીમ કોરટમ દાખલ થયા છે, ત્યાં તે તપાસણી માટે તા. ૧૮મી સુધી ખુલ્લા રહેશે.

ટોકીઓના એક તાર ઉપરથી જણાવવા માં આવેછે કે કેનેડામાં જતા જાપાનીઓને અટકાવવાને જાપાનીઝ સરકારે બહતાં પગલાં લીધાં છે, તથા કેનેડાને બદલે દક્ષિણ અમેરીકાના ભાગો તરફ મજુરોઓને ઉતેજન આપવામાં આવશે.

રોકડ બજાર ભાવ.

		શી.	પે.		શી.	પે.
ચાવલ.						
બાંબ	૧ બસ્તાનુ	૨૪	૬	થી	૨૫	૬
બીમડીના	,,	૩૦	૦	,,	૩૧	૦
એફ. એફ. ડી. આર.		૨૩	૬	,,	૨૪	૦
એફ. ડી. આર.		૨૨	૬	,,	૨૩	૬
ચીની સક્કર	,,	૨૫	૦	,,	૨૬	૦
કુડાના	,,	૨૪	૦	,,	૨૫	૦
દેશી તુવેર દાળ.		૨૨	૬	,,	૨૩	૦
તુવેર દાળ કાનપુરી.		૨૩	૬	,,	૨૪	૦
મસુરની	,,	૨૪	૦	,,	૨૫	૦
મંગની	,,	૨૯	૦	,,	૨૯	૬
અડદની	,,	૨૮	૦	,,	૨૮	૬
ચણા મુંબઇના	,,	૨૧	૬	,,	૨૨	૬
,, દાળ	,,	૨૭	૮	,,	૨૮	૬
વટાણા	,,	૧૭	૬	,,	૧૮	૦
મકાઇ	,,	૮	૬	,,	૮	૬
બીનીસ.		૨૨	૦	,,	૨૩	૬
કાચું તેલ	૧ ગાલન	૪	૩	,,	૪	૬
ઝેરડીનું	,,	૩	૦	,,	૩	૪
મીઠું	,,	૩	૧૦	,,	૪	
નાળીએરનું	,,	૪	૩	,,	૪	૬
બાંડ સફેદ નાતાલની		૧૬	૦	,,	૧૭	૦
પીળા	,,	૧૫	૬	,,	૧૬	૬
તીરકુળ નાતાલ		૯	૬	,,	૧૦	૬
આટો		૧૩	૬	,,	૧૪	૩
બદ્રાસી સોપારી	૧ રતલ	૦	૮	,,	૦	૯
ગરમાં.		૦	૪॥	,,	૦	૫
ઘી પેટી ૪ ટીનના પૌ		૯-૧૨-૬		,,	૯	૦
પોરબંદર	,,	૬	૦	,,	૬	૧૦
પારાફીન ડીવોસ.		૬	૯	,,	૬	૧૦
,, વાઇટ રોસ		૯	૫	,,	૮	૬
,, ,, ગાલન		૧૧	૬	,,	૧૨	૦
નાળીએર		૧૮	૦	,,	૧૯	૦
હલી		૧૦	૦	,,	૧૦	૬
ડાઇમંડ સોપ		૧૩	૩	,,	૧૩	૯
દુધ નેસલનું.		૨૧	૦	,,	૨૨	૬
નીમક (લીવરપુલ)						
ભરતા ગેહનું		૪	૬	,,	૫	૦

ABDOOL RAHMAN,
MERCHANT,
POTCHEFSTROOM.
Tel. Address: "RAHMAN."
P.O. Box 12.

VANMALI KOYA
General Dealer.
Nr. the Corner Commissioner & Fountain Sts
P.O. Box 294, Krugersdorp.

AYOB MAHOMED & Co
General Merchants & Direct Importers,
MARKET SQUARE,
PIETERSBURG.
Box 134. Tel. Add.: "AYOB"

M. A. Karodia & Co.,
GENERAL MERCHANTS,
Dealers in all kinds of
Indian Groceries and Soft Goods
Box 3598.
41 Market Street, Johannesburg.

K. M. NAIDOO & CO.,
Wholesale & Export
Fruit & Produce Dealers
AND
OSTRICH FEATHER BUYERS.
P.O. Box 1. Tel. Address: "NAIDOO. ROBERTSON, C.C.

A. A. PILLAY,
Wholesale Fruit & Produce
Dealer and Commission Agent
Box 1353
49 President St., Johannesburg.

Imperial Cigar Manufacturing Co.,
TOBACCONIST
171 Umgeni Road, Durban.
Tel. Address: "CHEROOTS."

M. E NAGDEE & Co.
General Merchants &
Direct Importers,
Wholesale & Retail.
Head Office: WARMBATHS,
and at NYLSTROOM.

HORMAJCY IDOLCY,
DIRECT IMPORTER
AND
GENERAL MERCHANT
P.O. Box 332, DELAGOA BAY.

HAJEE HABIB
CALCUTTA HOUSE.
IMPORTER AND GENERAL DEALER.
A great variety of
Rugs, Blankets, Drapery, Haberdashery, Clothing,
Ironware, Hollow-ware, Furniture, Grocery,
Rough goods, &c., &c.
EBADOU'S NOVELTIES BY EVERY MAIL
Prices are very moderate & terms are easy.
A trial Solicited.
Tel. Add: BAGDAD. P. O. Box 27.
338, Prinsloo Street, PRETORIA.

By Special Appointment
W. & T. AVERY, LTD.
Scale Makers and Adjusters
LEAKE'S BUILDING
C/o Harrison and Main Sts.,
JOHANNESBURG,
"AVERY'S" SCALES
For Traders and Hawkers
CHEAPEST & BEST.
All Adjusted and Stamped ready for use. Inspection invited.
સરકારની ખાસ નીમણુંકથી
સ્કેલ (કાંટા) બનાવનાર, તથા સમા કરનાર.
ડબલ્યુ. એન્ડ ટી. એવરી લીમીટેડ.,
જોહાન્સબરગ, હેરીસન અને મેઈન
સ્ટ્રીટના ખુણાપર, લીકસ બીલ્ડીંગ
'એવરી' નાં સ્કેલ
વેપારી તથા ફેરીવાળા માટે,
સસ્તા દામ, સરસ જાત,
ખરેખર તૈયાર રાખેલ : અને તુરત
ઉપયોગમાં લેવાય તેવાં.
એક વખત જોઇને ખાતરો કરો.

B. P. EBRAHIM & CO.
Mattress Makers, Wholesale Importers,
Dealers in Bedsteads, Coir Tickings
Mattress Cases, Feather Pillows, &c.
Market St. (West). Box 4120, Johannesburg

Suliman Ebrahim Amod & Co.,
GENERAL MERCHANTS.
P.O. Box 262.
Market Square,
KRUGERSDORP.

SUN BRAND TOBACCO WORKS
164 Grey Street
Durban.
SUN CIGARS, SUMATRA CHEROOTS
BOER TOBACCO
VIRGINIA TOBACCO, SHAG, &c.
At Lowest Wholesale Prices.
Box 88. Tel. Address: "Porbandar."
Telephone 863.

સસ્તો અને ઉંચો માલ.
સન સીગારેટ, સુમાત્રા ચીરૂટ બીજા વગર ઈન્ડીઆ ટોબેકો બનતી તમાકુ નીચેને સહનામે મળશે.
સન બ્રેન્ડ ટોબેકો વર્કસ.
૧૬૪ ગ્રે સ્ટ્રીટ, ડર્બન.

Abdool Hay & Amod,
WHOLESALE & RETAIL
MERCHANTS,
131 Grey Street, Durban.

Ismail Amod Kajee,
GENERAL MERCHANT & DEALER.
Market Square, P.O. Box 11,
KRUGERSDORP.

GOOLAM MOHIDEEN,
GENERAL MERCHANT
P.O. Box 3755
2 Crown Road, Fordsburg.
JOHANNESBURG.

Vrajdas & Lalchand.
GENERAL MERCHANTS
Importers & Commission Agents,
Wholesale and Retail
P.O. Box 92. Lourenco Marques

HOONDAMAL SONS
India, China, Malta and Aseam
SILK MERCHANTS
WHOLESALE & RETAIL
107 West St. (Grey Street, Corner)
DURBAN.

AMOD SULIMAN & CO.
MERCHANTS & IMPORTERS.
Box 57. Telegraphic Address: "KHOTA."
HEIDELBERG, Transvaal.
Branch:—KHOTA & CO., Nigel.

Essop Suliman,
GENERAL MERCHANT,
Box 46 Tel. Add.: "SULIMAN,"
VOLKSRUST.

M. P. FANCY,
MERCHANT & IMPORTER
WHOLESALE AND RETAIL

એમ. પી. ફેનસી.
હોલસેલ ને રીટેલ મરચંટ.

ઇંડિયન ગ્રોસરી જથાબંધ હિંદુસ્તાન થી મંગાવી સસ્તે ઘમે વેચવામાં આવે છે. આસ ઘી પોરબંદરનું તથા કલકત્તા નું–સરસ ગાવસ–ચોખું ગંધીઆણું–જરૂર જોઇ. અજમાયેશ કરી જુઓ.

STAND 512, 17th Street, VREDEDORP,
Box 6031, JOHANNESBURG.
Telegrams: "FANCY."

SUN Insurance Office.
PAYNE BROS., Agents,
WEST STREET, DURBAN.

દુનીયમેં સબસે પુરાણી
આગકા વિમાકી ઑફિસ.
ફ્યાણ્ડ ફંડ ૩૦,૦૦,૦૦૦.
અર્જી કરનેસે કમતીમેં કમતો ભાવ મિલેગા

દુનીયામાં સૌથી જુની અગ્નના વીમાની ઓફીસ. જેની મુડી પાંચ ૩૦,૦૦,૦૦૦ ની છે. વધી જણાવવાથી ઓછામાં ઓછા ભાવ આવો મળી રહશે.

[illegible]

DAWAD MAHOMED & Co.
ESTATE OWNERS.
FARMS TO SELL.
TOWN AND SUBURBAN
HOUSES TO LET
Application will receive prompt attention.
For further particulars apply to
PLOWRIGHT LANE.

A. E. CHOTABHAI,
MERCHANT.
P.O. Box 33,
KRUGERSDORP.

DADA OSMAN,
General Merchant & Commission Agent,
102 QUEEN STREET, DURBAN.
P.O. Box 68. Tel. Add.: "PORBANDAR."
ESTABLISHED 1880.

દાદા ઓસ્માન.
જનરલ મરચંટ ને કમીશન એજંટ.
નંબર ૧૦૨, ક્વીન સ્ટ્રીટ,
ડરબન.
Telephone 854

રૂટરના તારના કંપની, લીમીટેડ.
હિંદુસ્થાન તથા યુરોપ માટેના તારના સસ્તા દર.

રૂટરની કંપની કોઇપણ હોકાને માટે હિંદુસ્થાન, જપાન, યુરોપ, ઓસ્ટ્રેલેશીઆ અને અમેરિકા તાર મોકલી શકે છે. નિયમીત ગ્રાહકોને દર સંદેસા દીઠ એક શીલીંગ અને છપેની રીબેટ આપવામાં આવે છે.

રૂટરની કંપની તાર મોકલવા દુનિઆના કોઇપણ ગામપર પૈસા મોકલી શકે છે.

રૂટરની કંપની તાર મોકલનાર તથા લેનાર બન્નીના સરનામા રજીસ્ટર કરે છે. આ રજીસ્ટર-નામને માટે કાંઇપણ વધારા પૈસા લેવામાં નથી આવતા. રૂટરની આસ કોડ બુક છે તે ઘણે રીતે સંપુરણ છે. આવી રીતે નામ રજીસ્ટર કરવાની કોડ શબ્દોમાં તાર લેવા વધા ગ્રાહકવાસી પણ સસ્તે દર ગામ ઉઘડી શકાય છે.

વળી રૂટર કોડમા આવેલા તાર રૂટરની કંપની તેના અરધ કરી લેનાર બન્નીને ઠંડી પાડે છે.

વધુ વિગત માટે નીચને સરનામે લખો.

મેનેજર,
રૂટરની એજન્સી,
કેનેડા બીલ્ડીંગ્સ,
૫૨, કીંગ સ્ટ્રીટ,
ડરબન.

રૂટરની બીલ્હાગ,
સેંટ મ્યોનસિ સ્ટ્રીટ,
કેપટાઉન.

અથવા રૂટરની એજન્સી,
પી કારનર હાઉસ,
કમીશનર સ્ટ્રીટ,
જોહાન્સબરગ.

C. K. D. PILLAY & CO
General Merchants & Importers.
Madras Goods a Specialty.
We grow Naartjes, Oranges and Betal Leaves on our farm at Umgeni.
Indian Post Office on our premises.
133 Grey St, 219 & 222 Umgeni Rd.
P.O. Box 68, Durban.
Telegraph Address "DOORASAMY"

E. Suleman Bros.,
Wholesale & Retail Timber & Iron Merchants,
Saw Mills & Timber Yards:
109 Queen Street, Durban

DAWOOD ISMAIL,
GENERAL DEALER & IMPORTER.
Tel.Add.: "DAWOOD."
P.O.Box 150. MIDDELBURG.

G. P. VYAS,
GENERAL AGENT
P.O. Box 1156 Tel. Add.: "VYAS."
Corner Prinsloo and Vermooten Streets,
PRETORIA.

Y. Samy,
FRUIT MERCHANT
5 Jones Street,
KIMBERLEY

NANJEE DULABHDAS & CO.,
GENERAL MERCHANTS
and Wholesale Importers
CABLE ADD.: "NANJEDULABH."
P.O. Box 141 LOURENCO MARQUES.

I. A. CAJEE & Co.,
GENERAL DEALERS & IMPORTERS
P.O. Box 119 Tel. Add.: "CAJEE."
[illegible] MIDDELBURG

Ahmed Mahomed,
GENERAL DEALER
1 BROAD WAY,
Tel. Address: "MAHOMED"
Broad Way, KIMBERLEY.

Printed and Published by M. K. GANDHI, International Printing Press, Phoenix, Natal

PRICE 3D. REGISTERED AS A NEWSPAPER

INDIAN OPINION

PUBLISHED WEEKLY

Vol. 6. Phœnix, Natal, Saturday, February 15th, 1908. No. 7.

P.O. Box 124. Telephone 214.

MAHOMED CASSIM CAMROODEEN & Co.,

WHOLESALE MERCHANTS and DIRECT IMPORTERS



Clothing, Drapery, Prints, Calico, Dhotis AND Sarees.

Rugs, Shawls, Boots AND Shoes, etc., etc

Camroodeen Buildings, GREY STREET, DURBAN.

Telegraphic Address: "CAMROODEEN."

A. Tomaselli & Sons,

MARKET & COMMISSION AGENTS.

All kinds of Produce received for Sale on the Johannesburg Market on commission. Fruits a speciality.

Farmers and Produce Merchants can be assured to obtain the Highest Market Price and Prompt Settlement.

Weekly Market Reports sent free on application,

REFERENCES:

Mr. J. DE WIT, Head Market Master.
The National Bank of South Africa, Ltd.

OFFICE & STORE:—Beckett's Building, Market Square.

Box 2988, Tel. Address: TOMASELLI, Johannesburg

Tel: Add: "SORRORJEE." **JALBHOY & SORABJEE Bros.** Telephone No., 933.

110 Field Street, DURBAN.

HAVE ALWAYS IN STOCK

Rice, Dholl, Ghee, Oils, Tamarind, Fish, Cocoanuts, Flour, Natal Sugar (White and Treacle), Cape Snoek Fish, various kinds of Spices, Mauritius Garlic, old Newspapers, Harmonium, Phonographs and Records etc. etc.

PARSEE RUSTOMJEE, 110 Field Street, Durban.

Sulliman Ismail Mia & Co.,

DIRECT IMPORTERS

સુલેમાન ઇસ્માઇલ મીઆની કું. બહારના માણસોને રહેવાની બીલકુલ સગવડ આપી શકવામાં આવી છે.

Corner Park Lane and Avenue Rd., Fordsburg, J'burg.

Registration is proceeding smoothly. On Monday there were 7, on Tuesday 92, on Wednesday 124, on Thursday 101, the total to-day 105. All Classes are represented, more than 90 per cent. carefully giving 10 digits. Hindus and Mahomedans abide. Mr. Essop Mia gave 10 digits, his son gave two thumbprints only; similarly other cases. There is no question of compulsion.

Mr. Gandhi is progressing splendidly. He receives a large number of messages and visitors daily. Mr. Gandhi requests everybody to accept his grateful thanks; it is impossible to acknowledge each individually.

Rev. Mr. and Mrs. Doke have received telegrams of thanks from all parts of the country.

Indentured Indians in Natal

Official Figures

The Secretary of the Indian Immigration Trust Board has kindly favoured us with the following details in regard to Indentured Indians:—

	Introduced.	Deaths.	Births.	Repatriated.
1900	5,052	1,030	1,501	877
1901	7,751	1,113	1,794	1,379
1902	6,491	1,583	2,351	1,487
1903	4,633	1,692	2,614	2,367
1904	7,689	1,602	2,700	2,302
1905	8,050	2,003	3,032	1,358
1906	12,614	2,011	2,657	3,537
1907	6,486	2,392	2,938	6,590
Total	58,138	14,026	19,590	20,413

DURING 8 YEARS.

Introduced		58,138
Births		19,590
		77,728
Deduct: Deaths ...	14,026	
Repatriated	20,413	34,439
Total increase in population		43,289

40% Women, 10% Children, 50% Men.

RE-INDENTURES OF MALES DURING 1907.

January	153
February	170
March	105
April	147
May	166
June	206
July	220
August	156
September	204
October	479
November	156
December	359
Total	2,221

APPROXIMATE DISTRIBUTION OF INDIANS.

	per cent.	
General Farming and small works ...	25.5	6,380
Sugar Estates	28.8	7,131
Coal Mines	11.5	2,960
Tea Estates	7.4	1,729
N. G. Railways	5.0	1,238
Domestic service ...	10.2	2,030
Corporations	3.9	956
Brickyards, Stone Quarries, &c. ...	3.0	742
Wattle Plantations ...	2.4	608
Loading, & Shipping Cos., Forwarding Agents, &c	1.3	569
	100.0	24,761

Indentured	22,657
Re-Indentured	2,104
	24,761

ઇન્ડિઅન ઓપિનિઅન.

પુસ્તક ૬. ફીનીક્સ—શનીવાર, તારીખ ૧૫ મી ફેબ્રુવારી, ૧૯૦૮. અંક ૭.

અઠવાડીક પંચાંગ.

ખ્રીસ્તી—તા૦ ૧૫ મી ફેબ્રુઆરીથી, તા૦ ૨૬ ફેબ્રુઆરી સુધી, ઇ૦ સ૦ ૧૯૦૮.

હીંદુ—માહ સુદ ૧૩ થી, માહ વદ ૪ સુધી, સંવત ૧૯૬૪.

મુસલમાનો—તા૦ ૧૨મી મોહરમ થી ૧૮ મી મોહોરમ સુધી, ૧૩૨૬ હીજરી.

વાર.	સુર્ય ઉદય	ચંદ્ર તીથી.	સુર્ય અસ્ત	પારસી રોજ.	ગ્રીનીચ રોજ.		સુર્ય અસ્ત.	
					ક.	મી.	ક.	મી.
શની.	૧૫	૧૩	૧૨	૫	૫	૩૮	૬	૪૩
રવી.	૧૬	૧૪	૧૩	૬	૫	૩૯	૬	૪૨
સોમ.	૧૭	૧૫	૧૪	૭	૫	૩૯	૬	૪૧
મોમ	૧૮	૧	૧૫	૮	૫	૪૦	૬	૪૦
બુધ.	૧૯	૨	૧૬	૯	૫	૪૧	૬	૩૯
ગુરૂ	૨૦	૩	૧૭	૧૦	૫	૪૨	૬	૩૮
શુક્ર	૨૧	૪	૧૮	૧૧	૫	૪૩	૬	૩૭

અનુક્રમણિકા.

સમાધાની ઉપર સવાલ જવાબ. ... ૧૦૧
નાતાલમાં વાઈસેન્સ ૧૦૫
દેશ ભક્તિની કદર ? ૧૦૬
મી. રીચને ગાદ ઉપરાન્તું. ... .
મી. ગાંધીના કાગળ. ૧૦૭
છેલ્લા ખબરો. ... ...
મરજીયાત રજીસ્ટ્રેશનની શરૂઆત. ... ..
નેટાલ્સ્પરક્ટરનો ખબરપત્ર. ૧૦૯
જતરલ સ્મટસનું ભાષણ. ૧૧૦
સાલય આફ્રિકન છાપાની ટીકા.. ... ૧૧૧
ટ્રાંસવાલમાં ગોરાઓની ગીદીઓ ... ૧૧૬
મી. હેરલ્ડ ફોક્સનો કાગળ. ... .
નાતાલમાં એશીઆટીક અરજો... ... ..
નાતાલની હીંદી વસ્તિ ... ...
ચાઈચાઈ ... ...
ટ્રેપટાઉન સા. આ. ઈ. એસોસીએશન. ..
પ્રીટોરીઆ અંજુમન ઈસ્લામ... ... ૧૧૪
હારકત હાઉસ ... ...
ટ્રાંસવાલ... ... ...
હબશાણા સંબંધમાં ફરિયાદ ૧૧૫
ડરબન ઈંડિઅન પબ્લીક લાઈબ્રેરી... ..
પરચુરણ ખબરો ૧૧૬
હાદારી ગોરાની નોકરીસે બરતરફ.
ટોકર બજાર ભાવ... ... ...

ઇંડિઅન ઓપિનિઅન.

શનીવાર તા૦ ૧૫મી ફેબ્રુવારી, ૧૯૦૮.

સમાધાની ઉપર સવાલ જવાબ

C.W.M.

— 76

અમે જોઇએ છીએ કે જે સમાધાની થઈ છે તે વિષે ઘણા સવાલો ઉઠયા છે. કોરેક તરેહ તરેહની વાતો કરી રહ્યા છે. અને જે દેખીતી શાંત થઇ છે એ કેમ જાણે હાર ચઇ હોય નહિ તેવી વાતો પણ કેટલાક અણસમજુ માણસો કરી રહ્યા છે. આમારો એવો અભિપ્રાય છે કે જે શરત ટ્રાંસવાલમાં હીંદીને મળી છે તેનાં મુળ એટલાં ઉંડાં છે કે તેનું ખરૂ રહસ્ય દરેક હીંદીને સમજવા જેવું છે. તેથી અમે ઘણાખરા સવાલનું સમાધાન સંવાદરૂપે આપીએ છીએ. વાંચનાર બે જાતના હોય છે; એક તો જાગતા સુવે તેવા. એટલે કે સમજવાના ઇરાદાથી નહિ વાંચનારા પણ ગાલ દેવા ખાતર અને બીજા કહાડવાને ખાતર: બીજા તે ખરી રીતે સમજતા નથી એટલે ખરી ગુંચમાં છે. અમે આપીએ છીએ તે સંવાદ બીજા વરગના વાંચનારનેજ લાગુ પડે છે. ઉંઘતા ને જગાડી શકવું. જાગતા ઉંઘે છે તેને જગાડવાપણું રહેતું નથી. આ સંવાદ વાંચનાર તથા અગ્રિપતિની વચ્ચે છે. અને દરેક વાંચનારે બહુ ધ્યાન પુરવક અને ફરીફરી વાંચવા ભલામણ કરીએ છીએ.

પ્રસ્તાવના

વાંચનાર—અગ્રિપતિ સાહેબ તમે ટ્રાંસવાલની સમાધાની વિષે લખ્યું છે તે બાબત મારે કેટલાક સવાલ પુછવાનો વિચાર છે. તે જો તમારી રજા હોય તો પુછું.

અગ્રિપતિ—બેલાશક પુછો. અમારૂ કામ અમારા વાંચક વરગને અમારી બુદ્ધિ પ્રમાણે ખબર અને જ્ઞાન આપવાનું છે. અમારો હેતુ કોમની સેવા કરવાનો છે. તે બોકની શંકાઓ દુર કરીએ તોજ બની શકે.

સવાલ પુછતા પહેલાં એક વાત યાદ રાખજો. તે એ છે કે આપણામાં કહેવાય છે કે અધિકાર એટલે લાયકાત ન હોય તો જવાબ સમજી શકાય નહિ. જેમકે સરવાળા, બાદબાકી જાણ્યા વિના કોઇ મુનીમકાર, ભાગાકારના સવાલ પુછે તો તેના જવાબ સમજવાનો તેને અધિકાર—તેને લાયકાત નથી. તેમજ તમારા સવાલ માં તમારી લાયકાત એટલી હોવી જોઇએ કે જે સવાલ તમે પુછો તે નિરમળ દિલથી, દેશના કલ્યાણ સારૂં, અને ખુદાને દરમીઆન રાખીને હોવા જોઇએ. એટલો અધિકાર તમને હશે તો અમારા જવાબ સમજવામાં જરાએ તકરાર નહિ આવે. જે શરત તમને લાગુ છે તેજ શરત અમને પણ લાગુ પડે છે. અમારી જવાબદારી વધારે છે, એટલે અમને એ બધે શરત વધારે નજાકતની છે. તેથી જે સવાલ પુછશો તેનો જવાબ નિરમળ દિલથી દેશ કલ્યાણને સારૂં તથા ખુદાને દરમીયાન જાણીનેજ આપશું. હવે બેધડક રહી સવાલ પુછો.

શરત કેમ કહેવાય

વાં.—તમે લખો છો કે ટ્રાંસવાલના હીંદીને સંપુરણ શરત મળી છે અને વળી માગતા હતા તેથી વધારે મળ્યું છે. આ કૂં બરોબર સમજાયો નથી.

અ.—તમારે ઇ. ઓ.ના પાછલા અંકો જરા જોઇ જવા પડશે. તમે તપાસ કરશો તો માલમ પડશે કે હીંદી કોમની માગણી મરજીયાત રજીસ્ટર કરાવી કાયદો તોડાવવાની હતી. જે પાંચ હુજ્જતની સહી ની અરજી મોકલી તેમાં પણ તેજ શરત હતી. મરજીઆત રજીસ્ટર, કાયદાના જેવું જ હોય તોપણ આપવામાં આપણે આનાકાની કરવાની વાત ન હતી. હવે સરકારે મરજીયાત રજીસ્ટર કબુલ કરયું છે, જો તે પ્રમાણે કરીએ તો કાયદો રદ કરવાનું કબીલ વચન છે. આટલેથી આપણને સંપુરણ શરત અમે માનીએ છીએ. પણ સમાધાની પ્રમાણે તો મરજીઆત રજીસ્ટરમાં કેળવા બેલા, આબરૂદાર વગેરેની સ્થિતિનો ખ્યાલ કરવામાં આવ્યો છે. વળી મરજીઆત રજીસ્ટર તે હવે પછી જે હીંદી ટ્રાંસવાલ માં આવશે તેને પણ લાગુ પડે છે. અને જેઓને સરકારી નોકરીમાંથી બાતલ કર્યા છે તેઓને બધે ઠેકાણે ફીરી દાખલ કરવામાં આવશે.

મરજીયાત વિ. ફરજીયાત

વાં.—મરજીયાત અને ફરજીયાત રજીસ્ટરમાં હું તો હજુ ગુંચવાયો છું. ને મને ખબર છે કે બીજા પણ બરોબર સમજતા નથી. એટલે સમજાવો તો ઠીક.

અ.—આ અણસમજથી મને નવાઇ નથી લાગતી. ઘણા ગોરા પણ નથી સમજતા. કાયદા પ્રમાણે રજીસ્ટર કરતાં આપણી ઉપર જોર જુલમ થતો હતો. ને તેમાં નામોશી હતી. આનું નામ ફરજીયાત રજીસ્ટર. તેજ જાતનું રજીસ્ટર આપણે મરજીથી લઇએ તો આપણી આબરૂ રહે છે અને આપણે ખાનદાન કહેવાઇએ. દાખલો લઇએ. હું બાર મિત્રની ચાકરી કરૂં, તેના પગ ધોઉં, તેનો ગંદવાડ ઉપાડું તેમાં અમારી મિત્રતા વધશે, મારો આત્મા રાજી થશે, અને લોકો મને બહુ ભલો માણસ કહેશે. બીજો માણસ તેજ કામ જોર જુલમથી, તેને પસંદ નથી છતાં, માર પડવાની બીકથી કે માત્ર પૈસાની લાલચથી, ખરાબ કામ ગણીને કરે છે. આવા માણસને આપણે નીચ તથા ગુલામ કહીશું. તેને સ્વાર્થી કહીશું. તે પોતે પણ તેવું કામ કરતો શરમાશે. કોઇ તેને જોઇ જાય તો તે સંતાઇ જવા યત્ન કરશે. આ માણસ પાપી ગણાય ને તેનો આત્મા કદિ રાજી નહિ થાય. આ જેવો તફાવત છે તેવોજ મરજીયાત અને ફરજીયાત રજીસ્ટરમાં છે.

વાં.—હવે હું કાંઇક સમજ્યો. પણ મને તો લાગે છે કે તમે જે દાખલો આપ્યો તે લાગુ નથી પડતો. કેમકે આપણે મરજીયાત રજીસ્ટર ન લઇએ તો કાયદો આપણને લાગુ પડે એમ જણાય છે. વળી આપણે મરજીયાત રજીસ્ટર લાલચથી લઇએ છીએ. એટલે તમે જેને મરજીયાત કહો છો તેમાં હું તો જોર તથા સ્વાર્થ એ બંને દોષ જોઉં છું.

અ.—તમારી ભુલ થાય છે. મરજીયાત રજીસ્ટર ન લઇએ તો કાયદો માથે પડે એ બરોબર છે. પણ તેમાં જોર નથી. સરકાર એમ કહે કે 'તમે રજીસ્ટર લ્યો, નહિ તો અમે કાયદો અમલમાં લાવશું' તો એટલું જોર જણાય. પણ આ તો આપણે કહીએ છીએ કે મરજીયાત રજીસ્ટર અમે લેવા તયાર છીએ. જો તેમ ન કરશો તો તમે કાયદો લાગુ પાડજો. આવી માગણી આપણે જોરની બીકથી નથી કરતા પણ આપણે આમ બતાવવા, તથા આપણે મરજીયાત રજીસ્ટર કરવામાં નામોશી નથી માનતા તેથી કરીએ છીએ. વળી માગણી કરવાનો ખાસ હેતુ એ છે કે આપણે આબરૂદાર હોઇ સરકારના મનમાં જે આપણે વિષે વહેમ છે તે દુર કરવા મરજીયાત રજીસ્ટરનું કહીએ છીએ. એટલે આમાં જરાએ જોરની વાત નથી. જો જોરથી કરીને આપણે કરશું હત તો સોળ માસ સુધી સરકારને ઢંઢોરવત નહિ. હકીકત તો એ છે કે આપણા—આપણા સત્યના—જોરથી કરીને સરકારે મરજીયાત રજીસ્ટર કબુલ કરવું છે.

વળી તમે લાલચ કહ્યું એ દોષ બતાવો છો તે પણ વગર વિચાર્યું છે. દુનિયા જોતાં દરેક કામ કરવામાં લાલચ રહેલ છે. મેં દાખલો આપ્યો તેમાં પણ મારા મિત્રની હું જે સેવા કરૂં છું તેમાં લાલચ એક જાતની રહેલી છે. મારા આત્માને પ્રસન્ન કરવા. મારે તેમ કરવું એવું ખુદાનું ફરમાન છે તેમ જાણી તેનો હુકમ પાળવા હું કરૂં તે સર્વથી સરસ પ્રકારની લાલચ છતાં લાલચ તો ખરી. મારા મિત્રનો પ્યાર વધારે મેળવવા કરૂં તોપણ લાલચ, તે ઉતરતા દરજ્જાની. મરજીયાત રજીસ્ટરમાં એવી જાતની લાલચ રહેલી છે. તેમાં દોષ નથી પણ ગુણ છે. સાધારણ વાત કરતાં તેવી ઉમેદને આપણે લાલચ નથી ગણતા. પણ પોતાનાજ સ્વાર્થને અર્થે જે થાય તે વૃત્તિને લાલચ ગણીએ છીએ. જે માણસ ખુદાનો બંદો થઇ નિરંતર માણસ જાતની કે જીવ માત્રની ચાકરીજ કરે છે ને તેમાં ગુલતાન રહે છે તેને બેશક ખુદાની તહેનાતમાં રહેવાની—નિર્વાણ પામવાની—લાલચ છે. તેવા માણસને આપણે પુજીએ છીએ. ને તેવા જે ઘણા માણસ દુનિયામાં હોય તો આજે જે પાપ, કલેશ, દુઃખ, બુખમરો, દરદો વગેરે જોઇએ છીએ તેને બદલે પુણ્ય, આબાદી, શાંતિ, સુખ ને એકતા જોઇએ.

દશ આંગળાં

વાં.—હવે હું મરજીયાત અને ફરજી વાતનો ભેદ સમજ્યો એમ માનું છું. પણ દશ આંગળાં તો આપણે નશીએ રહ્યાંજ જોઉં છું. આમાં તો ગરીબ મરી જવા જેવું લાગે છે ને કેળવાએલા કે શાહુકારનું કામ સરશું. જો તમે દશ આંગળાં હવે પસંદ કરો છો તો અગાઉ શા સારૂ એટલું બધું તેની વિરૂદ્ધ લખી ગયા?

અ.—આ સવાલ ઠીક પુછાયો છે. જો કે ઉપરનો ભેદ તમે બરાબર સમજ્યા હોય તો તે બાબતનો જવાબ ઉપર આવી જાય છે. છતાં આપણે તમારો સવાલ વિચારીએ.

પ્રથમ તો દશ આંગળાં રહી નથી ગયાં એટલે કે કાયદામાં હોમ માત્રને હતાં. એટલે આપણી ચામડી ઉપર તે કામ હતો. હવે તો દસ આંગળાં તે માત્ર પીછાનતની નીશાની દાખલ રહ્યાં.

બીજું કેળવાયલા અને શાહુકાર છુટી ગયા એમ કહેવું એ બરોબર નથી. પણ કેળવાયલા માણસની તથા વૈસાદાર ને જાણીતા માણસની પીછાનત તેના ગાનમાં ને શરીરમાંજ રહેલી છે. એટલે તેઓને આંગળાંની નિશાની આપવાનું કહેવું તેજ નામોશી ગણાય. આમ વિચારતાં અભણ કે અજાણ્યા માણસ આંગળાં આપે તેમાં કંઇ હરકત નથી આવતી, પણ સમુદાયો તેઓનો બચાવ થાય છે. દાખલા તરીકે નાતાલનું ડોમીસાઇલ લેવા બધા બંધાયા નથી. જાણીતા માણસ તે સરટીફીકેટ લીધા વિના જઇ શકે છે. પણ તેનો વાંક કરી અજાણ્યો માણસ તેમ કરવા જાય તો મરી રહે; ને તેને પાછા આવતાં બહુ મુશીબત પડે.

ત્રીજું અગાઉ આંગળાંની વિરૂદ્ધ લખવાની બહુજ જરૂર હતી. તેથી આંગળાંની ખુબ જાહેર જુના માસમાં—લડત નવ માસ સુધી ચાલ્યા પછી—ચોકસ પડી ત્યારે અમે રાજી થયા ને તે વિષે જેટલું વાંચવાનું હતું તે વાંચી કામની આગળ રજુ કરશું. કાળરૂપી—શેતાની—કાયદાને ધારારૂપી આંગળાં વિગેરે હકીકતનો હેવ મળ્યો તેથી અમે રાજી થયા. અમે જોયું કે હવે કાયદાનું ઘોર રૂપ લોકો બરોબર જોઇ શકશે. અને તેમજ બન્યું. ખરો રંગ ધારાઓ બહાર પડયા પછીજ જામ્યો. આંગળાં તો માત્ર ગુનેગારો પાસેથી હીંદુસ્તાનમાં લેવાય છે એમ બતાવ્યું. તે વિષેની અસરકારક કવિતાઓ અમે બહાર પાડી. 'દશ આંગળીઓ તણી નિશાની' 'જે કસમ ખુદાના ખાઇ નિશાની કરશે' વિગેરે કવીઓના બહુકારા હજુ અમારા કાનમાં આવે છે. તેમાંનું કશું અમે ખેંચી લેતા નથી. અને જે માણસ કાયદાને વશ થઇ આંગળાં તો શું પણ સહી જેટલુંએ આપે તેને તે કવીઓ લાગુ પાડીએ.

વાં.—ત્યારે હવે અંગુઠો તો બળ્યો પણ તમે તો આંગળાં આપવાની સલાહ આપો છો તે કેમ? . . . .

અ.—કારણ કે આંગળાં વિગેરે રૂપી શરીરમાં શેતાનરૂપી મવાદો હતો ત્યાં સુધી અમે તેની વિરુધ્ધ હતા. તે શેતાની રક્ત શરીરમાંથી નિકળી ગયો તેથી આંગળાં વિગેરે રૂપી શરીરની સામે અમારે ખાસ તકરાર રહેતી નથી. હવે આંગળાં આપવામાં અમે નાખોસી નહીં પણ માન માનીએ છીએ.

વાં.—હું ગભરાયેલ છું. જે આંગળાં અગાઉ ખરાબ હતાં તે હવે સારાં એ તો ભારે પડતું લાગે છે. વધારે સમજની જરૂર છે.

અ.—તમે ગભરાઓ છો તે વાસ્તવિક છે. અમે આ બધી બાબતનો વિચાર કરી ચુકયા છીએ એટલે અમને બધી વાત સાધારણ ને સહેલી લાગે છે. તમને નવા વિચારો રૂપે વાત આવે છે એટલે અધરી લાગ્યા વિના ન રહે. ઉપર એક દાખલો મિત્રની તથા ગુલામની નોકરીનો અમે આપી ગયા તે અહીં પણ લાગુ પડે છે. હવે બીજો દાખલો લઇએ. આ દેશમાં આપણે કુંકાં જાકીટ પહેરી એ છીએ તેમાં એબ મનાતી. પણ આપણા દેશમાં આપણે કુંકાં બકાટ પહેરીએ અને આપણો નીચેનો શરીરનો ભાગ જોવામાં આવે તેમાં એબ છે. એટલે એજ વસ્તુ એક ઠેકાણે યોગ્ય હોય ને બીજા જગ્યાએ અયોગ્ય ગણાય છે. દસ આંગળાં વળી હીંદુસ્તાનમાં ગુન્હેગાર આપે છે તે ફરજીઆત છે. તેમજ ખુની કાયદાની નીચે હતાં. હવે આપણે આપવાનાં છે તે ફરજીઆત નથી પણ મરજીઆત છે. આ વિચાર બરોબર સમજી લેવાનો છે. કેમકે અમે ઘણી વખત આવી જાતની સલાહ લેકિને આપતા આવ્યા છીએ અને આપશું. આ વિવેક સમજવામાં આપણી ખુબ જરૂરાય છે. જ્યારે ટ્રાંસવાલમાં ફરજ રૂપે છબી આપવાની વાત આવેલી ત્યારે ત્યાંની કોમ સામે થઇ તે બરોબર હતું. શોખને અરધે અથવા બીજા કારણસર હીંદુ મુસલમાન ઘણા છબી પડાવે છે. એટલે તમે જોઇ શકો છો કે ઘણી વસ્તુ તે અમુક હેતુથીજ જોવાવાળી કે આપવાવાળી હોઇ શકે છે.

વાં.—હવે હું સમજતો હોઉં એમ લાગે છે. પણ એવો મનમાં સવાલ થાય છે કે શું આ પ્રમાણે બધું અમુક વખતે સારું ને બીજે વખતે ખરાબ એમ થઇ શકે?

અ.—એમ તો જનેજ નહીં. ઉપલી દલિલ બધી વસ્તુને લાગુ નથી પડતી. કેટલીક વસ્તુ દેશ અને કાળને લઇને ખરાબ કે સારી હોય છે. કેટલીક તે હમેશાં ને બધે ને જ્યાં ખરાબ કે સારી હોય છે. ખુદાનું નામ લેવું તે હમેશાં ને બધી જગ્યાએ સારૂંજ છે. વ્યભિચાર કરવો તે હમેશાં ને બધી જગ્યાએ ખરાબ છે. નિયમ એ છે કે જે વસ્તુમાં પોતામાં પાપ-ખરાબપણું નથી તે વસ્તુનેજ ઉપરનો નિયમ લાગુ પડી શકે છે.

વાં.—દસ આંગળાં આપવામાં આપણીજ રિતે જોતાં તો બાધ નથી એમ મને સમજ પડે છે. પણ ગોરાઓ મશ્કરી કરે છે કે "કેમ હવે તો દસ આંગળાં આપશો કે?" "પાયાનો વગાડવામાં હવે શરમ જતી રહી?" "ધરમની મોટી વાતો કરતા હતા તે કયાં ગઇ?" આવા સવાલો કહીને ચીડવે છે. કીટીકમાં તો ચિત્ર પણ છાપ્યું છે. તેમાં બતાવે છે કે ભણેલાનો ને વેપારીનો ધર્મ સચવાયો, બીજાનો તો નથી, તે ચિત્રમાં શ્રી. ગાંધી ઝારેખમ થઇ ખુરશીએ બેસી સહી કરે છે ને બરિષ્ઠર હીંદી બાપડા ઉભા ઉભા આંગળાં પાટે છે, ને તેનાં આંગળાંમાંથી કાળી ડીબડીઓ જેવી શાહી નીતરી રહી છે. આ દુઃખ કેમ ખમાય? કેમ જોવાય?

અ.—આ સવાલ ખોટા અભિમાનની નિશાની બતાવે છે. ગોરાઓના કહેવાથી આપણી આબરૂ નહીં જાય. આપણે આધાર ખુદા ઉપર રાખેલો એટલે તે આપણને શું કહે છે તે ઉપર વિચાર કરવો જોઇએ. ગોરાઓ તો ઘણા આપણી લડત સમજતા નથી. હજુ ઘણાને અખર નથી કે જે કાયદાની સામે લડત હતી તે કાયદો તો આપણું વચન આપણે પાળશું તો રદ થશે. જ્યારે એ વચન આપશે ત્યારે ઘણાની આંખ ખુલશે. વળી બધા ગોરા એવું કહેતા નથી. આખા વિલાયતના બાપા આપણાં વખાણ કરે છે, ને આપણી જીત ગણે છે. જોહાન્સબરગનું 'રૉડ ડેલી મેલ' તો સરકારની સામે સખત લખાણ કરે છે કે તેણે હીંદીને બધું આપી દીધું. 'સન્ડે ટાઇમ્સ' ચિત્ર કહાડી બતાવે છે કે જનરલ સ્મટસનું સ્ટીમ રોલર વિખાઇ જઇ ચુરેચુરા થઇ ગયું છે; ને હીંદી હાથી પાછો ફરી તેને ચુરકાવે છે. ઘણા સમજુ ગોરાઓ તથા બહારના લગભગ બધા માણસો હીંદીનો જય બતાવે છે. છતાં તેમાં ન હોય એવા બાકી રહ્યું કે આપણે "મમ મમ" સાથે કામ છે. "દસ દસ" ભલે બીજા બધા કર્યા કરે 'ધણીને ઢાંકણીમાં સુવે અને પાડોસીને આભલામાં પણ ન સુજે' એ કહેવત યાદ રાખવી.

દસ આંગળાં વિ. એ અંગુઠા

વાં.—હવે દસ આંગળાં આપવામાં બિલકુલ વાંધો નથી એ તો દેખાઇ આવે છે. પણ દસ આંગળાં વિના ચાલી શકે તેમ હતું એમ જોઉં છું તો પછી બે અંગુઠાથી કેમ ન ચલાવ્યું?

અ.—એ સમજવા જેવું છે. દુનિયામાં એવો નિયમ જોવામાં આવે છે કે ખરા શુરા-બ્હાનદાન-તે માત્ર પોતાના ખરા હેતુને સારૂ લડે છે-જીવ આપે છે. તે મર્યા પછી નમી જાય છે, તેથી તેની આબરૂ વધે છે. એરંડો વધે છે તેમ ચોલો થાય છે ને જરા વાળે એટલે ભાગી જશે. વડનું ઝાડ જેમ વધે છે તેમ મજબુત થાય છે ને તેની વડવાઇ નમતી જાય છે ને પાછી જાંપમાં ઉગે છે ને ફાલે છે. એરંડાતળે કોઈ છાંયા નથી લેતું. પણ વડના ઝાડતળે હજારો માણસો છાંયા લઇ શકે છે ને લેય છે. તેમ હીંદી કોમે સમાધાનીમાં કરયું છે. કાયદો એ લડાઇનો હેતુ હતો. તે મર્યો એટલે બાકીની બાબતમાં નમવું એમાં બાનદાની રહેલી છે. સરકાર કહે કે 'તમે આંગળાંને સારૂ નહોતા લડતા તો પછી કેમ તેની હઠ કરો છો?' આ સવાલનો જવાબ આપણી પાસે બરી રિતે નથી. બી. ધસપ ગીઆ વિગેરે દસ આંગળાં આપે તેમાં તેની આબરૂ વધે છે. બી. સ્મટસ બહોર બાપણમાં પણ તેવું બોલી ગયા છે. વળી આપણે હજુ સરકારની આગળથી ઘણું લેવાનું છે. કાયદો મર્યો એટલે બધું મળી ગયું તેમ જાણવાનું નથી. બોટી ખુશામત આપણે નથી કરવાની પણ આપણું માન જળવી સરકારને રીઝવી શકાય તો રીઝવવી એ આપણી ફરજ છે. કાયદો જશે પણ તેની બદલીમાં શું થશે? બીજા કાયદાઓ કેવા થશે? આ બધાનો આધાર હવે બધુ માસની હીંદીની વરત ઉપર છે. તેવા કારણોથી દસ આંગળાં આપવાં એ મુનાસબ છે. છતાં કેટલ આંગળાં જગ્યાઓને આપવાનાં નથી. જે નહીં આપે તે પણ જો ખરા રહીશ રહી તો રજીસ્ટર થશે. પણ દસ આંગળાં આપવાનાં હવે ખરા માન બ તેવીજ આપવાની લડાઇ અમે બાકી

છે. અમે એટલે સુધી માનીએ છીએ કે પછે આગે જે હીંદી વધ કરી દસ આંગળાં નહીં આપે તે જાણ્યમજ્યુ ગણાશે. હકિકતમાં મ્યુનિસિપલ કાયદા પ્રમાણે કેટલીક ગોરી ઔરતોને પણ આંગળાં આપવાં પડશે. ત્યારે બે અંગુઠા અને દસ આંગળોનો વાદ વિવાદ કરવો તેમાં આપણું તોલ મટે છે, ને આપણે આળકગાં બની એ છીએ.

વાં.—એ તો તારેજર સમજાય એમ છે, પણ ટ્રાંસવાલ સરકારના જે એજંટોએ ઘણીજ મદદ હીંદીને કરી છે તેઓ કહે કે "તમે તો તમારો સ્વાર્થ સાધ્યો; હવે બીજી જગ્યાએ દસ આંગળાંનું કાંઇ સમજતું ન હતું તે દાખલ થશે: મી. ગાંધી જેવા દસ આંગળાં આપી બેસે પછી બીજા ના પાડે તે કોનું સાંભળશે? ટ્રાંસવાલના હીંદીએ તો બીજાનું સત્યા નાશ વાળ્યું." એનો જવાબ કેમ અપાય?

અ.—આવો સવાલ જો બહારના કરશે તો બહુ ખોટું ગણાય. તેઓએ તો લડત સમજવા જોઇતી હતી. કેમકે જુઓ. ટ્રાંસવાલમાં મરજીઆત આંગળાં હીંદી આપે તેમાંથી બીજે ઠેકાણે ફરજી વાત કેમ થાય? શું બહારવાળા ચુડી પહેરે છે કે તેઓ ફરજીઆત આંગળાં આપશે? ખરૂં તો એ છે કે કાયદાની સામે મક્કમ લડત કરી ટ્રાંસવાલે આખા દક્ષિણ આફ્રિકાને નહીં પણ આખી દુનિયામાં નબળા માણસોને મદદ કરી છે ને તેઓને સબળા કર્યા છે. 'મરકયુરી' કહે છે કે 'આ લડતનો ખરો અર્થ એ છે કે જેઓ વોટ વગરના છે તેઓને હક મળ્યા. કોઇ સરકાર હવે પછી કાળા માણસોની વિરૂધ્ધ કાયદા તેઓનો અભિપ્રાય લીધા વિના નહીં કરી શકે. બધા સંસ્થાનોએ વધી સરકારના હિતનો વિચાર કરવો પડશે.' આ વાત ગળ્યે શબ્દે શબ્દ ખરી છે. હીંદી પ્રજા વોટ વિનાની હતી તે હવે વોટ વાળી થઇ બેઠી છે. એટલે આંગળોની વાત બીજા સંસ્થાનોના સંબંધમાં કરવી એ તો દુધપાક પુરી છોડી પાપડનો વિચાર કરવા જેવું હાસ્ય થઇ રહ્યું.

એટલું પણ અમે જાણીએ છીએ કે દસ આંગળાં વહેલાં મોડાં બધી જગ્યાએ દાખલ થશે એવો સંભવ છે, કેમકે માણસોની ઓળખ કરવાને સારૂ તે સરકારમાં ખરેખર ઉપયોગી ગણાય છે. મી તેથી ગોરાના હકમાં બાધ પહોંચતો નથી. નાતાલમાં ગીરમીટીઆને ફરજી તે ૧૯૦૩માં દાખલ થયો. ટ્રાંસવાલમાં ઘણા ગોરાને લાગુ પડે છે. એટલે આ પ્રમાણે મરજીઆત આંગળાં અમલમાં જરાએ ખોટું નથી, પણ તેથી ઘણા લાભ લઇ શકાશે.

વળી એમ પણ વિચારવાનું છે કે કેપ, ઉરાગોઆમ્બે વિગેરે જગ્યાએ તો ફોટોગ્રાફ વિગેરે લેવાય છે તેના કરતાં આંગળાં અમે હજાર દરજ્જે સારાં ગણીએ છીએ. વાદ રાખવું કે ટ્રાંસવાલમાં આંગળાં તે અરજીમાં આવશે, નહિ કે સર્ટીફીકેટમાં.

વર્ગ કેમ પાડયા?

વાં.—હવે આંગળાંની વાત તો હું નહિ કરૂં; પણ મારે કહેવું જોઇએ કે આજ લગી ઇ. ઓ. વર્ગ પાડવાની વિરૂદ્ધ રહેલ [illegible] તે હવે વર્ગ પાડયા છે તેની પક્ષમાં બોલે છે તે સમજાતું નથી. જ્યારે પ્રીટોરીઆના મેમણોએ અરજી કરી કે આજીદારને આંગળાં નહિ આપવાં જોઇએ ને બીજા ભલે આપે ત્યારે તમે ઘણું તીખું લખાણ કરવું હતું તે હુ હજુ ભૂલ્યો નથી. હવે તમે કહો છો કે વર્ગ ભલે રહ્યા, આ વિરોધ વાત સમ જાવશો?

અ.—એ સવાલ ભલો કહાડયો છે. ખરૂં જોતાં જો મી. ગાંધીએ તેવી માગણી કરી હત તો વિરોધ આવત. બન્યું તો એમ છે કે સરકારે પોતે જેવો કાગળ લખવાની સૂચના કરવા જેવું થયું છે. ત્યારે જે હક હવે સરકાર આપવા માગતી હતી તે છોડવો એ અઘટિત કહેવાય. આજીદારને સારૂ નોખા હક આપણે માગવા. ને સરકારે પોતે આપવા, તેમાં બહુ તફાવત છે.

વળી આ વર્ગમાં ભણેલાનો વર્ગ પણ છે. આ વર્ગની સામે અમે થયા નથી કેમકે કેળવણી—ખરી કેળવણી—તે હમેશાં માન મેળવશે. જો કેળવાએલા માણસને પણ આંગળાં રતિ ઓળખ આપવી પડે તો પછી આંગળાંની વાત વિજ્ઞાનતની નહિ પણ જતની થયા આવે. એટલે કેળવણીનો ભેદ તો સાધારણ રિતે રહી જાય.

[illegible] વર્ગ રહ્યા છે તેની સામે કોઇ થઇ શકતું નથી. અમારી લડાઇ બંના વટી વર્ગની સામે છે. જે વર્ગનું ધોરણ અમલદારોના હાથમાં રહે છે તેમાં ગુલામી સમજીએ છીએ. સભ્યતાનીના યુગમાં પણ અમલદારોના હાથમાં બાજી રહે છે. છતાં તે વર્ગ અમૂક મુકતને સારૂ [illegible] તેમાં કોઇ નથી જોવામાં આવતો. પણ તે એવી રીતે કે મૂખ્યો માણસો તે છુટ નો લાભ ન લે. તે છુટ પડી રહે તે એક બૂઝણીની જેમ રોબશે. તેનો ઉપ યોગ ઘણા હીંદી કરશે તો તે નકામી અને નુકસાનકારક પણ માનીએ છીએ.

મેમણોએ વર્ગની અરજી કરી હતી તે જૂદા પ્રકારની હતી. અને કાયદાને વશ થવાને માત્ર આંગળાં બાબત વર્ગ પાડવા ની એટલે ધૂળ જેવી માગણી હતી વળી તે માગણી કોઇ સરકારે નહિ કરા વેલી. તેમાં તો [illegible] પાડયા. એટલે સમજી શકાશે કે તે માગણીમાં ને ઉપરના વર્ગમાં બહુજ તફા વત છે. હાલ જે વર્ગ પાડવાનું થયું છે તેમાંથી જો મોટા માણસો રિતસર વરતશે તો ગરીબો લાભ લઇ શકશે. મુદ્દે વાત એ છે કે મોટાઓએ ગરીબ ના રખેવાળ-ટ્રસ્ટી-થઇ રહેવું જોઇએ.

લોકોને કાં ન પૂછયું?

વાં.—હવે તો મારા મનનું બધું સમા ધાન થઇ રહેવા જેવું મને લાગે છે. જો કે મારે હજુ ફરી વિચાર તો કરવો પડશે. પણ એક ખટકો દિલમાં રહી જાય છે. મી. ગાંધીએ તથા મી. નાયડુ એ પોતાની મુખત્યારીથી સહી કેમ કરી હશે? તેઓ તો સમજુ ગણાય ને કોમ ને પૂછ્યા વિના કોમને બાંધી દીધી એ કંઇ કહાપણ કહેવાય? જો તેઓએ કોમ ની ઉપર મૂકયું હત તો મારા મનમાં ઉપરના સવાલો ઉઠયા તે પણ નહિ ઉઠત. તેઓએ ભૂલ તો નહિ કરી હોય?

અ.—આવી શંકા તમને ઉઠે છે તેજ બતાવે છે કે અમારા બધા જવાબ તમે પૂરતા નથી સમજ્યા. શરૂઆતમાંજ તમ ને અમે કહી ગયા કે મરજીઆત રજીસ્ટર તો કોમ કબૂલ કરી ચૂકી હતી. અને તેજ રજીસ્ટર કબુલ કરવાનું સરકાર કહે તેમાં કોમની પરવાનગી લેવાપણું રહેતું નથી.

વાં—પણ આંગળાંની વાત કોમ કયાં કબુલ કરી ગઇ હતી?

અ—વળી તમે આંગળાંની વાત કહાડી! આંગળાંજ ખટકા રહેલાં લાગે છે. તમે કેમ ભુલો છો કે આંગળાંની લડત ન હતી. એટલે જેના લડત ન હોય તે બાબતમાં પૂછવાપણું શું રહે? વળી આંગળાં કબુલ કર્યાં. એવું કેમ કહી શકાય! તેઓએ જે પ્રમાણે બાયદામાં

હતાં તેવાં આંગળાં કબુલ નથી કર્યાં. તેઓએ તો દસ આંગળાં આપવાં કે નહિ તે કોમની મુખત્યારી ઉપર મૂકયું છે. જેને બે અંગુઠાજ આપવા હોય તે તેટલું આપીને રજીસ્ટર કઢાવી શકે છે. તેઓ તો માત્ર સલાહ આપે છે કે દસ આંગળાં આપવામાં કોમની આબરૂની વધે છે: ને તેઓ પોતે આપશે એમ કહે છે.

વળી એમ પણ તમારે વિચારવું જોઇએ કે જેઓને આગેવાન ગણવા હોય તેઓને અણીને વખતે કેટલેક દરજ્જે છુટ હોવીજ જોઇએ. ઉપરના સમાધાનમાં તેવી છુટ લેવાઇ છે એમ અમે કબુલ નથી કરતા. પણ આ અવસરે આગેવાનો તરફની દરજ ઉપર બે બોલ કહેવા એ ઠીક જણાય છે. આગેવાનોને મુકરર કરતાં પહેલાં વિચાર કરવો જોઇએ. પણ એક વખતે જેને આગેવાન ગણ્યા તેને જો છુટ ન હોય તો ઘણી વખત બહુ નુકસાન થાય છે. દર ઘડીએ પુછ્યાપણું બાકી રહે તે અવિશ્વાસની નિશાની છે. જ્યાં વિશ્વાસ નથી ત્યાં પુરૂં કામ પણ નથી થતું. આગેવાનો ઉપર જરૂરનો એ એકદીલી, મોટાઇ, તથા પ્રજાકીય જુસ્સાની નિશાની છે.. કોઈ પ્રજા કે જેના આગેવાનો પ્રમાણીક નથી અને એમની ઉપર ભરૂસો નથી તે પ્રજા કદી આગળ વધી શકતી નથી. આગેવાનો શુદ્ધ બુધ્ધીથી કેટલીક વેળા ભૂલ કરે છે. તેથી તેનો દોષ નથી ગણવાનો. કસોટી એકજ છે—અને તે સત્યતા. જેમાં સત્યતા છે તેનો ભરોસો કરવો એ ઉત્તમ રસ્તો છે.

છેવટ

વાં—હવે તો કાંઇ સવાલ કરવા જેવું જોતો નથી. આ લડતનું છેવટ પરિણામ શું જણાયું?

અ—અમે ઉમેદ રાખીએ છીએ ને ઇશ્વરની પાસે માગીએ છીએ કે જે જવાબ અમે શુદ્ધ બુદ્ધિથી આપ્યા છે તે તમારૂં તથા બીજાં જે કોઇ વાંચે તેનું કલ્યાણ કરતા થાય.

છેવટ શું આવશે તે આપણા હાથમાં છે. જે હિંમત બતાવી છે તેજ હિંમત હમેશાં રાખશું તો અમે માનીએ છીએ કે જોરી કામદા થતા અટકશે. હિંદી કોમનું માન તો ચાલુંજ હવે વધ્યું જણે છે. તેજ મોટી વાત છે. માન વધારવાની આ લહલ હતી. હવે આપણે મળેલી પૂંજી સાચવશું તો ઘણો એ ફાયદો થશે. દરેક જગાએ સત્યાગ્રહ નો રીવાજ ફેલાય એમ થવું જોઇએ. અને તેમ થાય તો હિંદી કોમ બધી રીતે ફતેહ પામે.

હવેના નવ માસમાં હિંદી કોમ બરોબર વરતેકેનવરતે, પોતાનું મરણઆલરાઉન્ડરેશન નું પણ પાળે કે ન પાળે, છતાં સત્યા ગ્રહની સંપુર્ણ જીત થઇ છે તેમાં બાકી નથી આવતી. કદિ તમે હજુ માનો કે આંગળાંની વાત રહી ગઇ તે ભુલ થઇ તો પણ સત્યાગ્રહને ઝાંખ નથી. તેનો પુરો જય છે. દસ આંગળાં કબુલ કરનારને દોષ આપવો હોય તો ભલે આપો. બાકી સત્યનો જય થયો છે એ ગોખી રાખજો.

નાતાલનાં લાઇસેન્સ

ઓસ્ટકોરટમાં વેપારના પરવાના નથી આપ્યા. સ્ટાંગર તરફ બી. ક્રજની દુકાન સારૂં હલ્લાબોલ થઇ છે, બીજી જગ્યાએ થશે. નાતાલના હિંદી વેપારી આવી સ્થીતીમાં કેમ વેપાર ચલાવી શકશે?

રસ્તા બે છે. એક તો એ કે મરહુમ મી. લાજીસ્ટોરની સલાહ પ્રમાણે કેસ લડવો. તેમાં તો કોઇ પણ મ્યુનીસીપાલાટી ઉપર દાવો માંડવો જોઇએ. આમાં મોટું ખરચ અને મોટી પંચાત છે. તેમાં વળી જીતાયજ એવો નીયમ નથી.

બીજો રસ્તો સહેલો ગણીએ તો સહેલો અને કઠિન ગણીએ તો કઠિન છે. તે સત્યાગ્રહનો છે. કેમકે અહીં સત્યાગ્રહ ચલાવતાં કેદમાં જવાનું તો રહેતું નથી. જે વગર લાઇસેન્સથી વેપાર કરે તેનો માત્ર દંડ થઇ શકે છે. દંડ ન આપે તો તેને જેલ નથી, પણ તેનો માલ, વહેંચાઇ જાય. વળી એક વખત માલ વહેંચાય તેથી આખું વરસ વેપાર નહિ ચાલે. વખતો વખત માલ વહેંચાઇ શકે. આમ કરતાં તો ખુવારી આવે. પણ બધાં મહા કાર્યોમાં ખુવારી તો છેજ. એક ભગતે કહ્યું છે કે "ભક્તિ કીધતણું સાહું આગળ વસમી છે વાહું" સત્યાગ્રહ માં દેશભક્તિ રહેલી છે. એટલે તેમાં તો શીક્ષણનું એટલે આબરૂ આપવાનું સાહું રહેલું છે. સત્યાગ્રહ તે માત્ર પોતાનો સ્વાર્થ સાધવાને સારૂં નથી થતો. બધાના ભલાને સારૂંજ થઇ શકે.

નાતાલના વેપારીને આવી જાતની લડત કોઇક દરાંસવાલના કરતાં મુશ્કેલ જણાય તેવી છે. ખરૂં વિચારતાં સહેલી છે મુશ્કેલ એમ છે કે માણસો તુરત બહાદુર કાઢશે કે જેલમાં તો જઇએ પણ માલની સરાજ .. થવા દઇએ. વળી આ લડત માં આખી કોમ દાખલ નથી થઇ શકતી; એટલે અમુક માણસોનેજ જોર કરવાનું રહ્યું છે. સહેલું એમ છે કે અમારા અનુભવ પ્રમાણે હિંદી અને બીજી બધી કોમ સધારણ રીતે જેલથી ડરે છે, ને માલ જતો કરે છે. વળી માલ જતો કરવામાં બહુ જોખમ નથી, ને હુશિયાર માણસ હિકમત કરી છુપાવી શકે છે. મુખ્ય જરૂરનું તો એ છે કે જો એક માણસને લાઇસેન્સ ન મળે (ગેર વાજબી રીતે) તો બધાએ લાઇસેન્સ વિના વેપાર કરવો. જેમ બધા માણસને સરકાર જેલમાં નથી નાખી શકતી તેમજ બધાનો માલ પણ નથી વહેંચી શકતી. એટલે એકત્રતા એ બહુ જરૂરની છે. બધા વેપારીએ એટલે આખી નાતાલના વેપારીએ લાઇસેન્સ વિના વેપાર કરવો એમ અમે નથી કહેતા; પણ માત્ર તે તે ગામના અથવા પ્રદેશ (ડીવીજનના) ના વેપારીએ લાઇસેન્સ વિના વેપાર કરવો.

એમ બને કે બધાને મળી ગયા પછીજ કેટલાકને લાઇસેન્સ ન મળે. આમ થાય તો જેટલાને વધ મળ્યાં હોય તેટલા મરણીયા થઇ દુકાન ખુલ્લી રાખી શકે છે. આમ કરવામાં હોંશિયારી અને સમય સુચકતા જોઇએ. એક તો એમ પણ થઇ શકે કે દુકાનમાં બાંકડા વિગેરે બરણીના હોય તેવી દુકાન રાખવી. માલ ઘણો થોડો રાખવો કે જે હમેશનો હમેશ વહેંચાય, અથવા જપાટાબંધ કોઇને આપી દઇ શકાય. આમ કરતાં સરકાર દંડ કર્યાજ કરે પણ તેમાં તેનું કાંઇ વળે નહિ. જ્યારે દંડ થાય ત્યારે મીટીંગ કરી સરકારને જણાવવું જોઇએ કે તે માણસ વગર લાઇસેન્સ થી વેપાર કરે છે તેમાં આપણી કોમ રાજી છે. આમ કરવાથી સરકાર કાયર થઇ જાય. પણ કામ બધું શુરાનું. તથા દેશભક્તનું છે. જેઓ માત્ર પોતાનેજ સારૂં જીવે છે તે તો પત્થરમાં ગણાયા છે. તેને આવી બહાદુરી ન સુઝે. પણ બધા ના હકનો સારૂં લડે તોજ બની શકે.

ફેરીવાળા તો ઘણી સહેલાઇથી સરકારને હંફાવી શકે. આમ થાય ત્યારે સહેજે સરકાર કાયદો ફેરવે. ગોખલે સમજાવે કે ટ્રાંસવાલની લડતથી બધા હિંદીનું માન વધ્યું છે એટલે સરકાર ચોંકશે.

આવું પગલું જાહેર રીતેજ ભરવું જોઇએ. એટલે તે બાબત મીટીંગો ભરવી જોઇએ. સરકારને ફરીવો મોકલવા જોઇએ, અને પછી લડત શરૂ થાય. ટ્રાંસવાલે શરૂથી જેમ કરયું તેમ નકલ કરવી જોઇએ.

આને સારૂ પુરાવા પણ છે. અંગ્રેજ લોકો પોતાનો માલ વેચવા દેશ છે, પણ કેળવણીનો ફર નથી આપતા. હવે તેઓને ક્રાઇસ્ટ બોલાવવું નથી. મરહુમ મી. ક્રાઉસો પોતાની દુનિયાજ આખી અંગરેજી પ્રજાને યુજીવતા. તે કેમ એ બીજી વેળા સમજવવું.

પણ આ લડત જો નાતાલના અહુરથો લેવાને માગતા હોય તો તેઓએ વિચાર પુરવક મોટી સંખ્યામાં એકઠા થઇ, સંપ કરી ખુદાને દરમોયાન રાખીને ઠંડા મગજે શરૂઆત કરવાની છે. પગ મુક્યા પછી ખસેડવાનો નથી એ બરાબર રાખવું. કોઇ શરૂ ન કરવું એ પહેલું ડહાપણ છે. શરૂ કર્યા પછી તેને ફરગીજ ન મુકવું એ બીજું ડહાપણ છે.

દેશભક્તિની કદર ?

—*—

આગેવાનો તરફની ફરજપર અમે 'સલાહ સંબંધી સવાલ જવાબ' માં સહેજ ઇસારો કર્યો છે. તે વાંચવામાં આવે તે પહેલાં જુજ બોટા દોરવાઇ ગએલાઓ પોતાનું દુરજનપણું બતાવી ચુકેલ છે. અમે આશા રાખીશું કે તેટલા ઇસારાથી એવા કોઇને હજુ પણ ગેરસમજનું ભાન નહિ થયું હોય તો થઇ જશે. કેટલાક પઢાણોએ મી. ઇસપ મીઆ, મી. નાયડુ, તથા મી. ગાંધી ઉપર જે પાપી હુમલો કર્યો તે હીંદી કોમપર કોઇ ઓછા ડાઘ નથી. મી. ગાંધીના આ પત્ર સાથેના સંબંધને લીધે એ બાતકી કામના કરનારે કેવો અઘોર પ્રયત્ન કર્યો હતો તેનો ખ્યાલ આપતાં અમારે અવઢવું પડે છે. છતાં એ કાળા કામ વિષે બે શબ્દ બોલ્યા વગર રહેવાથી અમારી ફરજ ચુકાય છે. અમને ખાત્રી છે કે કોમમાં એવા બેરી માણસો જુજજ છે. પણ તેઓ થોડા છતાં તેમણે જે બાસહામક હુમલો કર્યો તેથી કોમની આબરૂને હાની પહોંચી છે. આજ સુધી લડતમાં હીંદીઓએ બતાવેલી એકસંપી અને ડહાપણ માટે ગોરાઓપર કોઇક ઓરજ થઇ પડી હતી; અને સઉ તાજુબી પામી ગયા હતા. આ બેવકુફી ભરેલા—વધારે આકરો શબ્દ વાપરીએ નહિ તો—કામથી તે બધાને ઝાંખ લાગશે. એ કૃત્ય કરનારા એટલે સુધી દૂર ઓળંગી ગએલ કે માત્ર મારવાથી તેમને સંતોષ થાય તેમ નહોતો. ઇશારો જાન લેવાનો હતો. જે આદમી વરાગનો પ્યાલો પીધ ને સાત દિવસ દેશસેવાનું રટણ કરી રહેલ છે તેને આ બદલો ? પોતાની બદના બુદ્ધિપુરવક, પણ સત્યતાથી અને પ્રમાણી કપલે. દેશી બાંધવના હિતને માટે મહા મહેનતનો મંત્ર જપી રહેલા ઓલીબ્યાને આ બેટ ? આંગળાં આપવામાં નામોશી સમજનારા એને આ નરબુધાપણામાં નહિ નામોશી જણાઇ ? વિવેક ભૂલી નાદાન જનપ્યા માં નામોશી છે. મરજીઆત આંગળાંમાં નથી; બલકે તેમાં તો માન છે. હારેલી અને મુંઝાએલી સરકારને વધુ નમાવવા કરતાં તેને રીઝવવા માટે મરજીથી આંગળાં આપવામાં લાભ છે. તે હીંદી કોમની અમીરાઇ બતાવે છે. જાપાને કુશિઆને છુંદી નાખ્યા પછી સુલેહમાં જે ઉદારતા બતાવી તેથી પ્રજાએ તો એક દાખલો કાયમ બતાવ્યોહતો; પણ તે વિવેકથીજ દુનિયા માં તેની ખ્યાતિ ટોચે પહોંચેલી; અને આજે દુનિયા જાપાનના નામપર ફીદા છે. આમ ખુશ સમજીને આંગળાં આપવાની સલાહ આપે છે, નહિ તો બે આંગુઠાથી રજીસ્ટર ન થવાય એમ કાંઇ નથી. આપણે સરકારને ખુબ હંફાવી છે; ને જોર ખુબ બતાવાઇ ગયું છે. હવે નમનતાઈ અને સલુકાઇ જેટલી બતાવીએ તેટલી ઓછી છે. ન્યાય મળેતોહીંદીઓ સરલ અને લાપકાતવાળા છે તે બાપ ગોરાના હુપર પાડવી તેમાં દક્ષિણ આફ્રિકાના હીંદીનું હિત સમાએલું છે. અને તેથી બકાની દરકાર ન કરતાં જે સાચો રસ્તો છે તેજ આગેવાનોએ ગ્રહણ કરેલો છે; અને સદાય તેજ રસ્તે તેઓ ચાલશે. દેશ સેવાની કિંમત આગેવાનોને પોતાના જાન કરતાં વધારે છે.

ડરબનના મ્યુનિસિપલ અને વૉર્ડ નામના ચીના રીટેલ વેપારીને ફોરચ એવન્યુમાંથી અબીસીનિઆરોડપરના મકાનમાં લાઇસેન્સ ટ્રાંસફર કરવાની લાઇસેન્સ અમલદારે ના પાડી છે. તે હરાવ સામે મજકુર વેપારીએ અપીલ કરી હતી પણ કાઉંસીલે તે કાઢી નાખી છે.

—

જનરલ બોથાએ એક બાબત દરમ્યાન જણાવ્યું હતું કે મી. ગાંધી વગેરેપર હુમલો કરનારને દેશનીકાલની સજા થવી જોઇએ.

મી. રીચને સારૂં ઉધરાણું

C.O. VII 88

મી. રીચને વાંચે અમે મથે અઠવાડીયે લખી ચુકયા છીએ. અમે જોઇએ છીએ કે બધાના મનમાં મી. રીચની બુજ બાબુવા જેવું જણાયછે. મી. રીચે સેવા આપ્યા દક્ષિણ આફ્રીકાની કરી છે ને કરેછે. તેથી તેમાં દરેક હીંદીએ ભાગ લેવો જોઇએ એમ અમે માનીયે છીએ. અમને જણાય છે કે ઉધરાણામાં જેટલા પાઇસા થાય તેટલા ઓછા છે. મી. રીચને વરસના એક હજાર પાઉંડ આપીને આપણે રાખીયે તોપણ વધારે ન ગણાય. આપણે તો તેમનેમાત્ર ફકત ખરચ જેટલુંજ આપ્યું છે. મોસીસ રીચની માંદગીના ખરચ મળ્યા પછી તેમને જેટલા વધ ખરચને સારૂં જોઇએ તેટલાજ ઉપાડવાની પરવાનગી મોકલી છે. તેના પહેલાં તો તેમને માત્ર દર માસે પા. ૧૫ અપાતા હતા. એટલે તેમને આપણે દર માસે સરેરાસે પા. ૨૫ થી વધારે આપ્યા નથી એમ કહી શકાય. અમે માનીયે છીએ કે મી. રીચને પા. ૬૦૦ ની પર્સ ઓળામાં ઓછી મોકલવી તે વિશેષ નહીં ગણાય. તેથી વધારે હતય તો કંઈ ખોટું નહીં કહેવાય. મી. રીચ ને માન આપવામાં આપણને માન છે. અને તેથી બીજાઓ પણ આપણી તરફ થાય. નહીંકે પઇસાની લાલચે, પણ આપણે ખાનદાન કોમ છઇએ એમ સમજીને. પઇસાની લાલચે મદદ કરનાર થી તો સદાય છેટે રહેવાનું છે. મી. રીચ ને તો તેવો ખ્યાલ પણ નથી. જ્યારે તેમને પઇસાની લાલચ થાય ત્યારે તેમને નકામા ગણવાના. આ બાબત ઉધરાણું અમે ખોલીયે છીયે ને તેમાં ઘણા હીંદી ઓ આપશે એમ માનીયે છીયે. તેથી બહુ શોભશે અને કોઇને વધારે પડતું નહીં લાગે. અમારા સેંકડો વાંચકો ધ્યાન માં લાત લેશે તો તુરત ઉધરાણું થઇ જશે. જે પઇસા આવશે તે અમે ઇન્ડિયન ઓપિનિયનમાં સ્વીકારશું. સહુએ યાદ રાખવાનું છે ડા. જુથને સારૂં ઘણે ભાગે માત્ર મરીગોમાં ઉધરાણું કરેલું. તેમાં પા. ૬૦૦ એકઠા થયેલા, ને તેની થેલી તથા માનપત્ર ડા. જુથને આપવામાં આવ્યાં હતાં. ડાકટર જુથનું અપમાન કરવા કીના અમે કહી શકીયે છીયે કે મી. રીચની બરોબરી કરનાર ગોરા ભાઇએજ આપણને મળ્યા છે.

છેલ્લા ખબરો.

(ઇ. ઓ. માટે ખાસ તાર.)

જોહાન્સબર્ગ, શુક્રવાર.

રજીસ્ટરેશનનું કામ સરળતાથી ચાલુ થઇ ગયું છે. સોમવારે ૧૫, મંગળવારે ૨૦, બુધવારે ૧૨૪, અને ગુરૂવારે ૧૬૧ એ મુજબ રજીસ્ટરો થયાં હતાં. આજે બાર વાગતા સુધીમાં ૧૦૦ રજીસ્ટર થયાં છે. બધા વરગના લોકોનો તેમાં સમાવેશ થાય છે.

રજીસ્ટર બનારાઓમાંના ૯૦ ટકા કરતાં વધુ માણસોએ દશ આંગળાં આપ્યાં છે, જેમાં હિંદુ તથા મુસલમાન બંને છે.

મી. યુસપ મીંયાંએ ૧૦ આંગળાં આપ્યાં છે. તેમના (રસોઇઆ)એ બે અંગુઠાજ આપ્યા. તેમજ બીજા કેસોમાં પણ બને છે.

આંગળાં એ ફરજીઆત બાબતમાં આવતાં નથી.

મી. ગાંધીની તબીયત સારીપેઠે સુધરતી છે. દિલસોજીના સંદેશાઓ મોટી સંખ્યા માં મળે છે. રોજ કેટલાક મિત્રો મુલાકાત લેવા આવે છે. બધા દિલસોજ મિત્રોનો અંતઃકરણ પુરવક આભાર માને છે. છુટા છુટા જવાબો નહિ મોકલી શકવા માટે દરગુજર ચાહે છે.

રેવરંડ મી. અને મીસીસ ડોકને તેમણે કરેલી સારસંભાર માટે આભારના સંદેશાઓ આપ્યા દક્ષાંબ્રુ આફ્રીકામાંથી મળ્યા છે, તે માટે પણ આ છાપા દ્વારા આભાર માને છે.

હિંદુસ્તાનના ખબરો.

ઇન્ડિઅન નેશનલ કોંગ્રેસના બંધારણ માટે ખાસ નવા ધોરણપર નિયમ ઘડવા માં આવ્યા છે. તથા તે સંબંધમાં મોટી ચર્ચા ચાલી રહી છે.

તા. ૧૬ મી જનેવારીએ પોરબંદર (મી. ગાંધીની જન્મ ભુમી)માં ટ્રાંસવાલના દોંદાની તારીફ કરવા તથા સરકાર સામે પ્રોટેસ્ટ કરવા એક મીટીંગ મળી હતી.

તા. ૧૬મી જનેવારીએ સુરતખાતે ત્યાંના નેશનલ એસોસીએશન તરફથી મી. ગાંધી વિગેરે પકડાયા તે માટે પ્રોટેસ્ટના ઠરાવો કરવા એક મીટીંગ ભરાઈ હતી.

શેઠ રૂસ્તમજી પારસીના દીકરા મી. જલ ભાઇ રૂસ્તમજી સ્ટીમર કઇજરમાં મુંબઇથી ડરબન આવવા ઉપડી ચુક્યા છે.

રૂટર જણાવે છે કે મુંબઇમાં બકરમ ના દિવસે જુદી જુદી કોમના મુસ લમાનો વચ્ચે મોટું હુલ્લડ થયું હતું; જેમાં પોલીસપર લોકોએ પથરાનો વર સાદ વરસાવવાથી અમલદારોએ ગોળીથી ચાર માણસોને ઠાર કર્યા હતા. લશ્કરી ટુકડી બોલાવ્યા બાદ હુલ્લડ બંધ થયું હતું.

મી. ગાંધીનો કાગળ

સાહેબો,

મારી તબિયત સારી છે. મી. અને મીસીસ ડોક મરી પડે છે, અને હું થોડા દીવસમાં પાછો નોકરી ઉપર ચડીશ. જેઓએ માર માર્યો છે તેઓની ઉપર મને ગુસ્સો નથી. તેઓએ અજ્ઞુસમજ થી આ કામ કર્યું છે. તેઓની ઉપર કંઇ કામ ચલાવવાની જરૂર નથી. જો બીજાઓ શાંત રહેશે તો આ કીસ્સાથી પણ આપણને લાભજ છે.

હીંદુએ જરાપણ મનમાં રોષ રાખવા નો નથી. આમાંથી હીંદુ મુસલમાન વચ્ચે ખટરાશ પેદા થવાને બદલે મીઠાશ થાય એમ ઇચ્છું છું, ને ખુદા—ઇશ્વરની પાસે તેવું માગું છું.

માર પડયો ને વધારે પડે તોપણ હું તો એકજ સલાહ આપીશ. તે એ કે બધે આગે બધાએ દશ આંગળાં આપવાં તેમાંજ કોમનું અને ગરીબોનું ભલું તેમા રક્ષણ થાય છે.

જો આપણે ખરા સત્યાગ્રહી હોઇશું તો મારથી કે ભવિષ્યના દગાની બીકથી જરાએ ડરશું નહિ.

જેઓ દશ આંગળાં બાબત વળગી રહ્યા છે તેને હું અજ્ઞાન સમજું છું.

હું ખુદાની આગળ માગું છું કે કોમ નું ભલું કરે, તેને સત્ય રસ્તે ચડાવે, અને હીંદુ તથા મુસલમાનને મારા ભોઇ ના પાટાવડે સાંધે.

હીંદનો સેવક,

(પોતાની સહી) મોહનદાસ કરમચંદ ગાંધી.

મરજીયાત રજીસ્ટ્રેશનની શરૂઆત

મી.ગાંધી તથા બીજાપર ધાતકી હુમલો

વિગતવાર હેવાલ

[ઇ. ઓ. માટે ખાસ રીપોર્ટ]

સોમવારે મી. ગાંધીની ઓફીસેથી આશરે-દશ વાગ્યે મી. ગાંધી, મી. કેલ્લેનબેક, મી. નાયડુ, મી. યુસપ મીંઆ, તથા બીજા હીંદી આગેવાનો રજીસ્ટર ઓફીસે જવા માર્કેટ સ્ક્વેરને રસ્તે થઇ જતા હતા. તેમાંથી ૧૦૦ જેટલા માણસો સીધા રજીસ્ટર ઓફીસ તરફ ગયા. અને મી. ગાંધી, મી. કેલ્લેનબેક, મી. નાયડુ અને બીજા થોડાક હીંદી ઇલફ્ટ સ્ક્વેર તરફથી ચાલ્યા. જેવા તેઓ વાન બ્રેડીસ સ્ક્વેરના ખુણાપર પહોંચ્યા કે આઠ પંજાબી ને પઠાણ લોક ડીઓ તથા ડાંગો લઇને તેમને ભેટયા. એક જણે કરડા સ્વરે મી. યુસપ મીંયાને પુછ્યું કે કયાં જતાઓ છો ? મી. ગાંધીએ કહ્યું કે રજીસ્ટ્રેશન ઓફીસે. કેવી રીતે રજીસ્ટર થશો એવા સવાલના જવાબમાં જણાવ્યું કે આંગળાં આપીને : છતાં કોઇની આંગળાં સામે અંતઃકરણથી વાંધો લાગતો હશે તો તેણે બાર બે અંગુઠા આપવા, અને પોતાનો વાંધો દુર થાય તે જણાવવો. આ શબ્દો સાંભળીને તરતો તરત મીર આલમ નામના પઠાણે એક મોટી ડાંગવડે એક ભયંકર ફટકો મારી મી. ગાંધીને પાડી નાંખ્યા. એક માણસે જનથી ડાર કરવાનો પ્રયાસ હતો. પણ સારા નશીબે ફટકો ધાર્યો મુજબ કરોડ પર વાગ્યો નહિ; ને મી. ગાંધી બેશુદ્ધ થઇ પડયા. પડતાં પડતાં તેમનું માથું એક મોટા ખાણીઆ પથ્થર સાથે અથડાયું. જેથી તેમનો એક હોઠ છુંદાઈ ગયો ને બાજુ ઉઝરડાઇ ગયો; તથા એક દાંત સજડી પડયો. એક પથ્થર સાથે અથડાવાથી ઉપર મુજબ ઇજા થઇ ત્યારે બીજો એક પથરો આંખની ઉપરજ કપાળપર વાગ્યો ને એક ચીરો પડયો તથા એક ત્રીજા પથરાથી આંખ સહેજ માં બચી. મી. ગાંધી બેશુદ્ધ હાલતમાં ઉંધે મોઢે જમીનપર પડેલા હતા તે વખતે તેમની ઉપર ચાર પાંચ જણાએ લાકડી વતી તથા લોઢાના જાડા લાંબા સળીયા વતી ફટકા લગોટવા માંડયા. મી. નાયડુ તથા મી. યુસપ મીંઆ તુરત વચ્ચે પડયા. પણ મી. યુસપ મીંઆને એક ફટકો હાથપર વાગતાં મદદ માટે દોડવું પડયું. તેમણે મેસર્સ આરનોટ મેકેંસનની ઓફીસમાં જઇ ગોરાને બોલાવ્યા. તેઓ આવે તેટલી વારમાં મી. નાયડુએ મી. ગાંધીને તથા પોતાને બચાવવા ઘણી મહેનત કરી, અને પોતાની જીવતી કેટલાક ફટકા ઝીલ્યા. પણ પઠાણોના એક સખત ફટકાથી જરી ભાંગી ગઇ; અને એક બીજાને સખત ફટકો માથાની પછવાડે વાગતાં તે લોહી લોહાણ થઇ રસ્તાપર પડયા. પડવાથી તેનું શરીર કેટલુંક ઓજાયું, અને ઉપર

પડાવ્યોએ કેટલાક ફટકા માર્યા. એવામાં મેસરસ આરનોટ અને મીમસનવાળા તથા બીજા ગોરા ભેગા થઈ ગયા. જ્યાં મીર આલમ સિવાય બધા નાસી જઈ લાગ્યા. મીર આલમ, તથા બીજો એક અબદુલ રહેમાન નામનો કોંકણી કે જેણે પણ હુમલામાં ભાગ લીધો હતો તે બંનેને પકડવામાં આવ્યા, અને મારફાડ કરવેરના પોલીસ મામુપર લઈ જવામાં આવ્યા.

મી. ગાંધી તથા મી. નાઇડુને મેસરસ આરનોટ અને મીમસનની ઓફીસમાં લઈ જવામાં આવ્યા; ને ડૉ. વીવેટને બોલાવવામાં આવ્યા. દરમ્યાન મી. ગાંધીએ મુસ્તનાઓ મોકલી કે હું કદીપણ હુમલો કરનારપર કામ ચલાવવા માગતો નથી. તેથી બંને ફૂલડખોરોને છોડી મુકવામાં આવ્યા હતા.

ડૉક્ટરે મી. નાઇડુને સલાહ આપી કે તેમનો જખમ કાંઇ ભયંકર નથી અને તેમણે તુરત ઇસ્પીતાલે જવું. તેથી મી. નાઇડુ ઇસ્પીતાલે ગયા. મી. નાઇડુને માટા ગાંધી ડૉક્ટરે છુટા કર્યા ને કહ્યું કે તેમને ઇસ્પીતાલમાં રહેવાની જરૂર નહિ પડે. મી. પોલાક તથા રેવ. ડોક જેઓ મી. ગાંધીની અગાઉ થોડીજ વાર પહેલાં રજીસ્ટર ઓફીસે ગયા હતા તેમને આ બનાવની ખબર પડતાં તેઓ દોડી આવ્યા. રેવરંડ ડોકે જણાવ્યું કે મી. ગાંધીને ઇસ્પીતાલે લઈ જવા કરતાં મારે ત્યાં લઈ જવાય તો સારી સારવાર થશે. તુરતજ તેમ કરવા નક્કી થયું. મી. ગાંધીને લઈને રેવ. ડોક, મી. ઝમની, તથા એક કોનસ્ટેબલ એટલા જણા રેવ. ડોકને ત્યાં ગયા. મી. ગાંધીએ ગુહિમાં આવ્યા પછી તુરતજ જણાવ્યું કે રજીસ્ટ્રેશન રદ થવામાં દીલ ન થવી જોઇએ. તેથી ત્યાંજ તેમને રજીસ્ટર કરવા મી. ઝમનીને માગણી કરી. તુરતજ મી. ઝમનીએ પોતાના એક કલાર્ક ને તેડાવ્યો. ત્યાં મી. ગાંધીએ ઘટતા રૂપમાં જોઇતી હકીકત આપીને અરજી કરી. મી. ગાંધીને તે વખતે ઘણી વેદના થતી હતી છતાં આંગળાં પણ આપ્યાં; પહેલાં બેય હાથનાં દસ, અને પછી ૮ આંગળીઓ જોગી. તેમને આંગળાં બાબ આપવાનો હેતુ એ છે કે મરજીઆત આંગળાં આપવાં તેમાં કાંઇ જાતની નામોશી નથી, પણ માન છે.

પછી ડૉક્ટરે મી. ગાંધીના જખમોની ફરી તપાસ કરી તે જણાવ્યું કે ચહેરાને અને હોઠને સાંધા મારવાની જરૂર પડશે. તેથી પાંચ સાંધા મારવામાં આવ્યા. પછી તે તથા બીજા જખમપર પાટાઓ બાંધવામાં આવ્યા.

આ હુમલાનું પરિણામ એ આવ્યું કે રજીસ્ટ્રેશન માટેની બંધી ગેરવાજબી ચુંથાઇ ગઇ. અને જે ગડબડ થઇ રહી તેમાં કેમ જાણે ઉમેરોજ ન કરવો હોય તેમ એક બીજી ભુલને લીધે બન્યું. રજીસ્ટ્રેશન અમલદારોએ બાકીના રીસીટ ફોરમ એવાં વાપરવાં હતાં કે તે ઉપરથી જુના કાયદા મુજબ રજીસ્ટર થયા એવાઓ છેલ્લી નાખવામાં આવ્યા નહોતા. આથી કેટલાકને એકદમ વહેમ પડયો કે જુના કાયદા મુજબ રજીસ્ટર કરે છે. પણ પાછળથી રીસીટ ફોરમ નવાં છપાયાં છે. અને તેથી વહેમનું કારણ સાવ દુર થયું છે. મી. મેરીસ નામના અનુભવી અમલદાર હીંદથી આવેલ છે, ને તેમને એશિયાટીક ઓફીસ સાથે જોડવામાં આવેલ છે. તેમને હીંદી લોકોનો અનુભવ હોવાથી બધરી બાબત સંબંધમાં તેમની સલાહ લેવામાં આવે છે.

ઉપર જણાવેલી નજીવી કસુર દુર થવાથી પાછળથી રજીસ્ટ્રેશનનું કામ સંતોષકારક રીતે ચાલવા માંડયું છે. બુધવારે ઘણા આગેવાનોએ, તથા પુષ્કળ લોકોએ રજીસ્ટર લેવા માંડયાં છે, જેમાં હીંદુ મુસલમાન બંને છે. કોમ વચ્ચે વિરોધ પડયો છે એવું કહેવામાં આવ્યું હતું તે તદ્દન બાપાયાદાર છે. કોઇ જાતનો ભેદ રહ્યો નથી. કારણ કે ઉપર જણાવ્યું તેમ હીંદુ અને મુસલમાન બંને કોમના આગેવાનો બુધવારે બપોરે રજીસ્ટર બતારાઓમાં હતા. અને હવે રજીસ્ટ્રેશન સંબંધમાં કાંઇ બાંધો પડવાનો સંભવ નથી. કોમ સમાધાનીનો ઉદો અરથ સમજી ગઇ છે; અને સમાટાબંધ તે પાર ઉતરે તેમ કરવા માગે છે.

મી. ગાંધીના તબીયત સુધરતી જાય છે. તેમના જખમ રૂઝાવા માંડયા છે, તથા ઉોલાઇ ગએલ ભાગમાં પણ ચામડી આવવા લાગી છે. તેઓ રેવ. ડોકને ત્યાં રહે છે. મી. તથા મીસીસ ડોક મી. ગાંધીને વાસ્તે સારસારમાં કચાશ રાખતાં નથી. તેમને વાસ્તે બધી સગવડો પુરી પાડવામાં આવી છે. મી. ડોક તું મકાન તે મળવાને આવનારા લોકોની ભેડક રૂપ થઇ પડયું છે. મળવા આવનારામાં ગોરા તથા હિંદીઓ બંને છે. મી. ગાંધીને મીસીસ ડોકની ભલી સારસાર માટે તેમનો કબજાર માનનારા તારો હીંદુસ્તાની ઓફીસરોના કેટલાક ભાગમાંથી આવ્યા છે. એસોસીએશનપર દિલસોજીના તારો પણ મળ્યા છે.

હુમલો કરનારાઓમાંના મીર આલમ ખાન અને અબદુલ રહેમાનને સરકારે પોતાની મરજીથી ફરીથી પકડીને મંગળવારે કોર્ટમાં ખડા કરવા હતા. માજીસ્ટ્રેટે કેસ ૧૯મી તારીખ સુધી મુલતવી રાખ્યો છે.

હુમલાપર છાપાની ટીકા

મરજીઆત રજીસ્ટ્રેશન તથા આગેવાનપર હુમલા સંબંધમાં છાપાઓમાં નીચે મુજબ ટીકા થઇ છે.

'ટ્રાંસવાલ લીડર'

ગાલે મી. ગાંધી અને મી. નાઇડુ ઉપર હેવાનીઅત ભરેલો હુમલો કરવામાં આવ્યો. આ બનાવથી સમજુ માણસોને ખેદ અને દિલસોજી પેદા થઇ હશે, અને તે બંનેને તુરત સારું થઇ જાય એવું ઇચ્છશે. બીક લાગે છે કે મી. ગાંધી તેમના હુમલો કરનાર પર કામ ચલાવવાની ના પાડશે. તેઓ ફાઉન્ડ ટોલ્સટોય નામના નામાંકિત ને વિદ્વાન લેખકના સિદ્ધાંત પ્રમાણે ચાલનારા છે: ને તેથી કાંઇ નહિ કરે. પણ આશા છે કે મી. નાઇડુ તો મી. ગાંધીની પેઠે તે વાત નહિ જચવા દે. એવું જણાય છે કે એ બનાવ રજીસ્ટર થવાય તે પહેલાં બની ગયો; પણ કલી રજીસ્ટ્રેશન થયા પછી એમ બન્યું હોત તો તે બનાવ માટે સરકારે ભયંકર જોખમદારીનો સવાલ ઉભો કર્યો હોત. કોલોનીઅલ સેક્રેટરીએ બુલ્યું જણાવ્યું છે કે જુના કાયદા પ્રમાણે રજીસ્ટર થઇ શકે તેમ નથી જતાં ચોડા રજીસ્ટર થના રાઓને તેં મુજબનાં સરટીફીકેટ આપવાની ભુલ કરવામાં આવી એ ન સમજાય તેવું છે. તેથી વહેમી અને ઉશ્કેરાએલા લોકોપર નકામી ખરાબ અસર થાય. એવી કસુર કરનારાને કેવા શબ્દોમાં ઠપકો આપવો એ સમજાતું નથી. પ્રથમથીજ એશીઆટીક ખાતામાં ના લાયકી, કે તે કરતાં પણ વધારે ખરાબ ગુણની નીશાની જોવામાં આવી છે એ દિલગીરીની વાત છે. રજીસ્ટ્રેશનના કામમાં ધીરજ, ડહાપણ, અને ચતુરાઇની જરૂર છે તે જુદી જાતને સાંકડું દિલ રાખવામાં આવે છે અને સખતાઇ બતાવવામાં આવે છે. કોઇ મુશીબત ભરેલી સ્થિતિમાંથી કોલોનીને ઉગારવામાં એશી આટીક ઓફીસ સરકારને મદદ કરતી હોય તેમ જણાયું નથી. આ આખા મામલા સંબંધમાં ઠંડા મગજવાળા માણસનું કામ છે.

'સ્ટાર'

પાછળથી એમ માલુમ પડે છે કે એશીઆટીક ખાતાએ પોતાની ગેરવ્યવસ્થામાં કેટલીક ઝીણી ઝીણી ભુલો કરી હતી. તે વાત એ ખાતા માટે ડહાપણ ભરેલી ગણાશે નહિ. અરજીનું ફારમ એ તો તદ્દન માલ વગરની બાબત છે. છતાં તે ઉપર ફરજીઆતપણાના શબ્દો કાયમ હતા, કે જેને લીધે આટલી મોટી માથા કુટ થઇ હતી. તેને લીધે એ શબ્દો છેકી નાખ્યા પછી રજીસ્ટરેશન શરૂ થઇ શકયું. તે વાત તો નજીવી છે. પણ સરકારને આટલું થયું છે તેવા ખબર પડવી જોઇતી હતી કે તેને એક વહેમ વાળી અને નાજુક લાગણી વાળી કોમ સાથે કામ લેવાનું છે. મી. સ્મટસે જે સમાધાની કરી છે તેની શરતો નરમાશથી અમલમાં નથી આવતી એમ કહેવાને જરા પણ કારણ રહે તો તે દિલગીરીની વાત ગણાશે. આપણને જે કામ છે તે રજીસ્ટરેશન સાથે છે; તે કઇ રીતે કરવામાં આવે છે તેની ફિકર નથી. જો પ્રકટ એશીઆટીકની ઓળખાણ બરોબર લેવામાં આવે કે જેથી લુહી રીતે દાખલ થવાનું સાવ બંધ થાય તો પછી સરકાર ગમે તેવી રીતે કામ ચલવી લેશે તેમાં કોઇ ઝોરા ઝોર કે આંધણ કાઢશે નહિ. આ સંબંધમાં જે તોફાન જણાયું છે તે ઉપરથી કહી શકાશે કે તે રજીસ્ટ્રેશન ખાતાની બે દરકારી ભરી વરતણુકને લીધે છે. અને મી. સ્મટસ પ્રીટોરીઆ પહોંચેલ છે તથા એ ખાતા સંબંધમાં ખબર કાઢતા રહેશે એ સંતોષકારક વાત છે. અમને ખબર મળ્યા છે કે પ્રીટોરીઆમાં પણ રજીસ્ટ્રેશનનું કામ સરલતાથી અને ઝપાટાબેર ચાલ્યું છે. એટલે એશીઆટીકો સામાન્ય રીતે સમાધાનીની સામે છે એમ માનવા કોઇ કારણ નથી.

કાલના કુલ્લડી બનાવ ઉપરથી બે વાત તો વિચાર થાય છે. કેટલાક માને છે કે હીંદીઓ તે (પોતાની એકત્રતાને લીધે) એક પ્રજા રૂપે છે. આ માન્યતા હવે ઉભી રહી શકશે નહિ. હીંદના જુદા જુદા લોકો વચ્ચે બહુ જબરો તફાવત છે. તે તફાવતની સાથે સરખાવતાં રશિઅન અને અંગ્રેજ વચ્ચેનો અથવા ફ્રેંચ જેન અને ડચ વચ્ચેનો તફાવત કાંઇ લેખામાં નથી. હીંદીઓ એક બીજા સાથે સખ્ખી રહી શકે છે એ હિંદીઓની બહાની બુદ્ધિને આભારી છે.

વળી પંજાબી તોફાનીઓએ આમ ખુલ્લી રીતે પોતાનો અસંતોષ બતાવ્યો છે તે ઉપરથી ગોરાઓને ખાતરી થવી જોઇએ કે સરકાર એટલી સાવ લાચારી બેડી નથી. એક પક્ષ કહે છે કે સુલેહ સરકાર માટે મોટામાં મોટી હાર છે. ત્યારે બીજો પક્ષ કહે છે કે સુલેહમાં એશીઆટીક કોમને કાંઇ મળ્યું નથી. ત્યારે સામાન્ય લોક એમ કહેશે કે સુલેહમાં કાંઇપણ કહેવા જેવું નથી એમ અમે ધારીએ છીએ.

'રંડ રહી મેલ'

કાલે રજીસ્ટરેશન ઓફીસ ખુલતી વખતે મી. ગાંધી ઉપર બાયલાપણાથી હુમલો કરવામાં આવ્યો એ સમાચારથી આખા દક્ષીણ આફ્રીકાના એશીઆટીકોને અંતઃકરણ પુરવક શોક થયા વગર રહેશે નહિ. મી. ગાંધીના વિચારોથી ગોરાઓ ઘણે તેટલા વિરૂદ્ધ મતના હશે છતાં તેઓ મી. ગાંધીની સત્યતા અને તેમનું બ્યાજબી પણું કબુલ કરે છે. જ્યારે તેમણે સરકાર સાથે સમાધાની કરી ત્યારે એવી આશા રાખવામાં આવતી હતી કે આખી હિંદી કોમ તેને મળતી થશે. પણ હવે જણાય છે કે મુઠીપર બેલાતુર બનેલાઓ સમાધાનીથી અળગા રહેવા માગે છે, જો કે સામાન્ય રીતે એશીઆટીકો તે સુલેહને તોડવાને તૈયાર અને સંતોષકારક ગણે છે. આશા છે કે ગોડાક દંટાખોરો સિવાય બીજો કોઇ વિરોધભાવ નહિ બતાવે; અને બધાખરા એશીઆટીક શાંતીથી અને ઝપાટાબંધ સમાધાનીને પાર ઉતારવા પોતાને જે કરવાનું છે તે કરી નાખશે. પછી જેઓ હઠ કરે તેઓ ભલે એક કોરે પડયા; તેમને આખરે કાયદાની સજાઓ થશે ત્યારે ઠીક થશે.

ખબરપત્ર

C.W.M. **જોહાન્સબર્ગ**
-89

(અમારા ખાસ પ્રતિનીધિ તરફથી.)

બ્રીટીશ ઇંડિઅન એસોસીએશન

ટ્રાંસવાલની બ્રીટીશ ઇંડીઅન એસોસીએશને જંગી ઉધરાણું શરૂ કરવું છે. દક્ષ કીલીંગથી ઓછા કોઇની પાસેથી નહિ લેવા અને તેથી વધારે અને તેટલા બાકીએ આપવા એમ ઠરાવ થયો છે. તે ઉધરાણાનો મુખ્ય હેતુ એ છે કે કોંગ્રેસ જંગી હોલ જોહાન્સબરગમાં બાંધવો. હોંદીને આજે એવું મકાન બીલકુલ કોઇ જગાએ દક્ષિણ આફ્રીકામાં નથી. એ બહુ મોટની વાત છે. જોહાન્સબરગમાં તેવો હોલ બંધાય તો બહુ ઠીક ગણાય એમાં શક નથી. દરેક પ્રખ્યાત હોમને તેવો હોલ હોય છે. આપણને નથી તે શરમાવા જેવું છે. ખરું જોતાં તેવા હોલ કેપટાઉન, ડરબન, મારિત્સબરગ વિગેરે બધી જગોએ હોવા જોઇએ. એ નથી તે આપણી દુબળાઇ બતાવે છે. એટલે જોહાન્સબરગમાં બાંધવો એમ વિચાર ટ્રાંસવાલના બોર્ડોએ કર્યો છે.

વળી લોર્ડ એમ્પટહીલ તથા સર મંચે રજી ભાવનગરીને તેમના અમુલ્ય કામને સારૂં સુંદર માનપત્ર મોકલવાનો પણ પ્રસંગ લોકોએ કર્યો છે. અને મી. પોલાક તથા મીસ સ્લેસીન કે જેણે રાત દહાડો માથા તુટ મહેનત કરી છે તેમની અને તેમની પેઠે મહેનત કરનાર બીજા કેટલાક ગોરા ગોની બુજ જાણવાનો વિચાર રાખ્યો છે તે બધાનું ખરચ પણ આ ઉધરાણા માંથી કહાડવાનું છે.

દક્ષ કીલીંગની ટીકીટોમાં મી. ડસપ મીંશાની, છાપેલી પણ પોતાનીજ સહી છે. બાજી બાજુએ પૈસા લેનારની સહીનો મારગ છે. આવી પહોંચની ચોપડીઓ ઘણે ઠેકાણે મોકલવામાં આવી છે. બધા એ પૈસા ઉધરાવી તુરત એસોસીએશનના સેક્રેટરીને મોકલાવાના છે. પહોંચના બીજા કડકામાં પૈસા દેનારનું બરોબર નામ લખવું અને કોઇએ પહોંચ લીધા વિના પૈસા નહિ આપવા. ઉધરાણું તુરત કરી મોકલી આપવાની જરૂર છે. દરેક માણસે લડાઇની બાદદાસ્તિમાં પહોંચ સાચવી રાખવી એવી મારી સલાહ છે. વળી બીજે કોઇ માગવા આવે તો પણ તે બતાવી શકાય. જો બધા માણસો ઉધરાણું કરે તો મરજીયાત રજીસ્ટર પૂરું થતાં પહેલાં ઉધરાણું પતી જાય.

કેરગરસડોરપથી એક ખબરપત્રી અમારું ધ્યાન ખેંચે છે કે ત્યાં લાલા ખુશાલ અને પ્રેમા લાલાને નોટીસ મળી એવું બનાવું હતું તે બે નામને બદલે ખુશીઆ લાલા. અને પ્રેમા ખુશાલના નામો જોઇએ

જનરલ સ્મટસનું ભાષણ

૬૦૦ જેટલા એશિઆઓની એક મીટીંગ આગળ બોલ્યા દરમ્યાન એશીઆટીક સવાલ સંબંધમાં જનરલ સ્મટસ નીચે પ્રમાણે બોલ્યા હતા:—

૧૮૮૫ ની સાલ જેટલા વખત ઉપર એશીઆટીકોને રજીસ્ટર કરવા કાયદો ઘડાયો હતો અને તે મારે અમુક રીતે રાખવામાં આવી હતી. પહેલાં પા. ૨૫ની ફી રાખી હતી પણ પાછળથી તે ઘટાડીને પા. ૩ ની કરવામાં આવી હતી. તેનો હેતુ હીંદીઓને કાયદેસર ઠરાવવાનો અને નવા આવનારને બહાર રાખવાનો હતો. પણ તે હેતુ સરી શકયો નહીં. ને એશીઆટીકોનો ધસારો ચાલુજ રહયો; ને લડાઇ થઇ ત્યારે તેમની સંખ્યા ૧૨,૦૦૦ જેટલી થઇ. લડાઇ દરમ્યાન કેટલાક હીંદી ચાલ્યા ગયા, અને હીંદી વસ્તિમાં ઘટાડો થયો. તે વખતે બ્રિટીશ સરકારની સાથે કેટલાક આવ્યા; અને તે પાછો આજે કેટલીક ગડબડ મચાવી રહયા છે. તેમાંના કેટલાક બ્રિટીશ સરકારની પછવાડે ઘુસી આવેલા. તેઓ લડવયા નહોતા. લડાઇ પછી આ બાબતમાં કેટલીક તકરાર થયેલી. હીંદીઓનો ધસારો વધતો જાય છે એ વાત ખી. ગાંધીએ કબુલ નજ કરી. અને પરિણામે હજારો બોકો કોલોનીમાં ભરાતા ગયા. અને

તેથી રજીસ્ટ્રેશન કાયદો ઘડાયો.

તેના હેતુ બે હતા. જેઓ હકદાર હોય તેનો હક કરી આપવામાં આવે, કે જેથી તેઓ પોતાનો ધંધો વગર મુશીબતે ચલાવી શકે; તથા બીજો એ કે બીજા નવા એશીઆટીકો દાખલ ન થઇ શકે. કાઉન કોલોનીની સરકારે ઘડેલા કાયદાને ચડી સરકારે મંજુરી ન આપવાથી તે અટકી પડયો. તેથી સ્વશાસ્ત્ર મુજબ ચુંટણી પાર્લામેંટે પહેલોજ તે કાયદો ઘડયો. તેનો હેતુ બોકોને દરવાસવાલ બહાર કાઢવાનો નહોતો; તેમ બોકોને જેલમાં નાખવાનો પણ નહોતો. તેનો હેતુ એશીઆટીકોને રજીસ્ટર કરવાનો હતો કે જેથી હકદારનો હક ગેરફસ થાય; ને બીજાઓ આવતા અટકે.....તે કાયદા મુજબ રજીસ્ટર થવાની નોટીસો ઘણાય પણ કોઇ રજીસ્ટર થયું નહીં. તે કાયદો બહુ જોખમવાળો હતો. કારણ કે નોટીસની મુદતમાં એશીઆટીકો રજીસ્ટર ન થાય તો પછી રજીસ્ટર કરવાનું અશકયિત થાય, અને

કાયદો રદ

જાય. .....વખતો વખત મુદત લંબાવવા છતાં કોઇ રજીસ્ટર થયું નહીં. તેમાં સરકારનો કે કોઇનો વાંક નહોતો. કારણ કે કાયદાના અમલમાં હીંદીઓની સહાયતાની જરૂર હતી. હીંદીઓએ તેવી મદદ આપી નહીં. પણ એક કોરે જઇ ઉભા. મારો ઘરાદો કાયદાનો હેતુ પાર પાડવાનો હતો; ને તેથી હીંદીઓને કહ્યું કે કાયદો બહાલ થઇ ગયો છે: પણ તમે મરજીઆત રજીસ્ટર થાઓ શકો છો ને તેમ કરો તો પાર્લામેંટ આગળ તે મુકવામાં આવે. પરિણામ એ આવ્યું કે તેમણે આપીને તેમ કરવા

ઓફર

કરી. તેમણે એક કાગળ લખ્યો અને બધાયે અમુક શરતે છએ માસમાં રજીસ્ટર થવા કહયું. તેમની પહેલી શરત મરજી આત રજીસ્ટર થવાની હતી. ને બહાજ બધુ એક મરજીઆત રજીસ્ટરનોજ હતો. મેં તે કબુલ રાખ્યું. કારણ કે તેમાં સરકારને કાંઇ શરમાવા જેવું નહોતું. બીજી શરત આંગળાં બાબતમાં હતી; તે એ કે જાણીતા કેળવાએલા તથા ગ્રેજયુએટવાળાનાં આંગળાંની માગણી કરવી નહીં.....હું દરેક માણસનાં આંગળાં લેવા માગતો નહોતો. કારણ કે તેઓમાં કેટલાકની બાબતમાં તે બીન જરૂરી હતું. મારે હીંદી આગેવાનોને ખુશાફ આપવાની ખાતર કહેવું જોઇએ કે તેઓમાંના મી. ગાંધીથી લઇને બધા સહી કરવાને બદલે આંગળાં આપશે. જણાવવું જોઇએ કે નહીં તો તેમણે હીંદી બોકોને મુકી દીધા એવો આક્ષેપ તેમનાપર મુકે. અને મને લાગે છે કે જ્યારે રજીસ્ટ્રેશન પુરાં થાય ત્યારે તમે જોશો કે થોડાકજ બોકો આંગળાં વગર રજીસ્ટર થયા હશે. હવે હું પુછું છું કે કોણે હાર ખાધી? ("બોનેએ" એવો અવાજ) વારૂ સાંભળો. તે કાંઇ મોટી વાત નથી. મેં તમારી આગળ જે વલણ લીધું છે, અને મારી જીંદગીમાં હમેશાં જે વલણ બતાવ્યું છે તે એ કે જે માણસ

નમી જાય

શકે નહીં તે માણસ બહુ હલકો અને ધિક્કારવા લાયક છે. (તાલીઓ.) જો કોઇ હેતુ પાર પાડવાનો હોય તો તે ગમે તે રીતે પાર પડે તેથી સંતોષ માનવો જોઇએ. જો કોઇ માણસ ખુશ કરે તો જેમ વહેલી હાર કબુલ કરી તેવા તેમ વધારે આનંદ. મોકો મને કહે છે કે મારે હારી જવાની બહુ ટેવ છે: પણ હેતુ પાર પાડી લેવાની પણ મારે ટેવ છે. તમને યાદ હશે કે પહેલેથીજ મેં ઓળખાણ માટે દસ આંગળાંની માગણી કરી હતી. હીંદીઓએ તે કબુલ કરવાની ચોખ્ખી ના પાડી હતી. પણ હવે તેઓ તે કબુલ કરે છે, ને તે માટે તેમને

માન ઘટે છે.

તેઓએ વધુ કદાપણ બતાવ્યું છે અને તેઓ જોઇ શકયા છે કે તેમાં કાંઇ ગુનેગાર ઠરાવું નથી. તેમ તે નામોશી ભરેલું પણ નથી. તેઓ સ્વીકારે છે કે અહીં ચીનાઓની બાબતમાં, નાતાલમાં હીંદીની બાબતમાં. તથા હીંદુસ્તાનમાં બીજા દાખલાઓમાં તેમ બને છે. હવે તેઓએ કદાપણ બહાદુરી કરવું છે ને દસ આંગળાં આપવાનું કહે છે. સરકાર હારી ગઇ છે એમ કહેવામાં આવે છે તેથી હું આ કહું છું. હીંદીઓની બીજી માગણી કાયદાને રદ કરવાની હતી. મેં જણાવ્યું કે જ્યાંસુધી કોલોનીમાં એક પણ એશીઆટીક રજીસ્ટર થયા વગરનો રહે ત્યાં સુધી તેમ નહીં બને. અને તેથી સમજુ માણસની પેરે હીંદી આગેવાનોએ એ વાત પણ પડતી મુકી. ને જ્યાંસુધી કોલોનીમાંનો દરેક હીંદી રજીસ્ટર નહીં થયો હોય ત્યાં સુધી કાયદો રદ નહીં થાય. બોઅર સરકાર કદી પણ જે કામ કરી શકી નહોતી તે કામ હવે

જરાક સમજણ વાપરવાથી

અને આપે પક્ષે થોડું નમી દેવાથી પાર ઉતરશે. આ સમાધાની આપે પક્ષમાટે માનભરેલી છે એમ હું ગણું છું. દરમ્યાન સવાલ પાર્લામેંટની પણ બેઠક વખતે બે કાયદા ઘડવા છે. તેમાંનો એક રજીસ્ટર બાબતનો; ને બીજો નવા આવનારને અટકાવવા બાબતનો છે. ટ્રાંસવાલનો વતની ન હોય એવો કોઇ એશીઆટીક હવે આવી શકશે નહીં. ઇમીગ્રેશન સંબંધમાં કાયદાની કોલોની કરતાં વધુ સખત કાયદો આપણે પડયો છે. ચડી સરકારે તેની આગે વાંધો ન ઉઠાવ્યો તે માટે મને અત્યંત માન હતું. તે માટે

અહિંદીશ સરકારને

ધન્યવાદ ઘટે છે. તેમણે આ દુઃખદાયક બાબતમાં અહીંની સરકારને કદી પણ કનેડી નથી. તેઓ જાણતા હતા કે આપણે એ સવાલનો ઠરાવ્યું. પૂર્વક નીવેડો લાવીએ છીએ. .....જો સુરફરે બીજી રીતે કામ લીધું હત તો તે

નજીકની ગણતરી. હવે ત્રણ માસ પછી જ્યારે પાર્લામેંટ મળશે ત્યારે કોલોની માંના બધા એશીઆટીક રજીસ્ટર થઇ ગયા હશે. તે વાત અમે પાર્લમેંટ આગળ મુકીને કહેશું કે " અમે રજીસ્ટર કરાવ્યાં છે : હવે તમારે જોઇએ તો તે પાકાં કરવાનાં પગલાં લ્યો." આ કરવામાં અમે સારૂં કરયું છે, માણસની ચામડી ગમે તેવી હોય પણ સરકારે તો ધનસારી થવું જોઇએ. જુના

હકદાર લોકોના

હકને સરકારે માન આપવું જોઇએ. પંણ લોકોનાં લાગે તેઓ નુકસાન કારક છે તો તેનો ઉપાય તેમના હાથમાં છે. તેઓ પોતાની મરજી પડે તેની પાસેથી ખરીદી શકે છે ને મરજી મુજબ વાપરી શકે છે. તે બાબતમાં હું તમારી વચ્ચે પડવા માગતો નથી. હીંદીઓને બોયકોટ કરવાને હું ઉશ્કેરતો પણ નથી. હું તમને કોઇપણ જાતની શીખામણ આપતો નથી. સારૂં શું છે તે તમો જાણો છો. સરકાર તરીકે અમારી ફરજ છે કે કાળા કે ગોરા બંને કોમ તરફ અમારે તો એક સરખાપણે વરતવું જોઇએ. કોમના અમુક વિભાગને ટ્રાંસવાલ સરકારે હક હકનો અન્યાય આપ્યો હોત, અથવા તો તેના હક છીનવી લીધા હોત તો તે મોટી ગલતફત ગણાત. અને હું કહેવાને ખુશી થાઉં છું કે અમે તેવી ગલતફત કરી નથી. (તાળીઓ)

સાઉથ આફ્રિકન છાપાની ટીકા

'રાંડ ડેલી મેલ'

જનરલ સ્મટસના ભાષણ ઉપર ટીકા કરતાં લખે છે કે:—જનરલ સ્મટસે કહેવાનું મુકી દીધું છે કે જે શરતો હીંદી આગેવાનોએ જેલમાંથી કબુલ કરી તે શરતો તેમણે આઠ માસ ઉપર માગ્યા મુજબ મળી છે. આ વાતની ખબર નહોતી એમ જનરલ સ્મટસ કહે તો તેને મોટી સલાહ મળી છે એમ કહેવાશે. કારણ કે અગાઉ બે માસમાં હીંદી કમીટી એ એ વાત કરવાની હતી. માટે સરકાર હારી નથી એવી એમ કહી શકાય તેમ નથી. આવું હલકાઇ ભરેલું કામ શા માટે કરયું તેનાં જે કારણો કોલોની અલ સેક્રેટરીએ આપ્યાં છે તે સમજાય નહિ તેવાં છે.

' સરકાર પોતાનો હેતુ પાર પાડવામાં નિષ્ફળ ગઇ તેવા માટે ઠપકો નથી આપતા. તેણે એક સામટું અગંભો પમાડે તેવી રીતે વલણ ફેરવી નાખ્યું તેટલાજ માટે પણ નહિ. તેને ઠપકો આપીએ છીએ તે એટલા માટે કે જે કાયદાનો અમલ કરવાનું તેને સોંપવામાં આવ્યું તેની કલમો અમલમાં મુકાય તેવી નથી એ વાતની તેને દસ માસની મુદત સુધી ખબર પડી શકી નહિ. સલાહ જાહેર થઇ તેની થોડાજ દીવસ અગાઉ સુધી ગમે તેમ થાય તોપણ કાયદો અમલમાં મુકવાનો દૃઢ નિશ્ચય સરકાર બતાવતી હતી. અને એશીઆટીકોને ડરાવતી હતી. સરકારે તેનાં કામ અને બોલવડે એવું વલણ બતાવ્યું હતું કે પાછળથી તેનાથી તે બદલાવી શકાયજ નહિ ; અને જો બદલાવવામાં આવે તો સરકારની આબરૂને મોટી હાની પહોંચે. તેથી સરકારે પાછળથી વલણ બદલાવવું એ મોટી જોખમકારક બાબત હતી. તેણે આખર સુધી દૃઢ બતાવ્યો હતો; તેથી સુલેહમાં સરકારની આબરૂ જરા પણ રહેતી નથી ; પણ ઉલટાની તેને તારાજી લાગે છે.

આવો સત્યાગ્રહ તે માત્ર સરકારની સામેજ નહિ પણ કોમની સામે પણ વાપરી શકાય ને વાપરવો જોઇએ. સરકાર અવળી ચાલે તેમ કોમ પણ વાંકે રસ્તે જાય એવું ઘણી વેળા બને છે. તેવે વખતે સત્યાગ્રહ કોમની સામે વાપરવો એ ફરજ છે. મરહુમ બેરો જેના પુસ્તકની મતલબ અમે છાપી ગયા છીયે તે પોતાની કોમની પણ સામે થએલ. તેણે વિચાર્યું કે કોમ ગુલામોને વેચવાનો ધંધો કરવામાં આડે રસ્તે ચાલે છે. તેથી તે પોતાની કોમની સામે થયો. મહાન્ ક્રુગર તે એકલો પોતાની કોમની સામે થયો હતો. જેને પંગિણામે આજે જરમની છુટ ભોગવે છે. ગેલીલીઓ તે પોતાની કોમની સામે થયો. તેને મારવાને તેની કોમ ખડી થઇ ગએલી. છતાં તેણે પગ ફોડીને કહ્યું "મને મારો પણ ના મારો પણ પૃથ્વી તો ફરે છેજ." આજે સહુ આપણે જાણીએ છીએ કે પૃથ્વી તે ગોળ છે અને ચોવીસ કલાકમાં પોતાની ધરી ઉપર એક ચક્કર મારે છે. ટોલ્સ્ટોય પણ તે પોતાના બલારીઓની સામે સત્યાગ્રહી થયો. બલારીઓ બહુ થાકયા ત્યારે તેમણે કહ્યું 'હવે અમેરીકા જડવા નું નથી, પાછા ફરો, નહિ તો મારી નાંખશું.' વીરજવાન ટોલ્સ્ટોયે જવાબ આપ્યો કે "મારની ધાસ્તિ નથી; પણ આપણે હજુ થોડા દહાડા આગળ જવું ઘટે છે." છેવટે અમેરીકા હાથ આવ્યું ને ટોલ્સ્ટોય અમર થઈ ગયો.

એવી અજબ દવા તે સત્યાગ્રહની છે. આપણે ધાસ્તિ બાબતે 'સરકાર કાયદો રદ નહિ કરે તો' એમ બોલીએ છીએ તે સત્યાગ્રહની ખામી બતાવે છે. કેમ જાણે હવે આપણા હાથમાંથી સત્યાગ્રહનુ હથિયાર જતું ન રહ્યું હોય એવી બાયલા પણાની વાત આપણે કરીએ છીએ. પણ આપણો સત્યાગ્રહ આપણને જણાવે છે કે આપણે હવે છુટા—આઝાદ થયા છીયે. એટલે આપણને ઠાંઈ ધાસ્તિ રાખવાપણું નથી.

'આ બધી તો વાતો કરવાની છે. પાછી લડત લઇ રહ્યા. એક વખત લડી ને વરાઇ રહ્યા છીએ.' આમ બોલનારા કેટલાક માણસો છે. આમ બોલનારા કોઇ દહાડો સત્યાગ્રહી ન હતા. જો હવે આપણે એવી લડત લડી રહ્યા એ વાત ખરી હોય તો લડ્યા તે ન લડ્યા બરોબર છે.

અમારૂં આ ઉપરનું વચન હવે અમે સાબિત કરશું. એવો રિવાજ જોવામાં આવે છે કે જે બલાજથી અમુક વસ્તુ મળી હોય તેજ બલાજથી તે ટકાવી રખાય છે. જોરથી લીધેલી વસ્તુ જોરથી ટકાવી રખાય છે. વાઘ અમુક પ્રાણીને જોરથી પકડે છે, ને જોરથી રાખે છે. જેઓ જોરથી કેદ થાય છે તે જોરથીજ રહે છે. જોરથી જીતેલા મુલકને બાદશાહો જોરથી રાખે છે. તેજ પ્રમાણે પ્યારથી મેળવેલી વસ્તુ પ્યારથીજ રખાય છે. આ અતિ પ્યારણા બચ્ચું પોતાના હદરમાં રાખે છે ને અતિ પ્યારથીજ તેને ઉછેરે છે ને મોટું કરે છે. તેને મારવિજોર બાબતમાં મારવામાં આવે છે તેમાં જોર વપરાયું નથી માનવાનું. જ્યારે બચ્ચું કોઇ કારણ સર મા બચ્ચાંની ઉપરનો પ્રેમ તજે છે ત્યારે બચ્ચું તેને દાબથી જાય છે એવા દાખલા પણ જોવામાં આવે છે. તેજ પ્રમાણે જ [illegible]

સત્યાગ્રહીજ દયા રહેવાની છે. અને જ્યારે સત્યાગ્રહ ગયો ત્યારે તે વસ્તુ પણ ગઇ એમ ચોકસ માનવાનું છે. સત્યાગ્રહ થી મેળવેલી વસ્તુ કાંઇ માથુસ શરીર બળથી રાખવા માગે તે બનવા જોગ નથી. ધારો કે સત્યાગ્રહથી હીંદીઓએ જે છૂટ મેળવી છે તેનું કૃળ હવે શરીર બળથી રાખવા માગે. એક બાળકને પણ સમજાય તેવું છે કે શરીર બળ કરવા માગે તો દીદિ એક મીનીટમાં કચરાઈ જાય. તેજ પ્રમાણે જો સત્યાગ્રહ છોડીને બેશી રહેવાય તો મળેલું પણ પાછું ગમાવવું પડે.

આ દાખલાઓ ઉપરથી સમજાવું જોઇએ કે સત્યાગ્રહ એ મનની સ્થિતિ છે. તે જેના મનની સ્થિતિ સત્યાગ્રહી થઇ છે તે સદાય, બધી જગોએ, અને બધી સ્થિતિમાં છતેલોજ છે. પછી તેની સામે રાજા થાય કે પ્રજા, અજાણ્યા માણસ થાય કે ઓળખીતા, પરાયા થાય કે સગા.

આવું ચમત્કારી સત્યાગ્રહ આપણે નથી સમજતા તેમજ હીંદુસ્તાનમાં ગરીબડા ને નમાલા થઇ રહીએ છીએ. અને તે કંઇ સરકારનાજ સંબંધમાં નહિ પણ બાનગી સંબંધમાં પણ. દેશની કેટલીક દેખાતી ખરાબ રૂઢીઓને આપણે જાણ્યા રાખીએ છીએ તેનું મુખ્ય કારણ સત્યાગ્રહની ખામી છે. આપણે બાયલીએ છીએ કે અમુક વસ્તુ ખરાબ છે પણ બીકણો બાળસત્યા કે ખોટી શરમથી આપણે છોડતા નથી.

આ જબાલુ બંધ કરતાં અમે એક છેલ્લો ને તાજો દાખલો આપીશું. પ્રીટોરીઆ ટાઉન હોલમાં ત્યારે ગોરાઓએ હીંદીની સામે મીટીંગ કરી ત્યારે આપણા પક્ષમાં બોલનાર માત્ર ચાર ગોરા હતા. એટલે હજાર માણસની સામે ચાર હતા. છતાં તે ચાર જણે મરદાઈથી પોતાનો મત લોકોની માંહે આપ્યો છતાં જાહેર કર્યો. તે પરિણામ એ આવ્યું કે તેઓના સત્યાગ્રહથી તે આખી મીટીંગનું વજન હલું ગયું અને તે મીટીંગને જનાવર ખાનાનું રૂપ મળ્યું.

અમે દરેક હીંદીને આ વિચારો બરોબર સમજવા ભલામણ કરીએ છીએ. જેઓ સમજી શકશે તે છતનું સ્વરૂપ જાણી શકશે અને હવે જે કામ હીંદી પ્રજાને કરવાનાં છે તે કરી શકશે.

તા. ૬ માર્ચે ટ્રાંસવાલથી ડેપ્યુટેશન કે જે નામદાર મુસલમાનો તરફે લડવા ઇંગ્લંડ જવાનું છે તે પ્રજાનાં ખર્ચે જવાનું છે. [illegible]

એસ્ટકોર્ટમાં હીંદુ સ્મશાન

એસ્ટકોર્ટમાં એક હીંદુ જુલાણી જાઇ ગુજરી જતાં તેની દફન ક્રિયા સંબંધમાં અડચણ આવી હતી. તે બાઇની લાસને છેવટે દફન કરવી પડી હતી એમ જાણવામાં છે. એસ્ટકોર્ટની મોટર અગવડ તો નાતાલની સરકારે કંઇ દાદ નહીં આપી. અમને લાગે છે કે આ બાબત પહેલેથી પાકા બંદોબસ્ત જોઇએ. આવી જાતની સગવડો દરેક કામે પ્રથમથી કરી રાખવાની જરૂર છે. એસ્ટકોર્ટના હીંદુઓ, અથવા તો હીંદુ સ્મશાન કમીટી એ બાબત સરકારને લખી તજવીજ કરી શકે છે. હવે વળી મરણ થાય ત્યારે તજવીજ કરશું એવો ખ્યાલ નહીં રાખતાં મુગાઓથી તે બાબત અગાઉથી દરેક બાબતે સારૂ નિકાલ થઇ જવાનો સંભવ છે.

મી. ગાંધીનો કાગળ

કેટલોક ખુલાસો

સહુ સમજે છે કે આ બંધની અંદર ઘણી જગાએ મારૂં લખાણ હોય છે. તોપણ સાધારણ રીતે વાંચનાર હમેશાં કહી નહિ શકે કે કઇ જગાએ મેં લખેલું છે, અને કઇ જગાએ બીજા લખનારા ઓએ લખેલું છે. તેથી આ લખાણ મારી સહી સાથે હું આપું છું કે જેથી તેમાંના વિચાર તે ખાસ મારા પોતાના છે એમ સમજી શકાય.

સરકારની સાથે થયેલી સમાધાની વિષે હવે ઘણે ભાગે ચરચા બંધ થઇ છે. માણસો વધારે સમજતા લાગ્યા છે તે તેટલે દરજ્જે શાંત થયા હોવામાં આવે છે. તોપણ હજુ વાતચીત થયા કરે છે. મારી ઉપર નાતાલથી સખત ઠપકાના કાગળો આવ્યા છે. કેટલાકમાં મને ગાળ સુદ્ધાં પણ કાઢવામાં આવી છે. એ બતાવે છે કે આપણી સ્થિતી હજુ ઘણી ભયાનક છે. ગાળની અસર મારા મન ઉપર કેમજ નથી. પણ તે બતાવે છે કે કેટલે દરજ્જે સામણી ઉશ્કેરાએલી છે.

હું એટલું પણ જોઇ શકયો છું કે સમાધાનીની સામે જે તકરાર આવે છે એ કેટલાકને તો માત્ર બહાનુંજ છે, પણ અંતરમાં વિચાર હીંદુ નથા [illegible]

દેશસેવા કરવામાં હીંદુ અને મુસલમાન એકજ અને એકજ છે. તોપણ હું જોઇ શકયો છું કે હીંદુઓએ અને દોષ દીધો નથી, અને સમાધાની બરોબર થઇ છે એમ વિશ્વાસ રાખે છે. જેટલા ઠપકાના કાગળો આવેલ છે તે માત્ર મુસલમાન તરફથી આવ્યા છે. આનું કારણ વિચારવાની જરૂર છે. આ વીસ વરસમાં પણ હું અચકાઉં છું. છતાં જે હકીકત ધ્યાનમાં રહેલી છે, અને જેને વિષે વાતચીત ચાલ્યા કરે છે તે ઢાંકવા એ નીતિકુશલ દીકરા નથી. એટલુંજ નહિ પણ છેવટે એવી રીતે ઢાંકવું તે નુકશાન કરતા થઇ પડે.

જ્યારે પેસીવ રીઝીસ્ટન્સ બરોબર જામેલું ત્યારે મી. અલી હું હીંદુ હોઇ મારી ઉપર સંપૂર્ણ વિશ્વાસ રાખી ન શકયા. તેથી તેમણે મી. અમીર અલીની ઉપર તાર કર્યો. આ વખતે કેટલાક મુસલમાનોએ મી. ઝીણા ની ઉપર તાર કરવાનો વિચાર કરેલો. અને છેવટે પકાણોએ તો તાર કર્યો. મી. અલીએ જે કરેલું તે માટે તેમનો દોષ નથી કાઢતો. હાલ પકાણોએ જે કરવું તે માટે તેમનો દોષ પણ હું નથી કાઢતો. મી. અમીર અલીને હું ઓળખું છું. તેમની મદદ કોમને સારૂં મેં માગેલી છે, અને તે મળી છે. મી. ઝીણાને પણ ઓળખું છું. બંનેની તરફ માનની નજરે જોઉં છું. એટલે હું આ વાત ઉશ્કેરણે નથી લખતો, પણ આપણા મનની સ્થીતિ શી છે તેની નીશાનીરૂપે લખું છું.

તે એ છે કે મેં બંને કોમને એકરૂપ કરવાને સારૂં મહા મહેનત કરી છે. તે છતાં કોઈ કોઇ ઠેકાણે કમ બરોબરીનો જોઉં છું. આ નિશાની તે આપણી નબળાઇની છે. એ બતાવી દુઃખી થવાથી વગર સમાધાની વિષે થતી ચરચામાં હું જોઉં છું કે કેટલાક મુસલમાન ભાઇઓ કહી રહ્યા છે કે "ગાંધીએ મુસલમાનોનો બાણ કાઢયો, અને પંદર વરસ થયાં તેમ કરતો આવ્યો છે." આમાં વચન કોઇપણ હીંદીના મુખમાંથી નીકળે એ બહુ ખેદની વાત છે. બોલનાર પોતે સમજતા હોવા જોઇએ કે આવા સ્વપ્નામાં પણ કોઇનું બુરૂં કરવાનો વિચાર મને કદી રહ્યો નથી.

આખી લડાઇ તો સારી હાલતાણા હીંદી તો મરતબો જાણવાની હતી. મુસલમાનો પણ સારી સ્થિતિમાં હતા. ગુજરાતમાં વેપારીનો [illegible]

તો આપણે કંઈ જીતત નહિ. ઘણા મુસલમાનો મહેનત નહિ કરત તો પણ જીત નહિ મળત. ત્યારે મારાથી મુસલમાનો તો ચાલુ નીકળ્યો એ વાત કેમ કહી શકાય?

હું સમજું છું કે આવાં વચન કાઢનાર બહુ થોડા માણસો છે. ઘણે ભાગે મુસલમાનો સમજે છે અને જાણે છે કે દક્ષિણ આફ્રિકામાં હોંદુ મુસલમાન એકજ છે, અને એક થઇને રહેવા જોઇએ. મારા થી જો નુકસાન થયું હોય તો તે માત્ર મુસલમાનોનેજ નહિ પણ આખી હીંદી કોમને હોવું જોઇએ. આમ થએલું જોવામાં આવતું નથી. છતાં ચરચા થઇ રહી છે. તેથી હું મારા મુસલમાન ભાઇઓને ચેતવણી આપું છું કે આવું બોલીને જે તકરાર કરાવવા માગે છે તેને કોમના દુશ્મન સમજજો, અને તેનું કહેવું નહીં સાંભળજો.

જેઓ તકરાર કરવામાં ઠીક માને છે તેઓને હું કહું છું કે તમે હાથે કરીને ખુવાર થાઓ છો, અને આખી હીંદી કોમને ખુવાર કરવા માગો છો. તેમ કરતાં અટકો. સ્વાર્થની નજર છોડીને સારું કરવા તરફ મન રાખો.

હોંદુ ભાઇઓને કહું છું કે કેટલાક કોમના વેરી એવા મુસલમાન ગમે તેવું બોલે તો પણ તેનો ખ્યાલ નહિ કરતાં આપણે બધાએ એકજ થઇ રહેવું છે, એમ વિચારી ભુલ કરનારની ભુલ દરગુજર કરજો. સામે જવાબ ન દેજો. દોષ વાંક પીના કજીઆ થતા નથી, એ વાત યાદ રાખીને તમે અરસપરસ વાંકમાં પણ ન આવજો.

દક્ષિણ આફ્રિકામાં મારું કરતવ્ય તો એકજ છે. અને તે એ કે હીંદુ અને મુસલમાનને એકતા રાખી એકજ જણી કોમની સેવા કરવી. આને લગતા કેટલાક સવાલો ઉઠેલા છે. તેનો વિચાર આવતે અઠવાડીએ કરીશું. કરમીઆત ઉપરની લકીકત ધીરજથી અને ફરી ફરી વાંચવા સહુ હીંદીને મારી ભલામણ છે.

મોહનદાસ કરમચંદ ગાંધી.

ઇંગ્લાન્ડમાંના 'ન્યુઝસ ક્રોનીકલ' માં તેના લંડનના ખબરપત્રી લખે છે કે ટ્રાંસવાલના હીંદીભાઇ ઇંગ્લાંડમાં જંગી લડત ચલાવી રહેલ જોઇએ (મી. રીચ) એ એક બનાવ છે. ટ્રાંસવાલના હીંદીઓની જીત થાય તો તે મારે માટે મોટું માન મી. રીચને મળ્યું, કે જે વાત બનાવ મોકાને લિધે ખાસ કરી થયા જેવી છે

મારો અપરાધ.

શરૂઆત C.I.O. - 93

(મી. ગાંધી તરફથી)

મારી ઉપર માર પડ્યો તેથી મને પોતાને તો જરાએ અસ્વસ્થતા થઇ નથી. નવમી તારીખના મેં કહેલું કે નવો કાયદો નીકળવાના વચનથી કાયદાની બહાર દસ આંગળાં આપવામાં હું તદ્દન મત નથી સમજતો; એટલુંજ નહીં પણ માન સમજું છું. મસજીદની સામે થએલી મીટીંગમાં જ્યારે જોરાવરીથી હીંદીઓને મરજીવાત આંગળાં આપવામાં અટકાયેત થએલી ત્યારે મને લાગ્યું કે જો મારામાં ખરો સત્યાગ્રહ હોય તો તે વખતે મેં સોગન ખાઇને કહ્યું કે જો સોમવારને દહાડે હું જીવતો રહીશ તો બનીત આંગળાં આપીશ. આમ મેં કરવું તેથી હલકું પણ મને કંઈ દીલગીરી થતી નથી, પણ મારા ઇશ્વરની તરફ, અને મારી કોમની તરફ મેં ફરજ બજાવી સમજું છું. સોમવારે સવારે મેં પોણાદસ વાગે મી. ઇસપ મીઆં, મી. નાઇડુ અને બીજા હીંદીઓની સાથે રજીસ્ટર ઓફીસ તરફ કુચ શરૂ કરી ત્યારેજ હું સમજ્યો કે કંઇક હુમલો થશે. મારનારામાંના એને ઓફીસની બહાર જોએલા. તેઓ સાથે પણ ચાલ્યા. હું વધારે સમજ્યો. પણ મેં વિચારયું કે મારા આગળના કહેવા મુજબ મારા ભાઇઓના હાથનો માર ખાવો તેમાં જરાએ દુઃખ માનવાનું નથી.

આગળ ચાલતાં તેમાંના એક માણસે પુછ્યું: "સણ કીયર બ્યતે હોઇ?" મી. ઇસપ મીઆં જવાબ દેતા હતા. હું વચમાં પડ્યો, અને બોલી ઉઠ્યો: "ગે દસ અંગુલી દેનેકુ બ્યતા હું. દુસરેભી ઓહી કરેંગે તુમારે અંગુઠા દેના હોગા તો તુમ દેને સકતેહેં." આ પછી શું બન્યું તેનો ખ્યાલ એટલોજ છે કે મારી ઉપર સખત માર પડ્યો.

મારની વિગત

મારા ડાબા પાંસળામાં સખ્ત માર પડ્યો છે. શ્વાસ લેવાતો નથી. ઉપલો હોઠ અરધો ચીરાયો છે. તે ઘાગાથી સીવ્યો છે. આખા કાબી ઉપર કાળો ડાઘ પડી રહ્યો છે અને કપાળ ઉપર જખમ છે. હિંસાયા કરનારા લોક ઉપર અને બાપા બોલાવું લેવાને હોંદીજ જવાબ છે. કેમ માર પડ્યો તેનું મને ભાન નથી, પણ લોકો કહે છે કે પહેલો મને લાકડીનો એક ઘા આવ્યો તેવોજ હું ચકરી ખાઇ પડ્યો. પછી તેઓએ લોઢાની પાઇપ તથા લાકડી તથા પાટુના ઘા શરૂ કર્યા. તે આગળ મને મુએલો જાણી બંધ રહ્યા. મને માર પડ્યો એટલું સહેજ ભાન છે. માર પડતાં 'હે રામ' એટલા શબ્દો મોમાંથી નિકળ્યા એવો આભાસ આવે છે. મી. નાઇડુ તથા મી. ઇસપ મીઆં વચમાં પડ્યા. તેથી મી. નાઇડુની ઉપર ઠીક માર પડ્યો. તેનો કાન ચીરાયો. મી. ઇસપ મીઆંની આંગળી ઉપર સહેજ ઘા વાગ્યો. ત્યારે ચકરી ઉતરી ત્યારે હું ઉઠ્યો. મારા મનમાં જરાએ તિરસ્કાર કે રોષ મારનાર ઉપર ન હતો.

હવે વિચાર કરું છું ત્યાં જોઉં છું કે મોતથી આપણે નકામા ડરીએ છીએ. હું તો માનું છું કે ઘણુ વખતથી હું ડરતો બંધ રહ્યો છું. પણ હવે તો વધારે નિડર થયો છું. જો મુર્છામાંથી હું ન ઉઠ્યો હત તો પાછળથી જે દુઃખ ભોગવવું પડ્યું તે નહીં ભોત. તે ઉપરથી જોઇ શકાય છે કે દુઃખ માત્ર શરીરની સાથે જીવને થોડો સંબંધ છે ત્યાં સુધીજ છે. જીવ જ્યારે શરીરની સાથે પુરો સંબંધ ભોગવતો થયો ત્યારેજ મને દુઃખનું ભાન થયું.

દોષ કોઇનો નહીં

માર પડ્યો તેમાં હું દોષ કોઇનો કહાડતો નથી. મારનારા મને એક વખત વધાવી લેતા. હવે મારવા ઉભા થયા. જ્યારે મને વધાવતા ત્યારે મારી ઉપર તેઓની આરયા હતી. મને જ્યારે માર્યો ત્યારે તેઓએ માનેલું કે મેં તેઓનું અને કોમનું બુરું કરવું હતું. કેટલાકને એમ લાગ્યું કે દસ આંગળાં આપવાનું મેં સરકારની સાથે કબુલ્યું તેમાં મેં કોમને પહોંચ્યો. આમ માને ત્યારે મને કેમ નહીં મારે? જો તેઓમાં જ્ઞાન હત તો તેઓ મારવાનો રસ્તો નહીં લેવાને બદલે મારી ઉપર જુદી રિતે તિરસ્કાર બતાવત. છતાં તેઓને કારણ તો એકજ રહેત. મારો અનુભવ છે કે નાખુશી બતાવવાનો કેટલાકની પાસે એકજ રસ્તો છે. તેઓ શરીર બળનેજ સર્વોપરી ગણે છે. ત્યારે મારાથી ગુસ્સો કેમ કરાય? તેઓનો ઉપર કામ ચલાવીને કેમ ફાયદો? મારું ખરું કહેવું તો એજ કે તેઓએ મારી ઉપર જે મારો ચલાવ્યો છે તે ખોટો છે તો

બતાવવું. તે બતાવવાને બાર વખત લેઇએ. દરમ્યાન દુનિયાના રિવાજ પ્રમાણે પડાપાર ચાલ્યાજ કરશે. ત્યારે સમજુએ તો એમજ કરવું ઘટે કે તેવું દુઃખ ધીરથીજ સહન કરવું. હું મને સમજી માનું છું. તેથી મારે પડેલું દુઃખ સહન કરવેજ છુટકો. મારો ધર્મ મને શીખવેછે કે ખુદાના બય સિવાય બીજો બય રાખવોજ નહિ. જો બય રાખું તો હું ખુદાનું ફરમાન તોડું. ત્યારે પાછો દુઃખનો બય કેમ રાખું? વાસ્તે હું ખુદાની પાસે માગું છું કે મરણ પર્યંત મને નિરભય રાખજો. અને મારા સ્નેહી ઓને એવીજ પ્રાર્થના કરવા કહું છું.

માવજત

જ્યારે મને સહેજ શુદ્ધ આવી ત્યારે મી. ગીબસનની ઓરીસ કે જેની સામે માર પડેલો તેમાં લક્ષ ગયું. મી. સ્યુએ તથા નાના મી. ગીબસને બરદાસ કરી. ડાક્ટરે જખમ ધોયા. હસ્પીતાલમાં લઇ જવાની વાત ચાલતી હતી. મી. ડોક કે પાદરી છે અને જેણે છેલ્લા ભાગમાં આપણને અત્યંત મદદ કરેલી છે તે મારનું સાંભળતાં દોડી આવ્યા હતા. તેણે મને પોતાને ઘેર લઇ જવા સુચના કરી. કંઇક વિચાર કર્યા બાદ મેં તે સુચના કબુલ રાખી. મી. ડોક એ લગભગ છેતાલીસ વરસની ઉમરના એપટીસ્ટ પંથના ક્રીશ્ચીઅન છે. તેમણે ન્યુઝીલેંડ, હીંદુસ્તાન, વેસ્ટઇંડીઝ વગેરે ભાગોમાં બહુ મુસાફરી કરી છે. તથા મંડિતા થયાં ત્રેણ વરસથી અહીં આવ્યા છે. તેમની બરદાસ તરફ, તેમના અને તેમના કુટુંબના સ્વભાવ તરફ જોતાં તે ખુદાઇ પુરૂષજ કહેવાય. મારા એ ખાસ મીત્ર નથી. હું બાગેજ બહુ ચાર વખત તેમને મળેલો. તે પણ લગ્ન નાજ સંબંધમાં. તેમજ સમજુતી પોતાને ખાતર. એટલે પોતાના ઘરની અંદર એક પરાયા માણસને પોતે દાખલ કર્યો. ઘરનાં બધાં માણસો મારી ઉપર ઉંચાં મુકાતાં હતાં. તેના દીકરાની બેટરી મને સ્વાધીન કરી. અને તેના દીકરાને પોતાની લાયબ્રેરીમાં બોધ ઉપર સુવાનું રખાવ્યું. જ્યાંસુધી મેં બંદગી જોગવી ત્યાંસુધી આખા ઘરની અંદર જરાએ પણ અવાજ થયા દેતા નહિ. છોકરાઓ સુદ્ધાં અત્યંત ધીમે હાલે ચાલે અને આવે જાય. મી. ડોક તે મારૂં પાયખાનું પેશાબ પોતે ઉપાડી જતા, બીજે તે બાસણ ઊંચકતા. અને મારે તે જોયા કરવું પડતું હતું. અને પાટા બાંધવાનું પાટાઓ સાફ કર વાનું એ બધું કામ બીલકુલ કંટાળો લીધું હતું. જે કામ હું પોતે કરી શકું એવું હોય તે પણ મને કરવા ન દે. પહેલે રાત્રે સ્ત્રી પુરૂષ મને આખી રાત જાગ્યાં, અને મારી ખાટલીની અંદર રખીને મારે કાંઇ જોઇએ એમ સમજીને આખી જાગ્યા કર્યા કરતાં હતાં. સવારના મી. ડોક કે કોઇ મને મળવાને આવે તેનો સત્કાર કરવામાં રોકાતા હતા. હમેશાં આશરે પચાસ દીંદી આવતા. પોતે ઘરમાં હોય ત્યાંસુધી દીંદી ગંદા હોય કે ચોખ્ખા તેની દરકાર કર્યા સિવાય તેઓને બેઠકમાં લઇ જાય, આવકાર સહિત બેસાડે, અને મારી પાસે લઇ આવે. વળી મને બહુ તકલીફ ન આપે એવું બધાને ધીમેથી સમજાવે. આ પ્રમાણે મારી બરદાસ કરી. મારી અને જેઓ મળવાને આવે તેની બરદાસ કરે એટલુંજ નહિ પણ કોમની તકલીફની બાબતમાં જે કાંઇ કરવું ઘટે તે કરે. વળી મી. કારટ રાઇટ, મી. ફ્રીક્વીપ્સ વગેરે ને મળવા આવે, મારા સંદેશા લઇ જાય, અને જે કાંઇ કરવું ઘટે તે પોતાની મેળે કર્યા કરે.

જે પ્રજની અંદર આવા માણસો નીકળે તે પ્રજ આગળ વધે તેમાં શી નવાઇ? અને જે ધર્મના અંદર આવા કોમળ, કૃપાળુ અને ખરા ખાનદાન માણસો પડયા છે તે ધર્મ ખોટો પણ કેમ કહી શકાય? આ બધું કરવામાં તેનો હેતુ તો એકજ રહેલો અને તે એજ કે ખુદાને રાજી કરવો. મારી પાસે આવીને રાતના બધે ભાગે હમેશાં પોતાના રીવાજ પ્રમાણે ખુદાની બંદગી પણ કરતા. ઘરની અંદર પણ હમેશાં પાતી વખતે શરૂ કરતા પહેલાં અને પાયતું પુરૂં થતી વખતે બંદગી કરે. તેનાં બાળક છોકરાંની પાસે પણ બારા કરતી બાઇબલમાંથી કંઇક પાઠ વંચાવે. મારા જોવા પ્રમાણે તો જરાએ સ્વાર્થની નજર મેં જોઇ નહિ. અને પોતા ની વસ્તુઓમાં તથા છોકરાઓના કીંમતી ની અંદર પણ સ્પર્શતાજ જોવામાં આવતી હતી. જે કાંઇ કરતા તેમાં કંઇ બદલા થતું હોય એવું મેં જોયું નહિ. આવું એકતારપણું અને આટલું ઉમદાપણું દીંદુ કે મુસલમાન ધર્મગુરૂઓ અથવા તો દીંદુ કે મુસલમાન અહસ્થોમાં ઘણે ઠેકાણે જોવા માં આવતું નથી. અંગ્રેજોમાં પણ ઘણે ઠેકાણે હોય છે એમ નહિ કહી શકાય. કયાંક વધારે હશે ને કયાંક ઓછું હશે. તેનું વિવેચન કર્યા વિના હું તો એટલુંજ માગી લઉંછું કે મી. ડોક અને મેના કુટુંબના જેવાં સેંકડો દીંદી કુટુંબ થાય.

દવા

મને પડેલો માર તથા થએલા જખમ સખત હતા છતાં ડાકટરના અભિપ્રાય પ્રમાણે જેટલા ઝપાટાથી હું સાજો થયો તેટલા ઝપાટાથી બહુ દરદીઓ સારા થએલા જોવામાં આવ્યા નથી. ડાકટરના હાથનળે હું હતો છતાં દવા માત્ર ઘરઘરાઉ હતી. પહેલા બે દિવસ મેં બીલકુલ બાધું કે પીધું નહિ. તેથી મને તાવ ચઢ્યો નહિ. બીજે દિવસ બીલકુલ તાવ નહોતો. દસ રૂપીઆભાર દુધથી મેં ખોરાક શરૂ કર્યો અને ધીમે ધીમે દ્રાક્ષ અને બેર તથા બીજો મેવો દાખલ કર્યો. બાળથી દુધ માં પલાળેલી રોટી એક વખત લેવાનું શરૂ કરયું, અને તેજ ખોરાક હજુ જારી છે. ઉપરના બધુ દાંતને બ્રશ પહોંચવાથી કહયું ખોરાક કેટલાક દિવસ સુધી નહિ લઇ શકાય એવી સ્થિતી છે. મોઢા ઉપર અને કપાળ ઉપર જખમની સાથે અત્યંત સોજો હતો. તેની ઉપર સાકુ ભીની માટીની પોટીસ મુકવામાં આવતી હતી તેથી સોજો તદન નરમ પડયો. પાંસરામાં સખ્તજડ માર પડેલો તેની ઉપર પણ માટીની ખુબ મોટી પોટીસ મુકવાથી તેમાં પણ ઘણે ભાગે આરામ છે. ડાકતરનો મન માં એમ થયું કે જખમ ઉપર માટીની પોટીસ મુકવાથી વખતે બેર ચડે. પણ તે મેં માથે જોખમે મુકેલી. છતાં ડાક તરને ખાત્રી થઇ છે કે માટીથી બહુ લાભ થયો છે. સાધારણ આવી જાતના જખમો કે જેને સીવીને પાટા લગાડવા માં આવ્યા હતા તે પાકયા વીના રહેતા નથી. મારો ખાસ અભિપ્રાય છે કે માટીના લેપથી જખમ પાકયા વિના રૂઝ ઉપર આવી જાય છે. ને બન્યું પણ તેમ છે. માટીના ઉપચાર મેં ઘણા કરેલ છે. મને લાગે છે કે સમજપુરવક ચાપરવામાં આવે તો ઘણા દરદોની ઉપર તેથી લાભ થાય છે. કોઇ વેળા ઇ.એ. ના વાંચનારની પાસે આ સંબંધી મારો અનુભવ મુકવાની ઉમેદ રાખું છું.

સારાંશ

ઉપરનું બયાન લખવાનો હેતુ માત્ર બસર આપવાનો અથવા આ પત્રના પાનાં ભરવાનોજ છે એમ નથી. પણ મારો અનુભવ તે બીજાને ઉપયોગી થઇ પડે એજ હેતુ છે. માર પડયો તેમાંથી એજ મતલબ દરેક હીંદના સેવક કાઢવા જી છે કે જો કોમની સેવા કરવી હોય તો, અને તેની સાથે હમેશાં સામુજ કરવું હોય તો માર પણ ખાવો પડશે.

તેમાં જો કુત્સા ન માનવામાં આવે તો જીવને વધારે શાંતી અને સુખ મળે છે. અને તેટલે દરજ્જે કોમની સેવા કરવામાં વધારે મજબુતી મળે છે. એવી જાતનો માર એ ખરેખરો બલકાસ છે એમ માની શકાય. મી. ડોકનું કાર્ય એ આપ સૌને બધાને કરવાનું કરવાનું છે. અને જે ધરધરાઉ દયા બતાવેલી છે એ સમજવા લાયક છે. મી. ડોકની ઉપર લગભગ ચાળીસ તારો ઉપકારના જુદે જુદે ઠેકાણેથી આવેલા હતા અને કેટલાક હીંદીઓએ તેમને મેડો વગેરે તેમનો આભાર માનવાની નિશાની કાયલ મોકલ્યાં હતાં.

અખબારપત્ર

જોહાન્સબર્ગ

(અમારા ખાસ પ્રતિનીધિ તરફથી.)

મરજીઆત રજીસ્ટર

મરજીઆત રજીસ્ટ્રેશનની શરૂઆત જો કે ધુમસાથી થઇ તોપણ હવે કામ બરાબર જોર ચાલતું જણાય છે. પાંચસેથી ઉપરાંત હીંદી, રજીસ્ટરની અરજી તા. ૬ ગયા વીકમાં કરી ચૂકયા હતા. અમલદારો વધારે કામ કરે તો પણ વધારેએ અરજી કરી હતી. પહેલો દિવસ (સોમવાર) પાંચ સાત રજીસ્ટર થયાથી કામ ગયો. મંગળવારે હીંદીઓ અનિશ્ચિત હતા. જવામાં કેટલાક ડરતા હતા. પણ મી. ગુલામમહંમદ, મી. ચંપા નાયડુ, મી. ઝીણાભાઇ વિગેરેએ પહેલી હીંમત કરી: અને તેઓએ અરજી કરી. આમ કરવામાં તેઓએ ખરો સલાહભર્યો બતાવ્યો.

બુધવારે પણ રજીસ્ટર થયા. અને પછી તો સરેરાસ દરરોજના પચ્ચીસની પડવા આવી. મી. ઇસપ મીઆં, મી. કેનરી, મી. સઇદ મુસ્તફા અલ બોર કુસ, મી. કુવાડીઆ, ઇમામ અબદુલ કાદર બાવાઝીર વિગેરે પણ અરજી કરી ચૂકયા. તે બધાએ દસ આંગળાં આપ્યાં ને આપીને માન માન્યું. જેઓ રેઢીયા ઓલા છે તેઓએ પણ રેઢીયણીનો લાભ નહિ લીધો અને દસ આંગળાં આપ્યાં. મી. ઉમરજી સાલે, મી. અલીભાઇ આદુજી વિગેરે પણ તેમજ કરી ચૂકયા છે. કેટલાક રસોયા તથા ગરીબ માણસો જેમે માત્ર બે અંગુઠા આપ્યા.

ડરજ નથી

કોઇને દસ આંગળાં આપવાની ડરજ પાડવામાં આવતી નથી. જેઓ દસ આંગળાં આપે છે તેઓ પોતાની ખુશીથી આપે છે. ને દસ આંગળાં આપીને બતાવે છે કે સરકાર દસ આંગળાંની ન હતી. કોળવણી કે દરજ્જાનો લાભ ન લઇ બતાવે છે કે સરકારે જે વર્ગ પાડયા છે તે વર્ગ પડાવવામાં કોઇ રાજી નથી, પણ સરકાર કુદરતી વિભાગ સમજે છે એટલું જણાવવા સરકારની ઓફર કબુલ રાખી છે. તે કુદરતી વિભાગનો લાભ ભવિષ્યમાં લેવાનો છે એટલા સારૂ જ કબુલ રાખેલ છે. હવે લોકો સમજતા થયા છે કે દસ આંગળાં વિષે જે ચર્ચા થવા લાગી હતી એ દેખીતી અણસમજ હતી. મરજીથી અપાએલાં દસ આંગળાંની તકરાર કેમ ચાલી એ વિચારી હવે તો ઘણા માણસો હસે છે.

પોલીસનો બંદોબસ્ત

પહાડેલો અથવા તો બીજા કોઇ હલકાને ન કરે તેને સારૂ પોલીસનો બંદોબસ્ત પોલીસ કમીશનરે સારો કર્યો છે, અને હવે ગરીબ અને તવંગર વગર તકલીફે મરજીઆત રજીસ્ટર લેવા જઇ શકે છે. રજીસ્ટર લેવા આવનારને સમજ પાડવા સારૂ મી. ચંપી નાયડુ, મી. ગુલામમહંમદ, મી. કામા, કોઇ પેળા, મી. ઇસપ મીંયા વિગેરે હાજર રહે છે.

હાલ અને અગાઉ

જેઓ મરજીઆત તથા ફરજીઆત રજીસ્ટર અંદાજ નથી સમજ્યા તેને હાલની રજીસ્ટર ઓફીસ અને અગાઉની રજીસ્ટર ઓફીસ વચ્ચેનો તફાવત જોવો ઘટે છે. પહેલાં માણસો ડરથી જતા, અમલદારો ધુરકાવતા, એક કોટડીમાં દરેકની છુપી જુબાની લેતા, ઘણા સવાલો પુછતા અને જરાક ભાષે અજાણે ભૂલ થાય કે હીંદી પકડાય. હવે અમલદારો વિવેકથી વરતે છે; જુબાનીમાં માત્ર અરજીનું ફોરમ ભરવું પડે છે તેજ. આ કામ પણ ખાનગીરાત થાયછે. આપણા આગેવાનો ત્યાં હાજર રહી શકે છે. સરકાર તથા હીંદી પ્રજા વચ્ચેનો ભરતભેદ હવે જણાયા છે.

કોણ અરજી કરે છે?

રજીસ્ટરની અરજી જથા હીંદી કરે છે ને કરી શકે છે. જેના અંગુઠા બરોબર હોય તે બધાને મરજીઆત રજીસ્ટર મળશે. છોકરાઓ કેટલાક છે તે હવે સોળ વરસની ઉપરાંત થયા છે. જેઓ સોળ વરસની અંદરના હોય દાખલ થયા હોય તેનાં બાબાપ અહીં હોય કે ન હોય તોપણ રજીસ્ટર થઇ શકે છે. સોળ વરસની અંદરના છોકરાને રજીસ્ટર કરાવવાની જરૂર નથી. પણ જે છોકરા ધર્યો કરતા હોય તે સોળ વરસની અંદરના હોય તો પણ રજીસ્ટર થાય એજ ઠીક છે. ઉમર પંદરની કે અઢારની હોય છતાં આપણી મરજીથી આપણે રજીસ્ટર થઇ શકીએ છીએ.

યાદ રાખવાનું

જેઓ પરણેલા હોય તેઓએ પોતાની ઓરતનું નામ તથા છોકરાં સોળ વરસની અંદરના હોય તો તેઓનાં નામ લખાવતાં ન ભુલવું. પછી તે છોકરા ઠરાંસવાલમાં હોય કે બહાર તેની દરકાર નહિ. જો ઠરાંસવાલમાં હોય તો તેઓને હાજર કરવા.

રજીસ્ટર કયારે નીકળશે?

અરજીઓ હાલ લેવાય છે, અને રજીસ્ટર છપાય છે. જેવા છપાશે કે તુરત કહાડવાનું શરૂ કરીશું. દરમીયાન જેને દેશ જવાની ઉતાવળ હોય તે માણસને અંગુઠા મેળવીને તુરત તેની પહોંચ નીચે લખી આપે છે કે તે માણસને પાછા આવવાની છુટ છે.

બીજે ઓફીસ કયારે જશે?

પ્રીટોરીઆમાં તો આ અઠવાડીએ કામ શરૂ થશે એવો સંભવ છે. બીજી જગ્યા એ આરબ મહિનામાં શરૂ થશે. દરમીયાન જેઓને જોહાન્સબરગમાં રજીસ્ટર થવું હોય તે થઇ શકે છે. બીજે કેટલોક જરા એ ઢીલ નહિ થાય.

નહિ લેનાર પસ્તાશે

આ મરજીઆત રજીસ્ટર જે હીંદી ઠરાંસવાલનાં છે તેણે તુરત લઇ લેવાની જરૂર છે. કેમકે તે રજીસ્ટર એ ખરેખરૂં રક્ષણ કરનારૂં છે. ગરીબ માણસો તે મેળવીને નિર્ભીત બેસી શકશે. એટલે કોઇ એ પછાત રહેવાનું નથી.

દસ આંગળાં કે બે?

કેટલું દસ આંગળાં કે બે અંગુઠા એનું બહુ ચાલ્યા કરે છે. ઘણા લોકો બહુ ખુશીથી દસ આંગળાં આપે છે. પણ કેટલાક બે અંગુઠાજ આપે છે. વળી કોઇ તો એકજ આપે છે તે પણ સરકાર કબુલ કરી લેય છે. પણ આ બાબત કેટલાક વિચારો કરે છે કે બે આંગળામાં ફાયદો છે કે દસમાં. મારે કહેવું જોઇએ કે આખી કોમનો ફાયદો દસ આંગળાંમાં છે. પણ જેણે બે અંગુઠા આપ્યા હશે, તે જણ ઉપર આસ કંઇ હલકારો થશે એમ માનવાનું કંઇજ કારણ નથી.

રજીસ્ટર નહિ લેણ તેનું?

જેઓ મરજીઆત રજીસ્ટર નહિ લેણ તેને તો સંપુરણ નુકશાન છે. તેવા માણસને પુની કાયદો લાગુ પડશે અને તેને

બહુ ભારી વાત થઇ પડવાની છે એમાં કંઇજ શક નથી. એટલે બધા હીંદીને આ બાબત બરોબર યાદ રાખવાની છે.

લાઇસેન્સ બાબત

હજુ વેપારની લાઇસેન્સ કોઇને નહિ મળે. તે તો જ્યારે ટ્રાંસવાલની પાર્લામેંટ મળશે ત્યાર બાદજ મળશે. પણ દરમીયાન માણસોની પાસેથી પૈસા લઇને તેઓને પહોંચ આપવામાં આવશે. આવી નોટીસો હજુ બધી જગ્યાએ પહોંચી વળી નથી.

ચીનાઓ

ચીનાઓ બધા બહુ તકરાર કરી રહેલા. તેઓ બધા એકજ અંગુઠો કે બે અંગુઠા આપી રજીસ્ટર થશે. પણ મારે કહેવું જોઇએ કે આમાં તેઓને છેવટે નુકસાન થવાનો સંભવ છે. આ વખતે તેઓ હીંદી કોમની મદદથી બચી ગયા છે. નહિ તો સરકારનો પ્રસ્તાવ તેઓને જોખા પાડી કાયદો લાગુ પાડવાનો હતો. તેના પ્રમુખ મી. ક્વીને દશ આંગળાં આપ્યાં છે. કોઇ એમ કહી શકે છે કે આ પ્રમાણે સત્યાગ્રહની લડત પહેલાં થઇ શકે તેમ હતું? આપી છુટ માત્ર મરજીઆત રજીસ્ટરમાંજ મળી શકે એ સહેજે સમજવું જોઇએ.

મી. ડ્રનો કાગળ

ટ્રાંસવાલ ઇન્ડીયન 'ફ્રેંચાઇઝ'ના અધિપતિ મી. ડ્રુ જે ચોરેંજ કોલોનીની ધારાસભાના મેંબર છે તેઓ કાગળ લખતાં જણાવે છે કે:—

"હું ધારતો હતો કે તમે કેદ મુદતની જેલમાંથી છુટીને જતા એ સહેલાઇથી જીત મળી કહેવાય. પણ હવે જોઉં છું કે તમારે નસીબે એમ પુરું દુઃખ સહન કર્યા વિના નિકળી જવાનું ન હતું. પણ મને ઉમેદ છે કે એવી સરસ ને માનવાળી સમાધાની થઇ છે તે તમારી કોમ કબુલ રાખશે. જો તેઓ કબુલ નહિ રાખે તો એક પણ યુરોપીઅનની લાગણી હીંદી તરફ નથી રહેવાની."

આ મી. ડ્રના શબ્દો વિચારવા જેવા છે. જ્યારે બીજાઓ આપણી વિરૂદ્ધ હતા ત્યારે તેમની (મી. ડ્રની) લાગણી સંપૂર્ણ રિતે હીંદીની તરફ હતી એ ઇ. ઓ. ના વાંચનાર જાણે છે. મી. ડ્રએ ખાનગી મદદ પણ ઘણીજ કરી છે. તેના જેવા માણસ ત્યારે ઉપર પ્રમાણે અર્પે ત્યારે બધાએ સમજવું જોઇએ કે કંઇ ખાવી.

રજીસ્ટર ઓફીસ ક્યાંસુધી ખુલ્લી રહેશે?

આ સવાલ ઘણા માણસોએ પુછેલ છે. જવાબ એ કે જ્યાં સુધી જરૂર જણાશે ત્યાં સુધી. મરજીઆત રજીસ્ટ્રેશનમાં ઉઘાડી રહેવાની બહુસ મુદત હોય નહીં. પણ સાધારણ હીસાબ કરતાં દર અઠવાડીએ એક હજાર માણસ રજીસ્ટર થતાં જોવામાં આવે છે અને જો જોહાન્સબરગની વસ્તી પાંચ લાખની હોય તો પાંચ અઠવાડીઆં રહેવાનો સંભવ છે.

પોલીસ તપાસ કરશે કે નહીં?

આ સવાલ પુછનાર માણસ સમઝાની સમજતા નથી. જેઓ મરજીઆત રજીસ્ટર લેશે તેઓને ખુની કાયદો અથવા તો તેની રૂએ ઘડાએલા બારા બીલકુલ લાગુ પડતા નથી, અને લાગું પડનારા નથી એવું સખીત વચન છે. એટલે પછી ઉપરનો સવાલ રહેતો નથી. આનો અર્થ હું એમ કરવા નથી માગતો કે પોલીસ કોઇને પુછશેજ નહીં. પરંતુ જ્યારે રજીસ્ટર લેવાઇ ગયા પછી કોઇક બીજો નવો કાયદો તો થશેજ. તે કાયદામાં તપાસ વિષે કોઇક કલમો આવશે. આ કલમો કેવી આવશે, નવો કાયદો કેવો ઘડાશે, તેનો આધાર હીંદી કોમની બહુ મહીનાની વર્તણુંક ઉપર છે. પઠાણોની નજીવી અણસમજથી, અને બચ્ચાંના જેવી માગણી કરીને સરકારની ઉપર માઠી અસર પાડે છે. આની સામે સરકારને એમ ખાત્રી થાય કે હીંદી કોમના બીજા માણસો સમજુ, પ્રમાણીક, અને રીતસર ચાલનારા છે તો તેવામાણસને છાજતો કાયદો થશે. એટલે અત્યારે દરેક હીંદીની ઉપર પુરેપુરી જવાબદારી છે એમ સમજવું. સ્થાનીક સત્તાવાળાઓની પાસે હજારે હજારે કામ પડવાનું છે. તેમાં વળી સરકાર વચમાં નહીં આવે. આવી પણ ન શકે એ જાણવું જોઇએ. તો પછી જેમાં આપણી માણસાઇને ઓટ નથી આવતી તેમાં સરકારની સાથે વિવેકથી અને વિચારીને વર્તવું જોઇએ એ ધ્યાનમાં રાખી નીચેના નિયમ બધુ મહિનાને સારૂ અને હમેશને સારૂ આપું છું.

નિયમો.

૧. દરેક હીંદીએ પોતાનો સ્વાર્થ ભુલી જઇ આખી કોમનો સ્વાર્થ જોવો.

૨. ખોટી પરમીટનો ઉપયોગ નહિ કરવો અને બીજાને ઉત્તેજન નહિ આપવું.

૩. ખોટી રિતે પોતાના માણસોને દાખલ કરવાનો વિચાર નહિ કરવો.

૪. છોકરાઓનાં નામ તથા ઉમર બરોબર આપવાં.

૫. ઘણા હીંદી દાખલ થાય તેવો લોભ છોડી દેવો.

૬. અમલદારોની સાથે ઉદ્ધતાઇ નહિ વાપરવી. ખુશામત જરાએ નહિ કરવી. પણ નમ્રતાઇ બતાવવી.

૭. બધા હીંદીની પાસે ક્રમાટાબંધ રજીસ્ટર લેવરાવવું.

૮. બણાવનારા બધા હીંદીઓએ સમજ પુર્વક તેમાં નામોશી નથી એમ જાણીને આંગળા આપવાં.

આ નીયમો પાળવામાં આવશે તો હું બેધડક રહીને કહી શકું છું કે જે કાંઇ કાયદો હવે થશે તે તદન સહન થઇ શકે એવો નરમ અને આપણને છાજતો થશે.

મી. કેર હારડી

મી. કેરહારડી જોહાન્સબર્ગ આવી ગયા છે. ગોરા લોકો સાંડેલાં બેઠાં વિગેરે તેની તરફ ફેંકી તેને વધાવે છે. તેમના ફુટા બોલથી તેઓ તરફ બહુ તીરસ્કાર રાખે છે. સ્ટાન્ડરટન સ્ટેશન ઉપર કેટલાક ગોરાઓ તેને મળવા ગયેલા, તેમ હીંદીઓ પણ ગયેલા. મી. પોલાક તેને મળ્યા છે, અને સાધારણ હકીકત સમજાવી છે. મી. ડોક તેને મળવા ગયેલ હતા. તેમની મુલાકાત પણ હીંદી સવાલ ઉપર હતી. પઠાણોનું ડેપ્યુટેશન મંગળવારે ગયેલું. મી. કેરહારડી બુધવારે સવારે પ્રીટોરીયા જનાર છે.

ટ્રાંસવાલના ક્લરડ લોકોમાંના એક મુખ્ય પંચની એક મીટીંગ રેયરંડ ચાર્લ્સ પીલીપના પ્રમુખપણા નીચે મળી હતી, જે વખતે મી. ગાંધીપર થએલા હુમલા સંબંધે લાગણી પેદા કરે તેવો દેખાવ થઇ રહ્યો હતો. તેમની તબીયત તુરત સુધરે એવી રીતની કેટલાક પ્રાર્થના કરી હતી; તથા મજકુર ચર્ચવીળાઓની દિલસોજી બતાવવાને બે પ્રતિનીધિઓને મી. ગાંધી પાસે મોકલ્યા હતા. તેમના તરફથી નીચે મુજબ ઠરાવ મી. ગાંધીપર મોકલવામાં આવ્યો હતો:—તમારા દેશી ભાઇઓ કે જેના ભલામાટે તમે બહાદુરીથી લડ્યા તેમનાજ હાથે તમારાપર જે ઘાતકી હુમલો થયો તેમાં તમારા તરફ અંતઃકરણની દિલસોજીની નીશાની તરીકે આ ચર્ચના મેંબરો ખાતરી આપે છે કે તેઓ પોતાની ઇબાદત વખતે તમને યાદ કરે છે અને ઇશ્વરને, અરજ કરે છે કે તમારી તબીયતમાં જલદી સુધારો થાય.

હીંદી કોમની એક સંપી

હમીદીઆ ઇસ્લામીક સોસાયટીના પ્રમુખ મી. ઇમામ અબદુલ કાદર બાવાઝીર, સેક્રેટરી મી. એમ. પી. ફેનસી, એસોસીએશનના પ્રમુખ મી. ઇસપમીઆ, તથા સૈયદ મુસ્તફાઝલ એદરૂસ, મી. અલીભાઇ આદુજી, અને મી. એમ. ઇ. નગડીની સહીથી નીચે મુજબ કાગળ છાપાઓમાં પ્રસિદ્ધ થયો છેઃ—

અમે છાપાઓમાં વોલંટરી રજીસ્ટ્રેશન સંબંધમાં એવી બીના વાંચી છે કે હીંદુ ઓ એકલાજ સલાહ કબુલ કરે છે અને મુસલમાનો રજીસ્ટર થવામાં અળગા રહે છે. પણ હકીકત આમ નથી. થોડાએક સલાહનો અર્થ નથી સમજતા એ સિવાય એકંદર રીતે મુસલમાનો તે કબુલ કરે છે. તેમ સલાહમાં કાંઇ નવું છે એમ નથી; કારણ કે મરજીઆત રજીસ્ટર થવાની અમે હમેશાં ઓફર કરતા આવ્યા છીએ; અને આંગળાંના સવાલને અમારા વાંધાઓનો મુખ્ય ભાગ ગણેલ હતોજ નહિ. ઘણાખરા હીંદુ અને મુસલમાન આગેવાનો રજીસ્ટર થઇ પણ ચુકયા છે. આખા કોલોનીના જુદા જુદા ભાગમાંથી કાગળો મળ્યા છે તેમાં પણ સલાહને મળતા હોવાનું જણાવવામાં આવ્યું છે. સોમવારે જેઓ પહેલા રજીસ્ટર થયા તે મુસલમાનોજ હતા.

સારા નસીબે દક્ષિણ આફ્રિકામાં તો ધર્મ સિવાયની જે બાબતો છે તેમાં હીંદુ મુસલમાન વચ્ચે કાંઇ તફાવત છેજ નહિ.

હીંદી સરકારની મહદ !

સુરત ખાતે મળેલ ઓલ-ઇંડિઆ કોનફરન્સમાં ટ્રાંસવાલના હીંદીની હાલ મારી સંબંધમાં કરાય કરી જે પ્રોટેસ્ટ કરવામાં આવ્યો હતો તેનો લોર્ડ મીંટોએ બાબુ સુરેંદ્રનાથ બેનરજીપર નીચે મુજબ જવાબ વાળ્યો છે.

" ટ્રાંસવાલમાં એશીઆટીક કાયદા પ્રમાણે મી. ગાંધી અને બીજા પકડાયા તે સંબંધમાં તમારો તાર મળ્યો છે. તેના જવાબમાં જણાવવાનું કે ના. વાઇસરાય દિલગીર છે કે આ બાબતમાં વચ્ચે પડી શકશે નહિ. કારણ કે તે કાયદો વડી સરકારની મંજુરી મળ્યા પછી અમલમાં મુકાયો છે. છતાં તમારી રજુઆત વડી સરકારને પહોંચાડવા સંભાળ રાખશે."

નાતાલમાં લાઇસેન્સ સંબંધી

ફ્રેર્થ એવન્યુના મેમ્પશન અને વીંચ નામના બીના વેપારીનો લાઇસેન્સ અંબીલો રોડપર ટ્રાંસફર કરી આપવાની મનાઇ સામેની અપીલ તા. ૧૭મીએ સાંભળવામાં આવી હતી. લાઇસેન્સ અમલદારે કારણમાં જણાવ્યું હતું કે "લોકોના છુટાટપર કાન દઇ કોઇ અરજદારને અન્યાય આપવો એ લાઇસેન્સ અમલદાર માટે ઓછું છે; પછી અરજદાર કાળો હોય કે ગોરો હોય. અને ગમે તેવી સ્થિતિ છતાં એશિયાટીકને નવા લાઇસેન્સ નહિ આપવા અથવા ટ્રાંસફર કરી નહિ આપવા એમ હું કદી બંધાયો નથી, અને બંધાઇશ પણ નહિ; છતાં મેમ્પશન જેવાના કેસમાં અંબીલો રોડના લોકની મોટી લાગણીને ધ્યાનમાં ન લઉં તો હું કપક્ષા પાત્ર ઠરું છું. કારણ કે ટ્રાંસફર માટે કાંઇ ખાસ કારણ કે જરૂર હોય એમ બતાવવામાં આવ્યું નથી. એટલે અરજદાર એશિયાટીક છે તે કારણને લીધે તથા અંબીલો રોડમાં એશિઆટીક લાઇસેન્સદારોને વધારવાનું યોગ્ય ન જણાવાથી લાઇસેન્સના ટ્રાંસફરની ના પાડવામાં આવે છે."

ઉલટ તપાસમાં લા. અમલદારે જણાવ્યું કે આમાં સુધરાઇના રીપોર્ટની વાત નથી. અરજદાર એશીયાટીક હોવાથી ના પાડી. મજકુર ટ્રાંસફર આપવો તે નવો લાઇસેન્સ આપવા બરોબર છે. અને અંબીલો ડીસ્ટ્રીકટમાં એશીયાટીકની જરૂર નથી એ જાણીની વાત છે, જો કે ગોરાએ મારી પાસે ફરીયાદ કરી નથી. મારો વાંધો અરજદારની પોતાની સામે નથી, પણ સામાન્ય એશીયાટીક સામે છે.

અરજદાર મેમ્પશને જણાવ્યું કે હું ૧૮૬૬ની સાલમાં ડરબન આવેલ છું. ને મારે રીટેલ ગ્રોસરનું બીઝનેસ છે. અરજદારના વકીલની રજુઆત બાદ બોરર્ડ એકાંતમાં વીચાર કરીને ચુકાદો આપ્યો કે અરજી કાઢી નાખવામાં આવેછે.

તા. ૧૪ મીએ લોર્ડ સેલબોર્નને મી. ગાંધીપર નીચે મુજબ કાગળ લખ્યો હતોઃ "હું જ્યારે અહાર ગામ હતો ત્યારે તમારાપર બદમાશી ભરેલી રીતે હુમલો થયાના સમાચાર સાંભળી ખેદ અને રોષ પેદા થયો હતો. હાલમાં તમારી તબીયત સુધરતી છે એ સાંભળી બેહદ ખુશી થયો છું. મારી અંતઃકરણની દિલસોજી સ્વીકારવા વિનંતિ કરું છું."

જોહાન્સબરગની ખત્રી કોમની કદરદાની.

જોહાન્સબરગની હીંદુ કોમના ખત્રીઓ તરફથી રેવરંડ ડોકને માનપત્ર આપવાને એક મેળાવડો તા. ૨૦મીએ થયો હતો. માનપત્રમાં મી. ગાંધીપર હુમલો થયા પછી તેમની સારવાર માટે રેવ. મી. તથા મીસીસ ડોકે મહા મહેનત લઈ જે સારવાર કરી છે તે માટે અંતઃકરણ પુરવકનો આભાર દરશાવવામાં આવ્યો હતો. માનપત્ર સુંદર રીતે મઢાવેલું હતું; તથા તેની સાથે એક પર્સ હતી, જે બંને મી. જી. પી. વાસને હાથે ભેટ કરવામાં આવ્યાં. મીસીસ વાસને હાથે એક હીરા નું સોનાથી જડેલું બ્રોચ મીસીસ ડોકને ભેટ કરવામાં આવ્યું. મી. ડોકે એક ભાષણ કરી માનપત્ર તથા બ્રોચનો સ્વીકાર કર્યો, તથા જણાવ્યું કે પર્સ માટે એકઠા થએલા પાંચસા તેઓ સ્વીકારશે નહિ. પણ તે પાંચસા જોહાન્સબરગના હીંદીની વતી કોઇક કેળવણીની સારી ચોજના માટે રેવ. ચાર્લસ પ્રીલીપ ચેરીના હાથમાં સોંપવા સુચવ્યું. રેવ. પ્રીલીપે પોતાના અસરકારક ભાષણમાં પોતાના દીલસોજી ભરયા વીચારો જાહેર કરયા હતા. હાજર બનારસીઓમાં મી. કેલનબાઠ, મી. પ્રીલીપ્સ, મી. પોલાક, વીગેરે હતા. મુસલમાન કોમ વતી મી. ઇસપમીઆ, તથા મી. ઇમામ અબદુલ કાદર બાવાઝીર પણ હાજર હતા. મેળા વડાનું કામ બાનગીમાં ચલાવવામાં આવ્યું હતું.

તા. ૧૬ ફેબરવારીએ ડરબન સનાતન ધરમ સભાની મીટીંગ ૨૩૨ પ્રીન્સ એડવરડ સ્ટ્રીટમાં મળી હતી. જે વખતે નિત્ય કર્મ કર્યા બાદ નિષ્કામ ભક્તિ વિષે હાજર ગ્રહસ્થોએ કેટલુંક વિવેચન કરયું હતું.

ટોંગાટથી એક લખનાર જણાવે છે કે ત્યાં બાબુ સત્યેંદ્ર કુમાર બેનરજીએ તા. ૧૬ મીએ સ્વદેશી ઉપર ભાષણ આપ્યું હતું, જે વખતે ૫૦૦ જેટલા માણસોની હાજરી હતી. વેકલમથી બાબુ તાલેયંત સીંહ વગેરે પણ હાજર હતા. મી. પી. બી. દેસાઇએ પ્રમુખપદ લીધા બાદ બાબુકારે અસરકારક ભાષામાં સ્વદેશી ઉપર વિવેચન કરયું હતું તથા હીંદમાં પ્રવર્તી નીક ળેલા સ્વદેશાભિમાનના જુસ્સાનો ખ્યાલ આપ્યો હતો.

ચાલુ વર્તમાન.

સ્થાનીક છાપામાં એવી નોટીસ છે કે તા. ૨૯ મી ફેબ્રુવારી સુધીમાં જેણે પોલ ટેક્સ નહીં ભર્યો હોય તેનાપર સરકાર કામ ચલાવી શકશે.

લેડીસ્મીથ ગામમાં ૬૨ દુકાને રોજની બધે પેની ટ્રાંસવાલ માટે ઉઘરાવવાનું જે ઠરાવ થયું હતું તે ફંડમાં થએલી પા. ૨-૭-૬ની રકમ અમને મળી છે. અને ટ્રાંસવાલ ફંડ માટે બ્રિ. ઇ. એ. પર મોકલી આપી છે.

'એશીઆટીક ટ્રેડ' એવા મથાળા તળે એક લખાણ દરમ્યાન 'વીટનેસ' લખે છે કે ગોરાઓએ એકસંપ થઇ એશીઆટીક વેપારી પાસેથી માલ ખરીદ વાનું બંધ કરવું જોઇએ. અને ગોરાઓ જ્યારે ગોરાનીજ દુકાનેથી ખરીદ ત્યારે ગોરા વેપારીઓની ફરજ છે કે તેમણે એશીઆટીક વેપારીને માલ આપવાનું બંધ કરવું જોઇએ.

એક અખબારપત્રી કેપટાઉનથી લખે છે કે:—રોડેશીઆ બ્રિ. ઇ. એસોસીએશનના પ્રમુખ મી. મહમદ કાસીમ ગુંદીવાળા અત્રે આવ્યા હતા ત્યારે તેમના માનમાં મી. એમ. એ. પટેલના તરફથી એક મેળાવડો થયો હતો.

મી. ખલપમીર્ઝા, મી. બાઇકુ, તથા મી. ગાંધીપર હુમલો કરનારા સામે તા. ૧૯ મી એ કેસ ચાલ્યો હતો, જેમાં સરકાર તરફ થી મી. રકુરમેન હાજર થએલ. મીર આલમખાન, તથા અબદુલ રહેમાન તરફ થી મી. વાન ડીમલન હાજર થએલ. મી. ગાંધી હાજર નહિ થએલ. બંને આરોપીઓ નિર્દોષ હોવાનું જણાવ્યું. સરકારી વકીલ ને, તથા બચાવ પક્ષના વકીલને સાંભળી લીધા બાદ મેજીસ્ટ્રેટ બંને આરોપીને ત્રણ માસની સખત મજુરી સાથે જેલની સજા ફરમાવી હતી.

ટ્રાન્સવાલમાં મ્યુનીસીપલીટીના ચાટા બોલાને લગતા એક બાયલો સંબંધમાં ત્યાંના જમીનદાર ગોરાઓના એસોસીએશને મ્યુનીસીપલીટીને જણાવ્યું છે કે મજકુર બાયલો જાહેર કોન્સીલ મે "સંબંધમાં પાસીંગ રીઝીસ્ટન્સથી થયાની હું 'ભારત' એસોસીએશનના મેમ્બરોને સલાહ આપીશ.

રીચમંડથી એક લખનાર જણાવે છે કે:—અહીંઆ એક હીંદી હોટેલવાળાપર બે કાફરોએ પોતાની નવ પેની ચુકવાયથી લાઇસન્સ મેળવા માટે કેસ માંડ્યો હતો. કાફરે જુબાનીમાં જણાવ્યું કે હું મજકુર હીંદીની હોટેલમાં ખાવા ગયો હતો. મારી પાસે ૧/- હતી. મેં એક સોવેનેરની બોટલ લીધી, ને ૯ પેની પાછી માગી. પણ હીંદીએ મને ત્રણજ પેની આપવા માંડી તેથી કોરટમાં આવવું પડ્યું. બીજા કાફરે પણ આમજ કહ્યું. હીંદીએ જણાવ્યું કે મને કાફરે ૬ પેનીજ આપી હતી, ને શીલીંગ આપવાની વાત તદન જુઠી છે. હું આજ રીચમંડમાં ૧૨ વરસ થયાં છું ને મારે કોરટમાં કદી આવવું પડ્યું નથી. કાફરના તરફ આરજંટ હતો; ત્યારે હીંદીના તરફ કોઇ નહોતું. મેજીસ્ટ્રેટે હીંદી તરફ દિલસોજી બતાવી પણ ૧૪ દિવસની સખત મજુરી અથવા પા. ૩ ના દંડની સજા કરી. હીંદીએ દંડ આપ્યો હતો. આ કેસ ઉપરથી લુચ્ચા માણસથી ચેતવા હીંદીને હું ભલામણ કરું છું.

ગયા શનિવાર સુધીમાં મરજીઆન રજી સ્ટરની ૬૦૦ જેટલી અરજીઓ થઇ હતી. સોમવારે ૨૨૧ જેટલી અરજીઓ થઇ હતી, જે આગલા કોઇપણ દિવસ કરતાં વધારે હતી. આ કરતાં પણ વધુ અરજીઓ થઇ શકી હોત. પણ રજીસ્ટર ઓફીસના સ્ટાફમાં પુરતા કામ કરનાર નહોતા. મંગળવારે ૨૧૩ અરજીઓ થઇ તી. બુધવારે આગલરોની ઓફીસ બંધ હોવાને લીધે ૧૯૪ અરજીઓ થઇ હતી.

લંડનથી રૂટર જણાવે છે કે હીંદુસ્તાન ની સરહદપર ખાયબર પાસની નજીકમાં એક તોફાન જનત્યાથી શીખ લશ્કરી ટુકડીઓ ગોરા ઉપરી સાથે મોકલવામાં આવી હતી. શીખ લશ્કરે ઘણી બહાદુરી થી સાત લઇ બળવાખોરોને વીખેરી નાખ્યા હતા.

કલકત્તાની બ્રહ્મોસમાજ પ્રદેશની કેટલી સ્ટ્રાંસવેલની હીંદીઓ તરફ તેમ નાપાસ પ્રવેશ અંગે વકીલ વાટે દીલસોજી બતાવે છે.

ઇંડિઅન નેશનલ કોંગરેસ

જાહોનીતા એકસટ્રીમીસ્ટ આગેવાન મેસર્સ બાલ ગંગાધર તીલક, ખાપરડે, અરવીંદ ઘોસ, એચ. મુકરજી અને બી. સી. ચેટરજીની સહી સાથે કોંગરેસમાં ચમકતાં રમખાણના સંબંધમાં લંબાણ ખુલાસો બહાર પાડી એ રમખાણ માટે એકસ્ટ્રીમીસ્ટો જોખમદાર નથી, પણ મોડરેટો છે એમ જાહેર કરવામાં આવ્યું છે.

સુરતની કોંગરેસ નહિ ભરાવાથી મોડરેટોનું ઉભું થએલું નેશનલ કનવેનશન એપ્રીલ માસમાં અલ્હાબાદ ખાતે ભરવા ની ગોઠવણ થાય છે, જેમાં કોંગરેસ માટે ભવીષ્યમાં કેવાં પગલાં લેવાં તે વિષે છેવ ટનું નકકી કરવામાં આવશે.

ડો. રાસ બીહારી ઘોસની મુલાકાત લેવામાં આવતાં તેઓએ જાહેર કર્યું હતું કે આવતા ડીસેમ્બર માસમાં મોડરે ટોની એક કોંગરેસ ઘણું કરીને સુરત ખાતે ભરવામાં આવશે, કારણ કે સુરતી ઓ પોતાના શહેરમાં કોંગરેસ ભરાય એવું જોવા ઇચ્છે છે અને તેમની આ વખત ની મહેનત બરબાદ ગઇ તે માટે કાંઇ બદલો આપવા ઘટારત છે.

કલકત્તા ખાતે કોંગરેસની ચર્ચા પુર જોસમાં ચાલી રહી છે અને બંગાળી મોડ રેટો તેમજ એકસ્ટ્રીમીસ્ટો અરસપરસ સામે ઉશ્કેરણી ભરી વિરહતા બતાવે છે. એકસ્ટ્રીમીસ્ટો મોટા "કાઉંસોર્ડ" બહાર પાડી જણાવે છે કે મોડરેટના વલણને બંગાળા વગોવે છે.

સુરતની કોંગ્રેસમાં રૂ. ૪૦ હજારની ટીકીટો ખપી હતી અને રૂ. ૧૦ થી ૬૨ હજાર સુધીની મદદ મળી હતી. કોંગ્રેસના કામમાં બંદોબસ્ત રાખવા રાખેલા પોલીસ ના માણસોને રૂ. ૨૦૦ ઇનામ તરીકે આપવામાં આવ્યા છે. પોલિસના વડાએ હાલના પોલિસ સુપ્રી-ટેન્ડન્ટ મી. બીટી તથા કોંગરેસના કામમાં ભાગ લેનારી પોલિસને શાબાસી આપી છે.

સરદાર અજીતસીંહે કોંગરેસમાં દાખલ થતી વખતે તાળીઓની મોટી ગર્જનાથી વધાવી લઇ લેકોએ ખાસ માન આપ્યું હતું, તથા તેમને કોંગરેસના સ્ટેજ ઉપર આગેવાનો સાથે બેઠક આપવામાં આવી હતી. એકસ્ટ્રીમ પક્ષના આગેવાનોએ તેમની જુદા જુદા આગેવા નો સાથે મુલાકાત કરાવી હતી.

ટ્રાંસવાલના કોંગ્રેસમાં ગએલા ડેલીગેટનું કામ

મી. અબ્દુલ્લા મુંબઇથી નીચે પ્રમાણે રિપોર્ટ મોકલે છે:—

મુંબઇ પહોંચતાં મેં ટેલીગ્રાફ કરી બધા ડેલીગેટોને બોલાવ્યા. તે આવે તે પહેલાં મેં અગ્રે કોંગ્રેસના આગેવાનોને મળવાનું શરૂ કરી બધાને સમજાવવા માંડ્યું. અને તેમને મી. ગાંધીના કાગળો પહોંચાડ્યા. તેમણે સાંભળ્યું કે અમે ડેલીગેટ તરીકે આવેલા છીએ, તેથી ઘણુંજ માન આપ્યું, અને બનતી મહેનત કરવા જણાવ્યું. મી. ગાંધીએ જે સ્ટેટમેન્ટ આપેલાં તેવાં ૩૫૦૦ છપાવી પહોંચ્યાં. તમારી પાસેથી જે ગવરમેંટ ગેઝેટ મંગાવ્યું હતું તેમાંથી ખરેખરી મદદ મળી. તેમાં જે બાબત હતી તે મોટા મોટા આગેવાનોને દેખાડી, અને પછી સર ફીરોજશા મહેતા તથા મી. ઝીણા બેરીસ્ટરની સલાહથી ૧૩૦૦૦ કોપીઓ છપાવીને પહોંચ્યા. પછી મી. ઉમર હાજી આમદ ઝવેરી આવ્યા તેમને ભાષણ માટે પુછ્યું. તેમણે હા કહી. મી. ગાંધીએ તેમને ભાષણ ચું કરવું તે ઘણુંકરી લખ્યું હતું. તે પ્રમાણે બધો સાર છપાવી બધા કોંગ્રેસની અંદર એકઠા થએલા લોકોને આપ્યો. જે વાંચીને વકિફ થયા. વાંચી ઘણા ખરા રડ્યા. ૨૩ મી ડીસેંબરે સુરત ગયા અને ત્યાં જઇ કોણ કોણ આવ્યા તેની તજવીજ કરી. પછી કોંગ્રેસના સેક્રેટરી, અમે સર ફીરોજશા મહેતા, તથા મી. ઝીણાને મળવાની તજવીજ કર્યા પછી બીજે દહાડે, મળ્યા. લોકો ઘણુજ કાયદાની વિરૂદ્ધ હતા. તા. ૨૬ મીએ કોંગ્રેસ શરૂ થઇ. બે ત્રાડ્યા પછી કામ શરૂ થયું. તેમાં જે જે ફરીયાદ હતી તે સમજાવી. તેમાં ટ્રાંસ્વાલની ફરીયાદ ત્રીજા નંબરે હતી. જ્યારે વાત બહાર આવી ત્યારે લોકોએ જણાવ્યું કે જેમ બને તેમ ટ્રાંસવાલના હીંદીઓને મદદ આપવી. અમને કોંગ્રેસના મંડપમાં ચેરમેનની ખુરસીની સામેજ જગ્યા આપી. કોંગ્રેસમાં મડાપ થવાથી અમારૂં દીલ ખાટું થયું. મીટીંગ વીખેરાયા પછી અમે સર ફીરોજશાને પાછા મળ્યા. તેમણે પાછું રહેવાને ફરમાવ્યું. બીજે દહાડે જસ્ટીસ બદરૂદીનના દીકરા જે લાંબે બેરીસ્ટર છે તેમણે બલામણ કરી કે બધી વાત પાછળ મુકી પહેલાં આપણે આપણા ભાઇઓની મદદે ટ્રાંસવાલ તરફ ધ્યાન પહોંચાડવાનું છે. કહ્યું કે તેમના તરફથી ડેલીગેટ અત્ર આવેલા છે. તેમનાપર ઘણો કઠણ વખત છે. પોતાનાં જાન માલ ગુમાવવા તયાર થયા છે. ત્યાર પછી મળેલા કન વેનશનની મીટીંગમાં નીચે મુજબ બન્યું.

મી. ઉમર હાજી આમદ ઝવેરીની રપાચ જે આપેલી હતી, તે અંગ્રેજીમાં વાંચી સંભળાવી. ત્યાર પછી મને બોલાવવામાં આવ્યો. મેં પણ થોડા શબ્દોમાં દુઃખ હૈયાલ ટ્રાંસવાલનો આપ્યો અને જ્યારે હું ઉંડાણ સમજાવતો હતો ત્યારે વારેવારે આતાઓ શરમ શરમના પોકારો કરી મંડપ ગજાવી મૂકતા હતા. એટલા બાંજ જોહાન્સબરગનો કેપલ મળ્યો કે મી. ગાંધી અને બીજા લોકો પકડાયા છે. અને બીજે દહાડે કેસ છે. એ કેપલ મળતાની સાથે બધામાં દિલગીરી ફેલાઇ. ત્યાર પછી મી. અલી મહમદ ભીમજીએ પોતાના જુસ્સાદાર ભાષણમાં ટ્રાંસવાલના હિંદીઓને મદદ કરવા સખત ભલામણ કરી. ત્યાર પછી ઠરાવ પાસ કરી લંડન ખાતે ઓલગીનપર, બીજો મી. મોરલીપર, હિંદુસ્તાનના વાઇસરોય લોર્ડ મીન્ટોપર, અને બ્રીટીશ પાર્લીઅન એશીઆટીઅમ જોહાન્સબરગપર એ પ્રમાણે કેપલ કર્યા. ટ્રાંસવાલની સરકારપર પણ કેપલ કરવામાં આવ્યો હતો. આજે અમે મુંબઇ આવ્યા મન ધરલામમાં આવ્યા છીએ. અત્રેથી પણ ઉપર મુજબનાજ કેપલો થશે. અમે અમારાથી બનતી તજવીજ કરી રહ્યા છીએ. અને ઉમેદ છે કે જરૂર ફતેહ થશે.

મી. ગાંધીએ મોકલેલા પા. ૩૫ની ફુંટી બરાબર મળી હતી.

મી. ઉમર હાજી આમદ ઝવેરી પોરબંદરથી નીચે પ્રમાણે લખે છે:—

આપના કાગળ તા. ૨૭ નવેંબરે, ૨૬ નવેંબરે, ૭ ડીસેંબરે, અને ૧૮ મી ડીસેંબરે એ મુજબ મળ્યા. કોંગ્રેસની હકિકત મી. કલ્યાણદાસના કાગળથી જાણી હશે. તેની મદદ બહુ કામ લાગી હતી. સુરતમાં ડો. રાશબહારી, મોન. મી. ગોખલે, મી. સુરેંદ્રનાથ બેનરજી, સર ફીરોજશાહ, મી. દીનશા વાછા, તથા મી. ઝીણા એ બધાની મુલાકાત લીધી હતી. ટ્રાંસવાલના સવાલ બાબત એ બધા જોરમાં હતા. પણ કમનસીબે કોંગ્રેસ ટુંકાયી આશા નિષ્ફળ જણાઇ. છેવટે કનવેનશનમાં કામ ઉપાડી લીધું. તે મીટીંગમાં બાબજી થાલુ હતું ત્યારેજ મી. ગાંધી તથા બીજા પાંચ પકડાયાનો તાર મળ્યો.

ત્યાંની સ્થિતિ સંબંધી તારો બાબામાં દરરોજ આવે છે. જેઓ હીંદની આબરૂ માટે જેલ ગયા છે તેમને મુબારકબાદી આપું છું. આ કામમાં મળે તે પહેલાં ખુદા કરશે તો કાયદામાં ફેરફાર થઇ જશે એમ માનું છું. ટ્રાંસવાલ માટે પ્રોટેસ્ટ મીટીંગ મુંબઇમાં ભરવા સર ફીરોજશા તથા મી. વાછાને મળીને નકકી કરવું છે. ટાઉન હોલમાં જંગી મીટીંગ ના. આગાખાનના પ્રમુખપણા નીચે પાંચ સાત દિવસમાં ભરાય એવો સંભવ છે. અમારાથી બન્યું તેટલું કરવામાં પાછળ નથી રહ્યા.

જેલ જનારાઓને ફરીથી મુબારકબાદી આપીએ છીએ.

નાતાલમાં એશીઆટીક ચરચા

સર લીજ હમુલેટે ગ્રીનવુડ પાર્કમાં એક ભાષણ દરમ્યાન જણાવ્યું હતું કે:—

હું જણાવું છું કે ફીરમીટીઆ મજુરી જરૂરી છે. છતાં તે ઉપર અંકુશ મુકા આપણે તેથી હતી તુકકાની કટલેક દરજ્જે અટકાવી શકીએ છીએ. નાતાલમાં જન્મેલા સેંકડો હીંદીઓ છે, તેમને આપણે શામાટે બેતર માટે કામે ન લગાડી શકીએ? આ બાબ શહેરવાળાઓનો છે. તેઓ પોતાના સ્ટોર અને ઓફીસો 'કુલી' (કાલો નીમાં જન્મેલા હીંદી) થી ભરી દે છે. એમને બદલે ગોરાઓને આમં આપી શકાય. જો બની શકે તો હું તો એક ઠરાવ નાખું, કે જે ગોરા કરી શકે તેવું કામ ઓફીસમાં કરનારા દરેક હીંદીને ભરવો પડે. હીંદીઓને ફરીથી ફીરમીટમાં દાખલ થવાને ઉત્તેજાવવા જોઇએ. અંદરી હોય તેમને ફરીથી ફીરમીટમાં દાખલ કરવાથી, અને ફીરમીટમાં ફરીથી ન જોડાવ તેમને હીંદમાં મોકલવાથી એશિઆટીક સવાલનો નીવેડો આવી જશે.

આરબની બાબતને હું ઘણી ભયંકર માનું છું. તે માટે ગોરા વેપારીઓજ જોખમદાર છે. તેઓ ઋમે તે 'કુલી' ને ઉધાર માલ આપે છે. આ આરબને તથા સ્વતંત્ર હીંદીને દાખલ થતાં અટકાવવા કાયદો ઘડવો જોઇએ.

જો ખેતીના ઉદ્યોગવાળાઓ પાસેથી ફીરમીટીઆ લઇ લેવા હોય તો તેમને કાંઇક બીજી રીતે મજુરો મળવાજ જોઇએ. કાફરો કામ કરે તેમ નથી. છતાં કાફરો માટે ખેતરોપર ઘર બાંધવાની સુચના ઉપાડી લેવા જેવી છે.

હીંદી છાપો

"ગુજરાતી"

હીંદી પ્રજાએ પણ પોતાની એક ફરજ બજાવવાની છે. એ ફરજ મજબુત હાથે અજમાવવાની છે. સરકારની નબળાઇ ઉઘાડી પાડી ને બતાવવાની છે. થોડી કે ઘણી પણ ટ્રાંસવાલની સરકાર બ્રિટીશ સરકારની તાબેદાર સરકાર છે. એનાપર જો સખ્ત દબાણ કરવામાં આવે તો તાત્કાલમાં તે લડી ન જાય એવી આપણે આશા રાખતા નથી. પરંતુ આવું દબાણ કરાવવાને માટે હીંદી પ્રજાએ ઝટપટ તયાર થવું જોઇએ. ટ્રાંસવાલની સરકારની વિરૂદ્ધ પ્રોટેસ્ટ કરવાને મુંબઇમાં જે જાહેર સભા મળનારી છે તે કયારે મળશે? "થાય છે" એ મુર્ખાઇ ભરેલા ત્રણ અક્ષરના વાકયે હીંદી પ્રજાની પાયમાલી કરી છતાં, તેવોજ કંઇ વેષ બજવવામાં આવે છે કે શું? રોરીફની મારફતે સભા બોલાવવામાં આવનારી છે એવું ઘણા વખત થયાં બોલાય છે, પરંતુ તેના ઢોલ તાંસા હદામા વાગતા સંભળાતા પણ નથી.

"નવસારી પત્રિકા"

સફેદ અને કાળી ચામડીનો ફેર ટ્રાંસવાલમાં હાલ બેહદ વરસી રહયો છે. ત્યાંની આબ ખુદ થઇ બેઠેલી બોઅર સરકાર આપણા હીંદીવાનોનો કચ્ચરઘાણ કહાડવા બેઠી છે. તેઓ કાળી ચામડીનો ફરક રાખી આપણા હીંદીઓને ટ્રાંસવાલમાંથી બહાર કહાડવા માંગે છે.....તેઓ આ નજીવા દેખાતા કાયદાથી એટલુંજ ભવિષ્યમાં કરવા માગે છે, કે હીંદમાંથી હવે વધારે લોકોને ટ્રાંસવાલમાં રેલ્વે સ્ટેશન ઉતરી આવતાં અટકાવવા, અને જેઓ, ટ્રાંસવાલમાં ભરાયા છે. તેઓને હર તદ બીરે બહાર કાઢવા.....મી. ગાંધીને કેદ માં પુરી ટ્રાંસવાલે હીંદીવાનોનાં નાક કાપી નાંખ્યાં, તોએ હીંદના હીંદીવાનો તમે બાયલા જેવા જેવા કરો છો. મી. અબ્દુલ્લા જેવા જેવા કરો છો. મી. અબ્દુલ્લા જેવા આગેવાન પારસી વેપારીને સખ્ત મજુરી સાથનું કેદખાનું ભોગવવા કરાવ્યું છે, તોએ તમો ઘરપરિયા પારસી આગેવાનો કુંભકરણની ઉંઘમાં પડયા રહ્યા છો. તમારા સંખ્યા બંધ હીંદુ અને મુસ્લમાનીઓને કેદમાં નાખ્યા જાય છે તે તમે જોયા કરો છો! આવા કરજ બોયરો સામે ઉઠી ઉભા થવા ને તમારી પાસે લડાઇનાં ઓજારો તો નથી, પણ પોકાર કરવાને જીભો તો છેજ ને. શું કારણ કે એક દરખાસ્ત સભાઓ ભરી આપણા બંધુઓ માટે હીંદી અગ્રેસરોએ પોકાર ઉઠાવવાનાં પણ અટકવું જોઇએ? પારસીઓને કોંગ્રેસથી દુર રહેવા કહેનારા ઓએ હવે વિચાર કરવો ઘટે છે. જો પારસીઓ કાંઇ પણ કરી શકે તો તેઓ ના આજરદાર જાત ભાઇઓનું તો ટ્રાંસ વાલમાં રક્ષણ કરે કે નહિ? આવો જુલમ કોઇ દેશમાં નથી, કે વેપારથી કોઇ સરકાર હાંકી કાઢવા માગતી હોય. મી. ગાંધી જેવા સુપ્રસિદ્ધ બેરીસ્ટરનો શિકાર પહેલીજ તકે પકડવામાં બોઅર લોકોની લુચ્ચાઇ અને ડગાઇ છે. તે આપડા પોતાના જાત ભાઇઓ માટે લડવામાં આત્મભોગ આપતો હતો તેનેજ જ્યારે પોચા વગરનો કરવામાં આવ્યો છે, ત્યારે ટ્રાંસવાલના લોકોનું થાય શું? મુસલમાન વેપારીઓને પણ હાલ પકડવા માં આવ્યા છે. તો મુસલમાન કોમે શા માટે ઉઠવું નહિ જોઇએ. શા માટે એ મુંગી બેઠેલી કોમે પોતાનું પાણી આવા વખતે બતાવવું નહિ જોઇએ? આપણા બાયલા, સ્વાર્થી, માંસીમાંના માકડ જેવા, માનમાગુ, અને સસ્તી કીર્તી ઉપર જીવનારા કહેવાતા અગ્રેસરો ઘોડાને બદલે માણસો પાસે પોતાની ગાડી ધસડાવવામાં, તાજ વગરના પોતાને રાજા પોકા રવામાં, ચેરે ચેરની બાદશાહ કે સિંહની ઉપમા મેળવી હરખાનારા. પુલના હારો, માં ઠઠાઇ જઇ ફોકરાઇ મારનારા, માન પત્રો મેળવવામાંજ જીંદગીનું સારથક્ય સમાઇ રહેલું માનનારા, અને ટુંકમાં પોતાનું જીવનચરિત્ર લાંબું લેખાવવાની મિથ્યા હોંશ રાખનારા અગ્રેસરો કાને બહેરા, આંખે આંધળાં અને લુલાં પાંગળાં થઇ રાંડી રાંડા માફક ઘરમાં ચુંટીયાં પકેરી બેસીને આ જુલમી સપાટ જોવા કરે છે, તે તેઓ માટે ખરેખર શરમ ભરેલું છે. ટ્રાંસવાલમાં જુલમની હદ વધી નથી. ત્યાંના ગોરાઓ રાક્ષસ પેઠેમ પોતાનો ઝેરી સોટો ચલાવે છે, અને ખાસ્સિત થઇ હીંદી, હીંદી, અને હીંદીનેજ મારે છે. તેઓને બચાવવાને શું હજી વખત પાકયો નથી? સ્વદેશીઓ ઉઠો. જાગૃત થાવ, ને તમારું તમામ જોર આવા વખતે અજમાવી પ્રજાનો સ્વચ્છ પ્યાર મેળવો. નહિ તો તમે અમારે મન થી નામનાજ અગ્રેસરો છો, અને તમારા વગર હીંદને ચાલશે એમાં કશો ય ફરક રહેશે નહિ.

અમદાવાદનું "પ્રજાબંધુ"

મી. ગાંધી અને ટ્રેન્સવાલીઆમાં વસનારાં આગેવાન વેપારીઓને જે સખ્ત સિક્ષા કરવામાં આવી છે તેનું કારણ પણ સરકારનું બદલાએલું વલણજ છે. હીંદી વાનો નિર્ભય અને ધણી ચિંતાના દોરના સમુહ જોવા થાય તો તેઓ હાલ જે જોર બતાવે છે તેવું કરી શકે નહીં અને લાચાર થઇને સરકારના કાયદા અને ઇચ્છાને શરણ થાય તેવું ટ્રાંસવા લના સત્તાવાળા ઇચ્છતા હોય તેમ સમજાય છે. અને તે કારણથી આગેવાનો ઉપર તેમણે હાથ અજમાવ્યો હોય તેમ અનુમાન થાય છે. સત્તાવાળાની આવી વૃતિ હશે તોપણ તેમની ધારણા પાર પડે તેવો સ્વરૂપ પણ સંભવ દેખાતો નથી. કેમકે ચંદન ઘસાતાં જેમ અધિકા ધિક સુગંધ આપે છે તેમ ટ્રાંસવાલના હીંદવાનો છુંદાતાં, કચરાતાં, અને જુલમ સહેતાં વધારે હિંમતવાન અને શૌર્યવાળા થતા જાય છે. અમે તેવા સ્વારથના બોગે પણ પોતાની પ્રતિજ્ઞામાં દ્રઢ રહેવાનો તેઓ નિશ્ચય કરી બેઠા છે.

સુરતનું "ગુજરાત મિત્ર"

ઓલ ઇંડિયા ઇનફોરમલ કાનફરન્સના પ્રમુખ મી. સુરેંદ્રનાથ બેનરજીએ કાનફર ન્સમાં વચ્ચેલા ઠરાવ વિશે નામદાર વાઇ સરાય જોગ તારનો સંદેશો મોકલ્યો હતો, જેના સંબંધમાં એવો ઠરાવ કરી વળ્યા છે કે એસિયાટીકો સામે જાપનો મુકનારા કાયદાને નામદાર શહેનશાહ એડવર્ડ તરફ થી મહાલી મળી ચુકી છે. તેનો કારોબાર ના સંબંધમાં વચ્ચે પડવાને અમે અશકત છીએ. પણ તમારી અરજી નામદાર શહે નશાહ તરફ મોકલી આપવામાં આવશે. ટ્રાંસવાલની સરકારના સેક્રેટરી મી. સ્મટસ કે જે ગરમ સ્વભાવનો અધિકારી છે, તેણે જે વિચારો હીંદીઓ વિરૂદ્ધ આપ્યા તે તેના નિર્દયપણાનો પુરાવો આપે છે. તેણે હીંદીઓ ઉપર કોઇપણ પ્રકારે દયા કરવા કે નામતી કરવાની ના પાડી કાયદાનો પુરેપુરો અમલ કરવાનો અભિપ્રાય દર્શાવી પરદેશીઓને હાંકી કાઢ વાનો ઠરાવ જાહેર કર્યો છે. પણ ટ્રાંસ વાલની સરકારે કેવી રાજનીતિ ચલાવવી તે વિશે લોર્ડ મીડલટને ભાષણ કરી સુચના કરી છે કે.....હીંદીઓ પ્રત્યે નર માસથી વરતવાનું મુશ્કેલ કામમાં બ્રીટીશ રાજદારીઓએ મદદ કરવી. લોર્ડ મીડલ ટન જેવા હીંદુસ્તાનની વજીરાત ભોગવી ગએલા ઉમરાવે જે વિચારો અનુભવ સિદ્ધ આપ્યા તે ઉપર શું હીંદી સરકાર, ટ્રાંસ વાલના ગવરનર, ટ્રાંસવાલની રાજસભા કે નામદાર શહેનશાહ ધ્યાન નહીંજ આપશે?

નાતાલ ઇમીગ્રેશન રીસ્ટ્રીકશન ખાતાનો રીપોર્ટ

નાતાલ ઇમીગ્રેશન ખાતાના ઉપરી અમલદાર મી. હેરી સ્મીથ તરફથી તેના હાયતળેના ખાતાનો ૧૯૦૭ની સાલનો રીપોર્ટ જાહેર પડયો છે. તેમાંથી કેટલીક જાણવા લાયક હકીકત નીચે મુજબ છે.

એ ખાતાની ૧૯૦૭ ની આવક ૧૯૦૬ ની સાલ કરતાં પા. ૧૭૮–૪–૮ જેટલી વધી છે. એમ્બારકેશન પાસની ફીની આવકમાં પા. ૫૦૮ નો વધારો થયો છે. બીજાં ખાતાંઓ સરકારને પોતાને અરધું ચલાવવાં પડે છે ત્યારે ઇમીગ્રેશન ખાતું તે ખાતાની આવકમાંથીજ નભી શકે છે.

મજકુર સાલમાં કુલ ૨૭,૫૨૨ ઉતારૂ આવ્યા, જેમાંથી ૧૫,૬૫૬ બ્રિટીશ, ૨૨૬૨ ચીના, અને ૮૧૭૧ હીંદી હતા. બ્રીટીશોમાં હીંદીની સંખ્યા ૬૪૮૯ ની હતી, જેમાં ૨૬૪૨ આદમી, ૧૧૪૧ ઓરતો, અને ૯૦૬ છોકરાં હતાં. કુલ૫૨૦૬ માણસને અટકાવવામાં આવ્યા હતા, જે માંના ૩૨૭ 'આરબ' ૨૫૬ ચીના, ૨૪૫૯ હીંદી, ૩૧૭ સીંગાલીઝ, ૧૪૦૭ ઝાંઝીબારી તથા બીજી નાની સંખ્યા બીજી કેટલીક જુદી જુદી જાતોની હતી: ૧૯૦૬માં ૯, ત્યારે ૧૯૦ માં ૫૯ પરી ક્ષાનાં સરટીફીકેટો કાઢવામાં આવ્યાં હતાં.

૧૯૦૬માં કુલ ૧૧,૪૨૫. ૧૯૦૭માં ૧૨,૪૮૩ ઇમીગ્રાન્ટસ સરટીફીકેટ કાઢવામાં આવ્યાં હતાં. ૭૯ સરટીફીકેટ ખોટા માણસના હાથમાં માલુમ પડવાથી જપ્ત કરવામાં આવ્યાં હતાં. અટકાવવા છતાં ગુમ થએલાની સંખ્યા ૪ની છે જેમાંથી ૨ ગોરા અને ૨ એશીઆટીક હતા. ગોરો પાછળથી પકડાયો હતો અને તેને પાછો મોકલવામાં આવ્યો છે. પાસ હોવા છતાં અટકાવ્યા પછી ગુમ થએલાની સંખ્યા ૧૨ ની હતી. કુલ ૧૬ માણસને ડીપોર્ટ કરવામાં આવેલ જે માં કેટલાક જાણીતા ગોરા ગુન્હેગારો તથા બદચાલની ઓરતો હતી. ઇમી ગ્રાન્ટસ સરટીફીકેટ માટે અરજ કરનારાને તપાસતાં માલુમ પડયું છે કે ૬૦ ટકા જેટલા પરણેલા હોય છે; જેમાંના ૫૦ ટકા જેટલાએ ૬૦ થી ૧૫ અને ૨૦ વરસ જેટલી જુદી જુદી મુદત સુધી પોતાની ઓરતોને જોએલ હોતી નથી. એશીઆટીકોમાં ૧૯૦૩ની સાલમાં ૫૧ ઓરત અને ૨૦૬ છોકરાં, ૧૯૦૪ માં ૪૨ ઓરત અને ૬૮૪ છોકરાં, ૧૯૦૫ માં ૪૮ ઓરત અને ૧૬૫ છોકરાં, ૧૯૦૬ માં ૬૯ ઓરત અને ૨૩૧ છોકરાં, તથા ૧૯૦૭ માં ૭૧ ઓરત અને ૧૩૬ છોકરાં કોલોનીમાં દાખલ થયાં હતાં.

મી. કેર હારડી

ઇગ્લાંડની પાલમેંટના મજુર પક્ષના વડા મી. કેર હારડી જે દુનિઆની મુસાફરીએ નીકળેલ છે તેઓ ગયા અઠવાડીઆમાં નાતાલ આવેલ હતા. તેઓ હીંદુસ્તાનની મુલાકાત દરમ્યાન હીંદીની ઉમેદ તરફ દિલસોજી બતાવી વિચારો ધરાવવા માટે જાણીતા થયા છે. નાતાલના કાફરી હુલ્લડ વખતે મી. કેર હારડીએ કાફરોના વતી ઇગ્લાંડમાં મોટો પોકાર ઉઠાવ્યો હતો.

મી. કેર હારડીએ 'મરક્યુરી' ને આપેલા 'ઇન્ટરવ્યુ' માં હીંદી સંબંધી તેમણે નીચે મુજબ વિચારો દર્શાવ્યા હતા: એશીઆટીક સવાલ સંબંધમાં એક બાબત મેં ખાસ કરીને જોઇ છે. તેની સામે જે જુમ મારવામાં આવે છે તે ગોરા વેપારીઓ તરફથી છે. કારણ કે તેમાં તેનો સ્વાર્થ સમાએલો છે. જો તેમાં કામદાર વર્ગનાઓનું હિત સમાએલું હોત તો આજ હાલના કરતાં બમણો પણ પોકાર સાંભળ્યો ન હોત.

જાપાના પ્રતિનીધિએ જણાવ્યું કે અહીં પોકાર ઉઠાવનારાઓમાં કામદાર વર્ગના લોકો છે. વળી તેઓને સોંપા ભાવવાળાઓનો આશ્રય લેવાની જરૂર પડે તેવું નથી. જવાબમાં મી. હારડીએ જણાવ્યું કે એ ખબર નવીન સાંભળું છું, ને તે જાણી ખુશી થાઉં છું.....બચા વના કારણ તરીકે દાખલ થતાં અટકા વવાની વાતની હું સામે નથી. પણ હીંદી બ્રિટીશ પ્રજાના હોવાથી તેમને બ્રિટીશ રાજના ગમે તે મુલકમાં દાખલ થવાની છુટ હોવી જોઇએ. હું જાપાન માં હતો ત્યારે મેં જોયું હતું કે એક રેલ્વે કોનટ્રાક્ટ સંબંધમાં જાપાનીઝને બદલે ચીના મજુરોને રાખવામાં આવતા હતા, છતાં સરકાર કાંઇ પણ કરી શકતી નહોતી. કારણ કે કોનટ્રાક્ટરને ચીના મજુરો રાખવાથી ૨૫ ટકા જેટલી ઓછી રોજી આપવી પડતી હતી.

'એકસ્પ્રેસ ટાઇમ્સ' ના પ્રતિનીધિને આપેલા 'ઇન્ટરવ્યુ' ઉપરના નીચે મુજબ સંવાદ થયો હતો.

મી. કેર હારડીએ જણાવ્યું હતું કે હીંદુસ્તાનની પ્રજાને કોઇ તરેહનું સ્વરાજ્ય તો મળવું જોઇએ. સ્વરાજ્યથી હીંદુ સ્તાનને ઠીક થી ગોમ હું પણ જાણું છું. હીંડીઓએ ચોરલ્યેલું બ્હોં પણ નહીં જોયું હોય તે અગાઉ ઇગ્લાંડો સુધી રાજકારભાર કર્યો છે; અને તે સારી રીતે ચલાવ્યો હતો.

[illegible] સુધારામાં અને પશ્ચિમના સુધારામાં કાંઇ ફેર નથી લાગતો? શું પૂર્વના સુધારાથી દુનિઆને બ્રિટીશ સુધારા જેટલો લાભ છે?"

મી. હારડી: "પૂર્વનો સુધારો યુરોપી સુધારા કરતાં ઘણોજ ચઢીઆતો છે. તેમાં શિસ્તપણ વધારે છે, અને ઉછાંછળા પણું ઓછું છે. તેમાં બુદ્ધિની ખીલવણી નો અર્થ વધારે સરે છે. પુર્વના લોકોને હમેશાં ધર્મ ઉપર આસ્થા વધારે હોય છે; તથા તેઓ તે મુજબ વરતવાને શીખેલા હોય છે. તેઓ દારૂ નહીં પીનારા છે."

ડરબન અંજુમન ઇસલામ

[ઇ. એ. માટે ખાસ રીપોર્ટર.]

તા. ૧૫ મીએ રાતે ૮॥ વાગે ડરબન અંજુમન ઇસ્લામની એક મીટીંગ મળી હતી, જે વખતે ચેરમેન મી. અબદુલ કાદર, સેક્રેટરીઓ, તથા મેસરસ દાઉદ મહમદ, ઇસેન કાસમ, ઇસમાઇલ ગોરા, અબદુલ હક, હાજી હબીબ, હાસમ જુમા, એમ. એમ. અરસાણી (ન્યુ કેસલ), સુલેમાન હાવજી ઉમર (લેડી સ્મીથ), તથા બીજા લગભગ ૩૦૦ માણસો હાજર હતા. સેક્રેટરી (દાદા ભીયાં) એ મીનીટબુક વાંચી. પછી ચેરમેને જણાવ્યું કે ટ્રાંસવાલના મામલા પર ચર્ચા કરવી, બીજુ નોકર રાખવો, માજી ચેરમેનને માનપત્ર આપવું હતું તેનો ખરચો આપવો, મરહુમ નવાબ મોહમ્મદ નઉસમુલ્લકના કુટુંબપર દીલગીરીનો કાગળ મોકલવો એવો અગાઉ ઠરાવ થયો હતો પણ માજી ચેરમેનની જુલથી તે કાગળ પડી રહેલ, તો હવે મોકલવાનું તે નકી કરવું, અને આગળનો સંબંધમાં ચર્ચા કરવી એ મીટીંગનો હેતુ છે. મી. ઇસ્માઇલ ગોરાએ જણાવ્યું કે મીનીટબુક વાંચવામાં બહુ વખત જાય છે તો ઓછો વખત જાય તેમ કરવું જોઇએ. માજી ચેરમેનને માન પત્ર આપવું તેનો ખરચ અંજુમન કરતાં

આપવાજોગ પુરો પાડયો. જેમાં પોતે ૧૫/–, મી. દાવુદ મહમદે ૧૦/–, મી. હુસેન ઇસાએ ૫/–, મી. મહમદ આમેદે ૫/–, મી. હાજી હબીબે ૪/૬, તથા મી. અબદુલ કાદરે ૩/૬ આપી. મી. ઇસ્માઇલ ગોરાએ જણાવ્યું કે નવાબ મોહસીનઉલમુલ્ક ગુજરીને લગભગ ૪ મહિના થયા, છતાં હજુ સુધી કાગળ પડી રહયો તે દિલગીરની વાત છે. તો તેનો ખુલાસો આજે તે આજે થવો જોઇએ. સેક્રેટરી મી. એમ. એમ. કાદરે જણાવ્યું કે આમાં આજ ચેરમેનની ભુલ થઇ છે. એટલે કે કાગળ તૈયાર હતો ને ચેરમેનના મનમાં હતું કે તે મોકલી આપ્યો છે પણ આજ ચેરમેન તરફથી બેરાથી તાર મળ્યો છે તેમાં તેઓ જણાવે છે કે મારે ત્યાં કાગળ પડી રહયો છે જે લઈ તમે મોકલાવશોજી. આ ઉપર કેટલીક ચર્ચા થતાં પહેલીજ સ્ટીમરમાં તે કાગળ મોકલાવવા ઠરાવ થયો. મી. ઇસ્માઇલ ગોરાએ જણાવ્યું કે નોકર રાખવા સંબંધમાં હું ધારું છું કે હાલ ન રાખીએ તો સારું. કારણ કે અંજુમન કાંઇ એટલી પૈસાવાળી નથી. મી. હાજી હબીબે જણાવ્યું કે નોકર હોય તોજ કામ થાય. કારણ પગારદારના પર દબાણ કરી શકીએ, તેમજ તે દરેક વખતે જરૂ પૈસા ઉઘરાવી શકે. પણ આ વાત પસંદ ન હોય તો એક માણસ પૈસા ઉઘરાવવા રાખવો, ને તેને કમીશન આપવું, કે જેથી તે જલદી ઉઘરાવશે. આ વાતને મી. દાવુદ મહમદ તથા મી. ઇસપ અસમાલ મળતા થયા. જેથી ૧૦ ટકા કમીસન રાખી તે કામ મી. દાદામીઆને સોંપવા ચેરમેનના કહેવાથી ઠરાવ થયો.

જણાવ્યું કે મીર આલમને હું બાર વરસ થયાં ઓળખું છું. હું તેને દીવદુલતાન થી ઓળખું છું. તેની નોકરી મારા હાથ નીચે હતી. તેની ચાલચલણ સારી હતી. તેની સામે કંઈ ફરિયાદ આવતી નહિ. હું ત્યારે જેલમાંથી નીકળ્યો ત્યારે મને સમાધાની વિષે કાંઇ ખબર પડી નહોતી. મેં તપાસ કરી નહોતી. તે વખતે હું બહુ માંદો હતો. પઠાણો એ આવી મને પુછયું ત્યારે મેં એસેસરી એકનપર કાગળ લખી પુછાવ્યું, પણ કાંઇ જવાબ મળ્યો નહિ. હવે શું બને છે તે હું સમજતો નથી. પહેલાં આંગળાં આપવાં તે, કુતરા થયા બરોબર ગણાતું; ને હવે આંગળાં આપવાનું કહેવામાં આવે છે તે હું સમજતો નથી. અમે રજીસ્ટર ન થયા કસમ લીધેલા છે. મજકુર દિવસે વાન ઑરીસ સ્ટ્રીટમાં હું હાજર નહોતો.

ઉલટ તપાસમાં તેમણે જણાવ્યું કે મેસર્સ ગાંધી અને નાઇડુ જણાવે છે કે તેમણે રજીસ્ટર બાબત સમાધાન કરયું છે. મને પોતાને સંતોષ થયો નથી. મી. ગાંધીપર હુમલો કરવા મેં કોઇને કહ્યું નથી.

ત્યાર પછી મી. લાધાસીંગે જુબાની આપતાં જણાવ્યું કે હુમલા વખતે હું ત્યાં હતોજ નહિ.

મી. વાન ડીગલીને જણાવ્યું કે ઉપર ના બને શાહી હુમલા વખતે હાજર હતા એમ મને તેમણે કહ્યું હતું. પણ ભાષાના વલણનો લીધે, તથા સરકાર કેસ ચલાવે છે એ વાતની અસર હોવાનો લીધે જુબાની આપતાં બીએ છે.

મીર આલમે

જણાવ્યું કે હુમલાને આગલે દિવસે હું જોહાનીથી આવ્યો, અને મી. નવાબખાન ને ત્યાં ગયો. તેને, સમાધાની વિષે

પુછ્યું તો મી. ગાંધી પાસે જવા કહ્યું. સોમવારે વાન ગ્રેંડીસ ઑટમાં સમાધાની વિષે મી. ગાંધીને પુછ્યું. મી. ગાંધીએ જવાબ આપ્યો કે ૧૮ આંગળાં અને વળી દસ આંગળાં આપવાં પડે છે. મેં મી. ગાંધીને કહ્યું કે મીટીંગ બોલાવીને આંગળાં ન આપવા કસમ લીધા હતા, અને હવે આંગળાં આપવા કહો છો. પછી મી. ગાંધીએ અંગ્રેજીમાં ગાળ દીધી. મેં મી. ગાંધીનો હાથ પકડીને કહ્યું કે શા માટે એમ કહે છે. એટલે નાઇડુએ પછવાડેથી આવીને પોતાની લાકડી વતી મને મારી. પહેલાં તેઓ ચાલ્યા જતા હતા પણ પાછળથી મી. ગાંધી મારા સામું બોલ્યા ત્યારે તેઓ ઉભા રહી ગયા. હું ફર્યો ને જોયું તો નાઇડુના આગળ લાકડી હતી. તેથી નાઇડુને મારવા પ્રયત્ન કર્યો. મી. ગાંધી વચ્ચે પડયા. તેથી મેં તેને માર માર્યો, અને તે પડી ગયા. પછી મેં તેને માર માર્યો નહોતો. જો સખત રીતે હું મારવા માગત તો તેને ઠાર કરત. મેં તેને રજીસ્ટ્રેશન માટે મારેલ નહિ જ, પણ ગાળ દીધી તે માટે મારેલ. મી. ગાંધીપર હુમલો કરવાનો મારે કાંઇ ઇરાદો નહોતો; હું તો ચાલ્યો જતો હતો.

માજીસ્ટ્રેટ—મી. વાન ડીજલીન, આથી તો તમારો બચાવ સાવ તુટી પડયો. તમારો પોતાનો માણસ ચોખ્ખું બોલે છે કે હુમલો રજીસ્ટ્રેશન માટે નહોતો, પણ ગાળ માટે હતો.

આગળ ચાલતાં આરોપીએ જણાવ્યું કે મારે મી. ગાંધીને મારવાનો ઇરાદો નહતો. મેં તેને ઇજા કરી છે એમ ખબર પડી ત્યારે દિલગીર થયો. મેં ગુસ્સામાં તે કામ કરેલું. મેં અબદુલ રહેમાનને જોયો નથી.

ઊલટ તપાસમાં જણાવ્યું કે જ્યારે નાઇડુએ મને લાકડી મારી ત્યારે મી. ગાંધીએ વચ્ચે પડી મને પાછી નાખવા માંડયો. મેં પહેલાં મી. ગાંધીને મારેલ, ને પછી નાઇડુને. હું મી. ગાંધીને ઓફીસ આગળથી મળ્યો હતો, અને ત્યાંથી તેમની સાથે ચાલતો ગયો. બધો વખત તેમની સાથેજ હતો, મેં લાકડી નાઇડુ પાસેથી લીધી. તેની પાસે છત્રી હતીજ નહિ, પણ લાકડી હતી. લાકડી મારી હતી એમ મેં આજ ઓફીસે નથી કહ્યું. મેં મી. ગાંધીને મારેલ તે ગાળને લીધે, રજીસ્ટ્રેશનને લીધે નહિ. મી. ગાંધી એ મને પજાડવા કોશીશ કરી, અને મને અમ્રેથા પકડયો હતો.

અબદુલ રહેમાને

જણાવ્યું કે—હું મી. ગાંધીની સાથે ઓફીસેથી ગયો હતો. મીર આલમે પુછ્યું કે કયાં જઓ છો તો મી. ગાંધી કહે "તેનું તારે.....(અંગ્રેજી શબ્દો) શું કામ છે." મીર આલમે ગુસ્સો થઇ ને મી. ગાંધીને ગરદનપર એક ફટકો માર્યો. તેથી નાઇડુએ આલમે તેને પક્ડ કર્યો. તેણે વધારે નહોતું મારયું. નાઇડુ મારવા જતો હતો ત્યારે આલમે તેના હાથમાંથી લાકડી પડાવી લીધી. એટલે કજીઓ પતી ગયો, ને હું ચાલતો થયો. મેં લોહીનો કટકો જોયો જ નથી.

અહીં બચાવ પક્ષનો પુરાવો લેવાનું બસ થયું.

મી. વાન ડીલગીને

જણાવ્યું કે બચાવમાં હું ખોટો નિષ્કર્ષ નીવડયો છું; પણ આરોપીઓ મી. ગાંધી ને મારવાના હેતુથી નહિ ગએલા એ મારે કહેવું જોઇએ.

ચુકાદો

માજીસ્ટ્રેટે ચુકાદો આપતાં જણાવ્યું કે આ કેસ સાવ ખુલ્લો છે. બંને આરોપી સામે હુમલો સાબીત થયો છે. મારે કહેવું જોઇએ કે હું મી. ગાંધીને સારી પેઠે ઓળખું છું, અને મને સંપૂર્ણ ખાતરી છે કે મી. ગાંધી આરોપીએ કહ્યું તેવા શબ્દો વાપરેજ નહિ. હું ધારતો નથી કે મી. ગાંધી ગાળના શબ્દ બોલે એમ કોઇ પણ માણસ કહી શકે. તેને વિષે મતી અનુભવથી હું કહું છું કે એવા શબ્દો બોલે એવા માણસ તે (મી. ગાંધી) નથી. આ પહાણો કેવા છે તે જણીતું છે. તે બહુજ અજ્ઞાન બનત છે. તેમના મગજમાં એક વાત પેસે તો પછી તે કદી પાછી કાઢી શકાશે નહિ. દરેક આરોપી ને બસ માસની સખત જેલની હું સજા કરું છું.

["ડેલી મેલ" ના રીપોર્ટ વિષે મી. વાન ડીગલીને જે ટીકા કરી હતી તે સંબંધમાં "ડેલી મેલ" નો પ્રતિનીધિ જણાવે છે કે તેણે રીપોર્ટમાં જણાવ્યું હતું તે મુજબ જનરલ બોથા બોલ્યા હતા.]

બડી સરકારના વિચારો!

રેટર જણાવે છે કે મદદનીશ કોલોની અલ સેક્રેટરી મી. ચરચીલે તા. ૧૬મીએ ભાષણ કરતાં જણાવ્યું હતું કે એશીઆ ટીક સવાલની ગંભીરતાની બ્રિટીશ્તના લોકોને ખબર નથી.

દક્ષીણ આફ્રીકામાં એશીઆટીક ક્રમી ગરેલનથી મધ્યમ વર્ગના ગોરાઓને મોટી આપદા નડે છે, અને વાયદાની ખબરો પડે છે. રાત્રે ધસી આવતા પીશાચની જેમ દક્ષીણ આફ્રીકામાં એશીયાટીક ક્રમી ગ્રેશનનો અટકાવ કરવાની જરૂર છે. પુર્વ આફ્રીકાના બધા ભાગમાં ગોરાઓ સ્થાયી વસતી થવા ને ઇચ્છાથી આની વાત જુદી છે.

લંડનમાં પ્રોટેસ્ટ મીટીંગ

ચિંગલવાર હેવાલ

ભાષણો અને ઠરાવો

[ધ. ઓ. માટે ખાસ રીપોર્ટ]

ટ્રાંસવાલના મામલા સંબંધમાં પ્રોટેસ્ટ કરવા તા. ૨૮ મી જનેવરીએ લંડનમાં એક જંગી મીટીંગ મળી હતી. તે સંબંધી બનતા લાયક સાર નીચે મુજબ છે:—

મી. આર. ડેવાંસ એમ. એમ. પી. ની દરખાસ્ત, અને મી. પી. કે. સિંહના ટેકાથી ડા. અબદુલ મજીદ એલ. એલ. ડી. બેરીસ્ટર એટ-લોએ પ્રમુખપદ લીધું. શરૂઆતમાં પ્રમુખની સુચનાથી સેક્રેટરી એ કેટલાક ટેલિગ્રામના સંદેશાઓ વાંચી સંભળાવ્યા, જેમાં મુખ્ય લોર્ડ રોબર્ટસ, બીશપ ઓફ માંચેસ્ટર, બીશપ ઓફ સાલિસ્બરીના, સર મંચરજી ભાવનગરી, મી. જે. જી. વીર. એમ. પી., જસ્ટીસ અમીર અલી સી. આઈ. ઇ., મી. રીચ, સૈયદ હુસેન બેલગ્રામી, તથા મી. ગોસ, ડીગબી સી. આઇ. ઈ. તરફના હતા.

પ્રમુખનું ભાષણ

૧૮૬૬ માં બોયર લડાઈ પહેલાં લોર્ડ લેન્સડાઉને જણાવ્યું હતું કે "કેટલાક દીંદી ટ્રાંસવાલમાં વસેલા છે તેમની દશા કરતાં બીજી કોઈ બાબતથી વધુ રોષ થતો નથી. બોરાની બેવી ચાલની દીંદી ની પ્રજા ઉપર શું અસર થશે?" તેજ સાલમાં લોર્ડ સેલબોર્નને જણાવ્યું હતું કે "મહારાણીએ પોતાના દેશમાં જણા વેલાં વચનો મુજબ ટ્રાંસવાલમાં વસતા આપણા દીંદી પ્રજાના ભાઇઓને સારી રીતે રખાવવા તે શું આપણી ફરજ નથી! આપણા લાભ્રઓના હકના આપણે ટ્રસ્ટી તરીકે છીએ, અને તેથી આપણે આપણી ફરજ બજાવવીજ જોઇએ. શું બ્રિટીશ સરકાર પોતાની આબરૂ જાળવવા અને પોતાનાં વચન પાળવા નથી માગતી?" ૧૯૦૪ માં મી. લીટલટને લોર્ડ લેન્સ ડાઉનને કહ્યું હતું કે "લડાઈ શરૂ થતાં સુધી ટ્રાંસવાલના દીંદીના હક વટી સર કરે જણાવ્યા હતા; અને દીંદીઓની હાડમારી એ લડાઈનું એક કારણ હતું." ૧૯૦૩ માં લોર્ડ મીલનરે જણાવ્યું હતું કે રજીસ્ટ્રેશન દીંદીના બચાવ તરીકે છે. તેની સાથે પા. ક્રુની ની રજીસ્ટ્રેશનમાં આવી છે. રજીસ્ટર બનાવી તેમના હક

પાડે થાય છે, અને વધારે રજીસ્ટ્રેશનની જરૂર પડતી નથી.' આમ કોઈ મીલ નજર ગોરાઓ હતા તેવી હીંદીઓ રજીસ્ટર થયા હતા. હવે ટ્રાંસવાલના સ્વરાજ્યના પટાની કલમ એવી છે કે 'ગોરા ઓ સિવાયના લોક ઉપર કોઈ જાતની હાડમારીઓ મુકવામાં આવે અને ગોરા ઓને ન ગમવારી પડતી હોય તેવી અટ કાયદો મુકવામાં આવે તેના કાયદાઓપર વટી સરકારની મંજુરી લેવી પડશે.'

બે વરસ પરસના દાખલાઓ ઉપરથી જોવામાં આવે તો માલુમ પડશે કે જે કોઈ બ્રિટીશ પ્રજા નરીકના હકની આડે આવે તે ગેરકાયદેસર છે; તથા બ્રિટીશ રાજના કોઈપણ ભાગમાં એવો કાયદો હોય કે જેથી બ્રિટીશ પ્રજાના બ્રિટીશ નરીકના હક રદ થતા હોય તો તે કાયદો નકામો ગણાશે. હવે મહારાણીના ઢંઢેરા ના ૯ મા પારીગ્રાફ મુજબ અંગરેજ અને હીંદી, વચ્ચે બ્રિટીશ રાજના કોઈપણ ભાગમાં તફાવત રાખવામાં આવશે નહિ એવું કહેવામાં આવ્યું છે. હીંદીઓને આમની સભામાં બેસવાનો હક છે, પારલામેંટના મેંબરની ચુંટણીમાં વોટ આપવાનો હક છે. ગોખલે હીંદીના મુખ્ય હકોની આડે આવવાને કોઈપણ કોલોની અત્ર સરકારને રહેતા નથી. તેવા હકમાં ફેરફાર કરવા હોય તો ઈંગ્લાંડની પારલા મેંટજ કરી શકે છે. ટ્રાંસવાલના કાયદા કરનારઓથી તે થઇ શકતું નથી.

વળી વફાદારી જણાવી હોય તો સાથે રહેવા પણ આપવું જોઈએ. હીંદીઓ વફાદાર છે અને તેથી તેમનો રક્ષણ મળવું જોઈએ. વળી હીંગના બાસ હકની આડે આવતો હોવાના કારણને લીધે પણ ટ્રાંસવાલનો કાયદો નકામો છે.

વટી પારલામેંટે જણાવ્યું છે કે "અમે કાંઈ કરી શકતા નથી". હું કહું છું કે એ કાયદો ગેરકાયદેસર છે, અને હીંદીઓ તે માટે ટ્રાંસવાલ સરકારપર કાયદા ચલાવી શકે છે. હવે કાયદાની વાત બાજુએ મુકીએ તો પણ નીતિની રીતે જોતાં પણ એ કાયદો ગેરવાજબી છે. અહીં બધા અંગ્રેજો કહે છે કે ટ્રાંસવાલના ગોરાઓના જેવા હક હીંદીને મળવા જોઈએ. આમ ન કહેતો હોય તેવા કોઈ માણસને હું મળ્યો નથી. આ વાત હીંદીને હલકા પાડનારી છે, એટલુંજ નહિ, પણ બ્રિટીશ પ્રજા, તથા ખુદ ટ્રાંસવાલના લોકો માટે પણ નમોશી ભરેલી છે. હીંદીને, લાગણી દુભાતી હોય તેવી બાબતોને સરણ થવું પડે છે. તેમને ગોરાની જોડે પુટપાથપર ચાલવાનો અથવા ગોરાની વપરાશમાં આવતી ગાડીઓપર બેસવાનો હક નથી (શરમ). અને હું આશા રાખું છું કે જેમ બને તેમ તેનો પહેલો અંત આણવામાં આવશે. વળી તેવી રાજદ્વારી દલીલપણ પણ બતાવાનું નથી. આવી બાબતો વટી સરકારેજ ઉપાડી લેવી જોઈએ. રોમમાં આમ થતું. વેપારીને ખાતર ટ્રાંસવાલમાંથી હીંદીને હાંકી કાઢનારના હાથમાં આ વાત ન સોંપાવી જોઈએ.

છેવટમાં હું આશા રાખું છું કે આપણા દરાવ ઉપરથી વટી સરકારને હવે સૂઝશે કે ટ્રાંસવાલના હીંદીને નામોશી ભરેલી હાલતમાંથી છોડાવવા જોઈએ, તથા તેમને ટ્રાંસવાલના બીજા લોકોના જેટલા હક અપાવવા જોઈએ. હું એવી ખુશના કરું છું કે ટ્રાંસવાલના કાયદાને અટકાવવામાં આવે, તથા કમીશન નીમી ઘટતી રીતે કાયદા ઘડાય.

૨ લો ઠરાવ

મી. જે. એમ. પારેખ બેરીસ્ટર એટ-લૉ. એ નીચે મુજબ દરાવ રજુ કર્યો: "ટ્રાંસવાલમાં હીંદીઓને જે રીતે રાખવામાં આવે છે તે ગેર વાજબી અને નામોશી ભરેલું છે. તેમનાપર હાડમારીઓ આવે એ અહીં તથા હીંદમાં અપમાન ભરેલું ગણવામાં આવે છે. હીંદીઓનું રાજના સુધરેલા સોદરીઓ નરીકે રક્ષણ કરવા વટી સરકારમાં તાકાદ નથી એથી હીંદુસ્તાનમાં બ્રિટીશની આબરૂને મોટું નુકસાન પહોંચ્યું છે; અને આ સ્થિતિ જો વધુ વખત ચાલુ રાખવામાં આવશે તો ભયંકર પરિણામો નીપજવાનો સંભવ છે."

મી. પારેખનું ભાષણ

આપણે અહિં જોગા મળીને સરકારને એ જણાવવા માગીએ છીએ કે બ્રિટીશ રાજના કોઇ પણ ભાગમાં જવાનો હિંદી ને હક છે. ગોડાજ દીવસપર મી. વીન્સ ટન ચરચીલે જણાવ્યું હતું કે એશીયાટીક ઇમીગરેશનપર અટકાયત મુકવાનો ટ્રાંસ વાલને હક છે, તે હું અટકાવી શકતો નથી. પણ આપણને મહારાણી વીકટો રીઆના ઢંઢેરાથી બ્રિટીશ રાજના કોઇ પણ ભાગમાં જવાને હક છે. ટ્રાંસવાલ ના હાલનો મામલો તે નવા આવનાર સંબંધી નહિ પણ જુના વસી રહેલાને લગતો છે. આ વાત મી. ચરચીલ જુલી જાય છે. મી. બોરને પણ આજીજ ભુલ કરી હતી. પણ રાજના ગમે તે ભાગમાં જવાને દરેક હિંદીનો જન્મ હક છે. તેનું વચન ઢંઢેરામાં આપીને હિંદીઓને વફાદાર કરવામાં આવ્યા છે. જો સરકાર તે વચન તુટવા દીએ, તો હિંદીઓને પોતાની વફાદારીનું વચન તોડતાં કોણ અટકાવી શકશે? શું જુના વસી રહેલાને પણ કાઢી મુકવાનો ટ્રાંસવાલને હક છે? નહિજ. ટ્રાંસવાલને સ્વરાજ્ય અપાયું ત્યારે એક તરફી કાયદા અટકાવવાનો હક વડી સરકારે રાખેલો છે. તે હક વાપરીને કાયદો ન અટકાવ્યો તેમાં વડી સરકારે એક મોટી ભુલ કરી છે, અને બેદરકારી બતાવી છે. કાયદાનો હેતુ ઇમીગરેશનપર અટકાયત મુકવાનો કહેવામાં આવ્યો છે. તો તે માટે આંકડાં લઇ રજીસ્ટર કરવાનું છે. જો હેતુ એજ હોત તો તે માટે બીજા ઘણા રસ્તા હતા. આ ઉપરથી મને લાગે છે કે કાયદાનો હેતુ જુના લોકો ને હાંકી મુકવાનો છે. હું માનું છું કે જે કોલોનીસ્ટો હિંદમાં આવે તેમના માટે આવુંજ રજીસ્ટ્રેશન હિંદમાં દાખલ કરવું જોઇએ. જો ગોરાઓ હિંદીને પોતાના મુલકમાં ન આવવા દે તો હિંદીઓ ગોરા કોલોનીસ્ટોને પોતાના મુલકમાં શા માટે આવવા દે તે હું સમજી શકતો નથી. તે ન્યાય ન કહેવાય. અન્યાયને અટકાવવા સરકારે તુરત ઉપાય લેવા જોઇએ. જો ટ્રાંસવાલ કહે છે તે હેતુ સાચો હોય તો તેણે એવો એક કાયદો ઘડવો જોઇએ કે જેઓ જુના વસી રહેલા હોય તેમને લાઇ સેરટ તરફથી એક સરટીફીકેટ આપવું; અને તેમ સરટીફીકેટ કઢાવ્યું હોય. તેવા લોકોને અજકુર કાયદો લાગુ ન પડે. આ રીતે સહેલાઇથી નીવેડો આવશે. વળી આ સંબંધમાં હિંદીને અપીલ કરવાની છુટ રહેવી જોઇએ.

મી. એસ. વી. મુકરજી

એવો બારીક મામલો ઉભો થયો છે કે આપણે ખુલ્લે ખુલ્લું બોલ્યા વગર ચાલશે નહિ. આપણે આપણા ટ્રાંસવાલના હિંદી ભાઇઓને ટેકો દેવા મળ્યા છીએ. તેઓ અત્યારે જે લડાઇમાં ઉતર્યા છે તે લડાઇ પુર્વ અને પશ્ચીમ વચ્ચેની છે. તે લડાઇનું બીજ મહાન આલેકઝાંડરના વખત થી રોપાયું છે. રસોબ્દપાનીઝ લડાઇ એ માત્ર તેના એક દાખલા રૂપે હતી. આ લડાઇ વિશે હજુ હમણાંજ વડા પ્રધાન ના સેક્રેટરીએ સાઉથ આફ્રીકા બ્રિ. ઇ. કમીટીને જણાવ્યું હતું કે કોલોનીઅલ સરકારે એવો કાયદો પસાર કરવો તે માટે

તે બહુ દિલગીર છે. સર હેનરી કેમ્પબેલ બેનરમેનની મુશ્કેલીનો હું ખ્યાલ કરું છું. પણ તેમાં હિંદીઓનું શું વજૂદ. વડા પ્રધાનના શબ્દોમાં બોલીએ તો 'હવે ઘણી બેચકુરી થઇ.' આવું લીબરલપણું હવે નથી જોઇતું. લીબરલ સરકારે ગઇ ગુજરીનું બહાનું આપી બંગાળાના ભાગલા જેવી મોટી ભૂલ કાયમ રહેવા દીધી; તેણે વાતો મોટી મોટી કરી પણ જ્યારે કરવાની વાત આવી ત્યારે તરતજ સંતાઇ ગઇ. આ સમસ્ત તે બેઇજ્જતીના પ્રશ્ન વચ્ચે છે. હિંદી પ્રશ્ન હબસી વગરની હોવાથી નિરૂપદ્રવ છે. તેમને 'કુલી' કહેવામાં આવે છે. તેમને વોટ અપાતા નથી. આપણે બધી સરકારને કહીએ છીએ કે હિંદીઓને આમ ઉતરતાપણું આપવા કરતાં એક સરખી રીતે રાખો; અને પછી પરિણામે આપણે ચઢીઆતા નીચડી એ છીએ કે નહીં તે જોવાની મેમે દેખાઇ આવશે. જો આફ્રીકાનર હીંદીને હોય તો તેઓ પોતાનાં યુદ્ધ સહેજે લડી શકશે. જો બ્રિટીશ રાજને ટકાવી રાખવું હોય તો ઇગ્લાંડે બોટી બડાઇની વાત જવા દેવી.

મી. રેયપન

હું નાતાલમાં જન્મેલો હોવાથી આ મીટીંગને બહુ ઉપયોગી ગણું છું. આ સંબંધમાં ખાસ જે કહેવાનું છે તે ઇગ્લાંડને કહેવાનું છે. કાયદા અટકાવવા ની જે ભારી બડી સરકારે રાખ્યા હતી તેનો ઉપયોગ કરવાને ફરજથી તે બંધાએલી હતી. નહીં તો તેવી કલમ નકામી રાખવાની શું જરૂર હતી? હીંદીઓને પોતાની માલ મીલ્કત ઓડાવીને કાઢી મુકવામાં આવે ને બડી સરકાર વચ્ચે ન પડે તો, તે માલ વગરની ગણાશે.

મી. ઝીલ્હા

ટરાંસવાલના સવાલની ચરચા વાસ્તે હું હમણાંજ મુંબઇથી અહીં પાસ આવ્યો છું. હીંદમાં આ સંબંધમાં લાગણી બહુ ઉશ્કેરાએલી છે. હીંદુ અને મુસલમાનના ભેદ વગર જુદે જુદે ઠેકાણે પ્રોટેસ્ટ મીટીંગો ભરાઇ છે. દરેકના વચનનો ટરાંસવાલમાં સાચ ભંગ કરવામાં આવ્યો છે. ટરાંસવાલનું વલણ આખા બ્રિટીશ રાજમાટે ભયંકર અને જોખમ કારક છે. લોરડ ઓલગીને તો પોતાનું ભેજું બીડી દીધું છે. મજકુર કાયદાને અટકાવવાની બડી સરકારને સત્તા હતી. ટરાંસવાલમાં 'વસી' રહેલા હીંદી સંબંધમાં જે વલણ લેવાય છે જતાવવામાં આવે છે તે બ્રિટીશ સરકારમાટે બહુ અણઘટતું છે. 'હીંદના એક ખૂણે રાજદ્વારી તરીકે ચારંચાર બોયર સામે પ્રોટેસ્ટ કરેલો હતો. હવે બોયર સરકારને બદલે બ્રીટીશ સરકારનું રાજ્ય થયું છે. છતાં હીંદીઓની સ્થિતી બોયર વખતથી પણ હલકર ગણી વધારે ખરાબ થાય તે કરતાં વધારે ભયાનક બીજું શું? અહીં આવ્યા પછી જે જે ગોરાને હું મળ્યો છું તેણે ટરાંસવાલના વલણને સખત શબ્દોમાં વખોડી કાઢયું છે, અને ખુદ ટરાંસવાલમાં સરકાર વિરૂધ્ધ હોય એવા ગોરાઓ છે. હું કહેવા એ માગું છું કે લોકમત આપણા પક્ષમાં છે. અને ઇંગ્લાંડના લોકો આગળ આપણી વાત રજુ કરવાથી આપણા હકો મળશે. 'ટેલી ટેલીગ્રાફ' માં બોલ્યું હશે કે ટરાંસવાલના મામલા સંબંધમાં કમિશન નીમાવાનો સંભવ છે. માટે બને તેટલી કોશીશ કરવાને હું બધાને આગ્રહ કરું છું. બ્રિટીશ લોક આ વાત ઉપાડી લેશે એમ મને આશા અને ભરોસો છે.

ડા. કાર્ડિંસલ

કાયદેા રદ થાય ત્યાંસુધી આ દિલસોજી ચાલુ રાખવાનો હાજર થએલાઓએ, આફ્રીકા લોકની પેઠે નિશ્ચય કરવો જણાય છે. દુઃખી પ્રજાઓને દુઃખમાંથી છોડાવવા માટે અગાઉ લીબરલોએ કામ કરવું છે. અને હાલ વડા પ્રધાન પોતાથી જાનવું નહીં કરતા હોય એમ માની લેવા પહેલાં જરા વિચાર કરવો ઘટે છે. એ જોઇ પ્રજાની લાગણીને અરજ કરવાની હું તમોને ભલામણ કરું છું. તમોને ઇંગ્લાંડમાં સરખા હક છે; અને કોલોનીમાં તેમ ન હોય તે સાચ કહેવું છે.

પછી મી. સિંહ બેરીસ્ટર એટ-લો, મી. દેશમુખ તથા બીજા ગ્રહસ્થો બોલ્યા બાદ એકમતે ઠરાવ પસાર થયો.

બીજો ઠરાવ

મી. બી. કુબે એમ. એ., એલ. એલ. બી. એ નીચે મુજબ ઠરાવ રજુ કરયો:—આ સંબંધમાં સા. આ. બ્રિ. ઇ. કમીટી જે કોશીશ કરી રહી છે તેની આ મીટીંગ તારીફ કરે છે.

મી. બી. કુબે

આ સવાલ દુનિયા આગળ વરસો થયાં આવેલો છે. સ્વરાજ્ય ભોગવતા કોલોનીને ઇમીગ્રેશનપર અંકુશ મુકવાનો હક છે એ વાતની હું ના પાડતો નથી; છતાં તે હક બ્રિટીશ પ્રજાના સંબંધમાં વપરાયેલો ન જોઇએ. બન્નામનો આ કાંઇ પહેલો દાખલો નથી. જોહન્સ તો એક પછી એક આવા સંબંધમાં દાખલાઓ આપી શકાશે. તુરોપ તો બીજા મુલકોને કહે છે કે લડતમાટે આવી જાઓ. હવે તેમ કરી દેખાડવું તેજ આપણી ફરજ છે. તે સિવાય આ સવાલનો નીવેડો કદી આવવાનો નથી.

મી. એસ. એમ. મંગા

દક્ષિણ આફ્રિકામાં હીંદી વેપારીને શામાટે ખરાજ રીતે રાખવામાં આવે છે તે હું સમજી શકતો નથી. હું તો એમ માનું છું કે ગોરાઓએ એશીઆટીક કને માન આપવું જોઇએ. કારણ કે મોટા પેગંબર અને ઓલીયાનો જન્મ ત્યાં એશીઆમાં જનમ્યા હતા. ઇસુ ખ્રીસ્ત પોતે એશીઆટીક હતા. એટલે એશીઆટીકો તરફ તિરસ્કારની નજરથી જોવું તે ઇસુ ખ્રિસ્તનું તથા બીજા પેગંબરનું અપમાન કરવા બરોબર છે. બાદ ઠરાવ સરવાનુમતે પસાર થએલો જાહેર કરવામાં આવ્યો.

ત્રીજો ઠરાવ

"આ કેસવની નકલ ટરાંસવાલના યુદ્ધમાં મચેલા દેશભક્તોને, કોલોનીઅલ સ્ટેટ સેક્રેટરીને, ટરાંસવાલ કોલોનીઅલ સેક્રેટરીને, હીંદી સ્ટેટ સેક્રેટરીને, વડા પ્રધાનને, ઇંડિયન નેશનલ કોંગ્રેસના સેક્રેટરીને, તથા ઓલ ઇંડિઆ મુસ્લીમ લીગના સેક્રેટરીને મોકલવી." ઉપરનો ઠરાવ રજુ કરતાં ઓનરેરી સેક્રેટરી મી. એમ. કે. આઝાદે જણાવ્યું કે મી. મોરલી કહે છે કે હીંદીઓને તો આંહી જોઇએ છીએ, પણ આમાં કાંઇ તેવું નથી, અને તેથી આ બાબતમાં દાદ મળવી જોઇએ. ગી. સક્રીર અલી બી. એ. એ ટેકો આપ્યા બાદ ઠરાવ સરવાનુમતે પાસ થયો.

પછી હાજર ગ્રહસ્થોનો, દિલસોઝીના સંદેશા મોકલનારનો, આપનો, તથા ચેરમેનનો આભાર માની સભા વિસરજન થઈ હતી.

ડરબન મુકામે નીતીદરશક સભા તરફથી ટરાંસવાલ ઓ. ઇ. ઝે. ને ફંડમાં પા. ૩-૫-૦ મોકલવામાં આવ્યા હતા.

ચીંથરૂહમાં ટરાંસવાલની લડત સંબંધમાં એક મીટીંગ થઇ હતી, અને ઠરાવ કરવામાં આવ્યું હતું તેનો રીપોર્ટ અમને મળ્યો છે. તેનું આવતે અઠવાડીએ નાખવા ઉમેદ રાખીએ છીએ.

ધરાવતાં હતાં. અને તેથી તે આપણી ગુલામીની એક નીશાની દાખલ હતાં. અને તેથી આંગળાંના સંબંધમાં જે કાંઇ હલકામાં બોલેલું હતું તે બતાવવાની જરૂર હતી. તે અંતે દાખલ થશે, ને તેમાં કાઓપ રીતે લાભ રહેલો છે વગેરે દલીલો આપી ગુલામીનો સાંધો હિંદી કોમને ઓઠાડવામાં મદદ કરવાની આ જાપાની નેમ ન હતી. એટલે અમુક સ્થિતીમાં આંગળાં આપવાં પડશે, અથવા તો તેમાં જાત નથી એ દલીલ તે વખતે આપવાની કાંઇ જરૂર નહોતી. એ સમય એવો હતો કે કાયદાની સામેનો કેસ મજબુત કરવો. તે વખતે જેટલી દલીલ મારા બ્લડપત્રમાં કે બીજી જગ્યાએ આ છાપા માં આવી ગએલી તે બધી બરોબર હતી. અને આજે પણ તેવીજ સ્થિતિમાં અક્ષરે અક્ષર તે લાગુ પડી શકે. દુનીયાના કોઇ પણ ભાગમાં ફરજ રૂપે માત્ર હિંદી કોમની સામે તેની ચામડીની ઉપર ડામ મારવાને સારૂ દસ આંગળાં કે એક આંગુઠો પણ દાખલ કરવામાં આવશે ત્યારે આજ બાબો ફરી ઝંડો ઉડાવશે, અને બધી દલીલો થઇ ગએલી તે રજુ કરશે. પણ એટલું સહુ કોઇએ યાદ રાખ્યું હશે કે આપણે હમેશાં કહેતા આવેલા કે આપણી લડાઇ તે આગળાંની ન હતી પણ કાયદાની હતી. કાયદો તુટ્યો એટલે હિંદી તલવાર પોતાની મેળે મ્યાનમાં આવી ગઇ.

લાઇસેન્સ વિષે

કેટલાક કારણસર હવે બંદોબસ્ત થયો છે કે કોલંટરી રજીસ્ટ્રેશન જે ઓએ કઢાવેલાં છે તેઓને નવો થયાનો કાયદો લાગુ થતા પહેલાંજ લાઇસેન્સ આપવામાં આવશે. તેની અંદર એટલું રાખવામાં આવશે કે કોલંટરી રજીસ્ટ્રેશન પારલામેંટ કબુલ રાખશે એવી શરતે લાઇસેન્સ આપવામાં આવેલી છે. આ વાતચીતથી પહોંચ આપવાની હતી તે કરતાં વધારે સંતોષકારક થઇ છે; અને સરકાર નો ઇરાદો હિંદી કોમને આપેલું વચન પુરે પુરી રીતે પાળવાનો છે તેની નીશાની આમે છે.

૧૯૦૨ ૩૧ મી મે

અમરજના ફોરમમાં ૩૧ મી મેએ ત્યાં હતા એ સવાલ પુછવામાં આવે છે તે વિષે ફરી ફરીને સવાલ પુછાયા છે. તેનો હેતુ તદન હીંદીના લાભને સારૂ છે. કેમકે જેઓ ૧૯૦૨ ના મેની ૩૧ મીએ ટ્રાંસવાલમાં હોય તેઓ વગેર પરમીટથી, બાકીના તેના કાયદેસર છોકરાંઓ સિવા રજુ કરી શકે એમ છે.

મરજીઆત રજીસ્ટરવાળા કાયદામાં આવે ખરા?

આ સવાલ પુછવાની જરૂર હોય નહિ. જનરલ સ્મટસની સાથે સમજીતીનાર કરાય છે કે જેઓ મરજીઆત રજીસ્ટર લેય તે કાયદાની અંદર આવવાના નથી, અને તેવા પછી ઘણા થોડા હીંદી હોય તોપણ.

નવા માણસો

નવા માણસો ટ્રાંસવાલમાં દાખલ થઇ શકે કે નહિ તે સવાલ પણ પુછાયો છે. મારા ખ્યાલ પ્રમાણે જેઓ ઇમીગ્રેશન કાયદાની કેદમાંથી બાદબાકી પરિક્ષા પસાર કરી શકે તેઓ આવી શકે છે. પણ જે વસ્તુ મુદ્દે આ વખતે વિજ્ઞાપનથી આવી છે તેમાં જણાવામાં આવે છે કે ટ્રાંસવાલની સરકાર જે આશય ધારે છે તે પ્રમાણે ઇમીગ્રેશન કાયદાની ૩૬ કલમની બીજો પેટા કલમની ફરજ કેળવણી પામેલા પણ દાખલ થઇ શકતા નથી. આ અર્થ ઇ ગેતે કબુલ કરેલો નથી તેમ મી. ગ્રેગો કેન્દ્રી પણ કબુલ નથી કરતા. નવો કાયદો રદ થતી વખતે જે કોમેદ રાખ્યું છું તે પ્રમાણે બધાય થાય તો બીજો પેટા કલમનો અરથ બેસાડે છે કે નહિ તે સવાલ નહિ રહે. એ કલમનો અરથ ગમે તે થતો હોય તોપણ મારી બસ્સ સલાહ છે કે નવા હીંદીઓએ *અથવા પરમીટ વિનાના રેફ્યુજ હીંદીઓએ બીજા કોઇ પણ હાલ તુરત ટ્રાંસવાલમાં આવવાનો વિચાર નહિ કરવો. હીંદી કોમનું પ્રથમ કામ બાકી મહિનાનાં દરમ્યાન તેની સાર-માવ સાઈ નથા તેનું પ્રમાણીકપણું બતાવવાનું છે. એ થઈ રહયા પછી જે કાંઇ થવાનું હશે તે થશે. હાલમાં બોલ્યા કે રેફ્યુજ ટ્રાંસવાલમાં દાખલ થવાનો લોભ કરશે તો કોમને તેથી નુકશાન થશે, એમ હું એકસ માનું છું. દરમ્યાન આ લડતની અંદર મહાન મદદ કરી છે. તે હું ઉમેદ રાખું છું કે વગર પરમીટના હીંદી હાલ તુરત ટ્રાંસવાલમાં આવતા અટકાવવામાં બનતુપણ થોડો વધારે કરજન સંપુર્ણ મહેનત કરશે.

વોકરસ્ટ્રૂમના હીંદી

વોકરસ્ટ્રૂમની કમીટીએ ઓસોસીએશન ને જનયુઆરીએ પાઉન્ડ ૩ તારથી મોકલ્યા તેમાં નીચે પ્રમાણે સાઇનોએ્ય પઇસા ભરાવેલા. મી. મહમદ સુલેમાન પા. ૨–૦–૦; મી. હુસેન સુલેમાનની કુ. (પારખ) પા. ૨–૦–૦; મેસરસ સુલેમાન મુસાજી મંગેરા, ઇબરાહીમ મહમદ જાદવત, હાજી મુસા સુલેમાન ઇસ્માઇલ મી. ૬૭૬; મેસરસ અબ્દુલગામ અહમદ કાજી ગાળા, તથા અહમદ ઇબ્રાહીમ હાજીસોદ ઇસ્માઇલ શી. પા. ૬૫ પા. ૧૦. આ રકમ ઓગષ્ટ આપવી જોઇતી હતી પણ નથી આવી શકી તે સારૂ દીલગીર છું.

નવું રજીસ્ટર

નવા રજીસ્ટરમાં નીચે પ્રમાણે હકીકત આવે છે. નામ, કોમ, ઉમર, ઉંચાઇ, બજારની નીશાની, રજીસ્ટરની સહી, રજીસ્ટરની તારીખ, રજીસ્ટર બનારની સહી અને જમણા હાથનો અંગુઠો. પછી નીચે ઓરતનું નામ, ઉંમર, બાળકું, તથા ૧૬ વરસની અંદરના છોકરાઓ, અને તેવી ઉંમરના સગીરનાં નામ, ઉમર, બાળકું, અને સગાઇ. આ રજીસ્ટર તે નવા કાયદા પ્રમાણે લીધેલા રજીસ્ટરથી તદન જુદી જાતનું છે. ઓરતનું નામ પુરાણા રજીસ્ટર માં બતાવેલું છે. અને તે આપવાથી ઓરતોની તકલીફ ઓછી થઇ શકે છે. ઉપરના રજીસ્ટરમાં નવા કાયદાનું નામ નથી. પહેલા રજીસ્ટરનો નંબર ૧ અને એ પ્રમાણે મરજીઆત રજીસ્ટરેશનમાં લખાએલું છે.

ઓરતોને આંગળાં

વોકસરસ્ટથી કોઇ અખર મોકલે છે કે હીંદી ઓરતોની પાસેથી અમલદાર અંગુઠા લે છે, અને હીંદી ઓરતો આપે છે. ઓરતો અંગુઠો આપે છે, અને ફરિયાદ કરવાની ના પાડે છે. આમ બીક બીજા કેટલું તો આપણું મનાએલું છે. ઓરતોને આવી દહાડી નવું કોમ માટે તો કબજા છે. બોરી ઓરતોને તો અંગુઠા એક બીજા રહ્યા પણ આંગળાં આપવાં પડશે. તેનું કારણ છે. કેમકે બધી બોરી ઓરતો તદારી ચાલની દાખલ આપ છે. આ આપવાદ ટ્રાંસવાલને વિષે હીંદી ઓરતને લાગુ નથી. તેથી તો હીંદી કોમ દિલમથી કામ કરશે તો હું માનું છું કે હીંદી ઓરતો તપાસણીની પજવણીમાંથી મુકત રહેશે. આ બાબત ધ્યાનમાં રાખી આગા કેટલા કીસ્સા બને તેટલા જૈસો સીએશનને મોકલવામાં બહ નહિ આવે એવો હુકમ કર્યો છું.

પીટર્સબર્ગનો જેલ

પીટર્સબર્ગમાં જે હીંદી કાયદાના સંબંધ માં જેલમાં ગએલા તેના અનુભવ બાબત લખતાં મી. બોંદરીઆ જણાવે છે કે અમે બધા સાથે જેલમાં હતા. સબયટ બધી સારી હતી. દાળ, ભાત, શાક અને ઘી એમ રોજ ખાવાનું મળતું. મેલ્ઝોટ ઘણો ભલો દોસ્તી પત્ર દાખલ થી શુદ્ધ બધી હતી. તેમજ પેપર પણ મોકલાતા હતા પણ ચોપડીઓમાં લાગુકામળા ન

શકતો. જેલર પણ ભલો હતો. જેલમાં મળવા મી. ભાયાત તથા મેનેજર, તથા મી. અબદુલ લતીફ અવી આવેલા.

હમેશાં ઇ પારતા આવતો હતો કે ગામડાની જેલમાં દીદીને જરાએ અડચણ નહિ આવે. કેમકે કેટલીક ખૂટ જે ગામડામાં રહી શકાય છે તે જોહાન્સબરગ, પ્રીટોરીઆ વગેરે શહેરોની જેલમાં મળી શકેજ નહિ. તથા ખાવાનું પણ સારૂ મળવાનાં હશે તો જેલમાં પણ રસોઇ જાતાં રહેશે તેથી આવી દરકતો ધ્યાન માં રાખવા જેવી છે.

એસોસીએશનની મીટીંગ

થ્રિ. ઇ. એસોસીએશન કમીટીની મીટીંગ શુક્રવારે તા. ૨૧મીએ મળી હતી. પૂરા દીદી હાજર હતા. કેટલીક વાતચિત થયા પછી મી. ઇમામ અબદુલ કાદરની સુચનાથી અને મી. યંગી નાયડુ ના ટેકાથી એવો ઠરાવ પસાર થયો કે મી. રીચની જુબ જવાના સારૂ તેમને દક્ષિણ આફરિકામાંથી ગોળામાં ઓછા પૌંડ ૨૦૦ની રકમ મોકલવા તજવીજ કરવી, અને જરૂર જણાય તો એસોસી એશનના ફાળામાંથી પૌ. ૧૫૦ કાઢવા. સોડ એમ્પરર્સ તથા સર મંચરજી આપ તરીકે પા. ૨૫ સુધીનાં માનપત્રો મોકલવાં. મી. પોલાકને પા. ૫૦ની બેટ આપવી, મીસ રોસેનાને પા. ૨૦ની અથવા તો તેથી વધારેની. મી. આલ્બર્ટને પા. ૧૦ ની, મી. કરસંડસને પા. ૨૦ની અને તે પ્રમાણે બીજાઓ જેઓ લડતમાં અત્યંત મદદ કરેલી હોય તેવાને. મી. કાર્ટરાઇટ, મી. પ્રીલીપ્સ, મી. ડોક વગેરે ગ્રાહકોને આભારી માનવું આપવાનો પણ વિચાર તેજ મીટીંગમાં થયો હતો. તે બાબતને સારૂ જે મીનીની દીપોર્ટ નીકળશે. તેવી દીપોર્ટ લગભગ ૩૦ દીદી લેશે એમની ઉમેદ રખાય છે. અને તેમાંથી ૨૦ જેટલા નામોચા ગોરાને આમંત્રણ આપવાનું ઠરસ્યું નીકળશે. આ બનાવ બનશે તો આવી રીતે બાબતમાં એટલા બધા દીદી અને ગોરા એકઠા થવાનો આ સગ ભગ પહેલો દાખલો દક્ષિણ આફરિકામાં બન્યો ગણાશે.

ખુશ જણાવ્યા વિશે જે આ ઠરાવ એસો સીએશને કરેલો છે તેમાં માત્ર પોતાની ફરજજ અદાવી છે એમ માનું છું. જે ગોરાઓએ કામ કરેલું છે તેઓએ અત્યંત નીખાલસપણે તથા જરાએ બેટની આશા રાખ્યા વિના કરેલું છે. આપણે એસો સીએશન પણ તેવા જાતના ઠરાવ ઉપર આવનારા છે. હું એમને કહું છું કે મી. રીચની બાબતમાં તેમના સારૂ અસુસ ઉપરાન્ત થશે. અને એસોસીએશનના બન્યુ કંઇની ઉપર હુમલો કરવામાં નહિ આવે. મી. રીચની સેવા એવી છે કે તેને સારૂ કોઇપણ દીદીને થોડું ઘણું આપતાં અચકાવું નહિ જોઇએ.

એક સુચના

હાલ જોહાન્સબરગનાજ દીદીઓની રજીસ્ટર ઓફીસમાં એટલી બધી ભીડ છે કે પહાર ગામડાં એવાજ દીદીએ આવવું કે જેને દીદુસ્તાન જવાની બહુ ઉતાવળ હોય; બાકીનાને સારૂ વખત મળી રહેશે.

ડોકર અને પેડલર

ઘણા ફેરીવાળા ડોકર તથા પેડલરનો ભેદ ન સમજી ડોકરની લાઇસેન્સ લઈ નેટાલમાં વધારે પૈસા ભરે છે. જે ઘોડાગાડીની અંદર માલની ફેરી કરે છે તે ડોકર, ને જે માણસ હાથ ગાડીયા અથવા બાસ્કીટ થી ફેરી કરે તે પેડલર કહેવાય છે. પેડ લરની લાઇસેન્સ માત્ર પા. ૩ ની છે જ્યારે ડોકરની પાંચ પાઉંડની છે.

હમીદીયા ઇસ્લામીક સોસાયટી

[ઈ. ઓ. માટે ખાસ રીપોર્ટ.]

તા. ૨૩મીએ બપોરે હમીદીઆ ઇસ્લા મીક સોસાયટીની મીટીંગ સોસાયટીના હોલમાં મળી હતી. ઘણા મહસ્થો હાજર હતા. મી. ભાયાત મી. આસ તથા બીજા અહારગામના દેપ્યુટાક ગ્રહસ્થોએ હાજરી આપી હતી. પ્રમુખ મી. ઇમામ અબદુલ કાદરે હાજર ગ્રહસ્થોનો ઉપકાર માનીને જણાવ્યું કે આપણને જે હિંમત અને ઓકસપીને લીધે જીત મળી છે તે હિંમત અને ઓકસપી આપનાર ખુદાનો અહેસાન માનું છું. મી. ગાંધીપર જે મુરખાઇ ભરેલો અને નિરદય હુમલો હોવાની પેઠે કરવામાં આવેલો તે મોટી દિલગીરીની વાત છે. તે બધું આવરીત થઇ ગયું છે. આજની મીટીંગ બોલાવવાનું કારણ એ છે કે આપણા સત્યાગ્રહની લડતમાં આપણને વિલાયતમાં, હિંદમાં, તથા બીજે દરેક ઠેકાણે જે મોકાગો, જે અંજુમનોએ તથા જે સોસાયટીઓએ તથા બીજા મંડળોએ મદદ આપી છે તેમનો આભાર માનવો. તેમજ આપણે રેવ. મી. ડોક અને મીસીસ. ડોકનો આભાર માનવાનો છે. કેમકે તેમણે ખ્રિસ્તી હોવા છતાં મી. ગાંધીને પોતાને ત્યાં રાખી તેમની ભમતા ભરેલી રીતે માવરી કરી છે, વગેરે. પછી સેક્રેટરી મી. ઇમામ. મી. ઇસપીએ દરખાસ્ત મુકી કે "જે જે અંજુમનો, સોસાયટીઓ, કમીટીઓ, અનેખાનગી ગ્રહસ્થો તેમજ બાપા પાળાઓએ કાયદાની લડતમાં જે અમૂલ્ય મદદ આપી છે તે માટે તેમનો હમીદીઆ ઇસ્લામીક સોસાયટીની આ મીટીંગ આભાર માને છે. ચેરમેન તથા સેક્રેટરીને સતા આપવામાં આવે છે કે સરવે મદદ કરનારાઓને અહેસાનબદીના કાગળ લખવા." ઉપલી દરખાસ્ત મી. એમ. એસ કુવાડીઆના ટેકાથી પાસ થઇ હતી.

મી. મહમદ ખાને દરખાસ્ત કરી કે 'આપણા દેશી ભાઇ અને આગેવાન મી. ગાંધીને જ્યા થઇ તે વખતે રેવરંડ મી. ડોક, અને મીસીસ ડોકે ભલાઇથી અને માયાળુપણાથી તેમની જે ચાકરી કરી છે તે માટે મી. અને મીસીસ ડોકનો સોસા યટીની આ મીટીંગ અંતઃકરણ પૂરવક આભાર માને છે. તથા ચેરમેન અને સેક્રેટરીને સતા આપવામાં આવે છે કે અહેસાન માનવાનો કાગળ લખવો.' ઉપલી દરખાસ્ત મી. ઇસપ મીયાંના ટેકાથી પાસ થઇ.

મી. જી. પી. બાસે સોસાયટીની પ્રશંસા કરતાં જણાવ્યું કે સોસાયટીએ જે જે કામો કર્યાં છે તે વખાણને પાત્ર છે. આજ સુધી સોસાયટીએ જે લડત લીધી છે તે હિંદી પ્રજાને ખરેખરી મદદ કર્તા થઇ પડી છે. અને સોસાયટીએ જે અહેસાનના ઠરાવો કરયા છે તે વાજબી છે વગેરે લંબાણ વિવેચન કરયું હતું. પછી મોલવી મુખ્તયાર સાહેબ, મી. કેનસી, મી. માલ, મી. અહમદ હલીમ, મી. કુવાડીઆ, મી. ઇસપ મીયાં તથા મી. અહમદ મુસાજી વગેરે સાહેબોએ વખતને અનુસરતું વિવેચન કરયું.

મી. હાજી સુલેમાન ઇબરાહીમ બાપાએ પોતાનું નામ મેંબરશીપમાં દાખલ કરી પા. ૬ બેટ આપ્યો જે આભાર સહ સ્વીકારવામાં આવ્યો. મી. મહમદ મુસા રાયતે મુલક જતા હોવાથી પોતાનું નામ મેંબરશીપમાં કાયમ રાખવા માટે ફીની શી. ૧૦/- આપી હતી. બાદ સભા વિસરજન થઇ હતી.

મી. શાપુરજી સોદેરીઆ તરફનો સુરતના 'ગુજરાત મીત્ર' માં એક લાંબો કાગળ પ્રગટ થયો છે, જેમાં ટ્રાંસવાલના તથા નાતાલ ના હીંદીની હાડમારીઓનો સારો ચિતાર આપવામાં આવ્યો છે, તથા તેમનો સવાલ હિંદી લોક તથા સાપ્રત બાબતે અકબર કરવામાં આવી છે.

નેશનલ કોંગ્રેસ આગળ ટ્રાંસવાલનો સવાલ.

મી. ઉમર હાજી આમદ ઝવેરીનું ભાષણ.

સુરત ખાતે ભરાએલી ઇનકોરપોરેટેડ કોન્ગ્રેસ આગળ એશિયાટીકોને લગતો સવાલ રજુ થતાં ટ્રાન્સવાલના હીંદીઓનો તરફથી એક ડેલીગેટ મી. ઉમરહાજી આમદ ઝવેરીએ નીચે મુજબનું ભાષણ કર્યું હતું.

ટ્રાન્સવાલમાં આપણા હીંદી ભાઇઓ ઉપર એશીઆટીક કાયદાની આફતનું જે વાદળ ઘેરાયું છે, તેના વિસ્તાર આપણા આજનો વખત મને ઘણોજ અલ્પ પડશે. એ આફત વિશે જે કંઇ કહીશ તે ફક્ત દુઃખમાં-કહીશ. જો વિગતથી કહેવા બેસું તો કોંગ્રેસનો આખો વખત મારે એકલાને માટે રોકવો પડે. સાહેબો, ૧૮૮૫ની સાલથી બ્રિટીશ હીંદીઓ ટ્રાંસવાલમાં વસે છે. ૧૮૮૫ની સાલમાં ડચ સરકારે એક કાયદો ઘડી હીંદીઓ ઉપર કેટલીક અટકાયતો મુકી હતી. પણ બ્રિટીશ સરકારના હાથથી એ કાયદાનો અમલ કરવામાં આવ્યો નહિ હતો. હવે ટ્રાંસવાલને સ્વરાજ્ય મળ્યું તેથી હીંદીઓ ઉમેદ રાખતા હતા કે એ સ્વરાજ્યને પરિણામે હીંદીની હાલત સુધરશે. પણ ટ્રાંસવાલની પારલામેંટનું પહેલુંજ કામ એવું નીવડ્યું કે હીંદીઓના દુઃખમાં સમૃદ્ધિગો પધારેલ થયો. જે કાયદો સંસ્થાન ખાતાના પ્રધાન લોર્ડ એલગીને નામંજુર કરેલો હતો, તેજ કાયદો ટ્રાંસવાલની પારલા મેંટે ચોવીસ કલાકમાં પસાર કરેલો હતો. વડી સરકારે એશિયાટીક ઓરડીનન્સ અમલમાં મેલાતો અટકાવ્યો હતો, ત્યારે હીંદીઓને કાંઇક સારી સ્થિતિ માટે આશા આવી હતી. પણ પાછળથી મંજુરી મળતાં તેઓના દુઃખનો પાર રહ્યો નહિ. જનરલ બોથાએ લંડન ખાતે ભાષણ કરતાં જણાવ્યું હતું કે નવો કાયદો નરમાશથી અમલમાં મુકાશે, પણ તેઓ હવે તો સખતાઈ વાપરતા જણાય છે. એશિયાટીક ઓરડીનન્સથી આઠ વરસ કરતાં મોટી ઉમરના દરેક હીંદી પછી તે મી. દાદાભાઈ હોય કે આપણી કોંગ્રેસના અગ્રેસરો હોય, તોપણ તેને રજીસ્ટ્રેશન સરટીફીકેટ કઢાવવો પડે તેમ છે. કોઇપણ પોલીસ સ્ટેશનમાં હીંદી ને ઉભો રાખી સરટીફીકેટ માગી શકે છે, અને કાયદેસર કોઇને માગવું પડે છે તેમાંના કેટલાક પઢેસાદાર હીંદી વેપારીઓ છે. આ કાયદામાં એક કલમ એવી છે કે તે વળી તુરકીના મુસલમાનોને પણ લાગુ પડે છે. અને તુરકીના ખ્રીસ્તી કે યાહુદીને લાગુ પડતી નથી. એ તે કેવો ન્યાય કહેવાય! કદાચ કંઇ પ્રજા આમ કરતી હોય તો સમજી શકાય, પણ અંગ્રેજ વાચકવર્ગો હીંદીઓનું પુરૂ રહસ્ય થયું જોઇએ. હીંદી ઓ મોટા કર ભરનારા હોવા છતાં તેમને મ્યુનીસીપાલ ગ્રામ તથા ઓફસ રેલવે ગાડીમાં બેસવાની મનાઈ છે. આ રજીસ્ટ્રેશન કાયદામાં ઇમીગ્રેશન રીસ્ટ્રીક્શન એકટ પ્રમાણે ઉમેરો કરવામાં આવ્યો છે. તેથી પરીણામ હીંદી કોમના શીરપર વધુ અપમાનો નાખવામાં આવ્યાં છે. તેની એક કલમ એવી છે કે, જેઓ એશિયાટીક રજીસ્ટ્રેશન એકટ પ્રમાણે રજીસ્ટર ન થાય અથવા બીજાને તેમ કરવા શીખવે તેમને સરકાર ટ્રાંસવાલની હદપાર કરી શકશે. ગોરા સંસ્થાનીકોની લાગણી નહિ દુખાવા સારૂ ચકને પોલીટીકલ તેમજ મ્યુનીસી પાલ વોટની હીંદીઓ માગણી કરતા નથી. તેઓ ફક્ત ન્યાય માગે છે. ભગે તે દેશના અને ગમે તે જાતના ગોરાઓ ચાલ્યા આવે તેને ટ્રાંસવાલમાં દાખલ કરી બધા હક આપે છે પણ વફાદાર હીંદીના કોઈ ધડો કરતું નથી. હીંદીઓ અમારી બ્રિટીશ પ્રજાના લોકો બરોબર છે એમ કહેવાય તો તે સંસ્થાનોમાં કયાં બોલ્યું જાય છે? આ દેશમાં બોયકોટની હીલ ચાલ સામે ગોરાઓ ચીડાઈ જાય છે પણ સંસ્થાનોમાં વફાદાર રાંક અને નીરાધાર હીંદીઓ તરફ અંગ્રેજો જે કરે છે તે બાયકોટ નહિ તો બીજું શું કહેવાય? એશિયાટીકો ઉદ્યમી અને કરકસરીઆ છે, તેટલા સારૂ તેમને મજુર તરીકે બાયકોટ કરીને ગોરાઓએ અદેખાઇને લીધે હીંદીઓ સામે આવા સખ્ત કાયદા ઘડ્યા છે. કેટલાક ગોરા વેપારીઓ હીંદી વેપારી ઓ રજીસ્ટર ન થાય તો તેમને વીરોધ નહિ કરવાનું પગલું ભરી ચુકયા છે. જમીન કે બીજી સ્થાવર મીલકત રાખવાનો હીંદી ને હક નથી, પણ ત્યાંના નેટીવોને છે, એ કેટલો ગેર ઇનસાફ કહેવાય? એવું કહેવામાં આવે છે કે હીંદી વેપારીઓને લીધે ટ્રાંસવાલના વેપારની સ્થિતિ બગડી છે. એ તદ્દન પાયા વગરની વાત છે. ઓરેંજ રીવર કોલોનીમાં એક હીંદી વેપારી નથી. છતાં ત્યાંની વેપારની સ્થિતિ ટ્રાંસવાલના કરતાં ખરાબ છે. ગોરા અથવા શકવારેલા રાજ્યોના લાભમાટેજ દુનીયાના જુદા જુદા ભાગોમાં કાયદા કરવામાં આવે છે. તેવા કાયદાથી હીંદી ઓની લાગણી ઘણી દુખાય છે કે તેમણે ના દરેકે નિશ્ચય કરેલો છે કે પોતાનો દરજ્જો અથવા ઇજ્જત ગુમાવી ગુલામ તરીકે રહેવા કરતાં દંડ, કેદ અથવા તો દેશપારની સજા સહન કરવી. ટ્રાંસવાલ ગવરનરે ગેજેટમાં એવી નોટીસ બહાર પાડી છે કે જેઓ નવાં રજીસ્ટર નહિ કઢાવે તેઓને જાનેવારીમાં વેપારનાં લાઈસેન્સ નહીં મળે. થોડા દિવસ ઉપર અમારા મારફતે એવી ખબર બહાર આવી છે કે એક ચીનાએ નવું રજીસ્ટર લીધા પછી તેને એટલો બધો પસ્તાવો થયો કે તે આપઘાત કરી મરણ પામ્યો. ગૃહસ્થો, જો આ કાયદો અમલમાં આવ્યો તો બાબતદાર હીંદીઓ મોટું નુકસાન ખમી દેશ છોડી ચાલ્યા આવશે. ૧૯૦૬ ના સપ્ટેંબરમાં એ કાયદા સામે હીંદીઓની લડત શરૂ થઇ ત્યારે ૧૩૦૦૦ હીંદીઓ પરમીટવાળા હતા. હાલ ગુલામ તરીકે રહેવાને બદલે દેશ છોડવાનું પસંદ કરનારાઓ સાતથી આઠ હજાર હીંદીઓ રહ્યા હશે. નવા કાયદાથી હીંદીઓની દોલત તથા ઇજ્જત લુંટાઈ જાય તેમ છે. જે માણસે કોઇને ઇજા કરી નહિ હોય તેમજ નીતિથી વિરૂધ્ધ ચાલ્યો નહિ હોય તેવા માણસોને જેલ અથવા દેશપાર કરવો એ કેવું અન્યાય કહેવાય? સંસ્થાનીકો એ હવે તો હદ મુકી છે. વડી સરકારની ફરજ છે કે તેણે હવે વચ્ચે પડવું. સરકારની મરજી સાચવવા હીંદીઓએ પોતાની રજીસ્ટર થવાની માગણી કરી. પણ તે કબુલ રાખવામાં આવી નહિ. હીંદીઓ એમ નથી કહેતા કે દાગેલમંધ હીંદીઓને આવવા દોઓ, પણ જેઓ ટ્રાં સવાલમાં હક ધરાવે છે તેઓને ઇનસાફ મળવો જોઇએ. હીંદીઓએ અરજી કરી મીટીંગો કરી દાદ માંગી છે. તેઓએ તેમ કરવામાં કાયદેસર કામ કરેલું છે; તેમજ નમ્રતાઈ જાળવી છે. આ ઉપાય નકામા થઈ પડવાથી તેઓએ જેલ જવાનો તથા નુકસાન ખમી દેશ છોડવાનો હુકમ કીધો છે. જંગલમાં પશુ અને પંખી સાથે વેપાર કરવા માટે દુર કોંકણમાં કાઢવા ની કહેવાત આ કાયદાથી થવાનો ભય પણ લાગે છે. ટ્રાંસવાલમાં માત્ર તેર હજાર જેટલા હીંદીઓ છે. તેમાં તો ગોરાઓએ આટલો જુલમ કરવા માંડયો છે. તો નાતાલમાં એક લાખ હીંદીઓ છે તે સંખ્યાથી નાતાલના ગોરાઓ કરી ને ટ્રાંસવાલની જેવો કરવા માગે તો જાણે [illegible] કાયદા

સામે લડતનું મુખ્ય કારણ એ છે કે તે કાયદો કબૂલ કરેલા હીંદીઓને જંગલી ગુનેગાર, બદમાસ અને જુઠાની હારમાં મુકે છે. દક્ષિણ આફ્રિકા જેવા વિશાળ દેશને આબાદ કરવાનું માન હીંદીઓને ઘટે છે. જે હીંદીઓએ કાયદાની સામે આજની લડત લીધી છે. તેઓએ છેવટ સુધી મક્કમ રહેવા નિશ્ચય કર્યો છે. જેઓ નમણા મનવાળા, લોભી અને બીકણ હતા, એવા એવા ચારસો હીંદી ઓએ ગુલામીખત લીધાં છે. બાકીના પોતાના જાતિ અભિમાન સારૂ દેશ તજીને ચાલતા થાય છે. મી. ગાંધી અથાગ મહેનત કરી રહ્યા છે. હવે આપ હીંદી અગ્રેસર પાસે મારી એવી વિનંતિ છે કે વટી સરકારને સમજાવી કરી ટ્રાંસવાલનો નવો એશિયાટીક કાયદો રદ કરાવવા પુરી મહેનત લેશો. ઉપરની હકીકતથી હું નથી ધારતો કે કોઇને પણ દયા આવ્યા વગર રહે. પણ ખરી દયા આવી ત્યારેજ કહેવાશે કે જ્યારે ટ્રાંસવાલના ભાઇઓને દુઃખમાંથી છોડાવવાના ઉપાય લેશો.

મોંબાસાની દિલસોજી

મોંબાસાના ઇડિઅન એસોસીએશનની સેક્રેટરી મી. રા. એમ. દલાલ, તથા મી. કે. એમ. દેસાઇ નીચે મુજબ લખે છે:—

મી. ગાંધી તથા બીજા હીંદીને રજીસ્ટર ૨ કાયદાને ગરબુ ન થવા માટે જેલ મળ્યાના સમાચાર છાપામાં વાંચી અમારી એસોસીએશનને ઘણીજ દિલગીરી પેદા થઇ છે. તમો તથા હીંદી કોમ જે બહાદુરી ભરી લડત લઇ રહ્યા છો તેમાં અહીની હીંદી કોમની તમારા તરફ સંપૂર્ણ દિલસોજી છે. આખી હીંદી પ્રજાની તથા સમજુ ગોરા લોકની તમો તથા ટ્રાંસવાલના હીંદી તરફ દિલસોજી છે એ બીનાથી તમોને તમારી લડતમાં વધારે જોર મળે એવી અમે આશા રાખીએ છીએ.

પંજાબનો માજી ગવરનર સર હેનરીલ ઇડ્રેટસન (જેના વખતમાં લાલા લજપત રાયને દેશનીકાલની સજા થઇ હતી) જેણે હમણાંજ પોતાના હોદાનું રાજનામું આપ્યું હતું તે હાલમાં વિલાયત ખાતે મુજરી બજાવે છે.

મીટીંગોઆ અંજુમન ઇસ્લામ

સેક્રેટરી જણાવે છે કે:—તા. ૨ જી ફેબ્રુઆરીની મીટીંગ મી. અલી અ. લતીફના પ્રમુખપણા નીચે મળી હતી. રીપોર્ટ વંચાયા બાદ મી. ઇસ્માઇલ ખાને ૧૯૦૭ ઓકટોબરથી જનેવારી ૧૯૦૮ સુધી માસ ૪ નો હિસાબ રજુ કર્યો. મી. અબ્દુલ સકુરની અરજી પાસ કરી તેને મેંબરશીપમાં દાખલ કરવામાં આવ્યા. મી. નૂર મામદ આદિ વધે દરખાસ્ત મુકી કે મી. કાબ્રલીઆ, મી. ઇસ્માઇલ જુમા, મી. ગુલામ મહમદ, મી. પટેલ વગેરે સાહેબોને મુબારકબાદી આપવા ખાસ મીટીંગ આવતા રવિવારે ભરવી. મી. હાજી ઓસમાણ, તથા મી. અલી મહમદ ખમીસાના ટેકાથી ઉપલી દરખાસ્ત પાસ થઇ; અને તે મુજબ આમંત્રણ પત્રો લખવા સેક્રેટરીને ફરમાસ થઇ. આ ફરાયના પ્રોગામ વિષે વિવેચન થતાં મી. હાજી કાસમ તથા મી. અલી અ. લતીફે ટીપાર્ટીનું ખરચ પોતે આપવા ખુશી બતાવી, જે માનણી ખુશાલીના પોકાર વચ્ચે આભાર સાથે સ્વીકારવામાં આવી. બાદ મી. અ. કરીમ ઓસમાણ તથા મી. કાસમ જુમાની મેંબરશીપમાં દાખલ થવાની અરજીઓ આવતી મીટીંગપર મુલતવી રાખીને સભા વિસરજન થઇ હતી.

ટીપાર્ટીનો મેળાવડો

તા. ૬ ઠ્ઠી ફેબ્રુઆરીએ આગલી મીટીંગના ફરાવ મુજબ ટીપાર્ટીનો મેળા વડો થયો હતો. મી. અલી અ. લતીફ પ્રમુખ હતા. શરૂઆતમાં સેક્રેટરીએ મી. કાબ્રલીઆ, મી. સુજ, મી. પટેલ, મી. ઇસ્માઇલ વગેરેનો અંજુમનના આમંત્રણનો સ્વીકાર કરવા માટે આભાર માનીને જણાવ્યું કે એ બહસ્થોએ તન મન ધનથી મહેનત લઇને કાયદાની લડતમાં જે મુશીબતો ઉપાડી છે તે માટે તેમને હું ધન્યવાદ આપું છું" તેમણે પોતાની મહેનતથી બનતેલી સેવા માટે તેઓને મુબારકબાદી ઘટે છે. આજની ટીપાર્ટીનું ખરચ અંજુમનના દિલચિંતક મી. મહમદ હાજી જુસબ, તથા મી. અબ્બાસ હાજી જોગ મહમદે ઉપાડી લીધું છે તે માટે તેમનો ઉપકાર માનું છું.

પછી બાકી મીટીંગની અરજીઓ આવતી મીટીંગપર મુલતવી રાખવા નક્કી થયું. મી. કાસમ આદમે સુચના કરી કે સરકાર તરફથી આપણા ધરમ વિરૂદ્ધ જે જે વરતાવ કરવામાં આવે છે તે માટે ઉપાય લેવા અંજુમને તપાસ કરવી. મી. અલી મહમદ ખમીસાએ મી. કાબ્રલીઆને ધન્યવાદ આપ્યો. જેલમાં મુસલમાનોપર જે ધરમ વિરૂદ્ધ વરતાવ કરાવવામાં આવે છે તે દૂર કરવા અંજુમને પગલાં પડવા વિષે આવતી મીટીંગમાં દરખાસ્ત લાવવા મી. કાબ્રલીઆએ સુચના કરી. મી. હાજી કાસમ, મી. નૂર મહમદ અઠવણ. તથા મી. સુલેમાન ખાન મહમદ વગેરે સાહેબો એ મી. કાબ્રલીઆ વગેરે બહસ્થોની સેવાની નોંધ કરી. બ્રિ. ઇ. કમીટીના ચેરમેન મી. વલી મહમદ, જે મેળાવડામાં હાજર હતા તેમણે મેંબર થવા અરજી કરી, જે આવતી મીટીંગપર મુલતવી રાખવામાં આવી. છેવટે ચેરમેન સાહેબે વખતને અનુસરતું વિવેચન કર્યું. પછી ચા તથા ફ્રુટ લેવામાં આવ્યા બાદ ગુલાબ વહેંચ્યા પછી મેળાવડો વિસરજન થયો હતો.

રેવરંડ મી. ડોકને માનપત્ર

જોહાન્સબરગની બ્રાંચ કોમ તરફથી રેવરંડ મી. ડોકને જે માનપત્ર આપવામાં આવ્યું તેની નકલ નીચે મુજબ છે:—

"માનવંતા અને વહાલા સાહેબ:—અમારા ભાઈ મી. ગાંધીના તમે તથા મીસીસ ડોક જે ચાકરી કરી તે માટે અમો હીંદુ કોમના બ્રાંચો આભાર માનવાની રજા લઇએ છીએ. અમે જાણીએ છીએ કે તમોએ પ્રેમને લીધે અને પોતાની ફરજ માનીને એ કામ કરેલું છે. તમારા કામથી આખી હીંદી કોમની તમે ચાહના મેળવી છે એવો અમને ખાતરી છે. તમે બનતવેંત ચાકરીવડે એક ખ્રિસ્તી ગૃહસ્થતા. ઉમદા ગુણનો નમે દાખલો બતાવ્યો છે.

અમારા માનની નીશાની તરીકે સાહેબની બીબીને ભેટ કરવા રજા લઇએ છીએ, જે તમો સ્વીકારશો. અમે ઇશ્વરને અરજ કરીએ છીએ કે હમેશાં આવાં ખુશાલી કામ કરવાને તમો લાંબી જીંદગી ભોગવો.

(સહીઓ) નરોતમ કાળીદાસ. ગોપાળ ભગવાન; પરબુ વલભ, દયારામ ભગવાન. સકર લક્ષ્મીદાસ; દામોદર કબીર, ગંગારામ કાળીદાસ, મકનજી હુલ્લભ, રતનજી રઘુનાથ, રણછોડ મુલચંદરામ, ભગવાન જગજીવન, બુલા સુખલા."

મી. ડોક આભાર માને છે.

રેવરંડ મી. ડોક તરફથી નીચે મુજબ કાગળ પ્રસિધ્ધ કરવા અમને મળ્યો છે:—

છેલ્લી આફતના વખત દરમ્યાન એસોસીએશનો અને મિત્રો તરફથી મારો આભાર માનનારા જે સંદેશાઓ મળ્યા છે તે બધા માટે ઓપિનિઅનદ્વારા આભાર માનવાની રજા લઉં છું. તે સંદેશાઓની સંખ્યા ઘણી છે, અને તેથી દરેકને નોખા જવાબ લખવાનું બની શકે તેમ નથી. મા. ગાંધીને અથવા તો હીંદીની લડતને મારી ઓરત અને હું કાંઈ મદદ આપી શકયા હોઇએ તો તે અમે ઘણી હોંસથી આપેલ હતી. તેમાં અમે અમને માન મળ્યું સમજીએ છીએ; અને તેથી તે આભારને લાયક નથી. જે માણસને અમે ઉમદામાં ઉમદા અને એક શ્રેષ્ટ માણસ તરીકે અમે ગણીએ છીએ, અને જે માણસે પોતાના લોકો વાસ્તે ઘણું દુઃખ ઉઠાવેલું છે તે માણસ કરીથી સાજા થયેલ છે, અને હીંદીની લડતમાં આવી માનભરી છત મળી છે તેથી અમો સ્ત્રીપુરૂષને ઘણીજ ખુશાલી થઇ છે.

ભવિષ્ય સંબંધમાં હું એવી આશા રાખું છું કે ટ્રાંસવાલના હીંદીના દાખલાનો દક્ષિણ આફ્રિકામાં દરેક હીંદી અત્રય સમજી લેશે. આખી લડત હીંદીની મરદાનગી બતાવવા માટે હતી. ગોરા કોલોનીસ્ટમાં હીંદીઓ જે માન અને આબરૂ મેળવ્યાં છે તે હવે તેઓએ બતાવી રાખવાનાં છે. જો તેમ નહીં કરે તો અમને બરોબર દિલગીરી થશે. જ્યારે રણસંગ્રામ બનેલું હોય ત્યારે તેમાં ભાગ લેવો એ સહેલું છે, પણ લડત સમાવ્યા પછી ચુપકીથી ઠેકાણાસર પડી જવું એ અઘરૂં છે. પણ મને ખાતરી છે કે તમો તે કરી શકશો. સત્યાગ્રહ માટે સહનશીલતા, દ્રઢતા, ધીરજ અને ટેકીલાપણું એવા ઉમદા ગુણ જેઓ બતાવી શકયા છે તેઓ તેવા ગુણોને કાયમરીતે ધારણ કરવા શક્તિમાન થશે એવી મને ખાતરી છે. "ખુદાએ તલ્વ આપણી તરફેણમાં છે." અને બનાંસુધી તેની રહેમની આપણે દરકાર રાખશું તમાંસુધી બધાં સારાં વાનાં થશે.

ચરચા પત્ર.

આમારા ચરચાપત્રીઓ નીચેના નીયમો યાદ રાખશે તો તેઓના પત્રો ઉપર તુરત ધ્યાન મળવાનો સંભવ છે.

૧. કાગળની એકજ બાજુએ લખવું.

૨. અક્ષર ચોખ્ખા સાફીથી લખવા.

૩. નામ તથા ઠેકાણું બરોબર લખવાં. તે હમેશાં બહાર પાડવા સારૂં નહિ, પણ અમારી ખાતરી સારૂં.

૪. મંગળવારની સાંજ સુધીમાં મજકુર લખાણો તેજ અઠવાડીયામાં દાખલ કરી શકાશે.

૫. લખાણ હમેશાં ટૂંકું અને મુદ્દાસર કરવું.—અધિપતિ.

ચરચાપત્રીઓને જવાબ.

મી. એમ. એચ. કુરેશી—તમારી સંકા ખરી છે. તમારો કાગળ અમે છાપી શકતા નથી.

"ઈંડેક્સર"—ઓરતનું નામ કરજદાર ઇપે લેવામાં અમે બાધ સમજીએ છીએ. મરજીથી લેવામાં અમારી તપાસ પ્રમાણે આર્થે એકે ધરમથી નથી. ઓરતનું નામ કોઈ નહીં આપે તે પણ રજીસ્ટર થઈ શકશે. આપવાને નહીં ચુકવાની અમારી લડત મણ ઓરતોને પુરૂષપરજ થતી અટકાવવાને સારૂં છે. યાદ રાખવાનું એ છે કે ઓરતનું નામ આપવું નહીં આપવું એ આપણી મુખત્યારી ઉપર છે.

"ચીંતાતુર"—તમારૂં નામ તથા ઠેકાણું મોકલશો તો તમને જવાબ મોકલવામાં આવશે.

મી. આદમ ઈસાક—સારી લાલતનું તે એવા હીંદી અમે સમજીએ છીએ કે જેણે દક્ષિણ આફ્રિકામાં પરણી માત્ર મીલકત એકઠી કરી વેપારદ્વારા કે બીજી રિતે નામ મેળવ્યું છે. આવા માણસને હમેશાં પોતાના મરતબો બતાવવાની વધારે ખેંચ રહે છે ને રહેવી જોઇએ.

કિટલાક ઠેકાણે જરમારી તંગીને લીધે આવતા અઠવાડીઆપર મુલતવી રહયા છે.

અ. ઇ. ઓ.

એક સુચના

મે. ઇ. ઓ. ના અધિપતિ જોગ,

ટ્રાંસવાલનો મામલો જેવો ગંભીર હતો તેવોજ હાલમાં શાંત જણાય છે, અને ભવિષ્યમાં તેનું શુભ પરિણામ આવવા ખુદા પાસે દુઆ ગુજારૂં છું. ટ્રાંસવાલમાં વસતા હીંદીઓ ઉપર જ્યારે દુઃખનાં વાદળો ઘેરો નાખ્યો હતો તેને વીખેરી નાખવા જોહાન્સબરગ ખાતેની હમીદીઆ ઇસ્લામીક સોસાયટીએ કિંમતી સેવા બજાવી છે. તે સોસાયટીની અરજ થી મુંબઇની અંજુમન ઇસલામે હમદર્દ નીઓ અને હમદર્દીની દાઝ દર્શક ખરી અથાગ પરચનો બોજો ઉપાડી મી. ઝીણા જેવા બાહોશ નરને દુઃખનું વાદળ વીખેરવા લંડન મોકલ્યા તે સરવે સંસ્થાની બનેલુમાં છે.

આપના તા. ૨૨મી ફેબ્રુઆરીના અંકમાં 'મજબુમ'ના નામથી મી. ઝીણા જેવી રઇને ટ્રાંસવાલમાં બોલાવી આપણાપર પડતાં દુઃખોથી સંપુરણ માહિતગાર કરવા જે સુચના થઇ છે તે બરોબરજ કિંમતી છે. મી. ઝીણાને અત્રે બોલાવી આપણી પર પડતાં દુઃખોથી માહિતગાર કરવા ઉપરાંત તેઓને આપવાથી બની શકતું માન આપવું જોઇએ. વળી ઉમેદ છે કે મી. ઝીણા અત્રે પધારવાથી આપણી અંદર જે કાંઇપણ ગેરસમજથી ફ્રેપભાવે પ્રવેશ કરેલો છે તે પણ નીકળી જવા સંભવ છે. માટે મારી નમ્રતા પુરવક અરજ છે કે જોહાન્સબરગની હમીદીઆ ઇસ્લામીક સોસાયટી તથા પ્રીટોરીઆ અંજુમન ઇસલામ બન્નેએ એકત્ર થઇ મી. મહમદ અલી ઝીણાને ટ્રાંસવાલ આવવા આમંત્રણ મોકલવું. ઉમેદ છે કે દરેક આગેવાન મંડળ એક મત થઈ આ કીંમતી તક ચુકશે નહિ.

લી. "ખાન"

પ્રીટોરીઆ તા. ૨૫-૨-૦૮

[મી. ઝીણાને આ તરફ આવવા બાબતની કાગળ લખાઈ ચુકયો છે. એમ અમારી જાણમાં છે.—અ. ઈ. ઓ.]

વેરૂલમથી મી. ઇસ્માઇલ મહમદ પરી આવ્યા લખે છે કે તા. ૨૬મી ને શુક્રવારે અહીંની સુનત જમાતના મુસલમાનો મરહુમના પેસલમામની પાછળ નમાજ નહિ પઢયા, અને મરહુમ મુફતીને બીજી જમાએ બીજા ઇમામની પાછળ નમાજ પઢવા હતા.

પરચુરણ ચરચા

કોમનો સેવક એ ઉપનામથી ઓટનહેલથી એક પાંચનાર આંગળાં ઉપર ટીકા કરતાં લખે છે કે આ સમાધાનીમાં ગમે તે ગોટાળો પડ્યો હોય પરંતુ મને બે શંકા ઉત્પન્ન થાય છે. કાં તો મી. ગાંધી ફકત બે અઠવાડીઆમાં રામ સુંદરની માફક જેલની સજા ભોગવતાં હેમતાઈ ગયા, અથવા તો પોપટની જેમ મી. સ્મટસે સોનેરી દોરી બાંધી નચાવ્યા એટલે પુલાઇ ગયા. ઉપરની શંકા જો ખરીજ હોય તો આજ સુધી મી. ખમીસા, મી. હાજી કાસમ, અને મી. રામ સુંદરને માટે જે જે કહેવાયું છે અને જેવાં ઉપનામો અપાયાં છે તે સરવેને લાયક મી. ગાંધી ખરેખર થયા છે, એમ કહેતાં કાંઈ ખોટું કરું છું એમ લેખાય નહિ.

'ગાજીપુરો' નામથી એક ચરચાપત્રી લખે છે કે—તાતાલ મેમણ કમ્યુનીટી ફંડ ફમીટીને અરજ કરવાની કે મહી મીટીંગમાં એવો ઠરાવ પસાર કરવામાં આવેલો કે રાણપવાવ અંજુમને ઇસ્લામના ધારા જે પ્રમાણે છે તે પ્રમાણે આઠ દિવસની અંદર બધાની મેંબરોને નકલ પહોંચી દેવામાં આવશે. તથા બીજો ઠરાવ એવો થયો હતો કે હવેથી આ કમીટીની મીટીંગ મહિને મહિને થશે. સેક્રેટરી સાહેબે જણાવેલું કે ઉધરાણા માટે બનતી કોશીસ કરવામાં આવશે. આજે એક માસ થયો પણ ધારા બધાયા નથી, મીટીંગ ભરાણી નથી. તેમ ઉઘરાણું પણ ઉઘરાવાયું નથી. તો આ બાબતોપર સેક્રેટરીનું ધ્યાન ખેચું છું તથા મીટીંગ ભરવા અને ઉઘરાણા વગેરેનું કામ તુરત ઉપાડી લેવા અરજ કરું છું.

પોર્ટ ઈલીઝાબેથમાં એક નાદાર ગોરા વેપારીપર લુચ્ચાઇથી નાણાં ઉચાપત કરી જવાનો આરોપ સાબીત થતાં તે માણસને પકડવામાં આવ્યો હતો.

ચીના મજુરને પાછા મોકલવાનું હોવાથી ટ્રાંસવાલ સરકારે માડાગાસ્કર માંથી મલગાસી મજુરો દાખલ કરવા માટે ફ્રેંચ સરકાર સાથે મસલત કરવા બ્રિટીશ સરકાર પાસે માગણી કરી છે. આ બનાવથી ડ્રિંકોટમાં કેટલીક ગરબડ ઉભી થઈ છે.

હિંદુસ્તાનના અખબારો.

કરાચી ખાતે થએલી ઓલ ઇંડીઆ મોહમ્મદીમ કોમની બેઠકો વખતે સર આદમજી પીરભાઇએ પ્રમુખપદ લીધું હતું.

અનીયમીત વરસાદને લીધે કડી પ્રાંતમાં પહેલો હપતો આવતી તા. ૧લીથી લેવાતો હોય ત્યાં આડ આનીને બદલે ચાર આની હપતો વસુલ લેવાનો ઠરાવ કરવામાં આવ્યો છે.

વડોદરામાં તા. ૨૮મી ફેબ્રુઆરીએ એક કળ કુશાદી તથા ખેતીવાડીનું મોટું પ્રદર્શન ભરાવાનું હતું

ના. ગાયકવાડ સરકારે રેશમની ખેતીનો ઉદ્યોગ ખીલવવાના હેતુથી રેશમખાતું તથા તેના આંગે એક શાળા સોનગઢ વ્યારા ખાતે ઉઘાડી છે.

વડોદરા રાજ્યના વકીલ્સ્ટદારો, ગ્રેજ્યુએટો, તથા પ્રોફેશનરોને વારંવાર સીમમાં અને જંગલ બીગેરે સ્થળે રાત બધરાત જવાનું થતું હોવાથી તેઓને ગાયકવાડ સરકારે ફરજીઆત દારોગાપર બેસવાનું તથા બંદુક મારવાનું કામ શીખવ્યા તથા ફોજખાતાએ શીખવવા ફરજ પાડી છે.

કોંગરેસ વખતે ઉદ્યોગ હુન્નરની કાન ફરન્સ દી. બા. અંબાલાલ સાકરલાલના પ્રમુખપણા હેઠળ મળી હતી, જે વેળા ઇન્ડસ્ટ્રીયલ સરવે, ટેકનીકલને વેપારી કેળવણી, ખેતીવાડીની કેળવણી, બાલુના ઉદ્યોગને, કાટન સ્પીનીંગ અને વીવીંગને તથા બાંડના ઉદ્યોગને ઉતેજન આપવાના ઠરાવો થવા પછી એ કોનફરંસના જનરલ સેક્રેટરી તરીકે રા. બા. મુધોળકર તથા મદદનીશ સેક્રેટરી તરીકે મી. ચીંતામણી ને ચુંટી કાઢવામાં આવ્યા.

સુરત ખાતે મળેલ સ્વદેશી કાન ફરંસનું પ્રમુખપદ લાલા લજપતરાયને આપવામાં આવ્યું હતું, જે વખતે તેમણે સ્વદેશી દીલચાલ પર એક જાણવા લાયક અને અસલઠારક ભાષણ આપ્યું હતું.

કોંગરેસ વખતે સંસારીક કોનફરન્સની બેઠક કોંગરેસના મંડપમાં રા. બા. લાલ શંકર ઉમીયાશંકરના પ્રમુખપણા હેઠળ મળી હતી. લાલા લજપતરાયે પુનર લગ્નને લગતા ઠરાવ ઉપર બોલતાં પોતે તેના મજબુત હિમાયતી છે એમ જણાવ્યું હતું. એ પછી બાળલગ્નનો રીવાજ અટકાવી પુનર લગ્નને ઉતેજન આપવાના, વીધવા સ્ત્રીઓને હુનર ઉદ્યોગની કેળવણી આપી વીધવાશ્રમ ઉઘાડવા વીગેરેના સાતેના મુજબના ઠરાવો પસાર કીધા હતા.

કોંગરેસ વખતે મહીલા પરીષદની એક બેઠક શેઠ નગીનચંદ ઝવેરચંદ ઇન્સ્ટીટ્યુટ માં બાઇ ધનબાઇ રેડીમનીના પ્રમુખપણા હેઠળ મળી હતી.

મુંબઇ યુનીવરસીટીની છેલ્લી મેટરીકયુ લેશનની પરીક્ષામાં કુલ ૯૮૧ વિદ્યાર્થી પાસ થએલ, જેમાં મુસલમાનોની સંખ્યા ૩૫ની હતી.

મુંબઇ સરકારે જાણીતા ઇસ્લામી મદસ્થ ઓનરેબલ મી. ઇબ્રાહીમ રહીમ તુલાને ધારા બાંધનારી સભાના વધારાના એક સભાસદ તરીકે ફરી નીમ્યા છે.

મુંબઇ ઇલાકાના સને ૧૯૦૮ના દુકાળ કામ માટે રા. એક કરોડ મંજુર થયા છે એવું જણાવવામાં આવ્યું છે.

મલબાર જીલ્લાના પાલઘાટ ખાતે એક આયુરવેદીક પ્રદરસન ભરાશે જે જોવા ફીંદની બે પ્રાચીન વિદ્યા સંબંધી કેટલાક લેખો વંચાશે.

અલીગઢની મહોમેડન એંગ્લો ઓરી યેન્ટલ કોલેજમાં પોતાના નામથી નવું મોહું બોરડીંગ હાઉસ બાંધવા એન, નવાબ મોમતાઝ-ઉદ-દવલાએ રા. ૬૫૦૦૦ કાઢી આપ્યાનું કહેવામાં આવ્યું છે.

બનારસ સેન્ટરલ હિંદુ કોલેજને મદદ ખાતર મીસીસ બાઇટ નામની અંગ્રેજ બાતુએ રા. ૪૫૦૦૦ આપ્યા છે.

લાલા અજીતસિંહના ભાઇ કીશનસિંહ અને નંદકીશોરપર કિસુર માટે કેસ ચાલ્યો હતો તેમાં નંદકીશોરને છોડી મુકવામાં આવેલ છે, અને અજીતસિંહને જે વરસના સજાત કેદખાનાની સજા કરવામાં આવી છે.

રૂટરના તાર સમાચાર.

હીંદી સરહદપરના બખેડા સંબંધમાં વધુ કપાત્રપી તા. ૨૧ મીએ થઈ હતી, જેમાં બળવાખોરને ડુંગરાઓપરથી હઠાવતાં એક ગોરો ઘાયલ થઈ મરણ પામ્યો હતો, તથા ૧૦ જેટલા હીંદી લડવૈયા ઘાયલ થયા હતા. પંજાબી લડવૈયાઓએ બહુ બહાદુરી બતાવ્યાનું જણાવવામાં આવ્યું છે.

તા. ૨૧ મીએ પેશાવરના એક તાર ઉપરથી જણાવવામાં આવે છે કે હીંદી સરહદપરના બખેડા સંબંધમાં બળવા ખોર પટાના ખત્તાર અને સારમન્ડા ગામમાંના કાલ્લાઓ તોડી પાડવામાં આવ્યા છે. તેમની એક ટુકડીએ હીંદી લશ્કરી ટુકડીપર બે તરફથી હુમલો કરેલો હતો પણ તેમને પાછા ફરવાની જરૂર પડી છે.

હીંદની સરહદપર થએલા હુલ્લડ સંબંધમાં કાબુલના અમીરે પોતાની પ્રજાને જણાવ્યું છે કે તેમણે બળવાખોરોને મદદ કરવી નહીં.

હીંદી સરહદપરના બખેડા સંબંધમાં તા.૨૪મીએ વધુ કપાત્રપીઓ થઈ હતી. બળવાખોરો ખિટીસ લશ્કરની બહુ નજીક કમુધી આવી જઈ ચક્યા હતા, જેથી તેઓ એક ગોરાને ને ત્રણ હીંદી સીપાઈને ઘાયલ કરી ચક્યા હતા. પાછળથી બળવાખોરોપર હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં તેઓ સામે થવાનું જોર બતાવી શકયા નહોતા.

ચારલસ્ટાઉનમાં બાલ્ડોન નામના એક હીંદીને ટ્રાંસવાલમાંથી નાતાલમાં ગેર કાયદેસર દાખલ થવા માટે પકડવામાં આવ્યો હતો, જેનો કેસ ચાલતાં હદપાર મોકલવાની સજા થઈ હતી. મજકુર હીંદીને પોતાના ઘરમાં રાખનાર તરીકે એક હીંદી વેપારીને કોરટમાં બંધ કરવામાં આવ્યો હતો, પણ શકયાળા પુરાવાના કારણથી તે છુટી ગયો હતો.

એસ્ટકોરટના હીંદી લાઈસેન્સની બાબતના કેટલાક કેસ તા. ૨૭ તથા બીજી માર્ચે ચાલવાના છે.

નાદારી કોર્ટની નોટીસો વગેરે

(ગવરમેંટ ગેઝેટમાંથી)

મારીત્સબરગના હિંદી સ્ટોરકીપર એચ. એચ. સુમારની મીલ્કત નાદાર તરીકે જાહેર કરવા તા. ૧૭મી માર્ચે સુપ્રીમ કોરટને અરજ થનાર છે.

માહુતના અદરહીન સાહેબની મીલ્કત નાદાર તરીકે જાહેર કરવા તા. ૨૪મી માર્ચે સુપ્રીમ કોરટને અરજ થનાર છે.

માલવરનના મકન લખમીદાસ પટેલની નાદાર મીલ્કતના સંબંધમાં તેના લેણદારોની ખાસ મીટીંગ તા. ૪થી માર્ચે ડરબન, અમલાઝી ટીવાઝનના આજ્ઞસેંટ આગળ ભરાશે.

ગ્રીનકુક પાર્કના રહેમાન શરીફની નાદાર મીલ્કતના સંબંધમાં તેના લેણદારોની મીટીંગ તા.૨૩ માર્ચે પેરલમ આજ્ઞસેંટ આગળ ભરાશે.

ડરબન એસ્ટેટના ઈ. એમ. અદાનની મીલ્કત નાદાર તરીકે જાહેર કરવા તા.૨૦ મી એપ્રીલે સરપ્રીટ કોરટમાં અરજ થનાર છે.

સ્ટીમરોની હિલચાલ.

[નાતાલ ડાયરેકટ લાઈન.]

અમલાઝી—તા. ૨૪ મી ફેબ્રુવારીએ કલકતાથી ઉપડી છે.

અમકુઝી—તા. ૧૮ મીએ કોલંબોથી નાતાલ આવવા ઉપડી છે.

અમઝુંબી—તા.૭મી માર્ચના મુંબઇ જવા ઉપડશે.

[જરમન લાઈન]

કેનઝલર—તા. ૧૦ મી માર્ચે મુંબઇ જવા ઉપડશે.

[ઈટિઅન આફ્રિકન લાઇન]

ઘેંડ—તા. ૨૭ના અરસામાં ડરબન પહોંચવાની હતી.

ઓમ્બે—તા. ૨૨મીએ કલકતાથી સીધી ડરબન માટે ઉપડી છે.

ડનોરીક—મારચમાં કલકતાથી ઉપડશે.

ટીન્ડારિ—માર્ચમાં કલકત્તાથી ઉપડશે.

હીંદુસ્તાનની ટપાલ તા. ૧૦મા માર્ચે ના ડરબનમાં બંધ થશે.

રોકડ બજાર ભાવ.

ચાવલ.			શી.	પે.	શી. પે.
બાંબા	૧ બસ્તાની	૨૫	૦	થી ૨૫	૬
બીમડીના	,,	૩૦	૦	,, ૩૧	૦
એચ. એચ. ડી. આર,		૨૨	૦	,, ૨૩	૬
એચ. ડી. આર	,,	૨૨	૦	,, ૨૨	૬
ચીની સક્કર	,,	૨૫	૦	,, ૨૬	૦
ડુઆના	,,	૨૪	૦	,, ૨૫	૦
દેશી તુવેર દાળ.		૨૨	૬	,, ૨૩	૦
તુવેર દાળ કાનપુરી.		૨૩	૬	,, ૨૪	૦
મસુરની	,,	૨૪	૦	,, ૨૫	૦
મગની	,,	૨૯	૦	,, ૨૯	૬
અડકની	,,	૨૮	૦	,, ૨૮	૬
ચણા મુંબઇના	,,	૨૧	૬	,, ૨૨	૬
,, દાળ	,,	૨૭	૦	,, ૨૮	૦
વટાણા	,,	૧૭	૬	,, ૧૮	૦
મઢાઇ	,,	૯	૦	,, ૯	૬
બીનીસ.		૨૨	૦	,, ૨૩	૬
કડવું તેલ	૧ ગાલન	૩	૬	,, ૪	૦
એરંડીનું	,,	૩	૦	,, ૩	૪
મીંદું	,,	૩	૧૦	,, ૪	૦
નાળીએરનું	,,	૪	૦	,, ૪	૬
ખાંડ સફેદ	નાતાલની	૧૬	૦	,, ૧૭	૦
પીળી	,,	૧૫	૬	,, ૧૬	૬
તીરકુળ	નાતાલ	૯	૬	,, ૧૦	૬
આટો		૧૩	૬	,, ૧૪	૦
મદ્રાસી સોપારી	૧ રતલ	૦	૮	,, ૦	૯
મરચાં.		૦	૪૫	,, ૦	૫
બી ચેટીજરીનના પૈસા		૮-૫-૦		,, ૯	૦
ચોરબંદર	,,	૯	૦	,, ૯	૧૦
પારસીન કાઉન.		૬	૯	,, ૭	૦
,, વાઇટ રોસ		૮	૫	,, ૮	૬
,, ,, ગાલન		૧૧	૬	,, ૧૨	૦
નાળીએર		૧૪	૦	,, ૧૫	૦
કલી		૧૦	૦	,, ૧૦	૬
ડાયમંડ સોપ		૧૩	૩	,, ૧૩	૯
સાબુ સીલક સ્ટોન		૧૬	૦	,, ૧૬	૦
સાબુ સનલાઇટ		૪૨	૬	,, ૪૫	૦
નેકટર ટી		૧	૮	,, ૧	૯
મારીસ લાયન		૨	૧૧	,, ૩	૦
સોપારી સેનઝાનો		૧	૦	,, ૧	૩
વીડલ પેકેટ સીગરેટ		૧૬	૯	,, ૧૭	,,
દુધ નેસલનું		૨૨	૦	,, ૨૨	૬
નીમક (લીવરપુલ)					
બસ્તા એકની		૪	૬	,, ૦	૫

જરમન ઈસ્ટ

આફ્રિકા લાઈન.

૧૮ હલોડે મુંબઈ જનારો આગબોટ,

કેન્ઝલર.

તા. ૧૦મી માર્ચના ઉપડશે.

ઉપલી સ્ટીમર અહીંથી તા. ૧૦ માર્ચના સીધી મુંબઇ સારૂ કલ્યો તે પ્રસંગ ટેલાગોઆબે બેસી અને જાવા રહી ૧૮ હલોડે મુંબઇ પહોંચશે મજકુર આગબોટમાં અગાસી દેશી છે. જ્યાં ફુલાકામાં છે ત્યાં બજર વગેરેનું અનબંદ સ્થળ છે. પસેંજરો અહીંથી ચઢેલા મુંબઇ ઉતરશે. કયાંય બદલવાનું નથી.

ખાસ ચેતવણી

મજકુર લાઇનની હવે દરમ્યાન તેમજ ટેલાગોઆબેથી દરેક મારે એક આગબોટ સીધી મુંબઇ જવાવાળી છે. સ્ટીમર ગવરનર અહીંથી તા. ૨૮ જાનેવારીના ઉપડેલી તા. ૧૭મી ફેબ્રુઆરીના મુંબઇ બરાબર ટાઇમ ટેબલ મુજબ પુગી છે.

Osman Ahmed, Box 156, Durban. Tel. Ad. Ottoman.
Abba Mahomed, Box 81, Delagoa Bay. Tel. Ad. Abba. care Civil.
Hajee Habib, Box 57, Pretoria. Tel. Ad. Bagdad.

The Story of the Ramayana

The Epic of Rama, Prince of India

By J. L. P. ERASMUS

6d. nett. Post Free 7d.

To be obtained direct from the publishers,

International Printing Press, Phœnix, Natal.

કોન્ટ્રાક્ટ આપવાનો છે

પેટનું અને પરમારસ્થનું કરવાની સોનેરી તક

શ્રી ગોપાળલાલજીનું મંદીર બાંધવાને સારૂ કડીઆ, અને સુતાર કારીગરોને કોંટ્રાક્ટ આપવાનો છે. તા.૧૬ માર્ચસુધીમાં નીચેને સરનામે પત્ર વહેવાર કરવો. અથવા તો જાતે મળવું, અને કોંટ્રાક્ટની શરતો અને પ્લેન જોઇ ખુલાસો કરવો.

બાબુ તાલેવંતસીંગ
વેરૂલમ

FOR SALE.

Fresh and Preserved

CAPE SNOEK,

Wolesale and Retail,

9/- per dozen,

Trial orders solicited.

AHMED HALIM,
Box 5923,
230A-St. Mains Location,
JOHANNESBURG

તાજી સ્નુક ડઝન ૯/- કીંમત.

છપાઈ તૈયાર છે.

ખુની કામદો, તેના ધારા તથા તેને લગતી પીસ પ્રીઝરવેશન કામદાની કલમોનો ગુજરાતીમાં તરજુમો.

કિમત છ પેની. પોસ્ટેજ એક પેની

સાક્ષર આફ્રિકાના કાઈપણ સ્થાંપ સ્વીકા-રામાં આવશે.

માંદગી આવે ત્યારે શું કરવું ?

જ્યોર્જ હેકોમ્બ

કેમીસ્ટ

૫૦૬ વેસ્ટ સ્ટ્રીટ, ડરબન

ને ત્યાં દવા લેવા જવું. ડાકતર હમેશાં હાજરી આપે છે. અને ઓમેદ્રા. કેમ, ટીંકે. મજબુતી તાજોમ્બ અને બધે બાબા બિલ્ડ સંઠ છે.

ઈંડિઅન ઓપિનિઅન.

ઈંડિઅન ઓપિનિઅનની પુસ્તક નકલ મી. પી. વી. સંઘવી ૨૦૧ ગ્રે સ્ટ્રીટ, તથા મી. એમ. એમ. દીવાન ૧૪૭ ક્વીન સ્ટ્રીટ થી સન બ્રેંડ ટાબેકો વર્કસ, ૧૬૪ ગ્રે સ્ટ્રીટમાંથી ત્રણ પેનીના દામથી મળી શકશે. પોસ્ટ મારફત ૪ પેની. ટ્રાંસવાલ, કેપ વગેરે કોલોનીના સ્ટાંપ પણ સ્વીકારવામાં આવે છે.

અખબાર મામના એજંટ

પોર્ટ એલીઝાબેથ—વીક્રમદાસ એન્ડર્સ.

ક્રોટોરીયા—મી. જી. એમ. જોશી. બોક્સ ૧૧૫૭.

પીટર્સબરગ—મી. એમ. ખટેરીઆ, બોક્સ ૧૬૦

સ્ટેંગર—મી. મા. એમ. દેસાઇ બોક્સ ૬૭

મોંઅરલી મા. તુલજારામ ડી. ત્રીવેદી, બોક્સ ૩૭૨.

જોહાનીસબર્ગ—મેસર્સ વ્રજદાસ લાલચંદ ની કા. બોક્સ ૬૨.

પી એમ. બરગ મી. બી. એમ. પટેલ, ૪૯૧ એર્મ સ્ટ્રીટ.

A Book—and its Misnomer

A REPLY

Being a Brief Examination of "The Asiatic Danger in the Colonies" by L. E. NEAME.)

By the Editor of INDIAN OPINION

To be had from the Publishers: The International Printing Press, Phœnix, Natal. Post Free, 7d.

વૈદ્યકકલ્પતરૂ.

તદુરસ્તી અને વૈદ્યક જ્ઞાનની દરકાર હોય તો વાંચો "વૈદ્યકલ્પતરૂ" ગાસીક. બાર વરસથી હજારોએ પ્રગટ થાય છે. દરેક ગ્રહસ્થે ને ખાસ વાંચવા જેવું છે. નામ ઠેકાણું સાફ અક્ષરે વધુ **જટાશંકર લીલાધર, રોથીસેડ,** અમદાવાદ લખવાથી બેટ અંક નમુના દાખલ મફત મોકલવામાં આવશે. લવાજમ પોસ્ટેજ સહીત ૩/— તથા બેટનું પુસ્તક મોકલવાનું ખર્ચ ૪ પેની અગાઉથી લેવામાં આવે છે. જુજ કીમત રાખે આ પત્રની ઓફીસને લખવું.

વધુ જટાશંકર હરજીવનદાસ જોશીપુરા

ABDOOL RAHMAN,
MERCHANT,
POTCHEFSTROOM.
Tel. Address: "RAHMAN."
P.O. Box 12.

VANMALI KOYA
General Dealer.
Nr. to Corner Commissioner & Fourteen Street
P.O. Box 294, Krugersdorp.

AYOB MAHOMED & Co
General Merchants & Direct Importers,
MARKET SQUARE,
PIETERSBURG.
Box 134. Tel. Add.: "AYOB."

M. A. Karodia & Co.,
GENERAL MERCHANTS,
Dealers in all kinds of
Indian Groceries and Soft Goods
Box 3598.
41 Market Street, Johannesburg.

K. M. NAIDOO & CO.,
Wholesale & Export
Fruit & Produce Dealers
AND
OSTRICH FEATHER BUYERS.
P.O. Box 1. Tel. Address: "NAIDOO. ROBERTSON, C.C.

A. A. PILLAY,
Wholesale Fruit & Produce
Dealer and Commission Agent
Box 1353
49 President St., Johannesburg.

THE IMPERIAL CIGAR
Manufacturing & Trading Co.,
Large stocks of the best brands of
Cigars and Cheroots
always on hand.
Telephone 387. Tel. Add: "IMPERIAL"
Star buildings Umgeni Road,
DURBAN.

M. P. NAGDEE & Co.,
General Merchants &
Direct Importers.
Wholesale & Retail.
Head Office: WARMBATHS,
and at NYLSTROOM.

HORMAJGY IDOLGY,
DIRECT IMPORTER
— AND —
GENERAL MERCHANT
P.O. Box 353, DELAGOA BAY.

HAJEE HABIB
CALCUTTA HOUSE.
IMPORTER AND GENERAL DEALER.
A great variety of
Rugs, Blankets, Drapery, Haberdashery, Clothing,
Hardware, Hollow-ware, Furniture, Grocery,
Rough Goods, &c., &c.
જમશેદી નવરોજના પારસી તહેવારને દિવસે લંડનના પારસી કોસ્મોપોલીટીઅન ફંડના પ્રતિનિધિઓનો એક મેળાવડો ક્રામટેરીઅન રેસ્ટોરાંટમાં થયો હતો. એ મંડળનો એક રીવાજ એવો છે કે પારસી બેસતા વરસના એ તહેવારને દિવસે એ મોટા મિજબાનોને બોલાવવાનું આમંત્રણ આપવું. આ માન માટે જે ગોરાઓએ આગલી સાલમાં ફીંદ અને ફીંદીના હિત માટે સહુથી સરસ કામ બજાવ્યું તેવા બહુરૂપીઓને પસંદ કરવામાં આવે છે. આ રીવાજ મુજબ છેલ્લા જમશેદી નવરોજના તહેવારે ઉપરના મંડળ તરફથી લો. એમ્પ્થીલ અને મી. હેરોલ્ડ કોક્સને આમંત્રણ આપવામાં આવ્યું હતું. મેળાવડામાં ૧૦૦ જેટલા મી. બહુરૂપીઓએ ભાગ લીધો હતો. જેમાં એક મી. રીચ હતા. બરાબર વખતે સર મંચેરજી ભાવનગરી ની બાજુએ લો. એમ્પ્થીલ તથા મી. હેરલ્ડ કોક્સે બેઠક લીધી હતી. બરાબર બાદ સર મંચેરજીએ પોતાના ભાષણમાં ટરાંસવાલની કટોકટ સંબંધમાં લો. એમ્પ્થીલ તથા મી. કોક્સે બજાવેલી સેવાની તારીફ કરી. લો. એમ્પ્થીલે જવાબમાં જણાવ્યું કે ફીંદીઓની સાથે ભળવાની તક લેવામાં હું હમેશાં ખુશી છું. મારા હીંદી વસવાટથી મારા મનમાં હીંદ અને હીંદી તરફ હમેશાં ઉંડા હેતની લાગણી થએલી છે. તમારા મિજબાન તરીકે મને આમંત્રણ આપવાથી હું બહુ ખુશી થયો છું. વિગેરે. પછી પારસી કે મને લો. એમ્પ્થીલે મુબારકબાદી મોકલી, અને ક્રોગઆર્ચીઅન ફંડને મી. રીચે મુબારકબાદી મોકલી બીજી અરસપરસ મુબારકબાદીઓ બાદ મેળાવડો વિસરજન થયો હતો.

હીંદી સ્ટેટ સેક્રેટરી મી. જોન મોરલીને ઉમરાવપદ બક્ષવાથી હવેથી તેઓ 'વીસ કાઉંટ મોરલી ઓફ બ્લેકબરન' કહેવાશે.

તા. ૨૮ મારચે રૂટર જણાવે છે કે:— લોબીટોબ્યેના હીંદી મજુરો સંબંધમાં મી. રીચે હીંદી સ્ટેટ સેક્રેટરી, તથા કોલોની બાબ સ્ટેટ સેક્રેટરીને પ્રોટેસ્ટના કાગળો લખ્યા છે; તેમાં ૩૦૦ હીંદી મજુરોને તાતાલમાં રહેવાનો હક હોવા છતાં ફરજી બાતે હીંદ પાછા ગોકલવામાં આવ્યા છે તેની સામે વાંધો ઉઠાવ્યો છે.

હીંદી સરહદ ઉપર અથેડો

(૩૮૨)

તા. ૨૪મીએ ટાઈમ્સનો ખબરપત્રી જણાવે છે કે ચૈટોસ્યાર લશકર તથા તેના ખાસું લશ્કર જનરલ બીલકોકસ હેઠ બાબલ જેટલા ચૈગવામાં પડેલ છે, જેથી. મહમદી લોકો હીંદની સરહદ ઉપર 'હુગા' કરતાં અટકયા છે.

બળવાખોર લોકો ટેકરીની તળેટીમાં રહે છે. અને ઘણે દુર રહીને અમારા નવાર બિટીશ લશકર ઉપર ગોળાનો મારો કરે છે.

તા. ૨૪મીએ પેશાવરનો બધુ લશકર જનરલ બીલકોકસનો મળવા ગયું હતું.

બળવાખોરો સામા માટે મોટા પાયા ઉપર તયારીઓ કરતા જણાયા હતા. તેમણે આ અથેડાને દીની સ્વરૂપનું રૂપ આપ્યું છે, અને તા. ૨૪મીએ મુખ્ય જોર પર જણાતા હતા. બે મોટી હીંદી ટુકડી એમને ટેકવા માટે તયાર રાખવામાં આવી છે, તથા એક ટુકડી પેશાવર ખાતે જરૂર પડયે કામપર જવા માટે તયાર રાખવામાં આવી છે.

તા. ૨૪મીએ હીંદી વિદેશસરાય લોર્ડ મીંટો કલકત્તાથી સીમલા ખાતે ગયા હતા.

તા. ૨૪મીએ હીંદી લશકરે મહમદી ટોળા ઉપર બંબ હુમલો કર્યો હતો જેમાં હીંદી લશકરનાં ૬૦ માણસો મરણ પામ્યાં છે.

બળવાખોરો મોટી સંખ્યામાં પજવેરી જીલ્લા આવ્યા એકઠા થતા જણાવવામાં આવે છે.

તા. ૨૫માએ મહમદી કોમ ઉપર જન રલ બેંડરસનની ટુકડીએ છાપો મારેલ હતો, જેમાં ૬૮ ને ખિદિસા અમલદારો કામલ થયા છે. બળવાખોર પક્ષના ઘણાં માણસો મરણ પામ્યાનું રૂટર જણાવે છે.

પાછળથી થએલી ગણત્રી મુજબ હીંદી લશકરમાંથી ૭ માણસો મરણ પામ્યાં હતાં, અને ૪ અમલદારો તથા ૨૮ માણસ ઘાયલ થયા હતા, તથા ૬૯ બીજા માણસોને સખત ઈજા થઇ હતી. સામે પક્ષમાં ૪૦૦ માણસ મારયાં ગયાં હતાં.

તા. ૨૫મીએ રાત્રે બળવાખોરોએ આખો અબતું થાણું કબજે કરવા કોશીશ કરી હતી પણ તેઓ પાછા પડયા હતા.

તા. ૨૬મીએ જણાવવામાં આવે છે કે મહમદી કોમના બળવાથી તા. ૨૫મીની હીલચાલ વિશે કશું જણાવા આવ્યું છે. તેઓ કયાં છે તે માલુમ પડયું નથી. કેટલીક જગાએ એવો શક થએલો છે કે તા. ૨૫મીના બાદ નસરૂલ્લાખાનનો ચાલુ બખેડામાં હાથ છે.

રશિઆ અને ઇગ્લાંડ વચ્ચે છેલ્લા જે કોલકરારો થયા છે તે વિષે અફઘાનીસ્તા નમાં એવી લાગણી ઉભી થઇ છે કે ઇગ્લાંડ અને રશિઆનો પ્રદેશ અફઘાનીસ્તાન પચાવી પાડવાનો છે.

છેલ્લી ચઢાઇમાં બ્રાગેડીઅર મેકેન્ઝ લેફ્ટેનંટ મરણ પામ્યો છે.

એવું જણાવવામાં આવે છે કે એક મુલ્લાં આફ્રિદી લોકોને બળવો કરવા ઉશ્કેરે છે.

તા. ૨૬મીના પેશાવરના એક તાર ઉપર થી એવું જણાવવામાં આવે છે કે બળવા ખોરો નાહીંમત થવા લાગ્યા છે.

તા. ૨૭ મીએ વડી ધારાસભામાં એક સવાલના જવાબમાં એવું જણાવવા માં આવ્યું હતું કે મહમદી બળવાખોરો ની સાથે અફઘાન લોકો ન જોડાય તે માટે ના અમીરે સખત પગલાં લીધાં છે.

કેપટાઉન લોજની મીટીંગ

મી. એમ. એ. પટેલ લખે છે કે— તા. ૧૬-૪-૦૮ના રોજ કેપટાઉન બ્રિટીશ ઇંડિઅન લીગની મીટીંગ મેસે નીક હોલમાં ભરાએલી હતી જે વખતે બધા વર્ગના હીંદીઓએ હાજરી આપી હતી. મી. આદમ હાજી મુસ મહમદ પ્રમુખ હતા. તેમણે મીટીંગ બે બોલાવવાને હેતુ સમજાવ્યા. બાદ પ્રહારગામથી હાજર થએલાઓનો આભાર માન્યો. પ્રેસ્ટ લડન એસોસીએશન તરફથી લીગના કામને ટેકો દેવાનો તાર આવેલો તે વાંચી સંભળાવવામાં આવ્યો. ત્યારબાદ ૬૦૨ની સાલથી આજ સુધી લીગે કરેલ કામોની નોંધ તેણે જે પૈસા ખાધ્યા હોય તેની વિગત આપવામાં આવી. ચેરમેનને કલાક બોલ સુધી ભાષણ કરેલ. તે દરમ્યાન કમીશન કામદામાં ચાર ભાષાઓ દાખલ કરાવવાની જરૂરીયત તેઓ બોલ્યા કોલોનીમાં હીંદીઓની મુશ્કીલો દુર કરવા માટે લડત લેવાની. ગયા વરસનું પીટીશન હાલ નવેસરથી બાદમિંઘામ મેકલવાની વગેરે હકીકતની સમજ પાડી દરેક હીંદીને બાકીની મીટીંગમાં હાજર રહેવા ભલામણ કરી. ચેરમેનનું બહારગામ ભાષણ તાળીઓની ગડગડાટ વચ્ચે પુરું થયા પછી મેસરસ કાદર, મોલવી અબ્દી ઓરામાન, હાજી કમરૂદીન, મેસર્સ એ કાદર, મુનસી હબીબ વિગેરેએ ભાષણો કર્યા બાદ મીટીંગ બરખાસ્ત થઇ હતી.

! ! ! રમુજી રંગ ! ! !

ફાગણનાં ચીથરાં ! હાલમાં રસિકજીને એક લાંબી અંગ્રેજી પત્રીકા મળી છે. જેમાં ઇંડિઆ–સરકાર–માણસની પરીમાણ દીદી લક્ષણો ઓછાં કરી જવા સંબંધમાં બાતમી છે. તેમાં જણાવે છે કે તમારા ભાગ લાગ્યા હોય તો વગર ગેરેન્ટીના મળણનાં ચીથરાં (અલણી નોટ, લોન વિગેરે) સંધરજો ! રાજ પરવારે એટલે તે ઉપર ચાસતેલ રેડી તાપણી કરજો ! 'ઓનરીમાન્ડ' સમજી પૈસા માગ્યા તો બેવકુફના સરદાર બનજો 'ઓનરીમાન્ડ' એટલે ચોપરાની મરજી થાય કે પછી એક મહીને હાથ પહોંચે તો આપે, નહીં તો અમસ્તાના વાયદા. ચીથરાં ખરીદી ટ્રેઝરરોહી બનજો. સ્પષ્ટીકરણને ક્વેશ્ચન આપવાનું ભુલજો. ને તેમ છતાં તમારો દાવો સમન્વય તો બળાપામાં ભાગ લાધો છે તેના શીરપાવમાં માથાપર પાણી ફેર વજો. સમજ્યા ! ઇંડિઆમાં ઉથલ પાથલ થાય તો લડવૈયા હજારો હજર જો ! રસિકજીની આગળ તો બન્ડી યા સરકારનાં કે બીજાં ચીથરાંજ નથી, તો પછી કંઈ સમજવાનું રહેતું નથી.

* * *

શેખચલ્લી ! આપણે બીજી ચોપડીનાં શીખી ગયા કે એક શેખચલ્લી હતો. તેને મજુરીના બે આના આપવાના કરી એક વેપારીએ ચોખા ખડો માથે ચડાવી વેચવા ગયા. ભાઈતો ખુશમ ખુશ થયા ને બે આના આવશે કે મરઘી લાવશું તેનાં કચ્ચા બચ્ચાં થશે તે વેચી બકરી લાવશું. તેનાં કચ્ચાં બચ્ચાં થશે તે વેચી ગાય લાવશું. તેનાં વાછરડાં થશે તે વેચીશું. એટલે ખુબ પૈસા આવશે. કે પછી પરણીશું. એટલે ઘેર છોકરો થશે. પરણી આપણે છપ્પર પલંગપર પચપર પચ ચઢાવી ડોળ ઘાલી પાનની પીચકારી નાંખતા બેસીશું. એટલે છોકરો આવશે ને કહેશે કે, ચાલો બાપા, જમવાની વખત થઇ. આપણે " ના, ના, હમણા નહીં " કરીને ડસ્સેરો ઘુમાવશું. ઘુમાવતાંજ ચીનો ઘડો હેઠે. બે આના તો ગયા પણ સાથે માર પડયો. કાં ભાઇ તારૂં તો ઘી ગયું પણ મારૂં તો આખું ઘર ભાગ્યું તેનું કેમ ? તેમ હાલ " ટ્રીબુના " પેપર જણાવે છે કે ટરાંસવાલનો સેલ થાય છે. તે આપણે (પોરટુગીઝ) ખરીદશું. પછી સાઉથ આફ્રિકામાં મોટું રાજ બનાવીશું. કરનલ, પ્રેટ લોડન, પોરટ ઇલીઝાબેથ, કેપટાઉન બંદરની પરવા નહીં. કાલથુળા અંદર સરસ કરીશું. ટરાંસવાલનુ સુનું–દીસ આપણું થશે. તે વેચી ખાઈ સુધા રહું. જમીન ફળદ્રુપ બનાવશું. ને સીટ વોટર સ્કેન્ડના સુનાના દગલાપર આપણો વાવટો ફરરર ફરરર ફરકાવશું. કેવા ખુશી ? શેરને માથે. શવાશેર. તાજો તબાક શેખચલ્લીનો થાયસે. !

ક્ષી. રસિક

ડેલાગોઆબેમાં વિદાયગીરીનો મેળાવડો

(એક ખબરપત્રી તરફથી)

અત્રે જાહેર કામોમાં હમેશાં ભાગ લેનાર શેઠ હીરજી મુળજી કું. ના મેનેજર મી. કરસનદાસ હરીભાઇ રહીમર ' પ્રેસી ડેન્ટ ' માં પોતાના વતન જતા હોવાથી તેમના માનમાં મી. માધવજી ત્રીકમજીના મકાનમાં મી. હરજી વસનજીના પ્રમુખ પણા નીચે તા. ૨૨ એપ્રીલના લોહાણા મહાજનોતેજક સભાની એક સ્પેશીયલ મીટી બોલાવવામાં આવી હતી. શરૂઆતમાં મી. ધારશી દેવચંદ રત્નાકરે ઇશ્વર સ્તુતી કર્યા પછી મી. જેઠાલાલ પ્રાગજી કોડીઆ એ જણાવ્યું કે મજકુર સભાના ત્રેઝરર તરીકે હોદાની મુદત દરમ્યાન મી. કરસન દાસે સભાની ઉન્નતી કરવામાં તંન મન ધનથી મહેનત લઇ ઘણીજ કિમતી સેવા બજાવી છે. તે બદલ તેને એનાયત કર વામાં આવનાર માનપત્ર વાંચી સંભળાવવાનું મી. ધારશી ઉપર રાખી તેમની મુસાફરી પરમાત્મા શુખ શાંતિથી પુરી કરાવે એવી મી. જેઠાલાલે આશા બતાવી. ત્યારબાદ મી. ધારશી દેવચંદ રત્નાકરે માનપત્ર વાંચી સંભળાવી પુલોના હાર સાથે મી. કરસનદાસને એનાયત કીધું હતું. તેના યથાયોગ્ય સત્કારસાથે મી. કરસનદાસે પા. ૬–૫–૦ની ઉમદા બેટ મજકુર સભાને આપી હતી. તે સિવાય મી. સુંદરજી જીવરાજ તરફથી શી. ૧૦, મી. રામજી ગોપાલ તરફથી શી. ૫, મી. રામજી પ્રેમજી તરફથી શી. ૫, મી. ત્રોક લદાસ તરફથી શી. ૫, તથા બીજા એક ગ્રહસ્થ તરફથી શી. ૨/૬ એ રકમો સભાને બેટ મળી હતી. તેનો સ્વીકારતી વતી મી. ધારશીએ આભાર સાથે સ્વીકાર કર્યો હતો. ત્યારબાદ આપણી લઘ સભા વીસ રજન થઇ હતી.

મી. હસન ઇસાકજી પટેલને માનપત્ર

(એક ખબરપત્રી તરફથી)

વીંડસરટનવાળા મી. હસન ઇસાકજી પટેલ જોહાન્સબરગ આવેલા ત્યારે તેમના માનમાં મી. ઇસમાઇલ બીખા મમણીઆતે કેટલાક મુસલમાન તેમજ હીંદુ ઓને ગઇ તા. ૨૦મીના રવીવારે ખાણું આપ્યું હતું. મી ગાંધીને બીજી જગ્યા એ જવાનું હોવાથી તેઓ આવી શકયા નહોતા. પણ તેમના તરફથી મી. પોલાક હાજર હતા. એ સિવાય મોમદી મહમદ મુખતીઆર તથા મેસરસ મુસા કુવાડીઆ, ઇમામ અબદુલ કાદર બાવાઝીર, કેસજી, ઇસપજી ગારડી, પીરભાઇ, અહમદ મુસાજી, કરોદીઆ, અહમદમીઆ, કાછલીઆ, મુસાજી હસન, ઈબ્રાહીમ આકુજી, ઇસ પજી કોલાભાઇ, ઇબરાહીમ કુવાડીઆ, ગોરાજી વગેરે મળી લગભગ પોણોસો ગ્રહસ્થો હતા. ખાણું લઇ રહ્યા બાદ મી. મમણીઆતે સહુએ લીધેલી તસ્દી માટે ઉપકાર માન્યો હતો. જે ઉપરથી મોલવી સાહેબે તથા મી. અબદુલ કાદર, અને મી. ઇબરાહીમ કુવાડીઆએ કેટલુંક વિવેચન કરવું હતું. મી. પોલાકે મી. ઇસમાઇલની ઘટતી પ્રસંસા કરી, અને મી. પટેલને સુચના કરી કે અત્રે મુસલ માન હીંદુઓને તમે એકત્ર જોઇને જાઓ છો, તે બાબત કેપ કોલોનીમાં જઇને જણ કરજો, અને સમય આવે તમો પણ ત્યાં તેમજ બતલાવજો. મી. પોલાક બોલી રહ્યા બાદ સહુ સહુને ઘેર વિદાય થયા હતા.

ડંડી ડીબેટીંગ સોસાયટી

સેક્રેટરી લખે છે કે—અમારી સોસા યટીની એક મીટીંગ ગયા રવિવારે મી. મહમદ મીરના પ્રમુખપણા નીચે મળી હતી. લાયબ્રેરીની ચોપડીઓનો બંદોબસ્ત રાખવા વિવેચન થયું. મી. ઓસમાન અલારખીઆની દરખાસ્ત અને મી. આદમજીના ટેકાથી એવો ઠરાવ થયો કે ત્રીક શી. ૫/– આપીને એક માણસ રાખવો. માજી પ્રમુખ મી. મહમદ મીર, તથા મેસરસ ઇસમાઇલ મહમદ બક્ષાત. તથ મહમદ હાસમ વગેરે મુલક જવાના હોવા થી તેમણે આપેલાં રાજીનામાં સેક્રેટરીએ વાંચી સંભળાવ્યાં; અને તે પાસ કરવાનું આવતી મીટીંગપર મુલતવી રહ્યું. મી.

ઓસમાન અલારખીઆએ માજી પ્રમુખ ની સેવાની તારીફ કરી. મી. આદમજી અલ્લાભાઇની દરખાસ્ત, અને મેસરસ ઓસમાન અલારખીઆ તથા ઇબ્રાહીમ અહમદ, તથા સાયદ સાહેબના ટેકાથી મી. મહમદ જફર મુખ્ય સેક્રેટરી તરીકે નીમાયા. ફરતનજર્ગવાળા મી.હાજી સુલેમાન ઇ. ભમ્બાત જેઓ અત્રે આવેલ છે તેઓ સોસાયટીમાં હાજર થએલ. તેમણે સોસા યટીઓથી થતા ફાયદા ઉપર કેટલુંક વિવે ચન કરયું. મી. હાજી ઇબ્રાહીમ ખાન સિંગેરે કેટલુંક બોલ્યા પછી હાજર મહદય નો સેક્રેટરીએ આભાર માન્યો, ને મીટીંગ બરખાસ્ત થઇ.

રાંદેર જલસએ હબીબીઆ

લેડીસ્મીથના રાંદેરવાસીઓ એથી બોળ બાબુ સાથે મેસરસ બોજ લતીફ, શેખ રહીમભાઇ, મહમદ એલીમ, રહીમ આબ દુલ રેમાન, હુસેન ગુલામ તથા અહમદ કાજલખાં લખે છે કેઃ—રાંદેરની જલસાગી ભાઇઓ જાણીને ખુશી થશે કે મજકુર કસ્બામાં જલસએ હબીબીયા નામનો એક મજમો આજે આઠી વરસ થયાં સ્થપાએલ છે, અને તેણે આ ટુંક મુદતમાં ઘણાં કામો કરયાં છે. મજમાની શરૂઆત મર હાના મોલવી સમસોલ હકમા વાયજથી શરૂ કરે છે. ત્યારબાદ દુન્યવી કામના ફેંસલાઓમાં ધ્યાન અપવામાં આવે છે. મજકુર મજમાના પ્રેસીડેંટ મેજર શેખ હુસેન સુબેદાર છે. તેમણે કોમને સારૂ આગળ વધી ગરીબોનાં એવાં એવાં કામો કીધાં છે જે આગળ એ કસ્બામાં કોઇએ એવાં કામો કીધાં નથી. તેથી ગરીબ વરગને એક ઉમદી હીમાયત થઇ પડી છે. તેથી વધુ એ કે એવણ રાંદેર કમીટીના ચેરમેન તથા રાંદેર જુમા મસજીદના મુતવલ્લી નીમાયા છે. એ સઉની હમો અત્રેના રાંદેરવાસીઓ એમને મુબારકબાદી આપી એવું ઇચ્છીએ છીએ જે મુદ્દાપાક એવણને લાંબી આયુષ બક્ષે. આશા છે કે દરેક રાંદેરવાસી આ મજમામાં નામ નોંધાવી ઉતેજન આપશે.

'મરકયુરી' માં એક કલેર એરટેટનો હીંદી લખે છે કે ત્યાં ખાતે પોલીસ ચોકી ન હોવાથી યુન્હાઓ બહુ વધી પડયા છે; અને આબરૂદાર કસરડ લોકને માટે ત્યાં રહેવું બહુ જોખમ ભરેલું કહ્યું પડયું છે.

ડરબન ડાયરી

(ઇ. ઓ. માટે ખાસ)

ડરબનની પી. વી. સંબંધીની કા. વાળા મી. ઠાકરશી સંઘવી જે મુંબઇની એલ. પદમશી અને કા.ના મુખ્યના એજંટ છે તેઓ કામ પ્રસંગે તા. ૨૭મી એપ રીલે ડરબનથી જોહાન્સબરગ ગયા છે.

* * *

ડરબનના એક જાણીતા આગેવાન ડો. નાનજી કામ પ્રસંગે ટુંક મુદતને સારૂ મુંબઇ જવા માટે રવાના થયા છે.

* * *

ડો. નાનજીની વિદાયગીરીના માનમાં મી. પારસી રૂસ્તમજીને ત્યાં ગયા મંગળ વારે એક ખાણું હતું, જે વખતે કેટલાક મિત્રોને આમંત્રણથી બોલાવવામાં આવ્યા હતા.

* * *

સ્ટીમર રસ્તે ડરબનથી કેપટાઉન જતાં સ્ટીમર કંપનીવાળા ટીકીટ કાઢતાં પહેલાં પાંચ પાઉંડની રકમ અનામત માગે છે. જેઓ પાસે પરમીટ વીગેરેનાં સાધન છે તેઓને આ રકમ આપવાની જરૂર નથી.

* * *

તા. ૨૪મી એપ્રીલ ને જુમાને રોજ સુરતી મસજીદમાં જુમાની નમાજ બાદ ન્યુકાસલવાળા મી. ઇસપ જીવા દાવજીના ભાણેજ મી. ઇસ્માઇલ સુલેમાન વરાજીયા ના નીકાહ મી. અહમદ ઇબ્રાહીમ ઇસા કની દીકરી સાથે થયા હતા. નીકાહ પઢાવવા માટે મોલાના મોલવી હાજી કુતેહ મહમદ હતા. નીકાહ બાદ મોલવી સાહેબે મસજીદમાં નીકાહ પઢાવવા ઉપર કેટલુંક વીવેચન કીધું હતું. મી. દાઉદ મહમદે પણ મસજીદમાં નીકાહ પઢાવવાની લોકોને ભળામણ કીધી હતી. કઠોર મહે શીલે રોનકુલ ઇસ્લામના સેક્રેટરી મી. અહમદ વાહેદે પણ એ બાબત અચર કારક ભાષણ કરયું હતું. મી. ઇસ્માઇલ ત્રોરાએ પોતાના દોસ્ત મી. ઇસપ જીવા દાવજીના ભાણેજની શાદીની ખુશાલીમાં ડરબન અંજુમન ઇસ્લામને કઠોર રોન કુલ ઇસ્લામને તથા કઠોર જીનતોલ ઇસ લામને એ દરેકને પા. ૬ બેટ આપ્યો હતો. ઇસ્માઇલ સુલેમાન વરાજીયાએ પણ ઉપર મુજબ કુલ ત્રણ પાઉંડ બેટ આપ્યા હતા. બાદ મી. ઇસપ જીવા દાવજીપર અરસપરસ શાલો નાખી હતી. જપોરના મી. મી. ઇબ્રાહીમ ઇસ્માઇલ ની કા. ને ત્યાં આજરે ૪૦ માણસે ખાણું લીધું હતું.

ત્રણેક અઠવાડીઆં ઉપર ડરબનથી ૪ હંદી કેપટાઉન ગયેલા તેમની પાસે ત્યાં ઉતરવાનું સાધન નહિ હતું તેથી તેઓને પાછા ફરવું પડયું. પોતાને ઉતરવાનો હક છે કે નહિ તે તપાસ્યા વિના જેઓ આવી રીતે ઝંપલાવ છે તો પોતાની હાંસી કરાવે છે અને હંદીની આબરૂને ધક્કો પહોંચાડે છે.

મારિત્સબરગ મ્યુનીસીપાલીટીના બાયલેા

મારિત્સબરગ મ્યુનીસીપાલીટીના નવા થયેલા બાયલેા ગેઝેટમાં પ્રસિદ્ધ થયા છે તેમાંથી કેટલોક ઉપયોગી ભાગ નીચે મુજબ છે.

(૧) કોઇ માણસ કે કંપની જરૂરી લાઇસેન્સ કઢાવ્યા વગર બરોની હદમાં વેપાર રોજગાર કરી શકશે નહીં. એક કરતાં વધારે દુકાન કે સ્ટોર હોય તો તે માટે જુદા જુદા લાઇસેન્સ કઢાવવા.

(૨) આ બાયલેની રૂએ અપાએલ લાઇસેન્સની મુદત વધારેમાં વધારે એક વરસની હોઈ શકશે. દરેક લાઇસેન્સની મુદત, ગમે ત્યારે કઢાવ્યા છતાં, ડીસેંબર ની ૩૧મીએ પુરી થઈ ગણાશે.

(૩) દરેક લાઇસેન્સ હોલ્ડરે પોલીસ માગે ત્યારે અથવા લાઇસેન્સ અમલ દાર માગે ત્યારે પોતાનો લાઇસેન્સ અથવા પટો બતાવવો.

(૪) બરોમાં વેપાર રોજગાર કરનારે પોતાની દુકાનની ઉપર પોતાના નામનું પાટીયું ચોડાવવું.

(૫) રસ્તાઉપર કે બીજી ખુલ્લી જગ્યા એ વેપાર રોજગાર કરવા નહીં બેસી શકાય.

(૬) જથ્થાબંધ વેચનાર, અથવા તો અસલ પેકેજ હોય તેવાંજ વેચનાર, અથવા પોતાને ત્યાં વેચવા લઈ જનારાઓને વેચ નારાઓ હોલસેલ ડીલર કહેવાશે. હોલ સેલ ડીલરના લાઇસેન્સમાં રીટેલ ડીલરના કામનો સમાવેશ થઇ જાય છે.

(૭) વાપરવામાટે માલ લેનારને છુટક માલ વેચનાર રીટેલડીલર ગણાશે. હોકર તરીકે વેપાર કરનાર રીટેલ ડીલર નહીં ગણાય. તેમજ દુધ, મછી, તથા બગી ચામાં પેદા કરેલો, અથવા તો પોતે બના વેલ માલ વેચનાર પણ રીટેલ ડીલર નહીં ગણાય.

(૮) ડીલર, બુચર, બેકર, હોકર, બીલીયાર્ડ ટેબલ, તમાસા વગેરે વીશી, બોર્ડીંગ હાઉસ માટે જેને લાઇસેન્સ જોઇએ તેમણે લાઇસેન્સ અમલદારને લખીતવાર અરજી કરવી. નવા લાઇસેન્સમાટે અરજી કરવાની હોય ત્યારે મકાનનો નકશો અરજીની સાથે પુરો પાડવો. લાઇસેન્સ અમલદાર અથવા ટાઉન કાઉંસીલ અરજી કાઢી નાખી શકશે.

(૯) બરોમાં રોજગાર કરતા દરેક માણસે પોતાની દુકાન સાફ રાખવી જોઇશે. તેમ રાખવામાં આવે છે કે નહીં તેની ટાઉન કાઉંસીલે નીમેલ ઇન્સપેકટર તપાસ રાખશે.

(૧૦) વીશી રાખનારે બોલાંબાવનાર માણસો માટે એવા ઓરડા નહીં રાખવા કે જેમાં અજવાળું અને હવાની પુરી આવજા ન હોય.

(૧૧). કોઇ વીશીવાળાપર અવ્યવસ્થા વાળું મકાન રાખવાનો, અથવા વીશીને લગતા બીજા ધારાનો ભંગ કરવાનો આરોપ સાબીત થયાથી તેની લાઇસેન્સ ટાઉન કાઉંસીલ રદ કરી શકશે.

(૧૨). વીશીના લાઇસેન્સવાળાઓએ પોતાનાં વાસણો તથા બીજો સરસમાન સતોષકારક રીતે ચોખ્ખો રાખવો.

તંદુરસ્ત ખોરાકજ વાપરવો.

ખોરાક રાંધવા કે પીરસવા માટે ચેપી રોગ કે દરદવાળા માણસને કામે લગાડવો નહિ.

(૧૩). કોઇ કાંઇ માલ, કે ચીજ વસ્તુ (દુધ, મછી, મરઘાં, બગીચાની પેદાશનો માલ, અથવા વેચનારે જાતે બનાવેલ માલને આ વાત લાગુ પડતી નથી.) હોકરના લાઇસેન્સ વગર ફરીને નહિ વેચી શકે. દરેક હોકરે પોતાની બાંય ઉપર, અથવા બાસ્કીટ કે બાંસડી ઉપર પોતાનો પટો ચોટાડવો. એવો પટો ટાઉન કાઉંસીલ પુરો પાડશે. તે પાછા આપવાની ગેરંટી તરીકે ૫/- અનામત મુકવી પડશે. આવો પટો એક માણસ બીજાને નહિ આપી શકે.

(૧૩). કોઇ હોકર પોતાનો માલ વેચવા માટે માણસ રાખે તો તે માણસ માટે જુદો લાઇસેન્સ અને પટો જોઇશે.

(૧૪). કોઇ લાઇસેન્સ એક માણસ ના નામ ઉપરથી બીજા માણસના નામ ઉપર, અથવા એક મકાનથી બીજા મકાનપર ટ્રાંસફર કરવો હોય તો ટાઉન કાઉંનસીલની રજા બાદજ તેમ થઇ શકશે.

(૧૫). આ બાયલો મુજબ લાઇસેન્સની ફીના દરો નીચે મુજબ છે:—

	વરસ એકના પાઉંડ.
હોલસેલ ડીલર...	૫
રીટેલ ડીલર	૩
બુચર	૩
બીઅર	૫
બેકર (બીઢાઇ બનાવનાર પખ્ સાથે)	૧
બોરડીંગ હાઉસ	૩
સાંતિઅદ્	૩
નેટીવ ઇટીંગ હાઉસ	૩
બીલીયાર્ડ ટેબલ	૧૦
ચીએટર...	૧૦
હોકર	૩
કારીગર...	૩

(૧૬) જેની પાસે હોલસેલ કે રીટેલ લાઇસેન્સ ન હોય અને વેચવાનો માલ કે ચીજ વસ્તુ બનાવતો હોય તે કારીગર ગણાશે. જેની પાસે હોકરનો લાઇસેન્સ હોય અને માલ કે ચીજ વસ્તુ બનાવીને જાતે વેચતો હોય તે આ બાયલો માટે કારીગર નહીં ગણાય.

(૧૭) આ બાયલોનો જે ભંગ કરશે, અને તેવા ભંગમાટે કાંઇ બીજી સજા નહીં જણાવવામાં આવી હોય તો તેને વધુ માસની સખત અથવા સાદી જેલ અથવા તો પા. ૧૦ના દંડની સજા થશે.

નવું પુસ્તક

સત્યાગ્રહની કહાણી

સત્યાગ્રહની લડાઈ એવી જંગી ચાલી છે કે તે બાબતનું પુસ્તક લખવાની ઘણા માણસો તરફથી માગણી થઇ છે. તે વિષે ચર્ચા બહુ દુનિયામાં થઈ છે. તેનો ઇતિહાસ ઘણી જગોએ વંચાશે એમ અમે માનીએ છીએ. તેથી તેવું પુસ્તક અંગ્રેજીમાં બહાર પાડવાનો અમે ઇરાદો રાખ્યો છે. તે પુસ્તકમાં આપણી લડાઇનો ઇતિહાસ આવી જશે. તેમાં મુખ્ય માણસોની છબીઓ આવશે. જુદે જુદે વખતે બહાર પડેલાં કારટુનો વિગેરે પણ આવશે. સરકારની સાથે થએલાં લખાણોનો હેવાલ પુરો આપવામાં આવશે. તે પુસ્તક મી. પોલાક લખવાના છે. તેને સરસ કાગળ ઉપર છાપવામાં આવશે. અને સરસ પુઠાંથી બાંધશે. તેવું પુસ્તક છાપવાનું કાગળનું અને મજુરીનું ખરચજ ઘણું સખત પડશે. મહેનતાણાની તો ગણતરીજ નથી કરતા. એ પુસ્તકની હજારો નકલ બપે એવું આપણામાં જોસ નથી. તેથી અમે એક હજાર નકલ બહાર પાડવાનો ઇરાદો રાખ્યો છે. જ્યાં સુધી પાંચસેં નકલના ઘરાક થાય નહિ અને તેની કિંમત ન મળી જાય ત્યાં સુધી તે પુસ્તક બહાર પાડવાનો અમારો ઇરાદો નથી.—કેમકે અમારી તાકાદ નથી. તેની કિંમત ઘણા વિચાર પછી અમે પાંચ શીલીંગ રાખવાનો ઠરાવ કર્યો છે.

આ પુસ્તકનો મુખ્ય ઉપયોગ હીંદુસ્તાનમાં તેનો ફેલાવો કરવાનો છે એમ માનીએ છીએ. જે હીંદી તે પુસ્તક ખરીદી શકે તે સહને જો મુલક મોકલે તો તેમાંથી અમે ફાયદો જોઇએ છીએ. તે એ કે હીંદી દુઃખોની કહાણીનો પ્રચાર થાય. આ પુસ્તકમાં જો કે બીજા ભાગના દુઃખનો પુરો હેવાલ નહિ આવે તો પણ તેમાં એવું એક પ્રકરણ આવશે કે જેમાં ઘણે ભાગે તે દુઃખોનો સમાસ થાય.

હવે આ પુસ્તક બહાર પાડવું કે નહિ તે અમારા વાંચક વરગ ને હીંદસ્તિનેમાંના હાથમાં છે.

જેઓ તેના ઘરાક થવા માગતા હોય તેઓએ પોતાનું નામ તથા ઠેકાણું નીચે ને ઠેકાણે મોકલી દેવાં. તેના સાથે રૂા. ૫/ મોકલવી. તેના સ્ટાંપ અથવા મની ઓરડરજ મોકલવાં. કેમકે ચેક મોકલવાથી તેની ઉપર કમીશન બેસે છે. જેઓ પૈસા મોકલશે તેઓને પહોંચ આપવામાં આવશે અને જો ઉપરનું પુસ્તક બહાર નહિ પડે તો તે પૈસા પાછા આપવામાં આવશે. પુસ્તક લખાતાં બે માસ જવાનો સંભવ છે. છાપતાં ને બહાર પાડતાં ચાર માસ વખતે જાય. એટલે જો આજથી છ માસમાં અમે તે પુસ્તક બહાર નહિ પાડીએ તો અમને મળેલા પૈસા અમે તે તે ઘરાકને પાછા આપવા બંધાઇએ છીએ.

જેઓ પુસ્તકને સારૂ પૈસા આપે તેઓએ એ અમારી છાપેલી પહોંચ માગવી જોઇ લેવી. તેનેજ અમે પહોંચ ગણીશું.

પૈસા તથા નામ નીચેને કોઇ ઠેકાણે મોકલવાં.

ઇન્ટરનેશનલ પ્રીંટીંગ પ્રેસ,

ફીનીક્સ, નાતાલ.

અથવા

એમ. કે. ગાંધી,

[illegible]

જોહાન્સબર્ગ.

એક સત્ય-વીર કથા

સોક્રેટીસનો બચાવ

(ગયા અંકથી ચાલુ)

તેથી હું તમને કહું છું કે તમે મારી વિરહની વાત માનો યા ન માનો, મને છોડી મૂકો યા ન છોડી મૂકો, અને મારે ઘણીવાર મરવું પડે, તોપણ હું મારી રીત છોડનાર નથી.

હું બોલું છું તેથી તમે ચીઢાતા નહિ. મારાં વચન ધ્યાન દઈ સાંભળજો. કેમકે હું માનું છું કે મારાં વચન સાંભળવામાં તમને લાભ છે. હવે જે હું કહેવાનો છું તેથી તમને વખતે ગુસ્સો ચડશે. પણ તેમ ન કરતાં ધ્યાનપૂર્વક સાંભળજો. મને તમે મોતની સજા કરશો તો, હું જેવો છું તેવો હોવાથી, મને નુકસાન થશે તેના કરતાં તમને વધારે થશે. મને મેલીટસ કે બીજા કોઈ નુકસાન કરી શકનાર નથી. મને નુકસાન કરવાની તેઓનામાં તાકાદ નથી. **સારા માણસને તેનાથી ઊતરતો માણસ નુકસાન કરી શકે એમ બની શકતું નથી.** તેના તહોમતથી મને કદાચ દેહાંતદંડ મળશે, મને દેશપાર કરવામાં આવશે, મારા હકો છીનવી લેવામાં આવશે. તમોને એમ લાગે કે આમ થાય એ તો મને ભારે નુકસાન થયું ગણાય. હું તેને નુકસાન નથી માનતો. પણ અન્યાયપણે બીજા માણસને મરાવી નાખવાનો પ્રયત્ન કરવો તે વાત પ્રયત્ન કરનારને નુકસાન કરે છે. એટલે હું મારો બચાવ કરું છું એમ તમે ન માનજો. તમારી પાસે ખડો રહી હું જે પોકાર કરું છું તે તમારે સારું છે. તમે ખુદાદ ફરમાન તોડી બોટું કરો તેમાંથી તમને ઉગારવાની મારી ઇચ્છા છે. મને મારી નાખવાનો હુકમ કરશો તો તમને મારા જેવો બીજો કામ કરનારો મળવો મુશ્કેલ છે. એમ કહેવું ન ઘટે છતાં મારે કહ્યા વિના ચાલતું નથી. જેમ જોરાવર ઘોડાને લગામની જરૂર હોય છે તેમ તમે પણ જોરાવર છો તેથી લગામની જરૂર છે. લગામરૂપે થઈ મારે રહેવું એ ખુદાઈ ફરમાન હું ગણું છું. તેથી જો તમે મારી સલાહ માનશો તો મારા જીવ તમે નહિ લીધો. પણ કોઈ અધીરાઈને કોઇ બેનીને તેની ઊંઘમાંથી જગાડે તો તેને તે ચીડવાઇને મારવા દોડે છે તેમ તમે મારી ઉપર ચીડાઈને વગર વિચારે મને મારી નાખવાનો હુકમ કરશો એવો સંભવ છે. ત્યાર બાદ મારા જેવો બીજો તમને નહિ મળે તો તમે પાછા ઊંઘી જશો. હું તમારું ભલું કરનારો છું ને મને તમારી પાસે ખુદાએ મોકલ્યો છે એમ તમે જોઇ શકો છો. મારું પોતાનું કામ પડતું મેલું છું, તમારા હિતની કાળજી હમેશાં રાખ્યા કરું છું, આપની જેમ અથવા તો મોટેરા ભાઇની જેમ હું તમને એક એક જણને શીખામણ આપું છું. ને મારે મારગે દોરવાની મહેનત કરું છું. આવું કરવા ને સારું મેં જો બદલો માગ્યો હત, તો માં મેં દોલત એકઠી કરી હોત તો મારી ઉપર શક લાવવાનું તમને કારણ રહેત. પણ મારા ફરિયાદીઓએ પૈસા લેવા વિષે હું તહોમત મારી ઉપર મૂકયું નથી. ને મેં પૈસા કદી લીધા કે માગ્યા નથી તેનો મોટામાં મોટો પુરાવો તે મારી ગરીબીછે.

કદાચ તમે એમ પુછશો કે જ્યારે હું લોકોને સદ્‌ગુણી થવાની સલાહ આપ્યા કરું છું ને ઘરોઘર તે બાબત ભટકું છું ત્યારે શહેરનું ભલું કરવાને સારૂ રાજ પ્રકરણી વિષયોમાં હું ભાગ કેમ લેતો નથી ? આનું કારણ હું ઘણી વેળા બતાવી ગયો છું. મને લાગે છે કે મારા કાનમાં દેવતાઇ અવાજ આવ્યા કરે છે. તે અવાજ એમ જણાવે છે કે મારે રાજ્ય ખટપટમાં નહિ પડવું. આમ થયું છે તે ઠીક થયું છે એમ પણ હું માનું છું. જો હું રાજ્ય ખટપટમાં પડયો હત તો મારા ભાર વાગી ગયા હોત. તેમાં તમને કે મને લાભ નહિ થાત. હું જે સત્ય છે તે બોલું છું તેમાં ગુસ્સો ન કરજો. જે માણસ શહેરમાં ચાલતી અંધાધુંધીની સામે થાય અને અન્યાયી કામો થતાં અટકાવે તેની જીંદગી સલામત નથી. તેથી જે માણસ ન્યાયની નજરેજ બધું જોવા માગે છે તેને ધાંધલમાં પડવું લાજમ નથી.

આ વાતના હું તમને દાખલા પુરાવા આપીશ. તે ઉપરથી તમે જોશો કે મોતના ડરથી, હું જે ઝેરબાજીની માનીશ તે નહિજ કરું. પણ મારા દાખલા ઉપરથી તમે જોશો કે જો હું રાજ્ય ખટપટમાંજ ગુંથાએલો રહ્યો હત તો મારો નાશ કયારનો થઇ ગયો હોત. જે હું કહેવાનો છું તેથી તમને કંટાળો થશે પણ તે ખરૂ છે. એક વખત હું આપણી સભાનો મેંબર હતો તે વેળા દસ સરદારોને મોતની સજા કરવાનો તમે ઠરાવ કર્યો હતો. બધા સભાસદોમાં હું તે વાતની સામે થયો. તે વખતે મને બધા મારી નાખવા તૈયાર થયા. પણ હું મારી નેમમાં ચુસ્ત રહ્યો. મને લાગ્યું કે તમારા અન્યાયી કામમાં મારે સામેલ થવું તેના કરતાં મારે મોત અથવા કેદ ભોગવવાં એ સારૂં હતું. જ્યારે આમ સત્તા ભોગવતી હતી ત્યારે ઉપરનો કિસ્સો બન્યો.

વળી જ્યારે આમનું રાજ્ય બદલીને અમુક માણસોનું રાજ્ય આ શહેરમાં થયું ત્યારે લીસન તામના માણસને મોત ની સજા ભોગવવાને સારૂ પકડી લાવવાનો હુકમ કાઢવામાં આવ્યો હતો. મને પણ તે હુકમ મળ્યો. હું જાણતો હતો કે લીસનની ઉપર મોતની સજા હતી તે ગેરવ્યાજબી હતી. જો હું તેને પકડવા ન જાઉં તો મારૂં મોત થાય તેમ હતું. જો હું તેને પકડવા જાઉં તો હુ અન્યાયમાં ભાગ લઉં એમ બનતું હતું. મેં મારા મોતની દરકાર નહિ કરી. લીસનને પકડવા હું નહિ ગયો. અને જો દરમીયાનમાં તે રાજ્ય તુટી નહિ પડયું હત તો મારૂં મોત ખચીત આવત.

હવે તમે જોઇ શકો છો કે જો હું રાજ્ય કારભારના કામમાં લાંબો વખત રહ્યો હત અને ન્યાય બુદ્ધિને વળગી રહેત (ન્યાય એ તો મારૂં જીવતર એટલે બીજું મારાથી થાત નહિ) તો હું આટલા વરસ જીવ્યો ન હત. મારી આખી જીંદગીમાં મેં કોઇને અન્યાય કર્યો નથી. મેં ન્યાયની વિરૂદ્ધ બનેલું બાનગી જીંદગીમાં કે બનેર જીંદગીમાં બરવું નથી. મેં શિક્ષકનો ડોળ ધાર્યો નથી. પણ મારી પાસેથી કોઈ કંઇ બનવાને આવેલ હોય તો તેને મેં જવાબ દેવાની ના પણ પાડી નથી. વળી હું ગરીબ અને તવંગર બધાને મારી તાકાદ મુજબ એક સરખી રીતે જવાબો આપું છું. તેમ છતાં કોઇને મારા બોલવા ઉપરથી સાર માણસાઇ ન આવી હોય તો તેમાં મારો વાંક ગણવાનો નથી. જો કોઇ એમ કહે કે એકને એક ચીજ, ને બીજાને બીજી ચીજ મેં બતાવી છે, તો તે વાત ખરી નથી એમજ માનજો.

શું કારણસર ઘણા માણસો મારી પાસે પોતાનો વખત ગાળવા માગે છે એવો સવાલ થયો છે. તે તમે જાણો છો. જેઓ જ્ઞાની નથી પણ જ્ઞાનનો ડોળ ધાલે

છે તેવા માણસને સવાલો પુછાય તે બીજા માણસો હમેશાં સાંભળવાને આતુર રહે છે. આમાં રસ ઊંડો આવે છે. સવાલો પુછવા એ મારી દેવતાઇ ફરજ સમજતું છું. આમાં મેં કંઈ બોટું નથી કરયું. જો મારા શિક્ષણથી જુવાનીઆઓને મે બગાડયા હોય તો તેમાંથી જેઓ આજે મોટા થયા છે ને પોતાનો સ્વાર્થ સમજી શકે છે તેવા માણસો તમારી આગળ આવી મારી ઉપર તહોમત મુકે કે તેઓ તમારી આગળ ન આવે તો તેઓનાં સગાં આવીને શરમ આપ તેવા જુવાનીઆઓ ને તથા તેઓનાં સગાંઓને હું આ મંડપમાં જોઉંછું તેમાંથી કોઇને મેલીટસ કેમ સાક્ષી આપવા નથી લાવ્યો? જો મેલીટસ અને બીજા ફરીયાદી બુલી ગયા હોય તો હું હજુ તેમને રજા આપું છું. ભલે તેઓ ને માણસોની જુબાની લેય. મારી વિરૂદ્ધ બોલવાને બદલે, તેઓ ના છોકરાઓને મારી સંગતથી ફાયદો થયો છે એમ તેઓ કહેશે. અને તેઓ એમ મારી તરફેણમાં બોલે તેમાં તેઓનાત ન્યાય કરવા સિવાય બીજાને હેતુ કે ફાયદો રહેતો નથી.

મારે મારા બચાવમાં કરવાનું હતું તમોનું ઘણું તો કહી ગયો છું. આપણા મા એવો રિવાજ છે કે જેની ઉપર કામ ચાલતું હોય તેનાં સગાં આવીને કોર્ટમાં પોકાર કરે છે, દયા માગે છે. કેટલા પોતે રડે છે. હું આમાંનું કંઇ નથી કરતો. કરવા માગતો પણ નથી. તેવા તમારામાંના કોઇને કદાચ ગુસ્સો આવશે. મારે સગાંઓ છે. ત્રણ દીકરા છે. એક મોટો ને બે નાના. પણ તેમાંના કોઇને હું હાજર કરવા માગતો નથી. તેમ નહિ કરવામાં તમારું અપમાન નથી ગણતો. મારી ઉદ્ધતાઇ પણ ન માનશો. હું મોત થી નથી ડરતો એ વાત આપણે એક બાજુએ રાખવું. પણ મને લાગે છે કે આટલી ઉમરે પહોંચેલ હોઇ અને સારી કે નઠારી પણ મારી આબરૂ નજરમાં રાખી, મારે સગાંઓનો લાવી તમારી આગળ રૂદન કરાવવું તેમાં તમારી ને મારી બીકપત ગણું છું. મને તેમ કરવું નહિ ગમે. બધા એમ તો કબુલ કરે છે કે સાધારણ માણસોના કરતા કંઇક વિશેષ સોકરેટીસમાં રહેલું છે. એમ વિશેષના બોગવનારા તમારામાંથી કોઇ હોય અને તેની ઉપર જેમ મારી ઉપર કામ ચાલે છે તેમ ચાલતું હોય તો તેવા માણસ મોતની બીક રાખીને વિલાપ કરા વશે તો ને શરમ ભરેલું ગણાશે. મોત આવવામાં કંઇ દુઃખ હોય, અને મરણથી એકવાર બચ્યા એટલે અમર થઇ જવાતું હોય તો સગાંઓને લાવી દયાની લાગણી ઉશ્કેરવી એનો કદિ બચાવ થઇ શકે. પણ જ્યારે ચઢીઆતા માણસ સદગુણી હોવા છતાં આ પ્રમાણે મોતની બીક રાખે તો પરદેશીઓ આપણી હાંસીજ કરશે. તેઓ કહેશે કે "જેઓને તેઓના સદગુણ ને સારૂં ચઢીઆતા ગણી મોટા હોદ્દા દેવા માં આવે છે તેવા એથેન્સના માણસો પણ બોરનો કરતાં કંઈ ચડે એવા નથી ત્યારે બીજા એથેન્સના માણસો તો કેવા હલકા હોવા જોઇએ?" તેવા હું માનું છું કે આવું નાટક કોઇ સારા માણસે કરવું ન જોઇએ; તે જો કરવા માગે તો આ શહેર ની આબરૂને ખાતર તમારે તે બંધ રાખવું ઘટે છે. આમની ફરજ તો એ છે કે તમે જે સજ્જા કરવાના હો તે ધીર જ્યા બોગવવી. ને તમારી ફરજ એ છે કે જેઓ કંઇનનાં નાટક કરવા માગે તેવા ને તમારે તરછોડી પાડવા.

વધારે આજરૂ બોર આબરૂનો સવાલ છોડી દેતાં પણ મને લાગે છે કે તરોમત દારોનું કામ દયા માગવાનું નથી. તેનું કામ પ્રમાણસર માગવાનું છે ને તે માગવા સારૂ તેણે દલીલ રજુ કરી તેની ઉપર દલીલ કરવાની છે. ન્યાયાધીશનું કામ મહેરબાની દેખાડવાનું નથી પણ પક્ષપાત કર્યા વિના ન્યાય તોળવાનું છે. એટલે અમને તમને બંનેને લાજમ છે કે અમારા ને તમારા સોગનમાં બહેલ પહોંચે તેવું કામ નહિ કરવું.

તમારી આગળ રૂદન કરી કરગરીને તમારા સોગન તોડાવવાની કોશીશ કરૂં તો મેલીટસ ખુદાને નહિ માનવાનું આરોપ મારી ઉપર મૂકે છે તે મારી ઉપર સાબેત થયા બરોબર થાય. જે માણસ ખુદાને માને છે તે માણસ બારકાના સોગન તોડાવે તો તેને ખુદાની સામે કર્યા બરો બર થાય. એટલે તે ખુદાને નથી માનતો એમ કહેવાય. પણ હું તો તમે કોઇ નહિ માનતા હોય તેટલી દ્રઢતાથી ખુદાને માનું છું. એટલે હું તેની ઉપર ભરૂંસો રાખીને મારે વિષે જે સાચું હોય તે કરવાનું તમારા હાથમાં બેધડક થઇ મુકું છું.

સંપૂર્ણ

ઇંડિઅન ઓપિનિઅન સાપ્તાહના એજંટ ડીરબનની કુ. જણાવે છે કે તા. ૧૫મી એપ્રીલથી ૩૦મી જુન સુધી ફલકતાથી આવતા માલ માટે નોટીસોના દર કરેક ઢને રૂા. ૨૦/–ના રાખવામાં આવ્યા છે.

સત્યાગ્રહ

પ્રજાની નિષ્ક્રિયતા

[મી. મેરીસના લખાણનો તરજુમો]

(ગયા અંકથી ચાલુ)

(૩)

પ્રમાણીક માણસનો જ્યારે કોઇ ઉપાય ન ચાલે ત્યારે તે સત્યાગ્રહ ધારણ કરે છે. સત્તાધારીઓ અન્યાય જુલમ કરે ત્યારે પ્રમાણીકને એ એકજ રસ્તો છે. એટલે તેના વલણને નીતિની રીતે જોતાં મેરવાજબી કહી કાઢી નહિ. કોઇ રાજ્ય માં જ્યારે એક નાના વરગને સત્યાગ્રહથી લડવાનું જરૂરી થઇ પડે, ત્યારે મોટો વરગ લાંબો વખત સુધી તેની સામે ટકી શકશે નહિ. તે દિવસે દિવસે નબળો પડતો જશે, અને નાના વરગ સામે પોતાની સત્તાનો અમલ કરવામાં ઢીલો પડી જશે. આ વાત રાજકારભારમાં જે ને વોટનો હક હોય તેવા લોકોમાંના નાના વરગને લાગુ પડે છે; તો પછી જે લોકને કોઇ જાતનો વોટ નથી તેવા લોકને તો આ વાત લાગુ પડવાને વખારે કારણો છે. તેવાની ઉપર જુલમ કરનારા એ બનસાહ નથી. એટલે સરકારના જુલમી પગલાની સામે વોટ વગરના લોક બેશક રીતે સત્યાગ્રહ ધારણ કરી શકે. આવા દાખલામાં તો સરકારને પોતાને અમલ કરવાની સત્તા છે કે નહિ એજ સવાલ ઉઠતો.

સત્યાગ્રહ સંબંધમાં પોરાએ જે લખ્યું છે એ બહુજ જાણવા લાયક અને અસ્સ રકારક છે. એટલે કાયદા સામે થવાની ફરજ વિષે તેણે જે કહ્યું છે તેમાંથી કટલાક ઉતારાઆપું છું. "મેરધનસારીકાય દાઓ પણ ખરાબ છે, તેમને શું આપણે ટકવા જ થઇ જવાદઇ ? અથવા તો તેમાં સુધારો કરાવવા પ્રયત્ન કરશું, અને સુધારો થાય ત્યારેજ તે કબુલ કરશું ? અથવા તો તુરતજ આપણે તેનો ભંગ કરશું ? અમેરિકાં જેવા રાજ્યમાં સાધા રણ રીતે લોકો માને છે કે મોટા ભાગ ના લોકોને સમજાવવા પ્રયત્ન કરવો, અને તેઓ સમજે તેટલી વાર રાહ જોવી. તેઓ બિલ્ક સમજે કે કાયદાની સામે થયું તે તો દરદની પીડા કરતાં તેના ઉપચારની વધુ મોટી પીડા ઉઠાવવા જેવું છે. પણ દરદની પીડા કરતાં ઉપચારની પીડા વધુ હોય તેમાં વાંક સરકારનોજ

છે. સરકાર પોતે તેમ કરે છે. કાયદા માં સુધારાઓ થઇ શકે એ વાતનો ખ્યાલ રાખી તે દાખલ કરવાની સગવડ સરકાર કેમ નથી રાખતી ? નાના પણ સમજુ વરગને તે કેમ માન નથી આપતી ? પોતાને કાંઇ નુકસાન થયું હોય નહિ તે પહેલાં તે (સરકાર) બુમો શાની મારે છે ? પોતાની ભુલો બતાવવા માટે લોકોને કાળજીવાળા બનાવવાને તે કેમ ઉત્તેજન નથી આપતી ? અને પોતાની કસુરો દુર કરવાને ઉપાય કેમ નથા લેતી ? " એજ ચોપડીમાં બીજે ઠેકાણે થોરો કહે છે કે " સત્યને સમજી ને, સત્યના આધારે, અને સત્ય કરવાની આતરજ જે કામ કરવામાં આવે તે જુદીજ તરેહનું થાય છે. મોટે ભાગે તેવું કામ તે એક જાતના બળવા રૂપે હોય છે. તેના કામથી સારૂં ને માઠું જુદાં તરી રહે છે. એકજ કુટંબના માણસો પોતાના ખરા રંગમાં જણાઇ આવે છે. ને છેવટે એકજ માણસની ઉંચી પ્રકૃતિ તે નીચી પ્રકૃતિથી જુદી પડી રહે છે." રાજ કરનારા અને સત્તા વાળા ઠકાયલવાળા હોવા છતાં જે ભુલો કરે છે તે વિષે થોરો કહે છે કે " રાજ કર્તાઓ લાંબો વખત સુધી અમલ ભોગવે છે તેનું કારણ એવું નથી કે તેઓ હમેશાં સાચુંજ કરે છે; તેમ તેઓ નાના વરગને અને તેટલો ન્યાય આપે છે એમ પણ નથી ; તેઓ મોટે ભાગે ઇન સાફી રીતે વરતે છે એમ પણ નહિ. તેઓ લાંબો વખત અમલ ભોગવી શકે છે તેનું કારણ એ કે તેઓમાં શરીર બળ વધારે હોય છે. જે રાજમાં મોટા ભાગની પસંદગીથી અમલ ચાલતો હોય ત્યાં પણ હમેશાં ન્યાયજ હોય છે એમ કહી શકારો નહિ." બીજે ઠેકાણે થોરો કહે છે કે " નાના વરગના પક્ષમાં એક ખુદા હોય તો બસ છે. પછી તેને બીજાની મદદની રાહ જોવાનું નથી રહેતું. જે રાજમાં કોઇને ગેરઇનસાફી રીતે કેદમાં નાખવામાં આવે તેવા રાજ માં ઇનસાફને ચાહનારા માટે ખરૂં રહેવાનું કેદખાનામાં છે."

હાલના જમાનામાં રાજ કારભારની રીતો સાવ બદલાઈ ગઇ છે. વોટ વડે રાજકરનારાઓ સુંટાવાની રીતથી કેટલીક વાર એમ બને છે કે લાયક ન હોય એવો પક્ષ કારભારી થઇ બેસે છે. જ્યારે બહુમતિ હોય ત્યારે કેમ કરવું એ સંબંધે થોરો લખે છે કે " તમારો કેદ થવો કાયદાના કટકા ઉપર લખીનેજ બેસી ન રહેતાં તમારી સત્તાનો ઉપયોગ કરજો. અમુક વરગ કે કોમ નાની કહેવાય છે તે મોટા વરગના કહેવા મુજબ કરતી આવે ત્યાં સુધી નાની. ને તેમ કરે તો તે કાંઇ કામની કે વજનની નથી. પણ તે પોતાનાજ બળે લડી રહે તો મોટો વરગ કદી તેની સામે ટકી શકે નહિ."

અધુરૂં.

ચર્ચા પત્ર.

અમારા ચરચાપત્રીઓ નીચેના નોંધો લક્ષ રાખશે તો તેઓના પત્રો ઉપર તરત ધ્યાન મળવાનો સંભવ છે.

૧. કાગળની એકજ બાજુએ લખવું.

૨. અક્ષર શોભા સાહીથી લખવા.

૩. નામ તથા ઠેકાણું બરોબર લખવાં. તે હમેશાં જહાર પાડવા સારૂ નહિ, પણ અમારી નોંધને સારૂં.

૪. મંગળવારની સાંજ સુધીમાં બનેલ હકીકતો તેજ અઠવાડીયામાં દાખલ કરી શકારો.

૫. રદ કરેલાં ચરચાપત્રો જળવી રાખવા અથવા લખનારાઓને પાછાં મોકલી આપવાને અમે બંધાતા નથી.

૬. લખાણ હમેશાં ટુંકું અને મુદ્દાસર કરવું.—અધિપતિ.

કઠોર મેહરીલે ઝીનતોલ ઇસ્લામ

મે. ઇ. ઓ. ના અધિપતિ જોગ,

ઉપરની મેહરીલને તરકડીપર લાવવા માટે એક ફાળો કરવા કેટલાક સાદરીક અને ઉત્સાહી આગેવાનો તરફથી ચરચા ચાલી રહી જણાય છે. તો હું અંતઃકરણથી ભળામણ કરૂં છું કે એ ચરચા ચલાવીને બેસી ન રહેતાં તેઓએ ધારેલી મુરાદ પુરી ન થાય ત્યાં સુધી જંપીને બેસવું ન જોઇએ. ઉપલી મહેરીલને હજુ નાણાં સંબંધી ઘણી અગવડ છે. મહેરીલના ટરસ્ટ ખાતેના આગેવાનો થોડા દીવસમાં નાતાલ અને ટરાંસવાલ માં ફાળા માટે કરવા નીકળવાના છે તો હમેદ છે કે મારા કહેવાવાની ભાઇઓ તેમ બીજા તમામ ઇસ્લામી બીરાદરો આ ફાળામાં મદદ કરવામાં પાછા પડશે નહિ, અને ઇસ્લામ દીની અને દુન્યવી સુધારો દાખલ કરનાર ખાતાને મદદ કરી પોતાની ફરજ અદા કરશે. આમીન.

'લી. એ. ઇ. વાવડા

વેરૂલમ, તા. ૨૭–૪–૦૮

પરચુરણ ચરચા

બેટરટનથી 'સલાહકાર' નામથી એક લખનાર જણાવે છે કે—લોવર અમઝીકુલુમાં મુસલમાનોની ચારથી પાંચ દુકાનો છે. દરેક જુના વસી રહેલા છે. તથા સારી હાલતમાં છે. મજકુર દુકાનોના કુલ માણસોની સંખ્યા વીસ જેટલી થવા જાય છે. વળી છુટા માણસથી ઉપરી સંખ્યા માં ચાર પાંચનો વધારો થાય છે. છતાં કોઇ જાતનું દીની કે દુન્યવી કામ કરનાર મંડળ નથી એ દિલગીરીની વાત છે. માણસની સાથે ખુશી અને ગમીએ હમેશાં જોડાઇ રહેલા છે તેનો વિચાર કરી મજકુર હોદ્દેદારોએ એક મંડળ સ્થાપવું જોઇએ, જેની મદદવડે કોઇ પણ કામ કરવું હોય તે આશાનીથી થઈ શકે. અને પોતાનો ધરમ અને નીતિ જાળવી રાખવા શકિતવાન થવાય. આશા છે કે અમઝી કુલુના મુખ્ય રહીશો આ વાતને ઉપાડી લેશે.

સેડીસ્મીથથી "એક દરદમી" લખે છે કે—લેડીસ્મીથ ઇસ્લામીઆ સોસાયટી વિષે એક અફવા સાંભળીવામાં આવી છે કે એક અહસ્થ લેડીસ્મીથ ખાતે જહાર પડેલ છે ને એવી હીલચાલ કરે છે કે આ સોસા યટી કાંઇજ કામ નહિ કરતી હોવાથી એક પોલીટીકલ કમીટી સ્થાપવી અને આપણા ઉપર પડતા જુલમ સામે પોકા ર ઉઠાવવો. એવી કમીટી સ્થપાયલેતો તેને મારે હોલ ફ્રી આપવાનું પણ તે ગ્રહસ્થે જણાવ્યું કહેવાય છે. આવી વાત સંભળાએલ હોવાથી લેડીસ્મીથ ઇસ્લામીઆ સોસાયટીના પ્રમુખ સેક્રેટરી, ટરેઝરર વગેરે જેઓ આહોદા માણસો છે તેમણે આ અફવાથી ચેતીને સોસાયટીને સારા પાયા ઉપર મુકવાનો પ્રયત્ન કરવાની જરૂર છે.

એક લખનાર જણાવે છે કે—મકસો પોતાના મી. એચ. હાફેજીના મોટા દીકરા મી. આજમ હાફેજીને કાયદાનો અભ્યાસ કરવા માટે થોડા વખતમાં વિલાયત જવા ના છે. મી. આજમ હાફેજીએ મકસો પોતની સરકારી સ્કુલમાં અભ્યાસ કરી પહેલા વરગમાં પાસ થયાનું સરટીફીકેટ મેળવ્યું છે.

પોર્ટ ઇલીઝાબેથમાં મસ્જીદ બાંધવા માટે ઉઘરાણું

પોર્ટ ઇલીઝાબેથની જમાત તરફથી લખતાં મી. ઇસપ સુલેમાન છાણીઆ જણાવે છે કે—સરવે મુસલમાન ભાઇ ઓને અરજ કરીએ છીએ કે અમો લોકો અત્રે એક મસ્જીદ બાંધવા માગીએ છીએ. પણ અમારી અંજની જમાત ઘણીજ મરિઝ હાલતમાં છે. તેથી એટલી ગુંજાસ નથી કે મસ્જીદનું કામ શરૂ કરીએ. બીજું અત્રેના મલાઇ લોકો ફીસાદી હોવાથી તેમાંથી કોઇ કહે છે કે મસ્જીદ અમારી છે; કોઇ કે મસ્જીદ વકફ નથી. મસ્જીદ બાબત એ લોકો તરફથી મામલો કોરટમાં ગયા કરે છે. ગયા માર્ચ માસમાં મસ્જીદ સંબંધી એક કેસ કોરટમાં ગએલો; ને કોરટે પણ જણાવેલું કે હીંદી મુસલમા નોનો એ મસ્જીદમાં કશો હક નથી. અત્રે ૩ મસ્જીદો છે. તેમાંથી કોઇપણ મસ્જીદ આપણી શરહથી તો વકફ નથી; પણ મલાઇ લોકોના કબજાની છે. બ રા મુસલમાન ભાઇઓ, મોટી અફસોસની વાત છે કે ખુદા એર ખુદાના રસુલના હુકમ બજાવવાના પાક મકાનના દરવાજા મલાઇ લોકોએ આપણા હીંદી મુસલમાનો સામે બંધ કર્યાં છે. તેથી આપણા હીંદી મુસલમાન ભાઇઓ આ લખાણ વાંચી આ નેક કામને જરૂર મદદ કરશે એવી અમારી અરજ છે.

અત્રે હીંદી જમાતે બહાર ગામમાં એ મસ્જીદ વિષે ઉઘરાણું કરવા નીચે મુજબ માણસોને મુકરર કીધા છે; તો તેઓ તમારા તરફ આવે ત્યારે તેમને બનતી મદદ કરશો તો મોટો આભાર થશે. નાતાલ સારૂ મી. ઇસપ સુલેમાન છાણીઆ, તથા હાજી સુલેમાન અહમદ વરીઆવા, કેપકોલોનીસારૂ સાવ પાંનડે, તથા મહમદ હુસેન એગ કુકણી; ટ્રાંસ વાલ સારૂ ઇસ્માઇલ અહમદ ડાભેલવાળા, તથા મી. મહમદ ઇસ્માઇલ રાને કુકણી.

'કરસપડેરપ સ્ટાંડર્ડ' માં એક ગોરો લખે છે કે એશીઆટીકની સામે ગોરા છે; કારણ કે એશીઆટીક એવી રીતે રહે છે કે તે ગોરાથી સોંઘે ભાવે વેચી શકે છે. તે માત્ર પોતાની જાતના લોક નોજ નોકર રાખે છે; અને તેને એટલો થોડો પગાર આપે છે કે તેટલામાં કોઇ ગોરાનો ગુજારો ભાગ્યેજ ચાલે. બીજું એશીઆટીક જે પદ્ધતસર અહીં કમાય છે તે બધા તે કોલોનીની બહાર ચોપલે છે. જે ગોરાઓ એશીઆટીક સાથે કામ પાડે અને વિષે કંઇ પણ કહેવા જાત બરાબર છે.

સર્વ સંગ્રહ

એ૦ મી૦ ગોખલે વિલાયત કેમ જાય છે?

એ૦ મી. ગોખલે સર વીલીયમ વેડર બરન અને મી. હ્યુમના પ્રજાને માન આપી એપ્રીલ માસની તા. ૨૫ મીએ ઇગ્લાંડ ઉપડી જનાર છે. મી ગોખલે કોંગ્રેસના સંબંધમાં ઇગ્લાંડ જાય છે એવી ખબર બહાર આવી હતી તે પછી કલકત્તાના એક એક્ષત્રીમીસ્ટ પત્રે એવી ખબર આપી હતી કે સુરતની કોંગ્રેસમાં જેવું થયું તેવું રમખાણ ભવિષ્યમાં નહિ થાય તે માટે શું પગલાં ભરવાં તેના સંબંધમાં મી. ગોખલે ઇગ્લાંડના બેરખ વાહો સાથ મસલત કરવા જાય છે. કેટલીક તરફથી એમ કહેવામાં આવે છે કે મી. ગોખલે હાલની અશાંતીના સંબંધમાં મી. મોરલીની મુલાકાતે જાય છે. વિશ્વાસ પુરવક સાધનો મારફતે તપાસ કીધા પછી અમો જણાવવાને સામરથવાન છીએ કે મી. ગોખલે આ વેળા ઇગ્લાંડ જે સરવ થી અગત્યના કામ માટે જાય છે તે તો તદન જુદુંજ છે. મી. દાદાભાઇ નવરોજ ઇગ્લાંડમાં હતા ત્યાં સુધી લંડનની કોંગ્રેસ કમીટીનું તેમજ કોંગ્રેસના વાજીંત્ર 'ઇંડીયા' પત્રનું કામકાજ ખરચના સંબંધમાં તેમજ બીજી બાબતોના સંબંધમાં રૂતોપકારક ચાલી શકતું હતું. કારણ કે ઓન. મી. દાદાભાઇ ખરચ ખુટે તે પોતાના ખાનગી ખીસામાંથી કહાડી આપતા હતા. મી. દાદાભાઇ આવ્યા પછી લંડનની કોંગ્રેસ કમીટીનું બંધારણ નવેસરથી રચવાનું છે, તેમજ એ કમીટીના તથા 'ઇંડીઆ' પત્ર ના ભવિષ્યના નિભાવના સંબંધમાં સંતો પકારક ગોઠવણો કરવાની છે, અને તે ગોઠવણો કેવી રીતે કરવી તેના સંબંધમાં મી. ગોખલે ઇગ્લાંડ જાય છે. એ મુલા કાતની તક લઇ મી. ગોખલે પારલામેંટ ના સભાસદો અને હીંદી વજીરની મુલાકાત લેશે અને હીંદની હાલની સ્થીતિ વિષે તેઓના મન ઉપર યોગ્ય છાપ મારવાને પ્રયત્ન કરશે. હીંદી બજેટ ઉપરની તક રારમાં ભાગ લીધા પછી તેઓ તા. ૩૦ મી માર્ચે પુના પાછા ફરશે. પુનાથી તા. ૧૫મીએ નેશનલ કોનવેનશનમાં ભાગ લેવા અલહાબાદ ઉપડી જશે, અને અલહા બાદથી મુંબઇ આવી તા. ૨૫મી એપ્રીલે મુંબઇથી ઇગ્લાંડ ઉપડી જશે. ઇગ્લાંડમાં ૭ મહિના રહી તેઓ આવતા નવેંબર મહીનામાં મુંબઇ પાછા ફરશે. મી. ગ માસ દરમીયાન ઇગ્લાંડના જુદા જુદા ભાગોમાં મી. ગોખલે ભાષણો આપશે.—સાંજ વરતમાન.

નેશનાલીસ્ટોની સ્વરાજ્ય માટે તાલીમ

કલકત્તાનું ઇંગ્લીશમેન એવી ખબર બહાર પાડે છે કે બરજોર થાણામાં આવેલા એક ગામમાં એકસટ્રીમીસ્ટ પક્ષની દોરીથી નાચ જેવી રીતે પ્રજા કામ ઢબમાં વહીવટ ચાલે છે. પુરય બંગાળામાં ચાલતી પંચાયતોની રૂઢી ઉપર એક ટોળી બનાવવામાં આવી છે. જે સ્વદેશી માલનો ફેલાવો કરે છે, અને ન્યાયી અને કારોબારી કામો પણ હાથ ધરે છે. દરેક માણસને એ સમીતિને માસીક આર આના અને બેડાઉ જમીન દર વીઘા દીઠ પાંચ શેર અનાજ આપવું પડે છે. અને જેઓ તેમ કરી નથી શકતા તેને દંડ કરવામાં આવે છે તેની તપાસ ચલા વવામાં આવે છે અને દંડ નહીં આપેતે આગેવાનોની નોકરી કરી દંડ વસુલ કર વામાં આવે છે. જે આથી વિરૂદ્ધ વરતે છે તેને ન્યાત બહાર કાઢવામાં આવે છે. ઘરમગુરૂઓ અને હજામો તેની વિરૂધ્ધ વરતવા પોતાની ખુશીથી તયાર થાય છે. અને આ પ્રમાણે સ્વરાજ્યની રૂઢીથી સર કારથી વિરૂધ્ધ ચાલી લોકો કારભાર કરે છે

વડોદરામાં ટરામ ગાડી

બરોડા ગ્રામવે કંપની લીમીટેડ નામની કંપની વડોદરા શહેરમાં ઘોડાની ગ્રામવે ચાલુ કરવા માટે પાંચ લાખ રૂપીઆની થાપણ સાથે નામદાર મહારાજા સર સયા જીરાવ ગાયકવાડના આશરા હેઠળ ઉભી કરવામાં આવેલી હોવાની મદદનજર બહાર પાડવામાં આવી છે. ઉપલા પાંચ લાખ માંથી એક લાખ રૂપીઆના શેરો પ્રજાને માટે ખરીદવા સારૂ ખુલ્લા રાખવામાં આવ્યા છે. પાછળથી જો જરૂર જણાય તો આ ટરામવેને વીજળીક બળથી ચાલતી ટરામવેમાં ફેરવી નાખી શકશે. એવી વધી રાખવામાં આવે છે કે ૬ માસમાં ગ્રામવે સડકનો સારો જેવો ભાગ વહેવાર માટે ખુલ્લો મુકી શકાશે. કંપનીના ડીરેકટરો ની બોરડ નીચલા જણીતા આસામીઓ ની બનેલી છે:—ઓનરેબલ સર સીતારામ મહેતા, લામંત આનંદરાવ ગાયકવાડ, સર વલભજીદજી જીજીભાઇ, મેસર્સ ડોનમ કે. આર. કામા, જહાંગીર જુસબ્સ ક્ષ કાવસજીનો, મુળીલાલ બરજોમ, ઠક્કોર ક

તથા કરમાલી જુસબ (મેનેજીંગ ડીરેક્ટર). મેસરસ કરમાલી અબરસ સેક્રેટરી. ત્રેજ રર તથા એજંટો તરીકે કામ કરશે.

સાઉથ આફ્રિકન હીંદીને સુરતમાં માન

ડરબન અંજુમન ઇસલામના આજી પ્રમુખ મી. પીરન મહમદને તથા મી. હાજી મહમદ તુરાબને માન આપવા સુર તની અંજુમને તરફથી ખ્વાહે મખલામ તરફથી એક મેળાવડો તા. ૨૮ ફેબ્રુઆરીના અરસામાં થયો હતો. જેમાં હીંદુ મુસલમાન તથા પારસીગૃહસ્થો બહુ હાજર રહ્યા હતા. તે વખતે મી. પીરન મહમદે આભાર માનતાં જણાવ્યું હતું કે આપણી તરફથી કેમ થવું એવા વિચારો કરવાથી કાંઈ વળશે નહિ. પણ હલમ અને હુન્નર અખત્યાર કરવાથીજ ઉન્નતિ થઇ શકશે. મુસલમાન છોકરાઓ નિશાળે જતા નથી તેમાં તેમનાં માબાપોની કસુર છે. બીજી કોમોની માફક મુસલમાનોએ પણ પોતાના બાળકોની કેળવણી માટે કાળજી રાખે તો ઘણો ફાયદો થાય. સરકારમાં જલદી ઉકેલ વિગેરે અમારી બાજુની રીતો પારસી ભાઇઓએ અખત્યાર કરેલી જણાય છે. રાજદ્વારી બાબતમાં મારે કાંઇ બોલવા નું છે પણ આ સ્થળે તે બોલી શકતો નથી. આજના જલસામાં બધી કોમના ગૃહસ્થોને હાજર થએલા જોઇ મને બહુ ખુશી ઉપજે છે અને એજ મુજબ દરેક બાબતમાં એકઠા થશો તો તમારી ઉમેદ જલદી પાર પડશે. પણ નાદારીકાક મુખપાઠમાં આવે તે અફસોસકારક છે.

* લાલા લજપતરાયની હિલચાલ

લાલા લજપતરાય એપ્રીલ માસની આખરીએ મી. ગોખલે સાથે ઇંગ્લાંડ જવા છે. સુરત ખાતે કોંગ્રેસની બેઠક પડી જાયવા પછી મી. ગોખલે કલ કત્તા ગયા હતા, ત્યાં તેમને મળીરા અને તેમની તથા બંગાળી આગેવાનોની સલાહ લેવા લાલા લજપતરાય પણ ગયા હતા. ત્યાં એવું નક્કી થયું હતું કે લાલાજીએ પોતાને દેશપાદરી થએલી સજાના સંબંધ માં પોતાનો બચાવ ઇંગ્લાંડની પ્રજા અને પારલામેંટ સનમુખ રજુ કરવા ઇંગ્લાંડ જવું. મી. લજપતરાયે એ સોહવલ કબુલ રાખી હતી અને તે હવે તેઓ અમલમાં મુકવાનો વિચાર રાખે છે. લાલાજીએ કલકત્તા ખાતે જાહેર કહ્યું હતું કે તેઓ પોતાના દેશપાદરી સંબંધમાં એક પુસ્તક લખનાર છે. મારી સલાહથી અમને ખબર મળી છે કે એ પુસ્તક તયાર થયા આવ્યું છે અને તે ઘણું કરીને એક પખવાડીઆમાં હીંદમાં પ્રગટ કરવામાં આવશે. તે બચાવ લઇને લાલાજી ઇંગ્લાંડ જશે. અને પોતાનો કેસ પારલામેંટના સભાસદો અને અંગ્રેજ પ્રજા સનમુખ રજુ કરી ઇનસાફ માગશે. લાલાજી અને ઓ. મી. ગોખલે ઘણું કરીને સાથેજ એકજ સ્ટીમર માં ઇંગ્લાંડ ઉપડી જશે, પણ જો રેઢાપણે ને સબબે નહિ બનશે તો મી. લજપત રાય આશરે એક પખવાડીયા પછી જશે. બનવા જોગ છે કે એ ગોઠવણમાં હજુ પણ કાંઇ ફેરફાર થાય—સાંજ વરતમાન.

અમેરિકામાં હીંદના સેવા માટે પારસી બાનુ

મીસીસ બીબાઆજી રૂસ્તમ કામા જેમણે મી. શ્યામજી કૃષ્ણ વર્માના ઇંડિયન સોસી યોલોજીસ્ટમાં દેશાભિમાનની ઉંડી લાગણી ભરેલું એક લખાણ અગાઉ પ્રસિધ્ધ કરવું હતું. તથા યુરોપમાં સ્ટટગાર્ટ ખાતે મળેલી સોશીયલ ડેમોક્રેટીક કોંગ્રેસમાં હીંદુસ્તાનને સ્વરાજ્ય આપવાની જરૂર વિશે ઠરાવ રજુ કરીને પસાર કરાવ્યો હતો તે નામીચાં પારસી બાનુ હાલમાં અમેરિકા ગએલ છે. તેમનો હેતુ હીંદનાં દુઃખોથી અમેરિકાને બાતમી કરી વાકેફ કરવાનો, તથા હીંદની સ્વતંત્રતા માટે અમેરિકનોની દિલસોજી મેળવવાનો છે. તેમણે ન્યુ યોર્કમાં જાહેર ભાષણો માટે મોટા પાયા ઉપર દિલચલ શરૂ કરી છે. ન્યુ યોર્કના અમને મળેલા એક કાગળમાં માસીસ બી. આર. કામાની હીંદી પહેર વેશમાં છબી આપી છે. તેમના હાથમાં હીંદનો પ્રજાકીય વાવટો છે. જેની ઉપર "વંદેમાતરમ્" એવા શબ્દો લખેલા છે. મજકુર કાગળમાં તેમનું એક ભાષણ આપવામાં આવ્યું છે, જેમાં હીંદપર ગુજરતી આફતનું અસર કારક બ્યાન કર વામાં આવ્યું છે: સાથે દુકાળીઓનો એક ફોટોગ્રાફ, તથા દેશ દીક્ષાની સજા ભોગવનાર તરીક લાલા લજપતરાયનો ફોટો પણ પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે.

ડરબનના ઇંડિઅન મેરજ એસોસીએશન' નામના મંડળની મીટીંગ ગયા અઠવાડીઆમાં અમલદારની રૂએ પર મળી હતી, જે વખતે મેસરસ પી. પી. પીલે (સેક્રેટરી), આર સી નાયડુ (વાઇસ પ્રેસીડંટ) તથા બીજાઓએ ભાષણો આપ્યાં હતાં.

હિંદુસ્તાનના ખબરો

(હીંદી બાબા ઉપરથી)

દુકાળનો મામલો ધ્યાનમાં લઈ ગોંડળના ઠાકોર સાહેબે એ રાજની જમીનની મેદ સુલના દરમાં ૬ જેટલો કર માફ કીધો છે. અને રાજની ચરેલી મેદસુલનું ૨૦ મદિલાનું બાજ પણ માફ કીધું છે.

સર રસુલખાનજી પીલનો પાયો નાંખ વાની ક્રીયા વેસરણ મુકામે નવાબ સર રસુલખાનજીએ કરી હતી.

ભાવનગરના એક જાહેર ગૃહસ્થે લગ્નની વાટગીરીમાં રૂ. ૫૦૦ જૈન ધરમ પ્રસારક સભાને સોંપ્યા છે તેના બ્યાજમાંથી દર વરસે બી ઉપયોગી નિબંધ બગર વારતા બાપી સસતી કીમતે બબર મદ્રત વહે ચવામાં આવશે.

સજ્જેકાટના બબ્બીતા મહાજન બાગે વાન જુકસેલર મી. લક્ષ્મીચંદ ઉત્તમચંદ રાજકોટ ખાતે મરણ પામ્યા છે.

મહુવાના દરબારગરે ચાલીઆબારીએ કન્યા વિક્રય નહીં કરવાનો અને કરાવ્યાં નહીં લગ્નોત્સવ કરાવ કર્યા છે.

વીરમગામ ખાતે એકસી બજાર પાસે આગ લાગવાથી આશરે રૂ. ૭૫૦૦૦નું નુકસાન થયેલું બોલવામાં આવે છે. આ આગમાં લગભગ ૨૫-૩૦ દુકાનો બળી ગઇ છે.

નરીઆદબાણ દેસાઇ પરબુદાસ બહેની દાસ રંગાટ અને કલીકા દરજી માટે એક કારખાનું કાઢે છે.

કપડવંજના બરાક મી. ચાંદીલાલ દેવ ચંદને ગાયની બાબો બોદવાનો પરવાનો મુંબાઇ સરકારે આપ્યો છે.

વઢવાણમાં નવી ગામ સડક નાખવાનું કામ હાલ ચાલ ચુકયું છે અને એવી અફવા ઉડી છે કે વઢવાણ ગામ વિરૂદ્ધ ભાડુતી ગાડીવાળાઓની એક મંડળી સ્થપાનાર છે.

વડોદરા રાજ્યના કલોલ તાલુકામાં ખેડુ તોનું કોન્ફરન્સ મળ્યું હતું તેમાં સ્ત્રીઓની પણ સારી સંખ્યા હાજર હતી. સંસાર સુધારાના વિષયોમાંથી રોવા કુટવા તથા મરણ પાછળ જમણ તેમજ સ્ત્રીઓના ધરમ સંબંધી ઠરાવો થયા હતા.

વડોદરાના સંપતરાવ ગાયકવાડ સોમા લીલેંડ તરફ રીકારે જનાર કહેવાય છે.

વડોદરા રાજ્યના વડા એન્જીનીયર મી. ચુનીલાલ તારાચંદના મોટા પુત્રે મોજાં અને ગંજીફરાક બનાવવાનું કારખાનું નડી આદમાં કાઢયું છે.

કલોલ તાલુકામાં વડોદરા રાજ્યના ખેડુ તોનું એક મોટું કોન્ફરન્સ જેવું મળ્યું હતું. આ કોન્ફરન્સમાં સ્ત્રી ડેલીગેટોની પણ સારી સંખ્યા હાજર થઇ હતી. આ કોન્ફરન્સમાં ખેડુતો પાસે લેવાતી લાંચ રૂસવતના સંબંધમાં તેમજ તેઓને વધુ કેળવણી આપવાના સંબંધમાં ના. ગાયકવાડ સરકારને અરજ કરવાનો ઠરાવ થયો હતો. આ પછી સંસાર સુધારામાટે એવા ઠરાવ થયા હતા કે રડવા કુટવાના, કટાણું નહીં ગાવાના, બાળ લગ્ન અટકાવવાના, ૪૦ વરસ પછીના મરણ પામેલાના પાછળના વરસ બંધ કરવાના ઠરાવો, સ્ત્રીઓ અને મરદોની સંમતી સાથ પસાર થયા હતા. જે પછી કુંડ જેવું કરી સભા વિસરજન થઇ હતી.

વડોદરા પ્રાંતના ઉત્તર વિભાગ તરફથી રા. બા. વરજભાઇ વાલજીભાઇ લોકલ સભાસદ તરીકે નીમાયા તે માટે તેમને માનપત્ર આપવાનો એક મેળાવડો ભાદરણ મુકામે તામબસુબા ખાન. બ. કોઠાવાળાના પ્રમુખપણા નીચે મળ્યો હતો. આ પ્રસંગે રા. બ. વરજભાઇએ અંગ્રેજી શાળામાં રૂ. ૧૦૦, ગુજરાતી શાળાને રૂ. ૭૫ તથા અંત્યજ શાળામાં રૂ. ૨૫ અને અંગ્રેજી શાળામા ક્રિકેટ ફંડમાં રૂ. ૨૫ આપ્યા હતા.

નવસારીમાં મુસલમાન બાળકોમાં કેળવણીનો ફેલાવો કરી તેમની સ્થિતિ સુધારવા માટે ત્યાંના જબરીતા વહોરા મહલ્લા શેઠ ફીદાઅલીની આગેવાની નીચે મહોમ્મેડન એજ્યુકેશનલ સોસાયટી નામનું મંડળ સ્થાપવામાં આવ્યું છે.

નવસારીમાં રેલ્વેના ફાટક ઉઘરવાનું ઠરાવાનું જમશેદ પાડીમાં કાઢવામાં આવ્યું છે.

મેસરસ કોલીકનીકસનની કંપનીએ ભરૂચ થી વહાણો અને આગબોટોદ્વારા માલ મુંબઈ લાવવાનું સાહસ માથે ઉઠાવ્યું છે.

મેમદાવાદ અને ખેડા વચ્ચેનો કેરોલીયા ટોલ તા. ૧લી એપ્રીલથી કાઢી નાખવામાં આવ્યો છે.

મુંબઈના ગવરનરે જણાવ્યુ છે કે જે કોઇ સ્વદેશી મોટોર બનાવશે તેમને ઇનામ આપવામાં આવશે.

મુંબઇના જાણીતા ક્રીકેટના ખેલાડી મી. એમ. ડી. પંથને ગાઉડ સરસવતી કલબે તેમની નાહર ક્રીકેટ રમતમાટે એક કીંમતી ભેટ હાલ આપી છે. મી. પંથની ચુનંદી રમતથી કાશમીરના નામદાર મહારાજા ખુશી થયા છે અને પોતાના રાજ્યમાં એક સારા પગારનો ઓધો તેઓને બક્ષીસ કર્યો છે.

મુંબઇની મુંબાઇ બેંકમાંથી રૂ. ૨ હજારની થેલી ગેપ થઈ ગઇ છે.

ખાણો અને ખનિજ પદાર્થોની શોધ કરીને તે ખીલવવાનો પરવાનો મુંબાઇ સરકારે મી. જમશેદજી નવરોજીની પેઢીને આપ્યો છે.

હીંદુ વિધવાશ્રમના સ્થાપક મી. કરવેએ પોતાની આ સંસ્થાથી માત્ર સંતોષ નહીં પામતાં હાલમાં પુનામાં મહિલા વિદ્યાલય નામનું એક નવું ખાતું સ્થાપ્યું છે જેનો હેતુ એવો છે કે કન્યાઓની લગ્નની વય વધારવી અને તેમને કેળવણી આપવી. આ હેતુને માટે તેઓ ઉંચા કુળનાં હીંદુ માબાપ સાથે એવી ગોઠવણ કરે છે કે તેઓએ પોતાની પુત્રીઓને ૨૦ વરસ સુધી તેમના મહિલા વિદ્યાલયમાં ભણાવવી અને તેના બદલામાં પ્રોફેસર કરવેએ તેમને મફત કેળવણી આપવી. લગભગ ડઝન ગૃહસ્થોએ પોતાની છોકરીઓને તેમના આ વિદ્યાલયમાં મોકલવા કબુલ કરયું છે. આ એક એવું ખાતું છે કે જેને લીધે દેશમાં સુધારાનો જલદીથી બહોળો ફેલાવો થાય.

તુતીકોરીન ખાતે ઉદ્યોગ હુન્નર વધારવા, પ્રગતિક્રમ બુસ્સો પેદા કરવા અને ન્યાય પંચાયતો સ્થાપવાના હેતુથી જન મંડળ નામની એક મંડળી સ્થાપવામાં આવેલ છે.

એક અંગ્રેજ બ્રહસ્થે અલીગઢ કોલેજને રૂ. ૧ હજાર બક્ષિસ આપ્યા છે.

મી. વેરના સવાલના જવાબમાં હીંદી પ્રધાને પાર્લામેંટમાં જણાવ્યું હતું કે મુંબાઇ સિંધ રેલવે બંધવામાં આવે તો તે કચ્છના રણની ઉત્તરેથી બંધવાનો અમે ઠરાવ કર્યો છે. આ રસ્તો ટુંકો અને ઓછો ખર્ચાળ છે

મી. સુરેંદ્રનાથ બેનરજીએ કલકત્તાના કોલેજ સ્કવેરમાં ૨ હજાર વિદ્યાર્થીઓ અને બીજાઓ સમક્ષ મોડરેટ પક્ષના કામુનો સાચનું સ્વદેશી ભાષણ આપ્યું હતું, જ્યારે એકસટ્રીમીસ્ટ પક્ષના આગેવાન અને નામીચા વંદે માતરમ પત્રના અધિપતિ બાબુ અરવીંદ ઘોષે બીજું એક ભાષણ એકસટ્રીમીસ્ટ પક્ષમા કામુનો સાથે આપ્યું હતું.

ઓલ ઇડિઆ મોસ્લીમ લીગની આવતી બેઠક ગયા મારચમાં અલીગઢ ખાતે થઇ હતી.

"ઇગ્લીશમેન" પત્ર જણાવે છે કે, કાકાખેલ તામકાવાળા સામેની ફકત પંદર દિવસ ચાલેલી છેલ્લી ચઢાઇનો હીંદી સરકારને જાર લાખનો ખરચ થયો છે, જે સરહદ તરફ આજ સુધી થયલી ચઢાઇઓ સાથ સરખાવતાં ઓછો છે. ચીતરોલ અને ટીબેટની ચઢાઇ કરતાં પાછળ ૧ કરોડ ૭૦ લાખ રૂપીયાને આસપાસનો ખરચ બેઠો હતો.

ગ્રેનારેડ ત્રેમર્સ નામે ઓળખાતી નવી જાતની બે ત્રેન હીંદુસ્તાનમાં અંબાલરો કરવામાટે મંગાવવામાં આવી છે. આમાંની એક ત્રેન મુંબઇમાં દોડશે, જ્યારે બીજી કાનપોરમાં અજમાવવામાં આવશે. મુંબઇમાં એ ત્રેન માલ લાવલઇજવા કરશે.

આમની સભામાં સર હેનરી કોટનના સવાલના જવાબમાં હીંદી પ્રધાને જણાવ્યું હતું કે મેં હીંદી સરકારને જણાવ્યું છે કે તોફાન કરવાની કે નાસી જવાની વકી ના હોય ત્યાં સુધી હીંદના રાજદ્વારી કેદી ઓના હાથમાં બેડી નાખવી નહીં.

આખા હીંદમાં ત્રીસ લાખ રૂપત પીતી યાંઓ છે એવો અડસટો ઉંસ્લી ગણત્રી મુજબ કાઢવામાં આવ્યો છે.

નાદારી કોર્ટની નોટીસો વગેરે

(ગવરમેંટ ગેઝેટમાંથી)

અગાઉ અમલનીમાં રહેતા અને હાલ ડરબન શેપસ્ટન સ્ટ્રીટમાં રહેતા સુલેમાન અલી મહમદની નાદાર મીલ્કતના સંબંધમાં તેના લેણદારોની મીટીંગ તા. ૫મી મેએ ડરબન માજીસ્ટ્રેટ આગળ ભરાશે.

ચોડા વખતપર ડરબન ગ્રે સ્ટ્રીટ નં. ૧૬૨વાળા કોટેજપીપર ઇ. એમ. અદાતની નાદાર મીલ્કતના સંબંધમાં તેના લેણદારોની મીટીંગ તા. ૫મી મેએ ડરબન માજીસ્ટ્રેટ આગળ ભરાશે.

ખીલેરના ફેરીઆ ઉમર હાસમની મીલ્કત નાદાર તરીકે જાહેર કરવા તા. ૧૩મી મેએ ડરબન સરકીટ કોરટને અરજ થનાર છે.

ટયુગેલાના ખેડુત રામસામીની મીલ્કત નાદાર તરીકે જાહેર કરવા તા. ૨૫મીએ ડરબન સરકીટ કોરટને અરજ થનાર છે.

સી કાઉ લેકના પુરલીંગ્ટન પીલેની નાદાર મીલ્કતના સંબંધમાં તેના લેણદા રોની મીટીંગો તા. ૫મી તથા ૧૨ મી મેએ ડરબન કોરટ હાઉસમાં માજીસ્ટ્રેટ આગળ ભરાશે.

સ્ટીમરોની હિલચાલ

[નાતાલ ડાઇરેકટ લાઇન.]

અમકુઝી—તા. ૨૨ મીએ કલકતાથી નાતાલ આવવા ઉપડી છે.
,, —તા. ૧૨મી મેના કલકતા જવા ઉપડશે.
અમકુલી—તા. ૧૨મીએ મદ્રાસથી નાતાલ આવવા ઉપડી છે.
,, —તા. ૧૬મી મેના કલકતા જવા ઉપડશે.

[જરમન લાઇન]

કેનઝલર—તા. ૧૨મીએ મુંબઇ જવા ઉપડશે.

[ગ્રેટ્ઝન આફ્રિકન લાઇન]

ઉંડ—તા. ૨૭ મીએ કલકતાથી ઉપડી છે.

જાહેર ખબર.

આથી સરવે ગ્રાહકોને જણાવવામાં આવે છે કે હમારી આગલી દુકાન ગ્રેવીન્સુ રોડ કોર્સેજીસ આગળથી **બદલી** હમારા નવા બંધાવેલ મકાનમાં મીનાર સ્ટ્રીટ ન્યુટાઉન નવી મસ્જીદની સામે આણી છે. ત્યાં બહારના આદમીઓનો રહેવા વિગેરેની સગવડ રાખવામાં આવી છે.

૧. હમારે ત્યાં દરેક જાતનો સુતરાઉ, રેસમી તથા વુલન કાપડ મોટા જથ્થા માં રાખવામાં આવે છે. તેમ તયાર સીવેલો ગ્રોરત, મરદ, બચ્ચાં વિગેરેનો માલ સુટ, શર્ટ, સીંગલેટ, બ્લૌઝ, પેટીકોટ, પાયજામાસુટ, બુટ, તથા શુઝ, ગ્રોસરી વિગેરે દરેક જાતનો માલ મોટા **જથ્થામાં** મંગાવીએ છીએ.

૨. **જોબ્બલાઇન, ડમેજ** અથવા **પડતર** માલ પણ હમે ખરીદીએ છીએ. તેમ વેચીએ છીએ.

૩. કેટલોક માલ ખાસ **વિલાયતથી** ફેકટરીમાં તૈયાર થઇ હમારે ત્યાં ડાયરેકટ આવે છે. અને કેટલીક ફેકટરી સાથે હમારે બંધારણ છે, જેથી બીજા વેપારીઓ તે માલમાં હમારા માલ સાથે **સરખામણી** કરી શકતા નથી. જે હમારા ઘરાકો બનેછે.

૪. બહારના ઘરાકોના ઓડર ઉપર, કાગળોપર તેમ કામકાજ ઉપર પુરતું **ધ્યાન** આપવામાં આવે છે. તેમ ભાવ પણ **કીફાયત** ગણવામાં આવે છે.

૫. ખરીદી વખતે ઘરાકો જેનથી બહાર ખરીદે અને ભુલ ચુક કરતા હોય તો તેને સુધારી લઇ સમજ આપવાનો હમારી દુકાનમાં રિવાજ છે.

૬. બીજા વેપારીઓનો માલ પણ હમે ૫ ટકા કમીશનથી સારા ભાવે વેચા આપીએ છીએ. તેમ મંગાવી આપીએ છીએ. મોકલનારના માલની સારી કીંમત ઉપજે છે. કારણ કે હમારે ત્યાં ઘરાકોની વધુ આવ જા છે.

હમારી દુકાનની મુલાકાત લઇ તેનો લાભ લેવા વિનંતી કરવામાં આવે છે. વધુ વિગત માટે નીચેને શીરનામે લખો.

જોહાન્સબર્ગ. **સુલેમાન ઇસ્માઇલ મીયાની કું.**
પો. ઓ. બોકસ, ૩૫૫૩. મીનાર સ્ટ્રીટ, ન્યુટાઉન.

રોકડ બજાર ભાવ

		થી.	રે.	થી.	રે.
ચાવલ માંજા ૧૫૬તાની		૨૪	૬	થી ૨૫	૦
બીમડીના	,,	૩૦	૬	,, ૩૧	૦
એફ. એફ. ડી. આર.		૨૨	૦	,, ૨૩	૦
એફ. ડી. આર.	,,	૨૧	૬	,, ૨૨	૦
ચીની સક્કર	,,	૨૫	૦	,, ૨૬	૦
કુંડાના	,,	૨૪	૦	,, ૨૫	૦
દેશી તુવેર દાળ		૨૨	૦	,, ૨૨	૬
તુવેર દાળ કાનપુરી		૨૩	૦	,, ૨૩	૬
મસુરની	,,	૨૩	૦	,, ૨૪	૦
મગની	,,	૨૯	૦	,, ૨૯	૬
અડદની	,,	૩૦	૦	,, ૩૧	૦
ચણા મુંબઇના	,,	૨૮	૦	,, ૨૮	૬
,, દાળ	,,	૨૮	૦	,, ૨૮	૬
વટાણા	,,	૧૭	૬	,, ૧૮	૬
મકાઇ	,,	૬	૦	,, ૬	૬
બીનીસ		૧૮	૦	,, ૧૮	૬
કડવું તેલ ૧ ગાલન		૩	૬	,, ૪	૦
ગ્રેરંડીનું	,,	૨	૧૧	,, ૩	૧
મીનું	,,	૩	૬	,, ૩	૧૦
નાળીગ્રેરનું	,,	૪	૩	,, ૪	૬
ખાંડ સફેદ નાતાલની		૧૬	૦	,, ૧૭	૦
પીળી	,,	૧૫	૦	,, ૧૫	૬
તીરકુળ નાતાલ		૯	૦	,, ૧૦	૦
આટો		૧૩	૦	,, ૧૩	૩
મદ્રાસી સોપારી ૧ રતલ				નથી	
મરચાં		૦	૪૫	,, ૦	૫
બી પેટી ૪૦ ટીનના પૈા		૮-૫-૦		,, ૮	૧૦
પોરબંદર	,,	૮	૧૦	,, ૯	૦
પારશીન કાઉન		૬	૬	,, ૭	૦
,, વાઇટ રોસ		૮	૫	,, ૮	૬
,, ,, ગાલન		૧૧	૬	,, ૧૨	૦
નાળીયેર		૧૨	૦	,, ૧૩	૦
કલી		૯	૬	,, ૧૦	૦
કાઇમંડ સોપ		૧૩	૩	,, ૧૩	૬
સાબુ સીલ્ક સ્ટોન		૧૬	૦	,, ૧૬	૬
સાબુ સનલાઇટ		૪૨	૬	,, ૪૫	૦
નેકટર ટી		૧	૮	,, ૧	૯
મારીસ લાઇન		૨	૧૧	,, ૩	૦
સોપારી સેવરધની		૦	૧૧	,, ૧	૦
નીગ્રલ પોકેટ સીગરેટ		૧૭	૦	,, ૧૭	૩
દુધ નેસલનું		૨૦	૬	,, ૨૧	૦
નીમક (લીવરપુલ)					
જરતા એકની		૪	૩	,, ૪	૧

WESTERN INDIA.

Army Boot and Equipment Factory,

BOMBAY, India.

GOLD MEDAL
Madras Industrial and Art Exhibition, 1903

(ESTABLISHED 1887)

TWO GOLD MEDALS
Bombay Industrial and Agricultural Exhibition. 1904.

PROPRIETORS—

Messrs. Adamjee Peerbhoy & Sons.

MANUFACTURERS OF—

Military Ammunition Boots, **Volunteer Ammunition Boots,**
Police Ammunition Boots, **Sandals, Gurgabi Shoes, &c.**

Military, Volunteer and Police Harness, Saddlery, Accoutrements, etc., etc.
Leathers:—Russian, satin and black waxed calves, harness leathers of all kinds, bag and carriage hood hides, Morocco, etc., etc.

Civilian Boots, shoes, harness and saddlery of every description.

Travelling Requisites:—Overland Trunks, dress cases, suit and shirt cases, portmanteaux Gladstone, brief, hand and courier bags, hat boxes, bed straps, soiled-linen bags, stick cases, etc., etc.

Mill Stores:—Single and double leather belting, Ginning rollers and washers, Roller skins pickers, hose pipe, etc., etc.

Miscellaneous Leather Goods:—Puttee and lace gaiters, collar boxes, brush cases, cigar and cigarette cases, school bags, Peon's bags, Mussacks, Syce's belts, bottle, and tumbler cases, luggage labels, etc., etc., etc.

ALL ARTICLES GUARANTEED SOLID LEATHER.

PriceList on Application.

The Story of the Ramayana

The Epic of Rama, Prince of India

By J. L. P. ERASMUS

6d. nett. Post Free 7d.

To be obtained direct from the publishers,

International Printing Press, Phœnix, Natal.

Asiatic Passive Resistance

ORDER FORM

.....1908

TO THE MANAGER "INDIAN OPINION"

Please reserve.....copies of the book on Asiatic Passive Resistance for which I enclose the sum of £.....

NAME.....

ADDRESS.....

સત્યાગ્રહની કહાણી.

.....૧૯૦૮

'ઇ. ઓ.' ના મૅનેજર સાહેબ,

"સત્યાગ્રહની કહાણી"ના પુસ્તકની.....નકલ હું લેવા માગું છું. તેની કિંમતના પા.....શી.....પેન્સ.....આ સાથે મોકલ્યા છે.

સહી.....

ઠેકાણું.....

USEFUL BOOKS

MODERN LETTER-WRITER (Ninth Ed.) Containing 635 letters. Useful to every man in every position of life for daily use. Re. 1 2as. post free.

એશીઆટીક સવાલ ઉપર બોલતાં જણાવ્યું કે જે બીલો બહાર પડ્યાં છે તે જોઈ હું ખુશી થયો છું. તે બીલોપર પાર્લામેંટમાં સખત તકરાર થશે એમાં મને કાંઈ શક નથી. તે બીલનો મુદ્દો સ્વીકાર થવામાં આવે તો પછી તે પાસ થવાજ જોઈએ. પછી તેમાં ભલે ગમે તેટલા ફેરફાર થાય. તેમાં પણ મતભેદ ઉભા થશે એ બનવું છે છતાં તે સવાલનો પહેલો મોટો નીચેનો કરવાનો જોઈએ. પછી બીજા વાંધા "આવતી ઓલ" અને તે પછીની બાબતમાં બોલ એ વાંધા પાસ ન થયું તો. આ દાખલાઓમાં ઝોરા માટે ઉભા રહેવા જેટલી જગ્યા પણ નહીં રહે. હું કહું છું કે "દાદાને નાતાલ બહાર કાઢવાનો ઇલાજ લીધો. અને પછી તેની જગ્યાએ ઝોરાઓને લાવવાનું બોલાવી લેવાશે. "ગોર્ગ તેવા ફેરફારે સાથે પણ તે બીલને પાસ તો કરવો જોઈએ. બન્ને મુખ્ય દાદા (બંગુરે) અને તેનું પુ છું (બારબર) નીતાંકમાં દુઃખે ત્યાં સુધી દક્ષિણ આફ્રિકાને એકઠું કરવાનું મુશ્કેલ થશે. થશે

પાછળથી સવાલો પુછવાના હેતુને ખુલે કોનું જાહેર કરતાં ફ્રીરકેકરસ્ટન નામના મેંબરે પુછયું કે આસીયા વિષારનિ દર વરસને બદલે પાંચ વરસની નોટીસ આપવામાં આવે તે પુરતી નથી?

જવાબમાં શ્રી. કારકેરે જણાવ્યું કે પાંચ વરસ તો સારી પેઠે પુરતાં જણાયે."

શ્રી. કે નોલીએ જણાવ્યું કે તેને અભ્યાસ કરવો હોય તો જેમ વહેલો કરવો તેમ વધારે સારૂ.

શ્રી. કારકેરે જણાવ્યું કે તો મધ્યમ રસ્તો લેવાનું પસંદ કરું છું. એટલે કે પાંચ વરસ નહીં, તેમ દસ પણ નહીં, પણ સાત વરસની મુદત આપવી.

વધી સરકાર મંજુરી આપે એવા ઇરાદા જણાવતાં શ્રી- કારકેરે કહ્યું કે જો મંજુરી ન મળે તો કયાં સુધી મંજુરી મળે ત્યાં સુધી અપવાદ તો બંધ થવો જોઈએ પાછળ ચાલ્યાજ રહેવું.

પ્રીલીસ નામના મેંબરે જણાવ્યું કે હું એશીઆટીક બીલોના વિરૂદ્ધ છું. ગયા સાલ, પી, ટેયાસે બીલ રજુ કરેલ તે ઝોરા બીલ કરતાં વધારે સારૂ હતું. ઉપર મુજબ કરાવે પસાર કરવા તેણે દરખાસ્ત મુકી પણ તેને કોઈએ ટેકો આપ્યો નહીં.

એડવોકેટ જનરલને દરખાસ્ત મુકી કે બીજાના મુદ્દાને મીટીંગ ટેબલ આવે છે. આ [illegible]

નાતાલ લેબર પાર્ટી અને હીંદી

નાતાલ લેબર પાર્ટી (મજુર વરગ) ની એક મીટીંગ થોડા દિવસપર ડરબનમાં મળી હતી. તે વખતે એશીઆટીક સંબંધપર ટૂંકીક ચર્ચા થઈ હતી તેનો સાર નીચે આપ્યો છે:—

નાતાલમાં વસતા જુદા (કીરમીટમાં ન જાય તેવા) હીંદીઓ તરફ કેવી રાજનીતિ ચલાવવી તે ઉપર તપાસ કરવાને એક ખાસ કમીટી નીમવામાં આવી હતી. તેના રીપોર્ટમાં જણાવ્યું કે "નાતાલના જુદા એશીઆટીક તરફ કેવી રાજનીતિ ચલાવવી કે જેથી એશીઆટીક સવાલનો લેબર પાર્ટી નીવેડો લાવી શકે એવો સવાલ થયો છે. પણ આ કમીટી એ બાબતમાં ચોક્કસ મોરચો બાંધી શકતી નથી. કારણ કે એશીઆટીકને લાગુ પડે એવું મોરચો બાંધવું અને તે મોરચો ગોરા કામદારોને લાગુ ન પડે એવું કરી શકાય તેમ નથી. એટલે કે કલરડ અથવા એશીઆટીક કામદારોને માટે તફાવતવાળા કાયદા કરી શકાય તેમ નથી. તે મોરચો કેવો હોવો જોઇએ કે જેથી કરીને ગોરા પ્રેમજ એશીઆટીક કામનું ઘડેલું હિત સરખી રીતે સચવાય. પણ કમીટી લેબર પાર્ટીને જણાવવા ઇચ્છે છે કે કોલોનીના કામદારો માટે રોજનો છેવટનો આઠક દર ઠરાવાય તેવો કાયદો કરવા કોશીશ કરવી, એમ કમીટી એવી ભલામણ કરે છે કે એશીઆટીક કમીગ્રેશન તદન બંધ થવું જોઇએ."

ઉપરનો રીપોરટ પાસ કરવા માટેની જે. કોલોનીએ દરખાસ્ત કરી. તેમાં તેમણે જણાવ્યું કે જુદા હીંદીઓના સવાલનો નીવેડો લાવવાનું બહુજ મુશ્કેલ છે. કારણ કે એ કોમ સામે અધિકારી રીતે અદાવત ધરાવવામાં આવે છે. હાલમાં આ સવાલો માટે લેબર પ્રોગ્રામમાં જે ઓછા વિચારો છે તેને બદલે કાંઇ ચોક્કસ મોરચો કામ લેવાય એમ બનવાની બહુ જરૂર છે. કમીટીએ જણાવ્યું છે તેમ એ અને એશીઆટીક કામદારો વચ્ચે ભેદ રાખવાનું અમે તેમાં નથી. અમે માનીએ છીએ કે ભેદ નો મોખરે એ વસ્તુ સમજી વરગ માટે કલાપણ ભરેલું છે. એશીઆટીકની હંમેશ ઉતરતા પ્રકારની છે. તેથી તેઓ ગોરાને મુશ્કેલીમાં કે હરીફાઇમાં છે. અને આ સવાલ ઉપર આપણે ઘણી મુશ્કેલી ઉભી થઇ છે. લેબર પાર્ટીના કેટલાક આગેવાનો એશીઆટીક તરફ કુમનાવટની લાગણી ધરાવવા લાગ્યા છે. તેમને કાયદાના જમાનાની ઉદ્યોગોની રીતોનું જ્ઞાન જરાય ભાન રહેતું નથી. એવા ભેદની રીતને આપણે લક્ષ આપવા લાયક ગણવું નહિ. ધારો કે ૧૫૦,૦૦૦ માણસો (હીંદી) ને કાયદે મુકી શકાય તેમ નથી. પણી હીંદી મજુરીએ વેપણ ઘોડાંક વરસમાં તેનો તેજ સવાલ ઉભો થશે. કારણ કે કાયદો સુધરીને આગળ વધવા લાગ્યા, કે એટલે કેમીનું જરૂરી છે કે ગોરા કામદારોનું હિત સચવાય તેવા ઉપાય આપણે લેવા. પણ તે ઉપાય એવી તરેહના હોવા જોઇએ કે જેથી કરીને કલરડ લોકોની ઉત્તરતી સ્થીતિમાં તે આડે આવી શકે નહિ. કોઇ પણ કામ કરવાના કલાકોનું ધોરણ બાંધવું જોઇએ એમ કહેવામાં આવ્યું છે, પણ તેથી તો હીંદી કચરાઇ જશે અથવા જુલમ મરશે. મારું કહેવું એવું છે કે જેવું કામ તેવી કીંમત રાખવી, અને પછી પ્રમાણીકપણું અને સરખી સ્થિતિ દાખલ કરાવવાં. એમ થશે એટલે હીંદી હરિફાઇ તદન બંધ થશે. હીંદી આદી પડેલો તો છેજ, એટલે તેને રોટલો મેળવવા ની તક મળવી જોઇએ. પણ તેની રીત એવી ન હોવી જોઇએ કે જેથી ગોરાનો નુકસાન થાય.

પછી ચેરમેન મી. ઓ એલ. કલારકે જણાવ્યું કે રોજ માટે ઓછામાં ઓછો દર કેટલો રાખવો એ બાબત કરવામાં આવે તો પછી ઓકલેન્ડ ગોરાઓને "કોમ" બળવો આંકશે. હીંદીની રહેણી ગોરાઓના જેવી કર્યા પછીજ તેને ગોરાની સાથે હરિફાઇ કરવા દઇ શકાશે.

પછી મી. એચ. નોરીએ મી. કોલોસી ની દલીલોને ટેકો આપ્યો. મી. કોલોસી એ કેટલાક ગોલનારાઓને જવાબ આપ્યા બાદ તેમણે કરેલી ભલામણો કબુલ રાખવાનો ઠરાવ થયો.

ડંડીથી એક લખનાર જણાવે છે કે:—

અત્રે ડંડીમાં ચુટ વગેરે કપડાં બનાવવાનો ધંધો ઘણો ચાલતો હતો. પણ હાલ તો એ ધંધો ઘણો ઢીલો પડી ગયો છે. ઘણા કારખાનાં બંધ થયાં છે. અને જે ચાલે છે તેમાં પણ ઘણું ઓછું કામ ચાલે છે. ઘણા માણસો બેકાર થયા છે. અને તેવા બીજાઓ પણ ઘણી સખ્ત રીતે ચલાવે છે.

મી. નેલસન પામરે જણાવ્યું કે મેં હમેશાં હિમાયત કરી છે કે એશીઆટીક વેપાર અટકાવવો જોઇએ, અને હજુ પણ હું તેવીજ હિમાયત કરું છું. મોરા ઓના ભલાની ખાતર જરૂરી છે કે એશી આટીક હરિફાઇ અટકાવવી. અને એશી આટીક લાયસેન્સની બાબતના મારા આ વિચારોથી લેબર પાર્ટી વિરૂદ્ધ જવાનો ઠરાવ કરે તો મારે તેની સાથેનો સંબંધ તોડી નાખવો પડશે.

મી. હેગર્ટે પામરના વિચારોને ટેકો આપ્યો અને જણાવ્યું કે જો વાંધો છે તે હરિફાઇ સામે નથી, પણ અયુક્ત હરિફાઇ સામે છે. (બીલોમાં) હીંદીને હદપાર કરવાની સુચના કરવામાં આવી નથી. જુના હક્ક (હીંદી લાયસેન્સના) ની વાત કહેવામાં આવી છે પણ સામાન્ય (ગોરાના) હિતની વાતમાં તે આડે આવી શકે નહિ. રોજના દરનું બીલ કામ કરવાના કલાકોનું ધોરણ બાંધવું જોઇએ એમ કહેવામાં આવ્યું છે, પણ તેથી તો હીંદી કચરાઇ જશે અથવા જુલમ મરશે. મારું કહેવું એવું છે કે જેવું કામ તેવી કીંમત રાખવી, અને પછી પ્રમાણીકપણું અને સરખી સ્થિતિ દાખલ કરાવવાં. એમ થશે એટલે હીંદી હરિફાઇ તદન બંધ થશે. હીંદી આદી પડેલો તો છેજ, એટલે તેને રોટલો મેળવવા ની તક મળવી જોઇએ. પણ તેની રીત એવી ન હોવી જોઇએ કે જેથી ગોરાનો નુકસાન થાય.

પછી ચેરમેન મી. ઓ એલ. કલારકે જણાવ્યું કે રોજ માટે ઓછામાં ઓછો દર કેટલો [illegible] કરવામાં આવે તો પછી ઓકલેન્ડ ગોરાઓને "કોમ" બળવો આંકશે. હીંદીની રહેણી ગોરાઓના જેવી કર્યા પછીજ તેને ગોરાની સાથે હરિફાઇ કરવા દઇ શકાશે.

પછી મી. એચ. નોરીએ મી. કોલોસી ની દલીલોને ટેકો આપ્યો. મી. કોલોસી એ કેટલાક ગોલનારાઓને જવાબ આપ્યા બાદ તેમણે કરેલી ભલામણો કબુલ રાખવાનો ઠરાવ થયો.

VIII-302

જોહાનિસબર્ગમાં એક કીર્તિ સ્થંભ

જોહાનિસબર્ગમાં બાંધેલા એક કીર્તિ સ્થંભનું ચિત્ર અમારા આજના અંકના વધારા તરીકે આપ્યું છે. તે સ્થંભ બોઅર લડાઈ આપણે જાહેર ઉદારાણા થી ઉભા કરવામાં આવ્યો હતો. આપણા દક્ષિણ આફ્રિકામાં હીંદીની કીર્તિની યાદ ગીરી તરીકે હાલ એ એકજ નીશાની છે.

પહેલું ચિત્ર તે સ્થંભની નજીકથી લીધેલું છે, અને તેમાં સ્થંભની ઉપરનો લેખ લાવવામાં આવ્યો છે. બીજું ચિત્ર તે સ્થંભનો તથા તેની આજુબાજુનો દેખાવ આપે છે. તેમાં જે ઉંચાઇવાળી જગા ઉપર તે ઉભો કરવામાં આવેલ છે તેનો પણ ખ્યાલ આવે છે. બાંધી દૂર દેખાતી સુરહદ તે સરે ઓરેન્જ કરારના બેતરની છે.

ઘડેલા પથ્થરને સીમેંટ વતી બરાબર ગોઠવીને સ્થંભ બાંધવામાં આવ્યો છે. તેની આજુબાજુ લોઢાની સાંકળથી બંધ કરી લીધેલ છે. કે જેથી કરીને તેમાં જડેલા આરસપથ્થર ઉપરના લેખને કોઇ ભુંસી નાખે. પણ આ સ્થંભ જોવાને જનારની સોયલી ચેપરની વ્યવસ્થા કરેલી છે. (કોઇ સાહેબને લગતી બાબતો તપાસનાર અમલદાર) ની નજીકમાં બાંધવામાં આવેલ છે. નોટલે જોવા-સાંભળવા કોઇ મંત્રીથી ઉંચામાં ઉંચા ટેકરાપર તે છે.

સ્થંભની ઉગમણી કોરે આરસપ્રસાણનો એક મોટો પથરો ગોઠવ્યો છે. તેમાં નીચે મુજબ લેખ કોતરેલો છે.

"આ સ્થંભ સુધીમાં દક્ષિણ આફ્રિકા ના મેદાનપર બોએર યુદ્ધમાં મરેલા બ્રિટીશ અમલદારો બીજા હોદ્દેદારો, અધિકારીઓ, તથા હીંદી સાથીદારોની પવિત્ર યાદદાસ્તમાં."

ઉપર મુજબનો લેખ હીંદી, ઉર્દુ, તથા અંગ્રેજી ભાષામાં કોતરેલો છે. સ્થંભની બાજુની ત્રણ બાજુઓમાં એક એક આરસપ્રસાણ બેસાડેલ છે. તેમાં નીચેના શબ્દો અનુક્રમે કોતરેલા છે.

મોસલમાન.
પારસી-ઝોરોએસ્ટ્રીઅન.
હીંદુ-શીખ.

નાતાલના કાફરોમાં બળવો

પારસ્લામેંટમાં બોઅર જોળવણીની કોશીશ

ડોલુ ડોકરી કહુલમાં બિકુ તારથી નાતાલના કાફરોમાં બળવો ફાટી નીકળ્યો આવતો હોય એમ ગણાય છે. તે પછી તે સ્થિતિમાં તપાસ કરવાને, કોક કરી બનાવ બીમાર હતું. હાલમાં બાદશાહી બ્રાતિ કુર કરવાના બાદશાહી એક બીજા નાતાલ પારસ્લામેંટમાં તેનું બધા માટે બહારે પડયું હતું. તે બીલમાં કોઇ સુચના હતી કે કાફરોનું હિતસાધન નોકરી માટે નાતાલ પારસ્લામેંટમાં તેમની બાતર ચારમેં બેસાડે કોક આપવી. એ ચાર બેઠકો માટે સભ્યોને ઉમેદવાર પસંદ કરે તેવા ચાર માણસો પારસ્લામેંટમાં નીમવામાં આવી સત્તાવાર એક બીલ ગેઝેટમાં બહાર પડયું. પણ બીજી તરફ કાફરોને ખબર પડતાં તેમના સરદારો આવેચકો બોલાવી, તેમને ઉશ્કેરીને કોક ઠેકાણે ટોળાં ભેગાં કરીને ઉપરના બીલ વિરૂદ્ધ બોલાવ્યા. તેઓ ઉપરી સરકારને ખબર મોકલી કે કાફરોને ચાર બેઠકો આપવાની સુચના બીલમાં થઇ છે તે માટે સરકાર બેસરો નીમે તેમાં કાફરોનો રાજી નથી. કાફરોની અરજી એવી છે કે એ ચાર બેઠકો માટે કાફરો પોતાની મરજી પડે તેવા માણસોને ચુંટી એમ જોવાય તેજ એ બીલ કાફરો માટે લાભકારક નીવડે. કાફરો સબંધમાં ગેઝેટમાં પહેલાં બીલ બે બહાર પડયાં હતાં તે વિષે પણ ઉપરના ઉપયુક્ત કારણને બી મુરતે નાપસંદગી જાહેર કરી. અને તે બીલ પાછું ખેંચી લેવા માટેની અરજી મોકલી. કાફરો માટે ઠીકી બેસાડવાની તજવીજ હાલમાં ચાલતી હતી. તે જગ્યાએ જણાવ્યું કે તમે લોકોએ અમને એકદમ નિરાશ કર્યો છે. તમે નાખુશ હો તો એ બધું બીલને આજથી રદ થયું માની લેજો.

ઉપર પ્રમાણે બી. મુરે જવાબ આપેલ તે છાપામાં પ્રસિદ્ધ થયો છે. પણ પોર્ટ જો ઓથી હકીકત જાહેર થઇ છે કે કાફરોને લગતાં એ બીલ

નુરહસીનભાઇ ચમનહસનભાઇ ઉપર જપ્તી

(૨૬)

ઉપરના ગારીના બાબતમાં કેવળ ખરેખરા પક્ષકારોને જાણવા માટે જ આ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. બધી પુસ્તકોની સાથે મારામારી થઇ ગયેલી છે. તેની વિગતવાર છે. એવા પણ કોઇ એવી બાબતો બાબતમાં બાબતો બાબતમાં બાબતો બાબતમાં

કોલોનીઓના બિનમહેરો

(૩૮૨)

રોયલ કોલોનીઅલ ઇન્સ્ટીટ્યુટમાં બોલતાં કરસ્ટી ફિલ્ડ આફ્રિકાના 'બાજી ઓફ કમાન્ડર ચીફ' બીજાને જણાવ્યું હતું કે બ્રિટીશ રાજના ચોકીદાર તરીકે કોલોનીઓ બિનમહેરો છે. એક સ્વરાજ્ય કોલોનીના ગોરા મહેર; બાકી બીજા હીંદીઓ અને નેટીવો. હાલ કોલોનીઅલ ઓફીસ ગોરાઓ સિવાય બીજા કોઇ ઉપર વિશ્વાસ બેસતું નથી. બ્રિટીશ રાજના કારભારમાં હવે તારી રીત હાજીર કરવી કે જેથી બધી સરકારોની કોમોમાંથી કોલોનીઓ પૂરેપૂરા રીતે બાજ લઈ શકે. કોલોનીઓમાં હીંદી પ્રશ્નોને સંબંધે ઘણા ઉકેલો આવ્યા છે કારણ કે કોલોનીઓએ તો પછી સરકારના હાથતળે રહેવાનું છે. જો કે બીજી સરકારી નોકરીમાં કોઇ કોઇ તફાવતોએ દૂર કરવામાં આવ્યા છે તો પણ હજુ ઘણો ફાયદો થાય. દક્ષિણ આફ્રિકાના ગોરા પ્રજાના નિષ્પક્ષપાતીપણાથી ગોરાઓ કાફરો તરફ વધારે સારી રીતે વરતવા શીખ્યા છે તે મારે જ માજીસ્ટ્રેટોને મુખ્ય કમાણી આપવી છે. હીંદી ઇમીગ્રેશન કોલોનીઓ માં ન આવવા માટે હજુ ઘણાંઓ તો જોખમકારક માનતા છે કે કેટલાક કોલોનીસ્ટો આ બાબતમાં નીરદય રીતે પણ વરતે છે. ચમારેલા હીંદીમાં અને ઝુલુ (હીંદી મજુર)માં તફાવત ન કરનારા કેટલાકો એ મુખ્યમાં છે. છેવટે હું જણાવું છું કે કોલોનીઓનો મત તે વડી સરકાર તો રાજદારીઓ માટે કાયદાકારક છે. જો બ્રિટીશ રાજને મજબુતીની મહત્વાકાંક્ષા હોય તો એક એવી ઇમ્પીરીઅલ કાઉન્સીલ હોવી જોઇએ કે જેમાં ઇન્ડીઆના તથા કોલોનીઓ તરફના મેમ્બરો બેસે. જેને જેની સત્તા આખા બ્રિટીશ રાજ ઉપર સર્વોપરી રહ્યાય.

નાતાલે કોંગ્રેસનાં પીટીશન

નાતાલમાં લાઇસેન્સ સંબંધમાં, તથા ઇમીગ્રેશનના સંબંધમાં જે બીલ પાર્લામેંટ આગળ રહ્યાં છે તેની સામે નાતાલે કોંગ્રેસે પીટીશન મોકલી આપ્યાં છે. મુખ્ય વાંધાઓમાં વાલસીઝે તો પીટીશનો નાતાલ માર્ચિઠ આગળ રજુ કરવું બાકી હતું.

કોમના મોવડીઓનો તરફથી અમે આનંદે અઠવાડીએ આપ્યું.

પ્રધાન હીંદુ સમશાન ઇચ્છે

"ડરબન દાદુ મશાન ઇચ્છે" મા. એમ. એમ. દિવાન લખે છે કે:—

"નાતાલ કોલોનીમાં વસતાં હીંદુ લોકો માં ઘણાને બાળીને મરણ ક્રિયા કરવાની ઇચ્છા છે ત્યારે બીજા કેટલાક કરણી સંબંધમાં કેટલાકે બીજી કેટલીક બાબતો અધિકારી વરગ તરફથી બેદરકારીમાં જાય છે. તે તકલીફ દુર કરવા માટે નાતાલ કોલોનીઅલ સેક્રેટરીએ અગાઉ વખત જુદી જુદી જગ્યા ફાળવી આપી હતી પરંતુ હાલ દરેક વખતે જેવા મહેલો છે કે અમે તે બાબતે કાંઇ કરી શકતા નથી.

આ જવાબથી દરેક હીંદી આગેવાનોની તે ધરમ સંબંધી અડચણને લીધે લાગણી દુભાય. સિવાય રહેતા નહીં" તેને માટે નાતાલમાં વસતા દરેક હીંદુ ભાઇઓને વિનંતિ કરવાની કે તેઓ આપણ એક જગ્યા અરજ કરવા જરૂર છે. તેથી દરેક ગામના હીંદુ ભાઇઓ પોત પોતાના ગામમાં એક મીટીંગ ભરી તે સંબંધી ઠરાવ પસાર કરી અમો તે મોકલી આપશે કે જેથી તુરત તેઓ તરફ અરજનું ફોરમ સહી કરવા માટે મોકલી આપવામાં આવશે. દરેક ગામમાં થી કેટલા બરાબર મળવું જોઇએ કે તેથી અરજના ફોરમો મોકલ્યા જાય નહીં.

આ બાબતે ડરબનમાં પણ એક જનરલ મીટીંગ બોલાવવાની હીલચાલ ચાલી છે તે થોડા રોજમાં મળશે એમ ઉમેદ છે.

સહ રાખવું આ અરજમાં હજારો સહી થવાની જરૂર છે. માટે દરેક ગામ માં તેવા ફોરમો ચાલે કે તુરત સહીઓ લેવા વોલંટીઅરોએ બહાર નીકળી પડવું જોઇએ. કે જે ગામમાં તેવા વોલંટી અરો નીકળે તેઓનાં નામ તે તે ગામના આગેવાનો અમને એડ્રેસ પટ્ટકમાં મોકલી આપશે એવી ઉમેદ છે.

"આપણે લગ્ન બંધારણ" અંબંધમાં નાતાલ પાર્લામેંટમાં એક બીલ દાખલ કરાવવાને નાતાલ મ્યુનીસીપાલ કોંગ્રેસની એક્ઝેક્યુટીવ કમીટી તજવીજ કરી રહેલ હોવાનું જાણવામાં આવે છે. તે બીલમાં એવી સુચના થવાની છે કે આગળની સામે બચાવ માટે વધારે સારી મોહવણ થવી જોઇએ. આજ વખતે બબ્બે મોકલવામાં આવે તે માટે મ્યુનીસીપાલીટી પૈકા લાભ થશે. તમ ધરનારા કે મતદારોએ જોઇતા ખરચવાની હિલચાલ ચાલશે.

દુકાળના સાર સમાચાર.

વિલાયતમાં એક ભાષણ ઉપર બોલતાં કરતાં હીંદી સ્ટેટ સેક્રેટરી લોર્ડ મોરલી એ જણાવ્યું હતું કે હીંદુસ્તાનમાં જે દિલચોરાઇ માલુમ પડી છે ને હીંદી રાજદારી ધરતીકંપ જેવી ન સમજવી. પણ એક મોટા વાદળાં જેવો તે છે. પણ આવી સ્થીતિએ વાત પહોંચી છે ત્યારે કંઇપણ નામધારી 'રાજનીતિજ્ઞ' ચલાવવી એ ઇલાજ નથી. છતાં વાદળું વિખેરી નાંખવા માટે સંમત કામદાની જરૂર છે એમાં ના પડાશે નહીં. ખુન કરવાની ઉશ્કેરણી કરનારો કેદખાનું અને તેને છોડાવી છુટ મળવા એ મુખ્ય ઇરાદો અને ધાતકી છે. મને ખાતરી છે કે જ્યારે મામલો કહેવો થાય ત્યારે તેનો ઇલાજ લેવો છેલ્લાંડ તૈયારજ છે.' એવી ક્ષણ આવે તો તેમાંથી પણ આપણે પૈસાર થઇશું જ.

વડા પ્રધાને એક મોકન પોટીનો મેળા વડે કર્યો હતો તે બાબતે મોકામા મચ્યો તેમાં અસેલ પાડવા માટે સ્ત્રીઓની વોટ માટે લડત લેનારી કેટલીક બાઇઓએ તજવીજ કરી હતી, પણ પોલીસનો સાથ ચેતાથી તે ગોરસી કામ કરી શકી નહોતી.

ચીનાઓને બ્રિટીશ વહાણોપર ખલાસી તરીકે કામ કરવા હવેથી દાખલ થતી અટકાવવા માટે બ્રિટીશ સરકાર પગલાં ભરનાર છે.

ના૦ કીંગ એડવર્ડે હસ્તિઅખની મુલાકાત લેવાથી ગેરહા પ્રસંગમાં ચુકાદાના અર્થ સંબંધી મુલાકાત લેશે.

પોરટુગાલના કીંગ એલ્ફાન્સો ઝુંટવી લેવાનું કાવતરૂં કરનાર તરીકે કેટલાકને લીસ્બન ખાતે પકડવામાં આવ્યા છે.

કાલીફોરનીઆમાં ગોરાઓના એક ટોળા એ રંગ દ્વેષને લીધે કેટલાક જાપાનીઝ પર હુમલો કરી તેમની ગાડી ભાંગી નાંખી હતી, તથા કેટલાકને સખ્ત ઇજા કરી હતી. હુમલો કરનાર ગોરાઓને પકડવા માં આવ્યા છે.

તાજેતરમાં પ્રાણ કરેલા એક ટ્રિનીદાદના અગ્રગણ્ય મોહમ્મદીયને જણાવ્યું હતું કે અરબી સહી ઉપર હતું, તે કરતાં હાલ

ચાલુ વર્તમાન

[illegible] તા. ૧૬મીએ [illegible] પાછા મેરની એક ચડ થઈ છે.

૬૨મન, ફ્લેરીડા [illegible] એક ગોરાનો માલ ચોરવા માટે ચાર હીરોને કારટમાં ખડા કરવામાં આવ્યા હતા. તેમાંના એક પર મુન્હો ચલાવવામાં આવતાં તેને ૧૫ માસની જેલની સજા કરવામાં આવી હતી.

રૂપીઅરની હિલચાલ

[illegible]

અમદાવાદી—તા. ૨૨મીએ ૧૨ વાગે પહોંચશે.

,, —તા. ૨૦મીએ કલકત્તા જવા ઉપડશે.

એમ્પ્રેસ—તા. ૨૬મી જુને કલકત્તા જવા ઉપડશે.

અમદાવાદી—તા. ૮મી જુલાઇએ મુંબઇ જવા ઉપડશે.

[illegible]

પેસીફીક—તા. ૨૩મી જુને મુંબઇ જવા ઉપડશે.

[illegible]

અરેબિયા—તા. ૨૨મી જુને મુંબઇ જવા ઉપડશે.

ગેરોનીઆ—ચીના વખતમાં કલકત્તાથી [illegible] ઉપડશે.

ટીન્ટાજલ—કલકત્તાથી દક્ષિણ આફ્રિકાનાં બંદરોનો માલ લઇ ઉપડી છે.

ટીન્ટાજલ—તા. ૮મીએ કલકત્તા જશે.

ગેરોની—[illegible] કલકત્તાથી [illegible] ઉપડશે.

હિંદુસ્તાનની હવાલ

તા. ૧૮ મીએ 'અમલાજી' માં આવી હતી.

તા. ૨૦મીના 'અરસામાં 'અમલાજી' માં જવા અર્થે ચલે.

તા. ૨૩મીએ પ્રેસીડેન્ટ માં જવા અર્થે ચલે.

[illegible]

છેલ્લા ખબરો

(પ્રેસ તારે પ્રાપ્ત થયા)

[illegible]

[illegible] ૧૮મીએ રજા થઈ [illegible]

[illegible] બીજા સુધારા વધારાઓ સારૂ કાયદામાં પડેલો છે. [illegible] બીજીવાર વંચાનાર હતું.

'ટ્રાંસવાલ લીડર' માં પ્રોટોરીઆનો એક સંદેશો પ્રગટ થયો છે તેમાં જણાવ્યું છે કે [illegible] ૨૬ વર્ષ [illegible] કાયદેસર લીધેલાં બારણાં પડી ગયાં [illegible] ફરીથી ચીનો સત્યાગ્રહ કહેવામાં આવી છે. છતાં તેનો હેતુ [illegible] ચામાં આવ્યો નથી.

[illegible] ૧૮મીએ [illegible] એક [illegible] છે. તેમાં કાયદો રદ કરવાની [illegible] કરી છે; અને જણાવ્યું છે કે એશીઆ [illegible] ઓળખાણ [illegible] પડવાનો હેતુ [illegible] બીજા કાંઇ વધારે નથી.

[illegible] તા. ૧૬મીએ [illegible] ૧૯૦૭ [illegible] ૧૯૦૮

અંગ્રેજ પત્ર

—:—

જોહાન્સબર્ગ

[સમાધાનીને [illegible] તરફથી.]

રવિવાર.

જનરલ સ્મટસ

સમાધાનીનો [illegible] દિવસે નજીક આવતો જણાય છે. છતાં આજે હું જે લખું છું તે બધું આ છપાશે તે દરમ્યાન [illegible] તો તે બધું [illegible] એવું બને. [illegible]

મી. ગાંધીએ જનરલ સ્મટસને કાગળ લખ્યા બાદ મી. લેનર્ડને મળવાની તજવીજ ચાલી, પણ મી. લેનર્ડ જાણી શકાય તેવી તેઓ ઘણા મોટા [illegible] રોકાએલા હોવાથી [illegible] મળતા જણાતા નથી. આપ [illegible] જોયા બાદ અને જનરલ સ્મટસનો કંઈ જવાબ નહિ [illegible] મી. [illegible] મી. [illegible] ઉતરતા પક્ષ સરસ બેરીસ્ટર છે તેની મુલાકાત મી. ગાંધીએ બપોરની ટ્રેનમાં જોહાનિસબર્ગને જુદા ને દહાડે લીધી. તેમાં મી. ચૅડનો વિચાર પણ મી. લેનર્ડના જેવોજ પડ્યો કે સરકારને અરજીઓ પાછી આપવી જોઈએ. આ ઉપરથી મી. સ્મટસની ઉપર મી. ગાંધીએ તાર કર્યો કે જો તેઓ સાહેબ જવાબ નહિ આપે તો કેસ સુપ્રીમ કોર્ટમાં જવા જ જોઈએ. આવો મોટા વકીલનો પણ અભિપ્રાય છે. એ કરેલા તાર [illegible] મી. ઉપાધ્યાયને [illegible] મી. ઈસપમીઆં અને મી. ગાંધીની એશીઆટીક ઑફિસ અને કેસની તપાસ ચાલી. દરમ્યાન મી. સ્મટસનો તાર આવ્યો કે શનિવારે (તા. ૧૪મી) સવારના ૯-૪૫ વાગે વીંચેસ્ટર હાઉસમાં મુલાકાત લેવી. તે ઉપરથી એશીઆટીક પ્રોટેક્ટરીએ મોકલવાનું બંધ રહ્યું.

જનરલ સ્મટસની મુલાકાતમાં તેમણે કહ્યું કે નવા કાયદો [illegible] અને ઇમીગ્રેશન કાયદામાં ફેરફાર કરશે. પણ હજુ પોતાને પોતાના કાયદા બદનામીની મુલાકાત લેવાની છે. આથી એક અઠવાડીયું થોભવાની સલાહ આપી. વળી તેમણે કહ્યું કે [illegible] હાલમાં [illegible] હાજર [illegible] તેમની ઉપર કાગળ લખવો એવી હાલની દરખાસ્ત છે.

તેજ દહાડે [illegible] કમીટીની મીટીંગ મળી. તે મીટીંગમાં એવો ઠરાવ થયો કે એક ડેપ્યુટેશન મોકલવું. તેમાં મી. [illegible] મી. ઉપાધ્યાય, તથા બીજા બધા હાજર હતા. વળી એવો પણ ઠરાવ થયો કે જો જનરલ સ્મટસ [illegible] વખત જોવાને ન મળે તો રવિવારે બપોરે હાલ બહાર ગામના પણ બોલાવવા અને મીટીંગ ભારે [illegible] કરવું.

જનરલ સ્મટસ ઉપર કાગળ

મીટીંગ બાદ જનરલ સ્મટસ ઉપર મી. ગાંધીએ નીચે પ્રમાણે કાગળ લખ્યો છે:—

"આપની સાથે મુલાકાત થઈ તે બાબત મારે વળી લખવું પડે છે તેની માફી આપશો એવી આશા રાખું છું. જ્યાંસુધી એશીઆટીક સવાલનો [illegible] ન આવે ત્યાં સુધી મારે તમને તસ્દી આપવાજ કરવી પડશે.

હું જે કહું છું તે હીંદીને માન્ય છે કે નહિ તે વિષે તમારા મનમાં શંકા છે. હવે તેનો અર્થ એવો હોય કે જેઓએ નવા કાયદો કબુલ કરેલો તેઓ વિરુદ્ધ મતના છે તો તમારી શંકા ખરી છે. તેઓ પણ કંઈ કાયદાથી રાજી છે એવું નથી સમજવાનું. પણ તેઓ નેશનલ સ્કાઉટ (ઘડાએલ વખતે એશ્યરના પક્ષમાં નહીં જણાનારા આપણે) નીકળ્યા તેના પગલાનો [illegible] કરવા ઇચ્છતા હોય. [illegible] જો તમે મદદ કરશો તો તેઓને પણ અમારી સાથે ભેળવવાની હું ઉમેદ રાખું છું. માનું છું કે તેઓએ કરેલો કાયદો કબુલ રાખવાની ભૂલ ભાંગી છે. છતાં તેઓને અમારી સાથે ભેળવવાની તજવીજ કરીએ છીએ. કદાચ ન ભળે તોપણ કોમની સંખ્યા ગણતાં તેઓની સંખ્યા જુજ છે. તેઓ માંના કેટલાકની સાથે મારે ઘરોબો પણ થયો છે અને તેઓ અમારા જેટલાજ [illegible] રહ્યા છે.

ઇમીગ્રેશન કાયદો [illegible] તેને [illegible] ભેળવવા મારી અરજ છે.

[illegible] જો કંઈ સુધારો થયો તો, તાજા [illegible] હીંદીની સ્થિતિ ઉપર [illegible] તે [illegible] તો [illegible] તથી. નવા આવનારા હીંદી ઇમીગ્રેશન કાયદાની [illegible] જેવા [illegible] જેઓને મીસ્ત્રી પરમીટ [illegible] તેવા હીંદી [illegible] પરમીટ નથી. ઘણી તેવા હીંદી [illegible] હકુમતો હક જણાવતો જોઈએ. [illegible] તેની ખાતરી આપી શકાય છે. અગીઆરમી [illegible] કોમી [illegible] ટ્રાંસવાલમાં [illegible] રહ્યા તે [illegible] બહુમ ઓછી સુધરતા [illegible] અને તેવા [illegible] પોતાની અરજી કરવાને [illegible] વરસ આપવું [illegible]

(૩) જેઓની પાસે [illegible] પાઉંડનાં [illegible] છે તેઓનો હક જાળવવો જોઈએ. તે [illegible] પોતાનાં છે એમ તેઓએ સાબેત કરવું જોઈએ.

(૪) જેઓની પાસે પીસ પ્રેઝરવેશન ઓરડીનન્સની પરમીટ છે તેમનો હક [illegible]

(૫) જેઓ [illegible] પરિક્ષા પસાર કરી શકે તેવાને [illegible] જ્યાતી [illegible] [illegible] [illegible]

(૬) મી. ચમનીની પાસે [illegible] અરજીઓનો [illegible] થયો નથી. તેમનો [illegible] [illegible]

તમે મને કહ્યું કે ઇમીગ્રેશનમાં [illegible] નો સુધારો કરતાં જેટલા હક એશિયાટીક એક્ટથી અપાયા છે તેના કરતાં વધારે આપવા નથી માગતા. ઉપર લખ્યું તેથી તમે જોશો કે [illegible] પાઉંડવાળાને વિષે મેં જે લખ્યું છે તેના કરતાં બીજા હક એશીઆટીક કાયદા ઉપરાંત નથી માગ્યા. અને હું તમને કહી ગયો છું કે મારા વિચાર પ્રમાણે અને મી. કેનનના બાપણ પ્રમાણે [illegible] વાળાનો બચાવ થાય છે. માત્ર તકાવત એટલો છે કે એશિયાટીક કાયદામાં તે હકોનો આધાર રજીસ્ટર ઉપર રહ્યો છે. મારી ધારણા પ્રમાણે તેઓને કાયદેસર હક મળવો ઘટે છે.

મારે કહેવાની જરૂર નથી કે એશિયાટીક એક્ટથી પીસ પ્રેઝરવેશન પરમીટ નાબુદ થાય તેમ હતું. એટલે તેઓનો સમાસ તો તે કાયદામાં હતોજ. તો હમણાંજ તમારી સૂચનાથી બધું રદી તોડવામાં આવે છે. આને તે, ઇમીગ્રેશન કાયદાની [illegible] પ્રમાણે મને ખાતરી છે કે જુના તોડીસોન [illegible] ચાલે એવું [illegible] નહિ હોય. [illegible] મદદ [illegible] થયા અને વરસની મુદત [illegible] ઘણો થોડો અટકી [illegible]

હીંદી કોમે દસ આંગળા આપીને તથા [illegible] તથા માંસના હકની છુટ [illegible] [illegible] છે તે મારે [illegible] [illegible] [illegible] [illegible] છે. [illegible] હીંદી કોમ કેવી સમજુ છે તે

બતાવવા પણ એ પગલું ભરવું છે. પણ મારે કહેવું જોઇએ કે બીજી રીતે જેનો ઓળખ થઇ શકે છે તેઓ ફરજીઆત આંગળાં નહિ આપે. ખ્યાલ એવો છે કે અજ્ઞાન એ આમો ગભરાટ શકાય; નહિ કે માણસની ચામડી કે જાતને આમો ગણવી.

કોલોનીસ્ટ ગોરા લોકો છે કે જેઓ કેળ વણી પામેલા નથી તેવા એશિયાટીક વર્ગને પછી દાખલ ન થાય એ કબુલ થયું છે. પણ જેઓને દરીયાસરહદમાં રહેવાનો હક છે તેઓ પોતાની ઉપર ઢાળી દીધી કબુલ કરવાના નથી. અને જો ઉપર પ્રમાણે વ્યાજબી શરતો કબુલ ન થઇ શકે તો કરાર ન થાય એજ ઠીક છે.

મને વચન આપ્યું છે તે મુજબ બીલ બહાર પાડયા પહેલાં જોવાની તક મળશે એમ ધારું છું. મેં કમીટીને કહ્યું છે કે તમે આવતે અઠવાડીએ (૨૦મી જુન પહેલાં) કરારો કરશો. તેથી એપ્રીડેવીટો ફોરમમાં નહિ ગોકલખાની મને પરવાનગી આપી છે."

ઉપરના કાગળમાં જનરલ સ્મટસને જણાવ્યું તેમાંથી કેટલું મળી શકશે એનો આધાર કોમની હીંમત ઉપર રહે છે.

ખુબચાર

વિલાયતમાં કાયદાનો ચરચા

આજના ડાપામાં તાર છે કે વિલાયત માં આ મસલતની ચરચા ચાલી રહી છે. વળી એમ પણ તાર છે કે ખુની કાયદો રદ કરવાનું મુકરર થયું છે અને હીંદુ સ્તાનમાં કમીટીઓ સ્થપાઈ છે કે જેનું કામ બહાર વસતા હીંદીના હક જાણવાનું છે અર રીચર્ડ સોલોમને આજ્ઞાપત અધુરો જવાબ આપ્યો ને કહ્યું કે એશીઆટીક કાયદામાં સુધારો થશે, કાયદો રદ નહિ થાય. આ જવાબ ઉપર હું પોતે તો વજન નથી રાખતો.

ઉપરના કેમલનો સાર એ છે કે સત્યાગ્રહની લડતનાં મુળ ઉંડાં ગયા છે, ને તેનો રંગ દહાડે દહાડે ખીલતો જાય. વળી એમ પણ જાય છે કે વિલાયતમાં મી. રીચ ચટીયાર પક્ષ કંઈ પાળતા નથી, પરતુ પોતાની ફરજ બજાવે જાય છે.

'પ્રીટારોયા ન્યુઝ'

માં લખ્યું છે કે "અમને ખબર મળ્યા છે કે જનરલ સ્મટસે મી. સાંધીને વચન આપ્યું છે તે મુજબ કાયદો રદ થશે ને મરજીઆત રજીસ્ટર ઇમીગ્રેશન કાયદાની રૂએ કાયદેસર થશે. તેમાં કોર્ટને અપીલ કરવાની શરત પણ દાખલ કરવામાં આવશે. આ પ્રમાણે સુધારો વહી સર કારની સુચનાથી થશે." ઉપરનો કકરો ગભરાટની જરૂરમાં છે. તેના ઉપર ટીકા કરતાં ને પત્રના અધિપતિ લખે છે કે:- "ચવરનરના ભાષણમાં એશીઆટીક બાબત થોડું આપવામાં ઉલ્લાપણ પણ કરાયું છે. અમે બીજી જગ્યાએ બતાવ્યું છે તે મુજબ સરકારની પુરેપુરી હાર થઇ છે. મરજી યાત રજીસ્ટર કાયદેસર કરશે એટલુજ નહિ પણ એશીઆટીક કાયદો રદ કરશે ને ઇમીગ્રેશન કાયદામાં ફેરફાર કરશે. કોલોનીઅલ સેક્રેટરી આમ કાયદો રદ કરવા માંગે છે એટલે અંગે મી. સાંધીને સત્યાગ્રહ બંધ આપીએ છીએ કે તેણે સત્યાગ્રહ ની લડત ફરી શરૂ નહિ કરવી. હીંદી કોમને લીબરલ પક્ષમાં સારા મિત્રો છે એ દેખીતું છે."

સરજ્યોર્જ ફરાર

પારલામેંટમાં ભાષણ કરતાં સર જ્યોર્જ ફરાર નીચે પ્રમાણે બોલ્યા "પ્રોગ્રેસીવ પક્ષ સરકારને કહે છે કે તેણે અમારી સાથે મસલત કરવી. તેમ કરવાને સારૂ દાખલા છે. જ્યારે એશિયાટીક કાયદા વિષે સરકાર ને તકલીફ આવી ત્યારે સરકારે પ્રોગ્રેસીવ પક્ષની મદદ લીધી હતી.....હીંદી કોમની બાબતમાં શું બન્યું તે આપણે જાણીએ છીએ. જેમ સરકારે હીંદીને સારૂ કરવું તેમ પોલીસ મેના સારૂ કેમ નહિ કરે? હીંદીના કરતાં બરાબર રીતે પોલીસ તરફ વરતશે?"

આમ સત્યાગ્રહીના દાખલા આપી જવાબ આપે છે. એજ રીતે મંત્રણા ચારની રાતે નેટીવ એફેર્સ સોસાયટીમાં વાત નીકળેલી અને હીંદી લડતના દાખલો આપવામાં આવ્યો હતો.

કબરસ્તાન

આ ઝઘડો હાલ તો પતેલ જણાય છે. ટાઉન ક્લાર્ક તરફથી ટેલીફોન મળ્યો છે કે કબરસ્તાનમાં બીજા મુસલમાન મડદાં દાટ વામાં નહીં આવે. ટાઉન કાઉંસીલ તરફ થી લખીત જવાબ હજુ મળ્યો નથી.

શાળાનો કેસ

શાળા તથા મોલા બક્ષના કેસ જુમાને દિવસે હતા. પણ મી. જોરડનની કોરટ માં બીજો ભરાયો હોવાથી ૨૪ મી જુન સુધી મુલતવી રહ્યા છે. મી. જોરડને આ કેસ બાબતે કહ્યું કે તેની ઉપર બનાવો કાગળો ધમકીનો આવેલો. આવા કાગળો થી પોતાની ઉપર અસર થનારી નથી. પણ બનાવો કાગળો લખનારે ચેતવાની જરૂર છે એમ તેઓ સાહેબ બોલ્યા. શાળાના વકીલ મી. વેનડીગસને કહ્યું કે તેના અસીલો તરફથી તે કાગળ લખ.ઓ નો નથીજ. સંભવ એવો છે કે કાગળો લખનાર પકડાયાના કોર્ટ ગુલકરાર હોવા જોઇએ. અમે તેમ હોય પણ બનાવો કાગળો લખવાની રેવ ને ઘણી ખરાબ ગણાય અને તે નબળા પ્રજની નિશાની છે. બનાવો કાગળ લખનારના હાથમાં આ લખાણ આવે તો તેણે યાદ રાખવા નું છે કે તેઓ હીંદી પ્રજને નામોશી લગાડે છે.

વોલ્સરટમાં એક જુલમ

સખ્યાદ મહમદ કરીને એક હીંદી મને કહેતે કરજનથી પાળ આવતા હતા. તેમના હાથમાં મરજીઆત રજીસ્ટરની અરજીની પહોંચ હતી તે ઉપર તેનો અંગુઠો ન હોવાથી તેને વોલ્સરટમાં ઉતારી પાડવ માં આવ્યા હતા. કોરપોરલ કેમેર ને તેનો દશ પાઉંડ બેલ કરાવ્યો. પણ સારજંટ પાસે લઇ જતાં તેને બેલ ઉપર છોડવાની ના પડી. હોલોકે હોવાથી તેને ત્રણ દિવસ જેલમાં રહેવું પડયું હતું. છેવટે તેનો છુટકારો થયો. પણ ત્રણ દિવસની ધરકામી હલામી થઇ તેનો જવાબ કોણ દેશે? આ સવાલ બધા હીંદીને લાગુ પડે છે. તેનો સરતો ને સહેલો રસ્તો તો એ છે કે હીંદીને જોર આવવું જોઇએ, ને દરેક પડતી અડચણનો પોકાર કરે. એમ કહેવામાં આવે છે કે મી. સાહેબ મહમદ ઉપર જુલમ થયો તેમાં કોણ હીંદીનો હાથ છે. આમ હોય તો કદાચીમાં લાકડું પેઠા વિના લાકડું કપાય નહિ એ કહેવત ખરી પડે છે.

લેણદારોને અખર

નીચેની એસટેટોમાં તેની સામે રાખેલ ઘણીનાં બતાવેલ નામાં માસ્ટરની પાસે છે:-

જુઓ	૨૮—૫—૦૮	૨૯—૬—૦૮
જુઓ	૨૯—૫—૦૮	૨૯—૬—૦૮
જુઓ	૨૬—૫—૦૮	૨૯—૬—૦૮
જુઓ	૩૦—૫—૦૮	૨૯—૬—૦૮
જુઓ	૨—૬—૦૮	૨૯—૬—૦૮
જુઓ	૨—૬—૦૮	૨૯—૬—૦૮
જુઓ	૨—૬—૦૮	૨૯—૬—૦૮
જુઓ	૨—૬—૦૮	૨૯—૬—૦૮
જુઓ	૨—૬—૦૮	૨૯—૬—૦૮

ઝેબેદા	મહમદ હસન	... ...
ઝેબેદા	મહમદ હસન	... ...
ઝેબેદા	મહમદ હસન	... ...
ઝેબેદા	મહમદ હસન	... ...
ઝેબેદા	મહમદ હસન	... ...
ઝેબેદા	મહમદ હસન	... ...
ઝેબેદા	મહમદ હસન	... ...
ઝેબેદા	મહમદ હસન	... ...
ઝેબેદા	મહમદ હસન	... ...

ગેઝેટમાં નોટીસ

મી. કાસમ મુસા સારજરટનવાળાની તાબાર એસ્ટેટની બાબતમાં તેના ટ્રસ્ટી મી. જે. ગોજ ઇનીસ ખબર આપે છે કે બહરહુ એસ્ટેટના લેણદારો અને દેણદારો એ પોતાના દાવા તા. ૨૨ મેથી એક મહિનાની અંદર નોંધાવવા.

મી. મહમદ આજમ મીનોટી પોર્ચરટ રમવાલાના તાબાર એસ્ટેટના પહેલા ખાતા ની તપાસણી માજીસ્ટ્રેટની કોરટમાં તથા પ્રીટોરીઆ સુપ્રીમ કોરટમાં તા. ૫ જુન થી ૧૪ દહાડા સુધી થશે.

હમીદીઆ ઇસ્લામીક સોસાયટી

(ઇ. ઓ. માટે ખાસ રીપોર્ટ)

તા. ૧૫ મીએ હમીદીઆ ઇસ્લામીક સોસાયટીની જનરલ મીટીંગ બપોરે ત્રણ વાગે સોસાયટીના હોલમાં મળી હતી. તેમાં ઘણા મદસ્થોએ ભાગ લીધો હતો. મીટીંગનું કામ શરૂ કરતાં ચેરમેન મી. ઇમામ અબ્દુલ કાદર બાવાઝીરે હાજરીન નો આભાર માની જણાવ્યું કે આજે મીટીંગમાં એવું જરૂરી કામ નથી. પણ જરૂર જીલ્લાના મુસલમાનોને કબરસ્થાન બાબત મદદ જોઇએ છે તેના ઉપર હુ હાજરીનનું ધ્યાન ખેંચું છું. મુસલમાને ની પવિત્ર જગ્યાઓમાં કબરસ્થાન પણ એક છે. માટે દરેક મુસલમાન ભાઇઓએ બનતી મદદ કરી સવાબ હાંસલ કરવાનો છે.

કાયદાની બાબત ખુલાસો કરતાં ચેરમેને જણાવ્યું કે જનરલ સ્મટસ અને મી. ગાંધી વચ્ચે હજુ લખાણ ચાલ્યા કરે છે સરકારે છેલ્લો વાયદો ચાર અઠવાડીઆનો કર્યો છે. જો એમાં ખુલાસો નહીં થાય તો કેસ કરવામાં આવશે. તે દરમ્યાન દરેક પોતાનાં રજીસ્ટ્રેશનનાં એપ્લીકેશન પાછાં ખેંચી લેવા સરકારપર અરજી કર વાની છે. આ કામ જેમ બને તેમ તાકીદે કરવાનું છે. અને સરકાર દગો કરે તે આગળ આપણે સરકારના દગાની સામે લડવાને તયાર થયેલા છીએ તેની નીશાની દાખલ અરજી પાછી ખેંચી લેવ બદલનો કાગળ મોકલી દેવાનો છે; અને તેમ કરી દેખાડી આપવાનું છે કે અમે પાછા એકજ છીએ. કાગળમાં કંઇ બસુસ લખવાનું નથી. પણ તે મી. ગાંધીની ઓફીસે તયાર છે. ત્યાં જઇ રહી કરી આવવી, અથવા તો જે કોઇ લઇને આવે તેને સહી કરી આપવી. બાદ ઇતેફાકપર લંબાણ વિવેચન કરવું ને ગઇ મીટીંગનો રીપોરટ વાંચી સંભળાવવા મી. મહમદ ખાનને જલામણ કરી ચેરમેને પોતાની બેઠક લીધી હતી. મી. મહમદ ખાને ગઇ મીટીંગનો રીપોરટ વાંચી સંભ ળાવ્યો. જે મી. ઉમરજી સાલેની દરખા સ્ત, અને મી. ઇસ્માઇલબીબામણીઆત ના ટેકાથી પાસ થતાં ચેરમેને મીનીટ બુકપર સહી કરી હતી.

મૌલવી અહમદ મુખતાર સાહેબે કબર સ્તાનની કુજલતનું બ્યાન લંબાણથી હદીસ દલીલોથી સમજાવી દરેક પોતાથી બનતી મદદ ફિતરાણામાં આપવાની જલામણ કરી; તથા કાયદા બાબતમાં સરકારે કરેલા દગા સામે એક સંપીથી ઉભા રહી પાછા લડવા જલામણ કરી. કોઇપણ માણસ પાસે એપ્લીકેશનનાં ફોરમ પાછાં ખેંચવાના કાગળની નકલ આવે તેણે વગર ઢીલે સહી કરી દેવા તથા પોતાનાં રજીસ્ટર અથવા તો એપ્લીકેશન રસીદ નંબર લખી આપવા પણ જણાવ્યું. તથા ઇતેફાકપર અસરકારક બ્યાન કરવું. સોસાયટીનો રૂપેરટ અક્ષ-ઇસ્લામપર પણ મોકલવા સેક્રેટરીને જલામણ કરી.

બાદ મી. ઉમરજી સાલે તથા મી. દીલદાર ખાને વખતને અનુસરતું વિવેચન ઇતેફાકપર કરવું હતું. વધુ કામકાજ ન હોવાથી હાજરીનનો આભાર માની ચેરમેને મીટીંગ બરખાસ્ત કરી હતી.

!!! રમુજી રંગ !!!

દેવાળાની અફવા! સંભળાય છે કે મોરા સાહેબોની કુ. ડગમગી ગઈ છે. અને ટેમ (ટાઇમ) આગવાની વાત બહાર આવી છે. પગસાની તંગી છે. જેથી હીંદી કરેડીટરોને પહોંચી વળવું મુશ્કેલ છે. જેથી એક અઠવાડીઆનો હીંદીઓ ટાઇમ આપે. શહેરી બાવાઓ શણગરાજ તાલમેલ બની વગર ભાડાની સેક્રેટરીની ઓફીસે સીધાવ્યા. હોલ વતી ખેરસલ્લા. જનરલ મીટીંગ વાસ્તે પબ્લીક જગ્યા. જરમર જરમર વરસાદ આવે તો આજુ બાજુના મકાનમાં દોડાદોડની ટ્રાંસવાલીમા હીંદીની બાનદાની. ગામમાં ઘર નહિ ને સીમમાં ખેતર નહિ. ને પટેલ કહેવ ડાવવાની હોંસ. મીટીંગ ભરાઇ, ને કુંપની ને મુદત આપવાની દરખાસ્ત પસાર થઇ. થયું પત્યું. પણ રસિકજીને ગળે ઉતરવું નહિ. આજકાલ કરતાં એક માસ ગાડી નાંખ્યો. અને વળી એક વીક વધ્યું. એટલે રખેને માલનો સેલ કરી પોતાનું ગરવાણું કરીને પછી જખમારે કરેડીટરો! પારલામેંટ બેસી જાય, રજી રટર લીકેલાઇઝ થઇ જાય તો પછી હાઇ કોરટ અરજીઓ પાછી કેમ અપાવે? અણી ચૂકયો સો વરસ જીવે, બાપુ!

રસીક.

નાતાલનાં નવાં બીલ

તા. ૧૭મીએ નાતાલ લેજીસ્લેટીવ એસે બ્લીમાં નાતાલનાં નવાં એશીઆટીક બીલ પહેલીવાર વંચાયાં હતાં.

હવા ઉપર કાબુ

નીચે મુજબ ખબરો સ્થાનીક પાપામાં પ્રગટ થયા હતા:—

પ્રીટોરીઆની નજીક બરીન આગળ રહેતો એક ગોરો ઇન્જીનીઅર કેટલાક વરસ થયાં હવામાં ફરનાર વહાણો બના વવા માટે અખતરા કરી રહ્યો હતો. હોલમાં છાપાના પ્રતિનીધીએ તેની મુલા કાત લેતાં તેણે જણાવ્યું હતું કે "બહુ ચોકસાજ મંડિતામાં હું મારાં હવાઇ વહાણ ટ્રાંસવાલ અને ઇગ્લાંડ વચ્ચે ઉડતાં કરી શકીશ. મારું વહાણ કલાકના ૬૫ માઇલ ની ઝડપે ચાલશે, અને બીજું કોઇપણ તરતાં વહાણના જેટલી સહેલાઇથી મુસા ફરી કરી શકશે. જરૂર પડશે તો આ હવાઇ વહાણો માટે રસ્તામાં સ્ટેશનો કરવામાં આવશે. મારા વહાણની મ દ થી પ્રીટોરીઆથી લંડન સુધીની મુસાફરી ૬ દિવસમાં કરી શકાશે."

બીજો ટીકા કરે છે કે મજકુર ઇન્જી નીઅરે હોલમાં જે અખતરાઓ કરયા છે તેથી તેને હવા ઉપર કાબુ મેળવ્યાની ખાતરી થઇ ગઇ છે. તેનાં વહાણની લંબાઇ ૩૦૦ ફીટ તથા પહોળાઇ વધારે માં વધારે ૪૬ ફીટ રાખવામાં આવશે. તેના બલુનમાં ૧૫૦૦૦ કયુબીક ફીટ હાઇ ડરોજન ભરાશે. તે સંચા કામ કુલ ૩૦,૦૦૦ રતલનું વજન ઉપાડી શકશે. તેમાંથી ૨૦,૦૦૦ રતલ જેટલું વજન વહાણનુંજ થશે. તે વહાણ ચલાવવા માટે ૧૦૦ હોર્સ પાવરનું એક એવાં ૪ મોટર ઇન્જીન કામે લગાડવામાં આવશે. આ કામમાં શોધ કરનારને કેટલાક તરફ થી પઇસાની મોટી મદદ મળેલી છે. એક વહાણ બનાવતાં પા. ૩૦,૦૦૦ જેટલું ખરચ થશે.

ઉલાસોઆબેથી એક લખનાર જણાવે છે કે તા. ૧૧ મીએ વૈષ્ણવ સંપ્રદાયના અમરેલીવાળા મહારાજશ્રી વિઠ્ઠલેશરાયજીની જન્મતિથી હોવાથી તેના ઉત્સવ પ્રસંગે લુહાણા જ્ઞાતિના જાણીતા વેપારી મી. વલભદાસ કુરજી તરફથી પોતાના મકાન માં તા. ૧૧ ની રાત્રે આઠ વાગ્યે એક મેળા વડો કરવામાં આવ્યો હતો; જેમાં લુહાણા જ્ઞાતિ ઉપરાંત બીજા હીંદુ ભાઇઓએ પણ સારી સંખ્યામાં હાજરી આપી હતી. શરૂઆતમાં મી. વલભદાસ કુરજી તરફથી મી. ધારશી દેવચંદ રત્નાકરે સરવેને તસ્દી આપવાનું કારણ જણાવી તેઓનો આભાર માન્યો, અને પછી મી. વલભદાસ કુરજી ની ધરમાભિમાનની લાગણીની તારીફ કરી. હાજર થએલા ગ્રહસ્થોને ટીપીન અત્તર વિગેરે આપવામાં આવ્યાં હતાં. ત્યારપછી બધુ કલાક સુધી ભજન કીરતન ની ધામધુમ કરી મેળાવડો ૧૧ વાગે વિસ જ્જન થયો હતો.

ગીરમીટીઆ હીંદીના પ્રોટેકટરનો રીપોર્ટ

(ગયા અંકથી ચાલુ)

ગીરમીટીઆ હીંદીના ભલાની ખાતર જરૂરી છે કે તેમને ડાકટરી સારવાર અને દવા દારૂ બરોબર રીતે મળતાં જોઇએ. આ અમલદારો ઇમીગ્રેશન બોરડ તરફથી નીમવામાં આવે છે; ને તે બોરડના મેંબરો ને ગીરમીટીઆ મજુરો રાખનાર માલેકો જ પસંદ કરીને નીમે છે. એટલે જો ડાકટરી સારવાર કોઇ માલીક ન પુરી પાડતા હોય, અને તેવા કેસ ઉપર ડાકટરી અમલદાર મારૂં ધ્યાન ન ખેંચે તો માલીકો બેદરકાર રહ્યાજ કરે, અને તેથી કેટલેક દરજ્જે ગીરમીટીઆ હીંદીનું મરણ પ્રમાણ વધતુંજ રહે છે. એટલે આ ડાકટરો તેમની ફરજ બરોબર બજાવે એવું માગતા હોઇએ તો તેમની નીમણુકના બાબતમાં મજુરોના માલેકનો હાથ ન હોવો જોઇએ.

તા. ૧લી જનેવારીથી પ્રોટેકટર, ઇંડિઅન ઇમીગ્રેશન ટ્રસ્ટ બોરડના એક મેંબર તરીકે નીમાએલ છે.

પહેલાં બોરડના મેંબરો તરીકે સરકાર ના નીમેલા માણસો કામ કરતા. ત્યાર પછી ૧૮૯૫ની સાલથી. ગીરમીટીઆ મજુરો રાખનારા માલીકો જેને ચુંટે તેવા માણસો બોરડમાં નીમાય છે. તેમની સંખ્યા ૭ની છે. તે ઉપરાંત પ્રોટેકટર તથા એક સરકારનો નીમેલ એમ કુલ ૯ મેંબરો ની હાલ બોરડ છે. આ પ્રમાણે માલીકો તરફના મેંબરો વધારે હોવાથી પ્રોટેકટર ને કાંઇ કામ લેવાનું મુશકેલ પડે છે; અને તે ખાસ કરીને ઉપર જણાવેલ ડાકટરો ની નીમણુક સંબંધમાં.

કોઈ કોલોનીમાં ગીરમીટીઆની બોરડ આવી રીતે બનેલી હોતી નથી. અને મારો મત એવો છે કે આવી રીતના બંધારણવાળી બોરડને ગીરમીટીઆના સંબંધમાં કોઇપણ જાતની સત્તા ન હોવી જોઇએ.

છેલ્લાં ત્રણ વરસની આખરે કોલોની માં મરદ ને બોરતો મળી જેટલા ગીરમી ટીઆ હતા તે કરતાં આ સાલ બોછા છે. કારણ કે પા. ૩ નો વારસીક કર અને પા. ૧ નો પોટેકસ એ રકમો તેમનાથી ભરી શકાતી નથી. બ્યારે માણસ શાદી કરે ત્યારે તેને બોરતના પા. ૩ વધારે આપવા પડે છે. બ્યારે હીંદીને બાલ બચ્ચા ન આવ્યો હોય ત્યારે જો મજુરી ના દર જો સારા હોય તો જેમ તેમ કરીને તે કર ભરી શકે. પણ સાધારણ રીતે મજુરીના દર મહીનાની શી. ૨૦/- હોય. તેમાંથી કુટુંબના ગુજરાન ઉપરાંત કરના પા. ૭ ભરવા પડે તે તેનાથી બની શકતું નથી.

એક પરણેલો આદમી ધારો કે ચાર એકર જમીન લીસથી રાખે-તો તેને લાઇસેન્સ પોલટેકસ વગેરે માટે વરસના પા. ૯-તો અગાઉથી ભરવા પડે છે. આવી સ્થિતિને લીધે ઘણા માણસો ફરીથી ગીરમીટમાં જોડાવા લાગ્યા છે. કારણ કે તેમ કરવાથી હીંદ પાછા જવા માટે મુસાફરી ખરચનો બોરડ પાસે તેમને હક થાય છે. આ પ્રમાણે ફરીથી ગીરમીટમાં જોડાનારા માંથી ૯૦ ટકા પાછા હીંદુસ્તાન જાય છે. એટલે જો હાલની સ્થિતિમાં ફેરફાર ન થાય તો ગીરમીટમાંથી છુટા થએલા હોય એવા હીંદીની સંખ્યા વરસે વરસે વધતી જશે.

ગવરમેંટ સેવીંગ બેંકમાં ૧૮૪૭ હીંદી ડીપોઝીટરોના નામે પા. ૩૬,૯૬૫-૦-૧૧ જમા હતા; ત્યારે ૧૯૦૬ના ડીસેંબરની આખરે ૧૮૦૬ હીંદી ડીપોઝીટરના નામે પા. ૪૦,૨૦૪-૧૨-૩ જમા હતા. એટલે ડીપોઝીટરોની સંખ્યામાં ૪૧ નો વધારો થયો છે; તથા ડીપોઝીટની સરાસરી રકમ પા. ૨૨-૫-૩ થી ઘટીને પા. ૨૦-૧૦-૨ ઉપર ગઇ છે.

૧૯૦૭ની સાલમાં પોરટ ઓરીસ મારફત પા. ૧૪,૬૬૮-૦-૯ હીંદુસ્તાન મોકલવામાં આવ્યા હતા; ત્યારે ૧૯૦૬ ની સાલમાં પા. ૮૭,૩૦૫-૩-૧૧ મોકલવા માં આવ્યા હતા.

અમારા ડીપાર્ટમેંટ મારફત ૧૯૦૬ માં પા. ૨૦૩૩-૧૧-૦ મોકલવામાં આવ્યા હતા, ત્યારે ૧૯૦૭માં પા. ૧,૫૬૧-૬-૩ મોકલવામાં આવ્યા હતા. આ છેલ્લા હીંદીઓ ગીરમીટીઆ વરગના છે.

૧૯૦૭ની સાલમાં ગીરમીટનું પહેલું વરસ પુરૂં થતું હોયતેવા ૧૭૪આદમી, ૮૪ બોરત, ૨૦ છોકરા, ૩૯ છોકરી અને ૬૦ નાનાં બાળકો મરણ પામ્યાં હતાં. તેજ સાલ માં ગીરમીટનું બીજું વરસ પુરૂં થતું હોય તેવા ૧૬૫ આદમી, ૪૧ બોરત, ૧૬ છોકરા, ૬૩ છોકરી, અને ૪ નાનાં બાળક મરણ પામ્યાં હતાં.

ગીરમીટમાં ભાતું, રહેઠાણ, અને ડાકટરી સારવાર ઉપરાંત મરદને પહેલાં શી. ૧૦ નો દરમાયો મળે છે. જેમાં દર સાલની આખરે માસીક શી. ૧/- નો વધારો કરવામાં આવે છે, કે જેથી ગીર મીટના છેલ્લા (પાંચમા) વરસમાં વધારેમાં વધારે શી. ૧૪/- નો દરમાયો પડે છે. ૧૦ થી ૧૧ વરસ સુધીના છોકરાને માસીક શી. ૫/- મળે છે; ને ઉપર પ્રમાણે વધારો મળે છે. ૧૨થી ૧૪ વરસના છોકરાને પહેલા વરસના માસીક શી. ૬, ને વધારો ઉપર પ્રમાણે. ૧૫ વરસના છોકરાને માસીક શી. ૮/-, ને વધારો ઉપર પ્રમાણે. ૧૩ વરસની અને તેથી ઉપરની બોરતો ને માસીક શી. ૫/- મળે છે, અને દર સાલની આખરે માસીક ૬ પેનીનો વધારો આપવામાં આવે છે કે જેથી પાંચમા વરસમાં વધારેમાં વધારે માસીક શી. ૭/- મળે છે.

ફરીથી ગીરમીટમાં જોડાનારા સંબંધી જેવો સોદો કરવો હોય તે પ્રમાણે દરમાયો આપવામાં આવે છે. છતાં આદમીને ઓછામાં ઓછા માસીક ૧૬ થી ૨૦ શી. સુધી વધારી આપવાના હોય છે; અને બોરતોને આદમીથી અરધો દર આપી શકાય છે.

માલીકોએ ગીરમીટીઆ સામે ફરિયાદ કરી હોય તેનો કોઠો નીચે મુજબ છે —

	સજા પાળ્યા બીનસુને થઇ	બેચ્યા	ગાર દુર્યા
હાજરી પુરવા વખતે ચાલ્યા જવા માટે, તથા હુકમો ન માન વા માટે.	૧૪૯૬	૧૭	૧૦૪
માલીક તરફ ઉદ્ધતાઇ બતાવવા માટે, ને માલમત્તા બગાડવા માટે.	૭૬	...	૮
હીંદીએ કરેલ હુમલા	૪૧	...	૧૩
બીજા આરોપ ...	૧૨૪૧	...	...
એરટેટ છોડીને આ વ્યા જવા માટે ...	૧૦૦	...	...

ગીરમીટીઆએ માલીકો સામે કરેલી ફરીઆદનો કોઠો નીચે મુજબ છે:—

	સજા પાળ્યા બીનસુને થઇ	બેચ્યા	ગાર દુર્યા
માલીકે કરેલ હુમલા	૨૨	૨	૨૦
મેનેજરે કરેલ હુમલા	૬	...	૫
દેખરેખ રાખનારે કરેલ હુમલા ...	૪	...	૧
સરદારે કરેલ હુમલા	૩	...	૧
રજીસ્ટર અથવા હાજરી પત્રક ન રાખવા માટે અગર દુઃખ દેવા માટે	૬	...	૧

અર્વાચીન

પ્રકરણ ૨ જું

દોલતની નવેસર

— VII - 303

(ગયા અંકથી ચાલુ)

આમ અમુક પ્રજામાં પૈસાનું ચક્કર તે બહોળામાં ફોદીના ફરવાની માફક છે. ફોદી જ્યાં ટાંચણા ફરે છે તે ખાતો તંદુરસ્તિ અને ફળદ્રુપતાની નિશાની હોય અથવા તો શરમ ઉપજવાની કે તાવની નિશાની હોય. શરીરની ઉપર એક જાતની લાલી તે તંદુરસ્તિ બતાવે છે બીજી લાલી તે ખાસગુનો રોગનું ચિન્હ હોય. વળી એક જગ્યાએ ફોદીનો ભરાવો થાય તો શરીરને નુકસાન થાય છે તેમ એક જગ્યા એ પૈસાનો ભરાવો થાય તે પ્રજાની દુઃખ દાનીનું કારણ થઇ પડે છે.

ધારો કે બે બલાસી વહાણ ભાગવાથી એક તેરાન કીનારા ઉપર આવી પડયા છે. ત્યાં તેઓને પોતાની મહેનતે પોતાનો ખોરાક નિકેરે નીપજાવવો પડે છે. જો તેઓ બન્ને તંદુરસ્ત રહી સાથે કામ કરે તો સારું ઘર બાંધે, ખેતર ખેડે ને બધિ બાબતમાં કંઇક બચાવે. આને આપણે ખરી દોલત કહી શકીએ. અને જો બન્ને સારી રિતે કામ કરે તો બન્નેનો તેમાં સરખો હિસ્સો ગણાય. એટલે તેઓ ને જે શ્રમ લાગુ પડયું તે એજ કે તે બેની મહેનતનાં ફળ તેઓને પહોંચી લેવાનો હક થયો. હવે ધારો કે થોડી મુદ્દત પછી તેમાંનો એક જણને અસંતોષ થયો. તેથી તેઓએ જમીનના ભાગ પાડયા ને દરેક જણ પોતાને હિસાબે ને પોતાની મેળે કામ કરવા લાગ્યો વળી ધારો કે અણીને વખતે એક જણ માંદો પડયો. એમ થવાથી બીજાને પોતાની મદદે બોલાવશે. ત્યારે બીજો કહી શકશેઃ "હું એટલું કામ તમારે સારૂ કરવા તૈયાર છું. પણ એવી શરતે કે જ્યારે કામ પડે ત્યારે તમારે મારે સારૂ તેટલું જ કરવું તમારે મને રાખી આપવું પડશે કે જેટલા કલાક હું કામ કરું તેટલા કલાક તમારે મારી જમીન ઉપર બપ પાડયે કામ કરવું." વળી ધારો કે માંદાની માંદગી લાંબી ચાલી ને દરેક વેળા એ પેલા સાજા માણસને ઉપર પ્રમાણે વખત આપવું પડયું. ત્યારે માંદો સાજો થાય તે વેળા દરેક જણની શી સ્થિતિ થઇ? બન્ને જણ ગરીબ થયા ગણાય. કેમકે માંદો માણસ આટલે રહ્યો તે દરમીયાન તેના કામનો લાભ ન મળ્યો. પેલો બાહોશ બે ખૂબ વધારે કામ કરનારો છે એમ પણ માની શકાએ જતાં તેણે જેટલો વખત માંદાની જમીનને આપ્યો તેટલો પોતાના જમીનમાંથી ગયો એ તો એક કસ વાત ઠરી. એટલે બન્ને જણાની જે મીલકત હોવી જોઇએ તેમાં ઘટાડો થયો.

એટલુંજ નહિ પણ દરેક જણ વચ્ચે નો સંબંધ બદલાયો. માંદો માણસ પેલાનો કરજદાર થયો ને પોતાની મજુરી આપીનેજ પોતાનું અનાજ ચુકવી શકે. હવે ધારો કે સાજા માણસે પોતાને મળેલા હરતાવેકનો ઉપયોગ કરવા ધારવું જો તેમ કરે તો તે પોતે તદન આરામ લઇ શકે—આળસુ થઇ શકે; તેની મરજી પડે તો સાજા થએલા માણસની પાસેથી બીજાં લખત લેય. આમાં કંઇ ગેરકાયદે સર થયું એમ કોઈ નાંહ કહી શકે. હવે જો કોઇ પરદેસી ચડી આવે તો તે જોશે કે એક માણસ દોલતવાન થયો છે તે બીજાને બાંધે પડયો છે. તે વળી જોશે કે એક તો એશઆરામ કરતો આળસમાં પડયો રહે છે ને બીજો મજુરી કરતો છતો તંગી ભોગવે છે. આમાંથી પાંચ નાર જોઈ શકશે કે બીજાની મજુરી મેળવવાનો હકનું પરિણામ એ આવે છે કે ખરી દોલતનો ઘટાડો થાય છે.

હવે બીજો દાખલો લઇએ. બબુજણે એક રાજ્ય રચ્યું ને ત્રણે જણ જોખા રહેવા લાગ્યા. દરેકે જૂદો જૂદો પાક કેમ ઘટ્યો? આગ લાગ્યા પછી બારો ઘાય જણાને થએલા દોલતસા તે સોંઘા હોય શકે છે. ધરતીકંપ થયા પછી પડી ગએલા ઘરની ઇંટો સોંઘી હોય શકે છે. પણ તેથી આગ અને ધરતીકંપ જે પ્રજાના લાભને સારૂ થયાં એમ કહેવાની કોઇની હિમ્મત નહીં ચાલે. વળી "જોખામાં જોખુ થયું" એ મત્લબ પણ જોખ ચોરી કેમ આવી? રોટીનું દામ તમને આજે લાગે મજ. પણ તમે શું તે દામ, મરતા માણસની છેલ્લી રોટી લઇને લીધું? અથવા જો તમે તે રોટી કોઇ લાચારને આપી કે જે કાલે તમારૂ બધુ પડાવી લેશે? કે શું તમે તે કોઇ સિપાહી ને આપી કે જે સિપાહી તમારી જેમ લુટવા જનારો છે? આમાંના એકે સવાલનો જવાબ તમે બખતે ન આપી શકો એવું બની શકે છે. કેમકે તમે જાણતા નથી. પણ તમે બ્યાજબી દામે નીતિ સર લેવી કે નહિ તે તો કહી શકો છો. અને બ્યાજબી ત્યારનીજ દરકાર રાખવાની જરૂર છે. તમારા કામથી કોઇને દુઃખ ન થાય એટલું જ જાણવું ને તે પ્રમાણે કરવું એ તમારી ફરજ છે. અમૂક.

હિંદુસ્તાનના ખબરો

(દૌંદી ભાષા ઉપરથી)

વહોરા કોમના વડા મુલ્લાંજી સાહેબ અબ્દુલ્લા સાહેબ ધોરાજી ખાતે શેઠ સુલતાન અલીભાઇનાં લગ્ન પ્રસંગમાં ભાગ લેવા હાજર થએલ. તે વખતે તેમણે નવી બંધાએલી મસ્જીદ [બહરી-મસ્જીદ] ખુલી મુકવાની ક્રીયા કરી હતી.

લીંબડી રાજ્યની ગાદી મેળવવા માટે તલસાણાવાળા બાદશાહે સર પ્રીતમજીસાહ મહેતાને રોકયા છે અને દૌંદી પ્રધાનને અરજી કરવા વિલાયત જનાર કહેવાય છે.

લીંબડી સ્ટેટમાં મરહુમ ઠાકોર સાહેબ જસવંતસિંહજીએ પ્રાથમિક કેળવણી મફત કરી હતી. અને હાલમાં લીંબડી ખાતેની જસવંતસિંહજી હાઇસ્કુલમાં અભ્યાસ કરતા સઘળા વિદ્યાર્થીઓ પાસેથી ફી નહીં લેવાનો નવા ઠાકોર સાહેબે પોતાનો ઇરાદો જાહેર કર્યો છે.

ભાવનગર ખાતે જઇન શ્વેતાંબર કોન્ફરન્સનું કામ પુરું થયા પછી મી. ચુનીલાલ ... ઢઢાના માતુશ્રીના પ્રમુખપણા નીચે જઇન ઓરતોની ત્રીજી પરિષદ મળી હતી. તેમાં જુદી જુદી જઇન બાનુઓએ બાયણે આવ્યાં હતાં, અને એવી મતલબના ઠરાવો થયા હતા કે જઇન બાળાઓને ધાર્મિક, માનસિક અને શારીરિક કેળવણી ઉંચા પ્રકારની મળે, પુખ્ત ઉમરની સ્ત્રીઓને ઉદ્યોગ અને ધરમનું શિક્ષણ મળે, વિધવાઓ પોતાનું ગુજરાન ચલાવી ધાર્મિક સ્થિતિ પ્રાપ્ત કરે તેવી યોજનાઓ થવા, સંસ્થાઓ સ્થાપવા, તે પતિ, વડીલો, કુટુંબીઓ, સંબંધીઓ, દાસજન, કોમ અને જૈન સમાજ પ્રત્યે પોતાનાં કર્તવ્યો અને ફરજો સ્ત્રીઓ સમજતી થાય એવા પ્રકારનો ઉત્તમ બોધ અપાય તેવી ગોઠવણ કરવાની કોશીશ કરવી.

પી-ભગામ ખાતે પાર લ ઉપર લેવાતી જકાત કાઢી નાખવા ભાવનગર સરકારે હિંદુસ્તાનની સરકારને અરજ કરી છે.

પેટલાદ અને સીસ્વા મહાલના ગામોમાં મહેસુલની છુટ મુકવામાં આવી છે.

કપડવંજમાં ત્યાંની વહોરા કોમના આગેવાનોએ એક લાયબ્રેરી સ્થાપી છે.

વડોદરાના સીનોર તાલુકાનું ગામ કુકસ બળી જવાથી નવાની તરીકે રા. ૬૦૦ હજાર આપવાનું મંજુર થયું છે.

સુરતની દૌંદુ વણિક જ્ઞાતિએ સ્વજ્ઞાતિનો કેળવણી પ્રચાર ૨૫ વરસ પુરાં થયા પછી એક ભાઇએ પોતાની કંઠીબંધ કોમ પણ વણિક જ્ઞાતિની કન્યા સાથે પોતાનાં લગ્ન કરી શકે તે માટે છુટ મુકવાનો ઠરાવ કર્યો છે.

ભરૂચથી જંબુસર સુધી રેલવે બંધાવાની છે.

જઇનોનાં સમેત શીખરજી પરનાં તીરથનાં મુકામે અંગ્રેજોએ અંગલા બાંધવાનો હક એસાડી દેવાથી જઇન કોમમાં અંગ્રેજ રાજનીતિથી વીરુદ્ધ હાહાકાર થઇ રહ્યો છે. તે કામ માટે પ્રોટેસ્ટ કરવા મુંબઇમાં ૭-૮ હજાર માણસોની એક ગંજાવર મીટીંગ મળી હતી, અને જબરી લડત લેવા ઠરાવો થયા હતા.

મી. જહેરામજી એમ. મલબારીએ મુંબઇમાં "સેવા સદન" નામનું સ્ત્રીઓની હાલત સુધારનારું મંડળ સ્થાપવા એક અપીલ બહાર પાડી છે. તેનો નાણા સંબંધી વહીવટ પુરૂષોને હાથ અને બીજો સઘળો વહીવટ સ્ત્રીઓને હાથ રહેશે. પહેલા વરસના ખરચ માટે રા. ૧૨ હજારની રકમ આપવાને બે મહરબાનોએ માથે લીધું છે અને નિભાવ ફંડમાં રા. ૬ હજાર ભરાયા છે. સદનમાં દાખલ થવાની અરજી અમદાવાદના સેશન્સ જજ મી. દયારામ ગીડુમલને કરવી અને નાણાં મુંબઇની નેશનલ બેંકમાં મોકલવાં એવું જાહેર થયું છે.

પોતાના પતિ મરહુમ શેઠ ફતુભાઇ મનજી પદમશીના પુણ્યાર્થે બાઇ રતનબાઇ બે મુંબઇ નજીક કુરલા ખાતે રા. ૫૦ હજારને ખરચે પોતાની બીજી કોમ માટે બંધાવેલું સેનેટરીયમ ખુલ્લું મુકવામાં આવ્યું છે. તે ક્રીયા બાબત સુનત જમાતના વડા મી. આદમજાઇ હબીબભાઇએ કરી હતી. તે વખતે મોહુદની ક્રીયા થઇ હતી. બાઇ રતનબાઇએ કોમના હિતમાટે રા. ૧,૬૪,૫૦૦ની સખાવત કરી છે તે માટે તેમને આપવાનું માનપત્ર મી. મહેરઅલી દેવરાજ માસ્તરે વાંચ્યું હતું. જે પછી હાજર રહેલાં સ્ત્રી પુરૂષો બાકું લઇ વિદાય થયાં હતાં.

બંબઇની બાંટે મેડીકલ કોલેજને લગતા સાત સીનયર દક્ષિણી બ્રહ્મણ વિદ્યાર્થી ઉંચી નબીબી ડીગ્રો મેળવવા માટે સાથે ઇંગ્લાંડ ઉપડી ગયા હતા. સાને બ્રાહ્મણ વિદ્યાર્થીઓ એવા અભ્યાસ માટે એકી વખતે સાથે ઉપડી જવાનો આ બનાવ એક રેકારડ સમાન છે.

મર પ્રીતમજી મહેતાએ (જેમનાં બાનુ થોડા વખતપર ગુજરી ગયાં છે.) મીસ આઇમાઇ ધનજીભાઇ શરાફ સાથે લગ્ન કરેલ છે.

કલકત્તા ખાતે વિદ્યા તથા હુન્નર ઉદ્યોગની કેળવણીનો પ્રસાર કરનારી મંડળીની સભામાં કલકતાના દરેક જીલ્લામાં બનતી સ્વદેશી ચીજો વેચવા માટે દરેક ઠેકાણે ભાષુકનુ સંગ્રહસ્થાન તથા અન્નદો સ્થાપવા, આ દેશના હુન્નર ઉદ્યોગને લગતા કારખાનાઓમાં હીંદીઓ સિવાય કોઇપણ બીજા દેશના તથા બીજી જાતના લોકોને નોકરી નહીં રાખવા વિગેરેના ઠરાવો થયા હતા.

લાહોરની ઇસ્લામી બાનુઓએ "અંજુમન-એ-હમદર્દ" નામનું મંડળ સ્થાપ્યું છે. તેના પ્રમુખ તરીકે નવાબ મોહમદ ઝુલફીકાર અલીખાનનાં બેગમનું નામ જોવામાં આવે છે. સેક્રેટરી તરીકે મીસીસ મુમતાજઅલી અને મદદનીશ સેક્રેટરી તરીકે મીસ મોહમદ ઉમ્મમ જ્યારે ખજાનચી તરીકે મીસીસ અઝીઝ-ઉલ-હાહનાં નામો જોવામાં આવે છે. ઓનરરી ગેજરો તરીકે લેડી પ્રમેદસન, લેડી વોકર, પ્રીન્સેસ દુલીપસીંઘ, મીસીસ પારકર, ડાકટર મીસ સ્ટેલી, મીસીસ મનગ્લીસ, મીસ બોઝ, મીસીસ હેલી અને મીસીસ સીરાજુદ્દીનનાં નામો જોવામાં આવે છે.—ખબરદાર

લાલા લજપતરાય કેટલોક વખત અમો દુકાળીયાંમાટે ફંડો ઉભરાવવાના કામમાં રોકાયા હતા અને હીંદુસ્તાનના જુદા જુદા ભાગમાં ફરતા હતા. પણ હાલ તબીયત બગડવાથી તેઓ લાહોર પાછા ફર્યા છે. અને મિત્રોના દબાણને લીધે થોડો વખત જાહેરમાં ભાગ લેશે નહીં.

" મારો દેશવટાનો અનુભવ " એ નામથી લાલા લજપતરાયે લખેલ એક પુસ્તક અંગ્રેજીમાં લાહોરના ' પંજાબી ' પત્રની ઓફીસમાંથી બહાર પડનાર છે. ચોપડીની કિંમત અગાઉથી નામ નોંધાવનાર પાસેથી ૧। રૂપિયો લેવાનું જાહેર કરવામાં આવ્યું છે. તેમાંથી જે નફો નીકળે તે લોકહિતના કામમાં વાપરવામાં આવનાર છે.

સર્વ સંગ્રહ

મે માસના અરસામાં મીસીસ ગ્રેની બીસેંટ થીઓસોફીપર ભાષણો આપવા માટે આસ્ટ્રેલીઆ જનાર હતાં.

બ્રીટીશ સરકાર અને રાજ્યની ભારે સેવા બજાવનાર લશ્કરી યોદ્ધાઓ જેઓ ગરીબ અવસ્થામાં આવ્યા હોય તેમને મદદ કરવા માટે બ્રીટીશ લશ્કરના વડા લોર્ડ રોબરટસે ખોલેલા ફંડમાં રૂા૦ ૪૫ હજાર ભરાયા છે.

હીંદી મુસ્લમાનને લગતી યોજના ઘડવાનું કામ સર હરબરટ રીઝલી આવતે મહિને પુરૂં કરશે. પાર્લમેંટની હાલની મોસમ પુરી થયા અગાઉ હીંદી સરકારની એ યોજના ઉપરની છેવટની સલાહમસલ હીંદી પ્રધાનને મળી જશે. એ બાબતમાં કાંઇ ખુલાસો હીંદી પ્રધાન આવક ખરચનો અંદાજપત્ર રજુ કરતી વખતે કરી શકશે.

જપાનમાં પાયદળ લશ્કરની ૬૬ રેજીમેંટો, જેમાં દરેકમાં ૩ બટાલીયનો છે; ઘોડેસ્વાર લશ્કર ૨૭ રેજીમેંટો જેમાં દરેકમાં ત્રણ અને ચાર સ્કવોદરન છે; તોપખાતાંની ૩૦ રેજીમેંટો છે, જેમાંની દરેકમાં ૭ તોપની ૭ બેટરી છે; પહાળી તોપખાતાંની ત્રણ બટાલીયનો છે, જેમાં દરેકમાં ૭ તોપની ત્રણ બેટરી છે. એવી આરટીલરીની ૭ રેજીમેંટ તથા ૭ બટાલીયન છે. એન્જીનીયરોની ૨૦ બટાલીયન છે; સામાન લાવ લશ્કર કરવા માટે ૧૬ બટાલીયનો છે.

કલકત્તાનું એંગ્લો-ઇંડિઅન પત્ર 'એમપાયર' લખે છે કે લોકોની જાણમાં નહિ હોય કે હીંદી લશ્કરી વડા લે૦ કર્નલ નર અને એન. બી. ગોખલે વચ્ચે બાટી મિત્રાચારી છે. જો કે તેમના રાજદ્વારી વિચારોમાં આસમાન પાતાળ જેટલું અંતર છે છતાં વિદ્યા અને બીજી બાબતમાં તેઓના વિચાર બહુ મળતા છે. બી. ગોખલે કહે છે કે બાણાના ટેબલ પર લે૦ કર્નલ જેટલી સરસ રીતે કોઇ પુલો નહિ ગોઠવી શકે. લે૦ કર્નલ કહે છે કે અંગ્રેજી સાહિત્યમાં જે બી. ગોખલે ન જાણતા હોય તે જાણવા જેવું જ ન હોવું જોઇએ.

નંદીદુર્ગની સોનાની ખાણોના ૧૯૦૭ ની સાલના રીપોર્ટ ઉપરથી જણાય છે કે ૮૪,૦૦૦ ટન ક્વાર્ટઝ મીલમાં ક્રચરીને ૧૬,૬૬૧ આંકસ જે સોનું કાઢવામાં આવ્યું હતું, અને 'સાયનાઇડ પ્રોસેસથી ૮,૨૬૮ આંકસ કાઢવામાં આવ્યું હતું, જે બેઉ મળી ૧૪,૬૬૪ આંકસ સોનું થયું હતું. સોનાના વેચાણથી ૨,૮૩,૧૩ પાઉંડ ઉપજ્યા હતા. તેમાં રોયલ્ટીના ૧,૪૨,૬૭૫ પાઉંડ જતાં તથા બાદશાહી ચારજ જતાં બાકી ૧,૨૮,૭૪૯ પાઉંડ નો નફો રહેવા હતો. અને ડીરેકટરોએ ગેર દીઠ ૬ શી. ૨ પે નું ત્રીજું ડીવીડનડ જાહેર કરવું હતું, જેથી આખા વરસમાં કુલ ૩૫ ટકા નફો થયો હતો.

હીંદી પ્રજાકીય કોંગ્રેસની તથા ઇંડીયન નેશનાઇટીની બ્રીટીશ કમીટી લંડનમાં ક્રેક્સટન હોલમાં મી. કેરહારડીને આવકાર આપવાને થોડા દિવસપર મળી હતી. સર વીલીઅમ વેડરબરન પ્રમુખસ્થાને બીરાજ્યા હતા. મી. કેરહારડીએ પોતાના હીંદના અનુભવ વીશે બોલતાં જણાવ્યું હતું કે સુધારા પક્ષવાળાઓ તેમની કાયદેસર રીતી અને ધીરજને લીધે જીતશે. તેમણે જણાવ્યું હતું કે હીંદને સંસ્થાનીક સ્વરાજ્ય મળવું જોઇએ, જો કે તે એક સરખું ન હોવું જોઇએ. તેમણે હીંદી પ્રજાકીય કોંગ્રેસની આવતી બેઠક લંડનમાં કરવાની હીમાયત કરી હતી. મી. કેરહારડીએ મી. મોરલીએ કરવા ધારેલા સુધારાઓની તપાસ કરવાને આમ ની સભાની એક કમીટી નીમવાની મજ બુત હીમાયત કીધી હતી, પણ જણાવ્યું હતું કે પહેલાં એક નાનું કમીશન તે સુધારા વિષે રીપોર્ટ કરવાને હીંદમાં મોકલવું જોઇએ. તેમણે જણાવ્યું હતું કે આવું કમીશન સ્વરાજ્ય આપવાની જરૂર સ્વીકારશે.

ગાયકવાડી રાજ્યમાં સીસ્વા તાલુકા કોનફરન્સની બેઠક રા૦ બા૦ રામચંદ્ર હરી ગોખલેના પ્રમુખપણા હેઠળ સીસ્વા મુકામે મળી હતી. જે વેળા રીસેપશન કમીટીના પ્રમુખ રા૦ બા૦ વ્રજભાઇએ ભાષણ કરતાં જણાવ્યું કે બ્રીટીશ સરકાર પાસેથી જેવા ઉંચા હકો કોંગ્રેસવાળા માગે છે તેવાજ હકો ગાયકવાડી પ્રજા મહારાજા સાહેબ પાસે માગે છે. પ્રમુખે લંબાણથી ભાષણ કર્યા પછી સીસ્વા તાલુકામાં અંગ્રેજી શાળાની જરૂર છે માટે સરકારની મદદ માગવા, અને ભાદરણ ખાતે એવી શાળા સ્થાપવાની ભલામણ કરવા, દુકાળ વિગેરે સબબો સર સરકારી વીધોટી વહીવટના બાબે જેવા રીતે છુટ તથા તહકુબી બાકી રાખી સગવડતા આપવામાં આવે છે તેવીજ વહીવટ નરવા વહીવટ ॥ ગામમાં સરખો રાખવા, નાર ભાદરણ રેલ્વેનું કામ જલદીથી ચાલુ કરવાની અરજ કરવા, નવી ધારા સભા, પ્રાંત પંચાયત વીગેરે આપવા, મફત કેળવણી દાખલ કરવા વીગેરે પ્રજાની ઉન્નતિનાં કાર્યો માટે મહારાજા સાહેબનો આભાર માનવા, કુવાના પાણીનો આકાર કમી કરવા, માટીના બાણને બદલે જમીનમાં ચુનાના અગર પથ્થરના પીલર નાખવાની છુટ આપવાની જરૂરીઆત દર્શાવવા, તંબાકુ ની જગાત કાઢી નાખવા માટે અરજ કરવા, ભાદરણમાં લોકોને ઉતરવાની જગ્યા નહીં હોવાથી પટેલ હાઉસ બાંધવાની અરજ કરવા, ને આવતી બેઠક ભાદરણમાં ભરવા, વીગેરે ઠરાવો થયા હતા. પ્રમુખે ભાદરણ ગામે જાનગી અંગ્રેજી શાળાને રૂા૦ ૬૦૧ની રકમ બક્ષીસ આપી હતી, અને બધી શાળાઓમાં બાળકોને મીઠાઇ વહેંચાઇ હતી.

હીંદી વાઇસરોય, ગવરનરો લેફ્ટનંટ ગવરનરો તથા સેનાપતિને ઇંગલાંડ આવવા માટે થોડી મુદતની રજા ન મળતી હોવાથી તે આપવાની પોતાની દરખાસ્તના ટેકામાં ઉમરાવોની સભામાં બોલતાં મુંબઇના માજી ગવરનર ના૦ લોર્ડ લેમીંગટને જણાવ્યું હતું કે મારી બીમાર સ્ત્રીને જોવાનું બની શકે તે માટે દશ અથવા વધુ નહિ તો આઠ અઠવાડીયાં માટે કામચલાઉ રાજીનામું આપવાને કબુલાત આપવા હું નામદાર હીંદી પ્રધાનને લલચાવી શકયો હોત તો મેં મુંબઇના ગવરનર તરીકેનો ઓધો કાયમને માટે છોડયો નહી હોત. નામદાર હીંદી પ્રધાન બી. મોરલીએ એવો જવાબ વાળ્યો હતો કે કામ કરવું એ કાયદા વિરૂદ્ધ છે. કારણ કે કાયદા મુજબ વાઇસરોય, સેનાપતી તથા મુંબાઇ અને મદ્રાસના ગવરનરો પોતાના ઓદ્દાની મુદત બરાબર થવા પહેલાં યુરોપ બાને આવવા માટે રજા લઇ શકે નહીં.

દક્ષિણ હીંદના મહોમેડન કેળવણી કોનફરન્સની બીજી વારસીક બેઠક મદ્રાસ વેલોરની અરેબીક કોલેજના પ્રમુખ શમશુલ

ઓલમા હાજી મોલવી અબદુલ વાહેદના પ્રમુખપણા નીચે મળી હતી. તે વખતે હરકીસ કોનસલ બાદશાહ સાહેબે ડેલી ગેટોને આવકાર આપ્યો હતો અને કોનફરન્સનું કામ ચાલુ કરતાં કેળવણી ખાતા ના ડીરેક્ટર ડો. ઓડને જણાવ્યું હતું કે કેવા સુધારા દાખલ કરવાની જરૂર છે તે કોનફરન્સે રીપોર્ટ કાઢવું, અને પછી તેના ઉપાયો કરવા તકરાર ચલાવી ઠરાવો ઘડી પ્રોગ્રામ ઘડવું. કોનફરન્સે ઘણી સારી હિલચાલ કરી છે અને મહોમેડનો કેળવણીના લાભ સમજતા થયા છે. તેમણે ભલામણ કરી હતી કે મુસલમાનોએ સરકાર પાસેથી ખાસ મહેરબાની માગવી નહીં અને પોતાની કોમને પછાત પડેલી કોમ તરીકે ઓળખાવતાં બંધ પડવું સભાએ એવા ઠરાવ કર્યા હતા કે મુસલમાન વસ્તિવાળા ભાગોમાં પ્રાન્તિક રીતી ઉપર કેળવણી આપવા સેકન્ડરી સ્કુલો સ્થાપવા જરૂર છે. પ્રાંતિકના દેશી ભાષા ના શિક્ષણ ક્રમમાં હીંદુસ્તાની ભાષા દાખલ કરવા સરકારને અરજ કરવી. કન્યા કેળવણીનો પ્રાન્તિક ધોરણે ફેલાવો કરવો, અને મુસલમાન છોકરાઓ સારૂ ઉદ્યોગ કુનરની શાળાઓ સ્થાપવી. વગેરે.

કલકતાનાં યુગાન્તર પત્રે બોઅર વખત ઉપર એક રાજદ્રોહી આર્ટિકલ પોતાના પત્રમાં છાપી હતી તે બાબતમાં તેણે બીજી એક આર્ટિકલ "કીવાઇન ગ્રોમીસ" નાં મથાળાં હેઠળ જાહેર પાડી છે. તેમાં તે જણાવે છે કે સરકારી ગ્રોમીસરી નોટો પ્રજાએ ઓપોકોટ કરવી. તે વધુ લખે છે કે જો અંગ્રેજો આજે જાય તો, તમારી મિલ્કત બાબત તમે હાથ ધરતા થશો, કારણ કે ચાંદી અને સોનાને બદલે તમે તમારી તીજોરીમાં કાગળના ટુકડા જોશો. અંગ્રેજો હીંદુસ્તાનનું ધન પોતાના સ્વદેશમાં મોકલી દેછે. તે પુછે છે કે "ગેરંટી શું છે?" તે એ છે કે "પૈસા આપશે." તે સોનાને કાગળ સાથે સરખાવે છે. "તમો બંગાળીઓ અંગ્રેજો તરફથી થતી સજાની બાસ્તી રાખો છો, પણ તમો હવે તમારા (સોનાનાં) નાણાં માંગો અને જો તેઓ ના પાડે અને તમોને કરન્સી ઓફીસના દરવાજા બહાર લાત મારી કહાડે તો તમો તમારૂં સ્વરૂપ ધારણ કરો અને તેમના માથા ઉપર ફટકો મારો." એજ પત્ર જણાવે છે કે એક પંડિતે ગણતરી કરી છે તેમાં તે જણાવે છે કે, હીંદુસ્તાનમાં ૭,૨૮,૬૦૫ ગામડાં (બંગાળા એકલામાં ૨,૨૨,૬૬૪) છે. જો દરેક જગાએથી એક સન્યાસી નીકળે તો આખાં હીંદુસ્તા નમાં ૭,૨૮,૬૦૫ સન્યાસી ની સંખ્યા થાય. અંગ્રેજી વાવટા હેઠળ છ લાખ લડવૈયા પણ નથી ને તેમાં વળી હીંદુ સ્તાનના બધા લાખનો પણ સમાવેશ થાય છે."—ગુજરાતી.

ચરચા પત્ર.

અમારા ચરચાપત્રીઓ નીચેના નીયમો લક્ષ રાખશે તો તેઓના પત્રો ઉપર તુરત ધ્યાન મળવાનો સંભવ છે.

૧. કાગળની એકજ બાજુએ લખવું.

૨. અક્ષર ચોખા સાફીથી લખવા.

૩. નામ તથા ઠેકાણું બરોબર લખવાં. તે હમેશાં બહાર પાડવા સારૂં નહિ, પણ અમારી ખાતરી સારૂં.

૪. મંગળવારની સાંજ સુધીમાં મળેલ લખાણો તેજ અઠવાડીયામાં દાખલ કરી શકાશે.

૫. કરેલાં ચરચાપત્રો જાળવી રાખવા અથવા લખનારાઓને પાછાં મોકલી આપવાને અમે બંધાતા નથી.

૬. લખાણ હમેશાં ટુંકું અને ટુકાસર કરવું.—અધિપતિ.

ચરચાપત્રોઓને જવાબ.

મી. બાબુભાઇ—ભાવષ્ય કર્તાનો હેતુ એવો છે કે સરકારી નિશાળોમાં ધરમનું શિક્ષણ નથી. અપાતું તે અપાવું જોઇએ.

અ. ધ. એ.

પરચુરણ ચરચા

રાંદેર મદ્રસએ ધ્રસ્લામીઆ નામના મદરેસાના ફંડ માટે ડરબનથી મી. મહમદ આમેદ તથા મી. રોખજી ટરાંસ વાલ તરફ ગયા છે તેમને મદદ દેવા મી. શેખ હુસેન સરદુદીન (જોહાન્સ બરગર્યા) ભલામણ કરે છે.

ડરબનથી મી. સુખા ભગવાન લખે છે કે ગણદેવીના દરજીઓએ તાડી દારૂ પીવાનું બંધ કર્યાના સમાચાર વાંચી ખુશી થયો છું. એ ઠરાવ કરનારાઓને હું મુબારકબાદી આપું છું અને નાતાલ માં વસતા મારા જ્ઞાતિ ભાઇઓમાં ખાસને એ વ્યસન હોય તે નાબુદ કરવાના ઉપાય લેવા પ્રયત્ન કરશે એવી વિનંતિ કરૂં છું.

જોહાન્સબરગથી મી. અલીભાઇ પ્રસ માયલજી પીકેટ લખે છે કે હું દર વખત જુમાને દિવસે અમે મસ્જીદમાં નમાજ પડવા જાઉં છું તે વખતે મેં જોયું છે કે મસ્જીદની બાજુએ એક ગોરાના મકાનમાં રહેતા કાફરાઓ બહુજ ગડબડ અને ધોંધાટ કરી મુકે છે તથા ટીનના ડબા ખડખડાવીને બહુજ નીમાજની અંદર હેરાનગતિ પહોંચાડે છે. તેઓના સોરબકોરને લીધી પેશઇમામ કુતબે પઢે છે તે તમામ લોકના સાંભળવામાં આવી શકતો નથી. આશા છે કે અમે મસ્જીદવાળી જમાત આ બાબતમાં ઘટતો બંદોબસ્ત કરશે.

નાદારી કોર્ટની નોટીસો વગેરે

(ગવરમેંટ ગેઝેટમાંથી)

મારિત્સબરગના એચ. એચ. સુમારની નાદાર મીલ્કતના સંબંધમાં તેના લેણદારો ની મીટીંગ તા. ૨૩મી જુને સુપ્રીમ કોરટના માસ્ટર આગળ ભરાશે.

ધ્રસપીગો તથા અમાંઝીમટોટીના કાસી મજી ધ્રસમાઇલ તથા કાસમ મહમદના લેણદારોની મીટીંગ તા. ૨૩મી જુને ડરબન માજીસ્ટ્રેટ આગળ ભરાશે.

ટોંગાટના હીંદી ખેડુત ગેરીયાની મીલ્કત નાદાર તરીકે જાહેર કરવા તા. ૧૦મી જુલાઇએ ડરબન સરકીટ કોરટને અરજ થનાર છે.

ટોંગાટના હીંદી ખેડુત ચીના અથૈયાની મીલ્કત નાદાર તરીકે જાહેર કરવા તા. ૧૦મી જુલાઇએ ડરબન સરકીટ કોરટને અરજ થનાર છે.

વિકટોરીઆ કંટરી, ધ્રનાંડા ડીવીઝન ગારડનસ લેંડના હીંદી પેરૂમલની મીલ્કત નાદાર તરીકે જાહેર કરવા તા. ૧૩મી જુલાઇએ ડરબન સરકીટ કોરટને અરજ થનાર છે.

અમઝીટોના સ્ટોરકીપર જીવા હસન ને કુ. એ લેણદારો સાથે કરેલી સમ ઝિ

સંબંધમાં લેણદારોની મીટીંગો તા. ૨૩મી જુને, તથા ૭મી જુલાઇએ ડરબન કોરટ હાઉસમાં માજીસ્ટ્રેટ આગળ ભરાશે.

ટરાંસ્વાલમાં એશીયાટીકો વિષે શું સ્થિતિ છે તે જનરલ સ્મટસ ખુલ્લે ખુલ્લી રીતે જાહેર કરે તો ઠીક થાય. ગયા જાનેવારીમાં થએલી સમજુતી તુટવાનો અને આખી તકરાર નવેસરથી શરૂ થવાનો ગંભીર ભય થોડા દિવસ ઉપર હતો—અને હજી પણ હોય—એ કાંઇ છાનું રહયું નથી. કાયદો રદ કરવાનું વચન આપવામાં આવ્યું છે એમ હીંદી કોમ સમજેલ છે એ ચોકસ વાત છે. અને એ પણ ચોકસ છે કે થોડા દિવસ ઉપર માત્ર મરજીયાત રજીસ્ટરોને કાયદેસર કરવા જેટલુંજ કરવાનો સરકારનો ઇરાદો હતો. પણ કોઇએ હજી એ વિષે પુરી હકીકત જાહેરમાં મુકી નથી. સંબંધમાં એશીયાટીકોએ પોતાની અરજીના કામણીઆઓ પાછા માગ્યા છે. તે ઉપરથી ખુલ્લું દેખાય છે કે પાછો સખત ઝગડો થવાનો સંભવ હતો. પાછળથી મી. ગાંધી અને મી. સ્મટસ વચ્ચે ઉટરબ્રુ થયા અને વડી સરકારે રંદુઆત કરી અને છેવટે કાયદો રદ કરવાનો સરકારે ઠરાવ કરેલો છે એવી વાત લંડનમાં જાહેર પડી. આમાં વડી સરકારે બહુસ કબાણ કરયું હોય એમ માનવાનું કારણ નથી. અહીંના લોકોજ એ સવાલ ધીરજથી ચરચવાને તયાર છે.

એ કાયદો નકામો કાયદાના ચોપડા ઉપર હોય એ કાંઇ ખાસ જરૂરનું નથી લાગતું. એશીયાટીક ધસારાનો અટકાવ કરવા સામે ગોરાઓના બચાવની ખાતર રજીસ્ટરેશન કરવાના ઇરાદાથી એ કાયદો પાસ કરવામાં આવ્યો હતો. અને એ હેતુ તો પાર પડી ચુકયો છે. પારલામેંટ ઉઘાડતી વખતે મહારાજે જણાવ્યું હતું કે "૬૦૦૦ જેટલામાંથી બહુ ખરું બધા એશીયાટીકોએ મરજીયાત રજીસ્ટરો કહાવ્યાં છે, ને ૭૬૧૭ જેટલાં શરતી સરટીફીકેટો પણ આપી દેવામાં છે."

આ પ્રમાણે એશીયાટીક ધસારો અટકાવવાનું કામ સરી રહેતું હોય તો અમને લાગે છે કે એ કાયદો રદ કરી બીજો કાયદો કરવામાં આવે તેમાં જરા પણ ખોટું નથી. કોલોનીના ગોરાઓ એશીયાટીક લોકો સાથે ઝગડા કરવા નથી માગતા. તેઓ ઇચ્છે છે કે હિંદીઓ અહીં ન હોય તો સારું; પણ તેઓ અહીં તો છેજ, અને તેમને કાઢી મૂકી શકાય તેમ નથી, તેથી હવે તે સવાલમાં સારી રીતે વરતવું એજ ઠીક ગણાય. જે જરૂર છે તે એટલી છે કે હકદાર ન હોય તેવા એશીયાટીકની છુપી આવ ચાલુ = રહેવી જોઇએ. જો મી. સ્મટસ આટલું કરવા ની આપણને ખાતરી આપી શકે તો પછી ૧૯૦૭નો કાયદો દફતરે હોય કે નહિ તેનું આપણને કાંઇ કામ નથી. ટરાંસ વાલમાં કરવાનાં બીજાં ઘણાં કામો છે. એટલે ૧૦ હજાર જેટલા એશીયાટીકની સાથે નીરંતર કજીઓ નહિ ચલાવ્યે ચાલશે; તેમજ તેમની વતી વડી સરકાર રંદુઆતો કરે તેના અંત વગરના ખુલાસા લખવામાંથી છુટવું. હવે તો રજીસ્ટરેશન નું કામ સરી ગયું છે. એટલે હકીકત માં જે બાબત કાંઇ ઉપયોગની નથી પણ માત્ર નામનીજ છે તેવી બાબતમાં એશીયાટીકો સાથે નવા ઝગડાની માયા કુટ ઉભી ન કરતાં હકદાર એશીયાટીકોની લાગણીને માન આપવા જેટલું પડતું મુકવું એ વધારે સારું છે. અમને વિચાર કરતાં લાગે છે કે આ સવાલનો નીકાલ કરવો તેમાં ફાયદો છે. આંગળાં લેવાઇ ચુકયાં છે, અને હવે આખો ઝગડો માંડ શાંત પડયો જણાય છે; ત્યાં તે નવેસરથી શરૂ કરાવવો તે અમને મુર્ખાઇ ભરેલું લાગે છે.

છેલ્લા ખબરો

(ઇ. ઓ. માટે ખાસ તાર)

જોહાન્સબરગ, શુક્રવાર.

ટેસ્ટ કેસ આવતા સુરવારપર મુલતવી રહયો છે.

'રાંડડેલી મેલ' નો લંડનનો ખબરપત્રી જણાવે છે કે લોર્ડ એમ્પટીલની જરમની માં બ્રિટીશ સરકારના એલચી તરીકે નીમણુંક થઇ છે.

ના. શહેનશાહના જનમ દિવસની ખુશાલીનાં માન એનાયત થયાં તેમાં મુંબઇના આગેવાન પારસી ગૃહસ્થ સર કાવસજી જહાંગીરજીને બેરોનેટનો ખેતાબ આપવામાં આવ્યો છે.

હીંદુસ્તાનમાં અશાંતિ

(૩૮૨)

કુશલીથી ૧૫ માઇલ દુર એક ગામમાં બોંબ ગોળાવતી હુમલો કરવામાં આવ્યો હતો.

બરાકપુર આગળથી કલકત્તાની મેલ ટરેન પસાર થતી હતી તેવામાં એક બોંબગોળો ફેંકવામાં આવ્યાથી બે ગોરા ઓને સખત ઇજા થઇ હતી તથા તેનું કંપારટમેંટ ભાંગી ગયું હતું.

ફટર જણાવેછે કે હુમલો કરનારાઓ પકડાવાની કાંઇ ચાવી મળી શકી નથી.

બરાકપુરની ટરેનમાં ગોરાઓપર હુમલો કરવામાં આવ્યો તે સંબંધમાં તોફાન કરનારાઓ યોજના કરી સીંગનલમાં ફેર ફાર કરીને ટરેનને ધીમી પડાવી નાખી હતી, અને તેમ થયેથી ગોરાનું કંપારટમેંટ શોધીને તે ઉપર ગોળો ફેંકવા તેઓ શકિતમાન થઇ શકયા હતા.

ચંદ્રનગરમાં એક મોટી યોજના પકડાઇ છે. એક આગેવાન હીંદીને પકડવામાં આવતાં બોંબના કારખાનાને લગતી ખબર મળી છે. ચંદ્રનગર ફ્રેંચ સતા તળે હોવાથી મજકુર હીંદીને બ્રિટીશ સતાવા ળાઓના કબજામાં સોંપવામાં આવેલ છે.

બંગાળાના ગુલ્લડી બનાવ સંબંધમાં સંડોવાએલો ગોંસાઇ નામનો માણસ સરકારની તરફેણમાં ચાલ્યો ગયો છે, અને તેણે ઘણી ચોંકાવનારી હકીકતો બહાર પાડી છે. તે માણસને હાલમાં બીજા લોકોથી જુદો રાખવામાં આવ્યો છે. બંડની હીલચાલ સાથે સંબંધ ધરાવતા લોકોએ ગોંસાઇને તેના દેશદ્રોહ માટે ઘટતી સજા કરવાનો નિશ્ચય કરવાની વાતો ફેલાઇ છે.

મુંબઇના તાર ઉપરથી જણાવવામાં આવે છે કે એક દેશી છાપાના અધિપતિને બે વરસની જેલની તથા રા. ૫૦૦૦ના દંડની સજા થઇ છે. તે લખનારે પોતાના છાપામાં હીંદીઓને આગ્રહ કરયો હતો કે તેમણે રણક્ષેત્રમાં પોતાનાં મસ્તક આપવા તયાર થવું જોઇએ.

ઉંધના દરદમાં તપાસ કરવા માટે એક કમીશન નીમાયું છે, અને તે થોડા વખત માં યુગાંડા તરફ જનાર છે.

નાતાલમાં સ્મશાનને લગતી તકલીફ

હીંદુઓનું પીટીશન

નાતાલના હીંદુઓની સહી સાથે નીચે મુજબ પીટીશન કોલોનીઅલ સેક્રેટરી પર મોકલવાનું નક્કી થયું છે. અને હાલમાં તેપર સહીઓ લેવાનું કામ ચાલુછે.

(૧) અમે અરજદારો નાતાલમાં વસતા હીંદુ ધરમ પાળનારા બ્રિટીશ પ્રજાજનો છીએ.

(૨) મુડદાંઓને અગ્નિદાહવડે ઠેકાણે પાડવા એવું અમારા ધરમમાં કહેલું છે.

(૩) અમને ખબર પડી છે કે અમારા ધર્મને લગતો ઉપરનો રીવાજ પાળવાને આખા કોલોનીમાં છુટ આપવાની સરકારે ના પાડી છે.

(૪) ઉપરની પારમિક રીતનો આજ સુધી કોલોનીમાં હિંદુઓએ બહુ ભંગ કર્યો છે એ અમે સારી પેઠે જાણીએ છીએ, પણ એવો ભંગ ન થાય તેમ કરવાની અમે હમેદ રાખીએ છીએ; કારણ કે એ રીત પાળવાની અમારા ધર્મ થી ફરજ છે તે ઉપરાંત દુનિઆના આરોગ્ય રક્ષણ શાસ્ત્રના વિદ્વાનોએ એ રીતને યોગ્ય ગણી છે.

(૫) માટે અમે નમ્રતા પુર્વક અરજ કરીએ છીએ કે હિંદુઓને, મુડદાં બાળવા માટે, ઘટતા અંકુશ સાથે, આખા કોલોની માં છુટ મળવી જોઇએ; અને તેટલા માટે અમે તમારા આભારી થઈશું

પરચુરણ ખબરો

નામીચા પારસી બેરોનેટ સર જમસેદજી જીજીભાઇ ગુજરી ગયાના ખબર મળ્યા છે.

આણીપોરથી મી. ધરમાણ્ણ જીવા લખુત લખે છે કે—અત્રેની ઉરદુ સ્કુલની પરિક્ષા લેવા માટે ત્રે. ડે. એ. ઇન્સપેક્ટર આવ્યા હતા. તેમણે આમંત્રણથી મદરેસાની મુલાકાત લઇને છોકરાંઓના અભ્યાસ માટે ખુશાલી બતાવી હતી, અને એવી સુચના કરી હતી કે મદરેસો બરાબર ચલાવવાને તથા દેખરેખ રાખવા ને કમીટી નીમવાની ખાસ જરૂર છે. ત્યાર બાદ મી. ફકીર સાહેબજી તરફથી ડેપ્યુટી સાહેબને રેશમી રૂમાલની ભેટ અપાયા બાદ મેળાવડો વિસરજન થયો હતો.

દક્ષિણ આફ્રિકામાં ઇમીગ્રેશન

દક્ષિણ આફ્રિકાના કોલોનીઓને એકત્ર કરવા માટે ચરચા કરવા પ્રીટોરીઆ તથા કેપટાઉન ખાતે જે કોનફરન્સો મળ્યા હતાં તેનો રીપોર્ટ નાતાલ પાલમેંટ આગળ રજુ થયાં છે. તે ઉપરથી એવું જણાવવામાં આવે છે કે ઉપલા કોનફરન્સ માં એશીઆટીક ઇમીગ્રેશન વિષે મી મેરીમેનની દરખાસ્તથી એવું જાહેર થયું હતું કે " દુનિઆના કોઈ પણ ભાગમાંથી દક્ષિણ આફ્રિકામાં એશીઆટીકો આવે તેથી આ કોનફરન્સ સખત રીતે વિરૂદ્ધ છે; અને કોનફરન્સ એવો ઠરાવ કરે છે કે એ ઇમીગરેશન બંધ કરવા માટે પગલાં લેવાં જોઇએ. "

ઉલાગોઆબેમાં મેંબર મી. રોસાડોએ પોરટુગીઝ સરકાર વતી એ સુચનાને ટેકો આપ્યો હતો, ને તેણે એવું જણાવ્યું કે પોરટુગીજ રાજના હીંદીઓ કે જેઓ ગોરાની રીતે રહેનારા છે તેમને એ વાત ન લાગે પડવી જોઇએ.

જોહાન્સબર્ગનો હુમલાવાળો કેસ

ઉપરનો મુલતવી રહેલો કેસ તા. ૨૪ મી એ વધુ સાંભળવામાં આવ્યો. તે વખતે બંને પક્ષના પુરાવા લેવામાં આવ્યા. ત્યારબાદ માજીસ્ટ્રેટે શ્રાજી ઉપર કેસ ચલાવવા માટે પુરતો પુરાવો નહીં હોવાથી તેને છોડી મુકવાનું જણાવ્યું અને મનસુખ માદી ઉપર કેસ ચલાવવા નું ફરમાવ્યું.

(૩૮૨)

કેનેડાની સરકારે એવો હુકમ કાઢયો છે કે જે એશીઆટીક ઇમીગ્રંટ કેનેડામાં દાખલ થાય તેની પાસે ગુજરાનના સાધન તરીકે પા. ૫૦ની રકમ હોવી જોઇએ. 'ટાઇમ્સ' નો ખબરપત્રી જણાવે છે કે આ હકીકત ખાસ કરીને હીંદીઓને લાગુ પડે છે, અને એવડી મોટી રકમ હોવાનું ઠરાવવાથી કેનેડામાં હીંદી ઇમીગ્રેશન સાવ બંધ થઇ જશે.

તા. ૨૦ મીએ ૨૪ કલાકમાં ૧૩ ઇંચ જેટલો વરસાદ કલકતા ખાતે પડયો હતો, જેથી મોટું પુર આવતાં ઘણું નુકસાન થયું છે.

ચાલુ વર્તમાન

'મરકયુરી' નો ખબરપત્રી જણાવે છે કે:—રીચમંડમાં હીંદીનો લાઇસેન્સ આપવામાં આવ્યા પછી બોરડે રહ કર્યો તેથી લાઇસેન્સ અમલદારે તે ફરીથી આપ્યો. આ બનાવથી રીચમંડના ગોરા ઓ બહુ ચીડાયા છે. તેમાંના ૬૦ જણાએ સહી કરીને ગોરાઓની જાહેર મીટીંગ બોલાવવા માગણી કરી. જેથી રવીવારે ૩ વાગે એક મીટીંગ ભરનાર છે. તેમાં લાઇસેન્સ અમલદારના કામ સામે જબર દસ્ત પ્રોટેસ્ટ કરવામાં આવનાર છે.

એક ગીરમીટીઆ હીંદી ઓરતને પા. ૩ નો ટેકસ ન ભરી શકવા માટે જેલમાં નાખવામાં આવી હતી, જ્યાં તેના વાળ કાપી નાખવામાં આવ્યા હતા તે જનાવ સંબંધમાં નાતાલ કોંગ્રેસે નાતાલના એટરની જનરલ પર લખાણ કરયું છે. એમાં જણાવ્યું છે કે આ બાબતમાં કોંગ્રેસની કમીટી જાણવા માગે છે કે જેલના ધારાઓમાં એમ ઓરતના વાળ કાપવાની છુટ છે કે નહીં, જો છુટ ન હોય તો તે બાબતમાં તપાસ ચલાવી ખરી હકીકત શું છે તે જાહેરમાં મુકવી જોઇએ.

મારિત્સબરગ હીંદુ યંગ મેન્સ એસોસી એશનની એક મીટીંગ તા. ૨૧ મીએ મળી હતી. જે વખતે મીટીંગનું કામકાજ ચલ રહ્યા બાદ ટેંગાટ સનાતન ધરમ સભાના સેક્રેટરી મી. આર. એમ. સોઢા એ ભાષણ કરયું, અને તેમાં ટેંગાટમાં સભા તરફથી બાંધવામાં આવતાં મંદિર તથા નીશાળનાં મકાન બાંધવાના કામમાં પૈસાની મદદ માટે વિનંતિ સાથે માગણી કરી. જે ઉપરથી મી. સોઢાની વિનંતી પર વિચાર કરવા માટે એક ખાસ મીટીંગ બોલાવવાનો ઠરાવ કરીને મીટીંગ બરખા સ્ત થઇ હતી.

કરબનમાં ત્રણ હીંદીને ખોટી સહી કરવાના અને ચોરી કરવાના આરોપસર મી. મીકનની કોરટમાં ખડા કરવામાં આવ્યા હતા. ત્રણેએ મળી ચેક ઉપર ખોટી સહી કરી પા. ૧૦ ની રકમ એક માંથી મેળવી હતી. આરોપ સાબીત થતાં દરેકને પા. ૫ ના દંડની અથવા બે અઠવાડીયાની સખત મજુરીની સજા ફરમાવામાં આવી હતી.

નાતાલ કોંગ્રેસે શરૂ કરેલી લડત

પાર્લામેન્ટમાં ગયેલાં પીટીશનો

કોંગ્રેસ તરફથી નાતાલ પાર્લમેંટ આગળ ગએલાં પીટીશનો નીચે મુજબ છે:—

લાઇસેન્સ વિષે

(૧) હાલમાં સરકારી ગેઝેટમાં હીંદી લાઇસેન્સને લગતાં જે બીલો બહાર પડયાં હતાં તે વાંચી અમને મોટો ભય પેદા થયો છે.

(૨) અમે તે બે બીલના હેતુ સામે સખત રીતે પ્રોટેસ્ટ કરીયે છીયે.

તે બીલો લોકહિતથી વિરુદ્ધ છે. તેથી આ કોલોનીના હીંદીના જુના હક છીનવી લેવાય તેમ છે; કાયદેસર ચાલનાર અને લાયક સ્હેરીઓ ઉપર સખત જુલમ ગુજરશે; હીંદીઓ પાયમાલ થઇ જશે; તથા તેથી ઘરબાર વિનાના થવાનો વખત આવશે.

(૩) અમે તમારૂં ધ્યાન ખેંચીયે છીયે કે રજુ થનારાં બીલ ચોખ્ખી રીતે કોમી લેહવાળાં છે. હીંદી વેપારીની શાખને લગતી વધુ પડતી વાતો ઉપરથી તે બીલ દાખલ થયાં છે. એવી વાતો હરીફ ગોરા વેપારીઓ ફેલાવે છે. કારણકે તેઓને હરીફાઇ ગમતી નથી. તેથી તે તેઓ નાબુદ કરવા માગે છે.

(૪) અમને લાગે છે કે એ બીલો ગેર ઇનસાફી, બ્રિટીશને નહીં છાજે તેવાં, તથા અન્યાયી છે. તેથી પાર્લામેન્ટ તેને કબુલ નહીં રાખે અથવા ટેકો નહીં આપે એવી અમે આશા રાખીએ છીએ. કારણકે જો બીલ પસાર થાય તો હીંદના કરોડો લોકોને તેથી સખત દરદ થાય તેમ છે.

(૫) માટે અમે અરજ કરીએ છીએ કે પાર્લામેન્ટ એ બીલને કાઢી નાખશે, અથવા બીજી રીતે ઘટતી રાહત આપશે.

ગીરમીટીઆ વિષે

(૧) ગીરમીટીઆ હીંદીને લાવવાનું બંધ કરવા વિષેનું બીલ સરકારી ગેઝેટમાં પ્રસિદ્ધ થયું હતું તે વાંચી અમે બહુ રાજી થયા છીએ.

(૨) ગીરમીટીઆ મજુરો લાવવાનું બંધ કરવા માટે સરકારે ચોકસ પગલું લીધું તે માટે અમે સરકારને મુબારકબાદી આપીએ છીએ. તેવી મજુરીથી કોલોનીને બીલવાની બાજતમાં બહુ નુકસાન થાય છે. તેથી રાજદ્વારી રીતે, નીતિની રીતે, અને અરબ શાસ્ત્રની રીતે જોતાં પણ નુકસાનજ છે. તથા તેમ લાવવામાં આવે એ કોલોનીનું પણ તેથી ભલું થતું નથી.

(૩) જે મુદ્દત પછી ગીરમીટીઆ લાવવાનું બંધ કરવાનું છે તે મુદ્દત પાર્લામેન્ટ ટુંકી કરી નાખશે એવી અમે આશા રાખીએ છીએ. જે ગીરમીટીઆ લાવવામાં આવેછે તેમને કાંઇ લાભ થતો નથી, તથા તેમની કોમ રીતે ચડતી થતી નથી માટે આવી સ્થિતિ જેમ વહેલી દુર થાય તેમ વધુ સારૂં.

(૪) સ્વતંત્ર હીંદીઓની સ્થિતિ સંબંધમાં નાતાલ તથા દક્ષિણ આફ્રિકાના બીજા ભાગના ગોરાઓમાં ઘણી ગેરસમજ રહેલી છે. આવી ગેરસમજ ગીરમીટીઆ હીંદી મજુરોને લાવવાનું ચાલુ રાખવાથી ઉભી થાય છે એવો અમારો મત છે.

(૫) જો આ બીલનો હેતુ પાર્લામેન્ટ કબુલ રાખે તો ગીરમીટમાંથી છુટેલા હીંદી મરદ ને તેમજ ઓરતને જે પા. ૩ નો વારસીક કર ભરવો પડે છે તે કલમ રદ થવી જોઇએ. ગીરમીટીઆ લાવવાનું બંધ થશે એટલે પછીથી કુદરતી કારણ સિવાય બીજી કોઇ રીતે ગીરમીટીઆ વસ્તિમાં વધારો થવાનો સંભવ નથી; અને વખતે તેમાં ઉલટાનો ઘટાડો થવાનો સંભવ છે. આમ ઉપર જણાવેલ કર નાખવા માટે કાંઇ મજબુત કારણ રહેશે નહીં.

(૬) માટે અમે અરજ કરીએ છીએ કે પાર્લામેન્ટ ઉપરના બીલના હેતુને કબુલ રાખશે, અથવા તો બીજી રીતે રાહત આપશે.

મી. હસન મીંયાનો કાગળ

મી. હસન મીંઆએ મી. દાઉદ મહમદની ઉપર વળી જણાવવા જોગ કાગળ લખ્યો છે તેમાંથી નીચેનો ઉતારો અમે કરીએ છીએ:—

" મી. રીચ મને ઉમરાવની સભામાં લઇ ગયા હતા. લોર્ડ એમ્પટીલે નાતાલ વિષે ભાષણ કરયું. તેઓનાં વચન સાંભળી રૂવાં ઉભાં થતાં હતાં. તેઓએ અહિંની સરકારને તાનો મારયો હતો. ભાષણ કરતાં એટલા ગરમ થઇ ગએલા કે બોલી નહિં શકતા. તેઓના શબ્દો જે મને યાદ રહયા છે તે નીચે મુજબ છે:—

" શું હીંદીને ગુલામ બનાવવાના સોગન લીધા છે? એટલું સમજી નહીં શકાય કે એક તરફથી હીંદુસ્તાનમાં આગ લાગી છે ને બીજી તરફથી કોલોનીના લોકો કાયદાઓ ઘડી રહયા છે! તેમાંએ ઘણી નાતાલને તો હીંદી વિના ચાલે પણ નહીં. હીંદીઓ નીકળી જાય તો નાતાલ ઉઘાડું પાડે. વળી નાતાલમાં અંગ્રેજ વાવટો ઉડે છે ત્યાં આવી વાત? ઉમરાઓને વિચારવાનું છે. કે હીંદુસ્તાનમાં આ વાતો સાંભળી હીંદીઓનું લોહી કેમ ન ઉકળે? પછી હીંદમાં આગ લાગે તેમાં શી નવાઇ!"

આ ઉપરથી માલમ પડશે કે લોર્ડ એમ્પટીલ કેવા માણસ છે. આ વિષે બાપાનો કકરો મોકલું છું. તેમાં પુરૂં ભાષણ નથી. બીજો કકરો સહરેજીસ્ટની મીટીંગનો મોકલું છું તે જોશો. આ મીટીંગમાં પણ હું હાજર હતો. તેઓ પોતાના હક માટે કેટલી મહેનત કરી રહી છે? તેઓનું ભાષણ મેં આજ તલક સાંભળ્યું ન હતું. દરેક બાઇ લાંબા વખત સુધી ભાષણ કરતી. મહાન પુરૂષો જેવાકે થોરો પ્લેટો વિગેરે જેના દાખલા '૪. ઓપિનિઅન'માં આવતા હતા તેવાના દાખલા આપતી, અને પોતાના હકને સારૂ અમાઉ માણસોએ પોતાના જીવ કેમ આપેલા તેના દાખલા દઇ ઉશ્કેરણી કરતી હતી. આ ભાષણોના હર્ષે હરેક હીંદીને લાયુ પડે છે. તેઓના વાવટા ઉપર લખ્યું હતું કે 'વગર વોટના કાયદા એ તો જુલમ છે'.

ગઇ કાલે આ બાઇઓ વડા પ્રધાનની ઓફીસે ગએલી. તેની ઓફીસ ઘેરી હતી. આજે તેઓ જેલમાં છે. માજી સેટને ઇંડ આપવાની ચોખ્ખી ના પાડી. અને બોલી કે—" અમારા વાજબી હકો ન મળે તો અમે જેલમાં આખી ઉમર કાઢવા રાજી છીએ."

હવે નાતાલમાં જુલમી કાયદા બનાવ તો આ દાખલો ચોખી રાખવા જેવો છે."

મારિત્સબુરગ અને ન્યુકાસલના ૧૩૦૦ ગોરાઓની સહી સાથે પાર્લામેન્ટમાં એક પીટીશન મોકલવામાં આવ્યું છે, જેમાં એવી માંગણી કરવામાં આવી છે કે દુકાનના કલાકના કાયદામાં એવો સુધારો કરવો કે શુક્રવારે દુકાનો પાંચ વાગે બંધ કરાય, તથા શનીવારે રાતના ૧૦ વાગ્યા સુધી દુકાનો ખુલ્લી રાખી શકાય; અને દુકાનો વહેલી બંધ કરવા માટે શનીવારને બદલે બીજો કોઇ હાલનો દિવસ રખાવવો.

રોડેશીઆમાં રજીસ્ટ્રેશન કાયદો

હીંદીઓએ કરેલો પ્રોટેસ્ટ

તા. ૧૮ મીએ રોડેશીઆની લેજીસ્લેટીવ કાઉંસીલમાં લાંના હીંદી તરફથી જે પ્રોટેસ્ટની અરજી રજુ થઇ હતી તે નીચે મુજબ છે:—

(૧.) રોડેશીઆમાં વસતા લગભગ ૪૦૦ જેટલા હીંદીની વતી અમે અરજ કરીએ છીએ.

(૨.) થોડા વખતપર બહાર પડેલા એશીઆટીક ઓરડીનન્સ સામે અમે માનપુરવક પ્રોટેસ્ટ કરીએ છીએ.

(૩.) તે બીલથી અહીં વસતા હીંદી લોકોમાં મોટો ખીજવાટ અને ગુસ્સો પેદા થયો છે, તથા તેની લાગણી બેહદ દુખાઇ છે.

(૪.) અમને લાગે છે કે એ બીલ એવા હેતુવાળું છે કે જે (હેતુ) બ્રિટીશ રાજના તાબાની સરકારોમાં કદી જોવામાં આવેલ નથી. તથા તેના વડે બ્રિટીશ કારભારીઓ એ આપેલાં વચનોનો તથા બ્રિટીશ રાજની ફરીનો ભંગ થાય છે.

(૫.) તે કાયદાથી અહીંના હીંદીઓને કોઇ જાતના હક મળતા નથી એટલું જ નહિ, પણ તેથી ઉલટાના તેમના કેટલાક મુખ્ય હક છીનવી લેવાય છે; અને તે પણ એવી રીતે કે જેથી અહીંના બ્રિટીશ પ્રજાજનો ઉપર બીન જરૂરી સખ્તી ગુજરે.

(૬.) અમે અત્યંત ભાર દઇને માન પુરવક જણાવીએ છીએ કે તે બીલથી અમારી ધરમની લાગણી દુખાય છે. કારણ કે તુરકી સરકારની મુસલમાન પ્રજાને ખાસ કરીને એ કાયદાતળે લેવામાં આવી છે. રજીસ્ટ્રારને આપ મુખત્યારી વાળી સત્તા આપવાથી પ્રજા તરીકેની અમારી છુટપર દબાણ મુકાય છે. એવો કોઇ અગાઉ કદી હતો નહિ. તેવા અમલદારને હીંદીઓમાં મરદ ઓરત કે બાળકની રહેણી સંબંધમાં કોઇ જાતની માહિતી છે નહીં. વળી લાઇસેન્સ સંબંધમાં અને પોલીસ તરફની અટકાયતો ને લીધે અમારા ગોરા કોલોનીસ્ટ ભાઇ ઓનો અમારા તરફ તિરસ્કાર વધે તેમ છે. કારણ કે ગોરાઓને આ કાયદો લાગુ પડતો નથી. તેઓને એમ લાગ્યા વગર રહે નહિ કે હીંદીઓ તો બદમાશી ભરેલ વરતણુંકવાળા હોવા જોઇએ. આવો મત કાહીના બ્રિટીશ ઇન્ડિઅનો માટે તદન અજાણતો છે. કાયદામાં વાંધા ભરેલો 'કુલી' શબ્દ વાપરવામાં આવ્યો છે તેને પણ અમારી ઉપરની ટીકા લાગુ પડે છે. કારણ કે આ કોલોનીમાં તે વરગના એકે હીંદી છે નહીં.

(૭.) બીલની ૬ ઠી કલમ તરફ અમે તમારું ખાસ ધ્યાન ખેંચીએ છીએ. તે કલમમાં એવી સુચના છે કે જે હીંદી અહીં ઓછામાં ઓછું ત્રણ વરસ સુધી વસી ગએલ હોય તેજ હીંદી પાછો આવી શકે, અને તે પણ ૭ માસની મુદતમાં આવે તોજ; અને પાછા આવીને તેણે અપમાન ભરેલી અને તદન બીન જરૂરી રીતોને શરણ થવું જોઇએ; તે પોતે ત્રણ વરસ વસી ગએલ છે માટે પુરાવા આપવા પડે, અને તે એવા અમલદારને કે જે અહીંની સ્થિતિથી વાકેફ હોવાનો સંભવ નથી. તથા આમ મુખત્યારીથી વરતે એમ છે: અમને લાગે છે કે આવી રીતે વરતવું તે અત્યંત ગેરઇન્સાફી ગણાય. તેથી હીંદીઓના જુના હકો છીનવી લેવાય છે.

(૮.) ૮ વરસની ઉપરના કોઇ તેવા દરેક હીંદી મરદ તથા ઓરતને બીલથી રજીસ્ટર થવું પડશે. હીંદીઓમાં ઇજ્જત ની મર્યાદા માટે ખાસ જુદી સમજ છે. એ મર્યાદાનો ઉપરની કલમથી ભંગ થાય છે; અને અમારી કોમની વહાલી લાગણીઓને બેદરકારીથી ફાવે તેમ કચરવામાં આવશે. જો એ બીલ પસાર થઇને અમલમાં આવે તો તેનો અરથ એ થાય કે અહીંના રાજ ચલાવનારાઓ તથા બ્રિટીશ સરકાર હીંદીઓને હલ્કા લેખંગા ગણે છે. આવા આરોપનો હીંદી કોમ ક્રોધ સાથે ધીક્કાર કરે છે.

(૯.) એ બીલ વિષે હજુ વધુ વાંધા ઓ ગણાવી શકાય તેમ છે. પણ જુદા જુદા વાંધાની સામે અમે હોઇએ તે કરતાં આખા બીલના હેતુની સામે અમે છીએ. વળી અમને શું વાંધા છે અને તે કેવી રીતે તે વિષે ઉપર જણાવ્યું તેથી તમને ખ્યાલ આવી શકે તેમ છે.

(૧૦.) તે બીલથી જે કોમી તકરારો દાખલ કરવામાં આવ્યા છે તે અમે કદી કબુલ કરશું નહિ. આ મુલકમાં પુરકળ હીંદીઓ ભરાતા હોય એમ માની લેવામાં આવ્યું છે; અને તે ઉપરથી અમારા ઉપર અપમાન અને અટકાયતોનો પોટલો મુકવામાં આવે તેમ છે. પણ અમે જણાવીએ છીએ કે રોડેશીઆમાં જે હીંદીઓ છે તેમની સંખ્યા સાવ થોડી છે; તથા કેળવણીની બાંધણીને લીધે બીજાની પેઠે હીંદીઓને પણ બહુ વેઠવું પડે છે. એ સ્થિતિ જોતાં બહુ હીંદીઓ ભરાવા લાગ્યા છે એમ માની લેવું એ તદન ભૂલ ભરેલું છે.

(૧૧.) એ બીલથી આ મુલકમાં કોમી તફાવતવાળા કાયદા ઘડવાનો નવો રીવાજ દાખલ થાય છે. તેથી અમારી કોમ તરફ દુશ્મનાવટની અને વહેમની લાગણી દેખાઇ આવે છે. અમારી કોમ તરફ એ પ્રમાણે વરતવું એ તદન અણ ઘટતું છે.

(૧૨.) છેવટે જ્યારે ટ્રાંસવાલમાં આ બીલ કરતાં ઓછા સખત કાયદો અમલ માં મુકવામાં આવ્યો ત્યારે હીંદીઓ તથા ગોરાઓને કેવાં માઠાં પરિણામ વેઠવાં પડયાં એ તમને યાદ આપીએ છીએ. અને અમારે નમ્રતાથી એ પણ જણાવવું જોઇએ કે ટ્રાંસવાલમાં એ કાયદાની સામે કાયદેસર રીતે જે લડત લેવામાં આવી તેથી તે કાયદો મુએલ જેવો થઇ પડયો, અને થોડા વખતમાં તે રદ પણ થાય.

(૧૩.) માટે અમે અરજ કરીએ છીયે કે એ બીલને આગળ ચલાવવું જ નહીં, અથવા તો બીજી રીતે અમને ઘટતી રાહત આપવી.

ટ્રાન્સવાલ યુનાઇટેડ એસેંબ્લી

ઉપરના મંડળની એક મીટીંગ તા. ૬૪મીએ મી. ઇસ્માઇલ સુલેમાનનાં મકાન માં મળી હતી. મી. હાજી સુલેમાન ઇબ્રાહીમ ભાયાત પ્રમુખ હતા. ટરેઝરર મી. છોટુભાઇ દેસાઇએ, સરકારી હુકમ સંબંધમાં મી. ગાંધી તરફથી આવેલ કાગળ વાંચી સંભળાવ્યો. પછી ભાષણો થયાં. તેમાં જણાવવામાં આવ્યું કે આપણે એકસંપ રહેશું તો સરકાર હકો દેવામાં બાકી રહેશે નહિ. જીત મેળવવા નો આધાર આપણા જોર ઉપર છે. મી. દેસાઇએ ભાષણ કરયું તેમાં સહુને એકસંપ થવા ભલામણ કરી. ત્યાર પછી સેક્રેટરી મી. ઝવેરીઓએ વિવેચન કર્યા બાદ અરજનાં ફારમ પાછાં ભિ. ઇ. એ. ઉપર મગાવવાનો ઠરાવ થયો. અરજીના કાગળો મીટીંગમાં મુકતાં પાંચ દસ જણાએ તેજ વખતે સહી કરી હતી. બીજા માણસોનાં સરટીફીકેટ પોતાના મુકામપર હોવાથી તેમણે પાછળથી સહી આપવાની કબુલત આપ્યા બાદ સભા વિસર્જન થઇ હતી.

ઇસ્ટ લંડનના હીંદીની હાડમારી

કેપ પાર્લામેંટપર પીટીશન

ઇસ્ટ લંડન બ્રિટીશ ઇંડિઅન એસોસી એશન તરફથી નીચે મુજબ પીટીશન કેપ પાર્લામેંટ ઉપર મોકલવામાં આવ્યું છેઃ—

(૧.) અરજદાર બ્રિટીશ ઇંડિયાના વતની છે, અને હાલ ઇસ્ટ લંડનમા વસી રહેલા છે. અમે અમારી હાડમારીઓ સામે આપને અરજ કરીએ છીએ.

(૨) અમે હમેશાં નામ શહેનશાહની ફાયદેસર આલના અને વફાદાર પ્રજા તરીકે વરતતા આવ્યા છીએ.

(૩.) વેપારી અને દુકાનદાર તરીકે પોત પોતાનો રોજગાર અમે સુલેહ ભરી રીતે ચલાવીએ છીએ; અને સત્તાવાળાઓ તરફથી હમેશાં શાંતને સીધી આમની કોમ તરીકે ગણવા છીએ; તથા જન્મથી બ્રિટીશ રજાના પ્રજા તરીકે શહેરોના બધા હકો અને છુટો બ્રિટીશ રાજના બીજા મુલકોની માફક કેપ કોલોનીમાં ભોગવવા માટે અમને હકદાર ગણીએ છીએ.

(૪.) અમે ઇસ્ટ લંડનની મ્યુનીસી પાલીટીના રજીસ્ટર થએલ વોટર ને રેટપેયર (કર ભરનાર) તરીકે લાંબા વખત થયાં વરતતા આવ્યા છીએ; છતાં હેલ્લાં બે વરસ થયાં અમારાપર બહુ સખતાઇથી અને ગેર કાયદેસરથી વરતવા માં આવે છે. આથી અમારી કોમના દરેકજણને મોટું નકશાન પહોંચ્યું છે, અમારા હિતને બહુ મોટો ધોકો લાગ્યો છે, તથા અમારે ઘણાં અપમાનો સહન કરવાં પડયાં છે. અને અજારી ઘણી છુટો છીનવી લેવાઇ છે અમે બ્રિટીશ પ્રજાના લોક છીએ છતાં અમારી આ દશા થઇ છે ત્યારે ચીનાઓ અને આરબ વાયનો, કે જેઓ બ્રિટીશ પ્રજાના લોકો નથી, તેમના તરફ મ્યુનીસીપાલીટીની બાબતમાં ઉપરની હાડમારીઓ નથી.

(૫.) ૧૮૯૫ ના ૧૬ મા કાયદાના મ્યુનીસીપલ ધારાઓની રૂએ અમે શહેરી તરીકે ગણાયા છતાં અમારા તરફ અદાવત ભરેલી રીતે વરતવામાં આવે છે તે જોઈ ભવિષ્ય માટે અમને ધાસ્તિ અને ચિંતા પેદા થાય છે. જોકે અમારૂં સુધરેલા પણું અને કેળવણી આખી દુનિઆમાં બધા સુધરેલા લોકોએ સ્વીકારેલ છે તે છતાં ઇસ્ટ લંડનની મ્યુનીસીપાલીટીમાં—અને કે કોલોનીમાં આ એકજ દેખાયું —અમને જાણી જોઈને અને કોઇપણ જાતના બ્યાજબી કારણ વિના વગર સુધરેલ કાફર ની હારમાં મુકવામાં આવે છે.

(૬.) અમે નીચેની હાડમારીઓ ખાસ કરીને જણાવીએ છીએ.

(અ) જાહેર રસ્તાની પથરીપર ચાલવાની અમને અટકાયત કરવામાં આવે છે.

(બ) ગત્રે ચાર વાગ્યા પછી બહાર નીકળવાની, અને સારા શહેરી તરીકેની બીજી છુટો ભોગવવાની અમને મનાઇ કરવામાં આવે છે.

(ક) મ્યુનીસીપાલીટીની સરહદના અમુક ભાગોમાં રહેવાની અને વેપાર કરવાની અમને મનાઇ કરવામાં આવે છે; અથવા તો તે ભાગમાં રહેવા અને વેપાર કરવા માટે મ્યુનીસીપલ કોરીતરફનું સન્ડીસીક્રેટજોહન્સ્ટેસરની ફ્રીક્રેટપોલીસપાસનીબરાબરછે કાયદા ના અનુભવીઓના મત પ્રમાણે ઉપર જણાવેલી પહેલી અને હાડ મારીઓ ગેર કાયદેસર અને ગેર બ્યાજબી છે.

(૭) આ પ્રમાણે અમારી જાતની છુટ લઇ લેવામાં આવે છે તેથી અમે અમારા કાફર નોકરો કરતાં પણ હલકા પાયરીએ મુકાઇએ છીએ. કારણકે નોકર રાખનાર માલીકો ને શેઢ તરીકે અમારા કાફર નોકરોને ગામમાં છુટથી ફરવા માટે ની ચીઠીઓ અપાય છે. આમ કાફરોના હકો પણ ગણાયા છે.

(૮.) અમારી કોમ સામે ઉપરની અટકાયતો કોયદાને લીધે અમારે ઘણી મોટા મુશ્કીલનો ભોગવવા પડે છે, અને અમારા રોજગાર તથા રહેણીમાં અમને અનેક દુઃખ અને વિટંબણા નડે છે. એ દુઃખો ના દાખલા નીચે મુજબ છેઃ—

(અ) જાહેર બગીચામાં બેઠકો ઉપર જવાની અમને છુટ નથી. બધી બેઠકો ઉપર "માત્ર ગોરા વાસ્તે" એમ લખવામાં આવે છે.

(બ) પાર્લામેંટરી વોટર્સ લીસ્ટ ભરતાં અમારે અંગ્રેજીમાં લખવાની જરૂર પડે છે; અમે હીંદની મોટી ભાષા ઓનું જ્ઞાન અને કેળવણી મેળવેલ હોય તે ગણતીમાં લેવાતું નથી.

(૯) માટે અમે નમ્રતા પુરસ્કર પાર્લા મેંટને અરજ કરીએ છીએ કે અમારા તરફ બતાવવામાં આવતી અદાવત ભરેલી વરતણુક અને કોમી તફાવતવાળા કાયદા દુર થવા જોઇએ અથવા તેમાં સુધારો કરાવવો જોઇએ; તથા ઇસ્ટ લંડન મ્યુની સીપાલીટીના જે નહારા ધારા છે તે નાબુદ થવા જોઇએ, અથવા તો પાર્લા મેંટને બ્યાજબી લાગે તે રીતે વટની રહત મળવી જોઇએ.

રોડેશીઆના બંબરો

તા. ૧૩મી એ અમારા ખબર-પત્રી લખે છે કેઃ—

રોડેશીઆ બાબે એસોસીએશન આયતા તદન બંધ થવા જેટલ માટે જે એશીઆ ટીકો હાલમા અહીં વહીવટ કે તેનાં રજીસ્ટર કરવા માટે કાયદાનો ખરડો ગેઝેટમાં બહાર પડયો છે. તે કાયદો તે દરમ્યાન નોજ કાયદો અમલમાં આવે છે. તેમાં બીજ તોને રજીસ્ટર કરવાની વાત છે એટલો ગમેરો છે. રોડેશીઆ બાબે વસતી હીંદી કોમના થોડા ભાગે તે કાયદાની સામે મજબુત પ્રોટેસ્ટ કરવા મકકમ ઠરાવ કર્યો છે; અને ફંડ પણ ભેગું થયું છે બેરા તરફથી પગ જરૂર પડે કેસમાં મદદ મળવાના આશા રખાય છે

મી. બીમજી નાયકે રોડેસીઆના દરેક વરતમાન પત્ર જોગ એક લાંબા કાગળ તે કાયદા સામે પ્રોટેસ્ટ તરીકે લખ્યો છે; અને કાઉન્સીલના પ્રતિનીધિઓને મળી તેઓના વિચાર જાણવા પણ તે પ્રયત્ન કરે છે. ડરબો અને જુલાસબો ડીપોઝીટ તરફના મેજરોનો તે ગયા અઠવાડીઆમાં મળ્યા હતા. અને ગઇ કાલે સોલ્સબરી ડેપ્યુટેશનના આગેવાનમાં મળેલ છે. તેમની વાતચીત ઉપરથી એમ સારે નીકળેલ છે કે સમ જુતી ઉપર આવવાને તેમા પણ રાજી છે. ઓર્ડીનન્સ ડીમાર્કેશન બાબે કરવા સબંધમા તો બીજુ કશું થયું હોય એમ નથી. પણ વેપારીઓ. અને બીજા ધંધા દારીઓને જરૂર પડે માફક ઓરડાવાની રહત મળવાની તેઓને આશા આપી અને રજીસ્ટરની બાબતમાં આવતી તા. ૧૫મીના મીટીંગમા સરકારી તરફ બીજા સરકારી મેંબરો એકત્ર થયેથી શું સમ જુતી ઉપર આવી શકાય છે તે જણાશે.

મદ્રાસી હીંદીમાં એક આગેવાન ગણાતા મી. પી. સુબ્બરાયા આપર તરફથી ડરબનમાં તામીલ ભાષામાં આફ્રિકન કરોનીકલ નામનું એક અઠવાડીક બાર્યું તા. ૨૦ મા જુનથી નીકળવા લાગ્યું છે.

મુસ્તફા કામેલ પાશાનું ભાષણ

ના. મુસ્તફા કામેલ પાશા ગુજરી ગયા તે પહેલાં થોડાજ મહિના ઉપર તેમણે આલેકઝાંડરીઆમાં જુસ્સાદાર ભાષણ આપેલું. તે બહુ વખણાયા બાદ અને બધાને તેમાંથી શીખવા જેવું હોવાથી તેનો તરજુમો અમે આપીએ છીએ.

આ ભાષણ ઝગ્દનીઆ થીએટરમાં ૧૯૦૭ના ઓક્ટોબરની ૨૨ મીએ અપાયું હતું એમ કહેવાય છે કે આ ભાષણ સાંભળવાને ૬૦૦૦ ઉપરાંત માણસો હાજર થયા હતા.

ભાષણ

મારા ભાઇઓ, આટલા બધા માણસોને જોઇને હું રાજી થયો છું. મારી ઉમેદ એ છે જ કે મારા વિચારો તમે બહાલ કરો. તે તમે કરેલું છે. એટલે મેં માગેલું તમે આપ્યું છે એમ ગણું છું.

આટલા માણસો આવીને તમે આપણા રાજાને જવાબ દેવા માગો છો. તમે બતાવવા માગો છો કે જે પ્રજાકીય હિલચાલ ચાલે છે તેમાં તમે સામેલ છો; અને તમે જણાવવા માગો છો કે જેઓ પ્રજાના નોકર છે તેઓને મદદ કરવા તયાર છો.

હું માનું છું અને તમે પણ માનો છો કે જેઓ સ્વાર્થ વિના પોતાનો વખત અને પોતાની જાન દેશને સારૂ આપવા તયાર છે તેઓ માત્ર દેશને ખાતરજ જીવે છે. તેનાથી અલગ તેની જીંદગી નથી. તેથી જે કંઇ વખાણ તેઓનાં થાય તે ખરૂં જોતાં તેઓનાં નથી, પણ દેશ સેવાતા મુદ્દાના વખાણ સમજવાં. તેથી તમે જે કંઇ મારી તારીફ કરો છો તે દેશ સેવાના મુદ્દાની તારીફ ગણી કબુલ રાખું છું. દેશ સેવાનો એ અર્થ કરૂં છું કે આપણે પ્રજાપ્તને સ્વતંત્ર કરવું અને તેની પ્રીતિ પાછી તાજી કરવી.

છેલ્લા બસ્સ વરસમાં પ્રજાપ્તમાં પ્રજા પ્રત્યે જુસ્સો વધ્યો છે. અને જેઓ આપણો અવાજ નહીં સાંભળતા તેઓ સાંભળતા થઇ ગયા છે.

અંગ્રેજોના મનમાં હતું કે ફરાંસની સાથે મળી જઇ આપણો સવાલ તેઓ ભૂલાવી દેશે; બીનતજ્રબે. પણ આપણો અવાજ નહીં સાંભળે; આપણું આશા એઓનો ભંગ થશે, ને આશાને બદલે નીરાશા દાખલ થશે; ને પ્રજાપ્તની પ્રજા છેવટે એક પુરાની પ્રજા તરીકેજ ગોળખાશે.

પણ આવું કહેનારાઓની આંખમાં ધૂળ પડી છે. કેમકે આપણે આપણી સ્થિતિને બદલી શકયા છીએ. આપણે સમજીએ છીએ કે આપણા બીજા આપણે સ્વતંત્ર (આઝાદ) થઇશું: જેઓ મજબુત નથી, જેઓ પોતાની આબરૂ, પોતાની માલકત અને પોતાનો જાન બચાવવા કાબેલ નથી, તેઓ શાંતિ ભોગવી શકતા નથી. આપણે શીખ્યા છીએ કે જે પ્રજા પોતાના પડોસીની મહેરબાનીથી કે મિત્રા ચારીથીજ પોતાની સ્વતંત્રતા જાળવી રાખે છે તે પ્રજાને સદાય જોખમ છે. તે પ્રજાની હૈયાતી ગમે ત્યારે વેરાઇ જાય.

જેઓ આપણને મુએલા સમજતા હતા તેઓ આપણી પ્રગતિથી તાજુબી પામ્યા છે. પ્રજાપ્તથી બીજાની મદદ વગર કેમ ચઢી શકાય એવો સવાલ તેઓ કરે છે શું પ્રજાપ્ત પોતાની હમેદો આપ બળથી પાર પાડશે? અરે પ્રજાપ્તના શત્રુઓ! દુનીયાના પ્રજાપ્તના દુશ્મનો કહે છે કે આપણે સૈકાઓ વરસથી નાનીપાસ થયા છીએ. ને આપણી ઉપર પરદેશીઓ રાજ્ય ચલાવે છે. પરદેશી રાજ્ય કરનારો બદલાયા છે પણ આપણી હાલત તો તેવીજ નબળી રહી છે. આમ કહીને તેઓ માની લે છે કે આપણે તો હમેશાં ગુલામ રહેવાને જનમ્યા છીએ. પણ હું મારા દેશના સોયન બાઇને કહું છું કે તેમાં તેઓ જુઠું બોલ્યા છે. એટલાં સંકટો, એટલી તકલીફો છતાં પ્રજાપ્તની પ્રજા જીવતી રહી છે એ, તે પ્રજા પાછી પોતાની સત્તા મેળવશે અને દુનિયામાં તેની આબરૂ બચાવે એનો પુરાવો છે.

આપણા દુશ્મનો કહે છે કે આ દેશ નબળો થઇ ગયો છે તે સબળો બનનાર નથી હું તેઓને જવાબ આપું છું કે તેનાં આગલાં વરસોમાં દુઃખ હતું એ બતાવે છે કે ભવિષ્યનાં વરસોમાં તેને સુખ મળશે. જે લોકો દુઃખ વેઠીને તેમાંથી ઉગરે તે લોકો જ્યારે પોતાનો હેતુ સમજે છે ત્યારે સુખ ભોગવતા થઇ શકે છે દુશ્મનો કહે છે કે આપણને સ્વાતંત્રતા મેળવવાને બહુ વખત જોઇશે. એ વાત સાચી હોય તો પણ શું થયું? આપણે આપણા સ્વાર્થને નથી રડતા. પણ દેશને સ્વતંત્ર કરવ માગીએ છીએ. આપણે મરી જઇશું છતાં સ્વતંત્રતાની મશાલ તો પ્રજામાં ઝગકતીજ રહેશે પ્રજાપ્ત કે જેણે પૃથ્વીને સુધારો આપ્યો છે અને જેણે પ્રજાતંત્રને જન્મ આપ્યો છે તે પ્રજાપ્તની તવારીખમાં દહાડા અને વરસોની શી ગણતી હોય? જે માણસ બધારે કુતેહ, ચોકસ મળશે એવા વિશ્વાસથી કામ કરે છે તેને આજેજ કુતેહ છે તેમ આપણે પ્રજાપ્તની સ્વતંત્રતા આજેજ જોઇએ છીએ આપણે તેથી ખુશી થઇએ છીએ. તે આજેજ ખરેખર છે એમ સમજી આપણે બંદગી કરીએ છીએ; અને જે ચોકસ આપણને મળશેજ. રાત દહાડા ચાલ્યા જશે, સુરજ ઉગતો ને આથમશે, પણ આપણે થાકવાના નથી, આપણે રસ્તામાં અધવચ્ચે મેલવાના નથી, અને 'હવે તો બહુ રાહ જોઇ' એમ કહી કહેવાના નથી

જેણે આજ અગાઉ પ્રાણોત્સર્ગે મહેનત કરી છે, ને જે પછી પણ કરશે તેની વસ્તુ મેળવવા આપણે મથી રહ્યા છીએ. કાયતરાથી આપણે ડરવું નહીં, ધમકીથી બેસવું નહીં, અપમાનનો ભય નહીં રખીએ, કશો આપણને હરાવશે નહિ. મોત પણ આપણી ધારણામાંથી આપણને હઠાવનાર નથી. રે! કદી આપણે એક પછી એક મરતા ચાલ્યા તો પણ આપણે મરતાં મરતાં આપણું વારસ બચાવનારને કહેશું: "અમારા કબરો તમે નસીબદાર થજો, ખુદા તમારૂં ભલું કરે, ને તમને કુતેહ આપે; અને આપણામાં એવા સેંકડો અને હજારોને પેદા કરે કે તેઓ હક અને આઝાદીને સારૂ મહેનત લીએ."

મારા વહાલા દેશ! મારો પ્યાર, મારૂ જોહદ, મારો સ્વાસ, મારી અકલ, મારૂં બાવડું, મારા વિચારો, મારૂં હૃદય એ બધાં તનેજ સોંપું છું. એજ મારૂં જીવન છે. ઓ પ્રજાપ્ત, તારા વિના મારે જીવવું હરામ છે.

અજ્ઞાન અને ભોળા માણસો કહે છે કે પ્રજાપ્ત ઉપરનો મારો પ્યાર હદ ઉપરાંત છે. શું હું પ્રજાપ્તનો પુત્ર તે પ્રજાપ્તના ઉપર હદ કરતાં વધારે વહાલ કરી શકે? તે પોતાથી બની શકે એટલો પ્યાર પ્રજાપ્ત ઉપર કરી શકે છે. છતાં પ્રજાપ્તની ખુબી, તેનો ઇતિહાસ, તેનો બાપડા એ બધાંનું માપ કરતાં જેટલો પ્યાર તેની ઉપર હોવો જોઇએ એટલો પ્યાર તે માણસ નથી કરી શકવાનો. જેઓ મારા બોલની ટીકા કરે છે તેઓને પ્રજાપ્ત જોવાની હું ભલામણ કરૂં છું; તેઓને પ્રજાપ્તના પુરાતન ઇતિહાસ વાંચવાની હું સુચના કરૂં છું. પછી ભલે તેઓ પોતાના મનની સાથે સવાલ કરે: "પ્રજાપ્તનાં કરતાં વધારે ઉમદા, વધારે ખુબસુરત, વધારે હુણદરૂપ, વધારે સરસ બાંધીબાંધો.

વધારે સ્વચ્છ આકાશવાળો, વધારે વખાણવા લાયક બીજો દેશ ખુદાએ પેદા કર્યો છે?" આખી દુનિયા એકે અવાજે જવાબ આપશે કે ટ્રાન્સ્વાલ તે આ દુનિયાનું જન્નત છે. જેઓ તેવા દેશમાં વસે છે અને દેશને તેવોજ સાચવે છે તે લોકો પણ ઉમદા હોવા જોઇએ. જો આવા મુલકના લોકો પોતાના હક જતા કરશે, અને દેશની ઉપર બીજાની હકુમત રહેવા દેશે તો એ લોકો દેશના ગુન્હેગાર ગણાશે.

જો હું ટ્રાન્સ્વાલવાસી પેદા ન થયો હત તો હું ટ્રાન્સ્વાલવાસી થવા માગત. કેટલાક સાંકડા મગજના માણસો માને છે કે ટ્રાન્સ્વાલ જે અત્યારે પરગજુ થઇ પડયું છે તેમાં જન્મ ધરાવવો એ તો નામરદાઇ કહેવાય. પણ જે દેશમાં શાસ્ત્રોનું જ્ઞાન હતું, જે દેશમાં સુધારો હતો, ને જે દેશ વિદ્વાનોથી ગીકાર ભરેલો હતો તે દેશને ફરી પાછો તેજસ્વી કરવામાં ભાગ લેવો તેના કરતાં બીજું કયું કામ ઉમદા ગણાય? જે દેશે બીજા દેશને શીખવ્યું છે તે દેશને આબાદ કરવામાં ભાગ લેવો તેના કરતા બીજું શું મગરૂર થવા લાયક હોઇ શકે? જ્યારે આપણો મુલક ટોચ ઉપર હતો ત્યારે બીજા મુલકો જંગલી હતા. એવા આ ટ્રાન્સ્વાલને અંધારામાંથી અજવાળામાં લાવવો તેના કરતાં બીજી શી ઉજવળ કીર્તિ કહેવાય? ટ્રાન્સ્વાલના સ્વદેશાભીમાનીને, ટ્રાન્સ્વાલને પાછું ટોચ ઉપર મુકવાને સારૂ મહેનત કરવી તેના જેવો મજા, તેના જેવું સુખ બીજી કઇ વસ્તુમાં મળી શકે? આવા દેશ સેવકને જે ખરો ફાયદો થાય છે તે વિચારતાં તેની મહેનત અને તેનો થાક એ કંઇ વિસાતમાં નહિ ગણાય.

જે સત્યથી અજાણ છે અને જેઓ અંગ્રેજનાં નગારાં વગાડવાને પગાર ખાય છે તેઓ કહે છે કે આપણે હદથી બહાર જનારા (એકસ્ટ્રીમીસ્ટ) છીએ. એવું બકીને તેઓ આપણી પ્રજામાં ફાંટા પાડે છે. તેઓને ખબર નથી કે જે દેશની સ્વતંત્રતા ગઇ છે, અને જેનીપર પરદેશીઓ અમલ ભોગવે છે તે દેશમાં તો એકજ પક્ષ હોઇ શકે. અને તે પક્ષ એ કે જે ટ્રાન્સ્વાલને પ્રજા બનાવે, ટ્રાન્સ્વાલની સ્વતંત્રતા મેળવે.

ઉપર બતાવેલા માણસો ભૂલી જાય છે કે જે દેશ પરવશ છે તે દેશના માણસને એટલું બંધન હોવા જોઇએ; ને તે એ કે દેશને છોડવો. દેશને પરતંત્ર રહેવા દેવાને સારૂ જે કંઇ બોલવામાં કે કરવામાં આવે તે પાપ બરાબર ગણી શકાય.

ખોટે મારગે દોરાઇ જનારા માણસોને ખબર નથી કે રાજ્ય કરતાની રિતભાતનો આધાર પ્રજામાં માનનો અંકુર હોય તેની ઉપર રહે છે. જે પ્રજા રાજાની આગળ મુડદાંની માફક વરતે છે, મનમાં હોય કંઇક ને બોલે છે કંઇક બીજું, હકો હકથી માગવાને બદલે ભીખની જેમ માગે છે, તે પ્રજાની ઉપર રાજા જુલમજ કરશે, અને ઢોરની જેમ તેઓને ગુલામ બનાવશે.

આપણે હૃદયથી બહાર જનારા કહેવાઇએ છીએ. અને તે શા માટે? કારણ કે આપણે ટ્રાન્સ્વાલની સ્વતંત્રતા માગીએ છીએ; આપણે અંગ્રેજને તેઓના વચનો, તેઓની આબરૂની યાદી આપીએ છીએ. કારણ કે આપણે ચોખ્ખી રીતે અને બરોબર ભરોસા પુર્વક કહીએ છીએ કે ટ્રાન્સ્વાલને આઝાદી જોઇશે, અને જેને ખુદા જીવાડનારો છે, આબાદ કરનાર છે તેવા દેશને મુએલો રાખવામાં ને ખુદાના અવાજની સામે થવામાં ઇંગ્લાંડનું સારૂં નથી એમ કહીએ છીએ.

આપણને 'હદથી બહાર જનારા' કહે છે! આપણે હદ છોડનારા? કેમકે આપણે દેશનું ભવિષ્ય ભાખીએ છીએ. કેમકે આપણે રાત દહાડો કહીએ છીએ: આજે તો દુઃખ છે, પણ કાલે સુખ મેળ વશું; આજે તો ગુલામી છે, પણ કાલે કીરતી મેળવશું; આજે પરદેશીઓ રાજ્ય કરે છે, કાલે સ્વતંત્ર થઇશું.

આપણે હદ છોડનારા! કેમકે પ્રજાને આપણે કહીએ છીએ: શાંતિ રાખજો. હુલ્લડ નહિ કરજો. હુલ્લડથી દેશ પાછો પડશે. આપણામાં ફાટફુટ ન રાખશો. ફાટફુટથી નાશ થશે. ધર્મના કજીઆ નહિ કરજો. તે કજીઆ સર્વથી ખરાબ છે. સુધરેલી પ્રજા આપણી ઉપર વહે માય એવું ન કરજો. ખરા સુધારાથી લોકો જોરાવર થાય છે. તેની સામે જે થાય તે દેશના દુશ્મન ગણવા.

આપણે હદ છોડનારા! કેમકે આપણે કહીએ છીએ: બને તેટલી કેળવણી મેળવો, શાસ્ત્રો શીખો, નાઇલ નદીની બીજામાં શાસ્ત્રોના જ્ઞાનનો ઉપયોગ કરો, ગરીબોને પણ કેળવણીનો હિસ્સો આપો.

આપણે હદ છોડનારા! કેમકે આપણે દુશ્મનના તહોમતોને દફાવીએ છીએ. કેમકે આપણે દુનિયાને પોકારીને કહીએ છીએ કે: આપણે સુધરેલી પ્રજા છીએ, આપણે ધર્માધ નથી, ઇસ્લામ એ સુધારો મજબુત કરવામાં મોટું સાધન છે.

આપણે હદ છોડનારા! કેમકે આપણે દેશસવાઇની કતલ સામે પોકાર કર્યો, ને આપણે સાચા હોવાથી, આપણે હિમતવાન હોવાથી બ્રીટીશના મોટા હકની સામે થયા.

આપણે હદ છોડનારા! કેમકે આપણે જીવતા ને મોટા હાથવાળા છીએ એમ બીજી પ્રજાને બતાવીએ છીએ, અને કહીએ છીએ કે: અમે નદામત બોગવવા ના નથી, બોટી ખુશામત કરવાના નથી.

આપણે હદ બહારના! કેમકે આપણે બીજા દેશો જીતવા માગતા નથી, બીજાને ગુલામ બનાવવા ઇચ્છતા નથી, પણ આપણા વહાલા દેશની સ્વતંત્રતા મેળવવા માગીએ છીએ.

જો ઉપર પ્રમાણે કરવાથી આપણે હદ છોડનાર (એકસ્ટ્રીમીસ્ટ) કહેવાઇએ, તો ભલે હમેશાં આપણને તે ઇલકાબ રહે. તેવા કહેવાઇને આપણે મગરૂર રહીશું—માન પામશું. આ સભામાં એવો કોણ છે કે જે એવા ઇલકાબથી માન નહિ માને. અને બધા ટ્રાન્સ્વાલવાસી એ ઇલકાબ પામે એવું નહિ માગે?

શું આવે વખતે નરમાશ તે બાયલા પણું નહિ ગણાય? એવો કોણ છે કે જે પોતાની પ્રજાની નામોશી રહેવા દઇ નરમાશ રાખવા માગશે?

આપણા ઉમદા પ્રયત્નોથી દેશની સ્વતંત્રતા મેળવવા માગીએ છીએ, અને આપણે કોઇને જુઠ્ઠા માગતા નથી, તેથી આપણે હદ છોડનારા (એકસ્ટ્રીમીસ્ટ) ગણાઇએ છીએ! પણ અંગ્રેજને પોતાની સ્વતંત્રતા થી સંતોષ પામતા નથી. તેઓએ તો બીજી પ્રજાને તાબે કરી છે; સંસ્થાનો વસાવી તેઓ ફેલાયા છે; દરીઆઇ સત્તા ભોગવે છે. છતાં કેટલાક અંગ્રેજો હજુ વધારે ને વધારે મુલક તાબે કરવા પોકારી રહ્યા છે. શું તેઓ એમ કરવામાં ગાંડા ને દુનિયાર ગણાય? ને આપણે માત્ર આપણી સ્વતંત્રતા માગીએ તેમાં હદ છોડનારા ગણાઇએ?

જે સ્વદેશાભિમાનનાં ઇંગ્લાંડમાં વખાણ થાય તે સ્વદેશાભિમાન ટ્રાન્સ્વાલમાં શું વખોડવાનું? શું ટ્રાન્સ્વાલ ઇંગ્લાંડ કરતાં ઓછું ખુબસુરત છે કે ઇંગ્લાંડવાસીઓ ઇંગ્લાંડને બેહદ ચાહે, પણ ટ્રાન્સ્વાલવાસીઓ પોતાના દેશને નહિ ચાહે? ના, ના, મહાશયો! એવું કદી બનનાર નથી. ટ્રાન્સ્વાલનો આપણે ખરા જીગરથી બચાવશું,

તેની ઉપરથી આપણે જાન કુરબાન કરીશું.

જે માણસ બીજાનું સ્વદેશાભિમાન જોઇ પોતે, પોતાના દેશને નહિ ચાહે તેનું શું કહેવું? જેઓનાં દીલ પથ્થર જેવાં છે તેઓ બીજાની સ્વદેશ ભક્તિથી નહિ હશકેરાય તેમાં શું તાજુબી! જેઓને સ્વદેશાભિમાનનો જુસ્સો નથી તેઓની ઉપર આપણે દયા ખાઇશું. જો કે આપણે તેમની પેઠે તાલેવંત નહિ હોઇએ છતાં દેશાભિમાનની લાગણીને લીધે આપણે તેમના કરતાં વધારે નથીબદાર છીએ.

આપણાં દિલ આ દેશના પ્યારથી ઉભરાઇ આવે છે. દેશનો પ્યાર તે ખરૂં જીવન છે. તેમાં ખરૂં માન છે. તેજ મોટામાં મોટી કીર્તિ છે.

તમે જાણો છે કે અંગ્રેજી પબ્લીસીટી લીસ્ટો (બીજી પ્રજાઓને પોતાના રાજ્યતંત્રે રાખવામાં વડાઇ માનનારાઓ) આપણી પ્રજાકીય દીલચાલથી ડરી ગયા છે. દેન શાયાઇની કતલથી, જુલ્ફકરમાં વધારો કરી ને અને આપણી ઉપર ધર્મીધપણાનું તહોમત મુકીને તેઓએ આપણી ઉપર હલ્લાઓ કરી છે. પણ તેઓ એકદમ નિષ્ફલ થયા છે ને દુનિઆ તેઓની સામે હસે છે. આજે તેઓ આપણામાં દગાખોર અને નીમકહરામ માણસોને પેદા કરી આપણી ઉપર કુમલો કરે છે. તેમની આ દિલચાલ પણ નાબુદ થશે. તેઓ ભલે લશ્કર વધારે; ભલે આપણા શત્રુઓ વધારે. તેથી પ્રજાની આઝાદીની દીલ ચાલ, તથા આપણી હિમત એ બધાં વધવાનાંજ છે. ભલે તેઓ પોતાથી બને તેટલી રીતે આપણું કેળવણી બાબું બગાડે, અણધ્યા જુવાનીઆની સામે ભલે કટાક્ષ કરે. પણ હવે પછીના જુવાનીઆ તે બધા સ્વદેશ ભક્ત થવાના. ભલે તેઓ લાંચ આપી આપણને ફોડવામાં પોતાનો પૈસો બગાડે. જો એક એવડા પ્રજાપ્ત ફાંસી પેદા થશે તો તેની જગ્યાએ દસ સ્વદેશાભિમાની બનશે. જે પ્રજા સ્વદેશાભિમાની છે અને પોતાની સ્વતંત્રતા મેળવવા ઇચ્છે છે તે કદી નાશ પામતી નથી.

સ્વદેશાભિમાન એકજ જાતનું હોય. બીજી બાબતોમાં માણસ ઉતરાઇ શકે છે. પણ સ્વદેશાભિમાનની લાગણી એવી છે કે તે વરતાયા વિના રહેતીજ નથી. 'અંગ્રેજો તમારો દેશ લઇ બેઠા છે તે વિષે તમે શું કહો છો?' એવો સવાલ કોઇ પુછે તેના જવાબ દેવામાં તત્વજ્ઞાનની કે અનુભવની જરૂર નથી પડતી. જવાબ તુરત મળશે કે "પ્રજાપ્તમાંથી તેઓ જાય એવી મારી ઉંડી આશા છે અને તે આશા પાર પાડવાને અરથે મારે મથવું એ મારૂં કામ છે." જે પ્રજાઓમાં જ્ઞાન અને સુધારો નથી તે પ્રજાને પણ આવી જાતની ઇચ્છા રહે છે. કેમકે તે ઇચ્છા કુદરતી છે. તે ન હોય તે માણસ કહેવાય નહિ. આવી લાગણીની સામે જે માણસ થાય તેને લોકો ધિક્કારી કાઢે છે.

ફ્રાન્સ તરફ જુઓ. તે દેશની પ્રજા કેટલી સ્વદેશાભિમાની છે! જો ફ્રાન્સની સામે કોઇ બોલવા ઉઠે તો તેને તેઓ મારવા તયાર થાય છે. જો ફ્રેંચ જેવી જબરી પ્રજાના માણસો સ્વદેશાભિમાન સામે કોઇ બોલે તો ચીડાઇ જાય છે ત્યારે આપણે કેમ નહિ ચીડાઇએ? આપણને તો સ્વદેશાભિમાનના જુસ્સાની ઘણીજ જરૂર છે; કેમકે આપણે આપણા દેશને છોડાવવાનો છે. દેશદેવી પ્રજાપ્ત ચાસી કહેતાં શરમાતા નથી કે તેઓએ અંગ્રેજને પ્રજાપ્તનું ઘણીપણું સોંપ્યું છે. જેઓ પ્રજાપ્તના હરકત તથા માનને સારૂ મરવા તયાર થાય છે તેમને તેઓ ધિક્કારે છે. તેવાને શરમ છે. તેઓ તો આપણા તિરસ્કારનેજ લાયક છે. તેઓના કામથી પ્રજાપ્તની નાબોશી થાય છે. આપણે તો પ્રજાપ્તનું માન વધારવા મહેનત કરીએ છીએ. જે પ્રજાની ઉપર પરદેશીઓ રાજ્ય કરે છે, જેની ઉપર તે જુલમ કરે છે તેવી પ્રજામાંથી આજલગી એવા માણસો પેદા નથી થયા કે જેણે કહ્યું છે: "તમે તો અમારા ધણી છો; તમે અમારી ઉપર ઉપકાર કરો છો, તમને જેમ ઠીક લાગે તેમ કરો."

જેઓ એમ માને છે કે અંગ્રેજો દગાખોરને પસંદ કરે છે તેઓ ભુલ કરે છે. એવા માણસને પોતાનો હેતુ પાર પાડવા તેઓ (અંગ્રેજો) વાપરે છે, પણ તેની ઉપર તિરસ્કારની નજરથી જુએ છે. જે પ્રજા એમ માને છે કે આખી દુનિયામાં રાજ્ય કરવાને તેના પુત્રો જનમ્યા છે તે અંગ્રેજી પ્રજા બેવફાઇને સારૂં મોતની સજા આપે છે. એવી પ્રજા બીજી પ્રજા માંના બેવફાદારને ચાહે એ બનવાકાળ નથી. જેવા દગાબાજ આપણામાં છે તેવા દગાબાજ જો ઇંગ્લાંડમાં હોય તો ઇંગ્લાંડના શા હાલ થાય? જો અંગ્રેજો બેવફા હત તો તેઓ આવા આબાદ હોત, અને એટલા દેશો જીતી શકત? કદી નહિ. જે પ્રજામાં સ્વદેશાભિમાન નથી તે પ્રજાજ નથી; તે પ્રજાનું તારણ થાય નહિ. બેવફા માણસો તરફ કમજા બતાવ્યા વિના સ્વદેશાભિમાનને જુસ્સો પુરો પ્રસરી શકતો નથી. મને કેટલાક માણસો કહે છે કે બેવફા માણસો તરફ હું આકરો છું. આનો જવાબ એ છે કે જો હું તેમ ન કરૂં તો સ્વદેશાભિમાન મારામાં તેટલું ઓછું મનાય. જે માણસ પોતાના દેશના હક જતા કરે છે તે માણસ જંદગી ભર નામરદો સમજવો. જે પ્રજા એવા નામરદાને કોમની બહાર રાખે છે તે પ્રજા માંજ સ્વદેશ ભક્તિ વધે છે.

અધુરૂં.

સ્ટીમરોની હિલચાલ

[નાતાલ કાઇરેક્ટ લાઇન.]

અમકુંબી—તા. ૪થી જુલાઇએ મુંબઇ જવા ઉપડશે.

ક્રાંગેલા—તા. ૨૧મીએ કલકત્તાથી નાતાલ આવવા ઉપડી છે.

અમલાઝી—તા. ૨૨ મીએ કલકતા જવા ઉપડી હતી.

અમકુઝી—તા. ૨૬મીએ કલકતા પહોંચી છે.

[જરમન લાઇન]

પ્રેસીડેંટ—તા. ૨૩મી જુને મુંબઇ જવા ઉપડી હતી.

[ઇડિઅન આફ્રિકન લાઇન]

ટીન્હાઇ—તા. ૪થી જુને કલકત્તાથી ઉપડેલ છે. તા. ૨૪ જુનના અરસામાં કલકતા પહોંચશે.

ગોગોનીબા—તા. ૭મી જુલાઇએ કલકત્તાથી ડરબન આવવા ઉપડી છે.

ડનેરીક—તા. ૬ઠ્ઠી જુને કલકતાથી રંગુન પહોંચવા ઉપડી હતી.

રાસદારા—તા. ૨૨ જુનના અરસામાં કલકતાથી દક્ષિણ આફ્રિકાનાં બંદરો માટે માલ ભરશે.

હીંદુસ્તાનની હવાલ

તા. ૨૨ મીએ અમલાઝીમાં, તા. ૨૩ મીએ પ્રેસીડંટમાં, તથા તા. ૨૫ મીએ અમ્હલોટીમાં જવા બંધ થઇ હતી.

મી. હજરતખાન અને સન ગેઝેટમાં જણાવે છે કે પ્લેન્ડેલ ઉપરાંત તેમણે ઝુલ્લવરમાં બીજનેસ હાઉ કરેલું છે.

સવાદ્ય

પ્રકરણ ૨ જું

દોલતની નસો

VIII - 324

(ગયા અંકથી ચાલુ)

આપણે જોઇ ગયા કે પૈસાની કિંમત, માણસોની મજુરી તેવડે મેળવવા ઉપર છે. જો મજુરી મફત મળી શકે તો પૈસાની ગરજ રહેતી નથી. પણ માણસોની મજુરી વગર પૈસે મળી શકે એવા દાખલા જોવામાં આવે છે. અને પૈસા બળ કરતાં બીજું નીતિબળ વિશેષ કામ કરે છે એવા દાખલા આપણે જોઇ ગયા. પૈસા જ્યાં કામ નથી કરી શકતા ત્યાં સદ્‌ગુણ કામ કરે છે એમ પણ આપણે જોયું. ઇગ્લાંડમાં ઘણી જગોએ પૈસાથી માણસોને ભેળાવી શકાતા નથી.

વળી જો આપણે કબુલ કરયું કે માણસોની પાસેથી કામ લેવાની શક્તિ તે દોલત છે, તો આપણે એમ પણ જોઇ શકીએ કે તે માણસો જ્યારે દરજ્જે હુશિયાર અને નીતિવાન હોય તેટલે દરજ્જે દોલતનું માપ વધ્યું. એમ વિચારતાં આપણે જોઇશું કે ખરી દોલત તે સોનું રૂપું નથી પણ માણસો પોતે છે. દોલત તની ખોળ ધરતીના આંતરડાંમાં નથી કરવાની, પણ માણસના દિલમાં કરવાની છે. અને એ વાત ખરી હોય તો અર્થ શાસ્ત્રીનો ખરો નિયમ તો એ થયો કે જેમ અને તેમ માણસોને તનમાં, મનમાં ને માનમાં આરોગ્ય રાખવા. એવો અવસર પણ આવે કે જ્યારે ઇગ્લાંડ ગોવળકોંડાના હીરાથી ગુલામોને થણગારી પોતાની દોલતનો દેખાવ કરવાને બદલે, મરા ગ્રીસના નામાંકિત માણસે કહેલું તેની માફક પોતાના નીતિવાન મહાપુરૂષોને બતાવી કહી શકે કે

"આ મારી દોલત છે."

પ્રકરણ ૩ જું

આકસ્મ ન્યાય

ઇસ્વીસન પૂર્વે કેટલાક સૈકા ઉપર એક મહટો વેપારી થઇ ગયો. તેનું નામ સોલોમન હતું. તેણે ઘણો પૈસો મેળવ્યો હતો અને તે ઘણો પ્રખ્યાત થયો હતો. તેની કહેવતો આજ પણ યુરોપમાં ચાલી રહેલી છે. વેનીસના લોકો તેને એટલો ચહાતા કે તેઓએ વેનીસમાં તેનું બાવલું ઉભું કરેલું. જો કે એની કહેવતો આ જમાનામાં ગોખી રાખવામાં આવે છે છતાં તે પ્રમાણે ચાલનારા બહુ થોડા આદમીઓ છે. તે કહે છે કે "જેઓ જુઠું બોલીને પૈસો કમાય છે તેઓ મગરૂર છે ને તેઓના મોતની એ નિશાની છે," વળી બીજી જગ્યાએ તેણે કહ્યું છે કે "હરામખોરોની દોલત કંઇ ફાયદો કરતી નથી. સત્ય એ મોતમાંથી બચાવે છે." આ બંને કહેવતોમાં સોલોમને બતાવ્યું છે કે અન્યાયે મેળવેલી દોલતનું પરિણામ મોત છે. આ જમાનામાં જુઠું અને અન્યાય એવી સરસ રીતે બોલવામાં તથા કરવામાં આવે છે કે આપણે સાચા રસ્તે તે કહી શકતા નથી. જેમકે જુઠી જાહેર ખબરો નાખવામાં આવે છે, વસ્તુઓની ઉપર માણસ ભોળાવાય તેવાં નામ ચોંટાડવામાં આવે છે. વિગેરે.

વળી તે ડાહ્યો માણસ કહે છેઃ "જેઓ દોલત વધારવાને ખાતર બરિબોને પીડે છે તે છેવટે ભીખ માગતા થશે." વળી તે કહે છેઃ "બરિબોને સતાવો નહિ. કેમકે તેઓ બરિબ છે. વેપારમાં પીડા બોલાની ઉપર જુલમ ન કરો. કેમકે જેઓ બરિબને સતાવશે તેને ખુદા સતાવશે." છતાં હાલ તો વેપારમાં મુએલા ઉપરજ પાટુ મારવામાં આવે છે. જો માણસ ભીડમાં આવ્યો હોય તેનો લાભ લેવા આપણે તૈયાર થઇ જઇએ છીએ. ઘાડ પાડુઓ તવંગર ઉપર ઘાડ પાડે છે. પણ વેપારમાં તો બરિબોને લુટવામાં આવે છે.

વળી સોલોમન કહે છેઃ "તવંગર અને બરિબ બંને સરખા છે. ખુદા તેઓનો પેદા કરનાર છે. ખુદા તેઓને જ્ઞાન આપે છે." તવંગરને બરિબ વિના અને બરિબને તવંગર વિના ચાલતું નથી. એક બીજાનો બચાવ હમેશાં રહેલો છે. એટલે કોઇ કોઇને ઉંચો નીચો કહી શકે તેવું નથી. પણ જ્યારે આ બંને પોતાનું એક સરખાપણું ભુલી જાય છે, ને ખુદા તેઓને સમજ દેનારો છે એ વાતનું ભાન જતું રહે છે ત્યારે વિપરીત પરિણામ આવે છે.

અધુરૂં

ડર્બનું કાનૂની હાજી સુલેમાન અને કા. માં ઇબ્રાહીમ ખાન ભાગીદાર થએલ છે એવી નોટીસ ગેઝેટમાં છે.

નાદારી કોર્ટનો નોટીસો વગેરે

(ગવરમેંટ ગેઝેટમાંથી)

એડનરેલના ચેપૂત સબોધુ નાયકુની નાદાર મીલ્કતના સંબંધમાં તેના લેણદારોની મીટીંગ તા. ૩ જી જુને મારિત્સબરગ સુપ્રીમ કોરટના એકટીંગ માસ્ટર આગળ ભરાશે.

સીડનહામના પુના સામીની મીલ્કત તેના દીકરા મરી મુથુને (ઓવરપાર્ટ) સોંપવામાં આવી છે; ને તેણે ઉપલી મીલ્કતનું દેવું ભરવાનું માથે લીધું છે.

ડરબનના સ્ટોરકીપર મુલચંદ ભગવાનની મીલ્કત નાદાર તરીકે જાહેર કરવા તા. ૧૩ જુલાઇએ ડરબન સરકીટ કોરટને અરજ થનાર છે.

કલેર એસ્ટેટના કોલોનીઅલ હીંદી બુધન સોમર જે ડરબન કંદીમાં રહુલ માસ્તર છે તેની મીલ્કત નાદાર તરીકે જાહેર કરવા તા. ૧૪ મી જુલાઇએ ડરબન સરકીટ કોરટને અરજ થનાર છે.

અમાઉ ટોંગાટમાં અને હાલ સીડનહામમાં રહેતા રામચરણની મીલ્કત નાદાર તરીકે જાહેર કરવા તા. ૧૪ મી જુલાઇએ ડરબન સરકીટ કોરટને અરજ થનાર છે.

મારિત્સબરગના એસ. એ. નાયકુની જપ્ત મીલ્કતના સંબંધમાં તેના લેણદારોની ખાસ મીટીંગ તા. ૭મી જુલાઇએ સુપ્રીમ કોરટના માસ્ટરની ઓફીસે ભરાશે.

માલવરનના માળી રામકીશનની મીલ્કતના સંબંધમાં વહેંચણીના આંકડા સુપ્રીમ કોરટમાં રજુ થયા છે, અને તેની નકલ અમલદારી ડીવીઝનના મારીસ્ટોટ આગળ રાખવામાં આવી છે; જ્યાં તે તા. ૬ઠી જુલાઇ સુધી તપાસણી માટે ખુલ્લા રહેશે.

મારિત્સબરગના સ્ટોરકીપર મુસા ખાનની નાદાર મીલ્કતના સંબંધમાં વહેંચણીના આંકડા સુપ્રીમ કોરટમાં રજુ થયા છે, જ્યાં તે તા. ૭ મી જુલાઇ સુધી તપાસણી માટે ખુલ્લા રહેશે.

ચરચા પત્ર.

અમારા ચરચાપત્રીઓ નીચેના નીયમો ધ્યાન રાખશે તો તેઓના પત્રો ઉપર તુરત ધ્યાન મળવાનો સંભવ છે.

૧. કાગળની એકજ બાજુએ લખવું
૨. અક્ષર મોટા સાફીથી લખવા.
૩. નામ તથા ઠેકાણું બરોબર લખવાં તે હમેશાં બહાર પાડવા સારૂં નહિ, પણ અમારી નાંધને સારૂં
૪. મંત્રણવારના સાજ સુધીમાં મળેલ લખાણો તેજ અઠવાડીયામાં દાખલ કરી શકાશે.
૫. રદ કરેલાં ચરચાપત્રો જોઇતી રાખવા અથવા લખનારાઓને પાછાં મોકલી આપવાને અમે બંધાતા નથી.
૬ લખાણ હમેશાં કુંકે અને ટુંકાણ કરવું.—અધિપતિ.

ચરચાપત્રોઓને જવાબ.

મી. મોહનભાઇ—એ હકીકત છાપામાં નાખવાની જરૂર નથી.

"બારકાછાના ખબરપત્રી"—તમારાનામ ઠામ સાથે પ્રગટ કરી શકાશે.

અ. ઇ. ઓ.

પરચુરણ ચરચા

ડાંડીમાં દરજીની જરૂર વિષે લખનાર ચરચાપત્રીના જવાબમાં "ન્યાય" નામથી એક લખનાર જણાવે છે કે અહીં દરજી ની જરૂર વિષેની વાત તાપામાદાર છે.

ટોંગાટથી મી. રતનશી સોદા લખે છે કે—અત્રેથી સનાતન ધરમસભા તરફથી જે સ્કુલ બાંધવાનું કામ ચાલે છે તેના ફંડમાં મદદની ઘણી જરૂર છે; તો હીંદુ ભાઇઓને આ કામમાં મદદ કરવાની વિનંતી છે; તથા જેઓએ પોતાની ઉમેદથી નાણાં લખાવ્યાં છે તેઓ તે જલદી મોકલી આપવા મહેરબાની કરશે.

સમરસેટ સ્ટ્રાંડ (કેપ) થી મી. મુસા બાપુ સુતરીયા લખે છે કે—અરૂચ કબ રસ્તાનના કેસ સંબંધમાં કાનજીભાઇ ભાઇ ઓએ પૈસાની મદદ કરવાની જરૂર છે. એ કામના ઉધરાણાસારે અમારા તરફથી મેસર્સ હુસેન ખાન, તથા મીઆ મહમદ નીકળવાના છે.

જોહાન્સબરગથી મી. અલીભાઇ ઇસ માલજી પીકેટ લખે છે કે:— હીંદુ અને મુસલમાની જમાત તરફથી નોકર રખાતા માણસ (જેવા કે બાંગી પેરાદમામ) લાંબો વખત એજ નોકરીપર રહે છે તો જમાત ના માણસોથી માહિતગાર થયા પછી કોમ કોઇવાર બાંહોબાંહે કુસંપ કરાવે છે. તેથી વરસો વરસ નવા માણસ નીમવાનો બદલે જમાતે જોવો જોઇએ.

"એક કઠોરવાસી" કરબનથી લખે છે કે કેટલોક વખત થયાં કઠોર મેહરીલે રોનકુલ ઇસ્લામ સ્થપાયુ છે. તેનાથી ઘણો ફાયદો થયો છે. કોમમાં સંપ વધ્યો છે; તથા અંગ્રેજી નિશાળ સ્થપાઇને ઇલમનો પણ વધારો થયો છે. હવે એ મેહરીલ તરફથી એક માસીક પત્ર બહાર પાડવું નીકળે તો કોમને લાભ થાય. હજુ સુધી સુરત જીલ્લામાં સુની કઠોરા કોમ તરફથી પ્રગટ થતુ હોય એવું એક છાપું કે માસીક નથી. આશા છે કે મેહરીલની સ્થાપનામાં મહેનત લેનાર મહદસ્થો આ વાત ઉપાડી લેશે.

અમલીટોથી "કઠોર મેહરીલે ઝીનતાલ ઇસ્લામનો ખેરખ્વાહ" એ નામથી એક લખનાર જણાવે છે કે અગાઉ બે ત્રણ વખત ઉપરની મેહરીલના ઉધરાણા વિષે છાપામાં લખવામાં આવેલ પણ હજુ સુધી એ મંડળીના કરબન ખાતેના આગેવાનોએ ધ્યાન દીધેલુ નથી તો વિનંતિ સાથે સૂચના કરવાની કે એ મંડળ ટુંક મુદતમાં ઉભું થએલ છતાં ઘણાં સારાં કામો કરી શકયું છે, ને હરસ્તામી ભાઇ ઓને મોટો હાથદો થયો છે; તેથી આ ઉધરાણાનું કામ તુરત ઉપાડી લેવું તે ફરજ છે.

પ્રીટોરીઆથી એક લખનાર જણાવે છે કે અત્રેના લોકેશનમાં રહેતા ત્રણ હીંદી ભાગીદારીથી બુચરનો ધંધો કરતા હતા. તેમાંનો એક માણસ પા. ૧૦૬–૫–૦ રોકડા લઇને બકરાં ખરીદવા જોહાન્સબરગ જાઉં છું એવું કહીને તા. ૧૩ મે એ ગએલો. ને ત્યાર પછી તેના કાંઇ સમાચાર જ મળેલા નહીં. તેથી તેને વિષે તપાસ કરતાં હાલમાં માલુમ પડયું છે કે તે પૈસા લઇ બેરા થઇને દેશ જવા ઉપડી ગયો છે, અને હાલ પોતાને વતન જોડીએ પહોંચી પણ ગયો હશે. પહેલાં તો તે માણસે મુરસેદની માફક વરતી ઘણા પ્રપંચ કરેલાં તેથી તેનાપર વિશ્વાસ બેસી ગએલો: પ્રતાં પાછળથી દગો દઇ ચાલ્યો ગયો છે. આવા માણસથી ચેતતાં રહેવા દરેક હીંદીને ભલામણ કરૂં છું.

રૂટરના તાર સમાચાર.

કેનેડા તથા અમેરિકાની સાથે જાપાને કરેલી સંધી મુજબ વધારેમાં વધારે જાપા નીઓ તે મુલકમાં દાખલ થઇ ગયા છે, અને તેથી હવે વધુ જાપાનીઓને તે મુલ કોમાં જતાં જાપાન સરકાર અટ કાવશે નહિ તો તે મુલકો વચ્ચે કડવાશ ઉત્પન્ન થવા સંભવ છે.

પ્રીટોરીઆના મેયર (દેશી રાજકર્તા) જે યુરોપની મુલાકાતે નીકળેલ તે તા. ૨૨ મીએ લંડન પહોંચેલ છે.

તા. ૨૨મીએ ઔરતોના વોટમાટે લડત લેનારી બાનુઓની એક જંગી મીટીંગ ભરાઇ હતી, અને તેમાં ભાષણો અપાયાં હતાં. એ મેળાવડામાં દક્ષિણ આફ્રિકાની પણ કેટલીક ગોરી બાનુઓએ ભાગ લીધો હતો. જેમાંની એક ડરાંસવાલના એજંટ જનરલ સર રીચર્ડ સાલોમેનની બાનુ હતી. એ મીટીંગમાં રા। થી ૫ લાખ જેટલા માણસોએ ભાગ લીધો હતો. આવી મોટી સંખ્યાથી ઔરતના વોટના સવાલ વિષે મી. એસ્કવેથ (વડા પ્રધાન) ને વિચારવું પડશે એમ તેઓ ધારે છે.

ચીનની દક્ષિણે વરસાદના તોફાન સાથે મોટું પુર આવવાથી કેટલાંક ગામો ડુબી ગયાં હતાં, તથા આવલ વગેરે માલ તદન નાસ થયા હતા.

ઇરાનના શાહ અને ત્યાંની પ્રજાકીય પાર્લામેંટ વચ્ચે ચાલતા ઝગડા સંબંધમાં કેટલાક સોલ્જરોએ જઇને પાર્લામેંટ હાઉસ ઉપર હુમલો કર્યો હતો; અને શાહે માગેલા માણસો તરફે કરવા માગણી કરી હતી. પાર્લામેંટે તેમ કરવા ના પાડવાથી ગોળીઓ છોડવામાં આવી હતી. ને સખત ઝપા ઝપી થઇ હતી.

કેરીઆમાં જાપાન વિરૂદ્ધ ઉશ્કેરણી કરવા માટે એક અંગ્રેજ છાપાકારને સજા થઇ હતી.

વડી પાર્લામેંટમાં મી. હેરોલ્ડ કોક્સની અવાલના જવાબમાં કરનલ સીલીએ જણાવ્યું હતું કે ટરાંસવાલમાં નેટીવો સંબંધમાં કામ અને પ્રટોરીયને બગત; બાગોમાં ત્યાંની સરકાર ફેરફાર કરવા માગે છે કે નહિ એ વિષે કાંઇ ચોખવટ થઇ નથી.

નવું પુસ્તક

સત્યાગ્રહની કહાણી

સત્યાગ્રહની લડાઈ એવી જંગી ચાલી છે કે તે બાબતનું પુસ્તક લખવાની ઘણા માણસો તરફથી માગણી થઈ છે. તે વિષે ચર્ચા આખી દુનિયામાં થઈ છે. તેનો ઇતિહાસ ઘણી જગોએ વંચાશે એમ અમે માનીએ છીએ. તેથી તેવું પુસ્તક અંગ્રેજીમાં બહાર પાડવાનો અમે ઇરાદો રાખ્યો છે. તે પુસ્તકમાં આખી લડાઇનો ઇતિહાસ આવી જશે. તેમાં મુખ્ય માણસોની છબીઓ આવશે. જુદે જુદે વખતે બહાર પડેલાં કારટુનો વિગેરે પણ આવશે. સરકારની સાથે થએલાં સમાધાનોના હેવાલ પુરા આપવામાં આવશે. તે પુસ્તક મી. પોલાક લખવાના છે. તેને સરસ કાગળ ઉપર છાપવામાં આવશે. અને સરસ પુંઠાથી બંધાશે. તેવું પુસ્તક છાપવાનું કાગળનું અને મજુરીનું ખરચજ ઘણું સખત પડશે. મહેનતાણાની તો ગણતરીજ નથી કરતા. એ પુસ્તકની હજારો નકલ ખપે એવું આપણામાં જોસ નથી. તેથી અમે એક હજાર નકલ બહાર પાડવાનો ઇરાદો રાખ્યો છે. જ્યાં સુધી પાંચસેં નકલના ઘરાક થાય નહિ અને તેની કિંમત ન મળી જાય ત્યાં સુધી તે પુસ્તક બહાર પાડવાનો અમારો ઉદ્યદો નથી.—કેમકે અમારી તાકાદ નથી. તેની કિંમત ઘણા વિચાર પછી અમે પાંચ શીલીંગ રાખવાનો ઠરાવ કર્યો છે.

આ પુસ્તકનો મુખ્ય ઉપયોગ હીંદુસ્તાનમાં તેનો ફેલાવો કરવાનો છે એમ માનીએ છીએ. જે હીંદી તે પુસ્તક ખરીદી શકે તે સાથે જો મુલક બોકલે તો તેમાંથી અમે ફાયદો જોઇએ છીએ. તે એ કે હીંદી દુઃખોની કહાણીનો પ્રચાર થાય. આ પુસ્તકમાં જો કે બીજા ભાગ ના દુઃખનો પુરો હેવાલ નહિ આવે તો પણ તેમાં એવું એક પ્રકરણ આવશે કે જેમાં ઘણે ભાગે તે દુઃખોનો સમાસ થાય.

હવે આ પુસ્તક બહાર પાડવું કે નહિ તે અમારા વાંચક વરગ ને હીંદહિતેચ્છુ ના હાથમાં છે.

જેઓ તેના ઘરાક થવા માગતા હોય તેઓએ પોતાનું નામ તથા ઠેકાણું નીચે ને ઠેકાણે મોકલી દેવાં. તેના સાથે શી. ૫/ મોકલવી. તેના સ્ટાંપ અથવા મની ઓરડરજ મોકલવાં. કેમકે ચેક મોકલવાથી તેની ઉપર કમીશન બેસે છે. જેઓ પૈસા મોકલશે તેઓને પહોંચ આપવામાં આવશે અને જો ઉપરનું પુસ્તક બહાર નહિ પડે તો તે પૈસા પાછા આપવામાં આવશે. પુસ્તક લખાતાં બે માસ જ્યાનો સંભવ છે. છપાતાં ને બહાર પાડતાં ચાર માસ વખતે જાય. એટલે જો આજથી ૭ માસમાં અમે તે પુસ્તક બહાર નહિ પાડીએ તો અમને મોકલેલા પૈસા અમે તે તે ઘરાકને પાછા આપવા બંધાએલ છીએ.

જેઓ પુસ્તકને સારૂં પૈસા આપે તેઓ એ અમારી છાપેલી પહોંચ મામવી ને લેવી. તેનેજ અમે પહોંચ મોકલીશું.

પૈસા તથા નામ નીચેને કોઇ ઠેકાણે મોકલવાં.

ઇંટરનેશનલ પ્રીંટીંગ પ્રેસ,
ફીનીક્સ, નાતાલ.

અથવા

એમ. કે. ગાંધી,
બોક્સ ૧૫૨૨,
જોહાન્સબરર્ગ.

જાહેર ખબર

અમારા ગ્રાહકોને જણાવવાને રજા લઇએ છીએ કે વેપારની કથળી સ્થિતિને લીધે અમે અમારૂં કલકત્તાનું કામ બંધ રાખેલ છે. જેથી જેઓ સાહેબ તરફથી ઓરડરો ગયા હોય તેઓએ જરૂરીજ હોય તો ટરાંસફર કરાવવા ખબર લખવા, અગર અમારાથી બનશે તો ઘણે ભાગે જુનની આખર સુધીના ઓરડરો એકઝીકયુટ કરશું. બાદ જુલાઇની ૧લી તારીખ પછી કંઇપણ કામ થઇ શકશે નહિ. જેઓની સાથે તપાંતું જે કંઈ લેણદેણ હશે તે કલકત્તાથી હિસાબ આવતાં ચોખ્ખ થશે.

સહી. પી. ડી. સંઘવી.
ડરબન
તા. ૨૩ જુન ૧૯૦૮

ડરબનના એક હીંદી વેપારી મી. હાજી આલમગા। ફરજંદ મી. અહમદે અલીગઢ મહોમેડન કોલેજમાં એક એકઝીબીશનમાં સારા અંગ્રેજી અક્ષર માટે પહેલા નંબરનું રૂા. ૨નું ઇનામ મેળવ્યું છે. મી. અહમદે ડરબનમાં કેટલોક અભ્યાસ કર્યો હતો, અને તે આગળ વધારવા માટે બારેક માસ થયાં તે અલીગઢ કોલેજમાં દાખલ થયેલ છે.

રોકડ ખજાર ભાવ

		શી. પે.	શી. પે.
ચાવલ બાંબ્ર ૧મસ્તાની		૨૩ ૦ થી	૨૪ ૦
બીજડીના	,,	૨૯ ૬ ,,	૩૦ ૬
એફ. એફ. ડી. આર.		૨૧ ૬ ,,	૨૨ ૦
એફ. ડી. આર.	,,	૨૦ ૬ ,,	૨૧ ૬
ચીની સકર	,,	૨૪ ૦ ,,	૨૫ ૦
ફુંડાના	,,	૨૪ ૦ ,,	૨૫ ૦
દેશી તુવેર દાળ		૨૧ ૦ ,,	૨૨ ૦
તુવેર દાળ કાનપુરી		૨૩ ૦ ,,	૨૩ ૬
મસુરની	,,	૨૩ ૦ ,,	૨૪ ૦
મગની	,,	૨૯ ૦ ,,	૨૯ ૬
અડદની	,,	૩૦ ૦ ,,	૩૧ ૦
ચણા મુંબઇના	,,	૨૨ ૦ ,,	૨૩ ૦
,, દાળ	,,	૨૮ ૦ ,,	૨૮ ૦
વટાણા	,,	૧૭ ૬ ,,	૧૮ ૬
મઠાઇ	,,	૬ ૦ ,,	૬ ૬
બીનીસ		૧૬ ૦ ,,	૧૭ ૦
કડવું તેલ ૧ ગાલન		૩ ૬ ,,	૩ ૯
ઓરડીનું	,,	૨ ૯ ,,	૩ ૦
ઘીનું	,,	૩ ૬ ,,	૩ ૯
નાળીએરનું	,,	૪ ૦ ,,	૪ ૬
બાંડ સફેદ નાતાલની		૧૮ ૦ ,,	૧૮ ૬
પીળી	,,	૧૬ ૦ ,,	૧૬ ૬
તીરકુળ નાતાલ		૯ ૦ ,,	૧૦ ૦
આટો		૧૨ ૦ ,,	૧૨ ૬
મદ્રાસી સોપારી ૧ રતલ		૯ ,,	૧૦
મરચાં		૦ ૪ ,,	૦ ૫
ઘી પેટી ૪ ટીનના પૈાં		૮ ૦ ,,	૮ ૫
પોરબંદર	,,	૮ ૧૦ ,,	૮ ૧૫
પરાફીન ઓરોહેડ		૭ ૬ ,,	૭ ૯
,, વાઇટ રોસ		૮ ૦ ,,	૮ ૫
,, ,, ગાલન		૧૧ ૬ ,,	૧૨ ૬
નાળીએર		૧૨ ૦ ,,	૧૩ ૦
કથી		૯ ૬ ,,	૧૦ ૦
ડાઇમંડ સોપ		૧૩ ૩ ,,	૧૩ ૯
સાબુ સીલ્ક સ્ટોન		૧૬ ૦ ,,	૧૬ ૬
સાબુ સનલાઇટ		૪૨ ૬ ,,	૪૫ ૦
નેકટર ટી		૧ ૮ ,,	૧ ૯
બાવીસ ગાલન		૨ ૧૧ ,,	૩ ૦
સોપારી સેવરહની		૦ ૧૧ ,,	૧ ૦
નીગ્રો પોઇટ સીગારેટ		૧૬ ૯ ,,	૧૭ ૦
દુધ નેસલનું		૨૦ ૬ ,,	૨૧ ૬
નીગ્રો (લીવરપુલ)			
બરલા એકની		૪ ૩ ,,	૪ ૬

WESTERN INDIA

Army Boot and Equipment Factory,

BOMBAY, India.

GOLD MEDAL
Madras Industrial and Art Exhibition, 1908

(ESTABLISHED 1887)

TWO GOLD MEDALS
Bombay Industrial and Agricultural Exhibition, 1904.

PROPRIETORS—

Messrs. Adamjee Peerbhoy & Sons.

MANUFACTURERS OF—

Military Ammunition Boots, **Volunteer Ammunition Boots,**
Police Ammunition Boots, **Sandals, Gurgabi Shoes, &c.**

Military, Volunteer and Police Harness, Saddlery, Accoutrements, etc., etc.
Leathers :—Russian, satin and black waxed calves, harness leathers of all kinds, bag an carriage hood hides, Morocco, etc., etc.

Civilian Boots, shoes, harness and saddlery of every description.

Travelling Requisites :—Overland Trunks, dress cases, suit and shirt cases, portmanteaux Gladstone, brief, hand and courier bags, hat boxes, bed straps, soiled-linen bags, stick cases, etc., etc.

Mill Stores :—Single and double leather belting, Ginning rollers and washers, Roller skins pickers, hose pipe, etc., etc.

Miscellaneous Leather Goods :—Puttee and lace gaiters, collar boxes, brush cases, cigar and cigarette cases, school bags, Peon's bags, Mussacks, Syce's belts, bottle, and tumbler cases, luggage labels, etc., etc., etc.

ALL ARTICLES GUARANTEED SOLID LEATHER.

Price List on Application.

British Indian Association, Johannesburg.

Summary of Receipts and Expenditure

From 1st April to 31st May.

		£ s. d.	£ s. d.
By Balance			383 17 11
To Advertisements		5 5 0	
„ Cables		1 10 0	
„ Papers		5 6 0	
„ Printing		0 16 6	
„ Stamps		2 14 8	
„ Stationery		1 15 0	
„ Telephone and Telegrams		3 17 7	
„ Typist two months		10 0 0	
„ Presentation purses to			
Mr. Curtis	£10 10 0		
Mr. Ritch	100 0 0		
Mr. Isaac	10 0 0		
Mr. Polak	50 0 0		
Miss Schlesin	10 0 0	180 10 0	
„ Fees Advocate Home		5 5 0	
„ Balance		166 18 2	
		£383 17 11	£383 17 11

બ્રીટાશ ઈન્ડીઅન એસોસીએશન, જોહાન્સબરગ.

તા. ૧ લા એપ્રીલથી ૩૧ મી મે સુધીના બે માસનો હિસાબ.

પૌંડ.	શી.	પે.		પૌંડ.	શી.	પે.	
૩૮૩	૧૭	૧૧	પ્રાંત બાકી.	૫	૫	૦	જાહેર ખબર.
				૧	૧૦	૦	કેબલ.
				૫	૬	૦	પેપર.
				૦	૧૬	૬	છપાઇ.
				૨	૧૪	૮	સ્ટાંપ.
				૧	૧૫	૦	સ્ટેસનરી.
				૩	૧૭	૭	તાર.
				૧૦	૦	૦	ટાઇપીસ્ટ (૨ માસ)
				૧૮૦	૧૦	૦	પર્સ ભેટ આપી.
							૧૦૦ ૦ ૦ મી. રીચ.
							૧૦ ૦ ૦ મી. આઇઝાક.
							૧૦ ૧૦ ૦ મી. કર્ટીસ.
							૧૦ ૦ ૦ મીસ સ્લેશીન.
							૫૦ ૦ ૦ મી. પોલાક.
							૧૮૦ ૧૦ ૦
				૫	૫	૦	એડવોકેટ હોમને ફી.
				૨૧૬	૧૬	૬	
				૧૬૬	૧૮	૨	શીલક.
૩૮૩	૧૭	૧૧		૩૮૩	૧૭	૧૧	

BDOOL RAHMAN,
MERCHANT,
POTCHEFSTROOM.
Address: "RAHMAN."
Box 12.

iman Ebrahim Amod & Co.,
GENERAL MERCHANTS.
Box 262.
Market Square,
KRUGERSDORP

BRAHIM CAMROODEEN.
GENERAL MERCHANT.
Leaf Tobacco a Specialty.
[illegible] STREET, (Camroodeen's Buildings.)
Tel. Add. "AJMERE." Durban

M. A. Karodia & Co.,
GENERAL MERCHANTS
Dealers in all kinds Box 3598.
of Indian Groceries & Soft Goods.
Market Street,
તા. ૨૬મીએ પ્રીટોરીઆ સુપ્રીમ કોરટમાં મી. અસવાત વિ. એશીઆટીક રજીસ્ટ્રાર મી. ચમની વચ્ચેનો કેસ સાંભળવામાં આવ્યો. અરજદાર તરફથી મી. એ. ડી. હોમ, તથા મી. એમ. સ્ટીવનસ્ટીન હાજર થયા હતા. તથા સરકાર તરફથી મી. ડી. વાલ, તથા મેસર્સ ફીડલે, મેક રોબરટ, અને નીમેયર હાજર થયા હતા.

મી. હોમે જણાવ્યું કે જવાબની એફીડેવીટો આજે સવારે ૯૦ વાગ્યેજ રજુ થઇ છે.

મી. ડી વાલે જણાવ્યું કે હું બે એફીડેવીટો રજુ કરવા માગું છું. એક મી. ચમનીની, તથા બીજી જનરલ સ્મટસની.

મી. હોમે જણાવ્યું કેતે એફીડેવીટો લેવા માંગારે કાંઇ વાંધો નથી, પણ તેનો જવાબ આપવા માટે વખત માગુ છું. મારા મિત્ર મી. વોરડ આજે હાજર થઇ શકેલ નથી, અને તેથી મુરૂવાર સુધી કેસ મુલતવી રહેવો જોઇએ.

મી. ડી. વાલે જણાવ્યું કે અરજદારને તેનો કેસ કોરટ આગળ બરોબર રીતે મુકવા ન મળે એવું હું માગતો નથી. પણ હું એ જણાવું છું કે એફીડેવીટોમાં કાંઇ જવાબ આપવા જેવું છે નહિ. એવો આરોપ મુકવામાં આવ્યો છે કે જનરલ સ્મટસે સમાધાનીનો ભંગ કર્યો; પણ તે બાતનો જનરલ સ્મટસ ઇન્કાર કરે છે. એમાં શાનો જવાબ આપવાનો છે તે અમને બરાબર પડતું નથી. બાકી જરૂર જવાબ આપવાની તેમને મરજી એમાં અમારી ના નથી. નામ જજે જણાવ્યું કે કાંઇ બાતનો જવાબ આપવાનો અરજદારનો વિચાર હોય તો હું ના નહિ પાડું. જો તે માટે કેસ મુલતવી રાખવો હોય તો તે મુલતવી રાખવું એ મને દરેક રીતે વધારે સારૂ લાગે છે.

મી. ડી. વાલે જણાવ્યું કે હું તે કબુલ કરવા તયાર છું. પણ હું એક શરત કરું છું કે જો કોઇ નવી એફીડેવીટ રજુ કરવામાં આવે તો તેના જવાબ માટે અમને પુરતી નોટીસ મળવી જોઇએ.

મી. હોમે જણાવ્યું કે અમે પુધારાની એફીડેવીટ મંગળવાર સુધીમાં રજુ કરીશું.

બાદ ના. જજના કહેવાથી કેસ તા. ૨ જી જુલાઇ ઉપર મુલતવી રહ્યો.

અરજદારનો જવાબ

સરકારી એફીડેવીટોના જવાબમાં મી. અસવાત તરફથી નીચે મુજબ જવાબ રજુ કરવામાં આવ્યો.

(૧) મી. ચમનીની તા. ૨૫ તથા ૨૬ ની, અને મી. સ્મટસની તા. ૨૬ ની એફીડેવીટો મેં વાંચી છે.

(૨) તેમાં જણાવેલાં હકીકતોને પાછા ખોકલવા માટે મી. ચમનીને લખેલ કાગળની નકલ આ સાથે બીડું છું.

(૩) મી. ચમનીએ પરમીટ તથા રજીસ્ટ્રેશન સરટીફીકેટ પાછાં આપવાની ઓફર કદી કરી નથી.

(૪) જે સરકારી કાગળ ઉપર મેં અરજી કરી હતી, અને મારે હવે પાછો જોઇએ છીએ, તે કાગળની કિંમત આપવા હું તયાર છું.

મી. ગાંધીનો જવાબ

(૧) મેં મી. ચમનીની તા. ૨૫ તથા ૨૬ની, અને મી. સ્મટસની તા. ૨૬ની તથા મી. અસવાતની તા. ૨૬ ની એફી ડેવીટો વાંચી છે.

(૨) પરમીટ તથા રજીસ્ટ્રેશન પાછા આપવાની ઓફરનો મી. ચમની તરફથી બી. ઇ. એ. ના સેક્રેટરી તરીકે અને એવે કાગળ મળ્યો નથી.

(૩) મી. સ્મટસે કાયદો રદ કરવાનું વચન આપ્યું હતું તે બાતને હું વળગી રહું છું; ત્યારે કાયદો રદ કરવા સરકારનો ઇરાદો નહીં હોવાની વાત કેસની અંદર આવતી નથી હોવાથી તે વિષેની મારી રજુઆતનો ગાળીતીઓ હું આપતો નથી.

માસ મીટીંગ

વધુ હેવાલ

બીજાં બાકીનાં ઠેકાણે

(ઇ. ઓ. માટે ખાસ)

મી. ઇસપ મીયાનું બાકીનું અંગ્રેજીમાં ભાષણ ચાલતું હતું ત્યારે મારે ચાલ્યા જવું પડ્યું (જેનો તરજુમો અમે આપી ગયા છીએ) ત્યાર બાદ મી. ગાંધીએ જુદા જુદા આવેલા તારો વાંચ્યા. તે તારો નીચે પ્રમાણે હતા:—

દિલસોજીના તારો

બારબરટન, હીંદી કોમ તરફથી:—ઠરાવો અમારે કબુલ છે. વધુ ખરચ માટે ચેક મોકલીએ છીએ.

પીટરીટ્ઝ, હીંદી કોમ:—તમે જે કરો છો તે બરાબર છે.

પ્રીટોરીઆ, હીંદી કોમ:—હુંક વખત ની નોટીસ હોવાથી નહિ આવી શકવા માટે દિલગીર છીએ. તમારાં તરફ અમારી બધાની અંતઃકરણ પૂર્વક દિલસોજી છે.

પ્રીટોરીઆ, મી. હાજી કાસમ:—આવવા માટે અશકત છું. મારી ઉંડી દિલસોજી જાહેર કરજો

પ્રીટોરીઆ, મી. મુસાજી પટેલ:—આપણી માસ મીટીંગને મારી દિલસોજી જણાવજો. ઠરાવોને હું મળતો આવું છું.

પ્રીટોરીઆ, મી. પીલે:—માસ મીટીંગ તરફ ઉંડી લાગણી બતાવીએ છીએ. ઠરાવોને મળતા છીએ.

પ્રીટોરીઆ, મી. અલી હસીબ:—ટ્રેન ચુકી જવાથી ૨ વાગ્યાની ટ્રેનમાં આવું છું. ઉંડી લાગણી બતાવું છું.

મીડલબરગ, હીંદી કમીટી:—ડેલીગેટ નથી મોકલી શકયા તે માટે ખેદ થાય છે. કોઇ જાતની શરત વગર સરકારે કાયદો રદ કરવો જોઇએ એવી માગણી કરીએ કૃતેદ બધીએ છીએ.

પીટરસબરગ, હીંદી કમીટી:—હુંકા નોટીસને લીધે ડેલીગેટો નહિ મોકલવા માટે દિલગીર છીએ. તમારા કામ તરફ દિલસોજી છે. અને રજુ થનારા ઠરાવોને મળતા આવીએ છીએ.

રૂપેલોનકન, હીંદી કમીટી:—માસ મીટી ગના બધા ઠરાવોને મળતા આવીએ છીએ. બુઠ્ઠા કૃતેદ બદલે

સ્ટાંડરટન, હીંદી કમીટી:—દિલગીર છીએ કે મીટીંગ નથી બોલાવી. મીટીંગ ના ઠરાવોને અંતઃકરણ પુરવક [illegible] બધા જેવા આપીએ છીએ.

ચાર્લ્સટ્રમ, ટૂંકી કમીટી:—મારા મોટા ગામમાં હાજર ન થઇ શકવા માટે દિલગીર છીએ. મીટીંગના હેતુને અમારો સંપૂર્ણ ટેકો છે. તેના ઠરાવો અમારે મંજુર છે

જીરસ્ટ, ટૂંકી કમીટી:- મારા મોટા ગામમાં ડેલીગેટો મોકલવાનું બની શકે તેમ નથી તે માટે દિલગીર છીએ. ઠરાવોને ટેકો આપીએ છીએ.

ફ્રીડ્રીઆના, ટૂંકી કમીટી:—અમારા કુટુંબો મોટા ગામમાં પસાર થયા તે બધા અમારા ટેકા છે. કુનેહ મળે એમ કામ કરીએ છીએ.

ક્રુસ્ટનબરગ, ટૂંકી કમીટી:—અમારા સેક્રેટરી મી. બખારીઆ આવેલ છે. બધુ વાગે મોટા ગામમાં પહોંચી શકાએ એવી ટ્રેન નથી તેથી દિલગીર છીએ. મીટીંગના ઠરાવોને અમે મળતા આવીએ છીએ.

લેડનબરગ, ટૂંકી કમીટી:—અહીંના ટૂંકીઓ હાજર ન થઇ શકવા માટે દિલગીર છીએ. કુનેહ મળીએ છીએ, તથા ઠરાવોને ટેકો આપી છીએ

બેલફાસ્ટ, મી. ઇ. એ સલ્ફ:—ડેલીગેટ મોકલી શકતા નથી માટે દિલગીર છીએ. જે ઠરાવ થાય તેને અમે ટેકો આપીશું. અહીંના ટૂંકી કહે છે કે સરસ શરતો મેળવીને એશીઆટીક કાયદો રદ કરાવો.

બેલફાસ્ટ, મી. એ. એલ. બચીસા:—અમારા જોટલો બખત નથી. તમારા ઠરાવોને મળતા આવીએ છીએ, અને તમને કુનેહ મળીએ છીએ

તે ઉપરાંત વીરીનીઆમાંથી મી. બરુચી, મી. સુજ, મી. ગોબાત, મી. યુસા અસવાત, મી. ચુનારા, મી. કરીદ, મી. આરડી તેમ જ મી. ઈબ્રાહીમ મુસાને મોકલવાનો, ક્રુસ્ટનબરગ થી મી. ગોજમને મોકલવાનો, બેલફાસ્ટથી મી. ઈસપ સુલેમાન તથા મી. મુલાને મોકલ વાનો, કરમરસડોરપથી મી. મહમદ દાદુ. મી. આમદ વાલ્ન, મી. ઈસ્માઈલ કાજી, મી. ઈબ્રાહીમ પાંડોર, મી. મહમદ વાનીયા, મી. ખરસેદજી દેસાઈ, મી. રાઈજી વિગેરેને મોકલવાનો, કમારી પોરટથી મી. કુબરજી નારણનો, નીકીસ્ટરમથી બે ડેલીગેટ મોકલવા ના એમ તારો હતા. આ તારો વાંચીને અમેજીમાં મી. ગાંધી નીચે મુજબ બોલ્યા:—

મી. ગાંધીનું ભાષણ

આ તારો આવ્યા છે તે ઉપરથી એમ જણાય છે કે મીટીંગનું તેર બહુ છે અને બધા દીલ એકત્ર છે. હકીકતમાં એવું માનવું બારું ગણાશે. આ મીટીંગમાંજ એવા બેબદા છે કે જેઓને બહુ તકલીફ છે. કેટલા નામો છે કે અત્રેવાળાએ, તેમાં મુખ્યત્વે કરીને જે કામને વરેલા છે મેં મારો સ્વાર્થ સાધ્યો છે. આ વાત તદ્દન ગેરવાજબી છે છતાં જે બન્યું છે તે ઉપરથી બહારના લોકોને એવો વહેમ આવવાનું કારણ મળ્યું છે. લોકો માણસના હેતુ ઉપરથી તેને વિષે વિચાર નથી બાંધતા, પણ પરિણામ ઉપરજ નજર રાખે છે. દુનિયામાં હાલ માણસના હેતુ જોઇ શકાતા નથી. તે જે કરે તેનું પરિણામસારૂ આવે તો લોકો સારૂં માને છે, માણસને સારો કહે છે. ખરાબ આવે તો તેને ખરાબ કહે છે. આ કિસ્સામાં મને જે માર પડયો તે બરોબરજ ગણાય. અને જેઓ મારો વાંક કહાડે છે તે પણ બધે બરોબર ગણાય. બીજા આલમે મને માર્યો તે એમ સમજીને કે મેં ભુલ કરેલી. બીજા આલમનો મારી સામે વેર ન હતું. તે મારો અસીલ છે. પણ તેણે માન્યું કે મારે સરકારનો વિશ્વાસ નહોતો કરવો. આ મીટીંગમાં એવા ટૂંકીઓ છે કે જેઓ માને છે કે મારે મી. રમટસની મુલા કાત એકલાએ નહોતી લેવી. મારે કામમાં સલી કરવી નહોતી. બાબાં આજે તેઓ ખરા કહેવાશે. મેં ભુલ કરી એમ મને હજુએ નથી લાગતું. મને જે પરવાનગી લોકો તરફથી મળેલી તેજ મેં કરેલું. તેમાં પરિણામ આજે એવું આવે છે કે જનરલ રમટસ દગો દેય છે. ગોરાઓએ મારા દાખલા ઉપરથી સમજવાનું છે કે જનરલ રમટસના દગા ઉપરથી બધા ગોરા દગાખોર છે એમ ટૂંકીઓ માની લેશે. આમ બીજાને વિચાર નહિ કરી શકે. તે બેદ નહિ રાખી શકે. હું હજુ પણ પોકારીને કહું છું કે જનરલ રમટસે કાયદો બારી રિતે રદ કરવાનું વચન મને આપેલું તેના જવાબી છે. તે બાબત સબાણો મણ છે. આ બધું દુનિયા જોશે. કાયદો રદ કરવાનું એક કોરથી કહે છે તો બીજી કોરથી હક છીનવી લેવાની વાત કરે છે. જ્યાં સુધી હકદાર માણસના હક ન મળે ત્યાં લગી બધું નકામું છે. એક ટૂંકીના પાસે પા. પોણું રજીસ્ટર છે. તેને ગોરાઓ ઓળખે છે તેણે ટ્રાંસવાલમાં વિચાર કર્યો છે. એ માણસને જેના જેવા માણસો તો ટ્રાંસવાલમાં ન આવી શકે તો, અને તો મારે કહેવું કે જે ડોકાબ્બે લોકોને ફ્રીન્ચ પહોંચાડી બાણાય છે તે ડોકું મારા બાઇબો આ ઘર ઉપર રહેતા હોય તો હું ટ્રાંસવાલમાં રહેવા નથી માગતો. જ્યાં સુધી કાયદો બારી રિતે રદ નથી થયો ત્યાં સુધી દરેક ટૂંકીને બુમવાના હું સલાહ આપું છું ને હું પોતે તો છેવટ સુધી બુમીશ.

મી. સુજનું ભાષણ

મી. સુલેમાન સુજ પ્રમુખની ઇ રબરથી બોલ્યા:—

અમે પ્રીટોરીઆવાળા આ બાબતમાં સાથે હ નથી. અમને અગાઉથી નોટીસ ન હતી. મી. ગાંધીનો વિશ્વાસ અમે કરતા નથી. તેણે પરમીટ બાબતમાં લોકો પાસેથી અમે માનાની ફી લીધી છે. મી. રમટસની પારો તેને બોલ્યા બવાનું ન હતું પોતાની સાથે બીજા ટોઇને પણ રાખવાની જરૂર હતી. કાયદો તો અમને પણ કબુલ નથી મેં પોતે તો હજુ સુધી રજીસ્ટર કીધું નથી ને કાયદો રહેશે ત્યાં લગી કરાવું નહિ.

બોલવી સાહેબનું ભાષણ

બોલવી મુખત્યાર સાહેબે પહેલા ઠરાવની દરખાસ્ત કરતાં લોકોને સંપથી કામ કરવા સલાહ આપી. મી. ગાંધીને કહ્યું કે તેમણે ગોરાઓનો ફરી વિશ્વાસ કરવાનો નથી. સરકારની સામે કાયદા બાબત પગલાં લેવાની જરૂર છે. મી. ગાંધીની ભુલ માલમ પડે તે લોકોએ બતાવવાની છે: પણ હાલની લડતમાં ભંગ પાડવાનો નથી. દસ આંગળાં આપવાની બાબત મને પોતાને પસંદ ન હતી. તે બાબત મેં મી. ગાંધીની સાથે વાત કરેલી, પણ તેથી કંઈ લડતને હરકત કરવાની નથી.

ઠરાવો

પછી પહેલા ઠરાવને મી. મણીલાલ બંદુભાઇએ તથા બીજાને મી. કલપ સુલેમાને ટેકો આપ્યો ને તે ઠરાવ સર્વાનુમતે પસાર થયો

મી. ઇમામ અબ્દુલ કાદર બાવઝીરે બીજા ઠરાવની દરખાસ્ત મોકલી. તેમણે પોતાના ભાષણમાં જણાવ્યું કે સરકારની સામે કુરી લડત જેવી અગાઉ લીધી હતી તેવી લેવાની છે. તેમાં દરેક સપડાને ચાલવાનું છે. આ ઠરાવને મી. અનરોદજ દેસાઇ, મી. ઈસ્માઇલ આદમ, મી. થમી નાયડુ, મી. ઉમરજી સાલે, મી. ઇ. એસ કુવાડીયા, મા. જી. કે. દેસાઇ તથા મી. એ. ઇ. મુગનીઆમે ટેકા આપ્યો ને તે સર્વાનુમતે પસાર થયો.

ત્રીજા અને ચોથા ઠરાવની મી. મુળજી પટેલે દરખાસ્ત મુકી, તેને મી એ. એમ. કાજીલીઆ તથા મી. ઇસ્માઇલ અસ્સાતે ટેકો આપ્યો. આ બને ઠરાવ સર્વાનુમતે પસાર થયા.

પછી મી. સુલેમાન સુજે કરી બોલવા કરવું. મા. ગાંધીની ફેર ટીકા કરી. મા. ગાંધીએ જવાબ આપ્યો ને મીટીંગ બરખાસ્ત થઇ

ફ્રુટકાઉનમાંથી ફ્રુટકા ઓર્ગનિસનની ફ્રુટકા નકલ (કીમત ૪ પેની) ત્યાના એજંટ એજંટ મેસરસ પુરુષમત બધર્સ (ઇન્ડસ્ટર સ્ટ્રીટ) તથા મારેકટ અને ગ્રાસમેર સ્ટ્રીટ) ને ત્યાંથી દર અઠવાડીએ મળશે.

ફ્રોટેસ્ટ કીપર ડીટી—ગેરહાજર હોવાથી હાજર રહ્યા જવાબ આપી શકાયું. ફ્રોટેસ્ટ કામકાજ કામ માત્ર આપણે નોંધ ફ્રોટસમાં જરૂરી કરાવું છે. એ. ઇ. એ.

!!! રમુજી રંગ !!!

ખાનદાની ! ભાયુ, એશિઆટીક ઓરડી નન્સે તો તેમા કરી છે કાયદો જેની ને તેની ખાનદની બતારા રહ્યો છે. કોમાંથી આપણા બાં સાહેબ કેમ રહી જાય ? ભાઇબંધે "દાદાકે" સિટામ અખબર કાઢી અમની સરકારનું "ઉત્પત્તિ પ્રકાશ" બગાડ્યું છે. સાહેબ સિયાસતના ચાતા બગીચાની દવા બાગ તરબોળ થઇ રહેલા, એટલે બંગલામાં જુસાતા યું ? તે હોય ! કાયદાના રોદ તે અકકલના ચોટ. પછી કુદરતી મતિમાં શું ખિદ્ધ બાપ કોમ ? " દીદા બીકણ બેકડી છે. જેમ રેમેં-બાય તેમ રેસો " પણ જરનું ગજબ થયું. કોડીનું કર જાણી હાથ ઘાલતાં નાગ કરશે. ને ખાનદાની પતંગ માફક હવામાં ઉડતી બધ્ધ તે ગાંડની ગઇ. બાપુ! કમ બીસીમા સમા નહિ.

× × ×

અરે, બાપુ! કરતુ કયાં પળ્યું ? દયનાં કર્મ દાખે ચમ્યાં ! પરી મારી દીદીને જનરલ કરેજી બાજી યુનાઇ ચીફ્સ ને પુંજી પુંજી થઇ ગઇ. આપેલા વચનનું ભંગ કરવાનું કલંક કમટસ સાહેબને કરમે લોઢયું—માથે પડયું. મી. ફરાર સરખાન બેલ્યાં ટોલ્યાં બતાં માયામાં ટાલ પડી વિચાર કરતાં અકકલ સુન મારી ગઇ. સાંભળતાં કાનમાં બેર મારી ગઇ. બા, થયું હવે! પોબારાયું કાયલીમાં પણી ફરો. અથવા પબ્લિક આગળ પ્રાર્થનાન કરો બાકી

× × ×

રમુજો વાળે બડંગ બડંગ ને દીદી ઉછળે છલંગ કુલંગ? સ્વદેશીપ્રિય, ભાતુ ભાવન જેસ, ને સદ્ગતશીલતાને ફેર વરસાની બાકુક બ્લેસબંધ ઉપર બડી બત્યાં બીટીંગની તયારીઓ ચાલી રહી. સરકાર ની બદનક્ષીની ફરિયાદ કાંમદ બમ્બ મુર્તી આપણી રજુ થઈ બંબ. તડાક, ને ભડાકા! તારના સંદેશા કળકટ કરતા ચાલુ થઇ ગયા. વરસેડામાં જબ્બાની તયારી નીદાળતા હવે આપણે પણ સીધાવશું કેમ બાપ, કીરોજ. અલ્લી, ને બાબુ હાલશો ને?

× × ×

ઘર કુટયું તેનું 'કરમ કુટયું ! બાપુ! કોલોનીઅલ સેક્રેટરી કહે છે કે " બધા દીદી તબાગો વહમાં નથી: ચુનિ સરકાર ની કરેલ કાયદાને મોનાં આપવા ઘણા ખુશ છે. " બા, હવે ખુલ્યા. બાન માનશું એ તો તમને કુલડે વધાવશે. નવાબની કાર્નીએ ગજવશે, ક્રીસ્ટમસના બમેલાના બાબુએ રીજવશે. ને હાજીબા પડાની દરેલમાં ગોઠવાઇ દેશદરોદનો બેતાબ ધારણ કરશે ! બોલ, બા. વધુ કાંઇ જોઇએ ! બોયર વોરમાં પણ જરી પુરવા બીરોસ સાથે મથી તમારું ઘર માંડેલું કે નહિ? અરે મારા બાઇ સાહેબ ! દેખો પ્રથમ આપણી બત, પીછે પુછો હમરી બાત.

રસીક

છેલ્લા અખરો

(૫ ઓ માટે બાસ તારે)

જોહાન્સબરગ, ગુરૂવાર.

જોહાન્સબર્ગ, ગુરૂવારે અરજીઓ પાછી ખેંચવાને મી. અસ્વાત ચાળો કેસ ખરચ સાથે મી. જર્ટીસ સોલોમને કાઢી નાખ્યો છે.

મી. સોંપાઓ, પોતાની તથા જનરલ કમટસની વચ્ચે જે બાનગી પત્ર વ્યવહાર થયેલો તે બધો પ્રસિધ્ધ કરેલો છે, અને જાપામાં કામગા લખેલો છે તેમાં જણાવ્યું છે કે:—

સુપ્રીમ કોર્ટમાં જે કેસ લઇ જવામાં આવ્યો હતો તેનો હેતુ માત્ર ઓટલોજ હતો કે જે મરજીબાત રજીસ્ટર કઢાવ્યાં છે તે ઓટાં કરવાં, અને તેમ કરીને મરજીબાત રજીસ્ટર વાળાઓએ તથા જેમ ના હક મી. કમટસ છીનવી લેવા માંગે છે તે બધાએ એક સરખા થવું.

પ્રસિધ્ધ કરેલા બાનગી પત્રવ્યવહારમાંના તા ૨૮ મા ફેબ્રુવારીના કાગળમાં મેં જનરલ કમટસને કાયદો રદ કરવાના વચન વિષે કરીથી લખ્યું હતું તથા સાથે કાયદો રદ કરવાનું બીલ કેવું ઘડવું તેનો મુસદ્દો મોકલ્યો હતો. આ કાગળની હકીકતનો જનરલ કમટસે બીલ કુલ બનકાર કરેલ નથી.

બાબતના પત્ર વ્યવહારમાં હું કરી કરી ને કહેતો બયો હતો કે કાયદો રદ કરવા નો છે તેમી અમુક અમુક રીત લઇ શકાય. છતાં અમાંની પણ કાંઇ વાતનો જનરલ કમટસે ઇનકાર કરેલો નથી. માત્ર સવાલના જવાબ આપવામાંથી છટકેલ છે. દુમલો થયો તે દિવસે રેવ. ડોકને ત્યાં મી. ચમની આવેલ અને એશીયાટીકોને ઠંડા પાડવા અમે બન્નેએ મળીને નોટીસ ઘડી હતી. તેમાં ચોખ્ખું વચન આપ્યું હતું કે જો એશીયાટીકો સમાધાની કાર પાડે તો કાયદો રદ થશે. આ નોટીસ ગેઝેટમાં બહાર પાડવાની હતી, અને બીજી રીતે પણ જાહેર કરવા ની હતી પણ એશીયાટીક આગેવાનો ની કોન્ફરન્સને લીધે કોકનો રંગ બ્રાંત પડવાથી મી ચમનીની માગણીથી જો નોટીસ બહાર નહિ પડવામાં આવેલી. કુ મી. ચમનીને કહ્યું છું કે જો વચન આપવાની બત બરી ન હોય એ તેનું કહેવું સાચું હોય તો ઉપર જણાવી તે નોટીસનો મુસદ્દો બહાર પાડે.

મી. ચમનીએ વારંવાર મને બાત્રી આપી હતી કે કાયદો રદ કરવાનું વચન જનરલ કમટસ પાળશે

હજી એક મહિના ઉપર વખત નીમી ને હું તથા મી. ચમની જોહાન્સબરગમાં ટ્રાંચિરટર હાઉસમાં મળ્યા હતા જે વખતે કાયદો રદ કરવા માટેના બીલના તા. ૨૨મી ફેબ્રુવારીએ મોકલેલા પસડા ઉપર અમે ચર્ચા કરી, અને મી. ચમની એ તે મુસદ્દો વધુ બારો કરવા સુચના કરેલ. કાયદો રદ કરવાનું વચન આપવાની બત તો ઇન્કાર કરવા જતાં જનરલ કમટસ એવું તો કહે છે કે બીજા વસનારના તથા કેળવણી પામેલાના હક અમે જતા કરીએ તો કાયદો રદ કરવા તે (જનરલ કમટસ) ખુશી છે.

હીંદુસ્તાનની ટપાલ

તા ૮મીએ અમદાવાદમાં જવા તથા ૯મીએ કેનપ્રસરમાં જવા બંધ થશે.

તા ૨૦મીએ કોલેલામાં આવવા વધ્યા છે.

રોડેશીયામાં એશીયાટીક કાયદો થવાથી તે સંબંધમાં ત્યાંના દીદીનો સવાલ જવાડી લેવામારે નાતાલ ઇન્ડિયન કોં ગ્રેસે લંડનની સઉથ આફ્રિકા બોરીક કમીટી ઉપર કાગળ લખ્યો છે. જો અમે બાવતે અઠવાડીએ આવવા વિચારીએ છીએ.

ખબરપત્ર

જોહાન્સબર્ગ

(અમારા ખાસ પ્રતિનીધિ તરફથી.)

સત્યાગ્રહની બહાર

સત્યાગ્રહની લડત પાછી શરૂ થઇ છે. હીંદીઓ હજાર રકમની વાતો કરી રહ્યા છે. બધા હીંમત ધરાવતા જણાય છે.

આ લડત શાની છે?

આ સવાલ બરોબર સમજવાની જરૂર છે. ત્યારે આ લડત હવે કાયદો તોડવા ની નથી. કેમકે કાયદો તો તોડવા રમટસ સાહેબ તયાર હતા. ને કાયદો તુટશે. કાયદો જેઓને કબુલ નથી કરવો તેને હિસાબે તુટેલોજ છે.

વળી નથી આ લડત આંગળાની. આંગળાંમાં કંઇ દમ નથી. રોટલીમાંથી આંગળાં નહીં માગે તેથી નબ્બમત થોડી નથી થવાની. માન જાળવવાની ને ગુલામી ઢાંકી રાખવાની વાત છે ત્યાં આંગળાં તે શી વિસાતમાં?

લડતતો એ વખતના વખ પાના પાસ વાળાની છે. જેઓ બહાર બેઠા છે પણ પોતે ટ્રાંસવાલના પુરાના રહેવાસી છે એમ સાબેત કરી શકે તેવાની છે. અને કેળવણી પામેલાં હીંદીને બાતર છે. આટલું દરેક હીંદીએ બરોબર સમજવાનું છે.

ત્યારે સમાધાની થઇ તે વેળા આ બાબત કંઇ કહેનાર ન હતો. સારે તો હીંદી કોમ બરી છે એ સાબેત કરવાની વાત હતી. ત્યા લગી માથું ઉચકાય તેમ ન હતું. તે વેળા વધુ પા. વાળાની તથા બીજા રેફ્યુજીની સ્થિતિ તથા કેળવણી પામેલાની સ્થિતિ અધર હતી. તેથી તેનું બોલ્યુ બનાર ન હતું.

હવે ત્યારે કાયદો રદ કરતી વેળા જનરલ સ્મટસે તેવા લોકોની સ્થિતિ બરાબર કિતે બોલ્યુ કરવા ધારેલું, ત્યારે તેવા માણસને બાતલ કરવા માટેનું ત્યારે હીંદી કોમ ચોખવટ કરી લીધી.

આમાં કોઇએ સમાધાનીનો દોષ નથી કાઢવાનો. સમાધાની થઇ- હીંદી કોમનું જોર જણાયું- ત્યારે તો આટલે દરજ્જે આપણે જઇ શકીયે છીએ.

બલાજ

બલાજ એકજ છે. અને તે આપણા હાથમાં છે. સરકારના હાથની દરકાર નહીં કરતા. ને નીચે પ્રમાણે કરવું—

(૧) જરૂર જણાય ત્યારે મરજીઆત સરટીફીકેટ બાળી નાખવાં.

(૨) પોલીસ આંગળાં, સહી કે નામ માગે તે ન આપવાં.

(૩) લાઇસેન્સના પૈસા આપવા, પણ જો લાઇસેન્સ ન આપે તો પગર લાઇસેન્સથી રોજગાર કરવો.

આમાંનું કંઇ કરતાં જેલ મળે તો તે ભોગવવી. આમ આપણે કરશું ત્યારે ઘુટ કારો તુરત આવશે. આજ લગી કહુ પોતાને સારૂ પણ લડતા હતા. હવે તો જેઓને મરજીઆત રજીસ્ટર મળ્યાં છે તેઓ, બાસ ઉપર બતલ્યા એવા માણસ ને સારૂ લડશે.

જો નહિ લડીએ તો આપણો સત્યાગ્રહ ખરો ગણાય નહિ. એ તલવાર એકજ વખત કામ આવે ને પછી ન આવે એવું કંઇ નથી. જો તેનું પાણી આપણે બરું જોયું હોય તો જ્યારે લડીએ ત્યારે કામ આવે તેમ છે. લોખંડની તલવાર કરતાં તે વધારે જોરાવર છે. માત્ર દુઃખ સહન કરવાના તાકાદ જોઇએ. આપણે જેલથી ડરવાનું નથી. પુષ્કળ ખાવામાં નુકસાન નથી બોલવાનું.

પણ બહાર કેમ જવાય?

આ સવાલ ઘણાએ કરેલો છે. જે માણસો પોતાનાં સરટીફીકેટ બાળી નાખે તો પછી ટ્રાંસવાલ છોડીને બહાર આવવું હોય તો હથિયાર શું? આ સવાલમાંજ સત્યાગ્રહની બામી છે. હું જવાબ આપું છું કે જો હીંદુસ્તાન જવાને સારૂ હથિયાર ઘટે તો ટ્રાંસવાલના રહેનારને હથિયારની જરૂર પડે. ટ્રાંસવાલમાં રહેનાર હીંદીને રજીસ્ટર ન હોય છતાં તેણે બેશક દાખલ થવું. દાખલ થવામાં જપતો એજ રહ્યો કે બહાર મોકલે પાછો જેલમાં મોકલે. બેલ તો આપવો નથી. બેલથી છુટવું નથી. દંડ નથી આપવો. બચાવ કરવો નથી કે વકીલ જોઇએ. જે બચાવ કરવાની જરૂર પડે તેમાં બી. ગાંધી બગાઉની માફકજ મદત આપશે. શરત એટલી કે માણસ સત્યાગ્રહી હોવો જોઇએ, તેનો કેસ બરો હોવો જોઇએ, ને તેમાં કોમનો બરચ સરવો જોઇએ.

સુપ્રીમ કોરટ

ઉપરના વિચાર પ્રમાણે ચાલનારને સુપ્રીમ કોરટના કેસની સાથે સંબંધ નથી. તે કેસમાં જે અરજીનો ફોરમ પાછાં મળે તો ઠીક છે. વહેલું પડે. પણ જો તે ફોરમ પાછાં ન મળે તો તેમાં કંઇ બાલ નથી. ગેર બાબજી જોબલિ ફોરમ પાછાં મળે તેનો અરથ પણ એ થયો કે રજીસ્ટર બોટાં કરે. રજીસ્ટર બાળવાં તેનો અરથ પણ એજ થયો. કોઇએ એમ નથી માનવાનું કે ફોરમ પાછાં મળે તોપણ રજીસ્ટરમાં કામ ચલવાય. ફોરમ વિનાનાં રજીસ્ટર તે કારતુસ વિનાની બંદુક જેવાં છે. અરજીનાં ફોરમ પાછાં માગવાનો હેતુ માત્ર એટલોજ છે કે રજીસ્ટર તુરત બોટાં થાય. આપણે રજીસ્ટર બાળવાથી તે બોટાં નથી થતાં. કેમકે સરકારની આગળ તેની નકલ છે ને અરજીમાં બધી હકીકત છે.

આપણી ધારેલ એવી છે કે આપણે રજીસ્ટર બાળીએ બતાં સરકાર આપણી ઉપર કામ ન ચલાવે. આપણે જેલ જવા માગીએ છીએ. સરકાર જેલ મોકલવા માગતી નથી. એટલે અરજી પાછી બેંચવાનો બલાજ એ જેલ જવાનો સરસ માં સરસ બલાજ છે.

સરકાર પોતે પાસીવ રીઝીસ્ટર થવા માગે છે એમ મી. રમટસ બોલી ગયા છે. તેને હું સત્યાગ્રહ નહિ કહું. કેમકે તેની હઠ તે બોટી બલાજ. આપણી અરજીઓ નહિ આપી આપણને જેલમાં નહિ મોકલવાનો બલાજ તે (સરકાર) ગોતે છે. તેમાં તેની ઘનત બદ છે. સાત હજાર મરજીઆત રજીસ્ટરવાળાની તેને બીક પેસી ગઇ છે. તેઓ હીંમતવાન છે. કરી લઇ તેવા છે. એટલે તેને ન છેડવા તો સારૂં એમ તે કરવા માગે છે.

આ બધું સહેલાઇથી સમજે એવું છે. તેની ઉપર દરેક માણસે વિચાર કરી જોવો ને પછી પોતાના મનને પુછવું:—આવી લડત ત્રણ માસ પહેલાં લેવાત? ત્યારે સરકાર આપણાથી ડરતી હતી? જો આપણે લડીએ તો જીતીએ એમાં કંઇ શક છે બરોબર?

જુઠાં રજીસ્ટર

કોમના વેરી તો અવળાં કામ કર્યાજ કરે છે જબરદસ્ત કરીને એક હજામ છે તેને બનાવટી પરમીટ વેચવા સારૂ પકડવા માં આવ્યો છે. એમ કહેવાય છે કે એક બોળાને તેણે બનાવટી પરમીટ વેચ્યા. તે બોજાએ પા. ૨૦ આપ્યા. તે બોજો મી. અલા બમીસાના હાથમાં આવ્યો. તેણે તેને પકડાવ્યો. બોજાને બાદશાહી (બાસ શાહી તરીકે સરકારને બાતમીઓ આપી હકીકત બહાર લાવે તેને અંગ્રેજી માં 'કીંગ્સ્ન (બાદશાહી) સાક્ષી કહે છે.) સાક્ષી બનાવ્યો છે. તે બોજાએ હજામ બાકી એ બધામાં જબરદસ્ત પકડ્યો છે.

જો મારી આ બાબત ખરી હોય તો મી. અલી ખોજાસાને કુંવ મુબારકબાદી આપું છું. તેણે કોમની મેવા બજારી છે જયમલ જેવા હીંદી એ કોમના દુશ્મન છે. તેઓ ને સજાએ પહોંચાડું કરે છે આવા માણસોથી કોમને નુકસાન થયું છે. ને હજુ થશે. જેઓ આવી ખોટી પરમીટો લેમ છે તેઓ નકામા ફસાય છે. આવાં ગાર્યા કામ કરવા કરતાં જો તેઓ સત્યાગ્રહને વળગી રહે તો પહેલા મોડા દરેક હકદાર હીંદી એટલે બરા—જાણી મુક્ત રહેલા - રેફ્યુજી આવી શકશે. જેઓ નહતા નથી ને આવવા માગે છે તેઓએ આવવા નો વિચાર પણ નહિ કરવો જોઇએ.

જનરલ સ્મટસની ઓફીડેવીટ

જનરલ સ્મટસે તથા મી. ચમનીએ ઓફીડેવીટ કરી છે કે કાયદો રદ કરવાનું વચન મી. સ્મટસ કદી નથી આપ્યું. આ ઓફીડેવીટ કેસને દહાડે કરી. પરંતુ દહાડે એવા ઓફીડેવીટ મીસકેસ નહેલની કરી તેજ બતાવે છે કે તેઓ બોટા છે. એ આખાતના ઘણાખરા કાગળોમા અંગ રેજીમાં બહાર પડયા છે. ગુજરાતીમાં આવતી વેળા. દરમીઆન ઘણા રંગ થયા કરે છે.

મી. સોરાબજીનો કેસ

મી. સોરાબજીની ઉપર હજુ હાથ નથી પડયો. તેમને જોવા મી. વરનન આવ્યા કરે છે. તેમને પોલીસ સ્ટેશનપર હાજરી ભરવા કહ્યું. તો તેણે ચોખ્ખા ના પાડી છે. મી. સોરાબજી જેલમાં જવા તયાર છે: પણ તે ટ્રાંસવાલ છોડનારે નથી, ને ખુની કાયદાને તાબે થનાર નથી. તેમના કેસની હીંદી કોમને ઘણો કાયદો થવાનો સંભવ છે. સરકાર પકડે એવી ઇંતેજારીમાં મી સોરાબજી બેઠા છે

ફેરીવાળાઓ

હીંદી ફેરીવાળા ઘણા મુંઝાયા કરે છે કે તેઓએ પગર લાયસેન્સથી શું કરવું. તેઓની પાસે પરમીટ છે પણ મરજીયાત રજીસ્ટર નથી, કેમકે સરકારની સાથે નકરારે શરૂ થયા પછી તેઓ આવ્યા છે. તેઓ ફરજીયાત રજીસ્ટર લેવા માંગતા નથી આમ જે હીંદી મી. ઇસ્માઇલ આમદ તથા મી. ઇબ્રાહીમ મરોલીયાએ પગર લાયસેન્સથી વેપાર શરૂ કર્યો છે. તેઓને મી. ગાંધીએ કાગળ આપ્યો છે કે એસોસીએશનની સલાહથી તેઓ પગર લાયસેન્સથી વેપાર કરે છે. તેઓ જેલ માં જવા તયાર છે. ને કદાચ તેઓ પકડાશે તે. તેઓનો બચાવ મી. ગાંધી કરશે. આ પ્રમાણેજ બીજા ફેરીવાળા હીંમત રાખી લડવૈ એવા ઉમેદ છે. કોઇએ વેપાર વિના બેસી રહેવાની જરૂર નથી.

મી ઈસપ મીંયાનો કાગળ

મી. ઇસપ મીંયાએ સરકાર ઉપર તેમજ ટ્યુનીસીપાલીટી ઉપર કાગળ લખ્યા છે કે આવા હિંદી ભુખે મરવા માગતા નથી. મદદ કરવાની જરૂર છે. તેથી અને ટ્યુનીસીપાલીટી લાયસેન્સ નથી આપતી તેથી તેઓ પગર લાયસેન્સથી વેપાર કરશે જો સરકાર લાયસેન્સ આપે તો હજુ તેઓ લાયસેન્સ લેવાને તયાર છે.

એટર્ની હરે તરફથી મરજીયાત રજીસ્ટર બાબતનો સરકયુલર બહાર પડયો છે. એકતરફથી ધિક્કારાય આવે છે. બીજી તરફથી પગર લાયસેન્સથી ફેરીઓ વિગેર વેપાર કરે છે. ને ત્રીજી તરફથી મી. સોરાબજીનો કેસ ચાલે છે. હવે જોઇએ છીએ કે જનરલ સ્મટસ આમાંથી કેમ નીકળી શકે છે. સત્યાગ્રહનુ તેજ તેનાથી ખમી શકાય તેમ હું તો માનતો નથી હિંદીના એકસંપ અને બહાદુરી ઉપર બધો આધાર રહેલો છે.

કેપનું કોનફરન્સ

કેપટાઉનની કોનફરન્સને હમીદીયા મસ્જીદ સામીક સોસાયટીનો તાર મોકલવામાં આવ્યો હતો. તેના જવાબમાં આભાર તો તાર આવ્યો છે, અને જણાવે છે કે એસોસીએશનોને એક કરવાનો ઠરાવ થયો છે.

કેસોટમાં નોટીસ

અબ્દુલ સતીક બારબરટન વાળાના તારાર એસ્ટેટની ઉઘરાણી તથા રેતાન્ડ વગેરે જાહેર લીલામથી તા. ૨૨ મી જુલાઇ એ ૩ વાગે વેચાશે.

ટ્રાંસવાલ ઇંડિયન કોમર્શીયલ કંપની ના લેણદારોએ પોતાના દાવા તા. ૨૮ જુલાઇ પહેલાં જોહાન્સબર્ગ મી. એ સી. ડી. મેકેનઝીની ઓફીસે ૨૦૫ કુલીનાન બીલ્ડીંગમાં મોકલવા.

અબદુલ હાજી ખાન મહમદ પેન્ચેસ્ટર રજીસ્ટર કરવાનું એસ્ટેટ નાદારીમાં લેવાની અરજી તા. ૨૭ ફાયએ પ્રીટોરીઆ સુપ્રીમ કોર્ટ માં થશે. અને તેની માગણીના કાગળો આ માણસોની તપાસ માટે તા. ૨૦ જુનથી ૧૪ દહાડા માટે પેન્ચેસ્ટરરૂમ માજીસ્ટ્રેટ કારટમાં અને પ્રીટોરીઆ સુપ્રીમ કોરટમાં રહેશે.

મહમદ આજમ મીનોતી પેન્ચેસ્ટરરૂમ વાળાનું એસ્ટેટ નાદાર તરીકે મંજુરીની અરજી તા. ૨૬ મી જુલાઇએ પ્રીટોરીઆ સુપ્રીમ કોરટમાં થશે. અને તેની માગણી ના કાગળોઆ માણસોની તપાસ માટે તા. ૨૩મી જુનથી ૧૪ દહાડા માટે પેન્ચે સ્ટરરૂમ માજીસ્ટ્રેટની કોરટમાં અને પ્રીટો રીઆ સુપ્રીમ કોરટમાં ૧૪ દહાડા માટે રહેશે.

મી. ખરખાન દાદુદ ફ્રેડીપોરટવાળાનું એસ્ટેટ નાદારીમાં દાખલ થવાની અરજી તા. ૪થી આગસ્ટે થશે અને તેની માગણીના કાગળો માણસોની તપાસ માટે ફ્રેડીપોરટ માજીસ્ટ્રેટની ઓફીસમાં, અને પ્રીટોરીઆ સુપ્રીમ કોરટમાં તા ૨૭ મી જુનથી ૧૪ દહાડા માટે રહેશે

સ્ટીમરોની હીલચાલ

[નાતાલ ડાયરેકટ લાઇન]

ડરબનથી—તા. ૮મી જુલાઇએ મુંબઇ જવા ઉપડશે

કોમેટા—તા. ૨૮મીએ કલકત્તાથી નાતાલ આવવા ઉપડી છે.

" —તા. ૨૧ના અરસામાં ડરબન પહોંચવાની ધારણા છે

[ઇડિયન આફ્રિકન લાઇ]

ઓર—તા. ૨૯મીએ મુંબઇ જવા ઉપડી હતી.

ટીન્ટાઉ—તા. ૪થી જુને કલકત્તાથી ડરબન આવવા ઉ ડી છે.

બેરોનીઆ—તા. ૬મીએ કલકત્તાથી ડરબન આવવા ઉપડી છે.

, ડરબનથી, 'નેતાલ ચરમ સભાના સેક્રેટરી જણાવે છે કે તા. ૨૮ મીએ સાંજરે ૪ વાગ્યા પછી સભાની એક મીટીંગ મહેતા ભવન મકાનમાં મળી હતી. મેસરસ જોશી, ઝવીલ દાસ, કીલ્લાવાલા વગેરે હેદારો મહત્સવો હાજર હતા. તે વખતે નિત્ય ક્રમ બાદ સભાને નિભાવી રાખવાની જરૂર ઉપર હાજર મહત્સવોમાં ઘણું વિવેચન થયું અને સરવાનુ મતે એવો ઠરાવ થયો કે આવતા રવીવારે સભા તરફથી હિંદુ બાઇઓની એક મહેર મીટીંગ બોલાવવી. માટે સરવે હિંદુ બાઇ ઓને આ ધર્મ સભાના કામ માટે જરૂર હાજર થવા વિનંતી કરવામાં આવે છે.

પોર્ટ ઈલીઝાબેથમાં મરજીદ બાંધવા માટે ઉઘરાણાના કામ માટે નાઝીમ મી. ચાંદ પન્ડે તથા મી. ઉસ્માન્ડ અહમદ કાલેલીઆ મી નરબીથી તા. ૨૬મી જુને લખે છે કે મજકુર ઉઘરાણામાં મેરીટ્સબર્ગમાં પા. ૧૪-૭-૬, માઇકરનમા પા. ૮-૧૫-૦, અને પીટરમરીત્ઝ. માં પા. ૧૩-૦-૦ કુલ પા. ૩૫-૨-૬ ઉઘરાણું થયું છે.

કોલોનીમાં ઇમીગ્રેશન અને ઇંગ્લાંડની જોખમદારી

એશીઆટીકને કેમ ન અટકાવી શકાય?

કોલોનીઓના ઇમીગ્રેશન સવાલ ઉપર વિવેચન કરતાં લંડનનું નામીચું 'સ્ટેટીસ્ટ' પત્ર લખે છે કે:—

આખરે જણાય છે કે આ મુલકના લોકો જાગતા થવા લાગ્યા છે. તેઓ એશીઆટીક ઇમીગ્રેશનના સવાલની ગંભીરતા સમજવા મંડયા છે. એ સવાલપર થોડા દિવસપર મી. રીચર્ડ જોએ ભાષણ આપ્યું હતું. તે વખતની ચર્ચા દરમ્યાન મી. લીટલટન જોવાએ ભાગ લીધો હતો. મી. જોએ જણાવ્યું કે એ સવાલ ગંભીર હોવાનાં ત્રણ કારણ છે. (૧) રંગ દ્વેષ (૨) હોશિઆર ને કરકસરીઆ લોકોને લીધે ઉભા થતી હરીફાઇ. (૩) કલર્ડ લોક પોતાની જુદી તરેહની રહેણીને લીધે મોરાઓની સાથે ભળી ન શકે. એને કદી ભળીને એક થઇ જાય તોપણ તેમાંથી ઉત્પન્ન થતી પ્રજા હલકી નીચેની એવી માન્યતા. તેઓ (૪) જ્યાં પોતાનું ચાલે ત્યાં ઉપરી તરીકે સત્તા ભોગવવાની ઇચ્છા. ઉપરનાં કારણો જણાવી મી. જોએ એવી જલામણ કરી કે દરેક કોલોનીમાં ઇમીગ્રેશન કાયદો તાતાલના જેવો હોવો જોઇએ. મી. લીટલટને ચર્ચા દરમ્યાન જણાવ્યું હતું કે ગોરાઓ પોતાની મોટાઇ માની લીએ છે તે ચાલી શકે તેવું નથી. ગોરાઓ કહે છે કે અમે જે જે મુલકમાં જઇએ ત્યાં ત્યાં તેના વતનીઓની સાથે સરખા પગારથી વેપારનો હક મળવો જોઇએ. આમ છતાં આજ ગોરાઓ કલર્ડ લોકોને પોતાના મુલકમાં આવવાની ના પાડે છે; અને આવવા દીએ છે તો બહુ જુજ સંખ્યામાં, અને તે પણ અપમાન ભરેલી સ્થિતિમાં રહેવા માટે. મી. લીટલટને ચર્ચા ચાલતાં જણાવ્યું કે "આવી સ્થિતિ કેટલા દહાડા નભશે?" છેવટે તેમણે એવું ભવિષ્ય ભાખ્યું કે કોલોનીઓ ને આવી રીતે વીસ વરસ કરતાં વધારે વખત સુધી ઇંગ્લાંડ નહિ વરતવા દીએ. ('સ્ટેટીસ્ટ' કહે છે કે) કોઇ અમુક સંખ્યા જેટલાં વરસ સુધી કોલોનીઓની વસ્તી દુકાળ ઇંગ્લાંડ ચલાવી લેશે એવું કોમે નથી કર્યું પણ જ્યારે કોલોનીમાં ... ...

કારણો છે. એક તો એ કે જાપાનને રશિઆ સાથે દુશ્મનાવટ હોવાથી હાલ બીજા કોઇ રાજ સામે દુશ્મનાવટ કરવા તું તે પસંદ કરે નહિ. વળી જાપાનને એમ પણ લાગે છે કે તેને ઇંગ્લાંડની દોસ્તી ન હોય તો રશિઆ જરમની અને ફ્રાન્સ એકસંપ થઇને તેને હરાવે. ત્રીજું કારણ જાપાન અને ચીન વચ્ચેના સંબંધનું છે. અને ચોથું કારણ એ કે જાપાન ને રશિઆ સાથે હાલમાંજ સખત લડાઇ થએલી. એટલે તેને થોડો વખત આરામની જરૂર છે.

એટલે આપણા કોલોનીઓ જાપાનની સાથે દોસ્તીની લાગણી વગર વરતે તેમાં આપણે (વડી સરકાર) કોલોનીને ટેકો આપીએ તે છતાં જાપાન સાથે લડાઇમાં ઉતરવાની બીક રહેતી નથી. તેવીજ રીતે ચીન દુશ્મનાવટ ઉભી કરે એવી પણ બીક રાખવાની આપણને જરૂર નથી. કારણ કે ચીનને યુરોપનાં રાજ્યો કરતાં જાપાનના તરફ વધારે કડવાશ છે. બીજું ચીનને હજુ સુધી એવા યુરોપ રાજદ્વારી મળ્યો નથી કે જે તેના લશ્કર તે નૌકાસૈન્યથી બંદોબસ્ત કરીને યુરોપ સામે થાય એટલું હોંશિયાર કરી શકે. અને છેલ્લું કારણ હીંદ તરફની હાલ આપણે બીક રાખવા જેવું નથી તે કારણ કે આપણ (ગોરા) ને રાજકારભાર માં લાચાર બનાવવા માટે જોઇએ તેટલા એકત્ર કેમ થયું એ હીંદીઓને આવડતું નથી. છતાં એવાં ચિન્હો જણાવા લાગ્યાં છે કે હીંદીઓના ખાજવાટને આપણે ગંભીર રીતે વિચારમાં લેવો પડશે. કલર્ડ લોક તરફની આપણી વરતણુંકથી હીંદી પ્રજામાં ક્રોધ ઉત્પન્ન થવા લાગ્યો છે. તેમની અશાંતિનો એક દાખલો લીઓ. હાલમાં તાર ખાતાના કામદારોએ હીંદમાં જે હડતાલ પાડી તેથી ૪૦,૦૦૦ સંદેશા મોકલવા વગર પડયા રહ્યા. હવે જો આથી અશાંતિ પ્રજામાં રહ્યાજ કરે તો આગળ જતાં લેહિ સાથ એકસંપ થઇ જાય અને રાજકારભારમાં આપણને મદદ ન કરે. તો તેમની મદદ વગર મુઠીભર ગોરાઓ ૩૩ કરોડની વસ્તિવાળા મોટા દેશપર કેવી રીતે કારભાર કરી શકે? આવી સ્થિતિ આવે તો તુરત આપણે (ઇંગ્લાંડે) કોલોનીઓને એશિયાટીક તરફ ની વરતણુંકમાંથી સહેજે અટકાવવા જોશે. તેવો વખત આવવાને વીસ વરસ લાગે કે ગમે તેટલાં વરસ લાગે અથવા તો ચીન અને જાપાન વચ્ચે હાલ જે કુસંપ છે તે દૂર થાય અને ગમે તે ગોરા ની સામે મળ થવાના જેટલા ... ...

મુસ્તફા કામેલ પાશાનું ભાષણ

(ગયા અંકથી ચાલુ)

હાલમાં કેટલાક એવી સલાહ આપે છે કે સ્વતંત્રતાની વાત કરવાથી અંગ્રેજોનાં મન દુખાય છે. અને ઇજીપ્તના ભેરખ્યાલ એવી સલાહ આપે છે કે હાલ તુરતને સારૂ સ્વતંત્રતાની વાત છોડી બીજી સુધારા ના હકો માગવા. આવા માણસો એવા વિચારનો ફેલાવો કરે છે, ને જેઓ સ્વતંત્રતાની હાલત સમજ રહ્યા છે તેઓને હક છોડનારા કહે છે. આવી નામરદાઇ ભરેલી શીખામણ વિષે મારો મત હું ઇજીપ્તની પ્રજાને આજે આપવા માગું છું.

અંગ્રેજો આપણને સ્વતંત્ર થવાની સલાહ આપી શકે નહિ. તેઓનું કામ ઇગ્લાંડની સેવા બજાવવાનું છે. તેઓ ધારે છે કે ઇગ્લાંડની રાજનીતિ નરમાશ વાળી ને ન્યાયી હોવી જોઇએ, ઇગ્લાંડે જુલમી ન થવું જોઇએ. કેટલીક બાબતો માં તેઓ આપણા મતને પસંદ કરે છે. મુખ્ય વાતમાં આપણાથી વિરૂદ્ધ જાય છે. સ્વતંત્રતાની બાબત તેઓ પસંદ કરતા નથી. આપણે ખુંટાએલા છીએ. અંગ્રેજો એ આપણને કેદ્યા છે આપણે આપણો પવિત્ર હક માગીએ છીએ. અંગ્રેજોએ તે હક છીનવી લીધો છે. તેઓની અને આપણી વચ્ચે સમજુતી જેવી રીતે થઇ શકે. તે એ કે આપણો હક તેઓએ કબુલ કરવો જોઇએ. ઇગ્લાંડ અને ઇજીપ્તની વચ્ચે બીજી જાતની ના મરદાઇવાળી સમજુતી જેઓ ધરાવે છે તેઓ બંને પ્રજાનું અપમાન કરે છે.

જેઓ ઇજીપ્તના હકની વાત પસંદ કરે છે તેઓનો આપણે આભાર માનીએ છીએ. પણ બીજા માણસના મનને લીધે આપણો જે હેતુ છે તે આપણે છોડવો કે સંતાડવો નથી ઘટતો. સ્વતંત્રતાની વાત તો મોખરે રાખવી જોઇએ. ઇગ્લાંડના લીબરલ પક્ષવાળા આપણી તરફેણ કરે, પણ સ્વતંત્રતાની વાત સાંભળી નાખુશ થાય તો આપણે તેઓને જવાબ દેવો ઘટે છે કે "તમે તમારા મતના ધણી છો, અમે અમારા મતના ધણી છીએ."

અંગ્રેજોને ઇતરવાની અને ઢાંક પીછોડો કરવાની વાત કરનારા માને છે કે તેઓ બહુ કાબેલ ને ચતુર માણસ છે. તેઓ માને છે કે ખરી મતલબ સંતાડીને તેઓ કુનેહથી પ્રજાને ઇતરશે અને તેને ફસાવશે. [illegible] છે કે "આપણે હમણાં [illegible] તંત્રતાની વાત છોડી દેવી, આપણે પાર્લામેંટની માગણી કરવી. ત્યારે આપણે જોરાવર થઇશું ત્યારે અંગ્રેજોને કહીશું કે 'અમારા દેશમાંથી નીકળો' અને તેઓએ તે વાતનો તાબે થવું પડશે."

મારે કહેવું જોઇએ કે આવી બાજી રચવાની કુશિયારી મારામાં નથી. આવી રીતે દેશનો છુટકારો મેળવવાનું મને સુજ્યું નથી. અંગ્રેજ ઇજીપ્તમાં છે તે મને જરાએ પસંદ નથી, તેમજ એવું કાવ તરૂં કરવાનું મને સુજ્યું નથી. જે એવા દાવપેચમાં અંગ્રેજો આવી જાય એવા તેઓ બાળક છે એમ હું માનતો નથી. અંગ્રેજો ઇજીપ્તમાં રહેવા માગે અને ઇજીપ્તને પાર્લામેંટ આપે એવું બનવા કાળ નથી. જો તેઓ આપણને પાર્લામેંટ આપે તો પછી તેઓને આપણા દેશમાં રહેવાપણું રહેતું નથી.

આપણને ખરી પાર્લામેંટ આપવાનો અર્થ એ થયો કે તેઓ ઇજીપ્તનો કબજો છોડવા માગે છે. જો આપણને પાર્લામેંટ મળે, તો આખી ઇજીપ્તની પ્રજા સામે હોવા છતાં બ્રિટીશ એલચી, ડનલોપ જેવા માણસને કેળવણી ખાતામાં નીમે છે તે બને નહિ. જ્યારે સેંકડો લોક ઇજીપ્તમાં કેળવાએલા પડયા છે ત્યારે મી. હીલને હામદાના શિક્ષકની જગ્યા અપાય નહિ. જો ઇજીપ્તની પાર્લામેંટ હોય તો હજારો પાકેક સોલજરોનાં મકાન બાંધવા માં વપરાય નહિ; કેમકે પ્રજા મરીકીમાં રવડે છે ને તેને પૈસાની તંગી છે. પાર્લામેંટ હોય તો ઇજીપ્ત દુઃખી થતું હોય છતાં બ્રિટીશ એલચી સુદાન માટે પૈસા વાપરે છે તેમ કરે નહિ. તે એલચી બધાં ખાતાંમાં માત્ર અંગ્રેજ નોકરોજ રાખી શકે નહિ.

પણ જ્યારે ઇગ્લાંડ આ દેશનો કબજો છોડવા માગશે તે દિવસથી આપણને પાર્લામેંટ આપવા માંડશે. તેવીજ હું સ્વતંત્રતા અને પાર્લામેંટ બંનેને સાથેજ માગું છું.

જ્યારે અંગ્રેજોએ ઇજીપ્તનો કબજો લીધો ત્યારે તેઓએ કહેલું કે આપણને સ્વરાજ્યને સારૂ તયારી કરવાના છે. આપણા માં તે તાકાદ આવશે ત્યારે તેઓ જતા રહેશે. એટલે સ્વરાજ્ય આપવું, ને ઇજીપ્તનો કબજો ખાળવો એ બે વાતને મને તેમ નથી. સ્વરાજ્યની તયારી કરતાં ઇજીપ્તવાસી પુરતી રીતે પરદેશીના અમલ ના બરાબર કરતાં થાય છે. આપણે ને પાર્લામેંટ મળે ત્યારે અંગ્રેજો સુતા વિનાના થઇ બેશે.

આમ સમજીને હું ઇતરવાની ને છુપ વવાની વાત પસંદ કરતો નથી. ઇતરવાની વાત કરવાથી આપણો સ્વતંત્રતાનો જુસ્સો ઠંડો પડી જાય.

દીક્ષાકારો પુછશે "તમારી (એકલ્વી મીરટની) રીતમાં વધારે શું છે?" હું જવાબ દઉં છું કે મારી રીત તે ચોખ્ખુ ને સીધું બોલવાની છે. હું સ્વતંત્રતા માગું છું. એમ ખુલ્લું બોલવાથીજ એક દહાડો સ્વતંત્રતા મેળવશું. ખુલ્લું બોલ નારા અને પોતાના હકો માગનારી પ્રજાને કબજે કરનારા હમેશાં માન આપે છે. અંતરમાં બધા ઇજીપ્તવાસી સ્વતંત્રતા ઇચ્છે છે એમ બધા અંગ્રેજો જાણે છે. કોઇ કોઇ ઇજીપ્તવાસી એથી ઉલટી વાત કરે તો તેને જુઠો માની તેનો તિરસ્કાર કરે છે અને પછી કહે છે કે જે પ્રજામાં એવા જુદા માણસો વસતા હોય તે પ્રજા સ્વતંત્રતાને લાયક ન હોય. ગ્લેડ્સ્ટોને કહ્યું છે કે "જો અંગ્રેજોનો પ્યાર મેળ ધરો હોય તો તેઓનું માન પહેલું મેળવજો."

અંગ્રેજોએ આપણી માગણી ખુલ્લી રીતે જાણવાની જરૂર છે. જો તેથી તેઓની લાગણી દુખાતી હોય તેથીએ જુદાના જુદાણા કરતાં આપણી સત્યતાથી તેઓને વધારે ફાયદો થશે. એવા જુદાણા થીજ કોઇ કોમરે બોળવાણ દેનારાની કતલ ચલાવી ને આપણું અપમાન કર્યું. ત્યારે તેણે ઇજીપ્ત છોડયું ત્યારે પ્રજાનો તિરસ્કાર તે સાથે લઇ ગયા. અંગ્રેજો પોતાના દિલમાં તો આપણી ખુલ્લી માગણી પસંદજ કરે છે અને જાણે છે કે સત્યતા એજ ખરી રીતિનો પાયો છે.

જેઓ આપણને સ્વતંત્રતાની માગણી નહિ કરવાની સલાહ આપે છે તેઓ પ્રજાનો નાશ કરવા માગે છે. કેમકે આ પ્રજા નો જીવતર તે તેના સ્વદેશાભિમાન ઉપર આધાર રાખે છે. કેટલાક પુછે છે "પ્રજા ની સ્વતંત્રતા કેવા મેળવી શકાય?" તેનો જવાબ દુનીઆની તવારીખમાંથી મળે છે.

એ સાધનો સ્વદેશાભિમાન, કેળવણી, પ્રજાને દૃઢ મત કરવી, જુસ્સો વધારવો, આગળ વધેલી પ્રજાની નકલ કરતાં શીખવું, એ બધાં છે. આવા શિક્ષણથી બધા ઇજીપ્તવાસી રાજી થશે. દેશપ્રેમે આપણો નિશાળો, કુન્તરસાળાઓ અને ઇધોગ ધાધાઓમાં બોલવાં થશે. આમ [illegible]

લાગ કેટલો, અને બધા મક્કમ હેતુથી કામ કરશું. આપણામાં આટલું જોર આવશે ત્યારે અંગ્રેજો પોતે આપણી સાથે સમજુતી કરશે અને મુકદમોનો ફેસલો તે વખતે અંગ્રેજો આપણી મિત્રાચારી માગશે; આપણો તિરસ્કાર નહિ કરશે. આપણે એટલું જણાવાની જરૂર છે કે પ્રજાનો ઉદ્ધાર તે આપણી મહેનત અને આપણા ઉદ્યોગ ઉપર આધાર રાખે છે. એટલે આપણે સત્યતા, ઉદ્યોગ, અને એક સંપથી કામ લેવાનું છે.

કેટલાક માણસો કહે છે કે સ્વતંત્રતાની વાત તે તદ્દન નકામી છે. તેઓ ભૂલી જાય છે કે મોટામાં મોટાં કામો પહેલા માત્ર વિચારથી ચાલે લોકોમાં તેની ચર્ચા કરવાથી થયાં છે. દુઃખ વિષે સહુ પહેલો કહાડી શકાય. લોકોમાં સ્વતંત્રતાનો જુસ્સો ફેલાવવો, ને પ્રજાને ઉંચે મૂકવા પ્રયત્ન કરવો એ સરસમાં સરસ કામ મનાય. જેઓ આ વાત નથી માનતા તેઓ ધર્મ શું છે તે જાણતા નથી એમ એ દુનિયાની તવારીખ વાંચી નથી અને દરેક પ્રજાના જોરનું કારણ તેઓ જાણતા નથી.

બધા પ્રજાવાસીને માલમ છે કે દુનિયા પ્રજાને વખાણવા લાગી છે. આનું શું કારણ છે? કેમકે દુનિયા જાણે છે કે આપણને આપણો દેશ વહાલો છે. આપણે તેની સ્વતંત્રતા માગીએ છીએ, આપણે તેની પ્રતિ ઉજ્જ્વળ કરવા માગીએ છીએ. જો આપણે જેટલો જુસ્સો બતાવ્યો છે તેટલો નહિ બતાવત તો આપણું આપણાપણું માન ભોગવી શકત? ગુલામ જેવો પોકાર કરવાનો શું ગુલામોમાં હક નથી? બહારે તેથી વધારે છે. આપણી સામે શું કહેવાનું હોય? આપણે અંગ્રેજનું અપમાન નથી કરતા. તેમનો દરજ્જો જાળવીએ છીએ અંગ્રેજ જે જાતમાં છે તેઓએ આપણને તુચ્છકારો કહાડયા છે તેઓ આપણી ઉપર ખોટાં તહોમતો મૂકે. લોર્ડ કેમર્ન પ્રજા છોડતા પહેલાં આપણને આંજણા કહ્યા છે, ને આપણને ગુલામોમાં નાંખ્યા છે. જેવો એક પણ પ્રજાવાસી છે કે જેણે અંગ્રેજનું આવી રીતે અપમાન કરવું છે? આપણે આપણી આબરૂની તથા આપણા વિવેક કદી ભૂલ્યા નથી.

બ્રિટીશ સરકાર કે જે રંગદ્વેષમાં માનતી નથી બોલવાની છૂટ આપે છે ને સત્યનું શોધન કરે છે તે જો આપણને સાચું બોલતાં અટકાવે તો આપણો મોટો દ્રોહ કરે તેમ તે નામંજૂર કરશે. મજબૂત સરકાર પોતાની નબળાઇની વાત સાંભળી ને વધારે મજબુત બને છે. પોતાની ઉપર ટીકા થાય, પોતાની ભૂલો બતાવાય તે તેવી સરકાર ખુશી થઇને સાંભળે છે. જો આમ આખા સરકારની સામે ટીકા કરવી તે કાયદાકારક હોય તો એકજ સત્તાધિકારીની ઉપર ટીકાની કેટલી જરૂર છે? સત્તાધિકારીઓનું કામ પ્રજાની સેવા કરવાનું છે, નહિ કે તેની સાથે તકરાર કરવાનું. ને તેની ઉપર તિરસ્કાર બતાવવાનું. કેટલાક છાપા કહે છે કે આપણે સખત ટીકા કરી છે તેથી કામ સધાયું સરકાર કરવા માગતી હતી તે થઇ શક્યું નથી. આમ બોલવું ને બ્રીટીશ પ્રજાનું અપમાન કરવા બરોબર છે. સારું રાજ્ય તો એ કે જે તેના મિત્ર કે શત્રુ બધાની પાસેથી સત્ય શોધે છે ને ન્યાયથી વર્તે છે.

જ્યારે આમા પક્ષનો અભિપ્રાય અપાય ત્યારે તે પ્રમાણે વાલવાનું માન વધે છે, પણ જ્યારે કોઇ રાજ્ય કરતા લોકોનું સાંભળે નહિ, ને લોકોના વિચાર પ્રમાણે ચાલે નહિ ત્યારે તે રાજ કરતા અપમાન ના પામી થાય છે, લોકોનો તિરસ્કાર ખોમવે છે, ને લોકોની સાથે તકરાર કરવાનું બીજ રોપે છે. પ્રજા મત એક કોરે મૂકવામા આવે તો બાપાઓની અને બોલવાની છૂટ આપવી તે નકામી છે જે છૂટમાં પ્રજાની લાગણીને માન આપવાનો પ્રયાસ નથી થતો તે છૂટ સુધરેલી પ્રજાને આપ્યા જેવા નથી. તે તો પ્રજાનું અપમાન કરવા બરોબર છે.

અંગ્રેજો આપણી પાસેથી શું માગે છે? તેઓના ખરાબ કામને આપણે સારાં કહેવાં? આપણી સ્વતંત્રતા, ને આપણા હકો ગયા તે કામની તારીફ કરવી? શું તેઓના દેશ જો કોઇ પરાયા માણસ લઇ લેય તો તેઓ ગમશે? સદ્દામની સાથી પાંચીને કયો પ્રજાવત્સલ અંગ્રેજોનો કબજો પસંદ કરશે? તેઓએ ખતની ઉપર જુલમથી સહી કરાવી છે તે કામને કેમ નહિ વખોડીએ? જ્યારે અંગ્રેજને કંઇ કરવાનો વખત આવે છે ત્યારે ન્યાય, રખે પણ વિગેરે આવ્યાં જાય છે ત્યારે એક આદમાનીયતને રાસ-એલ-તીન મહેલમાં કેદ કરવાની વાત જડી હતી ત્યારે બ્રિટીશ એલચીએ આવો મહેલ તપાસ્યો આવું બેહુદી જગેનું કામ બીજા કોઇ રાજ્યમાં થયું સાંભળ્યું નથી. છતાં અંગ્રેજી-ભાષા એ આનું નામ ન્યાય પાડયું! હવે એ કેર કયા ગયું? નાના મોટાને એક સરખો ન્યાય આપવાની વાત કયા ઉડી ગઇ? મા. ડનલોપ ઉપર ઘણાં સખત તહોમતો મુકવામાં આવ્યાં છે છતાં તેનો પ્રમાણે કેમ નથી થયો? અંગ્રેજોની ન્યાય વૃત્તિની મગરૂરી કયાં ગઇ? કેટલાક કહે છે કે અંગ્રેજો ડનલોપ ઉપરનાં તહોમત તપાસતા નથી. કેમકે એમ કરે તો એમની આબરૂને ધક્કો લાગે. આવી દલીલ તે દલવા લાયક છે.

આપણે અંગ્રેજોને અક્કલવાળા સમજતા હતા. તેઓ કેમ સમજી શકતા નથી કે ડનલોપ જેવા માણસને જોકરીમાં રાખવાથી પોતાની હાંસી થાય છે ને બ્રિટીશ રાજ્યને ધક્કો લાગે છે ડનલોપ તે નીકળ્યામાંથી નવું ખરેખરું નથી તે બતાવે છે કે આપણે આપણી પોતાની નિશાળો સ્થાપવાનો વખત આવ્યો.

ડનલોપની બાબત બધા જોઈ રહ્યા છે. જો ડનલોપને ખમેડું નહિ તો એમ ચોકસ મનાશે કે અંગ્રેજો પોતાના જાતિ ભાઇઓનો ગમે તેવો વાંક દેખે છતાં તેને બચાવી લેશે. પણ ઇજીપ્તવાસીનો એક કણી જેટલો વાંક આપણે તો તેની ઉપર તડપ મારશે. જો બ્રિટીશ એલચી નો એવોજ વિચાર હોય તો સારી વાત છે. તેથી જેઓ અંગ્રેજ રાજ્ય ઉપર ભરોસો રાખે છે તેને પણ દેખાઇ આવશે કે પ્રજાનો કે જો અંગ્રેજોના હાથમાં રહેવાથી કંઇ પ્રકારે લાભ નથી.

અંગ્રેજો હિંદનો વ્યવહાર ન ચલાવી લેવું કામ કરે છે તો પછી તે હાની ઉપર ઇજીપ્તની કેમ ભરોસો કેમ રાખે? ડનલોપે કરાવ કર્યો છે કે પોતાપણી ખાતા માં, હુશિયાર પ્રજાવાની મળે છતાં તેને દાખલ નહિ કરવા બ્રિટીશ એલચીના એવા વિચાર દેખાય છે કે ગમે તેવો હોંશિયાર પણ અંગ્રેજ હોય તેને નોકરી આપવી, ગમે તેવો હુશિયાર પણ ઇજીપ્ત વાસી હોય તેને ના લાયક ઠરાવવો. આમ કરીને તેઓ આપણને નબળી જવાબદારી ની જવાબમાંથી બેતાલ કરવા માગે છે છતાં મોઢેથી ચાલે એવો કરે છે કે આપણને રાજ્યની લગામ સોંપવાની કેળ વળી આપવા માગે છે

અસુર.

રીચમંડમાં હીંદીને ફરીથી લાયસેન્સ આપવામાં આવ્યે તેના સામે પ્રોટેસ્ટ કરવા ગોરાઓની એક મીટીંગ તા. ૨૩ મીએ મળી હતી; જે વખતે કેટલાક સખત કરારો પાસ થયા હતા. અપીલ કરવા માટે સોગંદનામું લખાયું, તથા તે કામ માટે ઉપરચલ્લું કરવાનું ઠરાવાને માટીંગ બરખાસ્ત થઇ હતી.

સર્વોદય

પ્રકરણ ૩ જું

અદલ ન્યાય

(ગયા અંકથી ચાલુ)

દોલત એ નદીઓના જેવી માફક છે. નદી હમેશાં દરીયા તરફ એટલે નીચાણમાં જાય છે. તેમ દોલત પણ હમેશાં ત્યાં જરૂર હોય તેવી જગાએ જવી જોઇએ એવો નિયમ છે. પણ જેમ નદીની ગતિમાં ફેરફાર થઇ શકે છે તેમ દોલતની ગતિમાં પણ ફેરફાર થઇ શકે છે. ઘણી નદીઓ જ્યાં ત્યાં વહે છે ને તેની આસ પાસ ઘણું પાણી હોય એટલે ઘણી વનસ્પતી ને ઝેરી હવા પેદા થાય છે. તેજ નદીઓને બાંધી તેનું પાણી જ્યાં જરૂર જણાય ત્યાં વહે તેમ કરવામાં આવે તો તેજ પાણી જમીનને રસાળ કરે છે, ને આસ પાસની હવા સુંદર કરે છે. તેમજ દોલત તેનો ગમે તેમ ઉપયોગ થાય તો તેથી માણસોમાં દુષ્ટતા વધે, જુલમરો ચાલે, ને દુઃખમાં તે દોલત ઝેર સમાન ગણાય. પણ જો તેજ દોલતની ગતિને બાંધવામાં આવે. તેને નિયમસર વાપરવામ આવે તો બાંધેલી નદીની જેમ તે દોલત સુખ કારી નીપજાવે છે.

અર્થ શાસ્ત્રીઓ દોલતની ગતિ જોકવાનો નિયમ બહુ તદન બુદ્ધી ભર્યા છે. તેઓનું સાધ્ય તે માત્ર દોલત મેળવવાનું શાસ્ત્ર છે. પણ દોલત તો ઘણી રિતે મેળવાય છે એક જમાનો એવો હતો કે જ્યારે યુરોપમાં લોકો પૈસાદારને ઝેર આપી તેનો પૈસો લઇ પોતે પૈસાદાર થતા. આ જમા નામાં ગરીબ લોકોને સારૂ જે ખોરાક તૈયાર કરવામાં આવે છે તેમાં વેપારીઓ ભેળવણી કરે છે. જેમકે દુધમાં ટંકણ ખાર નાખે છે, આટામાં પથ્થર નાખે છે, તેમજ ઘીમાં ચરબી. માખણમાં ચરબી વિગેરે. આ પણ ઝેર દઇને પૈસાદાર થતા જોયું છે. અને આપણે પૈસાદાર થવાનો દુનર અથવા તેવું શાસ્ત્ર કહીયું ?

પણ અર્થશાસ્ત્રીઓ લુંટીને પૈસાદાર થવું એવું તદન કહેતા હોય એમ નહિ માનવું જોઇએ. તેઓએ કહેવું જોઇએ કે તેઓનું શાસ્ત્ર; 'કાયદેસર અને ન્યાયી રસ્તે પૈસાદાર થવું' એ છે. ઘણી વસ્તુ કાયદે સર હોય છતાં ન્યાય બુદ્ધિથી ઉલટી હોય એવું આ જમાનામાં બને છે. એટલે ન્યાયની રિતે દોલત મેળવવી એજ ખરો રસ્તો ગણાય. અને જો ન્યાયથીજ દોલત મેળવવી એ પણ હોય તો માણસનું પ્રથમ કામ ન્યાય બુદ્ધિ શીખવાનું છે. માત્ર આપ લેના કાયદાથી કામ લેવું કે વેપાર કરવો એટલું જ નથી. માછલાં, વરૂ, કુંદર એજ તેવી રિતે રહે છે મોટી માછલી નાની માછલીને ખાય છે, કુંદર નાના જંતુને ખાય છે, વરૂ માણસ સુદ્ધાને ખાય છે. તેઓનો એજ કાયદો છે; તેઓને બીજી સમજ નથી. પણ ખુદાએ માણસને સમજ આપી છે, ન્યાય બુદ્ધિ આપી છે. તેની રૂએ તેણે બીજાઓને ખાઇ જવા--તેઓને છેતરી, તેઓને બીમારી કરી—પોતે પૈસાદાર થવાનું નથી.

ત્યારે હવે આપણે જોવાનું છે કે મજુરો ને મજુરી આપવાનો ન્યાય તે શું ?

આપણે અગાઉ કહી ગયા કે મજુરને બ્યાજબી પગાર એ ગણાય કે જેટલી મજૂરી તેણે આજે આપણે સારૂ કરી તેટલી મજુરી આપણે તેને જોઇએ ત્યારે આપીએ. વળી તેને ઓછી મજુરી મળે તો ઓછો, તે વધારે મજુરી મળે તો વધારે બદલો ગણાય.

એક માણસને મજુર જોઇએ છે. તેને બે જણ પોતાની મજુરી આપવા કહે છે. હવે જો ઓછું કામ તેને મજુરી આપી હોય તો તે માણસને ઓછું મળશે. જો વધારે માણસ માગનાર હોય ને મજુર એકજ હોય તો તેને માગ્યું કામ મળશે ને તે મજુરને ઘણે ભાગે જોઇએ તે કરતાં વધારે મજુરી મળશે. આ બેહુની વચ્ચેની એક રકમ તે વાજબી મજુરી ગણાશે.

મને કોઇ માણસ પૈસા ઉછીના આપે, ને તે મારે અમુક મુદત પછી દેવાનો હોય, તો હું તે માણસને બ્યાજ આપીશ. તેમજ આજે મને કોઇ પોતાની મજુરી આપશે તો તે માણસને મારે તેટલીજ મજુરી અને તેથી કંઇક વધારે બ્યાજ બદલ આપવું જોઇએ. આજે મારે સારૂ કોઇ માણસ એક કલાક કામ કરે તો તેને સારૂ મારે એક કલાકને બાંધ મીનીટ કે તેથી વધારે કામ કરવાનું વચન આપવું જોઇએ. આમ દરેક મજુરને વિષે સમજવું.

હવે જો મારી પાસે બે મજુર આવે ને તેમાંથી એક જે ઓછું લેશે તેને હું કામે લગાડું તો પરિણામ એ આવશે કે જેને મેં કામે લગાડ્યો તે અરધો ભૂખ્યો રહેશે, ને જે રોજગાર વિના રહ્યો તે તો એમજ રહેશે. જે મજુરને હું રાખું તે મજુરને 'પરોણાર દાડીયું' આપું તો પણ બીજો મજુર ધક્કા વિના રહેશે જતાં જેને મેં રાખ્યો તે તેને ભુખે મર વાનું નહિ થાય, અને મેં માગ પૈસાનો બ્યાજથી ઉપયોગ કર્યો ગણાશે. અરે ખરો જુલમરો ત્યારે ઓછું દાડીયું દેવામાં આવે છે ત્યારેજ દાખલ થાય છે. જો હું બ્યાજબી મજુરી આપું તો મારી પાસે નકામી દોલત એકઠી નહિ થાય, હું મોજ મજામાં પૈસો નહિ વાપરું, ને મારે હાથે ગરીબાઇ નહિ વધે. જેને હું બ્યાજબી દામ આપીશ તે માણસ બીજાને બ્યાજબી આપતાં શીખશે, ને એમ ન્યાયનો ઝરો સુકાઇ જવાને બદલે જેમ આગળ ચાલશે તેમ જોર લેતો જશે. અને જે પ્રજામાં આ પ્રમાણે ન્યાયની બુદ્ધિ હશે તે પ્રજા સુખી થશે ને ઘટતી રિતે આબાદ થશે.

આ વિચાર પ્રમાણે અરથશાસ્ત્રીઓ ખોટા પડે છે. તેઓ કહે છે કે જેમ હરીફાઇ વધે તેમ પ્રજા આબાદ થાય. હકીકતમાં આ વાત ભુલ ભરેલી છે. હરીફાઇનો હેતુ મજુરીનો દર ઘટાડવામાં છે. ત્યાં પૈસાદાર વધારે પૈસો એકઠો કરે છે, ને ગરીબ વધારે ગરીબ થાય છે. આવી હરીફાઇથી છેવટે પ્રજાનો નાશ થવાનો સંભવ છે. આપ લેના કાયદા તો એ હોવો જોઇએ કે દરેક માણસને તેની લાયકાત મુજબ દાડીયું મળ્યા કરે. આમાં પણ હરીફાઇ રહેશે. છતાં પરિણામ એવું આવશે કે માણસો સુખી અને હુશીઆર થશે. કેમકે પછી તો મજુરી મેળવવાને સારૂ પોતાનો દર ઘટાડો કરવો પડશે એમ નથી. પણ કામ મેળવવાને સારૂ હુશીઆર થવું પડશે. આવાજ કારણથી લોકો સરકારી નોકરી મેળવવા તૈયાર થાય છે. ત્યાં દરજ્જા પ્રમાણે દરમાયા બાંધેલા હોય છે. હરીફાઇ માત્ર હુશીઆરી હોય છે. અરજદાર ઓછો પગાર લેવાનું નથી કહેતો પણ પોતાનામાં બીજાના કરતાં વધારે ચાતુરી છે એમ બતાવે છે. નોકરી સૈન્યમાં અને સિપાઇની નોકરીમાં એજ નિયમ જાળવવામાં આવે છે. અને તેથીજ ઘણે ભાગે તેવાં ખાતાંઓમાં ગડબડ અને અનીતિ ઓછાં જોવામાં આવે છે. છતાં વેપારમાંજ મોટી હરીફાઇ રહી છે અને તેનું પરિણામ ફ્રોગ, ભુચ્ચાઇ, ચોરી વિગેરે અનીતિ વધી પડી છે. બીજી તરફથી માલ જે તૈયાર થાય છે તે ખરાબ

ને સહેલો હોય છે. વેપારી જાણે કે હું ખાઉં, મજૂર જાણે કે હું છેતરું, ને ઘરાક જાણે હું બધામાંથી ઉપાડ લઉં. આમ વહેવાર ઝગડે છે, ને માણસોમાં ખટપટ ઉભી થાય છે: લુખ્ખારો જન્મે છે, હડતાલો પડી પડે છે, શાહુકાર લડંગા બને છે, ને ઘરાકો નીતિ સાચવતા નથી. એક અન્યાયમાંથી બીજા મણા પેદા થાય છે ને અંતે સાહુકાર, વાણોતર ને ઘરાક બધા દુઃખી થાય છે ને પાયમાલ થાય છે. જે પ્રજામાં આવા રિવાજ ચાલે છે તે પ્રજા અંતે હેરાન થાય છે. પ્રજાનો પૈસોજ ઝેર રૂપ થઇ પડે છે

તેથીજ જ્ઞાનીઓએ કહ્યું છે કે પૈસો જ્યાં પરમેશ્વર છે, ત્યાં ખરા પરમેશ્વરને કોઇ પૂજ્યું નથી. દોલત અને ખુદાને આબાદનાવ છે. કરીબના ઘરમાંજ ખુદા વસે છે. આમ અંગ્રેજી પ્રજા મોઢેથી બોલે છે છતાં વહેવારમાં પૈસાને સર્વોપરી પદ આપે છે. પ્રજાના પૈસાદાર માણસની મારતરી કરી પ્રજાને સુખી માને છે, ને અરથ શાસ્ત્રીઓ પૈસો જલદીથી કેમ ફરમાંયો તેના ફાયદા ગાઇ છે, કે જે સીખીને પ્રજા પૈસો મેળવે. ખરૂં અરથ શાસ્ત્ર તો ન્યાયબુદ્ધિનું છે. દરેક સ્થિતિમાં રહી ન્યાય કેમ કરવો નીતિ કેમ જાળવવી એ જાણ જે પ્રજા શીખે છે તેજ સુખી થાય. બાકી નો કાંઇ છે. ને વિનાશ કાળે વિપરીત બુદ્ધિ જેવું બને છે. પ્રજાને ગમે તેમ કરી પૈસાદાર થતાં શીખવવું તે વિપરીત બુદ્ધિ શીખવવા જેવું છે.

અધુરું.

નાતાલના નામીચા હીંદી મુકદ્દમાબાજ જેઠ મુડલે અને દક્ષિણ આફ્રિકાના પહેલા નંબરના ગોરા મુકદ્દમાબાજ ઓસ્ટીન વચ્ચે ગયા શનીવારે વીક્ટોરીયા યીગેટરમાં હારજીતની રમત થએલ. જો કે ઓસ્ટીન આખા દક્ષિણ આફ્રિકાનો ચેમ્પીયન ગોલ્ફર મુડલેને જીતવાનો પહુ સંભવ ન હોય, છતાં ઓસ્ટીને રમતના ધારાઓનો એક દરતાં વધારે વાર ભંગ કરીને લાભ લીધો, અને આખરે એક ગોરાએ મુડલેને પકડીને ધક્કો મારી રમતમાં આડે આવવાથી રમતનું પરિણામ બરોબર જણાયા પગર તેનો અંત આવ્યો. અને ગોરા રેફરીએ ઓસ્ટીનને ધક્કા મળવાનું ઠરાવ કરવું પડ્યું.

ડેલાગોઆબે ઇંડિઅન લાઇબ્રેરી નો વાર્ષીક મેળાવડો

સેક્રેટરી લખે છે કે:—

ઉપલો મેળાવડો તા. ૨૧મી જુને લાઇબ્રેરી ઉપરના ઇંડિઅન એસોસીએશનના હોલમાં થયો હતો. હીંદુ મુસલમાન લાઇબ્રેરીઓ સારી સંખ્યામાં હાજર થવાથી હોલ ચીકાર ભરાઇ ગયો હતો.

શરૂઆતમાં લાઇબ્રેરીના પ્રેસીડન્ટ મી. મીસાક રણછોડ સોલંકીએ આજના મેળાવડાના ચેરમેન તરીકે મી. મસમાઇલ અબ્દુલ રહેમાન મંગાને ચુંટી કાઢવા દરખાસ્ત રજુ કરી, જેને શેઠ હાજી તુર મામદ તથા શેઠ મામદ મુસા તરફથી ટેકો મળતાં તે સર્વાનુમતે પાસ થઇ.

મી મીસાક રણછોડ સોલંકીએ મેળાવડાનો પ્રોગ્રામ વાંચી સંભળાવ્યો. ત્યાર પછી સેક્રેટરી મી. ધારસી દેવચંદ રતના કરે તા. ૧ જુન ૧૯૦૭થી તા. ૧ જુન ૧૯૦૮ સુધી વરસ ૧નો રીપોર્ટ વાંચી સંભળાવ્યો. તેમાં જણાવ્યું કે—

લાઇબ્રેરીની શરૂઆત માત્રદશ મેંબરોથી મણા નાના પાયા ઉપર થએલી હતી. તે વખત થી તા. ૩૦ મારચ ૧૯૦૮ સુધી લાઇબ્રેરી અવનીદા સેંટ્રાલ નંબર ૨૪ વાળા મકાનમાં રાખવામાં આવી હતી. ફેબ્રુઆરી ૧૯૦૮માં મુંબઇથી પુસ્તકો આવ્યા છતાં મેંબરોનો વધારો નહીં થવાથી એપ્રીલ માસમાં અત્રે ફેરવવામાં આવી. ત્યારથી મેંબરોનો ઉત્સાહ અને લાગણી વધતાં જતાં જોવામાં આવે છે. અને અને આજે કુલ મેંબરોની સંખ્યા ૨૦ ની છે. વરસ ૧ માં કુલ આવક પૌ. ૨૭-૩-હાની થઇ, જ્યારે પુસ્તકો છાપાઓ તથા બાકુ, સ્ટેશનરી વિગેરે ખરચના પૌ. ૩૫-૧૯-૨। બાદ જતાં બાકી પા. ૧-૪-૩। સીલકમાં છે. વિગેરે.

ત્યાર પછી મી. નરસી ઝીણાભાઇએ લાઇબ્રેરીથી થતા ફાયદા, એ વિષય ઉપર એક અસર કારક ભાષણ આપ્યું. મી મીસાક રણછોડ સોલંકીએ શેઠીઆ ઓની મદદની જરૂર સંબંધે લંબાણથી વિવેચન કીધું.

મી. મંગાએ જણાવ્યું કે આ લાઇબ્રેરીનું કામ શરૂઆતથી નોકર વર્ગના જુવાનીઆઓથીજ હાથ ધરાયેલું છે. જેને સારા પાયા ઉપર લાવવા સરવ હીંદીની ફરજ છે. વિગેરે. મી. અબદુ રેમાન અબુબકરે જણાવ્યું કે નોકરો અને શેઠીઆઓ વચ્ચે ડેલાગોઆબેમા જો કોઇ મેળાવડો અગાઉ થયો હોય તો તે આ પહેલોજ છે જેથી હું ઘણોજ ખુશી થયો છું. અને લાઇબ્રેરી સારા પાયા ઉપર આવી જાય એવી દુવા ચાહું છું. મી. અલી હાજી અહમદ બીડીયાએ સ્થાપકોને મુબારકબાદી આપીને જણાવ્યું કે લાઇબ્રેરીને તન મન ધનથી મદદ કરવા હું સરવે સાહેબોને ભલામણ કરું છું.

મી. મંગાએ દરખાસ્ત રજુ કરી કે અત્રે હાજર થએલા ભાઇઓમાંથી જેઓને લાઇબ્રેરીના મેંબર તરીકે દાખલ થવું હોય યા તો બેટ દાખલ અમુક રકમ આપવી હોય તો તેમ કરવું. જેને મી. અબ્દુ રેમાન તથા મી. બીડીયા તરફથી ટેકો મળતાં કામ શરૂ થયું. મેસરસ હાજી આમદ હાજી તુર મહમદ, મહમદ મુસા, અ. શકુર અ. લતીફ કુંવ, હાજી કાસમ હાજી અહમદ, તૈયબ કાસમ, અલી હાજી આમદ બીડીયા, કુરજી વસનજી, લાલજી રણછોડ, સોરાબજી એદલજી જીનવાળા ફરસ્ટ કલાસ મેંબર તરીકે, અને મેસરસ ઓરામાજુ જમાલ, નરસીંહ ઝીણા ભાઇ, ઇબ્રાહીમ મહમદ, મંગા, સુલેમાન ઇબ્રાહીમ. અ. શકુર મસમાઇલ, તુર મહમદ મુસા સેંકડ કલાસ મેંબર તરીકે દાખલ થયા. તે ઉપરાંત જુદા જુદા ગૃહસ્થોતરફથી, પા.૧,સી.૧૦/, શી.૫/, રી. ૨/ એમ જુદી જુદી રકમો બેટ દાખલ મળી. તેનો પ્રેસીડેન્ટ તરફથી આભાર સાથે સ્વીકાર કરવામાં આવ્યો. છેવટમાં લાયબ્રેરી ભવિષ્યમાં સારા પાયા ઉપર આવે એવી પ્રાર્થના સાથે હર્ષના ઉદ્ગારો વચ્ચે પાન સુપારી લાઇ મેળાવડો વિસરજન થયો હતો.

રૂટર જણાવે છે કે:—કેપના હીંદી કોનફરન્સમાં એક એવો ઠરાવ થયો હતો કે દક્ષિણ આફ્રિકામાં હીંદીઓનાં જે જે મંડળો હોય તે બધાને એકત્ર કરવા 'સાઉથ આફ્રિકન ઇંડીયન પોલીટીકલ એસોસીએશન' એ નામનું એક મંડળ સ્થાપવું જોઇએ.

ગીરમીટીઆ ઇમીગ્રેંટના પ્રોટેક્ટરનો હોદો ભોગવનાર મી. પોલકીંગહોરને નાતાલ પાર લાજીસ્લેટમાં આયમ્બુ કરતાં જણાવ્યું હતું કે ગીરમીટીઆ મજુરોને લાવવાનું બંધ ન કરવું જોઇએ. તેથી નાતાલની ખેતી પાયમાલ થશે. ગીરમીટીઆને મુદત પુરી થએ પાછા હીંદ મોકલવામાં ખરો ઇલાજ સમાએલો છે.

ચરચા પત્ર.

અમારા ચરચાપત્રીઓ નીચેના નીયમો યાદ રાખશે તો તેઓના પત્રો ઉપર તુરત ધ્યાન મળવાનો સંભવ છે.

૧. કાગળની એકજ બાજુએ લખવું.

૨. અક્ષર ચોખા સાદીથી લખવા.

૩. નામ તથા ઠેકાણું બરોબર લખવાં. તે હમેશાં જવાબ પાઠવા સારૂં નહિ, પણ અમારી જાણને સારૂં.

૪. મંત્રીવાદની સાંજ સુધીમાં મળેલ લખાણોજ તેજ અઠવાડીઆમાં દાખલ કરી શકાશે.

૫. રદ કરેલાં ચરચાપત્રો જાળવી રાખવા અથવા લખનારાઓને પાછાં મોકલી આપવાને અમે બંધાતા નથી.

૬. લખાણ હમેશાં ટુંકું અને મુદ્દાસર કરવું.—અધિપતિ.

ચરચાપત્રોઓને જવાબ.

'મજલુમ'—એ લખાણ આપવાનું ધ્યાનની બહાર નથી. જગા અને એવી બીજી અગવડ આડે આવે છે.

અ. મ્ર. ઓ.

પરચુરણ ચરચા

એક ચરચાપત્રી જણાવે છે કે જેવી રીતે જોહાન્સબરગની એસોસીએશન હુરે વખત છાપામાં હિસાબ બહાર પાડતી રહે છે તેમ નાતાલ ઇન્ડિઅન કોંગ્રેસે પણ કરવું જોઇએ.

કઠોર મેટ્રીકે રોનકુલ ઈસ્લામના એક મેંબર એ નામથી મી. ઈસ્માઇલ કાદર વાહેદ ઝવેરીથી લખે છે કે કઠોર કરબામાં એક ઝાંપો કાઢવાની સુચના 'કઠોરવાસી' કરે છે તેને, તથા 'કઠોર મીનતોલ ઈસ્લામના ખેર ખ્વાહ, એ નામથી લખનારે જે સુચના કરી છે તેને હું મળતો આવું છું.

બેલ્હારબથી મી. વલ્લભ લખે છે કે લડતના ખરામાં એસોસીએશન માટે ઉપર રાહું કરવા ચાર ગામમાં ફરીને પા. ૨૩-૧-૦ ની રકમ કરી હતી. અને તે મી. ઝાકુબને સોંપી હતી. તો હવે મી. ઝાકુબને તે રકમ એસોસીએશનને સોંપી દેવી જોઈએ.

હીંદુ સ્મશાન ફંડના સેક્રેટરી લખે છે કે:—તા. ૨૭. ૬. ૦૮ના ઇ. ઓ. માં રૂમ સ્મશાન સંબંધમાં પીટીશન ઉપર સહીઓ લેવાનું કામ ચાલુ છે એ હકીકત બરોબર છે. ખરી હકીકત એમ છે કે પીટીશન ઓકલવાનો જીલ્લાવાર કરી છે.

નાદારી કોર્ટનો નોટીસો વગેરે

(ગવરમેંટ ગેઝેટમાંથી)

ડરબનના ફેરીઆ ગોપાળદાસ અને વસુ મલની નાદાર મીલકતના સંબંધમાં તેના લેણદારોની મીટીંગ તા. ૭મી જુલાઇએ ડરબન માજીસ્ટ્રેટ આગળ બરાશે.

મારિત્સબરગ, કમરશીલ રોડના ઉમરશીઆ નામથી વેપાર ચલાવતા કમરમીયા અને હસન આમદે પોતાના લેણદારો સાથે સમજુતિ કરેલ હોવાથી તેના લેણદારોની મીટીંગ તા. ૭મી જુલાઈએ સુપ્રીમ કોરટના માસ્ટર આગળ મળશે.

મારિત્સબરગ કંટરીમાં બીસપરટોના હાલમ ઉમરની મીલકત નાદાર તરીકે જાહેર કરવા તા. ૨૩ જુલાઈએ સુપ્રીમ કોરટને અરજ થનાર છે.

મારિત્સબરગના આર. એમ. નાઈડુની મીલકત નાદાર તરીકે જાહેર કરવા તા. ૨૧ મી જુલાઇએ સુપ્રીમ કોરટને અરજ થનાર છે.

સ્ટેંગરના સઈદ હુસેન અને કુ. નારાયણ વેપાર કરતા આગીયા સઇદ હુસેન, આમદ ઇસ્માઇલ, તથા મહમદ ઈસપ ચરમસપરસ સમજુતિ કરીને જુદા પડયા છે અને તેથી તે બીઝનેસ એજ નામથી પહેલા બે જણ ચલાવશે. મજકુર બીઝનેસનું દેણું તે બે જણો તેમજ લેણું તેઓ લેશે.

ઈસીપીંગો અને અમાઝીંટોટીના કાસમજી અને કાસમની જોઈન્ટ મીલકતના સંબંધમાં તેમના લેણદારોની મીટીંગો તા. ૭મી જુલાઇ એ તથા ૨૧મી જુલાઇએ ડરબન કોરટ હાઉસમાં માજીસ્ટ્રેટ આગળ મળશે.

મારિત્સબરગના રટેરપીપર એસ. હસન મહમદની જોઈન્ટ મીલકતના સંબંધમાં તેના લેણદારોની એક ખાસ મીટીંગ તા. ૭મી જુલાઈએ સુપ્રીમ કોરટના માસ્ટર આગળ મળશે.

ડરબનના રટેરપીપર ઈસ્માઇલ બાલુ ટીમોલની નાદાર મીલકતના સંબંધમાં વદ્દેચણીના આંકડા સુપ્રીમ કોરટમાં રજુ થયા છે, તથા તેની નકલ ડરબન માજીસ્ટ્રેટ ની ઓફીસે રાખવામાં આવી છે, જ્યાં તે તા. ૨૪મી જુલાઇ મુદી તપાસવા માટે ખુલ્લા રહેશે.

ચોટા ચબખાપર અમલગેનીમાં વેપાર કરતા એસ. એ. મહમદની નાદાર મીલકતના સંબંધમાં તેના લેણદારોની મીટીંગ તા. ૭મી જુલાઈએ ડરબન માજીસ્ટ્રેટ આગળ બરાશે.

રૂટરના તાર સમાચાર.

ઇરાનના શાહ અને લાંબી પાલમેંટ વચ્ચે જે ઝગડો ચાલી રહ્યો તે સંબંધમાં શાહના લશ્કરે બધી સત્તા મેળવી છે. તેમીઝ ખાતે લડાઇ થતાં લશ્કરે પ્રબળ કીલ્લા પક્ષ ઉપર જીત મેળવી હતી. લડાઇમાં ૨૦૦ જેટલાં માણસો ઘાયલ થયાં હતાં, તથા મારયાં ગયાં હતાં.

તા. ૨૬મીના તારમાં જણાવવામાં આવે છે કે વડોદરા આગળ એક મુસ્લ ટ્રેન અને એક પેસેંજર ટ્રેન વચ્ચે અથડા અથડી થવાનો ગંભીર બનાવ બન્યો હતો. અથડા અથડીથી આગ લાગતાં ૪ ડબ્બા બળી ગયા છે. આશરે ૬૫ માણસના જાન ગયા છે, તથા ૨૭૦ માણસોને ઇજા થઇ છે.

કલકત્તાનાં તોફાનો સંબંધમાં જુબાની આપતાં પોલીસખાએ જણાવ્યું હતું કે બળવાની હિલચાલ કરનારાઓનો મરિદો બાબુ રામનો જાન લેવાનો હતો.

ઈરાનના શાહે છેલ્લા ઝગડામાં પકડાએલા આને માફી આપવાનું જાહેર થયું છે.

ટ્રાંસવાલ પાલમેંટના મેંબર મી. એમ બેલીએ લંડનમાં રૂટરના પ્રતિનીધિને જણાવ્યું હતું કે ચીનાઓને ટ્રાંસવાલ બહાર મોકલવાને જે દલીલો ઇસ્લાંડે કરી છે તે બધી હીંદીઓને ટ્રાંસવાલમાંથી બહાર કાઢવા માટે લાગુ પડે છે.

તા. ૨૬મીએ રૂટર જણાવે છે કે વી પાલમેંટમાં એક સવાલના જવાબમાં કરનલ સીલીએ જણાવ્યું હતું કે રેડેશીઆમાં રજીસ્ટ્રેશન કાયદો થવાના સંબંધમાં વડા ઝોલેનીઅલ સેક્રેટરી લો. કમીશ્નર લો. રોલ ઓરનની સાથે લખાણ ચલાવી રહેલ છે.

સોલીસબરીથી એક લખનાર જણાવે છે કે એશીઆટીક રજીસ્ટર કાયદા વિષે ચરચા કરવા માટે અત્રેના એશીઆટીકોની એક મીટીંગ મી. યુસફઅલીના મકાનમાં મી. હાજી આર. નાયકના પ્રમુખપણા નીચે મળી હતી. મી. નાયકે અંગ્રેજી તથા ગુજરાતીમાં ભાષણ કરી કાયદા સામે સખત લેવાની જરૂર જણાવી. મેસર્સ આલકૂરેડ, પીટરસન, મુલ્ડ, મેં. આઈ માક, એ. કરીમ વગેરેએ પણ ભાષણો કરવાં. ને મી. નાયકનો આભાર માનવામાં આવ્યું. બાદ વિખરાવાનું કામ શરૂ કરવામાં આવ્યું. તેમાં લગભગ પોણા ત્રણ ની રકમ ભરાઈ હતી: અને હજુ ઉમરાવું બાકી છે

નવું પુસ્તક

સત્યાગ્રહની કહાણી

સત્યાગ્રહની લડાઈ કેવી જંગી ચાલી છે કે તે બાબતનું પુસ્તક લખવાની ઘણા માણસો તરફથી માગણી થઇ છે. તે વિષે વખાણ આખી દુનિયામાં થઈ છે. તેનો ઇતિહાસ વધુમાં વધુ બેએક વરસમાં પૂરો થઇ જશે એમ અમે માનીએ છીએ. તેથી તેવું પુસ્તક અંગ્રેજીમાં બહાર પાડવાનો અમે ઇરાદો રાખ્યો છે. તે પુસ્તકમાં આખી લડાઇનો ઇતિહાસ આવી જશે. તેમાં મુખ્ય માણસોની છબીઓ આવશે. જુદે જુદે વખતે બહાર પડેલાં કારટૂનો વિગેરે પણ આવશે. સરકારની સાથે થએલાં બધાંયનો હેવાલ પુરો આપવામાં આવશે. તે પુસ્તક મી. પોલાક લખવાના છે. તેને સરસ કાગળ ઉપર છાપવામાં આવશે. અને સરસ પુંઠાથી બંધાશે. તેવું પુસ્તક છાપવાનું કાગળનું અને મજુરીનું ખરચજ ઘણું સખત પડશે. મહેનતાણાની તો ગણતરીજ નથી કરતા. એ પુસ્તકની હજારો નકલ ખપે એવું આપણામાં જોસ નથી. તેથી અમે એક હજાર નકલે બહાર પાડવાનો ઇરાદો રાખ્યો છે. જ્યાં સુધી પાંચસેં નકલના ઘરાક થાય નહિ અને તેની કિંમત ન મળી જાય ત્યાં સુધી તે પુસ્તક બહાર પાડવાનો અમારો ઇરાદો નથી.—કેમકે અમારી તાકાદ નથી. તેની કિંમત ઘણા વિચાર પછી અમે પાંચ સાવીંગ રાખવાનો ઠરાવ કર્યો છે.

આ પુસ્તકનો મુખ્ય ઉપયોગ હીંદુસ્તાનમાં તેનો ફેલાવો કરવાનો છે એમ માનીએ છીએ. જો હીંદી તે પુસ્તક ખરીદી શકે તે હકને જો મુલક મોકલે તો તેમાંથી અમે ફાયદો જોઇએ છીએ. તે એ કે હીંદી દુઃખોની કહાણીનો પ્રચાર થાય. આ પુસ્તકમાં જો કે બીજા ભાગના દુઃખનો પુરો હેવાલ નહિ આવે તો પણ તેમાં એવું એક પ્રકરણ આવશે કે જેમાં ઘણે ભાગે તે દુઃખોનો સમાસ થાય.

હવે આ પુસ્તક બહાર પાડવું કે નહિ તે અમારા વધિક વરસ ને હીંદહિતેચ્છુ ના હાથમાં છે.

માટે આવવાનું ખુલ્લું છે. આવો અરજ ઇમીગ્રેશન કાયદાનો ચાપ તે અજમાવી જોવા માટે મી. સોરાબજી દાખલ થએલ છે. હવે તેનાપર એશીયાટીક કાયદા મુજબ રજીસ્ટર ન થવા માટે કેસ ચાલવાનો છે. તે બીનાથી મારી એસોસીએશનની દલીલ ખરી ઠરે છે, અને તે બીના દેખાડી આપે છે કે ઇમીગ્રેશન કાયદાની રૂએ કેળવાએલા હીંદી દાખલ ન થઇ શકે એવો અરજ કરવાનું સરકારે માંડી વાળ્યું છે. આ બાબતમાં ગોરા ઓની નજરથી જોઇએ તો કેળવાએલા હીંદીના આવવાથી તેમને વાંધો હોવાની વાતજ હોઇ શકે નહિં. ત્યારે હીંદી તો એ વરગના હીંદીની હાજરી માટે બહુ લાગણી ધરાવે. હવે હકીકતમાં એમ છે કે પરીક્ષાની સખ્તીને લીધે કેળવાએલા હીંદીને પણ મોટે ભાગે આવવાનું બની શકે તેમ નથી. અને ગોરામાં તેમજ હીંદીમાં ગોરા કળાવણી ને એકસરખું માન આપવામાં આવે, અને તે કબુલ રાખવામાં આવે તો તે પરીક્ષા રીતસર કડક હોય તેમાં પણ મારી એસોસીએશનને વાંધો નથી. આ પરીક્ષા નાતાલમાં કાંઇ ટરાંસવાલ જેવી સખ્ત નથી. છતાં નાતાલમાં છેલ્લા ઇમીગ્રેશન રીપોર્ટ પ્રમાણે જુજ હીંદીઓ પરીક્ષા આપીને દાખલ થયા છે. કેળવણીના પરીક્ષાની કલમ આસ્તેથીઆમાં પણ છે. ત્યાં એસીયાટીક ઇમીગ્રેશન ન્હાલ નો ફતેહમંદ રીતે નીવેડો આવી ગયેલ છે. તેથી મારી એસોસીએશન હીંમતથી જરૂરનો બતાવે છે કે આ બાબતમાં ટરાંસવાલ બીજા કોલોનીઓથી ત્રિરૂદ્ધ ચાલી આપવાદરૂપ નહીં થાય: તથા આ બાબતમાં હીંદીની કુદરતી લાગણીઓ દુખાવનાં સરકાર અટકશે.

છેવટે મારી એસોસીએશન માનપુરસ્વક જણાવે છે કે ઉપરની રજુઆતપર સરકાર ગંભીર રીતે વિચાર કરશે. તેમ કરીને એસીયાટીક કાયદાને લગતા એશીયાટીક સવાલનો સરકારે હમેશને માટે નીવેડો લાવવો જોઇએ. તેમ કરવાથી સલાહની ને લગતી સરકારની ફરજ બજાવશે; તેથી કાયદેસર વસનારા એશીયાટીકોને છેલ્લી લડત પછી આરામ અને શાંતિની જરૂર છે તે પણ મળશે; ને તે ઉપરાંત કામજીની શરૂઆતમાં જણાવ્યું તે પગલું લેવામાંથી હીંદીઓને સરકાર બચાવશે. કેમકે સરકાર સતોષકારક ઠરાવ પર ન આવે તો એ પગલું લેવા અમે તો નકકી કરી ચુકયા છીએ.

ફ્રેંડ'ના હિમાયત

તા. ૪ થી જુલાઇના અંકમાં જોસેફ ફનટીનનું "ફ્રેન્ડ" લખે છે કે:—

બોઅર વખતપર ટરાંસવાલમાં એશીયાટીક સંબંધમાં જે મુશ્કીલતનો માંડ અંત આવ્યો હતો તે પાછી નવેસર ઉભી થઇ છે, અને તે ગંભીર નીવડશે એવો ભય લાગવા માંડયો છે. ૬૦૦૦ જેટલાઓ પોતાનાં મરજીયાત રજીસ્ટર રદ કરીને પેસીવ રીઝીસટન્સથી દુરીથી લડવા તયાર થયા છે. એટલે કે તેઓ પોતાનાં મરજીયાત રજીસ્ટર ફાડી નાખશે અને લાઇસેન્સ વગર વેપાર કરશે. અલબત તે માટે તેમને જેલ મોકલવામાં આવે કે દેશપાર કરવામાં આવે તો તે દુખ ઉઠાવવા તેઓ ખુશી છે. (સમાધાનીને લગતી તથા વચન ભંગને લગતી વિગત જણાવ્યા બાદ ફ્રેન્ડ આગળ ચાલતાં કહે છે કે) એમાંથી એકે પક્ષના અભિપ્રાયે શંકા ઉઠાવવાની જરૂર નથી. જેઓ મી. ગાંધીને ઓળખે છે, તથા મી. સ્મટસને ઓળખે છે તેઓએ એમજ માનવું જોઇએ કે બંનેનું કહેવું પોતપોતાના ધારવા પ્રમાણે સાચું છે. સરકારને કહેવું જોઇએ કે કાયદો રદ કરવાનુ વચન અપાયું હોય કે ન હોય છતા હકદાર લોકોને આવવા દેવા તે માત્ર ડહાપણ છે. નહિતો અરજ એમ થાય કે કાયદાનો ભંગ કરનારને રજીસ્ટર થવા દેવામાં આવ્યા, ત્યારે બાર હોય કાયદાનો ભંગ ન કરનારને તેવી છુટ ન મળી. તે બધા ત્રણ માસમાં પાછા ન ફરી શકે એ દેખીતું છે. કેટલાક કિ દુરસ્ત ન ગયા હતા, કેટલાક બરમા, ચીન, મકકા એમ જુદે જુદે ઠેકાણે ગયા હતા. તેવા લોકોને પાછા ફરવાને ધરતો વખત, દાખલા તરીકે બે વરસની મુદત, મળવી જોઇએ. મી. ગાંધી તથા તેમના મિત્રોને કહી શકાય કે હકદાર માણસો પાછા ફરી શકે એટલું મળવાથી તેમણે પુરતું માનવું જોઇએ. બાકી નવી હાલમારી ઉભી થાય તો તે માટે બેશક રીતસર પ્રોટેસ્ટ તેઓ કરી શકે છે. ગોરાઓની ન્યાય બુદ્ધિ હિંદીની વાત સાંભળશેજ. કાયદેસર હકદાર હોય તેમની તરફ ગેરસ-સાફી થવા ગોરાઓ નથી માગતા અમે આશા રાખીએ છીએ કે એશીઆટીકોએ રજીસ્ટર થતી વખતે જે વાની લીધું હતું તેપર સરકારે ધ્યાન આપવું જોઇએ. એક વખત સમાધાની થઇ ત્યારે તેને વફાદારીથી પાર ઉતારી તે માટે એશીઆટીકોને માન ઘટે છે. એટલે જે મોકાને માનની લાગણી છે, તેમજ જેઓને પોતાના હક માટે જાન કુરબાન કરવાનો જુસ્સો છે તેવા લોકોની બાબત મસલત કરવા જવું પડે તેમાં કોઇ સરકારે શરમાવાનું નથી. ગેરસમજને વળગી રહીને, આવા લોકોને હજારોના દિલાસે બન્ધ કરવામાં આવે તો તે વાત દુખદાયક બનશે તેવા ટરાંસવાલમાં પાછી માયાકુદ ઉભી થાય; તથા બી મોરલીને હિંદની અશાંતી વિષે સંતાપ પેદા થએલ છે તેમાં ઉમેરો થાય.

સીડનહામના હીંદી

સીડનહામ કીમીકલમાં હીંદીઓનાં ઉપર રાઉપરી થતાં ખુનોની બાબતપર વિચાર કરવા સ્પ્રીંગફીલ્ડના હીંદીઓની એક મીટીંગ બુધવારે સાંજરે મી. બાબુલાલના સ્ટોરપર મળી હતી. તે વખતે થએલાં વિવેચનમાં જણાવવામાં આવ્યું હતું કે લગભગ દરેક રાત્રે ચોરીની તદબીર થાય છે. પછી એવો ઠરાવ થયો કે ચોકી રાખવા માટે કોમના માણસોની ટુકડીઓ નીમવી. બીજો એવો ઠરાવ થયો કે બે ટીકીકટના વચ્ચે એક પોલીસ થાણું સ્થપાવવાનાં પગલાં લેવાં. આ બીજા ઠરાવ સબંધમાં સરકારપર પીટીશન મોકલવાનું નકકી કરી સભા વિસરજન થઇ હતી. એવું જણાવવામાં આવે છે કે હાલ પીટીશન રવાના છે.

કબીર મોહમદીન સાહેબ નામના હીંદીને બોટી રીતે ડોમીસાઇલ સરટીફીકેટ મેળવવાના આરોપથી ડરબન કર્સ્ટ કોર્ટમાં ખડો કરવામાં આવ્યો હતો: કેસ મુલતવી રહ્યો છે.

કેપટાઉનના એક તારમાં જણાવવામાં આવે છે કે:—કેપટાઉનમાં ને આસપાસના ભાગમાં કેટલીક વખત મળ્યાં બોગસ બોટા સીક્કા જોવામાં આવ્યા છે. તે માટે તપાસ કરવામાં પોલીસ રોકાયેલી હતી; અને હાલમાં બાર માણસો તથા સેન્ટ્રલ રીવરમાં સીક્કા બનાવવાનું એક આખું બાતું પકડાયેલ છે. ઉપલા ચાર માંના ત્રણ હીંદી છે; ને એક ગોરો છે. આ સીક્કા બનાવવાનું બાતું સંપુરણ સાધનોવાળું હોવાનું જણાવવામાં આવે છે. એ કેસ પુકરોક મેજીસ્ટ્રેટ આગળ નોંધાયો છે.

છાપામાં હીંદીનો પોકાર

ઉપરા ઉપરી કાગળો

તા. ૨૭ જુલાઇએ ટરાંસ્વાલના છાપામાં મી. ગાંધીનો એક કાગળ પ્રગટ થયો હતો તેનો કેટલેક સાર ગયે વખતે છેલ્લા ખબરોમાં તારથી અપાઇ ગયો છે. છતાં તે કાગળ જાણવા લાયક હોવાથી તેનો તરજુમો નીચે આપીએ છીએ:—

મી. ગાંધીનો કાગળ

"સુપ્રીમ કોરટે ઠરાવ્યું કે મરજીઆત રજીસ્ટરની અરજીઓ પાછી ખેંચી લેનારો એશીઆટીકોને હક નથી. તે પગલાંનો હેતુ એવો હતો કે જે હીંદી રજીસ્ટર થવાનો હક હોવા છતાં રજીસ્ટર થઇ શકયા નથી, ને તે કારણસર જેમને દેશની બહાર કાઢવા, અથવા તો દેશમાં દાખલ ન થવા દેવા જનરલ સ્મટસ કહે છે તેવા હીંદીની સાથે, અરજીઓ પાછી મગાવીને બધાએ એક સરખા થવું.

કાયદાની મોટી આરીકી ભરેલી વાતમાં જનરલ સ્મટસે આ નામની જીત મેળવી, તેથી હીંદીઓ રજીસ્ટર ન થવા બરાબર કરવા માગે છે એ હેતુને આંચ આવવાની નથી. માત્ર હીંદી કોમે પુરતી હિંમત અને આત્મભોગ બતાવવાં પડશે.

સુપ્રીમ કોરટને કરવામાં આવેલી અરજીમાં કાયદાની તેમજ નીતિની વાત સમાવવામાં આવી હતી. તે કેસથી સમાધાની ને કોરટની મદદ વગર રદ બાતલ ઠરાવી બેસાડવી એ મુદ્દો હતો. નીતિની રીતે એ મુદ્દો હતો કે જનરલ સ્મટસે સમાધાનીનો ભંગ કરવાથી હીંદીઓ સમાધાનીને રદ બાતલ ગણવા હકદાર છે એ દેખાડી આપવું.

સમાધાનીનો ભંગ બે રીતે થાય છે. અણઘટતી સરતો કબુલ કરવામાં ન આવે તો કાયદો રદ કરવાની જનરલ સ્મટસ ના પાડે છે, તેમ જેઓ હકદાર હોય, હવે દાખલ થાય છે તેમને મરજીઆત રજીસ્ટર કરતા નથી. કાયદો રદ કરવાનું વચન આપવાનો જનરલ સ્મટસ ઇન્કાર કરે છે, અને સમાધાનીનો એવો અરથ કરે છે કે ત્રણ માસ પછી આવે તેમણે કાયદા તળે રજીસ્ટર થવું જોઇએ. બંને સમાધાનીના દસ્તાવેજમાંના નીચેના શબ્દોનો શું અરથ થાય છે તે જોવાનું હું લોકોના હાથમાં સોંપું છું:

"અને ફરીથી એકવાર સરકારને સુચવીએ છીએ કે કેટલાક ઉપરના બંધ થયેલા આદીકા અમુક મુદત, કહો કે ત્રણ માસમાં, રજીસ્ટર કહાવે; અને જેઓ એ પ્રમાણે રજીસ્ટર થાય તેમને કાયદો લાગુ પડે નહિ; તથા તે રજીસ્ટરોને પાકાં કરવા સરકાર ઘટતાં પગલાં લીએ. જેઓ કોલોની બહાર હોઇ પાછા આવે, અને જેઓ દાખલ થવા માટે બીજી રીતે હકદાર હોય તેમને પણ રજીસ્ટર થવાની ઉપરની રીત લાગુ પડે."

કાયદો રદ કરવાનું વચન અપાયું હતું કે નહિ, તે જાણવા માટે મારી ને જનરલ સ્મટ વચ્ચે થએલું લખાણ છાપામાં મોકલું છું. તે ઉપરથી લોકો પોતાની મેળે જોઇ શકશે કે વચન અપાયું હતું કે કેમ. તા. ૨૨મીના મારા કાગળ ઉપર હું તમારું ધ્યાન ખેંચું છું. તેમાં કાયદો રદ કરીને તેને બદલે કેવો કાયદો ઘડવો તેની વિગતો મેં આપી છે. છતાં વચનના ઇન્કારનો એક શબ્દ જવાબમાં લખવામાં આવ્યો નથી. પાછળથી થએલા પત્રવ્યવહારમાં કાયદો રદ થયો છે તેવા શું ને કેમ થયું જોઇએ એ હું લખતો ગયો, ત્યારે પણ વચનનો બીલકુલ ઇન્કાર કરાયો નથી. મારા સવાલના જવાબ આપવામાંથી, બચી ગએલ છે. મારાપર થએલા હુમલા પછી લોકોને શાંત પાડવા માટે રેવ. ડોકને ત્યાં મેં તથા મી. ચમનીએ મળીને નોટીસ ઘડેલી કે, એશીઆટીક સમાધાની પાર પાડશે તો કાયદો રદ થશે. આ નોટીસ એશીઆટીક જાહેરાતમાં જાહેર થવાની હતી. મી. ચમનીએ કહ્યું કે જનરલ સ્મટસને દેખાડીને તે નોટીસો બહાર પાડવામાં આવશે. બીજે કે ત્રીજે દિવસે તે પાછા મારી આગળ આવ્યા, ને કહ્યું કે લોકો રજીસ્ટર થતા હોવાથી હવે નોટીસો બહાર પાડવા ની જરૂર છે? જનરલ સ્મટસની બાજુ તો મને તો સ્વપ્નેય પણ અજાણ નહોતો; તેથી નોટીસો બાબતનું મોકુફ રાખવાની મી. ચમનીને મેં હા પાડી. મારે ઉમેરવું જોઇએ કે એકવાર નહિ, પણ અનેકવાર મી. ચમની મને કહેતા આવ્યા છે કે જનરલ સ્મટસ પોતાનું વચન પાળશે, અને કાયદો રદ કરશે. આશરે એક માસ ઉપર હું તથા મી. ચમનીયકત ઠરાવીને વીન્ચેસ્ટર હાઉસમાં મળ્યા હતા. તે વખતે મી. ચમનીએ ખુદ કાયદાને બદલે દાખલ કરવાના મેં રજુ કરેલા મુસદ્દા ઉપર ચરચા કરી, અને ઘણે ભાગે તે કબુલ રાખ્યો. મી. ચમનીએ, તેની હાજરીમાં કાયદો રદ કરવાનું વચન જનરલ સ્મટસે આપવાની વાતનો ઇનકાર કર્યો છે. તેવીજ રીતે હું જે આ બધું કહું છું તેનો પણ મી. ચમની ઇનકાર કરે. પણ જનરલ સ્મટસથી કે મી. ચમનીથી કે મારાથી સત્ય કાંઇ ઢાંકયું રહેવાનું નથી.

મારા ભાઇઓનો રસ્તો સરળ છે. ફરીથી દુઃખો ઉઠાવવા તેમણે તયાર થવું જોઇએ. દુઃખો ઉઠાવવાથી લોકોને ખબર પડશે કે કોણ સાચું છે.

તકરારના મુદ્દા હું ફરીથી દરશાવવાની રજા લઉં છું. જો કે વચનનો ઇનકાર થયો છે, તોપણ કાયદો રદ કરવા જનરલ સ્મટસ તયાર છે; ને એથી શરતો કરવા માગે છે કે જુના વસવાટ કરનારાના હક તથા ઇમીગ્રેશન કાયદાની રૂએ દેશમાં થએલા એશીયાટીકોને દાખલ થવાના હક છે તે અમારે જતા કરવા."

મી. પોલાકનો કાગળ

તા. ૨૬મીએ મી. પોલાકનો નીચે મુજબ કાગળ ટરાંસવાલના છાપામાં પ્રગટ થયો છે:— "

"એશીઆટીક કાયદો રદ કરવાનું જનરલ સ્મટસે વચન આપ્યું હતું કે કેમ એવો સવાલ ઉભો થએલ હોવાથી તે બાબતમાં મને જે ખબર છે તે જણાવવાની હું તક લઉં છું. ગયા ફેબ્રુવારીની શરૂઆતમાં જ્યારે મરજીઆત રજીસ્ટર કરવાનું કામ શરૂ થયું ત્યારે. એટલે કે સમાધાની થયા પછી થોડા વખતપર, હું રજીસ્ટ્રેશન ઓફીસે ગયો હતો. તે વખતે એશીઆટીક રજીસ્ટ્રાર મી. ચમનીએ મને કહ્યું હતું કે જો મરજીઆત રજીસ્ટ્રેશન સંતોષકારક રીતે પાર ઉતરે તો પારલા મેંટની બેઠક શરૂ થતાં જ કાયદો અલબત રદ કરવામાં આવશે. વળી મને એ પણ બરાબર યાદ છે કે રજીસ્ટર ઓફીસમાં આવનારા બીજા માણસોને પણ મી. ચમનીએ એજ કહ્યું હતું: જે કે તે વાતને તે વખતે મેં ખાસ ધ્યાનમાં લીધી નહોતી."

રેવરન્ડ ડોકે પણ એક સરખો કાગળ પ્રસિદ્ધ કરાવ્યો છે, જે જગ્યાની તંગી ને લીધે અમે આપી શકયા નથી.

કમીટીની મહેનત

(રૂટર)

રોડેશીઆમાં રજીસ્ટર કાયદો થયો તે સંબંધમાં સા. આ. ખિ. ઇ. કમીટીના સેક્રેટરી મી રીચે લંડનના છાપામાં હીંદીની વતી પ્રોટેસ્ટ કરનારો કાગળ લખ્યો છે.

અખબારપત્ર

જોહાન્સબર્ગ

VII-367

(અમારા ખાસ પ્રતિનિધિ તરફથી.)

મંગળવાર.

લડત

સુપરીમ કોરટમાં હારી ગયા. જજ સોલોમન કહે છે કે સમાધાનીની સાથે મી. રમટસની અરજીને સંબંધ નથી. વળી કહે છે કે જેલમાંથી લખાયેલ કાગળ તથા મી. રમટસના જવાબ ઉપરથી કાયદો રદ કરવાની વાત પુરવાર થતી નથી. મરજીયાત અરજી પાછી ન ખેંચાય કેમકે તે એક કાગળની બરોબર છે. કાયદો કહે છે કે કોઇની ઉપર કાગળ લખ્યો હોય તે કાગળ જેને મળે તે ધણીનો છે. તેજ પ્રમાણે અરજી તે સરકારની છે. છતાં અરજી પાછી ખેંચવાનો હક હીંદી ને છે એમ પણ જજે કહ્યું. અરજીનો કાગળ ન મળે. અરજી પાછી ખેંચવા દોય તો સરટીફીકેટ ન લેવાં એમ જજ સાહેબ બોલ્યા. પરમીટ તથા જુનું રજીસ્ટર પાછું આપવા સરકાર બંધાયેલ છે, પણ મરજીયાત અરજી પાછી ખેંચવાને બાતરજ કેસ ચાલ્યો તેથી ખરચો પણ હીંદી કોમે આપવો એમ ઠરયું મી. રમટસે એફીડેવીટ કરી કે તેણે કાયદો રદ કરવાનું વચન આપ્યું જ નથી. મી. ચમનીએ પણ તેવા પ્રકારની એફીડેવીટ કરી. મી. વોરડે ખુબ મહેનત કરી, ઘણી ને બહુ સારી દલીલો કરી. પણ જજના મનમાં ભરાઇ રહયું હતું કે અરજી તે કાગળ રૂપેજ ગણાય.

આવા પરિણામથી ઘણા હીંદી નાઉમેદ થયા. તેમ થવાનું કારણ સત્યાગ્રહીને હોય નહિ. સત્યાગ્રહીની છેવટની કોરટ ખુદાજ છે, ને ત્યાં કંઇ ખોટા પુરાવા ચાલી શકતા નથી.

વળી અરજી ખેંચવાનો હેતુ એ હતો કે જેલમાં જલદી જવાય. તે હેતુ હવે રજીસ્ટર બાળીને પાર પાડવો રહયો. આમાં જરા મુશ્કેલી લાગશે, છતાં કામ સહેલું છે. સમજનાર સમજી શકશે કે અરજી પાછી લઇ લેવી તેના કરતાં રજીસ્ટર બાળવું તે સારી વાત છે.

કાયદો તો રદ થયા જેવુંજ જોવામાં આવે છે. જનરલ રમટસે ફેબરવારીની ૨૭ મી તારીખે લોહા-સબરજમાં આપણ કરેલું. તેમાં તેઓ સાહેબે કહ્યું હતું કે "મેં એશીઆટીકને પુરવર આપ્યા છે કે જો તેઓ બધા મરજીઆત રજીસ્ટર લેશે તો કાયદો રદ થશે. જ્યાં સુધી મરજી આત રજીસ્ટર નહિ લેય ત્યાં લગી કાયદો રદ નહિ થાય." આથી બીજા ચોખ્ખા શબ્દ રદ કરવાના મળી શકે તેવા નથી.

જે દહાડે સુપ્રીમ કોરટનો ઠરાવ બહાર પડયો તેને બીજે દહાડે મી. ગાંધીની સાથે તો બધો પત્ર વ્યવહાર બાપામાં બહાર પડયો, ને તેનીસાથે મી. ગાંધીએ તા. ૨૭મીએ બાપાઓમાં કાગળ લખ્યો છે. એ કાગળ તો જવાબ કોઇએ હજુ આપ્યો નથી.

ગોરાઓની મદદ

દરમીઆન જે ગોરાઓ આપણને મદદ કરતા આવ્યા છે તેઓએ પાછું મહેનત લેવાનું શરૂ કરી દીધું છે. હવે જનરલ રમટસ કહે છે કે બધુ પાછું બાળીનાં, રેફરન્સના હક કબુલ કરવાને તે રાજી છે. મી. ચમનીના ઠરાવ સામે અપીલની પરવાનગી આપવા પણ રાજી છે. કેળવા એલા ન આવી શકે એટલું હીંદીની પાસે કબુલ કરવા માગે છે. આ વાત હીંદી કબુલ કરાવવા માગતા નથી. તેથી રવીવારે મીટીંગ મળી હતી. લગ ભગ ૮૦૦ ગાયસ હુમીદીયા મસજીદમાં જમા થયા હતા. તે મીટીંગમાં મી. હસપ મીયાં. મી. ઇમામ અબદુલ કાદર. મી. કામા, મી. મુલ્લાજલાલ, મી . કાજી લીયા, મી. પોલાક, મી. ગાંધી, મી. અર સેદજી વિગેરેએ ભાષણ કરયાં. છેવટે નકી થયું કે આવતે રવિવારે મોટી મીટીંગ કરવી ને તેમાં

રજીસ્ટરો બાળવાં.

બાળવાની શરત એ છે કે જો સરકાર માફેથી ચારે બાજુ ન આપે તો.

મી. હસપ મીઆંનો કાગળ

આ મીટીંગ ઉપરથી મી. હસપ મીઆં એ મી. રમટસને કાગળ લખ્યો છે. તેમાં જણાવ્યું છે કે હીંદી કોમની માગણી કબુલ કરવાનો સરકારનો ઇરાદો ન હોય તો જણાવી દીજે, કારણ કે નહિ તો આવતે રવિવારે મસ મોટીંગ કરી સરટી ફીકેટો બાળી દેવાનો અમે નિશ્ચય કર્યો છે. [આ આખો કાગળ આ અંકમાં બીજી જગ્યાએ જોવામાં આવશે.] આ કાગળનો જવાબ સીધો આવે, ને સરકાર વગર શરતે કાયદો રદ કરે તો પછી કંઇ કહેવા જેવું રહેશે નહિ. ને રજીસ્ટર બાળવાં પડશે નહિ.

મી. ડોકનો કાગળ

'ટ્રાંસવાલ લીડર' માં મી. ડોકનો કાગળ બહાર પડયો છે. તે જણાવે છે કે તે ચુસ્તાદાર છે. તે કાગળમાં હીંદી કોમની લડતનું વ્યાજબીપણું સરસ રીતે બતાવ્યું છે. એ કાગળ ઉપરથી ઘણા ગોરા આપણી પક્ષમાં થયા છે, ને દિવસે દિવસે વધુ થતા જાય છે.

બ્લોમફનટીન 'ફ્રેન્ડ'

બ્લોમફનટીન 'ફ્રેન્ડ' પણ આપણા પક્ષમાં ફરીથી લખવા મંડી ગયું છે. તે મી. રમટસને ભલામણ કરે છે કે હવે તે વધારે તકરાર ન કરે.

આમ ચારે બાજુએથી મી. રમટસનો ફીયાસ્કો થયેલો છે. પાપનો ઘડો પુરો રહેવા આવ્યો જણાય છે. એટલે સંભવ છે કે હવે છેવટ આવતાં લાંબો વખત નહિ લાગે. પણ લાંબા દુઃખનો વિચાર સત્યાગ્રહીને કરવાનો નથી. તેને તો તેનું સત્ય એ સરવથી વહાલું છે.

મી સોરાબજીનો કેસ

મી. સોરાબજીને પકડયા છે; ને વગર જામીનથી જોડેલ છે. ગુનીયારે કેસ હતો. પણ બુધવાર સુધી મુલતવી રહયો છે. મી સોરાબજીની ઉપર હવે તહોમત મુકી ગ્રેશન કાયદાનું નથી, પણ જુની કાયદાનું છે. એ બતાવે છે કે ઇમીગ્રેશન કાયદાની રૂએ મી. સોરાબ ઉપર કંઇ થઇ શકે એમ નથી. મી. સોરાબજી જુની કાયદાને તાબે રહેવા માગતા નથી અને ટ્રાંસવાલ છોડવાના નથી. એટલે જો તેમને હદપાર થવાની નોટીસ મળશે તો તેનો તે અનાદાર કરશે ને જેલ જશે. મી. સોરાબજી રવિવારની મીટીંગમાં પણ બોલ્યા હતા, ને તેમના જેલ જવાના કરારથી સહુ રાજી થયા હતા. મી. સોરાબજીના કેસ ઉપરથી મી. ગાંધીએ બાપાઓને કાગળ લખ્યો છે.

મી ગાંધીનો કાગળ

મી. ગાંધીનો નીચે મુજબ કાગળ તા. ૪થીએ ટ્રાંસવાલના બાપામાં પ્રગટ થયો હતો:—

મી. સોરાબજી સામેના ટેસ્ટ કેસથી એશીઆટીક લડત એક પગથીઉ આગળ વધે છે. મી. સોરાબજી અંગ્રેજ કેળવણી પામેલ અને સુધરેલ વિચારના એક પારસી ગૃહસ્થ છે તે ઇમીગ્રેશન કાયદાની રૂએ આ કોલોનીમાં દાખલ થયા છે. તેમની પાસે ચારસ્સટાર્કનની લોકલ બોરડના પ્રમુખનું તથા બીજા ગોરાઓનાં સરસ સરટીફીકેટો છે. તેના ઉપર હવે કેસ શરૂ થયો છે તે ઇમીગ્રેશન કાયદાની રૂએ નહિ, પણ રજીસ્ટર ન કઢાવ્યા માટે એશીઆટીક કાયદાની રૂએ ચાલશે. કેસ

કોરટ આગળ હોવાથી તે ઉપર કું કાંઇ ટીકા કરીશ નહિ. પણ એશીઆટીક કાયદાની રૂએ કેસ ચાલે છે એજ કમીકત. ગે સ્મટસ જનરલ આગળ ઉઠાવેલ બાબત સાબીત કરે છે તે બાબત એ છે કે ઇમીગ્રેશન કાયદાની રૂએ કેળવણી પામેલા એશીઆટીકોને ટરાંસવાલમાં દાખલ થવાની છુટ છે. જો તેઓ દાખલ થયા પછી એશીઆટીક કાયદો કબુલ ન કરે તો તેમને પાછા કાઢી શકાય એ તો પહેલેથી જાણમાં છે; ને તેટલા સારૂ તો ઇમીગ્રેશન કાયદા સામે જે પીટીશન થયું હતું તેમાં જણાવ્યું હતું કે સરકાર એક હાથે જે આપે છે તેજ બીજે હાથેથી લઇ લીએ છે. જો એશીઆટીક કાયદાની નકામત ઉઠાવવાનું મી. સોરાબજીથી બની શકે તો તે પ્રોહીબીટેડ ઇમીગ્રંટ ન ગણાય કાયદો રદ કરવાના સાટામાં જનરલ સ્મટસ જે માગે છે તે એ છે કે સર મંચેરજી ભાવનગરી જેવાના હકો એશીઆટીકોએ જતા કરવા.

આ ઉપરથી ચોખ્ખું દેખાઇ આવશે કે એશીઆટીકો કાયદેસર જેટલા માટે હકદાર છે તે કરતાં કાંઇ વધારે તેઓ માગતા નથી. એક કેસ ઇંડીપર બનાવથી પરમીટના આરોપસર કેસ હોવાથી ખાલી ગુંચવાડો ઉભો થાય છે. જેઓ હકદાર વસનારા છે, અને સરકારને મદદ ગાર થનારા છે તેમને કાયદો હોરીએ લટકી રહેવા જેવું થાય છે. કેમકે જેઓ અપ્રમાણિક રીતે ચોરીથી કે બનાવટી પર મીટથી દાખલ થાય છે તેમને માટે સાચા હોય તેવાને સહન કરવું પડે છે.

જેમલનો કેસ.

જેમલના કેસની પછવાડે બીજા ઘણા કેસો થવાનો સંભવ છે. જેમલે આપેલી પરમીટ લઇ ડાહ્યો કરીને એક દરજી જોહાન્સબરગ આવેલો. તેને પકડવામાં આવ્યો છે. તેણે નિર્દોષ રિતે પરમીટ લીધેલી જણાય છે. તેમાં ભુલ થવાનો સંભવ છે. આ કેસ ઉપરથી હીંદીઓએ ચેતવાનું છે કે આડી રિતે પરમીટ લેવાનો વિચાર કરવામાં તેને પોતાને નુકશાન છે. તેમજ જેમને પણ નુકશાન થાય છે.

બુધવાર.

મી. સોરાબજીનો કેસ

મી. સોરાબજીનો કેસ બુધવારે મી. જોરડન આગળ ચાલ્યો. મી. ચમનીએ જુબાની આપી તેમાં કબુલ કરયું કે ઇમીગ્રેશન કાયદાની રૂએ તેને પકડયા નથી, ને પકડી શકતા નથી. મી. સોરાબજીને નવિ પકડવાનું ખાસ કારણ હતું એમ તેણે કહયું. કોરટમાં ઘણી ઝપા ઝપી ચાલી હતી. કોરટ હીંદીથી ચીકાર ભરાઇ ગઇ હતી. મી. ગાંધીએ કાયદાની બેઠ ભારી હોવાથી મી સોરાબજીને છોડી મુકવાની તકરાર ચલાવી. તે બાબત મીજીસ્ટ્રેટે પોતાનો ઠરાવ જુમે રાતે આપવા કહયું છે. તે ઠરાવ ગમે તેવો હોય. તેથી મુળ કેસનો ચુકાદો નહિ થાય. પણ આવી બાબતમાં કાયદાની બીજી બારી ઓનો લાભ લેવો એ વધારે સારૂ જણાય છે.

ગમગીની

તા. ૪થી જુલાઇને શનીવારે મી. ઇસપ મીઆના નાના ભાઇ મી. સુલેમાન મીઆનો આસરે દશ માસની ઉપરનો છોકરો ગુજરી ગયો છે. આ બેદકારક બીનાને સારૂ હું દિલગીર છું.

!!! રમુજી રંગ !!!

એન્ટ્રુકેટડપર ધાડ। સત્યાગ્રહ ચાલ્યો. દોઢ વરસ ખુબીસ બળ્યા અને તેનો અડીયો દઇયો, ને ઇસમીટ પઢીયો ત્યારે કેળવાયલા પર ધાડ આવી. તેને બાઢ રાખો. તેને મારે દરવાજે બંધ કરો. ઇડિઆમાં બારી મજબુત બધુ પડેલા છે. તેઓ બરાઈ જશે. નબોદ કાઢશે. ટરાંસવાલમાં પોલે દહાડે ખરી રીતે લુંટ ચલાવશે. માટે એ સાહસું કાસળ કાઢેલ. મી. ગાંધી પતશે! ખુદા અમર રાખે, એટલે પત્યું. ટૂંપે કાંઇ થાય નહિ. પણ બહાદુર ભાઇઓ તો એક તસુ પણ હઠ્યા નહિ. ગમે તે જોખમે પાછી લડત લેવાની તઇયારી શરૂ કરો એવા પોકાર ગાજી રહયા. એ તો થયું. પણ... એ કલમ દાખલ થાય તો શું? ન્યાય મુર્તી મી. અમીર અલી, મી. ઇસ્કા બારીસ્ટર કે સર ફીરોજશાહ મહેતા આવે તો ચુપ; બેસી રહો: તુચ્છ રબ્બ નહિ હે; ચમની સાબકી પરવાનગી લો; ને મહેરબાની દાખલ, આજીજી, બાપજી કરી બેઠા વખત માટે દાખલ થાઓ. ખરો ન્યાય! ખરી કાયદા પદનારની અકકલ!! અકકલમાં શું પુછવાનું? ક્રીધવાની ધાર જેવી.

* * *

આજ લાગરી! અરે બાપ એ શું? આજની બી ખબર પડે ખરી કે? બીજા કુમની શું કરશે? બચાસાં ખાશે? તા. ૫ જુલાઇએ હીંદીઓની મીટીંગ ભરાઈ હતી. ચેરમેન, સેક્રેટરીએ લાંબા વખત ચુકા પાડયા. પછી એક ગૃહસ્થે પુછયું કે તમે હા, હા, બોલો છો, પણ તમારા રજીસ્ટરની આવતે કલવારે પારસીને ભાંતે હોળી કરશો? જવાબમાં એકે અવાજે હા-હા-હા. રસીક ભાના હાથથી હોળી સળગાવવાની ક્રિયા થાય તો ઠીક. લક્ષ્મીદાસના શીખવેલા બે ત્રણ શ્લોક પણ બધા કે હીંદીઓનું કલ્યાણ થાય. ચાલુ, બા. સાથે રજીસ્ટરનો વીમો પણ ઉતરાવી આવું. બળી જાવ કે પછી ઇસમીટના વચનના ભંગનો અકસમાત સાબેત કરી બે ત્રણ હજાર પાઉંડનું સીધું પાડું. કેમ ભાઇ, તમને ફાવશે કે? પઈસા આવશે તેની મીજબાની કરશું. તમે લાડવાની વાટ જોતા રહેજો હો!

* * *

થાપ ખાધી! બાપુ, પરવાર્યા! ઇશ્વરની ગતિ ગહન છે. ઘડીમાં તણખલાનો મેરૂ કરે છે. ઘડીમાં જળ હોય ત્યાં જમીન થાય છે, અને ઘડીમાં જમીન હોય ત્યાં જળ થાય છે. સરવ પ્રજા આનંદમા ઘેળાતી હતી. પ્રભાતે શ્રી રામચંદ્રજી ગાદીએ આરૂઢ થશે એવા વિચારમાં નિમગ્ન બની સરવ ઉપર નિંદ્રા દેવીએ કરપા કરી હતી, પણ ભાવી, કોણ સમજી શકે! સુલટાનું ઉલટું થઈ ગયું. રાજ્ય અભિષેકની વખત થઇ એટલે વનવાસની હૃદય ભેદક ગમગીની સાયની ખબર પડી. ઝબરાટ અને શોકમય કથન રાડ થઈ ગયાં. આપણા શહેરી ભાવા પણ તા. ૧ જુલાઇ બુધવારની રાત્રી સુધી હતની આશાની કાંખણીએ વળગ્યા હતા. પણ સવાર પડતાં ફળ વગર નિરાશા સાથે નીચે પટકાઇ પડયા. વાચ્યાની ગુહ્ય રહી નહિ. અને વિચાર સાગરમાં ગુંચવાયા. મનની મનમાં રહી ગઇ.

* * *

ટરાંસવાલના રાજ્યકીય આસમાનમાં ગુચવાર વધ્યા, ચારે બાજુથી ઓ નળ, ઓ નળ, કરતા, સરપની માફક બળતા, જવાબ આપતાં બળ ગળિત થઈ ગયેલા મી. ચમની અને જનરલ સ્મટસ (સ્મટસ) હીંદી સાથે ભરાયા. ઘોડાની મદદથી ટૂંટ કરીને આખરે થાકી લોથ પોથ થઈ જઈ કાયદાને સ્વધામ પોંચાડવાનું વચન આપ્યું. પણ ગૃહરખાણપર વચનનો ભંગ કરી પાણી ફેરવ્યું. મી. ચમની સરખાએ "ક્રીટીક" બનતાં ચાના બગીચામાંથી આવી સરવ જાતીનું ડોળ માર્યું. અને તે પણ બનાવણી ગોસાંઇની માફક ફરી ગયા. વળી ન્યાયની અદાલતમાં કરમના સંજોગે ફાવી ગયા, ને હીંદીની હાડમારી રાડ થઇ. બુરીન્દર રાજા રાવણ અનેક અનર્થોમાં ફાવ્યો. પણ સત્યમેવ જયતે પ્રમાણે આખર રણમાં રોળાયો, ને સોનાની લંકાનો નાશ થયો. તેમ હીંદી પણ ફાવશે, છતશે, ને હીંદીના સંપને લીધે તેના દુશ્મનો તારાજ થશે. પણ તે સાથે આવા કારભારીવાળા સોનેરી ટરાંસ વાલનું શું થશે?

* * *

"ડેલીમેલ" ના ચિત્ર પ્રમાણે વાદીગરનો ખેલ રાડ થયો. જનરલ સ્મટસ સાહેબે ગુમડીમાંથી ધુબ્બડ કરતો રામ કાઢવો રાડ

ગયો. સરપ (હાંકી) ને નચાવવા યુક્તિ પ્રયુક્તિઓ કરી. ચમનો સાહેબે ડમડમ ટોલ્યું વગાડી હાંદીને ભેગા કરી જાતની મરછી મારફત બળમાં સપડાવવા નૃત્ય શરૂ કીધું. પણ અહો મન ભાગ્ય! કોઇ હાંદી સપડાયો નહિ. રસીક સરખા છાની ઠેકી સામા ખડા થઈ ગયા. કંદીયામાં કે બળમાં એકેમાં ફસાવાની ચોકખી ચટ ના પાડી. અને લાલ મુતરના વાતલા સરખી ચમક ચમક આમથી તેમ ફરતી ચીંત કાઢી કુ ફાટા સાથે સામે મેદાન પકડવા. રણ સંગ્રામ શરૂ થયો. ખરી હાંદીની બહાદુરી! સત્યા મહ, હિંમત ને ગુપના ખરી કસોટીએ ચઢયા.

* * *

લડાઇનું પગથીયું ને છતની આશાના અંકુરનો કેસ પાછો શરૂ થયો. મરૂ, નામ બી ખબર નથી. અરે પૈસા પારસી બહુરત્ન ઇસમના મોરથી ટરાંસવાલમાં મરી ગયાછ ને. સરકારને હંકાવવા માગેછ. બુધવારે સાહીનો વરયોડો નીકળશે ને જજમેન્ટ ઉપર હાર છતની દોરી લટકશે. સાથે ટેરટ કેસની પણ તઈયારી થઇ રહી છે. સેાલના દરદને નાબુદ કરવા જેમ વળગાડવામાં આવે છે તેમ હાંદીએા કાયદારૂપી દરદને નાબુદ કરવા સરકારને વળગ્યા હતા. પણ જેમ ભુકયા પછી ત્રીજે દિવસે ખાડું કાઢવા પાછી જેમ વળગાડવી પડે છે, તેમ દોઢ વરસની લડાઈના ખાડુ રૂપી કચાસને કાઢવા ફરી લડાઇ લઈ સરકારને બાઝવું પડશે. રણીયા તે રણમાં મળશે છે. બહાદુર હાંદીઓ બહાર નીકળી પડયા છે. બીટીશની ■ નામવા લાગી છે. સત્યાગ્રહ જોયો ને તેવો પાછો મળશે રહયો છે. ખરા ટરાંસવાલીયા હાંદી! તમને ધન્ય છે. તમારો જય છે. હિંમતે મરદાના તો મદદે ખુદા છે. આમીન.

રસીક

હીંદુસ્તાનની કપાલ

તા. ૧૪મીએ કેનઝલરમાં જગા બંધ થશે,

તા. ૨૦મીના અરસામાં સ્ટીમર કેાંગેલા માં આવવાની વકી છે

— —

ચાર્લ્સટાઉનથી એક લખનાર મી. સોરાબજીને ટેરટ કેસની લડતમાં છેવટ સુધી રહી રહેવા તથા જરૂર પડે જેલમાં જવા કે કામને ખાતર બીજાં દુઃખો ઉઠા વવા તયાર રહેવા ભલામણ કરે છે.

જોઇએ છે.
ગુજરાતી કમ્પોઝીટર.
લખો—મેનેજર,
ઇંડીયન ઓપીનીયન પ્રીંટીંગ પ્રેસ.
ફીનીક્સ નાતાલ.

મી. મુસા હાજી આદમનો કેસ

મી. મુસા હાજી આદમ પ્રટોરીયા આજ કેટલાક મહિનાથી પેાતાનાં મકાનોને સારૂ લાઇસેન્સ મેળવવાની તજવીજ કરેલી તેમાં તે નિષ્ફળ થયા છે. મી. મુસા હાજી આદમ નો કેસ બહુ જરૂરનો ને મહે દરજે કોમને ફાયદા કારક હોવાથી તેનું તારણ તેમની રજા થી અમે નીચે આપીએ છીએ:—

મારચમાં નેમણે પહેલેા કાગળ ટાઉન ક્લારકને લખ્યેા. તેમાં જણાવ્યું કે "મારી બાબત અને મારા જેવા બીજા હીંદીને લગતી બાબત જે તકલીફેા પડે છે તે ઉપર હું આપ નું ધ્યાન ખેંચવા માગું છું. જે બધાઓ બનેલે છે એવી કેટલીક હકીકત હું આપની આગળ રજુ કરૂં છું. ને મારી કફેાદી સ્થિતિ નો વિચાર કરી મને દાદ મળવા અરજ કરૂં છું. હું બરીસીસ ઇસ્ટિઅન વેપારી અહીં પચાસ વરસથી વસેલેા છું. મારૂં વતન કુછ રહેઠાણ નાતાલમાં છે. ને મારી ઉપર આધાર રાખ નાર ભાઈઓ બેહનો છે.

ડરબનમાં તથા બીજી જગાએ હું ઘણી જમીનનેા માલીક છું. લાઈસેન્સનેા કાયદેા થયેા ત્યારથી મારી દસથી બાર દુકાનેા ખાલી રહેલી છે. કેમકે હીંદીને લાઇસેન્સ નથી મળતી.

ડરબન કેારપેારેશનને દર વરસે આશરે પા. ૫૦૦ સુધી હું કર કે ભાડું ભરૂં છું.

કવીન સ્ટરીટમાં મેં ઝવેરી બજાર નામની મારફેટ શરૂ કરી. તે વિચાર પ્રથમ મારેાજ હતેા. હવે મારી મારફેટ જોરથી જામ કરીને તેવી મારફેટ કેારપેારેશને રવાપી છે. મને જે નુકસાન થયું તેને આશ ડરબન કેારપેારેશને મને કંઈજ નથી આપ્યું. તે મારફેટમાંથી મને સારેા નફેા મળતેા હતેા ને તેથી હું કર વેરેા દર વરસે ભરી શકતેા હતેા. આ મારી આવક હવે કેારપેારેશને તુંટવી લીધી છે.

પાર્કીન સ્ટ્રીટમાં ઝવેરી બજાર નામના મારા મકાનમાં કેટલાક હીંદીઓ લાઈસેન્સ મળવા ની શરતે દુકાન ભાડે રાખી. તેઓને લાઈ સેન્સ ન મળી. પછી રવારકરેક નામના એક ગેારાએ તેજ દુકાન રાખી લાઈસેન્સની માગણી કરી, ને તુરત તેને લાઇસેન્સ મળી. તેણે હવે મારૂં મકાન ખાલી કરયું છે. યુરેાપિ અનના મકાનની લાઈસેન્સ તેા તપાટાબજ કાઢવામાં આવે છે.

મારી ઘણી દુકાનેા ખાલી છે. બધાને સારૂં મને ૬૦૪૦ રવારકરેટેા ક્યાંથી મળ વાના છે? જ્યારે વખત સારેા હતેા ને લાઇસેન્સ મળતી ત્યારે હું મારૂં દેણું ભરેા ભર આપી શકતેા હતેા. હવે જ્યારે લાઈ સેન્સ નથી મળતી ત્યારે મારાં મકાન ભાડે ક્યાંથી અપાય?

અત્યારે સ્થિતિ એવી છે કે ડરબન કેારપેા રેશનને મારે કર તેા અમુક ભરવેા પડે છે. ને જે સાધનવડે હું કર ભરી શકું તે સાધન મારી પાસેથી કેારપેારેશન લઈ લેવા છે.

એટલે હું ત્યાની રીતે કેારપેારેશન આગળ વિનંતિ કરૂં છું કે વા તેા ઉલ્લા ફામ પ્રમાણે મારી મીલકત કેારપેારેશન લઈ લે, ને હું આ મુલક છેાડી દઉં, અથવા તેા મારા મકા નેાને સારૂ લાઈસેન્સ આપે.

હું મુંઝાઉં છું. આ બાબતને લીધે મારૂં કામ હું નિયમમાં રાખી શકતેા નથી. તેથી ઘણી બેમાંથી એક રીતે મને છોડવેા પડે છે."

મી કુલીનેા જવાબ

ઉપરના કાગળનેા ટાઉન ક્લારક મી. કુલી એ ૮મી એપ્રીલે નીચે પ્રમાણે જવાબ આપ્યેા:—

"તમારેા મારચ માસનેા કાગળ કેારપેારે શન આગળ મુકવામાં આવ્યેા હતેા. લાઈ સેનસીંગ અમલદારને લાઈસેન્સ બાબત હુકમ કરવાની કેારપેારેશનને સત્તા નથી. મારે તમને એ પણ જણાવવું જોઈએ કે બા બત બીજા ઘણા શહેરીઓ પેાતાનાં મકાન ભાડે નથી આપી શકતા. તેથી કેારપેારેશન તમારી અરજમાંની એ વાત કબુલ રાખી શકતી નથી."

મી. મુસા હાજી આદમનેા જવાબ

ઉપરના કાગજનેા જવાબ રટમી મેએ મી. મુસા હાજી આદમે નીચે મુજબ વાળ્યેા:—

"મારા મારચના કાગળ ઉપર પુરતું ધ્યાન અપાયું નથી, તેથી હું વિનંતિ કરૂં છું કે તેનેા ફરી વિચાર કરયેા. જવાબ અનિશ્ચિત છે, ને કંઈક દુવિધાવાળેા છે. તમે કહેા છેા કે બીજા શહેરી પેાતાનાં મકાન ભાડે નથી આપી શકતા. એ વાતની હું ના નથી પાડતેા. પણ મને તે બીના લાગુ નથી પડતી. મને તેા ઘણાએ ભાડુત મળે છે, પણ તમારા અમલદાર લાઈસેન્સ નથી આપતા તેથી હું ભાડુત રાખી શકતેા નથી.

તમારેા જવાબ મળ્યેા તે પહેલાં હું લાઈ સેન્સીંગ અમલદારને ઘણીવાર મળેલેા. તેણે મેયરને મળવા કહયું ને મને જણાવ્યું કે એશી આટીકને નવી લાઇસેન્સ આપવાની તેને મનાઈ હતી. તેણે વળી કહયું કે જો મેયર હુકમ કરે તેા તે પેાતે લાઈસેન્સ આપવા તઈયાર છે. મેયરને હું મળ્યેા ત્યારે તેણે કહયું કે સત્તા લાઈસેન્સીંગ અમલદારના હાથ માં છે. આમ એક બીજાની પાસે મેાકલી મને ઘણીવાર આંટા ખવરાવેલા છે. છેલ્લી વેલા જ્યારે હું મેયરને મળ્યેા ત્યારે તેણે મને કહયું કે મારે બીજા હીંદીઓને મળવું ને જો બધા હીંદી એકજ જગ્યાએ બજર એાર્ડ તેા ત્યાં લાઇસેન્સ મળવામાં અડચણ નહિ આવે.

હું પછી લાઇસેન્સીંગ અમલદારને મળ્યેા તેા તેણે પણ મેયરના જેવા સુચના કરી. એટલે બન્ને જણની ગંતલસ છે કે કેમ તે હું નથી કહી શકતેા. ગમે તેમ હેાય પણ બન્ને જણ બજરની વાત કરે છે ને કહે છે કે જો બજરની કબુલત હીંદી ન આપે તેા લાઈસેન્સ મળે નહિ.

બંદરની સુચના વિષે પણ મેં વિચાર કરી લીધો છે. પણ જેમ હું વધારે વિચારું છું તેમ મને થાય છે કે એ સુચના નકામી ને અશક્ય છે. હીંદીઓનો વેપાર હીંદીઓની મીલકત એ બધું કંઈ સામની એકજ જગ્યામાં નથી. ત્યારે હીંદી પોતાની મીલકત છોડીને એક જગ્યામાં જઇ કેમ વસી શકે? વળી તે સુચના પ્રમાણે જ્યાં હીંદીને રાખવામાં આવે ત્યાં યુરોપીઅનોની જમીન લઇ તેઓને કીંમત આપવી પડશે. તેઓ શું માગશે એ કોણ કહી શકે? જે જમીનની ઉપરનાં મકાનોને સારૂ તમે લાઇસેન્સ નથી આપતા તેવી મારી જમીનને બીજા હીંદીની જમીન કોણ વેચાતી લઈ લેશે? વળી જ્યાં ઘરાકો ન મળે ત્યાં વેપાર કેમ ચાલી શકે?

એટલે મને તો લાગે છે કે મેં બારમા માસમાં જે માગણી કરી છે તે મુજબ મારી મીલકત કારોબારને બદલી લેવા એજ મુરસ રસ્તો છે. આથી હીંદીને કાઢી મુકવાની તમારી નેમ પુરી પડશે, ને હીંદીને પોતાની મીલકત બે બદલો મળશે.

જો કે હીંદીને લાઇસેન્સ નહિ દેવાનો કાયદો બીલકુલ નથી, છતાં લાઇસેન્સીંગ અમલદાર હીંદીને નવી લાઇસેન્સ દેતો નથી, ને ન દેવા નાં કારણ પણ નથી બતાવતો.

નાતાલની પારલામેંટમાં હીંદીને અમુક મુદત પછી નુકસાની આપી કાઢી મુકવાનું બીલ આવવાનું છે તેની જરૂર પણ નથી. હું જે નુકસાની માગું છું, ને મળે તો જતા રહેવા ખુશી છું. અયોગ્ય રીતે લોકને રીબાવી રીબાવીને મારી નાખવા એ અન્યાય છે. હમણાંજ તેઓનાં બીઝનેસ તેઓને દસ્તક છે તે દરમીઆન નુકસાની આપવી એ વધારે આબરૂવાળું ગણાશે.

હાલની પોતાની કફોડી સ્થિતિમાં હીંદી મારો દાખલો લેશે ને નુકસાની લઈ દેશ છોડશે.

ઉપરની બધી હકીકત ગંભીર છે, ને તેપર ગંભીર રીતે વિચાર કરવાને સારૂ તે તમારી આગળ મુકું છું.

ગયે મહિને મારી દુકાનોને સારૂ બે હીંદી ને લાઇસેન્સની ના થઈ. આ બતાવે છે કે લાઈસેન્સીંગ અમલદાર કેટલો જુલમ કરે છે. એક અરજી ડરબનના ઓરામાન કાસમની હતી એ કરેલી, ને બીજી તયિબ અબરસે કરેલી. તયબ અબરસ મારા ફોકરા છે ને મારી સાથે પંદર વરસથી ભાગીદાર છે.

લાઈસેન્સીંગ અમલદારના ઠરાવ ઉપરથી, ને કન્સીલની પરવાનું ન કરવાથી હું તો એજ જોઉંછું કે આસ્તે આસ્તે મારો નાશ કરવા તમે મહેનત કરી રહ્યા છો.

તમારી સત્તાવડે તમે મારી જમીનો બાતલ ઠેરવી છે. વળી તમારી સત્તાવડે તમારા કર તમે મારી પાસેથી જોરાવરીએ લીધો છે. જો આમ ચાલ્યાજ કરે તો તમે જોઈ શકશો કે છેલ્લા વરસમાં મારી મુડી તમારા કરો ભરવામાં ખવાઈ જશે, ને હું પાયમાલ થઈ પડીશ.

આ મુલકમાં મેં મારો પહેલો પઈસો રોકયો છે, ને પચીસ વરસ થયાં આ દેશમાં હું વસ્યો છું.

બે મને બાકુત હોય નહિ, તેમજ બીજી આવક ન હોય તો મારાથી મ્યુનીસીપાલીટી ના વારા કેમ પાળી શકાય?

તેથી હું કાઉન્સીલને અરજ કરું છું કે મારા કેસનો બરોબર ખ્યાલ થવો જોઇએ, ને હીંદીઓને કફોડી સ્થિતિમાંથી કઢારવાના ઉપાય લેવા જોઇએ.

લાઇસેન્સીંગ અમલદારનો જવાબ

મી. મુસા હાજી આદમે લાઇસેન્સીંગ અમલદાર પાસેથી લખીતવાર જવાબ માગ્યો. તે ઉપરથી તે અમલદારે ૨૬મી મેએ લખ્યું કે "તમને મેં મોટે કહેલું તે હું લખીતવાર કહું છું કે તમારી લાઈસેન્સની અરજી મેં કાઢી નાખી છે."

સરકારનો જવાબ

આમ ટાઉન કાઉન્સીલ તરફથી દાદ નહિ મળી, ત્યારે મી. મુસા હાજી આદમે કોલોની અલ સેક્રેટરીને લખ્યું. તેણે ૬ ઠ્ઠી જુને જવાબ આપ્યો કે "૧૮૯૭ ના ૧૮ નંબરના કાયદા પ્રમાણે મ્યુનીસીપાલીટીની હદમાં લાઈસેન્સ બાબત વચમાં પડવાનો સરકારને હક નથી."

મી. અરદેસર બેગ

એકસચેનજણાવેછેકે—ઠરાંસવાલનીસત્યા ગ્રહની લડતમાં આગેવાની લઈ ભાગ લેવા માટે જાણીતા થએલ મી. એ. એફ. શી. બેગને તા. ૮મી જુને ડરબનની પારસી અન્જુમન તરફથી ખાસું આપવામાં આવ્યું હતું. ડરબનના લગભગ દરેક પારસી ગૃહસ્થોએ તેમાં ભાગ લીધો હતો. મી. પારસી રૂસ્તમજીએ જરૂરી કામ સર હાજર નહિ થઈ શકવાથી કાગળ લખી મોકલ્યો હતો. પ્રમુખપદ ડો. હીરા માણેકે લીધું હતું. તેમણે પ્રથમ સર જમશેદજી જીજીભાઇ બેરોનેટના ગુજરી જવા માટે દિલગીરી જાહેર કરી ને દિલાસા પત્ર મુંબઈ મોકલવા માટે સુચના કરી, જે સર્વાનુમતે પાસ થયું. પછી પોતાની સેવાથી પારસી કોમને મગરૂર બનાવે તેવા ભાગ લડતમાં મી. બેગે લીધા હતા તે માટે પ્રમુખે વિવેચન કર્યું. તથા મી. બેગને શાબાશી આપી. પછી માનવંતા પારસી આગેવાન સર કાવસજી જહાંગીરને બેરોનેટનો ઈતાબ મળવા માટે ખુશાલી બતાવવામાં આવી. બાદ મેળાવડો વિસર્જન થયો હતો.

કેપટાઉનમાંથી ડચિઅન ઓપિનિઅનની છુટક નકલ (કીંમત ૪ પેની) ત્યાંના અમારા એજંટ મેસરસ પુરુષોત્તમ અબર્સ (કારનર લોંગ માર્કેટ તથા પાર્લામેંટ સ્ટ્રીટ) ને ત્યાંથી દર અઠવાડીએ મળશે.

સ્ટીમરોની હીલચાલ

[નાતાલ ડાયરેક્ટ લાઈન]

અમજુંબી—તા. ૮મી જુલાઇએ મુંબઈ જવા ઉપડી હતી.

કોંગેલા—તા. ૨૧ મી જુને કલકત્તાથી ઉપડી છે.

અમજુલી—તા. ૮મી જુલાઇએ કલકત્તા થી ઉપડી છે.

[જરમન લાઇન]

કેનઝબર—તા. ૧૬ મીએ સવારે ડરબન પહોંચવા વકી છે.

" —તા. ૧૪ મીએ મુંબઇ જવા ઉપડશે.

[ડચિઅન આફ્રિકન લાઇન]

રાસદારા—તા. ૮મીએ કલકત્તાથી ઉપડી છે.

ડીન્ડાર્ડ—તા. ૧૪મી જુલાઇના અરસામાં કલકત્તા જવા ઉપડશે.

ડનેરીક—જુલાઇની અધવચમાં કલકત્તાથી દક્ષિણ આફ્રિકાનો માલ ભરશે.

છેલ્લા અખરો

(ઇ. ઓ. માટે ખાસ તાર)

જોહાન્સબરગ, ગુરૂવાર.

મી. સોરાબજી વાળો કેસ આજે બાજી ચેટ આગળ પાછો સાંભળવામાં આવ્યો હતો. બાજીચેટે મી. ગાંધીની દલીલ કબુલ રાખી, અને મી. સોરાબજીને બીન ગુનેગાર ઠરાવી છોડી મુક્યા.

કેસ પુરો થયા પછી તુરતજ બાજી ચેટે કરેલી સુચના મુજબ અગાઉના જેવાજ આરોપસર શુક્રવારે કોરટમાં હાજર થવાની મી. સોરાબજીને નોટીસ મળી છે.

મી. સોરાબજીને મુબારકબાદીના કેટલાક તારો તથા કાગળો મળ્યા છે.

આ બારીક મામલા ઉપર સરકાર વીચાર ચલાવી રહી છે તે કારણથી, તેમજ ગોરા મિત્રોની માગણીના કારણ થી સરટીફીકેટો બાળી નાખવા માટે રવીવારે બોલાવવામાં આવેલી માસ મીટીંગ મુલતવી રાખવામાં આવી છે.

નાતાલમાં હીંદુઓની રમશાનને લગતી તકલીફ

નાતાલમાં કેટલેક ઠેકાણે હીંદુઓને મુડદાં બાળવા સંબંધમાં જે તકલીફો પડે છે તે દુર કરવાના ઇરાદાથી કોલોનીઅલ સેક્રેટરી પર મોકલવાનું પીટીશન અમે અઠવાડીઆ ઉપર આપી ગયા છીએ. એ સવાલ સંબંધમાં હરબત રમશાન ફંડના સેક્રેટરી મી. હીવાનને કોલોનીઅલ સેક્રેટરી સાથે જે સમાલાપ થયું હતું તેના સાર, આ સવાલપર હીંદુઓનું ધ્યાન બરોબર ખેંચવામાં મદદગાર થાય તેવા હેતુથી અમે નીચે આપીએ છીએ:—

સમાલાપ

હીંદુ રમશાન ફંડની કમીટી વતી સરકારને અરજ કરવામાં આવે છે કે આખા કોલોની માં બધે ઠેકાણે એવી સુચના મોકલવી જોઇએ કે જેથી કરીને જ્યારે જ્યારે માગણી કરવામાં આવે ત્યારે હીંદુઓને મુડદાં બાળવાની રજા મળી રહે.

સરકારને ખબર હશે કે હીંદુ ધર્મના એક વિભાગમાં તો મુડદાં બાળવાંજ જોઇએ એવું તેમનાં શાસ્ત્રોમાં કહેલું છે; ને તે ઉપરાંત મુડદાં બાળવાં એ વિદ્યા (સાયન્સ) ની નજર જોતાં પણ એક સારી રીત ગણાય છે.

એસ્ટકોર્ટમાં જે બનાવ બન્યો તે ઉપરથી મારી કમીટી વતી હું અરજ કરું છું કે હીંદુઓની આ બાબતની તકલીફ દુર કરવા માટે પહેલી સુચનાઓ તુરત કાઢવામાં આવશે.

જવાબ

ઉપરના કાગળના જવાબમાં મદદનીશ કોલોનીઅલ સેક્રેટરીએ જણાવ્યું કે:—

તમારા કાગળ સંબંધમાં વિચાર કરતાં તમારી માગણી સરકાર મંજુર રાખી શકતી નથી.

ફરી સમાલાપ

તેથી રમશાન ફંડના સેક્રેટરી તરફથી ફરીથી લખવામાં આવ્યું કે:—

મારી કમીટી માન પુરવક દરખાસ્ત છે કે કાંઇક ખેર સમજને લીધે સરકાર એવા એક મરક હાલ ઉપર આવી હશે.

કમીટી એવું નથી કહેતી કે સરકારે હેમ રેમ ન રાખવી, આખવા તો પહેલી તપાસ ન કરવી. પણ મારી કમીટી એટલુંજ કહે છે કે મરણનું સરટીફીકેટ અપાય ત્યાર બાદ મુડદાને ૮૪ રીતે ઠેકાણે પાડવામાં આવે છે તેમાં આઠે આવવાની સરકારની મરજી બાબીત નહિ હોય.

કેટલાક વર્ગના હીંદુઓને પોતાના ધરમની આજ્ઞાને લીધે મુડદાને બાળવાંજ પડે છે એ બીના જગ જાહેર છે. એટલે સરકારના ડરાવનો અરજ તો એવો નીકળે કે જેખબર ને લીધે ધાર્મીક મુદ્દાની બાબતમાં તે કનડગત કરવા માગે છે. માટે મારી કમીટી અરજ કરે છે કે તમારી રજુઆતપર સરકાર પ્રીવી કિંસ્યાન કરશે, અને સનેપકારક ઠરાવપર આવશે.

ફરી જવાબ

જવાબમાં મદદનીશ સેક્રેટરીએ લખ્યું:—

તમારો કાગળ કોલોનીઅલ સેક્રેટરી આગળ મુકવામાં આવ્યો હતો. તેના જવાબમાં જણાવવાનું કે કોલોનીઅલ સેક્રેટરી દિલગીર છે કે એ બાબતમાં તમારી કમીટીની મરજી કબુલ રાખવાનું બની શકશે નહિ.

રોડેશીઆના હીંદી અને નાતાલ કોંગ્રેસ

લંડન કમીટીપર કાગળ

નાતાલ કોંગ્રેસ તરફથી સેક્રેટરીની સહીઓ સાથે નીચે મુજબ કાગળ લંડનની કમીટીપર મોકલવામાં આવ્યો છે:—

"રોડેશીઆમાં એશીઆટીક રજીસ્ટ્રેશન અને ઇમીગ્રેશન ઓરડીનન્સ પસાર થયું છે તે તરફ નાતાલ ઇંડિઅન કોંગ્રેસ વતી અમે આપનું ધ્યાન ખેંચીએ છીએ.

એ કાયદાનો હેતુ, ત્યાં વસતા એશીઆ ટીકો (જેમાં ઘણા ખરા હીંદીજ છે) ની સંખ્યા ઘટાડવાનો છે. અને ત્યાંના કારભારીઓએ એ હેતુ સીધ્ધ્યો દેખાડી આપ્યો છે. તેટલા વાસ્તે તેમણે કરેલો કાયદો ટ્રાંસવાલના રજીસ્ટ્રેટર કાયદા કરતાં વધારે સખત છે. તેમાં રાખવામાં આવેલી કેટલીક કલમો થી એશીઆટીક ઇમીગ્રેશન ઉપર ધોકો મારવાનો ઇરાદો રાખવામાં આવ્યો છે.

કોંગ્રેસને લાગે છે કે આવા હદ બહારના સખ્ત કોમી ભેદવાળા કાયદાને તમારી કમીટી કદી પસંદ કરશે નહિ. તે દાખલ કરવા માટે કોઈ પણ બનતું કારણ આપી શકાય તેમ નથી. ગયા સપ્ટેંબરે રોડેશીઆની એશીઆટીક વસ્તિની સંખ્યા ૮૫૦ કરતાં વધારે નહોતી એવી ગણત્રી થએલ છે. એ મુલકનો વીસ્તાર બહુ મોટો છે, છતાં વસ્તિ બહુજ આછી છે, અને ઘણા ઠેકાણે લોકોનો ત્યાં સમાવેશ થાય તેમ છે. ત્યાંના હીંદીઓ, કે જેમના માટે આ કાયદો થયો છે, તેઓ વેપાર, ખેતી અને નોકરી ચાકરી કરનારા છે. ત્યાં ઘણો બહુ આકરા છે. કરકસરીઆ અને સારી રહેણીવાળા માણસોની ત્યાં ઘણી જરૂર છે; ને એ મુલ્કો ખરાબના માટે અમારા ભાઇઓ સારી રીતે બનવીતા છે.

૧૯૦૩ની સાલ સુધી હીંદી ઇમીગ્રેશનપર અટકાયત મુકવામાં આવી નહોતી, પણ ત્યાર પછી ઇમીગ્રેશનના ધારાઓ થવાથી તે પડી ગયું. છતાં આ બધો વખત થયાં એ મુલકના હીંદી વસનારાઓની કુલ સંખ્યા ૮૫૦ની થાય છે. ને તેમાં ઉંચા ગએલા હોય એવાનો પણ સમાવેશ થાય છે. એશી આટીકોનો મોટા ઘસારો આવી રહ્યો છે એવો આરોપ પણ ખરી રીતે કરી મુકાયો નથી. હાલજ રોડેશીઆમાં ઇમીગ્રેશન કાયદો છે, એથી કાયદેસર હકદાર ન હોય તેવા બધા માણસોનો દાખલ થતાં અટકાવ થાય છે. અને તેથી આવો સખત એન્ટી-એશીઆટીક કાયદો ઘડવાથી હીંદી કોમની નાલાસી થાય છે, તથા તેની પર નકામો કાળો ડાઘ બેસે છે.

મજકુર કાયદાની કલમોમાં ઘણી કલમો એવી છે કે જેની સામે સખતમાં સખત વાંધા ઉઠાવી શકાય તેમ છે; છતાં કોંગ્રેસને લાગે છે કે મુળ વાંધો તે તેવો કાયદો પડાય તે વાતની સામે છે. એ તો દેખીતું છે કે એ કાયદો ટ્રાંસવાલના તેવાજ વાંધા ભરેલ કાયદાની વધારે નફાસતોવાળી નકલ બરોબરા છે, અને તેમાં ખાસ એન્ટી-એશીઆટીક ઇમીગ્રેશન એકટનો દાખલો કરવામાં આવ્યો છે.

દક્ષિણ આફ્રિકાની હીંદી વસ્તિ સાથે સરખાવતાં રોડેશીઆના અમારા ભાઇઓની સંખ્યા નજીવી છે, છતાં તેમના સવાલમાં એક અગત્યનો મુદ્દો રહેલો છે. તે કોલોનીમાં હીંદીપર નાના પાયા ઉપર જે રીત લેવામાં આવે, તે આગળ જતાં આખા દક્ષિણ આફ્રિકામાં ૧,૫૦,૦૦૦ જેટલા હીંદી ઉપર અમલમાં મુકવામાં આવે તેમ છે. આ બધા હીંદીઓ આ મુલકમાં વતન કરીને રહેલા છે. આવા કાયદાથી અમને આ જમાનાના લોકોને અપમાન અને ડાઘ લાગે છે, તો પછી આ મુલકમાં જન્મેલા અને ઉછરેલા અમારા ફરજંદોને એ અપમાન અને ડાઘ કેટલાં અસહ્ય લાગે?

વળી રોડેશીઆને હજુ સંપુરણ સ્વરાજ્ય મળ્યું નથી. એટલે હીંદીના હિતની બાબતમાં પહેલેથી તે છેલ્લે સુધી વડી સરકારજ જોખમદાર છે. માટે આ કાયદો અટકાવી દાખલો બેસાડવો એ વડી સરકારની જોખમ દારી છે. નહિ તો દક્ષિણ આફ્રિકાના બધ્ધ કોલોનીઓમાં તેવા કાયદા આતુરતા પુરવક પડવામાં આવે તેવો સંભવ છે. ટ્રાંસવાલમાં બનારની નોટીસો નીકળી કે તુરત નાતાલે તેવાં પગલાંની નકલ કરવાની તદબીર કરી હતી એ જાણીતું છે.

આ કાયદો રદ કરાવવા માટે રોડેશીઆના હીંદીઓ, જો કે તેઓની સંખ્યા બહુજ છે છતાં, પગલાં લઈ શકે છે. પણ કદી તેઓએ પગલાં ન લીધાં હોય તો પણ તેમની વતી આ બાબતમાં વચ્ચે પડવું એ આપની કમીટીનું કામ છે.

મુખ્યત્વે કરીને આ કારણોને લીધે, કોંગ્રેસ ની વતી અમે આતુરતા પુરવક અરજ કરીએ છીએ કે આ નઠારા કાયદાને અટકાવવા માટે કમીટી બનતી મહેનત લેશે. અમારા હક્ક બહુ થોડાજ છે, ને તે ઉપર રોજ રોજ ઉઠીને હાથ નાખવામાં આવે છે તે જોઈ અમો દક્ષિણ આફ્રિકાના હીંદીને બહુ ચેતા થયો છે; અને અમે માનીએ છીએ કે બોયર સરકાર જે એન્ટી-એશીઆટીક રીતે વરતતી હતી તે રીતો બિટીશ મુલકોમાં આજ સુધી નહોતી, અને હવે દાખલ ન થવી જોઈએ.

કેપના હીંદીનું કૉનફરન્સ

ઉપરના કૉનફરન્સ વિષે તા. ૩૦ મી જુનના 'કેપ ટાઇમ્સ' માં નીચે મુજબ રીપોર્ટ પ્રસિદ્ધ થયો હતોઃ—

તા. ૨૫ મીએ ૧૦ વાગે સાઉથ આફ્રિકન ઍસોસીએશનના, હેનોવર સ્ટ્રીટ, ૨૩૩ એ વાળા હૉલમાં કૉનફરન્સની બેઠક શરૂ થઇ હતી. સર્વાનુમતે મી. ઇબ્રાહીમ તુરકીનને પ્રમુખપદ આપવામાં આવ્યું હતું. તેમાં હાજર ડેલીગેટોમાં કૉમરસી ઇન્ડિઅન પોલીટીકલ ઍસોસી એશન તરફથી મેસરસ એ. એસ. ઐરાસામી પીલે, તથા તુલજારામ ડી. ત્રિવેદી; પોર્ટ ઇલીઝાબેથ ખિ. ઇ. એ. ના તરફથી મેસરસ આર. જી. ત્રીકમદાસ, તથા એ. એચ. સી. એમ; વાઇબરગથી મી. હાજી સુલેમાન શાહ મહમદ; મેફે કીંગથી મી. હુસેન મીઆ હાફેજ, રટેલન બોગથી મી. મુસા નુર મહમદ: વેલીંગટન થી મી. એસ. જી. નાઇકર; કલેરમાઉંટ થી મી. અબદુલ મજુર. ઇ. ચોગલે; કેપટાઉનના મેસરસ ઇબ્રાહીમ તુરકીન, એ. જી. ગનસાર, હોરમજી મંચેરજી સુરતી. યુસફ અહમદજી પટેલ, રતનજી નવરોજી, ડો. નંદી, મી. જે ડોલ વગેરે હતા. રોબરટસનની કૉમ તરફથી પણ પ્રતિનીધિ હાજર થએલ. શરૂઆતમાં ઠરાવ થયો કે મીટીંગનું કામકાજ ખાનગી રીત ચલા વવું. પછી નીચેના વિષયો ઉપર ચર્ચા થઇ. ઇમીગ્રેશન કાયદો, વેપારી કાયદો, લાઇસેન્સ કાયદો વગેરેથી હીંદી કોમપર પડતી તકલીફો; તથા તે ઉપરાંત બીજી પેટા તકલીફો અને જુદા જુદા રાજદ્વારી મંડળોની એકત્રતા. કૉનફરન્સનું કામકાજ ગુરવાર, શુક્રવાર, અને શનીવાર એ ત્રણ દિવસ સુધી ચાલ્યું હતું: જે દરમ્યાન બધો વખત ઘણી વખાણવા લાયક રીતે કામ લેવાયું હતું. ચર્ચાના જુદા જુદા વિષયો ઉપર ઠરાવો રજુ કરીને પસાર કર વામાં આવ્યા હતા. બહારના વિભાગોનાં ઍસોસીએશનને એક ત્ર કરી સાથે જોડ વાના વિષય ઉપર ઘણો ઉત્સાહ ભરેલો વાદ વિવાદ થયો હતો. દરેક પ્રેંબરે એવી એકત્રતાની જરૂર ઉપર પોતાના વિચારો જણાવ્યા હતા. સર્વાનુમતે એવો ઠરાવ થયો કે એવી એકત્રતા કાયમ કરવી, અને જુદાં જુદાં ઍસોસીએશનો તેને સ્વીકારે ત્યારે તે પાકી કરાય.

જુદા જુદા ડેકાણાના ડેલીગેટોની હાજરી ને લીધે ઍસોસીએશનના મેંબરો અને બીજા હીંદીઓએ ઘણોજ ઉત્સાહ બતાવ્યો હતો; તથા કેટલાક બાળાં અને બીજા આનીઓ અપાઇ હતી.

તા. ૨૮ ને રવિવારે કૉનફરન્સના ડેલી ગેટોને જાહેર માન આપવા માટે વીક્ટોરીયા સ્ટ્રીટ, નેશનલ થીએટરમાં એક મોટો મેજાવડો થયો હતો. મી. ઇબ્રાહીમ તુરકીન પ્રમુખ હતા. તે વખતે પણ ઠરાવો મીટીંગ આગળ રજુ કરવામાં આવ્યા, જે સર્વાનુમતે પાસ થયા. પહેલો ઠરાવઃ "જુદા જુદા ડેકાણાના ડેલીગેટોને આ મીટીંગ અંતઃકરણ પુરવક આવકાર આપે છે. તથા તેમણે કરેલા કામ માટે તેમનો મોટો આભાર માને છે." એ મુજબ ઠરાવ મી. નંદીની દરખાસ્તથી અને મી. હાજી સુલેમાન શાહમહમ ના ટેકાથી પાસ થયો. બીજો ઠરાવઃ "કેપના હીંદીતર કૉનફરન્સમાં કેપનાં બધાં ઍસોસીએશનો ને "ધી સાઉથ આફ્રિકન ઇન્ડિઅન પોલી ટીકલ ઍસોસીએશન" એવા નામ તળે એકત્ર કરવાનો જે ઠરાવ થયો તેનો આ મીટીંગ ટેકો આપે છે; અને એવો વખાણવા લાયક ઠરાવ કરવા માટે ડેલી ગેટોનો આ મીટીંગ આભાર માને છે." આ ઠરાવ મી. એમ એસ. મોરીસની દરખાસ્તથી અને મી. રતનજી નવરોસજીના ટેકાથી પાસ થયો. ત્રીજો ઠરાવઃ "કેપ કેપ કૉનફરન્સ માટે ડેલીગેટો નીમવા સારૂ જુદાં જુદાં ઍસોસીએશનોનો આ મીટીંગ આભાર માને છે." આ ઠરાવ મી. હોર મસજી મંચેરજી સુરતીની દરખાસ્તથી, અને મી. એસ. કાસીમલીન ટેકાથી પાસ થયો. ઠરાવો ઉપર મેસરસ આદમજી પટેલ, હસન મીઆ, એ. જી. ગનસાર વગેરેએ ભાષણો આપ્યાં હતાં. પછી ડેલી ગેટોએ આવકાર દેનારા ભાષણોના ઘટતા શબ્દોમાં જવાબો વાળ્યા હતા. બાદ પ્રમુખનો આભાર માનીને, તથા ડેલીગેટો માટે ખુશાલીના ત્રણ પોકાર કરીને મીટીંગ બરખાસ્ત થઇ હતી.

તા. ૨૯મીએ ન્યુલેંડઝ ઇન્ડિઅન સ્કુલનાં છોકરાંઓને ઇનામો આપવાનો મેળાવડો થયો હતો. જે વખતે મીસીસ આર. આર. મુદલેને હાથે ઇનામો વહેંચી આપવામાં આવ્યાં હતાં. નિશાળના કામકાજના ગઈ સાલના રીપોરટ દરમ્યાન હેડ માસ્તરે જણાવ્યું કે ગઇ સાલ પીયા બાદ સ્કુલની સ્થિતિ સુધરી છે. છોકરાંઓની સરાસરી હાજરી ૯૦ થી ૯૫ ટકાની હતી. મકાન ગોઠવે છે, અને ૧૧૫ છોકરાંનો સમાવેશ થાય તેમ છે.

કેપટાઉન ખ્રિ. ઇ. લીગ

તા. ૩૦મી જુનના "કેપ ટાઇમ્સમાં" લીગની મીટીંગનો નીચે મુજબ રીપોરટ પ્રસિધ્ધ થયો હતોઃ—

ઉપરના મંડળની એક ખાસ મીટીંગ ગયા બુધવારે ૨૧૬ લુપ સ્ટ્રીટ માં મી. આદમ એચ. ગુલના પ્રમુખ પણા નીચે મળી હતી. શહેરના બધા આગેવાન હીંદીઓ તથા બહારના ડેલીગેટો હાજર થયા હતા. તેમાં મેસરસ એ. કાદર, મહમદ ઇનસ. મોલવી બાદી ઓસમાન, દયારામ (પુલુમલ બધરસ વાળા) એચ. ઓ. અલી, એમ. એ. પટેલ, પી. ઓ. નૈશો, ફકીર બક્ષ માધલ, એસ. ચેટી, મેલુ પકાણ, મોલવી અબદુલ કાદર (મારીત્સબરગ), મુસા નુર મહમદ તથા મંચેર હામજી (રટેલનબોશ), હાજી ઇબ્રાહીમ ખાન મહમદ, તથા હુસેન ખાન (સમરસેટ વેસ્ટ), મુનસી એમ. દઇમાત (સમરસેટ વેસ્ટ), અબદુલ રહમાન (સીમનસ ટાઉન), ઓસમાન દાવુદ તથા ઇરમાઇલ આદમ (ક્લેરમાઉંટ), વરીદ ઇબ્રાહીમ (સોલ્ટ રીવર) તથા બીજાઓ હતા.

ચેરમેને કહ્યું કે જે કૉનફરન્સ ભરવા ની હીલચાલ થાય છે તેમાં લીગની સલાહ લેવામાં આવી નથી, તથા આ તકે કેપ ટાઉનમાં કૉનફરન્સ ભરવાનું યોગ્ય છે કે નહિ તે ચરચવા લીગને આમંત્રણ પણ થએલું નથી એ બાબતો સહુને વાકેફ કરવાના હેતુથી આ મીટીંગ બોલાવવામાં આવી છે. તેથી એ કૉનફરન્સ બધા વરગ ના પ્રતિનિધિઓ વાળું કહેવાશે નહિ, અને તેના કામ કાજથી કોઇ બંધાશે નહિ. લીગ તેના કરતાં વધારે જુનું ઍસોસીએશન છે. લોકોનું હિત જળવવા અને તેટલા માટે સરકારની આગળ દરેક રીતે રજુઆત કરવા લીગ હમેશાં કોશીસ કરતી આવી છે. સાઉથ આફ્રીકન ઍસોસીએશનના મેંબરોએ પોતાની મેળે આ નામનું કૉન ફરન્સ બોલાવવાથી તેના કામકાજ માટે કોઇ રીતે જોખમદાર ન હોવાનું લીગ જાહેર કરે છે. છતાં આગળની પેઠે હવે પછી પણ કેપના અત્યંત વફાદાર હિંદી તરફથી હાડમારીઓ દુર કરવા માટે લીગ બનતી રીતે વફાદારીથી સરકાર આગળ રજુઆત કરતી રહેશે.

ચેરમેનની ટીકાઓને લોકો તાળીઓથી મળતાપણું બતાવતા હતા. કેટલાક બોલ નારે પછીની ચરચામાં પણ ભાગ લીધો હતો. એક દુરના આગેવાન ડેલીગેટે એવો સવાલ પુછયો હતો કે સામાન્ય હિત માટે કોઇ રીતે કેપનાં બે મંડળો એક થઇને કામ કરશે? કેટલીક ચરચા બાદ હમેશની માફક વફાદારીથી સભા બરખાસ્ત થઇ હતી.

મુસ્તફા કામેલ પાશાનું ભાષણ

(ગયા અંકથી ચાલુ)

ઇંગ્લાંડના પરદેશ ખાતાના વડા કહે છે કે ઇજીપ્તના વડા લૉ૰ ક્રોમર આપણને હલકા ગણવા નથી માગતા. છતાં લૉ૰ કરોમરે અમારા દેનશવાઇ ભાઇઓની કતલ ચલાવી એ દાખલો તે વાત ખોટી પાડે છે. અંગ્રેજ અમલદારો કહે છે કે દેનશવાઇનો ફીસ્સો આપણી ઉપર દાખલો બેસાડવા સારૂ બનેલો! આપણે જ્યારે કેદીઓને છોડવાની અરજ કરીએ ત્યારે તે લોકો ના પાડે છે, ને કહે છે કે એમ કરવાથી આપણે માથે ચડીએ. શું આને સુધારો ગણવો? એ ન્યાય કહેવાય? અફઘાનની બાબતમાં પ્રજા અંગ્રેજથી વિરૂદ્ધ હતી. તેટલા માટે શું દેનશવાઇની કતલવડે ત્રાસ વરતાવ્યો? જો આપણે હમેશને સારૂ તોફાન કરવા માગતા હોત તો આપણે દેનશવાઇના કેદીને છોડવાની માગણી નહિ કરત. જેમ જેમ તે કેદીઓને જેલમાં રાખી મુકવામાં આવે છે તેમ તેમ આપણું જોર વધતું જાય છે. રાજ્ય કર્તાના હાથનું પરિણામ તેઓ એ ધારેલું તે કરતાં ઉલટું આવ્યું છે. આમ રાજ્ય ચલાવાશે નહિ. જુલમનું પરિણામ સારૂં આવનાર નથી.

જો અંગ્રેજોને ઇજીપ્તની ખરી હાલત નું જ્ઞાન ન હોય તો હું તેઓને જણાવું છું કે પ્રજાનો હક જાળવનારા ઇજીપ્તના લોકો અંગ્રેજોના જેવાજ પડયા છે. તેઓનો અવાજ સાંભળ્યા વિના સરકારને છુટકો નથી. દયા અને ન્યાય આપણે રાજ્ય ખટપટથી બહાર રાખીએ છીએ. તેથીજ દેનશવાઇના કેદીને છોડવાની વાત કરીએ છીએ. ઇંગ્લાંડનો દાખલો જુઓ; અને ઇસલામની તવારીખ વાંચો. હઝરત ઉમર ગમે ત્યાં હોય ત્યાંથી સત્ય શોધતા. જો ગરીબડો માણસ ન્યાયની વાત કરે તો તેની વાત પણ સાંભળતા. અંગ્રેજો કહે છે કે તેઓનો સુધારો સઘળી સરસ છે. તેઓએ સમજવું જોઇએ કે ઇસ્લામી સુધારો રાજ્ય ખટપટને ન્યાયની આગાડી મુકતો નથી, પણ ન્યાયને સર્વોપરી ગણે છે.

ઇજીપ્તની દોલત વધી એ બદલ અંગ્રેજો હમેશાં મારતા હતા. પણ લોકોની સ્વતંત્રતા, ને લોકોની આજરૂ આમાંથી દોલત થી ચીજ છે? એવે ઇજીપ્તવાસી છે કે જે ન્યાયી રાજ્ય મેળવવાની ખાતર બીમારી રહેવા કે થવા તૈયાર ન થાય? દેનશવાઇનો જુલમ દોલતની સામે કાંઇ માગી લેશે? જો ઇજીપ્તનું કપાસ અમેરીકાની ગરજને લીધે સોનારૂપ થઇ પડયું છે તો તેમાં અંગ્રેજનો પાડ શાને માનવો ઘટે? ખેતીવાડીનું કામ અંગ્રેજોએ વધારયું છે એ આપણે કબુલ કરવું જોઇએ. પણ એ કંઇ અંગ્રેજોજ વધારી શકે એવો દરકો નથી. વળી ખેતી વધારે તેમાં શું તેઓનો સ્વાર્થ ન હતો? તે તેઓએ ઇજીપ્તના પૈસાથી સાધ્યો છે. હાલ ઇજીપ્તમાં નાણાં ભીડ આવે છે. તેને સારૂં અંગ્રેજોને દોષ દેવો ઘટે છે. જો આપણી પોતાની પારલામેંટ હત તો જે નુકસાની આવી પડી છે તે નહીં આવત.

ઇજીપ્તની દોલત વધારવાની બડાઇ અંગ્રેજો મારે તે પહેલાં તેઓએ તે દોલતથી કેટલો ફાયદો કર્યો છે તે બતાવવું જોઇએ. શું તેઓએ ફેલાહીનની હાલત સુધારી છે? તેઓના છોકરાઓને કેળવણી આપી છે? શું તેઓએ કેરોની ગંદકી નાબુદ કરી છે? સેંકડો અને હજારો છોકરાંઓ મરકી વિગેરેથી મરણ પામે છે તે બાબત કોઇ ઇલાજ તેઓએ લીધા છે? જનનું રક્ષણ પણ હાલ ઓછું થાય છે એવા તો તેઓએ કાયદા ઘડયા છે. તેથીજ આપણે કહીએ છીએ કે જ્યાં સુધી ખરા સુધારા નહીં થાય, ત્યાં સુધી આપણને સંતોષ થવાનો નથી.

અંગ્રેજ કહે છે કે પચીસ વરસમાં જે સુધારા થયા છે તે તેઓને માન અપનારા છે. પણ હું કહું છું કે રાણી વીકટોરીયા અને તેના પ્રધાનોનાં વચનો સરકાર નથી પાળતી તેમાં તેનું માન ઘટે છે. વચનો પાળવાનું આપણે કહીએ છીએ. તે બંને તેઓ પાળે તો તેઓની આબરૂ વધશે. આપણે સામા છીએ તેથી ઉલટે જીતમુંજ. આપણે જે માગીએ છીએ તે આ છે:—

(૧) ઇજીપ્તની સ્વતંત્રતા, કે જે આપવાનું ૧૮૪૧ના ફરમાનથી કબુલ થયું છે.

(૨) ઇજીપ્તને પારલામેન્ટ.

(૩) ઇજીપ્તનું દેવું દેવું.

(૪) સરકારનાં કામની ટીકાની છુટ.

(૫) કેળવણીનો ફેલાવો, સારી ધાર્મીક કેળવણી; ને મરીઓની કેળવણી; તવંગરો ની પાસેથી પૈસા કેળવણીને સારૂ ઉઘરાવવા; મજુરોને સારૂ રાતની નિશાળો વિગેરથી.

(૬) મજુરીપ કાયદાને ફેલાવો.

મુસલમાનો અને ગોપતની વચ્ચે સમજુતી. જનત્રાસનું રક્ષણ.

(૭) ગ્રહેર સુધરાઇ અને મંદ્રાનો નાશ.

(૮) ઇજીપ્તની અને બીજી પ્રજા વચ્ચે એખલાસ. પરદેશીઓનો ન્યાય સાધારણ અદાલતમાં થાય.

(૯) તુરકી અને ઇજીપ્તની વચ્ચે સમાગમ.

આટલું આપણે કરવાનું છે. આથી આપણી આશા છે. આમાં આપણે કંઇ વધારે માગતા નથી. છતાં કેટલાક બુરો પીયન લેખકો આપણી ઉપર ઘણી જાત નાં તહોમતો મારે છે. છતાં મને ખાત્રિ છે કે જે ગોરાઓ આપણા દેશમાં વસી આબાદ થયા છે તેઓનો વિચાર આપણી વિરૂદ્ધ નથી. તેઓ આપણું સ્વદેશા ભિમાન પસંદ કરે છે. અને જેમ જેમ આપણે સુધરતા જઇશું ને સ્વતંત્રતાનો જુસ્સો લેતા જઇશું, તેમ તેમ આપણને ગોરાઓ માન આપશે, ને આપણો પક્ષ કરશે. આપણે આપણો દેશ માગીએ છીએ. કોઇની ઉપર ચડાઇ કરવા માગતા નથી. આપણા દેશમાં બીજા આવીને વસે તેને આપણે આવકાર આપીએ છીએ. એવો દહાડો આવશે કે જ્યારે ઇજીપ્તની પ્રજા બીજી પ્રજાઓની બરોબરી કરશે.

આપણી ઉપર એવું તહોમત મુકવા માં આવે છે કે આપણે ધર્મ યુદ્ધ કરવા માગીએ છીએ. અને તેવો હુકમ આપણ ને ખરતંબુલથી મળ્યો છે. આવું બોલ નાર તદન અજ્ઞાન ને અદેખા હોવા જોઇએ. જે માણસ ગાંડો નથી થઇ ગયો તે એવું કેમ ધડીભર પણ માની શકે કે આપણે ધર્મ યુદ્ધ કરીને આખી યુરોપને આપણી સામે જગાડીયે? આપણે હમેશાં કહેતા આવ્યા છીએ કે આપણું કામ કાયદેસર લડત લેવાનું છે, ને શાંતિથી લડવાનું છે. કરતબુલ આપણ ને લડાવીને શું ખાટી શકે? તુરકીને શું ખ્રિસ્તિની સાથે વેર છે? કદાચ વેર હોય તો તે આમ કરીને યુરોપને છેડી પોતાનું મોત માગે? જેઓ આવી બેહુદી વાતો કરે છે તે આપણા ચીડવાએલા દુશ્મનો છે. જે ઇજીપ્તવાસી ઇજીપ્તની પ્રજાને ખંડ કરવાનું શીખવશે તેને દેશનો દુશ્મન ગણવો. તુરકી હમેશાં આપણને સુલેહથી કામ લેવાની બલામણ કરતું આવ્યું છે.

વળી આપણા દુશ્મનો કહે છે કે આપણે અંગ્રેજને કાઢી તુરકીના એક પ્રાંત તરીકે રહેવા માગીયે છીએ. એમને

કે આપણે સ્વતંત્ર થવા નથી ઇચ્છતા પણ માત્ર ઘણી બાબતમાં માગીયે છીએ. આનો અર્થ એમ થયો કે એક પ્રજા તરીકે આપણે શરૂઆત શીખ્યા છીએ, જ્ઞાન મેળવ્યું છે તે માત્ર આપણે ગુલામગીરી કબુલ કરવાને ખાતર. આવું તહોમત એ તો સુધારાને તથા જ્ઞાનને બટો પહોંચાડે છે, ને આપણને નમાલા ગણી કાઢે છે. એબીસીનીયા, સોમાલી લેંડ વિગેરે દેશો જે આપણાથી ઉતરતા છે તેનાથી આપણને તેઓ હલકા ગણે છે. કેમકે તે દેશો પોતાની સ્વતંત્રતા ઝુંટવતા નથી. ખરું જોતાં સ્વતંત્રતાના ચુસ્સાને સારૂ અક્ષર જ્ઞાનની જરૂર નથી. માત્ર પ્રજા કોમ ઉન્નતિનું ભાન હોવું જોઇયે છે.

ઇજીપ્તના શત્રુઓને આપણે જણાવીયે છીએ કે આપણે સ્વતંત્રતા માગીયે છીયે, ને જેઓને આપણે મીત્ર ગણીયે છીયે તેઓ આપણને સ્વતંત્રતા મેળવવામાં મદદ કરે એમ માગીયે છીયે. જો ઇગ્લાંડ તુરકીની સાથે સુલેહ જાળવવા માગે છે તો આપણે તુરકીની ભાઇબંધી કેમ નહીં કેળવીએ!

વળી આપણા શત્રુઓ કહે છે કે આપણે ઇજીપ્તમાં જન્મેલા બધાને ઇજીપ્તવાસી નથી ગણતા. આવું તહોમત મુકવાને સારૂ કશો પુરાવો નથી. તુરકી, અરે બીયા સીરીયા વિગેરે મુલકના જે માણસો આ દેશમાં વસે છે તેઓને આપણે એક પ્રજા ગણીયે છીએ. જેઓ આપણા દેશમાં વસે, આપણને ચાહે, આપણા હેતુ પસંદ કરે તેને આપણે ઇજીપ્તવાસી ગણીયે છીએ. જે પ્રજા નમણી છે તેજ બીજાના આઘાતથી ડરશે આપણને તેવું કંઇ નથી.

વળી આપણા દુશ્મનો કહે છે કે ઇસ્લામ અને સ્વદેશાભિમાનને આપણે મેળવી દઇએ છીએ; તેથી આપણને તેઓ ધર્માંધ ગણે છે. ઇગ્લાંડ અને જરમનીમાં ધરમ કેળવણી આપવામાં આવે છે પણ તેઓ ધર્માંધ નથી. અંગ્રેજો સ્વદેશાભિમાની તથા ક્રીસ્ત ધર્મ હોય શકે, ત્યારે શું ઇજીપ્તવાસીઓ સ્વદેશાભિમાની તથા મુસલમાન ન હોવા જોઇએ? ખરૂં તો એ છે કે ખરા ધરમ વિના ખરૂ સ્વદેશાભિમાન હોઇ ન શકે. આપણે ધરમની કેળવણી પ્રજાને આપવા માગીએ છીએ. કેમકે ઘણા સ્વાર્થી માણસોએ ધરમને નામે લોકોને ખોટું શીખવી દીધું છે. દેશને જમત કરવાને સારૂ દીની કેળવણી ની જરૂર છે. કેમકે ખરા ધરમદરજ્જ ધરમને નામે શીખાએલ બોટું નાબુદ થઇ શકશે. તેથી માત્ર ધરમને ખાતરજ નહીં, પણ દેશને ખાતર પણ ધરમ શીખવાની જરૂર છે.

વારો કે લોકોને જ્ઞાન આપવા, શાસ્ત્રો શીખવવા, સ્વદેશ ભક્તિ શીખવવા આપણે તજવીજ કરીયે; ધરમનો ડોળ ઘાલનારા કહે કે એ બધું ધરમ વિરૂદ્ધ છે. હવે જો આપણે ખરો ધરમ ન જણીયે, ને લોકોને તે ન બતાવીયે તો બોટી રીતે દોરવાએલા માણસને રસ્તેસર નહીં લાવી શકાયે. વળી ઇસ્લામી સત્ય લોકોને શીખવવાથી ઇસ્લામીઓ બીજા ધરમનો તિરસ્કાર નહીં કરે, ને બીજી પ્રજાની સાથે હળી મળીને રહેશે. ખરા જ્ઞાનના અજવાળા આગળ અજ્ઞાન રૂપી અંધારૂં ટકવાનું નથી

ઉપરનાં તહોમતોથી સંતોષ નહીં માની આપણા દુશ્મનો કહે છે કે આપણે જરૂર મતીની સાથે મળી જઇ ઇગ્લાંડ અને ફ્રાંસની સામે થવા માગીયે છીએ. આ કહેનારાઓનો હેતુ એવો છે કે ઇગ્લાંડ અને ફ્રાંસ બેઉ આપણી સામે થાય, ને આપણે બધા મીત્રો ગુમાવીયે.

આપણે કહીએ છીયે કે આપણે બીજી બધી પ્રજા, ને બધા રાજરજવાડા થી અળગા છીએ આપણે આપણાજ બળથી આપણી સ્વતંત્રતા મેળવવા માગીયે છીએ, ને તે મેળવવા આપણને જે સાધનો સરસ લાગે છે તેનો ઉપયોગ કરીયે છીએ. જરમનીના રીત ઉપર આપણે સખત ટીકા કરીયે છીયે. તેજ બતાવે છે કે આપણે જરમનીની મદદ માગી નથી. જો મુસલમાનો બીજી સત્તા ઉપર આધાર રાખી નહીં રહે તો તે બોટી ભુલ ગણાય. આપણા ભલાનો આધાર આપણી ઉપરજ છે કેટલાક અજ્ઞાન ઇસ્લામો આપણને તુર્ક માન કરનારા છે. પણ ઇસ્લામને તેઓ ના ગુન્હાની સાથે સંબંધ નથી. ઇસ્લામ અને અજ્ઞાન બે સાથે રહેતાં નથી. દયા સુધારો શાસ્ત્રજ્ઞાન ન્યાય એ વિના ઇસ્લામ કહેવાય નહીં. જે ઇસ્લામો દેશો છે તેઓએ ખરા ઇસ્લામને ધારણ કરી તેમની સ્વતંત્રતા જાળવવાની છે. તેઓ એ જપાનનો દાખલો લેવાનો છે. જેઓ ઇસ્લામો અગ્રેસરો છે તેઓને લાજમ છે કે તેમણે પરદેશી ના સામે લોકોને ઉશ્કેરતા પહેલાં લોકોને અજ્ઞાન દશામાંથી છોડવવા ને આપણામાં ઝડાનાં મુળ છે તે ઉખેડી કાઢવાં. આપણી અજ્ઞાન દશાને લીધે બીજા લોકો ઇસ્લામી દેશો ઉપર હુમલો કરવા ધારે. તેમ મુસલમાનો પોતાના મુલક આબાદ કરી શકે, ને દુનીયાને બતાવી આપે કે ઇસ્લામ એ ખરા સુધારાનો, ખરી ગડતીનો, ને મરજાદાનો ધરમ છે તો ઇસ્લામી દેશોને કોઇ હાથ લગાડવાને નથી, ને મુસલમાનોની દોસ્તી બધી પ્રજા શોધતી ફરશે. લો૦ ક્રોમરે આ દેશ છોડતાં પહેલાં આપણી સામે બધા દેશોને ઉશ્કેરેલા હું બધા દેશોની સાથે તમને સુલેહથી રહે। ઉશ્કેરૂં છું આપણે સંપથી જીતશું.

આપણામાં જુદા ને દેશદ્રોહી માણસ પડયા છે. પણ દરેક પ્રજામાં તેવા ઓડા હોય છે. તે સડો આપણે કાઢી નાખવાનો છે. આપણે બધા એકઠા થઇએ. આપણે દેશને સારૂં જીંદગી આપવા પણ તયાર થઇએ. દેશને ખાતર અંદર અંદરના કજીયા ભુલી જઇયે. એક બીજા અભીમાનમાં ન રહીશું. બધા આગેવાન થવાનો લોભ છોડી દઇશું. ગરીબની પાસે સત્ય હોય તો તેની પાસેથી પણ શીખીશું ઇજીપ્ત ઉપર આખી દુનીયાની આંખ છે. આપણી ઢીલચાલ દાબીદેવા દુશ્મનો મથી રહ્યા છે એ વાત યાદ રાખીને આપણામાં ભાઇ ચારો વધારવાનો છે. તમને બધાને હું સલાહ આપું છું કે નમારે પ્રજાકીય નેશનેલીસ્ટ પક્ષમાં દાખલ થવું, તેને જોર આપવું, ને ઇજીપ્તની ઉન્નતી વધારવી.

સંપૂર્ણ.

મુસ્તફા કામેલ પાશાનું ભાષણ

ઉપરનું ભાષણ "ઓપિનિયનનો" ડાયરા ના આકારમાં ૪૦-૫૦ પાનાના એક ઘણદાર પુસ્તકરૂપે છપાઇને થોડા વખતમાં બજાર પડશે. ઇજીપ્તના એક દેશભક્ત તથા ઇસ્લામના એક બેરખ્વાહ તરીકે, તેમજ એક પ્રસિદ્ધ રાજદ્વારી એકસ્ટ્રીમીસ્ટ અથવા નેશનાલીસ્ટ તરીકે મુસ્તફા કામેલ પાશાના વિચારો દરશાવનારૂં આ પુસ્તક રાખવાનો દરેક હીંદીને લાભ મળે એવા હેતુથી તેની કીંમત માત્ર ૬ પેની રાખવામાં આવી છે. માલક થનારે તુરત નીચેના સરનામે લખવું.

J. I. PRESS, PHOENIX, NATAL.

હિંદીનાં ખુન

કેંગ્સરસની કાળજી

સીડનહામ ડીસ્ટ્રીક્ટમાં કલેર એસ્ટેટપર મી. બનુ તથા તેની ઓરત કે જેને હમેલ કહેતા તે બંનેનાં કોઇ બદમાશોએ ૬ ઠી જુલાઇની રાત્રે ખુન કરેલ માલુમ પડયાં છે. તે બાબતમાં લાસ દફનાવવા માટે, કોંગરેસે કોલોનીયલ સેક્રેટરીપર તથા તથા ડીસ્ટ્રીક્ટ હેલ્થ ઓફીસરપર સુચનાઓ મળેલા તારો કર્યા હતા; તથા કોલોનીઅલ સેક્રેટરીપર તા. ૩ જીએ નીચે મુજબ કાગળ લખ્યો હતોઃ—

કલેર એસ્ટેટપર રહેતા બનુ નામના મુસલમાન હિંદીનું તથા તેની હમેલદાર ઓરતનું તા. ૧૪ મી જુલાઇની રાત્રે ખુન થયેલ છે. અમને ખબર મળ્યા છે કે તે બનાવથી તુરત પોલીસને વાકેફ કરવામાં આવેલ; અને ત્યારથી તે લાસો પણ પોલીસ કબજા તળે છે અમારા પરમ મુજબ દફનાવવાની ક્રિયાઓ કરવા માટે હજી પણ લાસો અમને મળી શકી નથી. અમારે ભારપુર્વક કહેવાની જરૂર છે કે ડાકટરી તપાસ કરી લેવા માટે બે દિવસ તો સારી પેઠે પૂરતા છે. લાસો ઉઘાડી પડી છે તેમ રાખવામાં આવે તે વરતાણુક બીલકુલ ન સમજાય તેવી છે.

આ બાબતમાં અમારી લાગણીઓ બહુ દુખાઇ છે. અને અમે આશા રાખીએ છીએ કે તમે આ કેસમાં બરોબર તપાસ કરશો કે જેથી કરીને ફરીથી આવા બનાવ બનવા પામે નહિ. આ કેસમાં આવી સ્થિતિ ઉભી થઇ તે માટે અમને બહુ ખેદ થાય છે, અને આ બાબતમાં તમે તુરત ધ્યાન આપીને અમારી લાગણી ને શાંત પાડશો એવી અમને આશા છે.

આજે લાસો દફનાવવા માટે સુચનાઓ મળવાનો તાર કરીએ છીએ, અને આશા રાખીએ છીએ કે આ કામળ તમને મળે તેટલામાં લાસો ઠેકાણે પાડવાની સુચના મળી ગઇ હશે.

આ બાબત ઉપર લખતાં અમારે એ પણ કહેવું જોઇએ કે મજકુર વિભાગમાં પોલીસ ચોકીની બહુજ ખામી છે; અને એ વિભાગમાં રહેનારા, કે જેઓ ઘણા ખરા હીંદી છે તેમનું બહુ બેહું રક્ષણ થાય છે. એ ડીસ્ટ્રીક્ટમાં વારંવાર ગુન્હા બના બન્યા છે, તેથી તુરત તપાસ થવાની જરૂર છે. અને અમે આશા રાખીએ છીએ કે એ વિભાગમાં ગુન્હાઓ બનતા કરવા માટે બનતાં પગલાં લેવામાં આવશે

ચાલુ વર્તમાન

નાતાલ પારલામેન્ટમાં કોલોનીયલ સેક્રેટરીએ તા. ૮મીએ નોટીસ આપી હતી કે આવતા સોમવારે હીંદીને લગતાં બીલો બીજીવાર વાંચવામાં આવશે.

મી. મહમદ ઇસાકે જણાવ્યું કે લડત ઉપાડવી તે બધાએ હળી મળીનેજ. પોતે તો છેવટ સુધી લડશે.

મી. અહમદ મુસાજી બોહરાએ બહેલાઓના હક સરકાર નહિ મારી શકે તો આપણે તે હકોપર કેવી રીતે પાણી ફેરવાય! માટે સર્વેએ હળીમળીને લડત ઉપાડી લેવા.

મી. મહમદ ઇબ્રાહીમ કુનેએ જણાવ્યું કે સરકારે લાયસેન્સપર અગુઠા કેવા માંડયા છે. તો હું પોતે લાઇસેન્સ લેવા જઇશ, ને અંગુઠો અગર સામન કંઇ નહિ આપીશ, પણ જેલ જઇશ.

મી. અહમદ કાજીએ જોલ્યા કે પોતે તો મરતાં સુધી કાયદો નહિ કબુલે. નહિ પાલવશે તો આ મુલક છોડી દેશે. એક વખત જેલ ભોગવેલો છે; અને બીજી વખત અગર એવો પણ વખત ભોગવશે.

બાદ મસરસ અબદુલ ગની, અબદુલ ગફુર, ટોકરશંદ, પી. જી. મહારાજ, મહમદ ટીબોલ, પ્ર એમ. પટેલ, એમ. પી ફેન્સી, મી. એમ. પાલખે, ઉમરજી લાલેજી નાદીરશાદ કામા, ગોરાજી ચાપુરજી, મુસા આકુજી, અહમદ કોટાવાલા, અહમદ સાલેજી તથા બીજા ચાર પાંચ (જેમના નામની ખબર નથી) તેઓ સાહેબે એનલુડેશન તથા કાયદા માટે ગમે તે બંધાવે, અને થાય એ નુકસાને પણ લડત ઉપાડવા જાહેર કરયાં.

ચેરમેન મી. કાસમ મીઆએ જણાવ્યું કે આજની મીટીંગ ફકત આગેવાન લોકો ની બોલાવવામા આવેલી, પણ આટલા બધા સાહેબો હાજર થયા તે જોઇ હું ખુશી થાઉં છું, અને મહેરબાન માનું છું. મી. ગાંધીને આજે મીટીંગમાં નહીં બોલાવવાનું કારણ એટલુંજ છે કે ઘણા સાહેબો તરફથી કહેવામાં આવે છે કે મી. ગાંધી હોય છે ત્યારે બધાજણ શરમા શરમીમાં હા કહે છે. અને બધા સાહેબોના મુખેથી જોઇ હું ખુશી થાઉં છું. હવે આપણે લડત નવેસરથી ઉપાડવી પડવાની છે. હું પોતે ફેરી કરવાનું લાઇસેન્સ લઇશ. અમુકો આપીશ નહિ, અને જો લાઇસેન્સ નહીં મળશે તો તે વગર ફરવાની ફેરી કરીશ અને તેમ કરતાં પકડાયો તો બેલ નહીં મૂકું, દંડ નહીં ભરી, જેલમાં જઇશ; પણ કાયદાની તરફેણ હરગીજ નહિ. બહેલા લોકોયાજ આપણે આટલી પણ કીંમ કાઢતે હોઇએ. એ બદલ સરકાર આપણે હાથે આપણી પાસે બંધ કરાવવા માગે છે. એનાથી દુઃખદાયક બાબત બીજી કઇ હોઇ નહીં બહેલાઓ માટે બધારે બીજી બાબતે છુટ છે ત્યારે ટ્રાંસવાલમાં કેમ ન હોય? માટે એ બાબતમાં આપણે લડવાનું જ છે. સર મંચેરજી ભાવનગરી, જસ્ટીસ અમીરઅલી, ઓનરેબલ મી. ગોખલે વિગેરે બીજા એવાજ સાહેબોને આવવા ની બંધી કરવામાં આવે, તો આપણે કઇ એ સાહેબોના હક મારી શકતા નથી, લીડર લોકોએ હવે ફેરીના લાઇસેન્સ લેવા જવાનું છે. અને નહીં મળે તો વગર લાઇસેન્સથી બધાર કરવાનો છે. અને તેમ કરતાં જેલ જવું.

બાદ બીજી ઘણી બાબતોપર ચર્ચાઓ થયેથી પ્રમુખ સાહેબે વિવેચન કરી હાજરીનનો આભાર માની મીટીંગ લગભગ રાતના અગીયાર વાગે બરખાસ્ત થઇ હતી.

નાતાલ પાર્લામેંટ

હીંદીને લગતાં બીલ

તા. ૧૫ મીએ નાતાલ પાર્લામેંટમાં હીંદી વેપારી લાઇસેન્સ બંધ કરવાનું બીલ પાસ કરવાની દરખાસ્ત મુકતાં કોલોનીઅલ સેક્રેટરીએ જણાવ્યું કે ૧૮૯૫માં હીંદી લાઇસેન્સની સંખ્યા ૬૯૬૩ની હતી તે વર્ષને આજે ૧૦૦૮ થયાં છે. તેથી પરિણામે ગોરાઓ હાંકી કઢાયા છે. માટે એશીઆટીક વેપારને વધતાં અટકાવીને ગોરાનાં ગોકરાં માટે નારમ કરવો એવો આ બીલનો હેતુ છે. બીલને અંગ્રેજને નહિ લાગતું કહેવામાં આવશે; છતાં એવી સ્થિતિ આવી પડી છે કે આપણને આપણા ખાલ બચાવવા જોઇએ. મોરીશી અસમાં એશીઆટીક વેપારપર અંકુશ નહિ મુકાયો તેથી તેની શું સ્થિતિ થઇ તે આપણે જોવાનું છે. જો આજ, કાલ, અને પરમ દહાડા સુધીમાં ઉપાય ન લઇએ તો આ કોલોની બીજું મોરીશી બને થાય. મોરીશીઅસમાં ગોરાઓ હીંદી કરતાં ઉતરતી દશામાં છે. ત્યાં મીનીનો ઉદ્યોગ તેમજ વેપાર એશીઆ

ટીકના હાથમાં છે. હું મેંબરોને અરજ કરું છું કે, મોરીશીઅસનો દાખલો જોતાં તમારે કંઈક કરવું જોઇએ કે જે આપણે આ મુશ્કીબતને દૂર નહિ કરી શકીયે તે: ૨૫ વરસમાં આ કોલોનીની દશા મોરીશીઅસ કરતાં વધારે ખરાબ થશે. જો આજે આ પગલું નહિ લઇએ તો આપણાં છોકરાં તેમજ આખું કુટુંબ આદિકા આપણને ધિક્કારશે. એશીઆટીક ને લાઇસેન્સ આપવાનું અટકાવવામાં પણ આપણને માથાકુટ પડી છે. કારણ કે લાઇસેન્સ મેળવવાની આતર, હલકામાં હલકી રીતનો પણ એશીઆટીક ઉપયોગ કરે છે. ન્યુકાસલ ડીવીઝનના એક ગામમાં માત્ર એકજ હોટેલકીપર ગોરાને લાઇસેન્સ છે. ત્યાં વેપારનાં બધાં લાઇસેન્સ એશીઆટીકના હાથમાં છે. આ સડો દુર કરવા કોલોની જામત થએલ છે તે જોઇ હું ખુશી થાઉં છું. તે લોકો સડા રૂપે છે એમાં કાંઇ શંકા નથી. બીલનું બીજું વાંચન પાસ કરવાની હું દરખાસ્ત કરું છું.

મી. સ્મીથીએ જણાવ્યું કે ૧૮૯૭નો ૧૮મો કાયદો ન હોત તો કોલોનીઅલ સેક્રેટરીના બાપણને હું ઠીક ગણત. અમુક માણસને વેપારનો લાઇસેન્સ આપવો કે નહિ તે માટે તે કાયદા તળે લાઇસેન્સ અમલદારને પુરે પુરી સત્તા છે. તેની સામે અપીલ થાય છે તે લાઇસેન્સ ઓફીસને. જો એ લોકો (હીંદીઓ) કોલોની માટે નુકસાનકારક હોત તો તેમને વિષે વધારે કડકાઇ આપણે સાંભળ્યો હોત. તે વેપારીને હુકમ આપવાની પદ્ધતિ જોવામાં આવી છે. ગોરા વેપારીઓ તેમને સહેલી શરતોએ માલ આપે છે. જ્યાં સુધી ૧૮૯૭નો કાયદો મોજુદ છે ત્યાં સુધી નાતાલ મોરીશીઅસ જેવું થાય એવો બીલકુલ સંભવ નથી. બીલમાં બીજા વેપારી, જેવા કે ચીનાઓ, વિષે કાંઇ છણાટો કરવામાં આવ્યો નથી. તેઓ હીંદી કરતાં પણ વધારે નુકસાન કારક હોવાનો સંભવ છે. ત્યારે હીંદીઓ વિષેની પ્રશ્નના હોવાથી તેમના હકને આપણે ધ્યાનમાં રાખવા ઘટે છે. આ બીલથી નકામી વડી સરકાર તથા હીંદી સરકાર સાથે તકરાર થશે. મારો મત એવો છે કે ૧૮૯૭ના ૧૮મા કાયદામાં ફેરફાર કરવો કે લાઇસેન્સ ઓફીસના મેંબરો ચુંટણીથી નીમાય. જો હીંદી વેપારને અટકાવવાની ઇચ્છા ખરેખરી નથી તો મે કે કાયદાને ઘણે પડી રહેશે.

મી. કલેટને બીલને ટેકો આપ્યો, અને જણાવ્યું કે આ બીલ સંબંધમાં વડી સરકાર સાથે ઝગડો થાય એમ હું માનતો નથી. આ બીલતળે હાલ હોય એવા હક લઇ લેવાની વાત નથી. આ સંબંધમાં સરકાર બીજું બીલ દાખલ કરવા માગે છે તેમાં હું જુદો પડું છું.

અધુરું.

છેલ્લા અખરો

(પ્રે. એ. માટે ખાસ તાર)

જોહાન્સબરગ, ગુરૂવાર.

ગઇ સાંજના 'સ્ટાર'માં જણાવવામાં આવ્યું છે કે હાલના મામલાનો ઉચટનો નિકાલ થઇ જવાની વકી છે. તે પત્ર લખે છે કે હવે જે સવાલ બાકી રહયો છે તેને મુદ્દાની વાત સાથે સંબંધ નથી. કારણકે કેળવાએલા હીંદી આવીને, તેમની કોમની અહારવાળામાં કમાઇ જાય તેમ નથી. તેથી ગોરાઓના હક બીજી રીતથી જળવાશે તો ઉચટનો નિકાલ કરવા બને પક્ષ શકિતવાન ન થાય એવો સંભવ નથી.

આજે મી. હસમ મીયાએ 'સ્ટાર' ને જવાબ લખ્યો છે. તેમાં સરકાર સમાધાનીનો ભંગ કરે છે તેની સામે પ્રોટેસ્ટ કરયો છે; અને વધુમાં જણાવ્યું છે કે અમે અમારી કોમના ગરીબ લોકની સાથે હાલની કફોડી સ્થિતિમાં એક સરખા થવા માગીયે છીએ; માટે અમે મોટા વેપારીઓએ હોકરના લાઇસેન્સ માટે અરજી કરી છે. હીંદી કોમ ફેર જીઆન આંદોલન કદી આપે નહીં. તેથી તે લાઇસેન્સ અમને આપવામાં આવ્યા નથી. હવે અમે ફમર લાઇસેન્સથી ફેરી કરીયે છીએ.

જોહાન્સબરગ ટરફેનટીન વિભાગની ગોરાઓની એક ડીફેન્ટીંગ સોસાયટી આગળ એશીયાટીક સવાલ ઉપર મી. ગાંધીએ ભાષણ આપ્યું હતું. પ્રમુખ તરીકે કાઉન્સીલર નોરથકોટ હતા. મીટીંગ કલેકટર ઉતરી હતી. અને સઉએ મી. ગાંધીના ભાષણપર ધ્યાન આપ્યું હતું. પાછળની ચરચામાં મી. પોલાકે ભાગ લીધો હતો.

આજે મી. હસમ મીયા (ધિ. ઇ. એ. ના ચેરમેન) મી. ઇમામે અબ્દુલ કાદર બાવાજી (હમીદીઆના કોલોનીના વિકટેન), તથા મી. મહમદ ઇબરાહીમ કુકે, તેમજ મી. જી. પી. બ્યાસ લાઇસેન્સ ફમર ફેરીએ ગયા હતા. મી. હસમીયાએ ફરટની બે બારકીટ લીધી હતી, અને કેટલાક જાણીતા હોલસેલવાળાને ત્યાં વેચવા ગયા હતા; દરેક ઠેકાણે ડિસ્કોજી પરાવતા ગોરાઓનું ટોળું તેમની આસ પાસ ફરી વળતું હતું.

મી. સેરાબજી શાપુરજીએ પોલીસ કમીશનરને લખ્યું છે કે કોલોની છોડવા નો તેમનો બીલકુલ ઇરાદો નથી; અને સરકાર કહે ત્યારે ફરીથી કોરટમા હાજર થવાને તઇયાર છે.

સોનેરી કાયદો ટરાંસવાલ પારલ મેંટની કમીટી આગળ મુકવામાં આવ્યો છે.

નાતાલનાં બીલો

તા. ૬ઠીએ કોંગ્રેસ તરફથી નીચે મુજબ તાર મી. ગાંધીપર કરવામાં આવ્યો હતો:—

"એક કમીટી આગળ પુરાવાઓ આપવા, અથવા પારલામેંટ આગળ રજુ આત કરવા બીજું એક પીટીશન મોકલવું એવો મત મી. ચાપલી દર્શાવે છે. બીલ સોમવારે બીજીવાર વંચાવાનાં છે."

જવાબમાં મી. ગાંધીએ કોંગ્રેસપર નીચે મુજબ તાર કર્યો હતો:—

"જો પેસીવ રીઝીસ્ટન્સ ધારણ કરવાનું બળ હોય તો પીટીશન મોકલવાની જરૂર નથી. જો તે બળ ન હોય તો પીટીશન ભલે મોકલો. પીટીશનોથી કાંઇ લાભ થાય એમ ધારશો નહિ."

સ્પ્રીંગ્સની ટાઉન કાઉંસીલને ટરાંસ વાલના મદદનીશ કોલોનીઅલ સેક્રેટરી એ લખ્યું છે કે "હાલમાં સોનેરી કાયદાનીરૂએ નોંધી રાખવામાં આવેલી જગાએ એશીઆટીક બજાર સ્થાપવાની સરકારની મરજી છે. માટે તેમ કરવાની રીતસર અરજી મોકલવાની સુચના કરવા માં આવે છે." ઉપર મુજબના લખાણ પરથી કાઉંસીલે ઠરાવ કર્યો છે કે મજકુર જગાએ એશીઆટીક બજાર સ્થાપવાની રજા આપવાની સરકારને અરજી લખવી.

૧૬ વરસથી ઓછી ઉમરનાને તમાકુ પીતાં અટકાવવાનું બીલ ટરાંસવાલ પાર્લામેંટમાં રજુ થયું છે.

લોર્ડ એમ્પટીલ ની લડત

નાતાલના હીંદીની હિમાયત કરતાં લોર્ડ એમ્પટીલે થોડા વખત ઉપર ઉમરાવની સભામાં નીચે મુજબ ભાષણ કરયું હતું:—

નાતાલના લાઇસેન્સીંગ એક્ટ તથા મ્યુનીસીપાલ કોરપોરેશન એક્ટ સંબંધમાં સભા આગળ હકીકત રજુ કરવાની અગાઉ લોર્ડ એલગીન પાસે માગણી કરવામાં આવી હતી, પણ તેઓ તેમ કરી શકયા નહોતા. હવે લોર્ડ કરીયુ મજકુર હકીકત જણાવશે એવી હું આશા રાખું છું. ૧૮૯૭માં નાતાલમાં એક વેપારનો કાયદો પાસ કરવામાં આવ્યો છે. તેને લીધે ત્યાંના હીંદી વેપારીઓ તેમના હરીફ ગોરા વેપારીના પંજામાં સપડાઇ પડયા છે. લાઇસેન્સ આપનારી બોરડ ગોરાઓનીજ બનેલી હોય છે. લાઇસેન્સ આપવો કે ન આપવો તે માટે સર્વોપરી સત્તા તેમની છે. તેમના ચુકાદા સામે કોરટને અપીલ થઇ શકતી નથી. આ બોરડો ઝુલમગાર રીતે અને ગેર ધન્સાદીથી પોતાની સત્તાનો ઉપયોગ કરે છે. નજીવું બ્હાનું મળે કે તુરત તેઓ હીંદીનો લાઇસેન્સ નવો કરી આપવાની ના પાડે છે. આવી રીતે કેટલા એક હીંદીઓ ગુજરાતનાં સાધન વગરના થઇ પડયા છે. તેમાંના કેટલાક તો ૨૦ કે ૩૦ વરસ થયાં નાતાલમાં વસી રહેલા છે. આ વરતણું કે અન્યાય ભરેલી અને ખાતરી છે. વળી તેવી રીત અખત્યાર કરવી તે ઠુંઠી બુદ્ધિ કહેવાય. તેમાં હીંદીના આભારો બુઠ્ઠી જવાય છે. નાતાલને હીંદી મજુરો વગર ચાલી શકવાનું નથી. અને વેપારીને ન રહેવા દીએ તો નાતાલને હીંદી મજુરો મળે નહીં. એટલા વાસ્તે એ રીતને હું ઠુંઠી બુદ્ધિની કહું છું. હીંદી વેપારીઓએ નાતાલને પાયમાલીમાંથી બચાવેલ છે. જો હીંદી વેપારી ચાલ્યા જાય તો કાલ સવારે નાતાલ દીવાળું કાઢે આ આભાર નાતાલે નહિ ભુલવો જોઇએ. ઇમીગ્રેશન ઉપર અટકાયત મુકવામાં આવે એ વાતની હું ના પાડતો નથી. છતાં તે કામ રંગ દ્વેષ કે જાતિભેદની નજરથી ન થવું જોઇએ.

૧૮૯૭ની સાલમાં નાતાલના હીંદીનો ચાબખાદારી વોટનો હક્ક લઇ લેવામાં આવ્યો. હવે મ્યુનીસીપાલ કોરપોરેશન કાયદા થી તેમનો મ્યુનીસીપાલ વોટનો હક પણ લઇ લેવાની સુચના થઇ છે. આવા કામ સામે વડી સરકાર શા માટે પ્રોટેસ્ટ કરતી નથી? વેપારી કાયદા તળે હીંદીઓ ને રીઆવવાનું ધમધોકાર ચાલુ છે. આ બાબત નાતાલના અંદરખાનાના વર્ષે વારની છે એવું જણાવી આપણે પડ્યે ન પડવું એમ કહી શકાય કે? આ સવાલ સાથે માત્ર દક્ષિણ આફ્રિકાના કોલોનીઓનેજ સંબંધ છે એમ કહેવાશે નહિ. પુરાવો જોઇએ તો તમે હીંદુસ્તાન ની બાબતી તપાસો. ટ્રાંસવાલના ચીના મજુરો આપણી પ્રજાના નહોતા છતાં ઇંગ્લાંડની સરકાર વચ્ચે પડી હતી. તો હીંદી પ્રજાના લોકને બચાવવા આપણને વધારે હક છે અને વધુ મોટી ફરજ છે એ વાતની કેવી રીતે તમે ના પાડી શકશો? છતાં વડી સરકારે એમની બાબતમાં કાંઇ કરયું નથી.

રીચમંડમાં હીંદીની હાડમારી

ગોરાઓએ રદ કરાવેલ લાઇસેન્સ

રીચમંડમાં મી. એચ. એમ. હાફેજીને લાઇસેન્સ અમલદાર તરફથી લાઇસેન્સ આપવામાં આવ્યો તેની સામે ત્યાંના ગોરાઓએ બોરડને અપીલ કરી હતી તે કેસ ગયા ગુરવારે બોરડે સાંભળ્યો હતો. તે વખતે ગોરા તથા હીંદીઓ મોટી સંખ્યામાં હાજર થયા હતા. અરજદાર તરફથી મી. આર. એ. મારવીક હાજર થએલ. મી. હાફેજી તરફથી મી. સ્મીથી હાજર થએલ. અરજદારોએ અપીલના કારણોમાં જણાવ્યું હતું કે (૧) ૧૯૦૩ની ૬૭૬ તથા ૭૨૨ કલમો લાઇસેન્સદારે પાળી નહોતી. (૨) આ ડીસ્ટ્રીક્ટ માટે હાલ જેટલા લાઇસેન્સ છે તે પુરતા છે, અને તેથી વધુ રીટેલ લાઇસેન્સની કાંઇ જરૂર નથી.

પહેલાં મી. સ્મીથીએ વાંધો ઉઠાવ્યો કે હાલમાં જે મીટીંગ થએલી તેને લીધે બોરડનો મત રંગદ્વેષ વગરનો ન હોઇ શકે. આ દલીલ બોરડે કાઢી નાખી હતી. પછી ગોરાઓ તરફથી કેટલાક સાક્ષીઓ બોલાવવામાં આવ્યા. તેમાં જણાવવામાં આવ્યું કે હાફેજીએ લાઇસેન્સ માટે અરજી કરવાની નોટીસ શનીવારે તથા બોમવારે 'નાતાલ વીટનેસ' માં આપી હતી. એ પેપર બપોરે નીકળતું હોવાથી રીચમંડમાં ૬-૭ વાગે મળે. તેથી લાઇસેન્સ આપવા સામે અપીલ કરવા માટે પુરતો વખત મળે નહિ. બીજું રીટેલ વેપારીની આ ડીવીજનમાં જરૂર નથી. એશીઆટીકોને લીધે ગોરાના ધરાકને અને રહેણીને નુકસાન થાય છે; તથા તેના રહેવાથી તેની આજુ બાજુની ગ્રોપર ટીઓને પણ નુકશાન થાય છે. ગોરાઓ નામના ગોરાએ જણાવ્યું કે આ લાઇસેન્સ થી મારા બીઝનેસને નુકસાન થાય તેમ છે. તેથી મારૂં બીઝનેસ ઘટી જશે. મારે ગ્રોસરીનું બીઝનેસ છે, તેમજ કાફેની પણ ઘરાકી છે. આ ગામમાં એક ડઝન જેટલી એશીઆટીકોની રીટેલ દુકાનો છે અને સાત આઠ દુકાનો ગોરાની છે. સ્મીથ નામના ગોરાએ હોટેલના માલીક વતી જણાવ્યું કે એ મકાનના લાઇસેન્સથી હોટેલને નુકસાન થશે. મારા ઘરાકોએ તેમ મને જણાવ્યું છે. આરબ વેપારીઓ નામને માટે પીડારૂપ છે. તેમને ત્યાં આવનારા જુવાનીઆઓ જુવાન છોકરીઓ સાથે શરમ ભરેલી રીતે મસ્તી કરે છે. બીજા ગોરાઓએ પણ ઉપરનાને મળતી જુબાની આપી. પછી હીંદી તરફની જુબાનીઓ લેવામાં આવી. મી. હાફેજીએ જણાવ્યું કે મકાન મારૂં છે મેં તે ૧૯૦૧ માં બાંધ્યું હતું. મી. ડન લાઇસેન્સ અમલદાર હતા. તેણે મારી લાઇસેન્સની અરજી કબુલ રાખી હતી, પણ લાઇસેન્સ મળે તે પહેલાં તેની ગ્રેવાઉન બદલી થએલ. તે લાઇસેન્સ મારા નામનો હતો. ૧૯૦૨ માં બખાદીન ઇસ્માઇલને લાઇસેન્સ હતો. તે તેના નામપર હતો. ત્યાર પછી આ મકાન માટે હમેશાં લાઇસેન્સ હતે. ૧૯૦૨ના એપ્રીલમાં બખાદીમ ઇસ્માઇલે તેનો લાઇસેન્સ ટ્રાંસફર કરાવ્યો. આ પ્રમાણે લાઇસેન્સ ફેરવવાથી મને નુકસાન થયું. બખાદીમ ઇસ્માઇલની મુશીબતને લીધે ...હાદુ રહેમતના નામનું લીસ કરવામાં આવ્યું. લેણદારોને ફંફોળવા માટે તેમ થએલ. પણ તે વાત સાથે મારે કાંઇ સંબંધ નથી. બખાદીમ ઇસ્માઇલે તેના લેણદારો સાથે સમજુતી કરી. ૧૯૦૧ થી ૧૯૦૩ સુધી માલ બખાદીમ ઇસ્માઇલનો હતો. ૧૨ થી ૨૪ માસ જેટલો વખત માલ એ. મહમદનો હતો. આખરે લાઇસેન્સ મને ટ્રાંસફર કરી આપવાની શરત હતી. વગેરે. પછી વકીલોએ આપણુ કર્યું બાદ બોરડ એકાંતમાં વિચાર કરવા ગઇ, અને પાછા આવી ચુકાદો આપ્યો કે ગોરાની અરજ કબુલ રાખી હીંદીનો લાઇસેન્સ રદ કરવામાં આવે છે.

ખરચ આપવાના સવાલપર ચુકાદો નહિ આપતાં બોરડે જણાવ્યું કે આ સવાલ સંબંધમાં સરકારને મળવાનો બોરડનો ઠરાવ છે. તેથી તેટલો વખત તે બાબતનો ચુકાદો મુલતવી રાખ્યો. છેવટમાં મી. હાફેજીએ બોરડના ચુકાદા વિરૂદ્ધ અપીલ કરવાની નોટીસ આપી હતી.

મી. હસન મૌંયાનો કાગળ

મી. હસન મૌંયાના કાગળો હજુ વિલાયતથી આવ્યા કરે છે તે બહુ સંતોષ કારક જોવામાં આવે છે. તા. ૧૨ જુન નો તેમનો કાગળ મી. મુનશી ઉપર છે તેમાંથી અમે નીચે પ્રમાણે ઉતારો કરીયે છીએ: -

"હું જાણું છું કે તમે મુરબ્બીઓથી ૭૦૦૦ માઇલ દુર છું શું મમ આવ્યો છું. તેજ કામને માટે. તે શું? પ્રિય મ. જેને માટે અને જેની ખુબીઓને માટે તમારી પાસે અમર્યાદીત શેરેહ હશે. વિદ્યા વ્યસંગમાં મને પ્રિય વગર કંપજ સુજ નથી પડતી. કુંવારે માટે વધારે લખવા નથી માગતો. પણ જેમ આપે મને લખ્યું છે કે "મહેનત કરશો તો ખુદા પાકના હુકમથી એક આદમી બનીને આવશો" તેમ તે મારા હૃદયમાં લખાઇ ગયું છે. અને ઇનશાઅલ્લાહોતઆલા જો મારી હયાતી હશે તો જેમ તમે લખ્યું છે તેમજ હોશે.

ખુદા પાસે રાત અને દિવસ દુવા માગું છું કે "ઓ ખુદા, તું મને નેક હીદાયત આપજે, મને મારા દીનપર કાયમ રાખજે; મારા પ્રિયમાંથી શેતાનનું બધું આબ એવો રસ્તો બતાવજે; મારા જીવમાં મારા વહાલા હીંદીઓનું બહ કરવાનો મરાદો છે તે તારા પાક હબીબ ના તુફેલથી બર લાવજે. જે વખત તું આ ફાની દુનીયા બોડવાનો પૈગામ મોકલે તે વખત તે પાક બજાનથી મારો પ્રાણ લેજે.' આમીન. આજ પરમાણે મારા જીગરમાં ઉતરાઇ ગયેલું છે અને એટલુજ તે પાક ખાવેદ પાસે માગું છું; અને હમેદ છે કે તમે પણ મારે માટે એમજ દુવા માગશો."

મી. હસનમૌંયા વળી મી. દાઉદ મહમદ પર કેપરના કાગળમાં લખે છે કે:—

"ટ્રાંસવાલની સરકારે કાયદો રદ કરવા તજવીજ કરે છે એ સાંભળી ખુશી થયો છું. આ બનાવ અહીંઆંથી સરકારના દબાણથી થયો છે. જે વખતે અહીં ખબર ફી હતી કે મી રમટન કુરયુ માગે છે તેજ ઘડીએ મી. રીચે પગલાં ભરવાં હતાં, ને પારલામેન્ટમાં ચરચા થઇ હતી. ઈંગ્લાંડના કાગળોમાં હતું કે જોહાન્સબરગના માજીસ્ટ્રેટ મી. જોહ્નસ્ટન પર ધમકીના કેટલાક કાગળ લખ્યા છે. તે વાંચી દિલગીર થયો છું. આથી અહીં ઘણી માઠી અસર થાય. કારણ કે આવા બનાવ બને તો અહીં જે લાગણી છે તેમાં ખામી આવે એટલુંજ નહિ પણ આ હું અજ્ઞાનપણે કાઢીત થાય."

કેપના હીંદીના હાડમારીઓ

સરકાર આગળ ગએલું ડેપ્યુટેશન

કેપના હીંદીની હાડમારીઓ સંબંધમાં એક ડેપ્યુટેશને કોલોનીઅલ સેક્રેટરી મી. ડી. વાલની તા. ૬ઠીએ મુલાકાત લીધી હતી. ડેપ્યુટેશનના મેંબરોમાં મેસરસ એ. એચ. જી. મહમદ (લીગના પ્રમુખ), એ. કાદર (લીગના સેક્રેટરી), દયારામ, એચ. ઓ. અલી, ઇમામ એચ. તઈબ વગેરે હતા. ડેપ્યુટેશનની મુલાકાત વખતે હાજર મહનસ્થોમાં એલ. મી. જે. જી. કારટરાઈટ, તથા મેસરસ ઘ. પોવેલ, એમ. આલેકઝાંડર, જે. જી. લેવીયર વગેરે હતા. મી. ડી. વાલની સાથે ઈમીગ્રેશન ખાતાના વડા મી. સી. ડબલ્યુ. કલીન હતા.

મી. પોવેલે ડેપ્યુટેશનની ઓળખાણ કરાવી. પછી મી. અલીએ મી. ડી. વાલનો આભાર માની ને જણાવ્યું કે ઈસ્ટ લંડનમાં મ્યુનીસીપાલીટી ના ધારાઓ તળે હીંદીઓને નહેર રસ્તામાં પગથીપર ચાલવા દેવામાં આવતા નથી; તથા તેમને રાત્રે આઠ વાગ્યા પછી બહાર નીકળવા ની પણ છુટ નથી. એ મારો કાફરને લગતો છે. તે હીંદીઓને લાગુ પાડવાનો કશો ઈરાદો હતો નહિ. છતાં તેથી આજે ત્યાંના હીંદી ઓને મોટી હાડમારીઓ વેઠવી પડે છે. જે હીંદીઓને તે લાગુ પાડવાનો મરાદો હોત તો કેપની પારલામેંટે બધાં મોટાં શહેરોને તેમ કરવાની સત્તા આપી હોત. છતાં તેવી સત્તા આપવામાં આવી નથી. વળી ઇસ્ટ લંડનમાં હીંદીઓ અમુકજ સંખ્યામાં રહી શકે છે. બહેર બલીયામાં ઓરડાનો ઉપયોગ કરવાની તેમને છુટ મળતી નથી. પબ્લીક મારકીટમાં તેમને કાફરો જેવા બેસવામાં આવે છે, તથા તેમના તરફ કાફરોની જેમ વરતવામાં આવે છે.

અમારે કેટલીક મુસીબતો વેપારી કાયદા તળે છે. રયાનીક ઓરડો હીંદીને લાઇસેન્સ આપવાની ના પાડે છે. આથી હીંદીઓને એક મોટી હાડમારી નડે છે. એક હીંદી સોળ વરસ થયાં વેપાર કરતો હતો તેનો લાઈસેન્સ અટકાવવામાં આવ્યો. તે માણસને મોટું કુટુંબ છે. લાઇસેન્સ વગર તે માણસ પોતાનું ગુજરાન કેવી રીતે કરી કરે? નવી મેસન કાયદા સંબંધમાં મારે કહેવું જોઇએ કે તેનો અમલ કરનારા જ્યુડીસદારો નરમાશ થી વરતે છે, તથા કોઇ તકલીફપર તેમનું ધ્યાન ખેંચવામાં આવે તો પોતાથી બનતું ધ્યાન તેપર આપે છે. હીંદુસ્તાન જવા માટે જે મુદતી પરમીટ આપવામાં આવે છે તે સંબંધમાં હીંદીઓને મોટી હાડમારી છે. જે મુદત હાલ મળે છે તે મુદતો લંબાવવાની જરૂર છે. જ્યારે મુદતી પરમીટ આપવામાં આવે ત્યારે આવનાર માણસ કોલોનીમાં વસેલ છે, એવી ખાતરી અમલદારને કરી દેવી પડે છે. એવું છે તો તે માણસને પાછો આવવાને સારાટે વખતની હદ બાંધવી જોઇએ? અમારા ધરમ ગુરૂઓને ધારમીક કામ માટે કોલોનીમાં આવવું પડે ત્યારે તેમની પાસેથી ડીપોઝીટ ન લેવી જોઇએ. મ્યુનીસીપલ અથવા ડીવીઝનલ કાઉંસીલના કેટલાક મેંબરો પક્ષપાતથી વરતે છે. વેપારી નાં કે ફેરીયાનાં લાઈસેન્સ માટે સરટીફીકેટ રજુ કરવામાં આવે ત્યારે લાઈસેન્સ આપવા ના તેઓ ચોખ્ખી ના પાડે છે. માટે લાઇસેન્સ આપવાની સત્તા માજીસ્ટ્રેટના હાથમાં સોંપાય એવું અમે ઈચ્છીએ છીએ. ફેરીયરના લાઈસેન્સ સંબંધમાં કહેવાનું કે એક માણસ ને દોકાનમાં લાઇસેન્સ હોય છતાં બીજો, દાખલા તરીકે તુડ રોડ, હવે તો તેને બીજા લાઈસેન્સની જરૂર પડે છે. અમે જણાવી એ છીએ કે ફેરીયરને એક લાઇસેન્સ હોય તો આખા કોલોની માટે પુરતો થવો જોઇએ. અમે બ્રિટીશ રાજ તળે છીએ; અને બધાની સાથે અમને એક સરખું રક્ષણ મળવું જોઇએ. અમારા લોકો કાયદેસર ચાલનારા છે; અને અમે કદિ ગેરવ્યાજબી રીતે ચાલતા નથી. અમે સારા રાહેરી તરીકે વરતીએ છીએ. અમે કહીએ છીએ કે અમારા ઇસ્ટ લંડનના ભાઇ ઓને સરખા હક્કો આપવામાં આવે તો તેઓ પણ બધા કેદાસ્પદના હીંદીની પેઠે સારી રીતે વરતે. ઉપરટમાં મારે કહેવું જોઇએ કે ઇસ્ટ લંડનમાં હીંદીને જે અટકાયતો છે તેથી વિચિત્ર સ્થિતિ ઉભી થાય છે હીંદીઓ પોતાના કાફર નોકરને ફરવાની છુટની ચીઠી ઓ આપે છે; પણ હીંદીઓ પોતે રાત્રે આઠ વાગ્યા પછી બહાર જઇ શકતા નથી.

મી. એલેકઝાંડરે જણાવ્યું કે ફેરીવાળો બાબત હીંદીને એકલાને નહિ પણ ગોરાઓને પણ લાગુ પડે છે. થોડાએક માણસ ખરાબ હોય તેટલા માટે બધા ફેરીવરોને કપકાપાત્ર ગણવા એ ગેરવ્યાજબી છે. વેપારી કાયદાની સખતીને લીધે જે દુઃખ પડે છે તે બયંકર છે. ડીવીઝનલ કાઉંસીલો આંખો વાંચીને લાઈસેન્સનો ના પાડે છે. તેથી પહેલાં તો કેપ ટાઉનના વેપારીને સહન કરવું પડયું છે, કારણ કે ફેરીવરો તેમની પાસેથી સેંકડો પાઉંડનો માલ ખરીદતા. જ્યાં દુકાનો ન હોય ત્યાં જઇને ફેરીવરો માલ વેચતા. ફેરીવરોને લીધે બેકુતેને ઠીક પહોંચતું. રયાનીક ઓરડો લાઈસેન્સ ન આપવાનાં કારણો જણાવતો નથી. મેં કોલોનીઅલ સેક્રેટરીને પુછ્યું છે કે આ બાબતમાં ઇન્સાફ આપવાનો તેમનો ઈરાદો છે કે નહિ? હાલનો કાયદો પસાર થયો તે વખતે જેઓ લાઈસેન્સ ધરાવતા હતા તેમને બધાને ફેરીવરનો લાઈસેન્સ મળવો જોઇએ એવું કરવા ખાસ કાયદો ઘડાવો જોઇએ.

મી. ડી. વાલે જવાબ આપતાં જણાવ્યું કે મારે પહેલાં તો કહેવું જોઇએ કે જે હીંદીઓ હાલ કોલોનીમાં છે તેમના તરફ મને બહુ

દિલસોજી છે. છતાં રાજદ્વારી કારણોસર હાલની માફક હીંદીઓ વરસ વરતવું પડે છે. તે માટે મને દિલગીરી થાય છે. જો હીંદીની કોમ નાની હોત તો તેમ થાત નહિ; પણ તેમની કોમમા કરોડો માણસો છે. અને તેવા વરસના લોકોથી કોલોનીને ઉભરાઈ જવામાં થી બચાવવો પડે છે. બીજા મુલકમાંથી ટોળાં બંધ હીંદીઓ આવે તે બાબતની સામે મવા હીંદીઓએ પણ જોરાઓની સાથે સામેલ થવું જોઇએ. કારણ કે વધુ હીંદી વાસ્તે અહીંઆં મારગ નથી. અમે કાયદા પડીએ છીએ તે જોરાના તેમજ હીંદીના લાભ માટે પડીએ છીએ. કારણ કે હબસીના હબસો હીંદીઓ અહીં આવી જાય તો સખત હરિફાઈ ચાલે, અને બધાને રોજી મળે નહિ. માટે હીંદી ઓને દાખલ થતાં અટકાવવામાં તમારે જોરા ની સાથે મળી જવું, તથા અમલદારોને મદદ કરવી. કેટલાક માણસ કાયદાથી છટકીને બીજાને દાખલ કરાવે છે. ફોજરના લાઇસેન્સ સંબંધમાં કહેવાનું જે હીંદી ફોકર વધતા જતા હતા અને જોરા ફોકરો ઘટતા જતા હતા તે કારણને લીધેજ એ કાયદો પસાર કરવામાં આવ્યો છે. વેપારી સંબંધ માં કહેવાનું જે કેટલાક વેપારી નહિ થવાના જેવા છે તેમનો ઉપાય લેવા માટે એ સત્તા બોરડના હાથમાં આપવામાં આવી છે. જો માજીસ્ટ્રેટોના હાથમાં એ સત્તા મુકવામાં આવે તોપણ કાંઈ લાભ થવા સંભવ નથી. જે બોરડોને ન ફેરવવી જોઇએ તેવા લોકોનો પણ મત લાગે છે. વેપારી કાયદાથી ફાયદો થયો છે, પણ તે ફાયદો વેપારીઓ કરતાં ફોકરોની બાબતમાં વધારે છે. હું એટલુંજ કહું છું કે જો તમે ફેરી કે વેપાર ન કરી શકતા હો તો બીજા પણ ધંધા છે તેમાં તમારે પડવું જોઇએ. એવો મત બેસી ગયો છે કે તમારા જોડો અહીં આવીને વેપારમાંજ પડે છે. હું બાર દાને જણાવું છું કે તમારે વેપારમાં પડવાને બદલે માલ પેદા કરાય એવા ધંધા માં પડવું જોઈએ. બીજી બાબતો સંબંધ માં મારે તમારા તરફ બહુ દિલસોજી છે. ઇસ્ટ લંડનના બારાઓને હું બહુજ સખત પડું છું. તેમણે એડિગ્રાફીકમાં અને કાફરમાં તફાવત રાખવાની જરૂર હતી. કારણ કે હીંદી તદ્દન જુદી જાતનો માણસ છે. તે બારો બાજળી હોય એમ મને નથી લાગતું; તેમજ તે વાત કાયદેસર હોય એમ પણ મને નથી લાગતું. જો તેવો ધારો મારી આગળ મુકવામાં આવે તો હું તેને મંજુરી આપું નહિ. પણ પારલામેંટે અમુક સત્તાઓ મ્યુનીસીપા લીટીને આપી છે; અને હાલની સરકારે તે બારો કબુલ રાખ્યો છે. હું વધારેમાં વધારે એટલું કહું કે જો બારા વિષેના મારા વિચાર મજકુર મ્યુનીસીપાલીટીને જણાવું. બાકી મારું કહેવું મ્યુનીસીપાલીટીપર અસર ન કરી શકે તો મ્યુનીસીપાલીટીની સત્તાનો આખો સવાલ ફેરવવાનું તો અઘરું છે. જ્યાં જો હીંદીઓને ઉતરવા સ્ટેશનમાં ઠીક ન પડે તો તેમણે બીજી જગાએ જવું. તે બારાને હું અત્યંત સખત પડું છું; અને તેમાં ફેર ફાર થાય તો સારું એવું હું તેમની મ્યુનીસી પાલીટીને જણાવીશ.

હીંદુસ્તાન જવાની પરમીટ સંબંધમાં ફરિયાદ છે તે મારા પોતાના બારાને લાગુ પડે છે. ચીનાઓએ માગણી કરેલી કે તેમને જે વરસની મુદત છે તેને બદલે ત્રણ વરસની કરી આપવી જોઇએ. મેં કહ્યું કે ત્રણનાં પાંચ કરી આપું, પણ તમારામાંના ઘોડાક ચીન ગયા પછી પાછા આવતાં અટકે તો. હું તમને બે વરસની મુદત આપું તો કેમ? હાલ તમને એક વરસની મુદત છે.

ડેપ્યુટેશનમાં અરસપરસ કાંઈક વાતચીત થઈ. ઘોડાકનું કહેવું એવું હતું કે મુદતની હદ ન બાંધવી જોઈએ.

મી. ડી. વાલે જણાવ્યું કે મારાથી તે નહિ બની શકે. અમે ચીનાને ત્રણ વરસની મુદત આપી છે; ને ત્રણ વરસની મુદત તમને પણ આપીશું. તે કરતાં વધારે હું તમને નથી આપી શકતો. તમારે મકકા જવું હોય, અથવા તો તમારા મિત્રોની મુલાકાત માટે જવું હોય તો ત્રણ વરસ પુરતાં છે.

મુસલમાન ધરમ ગુરૂ સંબંધમાં મારી બહુ દિલસોજી છે. મી. કાલીનનો મત પુછીને હું કહું છું કે ધરમ ગુરૂને બધી સગવડ આપવામાં આવશે, તથા તેને અહીં રહેવા માટે વરસ એકની પરમીટ મળશે. (હસાહસ વચ્ચે મી. ડી. વાલે કહ્યું કે) વરસ એકમાં તો તે પણ બધું ધારમોડ કામ કરી શકે.

મી. ચાલેકબાંડરે જણાવ્યું કે તેને વાસ્તે એક સામાન્ય પરમીટ લેવી, કે જે આખા કોલોનીમાં ચાલી શકે.

મી. ડી. વાલે જણાવ્યું કે તેવી પરમીટ પણ આપી શકાશે. તેમની પાસેથી ફીયો લીઈ લેવાની જરૂર નહિ પડે.

ફોકરોને આખા કોલોનીમાં ચાલી શકે તેવા લાઇસેન્સ આપવા સંબંધમાં કોલોની અગ્ર સેક્રેટરીએ જણાવ્યું કે ગ્રામડાંઓની કાઉંસીલના બીલ માટે કમીટીની એક મીટીંગ ભરાવાની છે. તે વખતે તમારી સુચના હું દાખલ કરાવીશ. તે સુચનામાં કાંઇ વાંધા ભરેલું નથી. તેથી તે દાખલ કરાવવામાં કાંઈ મુશ્કીલત આવશે નહિ.

મી. પોલેલે મી. ડી. વાલનો આભાર માન્યા બાદ ડેપ્યુટેશન પાછું ફર્યું હતું.

જર્મન શનીવારે દક્ષિણ આફ્રિકાની મુકસાગરછની ગેબ્બાગ્રાબસીપની રમત વોટી કોસ્ટીન અને આરથર ડગ્લાસ વચ્ચે ડગ્લાસમાં થઇ હતી ઓસ્ટીન ૧૬ રાઉંડ સુધી ટકી શકયો હતો, જે દરમીયાન તેણે ઘણી સરસ રમત બતાવી હતી. પણ ડગ્લાસને તે પહોંચી શકે તેમ નહોતો, અને આખરે ડગ્લાસને જીત મળી હતી.

નાદારી કોર્ટનો નોટીસો વગેરે

(ગવરમેંટ ગેઝેટમાંથી)

ડરબન કીલ્ડ ઓવના ગુલામ મરમાદલ અમલાએ તેના લેણદારો સાથે સમજુતી કરી છે. તે સંબંધમાં લેણદારોની એક. મીટીંગ તા. ૨૧ મી જુલાઇએ ડરબન માજીસ્ટ્રેટ આગળ ભરાશે.

ડરબનના સ્ટોરકીપર આમદ અમજી લેબ તની નાદાર મીલકતના સંબંધમ તેના લેણદારોની મીટીંગ તા. ૨૧ મી જુલાઇએ ડરબન માજીસ્ટ્રેટ આગળ ભરાશે.

મારિત્સબરગના મુસા એશમાન અને કુ. ની મીલકત નાદાર તરીકે જાહેર કરવા તા. ૧૬ મી આગસ્ટે સુપ્રીમ કોરટને અરજ થનાર છે.

મારિત્સબરગના ચંગલરાજન મુંગન (પીટર) ની મીલકત નાદાર તરીકે જાહેર કરવા તા. ૨૮મી જુલાઇએ સુપ્રીમ કોરટને અરજ થનાર છે.

મારિત્સબરગના આર. એમ. નાયડુની મીલકત નાદાર તરીકે જાહેર કરવા તા. ૨૮ મી જુલાઇએ સુપ્રીમ કોરટને અરજ થનાર છે.

ડરબનના શેખ અબદુલ રહમાનની મીલકત સંબંધમાં વહેંચણીના આંકડા સુપ્રીમ કોરટમાં રજુ થયા છે, તથા તેની નકલ ડરબન માજીસ્ટ્રેટ આગળ રાખવામાં આવી છે; જ્યાં તે તા. ૨૮મી જુલાઇ સુધી તપાસણી માટે ખુલ્લા રહેશે.

મારિત્સબરગના અલી જુમા અને કુ. નામથી વેપાર કરતા અલી જુમાની મીલકત સંબંધમાં રીસીવર એ. ડીકસ (કેનલરી લેન, મારિત્સબરગ) ટ્રસ્ટી નીમાએલ છે. લેણદારોની ખાસ મીટીંગ તા. ૨૮ મી જુલાઇએ સુપ્રીમ કોરટના મારટર આગળ ભરાશે.

ચાકલ કરાયના સ્ટોરકીપર મહમદ સુલેમાને પોતાના લેણદારો સાથે કરેલી સમજુતી સંબંધમાં લેણદારોની મીટીંગ ચાલુ માસની તા. ૨૧મી તથા ૨૮ મીએ ભરાવાની છે.

સર્વોદય

[૪-૭-૮ના અંકથી ચાલુ]

પ્રકરણ ૪થું

બરું શું ?

ગયાં બધાં પ્રકરણમાં આપણે જોઈ ગયા કે અર્થશાસ્ત્રીઓના જે સાધારણ નિયમો ગણાય છે તે બાજબી નથી. તે નિયમો પ્રમાણે ચાલવાથી માણસો અને પ્રજા દુઃખી થાય . ગરીબ વધારે ગરીબ બને છે અને પૈસાદારની પાસે પૈસો વધારે એકઠો થાય છે; છતાં એમાંથી એકે સુખી થતા કે રહેતા નથી.

અર્થશાસ્ત્રીઓ માણસોની વરતણૂક ઉપર વિચાર નહિ કરતાં જેમ વધારે પૈસો એકઠો થાય તેમ વધારે આબાદાની માને છે તેથી પ્રજાના સુખનો આધાર માત્ર પૈસા ઉપર રાખે છે. તેથી તેઓ શીખવે છે કે જેમ કારીગીરી વિગેરેના વધારાથી પૈસો એકઠો થાય તેમ સારું. આવા વિચારોના ફેલાવાથી ઇંગ્લાંડમાં તે બીજા મુલકોમાં કારખાનાં વધી પડયાં છે. બહુ માણસો શહેરોમાં એકઠા થાય છે ને ખેતરો છોડી દેય છે. બહારની સુંદર અને સ્વચ્છ હવા છોડી કારખાનાંઓમાં ગંદી હવા આખો દહાડો શ્વાસમાં લઇ સુખ માને છે. પરિણામે પ્રજા નબળી પડતી જાય છે; લોભ વધતો જાય છે; અનીતિ વધારે ફેલાય છે. અને જ્યારે અનીતિ કહાડવાની વાત કરવા બેસીએ ત્યારે કાદવમાં ખપતા માણસો વાત કરે છે કે અનીતિ જાય નહિ, અજ્ઞાની માણસોમાં એકદમ જ્ઞાન આવે નહિ, તેથી જેમ ચાલે છે તેમ ચાલવા દેવું. આવી દશીલ કરતાં તેઓ ભૂલી જાય છે કે ગરીબોની અનીતિનું કારણ તવંગર માણસો છે. તેઓને ખાતર—તેઓની મોજ મજા પૂરી પાડવા ખાતર ગરીબ મજૂરો રાત દહાડો ગુલામ ગીરી કરે છે. તેઓને શીખવા કે લાવ કરવા એક પળ મળતી નથી. તવંગરને જોઇ તેઓ પણ તવંગર થવા માગે છે. તવંગર નથી થવાતું તેથી તેઓ કચવાય છે, ગુસ્સે થાય છે, પછી ભાન ભુલે છે ને છેવટે આડે રસ્તે પૈસો ન મળવાથી હઠો કરી પૈસો મેળવવાનાં ફાંફાં મારે છે. આમ પૈસો અને મજુરી બંને હોડમાં જાય છે, બાકી રહ્યો ફેલાવવામાં આવ્યા છે.

દુકાળમાં ખરી મજુરી એ કે જેથી ઉપયોગી વસ્તુ પેદા થાય. ઉપયોગી વસ્તુ એ કે જેથી માણસ જાતનું ભરણ પોષણ થાય. ભરણ પોષણ એ કે જેથી માણસને જોઇતું ખાવાનું તથા એટલા પહેરવાનું મળે, કે જેથી તે નીતિને મારગે રહી જીવે, ને જીવતાં લગી સત્ કર્મો કરે. આવો વિચાર કરતાં જે મહાન આફતો થાય છે તે નકામા ગણવા જોઇએ. કારખાનાંઓ કાઢી ધનાઢય થવાના રસ્તા લેવા તે પાપ કર્મ જેવું થવા સંભવ છે. પૈસો પેદા કરનારા ઘણા મળે છે, પણ રીતસર વાપરનારા થોડા છે પૈસો પેદા કરી તેથી પ્રજાનો નાશ થતો હોય તો એ પૈસો કામનો નથી. છતાં હાલ જે કરોડોપતિ છે તેઓ મોટી અને અનીતિવાળી લડાઇઓનું કારણ થઈ પડયા છે. આ જમાનાની ઘણી ખરી લડાઇઓનું કારણ પૈસાનો લોભ જોવામાં આવે છે.

માણસો એમ કહેતા જોવામાં આવે છે કે બીજાઓને સુધારવા, જ્ઞાન આપવું એ બનવા જેવું નથી; તેથી જેમ રહેવું હોય તેમ રહેવું ને પૈસો એકઠો કરવો. આમ કહેનારા પોતે નીતિ સાચવતા નથી. કેમકે જે માણસ નીતિ સાચવે છે, ને લોભમાં પડતો નથી તે પ્રથમ તો પોતાનું મન કાયમ રાખે છે, પોતે ખરા રસ્તામાં થી ચસતો નથી, ને પોતાના કરમબીજ બીજાની ઉપર અસર કરે છે. જેની પ્રજા બની છે તેઓ પોતે નીતિના નિયમો ન જાળવે ત્યાં સુધી પ્રજા કેમ નીતિવાન થાય ? આપણે ગમે તેમ વરતી આપણા પડોસીની અનીતિને સારૂ તેની ભૂલ કાઢીયે એથી સારૂ પરિણામ કેમ આવે ?

આવા વિચારો કરતાં આપણે જોઈ શકીએ છીએ કે પૈસો એ માત્ર સાધન છે. અને તે વડે સુખ તથા દુઃખ બંને મેળવાય છે. જો સારા માણસના હાથમાં તે આવે તો તેથી ખેતરો ખેડાય છે, ને અનાજ પાકે છે. બેકારો નિર્દોષ મજુરી કરી સંતોષ પામે છે ને પ્રજા સુખી રહે છે. ખરાબ માણસોના હાથમાં આવવાથી તેમાં (ઘણી કે) દારૂ ગોળા બને છે, માણસોનું સંહારનાશ વળે છે. દારૂ ગોળા બનાવનારી પ્રજા અને જેની ઉપર તે વપરાય તે પ્રજા બંને હેરાન થાય છે.

એટલે આપણે જોઇ શકીએ છીએ કે ખરા માણસો જોઇ ખરી હોકાત છે. જે પ્રજામાં નીતિ છે તે પ્રજા સલાત વાન છે આ જમાનો મોજ મજાનો નથી દરેક માણસે પોતાની બનતી મહેનત મજુરી કરવાનાં છે. આપણે આગળના દાખલાઓમાં જોઇ ગયા કે જ્યાં એક માણસ આળસુ રહે છે ત્યાં બીજાને બેવડી મજુરી કરવી પડે છે. ઇંગ્લાંડમાં જે દુઃખમરો વરતે છે તેનું આજ કારણ છે. કેટલાક માણસોના હાથમાં પડસો એકઠો થવાથી તેઓ ઉપયોગી કામ કરતા નથી. તેમ કરવાથી તેઓને સારૂ બીજા માણસોને મજુરી કરવી પડે છે. આ મજુરી ઉપયોગી નહિ હોવાથી મજુરી કરનારાને ફાયદો થતો નથી. તેમ થવાથી પ્રજાની મુડીમાં ઘટાડો થાય છે. એટલે જો કે ઉપરથી એમ જણાય કે માણસોને કામ મળે છે, પણ અંદર તપાસતાં આપણને માલમ પડે છે કે ઘણા માણસોને નવરૂં બેસવું પડે છે. વળી અદેખાઇ પેદા થાય છે, અસંતોષનાં મુળ બાજે છે; અને છેવટે પડસાદાર અને ગરીબ—શેઠ અને મજુર—બંને પોતાની હદ છોડે છે. જેમ બીલાડી કુંદર વચ્ચે સદાય અણબનાવ રહે છે તેમ પડસાદાર અને ગરીબ—શેઠ અને મજુર—વચ્ચે વેર ભાવ થાય છે. અને માણસ તે માણસ મટી જનવરની સ્થિતિએ પહોંચે છે.

ક્રમશઃ

સારાંશ

મહાત્મા રસ્કીનના લખાણની મતલબ હવે અમે પુરી કરી છે. આ લખાણ જો કે ઘણા વાંચનારને લુખું જણાશે, છતાં જેઓએ વાંચ્યું છે તેઓને અમે ફરીથી વાંચવા ભલામણ કરીએ છીએ. 'ઇ. ઓ.' ના બધા વાંચનાર તેનો વિચાર કરી તે પ્રમાણે ચાલે એવી આશા રાખવી એ વધારે પડતું ગણાશે. પણ બહુ જુજ વાંચનાર પણ જો તેનો અભ્યાસ કરી તેમાંથી સાર ખેંચશે તો અમારી મહેનત ફળી સમજશું. કદાચ તેવું ન બને તો પણ રસ્કીનના છેલ્લા પ્રકરણ પ્રમાણે અમે અમારી ફરજ બજાવી ગયા તેમાંજ ફળનો સમાસ થયો. એટલે અમારે સદાય સંતોષ રહેવા જેવું છે.

રસ્કીને પોતાના ભાઇઓ—અંગ્રેજો—ને સારૂ લખ્યું. તે જો અંગ્રેજોને એક હિસ્સે લાગુ પડે છે તો હીંદીને દશગર હિસ્સે લાગુ પડે છે. હીંદુસ્તાનમાં નવા વિચારો ફેલાઇ રહ્યા છે. આજ કાલના પશ્ચિમની કેળવણી પામેલા જુવાનોમાં જુસ્સો આવ્યો છે. એ તો ઠીક વાત છે. પણ જરૂરનો ઉપયોગ સારો થાય તો સારૂં પરિણામ આવે, ને બીજો ઉપદેશ

થાય તો નબળું પરિણામ આવવું જ જોઇએ. 'સ્વરાજ્ય' મેળવવું એવો અવાજ એક કોરથી આવે છે. વિલાયત નાં જેવાં કારખાનાં કહાડી ઝપાટાબંધ પક્કસો એકઠો કરવો એવો અવાજ બીજી તરફથી આવે છે.

સ્વરાજ્ય શું તે આપણે ભાગ્યેજ સમજતા હોઇશું. નાતાલને સ્વરાજ્ય છે, છતાં અમે કહીએ છીએ કે નાતાલના જેવું આપણે કરવા માગતા હોઇએ તો એ સ્વરાજ્ય નકકામા જેવું છે. તેઓ કાદરોને કચરે છે, હીંદીને દબાવે છે. સ્વાર્થમાં આંધળા થઇ સ્વાર્થપરાયણ બોગવે છે. કદી કાફરો અને હીંદી નાતાલમાંથી જાય તો તેઓ માંહે માંહે લડી સમાપ્ત થઇ જાય.

ત્યારે શું ટરાંસવાલના જેવું સ્વરાજ્ય મેળવશું? જનરલ સ્મટસ તેઓના મુખીયા'ના એક છે. તે પોતાના લખેલા કે બોલેલા બોલ પાળતા નથી. કહે છે કંઇ, કરે છે કંઇ. અંગ્રેજોને તેનાથી કાયર થઇ ગયા છે. પક્કસો બચાવવાને બહાને અંગ્રેજ સિપાહીઓની ચાલુ રોજી ઉપર તેણે પગ મૂકયો છે ને તેની જગ્યાએ ડચને મખે છે. અમે માનતા નથી કે તેમાંથી છેવટે ડચ પણ સુખી થાય. જેઓ સ્વારથની ઉપર નજર રાખે છે તે પારકી પ્રજાને લુટી પોતાની પ્રજાને લુટવા સહેજે તયાર થશે.

દુનિયાના બધા ભાગ ઉપર નજર કરતાં જોઇ શકશું કે સ્વરાજ્યને નામે ઓળખાતું રાજ્ય પ્રજાની આબાદીને સુખને સારૂ બસ નથી. એક સહેલો દાખલો લઇને તે સહેજે જોઇ શકાશે. લુટારૂઓની ટોળીમાં સ્વરાજ્ય હશે તો પરિણામ શું આવશે તે બધા જોઇ શકશે. તેઓની ઉપર તો કોઇ લુટારૂ નહિ એવા માણસોનો કાબુ હશે, તોજ તેઓ છેવટે સુખી થાય. અમેરીકા, ફરાન્સ, ઇગ્લાંડ એ બધાં મોટાં રાજ્યો છે. પણ તેઓ અરાં સુખી છે એમ માનવાનું કારણ નથી.

'સ્વરાજ્ય' નો ખરો અરથ એ છે કે પોતાની ઉપર કાબુ રાખતાં આવડવું. આમ તો તેજ માણસ કરી શકે કે જે પોતે નીતિ જાળવે છે; છેતરતો નથી; સત્ય છોડતો નથી; પોતાનાં માબાપ, પોતાની સ્ત્રી, પોતાનાં છોકરાં, પોતાના નોકર, પોતાના પડોસી એ બધા તરફની ફરજ બજાવે છે. આ માણસ જ્યાં તે દેશમાં જોઇ સ્વરાજ્ય ભોગવે છે. જે પ્રજામાં એવા માણસો ઘણા હોય તેને સહેજે સ્વરાજ્ય છે.

એક પ્રજા બીજી ઉપર રાજ્ય ચલાવે તે સાધારણ રીતે બોટું ગણાય. અંગ્રેજો પોતાની ઉપર રાજ્ય કરે છે એ વિપરીત વાત છે. પણ અંગ્રેજો હીંદુસ્તાન છોડે તેથી હીંદીઓ કમાણી કરી એમ માનવાનું કારણ નથી.

તેઓ રાજ્ય કરે છે તેનું કારણ આપણે જ છીએ; તે કારણ આપણો કુસંપ, આપણી અનીતિ અને આપણું અજ્ઞાન એ છે. આ ત્રણ વસ્તુ દુર થાય તો એક પાંખડી હલાવ્યા વિના અંગ્રેજો હીંદુસ્તાન છોડે એટલુંજ નહિ પણ આપણે ખરૂં સ્વરાજ્ય ભોગવતા થઇએ.

'બોમ્બ' વછોડવાથી ઘણા ખુશી થતા જોવામાં આવે છે. આ માત્ર અજ્ઞાન અને અણસમજની નીશાની છે. બધા અંગ્રેજોને મારી શકાય તો જેઓ મારનારા છે તેઓ હીંદુસ્તાનના ધણી થાય. એટલે હીંદુસ્તાન તો રાંડીરાંડ રહે. અંગ્રેજને મારનારના બોમ્બ અંગ્રેજ ગયા પછી હીંદની ઉપર પડશે. ફરાંસના પ્રજા સતાક રાજ્યના પ્રેસીડન્ટને મારનારો તે ફરેંચ જ હતો. અમેરિકાના પ્રેસીડન્ટ કલીવલાંડને મારનાર તે અમેરિકન હતો. એટલે આપણને લાગ્યમ છે કે ઉતાવળમાં વગર વિચારે પશ્ચિમની પ્રજાની નકલ આંધળાપણે નથી કરવાની

જેમ પાપ કર્યા—અંગ્રેજોને મારીને—ખરૂં સ્વરાજ્ય નહિ મેળવાય તેમજ હીંદુસ્તાનમાં કારખાનાં બોલવાથી પણ સ્વરાજ્ય નથી મળવાનું. સોનું રૂપું એકઠું થશે તેથી કંઇ રાજ્ય નથી મળવાનું. આ વાત રસ્કીને આબેહુબ સાબીત કરી આપી છે. યાદ રાખવાનું છે કે પશ્ચિમના સુધારાને માત્ર સો વર્ષ થયાં છે. ખરૂં જતાં પચાસ ગણાય. તેટલામાં તો પશ્ચિમની પ્રજા વરવુસંદર જેવી જોવામાં આવે છે. યુરોપની જે દશા છે તેવી હીંદુસ્તાનની કદી ન થજો એમ અમે માગીએ છીએ. યુરોપની પ્રજાઓ એક બીજાની ઉપર ટાંપીને બેઠી છે. માત્ર પોતાના દારૂ ગોળાની તયારી શીવાય બધા ચુપચુપ છે. કોઇ વેળા જબર દસ્ત ભડકો થશે ત્યારે યુરોપમાં ડોલ્યમ નજરે દેખાશે. યુરોપનાં દરેક રાજ્યો કાળા માણસોને પોતાનો ભક્ષ ગણી બેસે છે. માત્ર પક્કસાનોજ લોભ છે ત્યાં બીજું થવાનો સંભવ જેમ નહિ. તેમને એક પણ મુલક જોવામાં આવે તો, કાગડા જેમ માંસ ઉપર કુદી પડે છે, તેમ તેઓ બાગડાની માફક તે મુલક ઉપર કુદી પડે છે આવું તેઓનાં કારખાનાંને લઇ છે એમ માનવાનાં કારણ છે.

છેવટમાં હીંદુસ્તાનને સ્વરાજ્ય મળો એ બધા હીંદીનો અવાજ છે, ને તે ખરો છે, પણ તે નીતિને રસ્તે મેળવવું છે. તે ખરૂં સ્વરાજ્ય હોવું જોઇએ. અને તે નાશ કરનારા બલાજોથી કે કારખાનાંઓ કરવાથી નહિ મળે. ઉદ્યમ જોઇએ, પણ તે ઉદ્યમ ખરે રસ્તે જોઇએ. હીંદુસ્તાનની ભુમી તે એક વેળા સુવરણ ભુમિ ગણાતી. કેમકે હીંદી લોકો સુવરણ રૂપે હતા. ભુમિ તો તેની તેજ છે, પણ માણસો ફર્યા છે. એટલે તે ભુમિ વેરાન જેવી થઇ ગઇ છે. તેને પાછી સુવરણ બનાવવાને આપણે સદ્‌ગુણો વડે સુવરણ રૂપે થવાનું છે. તેની બારાખડી એ અક્ષરમાં સમાએલી છે. અને તે 'સત્ય' છે. બસ્તે જો દરેક હીંદી 'સત્ય' નોજ આગ્રહ રાખશે તો હીંદુસ્તાનને ઘેર બેઠાં સ્વરાજ્ય આવશે

આ રસ્કીનનાં લખાણનો સારાંશ છે.

સમાપ્ત

સર્વોદય

નામાંકિત લેખક રસ્કીનના 'અનટુ ધી લાસ્ટ' નામના લોકપ્રિય અંગ્રેજી પુસ્તકનું ગુજરાતી તારણ.

રસ્કીન એક મહાન વિદ્વાન અને પ્રસિદ્ધ લેખક થઇ ગયો. તેનાં લખાણો આજે સુધરેલી પ્રજામાં ઘેર ઘેર વંચાય છે. તેણે બનાવેલા ઉપરના પુસ્તકની લાખો નકલો છપાઇ ને ખપી ગઇ છે. જુદી જુદી ભાષાઓમાં તેના તરજુમાઓ થયા છે. તેનાં લખાણ નીતિરસની ખુબીઓથી ભરેલાં છે. ઉન્નતિને ચાહવા ઇચ્છનારી દરેક પ્રજાએ તેનું અવશ્ય મનન કરવા જોગ હોવાથી અમારા ગુજરાતી વાંચનારાઓને તેનો લાભ આપવા અમે એ પુસ્તકનું તારણ આપ્યું છે. અને આશરે અઠવા ડીએ તે પુસ્તકરૂપે છપાઇ બહાર પડશે.

કિંમત ૬ પેની.

લખો:— I. P. Press,
Phœnix, Natal.

ડોકટર નાનજી

શનિવાર તા. ૧૮મીએ (આજરોજ) રડીમર એડમીરલમાં મુંબઇથી પાછા આવી પુગશે અને તેજ દિવસથી પ્રેકટીસ તેમની મુલાકાત લઇ શકશે.

ચરચા પત્ર.

અમારા વરચાપત્રીઓ નીચેના નીયમો પાળ રાખશે તો તેઓના પત્રો ઉપર તુરત ધ્યાન મળવાનો સંભવ છે.

૧. કાગળની એકજ બાજુએ લખવું.

૨. અક્ષર ચોખા સાફીથી લખવા.

૩. નામ તથા ઠેકાણું બરોબર લખવાં. તે હમેશાં અહાર પાકના સારૂ નહિ, પણ અમારી નોંધને સારૂ.

૪. મંગળવારની સાંજ સુધીમાં મજકુર લખાણો તેજ અઠવાડીયામાં દાખલ કરી શકાશે.

૫. રદ કરેલાં વરચાપત્રો નાખવી દાખવા અથવા લખનારાઓને પાછાં મોકલી આપવાને અમે બંધાતા નથી.

૬. લખાણ હમેશાં ટુંકું અને મુદ્દાસર કરવું.—અધિપતિ.

વરચાપત્રીઓને જવાબ.

'નવીન'—એ જાતનું લખાણ એક લખનાર તરફથી આવે છે તે બસ છે.

ડંડીના વરચાપત્રી (અ. આ. હા.)—તમારૂં લખાણ તોછડા શબ્દોમાં લખાએલું હોવાથી છાપામાં નાખવા લાયક નથી.

બીજાં કેટલાંક લખાણોપર ધ્યાન આપવું આવતા અઠવાડીઆપર મુલતવી રહ્યું છે.

અ. ધ. ગો.

પરચુરણ વરચા

એક લખનાર જણાવે છે કે—બેલફાસ્ટ વાળા મી. ધ. ગો. સાલુજી ઉધરાણાના પૈસા રોકી બેસેલ છે તે વિષે એક હકીકત જણાવવી જોઇએ કે તેમનું ઘર નામ બ્રસપ આકુજી માકડા છે, તથા તે ગામ પેરાના રહીસ છે. તેમણે સાલુજી એવી અટક ધારણ કરેલી હોવાથી ઘણુ વાંચનારા તેને ખુલવડવાળા સાલુજી સાહેબોમાંના એક તરીકે સમજે. ખરા સાલુજી અટકના માણસોને વિષે જાહેર ઉધરાણાના પૈસા રોકી બેસવાનો ડાઘ કોઇના મનમાં ન બેસે તેટલા માટે આ હકીકત જણાવવાની જરૂર પડી છે.

"એક હીંદુ" નામથી એક લખનાર જણાવે છે કે—સીડનહામમાં હીંદીનાં ખુન થયાં તે સંબંધમાં સરકારપર લખાણ કરવાની કોંગ્રેસે કાળજી બતાવી તે ખુશી થવા જેવું છે; પરંતુ દિલગીરીની વાત છે કે પ્રથમજ એસ્ટકોરટમાં એક માણસને અગ્નિદાહ કરવાની બાબતમાં તકલીફ નડી અને ઝવટે તેને દફનાવવાની જરૂર પડી તે વખતેજ કોંગ્રેસે પગલાં લીધાં હત તો આ વખત આવી સ્થિતિ ન આવત.

તા. છઠ્ઠી જુલાઇએ "કામનો બોજ ખ્યાલ" લખે છે કે—આશરે એક વરસપર ડાબેલ મહેસાના નામથી એક ચંદો કરવામાં આવ્યો હતો, ને તે માટે નાતાલ દરબારવાલ વગેરે ઠેકાણેથી પૈસા વસુલ કરવામાં આવેલા. તે વાતને આજ કેટલોક વખત વીતી ગયા છતાં હજુ સુધી મહેસો તો બોલાયોજ નથી. ડાબેલથી આવનારા માણસને પુછતાં જણાય છે કે ત્યાં તો મદરેસાનું નામ નિશાન નથી. બંદા માટે આગેવાની લેનારા સાહેબોએ પાછળથી પણ પુરતી ખંત બતાવી મદરેસો તૈયાર કરાવવાનાં પગલાં લેવાની જરૂર હતી. છતાં તેમ થયું નથી એ દિલગીરીની વાત છે. ઉમેદ છે કે હવે પણ આગેવાનો આ કામ ઉપાડી લેશે.

ડેલાગોઆબેથી "શર્મા" લખે છે કે—આજકાલ ડેલાગોઆબેમાં કરટમનો વધારો થયો છે. લાઇસેન્સ વગેરેના નવા કાયદાથી હીંદીપર નવી કાડમારી આવી છે. આવા વખતમાં હીંદીઓએ ચેતીને પગલાં લેવાની જરૂર છે. ગયા રવિવારે અત્રેના ઇડિઅન એસોસીએસેન ની એક મીટીંગ થઇ હતી, પણ તેમાં કંઇ નિરણય કરવામાં આવ્યો નથી. એસોસીએશન માટે નાણાની જરૂર છે. તે સંબંધમાં કોઇએ કહેલું કે જંગલમાં વરતા આપણા ભાઇઓ પાસેથી પૈસા ઉઘરાવવા જોઇએ. આ સુચના કરનારને કહી શકાય છે કે જંગલવાળા ભાઇઓ મદદ આપી આપીને કેટલી આપી શકે તેમ છે? જરૂર વધારી તે બાબતમાં ગવરનર પાસે કોમ તરફથી ડેપ્યુ ટેશન લઇજવાની જરૂર હતી. લાઇસેન્સના કાયદાથી બુર્હાના 'હીંદીની ઇચ્છા નાતાલ દરબારવાલ' જેવી થવાનો વખત આવશે છતાં કોઇ જાગીને ઉપાય લેતું નથી એ દીલગીરીની વાત છે. લાઇસેન્સના કાયદામાં એક કલમ એવી છે કે કાઉંસીલ નીમવી, અને કાઉંસીલે પોતાની મરજીમાં આવે તેને લાઇસેન્સ આપવો. આવી સત્તા આપવાથી હીંદી એને ડેલાગોઆમાંથી કોઢી દેશ વિદાય થવું પડશે. છતાં હીંદી કોમ જાગીને ચાંપતા ઉપાય નથી લેતી તેથી આગળ જતાં પસ્તાવાનો વખત આવશે. માટે ચેતવા ની ડેલાગોઆબેના હીંદી ભાઇઓને હું ભલામણ કરૂં છું.

ગોદાંબીક પરગણામાં જડવાણીથી એક લખનાર જણાવે છે કે—અત્રેના એક હીંદી વેપારીની દુકાનમાં ચોરી થઈ હતી. તે વાતની ખબર પડતાં શોધ આવી તપાસ કરી તો માલુમ પડ્યું કે તે ચોરીમાં દુકાનના ખુદ નોકરનો હાથ હતો. હવે તે માણસ વાતો કરે છે કે હલાણા માણસે મને ચોરી કરવાની સલાહ આપી ને પાછળથી તેજ માણસે મને પકડાવ્યો. હીંદી કોમના માણસો આવી નઠારી વરતણુંક છોડે એટલા માટે આ દાખલો જાહેરમાં મુકું છું.

કેપ કોનફરન્સ ભરનાર સા. આ. ધ. એસોસીએશન સામે મી. છોટુભાઇ પ્રાગજી દેસાઇ ફરિયાદ કરે છે કે કોનફરન્સના કામકાજમાં ભાગ લેવા માટે કેપટાઉનના લીગને, તથા સાંના હીંદુ એસોસીએશનને આમંત્રણ ન કરવામાં કોનફરન્સ ભરના રાઓએ અણઘટતી વરતણુક બતાવી છે. એવા કોનફરન્સમાં આ બંને એસોસીએશનને સાથે રાખીને કામ કરવાની જરૂર હતી. હીંદુ એસોસીએશનને કોનફરન્સ માટે આમંત્રણ નહિ થયું હતું છતાં તે એસોસીએશન કોનફરન્સમાં ભાગ લેવા કોશીશ કરી હતી. પરંતુ એનું કેપીતી રીતે અપમાન થયું હતું. તે ઉપરાંત એક હીંદુ મેંબરને કેપટાઉનના ડેલીગેટ તરીકે નીમવા સા. આ. ધ. ગો. ના મેંબરો પૈકી કેટલાકે પુરતો ટેકો આપ્યો હતો છતાં તેની ચુંટણી સામે એવી મેન્જોરીટી મુકવામાં આવી કે તે માણસ કોનફરન્સમાં દાખલ થઇ શકયો નહિ. આ પ્રમાણે ખુલ્લું છે કે કેપ કોનફરન્સના ડેલીગેટોની ચુંટણી બરોબર રીતે થઇ નહોતી.

ડા. નાનજી તા. ૧૮મીએ મુંબઇથી સ્ટીમર એડમીરલમાં ડરબન આવી પહોંચવાના છે.

હિંદુસ્તાનના ખબરો

પોરબંદરના રાણા બીમાર હોવાથી તા. ૨૭ મેના અરસામાં રાણાવાવ ખાતે રહેવા ગયા હતા.

જુનાગઢવાળા મી. લાભશંકર લક્ષ્મી શંકર ક્રાઉનની વેજીટેરીયન એસોસીએશનના ઉપપ્રમુખ નીમાયા છે.

જુનાગઢના વાણીયા સોનીની નાત, નાતને લગતાં કામકાજ માટે મળી હતી જે વખત એક ઠરાવ એવો કરવામાં આવ્યો હતો કે સુધારાના વખતમાં માથા પર વાળ રાખવાની ફેશન વધી પડી છે તે જુના વિચારના માણસોને પસંદ નથી, માટે 'કટ' રાખનારાઓએ આઠ દિવસના અંદર તે કઢાવી નાંખવા, નહિ તો નાત એ વિષે ઘટતું કરશે!

અમદાવાદ ધોળકા રેલવેને ધોલેરા સુધી લંબાવવાને ધોલેરા બંદરના રહીશોએ અરજી કરી છે.

ધોલેરાનું બંદર સુધારવાના સંબંધમાં સરકાર તરફથી તપાસ ચલાવવામાં આવે છે.

વીરમગામના દેશાઇ રાયસિંહજીએ કડવા પાટીદાર નીરાશ્રીત ફંડ સ્થાપી તેમાં રૂા. ૧૦૧ આપી પોતાને ત્યાંના લગ્નની ખુશાલીમાં પહેલ કરી છે.

અમદાવાદના મુસલમાન વીદ્યાર્થીઓ માટે એક લાયબ્રેરીની સારા પાયા ઉપર હાલ સ્થાપના થઇ છે.

મી. નાનાલાલ છોટાલાલ તરફથી વડોદરામાં "વંદે માતરમ" નામનું વરતમાન પત્ર બહાર પડનાર છે, અને "ધી બરોડા સ્ટીમ પ્રેસ એન્ડ ટાઇપ ફાઉન્ડરી લીમીટેડ" પણ થશે, જે ખુલ્લું મુકવાની હોવા પાટવીકુંવર શ્રી ફતેહસિંહરાવને હાથે થશે.

ખેડાના કેટલાક ગામડાના ભોકાની વરતણુક તોફાની જણી ત્યાં વધારાની પોલિસ રાખવામાં આવી છે.

પોતાના રાજ્યાભિષેકના સ્મારક તરીકે સંયોગના નવાબ સાહેબ કુમસમાં એક હાઉનહોલ અને લાયબ્રેરી બાંધનાર છે.

સુરત ખાતે મોટ દશા અમદાવાદી નાતમાં એક લગ્ન સુધરેલી રીતે થયાં હતાં. વરરાજા માંડવામાં બેઠેલા હતા ત્યાં કન્યા એ આવી શેકહેન્ડ કરી પુષ્પમાળા પહેરાવી સાથે ખુરશી ઉપર બેસી અંગ્રેજીમાં વાતચીત કરી એકબીજાની વીંટી અદલાબદલ કરી હતી. બાદ માયરામાં ગયા પછી બ્રાહ્મણોએ વસ્ત્ર મેળાપ કરાવ્યો હતો.—પ્રજા બંધુ.

ગણદેવીની પુર્ણા નદી ઉપર પુલ બાંધવાની પરવાનગી વડોદરા સરકારે આપી છે.

એક પારસી બાનું જણાવે છે કે મુંબઇ ખાતે પારસી છોકરીઓ માટે એક આર્ફનેજ સ્થાપવામાં આવે તો એક પારસી ગૃહસ્થે રૂા. ૨૦૦૦૦ની રકમ આપવાની બાયધરી બતાવી છે.

મુંબઇમાં પ્રગટ થતા "હીંદ સ્વરાજ" પત્રના માજી અધિપતિ મી. છગનલાલ લલુભાઇ યાજ્ઞવાળા એક વરષનું કેદખાનું ભોગવી હમણાંજ છુટયા છે તેઓ પાછા તે પત્રના અધિપતિ નીમાયા છે.

મુંબઇ ખાતે તાજીની કોંગ્રેસ આવતા ફેબ્રુઆરી માસમાં ગવરનરના પ્રમુખપણા હેઠળ ભરવા ઠરવું છે, અને તેમાં ગરમ દેશને લગતા રોગો તેમજ હીંદુસ્તાનની સુખશાંતી સંબંધી સ્થિતિ વિષે વાદવીવાદ ચલાવવામાં આવશે.

નાગપુરમાં બાનુઓની મળેલી સભાએ હિતુરમાટે પકડાએલા નામીચા એકસટ્રી મીસ્ટ આગેવાન બાબુ અરવિંદ ઘોષનું છુટકારા માટે પ્રાર્થના કરી પરદેશી માલ નહિ વાપરવા ઠરાવ કર્યો હતા.

મદ્રાસની મહાજન સભાની મરોજારી કમીટી તરફથી, હીંદમાં કરવા ધારેલા સુધારાની નવી યોજના વિષે હીંદી પ્રજાનો અભીપ્રાય જીવીજી પાલમિંદ અને પ્રજા રજુ કરવા, અને મી. ગોપાળ કૃષ્ણ ગોખલેને તેમના કામમાં મદદ કરવા માટે મદરાસના પ્રતીનીધી તરીકે ઇગ્લાંડ ખાતે "ઇડિઅન પેટ્રીયટ" ના અધિપતિને મોકલવાનો ઠરાવ થયો હતો.

"સંધ્યા" પત્ર જણાવે છે કે સરકારી પ્રગતી કમિશન જનાનખાનાની કેટલીક બાબતો બાનુઓ અમલદારોને જરીના સબીપ બોલતી હતી, અને તમે કોઇ ગામડામાં જતાં રહેશો કે કેમ એમ તેમને પુછવામાં આવ્યું ત્યારે તેઓએ જણાવ્યું કે, "નહિ, અમે રજપુત બાનુઓની માફક અમારા બહીનોની બાબતમાં મરીશું, અને મરણનો અમને ડર નથી."

પુર્વ બંગાળામાં કેટલાક હીંદીઓના બંદુકના પરવાના રદ કરવામાં આવ્યા છે.

કારી ખાતે યાત્રાળુઓ ઉપર કર નાખવાની હીલચાલ થવાનું જણાવવામાં આવે છે.

"બાપલ્સ ઇન્ડસ્ટ્રીઅલ બેંક" ના નામથી એક સ્વદેશી બેંક અમદાવાદમાં રા. પલાખની થાપણથી કાઢવામાં આવી છે.

કલકત્તા હાઇકોરટમાં લાલા લજપતરાયે "ઇગ્લીશમેન" અને "સીવીલ એન્ડ મીલીટરી ગેઝેટ" પત્રો ઉપર બદનક્ષી અને નુકશાનીના ફરિયાદો માંડી છે તેની તપાસ તા. ૨૪મી જુને નીકળનાર હતી.

હરદ્વારમાં એક નવું ધરમ ભવન સ્થપાયું છે. તથા હીંદના દરેક ભાગોમાંથી મોટી સંખ્યામાં સાધુઓ શિક્ષણ લેવા જતા છે. આ ધરમ ભવનમાં કેળવણી લઇ આવા સાધુઓ આખા દેશમાં ઠેકાણે ઠેકાણે રાજદ્વારી અને ધાર્મિક ભાષણો આપી દેશને જાગૃત કરવામાં પોતાની જીંદગીનો નવા રીતે ઉપયોગ લેશે.

હીંદુ પંચાંગની જુની ગણતરી રદ કરી કેટલાક સુધારા વધારા સાથની નવી ગણતરી મુજબ અમલ કરવા હીંદુ પંડીતોની મળેલી એક સભાએ ઠરાવ્યું છે.

એક પછી એક ઋતુની લખાણો કરવા માટે અને તેથી ઘણા અધિપતિઓ જેલમાં મોકલવા માટે જાણીતા થએલા યુગાંતરપત્રે તા. ૩૦ જુનના અરસામાં એક વધું સખત લખાણ કરેલ હોવાથી તેના છાપખાનાપર પોલીસે ફરેરો પાડયો હતો અને ફરમા, બીબાં અને દસ્તાવેજો મોટો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. આટલું છતાં તે દિવસે 'યુગાન્તર' પત્ર બહાર પાડયું હતું, અને તેની ૫૦ હજાર નકલો ખપી હતી.

અમેરિકા જવા વિદ્યા, ઉદ્યોગ, ધંધા વિગેરેનું જ્ઞાન સંપાદન કરવા ઇચ્છતા હીંદી વિદ્યાર્થીઓને મદદ કરવાનું, તેમને ત્યાં રહેવાની સોઇ કરી આપવાનું અને શિક્ષણ માટે માર્ગ બતાવવાનું ન્યુયોરકમાં સ્થપાયલી એક સંસ્થાએ માથે લીધું છે.

નવું પુસ્તક

સત્યાગ્રહની લડાઈ–

સત્યાગ્રહની લડાઈ એવી જંગી ચાલી છે કે તે બાબતનું પુસ્તક લખવાની ઘણા માણસો તરફથી માગણી થઈ છે. તે વિષે ચર્ચા આખી દુનિયામાં થઈ છે. તેનો ઇતિહાસ ઘણી જગ્યાએ વંચાશે એમ અમે માનીએ છીએ. તેથી તેવું પુસ્તક અંગ્રેજીમાં બહાર પાડવાનો અમે ઇરાદો રાખ્યો છે. તે પુસ્તકમાં આખી લડાઇનો ઇતિહાસ આવી જશે. તેમાં મુખ્ય માણસોની છબીઓ આવશે. જુદે જુદે વખતે બહાર પડેલાં કારટુનો વિગેરે પણ આવશે. સરકારની સાથે થએલાં લખાણોનો હેવાલ પુરો આપવામાં આવશે. તે પુસ્તક મી. પોલાક લખવાના છે. તેને સરસ કાગળ ઉપર છાપવામાં આવશે. અને સરસ પુંઠાથી બંધાશે. તેવું પુસ્તક છાપવાનું કાગળનું અને મજુરીનું ખરચજ ઘણું સખત પડશે. મહેનતાણાની તો અપેક્ષાજ નથી કરતા. એ પુસ્તકની હજારો નકલ ખપે એવું આપણામાં જોસ નથી. તેથી અમે એક હજાર નકલ બહાર પાડવાનો ઇરાદો રાખ્યો છે. જ્યાં સુધી પાંચસેં નકલના ઘરાક થાય નહિ અને તેની કિંમત ન મળી જાય ત્યાં સુધી તે પુસ્તક બહાર પાડવાનો અમારો ઇરાદો નથી.—કેમકે અમારી તાકાદ નથી. તેની કિંમત ઘણા વિચાર પછી અમે પાંચ શીલીંગ રાખવાનો ઠરાવ કર્યો છે.

આ પુસ્તકનો મુખ્ય ઉપયોગ હીંદુસ્તાનમાં તેનો ફેલાવો કરવાનો છે એમ માનીએ છીએ. જે હીંદી તે પુસ્તક ખરીદી શકે તે બદલે જો મુલક મોકલે તો તેમાંથી અમે ફાયદો જોઇએ છીએ તે એ કે હીંદી દુઃખોની કહાણીનો પ્રચાર થાય. આ પુસ્તકમાં જો કે બીજા ભાગ ના દુઃખનો પુરો હેવાલ નહિ આવે તો પણ તેમાં એવું એક પ્રકરણ આવશે કે જેમાં ઘણે ભાગે તે દુઃખોનો સમાસ થાય.

હવે આ પુસ્તક બહાર પાડવું કે નહિ તે અમારા વાંચક વરગ ને હીંદહિતેચ્છુ ના હાથમાં છે.

જેઓ તેના ઘરાક થવા માગતા હોય તેઓએ પોતાનું નામ તથા ઠેકાણું નીચે ને ઠેકાણે મોકલી દેવાં. તેના સાથે રૂ. ૫/ મોકલવી. તેના સ્ટાંપ અથવા મની ઓરડરજ મોકલવાં. કેમકે ચેક મોકલવાથી તેની ઉપર કમીશન બેસે છે. જેઓ પૈસા મોકલશે તેઓનું પહોંચ આપવામાં આવશે અને જો ઉપરનું પુસ્તક બહાર નહિ પડે તો તે પૈસા પાછા આપવામાં આવશે. પુસ્તક લખાતાં બે માસ જવાનો સંભવ છે. છાપતાં ને બહાર પાડતાં ચાર માસ વખતે જાય. એટલે જો આજથી છ માસમાં અમે તે પુસ્તક બહાર નહિ પાડીએ તો અમને મળેલા પૈસા અમે તે તે ઘરાકને પાછા આપવા બંધાઇએ છીએ.

જેઓ પુસ્તકને સારૂ પૈસા આપે તેઓ એ અમારી છાપેલી પહોંચ માગવી ને લેવી. તેનેજ અમે પહોંચ ગણીશું.

પૈસા તથા નામ નીચેને કોઇ ઠેકાણે મોકલવાં.

ઇંટરનેશનલ પ્રીંટીંગ પ્રેસ,
ફીનીક્સ, નાતાલ.

અથવા

એમ. કે. ગાંધી,
ઓફસ ૬૫૨૨,
જોહાન્સબરર્ગ.

મુસ્તફા કામેલ પાશાનું ભાષણ

ઉપરનું લખાણ "ઓપિનિયનની" ડાયરી ના આહારમાં ૪૦–૫૦ પાનાના એક હજાર પુસ્તકરૂપે છપાવને થોડા વખતમાં બહાર પડશે. ૬૭૦૦તના એક દેશભક્ત તથા ઇસ્લામના એક ખેરખ્વાહ તરીકે, તેમજ એક પ્રસિદ્ધ રાજદ્વારી એકત્રી મીરટ અથવા નેશનાલીસ્ટ તરીકે મુસ્તફા કામેલ પાશાના વિચારો ફરરાવનારૂં આ પુસ્તક રાખવાનો દરેક હીંદીને લાભ મળે એવા હેતુથી તેની કીંમત માત્ર ૬ પેની રાખવામાં આવી છે. ગ્રાહક બનારે તુરત નીચેના સરનામે લખવું.

I. P. Press, Phoenix, Natal.

જોઇએ છે.

ગુજરાતી કમ્પોઝીટર.

લખો—મેનેજર,
ઇંટર નેશનલ પ્રીંટીંગ પ્રેસ.
ફીનીક્સ નાતાલ.

કેપટાઉનમાંથી ઇંડિઅન ઓપિનિઅનની છુટક નકલ (કીંમત ૪ પેની) ત્યાંના અમારા એજંટ મેસરસ પુલુમલ ભાયસે (કારનર લેંગ માર્કેટ અને પાર્લામેંટ સ્ટ્રીટ) ને ત્યાંથી દર અઠવાડીએ મળશે.

રોકડ ખજાર ભાવ

		શી.	પે.		શી.	પે.
ચાવલ માંજ ૧જસ્તાની		૨૩	૦	થી ૨૪	૦	
બીમડીના	,,	૨૬	૬	,, ૩૦	૬	
એફ. એફ. ડી. આર.		૨૧	૬	,, ૨૨	૦	
એફ. ડી. આર.	,,	૨૦	૬	,, ૨૧	૬	
ચીની સક્કર	,,	૨૪	૦	,, ૨૫	૦	
દુંડાના	,,	૨૪	૦	,, ૨૫	૦	
દેશી તુવેર દાળ		૨૧	૦	,, ૨૨	૦	
તુવેર દાળ કાનપુરી		૨૩	૦	,, ૨૪	૦	
મસુરની	,,	૨૪	૦	,, ૨૪	૦	
મગની	,,	૨૯	૦	,, ૨૯	૬	
અડદની	,,	૩૦	૦	,, ૩૧	૦	
ચણા મુંબઇના	,,	૨૨	૦	,, ૨૩	૦	
,, દાળ	,,	૨૮	૦	,, ૨૮	૬	
વટાણા	,,	૧૭	૬	,, ૧૮	૬	
મઠાઇ	,,	૬	૦	,, ૬	૬	
બીનીસ		૧૬	૦	,, ૧૭	૦	
કચ્ચું તેલ ૧ ગાલન		૩	૬	,, ૩	૯	
ઓરડીનું	,,	૨	૬	,, ૨	૮	
બીજું	,,	૩	૬	,, ૩	૯	
નાળીએરનું	,,	૩	૬	,, ૩	૮	
આંબા સફેદ નાતાલની		૧૮	૦	,, ૧૮	૬	
પીળા	,,	૧૬	૦	,, ૧૬	૬	
તીરકુળ નાતાલ		૯	૦	,, ૧૦	૦	
આટો		૧૧	૩	,, ૧૧	૬	
બદામી સોપારી	૧ રતલ	૮	ા	,,	૯	
મરચાં		૦	૪	,, ૦	૫	
ઘી પેટી ૪ ટીનના પી		૭	૧૫	,, ૮	૦	
પોરબંદર	,,	૮	૧૦	,, ૮	૧૫	
પારસીન ઓરેંજીસ		હાલ નથી				
,, વાઇટ રોસ		૮	૦	,, ૮	૫	
,, ,, ગાલન		૧૧	૬	,, ૧૨	૬	
નાળીએર		૧૦	૦	,, ૧૧	૦	
ઇલચી		૯	૬	,, ૧૦	૦	
કાચબંડ સોપ		૧૩	૦	,, ૧૩	૬	
સાબુ સીલ્ક સ્ટોન		૧૬	૦	,, ૧૬	૬	
સાબુ સનલાઇટ		૪૨	૬	,, ૪૫	૦	
નેકટર ટી		૧	૮	,, ૧	૯	
મોચીસ ગાલન		૨	૧૧	,, ૩	૦	
સોપારી સેગરની		૦	૧૨	,, ૧	૦	
નીકલ પોઇંટ સીગારેટ		૧૬	૯	,, ૧૭	૦	
દુધ નેસલનું		૨૦	૬	,, ૨૧	૬	
નીમક (લીવરપુલ)						
બસ્તા એકની		૪	૩	,, ૪	૬	

ટોપાઓ ! ટોપીઓ !! ટોપીઓ !!!

❀ નવા તથા ઉંચી ઇંગ્લીશ ફેશ્નનો તુરકી ટોપીઓ. ❀

નવા સેમ્પલ તથા ખુશનુમા રંગ.

ફેશરીઅન બેંગલોર	અથવા	નવાબ કેપ્સ.
મહારાજ ઓસ્ટરાખાન	અથવા	પરસીઅન કેપ્સ.

ફીક્સત ભાવ.

બહાર ગામના ઓરડરપર પુરતું ધ્યાન આપવામાં આવશે.

મામલીસ્ટ મારે લખોઃ—

એસ. પીરભાઇ બ્યટલર. S. Peerbhoy Butler,
૫૦૬, વેસ્ટ સ્ટ્રીટ, 506, West Street,
ડરબન. DURBAN.

Tel. Add.: POKOOMULL. P.O. Box 1196

POKOOMULL BROTHERS,
Wholesale & Retail Silk Merchants,
Corner of Longmarket & Parliament Sts.,
CAPE TOWN
Direct Importers of all kinds of Indian Art Curios, Oriental Jewellery, Maltese Silk Lace Articles, etc.
Established 1895. Head Office: Bombay.

Ebrahim Norodien
IMPORTER AND
GENERAL DEALER,
WOODSTOCK, Near Cape Town

BRANCHES (22):—
Woodstock, Salt River, Observatory, Mowbray, Claremont, Wynberg, Parrow, etc.

Head Office: 24 Frere St., Woodstock

ISMAIL KHAN,
Stand 382, Bertram's Road,
Corner Thames Rd., Bertram's,
Dealer in Drapery, Grocery, Ironmongery & Fancy Goods.
P.O. Box 4870, Johannesburg.
Prompt Attention to all Orders. Civility Guaranteed

A. A. RAHEMAN.
GENERAL MERCHANT AND DIRECT IMPORTER OF INDIAN GOODS,
Stand 641, 21st Street, VREDEDORP,
Box 8040, JOHANNESBURG.

M. N. PATTEL & Co.,
Upholsters, Coir and Wire Mattress Manufacturers.
Factory: 157 Loop Street, Capetown.
ગાદા તથા ચાળીની મેટરેસ બનાવવાનું કારખાનું.
Telephone 1424.

ADAM H. G. MAHOMED,
Estate Owner
HOUSES TO LET
Noorbagh, Kloof Street,
Telegrams: Adamgool CAPETOWN

MORAR DALA,
Merchant & Direct Importer
ઘી, ચાવલ, મંધીઆણું વિગેરે મુંબઇ કલકત્તાથી પરબાદર આવે છે.
તથા દેશી મીઠાઇ અમારે ત્યાં બને છે.
94 Hanover Street Capetown.

ખબર બહલાવ્યું તેની નોટીસ.

અમે આથી નોટીસ દયે છીએ કે અમારી ઓફીસ જે ન. ૫૦૬, વેસ્ટ સ્ટ્રીટમાં હતી ત્યાંથી ખસી ગયેલ છે, અને તા. ૬ જુલાઇ ૧૯૧૩થી અમારી ઓફીસ ૧૦૬ A વાલ્ક સ્ટ્રાસમાં (બસ્ટનની સામે) ફોનવાળી તથા ઓફીસની ગોઠવણ કરેલી છે.

મુસા હાજી આદમ.

Asiatic Passive Resistance

On the above subject, Mr. H. S. L. POLAK has commenced to write a book on the recent Asiatic struggle in the Transvaal.

The Book will aim at giving a complete and authentic summary of the (to the Asiatics at any rate) stirring events of the past sixteen months.

The Book will contain a bird's eye view of the whole position in South Africa with copious statistics.

The Book will contain copies of important laws and memorials.

The Book will contain photographs of the principal Passive Resisters, Sympathisers, principal Members of the South Africa British Indian Committee and others.

The Book will contain a reproduction of the historical cartoons from the pens of Mr. Holland and Mr. Lloyd as published in the Rand papers.

The Book will, therefore, be one of reference to all Indian publicists and Indian workers both in South Africa and India.

To every lover of the Empire it will be a record of events showing how the weaker members of the Empire can command justice.

To every ethically-minded man, the Book will be a demonstration of the Efficacy and Supremacy of Ethics in the political world.

To every Indian who can afford a small sum, it will be a memento or a suitable present to send to friends and sympathisers of Indians.

It is not possible for us to publish the Book, as we have not the means, unless a portion of the cost is paid in advance. We therefore ask our readers and workers in the Indian cause to send us subscriptions with the names and addresses of Subscribers.

The price of the Book will be five shillings (5/-) nett.

We propose to publish the Book at an early date. And should we for any reason whatsoever fail to publish the book within that time, we undertake *to refund the subscription* paid to us without any deduction whatsoever.

Subscriptions may be sent to the Managers, INDIAN OPINION, either at Phoenix, Natal, or P.O. Box 6522, Johannesburg.

Note.—Collectors and Subscribers are requested to send money orders or stamps only, or else cheques covering commission. In the event of stamps being sent *one penny* should be added when the stamps are not the Transvaal or the Natal Stamps. Subscribers should be careful to obtain the official printed receipt, as no other will be recognised.

વકમાતરમ્

મફત—ન્યુસ પેપર વાંચવાનો શોખ ધરાવનાર આફ્રીકામાં વસતા ગુજરાતીઓનાં ચોકસ સરનામાં ઇંગ્રેજીમાં લખી મોકલનાર ને ફીંદના સાત દેશભકતોની બબ્બે મફત મોકલીશું. "ગુજરાત" પત્ર પ્રેસ—નડીયાદ (ઇલાકા મુંબઇ, પ્રાંત ગુજરાત.)

ખોજા મહમદ કુ.

નાણીઓરનેજ બજેટ્યાપર અને સાથે માલ કીફાયત ભાવે અમારે ત્યાંથી મળશે.
વધુ વિગત માટે લખોઃ— બોકસ ૬૬૪ ના. ૨૮ કેપ્ટોરસ્ટ્રીટ, ડરબન.

ઈંડિઅન ઓપાનોઅન.

લવાજમના દર.

	નાતાલમાં કોઈપણ જગ્યાએ.	નાતાલની બહાર કોઈપણ જગ્યાએ.
૩ માસ ...	૩/૩	૪/૩
૬ માસ ...	૬/૬	૮/૬
૧૨ માસ ...	૧૨/૬	૧૬/-

લવાજમ અથવા જાહેર ખબરના પૈસા ચેક, મનીઓરડર પોસ્ટલઓરડર અથવા સ્ટાંપથી મોકલી શકાય છે. નાતાલના સ્ટાંપ ઉપરાંત ટ્રાંસવાલ, કેપ રોડેશીઆ, ઓરેંજ ફ્રી સ્ટેટ અથવા હીંદુસ્તાનના સ્ટાંપ સ્વીકારવામાં આવે છે. ચેક ઉપરે ફ્રેંસ કરી પોસ્ટ કરવા ભલામણ કરીએ છીએ. સ્ટાંપ તથા નોટવાળા કાગળો રજીસ્ટર કરી મોકલવા એ સહી સલામત છે. ૫૨પન સિવાયનાં ચેક ઉપર બેંક કમીશનની ૬ પેની છુટવેવા વિનંતી છે.

A Book—and its Misnomer

A REPLY

Being a Brief Examination of "The Asiatic Danger in the Colonies" by L. E. NEAME.)

By the Editor of INDIAN OPINION

To be had from the Publishers: The International Printing Press, Phœnix

Post Free, 7d.

વકીલકલ્પતરૂ.

તંદુરસ્તી અને વૈદક જ્ઞાનની દરકાર હોય તો વાંચો "વૈદકકલ્પતરૂ" માસીક. બાર વર્ષથી દરમાસે પ્રગટ થાય છે. દરેક ગૃહસ્થે બે માસ વાંચવા જેવું છે. નામ ઠેકાણું સાફ અક્ષરે વકીલ જટાશંકર લીલાધર સોલીસીટર, અમદાવાદ સમવાયી એક અંક નમુના દાખલ મફત મોકલવામાં આવશે. લવાજમ પોસ્ટેજ સહીત ૩/— તથા બેહતું પુસ્તક મોકલવાનું ખર્ચ ૪ પેની અગાઉથી લેવામાં આવે છે. વધુ વીગત માટે આ પત્રની ઓફીસને લખવું.

વકીલ જટાશંકર લાલાધર

ગુજરાત આર્ય ઔષધશાળા અમદાવાદ

"INDIAN OPINION."

Yearly Subscription (Natal)	12/6
Half Yearly	7/0
Quarterly	4/-
Yearly Subscription (South Africa, England and India) ...	17/-
Half Yearly	9/-
Quarterly	5/-

ઈંટરનેશનલ પ્રીંટીંગ પ્રેસ તરફથી બહાર પાડવામાં આવેલાં પુસ્તકો

	s.	d.
The Ethics Passive Resistance	0	3
Bhagavad Gita	1	0
The Story of the Râmâyana ...	0	6
A Book—and its Misnomer ...	0	6
કાયદા સામે થવાની ફરજ.	0	0	3
ટ્રાન્સવાલનો ખુની કાયદો.	0	0	6
જેલનાં કાવ્ય.	0	1	0
ઈ. ઓ. કાયદો ૧૯૦૮	0	0	6
મારો જેલનો અનુભવ.	0	0	1
મુસ્તફા કામેલ પાશાનું જીવન ચરિત્ર	0	0	3
એક સત્યવીરની કથા.	0	0	1
સત્યાગ્રહ (ઈનામી નિબંધ)	0	0	2

આગેવાનોનો કેસ

મંગળવારે મી. ઇમામ અબ્દુલ કાદર બાવાઝીર, તથા મેસરસ. થંબી નાયડુ, વ્યાસ, મહમદ કુકે, મુળજી ભાઇ, ગુલાબભાઇ વિગેરે પર લાઇસેન્સ વગર ફેરીનો કેસ ચાલ્યો. તેમાં તેમને ૪ દિવસની સખ્ત જેલની અથવા રૂા. ૧૦ ના દંડની સજા કરવામાં આવી. સહુએ જેલ કબુલી. ત્યારબાદ કોરટની બહાર મળેલા લોકો આગળ મી. ગાંધીએ ભાષણ કરયું; ને સહુએ જેલ જવાનો નિશ્ચય બતાવ્યો.

(ઉપરના કેસનો વિસ્તારથી હેવાલ જગ્યા ની તંગીને લીધે અમે આપી શકયા નથી.)

કેપટાઉનની લીગની દિલસોજી

તા. ૨૩ મીએ રૂટર જણાવે છે કે કેપટાઉન વિ. ઇ. લીગ તરફથી કેપટાઉન ના હીંદીની એક ગંભીર મીટીંગ ટ્રાંસ વાલના લાઇઓ તરફ દિલસોજી બતાવવા માટે ભરવામાં આવી હતી. મી. આદમ એચ. જી. મહમદ પ્રમુખ હતા. તે વખતે ટ્રાંસવાલ સરકારના જુલમ સામે પ્રોટે સ્ટના ઠરાવો થયા હતા. તથા બીજા દિવસે દુકાનો બંધ રાખી હડતાળ પાડવા નો નિશ્ચય કરવામાં આવ્યો હતો. તેમજ બીજું કામકાજ બંધ કરીને મરજીઆમાં જવાનો તથા ટ્રાંસવાલના દુઃખી ભાઇઓ માટે ખુદા આગળ દુવા ગુજારવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો. જે ઠરાવો થયા હતા તેની નકલો કોલોનીઅલ પ્રધાનપર, હીંદી પ્રધાનપર, હાઇ કમીશનર, લો૦ સેલબોરનપર, તથા હીંદના વાઇસરાયપર મોકલવામાં આવી હતી.

કેપટાઉન એસોસીએશનની દિલસોજી

તા. ૨૧મીએ કેપટાઉનથી રૂટર જણાવે છે કે:—

સાઉથ આફ્રીકા ઇંડીઅન એસોસી એશન તરફથી એક મીટીંગ આજે સાંજરે બોલાવવામાં આવી હતી; જેમાં ૫૦૦ માણસો હાજર હતા. તે વખતે મી. પારસી સોરાબજી તથા બીજાને જોહાન્સ બરગમાં મળેલી જેલ સંબંધી વિ. ઇ એ. ના સંદેશાપર વિચાર કરવામાં આવ્યો. બાદ ટ્રાંસવાલ સરકારે બતાવેલા નિરદય વલણ તરફ દિલગીરી અને ત્રાસ બતાવ નારો ઠરાવ પસાર થયો. ઉપલા ઠરાવની નકલ હાઇ કમીશનર લાર્ડ સેલબોર્નપર મોકલવાનો ઠરાવ કરીને સભા વિસરજન થઇ હતી.

નાતાલમાં માસ મીટીંગ

૫૦૦૦ માણસોની હાજરી

પાડેલી હડતાલ

સખ્ત ભાષણો અને ઠરાવો

(ઇ. ઓ. માટે ખાસ રીપોર્ટ)

જોહાનેસ્બરગમાં હમીદીયા ઇસ્લામીક સોસાયટીના પ્રમુખ મી. ઇમામ અબ્દુલ કાદરને તથા બીજા હિંદી ભાઇઓને જેલ મળી તે ઉપર વિચાર કરવા કોંગરેસ કમિટિ ની એક ખાસ મીટીંગ બુધવારની રાતે મળી હતી. તે વખતે એવો ઠરાવ થયો કે ગુરૂવારે બપોરે એક વાગ્યા પછી રોજગાર બંધ કરી હડતાલ પાડવી તથા માસ મીટીંગ ભરવી. આ હકીકતની નકલો નાતાલમાં બધે ઠેકાણે તારથી મોકલવામાં આવી હતી.

બહ ગુરૂવારે બપોર પછી બધે હડતાલ પાળવામાં આવી હતી; તથા ગોદડીમાં ૨ વાગે માસ મીટીંગ ભરાઇ હતી. આશરે ૪-૫ હજાર જેટલા માણસોએ હાજરી આપી હતી. બહાર ગામથી ૫૦ જેટલા તારો આવ્યા હતા. હાજર ગૃહસ્થોમાં મેસરસ દાવુદ મહમદ, અબદુલ કાદર, દાદા ઓસમાન, એમ. સી, આંબલીઆ, પારસી રૂસ્તમજી, અબદુલ હાજી આદમ, મોલવી ફતેહ મહ મદ, ડા. હીરામાલ્કેક, હાસમ જુમા, પી. એસ. આયર, જે. ગોડફ્રે, બી. ગ્રેબરીઅલ તથા બીજા આગેવાનો જોવામાં આવતા હતા. મી. દાઉદ મહમદે ખુદાના નામથી મીટીંગનું કામ શરૂ કરતાં અસર કારક અને જોસદાર ભાષણ કરયું હતું. પછી ઠરાવો રજુ કરવામાં આવ્યા.

૧ લો ઠરાવ

"મી સોરાબજી, હમીદીઆ સોસાયટી ના ચેરમેન મી. ઇમામ અબદુલ કાદર બા વાઝીર, તથા બીજા હિંદીઓ જેઓ પોતાની ટેક જળવવા માટે છે, તથા જેના મુદ્દાને માત્ર રાજદ્વારી બાબતને લગતો કહી શકાય તેમને સખ્ત મજુરી સાથે જેલ આપવામાં આવી તેની સામે આ મીટીંગ પ્રોટેસ્ટ કરે છે. ટ્રાંસવાલ સરકારને નાતાલ કોંગરેસ માનપુરવક વિનંતિ કરે છે કે તેમણે હિંદી કોમની વાજબી લાગણી કબુલ રાખવી જોઇ એ; અને તેટલા માટે જુના વસવાટ કરી રહેલા હિંદીના હક માટે સુપરીમ કોરટનું અપીલ કરવાનો હક આપવો જોઇએ, તથા બીજા કોલોનીઓની પેઠે ઉભરાએલા હિંદી ને ટ્રાંસવાલમાં દાખલ થવાની છુટ મળવી

જોઇએ. દરાંસવાલમાં અમારા દુખી ભાઈ ઓને જુલમમાંથી ઉગારવા અમે આજ્ઞા કરીએ છીએ : તથા હિંદીના હકો નકી કરવા માટે એક ધમ્મીરીઅલ કોનફરન્સ તુરત ભરાય એવી સુચના કરીએ છીએ."

ઉપરનો ઠરાવ મી. અબદુલ કાદરે રજુ કર્યો, તથા તેર અલરકારક ભાષણ કરયું. ડે. દીરા માણેક, તથા મી અબદુલ્લા હજી આદમે ઉપરના ઠરાવને ટેકા આપ્યો ને સખત ભાષામાં વિવેચન કરયું. આઠ ઠરાવ સર્વાનુમતે પસાર થયો.

રજો ઠરાવ

"હિંદીની પ્રજાત માટે, તથા બ્રિટીશ રાજની ખાતર સખત મજુરી સાથે જેલ ઉઠાવવાની બહાદુરી માટે મી. સોરાબજી રાપુરજી આજમજીનીયાને નાતાલ કોંગરેસ શાબાશી આપે છે ; તથા તેવા કરજંદ હોવા માટે તેના કુટુંબને શાબાશી આપે છે."

ઉપરનો ઠરાવ મી. બરનાર્ડ એચીબલ બેરીસ્ટર એટલોએ રજુ કર્યો મી. પારસી રૂસ્તમજીએ તથા મી. પી. એસ. આયરે તેને તીખા ભાષણ સાથે ટેકા આપ્યા બાદ ઠરાવ સરવાનુમતે પસાર થયો.

૩જો ઠરાવ

"આત્મબોગ આપીને હિમતથી જેલ ઉઠાવવા માટે હમીદીઆ સોસાયટીના પ્રમુખ મી. ઇમામ અબદુલ કાદર બાવાઝીર, તથા મેસરસ ઘ્યાસ, મહમદ ઇબરાહીમ કુનડે, ગુલામભાઇ દેસાઇ, મુળજીભાઇ પટેલ, થંબી નાઇડુ વગેરે આગેવાન હિંદીઓને કોંગરેસ મુબારકબાદી આપે છે."

ઉપરનો ઠરાવ મોલવી હબીબ મહમદે રજુ કર્યો, ને તે ઉપર એક લાગણી ભરેલું ભાષણ આપ્યું. મી ગુલામ હુસેન મીયાખાન, તથા મી. કાસમ જુમાએ ટુંકા શબ્દોમાં તેને ટેકા આપ્યા બાદ સરવાનુમતે તે પસાર કરવામાં આવ્યો.

૪થો ઠરાવ

"ઉપરના ઠરાવની નકલ જોહન્સ ને તે ટેકાણે કોંગરેસે મોકલવી."

આ ઠરાવ મી ચાપુરજી જી. મંદેરીઆ એ રજુ કર્યો. તેને મી ઇસ્માઇલ ગોરા તથા મી. આર. બી. ચેટીએ ટેકા આપ્યે બાદ તે સરવાનુમતે પસાર થએલો જાહેર કરવામાં આવ્યો.

છેવટ

બાદ હાજર ગૃહસ્થોનો આભાર માની મી. દાવુદ મહમદે મીટીંગ બરખાસ્ત કરી તેમ કરતાં તેમણે જણાવ્યું કે આજે આપણે બધી કોમ ભળી થઇને એકત્ર થઇ કોમ જેલ સમીએ છીએ તેજ આપણી જીત બતાવે છે. ભાઇઓ, આપણે એક સંપ રહેશું તો દુશ્મનોને પાણી હલાવી શકશું. અહીં પણ લડવાનો વખત આવ્યો આવે છે થોડા દિવસ પછી હીંદુઓના મુકદમાં ભળવાની બાબતમાં ઝગડો ઉઠાવવાનો છે, ત્યારે જે માસ મીટીંગ ભરશો તેમાં બધા ભાઇઓ ખુશી થશે તો હું ચેરમેન થઇશ અને હીંદુ મુસલમાન એક થઇ આપણ સરકારને ધરમની બાબતમાં આડા આવતા અટકાવશું. ત્રિગેરે.

(ટ્રાન્સવાલ મરકાંટાઇલ બાબતે વિગેરે બિનજરૂરી હકીકત જગી જાવાને બાકાતીઓ આપવા ઉમેદ રાખીએ છીએ.)

અખબરપત્ર

—:—

જોહાન્સબર્ગ

(અમારા ખાસ પ્રતિનીધી તરફથી.)

VIII-387

ખરો ખેલ

મી. સોરાબજી જેલમાં ગયા. તેમને એક માસની સખત મજુરીની જેલ મળી ! હવે તો દરેક હિંદીએ જેલ માગવી એ તેની ફરજ થએલી છે. મી. સોરાબજીને સોમવારે સવારના સા। વાગે કડકડતી ઠાઢમાં પકડયા. તેમને જેલમાં લઇ ગયા આમ કરવાની જરૂર ન હતી મી. ગાંધીએ નોટીસ મોકલી હતી કે મી. સોરાબજી જ્યારે જરૂર હશે ત્યારે હાજર રહેશે. તેની દરકાર સત્તા વાળાએ કરી નહિં. મી. સોરાબજીનો કેસ સાંભળવા સેંકડો હિંદી હાજર હતા. સિપાહીએ ધકકાધકી ચલાવી. થોડાજ હિંદીને અંદર જવા દીધા ઘણા જોરાને દાખલ કરવા. બાકી જે હિંદી કોરટની બહાર રહ્યા તેની ઉપર જુલમ ચલાવ્યો. મી. ગુલામભાઇ કીકાભાઇ, મી. ઇરસંદજી દેસાઇ વિગેરેને માર્યા. ઘણાનાં અપમાન કર્યાં. આ હકીકત મજીસ્ટરેટ પાસે રજુ થઇ. માજીસ્ટરેટે તેની ઉપર ધ્યાન નહિં આપ્યું.

કેસમાં કંઇ બ્રમ પુરાવો ન હતો. મી. સોરાબજીને બે ચીજમાંથી એક પસંદ કરવાની હતી. પોતાનું માન ને દેશદાઝ, અથવા તો કોરટનો હુકમ. મી. સોરાબજીએ કોરટનો હુકમ તા પસંદ કર્યો : દેશ ઢાજ પસંદ કરી.

માજીસ્ટરેટે સજા કરી. પણ મી સોરાબજીએ તે સજાને માન મજયું એમ ગણી વધારી લીધી.

માજીસ્ટરેટને તેના જુલમનો જવાબ દેવો પડશે. જે પોલીસોએ હલ્લો કર્યો તેઓની સામે એસોસીએશને પગલાં ભર્યાં છે. પોલીસ કમીશનર અથવા કોરટ દાદ આપે વા ન આપે તેની સાથે આપણને ચોકો સંબંધ છે.

આ બધો જુલમ આપણે હલકા ગણાએ છીએ તેમાં શરમ છે. આપણું જોર જ્યારે સત્તા વાળા જોશે ત્યારે તેઓજ હલકા પડશે એસરશે.

ફેરી વાળાઓને સજા

મી. ઇસ્માઇલ આકુજી, મી મુસા ઇસપ, મી ડાહ્યા પરાગ, મી. હરી બીખા, મી સાલેજી એમાત, મી. ઇસ્માઇલ ઇબરાહીમ, મી. કેશવ ગુલાબ, મી. નાગજી મોરાર એટલા ફેરી વાળા પકડાયા હતા તેઓનો કેસ મંગળવારે હતો. તેઓની બાબતમાં પુરાવો અપાયા પછી મી. ગાંધીએ જણાવ્યું કે આ લોકોને પકડયા તે ગરીબ ઉપર ધાડ પાડવા જેવું છે. તેઓ કંઇ ગુન્હેગાર નથી. હિંદી આગેવાનો જેઓ કાયદાનો ભંગ કરવા ઇચ્છે છે તેઓને કેમ છોડી દેવામાં આવે છે? સરકારે ફેરીવાળા પાસે કાયદાની બહાર લાયસેન્સ માગ્યા તો હવે કેમ કાયદાની બહાર લાયસેન્સ માગે છે ?

માજીસ્ટરેટે ઉપરના હિંદીઓનો કેસ થી. દંડ કર્યો ને તે ન આપે તો ચાર દહાડાની જેલ ફરમાવી. બહાદુર હિંદીઓએ જેલ કબુલ રાખી છે. ને દંડ આપવાની ના પાડી છે.

ઇમામ સાહેબ પકડાયા ?

મંગળવારે બપોરે ઇમામ અબદુલ કાદર બાવાઝીર, મી. મવરીશંકર વ્યાસ, મી. મુળજી પટેલ, મી. ગુલામભાઇ કીકાભાઇ દેસાઇ પકડાયા. તેઓ મારેટ રકતેરેમાં ફેરી ફરતા હતા. મી. થંબી નાઇડુ મંગળવારની સવારે પકડાયા. તેનો પણ તેજ તહોમત ઉપર પકડાયા છે. મી. મવરીશંકર વ્યાસ તથા મી. થંબી નાઇડુ ત્રણેવારોમાં જેલમાં જઇ ચુકયા છે. તેઓએ બધાએ બેલ ઉપર છુટવાની ના પાડી છે.

આ બધું વાંચીને એવો કયો હિંદી છે કે જેનું મન નથી રડતું ને નથી હસતું? રડવું જોઇએ કેમ કે આ કોમળ હિંદીઓ દેશને ખાતર આટલી બધી ઉઠાવે છે. હસવું જોઇએ કેમકે હિંદી કોમમાં આવા વીરલા પડયા છે અને તેઓની મારફતે કોમનો છુટકારો થશે.

મી અબદુલ કાદર બાવાઝીર તે ઇમામ છે. હમીદીઆ બસસામીક સોસાયટીના પ્રમુખ છે., હું તો કહું છું કે જ્યારે તેઓ સાહેબ જેલ જાય ત્યારે આખા દક્ષીણ આફરીકાના હિંદીએ ઓછ દહાડો હડતાલ પાડવી જોઇએ. જુધવાર

ગઇ કાલે અખબર આપી ગયો ત્યાર પછી માલમ પડયું કે મી. ઇબ્રાહીમ કુનડે પકડાયા.

મી. ઇમામ અબદુલ કાદર બિ. જે નામ હું આપી ગયો તે, તથા મી. કુનડે એ બેલ નહિ લીધી ને આખો રાત જેલમાં રહ્યા. જેલમાં ગયા બધાને પુખ્કળ ખાવાનું પહોંચાડવામાં આવ્યું હતું. તેઓને દરેકને બધુ કામળો સુવાને સારૂ મળી હતી.

આજે બુધવારે અગીયાર વાગે તેમનો કેસ ચાલ્યો.

ઇમામ સાહેબે જુબાની આપીને જણાવ્યું કે બીનઅોના ભલાને ખાતર તેણે ફેરી શરૂ કરી હતી. તેમણે સરકારને સમાધાનીમાં મદદ કરી હતી. મારા બીજા ભાઇઓ જેને વેપારની લાયસેન્સ લેવી પડે છે તે જેલમાં જાય ને હું બહાર રહું એ મારાથી ન દેખાયું. તેથી મેં વગર લાયસેન્સથી ફેરી કરવાનું રાખ્યું છે." આમ ઇમામ સાહેબે કહ્યું.

તેજ કેસમાં મી. જે ફરસન જે લાઇ સેન્સના ઇનસ્પેકટર છે તેણે જુબાની આપતાં કહ્યું કે સરકારે તેને ઓર્ડર નામ મોકલ્યા છે કે જેની પાસેથી અંગુઠા નહિ માગવા.

આ બધાને માજીસ્ટ્રેટે દશ પીલીંગનો દંડ અથવા ચાર દહાડાની જેલનો હુકમ કર્યો. સહુએ જેલ પસંદ કરી.

બીજા કેસો

આ ઉપરાંત મી. મુસા ઇસપ, મી. સુલેમાન ઇસપ, મી. મહમદ ઇબ્રાહીમ તથા મી. અબદુલ કાદર બાવાઝીર ... આવ્યા. તેમાંને બધા ફેરવ ...

થઇ. અને તેઓ જેલવાસી થયા છે. આ બધા શનીવારે તો છૂટી ને પાછા આવશે. વધુ ઉમેદ રાખવું છું કે તેઓ બધા કરી પાછા દેશને અર્થે આસકીદ થઇ નીકળી પડશે: ને જેલવાસી થશે.

મી. ઇમામ અબદુલ કાદર જ્યા તેની સાથે મી. વ્યાસ તથા મી. નાયડુ ગયા છે. આ બને એક વખત તો જેલ ભોગવી આવ્યા છે. તેઓની સેવાનું વરણન કરવાની જરૂર જેવું નથી.

બીજા જે મી. ઇસ્લામીમ મહમદ કુનકે જેલ ગયા છે તેણે પોતાની દુકાન તજી દેરી શરૂ કરી છે. તેમની હિંમતનો પણ પાર નથી. તેઓ આફ્રેજ કાંકણી છે ને આમ જેલ જઇને કાંકણી કોમને ઉજવળ કરી છે મી કુનકેએ મીટીંગો માં પણ બહુ સારો ભાગ લીધો છે તો બધાને હિંમત આપી છે.

મી મુળજી પટેલ તે હજુ હમણાંજ હિંદુસ્તાનથી આવ્યા છે. તેણે મુંબઇની મીટીંગનો અનુભવ લીધેલો છે. ને તેણે પણ હાથે કરીને દેશને ખાતર જેલ મહણ કરી છે.

મી. ગુલામભાઇ કાકાભાઇ દેસાઇ જેલ માં ગયા અને તેમણે કોર્ટના ફરમાન આગળ માર પણ નમન કર્યા છે

આમ જેઓએ દેરી નથી કરી ને દેરી ફરતા થઇ ગયા છે એ જેવા તેવી વાત નથી. આ બધાને જશ મી. ઇસપ મીંયા ને ઘરે એમ કહી શકાય છે. મી. ઇસપ મીંયાએ પહેલ કરી. પોતાને ઘણે બે ટોપલા લટકાવીને દેરી ફરવા માંડ્યા. મી. ઇસપ મીંયાએ કોમની સેવા ઘણીજ સરસ અને આદીને વખતે કરી છે. તેમની પાસે ધન છે, અકકલ છે, બહાદુરી છે. તેવુંજ કસાએલું તેમનું શરીર છે. આ બધાનો ઉપયોગ તેણે હાલ તો કોમને સારૂ કરેલો છે. પોતાનો વખત આપ્યો. પોતે મારે બધા, ને દવે કોમને ખાતર દેરી ફરે છે. ને થોડા દહાડામા તે પણ જેલ વાસી થાય તો નવાઇ નહિ ગણાય.

બોકસબરગના બે હિંદી

એક મી. આદમ અને બીજા મી. મંગલસાગ આ બન્ને વગર લાઇસેન્સથી દેરી ફરવા સારૂ પકડાએલા. તેમનો બચાવ કરવા હું ગયો તેમને જેલ મોકલવા— મ. પોલાક ગએલા. મી ગાંધી જોહાન્સ બર્ગમાં ઉમરના કેસો સારૂ રોકાએલા. મી. આદમ મુસાને એકે એક પાકિન્ડ આ વા સાત દિવસની બસત કેદની સજા થઇ. મી આદમ મુસાએ જેલ કબુલ કરી. મી. મંગળાસીમ તે બમંગળા નીયડ્યા. કોરટની બહાર મોટી વાતો કરી કે એ તો જેલ જવાના. પણ કોરટમાં જુબાની પણ લખી આપી. તેથી માજીસ્ટરેટે બે પાકિન્ડ અથવા આઠ દિવસની સખત મજુરીની જેલ આપી. મી. (અ)મંગળાસીએ જેલ કબુલ નહિ કરતાં બેધારી કનો દાખલ થયો

દુકાનો બંધ

મી. ઇમામ અબદુલ કાદર જેલમાં જવાથી કોરટની પસે એક મેદાનમાં સેકડો હિંદીની મીટીંગ થઇ. તેમાં ઠરાવ થયો કે બધી દુકાનો, ને બહુ કામ ચુમેરાતે ગુરૂવારે આખા દક્ષીણ આફ્રીકામાં બંધ થયાં જોઇએ. અને દરેક જગાએ તાર મોકલવામાં આવ્યા છે કે સહુ હિંદીએ દુકાન દેરી વગેરેનું કામ બંધ કરવું.

ફરના તાર

ઉપરે આ બાબત પોતાના તાર મોકલ્યા છે; ને તેજ પ્રમાણે હમીદીઆ ઇસ્લામીક સોસાયટીએ તથા એસોસીએશને તાર મોકલ્યા છે. હમીદીઆ ■ સોસાયટીનો તાર નીચે પ્રમાણે છે

"હમીદીઆ ઇસ્લામીક સોસાયટીના પ્રમુખ તથા મસજીદના ઇમામ તથા બીજા આગેવાને હિંદીને એશીઆટીક કાયદાની સામે થવાને સારૂ સખત મજુરીની સાથે જેલ મળ્યા છે. ફ્રી દીએાએ દક્ષીણ આફ્રીકામાં ગમીતી ઘડગાલ પાડી છે. જે અમે બહુ ભણેલા હિંદીને આપતાં અટકાવવાને આડે બાંધ કરવાનું કબુલ રાખીએ તો કાયદો રદ કરવાનું કહે છે. આ અમે બીલકુલ કબુલ કરતા નથી."

આવો તાર કલકત્તા, મદ્રાસ, પંજાબ, મુંબઇ અને લાહોરની અજુમન ઉપર તેમજ અલીગઢમાં ઓલ ઇંડિયા મોસલેમ લીગ તથા વિલાયતમાં જસટીસ અમીર અલી ઉપર ગયો છે.

કોણે લાઇસેન્સ લીધી

આજે મને ખબર મળ્યા છે (સત્યાગ્રહ) કે જોહાન્સબરગમાં આપણે હીંદી ફેરીવાળા છે. તેઓમાંથી સાતસેએ લાઇસેન્સ લીધી છે, બસોએ કાયદાની બહાર લીધી છે આશરાએ અગુઠા આપી કાયદાનીરૂએ લીધી છે. મને ઉમેદ છે કે જેએાએ લાઇસેન્સ લીધી છે ને બાણી નખશે થયા પેરીમાં મૂકા દેશે ને લાઇસેન્સ નહિ બતાવતાં જેલમાં જશે. જે બાકીના મો છે તે કદી લાઇસેન્સ નહીં લેવ એવી ઉમેદ રાખું છું.

છેલ્લા બબરો

(પ્ર. ઓ મારે ખાસ તાર)

જોહાન્સબરગ, ગુરૂવાર.

આજે પોલીસે મદ્રાસીઓ માટે રજીસ્ટર સર્ટીફીકેટ માગવા માંડયાં છે. તેથી ઠરાવ કરવામાં આવ્યો છે કે રજીસ્ટર દેખાડવામાં આવશે નહિ પણ તે માટે જે સજા થાય તે સહુ ઉઠાવશે.

હમીદીઆ મસજીદ આગળ એક મોટી મીટીંગ આજે મળી હતી. લગભગ ૧૫૦૦ માણસો હાજર હતા. હમીદીઆના ચેર મેન તથા બીજા આગેવાન હીંદીઓને કેદ રામાં અવેલી સજા માટે પ્રેફેરન્સ ઉઠાવવા માં આવ્યો. મીટીંગમાં ઘણો જુસ્સો અને લાગણી દેખાએલાં હતાં. મી. ઇસપ મીંઆ પ્રમુખ હતા મેસરસ ગાંધી, ઉમરજી સાલે, એન. વી. થાદ ૬ મ ઘલ પટેલ મોલવી અહમદ મુખત્યાર સાહેબ વિગેરેએ ઘણાં ભાષણો કરવા હતાં ઠરાવ પસના વાદા જુદા ભાગમાંથી દિલસોજી ના તથા હીંમતના તારો આવ્યા હતા પ્રેસ તથા બીજા કેટલાના તારો પણ મળ્યા હતા; એ તારોમાં જુદે જુદે કેકાણે દુકાનો બંધ કરવાના બબર પણ હતા.

મી. ઇમામ અબદુલ કાદર તથા બીજા આગેવાનો શનિવારે સવારના જેલમાંથી છુટશે તે વખતે તેમને આવકાર આપવા તથા મુબારકબાદી આપવા જાહેર મીટીંગ ભરવાની છે.

મી. રતનજી લલ્લુ વિ. સરકારવાળા સુપ્રીમ કોરટે મકેલા કેસમાં અપીલ હારી નાખતાં જસટીસ સોલોમને ચુકાદો આપતાં સ્પષ્ટપણે જણાવ્યું છે કે ઇમીગ્રેશન કાયદા નીચે કેળવણીની પરીક્ષા પસાર કરનારા એશીઆટીકો ટ્રાંસવાલમાં દાખલ થઇ શકે તેમ છે.

લાઇસેન્સ વગર ફેરીનું કામ કરવાના ગુનાહદારી મી. ગાંધીના દીકરા મી હરિલાલ ગીનીકસથી જોહાન્સબરગ જતા હતા, તેવામાં તેમને પોલકસ્ટ આગળ આ ગુનો ન આપવા માટે અટકાવવામાં આવેલ છે.

ચરણપરીઓને બબર

હમેશના કરતાં વધારે પાનાં આપવા છતાં, કેટલાંક લખાણો તથા ચરચાપત્રો જગાની તંગીને લીધે દિલગીરી સાથે આવતા અઠવાડીઆપર મુલતવી રાખવાં પડ્યાં છે.

અ. ઇ. ઓ.

વચન ભંગ વિષે બાયત

(નીબળા ચતુ સબળ રાજ પર) એ રાગ.

માંહેલા ગુણ ૧ ટ્રાંસ્વાલ જાણે,
જે ટ્રાંસ્વાલ સરકાર કરે,
અરજ સરીકે વેદકો વેરી,
એવું કરવું નહિ ઘટે કરે.
હતા લખ્યા લેખ લીધા લટેર,
થાશે એવું જાણી,
વફાદાર દીલી અરજ્ઞા.
હતા એકા એવું માની,
તેને બદલે રમટસ તારી,
મોકાણ મ પ્રાણી.
હતુ મીથ્યા અભીમાન તમારૂં,
બ્રહ્માક્ષરમેન જાહું નહિ બોલે,
કર હતુ આહુ ટ્રાંસવાલમાં,
ચાલે રાજ પાને પોલે
એવુ કહેતા દાંડી જેવા,
ઘર બાળ્યે નથી ગોસા
લીંબા ખુબો બોયા કાકા ઘર્યે,
તમારા ઘર જેળા
વચન હતાં તે એ તો.
ગરબ ઘાટના ગોળા (૨
મનોગી કુમારી ગપાટી મુ ગુ,
ખુલુમ માંગા આફ્રા મુસલે.
ઝોંકે મરકેલમ કોસ ફેલાવુ,
નસેાપ મીના ખુગીલે.
ખનીડાના ઝોંક સાપા ખુટી,
હાંણા ગાફા જેલ.
કુવાટા ઝંડન નેલા શેખમ શેખમ,
શું માંડયો છે બેલ ?
ખૂબો અજાની કાફરના,
દાલમાં કર્યા છે મેલ. ૪
ચતુર પોપટજી ચેતો રમટસજી,
સીતા પઢાવે શ્રી ભગવા .
અહુંકારમાં શું સાર સાહેબજી.
નથી બળીમાં રાવણની સમાન.
હજુ રામ લક્ષમણની,

સજ્જન છે કમાન,
નથી સાંભળ્યું કે કર્યું જનેતું,
આંખે રામબાણ,
હૃદયનાં પ્રાણેલાં બાણે,
દૂરે કયર બાણ. ૪
જ્હેમનું ઓસડ નથી વેચાતું,
મળ્યું ત્રણ ભુવનમાં ભાઈ,
દેશે વધાર્યો કલેશ કુસંપો,
સ્વદેશ અંગ્રેજો ચાલ્યા ખાસ
માટે જાગો બંદા ભાગો,
ખોટી તીંદાના કરનાર.
"મન ચંગા તો કથરોટમાં ગંગા."
સદ્ગુણ કરો અવતાર.
હીંદુસ્તાનને તારી તરજો,
કરજો બેડો પાર. ૫
અહેતાબના બોલ સખી રાખજો,
રમટસ અનીપર દઉં હું વાગ,
સમો અવશે સબુર એવો,
કહેશું રામ બોલો આપ રામ.
કળીયુગ બેઠો ઠામે ઠામ,
શું કલાકે હરામ,
નથી જાણતા ગુલામ,
ભુલ્યા ખુદાને શ્રીરામ,
જે આ મુબારક કલામ,
નહિ તો ઉલ્લા છે સલામ.—માં. દ

નાતાલ પારલામેંટ

લાઇસેન્સ અટકાવવા નું બીલ

(ગયા અંકથી ચાલુ)

હીંદી વેપારી લાઇસેન્સ અટકાવવાના બીલની ચર્ચા દરમ્યાન મી. ડાલ્ગ્લે જણાવ્યું કે જે હીંદી પોતાની મેળે અહીં આવેલ છે તેને વિષે અમે તે કરવામાં આવે: પણ નાતાલમાં ઇમીગ્રેટ હીંદીને અટકાવવા એ ગેર વાજબી ગણાશે. હીંદી વેપારીઓ જે માલ વેચે છે તેમાં કેટલી ચીજો ખાસ તેમના વપરાશની છે, તથા કેટલીક ધર્મને લગતી છે. હીંદીના એક સંબંધમાં તથા દાખલા જે છે તે કાયદો પુરતો હોવા સંબંધમાં મી. સ્મીથીએ જે કહ્યું છે તેને હું મળતો આવું છું, અને આપણે આ બીલને પસાર કરીએ તો વડી સરકારવાળાઓ મુંઝ થમાં આવી પડે આ પગલું ઉઠાવવું જરૂરનું હોવા વિષે મને શંકા છે.—

મી. રેસરે જણાવ્યું કે જે અમલદારો ના હાથમાં ૧૮૯૭ના કાયદાનો અમલ સોંપવામાં આવ્યો તેમણે કાયદાનો હેતુ પાર પડયો નથી તે દમેશની નામેરીએ કહેવાય તે કાયદાનો હેતુ એ છે કે એશીઆટીક ના પણ લાઇસેન્સ આપવાનું બંધ કરવું. મને ખબર છે કે લાંચો લેવાવાની વાત સાચી છે એશીઆટીક વેપારીઓને હું જાણું જેવા જણું છું. એશીઆટીકને યુરોપિયનનું જરૂર નહિ જેવું છે. તેવાની સાથે હરિફાઇમાં ઉતરવાનું મેરેઓને કહેવું એ મેરવાજબી છે. આ સ્થિતિ સમજવાની તસ્દી ન લીધી એવા કેટલાક અખબારોવાળાઓ પાર્લામેંટમાં છે એ કમનશીબીની વાત છે. જો વડી સરકાર આ બીલને પાસ ન કરે તો આપણે ફરી કરીને બોકલવું. એમ વરસો વરસ કરવું એટલે તે પાસ થઇ જશે વડી સરકારને કહેવરાવવું જોઇએ કે તેઓ અમે તે કહે છતાં કોલોની આ કાયદો અમલમાં મુકશે.

મી રોબીનસને જણાવ્યું કે હું બીલ ને ટેકો નથી આપી શકતો. મને બીક લાગે છે કે હવે તો હદ બહારની જવાનું વલણ લેવાય છે. આ બીલ સ્ટેટલીપર ના લાઇસેન્સનેજ લાગુ પડે છે એમ નથી ઘણી તરેહનાં લાઇસેન્સને તે લાગુ પડે છે. તેથી હીંદીઓને ફેરી કરનાર પણ અટકાવાય તેમ છે જો હીંદીને વેપાર કરતા અટકાવીએ તો પછી બુમ પડશે કે તેમને બીજા ધંધામાંથી પણ અટકાવવા અને પછી એવી બુમ પડશે કે તેમને કારીગીરીના કામમાંથી પણ અટકાવ્યા. એટલે આ બુમ એવું રૂપ લેશે કે મજુરી સિવાય ગુજરાતમાટે તેમને કોઇ ધંધો ન કરવા દેવો. અથવા તો એવું કહેવામાં આવશે કે કોલોનીએ આખી હીંદી વસ્તિને હીંદુસ્તાન પહોંચાડી દેવી. મને લાગે છે કે અબ્દુલહતી હરીફાઇનો ઉપાય એ છે કે આરબને વધુ લાઇસેન્સ આપવાનું બંધ કરવાને એક નવો કાયદો વટી શકાય છે તેમ કરવામાં આરબ શબ્દની વ્યાખ્યા સંભાળ પૂર્વક કરવી જોઇએ. વધુ લાઇસેન્સ આપવાની સત્તા લાઇસેન્સ અમલદારને કે લાઇસેન્સીંગ બેરડના હાથમાં ન રહેવી જોઇએ આ બીલ વગર વિચારેનું છે: તેની વ્યાખ્યાઓ ઢંગધડા વગરની છે: અને તેનું નામ ખોટું છે

મી. હેસરે જણાવ્યું કે હું એ બીલથી સખ્ત રીતે વિરુદ્ધ છું: પણ તેના હેતુ એને હું સંપૂર્ણ રીતે ટેકો આપું છું. બીજા સાંસદને હું ટેકો આપીશ. કારણ કે તેથી કરીને બીલ કમીટીમાં જઇ શકશે અને ત્યાં તેને ચટતું રૂપ આપી શકાશે.

મી. યંગે બીલને ટેકો આપીને જણાવ્યું કે કમીટીમાં તે સુધારી શકાશે.

રેલ્વે અને બંદર ખાતાના પ્રધાને જણાવ્યું કે જે વતનના વેપારને બીલ લાગુ પડે છે તે વેપારની સામે આપણે બધા એકત્ર થઇએ, અને તેનો અંત આણવા આપણે નિશ્ચય કર્યો છે વતન દરેક બાબતમાં દરજ્જે આવવાનો આ બીલને ઇરાદો નથી મી સ્મીથીએ જણાવ્યું છે કે સરકાર આરબ લાલ જે ઇચ્છવાને છે તેને અમલમાં મુકવાના ઉપાય લઇ શકાય તેમ છે: પણ સરકાર ને સાધન અધુરાં છે અને તેથી આપણા પ્રયત્ન છતાં હજુ દરેક દિવસે દેખતું ગયું છે તે બીલથી લાઇસેન્સ ધારીને કાંઇ અન્યાય થતો નથી. લાલ જે હદથી જેટલાં એશીઆટીક લાઇસેન્સ છે તે તેમને મારે પુરતાં છે. કાફર લોકોની ખાતર પણ આપણી ફરજ છે કે આ એશીઆટીક) રટોરકીપરોને કોલોની માં ન જોવા દેવા. આ એશીઆટીકો જાવાના મેદાન દર લઇને કાફરને બીવરા આપે છે. જો બીલના નામમા 'ઇડિઅન' શબ્દ છે તેને બદલે 'એશી આટીક' હોત તો વધારે સારું થાત: પણ તે સુધારો કમીટીમાં કરી શકાશે. મી. રોબીનસનના જવાબમાં હું જણાવું છું કે કેટલાક ઇન્ડિઅનોમાંના બેકાર્ડર વેપાર ના લાઇસેન્સ કાયમ રહેશે બેતીની મજુરી સિવાય બીજા કેટલાક ધંધાઓમાં તેઓ પડેલા છે. આ બીલ ખાસ કરીને તે વર્ગ માટે બનાવ્યું છે કે જે વર્ગ કોલોનીને બાપની પેઠે નડે છે. તે વરસ એશીઆટીક વેપારીનો છે. આ બીલને બીજા બીલ સાથે ભેળવવા ગેરલો નહિ કરવા જોઇએ વડી સરકાર સાથે તકરા થવાની વાતને પણ નહિ બનવા કરવા જોઇએ કોલોનીના લોકો તથા ભવિષ્યની પ્રજા માટે જે સારું છે તે કરવું જ જોઇએ.

મી વાઇલીએ બીલને ટેકો આપ્યો. વડી સરકાર ના સંબંધમાં જણાવ્યું કે રાજના એક ભાગ માટે સારું હોય તે બીજા ભાગ માટે સારું ન હોય. ગોરાઓ માટે આ જગ્યા ઉપયુક્ત બનાવવાનો સવાલ છે, અને તેથી તે બીલ વાજબી છે એ બીલની કલમોને વિસ્તારવામાં આવે એવું હું બિલકુલ ઇચ્છતો નથી કે બાલ અને હલકા વર્ગના બધા લોકો વગેરે હીંદી અને એશીઆટીક વેપારી જેટલાજ ખરાબ છે. ગોરા વેપારીઓ આરબને માલ વેચે છે તે માટે તેમનો, અથવા તો આરબ પાસેથી ગોરાઓ માલ ખરીદે છે તે માટે તેમનો દોષ કાઢવા હું માગતો નથી. તે વેપાર કાયદા તળે છે અને આરબ પાસેથી ખરીદવા કુશળ કામણીયાળા ગોરા લલચાયજ. તેમને તેમ કરવાની જરૂર પડે છે તેવા સ્થિતિનું કારણ ખરીદ કરનારાઓ નહિ. પણ કાયદા બનાવનારા ઓજ છે.

મી ઓ. મારસ્બે બીલને ટેકો આપી ને જણાવ્યું કે પેરવાજબ જણ વગેરે લોકને પણ તે લાગુ પડવું જોઇએ. કારણ કે તેઓ તકરા નહિ ઇચ્છવા જેવા વરસના છે. આ બીલમાં મને એવું કાંઇ લાગતું નથી કે જેની સામે વડી સરકાર વાંધો લે અને આરબ વેપારી કાફરોને જાપની પેઠે ચુસનારા છે. તેઓ તેમને દરેક રીતે છેતરે છે. જો આવી ના ગોરાઓ તે લોકને ટેકો ન આપે તો તેઓ અહીં હોવાજ નહિ.

મી ચેમ્બરલીન હોરસે આરબ વેપારીને વખોડી કાઢીને આશા બતાવી કે આ મુલક માંથી તેમનું નામ નહેલું હશે.

શ્રી. સ્કોટીલે જણાવ્યું કે જો કોમ સેન્સસ કમલદારોએ તેમની ફરજ બજાવી હોત તો આજ આટલા બધા એશીઆટીક લાઇસેન્સદારો હોત નહિ. મોટા અમલદારો પણ આ બાબતમાં જોખમદાર છે. પછી પોતાના જોવામાં આવેલા કેટલાક ટીકાપાત્ર દાખલાઓ તેણે જણાવ્યા.

શ્રી. જોન્સ્ટને જણાવ્યું કે બીજી તરફ ડરબનના મેયરોનું વલણ જોઇ અચંબો થાય છે. વડી સરકારની વાત આડે ન આવવી જોઇએ.

એટરની જનરલ શ્રી. ફાર્ટરે જણાવ્યું કે બીલમાં એશીઆટીક શબ્દ નથી વાપરવામાં આવ્યો; કારણ કે તેથી એશીઆના બધા લોકો આવી જાય. બીજા કોલોનીએ કપાનને બહાર રાખવા પ્રયત્ન કર્યો હતો, અને તેમાં માલૂમ પડયું હતું કે વડી સરકારના તહનામાને લીધે એમ કરાય તેમ નહોતું. તેટલા સારૂ બધાને એશીઆટીક શબ્દ મુકવામાં આવ્યો નથી.

શ્રી. સામરે ટેકો આપીને કહ્યું કે બીલ કોમી બેદવાળું તો છે; પણ બેય રીતે મુશ્કીલત હોય ત્યારે ઓછી મુશ્કીલત વાળો રસ્તો લીધા જેવું બીલથી થાય છે.

શ્રી. ફોનોલીએ જણાવ્યું કે એશીઆ ટીક વેપાર અટકાવવાથી કોલોનીને કાંઇ લાભ નથી, ને તેથી હું બીલને ટેકો આપી શકતો નથી. જોઇ ગોરાઓને લાભ થતો હોત તો હીંદીને અન્યાય થાય ને છતાં તેને હું ટેકો આપું. પણ એશીઆટીક વેપારીના ભાવ સોંઘા હોવાથી ગોરા કામદારોને હાનદો થાય છે. એશીઆટીક વેપારને અચૂકવટની દરીફાઇ કહેવું તે, એ શબ્દનો ખોટો ઉપયોગ છે. તે સખત દરીફાઇ છે. એવું કહેવાય છે કે હમાની વાત જોહેર મંડળ ને આડે ન આવવી જોઇએ; પણ હું તો આવા અન્યાયને ટેકો નહિ આપું. બીલનું એક પરિણામ એ આવશે કે ગોરા કારીગરોના રસ્તામાં હીંદી દરીફાઇનો વધારો થશે.

કોલોનીઅલ સેક્રેટરીએ વિરૂદ્ધ ટીકા ઓના ટુંકમાં જવાબ આપ્યા. અને બીલ તે મોટા આવકાર માટે સંતોષ બતાવ્યો.

બાદ મત લેવાતાં વિરૂદ્ધ મતવાળા બહુમતથી બીજી વાંચણ પસાર થયું હતું.

રોડેશીઆના હીંદી

વિક્ષાયત ગએલું લખાણ

રોડેશીઆની હીંદી કોમ તરફથી નીચે મુજબ પીટીશન કોલોનીઅલ સ્ટેટ સેક્રેટરી ઉપર મોકલવામાં આવ્યું છે: –

(૧.) રોડેશીઆમાં વસતા જુજ હીંદી ઓ વતી અમે અરજ કરીએ છીએ.

(૨.) અહીંઆંની લેજીસ્લેટીવ એસેંબ્લી માં એશીઆટીક ઓરડીનન્સ પસાર કરવામાં આવ્યું તે જોઇ અમે દીગ થઇ ગયા છીએ. તે ઓરડીનન્સનો હેતુ એશિયા ટીકોને રજીસ્ટર કરવાનો, તથા વધુ એશી આટીકોને દાખલ થતાં અટકાવવાનો છે.

(૩) બધાને લાગુ પડતા હોય એવા કાયદા સામે અમે હંમેશ વાંધો લીધો નથી. પણ આ કાયદો તેવો નથી. તે કાયદાથી માત્ર એશીઆટીકો પર જુલમ ગુજરે તેમ છે. વળી અમારે તમને યાદ આપવું જોઇએ કે આ મુલક માટે એક ઇમીગ્રેશન કાયદો તો હાલજ છે. તે કાયદો બધાને લાગુ પડે તેવો છે. તેથી કાયદેસર દાખલ થવાને હકદાર ન હોય એવા લોકોની બરોબર અટકાયત થઇ શકે તેમ છે.

(૪.) આ મુલકમાં વસનારા એશિયા ટીકો મોટે ભાગે બ્રિટીશ પ્રજાના હીંદીઓ છે.

(૫.) અમારા નમ્ર મત પ્રમાણે આવો કાયદો રજુ કરવાને બીલકુલ કારણ છે નહિ. કારણ કે એશિઆટીક ઇમીગ્રેશન ઉપર જોઇતો અંકુશ છેજ. અને અહીં ની એશિઆટીક વસ્તિ તો બહુ જુજ છે.

(૬) વળી અમે નમ્રતા પુરવક જણાવી એ છીએ કે પાટોશના મુલકોમાંથી એશી આટીકો દક્ષિણ રોડેશીઆમાં ભરાવા લાગ્યા છે એવા આરોપ જે મુકવામાં આવ્યો છે તે બીલકુલ પુરવાર થએલ નથી. એમ ભરાવામાં કાયદા તથા રાજદ્વારી બાબતો આડે આવે તેમ છે, તથા તેમ ભરાવાનું ન બની શકે તેવું છે, એ બાજુએ મુકીએ, તોપણ આ મુલકમાં રોજ મેળવવાની સ્થિતિ એવી સરસ કાંઇ નથી કે જેથી કોઇ છુટા છવાયા માણસ ઉપરાંત વધુ માણસો અહીં વસવા આવે.

(૭) જો કે કાયદાની જુદી જુદી કલમો સામેના જુદા જુદા વાંધાઓ અમે બતાવ્યા છે, છતાં અમારો વાંધો તે ખરી રીતે આખા કાયદાના હેતુ સામે બાજ કરીને છે; એ વાત માટે રોડેશીઆની હાલેલા લને અમે જે પીટીશન કરયું હતું તેની નકલ આ સાથે બીડી છે તે ઉપરથી બરાર પડશે. (આ અરજી 'ઇ. ઓ.' ના અગાઉના અંકમાં અપાઇ ગઇ છે.)

(૮) આ કાયદો દાખલ થયો નહોતો, અને અટકાયતનાં પગલાંની ચર્ચા ચાલતી હતી ત્યારે અમે એક ડેપ્યુટેશન લંડન ને સરકારને મળ્યા હતા, અને રજુઆત કરી હતી કે સરકાર પગલું લેવા ધારે છે તેથી ટ્રાંસવાલના જેવો રજીસ્ટર કાયદો ન થવો જોઇએ.

(૯.) ટ્રાંસવાલનો એશિઆટીક કાયદો અહીંના કાયદા કરતાં બહુ નરમ હોવા છતાં લાંબા હીંદીઓ તેની સામે થએલા. અને અમારે જણાવવું પડે છે કે રોડેશી આના કાયદા સંબંધમાં સામે થવા માટે તેટલાંજ કારણો છે; માત્ર તે કારણો વધારે જોરાવર છે એટલો ફેર છે.

(૧૦.) અમે નમ્રતા પુરવક તમને યાદ આપીએ છીએ કે રોડેશીઆ સ્વરાજ્ય ભોગવતું નથી, પણ વડી સરકારની સત્તા તળે છે. એટલે રોડેશીઆમાં વસતા હીંદીઓ વડી સરકારની પ્રજા છે; અને તેમના હકો જણાવવા માટે પહેલેથી છેલ્લે સુધી વડી સરકારજ જોખમદાર છે.

(૧૧) આ કારણોને લીધે અમે નમ્રતા પુરવક અરજ કરીએ છીએ કે આ કાયદા ને મંજુરી ન આપવાની નામદાર સાહેબ સાહેબને તમે સલાહ આપશો; અથવા તો બીજી રીતે બનતી રાહત અપાવશો; અને તે માટે અમે તમારો આભાર માનશું.

સ્ટીમરોની હીલચાલ

[નાતાલ ડાયરેક્ટ લાઇન]

અમદુલી—તા. ૨જી આગસ્ટના અરસા માં અત્રે પહોંચવાની ધારી છે.

,, —તા. ૮થી આગસ્ટે કલકત્તા જવા ઉપડશે

[જરમન લાઇન]

પ્રેસીડેંટ—તા. ૧૨મીએ મુંબઇ પહોંચી હતી.

ગવરનર—તા. ૬ઠ્ઠીએ અત્રે પહોંચવા વકી છે.

,, —તા. ૪થી આગસ્ટના અરસામાં મુંબઇ જવા ઉપડશે.

[ઇડિયન આફ્રિકન લાઇન]

રાસદારા—તા. ૮મીએ કલકત્તાથી ઉપડી ચૂકી છે.

કનેરીક—જુલાઇમાં કલકત્તાથી ઉપડવાની હતી.

!!! રમુજી રંગ !!!

બોમ્બ! અરે બાપ, આ વળી નવું કૌતુક કયાંથી આવ્યું! બજારોમાં બોમ્બની હોળી સળગી રહી છે. અને તેના છાંટા અમે ઉડેલા જણાય છે કે શું? ગઇ મીટીંગમાં મધ્યમ વિચારના અને આગળ પડતા વિચારવાળા વચ્ચે ઠાઠમારી ને ધમાધમી થઇ હતી. એકસ્ટ્રીમીસ્ટો. સરકાર માબાપ પાસે ફરી ફરી માગણી કરવા ના ઉમેદ છે. મોડરેટ શાંતિથી કામ લેવા રાજી છે. રસિકજી પણ હોમરૂલી લઈ ભીખ માગવા નારાજ છે માટે સળ આવ્યો સત્યાગ્રહ બોમ્બ ધણાકે તડ કે ફડ. વીર બનો કે કુલાંગ મારો.

* * *

ટ્રેજેડીના ફાલકા! આપણા પેલા દીલેર ભજન પારસી ગૃહસ્થ મી. સીરાજજી વજીર પરમીટ ટ્રાંસવાલમાં ઘુસ્યા, તેમનો કેસ સાંભળવા તમાસગીરોથી કોરટ ચોકારે થઇ ગઇ હતી તીણીમ તીણીમ અગી આરનો ટકેરો થયો એટલે વાદી આપણા બેરખાં યમની સાહેબની પારણામાં પક્ષ રામણી થઇ. પ્રતિવાદીના વકીલે ખુબ મશાલ. સાથે પત્થર ધંમવા માંડી. હાવી ના ને નાથી હા ના જવાબ આપતાં ગીમ ની મદારાજ ગભરાયા, અકળાયા, બાવરા બની ગયા ને આજુબાજુનો આશ્રય લેવા ફાંફાં મારવા લાગ્યા. પણ પકાલ પુંઠ રાની મુકે? પણ હજુ ખામી પડી. રસિકજી સરખા બાહ્યા બારીસ્ટર હતે તો વળી ઓરજ ખુબી ભરી મશાલાના સવાલની આવતે. જરા સવાલ સંભળાવશો! તમે ચાના બગીચામાં કામ કરેલું? ચાની ગરમીથી તમારૂં જેલ ખસી ગયું છે ખરૂં? તમે હીંદી ભાષા જાણો છો? કયાં અભ્યાસ કરેલો? ચાના બગીચામાં? તમે હીંદી રીનરિંજર જાણવાનો ડોળ ઘાલો છો? પોતે અનુભવ લીધેલો? બગીચાના કુલીનો? બસ-બસ-બસ.

* * *

બજનો! લડાઇ ખતમ થઇ ત્યારથી ક્રુગર બજાનાની ચાબાકીબી થઇ રહી હતી. પ્રેસીડન્ટ ક્રુગર પલાયન કરી ગયા ત્યારે બબુટ કોલત ભુમિને અરપણ કરી ગયા હતા. હાલમાં બેલફાસ્ટથી ૧૬ સોના ની પાટ મળી આવી છે. દળદળો પીટવું ભાઇ! ભરતામાં ભરાય ને રસિકજી સરખા કરમાય. મારા જેવા કોઇ જુખરી બારસને મળ્યું હોત તો જીંદગી ભાવટ બંગત! ગાડી ઘાડી ને લાડીની સેલ માણત. ને કુદાકુદ કરત તે ડીસકાઉન્ટ માં! પણ બાપુ નશીબ બે ડગલાં આગળ નું આગળ. પડે કે આઉંની આશ ને સદા નિરાશ.

* * *

નિકટ સંબંધ! ટ્રેટસોક વખતથી સાઉથ આફ્રિકાના જોડાણની વાત ચાલતી રહી છે. જેને જેમ ફાવે તેમ ગુલ્લાના ફાકી રહ્યા છે. તે જોઇ વળી હીંદી કેમ પાછળ પડે? કાપ કેપટાઉનમાં કેપના હીંદીઓની મીટીંગ ભરાણી હતી. જેમાં એક ઠરાવ એવો પસાર કરેલો હતો કે સાઉથ આફ્રિકાના તમામ હીંદી રાજ્યકીય મંડળો એકત્ર કરી દેવાં. ગાંઠનાં ગોપી ચંદ કરી સરકાર સામે ઝુનેસ ઉઠાવવી. ઘરનાં છોકરાં ધંડી ચાટે ને ઉપાધ્યાને આટો જોઇએ. કરો. બાપુ, રસિકજી રાજી છે. પણ મારા સરખા ડેલીગેટોને બેસીને ભાષણ કરવાની જગ્યાની ગોઠવણનો ખ્યાલ રાખજો. ભુલતા ના. મારાં ઘરડાં ડોસાં વારંવાર કહે છે કે દુઃખયેલે ઘર ઘરના હોકો પણ ઘર ઘરની ના થાય

× × ×

ફ્રૂટરરને ફુલફુલાં! ડરબનના ફ્રૂટ વેપારીઓના હોશ કોસ ઉડી ગયા ફ્રૂટનો ભાવ ગગડી ગયો. અને અધુરામાં પુરૂં ટ્રાંસવાલ સરકારે ભપ્પુંદર કરવું. ઓરેં જીસની કમબખ્તી આવી. પણ બા, ગભરાના નહિ તમને થી ફુલફુલાં છે. ફ્રૂટના ભાવની સોગેં સો ટકા તેજી થઇ છે. કેમ કેમ? જરામાં મંદી ને જરા માં તેજી! તમે જાણતા નથી? આપણા બિ. ઇ. એસોસીએશનના ચેરમેન સ્વદેશ ઉદ્ધાર કરશે, સ્વબંધુઓના ઉતેજન કરશે, અને આબોહવામાં ઉડતાં વહાણને સહી સલામત કિનારે લાવવા કાજે, સ્વપ્ન પણ નહિ કરે, અને જાતે હોકર બની ફ્રૂટ સેલ કરવા નીકળી પડયા છે. રસિકજીના બીલ પાસ કરવાનો તો પારજ રહ્યો નહિ. હું તો જોઉં જોઉં ને હોકનેજ તીલાંજુલી. કબુજી! કેસી ભજા! લેને હેનકા બેરસલ્લા, ઓર નક્કામાં બડબડાટકા માર!

* * *

બાસકેટની બલિહારી! રસિકજીએ તપાસ્યું તો ચેરમેન સાહેબની બંને બાંધ પર તડામાર, રેલમછેલ, કડાકાંડ ફ્રૂટ આવી રહેલું. બાસકેટ પણ જાતનું બાપ આપતી હોય તેમ જનરલ બસમીટના દરમ્યાની એક બાજુ ઉંચે ગએલી જ્યારે પેસીવ રીઝીસ્ટન્સની બીજી બાજુ નમી પડેલી. રસિકજી એ નમેલી બાસકેટમાં થા દીધા ખટાવી. કયા ફ્રૂટની લહેજત ની બાત કહું! મોંઢામાં તો બપબપ પાણી છુટે, હોઠ તો બટબટ બોલે, અને જીભ તો સપસપ કુદાકુદ કરે. પણ બા, જરાક ધીરજગીર. મીસીસ રસિકને બોલવા રહ્યાં લેવાનો બોળીઓ ન પડયો. ફાંફ નહિ બધી. ફીકર ના કરજો. ફુલડે વધા વજે, સબુરીનો બદલો ખુદા આપશે.

* * *

હાયપીટ! અરે હોકર તો બન્યા, પણ રસિકજીને કાળ પડી. મીટીંગોની તડામાર ચાલી રહી છે. જનરલ બસમીટ મીમાંઉ મીમાંઉ કરતા બાય છે. અને કાયદો પરલ મેટમાં લાયતાં પેતિયાં મુકાય છે. અરે, એસોસીએશન શું કરશે? ન્યાય બદાલતમાં સપડાયશે! બાહેરમાં દબા બેર કરી બનાવશે! એવા વિચારમાં મુંબાય છે. તેવામાં વજર સેસને હોકીંગ કરતાં જેલ બહેલમાં બિરાજ્યા તો કુ ચેર મેનને કયાં ગોતીશ? સેવા બાપ પુત્ર ને બોલ આવી બસમ. બાપરે હોં બજબ. બધબધ!!!

* * *

દુકાળ! માતૃભુમિમાં દુકાળ બાઉં બાઉં કરી રહ્યો છે. તો તેના બબ્બાંઓને ઉડે એમાં શું નવાઇ? અદ્ધાર બાસનો કાળ બાપુ! સાંગો પાંચ નીકળશું એ ખુદાનો પાક! અરે વળી અત્રે દુકાળ શું? પેલા સેતાન-ભુત-પિશાચ ઓરડી નન્સનો કાળ ને કુદરતના ના ધંધાનાં ને ન ધારીના. સવાર થઇ કે ચાલો જેલ માં હોમાવા. બોક વરસ તો બતમ થયું પણ પાક થતાં એટલે કાયદો સ્વપ્નામ પહોંચતાં હજુ બાકીના દિવસ બધુરા છે. તેની આ હાડમારી ચાલી રહી છે. જનરલ બસમીટ સમુદાયું મહેસુલ માફ કરતાં હુંડુ ડચકાં બાય છે. બાપુ. ચાલશે સંભળવા. રસિકના ભુસાના અને બા કલકાંમાં ઘણો ફેર છે હોં. જરૂર તપા સજો! ભુલતાના જરૂર.

* * *

ચેરમેનની ઘાટકૂટ! અરે વળી એ શું સોનેરી નગરીમાં ફાકા બાપ્યા. એસોસીએશનના ચેરમેન, સોસાયટીના ચેરમેન, ચીના એસોસીએશનના ચેરમેન. તેમાં સંભળાય છે કે ઉંહલા ચેરમેનની કમબખ્તી બાગી. મીનાઓ મી. કવીનને કહે છે કે "ઉવી ડોન્ટ નો બસમીટ, ઉવી ડોન્ટ નો ગાંધી, ઉવી ડોન્ટ નો એનીબડી એલ્સ, બટ ઉવી નો યુ, કાયદો રદ થયો છે તે કયાં છે? બતાવ નહિ તો તારી વેતરબ્રુ કરીએ." બાંધ્યા મી. કવીન તો ઢાંહલા હાંહલા બની બિ. ઇ. એ. ના સેક્રેટરીની ઓફીસમા

આવો જરા દંડ દમ ખાધો. કાં ગા, તમે શું ક્રમ પાળ્યા પડ્યા? બી. ઇ. એ. ના ચેરમેન તથા સેક્રેટરીને ચાંદ મળ્યા, તો તમને પુછ્યું એ ના અપે? કેમ, ભા સ.ચુને? પણ ચીના ચેરમેન હીંદી ચેરમેન કરતાં લડતમાં ઓછા ઉતરે તેમ ન સમજવું.

* * *

મુસમીટ ઝબ્બે! બાપુ, તમે જાણો છો કે પેલા મી. સોરાબજી વળી બે માણા ના થઇને ફરે છે. મી. જોરડનનો હુકમ શું ને વાત શું? માય મરૂં કામ કરૂં, હું શું કામ ટ્રાંસવાલ ઊઠું? મેં પકડેલો છું તેનું મુસમીટને ભાન નહિ કે મરૂં? મુદત તો લુમ્બાની બલાસ થઇ ગઇ. પણ રસિકજીની તેજીને સીફત સાથેની કલમ પડી લાંબુથી નામ લેવાયું નથી? બા, જનરલ સ્મટસ ધારા શાસ્ત્રીઓની સલાહ લેવામાં રોકાયા હશે. જો કદી હીંદીને પકડશે તો વિલાયતમાં અકબરના બે અકબર તો જરૂર ઠરશે. પણ ખરા, મારા હીંદી વીરલા! બા સાથે સાંભળતો જા. "જો જોજ મહેલમાં જાય હીંદના વીરા, મોતીને થાજે મારીસ રસિક વધાવી લેજો વીરા." ગુજરાત.

રસીક.

હમીદીઆ ઇસ્લામીક સોસાયટી

તા. ૧૨મીએ હમીદીઆ ઇસ્લામીક સોસાયટીની જનરલ મીટીંગ સોસાયટીના હોલમાં મળી હતી. બરાબર વખતે ચેરમેન મી. ઇમામ અબદુલ કાદર આવતાં જીરે પોતાની ચેર લઇ હાજરીનનો આભાર માની જણાવ્યું કે આજની મીટીંગ બોલાવવાનું ખાસ કારણ "અલ-ઇસ્લામ" પેપર જે કરબનમાં છે, તેના માલેક મી ઓસમાન અહમદ આફ્રેન્દી કે જેઓ હાલમાં આપણે હાજર છે તેમને મદદ આપવાનું છે. હું દરેક મેંબરને તેમજ મુસલમાનને બલામણ કરૂં છું કે સદરહુ પેપર માટે મી. ઓસમાનને પોતાથી બનતી મદદ આપવી ઇસ્લામની ખુબીઓ પેપર વગર જાહેર માં આવી શકતી નથી. અને તેટલા માટેજ આપણે એ પેપરને ચાલુ રાખવાની જરૂર છે. સાઉથ આફ્રિકામાં ઇસ્લામી પેપર કાઢવાને જે સાહસ મી. ઓસમાને ખેડ્યું છે તેને હવે આપણે પુરો કરવાનો છે. પેમીટીઓના બાબતમાં આપણા ભાઇઓની સહેજ નાઇતેફાકી તેઓ સરકાર તેનો લાભ લેવા માગે છે. પણ તેમાં સરકાર ફાવી શકશે નહિ. નાઇતેફાકી કરનાર પોતે પણ હવે સમજશે એવી હું ઉમેદ રાખું છું. મી. ઓસમાન અહમદ આફ્રેન્દી, તથા મી. હાફેજી સુલેમાન સાહેબની હાજરી માટે આભાર માની સેક્રેટરીને ગઇ મીટીંગનો રીપોર્ટ વાંચી સંભળાવવા બલામણ કરી.

સેક્રેટરી મી. ઇસ્માઇલે હાજરીનનો આભાર માની તથા "અલ-ઇસ્લામ" માટે બનતી મદદ કરવા હાજરીનને ફરમાશ કરી ગઇ મીટીંગનો રીપોર્ટ વાંચી સંભળાવ્યો હતો, જે મી ઇસ્માઇલ મમ ઇબ્રાહીમની દરખાસ્ત અને મી. દીલદાર ખાનના ટેકાથી પાસ થતાં ચેરમેને મીનીટ બુકપર સહી કરી હતી.

મોલવી અહમદ મુખ્તાર સાહેબે મી. આફ્રેન્દીને "અલ-ઇસ્લામ" કાઢવાના હેતુઓ જણાવવા બલામણ કરી. મી. આફ્રેન્દીએ પેપરના હેતુઓ કહેતાં જણાવ્યું કે મારી ખાસ તેમ સાઉથ આફ્રિકામાં દીની કામનો ફેલાવો થાય, તેમજ આપણા મુસલમાન ભાઇઓ જે દીની કામથી ઘણે ભાગે નાવાકેફ છે, તેમજ દુનિયા નામદાર સુલતાન, તથા આખી દુનિયામાં મુસલમાનનોની હાલતથી અત્રેના મુસલમાનોને વાકેફ કરવા. તેમજ મજહબની બુજુર્ગી એ મારગે જાહેર કરવા ખુદા તથા ઇસ્લામી ભાઇઓની મદદની આશા એ મેં આ સાહસ ખેડ્યું. પણ તેમાં હું ઘારે દીલગીરી સાથે નાસીબાસ થયો છું. કારણ કે મને પુરતી મદદ નથી. માટે હવે દરબદર ફકીરી વેષ ધારણ કરી "અલ-ઇસ્લામ" રૂપી ઝોળી બેરની ભીખ માગતો ફરૂં છું. હવે એ ભીખ આપવી મારા મુસલમાન ભાઇઓના હાથમાં છે. બાપનો તેમ ફકત કોમની સેવાજ કરવાનો છે. બાદ ઇલ્મ ઇતેફાક અને ઇસ્લામની ખુબીઓપર લંબાણ તથા ઉદાહર બાપણ કરી મી. આફ્રેન્દીએ પોતાની બેઠક લીધી હતી.

મોલવી અહમદ મુખ્તાર સાહેબે ઇસ્લામી ફરીસ્તોની લંબાણ તારીફ કરી પોતાની બનાવેલી નજમો વાંચી સંભળાવી. ઇલ્મ તથા ઇતેફાકપર લંબાણ વિવેચન કરી "અલ-ઇસ્લામ" ને મદદ કરવા મજબુત બલામણ કરી હતી. તથા પોતાનાથી બનતું કરવા કબુલ્યું હતું. મીસરમાં આલમગીર મોહમેડન કોન ફરન્સ બનાવ છે તેમાં એક પ્રેસીડેંટ, અગર તે ન થાય તો કાગળ લખવા અથવા કેબલ કરવા, તેમજ તુર્કના નામદાર સુલતાન ખલીફતુલ મુસ્લેમીનની તા. ૩૨મી ઓગસ્ટે જુબીલી હોવાથી ત્યાં પણ કેબલ કરવા બલામણ કરી હતી. બાદ મેસરસ હાજી હબીબ, દીલદાર ખાન મી. ઇસ્માહીમ કુચ્ચાડીઆ વગેરે સાહેબોએ સદરહુ પીપરપર તેમજ ઇલ્મ અને ઇતેફાકપર લંબાણ વિવેચન કરયું હતું. બાદ મીટીંગ વિસરજન થઇ હતુ.

ઇસ્ટ લંડનના હીંદીની હાડમારી

કેપ પાર્લમેંટમાં ચરચા

કેપ પાર્લમેંટમાં કરનલ કરીયુએ જણાવ્યું કે—ઇસ્ટ લંડનના હીંદીઓએ તેમની હાડમારીઓ સંબંધમાં તા. ૨૪ મી જુને એક પીટીશન પાર્લમેંટને કરયું હતું; આ પીટીશન સરકારને સોંપવું તથા તપાસ કરાવીને રીપોર્ટ મગાવવો એવી હું દરખાસ્ત કરૂં છું. આ મુલક ના સુધારા કરતાં વધારે જુના સુધારાવાળા લોકોએ પગથી ઉપર ચાલવાના હકની માગણી કરી છે, તે એ પીટીશનમાં મુખ્ય વાત છે. ઇસ્ટ લંડનની મ્યુનીસીપાલીટી ના એવા ધારા માત્ર જંગલી લોકને લગતા હતા; છતાં તે દરજાનવાળા અને પૈસાદાર લોકને પણ લાગુ પાડવામાં આવતા હોય એમ જણાય છે. અચંબા ની વાત છે કે એ લોકોના નોકરને પણ તેમના કરતાં વધારે હકો છે.

કોલોનીઅલ સેક્રેટરીએ જણાવ્યું કે હું એ બાબતમાં તપાસ કરીશ: પણ મને લાગે છે કે મ્યુનીસીપાલીટીને એવા ધારા ચડવાની સતા છે કે કેમ એ બાબતનો સવાલ આથી ઉભો થાય છે. માટે તપાસ કર્યા વગર કાંઇ પણ થઇ શકશે નહિ.

બાદ કરનલ કરીયુની દરખાસ્ત પાસ થઇ.

તા. ૧૪મીએ હીંદી ઇમીગ્રેશન અટકાવ નારૂં બીલ બીજીવાર નાતાલ પાર્લમેંટમાં વંચાયું હતું. ગીરમીટીઆ લાવવાનું બંધ કરવા સામે મેંબરોએ એક બીજા થી વિરૂદ્ધ મત બતાવ્યા હતા. બાદ વિશેષ ચર્ચા કરવાનું મુલતવી રહ્યું હતું.

ખુદાની બક્ષીસ અને ઇનસાનની નાસુકરી

ઇનસાનને ખુદાવંદ કરીમે દુનીયામાં એટલા માટે પેદા કીધો છે કે દુનીયાઓની હમદરદી કરે. તેને બદલે તે એવી તો તનપરવરી અખત્યાર કરે છે કે દુખી માંઓને સુખ પહોંચાડવાનું તો એક બાજુએ રહ્યું, પણ ઉલટા બીજાઓને હરકત પહોંચાડી પોતાનું સુખ હાંસલ કરે છે, તથા પોતાના પડોશીઓ જે દુખે સુવે છે તેઓને પુછવાની પણ પોતાની બદ દાનગીથી પરવા કરતો નથી. પોતે ભારે ભારે શાલ દુશાલા અને મુલ્યનીઓ ઓઢી એવા તો પગ પહોળા કરી સુવે છે કે આખી રાતમાં અલ્લાહનું નામ પણ જબાન ઉપર લાવતો નથી.

જ્યાંસુધી પોતાની તદબીર અને કારોબાર થી પોતાનું કામ બની આવવા ઉમેદ રાખે છે ત્યાંસુધી ખુદા શું ચીજ છે અને તેનો પણ દુનીયા બાબતમાં કાંઇ હાથ છે. એમ વિચારવાને ઇનસાન મુદ્દલ પરવા કરતો નથી., પણ દા. ત્યારે લાચાર અને નાઉમેદ બનો જાય છે ત્યારેજ યાદ કરે છે. તે પણ ખાલીકના ફરમાનોની પુરેપુરી હેરમત રાખતો નથી. બલકે બીજા ઇનસાનોને ગુમરાહ કીધો જાય છે. દરરોજ લોકોને મરતાં જોયા છતાં કદી એવો પુરેપુરો ખ્યાલ નથી કરતો કે હું પણ ઘડીપલમાં દુનીયા છોડી જઈ ઉકબાનું સફર કરીશ.

ઇનસાન ખુદ પોતાની હાલત તરફ નીચા કરતો નથી કે મારી પોતાની હાલતમાં કેટલી ઉલટ પાલટ થઇ છે કે બચપણમાંથી જવાન થયો, જવાનમાંથી બુઢ્ઢા થયો, કાળા વાલો સફેદ થયા, દાંતો પડી ગયા, કમર વળી ગઇ, કઉનન વહી ગયું. છતાં કદી પણ તે પુરેપુરો પસ્તાવો તે બાબીકની જનાબમાં કરતો નથી અને આખી ઉમર ગફલતમાં બોધ પોતાના હાથે ઉકબાનું સુખ પોતે બોધ બેસે છે.

ઇનસાન ઉપર ખુદાવંદ કરીમ સખ્તાઇ કરતો નથી. તે રોજ રસા દરેક ઇનસાનને તેની કીસમત મુજબ પહોંચાડ્યા કરે છે. તે ત્યાંસુધી કે ચોરી ગુલબી જાની વિગેરે નીચ કામ કરનારાઓને પણ ભુખે રાખતો નથી.

ખુદાના હુકમો કાંઇ સખ્ત પણ નથી. જેમકે બાપાથી તે રોકતો નથી. ઉંમ બાબી તેમના કરતો નથી. તેમજ દુનીયાના કામદાઓથી દુર રાખતો નથી. એટલું છતાં તેનાં કહેલાં ફરમાનોને હાંસલ કરતો નથી. દુનીયાનાં નાનાં નાનાં નુકસાન અને જરા જરા સરખી બાબતથી ઇનસાન દુખી અને બેચેન રહે છે.

અફસોસ કે ખુદાપાકના ફરમાનોથી વિરૂદ્ધ ચાલી ઇનસાન પોતે બી બે દિવસની જીંદગી ગુન્હાઓમાં ગુજારી મરતી વખતે ઘણાજ અફસોસ સાથે માલ મીલકત ધન, દોલત, કુટુંબ કબીલો મુકી કબ્ર દુનીયા છોડી ખાલી હાથે આવ્યો જાય છે અને પોતાનાં સાંચા જુઠાં દગો કપટો વિગેરે કરેલાં નીચકામોનો બદલો આખરો આસ્વાદ ભોગવતો રહેશે.

શએર

ઇખલાસ જગમેં રખના,
અકસીર દૈતો એ હૈ.
બાદ અપને તઇ સમજના.
અકસીર હૈ તો યે હૈ,
બે નખસે પુર સમર હૈ;
ઉદા સકતે સર નહીં,
સરકસ વો દરખ્ત હૈ,
જીસમેં સમર નહીં.

એ મારા પ્યારા ભાઇઓ, આ દુનીયા એક રમ્બાની પેઠે ભરી છે મોતનું ચક્ર સદા માથા ઉપર ફરતુંજ રહે છે. રાજાને રંક અને રંકને રાય બનાવતાં એ બાલીકને વીલંબ થતો નથી. એ આપણે જોતા આવ્યા છીએ. જોયા જીંદગીને ગનીમત જાણી હરઘડી તેની યાદ દિલમાં ધરી તે બાલીકના હુકમ મુજબ અમલ કરી પોતાના કુટુંબ અને આડોશી પાડોશીનું ભલું કરી દુખીયાઓનું દુઃખ કમી કરી ભુખ્યાઓને ભોજન આપી હીંદી ભાઇઓને પોતાના ભાઇ તરીકે સમજી વરતવાથી, બલકે જેમ બને તેમ દરેક ઇનસાન ઉપર એહસાન કરતો રહી ઉક્ત જામાં ખુદાવંદ કરીમની બેહદ બક્ષીસોને લાયક પાત્ર જન્નત નશીબ થશે.

છેવટે એ ખુદાપાક, તું પોતાના ફજલો કરીમથી હીંદી ભાઇઓને નેક તોફીક નસીબ કરી તેઓના ગુન્હા બક્ષ; બ. તોફેલે નબીએ કરીમ (સ.) થી અને નેક કામો કરવા તરફ રગુ રાખ; દરેક બલાથી બચાવ, અને દરેક હિંદી ભાઇનો ખાતમો બેરથી કરજે. આમીન, સુમ્મા આમીન.

હાં. કાદવી મુનશી મોગરાડીઆ.

તા. ૧૩મીએ ટરસિવાલના સ્ટેનેરી કાગદાનું બીલ સ્ટાંપી મારવાતેંદમાં બીજી લાઇન વાંચવામાં આવ્યું હતું.

નાદારી કોર્ટનો નોટીસો વગેરે

(ગવરમેંટ ગેઝેટમાંથી)

ડરબનના રહેવાસી મારતર જુદન સોમરની નાદાર મીલકતના સંબંધમાં તેના લેણુ દારોની મીટીંગ તા. ૨૪ મીએ ડરબન માજીસ્ટ્રેટ આગળ ભરાશે.

ચાકસ કરાલના મુનસામી કુકની નાદાર મીલકતના સંબંધમાં તેના લેણુ દારોની મીટીંગ તા. ૨૮ મી એ વેરૂલમ માજીસ્ટ્રેટ આગળ ભરાશે.

ટોંગાટના હીંદી બેકુલ બેરીઆની નાદાર મીલકતના સંબંધમાં તેના લેણુદારોની મીટીંગ તા. ૨૮મી એ વેરૂલમ માજીસ્ટ્રેટ આગળ ભરાશે.

ઇનાંડા કીવીઝનના ગોરડન્સ લેન્ડના પેરૂલની નાદાર મીલકતના સંબંધમાં તેના લેણુદારોની મીટીંગ તા. ૨૮ મીએ વેરૂલમ માજીસ્ટ્રેટ આગળ ભરાશે.

ટોંગાટના ચાનીમા અપેયાની નાદાર મીલકતના સંબંધમાં તેના લેણુદારોની મીટીંગ તા. ૨૮ મીએ વેરૂલમ માજીસ્ટ્રેટ આગળ ભરાશે.

મારિત્સબરગ, પોરક રોડના એમ. એલ. ઇસ્માનની મીલકત નાદાર તરીકે જાહેર કરવા તા. ૨૫ મી અગસ્ટે સુપ્રીમ કોરટને અરજ થનાર છે.

ડરબનના એરેટેડ વોટર મેનીફેકચરર આમદ વલીની મીલકત નાદાર તરીકે જાહેર કરવા તા. ૧૦મી સપટેંબરે ડરબન સરકીટ કોરટને અરજ થનાર છે.

ન્યુકાસલના કુટરર કાર્નમ બી. મંજુની મીલકત નાદાર તરીકે જાહેર કરવા તા. ૨૬ મી અગસ્ટે સુપ્રીમ કોરટને અરજ થનાર છે.

ડરબનના સ્ટોરકીપર ઇસ્માઇલ કાદર ની મીલકત સંબંધમાં વકીંચણીના આંકડા સુપ્રીમ કોરટના માસ્ટર આગળ રજુ થયા છે, તથા તેની નકલ ડરબન માજીસ્ટ્રેટની ઓફીસે સભ્યોમાં આપી છે, જ્યાં તે તા. ૪થી અગસ્ટ સુધી તમામથી જોઇશકો શકે છે.

ડરબનના ઇસ્ટ ઇન્ડિઅન ગ્રોસર મી. દીનશા મી સાથે તેના લેણદારો સાથે કરેલી સમજુતી સંબંધમાં લેણદારોની મીટીંગો ચાલુ માસની તા. ૨૧ મી તથા તા. ૨૮ મીએ ડરબન માજીસ્ટ્રેટ આગળ કોર્ટ હાઉસમાં મળશે.

ચાર્લ્સ કરાલના સ્ટોરકીપર મહમદ સુલેમને તેના લેણદારે સાથે કરેલી સમજુતી સંબંધમાં લેણદારોની મીટીંગો ચાલુ માસની તા. ૨૧ તથા તા. ૨૮મી એ ડરબન માજીસ્ટ્રેટ આગળ કોર્ટ હાઉસમાં મળશે.

મારિત્સબરગમાં ઉમર મીઆં નામથી વેપાર કરતા ઉમર મીઆં તથા હસન આમદે તેના લેણદારે સાથે કરેલી સમજુતી સંબંધમાં લેણદારોની મીટીંગો ચાલુ માસની તા. ૨૧ તથા તા. ૨૮મીએ ડરબન રેસીડેન્ટ માજીસ્ટ્રેટની ઓફીસમાં મળશે.

ડરબનના મી. પરસોતમ હાજીએ કોર્ટ પોરેશન ઉપર પા. ૫૦૦ની નુકસાની ભરી આપવા માટે કેસ માંડયો છે. કેસના આરોપ નામામાં જણાવ્યું છે કે વાદી પોઈન્ટથી ટાકન હોલની ટીકીટ લઈને ટ્રામમાં મુસાફરી કરતો હતો ત્યારે પ્રતિવાદી (કોર્પોરેશન)ના નોકર તરીકે ટ્રામના કનડક્ટરે તેના ઉપર હુમલો કર્યો હતો, તથા ગેરકાયદેસર રીતે તેને ધક્કો મારીને ટ્રામ ઉપરથી હેઠો પાડયો હતો. ધક્કો મારવાથી તે જાતીમાં લાગવાથી હાલ તેને ગુંક સાથે લોહી પડે એ વગેરે હકીકત વાદીએ તેની અરજીમાં જણાવી હતી. વાદીના વકીલ એસ્સે હુમલાને લગતી અરજીઓ આપી હતી પ્રતિવાદીએ તથા તેના સાક્ષીઓએ હુમલાનો ઇન્કાર કરનારી જુબાની આપી હતી. આ કેસ મુલતવી રહ્યો હતો.

કેપટાઉનમાં ખોટા સીક્કા બનાવવાના આરોપ માટે પકડાએલા બન્ને ફ્રેંચીઓ પરનો કેસ તા. ૧૫ મીએ શરૂ થયો હતો, જે વખતે સીક્કા બનાવવાનાં બધાં સાધનો કોર્ટમાં રજુ થયાં હતાં. એવું જણાવવામાં આવે છે કે પકડાએલાઓમાંનો એક ફ્રેંચી પ્રીટોરીઆનો, તથા બીજો જોહાન્સબરગનો છે.

રૂટરના તાર સમાચાર.

——*——

તા. ૧૬ મીએ લંડનથી રૂટર જણાવે છે કે નાતાલનાં નાચીસના લંડનમાં સરસ ભાવ ઉપજ્યા છે. કેટલાક તો ત્રણ પેનીનું એક લેખે વેચાયાં હતાં.

——

તા. ૨૧ મીએ વડી પારલામેન્ટમાં કરનલ સીલીએ જણાવ્યું કે ડીનુઝુલુનો ગુંડેલો પગાર (જે નાતાલ સરકારે નથી આપ્યો) વડી સરકાર ભરશે.

તુર્કીના લશ્કરમાં અશાંતિ પેદા થઇ છે. કેટલાક અમલદારોએ મળીને ઉપરી સેનેદારનું ખુન કરવું છે. છેલ્લા પંદર દિવસમાં આવાં ચાર ખુન થયાં છે.

નાતાલના કોલોનીઅલ સેક્રેટરીએ સાયમેન્સના બીલના વાંચન વખતે મોરીશીઅસ સંબંધી જે ટીકા કરી હતી તેના જવાબમાં મોરીશ અસના માજી ગવરનર સર ચાર્લ્સ બરસે લંડનના 'ટાઇમ્સ' પત્રમાં કાગળ લખ્યો છે તેમાં જણાવ્યું છે કે મોરીશીઅસની એશી આટીક વેપારથી પાયમાલી થઇ છે તે વાત ખોટી છે. કરકસર માટે, તથા મોરીશીઅસના ઉદ્ધાર માટે એસોઆટીકો જરૂરના છે મોરીશીઅસને બીલવવામાં, તથા તેને એક સુધરેલા રાજની રીતે રખાવવામાં તેમની (એસીઆટીકોની) મદદ કામ લાગી . એસીઆટીક વેપાર ન હોત તો એ ટાપુ ઝોડીને ગોરાઓને ચાલ્યા જવું પડત

તા. ૧૦ મીએ લંડનથી રૂટર જણાવે છે કે કેપ કુકટના પહેલા કનસાઇનમેંટને લંડનના બજારમાં બહુ હલકા મળી છે. દર ૧૦૦ ના સી. ૧૫ થી ૨૫ ઉપજ્યા હતા.

પોરટુગાલની રાજધાની લીસ્બનમાં એક ભયંકર આગ લાગવાથી પા ૧,૨૦,૦૦૦ નું નુકસાન થયું હતું.

યુનાઇટેડ સ્ટેટનું એક હવામાં મુસા કરી કરનાર વહાણ ૧૦૦ ફીટની ઉંચા એથી પાણીમાં પડયું હતું.

નામીચા લેખક કાઉંટ ટોલસ્ટોયે રૂશિઅન સરકારના જુલમમાટે લંડનના છાપામાં એક કાગળ લખ્યો છે. તેમાં તેણે જણાવ્યું છે કે 'રૂશિઆનું રાજ તે ખુનવડે ચલાવાતો કારભાર છે. તેવા જુલમને શરણ થવા કરતાં તેનો અનાદર કરી જેલ ભોગવવાનું અથવા તો ફાંસીએ લટકવાનું હું વધારે સારું માનું છું.

ધરાનમાં તેલીજ ખાતે તા. ૧૮ મીએ તોફાન થયાં હતાં લોકો એકલંપ થઇને સાહના ઘોડેસ્વા ની સામે થયા હતા, તથા તેમને હરાવી મારા બહાર કાઢી મુકવા શક્તિમાન થયા હતા. પાછળથી લોકોનાં ઘરોમાં લુંટ ચલાવી હતી.

પૂના ખાતે એક દક્ષિણીને બોમ્બગોળા બનાવવા માટે પકડવામાં આવેલ છે.

તા. ૧૮ મીએ લંડનથી રૂટર જણાવે છે કે મીલોમાં કામ કરનારા ૧૦૦૦ કામદારોએ હડતાળ પાડી હતી. તથા બીજા હડતાળ ન પાડનારી મીલોને ઘેરી વાર્યું તેની બારીઓ તોડી નાંખી હતી. આ મામલે શાંત પાડવા માટે પોલીસની જરૂર પડી હતી. પોલીસના ઉપર પથ્થરાઓ ફેંકવામાં આવ્યાથી લોકોનાં ટોળાં પર ગોળીઓ છોડવામાં આવી હતી. ઘોડેસ્વાર ટુકડીએ ને બોલાવવામાં આવી ત્યાં સુધી લોકોના ટોળાંએ વિખરાઇ જવાની ના પાડી હતી. એવું જણાવવામાં આવે છે કે ફેંકવામાં આવેલા પથરા થી બે ગોરાને તથા કેટલાક પોલીસને ઇજા થઇ છે. પાછળથી જણાવવામાં આવે છે કે ઘણાખરા કામદારો પાછા કામપર ચડયા છે, પણ અશાંતિવાળા સ્થાનમાં બદુક સાથે ઘોડેસ્વારો પહેરો ભરે છે

તા. ૨૦ મીએ લંડનથી રૂટર જણાવે છે કે આજે ૪૦૦૦ ઉપરના કામદારો સંબંધમાં મુંઝવણમાં તોફાનો થયાં હતાં. પોલીસ તથા ઘોડેસ્વારો ૫૪ પહોંચ્યા હતા, પણ મજુરોએ વિખરાઇ જવાની ના પાડી, અને પોલીસપર પથરાઓ ફેંકે. પોલીસે ગોળીઓ છોડી હતી. તેમાં એક માણસ મરણ પામ્યો હતો, તથા સાત ઘાયલ થયા હતા. પાછળથી મજુરોનાં ટોળાં વિખેરાયાં હતાં અશાંતિવાળા સ્થાનમાં પોલીસ ઘોડી ફરે છે.

ચરચા પત્ર.

અમારા ચરચાપત્રીઓ નીચેના નોધમો ધ્યાન રાખશે તો તેઓના પત્રો ઉપર તુરત ધ્યાન મળવાનો સંભવ છે.

૧. કાગળની એકજ બાજુએ લખવું.

૨. અક્ષર ચોખા સાહીથી લખવા.

૩ નામ તથા ઠેકાણું બરોબર લખવાં. તે હમેશાં બહાર પાડવા સારૂં નહિ, પણ અમારી બહને સારૂં.

૪. મંગળવારની સાંજ સુધીમાં મળેલ લખાણો તેજ અઠવાડીયામાં દાખલ કરી શકાયે.

૫. રદ કરેલાં ચરચાપત્રો બાબતી રાખવા અથવા લખનારાઓને પાછાં મોકલી આપવાને અમે બંધાતા નથી.

૬. લખાણ હમેશાં ટૂંકું અને મુદાસર કરવું.—અધિપતિ.

ચરચાપત્રોનેને જવાબ.

"એ. એમ."—તમારા નામ સાથે નાખી શકાશે.

મી. આકુબ્જી માબત—છાપવાની જરૂર નથી.

અ. ઇ. ઓ.

રેડેશીઆના હીંદીની અરજ

મે. ઇ. ઓ. ના અધિપતિ સાહેબ,

રેડેશીયામાં એસીયાટીક કાયદો થયો એ સંબંધમાં અમારી વતી લંડનની સા. આ. બી કમીટીને નાતાલ કોંગ્રેસે લખાણ કરીને અમારી વેળાસર મજબુત રીતે હીમાયત કરી છે. તે માટે રેડેશીઆની હીંદી કોમ વતી, એ બાહોશ મંડળનો આપના છાપા મારફત હું આભાર માનું છું. તેમજ અમારીવતી વિલાયતમાં પ્રેટે રહ્યાં લખાણો કરવા માટે લંડનની સા. આ. કમીટીનો તથા તમારા છાપામાં અમારે સવાલ ઉપાડી લેવા માટે તમારો પણ આભાર માનું છું.

અમારી સહાયમાં અમને મદદ કરવા માટે દક્ષિણ આફ્રિકાના હીંદી મંડળો તથા કોમને ફરીથી અરજ કરવા રજા લઉં છું.- ઉપર જણાવેલાં મંડળો તેમજ બીજાઓએ જેમણે અમને મદદ કરવાનું કામ કરવું છે તેઓ હમેશાં મદદ આપવાનું ચાલુ રાખશે એવો ભરોસો છે. અહીંના મુકીમ હીંદીઓ જેઓ પોતાની પેઠે પોતાનું રક્ષણ કરવાને અશકત છે તેનો સવાલ ઉપાડી લેવા હીંદી તથા બીજા છાપાઓને અરજ કરૂં છું. હું સમજી શકું છું કે દરેક રીતે બનતી મહેનત લઈને સહાય મેળવવા માટે અહીંની હીંદી કોમ જોર બતાવે નહીં ત્યાંસુધી બહારની મદદ ગમે તેટલી મજબુત હોવા છતાં બહુ કામ ન લાગી શકે. છતાં અમારા પોતાના જોરનેય ખ્યાલ કરતાં તમારે લક્ષમાં રાખવું ઘટશે કે અહીંના હીંદીની સંખ્યા બહુ જુજ છે; વળી તેઓ બહોળા મુલકની અંદર વિખરાઇને પડયા છે; તથા તેમાંના ઘણા નહીં જેવી કેળવણી પામેલા અને ગરીબ હાલતના છે.

હી. ભીમજી આર. નાયક

સીમુકવે, તા. ૧૦-૭-૦૮

મી. ઇસપ મીંયાને મુબારકબાદી

મે. ઇ. ઓ. ના અધિપતિ જોગ,

ટ્રાંસવાલ બ્રિટીશ ઇંડીઅન એસોસી એશનના ચેરમેન મી. ઇસપમીંયા પોતાની કોમની સેવા બજાવવામાં એક વખત તો પોતાનો જાન આપી ચુકયા છે, અને વળી બીજી વખત પોતાનો અમીરી રોજગાર છોડી કોમના ભલાની ખાતર બાસકીટ લઇ દરદ પહોંચવા નીકળ્યા, ને એમાં શરમ ન રાખી પોતે તેમાં માન સમજે છે. તેમણે એ કામ કરયું તેમાં ખરેખર બહાદુરી બતાવી છે. એવું કામ આજ સુધી દક્ષિણ આફ્રીકામાં કોઇ પણ કોલોનીના ચેરમેન સાહેબોએ કરયું નથી. પણ ટ્રાંસવાલના બહાદુર ચેરમેન સાહેબે તો ખરેખર ચેરમેનની ખુરસી દીપાવી મુકી છે. જ્યાં એવા બહાદુર નર કોમની સેવા બજાવવામાં હરી ત્યાં કોમની તરકકી કેમ ન થાય? માટે ઉપરના ચેરમેન સાહેબનો બીજા કોલોની દાખલો લઇ કોમની સેવા બજાવવામાં બહાર પડે તો ઘણુંજ ઉત્તમ થઇ પડશે, અને જલદી થી હાડમારીનો અત આવશે. છેવટ અમારા તરફથી મી ઇસપમીંયાને મુબારક બાદી આપીએ છીએ.

હી. ચાર્લ્સટાઉનના વેપારીઓ
આજમ હુસેન,
વલ્લી પીરભાઇ.
હાજી હાસમ,
મુનશી ઇસમાઇલ
અ. આઇ. ઇસાક.

ચાર્લ્સટાઉન, તા. ૨૧-૭-૧૯૦૮

એસોસીએશનના ઉધરાણાની ચરચા

મે. ઇ. ઓ. ના અધિપતિ જોગ,

એલકારટવાળા મી. ઇસપ આકુજી સાલેજી એ બરું નામ છે. કદાચ સાલેજી ને બદલે સહુજી નામનો અપભ્રંસ થવાનો સભવ છે. મી. સાલેજી તરફથી બ્રિ. ઇ. એસોસીએશનને પા. ૫-૧૫-૦ ની ચેક મળી છે, તે એવી શરતે કે બીજી કમીટી ના ઉધરાણાના પઇસા બ્રિ. ઇ. એસોસી એશનને મળે તો ઉપલા પઇસા જમે લેવા; નહિ તો પાછા મોકલાવી આપવા એલ કારટ તરફથી મી. સાલેજીને જે પઇસા મળેલા તેનું લીસ્ટ બી. ઇ એસોસીએશન ને મોકલ્યું હતું. વિશેષ જે ગૃહસ્થોએ પઇસા આપવા તેમની આગળ નામ નોંધાવ્યાં છે, અને હજુ આપ્યા નથી તે ગૃહસ્થોએ મી. સાલેજીને અથવા બીજા આગેવાન ગૃહસ્થ મારફતે તે પઇસા બ્રિ. ઇ. એસોસીએશનને મોકલી આપવા; નહિ તો મી. સાલેજી મારફતા તે ગૃહસ્થનાં નામ થોડા વખત પછી બહાર પાડવા ધારણા રાખે છે.

હાલમાં બ્રિ. ઇ. એસોસીએશન પઇસા ની દીન પ્રતિદીન તંગીમાં આવતી જાય છે. માટે બીજા ગામની કમીટીના આગે વાન ગૃહસ્થો એકઠા કરેલા પા તો તો હવે એકઠા કરીને પઇસા બનતી ઉતાવળે મોક લાવી આપશે એવી આશા છે. તેમજ બીજા ગામોની કમીટીના જે જે ગૃહસ્થો પાસે પઇસા હોય તે તે ગૃહસ્થોનાં નામ અમને જણાવવામાં આવશે તો મોટો ઉપ કાર થશે. આ બાબત ઘણા વખતથી બનાવ છે. માટે તેને ગૃહસ્થો ધ્યાનમાં લઇ જલદીથી નીવેડો લાવશે એવી ઉમેદ છે. મી. સાલેજીએ બીજી કમીટીઓ' વાંધો ઉઠાવેલો છે. માટે એ તકરાર બલાસ થએલી જોવા દરેક બિરાદર દીલ ધરીથી રાહ જુએ છે. ઉપરાંત મી. સાલેજી બીજી કમીટીના કયા કયા ગૃહસ્થ પાસે પઇસા બાકી છે તે છાપાદ્વારા જાહેરમાં બતાવે છે.

હી. ઇસપ ઇસમાઇલ મીંઆ.

જોહાન્સબરગ, બોકસ ૭૫૫૩,

તા. ૨૧-૭-૦૮.

કેપટાઉનનો એસોસીએશન સામે ફરિયાદ

કેપટાઉનથી તા. ૧૦ મીએ એક લાંબા કાગળ દરબાર મી. અબદુલ હમીદ કે૫

કોનફરન્સના પ્રસંગથી સા. આ. એ. પર ટીકા કરતાં લખે છે કે:—

પહેલાં હું તથા મારા મિત્રો એસોસી એશનમાં જોડાયા હતા, તથા તેને મદદ કરી હતી. પણ હવે એસોસીએશન સવર્ણોને બદલે અવર્ણો કામ કરે છે એમ જણાયું છે. પૈસા ભેગા થયા હોય તે પાયા પીવામાં ને રોશની કરવામાં તેમજ બક્ષીસ તથા માનપત્રોમાં વાપરે છે. તેનો કામો વખાણવા લાયક નથી તેના દાખલા: (૧) યુનીયન વાવટો કાળો બનાવી સરઘસ કાઢેલ. (૨) પારલામેંટના મેંબરોની ચુંટણી વખતે પ્રોગરેસીવ પાર્ટી હીંદીઓને મદદ કરતી છતાં તેની વિરૂદ્ધ જઇ તેને દુશ્મન બનાવેલ. આજે તે પક્ષના જાપાતળે સહુ કેપના ભાઇઓ તેમજ હોકર ફેરીવાળા પોતાનું બધું કામકાજ કરી શકે છે; અને વળી રાતના અગીઆર વાગ્યા સુધી દુકાનો ખુલ્લી રાખી શકે છે. તેમજ ઇમીગ્રેશન ખાતામાં પણ દુશ્મનાઇ ફેલાવી. થોડા માસ પર તેણે ઠરાવ કરેલ કે ઇમીગ્રેશન બાબત માં ચાર ભાષા નહિ પણ એકજ દાખલ કરાવવી; ને તે ઉરદુ, કે જેથી ગુજરાતી ભાષા જાણનારા તેથી વિરૂદ્ધ થઈ ગયા.

આમ કામ બગડેલું જોઇને એસોસીએશને શને કોનફરન્સ ભરવું. તેમાં ભાષાની બાબતમાં તકરાર લઇ શકે તેવા હીંદીને બોલાવવામાં આવ્યા નહિ. ક્રીશ્ચને પણ બોલાવવામાં આવેલ નહિ. ને કોનફરન્સે એવું કરવું કે કોઇ ભાષા માગવી નહિ. આથી હીંદી ભાઇઓના હક મારવા જેવું કરવું. ક્રીમ હમેશાં સરકાર પાસેથી ચાર ભાષાની માગણી કરતી આવી છે. હવે ક્રીમ ભાષાની માગણી કરી શકે નહિ. કોનફરન્સ ભરીને હીંદી ભાઇઓમાં વધારે દુશ્મનાઇ ફેલાવી દીધી. બહુ નામીચા ગ્રહસ્થોનાં અપમાન કરવામાં આવેલ. વિગેરે.

પરચુરણ ચરચા

જોહાન્સબરગથી તા. ૮મીએ મી. લલ્લુ ભાઇ ભીમભાઇ પોકેટ, અનાપીલ ભાલણ એવી ઝોળાબાજી સાથે લખે છે કે—લડત ફરીથી લેવા માટે હું સુસ્ત છું. તથા બીજા ભાઇઓને સુસ્ત થવા ભલામણ કરું છું. આપણે ગોરાઓને સાબીત કરી આપવાની જરૂર છે કે હીંદી પણ શૂરા છે; હીંદીઓ રાંદીરાંડના જત્થાને સમજવા. મંગે રવિવારે જે કરાવેા થયા હતા તેને હું મળતો છું. અને મારા દસ્તાવેજોને લડતના બારામાં જોઇએ તેવા ઉપયોગ કરવા માટે તે મી. ગાંધીને સોંપી દીધેલ છે. સરવે ભાઇઓને લડવા માટે તયાર થઇ જવા હું ભલામણ કરું છું. મી. સોરાબજીએ લડતમાં ઉતરવા જે નિશ્ચય કર્યો છે તે માટે હું તેમને શાબાશી આપું છું.

જોહાન્સબરગથી મી. મુસા ઇસપ હયાત પીકેટ જણાવે છે કે ચાલુ સમય જોતાં પાછા હીંદી સવાલ જેવોને તેવો થઇ પડયો છે. માટે દરેક હીંદીની ફરજ છે કે ચાહોમ કરીને તુરી પડવું. મને વિદ્વાન પુરૂષો ના બોલ યાદ આવે છે કે "સહુથી ઉત્તમ માણસ પોતાનું આરંભેલું કામ પુરું કરવા વગર કદી છોડતો નથી; મધ્યમ માણસ શરૂ કરી પાછળથી છોડી દે છે. અને કનિષ્ટ માણસ શરૂ કરતોજ નથી." હવે હું પુછીશ કે હીંદી પ્રજા શ્રેષ્ટ ગણાયલી નથી? તે શું તેનું આરંભેલું કામ (કાયદો રદ કરાવી શહેરી તરીકે રહેવાનું) મુકી દેશે? મુકી દીગે એ મારી માન્યતા થી બહાર છે. માટે મારા દરેક ભાઇ ઓ પાછા તયાર થઇ જશે. હું, પણ તયાર છું. મારૂં રજીસ્ટર બાળી રાખ બનાવવામાં માન સમજું છું. પણ દિલ ચીર છું કે હજુ લિ. ઘ. એસોસીએશન નો ઝોમ કરવા હુકમ મળ્યો નથી. મારૂં પીકેટીંગ કામ પાછું હાથ ધરવું છે. લેસન કોઇ ન લે તેની દેખરેખ રાખું છું. અને બીજા મારા ભિરાદરો પણ એમ કરશે એવી દુવા ચાહું છું. આમીન.

કેપટાઉનથી મી. છોટુભાઇ પ્રાગજી દેસાઇ પોતાના ગયા અંકના કાગળના સાંધણમાં લખે છે કે:—કોનફરન્સનાં પ્રોગામ બહાર પાડવામાં આવ્યાં હતાં તેમાં માત્ર મીટીંગના દિવસજ , જણાવવામાં આવ્યા હતા. તથા ખાવા તથા ટીપાર્ટી ની નીમણુંક જણાવવામાં આવી હતી, પણ કયે દિવસે કયો વિષય ચરચવાનો છે, તે વિષે બીલકુલ જણાવવામાં આવ્યું નહોતું. કેટલાક ગ્રહરથો જ્યાં કોનફરન્સ ભરાવાની હતી ત્યાં ૨૫મીએ વખતસર ગયા હતા તેથી કોનફરન્સને બીજી જગ્યાએ લઇ જવામાં આવ્યું, અને કામ કાજ તદન બાનગી રીતે ચલાવવામાં આવશે, એવું જણાવવામાં આવ્યું. આથી બહા લોકોને નાશીપાસ થઇને પાછું ફરવું પડયું હતું. કદાચ કોનફરન્સે દાખલ થવાની ફી રાખી હોત તોપણ અમોએ ઘણી ખુશી સાથે તે આપ્યા હોત. બહાર થી આવેલા ડેલીગેટોને કોનફરન્સમાં શું શું વિષયો ચરચાયા છે તે જાણવા મ.ટે મારા કેટલાક મિત્રોએ પુછતાં એવું જણાવવામાં આવ્યું કે કામકાજની વાત બહાર ન પાડવાને સોગન આપવામાં આવ્યા છે! તા. ૨૮મીએ ડેલીગેટોને માન આપવા માટે જે મીટીંગ ભરવામાં આવી હતી તે પોતાની જનેજ માન લેવા જેવું હતું. લોકોમાંના એક પણ માણસે પ્લેટફોરમ ઉપર ઉભા થઇ માન નહોતું આપ્યું. છેવટમાં સા. આ. ઇ. એસોસી એશન કોનફરન્સ ભરવાથી ભલે રાજી થાય, પણ લોકોની લાગણીઓ તેથી દુખાઇ છે.

પારલ (કેપ)થી મી. ભાણાભાઇ ટરાંસ વાલના હીંદીઓને ફરીથી એક સંપીથી લડતમાં ઉતરવા ભલામણ કરે છે.

એનોનીથી મી. બુધીઆ ભાણા લખે છે કે:—ફરીથી લડત શરૂ થઇ છે તેમાં અમે ખુશી છીએ. પરમીટ બાળવાનું થશે તો સહેના કરતાં પહેલા તેમ કરવા અમે તઇયાર છીએ, ને તેથી સરકાર જેલમાં મોકલશે તો ખુશી સાથે જઇશું. અમે બેનોની મ્યુનીસીપાલીટીમાં લાઇસેન્સ લેવા ગએલ, તો અમારી પાસે અંગુઠો માગવામાં આવ્યો. ત્યારે અમે ચોખ્ખો જવાબ આપ્યો કે અમે વગર લાઇસેન્સ થી વેપાર કરીશું પણ અંગુઠો નહિ આપીએ. ને પકડશે તો દંડ ન આપતાં જેલ જઇશું. જો આ પ્રમાણે સરવે ભાઇઓ હીંમત કરે તો થોડા દિવસમાં લડતનો નીવેડો આવી જાય. સરકાર આપણને ગુલામ અને બેઇમાન બનાવવા માગે છે તે કદી નહિ બનીએ. જો સરવે ભાઇઓ લડવા તયાર થાય તો આપણને જરૂર ખુદા ફતેહ આપશે.

તા. ૧૩મીએ કેપટાઉનની વેપારી ચેંબરમાં એક બોલનારે એવો ઠરાવ દાખલ કર્યો કે નાતાલમાં એશીઆટીક માટે જે કાયદા થવાના છે તે તરફ સંતોષ બતાવવો, તથા કેપમાં તેવા કાયદા ઘડવાની ભલામણ કરવી. બીજા બોલનારે જણાવ્યું કે એ વાત ચર્ચવાની જરૂર નથી, માટે તે દરખાસ્ત પડતી મુકીને ચેંબરે પોતાને ક્રમે લાગવું; જે વાત કબુલ રહી, ને ઉપલી દરખાસ્ત નીકળી ગઇ.

હિંદુસ્તાનના ખબરો

(હીંદી છાપા ઉપરથી)

વઢવાણ શહેર અને કેમ્પ વચ્ચે ટ્રામવે દાખલ કરવાને વઢવાણના કારભાર સાહેબને અરજ કરવામાં આવી છે.

ગોંડળમાં બોજરાજજી આયરન ફાઉન્ડરી નામનું લોઢાનું કારખાનું ચાલુ થયું છે.

માંગરોળની ગાદી સંબંધી જુનાગઢ અને માંગરોળ વચ્ચે સમજુતી થયાથી હવે તે ગાદી શેખ જહાંગીર મીંયાને આપવાની. કીધા જુનાગઢ તરફથી થનાર હતી.

મોરબીના ના. કારભાર હવા ખાવા કોલંબો ગયા છે. મોરબીના કોલંબોના વેપારી મી. હસનઅલી દાઉદભાઇએ ના. કારભારના માનમાં મેળાવડો કરી તમને માન આપ્યું હતું.

વડોદરાના સરકારી ઝવેરખાનાના ઝવેરી મી. કરપાણુભાઇ અમીચંદ ઝવેરી મરણ પામવાથી તેમની જગ્યાએ તેમના પુત્ર મી. લાલભાઇની નીમણુંક થઇ છે.

વડોદરાના યુવરાજના કંપેનિયન તરીકે એક યુરોપીયનને રૂ. ૧૨૦૦ના પગારે રાખવાનું ઠરયું છે.

મોરીશીયસવાળા શેઠ હાજી અહમદ હાજી ઇસ્તન મહમદ હુસીએ પોતાની પુત્રીના લગ્નની ખુશાલીમાં કરાંચી ખાતે પોતાની કોમના ગરીબ મેમણોની હાલત સુધારવા રૂા. ૮ હજાર આપ્યા છે.—મલ્લ બંધુ.

બોરસદ ખાતે રૂા. ૧૦ હજારનું ફંડ જેનું કરી એક હાઇસ્કુલ કાઢવાની છે તે ફંડમાં રૂા. ૭૦૦૦ ભરાયા છે.

મી. સોરાબજી શાપુરજીને ટ્રાંસવાલના એશીઆટીક કાયદાના બારામાં એક માસની સખત જેલ મળવાના ખબર થતાં કેપટાઉન એસોસીએશનની ખાસ મીટીંગ તા. ૨૧ મીએ હેનોવર સ્ટ્રીટ વાળા હોલમાં મળી હતી. ટુંક વખતની નોટીસ છતાં ઘણા માણસો હાજર થયા હતા. શરૂઆતમાં ટ્રાંસવાલના મામલા વિષે હાજર બહરથીમાં ચર્ચા ચાલી રહી હતી. મેસરસ હાજી સુલેમાન શાહ મહમદ, મહમદ અબરામ, પીરોજખાન, મોશર હાલા, રતનજી નવરોસજી, હોરમસજી મર્ચન્ટ સુરતી વગેરે તથા એસોસી એશનના હોદેદારો હાજર હતા.

મી. ઇબ્રાહીમ નુરદીને પ્રમુખપદ લઇ ને દુકમાં ટ્રાંસવાલના મામલાની સમજ પાડી; તથા હીંદની વફાદાર પ્રજા ઉપર જે જુલમ ગુજારવામાં આવે છે તે માટે શોક પ્રદર્શીત કર્યો; ને જણાવ્યું કે હીંદુસ્તાનમાં હાલ જે અશાંતિ ફેલાઇ રહી છે તેમાં ટ્રાંસવાલ સરકારની વરત ણુંકથી વધારો થશે. ગોરા લોકોને કેળવણી પામેલા હીંદી સામે શું વાંધો હોઇ શકે તે ન સમજાય એવું છે. કેળવાએલા હીંદીઓ અહીંના હબસી ગોરાઓ કરતાં સુધારામાં ચડે તેમ છે. કોલોનીઅલ સરકાર ગમે તેમ વરતે છતાં વડી સરકારે આપણું રક્ષણ કરવું જોઇએ; તથા આપણને દુઃખમાંથી ઉગારવા જોઇએ. મી. સોરાબજી જેવા કેળવણી પામેલા અને દરજ્જાવાળા હીંદી ને સજા કરવામાં આવે તે સજાની વાત છે. તો આ સ્થિતિ તરફ આપણે લક્ષ આપવું જોઇએ, તથા આપણા ભાઇઓ તરફ દિલસોજી બતાવવી જોઇએ, ને તેમના માટે સરકારમાં પોકાર કરવો જોઇએ. ટ્રાંસવાલ સરકારે હીંદી તરફ ધ્યાનસારી થવાની જરૂર છે. વગેરે.

મી. હાજી સુલેમાન શાહ મહમદે નીચે મુજબ ઠરાવ રજુ કર્યોઃ "ટ્રાંસવાલમાં મી. સોરાબજી તથા બીજા હીંદી ઓને સખત જેલની સજા કરવામાં આવી તેથી આ મીટીંગને બહુ ખેદ થયો છે. તે દુઃખો ઉઠાવનારા આપણા ભાઇઓ તરફ આપણે ઉંડી દિલસોજી બતાવીએ છીએ; તથા ટ્રાંસવાલ સરકાર આપણા ભાઇઓને જે દુઃખ રાજ્યે છે તે માટે ત્રાસ અને ખેદની લાગણી જાહેર કરીએ છીએ." ઉપરનો ઠરાવ મેસરસ મહમદ અબરામ, તથા મોશર હાલાના ટેકા બાદ સર્વાનુમતે પાસ થયો.

મી. શાલ પંડ્યાએ બીજો ઠરાવ રજુ કર્યો કે "ઉપરના ઠરાવની નકલ કેપના ગવરનર મારફત હાઇ કમીશનર પર મોકલાવવી". મેસરસ જે. એ. ડામેરી આ, તથા હસન અહમદના ટેકા બાદ તે ઠરાવ પસાર થયો.

મી. રતનજી નવરોસજીએ ઠરાવ રજુ કર્યો કે "મી. સોરાબજી તથા બીજાઓ પકડાવા માટે દિલસોજી બતાવનારો તાર જોહાન્સબરગની એસોસીએશનપર કરવો". મેસરસ કાસીમલી તથા એચ. એમ. સુરતીના ટેકાથી તે પાસ થયો.

મી. યુસફ એ. પટેલે ઠરાવ રજુ કર્યો કે "હમીદીઆ ઇસ્લામીક સોસાયટીપર દિલસોજીનો તાર કરવો". મી. અબદુલા આદમના ટેકાથી તે પાસ થયો.

પછી કેટલાક બોલનારાઓએ મામલા પર ભાષણો કર્યા. બાદ આશરે ૧૧ કલાકે મીટીંગ બરખાસ્ત થઇ હતી.

વેરૂલમ

(એક ખબરપત્રી તરફથી)

ટ્રાંસવાલમાં હમીદીઆ ઇસ્લામીક સોસાયટીના પ્રમુખ તથા બીજા હીંદી ભાઇઓને જેલ મળવાના ખબર તા. ૨૩ મીએ મળતાં તુરત કુલ દુકાનો તથા ધંધો રોજગાર અત્રે બંધ કરવામાં આવ્યાં હતાં. અને મી. ઇસ્માઇલ ઇબ્રાહીમ કાજીના વાડામાં ત્રણ વાગે મીટીંગ ભરવામાં આવી. બાબુ તાલેવંત સિંહને પ્રમુખ નીમવામાં આવ્યા. મીટીંગમાં ઘણા ગૃહસ્થોએ ભાગ લીધો હતો. બાદ ભાષણો તથા ઠરાવો થયા. અને હમીદીઆ ઇસ્લામીક સોસાયટી ૧૭, ઝિ. ઇ. એ પર, હમીદીઆના ચેરમેન પર જેલમાં, મી. સોરાબજીપર, તથા નાતાલ કોંગ્રેસપર એટલા દિલસોજીના તારો કરવાનો ઠરાવ પાસ થયો. તારો તુરત કરવામાં આવ્યા હતા. મેસરસ ઇ. ઇ. કાજી, મી. ઇ. મોતાલા, હાજી અહમદ મેતર, અહમદ કથરાડા વગેરે ગૃહસ્થોએ સંઘ ઉપર ભાષણો કરયાં હતાં. બાદ હાજર થનારાઓનો આભાર માની ને મીટીંગ બરખાસ્ત થઇ હતી.

ડરબનના છેલ્લી માસ મીટીંગ

આપણા લાયક આપણે

[ઇ. ઓ. માટે ખાસ રીપોર્ટ]

પ્રમુખનું ભાષણ

ગઇકાલમાં કોંગ્રેસના ચેરમેન મી. હાજુદ મહમદે પ્રમુખની ખુરસી લઇને ખુદાના નામથી મીટીંગનું કામ શરૂ કરયું. ટરાંસવાલના ભાઇઓને જેલમાં નાખવામાં આવ્યા હતા તે માટે ખેદ બતાવીને તેમણે જણાવ્યું કે કોઇપણ રાજનો હેતુ એ છે કે પ્રજાની સુખ શાંતિ કબજાવવી છતાં જ્યારે તેવી શાંતિનો ભંગ થાય અને લોકોને પ્રોટેસ્ટ કરવા પડે ત્યારે તે સરકારના કારભારમાં મોટી ખોડ હોવી જોઇએ. ટરાંસવાલ સરકારના કામથી હીંદી કોમમાં મોટી અસાંતિ ફેલાઇ છે, તે માટે આપણે વારંવાર પ્રોટેસ્ટ કર્યો છે. સરકાર હીંદીના બેસારાનો આરોપ મુકતી હતી. તે ખોટો છે એમ બતાવવા મરજીઆત રજીસ્ટર થાય સરકારને આપણે મદદ કરી. હવે કાયદો રદ કરવાના વચનથી સરકાર ફરી જવા માગે છે. હીંદીઓ કાયદાને સરણ થવા માગતા નથી. તેથી વધુ હીંદીઓને જેલમાં નાખવામાં આવ્યા છે, અને મામલો બહુ ગંભીર થઇ પડયો છે. પહેલાં મી. સોરાબજીપર ફેર વરતવામાં આવ્યો. આજે ઇમામ અબદુલ કાદરને જેલમાં નાખ્યાના સમાચાર મળ્યા છે. (શરમ શરમ એવી બુમો) જનરલ સ્મટસે પોતેજ ફેબ્રુઆરીમાં ભાષણ કરતાં જણાવ્યું હતું કે હીંદીઓ મરજીઆત રજીસ્ટર મંગે તો કાયદો રદ થશે. હવે તે વચન માંથી તે કેવા રીતે ફરી જઇ શકે? ટરાંસવાલની સરકારે રશિઆના જેવો જુલમ કરવા માંડયો છે. તેની સામે આપણે સખત પ્રોટેસ્ટ કરીએ છીએ. લાઇસેન્સ ફી ભરવા ખુશી હોઇએ તો પછી આપણને વેપાર કરવાનો હક છે. આપણા એક માનવંતા આગેવાન મી. ઇમામ અબદુલ કાદર બાવાઝીરે કોમની ખાતર લાઇસેન્સ વગર ફેરી કરીને જેલ ઉઠાવી છે. ઇમામ સાહેબ તથા બીજા હીંદીઓ જેઓ કોમ વાસ્તે દુઃખ ઉઠાવે છે તેમના માટે આપણે મગરૂર છીએ. તેવા બહાદુર હીંદી કોમમાં હોવા માટે આપણને ગુજરાતી થવે છે. જો કેળવાએલાને દાખલ થવાની મનાઇ કરવામાં આવે તો તે સરકાર કારભાર માટે નાલાયક કહેવાય આપણા દુઃખી ભાઇઓ પર સરકાર જે જુલમ ગુજારે છે તેની સામે આપણે સખત પોકાર કરયા છે. કાયદાને સરણ થવા કરતાં ગમે તેટલાં દુઃખ ઉઠાવવા તેઓ તયાર છે. આપણાં વખાણ કરવાં તે આપણું કામ નથી; છતાં ગોરાઓએ જાણવું જોઇએ કે રાત્રે ચોરીઓ કરવાનાં, દિવસે લુંટફાટ કરવાનાં, બેંકોપર ધાડ પાડવાનાં, ખાણો ઉરાડી દેવાનાં, તથા ગોરી ઔરતોપર ફુમલા કરવાનાં નઠારાં કામ કરનારાઓ હીંદી નથી, પણ યુરોપનાજ લોકો છે છતાં હીંદી જેવી લાયક કોમ તરફ આવી શરમ ભરેલી અને ત્રાસદાયક રીતે શા માટે વરત વામાં આવે છે તે હું સમજી શકતો નથી. હું વડી સરકારને કહું છું કે તે શું કરે છે? કીંગ અને શહેનશાહ ક્યાં છે? આપણે જેને રાજા કહીએ છીએ તે આપણે માટે કાંઇ નથી કરતા! શું આપણો કોઇ રક્ષણ કરનાર નથીજ? આપણે દુઃખમાં પોકાર કરીએ છીએ તે કોઇ સાંભળતું નથી! માટે હવે આપણે આપણી જાત ઉપર આધાર રાખવાનો છે; અને સત્યાગ્રહથી બેહાક લડત લેવા નો છે. હું ગોરાઓને પુછું છું કે ૧૮૫૭નાં વચન ક્યાં ગયાં? શું તે ધુળ ભેગાં મળી ગયાં? માટે આપણે જાતે લડત લેવાની છે. ટરાંસવાલમાં આપણા ભાઇઓ લડત લીએ છે તે માટે આપણને દુઃખ થાય છે: છતાં તેઓ હીંદના ફેર જંદ તરીકે બહાદુરીથી પોતાની ફરજ બજાવે છે તે જોઇ હર્ષ થાય છે. ટરાંસ વાલના ભાઇઓ જે કરે છે તેમાં તેમને આપણા તરફથી સંપુરણ ટેકો આપીએ છીએ તથા ખુદાને બંદગી કરીએ છીએ કે અમારા ભાઇઓને ટરાંસવાલ સરકાર સામેની લડતમાં હિંમત બક્ષજે: કે જે સરકાર બ્રિટીશ નામ ધરાવવા છતાં બુરી રીતે એક વર જેટલી નિરદય રિત ચલા વવા માગે છે.

મી. અબદુલ કાદરે

ટરાવ રજુ કરતાં પોતાના ભાષણમાં સરકારના જુલમને સખત રીતે વખોડી કાઢયો, અને જણાવ્યું કે ગયા જાનેવારી માં આપણે સમજેલ કે આપણી જીત થઇ ગએલ છે; મી. સ્મટસે વચન દીધેલું કે જો ત્રણ માસમાં રજીસ્ટર થઇએ તો કાયદો નાબુદ કરશે તે વચન તેણે પાળ્યું નથી. મી. સ્મટસના વચનપર ભરૂસો ન કર્યો હોત તો આવું ન થાત. એવી સરકારપર શરમ છે કે મીનીસ્ટર થઇ આપેલ વચન તોડે છે. તેવા માણસ તેવી કારભારની જગા માટે કેમ લાયક ગણાય? આપણા ઘણા આગેવાનો (પારસી, મુસલમાન, હીંદુ) કોમને વાસ્તે જેલ જઇ બેઠા છે. તેમને વાસ્તે આપણે પોકાર ઉઠાવવો જોઇએ. આપણી તકસીર એટલી જ છે કે આપણે હીંદુસ્તાનમાં જન્મ્યા છીએ, અને આપણી ચામડી જરા કાળી છે. વિગેરે.

મી. ગોડફ્રેએ

અંગ્રેજીમાં જુસ્સાદાર ભાષણ કરયું, અને કેળવાએલાના હક ઉપર, તથા હડત કરી લેવાવાની જરૂરપર ભાર દઇને વિવેચન કરયું.

મી. અબદુલ્લા હાજી આદમે

પોતાના ભાષણ દરમ્યાન જણાવ્યું કે અત્યારે (૩ વાગે બાંગ પુકારવાથી થોડો વખત ભાષણ બંધ રહેલ) અલ્લાહનું નામ પોકારવામાં આવે છે તેજ આપણી કુતેહ બતાવે છે. આપણાપર જુલમ થાય છે તેનાં ચાર કારણ છે. (૧) આપણી બ્રિટીશ સરકાર આપણું રક્ષણ કરતી નથી. (૨) કોલોનીમાં ગોરાઓ છે તે એકલા બ્રિટીશ નથી, પણ પર રાજ્યના ગોરા પણ છે. (૩) આપણે કમજોર છીએ; ને જબરાઇથી હક લેવાની આપણામાં સત્તા નથી. (૪) આપણાં કીસ્મત કમજોર છે કે આપણે બ્રિટીશ વાવટાતળે પેદા થયા. ઉપરની ચાર બાબતપર વિવેચન કરતાં ભાષણ કરનારે જણાવ્યું કે આપણીપરની સરકાર તે આપણા વાસ્તે લાગણી નથી, અને તે વાંધો નથી ઉઠાવતી કે હીંદીની વિરૂદ્ધ કાંઇ કાયદા નહિ થાય. જો જરમન કે ફરેંચ લોક સામે કાયદા થાય તો તેની સરકાર તરત વાંધો ઉઠાવે છે. કારણ કે તેની મતદારોથી બ્રેજ કરે છે. આપણે માટે મતદાર લાવનાર કોઇ નથી. આપણે જાજ ખરચથી રહીએ છીએ તે જાણવું છે. કારણ કે દેશમાં ઘણા અંગ્રેજ વેપારીઓ દેવાલત એકઠી કરી શકે છે. જે પર રાજના ગોરા અહીં છે તેઓ ધરાવે છે કે હીંદીઓપર જો જુલમ થશે તો હીંદુસ્તાનમાં બ્રિટીશ રાજને નુકસાન પહોંચશે; ને તેમ થાય તેમાં અહીંના પરદેશી ગોરા લાભ સમજે છે. છતાં બ્રિટીશ રાજના ગોરા આટલું સમજી શકતા નથી; તો વડી સરકારે તે ખ્યાલ કરવા જોઇએ. કોલોનીવાળા આપણાપર

જાલમ કરે છે. આપણે કમનશીબ કહેવા કે મુરબ્બા કહેવા, કે નામરદ કહેવા, પણ ન ઘણીબાતા જેવા છીએ. જે દીવમાં આપણી પોતાની સત્તા હોય કે બીજા ગમે તેની સત્તા હોય તો આવો જુલમ કદી થાય નહિ દાખલા તરીકે નાતાલ માં હાલ જે જાહસેન્સ બંધ કરવાનો કાયદો છે તે દીવીને માટેજ થાય છે, ત્યારે ચીના બ્યપારીઓ વગેરે બીજાને લાગુ પાડતાં સરકાર ડરે છે. આ બધું બતાવે છે કે આપણે આપણા બળથી લડવાનું રહ્યું છે.

શ્રી. બરનાર્ડ શ્લોપલે

અંગ્રેજીમાં ભાષણ આપ્યું તેમાં કેળવણીની બાબતપર ટીકા કરી.

શ્રી. પારસી રુસ્તમજી

એ જણાવ્યું કે દીવી ભાઇઓનાં દુઃખ જોઇ મને જે ઉંડું દરદ થયું છે તેનો હું ખ્યાલ આપી શકતો નથી. આ મુલકમાં સરકાર આપણ તરફ હેવાનની જેમ વરતવા માગે છે: ને આપણે સામા થઈ લડીએ નહિ તો આપણને કાઢી મુકવા ધારે છે. શ્રી. સોરાબજી મારા મામાનો છોકરો થાય. તેને માટે હું મગરૂર છું. તેનાં માબાપોને ધન્ય છે કે એવા પુત્રને જન્મ આપ્યો. બ્રિટીશ રાજમાં જે દુઃખ આપણને પડે છે તેવું બીજા કોઇ રાજ તળે નહિ હોય. આપણી વફાદારી માટે બ્રિટીશ સરકાર કેવી રીતે હક કરી શકે તે હું સમજી શકતો નથી. હું ટરાંસવાલના ભાઇઓને ફતેહ ઇચ્છું છું. તથા જણાવું છું કે ઇન્સાફ આપણા પક્ષમાં છે અને છેવટે આપણી જીત થવી જ જોઇએ. હું ઇચ્છું છું કે દીવીમાં બીજા વધુ સોરાબજી, અને ઇમામ અબ્દુલ કાદર પાકે.

શ્રી. પી. એસ. આયરે

અંગ્રેજીમાં જુસ્સાદાર ભાષણ કરી લડત ચલાવવાની જરૂરપર ભલામણ કરી.

મેહતી ફતેહ મહમદ

સાહેબે એક જુસ્સાદાર અને લાગણી ભરેલા ભાષણ દરમ્યાન જણાવ્યું કે આવો ફેર રશિઆમાં પણ નથી. આપણને આજે શોક થાય છે કારણ કે આપણા ભાઇઓને છુટાપણું નથી. આપણે બધાની જીંદગી રહેવા માગીએ છીએ તેટલા માટે આપણને આવું દુઃખ છે. આજે હમીદીઆ સોસાયટીના ચેરમેન ઇમામ અબ્દુલ કાદર જેવા ધરમના મુરને સખત મજુરીની જેલ મળી છે. કપીન બિકેરીઆના દંડેરાનો અનાદર થયો છે. તે દંડેરાથી આપણને ગોરા સાથે સરખા પણું આપવામાં આવ્યું હતું. પણ આજે દીવીઓ માટે ટરાંસવાલના દરવાજા બંધ કરવામાં આવ્યા છે. જંગલી તો આજે ડચ ગવરમેંટ છે એ સાબીત થયું છે. હે મારા મુસલમાન તથા દીવી ભાઇઓ, આપણે બધા કોલોનીના દીવી સાથે ગ્રઇ જેલના દરવાજા ભરી મુકેા. આપણે કોઇ ફરિયાદનું ઠેકાણું નથી. લો૦ એલગીન જે એક વખત દીવના ગવરનર હતા તેણે આપણી સરદન કાપી નાંખી છે. અને શ્રી. રમટલ્લા જેવા અમલદારે મી. ગાંધી જેવાને વચન આપી દગો કરેલ છે. નાતાલમાં પણ આપણી વિરૂદ્ધ બધા કાયદા કરવામાં આવે છે. માટે આપણે બધા એકઠા થઇ લીડરોની સાથે જોડાઇ જાઓ. હું બધાને વિનંતી કરું છું કે બધા સામેલ થઇ જાઓ. ખુદા આપણને ફતેહ આપશે.

શ્રી. જી. એચ મીઆંખાને

જણાવ્યું કે મોટા કારભારી આપેલ વચન તોડે એ જોરાઓમાટે સરમ ભરેલું છે. ગરીબપણને સરકાર મદદ નહિ કરે તો પણ, ખુદા તો આપણ છોડશે નહિ

શ્રી. હાસમ જુમા

એ જણાવ્યું કે કેવી દિલગીરીની વાત છે કે ટરાંસવાલની સરકાર સખીતદાર વચન આપીને ફરી જાય છે. જંગલી લોકને મોટી પદવી મળી છે. વડી સરકારે આપણને દાદ આપવાની જરૂર છે. આપણે એકસંપ રહેશું તો જરૂર ફતેહ મળશે.

શ્રી. રાયુશ્રી રોદરીઆએ

જણાવ્યું કે શ્રી ગાંધી જેવાને પણ ઇમીગ્રેશન કાયદા તળે દાખલ થવાનો હક ન મળે એવું ટરાંસવાલ સરકાર કરવા માગે છે. તે આપણને ગેર ઇન્સાફ આપવા બરોબર છે. પણ દુનિઆનો નિયમ છે કે ગેર ઇન્સાફ કરનારને પોતાને જ નુકશાન થાય છે. સંપથી આપણને જરૂર ફતેહ મળશે.

શ્રી. ઇસ્માઇલ ગ્રાય

એ જણાવ્યું કે લો૦ એલગીન અગાઉ દીવના ગવરનર હતા, ને થોડા વખતપર કોલોનીઅલ સેક્રેટરીનો હોદો ભોગવતા હતા. પણ એસીઆટીક કાયદાને મંજુરી આપવાથી તે સત્તા તેમણે ગુમાવી છે, ને આજે એ હોદાપરથી તેમને ઉતારી પાડવામાં આવેલ છે. જો એ કાયદાને મંજુરી ન આપી હોત તો તેની આવી દશા થાત નહિ.

શ્રી. આર. બી. ચેટી

એ તામીલમાં ભાષણ કરતાં વખતને અનુસરતું વિવેચન કરયું.

ભાષણો દરમ્યાન શ્રોતાઓ શરમ ઇરમના પોકારથી પોતાનો ગુસ્સો વારંવાર જાહેર કરતા હતા.

બાદ શ્રી. હાજુદ મહમદે છેવટનું ભાષણ કરીને મીટીંગ બરખાસ્ત કરી.

કેપટાઉન ખિ. ઇ. લીગ

તા ૨૦ મી જુલાઇના 'કેપ ટાઇમ્સ' માં લીગની મીટીંગનો રીપોર્ટ પ્રસિદ્ધ થયેલ તેની કાપલી અમને મળી છે તેમાંથી સાર નીચે મુજબ છે:—

કોલોનીઅલ સેક્રેટરીની મુલાકાત લેનાર ડેપ્યુટેશનનો રીપોર્ટ સાંભળવા માટે એક મીટીંગ તા. ૧૬ મીએ મળી હતી. હાજર થનારાઓથી હોલ ચીકાર ભરાઇ ગયો હતો. જેમાં મેસર્સ આદમ એચ. જી. મહમદ (લીગના ચેરમેન) એ. કાદર, દયા રામ, એમ. ઇનસ, એસ. એ. પટેલ, સાઠે, જોસી, બુલી, મોલવી આદી ઓશમાન, મીર અફઝુલ વગેરે હતા. ચેરમેને જણાવ્યું કે ડેપ્યુટેશનનું પરિણામ બહુ સંતોષ કારક આવ્યું છે. [ડેપ્યુટેશનના કામનો રીપોર્ટ 'ઓપિનિઅન' ના અગાઉના અંકમાં પ્રગટ થઇ ગયો છે તેથી રીપોર્ટની વિગત અત્રે આપી નથી. —અ. ઇ. એ.] ડેપ્યુટેશનને જે ફતેહ મળી તે પારલામેંટના કેટલાક મેંબરોની મદદનું પરિણામ છે. તેમાં ઓન. શ્રી. સ્ટીનર, સર પીટર બામ, સર વિલ્યમ શ્વોર્ન, સર પીટર હોર્ટ, ઓન. મી. કારટ રાઇટ, ઓન. મી. પોવેલ, તથા મેસર્સ જેગર, હેલીવર, રસીમેન, એડવોકેટ આલેક્ઝાંડર, એડવોકેટ અપીંગટન, એડવોકેટ ગ્રીન, તથા કેપટાઉનના મેયર શ્રી. અફલટન એટલા સાહેબો છે એ મદદ કરનારાઓનો અને ખાસ કરીને શ્રી. સ્ટીનર તથા મેયરનો મીટીંગે આભાર માનવો જોઇએ. સરકારે તેનાથી બની શકે તેટલું બધુંએ આપણને આપ્યું છે. હવે દરજ્જે છે કે આપણે ઇમીગ્રેશન આતામાં સરકારને મદદ કરવી. શ્રી. ઇસ્માએ ભાષણ કરીને ઠરાવ રજુ કર્યો કે "સરકાર આગળ આપણી મુશ્કેલીઓ રજુ કરવામાં મદદ કરનારા સાહેબોને મીટીંગનો અંતઃકરણનો આભાર દર્શાવવો." શ્રી. એમ. એરીઅ તથા શ્રી. જેરીના ટેકાથી ઠરાવ પાસ થયા બાદ મીટીંગ વિસરજન થઇ હતી.

ખબરપત્ર

જોહાન્સ્બર્ગ

(અમારા ખાસ પ્રતિનીધિ તરફથી.)

સોમવાર.

જેલીઓને માન

ઇમામ અબદુલ કાદર બાવાઝીર, તથા બીજા સત્યાગ્રહી જેલીઓ જેને ચાર દહાડાની જેલ હતી તેઓ થોડા શુક્રવારે, ને બીજા કાલીસારે એમ છુટી આવ્યા. શુક્રવારે છુટી આવ્યા તેઓને છુટવાનું ત્યારે નહીં થાય એવી ભુલમાં તેઓને લેવા કોઇ ગયું ન હતું.

શનિવારે છુટનારા ને લેવા ગયા તો એમ જાણ્યું કે તેઓને નિયમ પ્રમાણે નવ વાગે છોડવા જોઇએ તેને બદલે સાત વાગે છોડી મુકવામાં આવ્યા હતા. તે એવા ધારાદાયી કે તેઓને મળવાને સરઘસ ન આવે. પણ મી. કુવાડીયા વહેલા જેલ તરફ નીકળી પડવાથી જેલીઓને મળ્યા, તેઓને વધાવી લીધા, ને પછી તેઓને પાછા જેલ તરફ લઇ ગયા. તેટલામાં બીજા હીંદીઓ આવી પહોંચ્યા. તેમાં મી. ઇસપ મીઆં, મોલવી મુખલ્લાર સાહેબ, મી. ઓસમાન અહમદ ઝોહેંદી, મી. કેચેનચેક, મી. પોલાક, મી. રોક વિગેરે હાજર હતા. ઇમામ સાહેબ તથા બીજાઓને ફુલના હાર તોરાયી વધાવી લીધા, ને પછી સહુ મી. ઇસપ મીઆંને ત્યાં ગયા ત્યાં મી. ઇસપ મીઆંએ સહુને ચા બીસ્કીટ આપ્યાં. મુબારક બાદીનાં ભાષણો થયાં. ઇમામ સાહેબે તથા બીજા જેલીઓએ જવાબમાં જણાવ્યું કે ચાર દહાડાની જેલ તે કંઇજ ન હતી. બીજી વખત, ને લાંબી મુદત સારૂ સહુ જેલ જવાને તૈયાર છે.

રવિવારે વધારે માન

રવિવારે હમીદીઆ મસજીદ આગળ જેલીઓના માનમાં મોટી માસ મીટીંગ થઇ. તેમાં વધારે માન અપાયું, તથા વધારે ભાષણો થયાં, ને ઘણાઓએ પોતાનાં રજીસ્ટર એસોસીએશનને સોંપ્યાં. બધાએ પુરી હિમત બતાવી.

ત્યાર બાદ કેટલાક હીંદુઓએ મળીને નારતા માનનો મેળાવડો કર્યો હતો. ત્યાં જેલીઓ તથા નોતરાએલા ગ્રહસ્થો ગયા. ટેબલ લગભગ પચાસ માણસોને સારૂ બીછાવવામાં આવ્યું હતું. તેમાં ચીનાઓના ચેરમેન પણ હતા. મી. ઇસપ મીઆં પ્રમુખસ્થાને હતા. તેની એક બાજુએ ઇમામ સાહેબ અને બીજી બાજુએ મી. કવીન હતા. મી. ઇસપ મીઆંએ ભાષણ કરતાં જણાવ્યું કે આવા મેળાવડાથી હીંદુ મુસલમાન વચ્ચે ભાઇચારો વધે છે. નાસ્તામાં જુદી જુદી જાતનો લીલો મેવો, કેક, મેસુબ, જેલી, ભુંજેલા પવા તથા ચા વગેરે આપવામાં આવ્યાં હતાં.

જુમેરાતની માસ મીટીંગ

માસ મીટીંગોનો ક્રમ બાકી નથી. ઇમામ સાહેબ બુધવારે જેલ ગયા. ને ગુરૂવારે માસ મીટીંગ થઇ. સર્વ હીંદી દુકાનો તથા વેપાર આખા દક્ષિણ આફ્રિકામાં બંધ કરવાના તારો છુટ્યા. દુકાનો બંધ થશે એવા તાર સર્વ જગ્યાએથી આવ્યા.

જોહાનીસબરગથી ખબર મળ્યા કે મી. ખોટા, મી. જીન તથા મી. અબુ મીઆં કમરૂદીને, જોહાનીસબરગમાં મી. અમ્બા વરીઢ, કરનરસ ડોરપમાં લગભગ બધા હીંદી વેપારીએ એસોસીએશનની સુચના કબુલ નહિ કરી. પણ ક્રોંઠ રોડેસીયામાં સોલસબરી સુદ્ધામાં ઇમામ સાહેબના માનને ખાતર દુકાનો બંધ રહી.

આ માન મી. બાવાઝીરને પોતાને ન હતું પણ તેમના દોહાને. હમીદીયા મસ્લામીક સોસાયટીના પ્રમુખ ને મસજીદ ના ઇમામ એક કલાકને સારૂં પણ હકને ખાતર જેલમાં જાય એ હદ વળી ગયુંમ. જેએાએ ખુની કાયદો કબુલ કર્યો છે તેમાંથી પણ ઘણા ખરાએ દુકાનો બંધ રાખી હતી. આ કોમનો એખલાસ બતાવે છે.

તેજ દહાડે મોટી માસ મીટીંગ થઇ. તેમાં જુસાદાર ભાષણો થયાં.

પોલાસનો જુલમ

મી. મોરાબજીને જેલ થઇ તે દહાડે પોલીસે જુલમ કર્યો હતો તેનું તો હજુ ચાલતું હતું તેવામાં વરનન સાહેબે તાબીલ લોકોમાં ગાળો દીધી, ને ભય વરતાવ્યો. આની ઉપર માસ મીટીંગમાં સખત ટીકા થઇ. જો હીંદી જોર રાખશે તો પોલીસનો જુલમ જતો રહેશે એ દેખાઇ રહે એની વાત છે.

પાછી પકડ પકડી

સનીવારે મી. રામસામી, મી. અલીમીંયા, મી. કેરમીંયા તથા મી. કાનજી મોરાર પકડાયા હતા. આ બધાને સાત દહાડાની જેલ મળી છે. માજીસ્ટ્રેટે કંઇક ઘ્યેય ભાવ પણ બતાવ્યો. આથી લોકો ડર્યા નથી. પણ વધારે જોરમાં આવ્યા છે.

બીજા ચૌદ જણ કેાણ

આગાઉના કેસ વખતે લાઇસેન્સીંગ ઇન્સપેકટરે પુરાવામાં જણાવ્યું હતું કે ૧૪ જણના અંગુઠા ન લેવાની તેને સુચના છે. મી. ગાંધીએ તેજ વખતે જણાવ્યું કે એવા એક પણ માણસ વિષે તેઓ જાણતા નથી, અને તેવા માણસોને જેલમાં નાખતાં સરકારે ડરવું નહિ જોઇએ, પણ બધાને જેલમાં નાખવાજ જોઇએ. આ ૧૪ માણસ કેાણ તે શોધવાને સારૂ મી. જેકરસનને સાક્ષી સમન્સ આપવામાં આવ્યો હતો. પણ માજીસ્ટ્રેટ જે ભરમાએલા હતા, તેણે તુરત કહ્યું કે એ કાગળો બતાવવાની જરૂર નથી. તેમાં માજીસ્ટ્રેટ તથા મી. ગાંધીની વચ્ચે ઝપાઝપી ચાલી હતી. ને છેવટે દરેક કેસમાં મી. જેકરસનને બોલાવવાનું ઠરાવ્યું છે. મી. જેકરસનને પુછવામાં આવે છે કે પ્રતીવાદીઓમાંના કોઇ તેના લીસ્ટમાં છે કે નહિ. આમ મામલો જામતો જાય છે.

નવા પકડાયા

સોમવારને દિવસે ઘણા હીંદી પકડાવાની આશાએ આસકેટો લઇ નીકળી પડયા હતા. તેમાંથી ઘણાની આશા ફોકટ ગઇ. તેઓને કોઇએ પકડયા નહિ. ચીનાઓના પ્રમુખ અને બીજા કેટલાક ચીનાઓ પણ નીકળી પડયા હતા. તેઓ ને કોઇએ ન પકડયા.

મી ઇંબ્રી નાયડુ જે હજુ તો થોડી વારેજ નીકળ્યા તે પાછા પકડાયા. તેને તો એકે નહીં પકડયા એટલે તે બીજી જગ્યાએ ગયા. છેવટે બે માણસ છેવટથી પકડાયા. તેમાં તે પોતે, ચારલી સીંગલી, વીરાસામી નાયડુ, કર મુતુ પીલે તથા હરીલાલ ગાંધી છે. આ બધાએ જેલ ઉપર છુટવાની ના પાડી છે.

જેલમાં હાલત

ઇમામ સાહેબ વિગેરેએ જેલની હાલત સંભળાવી તે જાણવા જેવી છે. સહુને ચંપલ તથા ગરમ મોજાં પહેરવા મળે છે. બે ગરમ, ને બે ખાદીનાં પહેરણ પહેરવા મળે છે. રાતના ત્રણ કામલ ઓઢવાને તથા લાકડાની માચડી તથા તેની ઉપર ગુથીયું એટલે ઢાઢ બીછાવવા

વાતી નથી. બાવામાં ચાવલ બબેરના, સાંજના બીનીસ પટેલ, અને અદવાડીયા માં ત્રણવાર પુપુ. સવારના કલેશાં પુપુ મલે છે. પુપુથી હીંદી નારાજ થાય છે તેથી કેદખાનાના ઉપરીની ઉપર કાગળ લખવામાં આવ્યો છે, ને ઉમેદ રાખી શકાય છે કે થોડા દિવસમાં બેરાકનો બંદોબસ્ત થઇ રહેશે. જેલમાં જતી વેળા તુરતજ બોડા ને મોજાં નથી મળતાં તેથી ટાઢે થોડા દલાક રહેવું પડયું હતું. તેથી રમામ સાહેબ વિગેરે ના પત્ર તરવાજ ગયા હતા. આટલા દિવસ બધો આરામ હતો. ચાવલ હાથે પકડવામાં આવતા હતા ને તે કામ મી. નાઇડુ કરતા હતા. મજુરીમાં કંઇ વધારે નથી. કાંકરી ઉંચકીને એક જગ્યાએથી બીજી જગ્યાયે લઇ જવાનું કામ સોંપે છે. આથી લેકિ હિમતમાં છે તેજેલને મજકારતા નથી. મારી પોતાની તો સલાહ છે કે પુપુ ખાવાની ટેવ પાડથી એ ફાયદા કારક છે. જેને આપણે શતરૂ ગણીએ છીએ તેની પાસેથી મહેરબાની માગવી તે જરાએ શોભતું નથી. છતાં જ્યાં સુધી હીંદીમાં એટલું સહન કરવાની તાકાદ નથી આવી ત્યાં સુધી માગણી કર્યા કરશું.

મી. સોરાબજીની સ્થિતિ

મી. સોરાબજી પહેલા બે ચાર દહાડા જરા ગર્મીમાં રહેલા એવા સમાચાર જેલીઓ લાવ્યા હતા. પણ તેઓની સોબત મળ્યા પછી તે ખુશાલીમાં આવી ગયા છે. પોતે હિમતમાં છે. મી. સોરાબજીને પહેરણોને બટન સીવવાનું કામ સોંપવામાં આવેલ છે.

બધા કેદી ઉપર જેલનો ગવરનર તથા હેડ વોરડર બહુ માયા રાખે છે.

ઝાકની દિલસોજી

મી. લીટમેન બાઉને અમાઉ પણ હીંદીને પા. દશની મદદ કરેલી. તેજ પ્રમાણે ફરી તેમણે દિલસોજીનો કાગળ લખીને દસ પીનીની એક લહતમાં મદદ કરવા મોકલી છે ને આપણને જીત ઇચ્છી છે આવા ગોરાઓ જે પડયા છે તેઓનો ઉપકાર ઘટે છે. એસોસી એશન તરફથી તેમનો ઉપકારનો કાગળ પણ ગયો છે આ મી. લીટમેન બાઉન એ એક જોહાન્સબરગના ગોરા વેપારી છે. તેને હીંદી કોમે બને તેટલું ઉતેજન આપવું ઘટે છે.

લાજીનામીમાંથી પા. ૬૫, અદીની બાકી કોમ તરફથી પા. ૬-૧૦-૦, હીંદી મારકેટ માંથી પા. ૭-૧૫-૦, અને રૂડી પોરથી પા. ૫-૯-૩ એમ મળ્યા છે. હજુ પૈસાની પૂરી જરૂર છે તે ઉમેદ છે કે બધી જગ્યાએથી એસોસીએશનને મદદ મળશે.

ક્રોંકણીની મીટીંગ

ગયે રવિવારે માસ મીટીંગની પહેલાં ક્રોંકણી કોમની મીટીંગ પણ થઇ હતી. તેમાં ઘણા ક્રોંકણી ભાઇઓ હાજર હતા. મી. અબદુલ ગની ખુરશીએ હતા. સહુ એ ખુબ જુસ્સો બતાવ્યો. ઘણા ક્રોંકણી બાઇઓ ફ્રેરીએ જવા તયાર થઇ ગયા. ને લાઇસેન્સ ઉધરાવી લેવાનું તથા પૈસા એકઠા કરવાનું નકકી થયું.

કાનમીઆ કોમે પણ પોતાની કોમની મીટીંગ ભરી ખુબ જુસ્સો બતાવ્યો છે.

બહુ દિલગીરી

ઓકસબરગના મી. આદમ મુસા જેલમાં ગયા એમ હું લખી ચુકયો પણ પાછળથી ખબર મળ્યા કે તે બાઇસાહેબે દંડ ભરી આપ્યો. એટલે એ પણ (અ) મંગળસોંજની હારમાં આવી ગયા. આવા હીંદી તો કોમના દુષ્મન છે. જેલ નહિ જવાનું પહેલેથીજ જણાવે એ સહન કરવા જેવું ગણાય. પણ જવાનું કહીને ન જાય એ તો બની જુદું.

રતનજી લલ્લુનો કેસ

રતનજી લલ્લુ કરીને હીંદી છોકરો છે તે તેના કાકાની સાથે આવ્યો. તેનો બાપ પરમીટવાળો હતો પણ તે ગાંડો થવાથી મોમ્બાસા રહી ગયો. રતનજી એકલો દાખલ થયો. તેને પકડયો ને સજા થઇ. અપીલમાં કોરટે ચુકાદો આપ્યો કે રતનજીને સજા બરોબર હતી. છોકરો પોતાના બાપની સાથેજ આવી શકે એમ ઠરાવ્યું. શિવાય બીજી હકિકત એ કેસમાં છે તેની ઉપર અત્યારે ધ્યાન આપવાની જરૂર નથી. પણ ઉપરના કેસ ઉપરથી એમ થયું કે બાપની ગેરહાજરીમાં છોકરો એકલો ન આવી શકે.

કરૂગરસડોરપના હીંદી

અહીંના છાપામાં એવા ખબર છે કે કરૂગરસડોરપમાં ફ્રેરીવાળાઓએ લેકેશન માં મીટીંગ કરેલી. તેમાં તેઓએ એવો ઠરાવ કર્યો કે સરકાર કરે તે મંજુર રાખવું. બાવા પણ કોમના દુષ્મનો પડયા છે એ દિલગીરીની વાત છે. મને મી. અરશેદજી દેસાઇ કાગળ લખે છે તે ઉપરથી જણાય છે કે આવું બોલનારા હીંદી ઝાઝા નથી, પણ માત્ર ત્રણ ચાર જણાજ છે. હું પણ ઉમેદ રાખું છું કે આવી અક્કલમજા વાપરનારા હીંદી વધારે કયાંએ નહીં હોય.

હવે શું થશે?

આ સવાલનો જવાબ મુશ્કેલ છે. પણ એટલું તો કહી શકાય કે તેનો જવાબ આપણાજ હાથમાં છે. આપણું જોર કમતી હોય તો લડત લંબાઇ શકશે. આટલી લંબાઇ છે તેનું કારણ આપણે છીએ. ઘણા હિંદી જોહાન્સબરગમાં લાઇસેન્સ લઇ આવ્યા. હવે સરકારને લાઇસેન્સ ફ્રી મળી ગઇ. સૌ એક જણની નથી મળી તેથી સરકાર તેટલી લાઇસેન્સ ફ્રી જતી કરી ૭ માસ સુધી કંઇ ન કરે એવો સંભવ છે. તે એમ સમજીને કે તેટલી મુદતમાં હિંદી થાકીને બેસી જશે. મારા વિચાર પ્રમાણે તો આપણને જોર આવવું જોઇએ. કોઇને લાઇસેન્સને સારૂં ન પકડે તો પછી કઇ ચિંતા કરવાનું રહેતું નથી. પણ આવો વિચાર એજ માણસ કરી શકે કે જે સદાય જુલમની સામે થવાને તત્પર છે, સદાય ફાયદાની સામે થવા તયાર છે.

ઉપર પ્રમાણે જો સરકાર કરે તો તેના મનમાં એમ પણ હોવું જોઇએ કે બહારથી રેફ્યુજીઓ નહિ આવે ને જેઓ પરમીટ વાળા બહાર છે તે દાખલ થઇને ખુની કાયદો કબુલ કરશે.

એટલે આવી

આપણી પાસે છે. ફ્રેરી વાળાએ ને દુકાન દારોએ વગર લાઇસેન્સથી કામ ચલાવવું. લાઇસેન્સ તપાસવા આવે તો બતાવવી નહિં. જો સરકાર આપણને પસંદ ન પડે એવો કાયદો લાવે તો તુરત સરટીફીકેટ તથા લાઇસેન્સ બાળવાં, અને

(૧) જેઓની પાસે પોતાનાજ ઇચ વખતના પાસ છે

(૨) જેઓ મજબુત પુરાવાથી સાબેત કરી શકે કે તેઓ ટ્રાંસવાલના લડાઇ પહેલાના રહીશ છે

(૩) જેઓએ સારી અંગરેજી કેળવણી મેળવી છે

તે બધાએ એકદમ ટ્રાંસવાલમાં દાખલ થવું. આ પ્રમાણે પચાસ કે સો માણસ દાખલ થાય તો સરકારે તેમને જેલમાં મોકલવાજ પડે. અને આપણે

જાણીએ છીએ કે એટલા માણસોને જેલમાં મોકલ્યા તે અયોગ્ય છે. ઉપરનો ઇલાજ જ્યારે સરકારના ખરાબ ચોકસ જણાય ત્યારેજ લેવાનો છે. દરમીયાન કેળવાએલા અને બીજા હિંદીએ ખામોશ પકડી બેસી રહેવાનું છે.

હાલમાંજ કોઇ હિંદીએ ટ્રાંસવાલમાં દાખલ થતાં અંગુઠો નથી આપ્યાનો, પણ ચોખ્ખી ના પાડવાની છે. આટલી હિંમત આપણામાં આવવી જોઇએ એટલે ફાયદો તુર્તજ જણાશે.

ઉપર જે નામો હું આપી ગયો છું તેમાંના મી અલ્લા બાયા તથા મી. નાનજી મોરાર લાઇસેન્સ વાળા હતા છતાં તેમોએ લાઇસેન્સ ના બતાવી તે જેલમાં ગયા. આ ખરી હિંમત ગણાય.

મંગળવાર.

વધારે કેસો

મી. મગ્બી નાઇકુ વિગેરેનાં નામ હું ઉપર આપી ગયો તે ઉપરાંત મી. હીરા માવજી કરીને હિંદી છે તે પકડાયા સુકલ. આ બધાનો કેસ આજે ચાલ્યો. મી. ગાંધીએ આ બધાને સારૂ તેમોની મરજી થી વધારેમાં વધારે જેલ માગી, પણ માજીસ્ટરેટે મી. મગ્બી નાઇકુ સિવાયના બધાને માત્ર સાત દિવસની સખત મજુરી ની જેલ આપી. મી. નાઇકુ ગયે અઠવાડીએજ તે ગુન્હા સારૂ જેલ ભોગવી આવ્યા તેથી તેમને ચઉદ દીવસ આપ્યા.

મી. મગ્બી નાઇકુ

મી. મગ્બી નાઇકુની બહાદુરીને વખાણજ થોડા હિંદી પહોંચે તેમ છે. તે પોતે ગેજ્યુએટ કમાઇને પેટ ભરે છે એવી તેની ગરીબ હાલત છે તેમની ઓરતને આજ કાલ બચ્ચું આવે એવી તેની સ્થિતિ છે. તે બધાને દરકાર ન કરતાં જેવા જેલમાંથી નિકળ્યા તેવાજ પાછા પહોંચી ગયા છે. તેમની જેલની અંદર ની વરતણુક પણ એવી સરસ કે તેથી બધા અમલદારો રાજી થયા છે. છતાં તે કોઇની ખુશામત નથી કરતા. બીક પોતે તરીકે પણ જે કામ તેણે કરેલું તે આવી બાહોશી ભરેલું હતું. આવા નર હિંદી કોમમાં વધુ પેદા થાય એવું હું ઇચ્છું છું.

૩૬ી પારસ

માં બી. ફકીર રૂપા પકડાયા છે. તેનો કેસ આવતી કાલે (બુધવારે) છે. મી. પોલાક તેને જેલમાં મોકલવા જશે.

ખોટી પરમીટ

ખોટી પરમીટ બાબત આપનો કેસ પ્રીટોરીઆમાં એક બહુજ ગુલીબન કરીને છે તેની ઉપર ચાલે છે. તે જાણમાંના કેસને લગતો છે.

અદિ કલ્યા બાલાની ઉપર કેસ ચાલે છે. ને ખોટા રજીસ્ટર ઉપર દાખલ થએલ છે એમ પોલીસ કહે છે. તેણે પા. ૬૮ આપીને રજીસ્ટર લીધુ એવા બાતનો પુરાવો છે. આ કેસ હાલ તો પ્રીટોરીઆ જશે, ને ત્યાંથી પાછો માજીસ્ટરેટ પાસે આવશે એમ જણાય છે.

ગુરૂવાર.

જે માણસ ૩૬ી પારટમાં પકડાયો હતો તેને સાત દહાડાની આસાન કેદ મળી છે. તે જેલમાં ગએલ છે. તેનો જપ્તીય કરવા મી. પોલાક ગયા હતા.

કરગરસટોરમ

માં એક હીંદી આજે પકડાયો છે એવા ખબર આવ્યા છે તેને જેલમાં મોકલવા મી પોલાક જશે.

મી. દોરાબજી

મી પરસી દોરાબજી નાતાલથી આવતા હતા તેને અંગુઠો નહિ આપવા સારૂ વોલકરસ્ટમાં ઉતારી મુકવામાં આવ્યા હતા મી. દોરાબજીએ અંગુઠો નહિ આપ્યો એ હિંમતનું કામ કરયું છે. તેને સારૂ અહિંના બાપારીઓમાં ઠીક સુર્યો થઇ છે, ને સારી દીક્ષા આવી છે. મી દોરાબજી ટ્રાંસવાલના બહુ જુના રહેવાસી છે ને પ્રેસીડેંટ ક્રુગર સુધી તેમને માન આપતા એ બધી વાત આવી ગઇ છે. મી. દોરાબજીને છેવટે આપણ બધવાની રજા આપવામાં આવી હતી.

બીજા બાર હિંદી

ને અંગુઠો નહિ આપવા બાબત પકડાયા માં આવ્યા છે. આ હિંદી ઘણા ગરીબ ફેરી વાળા છે, પણ બહાદુર હોય એવું જણાય છે. તેઓનો કેસ કોરટમાં ચાલશે એમ સાંભળવામાં છે. કઇ સજા થઇ ખબર મળ્યા નથી.

ચેતવણી

કોઇ પણ હિંદીએ નાતાલથી ટ્રાંસવાલમાં દાખલ થતાં બીલકુલ અંગુઠો આપવાનો નથી એ યાદ રાખવા જેવું છે. તેમ સામે થતાં તે હિંદીએને જેલ ભોગવવી પડશે એ બેશક છે, પણ તેમ કરવાની જરૂર છે. સારેજ ખર્ચો છુટકારો થશે.

'ડેલી મેલ' માં રમુજી ચિત્ર

'ડેલી મેલ' માં એક ચિત્ર છપાયું છે જનરલ બોથાએ કેનેડાના મુખ્ય પ્રધાન ઉપર કામળો લપ્યો છે તેમાંનો ચિત્રમાં ઉતારો આપ્યો છે. જનરલ બોથાએ લપ્યું છે કે 'રાજ્ય ચલાવવા ના બે રસ્તા છે, એક તો સલાહથી ને બીજો દબાણથી." આમ લખવામાં જનરલ બોથાનો હેતુ એવો હતો કે તે તો લોકોની સાથે સુલેહથી રાજ્ય ચલાવે છે. 'ડેલી મેલ' ના ચિત્રકારે - ત્રણ ચિત્ર બનાવ્યાં છે. સર જોર્જ ફરાર, મી. ગાંધી, અને પોલીસ. આ ત્રણે પોતાની દાઢી ઉપર હાથ રાખી તાજ્જુબીથી વિચારે છે કે શું બાબો ઉપર, હીંદી ઉપર, ને પોલીસ ઉપર જનરલ બોથા, સરકારે સુલેહ થી રાજ્ય ચલાવ્યું છે ? ' એની કહેવા ની મતલબ એવી છે કે બોથા લખે છે કંઇ, ને કરે છે કંઇ. તેનું રાજ્ય તો માત્ર દબાણથીજ ચાલે છે.

ઓર્ડસેન્સમાં પકડાયા

કમનશીબ ખબર મળ્યા છે કે ઓર્ડસેન્સ માં ત્રણ હીંદીનો લાઇસેન્સ તપિહોવાથી પકડાયા છે.

નાતાલમાં દુકાનના કલાક

ફેરફાર કરવાનુ બીલ

નાતાલના દુકાનના કલાકોના કાયદામાં ફેરફાર કરી, જુદાં જુદાં શહેર અને ગામડાંને પોત પોતા માટે દુકાનના કલાકો ઠરાવવાની સત્તા આપવાના હેતુથી, મ કુર કાયદામાં ઉમેરો. તરીકે નીચેનું બીલ નાતાલ પાલમેંટમાં દાખલ થનાર છે:—

મ્યુનિસીપાલીટી, લોકલબોર્ડ, અથવા બીજા લોકલ સત્તાવાળા, તથા જે ગામડાંઓના માટે એવા લોકલ સત્તાવાળા ન હોય ત્યારે ગવર્નર, પોતાને ઠરાવે

રાત્રે દશ વાગે દુકાનો બંધ કરવાના દિવસ તરીકે શુક્રવારને બદલે બીજો કોઇ દિવસ નીમી શકશે.

બપોરે બે વાગે દુકાનો બંધ કરવા માટે વાનીવારને બદલે બીજો કોઇ દિવસ નીમી શકશે.

બીજા બધા દિવસે (રવિવાર સીવાય) સાંજના સાડા પાંચ વાગે દુકાન બંધ કરાવશે.

ઉપરની કલમ પાસ થઇને એક્ટમાં બદલાર પડે તે પછી એક માસે અમલ માં આવશે.

લડતના મેદાનમાં બહાદુર હાનબોઆ

—:o:—

તા.૨૬મીએ મી. અલીભાઇ પરમાણંદ છ પીકેટ જોહાનસ્બરગથી લખેછે કેઃ—

અત્રેની કાલમીઆ. કોમની એક મીટીંગ ગ તા. ૨૬ મીએ માર્કેટ સ્કવેર પાળા થીએટરમાં પુર જોસમાં મળી હતી કેટલાક સુરતી ભાઇઓ પણ હાજર હતા. કુલ ૪૦૦ માણસ ભેગા થયા હતા મી. સુલેમાન હસનભાઇ પ્રમુખ હતા. મીટીંગ બેસવાની સગવડ કરી આપવા માટે પ્રમુખે મી. અલીભાઇ આદુજીનો ઉપ. નો આભાર માન્યો, ને મીટીંગના હેતુમાં જણાવ્યું કે આપણા હીંદી ભાઇઓ પર જે દુઃખનું વાદળ આવ્યું છે તેમાં આપણી કોમ એકસપીથી મદદ દેવાનો વિચાર કરવા માટે આજની સભા બોલાવવામાં આવી છે. પ્રમુખ સાહેબે કેટલુંક વિવેચન કર્યા પછી મી. ઉમરજી સાલેમે લખાણ હતીલો સાથે લડતની સમજણ પાડી. મી ભાઇજીએ એક સંપીથી રહેવા ભલામણ કરી અને દરખાસ્ત મૂકી કે હોકરનો તથા તમામ જનરલ વેપાર ઉપર લાઇસેન્સથી કરવો, તથા લાઇસેન્સ અને રજીસ્ટર સરટીફીકેટ બિ. ઇ એ ને સોંપી દેવાં હિંદની દરખાસ્ત તે મી વલી ઇસપે ટેકાના શબ્દોમાં ટેકો આપ્યો, અને તેજ વખતે ઝનરી કમીટીના બ્માતે ઘણાંખરાં લાઇસેન્સ મીટીંગમાં આપી દીધાં. તથા આફીનએ પોતાનાં લાઇસેન્સ બીજા અઠવાડીએ સોંપી દેવા કબુલત આપી.

મી. અહમદ આલીએ ભાષણ કરતાં જણાવ્યું કે તમામ હોકરોએ તથા દુકાનવાળાઓએ વગર લાઇસેન્સથી. રોજગાર કરવા । છે, અને સરકાર પકડે તો દંડ ન ભરતાં જેલ ઉઠાવવી જ છે. મી. અલીભાઇ પરમાણંદ પીકેટે જણાવ્યું કે આપણા તમામ ભાઇઓએ બનભાલના જોખમથી ન ડરતાં આપણી આઝાદી માટે લડવું તથા એસોસીએશન મારફત સરકારને કહેવડાવવું કે જેમ મુંબઇમાં આપણા ભાઇ ઓપર ગોળીઓ છોડવામા આવે છે પણ તેઓ મેદાનમાંથી ખસતા નથી, તેવીજ રીતે ટ્રાંસવાલ સરકાર આપણને બંદુકોથી ઉડાવવા આગે તો પણ લડતમાં આપણે ડગવાના નથી: પણ વગર લાઇસેન્સથી વેપાર કર્યા કરશું; ખુની કાયદો રદ કરાવશું, અને કોમ માટે ગોર ઓમાં આઝાદી અને ઇજ્જત મેળવશું. ઉપરની વાતને મી. અલી ઉમરે, તથા મી ઉમરજી ઇસેએ ટેકો આપનારૂં વિવેચન કરયું. પછી મેસરસ આદમ આદુજી, મુસા ઉમર, હસન આદમ, અહમદ ઇબ્રાહીમ, અહમદ ઇસે. વગેરેએ વિવેચન કરયું. પછી મી. અલીભાઇ આદુજીનો ઉપ. તરફથી પાન સોપારી આપવામાં આવ્યાં તે લઇ ચેરમેનનો આભાર માની સતન ૧ વાગે મીટીંગ વિસરજન થઇ હતી.

બોલવી મુખત્યાર સાહેબની બેતો

તા ૨૬ મીએ જોહાનસરમમાં મળેલી ગ્રેન્ડવર મીટીંગ આગળ બોલવી અહમદ મુખત્યાર સાહેબ નીચેની બેતો પઢમા હતા.

અલ્લાહ એ આફ્રિકામેં કયા શોર મચાયે,
મહેશરસે કયામતસે કોંય રોજે જજા હે.
અબે ગાલેકે કૌને ના તેરી ખલક હૈ બે ચેન,
રમટસને રીતમ હદસે સીવા ઉન્પે કીયા હે.
ઉસ હુકમને મગરુમોંપે યે ઝુલ્મો સીતમ હે,
જીસકા તેરા ભેદભુજ હી એક રહેનુ માહે.
દુન્યામેં સુના કરતે થે હે રાજ્યા દાદબી,
રમટસને તો પુના હમે દીખલાવી દીયા હે.
જોરો જાલી ખસિ ચમડી ચકોડીપા કહાસે,
યે બેદ ખુદા કાહમે આમ નકત ન પૂરા હે.
અલ્લાહ કે આસમ કે માબોકા કેન માલી,
અદ્રસોરા હે. બસ કોમકા હાકિમ વો ખાલે.
ઐર દુનાર બે હોસલા પુનાકી જમીકા,
કમ અકલ કામ કહુમબીયદાં બાંદે ખુલાહે.
વખ દેસે બદલ્ન જના તો આસાનસી હે બાત,
સરકારકો નહિ શર્મ ન રમટસ કોહપાહે.
જીસ કાબ્મેદને ખુ। ની લોગોકા બદાયા,
અફસોસ, વાહીકાએદા પીર આંખ ખરા હે.
અબ જેલમે જાતે હૈં ગરીબ હિંડિયને ખાય,
ચુપચાપ હે સબ પર નશા કાયતનગી લાદે હે.
આજ મુબારક ઉન્હે જીન પીરોને દીલસે
સરણી દમ તે કોમકિ લીએ જેલ દીયા હે.
યે સદરેનશીં અપનેયે અલ્લાપ હે અપને,
અલ્લાદને ઉન્હે કોમકા એક દન્દ દીયા હે.
યેહ તાજ્જે પાલે દૂવે જબ જેલમેં જાયે,
પીર કોમકો કમહીમતી કાલતર કરવાહે.
અબે કોમ જરા આંખ તો ખોલ ગેર પ્રખર
દેખ,
હે ઝુલ્મો સીતમ પાકે યહીં કહેરે ખુદા હે.
જીસ કોમને અલ્લાદકા કહેનાં નહિ માના,
ઉસ કોમકા બંજમ ઇતીતરહ હુવાહે.
તુમ આબે વતન છોડકે સોનેકી તમાહમેં,
ખબલાસો ખબાદત કોમ મરહર રખા હે.
કોડીકી ખુશામત કબી ચમનીકી ખુશામત,
સરકારમેં રમટસકી બી હાં સરતો ઝુકા હે.
અફસોસ હે અફસોસકી રોહે જો હલાપર,
અલ્લાદને દરબારસે જે દુર રખા હે.
ખુદ અપનેહી કરતુતસે બર પાહેમે અંધેર,
હાકેમકા કીયાયત ન કુકુમતકા ગીલા હે.
અબે લેગો ઝુંપા માબે કે કોને નકે આગે,
ઓર દીલસે દુઆ માંગો કે યે વકતે દુઆ હે.
બેતાબી ન બેચેની જરા ચાહિએ દીલમેં,
મુજતર કબી બસ દરસે ન જાયું ફકીરા હે.
યાર બનેરીમ ખલું કહે બે આસ તડપતી,
અબ રહમ કર અબ રહમ તેરા રહમ
બડા હે.
દાબીમકાસીતમ સરસે હટા અબે મેરે મવલા,
મુખતારકી આંખેરમેં યે એક દુઆ હે.

નાતાલમાં ઇમીગ્રેશનની હાડમારી

નાતાલ ઇમીગ્રેશન કાયદાની રૂએ લાલમાં એક બનાવ જેવો બન્યો છે. બત્રે નામનો મદ્રાસી હિંદીને તેની ઓગરત ૧૮૯૨ની સાલમાં ગીરમીટમાં નાતાલ આવેલ. હિંદુસ્તાન જીંદગી વખતે તેણે પોતાના ૧૪ માસના દીકરાને પોતાનાં વૃદ્ધ માબાપની સંભાળ નીચે મૂકેલ. બાદ મજુરી હિંદી તથા તેની ઓરત પોતાની ગીરમીટની મુદત પુરી કરીને નાતાલમાં વસીને રહ્યાં; અને ૧૯૦૭માં ઇમીગ્રેશન સરટીફીકેટ લઇ પોતાના છોકરાને લાવવા માટે હિંદુસ્તાન ગયાં. ૧૯૦૮ના જુનમાં છોકરાને લઇને તે બાબાં આવ્યાં ઇમીગ્રેશન ઓફીસરે છોકરાને પોતાનાં માબાપની સાથે ઉતરવા દેવાની ના પાડી. કેસ ચાલતાં ડરબન સરકીટ કોરટના જીજ જસ્ટીસ મર હેનરી બેલે હિંદીની અરજી કાઢી નાખી, અને છોકરાને નાતાલ છોડવાનો હુકમ કર્યો!

મી. જી. પી. વ્યાસના દીકરા મી. મીરબરલાલ લખે છે કે—મારી માતુશ્રી તરફથી મને લખવાની સુચના થઇ છે કે કોમની ખાતર મારા પીતા બીજીવાર જેલમાં ગયા તે માટે દક્ષિણ આફ્રિકાના જુદા જુદા ભાગોમાંથી ઘણા દિલસોજી અને દિલાસાના તારો તથા કાગળો આવેલ તેના બદલા વખતે જુદા જુદા જણાવો આપવા અશક્ય હોવાથી આપના પત્રદ્વારા તે સહુનો આભાર માનીએ છીએ.

ચાલુ વર્તમાન

થોડા દિવસપર કંથરા આગળ કાફરો માં અશાંતિ જણાવાથી ૨૦૦ માણસ જેટલું લશ્કર મોકલવામાં આવ્યું હતું.

૨૧૪ મે ઓફમાં ૪ મેન્સ નામના ગોરાના કસાઇના લાયસેન્સ સામે ૩ ઓફના હીંદી કસાઇઓએ અપીલ કરી હતી, તે સાંભળવા બોરડની મીટીંગ તા. ૨૩ મીએ મળી હતી. અપીલમાં જણાવવામાં આવ્યું હતું કે આ હીંદી લતો છે, તેટલામાં પુરતા કસાઇ હોવાથી હરિફાઇને લીધે બીજીનેસ મુશીબતથી ચાલે છે, તથા હીંદીને ગોરાના લત્તામાં લાયસેન્સ નથી મળતા, તો હીંદીના લત્તામાં ગોરાને લાયસેન્સ આપવો એ અણઘટતું છે. બોરડે પુરાવા લીધા પછી ચુકાદો અપતાં અપીલ કાઢી નાખી ને લાયસેન્સ કાયમ રહેવા દીધો હતા.

ખીરમીઆ હિંદી લાવવાનું બંધ કરવું બીલ પાર્લામેંટે કાઢી નાખ્યું છે.

વેસલ્સ નેટ આગળ હુમલો કરી લુંટ કરવાના આરોપથી જદુસીંગ તથા મહેશ સીંગ નામના હીંદીને મારિત્સબરગની કોરટ આગળ ખડા કરવામાં આવતાં, પહેલાને પાંચ વરસની સખત મજુરીની જેલની તથા બીજાને ત્રણ વરસની સખત મજુરી ની જેલની સજા કરવામાં આવી હતી.

તા. ૪થી મેએ વેસલ્સનેકમાં લુંટ કરવા માટે નંદુસીંગ તથા બરલા રામસામીને તા. ૨૫મીએ મારિત્સબરગ કોરટમાં ખડા કરવામાં આવ્યા હતા. તેના કેસ વખતે જદુસીંગ તથા બીજાએ જુબાની આપી તેમાં ચોરી કેવી રીતે કરવામાં આવી વગેરે ચોંકાવનારી વિગતો જણાવવામાં આવી. આરોપ સાબીત થતાં પહેલાને ચાર વરસની સખત મજુરીની જેલની, તથા બીજાને ત્રણ વરસની સખત મજુરી ની જેલની સજા કરવામાં આવી હતી.

જોહાનિસબર્ગની થીઓસોફીકલ સોસાયટીની એક મીટીંગ આગળ મી. નાદીરશાહ કામા એ 'મોરોલ્સ ઓફ થીઓસોફી' એ વિષય ઉપર ભાષણ આપ્યું હતું મી. હોજકીન પ્રમુખ પદ લેવાના હતા, પણ અચાનક તેમને પારલામેંટમાં હાજર થવાની જરૂર પડવાથી મી. કામાને પ્રમુખપદ લીધું હતું. મીટીંગે ભાષણકર્તાને સારો આવકાર આપ્યો હતો; તથા ભાષણ પુરું થયા પછી ચર્ચવામાં પણ ઘણા સભ્યોએ ભાગ લીધો હતો.

પરચુરણ ખબરો

કેપટાઉન લીગની ડિલસોજી

મી. એ. કાદર જણાવે છે કે તા. ૨૩ મીએ મળેલી મીટીંગના ઠરાવ મુજબ તા. ૨૬મીએ અત્રે બધી દુકાનો બંધ રાખવા માં આવી હતી., જુમાની નમાજ પુરી થયા બાદ ઠરાંસવાલના હિંદી ભાઇઓપર ઠરાંસવાલમાં સરકારના જુલમી કાયદાઓ તળે જે દુઃખો પડે છે તે દુર કરવા લીગના સેક્રેટરીની સુચનાથી પ્રમાણ મહમદ ભાઇએ ખુદાની બંદગી કરીને દુઆ ગુજારી.

ઉપર જણાવેલી મીટીંગ તા. ૨૬મીની મીટીંગનો રીપોર્ટ અમને મળેલ છે પણ તે મોડો થવાથી આવતા અંક માટે મુલ તવી રાખવાની જરૂર પડી છે.—અ. ઇ. ઓ.

કેપની પારલામેંટ અને હીંદી

કેપની પારલામેંટમાં મી. સરીનરે હીંદીના દરજ્જાનો સવાલ ઉઠાવ્યો. અને જણાવ્યું કે બીજા કોલોનીઓમાં હીંદીનો દરજ્જો કેપના હીંદીના દરજ્જાને મળતો કરવા માટે દક્ષિણ આફ્રિકાના જુદા જુદા કોલોનીની સરકાર સાથે કેપના કોલોનીઅલ સેક્રેટરી મી. ડી વાલે મસલત ચલાવવી, તે બાબત તપાસ કરવાનું મી. ડી વાલે વચન આપ્યું હતું.

મી પ્રમાણ અબદુલ કાદર ઝવેરી તરફથી જણાવવામાં આવે છે કે તેમની અદના સેવા સંબંધમાં જે જે ભાઇઓ તરફથી તેમને મુબારકબાદીના તથા દિલ સોજીના તારો કાગળો વગેરે મળ્યા છે તે સરવેનો છાપા દ્વારા આભાર માને છે.

મી. ગાંધીના દીકરા મી. હરિલાલ જેલ થયા છે તે માટે દિલસોજીના તથા મુબારકબાદીના સંદેશા મોકલનારા સાહેબ નો મી. તથા મીસીસ ગાંધી આભાર માને છે.

તા. ૨૬મીએ અમસ્ટર્ડમી મુંબઇ પહોંચી ગયા છે.

તા. ૨૭ના મુસ્તફાપોના તારમાં જણાવવામાં આવે છે કે રોડેસીઆમાં એક કોંમની સોનાની ખાણ મળી આવી છે.

અમદાવાદ ખાતે પ્રસિદ્ધ થતા "વૈદ્યકલ્પ તરૂ" માસીકના બે મહિનાના બોકાક અંકો અમને મળેલા છે. જેમને નમુના તરીકે જોઇએ તેમણે આ પેનીની ટીકીટ મોકલીને અમારી પાસેથી મંગાવી લેવા.

ચરબપત્રીઓને અબર

હમેશ કરતાં ૭ પાનાં વધારે આપવા છતાં હમીદીઆ સે.સાયટીની તા. ૨૬ની મીટીંગનો રીપોર્ટ, તેમજ પ્રીટોરીઆ અંજુમન, અને કેપટાઉન લીગ વગેરેના રીપોર્ટ તથા બીજાં કેટલાંક લખાણો જગ્યાની તંગીને લીધે મુલતવી રાખવાની જરૂર પડી છે.—અ. ઇ. ઓ.

છેલ્લા ખબરો

(ઇ. ઓ. માટે ખાસ તાર)

જોહાનિસબરગ, ગુરૂવારે

જોહાનિસબરગમાં ત્રણ વધુ કેદીવાળા જેલમાં ગયા છે.

કુર્ગેસ્ડોરપમાં પકડાયા હતા તેઓને ૫ દિવસની જેલ મળી છે. જેલમાં જણાવવા મી. પોલાક ગયા હતા.

સર્વોદય

નામાંકિત લેખક રસ્કીનના 'અનટુ ધી લાસ્ટ' નામના લોકપ્રિય અંગ્રેજી પુસ્તકનું ગુજરાતી તારણ.

રસ્કીન એક મહાન વિદ્વાન અને પ્રસિદ્ધ લેખક થઇ ગયો. તેનાં લખાણો આજે સુધરેલી દુનીઆમાં ઘેર ઘેર વંચાય છે. તેણે બનાવેલા ઉપરના પુસ્તકની લાખો નકલો છપાઇ ને ખપી ગઇ છે જુદી જુદી ભાષા ઓમાં તેના તરજુમાઓ થયા છે. તેનાં લખાણ નીતરસની ખુબીઓથી ભરેલાં છે. ઉન્નતિને પામવા ઇચ્છનારી દરેક પ્રજાએ તેનું અવશ્ય મનન કરવા જોગ હોવાથી અમારા ગુજરાતી વાંચનારાઓને તેના લાભ આપવા અમે એ પુસ્તકનું તારણ આપ્યું છે. અને આવને અઠવા ડીએ તે પુસ્તકરૂપે છપાઇ બહાર પડશે.

કિંમત ■ પેની.

છપાશે— J. P. Press, Phœnix, Natal.

દિલસોજીના તારોનો વરસાદ

નીચે મુજબ તારો જોહાન્સબરગ ખિ. ઇ. એ. ને, તથા કમીટીઓ ઇસ્લામીક સોસાયટીને દક્ષિણ આફ્રિકાના જુદા જુદા ભાગમાંથી મળ્યા હતાઃ—

ટ્રાંસ્વાલ

વેન્ટરસડોરપ, મી. આદમજી તરફથી—રોજગાર સાત બંધ કરવામાં આવ્યો છે. હીંદી ભાઇઓને જેલ મળવાથી શોક થયો છે.

વોરમબાથ્સ, મી. નમડીઃ—જેલ જનારના કુટુંબને મુબારકબાદી આપજો. દેશની બાતર જેલ જવું તેમાં ખુશી થવાનું છે. ખુદા સહાય થશે; અને મદદ આપશે. લડનારનાં નામ સદાયને માટે અમર થશે.

વોલકરટ, મી. નાઇકુઃ—અમને પકડેલ છે. દુકાનો બંધ કરવામાં આવી છે.

હેડલ બરગ, મી. ભાયાતઃ—મેસરસ બાવાઝીર, નાઇકુ, પટેલ, વ્યાસ, દેસાઇ વગેરેને, દેશસારૂ જે હિંમત બતાવી છે તે માટે મુબારકબાદી આપજો. મારા સ્ટોર બંધ કરીશ. અમે તે થાય તે ઉઠાવવા તયાર છીએ.

વીરીનીગીંગ, હીંદી કમીટીઃ—અહીંથી બધા અંતઃકરણથી દિલસોજી બતાવે છે. અમે તે થાય પણ છેવટ સુધી લડવા અહીં સહુ મકકમ છે. આપણી ન્યાયની અને ઇન્સાફી લડતમાં ખુદા મદદ આપશે. ઉધરાણું કરીએ છીએ. તમે જે કરો છો તેમાં અમારો દરેક રીતે ટેકો છે. હજુ સુધી અહીં કોઇને પકડેલ નથી.

પીટરસબરગ, કમીટીઃ—બધા સ્ટોર બંધ છે. તમારા કામ તરફ સંપુરણ દિલસોજી છે. ખુદા સહાય થશે.

લેડનબરગ, હીંદી કોમઃ—તાર કાલે મોડો પહોંચેલો. કાસીમના સિવાય બધા સ્ટોર બંધ છે.

કરીગોરટ, હીંદી કોમઃ—સજા મળવાથી શોક થયો છે. અમારી દિલસોજી છે. બધો રોજગાર આજે બંધ છે.

સ્ટાંડરટન, કમીટીઃ—જેલ જનારા તરફ ઉંડી દિલસોજી છે. દેશભકતોના માનમાં બધા સ્ટોર બંધ છે.

લીખતનબરગ, મી. આજમઃ—જેલ ગએલા ભાઇઓ તરફ ઉંડી દિલસોજી છે. બધો રોજગાર બંધ છે.

નીલીસ્ટરૂમ, હીંદી કોમઃ—બધો રોજગાર બંધ છે. તમારા મતને અમે બધા મળતા છીએ. માસ મીટીંગમાં હાજર થઇ શકાશે નહિ. અહીં સહુ મજબુત છે. સરકારના જુલમ માટે દીલગીરી.

મીડલબરગ, હીંદી કોમઃ—દેશમાટે જેલ જનારાઓને મુબારકબાદી. આવતી કાલે બધો રોજગાર બંધ કરવામાં આવશે.

પ્રીટોરીઆ, મી. પીલેઃ—આજે બધો રોજગાર બંધ છે.

હીડલબરગ, મી. મુલ્લાઃ— તમારી દિલસોજી છે. આજે સ્ટોર બંધ છે.

પોચેસ્ટરૂમ, મી. રહેમાનઃ—અમી દુકાનો બંધ છે. એક પણ ખુલ્લી નથી. ફેરીયાઓએ રોજગાર બંધ કર્યો છે. જેલ જનારાઓ તરફ ઉંડી લાગણી છે.

કલાકરસડોરપ, મી. પટેલઃ—જેલ જનારાને મુબારકબાદી આપીએ છીએ. દુકાનો બંધ છે. છેવટ સુધી લડવા સહુ મજબુત છે.

પ્રીસ્ટ, હીંદીઃ— અંતઃકરણની દિલસોજી. બધા સ્ટોર બંધ છે. દ્રઢ રહેજો. અમારો સંપુરણ ટેકો છે.

વોલકસ્ટ, મી. સુબેમાનઃ—અમે મીટીંગના વિચારોને મળતા છીએ. બધો રોજગાર બંધ રાખ્યું.

વોરમબાથ્સ, મી.નગડીઃ—અકસોસ. પણ હીંદીઓ દેશ માટે જેલ જોગવે છે તેથી ખુશી. અમારી મુબારકબાદી. મદદ માટે ખુદાની દુઆ માગીએ છીએ. તમારી પેઠે કરવા અમો રાહ જોઇએ છીએ. બધો રોજગાર બંધ છે. માણસો જુલમ સહન કરવા તયાર છીએ.

હારટબુના, મેસરસ મુગલીઆ અને કાજીઃ—દિલગીર છીએ કે ટ્રેન ચુકયા. દુકાન બંધ છે. મીટીંગને મળતા છીએ.

બોકસબરગ, મી કાયાઃ—જેલમાંથી આવનારાઓને મુબારકબાદી.

રસ્તનબરગ, હીંદી કોમઃ—માસ મીટીંગમાં હાજર થવાને ટ્રેન નથી તેથી દિલગીર છીએ. મીટીંગના ઠરાવોને મળતા છીએ. જેલ જનારાઓને અમારી દિલસોજી. ટ્રાંસ્વાલના હીંદી માટે તથા કોમની આબરૂ માટે આપભોગ કરનારાઓને અમારી મુબારકબાદી. તેમના માનમાં બધો રોજગાર બંધ છે. ખુદા સહાય થાઓ.

હેડલબરગ, મેસરસ ભાયાત અને સોમા ભાઇઃ—દેશ સેવાનું કામ ઉપાડી લેવા માટે મી. સોરાબજીને અમારી અંતઃકરણની દિલસોજી તથા મુબારકબાદી.

હેડલબરગ, મી. ભાયાતઃ—ઝવેરી સિવાય બધા સ્ટોર બંધ છે.

નાતાલ

ડરબન, નાતાલ ઇંડિઅન પેટ્રીઓટીક યુનીયનઃ—તમારી તરફ લડતમાં અંતઃકરણની દિલસોજી છે.

વેરૂલમ, હીંદી કોમઃ—ભાઇઓને હિંમત આપજો. જેલ જનારા તરફ દિલસોજી છે. પ્રસંગ પર તમને સહાય થાઓ.

ડરબન, કોંગ્રેસઃ—અંતઃકરણની દિલસોજી. માસ મીટીંગ ભરીએ છીએ.

ડરબન, કોંગ્રેસઃ—માસ મીટીંગમાં હજારો માણસ હાજર થયા હતા. ટ્રાંસ્વાલના જુલમ સામે પ્રોટેસ્ટ કર્યો છે. મીટીંગમાં સંપુરણ જુસ્સો ફેલાયો હતો. દુકાનો તથા બધો રોજગાર બંધ રહ્યો છે. કોલોનીમાંથી કેટલાક તારો મળ્યા છે. ઠરાવો ટપાલથી મોકલીએ છીએ.

ફ્રેય

કેપટાઉન, સા. ઇ. એસોસીએશનઃ—(હ. ઇ. સોસાયટીને) પ્રમાણ અબદુલ કાદર જેવા ચેરમેન હોવા માટે તમારી સોસાયટીને મુબારકબાદી આપીએ છીએ. તેમજ લડતમાં તમારી સોસાયટી જે બાહોશી બતાવી રહી છે તે માટે પણ મુબારકબાદી આપીએ છીએ. તમને ફતેહ ઇચ્છીએ છીએ.

કેપટાઉન, સા. આ. ઇ. એઃ—(ખિ. ઇ. એ. ને) એસોસીએશન તરફથી માસ મીટીંગ બોલાવવામાં આવી હતી. ઠરાવો પસાર થયા છે. હાઇ કમીસનરપર મોકલવામાં આવશે.

કેપટાઉન, મી. આદમઃ—સીગની મીટીંગ બરાબર હતી. સખત પ્રોટેસ્ટ કરવામાં આવ્યો છે. સહુ ઠરાવો થયા છે તે છાપામાં મોકલીએ છીએ.

પોરટ એલીઝાબેથ, હીંદી કોમઃ—માસ મીટીંગ બરાબ હતી. પ્રોટેસ્ટના ઠરાવો થયા છે. ભાઇઓની લડતમાં તેમના તરફ દિલસોજી છે.

કીમબરલી, ઇંડિઅન પોલીટીકલ એસોસી એશનઃ—સરકારના જુલમ સામે પ્રોટેસ્ટ કર્યો છે જેઓ મરદાનગીથી જુલમી કાયદા સામે લડે છે, અને પોતાની ટેક બાતર દુઃખો ઉઠાવે છે તેના તરફ દિલ સોજી બતાવીએ છીએ. તથા અન્યાયી કાયદા સામે લડત લેવામાં આવે છે તેમાં અમારો ટેકો છે.

કીમબરલી, મી. વીવેદીઃ—આજે બધો રોજગાર બંધ છે. બધોરે માસ મીટીંગ ભરીએ છીએ.

રહોડેશીઆ

અમટાલી, મેસરસ મારીનાણી અને નરશેજા—જેલ જનાર ભાઇઓ તરફ

દિલસોજી બતાવીએ છીએ તમને ફતેહ મુબારકી ઇચ્છીએ છીએ.

સેક્રેટરી, ઍસોસીએશનઃ જુલમ માટે દિલગીર છીએ. કાલે અધો રોજ ગાર બંધ રહેશે.

!!! રમુજી રંગ !!!

ભરમે ભૂલ્યા! બાપુ, મોટ મોટીઆ વેપારો આવી હમેશ રાયકને સતાવે છે કે આ લડત અટેતાઓ વાસ્તે લડીએ છીએ. ઠીક, બાપ, તમારો મોટો અહેશાન. પણ ભરમમાં ભૂલ ખાતા જણાએ છો તેનું કેમ? ચેરમેન સાહેબનું ભાષણ વાંચ્યું? લખે છે કે ચાલુ લડત "એ. બી. સી." લખે તેની નથી. અમારે તો ભારી મગજ ના જોઇએ છીએ. કેટલાક ભારી! સવા મણ કે દોઢમણના? અરે ભુલ્યો. ડીગ્રી વાળા વકીલ બારીસ્ટર બધે, બાકી કેક કેક કમનારાનો તો કોઇ ભાવ પુછે એમ નથી. ઓનની સાથે બાઅનું થાય તો ભલે, બાકી હાલ તો અહેતઓ ટોલ્લે ને રસિકજી ચીમાતા મોલ્લે.

* * *

ઉચારો ભરાયો! સંભળાય છે કે જનરલ સ્મટસ સાહેબ એશિયાટીકની પાછળ જ બાઇ પીને અંડેલા છે એટલું જ નહિ, પણ કુદકા મારતા પણ જાય છે. હાલમાં પોલીસની કચબખ્તી જાગેલી છે. ગયા અઠવાડીઆમાં ૧૫૫ હવાલદાર કતીબાના ઇંગ્લાંડ ઉચારે ભરી જવાનું સંભળાય છે, અને તેની જગ્યાએ બુર લોકો બોમ્બે લેબાસમાં દોઢમણને. કુંદો પકડી આમ સો તેમ ટોલ્લા મારતા થઇ ગયા છે. અધુરામાં પુર આપણા પોલીસ કમીશનર પેપનફસ ફસમફસ થઇ ગયા છે. બાપુ! ખ્યાલ દીજીએ. જુલમના મેદાન કુંકો. ફરતા ફરતી ઝાંખડી ચાલી જાય છે. આજ બાકીનો, તો કાલ બાકીનો વારો નકિજ.

* * *

દિલ વિજય! સંભળાય છે કે મી. વોકર કરી એક પુલ કટાક બહાનો ઇંગ્લાંડ માં ઍલબર્ટીક રમતમાં ફતેહની નામના કરી છે. આથી કરબનમાં ભારે ચાળા ચાળી થઇ રહી છે. આવા હુરસની ફતેહ! લીસ્ટમાં દક્ષુસનું નહિ નામ ને નિશાન. નહિ ત્રણમાં. નહિ તેરમાં ને નહિ છપન ના મેરમાં. ને તેની વાહ વાહ! હમ જરૂ તો, બગાસા ખાતા છપનના ફેરમાં ફેરવાઇ પડયા. નબળાનીબી ફતેહ ખરી!

મનાતા નબળા દીદી પણ જનરલ સ્મટસ ને અપકીર્તિરૂપી વરમાળ પહેરાવશે ને રણમાં રગદોળશે ખરા કે? સત્યાગ્રહ ખખળે, તે સ્મટસ સામેબ રગદો. જીજી...

* * *

જેલ મહેલ! સોનેરી નગરીના સોનેરી જેલી. આપણા સત્યાગ્રહી બહાદુર ભાઇ ઓએ જેલની સહેલ મારી, રેતીના કોથળા ફેરવાની કસરત કરી. અને પછી બપોરે પગપર પગ ચઢાવી મુછને તાલ દઇ બાજુપર બિરાજ્યા. બહારથી કુકાએ કોસે પાક ને બબીસે શાક રજુ કરયાં. એ મખમલા હાથા લો ઇસકાદ કા વયના. પુપુ જોઇ દીદીનાં મોઢાં તો બોબલાં બની ગયાં! પણ રસિકજી સરખાએ ખુણામાં યા મમને મુકયો. 'આ'! આઇબોના ઇસકાદ કામીના! હાહા વયના. બિચારો કુક વિચારમાં પડયો. "કની પુના વયના?" "મીના પુના લો રાહસ લો કરી!" "હું ઉં ઉં." તરેહ તજવીજનો વરસાદી મારા દેખું તો. અહીં શું કામ સિધાવ્યા? કાયદો તોડ્યા ને માન ખાટવા!

* * *

મોતીના મેહ! રસિકજી તો સવારમાં જલદી ઉઠી તાલમેલ થઇ લટીયાં પટીયાં સમારી વરઘેડામાં નવ વાગે સત્યાગ્રહી જેલીને લેવા નીકળી પડયા. પણ લાલાજી ને જેમ અરેક દેવા ઘરમાં લાવી મુકયા તેમ દેદીઓનો પતોજ નહિ. હાય, અરે! વળી આશું કસ્તક! સવારનું સરધસ સુકાય વા બે કલાક આગળ પાછીયું આપી દીધેલું! પકડા બાઇ મળ્યા. સેકન્ડ કરી. મીટીંગ ભરી. મોતીના વરસાદ વરસાવ્યા. કુકડે વધેવ્યા. બધે માન પાન તો બે દોઢીએ શેર!

* * *

બાપુ! જેલવાસીઓના માનમાં ફતેહ નસ્બરૂમાં હીંદુકોમ નીરી તરફથી જલસો કરી વાટ્સના નાદ અને દલાલની થાપ સાથે રીફ્રેશમેન્ટ આપવામાં આવ્યું હતું ભમા કકાની મીઠાશ તો બધે અમૃત! ચેરમેનની બારબીટનું કુરટ હોય તેવી કુરટ ની લહેજત! ફેન્સી બીસકુટના નકસી ને સાથે ઝરી કાંટાની ત્રેયટ જોઇ રસિકજી તો બોજલાની રમતમાં પડયા. ઝરી કાંટા બાપ જનમા જોએલા કેટો? ઝરીનું કામ ત્યાં-કાંટો ને કાંટાનું કામ ત્યા ભુકકો. બાપુ, ભુખે મુઆ ને મોહના મણા. ને ટીકડી-ટીકીટ કોધતાં ચરમ. આવ્યાં તે નકામાં!

ફેરીઆની ભરતી! જોહાન્સબરગમાં ફેરીઆ થોડા પડયા તે વળી હાલમાં ડર બનથી નવા ઘુસવા માંડયા છે. એ કોણ? ભેલા આપણા માસ્તર ગાંધી! બોલકરમાં તો હાંખલામાં પકડાવેલા અને દુબ રાક્ષસી ઓરડીનન્સના પંજામાં સપડાએ. બાપ જેલમાં સિધાવેલા ને દાકરે રહે? હા, ભાઇ, બાપ તેવા બેટા ને વડ તેવા ટેટા. સિધાવો બાપુ! કચનના મહેલ માં. રસિકજી બી કેટલી મુલાકાતે બે પગની ગાડી સવાર થઇને પધારશે! બાજુ દીજીએ! સાહેબ મહેરબાન.

રસીક

ઓન. મી. ખરેનો કાગળ

મુંબઇથી ઓન. મી. દાજી અબાજી ખરેએ હમીદીઆ ઇસલામીક સોસાયટીના પ્રમુખપર કાગળ લખ્યો છે. મી ખરે મુંબઇની પ્રેસીડન્સી કંસોસીએશનમાં આગેવાની પડતો ભાગ લેનાર હોવા ઉપરાંત અલ્હાબાદ ખાતે મળેલી કનવેનશનની મીટીંગ તરફથી ઓન. મી. ગોખલેની જગ્યાએ કોંગરેસના જોઇટ ઓન. સેક્રેટરી તરીકે થોડા વખતપર નીમાયા છે. તેમના કાગળનો સાર નીચે મુજબ છે :—

'ટ્રાંસવાલના હિંદીના બારામાં મે થોડું કાંઇ કરયું હોય તે માટે આભાર દરશાવનારો તમારી સોસાઇટીનો કાગળ મળ્યો. ખરું કહીએ તો વજુદ વાળા કામ તરીકે મેં માન ઓછું જ કરયું છે કે મુંબઇ વાથી મળતર મીટીંગ બોલાવવાના કામમાં મે ભાગ લીધો હતો. હું ધરાવું છું કે હું વધારે કામ કરી શકયો હોત. બતાં કમનશીબે હજુ એ સવાલ બની છે, અને મને લાગે છે કે આ બાબતમાં પોતાથી બને તેટલું કરવાની આંદ તમા બદાર વસ્તા દરેક હિંદીની ફરજ છે. વળી આ સવાલ સંબંધમાં ન્યાય તથા સત્ય આપણા પક્ષમા છે તે ઉપરાંત બધુ ગોરાઓની પણ આપણા તરફ દિલસોજી છે. વળી આ સવાલ હિંદુ તથા મુસલમાન બંનેને લગતો છે. આ સવાલ માટે આપણે બને તેટલું કરવું જોઇએ. જેવી રીતે આ સવાલમાં હિંદુ મુસલમાન એક છે તેમ દરેક બાબતમાં હોય તો કેવું સારું જેઓ આપણી વચ્ચે વલ્લાડ કરે છે તેમના હેતુઓ આ બંને કોમ સમજી શકે છે તે આપણે બતાવી આપવું જોઇએ છીએ. આપણાં દુઃખો એક તરફનાં છે;

તો પછી દરેક બાબતમાં આપણે એકજ બાબતે લડત કેમ ન લઇ શકીએ? હું કહેતો હતો કે તમારે ટ્રાંસવાલની સોસાયટીની વરતણૂકથી દિલમાં ઘણા મુસલમાન ભાઇઓ ખડા રહીએ.

તમારા કાગળ માટે ફરીથી તમારો આભાર માનું છું."

વડી પારલામેન્ટમાં હીંદી

કેપ

સર વિલ્યમ બુલે પુછ્યું કે:—

કેપમાં બાપુ નામના એક હીંદીપર ઈમીગ્રેશન કાયદાની કલમે કેસ ચાલ્યો હતો. તે ૧૯૦૬ની સાલ પહેલાં કેપમાં વસી ગયેલો હતો. હીંદુસ્તાન જતી વખતે તે પરમીટ નહીં લઇ ગયેલો. તે માણસ પાછો આવ્યો ત્યારે તેને કેપ બહાર કાઢી મુકવા કામ ચલાવવામાં આવ્યું તે વાત ઉપર કોલોનીયલ પ્રધાનનું ધ્યાન ખેંચાયું છે?

જવાબમાં મદદનીશ કોલોનીયલ પ્રધાન કરનલ સીલીએ જણાવ્યું કે:—

મજકુર હીંદી પરમીટ લઇ ગયો નહીં તેથી કાયદાની બીજી કલમો મુજબ તે આવી શકે એમ ન હોય તો તેને કોલોની બહાર કાઢી શકાય છે. ગેરસમજણ ટાળવા સારૂ ઇમીગ્રેશન ઓફીસર આફ્રિકા મોકલી આપવા એવી સુચના જરૂર કરી હતી. અને તેને કેપ સરકાર ધ્યાનમાં રાખશે જ. એથી છેવટનો શું કરાવ કરવો તેની હું તપાસ કરીશ.

મોઝાંબીક

મી. રીચે સવાલ પુછ્યો કે:—મોઝાં બીકના પોરટુગીઝ પ્રજાસત્તાકમાં જે એન્ટી-એશીઆટીક કાયદા થયા હોય તેના કાગળો પારલામેન્ટ આગળ રજુ કરશો?

કોલોનીઅલ સેક્રેટરી વતી મી. રેન્સી મેને જવાબ આપ્યો કે:—તે બાબતમાં કાંઇ ખબર મળેલ નથી; પણ તપાસ કરવામાં આવશે.

ટ્રાંસવાલ

મી. હેરોલ્ડ કોકસ:—ટ્રાંસવાલના સોનેરી કાયદા સંબંધમા કોલોનીઅલ સ્ટેટ સેક્રેટરીને ટ્રાંસવાલના ગવરનર તરફથી જવાબ મળ્યો કે નહિ? એ કાયદામાં અમુક કલમો પરે કલરડ લોકોપર અને તેની સાથે હીંદીઓપર ખાસ અટકાયતો નાખવામાં આવી છે.

કરનલ સીલી: ના. મહેરબાન એ સવાલનો જવાબ હજુ આવ્યો નથી. તેનો જવાબ આવવાને હજુ વખત લાગશે.

મી. કોકસ:—ટ્રાંસવાલના મ્યુનીસીપાલ બીલ ઉપર તમારૂં ધ્યાન ખેંચાયું છે? તે બીલ પરે મી. કરગરના વખતના ધારાઓ અમલમાં મકવાની વાત સાચી છે? તે ધારા પરે કલરડ લોકને પગપાળા પર ચાલતાં અટકાવાય તેમ છે, તથા કાફર અને એશીઆટીકને ફ્રામ ગાડીનો ઉપયોગ કરવાની અટકાયત થાય તેમ છે. જો આ ખરૂં હોય તો આ બાબતનો તમે ખુલાસો લેશો?

કરનલ સીલી:—તે બીલનો મુસદ્દો હજુ કોલોનીઅલ ઓફીસને મળ્યો નથી.

સર ગીલબરટ પારકર:—આ બીલનો મુસદ્દો અહીં ડેટલાકને મળ્યો છે છતાં કોલોનીઅલ ઓફીસને નથી મળ્યો તેનું કારણ સમજાવશો?

કરનલ સીલી:—મને બીક લાગે છે કે કાલ્પવડી હું તે નહિ સમજાવી શકું. તમારી ટીકા સંબંધમાં હું લખી પુછાવીશ.

સર વીલ્યમ બુલ:—ટ્રાંસવાલ સરકારે હીંદીઓ સાથે સમજુતી કરી ને રજીસ્ટર કાયદાને પડતો મુકયો, તથા હીંદીઓએ મરજીઆત રજીસ્ટર કઢાવ્યાં. એ મુજબ થએલી સમાધાનીમા કાગદો રદ થવાની વાત હતી કે નહિ તેવિષે તમને ખબર છે? સમાધાનીનો ભંગ થાય એવો સમય હોવાય. કરીને ટ્રાંસવાલમાં એશીઆટીક કલડ ઉભી થવાનો સંભવ છે તો હીંદી સરકાર કાંઇ પ્રબંધ લેશે?

મી. કોકસે પણ પુછ્યું કે:—સમાધાનીની શરતોમાંનો હીંદીના કબજા પ્રમાણે સરકાર છટકવા માગ છે. તેથી કરીને ટ્રાંસવાલમાં હીંદીઓ માટે દુઃખો ઉભાં થાય તેમ છે તે પર તમારૂ ધ્યાન ખેંચાયું છે? થવા જનેવારીની થએલી સમાધાનીમાં તમારો હાથ હતો? તેની શરતનો ભંગ થતાં અટકાવવા માટે વડી સરકાર પગલાં લેશે?

જવાબમાં કરનલ સીલીએ જણાવ્યું કે:—ગવરનર આગળ તપાસ કરાવી છે. તેનો જવાબ આવતા પહેલાં હું કાંઇ કહી શકું નહિ. સમાધાની બાબતમાં લો. એલગી। વચ્ચે પડેલ નથી. સમાધાની થઈ ત્યારે તે માટે લો. એલગીને સંતોષ બતાવ્યો હતો.

સર ચારલ્સ સુયાને હીંદી સ્ટેટ સેક્રેટરીને પુછ્યું કે:—ટ્રાંસવાલમાં હીંદી સવાલનો ઉભો થએલ સ્થિતની અમને ખબર છે? હીંદીઓ ફરિયાદ કરે છે કે ટ્રાંસવાલ સરકાર સમાધાનીની શરત પાળવા નથી માગતી. ટ્રાંસવાલમાં પાછા આવવાને હકદાર હોય તેવા હીંદીની સામે એશીઆટીક કાયદો લાગુ પાડવાનું ટ્રાંસવાલ સરકાર કહે છે. એ કાયદા સામે ગયા જનેવારીમાં હીંદુસ્તાનમાં બહુ લોક લાગણી ઉભી થઇ હતી તે ધ્યાનમાં લઇ ટ્રાંસવાલ સરકાર આમલ રજુઆત કરશે?

મી. બુકાનને જવાબમાં જણાવ્યું કે:—મી. મોરલીને એ બાબતમાં કાંઇ ખબર મળેલ નથી. કોલોનીઅલ સેક્રેટરીના જણાવ્યા પ્રમાણે ગવરનરને પુછવામાં આવ્યું છે. તેનો જવાબ આવતાં પહેલાં કાંઇ કહી શકાય નહિ.

મી. જે. એમ. રોબરટસને પુછ્યું કે:—મરજીઆત રજીસ્ટર થયાથી રજીસ્ટ્રેશન કાયદો પડતો મુકવામાં આવ્યો હતો? સમાધાનીમાં ટ્રાંસવાલ બહાર ગએલા પણ પાછા આવવાને હકદાર હોય તેવા હીંદીની વાત રાખવામાં આવી હતી? એ લોકને આવવા દેવાની વાત કરે ટ્રાંસવાલ સરકાર નથી પળાવા માગતી એ ખરૂં છે?

કરનલ સીલીએ જણાવ્યું કે:—તે માટે તપાસ કરવામાં આવશે.

તા. ૬ઠ્ઠી જુને મી. કોકસે ફરીથી પુછ્યું હતું કે સોનેરી કાયદા બાબતમ જવાબ મળ્યો?

કરનલ સીલીએ જવાબ આપ્યો કે હજુ જવાબની રાહ જોવાએ છીએ.

મી કોકસે મ્યુનીસીપાલ બીલવિષે ફરીથી સવાલ પુછ્યો.

કરનલ સીલીએ કહ્યું કે:—હવે સર મારની મંજુરી પહેલાં તે અમલમાં નહિ આવે. તે વિષે રીપોર્ટ મળશે.

નાતાલ

સર હેનરી કોટને પુછ્યું કે:— નાતાલમાં ઘણુ બીલ હાલમાં ઘરનાં છે. એક ગીરમીટ બંધ કરવાનું છે, બીજું હીંદીને ૧૯૦૮ પછી લાઇસેન્સ ન આપવાનું, ત્યા ત્રીજુ ૧૦ વરસમાં હીંદી વેપારી લાઇસેન્સ નાબુદ કરવાનું છે આ બીલો કેમી બેદ વાળાં છે એટલે તે વહી સરકારની મંજુરી માટે આવશે કે કેમ?

કરનલ સીલી - જણાવ્યું કે:—બીજું અને ત્રીજું બીલ જેમ છપાએલ છે તેમજ પાસ થશે તો તેને વહી સરકારની મંજુરી માટે રાખવાં પડશે.

સર હેનરી કોટન:—આ બીલોથી હીંદીઓને નાતાલમાં વેપાર કરતાં સાવ અટકાયવામાં આવે તેમ છે. ના તેની

વરતણુક બિલકુલ રજમાં કયાંય બતાવવા માં આવી નથી તે બાદ તમે અખબારમાં રાખશો !

સ્પીકરે જણાવ્યું કે:— તે અભિપ્રાયમાં મતફેર હોય.

મી. કેર હાર્ડીઃ—અટકાયત નવા લાઇસેન્સને લાગુ પાડવાની છે, કે જુનાને પણ?

કરનલ સીલ્લીઃ—મને ખાતરી નથી. હું તપાસ કરીને જવાબ આપીશ.

પારલામેંટમાં હર વખત હીંદીની વિરુદ્ધ બોલવા માટે અણુીતા થએલા મી રીડે પુછયું કે:—આપણે અદ્દીઆ દારનાં લાઇસેન્સ રદ કરવાના છીએ તેના જેવાંજ નાતાલનાં બીલ નથી !

કરનલ સીલ્લીઃ—મને નથી લાગતું કે તેમ હોય.

સર ગીલ્બરટ પારકરઃ—બીલના મુસદ્દા મળ્યા હોય તે પારલામેંટ આગળ રજુ કરશો ?

કરનલ સીલ્લીઃ—નાતાલ પારલામેંટમાં તે દાખલ થાય તે પછી તે અહીં રજુ કરવાં તે વધારે ડહાપણ ભરેલું છે.

મી. કેર હાર્ડીઃ—વડી સરકારની મંજુરી માટે તે રાખવામાં આવે એવી સુચના કરશો ?

કરનલ સીલ્લીઃ—તે એવી તરેહનાં છે કે મંજુરી માટે રાખવાંજ પડે.

ડરબન હીંદુ સ્મશાન

સેક્રેટરી લખે છે કે:—આ ફંડની તા ૧-૭-૦૮ના રોજ શીલીક પા. ૬૮-૧-૧૭ છે. જે પૈકી પા. ૧૮-૦-૦ તે ફંડને નામે બેંકમાં જમા છે, બાકી શી. ૧/૭ સેક્રેટરી પાસે રોકડી છે.

સ્મશાન જુની આંધવાને આજે લગભગ ચાર વરસ થયાં છે, તેમાં આજ દિવસ સુધી ૧૨ લાસોને અગ્નિ સંસ્કાર કરવામાં આવેલ છે. તેની વિગત નીચે મુજબ છેઃ—

જીલ્લાવારઃ મુંબઇ પ્રેસી૦ ૬૪, કલકત્તા પ્રેસી૦ ૧૦, મદ્રાસ પ્રેસી૦ ૭, મુલ્ક તાની ૧, કુલ ૫૨.

વરસવાર મરણઃ મરદ ૨૮, બાયલ ૨૩, છોકરાં ૧, કુલ ૫૨.

ચાર્જવારઃ ચાર્જ લઇને ૨૪, કી તરીકે ૨૮, કુલ ૫૨.

જાતવારઃ કોળી ૧, ઘોઘી ૪, દરજી ૩, ગોવી ૨, કોની ૧૫, દેસાઇ ૧, કણબી ૩, બ્રાહ્મણ ૩, ક્ષત્રી ૧૪, સુતાર ૧, પાંચી ૧, બાયલ ૧, વાણીઆ ૧, ચાળંદ ૧, ખત્રી ૧, કુલ ૫૨.

રોગવારઃ સંધીવા ૧, ક્ષય ૧૦, તાવ ૧૭, ચેસ્ટર ૧, ખુન ૧, દારૂ વધારે પીવાથી ૧, કલેજાનું દરદ ૩, આંઠ ૧, ઝેર ૧, મરડો ૨, મગેરીઆ ૮, કુદરતી ૪, સુવાવડ ૨, કુલ ૫૨.

મુંબઇમાં અશાંતિ

(૩૮૨)

તા. ૨૪ મીના તારમાં જણાવવામાં આવે છે કે પરેલની બધી મીલોના કામ દારોએ હડતાળ પાડી છે. બાયખાળા, તથા વુરલીની મીલો કામદારો વગર બંધ રહી છે.

તા. ૨૩ મીએ મીલ કામદારો સંબંધ માં ગંભીર તોફાન થયું હતું. મોદીનું એક જંગી ટોળું પરેલમાં જમા થયું. અને મીલના માલને નુકસાન પહોંચાડવા માંડયું. દેશી પોલીસવાળા વચ્ચે પડયા ત્યારે તેનાપર પથરાનો વરસાદ વરસાવવા માં આવ્યો. તેથી પોલીસના કેટલાક માણસોને ઇજા થઇ. તેથી ગોરી પોલીસ ને બોલાવવાની જરૂર પડી. પોલીસ કમીશનરને પથરા વાગવાથી કેટલીક ઇજા થઇ. તેણે રાત દિવસ પહેરો ભર્યો, તથા લોકોને વિખેરી નાખવા અને દેશી પોલીસને હુમલવા ગોરી પોલીસને હુકમ આપ્યા. હડતાળ પાડનારાઓએ ગોરી પોલીસપર પથરાનો વરસાદ વરસાવ્યો, જેથી પોલીસે ગોળીઓ છોડી.

છતાં હડતાળ પાડનારાઓ વિખરાયા નહિ. તેથી બોડેસ્વાર લશ્કરને બોલાવવા માં આવ્યું. હડતાળ પાડનારાઓએ પથરા નો વરસાદ ચાલુ રાખ્યો ને તેથી પોલીસે એક સામટી બંદુકો છોડી મોટો ધડાકો કર્યો. તેથી કેટલાક મજુરો પડી ગયા, પણ પછી ઉઠીને દોડીને વિખરાઇ ગયા. છોડવામાં આવેલી ગોળીથી એક માણસ મરણ પામ્યો, તથા બીજા ૬ ને ઇજા થઇ.

આ હડતાળથી મુંબઇમાં ઘણી અશાંતિ ફેલાઇ હતી. શહેરના ભાગમાં સખત પોલીસ પહેરો રાખવામાં આવ્યો હતો ગોરા લોકો ગામમાં અહાર નાકળી શકયા નહોતા. ભાયખાળામાં રહેતા ગોરાઓને બચાવને લીધે પોતાનાં ઘર છોડીને કોટમાં હોટેલોની અંદર રહેવા જવું પડયું હતું.

સાંજરે હડતાળ પાડનારાઓએ એક રેલ્વે સ્ટેશન ઉડાડી દેવાની કોશીશ કરી હતી. તેઓ મેલ ટ્રેનને અટકાવી પાડવા માં કાવી શકયા હતા. પાછળથી એક પોલીસપર હુમલો કરવામાં આવ્યો હતો. ફરીથી ગોળીના બાર એક સામટા કરવામાં આવ્યા. જેમાં ૫ માણસો મરણ પામ્યાં હતાં, તથા ૪૩ ઘાયલ થયાં હતાં. ૩૮૨ જણાવે છે કે હડતાળ વધતી જાય છે, અને બધાં લશ્કરને મેદાનમાં બોલાવવાની જરૂર પડી છે.

તા. ૨૫ મીના તારમાં જણાવવામાં આવે છે કે શ્રીયુત તીલકને દેશવટાની સજા થઇ તેની દિલગીરીમાં મુંબઇમાં પરેલની મીલોના કામદારોએ હડતાળ પાડી હતી, તથા પરેલની મીલોને ઘેરી લઇ તોફાન મચાવ્યું હતું: અને પોલીસપર પથરાનો વરસાદ વરસાવ્યો હતો. પોલીસે લોકોના ટોળાંપર બંદુકો છોડી હતી, જેમાં ચાર માણસ મરણ પામ્યાં હતાં, તથા ઘણાં ઘાયલ થયાં હતાં

આ તોફાનને લીધે મુંબઇમાં બજાર બંધ રહ્યું હતું. પોલીસે લોકોપર બધુ ગોળીઓ છોડી હતી તેમાં કેટલાંક માણસ મરણ પામ્યાં હતાં.

One of the most remarkable gatherings of the members of the Church of England has been witnessed in London during June. Delegates came from all parts of the world to take part in what was curiously termed the Pan-Anglican Congress. Bishops were as plentiful as gooseberries, and high dignitaries, from Archbishops downwards, mingled with the humble curate and the missionary in the fortnight's deliberations. The object of the Congress was to realise the Church's position and attitude towards the world to-day, not only at home but abroad, and some very plain speaking was heard as to the responsibility of Christians in example and life among non-Christian peoples. Missionary work was dealt with, of course, from many points of view, and the wisdom of sympathetic understanding of other religious beliefs was insisted upon. But such subjects as journalism, art, municipal trading, education, and the training of teachers were considered as well as specifically religious subjects, and it may be interesting to readers of INDIAN OPINION to know that Mr. St. Loe Strachey, a journalist of experience, favours anonymity in newspaper articles and considers that the proprietor of a paper should be rich through his paper, to prevent the danger of articles being "bought." It was gratifying to find that the coloured ecclesiastics of the Church of England were received with conspicuous cordiality, and the Bishop of London, summing up the results of the Congress, declared that the great truth of universal brotherhood had received a new meaning and impetus.

A Record Garden Party at Windsor

The climax of the Congress was the royal garden party at Windsor Castle when the delegates were invited to meet representatives of the great activities of the nation's life: nearly all shades of thought in religion, art, and literature were personified, and also the Britains overseas. The King, the Queen, and all the members of their

family did their utmost to ensure the pleasure of their eight thousand guests, and one incident of the afternoon will be read by Indians with especial gratification. Among the invited guests was the venerable Parsi lady, Mrs. Dovebai Cowasji Josawalla, who is completing a voyage round the world with her two sons. She is more than seventy years of age and was the first Parsi lady to receive a western education. The King and the Queen made a point of talking at length to her and they accepted from her some beautiful specimens of her own embroidery—a cap, ornamented with miniatures of the Royal Family and surmounted by a gold crown, and a decoration for a dress, worked in gold and silver thread and studded with jewels. The old lady, on parting, blessed Their Majesties in oriental fashion. India was well represented by several of her ruling Princes, including the Jam of Nawanagar, and their rich oriental costumes added to the brilliancy of the gathering in its beautiful setting amid green trees and velvety lawns, with the old Castle as a background. I must mention here that the Jam—still familiarly called 'Ranji'—has played several times during June with his old cricket Eleven, Sussex, and has shown his old form, running up a century and a half with consummate ease and in perfect style.

Lord Morley, Author and Statesman

Among the books of the month that have created more than usual interest is a new volume of essays from the pen of Lord Morley, "Miscellanies," Macmillan, 7s. 6d. net; most of the essays have appeared in the monthly or other Reviews, and include such subjects as Mr. Hobhouse's "Democracy and Reaction," Mr. Lecky's "Democracy and Liberty," Machiavelli Guicciardini, the Positivist Calendar. The volume has much of the old John Morley in it, and his outlook on the present is decidedly optimistic. He maintains that "what guides, inspires, and sustains modern democracy is conviction of upward and onward progress in the destinies of mankind," and that "the will to progress" is one of the greatest achievements of the last hundred and fifty years. Incidently, he mentions that the present House of Commons "is the best of the seven Parliaments in which I have sat," and he considers that to hold office not only reveals a man to others but reveals him to himself—sometimes to his great surprise.

Yesterday Lord Morley made his first speech as a peer in the House of Lords in a debate initiated by Lord Curzon on external and internal policy in India. Lord Cromer, Lord Ampthill, Viscount Middleton, Lord Courtney, and Lord Lamington also took part. Lord Morley's reply to the ex-Viceroy's attack on the foreign policy of the Indian Government was spirited, and he condemned Sir Bamfylde Fuller's recent letter to *The Times* under the dramatic heading, "*Patuse.*" He would not re-open the question of the partition of Bengal, but he reiterated the intention of the Government to introduce real measures of reform and "adumbrated" vaguely the inclusion of Indians in executive councils. The debate attracted a full House, and every available inch of space set apart for ladies was occupied.

OBSERVER.

Asiatic Immigration

Proposed Conference

The Vancouver Correspondent of *The Times*, writing on the 7th ulto., says:

Much interest is being taken on the Pacific Coast in the proposal that an international conference should be held to discuss the entire question of Oriental emigration to occidental countries. It is reported that Mr. Henry Reid, director of exploitation for the Alaska-Yukon Pacific Exposition, which is to be opened at Seattle next year, has been in correspondence with Mr. Miller, the United States Consul-General at Yokohama, regarding the subject, and a proposal has been made that the conference should be held at Seattle in 1909. It is pointed out that Seattle is in an exceptional position compared with other large ports on the Pacific Coast. No anti-Oriental riots have ever occurred there, Asiatics having always been well treated. It is asserted that it would be a mistake to hold the conference in Europe, as it is on the Pacific Coast that the questions to be discussed are felt most acutely.

Wu Ting-Fang, the new Chinese Minister to the United States, has expressed himself as strongly in favour of the proposed conference.

A Challenge

Mr Parsee Rustomjee writes as follows to the *Natal Mercury*:—

Sir,—During the discussion in Parliament over the Licensing Bill, Mr. Dan Taylor stated that an Indian trader had told him that he (the Indian trader) kept seven servants, his wife, self, and three children on 4s a day. Now sir, I brand that statement as a weird and wild one, and, further, challenge Mr Taylor to prove the truth of it. When I say "prove" it, I mean what I say. I do not mean that Mr. Taylor should come forward and say "So-and-So told me." The proof I require is that Mr. Taylor should produce the said trader to you, or some reputable public man. If Mr. Taylor is game enough to accept this challenge, I am willing to forfeit the sum of £5, which I herewith beg to lodge with you, on the condition that, should he decline, or confess his inability so to do, he should forfeit a similar sum, my money to go to any charitable purpose he may wish, and his money to any I may choose; this challenge to stand good for one week, at the expiration of which time, should he fail to take it up, I reserve to myself the right to give the general public the chance of drawing their own conclusions as to the veracity of Mr. Dan Taylor.

INDIANS ON TRAM CARS. At a meeting of the Durban Town Council, Mr. Payne, speaking under the head of "general business," considered that the time had arrived when the Council should take some steps in connection with preventing the inconvenience occasioned to the travelling public through being crowded on the tram cars by Indians or natives. The coloured traffic, he should say, from observation, had increased considerably during the past twelve months, and he thought the time had arrived when something should be done to meet that traffic. (Hear, hear.) The traffic, he considered, was a growing one, and one which would repay the Department for any extra expense involved in the matter. At the present time many Indians and natives did not use the cars because they appreciated the fact that they were not wanted. Both in the interests of the travelling European public and that of the Indians and natives, the Council, he thought, should take steps in the matter. He proposed that the Tramways Manager be asked to report on the Indian and native traffic on the tram cars. He suggested the setting apart of separate cars.—*Natal Mercury.*

Late News

[SPECIAL TELEGRAMS]

Johannesburg,

Thursday.

The Johannesburg Municipality, on the invitation of the Transvaal Municipal Association, reaffirmed the resolution urging the retention of the Asiatic Act.

Two hawkers have been arrested at Germiston for hawking without licences. Mr. Gandhi defended.

Unlicenced hawking along the Rand continues.

GUSTAV BOCKRIS,

WHOLESALE MERCHANT,

21 Simmonds St., Box 3440, JOHANNESBURG

દરેક જાતનો કાપડબજાર અમારે ત્યાં દર અઠવાડીએ નવો આવે છે જેવા કે:—
ગેરસેાનાં કપડાં, બ્લાઉઝીસ, નાઇટ ગાઉન્સ, સ્કર્ટીસ, ઊંચા...ઓ માટેનો ફેન્સી...સામાન
ફ્લાવર્સ, બીબ્સ, ટોપી, કાનટોપી, બાલર, ઉનની શાલ, રૂમાલ, બનપટા, ઘેસ, દરેક જાતનો
રેડમી સામાન વિગેરે વિગેરે.

અમારે ત્યાં ઉંચી જાતના ચીનાઈ પ્યાલા, રકાબી જુદી જુદી જાતનો...ફેન્સી બાલ
બાસુડા તથા સ્ટેશનરી વિગેરે સામાનનો મોટો જથ્થો રાખવામાં આવે છે. દરેક માલ
મોકાયત દામથી તથા બરાબર સંભાળથી પેક કરી મોકલવામાં આવે છે

એક વખત ઓરડર મોકલી ખાત્રી કરશો.

આર્ટ પેપર ઉપર છાપેલા
સુંદર ફોટોગ્રાફ.

માનવંતા દાદાભાઇ નવરોજજી.
ઓ. જરીસ અહમદીન તયબજી
મા. એમ. એચ. નાજર.
ગોડફ્રન સ્ટ્રેચર બેરર કોર.
અફઘાનિસ્તાનના અમીર
મી. અમીરૂદીન કુજાર.
મેસર્સ એમ. કે. ગાંધી, અને એચ. ઓ.
અલી.

કિમત: દરેકની પેની એક. પોસ્ટેજ
અડધી પેની.

કેપ ટ્રાંસવાલ તથા રોડેશીઆના પણ
ટપાલ સ્વીકારવામાં આવે છે.

મુસ્તફા કામેલ પાશાનું ભાષણ

—•—

ઉપરનું લખાણ "ઓપિનિયનની" ડાયરી
ના આકારમાં ૪૦–૫૦ પાનાંના એક
દળદાર પુસ્તકરૂપે છપાઇને બહાર પડેલ
છે. ઇજીપ્તના એક દેશભક્ત તથા
ઇસ્લામના એક ખેરખ્વાહ તરીકે,
તેમજ એક પ્રસિદ્ધ રાજદ્વારી એકત્રી
મીસ્ટ અથવા નેશનાલીસ્ટ તરીકે મુસ્તફા
કામેલ પાશાના વિચારો દરશાવનારૂં આ
પુસ્તક રાખવાનો દરેક હીંદીને શોખ મળે
એવા હેતુથી તેની કીંમત માત્ર ૬ પેની
રાખવામાં આવી છે. ગ્રાહક થનારે
પુરત નીચેના સરનામે લખવું.

I. P. Press, Phœnix, Natal.

ઇંડિયન ઓપીનોઅન ડાયરી
સને ૧૯૦૮

કીમત ૬/૬ પોસ્ટેજ ૧ પેની.

ઇંડિયન મર્ચંટીંગ પ્રેસ તરફથી
બહાર પાડવામાં આવેલાં પુસ્તકો.

	s.	d.
The Ethics Passive Resistance	0	3
Bhagavat Gita	1	0
The Story of the Ramayan	0	6
A Book—and its Misnomer	0	6
કાયદા સામે થવાની કરજ.	0	2
ટ્રાન્સવાલનો ખુની કાયદો.	0	6
ગેલનાં કાવ્ય.	0	1
ઇ. ઓ. ડાયરી ૧૯૦૮	0	6
મારો જેલનો અનુભવ.	0	6
મુસ્તફા કામેલ પાશાનું જીવન ચરિત્ર	0	3
એક સત્યવીરની કથા.	0	3
સત્યાગ્રહ (ઇનામી નિબંધ)	0	5
સંગ્રહ	0	6

ટપાલ મારફત મંગાવનાર માટે પોસ્ટેજ
અર્થે પેની બે વધુ કેમ્બ્રીક ટેલીગીતા
ટપાલ સ્વીકારવામાં આવે છે.

મળવાનું ઠેકાણું:—

ઇંડિયન મર્ચંટીંગ પ્રેસ,
ફીનીક્સ, નતાલ.

વેચવાની છે.

એક સારી જંગલની મોકાની દુકાન

પુછોઃ— અહમદ બેયાત.

૪૭ ચર્ચ સ્ટ્રીટ, પી. એમ. બર્ગ.

મુ. મુ. ક ા ય ુ ઉ,
ઇંડિયન ઓપીનીઅન બીલ્ડીંગ,
58 લાંગસ્ટ્રીટ, ફોનિક્સ (નેટાલ).
પાર્સલપોસ્ટથી સસ્તામાં રવાનગી
તુરતઃ વોલર્સ પ્રિન્ટ બટ્ટર્સ
કાંજી ગાળવાઃ "ઉ ા ં ા ા"
Cuttle સાબુપેટ.

જાહેર ખબર

આ જાહેર ખબરથી ખબર કરવામાં
આવેછે કે કીંબરલીમાં ડોમસ્ટેકમાં હમારી
ઇંડિઅન હોઝરી છે જે તા. ૧૬ જુલાઇથી
તા. ૩૦ અગસ્ટ સુધીમાં વેચવાની છે
કોઇપણ વસ્તુઓ રાખવી હોય તો ફરમાવત
કામથી આપીશું.

વધુ ખબરમાટે નીચેને સરનામે લખવું
અમર બને મળીશું.

પી. ઓ. બો. ૧૨૨. કીંબરલી.
લી. વસનજી હરીભાઇ.

સદ્વિચાર

નામાંકિત લેખક રસ્કીનના 'અનટુ ધી લાસ્ટ' નામના લોકપ્રિય અંગ્રેજી પુસ્તકનું ગુજરાતી તારજુ

રસ્કીન એક મહાન વિદ્વાન અને પ્રસિદ્ધ
લેખક થઇ ગયો. તેનાં લખાણો આજે
સુધરેલી પ્રજામાં ઘેર ઘેર વંચાય છે. તેણે
બનાવેલા ઉપરના પુસ્તકની લાખો નકલો
છપાઇ ને ખપી ગઇ છે. જુદી જુદી ભાષા
ઓમાં તેના તરજુમાઓ થયા છે. તેનાં
લખાણ નીતિરસની ઉપમાઓથી ભરેલાં
છે. જીવનમાંને પામવા ઇચ્છનારી દરેક
પ્રજાએ તેનું અવશ્ય મનન કરવા જેવા
હોવાથી અમારા ગુજરાતી વાંચનારાઓને
તેના લાભ આપવા અમે એ પુસ્તકનું
તારજુ આપ્યું છે. અને આપને અકેવા
ડીએ તે પુસ્તકરૂપે છપાઇજાહેર પડશે.

કિંમત ૯ પેની.

લખોઃ— I. P. Press,
Phœnix, Natal.

ટ્રાન્સવાલ રજીસ્ટ્રેશન
☼ ☼ કાયદો.

ખુનો કાયદો. તેના ધારા તથા તેને
લગતી ફીસ પ્રીજરવેશન કાયદાના
કલમોનો ગુજરાતીમાં તરજુમો.

કિંમત ૬ પેની. પોસ્ટેજ એક પેનો

કાફર આફ્રિકાના કાઉપણ ટપાલ સ્વીકાર
થાય નહીં.

ઇન્ડિઅન ઓપિનિઅન.

પુસ્તક ૬. ફીનોકસ, શનીવાર, તારીખ ૮મી આગષ્ટ, ૧૯૦૮. અંક ૩૨.

અઠવાડીક પંચાંગ.

શ્રાવણ—તા૦ ૮ ઓગસ્ટથી, તા૦ ૧૪મી ઓગસ્ટ સુધી, ૪૦ સ૦ ૧૯૦૮.

હીંદુ—શ્રાવણ સુદ ૧૧ થી. શ્રાવણ વદ ૩ સંવત ૧૯૬૪

મુસલમાનો—તા૦ ૧૦મી રજબથી ૧૬મી રજબ સુધી, ૧૩૨૬ હીજરી.

વાર.	સુર્યોદય તારીખ.	ચંદ્ર તીથી.	સુર્યાસ્તની તારીખ.	પારસી રોજ.	સુર્યોદય	સુર્યાસ્ત.
					ક. મી.	ક. મી.
રવી..	૮	૧૧	૧૦	૦	૬ ૩૦	૫ ૨૬
સોમ.	૯	૧૨	૧૧	૧	૬ ૩૬	૫ ૨૭
મંગ.	૧૦	૧૩	૧૨	૨	૬ ૩૫	૫ ૨૭
બુધ.	૧૧	૧૪	૧૩	૩	૬ ૩૪	૫ ૨૮
ગુરૂ.	૧૨	૧૫	૧૪	૪	૬ ૩૩	૫ ૨૯
શુક્ર.	૧૩	૧	૧૫	૫	૬ ૩૩	૫ ૨૯
શુક.	૧૪	૩	૧૬	૬	૬ ૩૧	૫ ૩૦

અનુક્રમણિકા.

કેળવાએલાની ફરજ ... — ... ૫૧૧
રહાંડરટનના બહાદુર હીંદી ૫૧૨
નાતાલની ધારા ... ... ,,
મી. નાઈડુની સેવા ... ... ,,
એક પારસી બાઇનો ખુલાસો ... ... ,,
સરકારની સારમાણસાઇ ૫૧૩
!!! રમુજ રંગ !!! ... ... ,,
ચડી પારણામેંટમાં હીંદી ... ... ,,
એડવર્ડસબરગનો બનાવ ૫૧૪
ઉલ્લા બબરો ૫૧૫
એડવર્ડસબરગમાં ગોરી પરમીટનો રેસ... ૫૧૬
પ્રીટોરીઆમાં ગોરી પરમીટનો રેસ... ,,
બ્લાવરી રજીસ્ટ્રેશન સરકીરીકેટ ... ૫૧૭
પ્રીટોરીઆ અંજુમન ઇસલામ ... ,,
ટ્રાંસવાલની બેઠક ૫૧૮
ચાલુ વરતમાન ... ... ,,
નાતાલ પારલામેંટ ૫૧૯
જોહાનિસબર્ગ ઈંડિઅન લાઈબ્રેરી ... ૫૨૦
દરરના તાર સમાચાર ... ... ,,
નાતાલના હીંદી બાળક વિલાયતના છાપામાં કામણ ૫૨૧
હમીદીઆ ઈસ્લામીક સોસાયટી ... ૫૨૨
બી. હ. હીરાની મીટીંગ ૫૨૩
ગ્રાહક આફરીન શ્રી. મ. ગો. નીમરજી ૫૨૪
પોતાના દીકરાને જેલ મોકલવા બાબત મી. ગાંધીનો ખુલાસો... ... ... ,,
સત્યાગ્રહીને સુચના ૫૨૫
પરબુરણ બાબત ... ... ,,
હાલની કેરટની તોહોમતો. ચાર્જ ... ૫૨૬

ઇંડિઅન ઓપિનિઅન.

શનીવાર, તા. ૮મી આગષ્ટ, ૧૯૦૮.

કેળવાએલાની ફરજ

VIII-429

કેળવાએલા હીંદી અથવા જે હીંદી પોતાને કેળવાએલા માને છે તેઓ ટ્રાંસવાલમાં દાખલ થઇ મી મોરાબજીની સાથે જેલના ભોગી થવા આતુર થઇ રહ્યા છે. આ તેઓની સ્વદેશભક્તિ બતાવે છે. પણ દુનેશાં આપણી ધારણા પ્રમાણે ભક્તિ કરી શકાતી નથી. તે બધી ભક્તિ ગણાય નહિ. બધા સિપાહી થવા માગે ને રણ માં મરવા માગે તો તે નથી બની શકતું. કેટલાકને રણની બહાર રહેવું એ મોટી ફરજ છે. તેમજ કેળવાએલા હીંદીનું સમજવું. મી. સોરાબજી એકજ દાવ તો જેલમાં બસ છે એટલે કે કેળવાએલા ગાંધી અને ઇમીગ્રેશન કાયદાની ઇચ્છે જેલ માં જવા લાયક. દરમીઆન જેઓ નાતાલ માં તથા બીજી જગ્યાએ કેળવાએલા હીંદી છે તેઓએ બચવાં પહેરવાં જોઇએ એટલે કે દીલ બચવાં રાખવાં. પોતાની કેળવણી દેશ હિતાર્થે અર્પણ કરવી અને જેઓ ટ્રાંસવાલમાં જઇ શકે એવા હકદાર છે તેઓને તૈયાર કરવાને ચરખા ચાલુ કરવું. ટ્રાંસવાલમાં આવવાનો હક મેળવી શકે એવા ડરના ત્રણ પાઉંડના રજીસ્ટરવાળા તથા રજીસ્ટર વગરના પણ લાયક પહેલાં ટ્રાંસવાલમાં લાંબી મુદત રહેલા તમા જેઓની પાસે લડાઈ પહેલાંનાં પરમીટ રજીસ્ટર હોય તે. - આ બધા હીંદી ખરા હોવા જોઇએ. બનાવટીનું કામ નથી. બનાવટી તૈયાર થશે તો આપણે હારી જવાના. આવા હીંદી ને તેમાંએ ઉલ્લા વર્ગના એટલે લડાઇ પહેલાના પરમીટ રજીસ્ટરવાળાને ટ્રાંસવાલમાં દાખલ થવાને સારૂ તૈયાર કરવા, તેમનો બતાવવું કે ટ્રાંસવાલની સરહદ ઉપર દાખલ થતાં તેઓના અંગુઠા કે સહી માગશે. તે આપ વાની તેઓએ ના પાડવી. ના પાડતાં કેદની હકદે. ઉતરવું, જેલ ન ભરવે. તે પોલીસ સ્ટેશનમાં રહેવું. જેલ ચાલે ત્યારે હાજર થવું. કંઇ કામ બતાવે જેલ મળે. દંડ ન ભરવો પણ હસતે મુખે જેલ જવું. આ પ્રમાણે હકદાર હીંદીને સમજાવવું. આવું કામ કરવાને જેઓ તૈયાર છે તેવા હીંદીએ ત્રિટીશ ઇંડિઅન એસોસીએશનને નામ મોકલવું. હકદાર હીંદી જેલમાં ગયે ત્યારે એસોસીએશનને ખબર આપવા.

કેળવાએલ દેશભક્ત હીંદીએ ત્રેનો તપાસવી. તેમાં કયા હીંદી બચ છે તે જોવું અને તેઓને ઉપલી બીનાથી બરોબર બંધુ કરવા અને એસોસીએશનને ખબર આપવી.

સહુ હીંદીએ સમજવાની જરૂર છે કે ટ્રાંસવાલની લડતમાં આપણા દક્ષિણ આફ્રિકાના હીંદીનો સ્વાર્થ છે. ટ્રાંસવાલમાં હીંદી હાર્યા તો બીજે હીંદીની સલામત હાર થશે. ટ્રાંસવાલમાં જે આજ લગી થયું છે એનું દુનિયાના બીજા કોઇ ભાગ માં હીંદીએ નથી કર્યું. હીંદુસ્તાનમાં પણ એનો રણ સંગ્રામ નથી ખેલ્યો. ટ્રાંસવાલની લડાઇ અત્યંત ગૌરવમા અને પવિત્ર છે. તેમાં સ્વમાનકતા તથા સમયત બંનેનું સુખ સમાએલું છે.

લડતનું સ્વરૂપ આ છે. નાના મોટા બધા હીંદી પોતાની ખરી સ્વતંત્રતા ગાણે. ગુલામીમાંથી છુટવાનો અંકુર રોપે ને જેલનાં કે બીજાં દુઃખથી નિરાશ થાય આમ થાય એટલે તેવા હીંદીને આજેજ રવાના કરે. તે આજેજ છુટવા છે. તેનું પરિણામ પણે એ જોવે કે કાયદાઓ ઢીલે. ગોરાઓ બજારે માન આપતા થાય. સ્ટેશન વિગેરેમાં જવાનું બંધ થાય. આ વિચાર સમજીને રાખી રાખવા જેવો છે.

જેઓ હીંદની સેવા કરવા ઇચ્છતા હોય તેઓએ પોતાનો અંગત સ્વાર્થ સાધવાના વિચાર તદ્દન છોડી દેવાના છે.

મી. સો. કે. નાઇડુ

દેશ સેવાને માટે કલણીત થયેલા મી. નાયડુની ઓળખાણ કરાવવા આજના અંકે આપે અમે તેનો બબો આપવાનું ધાર્યું.

સ્ટાંડરટનના બહાદુર હિંદી

સ્ટાંડરટનના તેર વેપારી પોતાની આબરૂ, પોતાના કસમ અને પોતાની કોમને ખાતર ચઉદ દહાડાની સખત જેલ ભોગવવા ગયા છે. અને સારૂ અમે તેઓને મુબારક બાદી આપીએ છીએ. સ્ટેાડરટનના હિંદીને આ મદદ થવા જેવી માનવી છે. જે કેસેા હમણાં સુધી થઈ ગયા છે તેના કરતાં આ જુદી જાતના કેસ છે. સહજ પણ આકરી ગણાય એવી સામટા તેર જણને પકડવાની દાખલેા સ્ટાંડરટન માંહેજ આ બીજી વખતમાં જોવામાં આવ્યેા છે. જેવું જોર સ્ટેાડરટનને બતાવ્યું છે તેવું જ બધા હિંદી બતાવશે તેા છુટકારેા થતાં વખત નથી જવાનેા. આમ બધાં હિંદીને જેલમાં મેાકલ્યા પછી જો હિંદી કોમ બેસી રહેશે અથવા તેા સરકારને શરણે થશે તેા તેને નામેાશી સામટી તે જેલ જનારાઓની હાય લાગશે એ દરેક હિંદી એ યાદ રાખવાનું છે.

નાતાલની લડત

નાતાલનેા લાસ્સે-સનેા કાયદેા ભયંકર છે. તે બાબત હીંદી કોમે તુરત ઇલાજ લેવાની બહુ જરૂર છે તે કાયદેા ચઢી સરકાર મંજુર કરે એમ માનવાનું કારણ નથી. પણ "ચેતતા નર સદાય સુખી" એ કહેવત પ્રમાણે આપણે સુખી રહેવું હેાય તેા આજથી ચેતવાનું છે. આ વખતે કાયદેા કદાચ પસાર નહિ થાય. છતાં તેની અસર રહી જશે. મી. ટેલર બેાલ્યા છે કે એક વખતે નામંજુર થાય તેા બીજી વેળા વિલાયત મેાકલવેા ને ત્યાં સુધી મંજુર ન થાય ત્યાંસુધી એમ કબજો કરવું આવુ થાય તેની સામે ઇલાજ એક જ છે. તે સત્યાગ્રહની લડત. દર વરસે લાસ્સેન્સેા ઘસાતી જાય છે એ સહુ કોઇને છે આવા નિર્ણયમાં હીંદી જો બળ નહિ કરે તેા સુખે નહિ રહે. વળી સરકાર ઉપર નજર રાખીને બેસી રહેવું એ બસ નથી વળી સરકારને અરજ કરવાનેા અધિકાર રહેલેા છે તે સત્યાગ્રહનેા તેની પાછળ આ બધેા વિચાર થાય. તેટલા હીંમત હીંદીમાં છે કે નહિ તે જોવાને વખત હવે આવેા આવે છે. અમે ઉમેદ રાખીએ કે તેનેા તાબડતેાબ હીંદી વેપારીએ કરશે.

મી. નાયડુનેા સેવા

આજકાલ ટ્રાંસવાલમાં હીંદી કોમ માટે બેાગ અપનારમાં એક આગેવાન મી નાયડુની કોમી સેવા સંબંધમાં રેવરંડ ડોકનેા નીચે મુજબ કાગળ 'લીડર'માં પ્રગટ થયેા છે:—

મી. નાયડુ હાલ જે કરજદારે તેની કોમમાં ભોગવે છે તે તેની વરસેાની સેવા તથા તેના ઉંચા સદ્‌ગુણેાને લીધે છે. તેની ઉપર તેની કોમના દરેક માણસને ભરેસેા છે અગાઉ ફેરીવારી માં તે જેલમાં ગએલ છે. સમાધાની થઇ તેમાં તેણે - દી કરી હતી. જ્યારે હુમલેા થએલેા ત્યારે મી. ગાંધીને મેાત મોંથી બચાવવા તેણે પેાતાથી બનતું કરેલું તેમાં તેને પેાતાને મરણતોલ માર પડયેા. તેમાંથી હજુ તે માંડ સાજા થએલ ત્યાં તેણે રજીસ્ટર ઓફીસે જઇ સરકારને બનતી મદદ આપવા માંડી તે વખતે હીંદી આગેવાનેાએ સમાધાનીને લગતી પેાતાની ફરજ બજાવવા માટે મહેનત લેવામાં કચાસ રાખી નહેાતી. મી. ગાંધી, મી. નાયડુ, મી. ઇસપમીઆ અને એવા બીજા પાસેથી સરકાર કરી આંકણાં માગી થકે તેમ નહેાતી. છતાં સરકારને ઓળખાણના પુરતાં સાધન મળે તેટલા માટે અગાઉ આપવાની તેમણે મહેનત કરી. તેમણે તેમ કરવામાં હદથી જ્યાદા મદદ આપી. આ તામીલ આગેવાને પેાતાને માથે હજુ તેા પડવાની બાકી હતા તેવી સ્થિતિ છતાં અમલદારેાને તેમનું કામ સરલ કરી દેવા માટે મહેનત લેવામાં કાંઇ બાકી રાખ્યું નહેાતુ અને આ બાતને ખુદ મી ચમની તથા મી ગરજેસ પણ પુરાવેા આપશે. તેમને મી. નાયડુ ની મદદ બહુ કામ લાગેલી, અને તેમણે આભાર સાથે સ્વીકારેલી. આવી સેવા બજાવનારને જેલ નહિ-પણ કાંઇ સારેા બદલેા મળવાની જરૂર હતી.

જ્યારે સરકારે પાછાં પગલાં ભરવા માંડયાં, ને વચનનેા ભંગ કર્યો ત્યારે કાયદાની સખત ઉઠાવનારા પહેલા હીંદી ઓમાં મી. નાયડુ એક હતા. તેને ફેરી ફરવાની કાંઇ જરૂર નહેાતી. પણ તેના સદ્‌ગુણ ઓર તરેહના છે; અને તેથ પેાતાના બીજા ભાઇઓની ખાતર તેણે આરેસ્ટ ઉંચકી. અને જેલમાં ગયા. રાનીવારે ચાર દિવસની સખત મજારીની જેલ ભોગવીને તે અઠવાર નાતાલેાજ. પાછા તેણે ફરીથી આરેસ્ટ કરી અને ૧૪ દિવસની બીજી જેલ મેળવી. આવા દેશસેવા કરનાર નરને પેાતાના દેશી ભાઇઓ વરસે સખત મજુરીની જેલ ભોગવવી પડે તેા ખરેખર સરકારની વરતણુંકમાં શરમ જેવું પાપીપણું સમાએલ હેાવું જોઇએ.

તે જેલમાં ગયા પછી અમે તેની ઓરતની મુલાકાત લીધેલી. હમેલને લીધે હયામણી સ્થિતિવાળી આ બાઇ તેના ધણીના જેલ જવાના સમાચારથી દુઃખી દેખાવા લાગી. તેનેા સહુથી મેાટેા દીકરેા જે ૧૫ વરસનેા કિમરનેા છેકરેા છે તે તેની બાજુએ આવી ઉભેા. બાપાએ હિંમત રાખવા ટેારાપ કરી, પણ તેની આંખમાંથી આંસુ ખરી પડયા. અને અમારી આંખેામાં પણ પાણી ભરાઇ આવ્યા વગર રહ્યું નહિ

આવાં દુઃખેા ઉઠાવવાની જરૂર હાલ બહાદુર હીંદીઓને પડી છે તે હજુ સરકાર કયારે દુર કરશે એમ બાબતનેા અભ્યાસ થાય છે. શું એસીઆટીકને આપેલા સાડા ત્રણ વરસ પછી સરકાર પેાતાનું વચન પાળશે? આખરની વખતને નિરૂપાયે સરકાર તેમ કરશે તે સારૂં કહેવાશે? શું ગેારા પેાતાના બેાલ ઉપરથી તેઓનેા વિશ્વાસ ન ઉઠી જાય? મને તાજુબી થાય છે કે ખુદા આ બધું કેમ નહિ જોતેા હેાય!

એક પારસી બાઇનેા બુલ્સેા

મીસીસ બીખા જી કે. આર. કામા જેઓ હીંદની હયામણી સ્થિતિથી દુનીયા ના લેાકેાને વાકેફ કરવા માટે બાપણેા આપે છે તેમણે જર્મનીના સ્ટુટગેરડ ખાતે આપેલા એક ભાષણ દરમ્યાન જણાવ્યું હતું કે:—

"મારા દુઃખી દેશે અગાધ મરણ તથા દુકાળાથી બહુ સહન કરેલું છે. પણ જે દુઃખ બ્રિટીશ રાજ્યતળે પડયું છે તેવું કદી સહન કરેલું નથી. અમે અગાઉ વહેમમાં મરતાં પણ અંગ્રેજ સુધારા અમારા દેશમાં ઘુસ્યા પછી અમે દર માસે ૫,૦૦,૦૦૦ લેખે મરીએ છીએ. હાલ હીંદુસ્તાનમાં ચાર કરેાડ હીંદી ભૂખે મરે છે એ ગવરનરેાની સાથે વાતચીત કરી તે હકીકત દાદાભાઇ નવરોજીએ પોતાની તેમની મારફેાતે લેવાશે. પણ તે તેા હવે સપનાના જેવું લાગે છે. હોદેદારેા

પોતાનો મોટો પગાર લઇ પોતાનાં પેટ ભરી ગરીબોનાં પેટ ઉપર પાટુ મારે છે બારા મુલકમાંથી અઢીસે દર વરસે ચમુ કરોડ પચાસ લાખ પાઉંડ ઘસડી જાય છે. તેનો બદલો અમને કંઇ મળતો નથી. ઊલટાની ઉપર ગેરવાજબી કરે પડે છે. એક સરખી વસ્તુ પણ કરે વિનાની નથી. તેઓના જનવર સરખા સોદજરો, હીંદી ઓરતોથી સરીયામ રસ્તામાં ન ચાલી શકાય તેવી સ્થિતિ ઊભી મૂકે છે. અને અમલદારો તેની દાદ દેતા નથી."

સરકારની સારમાણુસાઇ!

એશીઆટીક મામલાપર ટીકા કરતાં 'પ્રીટોરીઆ ન્યુસ' લખે છે કેઃ—

જ્યારે સમાધાની થઇ ત્યારે મી. ગાંધી સર્વે સાધુ કરવામાં મી. સ્મટસે બધુ એ મુકાવ્યું. મી. ગાંધીની માગેલી કબુલતે બધી આપી દીધી. પણ હવે લાગે છે કે ત્યારે મી. સ્મટસે ફેડાવાએલાને અટકાવવાનો પોતાના મનની સાથે મન સુબો કરેલો! આ પ્રમાણે આ નવીન વાત મી સ્મટસે ઉભી કરી છે, અને દાલ જે કઢન ચાલે છે તે આ એક વાતને લીધેજ છે. એક વખત સાધુ થઇ ગયા પછી હીંદીઓને આમ જનરલ સ્મટસ કનડવા માગે છે તેમાં તેના તરફ અમારી જરા પણ દિલસોજી નથી. જે ફેડાવા એલા હીંદીને ઇમીગ્રેશન કાયદા તળે અગાઉ છુટ હતી તો હાલ તે શા માટે ન રહેવી જોઇએ? અને સર વીલીયમ સોલોમનનો મુકાદો જણાવે છે કે ઇમી ગ્રેશન કાયદા તળે તેમને છુટ છે. આ વાત મી ગાંધી છાપાદ્વારા અને કોરટ આગળ હર વખત રજુ કરતા રહ્યા છે. કેટલી મોટી દિલગીરીની વાત કહેવાય કે કોલોનીઅલ સેક્રેટરી આજસુધી આ બાબતમાં જરૂ ડહાપણથી અને થતુરાઇ પુરવક ચાલતા આવ્યા. અને રહી રહીને છેલ્લી ઘડીએ હાથે કરીને ખોટી માથાકુટ ઉભી કરીને નીયેડો અટકાવે છે? કોઇ કહેશે કે સમાધાનીમાં ફેડાવાએલાની વાત નહોતી. પણ એનું કારણ એ છે કે એ બાબતમાં એશીઆટીક માટે કાયદો સંતોષ કારક હતો વળી જનરલ સ્મટસે જાણવું જોઇએ કે સમાધાની પાર પાડતાં હાલના ચાલુ કાયદાઓમાંજ નવા ફેરફાર દાખલ કરાવે તે કદી બંધનકારક ગણાય નહિ. જુનાં રજીસ્ટરવાળાને આવવા દેવા ની તેમજ લડાઇ પહેલાં વસવાટનો હક સાબીત કરે તેવાને આવવા દેવાની સરતો પાળીને એશીઆટીક કાયદો રદ કરે તો વચનભંગ નથી થતુ. આવી ફેડાવાએલાની બાબત લાંબવામાં તો જનરલ સ્મટસે નવી વાત દાખલ કરી છે, અને તેથી મી. ગાંધી વગેરે તે સ્વીકારશે નહિ એ દેખીતું છે.

!!! રમુજી રંગ !!!

મનુષ્ય હરણ! જોહાન્સબર્ગની અદાલતમાં સત્તર વરસની સકેમળ ગોરી કુંવરીને ભગાડી જવા એક ગોરા સાથે સપડાવા હતા. ભારે કેસ થિયેા. તમાસગીરોથી કોર્ટ ચિક્કાર. રસિકજનને 'મજેદાર' થા બનેલા જોડાને નીહાળવા ની તક ને જોનારની જકનો આબેહુબ નમુને ગોઠવાએલો હતો. પણ રાજા રવિશર્માની ખોટ પડી ચિત્ર જોવાનું અશક્ય થયું. બિચારા માજીસ્ટ્રેટે ખુબ વિચાર કરી જવાબ આપ્યેા. દીલગીર છુ. માબાપનું જોર કે કું ચાલશે નહીં. કારણ ઘણી ઘણીઆણી સજ્જ તો શું કરે મુકલાં ને કાજી!

× × ×

બોપણું! ચામડીનું કારસ્તાન ને જમાલ મરતાન બાબુએ મુંઝ પણી પણીને રામ ઉઠાવે કુપ્યા. જનરલ સ્મટસ સાહેબ દાઢી હીંદીને બંધ કરવ તલપલ તલપલ તલપી રહ્યા છે. જ્યારે એશિઆટીક ઓરીસે આડે આડે ખિસ્સા તર કરવા માંડયા છે. કોર્ટમાં કેસ નીહળતાં બાદ શાહી શાણી જમાલે દમ ફેલ ને માંહે પોતાનું બોપાળુ, કહેવા શરૂ કરયું. બાપુ! ઘર ફુટયું તેનુ કરમ ફુટયું. એરીસ બાય ગલાલ જમાલને મળ્યા, ઘર માયા દીઠ પત્રન જમાલનાં મળ્યેા, બાકીનુ ઓરીસમાં દફન. ને બ્લેકલેગ ની પરમીટનો ચીલોડિ ચાલ્યેા ચમની સાહેબના પોકાર, ને ઉંચકા બીટનો બેડો પાર. દશ પાઉન્ડ એક પારે, બાર પાઉન્ડ બે પાર, કોઇ ચલે છે. પકર પાઉન્ડ ચમુ પાર. પાર પાર.

× × ×

અમૃતમય કુટબો! કટકે પાગે કટાકુટ ને લડાઇ ચાલે કટાકટ. રસિકજનને સનનનતા ખબર મળ્યા કે એક હીંદી મોટ બોલડ સ્ટના ઘેરામાં સપડાયેા હતો. કરોન્જની મારફત હીંમતથા લડ્યા. બાંધે ચડીલાપર કાલળનો કકેા પણ લખ્યેા કે શુરા રજપુતની મારફત કેસરીમાં કરીશું. પણ બીજુ મોંકું લાગ આવીશું નહીં. લડાઇ ધમ ધમ ચાલી પણ આખરે ચોકેલા ચાકની ગતી નરમ પડી. હાય! કરોન્જ સરદાર મારફત અમેરીકા કાં ન લિધાવ્યા? પણ હીંદી, અજાણતા ના 'ગવરનર' આવી છે. બીજો વોટ વળી આવશે. જે જે, સંભાળજો પાછી પાની ઓ સત્યાગ્રહમાં ખામી. બાકી હીંમતે મરદાના તો મદદે ખુદા.

× × ×

શેર ને બકે સવા શેર! દરાંસવાલે ગુલામી ખત પ્રસન્ન કરીયું. તો નાતાલ કેમ મરીબ માબાપનું થાય! જેમ હીંદી ને દશ વરસમાં પાણીયું નારિયલ આપવાનું ઘડી કાઢયું. વધુમાં સંભળાય છે કે તે ગન વખત વંચાય બેઠા પારે પણ ઉતરી ગયેા છે. બાકી કોલોનીઅલ સેક્રેટરીએ ધડ મારી. ટીક—બાપુ—ટીક જનરલ સ્મટસના પરયેાગ જોયા નહીં જોય! તારીખા બીજ દશા ને કૂવા. નાતાલના હીંદી કોમ દરાંસવાલમાં ઉતરે એવા નથી. એબી એક દેશના બેટા. બચાર્યે જમ ને કરાર્યે બીના લેાટા.

વધી પારલામેંટમાં હીંદી

સંસ્થાનેામાં વસતા બ્રિટીશ હીંદીનું સંબંધમાં ગયે શુક્રવારે વધી પાલમેંટમાં સંસ્થાન ખાતાના અંડર સેક્રેટરી કરનલ સીલીએ જણાવ્યું કે બ્રિટીશ હીંદીના સવાલને કેનેડાની સરકાર જે દરજ્જો કાઢયેા છે તેથી વધી સરકાર પુરેપુરો સંતોષ જાહેર કરે છે અને આશા રાખે છે જે આસ્ટેલીઆ તથા દક્ષિણ આફ્રિકા ની સરકારે પણ તેજ રીતે સમાધાની કરશે. સ્વરાજ્ય કરતા સંસ્થાનેા અમુક નવા માણસને દાખલ થતાં કદાચ અટકાવે પરંતુ જેને એક વખત દાખલ કરેલ છે તેમને તો સંપુરણ હક આપવાજ જોઇએ.

અદ્દલાબાદના એક તારમાં જણાવવામાં આવ્યું છે કે બાપા ઉપર દિલ્લીની સડકેા બોકલવાના આરોપ માટે એક હીંદીને સાત વરસની જેલ આપવામાં આવી છે.

જીજપ્તના એક છાપાપર કેસ ચાલતો હોવાથી જીજપ્તવાસીઓમાં બોટા ઉહસે દેખાયા છે, અને કેટલાકે સ્ટેશનોમાં વસતા ગોરાઓ ઉપર હુમલા કર્યા છે.

અખબારપત્ર

જોહાન્સબર્ગ

(અમારા ખાસ પ્રતિનીધિ તરફથી.)

શ્રી. નાઇડુનો જોગ

સેમવાર

લખવાને અત્યંત ખેદ ઉપજે છે કે શ્રી. યંબી નાઇડુની ઓરતને ક્ષયરોગ થઇ ગયો છે અને બચ્ચાને આજે દફનાવ્યું છે. શ્રી. યંબી નાઇડુને આ ખબર નથી. પણ તેનો ઉપકાર દેવા ઉપર વધતો ચાલ્યો છે. ત્યારે સમયમાં ઓરતને મુકીને જાણી જોઇને કેમને ખાતર જેલમાં ગયા. અને દરમ્યાન આવો કીસ્સો બન્યો. શ્રી નાઇડુ તો હજી જેલમાં છે.

આ બનવાનું કારણ શ્રી. નાઇડુનું જેલ જવું હોય તો સંભવ છે. મીસીઝ નાઇડુને જેલ જવાને દહાડેજ હું મળેલો. તેની સ્થિતિ મી. ડોક લખે છે તેવી દયાજનક હતી પોતાના ધણીને ઉપરા ઉપર બે વખત જેલમાં જતા જોવા છતાં હિંમત રાખી શકે તેવી બુરસ્તાયણી બાઇ થોડીજ હોય છે. તેમાં વળી મીસીઝ નાઇડુની સ્થિતિમાં તો કેમ ધારી શકાય.

આ બેતની હત્યા ટ્રાંસવાલની સરકાર ઉ રજ છે તેમાં શક નથી. તેના અન્યાય થી કોમના માણસોને આવી છબતો ઉઠાવવી પડે છે.

શ્રી. નાઇડુના સાથી બહાર નીકળ્યા

શ્રી. નાઇડુની સાથે જે પાંચ હીંદી જેલમાં ગયા હતા તે જેના નામ હું અગાઉથી આપી ગયો હું તેઓ જેલ બહાર નીકળ્યા છે. તેઓને લેવાને શ્રી. ઇસપ મીઆ વિગેરે ઘણા આગેવાનો આવ્યા હતા પછી શ્રી. ઇસપ મીઆને ત્યાં ચા તથા બીસ્કીટ આપવામાં આવેલાં. તેજ વખતે ફ્રેટવાળાઓએ બનાના તથા ઓરેન્જીસ ભેગાકેલાં. શ્રી. ઇસપ મીઆ, મોલવી સાહેબ, ઇમામ સાહેબ વિગેરેએ ભાષણો કરેલાં હતાં.

શ્રી તીલકના કુટુંબને ડિલસોજી

શ્રી. તીલકના કુટુંબને દિલસોજીનો તાર કરવાનો ઠરાવ આજ મીટીંગમાં કરવામાં આવ્યો હતો.

શ્રી. રીચની મહેનત

શ્રી. રીચ વિલાયતમાં મહેનત કરી રહ્યા છે. જેમ બને તેમ કેમકેમને [illegible] મુલાકાત લીધેલી એવો તાર છે. તે મુલાકાતથી શ્રી. રીચને સંતોષ થયો એમ પણ જણાવે છે. એટલે વિલાયતમાં હવે કામ બરાબર ચાલ્યું એવું માને છે.

શેઠ સેલબોરનનું ભાષણ

શેઠ સેલબોરને વીરીનીગીમાં ભાષણ કરેલું તેમાં તેણે કહ્યું કે એશીઆટીક જેઓને ટ્રાંસવાલમાં રહેવાનો હક છે તેઓને તકલીફ નહિ પડવી જોઇએ અને તેઓના હક ઝુંટવવા માટે બ્રીટી સરકારે વચમાં આવવું પણ જોઇએ. આફ્રીકાનાં આવવા દેવા કે નહિ તે કેપોલોનીનું મુખત્યારી છે. આ ઉપરથી જોવામાં આવે છે કે કેપ્લણથી સજાના હક ઝુંટવતા તકલીફ પડવાની છે. તેની દયા કેપ્લાયસેલના હાથમાં છે. તે શા છે તેનો વિચાર બધાને એજ સવાલ એકલો રહેશે ત્યારે કરશું.

કયારે અંત આવશે?

લડતનો અંત કયારે આવશે એ સવાલ યથાજ કરે છે. અહીંની પાર્લામેંટ તા. ૨૧ મીએ ઉઠશે. તે દરમ્યાનમાં અંત ન આવે તો પછી આવતી જાનેવારી સુધી અંત નહિ આવે એમ માની શકાય. ગમે તેમ થાય તેમાં આપણને કંઇ ગાંઠ ખોવા જેવું નથી એમ કહી શકાય.

શ્રી. સોરાબજીનો સદેશો

શ્રી. સોરાબજી જેલમાં મજા કરે છે. દુઃખ પડે છે તે કોમને ખાતર ઉઠાવે છે તેણે જે કેદીઓ આજે જેલમાંથી નીકળ્યા તેઓની મારફતે કહેવરાવ્યું છે કે જેલમાંથી નીકળ્યા બાદ પોતે પાછા જેલમાં જશે પણ ટ્રાંસવાલ છોડનાર નથી.

મારણાકાર

શ્રી. મુળજીભાઇ ગીરધરલાલ પટેલ

શ્રી. પટેલની ઉપર પાડ આવ્યો છે. તેમને ગઇ કાલે પકડવામાં આવ્યા હતા. તેમને પકડવાનું કારણ કાયદેસર રજીસ્ટર નથી લીધું એ છે. શ્રી. મુળજીભાઇ હજી તો હમણાજ ફેરી ફરવાને સારૂ ચાર દહાડાની જેલ ભોગવી આવ્યા છે. હવે તેમનો પાછા જેલ જવાનો વખત આવ્યો છે. શ્રી. પટેલે જેલ મુકવાની ના પાડી હતી તેથી તેમને એકદમ આજે ઓરીસમાં રહેવું પડ્યું હતું. શ્રી. પટેલનો કેસ આજે ચડ્યો તેમાં તેમને સાત દિવસમાં પોલેના નીકળવાની નોટીસ મળી છે.

શ્રી. પોલાક ચોલકરસ્ટમાં

ચોલકરસ્ટમાં જે હીંદી આવે તેને મદદ કરવાને સારૂ ત્યાં જેની ઉપર બંગુકા નહિ આપવાનો કેસ ચાલે તેનો બચાવ કરવા માટે શ્રી. પોલાક ચોલકરસ્ટ ગયા છે ને ત્યાં રહેશે. હું ઉમેદ રાખું છું કે પર મીટરાણા ઘણા હીંદી ચોલકરસ્ટ જશે અને ત્યાં અંગુઠો આપવાની ના પાડી જેલમાં જશે. શ્રી પોલાકનું ઠેકાણું ચોલકરસ્ટમાં શ્રી. ઇસપ સુલેમાનને ત્યાં ઓફીસ રૂપ રહેશે. જેઓને કંઇ પુછવું હોય તેણે અંગ્રેજીમાં તેમની ઉપર કાગળ લખવા. શ્રી. પોલાક બે અઠવાડીઆ કરતાં વધારે ત્યાં રહેવાનો સંભવ નથી.

મુખત્યાર.

પારસીના હીંદી કમીટી તરફથી

શ્રી. એસ. ઓસમાન અને બીજા હીંદી જણાવે છે કે:—

આપ સાહેબોએ આગળ જેમ એકત્રતાથી ઉત્તમ કાર્ય કર્યું કામ પાર ઉતાર્યું તેમજ આ વખત એક સંપની મુખ્ય જરૂર છે સત્યાગ્રહની ફતેહ. સત્યનોજ જય છે. ક્રમમાં આગળના દાખલાઓથી જુઓ તો અંત સુધી સત્ય તરે છે. જેમ કે હરિ ભક્ત ને કામાન જેવા જુલમગારીઓના અત્યાચારો પણ નામ અમરરહે આપણે જેલમાંછીએ ત્યારે આપણને પણ આ નામ મેળવવા નો સાઉથ આફ્રિકાની સરકારે અ વખત આપ્યો હોય એમ સમજી ખરી લડાઇમાં પોતાના સ્વદેશી બંધુઓ માટે કાંઇ ભાગ લેવા નારાજ હોવા માટે મુખ્ય એકસંપ થવાની જરૂર છે. જ્યારે આપણે તેમ થઇ જઇશું તો સરકાર ધારેલા ક્રમ પર ઉતરવા દેશે અને તે પોતેજ દરવાજા ખોલી આપશે. મારે પ્રાર્થના સહન કરી સત્યને માટે મક્કમ થશો એવી અમારી કમીટી ભલામણ કરે છે.

શ્રી. ઓસમાન કિ. જે જાગણી બતાવે છે તે સરસ છે. હીંમત આપે છે તે બરાબર છે. મારે તેમને કહેવું જોઇએ કે તેઓને ખરી જાગણી બતાવવાનો એ રસ્તો છે કે તેમણે ઇંડીયન ઓપીનીયનને પૈસા ની મદદ કરવી. લડતમાં તેની જરૂર છે તે બહારના માણસો આટલું ઓબામાં ઓછું કરી શકે છે

'કુલી' શબ્દનો ઉપયોગ

અહીંના પારસીમેંટના મેંબર શ્રી. નેસરે ભાષણ કરતાં હીંદીઓની બાબતમાં કુલી શબ્દ વાપરેલો. તે ઉપરથી શ્રી. પોલાકે તેમની ઉપર કપકાટીયે કાગળ લખ્યો. શ્રી. નેસરે જવાબમાં લખ્યું છે કે તેને વિચાર 'કુલી' શબ્દ અપમાન રૂપે વાપરવાનો ન હતો. ન શબ્દ સાધારણ રીતે હીંદીને સારે વપરાય છે તે તેણે વાપર્યો.

હીંદીનું શું કરવું?

જે. એલ્બરેડ બારકર કરીને અહીંના એક ગોરા બારીસ્ટર છે. તેણે "ઇન્ડીયન

મંથલી" નામના માસીક ચોપાનીઆમાં કેટલું કે આપણે વિષે લખ્યું છે. તેમાં તે જણાવે છે કે હૉંદીને લેડિસ્મિથમાં મોકલવા, તેનો વેપાર પણ ત્યાંજ થાય, તેને લેડિસ્મિથ બહાર જમીન ન આપવી તે આખા દક્ષિણ આફ્રિકામાં તેને રજીસ્ટર કરવા. બારકર સાહેબ કહે છે કે આમ થાય તોજ હૉંદીનો જડ છેવટે આ દેશમાંથી નીકળે.

આ બધાં ગોરાઓનાં ફાંફાં છે. તેટલે દરજ્જે આખા દક્ષિણ આફ્રિકામાં થાય નહિ. પણ આપણે તેમાંથી શીખવાનું એ છે કે જેમ ગોરાઓ એક કામને ઉપાડે તેની પાછળ લાગ્યા રહે છે તેમ આપણે આપણું માન ને આપણી સ્થિતિ જાળવવાને સારૂ મચ્યા રહેવાનું છે.

શાબાસ, સ્ટાન્ડરટન !

સ્ટાંડરટનમાં મી. સી. એલ. પટેલ, મી. ઇસ્માયલ મહમદ દીનદાર તથા મી. હસ મારફત ભાભા પકડાયાના ખબર મળ્યા. તેઓની ઉપર વગર લાઇસેન્સથી દુકાન ચલાવવાનું તહોમત હતું. મી. પોલાક તેઓને સારૂ જજ પહોંચ્યા હતા. તેઓનો પણ પાઉંડનો દંડ અથવા એકદ દીવસની સખત મજુરીની સજા એમ થયું. તેમણે દંડ નહિ ભરતાં જેલ પસંદ કરી. બીજા દસ હૉંદીને પકડવાનો હુકમ પાછળ થી આવ્યો એમ મી. અબ્દુલ્લા હાજી ખબર ટેલીફોનથી આપ્યા. આ હૉંદી પણ જેલ માં ગયા.

સ્ટાંડરટને હદ વાળી છે. કસોટી કીક થાય છે. મારા સાંભળવામાં આવ્યું હતું કે સ્ટાંડરટન પોલેફરટરમ ને કલરકસડોર્પ ને નજીક આવ્યા. તેઓને મ્યુનીમાં નહિ લાવીને લડત ચલાવવી. હવે સ્ટાંડરટને આ બાબત બોટી કરાવી, એટલુંજ નહિ પણ જબરદસ્ત હીંમત કરી. હું માનું છું કે એજ મુજબ વખત આવ્યે કલરકસડોર્પ અને પોલેફરટરમ પણ પોતાનું પાણી બતાવશે. આ લડતમાં મારો અનુભવ એવો થયો છે કે કોઇને પહેલેથી નબળા માનીને પડતા નથી મુકવાના અને સબળા માની કોઇનો ઝાઝો નથી કરવાનો. આ કામ એવું નબળું ભરેલું છે કે કોઇનાં દીલ પોતાને હાથ નથી રહેતાં જેઓના દિલમાં ખુદા વસીને હીંમત આપે તેજ બહાદુરી બતાવી શકે છે.

સહુને સ્ટાંડરટનના જેટલાં હીંમત મળે એવી આપણે બધાએ પ્રાર્થના કરવાની છે.

ત્રણ છુટયા

મી. ગોવિંદ મૈયર, મી. સહુ ધેલા તથા મી. ગોકળ દૈયા એમને અદાલતીમેં કોમને તથા પોતાને ખાતર જેલ ભરેલા. તેઓ આજે છુટયા. તેમને વધાવવા ઇમામ સાહેબ અબદુલ કાદર બાવઝીર, મી. ગાંધી તથા બીજા ભાઇઓ ગયા હતા. તેઓના કહેવા પ્રમાણે ફરી પાછા જેલ જવા તૈયાર છે.

કોની લાઇસેન્સ કાયદામાં નથી ?

કેટલાક હૉંદી અહીં રીફ્રેશ રાખે છે. ગયઅમ સીનેર રીફ્રેશ હૉંદીના કબજામાં હતી. આવા હૉંદીને અંગુઠો આપવાની મ્યુનીસીપાલીટી ફરજ પાડતી હતી. તેથી તેની ઉપર ગયે ગુરૂવારે નોટીસ મોકલવામાં આવી હતી કે ગાડીઓની લાઇસેન્સ ટ્રેડ લાઇસેન્સ ન કહેવાય તે તેથી તેનો સમાસ ખુની કાયદામાં થતો નથી. તેથી જ મ્યુની · પાલીટી વગર અંગુઠે માગી લાઇસેન્સ રીફ્રેશ વિગેરેની નદિ આપે તો મ્યુનીમાપાલીટીએ નુકસાની આપવી પડશે. આજે મેં સાંભળ્યું છે કે મ્યુનીસીપાલીટીએ ઉપરની તકરાર કબુલ રાખી છે તે રીફ્રેશ વિગેરેની લાઇ ન્સ ખુની કાયદાની શરતો પાળ્યા વિના આપ વાનો ઠરાવ કર્યો છે. આમ જેઓને લાઇસેન્સ મળી શકે છે તેણે લાઇસેન્સ લેવી પણ બીજી રિતે જેલમાં જવાનો પ્રયાસ કરવો. લાઇસેન્સ વગર લાઇસેન્સવા ફેરી ફરવાનો ઉપાય છે.

જેલમાં ખોરાક

જેલમાં હૉંદીને પુષ્કળ બદલે બીજો ખોરાક આપવાનો કામળ એસોસીએશને લખ્યો છે તેનો જવાબ હજુ મળ્યો નથી તે ઉપરથી શક જાય છે કે આપણને સરકાર કાયર કરવા માગે છે. ખોરાકનો ફેરફાર ન કરવાથી આપણે જેલમાં નદિ જઇએ એમ સરકાર ખુલ ખાય એવો સંભવ છે. પણ મને ખાતરી છે કે બહાદુરી કરવા જેલા હૉંદી કંઇ ખોરાક ની ધાસ્તિથી પાછા હઠવાના નથી. ભુખ, તરસ, ઠંડ, તાપ એ બધાં સહન કરવાની જરૂર છે. મોટુ યુદ્ધ ચાલી રહ્યું છે તેમાં પુલની પધારી કે બાવાનાં પકવાનની આશા રાખવાની નથી. રાત્રની પાસેથી મહેરબાની શી ! તેની કયા એ આપણને લાભકારક મણવાની છે.

મી. સોરાબજી અડાજણીઆ

મી. સોરાબજીને મુબારકબાદી આપવા પણ માણસો આતુર જણાય છે તેથી તેમનું જેલનું સીરનામું આપે છે. તે તો જોહાન્સબરગ ફોરટ (Fort) એમ છે. પણ ત્યાં તેમને કામળ કે કંઇ વસ્તુ મળવાની નથી. તેમના છુટવા ઉપર બારએ કંઇ મોકલવું હોય તો ઓકસ દપરર ને સીરનામે મોકલવું. ગારી સલાહ છે કે તેમના સગાંની ઉપર મુબારક બાદીના કામળ સહુ મોકલી શકે છે. તેમની મેરીનું નામ કુંવરબાઇ સોરાબજી છે. તેમના ભાઇનું નામ મી કાવસજી કાપરજી છે. તેમની બહેનનું નામ માણેકબાઇ કાપુરજી છે. તેઓનુ ઠેકાણું મી. પાલણજી એદલજી પ્લમ્બરનું મકાન બેતવાડી છઠ્ઠીગલી મુંબઇ છે.

રમુજી શ્યારમાં રમુજી ચિત્ર

'રેમારટીંગ રેલા:' અવુ અકવાડીએ છાપું અહીં નીકળે છે. તેમાં લડત ઉપર ચિત્ર આપ્યું છે. એક ખુણામાં લખ્યું છે કે જો. બી. ની જેલ. સરસ તંદુરસ્તી ને સારૂં ફોજેલ. તેની નીચે કેટલાક હૉંદીની ઉભી છે. જેલને દરવાજે પાડયો છે ને નીચે લખ્યું છે કે મી. ગાંધીએ માફ્રેટની પાસે કેદીઓની તંદુરસ્તીને સારૂં વધારેમાં વધારે જેલ માગી.

સ્ટાંડરટનની જેલમાં

જેલમાં ગયેલાના નામો નીચે મુજબ છે. મેસરસ ઇસ્માયલ મહમદ દીનદાર, હસ મારફત અભરામજી ભાભા, સી. એલ. પટેલ, ઇબ્રાહીમ અહમદ ભાભા, મહમદ અહમદ કાજી, મહમદ હુસેન ભાગલીઆ, ઇસ્માયલ મહમદ આરેફ, દુલભજી ખેમચંદ્રમ. મોલાના મોલવી મહમદ મી. જોષાત, ઇબ્રાહીમ ઇસ્માયલ દેસાઇ મહમદ વાદી, અહમદ ઇસપ ટીમોલ, સુલેમાન મહમદ.

છેલ્લા ખબરો

(ઇ. ઓ. માટે આસ તાર)

જોહાન્સબરગ, ૧૦મી ઓગસ્ટ.

જરમીસ્ટનમાં ત્રણ હૉકર લાઇસેન્સ વગર ફેરી ફરવા માટે પકડાયા છે, મી. ગાંધી તેનો બચાવ કરવા ગયા છે.

ટરાંસવાલ મ્યુનીસીપલ એસોસીએશન ના કહેવાથી જોહાન્સબરગ મ્યુનીસીપાલીટી એ એશ્રીઆટીક એક્ટ કાયમ રાખવાને ફરીથી ઠરાવ મહાર પાડયો છે.

જોહાન્સબરગમાં રીફ્રેશ લાઇસેન્સ વગર લાઇસેન્સથી વેપાર કરવાનું ચાલુ છે.

જોહાન્સબરગમાં ખોટી પરમીટનો કેસ

ગઇ તા. ૨૭મે સોમવારે ઓ' કોરટમાં ડાહ્યા લાલને ખોટી પરમીટથી દાખલ થવા માટે ખડો કરવામાં આવ્યો છે. પ્રોસીકયુશન તરફથી મી. સ્કુરમન તથા તહોમતદાર તરફથી મી. ગાંધી હતા.

સુપ્રી. વરનને જુબાની આપતાં જણાવ્યું કે તહોમતદારને મેં જુલાઇની બીજી તારીખે મી. ગાંધીની ઓફીસ બહારથી પકડેલ છે. તેની પાસે રજીસ્ટ્રેશન સરટી ફીકેટ માગતાં તેણે જણાવ્યું કે તે મી. ગાંધીની ઓફીસે છે. તે ઉપરથી તેણે મી. ગાંધીની ઓફીસે જઇ તેના કલાર્ક મી. મેકીન્ટાયરને તહોમતદારે કહેલ બીના કહી મી. મેકીન્ટાયરે તીજોરીમાંથી સરટીફીકેટ કાઢી તહોમતદારને આપ્યું. સુપ્રી. વરનને તે તપાસી ખોટું માલુમ પડવાથી તહોમતદારને પકડયો. ત્યાંથી તેઓ ડાહ્યા લાલને ઘેર ગયા અને તેના ઘરની જડતી લીધી અને હીંદુસ્તાની માં લખેલ કેટલાક કાગળો જપ્ત કર્યા. ચાર્જ ઓફીસે જતાં તહોમતદારે કહ્યું કે તે સરટીફીકેટ મેં જેમલ પાસેથી ૧૪ પોંડમાં ખરીદેલ છે. પોંડ ૭ ડરબનમાં અને બીજા પોંડ ૭ અહીં આવ્યા બાદ દીધા. મી. ગાંધીને તે પરમીટ મે ૨૪ કાલે દીધી. સાક્ષીએ જણાવ્યું કે હું તા. ૨૯ જુનથી તા. ૨ જુલાઇમાં મી. ગાંધીની ઓફીસે કેદીક વખત ગયેલ. પરંતુ ખોટી સરટીફીકેટ બાબત મને અથવા પોલીસના કોઇ માણસને કોઇ કહેવામાં આવ્યું નથી.

મી. ગાંધીઃ (સુપ્રી. વરનનને) તમે કબુલ કરશો કે આ બનાવટ સહાયથી થયેલ છે?

સુપ્રી. વરનનઃ હા. મી. ચમનીની સહી ન ઓળખનાર આ સરટીફીકેટ બનાવટી છે એવું ન કહી શકે.

મી. ચમનીઃ હું તહોમતદારને ઓળખતો નથી. સરટીફીકેટ ઉપર સહી મારી નથી પણ બનાવટી છે. નંબર આપવામાં તથા કામના ક્રમમાં પણ તફાવત છે. તહોમતદાર પાસે બનાવટી સરટીફીકેટ છે તેની ખબર મી. ગાંધી પાસેથી મને મળી નથી. બધા સરટી ફીકેટ ઉપર હું જ સહી કરું છું. નાતાલ માં પરમીટ કાઢવાની કોઇને સત્તા નથી.

મી. ગાંધીઃ (મી. ચમનીને) બનાવટી સરટીફીકેટ સરકારી સરટીફીકેટની બરાબર નકલ છે?

મી. ચમનીઃ સરટીફીકેટ બરાબર નકલી છે. મારી સહી તેવી નથી.

ફરીયાદ પુરતાં સબ ઈન્સ્પેકટર વરને જણાવ્યું કે તહોમતદાર પાસે ડાહ્યા લાલાના નામની ડોમીસાઇલ સરટીફીકેટ હતી. તેની ઉપર બે અંગુઠાની છાપ હતી.

સરકારી વકીલ મી. સ્કુરમેને તહોમતદારના અંગુઠાની છાપ લેવાની પરવાનગી માગી. આ બાબતમાં બીજા માણસની જુબાની લેવાનું જાહેર કર્યું.

મી. ગાંધીએ વાંધો ન લેવાથી કેસ તે રોજ મુલતવી રહ્યો.

મંગળવારે ફરીયાદ કેસ ચાલતાં નીચે મુજબ જુબાની લેવાઇ.

મી. મેકીન્ટાયરઃ હું મી. ગાંધીની ઓફીસમાં ચોપડા રાખું છું. તહોમતદાર પકડાયો તે અપોરે સુપ્રી. વરનન ઓફીસે આવેલ. તેણે સરટીફીકેટ માગ્યું. તે મેં તીજોરીમાંથી કાઢી તહોમતદારને આપ્યું અને તેણે સુપ્રી. વરનનને આપ્યું.

ઉલટ તપાસઃ તીજોરીની ચાવી મારી પાસે તથા બીજી મી. પોલાક પાસે રહે છે.

મી. ગાંધીઃ તહોમતદાર પકડાયો તેને આગલે દિવસ સાંજે પાંચ વાગ્યાના ખરસા માં ડાહ્યા લાલા મારી પાસે આવ્યો અને કહ્યું કે પરમીટ બાબત મને કોઇ સતાવે છે. મેં તેને પુછયું કે પરમીટ કયાં છે. તેણે મને બતાવી. તે જોઇ મેં તરતજ જાણી લીધું કે તે બનાવટી છે અને તે મુજબ તહોમતદારને જણાવ્યું. જે ઉપર થી તે તાબાની પામ્યો. મેં તે સરટી ફીકેટ મી. પોલાકને તીજોરીમાં મુકવામાટે આપ્યું અને તહોમતદારને કહ્યું કે કોસેની ઉોડવાની જરૂર નથી. આજ મોડું થયું છે, અત્યારે હું ઓફીસમાંથી જઉં છું. કાલે સવારે પ્રીટોરીઆ જવાનો છું. આવ્યા બાદ હું પોલીસને લખાણ કરીશ.

મી. પાસમનઃ હું મુન્હેગારની તપાસ બાબામાં કારકુન છું. તહોમતદારના જમણા અંગુઠાની નીશાની મેં ડોમીસાઇલ તથા રજીસ્ટ્રેશન સરટીફીકેટ સાથે સરખાવી છે અને તે મળતી આવી છે.

બાદ જુબાનીની સવારે ડાહ્યા લાલાને કમીટ કરવામાં આવ્યો હતો. બેલમાટે પોંડ ૧૦૦ની રકમ ઠરાવવામાં આવી હતી.

પ્રીટોરીયામાં ખોટી પરમીટનો કેસ

જેમલની જુબાની

ગયા મંગળવારે તા. ૧૮ ના રોજ પ્રીટોરીયા માજીસ્ટ્રેટની કોરટમાં બનાવટી રજીસ્ટ્રેશન સરટીફીકેટના ગુન્હા માટે અરજુન સીંગ નામના એક હીંદીને ખડો કરવામાં આવ્યો હતો. આ તહોમતદારને જેમલ તી સાથે પકડવામાં આવેલ પણ જેમલ "સલ્તનો સાક્ષી" થયાથી તેની તપાસ સાક્ષી તરીકે કરવામાં આવી હતી આ ટોળીના બીજા ત્રણને બનાવટી સીકકા કરવા માટે કેપટાઉનમાં પકડવામાં આવેલ છે.

જેમલે પોતાની જુબાનીમાં જણાવ્યું કે બનાવટી રજીસ્ટરેશન સરટીફીકેટનો ધંધો કરનારના નામો ગલાસીંગ, અરજુન સીંગ, ગંગારામ તથા બીજા જણા છે. ગલાસીંગની સાથે કંદોબસ્ત કર્યા પછી હું જે માણસને પરમીટ જોઇએ તેને લખતો કે રૂપ પાઉંડ તથા તેની પોતાની બધી વીગત મોકલવાથી તરતજ પરમીટ મોકલવાનું બની શકે તેમ છે. આમ પરમીટ કેમ મળી શકે તેની મને શંકા લાગવાથી મેં ગલાસીંગને પુછયું: તેના જવાબમાં તેણે જણાવ્યું કે "બધા પ્લેકલેગને પરમીટ આપવાની મી. ચમની એ મને સત્તા આપેલ છે." ગલાસીંગે મને કહ્યું કે પરમીટના મને જે પૈસા મળે છે તે હું મી. ચમનીને આપું છું. ઇનમાઇલે પૈસા તથા વીગત પુરી પાડવા થી પરમીટ મોકલવામાં આવી હતી. આ કામમાં મને એક પાઉંડ મળ્યો. થોડા વખત પછી જ્યારે ગલાસીંગ પ્રીટોરીયામા નહોતો ત્યારે ડેલાગોઆબેથી એક કાનજી કાસમ નામનો માણસ આવ્યો. તેણે મારી પાસે ગલાસીંગનું નામ લીધું તેથી હું તેને અરજુનસીંગ પાસે લઇ ગયો. અર તસીંગે કાનજી કાસમને કહ્યું કે પા. ૧૫ તથા આંગળાં આપવાથી તેને પરમીટ મળી શકશે. અરજુનસીંગે કહ્યું કે હું એક મોરા પાસેથી પરમીટ લાવી આપીશ. કાનજી એ પા. ૧૫ આપ્યા એટલે તેને પરમીટ મળી. અને અરજુનસીંગે આંગળા લીધાં. તેણે (સીંગે) પરમીટ ફોરમ કયાંથી મેળવ્યું તે કહ્યું નહીં. પણ પુછવાથી એટલું જણાવ્યું કે ગલાસીંગ પરમીટ ઓફીસથી આગળ જવાથી ફોરમ મેળવતો ત્યાંથી હું લઇ આવ્યો છું મજીસ્ટરેટના સવાલમાં

જેમણે જણાવ્યું કે એશીઆટીક ઓરીસ તરફથી અપાતી પરમીટ્યો આ ચાર માણસો તરફથી અપાતી પરમીટ જુદા રંગની હતી. પણ હું એમ સમજ્યો કે તે પરમીટ આ દેશમાં રહેવા માટેની છે. મજકુરીએ મને કહેલ કે તેણે પરમીટ કાઢવાની મી. ચમનીએ મને સત્તા આપી છે પણ તે પરમીટ એશીઆટીક ઓરીસ માંથી આવતી નથી.

આટલી હકીકતની જોવાયા બાદ કેસ તા. ૬ ઓગસ્ટ ઉપર મુલતવી રહ્યો હતો.

બનાવટી રેજીસ્ટ્રેશન સરટીફીકેટ

કુરોપીઅન ઉપર આરોપ

ગયા સોમવારે પ્રીટોરીઆ માજીસ્ટ્રેટની કોરટમાં મી. કોલસન પાસે જેકર શમુલી અત નામના પ્રીંટરને પ્રીટોરીઆમાં આવેલા એકસેલસીઅર છાપખાનામાં તા. ૨૪ મેના અરસામાં બનાવટી એશીઆટીક રેજીસ્ટ્રેશન સરટીફીકેટો છાપવા માટે ખરા કરવામાં આવ્યો હતો. બચાવ તરફથી મી. લીચનસ્ટેઇનની કરમાસથી ડા. કરોઝ હાજર હતા.

જે. જે. ગીનયર નામનો પ્રીંટરે જણાવ્યું કે ગર્ટ સ્ટ્રીટ વેસ્ટમાં આવેલા છાપખાનામાં આ કાર્ડ છાપવામાં આવેલ છે. મી. શમુલીઅતે આ કામ આપ્યું હતું.

એલબર્ટ લીન્સીએ જણાવ્યું કે હું આગળના સાક્ષીનો આસીસ્ટંટ હતો. ગયા મે માસમાં ટરાંસવાલ એડવરટાઇઝરમાં મશીન સાફ કરવાનું કામ કરતો હતો. મી શમુલીઅરે એકસેલસીઅર છાપખાનામાં છાપવાને મને અને ગીનીઅરને એક જોબ આપ્યું. ગીનીઅરને કાર્ડનો નમુનો આપ્યો ત્યારે હું હાજર હતો. એશિયા ટીક પરમીટોને લગતું જ્યુ કાર્ડ હતું. તેની ઉપર અંગુઠાની છાપ પણ હતી. પહેલાં વીસજ છાપવાનું કહ્યું હતું પણ પાછળથી ૬૦ છાપ્યાં હતાં (આ વખતે તેને એક એશીઆટીક રજીસ્ટ્રેશન સરટી ફીકેટ બતાવતાં સાક્ષીએ તેને પોતાને છાપવા મોકલેલ કાર્ડના જેવુંજ છે એમ જણાવ્યું હતું.) પોડાંક ટાઇપ એડવરટાઇ ઝરમાંથી તથા બાકીનાં એકસેલસીઅર છાપખાનામાંથી વાપરવામાં આવ્યાં હતાં.

કાર્ડો છાપીને મી. શમુલીઅતને આપી દેવામાં આવ્યાં હતાં. તેના બદલામાં મી. શમુલીઅતે એક પાઉંડ આપ્યો હતો. તેમાંથી મને પાંચ શીલીંગ મળી હતી. ડો. ફોઝના સવાલનો જવાબ આપતાં જણાવ્યું કે આ જોબ શનિવાર તા. ૨૦મી મેના અરસામાં થયું છે. કામના બદલા માં ૧ પાઉંડ આપવામાં આવ્યો હતો તેનો વખતમાં તથા ફરારની બાબતમાં આગળના સાક્ષીયો એ જૂઠો પડી ગયો હતો.

આ પછી કેટલીક વારે તેણે જણાવ્યું કે એડવરટાઇઝર ઓફીસમાં મને અને ગીનીઅરને છાપવાનું લીક મેળવી આપવાનું શમુલીઅરે વચન આપ્યું હતું. પાછળથી અમારી પાસેથી એ કામ લઇને બીજાને આપવામાં આવ્યું. તેથી અમને ગુસ્સો આવ્યો હતો. ત્યારે કાર્ડો છપાઇ રહ્યા ત્યારે ટાઇપનું શું કરવું એવું શમુલીઅરને પુછતાં તેણે સીસું ગાળવાની ભઠીમાં તે નાખી દીધા.

એકસેલસીઅર પ્રેસના વડા પ્રીંટર મી. એચ. ઇવાન્સે જણાવ્યું કે તેની ગેરહાજરીમાં તહોમતદાર ઓફીસમાં આવી ને પોડાક જ્યુ કાર્ડ પસંદ કરી ગયો. તે દિવસેજ બપોરે ગીનીઅર અને સમલી એ આવીને શમુલીઅરે પસંદ કરેલ કાર્ડ માંના "સરકારી છાપખાનામાં છાપ્યું" એટલા અક્ષર વિના બાકીનું છાપવામાં હું કંઇ ખોટું સમજ્યું નહીં. પણ એ અક્ષરોની સાથે છાપવાનું મને ફરેનારને હું લાત મારીને કાઢી મુકું, કારણ કે તે કામ કરનાર સમજી શકે કે આમાં કંઇ ગમાર , શું છપાયું હતું તે હું જાણી શકું નહીં. કારણ કે મશીન ઉપર વીંટાળેલો કાગળ પણ ફાડી નાખવામાં આવેલો હતો. જ્યારે ગીનીઅર અને સમલી મારા પ્રેસમાં છાપવા આવ્યા ત્યારે મારું માનવું હતું કે આ કામ મી. શમુલીઅર તરફથી આવેલું છે. પણ જ્યારે મેં પકડ્યા માગ્યા ત્યારે ગીનીઅર તો મને હવાલો આપવામાં આવ્યો હતો. તેજ છાપખાનામાં કામ કરતો બીજો પ્રીંટર જુબાની આપતાં બોલ્યો કે કાર્ડ ઉપર છપાએલા કેટલાક શબ્દો મેં જોયા હતા. ૧૯૦૭ના એશીઆટીક રેજીસ્ટરેસન ને લગતી સરટીફીકેટ એ શબ્દો તે હતા. ગીનીઅર અને સમલી પોતાની સાથે લાવેલા ટાઇપ પાછા લઇ ગયા હતા. શું છાપ્યું છે તેની કંઇ પણ નીશાની વાંસે નહોતી રહી.

મી. ચમનીએ જણાવ્યું કે કોરટમાં રજુ કરેલા કાર્ડ ઉપર મારી સહી નથી. મારી ઓફીસમાંથી આ સરટીફીકેટ આપવામાં આવી નથી અને તે બનાવટી છે.

સરકારી છાપખાનાના ફોરમેન મી. આર. કમીએ કહ્યું કે આ દેખાડવામાં આવેલી સરટીફીકેટ મારા છાપખાનામાં છપાએલ નથી.

તહોમતદાર જેકર શમુલીઅને જણાવ્યું કે હું ઓફ-સીઅરમાં રહી પ્રીંટરનો ધંધો કરું છું. આ બાબતમાં હું કંઇ જાણતો નથી હું હાલ માફી અપાવ કરવા ઇચ્છતો નથી.

માજીસ્ટ્રેટે તહોમતદારને કમીટ કર્યો છે. ૧૯૦ પાઉંડના બે જામીન લઇ તહોમતદારને છોડવાનું નક્કી થયું છે.

પ્રીટોરીઆ અંજુમન ઇસ્લામ

ગઇ તા. ૨૬ ને રવીવારને રોજ અંજુમનની એક મીટીંગ થઇ હતી. મીટીંગનું કામ શરૂ થતાં મી અલી અબ દુલ્લ હકીમની દરખાસ્ત અને મી. તાર મહ મદ પીર મહમદના ટેકાથી મોલાના મોલવી જનાબ અબદુલ કાદરે ચેરમેનની ખુરશી લીધી હતી. મેંબરો ઉપરાંત પી-રસબરગથી આવેલા . મીજમાનોએ મીટીંગમાં ભાગ લીધો હતો. શરૂઆતમાં મી. ઇસમાઇલખાને સભાનો હેતુ કહેતાં જણાવ્યું કે અત્રેના જાણીતા આગેવાન વેપારી મી. વલી મહમદ ખમીસા દેશમાં ખુદાની મહેમતને પોંહોંચ્યા છે. તેના માન માટે દરશાવવા તથા તેમોના કુટુંબને દિલસોજી આપવાની આ મીટીંગ છે. તે પછી ચેરમેન સાહેબે અંજુમન તરફથી દીલગીરી બતાવી ભાષણ કરવું હતું અને મરહુમ ના હકમાં દુઆ ગુજારી હતી. મી. સુલે માન ખાન મહમદે દિલગીરી દરશાવી અને દરખાસ્ત મુકી કે મરહુમના કુટુંબ ને અંજુમન તરફથી દીલાસાપત્ર મોકલવો. મા તાર મહમદે ટેકો આપ્યાથી દીલાસાપત્ર લખવા સેક્રેટરીને ફરમાસ થઇ હતી.

બાદ મી. અબદુલ્લા સુલેમાન તરફથી મી. સુલેમાન ખાનમહમદે અંજુમનને રૂા. ૧૦/૬ ભેટ આપી હતી. મી. તયબ હાસમે ભાષણ કરી મી. અબુ મુસણવતી રૂા. ૫/૩ અંજુમનને ભેટ આપી હતી. મી. કાસમ હાજી સુલેમાનવતી મી. તાર મહમદે ઉપકાર માની અંજુમનમાં મેંબર થવા અરજી કરી રૂા ૫/– દાખલ રૂ ૬/– લવાજમ વરસ એકનું, તથા ભેટ ૨૦/૬ આપી. મી. તયબ વરીંદે મ રહુમ મી. વલી મોહમદ માટે દીલગીરી બતાવી અને મી. અબદુલ અન્ના મછારીવાળા વતી મેંબરશીપમાં દાખલ થવા અરજી

કરી. ૧૫ - બેઅ, ૫/– ઇખરચ કરી નવા ૩/– જ માસનું રજીસ્ટ્રેશન આપ્યું મી. ઇસમાઇલ જુમાએ દિલગીરી દર્શાવતાં મરહુમના હકમાં દુઆ ગુજારી હતી, અને સભામાં હાજર રહેવા મી. જીવ્યુ કેસવજી વતી ૧૦/૬ અંજુમનને ભેટ આપી હતી. તે પછી મી. હાજી ઓસમાણ મી. હાજી અબુ વગેરે ગૃહસ્થોએ દીલગીરી દરશાવી હતી.

મી. વલી મહમદ ખમીસાવતી મી. હાજી ઓસમાને મેંબરોએ બતાવેલી લાગણી માટે ઉપકાર માની જણાવ્યું કે અંજુમન તરફથી જે મકેસા બોલવામાં આવેલ છે તેમાં મદદ તરીકે અંજુમનને એક ગીની ભેટ આપું છું.

તે બાદ ચેરમેન સાહેબે સરવેનો ઉપકાર માની મીટીંગ બરખાસ્ત કરી હતી.

ટ્રાંસવાલનો લડત

શેર

ચીડીકી મૌત આવે કરીબનો,
પર નીકલતે આપસે,
કરનીકે ફલ પાવેગે
યહાંકે ગોરેઅપને પાપસે.
અલ્લાહ પાકસે.
તોડ ઘાનતકા પડા,
મરદનમેં વોહ ના પાકસે.

લાવણી

લે ખુશખબરી નીકલે લશ્કર જેલોંક',
કોંગ્રેસ મરદનમેં કાલે હાર પુલોંકા.
ખુશ જબ નસીબા હીંદી ટ્રાન્સવાલોંકા,
પરીયાં ઉતરેંગી લે તખ્તા ઝુલોંકા:
ફીર ઝુલાવે ઝુલા જબ મેરે લાલોંકા. કોં૦
એજ્યુકેટેડ પારસી સોરાબજી શાપુરજી,
લગી જેલ ઉસે વન મંથ હાર્ડ લેબરકી;
તાજીમ કીયા નહીં હુકમ ઓર આલમકી,
ફરમાઇ કીયા કયા લીખું સના જલીલકી;
જાવ જલ્દ પતાલે આરજેલ મકેલોંકા. કોં૦
ચાર ચાર રોજકી જેલ ફેરી વાલોં પર,
ઓર હુકમ અપહુચ કાહર નાયાર્ક્રોર પર;
ચાર જયે જેલ એકઝીકેટીવ કે મેંબર,
દીલગીર હુઇ નાતાલ કોંગરેસ સુનકર;
કરતે હુએ ગોરે દેખ જોર કાતાંકા. કોં૦
કોંગરેસને મીટીંગ બુલવાઈ હાલ સમાલને,
લગ ગોહડી અજારમેં ઝુમેરાતકું આને;
તારીખ તેબીસ ઓગનીસ્સા આહ દુકાને
થા જુલાઇ મહીના અંધ કીયે ગમખાને;
ઓર રોજ વખત આજવે સાલદુવાલોંકા. કોં૦
ઓર પચાસે પાકર મજનુ મસ્ત દીવાના,
કુરબતમેં લેલીકે તખ્ત આબ ઔર દાના:
જા જયકા, જંગલ બીયાબાન વીરાના
તન બદનપેં દરખત ઉગે ડરા નહીં દાના;
યા દર્દ ઝબાંપે વીર શર્દ લેલોંકા. કોં૦
થે લાલ, અજીત, શરબદર બોલ્યા બાલા
સર હુનર દુખ સહે ગરીબકે દુખ ટાલા;
શત્રુ તબરેજને ખાલ ઉતાર કર દે ડાલા,
દે અચલ રમરસ સાહેબને કીયા મોં કાલા;
હાતમને પાલા અબ્બલ સાલ સવાલોંકા. કોં૦
કરદાદ અબ્બલકે સીયે કાલ તોડાયા,
શીરીબા હાજરે ગમ ખુબ જોડાયા;
યહા તીલક જેલમેં કયા ઉસકા શોરબાર
મુલ્કકા કોમેંક પારાકા પાર બેડાયા;
નહીં બરદાસ્તબસરકાર ખ્વાબખ્યાલોંકા. કોં૦
જુલેખાકે જુલ્મમેં પહેન પયરમેં જંજીર,
પુલક ઝીંદામેં ગયે કુવે નદી દીલગીર;
ડચકોંપે હકકે સીયે ચલાથી શમશીર,
હીંદીકે લીયે કયું મયા જીરીશકા દીલ ચીરર
હુય મદદગાર અલ્લાહ અચ્છોંબાલોંકા. કોં૦
જો જેલ મહેલમેં ગયે હીંદકે વીરે,
અબ કરો નવાજેશ સે પુલોંકે તુરંતે;
સચ્ચે મોતીકે બાંધો સરપર શેરે
મેની મેની ઘેંકસ દે બોલો હીપ હીપ હુરરે;
નહીં ભુલેંગે ગમ સાતઆઠ સાલોંકા. કોં૦
મહેતાબ કલમ કલકલતી જીભર ફટતા હય,
નામર્દ જેલકે જનેસે હટતા હય;
હીંદીકી હીમાયતમેં ગોરા હસતા હય,
કમ જોર મોતકી નીશાનીકા રસતા હય;
જા બીઠાકે બેઠે બીરતર મુખબાલોંકા. કોં૦

ચાલુ વર્તમાન

તા ૩ ઓગસ્ટની પાર્લામેંટની બેઠક માં મી. રોબીન્સને જેલ્લા ૧૨ માસમાં કલેર એસ્ટેટમાં થએલા ખુનની સંખ્યા પુછવાની કોલોનીઅલ સેક્રેટરીને નોટીસ આપી છે.

તા. ૪ ઓગસ્ટના રોજ મળેલ ડરબન ટાઉન કાઉંસીલની મીટીંગમાં મી. ચેને દરખાસ્ત કરી કે હીંદી અને નેટીવોમાટે જુદી ટરામકાર રાખવાની જરૂર છે.

ગીરમીટમાંથી છુટા થએલા દરેક હીંદીને દર વરસે પા. ૩નો કર આપવો પડે છે. તે કાઢી નાખવા નાતાલ ઇંડિઅન કોંગ્રેસ ઓફીશીઅલ યુનીઅન તરફથી ૮૦૦ સહીની એક અરજ સેક્રેટરીઅ ઓફ સ્ટેટને મોકલવામાં આવી છે.

સ્ટાંડરટનમાં પકડાયેલા હીંદીને તેમની હિંમત માટે નાતાલ ઇંડિઅન કોંગ્રેસ તરફથી મુબારકબાદીનો તાર કરવામાં આવ્યો છે

ડરબનના મી પરશોતમ હાજીએ ટ્રામના કંડકટરે કરેલ હુમલા માટે કોરપોરેશન ઉપર પા. ૫૦૦ની નુકસાનીનો દાવો માંડયો હતો. તે કેસનો ચુકાદો ગયા મોમવારે જસ્ટીસ કેનરી બેસે મી. પરશો તમ હાજીના હાકમાં આપેલ છે. મી. પરશોતમ હાજીને કોરટે નુકસાનીનો મહેસો પા. ૨-૧૦-૦, તથા કેસનું ખરચ અપાવેલ છે.

એશીઆટીક લાઇસેન્સ બંધ કરવાના બીલોને પાસ થતા જોવાને 'નાતાલ વીટનેસ' એક લાંબા આરટીકલમાં પારલામેંટના તે કામનો સંતોષ જાહેર કરે છે

ગઇ તા. ૨૬ રવીવારના રોજ ડરબન હીંદીઓની જાહેર સભામાં શ્રીયુત તીલકના કુટુંબને દીલસોજીનો તાર મોકલવાનો ઠરાવ થયો હતો. પ્રમુખ સ્થાને મી. મહોકમચંદ હતા, તથા ભાષણ કરનારાઓમાં મી. નાયડુ, મી. રોબત, મી. જોશી વગેરે હતા.

ટ્રાંસવાલ લેજીસ્લેટીવ એસેંબલીને તા. ૪ ના રોજ કોલોનીના જુદા જુદા વિભાગોમાંથી સંખ્યાબંધ સહીની બે અરજ મળી છે આ અરજમાં જણાવવામાં આવે છે કે વેપારના લાયસેન્સ લેતી વખતે એશીઆટીકોએ આંગળા આપવા ના પાડે છે તેથી ૧૯૦૭ ના એશીઆટીક રજીસ્ટ્રેશન કાયદાનો સરકારે બરાબર અમલ કરવો.

ઉપરની મતલબની બીજી બે અરજ જોહાન્સબરગ ચેમ્બર ઓફ કોમરસ તથા પોચેસ્ટરૂમની વસ્તી તરફથી તા. ૫ ના રોજ મળી છે.

કલારકસડોરપના એક ડોકટર મી. અબ્દુલ ને વગર લાયસેન્સથી ફેરી કરવામાટે પોલીસે માજીસ્ટ્રેટ પાસે ખડો કરેલ, માજીસ્ટ્રેટે કેસ ચલાવી તેનો દંડ કર્યો પણ દંડ નહિ ભરતાં ચાર દિવસની સખત મજુરીની જેલ પસંદ કરી છે

સ્ટેંડરટન હીંદીના કેસની વીગતવાર હકીકત અમે આવતે અઠવાડીએ આપીશું

નાતાલ પાર્લામેંટ

વધુ લાઇસેન્સ બંધ કરવાનું બીલ

તા. ૬ ઓગસ્ટની બેઠકમાં કોલોની બલ સેક્રેટરીએ ઉપરનું બીલ બીજી વખત વંચાવા રજુ કરયું. તેણે બીલની કલમો જણાવ્યા બાદ કહયું કે દીંદીઓને પુરતો બદલો આપવામાં આવશે. આ બીલ પાસ થશે તો કોલોનીને છેવટમાં લાભ થશે

મી. સ્મિથઃ આ બીલ પાસ નહિ થાય એવી હું આશા રાખું છું. બદલો આપવાની કલમો અસરકર નથી. બીલ બહુ બેદરકારીથી લખવામાં આવ્યું છે. હું તે બીલની વિરુદ્ધ છું.

મી. રોબીનસનઃ હું ધારું છું કે આપણને લાઇસેન્સ અટકાવવાનો હક નથી અને જે અટકાવી શકતા હોઇએ તો બદલો આપવાનો તો હક નથીજ હું તે બીલને ટેકો નથી આપી શકતો.

મી ટેલરઃ બદલો આપવાની વાતને હું ટેકો નથી આપી શકતો તે સિવાય બીલ રજુ કરવામાં આવે તો હું તેને ટેકો આપું છું.

મી ફીલ્કોપઃ હું તે બીલને ટેકો નથી આપી શકતો તે બીલ અન્યાયી છે. પ્રજાના કોઇપણ ભાગને અમુક વખત પછી વેપાર કરતા બંધ કરવાને માટે આપણે મજબુત કારણો જોવાં જોઇએ. દીંદીઓનાં ૧૩૦૦ જેટલાં લાઇસેન્સનો બદલો આપવાની રકમનો પણ આપણે વિચાર કરવો જોઇએ. તેમને સરાસર પા. ૧૫૦ આપવા જતાં પા. ૬ લાખની રકમ થાય છે! તેટલી મોટી રકમ આપણી પાસે આવે તો નથી અને દશ વરસ પછી પણ કદાચ ન હોય.

મી. ઓમીશઃ હું તે બીલને ટેકો આપું છું તથા આવું બીલ દાખલ કરવાની દીમત માટે સરકારને મુબારકબાદી આપું છું. એશીઆટીક વેપારી ગોરા તથા નેટીવ બનેને નુકશાન કરતા છે કારણ કે તેઓ અપ્રમાણીક વરસના વેપારી છે

મી. વીંટરઃ આ દેશ ગોરા તથા કાળા બનેનો હોઇ શકે નહિ. તે લોકોનાં ૧૩૦૦ લાઇસેન્સ છે એ બીનાયીજ આવા બીલને સંપુરણ ટેકો મળશે એમ હું માનું છું. હું આશા રખુ છું કે સરકાર તે બીલ પાછું નહિ ખેંચી લીએ

મી. કલેટનઃ હું આવા બીલને ટેકો નથી આપી શકતો. અન્યાયી વરતણુંકમાં હું ભાગ નહિ લઇશ, આ બીલને પાસ કરાવવામાં સરકાર કદાપણ યાપરતી નથી. વળી સરકાર તેને મંજુરી આપે તે પણ સંભવ નથી વિલાયતના લાઇસેન્સીંગ બીલ અને આ બીલની વચ્ચે કાંઇપણ સરખાપણું હું જોતો નથી. આ બીલ પાસ નહિ થાય એવી હું આશા રાખું છું.

મી. કોનોલીઃ લેબરપાર્ટી તરફથી મી. હેનરે આ બીલને ટેકો આપ્યો છે તે બરાબર નથી. લેબરપાર્ટી અમુક વરસ માટેના કાયદાની સખત રીતે વિરુદ્ધ છે. તે બીલ અન્યાયી અને બીનજરૂરી છે. જે કાંઇ મુશ્કેલી હાલ છે તેનો કોમને પણ અન્યાય આપ્યા વિના અંત લાવી શકાય છે.

મી. જોન્સ્ટનઃ હું બીલને ટેકો આપું છું. આ વેપારીઓ પચાસની મોટી રકમ દર વરસે પોતાને દેશ મોકલે છે અને તેથીજ નાણા બીડ છે.

મી. પામરઃ હું આ બીલને ટેકો આપું છું. હું આ બીલમાં કયાંય અન્યાય નથી જોતો. નવા લાઇસેન્સ અટકાવવા હું આપણે દલીલ . બદલો આપવાની કલમોથી આપણે તેમના તરફ પધારે પડતી કેદારના બતાવીએ છીએ. હું માનું છું કે જો પેટલાક ગોરા વેપારીને આવો લાભ મળે તો તેઓ ખુશી થય

મી બરગીસ હું જોઉં છું કે ન્યાય નામે ઘણો અન્યાય થય છે. હું ધારું છું કે આ બીલના પાસ થવામાં જરૂરત કરતા વધુ પડશે બીજા બીલને મંજુરી મળે તો તેની શું અસર થાય છે તે જાણવા આપણે રાહ જોવી જોઇએ. ઉતા વળી કરવાની જરૂર નથી. લાભ જે કાયદા છે તેથી ઘારેલી મુરાદ પાર નથી પડતી એમ જણાશે તો આવા બીલને પાસ કરવામાં વધારે ટેકો મળશે, આવા કારણ થી હું તેને ટેકો નથી આપી શકતો.

મી. જુનરઃ અમુક લાઇસેન્સ બંધ કરવાથી દુકાદારના હક કેવી રીતે માર્યા જાય છે તે હું સમજી શકતો નથી. લાઇસેન્સ મુદત પુરી થએ ફરીથી તે આપવા કે કેમ તે સરકારની મરજી ઉપર છે આ નેટીવના લાભ માટે હોય તો હું તેને ટેકો આપું છું.

ઉપર મુજબ વિવેચન થયા બાદ કોલોનીઅલ સેક્રેટરીએ જણાવ્યું કે લાઇસેન્સ આપવાના ધોરણમાં કાંઇક ફેરફાર કરવા ની ઇચ્છા ગોડાં વરસ થયાં જરૂર જણાય છે. નેટીવ વસ્તીના લાભને માટે પણ આ બીલ પણ જરૂરનું છે. આપણે બધી સરકારનો દાખલો લઇએ તેણે મુલ્ય લેડમાં એશિઆટીકને દાખલ થવા નથી દીધા. વળી ઓરેજ રીવરમાં પણ તેઓ નથી જઇ શકતા. આપણું આખું દાખલ જે બીલ એક મતે પસાર કરે તેને વડી સરકાર દદ ન આપે એવું હું ધારતો નથી. મી. ફીલ્કોપે પાસસ સંબંધી સ્થિતિ જણાવી વાંધા દરશાવ્યો તે માટે દીલગીર છું. એ પાપને કાઢવા માટે દશ અથવા વીસ લાખ પાઉંડનો ખરચ થાય તો પણ કરવા જોગો છે. તેમને બદલો આપવાનુ ઠરેલ છે એટલે તેમના ઉપર અન્યાય થાય છે તે વાત બહી હરે છે. બાદ તે બીલ ઉપર મત લેતાં ૨૨ વિરુદ્ધ ૧૧ મતે બીજું વાંચન પસાર થયુ હતું.

મેસરસ સ્મિથપ, મેકરમ, પોકીંગહોર્ન, ફીલ્કોપ, આર્મસ્ટ્રોંગ, ઇવાન્સ, કોનોલી, ડકમન, કલેટન, મર્બીસ અને રોબીન્સને બીલની વિરુદ્ધ મત આપ્યો હતો.

કમીટી મીટીંગમાં વિવેચન

ઉપરના બીલ ઉપર કમીટીની બેઠકમાં તા. ૫ ના રોજ નીચે મુજબ વિવાદ થયો હતો.

મી. કલેટનઃ હું દરખાસ્ત કરું છું કે ફેરીવાળાને આ બીલ લાગુ નહિ પડવું જોઇએ

મી મેકડાર્લીઃ હું તેની વિરુદ્ધ છું. દેખીતે ફેરીવાળા બે રાજ્ય માટે વેપાર કરે તો બીલને હેતુ સરતો નહિ.

મી. પામરઃ આ બીલ ઉપર વધારે વિવેચન કરવું એ તકાજો વખત ગુમાવવા બરોબર છે.

મી કર્ટમેનઃ આ બીલ દાખલ કરવાનુ તેમને બીજા સંસ્થાના તરફથી કહેવામાં આવ્યું છે તેથીજ દાખલ કરવામાં આવેલ છે. હું માનું છું કે આવું અન્યાયી બીલ પાસ થવાનો સંભવ નથી.

પ્રધાનઃ તે અન્યાયી બીલ ન કહી શકાય. આપણે બદલો આપવા કલીઓ છીએ. બ્યાજબી કીમત આપી જમીન સરકાર લઇ શકે તેવા કાયદા બીજા દેશો નીમાં પણ છે

મી. કલેટનની ફેરીવાળાને આ બીલ માંથી બાતલ કરવાની દરખાસ્ત ઉપર મત લેતાં તેની વિરુદ્ધ ૨૩ તથ તરફેણમાં ૭ મત પડયા હતા.

કોલોનીઅલ સેક્રેટરીઃ કોલોનીઅલ ગ્રેડયુસ વચ્ચેના માટે લાઇસેન્સની જરૂર નથી.

બાદ ૧૯૧૮ ને બદલે બધા લાઇસેન્સ ૧૯૧૩, '૧૫, અથવા '૧૮મા બંધ કરવાની દરખાસ્તો મુકવામાં આવી હતી પણ તે રદ થઇ.

મી. ટેલર: બદલો આપવાની કલમ કાઢી નાખવી જોઇએ.

પ્રધાનઃ જે રૂપમાં તે બીલ છે તે બરાબર છે. તેથી કોલોનીને લાભ થશે.

મી ચાર્લ્સ બદલો આપવા જોઇએ એમ હું માનું છું. આ બીલના પાસ થવાથી ઘણા બીન રોજગાર થઇ પડશે તેમને મદદ માટે બદલાની જરૂર છે.

મી. હીસ્લોપ: બદલો આપવાનું ટાઉન કાઉન્સીલ તથા લોકલ બોર્ડના ઉપર રહેવું જોઇએ.

આ દરખાસ્ત ઉપર મત લેતાં રદ થઇ હતી.

'બરકયુરી'ની ટીકા

આ બીલ ઉપર બોલતાં 'બરકયુરી' જણાવે છે કે એશીઆટીક લાઇસેન્સ બીલનું બીજી જગાનું બાંધ। ધારાસભા એ પસાર કરવું છે. પણ મી. ચર્ચ જણાવે છે તેમ તે સભાના બકાલની બાર દિવાલો ની વચમાંજ રહેવાનુ. એશિયાટીક લાઇસેન્સના બધે બીલો તદન અન્યાયી છે. કોલોનીમાં જન્મેલા લોકોને તેની જાત વાળા સાથે પણ વેપાર કરવાનો હક આ બીલથી નથી મળી શકતો!

આ બે બીલમાં અધુરાપણું તથા રાજદ્વારી કુનેહની જે ખામી જોવામાં આવે છે તેવા બીજા બીજે જવલેજ જોવામાં આવે. પારલામેંટના ઘેડલાક મેંબરો પણ એવું માને છે કે આવી સ્થીતીમાં તે બીલ પાસ કરી થશે નહીં. કોલોનીઅલ સેક્રેટરી કહીને એમ કહે છે કે બીલ નેટીવ પ્રજાના રક્ષણને માટે છે તે પહેલા નંબરનો ડાઘ છે પ્રજા (ગોરી પ્રજા) તરફથી જરા બાદબાકીને કારકે આ બીલ પડેલ છે. અને ગીરમીટ અટકાવવાના બીલને માટે કમીશન નીમવામાં આવેલ છે ત્યાંજ પોતાના વરતાઇ રહે છે. ગીરમીટ બંધ કરવાનું બીલ બાજુએ મુકી એશીઆટિક વેપારીને—તેમાં ઘણી ન તાલકનાં જન્મેલાને પણ—કોઇ પણ જાતનો વેપાર કરતા બંધ કરવાના બીલ પાસ કરવા તેના જેવું હલવા જેવું કોણ કેમ કરે? આનો અર્થ એમ થયો કે જ્યાંસુધી બીજા મજુરો લાવવાની સરકાર ખાત્રી ન આપે ત્યાંસુધી પારલામેંટ એશિયાટીકને આવતા અટકા વવા માગતી નથી. પણ એશિયાટીકને વેપાર કરતાં અટકાવવાને એકદમ તખ્તારે ચઢાવે છે. બદલો આપવાની કલમ કાઢી નાખવા બીલ જણાવ્યા છે એમ બોલાવાને પણ ન કહી શકાય. એક વખત આમ બનતું થયું તો બીજી વખતે આવા આપખુદી સત્તાધીશો એશિયાટીક અથવા નેટીવને પોતાની રોટી કમાવા ખાતર બીજા કાયદાના કાયદા પણ ઘડશે. આવા બીલ પાસ કરી વડી સરકારને મંજુરી માટે મોકલવા તે માત્ર ગોંડપ છે. નાતાલ વર્તાસુધી બ્રિટીશ રાજનો ભાગ છે ત્યાં સુધી આપણે આવું બનવું બની શકતા નથી જો તેમ કરવા જઇશું તો બીજા મુલક તેનું વેર લેવા તક્યારે થશે તે વખતે આપણને ભારે પડશે.

જોહાનસબરગના સ્ટારે આ બીલને' અન્યાયી ગણી જે ટીકા કરી છે તે ટીકા બ્યાજબી . નાતાલ પાર્લામેંટે જે બીલો પાસ કરેલ છે તેવાં બીલોને મંજુરી આપવાની સલાહ કીંગરલ કે યુનીયનીસ્ટ સરકાર બેમાંથી કોણ આપી શકે નહિ.

'સ્ટાર'ની ટીકા

આ બીલના જેવા કાયદા સેલ્ફગવર્નમેંટના બીજે કયાં પણ હયાત નથી જણાય અને વીચાર કરતાં માલુમ પડે છે કે આ બીલ વીષે પણ ચર્ચા કરતાં તે વખત ગુમાવવા તો છે આવા કાયદા ઘડવાથી બ્રીટીશ પારલામેંટમાં દક્ષીણ આફ્રીકાના કાયદા ઘડનારાઓ માટે હલકા વિચાર આવ્યા વિના નહિ રહે. આ મુસદ્દાના એજ રક્ષણ અમને તો દેખાય છે પહેલો એ કે કોઇ પણ નવા એશીઆટીકને દાખલ થતા અટકાવવા અને બીજું એ કે નાતાલ માં વસી રહેલ. હિંદીને સાઉથ આફ્રીકા માં ત્યાં ત્યાં જતા અટકાવવા.

કેલાગેઆબ્રે ઇંડિઅન લાયબ્રેરી

આ લાઇબ્રેરીના સેક્રેટરી લખી જણાવે છે કેઃ—તા. ૬૦ જુન ૧૯૦૮ના રોજ ઉ લી લાઇબ્રેરીની બીલ્ડીંગમાં પા. ૧૧-૬-૬ હતા. જ્યારે ગયલા માસમાં મેંબર ફીના પા. ૩-૫-૦ તથા પ્રનકોમારી વાળા મી. ભરમાલ ગયન તરફથી રૂા ૧૦/- તથા કેસાનોગર્સીયાન વેપારીએ હા. મી. પ્રધાન રામજી મારફતે પા. ૨-૫-૦ તથા ગામમાંથી પા. ૦-૧૪-૬ બેટ દાખલ મળેલ તે મળી કુલ પા. ૧૮-૧-૦ થયા તેમાંથી પા. ૧૦-૦-૦ પુસ્તકો મંગાવવા મુંબઇ મોકલ્યા. તે સિવાય ભાડુ, નોકરનો પગાર, ઇંડિઅન ઓપિનિઅનનું લવાજમ બીલ પતું રસીદબુક ૨ તથા હપાલ ખરચ બધાના પા. ૨-૬-૩ મળી કુલ પા. ૧૨-૬-૩ બાદ જતાં બાકી પા. ૫-૧૪-૩ આજ સુધી બેલેંસમાં છે.

ગયલા માસમાં મેંબરોનાં નામ ઉપર ૮૮ પુસ્તકો ધરવુ થયાં હતાં જ્યારે ૨૨૫ વીજીટરોએ લાઇબ્રેરીમાં આવી વાંચવા નો લાભ લીધો હતો.

ચાલતા માસમાં ચાર્જ્યાવાળા ૪ મેંબરો તથા બીજામાંથી ૨ મેંબરો નવા દાખલ થયા છે, કુલ મળી આજસુધી મેંબરોની સંખ્યા ૪૦ની છે. મી માસાક રબુલ્લાહ તરફથી પુસ્તકો ૨ મી નરસદા શંકર ગોવાદજી શુકલ તરફથી પુસ્તક ૧ તથા મી એમ. એચ. પીલ્લામેરીઆ તરફથી પુસ્તકો ૩ ઉપરી લાઇબ્રેરીને બેટ આપવા મળેલ છે. બેટ દાખલ મળેલા બધાં તથા પુસ્તકોનો આભાર સાથે સ્વીકાર કરવામાં આવ્યો છે."

રૂટરના તાર સમાચાર

મુંબઇના રૂટરનો અખબારનો એક તારમાં જણાવે છે કે જુલાઇ તા. ૬ ના તોફાનના સંબંધમાં કેળવણી પામેલા આઠ દીવસને નવ માસની કેદની સજા થઇ છે. અને બાજીસ્ટ્રેટ ઉપર હુમલો કરવા માટે બીજા ૧૮ને સજા થઇ .

રૂટર જણાવે છે કે પ્રાન્ત વર્ગના આગે વાન મી. તીલકને જે છ વરસના દેશવટા ની સજા થઇ છે તેની સામે અપીલ કરવાની તેણે માગણી કરી છે. તે જણાવે છે કે તેના લખાણનો તરજુમો બરાબર નહિ થવાથી તેને અન્યાય થયો છે.

પાછળથી મળેલ બીજા એક તારમાં જણાવે છે કે મી. તિલકને અપીલ કરવાની પરવાનગી નથી મળી.

અમેરિકામાં આવેલ બ્રિટીશ કેલંબીઆ માં લાવેલ એક દાવાનળથી ૧૭૦૦૦ ઘર બળી ગયાં છે ૭ લાખ પૌંડનું નુકશાન થયું છે. ૬૪ માણસોઃ એક ખાડામાં હતા તે એક સપાટે બળી મુઆ છે. ૧૦૦૦ માણસો ઘરબાર વિનાના અને ભુખે મરતા થઇ પડયા છે. ૧૭ ગામડાં નાશ પામ્યાં છે. તેમાં ઘણાં માણસો બળી મરેલ છે. દાવાનળ હજુ ચાલુ છે. અને વાસદ ૧૬ ખબર મળીત. જાય છે. આગ ૨૦૦૦ ચોરસ માઇલ જેટલા વિસ્તારે માં ફેલાવા પામી ચુકી છે.

નાતાલના હીંદી આબત વિલાયત ના છાપામાં કાગળ

નાતાલમાં વસતા હીંદી બાબતમાં નાતાલના એજંટ જનરલ સર વીલીયમ આરમસ્ટ્રંગે લંડનના "સ્ટાર્ડર્ડ ઓફ એમ્પાયર" છાપામાં નીચે પ્રમાણે કાગળ લખ્યો છે:—

દક્ષિણ આફ્રિકામાં કાળા ગોરાનો અવાજ બહુ મુંઝવાડા ભરેલો છે કેનેડા વિગેરે જગ્યાએ ત્યાંના મુળ વતનીઓની વસ્તી બહુ ઓછી થઇ જવાથી બહારની કાળી પ્રજાને અંદર આવવા દેવાનોજ સવાલ છે જ્યારે અહીંના મૂળ વતનીઓની વસ્તી દીનપર દીન વધતી જાય છે. અને તે ઉપરાંત બહારની કાળી પ્રજાથી દેશ ભરાઇ ગયો છે જ્યાબંધ હીંદીઓ અહીં ચોમેર ફરી વળ્યા છે અને તેઓ ગોરા વતનીઓના વેપાર ઉદ્યોગને બહુ નુકશાનકારક નીવડેલ છે.

અહીંના ગોરાની પાયમાલી કરનાર હીંદી આ દેશમાં કેવી રીતે દાખલ થયા તે તપાસીએ. નાતાલમાં ૪૮ વરસ પહેલાં શેરડીના વાવેતરમાં અહીંના મૂળ વતની મજુરો નાલાયક નીવડ્યા તેમને પરાણે કામે લગાડવાનુ અહીંની સરકારે ગમતું ધારયું નહિ અને તેથી હીંદુસ્તાનથી મજુરો લાવીને ગીરમીટમાં બોલાવ્યા. ગીરમીટ પુરી થયે તેમને પાછા મોકલવાની શરત ન કરી તે બહુ કમનશીબ ભુલ થઇ ગીરમીટ પુરી થયે આ લોકો ખેતીનું, ફેરીનું, વેપારી અથવા કારખાના વગેરે કામકાજ કરવા મંડી ગયા. ગોરી પ્રજા સાથે હરીફાઇનો જમ તે વખતે ના જેવા હતા અને ચાલતું હતું તેમ ચાલવા દીધું. ૧૮૯૫માં ગીરમીટ પધ્ધતી અહીં રહેનાર દરેક ઉપર ત્રણ પૌંડનો કર નાખ્યો. પણ નાતાલને ખેદરત માની તેમાં પેસી જનાર અમુક હીંદીઓને તે કર લાગુ પડતો ન હતો–તે અરબ વેપારી. તેઓ કુશીયા હતા. હરતે ધંધારે છે તથા તેઓ જન્મના વેપારી ગણાય છે. તેઓ ટોળાંબંધ આવી ગોરા વેપારી તથા ખેડૂતો સાથે હરીફાઇ કરવા ઉતરી પડયા. જનશી મુલકમાં મહા મહેનતે ગોરાઓ યા જાપ્રીકી આજની સ્થિતિને ગોરીઓ દીઠાથી પાયમાલ થતાં બચ રહે છે દક્ષિણ આફ્રિકામા વિક્રાણ અને જનરાવર ગોરી પ્રજા બનાવવાનો અમારો મુખ્ય હેતુ છે. કેનેડા અને આસ્ટ્રેલીઆથી હલકું અહીં ગોરા કરતાં કાળા પ્રજા વધારે જલ્દ છે. એ ગોરાને નાયકના બધા ધંધા બધા ગોરીઓરીક માટે ખુલ્લા મુકાય તો ગોરી પ્રજા થોડા સમયમાં બુસાઇ જાય. દેશના કાયદાથી હીંદી ઓના ધોધને અટકાવવામાં આવ્યો પણ તેથી ભુતકાળમાં થયેલી ભુલમાં કાંઇ સુધારો ન થયો. કારણની માફક તે પ્રજા પણ જલદીથી ફુલતી રીતે સંખ્યામાં વધતી જાય તેવી છે. આજે આ દેશમાં જન્મેલા અને ઉછરેલાની મોટી સંખ્યા થઇ પડી છે. તે વધતીજ જાય છે અને થોડા કાળમાં ગોરા કરતાં ઘણી વધી જશે. આ અમારી ભુલનું પરિણામ છે. એમાં ના નહિ કહેવાય પણ કેટલાક ટીકાકારો કહે છે કે આપણી ભુલ થઇ હોય તે આપણે વેહવી જોઇએ તે કહેવા જેવું છે. ભુતકાળમાં થયેલી ભુલ ભવિષ્યમાં સુધારવી તેમાં જરાએ અન્યાય નથી. નાતાલ પાર્લામેંટની ચાલુ બેઠકમાં ત્રણ બીલો પસ્સ થયાં છે. તેમાંના એકનો હેતુ ગીર મીટીઆ હીંદી બંધ કરવાનો, બીજું નવા લાઇસેન્સ બંધ કરવા, તથા ત્રીજા બીજા ચાલુ લાઇસેન્સને ૬૬૨૮ના ૩૧ ડીસેમ્બરે ખલાસ કરવાનું છે પ્રીજા બીલની બાબતમાં રોકેનીએ નુકશાની આપવા ની સરત રાખી છે. કેટલાક આને અન્યાય કહે છે. પણ અહીં વિલાયતમાં શું છે? તેનાજ જેવું લાઇસેન્સીંગ બીલ અહીં પણ છે અને તેના બળથી વિક્રેતાઓના લાઇસેન્સ બંધ થશે અને બીજા ઘણે ભાગે બંધ થયાં છે. કાયદો સદન કરનાર બોર્ડ ખ્રિસ્તીશ બહુમત છે કે જેમાં ખ્રિસ્તીશના ચારના છે અને બીજા હીંદી છે. નાતાલ કરતાં ઇગ્લાંડની સરકારને મોટી બાબમાં ઉતરવું પડે તેમ છે. ઘણી બાબતમાં ખ્રિસ્તીશ પ્રજાનો એક ભાગ બીજા ભાગ ઉપર પોતાની મરજી કાયદેસર અમલમાં લાવવા માંગે છે.

બીજા કોલોનીને પણ નાતાલ જેવી વધતી ઓછી મુસીબત છે. બધા ફરીને પૂર્વની હરીફાઇની અસર ટ્રાંસવાલમાં થઇ છે. ૧૮૮૨માં જ્યારે બોયરને તે દેશ પાછો સોંપવામાં આવેલ ત્યારે ઘણા હીંદી વેપારીઓ દાખલ થઇ ગયા. ત્યાંના વતનીઓએ હીં । વિરુદ્ધ પોકો ઉઠાવેલ પણ તે ખ્રિસ્તીશ પ્રજા હોવાથી વડી સરકારે હીંદી મંડે સખત દિમાગત કરી. અને હવે ખ્રિસ્તીશ બહુમતીએ ટ્રાંસવાલને સ્વરાજ્ય મળ્યું ત્યારે સ્વાભાવીક રીતે તેઓ (હીંદીઓ) વડી સરકારની તેવીજ દીમાયતનો દાવ માગે છે.

વેપારીઓ તથા નાના ખેડુતો આ. હુમલા સામે પોકાર ઉઠાવે છે. રેવ સેંડરીઉપરના એક લખાણમાં તેઓ સેલજોરન જણાવે છે કે "જો આ હુમલો એમને એમ ચાલ્યા કરશે અને તેથી થતી અડચણો દુર કરવામાં નહીં આવે તો બુજ સમયમાં હીંદી ગોરાઓને હઠાવી મુકશે. નાતાલમા પોટાંજ વરસ થયાં હીંદીને છુટથી આવવાનું શરૂ કરેલું તેટલા માં તો તેઓ ગોરા રહેશો કરતાં સંખ્યા માં વધી ગયા." સીદ્ધાંતવાદીઓ જેમને નાતાલમાં લાગતું વળગતું નથી તેઓ અહીંના નેટીવો અથવા હીંદીઓના દુઃખની મોટી મોટી વાતો ભલે કરે. તેઓ ગોરી પ્રજાના હક સામે નજર કરતા નથી. જે માણસોએ પોતાનું સર્વસ્વ આ દેશમાં મુક્યું છે તથા જેઓને ભવિષ્યની પ્રજાની પણ ચિંતા કરવી પડે છે તેના સામુ આપણે શું નહિ જોવું? પ્રખ્યાત વકીલ તથા રાજ્યદ્વારી પ્રોફેસર બાઇરો દક્ષિણ આફ્રિકાના અનુભવ ઉપર લખેલ એક પુસ્તકમાં તે વિષય ઉપર ટીકા કરતાં જણાવ્યું છે કે ગીરમીટમાં ન હોય તેવા હીંદીઓને અટકાવવા બાબત મારું ધ્યાન ખાસ ખેંચાયું હતું કારણ કે ઉંચી અને નીચી અથવા જોરાવર કે નબળી પ્રજા સાથે રહેવાથી બહુ મુશ્કીલત ઉભી થાય છે. જે પ્રજા દયાવણી તથા જનૂસની ખામીને લીધે સ્વતંત્ર દેશના રહેવરી સવાને લાયક નથી અને મજદુરી હલકો વેપારમાં નાલાયક છે તેવી પ્રજાને ગુહ સિદ્ધાંતને અનુસરી સરખા હક આપવામાં આવે તો તે કોઇપણ પ્રજા સત્તાક રાજ્યને ભયંકર નીવડ્યા વિના રહે નહિ. આ ઉપરથી મારે કહેવાનું એજ કે જ્યાં ઉંચી અને નીચા કોમ સાથે વસતી હોય ત્યાં ઉંચી કોમના વેપારી તથા રાજ્યદ્વારી લાભો સચવવા જોઇએ. મરહુમ એસ્કમ્બની પણ એવીજ માન્યતા હતી. નાતાલને ખ્રિસ્તીશ કોલોની રાખવા ની ધારણા છે. પરદેશીઓથી ગભરાઇ જવા જેવા નથી માંગતા. એટલે સિધ્ધ ત વાદીઓએ સમજવાનું છે કે આ મુશ્કેલીને નાતાલના નવા બીલોથી જે નીવેડો લાવવા માં આવેલ છે તે બધા વિચાર પુરવક થયેલ છે. જમીનવાળાઓને અમે પુરતો બદલો આપવા ધારયું છે. બધાં દુઃખો વેઠી અમે આ સરહાના સ્થાપ્યા હીંદી એ તો ઉલ્લી ઘડીએ નહિ મેળવવા આવેલ છે.

એમ જણાવવામાં આવે છે કે સીલોન અને હીંદુસ્તાન વચ્ચેના દરિઆમા ઘરો બાંધીને રહેવાયા કોલેરાણ કરવાની યોજના થયેલ છે.

હમીદીઆ ઇસ્લામીક સોસાયટી

જુસ્સાદાર ભાષણો

દિલસોજી અને મુબારકબાદીના ઠરાવો

હમીદીઆ ઇસ્લામીક સોસાયટીની આમ મીટીંગ મી. હરીલાલ ગાંધી મા. ચંપી નાયડુ અને બીજા લોકોને સરકારે જેલની સજા કરી તે સામે પ્રોટેસ્ટ કરવા તા. ૨૮મી ઓગષ્ટના રોજ રાતના સાત વાગ્યે મળી હતી જેમાં હીંદુ મુસલમાન પારસી વગેરે સરવે કોમના માણસોએ ભાગ લીધો હતો. મી. ગાંધી, મા. પોલાક અને મી ટેલનબેક પણ હાજર હતા. બરાબર સાત વાગે મીટીંગનું કામ શરૂ કરતા ચેરમેન મી. ઇમામ અબદુલ કાદર બાવાઝીરે જણાવ્યું કે આજે આપણે એકઠા મળ્યા છીએ તેનું કારણ એટલું છે કે મી. હરીલાલ ગાંધી જે કોમની સેવા કરવા માટે ડીનીકસથી અત્રે આવી જેલમાં ગયા છે તેને તેમજ મા. ટી નાયડુ કે જે બીજી વખત જેલમાં ગયા છે તેમને મુબારકબાદી આપવા તથ સરકારે ભરેલા બેઇનસાફી પગલાં સામે પ્રોટેસ્ટ કરવા આ મીટીંગ બોલાવી છે. મી. ગાંધીએ પોતે તો કોમની બની તેવી બધુ સેવા કરી છતાં પણ પોતાના છોકરા ને બોલાવી કોમને માટે સરકારને અર્પણ કર્યા દુનીયામાં ચઢવામાં ચઢવાની ચીજ ફરજંદ છે તેવી પણ મી. ગાંધીએ દરકાર ન કરી, અને મી. હરીલાલ કે જે પોતાના બાપનો હુકમ દરેક તરેહનો ઉઠાવે છે તે આ બાબતમાં પણ બાપનો હુકમ માથે ચઢાવી અત્રે આવી કોમી કામમાં સામેલ થયા. નાદાન ઉમર સાથે સુખચેનમાં ઉછરી મોટા થએલ બન્નેએ પોતાના બાપના સુખનને માનમાં અને કોમી લાગણી તેમજ જુસ્સામાં આ લડતમાં ઝંપલાવી આજે જેલમાં બેઠા છે. એ બાબતમાં મી. હરીલાલને જેટલી શાબાશી આપીએ તેટલી ઓછી છે. તેમજ આટલી મોટી હિંમત ચલાવવા માટે મી. ગાંધીનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે આપણને એવા લીડર મળ્યા છે જે પોતાની જાતમહેનત પૈસેટકે અને બાહોશીથી આજસુધી લડતા હતા. પણ હવે તો પોતાનાં બચ્ચાંઓને પણ એ હમમાં સામેલ કર્યા એ માટે આપણે તેનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે. દરેક બીજનો આધાર બન્ને ફાકપર હોય છે. આપણે હવે આપણાથી બને તેટલું જોર રેખાડવાનું છે. સાંભળવામાં આવ્યું છે કે સરકાર માણસોને ચમર બાઝમેન્સથી પકડીને ઠોકી મુકવા લાગી છે. વળી ક્યારે સરકાર ઠોકી મૂકે છે; અને આપણે એટ સુબહમાં ઉછરેલા બાળકને જેલમાં મોકલીને જે દુઃખ આપણે ક્રમતાકાલ દેખાડીશું તો આખી દુનિયા આપણને દયા વગર રહેશે નહિ. મી. ચંપી નાયડુ જે મદદગારી કોમના છે અને જે બેનાર તો જેલ જઇ ચુક્યા છે. અને હમણાં બીજી તપત ગયા છે. તેમની બેઅદબ બીમાર છે તેની પણ દરકાર નહિ કરીને જેલમાં ગયા છે. એ તેમને માટે ઘોટી ખુશનસીબની વાત નથી. મી નાયડુ જેવા બહાદુર આપણે ઘોડાજ જોયા છે. મી. ગાંધી આપણે માટે હમેશાં સારીજ સલાહ આપે છે અને દરેક કામ સમઝણથી કરે છે માટે આપણે તેમનાં કહ્યા સરજ ચાલવું જોઇએ. આપની સામે જે ઠરાવો વાચવામાં આવશે. તે ધ્યાન પૂર્વક સાભળી તેને પાસ કરશો છેવટે મેં બનવેલી અરજ રોયા માટે, માટે માટે ડરબન. કપકોલોની અને ટ્રાંસવાલમાં જે હીલચાલ ઠરાવ માં આવી તે માટે હું સરવે સાહેબોનો તેમજ જે જે સાહેબોએ ટેલીગ્રામ અને કાગળો લખ્યા તેમનો પણ આભાર માનું છું.

મી એ.સમાન અહમદે ઠરાવ આબત ટુંકામાં વિવેચન કરી જણાવ્યું કે ઠરાવ થીજ આપણે આટલા દોસીયાર અને જુસ્સાવાળા થયા છીએ. આપણે દુઃખ દાખલો મી હરીલાલનોજ લેવાનો છે કે તેઓ ભણેલ હતા તેજ ગુલામી હાલત માં રહેવું પસંદ ન કરતાં જેલમાં ગયા. એક કોમના બાળક કોમને માટે જેલમાં સુતો છે એ આપણે માટે ઘણુજ ખુશી થવાનું છે બેશ, હું વધુ ન કહેતાં માટે જે ઠરાવ આપ સાહેબો સન્મુખ રજુ કરવા છે તે કરી બેસવાની રજા લઉં છું

" આ સોસાયટી મી હરીલાલ ગાંધી તેમજ તેમનાં બીજા સાથીઓ જે જેલમાં છે જેમાં મી. નાયડુ પણ છે તેમને અંતઃકરણ પુરવક ધન્યવાદ આપે છે."

ઉપલા ઠરાવને મી. હુસેનમીઆ તરફથી સેકન્ડ કરવામાં આવ્યો હતો. મી. ઇનસી ઉપલા ઠરાવના ટેકામાં બોલ્યા કે આજનો દીવસ મી ગાંધીને માટે ખાસ મહત્વ ભાદીનો છે અને તે હમેશ માટે કાયમ રહેશે કારણ કે પોતાના છોકરાને જેલમાં મોકલ્યો. આવો ઉપલો ઠરાવ સર્વાનુમતે પાસ થયો હતો.

મી અબદુલ મજુર ફરજંદીએ બીજો ઠરાવ રજુ કર્યો.

" આ સોસાયટી મી. અને મીસીસ ગાંધી તરફ તેમના વહાલા છોકરાનાં જેલ જવા માટે પૂર્ણ દીલસોજી બતાવે છે તેમજ બીજા જેલ થએલાનાં કુટુંબો સાથે પણ દીલસોજી બતાવે છે."

ઉપલા ઠરાવને સેકન્ડ કરતાં મી. દીલદારખાન બોલ્યા કે જે કોમની આગે વાની કરવા નીકળે છે તેને દરેક તરેહના દુઃખ પણ સહન કરવા પડે છે. મી. ગાંધીએ દરેક તરેહનાં દુઃખ કોમના આગેવાની ઇચ્છાથી ભોગવ્યા. અને વળી પોતાના વહાલા છોકરાનાં જુદાઇના દુઃખ પણ ઉઠાવ્યું જે આજથી આપણાથી કાંઇ પણ દિવસ વગાવ એમ નથી. મી. અબ્દુલ્લા કુરેશીએ ટેકો આપ્યા પછી ઉપલા ઠરાવને સર્વાનુમતે પાસ થયો હતો.

મોલવી અહમદ મુખત્યાર સાહેબે જણાવ્યું કે એક નવજવાન અને ઝાડમાં પોતાઓલા મી. ગાંધીના છોકરાને જે જેલ સજા કરી છે તે બેરહેમીથી છે. ટ્રાંસવાલની સરકાર જે જુલમ આપણા માથે વરસાવી રહી છે તે સરકાર માટે શરમ ભરેલું છે. મા ગાંધીએ જે બહાદુરી પોતાનાં છોકરાને જેલમાં મોકલી દેખાડી છે તે ન વખાણવી શકાય એવી છે. મી. હરીલાલે જે બહાદુરી કરી છે તે ખરૂ વખાણવા પાત્ર છે. એ બાબત પર વધારે વિવેચન કરી ઠરાવ રજુ કર્યો હતો.

" ટ્રાંસવાલ સરકારનાં સખ્ત જુલમ અને વડી સરકારની પોતાની વફાદાર રૈયત ઉપર પડતા જુલમ તરફ બેદરકારી માટે સોસાયટી અફસોસ કરે છે "

મી. ઇસ્માઇલજી આ (ચેરમેન થિ.ઓ.સો.) બોલ્યા કે અત્યારની કોમના મોટા આગેવાન મી. ગાંધી છે તેમણે પોતાનાં છોકરાને જેલમાં મોકલ્યો તે માટે હું બહુ દિલગીર તો નથી, પણ ખુશી છું. "બાપ તેવા બેટા" એ કહેવત આપણામાં ચાલે છે તે ખરી છે. 'અન્ડે ફાધર્સ' માં હેડીંગ હતું કે " ગાર્ડન ફાધર ગાર્ડન સન " પોતાના બાપનાં નામ આવી રીતે નામનામાં મુકનાર ઘોડાજ છોકરાં જો આપણામાં પેદા થાય તો આપણા કેટલા બેરી બલ્લાજ દુઃ લોકો લાઇસેન્સ બરાબર આપતા નથી. અને પબ્લીકમાં

બોલતા પણ નથી, અને પાછળથી બડબડ કર્યા કરે છે: એ ઠીક નથી. મારે આપ બધાઓને પૂછવું જોઇએ કે હવે અમારે કેમ કામ કરવું? કોઇ જવાબ નથી આપતું તો મારે કહેવું જોઇએ કે હવે તમને જેમ આગેવાનો તરફથી કહેવામાં આવે તેમ તમે વરતો. સરકારે પકડવાનું માંડી વાળ્યું છે તે દેખાડે છે કે સરકાર કરી ગઇ છે. હું આપણે એ વધારે જોર દેખાડીશું તો સરકાર પોતેજ હારશે. એટલું કહી મોલવી સાહેબ તરફથી જે ઠરાવ રજુ કરવામાં આવ્યો છે તેને હું સેકન્ડ કરું છું. મી. અબ દુલ રઝાક નુરભાઇએ ઠરાવને સપોર્ટ કરતાં સર્વાનુમતે પાસ થયો હતો.

મી. ઉમરજી સાલેજીએ ચોથો ઠરાવ રજુ કર્યો. "આ સોસાયટી ચેરમેન અને સેક્રેટરીને સત્તા આપે છે કે ઉપલા ઠરાવોની નકલો જ્યાં જ્યાં જરૂર જણાય ત્યાં ત્યાં મોકલવી." આ ઠરાવને મી. અહમદ હલીમ તરફથી સેકન્ડ અને મી. ભાઇજી ઇબ્રાહીમ તરફથી સપોરટ થતાં સર્વાનુમતે પાસ થયો હતો.

મી. પોલાક બોલ્યા કે ચારે ઠરાવો પાસ કર્યા એમાં મારાથી બે રસ્તે બોલાય એમ નથી. એક તો એ કે હું સોસાયટીનો મેંબર નથી. બીજું હું તમારી ભાષા સમજતો નથી. પણ બોલવાનાં જુસ્સાઓપરથી સમજાય છે કે તમે મી. ગાંધીને કંઇક મુબારકબાદી આપી હોય. અને મી. હરીલાલને પણ તેના કામ માટે. હવે લોકોને જણાશે કે મી. ગાંધી કોમને માટે શું શું કરી રહ્યા છે. જે લોકો કહે છે કે મી. ગાંધી ખરાબ કરે છે તેને મી. હરીલાલે શરમમાં નાખી દીધા છે. એક તો એનાથી મોટા અને પાછળ બોલી તથા બહાદુરી દેખાડી કામ નહીં કરનારાઓને વીચારમાં અને શરમમાં નાખ્યા છે. મી. નાયડુ જે જેલમાં ત્રીજી વખત ગયા છે, તેમની બહાદુરીના વખાણ કરવા મારી પાસે પુરેપુરા શબ્દો નથી. આ ખટપટ તમારા ઉપર મી. ચમની અગર મી. રમટસની નથી. પણ તમારી અંદરખાનેનીજ તકરારનું પરીણામ છે. માટે હવે પણ કુસંપ કાઢી નાંખી દુશ્મનાવટ થાઓ તો વધારે સારું. હડતાલમાં બેરીસ્ટરો પોતાના હકો માટે જેલમાં જાય છે તો તમે તેનાથી ન ઉતરશો.

બાદ મી. ગાંધીએ તેમને આપવામાં આવેલી મુબારકબાદી માટે સરવેનો આભાર માન્યો હતો.

બાદ મેસર્સ દવાલ લાલા, પરમાધન્ન નરપ મટેલ, મણીભાઇ વલ્લભ પરાગ, વલ્લભ પેમા, ભાઇજી માલ વગેરે સાહેબો તરફથી વખત અનુસરતું વીવેચન થયા બાદ ચેરમેનને હાજરીનનો આભાર માની મીટીંગ ૬॥ વાગે બરખાસ્ત કરી હતી.

ખ્રિ. ઇ. લીગનો મીટીંગ

ટ્રાંસવાલના હીંદીઓપર દિલસોજી

ટ્રાંસવાલમાં હીંદી ભાઇઓપર જે જુલમ ગુજરે છે તેની સામે પ્રોટેસ્ટ કરવા કેપટાઉનના લીગ તરફથી ત્યાંના હીંદીની એક મીટીંગ ગઇ તા. ૨૩મીએ સેંટ જોન સ્ટ્રીટ, મેસોનીક હોલમાં બોલાવવામાં આવી હતી ઘણા ગ્રહસ્થો હાજર હતા. તેમાં મેસર્સરસ આદમ એચ. જી. મહમદ, એ. કાદર, જે. એમ. એચ. ગુલ, એમ. ઓ. અલી, મોલવી આદી ઓસમાન, ઇ. ખુલી, એમ. ઇનસ વગેરે વગેરે હતા.

ચેરમેન મી. આદમ ગુલ મહમદે ટ્રાંસવાલના હીંદીપરના જુલમ સામે પ્રોટેસ્ટનો ઠરાવ રજુ કર્યો. "ટ્રાંસવાલના કોમી તફાવતવાળા, અને બાસ્તદાયક કાયદાઓ હાલ હીંદી ભાઇઓને જે અન્યાય થાય છે તેની સામે બ્રિટીશ રાજના ગ્રહેરીઓની આ મીટીંગ સખત રીતે અને ભારે દબને પ્રોટેસ્ટ કરે છે." ઉપરના ઠરાવપર વિવેચન કરતાં તેમણે જણાવ્યું કે ટ્રાંસવાલના ગોરા લોકોને બધાની એકસરખી છુટ વિષે કાંઇ ભાન નથી; તથા પોતાનાં વચન પાળવાની કાંઇ દરકાર નથી. સારાં નસીબે આપણી કેપની સરકાર આપણને દાદ આપે છે; અને હમેશાં ઇન્સાફથી કારભાર ચલાવે જાય છે. છતાં ટ્રાંસવાલ સરકાર કેપને પગલે ચાલી લોકોને સુખ નથી આપતી એ દિલગીરીની વાત છે. વળી તેણે વડી સરકારની જોખમદારીનો વિચાર રાખવો જોઇએ. હીંદના ૩૦ કરોડ ટ્રાંસવાલની વરતણુંકપરથી શું ખ્યાલ લાવશે તે વિચારમાં લેવું જોઇએ. - શહેનશાહ એડવરડ તરફથી ન્યાય અને રક્ષણની આપણે આશા રાખીએ છીએ. જો ટ્રાંસવાલમાં હીંદીનું રક્ષણ ન થાય તો હીંદી લોકો ઉશ્કાંડને જોર વગરનું જોખશે. અમારા કહેવાપર સરકાર ધ્યાન આપે કે ન આપે, છતાં અમારા ભાઇઓને અમે જણાવીએ છીએ કે તેમની હકતમાં તેમના તરફ અમારી ઉંડી દિલસોજી છે. વળી વરી સરકારે અને ટ્રાંસવાલે પણ જાણવું જોઇએ કે અમારાપર અન્યપટના જુલમથી અને અમારી ધાર્મિક લાગણીઓ પર હુમલા કરવાથી અમને બહુ દરદ થાય છે.

મી. એ કાદરે ઉપરના ઠરાવને ટેકો આપતાં જણાવ્યું કે ટ્રાંસવાલના લોકો હીંદી તરફ એટલી અદાવત રાખે છે કે ન્યાય અને સરખાપણાના મુદ્દા પણ તેઓ ભુલી જાય છે. બ્રિટીશ ઇન્સાફ વિષે તેમને ભાન નથી. અને હાલની સરકાર તળે તો હીંદીપરનો જુલમ વધતો ગયો છે એવા દુઃખદાયક મુલકમાં કેમ વસી શકાય! વળી ટ્રાંસવાલના હીંદી તહન વાજબી હોય એટલુંજ માગે છે. તેઓ જુલમ અને અદાવતમાંથી છુટા કરી આપવાનું કહે છે. વગેરે. બાદ સરવાનુમતે ઠરાવ પસાર થયો હતો.

બીજો ઠરાવ મી. જે. એમ. એચ. ગુલે રજુ કર્યો. "ટ્રાંસવાલના ભાઇઓ પર પડતાં દુઃખોમાં તેમના તરફ આપણી દિલસોજી બતાવવાની ખાતર આવતી કાલે ધંધો રોજગાર બંધ કરવો, અને બધાં દુનિઆદારી કામ છોડી મસ્જીદમાં અને મંદિરમાં જઇ આપણા દુઃખી ભાઇઓના હકમાં દુઆ ગુજરવા કેપટાઉનના બધા હીંદી ભાઇઓને સૂચવવું." ઉપરના ઠરાવપર મી. ગુલે ઘટતું વિવેચન કર્યા બાદ, તથા મી. છગનલાલ વીરાણા તરફથી ટેકો મળ્યા બાદ તે પાસ થયો.

ત્રીજો ઠરાવ મી. એચ. ઓ. અલીએ રજુ કર્યો. "ઉપરના ઠરાવોની નકલ હાઇ કમીશનરપર, કોલોનીઅલ સ્ટેટ સેક્રેટરી લો૰ હરીસપર, હીંદી સ્ટેટ સેક્રેટરી મી. મોરલીપર, તથા હીંદી વાઇસરોયપર એકલવા દીમને સુચના કરવી." મી. અલીએ ઠરાવપર ભાષણ કરતાં જણાવ્યું કે હું થોડાજ વખતપર ટ્રાંસવાલમાં વસતો. ત્યાં હમીદીઆ સોસાયટી સ્થાપી તેના પહેલા પ્રમુખ તરીકે નીમાયો હતો. આજે ટ્રાંસવાલમાં હોત તો હું હમીદીઆના હાલના ચેરમેનની પેઠે વરતત, અને આજે જેલ ગયો હત. એવા લોકોની ખોડવામાટે મને નથીબવાન સમજું કે નહિ તે હું કહી શકતો નથી; પણ ત્યાં જે જુલમ ગુજરે છે તેને લીધેજ, વીસ વરસ થયાં ત્યાં રહેતા છતાં મારે એ કોલોની છોડવું પડ્યું. વગેરે. મી. મોલવી આદી ઓસમાનના ટેકા બાદ ઠરાવ પસાર થયો હતો.

ત્યાર બાદ બીજા કેટલાક મહત્વના ઠરાવો કરવામાં આવ્યા. ઉત્સાહ સાથે મીટીંગનું કામ પુરું થયા બાદ ચેરમેનનો આભાર માનીને મીટીંગ બરખાસ્ત થઇ હતી.

સાઉથ આફ્રિકન બ્રિટીશ ઇંડિઅન એસોસીએશનનો અરજ

કેપટાઉનની સાઉથ આફ્રિકન બ્રિટીશ ઇંડિઅન એસોસીએશન તરફથી બને હાઉસ ને નીચે મુજબ અરજ કરવામાં આવી છે.

હાલ માસના બેહલા અઠવાડીઆમાં મળેલ દીંદી કોનફરન્સના ઠરાવો તથા ત્યારબાદ એસોસીએસનને કેટલાક ઠરાવો મોકલ્યા તે મુજબ આપ નામદારને અમારી એસોસીએશન આ કોલોનીમાં વસતા દીંદીઓપર પડતી હાડમારીના સંબંધમાં નીચે મુજબ અરજ કરે છે.

કોનફરન્સમાં જે ઠરાવો રજુ થયા—અને તે કોનફરન્સ પોર્ટ એલીઝાબેથ, કીંગ વીલી, કોકસ્ટડ, મેકેનીંગ રોબર્ટસન, કેપ ટાઉન અને ડીઅરીકટના પ્રતિનીધીઓની હતી—તે ઇમીગ્રેશન, જનરલ ડીલર તથા પોર્ટ સ્નેલની મ્યુનીસીપાલીટીના કાયદાની નીચે દીંદીઓપર જે હાડમારી પડે છે તેને લગતા છે.

'ડોમીસાઇલ' શબ્દની ચોકખી વ્યાખ્યા નહિ થએલી હોવાને લીધે ઇમીગ્રેશન અમલ તળે આપના અરજદારો ઉપર બહુ હાડમારી પડે છે. આ કોલોનીમાં જે ત્રણ વરસ થયાં રહેતો હોય તે આ કોલોનીનો રહેવાસી ગણાય તથા ઇમીગ્રેશન કાયદા તળે પાસ લખને જે દેશ બહાર છે તે પાછો અનુકુળતા મુજબ આવી શકે અને અમુક મુદતમાંજ નહિ, તેમ થવાની જરૂર છે.

આ કોલોનીમાં વસતા જે દીંદીઓ પોતાના છોકરા અથવા બાયડીને લાવવા માગે તે ઇમમ-ડાય કાયદાની હદે ૨૧ વરસની ઉમર સુધી લાવી શકે તેવો બંદોબસ્ત થવો જોઇએ.

ઇમીગ્રેશન કાયદાનો અમલ ઘણી સખ્તાઇથી થતો માલમ પડવાથી કોનફરન્સ મળ્યા બાદ અમારી એસોસીએસનને તે કાયદામાં નીચે મુજબ ફેરફાર કરવાની અગત્યતા બતાવવાનું ફરમાવ્યું છે.

૧ કોઇ આબરૂદાર વેપારી અમુક મુદતને માટે દેશથી કોઇ નોકરને બોલાવવા માગે તો તેને ઉતરવા દેવાની રજા મળવી જોઇએ. તે બદલ સરકારને અમુક રકમ-ઉતરવા આપેલ માણસને દેશ મોકલવાના ખરચ જેટલી-ડીપોઝીટ આપવા તયા તે માણસને પાછો મોકલી આપવાની ખાત્રી આપવા બોલાય નાર માણસ જામીન આપે.

૨ સગીર વય બાબત હીંદુસ્તાનમાં કોર્ટ મેજીસ્ટ્રેટ તરફથી મળેલ સર્ટીફીકેટ અદીના સત્તાધીશોએ કબુલ રાખવું જોઇએ

ઇમીગ્રેશન બાબત સુપ્રીમ કોર્ટમાં ઘોડા વખત ઉપર જે કેસો થયા તે ઉપરથી અમારી કોનફરન્સે સમજુમને ઠરાવેલ છે જે ઇમીગ્રેશન બાબતની તપાસ કરવા ને ગયે વરસે જે સીલેકટ કમીટી નીમાઇ છે તે પોતાનું કામ પુરું કરી તેનો રિપોર્ટ પારલામેન્ટની ચાલુ બેઠકો પાસે રજુ કરે.

બ્રિટીશ દીંદીઓ ઉપર જનરલ ડીલર કાયદાનો અમલ ઘણી સખ્તાઇથી થતો હોવાથી અમે નમ્રતા પુરવક અરજ કરીએ છીએ કે અમને ડોમસેન્સ આપવાની સત્તા મ્યુનીસીપાલીટીને બદલે પ્રેસીડંટ મજીસ્ટ્રેટના હાથમાં રહેવી જોઇએ. અમારી કોનફરન્સ માને છે કે આ ફેરફાર કરવાની ઘણી જરૂર છે કેમકે મ્યુનીસીપાલીટીના સભાસદોને વેપાર સાથે કેટલોક સંબંધ હોવાથી તેઓ નિષ્પક્ષપાત ન્યાય આપી શકતા નથી.

હોકરોને મળતાં ઘણાં લાયસેન્સો અટકાયવામાં આવતા હોવાથી તેમને ઘણી હાડમારી ભોગવવી પડે છે અને તેથી અરજદારો અરજ કરે છે કે ફેરીવાળાને લાયસેન્સ નહિ આપવા માટે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવાનો હક આપવો જોઇએ.

એગ્રીકલ્ચરીક લાયસેન્સ અટકાવવાના બીલના સંબંધમાં મી. કોનટેલરે પાર્લામેંટમાં એવું જણાવેલું છે કે એક દીંદી વેપારી તેના ૧૭ નોકર, તેની ઓરત, પોતે અને ૭ છોકરાં વીજના ૪ સીસીમિયો રહે છે. આ બીનાના સંબંધમાં મી. પારસી રૂસ્તમજીએ 'મરકયુરી' ના અધિપતીને પાંચ પૌંડ મોકલીને એવું જણાવ્યું છે જે મી. કોનટેલરે કહેલી હકીકત જો તે બરાબર સાબીત કરી આપે તો હું પાંચ પૌંડની રકમ તે કહે તે ધર્માદામાં આપું છું અને નહિ તો મી. કોનટેલર તેટલી રકમ હું કહું તે ધર્માદામાં આપે.

ચરચા પત્ર.

અમારા ચરચાપત્રીઓ નીચેના નીયમો યાદ રાખશે તો તેઓના પત્રો ઉપર ઢુંક ધ્યાન મળવાનો સંભવ છે.

૧. કાગળની બેહદ બાજુએ લખવું.

૨. અક્ષર ચોખા સાહીથી લખવા.

૩. નામ તથા રેકાણુ બરોબર લખવાં. તે છપેલાં બહાર પાડવા સારૂ નહિ, પણ અમારી નજરને સારૂ.

૪. બુધવારની સાંજ સુધીમાં મળેલ લખાણો તેજ અઠવાડીઆમાં દાખલ કરી શકાશે

૫. રદ કરેલાં ચરચાપત્રો મળવી રાખવા અથવા લખનારાઓને પાછાં મોકલી આપવાને અમે બંધાતા નથી.

૬. લખાણ છપેલાં કરતાં અને મુકાસર કરવું.—અધિપતિ.

ચરચાપત્રીઓને જવાબ.

શેખ અહમદ:—તમારૂ કામ વિનાના અગત્યનું અમે નથી છાપી શકતા.

ઇસ્માઇલ આદમ બટા—તમે લખ્યો છો તે ખબર ગયા અંકમાં આવી ગયા છે.

અ. ઇ. ઓ.

પોતાના દીકરાને જેલ મોકલવા બાબત મી. ગાંધીનો ખુલાસો

VIII-432

મે. ઇ. ઓ. ના અધિપતિ જોગ.

મને કેટલાક જણાઓએ પુછયામાં આવ્યું છે કે મારા દીકરા હરીલાલને જેલમાં મોકલવામાં શો હેતુ હતો. તેનો કેટલોક ખુલાસો નીચે આપું છું.

૧. મે દીંદી કોમના બધાને ફેરી કરવાની સલાહ આપી છે. તેમાં મારાથી વડીલાતની સનદને લીધે ભાગ ન લેવાય એવી મને ખાસ્ત છે. તેથી મેં વિચાર્યું કે મારા દીકરાને ફેરી કરવાની સલાહ આપું તો ઠીક ગણાય. જે હું ન કરી શકું તે બીજાને કરવાની સલાહ આપતાં અચકાઉં છું. મારો દીકરો મારી મરજીથી જે કંઇ કરે તે મેં કર્યા બરોબર કહેવાય એમ માનું છું

૨. હરીલાલને પોતાને દેશને ખાતર જેલમાં જવાનું મળે એમ તેને લેવાની કેળવણીનો ભાગ છે તેથી તેને આ સરસ તક ગણાય.

૩. મારી સલાહ હમેશાં એવી પડી છે કે સત્યાગ્રહ જે બરોબર સમજી શકે તેને સદેહ છે. હું પકડાએલાનો બચાવ કરવા જાઉં છું તે ખરૂં જોતાં બચાવ નથી પણ હાજર રહીને તેઓને જેલમાં મોકલું છું. જો આપણને ખરી દીનત આવી હોય તો મારે કોરટમાં જવાનું હોયજ નહીં. આવો અખતરો મારા દીકરાની ઉપરજ પહેલો કરૂં તો ઠીક એમ મને જણાયું. તેથી તેને સાર વોલકરટમાં કંઈ બંદોબસ્ત ન કર્યો ને તેના પોતાના બળ ઉપર તેને મૂકયો. જોહાન્સબરગમાં બીજાની સાથે તે હતો. તેથી હું કોરટમાં ગયો પણ તેને સારૂ તેમ તેના સાથીને સારૂ વધારેમાં વધારે જેલ માગી. ન મળી તેટલા તેઓના ક્રમનશીબ.

૪. મેં ઘણીવાર સલાહ આપી છે કે કોઇએ વોલકરટ પહોંચતાં અંગુઠો નહિ આપવો. તે સલાહ પ્રમાણે માણસો ચાલ્યા નથી. મેં ખેંચ નથી કરી પણ હવે ખેંચ કરવાનો વખત આવ્યો છે. હવે વોલકરરટમાં ખુની કાયદ પ્રમાણે અંગુઠા મગાય છે તેથી અંગુઠો નહિજ આપવો જોઇએ. આ પણ હરીલાલ મારફતે સહેજે થઇ શકે એવું મને જણાયું.

હરીલાલના દાખલા પ્રમાણે સહુ હીંદી કરે એવું માગું છું. હરીલાલ બાળક ગણાય તેણે તો પોતાના બાપની સલાહ માન્ય રાખવાને પક્ષ ઉપર પ્રમાણે કરવું હોય. દરેક હીંદીએ એજ મુજબ પોતાની હિંમતે કરવું જરૂરનું છે. અને તેમ કરે એવું ઇચ્છું છું. તેમ કરતા થકાએ તેમાંજ સત્યાગ્રહની પુરી કસોટી સમજવાની છે ફરીથી કહું છું કેઃ—

(૧) જેઓ જેલ જવા તયાર છે તેણે વકીલ કે મારી ઉપર આધાર ન રાખતાં જેલ જવાનું છે (આનો અરથ એવો નથી કે મેં કાયદાની હડતમાં ઘેરાએલા હીંદી સત્યાગ્રહીનો મફત બચાવ કરવાનું છોડ્યું છે તે બેચી હઉં છું. મારી જરૂર જણાશે ત્યાં પહોંચીશ. પણ મરમ તો એ છે કે વગર વકીલે સલાહ આપ તે બોલવવા સીધા જેલ જવું.)

(૨) નાના મોટા બધા હીંદીએ કોઇનો વાદ કર્યા વિના દેશને ખાતર જેલ જવું.

(૩) ટ્રાંસવાલમાં પકડના કોઇ પણ હીંદીએ અંગુઠા કે આંગળાં નહિ આપવાં. તેથી તેઓને જેલ જવું પડશે. જેલ ભોગવવી. પણ કાયદાની નીશાની રૂપે અંગુઠો કે આંગળાં કે સહી સરખું પણ નહિ આપવું.

હું છું સત્યાગ્રહી,
મોહનદાસ કરમચંદ ગાંધી

સત્યાગ્રહીને સુચના

મે. ૪ ઓ. ના અધિપતિ જોગ,

સત્યાગ્રહની હડત હમણાં વીસ માસ થયાં ચાલુજ છે તેનો નીવેડો વહેલો આવી ગયો હોત, પણ ફિલગીરી એટલીજ કે હજુ કેટલીક જગ્યાએ આવી જોવાનાં આવે છે જેમકે ગયા શુક્રવારે વોલ કરટ રસ્તે થઇ નાતાલથી આવનારા હીંદીઓએ અંગુઠા આપી ચાલુ હડતમાં સરકારને બે દિવસ ખુશી કરવા જેવું કરવું. આમ થવું બ્યાજબી નથી. મોરાલ્સ આપણને બાધ જતા નથી. કાયદાની ઉપરાંત તેઓ કાંઇ આપણને ફાંસીની સજા કરવાના નથી. છતાં કેટલાક હીંદી ભાઇઓ નકામાં દબાણથી ડરી જઇ તેઓ માગે તેમ સરકારને તાબે થઇ જાય છે. માટે જે હીંદી ભાઇઓ. જે ખરૂં લાગે તેજ કરો. કાયદાના ઘડનારા ઓ ભૂલ નથી કરતા એમ નહિ સમજો અને સ્વદેશી અભિમાનો જુસ્સો રાખો. તોજ આપણો આ જુલમી રાજ્યમાં ઉગારો થશે નહિ તો ઘણું ભયંકર સ્થિતિ ભોગવવી પડશે. આટલું લક્ષ્યમાં રાખી એક ખાસ બીના ધ્યાનમાં લેવા જેવી છે. કેટલાકોઆપણે કે ડરબનથી જે કોઇ ટ્રાંસવાલ આવતો હોય તેણે યાદ રાખવું કે સારજંટ અંગુઠાના નીશાન માગે તો આપવા નહિ ને જેલ જવું કારણ તેઓ કાયદા મુજબ અંગુઠા લેવાને છે.

લી. એસ. એસ. સરદુદીન.
જોહાન્સબરગ તા. ૩–૮– ૮.

પરચુરણ ચરચા

અમદાવાદથી 'હીંદ હિતેચ્છુ' લખે જણાવે છે કે ટ્રાંસવાલમાં અગ્રેસરો પકડાયા તે વખતે અહીંની ૬૨ દુકાનોમાંથી માત્ર બેજ દુકાનો બંધ થઇ હતી. એ અફસોસની વાત છે.

ડંકુટનડેની (નાતાલ) થી હબીબ અબ્દુલ્લા ગાજીખેરવસી લખે છે કે કોમને માટે જેલ જનારાઓને હું ધન્યવાદ આપું છું. અને ટ્રાંસવાલના બીજા ભાઇઓને એકસંપ તથા હિંમતથી લડત ચાલુ રાખવા ભલામણ કરૂં છું.

મેસર્સ્ટાઉનથી લાલજી હાનજી પોપટ શા. સોરાબજી શાપરજી અડાજનીઆને સત્ય માટે જેલ ભોગવવા માટે મુબારક બાદી આપે છે.

બાસુટોલેંડથી એક લખનાર જણાવેછે કે હીંદીશ બાસુટોલેંડમાં હીંદી ભાઇઓની લગભગ સો માણસની વસ્તી થઇ છે તેમાં મુખ્ય ભાગે મેમણ છે. અને દુકાનો ૨૦છે. તે પણ મેમણ ભાઇઓની છે. તેઓ આજ લગભગ ૨૦ વરસ થયાં વસેલા છે. આજ સુધી અહીંના હીંદી ઓએ કોમના સુખ દુખમાં ભાગ લીધો નથી. એ દીલગીરીની વાત છે. હાલ ૬ માસ થયાં આ બાજુમાંથી હીંદીઓને નીકાલી કાઢવાના ગેપઓગા ચાલ્યા છે. આ બાબતમાં અહીંના મેમણ ભાઇઓએ જાગૃત થઇ ટાણાસર ઉપાય લેવાની જરૂર છે. આગ લાગશે ત્યારે કુવા ખોદવાથી કાંઇ વળશે નહીં.

"મહમદસ્કમ હસ્લામીઆ હાઇસ્કુલ"

ડરબનથી મી. મહમદ આબેદ તથા મી. સેખજી હમીદ લખે છે કે—ઉપલા મદરેસાની સ્થાપના કરી તેના ફંડને મજબુત કરી, તેના નીભાવ જોગી મદદ મેળવવા અમો મોડુંકે ઉપર ટ્રાંસવાલ ગયા હતા. ટ્રાંસવાલ જાતેથી મદરેસાના ફંડમાં ખરી અને બાહાળુ લાગણીથી મદદ કરનારા જોહાન્સબરગ, કરમરસડોરપ, પોચેસ્ટરૂમ, કલારકસડોરપ, વેન્ટરસડોરપ, લીબ્યતનબરગ, ક્રીરીસ્ટ. પ્રીટોરીઆ તથા આર્લેસટાઉનના આગેવાનો તથા દાની હમદર્દોનો નમ્રતા સાથે આભાર માનીએ છીએ. કેટલાક જરૂરી કામોને કારણે બીજા ભાગોની મુલાકાત લીધા વગર ડરબન ખાતે પાછા ફર્યા તે માટે માફી માગતાં, બીજી વખત ફરી આવી રહેલા ભાગોમાં મદરેસાના હીત માટે જવાનો વિચાર છે તે સાહેબો પુરતો આસરો તથા મદદ આપશે એવી આશા છે.

સુરતમાં શેઠ હાજી હબીબના ખરચે ચાલતી મદરેસાના વિદ્યાર્થીઓને ઇનામ આપવાનો શેઠ ઇબ્રાહીમ [illegible] જુલાઇના રોજ થયો હતો.

નાદારી કોર્ટના નોટીસો વગેરે

(ગવરમેંટ ગેઝેટમાંથી)

મારિત્સબરગના મુસા ઓસમાનની ફા. ની મીલકત તા. ૨૮ જુલાઇના સુપ્રીમ કોરટના માસ્તરને સોંપવામાં આવેલ છે. તેના લેણદારોની પહેલી મીટીંગ ઓગસ્ટ ની તા. ૧૧ના રોજ મળશે તે રોજ તેનુ લેણદેણની તપાસ તથા ટ્રસ્ટીની નીમણુક થશે.

લેડીસ્મીથના હસમાહમ્મદ મુસાજી વાવડા મહમદ સુભેમાન ઉમરજી અને મામુજી મહમદ વાવડા જે હસમાહમ્મદ મામુજીના નામથી વેપાર કરે છે તેમણે પોતાની મીલકત કોરટને સોંપેલી છે. તેમના લેણદારોની મીટીંગ ડરબન માજીસ્ટ્રેટ કોરટ માં તા. ૧૧ ઓગસ્ટ મંગળવારના મળશે.

[આ એસ્ટેટના ટ્રસ્ટી લેડીસ્મીથના વેપારી મી.મહમદ હબરાહિમ સીદાત છે]

અમકોમાસના હસમાહમ્મદ કડોદીઆના લેણદારોની એક મીટીંગ ડરબન માજીસ્ટ્રેટ ની કોરટમાં તા. ૧૧ ઓગસ્ટ મંગળવાર ના રોજ મળશે.

[આ એસ્ટેટના ટ્રસ્ટી ડરબનના વેપારી મી.મહમદ હબરાહિમ છે]

મારિત્સબરગના અબદુલ કાદરની મીલકત નાદાર તરીકે જાહેર કરવા તા. ૮ સપ્ટેંબરના રોજ સુપ્રીમ કોરટને અરજ થનાર છે.

કલેરમોંટના નુરઅલીની મીલકત નાદાર તરીકે જાહેર કરવા ૭૭ સપ્ટેંબરના રોજ સરકીટ કોરટને અરજ થનાર છે.

ડોંગાલના ઝરમર સોમોઇ તરફથી ઝર કીટ કોરટને તા. ૧૦ સપ્ટેંબરના રોજ નાદાર થવાની અરજ થશે.

મી. લોરેન્સની એસાઇન્ડ એસ્ટેટના સંબંધમાં તેના લેણદારોની બીજી મીટીંગ તા. ૧૬ ઓગસ્ટ તથા ત્રીજી મીટીંગ તા. ૧૮ ઓગસ્ટના રોજ ડરબન માજીસ્ટ્રેટ કોરટમાં મળશે.

મારિત્સબરગના વેપારી અબદુલ મજુરે તેના લેણદારોએ કરેલ સમજુતીના સંબંધમાં વહેંચણીના આંકડા સુપ્રીમ કોરટમાં રજુ થયા છે જ્યાં આગળ તા. ૧૬ ઓગસ્ટ સુધી તપાસ માટે ખુલ્લા રહેશે.

ન્યુકેસલ તથા માઉંટ પ્રોસ્પેકટના વેપારી મુસા આમદના લેણદારો સાથે થએલ સમજુતીના આંકડા સુપ્રીમ કોરટ તથા ન્યુકેસલના માજીસ્ટ્રેટની કોરટમાં તા. ૨૦ ઓગસ્ટ સુધી ખુલ્લા રહેશે.

મારિત્સબરગના ધોબી નલા ગોવીંદના લેણદારો સાથે થએલ સમજુતીના આંકડા સુપ્રીમ કોરટમાં તા. ૧૮ ઓગસ્ટ સુધી ખુલ્લા રહેશે.

નાતાલ સોદાગરા નિતી દર્શક સભા

આ સભાના ઓ. સેક્રેટરી મી. ટી. ડી. ધુપેલીઆ સ્વદેશ જવાના હોવાં તેઓનું રાજીનામું રજુ થવાથી સભાની બેઠક ગયા રવિવારે મી. વી. દેવશીના મકાનમાં મળી હતી.

રાજીનામું રજુ થયા બાદ મી. ધુપેલી આએ આ સભા માટે અને ઇંડીયન સાર્વજનીકના દરેક કામમાં ઉત્સાહથી તન મન ધનથી જે લાગ લીધો હતો તે બાબત. ઘટતાક ગૃહસ્થો તરફથી વિવેચન થયું હતું. મી. ત્રીકમજી જેવા ગુલાબ માણસો આ સભામાંથી કમતી થાય છે તે બાબતે દરેક સભાસદે દિલગીરી જતાવી હતી. પણ તે સ્વદેશમાં કુટુંબ યાત્રા કરવા જાય છે આ બાબત તેઓની સફર સહાળ ઇચ્છી તેઓની દરેક ઉમેદો બર આવે એવી પ્રભુ પ્રત્યે પ્રાર્થના કરી. બાદ મી. ત્રીકમજીએ યોગ્ય ઉત્તર આપ્યો હતો.

બીજો ઠરાવ એ કરવામાં આવ્યો કે— રાજકોટ લોદાણા બોરડીંગ હાઉસમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી સંસ્કૃત વિષયમાં વધુ માર્ક મેળવે તેને આ સભા તરફથી એક પૌંડ ભેટ આપવો. જે ઠરાવની ફ્રમે એક પૌંડ આજ રોજ તે બોરડીંગના સેક્રેટરી તરફ રવાના કરી દીધો છે.

બાદ આ પાછી લઇ મેળાવડો સાંજે વિસરજન થયો હતો.

પારલામેંટની તા. ૪થી બેઠકમાં મી. ફેરર પોલટેકસ બંધ કરવાની દલીલો કરી હતી. પરંતુ સભામાં બીજો વિષય દાખલ થવાથી તે વાત આગળ ઉપર મુલતવી રહી હતી.

રોકડ બજાર ભાવ

		શી.	પે.		શી.	પે.
ચાવલ માંજા ૧૫રતાની		૨૪	૦	થી	૨૫	૦
બીમડીના	,,	૨૯	૬	,,	૩૦	૬
એફ. એફ. ડા. આર.		૨૩	૬	,,	૨૪	૬
એફ. ડા. આર.	,,	૨૦	૬	,,	૨૧	૬
ચીની સક્કર	,,	૨૪	૦	,,	૨૫	૦
ફુંડાના	,,	૨૪	૦	,,	૨૫	૦
દેશી તુવેર દાળ		૨૨	૦	,,	૨૩	૦
તુવેર દાળ કાનપુરી		૨૪	૦	,,	૨૪	૬
મસુરની	,,	૨૪	૦	,,	૨૫	૦
મગની	,,	૨૯	૦	,,	૨૯	૬
અડદની	,,	૩૦	૦	,,	૩૬	૦
ચણા મુંબાઇના	,,	૨૨	૦	,,	૨૩	૦
,, દાળ	,,	૨૬	૦	,,	૨૬	૬
વટાણા	,,	૧૭	૬	,,	૧૮	૬
મઠાજ	,,	૧૦	૬	,,	૧૧	૦
બીનીસ		૧૬	૦	,,	૧૭	૦
કડવું તેલ ૧ ગાલન		૩	૩	,,	૩	૬
ઓરડીનું	,,	૨	૬	,,	૨	૮
મીઠું	,,	૩	૬	,,	૩	૬
નાળીએરનું	,,	૩	૬	,,	૩	૮
બાંડ સફેદ નાતાલની		૧૫	૬	,,	૧૬	૬
પીળી	,,	૧૪	૬	,,	૧૫	૬
તીરકુળ નાતાલ		૮	૬	,,	૯	૬
આટો		૧૧	૦	,,	૧૧	૬
મદ્રાસી સોપારી ૧ રતલ		૮૫		,,		૬
મરચાં		૦	૪	,,	૦	૫
ની પેટી ૪ ટીનના પૈા		૭	૧૫	,,	૮	૦
પોરબંદર	,,	૮	૧૦	,,	૮	૧૫
પારાશીન ઓરેઝીન		હાલ નથી				
,, વાઇટ રોસ		૮	૨	,	૮	૫
,, ,, ગાલન		૧૧	૬	,	૧૨	૬
નાળીએર		૧૦	૦	,,	૧૧	૦
કથી		૬	૬	,,	૧૦	૦
ડાઇમંડ સોપ		૧૩	૦	,,	૧૪	૬
સાબુ સીલ્ક સ્ટોન		૧૬	૦	,,	૧૬	૬
સાબુ સનલાઇટ		૪૨	૬	,,	૪૫	૦
નેકટર ટી		૧	૮	,,	૧	૬
બાચીસ ગાલન		૨	૧૧	,,	૩	૦
સોપારી સેવરહની		૦	૧૧	,,	૧	૦
નીકલ પેાકેટ સીગારેટ		૧૬	૩	,,	૧૭	૦
ડુપ નેસલનું		૨૦	૬	,,	૨૧	૬
નીમક (દીવરપુલ)						
ભરતા એકની		૪	૩	,,	૪	૬

BEATLEY & COMPANY.

REGISTERED

"BEE"  BRAND.

TRADE MARK.

અમે બસુત પસંદગી કરેલો માલ વેચીએ છીએ, અને તેથી અમારા ગ્રાહકો હમેશાં સરસ અને ટકાઉ માલ અમારે ત્યાંથી ખરીદી શકે છે.

DURBAN:
467 SMITH STREET,
P.O. BOX 393

Telegrams: "BEETLE."

JOHANNESBURG.
158 MARKET STREET.
P.O. BOX 12

ટોપાઓ! ટોપીઓ!! ટોપીઓ!!!

❀ નવા તથા ઉંચી ઇસ્લીશ ફેલ્ટનો તુરકી ટોપીઓ. ❀

નવા સેમ્પલ તથા ખુશનુમા રંગ.

જેનરીઅન બેંગલોર અથવા નવાબ કેપ્સ.
મહારાજ ઓસ્ટરાખાન અથવા પરસીઅન કેપ્સ.

કીફાયત ભાવ.

બહાર ગામના ઓરડરપર પુરતુ ધ્યાન આપવામાં આવશે.

પ્રાઇસલીસ્ટ માટે લખો:—

એસ. પીરભાઇ બટલર. S. Peerbhoy Butler,
૫૦૬, વેસ્ટ સ્ટ્રીટ, 506, West Street.
ડરબન. DURBAN.

Tel. Add.: POKOOMULL. P.O. Box 1126

POKOOMULL BROTHERS,

Wholesale & Retail Silk Merchants,
Corner of Longmarket & Parliament Sts.,
CAPE TOWN

Direct Importers of all kinds of Indian Art Curios Oriental Jewellery, Muttra Silk Lace Articles, etc Established 1892. Head Office: Bombay.

Ebrahim Norodien

IMPORTER AND
GENERAL DEALER,

WOODSTOCK, Near Cape Town

BRANCHES (22):

Woodstock, Salt River, Observatory, Mowbray, Claremont, Wynberg, Parrow, etc.

Head Office: 24 Prere St., Woodstock

ADAM H. G. MAHOMED,

Estate Owner
HOUSES TO LET
Noorbagh Kloof Street,
Telegrams: Adamgool CAPETOWN

ISMAIL KHAN,

Stand 362, Bertram's Road,
Corner Thomas Rd., Bertram's,
Dealer in Drapery, Grocery, Ironmongery & Fancy Goods.
P.O. Box 4270, Johannesburg.
Prompt Attention to all Orders. Civility Guaranteed

A. A. RAHEMAN.

GENERAL MERCHANT AND DIRECT IMPORTER OF INDIAN GOODS,
Stand 641, 21st Street, VREDEDORP,
Box 3040, JOHANNESBURG.

M. R. PATTEL & Co.,

Upholsters, Coir and Wire Mattress Manufacturers.
Factory: 157 Loop Street, Capetown.
કાથા તથા વાળાની ગેટરેસ બનાવવાનું કારખાનું.
Telephone 1434.

વર્તમાનપત્ર

ગ્રાહક—પુસ પેપર વાંચવાનો શોખ ધરાવનાર આફ્રીકામાં વસતા દરેક ગુજરાતીઓનાં ચોકસ સરનામાં ઉંચેજીઆ લખી મોકલનાર ને હીંદના સાત દેશભક્તોની છબી મફત મોકલીશું. "ગુજરાત" પત્ર પ્રેસ—નડીયાદ (ખેડા) ગુજરાત.)

N. KALIDAS & CO.,

TAILORS AND OUTFITTERS.
ઓરડર મુજબ સુટ બનાવીઆપવામાં આવે છે.
56 MARKET STREET,
Branch: 147 Market Street. Johannesburg

V. BROS.,

TAILORS AND OUTFITTERS,
Stand No. 6, BOKSBURG LOCATION
P.O. Box 77.
ઓરડર મુજબ સુટ બનાવી આપવામાં આવેછે.
Suits Made to Order. Moderate Prices
Patterns of Latest Fashioned Cloth can be seen and supplied to order. Old Suits well repaired.

A. Mahomed Hussan & Co.,

MERCHANTS AND IMPORTERS,
WHOLESALE AND RETAIL,
Stand No. 432. Corner Kaffir & 18th Streets,
VREDEDORP, JOHANNESBURG
Box 4140 Tel. Add.: "FAJANDAR"
Head Office: Vahoda Colaba, India

એન. મહમદ હુ.

નાળીએરનો જથ્થાબંધ અને સારો માલ કીફાયત ભાવે અમારે ત્યાંથી મળશે
વધુ વિગત માટે લખો:— બોક્સ ૧૨૫૧ નં. ૨૮ કેપ્ટરસ્ટ રોડ, ડરબન.

MORAR DALA,

Merchant & Direct Importer
બી, ચારલ, ગંધીઆણું વિગેરે મુંબઇ કલકત્તાથી પરબારું આવે છે.
તથા દેશી માલ અમારે ત્યાં બને છે.
94 Hanover Street Capetown.

ઈ. ઈ. દાદભાઈ

૨૨ મી સ્ટ્રીટ, મલાઇ લેકેશન.
બોક્સ ૨૩૮૮ જોહાનીસબર્ગ.
ઓર્ડરેલ ઇપીરસ્ટર અને હોલસેલ મરચંટ
ઉડિઅન તથા ઈંગ્લીશ ગ્રોસરી કમશ જથ્થાબંધ કીંમત મળી આવથી મળશે

વેપારીઓને અમુલ્ય તક

અમારા કેટલાક માનવંતા ગ્રાહકોના આગ્રહથી અમોએ હાલમાં અમારા ચંબુ બનાવવાના કારખાના સાથે ટીનની પેટીઓ (Tin Trunks) બનાવવાનું ખાતુ ખોલ્યું છે જેની અંદર ગ્રાહક દીસે કારીગરોથી કામ લઇ અંગ્રેજ માલને ટક્કર મારે તેવી મજબુત અને તરેહવાર ઓલીવ રંગની પેટીઓ બનાવીએ છીએ.

દરેક જાતના ચંબુ વિગેરે ટીનનું કામ સસ્તામાં સરતા ભાવે કરી દાખલો છીએ. જેઠ વખત અમારા માલની જરૂરીયાત કરવા ભલામણ કરીએ છીએ. પ્રાઇસ લીસ્ટ માટે લખો.

M. RAWAT & Co.,

Manufactures of Camp Kettles and Tin Trunks.
(No. 1 Dean Street)
PEITERMARITZBURG, Natal.

The Ethics of Passive Resistance

PRIZE ESSAY.

PRICE THREEPENCE. POSTAGE ½d.

International Printing Press, Phœnix, Natal.

The Story of the Ramayana

The Epic of Rama,

Prince of India

By J. L. P. ERASMUS

6d. nett. **Post Free 7d.**

To be obtained direct from the publishers,

International Printing Press, Phœnix, Natal.

ઈંડિઅન ઓપીનીઅન.

લવાજમના દર.

૩ માસ	...	૩/૩
૬ માસ	...	૬/૬
૧૨ માસ	...	૧૨/૧

લવાજમ મોકલવા બદલ બરના પૈસા ચેક, મનીઓરડર પોસ્ટલઓરડર અથવા સ્ટાંપથી મોકલી શકાય છે. નાતાલના સ્ટાંપ ઉપરાંત ટ્રાંસવાલ, ઓરેંજીઆ, રોડેશીઆ, પોર્ટુગીઝ અથવા હીંદુસ્તાનના સ્ટાંપ સ્વીકારવામાં આવે છે. ચેક વિગેરે કોલ કરી પોસ્ટ કરવા બદલ કમીશન કરીએ છીએ. સ્ટાંપ તથા નોટવાળા કાગળો રજીસ્ટર કરી મોકલવા એ સહી સલામત છે. ડરબન સિવાયના ચેક ઉપર ૧૫ ટકાની ૬ પેની ઉમેરવા વિનંતી છે.

USEFUL BOOKS

MODERN LETTER-WRITER (Ninth Ed.) Containing 635 letters. Useful to every man in every position of life for daily use. Re. 1 2as. post free.

EVERY-DAY DOUBTS & DIFFICULTIES (in reading, speaking and writing the English language. (Third Edition), Re. 1, 2as. post free.

HAND-BOOK OF ENGLISH SYNONYMS. Third Edition).—Explained and illustrated. Aids to the right use of synonymous words in composition. Re. 1, 2as. post free.

SELECT SPEECHES OF THE GREAT ORATORS.—Help to write idiomatic English, to improve the oratorical and argumentative powers, etc. Rs. 2, 2as. post free.

TODD'S RAJASTAN. With Notes. Vols. I and II. Rs. 4, 6as. post free.

BURKE'S SPEECHES ON THE IMPEACHMENT OF WARREN HASTINGS. Vols. I and II. Rs 4, 6as. post free.

ENGLISH TRANSLATION OF THE KORAN With Notes. By G. Sale, Rs 2, 2as. post free.

ABBOTT'S THE LIFE OF NAPOLEON BONAPARTE, Rs. 2, 2as. post free.

To be had of The Manager, "INDIAN STUDENT OFFICE, No. 108, UPPER CIRCULAR RD, CALCUTTA, INDIA.

A Book—and its Misnomer

A REPLY

Being a Brief Examination of "The Asiatic Danger in the Colonies" by L. E. NEAME.)

By the Editor of INDIAN OPINION

To be had from the Publishers: The International Printing Press, Phœnix

Post Free, 7d.

ચામડા ખરીદીને છીએ.

ઉન, ચામડાં, શીંગડાં, ખેરાં અથવા બકરાં ચામડાં, વેટલની છાલ વગેરે ખરીદવા માગીએ છીએ.

T. Sutton Flack & Co.,

ESTBLISHED 1868.

870, Smith Street, DURBAN.

Branch: P. M. BURG.

P.O. Box 28. Telephone 829

કેપટાઉનમાંથી ઈંડિઅન ઓપિનિઅનની મુદત નકલ (કીમત ૪ પેની) ત્યાંના અમારા એજંટ મેસરસ પુષ્કળ બધર્સ (કરનર લેંગ માર્કેટ અને પાર્લામેંટ સ્ટ્રીટ) ને ત્યાંથી દર અઠવાડીએ મળશે.

ABDOOL RAHMAN,
MERCHANT,
POTCHEFSTROOM.
Tel. Address: "RAHMAN."
P.O. Box 12.

TRY
"Indian Opinion" Office,
—FOR RUBBER STAMPS—
in different languages.

EBRAHIM CAMROODEEN,
GENERAL MERCHANT.
Natal Leaf Tobacco a Specialty.
113 GREY STREET, (Camroodeen's Buildings)
Tel. Add.: "AJSHERE," Durban.

M. A. Karodia & Co.,
GENERAL MERCHANTS
Dealers in all kinds of Indian Groceries & Soft Goods.
Box 3698.
41 Market Street
JOHANNESBURG.

K. M. NAIDOO & CO.,
Wholesale & Export
Fruit & Produce Dealers
AND
OSTRICH FEATHER BUYERS.
P.O. Box 1. Tel. Address: "NAIDOO, ROBERTSON, C.C.

A. A. PILLAY,
Wholesale Fruit & Produce Dealer and Commission Agent
Box 1353
49 President St., Johannesburg.

THE IMPERIAL CIGAR
Manufacturing & Trading Co.,
Large stocks of the best brands of Cigars and Cheroots always on hand.
Telephone 387. Tel. add. "CHEROOT"
Star buildings Umgeni Road,
DURBAN.

M. E NAGDEE & Co.,
General Merchants & Direct Importers.
Wholesale & Retail
Head Office: Box 5, WARMBATHS, and at NYLSTROOM.

HORMAJGY IDOLGY,
DIRECT IMPORTER
—AND—
GENERAL MERCHANT
P.O. Box 338, DELAGOA BAY.

P.O. Box 2188, Johannesburg.
S. HALLOO,
TIN MANUFACTURER,
Factory: Stand 48, 19th St., Vrededorp.

B. K. PATEL,
Fruit Merchant & Commission Agent
28, PRESIDENT STREET,
P.O. Box 5250.
JOHANNESBURG.
ભગવાન કાલીદાસ પટેલ.
ફ્રૂટ મરચન્ટ એન્ડ કમીશન એજન્ટ.
૨૮ પ્રેસીડન્ટ સ્ટ્રીટ.
પી. ઓ. બોક્સ: ૫૨૫૦
જોહાનીસબર્ગ.

પ્રેમજીભગવાન.
Mattress Maker, Wholesale Importer, Dealer in Bedsteads, Coir Tickings, Mattress Cases, Feather Pillows.
3 Market St. (West), Box 6023, JOHANNESBURG

SOOKAR LAXMIDAS,
TAILOR & OUTFITTER.
ઓરડર મુજબ સુટ બનાવી આપવામાં આવે છે.
33 & 35 Market St., JOHANNESBURG

STAR LAUNDRY
(INDIAN)
New Clare, Waterfall,
Box 5277, JOHANNESBURG.

S. CASOOJEE,
General Merchant. All kinds of Groceries, &c. Box 44. Tel. Add. "CASOOJEE."
Branches: 31 St. John's Road, 11 & 14 Niner Rd.,
EAST LONDON Box 270

નાગરદાસ હરી સોની
ઠરેલ ૨૩મના સોના ચાંદીના ૬૨૨સ દાગીના બનાવનાર.
ઓફીસ નં. ૨૪૪–૨૪૫, એલિઝાબેથ સ્ટ્રીટ, વરચીપ્સ સુટ રુમ્સ, P.O. Box 280 Pretoria.

CHAN HENRY,
WHOLESALE AND RETAIL FAMILY GROCER ETC.
NEW STREET,
GRAHAMSTOWN, C. C.

RATANJI RUGNATH,
TAILOR and OUTFITTER.
ઓરડર મુજબ સુટ બનાવી આપવામાં આવે છે.
27 MARKET STREET,
(Branch: 25 MARKET STREET, JOHANNESBURG

સ્વદેશી કેસેના સસ્તા ભાવ.
આ રસને તાજા કેરીનારસમાં જરા રેરવું નહિ.
મુરબ્બા-મોરેબા અને બધે કેરીમાં વાપરો.
ભેદભાવ ૧૬૯, પીટરમેરીત્સબર્ગ.

SUN BRAND TOBACCO WORKS
64 Grey Street, Durban.
SUN CIGARS, SUMATRA CHEROOTS
BOER TOBACCO
VIRGINIA TOBACCO, SHAG, &c.
At Lowest Wholesale Prices.
Box 88. Tel. Address: "Porbandar," Telephone 864.

સસ્તો અને ઉંચો માલ.
સન સીગારેટ, સુમાત્રા ચીરૂટ બોર બધ કાનીસા કેક બરેરે બનાવી બધાજ નીચેને ભાવથી બધાને.
સન બ્રાન્ડ ટોબેકો વર્કસ
૬૪ ગ્રે સ્ટ્રીટ, ડરબન.

Ismail Amod Kajee,
GENERAL MERCHANT & DEALER
Market Square, P.O. Box 11,
KRUGERSDORP.

COOLAM MOHIDEEN,
GENERAL MERCHANT
P.O. Box 3755
2 Crown Road, Fordsburg.
JOHANNESBURG.

Vraidas & Lalchand,
GENERAL MERCHANTS
Importers & Commission Agents,
Wholesale and Retail
P.O. Box 92. Lourenco Marques

NOONDAMAL SONS
India, China, Malta and Assam
SILK MERCHANTS
WHOLESALE & RETAIL
107 West St. (Grey Street, Corner)
DURBAN.

A. M BHYAT,
Wholesale & Retail Merchant.
Market Street, Box 84,
HEIDELBERG.
Branches:—Pietersburg, Box 24.
Nigel, Box 43
Tel. Address: "BHYAT."

V. G. MAHARAJ,
Indian Silk Merchant and Direct Importer.
Corner of PRESIDENT and VON BRANDIS STREETS.
Between Block and Von Brandis Streets, 3 doors from Store Bros.
P.O. Box 4166. Tel. Add: "MAHARAJ" JOHANNESBURG.

M. E. SEEDAT,
General Merchant and Produce Agent.
Branches: Ermelo.
Tel. Add: "SEEDAT."
Box 7, [illegible]

M. P. FANCY,
MERCHANT & IMPORTER
WHOLESALE AND RETAIL

એમ. પી. ફેનસી.
હોલસેલ ને રીટેલ મરચંટ.

પ્રખ્યાત મોસરી બ્રધર્સ લિંડુસ્તાની મંગાવી સસ્તે ભાવે વેંચવામાં આવે છે. બાસ વી ચોરબંદરનું તથા કલકત્તા ફુ-સરસ બાવલ-ચોખ્ખુ ગંધીઆણું-વગેરે મળે. ખાત્રીએ કરી જુઓ.

STAND 513, 17th Street, VREDEDORP
Box 5031, JOHANNESBURG.
Telegrams: "FANCY."

S. D. BOBERT.
General Importer, Wholesale and Retail Merchant
Cheapest House in the Market Square.
BRANCHES AT
LOCATION, POTCHEFSTROOM.

MUSTARD OIL
FRESH & CHEAP
Produced in our own Manufactory.
મસટર્ડ ઓઇલ (કડુ તેલ)
તાજુ અને સસતુ
અમારા કારખાનામાં બનાવેલ
SOUTH AFRICAN OIL Co.,
P.O. Box 849.
134 Queen Street, Durban

DAWAD MAHOMED & Co.
ESTATE OWNERS.
FARMS TO SELL.
TOWN AND SUBURBAN
HOUSES TO LET
Application will receive prompt attention.
For further particulars apply to
PLOWRIGHT LANE.

DADA OSMAN,
General Merchant & Commission Agent,
102 QUEEN STREET, DURBAN.
P.O. Box 68. Tel. Add.: "PORBANDAR."
ESTABLISHED 1890.
દાદા ઓસ્માન.
જનરલ મરચંટ ને કમીશન એજંટ.
નેટસ ૮૮, ૧૦૬ વીન ઓટ,
ડરબન
Telephone 864

A. E. CHOTABHAI,
MERCHANT.
P.O. Box 33,
KRUGERSDORP.

G. H. MIANKHAN & Co.,
General Merchants & Direct Importers,
Oldest Established Native Goods Merchants.
NATIVE CURIOS MANUFACTURED ON THE PREMISES.
ALSO ESTATE OWNERS.
HOUSES OFFICES SHOPS &C. TO LET.
APPLY—
124 & 126 FIELD STREET.
P.O. Box 97. Tel Address: "MIANKHAN," Durban Telephone No. 855

A. F. CANAY & CO.,
Wholesale Grocers
& General Merchants,
JACOB'S BUILDING,
(OPPOSITE GAIETY THEATRE)
2 KORT STREET,
P.O. Box 3594. Tel. add. "Canay"
Telephone No. 1891
JOHANNESBURG.

E. Suleman Bros.,
Wholesale & Retail Timber & Iron Merchants,
Saw Mills & Timber Yards:
109 Queen Street, Durban

Y. Samy,
FRUIT MERCHANT
8 Jones Street,
KIMBERLEY

હદરના તારનો કંપની, લીમીટેડ.
હિંદુસ્થાન તથા યુરોપ માટેના તારના સસ્તા દર.

હદરની કંપની દોઢસો વરસોથી હિંદુસ્થાન, અખાત, યુરોપ, મોડીટેરેનીઆ અને અમેરિકા તાર મોકલી રહી છે. નિકળીઆ બારોબાર દર હરેક ઠેકાણે એકસરીખા રાખવામાં આવે છે.

હદરની કંપની તાર અમરેલી દુનિયાના કોઈપણ ભાગપર પૈસા મોકલી શકે છે.

હદરની કંપની તાર મોકલનાર નવા દેશના બધીના સરનામા દરરોજ કરે છે. આ સરનામા બીજાને મળે કાયમ બહારના દેશમાં નથી આવતા. હદરની ખાસ ઠેકાણું જુદા છે તે કરે. તેને અનુકુલ છે. આવી રીતે નામ દરરોજ કરાવી ઠેકાણું સરનામાં તાર દેવા તમા દેશમાંથી બહાર સરને કરે કામ કરેલી સલામ છે.

વધી ૧૬૮ દેશમા આવેલા તાર હદરની કંપનીનેના અરજ કરી દેનાર બધીને મળી જાય છે.

પણ વિગત મળી નીચેને સરનામે કાગળ,

મેનેજર,
હદરની કંપની,
રેલવે બીલ્ડીંગ્સ,
પત્ર, ૧૬૮ રોડ.
ડરબન

હદરની બીલ્ડીંગ્સ,
ઈંટ સ્ટ્રીટસ્ટ્રિટ રોડ.
જોહનીસબર્ગ.

અથવા હદરની કંપની,
બી કેસ્ટલ હાઉસ,
કમીશનર રોડ,
બોમ્બે-કલકત્તા.

"INDIAN OPINION."

Yearly Subscription (Natal)		12/6
Half Yearly	... ...	7/6
Quarterly	... ...	4/-
Yearly Subscription (South Africa, England and India	...	17/-
Half Yearly	... ...	9/-
Quarterly	... ...	5/-

Printed and Published by M. K. GANDHI, at International Printing Press, Phoenix.

PRICE 3D. REGISTERED AS A NEWSPAPER

INDIAN OPINION

PUBLISHED WEEKLY

Vol. 6. Phœnix, Natal, Saturday, August 15th, 1908. No. 33.

Tel: Add: "BOTTOMJEE." **JALBHOY & SORABJEE Bros.** Telephone No., 933.

110-Field Street, DURBAN.

HAVE ALWAYS IN STOCK

Rice, Dholl, Ghee Oils, Tamarind, Fish, Cocoanuts, Flour, Cape Snoek-Fish, Variouskinds of Spices, Natal Garlic, Old Newspapers, Harmoniums, Phonographs and Records etc. etc.

તમાકુ શાલ સાંબા પાતરાનો વેચાતો વેચાનો તથા વેચવાનો છે.

કેપટાઉનની સ્નુક મચ્છીના સોલ એજન્ટ લકુથી પ્રીફાયત દામે મળશે.

TO LET—HOUSES, SHOPS, & WAREHOUSES.

PARSEE RUSTOMJEE, 110 Field Street, Durban.

GUSTAV BOCKRIS,

WHOLESALE MERCHANT,

21 Simmonds St., Box 3440, JOHANNESBURG

દરેક જાતનો કાપડબજાર અમારે ત્યાં દર અઠવાડીએ નવો આવે છે જેના કે:—

જેન્ટસોનાં કપડાં, બ્લાઉસીસ, લાઇટ ગાઉન્સ, સમીસ, ઇન્ડર્વિયો મારેનેલ ફેન્સી સામાન કુશીઝ, બાન્સ, ટોપી, કાનટોપી, કાલર, ઉનની શાલ, રૂમાલ, ચશ્માં, બેગ, દરેક જાતનો રેલમી સામાન વિગેરે વિગેરે.

અમારે ત્યાં કેપી જાતના બીનાઈ પ્લાસ, રકાબી વાટી નાની નાની જાતનો ફેન્સી માલ ખાસડો તથા સ્ટેશનરી વિગેરે સામાનનો જોટો જોવો રાખવામાં આવે છે. દરેક માલ ઉપર દામની તથા બજારની સંભાળથી ચેક કરી મોકલવામાં આવે છે

એક વખત ઓરડર મોકલી ખાત્રી કરશો.

A. Tomaselli & Sons,

MARKET AND COMMISSION AGENTS.

All kinds of Produce received for Sale on the Johannesburg Market o Commission. Fruits a speciality.

Farmers and Produce Merchants can be assured to obtain the 'Highest Market Price and Prompt Settlement.

Weekly Market Reports sent free on application,

આથી બહારી ખેડુતો તથા કુટમો કમીશન વગે જોહાનેસબરગની માર્કેટમાં વેચવા આપવામાં આવે છે. પાકતા વરદાર કુરવામાં આવે છે.

REFERENCES:

Mr. J. DE WIT, Head Market Master.
The National Bank of South Africa, Ltd.

OFFICE & STORES:—Beckett's Building, Market Square
Box 2988.— Tel. Address: TOMASELLI. Johannesburg

Sulliman Ismail Mia & Co.,

DIRECT IMPORTERS

સુલેમાન ઇસ્માઇલ મીઆની કું. બહારના વાપરનારાને રહેવા ચોખેની સવડ ચારી રાખવામાં આવી છે.

Corner Park Lane and
Avenue Rd., Fordsburg, J'burg.

Tel. Address: "SULIMAN."
Box 3553, JOHANNESBURG.

BABU TALWANTSING,

General Merchant & Produce Dealer,
58 Wick Street,
VERULAM

[illegible]

જથ્થાબંધ માલના વેપારી.

અકાક, બીનોસ, તમાકુ, કેફી,
સસ્તા દામથી મળશે.

Tel. Add: Gandhi. [illegible]

A. A. Gandhi, Tongaat.

Tel. Address: "MIA." P.O. Box 3341

A. M. SULEMAN MIA & CO.,

WHOLESALE AND RETAIL

Merchants and
Direct Importers.

એ. એમ. સુલેમાન મીઆં.

અમારે ત્યાં કાપડ અને ગ્રોસરી કિમાસ્ત આવે મળી શકશે

Corner Park Road and Park Lane,
Fordsburg, Johannesburg

BRANCH—
Boschbok, Dis. Rustenburg

દેશી મીઠાઇ.

[illegible]

P.O. Box 441. ઇ૦ અબુબકર આમદ એન્ડ બ્રધર, Tel. Address "ABOOBAKER"
તરેહવાર રેશમના વેપારી—ડરબન, (નાતાલ).

E. ABOOBAKER AMOD & BROTHER,

P.O. Box 434 **434, West Street, DURBAN.** ટેલ્ર ઓફ

Direct Importers of Fancy Goods. Best Silks.

Ladies' Clothing,	Skirts,	Bibs,
Blouses,	Underskirts,	Bonnets,
Night-gowns,	Children's Fancy	Bootees,
Combinations	Goods,	Hats,
Chemises,	Frocks,	Wool Shawls.

Handkerchiefs, Collars, Scarves, Lace, Insertion, Ribbon and Silks Goods in all colours.

BEST SILVER JEWELLERY. PRICES MODERATE.
Come and see for yourself.
Attention, Neatness and Cheapness, Guaranteed.

Reuter's Telegram Company Ltd.,

Economical CABLEGRAMS to INDIA and the EAST

REUTER'S despatch cable messages for the public to India, the Far East, Europe, Australia, and America, and allow a rebate of one shilling a message to regular senders.

REUTER'S remit money by mail or telegraph to all parts of the world.

REUTER'S register the address of senders and receivers free of charge by a system that ensures considerable economy and the Reuter Social and Mercantile Code, which is the most complete of its kind in existence, enables senders to save still further.

All cablegrams sent in Reuter's Code are delivered to the receiver in plain language.

Further particulars can be obtained from—

MANAGER, Also at the Head Offices in London—

Reuter's Agency, Davis Buildings, 63 Field Street, DURBAN.

Reuter's Building, St. George's Street, CAPETOWN

Reuter's Agency, The Corner House, Commissioner St., JOHANNESBURG.

D. COHEN,

WHOLESALE SOFT GOODS
Clothing a Speciality.

Men's Trousers from	1/6	પાયજામા	થી. ૧/૬ થી
" Jackets	" 3/6	જેકેટ	થી. ૩/૬ થી
" Suits	" 8/-	સુટ	થી. ૮/- થી

Note the Address
80 COMMERCIAL ROAD, DURBAN.

EAST INDIAN TRADING Coy.,

General Merchants and Direct Importers of all kinds of Groceries, Soft Goods, etc., etc.

અમારે ત્યાં દેશની સ્વદેશ બનતી અમારા ગ્રાહકોના ફિસાબે વેચવા બાબતની છે. કોઈ ઉતારને બહુ ફીકામત માલ મળશે, માલ બહુ સારો છે..

પેઢીએ જવા રેલ્વે સ્ટેશનથી ઘુસણીયાદાર બી બગ્ગારે તાંબી મળશે.

102 Queen Street, Durban. P.O. Box 851

Telephone No. Telegraphic Address: "EXBANIAR."

ઇ. બી. બ્રધર્સ,
ગ્રોરાની મારફીટમાં હાંકીને અલગ જગ્યા રાખે છે. માંલ સાડા આઠ વાગ્યા પુર્વીજ મુકવા દેવામાં આવે છે, ગ્રોરાને પહેલી જગ્યા આપે છે. ગ્રોરાની ઓફ કેમ ત્યારે હાંકીની જોતા નથી. પઈસા જોવા બપોરે બે વાગે જ્યા હારબંધ ઉભા રહેવું પડે છે ત્યારે કોણપણ ગ્રોરો પહેલો કે મોડો આવે તેને પહેલા પઈસા આપવામાં આવે છે. સેલ ગ્રોરો વેચાયી માલ ખરીદી તેને તે દિવસે બહાની સાકાતો નથી. એ કે પછે આગે હાંકીઓજ માલ મુકે છે અને ખરીદે છે, ત્યાં તેની જરાપણ દરકાર કરવામાં આવતી નથી. તો બહેનવર છે કે તમારા કેસ હાંકીની મારફીટમાં તમારો માલ વેચો તથા ખરીદો, કે ત્યાં તમારું કોઈ રીતે અપમાન થશે નહિ. વળી ઘરના આંગણામાં હોવાથી વખતે ત્યાં રીક્ષા બાકું બનશે.

ઇબ્રાહિમ અહમદ આમાત,
જનરલ ઓકશનીઅર.

ચાલુ વર્તમાન

—:o:—

ડનટેલરની વાત ઉપર મી. પારસી ફ્રસ્તમજીએ પાંચ પૌંડની જે હોડ બાંધી છે તેના જવાબમાં ડનટેલરે જણાવ્યું છે કે મજકુર બીના મી. આરબકલ (હાલના સર વીલીયમ) વેપાર કરતા તે અરસામાં કમરૂદીનની કંપનીના એક પ્રતિનીધીએ જણાવેલ હતી. મી. આરબકલ રેલવે તથા કેટલાક ધમોલામાં રેશન પુરા પાડતા પણ કમરૂદીનની કંપનીએ હરીફાઇ કરી કેટલાક ધરાકને જેંચી લીધા. મી આરબ કલની નોકરીમાં તે વખતે કામ કરતા મી. લીલેટ સાથે યઝેલ વાતચીતમાં તેણે જણાવ્યું હતું કે મારે એક વખત કમરૂદીન સાથે ચોખાના વેચાણમાં ફાયદો નથી થતો તેવી વાતચીત યઝેલ તેના જવાબ માં કમરૂદીને હું પારસાગેટમાં જે બીના જોયો હતો તે જણાવી હતી. તે સમયમાં હાંડી મરકના રેશન માટે રોજની ૩ પેની બસ થતી.

ઉપરના કાગળના જવાબમાં મી. પારસી ફ્રસ્તમજીએ "નાતાલ મરકયુરી"ને લખ્યું છે કે ડનટેલરે મારી માગણી મુજબ જવાબ આપ્યો નથી. પ્રયત્ન તો મારી માફક પાંચ પૌંડની રકમ ડીપોઝીટ રાખી નથી. બીજું મી. ટેલર પોતાના અનુભવની વાત કરવાને બદલે મી. લીલેટે સાંભળેલ વાત રજુ કરે છે. આ વાત કદી યઝેલ હોય એમ હું માની સકતો નથી. કમકે પોતાને કમરૂદીનની કંપની કોઇ દિવસ મી. આરબકલ સાથે હરીફાયમાં ઉતરેલ નથી તેમ રેશન વગેરે પુરા પાડવાનો વેપાર પણ કરેલ નથી. મી. ડાન ટેલર મારી હોડનો જવાબ આપવાને અશકત થવાથી હું એટલો ખુશી થયો છું કે આગળની શરત મુજબ આ સાથે હું બીજા પાંચ પૌંડનો ચેક રજુ કરું છું અને જણાવું છું કે મી. ડાન ટેલરે કહેલ હકીકત ખરી નથી.

મી. એમ. સી. આંગલીઆના ૨૦ વરસની ઉમરના ભાણેજ મી. આજમ હુસેન હાફેજી નાતાલની બર્સરી પરીક્ષામાં પાસ થઇ બેરીસ્ટર થવા કેનીયવર્થ કોલેજ માં તા. ૧૩મીને રોજ વિલાયત જવાને ઉપડી ચુક્યા છે. તેમના માનમાં ડરબન અંજુમન ઇસ્લામે તા. ૧૨મીની સાંજે મેળાવડો કરેલો હતો. પોર્ટસ્ટન પણ મહરબો તેમને વળાવવા ગયા હતા.

મી. રાંદેરીઆ ટ્રાંસવાલની લડતમાં સામેલ થવા ગયા હોવાથી 'વેપારીનો મદદ માર' નામની ચોપડી બાબતનો પત્ર વ્યવ હાર તેઓ પાછા આવે ત્યાંસુધી મુલતવી રાખવા વિનંતી કરે છે.

ખોટી પરમીટને માટે પ્રીટોરીઆમાં જે અરજુનસીંગ ઉપર કેસ ચાલ્યો હતો અને જે છુટી ગયો હતો તેને ટ્રાંસવાલ માં વગર પરમીટે રહેવા માટે પકડવામાં આવેલ છે. તેના કેસની મુદત તા. ૧૬ ઓગસ્ટની પડી છે.

વેચવાની છે.

એક સારી જગ્યાની મોકાની દુકાન

મુકામ:— અહમદ ઇબ્રાહીમ.
૧૭ ચર્ચ સ્ટ્રીટ, પી. એમ. બર્ગ.

છેલ્લા અખબરો

(ઇ. ઓ. માટે આસ તાર)

જોહાન્સબરગ, શુક્રવાર.

મરજીવાન રજીસ્ટર કબર્દસર ગણવાનું બીલ પહેલી વાર વંચાયું છે

બ્રિટિશ ઇંડિયન એસોસિએસને ધારા સભા ઉપર નવા એશિયાટિક બીલની સામે વાંધો દરશાવતી અરજી મોકલી આપી છે.

વીરીનીખનના મી. ઇ. એમ. પરેરાનો પ. ૧૯-૬૬૩ થયો હતો તે બદલ પા. ૨૦ ની કીમતના માલ ઉપર સેજ પડી છે.

વગર લાઇસેન્સે ફેરી કરવા માટે જોહાન્સબરગમાં ૧૪ જણા પકડાયા છે. તેમાંના ૧૩ જણા ૭ દિવસની સખત મજુરી ની જેલમાં ગયા છે.

અને ૧૪મા મી. આમદને ૧૪ દિવસ ની જેલ મળી છે. મી. આમદને આ લડતમાં અગાઉ બે વખત સજા થઇ છે.

હમીદીયા ઇસ્લામીક સોસાયટીની આમ મીટીંગ રવીવારે ૪ વાગે હમીદીયા મરજીદ માં મળશે.

બીજા વધુ ૩૦ જણા ૭ દિવસની જેલ માં ગયા છે.

જોહાન્સબરગ, શુક્રવાર સાંજે.

તપાસને માટે અહીં ૨૬ જણાને રોકવામાં આવ્યા છે. આ ૨૬ માં નાતાલ ઇંડિઅન કોંગ્રેસના પ્રમુખ મી. દાઉદ મહમદ, ઉપ-પ્રમુખ મી. ફ્રસ્તનજી પારસી, સેક્રેટરી મી. આંગલીઆ, કેપટાઉન બ્રીટીશ ઇંડિઅન લીગના પ્રમુખ મી. આદમ ગુલમહમદ, ઇંડિઅન રટરેચર બેરરકોરમાંના ત્રણ સારજંટો વગેરે છે. સાત જણા ઇમીગ્રેશન એકટની ફ્રસે પરીક્ષા પસાર કરી દાખલ થવા માગે છે, અને બીજા લડાઇ પહેલાંના ટ્રાંસ વાલના રહીશ તરીકે દાખલ થવા માગે છે. અધાએ આંગુઠા આપવા ના પાડી છે.

ટ્રાંસવાલના ૭ આગેવાનો જેણે મરજી આત રજીસ્ટરનો લાભ લેવાની ના પાડેલ તેમનાને વગર પુછપરછે આગળ વધવા દેવા માં આવ્યા છે. પેટીંગ થયેલી સલુકાર વાપરે છે. આ પણ જોકોને છુટથી કરવા દેવામાં આવે છે.

ઇન્ડિઅન ઓપિનિઅન.

પુસ્તક ૬. ફીનીક્સ, શનીવાર, તારીખ ૧૫મી આગષ્ટ, ૧૯૦૮. અંક ૩૩.

અઠવાડીક પંચાંગ.

જાસ્તી—તા૦ ૧૫ આગસ્ટથી, તા૦ ૨૧ મી આગસ્ટ સુધી, ૪૦ સ૦ ૧૯૦૮.

હીંદુ—શ્રાવણ વદ ૪ થી, શ્રાવણ વદ ૧૦ સંવત ૧૯૬૪.

મુસલમાનો—તા૦ ૧૭મી રજબથી ૨૩મી રજબ સુધી, ૧૩૨૬ હીજરી.

વાર.	સુર્ય ઉદય થાય છે.	સુર્ય અસ્ત થાય છે.	ચંદ્ર ઉદય થાય છે.	પારસી રોજ.	સુર્યોદય		સુર્ય અસ્ત.	
					ક.	મી.	ક.	મી.
રાની.	૧૫	૪	૧૭	૭	૬	૩૦	૫	૩૦
રવી...	૧૬	૫	૧૮	૮	૬	૨૯	૫	૩૨
સોમ.	૧૭	૬	૧૯	૯	૬	૨૮	૫	૩૨
ભોમ	૧૮	૬	૨૦	૧૦	૬	૨૭	૫	૩૨
બુધ..	૧૯	૮	૨૧	૧૧	૬	૨૬	૫	૩૨
ગુરૂ .	૨૦	૯	૨૨	૧૨	૬	૨૫	૫	૩૩
શુક્ર .	૨૧	૧૦	૨૩	૧૩	૬	૨૪	૫	૩૩

અનુક્રમણિકા.

માલ વેચે તો! ૫૨૭
મી. ગાંધીનો કાગળ ... ... ,,
"જે સાચું હોય તો શરમ કરેલું" ... ૫૨૮
વીરીનીખનના કેસો ... ... ,,
ઝેશીઆટીકની જગ્યાએ ઝોરા હોય તો! ૫૨૯
મી. ગાંધીનું ભાષણ ... ... ,,
નવું બીલ ૫૩૦
એડવર્ટાઈઝમેનોખબરપત્ર ૫૩૧
ટ્રાંસવાલની વ્હારે ડરબન ૫૩૨
રહાંડરટનના કેસો ૫૩૩
સત્યાગ્રહ ૫૩૪
નાતાલ પારસી એસોસીએશન ... ... ,,
હબીબીઆ ઈસ્લામીક સોસાયટી... ... ૫૩૫
ઈંડિઅન પુનાઈટેડ ક્લેઈમ્સ એજન્સી ... ૫૩૬
ટ્રાંસવાલના મામલાપર હીંદી ભાષો... ,,
ડરબના તાર સમાચાર ... ... ,,
હીંદુસ્તાનની અસાંતિ વિષે લંડનમાં ભાષણ ૫૪૩
મુંબઇ અંજુમન ઇસ્લામની સભા ... ૫૪૬
પ્રીટોરીઆ અંજુમન ઇસ્લામ ... ૫૪૧
હબીબીઆ મેરકેમ સોસાઈટી ... ... ,,
ચરચા પત્રો... ... ... ૫૪૨
હીંદુસ્તાનના ખબરો ૫૪૪
નાદારી કોરટની નોંધીસો ... ... ,,
જનરલ ... ... ,,

ઈંડિઅન ઓપિનિઅન.

શનીવાર, તા. ૧૫મી આગષ્ટ, ૧૯૦૮.

માલ વેચે તો!

VIII-453

વીરીનીખનના હીંદીને જેલ નહીં મળતાં માત્ર દંડજ થયો. દંડ ન ભરે તો તે તેઓના માલમાંથી વસુલ થઇ શકે એવી જાતનો હુકમ માજીસ્ટ્રેટે કર્યો છે. આવી કલમ લાઇસેન્સના કામદામાં નથી, પણ એક બીજા કામદા વડે આવી સત્તા માજી સ્ટેટને છે.

ખુશી થવા જેવું એ છે કે આવા હુકમથી હીંદીઓ ચોંકયા નથી પણ સમજી શકયા છે કે આતો વધારે ઠીક થયું.

ગરીબાઇમાં ખરી તવંગરી છે એમ આમાં આવી રહે છે. કેમકે ગરીબો જેટલે દરજ્જે સરકારની સામે ઝુકી શકે તેટલે દરજ્જે શાહુકાર ન ઝુકે. કેમકે તે ડરે. વીરીનીખનના હીંદીને અમે મુબા રકબાદી આપીએ છીએ કે તેઓએ દંડ નહિ ભરતાં માલ વેચવાનું માજીસ્ટ્રેટને કહ્યું છે. માલ વેચવામાં કશુંએ નુકશાન અમે જોતા નથી. કેટલાકનો માલ એશક વેચાશે. પણ જેલમાં જવાથી કંઇ જ પૈસાનું નુકસાન નથી એમ તો નજ કહેવાય. ત્યારે તેટલું માલનું નુકસાન થાય તેમાં ડરવાનું નથી. હકીકત એવી છે કે જેમ સેંકડોને જેલમાં ન રખાય તેમ સેંકડોનો માલ ન વેચાય. આમ કરવાની સરકારની પાસે સમવડ નથી. એમ સરકાર કરે તો તેની નામોશી થાય ને તેને રાજ્ય ખોવું પડે.

વળી હેરીવાળાની પાસેથી તો સરકાર કંઇ લઇ શકતી નથી. સેજી વેળા કોઇ પણ હીંદી પોતાનો માલ બતાવવા બંધા બેલ નથી. સરકારને શોધીને જેનો માલ લેવો હોય તે જાતે લેય. આમ કરતાં કાયર થઇ જાય ને ગમુલગા ફેરીવાળા વગર લાઇસેન્સથી સુખે ફરી શકે. કેમકે "લેને ગઇ પુત ઔર ખોઇ આવી ખસમ" એવું સરકારને થઇ પડે. માલ લેવા જતાં જેલનું પણ જાય તે હીંદી વધારે સજ્જડ બને. આવી સ્થિતિ હોઇ એક પણ હીંદીને ડરવાનું નથી. વળી સરકાર જ્યારે સમાધાની કરે ત્યારે હીંદી માં હીંમત હોય તો જેનો માલ વેચ્યો હોય તેની બાબત નુકસાની લઇ શકે.

આ ટ્રાંસવાલની લડત હીંદીને અતિ ગમની છે. નાતાલને જાણવા જેવી છે. નાતાલના રીવાજ પ્રમાણે લાઇસેન્સ બાબત જેલ તો હોજ નહિ. માલજ વેચાય. હવે ટ્રાંસવાલ ઉપરથી નાતાલ ના હીંદી જોઇ શકશે કે માલ વેચવાની લડત તો વધારે સહેલી છે. ફેરીવાળા ખરા ગુહે તેમાં સરકારને ઢંકાવો થઇ છે. તેથીજ ખરી ગરીબાઇ તે ખરી તવંગરી છે. ખરી ગરીબાઇ કોને કહેવી તે કોઇ વેળા વિચારશું. હાલ તો દુઃખ જે પડે તે સહન કરવાનો પાઠ હીંદીઓ શીખી રાખવાનો છે.

મી. ગાંધીનો કાગળ

ખરા બોધાનો સરખાજણો

કેદી અને તેનો બોધક

ઝેશીઆટીક સવાલ બાબત હાલ શું ચાલી રહ્યું છે તેનો ખ્યાલ આપવા દરબંધ વાલના ભાષામાં મી. ગાંધીએ નીચે મુજબ કાગળ લખ્યો છે.

જનાવટી સરટીફીકેટને લગતા જે કેસ ની બીના તમારા ભાષામાં મેં જોઇ છે. આ કેસમાં એકને બાદશાહી સાક્ષી બનાવી છોડી મુકવામાં આવ્યો છે. અને બીજો જેના સામે તેણે પુરાવો આપ્યો તેને પણ છોડી દેવામાં આવેલ છે. અમુક સભાસો બનાવટી ધંધો કેટલે સુધી કરે છે તેથી હવે લોકો બાકીતા થયા હશે. છાપામાં જે રીપોર્ટ બહાર પડેલ છે તે ઉપરથી કહી શકાય કે બીજા માણસ સામે જે પુરાવો પડયો છે તે તેને ગુન્હેગાર ઠરાવવાને બહુ લુલો માલમ. આમ જેઓ બનાવટી ધંધો કરનારા છે તેઓ તો છુટા છે. ઝેશીઆટીક તો છેવેંડગેટ એકટ તેને લાગુ

થઇ શકતો નથી. તે કાયદા તળે તેમને પકડવામાં આવેલ નહીં હતા. આવા કેસો માટે કોઇ કાયદો છે પણ નહીં. માણસોને આપવી જોઇતી વાજબી છુટ ઉપર જ્યાં અંકુશ મુકાએલા છે ત્યાં આવા અનેક પ્રપંચો રચવા દેવાલાક માણસો નીકળી પડે છે. એક વાત ધ્યાનમાં લેવા જેવી છે કે આ ધંધો કરનારા માત્ર હીંદી એકલાજ નહોતા ગોરા પણ તેમાં સામેલ છે.

બીજી બાજુ તપાસતા જણાય છે કે જે હીંદી વકીલાત રીતે કોલોનીમાં દાખલ થયા છે, જેઓ લડાઇ પહેલાં હતા તેમ સાબીત કરવું છે, જેઓ કાયદાસર ચાલતા આવ્યા છે, અને જેઓએ હકદારોને ઓળખાવવા સરકારને ઘોડાજ વખત ઉપર પુરી મદદ કરી હતી તેઓને દરેક રીતે હેરાન કરવામાં આવે છે. નિર્દોષ હીંદીઓ જેમાંના ઘણા ખરા ઉંચ કુળમના છે તેમને જેલમાં પુરવામાં આવે છે. અને તે અપમાન ભરેલા-ખુની-કાયદાને તાબે નહીં થવાના બાંધને માટેજ. સ્ટાંડરટનના મુખ્ય હીંદી વેપારીને ૧૪ દિવસની સખ્ત મજુરીની જેલ આપી હીંદી વેપારીઓ હલબલ ખાલી કરી દીધું છે.

આટલી પજવણીથી હજુ બસ નથી થયું. આ હીંદી કેદીના ખોરાક તરફ કાંઇ પણ ધ્યાન દેવામાં નથી આવતું. ગોરા કેદીઓને તેઓનો ખોરાક આપવામાં આવે છે. કેપ બોયસને ગોરાનો ખોરાક મળે છે. કાફરોને તેઓ જે ખોરાકથી ટેવાઇ રહેલા છે તે મળે છે પણ હીંદીને હલબલ કાફરોનો ખોરાક મળે છે. એટલે તેઓને અર્ધા ભુખ્યા રહેવું પડે છે. તેઓને હમેશા જ્વારના અને અઠવાડીઆમાં ત્રણ વખત સાંજે મકાઇનું પુપુ મળે છે. મકાઇના પુપુથી જેઓ ટેવા ગેલા છે અથવા તો જેઓ ટેવ પાડે છે તેને તો તે સારૂ છે: પણ મારા ભાઇઓ પુપુ ખાતા નથી અને તેથી તેઓને ટ્રાંસવાલની જેલમાં ભુખ વેઠવી પડે છે. આ બાબત સત્તાવાળાને કાને નાખવામાં આવી છે પણ આ કાગળ લખતાં સુધી કાંઇ પણ જવાબ નથી મળ્યો. આમ જુલમ કરવાથી હીંદી જલદીથી તાબે થઇ જાય એમ ધારવામાં આવતું હોય તો તે ભુલ છે તેથી તો કડવાશ ઉલટીની વધારે વધતી જાણશે.

સલાહ મુજબ એશીઆટીકોએ પોતાનો ફોટો મોકલ્યો છે. અને હવે જનરલ હલબલ પોતાનો ફોટો પાછો માગે છે. સલાહ વખતે તેણે જાહેર સભામાં કહેલું કે મેં એશીઆટીકોને કહેલું છે કે જ્યાં સુધી આ દેશમાં એક એશીઆટીક રજીસ્ટર વીનાનો હશે ત્યાં સુધી કાયદો પેચી લેવામાં આવશે નહીં. જે એશી આટીકોને રજીસ્ટર થવાની તક મળી હતી તેઓ રજીસ્ટર થઇ ગયા છે એમ કબુલ થયું છે ત્યારે હવે કાયદો શામાટે પાછો ખેંચી લેવામાં આવતો નથી?

'જો સાચું હોય તો શરમ ભરેલું'

આ મથાળાથી મી. ગાંધીના ઉપરના કાગળ વિષે 'ટ્રાંસવાલ લીડર' ટીકા કરે છે કે મી. ગાંધીના કાગળના એક ભાગ ઉપર માત્ર પ્રધાન અને લાગતા વળગતા અમલદારોનુંજ નહિ પણ પારલામેંટના મેંબરો તથા ન્યાયને ચહાતા સઘળા ભેદા તું ધ્યાન ખેંચીએ છીએ. તેના કાગળનો બીજો ભાગ—જે એશિયાટીક બનાવટી પરમીટનો ધંધો કરનાર છે તથા બીજા જે આબરૂદાર એશીઆટીક છે તેના તરફ જુદી જુદી વરતણુંક બતાવવામાં આવે છે—તે ભાગની મી. ગાંધીની હકીકત મુદાસર તેમજ સાચી છે તે છતાં તે વિષે કાંઇ નહિ બોલતાં અમારે કહેવાની વાત બીજી છે મી. ગાંધી લખે છે કે એશી આટીક કાયદાના મુરબ્બાઇ ભરેલ અમલ તળે જેઓને જેલમાં નાખવામાં આવે છે. તેને જે ખોરાકથી તેઓ ટેવાએલા નથી તેવા ખોરાક આપીને અરધા ભુખે મારવામાં આવે છે. આ માણસો રાજદ્વારી ગુનેહગાર છે. તેઓને સખ્ત મજુરી અથવા જેલીનાં કપડાં પહેરાવવામાં આવે તે ગેરવ્યાજબી છે. પણ મી. ગાંધી લખે છે તેવી રીતે ખોરાકમાં કનડગત થતી હોય તો ઘણુંજ નારાજગીભરેલ તથા ગેર વ્યાજબી ગણાય. અમે તો ધારતા કે જે દેશ સુધરેલ ગણવા માગે છે તેણે રીબાવવાનું બંધ કરેલ છે પણ આપણે (ટ્રાંસવાલની ગોરી પ્રજા) અપવાદ હોઇએ એવું લાગે છે જેલના મેડીકલ સત્તા વાળાઓ તો કેદી જે ખોરાક લેતો હોય તેજ આપવા ભલામણ કરે છે. જેલ ખાતાને લગતા દરેક અમલદાર—કોલોનીઅલ સેક્રેટરી સુધી—તે મેડીકલ અમલ દારની સુચના મુજબ ચાલવાની ફરજ છે તે મુજબ વરતવામાં આવે છે કે કેમ? શું મેડીકલ અમલદારોના મત એક બાજુ એ મુકવામાં આવે છે? રાંધવાની અને ચરબી જરાપણ ન હોવી જોઇએ. ચોખા જે જલદીથી રાંધી શકાય તેવો બીજો કોઇપણ ખોરાક નથી. શ્રી. ગાંધીનું કહેવું ખરૂં હોય તો મહાન બ્રિટીશ અમ લદાર આ બીનાથી ચલું નીચું જોવા જેવું થવું જોઇએ.

વીરોનીખનના કેસો

(અમારા ખાસ ખબરપત્રી તરફથી.)

ગયે સોમવારે લાઇસેન્સ વીના ફેરી ફરવાના વાંકે મારે આઠીના અગાઉના ચાર વેપારી મેસર્સ ઇબ્રાહીમ મહમદ પટેલ, ઇબ્રાહીમ કરમાઇલ, આમદ હાવજી અને આમદ મામુજીને માજીસ્ટ્રેટની કોર્ટમાં ખડા કરવામાં આવ્યા હતા. બચાવ તરફથી મી. જોબર્ગ એડકે હતા. બધાએ ગુનો કબુલ કર્યો. ફરિયાદ પક્ષ તરફે જુબાની આપતાં જણાવ્યું કે તહોમતદારોએ લાઇ સેન્સ માટે અરજી કરેલી પણ એશિઆ ટીક કાયદાની ૧૦ મી કલમ મુજબ પરમીટ ૨ કરવા તથા અંગુઠો આપવા ના પાડી તેથી લાઇસેન્સ આપવામાં આવ્યા હતા નહીં.

ઇબ્રાહીમ મહમદ પટેલે જુબાનીમાં જણાવ્યું કે વીરોનીખનમાં હું વેપારી છું. ટ્રાંસવાલમાં હું ૧૬ વરસ થયાં છું. હું આ દેશમાં પરણેલો છું. મારે બે છોકરાં છે. પેરેઇસ્ટરબ્રમની કોર્ટમાં હું કેટલાક વરસ સુધી ઇંટરપ્રીટર હતો. સી. આઇ. ડી ના કેપ્ટન જેન્સ તરફથી મને સરટીફીકેટ મળેલ છે કે મેં સરકાર ને ઘણી કીમતી મદદ કરી છે. વસ્તી પત્રકમાં પણ મેં મદદ કરી છે.

ઇબ્રાહીમ કરમાઇલે જુબાનીમાં કહ્યું કે હું વેપારી છું. ટ્રાંસવાલમાં મને ૧૭ વરસ થયાં. એશીઆટીક કાયદા તળે આ દેશમાં રહેવું અસહ્ય છે તેથી ફરી ફરી જેલ જવાનો મારો ઇરાદો છે.

આમદ મુસાજીએ કહ્યું કે ફેરીનો ધંધો કરૂં છું. આ દેશમાં મને ૧૨ વરસ થયા. કાયદો મને પસંદ નથી તેથી હું જેલ જવા માગું છું.

આમદ મામુજીએ કહ્યું કે જુલમી કાયદો રદ કરવાનુ વચન પાળવામાં નથી આવ્યું તે માટે હું જેલ જવા માગું છું.

જુબાની બાદ મી. જોબર્ગ એડકેએ એક લાંબુ ભાષણ આપતા કહ્યું કે તહો

મતદાર બીનગુન્હેગાર છે એ કંઈ કહેવા નથી માગતો. તેઓએ જાણીને કાયદાનો ભંગ કર્યો છે. બધા તહોમતદારો હમેશા ફેરીનો ધંધો કરતા નથી. તેઓએ આવા કેટલા કાયદા સામે નાપસંદગી જાહેર કરવા આ પગલાં લીધા છે. તહોમતદારો ટેકની ખાતર જેલ જવા આતુર છે. મી. ઇબ્રાહીમ પટેલ ખાસ વધારે સીક્ષા માગે છે.

માજીસ્ટ્રેટે બધા તહોમતદારને ગુન્હે બાર હજારી દરેક ૬ પા. ૧-૭-૬ દંડ કર્યો. અને જણાવ્યું કે દંડ નહિ આપે તો ૧૯૦૬ ના નંબર ૧ના કાયદા ની કલમ ૨૪૮ ને ૨૪૯ મુજબ તેના માલ ઉપર સેજ ભારી દંડ વસુલ કરવા માં આવશે.

મી. પટેલે જણાવ્યું કે જો મને જેલ નહીં આપે તો હું તે ગુન્હો ફરીથી કરીશ.

મી. ગોડફ્રેના કહેવાથી માજીસ્ટ્રેટે દંડ ભરવા માટે ૪૮ કલાકની મહેતલ આપી પણ જેલમાં મોકલવા ના પાડી.

મી. ગોડફ્રેએ માજીસ્ટ્રેટને કાગળ લખી જણાવ્યું છે કે મારા અસીલો માલ વેચવા દેવા તૈયાર છે.

એશીઆટીકનો જમાએ ગોરા હોય તો!

ટ્રાંસવાલના એશીઆટીક મામલા ઉપર 'લીડર' મંગળવારનો છાપામાં નીચે મુજબ લખે છે:—

એશીઆટીક માટે આ અઠવાડીઆ માં કંઈક વધુ ખીલ બહાર પડશે એમ સંભળાય છે. થોડા દિવસ ઉપર કેબીનેટપ્રધાનોથી પાર્લામેંટને કરારો મળ્યા હતા કે એશીયાટીક કાયદાનો બરાબર અમલ કરવો. હવે આ બીલથી એશીઆટીકો એક રીતે તો ખુશી થશે કે કાંઇક નીરાકરણ તો થયું. થોડાક અઠવાડીઆ થયા એશીઆટીકની જે સ્થિતિ છે તે સ્થિતમાં ગોરા હોય તો શું થાય તેનો ખ્યાલ કોઇને આવ્યો છે? આપણી ન રપરાધી વસ્તી ઉપર શું વીતક વીતે છે? અને તે બધુ આ કોલોની ની બહાદુર ગોરી પ્રજા મુંગે મોંઢે જેસી જોઇ રહી છે તે ઘણું અફસોસની વાત છે! તેટલા ગોરા લોકો અને બરાબર આવે ત્યારે તેને જેલમાં—ગાયકી ઝોકરાંવ પીંજરા પાછી—હડસેલી દીધો પછી શું થાય છે એનો બરાબર ખ્યાલ કરીએ. અને આ બાબતનું કારણ શું? બધા બરાબર એમજ જાણવા માગે છે કે શું કારણસર? અમને એમ સમજાવવામાં આવ્યું છે કે એશીયા ટીકને દાખલ થવા નહિ દેવા તે આપણે બધાને કબુલ છે. કોલોનીઅલ સેક્રેટરીએ આપણને જણાવ્યું છે કે જેઓ હાલ દેશ માં છે તેનો આ દેશમાં સુખેથી સમાસ થઇ શકશે. વળી તેણે કહ્યું છે કે તેને દેશપાર પણ નથી કરી શકતા તેમ બાંધી વખત સુધી જેલમાં પણ નથી રાખી શકતા એશીઆટીકોને બહાર રાખવા એસ્ટરલીઆ એ કાંઇક રસ્તે કાઢયો છે. બહોશ અને ગોખા હાથ વાળા અમલદારો રાખી આપણે પણ તેમ કરી શકીએ છીએ. આપણે આમ કરીએ તેમાં એશીઆ ટીક જરા પણ વાંધો નથી લેતા. પણ 'અલે બધા એશીઆટીકને બહાર રાખો.' એમ કહી બંધાઇ જવું—એવું વચન આપવું— એમ તો નજ બને. અને જો એમ બંધાય કે વચન આપે તો તેને માણસ નહિ સમજવા બીજા રહ્યા તે બાબત તેઓ કહે છે કે કોલોનીઅલ સેક્રેટરી પોતાનું વચન પાળે. અને હાલ બે કોલોની ની બહાર છે પણ ટ્રાંસવાલમાં દાખલ થવા હકદાર છે તેઓને આપણી કોર્ટો પાસેથી હાદ માગવાનો હક માને છે. અમે આશા રાખીએ છીએ કે આવું કરવામાં આવશે. બલબાત એશીઆટીક ને ભલે હમેથી બહાર રાખીએ અને જેઓ હાલ આ દેશમાં છે તેમાંના જે મ્યુનીસીપલ ધોરણસર ન રહે તેને સખત સીક્ષા કરીએ. પણ જે લોકોને આપણી પોતાની સરકારે કબુલ કરેલું છે કે આપણે સોંએ નોંએ કબુલ કરવાનાજ છે. તેને જેલમાં પુરવાથી અને ત્રાસ પમાડવાથી આપણે શું ફાયદો કાઢવાના છીએ!

મી. ગાંધીનું ભાષણ

ટ્રાં. તા. ૮ઉ૬.

મી. ગાંધીના દીકરા મી હરીલાલ ગાંધીને સાત દિવસમાં કોલોની છોડવાની નોટીસ મળ્યા બાદ મેરટ બહારના મેદાન માં ઇંડીની એક જંગી મીટીંગ થઇ હતી તેમાં મી. ગાંધીએ અંગ્રેજીમાં નીચે મુજબ ભાષણ કરેલું હતું:—

[illegible] મનો હમણાં જ તાર [illegible] લાં લાખોની [illegible] ઇંડીઓ હેરી તથા બીજા ૨૬ છે તેઓને કેટલાક પકડાયા છે. તેના કેસ ચાલતાં માજીસ્ટ્રેટે દંડ અથવા જેલ નહિ આપતાં ખાલી પા. ૧-૭-૬ દંડ કર્યો છે. અને જણાવવામાં આવ્યું છે કે ૨૪ કલાક માં દંડ નહિ આપે તો સરકાર તેનો માલ હરાજ કરી દંડ લેશે. આ વાતી એક નવું જુલ્મ જાગ્યું. પણ મને તો ખાત્રી છે કે ઇંડીઓ આથી નહિ ગભરાય. માજીસ્ટ્રેટે આ નવી રીત પોતાના મનના તોર ઉપરથી દાખલ કરી છે કે સરકાર ની સુચનાથી દાખલ કરી છે તે હું નથી જાણતા પણ આપણે આ ઉપરથી જોવાનું છે કે જનરલ સ્મટસ પાસેથી આપણને કાંઇ રાહત મળે એમ લાગતું નથી. આપણે તો તેણે કાયદો પાછો ખેંચવાનું જે વચન આપેલું છે તે તે પાળે એટલું જ કામ છે. રીચમંડની મીટીંગમાં ભાષણ આપતાં કાલહો પાછો ખેંચી લેવાનું તેણે જણાવેલ. બીજી વખતે મી. ડોકને ઘેર મી. ચમની મારી પાસે આવેલ. તેણે (મી ચમનીએ) મારી પાસે કહ્યું કે કેટલાક ચીના તથા ઇંડીઓ સરકાર શું કરવા માંગે છે તે વિષે શંકા ખાસ રજીસ્ટર થવા બરાબર બહાર પડતા નથી. તેઓ માગે છે કે જે વચન અપાયું હોય તે લખીતમાં જનરલે તેજ વખતે બેકને દીવા બહાર પાડવાનો મુસદ્દો મેં વહી આપેલ. આ નોટીસ ચાઇનીઝ અને હીંદુસ્તાનની ચૂંટી ચૂંટી ભાષામાં જાહેર થવાની વાત થઇ. આ મુસદ્દામાં જણાવેલ કે જો એશીઆટીક પોતાના બોજા પાસરો તો પારલામેંટ બેસશે ત્યારે કાયદો ખેંચી લેવામાં આવશે પણ સારે અથવા નરસે લાગ્યે —હું કહું છું કે સારે લાગ્યે કારણ કે આપણે જાણવાનું મળ્યું કે આપણે કેટલા લોકોની સાથે કામ પડયું છે—પાછે દિવસે મી. ચમનીએ આવી કહયું કે એશીઆટીકો હવે રજીસ્ટર થવા લાગ્યા છે અને ચીનાઓએ પોતાનો વધો પાછો ખેંચી લીધો છે અને વધુમાં કહયું કે મને લાગે છે કે નોટીસ બહાર પાડવાની હવે જરૂર નથી. તે વખતે મી. સ્મટસ તથા મી. ચમનીના પ્રમાણીકપણા ઉપર શંકા લાવવાનું કાંઇ કારણ ન હતું. તેથી મેં કહયું કે ત્યારે નોટીસ બહાર પાડવાની કાંઇ જરૂર નથી. રીચમંડના ભાષણમાં મી. સ્મટસે જણાવ્યું [illegible] પણ આવી મુકેલી દુર કરાવી [illegible] હોવું જોઇએ. જો ચમનીના [illegible] તો જાણવું જોઇતું હતું. [illegible] સ્મટસ કાયદે [illegible] તે જાણવું [illegible]

કરી કરવા નથી. મરજીઆત રજીસ્ટર લેવાનું મુલતવી કરવું તે વખતે કોણ શરતો કરવાની વાત પણ નથી થઇ. આપણે સરકારને ખરી મદદ કરી છે. સરકારના અમલદારો કે કારભારીઓ એક વખત બોલીને તેમાંથી છટકી જવા માગે તો તેમ કરતાં તેને અટકાવવામાં કોલોની તેમજ આખા બ્રિટીશ રાજને આપણે મહાન મદદ કરી બચાવ્યા. આપણને જેલના દુઃખ ભોગવવા પડે. આપણને જેલમા અધાં ભુખે મરવું પડે, આપણને જેલમાં ઉંધાડે પગે રહેવું પડે કે આપણુ તો માલ જપ્ત થતો જોઇએ. પણ તે કોઇ દુખોથી આપણે ડરવાના નથી. આપણા ઉપર હવે કાયદેસર ધુંટ ચલાવવાનું શરૂ થયું છે. હું આશા રાખું છું કે મારા ભાઇઓ દંડ નહીં આપે અને હીંમત રાખી પોતાની આંખ આગળ માલ વેચવા દેશે. મને તો ખાત્રી છે કે આમ આપણે માથે દુખ પડશે ત્યારે ગોરાઓ પોતે જનરલ સ્મટસને વચન પાળવાની ફરજ પાડશે અને સલા મુજબ કાયદો પાછો ખેંચી લેવામાં આવશે. જનરલ સ્મટસ સાથે થયેલ સુલાહ શબ્દે શબ્દ પાળીતાં આપણે માથે શું વીતી છે? આપણા પ્રમુખને માર પડયો તેના નાકને ધક્કા પહોંચ્યા. આ બધી જહેમત ઉઠાવતાં સરકાર તરફથી સરપાવ શું મળે છે? વચન ભંગ—પિ ઘાત. કાયદો પાછો ખેંચી લેવામાં આવતો નથી એટલુંજ નહીં. પણ આપણે માટે બીજા કરડા કાયદાઓ નવા ઘડવામાં આવે છે! જેટલે દરજ્જે આ દેશ ગોરા નો છે તેટલોજ બ્રિટીશ હીંદીનો છે ગોરા તેમજ આપણે જાગીદાર છીએ. ગોરા માત્ર બળવાન છે. હીંદીઓ ન્યાયથી કાંઇ ઓછુ ગણતા નથી. અને જો ન્યાય નહીં મળે તો દુખ વેઠવા તયાર છે. હું માનુ છું કે કીંગ એડવર્ડના રાજ્યમાં ન્યાય ન મળે તો અન્યાય થતો તો અટકાવવા એને તેમ કરતાં દુખ વેઠવું પડે તો વેઠવુ. આપણી ચામડી ગોરી નથી તે વાંકે આ દેશમાં આપણને કોઇ ગણતરી માં ગણવામા આવતા નથી. આપણી [illegible] ખ્યાલ રાખવામાં આવતો નથી. આ બધુ આપણે નહીં ખમતાં ઉગ્ર ભોગ આપવાને તયાર છીએ એમ દેખાડવાની જરૂર છે. મી. નાયડુ જોહનીસબર્ગ આવ્યા છુટયા છે. થોડા દિવસ કેપ [illegible] આત્મબળના પાઠો. તેમજ જાહેરમાં મી. સ્મટસ ઉપ [illegible] આભાર જાહેર કરવું છે. મી. નાયડુના બાળકની દત્યાના ગુનેગાર પણ મી. સ્મટસ છે. આ બધાનો હમણા નહીં તો પછીથી જવાબ દેવો પડશે.

માટે હું મારા ભાઇઓને વિનંતી કરું છું કે સત્યને માટે જે કરવું ઘટે તે કરવાને પાછા હઠશો નહીં.

નવું બીલ

પા. 454

તા. ૧૬ ઓગસ્ટના ટ્રાંસવાલ સરકારી ગેઝેટમાં નીચેનું બીલ જાહેર પડયું છે.

૧૯૦૭ના એશીઆટીક એકટનો કાયદા પ્રમાણે જે એશીઆટીક રજીસ્ટર નહિ થતાં પાછળથી મરજીઆત રજીસ્ટર થયા તે કાયદાસર ગણવાનું બીલ.

(૧) દરેક માણસ—

(અ) જે એશીઆટીક એમેંડમેંટ કાયદા પ્રમાણે એશીઆટીક ગણાય

(બ) તથા જેણે ૧૯૦૮ના ફેબ્રુવારીની ૧૦ તારીખથી મે ની ૧૦ તારીખ સુધીમાં એશીઆટીક રજીસ્ટરારને કે બીજા કાયદેસર નીમાયલા અમલદારને આગળ કહી દેવામાં આવ્યા પ્રમાણે મરજીઆત રજીસ્ટર માટે અરજી કરી હશે

(ક) અને જેને આ કાયદાના ધારા મુજબ સરટીફીકેટ રજીસ્ટરારે કાઢી આપ્યું હશે.

તે દરેક માણસ આ સરટીફીકેટના આધારે આ કોલોનીમાં દાખલ થવાને તથા રહેવાને હકદાર ગણાશે.

(૨) પહેલી કલમમાં જણાવેલ દરેક એશીઆટીક જે આ કોલોનીમાં રહેતો હોય અથવા દાખલ થાય તેણે પોલીસ અથવા કોલોનીઅલ સેક્રેટરીએ મુકરર કરેલ અમલદાર માગે ત્યારે સરટીફીકેટ રજુ કરવું. તથા કોલોનીઅલ સેક્રેટરી ગેઝેટમાં બહાર પાડે તે પ્રમાણે ના ધારા મુજબ જે ઓળખાણ આપવા માં આવે તે પુરી પાડવી. અને જેઓ નહીં બતાવે તો તેને ૧૯૦૭ના કાયદા —ખુની—કાયદાની કલમ ૮ મુજબ શીક્ષા કરવામાં આવશે. અને જેઓ બરાબર ઓળખાણ નહીં આપી શકે તો ૧૦ પાઉંડ દંડ થશે, અને દંડ નહીં આપે તો અસલત અથવા સખત મજુરી ની ૧૮ દિવસ સુધીની જેલ મળશે.

(૩) જે કોઇનું સરટીફીકેટ ગુમ થયું હોય તેણે રજીસ્ટરારને કાયદેસર ઓળખ પુરી પાડી નવા રજીસ્ટર માટે અરજ કરવી.

ખોવાયેલું સરટીફીકેટ જેને જડે તે તેનું પોતાનું ન હોય તો તેણે એશીઆટીક રજીસ્ટરારને તરતજ સોંપી દેવું અને જો નહિ મોકલી આપે તો તેને ૫૦ પૌંડ સુધી દંડ થશે અથવા એક મહિના સુધીની સાદી અથવા સખત મજુરીની કેદ મળશે.

(૪) ૧૯૦૭ના લાઇસેન્સ કાયદા મુજબ વેપારનું લાઇસેન્સ જેઓ ૧૯૦૭ના એશીઆટીક એમેંડમેંટ એકટ અથવા આ કાયદાની પહેલી કલમ મુજબ સર ટીફીકેટ ધરાવતા હોય અને કોલોનીઅલ સેક્રેટરી માગે તે તારીખ પુરી પાડે તેનેજ મળી શકશે.

૧૯૦૮ના ફેબ્રુઆરીની ૧૦ તારીખ થી આ કાયદો અમલમાં મુકાય ત્યાંસુધી માં જે લાઇસેન્સ કાઢવામાં આવ્યાં હોય તે કાયદેસર ગણાશે.

એશીઆટીક એમેંડમેંટ કાયદાની ૧૩મી કલમ રદ કરવામાં આવે છે.

(૫) આ કાયદાના હેતુઓમાં જણાવ્યા મુજબ જે કોઇ બનાવટી સરટીફીકેટ કરશે અથવા કરવા પ્રયત્ન કરશે અથવા તેને મદદ કરશે તેને ૫૦ પાઉંડ સુધી દંડ અથવા દંડ ન આપે તો સખત મજુરી અથવા સાદી બે વર્ષ સુધીની જેલ અથવા દંડ તથા કેદ બંનેની શીક્ષા કરવામાં આવશે.

(૬) આ કાયદાનું નામ 'એશીઆટીકો નાં મરજીઆત રજીસ્ટર કાયદેસર ગણવા નો કાયદો' પડશે અને જ્યાં સુધી રાજેન શાહ પસંદ નહીં કરે અને તે પસંદગી ગેઝેટમાં જાહેર કરવામાં નહીં આવે ત્યાં સુધી આ કાયદો અમલમાં નહીં આવે.

આ કાયદા મુજબ રજીસ્ટરેશન સરટી ફીકેટમાં નીચેની બાબત બાબતોમાં આવી છે.

નામ, જાત, વસ્તુન, ઔરતનું નામ, રહેઠાણ, જમણો અંગુઠો, રજીસ્ટરારની સહી, તારીખ, અને સરટીફીકેટ કઢાવનારની સહી.

જો ૧૬ વરસની અંદરના છોકરા કુંવારા હોય તો તેનાં નામ ઉમર. ઠેકાણું અને વતનનો સગાઇ.

રમુજરૂપ તથા બીજા ઘણા સમાચારો જગ્યાની તંગીને લીધે આપી શકયા નથી.

ટ્રાંસવાલનો મુળ કાયદો અને તેના ધારા-ધોરણ ૪૪ પેનીઃ પોસ્ટેજ એક પેની.

હીંદુસ્તાનની કપાસ

આમદ પ્રમાણ મારફત તા. ૫ ઓગસ્ટે ૧૫ જાપાનીઓ ૨-૪૦ બેઠે થશે.

અમદાવાદ અમલદારી માં ૧૮૫ તા. ૨૯ના અરસામાં આવશે.

ખબરપત્ર

જોહાન્સબર્ગ

(અમારા ખાસ પ્રતિનીધિ તરફથી.)

સોમવાર

શ્રી. નાયડુ છુટયા

શ્રી. ચંપી નાયડુ આજે સવારે નવ વાગે જેલમાંથી છુટયા. તેમને લેવા શ્રી. હસપ મીંયા, શ્રી. ઇમામ અબદુલ કાદર બાવાઝીર, શ્રી. કુવાડીયા, શ્રી. કુનકે, કેટલાક ચીનાઓ શ્રી. ગાંધી વિ. ગયા હતા. શ્રી. નાયડુનું શરીર નખાઇ ગયું છે. તેની હિંમત બમણી વધી છે. ને ચોથી વાર જેલ જવાનું પ્રયત્ન કરવા કહે છે.

મીસીઝ નાયડુને તુરત મળવું જોઇએ. તેથી શ્રી. નાયડુ અને તેમને લેવા આવનાર બધા ફીંદી તેમને ઘેર ગયા. ત્યાં શ્રી. હસપ મીંયાએ તથા બીજા સાહેબોએ બે ભાષણ થોડાં કરયાં ને શ્રી. નાયડુએ જવાબ આપ્યો. પછી મીટીંગ બરાસ થઇ.

મીસીઝ નાયડુની સ્થિતિ ઠીક છે. વચમાં તેને બે દિવસ તાવ આવી ગયો હતો. આજે સાંજના તાર્મીલ લોકો તરફથી શ્રી. નાયડુના માનમાં મેળાવડો છે. સાર્વજનીક માન આપવાની હિલચાલ ચાલી રહી છે.

શ્રી. હરીલાલ ગાંધીનો કેસ

શ્રી. હરીલાલ ગાંધી આજે જવાબમાં આવેલ છે. તેને ટ્રાંસવાલમાં વગર રજીસ્ટરે રહેવાના તહોમતથી પોલીસ પકડી ગયા. બે વાગે કેસ ચાલ્યો. શ્રી. ગાંધીએ ચોવીસ કલાકની નોટીસ માગી કેમકે તેને કંઇ કામ સંકેલવાનું નથી ને તેનો વિચાર જેલ જવાનો છે. પણ માજીસ્ટ્રેટે સાત દિવસની નોટીસ આપી. મને ઉમેદ છે કે હવે તે સાત દહાડા પછી જેલમાં સખત મજુરી કરતા થઇ જશે. જે સમજપૂર્વક આમ જેલમાં જાય તે ખરી કેળવણી છે. દુઃખ વેઠતાં પોતાના છોકરાઓને નાનપણથી શીખવવું એ મોટી કબાલત છે.

શ્રી. જોર્જ ગોડફ્રે

શ્રી. જોરજ ગોડફ્રે જેણે હમણાજ વકીલાતનો ધંધો શરૂ કર્યો છે તેણે કોમી કેસ મફત લેવાનું જાહેર કરેલું છે. આ પગલું ઘણુંજ વખાણવા લાયક ગણાય અને તેણે કેળવણીનો ખરો ઉપયોગ કર્યો કહેવાય.

શ્રી. હોસકેનનો મેળો

શ્રી. હોસકેન ખબર આપે છે કે પ્રોગ્રેસીવ પારટી કાયદો રદ કરવાની સામે જશે. આ ખબરથી કોમ હવે ગભરાય તેમ નથી. જનેવારીમાં તે પણ અને બીજા બધા વિરૂધ્ધ હતા છતાં આપણે લડયાને જીત્યા. તેજ મુજબ આજે થાય તેમાં નવાઇ નથી. જ્યારે ફીંદી પોત ખરું જોવામાં આવશે ત્યારે સહુ સામે થનારા જવાબ જશે. જેમ સુરજના અજવાળામાં ઘુવડ આંધળું થઇ એક ખુણે પડી રહે છે તેમ ફીંદી સત્યના સુરજ આગળ રમટસના દગારૂપી અને પ્રોગ્રેસીવ પારટીના સામે થવારૂપી ઘુવડ સંતાઇ જશે. ફીંદીનું સત્ય બોલવું જોઇએ.

શ્રી. સેન્ટનું ભાષણ

શ્રી. સેન્ટ જે એક પ્રોગ્રેસીવ છે ને પ્રીટોરીઆ ન્યુઝના એડીટર છે તેણે નીચે પ્રમાણે ભાષણ પ્રીટોરીઆમાં કરયું છે.

" જનરલ સ્મટસે એશિઆટીક સવાલ માં કોલોનીને દીશાભ્રમ પહોંચાડી છે. એશિઆટીક કાયદો અન્યાયી છે તે તેણે દાખલ કર્યો. કોલોનીના માણસો તેમ માને યા ન માને તોપણ તેઓ એટલું કબુલ કરશે કે તે કાયદાનો અમલ કરવા માં તેણે બહુ જુલમ કરી. એક કોરેથી ગોરાઓને ફીંદી સામે ઉશ્કેર્યા, બીજી કોરથી તેણે ફીંદીની સાથે સમાધાનીની વાતચિત ચલાવી. એક તરફથી તેણે ફીંદીને ધમકીઓ આપી. બીજી તરફથી તેણે ફીંદીની શરતો બધી કબુલ રાખી.

હવે તે શ્રી. ગાંધીની સામે લડી રહેલ છે. તેણે નવી બાબત કાઢી છે તેમાં પણ તે હારશે. એશિઆટીક પાસીવ રીઝીસ્ટરજ સદાય નાંહ રહે તે આગળ વધશે ને ગોરાના જેટલા હક માગશે તે હકો આપણે આપ્યેજ છુટકો છે. નહિ કે તેઓને તમે હકદાર ગણશો. પણ તેઓને તે હક આપણી નબળાઇને લીધે આપવા પડશે."

આ શ્રી. સેન્ટનું ભાષણ બરોબર નબળા જેવું છે. શ્રી. સેન્ટ સમજે છે કે શ્રી. સ્મટસનો હઠો છે. તેનું અસત્ય છે. ફીંદીનું સત્ય છે. અસત્ય એ સત્યની આગળ સદાય નબળું છે. એટલે સત્યની જરૂર ફીંદી કામ પાળે તો જીતજ છે.

મંગળવાર

શ્રી. નાયડુને માન

તામીલ લોકોએ માર્કેટ ઓટમાં શ્રી. ચંપી નાયડુના માનમાં ગઇ કાલે સાંજના ૭ વાગે મીટીંગ કરી હતી. તેમાં શ્રી. હસપ મીંયા, શ્રી. ઇમામ અબદુલ કાદર શ્રી. કુવાડીયા વિ. અગ્રસ્થો હાજર હતા. શ્રી. નાયડુની બહાદુરીપર ઘણા ભાષણો થયાં શ્રી. નાયડુને પુલનો હાર પહેરાવવા માં આવ્યો હતો ને તાળીઓ પડી હતી. મીટીંગ ૮ વાગતા સુધી ચાલી હતી.

ફેરીવાળા પકડાયા

શ્રી. આમદ હસપ, શ્રી. વલી હુસન, શ્રી. કારા ઓષવ, શ્રી. ઇબ્રાહીમ માર વીગ્રા, શ્રી. ઇસ્માઇલ અહમદ, શ્રી. જીવણ ભીખા, તથા શ્રી. સુલેમાન મુસ એટલા ફીંદી વગર લાઇસેન્સથી વેપાર કરતા બાબત પકડાયા હતા. તેઓમાં શ્રી. વલી હુસેન પાસે લાઇસેન્સ હતી છતાં તેણે બતાવેલી નહિ. પાછળથી તેની પાસેથી નીકળી એવો પુરાવો પડયે તેથી તેને છોડી મુકવામાં આવ્યા. બાકી ના બધાને એક પાઉંડ દંડ અથવા સાત દિવસની જેલ મળી. તે તેઓએ કબુલ રાખી ને દંડ નહિ ભર્યો. આ કેસમાં જેલ જરા મુસીબતે મળેલી છે: કેમકે વખતે જેલના પૈસા ઉપર નજર રાખી ચારીનીખનની જેમ માત્ર દંડજ થાય એમ બન હતો. પણ તેવું બને તેના પહેલાં જેને વિષે એવી બીક હતી તેઓને જેલ શ્રી. ગાંધીએ કેસ ચાલતા પહેલાં ખેંચી લીધો હતો.

ચેતવાનું

આ ઉપરથી ચેતવાનું છે કે કોઇએ જેલ નથી રાખવાનો. અગર જેલ દેવા પડે તો તે બીજાના નામનો હોવો જોઇએ. પોલીસ જબરાઇથી જેલ માગી શકતી નથી. જેના ખીસ્સામાં પૈસા નીકળે તેણે પણ જેલ જવાની હિંમતથી ચેતવા ના પાડવી.

શ્રી. પટેલ તથા શ્રી. નાયડુ

શ્રી. પટેલ તથા શ્રી. પી. કે. નાયડુ જેને સાત દિવસની નોટીસ મળી છે તે હવે ગમે તે દહાડે પકડવાની વકી છે.

શ્રી. સોરાબજી

શ્રી. સોરાબજી આવતા બુધવારે ૧૮ મીએ છુટશે. મને ઉમેદ છે કે તે વેળા સેંકડો ફીંદી તેમને વધાવા જોશે. શ્રી. સોરાબજીને ઘટતું માન આપવાની હિલચાલ થઇ રહી છે.

બુધવાર

શ્રી. મુળજીભાઇ પટેલ

શ્રી. પટેલને આજે સવારના ૭ વાગે પકડી ગયા. તેમનો કેસ દસ વાગે [illegible] શ્રી. ગાંધી હાજર હતા. શ્રી. પટેલે કંઇ પુરાવો નહિ આપ્યો. ફીલ્ડ તાપાસમાં

સહેજ મી. વરનન સાથે કપાકપી થએલી માં પટેલને એક મહિનાની સખત મજૂરી ની સાથે સજા થઇ. મી. પટેલ અત્યંત હિમતમાં છે. ને તદન ખુશાલીમાં હતા. આવા માણસો જેમ જેમ જેલમાં જતા જાય છે તેમ તેમ હીંદી કોમની જવાબદારી વધતી જાય છે. આમ માણસોને જેલમાં મોકલી કોમ પાછી હઠી શકતી નથી.

બે ફેરીવાળા

મ. ઓધવ બાપા તથા મી. એમ. બીલ્લીમિયા પીસેના ઉપર વગર ફેરીથી વેપાર કરવાને કેસ હતો. તેનો એક પાઉંડનો દંડ અથવા સાત દિવસની કેદ એમ થયું. આ દંડ નહિ ભરતાં બને જણા હીંદી જેલમાં ગયા છે.

જરમીસ્ટનમાં

એક નાનો કરીને હીંદી હતો તેના ઉપર કેસ હતો. તે હાજર નહિ થયો ને તેનો બેલ ગયેા છે. મી. ગોડફ્રે તેને બચાવ કરવા જવાના હતા આવા માણસોથી કોમને ઘણું સખત નુકસાન થાય છે.

કલારકસડોરપમાં

અબદુલ મહમદ કરીને હીંદી ઉપર તેવો કેસ હતો. તેણે પોતાનો બચાવ હિંમત થી કર્યો. બીલકુલ અંગુઠો નહિ આપે એવો પુરાવો આપ્યો. તેને ચાર દહાડાની જેલ અથવા એક પા. નો દંડ હતો. અ. ભાઇ સાહેબ જેલ તો ગયા પણ બીજે દહાડે દંડ ભર્યો. આ કેસ તો અહીંના છાપામાં જોવામાં આવ્યો છે. નહિ તો બહાર બણ નહિ પડત.

લડત કેમ લડાય ?

મારે પ્રમાણે અબદુલ કાદર બાવાઝીર, મી. ઈનમી, મી. ઇબ્રાહીમ કુવાડીઆ, મી. ઉમરજી સાલે, મી. દીલદાર ખાન, મી અહમદ મુસ્તજી તથા મી મોહનલાલ મોરારીઆ એટલા હીંદી આજે ચાલ્સ ટાઉન રવાના થયા છે. તેઓ સાહેબો ચાર્લસટાઉનથી પાછા ફરશે. અંગુઠા નહિ આપે. રજીસ્ટર નહિ દેખાડે ને જેલ જશે

ડરબન કેરેકટર એસોસીએશનને તરફથી ટ્રાંસવાલની લડતની મદદ માટે ઉઘરાવેલા ફંડનું બેલન્સ પા. ૧૭૮-૫ ની ચેક મી. પોલાકની મારીસ કોલીઅન એસોસી એશનને મોકલવા તા. ૧૬મીએ આપવા માં આવી છે.

આ કોમ્બાઇનીએશનની મીટીંગ ગઇ કાલે ૫ વાગે ૧૭૫ વિકટોરીયા સ્ટ્રીટમાં મી. અબ્દુલ્લા હાજીના મકાનમાં થશે.

ટ્રાંસવાલની બહારે દરબન

(ઇ. ઓ. માટે ખાસ રીપોર્ટ)

નાતાલ ઇંડિઅન કોંગ્રેસની મીટીંગ તા. ૧૧ મંગળવારની સાંજે ૮ વાગે કોંગ્રેસ હોલમાં મળી હતી. આશરે ૪૦૦ માણસ હાજર હતા. હાજર રહેનારમાં કોંગ્રેસના સરવે આગેવાનો તથા કેપટાઉનના મી. આદમ ગુલ અને ટ્રાંસવાલના મી અબ દુલ ગની તથા મી. પોલાક હતા. શરૂ આતમાં સેક્રેટરી મી. આંસલીઆએ તા. રજી જુન તથા તા. ૨૨ જુલાઇની મીટીંગ વાંચી તેમાં સહી થયા બાદ કોબીટોએ વાળા હીંદીઓ, કેટોમેનરમાં થએલા ખુનો. સ્ટેટ્સમાં હીંદી ઓરતના કેદમાં વાળ કપાએલા ત્રિગેરે બાબતોને સરકાર સાથે થએલો પત્ર વ્યવહાર પણ વાંચવામાં આવ્યો અને કહ્યું કે આજના કામમાં એક તો નાતાલ લાઇસેન્સ બીલપર વિચાર કરવાનો છે. આપણે માસ મીટીંગ કરવી કે નહિ અને તેમાં મી. ગાંધીએ મોકલેલા કરારો પસાર કરવા કે નહિ. તેમાંનો ત્રીજો કરાર સેગન લેવાનો છે આ કરાર પસાર કર્યા. પછી તે પ્રમાણે વરતવું જ પડશે. અને તો જ છુટકારો થશે. પીટીશનો તો દરે ટેપલીમાં ફેંકવામાં આવે છે. આપણે જોર કરશું તોજ બહારથી મદદ મળશે. માટે બાઇ ઓનો વિચાર થાય તેમ કરવા તકયાર થઇએ. બીજું મી. પોલાક અહીં આવેલ છે. તેઓ ચાલકસ્ટનમાં હીંદીઓ અંગુઠા ન આપે તે જોવા છેલ્લા ૪-૫ દહાડા હતા કોઇ હીંદીને પસાર થતા ન જોવા થી નીરાશ થઇ અહીંથી જુના હકદારોને તથા ધોડા કેળવાએલાઓને લઇ જવા આવેલ છે. મી પોલાકે ટ્રાંસવાલની બધી હકીકત વિસ્તારથી સંભળાવી અને જે આવવા ખુશી હોય તેમને બહાર પડવા જણાવ્યું. મી. આદમ ગુલ, મી શેલત, મી. કીલાવાળાએ જુસ્સાદાર ભાષણો કરી, હકદાર તથા કેળવાએલાઓને ટ્રાંસવાલ જઇ જેલ ભરી મુકવા ગુર ચઢાવ્યું. મી. કીલાવાળાએ તથા એક જુના હકદાર મી. સુલેમાન ઇબ્રાહીમે નામ નોંધાવ્યાં. મી. ઇસ્તમજીએ મી. ગાંધીપર ટ્રાંસવાલ જવા કાગળ લખનારા કેળવાએલાઓને બહાર પડવા તીખી ટકોર મારી, તથા મી. એન. એમ. કાદરે પણ કેળવાએલાઓને બહાર પડવા બે બોલ કહ્યા. ટ્રાંસવાલ માં જે આવો કાયદો પાસ થયો અને કેળવાએલા ગાતલ થયા. તો નાતાલમાં તેમ થતાં વાર નહિ લાગે વિગેરે હકીકત પરથી મી. કાદરે ધ્યાન ખેંચ્યું. બાદ મી. એન એમ. કાદરે લાઇસેન્સની લડતમાં સેગદ નો ઠરાવ દાખલ કરવાની નાપસંદગી બતાવી. અને કહ્યું કે મંજુરીથી લડશું નો સોગદ આપવાની જરૂર નથી. આ લડત તરત ઉઠાવવી જોઇએ. કહીથી ડેલીગેટો બોલાવી નીચેનો ઠરાવ જોઇએ વિગેરે. મી. અબદુલ કાદરે કેળવાએલા તથા બીજા બહાર ન પડવા માટે દિલગીરી જાહેર કરી. અને ઘર સળગે તે તરફ આપણે નજર કરવા કહ્યું. વખતસર જવાશું નહિ તો પરવાશું. લાઇસેન્સ બાબત માસ મીટીંગ તુરત થવી જોઇએ. મી. અબદુલ ગનીએ બેદ બતાવ્યો કે મી. પોલાક સાથે જવા અહીંના હીંદીમાંથી કોઇ બહાર નથી પડતું. તમારા લાંબા તારોથી અમે અહીં ના જુસ્સાની મીમત કરવામાં બહુ ભુલ કરીએ છીએ દરેકની લડત બીજાઓ માટે છે. માટે હીંદી પ્રજાનું નાક રાખવાને અહીંના જુના હકદાર તથા કેળવાએલા એોએ બહાર પડવું જોઇએ. મી. જોશી એ રોડીઅનોને ત્યાંથી એકેક માણસ મોકલવા સુચના કરી. જેથી બે ત્રણ દિવસે ટ્રાંસવાલ જનારાઓને નામ નોંધાવવા ભલામણ કરી લાઇસેન્સ સંબંધમાં બીજી એક માસ મીટીંગ બોલાવવા નું જાહેર કરી આશરે ૧૧ વાગે સભા બરખાસ્ત કરી.

કોંગ્રેસની બીજી મીટીંગ બુધવારની રાતે આઠ વાગે થઇ હતી મી પોલાકે છેલ્લી થઇ પડેલી ગંભીર સ્થિતીનો ટુંકસાર આપ્યો. મી. મુળજી પટેલને થએલી સજા માટે ઉંડી લાગણી બતાવી. અને ટ્રાંસવાલની મદદે ચડવાની બહુ જરૂર બતાવી. આજ મીટીંગ જેટલીજ દઢ જામી હતી. લગભગ બે વાગ્યા સુધી મીટીંગ ચાલી. લગાવુથી કેટલાંક બાપણો થયા બાદ ચેરમેન મી. દાઉદ મહમદ. મી રૂસ્તમજી પારસી. મી. એમ. સી. આંસલીઆ, આદમ ગુલ (કેપટાઉન ની બ્રિટીશ ઇંડિઅન લીગના પ્રમુખ) મી. એસ જે. રાંદેરીઆ, મી એચ જે જોશી. મી. ગોસ બી મેદ અને બીજા કેટલાક મી. પોલાકની સાથે ટ્રાંસવાલ જવાને તયાર થયા. મેસર્સ રાંદેરીઆ, જોશી તથા મેદનો ખર્ચ તથા ચડતો પગાર આપવાનું તેમના શેઠોએ કબુલ કર્યું છે. મી. અબદુલ્લા હાજી આદમે જવા ને માટે બહુ ખાયશ બતાવી પણ છાતીના દરદને લીધે જવાને અશકતી બતાવી. મી. અબદુલ કાદર મોલવી સાહેબ, મી આદમ ગુલ વગેરેએ ઘણા જુસ્સાદાર ભાષણો કરવા હતાં. આ બધાને ગુરવારના મેલટ્રેનમાં જવાનું ઠરયું હતું

ગુરવારની ટ્રાંસવાલ કેરીડોર ટ્રેનમાં ઉપર જણાવેલ વગેરે ૨૦ ગદ્દરો જોહાન્સબરગ રવાના થયા છે. સ્ટેશન ઉપર ઘણા માણસો હાજર હતા. જોહાન્સબરગથી નીકળેલ મી. ઇમામ બાવાઝીર, મી. પા ફેન્સી વગેરે ચાર્લસ ટાઉનથી તેમની સાથે જોડાશે.

અમને ખબર મળેલ છે કે ટ્રાંસવાલમાં દાખલ થવાના હકદાર કેટલાક હીંદીઓ જુસ્સાદાર જોહાન્સબરગ જવાના છે. આ બધાએ ચાલકસ્ટનમાં અંગુઠા નહી આપવાનો ઠરાવ કરેલ છે.

સ્ટાંડરટનના કેસો

(અમારા ખાસ અખબારપત્રીતરફથી)

ટ્રાંસવાલના હીંદીઓને વગર લાઇસેન્સ થી વેપાર કરવાના ગુન્હા માટે પકડવાનું પ્રથમ સ્ટાંડરટનના હીંદીને સરકારે પસંદ કરેલ છે. આ બનાવથી તેઓ મશહૂર થતા દેખાય છે. તેઓનું જે શિક્ષા થઇ તે હસતે મુખે સહન કરી છે તે માટે તેમને આપણી કોમની મુબારકબાદી ઘટે છે તેઓના કેસની વીગત નીચે મુજબ છે.

સવા બુધવારે સવારે અદાલતના માજીસ્ટ્રેટ મી. ડીલાઇન પાસે મેસર્સ. ઇસ્માઇલ અબરામજી ભાભા, ઇસ્માઇલ મહમદ દીનદાર (અદાલતની એસોસીએશનના સેક્રેટરી) અને ચત્રભુજ લલુભાઇ પટેલ (અદાલતની એસોસીએશનના પ્રમુખ)ને ૧૯૦૨ ના લાઇસેન્સીંગ કાયદાના ભંગ માટે ખડા કરવામાં આવ્યા હતા. બધાએ ગુન્હો કબુલ કર્યો. બચાવ તરફથી મી. પોલાક હાજર હતા.

પોલીસ સાર્જન્ટે જુબાની આપતાં જણાવ્યું કે તહોમતદારોએ કબુલ કર્યું હતું કે ચાલુ અરધ વરસમાં તેઓ વગર લાઇસેન્સથી વેપાર કરે છે. ઉલટ તપાસમાં કહ્યું કે સ્ટેશન સારજંટની સુચના મુજબ હું વરતું છું મને ભાભા, પટેલ તથા દીનદારને તપાસવાનું કહેવામાં આવ્યું હતું.

આર. જી. રોસે જુબાની આપતાં જણાવ્યું કે સ્ટાંડરટન મજીસ્ટ્રેટ પાસે હું રેવન્યુ કલાર્ક છું અને લાઇસેન્સ કાઢી આપવાનું કામ કરું છું. તહોમત દારને મેં ૩૦ જુન સુધી લાઇસેન્સ કાઢી આપ્યા છે. તેઓએ બીજા એશીઆટીક સાથે એજંટ મારફત અરજી કરી હતી, પણ ૧૯૦૭ ના બીજા નંબર ના કાયદા મુજબ અંગુઠો આપવાની ના પાડી તેથી મેં તેમને લાઇસેન્સ આપવા ની ના પાડી છે. ફરી તપાસમાં જણા વ્યું કે વગર લાઇસેન્સથી વેપાર કરતા એશીઆટીક વેપારીના નામ એશીઆટીક રજીસ્ટ્રારને મોકલવાની મને સુચના મળી હતી. તે મુજબ મેં મોકલ્યા હતા. તે નામો આસરે બારેક હતા.

એ. આઇ. ભાભાએ બચાવમાં જણાવ્યું કે સ્ટાંડરટનમાં હું ૮ વરસ થયાં છું. ટ્રાંસવાલમાં આજે દોઢેક વરસ થયાં છું. આગા ગુન્હા માટે અગાઉ હું કોઇ વખત કોરટે ચડેલ નથી. લાઇસેન્સ નહિ મળવાથી હું વગર લાઇસેન્સે વેપાર કરતો હતો. ફરજીયાત કાયદાની રૂએ અંગુઠો નહિ આપવાથી મને લાઇસેન્સ આપવાની ના પાડવામાં આવી છે. અંગુઠો આપવામાં મને વાંધો નથી. ફરજીયાતમાં વાંધો છે. કાયદાની તે કલમને તાબે થયા વિના મને લાઇસેન્સ મળે તો હું તે લેવા ખુશી છું. ફી સાથે લાઇસેન્સ ની મેં અરજી કરેલી હતી. મારી પાસે મરજીયાત રજીસ્ટ્રેશન સરટીફીકેટ છે.

બીજા તહોમતદારોએ પણ તેજ મુજબ જુબાની આપી. તેમાં ઇસ્માઇલ મહમદ દીનદારે જણાવ્યું કે સ્ટાંડરટનમાં મને ૬ વરસ તથા ટ્રાંસવાલમાં ૨૦ વરસ થયાં. અને ચત્રભુજ લલુભાઇ પટેલે જણાવ્યું કે સ્ટાંડરટનમાં ૪ વરસ અને ટ્રાંસવાલમાં ૬ વરસ થયાં છે.

જુબાની લેવાઇ રહ્યા બાદ મી. પોલાકે કોરટમાં જણાવ્યું કે આ મુકદમો રજીસ્ટ્રેશન કાયદાને લીધે ઉભો થયો છે. લાઇસેન્સના કાયદાથી નહીં.

તહોમતદારનો ગુન્હો જણાવાથી તેઓને પા. ૩ ના દંડની અથવા ૧૪ દીવસની સખત મજુરીની જેલની સજા થઇ હતી

ત્યારબાદ બીજા હીંદીને પકડવાનું ચાલુ થયું હતુ. આ વખતે મેસર્સ મહમદ વાડી, અહમદ ઇસપ ટીમોલ, પ્રખાહીમ ઇસ્માઇલ દેસાઇ, મહમદ ઇબ્રાહીમ ભાયાત (ઇમામ), પ્રખાહીમ અહમદ ભાભા, મહમદ અહમદ કાજી, દુલભ પ્રેમજીરામ, ઇસ્માઇલ મહમદ, ઇ. ઇ. ભાગલીઆ, અને સુલેમાન મહમદ વાનીયા પકડાયા હતા. મી. મહમદ વાડી બહુ બીમાર હતા ત્યાં હાજર થયા હતા. મી. વાનીઆ પોતે ફરમમાં હોવાથી હાજર થઇ શકયા નહિં હતા. આ બધા તરફથી મી. પોલાક બચાવ માટે હતા. આ કેસોની જુબાની ઉપરના ત્રણ કેસોની માફકજ પડી અને દરેક તહોમતદારને ગુન્હેગાર ઠરાવી પા. ૩ દંડ અથવા ૧૪ દિવસની સખત મજુરીની જેલની શિક્ષા કરવામાં આવી. દંડ નહીં આપતાં બધાએ જેલ પસંદ કરી.

પોર્ટશ્લીઝાબેથ નસા હસન નામના એક હીંદીને રવીવારે વેચાણ કરવા માટે ગયા શુક્રવારે કોરટમાં ખડો કરવામાં આવ્યો હતો. માજીસ્ટ્રેટે તેનો એક પાઉન્ડ દંડ અથવા ૧૪ દિવસની જેલ ની સજા કરી હતી.

પ્રીટોરીયામાં બોટી પરમીટનો કેસ

ગઇ તા. ૬ઠીએ આ કેસનો આખરનો ભાગ લેવાયો હતો જે વખતે નીચે મુજબ જુબાનીઓ લેવાઇ હતી.

નુરમહમદ એ. સકુરઃ હું ફેરી ફરું છું હું હજામત કરાવતો હતો તે વખતે અરજુનસીંગે આવી જેમલને કહ્યું કે આ કાગળ કાનજી કાસમને આપજે. તે શું કાગળ હતો તે હું નથી જાણતો.

મી. ચમનીઃ કાસમે મને એક પરમીટ આપી કેટલીક હકીકત જણાવી. તેજ વખતે મેં તે પોલીસને સ્વાધીન કરી તે પરમીટ મારી ઓફીસમાંથી નથી નીકળી. સરકાર તરફથી કાઢવામાં આવતી પરમીટથી ઘણી રીતે જુદી છે. પરમીટમાં રબર સ્ટેંપ વાપરવામાં નથી આવતી, પણ હમેશાં હું સહી કરું છું.

કાનજી કાસમઃ હું ઉલાગેાઆબેને રહીશ છું. જેમલે મને એક કાગળ આપ્યેા. તે હું મી. ચમની પાસે લઇ ગયેા. ત્યાર પછી મેં તે જોએલ નથી મેં ધારવું કે તે કાયદેસર પરમીટ છે તેના મેં પા. ૬૫ આપ્યા. માજીસ્ટ્રેટે પુછતાં જણાવ્યું કે જેમલે મને પુછયું કે પા ૨૫ ની પરમીટ જોઇએ ? પાછળ થી પા. ૧૫ જેમલને આપી મેં પરમીટ લીધી.

અરજુનસીંગઃ હું તે પરમીટ બાબત કાંઇ જાણતો નથી. પોસ્ટ ઓફીસે જતાં જવાલાસીંગે મને એક બંધ કવર આપી કહ્યું કે આ જેમલને આપજે. કવરમાં શું હતું તે હું જાણતો નહોતો. મારી પાસે રજીસ્ટ્રેશન સરટીફીકેટ નથી.

સઘળી જુબાની લેવાયા બાદ માજીસ્ટ્રેટે જણાવ્યું કે તહોમતદાર વીરુદ્ધ પૂરતો પુરાવો નહીં હોવાથી તેને છોડી મુકવામાં આવે છે.

દુકાનો બંધ કરવા બાબત પારલમેંટ માં રજુ થયેલ એક બીલમાં એવું જણા વવામાં આવે છે કે ટાઉન કાઉંસીલ અથવા લોકલ બોરડ તેની સત્તા નીચેના વીભાગમાં શુક્રવાર સિવાયનો બીજો કોઇ પણ દિવસ મુકરર કરી શકે કે જે દિવસે દુકાનો રાતના ૮ વાગતા સુધી બંધ રહી શકે તથા શનીવાર સિવાયનો બીજો કોઇપણ દિવસ મુકરર કરી શકે કે જે દિવસે દુકાનો અરધો દિવસ બંધ રહી શકે.

સત્યાગ્રહ

(લખનાર એક સત્યાગ્રહી)

લગભગ એક વરસ થયાં ટ્રાંસ્વાલના હીંદીઓ પોતાનો હક સાબેત કરવા-પોતે હકદાર થવા સત્યાગ્રહથી વરતે છે. સાધારણ રીતે ઓશિયાટીક ધર્મશાળા-દીન દાર પ્રજા છે. એવા લોકોમાં અસત્યા ચરણ હોય એ વાત માનવા જેવી નથી. હક ન હોય એવી વસ્તુને મુસલમાન માન અડે નહીં. હક ન હોય એવું આચરણ મુસલમાન આચરે નહીં. ધર્મથી વિરુદ્ધ બોલવું-ચાલવું એ હીંદુઓથી પણ બની શકે નહીં. ધર્મ અને વ્યવહાર જુદો એવું એશિયાની પ્રજા માનતી નથી, એટલે સત્યને રસ્તે ચાલવું એ આપણને સામાન્ય-કુદરતી છે. ત્યારે આપણે સત્યાગ્રહથી વરતત એકજ વરસ થયું એ કહેવું શું ભૂલ ભરેલું નથી?

ઘણાંક વરસ સુધી આપણે અજાણ્યા માં રહી પોતાને પરતંત્ર માની બહુ પ્રકારે ભુલાવામાં પડી ગયા હતા. આથી ઘણીક લાલચોને વશ થયા હતા. અને તે કારણને લીધે દીન પ્રમાણે-ધર્મ પ્રમાણે વરતવાનું સમજ્યા છતાં અજાણતાં ભુલો ગયા હતા. આ ભુલમાંથી બચાવવાને પ્રભુ-ખુદાએ હમણાં હીંદી કોમને મોકો આપ્યો છે. ગોરાઓએ સત્તાના મદમાં આપણને દીન-ધર્મથી દુર થવા જાણીએ એવા કાયદા ઘડવા માંડ્યા. આ કાયદાને તાબે થવું અને શયતાનની સત્તા સ્વીકારવી એ બે બરાબર છે. આ વાત આપણે સમજી ગયા છીએ તેથી આપણે સત્યાગ્રહ અખત્યાર કર્યો છે; એટલે આપણે આપણા અસલ રાહપર આવી ગયા છીએ.

પણ સત્યાગ્રહ એટલે શું?

સરકાર આપણને ખોટે રસ્તે વરતાવા ઇચ્છે છે તે ખોટે રસ્તેને ચાલવું એ સત્યાગ્રહ. ખોટું કરનારને કોઇ પણ પ્રકારે ટેકો ન દેવો તે સત્યાગ્રહ. આવું કરતાં જોખમે તેટલી જહેમતે ઉઠાવવી પડે તે ઉઠાવ્યા છતાંયે ટેક ન છોડવી તેનું નામ સત્યાગ્રહ. ત્યાં સુધી આપણે કોઇને તાબે થઇએ નહીં ત્યાં સુધી કોઇ આપણને તાબે કરી શકતું નથી આ સમજવા જેવું છે. જેમ શરીરને કેદ કરે છે. રૂહને-આત્માને કેદ કરી શકાય નહીં. આપણે સ્વતંત્ર રાખવાનો છે તે રૂહને-આત્માને. જેલમાં જનારા એટલે બધા પરતંત્ર કહેવાય નહીં. લડાઇમાં જ્યારે એક પક્ષ હાર કબુલ કરે-તાબે થાય ત્યારેજ પરતંત્ર બને છે ત્યાં સુધી નહીં. લડતાં લડતાં મરી જનાર પરતંત્ર બનતો નથી. તેને તો સ્વર્ગ-બેહેસ્ત મળે છે ત્યારે સત્યાગ્રહી કદી પરતંત્ર નથી. સત્યાગ્રહીની સામે સરકાર હારેલી જ છે. સત્યાગ્રહી સત્યાગ્રહ છોડે એજ એની હાર છે. સરકાર સત્યાગ્રહ ડાવવા જહેમતો કે છે. તેથી કરશું નહીં તો સરકાર હારી અને હીંદીઓ-સત્યાગ્રહીઓ જીત્યા. ટ્રાંસ્વાલના બહાદુર હીરાઓ! ખુદા-ઇશ્વર તમારી પડખે છે. દુનિયાના ઇતિહાસમાં તમારું નામ અમર છે.

નાતાલ પાર્લામેંટ

ગયા સોમવારની પાર્લામેંટની બેઠકમાં ક્લેર એસ્ટેટમાં થતા ખુનો બાબતના મી. રોબી-સનના સવાલના જવાબમાં કોલોની અલ સેક્રેટરીએ ખુનોની સંખ્યા ટેબલ ઉપર રજુ કરી હતી. તથા જણાવ્યું હતું કે ત્યાં આશરે બેક વધારે પોલીસ સ્ટેશન સ્થાપવામાં આવશે.

લેજીસ્લેટીવ કાઉન્સીલની મંગળવારની બેઠકમાં ઓ. મારશલ કેમ્પબેલે હીંદી લાઇસેન્સ નવીકરવાના બીલની સામે કરબનના હીંદીની પરત સહીની અરજી રજુ કરી.

એશીઆટીક નવા લાઇસેન્સ બંધ કરવાના બીલ ઉપર લેજીસ્લેટીવ કાઉન્સીલની મંગળવારની બેઠકમાં નીચે મુજબ ચર્ચા થઇ હતી.

મી. કર્ટમનઃ હું માનું છું કે આ લાઇસેન્સ બાબત કાંઇક થવું જોઇએ. આ બીલ હું પસંદ કરું છું.

મી. રીચર્ડસનઃ આ બીલનો હેતુ પસંદ કરવા લાયક છે અને તેથી હું ટેકો આપું છું.

મી. વીલસનઃ આ બીલને હું અંતઃ કરણ પૂર્વક ટેકો આપું છું.

મી. માર્શલકેમ્પબેલઃ હું આ બીલનો હેતુ પસંદ નથી કરતો. આ બીલ પાસ થાય તો નેટીવોને નોના રહોર ઉઘાડવાની તક મળશે. અને બીજી રીતે તે કલાસ લેજીસ્લેશન ગણાય જે હું પસંદ નથી કરતો.

બાદ વધુ ચર્ચા બીજી મીટીંગ ઉપર મુલતવી રહી હતી.

બુધવારની બેઠકમાં આ બીલપર નીચે મુજબ ચરચા થઇ હતી

મી. હટચીનસનઃ એશીઆટીક સડાને દુર કરવા આ બીલ સીધો અને પ્રમાણીક રસ્તો છે. હું બીલને ટેકો આપું છું.

મી. અલ્યસઃ હું તે બીલને મજબુત ટેકો આપું છું.

બાદ બીલ બીજી વખત વંચાયું.

ચાલુ લાઇસેન્સ બંધ કરવાના બીલ ઉપર એસેમ્બલીની કમીટીની બુધવારની બેઠકમાં નીચેની ચરચા થઇ હતી.

મી. કોનોલીઃ ૧૦ વરસની આખરે બદલો આપવાની કલમ કાઢી નાખવી.

મી. મોરકમઃ આ બીલ લાવવાનીજ જરૂર નથી. નવા લાઇસેન્સ અટકાવવાનું બીલ પાસ થયું અને લાઇસેન્સ અમલદાર પોતાની સત્તાનો ઉપયોગ કરે તો પછી આ બીલ લાવવાની શું જરૂર છે?

આ દરખાસ્ત ઉપર મત લેવાતાં ૧૯ વીરુદ્ધ ૧૬ મતે તે દરખાસ્ત રદ થઇ.

મી. ડાનટેલરઃ એશીઆટીકોને ૧૦ વરસ થયે છે તેમાં તેને બદલો મળી રહેશે અને લાઇસેન્સ અમલદાર પોતાની સત્તા બાપરે તો દશ વરસની આખરે તો બદલો આપવો પડે તેવા વેપારી બહુજ થોડા રહે. હું માનું છું કે બીલ છે એમજ બરોબર છે.

બદલો આપવાની કલમ કાઢી નાખવા ની દરખાસ્ત ઉપર મત લેવાતા તે રદ થઇ હતી.

મી. કોનોલીઃ હું ફરીથી દરખાસ્ત લાવું છું કે તે બીલ કાઢી નાખવું.

આ દરખાસ્ત રદ થઇ હતી.

મી. હીરસોપઃ શહેરના એશીઆટીકોને બદલો આપવાનું ટાઉન કાઉન્સીલને માથે રહે તેવા કલમ દાખલ કરવી.

મી. ચરચીલઃ લોકોને ખબર કર્યા વીના આમ થઇ શકે નહિ. તેથી પ્રમુખ આ બાતની ચર્ચા બંધ કરાવવી જોઇએ

પ્રમુખેઃ આ વિષે ચરચા બંધ રખાઇ.

બાદ થોડો ફેરફાર કરી આ બીલ કમીટીએ પાસ કરવું.

મારિત્સબર્ગમાં ટાઉન હોલની બાજુમાં ગયે શુક્રવારે દીવસના બાર વાગ્યાને સુમારે લાકડા વીણવા ગયેલ ત્યાં એક હીંદી ફેરી વાળાનું રીવોલ્વરથી કોઇ નેટીવે ખુન કરવું હતું.

હમીદીઆ ઇસ્લામીક સોસાયટી

ટર્કીના નામદાર સુલતાન ખલીફતુલ મુસલમીન મમલાના સુલતાન અબ્દુલ હમીદખાન આજ ઉપર કોઇ બદમાશ તરફથી હુમલો કરવામાં આવ્યો હતો પણ ખુદા તાલાએ પોતાની રહેમીયતની નજરથી સુલતાનનેં સદરહુ હુમલામાંથી બચાવ્યા તે બાબત શુકર ગુજારી તેમજ મુબારકબાદીના કેબલ કરવા, તથા સ્ટાંડર ટનમાં બહાદુર હીંદી વેપારીઓને પોતાના ભાઇઓ માટે વગર લાઇસેન્સથી વેપાર કરવા માટે જે સખ્ત મજુરી સાથની જેલ મળી તે બાબત ગ્રેટરેટ કરવા હમીદીઆ ઇસ્લામીક સોસાયટીની ખાસ મીટીંગ ગયા શુક્રવારે રાતનાં આઠ વાગે બોલાવવામાં આવી હતી. જેમાં ઘણા સાહેબો હાજર હતા. હેડલબરગવાળા મી. બપાત પણ હાજર હતા મીટીંગનું કામ શરૂ કરતાં ચેરમેને હાજર મહદ્સ્થો નો આભાર માની જણાવ્યું કે આપણાં દીનના ખલીફા-સુલતાનુલ-મોઅજ્જમ ઉપર જે હુમલો કરવામાં આવ્યો તેમાં ખુદાએ જે બચાવ કર્યો છે તે માટે આપણે ખુદાનો જેટલો શુકર અદા કરીએ તેટલો ઓછો છે. નામદાર સુલતાનથી આપણા-દીનની રોનક છે એ કોઇએ ભુલવાનું નથી. આપણે ના. સુલતાન તરફ જેટલો પ્યાર બતાવીએ તેટલો ઓછો છે આજની મીટીંગ બોલાવવાનું ખાસ કારણ આપણે તે નામદારનો મુબારકબાદી નો કેબલ આપવાનો છે. તેમજ સ્ટાંડર ટન અને જરમીસ્ટનમાં આપણા બહાદુર ભાઇઓ વગર લાઇસેન્સથી વેપાર કરવા માટે જેલ ગયા છે તે માટે તેમને સાબાશી આપવા તેમજ સરકારનાં કામ તરફ નાપસંદગી દેખાડવા આ મીટીંગ બોલાવવા માં આવેલી છે. આપણે મુંબઇની અંજુમન ઇસ્લામનો પણ આભાર માનવા નો છે. અને તેમાં ખાસ કરી હીઝ હાઇનેસ સર આગાખાન સાહેબ કે જેમણે આપણા ઇન્સાફી કામ માટે બે વખત પ્રમુખપદ સ્વીકારી ટ્રાંસવાલ સરકારના જુલમ તરફ પોતાની સખ્ત નાપસંદગી દેખાડી આપી છે તેમનો તથા મી. જીણા બેરીસ્ટરનો, કે જેમણે ખાસ મહેનત આપણા કામ માટે ઉઠાવી લંડન જઇ લડત લીધી છે. હું આથી વધારે વખત ન રોકતાં જે ઠરાવો આપ સનમુખ આને તે ધ્યાન પુરવક પાસ કરવા ભલામણ કરી બેસવાની રજા લઉં છું.

મોલવી અહમદ મુખતાર સાહેબે ભાષણ કરતાં જણાવ્યું કે ના. સુલતાનને જે કોમની હમદર્દી છે તેવી બીજા કોઇને નથી. સુલતાન પોતે એટલા બાહોશ છે કે ચારે તરફ દુશ્મનનું જોર છતાં પણ ડગતા નથી. ખુદા અને તેના રસુલે પણ સુલતાનને પોતાના તરફથી નવાજેલા છે. અને તે ખુદા પોતે તેમની તારીફ કુરાને શરીફમાં કરે છે. વગેરે નામદાર સુલતાનની બધી હકીકતથી વાકેફ કરી નીચેનો ઠરાવ રજુ કર્યો.

પહેલો ઠરાવ

"આ સોસાયટી દીલોજાનથી ખુદાનો અહેસાન માને છે કે તેણે ખલીફતુલ મુસ્લીમીન ના. સુલતાન અબ્દુલ હમીદ ખાનને જહાલતી હુમલામાંથી બચાવ્યા. અને દુઆ માગે છે કે સુલતાનને કાયમ રાખે અને તેમનાં આ હુમલામાંથી બચવા માટે મુબારકબાદીનો કેબલ તેમનાં ખાનગી સેકરેટરીની મારફતે મોકલવો."

મી. હાજી હમીએ તાળીઓના ગડગડાટ વચ્ચે ઉપલા ઠરાવને સેકન્ડ કરતાં જણાવ્યું કે સુલતાનપર જે હુમલો થવામાં આવ્યો તે મુસલમાન તરફથીજ હતો. ખુદા તાલાએ સુલતાનનો બચાવ કર્યો તે માટે તેનો શુકર કરવાનો છે. સોસાયટીનાં સુકાનીઓએ કેબલ કરવાનો વિચાર કર્યો છે તે ઘણો સારો છે. સોસાયટીના બાહોશ સુકાનીઓની અંતથી આજ સુધી સોસાય ટીએ જે ભારી સેવા કોમની બજાવી છે. અને જે જે કામો જેવાના બોદ્દ જોખમે ખેડ્યા છે. તે સરવે તરફ જોતાં સોસાય ટીએ જેવું સંતોષ કારક કામ કરેલું છે કે તેવું કામ ભાગ્યેજ કોઇ સોસાયટી કરી શકી હોય. તા. ૩૧મી ઓગસ્ટે નામદાર સુલતાનની વર્ષગાંઠી છે તેમજ હીઝાઝ રેલ્વે મદીના મુનવ્વરા પહોંચશે. એ બને તરફ જોતાં હું ભલામણ કરું છું કે મુસલમાન ભાઇઓ પોતાની દુકાનો બંધ કરશે. અને આ સવાલના કામમાં ભાગ લેશે. અત્રે હીઝાઝ રેલ્વે માટે ફંડ નથી બોલવામાં આવ્યું માટે હું ભલામણ કરું છું કે દશ પણ આપણે રેલ્વે માટે ફંડ બોલવું જોઇએ. જો ફંડ બોલાય તો હું મારા તરફના પા. ૬૦ આપવા તયાર છું. નામદાર સુલતાનપર કેબલ કરવાને જે ખરચ થશે તેમાંથી અરધો હિસ્સો હું આપીશ. બાદ બહેદુર પર લાંબુ વિવેચન કરી સોસાયટીને હરેક બનતી મદદ કરવા ભલામણ કરી પોતાની બેઠક લીધી હતી.

મી. ઇબ્રાહીમ કુવાડીઆએ ઉપલા ઠરાવને સપોરટ કર્યા બાદ દરખાસ્ત સર્વાનુમતે પાસ થઇ હતી. બાદ મી. હાજી હમીએ

બીજો ઠરાવ

રજુ કર્યો. "આ સોસાયટી ટ્રાન્સવાલ અને જરમીસ્ટનના બહાદુર હીંદીઓને ફોગા ખોદમત માટે જેલ ગયાથી મુબારક બાદી આપે છે. અને ટ્રાંસવાલની સર કારના જુલમ તરફ પોતાનો ધીક્કાર દેખાડે છે."

ઉપલા ઠરાવને મી. આલ તરફથી સેકન્ડ અને મી. દીલદારખાન તરફથી સપોરટ જણાવ્યું વિવેચન સાથે થયા પછી સરવાનુમતે પાસ થયો હતો.

મી. એમ. પી. ફેન્સીએ ત્રીજો ઠરાવ રજુ કરતાં જણાવ્યું કે આજે પણ હીંદુસ્તાનમાં ટ્રાંસવાલની બાબત ચરચાય એ ખુશી થવા જોગ છે. એ લોકો આપણને મદદ કરવા તયાર છે. અને જે આપણાં તરફથી સહેજ ઇસારો કરવા માં આવશે તો આપણને પાછી મદદ મળવી શરૂ થશે. બાદ મુંબઇ અંજુમન ઇસ્લામની મીટીંગનો રીપોરટ મુંબઇના અખબારોના છાપા ઉપરથી વાંચી સંભળાવ્યો

ત્રીજો ઠરાવ

રજુ કર્યો. "આ સોસાયટી મુંબઇ અંજુમન ઇસ્લામ તેમાં ખાસ કરી હીઝ હાઇનેસ-સર સુલતાન આગાખાન, અને મી. મહમદઅલી જીણા બેરીસ્ટર એટલોનો આભાર માને છે કે તેમણે ટ્રાંસવાલના હીંદીના ઇન્સાફી સવાલ માટે લડત ઉપાડી. ઉપલા ઠરાવને મી. શાહબુદીન તરફથી સેકન્ડ અને મી હાજી હમીજ તરફથી સપોરટ થતાં સર્વાનુમતે પાસ થયો.

ચોથો ઠરાવ

મી. અબ્દુલ રહીમે રજુ કર્યો. "આ સોસાયટી, ચેરમેન અને સેકરેટરીને સત્તા આપે છે કે પાસ થએલા ઠરાવોની નકલ જ્યાં જ્યાં જરૂર જણાય ત્યાં ત્યા મોકલવી."

ઉપલા ઠરાવને મી. અહમદ હકીમ તરફથી ટેકો મળતાં સરવાનુમતે પાસ થયો મી મહમદ મુસા કુવાડીઓએ પોતાનું નામ મેંબર તરીકમાં નોધાવી ફી ભરી જણાવ્યું કે સદરહુ સોસાયટીના કામનું ઘણી મુદ્દતથી જોતો આવેલો છું અને [illegible] પડીએ જે સંતોષ કારક કામ [illegible] છે તેને હું વધાવું છું [illegible] થી વિવેચન સોસાયટીનો [illegible] તથા સંપથી રહેવા [illegible]

મી. ભથાતે નામદાર સુલતાનપર કેબલ કરવા જે ખરચ થાય તેનો ચોથો હીસ્સો આપવા ખુશી બતાવી. બાદ હાજરીન માંથી કેબલ કરવા માટે સોસાયટીને મદદ તરીકે પા. ૨-૯-૧ પેનીનું ઉઘરાણું થયું હતું.

મી. અહમદ ઇબ્રાહીમ માલે વીલાજ રેલવે ફંડમાં રૂપી ૧૦/ આપી હતી. બાદ ચેરમેને હાજર ગ્રહસ્થોનો આભાર માની મીટીંગ બરખાસ્ત કરી હતી.

ઇંડિઅન યુનાઇટેડ એસેંબ્લી

આ એસેંબ્લીની એક મીટીંગ ફ્રસ્તન બરસ બાતે તા. ૨૬ જુલાઇના રોજ મળી હતી. પ્રમુખસ્થાને શેઠ હાજી સુલેમાન ઇબ્રાહીમ ભાભાત હતા. સેક્રેટરી મી. જખારીઆએ મઇ મીટીંગનો રીપોરટ વાંચ્યા બાદ પ્રમુખે જોહાન્સબરગમાં પૈસા ની જરૂર સંબંધમાં અસરકારક વિવેચન કરવું હતું તથા ટરેજરર મી. કોટુભાઇએ એસોસીએશન તરફથી આવેલ કાગળ સભાને વાંચી સંભળાવ્યો. બાદ કેટલાક વિવેચન પછી એ બાબતની મીટીંગ તા. ૨૭ ઓગસ્ટના રોજ મળવાનું ઠરવું હતું.

ઉપરની મીટીંગના ઠરાવ મુજબ તા. ૨ જીએ બીજી મીટીંગ મળી હતી. જે વખતે ૨૫થી ૩૦ માણસો હાજર હતા. પ્રમુખ મી. હાજી સુલેમાન ભાભાતે જોહાન્સબરગ તરતજ પાસા મોકલવાની જરૂર જણાવી હતી, તથા કોમને માટે જેલ ગએલાઓને મુબારકબાદી બક્ષી હતી. સેક્રેટરી મી જખારીઆએ કહયું કે આપણાપર જે દુઃખ આવી પડયું છે તે હકત સરકારનો હતોજ છે આપણે એક સંપથી રહેવું તો ખુદાતાલા આપણને જરૂર હતેહ દેશે. પછી બોલ્યા કે આપણે ત્રણ કામ કરવાનાં છે એક ઓ. સેક્રેટરી મી. સુલેમાન મક્કે મુકામ ગયા છે તેની જગ્યાએ કોઇ લાયકની નીમણુંક કરવી. બીજું. જોહાન્સબરગ પૈસા મોકલવા તથા અહીંના ખેંચરો પાસે ફાળા ફી તથા માસીક ફીના પૈસા છે તો ઉઘરાવવા. બાદ ગોસુકની મેસરસ ઓ. એમ. સુલેમાન મોંમાની કુંપનીના મેનેજર મી. નાનાભાઇને સરવા નુમતે ઓ. સેક્રેટરી નીમવામાં આવ્યા હતા. મી. નાનાભાઇએ ઉપકાર સાથે જણાવ્યું કે ત જગ્યા માટે હું જોઇએ તેટલો લાયક નથી પણ તમે નીમેલ છે તો હું મારી ફરજ બજાવીશ. વધુમાં જણાવ્યું કે હું આજ ૭ માસ થયા વગર લાઇસેન્સથી વેપાર કરું છે. હું જેલ જવા ખુશી છું. આપણે સહુએ સંપથી કાયદા સામે લડત લેવાની છે મી. ગુલામ મહમદ કડોદીઆએ કેટલુંક વિવેચન કરી ૧૦/૬ દાખલ ફી તથા માસીક ફી છ પેની આપી. મી મહમદ મુરાદે જણાવ્યું કે જેની પાસે ફી વગેરે બાકી હોય તે દિસાજ રજુ કરવો તેના જવાબમાં મી. કોટુભાઇએ કહયું કે દિસાઓ તયાર નહિ હોવાથી મારી ચાકું છું. તે બીજી મીટીંગમાં રજુ કરીશ. બાદ મી. હરિલાલ ગાંધીને મળેલ જેલ માટે મી. તથા મીસીસ ગાંધીને દિલસોજી બતાવાનો તથા મી. થંબી નાયડુ, મી. સોરાબજી અને બીજા લીડીઓએ દેશને માટે જે આત્મભોગ આપ્યો તેમને મુબારકબાદી આપવાના ઠરાવો સરવાનુમતે પસાર થયા હતા. તથા આ ઠરાવની નકલ મી. ગાંધી અને બ્રિટીશ ઇંડિઅન એસોસીએશન ઉપર મોકલવાનું ઠરાવવામાં આવ્યું હતું. છેવટમાં મી. હાજી સુલેમાનની દરખાસ્તથી અને મી. ઇસ્માઇલ ડંગોરના ટેકાથી એસોસીએશન ને બીજેજ દિવસ પા. ૧૫ની રકમ મોકલવાનો ઠરાવ થયો હતો. અને મેસરસ સુલેમાન તવકપી, મહમદ ઇબ્રાહીમ જડા, સુલેમાન મહમદ વરાછીઆ, અહમદ મુસા વેપારી, કસમાઇલ ઇબ્રાહીમ જડા, તથા ઈ એમ. દીનાત નવા મેંબર તરીકે દાખલ થયા પછી ચાહ પાણી બાદ મીટીંગ વિસરજન થઇ હતી.

ટ્રાંસવાલના મામલાપર હીંદી છાપો

ટ્રાન્સવાલના કાયદાના મામલા ઉપર ટીકા કરતાં 'ગુજરાતી' છાપું જણાવે છે કે સઘળી હકિકત ઉપરથી જે સાર ખેંચી શકાય છે તે એજ છે કે, ઇગ્લંડ, હિંદુસ્તાન અને ટ્રાન્સવાલમાં ગયા ડીસે અરસામાં જે મોટો હોકારો ઉઠી રહ્યો હતો તેપર ઘંડુ પાણી નાખી તરતમાં સઘળે શાન્તી ફેલાવી દેવાની તથા ઉત્સાહ અને આગ્રહને મંદ કરી દેવાની મત મી. સ્મટસ રજુ કરતો હતો અથવા તો મી. સ્મટસનેજ ટ્રાન્સવાલની સરકાર તરફથી રમાડવામાં આવ્યો હતો. મી. સ્મટસે એમ ધારયું હોવું જોઇએ કે એકવાર બધે હાલનો મામલો કોરે પડી જશે, અને બે ચાર છ મહિના પછી આવીને આવી સ્થિતિ ચાલી જશે તો એશીયાટીકોનો અસંતોષ આજે છે તે તે વખતે કાયમ રહેશે નહીં. અને ટ્રાન્સવાલની સરકાર પોતાનું ધારયું કરી જશે. પણ આજે તે જોઇ શકશે કે તેની ગણતરી ખોટી હતી. એશીયાટીકો પોતાના હકો માટે દેહના ઠેઠ સુધી લડવાને તયાર રહયા છે એમ હવે તેની ખાત્રી થયા વગર રહેશે નહીં; અને અમે સંપુર્ણ આશા રાખીએ છીએ કે ટ્રાન્સવાલ ની એશીયાટીક પ્રજા દેહના ઠેઠ સુધી પોતાના હકને માટે ઝીઝશે જશે. ટ્રાન્સવાલમાં રહેલા ૧૩ હજાર એશીયાટીકોને ત્યાંની સરકાર કેદ નાખી શકશે નહીં, અને કદાચ નાખે તો તેટલું દુઃખ સહન કરવા ને પોતાના હક સ્થાપવા ને વાજબી ઠરાવવા માટે ટ્રાન્સવાલના એશીયાટીકો તયાર રહેશે. અમે ખુશી છીએ કે એટલું દુઃખ સહન કરવાને ટ્રાન્સવાલના અમારા એશીયાટીક ભાઇબંધો તયાર થઇ રહયા છે; કેમકે તેમની લડત કાયદે સર છે, સત્યતાની છે અને એ લડતમાં ખચીત તેમને ફતેહ મળશેજ.

રૂટરના તાર સમાચાર.

આગ્રેલીઆના ઇમીગ્રેશન કાયદાની વિરૂદ્ધ દાખલ થતા ત્યાંની પોલીસે નવ ચીનાઓને જરમન બોટમાંથી પકડેલ છે.

ગયા શનીવારે ધરાનમાં તેવીજ આગળ રેવોલ્યુશન પક્ષે લડાઇમાં સજજડ હાર આપી છે. લડાઇમાં તેઓની કેટલીક તોપ ગુમ થઇ છે.

રૂટર જણાવે છે કે બંગાળાના ભાગલા ની સંવત્સરીનો દિવસ સુલેહ શાંતિથી પસાર થયો છે. કાંઇ તર તોફાન થાય તેને માટે પોલીસે ઘણી સાવચેતી રાખી હતી પણ કાંઇ બન્યું હતું નહિ. માસ મીટીંગ થઇ હતી તેમાં સ્વરાજ્યની માગણી કરવામાં આવી હતી તથા કાયદાનું ઉલ્લંઘન નહિ કરવાની લોકોને વિનંતિ કરવામાં આવી હતી.

કેપટાઉનના એક ધરમ ગુરૂએ જાહેર કર્યું છે કે પાન-એંગ્લીકન કંઇમાંથી પા. ૨,૨૯,૦૦૦ની રકમ દક્ષિણ આફ્રિકા, બીજા કોલોનીઓ, હોંડિઆ અને ચીનમાં ધર્મપ્રચારી તથા મીશન કામને માટે ખરચવ

હીંદુસ્તાનમાં અશાંતિ વિષે લંડનમાં ભાષણ

ગઇ તા. ૩જી જુનની સાંજે લંડનની ઐર્થાકલ્ચ સોસાયટીના સભાસદો સન્મુખ ઇડિઅન કરોનીકલના અધિપતી મી. નસરવાનજી માણેકજી કુપરે હીંદુસ્તાનની અશાંતિ વિષે નીચે મુજબ ભાષણ આપ્યું હતું. સભામાં આશરે ૬૦૦ અંગ્રેજ બાનુઓ તથા ગૃહસ્થો હાજર હતા.

મી કુપરે ભાષણ કરતાં જણાવ્યું કે બાનુઓ અને ગ્રહસ્થો, આજે તમોએ મને મારા દેશમાં ફેલાયલી હાલની બેદીલી ઉપર ભાષણ કરવાનું ઇજન કરી જે માન આપ્યું છે તે માટે તમારો દીલી જનાથી ઉપકાર માનું છું. આજ કાલ જ્યાં જઓ ત્યાં હીંદુસ્તાનના ગંભીર મામલા વિષે વાત ચાલે છે. હીંદુસ્તાન માં રહી આવેલા અંગ્રેજ અમલદારો અત્રે લોકોને એમ સમજાવે છે કે એ મામલામાં કાંઇ દમ જેવું નથી અને ખાલી બેાડા પતરાજખોરાઓ બધી બડબડ કરે છે અને લોકોનો મોટો ભાગ અંગ્રેજી અમલથી ખુશી છે બીજા બાનુ મારા દેશનાં ભણેલા ગ્રહસ્થો એમ કહે છે કે એ વાત બેાટી છે અને મામલો દીનપર દીન જગડતો જાય છે અને લોકમાં બેદીલી હરપળે વધતી જાય છે. ખરૂ અને બેાટું શું છે અને એ ગંભીર મામલાનું છેવટ શું આવશે તે તો કોણ તાર જાણે, પણ એટલું તો હું ખાત્રીથી કહી શકું કે મામલો ઘરોઘર જામ્યો છે અને તેનાં કારણો ઘણાં છે.

૨૫ વરસની વાત ઉપર લોકો અંગ્રેજી રાજથી ખુશી માલમ પડતાં હતાં પણ થોડાં વરસ થયાં લોકોનો વિશ્વાસ અંગ્રેજો ઉપરથી ઓછો ને ઓછો થતો જાય છે. દેશમાં કેળવણી વધતી જાય છે લોકોની આંખ દીનપર દીન ઉઘડતી જાય છે. અને તેઓ હવે ખુલ્લું કહેવા લાગ્યા છે કે અંગ્રેજો પોતાને ઓળખાવે છે તેવા પ્રમાણીક નથી. હું પોતે બાલ્યપણથી અંગ્રેજના રાજનો વખાણનાર હતો, પણ દીલગીર છું કે આજે મારા વીચારો પણ બદલાયા છે. અંગ્રેજી રાજના જેમ લોકોએ વખાણ કરવાં તેમ તેમ અંગ્રેજ અમલદારો વધુ ને વધુ ગુમાખી અને આપખુદી વાપરવા લાગ્યા. ઘણાં રસો લોકોએ એ ચાલ ખમી પણ હવે તે લોકોનો જુસ્સો ઉઘડી રાયો છે. લોકો હવે સમજવા લાગ્યા છે કે અંગ્રેજોએ બાનાનો છે અને હીંદુસ્તાન માં રાજ ચલાવે છે તે પોતાના ફાયદા સારૂ છે ને નહિ કે લોકોના તમામ ફાયદા સારૂ છે.

બાનુઓ અને ગ્રહસ્થો, મારા દેશમાં તમારા લોકો આવી જે ખરાબ ચાલ લોકો સાથે ચલાવે છે તે તમોને બધું કહું તો તમે અજાયબ થશો આ દેશના લોકો ઘરાં ભલાં છે, તમારા દેશની પરોણાગત મેં ઘણાં વરસ ચાખી છે અને તમો મારે હું એટલું જ કહી શકું કે તમારાં જેવાં ભલાં લોકો મે દુનીયામાં કયે જોયાં નથી. એમ હોવાથી હું કહું છું ત્યારે હું કાંઇ અનુભવથી કહું છું - કારણ કે દુનીયાનાં ઘણા મુલકોમાં મેં મુસાફરી કરી છે. પણ ખુદા જાણે શું છે કે તમો લોકો હીંદુસ્તાનની ભુમી ઉપર પગ મુકો છો કે તમે બદલાઇ જાઓ છો. તેનું કારણ શું હશે તે તમો પોતે વધુ જાણો આ દેશનાં ઘણાં મોટાં અને સહુ મુલ્કી બાનુઓ અને ગ્રહસ્થોની સાથ માં હું આવ્યો છું અને હમેશાં તે લોકો મારી સાથે માયા અને માનથી વરતે છે એવીજ રીતે જો તમારાં લોકો માંગ દેશમાં આવી દેશીઓ સાથે વરતતે તો આજનો ગંભીર મામલો નજરે પડત નહિ. અંગ્રેજ લોકો હીંદુસ્તાનના લોકો ને પોતાથી હલકા સમજે છે અને કેટલાક તુમાખી અંગ્રેજો દેશીઓને નીગરના એલફેલ્યથી ઓળખે છે (સુઅર, સુઅરના અવાજો). તમો હાલ સરમ સરમ પોકારો છો, પણ હું ખાતરીથી કહું છું કે તમો પણ એવીજ ચાલ ચલાવો (નહીં, નહીં, કદી નહીં, ના અવાજો).

ભાઇ ત્યારે તમે એમ કહો તો ભલે પણ મારો અનુભવ જુદોજ છે. અમારી કાળા-ચામડીની અંગ્રેજોને હીંદુસ્તાનમાં સુગ લાગે છે અને અમોને આફ્રિકાના જંગલી લોકો જેવા સમજે છે. હું અમો જંગલી છીએ? હીંદુસ્તાનના લોકો કદી પણ જંગલી હતા નહિ અને થશે પણ નહિ. બે હજાર વરસની વાત ઉપર આ દેશના લોકો અરધ જંગલી હતા. તે વખતના લોકો જાનવરોના ચામડાંનો પોતાના અંગને ઢાંકતા હતા. અમો તો કદી એવી હાલતમાં હતા નહિ. અમારા દેશનો સુધારો ઘણો જુનો છે. જે વખતે દુનીયામાં તમારી હસ્તી પણ ન હતી તે વખતે અમો સુધરેલા લોકો હતા હું પારસી છું. મારા કરાની બાપદાદાઓનું રાજ એક વખત દુનીયામાં બહુ મજબુત હતું અને તે વખતની અમારી જાહોજલાલી મોટી હતી. અમો કદી પણ જંગલી હતા નહિ. બલકે અમો બીજાઓને આજે પણ જંગલી બનાવીએ એવા છીએ તમારા અને મારામાં શું ફરક છે? દહેલ મારી ચામડી તમે જેવી સફેદ નથી. તેથી શું થયું? ખુદાએ એવી ચામડી અમને આપી તેમાં અમારો શું વાંક? હું સદ્ગૃહસ્થ આદમી છું. દરરોજ અંઘોળ કરૂં છું. માફ કરજો મને, પણ તમારા દેશમાં કેટલા લોકો તો વરસમાં ૪ વખત પણ અંઘોળ કરતા નથી! અહીં અમારે ગરમિ હોવાથી દિવસમાં ૨ વખત ઠંડા પાણીથી પોતનું બદન ધુએ છે. તમારા દેશમાં કેટલા લોકો તો વરસમાં એક વખત પણ અંઘોળ કરતા નથી (હસાહસ). અમારા ભણેલા લોકો તમારા ભણેલા લોકોથી કોઇપણ દરજ્જે ઉતરતા નથી. હું પોતે સાધારણ કેળવણીવાળો આદમી છું પણ તમારા કોઇપણ બોડીયે નહીં બનું તમારી પોતાની ભાષા તમો બેદી રીતે બોલો છો. અને લખો છો. અમે લોકો બેકથી વધુ ભાષા બોલીએ છીએ અને લખીએ છીએ. અને અમો તમારાથી કોઇ રીતે ઉતરતા છીએ કે તમો લોકે અમારા દેશમાં રહી અમારી ઉપર જબરજો ચલાવો છો.

ખુદાએ કર ગમો કારણ કે કાલે શું થશે તેની તમોને કે મને ખબર નથી.

હું જ્યારે નાનો છોકરો હતો ને કોઇ વખત ઘરમાં જરા મસ્તી તોફાન કરી બેસી જતો અથવા દોડતાં પડી જતો ત્યારે બાચારાં મારાં બબાઇ કહેતાં કે "દુકતો બહુ ઉદમાત માટે લાડ રહ્યો હતો ને આખરે હવે પડયો," તેમ તમે બહુ માથે ઉદમાત લાડ રહ્યા છો પણ યાદ રાખજો કે મોર નાચી નાચીને પગ તળે જુએ છે અમારામાં એક જેવી કહેણી છે. બરીબ લોકોના દેશો જીતી તમો તમારૂં રાજ વધારો છો અને તેમાં તમો મજબુરી લીધો છો. તમો અમારા દેશમાં આવી અમારા બાપદાદાની ભુમી ઉપર તમારાં મકાનો બાંધો છો અને તમારી કલબો કરો છો અને તે કલબો ઉપર પાટીયા મારો છો કે "કોઇપણ દેશીને અંદર આવવા દેવાનો હુકમ નથી." એવી ઠીક. અમારો દેશ, અમારી જમીન, ને અમે જાણે કે કુતરા હોઇએ તેમ અમે બહાર રહીએ. તમારો બ્રીસ્તી ધરમ જેવા રીતે તમોને શીખવે છે કે ફરનમાં અમારી સાથે મુસાફરી કરતાં પણ તમોને સુગ લાગે છે.

... બાઇ છે કે અંગ્રેજો જે મુલકમાં જાય છે, ત્યાં ગોરાઓ ગામ બાય છે, વધુમાં બાકે

દેવળો બાંધે છે પણ એમાં ખરું છે કે જ્યાં અંગ્રેજો વસ્યા છે ત્યાં પોતાની વાકછટા અને ઘાંટી લડ્યા જવાને વીસરતા નથી. વીસરી અને ઘાંટી તમે લોકોએ અમારા દેશમાં દાખલ કર્યો અને લોકોમાં ઝાંખી તમોએ વધારી એ માટે ખુદાની આગળ તમોને જવાબ આપવો પડશે. તમો કહો છો કે અમોએ હીંદુસ્તાનના લોકોને સુધાર્યા. એ વાત તદ્દન જુઠી છે. તમોએ અમોને સુધાર્યા નથી. ફક્ત અમોને અંગ્રેજી ભાષા સારી અખત્યાર કરતાં શીખવ્યા તમોએ અમોને કોટ અને પાટલુન પહેરતાં શીખવ્યા તેમાં શું વળ્યું? અમે કાંઇ કોઇ દહાડો નગ્ન દાસત્વમાં ફરતા હતા નહીં. તમો તમારા મીશનરીઓને અમારા દેશમાં મોકલો છો કે તમારો ધરમ અમારા લોક માં દાખલ કરે. પણ બાનુઓ અને ગૃહસ્થો, તમારા મીશનરીઓની અમોને જરૂર નથી. જો તમે મીશનરીઓ હીંદુસ્તાન મોકલો તો તમારા પોતાના સ્વતભાઇઓ માટે મોકલો કે જે મીશનરીઓ તેઓને શીખવે કે દેશીઓ તરફ કેવી મહેરબાનીની ચાલ ચલાવવી. હીંદુસ્તાનના લોકો કહે છે કે જેઓની ચાલ ખરાબ તેઓનો ધર્મ કેમ બીજાના ધરમથી વધુ સારો હોય? એક વખત ખ્રીસ્તી મીશનરીઓ જાહેર જગ્યાઓમાં ઉભા રહી દેશી લોકો ની હાજરીમાં તે લોકોના ધરમની નીંદા કરી અપમાન કરતા હતા. હવે આમલો બદલાયો છે. દેશીઓ તમારા ધરમની ઠેકડી કરવા લાગ્યા છે, અને તમારા ધરમ ની નબળી બાજુપર આંગળી મુકી લોકો માં તમારી હાંસી કરે છે. વટલેલા દેશી ઓ પણ તમારો ધરમ પાછો તજી દે છે. અને પોતાનો ધરમ પાછો પાળવા લાગ્યા છે

હીંદુસ્તાનમાં લોકો ઘણે ભાગે ડાહ્યા અને નરમ છે, બધું આટલાં વરસ તેઓએ સબુરીથી ખમ્યું, પણ તેઓનો જુસ્સો હવે ઉશ્કેરાયો છે અને જે હીંદુઓ કે જેઓ એક જીવજંતુને પણ મારવાને ગાયકવા ખામ તેઓ હવે બેબ્રિ ગોળાઓ ઉડાવવા લાગ્યા છે અને માણસનો જાન લેવાને પણ આંચકો ખાતા નથી. એ બધો તમારો વાંક છે. હવે તમે લોકો નબરાઓ છો. (નહિ, નહિના અવાજો) તમે ભલે ના કહો, પણ હું બધું ખરા બર જાણું છું. હવે તમો લોકો દેશીઓ ને વધુ હકો આપવા બીકાળતા છો, પણ તમોએ હીંદુસ્તાનમાં કાંઇ ફાયદો કર્યો હોય તો ! દેશીઓ ધીક્કાર કરે છે. તમોએ ફાયદો કર્યો પણ હોય, પણ તેના બદલા માં તમે હીંદુસ્તાનની તમામ દોલત ખેંચી ગયા છો.

તમારો દેશ જીતી તમો ઉપર જરમન કે રૂશ લોકો રાજ ચલાવે તે તમોને કેમ ગમે? ત્યારે હીંદુસ્તાનના લોકો કહે છે કે અમોને પારકાઓનું રાજ શું કરવા ગમે? જરમન લોકો એક મનચાર બાંધે છે તો અહીં લોકો મડળ કરી એ મનચાર બાંધવા સરકારને સુચવે છે અને લોકો તેવી ચીજને દેશાભીમાનની લાગણી કહે છે. પણ અમે જે એવી કંઇ ચીજો બોલવા નીકળીએ તો તેને તમે લોકો બેવ કુફ કહો છો. એ થી ઠીક વાત. તમારા બાળમાં દેશાભિમાનનો તમો એક અરથ કરો, તે અમારા બાળમાં તેનો અરથ તમે બદલી નાખો છો. ત્યારે હું તમોને સુચવું છું કે હવે પછી શબ્દ કોશમાં ફેર ફાર કરાવો કે દેશાભિમાન બોલનો અંગ્રેજો માટે અને હીંદીઓ માટે જુદો જુદો અરથ છે.

તમો કહો છો કે હીંદીઓએ કાયદા પુરવક સ્થપાયલી સતાની સામે કંઇ બોલવું અયોગ્ય લખ્યું નહિ પણ હીંદીઓ કહે છે કે એ સત્તા કયાંથી આવી? તમે પોતે તે ઉભી કરી અને હવે જબરીથી અને તુમાખીથી લોકો ઉપર તમે ઠોર કરો છો. મોટા મોટા ઓહદાઓ તમોએ તમો માટે રાખ્યા છે અને કાચા ટુકડાઓ દેશીઓને આપી બેઠા છો. પણ હવે હીંદીઓ બધુ સમજે છે. હવે હીંદીઓ કેળવણી, બળ, વેપાર વણજમાં વધ્યા છે અને તમારી મતલબ સમજે છે. આ દેશના સાધારણ પોરયા ઓ લાગવગથી હીંદમાં મોટા ઓધા ઓ મેળવે છે અને હીંદમાં જન્મ ઉચ તોખમના હીંદીઓ ઉપર જુલમ ગુજારે છે અને તેઓને પોતાનાથી હલકા સમજે છે. એ બધું કયાં સુધી ચાલશે? દરેક ચીજની હદ હોય છે.

આજે ૧૦ વરસ થવા લાગ્યા અને કરોડો દેશીઓ મરકીથી મરે છે. સરકારે તે બાબે શું કરયુ છે? કશુએ નહીં. જો આ દેશમાં લોકો એવા મોટી સંખ્યામાં મરે તો અત્રે ભારી ધુન્ધરો થાય. પણ ગરીબ હીંદીઓ કંઇ માણસ માં છે? અત્રે જે ગોદીઓમાં કામ કરતો મજુર મોલેશથી મરણ પામે તો મોટી ગરબડ થઇ રહે પણ હીંદની સરકાર જાણે કંઇ બન્યું હોય નહીં, તેમ દર અઠવાડીએ રીપોર્ટ આપે છે કે આ અઠવાડીએ બંગાળા ઇલાકામાં કોલેરા થી અને મરકીથી ૧૨૦૦૦ માણસો મરણ પામ્યાં. પંજાબ ઇલાકામાં આટલાં અને મુંબઇમાં આટલાં! હીંદમાં હજારો માણસો મરે તેમાં સરકારને શું છે? કેમકે તે દેશીઓ છે.

ટ્રાંસવાલ અને નાતાલમાં હીંદીઓ ઉપર શું જુલમ પડે છે તેની તો તમોને ખબર હશે? હીંદીઓએજ નાતાલને આજે એક બાગ બનાવ્યો છે. હીંદીઓ ની મજુરીથી એ સંસ્થાન આબાદ થયું; મતલબ હવે પુરી થઇ ત્યારે હવે હીંદીઓનો બહાર કઢાવવા માગે છે અને બધે હીંદીઓ સામાજ હોય તેમ તે લોકોનાં આંસણાંની બાધો લેવા માગે છે. વાહરે! બ્રીસ્તી ધરમની ગે બી ખુબી, બ્રીટીશ ગાએના, બ્રીનીદાદ, મોરીસ, બીજીના ટાપુઓ એ બધાં હીંદીઓની મજુરીથી આજે આબાદ છે. પુર્વ આફ્રીકા, લંડન અને બીજી જગાએ માં હીંદી મજુરીથા રેલ્વેઓ અંગ્રેજોએ બાંધી, બેકા મુલ્કો સામે હીંદીઓ લડ્યા. ચીનમાં પરદેશી એલચી બાતાંઓ ઉપર ચીનાઓ ધાડ લાવ્યા ત્યારે બહાદુર રીબોએ મદદ કરી, બુર લડાઇ વખતે હીંદીઓએ મદદ કરી. એ બધું તમે લોકો આજે વીસરી ગયા છો

બાનુઓ અને મહેરબો, બોલતાં હવે હું થાકી ગયો છું. મોહું થયું છે બોલવાનું ઘણું છે પણ તમો સમ જુ છો ને જે થોડું મેં કહી સંભ ળાવ્યું છે તે આશા છે કે દરગુજરની નજરથી તમો કબુલ કરશો. આજે જે કંઇ હું બોલ્યો છું તે મારા અંતઃકરણના વીચારો છે અને એજ વીચા રો બધા દેશીઓ ધરાવે છે. એ બધુ તો શું નીચોડો આવશે તે ખુદા જાણે પણ આશા રાખું છું કે દુર અદેશીથી તમો કામ લેશો. (તાલીઓ)

બ્રીટીશ ઇસ્ટ આફ્રિકાની ધારા સભામાં એશીઆટીક તરફથી એક મેંબર દાખલ કરવાની નેરોબી વગેરેની એશીઆટીક વસ્તીએ ત્યાં. ગવરનરને એક અરજી મોકલી છે આ અરજીના જવાબમાં ગવરનરે જણાવ્યું છે કે આ કોલોનીને આબાદ કરવામાં તમે જે ભાગ લીધો છે તથા તે આજ સુધીમાં જે સુલેહ શાંતી બતાવી છે તે ઉપરથી હું કહી રાખું છું કે તમે જે માગણી કરી છે તેના તમે ખરા હકદાર છો. ગવરનરે તે ઉપરાંત જણાવેલ છે કે ઉપરની હકીકત સાથે તમારી અરજી હું સ્ટેટ સેક્રેટરી પાસે રજુ કરીશ.

મુંબઇ અંજુમન–ઇસ્લામનીસભા

નાઠ આગાખાન પ્રમુખ સ્થાને

શ્રી. ઝીણા બારીસ્ટરનું ભાષણ

દક્ષિણ આફ્રિકામાં હાદીયાનોની હાડ મારીને લગતી વીગતો ઇસ્લાંડના સતા વાળા સનમુખ રજુ કરવાને અંજુમને ઇસ્લામ તરફથી એક પ્રતિનીધિ મી. મહમદઅલી ઝીણાને ઇસ્લાંડ મોકલવામાં આવ્યા હતા. તેવણ ઇસ્લાંડથી પાછા ફર્યા હોવાથી તેમના તરફની વીગતો રજુ કરવા મુબઇ અંજુમન ઇસ્લામે એક સભા તા. ૭ જુલાઇની સાંજે બોલાવી હતી. જેની રૂએ એક મોટી સભા ભોરીબંદર સામે આવેલા અંજુમનના કુશાદે હોલમાં ના. આગાખાન સર સુલતાન મહમદશા આગાખાનના પ્રમુખપણા હેઠળ મળી હતી. જે વખતે પ્રમુખ ઉપરાંત બીજાથી બે અને બદરચોની મોટી સંખ્યા હાજર રહી હતી; તેમના નામોઃ સર કરીમભાઇ ઇબ્રાહીમ, ખા. સા. હાજી મહમદ અલી મુદ્દમે, મી. ફાજલભાઇ મેહરઅલી ચીનાઇ, મી. જોસફ બેપ્ટીસ્ટા, મી. બાકર મહમ તુલા, મી.હાજીઇબ્રાહીમ હાજીકર, મી. કુરબ ભાઇ કરીમભા ઇબ્રાહીમ, મી. મહમદ અલી ઝીણા બેરીસ્ટર-એટ-લો, મી. હાજી કમાલુદીન બેરીસ્ટર-એટ-લો, મી. અહા દુરજી બેરીસ્ટર-એટ-લો, વગેરે એ સિવાય બેટલાક હીંદુઓએ પણ એ સભામાં હાજરી આપી હતી. સભાની શરૂઆતમાં સર કરીમભાઇ ઇબ્રાહીમે દરખાસ્ત કરી કે આજની સભાનું પ્રમુખસ્થાન નામદાર આગાખાન સર સુલતાન મહમદશાહ આગાખાનને આપવું. મી મહમદભાઇ એ દરખાસ્તને ટેકો આપતાં નામદાર આગાખાને તાળીઓના અવાજને વચ્ચે સભાનું પ્રમુખસ્થાન લીધું હતું. નામદાર આગાખાને પોતાને આપવામાં આવેલા પ્રમુખસ્થાન માટે સભાનો ઉપકાર માનતાં જણાવ્યું કે ગઇ તા. ૨૬મી નવેંબરે અંજુમને ઇસ્લામે એક ઠરાવ કરી મી. મહમદઅલી ઝીણા બેરીસ્ટરને ટ્રાંસવાલમાં હીંદીયાનોને અને ખાસ કરીને મહોમેદનોને અમલી પડતી હાડમારી ઓ સામે ઇસ્લાંડમાં સતાવાળા સનમુખ લડત ચલાવવા ઉલીમેટ તરીકે ચુંટી કાઢયા હતા. મી મહમદઅલી ઝીણા ઇસ્લાંડમાં પોતાની ફરજ બજાવી અત્રે પાછા ફર્યા છે, અને તેમને પોતાનો હેવાલ રજુ કરવા હું જણાવું છું. (તાળીઓ).

મી. મહમદઅલી ઝીણાએ

પોતાનું ભાષણ શરૂ કરતાં જણાવ્યું કે અત્રેની અંજુમન ઇસ્લામે ટ્રાંસવાલના હીંદીયાનોને અને ખાસ કરીને મહોમેદનો ને અમલી પડતી હાડમારીઓ સંબંધમાં ઇસ્લાંડના સતાવાળાઓ સનમુખ લડત ચલાવવા, ઉલીમેટ તરીકે મને ચુંટી કાઢી જે માન આપ્યું હતું તે માટે હું તેનો ઉપકાર માનું છું. એ સવાલ મેં મારાથ અનતી દરેક રીતે બ્રિટીશ પ્રધાનો, બ્રિટીશ જાહેર પ્રજા અને સતાવાળાઓ સનમુખ રજુ કર્યો હતો જે કે તેનું કાંઇપણ પરિણામ હજી સુધી આવ્યું નથી ટ્રાંસ વાલનો સવાલ બે વિભાગમાં મૂકી શકાય છે: (૧) એશીઆટીક લો અમેંડમેંટ એકટ અને (૨) ઇમીગ્રેશન રીસ્ટ્રીકશન પહેલાં હું બીજા કાયદા વિષે બોલીશ. એ બીજા કાયદાથી હીંદીયાનોને સંસ્થાનોમાં દાખલ થતાં અટકાવવાનો હેતુ રાખવામાં આવ્યો છે. અને તેથી અમે તેવા કેળવાએલા ઉંચા વિચારના, ઉંચા ખાનદાનના તેમજ ઉત્તમ સ્થિતિમાં મૂકાયલા હીંદીયાનો પણ ટ્રાંસવાલમાં દાખલ થઇ શકશે નહિ. જ્યારે એ કાયદો પસાર કરવામાં આવ્યો ત્યારે તેનો સરહાતમાં હીંદી લંડન મી મોરલીએ તે સામે મજબુત વાંધો ઉઠાવ્યો, જો કાયદો કેટલો વાંધા અભ્રસ વિરૂદ્ધ હતો તે બતાવ્યું હતું. તેમાં તેવણે સંસ્થાન બાતાના સેક્રેટરી લો૦ એલગીનને જણાવ્યું હતું કે હીંદના ઉંચા સ્થિતિના, કેળવાએલા માણસો, રાજાઓ, સરદારો વગેરેને જે કાયદો પોતાના રાજ્યમાં આવતો અટકાવે તેવા કાયદાને મંજુરી આપવાનું કામ બહુ ખોટું ગણ પડશે. પણ એટલું સારું છે કે તેવા માણસોને ટ્રાંસવાલમાં આવતા અટકાવવાનો ટ્રાંસ વાલની સરકારનો હેતુ નથી. જો તેમ બને તો આ બોલવા હીંદુસ્તાનની ગ્રીન કરોડ વસ્તી ઉપર બહુ ગંભીર અસર થશે, જેમ થવું જોઇએ નહિ. મહારથી, લો૦ મોરલીનો ઉપજો વાંધો જો કે બહુ મજબુત હતો તે છતાં તે કાંઇ કારગત નીવડ્યો નહિ, અને તે માત્ર બહુ બુકમાંજ રહ્યો છે, અને તેની સામે બધેત ટ્રાંસ વાલની સરકારે કાયદો પસાર કર્યો છે. હવે જે સવાલ છે તે એ છે કે એ કાયદો હવે બાદ રહેલો જોઇએ કે? એ કાયદો હીંદુસ્તાનની ગ્રીન કરોડ પ્રજાતને અપમાન કરનારો, તેઓને ખરાબ સ્થિતિમાં મુકનારો અને અન્યાયી છે. અને તે સામે હીંદુ મુસલમાન અને પારસીઓએ જાત જાતના તફાવત વગર વાંધો ઉઠાવવો જોઇએ. અને નામદાર સરકારને તેઓએ બતાવવું જોઇએ કે એ કાયદો રદ કરવા ની જરૂર છે.

હવે હું એશીઆટીક લો એમેંડમેંટ વિષે બોલીશ. એ કાયદો એવો છે કે જેવો કાયદો કોઇ પણ સુધરેલી સરકાર પસાર કરે નહિ. એ કાયદો બધા એશી આટીકો અને ખાસ કરીને ટ્રાંસવાલમાં વસતા ૧૩,૦૦૦ હીંદીયાનો માટે છે બોયર વોર બાદ બધા હીંદીયાનોને ટ્રાંસવાલમાં રહેવાનો હક તે વખતની પ્રજાસત્તાક સરકારે સ્વીકાર્યો હતો પણ આ કાયદામાં તેઓને અપમાન કરનારી કલમો નાખવામાં આવી છે અને તેઓને બીજી પ્રજાઓથી જુદા દેખાડવા,–યુરોપીઅનોથી હીંદીયાનોને ઉતરતા દેખાડવા–એ કાયદો પસાર કરવામાં આવ્યો છે. સને ૧૮૮૪માં જે વખતે હીંદીયાનો ટ્રાંસવાલમાં વસતા હતા અને જ્યારે તેમને અરજ કહેવામાં આવતા હતા, ત્યારે માત્ર બહુ બાકડ લઇ તેમનું નામ રજીસ્ટરમાં રાખવામાં આવતું હતું અને તેમનો રહેવાનો હક સ્વીકારવામાં આવ્યો હતો તે છતાં હીંદીયાનો સામે જે બેટલાક કાયદાઓ દરમીયાન થતા તે સામે તે વખતની શહેનશાહી સરકારે અને ખાસ કરીને મી. ચેમબરલેને સખત લડત ચાલુ રાખવાથી તેઓ સર્વે પ્રજા સતાક રાજ્ય તરફથી પણ સારી વરતણુક ચાલુ રાખવામાં આવી હતી, અને હીંદી યાનો સામેનો કાયદો ૧૮૮૫ના વરસ બાદ માત્ર નામનોજ કાયદો હતો. બ્રિટીશ પ્રધાનોની મજબુત લડતના પરિણામે તેઓની તે વખતની સ્થિતિ હમણા કરતાં ઘણી ઉત્તમ હતી અને જો કે તેઓને બીજા રાજકારી હકો ન હતા તે છતાં તેઓ વિરૂધ્ધ અપમાન કરનારી વરતણુક ચલાવવામાં આવતી ન હતી હીંદી પોતે સંસ્થાનમાંથી બહાર જઇ શકતા ને તેમાં પાછા દાખલ થઇ શકતા, અને તેની સ્થિતિ હુદ્ધાપણું ભોગવતા શહેરી જેવી હતી. પણ તે બાદ બોયર વોર જેનું એક કારણ હીંદીયાનો સાથની ટ્રાંસવાલની આગલી સરકારની ખરાબ વરતણુક તરીકે પણ જણાવવામાં આવેલ તે લડાઇ થયા બાદ એશીઆટીક માટેનો આ કાયદો પસાર કરવામાં આવ્યો છે. [illegible] માં કોલોનીલ ખાતે ભાષણ કરતા સર લેનસડાઉને, હીંદીયાનો તરફ [illegible]

રાજા તરફની વરતણૂકને સખત શબ્દોમાં વખોડી કાઢી હતી, અને લો૦ સેલબોર્નને તો એટલે સુધી જણાવ્યું હતું કે નામદાર રાણી વિક્ટોરીઆએ વચન આપ્યા પ્રમાણે હીંદીઓનો તરફ સરખાપણામાં વરતણૂક ચલાવવામાં આવતી નથી. આપણે દુનિઆની બીજી બાબતોમાં પ્રજા અને રાજપતના રખેવાળ છીએ, અને તેઓના હક સંભાળવા એ આપણી ફરજ છે. બોઅર વોર અગાઉ પ્રધાનોની હીંદીઓનો તરફની લાગણી ઉપર માફક હતી, પણ વોર પૂરી થતા અગાઉના કાયદા કરતાં સેંગણો ખરાબ અને અપમાન કરનારો કાયદો હીંદીઓને માટે ઘડવામાં આવ્યો છે. એ કાયદો હીંદીઓનું અપમાન કરનારો, તેઓને વધારે સ્થિતિમાં મુકનારો અને કોમ પણ સુધરેલી પ્રજાને શરમાવનારો છે. તેની એ દરેક હીંદીઓનાપર નામ રજીસ્ટર કરવાની. અને તેની ગેર હાજરીમાં દંડમાં ભરવાની ફરજ નાખે છે તેઓ કોમ પણ મીલકત રાખી શકે નહિ. કોઇ પણ વ્યવસાય કે સહેલી તરીકેના હક ભોગવી શકે નહિ, અને તેઓએ ખાસ રસ્તે ચાલવું જોઇએ, અને અમુક વરગની ગાડીના ડબામાં બેસવું જોઇએ, એવી ફરજો હીંદીઓનોપર નાખે છે. બિરીશ સરકાર બોઅર વોર અગાઉ જે રક્ષપતનું રક્ષણ કરતી હતી તેને હમણાની સરકારે છોડી દીધી છે. આ નવા રજીસ્ટ્રેશનના ભયદાની રૂએ દરેક હીંદીઓને પોતાનું નામ, બાપનું નામ, જન્મનો દિવસ, સ્ત્રીનું નામ, છોકરાં હોય તો તેના નામ, મંધી જન્મભુમી, ધરમ, જ્ઞાત, વગેરે લખાવવા. ઉપરાંત ચાર આંગળીઓની છાપ ને અંગુઠાની છાપ આપવી પડે છે એ સંબંધમાં બ્રામની સભામાં સને ૧૯૦૭માં હીંદી વજીરને પુછેલા સોકસ. સવાલના જવાબમાં તેણે જણાવ્યું હતું કે હીંદીઓનોમાંનો કોઇપણ ટરાંસવાલમાં કોઇપણ મીલકત ધરાવી શકે નહિ અને તેને ટરાંસવાલમાં રહેવા માટે આપવામાં આવેલી સરટીફીકેટ ત્યારે કોઇ પણ અમલદાર જોવા માગે તેજ વખતે બતલાવવી પડશે. હીંદીઓની સ્થિતિ ઉપર પ્રમાણે છે, ત્યારે એ સવાલ જનમ પામે છે કે

કરવું શું?

કેમનો તો કહે છે કે આ સવાલ ઘણોજ મુશ્કેલ છે અને તેઓ સ્વરાજ્ય ભોગવતા, કોલોનીના મંત્રીઓની વચ્ચે પડી શકે. પણ હેન્રી કેમ્પબેલ બેનરમાને હીંદીઓ માટે અસતોષકારક જણાવ્યા છતાં, તેને મહાલી આપી હતી. હવે આપણા માટે જે રસ્તો રહ્યો છે તે એ છે કે હીંદી સરકાર, હીંદી વજીર અને વડા પ્રધાનને તમે અરજી કરી. જેઓએ હીંદીઓનો તરફ અપમાનભરી ચાલ ચલાવી હોય, તેનો તેજ રીતે બદલો વાળવો. હીંદીઓનોને કાંઇપણ નવાય આપનારો માત્ર આજ રસ્તો છે, અને તે રસ્તો તેઓએ વખત બોવા વગર ઉપયોગમાં લેવો જોઇએ. સને ૧૯૦૬માં લો૦ મોરલેએ જણાવ્યું હતું કે હીંદીઓનોના નામ માત્ર રજીસ્ટર કરવાનો કાયદાનો હેતુ સારો છે. અને હવે આપણે બોટી સ્થિતિમાં મુકવા, આપણું અપમાન કરવા, આપણને હાડમારીમાં મુકવા અને કરકસરથી પૈસા પેદા કરવા અટકાવવા આ કાયદો પસાર કરવામાં આવ્યો છે.

ના સહેનશાહ યાદીએ આવતાં જે દરદેરો દીલ્હી દરબારમાં વાંચવામાં આવ્યો હતો. તેમાં પવિત્ર વચન આપ્યા આપણા હકો સંભાળવા, આપણાં સુખમાંજ પોતાનું સુખ માનવા અને રક્ષપતના સુખો માટે જરૂર તે ભોગે મહેનત લેવા વચન આપ્યું હતું. હવે આપણે નામદાર શહેનશાહને, હીંદી વજીરને, હીંદી સરકારને અરજ કરી એવી માગણી કરીએ કીએ કે તે વખતે અપાયલા પવિત્ર વચનો યાદ અમારા હક સંભાળવા અને તેમ નહિ બને તો ટરાંસવાલની સરકાર જેવોજ કાયદો હીંદી સરકારે ટરાંસવાલથી હીંદ આવતા ગોરાઓ વિરુદ્ધ પસાર કરી, તેને બદલો વાળવો. દરેક હીંદીવાન, ટરાંસ વાલની સરકારે પસાર કરેલો આ કાયદો, રદ કરવા ઇચ્છે છે અને જ્યાં સુધી તેમ થશે નહિ ત્યાં સુધી આપણે જંપીશું નહિ તમારા પ્રતિનીધિ તરીકે હું દક્ષિણ ગયો ત્યારે જેઓએ મને માન આપ્યું હતું તેઓનો હું આભાર માનું છું. આપણી તરફથી લો૦ એમપ્થીલ આપણા હકો માટે મજબુત લડત ચલાવે છે, એવા લડવૈયાઓને આપણા દેશીઓએ અત્રે સભાઓ ભરી ટેકો આપવો જોઇએ. જાહેર પ્રજામત મેળવી એવા માણસોને તમે મજબુત કરો. હીંદુ, મુસલમાનો સરખે ભાગે લડત ચલાવો, અને મને ખાત્રી છે કે તેનું પરિણામ સારું જ આવશે.

નામદાર આગાખાનની સલાહ

નામદાર આગાખાનને ભાષણ કરતાં જણાવ્યું કે શ્રી. ગોખલેએ અમારાપર ઘ વખત વેલું ઝમકદાર ભાષણ તમે સરવેએ ધ્યાન દઇ સાંભળ્યું છે, અને હીંદીવાનોને અન્યાય રીતે જે હાડમારીઓ ટરાંસવાલમાં ખમવી પડે છે તેની બીનતો પણ આપણે જાણી છે. શ્રી. ગોખલેએ જણાવ્યા પ્રમાણે આપણો રસ્તો તદન ખુલ્લો છે, અને હીંદુસ્તાનમાં કદી પણ કોઇપણ બાબતમાં નહિ ચલાવવામાં આવેલી ઉશ્કેરણી ચલાવવા આપણે સઘળા હીંદુ, મુસલમાન, પારશી, શીખ વગેરેએ એકત્ર થવું જોઇએ, કે જેથી આપણા દેશ બાંધવોને અપમાન આપનારો આ કાયદો રદ થાય. એ માટે હીંદી સરકારે ટરાંસવાલની સરકાર જેવોજ ટરાંસવાલના રહેવાશીઓ સામે કાયદો પસાર કરી તેઓનો બદલો વાળવો જોઇએ, કેમ આપણે આપણો હિસાબ છોડી દઇશું નહિ. અને તો આપણે એકત્ર થઇ થોડો સ્વાતમ ભોગ આપીશું તો આપણી ફતેહ થોડા વખતમાં થશેજ. જેઓને ઇંગ્લાંડનો અનુભવ છે તેઓ સારી રીતે જાણે છે કે ઇંગ્લાંડનું પ્રજાબળ આપણને અગત્યના ધરાવતા સવાલો તરફ ખેંચવું ઘણું મુશ્કેલ છે તે છતાં જો આ સવાલ વિરુદ્ધ લડત ચલાવવામાં નહિ આવશે તો બ્રિટીશ હીંદીવાનને દુનિયાના દરેક ભાગમાં જે ખમવું પડશે અને જે નુકસાન થશે તે અવર્ણનીય થઇ પડશે. તેથી આ સવાલને કદી પણ પડી રહેવા દેવો જોઇએ નહિ. એ માટે હીંદુસ્તાનના દરેક ગામડાં ગામ અને શહેરોઓ દ્રઢવો પસાર કરવા જોઇએ. અને દરેક એજેન્ટને આ સવાલની અગત્યતાથી વાકેફ કરવો જોઇએ. આપણને નામદાર સરકાર જણાવે છે કે સરકાર આગળ આપણી દરિયાદો રજુ કરવામાં મધ્યમપણું બતાવવું પણ ખરું મધ્યમપણું તો તે કહેવાય કે જ્યારે સરકાર એવા કાયદા બાંધનારી અને કરોડોની સંખ્યામાં વસતી વફાદાર પ્રજાને અપમાન કરનારી સરકારને આવા કાયદા બાંધતા અટકાવે. બોઅર સરકાર સામેની લડાઇમાં ઘણા હીંદીવાનોએ પોતાનો જાન કુરબાન કર્યો હતો અને હાલ તેજ સરકાર એવા હીંદીવાનોનું અપમાન કરનારા કાયદા બાંધવાની પોતાના હાથ નીચેની સરકારને ખુટ આપે છે જેવા કાયદા સીવાય બધા સાધનો રીઆની સરકાર પણ બાંધવાને શરમાય આપણી વસ્તી કરોડોની છે અને આપણા જેવા વફાદાર પ્રજા કોમ નથી. નામદાર શહેનશાહ તરફની વફાદારી માટે આપણા રાજાના પ્રધાનો પોતાના દેશનો અને પોતાના સોકરોનો ત્યાગ કર્યા છે અને

ખાસી રીતે આપણી મોટી વફાદારી છતાં જ્યારે આપણે હીંદુસ્તાન સિવાય દુનિયાના બીજા ભાગમાં જઈએ છીએ ત્યારે આપણી સાથે જે વરતણૂક ચલાવવામાં આવે છે તે વરતણૂક કોઇ પણ રીતે સારી નથી. તે માટે હું કહું છું કે માન ભરી રીતે અને વફાદારીથી આ બાબત ની ચર્ચા ચાલુજ રાખવી અને તેમાં કદી પણ નાહિંમત થવું જ નહિ. એ બાદ નામદાર આગાખાને નીચે પ્રમાણે

પહેલો ઠરાવ

રજુ કર્યો હતોઃ "આજે અત્રે મળેલી સભા એશીઆટીક લેા એમેન્ડમેંટ એકટ અને ઇમીગ્રેશન રીસ્ટ્રીકશનના બીલના રૂપમાં ટ્રાંસવાલનાં સરકારે જે કાયદાઓ પસાર કર્યા છે તેની સામે પોતાનો મજબુત વાંધો ઉઠાવે છે અને એવી વિનંતિ કરે છે કે ટ્રાંસવાલમાં વસ્તા બ્રિટીશ હીંદવાસીઓને જ્યાં સુધી લાગે વળગે છે ત્યાં સુધી એ કાયદાઓ તરતજ રદ કરવા "

મી. ફાજલભાઇ કરીમભાઇએ ઉપલી દરખાસ્તને ટેકો આપવા બાદ એ દરખાસ્ત ઝરવાતુમને પસાર થઇ હતી. બાદ મી. મહમદઅલી ઝીણાએ

બીજો ઠરાવ

રજુ કર્યો હતોઃ અત્રે મળેલી આ સભા ઉપર કરવામાં આવેલ ઠરાવની નકલ હીંદુસ્તાનના ના. વાઇસરોય, બ્રિટીશ મહેનતાહના વડા પ્રધાન અને હીંદી વજીર ઉપર મોકલવાની સત્તા અને ટ્રાંસવાલ અને હીંદુસ્તાનમાં હીંદવાસીનું અપમાન કરનાર અને અન્યાયી ઉપલા બંને કાયદાઓ સામે રજાયતની જે લાગણી છે તે જોતાં તેઓને વચમાં પડવાનો આગ્રહ કરવાની મામણી કરવાની સત્તા આ સભાના પ્રમુખ નામદાર આગાખાનને આપી છે. ઉપલી દરખાસ્તના ટેકામાં મી. ઝીણાએ ચર્ચા કરવાથી થતા કાયદાઓ ઉપર લંબાણ વિવેચન કરવું હતું જે બાદ મી. કાજી કબીરૂદીને તેની દરખાસ્તને ટેકો આપતાં તે દરખાસ્ત પસાર થઇ હતી.

મી. ઝીણાનો આભાર

મી. એ. એમ. કાહેમજીએ દરખાસ્ત કરી કે હીંદીવાસીને ટ્રાંસવાલમાં જે હાડમારી ભગવી પડે છે તે સંબંધમાં મુંબઇની અંજુમન ઇસ્લામ તરફથી ઇંગ્લાંડમાં મી. મહમદઅલી ઝીણાએ જે બીન સ્વાર્થી મહેનત લીધી છે તે માટે આ સભા તેનો ઉપકાર માને છે. મી. ફાજલ ભાઇ મહેરઅલીએ ટેકો આપતાં એ દરખાસ્ત પસાર થઇ હતી.

બાદ મી. જફરભાઇ રહીમતુલાએ સભાના પ્રમુખ નામદાર આગાખાન સર સુલતાન મહમદશાહે સભાનું કામ જે ઉત્તમ રીતે ચલાવ્યું હતું તે માટે તેમનો ઉપકાર માનવાની દરખાસ્ત રજુ કરી હતી. જેને મી. તાહેર એમ. કાઝીજીએ ટેકો આપ્યા બાદ તે તાળીઓના અવાજ વચ્ચે પસાર થઇ હતી.

બાદ સભા વિસરજન થઇ હતી.

[ખબરદાર]

પ્રીટોરીઆ અંજુમન ઇસ્લામ

તા. ૨૭મી જુલાઇના રોજ મી. હાજી હબીબના પ્રમુખપણા નીચે બીજી મીટીંગ મળી હતી. શરૂઆતમાં સેક્રેટરીએ જણાવ્યું કે આજની મીટીંગનું કારણ એ છે કે જોહાન્સબરગની હમીદીઆ ઇસ્લામીક સોસાયટીના ચેરમેન જનાબ ઇમામ અબ દુલ કાદર બાવાઝીર સાહેબને ૪ દિવસની કેદની શીક્ષા સરકાર તરફથી થઇ છે તે તેઓને દિલાસાપત્ર મોકલવો તથા હમીદીઆના તારને માન આપી વેપાર રોજ ત્રણ કલાક બંધ રાખવો. બાદ મી. વલી મહમદની દરખાસ્ત અને મી. સુલેમાન આદમ મહમદના ટેકાથી હમીદીઆ ઇસ્લામીક સોસાયટી ઉપર દીલસોઝીનો તાર કરવા સેક્રેટરીને ફરમાવવામાં આવ્યું હતું. મી. પટેલની દરખાસ્ત અને મી. ઇસ્માઇલ જુમાના ટેકાથી મી. ઇસપ મીઆંપર દિલાસાનો તથા હીમતનો તાર કરવા સેક્રેટરીને ફરમાવવામાં આવ્યું હતું.

મીટીંગમાં હાજર થએલા ઝીરસ્ટવાસી શેઠ હાજી કાસમ મુસાએ જણાવ્યું કે સરવ ભાઇઓએ સંપથી કામ કરવાનું છે. અંજુમનનું કામ જોઇ મણે ખુશી થાઉં છું. અને મેંબરમાં દાખલ થવા અરજી કરું છું.

તે બાદ મી. જુમા તથા મી. હાસમ વલી મી. વાદીખાને પાંચ પાંચ શીલીંગ અંજુમનને બેટ આપી હતી. તે પછી કેટલાએક ગૃહસ્થોએ વખતને અનુસરતું ભાષણ કરવું હતું. અને છેવટે ચેરમેન સાહેબે અસરકારક શબ્દોમાં ભાષણ કરી સભા વિસરજન કરી હતી.

નાતાલ સરકારી ગેઝેટની એક નોટીસમાં જણાવવામાં આવે છે કે યૂરોપી અમની રેજીસ્ટ્રેશન નીચે નહીં લેાવા તેવી કોઇ નીશાળોને સરકાર તરફથી પૈસાની મદદ નહીં કરવામાં આવે.

હબીબીઆ મોસ્લેમ સોસાયટી

કેપટાઉનની ઉપર નામની સોસાયટી તરફથી અમને નીચે મુજબ રીપોર્ટ મળેલ છેઃ—

કેપટાઉનમાં ચારેક વરસ ઉપર એક લાયરસ મઝયત થવાથી તેના કહન દફનનો ખરચો તેની સાથે રહેનાર મી. મથાદિમ અહમદ કફલેતાવાળાએ કરેલ હતો. બાદ તે વિષે ચર્ચા કરી એક ઉમરાણું કરી તથા માસીક ૭ પેની ઠરાવી એક ફંડ ઉભું કરવું હતું તે ફંડ બરાબર પાવાસર નહીં હોવાથી તેના હિસાબ વગેરે તપાસવા તેના સ્થાપકોની એક મીટીંગ તા. ૧૯ જુલાઇને રવીવારના રોજ મળી હતી. જેમાં મેસર્સ મહમદ ઇસ્માઇલ, હાફેજી અહમદ સાલે, ઇસમાઇલ મહમદ કડોદ, ઇબ્રાહિમ હસન વાળા, ફકીર હાસમ ચોથીઆ, મહમદ અહમદ અપાત, ઇબ્રાહીમ મહમદ નવસારી વગેરે ની એક મીટીંગ તા. ૧૯ જુલાઇના રોજ મળી હતી. મી. એ. આઇ. ગબડૂએ ચેરમેનની ખુરશી લીધી હતી. પ્રમુખે ઇલમ તથા ઇતેહાદી ઉપર કેટલુંક બોલ્યા બાદ આજની મીટીંગમાં જે કામ કરવાનું છે તે ઉપર વિવેચન કરવું હતું. બાદ નીચેના ઠરાવો પાસ થયા હતા.

(૧) આ મીટીંગને સોસાયટી જનાવવા નો મી. હાફેજી અહમદ સાલેહની દરખાસ્ત મેસરસ મહમદ ઇસપ નવસારી અને ઇસ્માઇલ ફકીરના ટેકાથી સરવાનુમતે કબુલ રાખવામાં આવી હતી. (૨) તેનું નામ હબીબીઆ મુસ્લીમ સોસાયટી ઠરાવવામાં આવ્યું. (૩) મી. ઇસ્માઇલ મહમદ કડોદ સેક્રેટરી તથા ઇબ્રાહીમ મહમદ નવસારીને અજનચી નીમવામાં આવ્યા હતા. (૪) તેની માસીક ફી ૬/– રાખવામાં આવી હતી. ઉપરના ઠરાવો સર્વાનુમતે પાસ થયા બાદ ૨૬ મહસ્થોએ મેંબર તરીકે નામ નોંધાવ્યા હતા. મી. મહમદ અહમદ અપાતે આગાના ૪ ટકા પા. ૨૦–૫–૦ માંથી ત્રણેક માસ ઉપર એક મઝયતો પાઉંડ ૨–૬–૦ ખરચ બાદ કરી પા. ૭–૧૬–૦ સીલીક જણાવી હતી. અને મી. ફકીર હાસીમ ચોથીઆએ કેટલીક મુદત માટે ઘર, બતી, દાગળા વગેરે પોતા તરફથી આપવાનું જાહેર કરવું હતું તથા તેમના તરફથી ચા પાણી આપવામાં આવ્યા હતા. પ્રમુખે તેમનો ઉપકાર માની આવતા રવીવારે ૭ વાગે મળવાનું કરી મીટીંગ બરખાસ્ત કરી હતી

ચરચા પત્ર.

અમારા ચરચાપત્રીઓ નીચેના નીયમો યાદ રાખશે તો તેઓના પત્રો ઉપર તુરત ધ્યાન મળવાનો સંભવ છે.

૧. કાગળની એકજ બાજુએ લખવું.

૨. અક્ષર ચોખા સાદીથી લખવા.

૩. નામ તથા ઠેકાણું બરોબર લખવાં. તે હમેશાં જાહેર પાડવા સારૂ નહિ, પણ અમારી ખાતરી સારૂ.

૪. મંગળવારની સાંજ સુધીમાં મળેલ લખાણો તેજ અઠવાડીયામાં દાખલ કરી શકાશે.

૫. ૨૬ કરતાં ચરચાપત્રો ન્હાનો રાખવા અથવા લખનારાઓને પત્રાં મોકલી આપવાને અમે બંધાતા નથી.

૬. લખાણ હમેશાં ટુંકું અને મુદ્દાસર કરવું.—અધિપતિ.

હીંમતના બે બોલ

મે. ઇ. ઓ. ના અધિપતિ સાહેબ,

ટરાંસવાલના હીંદીભાઇઓ આજ બે વરસ થયાં અસંખ્ય દુઃખો સહન કરે છે. નાના કે મોટા, વેપારી કે ફેરીયા બધાએ ખુની કાયદા રૂપી રાક્ષસને કતલ કરવા સત્યાગ્રહી સમ શૂરા લડી રહ્યા છે. પરંતુ આપણું કમભાગ્યે હજી સુધી તે દુષ્ટ કાયદો જમીનદોસ્ત કરી શક્યા નહિ. બે વરસ માં હજારો પૌંડના ખરચમાં ઉતર્યા ને ધંધા રોજગાર વીના અને તુરકથાની સહન કરી હાલ બેહાલ થયા પરંતુ હજુ અંત નજર આવ્યો. સરકારે પણ પોતાની હઠ છોડીજ નહિ ને તે ખુની કાયદાને અમલ નાં લાવવા અનેક પ્રપંચ રચ્યા, ઘણા હીંદીને ખુની કાયદાને તાબે થવા લલચાવ્યા. પણ સારે ભાગ્યે બેડાજ દેશદ્રોહીઓએ પોતાની પવિત્ર પ્રતિજ્ઞાનો ભંગ કર્યો. તો પણ સરકારની નીચ ધારણા પાર નજ પડી તેથી નિસ્તેજ ને વફાદાર આગેવાનો ને જેલમાં પુરીને ખાણાનાને દામ, દામ અને બેદથી અનેક પ્રપંચો રચીને ખુની કાયદો કબુલ કરાવવાને જળ પાથરી પરંતુ તેના કમભાગ્યે તેમાં પણ નિષ્ફળ થયા. હીંદુસ્થાન, ઇગ્લાંડ ને બીજા જગ્યા એથી સખત અકળામણ ઉઠાવી આવ્યા ચુક્યા ને મુંઝાણી તેથી નવુંજ પ્રપંચ રચ્યું. દાદાભાઇ દગળની તબીયત કરી ને અલાહાબાદ ખાતે આગેવાનોને સમજાવ્યા કે તમારી ઓફર કબુલ કરીએ છીએ, 'વોલંટરી નામ નોંધાવો, પારલામેંટ ખુશી કે કાયદો રદ કરાવીશું,' આપણા ઉદાર દીલના આગેવાનોએ આવા વચનો ઉપર વિશ્વાસ રાખ્યો. અને ખુની કાયદો નાબુદ થશે એમ સમજી હીંદી કોમે રાજી થઇ ને સમાધાનીની સરત પાળી. પણ અરેય સારે ચાબક વેરી, સરકારે દગલબાજી શરૂ કરી ને પોતાની નીચ ધારણા પાર પડશે તેમ સમજીને જોર પકડયું. પણ પાછા હીંદી તેવાજ જોરબર છે. તેથી પાછી મુંઝાણી. પૂરવે પણ મહાન લડાઇ ઓને અંતે સુલેહ થઇ ને તેના ભંગ થયા છે. ને પાછી લડાઇઓ થઇ છે. આવા ઘણા દાખલા પ્રતિહાસમાંથી મળી શકે છે. માટે ટરાંસવાલના હીંદી ભાઇઓએ ગભરાવાનું નથી આખર સત્ય જીતે છે. જુઠું ને દગલબાજ સત્ય આગળ કદી ટકી શકનાર નથી. માટે હીંમતથી વળગી રહેજો તો છેવટે આપણી કતેહ છે. હવે જે પરિણામ આવશે તે ઘણુંજ સરસ આવશે તે સમજવું સહેલું છે. પહેલાંના કરતાં હવે વધારે માગી શકશું. આપણામાં સત્ય છે ત્યાં સુધી ટરાંસવાલ કે બીજા કંઇ કરી શકવાના નથી. આપણો બધો આધાર ખુદા ઉપર છે. ને હાલ જેમ ટરાંસવાલના હીંદી ભાઇઓ બધા એકત્ર થઇ હીંમતથી પડયા લડતમાં ઉતર્યા છે. તેમજ જો હીંમતને એકત્રતા રાખીશું તો આખર આપણી કતેહ છે.

બી. 'યુવાન મુસલમાન.'

કેપટાઉનની એસોસીએશનની ફરીયાદ બાબત ખુલાસો

મે. ઇ. ઓ. ના અધિપતિ જોગ,

મી. અબદુલ હમીદ ઇ. ઓ. ના ૨૪ જુલાઇના અંકમાં સા. આ. ખિ. ઇ. એસોસીએશન ઉપર જે તહોમત મુકે છે તે પાયા વગરના છે. તે લખે છે કે હું તથા મારા મિત્રો એસોસીએશનમાં જોડાયા હતા. એસોસીએશનના મેંબરોની લીસ્ટ મેં જોઇ છે તેમાં મી. અબદુલ હમીદનું નામ નથી. પૈસા વાપરવા બાબત પુરવાર કરે છે તેના જવાબમાં એ કે એસોસીએશન અનસર આગેથી વાજબી ખરચ કરે છે. એસોસીએશન સવળાને બદલે અવળા કામ કરે છે એમ જણાવે છે તો તે લખનાર એસોસીએશનના મેંબર થઇ સવળા કામ કરવાનું બતાવશે?

યુનીયન ચાવટાને કાળો કરવાનો દાખલો આપે છે તો તે કામ ટરાંસવાલ સરકારના આપણા ભાઇઓ ઉપર જુલમની સામે પોકાર અને અણુગમો બતાવવા કરવામાં આવેલ. પાર્લમેંટની ચુંટણી વિષે જણાવું છું કે એસોસીએશને બંને પક્ષના મેંબરોને મળીને કામ કર્યું છે. ચુંટણી વખત ઉમેદવાર હોય તેની પાસેથી મતો ના બદલામાં હીંદીઓના હકની માગણી લખાવી લેવી તેમાં એસોસીએશને ખોટું કરયું ગણાય નહિ. કોનફરન્સે હીંદી ભાષા નહિ માગી તેથી હીંદીના હક મારવા જેવું કરયું એમ કહેવું કું ખોટ ભરેલું સમજું છું. હાલમાં હીંદીઓમાં બે મત હતા તેથી ભાષાનો સવાલ આવતી કોનફરન્સપર છે.

મારા પોતા તરફથી હું એટલું કહેવા માગું છું કે હું ગામડામાં કામમાં રહું છું તેથી એસોસીએશનમાં પૂરતો ભાગ નથી લઇ શકતો. એસોસીએશનથી નારાજ થઇ હું નીકળી ગયો નથી; તેમ મારું કોઇએ અપમાન પણ નથી કરયું એસોસીએશન તરફ મારી પુરી દિલસોજી છે.

બી. મહમદ હશીમ.

કેપટાઉન તા. ૧–૮–૦૮

મી. રતનજી નવરોજી કેપટાઉનથી એક લાંબો કાગળ લખી જણાવે છે કે મી. અબદુલ હમીદનું નામ એસોસીએશનની જણમાં નથી તેણે કરેલ ટીકા નાપાયાદાર છે વગેરે ઉપરની મતલબ છે.

દેશીઓના હિતથી ઉલટું ચાલનારને બે બોલ

મે. ઇ. ઓ. ના અધિપતિ સાહેબ,

હમીદીઆ ઇસ્લામીક સોસાયટીના માનવંતા પ્રમુખ જેલ જવાની દિલસોજી દાખલ કેટલાક ભાઇઓએ દુકાન બંધ કરી નહિ તે જોઇ હું બહુ બેદ પામું છું. મારા વહાલા ભાઇઓ, હજુ તો પાશેરામાં પહેલી પુણી છે. અને સરકારને આપણે જ્યાંસુધી એક છીએ એવા ખાત્રી નહિ થાય ત્યાંસુધી છુટા કરશે એમ કોણ કહેશે? છુટા થવાની ખરી નીશાની સંપ છે દાખલા તરીકે નાતી લુર રહ્યસ્તે પાંચ વરસમાં ટરાંસવાલનું સ્વરાજ્ય મેળવ્યું. તેમજ નાતી જાપાનીસ સરકારે રસિયા સાથે બાથ ભીડી, એ બધું શાને આધારે છે? તેનો ખ્યાલ જે લોકો દેશી ભાઇઓથી છુટા થવામાં મોટાઇ સમજે

છે તેને ભાગ્યેજ હશે. મારા દેશીભાઇ ઓને હું અરજ ગુજારું છું કે આવા કટાકટીના વખતમાં સંપથી રહી પોતાના દેશી ભાઇઓ સાથે જોડાઇ જવું. સરકાર ને જ્યારે ખાતરી થશે કે હવે તો સરવે એકજ થઇ ગયા છે અને બધા આત્મ ભોગ આપવા તઈયાર છે ત્યારે જાપાનને જે બેડી સરકારે પહેરાવેલી છે તેનો તત્કાળ નીકાલ થઇ જશે.

લી. દેશદાઝી,

રસ્તનબરગ, મોહમદ મુરાદ માંમરોલના.

તા. ૬-૮-૦૮

ધરમુરણ ચરચા

'એક હીંદુ' તરફથી નાતાલમાં વસતા હીંદુ ભાઇઓની ધર્મ સીયાલ સ્થિતિ ઉપર લાંબો નિબંધ મળેલ છે. તેમાં લખે છે કે:—દરેક દેશની ઉન્નતિનું મુળ ધરમ છે. એ ધરમ જાણવા માટે ખાસ કેળવણીની જરૂર છે. કેળવણી મેળવવાને માટે લાગણીની જરૂર છે અને તેટલા ખાતર ધરમ સભાઓ, મંદીરો અને એવાં બીજાં સ્થળો કે જ્યાં સતસંગ થાય તેવાની જરૂર છે આ દેશમાં આવાં સ્થળો અને મંડળો ઘણે ઠેકાણે સાંભળવામાં આવે છે પણ તેમાંનું કોઇ ઉન્નતિએ પહોંચી કાંઇ કાર્ય કરી શકેલ હોય તેમ જોવામાં આવતું નથી. આ દેશમાં આપણે હીંદુ ભાઇઓ કોઇપણ આવું કાર્ય કરવાનું એકના મનમાં ઉત્પન્ન થતાં તરતજ તેમાં સંમતિ આપી પ્રથમ તો ઉત્સાહી થઇ સભા અથવા મંડળ કે એવું કાંઇ કાર્ય સ્થાપન કરી દે છે પણ તે સ્થાપતા પહેલાં તે કેવી રીતે ઉન્નતીને પાંચે પહોંચશે અથવા નહીંતે તેવો તો વિચારજ નથી કરતા તે બરોબર દિલ ગીર થવા જેવું છે. મારા ધારવા પ્રમાણે આ કોલોનીમાં આશરે પણ કેટલાંક મંડળો બધાં હતાં જેમાંના કેટલાકની નામ કે નીશાની પણ હાલ નથી. હાલમાં પણ ડરબન મારિત્સબરગ, એસ્ટકોરટ, લેડીસ્મીથ, વેરૂલમ ટોંગાટ વગેરે સ્થળે સનાતન ધરમ સભા, હીંદુ યંગમેન્સ એસોસીએશન, હીંદુ સુધારક સભા, હીંદુ મહાજન સભા, વૈશ્ય ક્ષત્રી મંડળ, શ્રી વિષ્ણુ કમીટી, આર્ય સમાજ, સનાતન ધરમ સભા વિગેરે મંડળો છે. તેઓ બધા એકત્ર થઇ કેળવણીનું કામ હાથ ધરે તો મોટો લાભ થશે.

'પીકેટ' એ ઉપનામથી પોચેફસ્ટરૂમથી એક હીંદી લખે છે કે:—હાલમાં આ શહેરના દુકાનદારો ચાર આદમી વગર લાયસેન્સથી વેપાર કરતા હતા તેમાં એક આદમી તો અંગ્રેઠો દઇ આવેલ છે ને બીજાઓ જે આદમીનો પાવર હતો તે રદ કરી પોતાનું નામ દઇ અંગ્રેઠો દીધો છે. તે ત્રીજે ચાર દુકાનવાળો છે તે જમા મરદીયા આજસુધી વેપાર કરે છે ને ડરતો નથી. પોચો ટાઉનમાં છે તે પણ લાયસે ન્સ નહિ લેતાં બહાદુરીથી વેપાર કરે છે. પણ અફસોસની વાત છે કે આગેવાન સાહેબોને પુછવા જતાં ઉલટા રસ્તા બતાવે છે અગર એ આગેવાન સાહેબ લોકોને સમજાવે તો સારૂં છે હું આશા રાખું છું કે પોચેસ્ટરૂમના આગેવાનો હમેશાં લોકોને મીટીંગ બોલાવી સમજાવશે.

પારલથી એક લખનાર જણાવે છે કે કાનમીંઆની બહાદુરી માટે તેમને હું મુબારકબાદી આપું છું. આજકાલ જૂદે જૂદે ઠેકાણે મીટીંગો ભરી સઘળા દેશીઓ એક થાય છે ત્યારે કેપટાઉનમાં મીટીંગો ભરી જુદાઇ તેમજ દુખનાશ વધે છે તે ઘણી અફસોસની વાત છે.

મી. અલીભાઇ મહમદ મરોહરવી લખી જણાવે છે કે સલાહ થયાં છતાં સરકાર કાયદો આપણે માથે લાગુ પાડવા માગે છે તો મારી વીનંતી છે કે ખુદાને હાજર જાણી એક સંપથી કરીને સત્યા ગ્રહની લડત શરૂ કરવી. આપણી ખરી લડતને ખુદાપાક હીંમત આપનાર છે.

સ્ટાંડરટનથી મી. મહમદ અહમદ ભાભા લખે છે કે અહીંના જે ભાઇઓ જેલ ગયા છે તેને મુબારકબાદી બદલ મી. કમાલીમ મહમદ જણાતના પ્રમુખપણા નીચે એક મીટીંગ થઇ હતી. આ વખતે નાતાલ ઇંડિઅન કોંગ્રેસ, હેડલબરગ, કલારકસડોરપ, રસ્તનબરગ વગેરે જગ્યા એથી આવેલ તાર વાંચવામાં આવ્યા હતા, તથા તેઓનો ઉપકાર માનવાનો ઠરાવ થયો હતો. બાદ અત્રેના જે ભાઇ ઓ જેલમાં બધા છે તે જે દિવસે છુટે તે રોજ ૧૨ વાગ્યાથી હડતાલ પાડવાનો ઠરાવ થયો હતો.

જરટલંડનથી મી. છના કરસન (રિક્રુટ ૩૩૧) લખે જણાવે છે કે ફ્રીંગ વીલમમ્સટાઝનનો એક હીંદી નામે બલભરામ દુલભરામ ભગત આજે ચાર વરસ થયાં ગુમ થયેલ છે. ડરબન, ઠેબોરોડવાળા જહુબીનારાયણ મંદીરના પુજારી ભટ કેશવલાલ બેલા ભાઇ જણાવે છે કે આવણ વદ ૮ શુક્ર વાર તા. ૧૯ ઓગસ્ટની રાતે ૧૨ વાગે દર વરસના નીયમ પ્રમાણે શ્રી કૃષ્ણ જન્મોત્સવ થશે. તે વખતે સરવે હીંદુ ભાઇઓને પધારવા વીનંતી છે.

મી. મહમદ ઇસાક (વુડસ્ટોક) લખે છે કે તા: ૧-૮ ના છાપામાં જણાવેલ મી. શેર અલીનું નામ અમારી એસોસીએશન ની નોંધમાં નથી. જે કાંઇ ઉધરાણું કરેલ તેનો હિસાબ એસોસીએશનમાં આવીને જોવાથી મળી શકશે.

પીટરસબર્ગથી મી. એમ. સી. મુંગલી લખે છે કે ખુની કાયદાને વશ નહિ થતાં જેલ જવું તથા ત્યાં તે દુઃખ સહેવું બહેતર છે. સ્ટાંડરટનના ભાઇઓની દેશ સેવા માટે તેમને ઘણી ઘણી મુબારકબી આપું છું.

સનાતન ધરમ સભા

—:o:—

ટોંગાટ તા. ૨ ઓગસ્ટ ૧૯૦૮

આજરોજ નિયમ અનુસાર અત્રેની સના તન ધર્મ સભા મળી હતી જે પ્રસંગે શ્રીમદ્ ભગવત ગીતા તથા મણી રત્ન માળા વાંચવામાં આવ્યાં. બાદ આ સભાના બંધારણ માટે ધારા ધડી સભા માં મુકવામાં આવ્યા. જે સર્વાનુમતે પાસ થયા હતા. બાબુ સત્યેંદ્ર કુમાર બેનરજી માતુશ્રી તરફ પધારનાર હોવા થી તેવણને સભા તરફથી એક સરટીફીકેટ એનાયત કરવામાં આવ્યું હતું, તમાં તેમણે આ સભામાં લગભગ ૬ માસ સુધી સારી મદદ કરેલી તેમજ તેમના તરફથી ધર્મનાં નિતિ વર્ધક બ્યા ખાન થયેલ અને તેમનાજ ઉપદેશથી સ્કુલ તથા લાયબ્રેરી વગેરે કામો શરૂ થયેલ, જેને માટે આભાર માનવામાં આવ્યો હતો, બાદ નીત્યકર્મ કરી સભા વિસરજન થઇ હતી.

ઉપર જણાવેલ સરટીફીકેટની નકલ અમને મળી છે, જેમાં બાબુ સત્યેંદ્ર કુમાર તરફથી આ સભાને જે મદદ કરવામાં આવી છે, તેની પ્રસંશા કરેલ છે.

હિંદુસ્તાનના અખબારો

(હીંદી છાપા ઉપરથી)

હીંદુસ્તાનના છાપાઓ ઉપરથી જણાય છે કે કાઠીઆવાડ, ગુજરાત, દખણ વગેરે ભાગોમાં સારો વરસાદ પડયો છે.

ભાવનગર ખાતે સ્ટેશન, બંદર અને શહેર વચ્ચે વીજળીક ગાડીઓ ચાલવા તથા વીજળીક રોશની કરવા માટેનો હુકમ નામદાર મહારાજા સાહેબે વડોદરાવાળા મી. કાન્તીલાલ સાકરચંદ દેસાઇને આપ્યો છે.

વઢવાણ જંકશન ખાતે જુદી જુદી જે ટ્રેનો આવે છે તે ખાતાના મેનેજરોની એક સભામાં વઢવાણ ખાતે ચાર પ્લેટફોર્મવાળું એક મોટું સ્ટેશન બાંધવાનો ઠરાવ કરવામાં આવ્યો છે.

મુંબઇ ખાતે પારસી છોકરીઓ માટે એક આરફનેજ સ્થાપવામાં આવે તો એક પારસી ગૃહસ્થે રૂ. ૨૦૦૦૦ હજારની રકમ આપવા આપણ બતાવી છે.

મુંબઇની મોટ મેડીકલ કોલેજમાં એક કુશાદે લેકચર હાલ રા૦ ૧૦૦૦૦ ના ખરચે બાંધવાની સરકારે જહાલી આપી છે.

સમેતશીખરના સવાલના સંબંધમાં વિચાર કરવા માટે નીમાએલા કમ્પ્યુટેશન ના ગૃહસ્થો ગયા અઠવાડીયામાં અમદાવાદ ખાતે આવ્યા હતા. અને નગરશેઠના વંડામાં આણંદજી કલ્યાણજીની પેઢીમાં ટ્રસ્ટીઓ સાથે મસલત ચલાવી હતી. તેને પરિણામે ના. વાઇસરોયસ રૂબરૂ ઓલ ઇંડીઆ જૈન કમ્પ્યુટેશન મોકલવાની ગોઠવણ કરવામાં આવશે.

મુસલમીન કોમના બાળકોને દીની તથા દુન્યવી કેળવણીમાં મદદ આપવા નવસારી ખાતે મહોમેદન એજ્યુકેશનલ સોસાયટી સ્થાપવામાં આવી છે.

કલકત્તાના જાણીતા બારીસ્ટર મી. અબદુલ રહીમની મદરાસની હાઇ કોર્ટના એક જજ તરીકે નીમણુંક થઇ છે. મી. અબદુલ રહીમે ૧૮૯૦ ની સાલથી બારીસ્ટરપણાની શરૂઆત કરી હતી.

કુચબીહારના મહારાજાના ચોથા દીકરા હાલમા કલકત્તામાં સસેકસ ક્રીકેટની રમત ખેલે છે અને તેવણ ઇંગ્લાંડની કાઉનટી ક્રીકેટમાં ભાગ લેવાને કેટલ વખત માં ઇંગ્લાંડ ઉપડી જનાર છે. તેવણ એક બીજા "રણજીત" તરીકે નામ કહાડે એવી વકી બતાવવામાં આવે છે.

હીંદના દુકાળ સંકટ નીવારણ માટે લાલાલજપતરાય તરફથી ઉભા થયેલા ફંડમાં બીજારના શેઠ દામોદર ૬૦ રાયીએ રા૦ ૫૦૦૧ ની રકમ આપી છે અને રા૦ ૧૦૦૦ નું કાપડ ગરીબોમાં વહેંચવા માટે મોકલ્યું છે.

માઇસોર ખાતે તા. ૩૦ સપ્ટેંબરથી ૧૩ અકટોબર સુધી દુબર ઉદ્યોગનું એક મોટું પ્રદર્શન ભરવામાં આવનાર છે.

સુરતના મેડીકલ પ્રેકટીશ્નર અને 'અપક્ષપાત' પત્રના અધિપતિ ડો. ઘડીઆળીએ વીજળીક ટ્રામના તાર તુટવાથી બનતા અકસ્માતો અટકાવનારૂં યંત્ર શોધી કાઢી હીંદી સરકારનું પેટંટ મેળવ્યું છે અને તે યંત્ર માટે અમેરિકા, ઇગ્લાંડ અને જરમનીની સરકારોનું પેટંટ મેળવવા તેઓ યુરોપ ઉપડી ગયા છે.

નાદારી કોર્ટનો નોટીસો વગેરે

(ગવરમેંટ ગેઝેટમાંથી)

ડી. એમ. ટીમોજની અરજી ઉપરથી સાલિસ્ય કોરટ જંકશનના રહીશ ઓધા અને જગડીઆની મીલકત કાચી જપ્તી માં મુકાઇ છે.

ડરબનના આમદ ગુલામની મીલકત નાદાર તરીકે જાહેર કરવાની અરજી ડરબનની સરકીટ કોર્ટને કરવામાં આવશે.

હેટીંગસપરટના આઇ. એમ જીનાના લેણદારોની બીજી મીટીંગ તા. ૨૫ ઓગસ્ટ તથા ત્રીજી મીટીંગ ૮ સપ્ટેંબર ના રોજ ડરબનના રેસીડેંટ માજીસ્ટ્રેટની કોરટમાં મળશે.

મારીત્સબર્ગના વેપારી હાજી મહમદની નાદાર મીલકતના સંબંધના વહેચણીના આંકડા સુપ્રીમ કોર્ટના માસ્તર પાસે તા. ૧૪થી ૨૫ ઓગસ્ટ સુધી તપાસણી માટે રહેશે બાદ તે ક્રમમ રાખવામાં આવશે.

રોકડ બજાર ભાવ

		શી.	પે.		શી.	પે.
ચાવલ માંઝ ૧મસ્તાની		૨૪	૦	થી ૨૫	૦	
બીજાડીના	,,	૨૬	૬	,, ૩૦	૬	
એફ. એફ. ડી. આર.		૨૨	૬	,, ૨૩	૬	
એફ. ડી. આર.	,,	૨૦	૬	,, ૨૧	૬	
ચીની સક્કર	,,	૨૪	૦	,, ૨૫	૦	
ફુંડાના	,,	૨૪	૦	,, ૨૫	૦	
દેસી તુવેર દાળ		૨૨	૦	,, ૨૩	૦	
તુવેર દાળ કાનપુરી		૨૪	૦	,, ૨૪	૬	
મસુરની	,,	૨૪	૦	,, ૨૫	૦	
મગની	,,	૨૯	૦	,, ૨૯	૬	
અડદની	,,	૩૦	૦	,, ૩૧	૦	
ચણા મુંબઇના	,,	૨૨	૦	,, ૨૩	૦	
,, દાળ	,,	૨૬	૦	,, ૨૬	૬	
વટાણા	,,	૧૭	૬	,, ૧૮	૬	
મકાઇ	,,	૧૦	૬	,, ૧૧	૦	
બીનીસ		૧૬	૦	,, ૧૭	૦	
કેવુ તેલ ૧ બાલન		૩	૩	,, ૩	૬	
એરંડીનુ	,,	૨	૬	,, ૨	૮	
ઘઉં	,,	૩	૬	,, ૩	૬	
નાળીએરનું	,,	૩	૬	,, ૩	૮	
બાંધ સફેદ નાતાલની		૧૫	૬	,, ૧૬	૬	
પીળા	,,	૧૪	૬	,, ૧૫	૬	
વીરડળ નાતાલ		૮	૬	,, ૯	૬	
આટો		૧૧	૦	,, ૧૧	૬	
બદામી સોપારી ૧ રતલ		ટા		,,		૬
ચરબી		૦	૪	,,	૦	૫
ઘી પેટી ૪૦ રતલના	પીં	૭	૧૫	,,	૮	૦
પોરબંદર	,,	૮	૧૦	,,	૮	૧૫
પારસીન એરોહેડ		હાલ	નથી			
,, વાઇટ રોસ		૮	૨	,	૮	૫
,, ,, બાલન		૧૧	૬	,	૧૨	૬
નાળીએર		૧૦	૦	,,	૧૧	૦
દુધી		૬	૬	,,	૧૦	૦
ડાયમંડ સોપ		૧૩	૦	,,	૧૩	૬
સાબુ સીલ્વર સ્ટોન		૧૬	૦	,,	૧૬	૬
સાબુ સનલાઇટ		૪૨	૬	,,	૪૫	૦
નેપ્ટર ટી		૧	૮	,,	૧	૯
આયોડા લાલન		૨	૧૧	,,	૩	૦
સોપારી મોરબંદરની		૦	૧૧	,,	૧	૦
નીડલ પેકેટ સીગારેટ		૧૬	૩	,,	૧૭	૦
કુલ નેસલ્ટ		૨૦	૬	,,	૨૧	૬
નીમક (લીવરપુલ)						
મસ્તા ગ્રેઇનની		૪	૩	,,	૪	૬

BEATLEY & COMPANY,

REGISTERED

"BEE"  BRAND.

TRADE MARK.

અમે ખાસુસ પસંદગી કરેલો માલ વેચીએ છીએ, અને તેથી અમારા ગ્રાહકો બીજા સરસ અને ટકાઉ માલ અમારે ત્યાંથી ખરીદી શકે છે.

DURBAN:
467 SMITH STREET,
P.O. BOX 383

Telegrams "BEETLE."

JOHANNESBURG.
158 MARKET STREET.
P.O. BOX 19

ટોપાઓ! ટોપીઓ!! ટોપોઓ!!!

❀ જીનવા તથા ઉંચી સુગ્લીશ ફેલ્ટનો તુરકી ટોપીઓ. ❀

નવા સેમ્પલ તથા ખુશનુમા રંગ.

હેવેરીઅન બેંગલોર અથવા નવાબ કેપ્સ.

મહારાજ ઓસ્ટરાખાન અથવા પરસીઅન કેપ્સ.

ખરીદવાનો ભાવ.

બહાર ગામના ઓરડરપર પુરતું ધ્યાન આપવામાં આવશે.

પ્રાઇસલીસ્ટ મારે લખોઃ—

એસ. પીરભાઇ બટલર. S. Peerbhoy Butler,

૫૦૬, વેસ્ટ સ્ટ્રીટ, 506, West Street,

ડરબન. DURBAN.

Tel. Add.: POHOOMULL. P.O. Box 1705

POHOOMULL BROTHERS,

Wholesale & Retail Silk Merchants,

Corner of Longmarket & Parliament Sts.,

CAPE TOWN

Direct Importers of all kinds of Indian Art Curios Oriental Jewellery, Maltese Silk Lace Articles, etc. Established 1848. Head Office: Bombay.

Ebrahim Norodien

IMPORTER AND

GENERAL DEALER,

WOODSTOCK, Near Cape Town

BRANCHES (22):

Woodstock, Salt River, Observatory, Mowbray, Claremont, Wynberg, Parrow, etc.

Head Office: 34 Prero St., Woodstock

ADAM H. G. MAHOMED,

Estate Owner

HOUSES TO LET

Moorleigh Kloof Street,

Telegrams: Adamgool CAPETOWN

ISMAIL KHAN,

Stand 382, Bertram's Road,

Corner Thomas Rd., Bertram's,

Dealer in Drapery, Grocery, Ironmongery & Fancy Goods.

P.O. Box 4370, Johannesburg.

Prompt Attention to all Orders. Civility Guaranteed

A. A. RAHEMAN,

GENERAL MERCHANT AND DIRECT IMPORTER OF INDIAN GOODS,

Stand 641, 21st Street, VREDEDORP.

Box 3040, JOHANNESBURG.

M. A. PATTEL Co.,

Upholsters, Coir and Wire tress Manufacturers.

Factory: 157 Loop Street, Capetown.

કાથા તથા ગાદી ગેટરેસ બનાવવાનું કારખાનું.

Telephone 1434.

વર્તમાનપત્ર

ભારત—ન્યુઝ પેપર ડિસ્ટ્રીબ્યુટીંગ એજન્સી—આ ખંડમાં વસતા દરેક ગુજરાતીઓનાં પોકસ સરનામાં ઉપરોક્ત નામથી લખી મોકલનાર જોઈતા ચાલુ કેમ્પલોની બની મફત મોકલીશું. "ગુજરાત" પત્ર પ્રેસ—નડીયાદ (ખેડા) મુંબઇ, ભારત ગુજરાત.)

N. KALIDAS & CO.,

TAILORS AND OUTFITTERS.

ઓરડર મુજબ સુટ બનાવી આપવામાં આવે છે.

26 MARKET STREET,

BRANCH: 147 MARKET STREET. Johannesburg

V. BROS.,

TAILORS AND OUTFITTERS,

Stand No. BOKSBURG LOCATION

P.O. Box 77.

ઓરડર મુજબ સુટ બનાવી આપવામાં આવેછે.

Suits Made to Order. Moderate Prices. Patterns of Latest Fashioned Cloth can be seen and supplied to order. Old Suits well repaired.

A. Mahomed Hassan & Co.,

MERCHANTS AND IMPORTERS, WHOLESALE AND RETAIL,

Stand No. 422. Corner Kaffir & 16th Streets,

VREDEDORP, JOHANNESBURG

Box 6140 Tel. Add.: "PAJANDAR."

Head Office: Vanoor Colaba, India

એન. મહમદ કુ.

નાળીએરનો જથ્થાબંધ અને સારો માલ કીફાયત ભાવે અમારે ત્યાંથી મળશે

વધુ વિગત માટે લખોઃ— બોકસ ૬૨૪ ના. ૨૮ કેમેરલ રોડ, ડરબન.

MORAR DALA,

Merchant & Direct Importer

બી. આરસ, મંથીબાણું વિગેરે મુંબઇ કલકત્તાથી પરબાડું આવે છે.

તથા દેશી માલ પણ અમારે ત્યાં બની છે.

94 Hanover Street Capetown.

ઈ. ઈ. ઝમઝમાઈ

૨૨ મી સ્ટ્રીટ, મલાય લોકેશન.

બોકસ ૨૩૮૮ જોહાન્સબર્ગ.

ગ્રામોફોન ઉપરાંત અને લોજીસેલ મશીન ઉડિઅન તથા ઈજીપ્શીઅન ગ્રામોફોન હમેશ બનાવીએ કીફાયત ભાવથી મળશે

વેપારીઓને અમુલ્ય તક

અમારા કેટલાક માનવંતા ગ્રાહકોના આગ્રહથી અમોએ હાલમાં અમારા ચંબુ બનાવવાના કારખાના સાથે ટીનની પેટીઓ (Tin Trunks) બનાવવાનું ખાતુ ઓલ્યું છે જેની અંદર મોલાક દેશી કારીગરોથી કામ લઇ અંગ્રેજી માલને ટક્કર મારે તેવા મજબુત અને સસ્તામાં સસ્તા રંગની પેટીઓ બનાવીએ છીએ.

દરેક જાતના ચંબુ વિગેરે ટીનનું કામ સસ્તામાં સસ્તા ભાવે કરી આપીએ છીએ, એક વખત અમારા માલની અજમાયેશ કરવા ભલામણ કરીએ છીએ. પ્રાઇસ લીસ્ટ માટે લખો.

M. RAWAT & Co.,

Manufactures of Camp Kettles and Tin Trunks.

(No. 1 Dear. Street)

PEITERMARITZBURG, Natal.

WESTERN INDIA

Army Boot and Equipment Factory,

BOMBAY, India.

GOLD MEDAL
Madras Industrial and Art Exhibition, 1903

(ESTABLISHED 1887)

TWO GOLD MEDALS
Bombay Industrial and Agricultural Exhibition. 1904.

PROPRIETORS—

Messrs. Adamjee Peerbhoy & Sons.

MANUFACTURERS OF—

Military Ammunition Boots, Volunteer Ammunition Boots,
Police Ammunition Boots, Sandals, Gurgabi Shoes, &c.

Military, Volunteer and Police Harness, Saddlery, Accoutrements, etc., etc.
Leathers:—Russian, satin and black waxed calves, harness leathers of all kinds bag and carriage hood hides, Morocco, etc., etc.

Civilian Boots, shoes, harness and saddlery of every description.

Travelling Requisites:—Overland Trunks, dress cases, suit and shirt cases, portmanteaux, Gladstone, brief, hand and courier bags, hat boxes, bed straps, soiled-linen bags, stick cases, etc., etc.

Mill Stores:—Single and double leather belting, Ginning rollers and washers, Roller skins pickers, hose pipe, etc., etc.

Miscellaneous Leather Goods:—Puttee and lace gaiters, collar boxes, brush cases, cigar and cigarette cases, school bags, Peon's bags, Mussacks, Syce's belts, bottle and tumbler cases, luggage labels, etc., etc., etc.

ALL ARTICLES GUARANTEED SOLID LEATHER.

Price List on Application.

ABDOOL RAHMAN,
MERCHANT,
POTCHEFSTROOM.
Tel. Address: "RAHMAN."
P.O. Box 12.

TRY . . .
"Indian Opinion" Office,
— FOR RUBBER STAMPS —
in different languages.

EBRAHIM CAMROODEEN.
GENERAL MERCHANT.
Natal Leaf Tobacco a Speciality.
113 GREY STREET, (Camroodeen's Buildings.)
Tel. Add: "CAMEEN." Durban

M. A. Karodia & Co.,
GENERAL MERCHANTS
Dealers in all kinds of Indian Groceries & Soft Goods.
Box 5598.
41 Market Street
JOHANNESBURG.

K. M. NAIDOO & CO.,
Wholesale & Export
Fruit & Produce Dealers
AND
OSTRICH FEATHER BUYERS.
P.O. Box 1. Tel. Address: "NAIDOO, ROBERTSON, C.C.

A. A. PILLAY,
Wholesale Fruit & Produce Dealer and Commission Agent
Box 1353
49 President St., Johannesburg.

THE IMPERIAL CIGAR Manufacturing & Trading Co.,
Large stocks of the best brands of Cigars and Cheroots always on hand.
Telephone 385. Tel. add: "CHEROOT"
Star buildings Umgeni Road,
DURBAN.

M. E NAGDEE & Co.,
General Merchants & Direct Importers,
Wholesale & Retail.
Head Office: Box 5, WARMBATHS, and at NYLSTROOM.

HORMAJCY IDOLCY,
DIRECT IMPORTER
—AND—
GENERAL MERCHANT
P.O. Box, 312, DELAGOA BAY.

P.O. Box 2138, Johannesburg.
S. HALLOO.
TIN MANUFACTURER.
Boilers, Tobacco & Scrap Tins, Lamp Bottles, Water Cisterns, Sheet Troughs, etc.
Factory: Stand 48, 16th St., Fordsburg

B. K. PATEL,
Fruit Merchant & Commission Agent.
38, PRESIDENT STREET.
P.O. Box 5250,
JOHANNESBURG.
ભવાન કાનજી પટેલ,
ફ્રૂટ મરચન્ટ એન્ડ કમીશન એજન્ટ.
૨૮ પ્રેસીડન્ટ સ્ટ્રીટ.
પી. ઓ. બોક્સ, ૫૨૫૦
જોહાન્સબર્ગ.

ગોપાલજીભગવાન,
Mattress Maker, Wholesale Importer,
Dealer in Bedsteads, Coir Pickings, Mattress Cases, Feather Pillows,
3 Market St. (West), Box 6028, JOHANNESBURG

SOOKAR LAXMIDAS,
TAILOR & OUTFITTER.
ઓરડર મુજબ સુટ બનાવી આપવામાં આવે છે.
23 & 25 Market St., JOHANNESBURG

STAR LAUNDRY
(INDIAN)
New Claire, Waterfall,
Box 5277, JOHANNESBURG.

S. CASOOJEE,
General Merchant. All kinds of Groceries,
60 Buffalo Street. Tel. Add: "CASOOJEE."
Branch: 3 & 5 Johannesburg Road, 12 & 14 Milner Rd.,
EAST LONDON Box 270

નાગરદાસ હરી સોની
કરેક રકમના સોના ચાંદીના સરસ દાગીના બનાવનાર.
ઓફીસ નં. ૨૪૧-૨૪૨, એડીલાઈડ બજાર,
પ્રીટોરીયા: મુખ સ્ટ્રીટ. P.O. Box 280 Pretoria

CHAN HENRY,
WHOLESALE and RETAIL FAMILY GROCER ETC.
NEW STREET,
GRAHAMSTOWN, C. C.

RATANJI RUGNATH,
TAILOR and OUTFITTER.
ઓરડર મુજબ સુટ બનાવી આપવામાં આવેછે.
27 MARKET STREET,
BRANCH: 21 MARKET STREET, JOHANNESBURG

સ્વદેશી ઉદ્યોગના રક્ષણાર્થે.
આ રસ નેતાજી કેરીનારસમાં વપરાયેલ છે.
મુખેઃ—મહેતા અને ખત્રીનિમા વર્કસ,
બોમ્બે ૧૬૦, પીલીભીત્ત.



164 Grey Street
Durban.
SUN CIGARS, SUMATRA CHEROOTS
. . BOER TOBACCO .
VIRGINIA TOBACCO, SHAG, &c.
At Lowest Wholesale Prices.
Box 88. Tel. Address: "Porbandar."
Telephone 864.

સસ્તો અને ઉમદા માલ.
સન સીગારેટ, સુમાત્રા ચીરૂટ બોઅર તમાકુ વીર્જીનિયા શેગ વગેરે બનવી દામાં નીકરે ગ્રાહકોને મળશે.
સન બ્રાન્ડ ટોબેકો વર્કસ.
૧૬૪ ગ્રે સ્ટ્રીટ, ડરબન

Ismail Amod Kajee,
GENERAL MERCHANT & DEALER
Market Square, P.O. Box 11,
KRUGERSDORP.

GOOLAM MOHIDEEN,
GENERAL MERCHANT
P.O. Box 3755
2 Crown Road, Fordsburg.
JOHANNESBURG.

Vrajdas & Lalchand.
GENERAL MERCHANTS
Importers & Commission Agents,
Wholesale and Retail
P.O. Box 92. *Lourenco Marques*

HOONDAMAL SONS
India, China, Malta and Assam
SILK MERCHANTS
WHOLESALE & RETAIL
107-West St. (Grey Street, Corner)
DURBAN.

A. M BHYAT,
Wholesale & Retail Merchant.
Market Street, Box 88,
HEIDELBERG.
Branches:— Pietersburg, Box 24
Nigel, Box 45
Tel. Address: "BHYAT."

V. G. MAHARAJ,
Indian Silk Merchant and Direct Importer.
Corner of PRESIDENT and VON BRANDIS STREETS.
Between Eloff and Von Brandis Streets, 3 doors from Store Rooms.
P.O. Box 4109. Tel. Add: "MAHARAJ," JOHANNESBURG.

M. E. SEEDAT,
General Merchant and Produce Agent.
Branch: INGOGO.
Tel. Add: "SEEDAT."
Box 7, NEWCASTLE.

M. P. FANCY,
MERCHANT & IMPORTER
WHOLESALE AND RETAIL

એમ. પી. ફેનસી.
હોલસેલ ને રીટલ મરચંટ.
બ્રિટિશ મેગેરી જયાલંધ હિંદુસ્તાન થી મંગાવી સસ્તે ભાવે વેંચવામાં આવે છે. બાસ થી ચોરબંદરનું તથા કલકત્તા હુ-સરસ બાયલ-ચોખું ગંધીઆણું-જરૂર જોય. અજમાએશ કરી જુઓ.
STAND 513, 12th Street, VREDEDORP
Box 6031, JOHANNESBURG.
Telegrams: "FANCY."

S. D. BOBERT,
General Importer, Wholesale and Retail Merchant
Cheapest House in the Market Square.
BRANCHES AT
LOCATION, POTCHEFSTROOM.

MUSTARD OIL
FRESH & CHEAP
Produced in our own Manufactory.
મસટર્ડ ઓઇલ (કડુ તેલ)
તાજુ અને સસતું
અમારા કારખાનામાં બનાવેલ
SOUTH AFRICAN OIL Co.,
P.O. Box 848,
154 Queen Street, Durban

DAWAD MAHOMED & Co.
ESTATE OWNERS.
FARMS TO SELL.
TOWN AND SUBURBAN
HOUSES TO LET
Application will receive prompt attention.
For further particulars apply to
PLOWRIGHT LANE.

A. E. CHOTABHAI,
MERCHANT.
P.O. Box 33,
KRUGERSDORP.

DADA OSMAN,
General Merchant & Commission Agent,
102 QUEEN STREET, DURBAN.
P.O. Box 38. Tel. Add.: "CORBANUAR."
ESTABLISHED 1880.
દાદા ઓસ્માન.
જનરલ મરચંટ ને કમીશન એજંટ.
બોકસ ૮૮, ૧૦૨ કવીન સ્ટ્રીટ.
ડરબન
Telephone 864

G. H. MIANKHAN & Co.,
General Merchants & Direct Importers.
Oldest Established Native Goods' Merchants.
NATIVE CURIOS MANUFACTURED ON THE PREMISES.
ALSO ESTATE OWNERS.
HOUSES OFFICES SHOPS &C. TO LET.
APPLY—
124 & 126 FIELD STREET.
P.O. Box 97. Tel (Address: "MIANKHAN," Durban Telephone No. 855

A. F. CAMAY & CO.,
Wholesale Grocers
& General Merchants,
JACOB'S BUILDING,
(OPPOSITE GAIETY THEATRE)
8 KORT STREET,
P.O. Box 3604. Tel. add. "Camay"
Telephone No. 1891
JOHANNESBURG.

E. Suleman Bros.,
Wholesale & Retail Timber & Iron Merchants,
Saw Mills & Timber Yards:
109 Queen Street, Durban

Y. Samy,
FRUIT MERCHANT
8 Jones Street,
KIMBERLEY

હટરના તારના કંપની, લીમીટેડ.
હિંદુસ્થાન તથા યુરોપ માટેના તારના સસ્તા દર.
હટરની કંપની ખાસ પોતાના વેપારને માટે હિંદુસ્થાન, બગદાદ, યુરોપ, ઓસ્ટ્રેલેશિયા અને અમેરિકા તાર મોકલી શકે છે. નિયમીત પરીણામે દર અઠવાડીયે બે વખત રીતસર આવવામાં આવે છે.
હટરની કંપની તાર આપવા દુનિયાના કોઈપણ ભાગપર પોતાની ઓફીસો રાખી છે.
હટરની કંપની તાર મોકલનાર તથા લેનાર બન્નેના તારના હટરર કરે છે. આ હટરર નામને માટે કોઇપણ પક્ષના લેનારમાં નથી આવતા. હટરની ખાસ રીત હુ છે કે જેને રીતે ચુપ્ત છે. આવી રીતે નામ હટરર કરાવી લેવા કબુલ્યાં તાર લેના તથા મોકલનારની પક્ષ ખરચે હટર નામ જોડવી શકાય છે.
નવી હટર મોકલવા આવેલા તાર હટરની કંપની લેના આવ્યા બની લેનાર પક્ષને ખબર કરે છે.
વધુ વિગત માટે નીચેને સરનામે લખો.
મેનેજર, હટરની કંપની, રોયલ બેંકબિલ્ડીંગ્સ, ૨, સ્ટેન્ડ સ્ટ્રીટ, ડરબન.
હટરની કંપની, રોયલ બેંકબિલ્ડીંગ્સ, ૨, સ્ટેન્ડ સ્ટ્રીટ, ડરબન.
અથવા હટરની કંપની, પી ઓફીસ હાઉસ, કમીસનર સ્ટ્રીટ, જોહાનીસબર્ગ.

"INDIAN OPINION."

Yearly Subscription (Natal)		12/6
Half Yearly	... ...	7/6
Quarterly	... ...	4/-
Yearly Subscription (South Africa, England and India)	...	17/-
Half Yearly	... ...	9/-
Quarterly	... ...	5/-

Printed and Published by M. K. GANDHI, International Printing Press, Phoenix, Natal

INDIAN OPINION

PUBLISHED WEEKLY — AFRICA — INDIA — INDIAN OCEAN

Vol. 6. Phœnix, Natal, Saturday, August 22nd, 1908. No. 34.

Tel: Addr: 'RUSTOMJEE.' **JALBHOY & SORABJEE Bros.** Telephone No., 604.

110, Field Street, DURBAN.

HAVE ALWAYS IN STOCK

Rice, Dholl, Ghee Oils, Tamarind, Fish, Coconnuts, Flour Cape Snoek-Fish, Variouskinds of Spices, Natal Garlic, Old Newspapers, Harmoniums, Phonographs and Records etc. etc.

તમાકુ શાલ ઘાંણા પાતરાનો વેપારો સેવુનો તથા વેચવાનો છે.

પેપરોઝિનની સ્ટુડ મચ્છીના સોલ એજંટ સહુથી મહામલ દામે મળશે.

TO LET—HOUSES, SHOPS, & WAREHOUSES.

PARSEE RUSTOMJEE, 110 Field Street, Durban.

GUSTAV BOCKRIS,

WHOLESALE MERCHANT,

21 Simmonds St., Box 3440, JOHANNESBURG

દરેક જાતનો કાપડબર અમારે ત્યાં દર અઠવાડીએ નવો આવે છે જેના દા:—

મોસરોનાં કપડાં, બ્લાઉઝીસ, નાઇટ વાઉન્સ, કમીસ, ઇમ્બ્રોઇડરી મશીનો ફેન્સી સામાન મોહેર, બીજ્સ, ટોપી, કનટોપી, ફાલર, રબની શાલ, રૂમાલ, બટનો, સેસ, ઇમીટેશનનો વેગરે સામાન વિગેરે વિગેરે.

અમારે ત્યાં દુનીયા ભરના ચીનાઈ બજારા, ફેરાવી લારી લારી જાતનેજાતની ફેશન ચાલુ તથા રટેશનરી વિગેરે સામાનનો મોટો જથ્થો રાખવામાં આવે છે. દરેક માલ મોકલતા હમણી તથા બરાબર સંભાળથી પેકીંગ મોકલવામાં આવે છે

એક વખત ઓરડર મોકલી ખાત્રી કરશો.

A. Tomaselli & Sons,

MARKET AND COMMISSION AGENTS.

All kinds of Produce received for Sale on the Johannesburg Market on Commission. Fruits a speciality.

Farmers and Produce Merchants can be assured to obtain the Highest Market Price and Prompt Settlement.

Weekly Market Reports sent free on application.

ગાડી ભરતી વેચાણ તથા પૂરતો હીસાબ તથા ચેકદારેલાની ખાતરીપૂર્વક આપવામાં આવે છે. બારા વરતર કુલવામાં આવે છે.

REFERENCES:

Mr. J. DE WIT, Head Market Master.
The National Bank of South Africa, Ltd.

OFFICE & STORE.—Beckett's Building, Market Square
Box 3984. Tel. Address: TOMASELLI, Johannesburg

Sulliman Ismail Mia & Co.,

DIRECT IMPORTERS

સુલેમાન ઇસ્માઇલ મીઆની કું. બહારગામ બાજુમાંથી રહેવા વીશેરેની સગવડ સારી કરવામાં આવી છે.

Corner Park Lane and
Avenue Rd., Fordsburg, J'burg.
Tel. Address: "SULIMAN."
Box 3553, JOHANNESBURG.

BABU TALWANTSING,

General Merchant & Produce Dealer,
58 Wick Street,
VERULAM

R. R. NAIDOO.

General Dealer & Direct importer of Indian Groceries.

56 Walmer Road,

Forwarding and Commission Agent.
STORES: LOWER PIER STREET.
P.O. Box 353. Telegrams: "OMEGA"
VARSITY

Y. Samy,

FRUIT MERCHANT

9 Jones Street,

KIMBERLEY

Tel Address: "MIA." P.O. Box 1262

A. M. SULEMAN MIA & CO.,

WHOLESALE AND RETAIL

Merchants and Direct Importers,

એ. એમ. સુલેમાન મીઆનું

અમારે ત્યાં કાપડ અને મોસરી વિગેરનો આવે મળી શકશે

Corner Park Road and Park Lane,
Fordsburg, Johannesburg

BRANCH:

Boschhoek, Dia. Rustenburg

દેશી ખીમાઇ.

સારી જાતે કરતી. પોસ્ટ બી.જી.

છે, ઇસ્ટ્રક્ટ

૧૬૦ એ ચે સ્ટ્રીટ, ડરબન

ઈ. અબુબકર આમદ એન્ડ બ્રધર્સ, Tel. Address "ABOOBAKER"
તરેહવાર રેશમના વેપારી—ડરબન, (નાતાલ).

E. ABOOBAKER AMOD & BROTHER,

434, West Street, DURBAN.

Direct Importers of Fancy Goods. Best Silks.

Ladies' Clothing,	Skirts,	Bibs,
Blouses,	Underskirts,	Bonnets,
Night-gowns,	Children's Fancy	Bootees,
Combinations	Goods,	Hats,
Chemises,	Frocks.	Wool Shawls.

Handkerchiefs, Collars, Scarves, Lace, Insertion, Ribbon and Silks Goods in all colours.

BEST SILVER JEWELLERY PRICES MODERATE.
Come and see for yourself.
Attention, Neatness and Obeapness, Guaranteed.

Reuter's Telegram Company Ltd.,

Economical CABLEGRAMS to INDIA and the EAST

બાંધો સ્પષ્ટ રીતે બતાવી દીધો છે એટલે મારે તે વિષે વધુ ખુલાસાપણું રહેતું નથી. હવે કાયદો આપણે કબુલ કરીએ તો ખુની કાયદાઓને બોપણે જે સોગન લીધા હતા તેને ભંગ થાય છે. આ બીલ ઉપરથી દેખાઇ આવે છે કે સરકાર આપણને બાળક લેખે છે. આ મીટીંગથી આપણે બતાવીએ છીએ કે સરકાર તેમ કરી શકશે નહિ. આ બધાનો ઉપાય આપણે સામે થઇ નથી કરી શકતા પણ દુઃખ ઉઠાવવાથી કરી શકશું. આપણને જોળવી ને આપણી પાસેથી મરજીઆત સરટી ફીકેટ લીધાં. આપણને એમ સમજાવ્યા કે જો મરજીઆત રજીસ્ટર લેશું તો કાયદો રદ થશે અને આપણી સ્થિતિમાં સુધારો થશે. કેટલાંક લખાણો ઉપરથી, કેટલાંક ઓનરરી સેક્રેટરીના કહેવા ઉપરથી તથા કેટલાંક જનરલ સ્મટસના ભાષણ ઉપરથી તે વાત આપણે કબુલ રાખી. આજે આપણને ખબર પડે છે કે તે વચનો પાળવાના નહોતા અથવા ખુની કાયદાને માથે પછાડવા જેવી કલમો કબુલ રાખીએ તોજ પાળવાના હતા. મરજીઆત રજીસ્ટર વખતે બંને પક્ષનો મેળો જળવાતો હતો. કોમપણ બનતી ગેર સમજ ઉભી થાય અને મરજીઆત રજીસ્ટરમાંથી આપણે પાછા હઠવા માગીએ તો જનરલ સ્મટસની ફરજ હતી કે આપણને દરેક બનતી સરલતા કરી આપવી. પણ તેને બદલે મરજીઆત રજીસ્ટર પાછા માગવાની આપણી માગણી કબુલ રાખી નહિ. સુપ્રીમ કોરટથી કાયદાની બારીકાઇને લીધે આપણને કાંઇ મદદ મળી શકી નહિ. ત્યારે આપણે જે એક વખત ખુશીથી સરટીફીકેટો કઢાવ્યા છે તેને આપણી પાસેથી દુર કરવા રહ્યા. આપણી બહુ મનસાઇનો સરકારે લાભ લીધો છે તે તેને પણ શરમાવનારૂં બનાય. આપણે અહીં મરજીદની પાક જગ્યામાં તે મરજીઆત કઢાવેલા રજીસ્ટ્રેશન સરટીફીકેટો બાળવા ને મળ્યા છીએ (તાળીઓ). ખુની કાયદાને તાબે થવા માટે જે કેટલાકને પસ્તાવો થયો છે તેમણે પણ તેમના સરટીફીકેટો બાળવાને આપેલા છે. આથી કાયદાનું અપમાન થાય છે એમ કેટલાક તરફથી કહેવામાં આવ્યું છે. આપણે દુઃખ ઉઠા વવાને તયાર થયએ તેમાં કાયદાનું અપમાન કેવી રીતે ગણાય? પણ ગમે ન ગણાય તો પણ આપણે તે કામ કર્યા વિના રહેતા નથી. મરજીઆત રજીસ્ટર બે ડેપ્યુટેશન સાઉથ પાર્લામેંટમાં ગયાં તે બીજી વખત બંધારે. તેની સામે આપણે જે અરજી કરી છે તેને જોર આપવાને આપણે આ કામ કરીએ છીએ. આ મીટીંગની તરફથી હું પારલામેંટને વીનંતી કરું છું કે તે બીલ મંજુર ન રાખે. આનું પરિણામ એ આવશે કે આપણને ખુની કાયદો લાગુ પડશે અને કમનશીબે જે આપણા બહુ દુર ભાઇઓ આવેલ છે તથા બીજા સેંકડો ભાઇઓ જેઓ મરજીઆત રજીસ્ટર નથી લઇ શકયા તેમની હારે ઉભા થઇ રહેશું. આ નવા બીલથી આપણને રાહત મળશે એમ કહેવામાં આવતું હોય તો તે દેખાવ જેવું છે. કોઇ કહેશે કે ત્યારે આપણે શું જોઇએ છીએ! આ દેશ હીંદીઓથી ભરાઇ જાય એમ આપણે નથી માગતા. આ દેશમાં કોઇની સાથે ગેરવાજબી હરીફાઇમાં ઉતરવા આપણે નથી માગતા પણ જે આ દેશના રહીશ છે તેઓને છુટથી રહેવાનો હક માગીએ છીએ. ઉંચી કેળવણી પામેલા નવા હીંદી સિવાય તો આ દેશમાં ન આવી શકે તે આપણે સમજીએ છીએ અને કબુલ કરીએ છીએ. આપણને કેળવાએલાની મદદની જરૂર છે. પછી ભલે તેઓની સંખ્યા બહુજ થોડી હોય. તેઓ વેપારી હરીફાઇમાં કાંઇ નથી ઉતરવાના. તેઓ તો આપણને સલાહ અને શીખામણ આપી પોતાની રોજી કમાશે. જ્યાં ઘણા એશીઆટીક વસેલા છે ત્યાં આવી બનતના લોકોને અટકાયત હોય એવો કોઇ મુલક મારી જાણમાં નથી છતાંમાં થોડા સમય થયા જે લખાણો બહાર પડે છે તેથી જણાય છે કે આપણી અને સંરક્ષાનવાસીઓની વચ્ચે ઘણો મતભેદ છે. આપણે કબુલ કરીએ છીએ કે એશીઆટીક આવાગમન ઉપર અંકુશ મુકાય. પણ ગોરા વતનીઓનો છેવટનો હેતુ એ છે કે બને દહાડે હીંદી ઓનો પગ અહીંથી બીલકુલ નીકળી જાય. આપણી માગણી એ છે કે જેઓ આ દેશમાં રહેવાનો હક ધરાવે છે તેને દરેક રીતે આબાદ થવા દેવા. આ આપણે ખરા જીગરથી કહીએ છીએ કે કેમ તેની ખરી કસોટી ખુની કાયદો છે. આપણે પગ આ દેશમાંથી હાણી નાખવાને આપણે તયાર છીએ? ના, આ મીટીંગ જાહેર કરે છે કે જ્યાં સુધી આ કોલોની એશ્રેજી રાજ્ય નીચે છે, જ્યાંસુધી સહેનશાહ કિંગ એડવર્ડનો ઢંઢેરો પાછો ખેંચી લેશે નહિ, અને દુનીયાને જાહેર નહિ કરશે કે આપણે અંગ્રેજની રૈયત નથી પણ રખડતા ટોર છીએ ત્યાં સુધી તો આપણે તે વાત કબુલ કરી શકતા નથી. ત્યાં સુધી તો આપણા હક, આપણી છુટ ઉપર જે કાંઇ દુખલા થશે તેને માટે આપણાથી તમન્નાઇથી જે કાંઇ થઇ શકશે તે કરશું આપણી પાસે મુખ્ય સાધન છે. આ સાધન ખુદાને સાથે રાખી દુનીયાના મહાન નરોએ વાપરેલું છે. હું આશા રાખું છું કે સરકાર અને કોલોનીસ્ટો આ છેલ્લી ઘડીએ પણ સમજશે અને આપણે જે માગણી કરી છે તે કબુલ રાખશે કારણ કે આપણે જે માગણી કરી છે તે તેમને મન કાંઇ નથી જ્યારે આપણને હિસાબે ઘણું એ છે. (લાંબા વખતસુધી તાળીઓ).

શ્રી. ગાંધીનું ભાષણ

આજે કેટલાક વખત થયા મારા સ્વદેશી ભાઇઓને હું જે સલાહ આપતો આવ્યો છું તેથી કેટલાક મિત્રો મને ઠપકો આપે છે, અને બીજા જેઓ મિત્રો નથી તેઓ મારી હાંસી કરે છે. આવું છતાં, બહુ વિચાર કરીને હું એવી સલાહ દઉં છું કે આપણી લડતના બારામાં હવે એવો સમય આવ્યો છે કે આપણા આગળના ઠરાવ મુજબ આપણે આપણાં રજીસ્ટરો આજે બાળી દેવાં. કોઇ એમ કહે છે કે મારી આવી સલાહને લીધે મારા ભાઇઓ ઉપર હું અસંખ્ય દુઃખો આણીશ હું એ જાણું છું. પણ હું એમ પણ જાણું છું કે રજીસ્ટરો બાળી નાખવાથી અનેક સંકટો વેઠવાં પડે એમ હોય તો આ રજીસ્ટરો રાખીને અને ખુની કાયદાને અથવા રજીસ્ટરને કાયદા પુરવક બહુમતના બીલને તાબે થઇને મહારા ભાઇઓ વધુ હીણપત ભોગવશે અને સંપુરણ ભાર મુકીને કહું છું કે હીણપતમાં જીવવું તેના કરતાં નશીબમાં લખેલું બધું દુઃખ સામટું સહેવું એ વધારે સારૂં છે. વળી ટ્રાંસવાલમાંના મારા ભાઇઓએ ખુની કાયદાને તાબે ન થવાના કસમ આપણે ઉપર ઉપરથી પાળવાના નથી પણ અંતઃકરણ પુરવક પુરે પુરા પાળવાના છે. મરજીઆત રજીસ્ટરને કાયદા પુરવક બહુમતના બીલને તાબે થઇ ખુની કાયદાથી બચી જવાય છે એવી ખોટી સલાહ હું દઉં તો મારા દેશીઓને ગુનેગાર, ઇશ્વરનો ગુનેગાર તથા કસમ તોડનારો મને માનું. રજીસ્ટર બાળી નાંખવાથી કોઇએ એટલા દુઃખ પડે તો પણ હું એજ સલાહ દઇશ. પણ મારા ભાઇઓ, ખ્યાલ રાખજો કે જો તમારાં રજીસ્ટર બાળી નાંખો તો જ્યાં સુધી આ જરેડા નીચેનો આંક નાબુદ ન થાય ત્યાં સુધી તમારે ઉપયોગ કરવાનો નથી. જે રજીસ્ટરો આજે

બાળી નાખવામાં આવ્યા છે તેની નકલો આવતી કાલે શા. ૫/– ની ફી આપી તમે મેળવી શકો છો. આ બીલ પસાર નથી થયું એટલે વખતે સરકાર આ સરટીફીકેટની નકલ મફત પણ આપશે. પણ આ સભામાં જો કોઇ એવો હીંદી હોય કે જે આજે સરમને મારવે સરટીફીકેટ બાળવા ને આપી પાછળથી સરકાર પાસે જઇ તેની નકલ માગવા બેસે તો હું કહું છું કે તેણે અત્યારેજ બહાર પડીને કહેવું. એસોસીએશનની કમીટી મીટીંગમાં સરટી ફીકેટ બાળવાનો ઠરાવ કર્યો તે પહેલાં કેટલાકને તો જેલમાં તમે મોકલી ચુકયા હતા. તમારી લડતમાં મદદ કરવાને બહાદુર મી. સોરાબજી ચારલસ્ટાઉનથી આવી પહોંચ્યા. (તાળીઓ) કેટલાક ગરિબ હીંદીઓને આપણા દેશની ખાતર, સરકારને તેની હાલત જોઇ દયા આવે તેની ખાતર. અનેઆપણે સ્વમાન સમજીએ છીએ તે બતાવવાની ખાતર તેને જેલ મોકલ્યા. આમ આપણા ગરિબ ભાઇઓને જેલમાં મોકલ્યા પછી આપણે આ મરજીઆત સરટીફીકેટો રાખવાં વાજબી છે? જેલના દુઃખમાંથી છુટવા સારૂ હું કાંઇ મુદત પહેલાં જેલમાંથી છુટયો ન હતો–ખરૂં જોતાં મને તો ત્યાં કોઇ જાતનું દુઃખ હતું પણ નહિ. મારા ભાઇઓને આવી હાડમારી પડે અથવા અપમાન સહેવું પડે તેનું મને ઘણું દરદ થાય છે. હું જેલના બહાર રહી મારા ભાઇઓની આવી સ્થિતિ જોઉં તે કરતાં જીંદગીભર જેલમાં રહું તે હજાર દરજ્જે પસંદ કરૂં છું. અને તેથીજ તમારો દાસ કસમ તોડવાને બદલે જે દુઃખ ભોગવવાનું જરૂરનું છે તે ભોગવવાની સલાહ આપું છું અને સરટીફીકેટો બાળવાનું કહું છું. (અમે તે બાળવા તયાર છીએની બુમો). આ દેશમાં ગોરા તથા બ્રિટીશ પ્રજાનો સરખા ભાગીદાર મણાય એવું જાહેર કરવું છે તે ઉપર કેટલીક ટીકા થઇ છે. હું હજી પણ તેવુંજ જાહેર કરૂં છું પણ તેથી હું એમ નથી કહેવા માગતો કે આ દેશમાં આવે તે એશીઆ ટીકો આવવા જોઇએ. આપણે આ લડત શું કરવાને ઉપાડેલ છે. ખુની કાયદો રદ થવાથી આ લડત પુરી થતી નથી. આપણી આંખમાં ધુળ નાખવા કાલે સવારે આ કાયદો રદ કરે અને તરતજ બીજો કાયદો એનાથી સખત કરી શકે છે. જે પાઠ હું આ લડત ઉપરથી શીખ્યો અને મારા દેશીભાઇઓ પણ શીખે એવું હું ઇચ્છું છું તે એ કે વોટનો આપણને હક નથી, ટરાંસવાલની પારલામેંટમાં આપણા પ્રતિનીધી મોકલવા નો આપણને હક નથી તો પણ આપણે એક અમરપટો ધરાવીએ છીએ. સરવનો પેદા કરનાર જે એક છે તેની દરબારમાં બધા સરખા છે. આ દુનયથી રાજાઓ કરતાં તે રાજાના રાજા ઉપર આપણો વિશ્વાસ છે. જો આ વાત ગોરા દેશી ભાઇઓ સમજે તો આપણે વોટ વગરના ઉપર પણ જોઇએ તેવો કાયદો પસાર કરવામાં આવે તો પણ જો તે આપણા અંતઃકરણની વિરૂદ્ધ જાય, આપણા ધરમની વિરૂધ્ધ જાય, આપણે જેને સત્ય માનીએ છીએ તેની વિરૂધ્ધ જાય તો તેના કાયદાને તાબે થવા આપણે શારીરિક બળ વાપરવું નથી. તે કાયદામાં જણાવેલી સજા ઉઠાવવી છે. પોતાને માણસ કહેવડાવનારને આથી વધારે માનભરેલી–આથી વધારે યોગ્ય વરતણુક બીજી કઇ હોઇ શકે? બ્રિટીશ પ્રજાજનોને આ પ્રકારની લડત શીખવાની જરૂર હતી અને તેથી આફ્રેવાનોએ ભેગા મળી પોતાના સ્વદેશી ઓને લડતની આ રીત દેખાડી. આવી લડતથી ટ્રાંસવાલની સરકારને નુકસાન નથી, લડત લેનારને નુકસાન નથી. લડનારની કસોટી થાય છે અને સાચા હોય તો જીતે છે તથા ખોટા હોય તો તેમને યોગ્ય હોય તે તેમને મળેલુંજ છે. જ્યાં સુધી અંગત હુમલો કરવો હું પસંદ કરતો નથી. તો પણ એક વેળા મી. ચમની માટે મેં ટીકા કરી છે. મી. ચમની બિલકુલ અનઘડ અને નાલાયક છે એમ મેં કહ્યું હતું. જ્યારે કેપટન હેમીલ્ટન ફાઉલની સાથે એની સરખામણી કરૂં છું ત્યારે મારે કહેવું જોઇએ કે આજ સુધી જો કારભાર એના હાથમાં હત તો ટરાંસવાલની સરકાર, હીંદી કોમ તથા વડી સરકાર હાલજે મુસ્કેલીમાં મુંઝાય છે તે વખત આવત નહિ. મી. ચમની એ જસ્ટીસ ઓફ પી પાસે પાસે એફીડેવીટ કરી છે કે જનરલ સ્મટસે મી. ગાંધીને ખુની કાયદો રદ કરવાનું વચન કદિ આપ્યું નથી. એ એફીડેવીટ ખોટી છે એમ હું કહું છું. જનરલ સ્મટસે મને વચન આપ્યું તે તેણે કાનોકાન સાંભળ્યું છે. તેણે પોતે મને એ વાત એક વખત નહિ પણ ઘણા વખત કહી છે અને જનરલ સ્મટસ આપેલું વચન પાળશે એવો મને વિશ્વાસ પણ દીધો છે. એક વખત મારો એક સ્વદેશી પાસે હતો ત્યારે તેણે એમાં ઉમેરવું હતું કે "જ્યાં સુધી એક પણ એશિઆટીક મરજીયાત રજીસ્ટરની અરજી કીધા વિનાનો હશે ત્યાં સુધી કાયદો રદ થવાનો નથી." આજે કોમ પણ એશિઆ ટીક-દાખલો દેવાને એક એશિઆટીક– નથી કે જેણે મરજીયાત રજીસ્ટરની અરજી કીધી નહિ હોય. હવે હું વચન પાળવા ને આગ્રહ કરૂં છું. મી. ચમનીએ એફીડેવીટ કીધી છે અને તે જો સાચી હોય તો "એક પણ એશિઆટીક અરજી આપ્યા વિનાનો હશે તો કાયદો રદ નહિ થાય" એ શરત નો હેતુ શું? ત્યાંસુધી મી. ચમની આ ઓઢા ઉપર છે ત્યાંસુધી શાંતિ થવાની નથી. કોઇ માણસના પેટ ઉપર પગ મુકવાની મારી ઇચ્છા નથી અતાં કહું છું કે એશિઆટીકો સંબંધના તેમના ઓઢા ઉપરથી મી. ચમનીને દુર કરવાજ જોઇએ.

મી. પોલાકનુ ભાષણ

મી. પોલાકે પોતાને આપવામાં આવેલા આદરમાન માટે આભાર માની જણાવ્યું કે, અને હિંદી કોમનો રખેવાળ કહેવામાં આવે છે. આમ કહેવાનું કારણ મને ખબર નથી. હું માનું છું કે હિંદી કોમના હાકો સાચવવા તેઓ ખરે રસ્તે છે તે અને તેમની બરાબર સંભાળ રખાય છે તે જોવાની મેં મારી ફરજ ગણી છે તેથી હજો. થોડા વખત ઉપર હું ડરબન ગયો હતો, ત્યારે મી. અબદુલ કાદરે મને કહ્યું કે મી. પોલાક, તમે કાંઇ હિંદી થઇ શકશો નહિ. "તમારો ચહેરો બહુ ગોરો છે. મેં જવાબ દીધો કે ચહેરો ગોરો હોય તે હિંદી ન હોય એમ બનતું નથી. હું હિંદી હતું કે નહિ પણ માણસજાત છતાં ભલે તમારો જન્મ હિંદમાં અને મારો જન્મ ઇંગલંડમાં થયો હોય, ભલે તમારી અને મારી વચ્ચે સાત સમુદ્રનો અંતર હોય તોપણ આજે અહીંઆપણે બેગા થયા છીએ તે રંગ, બનત અથવા ધરમના ભેદ વિના સામાન્ય રીતે માણસાઇના હકો સાચવવા માટે છે. બ્રિટિશ ઇંડીઅન એસોસી શનના સભાસદ તરીકે કે ઇડિઅન ઓપિનિઅનના એડીટર તરીકે હું આજે તમારી આગળ ઉભો નથી. પણ એક અંગ્રેજ તરીકે. કારણ કે એક અંગ્રેજ તરીકે હું માનું છું કે હમણા જે બનાવો બને છે તે તમારા મોભાને પાકા પહોંચાડે છે એટલું જ નથી પણ તેથી મારી પેઢીને પણ ઝાંખ પહોંચે છે. હું જોઉં છું કે આજે

તમે કોમમાંથી તમામ નાદારિયત ખાતી નાખો છો–તમે જાતે ગરીબાંથી પસાર થઇ પવિત્ર બન્યા હશ્યો છો. અકસ્માતો, વરસો વરસ પહેલાં અથવા કોળીઓ ઇંગ્લાંડમાં થઇ હતી અને જેને આમાં બાબો મુકવામાં આવ્યા હતા તેઓએ કહ્યું હતું કે "આજે નાનો દીવો આપણે સળગાવીએ છીએ પણ આ નાના દીવા બાંધી એવડો મોટો ભડકો થશે કે જેવો ઇંગ્લાંડ કદી દીઠો નથી." આજની આ કોળીમાં હું એવા મોટા ભડકાના બીજ જોવું છું કે જેવો મોટો ભડકો દુનિયાએ કદી દીઠો નથી, દક્ષિણ આફ્રિકા એ કદી પણ દીઠો નથી.

ગ્રહસ્થો, તમારે ખાત્રીથી માનવું કે તમે અહીં તમારા પોતાના અંગત લાભ ને માટે નથી, તમારા દોઢ લાખ ભાઇ ઓ માટે નથી. પણ હીંદુસ્તાનના દરેકના ને ખાતર, તમારા સ્વદેશની કીર્તિને ખાતર, હીંદુસ્તાનના પ્રતિનિધી તરીકે છો. પરદેશ મુસાફરી કરવી તેનું મોટામાં મોટું ફળ આ છે કે ત્યાં જનાર પાછો ફરે ત્યારે પોતાના ભાઇને સ્વતંત્રતાના, ટેક જાળવવાના, વિદ્યા ભણવાના અને બીજા જે સાધનોથી પ્રજાનું મહત્વ વધે તેના પાઠો શીખવી શકે. હીંદુ, મુસલમાન, પારસી, ખ્રીસ્તી કે યાહુદી આપણા સર્વની ઉપર એક પ્રશ્નર રાજ્ય કરે છે. આપણે સહુ અહિયાં એક સંપથી ભેળા થયા છીએ એમાં કંઇ પ્રશ્નરી સંકેત છે. આઇ જાપણે ખલાસ કર્યું તે પહેલાં ૧૯૦૬ના સપ્ટેંબરમાં તમોએ લીધેલા પાઠ કાયમ યાદ આવું છું. હવે તમે શું કરો છો, ને કસમ કેવા પાળો છો અને માણસો તરીકે, ઉપદેશકો તરીકે, તમો કેવી રીતે વરતો છો તે પ્રશ્નર જમાનો જુએ છે.

ઠરાવ ૬ ઠો

નાતાલ ઇંડિઅન કોંગ્રેસના પ્રમુખ મી. દાઉદ મહમદે દરખાસ્ત કરી કે 'દરમ્યાન બાબતની પારલામેંટમાં રજુ થએલ એશિયાટીક વેપારી રેજીસ્ટ્રેશન બીલ ની સામે બ્રિટીશ ઇંડિઅનોની આ માસ મીટીંગ પ્રોટેસ્ટ કરે છે અને બ્રિટીશ ઇંડિઅન એસોસીએશન તરફથી સેક્રેટરીએ જે અરજી કરવામાં આવી છે, તેને ટેકો આપે છે.

આ દરખાસ્તને મી. આદમ એચ. ગુલ મહમદ (પ્રેસીડંટ બ્રિટીશ ઇંડિઅન લીગ, કેપટાઉન), મી. પારસી રૂસ્તમજી (વાઇસ પ્રેસીડંટ નાતાલ ઇંડિઅન કોંગ્રેસ), મી. એમ. સી. આંગલીઆ (જોઇંટ સેક્રેટરી નાતાલ ઇંડિઅન કોંગ્રેસ), અને મી. વી. એ. ચેટીઆર (ચેરમેન દામોદર બેનીફીટ સોસાયટી), એ સાહેબોએ ટેકો આપ્યો હતો.

બીજો ઠરાવ

હમીદીઆ ઇસ્લામીક સોસાયટીના પ્રમુખ મી. ઇમામ અબ્દુલ કાદર બાવાઝીરે દરખાસ્ત કરી કે 'બ્રિટીશ ઇંડિઅન કોંગે એશિયાટીક કાયદો જે અમારા ધર્મ અને અંતઃકરણની વિરૂદ્ધ છે તેને ન તાબે થવાનું જે પણ લીધું હતું તેને ફરીથી તાજું કરીએ છીએ.

આ દરખાસ્તને મી. ટી. નાઇડુ, મોલવી અહમદ મુખ્તયાર, મેસરસ ઇબ્રાહીમ અસ્વાત, દિલદારખાન, ઇ. એમ. કાચલીઆ, આર. કે. પડીઆચી (પ્રોટોરીઆ) વી. ચેટી, પી કે. નાઇડુ અને એમ. પી કેનસીએ ટેકા આપ્યો હતો.

ઠરાવ ૩ જો

પોચેસ્ટરૂમના મી. અબ્દુલ રહેમાને દરખાસ્ત કરી કે એશિયાટીક મરજીયાત રજીસ્ટરને કાયદે પુરવક ઠરાવનારૂં બ્રીટીશ સરકાર સાથે અમારી કોમને થએલા કરારનો ભંગ કરનારૂં છે; અને અમે આશા રાખીએ છીએ કે આ કોલોનીની સરકાર તરફથી ગોરી પ્રજાના પ્રતિનીધી તરીકે જનરલ સ્મટસે આપેલું વચન પળાવવા સર્વ કોલોનીસ્ટો તેને ફરજ પાડશે.

ઉપલી દરખાસ્તને વીરીનીખનના મી. ઇ. એમ. પટેલ, મી. આર. એન. ચોક લીંગમ પીલ્લે, ડરબનના મી. હરીશંકર જોશી, ડરબરસડોરપના મી. એ. ઇ. ઇટા ભાઇ અને હેડલબરગના મી. અહમદ સુલેમાન ખોટાએ ટેકો આપ્યો હતો

ઠરાવ ૪ થો

ઉપરના ઠરાવોને બટતે સ્થળે પહોંચાડવાની ચેરમેનને સત્તા આપવામાં આવે છે.

ઉપરની સરવે દરખાસ્તો સરવાનુમતે પસાર કરવામાં આવી હતી. બાર મીટીંગ બરખાસ્ત થઇ હતી.

મી. ડાનટેલરના શબ્દો ઉપર મી. પારસી રૂસ્તમજીએ જે ટોડ નાંખી છે તે વિષે મેસરસ એમ. સી. કમરૂદીન કંપની ના મી. અબ્દુલ કાદરે ગયા ગુરૂવારે મરકયુરીમાં એક લાંબો કાગળ લખી જણાવ્યું છે કે અમારૂં નામ વાપરી મી. ડાનટેલર જે બીના જાહેર કરે છે તેમાં જરા પણ સમાયું નથી મી. ડાનટેલરે જણાવેલ છે તેવી જાતનો કોઇ કંપની સાથે અમારી પેઢીએ કદી વેપાર પણ કરેલ નથી.

કેપ પારલામેંટ

ગઇ તા. ૨૮મીએ લેજીસ્લેટીવ એસેંબ્લીમાં મી. નોકે દરખાસ્ત કરી કે મેકે કીંગની બ્રિટીશ ઇંડિઅન એસોસીએશનના પ્રમુખ મી. એ. હસને ૧૦ જુલાઇના રોજ ૧૯૦૭ના ઇમીગ્રેશન કાયદામાં જે મુદત ઠરાવવામાં આવી છે તે રદ કરવા તથા ૧૯૦૬ના નંબર ૩૫ ના કાયદામાં જે અગવડો છે તે દુર કરવાની જે અરજી કરી છે તે ઉપર સરકારે તપાસ કરી રીપોરટ કરવો. આ દરખાસ્ત કબુલ રાખવામાં આવી હતી.

લેજીસ્લેટીવ એસેંબ્લીની તા. ૪ ના બેઠકમાં મી. ઓલીવરે દરખાસ્ત કરી કે કીંબરલી અને બીકન્સફીલ્ડના રહીશ મા વી. સામી અને બીજા ... દીઠીએ ૧૯ ના ઇમીગ્રેશન કાયદામાં જે મુદત ઠરાવવામાં આવી છે તે ... કરવા તા. ૨૨ જુલાઇના રોજ જે અરજી કરી છે તે ઉપર સરકારે તપાસ કરી રીપોરટ કરવો. આ દરખાસ્ત કબુલ રાખવામાં આવી હતી.

મી. બોવેલે દરખાસ્ત કરી કે ઇમી ગ્રેશન તથા જનરલ ડીલરના કાયદા વિષે તપાસ કરવા એક સીલેકટ કમીટી નીમવી અને તેને જરૂરી પૂરાવા લેવા તથા કાગળો તપાસવાની સત્તા આપવી. તેણે જણાવ્યું કે આ દરખાસ્તનું કારણ હીંદીઓની ફરિયાદ તપાસવાનું છે. પારલામેંટમાં જાદા જાદા ભાગો તરફથી અરજીઓ મળી છે. આ બાબત હું બંધી બાજુ બરાબર તપાસવાને મારાથી બનતું કરીશ.

મી. સાવરે જણાવ્યું કે આ કાયદો જ્યારે પહેલો દાખલ કરવામાં આવ્યો ત્યારે હું તેની સામે થયો હતો.

તે કાયદામાં એવી ગોઠવણ છે કે ન્યાય આપનારાઓનું હિત જે ન્યાય અપાય તેમાં સમાએલું હોય છે. જો હીંદીઓને કાઢી મુકવા ઇરાદો હોય તો તેનું રક્ષણ કરવાનો ઠોળ કર્યા વિના તેને ઢાંકી કાઢવા એ બહેતર છે. જે લોકો ઝોરાઓ સાથે ખોટી રીતે હરીફાઇમાં ઉતરે તેના ઉપર મારી દિલસોજી તો નથી. પણ તેને ન્યાય આપવાના નામથી જે ગોઠવણ કરવામાં આવી છે તે ઠોળને હું પસંદ કરતો નથી. હું આશા રાખું છું કે આપણે વેપારની બાબતમાં કોઇ માણસની જાત કે રંગ ઉપર નજર નહિ રાખીએ. હાલ જે રૂપમાં તે કાયદો છે તે રૂપમાં રહેવા દેવો તે તો શરમ ભરેલું છે. તેમાં ઘટતો ફેર કરવા હું મારાથી બનતું કરીશ.

મી. ડીવાલની દરખાસ્તથી કમીટીમાં કુલ નવ મેંબરો નીમાયા હતા.

આ દરખાસ્ત સરવાનુમતે પાસ થઇ હતી.

ટ્રાંસવાલના મદદે ચડેલા બહાદુર હીરા

વોલક્રસ્ટમાં ચાલેલા કેસની જાણવા લાયક રસ્તુઆત

કેદીની છોડવાની નોટીસ

(ઇ. ઓ. માટે ખાસ રીપોર્ટ)

ડરબનથી વોલક્રસ્ટ

ટ્રાંસવાલની લડતમાં ઉત્સાહ ભર્યો ભાગ લેવાને ડરબથી ગયા ગુરૂવારે સાંજે જે લશ્કર રવાના થયું હતું તેની કેટલીક બીના અમે ગયે અઠવાડીએ આપી ગયા હોઈએ. અગ્રેસ્લાઓમાંના આગેવાનોના નામ નીચે મુજબ છે. મેસરસ મુ. એમ. શૈલત, મુસા અહમદ, દયાર માવજી વલજી, મહન વલજી, મુલજી ઉકા, સુલેમાન ઇબ્રાહીમ, વલી આમુજી, કાજી કાસમભાઇ હાદાભાઇ, ઇસ્માઇલ ઇસપ, ઇબ્રાહીમ હુસેન, ઉમર ઓસમાન, કા. ગ. માધવ. તેમના તરફથી મળેલ જાણવા લાયક વધુ બીનતો નીચે મુજબ છે.

ડરબનથી ઘણા જથ્થાઓ વચ્ચે અમારી ટ્રેન ઉપડી હતી. રસ્તામાં મધી મજેદ હતી ન્યુકેસલના સ્ટેશને ઘણા હીંદી ભાઇઓ અમને મળવા આવ્યા હતા. તેમણે ચા નાસ્તાની ગોઠવણ કરી હતી. ચાર્લ્સટાઉનથી મેસરસ ઇમામ અબદુલ કાદર બાવાઝીર, એમ. પી. કેન્સી, ઇ. એસ. કુવાડીયા, આમદ મુસાજી, એ એમ. ભાયાત (હેડલબરગના) દીલદારખાન, ઉમરજી સાલે તથા મોહનલાલ ગોરધનભાઇ અમારી સાથે જોડાયા હતા. મી. ગોરધનભાઇ ની મુદતની પરમીટ પુરી થઇ હતી એટલે તે હવે જોહાનીસબર્ગ પાછા ફરે છે. બીજા બધા ટ્રાંસવાલના વતની છે.

વોલક્રસ્ટ આગળ ટ્રેન આવતાં કોન્સ્ટેબલ વેમથે જણાવ્યું કે ટ્રાંસવાલના માણસોને કોઇ પુછ્યા ગાછ્યા વિના જવા દેવાની મને સુચના મળી છે મરજીયાત રજીસ્ટર જોવા માંગ્યા વિના અમારા તો અગુઠાની માગણી કર્યા વિના તેઓને જવા દેવામાં આવ્યા હતા. મી. ગોરધનભાઇ ને અટકાવવાની સુચના મળેલ તે મુજબ તેને અટકાવવામાં આવેલ છે તથા ડરબનવાળા બધા ૨૯ને તપાસ માટે [illegible] અમે ૬૬ જણા કેદીઓના બધા વેમથ સાથે ચાર્જ ઓફીસે ગયા સાર્જન્ટ મેન્સફીલ્ડે તથા આગળ અમારી તપાસ કરી. મેસરસ એમ. સી. આંગરીઆ, મુ. એમ. શૈલત, એમ. પી. કાલ રાજા, એમ. એન. ગોસળાઆ, એમ. જે. ચંદેરીઆ, એસ બી. મેદ તથા એચ. જે. જોશી એ ઇમીગ્રેશન રીસ્ટ્રીકશન કાયદાની રૂએ કેળવણીની પરિક્ષા પાસ કરી દાખલ થવાની માગણી કરી. તેઓ ની પાસે દાખલ થવા માટેની અરજી અંગ્રેજીમાં લખાવી અને ભરણ પોષણ માટેના સાધન બતાવવાની માગણી કરી. દરેક પાસે પૌંડ ૨૦ રોકડા હતા. તે બતાવ્યા.

મેસરસ દાવુદ મહમદ તથા પારસી રૂસ્તમજીએ જણાવ્યું કે અમે તડાઈ પહેલાં ના ટ્રાંસવાલના વતની છીએ. અમારી પાસે પરમીટ કે રજીસ્ટર નથી. મી. આદમ ગુલ મહમદે જણાવ્યું કે મારી પાસે મરજીયાત રજીસ્ટર સર્ટીફીકેટ છે પણ તે હાલ મારી પાસે નથી. બીજા બધાએ જણાવ્યું કે અમે લડાઇ પહેલાંના ટ્રાંસવાલના વતની છીએ. ચાર જણાએ પરમીટ તથા રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ બતાવ્યા અને ચાર જણાએ ડરબના રજીસ્ટર સર્ટીફીકેટ બતાવ્યા. અને બાકીના પાસે કોઇ જાતના કાગળો હતા નહિ. બધાએ અંગુઠા આપવા ના પાડી છે. સાર્જન્ટે આ બધી હકીકત પ્રીટોરીઆ મોકલી છે અને તેનો જવાબ આવતાં સુધી બધાને રોકવામાં આવ્યા છે.

અમે બધા મી. સુલેમાન કાજીના મહેમાન થયા હોઇએ. મી. ભાભાએ સરભરા માં સારો ભાગ લીધો હતો. ચાર્લ્સ ટાઉનના હીંદીભાઇઓએ મહેમાનોને મોજ માની આપી હતી. અમારા ઉપર શું તહોમત મુકવું તેના ખબર સોમવારની બપોર સુધી કોઇ આપ્યા ન હતા અમને કાંઇ પુછી કાર્યવાહીમાં આવ્યા ન હતા. સોમવારે બપોરે આઠેકે અમને જણાવ્યું કે તમને ટ્રાંસવાલમાં દાખલ થવા દેવામાં નહીં આવે. અમે છોડવા ના પાડી તેથી અમારો મંગળવારે કેસ ચાલશે.

વોલક્રસ્ટમાં મીટીંગ

મી. સુલેમાન કાજીના સ્ટોરમાં અહીંના હીંદી તેમજ ડરબન અને જોહાન્સબરગ થી આવેલા ગૃહસ્થોની એક મીટીંગ મળી હતી. મી. ઇમામ અબદુલ કાદર બાવાઝીર એ બીરાજ્યા હતા. પ્રમુખ સાહેબે શરૂઆતમાં જણાવ્યું કે આજે હીંદુ, મુસલમાન, પારસી, નાતાલ, કેપ અને ટ્રાંસવાલના હીંદીઓ એક અવાજે જેલમાં ગયા આ લડતમાં ભાગ લેતા જેમ હું ઘણોજ ખુશી થયો છું. આ બધાનું માન મી. ગાંધીને ઘટે છે તેમણે આપણને સત્યા ગ્રહની લડત બતાવી છે. નાતાલ અને કેપના હીંદીઓએ આપણને ઘણી મદદ કરેલી છે હવે ત્યાંના આગેવાનો આ લડત માં બનતે દુઃખ વેઠી ભાગ લેવા તયાર થયા છે એ ઓછું ખુશી થવા જેવું નથી. આવા સંપથી મને ખાત્રી છે કે કરદો જરૂર રદ થશે

મી. દાઉદ મહમદે જણાવ્યું કે કોમને માટે મારાથી થઇ શકે તે કરવાની મારી ફરજ છે મારી ઓરતને બીમારી છતાં મારે આ લડતમાં બનતે ભાગ લેવાની જરૂર જણાઇ એટલે તે મારી પહેલી ફરજ થઇ ચુકી. જ્યાંસુધી મારા ભાઇઓ ના દુઃખ ટ્રાંસવાલ સરકાર દુર નહિ કરે ત્યાંસુધી હું નાતાલ પાછો ફરીશ નહિ.

મી પારસી રૂસ્તમજી. મી આદમ હાજી ગુલ મહમદ તથા મી. એમ. મી. આંગલીઆએ પણ તેજ મતલબનાં ભાષણો કરયાં. મી. પોલાકે હાલની લડત વિષે ખુલાસાવાર સમજુતી આપી.

બાદ મેસરસ કુવાડીઆ, દીલદારખાન, ઉમરજી નાલે, ગોરધનભાઇ, કાજી કાલાભાઇ, સુલેમાન કાજી વગેરેએ સમયને અનુસરતાં ભાષણો કરયાં ભાષણો થયા બાદ બધા લોકોએ પોતાનાં મરજીયાત રજીસ્ટરો જોહાન્સબરગની માસ મીટીંગમાં બાળવા તે આપી દીધા.

જોહાન્સબરગની માસ મીટીંગમાં

ભાગ લેવાને મેસરસ દાઉદ મહમદ, પારસી રૂસ્તમજી, એમ. સી. આંગલીઆ, તથા હરીલાલ જોશી પાંચ પાંચ પૌંડના જામીન આપીને ગયા. રસ્તામાં જુદે જુદે સ્ટેશનેથી બીજા ઘણા ભાઇઓ જે માસ મીટીંગમાં જતા હતા તે સાથે થયા તેને [illegible]

કરેલાને આવેલ. સાંથી સભાના મી બસપ મીણતા મકાને ગ. મી. ઈસ્માઇલખાન આદમ ઝેકેન્ડી તરફથી લઇ તેમને મારકર પાસે મળ્યા. ત્યાં સાવકરના ભાષણો થયાં અને પછી બીજાની ભાષ થામાં આવી. સોમવારે બપોરે મી. જી પી બ્યાસે તેમને બીજાની પાર્ટી હતી જોહાન્સબરગમાં સોમવારે સાંજે તેઓ વોલકરસ્ટ્રુમારે રવાના થયા હતા. દરમ્યાન જગ્યા જગ્યાએ તેમને ખેડ માનપાન આપવામાં આવ્યું હતું

વોલકસરસ્ટ્રમાં કેસો

વાલકરસ્ટ મેજીસ્ટ્રેટની અદાલતમાં મી. ટી દાદીઆસે માજીસ્ટ્રેટ પાસે ગયા મંગળવારે કરેલ્યની આવેલા ૬૦ સદરથો તથા ૧૦ મા મી. ગોરાણીભાને ૧૮૮૫ના કાયદા પ્રમાણે રજીસ્ટ્રેશન સરટીફીકેટ નહીં બતાવવાના ગુન્હા માટે ખડા કરવામાં આવ્યા હતા. બચાવ તરફથી મી. પોલાક હાજર હતા. બધાએ ગુન્હો નાકબુલ કર્યો. કેસ સારૂ થતાં નીચે મુજબ જુમાનીઓ આપવામાં આવી હતી.

સારજન્ટ મેન્સરીહ્ડ: તહેનાતદારોને કાયદેસર દરાંસવાલમાં દાખલ થઇ શકે છે કે નહિ તે તપાસ કરવાને તા. ૧૪મી એ મારી પાસે લાવવામાં આવ્યા હતા. તેઓ નાતાલથી ટ્રેનમાં આવ્યા તેમને તપાસી પરમીટ કે કાયદા પ્રમાણે રજીસ્ટ્રેશન સરટીફીકેટ હોય તેમ માગ્યા. ચારે જણે ૧૮૮૫ના કાયદાના પરમીટ તથા બે જણાએ ડચના વખતના રજીસ્ટર રજુ કર્યા. બીજા પાસે કેમ વતનના કાગળ ન હતા. કેટલાકે લડાઇ પહેલાના વતનો તરીકે દાખલ થવા જણાવ્યું અને બીજાએ ક્રમમાં કેટલાક સબદાની રૂએ કેપટાઉનની પરિક્ષા આપી દાખલ થવા જણાવ્યું તે દરેક પાસે ચોક્કસ પૈસા હતા કહ્યા મુજબ તેઓ એ એજન્ટમાં ગયા જેઓ પાસે પર મીટ હતી તેણે આંગુઠો આપ્યો ના પાડી તે પરમીટ તેની છે તે હું સંતોષકારક કહી શકતો નથી તેમના કહ્યું કે અમારી પાસે પરમીટ હોવાથી અમે દાખલ થઇ શકીએ છીએ અમને રજીસ્ટર થવાને અમને ૮ દિવસની મુદત માગી શકે છે.

ઉલટ તપાસ: કંપનીના ગોરા અધિકારી ઓફીશીઆલીટ— કાયદા મુજબ અને સંતોષ કારક દસ્તાવેજ પૂરો ન પાડે તેને હું દાખલ થવાને અમલદાર તરીકે રોકી શકું છું. સારજન્ટ મેજરે મી. ટી દાદીઆસને કહ્યું તેમાં કેટલાક એવી વ્યક્તિ હતા તેમ મે કેમના તપાસ કરી હોવા ખરા. હકદાર છે એમ હું જાણું છું. બીજાઓને મેં રોકયા. કેપટાઉનના મી. આદમ એચ. જી. ગુલ મહમદ બાબત મી યમની તરફથી તાર મળ્યો છે કે તેણે મરજીઆત રજીસ્ટર કરાવેલ છે. એટલે મેં તેને જવાની રજા આપી. કેપટાઉનના એક ગોરા રહીશની પાસે મે તેની ઓળખાણ લીધી હતી.

બીજા ચાર જણે પરમીટ રજુ કરી તેના સંબંધમાં તેણે કબુલ કરયું કે આંગુઠો પરમીટમાં ખાસ જરૂરી ચીજ નથી. તે ઓળખાણને માટે મરજીઆત આપવામાં આવે છે અને કબુલ કરયું કે જે પરમીટ તેમની પાસે છે તે તેમની ન હોવા અંગે માનવાનું મને કાંઇ કારણ નથી. કેપ્ટાઉન એસા માણસો પાસે પુરતા સાધનો છે અને લડાઇ પહેલા રહીશો કોઇ દાખલ થવા માગે છે તેણે પણ સંતોષકારક હકીકત જણાવી હતી.

મી. મુળજી ઉકા: (મી. એમ. સી. આંગલીઆ ઇકરમીટર હતા) હું કલટનો વેપાર કરું છું ૧૮૭૭થી જોહાન્સબરગ, પીટરસબરંગ વગેરેમા હતો હું કેટલાક ગોરાને જાણું છું મારી પાસે અત્યારે જે સરટીફીકેટ છે તે મે પરમીટ કહાવવા મી. ગાંધીને મોકલ્યું છે મને ખુશી કાયદો કબુલ નથી દાખલ થવાનો હક સાબીત કરવા હું આવ્યો છું. તથા મને જે શિક્ષા થાય તે વધારવા હું તયાર છું.

મી ઉમર ઓસમાનઃ હું કરજી છું. ૧૮૯૬થી ૯૯ સુધી હું દરાંસવાલમાં હતો. તે સાબીત કરવાને મારી પાસે કેટલાક કાગળ છે. મને કેટલાક ગોરા ઓળખે છે હું કાયદા નુ અપમાન કરવા દાખલ નથી પણ મારો હક સાબીત કરવા દાખલ થાઉં છું. હું પુટરેકટ, વરાઇડીક, વગેરેના વગેરે જગ્યાએ રહ્યો છું. આ આગ મા મારી કે લીક ઉઘરાણી બાકી છે હું કાયદા ની રજીસ્ટર નથી થયો

મી. કાજી કાસમ મીઆં: હું ફ્રેરર એજન્ટ છું હું લડાઇ પહેલાંનો દરાંસવાલ નો રહીશ છું તેથી દાખલ થવા હકદાર છું. ૧૮૯૬માં હું બીરસ્ટ અને પછી ક્રુગરસડોરપમાં હતો. નાતાલમાં રજીસ્ટર ની અરજી થઇ શકે એમ ન હતું. ખુની કાયદાને તાબે નહીં થવા માટે જે કાંઇ સજા થાય તે ઉઠાવવા હું તયાર છું હું મરજી આત રજીસ્ટર થવા ખુશી છું

મી. કરમચંદ ઝવેરઃ હું વેપારનુ કામ કરું છું. મેં રજીસ્ટરેશન કાયદા તળે અરજી કરી નથી. મારા ઇરાદો પણ ન હતો. હું લડાઇ પહેલાં દરાંસ વાલમાં હતો પણ ઝાબલહીમની કુતી સાથે હતો. હું ૧૮૯૬માં ગયો અને બીમારીને લીધે ૯૮માં પાછો આવ્યો હું તે વખતે સરહદ બંધાયો મને રજીસ્ટર ની ખબર ન હતી. જોહાન્સ રગમાં કેટલાક મને ઓળખે છે. હું લડાઇ પહેલાના વતની તરીકે દેશમાં આવવા માગું છું.

વધી આમુજ: હું પહેલાં કોકરનું કામ કરતો હાલ નોકરી કરું છું મે રજીસ્ટર કીધું નથી તેવાના ઇરાદો પણ નથી. હું લડાઇ પહેલાના રહીશ તરીકે દાખલ થવા માગુ છું ૧૮૯૬માં હું કેટલાકસરે રહ્યો માં રહેતો. ત્યાં મેં રસુલ કુમેનના ફા. માં ૧૮ માસ તથા ઉમ. ૬ દીલ્લી પાસે ૧૨ માસ નોકરી કરી. પછી લડાઇ શરૂ થઇ ત્યાં સુધી હું કેરી કુમેનો ત્યાંથી હું જીંચનબરગ ગયેલ હતો. ત્યાંના જાણીતા વેપારી આદમ અબેદ મને સારી રીતે ઓળખે છે. મારી પાસે ડચ સરટીફીકેટો હતા. પણ તે ગુમ થયા છે ૧૯૦૨માં મેં પરમીટની અરજી કરી હતી પણ મા. ચમનીએ સર્ટે.પ્રકારક સાબીતી નથી એમ જણાવ્યું. તેણે આવી કરવા સાક્ષીઓ બોલાવવાનું મેં કહ્યું હતું નહીં.

મી. દાઉદ મહમદ: હું નાતાલ ઇન્ડિયન કોંગરેસનો પ્રમુખ હું કરજન માં મારે જમીન તથા મકાન છે. હું પ્રીટોરીઆ પોચેસ્ટરૂમ વિગેરે જગ્યાએ દરાંસવાલમાં રહેલો હું હું બોકેલીમાં ૧૮૮૪માં આવેલો પ્રીટોરીયામાં હું બસ માલક માલુકી કુમનો અને પોચેસ્ટરૂમમાં અબુબેકર આમદ કુમનો તે ભાગીદાર હતો. પ્રીટોરીયામાં મી ટી. વિલીયમસ, મી. ટી ડબલ્યુ એચ મરહુમ પેન્ટમાસ્ટર વાન અરકલ અને બીજા જાણીતા અંગરેજોને સારી રીતે ઓળખું છું. પોચેસ્ટરૂમમાં કેટલાક ગોરાને સારી રીતે જાણું છું. બાકીમાં જાણીતા ચમેલ ના આંગીરસ મારા કલાયક હતા તેમના કુટુંબને સારી રીતે જાણું છું. જે વખતે દરાંસવાલમાં હું મોટો વેપાર કરતો. કાયદાનુ અપમાન કર વા હું દરાંસવાલમા દાખલ થવા નથી આ વખતે પણ લડાઇ પહેલાના રહીશ તરીકેનો મારો હક સાબીત કરવા આવ્યા છું. ખુની કાયદા તળે રજીસ્ટર મેં કદી લીધું નથી અને જરૂર નહીં કારણ કે તે મારા ધરમની લાગણીથી વિરૂધ્ધ છે. હું રજીસ્ટર ન થાઉં તો કાયદા મુજબ મને કેદની સજા થઇ શકે ન હું જાણું છું પણ તે વધવા તયાર છું. નાતાલની સરહદો પાસપોર્ટમાં આવે તો તે મુજબ રજીસ્ટર થવા તયાર છું. નાતાલથી કંઇ આવી અરજી થઇ શકતી નથી એટલે

મેં મારી અનુકૂળતા ઉપર મરજીયાત રજીસ્ટર થવાનું રાખેલું. હું જાણું છું કે સખ્ત પકેલાનો દરાંસવાલના ધણા રહીશો નાતાલ અને બીજી જગાએ છે. તેઓ પણ એ હકથી મરજીયાત રજીસ્ટર થવાનું રાખે છે. ૧૮૮૫ના કાયદા પ્રમાણે મેં રજીસ્ટર થવું જોઇએ નથી. કારણ કે સેન્ડરસન સાથે મારે આપ દીકરા જેવા નાતો હતો. ખુની કાયદો રદ કરવાનું કામ મી. રમઝમે પણ્યુ નથી એટલું જ નહિ પણ તે ત્યાં એક ગજ વધી ગયા તેવું બીલ દાખલ કરેલું છે. મારા બાપ ઓનરેબલ નામદારના આગેવાન તરીકે આ કાયદાની સામે લડયા. ત્યારબાદ હું દરાંસવાલમાં દાખલ થયોછું. નાતાલ પાર લાગે તેના મેંબરોને વોટ આપવાનો મને હક્ક છે.

ઉપર તપાસમાં જણાવ્યું કે નાતાલ હીંદી કોમના પ્રતિનીધિ તરીકે હું મારે માટે બોલ્યો. મારો ધંધો છોડવામાં મને પણ્યુ નું મોટું નુકશાન આવે છે. પણ સત્યને ખાતર એટલું સહન કરવા હું તૈયાર છું. ગયા જાનેવારીમાં આવવા તૈયાર થયો હતો પણ કોલેરા માં સમાધાનીના અખર સાંભળવા તેથી રોકાઇ ગયો.

મી પારસી રૂસ્તમજી: હું વેપારી છું. નાતાલમાં મારો મોટો વેપાર છે. દક્ષિણ આફ્રિકામાં જુદે જુદે ઠેકાણે મારી મીલકત છે. હું પારસી મેંબરનો ભાઇ છું. દરાંસવાલમાં પહેલો હું ૧૮૮૬માં આવ્યો હતો. જોહાન્સબરગમાં મારો મોટો વેપાર હતો. પારસી હોવાથી કેટલા વખતમાં મને રજીસ્ટરની જરૂર ન હતી હું પણ ગોરાને બતાવું છું કે નવા કોલને બધે કાયદા પહેલાના વતની તરીકેના મારા હક સાબીત કરવાને હું આવ્યો છું. અપીલનું કારણ કે ત્યાં સુધી મારો હક નાબુદ નથી થતો એમ હું માનું છું. મારા બાપદાદા અંગ્રેજની રક્ષણ હતા મારા પારસી બીજો વડી પારલામેંટના સભાસદો છે. ખુની કાયદાવાળે મને જે સજા કરવામાં આવે તે સજા ઉઠાવવા હું તૈયાર છું. લડાઇ ના વખતમાં રેફ્યુજીને દર મહીને પા. ૫૦ નો ખોરાક આપતો. રેફ્યુજીને મદદ આપવા માં પોડપ બ્રધરહુડે, દરાંસવાલનાકેટલાક રહીશો મને સારી રીતે ઓળખે છે. આપો દહોન આફ્રીકા મારું વતન ગણું છું. મારી પાસે પરમીટ નથી પણ મેજીસ્ટ્રીક રજીસ્ટરાર જાણે છે કે હું દરાંસવાલનો વતની છું.

મી. એમ. સી. આંગલીઆ: હું નાતાલ ના વેપારીછું નાતાલમાં ન્યુનીનીપાલ વોટર છું. હું કેળવણીની પરીક્ષા આપી ઇમીગ્રેશન કાયદાની રૂએ તથા દરસવાલના જુના રહીશ તરીકે દાખલ થવા હકદાર છું. લડાઇ વખતે મોરીશીઅસની એક મોટી સ્વયર કંપનીનો હું દરાંસવાલમાં મેનેજીંગ ડાયરેકટર હતો. ખુની કાયદાથી હું ગભરાયો છું. તેને તાબે થવામાં મારા બાપ ઓ કેની સ્થિતિએ મુકાય એમ હું માનું છું. તે કાયદો અમારા ધરમની રીતરૂઢ છે. અમારા ધર્મ પ્રમાણે જે આખી આલમને લાગુ પડે તેવો કાયદો માનવાને અમે બંધાએલ છીએ પણ અમુક ભાગને લાગુ પડે તેવો કાયદો અમે કબુલ કરી શકીએ નહિ.

[આ કેસની બાકીની બધુ માહીતી તા. બંને પક્ષના વકીલોની રજુઆત વિગેરે આપતી બેળા છેલ્લા ઘડીએ અમને મળેલ છે એટલે અમારે દીલગીરી સાથે તે આવતા અઠવાડીઆ ઉપર મુલતવી રાખવું પડે છે.

અમો કેમ ક્રોનીકલ રજુ થાય ત્યાર બાજીસ્ટ રટ એવા હરાય પર પાસ છે કે હું બધા તહોમતદારોને છોડી મુકું છું અને એવો હુકમ કરું છું કે જે જે જગ્યા પાસે પરમીટ છે તેઓએ ૮ દિવસની અંદર કાયદા મુજબ રજીસ્ટર થવું અને બીજા બધાએ ૭ દિવસમાં કોલોની છોડી જવું. બધા તહોમતદારે ખુબ ખાતરી રાખની દરમ્યાન બોલાવવામાં આવ્યા છે]

ગરીબ હીંદી ઉપર કરનો બોજો

ગીરમીટમાંથી છુટા થએલા હીંદીઓને માથે જે મોટો કરનો બોજો તેની સામે વાંધો દરશાવવાને મેજીસ્ટ્રેટમાં મી. આલ્કની નાટકશાળાવાળા જણાવે હીડ અ. ગ્રે એસીય એમે.સી.એ.સાહેબના આશ્રય તળે ગત રવીવારે એક મોટી મીટીંગ મળી હતી. જે વખતે આશરે ૫૦૦ માણસો એ હાજરી આપી હતી. મી કાળીદાસ ગાંધીએ ખુરશી લીધી હતી મી સી. આર નાયડુએ એક ટુંકો આપણુમાં જણાવ્યું કે ગરીબ લોકો ઉપર કરનો જે મોટો બોજો છે તે નાબુદમાં સરકારે બહુ મોટી ભુલ કરી છે તેમાં શક નથી તે આ કર હીંદી મેજીસ્ટ્રેટનું પણ આવવો પડે છે. બોજાનો ઉતાર આવી જતનો કર બીજા કોઇ જગ્યાએ નથી. કેટલીક બોરતોની દયાજનક સ્થિતિ હોય છે અને આવો કર ભરવા તદન અસમર્થ હોય છે આ બાબતમાં હીંદીઓ સરકાર પાસે દાદ માગે છે.

કોંગરલીના હીંદીનો અરજી

કેપના ઇમીગ્રેશન કાયદામાં કેપમાંથી દેશ જતા હીંદીઓને માટે એક વરસમ પાછા ફરવાની જે મુદત કરાતી છે તે ૨ કરી હીંદીઓને અનુકૂળતા પ્રમાણે આવ જાની છુટ આપવા માટે કોંગરલીના હીંદીઓએ કોલોનીઅલ સેક્રેટરીને એક અરજી મોકલી છે. આ અરજીમાં એવી પણ માગણી કરવામાં આવી છે કે પર મીટ ઉપર અંગુઠાની છાપ લેવાય છે એટલે ફોટોગ્રાફ લેવાનો રીવાજ બંધ કરશે.

જવાબ

આ અરજીના જવાબમાં કોલોનીઅલ સેક્રેટરીએ તા. ૬ ઓગસ્ટના રોજ લખી જણાવ્યું છે કે પરમીટની મુદત એકને બદલે બચ્ચુ વર્ષની વધારી આપવામાં આવી છે. હાલના કાયદા પ્રમાણે ત્રણ વર્ષથી વધુ મુદત નથી પણ આ બાબતમાં સરકાર અમુક મુદતને બદલે વધારે મુદત આપી શકે. દાખલા તરીકે જ્યારે મજીનું કારણ હોય અથવા તે બહુ જરૂરનું હોય કે તેવું બીજું કારણ હોય તો તે વાત ધ્યાનમાં લઇ કાયદાનો અમલ કરશે.

ફોટોગ્રાફ લેવાની બાબતમાં કહેવું કે અનુભવ પરથી હીંદીઓ અંગુઠો આપવા કરતાં ફોટોગ્રાફ વધારે પસંદ કરતા લાગે છે. એ વાત આપણે નીચે બંધબેસતી કરીને અંગ્રેજી ભાષામાં આપેલી છે પરમના લાગણીને લાગે જેમણે બાંધે દરદાખ્યો છે તે કોરસામાં આપવાને અશેષ છે.

નાતાલ પારલામેંટ

લેજીસ્લેટીવ એસેમ્બલી, ગુરૂવાર તા. ૧૬.

ઇન્ડિઅનોના વાજુ લાઇસેન્સ બાબે કરવાનું બીલ બીજી વખત વંચાવા પાસ થયું હતું

સોમવાર તા. ૧૭

પ્રાઇમ મીનીસ્ટરે જણાવ્યું કે સરકારી નોકરીમાં ૬૬૦૦ હીંદીઓ કી અને ૨૬૭૮ હીંદીઓ ગીરમીટમાં કામ કરે છે.

લેજીસ્લેટીવ કાઉન્સીલ મંગળવાર તા. ૧૮:

એશીઆટીક વેપારીના નવા લાઇસેન્સ અટકાવવાનું બીલ બીજી વખત વંચાયું અને પાસ થયું હતું.

ઇન્ડિઅનોના વાજુ લાઇસેન્સ બાબે કરવાનું બીલ પહેલી વખત વંચાયું હતું.

ચરચા પત્ર.

અમારા ચરચાપત્રીઓ નીચેના નીયમો યાદ રાખશે તો તેઓના પત્રો ઉપર તુરત ધ્યાન મળવાનો સંભવ છે.

૧. કાગળની એકજ બાજુએ લખવું

૨. અક્ષર મોટા સાફીથી લખવા.

૩ નામ તથા ઠેકાણું બરોબર લખવાં. તે હમેશાં બહાર પાડવા માટે નહિ, પણ અમારી બહને સારૂ

૪. મંગળવારની સાંજ સુધીમાં બધેજ લખાણ તેજ અઠવાડીયામાં દાખલ કરી શકાશે

૫ રદ કરેલાં ચરચાપત્રો બાકી રાખવા અગર લખનારાઓને પાછાં મોકલી આપવાને અમે બંધાતા નથી.

૬. લખાણ હમેશાં ટુંકું અને મુદ્દાસર કરવું.—અધિપતિ.

ચરચાપત્રીઓને જવાબ

ક્રીન્સટાઉનના રવીશી—તમારા લખાણ બાબત તપાસ કરીએ છીએ.

મી. અબદુલ્લ ગફુર—તમે કરેલો તે ટીકા બરોબર છે પણ તેવી બાબત જપામાં નાખવાથી કાંઇ સાર્વજનીક લાભ લાગતો નથી.

મી. ભોળાભાઇ પ્રાગજી દેસાઇ—તમારી તકલીફ બદલ દીલગીરી જણાય છે. પણ તેવી બાબતને છેડવાથી અમે કંઇ લાભ જોતા નથી. અત્યારે દરેક દીશાએ એક મને બોઅરોના હુમલાની સામે થવાનું છે. બાકીની કજીયા મોકી રેવાના છે.

પરચુરણ ચરચા

ગયા અઠવાડીઆની નાતાલ ઇંડિયન કોંગ્રેસની મીટીંગમાં 'મેસરસ રાંદેરીઆ, જોશી તથા મેદનો ખરચ તથા અતનો પગાર આપવાનું તેના ટ્રસ્ટીઓએ કબુલ રાખ્યું છે' તેમાં અતને પગાર એકનું વાંચવાનું છે. 'ખરચ' શબ્દનહિ વંચાએ. એ તરફ અમારૂ ધ્યાન ખેંચવામાં આવ્યું છે.

ગ્રેહામ્સટાઉનથી મી. ગોવીંદનારણ, મી. ઝવેરી નામનું તથા મી. હરીલાલ ગાંધીએ કોમનો માટે જેલ ભોગવી છે તેથી હું ઘણો ખુશી થયો છું. અને દક્ષીણ આફ્રીકામાં આજે ૧૨ વરસ થયાં છે અને લડાઇની લખને હું બીકણની મદદે ગયો હતો. મારા ભાઇઓ જેલ જાય છે તેવા મારૂં તેવી ઉઘણી અબ્બુ છે. મારો બના કોમને માટે અર્પણ કરી આજ રોજ મારી પરમીટ તપાસ રદ્દ-દફ્તરે ગઇ આવી મુકતાં છે. અને દરમીયાન જપ્ત જેલ ભોગવારો પણ કોઇ દિવસ કુતરાના જેવી જીંદગી ભોગવી નહિ.

જોહાન્સબરગથી મેસર્સ ઉમરજી મહમદ અહમદ દર્સે લખે છે કે ભારતના કબરસ્તાનને મદદ કરવા અર્થે જે એક ઉપરાણું થયું હતું તેમાં થયેલ પાઉંડ ૬૮૭ રકમ ત્યાંના જાણીતા મહસ્થ મી. લક્ષમણ ગોવરધની વલદે ધનાયતઅલી ઉપર પોસ્ટ મારફત મોકલી આપી છે આ કબરસ્તાન માટે જેમ જોહાન્સબરગ થી મદદ ગઇ છે તેમ દક્ષિણ આફ્રીકા માંથી પણ બીજા મુસલમાન ભાઇઓ કાંઇ ઉધરાણું કરી ગરીબ ભારત શહેર ની મુસલમાન કોમને મદદ કરશે.

જોહાન્સબરગથી એક સત્યાગ્રહી લખે છે કે—અદાલત મી. ઓસબર્ન બીજા સરંજ પોતાનું લાઇસેન્સ ઓ, ઇ. એસો સીએશનને સોંપી ફેરી કરતો હતો. પોલીસે લાઇસેન્સ માગતાં તેણે જણાવ્યું કે હું જુની કાયદાની તાબે નહીં થઉંગ પણ સત્યાગ્રહથી લડીશ. કેસ ચાલતાં મી. સરંજને ૭ દીવસની જેલ મળી છે. કેમ તેણે હુકમને મોટે કસુર કરી છે. મી. સરંજની બહાદુરી માટે હું તેમને મુબારક બાદી આપું છું.

'એક દેશાભીમાન' લખી જણાવે છે કે દરબાનવાસ, નાતાલ, અને રોડેશીઆ તરફ ના લંડનની સ્થાયિ આફ્રિકન બ્રિટીશ ઇંડિયન કમીટીને જેમ પૈસાની મદદ કરવામાં આવી છે તેમ ટ્રાન્સવાલમાં પણ એ કાંઇક મદદ મોકલવાની જરૂર છે. તેઓએ અલગ થઇ જુદા પોતાના મંડળો બાંધ્યા કેટલાક પૈસા ખરચેલ છે પણ સારવજનીક કામ કરતા ઉપયોગી મંડળો ને કાંઇ રકમ આપવાનું મારા સાંભળવામાં આવ્યું નથી.

કરબનથી એક કઠોરવાસી લખે છે કે હાલ થોડા માસ ઉપર કઠોર કરવામાં વહોરાઓની સુનત જમાતે એક ઠરાવ બીજા સુનીઓ સાથે વેપાર બંધ કરવા બહાર પડેલો છે તે બાબી ઘણી દિલગીરી થાય છે. આ કારણે કઠોર કરવાના સુધરેલા મુસલમાનોના નાક કપી નાખ્યાં છે એટલુજ નહિ પણ રંગભાવથી બોકાયટી ઓ ઉપર પાણી ફેરવી આપ્યું છે. જે ગામમાં બધે સોસાયટી, અંગ્રેજ કુટુંબો સાથે હળવાનું તેમજ દીનપર દીન વધતુ જતુ છે, તેવા જગામા આવા બનવું ભરેલાં કામ થાય એ દિલગીર થવા જેવું છે. કઠોર કરવામાં શુ શું સુધારા કરવાના છે ને સોસાયટીના ચેરમેનો એ ધ્યાન રાખવા જેવું છે. હમેશાં એકસપીની ઘણી જરૂર છે. દર અઠવાડીએ મીટીંગ ભરવાની છે લોકોને એકસપ ઉપર, એકદીલી ઉપર હમેશાં સમજાવતા રહેવાનું છે દરૂ તારી પીતા મુસલમાનોને અટકાવવાના કાયદા બાંધવાના છે. હસ્તમબોરોને માટે ઘટતો બંદોબસ્ત કરવો જોઇએ માટે મારા કઠોરવાસી મુરબ્બીઓને હુ નમ્રતાપુર્વ અરજ કરૂં છું કે પોતપોતાની બદાવતે દુર કરી એકસપી થઇ જાઓ અને બનતો સુધારો કરી દુનિઆને બતાવી આપો કે ધરબાર એ ખરા સુધારાનો બરી ચઢતીનો ને બરતબાતો ધરમ છે. જે પ્રજામાં સંપ છે તેને સરકાર પણ માનની નજરે જુવે છે અને માન આપે છે. જુવો તાજો દાખલો ટ્રાંસવાલમાં ઇંડીઓ સરકાર પાસે કાયદો રદ કરાવવા લડે છે એ એકસપીનું ફળ છે.

પીટરસબરગથી એક ખબરપત્રી લખી જણાવે છે કે ચાલુ જુલાઇમાં બનની મદદ કરવા અને દેશની સેવા અર્થે જે જેલ ગયા છે તેમની દિલસોજી બતાવવા અર્થે ના ઇંડીઓની એક મીટીંગ ગયા શુક્રવારે રાતે મી. અબુબ્બ મહમદના પ્રમુખપણા નીચે મળી હતી. મેસરસ ખંડેરીઆ, મેમ. સા મુગલીયા, મેમ. એમ. ખાન

ગમતને આમંત્રણ આપવા કર્યા હતા.

જોહાન્સબરગથી દાઉદ મહમાદખ્ત હુસ્તામ વેઢજ વાળા લખી જણાવે છે કે :—

ધી. ઇ. એસોસીએશનને મદદ કરવા સુરતી મુસલમાન હુન્નરોની એક મીટીંગ મી. કાસમ હુસેનના પ્રમુખપણા નીચે તા. ૬ ઓગસ્ટે જોહાન્સબરગમાં મળી હતી. મી દાઉદ મહમાદે ચાલુ લડતમાં મજબુત રહેવા તથા એસોસીએશન અને હમીદીયા ઇસ્લામીક સોસાયટીને મદદ કરવા ભલામણ કરી હતી.

કુલ પા. ૧૩-૧૮-૬નું ઉઘરાણું થયું હતું

આ ઉપર દરશાવેલી રકમમાંથી પા. ૧૦-૦-૦ જોહાન્સબરગની ઇડીઅન એસોસીએશનને માસ મીટીંગમાં તા. ૧૬મી ઓગસ્ટે આપી દીધા છે બાકીના વધેલા પચાસ હમીદીયા ઇસ્લામીક સોસાયટીની મીટીંગ થશે ત્યારે મી. દાઉદ મહમાદને સુચના કરેલી છે તે મુજબ આપી દેશે.

પ્રીટોરીઆથી તા. ૧૮ના રોજ એક ખબરપત્રી લખે છે કે હાલુ ધર્મ સોસાયટીની મીટીંગ પટેલ રામા ભુલાના પ્રમુખ પણા નીચે મળી હતી. શરૂઆતમાં સેક્રેટરી મી. મકનજીએ ધર્મ ઉપર ભાષણ કાંઇ અને સંપથી રહેના ભલામણ કરી તથા ટ્રેઝરર મી મગનલાલે આપણા ઉપર શું આફત છે તે બતાવી હતી. અમાઉના જુના જોઇટ સેક્રેટરી મી. ઓધવ માધવે પોતે ઘરમાદા ફંડમા આપેલા પચાસ પાછા લેવા વકીલ મારફતે નોટીસ કરી હતી જેને માટે મીટીંગે સમજાવ કરતા સુધી કાંઇ પણ પગલાં ન લેવા ઠરાવ કરયો હતો. તેમ પટેલ ભીખા કારા તરફથી દરખાસ્ત થઇ કે સોસાયટી ની થાપણુમાંથી રૂા. ૧૦૦ સુરત પાજરા પોળમાં ઘરમાદા તથા રૂા. ૬૦૦ લાલા લજપતરાયે ઉઘાડેલા દુકાળ ફંડમાં મોકલ્યા. ભીખા લગા તથા ઓધવ મોરાર પટેલ તરફથી ટેકો મળવાથી તે દરખાસ્ત પાસ થઇ. તે પ્રમાણે કરવા ટ્રેઝરરને સુચવવામાં આવ્યું હતું. મીટીંગમાં કુસંપનાં બીજ રોપનારાઓને ઇશ્વર સારી બુદ્ધી આપે એમ સ્તુતી કરવા બાદ સભામાં મી. કવાળજી રણછોડજી તરફથી ધરમ ઉપર બહુજ અસરકારક ભાષણ થયું હતું. છેવટમાં કેટલાક પર સુરણ કામ માટે સભા આવતા રવીવારે મળવા ઠરાવ કરી વીસરજન થઇ હતી.

મી. પરસોતમદાજી વિરૂદ્ધ ડરબન કોર્પોરેશનના કેસમાં કોર્પોરેશન ઉપર પૌંડ ૨-૧૭-૦ તથા ખરચનું જે હુકમનામું થયું હતુ તેની સામે કોરપોરેશને સુપ્રીમ કોરટમાં ગયા ગુરવારે અપીલ નોંધાવેલ છે.

ડરબન ઇંડીઅન ફ્રેન્ચરર એસોસીએશન

આ એસોસીએશનની મીટીંગ તા. ૧૫મી રવીવારે કવીનસ્ટ્રીટ વળા મી. માથાતની મારફેટમાં મળી હતી. મી. ઓધવ કાનજી પ્રમુખસ્થાને બીરાજતા હતા. એસોસીએશનના મેંબરો ઉપરાંત આશરે સો માણસો જેવા થયા હતા. સેક્રેટરીએ ગયા મીટીંગનો હેવાલ વાંચી સંભળાવ્યો. બાદ જોઇટ સેક્રેટરીનું રાજી નામું સ્વીકારવાનુમતે પસાર કરી તે જગ્યા પર મી. મલેક રહીમ કરીમને નીમવામાં આવ્યા પ્રમુખ સાહેબે કહ્યું કે ટ્રાંસવાલમાં કાયદાની લડત ચાલે છે, તેમાં આપણી એસોસીએશન અમની મદદ કરવા કરે છે અને હાલમાં ચાલુ રીકમાં એસોસીએશનના મેંબરો પાસેથી મત લઇને પા ૭૬-૫-૬ની રકમ ટ્રાંસવાલ ની ધી ઇ. એસોસીએશનને પહોંચાડવા મી. ગોલાકને એક આકારામાં આવી છે ફ્રેન્ચરરોને લાઇસેન્સની જરૂર નથી છતાં લાઇસેન્સ ઇન્સપેકટર સવાલ પુછે છે તેથી કોમ્એ કરવાનું નથી. અને જરૂર પડે તો ફ્રીથી કેસ લડવાને સર્વે ભાઇ ઓને તયાર રહેવાનું છે. રેલવેના ૨૬ નંબરના ચેકરની વીરૂદ્ધમાં પીટીશન કર વાની દરખાસ્ત મુકવામાં આવી હતી જે સરવાનુમતે પસાર થઇ હતી. કેટલાક મહસ્થો તરફથી ટ્રાંસવાલની બાબતમાં સંપીને રહેવા માટે ભલામણ કરવામાં આવી હતી. છેવટે પ્રમુખ સાહેબે મી માથાતનો ઉપકાર માન્યો અને ચા નાસ્તો લઇ મીટીંગ બરખાસ્ત થઇ હતી.

ચોરીનોખ્ત

ભાણા દુલભનો કેસ તા. ૧૮મી એ ચાલ્યો હતો. બચાવ તરફથી મી. ફોરટર હતા જુબાનીમાં તેણે કહ્યું કે હું ૧૨ વરસનો ટ્રાંસવાલનો-રહીસ છું અને ફેરી નો ધંધો કરું છું. ખુની કાયદો મને પસંદ નથી. માજીસ્ટરેટે પા. ૬-૭-૬ નો દંડ અથવા ૧૪ દિવસની સખત મજુરી જેલની સજા કરી છે. મી ભાણા દુલભ જેલમાં ગયા છે.

ચોરીનોખ્તના બીજા કેસોમાં દંડ અથવા જેલને બદલે ખાલી દંડ અને દંડ ન ભરે તો માલ જપ્ત કરવાનો હુકમ કર્યો હતો એ યાદ હશે.

નાતાલ ઇંડિઅન કાંગ્રેસ

[ઇ. ઓ. માટે ખાસ રીપોર્ટ]

તા. ૧૭મીની સાંજે કાંગ્રેસની ખાસ મીટીંગ મળી હતી. સેક્રેટરી મી દાદા ઓ.મ.ને ટ્રાંસવાલનો પત્ર વ્યવહાર વાંચી સંભળાવ્યો. અને ટ્રાંસવાલ ગયેલ આગેવાનોને જેલ મળે તો દુકાન બંધ કરવાની તથા બીજા જુના રહીશોને ટોળાબંધ ટ્રાંસવાલ જવાની આગત્યતા જતાવી, અને કહ્યું કે દુકાનો બંધ કરવા મારી ખાસ ભલામણ છે: મારી કેબીનેટ ના મેંબરો ત્યાં છે અને હું અહીં છુ તેથી મને બેદ થાય છે. મરાઠી જવાનું ન બની શકવાથી મેં મારા બે ભાઇઓને રીયમંડ લખ્યું. બંનેમાં વાંધો ઉઠયો. એક કહે હું જઉં અને બીજો કહે હું જઉં. છેવટ મારા ભાઇ ઇબ્રાહીમ જવાને તયાર થયા. આવો સામાન્ય જુસ્સો આજ કાલ હીંદીઓમાં છે. એકટીંગ ચેરમેન મી અબદુલ કાદરે બોલનારાઓને ઉઠવા કહ્યું. એટલે જુના રહીશોને ટ્રાંસવાલ જવા તુરત નામ નોંધાવવા માટે. તથા મી. દાઉદ મહમદના માન ખાતરપણ તેની પાછળ ટોળાબંધ દકદારોએ જઇ જેલ ભરી મુકવા માટે ભાષણો થયાં. મી. ઓકળદાસે કહ્યું કે પૈસાની તંગીને લીધે પણ જવા રોકતા નથી. આથી પૈસા માગનારની ટીકા કરનારાં કેટલાંક ભાષણો થયાં. મી. પરસાદસ ગોરાએ કહ્યું નવા બીલને વિલાયતમાં મંજુરી મળે તે પહેલાં જેલ ભરાઇ જાય તો મંજુરી મળવી અશકય . મી અબ્દુલા હાજી આદમે કહ્યું કે ફોકસરસ્ટની જેલ બહુ નાની છે, તેમાં માત્ર તે કરતાં વધારે જેલ જનારા મળશે એટલે ટ્રાંસવાલ સરકારની આંખ તરત ઉઘડશે

મી પ્રસપનીયાં (કાનેગીઆ) એ પૈસા ની તંગીને લઇ નહીં જવા કહનાર માટે ફંડ શરૂ કરી ૧ ગીની પોતે ભરી. તરતજ મી. કાસમ મહમદ ડેન્સી ૧ ગીની, મી. મહમદ ઇબ્રાહીમ ૨ ગીની, મી. વલી કાસમ ૧ ગીની, મી. ત્રંબકલાલ દેસાઇ ૧૦ શીલીંગ, મી. જમાલ હકીર ૨ ગીની. મી. ડી. કે. ગુપ્તે ૧૦/૬ મી. અબદુલા હાજી આદમ ૨ ગીની, મી. હાસમ જુમા ૫ ગીની, મી. ઇસ્માઇલ ગોરા ૧૦ ગીની, મી. વી. એમ. જુમા ૧ ગીની, મી. જે. દલપત ૨ ગીની, મી ઓસમાન ખમીસા ૧૦/- મી. અબદુલ

હાલ ૧૯ ગીની, એમ રકમો ભરાણી. વધારે ઉઘરાવવા માટે નીકળવાની મી. પ્રસપમીથિએ ખુશી જાહેર કરી. મી. કરમાઇલ ગેરાર્ડે કહ્યું જે ટ્રાંસવાલ જનારાઓ માટે પહોંચની બહુ અગત્ય હોય તેમણે ઉઠીને તરત લેવા અને કમાણને પાછા કોંગરેસને ભરી આપવા. મી પી. એમ. જુમાના રેકર્ડથી આ સુધના બહાલ રહી. અને ડાહ્યા કરમણ, ઓકળદાસ ગોવીંદજી અને હાસમ રહીમ શેંદરીઝે જાહેર નામ નોંધાવ્યાં. મી. અબ્દુલ હક તથા મી. સબરીએ કેટલાક મહરથીઓએ આગળના ઉઘરાણામાં નામ નોંધારી પહોંચ ન આપનારની સખત ટીકા કરી. તે પહોંચ બરાબર ત્યાંસુધી પોતે કંઈ ભરવાની નાખુશી બતાવી, મી. દાદા ઓરસ્માને કહ્યું કે જે ગ્રહ મહરથીઓએ નથી ભરયા તે તુરત ભરી દેશે. આ પછી દાઉદ શેઠ વગેરેને જેલ જવા તું થતાં દુકાનો બંધ કરવાની ચરચા થઇ. આ ચરચા કેટલોક વખત લંબાઇ હતી. અંતે તે ઠરાવ કરવાનુમને પસાર થયો બાદ બેઠીંગ વીસરજન થઇ.

કોમ પ્રત્યે હમદર્દી

[લખનાર મી. મુનશી મોગ્રારીઆ]

હમદર્દી એ શબ્દ હમણાં ઘણોજ સામાન્ય થઇ પડયો છે. હમદર્દીનો અર્થ કોઇને દુઃખી જોઇ દુઃખી અને સુખી જોઇ સુખી થવાનો છે. વધારે ચોખી રીતે કહીએ તો મનુષ્ય જાતી પોતાનાં બાલબચ્ચાં કે સગાંવહાલાં તરફ હેત-પ્રીતી રાખે છે તેવો વિશેષ પ્રેમ ભાવ કોમની દરેક વ્યક્તી તરફ રાખવાને હમદર્દી કહે છે. કોમી હમદર્દી એ કાંઇ નવી વસ્તુ નથી. પણ એતો જૂનો નિયમ છે. કે જે જેવો પ્રેમ તું તહારી પોતાની જાત પ્રત્યે રાખે છે તેવોજ પ્રેમ તાહરા પાડોશી પ્રત્યે પણ રાખ એવું શીક્ષણ આપે છે.

કોમી હમદર્દીના આપણે બે વિભાગ પાડી શકીશું. એક તો જાહેર હૃદમાં રહેલી નજીવી, અને બીજી પુષ્કળ સાચી અને ગંભીરતા વાળી. પહેલા પ્રકારની હમદર્દી સર્વ લોકોમાં હમેશા હોય છે અને તે રહેશે, બીજા પ્રકારની હમદર્દી સુધેરેલા કેળવાયલા સભ્ય અને નમ્રતીક માણસમાં હોય છે. જેમ જેમ માણસ વધારે સભ્ય થતો જાય છે અને સુધારા ની નીસરણીનાં વધારે પગથીયાં ચડતો જાય છે તેમ તેમ તેનામાં હમદર્દીનો ભાગ વધતો જાય છે. કે કેમ કોઇ દીવસ બુલંદ અથવા મુસલમાન અથવા ખ્રીસ્તી અથવા હેડ દેવાથરી એમે તે જુદ્યેજ તરફથી કોંય નવસો આપણી નજરે પડે અને આપણે તેના ઉપર દયા આણી મેટલી પાણી કે લુગડાં આપીએ અથવા કોઇને દવા-અકે વચની જરૂર હોય અને તે આપણે પુરી પાડીએ. પછી તો આપણી પાસેથી ચાલ્યું જાય અને આપણને તેના તરફ કે ખ્યાલ ન રહે તો તે પહેલા પ્રકારની હમદર્દી છે.

જેથી ઉલટાં જે લોકોની બુદ્ધી સારી હોય અને ચાલાક હોય છે અને જેને પોતાના જાત અને દેશી ભાઇઓની સ્થીતીનો નિરંતર મનમાં ને મનમાં ખ્યાલ છે, તેઓની હમદર્દી જ્યારે તેઓના આગળ દુઃખ સંકટ અથવા મુસ્કેલીઓનો દેખાવ હોતો નથી ત્યારે પણ જાગી રહે છે. અને તેવી હમદર્દી એક બે નહીં પણ સમગ્ર પ્રજા પ્રત્યેની હોય - અને તેવો બુદ્ધીશાળી માણસ હમેશાં સમગ્ર પ્રજાના લાભની યોજનાઓ કરે જાય છે અને તેઓને હમેશાંને માટે સુખી કરવાના લાખો પ્રયત્નો કરે છે. આ હમદર્દી તે બીજા પ્રકારની છે.

આપણી દીલી પ્રજામાં કોમી હમદર્દી એ શબ્દ હાલ બહુ ચરચાય છે પણ હજુ આપણે તેનો વાસ્તવીક અર્થ-મર્મ સમજી શકયા નથી. ઘણા ખરા લોકો એમ સમજે છે કે આપણે આપણી કોમ અથવા તેઓની કેટલીક કુટેવો વિશે જુદું બોલીએ એટલે પત્યું. પણ કોમની કુટેવોનું જુદું બોલી જેવી રહેવું જુદી વસ્તુ છે અને કોમી હમદર્દી જુદી વસ્તુ છે. એ બન્નેમાં જમીન અને આકાશ જેટલો આંતરો (તફાવત) છે. કોમી જુદું બોલવા સાથે આપણે એ લોકોને કે જેઓમાં કુધારા અને કુટેવોએ ઊંડાં મુળ પકડયાં હોય છે તેઓની ખામીઓ નમ્રતા અને સભ્યતાથી પણ અસરકારક શબ્દો વડે સમજાવવી, અને જે એવા એમો કે ખામીઓ પોતામાં હોય તો પોતે પહેલાં દુર કરવી અવશ્યની છે. ત્યાંસુધી સુધારક જે ખામીઓનું ખંડન કરવા ચાહે છે તે ખામીઓ અને કુધારા પોતાના પીંડમાંથી દુર કરશે નહીં ત્યાં સુધી તેના વાતો શીખામણો અને લેકચરો બધાં જુઠાં, ઉપર ઉપરનાં અને રીવાજી માનવામાં આવશે અને તેના શબ્દોની જરાએ અસર લોકોના મન ઉપર પડશે નહીં અને ઉલટાં લોકો તેને તાના અને મેણાં મારશે અને મહેનત બરબાદ ગુનાહ

જાય છે. જ્યારે કોમી હમદર્દીનો લાક્ષીક જેવો હાલ થશે ત્યારે બીજાઓનું બુંડું બોલવાનો અને તેઓનાં કૃત્યોને ધીક્કારવાનો બદલે દરકાર તેજ માણસ કે જે લોકોને પોતાની મગરૂરી આલમ ચંચળાઇ અને દુરાચારી દેખાવાની ઇચ્છાથી નહીં પણ પોતાના ભાઇને ખરે રસ્તે ચડાવવાના હેતુથીજ કહે.

જે માણસ મનની ખરી અસરથી લેકચર અથવા શીખામણ આપતો હોય; અને તે વખતે તેના મનમાં કામની દુઃખી અવસ્થાનો ફીડો કરડતો હોય તેજ માણસ સામાના મનમાં સારી અસર કરી શકે છે. તેજ માણસ કોમી હમદર્દી કહી શકાય કે જે પોતાની જાત ઉપર પહેલી નજર ન રાખી કામ કરવા નીકળે છે. આટલું કરનારા જેમ આપણી કોમમાં વધુ નીકળશે તેમ આપણી કોમ તથા આપણા દેશનો પહેલો ઉદ્ધાર થશે.

ચાલુ વર્તમાન

ગયા બુધવારે જોહાન્સબરગની ગ્રેડ નેશનલ હોટેલમાં ગોરાના 'બ્લાઇટલીમ' નામના મંડળે એશીઆટીક કાયદાને બરાબર અમલમાં લાવવાનો ઠરાવ પસાર કરેલો હતો.

જર્મસ્ટિટનની ટાઉન કાઉનસીલે ગયે ગુરૂવારે નીચેના ઠરાવ પસાર કરયા છે. ૧૯૦૭નો એશીઆટીક કાયદાનો અમલ સરકારે બરાબર કરવો. પારલામેંટમાં હાલ જે નવું બીલ દાખલ થયું છે તેને આ કાઉન્સીલ પસંદ કરેછે. અને માજીસ્ટ્રેટને દંડ અથવા જેલને બદલે એકલોજ દંડ અને દંડ ન આપે તો ગુન્હેગારના માલમાંથી તે વસુલ કરવા ભલામણ કરે છે.

બોકસબરગની એક ખાણમાં ૩૦૦ નેટીવ મજુરોએ તેઓને વધારે પડતું કામ કરાવવામાં આવતું હોવાથી હડતાલ પાડી કામ ઉપર જવાની ના પાડી છે. તેઓના ઉપર કામ ચાલવાથી બે પૌંડ દંડ અથવા ૩ અઠવાડીયાની જેલની સજા કરવામાં આવી છે. બધા મજુરો એ દંડ નાંદ આપતા જેલ પસંદ કરી છે.

નાદારી કેટલાના નોટીસો વગેરે

(ગવરમેંટ ગેઝેટમાંથી)

રીચમંડના વેપારી ઇસ્લાઈમ ઇસ્માઇલે તેના લેણદારોને ટકા ચુકવવાનું જણાવ્યું છે. તેના લેણદારોની એક મીટીંગ તા. ૨૫ ઓગસ્ટના રોજ ડરબન માઝસેન્જની ઓફીસમાં મળશે. તેના ટ્રસ્ટી ડરબનના એકાઉન્ટંટ મી. આરથર સ્પેન્સલી લીસ્ટર છે.

ટોંગાટમાં ચંગામા નાયડુની મીલ્કત નાદાર તરીકે જાહેર કરવાની અરજી ૧૦ સપ્ટેંબરના રોજ ડરબનની સરકીટ કોર્ટને કરવામાં આવશે.

બીપસ્ટહાઉનના હાસમ ઉમરની મીલ્કત નાદાર તરીકે જાહેર કરવાની અરજી તા. ૮ સપ્ટેંબરના રોજ મારીત્સ બરગની કોર્ટમાં કરવામાં આવશે.

રૂટરના તાર સમાચાર.

અમેરીકાના ઈલિનોઇસ પ્રાંતના એક વીભાગમાં એક હબસીએ એક ગોરી બાઇ ઉપર હુમલો કરેલ તેને લીધે ગોરા તથા હબસીઓ વચ્ચે એક મોટું મુલ્લડ થયું છે. બંને પક્ષના સંખ્યાબંધ માણસો ઘવાયા છે તથા ઘણાના જાન ગયા છે.

મી. કેરલારડી કેનેડા માટે ઉપડી ગયા છે.

કલકત્તાનો એક તાર જણાવે છે કે કલકત્તાની પાસે શ્યામનગર જતી એક ટ્રેન ઉપર એક બોંબ ફેંકવામાં આવ્યો હતો. પણ તે દુર પડવાથી કાંઇ નુકસાન થયું હતું નહિ.

ફોંગકોંગમાં ૧૦૦૦ ચીના ખોડેસ્વાર લશ્કરે બળવો કર્યો છે તેમણે કમાંન્ડર વગેરે કેટલાકને મારી નાખ્યા છે તથા શહેરમાં લુંટ ચલાવી છે. અને પછી પર્વત ઉપરના વધુ બળવાખોરો સાથે જોડાયા છે.

એક ફ્રેંચ નહિક અમલદારે નીપ અને પારીસ વચ્ચે ટેરસા વીનાનો ટેલીફોન દાખલ કરવાનું કંત્રાટ બનાવ્યું છે.

... મેન્ચેસ્ટરીનોપલનો એક તાર જણાવે છે કે ના. સલતાને પારલામેંટ હાઉસ બાંધવાનું ખરચ આપવા જણાવ્યું છે. આથી છાપાઓ તેમના વખાણ કરે છે અને ઇલ્તમશ કરે છે કે ના. સુલતાને અંગ્રેજની દોસ્તી કરવા કારણ કે સાચો મુસલમાનો બ્રિટીશ રક્ષણ છે.

હિંદુસ્તાનના ખબરો

(હીંદી છાપા ઉપરથી)

જામનગરમાં કોમ કોમ જગ્યા મરકી ના કેસ થવા લાગ્યા છે.

ગોંડળમાં એક આયર્ન ફેકટરી કાઢવા માં આવી છે.

માંગરોળના શેખ જહાંગીરમીંયાને ગાદી એ બેસાડવાની ક્રિયા જુનાગઢના દિવાન મી. અબ્બાસઅલી બેગે તા. ૨૬ મીએ કરી હતી.

અમરેલી પ્રાંતના મરાશીઆ લોકોની એક કોનફરન્સમાં અફીણનું બંધારણ અટકાવવાનો, દારૂ નહિ પીવાનો, વીધવા તથા અનાથને મદદ કરવાનો તથા મરા શીઆના કરજ સંબંધી તપાસ કરવાના ઠરાવ થયા હતા.

જાપાનથી એક લશ્કર હીંદુસ્તાનની લુતાની તથા આયુરવેદી દવાઓના અભ્યાસ માટે મદ્રાસ તથા મદીસોરમાં આવેલ છે.

જણીતા હીંદુસેંન્ટ્રે પ્રોફેસર રામમુર્તી એ ૧૮ ઘોડાના બળની મોટરકાર અંગ બળથી અટકાવ્યાથી ધ્રોરના મહારાજાએ રૂ. ૩૦૦૦નું ઇનામ આપ્યું છે.

કુચબીહારના મહારાજાના કુંવર વીકટર નારાયણ ખેતીવાડીનો ખાસ અભ્યાસ કરવા અમેરિકા ઉપડી ગયા છે તેની સાથે કલ કત્તાના જણીતા મી. ધ. ડી મજમુદાર ગયા છે.

નાગપુરમાં વીજળીક ત્રામવે દાખલ કર વામાં આવનાર છે.

કલેક્ટર મુનીપલ અને એગ્રીકલ્ચરલ સવાલને શો સબંધ છે તે વીષય ઉપર યંગ મેન્સ ક્રીશ્ચીઅન એસોસીએશનના હોલમાં ગુરૂવારે સાંજે મી. ગાંધી જોહાને સ્બરગમાં ભાષણ આપવાના છે.

રોકડ બજાર ભાવ

		ના.		મા.
ચાવલ બાજા જાતની		૨૪	૦	૨૫
બીજાની		૨૬	૬	૩૦
એફ. એફ. ડા. આર.		૨૨	૬	૨૩
એફ. ડા. આર		૨૦	૬	૨૧
ચીની મકાઇ		૨૪	૦	૨૫
ચુંવાના		૨૪	૦	૨૫
દેશી તુવેર દાળ		૨૨	૦	૨૩
તુવેર દાળ કાનપુરી		૨૪	૦	૨૪
મસુરની		૨૪	૦	૨૫
મગની		૨૬	૦	૨૬
અડદની		૩૦	૦	૩૧
ચણા મુંબઇના		૨૨	૦	૨૩
" દાળ		૨૬	૦	૨૬
વટાણા		૧૭	૬	૧૮
મઠાક		૧૦	૬	૧૧
બીનીસ		૧૬	૦	૧૭
કડવું તેલ ૧ ગેલન		૩	૨	૩
એરંડાનું		૨	૬	૨
મોવું		૩	૬	૩
નાળીએરનું		૩	૬	૩
ના. સફેદ નાનાલની		૧૫	૬	૧૬
પાળા		૧૪	૬	૧૫
તીરકુવા નાનાલ		૧૦	૬	૧૧
આટો		૧૧	૩	૧૧
મદ્રાસી મોપારી	૧ રતલ	૭આ		
મરચા		૦	૪	૮॥
ના પેટી ૪ ટીનના		૭	૧૪	૮
પેરબંદર		૮	૨૦	૮ ૧૫
પારશીન એરોરૂટ				
" વાઇટ રોસ		૮	૨	૮ ૫
" " બાલન		૧૧	૧	૧૨
નાળીયેર		૧૦	૦	૧૧
ઘી		૯	૬	૧૦
કાપમંડ સોપ		૧૪	૦	૧૪
સાબુ સીલ્ક સ્ટોન		૧૬	૦	૧૬
સાબુ સનલાઇટ		૪૨	૬	૪૫
નેકટર ટી		૧	૮	૧
બાવીસ બાલન		૨	૧૧	૩
સોપારી સેનરબની		૦	૧૨	૧
નીલ્લ પોઇટ સીગારેટ		૧૬	૬	૧૭
કુપ નેસલનું		૨૦	૬	૨૧
નોંધ (સ્થાવરમુલ્ય)				
જસ્તા એકની		૪	૬	૪

South African Directory

OF INDIAN MERCHANTS & OTHERS

BARBERTON

Soloman Moosa,
Box 24.

BEACONSFIELD

Abdul Ajij, (Kimberley)
17 Cape Town Road.
Shahboodeen Dowry,
Robinson Street.

BELFAST

Abdul Latif Khamisa,
Meintjes Street, P.O. Box 34.
E. A Saloojee,
Box 42.

BELLAIR

Rambhai Govindjee & Co.,
Farmers and Merchants.
D. A. Baseha,
Fruit supplier in South Africa

BOKSBURG

T Bros.,
Tailors & Outfitters,
Box 77, Stand No. 6, Location
Govind Mowjee & Co.,
Tailors & Outfitters
Box 90 Stand 11.

BUTHA BUTHE

Tayob Adam.

CAPETOWN

Dam H. G. Mahomed,
Estate Owner.
Noorbagh, 8, Kloof Street.
A. Cader
116 Long Street.
Chhaganal Bhawanidas Gheewala
Randeria, 21 Roger Street,
Ebrahim Noordien,
24 Frere Street, (Woodstock).
I. M. H. Gooz,
129 Castle Street.
Hoosenkhan Kalekhan,
17 Market Street,
Somerset Strand, C.C.
Keshaw Ramjee,
213 Bree St, 17 Lion St, &
13a Corner Church and Bloem Sts.
C. P. Lucheram,
134 Plein Street
Head Office: 10 Orphan Street
D. Mancherjee,
Box 1036, 14 Wicht Street.
Mohideen Enoos,
189 Free Street (corner Bree
and Bloem Streets
Morar Dala,
Merchant & Direct Importer
94 Hanover Street.
M. A. Patel & Co.,
Coir & Wire Mattress
Manufacturers,
37 Loop St.

Cape Town

A. A. Wallie & Co.,
Importers & General Merchants,
Box 1720.
Pohoomull Bros.,
Wholesale & Retail Silk Merchants,
Box 1126,

CHARLESTOWN

Hajee Hussam,
Bombay House,
Amod Ismail Essack,
Box 10,
Cassim Suliman,
Box 27,
G. R. Moola,
Box 15,

DELAGOA BAY

H. H. De Silva Bros & Co
Box 240.
Hajee Essa Hajee Suleman & Co.,
Box 368.
Hirjee Mooljee & Co,
Box 346.
Hormasjy Idooy,
Box 332.
Madhavjee Jetha & Co.,
Box 140.
Manwar Hoosen Motan,
Box 92.
Narjee Dulabhdas & Co.,
Box 141.
Noor Mahomed & Rawji,
Box 329.
Parshotam Amarchand & Co.,
Box 109.
Vrajdas & Lalchand
Box 92

DE AAR C.C.

C. Appavoo,
General Dealer,

DURBAN

E. Aboobaker Amod & Bro.,
Box 441, 434 West Street.
M. C. Anglia & Co.,
Box 59, 339 Pine Street.
Bhana Parshotam,
357 Pine Street
M. C. Camroodeen & Co.,
Box 126, Grey Street.
Dada Osman,
Box 88, 139 Queen Street.
Dawad Mahomed & Co.,
Plowright Lane.
Dawjee Mamoojee Timol,
Box 211, 116 Grey Street
East Indian Trading Co.,
Box 88, 102 Queen Street
Ebrahim Abdul Tyeb
113 Field Street.
Ebrahim Camroodeen,
113 Grey Street.
E. Ebrahim Ismail & Co.,
118 Commercial Road.

Durban

Esmail Dawjee Motala,
Saville Street,
(near Surti Musjid).
Hoondamal Sons,
107 West St. (Grey St. Corner)
Hoosen Cassim & Co.,
Box 86 371 Pine St.
Imperial Cigar Manufacturing Co.,
171 Umgeni Road.
Jalbhoy & Sorabjee Bros.,
110 Field Street.
Mahomed Ebrahim,
Commission Agent, Point.
Mackenjee Brothers, Tailors,
182 Grey Street.
S. P. Mahomed, Tobacconist,
106 Grey Street.
A. E. Mayet,
154 Queen Street.
J. B. Mehta,
Box 530, Grey Street.
B. A. Meghraj,
Box 754, Photographer,
Sydenham Road (Opposite
Botanical Gardens).
G. H. Meankhan & Co.,
Box 97, 125 Field Street.
Odhav Kanji. Box 610.
Durban.
Parshotam Valabh, Tailor,
123 Grey Street.
S. Peerbhoy Butler,
506 West Street.
P. V. Sanghavee & Co.,
Box 738, Grey Street.
Lala Babhai,
Fruit & Produce Merchant
86 Queen St.. Box 836.
M. A. Simon,
Jeweller, 120 Grey Street.
E. Suleman Bros.,
109 Queen Street.
Sun Brand Tobacco Works,
Box 88, 104 Grey Street
Abdool Razak, Fruit Merchant,
Box 167, 111 Victoria Street.

EAST LONDON

Amburam Jiwan & Co.,
Indian Laundry, Cambridge,
Berea Road, Box 223.
S. Caroojee
66 Buffalo Street, Box 270
Harjiwan Ramjee,
Indian Laundry,
3 Fairview Road,
Makan Bhana,
Indian Laundry, Cambridge,
Berea Road, Box 223.

ELANDSLAAGTE

(via Ladysmith)

Mandrajsing,

ENSELSBURG

E. Omar Rajan & Co.

ESTCOURT

M. C. Dessai,
Fruit & Produce Dealer,
Harding St., (oppo. Plough Hotel)
Ebrahim Mahomed Haffejee,
Box 13.
Ratanjee Luxman,
Tailor and Outfitter,
Harding Street.
Vithal Dana Bhavnagari,
Shoemaker. Harding Street
P. P. Michael,
Fruiterer, Harding Street.

GRAHAMSTOWN C.C.

Henry Willie,
Wholesale Fruit & Produce Dealer Forwarding & Commission Agent, Kowie St.
Murayan Joseph Naidoo,
New Street,
Mohanbhai Desai,
Fruit & Produce Dealer & Commission Agent, Box 106.
C. R. Samuel,
Fruit & Produce Dealer,
Box 38.
S. N. Samy,
Forwarding & Commission Agent, Box 110.
V. S. Thakore,
Indian Laundry,
Box 122 High Street.
K. Veerasamy,
Fruit Dealer. ox 93
Corner High & Spring Streets,

HARNERTSBURG

(Zoutpansberg)
Essopjee Ismail.
General Dealer.

HEIDELBERG

Aboo Mia Camroodeen,
Market Square.
A. M. Bhyat,
Market Street, Box 44
Branches:
Pietersburg, Box 24; Nigel, Box 43
V. Rangoon & Bro.,
Box 116,

INHAMBANE

Abba-Suliman,
Box 30.

JOHANNESBURG

Abdool Tayab & Co.,
Box 8,
Amod Moosajee & Co.,
27, Market St., Box 2941.
A. P. Camay & Co.,
Box 3504; 7 Kort Street.
M. S. Coovadia,
45 Market St; Box 270.
E. E. Dadabhoy,
22nd St. Malay Location, ox 2388.
Dayaram Bhookhan & Co.,
Tailors and Outfitters,
19 Market Street.
P. S. Durabjee,
Box 2937. Corner Alexandra St.

Johannesburg.

M. P. Fakoy,
Box 6031.
Goolam Mohideen,
Box 3755
Gopal Bhagvan,
Mattress Maker,
3 Market St. (West) P.O. Box 6028
Gulab Prag,
Box 5999.
S. Halloo,
Tin Manufacturer,
Factory: Stand 478, 18th Street, Vrededorp.
Ismail Cassam,
New Laundry,
New Clare. P.O. Box 270
Ismail Khan,
Stand 382, Bertram's Road,
P.O. Box 4370;
N. Kalidas & Co.,
Tailors and Outfitters,
36 & 147 Market Street
M. A. Karodia & Co.,
Box 3598. 41 Market Street
C. Kevalram,
Box 5320. Market Street.
V. G. Maharaj,
Silk Merchant & Direct Importer,
Corner of President and Von Brandis Streets,
Box 4109.
Mahomed Ebrahim Kunkay
182 Market St. Corner Polly St.
બીજો ઠરાવઃ બ્રીટીશ હીંદીની આ માસ મીટીંગ નમ્રતાથી અરજ કરે છે કે આ નવા બીલથી જ્યાં સુધી સારી રીતે કેળવાયેલ હીંદીનો દરજ્જો નથી સચવાતો અને જ્યાં સુધી ખુની કાયદો રદ નથી થાતો ત્યાં સુધી વડી સરકાર તેને મંજુરી નહીં આપશે.

આ ઠરાવ મી. જયોરજ ગોડફ્રે (બારીસ્ટર-એટ-લો) એ રજુ કરેલો હતો. તેને મી. કામાએ ટેકો આપ્યા બાદ સર વાનુમતે પાસ થયો હતો.

છેલ્લા અખરો.

[ઇ. ઓ માટે ખાસ તાર]

પોલકૂરટ, ગુરૂવાર

આજે અહીંના મેજીસ્ટ્રેટ મી. ડીલી અરસ અગળ પટેલ નામના એક હીંદીને 'પ્રોહીબીટેડ ઇમીગ્રંટ' તરીકે અટકાવવા માં આવેલ. તેણે કેળવણીની પરિક્ષા પાસ નથી કરી. તેની પાસે પુરતા સાધન નથી. અત્યાર તરફથી મી. પોલાક હતા. તહોમતદારે જણાવ્યું કે મેં મરજીયાત રજીસ્ટર માટે ગયા મારચમાં અરજી કરી છે અને મારી અરજી નામંજુર કરવામાં આવી નથી. હું ખુની કાયદા પહેલાં છ મહીના થયા ટ્રાંસવાલમાં હતો. મરજીયાત રજીસ્ટરની અરજી કરતી વખત મેં ડબના પ્રમાણનું રજીસ્ટર જમા કરેલું હતું હું થોડા વખત માટે નાતાલ ગયેલ હતો. મી. પોલાકે સેવો દલીલ કરી કે તહોમતદાર હમણા નવો દાખલ થવા માગે છે એવું નથી. ઇમીગ્રેશન એકટ ચાલુ થયો તે પહેલાં તે ટ્રાંસવાલમાં હતો. થોડા વખત માટે બહાર ગએલ તે ફરીને ટ્રાંસવાલમાં આવવા માગે છે. ન્યાયાધીશે તેને ગુન્હેગાર ઠરાવી પા. પ દંડ અથવા ૧૪ દિવસની સાદી જેલ, અને ત્યાર બાદ દેશપારની સજા કરી છે.

બીજા બે હીંદીને આંગળાં નહીં આપવા માટે પકડવામાં આવેલ છે. તેઓ પાસે મરજીઆત રજીસ્ટર છે. તેઓનો કેસ આવતા મૃગળવારે ચાલશે.

પોલકૂરટ, શુક્રવાર

મી. હાજી ઓસમાન (નાતાલ ઇ. કોંગ્રેસ ના સેક્રેટરી) ના ભાઇ મી. ઇબ્રાહીમ ઓસમાનને ગઇ કાલે પોલકરસ્ટમાં અટકાવ્યા છે તેની પાસે પરમીટ હતી. પણ તેણે અંગુઠો આપવા ના પાડી. આજે તેના ઉપર ઓળખાણ નહીં આપવા માટે ખુની કાયદાની છઠ્ઠી કલમ મુજબ તહોમત મુકવામાં આવ્યું હતું. તેણે કાયદા સામે વાંધો દરશાવ્યો અને જે સજા થાય તે ઉઠાવવાનું કહ્યું. મી. પેલાક બચાવ તરફથી હતા. તેનો પૌ ૧૦ દંડ અથવા ૧૪ દિવસની સાદી જેલની સજા કરવામાં આવી હતી. મી. ઇબ્રાહીમ ઓસમાન દંડ નહિ આપતાં જેલમાં ગયા છે.

જોહાનીસબર્ગ, શુક્રવાર.

આજ સવારની ટ્રેનમાં નાતાલના હીંદી આગેવાનોને દેશપાર કરવામાં આવ્યા છે. તેઓની કોઇપણ જાતની રીતસર તપાસ કરવામાં નથી આવતી તેને માટે વાંધો દરશાવવામાં આવ્યો હતો પણ તે ઉપર લક્ષ આપવામાં આવ્યું નથી. પેલીસે તેમના તરફ સારી વરતણુંક બતાવી હતી અને સોરાબજીને જેમ છુપી રીતે લઇ ગયા હતા તેમ નહીં પણ જાહેરાત લઇ ગયા હતા મી. ગાંધી અને બીજા તેમને સ્ટેશને મળ્યા હતા. શનિવારે સવારે તેઓ અને મી. સોરાબજી ટ્રાંસવાલમાં દાખલ થશે.

ગઇ રાતે અંજુમન ઇસ્લામની મીટીંગ થઇ હતી અને આજ બપોર સરઘાડીકુવા ખાળવાને માસ મીટીંગ ભરાવાની છે.

લોકો ઘણા ગુસ્સે થએલા છે.

જોહા-સબરગ, શુક્રવાર.

ફેડરસબરગના વેપારી મેસરસ હસનઅલી જીવા અને ઇસપ અહમદનો પાંચ પૌંડ દંડ થયો છે. જેલની સજા આપવામાં આવી નથી.

મેસરસ હાજી મહમદ, પારસી [illegible] એમ. સી. આંગલીઆ અને [illegible] હીંદીચાને અંજુમન ઇસ્લામમાં [illegible] મદદ્યામાં આવ્યા છે

મરજીયાત રજીસ્ટરને કાયદેસર ગણવાના બીલ ઉપર ચરચા

જનરલ સ્મટસનું ભાષણ

મરજીયાત રજીસ્ટરને કાયદેસર ગણવા ના બીલનું બીજી વખતનું વાંચન રજુ કરતી વખતે ગયા શુક્રવારે લેજીસ્લેટીવ એસેમ્બ્લીમાં કોલોનીઅલ સેક્રેટરીએ નીચે મુજબ ભાષણ કરયું હતું:—

આ સવાલ છેક છેલ્લી ઘડીએ પાર્લામેંટ આગળ રજુ કરું છું એમ મને લાગે છે પણ હું માનવંતા સભાસદોને જણાવું છું કે તેનું કારણ એટલું જ હતું કે સરકારને બહુ ચીંતા રાખી જોવાનું હતું કે જે બીલ પાર્લામેંટમાં રજુ કરવામાં આવે તેને સઘળા સભાસદો તેમજ પ્રજાને કબુલ થઇ પડે તેવું હોવું જોઇએ. (હીઅર, હીઅર) આ એશીઆટિક સવાલે આજ છેક્સા ત્રણ ચાર વરષ વર્યા તો વીચારવા લાયક ૩૫ પક્ષ હોવું છે અને આજે તે એક ગંભીર સવાલ થઇ પડયો છે. લડાઇ પછી આ દેશની ગોરી પ્રજાના દીલ આ સવાલના જેવા બીજા કોઇપણ સવાલથી ઉશ્કેરાઇ થઇ ગયા નથી એમ હું માનું છું. (હીઅર, હીઅર) છતાં માનવંતા સભાસદો કે પ્રજાને ભારે પગલાં લેવાની જરૂર નથી. આ સવાલ પુરી શાંતિથી વીચારવાનો છે. અને હું આશા રાખું છું કે આ સવાલ ઉપર જે ચરચા ચાલે તેમાં શાંતિ અને પુરેપુરા વીચાર ધારવા કરશો. હાલના કેટલાક બનાવો ઉપરથી લોકોના મન ઉકળી રહયા છે. પણ મને ખાત્રી છે કે આ સભામાં માનવંતા મહદયે શાંતિથી ચરચા કરશે. પાર્લામેંટની આ બેઠકોમાં આ સવાલ ત્રીજી વખત હાથ ધરવામાં આવે છે. માનવંતા સભાસદોને યાદ હશે કે ૧૯૦૬માં આ કોલોની પરી સર કારની નીચે હતું તે વખતે એક કાયદો થયો હતો પણ તેને પરી સરકારની મંજુરી મળી નહિ તેથી અમલમા નહિ આવ્યો પણ ૧૯૦૭માં અહીંની સ્વતંત્ર સરકારે તે કાયદાનો સુધારો કર્યો બીના પરી સરકારે તે કાયદાને મંજુર રાખ્યો. એવો કાયદો ગયે વરસે અમલમાં આવ્યો. તે મુજબ રજીસ્ટર થવાની જુદી જુદી તારીખોના નોટીસો બહાર પાડી પણ ઘણાં કારણોને લઇને એશીઆટિકોએ તેનો સામે સત્યાગ્રહ આદર્યો અને કાયદા પ્રમાણે રજીસ્ટર થવાનો હેતુ બર આવ્યો નહિ. રજીસ્ટર કઢાવવાની મુદત તા. ૩૦ જુન સુધીની કરી હતી ને વખત ફરમાન આખા કોલોનીમાંથી માત્ર ૫૦૦ એશીઆટીકોએ રજીસ્ટર કઢાવ્યાં હતાં. આખા દેશમાં એશીઆટિકોની વસ્તી ૧૦૦ કરતાં ઘણી મોટી છે એટલે જોઇ શકાય છે કે સત્યાગ્રહની લડતમાં તેઓ કાવી રહયા હતા. આ બહુ કોડી તેમજ ભયંકર સ્થિતિ ગણાય. સત્યાગ્રહ ની સામે સરકારે કેવી રીતે વર્તવું તેના જેવી કોડી સ્થિતિ બીજી કોઇ નથી. આ પગલું લડાઇની બરાબર છે. અને રાજ્ય કરતાની નજરે અંધેર ગણી શકાય. આગળના જમાનામાં આવે સમયે લડાઇ જાહેર કરીનેજ આ બાતનો ફડચો આવ્યા હતા. પણ હાલના જમાનામાં તેમ થવું અસંભવીત છે અને તેથી સરકારે કેવી રીતે કામ લેવું તે ઘણું વીચારવા જેવું થઇ પડયું. આ કાયદાને અમલમાં મુકવા મારાથી જેટલું બની શકયું તેટલું મેં કરયું. કાયદા પ્રમાણે સજા કરી પણ તેનું પરીણામ એ આવ્યું કે દેશના એક છેડાથી બીજા છેડા સુધીના કેદખાના એશીઆટિકોથી ભરાઇ ગયા. આ સ્થિતિ ઘણી અસંતોષકારક ગણાય. માનવંતા સભાસદોને યાદ હશે કે જિવરે હું તે કામના કેટલાક આગેવાનોને મળ્યો અને કેટલીક ચરચા કરી તેને પરીણામે પાર્લામેંટ મળે ત્યાં સુધી કામ ચલાઉ ગોઠવણ થઇ. તેનો સાર એ હતો કે ટ્રાન્સવાલ ના દક્ષકાર રહીશ હોય તેવા સઘળા એશી આટિકો મરજીયાત રજીસ્ટર કઢાવે અને પારલામેંટ મળે ત્યારે તે કબુલ રાખવા માટે તે બીના પારલામેંટમાં રજુ કરવી. આ ગોઠવણ પ્રમાણે એશીઆટિકોએ મરજીયાત રજીસ્ટરને માટે અરજી કરી અને આજ સુધીમાં આ દેશમાંના લગભગ દરેક એશીઆટિક રજીસ્ટ્રેશન માટે અરજી કરી દીધી છે. કુલ અરજીઓ ૬૧૫૮ થઇ છે. આથી આપણને ખાત્રી થાય છે કે હમણે પહોંચેલા મરદની વસ્તી તે સંખ્યાથી ઘણુ નથી. આ સંખ્યા ઉપરાંત કેટલીક ઓરતો તથા છોકરાંની વસ્તી છે. આ અરજીઓમાંથી ૬૩૭૬ અરજીઓ કાયદેસર રહીશની ગણુરામાં આવી છે. અને તેઓને રજીસ્ટ્રેશન સરટીફીકેટ આપ વામાં આવ્યા છે. ૬૨૧૮ અરજીઓ કાઢી નાખવામાં આવી છે. એટલે તેટલા એશીઆટિકો આ દેશમાં બેર કાયદેસર રહે છે. અમને તેવા કાયદા મુજબ તેઓ ને દેશપાર અથવા દેશ છોડવાનો હુકમ કરવો જોઇએ. બાકી જે ૬૩૭ રહયા તે બાબત હજુ તપાસ ચાલે છે. મહત્વનો, હાલની સ્થિતિ આ પ્રમાણે છે. આપને યાદ હશે કે ગયે વરસે આ કાયદા તળે જે ધારા ઘડવામાં આવ્યા તેની સામે એશીઆટિકોને મુખ્ય વાંધો હતો અને સત્યાગ્રહની લડત શરૂ કરવાનું તે મુખ્ય કારણ હતું. તમને એમ પણ યાદ હશે કે ગયા જાન્યુઆરીમાં એશીઆટીકોઓનો સાથે જે ગોઠવણ કરવામાં આવી હતી તેમાં જે એશીઆટિકોને ધરમ અથવા બીજા કારણસર આંગળા આપવા વાંધો હોય તો તેમની પાસે તે નહિ માગવા તેનું પરિણામ જણાવા પામ્યું છે. આંગળાં સામે કાંઇ ખરો વાંધો બતાવવામાં આવ્યો નથી. રજીસ્ટરને માટે જે અરજીઓ થઇ છે તેમાંથી ૩૦૭૦ અરજીએ આંગળાં આપ્યાં છે. ૧૬૬ અરજીએ આંગુઠા આપ્યાં છે જે આંગળાંની બરાબર ગણાય અને રજીસ્ટ્રેશનના હેતુને માટે પુરતા ગણાય. માત્ર છ અરજીએ આંગળાં આપવાની ના પાડી છે. આમની પાસેથી સહી અથવા ઓળખાણના બીજા સાધનો લીધેલા છે. આ ઉપરથી માનવંતા સભા સદો જોઇ શકશે કે આ બાકીઓ સામે મુખ્ય વાંધો આંગળાં વિષે હતો એવો જે માન્યતા હતી તે ખરી ન હતી. ખરો વાંધો મુળ કાયદાની સામે હતો. હવે સલાહ વિષે કાંઇક હું કહીશ. કારણ કે ઘણા દીદી આગેવાનોએ વખતો વખત મારા ઉપર તહોમત મુકેલું છે કે સલાહ ની શરતો મેં પાળી નથી તેઓ કહે છે કે સલાહ વખતે મેં કાયદો રદ કરવાનું વચન આપેલું તે મુજબ કાયદો રદ થવો જોઇએ. સલાહ શું હતી તે વિષેના સઘળા કાગળો મેં ટેબલ ઉપર રજુ કર્યા છે. સલાહ બાબતના જે જે કાગળો છે તે માનવંતા સભાસદો વાંચશે તે સલાહ પ્રમાણે બોલે ઓછા પાળવામા આવેલ છે જોહાનિસબરગમા જે જુદા જુદા કામના માં એશીઆટિક આગેવાનો જણાવે છે કે "અમારી સલાહ ને કાયદાની દ્રષ્ટિ એકેક ધારાની અંદર આંગળાં પાડવાની હકીકત છે તેની સામે નહિ હતી, પણ જે કાયદા ની અંદર કરજની બાબતો છે તેની સામે હતી જેઓની બોલાચાલ બીજા રીતે નહિ થઇ હોય તેઓની બોલાચાલને સારૂ આંગળાની નીશાનીઓ દેવી પડે તો તેમાં અમે અપમાન ગણતાં જે તેમ નથી. જે કાયદા રદ કરવા તે આપે મારફતના રજીસ્ટ્રેશન બેવડુ ઘણી બાબત લેખો મુકવા છીએ. અને હજુ પણ જે અમે

હમેશાં કહેતા આવ્યા છીએ તે રસ્તો લેવાનું સરકારને સૂચવીએ છીએ.

અગે જણાવીએ છીએ કે પાર્લમેંટ બેઠી નથી ત્યાં સુધી કાયદો રદ થઇ શકે તેમ નથી. કાયદો રદ થવાનો સંભવ નથી એમ આપ ઘણી વાર બોલી ચુક્યા છો એ અમારા ધ્યાનમાં છે; છતાં હવે ગવરમેંટ ગેઝેટમાં રજીસ્ટર થવા બાબત નીનોટીસો બહાર પડેલા તે બલાસ થઇ છે. એટલે જે કંઇ રજીસ્ટ્રેશન થાય તે માત્ર મરજીબાત થઇ રહે જે બાબત અમે પ્રથમથીજ કહેતા આવ્યા છીએ.

આમ હોવાથી ઘણી પણ અમે અરજ કરીએ છીએ કે સોળ વરસની ઉપરના બધા એશીઆદિક અમુક મુદતની અંદર (જેમ કે છણ મહીનાની અંદર) રજી સ્ટર થાય, અને જેઓ તે પ્રમાણે રજીસ્ટર લેય તેને નવો કાયદો લાગુ ન પડે; અને મરજીબાત રજીસ્ટ્રેશનને કાયમ કરવા સારૂં જે કંઇ પગલાં ભરવાં પડે તે સર કાર લેય. જેઓ કોલોનીમાંથી બહાર ગયા છે પણ જેઓને પાછા આવવાનો હક છે તેઓને પણ આવી જાતના રજી સ્ટ્રેશનનો લાભ મળવો જોઇએ."

આ પછી આંગણા બાબત થોડી બીના છે. આ બાબતો મેં કબુલ રાખી. આમાંથી બે સવાલ ઉભા થયા છે. પહેલો સવાલ એ કે કાયદો રદ કરવાનું મેં કહ્યું હતું. હું માનું છું કે કંઇ પણ કોરટ મારા વચનમાંથી આ અરથ નાહ કરે. જે એશીઆદિકો મરજીબાત રજીસ્ટર થાય તેમને નબર બેના કાયદા નીચે નહિ પણ બીજા કાયદા નીચે રજી સ્ટર થવાનું હતું. એશીઆદિકો આ બાબત સુપ્રીમ કોરટમાં લઇ ગયા અને સર વીલીઅમ સોલોમને એશીઆદિકો તે કરારનો જે અરથ કરે છે તેથી જુદોજ કર્યો. પછી, મહરથો, એવું જણાવવામાં આવ્યું કે આ કારણોમાં કાયદો રદ કરવાની વાત નથી આવતી તો પણ મી. ગાંધીએ જે વખત મારી મુલાકાત લીધી હતી તે વખતે કાયદો રદ કરવાનું મે વચન આપેલું. આ બરાબર નથી. આવી અસર મેરસમજનું પરિણામ હોય એમ હું માનું છું. મને યાદ છે કે એશીઆદિકોને ઇમીગ્રેશન કાયદા તળે મુકવા વિષે મી. ગાંધી સાથે મારે એક કરતાં વધારે વખત ચરચા થઇ હતી. મારી પોતાની માન્યતા તો એવી છે કે ગયે વરસે જે ઇમીગ્રેશન કાયદો આપણે પસાર કર્યો તેના કરતાં નંબર ૨ નો કાયદો વધારે સારો છે. એશીઆદિકોને તે કાયદો લાગુ પાડવાનું બની શકે તેવું હોય તો એશી આદિકની સાથે કામ કેવી રીતે લેવું તે વીષેની સત્તામાં ઘણોસુધારો થઇ શકે તેવું છે. માત્ર અજમાયેશ કરવાની વાતચીત થઇ હતી. સલાહ બાબત કાંઇ ન હતું. હું કેટલે સુધી જઇ શકું અને કેવી જાતનો ફેર ફાર કરી શકું તે સમજવાને હું પ્રયત્ન કરતો હતો પણ મેં જોયું કે કેટલીક માગણીઓ એવી છે કે સ્વીકારવી અસંભવીત છે ત્યારે મેં તે વાત છોડી દીધી. બીજી મુશ્કેલી એ ઉભી થઇ કે જેઓ તે વખતે કોલોનીમાં ન હતા પણ જેઓ કોલોનીમાં દાખલ થવાને હકદાર હોય તેવા એશીઆટીકોને પણ જ્યારે તેઓ આવે ત્યારે મરજીબાત રજીસ્ટર લાગુ પડે. મારો જવાબ એ હતો કે સલાહ પાર્લા મેંટ મળતાં સુધી અમુક મુદતને માટે-ત્રણ મહિના સુધી-ની હતી પ્રજા અમુક વરસ કાયદાની બહાર રહે એવું વચન આપી શકતો નથી. હું એટલુંજ કહી શકું કે પાર્લામેંટ મળે ત્યાં સુધી આ મધ્યમ રસ્તો લેવા અને પાર્લામેંટ મળે કે તરતજ તે તોડ કાઢવો. જે એશીઆ ટીકો પાછળથી આવે તેઓ મરજી પડે તેવી રીતે રજીસ્ટર થાય એવું વચન હું આપું તે અસંભવીત છે. તે બાબતથી હું ન રાજીકારી શકું તેવી તેમજ દેશના કાયદા મંજુરી ન આપી શકે તેવી જાતની તે માગણી હતી. એશીઆટીકોની મોટી સંખ્યા રજીસ્ટર થઇ ગઇ. બે બાબતો પર નવી મુશ્કેલીઓ ઉભી થઇ. સલાહ ની મુદત વીતયા પછી જે દાખલ થાય તેને માટેની અને બીજે વરસે ઇમીગ્રેશન કાયદો ઘડાયો તેની રૂએ બહોલા એશીઆ ટીકોને દાખલ થવા દેવ બાબતની. તેઓ એમ જણાવે છે કે એશીઆટીક સવાલ નો નીવેડો સરકાર અથવા પારલામેંટ ગમે તે લાવે પણ બહોલા એશીઆટીકો જે ઇમીગ્રેશન કાયદાની રૂએ પરિક્ષા પાસ કરી શકે તેવા હોય તેને દેશમાં આવવા દેવા. આવી રાજનીતી હું કદી કબુલ કરી શકતો નથી. (હીઅર, હીઅર) હું ધારૂં છું કે એવા કેળવાયેલ એશીઆટીકો ને માટે દેશના દરવાજા ખુલ્લા રાખવા તે ઘણું ભયંકર થઇ પડે. જે પરિક્ષા લેવામાં આવે છે તે ઘણી સાદી છે. જો કોઇ મનુષ્ય અંગ્રેજી અથવા યુરોપની કોઇ ભાષામાં પોતાનું નામ અને લખાવ વામાં આવે તે મુજબ એક વાકય લખી શકે તો તે કોલોનીમાં આવી શકે. એશી આટીકોની આવી જાતની પરિક્ષા લેવામાં આવે તો દેશમાં નહિ દાખલ કરી શકાય તેવા સંખ્યાબંધ લોકો દેશમાં દાખલ થવાની ધારતી છે. તેવું હું કદી બનવા દઇશ નહિ. પછી સત્યાગ્રહની લહર ફરીને શરૂ થઇ. મીટીંગો ભરાણી, ભાષણો થયાં, સરકીયુલરો બાળ્યાં, અને બહોર લોકોની લાગણી ઉશ્કેરવાને જે કાંઇ થઇ શકે તે સઘળું કરવામાં આવ્યું. આ બધું થયું તે માટે હું ઘણોજ દીલગીર છું. હું ધારૂં છું કે તેવું કરવાની કાંઇ જરૂર નહતી. એશીઆટી કોને લગેજ કારણની શરતો પાળવાનું મેં ધારેલું અને તે મુજબ આ મરજીબાત રજીસ્ટરને કાયદેસર ગણવાનું બીલ મેં રજુ કરેલું હતું. આપણે એક પગલું વધુ નહિ ભરવાનો મેં વીચાર કર્યો હતો. આ બીલ જ્યારે રજુ કરેલું ત્યારે આખા દેશમાં બહોર મત બહુ ઉશ્કેરાયલો હતો. અને અમારા જેમ મેં બંને હાઉસના બને પક્ષના અકાબરોની સલાહ લીધી હતી તેવી રીતે આ વખતે પણ લીધી અને હું ખુશી થયો છું કે તેમણે બધાએ મને સહાયકારક અને પુરતી મદદ આપી અને મારા વીચારોને પુરો ટેકો આપ્યો (તાળીઓ). એક અઠવાડીઆ ઉપર બને હાઉસના બંને પક્ષના સભાસદો પાસે આ વિષે ફરીને વાતચીત કરી ત્યારે એવી સુચના કરવામાં આવી કે એશીઆટીકના આગેવાનો સાથે આપણે મળી સાથે કેટલીક વાતચીત કરવું. આપણે સાથે મળ્યા અને કેટલાક મુશ્કેલ સવાલ ઉપર ચર્ચા કરી અને તે મેળાપ વખતે જે મુશ્કેલીઓ ચરચાઇ હતી તેમાંની એક શિવાયની બધી વાજબી રીતે આ બીલથી દુર થાય છે અને એક બાકી રહી તે કેળવાએલ એશીઆટીક બાબતની રહી. જે મુશ્કેલીઓ હતી તે આ છે:—૧૮૮૫ ના કાયદામાં એશીઆટીકની જે વ્યાખ્યા કરી હતી તે નબર ૨ ના કાયદામાં કાયમ રાખી પણ તરકીશ રાજ્યના મુસલમાનોને તેમાં બક્ષ્યા. આ બાબત તેઓએ કહ્યું કે આ હલમથી તરકીશ મુસલમાનનું અપમાન થાય છે. આપણે ધરાર્દા અપ માન કરવાનો નથી. આ દેશમાં તુરકી લોકોની સંખ્યા થોડી છે-અને મને કહે વામાં આવેલ છે કે હાલ તો એક પણ નથી. તુરકસ્તાનથી આ દેશમાં ઘણા લોકો આવી પડે એવો સંભવ નથી, તુરકસ્તાનથી જે કોઇ આવતા હોય તો પ્રીતી લોકો છે. અને તે સીરીઅન અને જેવ-ટાઇપ છે કે જેની આગે અમુક માનયતા સભાસદોને વાંધો છે પણ તે બીસ્તી છે. તરકીશ રાજ્યની મુસલમાન

રહેવત આ દેશમાં સંખ્યાબંધ આવે તેની ધારણી આવી પડી નથી તેમ સંભવ પણ નથી. આવા કારણથી તે વાંધો દુર કરવામાં આવ્યો અને અમુક માણસ તરફીશ રાજપ્ર સુસલમાન રહેવત છે તેટલા માટે તેના ઉપર જે અટકાયત મુકવામાં આવનારી કલમ હતી તે આ નવા બીલમાંથી કાઢી નાખવામાં આવી છે. બીજી બાબત લડાઇ પહેલાંના જે એશીઆટીક હરાંસવાલના રહીશ હોય તેની હતી. તેઓ વિષે નંબર ૨ ના કાયદામાં એટલુંજ હતું કે. જેને પીસ પ્રીઝરવેશનના કાયદા મુજબ પરમીટ મળી હોય અથવા તો ૧૯૦૨ના મેની ૩૧મી તારીખે આ દેશમાં હોય તે. એશીઆટીકો એમ દલીલ કરતા હતા કે— અને તે દલીલ વરાબર છે.—લડાઇ પહેલાં વસેલા કેટલાક એશીઆટીકો એવા છે કે જેમની પાસે પરમીટ નથી. તેમ તેઓ ઉપરની તારીખે ટરાંસવાલમાં ન હતા. આવા લોકોને દેશમાં આવવા માટે (ખુની) કાયદામાં કાંઇ ચોકસ કરવામાં આવ્યું નથી. મીટીંગ વખતે આપણી પાસે એવી માગણી કરવામાં આવી હતી કે લડાઇ પહેલાંના વતનીઓને આપણે ચોક્ખા હક –પવા આ માગણી ઘણે ભાગે વરાબર છે અને તેથી મને લાગે છે કે કલમ કરવામાં કાંઇ ભય નથી. આ બીલમાં એક એવી કલમ રાખી છે કે લડાઇ પહેલાં ત્રણ વરસ વસવાટ કરેલ હોય એવું સાબીત કરી આપે તેવા એશીઆટીકો આ કાયદાના તારીખથી એક વરસની અંદર રજીસ્ટ્રેશન સરટીફી કેટને માટે અરજી કરી શકે અને તે અરજી કબુલ રાખવામાં આવશે. ને તેઓ ને આ દેશમાં રહેવાનો હક મળશે. એટલે એશીઆટીક આગેવાનોનો ખુની કાયદા સામેનો આ વાંધો પણ દુર કરવા માં આવેલ છે ત્રીજો વાંધો છોકરાં બાબત હતો. ખુની કાયદામાં ઉમરે પહોંચેલા તેમજ ૮ થી ૧૬ વરસની અંદર ના બાળકને પણ રજીસ્ટર લેવાના હતાં બાળકોને રજીસ્ટર કરવાની કલમ ખુની કાયદામાં રાખવાની કાંઇ ખાસ જરૂર ન હતી. મરજીયાત રજીસ્ટરમાં જે ફેરફાર કરેલ છે તેથી કાયદાનો હેતુ તો સરી રહે છે કારણ કે મરજીયાત રજીસ્ટર કરા વનારને ૧૬ વરસની અંદરના બાળક હોય તો તેના નામ ઉમર તથા બીજા હકીકત સરટીફીકેટ ઉપર લખવામાં આવતા હતા. અથવા બાકીમાં જે કાંઇ એમ કહે કે મારે પાંચ છોકરાં હતા તો તેને આ સરટીફીકેટ ઉપરથી ઓળખવાનું સહેલું પડે. આપણે એજ જરૂરનું હતું. અને તે મરજીયાત સરટીફીકેટમાં આવી જાય છે એટલે આ વાંધો કબુલ રાખવામાં કાંઇ હરકત નથી તમે જોશો કે આ નવા બીલમાં એવી કલમ છે કે ૧૬ વરસની અંદરના બાળકને રજી સ્ટરની જરૂર નથી પણ બાપના રજીસ્ટરની સાથે ગણશે. પછીનો વાંધો એશીઆટીક રજીસ્ટરાર અરજદારની અરજી કબુલ ન રાખે તો માજીસ્ટ્રેટને અપીલ કરવાનો હતો. ખુની કાયદામાં રજીસ્ટરારના હરાવ ઉપર રેસીડંટ માજી સ્ટ્રેટ પાસે અપીલ થઇ શકતી એમાં આ શીઆટીક આગેવાનો આ વિષે એવી દલીલ કરે છે કે જુદી જુદી કારટમાં જુદો જુદો રીવાજ ચાલે છે. એક માજીસ્ટ્રેટ આવાં સરટીફીકેટ આપવામાં ઉદારતા વાપરે તો બીજો ઘણી સખતાઇ વાપરે અને આમ જુદા જુદા હરાવથી કાંઇ અમુક ધોરણ રહેતાની સ્થિતિ થઇ પડે છે. આ ઉપર આ બીલમાં નવો ફેર કરવામાં આવ્યો છે; તે એ કે રજી સ્ટરારના હરાવની સામે અપીલ સાંભળ વાને સરકાર ખાસ એક માજીસ્ટ્રેટની નીમણુંક કરશે. આમ કરી જુદી જુદી કારટમાં જે જુદા જુદા રીવાજ ચાલતા હશે અથવા ચાલે તે નાબુદ થશે. આ માજીસ્ટ્રેટની સત્તા રેસીડંટ માજીસ્ટ્રેટ જેટલી રહેશે. અનેકબીજા દરેક કેસોમાં જેમ થઇ શકે છે તેમ કાયદા મુજબ તેની ઉપર સુપરીમ કારટને અપીલ કરી શકશે. (હીઅર હીઅર). પછી લાસ્સે-સ લેતી વેળા ઓળખાણ માટે તેમણે અંગુઠો આપવો તે બાબતનો વાંધો નીકળ્યો તે બાબત તેમનું કહેવું એછે કે—આ બાબત માં કાંઇ છુટ મળવી જોઇએ. કેટલાક એશીઆટીક સારી રીતે જાણીતા છે. કેટલાક ભણેલ છે તેઓ વરાબર સહી કરી શકે છે અને બેંક તે કબુલ રાખે છે. તો તે બાબત સબત કાયદો ઘડવો બીન જરૂરી છે. જો સહીથી વરાબર ઓળખ થઇ શકતી હોય તો આપણે તે કબુલ કરીએ. જો સહી બસ ન થતી હોય તો તેનો કાંઇ બીજો રસ્તો લઇએ તમે જોશો કે આ બીલમાં મતલબ આવી જાય છે. આ શીવાય બીજા કેટ લાક નાના ફેરફાર કરવાની સુચના થઇ હતી તેમાંની એક ખુની કાયદામાંથી હાર નીં કલમ કાઢી નાખવાની હતી એશીઆ ટીકોને તે નકામી જોઇએ એટલે કે કલમ આ બીલમાંથી કાઢી નાખવામાં આવી છે. અમુક હદીની મીલકત તેના વારસા ના નામ ઉપર કરવા બાબતની એક કલમ છે. આ એક જુનો કેસ છે. તે વીષે ખુની કાયદામાં એક કલમ છે પણ તેની ભાષા એવી છે કે આ કેસને તે લાગુ પડતી નથી. થોડા દિવસ ઉપર આપણે મળ્યા હતા ત્યારે એશિઆટીક આગેવાનોએ જે વાંધા રજુ કરેલા હતા તે આ છે. તે ઉપરાંત તેઓએ ભણેલા એશિઆટીકો માટે ગમે તેટલા થોડા પણ આપણે ખુલ્લા મુકવા. માનવંતા સભા સદોને મેં બતાવેલ છે કે ઉપર જણાવેલ સઘળા વાંધા તદન વ્યાજબી રીતે અને સ્પષ્ટ ભાષામાં કબુલ રાખવામાં આવ્યા છે. (હીઅર, હીઅર) પણ કેળવણી બાબત માં પાર્લામેંટને કે દેશને હું ભલામણ નથી કરી શકતો કે ગયા વરસના કાયદા માં તે બાબત જરાપણ ફેરફાર કરવો. (હીઅર, હીઅર) હું માનું છું કે આથી વતનનો ફેરફાર બંધ કર થઇ પડશે. એશિ આટીક આગેવાનોની આ ભલામણ સ્વીકા રવાનો હું કોઇપણ રસ્તો જોઇ શકતો નથી. અને હુ ધારું છું કે એશિઆટીક સાથે વાતચીત કરવામાં જે માનવંતા સભાસદ હાજર હતા તેઓનો પણ એજ વિચાર છે કે ખુની કાયદામાં આ ફેરફાર કરવો તે કદાપણ ભરેલું નથી. અને ફેર કારને માટે તેઓએ કબાલ્યું કરવું તે મેં કબુલ રાખેલ છે ખુની કાયદામાં એક એવી કલમ છ કે કોલોનીઅલ સેક્રેટરી એશીઆટીકોને મુદતની પરમીટ આપી શકે. આ કલમ જરૂર જણાતા એશિયા ટીકોને અમુક મુદત દેશમાં રહેવા દેવાને દાખલ કરવામાં આવી હતી. આ કલમ મુજબ હું ચરતેલ છું. મે દેટલીક વખત પરમ મુરૂને આવવાની પરવાનગી આપી છે. તેજ રીતે મેં કે મારી પહેલાંના અમલદારે એક ડાકટરને પરવાનગી આપી છે. આ વિષે એવી સુચના થઇ કે આ સત્તા ગવરનરના હાથમાં રહેવી જોઇએ. આ બીલમાં તે સુચના મુજબની કલમ પણ દાખલ કરેલી તમે જોશો. આથી કરીને જો કોલોનીઅલ સેક્રેટરી સામે કોઇ જાતની ફરીયાદ હોય તો—અને તેને આ કાયદાને અમલમાં મુકવાનો રહેશે એટલે હોવા સંભવ છે—તો તેનાથી ઉપલી સત્તા નીષ્પક્ષપાતપણે તે કલમનો વરાબર અમલ કરે. હું આશા રાખું છું જે આ સવાલ હમેશાં નીષ્પક્ષપાતપણે હાથ ધરવામાં આવે. આ બધા મુદ્દા વિષે આપણા ઉપર કબાજ થયા પછી અને તે

વ્યાજબી રીતે આપણે કબુલ રાખ્યા પછી માનવંતા સભાસદો એમ આશા રાખતા હશે કે આ દેશમાં જે તોફાન ચાલી રહ્યું છે તે સમી જશે અથવા કાંઈ ઓછું થશે. પણ એશિયાટીક કમીટી તરફથી મારા સેક્રેટરીને આજે એક કાગળ મળ્યો તેના ઉપરથી એમ જણાય છે કે આ આશા, જે તદ્દન વ્યાજબી હતી, તે બધે ભારે નીરાશા નીવડશે. જોહાન્સબર્ગ રગમાં કેટલાએક એશિયાટીકોની એક મીટીંગ મળી હતી. તેણે નીચેના મુદ્દા ઠરાવેલા છે. તે જુઓ વાંચીશ તે ઉપરથી માનવંતા સભાસદો જોઇ શકશે કે હજ બગ તે બધા નમ્ર છે. અને કોનફરન્સ વખતે જણાવવામાં આવ્યા હતા તદ્દન. "મી. સોરાબજીને વતની તરીકે ને સઘળા હકથી ટ્રાંસવાલમાં ફરીને દાખલ થવાની પરવાનગી આપવી." માનવંતા સભાસદો જાણતા હશે કે તે એક નાતાલ ઇંડિઅન છે અને તેને આ દેશમાં કેળવણી પામેલા એશિયાટીક સવાલની અજમાએશ કરવા ને આ દેશમાં લડવામાં આવેલ કાયદા વિષે મારી માન્યતા એવી છે કે ખુની કાયદાની કલમ પ્રમાણે કાનફેસર રહીશ ન હોય તેવા કોઇપણ કેળવાએલ હીંદી દાખ પણ કાયદા તળે આ દેશમાં દાખલ થઇ શકતો નથી. હીંદી કોમ એવો વાંધો ઉઠા વે છે કે ભણેલા એશિયાટીકો આ દેશમાં આવી શકે અને મી સોરાબજી એક કેળ વાએલ હીંદી કાયદાની કસોટી કરવા આવેલ. માજીસ્ટ્રેટે તેને સજા કરેલી અને છેવટ પરમ દિવસે તેને દેશપાર કરવામાં આવેલ છે. (હીઅર, હીઅર) આ નીવેડો લાવવામાં તેને આ દેશમાં આવવા દઇ કાનફેસર રહીશ બનવો એ એક કલમ છે. બીજી કલમો એવી છે કે: બધા કેદીઓને છોડી મુકવા; એશિયાટીક કાયદો રદ કરવો; ભણેલા હીંદીની કેળવણીની સાધારણ પરિક્ષા લેવી અને તે પરિક્ષા કેવી અઘરી લેવી તે સરકારની મરજી ઉપર; તેમની મીટીંગમાં ચરનાએલી શરતો બીલમાં દાખલ કરવી. તેમજ બાળી નાખેલા સરટીફીકેટ હરીયો મફત કાઢી આપવાં (હસાહસ) અને છેલ્લા બીલનો મુસદો નાની બાબતમાં સુધના આપવા એસોસીએશનને બતાવવો (વધારે હસાહસ) આપણી કઇ સ્થિતિ છે તે તમે સમજતા હશો. આપણને રોજ અરજીઓ મળતી જાય છે. અને હજુ આપણને અરજીઓ મળ્યા કરશે અને નવા મુદાઓ નીકળ્યા કરશે. (હીઅર, હીઅર) કાંઇક છેડો હોવો જોઇએ. હું માનું છું કે આ બીલ બરાબર છે. હીંદીઓને જે બધું જોઇએ છે તે બધું તે ગણી શકાય. મી. ગાંધીએ જણાવ્યું છે કે હીંદીઓ આ દેશની ગોરી પ્રજના ભાગીદાર બનવા. મારે તેની સામે કહેવાનું કાંઇ નથી. હીંદીઓ અથવા તેમની સાથે જે નાતો ધરાવતા હોય તેમને તે બરાબર લાગે એવી વાત છે પણ આ ગોરી પ્રજા તે માગણી કદી કબુલ નહિ રાખે (લાંબા વખત સુધી તાળીઓ) આ નજરે તેની માગણીઓ કબુલ રાખવાનું અસંભવીત થશે. એક વખત જો તમે ખાસ દલીલ કબુલ રાખો તો તે દલીલને માટે ખાસ કાયદો જોઇએ. અને આજ હિસાબે તેઓની માગણી કબુલ રાખવને આપણાથી બનતું આપણે કરેલું છે. કાયદાનો અમલ મારે કરવાનો રહ્યો એટલે હું બહુ મુશ્કેલ સ્થિતિમાં હું. પણ જેટલી નરમાશથી અને વ્યાજબી રીતે મારાથી બની શકે તેવી રીતે આજ સુધી મેં તેનો અમલ કરેલો છે અને હજુ પણ તેમ કરીશ. (હીઅર, હીઅર) મધ્યમ પગલાં લેવાથી જેમ બધા સવાલોનો નિકાલ લાવી શકાય તેમ આ સવાલનો પણ નીકાલ લાવી શકાશે. તરતજમાં આપણને થોડી મુશ્કેલી નડશે એમાં શક નથી. આપણે રાભાળી પૂરવક કામ લેવાનું છે અને આ દેશની ગોરી પ્રજા તેમજ આ સભાના મેંબરોને પણ તેજ પગલે ચાલવા ભલામણ કરું છું. આવી બાબતોમાં આપણે હમેશાં વ્યાજબી ગેરવ્યાજબી જોવું. એશિયાટીકો તરફનો આ સભામાં કોઇ પ્રતિનીધિ નથી, અને તેટલા માટે આપણે વધારે સાવચેત રહેવાની અને જે પગલું ભરીએ તેમાં વ્યાજબી શું અને ગેર વ્યાજબી શું તે જોવાની જરૂર છે. કું આ કહું કે જે બીલ આ સભા આગળ રજુ કરવામાં આવ્યું છે તેથી આ જરૂરીઆતો પૂરી પડે છે અને તેટલા માટે કું આશા રાખું છું કે માનવંતા સભાસદો સરવાનુમતે તેને પોતાની કબુલાત આપશે.

કોલોનીઅલ સેક્રેટરીના જાણવા પછી સર જ્યોરજ ફરાર, સર પરસી ફીટસ પેટરીક, મી. વાઇબરગ, મી. હોરકીન અને મી. જુબરટે જાણેલા કરી આ બીલ ને ટેકો આપ્યો. બાદ બીજી વખતનું વાંચન પાસ થયેલું જાહેર કરવામાં આવ્યું હતું. અને તેજ રોજ ત્રીજું વાંચન પાસ કરી લેજીસલેટીવ કાઉન્સીલને મોકલી આપવામાં આવ્યું હતું.

કાઉન્સીલમાં અપોર બાદ પહેલી વખત તથા બીજી વખત વંચાયું હતું. તે વખતે કોલોનીઅલ સેક્રેટરીએ મેજરલે ટીક ઓસેબ્ઝર્વેશનમાં જાણવા આપ્યું હતું તે બાબતનું પણ જરા ટુંકું ભાષણ આપી મેંબરોને સમજણ પાડી બીજું વાંચન પાસ કરવાની દરખાસ્ત રજુ કરી હતી. મી. કરટીસે પુછ્યું કે સરકારનો આ ઠરાવ છેવટનો ઠરાવ છે કે કેમ તેના જવાબમાં કોલોનીઅલ સેક્રેટરીએ ના કહી. મી. કરટીસે આગળ ભાષણ કરતાં કહ્યું કે આવા કામોમાં કોઇ પણ વચન અથવા સમજુતી કરવામાં આવે તે હમેશાં લખીનવાર હોવી જોઇએ. કારણ કે જે સમજુતી કરવામાં આવી હતી તેમાંથી ગેરસમજ ઉભી થઇ હતી. જે વચનો આપવામાં આવ્યા તેનો કરેક પોતાનો અરથ કરે અને એશીઆટીકોને સ્પષ્ટ રીતે કહેવું જોઇએ કે સમ જુતી માટે જે લખાણો તથા વાતચીત કરવામાં આવેલ છે તેમાં લખેલું વંચાશે.

ગુરૂવારે આ બીલ ત્રીજી વખતના વાંચનને માટે રજુ થયું હતું તે વખતે મી. કરટીસે જણાવ્યું કે આમાં એક કલમ એવી છે કે બ્રિટીશ કોલોની અથવા સાઉથ આફ્રિકાના સંસ્થાનોમાં વસતા બલાઇ લોકોના એશીઆટીક શબ્દની વ્યાખ્યામાં સમાસ થતો નથી આથી ભાવિષ્યમાં મુશ્કેલી ઉઠવા સંભવ છે. પરંતુ આ સુધારો થયા પીના બીજી ત્રીજી વખત વંચાઇ પાસ થયેલું જાહેર કરવામાં આવ્યું હતું.

[સર પરસી વગેરેનાં ભાષણો છે તે અમે આવતે અઠવાડીએ આપવા ક્રમેદ રાખીએ છીએ. અ. ઇ. ઓ.]

આ વખતે વધારે પાના આપવા છતાં ઘણું અગત્યના લખાણ તથા ચરચા પત્રો વગેરે અમે આપી શક્યા નથી તે માટે દીલગીર છીએ.

મી. રહીમભાઇ જણાવે છે કે રજીસ્ટરની સાથે ફેરીના નવા બીજા સાબસ્ક્રીપ્શન પણ ભરી મોકલવા જોઇએ.

રોયટર્સ-ટીનોપલનો એક તાર જણાવે છે કે ગયા રવીવારે ઇસ્તંબુલમાં એક મોટી આગથી ૨૫૦૦ ઉપરાંત ઘર નાશ પામ્યાં છે. પવનથી આગ બહુ ફેલાઇ હતી અને તેથી ઘણું નુકસાન થયું હતું. ૭૦૦૦ માણસો ઘરબાર વીનાના થઇ પડ્યા છે. કેદખાનાં આગ ફરનાર, ચોરો, બાળકો અને સંખ્યાબંધ ઘોડા આગનો ભોગ થઇ પડ્યા છે.

પ્રિટોરિયામાં ચાલેલા કેસ

જાણવા લાયક રજુઆત

ટ્રાંસવાલની મદદે ચડેલા નાતાલના કોરાઓ ઉપર જે કેસ ચાલેલા તેની માહીતી નીચે મુજબ છે:—

એચ. આઇ. જોશીઃ હું ચોપડા લખવાનું કામ કરું છું. અગાઉ હું ટ્રાંસવાલમાં કોઇ વખત ન હતો પણ હવે ઇમીગ્રેશન કાયદાની રૂએ કેળવણીની પરિક્ષા આપી દાખલ થવા માગું છું. મેં સરહદ ઉપર કેળવણીની પરિક્ષા પાસ કરી છે અને નામા મુજબ પુરતા સાધનો રજુ કરવા છે. મેં અમદાવાદ હાઇસ્કુલમાં કેળવણી લીધેલી છે. અંગ્રેજનો મેં ૧૦ વરસ અભ્યાસ કર્યો છે. નાતાલમાં ઘણી વખત મેં અંગ્રેજી તથા ગુજરાતી ભાષાના ઇટરપ્રીટરનું કામ કરેલ છે. નાતાલમાં કેળવણીની પરિક્ષા મેં પાસ કરેલ છે. નાતાલના કુલીઓ વખતે ઇંડિઅન સ્ટ્રેચર બેરર કોરમાં સારજંટ-મેજર મી. ગાંધી નીચે હું સારજંટ હતો. આ કારણથી પણ હું ઇમીગ્રેશન કાયદાની રૂએ ટ્રાંસવાલમાં ખુશીથી દાખલ થઇ શકું છું. વળી રજીસ્ટ્રેશન કાયદા મુજબ હું રજીસ્ટર લેવા માગું તો તે લેવાને કોલોનીમાં દાખલ થયા પછી આઠ દિવસની મુદતનો પણ મને હક છે. તે મુદત વીત્યા પહેલાં તે કાયદા મુજબ શીક્ષા થઇ શકતી નથી. તે કાયદો અપમાન કરનારો હોવાથી હું તેને તાબે થવા ખરાબો રાખતો નથી.

મી. યુ. એમ. શેલતઃ હું એજંટ, ઇટરપ્રીટર, અને નામું લખવાનું કામ કરું છું. ઇમીગ્રેશન કાયદા મુજબ પરિક્ષા આપી દાખલ થવા હકદાર છું. નાતાલમાં ઇટરપ્રીટરની પરિક્ષા પાસ કરી સર ટીફીકિટ મેળવ્યું છે. અંગ્રેજનો મેં ૭ વરસ અભ્યાસ કર્યો છે. બોઅર રાજ્યમાં મેં સરકારી નોકરી કરી છે. નાતાલના કુલીઓ વખતે ઇંડિઅન સ્ટ્રેચર બેરર કોરમાં સારજંટ-મેજર મી ગાંધી નીચે હું સીનીઅર-સારજંટ હતો. આ કારણથી પણ હું ઇમીગ્રેશન કાયદાની રૂએ ટ્રાંસવાલમાં દાખલ થઇ શકું છું. રજીસ્ટરની અરજી માટે ૮ દિવસની મુદતનો હક છે. હું તે કાયદાને તાબે થવા ખરાબો રાખતો નથી. તે કાયદાતળે જે સજા થાય તે ઉઠાવવા હું ખુશી છું.

મી. એમ. એન. ગોકળજીઆઃ હું ઇટરપ્રીટર અને ચોપડા લખવાનું કામ કરું છું. નાતાલ અને ટ્રાંસવાલની કેળવણીની પરિક્ષા મેં પાસ કરી છે. અને તેથી ઇમીગ્રેશન કાયદાની રૂએ હું દાખલ થવા હકદાર છું. ખુદી કાયદા આખત મારી પહેલાંના સાક્ષીઓએ જે મત આપ્યો છે તેને હું મળતો છું.

મી. એમ. પી. પ્રાણવાળાઃ હું ઇટર પ્રીટર અને શીક્ષકનું કામ કરું છું. નાતાલની કોરોમાં કેટલીક વખત મેં ઇટર પ્રીટર તરીકે કામ કરેલ છે. બ્રિટીશ સાઉથ આફ્રિકામાં મુસાફરી કરવાને મારી શીઅશના ગવરનર પાસેથી મેં પરવાનો મેળવેલ છે. ૧૯૦૬માં મેં અરજી કરી હતી પણ ટ્રાંસવાલમાં દાખલ થવાના ચોપડા ના પાડવામાં આવી હતી.

એસ. બી. મેદઃ હું વેપારી—દલાલ, ઇટર પ્રીટર, ટ્રાંસલેટર, ચોપડા લખવા વગેરેનું કામ કરું છું. હું ઇમીગરેશન કાયદાની રૂએ પરિક્ષા પાસ કરી દાખલ થવા હકદાર છું. લંડન ચેંબર ઓફ કોમરસની એકાઉન્ટન્સી પરિક્ષા મેં પાસ કરી છે હું નાતાલના જગવા વખતે ઇંડિઅન સ્ટ્રેચર બેરર કોરમાં સારજંટ હતો. ટ્રાંસવાલમાં દાખલ થતી વખતે મેં કેળવણીની પરિક્ષા પાસ કરી છે.

કાયદા બાબત આ બંનેએ ઉપરના સાક્ષીને મળતી જુબાની આપી હતી.

એસ. કે. રાંદેરીઆઃ હું સરટીફાઇડ-એકાઉન્ટંટ છું. અને પરિક્ષા પાસ કરી દાખલ થવા હકદાર છું. બ્રિટીશ કોલોનીમાં ગમે ત્યાં જવા માટે ઝાંઝીબારના બ્રિટીશ કોન્સલનો મારી પાસે પરવાનો છે. હું પારસી હોવાથી અંગરેજોને સહી લઇ-અંગુઠો નહિ—જે પરમીટ આપવામાં આવતી તેવી પરમીટ પીસ પ્રીઝરવેશન ના કાયદા પ્રમાણે મળેલી મેં આ પરમીટ વાપરેલી નથી. તે હજીનમાં છે. હું હીંદુસ્તાનમાં છુટને માટે પ્રખ્યાત પામેલી પારસી કોમનો છું. પારસી કાયદો ઘડનારા છે, કાયદો તોડનાર નથી. આવા અપમાન કરનારા કાયદાને હું તાબે નથી થઇ શકતો. દક્ષિણ આફ્રિકા મારું વતન છે તેમાં ગમે તે જગાએ રહેવા નો મને હક હોવો જોઇએ.

અત્રે મી. પોલાકે જણાવ્યું કે મી. સાપુરજી કલેજર યુનીઅનને માનનારા છે. તેથી દુરાગ્રહ રાખી હતી.

મી. સુલેમાન ઇબ્રાહિમઃ હું ફેરી કરું છું. કજાઇ પહેલાં જોહાન્સબરગમાં રહેતો. મારી પાસે ડચના વખતનું રજીસ્ટર છે તે આ રહ્યું. જોહાન્સબરગમાં બ્રિ. ઇ. એ. ના ચેરમેન અને બીજા કેટલાક આગેવાન મેમ્બરો મને ઓળખે છે.

મી. ઇબ્રાહિમ દુસેનઃ હું કજાઇ પહેલાંનો રહીશ છું. મારી પાસે ડચના વખતનું રજીસ્ટર છે ટ્રાંસવાલમાં કેટલાકની ઓળખાણ હું આપી શકું તેમ છું.

મી. દયાળ માવજઃ મારી પાસે પરમીટ તથા રજીસ્ટર છે. બંને ઉપર મારી મરજીથી આપેલ અંગુઠાની નીશાની છે. પણ ખુદી કાયદાતળે મરજીપાનરૂપે અંગુઠો આપવાની સારજંટ મેજરની મેં ના પાડી છે. જો કાયદો રદ કરવામાં આવે તો મરજીથી હું મને તેટલી છાપ આપવા ખુશી છું

મેસરસ મુસા અહમદ, વલ્લભ ભુલા અને મદન વલ્લભે પણ તેવીજ જાતની જુબાનીઓ આપી અને તે બધા પાસે પરમીટ તથા રજીસ્ટર હતાં ઉપરના સાક્ષીઓ કાયદા વિરૂદ્ધ જે લાગણી તાવી તેવીજ તેમણે બતાવી તથા ટ્રાંસવાલમાં દાખલ થતી વખતે ઓળખાણ માટે અંગુઠો આપવા ના પાડી હતી.

મી. પોલાકે જુબાનીમાં જણાવ્યું કે હું ટ્રાંસવાલની સુપ્રીમ કોરનો એટરની અને બ્રિ. ઇ. એ. નો આસીસ્ટંટ ઓ. સેક્રેટરી છું. હું જાણું છું કે પરમીટ ન હોય પણ બાકી રજીસ્ટર હોત તેવા કેટલાક એશીઆટીકો ટ્રાંસવાલમાં આવ્યા છે તેઓએ ખુની કાયદા પ્રમાણે અરજી કરી છે અને તેમને નવા સરટીફીકેટ આપી આપવામાં આવ્યાં છે. એશીઆટીકોએ લોર્ડ મીલનરના વખતમાં ડચના રજીસ્ટરને બદલે ખુશીથી નવા પરમીટો કઢાવેલ છે. બચાવ પક્ષ તરફની સઘળી જુબાનીઓ લેવાઇ રહ્યા બાદ બંધના વકીલે જણાવ્યું કે કાયદો અમલમાં આવ્યો તે પહેલાં કેટલાકને પરમીટ નહિ મળે એવું કહેવામાં આવ્યું હતું. પરમીટવાળા અને સિવાય બીજા કોઇએ સાધન વગર દાખલ થઇ શકવાનું વાજબી ધારણ નહિ હતું. બ્રિટીશ ભાષુસો ઇમીગ્રેશન કાયદાની કલમ ૨, પેટા કલમ ૪ મુજબ દાખલ નથી થઇ શકતા. અને રજીસ્ટર બેરર કોરના મેંબરો પણ દાખલ નથી થઇ શકતા કેમકે કામ ચલાઉ કોરના મેંબરોને તે કલમ નથી લાગુ પડી શકતી. તેણે એમ પણ દલીલ કરી કે કામ ચલાવતાં પહેલાં ૮ દિવસની મુદત આપવા સરકાર બંધાયેલ નથી. જેની પાસે પરમીટ છે તે સાર જાણ અંગુઠો આપવાની ના પાડતા હોવાથી તેમને ઓળખવાનું અસ્ત વ્યસ્ત છે.

બચાવ તરફથી એક લાંબા ભાષણ દરમ્યાન મી. પોલાકે જણાવ્યું કે તહોમત

દારોને કાયદો ૮ દિવસની મહેતલ આપે છે તો સરટીફીકેટ નહિ રજુ કરવા માટે જે કલમ તેઓને લાગુ પાડવામાં આવેલ છે તે બેહદ છે. પરંતુ કાયદાની અમુક કલમની રૂએ પોલીસ અમલદાર તેમની પાસે ઓળખાણના સાધન માગી શકે છે અને તે ન આપે તો તેમને પ્રોહીબીટેડ ઇમીગ્રંટ ગણી તેમના ઉપર બીજા કાયદાની રૂએ કામ ચલાવી શકાય છે. તહેનાતદારો એઓ ઓળખાણના જે સાધન પુરા પાડયા છે તે ઉપરથી તેઓ કાયદેસર આ દેશના વતની છે કે નહિ તે તપાસવાનું કામ રજીસ્ટરારનું છે, માજીસ્ટ્રેટનું નથી. પકડનાર પોલીસ અમલદાર જણાવે છે કે પરમીટ ૨ કરનારની ઓળખાણ માટે અસલ તોપ પામવાદ જેવું કાંઇ કારણ નથી. આ ઉપરાંત દરેકને માટે મી. પોલાકે જણાવ્યું કે આ માણસોએ કાયદાનું અપમાન કરવું નથી, પણ તેની સજા ઠેરાવવાનું પસંદ કરેલું છે. તેણે (મી. પોલાકે) મી. દાઉદ મહમદ અને મી. પારસી રૂસ્તમજીએ સરકારને કરેલી મદદ તરફ ધ્યાન ખેચ્યું. અને કહ્યું કે આ બધું તપાસતાં માજીસ્ટ્રેટ તહેનાતદારને ગુનેગાર ઠરાવે તો હું માગણી કરું છું કે તેને ઠેકાણે ઠપકા-સાથે કલાકની-નોટીસ આપવી.

માજીસ્ટ્રેટનો ઠરાવ

બને પક્ષોનું સાંભળ્યા બાદ માજીસ્ટ્રેટે ઠરાવ આપ્યો કે જેઓની પાસે પરમીટ છે તેઓએ અંગુઠાની છાપ આપવા તે બીજી ઓળખાણ નથી આપી તો પણ સાચી રીતે તેમણે જે હકીકતો આપી છે તે ઉપરથી હું માનું છું કે પરમીટ તેમની પાસે છે તે તેમની છે અને તેથી હું છોડી મુકું છું. અને ચેતવણી આપું છું કે તેમણે ૮ દિવસની અંદર રજીસ્ટરને માટે અરજી કરવી. જેઓની પાસે ડચના વખતના રજીસ્ટર છે તથા લડાઇ પહેલાના રહીશ છે તેમનો પુરાવો હું પુરતો ગણી શકતો નથી. હું એમ નથી કહેતો કે તેઓએ જાહેર કરી છે તે બીના ખરી નથી પણ તે હકીકત પુરતી ગણવું તો હું એક ખોટો દાખલો બેસાડું છું એમ ગણાય. કારણ કે ખાસ કરીને ડચના વખતના રજીસ્ટરોનો તો મોટો વેપાર ચાલેલ છે. વોલ્ટીઅર રટરેચર બેરર કોરના મેંબરો તેમજ ભલેલા દીર્ઘ લડાઇ પહેલા ના રહીશ નથી. જે કાયદો છે તેનો મારે અમલ કરવાનો છે તેની સામે હું વાંધો છે તે જોવાનું મારું કામ નથી. હું હુકમ કરું છું કે આ ૧૬ જણાએ ૭ દિવસમાં કોલોની છોડી ચાલ્યા જવું.

નાતાલ પારલામેંટ

જોહાનીસબર્ગ કાઉન્સીલ, ઓગસ્ટ ૧૯. કોલોનીઅલ સેક્રેટરીએ એશીઆટીક વેપારીના લાઇસેન્સ અટકાવવાનું બીલ બીજી વખતના વાંચન માટે રજુ કરયું અને જણાવ્યું કે આ સંડા આપણે નદી દુર કરીએ તો ભવીષ્યની પ્રજાને બહુજ નુકસાન ભગવું પડશે. ઓરેંજ રીવર કોલોનીએ આ લોકોને તદન અટકાવવામાં બહુજ ડહાપણ વાપરયું છે. તેણે વાપરેલી અગમચેતીને લીધે તે કોલોની એશીઆટીક સડાથી આજે તદન મુકત છે. આ બીલની સામે વાંધો એ છે કે આ લોકોને બદલો શા માટે આપવો. પણ હું માનું છું કે આ લોકોને આપણે આટલા બધા વરસ અહીં રહેવા દીધા તો હવે વાજબી બદલો આપ્યું તો તે ન્યાયી ગણાશે.

મી. માર્શલકેંપબેલઃ હું આ બીલ ના હેતુથી વીરૂદ્ધ છું અને મારા થી બનશે તેવી રીતે હું તે બીલની વિરૂદ્ધ મત આપશ. રીપબ્લીકના વખતમાં ટ્રાંસ વાલ સરકાર કુલીને લાઇસેન્સ નહિ આપતા એમ કહેવામાં કોલોનીઅલ સેક્રેટરી ભુલ કરે છે. સરકારે આવા બધા લાઇસેન્સ આપેલા છે. કો ટ્રેટની સરકારે લાઇસેન્સ આપવા ના પાડી છે. અને એ હકતો વધારે ડહાપણ ભરેલો હતો એમ હું પણ કબુલ કરું છું. આ કોલોનીએ અમારા વખતમાં આમ કરયું હત તો ડહાપણ ભરેલું ગણાત. નવા લાઇસેન્સ એશિયા ટીકને નહિ આપવાનું જે બીલ પાસ કરયું છે તે બરાબર છે પણ જેને લાઇ સેન્સ આપેલા છે તેને ૧૦ વરસ પછી બંધ કરવા તે તો અન્યાય ગણાય. આપણે જે હક આપ્યા તે લઇ લેવા તે તો ખરે ખર દુષ્ટ ગણાય. આપણે તેમને ચઢી આવી રહેવાનું ઉતેજન આપ્યું. દરેક સહેરોની મ્યુનીસીપાલીટી, વેપારીઓ અને બેંકોએ તેમને દરેક જાતનું ઉતેજન આપ્યું. તેઓએ લાઇસેન્સ ફી અને બીજા કર આપ્યા છે અને રેલવે વાટે અને બીજી અનેક રીતે સરકારને લાખો પૈંડ આપ્યા. આ બીલ જો પસાર થાય તો આ કોલોનીની પારલામેંટને મોટો કલંક લાગશે અને ખાસ કરીને આપણને કે જેઓ નેટીવ અને એશિયાટીક જેના તરફથી પારલામેંટમાં કોઇ બેસતું નથી તેના લાભ સાચવવાને મુકરર થએલા છીએ. આ કાઉંસીલ રક્ષાપણામાં તેઓનું રક્ષણ કરવું એ પણ એક મુખ્ય હેતુ હતો. વળી નવા એશી આટીક લાઇસેન્સ બંધ કરવાનું આપણે પાસ કરેલ છે તેને પણ આથી છેવટની મંજુરી મળવાની ખાત્રી રહેશે. તે બીલથી એશીઆટીક સામે જે પોકાર ઉઠી રહયો છે તેને સમાવવાનું પગલું ઠીક ગણી શકાય. એશીઆટીક વેપારીઓ સામે લોકોની લાગણીનું એક મોજું ચડેલું છે પણ તે કાળે કરીને અમેરીકા માં કાળા લોક સાથે થઇ રહયું છે તેમ સમાઇ જશે. આ કાઉંન્સીલની ફરજ છે કે આ બીલ હાલ કાઢી નાખવું અને હું દરખાસ્ત કરું છું કે આજથી ૬ મહીના પછી દાખલ કરવું.

મી. એન્ગસઃ આ બને બીલના મુદ્દામાં ઘણો તફાવત છે. હું મી. મારશલકેંપ બેલની દરખાસ્તને ટેકો આપું છું.

મી. કટચીનસનઃ આ બીલને માટે આટલી બધી ઉતાવળ કરવાની હું જરૂર જોતો નથી. આ બીલનો હેતુ હું પસંદ કરું છું પણ આટલી બધી બીન જરૂરી ઉતાવળ કરવાની હું સલાહ નથી આપી શકતો.

મી. જાબુરીનઃ હું આ બીલને ટેકો આપું છું.

મી. વીલસનઃ હું આ બીલ પસંદ કરું છું પણ મને ધાસ્તી છે કે તેથી બીજા બીલને વટી સરકારની મંજુરી મળવી મુશ્કેલ થઇ પડશે.

મી કરકમનઃ હું તે બીલને ટેકો આપું છું. પણ આટલી બધી ઉતાવળ કરવામાં ડહાપણ નથી સમજતો. બદલો આપવાની વાતને હું ટેકો નથી આપતો. બીજી વખતના વાંચનને હું ટેકો આપું છું.

મી. આલ્ડસઃ આ બીલથી બીજા બીલ ને હરકત થવા કાંઇ સંભવ નથી. આ બીલથી કોઇ જાતનો અન્યાય પણ નથી થતો. બદલો આપવાની કાંઇ જરૂર જોતો નથી. હું બીલને ટેકો આપું છું.

કોલોનીઅલ સેક્રેટરીઃ બીલથી અન્યાય થતો નથી. લગભગ દરેક એશીઆટીક કાયદાને ટેકો આપેલ છે તે યાદ હશે. આખા રાજ્યમાં આ સવાલ ચરચાઇ છે. આપણા ફરજંદોને માટે રસ્તો ચોખ્ખો કરી મુકવાની આપણી ફરજ છે. નાતાલ માંથી દર વરસે ૨૫ લાખ પૈંડ એશીઆ ટીકો લઇ જાય છે તે તરફ હું ધ્યાન ખેચું છું.

બાદ આ બીલનું બીજી વખતનું વાંચન પાસ થયું હતું.

જોહ્નસ્બર્ગ, ૨૦મી ઓગસ્ટ ૧૯૦૮

મી. ગોડફ્રાર્ડીએ ગારમીટમાંથી છુટા થયેલા હીંદીઓ ઉપર ૩ પૌંડ કર લેવામાં આવે છે તે કાઢી નાખવા નાતાલ ઇંડિઅન પેટ્રીઓટીક યુનીઅને ૪૦૦ હાજરની સહી ની જે અરજ કરી હતી તે રજુ કરી.

પોર્ટએલીઝાબેથ, ઓગસ્ટ ૧૯૦૮.

કોલોનીઅલ સેક્રેટરીએ એસીઆટીક ના લાઇસેન્સ બંધ કરવાનું બીલ ત્રીજી વખતના વાંચન માટે રજુ કરયું. મારશલ કેંપબેલે આ બીલની વીરૂદ્ધ મત આપ્યો. કેટલીક ચરચા થયા બાદ આ બીલનું ત્રીજી વખતનું વાંચન પાસ થયું હતું. માર્શલકેંપબેલ તથા મી. એંગસે વીરૂદ્ધ મત આપ્યા હતા.

!!! રમુજી રંગ !!!

કોણ છે માયનો પુત? ગુજરાતી ભાષામાં લખાનાં પેપરની જાહેર ખબર વાંચી હોય તો ઓર હાઇ ને દમામ. કોઇએ જરા દયા બતાવી હોય અને તેનું સાટીફ પીટીફ કે ચાંદ મળ્યો હોય તો જાણે પેતેજ મહાત્મા. જાહેર ખબરના મથાળા " કોણ છે માયનો પુત " થીજ રંગે ને નાચે! અરે ભા, જરા ધીરા થા. એતો પેટની પુજાની કળા ને બરાબત. પણ અતરે કોણ છે માયનો પુત કે ટરાંસવાલમાં જેલ મહેલમાં હોમાય. બાપુ! રસીકજી સરખા છપનસે અને છોતેર. પણ લાચારે. અફસોસ! મારા સરખા નફટનો કોણ જેલનો બી ભાવ પુછતું નથી. પણ એ ઘાટ ને તાલ છે. નાતાલમાં ટરાંસવાલ રેફ્યુજીમાં "છે કોણ માયનો પુત" કે સ્વદેશ અરથે વાલફકટ માં આવી પાંજરામાં પુરાય? દરવાજો તુટે ને બસમીટ બરબરર ધડકે.

× × ×

ઉપરાણા! ભાઇ માનો કે ન માનો પણ રસિકજી તો ટીકા ટીકા આપીને બી કંટાળ્યા. સવાર થાય કે કોઇ ચાલેલુંજ છે. આતો મસીદ-દેસતું ઉપરાણું, પુજારી-મુહલાંતું ઉપરાણું. મદદેસા-નિશાળનું ઉપરાણું. પાનીપીનીતું ઉપરાણું. એમ ને એમ કોઈ પીછો બેડતુજ નથી. જમાત તો આપું છું, તે તો ઉપર ટપકે ને આંટા તેવોજ થાય છે. અપુચમાં પુરૂ દમણા વળી બી. ઇ. એસોસીએશનના બાં લોકો ઉપરાણું કરવા કુદી પડ્યા છે. બા, શાનું? માલીનું? ગજરાતા નહીં. એતો પેલાં કાગળનાં ચીથરાંનું. કયા? પેલાં પેલાં બહુ કાંગરી વાળાં. ટરાંસવાલના રહીશનો ચાંદ. બાનગનીનું બામ, ને રસીકજીનું બાળી તેની ભભુત ચોળી જે સીતા રામ જે સીતા રામનું કામ! આવો બેટો બેટો જગે અને જે આવે તે બબે! નારાયણ--નારાયણ--નારાયણ!

× × ×

ઇમકલુ! વળી એ શું? કયાંય આગે દેખાય દાંધો. ચોટુંઓએ હાથ ઝીધો. અરે એતો રસિકજીની અરીજીની ચેન. બાકી આપણા પેલા દીંગુજી ફરારા છે કની ને દાઢીએ હાથ મુકી પરવાર્યા, ત્યારે નબળો માટી બૌચરપર શુરો રેજી પેંજી દીંદીને ઇમકલુ અને દીંગલું કરવા નીકળી પડયા છે. રમટસને કહે છે કે જો કાયદો રદ કીધો તો ખબરદાર! તારો જવાબ લેશું. તારી પત્તર ધમશું? ખરૂં બા ડોહીમ મરયો સબ ગમ એટલે સવાર શાની પડવાની? જાણે નિદ્રામાં જ ડોલી રહેશે તો! બાપા તોપ ફોડતે તે જાણેલી હતી. બાપુ, જોઉં? આપ સમાન બળ નહીં અને મેઘ સમાન જળ નહીં. હાથી (દીંદી) ની પાછળ ઘણાંએ કુતરાં ભદભદ કરે કાયું દુઃખે તે ફોકટમાં ને પમની (સત્યાગ્રહ) આકટ માં આવ્યાં તો મળે (કાયદો ને ધક્કાર) ચુરેચુરો ને કચ્ચર ઘાણ-પરિણામમાં રસિકના ભુચાના ભોંદામાં બાંધ! બાંધ લાગે મીઠી મીઠી ને ચમની ઉંધે કોટી કોટી!!

× × ×

નિદ્રાવસ! કોણ જાણે છો? નાતાલ પારીના ધડાકા ને બાસ મીટીંગના કડાકા સાંભળ્યા હોય તો ચડજ બેટા રાણીપર અલ્લાહ ભલા કરેગા. ટરાંસવાલના દીંદી લોટા—બાય બાડો. હમ પુઠે હૈં. બાકી આપપર પડે તો ઉંડું જેલ કોણ જાય? ઉંડું અમે તો પીટીશનની બીખ માગીએ. ઉંડું કંપનસેશન મળે તો બાંસડા પોટલા બાંધીએ. જોઈ બહાદુરી ને જાગરતી! હરો બા. ઘણીને સુકે ઢાંકણુમાં ને પાડોશીને આરસીમાં એમ ઝાંઝવાં આવે. પણ મને ટરાંસવાલ જંગ માં દીંમતના કાંઇ ત્રણુસેં ને તોતેર તાર મલ્યા છે ને મળેછે. તો આજ હું બી નારણાળાને પંદર હીજરાંના બોટ આણી દીંદીઅન ઓપીનીઅનમાં ઇમાઉ

દરોમ. રસીક ઇ નાઇસલી

સીમપથી ઇ બેચ,
એન્ટીપથી ઇ કાવર્ડ;
વીસીંગ યુ સકસેસ,
ફાઇટ ફોર થી વર્ડ.

× × ×

એબ્જુકેટેડપર ધાડ! બાપુ, સત્યાગ્રહ ધીકયો ને કમીટે ઝોડયો. ડોબાડમેરો બની છેલ્લી ઘડીએ અંક છે કે બધાને હક આપું પણ એબ્જુકેટેડ તો મારા દુશ્મન, બાલી એક માઇ કાકબ્બા જેવું નાલ્લું મનખ પેલુ બી. ઇ. એ. સેક્રેટરીની મદદથી મને આટલું હંકાવ છે તો બી. બીજા સરખા બારિસ્ટર આવી પડે તો, શું કરું? કપાળે હાથ દઉં કે બી કરાર ને પગે લાગવા જાઉં! બાપુ, બસ— ગમે તેમ થાય પણ બાહ્યતર વાળા ન જોઇએ હાવ દરવાજે બંધ. બાપુ પડશે એટલે નમસ્કાર. એમજ થશે યાદ રાખજો. સત્યાગ્રહ બીકયો પાછો જેવો ને તેવો, ચેરમેન લેશે નમારી સુતા ને ખાતા મેંવા.

× × ×

ઝુકરૂ ઝુકરૂ! હાલતાં હાલતાં દમ બસરના ડમરા મને કહે છે કે દીંદીનો જુસ્સો તો સોડાવાટરની બાટલી જેવો, ઝુકરૂ ઝુકરૂ થઇ બેસી જાય છે. પણ— બા—ના. સાવ જુઠું તદન જુઠું. ને વળી ફડફડતું જાઠું. કુ વોટ યુ લાઇકનો જવાબ મળતાં તો આપણા ધુરીધર ચેરમેન કળા ને પીળા બની ગયા. સાથે નાતાલના ચેરમેનના ડંગોરા નો ટેકો મળ્યો; એટલે હવે બાકી શું? બા. સેક્રેટરી, જી. ટેસ્ટથીજ આપણા લાઇબ્રો આવે એવો હરાજ મુકો. રજી સ્ટર બાબો, રમટસને પાડો કાબો. દીંદી લડે બટાબટ ને દુશ્મન પડે પટાપટા. પટ—પટ—પટ.

× × ×

સામગ્રી!' સંભળાય છે કે ચેરમેન અને સેક્રેટરી નો બીચારા બાપાના અને પીધાના પણ નથી. રાતે સુખે નિદ્રાને પણ બેટતા નથી. બાપરે, બાધા પીના કેમ જીવાય! નથી ધંધાના ને ધારીના. પણ રમટસને ઉંઘો પાડવા ના વીચારમાં રાત અને દીવસ ગોથાં બાય છે. રસીકજીએ વીચારયું કે આ બંદા ભગદંડીની મદદ કાંઇ કામ લાગે. પણ ના બાપુ, એક લોટ આવી પડયો છે. અને દરેક સામગ્રીમાં ભાગ લેવા તુટી પડયા છે. પણ વરખ ચળાય છે જો! બાપુ ચાલુ રીકમાં તો બોદા કરશે તો જેલ મહેલમાં આળોટશે. લ્યેયું? મરદકા ડંકા બાજે કુલુમ કુલુમ, ને રસિકજી સરખા કરે ગુલુમ ગુલુમ

રસીક.

ચરચા પત્ર.

અમારા ચરચાપત્રીઓ નીચેના નોંધમેા ધ્યાન રાખશે તેા તેઓના પત્રો ઉપર તુરત ધ્યાન અપાવાનેા સંભવ છે.

૧. કાગળની એકજ બાજુએ લખવું.

૨. અક્ષર ચેાખા સાહીથી લખવા.

૩. નામ તથા ઠેકાણું બરેાબર લખવાં. તે હમેશાં અહાર પાડવા સારૂ નહિ, પણ અમારી ખાતરને સારૂ

૪. મંગળવારની સાંજ સુધીમાં મજકુર લખાણેા તેજ અઠવાડીયામાં હાજર કરી શકાશે

૫. રદ કરેલાં ચરચાપત્રો બાબતી લખવા અથવા લખનારાઓને પાછાં મેાકલી આપવાને અમે બંધાતા નથી.

૬. લખાણ હમેશાં ટુંકું અને મુદ્દાસર કરવું.—અધિપતિ.

ચરચાપત્રોઓને જવાબ.

એક હીંદી- ખુની કાયદાને તાબે થયા પીના મુદતની પરમીટથી જઇ શકાય એવી સ્થિતિ નથી એટલે હાલ તેવી રીતે જવાની અમે સલાહ આપતા નથી.

—

મી. કાસમ ઇસ્માએલ તથા બીજા ચાર સહી કરનાર ક્વીન્સટાઉનથી લખે છે કે ત્યાંના હીંદીઓએ ટ્રાંસવાલની લડત બાબત ઉઘરાવ્યું પા. ૬-૧૪-૦ નું કરી મી મહમદ ઇસ્માએલ મુલ્લાં વિ ને આપેલ. તેમેાએ તે પૈસા કેંદ્રાન્સબરગ મેાકલવા કે નહીં તેનેા જવાબ મી. મુલ્લાં નથી આપતા એમ પણ લખે છે. આ બાબત ખે. મુલ્લાં અથવા કેંદ્રાન્સબરગની મંડળીઓ અમને કંઇ ખબર આપશે તેા છાપીશું [ઇ. ઓ. અ.]

—

હુસેન ફકીર મહમદ લખે છે કે કાઠીઆવાડ હુસેન અલીમ સેાસાયટીની મીટીંગ મી. મુસા મહમદ (સ્ટાંડરટન) દેશ જતા હેાવાથી તેમના માનમાં મળી હતી. આ વખતે એક સારા ફરજી નીમી સેાસા ટીના પૈસા સેવીંગ બેંકમાં રાખવા ઠરાવ થયેા હતેા. મી મુસા મહમદે આશરે પૈા ૧૬-૧૬-૦ ની મદદ આપી હતી તે માટે પેાતા ઉપકાર માન્યેા હતેા.

નાતાલના નવા બીલ સામે લડત

મે. ઇ. ઓ. ના અધિપતિ સાહેબ,

નાતાલ પારલામેંટે બહું બીલ કરે મુકી બીજા બે બીલ પાસ કરવા છે. હવે વહી સરકાર તે બેને મંજુરી આપે કે ન આપે તે ઉપર આધાર નહીં રાખતાં આપણા પેાતા ઉપર આધાર રાખવાનેા છે. તેને વાસ્તે કરેલ પીટીશનને દાદ મળી નહિ. મરહુમ મી. મુસ્તફા કામેલ પાશા એ કહ્યું હતું કે "જે પ્રજા પેાતાના રાજકરતા પાસે હકે હકથી માગવાને બદલે ભીખ માગે છે તે પ્રજા ઉપર રાજકરતા જુલમ કરશે અને ઢોરની જેમ ગુલામ બનાવશે" આ વાક્યેા બધે ભાગે આપણને લાગુ પડે છે.

બીજા બીલમાં અહલો આપવાની કલમ માત્ર ઉંદરની જેમ પુંઠ મારીને કરડવા સરખી છે એમ તે બીલના નાંચન ઉપર મેંબરેાના વાદ વિવાદ ઉપરથી ખુલ્લુ જણાય છે. આ કલમથી ઘણે ભાગે કેટ લાક દીંદી વેપારીઓ લેાભાયલા જણાય છે પણ બારીકાથી વિચાર કરતાં ખુલ્લું જણાય છે કે તેબીલ જેટલું વેપારને નુકશાન કરતા છે તેટલું જ ધરમનું અપમાન કરતા છે. બારે કે સરકારના વિચાર પ્રમાણે આજથી દશ વરસે આપણને કલેમ આપી વેપારથી છુટા કરી દે (એવું કહી બનનાર નથી) પણ આપણામાં એવા ઘણા જણ છે કે તેઓ વેપાર વગર બીજુ કાંઇ કરી શકે નહિ એટલે તેઓને આ કાલેાની છોડી રસ્તેા લેવેા પડે તે વખતે આપણી મસજીદેા દેવળેા અને બીજા ધરમના રથળેા ને માટે સરકાર શું વિચાર રાખે છે? શું સરકાર આપણને તે પવિત્ર જગ્યાઓની પણ કલેમ લેવા ફરજ પાડશે! અથવા આપણે આ પવિત્ર જગ્યાઓની કલેમ લેવા તયાર થશું! અથવા આવણા પવિત્ર રથળોને વેમનુ કરી આપણા વેપા-ની કલેમ લઇશું? આ સઘળી બાબતેા માં કેાઇપણ બનવા જેમ નથી તેા આપણે એકજ રસ્તેા 'સત્યાગ્રહ'નેા છે

એ વિષે વિચાર કરવા મળેલી કેાંગ્રેસ ની મીટીંગમાં મી. ગાંધી તરફથી આવેલા ઠરાવનેા બરડેા રજુ થયેા હતેા તેમના ઉપલા ઠરાવમાં કસમની વાત ઉપર વાદ વિવાદ થયેા હતેા એ વીશે મારા પેાતાનેા નમ્ર મત દરસાવુ છું.

મેં ઉપર કહ્યુ તે પ્રમાણે લડત તેા આપણે લેવાનાજ રહી તેા પછી આપણને કસમ ખાવામાં શી અડચણ?

કેાઇપણ કામનેા જે આપણે ખરા દીલ થી અહદ કરયેા અને દીલનેા જાણનાર ખુદા છે એટલે તે ખુદાને રાજીના બે પાંચથી આપણે તે અહદ તેાડીએ તેાપણ ખુદાના ગુન્હેગાર થઇએ છીએ ફેર માત્ર એટલેા જ કે આપણે મેાંયેથી "ખુદાને હાજર જાણી" એવું બેાલતા નથી પણ ખુદા તેા દરેક જગ્યાએ હાજર છે જાહેર કસમ ખાવાથી સાંભળનાર માણસેાને હિંમત અને જોસ આવે છે અને આખર વખતે જ્યારે માણસ હીંમત મુકી દેવાને તયાર થાય, સ્વદેશાભિમાન છોડી દે તે વખતે જો કસમ લીધા હેાય તેા ધરમાભિમાનના અંશે તે બાધેલ કસમ પાળવા તયાર રહે. તેા આવા મહાન કામમાં કસમની ખાસ જરૂર છે.

મારી અલ્પમતિ પ્રમાણે કેાંગ્રેસ કમીટી અમુક ઠરાવેા નુકસર કરી. અમુક તારીખે માસ મીટીંગ બેાલાવવાનુ જાહેર કરી ઉપલા ઠરાવેા જાહેરમાં મુકે અને તે ઉપર નાના મેાટા દરેકને સરખી રીતે વિવેચન કરવાનેા રહ્યા આપે અને મીટીંગ ની ઠરાવેલ મુદતમાં દરેક નાના મેાટા શહેરેા ના ડેલીગેટોને આમંત્રણ કરે, દરેક ડેલી ગેટેા તે તે શહેરેાની કમીટીયેા ચુંટાયલા હેાવા જોઇએ આમ ચુંટાયલા ડેલીગેટોની સભા મુકરર કરેલા ઠરાવેા પાસ કરે. આ પ્રમાણેના પાસ થએલા ઠરાવેામાં પાળવા યેા કેાઇપણ જાતને વાંધેા ઉઠાવવાનેા સંભવ રહે નહિ.

એડનડેલ લી. કેામનેા સેવક.
તા. ૨૪ એાગસ્ટ, ૧૯૦૮, એન. મહમદ

—

વીરીનીખનથી એક લખનાર જણાવે છે કે ભાણા પરશેાતમ અને બાના ગેાપાળને વગર લાઇસેન્સે કેરી કરવા માટે તા. ૨૪ ના રેાજ કેારટમાં ખડા કરવામાં આવ્યા હતા. તે બને ટ્રાંસવાલના બાર બાર વરસના જુના રહીશ છે. બચાવ તરફથી મી. કેારટર હાજર હતા. તેમણે જણાવ્યું કે જુની કાયદેા અમને પસંદ નથી તેથી સજા ઉઠાવવા અમે ખુશી છીએ. માજીસ્ટ્રેટે દરેકને પા. ૧-૭-૬ દંડ અથવા સાત દિવસની સખત મજુરીની કેદ આપી હતી. બને જેલમાં ખુશીથી ગયા હતા.

—

ડરબનથી મી મેતર અહમદ મહમદ લખી જણાવે છે કે આઉય આફ્રીકામાં કેટલીક જગ્યાએ કુસ્તી જોવામાં આવે છે તેને માટે દીલગીરી છે. આ બાબત આપણે અગાઉ લખવાની જરૂર છે

પરચુરણ ચરચા

ક્રાઈસ્ટચર્ચથી એક ખબરપત્રી જણાવે છે કે ટરાંસવાલથી આવતા ઉતારૂઓને ડર્બન ડીસેમ્બર તથા જાન્યુઆરીમાં શીપીંગ ઓફીસર જેવા ધીના એજ્યુકેશન પાસ આપતા નથી. તેમજ ધીગ્રીસ પાસ હાલ બંધ થયા છે. પહેલે પોંઈટથી અરજી કરે તેજ પાસ મળે છે એટલે અત્રે લોકોને બહુ હેરાનગતી ભોગવવી પડે છે.

ડરબનથી એક સ્નેહી આપણે માટે જે બીલ પાસ કરવાં છે, તેને માટે આપણે પુરી સખત ઉહાપોહ કરવો જોઇએ.

લેડીસ્મીથથી હીંદુ સનાતનધરમસભાના સેક્રેટરી લખી જણાવે છે કે તા. ૧૯ જુલાઇ, જન્માષ્ટમીને રોજ અત્રે મોટા સમારંભથી કથા કીરતન કરવામાં આવ્યાં હતાં. આ મેળાવડામાં ૨૦૦ જેટલા મનુષ્યોએ લાભ લીધો હતો

ગ્રેટાઉનથી એક લખનાર જણાવે છે કે અહીં કોઇ હજામ નથી તેથી બહુ આપદા પડે છે. વાસ્તે કોઇ સારો બાર બર આવે તો તેનું ઠીક ગુજરાન ચાલે તેમ છે.

કેપીમથી એક લખનાર જણાવે છે કે અહીંથી તા. ૧૬ ને રોજે બે આદમી જેલમાં મયા હતાં. તેમાંનો એક આદમી ડાહ્યા ગોકળ તા. ૨૦ના રોજ રૂા. ૭/ ૬૬ ભરીને ચાલ્યો આવ્યોછે. અને શકપદ અલી નામનો હજુ જેલમાં છે. માટે શકપદ અલીને ધન્ય છે અને ડાહ્યા ગોકળ જેવા માણસ કોમને દીલગત લગાડનાર છે. માટે એવા માણસ કોમનું બહુજ બુરૂં કરે છે

ક્રીસ્ટથી મી. લાલા ખુશાલ જણાવે છે કે જોહાન્સબરગથી આવેલ મુસા નામના એક ફેરી વાળાને અત્રેના જંગલ માં ફેરી ફરતાં એક જીવલેણ રીંછે પકડી બેભાન કરી નાખેલ. તે વખતનો કકળાટ સાંભળી રસ્તાપરના એક ડચે આવી રીંછને બંદુકેથી મારી તે માણસ ને છોડાવ્યો. તેના તબીયત ગંભીર છે. હાલ તે માણસ જંગલની એક દુકાનમાં દુકાનદાર તેની સારવાર કરે છે તે માટે હું તેનો ઉપકાર માનું છું.

ક્રુગરસ્ડોર્પથી એક લખનાર જણાવે છે કે બલ્લારામ દુલભ જે ગુમ થયા ની હકીકત તા. ૧૫ મીના ઇંડીયા માં બહાર આવી છે તે આદમીની લાસ તા. ૨૭મીએ ઓફેલો રીવરમાંથી મળી આવેલ છે. તેને ઘટતી ક્રીયાએ દફન કરવામાં આવેલ છે. તેજ લખનાર વધુ જણાવે છે કે તા. ૨૨ ઓગસ્ટના ઇંડીયા માં હીંદુ ધરમ સોસાયટીમાં મી. રામા ભુલાનું નામ પ્રમુખ તરીકે જણાવેલ છે. ત્યાં આગળ મી. હરીલાલ ધામજી વાળા પટેલ હોવાઓ.

મી. ત્રવાડી પોર્ટસ્લગર્થી તા. ૧૭ ના રોજ લખે છે કે આજરોજ અત્રે તેમજ મુસ્સા કાટકોટીયા નામના રાણાવાવના રહીશ મેમણને વમર લાઇસેન્સથી વેપાર કરવાના વાંકસર અદાલતમાં ૭ દિવસની જેલ અથવા રૂા ૨૫/ દંડ થયો છે. દંડ ન આપતાં તેણે જેલ કબુલ કરી છે આ માણસને અમો ઘણી મુશ્કેલીથી આપીએ છીએ કેમકે પોતે વૃદ્ધ ઉમરના છે અને ખુની કામદાને કારણ થયા નથી.

સમરસેટ સ્ટેશનથી મી.હુસેનખાં કાલેખાં લખે છે કે તા. ૧૬ ઓગસ્ટના રોજ મી. હાજી મહમદ આદમના મકાન ઉપર એક મીટીંગ ભરવામાં આવી હતી પ્રમુખ સ્થાને સુરતના સયદ મુસ્તફ અલ અદ રેસ બીરાજ્યા હતા. હાજર થયેલા સાહેબોમાં મેસર્સ હાજી ઇબ્રાહીમ, હુસેનખાં કાલેખાં, અહમદ મોંથીઆ, મુસા ભાપુ સુતરીઆ મોતીયંદ, જી. યાસીન, ઇસાક ફકીર, એ. એમ. ગોમટાવાળા, એ. એમ મનશી, રીદીક ઇરમાઇલ, મહમદ આરેફ, એસ. એ. પટેલ વગેરે ઘણા હાજર હતા. જે વખતે સરદેએ લોંગને રીપોર્ટ આપનારાં બાબતો કરવાં હતાં. પ્રમુખે સંધ્યા કામ લેવા સુચવ્યું હતું. મેસરસ હાજી ખારે તથા ઇરમાઇલ ડાભેલીઆ પોર્ટ ઇલીઝાબેથ મરજીદનું ઉધઘાણું કરવા આવ્યા હતા તેમાં અત્રે ની વસતીના પ્રમાણમાં સારૂં ઉધઘાણ થયું હતું.

સમરસેટવેસ્ટથી મુનીશ્રી હયાત લખી જણાવે છે કે લીલ્લાહ ખેરાત કરનારા સાહેબોને એક અગત્યની સુચના કરવામાં આવે છે કે હાલમાં ઘોડુંક થયા કરતાંક ભીખ માગનારા અરબનાં કપડાં પહેરી હાથમાં એક મોટી તસબીર લઇ શહેર માં તેમજ આજુબાજુનાં ગામડાંમાં ઉઘ રાણું કરે છે અને કહે છે કે હજ્જ

અરીના ફ્રેસ્ટમાં જે ના. સુરી સાહેબના તરફથી મદરેસા ઉઘડાવી છે તેને વાસ્તે ઉઘરાણું કરીએ છીએ. પણ એ બીલકુલ જુઠ છે. સદરહુ મદરેસા સાફ મયલાના મોલવી અબદુલ લતીફ બને કરે છે. તેમજ કેટલાક હીંદી બાબ લોકોને ઠગે છે કે એક આદમીને મુલક મોકલવો છે. એમ કરીને અજાણ્યા લોકોને ઠગી લેય છે. તેથી ખેરાત કરનારા જે ખરા હકદાર છે તેમનો હક મારવો જણ્ય છે. માટે ખેરાત કરનારા સાહેબો એ બાતરી કરીને આપવું. અમ: તો મોઅરીની મદરેસામાં જનાબ મોલવી સાહેબપર મોકલી આપવું અથવા તો હમોએ હાલમાં બીનજ રેસ્ટે ફંડ ખોલ્યું તેમાં મોકલી આપશો. તો ખુદાપાક તેનો અજર આપશે. બિનજ ફંડમાં મોકલવાનું સરનામું: મુસા નુરમહમદ, સ્ટેલેનબોસ. અથવા મુનશી મલેક હયાત, સમરસેટ વેસ્ટ.

નાદારી કોર્ટનાં નોટીસો વગેરે

(ગવરમેંટ ગેઝેટમાંથી)

મારીત્સબરગના વેપારી હાજી ઇસ્માઇલ પોતાની મીલ્કત નાદાર તરીકે જાહેર કર વાની અરજી સુપ્રીમ કોરટને તા. ૮ સપ્ટે મ્બરના રોજ કરશે.

ડરબનના ઇસ્માઇલ આદમ તુરસા પોતા ની મીલ્કત નાદાર તરીકે જાહેર કરવાની અરજી ડરબન સરકીટ કોરટને તા. ૬૫ સપ્ટેમ્બરના રોજ કરશે

ન્યુકેસલના વેપારી કાસમ બી. મંજુ પોતાની મીલ્કત નાદાર તરીકે જાહેર કરવાની અરજી પ્રીટોરીયની સુપ્રીમ કોરટને તા. ૨૫ ઓગસ્ટને બદલે ૨૨ સપ્ટેમ્બરના રોજ કરશે

ટોંગાટના હાજી ઇબ્રાહીમ ગોની ખારી ચીનીઆ પોતાની મીલ્કત નાદાર તરીકે જાહેર કરવાની અરજી ડરબનની સરકીટ કોરટને તા. ૬૦ સપ્ટેમ્બરના રોજ કરશે

લેડીસ્મીથના ઇસ્માઇલ મુસાજીની નાદાર મીલ્કત સંબંધની દેણાની રાબીતી વગેરે કામ માટે લેડીસ્મીથ માજીસ્ટ્રેટ કોરટમાં બીજી મીટીંગ તા. ૬ સપ્ટેમ્બર અને ત્રીજી મીટીંગ તા. ૮ સપ્ટેમ્બરના રોજ મળશે.

[ટ્રસ્ટીઃ મી. એમ ડી. સીદાત, ઓકસ ૬૪ લેડીસ્મીથ.]

મોટેરાઓ અંજુમન ઇસલામ

રવીવાર તા. ૨૬ મી જુલાઇ ૧૯૦૮ આજની મીટીંગ મી. અલી અબદુલ લતીફના પ્રમુખપણા નીચે મળી હતી શરૂઆતમાં મી. હસમાહલખાને મીટીંગનો હેતુ કહેતાં જણાવ્યું કે ખુદાપાકના લાખ લાખ શુકર કે અંજુમન ઇસલામ નીસ્થાપ નાને એક વરસ પુરૂ થયું છે. અને પહેલા વરસની લા મીટીંગ આજે બોલા વવામાં આવી છે. મુહરથી આજ ॥ મીટીંગમાં મુખ્ય ચાર કામો રજુ કરૂં છું તે એવે (૧) સીરવલાનું કામકાજ (એક મીટીંગનો રીપોરટ). (૨) નવા વરસ માટે મેનેજીંગ બોરડની ચુંટણી, (૩) હિસાબની રજુઆત, (૪) દેશ તરફ જતા મેંબરો તથા બીજા મહરથીને માન અને તેઓની સફર સફળ ઇચ્છવી. તે પછી ગઇ તા. ૨૮મી રહમી અને ૩૦મીની મીટી ગનો રીપોરટ વાંચી સંભળાવ્યો હતો તેમાં પ્રમુખની સહી લેવા બાદ નવા મેંબરો અંજુમનમાં દાખલ થયા તેની અરજી પાસ થઇ હતી તે પછી સેક્રેટરીએ ટુરીએ પુરી થતી સાલનો રીપોરટ રજુ કર્યો. અને પોતાનું રાજીનામું રજુ કરી જણાવ્યું કે નવા વરસ માટે મેનેજીંગ બોરડમાં ફેરફાર થવો જોઇએ.

મી. હાજી ઓસમાને કેટલુંક વિવેચન કરી ઘટતા શબ્દોમાં ગયા વરસના કામ કાજપર ખુશી બતાવી આગેવાનોની પ્રશંસા કરી હતી અને દરખાસ્ત રજુ કરી કે મેનેજીંગ બોરડમાં જે મહરથીઓ છે તેઓને જ આ વરસ માટે કાયમ રાખવા. જેમકે પ્રમુખ, મી. હાજી હબીબ. ઉપ–પ્રમુખ. મી. અલી અબતીફ; સેક્રેટરી, મી હસમાહલખાન; ટેઝરર, મી. હાજી કાસમ. જેને મી. તારમહમદ પીરમહમદે ટેકો આપ્યો. અને અંજુમનના કામ વીષે સંતોષ જાહેર કર્યો મી. ઇબ્રાહીમ જુમા એ જણાવ્યું કે મી હાજી ઓસમાનની દરખાસ્ત વ્યાજબી છે અને તેને હું ટેકો આપું છું મી નુરમહમદ અધ્યર્યુએ મી. હાજી ઓસમાનની દરખાસ્તને ટેકો આપી સુધારા તરીકે જણાવ્યું કે મી હાજી હબીબ હાલમાં જોહાન્સબરગ વસે છે તો પ્રેસીડંટ તરીકે મી અલી લતીફને નીમવા અને જોઇંટ સેક્રેટરી તરીકે મી. સુલે માન ખાન મહમદને નીમવા. મી. નુર મહમદ હાસમે અંજુમનનું વરસ પુરૂં થવાથી ખુશાલી જાહેર કરી અને જણાવ્યું કે મી. હસમાહલખાને સેક્રેટરીપદનું રાજીનામું રજુ કરેલું છે તે માટે દિલગીર છું. અને તેઓનું રાજીનામું મંજુર થાય તો દરખાસ્ત કરૂં છું કે મી. અલી મહમદ ખમીસા તથા મી સુલેમાન ખાન મહમદ સેક્રેટરીઓ નીમવા જોઇએ. મી. સુલે માન ખાન મહમદે જણાવ્યું કે મી. હાજી ઓસમાનની દરખાસ્તને પાસ કરવી. અને મી. નુર મહમદની સુચના ચેરમેનપદ વિષે છે તે વ્યાજબી ગણું છું. મી તાયબ હાસમે જણાવ્યું કે મી હાજી ઓસમાન ની દરખાસ્ત વ્યાજબી છે તેને હું ટેકો આપું છું. ગયા વરસમાં મેનેજીંગ બોરડે ઘણું સરસ કામ બજાવેલ છે તે માટે તેઓને ધન્યવાદ ઘટે છે. અને ઉમેદ રાખું છું કે તે સાહેબોજ પોતે જેવી રીતે અંજુ મનનું કામ બજાવ્યું છે તેમ બજાવશે.

મી. હાજી હાસમે જણાવ્યું કે નવી ચુંટણી થવી જોઇએ. મી નુ મહમદ હાસ મની દરખાસ્તને ટેકો આપું છું. તેમ ટ્રેઝરર તરીકે મી. હાજી અબુને નીમવા જોઇએ, અને સેક્રેટરી મી. અલી મહમદ ખમીસાને નીમવા. મી હાજી અબુબકરે જણાવ્યું કે અંજુમનનું કામ ઘણું કતેદ મંદ રીતે પસાર થયું છે જે માટે મેને જીંગ બોરડ ને ધન્યવાદ કહું છું અને ફેર ફાર કરવાની કાંઇ જરૂર જણાતી નથી. મી હાજી ઓસમાનની દરખાસ્તનો ટેકો આપું છું મી અલી મહમદ ખમીસાએ જણાવ્યું કે આગેવાન બોરડે જે કામ કરેલું છે તે ખરેખર સંતોષકારક અને ફાયદાકારક છે તો ઉમેદ છે કે તેઓ સાહેબ પોતાની જ રીતે પોતાનું કામ ચાલુ રાખશે. અંજુમન તરફથી જે મહરેસા ચાલુ કર વામાં આવેલ છે તેનો ખ્યાલ કોઇને પણ નહીં હતો પરંતુ પ્રમુખ, સેક્રેટરી સાહેબ તથા બીજા આગેવાનોએ પોતાના નેકી ખ્યાલ અને અંજુમનના ભલા માટે તે કામ કરેલ છે અને તે માટે આગેવાનોને મુબારકબાદી બક્ષવું છું. મી નુરમહમદ હાસમ માગે માટે જે દરખાસ્ત મુકી છે તે માટે તેવણ ! ઉપકાર માનું છું પરંતુ દિલગીરી સાથ જણાવું છું કે તે કામ મારાથી નહિ બની શકે માટે મી નુર મહમદ પોતાની દરખાસ્ત ખેંચી લેશે તો ઉપકાર માનીશ. તે પછી કેટલીક ચર્ચા બાદ મી નુર મહમદ હાસમે દરખાસ્ત ખેંચી લીધી હતી અને સરવાનુમતે મી. હાજી ઓસમાનની દરખાસ્ત પાસ થઇ.

પછી સેક્રેટરીએ જણાવ્યું કે આજે દેશ તરફ જતા મહરથીને ખાસ આમંત્રણ મોકલવામાં આવ્યું હતું અને અંજુ મનના આમંત્રણને માન આપી સરવે મહરથી પધારેલા છે તેઓનો ઉપકાર માનું છું. મહરથી, દેશ જનારાઓમાં અંજુમનના મેંબરો પછી મી. બહાદુર ખાન ઇસ્તખાન તથા મી. હસા અબા છે. તેઓને ખુદાપાક ખેરથી વતનમાં પહોંચાડે તેવી દુઆ ચાહું છું. અને તેઓની સફર સફળ થાય એમ ઇચ્છું છું. મી. બહાદુરખાન મારા એક મીત્ર તેમ સંબંધી છે તેઓના જુદા પડવાથી ખરેખર દીલગીર છું, પરંતુ દેશ તરફ જતા હોય થી ખુશી પ્રાપ્ત થાય છે. વળી સબબદ કાસમમીઆ વગેરે મહરથી અંજુમનન વતને માન આપી પધારેલા છે તેથી ઘણી ખુશી ઉપજે છે. અંજુમનના ચાલુ કામ વિશે મારા માટે જે મહરથીઓએ કિમતી શબ્દો કહ્યા છે તે માટે ઉપકાર માનું છું. પરંતુ મેં કાંઇપણ એવું કાર્ય કરવું નથી. માત્ર મારી ફરજ બજાવી છે. આપ લાયક મહરથી છે તો આપનીજ લાયકાત છે તે પછી મી. હસા અબાએ અંજુ માને ૧૪/– બેટ તથા ૧ – વરસનું લવાજમ આપેલું હતું. મી બાદરખાન ઇસ્તખાને લાગણી નમાયતરૂપી ભાષણ કરી અંજુમનને નભાવી રાખવા એકત્રતા થી રહેવા અને દીલમતથી ઇસલામના મુંડા ને મજબુત બનાવવા અસરકારક શબ્દોમાં વિવેચન કરેલું હતું અને જણાવ્યું કે મા નુર મહમદ અબર્યુએ જે દશ શીલીંગ ફંડ ભેળું કરવા બાબતે સુચના કરેલ છે તે માટે મી. નુર મહમદને કહેવું કે તેઓએ દીલમતથી તે કામ માટે કોશીષ કરવી. દિલગીર છું કે મજકુર ફંડ હસ્તીમાં નથી આવ્યું; અમર આ વખતે તે ફંડ ચાલુ હોય તો હું મારાથી બનતી મદદ કરવા મુકત નહિ. ખુદાપાક તે દીન દેખાડે કે જે વખતે આ અંજુમનનો પોતીકા હોલ બની જાય. વિગેરે જાહેર કરી અંજુમનને એક પૌંડ બેટ અને એક વરસનું લવાજમ ૬/– આપ્યાં હતાં. મી. હાજી જુમાખાન મહમદે મેંબરશીપ માં દાખલ થવા અરજ કરી અને ૧૦/૬ બેટ, ૫/– દાખલ ફી તથા લવાજમ આપ વા જણાવ્યું. મી. કાસમમીઆ યુંજુમીઆ એ મેંબર થવા અરજ કરી તે સાથે ૨૦/– બેટ, ૫/– દાખલ ફી, તથ ૫/– દશ માસનું લવાજમ રજુ કરવું.

સેક્રેટરીએ સરવેનો ઉપકાર માની દેશ જતા મેંબરોને મેડલ આપવા સુચના કરી જોયા ચેરમેન સાહેબે દેશ જતા મહરથીને અંજુમન તરફથી મેડલ આપ્યા હતા.

ખાજી મોર્ટીંગ

મી. સોરાબજી પાછા આવવાના હતા છતાં પાછા કેમ નથી આવતા એ સવાલ યક્ષ રહ્યો છે. મારે કહેવું જોઇએ કે મી. સોરાબજી તો પાછા દાખલ થવાને બદલે તપી રહ્યા છે. પણ તેમની ફરજ હુકમમાં ચારલસટાઉનમાંજ રહેવાની છે. તેથી તેઓ બધારે સેવા બજાવે છે. એસોસીએશને તેમને રોકયા છે. તેમની બાબતમાં જે ઠરાવ એસોસીએશને કરેલો છે તે ઠરાવનો જવાબ સરકાર તરફથી નથી ફરી વળ્યો તે અને બીજાં કારણોથી હાલ તુરત તેમને બોલાવ્યા નથી. તેમનો વખત આવ્યે તે પણ દાખલ થશે. સહુ એકજ રીતે પોતાની ફરજ નથી બજાવી શકતા. ફરજ બજાવવી એ સર્વનું કામ છે. મી. સોરાબજી ની ફરજ પોતાના ઉત્સાહને દાબીને રાહ જોવાની છે.

મી મુસા પ્રસપ આડીયા

મી. મુસા પ્રસપ આડીયાનો પ્રીટોરીઆમાં એક પાર્સલ દંડ થયેલો. તેનો માલ આજે જપત કરવા જતાં મેસેંજરે આખો સ્ટોર બંધ કરેલ. આ ગેરકાયદેસર છે. મેસેંજરને બીલકુલ અખતીયાર નથી તેથી મી. આડીયાને સ્ટોર ખોલવાની અને મેસેંજર ઉપર નોટીસ મોકલવાની સલાહ એસોસીએશને આપી છે.

મી. દીલદારખાન

મી. દીલદારખાન જે એક ગોરાને ત્યાં નોકર હતા તેને ગોરાએ બરતરફી આપી છે કેમકે તે કાયદાની સામે ભાગ લેય છે અને ગઇ કાલે ફીનજ રેલવે બાબત રજા માગી હતી. મી. દીલદારખાનની હીંમતને દાદ દઉં તેમને મુબારકબાદી આપું છું.

ઉઘરાણું

મી. દાઉદ મહમદ, મી. રૂસ્તમજી, તથા મી. આંગલીયા એ આવ્યા કે તુરત કામ શરૂ કરી દીધું છે. ઉઘરાણું કરવા નીકળ્યા હતા. જેઓએ પૈસા ભરાવ્યા છે તેઓનાં નામ આવતે અઠવાડીયે આપવા ધારું છું.

વોલકૂસ્ટ 395

[ઇ. એ માટે ખાસ ખબરપત્ર]

સોમવાર.

અંગુઠા બાબતના વધુ કેસો

મેસરસ વલી જુમા અને ગોકળદાસ જેઓ લડાઇ પહેલાંના રહીશ નરીકે ટરાંસ વાલમાં દાખલ થતા અંગુઠા નહિ આપવા માટે પકડાયા છે તેમના કેસો આવતા સોમવાર તા. ૭ સુધી મુલતવી રહ્યા છે.

સોની વીરજી લધાને અંગુઠો નહીં આપવા માટે પકડવામાં આવેલ છે. પોલીસે જુબાનીમાં કહ્યું કે તેનું મર જીઆન રજીસ્ટર મેં જોયું છે. તે તેનું નથી એમ માનવાને મારી પાસે કોઇ પણ બનતુ કારણ નથી. અચાર તરફથી મી. પોલાકે કહ્યું આ કેસ મી. ગધાહીમ ઓસમાનના જેવો છે. સરટી ફીકેટમાં તહોમતદારના શરીરનું વરણન લખેલ છે તેમાંથી તેની ઓળખાણ કાઢી શકાય છે. માજીસ્ટરેટે ઠરાવ સાંભળાવતાં જણાવ્યું કે તે સરટીફીકેટ તહોમતદારનું છે તેની મને જરાએ શંકા નથી. પરંતુ કાયદા મુજબ તે ગુન્હેગાર છે એટલે હું તેને પા. ૫ અથવા ૧૪ દીવસની સાદી જેલની સજા કરું છું.

ચાર ચીના જેલમાં ગયા

ચાર ચીના કાનટોંગ. આર્યીંગ, લોંગલી, અને હોસીંગ ઉપર અંગુઠો નહીં આપવા માટે આજરોજ કેસ ચાલ્યો હતો. અચાર તરફથી મી. પોલાક હતા. તેઓએ ગુન્હો કબુલ કરેલો તે ચારે પાસે પરમીટ અને રજીસ્ટરેશન સરટીફીકેટ હતાં. માજી સ્ટરેટે તેમને પા. ૫ અથવા ૧૪ દીવસની સખત મજુરીની જેલની સજા સંભળાવી. ચારે જણા જેલમાં ગયા છે.

નાતાલના શેઠીયા

મેસરસ દાઉદ મહમદ, પારસી રૂસ્તમજી, એમ. સી. આંગલીઆ અને એસ. જે. રાંદેરીઆ ચારલસટાઉનથી આજ સવારે અહીં આવી પહોંચ્યા છે અને સરકારના મીજમાન થયા છે. આજે બહુ મોડું થઇ ગયેલું હોવાથી તેમને ગામમાંથી ખાવાનું જેલમાં પહોંચાડવામાં આવ્યું હતું. પણ કાલથી તે જેલનો ખોરાક લેશે. જેલમાં સવારે પુપુ. બપોરે ચાવલ, પટેટા અને બેડ અને રાતે ચાવલ અને પટેટા મળે છે.

મંગળવાર

ઠરબનવાળા બીજા ૧૧

જેને હદપાર કરવામાં આવ્યા છે તે આજ પરોઢીએ અહીંથી પસાર થયા છે જોહાન્સબરગમાં તેઓને આખો દીવસ કેદમાં રાખવામાં આવ્યા હતા. અને રાતે ટરેનમાં પહેરેગર કપડે ચઢાવ્યા હતા. સુપી. વરનનની તેના ઉપર ચોકી હતી. ટરેન જ્યારે ટરાંસવાલ અને નાતાલની હદ ઉપર આવી એટલે સુપ્રી. વરનને કહ્યું કે "હું તમને સત્તાવાર છુટા કરૂં છું" ડબાની બારીઓ વચ્ચેરે આ વખતે બોલી નાખ્યા. ટરેન તો ચાલતીજ હતી. ને ચારલસટાઉન આવી ઉભી રહી. આમ તેઓ ટરાંસ વાલમાંથી નાતાલની હદમાં આવ્યા. તેમને સુવાની કોઇ બનતી સગવડ નહોતી. ઓઢવા પાથરવાનું પણ કાંઇ નહોતું. ચારલસટાઉનને સ્ટેશને ઉતરી, ચાલીને તેઓ પરબારા સવાઆઠ વાગે અહીં આવ્યા છે. તેઓ ચારજ જોડીસે ગયા અને પોતાને પકડવાનું જાહેર કર્યુ. ત્યાંથી તેઓને માજીસ્ટરેટ પાસે લઇ જવામાં આવ્યા છે. અને માજીસ્ટરેટે તેઓનો કેસ મંગળવારે ચલાવવા જણાવ્યું. અને પા.૧૦ના જામીન ઉપર છોડવાનું કહ્યું. કોઇએ જામીન નથી દીધા. આવતા મંગળવાર સુધી તેઓ જેલમાં રહેશે.

જેલમાં જગ્યા નથી

અહીની જેલમાં આજસુધીમાં ૬૯ હીંદી અને ૪ ચીનાઓ છે. જોરા કેદીઓને બીજે ક્યાંય લઇ જઇ હીંદીને માટે મારગ કરવાનું સંભળાય છે.

આજે તહેવાર પાળ્યો છે

ના. સુલતાનની ૩૩ મી સાલગીરી તથા મહીના રેલવેને ખુલ્લી મુકવાનો આજનો શુભ દીવસ હોવાથી અત્રેની બધી હીંદી દુકાનો બંધ રાખવામાં આવી છે.

સખત જેલ

આજ બપોરે મેસરસ ઇસ્માઇલ આમદ પટેલ અને અલી મહમદને અંગુઠો નહીં આપવા માટે માજીસ્ટરેટ પાસે ખડા કરવામાં આવ્યા હતા તેઓની પાસે મરજીઆત રજીસ્ટર હતાં. આ કેસમાં માજીસ્ટરેટે ટીકા કરી કે આમ બધા અંગુઠા આપવાની ના કહી કાયદાનું અપમાન કરશો તો હું હવેથી સખત જેલની સજા કરીશ. આ કેસમાં દરેકને હું પા. ૫ દંડ અથવા સાત દીવસની સખત મજુરીની જેલની સજા કરું છું. તેઓ બંને જેલમાં ગયા છે.

પ્રીટોરીઆના હીંદીઓનો માસ મીટીંગ

વધુ સરદીફીકેટ બાળ્યાં

ડરબનના આગેવાન મેસર્સ દાઉદ મહમદ, પારસી રૂસ્તમજી, એમ. સી આમ લીઆ તથા એસ. જે. રહિરીઆને હક પાર કરવામાં આવ્યા તેની સામે વાંધો દરશાવવાને ગુરૂવારે અપોરવા એશીઆ ટીક જનરમાં મોટી મીટીંગ મળી હતી. આગેવાનોને ડીપોર્ટ કરવાના ખબર આખા શહેરમાં પવન વેગે ફેલાઇ ગયા અને તરતજ મીટીંગ બોલાવવાની ગેહરચણ કરવામાં આવી હતી. મી. વી. એમ. બગસ પ્રમુખ સ્થાને હતા. તેમણે ગુજરાતીમાં એક લાંબુ ભાષણ કરવું હતું જે મી. ગંભર શાહ વ્યાસે અંગ્રેજીમાં વાંચી સંભળાવ્યુ હતું. મી. બગસનું ભાષણ નીચે મુજબ છે.

ગૃહસ્થો, આપણે પ્રીટોરીઆના હીંદીઓ અહીં અસાધારણ સંજોગ વચ્ચે ભેળા થયા છીએ આને દક્ષિણ આફ્રિકા ના આગેવાન હીંદીઓ જે આપણી લડત માં મદદ કરવાને આવ્યા હતા તેમને સર કારે દેશપાર કરેલ છે. તમને યાદ હશે કે પોલકરટના મેજીસ્ટ્રેટે તેમને કોલોની છોડવાની નોટીસ આપી હતી. આ હુકમ સામે તેમનાથી અપીલ તો થઇ શકે તેમ હતું નહીં. તેઓ ઉપર પર મીટના કાયદા મુજબ કામ ચાલ્યું હોત તો કેસ સુપ્રીમકોરટમાં જઇ જઇ શકાત. તેઓને માન આપવાને આપણી અંજુમન મરક્ષામની મીટીંગ મળી હતી તેમાંથી વગર ચેતવણીએ તેમને પકડવામાં આવ્યા. તેઓના ઉપર દેશપારનું વોરંટ હતું એટલે સાધારણ રીતે જમીન લેવાની ના પાડવામાં આવી. પોલીસે તેમના તરફ સલુકાઇ વાપરી. પરંતુ સરકારની રહમત–નામાંકીત રહમત–ઉપર જે વરતણુક ચલાવ વામાં આવે છે તે ઘણી અણઘટતી છે. આ વરતણુકથી હીંદીઓનાં મન બહુ ત્રાસવું બની ગયાં છે. તેઓનાં મન ઉશ્કેરાઇ ગયાં છે. આ મીટીંગ તેનો પ્રત્યક્ષ દાખલો છે.

હું આ મીટીંગ તરફથી સરકારને જણાવવાની રજા લઉં છું કે આપણા ઉપર આમ જુલમ કરવાથી આપણને ખુની કાયદો તે કબુલ કરાવી નહીં શકે. પોતાની ટેક જાળવવા ખાતર જે મોકો મળે તે દુખ પડે તે સહેવા તયાર થયા છે તેને તેઓ આમ પરાણે કેવી રીતે તાબે કરી શકશે? સરકારે ગમે તે જતનો કરારદો રાખેલ હોય પણ હું આશા રાખું છું કે હીંદીઓ નવા કાયદા માં આવેલા થોડા લાભ સામું નહીં જુએ, અને જ્યાંસુધી આપણું માગેલું આપવામાં નહીં આવે ત્યાંસુધી તેઓએ જે ઠરાવ કરેલ છે તેને વળગી રહેશે. આપણે માગીએ છીએ તે જનરલ સ્મટસે આપેલું વચન પાળે. કાયદો રદ કરવાનું તેણે વચન આપ્યું છે. તેનો ધનકાર તેણે નવા બીલના બીજા વાંચન ના ભાષણ વખતે પણ બરાબર કરેલ નથી. આપણને કહે છે કે ખુની કાયદો સાવ ઓખા જેવો કરી નાખવામાં આવ્યો છે એટલે હવે આપણે તેની સામે કાંઇ કહેવાપણું રહેવું ન જોઇએ. આ બરા બર નથી નવું બીલ પાસ થયા છતાં જોહાન્સબરગમાં પરમદીવસેજ એક કેસ ચાલ્યો તે ઉપરથી જણાઇ આવે છે કે ખુની કાયદો હજુ જેવો ને તેવોજ છે એક હીંદી જેણે લડતમાં કાંઇ આગેવાની ભરેલો ભાગ લીધો નથી તેનું નવા બીલ થી રક્ષણ થાય છે છતાં તેને ખુની કાયદા મુજબ સજા કરવામાં આવી છે. નવા બીલના લાભ આપણે કબુલ કરવાને નથી માગતા એ વાત ખરી છે પણ સર કાર જે તે બીલ મુજબ વરતવા માગે છે તો પછી તેને ખુની કાયદા મુજબ કોલોની છોડવાની નોટીસ શા માટે આપે છે? સરકારના સાક્ષીએ કહ્યું કે કોલોની માં આવી સ્થીતી વાળા બધા હીંદી છે. શું આ બધા હીંદીને તે કાઢી મુકવા માગે છે? આ બીસ્કો બતાવી આપે છે કે આપણે બહુ પરાધીન સ્થીતીમાં મુકાયેલ છીએ. રજીસ્ટરાર વીષે આપણે જે ટીકા કરી છે તે બરાબર છે; અને ખુની કાયદો રદ થવાની જરૂર છે.

બીજી માગણી ઉંચી કેળવણી વાળાના હક સ્વીકારવાની છે. બીજા ભાષણોમાં જે આપણા ભાઇઓએ કહ્યું છે તેજ હું ફરીને કહું છું કે આ માગણી નવી નથી. લડાઇ પહેલાં અને પછી આપણે આ હક ભોગવતા હતા ઇમીગ્રેશન કાયદામાં આપણી પાસેથી આ હક લઇલેવામાં આવેલ નથી. પણ ખુની કાયદો જે આપણે કદી કબુલ નથી કરવો તે કાયદા થી આ હક મારવા જેમ છે. આપણે આ કોલોની બહારના કે બીજા હીંદીયા ભરી દેવા નથી માગતા. પરંતુ બહારના હીંદીને માટે ચામડીના રંગને વાંકે અપમાન કરનારો કાયદો હોવો તે મેર વ્યાજબી છે. જોરી પ્રજા દક્ષિણ આફ્રિકા માં સરવોપરી રહે તેની સામે આપણે સવાલ નથી કરતા; પરંતુ કરનશ સીવી ના કહેવા મુજબ આપણને દરસવાલમાં કે દક્ષિણ આફ્રીકામાં રહેવા દેવા માગતા હોય તો શહેરી તરીકેના સરખા હક આપી રહેવા દેવા એટલું માગીએ છીએ આટલું આપવાનું જો કબુલ હોય તો આપણી પ્રતીષ્ઠા ખાતર, આપણા વીદ્યાર્થીની ખાતર જે ઉંચી કેળવણી પામેલા હીંદી ઓની જરૂર છે તેમને આવવા દેવા જોઇએ. તેઓ કાંઇ વેપારી સાથે હરી હાઇમાં ઉતરશે એવો કોઇએ પણ સવાલ ઉઠાવેલ નથી. નાતાલના આપણા આગેવાનો ને દેશ પાર કરવાથી આપણે દુખ ભોગવવા ના મકમ ઠરાવ ઉપર આવીએ છીએ. જોહાન્સબરગની માસ મીટીંગમાં પ્રીટો રીઆના ઘણા હીંદીએ પોતાનાં સરદી ફીકેટો બાળવાને મોકલી આપ્યાં હતાં. બાકી જે થોડાં ઘણાં રહ્યાં છે તે આજે આપણે બાળીએ છીએ. કેટલાક હીંદીઓ જેમણે પ્રથમ ખુની કાયદા મુજબ સરદી ફીકેટો લીધાંછેતેમણેહજુબાળ્યાં નથી. પણ મને ખાત્રી છે કે તેઓ પોતાના જ્ઞાત ભાઇઓ ઉપર દુખ પડે તે બેઠે બેઠે જોવાને રાજી નથી. એટલે તેઓ પણ આપણી સાથે લડતમાં જોડાશે. પરંતુ તેઓ આપણી સાથે ભળે કે ન ભળે તોપણ તેઓના તથા આપણા ભલાની ખાતર જ્યાંસુધી ખુદા આપણી દાદ સાંભળી આપણાં દુખ દુર ન કરે ત્યાં સુધી આપણે લીધેલી લડત ચાલુ રાખવી.

બાદ એક કાગરપોટમાં ૨૦૦ જેટલાં સરદીફીકેટોને પારાગીન ઠાંટી બાળી મુકવામાં આવ્યાં હતાં. અને મી. વી. એમ. પીલેએ નીચેનો ઠરાવ રજુ કરેલો: પ્રીટોરીયા હીંદીઓની આ માસ મીટીંગ નાતાલના હીંદી આગેવાનો જે દરસવાલની લડાઇ પહેલાંના રહીશ હોઇ આ દેશમાં આવવાને માગે છે તથા ઇમીગ્રેશન કાયદા મુજબ કેળવણીની પરીક્ષા પાસ કરીને આ દેશમાં આવવાને માગે છે. તેઓને કાયદા વીરૂદ્ધ દેશનીકાલ કરવામાં આવ્યા છે તેની સામે સખત વાંધો દરશાવે છે. મી. સુલેમાન રુજે આ ઠરાવને ટેકો આપ્યો ને જણાવ્યું કે મી. ગાંધીએ આપણને મરજીઆત રજીસ્ટર લેવાની સલાહ આપી તે માટે તેમને ઠપકો ઘટે છે. મી. પ્રેમભાઇલ જુમાએ આ ઠરાવને ટેકો આપ્યો. બાદ મેસર્સ પી. કે. નાયડુ, આમદજી સાલે, થંબી નાયડુ, એસ. એમ. કાજલીઆ વગેરેએ આ ઠરાવને ટેકો આપનારાં ભાષણો કરવાં અને ઉપર નો ઠરાવ સરવાનુમતે પાસ થયો હતો. બાદ પ્રમુખનો આભાર માની મીટીંગ બરખાસ્ત થઇ હતી.

ટ્રાંસવાલના હીંદીઓને રજીસ્ટર કરવા બાબતનો નવો કાયદો

મરજીઆત રજીસ્ટરને કાયદેસર ગણવા તથા બીજા હીંદીઓને રજીસ્ટર કરવા બાબતનો જે કાયદો ટ્રાંસવાલની પારલામેંટમાં અને હાઉસમાં પસાર થયો છે તે નીચે મુજબ છે:—

૧ ઉમરે પહોંચેલ એટલે ૧૬ અથવા તેથી વધારે વરસનો.

એશિઆટીક એટલે એશિઆનો કોઇપણ વતની. તેમાં કુલી, આરબ અને મલાઇનો સમાવેશ થાય છે. પણ નીચેના એશિઆટીક નહિ ગણાશે.

અ બ્રહ્મપણ બ્રિટીશ સંસ્થાનનો અથવા દક્ષિણ આફ્રિકાનો વતની મલાય;

બ ૧૯૦૪ના લેબર ઇમ્પોરટેશનના કાયદા મુજબ ઝીરમીટમાં દાખલ થએલ કોઇપણ માણસ;

ક ટ્રાનસ્વાલની નોકરીમાં રહેલ કોઇપણ અમલદાર.

[બીજી બાબ્યા રજીસ્ટરાર વગેરેની આપી છે તે અહીં નથી આપતા.]

૨ (૧) દરેક માણસ.

અ જે ખુની કાયદા પ્રમાણે એશિઆટીક ગણાય,

બ જેણે અથવા જેના સંબંધમાં ૧૯૦૮ ના ફેબ્રુઆરીની ૧૦ તારીખથી ૧૯૦૮ ના મેની ૧૦ તારીખ સુધીમાં રજીસ્ટરાર અથવા બીજા કાયદેસર નીમાએલ અમલદારને રજીસ્ટરને માટે અરજી કરી હશે,

જેને આ કાયદાના શેડ્યુલમાં જણાવ્યા મુજબ રજીસ્ટરારે સરટીફીકેટ કાઢી આપ્યું હશે,

તે દરેક માણસ આ સરટીફીકેટના આધારે આ કોલોનીમાં દાખલ થવાને તથા રહેવાને હકદાર ગણાશે.

(૨) જેની પાસે ખુની કાયદા મુજબનું સરટીફીકેટ હોય તે આ કાયદાના શેડ્યુલમાં જણાવ્યા મુજબનું સરટીફીકેટ કહાવી શકે અને તે સરટીફીકેટ જેની પાસે હોય તે આ કોલોનીનો કાયદેસર રહીશ ગણાશે.

(૩) દરેક એશિઆટીક જેની પાસે આ કલમમાં જણાવ્યા મુજબનું સરટીફીકેટ હશે તેને આ કાયદો લાગુ પડશે. ખુની કાયદો તેને લાગુ નહિ પડે.

૩ આ કાયદા મુજબ નીચેના એશિઆટીકો રજીસ્ટર કહાવી શકે.

જે કોઇ એશિઆટીક આ કાયદો અમલમાં આવવાની તારીખે આ કોલોનીમાં હોય અથવા ન હોય પણ જે ને ૪ થી કલમની પેટાકલમ બે અથવા વધુમાં જણાવ્યા મુજબની વિગત પૂરી પાડે તે,

બ ખુની કાયદા મુજબ જેની પાસે રજીસ્ટર હોય તે રજીસ્ટરને બદલે આ કાયદા મુજબ રજીસ્ટર કહાવવા કરાદે રાખતો હોય તે,

ક આ કાયદાના અમલ વખતે જેની ઉમર ૧૬ વરસની અંદરની હોય અને તે આ દેશમાં એવા વાલીની સાથે આવેલ હોવો જોઇએ કે જેની પાસે પરમીટ અથવા આ કાયદા મુજબનું રજીસ્ટર હોય અથવા રજીસ્ટર કહાવવાને હકદાર હોય,

ડ જેનો જન્મ ટ્રાંસવાલમાં થયો હોય તે.

૪ (૧) આ કાયદો અમલમાં આવ્યાની તારીખે ઉમરે પહોંચેલ જે એશિઆટીક રજીસ્ટર થીનાનો હોય તેણે કોલોનીઅલ સેક્રેટરી ગેઝેટમાં જાહેર કરે તે તારીખે અથવા તે તારીખની અંદર તે જગ્યાએ અને તે માણસને રજીસ્ટર માટે અરજી કરવી અને તે ઉપરથી રજીસ્ટરારે તેને હક તપાસી રજીસ્ટર કાઢી આપશે.

(૨) આ કાયદો અમલમાં આવે તે તારીખે આ કોલોનીના વતની જે એશિઆટીકો કોલોનીના બહાર હોય તેને નીચે જણાવેલી શરતે રજીસ્ટ્રેશન સરટીફીકેટ મળી શકશે.

અ ૧૮૮૬ ના ઓકટોબરની ૧૧ તારીખ પહેલાં તે ટ્રાંસવાલમાં ત્રણ વરસ રહેલો હોવો જોઇએ, અને

બ આ કાયદો અમલમાં આવે તે તારીખ થી ૧૨ મહીનાની અંદર રજીસ્ટરને માટે અરજી કરવી જોઇએ. અને

ક આ પેટાકલમમાં જણાવેલી બીના રજીસ્ટરારને સંતોષકારક પુરી પાડવી.

(૩) આ કાયદો અમલમાં આવે તે તારીખે આ કોલોનીના વતની એશિઆટીકો જે આ કોલોની બહાર હોય પણ

અ જેની પાસે ૧૯૦૨ ના કાયદા મુજબની પરમીટ હોય અથવા ૧૯૦૦ ના સપ્ટેમ્બરની ૧લી તારીખથી તે ૧૯૦૨ નો કાયદો પાસ થયો તે તારીખ સુધીમાં કાઢેલી પરમીટ હોય અથવા,

બ જે આ કોલોનીનો વતની હોય અને ૧૯૦૨ ના મેની ૩૧મી તારીખે આ કોલોનીમાં હાજર હતો તેવી ખાતરી કરી આપે તો તે એશિઆટીકને રજીસ્ટ્રાર દ્વારને અરજી કરવાથી સરટીફીકેટ મળી શકે.

૫ રજીસ્ટર નહિ થયા હોય તેવા નાની ઉમરના અને આ કોલોનીમાં જન્મેલા એશિયાટીક બાળકોને નીચેની કલમો લાગુ પડશે. ૧૯૦૪ના કાયદા પ્રમાણે ગીરમીટમાં આપેલા મજુરના બાળકને આ કલમો લાગુ પડતી નથી.

(૧) જો તેનો વાલી એશિયાટીક હોય તો તે બાળક નું નામ, તેની ઉમર, તેનું ઠેકાણું અને વાલી સાથે તેનું સગપણ તે વાલીના સરટી ફીકેટમાં નોંધવામાં આવશે.

(૨) આ બાળક ૧૬ વરસની ઉમરનો થાય એટલે એક માસના અંદર સરટીફીકેટને માટે તેણે રજીસ્ટરારને અરજી કરવી. અને તે ઉમરે જો તે બાળક કોલોની સિવાય સાઉથ આફ્રિકાના બીજા ભાગમાં હોય તો તેણે ત્યાંથી સરટીફીકેટ માટે રજીસ્ટરારને અરજી કરવી. આ ઉપરથી રજીસ્ટરાર તેનો હક તપાસી હક દાર હશે તો નવું સરટીફીકેટ આપશે. અને તે બાળકના વાલીના સરટીફીકેટમાંથી તેનું નામ કાઢી નાખવામાં આવશે.

૬ (૧) જ્યારે રજીસ્ટરારને ખાત્રી થાય કે ત્રીજી કલમ મુજબ રજીસ્ટરને માટે અરજી કરનાર રજીસ્ટરનો હકદાર નથી તો તેને સરટીફીકેટ કાઢી આપવામાં આવશે નહિ અને તે ખબર તેણે અરજીના ફોરમમાં આપેલ સરનામે પોસ્ટથી તેને મોકલવામાં આવશે.

(૨) સરટીફીકેટ કાઢી આપવાની ના પાડવામાં આવે તેની અપીલ કરવી હોય તો ના પાડવામાં આવ્યાની તારીખથી ૧૪ દિવસની અંદર કોલોનીઅલ સેક્રેટરીને પોસ્ટથી મોકલી આપવી. તેનો ચુકાદો આવા કેસ સાંભળવાને ખાસ નીમેલ માજીસ્ટ્રેટ આપશે અને તેની ઉપર વડી કોરટમાં અપીલ થઇ શકશે.

(૩) જો તે એશિયાટીક આ કોલોની સિવાયના સાઉથ આફ્રિકાના બીજા ભાગમાં હોય તો અપીલ ચાલવાની જે તારીખ પડે તે તારીખ થી અપીલ ચાલી રહે તે તારીખ સુધીની મુદતની પરમીટ અપીલ નોંધાવનારને અરજી માં લખેલ સરનામે ઇમીગ્રેશન અમલદાર પોસ્ટથી મોકલી આપશે જો તે અપીલ કાઢી નાખવામાં આવે તો તે માજીસ્ટ્રેટ અપીલ કરનારને કોલોની છોડવાનો લખીત હુકમ આપશે. આ હુકમ નહિ માનનારને ૧૯૦૭ ના ઇમીગ્રેશન કાયદાની કલમ ૭ મુજબ સજા કરવામાં આવશે.

૭ કોલોનીઅલ સેક્રેટરીએ ગેઝેટમાં જાહેર પાડેલ તારીખ પછી જે એશિયાટીક નવમી કલમમાં જણાવ્યા મુજબ રજીસ્ટર બતાવી ન શકે, અથવા બતાવેલ રજીસ્ટર તેનું પોતાનું ન હોય તો તેને માજીસ્ટ્રેટ અથવા રેસીડેંટ માજીસ્ટ્રેટ પાસે ખડો કરવો, અને તે માણસ જો માજીસ્ટ્રેટ ને ખાત્રી કરી ન આપે કે તેની પાસે જે રજીસ્ટર છે તે તેનું પોતાનું છે અથવા રજીસ્ટર કરવા ની મુદત આપી હતી તે વીતી ગઇ નથી તો તેને કોલોની છોડવાનો લખીત હુકમ કરવો આ હુકમ નહિ માનનારને ૧૯૦૭ના ઇમી ગ્રેશન કાયદાની કલમ ૭ મુજબ સજા કરવામાં આવશે.

૮ જે એશિયાટીક પાંચમી કલમની પેટા કલમ ૧માં જણાવ્યા પ્રમાણે રજીસ્ટરને માટે અરજી ન કરી હોય તો તેવી રીતે અરજી ન કરવાનું માજીસ્ટ્રેટને સંતોષકારક કારણ આપવું માજીસ્ટ્રેટને આ કારણ વ્યાજબી લાગે તો તે વખતથી આઠ દિવસની અંદર રજીસ્ટરની અરજી કરવાનું તેને કહેવું. અને તે એશિયાટીક માજીસ્ટ્રેટના હુકમ મુજબ તે મુદતમાં અરજી કરે તો તે અરજી દરેક રીતે કાયદેસર ગણવામાં આવશે. પણ માજીસ્ટ્રેટના હુકમ મુજબ તે મુદતમાં અરજી ન કરે તો કોલોની છોડવાનો તેને લખીત હુકમ કરવો. આ હુકમ નહીં માનનારને ઇમીગ્રે શન કાયદાની કલમ ૭ મુજબ સજા કરવામાં આવશે.

૯ જે એશિયાટીક આ કોલોનીમાં દાખલ થાય અથવ હોય તેણે ગોરા પોલીસને માગે ત્યારે સરટીફીકેટ બતાવવું અને તે સરટીફીકેટ તેનું છે તે બતાવવાને માગે ત્યારે ધારામાં જણાવ્યા મુજબ ઓળખાણ આપવી. અને જે એશિયાટીક આ પ્રમાણે નહિ વરતે તેને ઉપરની કલમ ૬ મુજબ શીક્ષા કરવામાં આવશે.

૧૦ (૧) જે માણસનું રજીસ્ટર ખોવાઇ જાય તેણે રજી સ્ટરારને નવું રજીસ્ટર કાઢી આપવા માટે તરતજ અરજી કરવી. અને તે અરજીના ધારામાં જણાવ્યા પ્રમાણે હકીકત આપવી અને તેના ઉપર પાંચ શીલીંગની સ્ટાંપ ચોટાડવી.

(૨) જે માણસના હાથમાં બીજા કોઇનું સરટીફી કેટ આવે તો તેણે જેટલી અને તેટલી તાકીદ થી રજીસ્ટરાર ઓફ એશિયાટીકને પ્રીટોરીઆ મોકલી આપવું.

૧૧ આ રજીસ્ટ્રેશન સરટીફીકેટ જેની પાસે હોય તેણે માણસ આ કોલોનીમાં આવવાને અને વસવાને હક દાર ગણાશે. પણ ૧૯૦૭ના ઇમીગ્રેશન કાયદાની કલમ ૫ અને ૬ મુજબ જેને કોલોની છોડવાનો હુકમ થયો હોય તેને આ કલમ લાગુ પડતી નથી.

૧૨ જ્યારે જ્યારે કોઇ પણ એશિયાટીકની ઉમરનો સવાલ ઉઠે ત્યારે જો તે પુરાવા સહિત બીજી ઉમર સાબીત ન કરી શકે તો રજીસ્ટરાર જે ઉમર ઠરાવે તે ખરી ગણવામાં આવશે.

૧૩ જે કાંઇ એફીડેવીટ આ કાયદાની રૂએ કરવી પડશે તેની ઉપર સ્ટાંપની જરૂર નથી.

૧૪ (૧) ૧૯૦૫ ના રેયન્ડુના લાઇસેન્સના કાયદા મુજબ અથવા મ્યુનીસીપાલીટીના ધારા મુજબ ની લાઇસેન્સ કહાવતી વખતે જે કોઇ એશી આટીક લાઇસેન્સ કાઢી આપનાર અમલદાર ને પોતાનું રજીસ્ટ્રેશન સરટીફીકેટ નહિ બતાવે તેને લાઇસેન્સ કાઢી આપવામાં આવશે નહિ અને તે વખતે તેણે અરજીમાં સહી અથવા

બીજી વિગત આપવી અથવા કોલોનીઅલ સેક્રેટરી સામાન્ય અથવા ખાસ બાબતોમાં ફરમાવે તેવી બીજીબાબત આપવી.

(૨) ૧૯૦૮ ના ફેબ્રુઆરીની ૧૦ તારીખથી આ કાયદો અમલમાં મુકાય ત્યાંસુધીમાં જે લાઇસેન્સ કાઢવામાં આવ્યાં હોય તે કાયદેસર ગણાશે.

(૩) ખુની કાયદાની ૧૩મી કલમ રદ કરવામાં આવે છે.

૧૫ કોઇ માણસ—

ક અરજીમાં અથવા સરટીફીકિટ મેળવવામાં કંઇપણ દગો કરશે અથવા ખોટું બોલશે,

ખ આ કાયદાના શેડ્યુલ પ્રમાણે કોઇપણ બનાવટી સરટીફીકિટ પાડશે અથવા આ કાયદો અમલમાં આવે તે પહેલાં પાડેલું હશે અથવા તેવું બનાવટી સરટીફીકિટ જાણતા છતાં સાચું ગણશે,

ગ તેવું બનાવટી સરટીફીકિટ કે બીજા કોઇનું સરટીફીકિટ વાપરવાનો પ્રયત્ન કરશે તે તે માણસનો પૌંડ ૫૦૦ સુધી દંડ અથવા દંડ ન આપે તો સખત મજુરીની અથવા સાદી બે વરસની કેદની કે બંનેની સજા થશે. અને જે માણસ બીજા માણસને આવો ગુન્હો કરવામાં મદદ કરશે તેને પણ તેવીજ સજા થશે.

૧૬ ગવરનર કોઇપણ એશિયાટીકને મુદતની પરમીટ આપી શકે છે. તે મુદત પુરી થયા પછી તે માણસ આ કોલોનીમાં રહી શકશે નહિ. અને જો તેમ કરવામાં આવે તો તેને વોરંટ વિના પકડવામાં આવશે અને તેને ઇમીગ્રેશન કાયદાની કલમ દહી લાગુ પડશે.

૧૭ ગવરનર નીચે બતાવેલા કામને સારૂ પારા પડી શકે છે અને રદ કરી શકે છે.

(૧) રજીસ્ટર કેવી જાતનું રાખવું તે વિષે,

(૨) રજીસ્ટરની અરજી કેવી રીતે કરવી, કયા રૂપમાં, તેમાં શું હકીકત આપવી, અને શું નીશાનીઓ આપવી તે વિષે,

(૩) રજીસ્ટર સરટીફીકિટ કેવી જાતનું કાઢવું તે વિષે,

(૪) નવમી કલમ પ્રમાણે જેની પાસે રજીસ્ટર માગવામાં આવે તે એશિયાટીક અને ખોવા ગએલા અથવા નાશ પામેલા રજીસ્ટરની નકલની માગણી કરનાર એશિયાટીક શું હકીકત આપવી તથા શું નીશાનીઓ આપવી તે વિષે,

(૫) છઠ્ઠી કલમમાં જણાવ્યા મુજબ અપીલ કરવામાં આવે તે વખતે કેવી જાતનાં પગલાં ભરવાં તે વિષે,

(૬) ૧૧મી કલમ પ્રમાણે કેવી જાતની પરમીટ આપવી તે વિષે, અને

(૭) આ કાયદાનો હેતુ વધારે સારી રીતે કામ રીતે સરી શકે તે વિષે.

૧૮ દરેક એશિયાટીક અથવા દરેક એશિયાટીક નો વાલી જે તેણે કરવાની વસ્તુઓ ઉપર બતાવી છે તે નહિ કરે તો, અને તેની બાબત કંઇ સજા ઉપર નહિ જણાવી હોય તો, તેવા એશિયાટીક અથવા વાલીને ૧૦૦ પૌંડ સુધી દંડ થશે અથવા તો સખત મજુરીની સાથે કે સાદી ત્રણ મહિના સુધીની જેલ મળશે.

૧૯ ૧૮૮૫ ના કાયદાની તારીખ પહેલાં પ્રીટોરીઆમાં કબજા વરચ સ્થીરવાણી મીલકત જે મરહુમ અબુ બકર આમદના નામ ઉપર હતી અને આ કાયદો અમલમાં આવ્યા પહેલાં હેનરી સોલોમન લીએોન પોલાકના નામ ઉપર છે તે મજકુર અબુબકર આમદના વારસોના નામ ઉપર કરી આપવામાં આવશે.

૨૦ આ કાયદો ૧૯૦૮ નો એશિયાટીક રજીસ્ટ્રેશન અમેંડમેંટ એક્ટ કહેવાશે. અને જ્યાંસુધી શહેનશાહ પસંદ નહિ કરે અને તે પસંદગી ગેઝેટમાં જાહેર કરવામાં નહિ આવે ત્યાંસુધી આ કાયદો અમલમાં નહિ આવે.

શેડ્યુલ

ટ્રાંસવાલ એશિયાટીક રજીસ્ટ્રેશન સરટીફીકેટ.

આખું નામ.....

જાત.....ઉમર.....ઉંચાઇ.....

વર્ણન.....

.....

.....

જમણો અંગુઠો — રજીસ્ટરારની સહી.

તારીખ.....

બાણીની સહી.....

.....

ઓરતનું નામ.....ઠેકાણું.....

૧૬ વરસની ઉમર નીચેના દીકરા અથવા બીજા જે કોઇ તેના રક્ષણમાં હોય તેના નામ ઠામ.

નામ	ઉમર	ઠેકાણું	વાલીની સમાઇ

રજીસ્ટરર સિવાય આ સરટીફીકેટમાં કોઇ બીજાથી કાંઇ ફેરફાર કે સુધારા વધારા થઇ શકે નહિ.

નવા બીલ ઉપર વધુ ચરચા

સર પરસી વિધેરેના ભાષણ

ટ્રાંસવાલ લેજીસ્લેટીવ એસેમ્બ્લીમાં નવા બીલ ઉપર બીજી વખતના વાંચન વખતે કોલોનીઅલ સેક્રેટરી જનરલ સ્મટસે ભાષણ આપ્યા બાદ બીજા મેંબર રોબ્સે નીચે મુજબ ભાષણ આપ્યું હતું.

સર પરસી ફીટલ પેટ્રીક (પ્રીટોરીઆ): મીલેનટ કમીટીના એક મેંબર તરીકે, કોલોનીઅલ સેક્રેટરીએ રજુ કરેલ કરી કનને ટેકો આપવા તથા હાલની સ્થિતિનો વધારે ખ્યાલ આપવા હું થોડું બોલવા માગું છું. આ ગંભીર સવાલ વિષે ગમે તેટલો ખ્યાલ આપવામાં આવે તે કદી વધુ પડતો નહિ થાય. આપણે અમુક ચોક્કસ પર કામ કરવાનો નિશ્ચય કર્યો છે. બીજા પ્રકારની પ્રજાના કરતી તરીકેની આપણી ફરજને લક્ષમાં લેવી પ્રજાના પ્રતીનીધિઓની મુલાકાત વખતે જે વચનો કહ્યા છે તેનું ન્યાયી તથા ન્યાયબુદ્ધિપણું બતાવી આપવા અમે આ સવાલને એક બાજુએ હાથ ધર્યો છે (તાળીઓ) આપણી ગંભીરતા જોઇને આપણે આપણા કેસને એવો મજબુત કરવા ધાર્યું છે કે કોઇ વાંધો ન કાઢી શકે કે " આપણી આદી આબો છે અને આપણે વધારે વ્યાજબી રીતે વર્તી શકયા હોત. " મને ખાતરી છે કે બધાનો હેતુ તેજ છે અને આપણે કર્તવ્ય આમી રાખી છે એમ હું કહી શકતો નથી. પરિણામ શું આવ્યું તે કોલોનીઅલ સેક્રેટરીએ તમોને કહ્યું છે. શાંતિથી આ બાબતનો વિચાર કરવાની તથા બહુ ઉશ્કેરાટ ન જરૂરની જે વિનંતી કોલોનીઅલ સેક્રેટરીએ કરી તેને હું ટેકો આપું છું હાંરીઓએ ફરીવો પ્રસાર કરતાં પહેલાં આ બીલ વાંચ્યું હોત તો આવા વ્યવાજ બોકસન નાદ બનાવે તેઓ આ બીલ મંજુરીના વિચાર પુરવક વાંચશે ત્યારે તેઓને ખાતરી થશે કે ન્યાય અને સરકારની હકુમતની રૂએ તેઓની માગણી જેટલી સ્વીકારી શકાય તેટલી આપણે સ્વીકારી છે. (તાળીઓ). આ જવાબ તે સર કારપર હુકમ કરવા ફરમાવે છે તેવો અરજ હું નથી કરવા માગતો. મી. સોરાબજી પાળી સરત તે કાયદાઓ ચટકાવી રાખવા ના સરકારપર હુકમ કરવા આખો છે તેવો અરજ હું નથી કરવા માગતો. કાયદો રદ ન કરવો તે વિશ્વાસઘાત છે. બ્રિટીશ ઇંડિઅન એસોસીએશનની પહેલી મેટમાં જે સરતો રજુ થઇ છે તે નાબી દેવા જેવી છે. તથા સામાન્ય ટેસ્ટનો રીવાજ દાખલ કરવો તે વધારે ઉશ્કેરણી કરવા બરોબર છે. આ બધા અરજ હું નથી કરવા માગતો. હું કહ્યું છું કે હીંદીઓ આ બીલ વિષે પુરતો વિચાર કરશે. તેમના તરફથી મળેલા જવાબનો અરજ તો આપણે એટલોજ કરીશું કે જેઓ આદલી બાજુનો પસંદ કરે છે અને તે સારી આશાએ રજુ કરી છે. બીલ પર તથા કોલોનીઅલ સેક્રેટરીએ કહ્યું છે કે આ રહ્યું બીલ અને તે તમારે કબુલ કરવું પડશે તેનાપર વિચાર કરવા ની તક તેમને મળવા દો. અને તેમને ચોખ્ખું કહ્યું છે કે વધારેમાં વધારે તમને આટલું મળશે. તેઓની મુશ્કેલીતો અને તેટલી જાણવાને તથા તે દુર કરવાને અપી કોશીષ કરવામાં આવી છે. આ બધુ થયા પછી આપણને જે ગંભીર સવાલ ઉભો થાય છે તેજ તેમને ઉભો થતો હોય એવું હું નથી સમજી શકતો. આ દુનીયા એમ જણે છે કે અગાઉ એક બીજા એશીઆટીક સવાલપર આ સંસ્થાનમાં મતભેદ હતો પણ તે સવાલનો ઇતિહાસ બતાવી આપે છે કે આ સવાલ અને તે એકજ નહિ હતા. અમે બધાએ ચીના ઓને અમુક મુદતસારૂ તથા કોલોનીનું હીત જળવાય તેવી રીતે લાવવામાં આવે તોજ તેની હીમાયત કરી હતી. પણ ચીનાઓની હીમાયત કરવા છતાં પણ એશીઆટીકોનું આ દેશ રહેઠાણ થઇ પડે નહિ તેવા પોલીસીને તો પકડીજ રહેલા હતા. (તાળીઓ). આવા રાજ્ય નીતી આપણ બધાના એકમતથી બંધા યલી હતી. ગોરી પ્રજાએ તેવી સ્થિતી હજી જળવી રાખી છે. ગોરાની પુરાણી આબરૂથી તેમની ઉંડી મુરાદથી તથા તેમના ઉત્સાહથી આજ સુધી આજની સ્થિતિ જળવાઇ રહી છે. તેને આગળ વધારવાનુ તથા તેનું રક્ષણ કરવાનું ગોરાનેજ માથે છે. (તાળીઓ). આ મે એશીઆટીકોને કહ્યું છે. તેઓએ જવાબ આપ્યો છે કે તે વ્યાજબી વાત છે અને તેમાં તેઓ આડે આવવા નથી માગતા તેમાંના કોઇ અણસમજુ માણસો આનું વ્યાજબીપણું ન જાણતા હોય તો તેમને જણવું જોઇશે. (તાળીઓ). ગોરી પ્રજા નો ઉદેશ એવો છે કે અને તેટલે દરજ્જે આ દેશને ગોરાઓનો દેશ બનાવવે. અને તે કંઇ મનનો તરંગ માત્ર નથી. સાથેજ આફ્રિકાને ગોરાનો તથા કેળવાયલો દેશ કહાવવાને આવી રાજ્યનીતીની બહુ અગત્યતા છે. આટલું કહી હવે ઉભેરવા માગું છું કે આપણે મોટી જવાબદારી માથે લીધેલી છે. આપણા હાથમાં જેટલી સત્તા છે તેટલું આપણે આ મોકાસારે કરવું જોઇએ. કોઇ ટીકા કરવાનો અવ કાશ નહિ રહેવા દેવો જોઇએ. આપણે બહુજ ન્યાયથી વરતવાનો પ્રયત્ન કર્યો છે અને આપણે વધારે પડતા કરીએ પણ વધારે એશીઆટીકોને માટે દ્વાર ખુલ્લું મુકવું તે તો બહુજ અસંભવીત છે. સાહેબો, આ કહું છું તેનું કારણ કે એજ્યુકેટેડને દાખલ થવા દેવામાં જે સીધ્ધાંતની માગણી થઇ છે તે કાંઇ કરી હીલો મુકાબલ કરવ અને પછી સારા અક્ષર વગરનો થઇ પડે આ માત્ર પ્રપંચજ છે અહીંની ગોરી પ્રજા આવા શરત કબુલ કરેજ નહિ. પણ તે મુદ્દાની મરજ સારવા તથા તેઓની માગણીને ધ્યાનમાં લેવા અમે તેની તારી રાખી છે. પ્રથમ નીઅલ સેક્રેટરીના કહેવા મુજબ ! શરત ઃ છે કે ગવરનર તેના સલાહકારો ની સલાહથી અગત્યના કેસમાં અરજ કરવાથી કેળવાયલાને દાખલ થવાની રજા આપી શકે. આથી વધારે આપ ની માગણી કરવી તે વ્યાજબી ગણાશે ? નહિજ. અગત્યના બનાવમાં ગવરનર તેઓ ની સાથે વ્યાજબી રીતે વરતવા કોશીષ કરશે અને જરૂર પડતી પરવાનગી આપશે. હવે ખરી રીતે તો જે તેઓ માગે છે તે આ ધારાથી તેમને મળે છે. પણ જો તેઓ એક બનાવના દાખલો વાદ થઇ બેસશે તે બહુ પડતું કહેવાશે. હું આશા રાખું છું કે મારા સબ્દો એશીઆટીકોના કાનમાં પહોંચે અને તેઓ તેનાપર સારા પુરવક રીતે વિચાર કરે. નહિ તો તેઓને લાંબા ઝગડામાં ઉતરવું પડશે ગોરાઓની રંગ ભેદ અથવા ચામડી ભેદની લાગણી તેથી ઉત્પન થશે. અને ન્યાયનો ભંગ કરવા ના રીત બદલ કરવાથી એશીઆટીકોને પોતાનેજ તે રીત ભયંકર થઇ પડશે. બીજા દેશોની માફક વિરૂધ્ધની ઉશ્કેરણી જ્યારે સળગતી થઇ જશે ત્યારે પછી ન્યાય આપવો બહુ ભારે થઇ પડશે. કોને તેથી સહન કરવું પડશે ? માત્ર અણસમજુ જરિઅ માણસોજ, જેઓ સરકાર સામે વગર કારણપણ, તથા અનીતીના ઝગડામાં દોરવાઇ ગયા છે તેમનેજ સહન કરવું પડશે. આ કાયદાતળે કેમપણ હકદાર માણસ દરખાસ્ત કરી શકે છે અને પોતાનો હકો મેળવી શકે છે. જેઓ હકદાર છે તેને આ કાયદો કબુલ કરે છે. જેઓ

લડાઇ પહેલાંના રહીશ રેવાનું સાબીત કરી શકે છે તેને દાખલ થવાની છૂટ મળે છે. માત્ર તેઓને પોતાનો હક સાબીત કરવા જોઇએ. મરહુમ્ રજીસ્ટ્રર થવાની મુદતની અંદર જેઓ છે તેઓ જેને ફેરાનગતી કહે છે તેને તાબે થવાની ફરજ નથી પડતી અને તેઓ આ દેશમાં ન હોવા છતાં તેમનો હક્કો જળવાય છે. હું તો એવો કોઇ અર્થ સમજતો નથી કે જેના હકો આ કાયદો કબુલ નથી કરતો તેવા હારે આ તોફાન કેમ છે? કોમ મજબુત બનીઓમાં આવવા માટે તેનો કાયદે ર હક સ્થાપવાનો જે માણસ અહીં છે તેનો હક રદ્દ થવા નહિ. પણ ભવિષ્યમાં કોઇ આવી શકે તેનો હક સ્થાપવા ૬૮૦ ને ઝગડામાં ઝંપલાવવામાં આવે છે. અને તેમ કરી દેશમાં અશાંતી પ્રસાર પામાં આવે છે. માત્ર સીદ્ધાંત સ્થાપવા માટે, ટેક જાળવવા માટે હું તેના વખાણ કરું છું પણ જે માણસની દલીલની નથી તેને માટે તેઓ અતી પાપું કરવા બેઠા છે. (હીઅર, હીઅર) હું ધારું છું કે ગોરી પ્રજાએ જેટલો માન આપવો જોઇએ તેટલો આપ્યો છે. અને એશીઆટીકો સમજશે કે અમારો આ પ્રયત્ન નીતીસર છે. અને ન્યાય તથા બ્યાજબીપણાથી અને લાયક્ષ અમારી બધી કાર્યવાહી છે

મી. વાઇનબર્ગ: આ સ્થિતિને શાંત કરવા આ બીલ ઘડવું તે માટે સરકારને મારા મળતીઆ તરફથી મુબારકબાદી આપું છું. કરવામાં આવેલા ફેરફારથી હું સંતોષ પામું છું કારણ મને ખાતરી છે કે આપેલા દરેક બ્યાજબી માગણી સ્વીકારવામાં આવે છે. ને આશા છે કે આ કાયદા સામે સંઘર્ષ ધરાવનારા એમ સમજશે કે કાયદા તરીકે રહેવાયેલો આ બીલ ઘડવામાં આવ્યું ના. મેં હમેશાં ધારવું છે કે આપણી જાતની સલામતી (self preservation) ને ધક્કો ના પહોંચે ત્યાંસુધી તેઓને બધી રીતે રાહત આપવી. કારણ કે આ દેશ મા જાતની સલામતી સાચવવાનું આપણું કામ છે. એશીઆટીકોને મરજીયાતો આપ્યા વિના તે કામ બોરાજો બાજતથી હક છે. સરકારની રીતી એવી છે કે ગોરાના હકોનું રક્ષણ કરવું અને એશીઆટીકોની દેખાતી અંગત મુશ્કેલીતો દુર કરવી. હું ધારું છું કે આ બીલદ્વારા તે કામ સરયું છે.

મી. હોસ્કેન: મોટીસ પાસે કરવામાં આવેલ મુદ્દાઓ પ્રમાણેજ બાજબી રીતે એને સ્પષ્ટતાથી દાખલ કરવામાં આવ્યા છે. મીટીંગમાં પુરી ચરચા થયા પછી પણ કેટલાક સવાલ વિષે સરકારનું મને લેટરના ફરાય ઉપર આપણે આવ્યા ન હતા. પણ હવે તે બીલ તપાસતાં માલુમ પડે છે કે આ મુદ્દાઓ બ્યાજબી રીતે સ્વીકારવામાં આવ્યા છે. દીદીઓ નીષ્કપટતાથી કહે છે કે બધુ દીદીઓને આવવા દેવાનો તેઓનો મરાદો નથી. આ વાત ઉપર હું કાંઇ પણ વજન આપતો નથી અને એશીઆટીકોને આવતા અટકાવવાને જરૂરી કાયદા જરાપણ ઢીલા મુકવા તેના આપણે કબુલ કરશું જો બધુ દીદીઓને આવવા દેવાની વાત નથી કરતા તો પછી તેની બધુ ચરચા પણ શા માટે? હું માનું છું કે આ બીલ છે તે બરાબર છે. આ હાઉસના સભાસદો પાસે ખુલ્લા દીલથી હું કહી દઉં છું કે આ બીલની કલમો જોહાન્સબરગ દીદીઓને મેં લખી મોકલી હતી અને જણાવ્યું હતું કે આ બીલ તમારે કબુલ કરવું જોઇએ આ બીલમાં તમે જે મુદ્દાઓ લાવ્યા હતા તે બધાનો સમાવેશ થઇ જાય છે. મને પોતાને તથા દીદીઓને ન્યાય આપવાની ખાતર હું એક મુદ્દા વિષે જુદો મત ધરાવતો હતો અને કેન્ફરન્સ વખતે મેં મારો અભીપ્રાય જાહેર કર્યો હતો. તે મુદ્દો બાળકોની પરીક્ષા લેવા બાબત હતો. બાર રજીસ્ટર, ડાકટર, મરચન્ટ કે પાઠશાળા ની શીક્ષીકા ધરાવનારાઓને આપણે આવતા અટકાવીએ એ આપણું રાજ્ય કારોબાર ને દીપાવનારું ગણાય નહિ. તેઓની સંખ્યા બહુજ થોડી આવશે. હવે આ બીલ પ્રમાણે આવા લોકોને રહેવા દેવાની ઉપર તરફ પરવાનો આપી શકે છે. આ સગવડ તાકીદ કરવામાં તેઓ ભૂલ કરે છે. ગમે તેવી અરધ-સુધરેલી સરકાર પણ આજના જમાનામાં ધરમ ગુરૂઓને તો આવકાર આપે છે. ધરમ ગુરૂઓ અથવા કોમપણ વીદ્વાન માણસોને સરકાર આવવાનું બંધ કરે તે વાત હું કબુલ કરી શકું નહિ.

કેબીનેટ સેક્રેટરી: આપણે તેઓને આવતા બંધ કરતા નથી.

મી. હોસ્કેન: બીજી રીતે બીલમાં 'કેન્ફરન્સ વખતે થયેલા માગણીને સમાવેશ વાજબી રીતે થઇ જાય છે અને મને આશા છે કે આ હાઉસ તથા દીદીઓ તે કબુલ કરશે

મી. જે. ગે. ગુજરટ: હું માનું છું આ બીલથી આપણે તેઓને બધુ પડતું આપી દઇએ છીએ. હું આશા રાખતો હતો કે એશીઆટીકો જે કાયદાનું અપમાન કરે છે તેને આ બીલથી અટકાવવામાં આવશે. તેઓ પ્રથમ ૧૮૭૪થી૮૬માં આ દેશમાં આવ્યા આ વખતે તેઓએ કેટલાક હક મેળવ્યા અને ૧૮૮૬ અને ૮૮ની કન્વેશનમાં તે કબુલ રખાવ્યા. રીપબ્લીકના વખતમાં તેઓને કાઢી શકાયા નહિ. તે વખતે તે એશીઆટીક રહેવત બહાદાર હતી. તે વખતે તેઓ મુખ્ય શહેરમાં વેપાર કરી શકતા નહિ. તે વખતની સરકારે તેમને કલરડ લોકો ગણી શહેરથી વેગળા કેદેશનમાં રાખેલા હતા. છેલ્લી લડાઇમાં તેઓ શહેરમાં આવ્યા અને ત્યારે લડાઇ પછી હું પાછો ફર્યો ત્યારે મેં તેમને વોલકસ્ટ્રસ્ટ, જામરસપુરસ્ટની શેરીઓમાં (વેપાર કરતા) જોયા. હવે તેઓનો હક કરી ગયો અને તે નીકળવો મુશ્કેલ છે. તેઓ ગરિબ ગોરાને બહુ નુકશાન કરે છે તેઓનો વેપાર જામી ગયો. તેઓ કમાય તે બધું નાણું ઇંડિઆ મોકલી આપે છે. મેં સાંભળ્યું છે કે તેઓએ સરદીપીટો બાળ્યાં છે. આ તેઓ હદ ઓળંગી જાય છે ૮ મી કલમ પ્રમાણે તેઓ ટરાંસવાલમાં વગર સરદીપીટે આવી ને સરદીપીટ વગર ગમે ત્યાં ફરે અને પછી જો પોલીસ પકડે તો કહે કે સરદીપીટની મને જરૂર છે તે હું જાણતોનથી. એટલે પછી તેને મેજીસ્ટ્રેટ કહે કે તારે આઠદીવસમાં સરદીપીટ કઢાવી લેવું. આ પ્રમાણે આ લોકો કાયદાથી દીદીઓ ઉપર બળાત્કાર અંકુશ રહી શકતો નથી. જો 'કુલી' બાબતે પરવાનો આપવો તો તેને સખત સજા કરવી જોઇએ

નાતાલ ઇંડિઅન પેટરીઓટીક યુનીયન

નાતાલના દીદીઓ ઉપર પડતાં દુઃખોની તપાસ કરવાને વડી સરકાર કમીશનર નીમે તે માટેની અરજ કરવાનું ઠરાવવાને બ્યાજબી સાંજે (૫ સપ્ટેમ્બરે) દીદીઓની માસ મીટીંગ કર્યાન સ્ટોકવાલા મી. મદ તેની ઓફીશ ગ્રેસસ્ટીટમાં બપોર [illegible] સરવે બાઇઓને બ્યાજબી [illegible] મી. વાઇ

નાતાલના હીંદીઓની માસ મીટીંગ

નવા લાઇસેન્સ બીલો સામે ગ્રોટેસ્ટ

હીંદીઓના લાઇસેન્સ અટકાવવા બાબત ના જે બે બીલો પારલામેંટમાં પાસ થયા તેની સામે વાંધો દરશાવવાને ગયા શનીવારે ડરબનમાં ગ્રે સ્ક્વેરમાં આવેલી મરજીદ પાસેની ઇંડિયન માર્કેટમાં નાતાલના હીંદીઓની માસ મીટીંગ મળી હતી. જે વખતે ડરબનના સંખ્યાબંધ હીંદીઓ ઉપરાંત નાતાલના જુદા જુદા ભાગના પ્રતિનીધીઓ હાજર હતા. તેમની કુલ સંખ્યા આશરે ૨૦૦૦ ઉપર હતી. બહારના ડેલીગેટોમાં મેસર્સ ઇસ્માઇલ બાયાત, મુસા ખાન મહમદ, હુસેન મહમદ બહાત, આર. એન. મુડલે, (મારિત્સ બરગ) આમદમુસાજી ઉમર, મહમદ સરંગ, (લેડીસ્મીથ) હાજી દાઉદખાલીમખાન, મહમદ સુલેમાન સરંગ (દંડી) કાલી દાસ પી. ગાંધી, ખમીસા સુમાર (ટોંગાટ) આમદ મહમદ મેતર, ઇસ્માઇલ હાસમ (વેરૂલમ) આદમજી ઇબ્રાહીમ (ચાર્લસટાઉન) ડી. એમ. સીદાત, એન. એમ. મેતર ઇસ્માઇલ મામુજી, હસન મીઠા (રૂટેનગર) નજર અલી (નનોટી) ગુલામ રસુલ મુલ્લાં (ચાર્લસટાઉન) હુસેન હાજી (ક્રોકોપોં) હુસેનમહમદ વહદ (પાઇનટાઉન) હાસમજી એ. (નોરથડીન) મુલ્લાં આમદ અબ્દુલ રહીમ (ગ્રેટાઉન) સુલેમાન હુસેન ઠડવા, એમ. એમ. હાજી, મહમદ પીરભાઇ (ગ્રેસ્ટકોરટ) ઇસ્માઇલ હાસમ (ઇનરસડેલ) ઇસ્માઇલ હાસમ (પોર્ટશેપ્સ્ટન) આમ દજી ઇબ્રાહીમ (ન્યુજરમની) અને બીજા કેટલાક હતા. જોહાન્સબરગના મી. અબ્દુલ મની પણ મીટીંગમાં હાજર હતા. તથા ડરબનના નાના મોટા તમામ વેપારી ઓ હતા પ્રમુખ સ્થાને મી અબ્દુલ કાદર બીરાજ્યા હતા. મીટીંગનું કામ રા: કરતાં પ્રમુખે નીચે મુજબ ભાષણ કર્યું હતું.

પ્રમુખનું ભાષણ

ગ્રહસ્થો, તમને આજે અહીં બોલાવવા માં આવ્યા છે તેનું કારણ તમે જાણો છો. અને આમંત્રણને માન આપી તમે સદ્ આવેલ છો તે માટે મી. ઇ. કોચેમ તરફથી તમને આભાર આપું છું. જે સવાલ ઉપર ચરચા કરવાને આપણે અહીં ભેગા થયા છીએ તે વિષે અગાઉના સવાલ ને આજના સવાલના બારીક ભાગમાં વિવેચન કરવાની તક મારા કરતાં બીજા કોઇ બહોશ અને અનુભવી વીદ્વાન માણસને મળી હત તો તે વધારે સારી રીતે લોકોના મન ઉપર ઠસાવી શકત. પણ તે મરજ મારા ઉપર આવી છે એટલે હું મારાથી બનતી રીતે બજાવીશ નાતાલ પારલામેંટમાં આપણે માટે અન્યાયી, જુલમી અને બ્રિટીશ રાજ્યને નહિ છાજે તેવા બે બીલ પાસ થયાં છે. એક બીલ નવા લાઇસેન્સ બીલકુલ નહિ આપવાનું, તથા બીજું ૧૦ વરસ પછી ચાલુ લાઇસેન્સ છીનવી લેવાનું છે. આ જુલમ સામે દાદ મેળ વવા આપણે આજ મળેલ છીએ. આપણે અહીં કેવી રીતે આવ્યા તે આ રથળે મારે બતાવવું જોઇએ. ઘણા વરસો થયાં હીંદીઓને ડચ્ટ આફ્રિકા સાથે વ્યવહાર હતો. અહીં વસવાનું શરૂ કરેલ આપણને માત્ર ૫૦ વરસ થયાં છે. તે પહેલાં આ બગીચા કોલોનીના નામથી આજે ઓળખાતો દેશ વેરાન હતો. અહીંની સરકારે ગણ્યું કે હીંદીઓને લાવવાથી દેશ આબાદ થશે. આથી ગોર મેંટ હીંદીઓને બોલાવવા શરૂ કર્યા. પરિણામે શેરડીના બહોળા વાવેતરથી કોલો ની હજારો ટન ચાની નીપજવાળા થઇ છે. આજે બારકીટમાં તરેહ તરેહના શાક તથા ફળ ફુલ જુઓ છો તે હીંદીઓની મહેનત નું ફળ છે. હીંદીઓ નહિ આવ્યા હોત તો આજે નાતાલ ૫૦ વરસ પહેલાંની સ્થિતિમાં હોત તેમ ગોરાઓ પણ કબુલ કરે છે આ હીંદીઓની જરૂરીયાતો પુરી પાડવા તેની પાછળ હીંદી વેપારીઓ નું આવવું થયું. એટલે હીંદી વેપારી ઓનું આવવું કુદરતીજ છે. શરૂઆતમાં આપણને ઉતેજન આપવામાં આવ્યું. જમીનો લેવા દીધી. તેપર મકાનો બાંધવા દીધા. આમ હજારો પૌંડ અહીં રોકયા પછી સરકારે તેને પચાવી પાડવા ઉપાય લેવા માંડયા છે. આપણી રોટી ખુંચવી લેવા માટે કાયદાઓ ઘડાય છે રૂશિયા જેવી જુલમી સરકાર પણ આવા કાયદા નહિ ઘડતી હોય. વળી આ કાયદા માત્ર હીંદીઓને લાગુ પડે તેવા છે. (શરમના પોકારો). હીંદીપર જુલમ હોવાનું કારણ એજ કે તે બ્રિટીશ રૈયત છે. વિક્ટો રીઆ રાણીના વચન ઉપર પાણી ફેરવ્યું હક મેળવવામારે સંઇન ચામડી સિવાય બીજા ગુણોની જરૂર નથી પડતી. કાયદા ઘડનામાં મોટા મોટા માણસોએ પારલામેંટમાં અણઘટતી જુઠી દલીલો મારતાં આંચકો આવ્યો નથી. આપણને હજી આશા છે કે વડી સરકાર આ કાય દાને મંજુરી નહિ આપતાં કેદી દેશે. આ કોલોનીને સ્વરાજ્ય આપતી વેળા આપણા લોકના હકનું રક્ષણ કરવાની સત્તા સરકારે પોતાના હાથમાં રાખી છે. તેનો સદુપયોગ રીતે ઉપયોગ કરવામાં આવશે એવી ઉમેદ રાખીએ છીએ. આપણે ફરીયાદ કરનારી પ્રજા નથી. પણ દેશી ગોરી પ્રજાનો કચરો ભરાય કોલોની ને ખુવાર કરી આપણાપર વેરાજાલ રાખી આપણી રોટી ઝુટાવી લેવામાં સામેલ થાય છે. આવા જુલમને આપણે વશ થયું નથી આપણે માત્ર ન્યાયનીજ માગણી કરીએ છીએ આ જુલમી કાયદા સામે આપણે એકમતે સખ્ત વાંધો છે એવું દરશાવવામાટે આપ સરવેની સમક્ષ જે ઠરાવો મુકવામાં આવે તેને એકમતે સંમતી આપશો એવી ઉમેદ રાખું છું.

ઠરાવ ૧ લો.

નાતાલ બ્રિટીશ હીંદીઓની આ માસ મીટીંગ હાલની પારલામેંટમાં પસાર થએલા લાઇસેન્સ સામે ભાર દઇ વાંધો દરશાવે છે, અને - વા મતપર આવે છે કે આ બીલો, બ્રિટીશ રાજ્યના ઇતિહાસ માં કોઇ દિવસ પાસ નહિ થયા હોય તેવા અન્યાયી, બ્રિટીશ બંધારણથી વિરૂદ્ધ તથા જાતી ભેદના કાયદાના ખરાબમાં ખરાબ નમુના છે. અને અંતઃકરણ પુરવક પ્રાર્થના કરે છે કે આ બીલોને વડી સરકાર મંજુરી નહિ આપે.

ઉપરનો ઠરાવ રજુ કરતાં મી. અબ્દુલા હાજી આદમ બોલ્યા કે, એક હડહડતા જુલમની સામે પોકાર કરવા મલ્યા છીએ. આપણે આશા રાખતા આવ્યા છીએ કે વડી સરકાર આપણીપર નામોશી લાવે તેવા કાયદા પસાર થવા નહિ દે. પણ અહીંની સરકાર ગમે તે પ્રકારે આપણને કનેડવા બહાર પડી છે. સીધી રીતે નહિ તો આડકતરી રીતે પણ જનરલ કાયદાઓ ઘડી તે માત્ર આપણનેજ લાગુ પાડી હેરાન કરે છે. આવા નઠામત પમાડનારા કાયદાઓ સામે આપણે થયું તોજ આપણો આરો આવશે. જે કાયદાઓ રશિયા વિગેરે દેશોના કચરો આવે છે તેને માટે પણ ન ઘડી શકાય તેવા કાયદા બ્રિટીશ હીંદીઓ માટે ઘડાય છે. કારણ કે અહીંની સરકાર સમજે છે કે આપણી તરફેણ કરનાર કોઇ નથી. પણ હવે વધારે વખત આપણે આવો જુલમ સહન કરી બેસી નહિ રહીએ. વિગેરે.

મી. પ્રેમાબ્રલ ભાયાતે (મારિત્સબરગ) પહેલા ઠરાવને સેકન્ડ કરતાં કહ્યું કે, બ્રિટીશ પ્રજા આપણે ન હત તો આવા કાયદા આપણા માટે પડાત નહિ. હરી ફાઇનો દોષ કાઢવામાં આવે છે પણ તેથી દેશને ફાયદો છે તેમ પુરવાર થઇ શકે છે. આપણી એશીઆટીકોની સુમ હોવાનું પણ જાહાનું જ છે. એશીઆમાંથી ગોરાઓ કરોડો પાઉંડ યુરોપમાં ખસડી જાય છે ત્યાં સુધ આડે આવતી નથી. આપણે ગુલામી કરીએ તો આપણને રહેવા દેવા ગોરાઓ રાજી છે. આ બધાને આપણે આપણી એકવનાથી પહોંચી વળશું. વિગેરે.

મી. હાસમ જુમાએ ૬ ઠા ઠરાવને ટેકો આપતાં કહ્યું કે પોતાની પ્રજાપર જુલમ કરનાર આ એકજ સરકાર છે. આ સામાન્ય હીંદી સવાલ છે તેથી આપણે અંદરના ભેદ ભુલી જવાનું. હીંદી મજુરોએ લોહી રેડી દેશને આબાદ બના વેલ છે. તે ગોગ લોકો આજે ભુલી જાય છે. વિગેરે.

મી. રહમતુલ્લાને ટેકો આપી લાંબા ભાષણ દરમ્યાન જણાવ્યું કે નાતાલના રક્ષણમાટે હીંદી લશ્કરે મદદ કરી હતી તે ગુણ ગોરાઓ ભુલી જાય છે. મારિત્સબરગના મી. આર. એન. મુડલેએ ટેકો આપતાં અંગ્રેજીમાં લાંબુ ભાષણ આપ્યું હતું. બાદ પહેલો ઠરાવ સરવાનુમતે પસાર થયો હતો.

ઠરાવ ૨ જો

નાતાલના હીંદીઓની આ માસ મીટીંગ આતુરતા સાથે પ્રાર્થના કરે છે કે અહીંના હીંદીઓની પાયમાલી કરનાર બીલો બાબત માં હીંદુસ્તાનના નામદાર વાયસરાય વચમાં પડશે.

આ ઠરાવ રજુ કરતાં મી. પ્રેમાબ્રલ ગોરાએ દુઃખ પણ જુસ્સાદાર ભાષણ દરમ્યાન કહ્યું કે જો અહીંથી પોટકા બાંધવાનો આપણને વખત આવશે તો હીંદુસ્તાનમાંથી ગોરાઓએ પોટકા બાંધવા પડશે (તાળીઓ)

મી. આમદ મુસાજી ઉમરે ઉપલા ઠરાવને સેકન્ડ કર્યો. અને ભાષણ દરમ્યાન કહ્યું કે, અહીંના ગોરાઓ સાઉથ આફ્રિકાને ગોરાનો મુલક કરવા માગે છે. પણ અહીંના લાખો કાળા માણસનું શું કરવા ધારયું છે? શું તેઓના મોઢા ઉપર ચુનો ભાંટશે? (તસાહસ).

ઓરેન્જીનો મી. એમ. એમ. સુલે માને ઉપલા ઠરાવને ટેકો આપ્યા પછી બીજો ઠરાવ સરવાનુમતે પાસ થયો.

ઠરાવ ૩ જો

હાલના કાયદાની નીચે નાતાલમાં ગીરમીટીયા હીંદી લાવવામાં આવે છે તેને તદન બંધ કરવા નાતાલના હીંદીઓની આ માસ મીટીંગ સખત આગ્રહ કરે છે. કારણ કે તે કાયદાતળે ગીરમીટીયા હીંદીઓ તદન ગુલામી અવસ્થામાં આવી પડે છે.

ઉપરનો ઠરાવ રજુ કરતાં મી. બરનારડ એસ્લીએલે (બેરીસ્ટર) એક અંગ્રેજી ભાષણ દરમ્યાન ગીરમીટીયા હીંદીઓને શરૂઆતથી અહીં આવવાનો ઇતિહાસ કહી બતાવ્યો તથા ગીરમીટમાંથી છુટયા પછી પુરૂષ તથા સ્ત્રીને ૩ પોંડનો કર વરસે કર આપવાની હાડમારીનું અસર કારક બ્યાન કરયું. દુનિયામાં કોઇ ભાગમાં સ્ત્રીઓપર આવો કર નાખવામાં આવતો નથી. ગોરી સ્ત્રીઓપર કર નાખવામાં આવે તો જગી લડાઇ કરનાર ગોરાઓ હીંદી ગરિબ સ્ત્રીઓપર જુલમ ગાર કર નાખવામાં આવેલો ખાતા નથી વિગેરે દલીલો કહી સાંભળનારાઓમાં ઉંડી અસર કરી.

મી. કાળીદાસ ત્રાંબીએ (ટ્રાંસ્વાલ) આ ઠરાવને ટેકો આપ્યો.

મી. મોલવી હુસેન મામદે ઉપલા ઠરાવને ટેકો આપતાં ઉરદુમાં અસરકારક લાંબુ ભાષણ કરયું. જે દરમ્યાન હાજરીના વારંવાર શરમના કે તાળીઓના પોકારથી સભા ગજાવી મુકતા હતા. તેમણે કહ્યું કે ગીરમીટીયા હીંદીઓની એવી દશા કરવામાં આવે છે કે ઘણા તો પોતાને હાથે ફાંસો ખાવાનું બ્યારે પસંદ કરે છે. પણ સરકારની આખર આંખ ઉઘડતી નથી ગોરી પ્રજાના મોટા ભાગ મુજબ હીંદી લોકો લુટારા નથી, જુગારી નથી, ચોર નથી, નીશાબાજ નથી તો પછી કયા બાંકસર તેનાપર આવો જુલમ થાય છે. એશીઆટીકોના નામથી જુલમી કાયદા કરવામાં આવે છે. ટ્રાંસવાલની સરકારના કાયદા પ્રમાણે ગોરાઓને પેગમ્બર ઇસ્સુ ખ્રીસ્તીને પણ તે દેશમાં રહેવાનો કે દાખલ થવા હક ન મળે! હીંદીઓને શરૂઆતમાં દરેક રીતે ઉતેજન આપી હવે તેઓની પાસેથી આપેલું ખુંચવી લેવું, અને ઘરબાર તથા રોજી વિનાના કરી દેવા એ જુલમ કેમ સહન થઇ શકે. વિગેરે.

મી. રામાવતાર લલન બર્ધાએ ત્રીજા ઠરાવને ટેકો આપતાં ગીરમીટીઆ હીંદીઓપર પડતાં દુઃખોના દાખલાઓ આપ્યા કે, ૩ પોંડનો કર નહિ ભરવાથી હીંદી ઓરતના જેલમાં વાળી કાપવામાં આવ્યા છે. (શરમ). માને છોકરાથી તથા ઓરતને ધણીથી છુટો પાડવામાં આવેલ છે. અને કહ્યું કે જંગલી પ્રજાને છાજે તેવો જુલમ સુધારાનો ફાંકો ધરાવતી પ્રજા આપણીપર ગુજરે છે. તેની સામે આપણે મુંગે મોઢે નાદ બેશી રહીશું. બાદ ત્રીજો ઠરાવ સરવાનુમતે પાસ થયો હતો.

ઠરાવ ૪ થો

નાતલના હીંદીઓની આ માસ મીટીંગ કોંગ્રેસના ચેરમેનને હુકમન આપે છે કે તેઓ ઉપલા ઠરાવો કોલોનીઅલના તથા ઇંડિઆના સ્ટેટ સેકરેટરીને રવાના કરવા કોલોનીઅલ સેકરેટરીને મોકલે

ઉપલો ઠરાવ મી. મહમદ પ્રધાણીએ (પોઇંટ)રજુ કર્યો અને મી. ઇ. એમ. હાફેજી (અરટકોરટ) તથા મી ગુલામ રસુલ (ચારલસ ટાઉન) ના ટેકાથી સરવાનુમતે પાસ થયો. આ પછી મીટીંગ બરખાસ્ત થઇ હતી.

મારીત્સબરગના હીંદીઓની માસ મીટીંગ

ગઇ તા. ૨૩ને રવીવારના રોજ મારીત્સબરગમાં લોંગ મારકેટ સ્ક્વેરમાં આવેલ હીંદુ મંદિરના ખુલ્લાં મેદાનમાં નાતાલ પાર્લામેંટમાં પાસ થયેલા લાઇસેન્સીંગ બીલોની સામે વાંધો દરસાવવાને અત્રેના હીંદીઓની એક મોટી મીટીંગ મળી હતી. જે વખતે શહેરના તમામ લોકો હાજર હતા. આસપાસના ગામડાંમાંથી પણ ઘણા લોકો આ મીટીંગમાં ભાગ લેવાને આવેલા હતા. કુલ હાજરી આશરે ૮૦૦ માણસોની હતી. પ્રમુખ મી. આર. એન. મુડલેએ એક લાંબા ભાષણમાં જણાવ્યું કે આપણા ઉપર જે હાડમારીઓ પડવા લાગી છે તેની સામે જાત જાતના ભેદ ભુલી જઇ એકત્રતા થઇ લડવું ઘટે ... નાતાલ જે આજની સ્થિતિએ પહોંચેલ છે તેમાં હીંદીઓએ પૈસા તથા બીજી રીતે ઘણી અગત્યની મદદ આપી છે. આપણે ડેપ્યુટેશનો મોકલ્યાં, અરજીઓ કરી, અને બીજી રીતે અહીંની સરકારને નમ્રતાથી સમજાવવાને પ્રયત્ન કર્યો પણ તે સઘળું નકામું થયું છે. હવે નાતાલના શહેનશાહને આપણા દુઃખોથી વાકેફ કરવાનો વખત આવ્યો છે. વિગેરે.

મી. પી. એસ. આયરે જુદી જુદી હાડમારીઓ ઉપર લાંબાણથી રીવ્યુ કરી વર્તી સરકારને અરજ કરવાની સુચના

કરી. બાદ નીચેના ઠરાવો સર્વાનુમતે પસાર થયા હતા.

(૧) હીંદીઓના લાયસેન્સ અટકાવવા બાબતના જે બે બીલો નાતાલ પાર્લામેંટે પાસ કરવાં છે તેની સામે આ મીટીંગ સખત વાંધો દરશાવે છે અને તે બીલોને મંજુરી નહિ આપવાની વડી સરકારને અરજ કરે છે. આ ઠરાવ કેલસથી વિલાયત મોકલવો.

(૨) ગીરમીટમાં આવતા હીંદીઓને અટકાવવાનું જે બીલ લાવવામાં આવ્યું હતું તેની ઉપર ધ્યાન દેવામાં આવ્યું નથી. તે સામે સખત વાંધો દરશાવે છે. અને હીંદુસ્તાનના વાઇસરોયને અરજ કરે છે કે ગીરમીટમાં આવતા હીંદીઓને અટકાવવા.

(૩) ગીરમીટમાંથી છુટા થયા બાદ ગરિબ અને કંગાળ મરદ તથા ઓરતો પાસેથી દર વરસે વધુ પૈંડનો કર લેવામાં આવે છે, અને જેઓ કર આપવાને અશક્ત હોય તેને જેલમાં નાખવામાં આવે છે તે માટે પણ દીલગીરી જાહેર કરે છે. અને આ હાડમારી દુર કરવાની નાતાલ સરકારને અરજ કરે છે.

(૪) આપણા ઉપર પડતાં દુઃખોની તપાસ કરવામાટે કમીશન નીમવા બાબતની ઠરાવની વડી સરકારને અરજ કરવાની નાતાલ ઇંડિઅન પેટરીઓટીક યુનીઅન તરફથી જે હીલચાલ કરવામાં આવી છે તેને ટેકો આપે છે. અને તેમાં દરેક વરગના ભાઇઓને મદદ આપવાની વિનંતી કરે છે.

આ ઠરાવો સોમવારે મેસરસ, આમદ ભાયાત, પી. એસ. આયર, ચારલીનલેવા, એમ. આઇ. મહમદ, આર એન. મુડલે, મનપતસીંઘ તથા લેસ્ટરસ' ગેલ્વીઅલે અંડર સેક્રેટરી પાસે રજુ કર્યા હતા. તથા તેમની મારફત વીલાયત કોલોનીઅલ સેક્રેટરીને નીચે મુજબ કેબલ મોકલ્યો હતોઃ બ્રિટીશ હીંદીઓની માસ મીટીંગ સરકારને અરજ કરે છે કે એશીઆટીક ટરેડીંગ લાયસેન્સીસ કાયદાને મંજુરી નહિ આપવી. અરજ મોકલવામાં આવે છે.

સરકીટ કોરટની ચાલુ બેઠકમાં ચોરી, ખુન વગેરેના વાંક માટે જે હીંદીઓને તોંધવામાં આવ્યા હતા, તે કેસો ચાલી રહ્યા બાદ ચીફ જસ્ટીસ હેનરીએલે ટીકા કરતાં જણાવ્યું કે હીંદી કોમમાં આટલા બધા જુઠા માણસો છે—હું નથી કહેતો કે બધા હીંદી જુઠા છે—તેને મુખા રાખને અને ગંભીર ગુન્હા થતા અટકાવવા માં સમજુ હીંદીઓ મદદ કરશે.

મી. ઝીણા બારીસ્ટરની મુલાકાત

મી. ઝીણા બારીસ્ટર વીલાયતથી આવ્યા તે વખતે તેમણે ઇંગ્લાંડમાં ચલાવેલી લડત તથા તેનું શું પરીણામ આવ્યું વગેરે હકીકત જણાવવાને 'અખબારે સૌદાગર' ના પ્રતીનીધીએ તેની મુલાકાત લીધી હતી અને જે રીપોર્ટ બહાર પાડયો હતો તે અમે નીચે આપીએ છીએઃ

સવ—તમો સાહેબે ઇંગ્લાંડ ગયા પછી શરૂઆતમાં દક્ષીણ આફ્રીકાના હીંદીઓ માટે શું પગલાં ભરયાં?

જવ—મેં ત્યાંના આગેવાન રાજદ્વારીઓ ઉપર તેમજ પ્રધાનો ઉપર અરજીઓ કરી તેમને સઘળી હકીકતોથી વાકેફ કરી દાદ માગી હતી.

સવ—તમોએ જાહેરમાં કાંઇ ભાષણ કરયાં હતાં?

જવ—મેં બેએક સભામાં ભાષણ કીધાં હતાં. પણ ઇંગ્લાંડમાં આવી બાબતો ઉપર જાહેરમાં બોલવાથી કાંઇ વળતું નથી. ત્યાંના લોકો પોતાનીજ રાજદ્વારી બાબતોમાં એટલા તો મશગુલ રહે છે કે પછી તેમને દક્ષીણ આફ્રીકાની કે હીંદુસ્તાનની બાબત ઉપર વીચાર ચલાવવાનો અવકાશ મળતો નથી અને તેઓ દરકાર પણ કરતા નથી.

સવ—તમે કઇ મીટીંગમાં બોલ્યા હતા?

જવ—રીફોરમ કલબની એક સભામાં હું બોલ્યો હતો. સર વીલીયમ વેડર બરન એ સભામાં પ્રમુખસ્થાને બેઠા હતા અને સર મંચેરજી ભાવનગરીએ લંબાણથી ભાષણ કીધું હતું.

સવ—એ સભામાં ઇંગ્રેજોની સારી સંખ્યા હાજર હોવી જોઇએ

જવ—જેઓ દક્ષીણ આફ્રીકાના સવાલ માં ઉલટ લેતા હતા તેઓ હાજર હતા.

સવ—વાહ, જેઓ એ સવાલમાં ઉલટ લે છે તેઓ હીંદીઓ તરફ દીલસોજી દેખાડેછે કે?

જવ—અલબત, તેઓ ખુલ્લી રીતે હીંદીઓ તરફ દીલસોજી દેખાડેછે અને તેઓ ધારેછે કે હીંદીઓ તરફ ઘણોજ ગેરઇનસાફ થાયછે.

સવ—રીફોરમ કલબની સભામાં તમોએ શું શું કરયું?

જવ—સર મંચેરજીએ અને મેં સભા જનો સનમુખ આખો મુદ્દો રજુ કરયો હતો.

સવ—દક્ષીણ આફ્રીકાનો એ આખો સવાલ તેઓ સમજે છે?

જવ—નહીં, બીલકુલ નહીં ત્યાં તો શું પણ અહીંના કેળવાયલા લોકોનો મોટો ભાગ પણ સમજતો હોય એમ જણાતું નથી.

સવ—એ સવાલ શું તે સમજાવશો?

જવ—અલબત. દુનીઆ. દક્ષીણ આ ફ્રીકાના હીંદીઓના સંબંધમાં બે મુખ્ય મુદ્દાઓ છે. પહેલો કમીગ્રેશન રીસ્ટ્રીક શન બીલને લગતો છે. એ કાયદા મુજબ કોઇ પણ એશીઆટીકથી ટરાંસ વાલમાં દાખલ થઇ શકાતું નથી પ, તેમાં રહેવાસ થઇ શકતો નથી બીજો મુદ્દો "એશીઆટીક લો એમેંડમેંટ" ને લગતો છે. એ કાયદો જોહો પ્રીટોરીઆ સાથની લડાઇ આગમચ ટરાંસવાલમાં જઇ વસ્યા હોય તેમના સંબંધમાં છે. જ્યારે ઇંગ્રેજને પણ ટરાંસવાલમાં નહીં હતા તે વેળાની આગમચ પણ હીંદી વાનો ત્યાં જઇ વસ્યા હતા. તેમને જ્યારે બેબનલત ભરેલો કાયદો લાગુ પાડવામાં આવ્યો ત્યારે કુદરતી રીતે લોક લાગણી ઘણીજ ઉશ્કેરાઇ હતી. તમો જાણોછો કેની એવા કાયદાને શરમુ થવા કરતાં ત્યાં હીંદીવાનોએ જેલમાં જવાનું વધારે પસંદ કરયું હતું.

સવ—પણ હવતો સઘળા વાંધાનો નીવેડો આવ્યો છે કેની?

જવ—હા, આપણે સઘળા એમજ ધારતા હતા. પણ પાછો ફરતી વેળા જ્યારે હું એડન આવી પહોચ્યો ત્યારે હું જોઇને ચમોજ ગભરાયો કે ત્યાંનો મામલો પાછો બગડી ગયો છે.

સવ—એ કેવી રીતે બગડી ગયો છે તે સમજાવશો?

જવ—ટરાંસવાલના પ્રધાનોએ મી. ગાંધી બેરીસ્ટરને ખુલ્લેખુલ્લું જણાવ્યું હતું કે અમે એશીઆટીકલો એમેંડમેંટ એકટ બેચી લઇશું. આવી કબુલાત જ્યારે ત્યાંના પ્રધાનોએ આપી ત્યારે હીંદીવાનોએ પોતા નાં નામ રજીસ્ટર કરવાને કબુલ કીધું હતું. અતલબ કે ૧૯૦૩માં લોરડ મીલનર ના વખતમાં જે જોહવણ હતી તેજ જોહવણ ઉપર આવવાની કબુલાત આપવા માં આવી હતી આ ઉપરથી ત્યાં પાછો મામલો શાંત થઇ ગયો; પણ હવે ત્યાંના પ્રધાનો ફરી જાય છે કે હમોએ મી. ગાંધી સાથ એવા કરાર કરયાજ નથી. ત્યારે મી ગાંધીએ હાલ એવી અરજ કરી છે કે રજીસ્ટર કરવા માટે મેં જે અરજી કરી હતી તે પાછી વાળવી. આ બાબત આપણે કયું વધુ સાંભળ્યું

નથી પણ હું આશા રાખું છું કે તેમાં કશી વજુદ નહીં હોય.

સ૦—એ વીગત જો ખરી હોયતો પરીણામ શું આવે?

જ૦—પરીણામ એજ કે ઘણી પાઘડા આપણા બહાદુર હીંદીયાનો જેલમાં જશે પણ તેઓ આવા નામોશી ભરયા કાયદાને કદી શરમ્યુ થનાર નથી.

સ૦—મામલો જો પાછો બગડયો તો બ્રિટીશ પ્રધાનો અને રાજદ્વારીઓ વચે પડે એવાં કાંઇ ચીન્હો તમને લાગે છે?

જ૦—નવું અને જુનું, એ લોકો તરફથી આશા રાખવી મીથ્યા છે. બ્રીટીશ પ્રધાનો ખુલ્લી રીતે પોતાની લાચારી બતાવે છે કે સ્વરાજ્ય ભોગવતાં સંસ્થાનો વચ્ચે અમારાથી પડાતું નથી.

સ૦—ત્યારે જો ઘણા અસલના જેવો મામલો ચાલી રહ્યો તો ઉપાય શું?

જ૦—ઇલાજ તો કાંઇ નથી. એ ગેર કાનુની તો નહીં માફ થઈ શકે એવો છે. પણ જો આપણને કાંઇ પણ છુટ કારો મળે તો એજ કે જો એ સંસ્થાનીઓ હીંદીવાનીઓની સામે પોતાના દરવાજા બધજ રાખવા માગતા હોય તો પછી હીંદીવાનોએ પોતાના દરવાજા પણ તેમની સામે બંધ કરવા. એ લોક જો આપણને માગતા નહીં હોય તો તેઓ આપણને પણ જોઇતા નથી.

સુ૦—પણ એ કાંઇ લોકના હાયમાં વાત નથી.

જ૦—નહીં, તો આપણે હીંદી સરકારને અરજ કરવી જોઇએ કે જ્યારે આપણા લોકને એ સંસ્થાનીઓ નામોશીમાં નાખવા માગે છે તો પછી શું કામ આપણે તેમનું અપમાન ખમી તેમને આપણા મુલકમાં દાખલ કરવા? જરમનો, ફ્રેંચ વગેરે ત્યાં જઈ વસવાટ કરે તો કાંઇ અડચણ જેવું નહીં; તેમને માત્ર કાળા હીંદીઓથીજ સુગ છે.

સ૦—એવી રીટેલીએટરી સજાનીતીયા આપણું માન સચવાશે?

જ૦—અલબત, આપણું માન જળવાશે એમાં શક નથી, તમારે જાણવું જોઇએ કે આપણે બધા એક મોટી શેહેનશાહતના સભાસદો છીએ. એક સભાસદ બધીજ હાયદો મેળવવા માગે અને નુકસાન સહેજ પણ ખમે નહીં એતો બની શકેજ નહીં. એ સંસ્થાનો એવીજ રીતે કામ લેવા માગે છે. તેમને સઘળો લાભજ જોઇએ છે અને અડચણો કાંઇ જોઇતી નથી. માટે વીચાર પ્રમાણે હવે તો આપણા હાયમાં એજ ચારસ આવી રહ્યો કે જેવી રીતે તેઓ આપણી સાથે વરતે તેવીજ રીતે આપણે તેમની સાથે વરતવું જોઇએ.

એ પછી બીજી કેટલીક વાતચીત કરી ને પ્રતીનીધીઓએ મી. જીનાહનો મોટો ઉપકાર માની તેમની રજા લીધી હતી.

ઇંડી મહોમેદન ડીબેટીંગ સોસાયટી

આ સોસાયટીની એક મીટીંગ તા. ૨૩ ઓગસ્ટના રોજ મી. હાજી હબીબ ઇબ્રાહીમ ખાનના પ્રમુખપણા નીચે મળી હતી. જે વખતે તા. ૨ સપ્ટેંબરના રોજ નાતાલ સુલતાનનો વાર્ષીક દીવસ છે તેમજ હજાજ રેલ્વે ખુલ્લી મુકવામાં આવશે તેથી તે રોજ જાહેર તહેવાર તરીકે પાળવો. સઘળી દુકાનો બંધ કરવી અને મસ્જીદમાં જઇ ના. સુલતાનના હકમાં દુવા માગવાનું ઠરાવવામાં આવ્યું હતું.

તા. ૨૫ ઓગસ્ટના રોજ બીજી મીટીંગ મળી હતી જે વખતે આ શહેર તરફથી મેસર્સ હાજી હબીબમીયાન તથા મહમદ સુલેમાન સરંગને ડરબનની માસ મીટીંગમાં પ્રતીનીધીઓ તરીકે મોકલવાનો ઠરાવ થયો હતો. તે સાહેબો એ્રેથી મુરબારની સાંજની ટ્રેનમાં ઉપડી ગયા હતા.

નાદારી કોર્ટનો નોટીસો વગેરે

(ગવરમેંટ ગેઝેટમાંથી)

મેરીત્સબરગના મેમણ લતીફ એરમાન દાદાની મીલકત તા. ૨૫ ઓગસ્ટના રોજ સુપ્રીમ કોરટે નાદાર તરીકે સ્વીકારી છે. તેના લેણદારોની પહેલી મીટીંગ સુપ્રીમ કોરટના માસ્તરની કોરટમાં તા. ૮ સપ્ટેંબરના રોજ મળશે.

ડંડીના આમદ મહમદ મકેડમ પોતાની મીલકત નાદાર તરીકે જાહેર કરવાની અરજી મારીત્સબુરગની સુપ્રીમ કોરટને તા. ૨૫ સપ્ટેંબરના રોજ કરશે.

ક્રેટીસ્ફરટના આઇ. એમ જીનાની નાદાર મીલકતના લેણદારોની ત્રીજી મીટીંગ તા.૮ સપ્ટેંબરના રોજ ડરબન માજીસ્ટ્રેટ કોરટમાં મળશે.

ચાલુ વર્તમાન

નોર્થડીન, બીલેર વગેરે ભાગોમાં નવી જુદી જગ્યાએ ચોરી કરવાના ૧૫ ગુન્હા માટે જે નવ જણાને પકડવામાં આવ્યા હતા તેના ઉપર સરકીટ કોરટમાં કામ ચાલ્યા બાદ જુરીએ તેને નીદોષિ ઠરાવ્યા હતા.

ડલેવરીવરના રોરડીના બેનરોમાં કામ કરતા પંજ ગીરમીટીયા હીંદીને કામ છોડી જવા માટે ગયા બુધવારે અમલાજી કોરટ માં ખડા કરવામાં આવ્યા છે. તેમાં બેની ઓરતો પણ હતી. તેઓનો સર સામાન પણ સાથે હતો. પોલીસે તેમાંના ત્રણ ઉપર કામ ચલાવવાનું જણાવ્યું અને બીજાને ચેતવણી આપી છોડી મુકયા. તેઓ સઘળા પોતાની મુશ્કેલીઓ બાબત ફરિયાદ કરવાને કામ છોડી ગયા હતા. માજીસ્ટ્રેટે તેમને કહ્યું, કે તમને દરેકને ત્રણ પૌંડના દંડની સજા થઈ શકે છે પણ હું તમને ચેતવણી આપી છોડી મુકું છું. તમારે ફરિયાદ કરવાની હોય તો રીતસર કરી શકાય છે. તમારામાંના ત્રણ જણા જે મુખી છે તેને હું પૌંડ ૧–૧૦–૦ ૬૩ અથવા ૭ અઠવાડીઆની જેલની સજા કરું છું.

ગયા બુધવારે સરકીટ કોરટની બેઠકમાં ચીફ જસ્ટીસ સર હેનરી બેકલે એક લાંબા ભાષણ દરમ્યાન હીંદીઓને કોરટને પુરતું માનઆપવાનું ફરમાવ્યું. અને કહ્યું કે મને ખબર મળ્યા છે કે ગઇ કાલે કોરટમાં ૫૫ હીંદી દાખલ થયા તેમાંથી ૨ હીંદીએ માત્ર સલામ ભરી. હીંદીઓને કોરટમાં દાખલ થતી વખતે અંગ્રેજી રીવાજ મુજબ ટોપી ઉતારવા સામે જો વાંધો હોય—અંગ્રેજી ટોપી પહેરી હોય તેણે તો ઉતારવીજ જોઇએ—તો તેણે તેના દેશના રીવાજ મુજબ જોડા ઉતારી કોરટમાં આવવું જોઇએ. અને તેમ નહિ તો દાખલ થતી વખતે સલામ કરવી જોઇએ. આ માન હું મારે માટે નથી માગતો પણ ગાદીને માન આપવુજ જોઇએ. આ હકીકત હીંદી તથા તામીલમાં હાજર રહેનારાઓને સમજાવવામાં આવી હતી.

જેલના ખોરાકમાં ડાકટરની સલાહથી વગર કાંઇ ફેરફાર નહિ કરી આપવામાં આવે એવા જેલના વડા તરફથી ખબર મળ્યા છે તે ઉપરથી રેવરંડ કોકે 'લીડર' માં એક પત્ર લખી જણાવ્યું છે કે હીંદીઓ સામે જેલમાં અણઘટતી વરતણુંક નહિ ચલાવવી જોઇએ.

ચરચા પત્ર.

અમારા વરચાપત્રીઓ નીચેના નીયમો યાદ રાખશે તો તેઓના પત્રો ઉપર તુરત ધ્યાન મળવાનો સંભવ છે.

૧. કાગળની એકજ બાજુએ લખવું.

૨. અક્ષર ચોખા સાફીથી લખવા.

૩. નામ તથા ઠેકાણું બરોબર લખવાં. તે હમેશાં જવાબ પાઠવા સારૂં નહિ, પણ અમારી નજરને સારૂં.

૪. મંગળવારની સાંજ સુધીમાં મજકુર લખાણો તેજ અઠવાડીયામાં દાખલ કરી શકાશે.

૫ રદ કરેલાં વરચાપત્રો બાળવી રાખવા અથવા લખનારઓને પાછાં મોકલવી આપવાને અમે બંધાતા નથી.

૬ લખાણ હમેશાં ટુંકું અને મુદ્દાસર કરવું.—અધિપતિ.

વરચાપત્રીઓને જવાબ.

મી. એસ. ઓસમાન સેન્ડે (પારલ)— અંગ્રેજી અથવા ગુજરાતીમાં લખશો તો અમે સમજી શકશું.

અ. ઇ. ઓ.

મદદ માટે કોંગ્રેસને અરજ

મે. ઇ. ઓ. ના અધિપતિ સાહેબ,

આજ કાલ આપણા હીંદી ભાઇઓ ઉપર જ્યાં જોઇએ ત્યાં અહીંની ગોરી પ્રજા અપમાન વરતાવી રહી છે. તેનો એક દાખલો મી. પરસોતમ દાજીના કેસનો છે. મી. પરસોતમે ટરામના કંડકટરે કરેલ હુમલા માટે કોરપોરેશન માથે કેસ કર્યો હતો જેમાં જસ્ટીસ હેનરી એલે મી. પરસોતમના લાભમાં ચુકાદો આપેલ. જે સાંભળી સહુ કોઇ ખુશી થયા હશે. પણ પાછળથી મારા સાંભળવામાં આવેલ છે જે તે ચુકાદા સામે કોરપોરેશને અપીલ કરી છે. હવે મી. પરસોતમની એવી ગુંજાસ નથી જે તેની સામે ટકર લઇ શકે. તો કોંગ્રેસની ફરજ છે કે આપણી હીંદી કોમના માનની ખાતર આ બાબત પોતે ઉપાડી લેવી જોઇએ. નહિ તો જરૂરી ખરચાની તો મદદ જરૂર કરવી જોઇએ. ટરાંસવાલમાં આજે હજારો ના ખરચે અપમાનની સામે લડત ચાલુ છે તેમ આ કેસમાં મી. પરસોતમ હારી જાય તો આજે મી. પરસોતમને ને કાલે કોઇ મોટા આગેવાનને પણ બે મજબતથી ઉતારી મુકવા અચકાશે નહિ. જોથી આ વરચા ઉપર કોંગ્રેસના આગેવાનો પૂરતુ ધ્યાન દેશે ને વાજબીસર પુરતો બંદોબસ્ત કરશે.

ડરબન, પોઇટ લી. આપકુમ અલી મહમદ

તા ૩૧-૮-૮.

ખરચુરણ વરચા

સમરસેટસ્ટેંડથી મી. એમ. બી. સુતરીઆ લખે છે ટરાંસવાલની લડતમાં જેમ મી. આદમ ગુલ ભાગ લેવાને ગયા છે તેમ બીજા મહસ્થોએ પણ ભાગ લઇ ટરાંસવાલના હીંદીને મજબુતી આપવા જોઇએ.

પારલથી મી. ભાણાભાઇ લખે છે કે કેપટાઉનના મી આદમ મુસે ટરાંસવાલની લડતમાં ભાગ લઇ મદદ આપી છે તે ઘણું ખુશી થવા જેવું છે. બીજા ભાઇઓ પણ આવી મદદ આપવાને બહાર પડશે એમ આશા રાખું છું. મી. હરીલાલ ગાંધીની દેશસેવા માટે હું મુબારકબાદી આપું છું.

ડેલાગોઆબેથી એક લખનાર જણાવે છે કે અહેની ઇંડીઅન એસોસીએશનને રજીસ્ટર કરાવવાનો વીચાર થતાં તે બાબત તજવીજ કરવામાં આવી હતી. પણ તજવીજ કરતાં માલુમ પડયું હતું કે તેવી રીતે રજીસ્ટર કરાવવા માટે તે મંડળમાં પોરટુગીઝ અને કે અંગ્રેજ રૈયતના મેંબરો જોઇએ. આ ઉપરથી અત્રે ના. ૨૩ ઓગસ્ટના રોજ એક મીટીંગ ભરી અહીંના ૧૧ વેપારીઓને પોરટુગીઝ રૈયત તરીકે અને ૫ અંગ્રેજ રૈયત તરીકેના મેંબરો નોંધવામાં આવ્યા હતા.

લેડીસ્મીથથી "ઇસ્લામનો હુકમ બર દાર" લખી જણાવે છે કે તા. ૧ લી સપ્ટેંબરના રોજ જનાબ મવલાના અબ દુલ હમીદખાનની સાહબીરી તથા હીજાજ રેલ્વે મદીના મુનવરામાં ખુલ્લી મુકવાનો મુબારક દિવસ હતો તેથી જગેની સોભા વટી તથા મજીદને રોશની તથા રંગ બેરંગના વાવટાઓથી શણગારવામાં આવ્યા હતાં. આ દેખાવ જોવા જોગ હતો. પણ દુકાનો બુલ્લી હતી એ ઘણી દીલ ગીરીની વાત ગણાય. આ બાબત સોસા યટીના પ્રમુખે પોતાની વગ વાપરવી જોઇતી હતી.

જુન ૧૯૦૮ના રોજ પુરા થતા બ્રા વરસનો રાજીનામો અંજુમન ઇસ્લામનો રીપોર્ટ અમને મળ્યો છે. આ વરસે લવાજમ પી બક્ષીસ લાયફ મેંબર પી વગેરે આમદાની રૂ. ૧૭૨૩-૨૫-૩ની થઇ હતી જે ગયા વરસની પુરાંત સાથે ઉમેરતાં કુલ રૂા. ૩૦૦૪-૮-૦ જમે રાખવામાં આવ્યા હતા. આ વરસે અંજુમન માટેનો હોલ તથા જમીન માટેના રૂા. ૧૬૫૬-૦-૩ ખરચવામાં આવ્યા હતા અને તે ઉપરાંત પમાર છાપાના લવાજમ વગેરેના ખરચમાં રૂા. ૪૪૬-૪-૮ વપરાયા હતા. હાલ સીલક રૂા. ૫૬૬-૩-૨ની છે.

ડેલાગોઆબે ઇંડિઅન લાયબરેરી

આ લાયબરેરીના સેક્રેટરી લખે છે કે:—તા. ૩૧ લાઇના રોજ ઉપલી લાય બરેરીની સીલકમાં પા. ૫-૧૪-૮॥ હતા. ચાલતા માસમાં મેંબર પી વીગેરેના પા. ૨-૨-૬ આવ્યા. તે મળી પા. ૭-૧૭ ૨॥ થયા. તેમાંથી પા. ૩-૦-૦ જે મેંબરના માર્ચ માસમાં કરેડીટ લીધેલી તેને પાછા આપ્યા તે સિવાય ભાડું નોકર નો પગાર, ટપાલ ખરચ, તથા છાપાઓના લવાજમના પા. ૩-૧૧-૩॥ મળી પા. ૬-૧૧-૩॥ બાદ જતાં બાકી પા. ૧-૫-૧૦॥ આજ રોજ બેલેન્સમાં છે. ચાલુ માસમાં મેંબરોના નામ ઉપર ૧૦૦ પુસ્તકો ઇસ્યુ થયાં હતાં જ્યારે ૨૭૫ વીઝીટરોએ લાયબરેરીમાં આવી વાંચવાનો લાભ લીધો હતો ઉપલી લાયબરેરીના સેક્રેટરી મી. ધારશી દેવચંદ રતનાકર તા. ૧૭ સપ્ટેંબરની જરમન સ્ટીમરમાં છુટિઆ જવાના હોવાથી નવા સેક્રેટરીની ચુંટણી કરવા મેંબરોની મીટીંગ તા. ૬ રવીવારે બપોરના બે વાગ્યે થવાની છે. જે પ્રસંગે તમામ મેંબરો તેમજ લાગતા વળગતાઓએ પધારવા કૃપા કરવી.

રૂટરના તાર સમાચાર

ડમારકસ–મદીના રેલવે ખુલ્લી મુકવાની ક્રિયા માટે તથા ના. સુલતાનની સાલેહ ગીરી ઉજવવા મોટી તયારીઓ કરવા માં આવી છે. આ રેલવેને પાછળથી મક્કા સુધી લાઇન જવામાં આવશે તેનો અરચ પૌંડ ૩૧,૦૫,૦૦૦ થશે.

રૂટર જણાવે છે કે બોંબ ફેકવા માટે ગોંસાઇ અને બીજા અલીપોર જેલમાં હતા. તેમાં ગોંસાઇ ઉપર બે કેદીઓએ ગોળા બાર કરેલ છે. બે ગોરા કેદી ગોંસાઇની મદદે દોડી ગયા. પણ તેના ઉપર ગોળી ઓ ઉડવામાં આવી હતી. એકને સખત ઇજા થઇ છે. જેલના અમલદારોના સખત બાંધા છતાં કેદીઓના મીત્રોને મળવાની રજા આપવામાં આવતી હતી.

ગોંસાઇને માથામાં અને અંતઃકરણમાં જખમો થવાથી મરણ પામેલ છે.

કામ શરૂ કરતાં સેક્રેટરીએ અગવડને લીધે જે નદિ આવી શકયા હતા તેમના કાગળો વાંચી મીટીંગનો હેતુ કહી સભા વાળ્યો. પછી બી. આયરે અધ્યક્ષમાં એક ટાંચા ભાષણ દરમ્યાન કહ્યું કે આપણે એક ભારી જુલમ નીચે સટીએ છીએ અને તેનો ઇલાજ તુરત કરવો એ આપણી ફરજ છે આ જુલમની શરૂ આત એવી રીતે થઇ કે આશરે ૫૦ વરષ પહેલાં આ દેશ વેરાન હતો અહીંના ગોરા વતની મજુરોની તાકાતને લીધે ઉદ્યોગ કરી શકયા નહિ; તે વખતની બારેલા મેદાના એક મેળવરના કહેવા પ્રમાણે કોલોની દીવાણુ કાઢવાની સ્થિતિમાં હતી. આવે સમે ગોરી-પ્રજાએ હીંદી સરકારને મળી હીંદી મજુરો લાવવા ।। ગોઠવણ કરી. મજુરીની શરતો સહેલી હતી. શરૂઆત માં ૩ વરસની મુદ્દત પુરી થયા પછી હીંદી મજુરોને બેડવા માટે મફત જમીન આપવામાં આવતી. અને તેઓનાં બાળકો ને કેળવણી આપવાનુ અહીંની સરકારે વચન આપ્યું હતું. આ પછી થોડાજ સમયમાં પેદાશ તથા ખપત વધી અને દેશ આબાદ થવા લાગ્યો. તે પછી સ્થિતિમાં ફેરફાર શરૂ થયો. કોલોનીને સ્વરાજ્ય મળવા વખતે કરવામાં આવેલી અરજીમાં હીંદીઓની સહી લેવામાં આવી હતી, પણ સ્વરાજ્ય મળ્યા પછી તરતજ ગોરા કરતાં હીંદી વોટર વધી જશે એવા ભયથી હીંદી વોટ લઇ લેવાનો કાયદો થયો. તે વખતે બે કે ૯,૩૦૯ ગોરા અને, ૨૫૭ હીંદી વોટરો હતા. આ બધ બોટો હતો. ત્યારથી આજ સુધીમાં હીંદીઓ માત્ર ગુલામી સ્થિતિમાંજ કોલોનીમાં રહી શકે એવી તરેહના એક પછી એક કાયદા થતા ગયા છે. મુદ્દત પુરી થયા પછી હીંદી મજુરોને પાછા મોકલવાના ઠરાવપર અહીંની સરકાર આવી. પણ હીંદી સર કારે તે શરત કબુલ કરી નહિ. આ વિષે તપાસ કરવા નીમવામાં આવેલ એક ગોરા કમીશનરે એવો અભીપ્રાય આપેલ કે બાવણીના વરસોમાં તેમને નીચોવી લીધાં પછી તેઓને ફેંકી દેવામાં આવે છે. (શરમના પોકાર.) છેવટ તેઓ અહીં રહેવાનુ પસંદ જ ન કરે એવી સ્થિતિ લાવવા પા. ૩ નો કર નાખ્યો. પુરૂષ, સ્ત્રી ૧૩ વરસની બાળકી અને ૬૧ વરસના છોકરાપર તે કર લાગુ પાડયો. આથી છુટા થએલાં હીંદીઓની હાલત બહુ દયાજનક થઇ પડી છે. એક સ્ત્રી પુરૂષ તે, માથાદિઠના પા. ૩ લેખીત દર વરસે ૫૭. ૭ નો કર ભરવા પડે છે. વર સમા આશરે પા. ૬૨ કમાઇ શકનાર હીંદીઓ જ્યારે તે કર નથી ભરી શકતા ત્યારે બહુ જુલમ ગુજરે છે બાળક માતાથી, સ્ત્રી પુરૂષથી છુટા પાડી જેલોમાં મોકલવામાં આવે છે ઘણી કેટલાક દાખલા મળ્યા છે કે કર ભરવા ને બીજો ને ઘણી અધમ દશામાં ઉતરવુ પડયુ છે. (શરમ, શરમના પોકારો) હાલ ઘણી વેપા રીઓપર ધાડ આવી છે. કહેવા માં આવ્યું છે કે હીંદી વેપારી ગેરવ્યાજબી હરી કાઇથી ગોરા વેપારીને ઉંધેડી નાંખે છે. આ જુઠું છે. હીંદીઓ મોટે ભાગે હીંદી ઓમાં વેપાર કરે છે. તેલ, ચોખા, રિગેરે જણસો ગોરાને તેઓ નથી વેચતા. તેઓ કાળી ચામડીના છે તેજ તેમનો ગુન્હો છે. આ બધા જુલમ સામે વાંધો ઉઠાવવામાટે તમારી આગળ જે ઠરાવો મુકવામાં આવે તેને એકમતે પસાર કરશો એટલુ માગી બેસવાની રજા લઉં છું.

મી. નાયનાએ તામીલમાં અને મી. લક્ષ્મણપીલેએ હીંદુસ્તાનીમાં તેનો તરજુમો કરી બતાવ્યો.

મી. પોલાકે પોતાના ભાષણ દરમ્યાન સલાહ આપી કે આ ભયંકર જુલમ સામે બે ઇલાજ છે. એક તો જાગી અરજી કરવી. જે હાલ સાધારણ થઇ પડેલ છે અને તેનાપર કોઇ વખતે ધ્યાન આપવામાં આવે છે. બીજો ઇલાજ તે સત્યાગ્રહ છે. સંપ કરી તમે કર ન આપો. (તાળીઓ). લાઇસેન્સ આપવામાં અન્યાય કરે તો લાઇસેન્સ વિના વેપાર કરો, અને તેને માટે જેલ વગેરે જે સજા થાય તે ઉઠાવો (અમે જેલ જશું એવા અવાજો). તો તમારૂં દુઃખ તરતજ દુર થશે. તમારા ટ્રાંસવાલના ભાઇઓ બે વરસ થયાં તેવી સખત લડી રહયા છે તેઓને ઘણી મુશ્કી લતો સહન કરવી પડે છે. આવી મુશ્કીલતો તમારે સહન કરવી પડશે. અને તમે તેમ કરશો તોજ તમારા દુઃખનો અંત આવશે. લાંબા ભાષણ મેસરસ, એલ. ગેબ્રીઅલ, ચાર્લીનલેપા, તાલેવંતસીંગ, રૂપનારાયનસીંગ, આર. ચેલુ, બીલાલદાસ બી. મહેતા, લક્ષ્મણ પીલે વગેરેએ સમયને અનુસાર ભાષણો કરેલાં હતાં.

પછી નીચે પ્રમાણે ઠરાવો પસાર થયા હતા.

ઠરાવ પહેલો.

અહીંની બ્રિટીશ હીંદી પ્રજાના દુઃખોનો તપાસ કરવા એક રોયલ કમીશન નીમવા માટે વડી સરકારને મોટી અરજી કરવાનુ નાતાલ ઇન્ડિઅન પેટ્રીઓટીક યુનીઅને

જે પગલું લીધું છે તેને આ મીટીંગ સંમતી આપે છે. ઉપલો ઠરાવ મી. આર. બેલ (બ્રસ્પીંગો) ની દરખાસ્તથી અને મી. ચાર્લી નલેયા (મારીત્સબરગ) ના ટેકાથી સરવાનુમતે પસાર થયો.

ઠરાવ ૨ જો

આ ઠરાવની નકલ નામદાર સવરનર તથા નાતાલની સરકારને તેમની જાણ માટે મોકલવી.

આ ઠરાવ મી. એ. ડી. પીલેની દરખાસ્તથી અને મી. રૂપનારાયનસીંગના ટેકાથી સરવાનુમતે પસાર થયો. મીટીંગ બરખાસ્ત થતાં પહેલાં મી. શેખ મહેતાબે સમયને અનુસરતું પોતે રચેલું કાવ્ય સભામાં માઇ સંભળાવ્યું હતું.

ટ્રાંસવાલના છાપામાં હીંદી લડત વિષે ચરચા

મી. રોબરટ સમરસેટ નામના એક ગોરાએ 'ટ્રાંસવાલ લીડર' માં નીચે મુજબ કાગળ લખ્યો છે.

ટ્રાંસવાલના હીંદીઓની લડતને બેઠા રૂપે બોઠા મહીના ઉપર હીંદના મુસલમાન કોમના વડા સર સુલતાન મહમદશાહ આગાખાનના પ્રમુખપણા નીચે મુંબઇના નગર શેઠે (મેયર) એક જાહેર મીટીંગ બોલાવી હતી. તે વખતે ટાઉન હોલમાં અને બહારના ભાગમાં હજારો માણસો હાજર થયા હતા. તે મીટીંગમાં ૬૦ મહરથી હતા તેમને ઉમરાવ વગેરેના મોટા બેતાબો શહેનશાહ તરફથી મળેલા હતા. આખી મીટીંગનું કામ બરા ઉત્સાહથી ચાલ્યું હતું. એક ગોરા મહરથ બોનરે બહ મી. આર્મસ્ટરોંગ, ચેંબર ઓફ કોમર્સના પ્રમુખે, પહેલો ઠરાવ રજુ કર્યો હતો. અને તે ઠરાવની નકલ ના. શહેનશાહ તથા કોલોનીઅલ સેક્રેટરીને મોકલવામાં આવી હતી. આપણા કારભાર વીષે આમ બ્યારે પરદેશમાં ટીકા કરવામાં આવે છે બારે આપણે કહીએ છીએ કે "પરદેશીઓ, તમે તમારું કામ કરો. સ્વરાજ્ય ભોગવતા દેશના કારોબારની વચ્ચે પડવાની તમારે જરૂર નથી." મુંબઇની માસ મીટીંગને પણ વખતે બાજ જવાબ મળશે.

પણ બ્યારે આપણે વીચારવા બેસીએ કે ટ્રાંસવાલ જીતવામાં એકલા યુદલેંડરસ (ટ્રાંસવાલમાં બ્યારે નોર લોક રાજ્ય કરતા હતા તે વખતે જે અંગ્રેજ વગેરે ત્યાં રહેતા હતા તેને યુદલેંડરસ કહેતા) નહોતા ત્યારે આવો જવાબ ગેરવાજબી નથી? ટ્રાંસવાલ ઇંગ્લંડ તથા હીંદુસ્તાન બે બરચે ગણાયું છે. એશીઆટીકની વીરૂદ્ધ પક્ષના લોકો એક એવી દલીલ લાવે છે કે આ દેશ મેળવવામાં કાંઇ પણ હીસ્સો આપ્યા વીના એશીઆટીકો આ દેશના રહીશ થયા છે. સર પરસી વીટસ પેટરીક અને મી. ગ્રેડી જેવા જાહેરાય રાજદ્વારીઓ પણ આવી ભુલ કરે છે. સર પરસીએ બીક બંચાયું તે વખતના ભાષણમાં આ બીના જાહેર કરી અને વળી એમ પણ કહ્યું કે ભવીષ્યમાં વખતે કાંઇ મુસ્કેલી પડી તો તે ગોરા લોકોને ઉઠાવવી પડશે. ઇતીહાસ ઉપરના આપણે જોઇ શકીએ છીએ કે આ માન્યતા બોટી છે. આપણે જાણીએ છીએ કે આપણી હૈયાતીમાં આ દેશમાં ચાર કે પાંચ વખત લડાઇ જામેલી છે. આ વખતે બાલી ગોરાઓજ નથી લડયા પણ હીંદુસ્તાનથી કાળું લસ્કર પણ આવેલ છે. આ દેશના બધા નેટીવો હુલડ કરે તો આપણે તેને પહોંચી શકીએ તેમ નથી. આ દેશમાં લડાઇ જાગી ત્યારે હીંદુસ્તાન તથા હીંદુસ્તાનના લસ્કરે આપણને તથા શહેનશાહતને કેવી ઉપયોગી મદદ કરી તે આપણામાંના જેઓ હીંદુસ્તાનમાં હતા તે જાણતા હશું. બોર લસ્કર નાતાલ ઉપર ચઢી આવ્યું કે તરતજ વાઇસરોયે બીજ અને ગુરખા ની બે પલટણો તયાર કરી મોકલવા નું વીલાયત તારથી પુછાવ્યું. ગોરાની સામે કાળું લસ્કર કેમ મોકલાય એવા વહેમને લીધે આ માગણી સ્વીકારવામાં આવી હતી નહીં. પણ એવો જવાબ વાળવામાં આવ્યો હતો કે પુર્વ આફ્રીકા તથા ચીનમાં જે ઝગડો જામેલો છે તેને માટે લસ્કર તૈયાર રાખવું. હીંદુસ્તાનથી જેટલું ગોરું લસ્કર ટ્રાંસવાલ માટે મોકલી શકાય તેટલું મોકલવું. આ મુજબ હીંદુસ્તાનને બરચે ગોરું લસ્કર એકદમ હાજર થયું હતું. આ ઉપરાંત આઠ ટુકડી ઘોડેસ્વાર લસ્કરની આવી પહોંચી હતી. મોડર રીવર ઉપર બ્યારે અંગ્રેજના ઘણા માણસો મરાયા ત્યારે હીંદુસ્તાનની સરકારે ફરીથી પુછાવ્યું અને આ દેશના એશી આટીકોના સમાચારને બરચે બીજું લસ્કર આવ્યું. તે વખતે હીંદીનું ઘોડું લસ્કર પુર્વ આફ્રીકા અને ઘોડું ચીન પણ મોકલવામાં આવ્યું હતું. આ લસ્કર બરાબર આપણને વખતે જઇ પહોંચ્યું હતું અને તેણે જે લોકો ત્યાં ઘેરામાં પડયા હતા તેમને બચાવ્યા હતા. આબીસીનીઆના રાજા થીઓબોલ્ડે બ્યારે માગડા લેનારા આપણા એજંટ કોન્સલ કેમેરોનને કાપી નાખ્યો અને બીજા ગોરાઓને જેલમાં નાખ્યા તે વખતે હીંદુસ્તાનથી ૧૨,૦૦૦ માણસ મદદે ગયું હતું. અને જીત મેળવીને આવ્યું હતું. આમાં હીંદુસ્તાનને કોઇ પણ જાતનો સાભ ન હતો છતાં સબળો બરચ હીંદુસ્તાને આપ્યો હતો. અત્યારે એશીઆટીક સવાલ માત્ર અણી ઉપર આવી ઉભો છે. તેઓ કહે છે કે આ દેશના ઇરવાજા ફેરીયાળા કે વેપારીઓ સામે બધે બંધ કરો, પણ હીંદુસ્તાનના ખાનદાન બરજના લક્ષાધીપતીઓ, પરોપકારી, અમીર ઉમરાવો અને મુંબઇની મીટીંગમાં હાજર રહેલા જેવા ધનાઢય હીંદીઓ સામે બારણા બંધ રાખવાની કબુલત અમે કેમ આપીએ?

સર પરસી વીટસ પેટરીક કહે છે કે નવા કાયદામાં આવા મહરથોને માટે સગવડ રાખવામાં આવી છે. આ સગવડ એવી છે કે જે તેવા મહરથો હવાફેર અથવા આનંદ ભોગવવાને માટે આ દેશમાં એકાદ માસ આવે તો તેઓએ પાસ મળતાં સુધી સરહદ ઉપર રોકાવું—શનીવાર જેવો દીવસ હોયતો અમુક દીવસો સુધી તેને રાહ જોવી પડે—અને પાસ મળે બ્યારે તે સહ દેશમાં દાખલ થવું. આ પાસ ગુન્હેગાર દેશમાં ફરવાના પરવાના રાખે છે તેની માફક હમેશાં તેઓએ સાથે રાખવો! હવે ધારો કે સર પરસી વીટસ પેટરીક પીલાયત જાય અને ડોવર અથવા સાકધામ્પટન પહોંચે બ્યારે લડનથી પરમીટ આવે ત્યાં સુધી ઉતરવા ન પામે. અને મારા જેવો અલફાઉ ગોરી ચામડીને લીધે પરમીટ વીના ઉતરી શકે. તો આ અપમાન સર પરસી સાંખી શકશે?

હીંદુસ્તાનની ટપાલ

તા. ૧૨ સપ્ટેંબરના રોજ ૬—૩૦ (આજે સવારે) સ્ટીમર અમલાજીમાં બેરા કલકત્તા માહી અને મુંબઇ જનારી ટપાલ બંધ થશે.

તા. ૧૫ સપ્ટેંબર મંગળવારે બપોરે ૩—૩૦ સ્ટીમર કેઇલરમાં મુંબઇની ટપાલ બંધ થશે.

ચાલુ વરતમાન

જોહાનિસબર્ગના રમજાનખાન અને મહમદ ખાન નામના સ્ટોરકીપર ઉપર ડબલ્યુ ડરેગરની કપનીએ પા. ૨૧૬-૧૫-૬નો દાવો માંડેલ. આ કેસમાં ચીફ માજીસ્ટ્રેટ પરસી બીન્સે ઓર્ડર કરી છે કે લેણદારોને ચેતાવ્યા વીના મેસ વેપારી સ્ટોર વેચી શકે નહીં તેમ કાયદો થવાની જરૂર છે માજીસ્ટરેટે રમજાનખાન તથા મહમદખાન ઉપર દર મહીને પા. ૧૦ ચુકવવાનો ઠરાવ આપેલ છે અને તે જો નહીં ભરવામાં આવે તો જેલમાં મોકલ વાનું જણાવ્યું છે.

અમ્બીલોમાં હીંદુ મંદીર પાસે મુનુ સામી નામના એક હીંદીએ તા. ૫ ઓગસ્ટના રોજ આપઘાત કરેલ તેની તપાસ માજીસ્ટ્રેટ પર્સે ચલી હતી. મરનાર બહુ નીરોગ કરતો હતો. ડીસ્ટરી કટ સરજને ઝાડે ટીંગાઈને મરનારે આપઘાત કર્યાનું જણાવ્યું છે.

અમ્બીલોના મી. પી. સી. મુનુ સામી એ તાંના સ્ટેશન માસ્તર ઉપર પોતાને ગેરવાજબી રીતે રોકન કરવા બાટે પા. ૬૫૦ ની નુકસાનીનો દાવો માંડેલ તેનો કેસ ગયા ગુરૂવારે માજીસ્ટ્રેટ કોરટમાં ચાલ્યો હતો. મી. મુનુ સામીએ એક ટીકીટ ખરીદી તેના બીજને આપી તેની સામે સ્ટેશન માસ્તરે વાંધો લીધો અને જણાવ્યું કે ટીકીટ ખરીદનાર પોતેજ વાપરી શકે. મી. મુનુસામી પાસે સીઝન ટીકીટ હતી. આ કેસમાં માજીસ્ટ્રેટે જણાવ્યું કે કાયદાનો અરથ બહુ બારી મયરડીને કરવામાં આવેલ છે. ઠરાવ પાછળ ઉપર મુલતવી રાખેલ છે. સ્ટેશન માસ્તરે કરેલ અરથ જો બરાબર ઠરે તો એવું થયું કે દરેક માણસે પોતે પોતાને મોટેજ ટીકીટ કઢાવવી રહી!

ટ્રાંસવાલનું સરકારી મજેત જણાવે છે કે અમુક રોગે ગળાં નાચીસ તથા એરેંજીસ આ દેશમાં દાખલ થતાં જોવા માં આવે છે. સ્થાનીક ફ્રુટના રક્ષણ માટે સરકારે ચેતવણી આપવામાં આવે છે કે આવી જાતનું ફ્રુટ મોકલનાર માણસે તરતજ પાછું મોકલવું અથવા દેવા ફ્રુટનો તરતજ નાશ કરવો.

હીંદી ફેરીવાઓની આદત ઘેર ઘેર ફ્રુટ વગેરે પહોંચાડવાને જોહાન્સ બરગમાં એક ગોરાએ 'ઈન્ટરસામાં' નામની એક કપની ઉભી કરી છે.

છેલ્લા ખબરો

[ઇ. ઓ. માટે ખાસ તાર]

વોક્સરસ ગુરૂવાર

મી. ઇબ્રાહીમ ઓસમાન આજે જેલ માંથી છુટ્યા છે. અને જોહાન્સબરગ રવાના થયા છે.

જોહાન્સબરગ. શુક્રવાર

ગઇ કાલે અહીં માસ મીટીંગ મળી હતી; લોકો ઘણા જુસ્સામાં હતા. નાતાલ ના આગેવાનોને જે સખત સજા થઇ તેની સામે ઉંડી દીલગીરી બતાવવાનો તથા જ્યાંસુધી વાજબી હકો આપવામાં ન આવે ત્યાંસુધી દુખ ઉઠાવવાનું ચાલુ રાખવાનો ઠરાવ થયો હતો. બીજા ઠરાવ થી વડી સરકારને વચ્ચે પડવાની વીન તી કરવામાં આવી છે. ત્રીજા ઠરાવથી પ્રસપ મીથાંએ પ્રો. પ્ર. એસોસીએશનના પ્રમુખ તરીકે હીંદી કોમની જે અમુલ્ય સેવા બજાવી છે તેની તારીફ કરી છે.

મીટીંગ વખતે ટ્રાંસવાલના દરેક શહેર અને ગામડાઓમાંથી ટેલીગ્રામોના તારો મળેલા છે. ટ્રાંસવાલની બહાર દરેક, લેડીસ્મીથ, જુબરટન, ડરબન, કેપટાઉન ટેલીગ્રાફીથી તાર મળ્યા છે. નાતાલ ના હીંદીવાનોના માનમાં બધી દુકાનો બંધ કરવામાં આવી હતી.

વોક્સરસથી તારમાં ખબર આવ્યા છે કે હિંદી કેદીઓને શહેરમાં જાહેર રસ્તા ઉપર પથરા ભાંગવાના કામ ઉપર ચડાવેલા છે. તેઓ ખોરાકની ફરીયાદ કરે છે.

ગઇ કાલે ઓકસબરગમાં લાઇસેન્સ વગર ફેરી કરવા માટે એક ફેરી વાળાને છ અઠવાડીઆની સખત મજુરીની જેલની સજા થઇ છે

મુગાજી પટેલ આજ છુટા થવાના છે તેને આજ અથવા કાલે વડપાર કરે એવો સંભવ છે.

ગઇ કાલ સાંજનું 'સ્ટાર' છાપું સખત પગલાં ભરવાની આગ્રહપૂર્વક સલાહ મણ કરે છે. અને ટ્રાંસવાલના આગે વાનોને કેદ કરવાની સુચના કરે છે.

આજનું 'લીડર' ભલામણ કરે છે કે બહેલા બાજત સરકારે રસ્તો કરવો જોઇએ. અને ખુની કાયદો હાલ લાગુ પાડવામાં આવે છે તેની સામે સખત વાંધો દર્શાવે છે. અસલ ભરેલા ખોરાક માટે તથા રાજદ્વારી કેદીઓને સખત સજા કરવા સામે પણ તે ધ્યાન ખેંચે છે. અને તે લખાણના છેવટના ભાગમાં લખે છે કે હીંદી પ્રજા અંગ્રેજી રાજમત ન હોત તોપણ જે પ્રજા આપણા કરતાં ઘણા હાળ મહેલાં ઘણો સુધારો વધારો વાળી હતી તેના તરફ આટલું (જેલીઓને ખોરાક બરાબર આપવો તથા સખત મજુરી નહીં આપવી) કરવું એ આપણા જેવી સુધરેલી પ્રજાની પુરે પુરી ફરજ છે. સરકાર જે પગલાં ભરી રહી છે તેને અંગ્રેજ અથવા કુલ પ્રજા નો મોટો ભાગ ટેકો આપે છે એ અમે માનવાની ના પાડીએ છીએ.

નાતાલ ઈંડીઅન કોંગ્રેસે મી. રીચને તથા ડરબન અંજુમન ઇસ્લામે હીંદુસ્તાન ના આગેવાને ૧૫ શહેરોમાં મુખીઓને કેબલ મોકલ્યા છે તેની વીગતવાર હકીકત અમે આવતે અઠવાડીએ આપશું.

[નાતાલ મરકયુરી ઉપરથી]

મરકયુરીના ખબરપત્રી જોહાન્સબરગથી તારથી જણાવે છે કે ગુરૂવારે મળેલી મસ મીટીંગ પુરી થતાં પહેલાં મરજીદની બહાર ટોળું થયું હતું. નાટાલ સુબ્રત નવી સાલ ગીરીના રોજ થયેલ મેળાવડા વખતે પ્લેટફોરમ ઉપરની એક ખાલી બેઠકને માટે બે જણા વચ્ચે ઝાંઘો પડ્યો હતો. આજ રોજ આ બેમાંનો એક આ મીટીંગ માં આવેલ, અને બીજો બહાર તેની રાહ જોઇ ઉભેલ. તેણે તેને જોયો એટલે તકરાર શરૂ થઇ. તરતજ મરજીદમાંથી લોકો બહાર આવ્યા અને ઝપાઝપી થઇ. પછી આ બે માણસોના પક્ષવાળા એક બીજાને લાકડી, પથરા, ઇંટ અને જે કાંઇ હાથ આવ્યું તે ફેંકવા લાગ્યા. એમાંથી પથરા નુકશાન થવાની ધાસ્તી લાગવાથી કોઇએ સીટી વગાડી પોલીસને બોલાવ્યા. પોલીસ આવ્યા તે વખતે કજીઓ પતી ગયો હતો. કોઇને ગંભીર ઇજા થઇ નથી. તેઓએ પથરા વગેરેનો જે ઉપયોગ કર્યો હતો તે જોતાં કોઇને જરા પણ નથી થઇ. અથવા મરાયું નથી એ તાજુબી ભરેલું ગણાય એક હીંદીએ વહતાં ટોળામાં ઘોંડાની નાળ ઘણા જોરથી ફેંકી હતી

બીજા એક તારમાં રૂટર જણાવે છે કે હીંદી મીટીંગ આજ બપોરે મળી હતી તે વખતે થયેલ હુલડથી ઘણાને ઇજા થઇ છે પણ કોઇને ગંભીર ઇજા થઇ નથી. ઇંડિઅન ઓપિનિઅનના અધિ પતિ મી. પોલાક શાંતી ફેલાવવાની મહેનત કરતાં સહજમાં વચ્ચે આવી ગયા ન હત તો તેમનું માથું ભાંગી જાત.

વિટીશ ઇંડિઅન એસોસીએશન તરફથી વડી સરકારને મોકલવાની એક જાહી અરજી તયાર કરવા માં આવે છે. આ અરજીમાં બધી હકીકત જણાવવામાં આવી છે ને બતાવવામાં આવ્યું છે કે દાદ ગીતાં સુધી હીંદીઓએ સખત રીતે સજત ચાલુ રાખવાનો ઠરાવ કર્યો છે.

ના. સુલતાનના માનમાં જુદી જુદી જગ્યાએ થયેલા મેળાવડા

હબીજ રેલવે ખુલ્લી મુકાઇ તેની ખુશાલી

ના. સુલતાનની તખ્તનશીનની સાલગીરી તથા હીજાજ રેલ્વે ખુલ્લી મુકવાને રોજ જે તહેવાર પાળવામાં આવેલ તેને લગતા જુદી જુદી જગ્યાથી બીજા જે રીપોર્ટો અમને મળેલ છે તેનો સાર નીચે આપીએ છીએ.

નાતાલ

વેરૂલમથી એક લખનાર જણાવે છે કે તા. ૧ સપ્ટેમ્બરે અત્રેના મુસલમાન ભાઇ ઓએ ઘણો વેપાર બંધ કરી જાહેર તહેવાર પાળ્યો હતો. મસ્જીદમાં વાવટા વગેરે મૂકવામાં આવ્યા હતા તથા ગામને રોશની કરવામાં આવી હતી. ખુદાની બંદગી કરી મોકુદ શરીફ પઢવામા આવી હતી તથ શીરણી વેહેંચવામાં આવી હતી. પઢવાનું કામ મી સુલેમાન વાંકે સારૂ જણવ્યું હતું. રોશની વગેરેની મહેનત માં મેસરસ ૮ સી મોનાલા તથા ૮. વાવડા એ તન મનથી મદદ કીધી હતી.

અમલીમાથી મી. ઉમર ઇસ્માઈલ લખે છે કે હમીદીયા ઇસ્લામીક સોસાયટીએ કરેલ ઠરાવ મુજબ તા. ૧ સપ્ટેમ્બરના રોજ બધી દુકાનો બંધ કરી સરકારી ઇસ્લામી ભાઇઓએ જાહેર તહેવાર પાળવાનું નકી કરેલ હતું. છતાં અમે એક દુકાન ખુલ્લી રાખવામાં આવી હતી જે ઘણી અફસોસ ની વાત ગણાય.

ડરબાંસવાલ

મીડલબરગથી મી. મ. ઇ ખોલવડવાલા લખે છે કે તા. ૧ સપ્ટેમ્બરના રોજ અત્રે બધી દુકાનો બંધ હતી. મી. એ. ઇ. જાલાની દુકાન ખાસ શણગારવામાં આવી હતી. બપોરે મી. ઇ. સાલુજાના હોલમાં મીટીંગ મળી હતી જે વખતે આસરે ૬૫ માણસો હાજર હતા. મી. ઇ. સાલુજાની દરખાસ્તથી મી. એ. ઇ. જાલાએ ખુરશી લીધી હતી. પ્રમુખે લોકોને આજના તહેવારની હકીકત સમજાવી હતી. પછી સરવેએ ના૦ સુલતાનના હકમાં દુઆ માગી હતી બાદ હબીજ રેલ્વે માટે ઉઘરાણું શરૂ થયું હતું તેમાં પૌંડ ૨૩૦૦ રકમ થઇ હતી. મી. ઇ. સાલુજા તરફથી ડરબ વગેરે જાહેર મીટીંગ ભરવા અને

ચાર્લ્સટાઉનથી મી. એચ. કે. લખે છે કે તા. ૧ લી સપ્ટેમ્બરના મુબારક દિવસે અત્રેના ઇસ્લામી ભાઇઓ તરફથી જલસો કરવામાં આવ્યો હતો અને મુબારક બાદીના તાર ઇસ્તંબુલ તથા મદીના મુનવરા પ્રીન્સ અરદાનુદીન ઉપર કરવામાં આવ્યા હતા. તા. ૩૧ આગસ્ટની રાત્રે દરેક દુકાનોએ રોશની કરવામાં આવી હતી અને મી. ઇસ્માઇલ બદુ મીયાંની દુકાને રાત્રે નવ કલાકે સરવે દીની ભાઇ ઓ જેમા ચર્ચા હતા. તેમાં હીંદુ કોમના તેમજ ગોરા અમલદાર વીગેરે મહત્વેાએ હાજરી આપી હતી. આવા દીની મેળાવડા માં ગોરાઓએ જે હાજરી આપી હતી તે બદલ મી. ઇબ્રાહીમ આપુભાઇએ પોરટુગીઝ ભાષા માં ભાષણ કરી તેમનો આભાર માન્યો તથા બીજાઓએ વખતને અનુસરતું વિવેચન કરી હાજર રહેલાઓનો ઉપકાર માન્યો બાદ મેળાવડો વિખરાયો હતો. તા. ૧લી સપ્ટે મ્બરના મુબારક દિવસ મી. ઇસ્માઇલ હાજી હબીબભાઇ એન્ડ કુ તરફથી મસ્જીદને તથા મસ્જીદના આગલના રોડને પુર રોશનીથી ઘણીજ ખુબી.બીત રીતે શણગાર વામાં આવ્યા હતા, તથા મૌલુદ શરીફ અને દુઆ પઢવવામાં આવી હતી.

ક્રેપ હોલોની

ક્રેપટાઉનથી અંજુમન ઇસ્લામના મેમ્બરે હરી લખી જણાવે છે કે ના. સુલતાનના તખ્તનશીનની સાલગીરી તથા હબીજ રેલ્વે ખોલવાની બેવડી ખુશાલીમાં તા. ૧ સપ્ટેમ્બરના રોજ તહેવાર તરીકે પાળવા તે. ઠરાવ મયા રવીવારે બ્રી ઇ. લીબ્રના હોલમાં મળેલી મીટીંગમાં કરવામાં આવ્યો હતો. આ મીટીંગમાં મુસલમાન કોમના બધા આગેવાનો હાજર હતા અંજુમન ઇસ્લામના પ્રમુખ મી. આદમ એચ હુ મદમદે ખુરશી લીધી હતી મીટીંગમાં મી. ઇસ્માઇલ મોજર (હબીબીઆ સે.સાયટીના પ્રમુખ) એ કાદર, મોલવી અહમદ ઝમાન, સઇદ મુસ્તફા એડ્રસ, ટી. બુકી, એમ. અર્દીક, ઇસ્માઇલ સીદીક વગેરે બીજા બધા હતા પ્રમુખે ના. સુલતાનની સાલ ગીરી તથા હબીજ રેલ્વે ખોલવા માટે મોટી ખુશાલી જાહેર કરી તથા અંજુમને આજ સાત વરસ થયાં દીની કામોમાં જે ભાગ લીધો છે તેની તારીફ કરી. બાદ આજના કામનો પ્રોગ્રામ મુકરર કરવામા આવ્યો હતો.

આ મીટીંગમાં સરવાનુમતે પાસ થયેલ ઠરાવ હબીબ ના. સુલતાનને મુબારકબાદી નો તાર મોકલવામાં આવ્યો હતો. તે બાબત બાદ બધી દુકાનો બંધ કરવામાં આવી હતી. બપોરે ૪૦૦ ઉપરાંત મુસલમાન ભાઇઓ વિદ્યાર્થીઓ અને બીજા કેટલાક સુપરસ્ટરીટની મસીદમાં એકઠા થયા હતા. ત્યાં આગળ મી. ઇમામ મહમદ તલબુદીને નીમાજ પઢાવી હતી. આ વખતે ના. સુલતાનના કોન્સલ-જનરલ મી માઇઅર્ગ ઓમલદારી પોશાકમાં હાજર હતા. નીમાજ બાદ મી. યુસુફ મહમદે ના. સુલતાનના પ્રતી નીધી તરીકે અંગ્રેજ મી. માઇઅર્ગની હાજરી માટે ખુશાલી જાહેર કરી. મી. એ. કાદરે સમયને અનુસરતું ભાષણ કરી શુભ અવસર માટે ખુશાલી જાહેર કરી. મી. માઇઅરે ના. સુલતાનના અમલમાં મુસલ માન કોમમાં જે સુધારા થયા તથા લોકો ઇલમ તથા આબાદી પામ્યા તેનો ઇતિ હાસ કહી સંભળાવ્યો. બાદ મી યુસુફ મહમદે કેપટાઉનની મુસલમાની અરે બીક નીશાળના હેડમાસ્તર શેખ મદમદ સાલે તથા મુખ્ય ઇમામ મહમદ તલબુદીન અને બીજા ઇમામો સાથે કોન્સલ-જન રલની ઓળખાણ પડાવી બાદ બધા નીશાળીઆઓને મસ્જીદ બહાર ઉભા રાખી ફોટોગ્રાફ લેવામાં આવ્યા હતા. આ નીશાળીઆઓનું આખા શહેરમાં સરઘસ કાઢવામાં આવ્યું હતું અને તેમને મીઠાઇ વહેંચવામાં આવી હતી. રાતે મસ્જીદને ફરતી રોશનીથી શણગારી હતી. રાતે ફરીને નીમાજ પઢવામાં આવી હતી અને બધાએ સાથે મળી ખાણું લીધું હતું.

ક્રેપટાઉનથી હબીબીઆ મુસલમ સોસાય ટીના ચેરમેન લખી જણાવે છે કે સોમ વારના આ સોસાયટીની ખાસ મીટીંગ બોલા વવામાં આવી હતી. તેમાં તા. ૧ સપ્ટે મ્બરના રોજ મેમ્બરોએ રોજગાર બધ કરી સોસાયટીમાં હાજર થવાનો તથા સોસાયટીના હોલને શણગારવાનો ઠરાવ થયો હતો તથા આ તહેવાર પાળવાને હમીદીયા ઇસ્લામીક સોસાયટી તથા મી. ઓસમાન અહમદ એડેન્દીએ જે મહેનત ઉઠાવી છે તથા આખા દક્ષિણ આફ્રિકાને જગૃત કર્યા છે તે માટે તારથી તેમનો આભાર માનવો અને મેમ્બરો તથા અન્ય મુસલમાન ભાઇઓને હાજર પહોંચવું. આ ઠરાવો મુજબ તા. ૧ ના રોજ સોસા યટીના હોલમાં રાતના ૮ વાગે એક મોટી મીટીંગ મળી હતી. હોલને રોશની વાવટા ઝાંડી વગેરેથી શણગારવામાં આવ્યો હતો. મીટીંગમાં એકસો બધા આવ્યા.

આવ્યા હતા કે પણ ભાઇઓને હોલની બહાર બેસવું પડયું હતું. લગભગ ૨૫૦ જેટલા બલાઇ મુસલમાનો એ ભાગ લીધો હતો. તેમાં ખાસ કરી હાજી એહેન્દી ઇમામ મુસ કાફેજ, અબદુ રહેમાન કલેરમોંટવાળા, હાજી મહમદ હાજી તાલેબ, ઇમામ હાસમના ભાઇ વગેરે હતા. બરાબર ૮ વાગે કુરાન શરીફનો ખતમ શરૂ કરવામાં આવ્યો હતો. તે બરાબર પણ હાલેહા પછી નામદાર બલીફ તુલ મુસલમીનના હકમાં દુવા ગુજારવામાં આવી હતી હાફેજ અહમદ સાલે તથા હાજી બસપે બંનુ તરફથી પાક નીશાનમાં ખુશ બોલહાનથી ગજલો પડવામાં આવી હતી. ચેરમેન સહેજ તથા સબબદ મુરતબા બેહરજે ઉભા થઇ નામદાર સુલ તાનની કેટલીક હકીકત બ્યાન કરી હતી અને બલાઇ મુસલમાનોની બહુ મોટી હાજરી વિષે ખુશી જાહેર કરી હતી બાદ શાહની દુવાનો કાર્યક્રમ વગેરે સરવ કોમને દેવાઇ રહ્યા બાદ કલાક ૧૧ ના જલસો બરાસ થયો હતો.

સાઉથ આફ્રિકન બિ ધ. એસોસીએશન તરફથી લખી જણાવે છે કે આજના શુભ અવસરની ખુશાલી જણાવવા હાનો વર એસ્ટના એસોસીએશન હોલમાં મુસલમાન ભાઇઓનો ગાજનવર મેળાવડો કરવામાં આવ્યો હતો. દિવસના એસ્પેશીયલ એસ્ટની મસ્જીદમાં નીમાજ પડવામાં આવી હતી જે વખતે ઇમામ અબદુ રહેમાન કે. જમાલુદીને નામ સુલતાનની લાંબી આયુષ્ય ઇચ્છી હતી તથા હુજુર વૈરેય બોલવા માટે તેમનો ઉપકાર માન્યો હતો. એસોસીએશનનું મકાન સવારથી વાવટા વગેરેથી શણગારવામાં આવ્યું હતું તથા રાત્રે બીજલીક રોશની કરવામાં આવી હતી તથા મીટીંગમાં ચા નાસ્તાની પણ અગ્રથી બોબવણ કરવામાં આવી હતી એસોસીએશનના મેકરેટરીએ કેટલાક બાહેરા કામ કરનારાઓની મદદથી આ સઘળી બોબવણ ઘણી સુંદર રીતે કરેલી હતી મીટીંગમાં મા. ઇબ્રાહીમ નુરૂદીને ખુરશી લીધી હતી બીજા હાજર થનારા નામાં મેસરસ. જે. એમ. એચ. ગુલ, હાજી સુલેમાન શાહ મહમદ હુસેન અહમદ, ઇમામ મહમદ, એમ, આદ્રા. ડાલા, એ. અલી, હાજી ઇબ્રાહીમ, આર. નારણજી, આદમ અબદુલા, હાજી મહમદ ખાન, ઇબ્રાહીમ દરમાણ્ડલ વગેરે બીજા ઘણા હતા. નાતુરકીના કોન્સલ જનરલ મા માઇબરગ કેટલીક અગવડને લીધે હાજર નહિ થઇ શકયા તે માટે દીલગીરી બતાવનારો કાગળ સેકરેટરી મી. કાસમ અલીએ વાંચી સંભળાવ્યો. બાદ પ્રમુખે તાળીઓના ગડગડાટ વચ્ચે પોતાના ભાષણમાં ના૦ સુલતાનને મુબારકબાદી આપી તથા રેલ્વેને માટે ખુશાલી જાહેર કરી. મુશ્કેલીના છેલ્લા બીસ વરસમાં તે નામદારે જે બાહોશીથી રાજકારોબાર ચલાવ્યો છે તેને માટે તેમની તારીફ કરી. તેમણે જણાવ્યું કે તુરકસ્તાનના નવા બંધારણથી રાજ્યમાં ઘણી રોશની થશે. હજ્જ-મદીના રેલ્વેના ખુલવાથી વેપારને ફાયદો થશે. એટલું જ નહિ પણ બીજી ઘણી મોટી રાજવડ થમ છે. મી જે. એમ. એચ. ગુલ. જેમને મોટો આવકાર આપવામાં આવ્યો હતો તેમણે ના૦ સુલતાનને મબારકબાદીનો તથા હજ્જાજ રેલ્વે ખુલી મુકવા માટે ખુશાલી જાહેર કરવાનો તાર મોકલવાનો પહેલો ઠરાવ રજુ કર્યો. તથા ના૦ સુલ તાનની જાહોજલી ભરી કારકીર્દીની તારીફ કરી. મી. હાજી સુલેમાન શાહ મહમદે આ ઠરાવને ટેકો આપતાં ઉપરના વકતા એ કહેલ બીનાને ઘણું ખુશીની સાથે ટેકો આપ્યો. તથા હજ્જાજ-મદીના રેલ્વે ખુલ્લી મુકવાથી મુસલમાન કોમને અમણીત ફાયદો થશે તેનું વરણન કરવું. બાદ મેસરસ એમ. આદ. ડાલા. એસ. કાસમ અલી, ઇમામ મહમદ, હાજી ઇબ્રાહીમ અને બીજા એ સમયને અનુસરતાં ભાષણો કરવાં.

છેવટમાં પ્રમુખે આ શુભ અવસરની યાદગીરી તરીકે એક દીની મંડળ સ્થાપ વાની સુચના કરી. આ સુચના સરવાનુ મતે કબુલ રાખવામાં આવી. બાદ ઘણી લાંબી ચરચા થયા પછી તે મંડળનું નામ ટ્રેપટાઉનની હમીદીઆ ઇસ્લામીક સોસાયટી રાખવામાં આવ્યું આ સોસાયટીના કારભારીઓનું ચુંટણી નીચે મુજબ થઇ છે: પ્રમુખ, મા. હાજી સુલેમાન શાહ મહમદ; ઉપ-પ્રમુખ, મી. જે. એમ એચ ગુલ: જોડીઆ-ખજાનચી, મેસરસ હાજી મહમદ ખાન અને એમ આમ. ડાલા; જોડીઆ-તંત્રી, મેસરસ હુસેન મહમદ અને હાજી ઇબ્રાહીમ આ સિવાય ૨૦ મેમ્બરોની કમીટી નીમવામાં આવી હતી અને તેજ વખતે ઘણા સાહેબોએ મેમ્બર તરીકે નામ નોંધાવ્યા હતા. આમ સઘળું કામકાજ ઘણી ખુશાલી વચ્ચે પુરૂ થયા બાદ મીટીંગ રાતના સાડા દશ વાગે બલાસ કરવામાં આવી હતી.

સેકરેટરી જણાવે છે કે આ સોસાયટીનો ઘણું વરસની નાની ઉમર દરમ્યાન તેમાં ઘણા મેમ્બરો થયા છે તથા કેપ કોલોનીના જુદા જુદા ભાગોમાં તેની ઘણી શાખા સ્થાપવામાં આવી છે.

કીંબરલીથી 'એક મુસલમાન' લખે છે કે તા. ૧ સપ્ટેમ્બરના રોજ અત્રે બ્રિસ્તામી ભાઇઓએ દુકાન બંધ કરી હતી. તથા મસ્જીદમાં બહોરની નમાજ પડી ના૦ સુલતાનના હકમાં દુવા ગાવી હતી

માર્સલબર્ગથી "સોલાયટી તરફથી એક લખનાર" જણાવે છે કે અત્રે તા. ૧ સપ્ટેમ્બરના રોજ બંધ રોજગર બંધ કરવામાં હતાં. અત્રેના તમામ મુસલમાનો એ બહોરની નમાજ બાદ મીજલસનો જલસો કર્યો હતો. જેમાં મેસરસ એ. એમ. મારા (ચેરમેન.) ઓસ. નબાબ (સેકરેટરી) ઇસ્માઇલ અલી, એચ. પટેલ, મીઠા અબ્દુલા, દાઉદ અભરામ, મુસા ઉમરજી, ઇસ્માઇલ કાસુ, ઇસ્માઇલ હાકિકાર વગેરે બણા હતા.

લોવર પારલથી મી.ઇ.ગ્રાભાઇ લખે છે કે અત્રે અરબો દિવસ દુકાનો બંધ હતી મસ્જીદમ નમાજ પડી ના૦ સુલતાનના હકમાં દુવા ગાવી હતી. તેમજ મસ્જીદને તુરકી વાવટાથી શણગારી હતી.

સમરસેટ વેસ્ટથી બ્રિટીશ ઇન્ડિઅન લીગના સેક્રેટરી મી ગીદીક ઇસ્માઇલ જણાવે છે કે તા. ૧ ના રોજ મેસરસ જી. એ. ગોમદાવાળા, એમ. હુસાત તથા એમ રસુલ અહીંના કલરડ છોકરાની વેસ્લી મીશન સ્કુલમાં મુખ્ય મીશનના હાથે વિદ્યાર્થીઓને ફ્રુટ તથા સ્વીટ વહેંચ્યાં હતાં. અત્રે તહેવાર ગણ્યો હતો. દુકાનો બંધ કરી હતી, તથા મેળાવડો કરી ના૦ સલતાનના હકમાં દુવા ગાવી હતી.

સ્ટેલનબોસથી એક ખબરપત્રી જણાવે છે કે અત્રે તા. ૧ સપ્ટેમ્બરના રોજ બધી દુકાનો બંધ રાખવામાં આવી હતી. રાત્રે મસ્જીદમાં રોશની કરવામાં આવી હતી. તથા નીમાજ પઢવામાં આવી હતી. અહીંના ચેરમેન મી. મુસા નુરમહમદની દુકાને સરવે મુસલમાન ભાઇઓ એકઠા થયા હતા જ્યાં આગળ સરવેને મીઠી મીજબાની આપવામાં આવી હતી.

આ ઉપરાંત બીજી કેટલીક જગ્યાના રીપોર્ટ અમને મળેલાં છે. જે આવતે અઠવાડીએ આપવા ઉપેદ રાખીએ છીએ

'ટાઇમ્સના' ખબરપત્રીએ મદિના થી લંડન પહેલી વખત તારથી ખબરો મોકલી છે તે નીચે મુજબ છેઃ— મુસલમાનોનું દુનિયામાં મક્કાથી બીજે નંબરે આ શહેર પવિત્ર સ્થાન છે. મદિના જતી રેલવે મદિના સુધી પહોંચી છે. મક્કા અદીથી ૨૫૦ માઇલ દુર છે. અદીથી દમાસ્કસ સુધીની રેલવે ખુલ્લી તે રોજ ઘણી ખુશાલી જોવામાં આવી છે. રેલવે ખુલ્લી મુકવાની ક્રિયા સ્ટેશન પાસેના ખુલ્લા મેદાનમાં થઇ હતી. આ જગ્યાએ દુનીઆના સઘળા ભાગના મુસલમાનો સંખ્યાબંધ આવેલા હતા એક ઇજીપશીઅન વકતાએ કહ્યું કે જ્યાંસુધી તાજ ખલીફે નવું બંધારણ આપ્યું ન હોતું ત્યાંસુધી હજરત પેગંબરે રેલવેને પવિત્ર શહેર સુધી પહોંચવા દીધી નહિ હતી. ઇસલામના આ પવિત્ર શહેરમાં એન્જીનની સીસોટી સંભળાઇ છે તેથી પુરવના હાલ ના જમાનામાં નોંધ લેવા જેવો ફેરફાર જણાયેલ છે. ૬૦ પેગંબરની કબરની મસ્જીદ માં પણ વીજળીક રોશની કરવામાં આવી છે. રેલવે મક્કા સુધી પહોંચશે, તથા હજ પડવા જતાં પડતી મુશકેલીઓ દુર થશે એવા વિચારે આખા મુસલમાનકોમ બહુ ખુશી થઇ છે. આ લાઇન ૬૦૦ માઇલ લાંબી છે. એક ભાગમાં તે ૬૦૫૦ ફીટ દરીઆની સપાટીથી ઉંચી છે. આ રેલવે જાહેર ઉપરીઓથી બાંધવામાં આવે છે રેલવેના કામ ઉપર જરમન એન્જીની અરની દેખરેખ છે.

માણસોનો હક

[લખનાર એક સત્યગ્રહી]

છતિહાસ લખનારાઓ કહે છે કે ગ્રીસ ના એથેન્સ શહેરમાં નબળા બાંધાનાં બચ્ચાંને જીવવા દેતા નહીં. તેઓ કહેતા કે નબળા શરીરવાળાને જીવવાનો હક નથી. મુસલમાનો માને છે કે માણસ પોતાના ઉપયોગમાં "હક" હોય તેનેજ લાગુ કરે છે.

હીંદુઓ પણ ધરમ પ્રમાણેના વરતનથી પેદા કરીલેલ હક માને છે અને અધરમથી પેદા કરીલેલું હરામ છે અને તેથી પાપ લાગે છે

ગોરાઓ દુનીયામાં સર્વ દેશમાં વસવાનો પોતાનો હક માનેછે અને બીજી પ્રજાઓને પોતાને પસંદ પડતા દેશોમાં વસવાનો હક કબુલ કરતા નથી. પોતે સત્તના ઉપરી થવા ચાહે છે અને બીજાઓને તેમના તાબેદાર-ગુલામ ગણે છે.

આમ 'હક' શબ્દનો ઉપયોગ અનેકરીતે થાય છે છતાં અરથ ગમગમ બધામાં મળતો રહે છે. પોતાની લાયકાત સાબીત ન કરી શકે તેવો હક નહીં- તેમનો હક નહીં. હરામીનો હક કોણ કબુલ કરે? ગોરાઓ આપણો હક કબુલ કરતા નથી એટલે આપણે હરામી હરવા જઇએ છીએ. આ તહોમત દુર કરવું એ આપણી ફરજ-ધરમ છે જો આ તહોમત દુર કરવામાં આપણે પછાત પડીએ તો આપણું જીવવું નાદરુસ્ત-હરામ ઠરતા બને છે. જેઓ પોતાનો ખરો હક સાબેત કરવા જહેમત ઉઠાવે છે તેઓ ધરમની-દીનની સેવા કરે છે.

હક વીનાનું જીવવું એ જેટલું દુઃખકર છે તેટલું દુઃખ દુનીયામાં જહેમત ઉઠાવવામાં નથી.

મોરીશીઅસ હીંદીને લીબેરલ આબાદ પામ્યું છે.

હીંદી વેપારીઓનાં લાઇસેન્સ બંધ કરવાની ચરચામાં નાતાલના એક કારભારી એ મોરીશીઅસનો દાખલો આપ્યો હતો. તેના જવાબમાં મોરીશીઅસના માજી ગવર નર સર ચારલસ બરુસે 'લંડન ટાઇમ્સ' ને એક કાગળ લખ્યો છે. અમારા વાંચ નારને યાદ હશે કે ધરા સરકાર પાસે ગયા મહીનામા લંડનમાં જે ડેપ્યુટેશન ગયું હતું તે પ્રસંગે સર ચારલસ બરુસે લોર્ડ કરઝન સાથે ડેપ્યુટેશનના મેમ્બરોની ઓળ ખાણ કરવી હતી. તથા હીંદી પ્રજની વફાદારી ઉપર એક અન્યુ ભાષણ કરવું હતું- તેમનો 'લડન ટાઇમ્સ' માં પ્રગટ થયેલ કાગળ નીચે મુજબ છેઃ—

"નાતાલના લેજીસ્લેટીવ સેક્રેટરીએ એશીઆટીક વિરુદ્ધ કાયદા બાંધતાં મોરી શીઅસનો દાખલો આપી જણાવ્યું છે કે મોરીશીઅસમાં એશીઆટીક વેપારીઓને લીધે ગોરાનો વેપાર બીલકુલ ચાલતો નથી. તે સબંધી હું બે શબ્દ કહેવાની રજા લઉં છું. મોરીશીઅસમાં એશીઆટીકોને આવવાનું ગોરાઓએ પ્રથમથી ઉતેજન આપ્યું છે અને હજી ઉતેજન અપાય છે. કારણ કે તેઓ જાણે છે કે કોલોનીની આબાદી માટે એશીઆટીકોની પુરી જરૂર છે. પણ એટલું પણ ખરું કે તે કોલોની માં એશીઆટીક ન આવ્યા હત તો સુધરેલા રોલ્યને જરૂર પડતો ખરચો ઉઠાવવાને તે ટાપુ અસમર્થ થત અને તેથી તે છોડી દઇ ફ્રાન્સેને પાછો સોંપવો પડત. મુરોપી અન દેખરેખ નીચે એશીઆટીકોની મદદ થી તે કોલોનીના કુદરતી સાધનોનો પુરો લાભ મળ્યો અને તેથી કરીને રાજ્યનો સલજો ખરચ કપડી શકયો અને સાથે બચાવ માટેના લશ્કરના નીભાવમાં પણ ઉદારતાથી હિસ્સો આપવાને સમરથ થઇ શકાયું.

હીંદીઓના લાઇસેન્સ બંધ કરવા ના કાયદામાં 'મરકયુરી'ના ટીકા

નાતાલમાં હીંદીને વેપાર કરતાં અટકા વવાના જે બીલ પાસ થયાં છે તેના બીજા વાંચન વખતે પારલામેંટમાં જે ચર્ચા થઇ હતી તે ઉપર ટીકા કરતાં 'મરકયુરી' લખે છે કે એશીઆટીકોના લાઇસેન્સ ૧૦ વરસ પછી બંધ કરવા બાબતના બીલ ઉપર અસાધારણ ખળ ભળાટ થયો હતો. આ બીલ વિષે અમારો મત એવો છે કે નાતાલ પાલમિંટે તેને પાસ કરવાને જે વખત ગાળ્યો તે નકામો છે. વડી પારલામેંટના બેમાંથી કોઇપણ પક્ષ આવા કાયદાને મંજુરી આપવાની ગ્રહેનશાહને સલાહ નહિ આપે. મા મારશલ કે પગેલ બંને બીજા સભા સદો જેણે આ બીલો પાછા ખેંચી લેવા ને મહેનત લીધી છે તેઓએ કોમોનીનો મોભો જાળવવાને ખરો પ્રયત્ન કર્યો છે. વડી સરકાર સાથે ઘમઝા કેટલીક વખત આપણે અથડા અથડી થઇ ચૂકી છે અને હવે વધુ ન થાય તેને માટે આપણે ચેતવું જોઇએ એશીઆટીકો બીલકુલ વેપાર ન કરી શકે અને તેઓ પોતાની કંપનીઓ ખાતા પણ બંધ થાય એવો કાયદો ઘડવો એ હડહડતો અન્યાયી કોમી કાયદો ગણાય આ કોલોનીમાં ગોરા તથા નેટીવો (કાફર) ની માફક ઘણા એશીઆટીકો ઘર કરીને વસ્યા છે. તેઓના વડવાઓને કોલોનીમાં આવવા દેવામાં ભુલ તો થઇ પણ તેવી ભુલ સુધારવાને માટે કાંઇ આવા કાયદા ન ઘડી શકાય આ બીલ એવી આંખે વાંચીને ઘડાયું છે કે તે બીલના અરથ પ્રમાણે અશીઆના વતની આપણા યાહુદી ભાઇઓને પણ આ કાયદો લાગુ પડે. અને આપણા યાહુદી ગવરનરના અમલ વખતે યાહુદીને માટે આવો કાયદો ઘડાય તે બરોબર તાબુતી પમાડનારું ગણાય. કોલોનીઅલ સેક્રેટરી માને છે કે બદલો આપવાની કલમ નાખી છે તેથી વિલાયત માં આ બીલ ઉપર બહુ ટીકા થશે નહિ પણ અમને ખાતરી છે કે સરકાર આમાં પુરી છેતરાય છે. આવા કાયદા ઘડવાથી એશીઆટીકો સામે જે ઠાંસો વાજબી ઠપાણ થઇ શકે તેને બધુ નુકશાન પહોંચશે અને બ્રિટીશ રાજ્યની સલામતી જોખમમાં આવી પડશે.

ચરચા પત્ર.

અમારા વરચાપત્રીઓ નીચેના નીયમો સાર મોકલશે તો તેઓના પત્રો ઉપર ઠરત ધ્યાન અપાશે.

૧. કાગળની એક જ બાજુએ લખવું.

૨. અક્ષર ઉકલે સારૂ મોટા લખવા.

૩ નામ તથા ઠેકાણું બરોબર લખવાં. તે હમેશાં બહાર પાડવા સારૂ નહિ, પણ અમારી જાણને સારૂ.

૪. મંગળવારના કામ સુધીમાં મળેલ લખાણો તેજ અઠવાડીયામાં હાજર કરી શકાશે.

૫. કે કરેલાં વરચાપત્રો બનતી કાળજી અમારા લખનારાઓને પાછાં મોકલી આપવાને અમે બંધાયલા નથી.

૬ લખાણ હમેશાં ટુંકું અને મુદાસર હવું.—અધિપતિ.

વરચાપત્રીઓને જવાબ

'જન્મભુમીનો આભારી સેવક'—તમારા નામ વિના તમારૂં લખાણ આપી શકતા નથી. તમે બહુ કીંમતની વાત લખેલી છે. છતાં બહાર પડવાનું જે પહેલું મગજ છે તે વિષે લખેલું છે કે 'હજુ આપણો વખત બહાર પડવાનો નથી.'

મેસરસ હાસમ આદમજી (કરસરસ ડોરપ) તથા મહમદ અહમદ ભાભા (રટાંડરટન)—તમે મોકલેલ ખબરો માટે આભારી છીએ. તે ખબરો જોહાન્સબરગના ખબરપત્રમાં આવી ગયા છે એટલે ફરીથી નથી છાપતા.

લેડીસ્મીથ અને બીજી જગાએથ મળેલા કેટલાક વરચાપત્રો અમને મળ્યા છે તે આવતા અઠવાડીઆ ઉપર મુકતવા રાખ્યા છે.

અ. ઇ. એ.

પરચુરણ વરચા

ડરબનથી મી. મહમદ આદમ લોટીયા સુરતવાસી જણાવે છે કે કેટલાક વખત થયા કોર્ટ ઓફ (?) જામીનને બોલેકોલણા ખાતર છાપામાં બહાર પાડવામાં આવે છે તેમાં કોટવકીલોને બદલે બહાર લખવામા કેમ છે. હું કોટવકીલોને નમ્રતા પુરવક અરજ કરૂ છું કે કોઇપણ પ્રકારે એ સવાલનો નીવેડો લાવવો જોઇએ. હીંદુસ્તાન તથા અત્રે અજકાલ દરેક હીંદીઓને સબધી જોડાજોડ જવા પોકાર થાય છે ત્યારે કોટવકીલો જેવી કીંમતમાં ઉતરવા કરી કુસપના બીજા જેવે છે તે ભુલ કરેલ છે. અત્રેના કોટવકીલો ભાઇઓને આ સવાલ ઉપર ધ્યાન આપવા વિનતી કરૂં છું.

સ્ટાંગર ઇંડીઅન એસોસીએશનના સેક્રેટરી લખી જણાવે છે કે મંગળવારે કોંગ્રેસ તરફથી મેસરસ દાઉદ મહમદ તથા ખરસી રૂસ્તમજી વગેરેને જેલ મળી એવા તાર મળ્યા કે સરકારનાં તે પગલાં સામે પ્રતબધ જતાવવા અત્રેના વેપારી ઓએ દુકા બધ કરી હતી. તેમને મટે દુખ ઉઠાવવા માટે જેલ ગયેલા સાહેબોને અમારી એસોસીએશન મુબારક બાદી આપે છે.

ગ્રેટઉનની મી. રસુલખાન લખી જણાવે છે કે નાતાલના કોઠીઆઓને જેલ મળવાના ખબરથી તરતજ અત્રે બધી દુકનો બધ કરવામાં આવી હતી.

મારીતસબરગથી 'એક મુસલમાન' જણાવે છે કે ના. સુલત નની સાલગીરી તથા કોંગ્રેસ ના ચેરમેન વગેરેને જેલ મળી એ બેમાંથી કોણ સારે કે નરસે અવસરે અહીંના હીંદીઓએ દુકાનો બધ નથી કરી એ ઘણી અફસોસની વાત છે.

અમલીગાથી મી. ઉમર ખલાહીમ લખે છે કે મી ખલાહીમ ઓસમાન અમારી મેમણ કોમના આગેવાન તથા મારા સબધી છે તેમના જેલ જવાથી અમારી કોમને દુખ ઉપજે છે. મી. ખલાહીમને તેમની દેશદાઝ માટે ધન્યવાદ આપું છું અને ખુદા પાસે દુઆ માગુ છું કે અમારા ભાઇઓને તેમના જેવી હિંમત બક્ષે.

જોહાન્સબરગથી બારબર કાસમ મુસા લખે છે કે બનહેરાત હોમમાં ૭ ના સભ્ય અમારી કોમની સેવા બજાવવા માટે મેસરસ કાસમ હુસેન તથા દાઉદ ઇસ્માઇલ હજમનો ઉપકાર માનું છું. અલ્લાની કરામતથી તુ એક જાતનો બદલો છે એમ જણી જાનહાનના મારા ભાઇઓની થતી અમારી લાગણી જણાવું છું તથા સારા પ્રાણોનો ખુદા બદલો આપશે એમ ચાહું છું.

નીલીસ્ટરૂમની ઇડિઅન ખોટીના સેક્રેટરી લખી જણાવે છે કે અત્રેના પટેલ મોતી રખાને વગર લાઇસેન્સથી વેપાર કરવા માટે કોર્ટમાં ઉભો કરવામાં આવેલ તે વખતે અત્રેના બધા હીંદી કોર્ટમાં ગયા હતા અને માજીસ્ટ્રેટ પાસે વધુમાં વધુ સજા કરવાની માગણી કરી હતી. માજીસ્ટ્રેટે ૧ પૌંડ દડ અથવા ચાર દિવસની સંખત મજુરીની જેલની સજા કરી. મી. પટેલ પુરી હિંમતમાં છે અને તેણે જેલ જવાની ખુશાલી બતવી હતી. આજકાલ બીજાઓ પકડાવાની બકી છે.

બેલફાસ્ટથી 'ઐક જોનાર' લખે છે કે અહીંના માજીસ્ટ્રેટની કોર્ટમાં મી. કાસમ ઇસપ માકડાના મી. ઇ એ. સલુજી પાસે પચાર માસ ટના લેણાંના કેસ તા. ૬૯ ઓગસ્ટના રોજ ચલ્યો હતો. અને બીજો કેસ કાસમ ઇસપ માકડા ઉપર સબદ મુકતફાએ કાર્યો હતો. આ બંને કેસની જુબાની લેવરાવ્યા બાદ માજીસ્ટ્રેટ તરફથી ખરચા સાથે જજમેંટ મી. કાસમ ઇસપ માકડાને દેવામાં આવેલ છે.

ડરબનથી મી. મોહમચંદ જણાવે છે કે ગઇ તા. ૯ને બુધવારના રોજ લંડનથી સ્વામી શકરાનંદ કે લખે જણાવે છે કે હું તા. ૧૨ મીના રોજ કેરીસફુક કેસલમાં અહીંથી રવાના થઉં છું.

ઓડર ટાઇઝર' માં એક લખનાર જણાવે છે કે બીચ ઉપર કેટલાક હીંદીઓ માછીનો મોટો જથ્થો પકડાયો તે કાઢતા હતા ત્યારે કેટલાક ગોરાઓએ તે બીચારા ઉપર ધાડ પાડી હતી. અને સહુને ફાવે તેમ આ પરાયો માલ પોતાનો કરતા હતા. આમ લુટ ચલાવવામાં એકલા ગોરા પુરૂષ અને છોકરાજ નહિ હતા, પણ બાનદાની કપડાં પહેરેલ એક ગોરી બાઇ એક છોકરાને કહેતી હતી કે 'મને એક સફ આપ.' બીજુ, કેટલીક વખત બીચ ઉપર નહાતા કેટલાક ગોરાઓ ત્યાં કામ કરતા હીંદીઓ ઉપર મચ્છી કે કરી રમતો કરતા જોવામાં આવ્યા છે. ગોરાઓની બાનદાનીનું નામ જળવી રાખવા માટે આવા કારસ્તાનોથી બધુ ન બનવા પામે એમ સત્તાવાળાઓએ જરૂરીજ કરવું જોઇએ છે

હિંદુસ્તાનના ખબરો

(હીંદી છાપા ઉપરથી)

ગઇ તા. ૨૪ અને ૨૫મી જુનના દિવસોમાં જામનગર ખાતે એક ગરાશીઆ એસોસી એશન ભરવામાં આવી હતી, જેમાં ૨૫૦ ગરાશીઆઓએ ભાગ લીધો હતો.

દેવગઢબારીઆ ખાતે સત લાખ રૂપી આને ખરચે એક મહેલ બંધવાની ગોઠ વણ થઇ છે.

વઢવાણ શહેર અને જંકશન વચ્ચે બેહાની ત્રામવે ચલાવવાના મજણી વઢ વાણના ઠાકોર સાહેબને ત્યાંના વતની મી. પી. જનીએ કરી છે.

ગુજરાત કેન્ડલ ફેકટરીને જામનગર પ્રદરશનમાંથી મેાનાનેા ચાંદ મળેા છે.

ના૦ ગાયકવાડે તા. ૧૦મીએ નવસારી માં ટેકનીકલ સ્કુલ સ્થાપી છે.

કડવા પાટીદારેાની સમાજ અડજણના પેાલીસ પટેલ દલાભાઇ કરમજીભાઇના પ્રમુ પણા નીચે તા ૧૬મીએ સરદર ખાતે મળી હતી. તેમાં ૪૨ ગામેાના પાટીદારેા હતા. તેમણે પેાતાની ઉન્નતિ માટે ઠરાવ કરવા હતા.

મેસરસ ફ્રાંસીસ નંકસનની કંપની વલ સાડથી ધરમપુર સુધી એક રેલવે બાંધ નાર છે.

મસલમાનેા માટે અલીગઢ કેાલેજ અને હીંદુને માટે બનારસ સેંટ્રલ હીંદુ કેાલેજ છે તેવી જ્યતની પારસીઓને માટે એક કેાલેજ સ્થાપવાની યેાજના મુંબઇમાં ઉભી કરવામાં આવી છે.

બીલીમેારાથી ઝરા સુધીની રેલવે લાઇન બાંધવાનેા ઠરાવ થયેા છે. એ લાઇન કરતાં ત્રાંબલી બાજુએ નદિ રહી જાય તે માટે લેાકેાએ રાજ્યને અરજી કરી છે કે એ લાઇન ત્રીબલી આગળથી જાય અને ત્રીબલી સ્ટેશન થાય તેા મેાટેા ફાયદેા થાય.

જરૂચ શહેરમાં હથિયારબંધ પેાલીસના બાહસેાને રહેવાનાં મકાનેા રૂ. ૧૦૦૦૦ ના ખરચે બાંધવાનું નકી થયું છે તથા જંબુસર તાલુકામાં રૂ. ૨૫૦૦૦ નેા ખરચે નવી પેાલીસ લાઇન્સ બાંધવા માટે ગેાઠ વણ થાય છે.

વડેાદરાના મહારાજા સાહેબે મુંબઇની પ્રેસીડન્સી સેાશીયલ રીફેાર્મ એસેાસીએશન ઉપર રૂ. ૪૦૦ની રકમ સુધારાને લગતા કેટલ વિષય ઉપર સારા નિબંધ લખનારા બેને બે ઇનામેા આપવા આપી છે. જેથી એ મંડળી તરફથી જ્ઞાતિઓ તથા પેટા જ્ઞાતિઓ અને તે સુધારવા માટેની સુચના અને કુટુંબેા સાથે રહેવાની રૂઢી—તેના લાભ તથા ગેરલાભ એ બે વિષયેા પસંદ કરી તે ઉપર અંગ્રેજીમાં નિબંધેા આવતી તા. ૧લી નવેંબર સુધીમાં માગ્યા છે.

વડેાદરાથી તાપી નદીના ગુજરાત વિભાગ સુધીના રૂના વ્યાપારીઓને આ સાલ રૂના માઠા ઉદયેાગથી રૂ. ૩૫ થી ૪૦ લાખની ખેાટ ખમવી પડશે એમ જાહેર થયું છે.

સર જમશેદજી જીજીભાઇવાળા મુંબઇની સ્કુલેની કારેાબાર મંડળીને સ્કુલેામાં અભ્યાસ કરતા ગરીબ માબાપના છેાકરા છેાકરીઓના બાંધા વિશે તપાસ કરવાથી એવું જણાયું હતું કે કેટલાંક માબાપેાની ગરીબ અવસ્થાને લીધે બપેાના ભાણા વખત છેાકરાંઓ ચલાવતા હતા. તેની ૨૮ લીક તપાસ બાદ ૧૩૮ છેાકરાઓને એક વરસ સુધી બપેારના ખાવાનું પુરું પાડ વાનું એક બાનુએ માથે લીધું છે.

મુંબઇવાળા મી. દામેાદરદાસ ગેાવરધન દાસ સુખડવાળાએ ચેાકસ સરતેાથી મુંબઇની પીપલ્સ ફ્રી રીડીંગ રૂમ અને લાયબ્રેરીના ખરચ ચલાવવા માટે એક લાખ રૂપીઆ કારપેારેશનને આપવા માગણી કરી છે.

મુંબઇમાં આવતા જાનેવારી માસથી ઝેારિયા' નામનું રેાજીંદુ એંગ્લેા-ગુજરાતી પત્ર નીકળનાર છે.

સંયુક્ત પ્રાંતેાની દુકાળમાં સપડાએલી પ્રજા પેાતાનાં બાળકેા આઠ આઠ આના માં વેચે છે!

તા૦ નિઝામે હીંદી દુકાળના ધરમાદા સંકટના ફંડમાં રૂ. ૧ લાખની રકમ ભરી છે.

કાયુલના ના. અમીરે કેટલાક હીંદીઓ ને પેાતાના બેાડીગારડેા તરીકે દાખલ લીધા છે.

મદ્રાસના "ઇંડિઅન પેટ્રીયટ" પત્રના અધિપતિ મી. કરણકર મેનને મદરાસ ની મહાજન સભાએ એવી અરજ કરી છે કે તેમણે એાન. મી. ગેાખલે સાથે હીંદના હિતારથે કામ કરવું.

પારસનાયના કુંવર ઉપર ગંજલા બાંધ વા દેવાના હીંદી સરકારના ઠરાવ સામે વાંધા જાહેર કરવાને રંગુનન જમનેાની એક મેાટી જાહેર સભા મી. નેમીદાસ લક્ષ્મીદાસ માણેકચંદના પ્રમુખપણા નીચે તા. ૧૬મીએ મળી હતી. તેમાં એવે ઠરાવ પાસ થયેા હતેા કે સરકાર પેાતાનેા ઠરાવ પાછેા ખેંચી ના લીએ તેા બ્રિટીશ માલ બેાયકેાટ કરવેા.

એક ક્ષત્રીય સ્કુલ સ્થાપવા માટે અયેાધ્યાના તાલુકદારે રૂપીઆ દશ લાખની રકમ ફાળવત કરી છે.

જતહાંગીરાબાદના રાજા સર તાસાદુક હુસેનખાને અલીગઢ કેાલેજમાં વિદ્યાર્થીઓ માટે બેાર્ડીંગ હાઉસ બાંધવા રૂ. ૨૫,૦૦૦ ની રકમ આપી છે.

દીલ્હીના જાણીતા પ્રજાસામી વકતા તથા આગેવાન સભ્યપદ હકીમ અજમલખાન જેઓ એ નાગપુર ખાતે પાંચ સપ્તાહ ભાષણેા કર્યા હતા તેમને આકેાલા નજદીક રેલવે ટ્રેનમાં પકડી નાગપુર લઇ જવામાં આવ્યા છે.

મદરાસનું એક છાપું જણાવે છે કે સ્ટીમર અમલેાટીમાં કરજનથી ૧૫૩ જેટલા ઉતારૂઓ આવ્યા છે. તેમાંના ૩૦૦ મદ રાસ ખાતે ઉતર્યા છે તથા બીજા કલકતા ખાતે ઉતરશે. એકી વખતે આટલા બધા ઉતારૂ આવ્યા તે સંખ્યા અસાધારણ ગણાય. પણ અમને લાગે છે કે હીંદી વાનેા સામે નાતાલની સરકારે જે આકરી રાજનીતિ અમલમાં મુકવાની ધારણા રાખી છે તેની આ અસર હેાવી જોઇએ.

જુનાગઢમાં પ્રગટ થતાં 'ફ્રસ્ટ એન્ડ ફ્રસ્ટ' ના અધિપતી અને માલીક મી. મલબારીએ ક્ષય રેાગથી પીડાતાને હવા ફેર માટે સીમલા નજદીક એક આશ્રમ સ્થાન ખેાલવાની યેાજના કરી છે. આ જગાએ આવા દરદીમાટે કુદરતી સગવડેા પણ સરસ છે.

રૂટરના તાર સમાચાર

ટોકીઓથી એક તાર જણાવે છે કે જાપાનના અગાટા વિભાગમાં લાગેલી એક મોટી આગથી ૪૦૦૦ ઉપરાંત ઘર બળી ગયાં છે.

મુંબઇનો એક તાર જણાવે છે કે નજરોલના રાજા અને બીજા ૧૬ જણીતા માણસોને મૉંઢનાપુરના અમલદારો સામે રાજદ્વારી કાવતરૂં કરવા માટે પકડવામાં આવ્યા છે.

હીંદુસ્તાનમાં ગયે વરસે મરકીથી કુલ ૧૨,૦૪,૧૯૪ માણસો મરી ગયાનું સત્તાવાર બહાર પડેલ છે.

અમેરિકામાં કેવા જાપાનીઓને આવવા દેવા તે બાબતની સલાહની શરતો જાપાને કબુલ નથી રાખી, અને એવી માગણી કરી છે કે જાપાનીઓ તરફ યુરોપની પ્રજા ના જેવીજ વરતણૂક રાખવી જોઇએ.

સોમાલીના મુલ્કાંએ બ્રિટાનવારી ધરા વતી કોમ ઉપર હલ્લો કરી ૬ માણસોને મારી નાખ્યા છે. બ્રિટીશ પ્રોટેક્ટોરેટના બે લશ્કરી માણસોને માર્યા છે તથા ૧૬૦ ઉંટ લુંટી ગએલ છે.

મદરાસના માજી ગવરનર અને સાઉથ આફ્રીકાના બ્રીટીશ ઇંડીઅન એસોસીએશનના પ્રમુખ લોર્ડ એમ્પથીલે ટરાંસવાલ ના હીંદીઓ ઉપર પડતી હાડમારી વિષે 'લંડન ટાઇમ્સ' ને એક કાગળ લખ્યો છે. તેમાં જણાવે છે કે વડી સરકારને માથે શી ફરજ આવી પડી છે તેનો ખ્યાલ ટરાંસવાલને નથી આવતો એ બતાવે છે કે ટરાંસવાલ સ્વરાજ્યને લાયક નથી.

કિંમત ઘટાડી છે

નીચે લખેલી ચોપડીઓનો જેમ બને તેમ વધુ માણસોને લાભ મળે એટલા માટે બાસ કિંમત ઘટાડી છે.

મારો જેલનો અનુભવ. ૦-૦-૩
સત્યાગ્રહ બનામી નિબંધ. ૦-૦-૩

નોકરી જોઇએ—એક સારા અનુભવી બુકકીપરને નોકરી જોઇએ છે. લખોઃ ડી. કેર મેનેજર, ઇંડિયન ઓપીનીઅન, ફીનીક્સ, નાતાલ.

નાદારી કોર્ટનો નોટીસો વગેરે

(ગવરમેંટ ગેઝેટમાંથી)

મારીત્સબરગના વેપારી એમ. કે. પોતે એ તેના લેણદારોને દેવા ચુકવવાનું જાહેર કરેલું છે. તેના લેણદારોની મીટીંગ સુપરીમ કોરટના માસ્તરની કોરટમાં તા. ૧૫મી સપ્ટેંબરના રોજ મળશે

બીશપસ્ટોનના વેપારી ઘાસીમ ઉમર પોતાની મીલકત નાદાર તરીકે જાહેર કરવાની અરજી તા. ૨૨ સપ્ટેંબરના રોજ મારીત્સબરગની સુપરીમ કોરટમાં કરશે.

ડરબનના વેપારી આમદ આમુજી લોકાના લેણદારોની બીજી તથા ત્રીજી મીટીંગ તા. ૧૫ સપ્ટેંબરના રોજ ડરબન માજીસ્ટ્રેટની કોરટમાં મળશે.

અમકોમાસના વેપારી ઇસ્માઇલ કરીડીઆના લેણદારોની બીજી મીટીંગ તા. ૧૫ તથા ત્રીજી મીટીંગ તા. ૨૩ સપ્ટેંબરના રોજ ડરબન માજીસ્ટ્રેટની કોરટમાં મળશે.

રીચમંડના વેપારી ઇબ્રાહીમ ઇસ્માઇલ ના લેણદારોની પહેલી મીટીંગ તા. ૧૫ બીજી મીટીંગ તા. ૨૨ અને ત્રીજી મીટીંગ તા ૨૯ સપ્ટેંબરના રોજ ડરબન માજીસ્ટ્રેટની કોરટમાં મળશે.

વેપારીઓને અમુલ્ય તક.

અમારા કેટલાક માનવંતા ગ્રાહકોના આગ્રહથી અમોએ હાલમાં અમારા ચંબુ બનાવવાના કારખાના સાથે ટીનની પેટીઓ (Tin Trunks) બનાવવાનું ખાતું ખોલ્યું છે જેની અંદર ચાલાક હીંદી કારીગરોથી કામ લઇ અંગ્રેજી માલને ટક્કર મારે તેવી મજબુત અને તરેહવાર સોનીતા રંગની પેટીઓ બનાવીએ છીએ.

દરેક જાતના ચંબુ વિગેરે ટીનનું કામ સસ્તામાં સસ્તા ભાવે કરી શકીએ છીએ. એક વખત અમારા માલની અજમાયેશ કરવા ભલામણ કરીએ છીએ. પ્રાઇસ લીસ્ટ માટે લખો.

M. RAWAT & Co.,
Manufactures of Camp Kettles and Tin Trunks.
(No. 1 Ocean Street)
PETERMARITZBURG, Natal.

રોકડ બજાર ભાવ

		શી.	પે.	થી.	પે.
ચાવલ માંજા	નાતાલની	૨૩	૬	થી ૨૪	૦
બામડીના	,,	૨૫	૬	,, ૬૦	૬
એફ. એફ. ડી. આર.		૨૩	૦	,, ૨૩	૬
એફ. ડી. બાર	,,	૨૧	૬	,, ૨૨	૬
ચીની સફેદ	,,	૨૪	૦	,, ૨૫	૦
કુંડાના	,,	૨૪	૦	,, ૨૫	૦
દેશી તુવેર દાળ		૨૩	૦	,, ૨૬	૬
તુવેર દાળ કાનપુરી		૨૩	૬	,, ૨૪	૦
મસુરની	,,	૨૪	૦	,, ૨૪	૬
મગની	,,	૨૬	૦	,, ૨૬	૬
અડદની	,,	૨૯	૦	,, ૩૧	૦
ચણા મુંબઇના	,,	૨૨	૦	,, ૨૩	૦
,, દાળ	,,	૨૬	૦	,, ૨૬	૬
વટાણા	,,	૧૭	૬	,, ૧૮	૬
મહાણ	,,	૧૧	૦	,, ૧૧	૬
બીનીસ		૧૬	૦	,, ૧૭	૦
કડવું તેલ	ગેલન	૩	૨	,, ૩	૬
એરંડીયું	,,	૨	૬	,, ૨	૮
ઘીકુંવાર	,,	૩	૬	,, ૩	૬
નાળીએરનું	,,	૩	૬	,, ૩	૮
બાઉ સફેદ	નાતાલની	૧૫	૬	,, ૧૬	૬
પીળી	,,	૧૪	૬	,, ૧૫	૬
તીરકુળ	નાતાલ	૧૦	૬	,, ૧૧	૬
આટો		૧૧	૩	,, ૧૧	૬
બદામી સોપારી	૧ રતલ			૬	,,
મરચાં		૦	૪	,,	૫
ઘી પેટી ૪ ટીનના	પીપ	૭	૧૫	,, ૮	૦
પોરબંદર	,,	૮	૧૦	,, ૮	૧૫
પારાશીન ઓરોહેડ					
,, વાઇટ રોસ		૮	૨	,, ૮	૫
,, ,, ચાયના		૧૧	૬	,, ૧૨	૬
નાળીએર		૧૦	૦	,, ૧૧	૦
કેળી		૫	૬	,, ૧૦	૦
કાસ્ટમંડ સોપ		૧૪	૦	,, ૧૭	૬
સાજુ સીલ્ક સ્ટોન		૧૬	૦	,, ૧૬	૬
સાજુ સનલાઇટ		૪૨	૬	,, ૪૫	૦
નેપ્ટર ટી		૧	૮	,, ૧	૯
બાવીસ વાયન		૨	૧૧	,, ૩	૦
સોપારી સેરવણની		૦	૧૦	,, ૧	૦
નીલ પોઉટ સીગારેટ		૧૭	૦	,, ૧૭	૬
દુધ નેસલનું		૨૦	૩	,, ૨૧	૧
નીમક (લાવરપુલ)					
બરસ્તા બંદરની		૪	૩	,, ૪	૬

WESTERN INDIA

Army Boot and Equipment Factory,

BOMBAY, India.

GOLD MEDAL.
Madras Industrial and Art Exhibition, 1903

(ESTABLISHED 1887)

TWO GOLD MEDALS
Bombay Industrial and Agricultural Exhibition. 1904.

PROPRIETORS—

Messrs. Adamjee Peerbhoy & Sons.

MANUFACTURERS OF—

Military Ammunition Boots, **Volunteer Ammunition Boots,**
Police Ammunition Boots, **Sandals, Gurgabi Shoes, &c.**

Military, Volunteer and Police Harness, Saddlery, Accoutrements, etc., etc.
Leathers:—Russian, satin and black waxed calves, harness leathers of all kinds bag and carriage hood hides, Morocco, etc., etc.

Civilian Boots, shoes, harness and saddlery of every description.

Travelling Requisites:—Overland Trunks, dress cases, suit and shirt cases, portmanteaux Gladstone, brief, hand and courier bags, hat boxes, bed straps, soiled-linen bags, stick cases, etc., etc.

Mill Stores:—Single and double leather belting, Ginning rollers and washers, Roller skins pickers, hose pipe, etc., etc.

Miscellaneous Leather Goods:—Puttee and lace gaiters, collar boxes, brush cases, cigar and cigarette cases, school bags, Peon's bags, Mussacks, Syce's belts, bottle, and tumbler cases, luggage labels, etc., etc., etc.

ALL ARTICLES GUARANTEED SOLID LEATHER.

Price List on Application.

South African Directory

OF INDIAN MERCHANTS & OTHERS

BARBERTON

Suleman Moosa,
Box 24.

BEACONSFIELD

Abdul Ajij, (Kimberley)
17 Cape Town Road.
Shahboodeen Dowry,
Robinson Street.

BELFAST

Abdul Latif Khamisa,
Meintjes Street, P.O. Box 34.
E. A. Saloojee,
Box 42.

BELLAIR

Gambhai Govindjee & Co.,
Farmers and Merchants.
D. A. Barsia,
Fruit supplier in South Africa

BOKSBURG

Y Bros,
Tailors & Outfitters,
Box 77, Stand No. 6, Location
Govind Mowjee & Co.,
Tailors & Out fters
Box 99 Stand 11.

BUTHA BUTHE

Tayob Adam.

CAPETOWN

Adam H. G. Mahomed,
Estate Owner.
Noorbagh, 8, Kloof Street.
A Cader
116 Long Street.
Chhaganal Bhawanidas Gheewala
Randeria, 21 Roger Street,
Ebrahim Nobodien,
24 Frere Street, (Woodstock).
I. M. H. Goot,
129 Castle Street.
Hoosenkhan Kalekhan,
17 Market Street,
Somerset Strand, C.C.
Keshaw Ramjee,
213 Bree St, 17 Lion St, &
134 Corner Church and Bloem Sts.
C. P. Lucheran,
134 Plein Street
Head Office: 10 Orphan Street
D. Mancherjee,
Box 1036, 14 Wicht Street.
Mohideen Enoos,
189 Prce Street (corner Bree
and Loem Streets
M. A. Pattel & Co.,
Coir & Wire Mattress
Manufacturers,
7 Loop St.

Cape Town

A. A. Wallie & Co.,
Importers & General Merchants,
Box 1720.
Poroomull Bros.,
Wholesale & Retail Silk Merchants,
Box 1126.

CHARLESTOWN

Hajee Hassam,
Bombay House,
Amod Ismail Essack,
Box 10,
Cassim Suliman,
Box 27,
G. R. Moola,
Box 15,

DELAGOA BAY

I. H. De Silva Bros & Co
Box 240.
Hajee Essa Hajee Suleman & Co.,
Box 368.
Hirjee Monljee & Co.
Box 340.
Hormajee Dolby,
Box 332.
Madhavjee Jetha & Co.,
Box 140.
Manwar Hoosen Motan,
Box 99.
Nanjee Dularbdas & Co.
Box 141.
Noor Mahomed & Rawji,
Box 329.
Parshotam Amarchand & Co.,
Box 109.
Vrajdas & Lalchand
Box 92.

DE AAR C.C.

C. Appavoo,
General Dealer,

DURBAN

E. Aboobaker Amod & Bro.,
Box 441, 434 West Street.
M. C. Anglia & Co.,
Box 59, 339 Pine Street.
Bhana Parshotam,
367 Pine Street
M. C. Cambooden & Co.,
Box 126, Grey Street.
Dada Osman,
Box 88, 139 Queen Street.
Dawad Mahomed & Co.,
Plowright Lane.
Dawjee Manoojee Timol,
Box 211, 110 Grey Street.
East Indian Trading Co.,
Box 88, 102 Queen Street.
Ebrahim Abdul Tyeb & Co.,
113 Field Street.
Ebrahim Camroodeen,
113 Grey Street.
B. Ebrahim Ismail & Co.,
118 Commercial Road.

Durban

Esmail Dawjee Motala
Saville Street,
(near Surti Musjid).
Hoondamal Sons,
107 West St. (Grey St. Corner)
Hoosen Cassim & Co.,
Box 86 371 Pine St.,
Imperial Cigar Manufacturing Co.,
171 Umgeni Road.
Jalsion & Sorabjee Bros.,
110 Field Street.
Mahomed Ebrahim,
Commission Agent, Point.
Mackenjee Brothers, Tailors,
182 Grey Street.
A. E. Mayet,
154 Queen Street.
J. B. Mehta,
Box 530, Grey Street.
B. A. Maghraji,
Box 754, Photographer,
Sydenham Road (Opp wite
Botanic Gardens).
G. H. Miankhan & Co.,
Box 97, 125 Field Street.
Odhav Kanji, Box 610,
Durban.
Parshotam Valabh, Tailor,
123 Grey Street.
S. Peerbhoy Butler,
500 West Street.
P. V. Sanghavee & Co.,
Box 738, Grey Street.
Lala Babhai,
Fruit & Produce Merchant
86 Queen St.. Box 636.
M. A. Simon,
Jeweller, 120 Grey Street.
E. Suleman Bros.,
109 Queen Street.
Sun Brand Tobacco Works,
Box 88, 104 Grey Street.
Abdool Razak, Fruit Merchant,
Box 167, 111 Victoria Street.

EAST LONDON

Ambaram Jiwan & Co.,
Indian Laundry, Cambridge,
Berea Road, Box 223.
S. Casoojee
66 Buffalo Street, Box 270
Harjiwan Ramjee,
Indian Laundry
3 Fairview Road,
Makan Bhana,
Indian Laundry, Cambridge,
Berea Road, Box 223.

ENSELSBURG

E. Omar Rajan & Co.

ESTCOURT

M. C. Desai,
Fruit & Produce Dealer,
Harding St., (oppo. Plough Hotel)
Ebrahim Mahomed Haffejee,
Box 13.
Ratanjee Laxman,
Tailor and Outfitter,
Harding Street,
Vithal Dana Bhavnagari,
Shoemaker. Hi treet
P. P. Michael,
Fruiterer, Harding Street.

GRAHAMSTOWN C.C.

Henry Willie,
Wholesale Fruit & Produce Dealer Forwarding & Commission Agent, Kowie St.
Marayan Joseph Naidoo,
New Street,
Mohanbhai Desai,
Fruit & Produce Dealer & Commission Agent, Box 166.
C. R. Samuel,
Fruit & Produce Dealer,
Box 38.
S. N. Samy,
Forwarding & Commission Agent, Box 110.
V. S. Thakore,
Indian Laundry,
Box 122 High Street.
K. Veersamy,
Fruit Dealer, ox 93
Corner High & Spring Streets,

HANNERTSBURG
(Zoutpansberg)

Essopjee Ismail,
General Dealer.

HEIDELBERG

Aboo Min Camroodeen,
Market Square,
A. M. Bhyat,
Market Street, Box 44.
Branches:
Pietersburg, Box 24; Nigel, Box43
V. Rangoon & Bro.,
Box 116,

INHAMBANE

Abba Suliman,
Box 30.

JOHANNESBURG

Abdool Tayab & Co.,
Box 8.
Amod Moosajee & Co.,
27, Market St., Box 2941.
A. F. Camay & Co.,
Box 3504, 2 Kort Street.
M. S. Coovadia,
45 Market St., Bx 270.
E. E. Dadabhoy,
22nd St. Malay Location, ox 2926.
DayaramBhookhan & Co.,
Tailors and Outfitters,
19 Market Street
P. B. Derasjee,
Box 2937. Corner Alexandra St.

Johannesburg.

M. P. Fancy,
Box 6031.
Goolam Mohideen,
Box 3755
Gopal Bhagvan,
Mattress Maker,
3 Market St. (West) P.O. Box 6028
Gulab Prag,
Box 5999.
S. Halloo,
Tin Manufacturer,
Factory: Stand 478, 16th Street,
Vrededorp.
Ismail Cassam,
New Laundry,
New Clare. P.O. Box 270
Ismail Khan,
Stand 382, Bertram's Road,
P.O. Box 4370,
N. Kalidas & Co.,
Tailors and Outfitters,
36 & 147 Market Street
M. A. Kasodia & Co.,
Box 3598, 41 Market Street
C. Kevalram,
Box 5320, Market Street.
V. G. Maharaj,
Silk Merchant & Direct Importer,
Corner of President and
Von Brandis Streets,
Box 4109.
Mahomed Ebrahim Kunkay
182 Market St. Corner Polly St.
A. Mahomed Hussan & Co.,
Stand 432 Corner Kaffir and
14th St., Vrededorp, Box 4140
Omarji Sale,
Box 5931.
B. K. Patel,
Box 5250
A. A. Pillay,
Box 1353, President St.
A. A. Rahiman,
Stand 641, 21st Street
Box 3040. Vrededorp
Ratanji Rughnath,
Tailor and Outfitter,
27 & 31 Market Street
Sookar Laxmidas,
Tailor and Outfitter,
23 & 25 Market Street
Star Laundry,
(Indian),
Box 5277, New Clare, Waterfall
A. M. Suleman Mia & Co.,
Cor. Park Rd. &Park Lane,
Fordsburg. Branch: Boschhoek.
P.O. Box 2347.
Suliman Ismail Mia & Co.,
Box 3553
T. J E. Tavaria,
224 Market Street,

Indian Washerman

Waterfall, near Johannesburg.

Dahya Mosar,
Box 6931.
Doobhi Teli,
Box 4980.
Fakir Kalian,
Box 6031.
Govind Dulabh,
Box 6031.

Johannesburg.

Govind Mowji,
Box 6369.
Laxman Madhu,
Box 5999.
Mosar Bhikha,
Box 5999.
Parshu Hira,
Box 5999.
Khusal Lala,
Box 5250.
Ratanji Kalian,
Box 5999.
Ratipalsing,
Box 5999.
D. M. Suhati,
Box 6031.
Varmali Gosai,
Box 6031.

KIMBERLEY

Abbas Khan & Co., Butchers
24 Strachan Street.
Ahmed Mahomed,
1 Broad Way
S. Appathurey Chetty,
2 Otto Street.
Ebrahim Adam,
Dennie Street, Malay Camp.
Mahomed Ally,
29 Strachan Street.
S. Nadarasen,
Fruiterer & Confectioner,
45, De Beers Road,
Rahim Jina,
Brett Street, Malay Camp,
V. Samy,
Fruit Merchant.
Shamsoodeen Barday.
25 Brett Street.

KRUGERSDORP

Ratanji Makan,
Tailors and Outfitters,
65Market St., Keet's Building
A. E. Chotabhai,
Box 33.
Essop Ebrahim Patel & Co.,
53 Market Street, Box 84.
Hassan Amod,
Indian Location, Stand 16,
Box 84.
Ismail Amod Kajee,
Box 11.
Kalan Laloo,
Box 391.

KLERKSDORP

Patel & Co.,
Box 198.

MAFEKING

Cassim Soomar,
Box 61.
Goolam Ally,
Box 41.
Kajee Bapoo,
Box 79.
C. William,
Market Square.

MIDDELBURG
(Transvaal).
A. E. Bhabha,
Box 35.

NEWCASTLE
M. E. Seedat,
General Merchant and
Produce Agent.
Box 7. Branch: Ingogo.

NORTHDENE
Devjee Laljee,

NYLSTROOM
A. M. Rawat,
Box 16.

PIET RETIEF
Ebrahim Osman,
Box 9.

PIETERMARITZBURG
M. Rawat & Co.,
Tinsmiths Tankmakers
1 Dean Street,

PIETERSBURG
Abdool Latib Ali & Co,
Corner of Joubert and Devenish Streets, Box 9.
A. M. Bhyat, Box 24,
A. Gokaldas,
Merchant & Baker, Box 179.
Hassim Moti & Co,
Market Square, Box 149.
Mehta & Khandheria Bros.,
Box 160, Market Street.

POTCHEFSTROOM
Abdool Rahman,
Box 12.
S. D. Bobert,
Market Square.
G. K. Desai.
Box 128
Moosa Hassan.
M. E. Nanabhai,
Box 55.

PRETORIA
Ambaram Parshotam,
Tailor and General Dealer,
156 Prinsloo Street.
Ayob Amod & Co.,
174 Prinsloo St. Box 498
Two Branches: Standerton, Box 88
Ayob Hajee Beg Mahomed,
Box 498.
Mahomed Aba,
Box 498, Prinsloo Street.
Manjee Nathoobhai,
Box 110, Boom Street,
Indian Location.
Moosa Cassim Adam & Co.,
Box 1120.
Nagardas Hari Soni,
Goldsmith,
Boom Street Box 280
V. S. Pillay,
Wholesale Fruit and Produce
Merchant, Box 642.
G. P. Vyas,
Agent, Box 1156.
Corner Prinsloo & Vermeulen Str.

PORT ELIZABETH
Govind Mithai,
Tailor & Outfitter,
Military Road,
R. R. Naidoo
Box 353.
[redacted] Walmer Road
Tiekamdas Bros.,
Main Street. Box 571,
E. A. Vriawa,
General Merchant
Drapery & Grocery
45 Princess Street

RICHMOND
M. A. Parekh,
Porbandar Trading Co.,
P.O. Box 43.

ROODEPOORT
Ahmed Khan,
Box 92,

ROBERTSON
K. M. Naidoo & Co.,
Box 1

RUSTENBURG
Ismail Suliman & Co.,
Box . Tel Add.: "Suliman.

SALISBURY
Bhimjee R. Naik,
Box 59.

SPELONKEN
(Transvaal.)
Keeavji Giga, Befoola.
Nanji Ghela, Simbafi.
Kalidas Khima, Madopi.

STANGER
A. M. Mather,
Produce Dealer.
M. D. Seedat & Co.,
Box 35, Road Street.

STANDERTON
Amod & Ismail,
Box 44,
Ebrahim Amod,
Box 44,

THORNEVILLE JUNCTION
H. A. Vunker,
General Dealer,

UMSINGA
Dada Osman.

UITENHAGE CO.
Gopal Vallabh
Caledon Street,
Banc od Lala,
Indian Laundry. John St.,
Hari Vallabh,
Tailor & Outfitter, John St.,
K. Premjee,
Box 64, Market Street.
Chhita Monar,
Constitution Street.

VERULAM
Babu Talwantsing,
58 Wick Street.
Dhanjee Ramjee,
56 Wick Street.
Hemraj Khimjee,
Goldsmith & Watchmaker,
22 Wick Street.
M. E. Vawda,
Merchant & Farmer,
Box 72, Frosterley Estate.
Raghavjee Rugnath, Goldsmith,
Moss Street.
Raghavjee Devjee,
Goldsmith.
Soobhan, Mineral Water Factory
Wick Street

VOLKSRUST
G.R. Moola,
Box 1.
Vanmali Lakha,
Box 45.

VRYBURG
Dada Cassim,
Box 74.
Ebrahim Khan,
Box 73.
Goolam Mahomed,
Box 30.
Hajee Mian,
Box 70.
Joosub Tayob & Co.
Market Street.
Joosub Hassim & Co.,
P.O. Box 6.

WARMBATHS
M. E. Nagdee & Co.,
Head Office: Warmbaths,
and at Nylstroom

Established 1881. Head Office: 10 Orphan St.
C. P. LUCHERAM
—SILK MERCHANT—
134 PLEIN STREET, CAPE TOWN.
Great variety of Useful Articles suitable for Presents.
Makuna Lace, Tenerife Drawn Thread Work, Brass and Bronze Ware, Carved Sandalwood, Embroidered Silks and Useful Novelties, etc.

Reuter's Tel. Add.: "Wallie," Cape Town. Box 178
A. A. WALLIE & CO.,
IMPORTERS AND GENERAL MERCHANTS,
285 Hanover Street, CAPE TOWN.
હીંદુસ્થાનનો તમામ રહમનો માલ અમારે ત્યાં હમેશાં મોટા જથ્થામાં રહે છે.
Indian Goods of every description always on hand

S. D. BOBERT,
General Importer, Wholesale and Retail Merchant
Cheapest House in the Market Square.
Branches at
LOCATION, POTCHEFSTROOM.

ABDOOL RAHMAN,
MERCHANT,
POTCHEFSTROOM.
Tel. Address: "RAHMAN"
P.O. Box 12.

TRY
"Indian Opinion" Office,
— FOR RUBBER STAMPS —
In different languages.

EBRAHIM CAMROODEEN,
GENERAL MERCHANT.
Natal Leaf Tobacco a Specialty.
115 GREY STREET. (Camroodeen's Buildings.)
Tel. Add: "CAMEREE." Durban.

M. A. Karodia & Co.,
GENERAL MERCHANTS
Dealers in all kinds of Indian Groceries & Soft Goods.
Box 3598.
કરેગરસડોરપમાં બે મદ્રાસી મી. સુંગરન અને આનકર પોતાની વગર લાઇસેન્સ થી કામ કરવા બાદ પકડાયા હતા તેઓની ઉપર કેસ ચાલેલો તે મેજીસ્ટ્રેટે એક પોંડનો દંડ અથવા ત્રણ દિવસ જેલ આપ્યાં. તેઓએ જેલ કબુલ કરી. તેઓનો બચાવ કરવા કોઇ ઉભું ન હતું. પોતાની મેળેજ જેલ ગયા.

મી. ઇબ્રાહીમ ઓસમાન

પોટગીટોક જ્યાં તેમની દુકાન છે ત્યાં ગયા છે અને જો કોઇ પકડે તો પકડાવા તયાર છે

નાતાલના જેલીનો સંદેશો

મી. દાઉદ મહમદ વગેરેને મી. પોલાક મંગળવારે મળ્યા તેઓ બધા મજામાં

છે. મી. દાઉદ મહમદ તથા ફરતમણ્ડને પૂરાં થાય તેવાં જેલી કપડાં ન હોવાથી તેમને સારૂ કપડાં ખાસ તયાર થાય છે. ખાકીતાને કામ સોંપવામાં આવે છે. બધા અત્યન્ત જોર અને દીમતમાં છે. તેઓ ઉમેદ રાખે છે કે આપણે જેઓ બહાર છીએ તે બરોબર મહેનત કરશું.

વોકસરસ

[અમારા ખાસ પ્રતિનિધી તરફથી]

મંગળવાર

મી. સોરાબજીને ૩ માસની જેલ

આજે મંગળવારે માજીસ્ટરેટ કોરટમાં મી. સોરાબજીનો કેસ ચાલ્યો હતો. મી. પોલાક બચાવ તરફથી હતા. ટ્રાંસવાલ પોલીસ પ્રોસેકયુશને જુબાની આપી કે તહોમતદાર પાસે દાખલ થતી વખતે પા. ૨૦ હતા. તેણે મને સંતોષકારક કેળ વણીની પરીક્ષા આપી. તહોમતદાર સીધા આરજ પેસરીસે આવેલ, અને પ્રમીગ્રેશન કાયદાની રૂએ દાખલ થવાને હકદાર છું એમ કહ્યું

મી. સોરાબજીએ તેને જુબાની આપી કે હું મારો હક સાબીત કરવા ફરીયાદ દાખલ થયો છું. ખુની કાયદા મુજબ રજીસ્ટર નહીં બતાવવાથી માજીસ્ટરેટે મને ગેલની છોકરાનો હુકમ કરયો. અને તે હુકમ નહીં માનવાથી મને એક માસની જેલની સજા થયેલી એ સજા ભોગવ્યા પછી સુપ્રીમ વરનને મને તાતાર-ટ્રાંસવાલના હદ ઉપર જવા જાહેર ધકો મારી બહાર કાઢયો. મને 'પ્રોહીબીટેડ ઈમીગ્રંટ' ન ગણી શકાય જુનની આખરીએ પહેલી વખત હું દાખલ થયો તે વખતે પણ મને 'પ્રોહીબીટેડ ઈમીગ્રંટ' ગણવામાં આવ્યો ન હતો

બચાવ તરફથી મી પોલાકે કોરટમાં જાહેર કર્યું કે મારા અસીલને ખુની કાયદા મુજબ સફળ તથા હકપાર કરવામાં આવેલ. તેણે જે ગુન્હો કરયો ગણાય તેની સજા તેને મળી ચુકી હતી; તેથી સરકાર સાથેનુ તેનુ ખાતું સરભર ગણાય. અને તે 'નવા નીશાણીઓ' તરીકે મણી શકાય ખુની કાયદા મુજબ નવા આવનારને રજીસ્ટર થવાને ૮ દીવસની મુદતનો હક છે; અને તે મુજબ મારા અસીલને ૮ દીવસ મળવા જોઇએ. વળી મારા અસીલને જે કલમ નીચે પકડ વામાં આવેલ છે તે બરાબર નથી. જે માણસને એક વખત હદપાર કરવામાં આવેલ હોય તે 'પ્રોહીબીટેડ ઈમીગ્રંટ' ગણાય એવું ઈમીગરેશન કાયદામાં નથી. કાયદા ઘડનારાઓના ખ્યાલમાં તે વાત હશે, પણ તેવી કલમ કાયદામાં નથી એટલે તહોમત ખરૂં ન ગણાય. તેથી મારા અસીલને છોડી મુકવાની હું અરજ કરૂં છું. તેમ છતાં માજીસ્ટરેટ મારો આ મત કબુલ રાખી શકતા ન હોય તો હું અરજ કરૂં છું કે કાયદા મુજબની સખત માં સખત સજા તેને કરવી કેમકે મારો અસીલ આ લડતમાં અગરેસર તરીકેનો (મોરચામાં લડનારા)નો ભાગ લેનાર છે. તેને એક વખત સજા થયેલી છે અને હજુ તેને જે સજા મળે તે ભોગવવાને તત્પર છે.

માજીસ્ટરેટે ઠરાવ આપ્યો કે તહોમત બરાબર નથી એમ નહીં ગણી શકાય. આ કેસ આગળ ચાલેલા કેસ જેવોજ છે. હું તહોમતદારને ત્રણ માસની સખત મજુરીની કેદ અથવા પા. ૫૦ દંડની સજા કરૂં છું.

મી. સોરાબજીએ સહરષ જેલ કબુલ કરી છે. તેનો ઉદ્‌ગાર સંદેશો આ છે: "મારા દેશી ભાઇઓ, માર્ચ જીદ્‌ગીમાં આજનો દીવસ વધારેજ ખુશી થવા જેવો ઉગ્યો છે. મારા દેશની ખાતીર માટે મને દુઃખ ભોગવવાનો લાભ મળે તેને માટે હું પોતાને કૃતાર્થ માનુ છું. હું એટલોજ દીલગીર છું કે મને પુરેપુરી સજા ન મળી."

બીજા કેસ પારેડોપમાં વગર લાઇસેન્સ થી વેપાર કરવાના વાંક માટે મી. ઇબ્રાહીમ મહમદ કાજી ઉપર ચાલ્યો હતો. મી. પોલાક બચાવ તરફથી હતા. મી. કાજીએ જુબાનીમાં કહયું કે લાઇસેન્સ માટે મેં અરજી કરી હતી પણ ખુની કાયદા મુજબ આંગુઠો આપવાની મેં ના પાડી તેથી મને લાઇસેન્સ મળ્યો નથી. મારી પાસે મરચન્ટ સરટીફીકેટ છે. તેને પા. ૩ અથવા ૫ દીવસની આસાન કેદની સજા કરવામાં આવી. મી. કાજી એ જેલમાં જવાનું પસંદ કીધું.

બુધવાર

મી મુળજીભાઈ પટેલ

મી.મુળજીભાઇ પટેલ ગઇ રાતે ચારલસ ટાઉનથી ટ્રાંસવાલમાં દાખલ થયા છે. તેણે આંગુઠો આપવાની ના પડી છે. તેમને આજ સવારે કોરટમાં ઉભા કરવા માં આવ્યા છે. તેના ઉપર શું તહોમત મુકવું તે નકી થયુ નથી. અને તે ખબર આવે કેસ આવતા મંગળવાર તા. ૨૨ સુધી મુલતવી રહયો છે. તેમના પા. પક્ષના જામીન લીધા છે. મી. મુળજીભાઇના બચાવ તરફથી મી. પોલાક હતા.

કેદીઓના ખબર

અહીંના જેલમાં દીદીઓ આનદથી દીવસ ક્રાઢે છે. બધાની તબીયત સારી છે. ખોરાક જેલમાં કાયદા પ્રમાણે બરાબર મળે છે. કાદર કેદીઓ પુરતા હોવાથી દીદીઓને રસ્તા ઉપરના કામથી મુકત કરી જેલમાં, બગીચામાં તથા કેદખાનાની આસપાસ કામ સોંપ્યુ છે.

ઓલેનટાયરમાં હીંદીઓની મીટીંગ

ગુરૂવાર તા. ૧૬ આગસ્ટે મી. હાજી નુર મહમદ હાસમના ઘરમાં ઓલાનટાયર ના રહેવાસીઓની એક મીટીંગ ભરાઇ હતી. હાજર રહેલાઓમાં મેસરસ હાજી નુર મહમદ હાસમ, એમ. ડી. પાઞ, રતનશાહ મેઘજી (સોલીસીટર), હાસમ જરીદ, ઓસમાન આદમ, મુસા તાર મહમદ, હાસમ ઇસમાઇલ, જેરી, ડી. સુજા, મોતી અબદુલા, અયુબ તાર મહમદ, હાસમ વલી મહમદ, હુસેન હાસમ ઇબરાહીમ અબદુલ કરીમ, સાલે મહમદ જુમા, મહમદ હાજી હાસમ લતીફ પીરા, ઓસમાન તાર મહમદ, હાસમ અમીલા. ઇસમાઇલ નુર મહમદ, કાણીદાસ ઇસનજ, જુસબ ઓસમાન, સુલેમાનભીમાં વગેરે બીજા ઘણા હતા. જેમ્બા આ લુચેનઝાથી કલાકેનો દિલસોજીના કાગળો આવ્યા હતા.

મી. હાજી નુરમહમદ હાસમની દરખાસ્ત તથા મી. ડી. સુજાના ટેકાથી પ્રમુખની ખુરશી મી. રતનશાહ મેઘાજ સોલીસીટર ને આપવામાં આવી હતી.

સભાનું કામ શરૂ થતાં પ્રમુખ નીચે મુજબ બોલ્યા હતા: ભાઇઓ, આપણે આજે શું કારણસર એકા થયા છીએ તે તમે મીટીંગ બોલાવવાની નોટીસ ઉપરથી જોયું હશે. ટ્રાંસવાલમાં વસતા આપણા દેશી ભાઇઓને લગતા, આપણા દેશીભાઇ ઓને નહિ જાણતા કાયદા ત્યાંની સરકાર પસાર કરે છે તથા તે કાયદા અમલમાં મુકવા જે જુલમ ત્યાં ગુજારે છે તે કાયદા સામે તથા તે જુલમ સામે આપણે પોકાર ઉઠાવવા અહીં મળ્યા છીએ. ખરૂં જોતાં આ વરસની શરૂઆતમાં જ્યારે અસીઆ ટીક રજીસ્ટ્રેશન કાયદાને કારણ નહિ થવા સારૂ આપણા દેશી ભાઇઓને જેલમાં મોકલવામાં આવ્યા હતા ત્યારે આપણે જોગા

મળી આવશે તો તેમના તરફ બતાવવાના હતા. પણ તે વખતે મોટીંગ ભરવાની અગવડે દિનપરદીન ઢીલ કરી અને જ્યારે મીટીંગ ભરવાનું નક્કી કરતા હતા ત્યારે ત્યાં સમ્રાટની થઇ એવા સમાચાર તા. તાર અહીંના ન્યુસમાં વાંચી આપણે મીટીંગ ભરવાની માંડી વાળી હતી. પ્રમુખે આપણી યાત્રાનો ઐતિહાસીક રજીસ્ટેશન કાયદો શું હતો અને તે બાબતને શરણ થવામાં કેટલી ખોટી દિલગીરી કરી તે વિશે વિવેચન કરી કે કાયદાને તાબે નહિ થવાના જેલમાં ગયા તેની સ્તુતિ કરી હતી. અને સભાની તરફેણની રાજકે ઠરાવ જારી હતો.

ઐતિહાસીકો સરતા મુજબ તમામ રજીસ્ટર થઇ ચુકયા છે. પણ જનરલ સ્મટસ પોતાનું વચન પાળવા તા પડે છે પહેલે તો તેણે સારના કહ્યું કે " મે એ કાયદો રદ કરવાનું વચન આપ્યું નથી પણ મારાથી જોયું કે એમ કરવામાં તરત ભૂલ પડીએ છીએ. ત્યારે કહ્યું કે આપે કાયદો કુ રદ કરો પણ તે બે રસ્તે. તેમાંની એક એ કે હમણાં જે લોક દરાંસવાલ ની બહાર છે અને જે લોકનો. અંદર આવવાનો હક છે તે લોકને હક છતાં અંદર આવવા દેવા નહિ. બીજી રસ્તે એ કે અમે ઐયોની શીબિલો ઐતિહાસીક દરાંસવાલમાં દાખલ થવા માગે તો તેને અંદર દાખલ થવા દેવા નહીં." જો એવી આદીકો એ રસ્તો મુજબ કાયદો રદ થવા દીધે તો તેની બાકસ એ થાય કે જો સર મ રેજરા મેતા ૬ એનારેબલ મી. ગોખલે દરાંસવાલમાં દાખલ થવા માગે તો તે દાખલ થવા શકે નહિ. પણ ઉપરિયનો કે ઐતિહાસીકો એવા દેશદ્રોહી નથી કે આ રસ્તોપર કાયદો રદ થવાનું કબુલ કરે. તે લોકે પોતાના દેશને માટે દુઃખ ખમવા પાછી કમર કસી છે, અને એકલે હાથે પાછી મહેનત કરવાની અને જહેમત ઊઠાવવાની શરૂ કરી છે. ત્યારે વડી સરકાર વાસે ત્યાંના આપણા ભાઇઓ મદદ માગે છે ત્યારે વડી સરકાર કહે છે કે " જે સસ્થાનને સ્વરાજ્ય આપ્યું છે તેની અંદર હમો આવી શકતા નથી. તમો અમારી રિયાયત કોઇ પણ માગી. બુર તમારી મોટી રિયાયત નથી. બધું જોતાં વડી સરકારના વર્તનનો અર્થ એ છે કે તમો ગોરા કેમ નહિ જન્મ્યા? પણ હું કહું છું ને ઘણો ખુશી છું કે હીંદી ઓએ વડી સરકારની મદદ માગવા પોતાના આપણાઓ

જતી હતી અને ઐોર મુજબ લડત ચાલુ રાખશે તો બીજી લડાઇઓ જીતશે આ બાકી લડાઇ લગતી એક બાબત માટે તમોને કહેવી જોઇએ. પહેલી લડાઇમાં તે લોક જેલમાં ગયા તે પોતના માટેની અને પોતાના દેશના માટેની હતી. પણ આ વખત જે લડતનું બાબતપર એ લોકે પહોંચી છે તે ફકત પોતાના દેશી ભાઇઓના ભલા તેજ અરથે છે. એમાં પોતાનો સ્વાર્થ તો બીલકુલ નથી. તેઓ તો આપ દેશાભીમાન માટે આપણે મસ્તક થવાનુ છે.

ભાઇઓ, હમણા દુનિયામાં તમામ ભાગોમાં, ખાસ આફ્રિકા અને અમેરિકામાં ગોરાઓને એ ડર લાગી છે કે ઉદિય તોને અટકાવી કાળા તેઓ ગોરકાયદે કાઢી શકતા નથી તેથી ખુશમા ખુશી કાયદાઓ ઘડી તેના આકારો કાળા આપણા ભાઇઓને કાઢવા મથે છે તે લોક જાણે છે કે આપણુ ભાઇઓ જેવા કાયદાને તાબે થવા કરતાં દેશ છોડી જવાનું પસંદ કરશે. દરાંસવાલના ઐતિહાસ ગીત પાયદો તે બહુ કહીએ તો ટટલીક બાબતમાં દરાંસવાલની પણ સામા ઉદિયન કોલોનિઓ માં પસાર થઇ ચુકયું છે. તો કાયદા પણ ઐતિહાસીક છે અને જેવા કાયદા સામે કોઇ જરૂર હતી નહિ, છતાં ઐશીઓ ટીકીને દરાંસવાલ બહાર રહે નહીં. બાકીના તો દાખલો કર્યે. નતાલની કાળની અગાઉની દીદી મજુરોને આબારી છે છતાં બોટાં બોટાં બહાનાંથી કહે છે કે દીદી ઓને કાઢો. તોદને દીદીઓએ પણ પોતાનું ખુશનસીબ દેખાડયું જોઇએ. દરાંસવાલના દીદીઓ આપણે રાહબર થયા છે. એ દરાંસવાલનો કાયદો હમેશાં ધ્યાનમાં રાખો અંગ્રેજ સરકારની રિયાયત લેવાના બદલામાં આપણે કમર કસીયું તે તેને બહેલે જરૂર તે હક આપણને મળશે.

ઠરાવો

૧ ઐશીઆટીક રજીસ્ટેશન ઐકટ રદ કરવા આપેલું વચન પાડવા જનરલ સ્મટસ ને જે બહાના કાઢે છે અને હીંદી ઓ ઉપર જે જે અપમાન ભરેલી અને તેમના દરજ્જાનો નહિ બજવતી શરતો મુકવા માગે છે તે વિરૂદ્ધ આ મીટીંગ સખ્ત પોકાર ઉઠાવે છે.

આ ઠરાવ રજુ કરતા મી. પી. દેસાઇ એ પ્રમુખને ટેકો આપનારું ભાષણ કરવું હતું. આ ઠરાવને મી. અહમદ હાસમે ટેકો આપ્યો હતો. તે પછી કેટલીક ચરચા થયા બાદ આ ઠરાવ બીજરૂ મત આપી પાડવા ગયા હતા. તેમના નામો મી. હાજમ કરીમ જી. મુના તરફથી મદદ

મી હાજમ કરમશાહ, મી. ઓસમાન આદમ, મી. મોતી અબ્દુલ્લા, અને મી. જમીદ પીરા ને આદ આ ઠરાવ વધુ મતે પાસ થયો હતો. પ્રમુખે અંતે જણાવ્યું કે દરાંસવાલમાં કાયદા આ વખતે ઇંડિઅનો વસે છે અને તે લોક વડી સર કારની મદદ વિષે કાયદાની સામે પડા કાયદા કે જારી શકે છે પણ દીદરસ્તાની વસ્તી ૩૦ કરોડની કે જ્યાં ત્યાં આપણા દેશ ભાઇઓમાં આપણને ભેટદ મદદની નડે છે તેનું કારણ આપ સાદેબો છે. બીજાને કારણ પોતાને વારસે અને પોતાના દેશના માનને વારસે દરાંસવાલના દીદીઓ જે લડત ચલાવે છે તે લડત તરફ આ મીટીંગ પુરતી દીલસેજ બતાવે છે, તથા દરાંસવાલ સરકાર સાથેના યુદ્ધ ની બીજી લડાઇમાં તેમને પુરા ઉતર આપે એવું ઇચ્છે છે.

આ ઠરાવ રજુ કરતાં મી. મદમદ હાજી હાસમ બોલ્યા કે જ્યારે કરાર ની સરકાર રચાઇ હતી ત્યારે ઇંડિઅનો ઉપર બહુ જોડો જુલમ હતો અને તે જુલમને જોર સાથની લડાઇનું એક કારણ દરાંસવાલમાં બાબું હતુ. જ્યારે દરાંસવાલ આપેલના હાથમાં ગયું ત્યારે આપણે ધારતા હતા કે હવે જુલમ ઓછો થશે. પણ જુલમ ઓછો થવાને બદલે વધતો જાય છે અને જ્યારે એ જુલમ દૂર કરવા વડી સરકારને આપણા ભાઇઓ અરજ કરે છે ત્યારે સરકાર જવાબ આપે છે કે જે સસ્થાનને સ્વરાજ્ય આપેલું છે તેની વચ્ચે અમો આવી શકતા નથી. ખરેખર, ૧૮૫૭ ની મહાગદરના દરમ્યાન સાથે આ જવાબ સરખાવીએ ત્યારે આપણી અગત્યતાનો ખરો ખ્યાલ આવી શકે તેમ છે. પણ દરાંસવાલના ભાઇઓ આવા જવાબ થી હીંમત હારી જેમ બેસી રહ્યા નથી તેઓ એ તન, મન અને ધનથી મહેનત કરી સત્યાગ્રહની લડાઇ ચાલુ રાખી છે અને ખુદા તેમને જરૂર ફતેહ આપશેજ. મી. કાળીદાસ દલસરાએ આ દરખાસ્તને ટેકો આપ્યો હતો. અને તે પછી મત લેતાં સરવાનુમતે પસાર થઇ હતી.

પછી મી. હાજમ ઓના મદમદે બીજો ઠરાવ રજુ કરવો હતો. " મી એમ કે ગાંધી, મી મસળ મીયા, મી. સેતારજી રાબુરજી, તમામ અગ્રહુક કદમ બાબાઓ તથા જે ભાઇઓ પહેલી તથા બીજી લડાઇ દરમ્યાન જેલમાં ગયા છે તેમણે તમામ દીદી કામની બાબત કરી [illegible]

રહેતા હિંદીઓની બેહદ સેવા કરી છે એવું આ મીટીંગ કબૂલે છે

મી. સાલેહ મહમદ જુમાએ આ ઠરાવને ટેકો આપ્યો હતો હતો અને મત લેતાં સરવાળામાં ઠરાવ પસાર થયો હતો

ટ્રાંસવાલના ભાઇઓ જેલમાં છે, તેઓ તરફ દીલસોજીનો તાર તથા ઉપલા ઠરાવની નકલ મી ગાંધી કેર મોકલવા આ મીટીંગ પ્રમુખને સુચવે છે

આ ઠરાવ મી. અબુજ તારે મહમદે રજુ કરેલ તથા મી. હુસેન હાસમે ટેકો આપેલો બાદ સરવાળામાં પાસ થયો હતો

એ ઉપરાંત મી હાજી મુરગમહમદ હાસમે, જે ૭ ભાઇઓ ઉઠી ગયા તેમની માટે દિલગીરી બતાવતાં ભાષણો કરેલાં બાદ પ્રમુખનો ઉપકાર માની મીટીંગ બરખાસ્ત થઇ હતી.

છેલ્લા અખબારો

['નાતાલ મરકયુરી' ઉપરથી]

જોહાન્સબરગ તા. ૧૭

નાતાલ મર્ચન્ટાઇલ કોર્પોરેશનના ડીરેક્ટર તરીકે નીમાયા હતા તેને આજ સવારે ક્રોન્ટજેમાંથી પોલીસ ચોકી સાથે નાતાલની ટ્રેનમાં રવાના કરવાને લઇ ગયા છે. ફેરટ પાસે સંખ્યાબંધ માણસો લેવાને આવ્યા હતા, અને તેઓ ધીરજથી રાહ જોતા હતા પણ તેઓ નીરાશ થયા હતા.

'રેન્ડ'ના પ્રતીનીધીએ મી ગાંધીની મુલાકાત લેતાં જણાવ્યું કે મારે દીલગીરને હૃદયપૂર્વક કેદમાંથી તરફ તબીયત સારી છે. હું તેને મળ્યો ત્યારે બીલકુલ માંદો હતો. અને તેને બીજીની ખબર માટે યોગ્ય અમલદારને અરજી કરી પુછાવેલું હતું. અમલદારે તે વખતે જણાવ્યું કે હજુસુધી અને કાંઇ ખબર અપાયા નથી. અને સાતમીએ શું પગલાં ભરવા ધારે છે તેની હું તમને આજ સવારે ખબર આપીશ આજ સવારે મી ગાંધી જ્યારે જેલ ઉપર ગયા ત્યારે તેને ખબર મળ્યા કે મી. ફરીલાલને ૭ માસ સખ્ત કામની સજા ફરમાવેલ છે.

મી ગાંધીએ જણાવ્યું કે કોઇ કાયદા 'રેજીસ્ટ્રેશન' નીચે કરવું એવું કહે સરકારને મારી પાસેથી વચન જોઇતું હતું તો મેં આપણા તેવા વચન આપેલ છે તેજ પ્રમાણે અમે વર્તવાને પણ કરવાને હું તૈયાર હતો નાતાલ ગાંધી જેપીલ રહેવાને ટ્રેનમાં હતા, પરંતુ તેમની બારીઓ બંધ રાખવામાં આવી હતી. જરૂરીયાત પણ બારીઓ બંધ રાખી હતી. લોકોએ કેર ફરીઆમાંથી વાતો કરી હતી. તમાસગીરોને આ વાતો ઘણી રમુજ ભરેલી જણાતી હતી મી ગાંધીએ તેના દીકરાને તરતજ પોલીસોમાં કુરીયો કામકાજ થવો તાર કર્યો છે. આ તાર તેને સરહદ ઉપર મળશે.

ટ્રાંસવાલના હિંદીની ચાલુ લડત

નાતાલના બહાદુર વીરા તરફ દિલસોજી

ન્યાય આપવા માટે પોકાર

જોહાન્સબરગ : માસ મીટીંગ

માસ મીટીંગ ગુમેરાતને દિવસે તા. ૧૦ મીએ મળી હતી. લગભગ બે હજાર હીંદીઓ હાજર હતા. મી. હસપ મીંયા પ્રમુખસ્થાને હતા. પહેલી જગ્યાએથી તારો આવ્યા હતા. દુકાનો બધી જગ્યાએ બંધ કરવાના તારો હતા. જોહાન્સબરગ હીંદી બાજારમાં સુનુ થઇ ગમ થયું હતું. મી. ઈસપમીંયાએ નીચે પ્રમાણે ભાષણ કરેલું. તે મી. કામાએ ઇમરેજીમાં વાંચ્યું હતું.

ભાઇઓ અને ભાઈઓ, આપની પાસે હું કદાચ આ છેલ્લુંજ ભાષણ કરું છું. જેઓથી બની શકે તેવા દરેક મુસલમાને પાક મક્કા શરીફની હજ પઢવાને જવું જોઈએ એવા પેગમ્બર સાહેબના ફરમાન પ્રમાણે મેં ધારેલા વિચારને ત્રણ વરસ થયાં મુલતવી રાખવાની ફરજ પડી હતી. મદરેસાના કામમાં મારી હાજરીની જરૂર હોવાથી પહેલું મુલતવી રાખવું પડયું હતું. ત્યાર પછી જેની છાંયા નીચે આજે આપણે એકઠા થયા છીએ તે પાક મરહુમના કામને માટે મારે રોકાવું પડયું; અને જે મારી લડતમાં આપણે બે વરસ થયાં રોકાયા છીએ તેને માટે બંને વરસે આપ સાહેબોએ મને રોક્યો. આ તે હરે બીજાની ગમ તીથી મેં જવાનું નક્કી કીધું છે. આપ સહુ હું પાક મક્કાશરીફ સુખે પહોંચું એવી દુવા ચહાશો.

આપણી લડતમાં કોઇ નકામો નથી. દરેક માણસની પોતાની હીંમત અને આવડત ઉપર તેનો આધાર છે. સત્ય આપણી બાજુએ છે. આપણે સત્યને છોડયું નહીં તો તે આપણને છોડવાનું નથી. તેનાથી આપણે સ્વતંત્ર થયું.

તોપણ જેટલે દરજે ગેરમેનની જરૂર છે તેમાં મોરી બદલીમાં મી. મહમદ . કાચલીયાની તમારી કમિટિએ પસંદગી કરી છે, તે બહુજ વાજબી છે. તેઓ હંમેશા સાચા અને પાકા ખેલા આગેવાન છે. લડતને ખાતર જેલમાં જઇ આવેલા છે. જે એમને ઓળખે છે તેઓ એમને જાણે છે કે એ સાહેબ કદી પાછી પાની કરે એવા નથી. મુશ્કેલીમાં આવી પડેલા વહાણને બચાવવાને માણસથી બની શકે તેટલું મી. કાચલીયા કરી શકે એમ છે. મારી ઉપર ભરોસો રાખી મને આપ સાહેબો એ તથા કમિટિએ જે બહુમાન બક્ષી છે તે માટે હું આભાર માનું છું. મી. કાચલીયા સાથે પણ આપ એજ મુજબ વરતશો એવી આશા રાખું છું.

હકને માટે જમે તેટલું દુઃખ ખમવા આ પયગમ્બરના આગેવાન પુત્રો બહાર નીકળી પડયા છે એ ખરેખર પાનો ચઢાવનાર બનાવ; જે પ્રજા દુઃખો ઉઠાવે છે તે મહાન થયા વિના કેમ રહે? અહીં આપણે જે બહાદુર વીરાઓ જેલની સખત મહેનતનાં દુઃખો ઉઠાવવાની સજાને પામ્યા છે તેમનાં કુટુંબોને દિલાસો આપવાને એકઠા થયા છીએ. અને, તેમ છતાં, તેમને દિલાસો શા માટે? જે ઝિ અને કુટુંબ-બલકે આખી કોમ કે જેમાં મી. દાઉદ મહમદ, મી. પારસી રૂસ્તમજી મી. આંબલીઆ અને તેમના સાથીઓ જેવા બહાદુર વીરો જનમેલા છે તે સરવેને મુબારક બાદી ઘટે છે.

એમને થએલી સજા ખરેખર ધાતકી છે. કોઈ કહેશે કે આ જંગલીપણાની ફરીયાદ આપણાથી થઇ શકે નહીં. આપણે જેવું ધાર્યું તેવું થયું. સજાની સખતાઈની ફરી યાદ છેજ નહીં. જે ન્યાયાધીશ કાયદાની પાક બેસાડવા ઇચ્છે છે તે આથી ઓછું કરી શકેજ નહીં બાઇટરટેઇ આપણી લડતનું ઇનસાફીપણું સમજી ઓછી સજા કરે છે. આપણે માગતા નથી. આપણી જે ફરીયાદ છે તે રાજ સરકારની સામે છે. કેમકે રાજ કરવાને બદલે તેઓ જુલમ કરે છે અને બદી વધારે છે. આપણું દીલ જેને અસત્ય માને છે તેવાં કામોને પરાણે તાબે કરાવવા તે જંગલી બળ વાપરે છે. પણ તે જંગલી બળ સામે આત્મિક-રૂહાનું બદીબાતુ બળ આપણે વાપરીએ છીએ. જોઇએ તેવા જડ બળ સામે સહન કરવાનું બળ આપી જશે.

બહાદુર મી. રોબરાજ ફરી પાછા આપણી વચ્ચે આવી લાગ્યા છે. નાતાલના આગેવાનોને કોંગ્રેસની આકરી સજાનો યોગ્ય જવાબ તેઓ પુરો પાડે છે. પડેલાં દુઃખોથી નહીં ડરી તેઓ ફરી વખારે દુઃખ સહન કરવાને આવેલા છે. પણ જ્યારે આવી ભયંકર સજાઓથી પણ આપણે બ્હીતા નથી તો વધી સરકાર, જેની ફરજ નબળી અને અવાજ વિનાની પ્રજાનું રક્ષણ કરવાની છે તે પોતાના હકનો ઉપયોગ કેમ કરતી નથી? સરકાર કહે છે કે ખુનો ખુની કાયદો બોલ્યા માત્ર છે તો તે કાયદો

તદ્દન રદ કરવાની આપણી માગણી છે. આપણા મેજરેટ હકો પ્રમાણીકપણે જળવાય એવી આપણી માગણી છે, અને સામાન્ય રીતે થાન કાયદા હેઠળ થોડાક કેળવાયલા હીંદીઓ કોલોનીમાં દાખલ થાય એવી આપણી માગણી છે. આ આપણી સહુ માગણી વાજબી હોવ તો પછી જે દુઃખ આપણને દેવામાં આવે છે બહુ ગેરવાજબી છે. આવે વખતે વડી સરકાર, જેને લોરડ મીલનરે મોટા ટાવર ઉપર બેસી ચોકી કરી રક્ષણ કરનારની ઉપમા આપી છે તેની ફરજ છે કે આપણી સ્વતંત્રતા ન લુંટાવા દેવી અથવા આપણી હસ્તી નાબૂદ થતી બચાવવી.

જો કોઈ કહેશે કે નાતાલના આગેવાનો માત્ર કાયદાની સામે થવા ઇચ્છે પણ હકવિના આવ્યા છે માટે તેમને થએલી સજા યોગ્ય છે, તો હું કહું છું કે તે વાત સાચી નથી. કેમ કે તેમાંના કેટલાક લડાઈ પહેલાંના ટ્રાંસવાલ ના રહીશ છે. કેટલાક કેળવણી પામેલા છે અને કેટલાકે ચહેનસ્બર્ગ એડવરડના ચોકીદીઅર સરકારમાં નોકરી કરેલી છે, અને ચારેક મેજરેલા છે. એવા માણસો જો એમ માને કે પોતે બ્રીટીશ પ્રજા હોઈ ટ્રાંસવાલમાં દાખલ થવાનો હક ધરાવે ■ તો તેવાનો અથવા દેવા જોઇએ. એ બાબતના ઠરાવો આપની પાસે રજુ કરવામાં આવશે તેને આપ સહુ પસંદ કરશો. જેઓ જેલમાં ગયા ■ તેઓ આપણને એટલા બધા વહાલા છે કે તેમના માનને ખાતર આપણે આપણો ધંધો બંધ કીધો છે. આ બાબતમાં કમિટિએ કીધેલી ભલામણનો અમલ બરાબર થયો છે તેથી આપ સહુની લાગણી આ બાબતમાં કેવી તીક્ષ્ણ છે તે જણાઇ આવે છે.

મોરા છેલ્લા શબ્દો તમોને એ છે કે મત જેલને કુબાની દેજો. આ સ્થળે આપણે હીંદુ કે મુસલમાન મદ્રાસી કે ગુજરાતી, પંજાબી કે કલકત્તાના એવો ભેદ જણવાની જરૂર નથી. આપણી સહુની એકજ માતૃભૂમિ હિંદ છે. વળી યાદ રાખજો કે ઇશ્વરમાં અને તેના ઈન્સાફમાં શ્રદ્ધા રાખી દુઃખ ખમવા રૂપી જે પારસમણી આપણી પાસે છે એ પારસમણીએ આપણને આપણી મુરાદ બર લાવવાની બહુજ નજીક આણી મુકયા છે, પણ હજી વધારે દુઃખો ખમવા પડે. એટલા માટે અલ્લાના નામથી હું આપને વિનંતી કરું છું કે કોઈપણ રીતે ભય ન રાખતાં એક નિષ્ઠાથી મંડયા રહેજો. અને ફતેહ તમારી છે.

ઠરાવો

૧. બ્રિટીશ હીંદીઓની આ માસ મીટીંગ વોકસરસમાં તા. ૯ મંગળવારના રોજ જે રજા હીંદીઓને કરવામાં આવી છે તેની સામે ઘણી દીલગીરી જાહેર કરે છે. આ હીંદીઓમાં કેટલાક દક્ષિણ આફ્રીકાના નામાંકીત હીંદીઓ ■ અને સઘળા ટ્રાંસવાલમાં દાખલ થવાને બરા હકદાર છે. અને હીંદીઓ ઉપર સરકાર જમે તેટલાં દુઃખ પાડે તોપણ જ્યાં સુધા તેઓ હાલની હાદ આપવામાં ન આવે ત્યાં સુધી તે દુઃખો ઉઠાવવાનું ચાલુ રાખવા નો ઠરાવ જાહેર કરે છે.

આ ઠરાવ મી. સોરાબજી સાહપુરજીએ રજુ કર્યો. મી. ચેટીઆરે (તામીલ બેનીફીટ સોસાયટીના પ્રમુખ) સેકન્ડ કરયો, તથા મેસરસ. અબદુલ ગની, ઇમામ અબદુલ કાદર બાવાઝીર (હ. ઈ. સોસાયટીના પ્રમુખ), અને સેદજી દેસાઈ એ પા. તાલીસમે ટેકો આપ્યો.

૨. આ મીટીંગ નાતાલની સરકારને વચે પડી ટ્રાંસવાલમાં હીંદીઓના દુઃખોનો અંત આણવાની વિનંતિ કરે છે.

આ ઠરાવ મી. ઈબરાહીમ કુવાડીઆએ રજુ કર્યો; મી. નાદીરશા કામાએ સેકન્ડ કરયો; તથા મી. હમરજી ભાલે તથા પી. કે. નાંડુએ ટેકો આપ્યો.

૩. હીંદીઓની આ માસ મીટીંગ આ કોલોનીમાં વસતા હીંદીઓ ઉપર આવી પડેલી આફતને વખતે બ્રીટીશ ઇંડીઅન એસોસી એશનના પ્રમુખ મી. ઇસપ મીયા જે હાલ મકારારીક હજ પહેવાને જાયછે તેમણે બજા વેલી અમુલ્ય સેવાનો ઘણોજ ઉપકાર માનીને નોંધ લેય છે, અને ખુદા પાસે માગે છે કે તેવણે ધારેલી મુરાદ બર આવે, ને આપણાં કામમાં લાભ લેવાને ખુદા તેમને જલદીથી અત્રે પાછા લાવે.

આ ઠરાવ મી. એમ. પી. ફેન્સીએ રજુ કર્યો; મી. બ્યાસે સેકન્ડ કરયો; અને મેસરસ. આમદ મુસાજી, એમ. કે. ગાંધી, અને એ. અસવાતે ટેકો આપ્યો.

૪. આ મીટીંગ બ્રી. ઈ. એસોસીએશનની કમિટિએ એસોસીએશનના પ્રમુખ તરીકે મી. મહમદ મહમદ કાચલીઆની જે નીમ ણુંક કરી છે તે કબુલ રાખે છે અને આવા તોફાની સમયમાં કોમનું વહાણ હંકારવાનું કપ્તાનપણાનું તેમને જે અનુપમ માન આપવામાં આવ્યું છે તેને માટે તેમને મુબા રકબાદી આપે છે.

આ ઠરાવ મી. ઈબરાહીમ કુવાડીઆએ રજુ કર્યો; મી. ઇમામ અબદુલ કાદર બાવા મીરે સેકન્ડ કરયો; તથા મેસરસ. એન. વી. રાહ અને એમ. કે. ગાંધીએ ટેકો આપ્યો.

૫. કપલા ઠરાવોની નકલ યોગ્ય સ્થળે મોકલવાની સત્તા પ્રમુખને આપવામાં આવે છે.

ઉપરના ઠરાવો સરવાનુમતે પસાર થવા બાદ મીટીંગ બરખાસ્ત થઇ હતી.

પોકસરસના કેદીઓ

ગુરૂવાર તા. ૧૦ મીએ મી. રીચને કોંગ્રેસ તરફથી નીચે પ્રમાણે કેબલ થયો હતોઃ—

"મી. દાવુદ મહમદ, મી. પારસી રૂસ્તમજી, મી. આંગલીઆને ત્રણ માસની તથા બીજાઓ ને દોઢ માસની સખત જેલ આપવાના ઠરાંસ વાલ સરકારના પત્રકો સામે માસ મીટીંગ સખ્ત વાંધો બતાવે છે. સ્થીતી અસહ્ય છે. બનતું કરો."

પોકસરસથી પણ આવી બનતો એક કેબલ મી. રીચને લંડન તા. ૯ ના રોજ મોકલવામાં આવ્યો હતો.

કોંગ્રેસે મુંબઈના જુદા જુદા આગેવાનોપર તા. ૧૦ના રોજ મદ્રાસ, કલકત્તા, લાહોર વિગેરે કેકાણે જે અઠવાડીએ મુંબઈ કરયો તેવા કેબલો કર્યા હતા.

ગુરૂવાર તા. ૧૦મીને રોજ કરબન અંજુમને ઈસ્લામની સભામાં નીચેનો કેબલ મોકલવાનો ઠરાવ થયો હતો અને તે મુજબ શુક્રવારે સવારે તે રવાના કરવામાં આવ્યો હતો.

"ટ્રાંસવાલની સરકારે આપેલા વચનનો ભંગ કર્યો છે. તે કોલોનીમાં દાખલ થવાનો હક સાબીત કરવામાં ત્યાં જનાર મી. દાવુદ મહમદ, પ્રેસીડેન્ટ તા. ઈ. કોં., મી. પારસી રૂસ્તમજી ઉપ પ્રમુખ, મી. એમ. સી. આંગલીઆ સેક રેટરી તથા બીજાઓને ત્રણ માસની સખત જેલની જે જંગલી સજા કરી છે તેની સામે ધોકાર ઉઠાવે. ચોટ વતનના વફાદાર હીંદીનું જુલમમાંથી રક્ષણ કરવા વડી સરકારને નમ્ર કરો. મામલો બારીક છે. તુરત મદદ કરવા માટે મારા મીટીંગો ભરવાની વિનંતીના કેબલ હીંદુસ્તાનમાં બીજી જગ્યાએ કર્યા છે."

તે ઉપરાંત આ અંજુમને નીચેની જગ્યાએ તાર મોકલ્યા છે.

મી. મહમદ કાસમ જરૂચા રંગુન, નામ દાર આગાખાન, સર કરીમભાઇ ઈબ્રાહીમ, નવાબ નસુરૂલ્લાખાન, સર રહેમતુલા ઈબરા હીમ, મી. મહમદ અલી જીણા, મી. કાજી કબીરૂદીન, સર આદમજી પીરભાય, મુંબઈ. ઓ. નવાબ મહમદઃ મદ્રાસ, મી. મુસાજી હસન અરમાલઃ કલકત્તા, હીમાયતે ઇસ્લામઃ લાહોર; સર વિકારૂલ મુલ્કઃ અલીગઢ, મી. પીર મહમદીનઃ વડોદરા, ઓ. સઈદ અલ અદરૂસઃ સુરત, મહેરીલે ઈસ્લામઃ રાંદેર, રોનકુલે ઇસ્લામઃ કઠોર, ઓલ ઇંડિઆ મોહમ્મદીમ લીગઃ દરબા, તથા મી. દહેલવી બારી સ્ટરઃ કરાંચી.

તા. ૧૫ મીએ ના. ઈ. કોંગ્રેસે નામદાર આગાખાનને નીચે પ્રમાણે કેબલ કર્યો છેઃ

"ટ્રાંસવાલમાં નાતાલના આગેવાનોને સજા થઈછે તેમને જાહેર રસ્તાપર પમ્પર મારવા નું કામ આપવામાં આવ્યું છે. મામલો બારીક છે. પોકાર ઉઠાવશો."

ઉપલા કેબલની નકલ મુંબઈ સમાચાર, ગુજરાતી, બોમ્બે જમસેદ, અને બોમ્બરારને મોકલવામાં આવી છે.

ઇંડર તારથી નીચે મુજબ જણાવે છેઃ વોર્ડ એમ્પથીલે તા. ૧૫ના 'લંડન ડાઇજેસ્ટ'માં કારણ સહી જણાવ્યું છે કે ટ્રાંસવાલમાં આવતા બધા હીંદીઓને અટકાવી શકાય તેવી બનતી ત્યાંના હીંદીઓ પાસેથી કબુલત મેળવવાને મી. રમટસ આતુર જણાય છે. જાનેવારીમાં થયેલ સલાહ પાળવામાટે ટ્રાંસવાલ સરકારે આવી નથી અને સખત કાયદા નાબી છે તેથી જ હાલની શોચનીય સ્થીતિ ઉભી થવા પામી છે. તેના આવા મતના ટેકાકારે તેણે ટ્રાંસ વાલના કેટલાક છાપાના લખાણો બતાવેલ તેમાં ખાસ કરીને 'રેન્ડાર' ના લખાણો બતાવ્યા છે. આ કારણ સંબંધમાં 'ડાઈજેસ્ટે' લખ્યું છે કે હવે જે વાંધો છે તે કુલ એશી આદીકન લગતો છે. માત્ર ટ્રાંસવાલના હીંદી

સ્વીરોને લગતો નથી. સ્વીરા ન હોય એવા બધા હીંદીઓને બહાર રાખવાનું સલાહમાં ન હતું એમ માનવામાં લોર્ડ એમ્પથીલ ભૂલ કરે છે. અને તે બાબત રજી નવેંબરના ડીસપેચમાં લોર્ડ એલ્જીને જણાવ્યું હતું તેની નોંધ લીએ છે. હીંદીઓ રાલાડમાંથી છટકવા ને પ્રયત્ન કરતા દેખાય છે. અને વડી સર કાર મદદ કરશે એવી આશાએ નવું એજીટે શન ચલાવી રહ્યા છે.

'લંડન ટાઇમ્સ' માં આજે (તા. ૧૬ સપ્ટેંબર) એક લાંબત લખાણ પ્રગટ થયું છે તેમાં આખા એશીઆટીક સવાલ વિષે ચરચા કરવાને બાદશાહી કોનફરન્સ બોલાવવાની અગત્યતા જણાવી છે. તે લખાણ ટ્રાંસવાલ સરકારને જણાવે છે કે અગે (ટાઇમ્સના અધીપતી) બાદશાહી સવાલને લગતી બધી અગત્યની બાબતો હાથ પર વાને આ રસતો સુચવીએ છીએ. હીંદીઓ એ ઠરાવેલ 'એજીટેશન' હીંદી સિવાય બીજા ઓને લાભ કરતા થઇ પડે. હીંદીઓ આ વાતથી અજાણ હશે કે આવી રીતે 'એજીટેશન' કરવાથી વડી સરકારની કીર્તિને પરવાનાયામાં ઝાંખપ પહોંચશે.

નાતાલ ઇંડિઅન કોંગ્રેસને બુધવારે મુંબઇ થી સર જહાંગીર પીટીટ (બેરોનેટ) નો નીચે મુજબ તાર મળ્યો છે: "તમારી લડત ખંત થી ચાલુ રાખો. તમારી લડત વાજબી અને ન્યાયી છે. અંતે ફતેહ મળશેજ. તમને મદદ કરવાને અમારાથી જેટલું બની શકે તેટલું કરીએ છીએ. મુંબઇ પ્રેસીડન્સીએસોસીએશન ના સેક્રેટરીએ હીંદુસ્તાનના સેક્રેટરી અને બડા પ્રધાનને તાર કર્યો છે અને મદદ માગી છે. અમારી અંતઃકરણ પુરવકની તમને દીલ સોજી છે.

સર ફીરોજશાહ મેતાએ મુંબઇના પ્રેસી ડન્સી એસોસીએશન તરફથી લોર્ડ એમ્પથીલને તારથી જણાવ્યું છે કે ટ્રાંસવાલમાં બહેલા હીંદી ઉપર જે ઠેર તથા જુલમ વર્તી રહ્યા છે તેમાંથી બચાવવાને વડી સરકારની સખત આજીજી સાથે મદદ માગીએ છીએ. ટ્રાંસ વાલ સરકારના કાયદાથી હીંદુસ્તાનમાં બહોજ માઠી અસર પેદા થઈ છે.

'લંડન ટાઇમ્સ' માં આજે (તા. ૧૭ સપ્ટેંબર) ટ્રાંસવાલના હીંદી સવાલ ઉપર સંખ્યાબંધ કાગળો પ્રગટ થયા છે. સર હેન્રીસે હીંદીઓ તરફ દિલસોજી બતાવતા નો કાગળ લખ્યો છે. સર મંચેરજી ભાવનગ રી મી. રમઝસ અને તેના ગોઠીઆઓને અપીલ કરી કહે છે કે હીંદીઓ વિરૂદ્ધની પોલીસ રાજવામાં મોટો ભય રહેલો છે તે ખ્યાલમાં હશે.

વડી સરકાર ટ્રાંસવાલના હીંદીઓની સ્થિતિની બારીકી તપાસ ચલાવે છે એમ જાહેર કરવાનું રૂટરને બબર મળ્યા છે.

છેવટના નીરણય ઉપર કોલોનીઅલ ઓફીસ કાંઇ આખી શકી નથી પરંતુ લખાણ ચાલુ છે.

વડી સરકારને ખાત્રી આપે છે કે ટ્રાંસ વાલ હીંદીઓ ૧૨૬ ન્યાયી અને વ્યાજબી વરતણુંક ચલાવશે.

કુહેર અને તેની આસપાસના પરગણા ના રહીશોએ ટ્રાંસવાલના હીંદીઓને મળેલી સજા સામે વાંધો દરશાવવા લોરડ મોરલેને તાર કરેલ છે અને તેમને છુટા કરવાની વીનતી કરી છે.

સુરતની રોનકુલ ઇસ્લામ તરફથી ડરબનની અંજુમને ઇસ્લામને નીચે મુજબ તાર મળ્યો છે.

ઘણી ઉસ્કેરણી ચાલે છે. બહોળી મીટીંગો ભરાય છે. મેરલે, મીટો તથા કલારક (મુંબઇના ગવરનર) ને ટ્રાંસવાલ ના હીંદીઓની કેદ સામે વાંધો દરશાવનારા તાર મોકલ્યા છે. અને તેઓને છુટા કરવાની વીનતી કરી છે.

કીંબરલીમાં મીટીંગ

નાતાલના હીંદીઓ અને બીજા ૫૨ હીંદીને વોકસરસ ખાતે મળેલી જેલ માટે દીલસોજી બતાવવા થયા છુધવાર તા. ૬ સપ્ટેંબરના રોજ અત્રેની ગુજરાત ઇંડિઅન એસોસીએશનની મીટીંગ ભરોડબે ઉપર આવેલા મી. અહમદ મહમદના મકાનમાં મળી હતી. મી. મહમદ સાલે જીએ ખુરશી લીધી હતી. મીટીંગમાં ઘણા હીંદી હાજર થયા હતા. પ્રમુખે મીટીંગનો હેતુ જણાવ્યા બાદ એક વકતા એ ટ્રાંસવાલમાં ચાલી રહેલી લડત વિષે વીગતવાર વિવેચન કરયું હતું. તથા જેલ ગએલાને માટે દીલસોજી બતાવી હતી. બાદ નીચેના ચણ ઠરાવો સરવાનુ મતે પાસ થયા હતાઃ

૧. ટ્રાંસવાલ સરકારે સત્યને ખાતર લડતા નાતાલના આગેવાનોને સખત મજુરીની જેલની સજા કરી છે તેની સામે કીંબરલીની ગુજરાત ઇંડિઅન એસો સીએશનની આ મીટીંગ સખત વાંધો જાહેર કરે છે. તથા આખી કોમના હક જાળવવા તેઓને જે દુઃખ ઉઠાવવું પડે છે તેમને માટે દીલસોજી ધરાવે છે.

૨. ૧૮૮૫ના ઠરાવ ઉપર હીંદી કોમનો વીશ્વાસ દીવસે દીવસે કમતી થતો જાય છે કેમકે ટ્રાંસવાલ અને બીજા કોલોની માં જે સખત જુલમ ગુજરે છે તેને બીલકુલ દાદ નથી મળતી. અને આશા રાખવામાં આવે છે કે આ છેલ્લી ઘડીએ પણ વડી સરકાર વચ્ચે પડી હીંદી કોમનું રક્ષણ કરશે.

૩. આ મીટીંગ ઓનરરી સેક્રેટરીને સત્તા આપે છે કે આ ઠરાવની એક નકલ નાતાલ ઇંડિઅન કોંગ્રેસને ડરબન તથા વી. ઇ. એસોસીએશનને મોકલવી તથા બીજી ઠરાવની નકલ વડી સરકારને મોકલવી.

ઉપરના ઠરાવ મુજબ તાર તથા કેબલો તેજ રોજ મોકલવામાં આવ્યા છે.

છેલ્લા બબરો

[ખ. ઍ. માટે ખાસ તાર]

વોકસરસ ગુરૂવાર

નવા ઍશીઆટીક કાયદાને બાદશાહી મંજુરી મળી ચુકયા છે અર્થાત સત્યાગ્રહ ની લડતને કાંઇ અસર થવાની નથી. તે લડત તો ચલુ છે તેમ વીટીશ ઇંડિઅન એસોસીએશન ચલુ રાખશે. અને નવા કાયદાનો લાભ લેવાની ના પાડે છે.

પ્રીટોરીયાના હીંદી આગેવાનો જેને વગર લાઇસેન્સે વેપાર કરવામાટે જેલની સજા મળી હતી તે ગઇ કાલે છુટયા છે. હીંદી ઓએ તેમને વધાવી લીધા છે.

જેલમાં તેઓએ ધર્મના બાધને લીધે રાંધેલ ભીલી-માલ લેવાની ના પાડી અને વગર રાંધેલની માગણી કરી કહ્યું કે અમને આટો આપો એટલે અમે રાંધી લેશું તેના જવાબમાં વોરડરે કહ્યું કે જો આવો ખોરાક ન ખાવો હોય તો દંડ આપો. તેઓએ દંડ આપવાની ના પાડી તેમ રાંધેલો ખોરાક લેવાની પણ ના પાડી છે.

પ્રીટોરીઆ એસોસીએશનના પ્રમુખ મી. વલી મહમદ જેને જે ગુન્હામાટે સજા કરવામાં આવી તે કાલે સવારે છુટશે.

મી. મુળજીભાઇ પટેલ આજરોજ (ગુરૂ વારે) જોહાન્સબરગ આવી પહોંચ્યા છે.

ક્રોનીકલ્સ્ટાનના 'ફ્રેન્ડ' છાપાએ તા. ૧૨ સપ્ટેંબરના અંકમાં હીંદીની હીમાયત કરનારો એક આરટીકલ લખ્યો છે.

વોકસરસ, ગુરૂવાર

મી. હરીલાલ ગાંધી આજ સવારે ડીપોર્ટ થયા પછી બળતીજ ટ્રેનમાં ગુરૂવ વેનમાં ૬-૪૦ અત્રે આવી પહોંચેલ છે. તેને માજીસ્ટ્રેટ પાસે ખડા કરવામાં આવ્યા છે. જચાવ તરફથી કોઇ ન હતું. ૫૦ પાંડના જામીન ઠરાવી કેસ આવતા મંગળ વાર સુધી મુલતવી રહેલ છે. મી. હરી લાલે જામીન આપવા ના પાડી છે. જેલના બહારના તેમાટે બાયાનુ આપવા તૈયારી બતાવેલી છે.

મી. આજમ એસ. પટેલ ૧૦ દિવસની જેલ ભોગવ્યા પછી અને હદપાર થયા પછી તે ગઇ કાલે ટ્રાંસવાલની હદમાં દાખલ થયા છે. આજે તેમને ત્રણ માસની સખત મજુરીની જેલની સજા થઇ છે.

બધા કેદીઓ સારી હાલતમાં છે.

જોહીસ્મથ, ડંડી, કેપટાઉન, તથા ડરબન વિગેરે બીજી જગ્યાના મીટીંગો ના રીપોર્ટ અમુધાર્યા લખાણના દબાણથી સેટ કરેલા અમારે આવતા આઠવાડીઆ ઉપર મુલતવી રાખવા પડયા છે.

ટ્રાંસવાલના હીંદીની વડી સરકારને અરજી

લડતનો પુરેપુરો ચિતાર

કાયદો રદ કરવા બાબતનાં સોગંદનામાં

બ્રીટીશ ઇંડીઅન એસોસીએશનના પ્રમુખ મી અસપ ઇસ્માઇલ મીયાં તથા સેક્રેટરી મી એમ. કે ગાંધીની મારફતે નીચેની અરજી લંડન, કોલોની બાબતના વડા પ્રધાનને મોકલવામાં આવી છે.

ટ્રાંસવાલની બ્રીટીશ ઇંડીઅન એસોસીએશનની અરજી

નમ્રતા પુરવક જણાવે છે કે:—

પ્રસ્તાવના

૧ આ અરજીથી બ્રીટીશ ઇંડીઅન એસોસીએશન ઉભવ્યાં બે વરસ થયાં ટ્રાંસવાલના હીંદીઓ જે સકંટ સહન કરી રહ્યા છે તેની હકીકત અને ખાસ કરી ચાલુ માસ ના ૩૦ તારીખના સરકારી ગેઝેટમાં બહાર પડેલ એશીઆટીક અમેંડમેંટ ઓર્ડર પોતાની હકીકત આપ નામદાર પાસે રજુ કરે છે.

૨ આ એસોસીએશન ટ્રાંસવાલમાં વસતી હીંદી પ્રજાની છે. અને તે હીંદી કોમ બ્રીટીશ સરકારની રૈયત છે.

૩ આપ નામદાર જાણો છો કે ટ્રાંસવાલની ધારા સભાએ ગયે વરસે જે ખુની કાયદો પાસ કર્યો છે તેથી ટ્રાંસવાલમાંની હીંદીઓ માથે બહુ દુઃખ પડયું છે. તેઓને પૈસા સંબંધી ઘણું નુકસાન થયું છે તથા ૩૫૦ જેટલા હીંદીઓને સત્યને ખાતર જેલ ભોગવવી પડી છે.

૪ જે કાયદો ગેઝેટમાં બહાર પડેલ છે તે પ્રથમ બીલ રૂપે તા. ૬ ઓગસ્ટ ના રોજ વાંચવામાં આવેલ. અને તા. ૨૧ ઓગસ્ટના રોજ તો પાર્લમેંટના બેને હાઉસ-એસેંબલી તથા કાઉન્સીલમાં બધી વખત વંચાઇ પાસ થયેલ હતો. બીલ ગેઝેટમાં પણ બહાર પાડવામાં કદી આવ્યું ન હતું. અને કાયદા તરીકે જ્યારે ગેઝેટમાં છપાયું ત્યારે જ હીંદી કોમ । જાણવામાં આવ્યું. ધારા સભા ના એક મેમ્બરની જાણમાંથી તે બીલ પાસ થયા પછી થોડા હીંદીના જોવામાં આવ્યું હતું. એટલે બાકીના બધા હીંદી રજી સપ્ટેંબર સુધી આ કાયદાથી અજાણ હતા અને તેઓને ટ્રાંસવાલના બધા માં જે તારણ બહાર પડયું હતું તેથી સંતોષ માનવો પડયો હતો.

૫ અરજદાર એસોસીએશન કબુલ કરે છે કે ૧૯૦૭ના ખુની કાયદા કરતાં હાલનો નવો કાયદો ઘણે દરજ્જે સારો છે; પરંતુ તેમાં નીચેની બાબતની ખામી . ટ્રાંસવાલમાં લડાઇ પહેલાંના જે એશીઆટીક વતનીઓ હજુ રજીસ્ટર ન કરાવેલુ હોય-તેને એ। અખીલ કરવું પડે છે કે તે પોતે લડાઇ પહેલાં ટ્રાંસવાલમાં ત્રણ વરસ વસ્યો હતો. લગભગ બધા હીંદી પોતાના ખરા હક બતાવીને આ દેશમાં આવેલા છે. લડાઇ પહેલાં પુરું એક વરસ પણ ન રહ્યા હોય તેવા માણસોને રજીસ્ટરેશન સર્ટીફીકેટ અપાયાના કેટલાક દાખલા બન્યા છે. અમે નમ્રતા પુર્વક જણાવવાની રજા લઇએ છીએ કે જે એશીઆટીકો હાલ ટ્રાંસવાલમાં છે અને જેમણે રજીસ્ટર નથી કરાવ્યાં તેમને આવી ત્રણ વરસની મુદતનું બંધન નહીં હોવું જોઇએ. તે મુદત જે હજુ ટ્રાંસ વાલની બહાર છે તેને લાગુ પડે છે.

૬ લાઇન્સેસ આપવા બાબતની કલમ નો ઉપયોગ કરતી વખતે અંગુઠો પાની પાસેથી લેવો તે અમલદારની મરજીના ઉપર આધાર રાખે છે.

આંગળાંની છાપ

૭ આ બીલના બીજી વખતના વંચન વખતે કોલોનીઅલ સેક્રેટરીએ જણાવ્યું કે આંગળાં અથવા અંગુઠાની છાપને માટે વાંધો નહોતો. અરજદાર એસોસીએશન નમ્રતાપુર્વક જણાવે છે કે કોલોનીઅલ સેક્રેટરી આમ માનવામાં ભુલ કરે છે કારણ કે તેવું સારી રીતે જણાતા હતા કે ગયા જાન્યુઆરીમાં થયેલી સલાહ પછી આંગળાંની છાપને માટે સખત ખળભળાટ ઉઠેલો હતો. હીંદી કોમના આગેવાનોની માન્યતા મુજબ આંગળાંની છાપ એ મુખ્ય વાંધો ન હતો એ ખરા બર છે, પણ ઘણા એશીઆટીકોને તો તે મુખ્ય વાંધો હતો અને હજુ તેમજ છે. તેમાં ખાસ કરી પઢાણો કોમ કે જેની સંખ્યા આ કોલોનીમાં આશરે ૧૫૦ જેટલી છે તેઓને તો તેની સામે મુખ્ય વાંધો છે આંગળાં અથવા અંગુઠા ની છાપ મુકેલ થયા પછી મરજીઆત આપવામાં આવતી હતી અને તે એવા હેતુથી કે સરકારને ખોટાખાણ લેવામાં મદદગાર થઇ પડે તથા હીંદી કોમ સર કારને મદદ કરવાને રાજી છે તે બતાવી શકાય. પણ મરજીઆત આંગળાં આપવા થી કોમને ઘણું વેઠવું પડયું છે. સર કારને અર્થ કામમાં મદદ કરવા માટે પ્રમુખ તથા સેક્રેટરી બંનેના શરીર ઉપર તેમના ગત ભાઇઓએ ગંભીર હુમલો કરી સખત પ્રજા પહોંચાડી હતી. બધા અનુભવ ઉપરથી અરજદાર એસોસીએશન આપ નામદારને ખાત્રી પુરવક જણાવે છે કે માત્ર એશીઆટીકો પાસેથી આંગ ળાંની છાપ મારવાથી મોટી મુશ્કેલી ઉભી થશે. તેમ છતાં ઘણા બ્રીટીશ ઇંડી અનોએ અમલદારોને એક વખત આંગળાં આપેલાં છે. એટલે તેની જરૂર પણ નથી રહેતી. મતલબમાં આ કાયદાનો સુલેહ પુરવક અમલ કરવામાં ઘણી નરમાશ વાપરવાની જરૂર છે.

ખુની કાયદો રદ કરવો

૮ નવો કાયદો ખુની કાયદા કરતાં ગમે તેવો સારો હોય છતાં જ્યાંસુધી ખુની કાયદો રદ કરવામાં નહીં આવે ત્યાં સુધી તથા બહેલા હીંદીઓના હક વાજબી રીતે નહીં કબુલ રાખવામાં આવે ત્યાં સુધી નવા કાયદાથી જે કોઇ લાભ બને તે લાભ નહીં લેવાનો હીંદી કોમે ઠરાવ કર્યો છે. અરજદાર એસોસીએશન નમ્રતા પુરવક જણાવે છે કે સરકારની ટેક જાળવવા ખાતર પણ ખુની કાયદો રદ કરવાની જરૂર છે.

કાયદો રદ કરવાનું વચન

૯ અમે નમ્રતા પુરવક જણાવીએ છીએ કે માનવંતા કોલોનીઅલ સેક્રેટરી એ કાયદો રદ કરાવવાનું ખચીત વચન આપેલું હતું. એવી શરતે કે એશીઆ ટીક કોમે સલાહની શરતો બરાબર પાળવી એશીઆટીકોએ સલાહની શરતો બરાબર પાળી છે એમ કબુલ કરવામાં આવ્યું છે.

૧૦ એવી દલીલ કરવામાં આવે છે કે જસ્ટીસ સોલોમને મરજીઆત રજીસ્ટર ની અરજીઓ પાછી મોકલવાના કેસમાં ઠરાવ આપતી વખતે જણાવ્યું છે કે કાયદો રદ કરવાનું વચન આપેલું હોય એમ સાબીત થઇ શકતું નથી અને તેથી તેવું વચન આપવામાં આવ્યું નથી.

અરજદાર એસોસીએશન આપ નામદારને નમ્રતાપુરવક જણાવે છે કે કાયદો રદ કરવા બાબતનો સવાલ કોરટમાં ચાલ્યો આવ્યો હતો નહીં. અને તે હરાવ કાયદો રદ કરવાના સવાલ ઉપર બીનજરૂરી આધાર રાખતો નહોતો. કોરટમાં સ્પષ્ટરીતે જાહેર કરવામાં આવ્યું હતું કે કાયદો રદ કરવા બાબતનો સબબી પુરાવો અરજદાર તરફથી કોરટમાં રજુ કરવામાં આવ્યો હતો નહીં અરજીના ટેકામાં માત્ર જરૂર જેવો એફીડેવીટો કરવામાં આવી હતી. અરજદાર મરજીઆત રજીસ્ટરની અરજી પાછી ખેંચવા માગતો હતો કે સ્થાનીક સરકાર પાસેથી તે કાગળો પાછા માગવાને અરજદારને હક છે.

૧૧ તા. ૨૯ જાન્યુઆરીના રોજ કોલોનીઅલ સેક્રેટરીને જે કાગળ લખવામાં આવ્યો હતો તેમાં સહી કરનારાઓએ કાયદો રદ કરવાનું ધ્યાનમાં રાખીને લખેલું હતું. તે નીચેના શબ્દો ઉપરથી જણાશે "આમ હોવાથી વળી પણ અમે અરજ કરીએ કાગે કે સે.ળ વરસની ઉપરના બધા એશીઆટીક અમુક મુદતની અંદર (જેમકે ત્રણ મહીનાની અંદર) રજીસ્ટર થાય, અને જેઓ તે પ્રમાણે રજીસ્ટર લે તેને કાયદો લાગુ ન પડે." સહી કરનાર પાસે તે કાગળ નો મુસદો રજુ કરવામાં આવ્યો તે વખતે "કાયદાની સત્તાઓ રજીસ્ટર કરનાર ને લાગુ ન પડે" તેમાંથી "ની સત્તાઓ" એટલા શબ્દ કઢી નાખ્યા. અને "કાયદો લાગુ ન પડે" એમ લખ્યું. તે એવા હેતુથી કે જો મરજીઆત રજીસ્ટર કરનારા બધાને તે કાયદો લાગુ ન પડે અને જો બધા હીંદી મરજીઆત રજીસ્ટર કરાવે તો પછી તે કાયદો કાયમ રાખવાની જરૂર ન રહે. અને કાયદેસર એશીઆટીક વતની હોય તેને બીનકાયદેસર રહેતા એશીઆટીકોથી જુદા પાડવા માટે જરૂરી કાયદો પડી શકાય

૧૨ આ શીવાય બીજી હકીકત પણ છે. કે અરજીમાં બીજે નંબરે સહી કરનારે ફોર્મમાંથી લખી મેલ કાગળ ઉપર પણ સહી કરી હતી. તેને કોલોનીઅલ સેક્રેટરીએ બોલાવીને પ્રોટેસ્ટરીઆ બે લાવેલ તે વખતે વાતચીતમાં પણ તેમણે જણાવેલું કે જો એશીઆટીકો સલાહની શરતો બરાબર પાળશે તો કાયદો રદ કરવામાં આવશે. આ બનાવ તા. જાન્યુઆરીના રોજ બન્યો હતો. બરાબર એશીઆટીક રજીસ્ટરારે સાથે વાતચીત થતાં તે વખતે આ અરજીમાં બીજે નંબરે સહી કરનારને કાયદો રદ કરવા બાબત શંકા થઇ. તેથી તેણે તા. ૧ ફેબ્રુઆરીના રોજ કોલોનીઅલ સેક્રેટરીને લખીને એક કાગળ લખ્યો અને પોતાની શંકા બતાવી તેના જવાબમાં ત્રીજી ફેબ્રુઆરીએ તારથી કોલોનીઅલ સેક્રેટરીએ મળવાને બોલાવ્યો. તે મુજબ તે મળવાને ગયા અને રજીસ્ટરારની સમક્ષ કોલોનીઅલ સેક્રેટરીએ કાયદો રદ કરવાનું વચન આપ્યું. અને આ અરજીમાં પહેલો નંબરે સહી કરનારની સાથે મુલાકાત તે મેળાપ થયા બાદ બીજી ફોરીઓની મીટીંગમાં તે વચન બધાને કહી સંભળાવવામાં આવ્યું હતું.

૧૩ ફેબ્રુઆરી પછી તારીખે રીચમંડની મીટીંગ કોલોનીઅલ સેક્રેટરીએ નીચે મુજબ કહ્યું કે જ્યાંસુધી આ દેશમાં એક પણ એશિયાટીક રજીસ્ટર થયા વગરનો છે ત્યાં સુધી કાયદો રદ કરવામાં નહિ આવે. આ શબ્દો ૬ઠ્ઠી ફેબ્રુઆરીના 'સ્ટારના રીપોર્ટમાંથી લેવામાં આવ્યા છે. 'ટ્રાંસવાલ લીડ'માં પણ એજ મુજબ રીપોર્ટ છપાયો હતો.

૧૪ આ અરજીમાં બીજે નંબરે સહી કરનાર ઉપર ૧૦મી ફેબ્રુઆરીના રોજ રજીસ્ટ્રેશન ઓફીસે જતાં સખત હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલો આંખ જાંખી કરી આપવા માટે કરવામાં આવ્યો હતો. ત્રેવીસ વખત સુધી રજીસ્ટર કરાવવું નહતું પણ પછી એશિયાટીકોને બીક લાગી ગઇ હતી. સરકારનો શું ઇરાદો હશે તે વિષે તેઓને શંકા પડી અને આ શંકા સરકારના કાર્યોથી મજબુત થઇ. સરકારે બોગસ અરજી કરનારને ખુશી કાયદા મુજબ રજીસ્ટર કરાવવાની પહોંચ આપી. આ શંકા મહાડવાને રજીસ્ટરારે કેટલાક આગેવાન એશિયાટીકો તેમજ ઇ. સ. એસોસીએશના માનદ્‌ મંત્રી અને ટ્રાંસવાલની વડી અદાલતના એટર્ની છે તેમને કહ્યું કે મરજીઆત રજીસ્ટરો લેવાઇ ગયા પછી કાયદો રદ કરવામાં આવશે. વળી મરજીઆત રજીસ્ટર લોકો ખુશીથી લીએ તે માટે રજીસ્ટરર સરકારી ગેઝેટમાં નોટીસ છપાવાના હતા કે એશીઆટીકો રજીસ્ટર થયા બાદ કાયદો રદ કરવામાં આવશે. તે નોટીસ આ અરજીમાં બીજે નંબરે સહી કરનારને રજીસ્ટરારે બતાવી હતી અને તે નોટીસ બહાર પાડવા બાબત ખરસપરસ કબુલ કરવું હતું. તેઓના રજીસ્ટરારના બોલના વચનથી રજીસ્ટરનું કામ ઠીક ચાલવા લાગ્યું. રજીસ્ટરારે બીજી મુલાકાત વખતે પુછ્યું કે નોટીસ બહાર પાડવાની હજુ જરૂર છે? આ અરજીમાં બીજે નંબરે સહી કરનારે રજીસ્ટરનું કામ બરાબર ચાલતું જોઇ રજીસ્ટરારને જણાવ્યું કે હજુ જરૂર નથી.

૧૫ આ અરજીમાં બીજે નંબરે સહી કરનારે તા. ૨૨ ફેબ્રુઆરીએ ૧૯૦૮ કોલોનીઅલ સેક્રેટરીને તેની પરવાનગી થી એક બીજાનો ખરડો ઘડી આપ્યો આ ખરડામાં ખુની કાયદો રદ કરવાની તથા ઇમીગ્રેશન કાયદામાં અમુક સુધારો કરવાની વાત હતી આ કાગળ બજાવી પહોંચ તેમણે લખી જણાવી, પરંતુ કાયદો રદ કરવાની વાત બરાબર નથી તેવો જરા પણ ઇશારો કર્યો નહતો

૧૬ અને છેવટમાં, કોલોનીઅલ સેક્રેટરીએ સુપ્રીમ કોરટમાં સોગનનામું રજુ કરેલ છે કે કાયદો રદ કરવાનું જે વચન આપ્યું નથી, અને રજીસ્ટરારે પણ તેને રદ્દો આપનારું સોગનનામું રજુ કરેલ છે. પરંતુ કોલોનીઅલ સેક્રેટરીએ નવા ઓના આદીક કાયદાના બીજા વખતના વાંચન વખતે વચન આપ્યા બાબતનો ચોખ્ખા શબ્દોમાં ઇનકાર નથી કર્યો. અને કબુલ કરવું છે કે આ અરજીમાં બીજે નંબરે સહી કરનાર સાથે તેણે કાયદો રદ કરવા બાબત કેટલુંક વિવેચન કરવું હતું.

૧૭ રજીસ્ટરારે ઓફ એશીઆટીક બીજા કેટલાક આગેવાનો પાસે કાયદો રદ કરવા બાબતની બીના જાહેર કરી હતી તેની વિગત આ સાથે સામેલ છે

૧૮ તે ઉપરાંત અરજદાર એસોસી એશનનું આપ નામદારનું ધ્યાન ખેંચે છે કે કાયદો રદ કરવાને બીલ પડતામાં આવ્યું હતું અને તે જુદી જુદી જગ્યાએ બતાવવા ને માટે કોલોનીઅલ સેક્રેટરીએ છાપવા નો હુકમ આપ્યો હતો અને તે બીલ આ અરજીમાં બીજે નંબરે સહી કરનારને બતાવવામાં આવ્યું હતું. અને તે વખતે તેણે અમુક સુધારા કરવાની સુચના કરી તેટલાજ માટે તે બીલ પણ બોલાવી લેવામાં આવ્યું હતું. અને બોલાવતાં હક કબુલ કરવાના સિવાયના સઘળા સુધારા સહેજ ફેરફાર સાથે નવા બીલમાં દાખલ કરવામાં આવ્યા છે.

ખુની કાયદો જરૂરનો નથી

૧૯ હવે કોલોનીઅલ સેક્રેટરીએ વચન આપ્યું તે વાત એક કોરે મુકી વિચાર કરીએ તો એશીઆટીક વિષય માટે એવો કાયદો કે કાયદા હોવાથી બહોળા

મુશ્કેલીઓ તથા અગવડો ઉભી થયા વિના રહેશે નહિ એમ જણાવવામાં આવ્યું છે કે સરકારનો ખુની કાયદાને ઓખાઇપ રાખવાનો ઇરાદો છે પણ અરજ દાર એસોસીએશનની કોમે, આટલો ભોગ આપ્યા પછી અને આટલા દુઃખ ઉઠાવ્યા પછી પણ, સટકતી સ્થિતિમાં રહેવું એ અસંભવીત છે આવી સ્થિતિ એ કાયદા હેઠળથી અણુસમજુ, નાલાયક અથવા ઝેર માર્યેલા અમલદારને હાથે ખિરીશ હીંદી કોમ ઉપર ઘણો અન્યાય ગુજરવાનો સંભવ રહે છે.

૨૦ અરજદાર એસોસીએશન જણાવે છે કે આ નવા કાયદાથી ખુની કાયદાનુ જોર કોઇપણ રીતે કમતી નથી થતું. સર કારની મરજી મુજબ એમાંથી ગમે તે હીંદી કોમને લાગુ પાડી શકાય તેવા સ્થિતિ છે. તેમજ એશિયાટીક. જો એમાંથી ગમે તે કાયદો કાયુદા સાથ વિચાર કરે તો તેવું થઇ શકે તેમ છે.

૨૧ દાખલા તરીકે, જ્યારે નવા કાયદા નીચે તુરકીશ સરકારની મુસલમાન રૈયતને રજીસ્ટ્રેશનની દુઃખદ ભરેલી રીતિમાંથી મુક્ત કરવામાં આવેલ છે છતાં એક તુર કીશ મુસલમાન ટ્રાંસવાલમાં દાખલ થાય તો તેને ખુની કાયદો લાગુ પાડી શકાય. આમ ખિરીશ હીંદી કોમનો જે મુખ્ય વાંધો હતો તે હજુ કાયમ રહેલો છે. અને કોલોનીઅલ સેક્રેટરીએ તે બીલના બીજા વાંચન વખતે જે ટીપ્પણ કરી છે તેથી આ મુશ્કેલી દૂર થતી નથી. કોલો નીઅલ સેક્રેટરીએ કહ્યું છે કે "૧૮૮૫ ના કાયદામાં એશીઆટીકોની જે વ્યાખ્યા કરી હતી તે ખુની કાયદામાં કાયમ રાખી, પણ તુરકીશ રાજ્યના મુસલમાનોને તેમાં મુક્યા. આ બાબત એશીઆટીકોએ કહ્યું કે આ કલમથી તુરકીશ મુસલમાનોનું અપમાન થાય છે. આપણે કોઇનું અપ માન કરવાનો નથી. આ દેશમાં તુરકી લોકોની સંખ્યા થોડી છે—અને મને કહે વામાં આવેલ છે કે હાલનો એક પણ નથી. તુરકસ્થાનથી આ દેશમાં બધા લોકો આવી પડે એવો સંભવ નથી. તુર કસ્તાનથી જે કોઇ આવતા હોય તો તે ખાસ કરીને લોકો છે. અને તે સારીઅન અને બીજા ક્રીશ્ચન છે કે જેની સામે અમુક બાબતના સભાસદોને વાંધો છે. બધા તે બ્રાહ્મનો છે. અને તુરકીશ રાજ્યની મુસલમાન રૈયત આ દેશમાં સંખ્યાબંધ આવતી હોય એવી પરસ્તી નથી તેમ તેવો સંભવ પણ નથી. તો પછી આ વાંધો દુર કરવાને અમુક માણસ તરકીશ રાજ્ય ની મુસલમાન રૈયત છે તેટલા માટે ખાસ તેના ઉપર જે અટકાયત મુકવામાં આવતી હતી તે કલમ આ નવા બીલમાં થી કાઢી નાખવામાં આવી છે."

૨૨ વળી નવા કાયદાથી બાળકોને રજીસ્ટર કરવામાંથી મુક્ત કરવામાં આવ્યા છે, છતાં ખુની કાયદો છે ત્યાંસુધી આ બાબતમાં ઘણી મુશ્કેલીઓ આવા બાળકો ને નડવાનો સંભવ છે.

૨૩ નવા કાયદામાં અપમાનકારક દાઢ વિષેની કલમ નથી. પણ જુના કાયદા મુજબ તે કલમમાંથી મુક્ત રહે વાને કોઇ એશીઆટીક અરજી કરી શકે તેવું છે. આ બાબત વખતે એવો દલીલ કરવામાં આવે કે આ કલમ નથી તો તે હીંદીના લાભનું છે. પરંતુ અપ માનકારક કાયદો એશીઆટીકો માથે રાખી તેવો લાભ ગણવામાં આવે તો અરજદાર એસોસીએશનની કોમ તેવું અપમાન ફોગી લાભ જોવા ખુશી નથી.

૨૪ જેમાં કે કોઇ કાયદાતળે રજીસ્ટર ન થયા હોય તેવા એશીઆટીક ઉપર ગમે તે કાયદો લાગુ પાડવાનું ખુલ્લું છે. એટલે આવો એશીઆટીક કોઇ મેળાનો નહિ રહે.

૨૫ ખુની કાયદો હયાત રહેવાથી બોલું કરતાં આંસુડા ન આવે તેવા એશી આટીકોને માટે દરો રમવાનો રસ્તો ખુલ્લો થશે જ્યારે નવા કાયદા મુજબ કોઇપણ એશીઆટીક ટ્રાંસવાલની બહારના કોલોની માંથી રજીસ્ટરને માટે અરજી કરવા ની છુટ આપે છે ત્યારે જુના કાયદા મુજબ ગમે તે એશીઆટીકને કોલોનીમાં દાખલ થતા અટકાવવાની કોઇપણ સત્તા નથી. અને તે કાયદા મુજબ ૭ દિવસ રહે વાનો હક માગી શકે છે આટલા વખત માં જો તે પોતાના જાત ભાઇઓમાં ભળી જાય તો પકડી પાડવો અસંભ વીત થઇ પડે.

૨૬ આમ જુના કાયદાની દાનતીથી ઉપર જણાવ્યા મુજબની મુશ્કેલીઓ ઘણી બધી ગણાવી શકાય, પરંતુ ઉપર જણાવ્યું છે તેનાથી પુરતો ખ્યાલ આવી શકશે કે જુનો કાયદો રદ કરી ખિરીશ હીંદીઓને કેફોડી હાલતમાંથી દુર કરવાની જરૂર છે

૨૭ નવો કાયદો ગેઝેટકરાવાની મજુરી ને માટે મોકલવામાં આવ્યો છે તે સમય માં પણ સ્થાનીક સરકારે જે માણસોનુ નવા કાયદાથી પુરું રક્ષણ કરવું છે તેવા માણસો ઉપર કામ ચલાવવાનુ શરૂ કરી દીધું છે. આમ, એક બાજુએ અને તેટલા માટે સહેલાઇથી ઓળખી શકાય તેવા હીંદીને, તેની પાસે પરમીટ અને લોરડ મીલનરના વખતનુ મરજી આત સરટીફીકેટ હતું, છતાં, પકડવામાં આવ્યો. તે વખતે નવો કાયદો પાસ થયો હતો તે છતાં તેને રજીસ્ટર થવા સિવાય એશીઆટીક ગણી જુના કાયદા મુજબ તેના ઉપર કામ ચલાવવામાં આવ્યું માત્ર ત્રણ આવા કોસ્સા માટે નાતાલની સતાએ પણ જ્યારે તેની પાસે તહોમતદારને ખોડા કરવામાં આવ્યો એટલે ૭ દિવસની અંદર કોલોની છોડી જવાનું કહેવા સિવાય બીજો રસ્તો ન હતો! આ ઉપરથી જોઇ શકાશે કે નવા કાયદાથી જેનું રક્ષણ થયું હોય છતાં જુના કાયદા મુજબ તેના ઉપર કામ ચલાવી બધા કાયદેસર રહીશોને કોલોનીમાંથી કાઢી મુકવાનુ બની શકે તેવું છે.

૨૮ એક બીજો હીંદી, જેને અમલ દાર વરગ ઓળખે છે, પીટરીટઝેનો એક વેપારી જેની પાસે ટ્રાંસવાલમાં રહેવા નું સરટીફીકેટ છે તેના ઉપર જુના કાયદા મુજબ કામ ચલાવી ૭ દિવસની આસાન કેદ અથવા દંડની સજા કરવામાં આવી છે. આ સજા તે આ કોલોનીનો કાયદેસર રહીશ નથી છતાં આપવામાં આવેલ છે તે માટે નથી કરવામાં આવી, પરંતુ તેણે આ મુદ્દાની છાપ આપવાની ના પાડી તેટલા માટે કરવામાં આવી છે તેની તપાસ દરમીઆન સર કાર તરફના મુખ્ય સાક્ષીએ જણાવ્યું કે તે વેપારી ટ્રાંસવાલનો રહીશ છે એમ તે (સાક્ષી) જાણતો હતો અને તેની પરમીટ મેળવનાર સોલીસીટરે પણ ખુશાની આપી કે મેં સાથે જઇ આ માણસની પરમીટ કઢાવી આપી છે. આ વેપારી મી. કાસ રાહીમ ઓસમાને આવા જુલમને માટે દંડ નહિ ભરતાં જેલ જવાનું કબુલ કરવું અને હાલ તે પોકસરસની સરકારી જેલ માં છે. મી કાસરાહીમ ઓસમાન અંગ્રેજી સારી વાંચી જાણે છે અને ચોખ્ખી રીતે અંગ્રેજી સહી કરી શકે છે.

૨૯ આવી સ્થિતિ હોવાથી અરજદાર એસોસીએશન આશા રાખે છે કે આપ નામદાર નવા કાયદાને મંજુરી આપતાં પહેલાં જુનો કાયદો રદ કરાવશો.

બાકીના હીંદીની સ્થિતિ

૩૦ જુનો કાયદો રદ કરવામાં આવે તો કોલોનીમાં દાખલ થવાની બાબતમાં બાકીના એશીઆટીકને નામદાર સરકારની બીજી રૈયતની હારે ગણવામાં કોઇ પણ જાત ઓરતો નથી.

૩૧ ૧૮૮૬ ના ૧૫ નામરના કમી શનર રીજરીઝના કાયદાથી બધા બાકીના

ની સાધારણ પરીક્ષા લેવામાં આવે છે. અને તે કાયદા મુજબ જે એસિયાટીક ફેળવણીની પરીક્ષા પાસ કરી શકે તેને બીજી રીતે કૉલોનીમાં દાખલ થતાં અટકા વવામાં આવતો નથી. પણ તેને એશીઆ ટીક કાયદા મુજબ રજીસ્ટર થવાનું રહ્યું. અને જો તે રજીસ્ટર ન કરાવે તો તે રજી સ્ટર કહાવ્યા વિનાનો એશીઆટીક ગણો ગણાય. તે છતાં તેને 'ગ્રેન્ડીમીટેડ ૮મી માર્ચ' ૧ ગણી શકાય. મી. સોરાબજી શાપુરજી પ્રમીગ્રંટસ રીસ્ટરીક્શન કાયદાની રૂએ ટ્રાંસવાલમાં દાખલ થયા. તેને પણ ફરીને દાખલ થવા દેવામાં આવ્યા. કૉલોનીમાં ૭ દિવસ રહ્યા પછી ખુની કાયદા મુજબ રજીસ્ટર નહિ થએલા એશી આટીક તરીકે તેને પકડવામાં આવ્યા. મી. સોરાબજીએ મરજીઆન રજીસ્ટરને માટે અરજી કરી હતી. પણ તે અરજી લેવામાં આવી નહિ. તેણે ખુની કાયદો સ્વીકારવા ની ના પાડી. ચારલસટાઉનના ટાઉન ક્લાર્ક અને બીજા અમલદારો તરફથી તેને સારા સરટીફીકેટો મળેલાં હતા. બૅંક સરમના મેજીસ્ટ્રેટે તેની અરજી સાથે ભલા મણ કરી હતી. તેણે ગુજરાત કાર્ટરકુલ ના સાતમા ધોરણ સુધી અભ્યાસ કર્યો છે અને ચારલસટાઉનની કોરટમાં ઘણી વખત ઇંટરપ્રીટર તરીકે કામ કરેલું છે. ખુની કાયદા મુજબ તેના ઉપર કામ ચાલ્યા પછી કૉલોની બેઠવાની તેને નોટીસ મળી. તે સિવીલ સરવન્ટ હોવાથી આવી નોટીસ કબુલ રાખવાની તેણે ના પાડી તે ઉપરથી તે ૫ ઉપર કામ ચાલ્યું. અને તેને એક મહી ની કી સખત મજુરીની જેલની સજા કર વામાં આવી. જેલ ન ભોગવવી હોય તો કાંઇ દંડ આપવાની વાત પણ જણાવવા માં આવી નહતી. મી. સોરાબજીએ જેલ નો એક મહિનો પુરો કર્યો અને છેલ્લે દિવસે ચુપકીથી તેને દેશપાર કરવામાં આવ્યા.

૩૨. અરજદાર એસેસીએશન નમુના પુર્વક જણાવે છે કે અગ્રેજી સંસ્થાનોમાં અગ્રેજની બક્ષાર ફીદી રહિત ઉપર આવી વર્તણુક ચલાવવાનો આ પહેલો દાખલો છે.

૩૩. મી. સોરાબજીના કેસથી જોઇ શકાય છે કે ઇમીગ્રંટસ રીસ્ટરીક્શન કાય દામાં કોઇ માણસ ઉપર ચામડીના રંગના વાંકને લઇને અટકાયત કરવામાં નથી આવતી. અને તા. ૨૨ જુલાઇના રોજ ટ્રાંસવાલની વડી અદાલતમાં સરકારે વિરૂદ્ધ મકુલો કેસ આવ્યો તે વખતે પણ ઉપરની હકીકત બરાબર છે એમ જણાવવા માં આવ્યું હતું.

૩૪. ખુની કાયદો જે રોકે ભણેલ નથી તેવાને ઓળખાવવા માટે છે, છતાં તે કાયદો ભણેલ હીંદીને અટકાયત કરે છે

૩૫. અરજદાર એસોસીએશન નમરતા પુર્વક જાહેર કરે છે કે બીજા સંસ્થાનોમાં જેમ ભણેલા હીંદીને બીજા કોમ પણ ભણેલાની માફક ફેળવણીની પરિક્ષા લઇને દાખલ થવા દેવામાં આવે છે તેમ ખુશ્યા આપ । દેવાની રજા હોવી જોઇએ. આવા એશીઆટીકોને કાયદામાં જણાવેલી રીત મુજબ ઓળખાણ આપ્યા તેની પાસે સરટી ફીકેટ રાખવાની કોઇપણ રીતે જરૂર નથી. એ અપમાનકારક તથા ઘણું અપમાનકારક તથા તેની પદવીને નહિ છાજતું જણાય.

૩૬. અરજદાર એસોસીએશન આપ નામદારનું ધ્યાન ખેંચે છે કે પરદેશીઓ, જો તે ગોરા હોય તો, અને દક્ષિણ આફ્રિ કાના નેટીવો કેળવણીની પરીક્ષા પાસ કરે તો ટ્રાંસવાલમાં દાખલ થઇ શકે છે. આવી રીતે અંગ્રેજની ફેળવાયેલી હીંદી રૈયત ઉપર જણાવ્યા તે કરતાં વધુ કડકા ભરેલા કાયદાની અમલવારી કરવામાં આવી છે.

૩૭ દક્ષિણ આફ્રિકાના વતની મહાજ્ઞ લોકોને ટ્રાંસવાલમાં દાખલ થવાની છુટ રાખવામાં આવી છે એ વાત બરાબર છે. પણ તેવા હક દક્ષિણ આફ્રિકામાં જન્મેલા હીંદીઓને શામાટે ન મળે તેનું એ કારણ બતાવવામાં આવ્યું છે કે તેઓ સ્વદેશ છે અને હીંદુસ્તાન એ પરદેશ છે.

૩૮ એવું જણાવવામાં આવ્યું છે કે ભણેલ હીંદીમાટે ટ્રાંસવાલના કરવાના ખુલ્લા રાખવાથી 'અરબો-ફેળવાયલા હીંદી જુદાનીઆ' કૉલોનીમાં ઘણા આવી પડશે. અને તેઓ આ કૉલોનીના ગોરાઓ સાથે હરીફાઇમાં ઉતરશે. અરજદાર એસોસી એશને કદી આવી માગણી કરી નથી. ભણેલાઓની કેટલી સખત પરીક્ષ લેવી એ બાબત કોઇ જનતા સવાલ ઉઠાવવા માં આવશે નહિ. ફેળવાયેલ હીંદીઓ સામે રંગ તથા વતનીને નામે જે અટકા યત મુકવામાં આવે છે તેની સામે ફેળવણી ના કાયદાને લઇને દર વરસે ઘણાં થોડા હીંદીઓ દાખલ થઇ શકે છે

૩૯ અરજદાર એસોસીએશનની માગણી એવી છે કે ઉંચા ફેળવણી પામેલા હીંદી જેવા કે બારીસ્ટર, ડાકટર, કે પદવીધારી ડીગ્રી ધરાવનારા કૉલોનીમાં હક પુરવક દાખલ થઇ શકવા જોઇએ. આવા માણ સની અત્રે વસતી કામને માટે કુદરતી રીતે જરૂર છે.

૪૦. એમ બતાવવામાં આવ્યું છે કે જુના કાયદાની માફક નવા કાયદાની ૧૬ મી કલમથી ભણેલ હીંદીમાટે રસ્તો ખુલ્લો રાખવામાં આવ્યો છે. પણ આ વાત બરાબર નથી. તે કલમ મુદતની પરમીટ માટેની છે તેથી કરીને તેવી પરમીટ ધરા વનારને કોઇ સ્વતંત્ર ધંધો શરૂ કરવાની જોગવાઇ નથી મળતી અરજદાર એસોસી સીએશનની સમજ મુજબ તે કલમ ભણેલ અથવા વગર ભણેલ એશીઆટીકો આ કૉલોનીમાં અમુક મુદતને માટે રહી શકે તથા વેપારી વરમ પોતાના ધંધા માટે બેના અથવા બીજા કોઇને મુદતની પરમીટથી બોલાવી શકે તેટલાજ માટેની છે.

૪૧. અરજદાર એસોસીએશન જે છુટ માગે છે તે જુદા પ્રકારની છે. ગમે તેવી અઘરી પરીક્ષા લેવામાં આવતાં છતાં જે હીંદીઓ ફેળવણીની પરીક્ષા પાસ કરી શકે તેવાને ઇમીગ્રેશન કાયદા મુજબ આપવા દેવાની રજા હોવી જોઇએ. અને તેમને રજીસ્ટર વગેરે કહાવવાની જરૂર નહિ રહેવી જોઇએ

૪૨ કૉલોનીમાં દાખલ જે ભણેલા હીંદી છે તેમણે જે રજીસ્ટર કહાવ્યાં છે તે સરકારને મદદ કરવાનો હાથવો બેસાડવા ની નેમથી અને કૉલોનીમાં દાખલ થવા માટે જેઓની છુટ ઉપર બીનજરૂરી અને જોરી અટકાયત મુકવામાં આવે છે તે દુર કરાવવાના હેતુથી કહાવેલાં છે.

૪૩. લગાણ પહેલાં એશીઆટીકો છુટથી આ કૉલોનીમાં આવી શકતા એ આ ન ધ્યાનમાં લઇ સલાહ અપા પછી પીસ પ્રીઝરવેશન નામના કાયદાથી અમુક અકુશ મુકવામાં આવ્યો. ૧૯૦૭ના ખુની કાયદા થી કયા એશીઆટીકો આવી શકે તે નક્કી થયું. પણ તે કાયદાથી કૉલોનીમાં વસી શકે તેવા એશીઆટીકોને રજીસ્ટર થવાની ઓફરણ કરવામાં આવી છે. આ કાયદો થયો ત્યાંસુધી એશીઆટીકોને યુરોપી અનની માફક પીસ પ્રીઝરવેશન કાયદા મુજબ પરમીટ મળે તેવું હતું. અને તેવી જનતની પરમીટ કેટલાકને મળેલી પણ હતી. પછી ઇમીગ્રંટસ રીસ્ટરીક્શન કાયદો થયો. આથી પીસ પ્રીઝરવેશન ગોરરીનન્સ રદ થયું અને નવા આવનાર ભણેલ હોય તો તે કેળવણીની પરીક્ષા આપી દાખલ થાય એવું ઠરવું. આમ, ખુની કાયદા સિવાય ભણેલ એશીઆટીકા ને કૉલોનીમાં દાખલ થવાની અટકાયત કદી મુકવામાં આવી નથી. અને નહતા માટે અદાલતમાં દલીલમાં આવ્યું છે કે હીંદીઓ નવી નવી ગામડાં કરતા જાય

છે તે ખરું નથી. આ સવાલ પ્રથમ કોલોની વસાહત સેક્રેટરીએ કાયદો રદ કરવા નો જે ખરડો ઘડેલ તેમાં ઉઠાવ્યો હતો. તેણે ઇમીગ્રેટર્સ રીસ્ટ્રીક્શન કાયદામાં એવો ફેરફાર કરવાનું જણાવ્યું કે કોઇ પણ બ્રિટિશ એશીઆટીક કોલોનીમાં દાખલ થઇ શકે નહિ.

સત્યાગ્રહ

૪૪. ૧૯૦૬માં લંડનથી ડેપ્યુટેશન મોકલવામાં આવ્યું હતું તેણે કરેલ ખુલાસા વાર અરજ ઉપર આપ નામદારે લક્ષ નહિ આપતાં જુની કાયદાને મંજુરી આપી તેને માટે અરજદાર એસોસીએશન ઘણી ઉંડી દીલગીરી જાહેર કરે છે.

૪૫ ડેપ્યુટેશને આપ નામદારની પાસે ૧૯૦૬ના સપ્ટેમ્બરમાં એમ્પાયર થીએટર માં મળેલી માસ મીટીંગે કરેલ ચોથા ઠરાવ ની હકીકત રજુ કરી હતી. તે ઉપર અરજદાર એસોસીએશન આપ નામદારનું કરીને ધ્યાન ખેંચે છે તે ચોથો ઠરાવ આ મુજબ છેઃ " જો લેજીસ્લેટીવ કાઉન્સીલ, સ્થાનીક સરકાર તથા વડી સરકાર દીદીની દાદ નજર સાંભળે તો આ મીટીંગનો દરેક માણસ અંત:કરણ પુરવક અને આથી નૈમતથી એવો ઠરાવ કરે છે કે આવો ગુલામ કાયદો કબુલ કરવાને બદલે તેમાં ફિરીશને છાજતા એવા ધોરણ પ્રમાણે ચાલવાં બહાર જેલમાં જવું એ પસંદ કરે છે અને ત્યાંસુધી આરરાદ પોકારો ન કરે ત્યાંસુધી જેલમાંજ રહેશે "

૪૬. નામદાર વડી સરકારે આ ઠરાવ ઉપર વજન મુકેલું જણાતું નથી. પણ મીટીંગે આ વાત કેટલી અત્યની ગણી છે તે ત્યારપછી તુરત બનાવો ઉપરથી જોઇ શકાશે.

૪૭. ૧૯૦૭માં સ્થાનીક સરકારને અરજ કરી હતી તેમાંનો એક પારીગ્રાફ નીચે મુજબ છે. " જે મુશ્કેલી ઉભી થઇ છે તે કાયદો રદ કર્યા વિના બીજી કોઇ રીતે દુર થાય તેમ નથી. અમારા નમ્ર મત પ્રમાણે તે કાયદો અમારા દરજ્જાને નહિ જાજે તેવો ધર્મની લાગણી દુભાવનારો અને ગોરા ગુન્હેગારોને લાગુ પાડી શકાય તેવો છે. તે ઉપરાંત સાચા સહેરી તરીકે અને પ્રજાનો ડર દુખીને અમે પવીત્ર રીતન ખાત્રી છે કે આવા ખુની કાયદાને તાબે નહિ થશું પણ તેમ કરતાં જેલ, દેશપાર અથવા અમારો માલ જપ્ત કરવા પડશે તો જે કાંઇ સજા થશે તે અમે ઉઠાવશું. "

૪૮. તે અનુસાર પડવાના હેતુથી (કાયદો રદ કરાવવાનો હેતુ) કામ કરતાં વધુ દીદીઓએ જેલ ભોગવી છે, કેટલાકે પોતાના માલ વેચવાની દીધા છે, કેટલાકે સરકારી અને ખાનગી નોકરીઓ જતી કરી છે, અને લગભગ આખો કોમે પૈસા સબંધી મોટું નુકશાન સહન કરવું છે તે એટલે સુધી કે કેટલાક તો ખરેખર કંગાલ સ્થીતિમાં આવી પડયા છે.

૪૯. ભારે દુઃખ દુર કરવા માટે અરજદાર એસોસીએશને આ ધોરણ પસંદ કરેલું છે. કેમકે આ ધોરણ અંગ્રેજની પ્રતિષ્ઠાને મેળવી ધરાવતી અને સ્વમાન જાળવવાને ઇચ્છા રાખતી પ્રજાને માટે દરેક રીતે સંપુરણ છે

૫૦. અન્યા ધોરણને કોઇ સારા શબ્દ ની ખામીને લીધે " રેસીસ્ટ-રીઝીસ્ટ-સ " નામ આપવામાં આવેલ છે પણ તેનો અર્થ જેનો કાયદા ચડવામાં કોઇપણ જાતનો અવાજ નથી તેવા ફિરીશ દીદીઓ, સામે તેમને ' કિ છાંડે તેવા કાયદા ચડવામાં આવે છે તેની સામે થવાને મરતબા ભરેલો રહ્યો છે.

૫૧. અમે નમ્રતા પુરવક જણાવીએ છીએ કે ' રેસીસ્ટ-રીઝીસ્ટન્સ ' શબ્દમાં ' રેઝીસ્ટન્સ ' એટલે ' સામે થવાપણું ' અર્થ થાય છે પણ દાદ મેળવવામાટે જેલમાં જઇ પોતાની જાતને દુઃખ દેવું તેમાં ' સામે થવાપણું ' બીલકુલ રહેતું નથી.

૫૨. અરજદાર એસોસીએશનને અત્ર ા ઉપરથી જણાવું છે કે અંગ્રેજ રાજ્યમાં સહેનશાહની કોઇપણ રજુવત દાદ મેળવવા માટે જ્યારે દુઃખ ઉઠાવવા તત્પર થાય છે ત્યારે તેનાં દુઃખ તરતજ દુર કરવામાં આવ્યાં છે.

૫૩. દીદીઓ બજારમાંથી માગ્યા છે કે અંગ્રેજના રાજમાં કાયદાની નજરે બધી પ્રજા એક સરખી છે. પણ તેમ છતાં જ્યારે કોલોનીમાં તેઓ આવી માગણી કરે છે ત્યારે તેમને બનાવવામાં આવે છે અથવા તેમને ઉંચત ગણવામાં આવે છે

૫૪. ફિરીશ દીદીઓને ફરેંચાઇઝનો હક નથી, અને કોલોનીની પ્રજાની આવી લાગણી છે તેવા વખતે તેવા ફરેંચાઇઝની આશા પણ રાખતી નથી એટલે તેઓની પાસે જો કાંઇ હથીયાર રહ્યું હોય તો તે એ છે કે રાજ્યકર્તાઓને અરજી કરવી અને તે અરજી ખરા જુસ્સાથી કરી છે તે બતાવવાને દુઃખો ઉઠાવવાને તત્પર થવું.

૫૫. દીદીઓની લાગણી બાબત આ અરજદાર એસોસીએશન કહી શકે છે કે દીદીઓના મોટા ભાગે દુઃખ ઉઠાવવાનું ચાલુ રાખવાનો ઠરાવ કર્યો છે. અને જ્યાં સુધી દીદીઓની અરજ આમ ચાલુ જેલોમાં વધારવાના કોલોનીઓમાં જેલોમાં આપવામાં ન આવે ત્યાંસુધી નવા કાયદાના લાભ પણ કબુલ રાખવા નહિ.

છેવટ

૫૬. છેવટમાં અરજદાર એસોસીએશન નમ્રતા પુરવક અરજ કરે છે અને જાહેર કરે છે કે કોલોનીમાં વસતા દીદીઓ ખુની કાયદો રદ કરાવવાની અને બધીઓને ના હક તેમના દરજ્જા મુજબ સાચવવાની જે દાદ માગે છે તે દાદ જો વડી સરકાર ન આપી શકે તો તેણે મહારાણીને. ૧૯૦૬ નો દરજ્જો પાછો ખેંચી લેવો. અને તેઓને કહી દેવું કે " અંગ્રેજ રૈયત " નો અર્થ જેરાઓ જુદે જુદે કાળાઓ માટે જુદો જુદો છે

સોગંદ નામા

ઉપરની કલમ ૬૭ માં જણાવેલ જે સોગંદનામા આ અરજી સાથે દાખલ કરવામાં આવ્યા છે તે નીચે મુજબ છેઃ

મી. પોલાકનું સોગંદનામું

હું, હેનરી સેલોમન લેઓન પોલાક, જોહાનીસબરગનો રહીશ, પ્રતીજ્ઞા પુરવક નીચેની હકીકત જાહેર કરું છું: હું અંગ્રેજ રૈયત છું મારો જન્મ ઇંગ્લાંડ માં થયો છે અને ટ્રાંસવાલનો વતની થયો છું. આ કોલોનીમાં પારસીઓ ઢરી બોટર તરીકે મને ઓળખવામાં આવેલ છે. ટ્રાંસવાલની વડી અદાલતનો હું એટર્ની છું અને ટ્રાંસવાલની ફિરીશ ઈંડિઅન કોંગ્રેસ કમીટીનો મદદનીશ-સેક્રેટરી છું. આ દાદાને અંગે, એશીઆટીકો સાથે સુલેહ થઇ ત્યારબાદ તરતજ તા. ૧૦ ડીસેમ્બર ૧૯૦૬ ના રજીસ્ટરનું કામ શરૂ થયું તે કામને માટે મારે વખતે વખત કેટલીક હકીકતોની ઓફિશ્યલ ફિકરછટર ર મી ચમનીને સાથે ચરચા કરવાનો પ્રસંગ આવતો હતો. તેણે મને રજીસ્ટરેશન ઓફીસમાં કહેલું કે જો રજીસ્ટરેશન રજીસ્ટર સંતોષકારક રીતે પુરું થશે તો. અલબત્ત, પારસી મેન્ટ મળશે કે તરતજ, કાયદો રદ કરવામાં આવશે. મને બરાબર યાદ છે કે, (જોકે મે તેની પાસ નોંધ નથી કરી) મી. ચમનીએ રજીસ્ટરેશન ઓફીસમાં અવતા જતા કેટલાક માણસોને આવી હકીકત કહેલ છે.

જોહાનીસબરગ, ૬ સપ્ટેમ્બર, ૧૯૦૮.

(સહી) એચ. એસ. એલ. પોલાક.

મારી સમક્ષ

(સહી) ચાર્લ્સ એચ. રમીથ,

સુલેહના અમલદાર.

મી. ચંપા નાયડુનું સોગંદનામું

હું, ચંપા નાયડુ, જોહાનીસબરગનો રહીશ, પ્રતીજ્ઞા પુરવક નીચે મુજબ જાહેર કરું છું: તા. ૨૬ જાન્યુઆરીના રોજ કોલોનીમાં વસતાં

Sir J. West-Ridgeway is, if our own information is correct, under a misapprehension as to the attitude of the Indian leaders in the Transvaal. These, we believe, are so far from demanding unrestricted immigration that they admit the right of the Government to prohibit all future immigration, as the word is usually understood. All they ask is that, besides according liberty to legally domiciled Indians to import wives, if they so choose, permits shall be

granted, not exceeding six in any one year for the entrance of educated Asiatics. The first of these requests, we believe, is and always has been freely granted. The sole objection of the Transvaal Government appears to be to the second, but the wisdom of such objection is far from clear. There is the danger that the Asiatic community, cut off from European sympathy and leadership, will sink by degrees in moral and intellectual status. Their degeneration might conceivably go so far as to render them a sanitary and social and, perhaps, political danger to the Transvaal. Since their residence and that of their future descendants has been legitimised under the law which will shortly come into force, what objection can there be to giving them a leadership which will make them better neighbours and fellow-subjects? They will be the easier to govern owing to the presence in their midst of a few educated men of their own race. Mr. Gandhi's true influence on the Transvaal Indians has not yet been generally recognised. It has been a restraining, not a provocative influence. Proof of this statement was afforded in the assault upon him of the Pathans when he agreed to the compromise of last February, and tried to bind all his fellow-Asiatics thereto. Since that date there has taken place a fresh struggle with the Government—if the passive suffering of the Asiatics can be called struggle. Their view that General Smuts promised to repeal the Registration Ordinance has been the occasion of it, and as Mr Gandhi has identified himself with this fresh struggle, he has to a certain extent regained influence. But we understand that even now his fellow-countrymen decline to accept him as their representative should there be any further negotiations with Government. He has lost credit through his refusal to be an extremist. His attitude is unquestionably what the attitude of most educated Asiatics would be in like case. This class, provided they come in restricted numbers, should be welcomed by the Transvaal Government. There is definite work for them among their own race as doctors and lawyers. Mr. Gandhi, as we remarked some days ago, cannot put himself in the position of seeming content to monopolise the legal patronage of his fellow-countrymen. From the European point of view the political argument is, however, the important one. A sprinkling of educative Asiatics in the Transvaal is desirable much for the same reason that it is well to have native tribes under the influence of their chiefs—namely, to render government easier.]

Political Prisoners

The following is addressed to the *Leader*:—

Sir,—As you have commented upon the diet given to the Asiatic prisoners in your leaderette of the 17th inst., will you, having regard to the information that the Indian prisoners in Volksrust are breaking stones on the public streets and refusing to eat the raw meat supplied to them, give publicity to the following observations from the pen of an Englishman, which will no doubt be read with interest?:—

"A political prisoner is one whose offence was committed, not for private profit, but for public duty; who glories in the act, which is supported by the devoted administration of a political party as a meritorious public service to itself; whom his own side regards as a martyr, and whom the other side regards as mischievous, but certainly not as dishonoured. An ordinary criminal does not venture to say that the act of which he is accused is honourable; he simply asserts that he did not commit it. Such friends as he ever had cease to be his friends, much less his admirers. No man whatever admits that a decent man could be guilty of such a crime; no man glories in it or admires it. To have committed it is to be by universal consent out of the pale of self-respecting men. No man will associate with an ordinary criminal. Neither he nor anyone else denies that the act, if committed at all, is a permanent mark of degradation. A political prisoner is usually a man of culture, of social refinement. He is often in nature, in taste, in delicacy of mind the equal, it may be the superior, of his gaoler. He has acted up to his conscience; he abhors the brutality of crime; he is quite as sensitive as any Minister of the Crown. To treat such a man as a gaolbird is an act of wanton outrage and malignant stupidity. It in no way follows that a political crime is not to be punished. Political crimes are, in effect, often as bad as any crimes; they may deserve any punishment up to death itself. The political criminal may be a great offender against God and man; but he is not, or is not often, a personally degraded wretch. He has not lost his personal honour; he is not brutalised. He may be violently wrong-headed, but he carries himself, in his eyes and that of his party, as a man of stainless honour and unspotted character. No degradation that is inflicted on him alters that sense in his mind or that of his friends. Neither he nor they feel at all degraded by outrage, any more than we feel it in the case of martyrs and apostles. And to inflict outrage on such men is either petty spite or blundering stupidity. No man pretends that laws can be strictly adjusted to political crimes, or that some very brutal wretches might not possibly be brought under any definition of political crimes. Offences of political character is, however, a term known to English law. No political offender has ever been asked for out of English hands, and none will ever be surrendered."—I am, etc.,

ENQUIRER.

Sept. 12.

Our Friends in India

The Secretary of the Hamidia Islamic Society, Johannesburg, has received the following letter:—

Dear Sir,—I am directed by the Central Committee of the All India Moslem League to forward to you a copy of the Resolution passed by the Central Committee of the All India Moslem League on the 9th instant. The Government of India is also provided with a copy of the Resolution, and the said Resolution with other Resolutions are already in all the leading papers of the country (India).

I have the honour to be,
Sir,
Your obedient servant,
(Sd.) H. M. MUSA KHAN.
Off'g. Hon. Secretary.

Aligarh, 14/8/08.

[Note: The Resolution referred to is on similar lines to that of the Bombay Anjuman-i-Islam, published in our last issue.—Ed. I.O.]

The Anjuman Islam, Durban, has received the following cable from the president of the Rander Mahtely Islam:—"Large public meeting. Sent telegrams to Morley, Minto, and Clark (Sir George Sydenham Clark, Governor of Bombay), praying intercession for release of prisoners."

[Rander is a city in the Province of Gujarat, being a native place of many prominent merchants having large businesses in Rangoon, Calcutta, Moulmein, Mauritius, Bombay, and other places. Mr. M. C. Anglin, joint-secretary of the Natal Indian Congress, who is undergoing hard-labour imprisonment in the Transvaal, hails from Rander, where, two years ago, he was a vice-president of the Municipality.]

JAPAN DEMANDS EQUAL RIGHTS. According to a *Rand Daily Mail* cable, Japan has rejected the American proposals for a new immigration treaty, and has intimated that she expects her subjects to receive the same treatment as the subjects of the European Powers.

Contents

	Page
EDITORIAL COLUMNS:—	
Theoretical Equality	447
Natal's Latest Move	447
The Transvaal Asiatic Regulations	448
Indian Slavery	448
Indentured Indians	448
OTHER ARTICLES:—	
Answers to Correspondents ...	448
Natal Parliament	449
Meeting at Blantyre	450
Life in Boksburg Gaol	450
Views from Volksrust	453
"A Preposterous Claim"	453
Indians at the Cape	452
Mr. Gandhi and "The Star" ...	453
Natal Trading Licences	454
At Volksrust	454
Transvaal Shops-Closing Act ...	455
The Transvaal Question Discussed in England	457
The Registration Act	457
Notes on the Transvaal Struggle ...	458
Our Friends in India	459

ટ્રાંસવાલ વિષે વિલાયતમાં ચરચા

[રૂટરના તાર સમાચાર]

લંડન, શુક્રવાર તા.. ૧૮

ગઇ રાતે સાઉથ આફ્રિકા બ્રિટીશ ઇંડિઅન કમીટીની એક મીટીંગ લોર્ડ એમ્પથીલના પ્રમુખપણા નીચે મળી હતી તેમાં લોર્ડ એમ્પથીલને હીંદી દુખની વડી સરકાર પાસે ખાસ રજુઆત કરવાની સત્તા આપવામાં આવી હતી

'ટાઇમ્સ'માં આજ સવારે સર વેસ્ટ રીજવેનો કાગળ છપાયો છે. તેમાં તેણે જણાવ્યું છે કે લોરડ એમ્પથીલ બોઅર બાજરોથી દોરાઇ ગએલા જણાય છે. સર વેસ્ટ જણાવે છે કે લોરડ એમ્પથીલથી ટ્રાંસવાલ સરકારને અન્યાય મળે છે. હીંદીઓના દુઃખ દુર કરવામાં આવ્યાં છે.હવે તેઓ જે માગણી કરે છે તે નવા લાભો મેળવવાની મહેનત કરે છે. બ્રિટીશ રઇયતને માટે ખુલ્લાં બારણાં રાખવાની માગણી કેવળ મુખાગ્ર-જરેલી છે, અને કોનફરન્સ બોલાવવાની દરખાસ્ત નીરર્થ યોગી છે. સર વેસ્ટ જાહેર કરે છે કે આ સવાલનો કોલોનીએ જાતે ફડચો લાવવો જોઇએ.

* લંડન, શનિવાર તા. ૧૯

લોરડ એમ્પથીલે 'લંડન ટાઇમ્સ'માં કાગળ લખ્યો છે કે વડી અદાલતના ઠરાવ મુજબ રજીસ્ટ્રેશન તથા એમીગ્રેંટસરીસ્ટ રીક્રુટીંગ કાયદાથી હીંદીઓને ગેરવાજબી રીતે બહાર રાખવાનું નથી નીકળી શકતું એટલે મી. રમટસે હવે હીંદીઓ પાસે એવી માગણી કરી છે કે જો રીસ્ટરીક્રુટીંગ કાયદા થી બધા એસિયાટીકો બહાર રહે તેવો ફેરફાર કરવાની હીંદીઓ કબુલાત આપે તોજ તે રજીસ્ટ્રેશન કાયદો રદ કરે નવા કાયદાથી સુલેહની શરતોનો ભંગ થાય છે અને હીંદીઓને રજીસ્ટરેશન કાયદાની નામેશી ચાલુ રહે છે. સર વેસ્ટરીજવે એ કરેલી ટીકા ઉપર બોલતાં લોરડ એમ્પથીલ જણાવે છે કે સર રીજવે પુરી હકીકતથી પણ વાકેફ લાગતા નથી એટલે તેણે જે કાગળ લખ્યો છે તે નાપાયાદાર છે.

રૂટરના એક પ્રતિનીધીને મી. ડી. ચેપ્લા ને જણાવ્યું છે કે ટ્રાંસવાલના હીંદી સવાલ ઉપર પ્રોગ્રેસીવપક્ષ તથા સરકાર એકમત છે.

લંડન, સોમવાર તા. ૨૧

લોરડ એમ્પથીલનો આજ સવારના 'ટાઇમ્સ'માં એક કાગળ છપાયો છે તેમાં તેણે ટ્રાંસવાલ હીંદીની ફરીને બધી હકીકત જાહેર કરી છે.

આ કાગળ ઉપર ટીકા કરતાં 'ટાઇમ્સ' જણાવે છે કે લોરડ એમ્પથીલના કહેવા માંથી ખરી હકીકત શું છે તે શોધવું મુશ્કેલ છે.

લોરડ એમ્પથીલના છેલ્લા કાગળ ઉપર 'ટાઇમ્સ' લખે છે કે ટ્રાંસવાલના હીંદી ઓએ બુની બાયદો રદ કરવાની જે માગણી કરી છે તે તેમણે અનધિકારીમાં બતાવેલા વરતણુંક સાથે સરખાવતાં અયોગ્ય જણાય છે. તે માગણી કબુલ રાખવી અસંભવીત છે. કારણ કે તે ઉપર ટ્રાંસવાલ સર કારની બહાર કાઢવાની સત્તાનો આધાર રહે છે. હાલની સ્થિતિ કબુલ કરવાની હીંદીઓને આ છાપું ભલામણ કરે છે અને આશરો બતાવે છે કે હીંદીઓ તથા વડી સરકારને માટેનો રસ્તો સરળ રહે તેવી રીતે ટ્રાંસવાલ સરકાર કાયદાનો અમલ કરશે.

લંડન, મંગળવાર, તા. ૨૨.

ટ્રાંસવાલના મામલા બાબત રૂટરને જાહેર કરવાની સત્તા મળી છે કે વડી સરકારના વિચારો બીલકુલ ફર્યા નથી. ભવીષ્યમાં કેવા એસીઆટીક આવી શકે તે બાબત આખા ટ્રાંસવાલે કરેલ ઠરાવની આડે વડી સરકાર આવી શકતી નથી.

વડી સરકારે રૂટરને જણાવ્યું છે કે ટ્રાંસવાલનો નવો કાયદો અમલમાં આવશે એટલે મી. રમટસ અને હીંદીઓ વચ્ચેનો સલાહ પણ રહેશે. મી. ગરીબાલ ગાંધી ઉપરનું તહોમત પણ ખેંચી લેવાશે. સાબીત થયું છે કે ટ્રાંસવાલ સરકાર હીંદીઓને જાની શકે તેટલી રાહત આપવાની દરજ્જા રાખે છે. ટ્રાંસવાલ બહાર કોને રાખવા તે બાબત જે ધોરણ મુકરર કરવામાં આવ્યું છે તેમાં કાંઇ ફેરફાર કરવાની વડી સરકાર સુચના કરતી નથી. વડી સરકાર તેમજ ટ્રાંસ્વાલની સરકાર કાયદો જેટલી મીઠાશથી અમલમાં મુકી શકાય તેટલી મીઠાશ વાપરવાને સબળો પ્રયત્ન કરે છે.

હીંદુસ્તાનથી આવેલા તારો ઉપરથી લોર મોરલીએ કોલોનીઅલ ઓફીસમાં પુછાવ્યું છે.

લંડન, બુધવાર, તા. ૨૩.

ટ્રાંસવાલના હીંદી સવાલ વિષે 'ટાઇમ્સ' છાપામાં વધુ કાગળો છપાયા છે. સલાહ નહીં થઇ જવા માટે લોરડ એમ્પથીલે ટ્રાંસવાલ સરકારને દોષીત ઠરાવવા જે પ્રયત્ન કર્યો છે તેને માટે ટ્રાંસવાલના વિલાયત ખાતેના એજંટ-જનરલ સર રીચર્ડ સોલોમને એક કાગળમાં લોર્ડ એમ્પથીલને સખત વગોવેલ છે. સલાહ ઉપરથી થએલ કાયદાની પુરી વીગત જણાવી છે અને જણાવ્યું છે કે સુપરીમ કોરટમાં કોઇ એસીઆટીક બેઠેલા નથી

સર જોસફ વેસ્ટ રીજવેએ એક બીજો કાગળ લખી જાહેર કર્યુ છે કે લોર્ડ એમ્પથીલે સલાહ મુજબ થયેલા કાયદાનો ભંગ કરવાની જાણ કરવા ટેલ આપવા જેવું કર્યું છે.

'મેનચેસ્ટર ગાર્ડીઅન' છાપામાં અધિપતિએ લખાણ કરેલ છે તેમાં ઇન્ડિઅન કોમીશ્રેશન સબંધ બાબત ટ્રાંસવાલ સર કારના વિચારને મજબુત ટેકો આપ્યો છે. આ લખાણ લખે છે કે હીંદીઓ ઘણી મુશ્કેલ સ્થિતિમાં છે; પરંતુ તે સ્થિતિ દીર્ઘ દ્રષ્ટી નહીં વાપરવાથી તેઓએ આણેલી છે.

લંડન, ગુરૂવાર, તા. ૨૪.

લોર્ડ આર. સી. સેન્ટીક ટ્રાંસવાલ હીંદી બાબત મી સોલોમને બતાવેલા વિચારો કબુલ રાખે છે પરંતુ ખાત્રી પુરવક જણાવે છે કે આના જેવી બીજી કોઇ બાબતમાં પુરી કુશેલી થઇ નથી.

વેપારીઓને અમુલ્ય તક.

અમારા કેટલાક માનવંતા ગ્રાહકોના આગ્રહથી અમોએ હાલમાં અમારા ચંબુ બનાવવાના કારખાના સાથે ટીનની પેટીઓ (Tin Trunks) બનાવવાનું ખાતું ખોલ્યું છે જેની અંદર ચાલાક હીંદી કારીગરોથી કામ લઇ અકેજી માલને ટકકર મારે તેવી મજબુત અને તરેહવાર કીંમતની પેટીઓ બનાવીએ છીએ

દરેક જાતના ચંબુ વિગેરે ટીનનું કામ સસ્તામાં સરસ ભાવે કરી શકીએ છીએ. એક વખત અમારા માલની અજમાયેશ કરવા ભલામણ કરીએ છીએ. પ્રાઇસ લીસ્ટ માટે લખો.

M. RAWAT & Co.,
Manufactures of Camp Kettles and Tin Trunks.
(No. 1 Dean Street)
PIETERMARITZBURG, Natal.

નીચે લખેલી ચોપડીઓ જેમ બને તેમ વધુ માણસોને લાભ મળે એટલા માટે ખાસ કિંમત ઘટાડી છે.

મારો જેલનો અનુભવ. ૦-૦-૩
સત્યાગ્રહ બનાવો નિબંધ. ૦-૦-૩

ઇન્ડિઅન ઓપિનિઅન.

પુસ્તક ૬. ફ્રાનીક્સ, શનીવાર, તારીખ ૨૬મી સપ્ટેંબર ૧૯૦૮. અંક ૩૯

અઠવાડીક પંચાંગ.

પ્રીસ્તી–તા. ૨૬મી સપ્ટેંબરથી, તા. ૨ ઓકટોબર સુધી, ૧૯૦૮.

હીંદુ–આશ્વીન સુદ ૧ થી આશ્વીન સુદ ૭ સુધી, સંવત ૧૯૬૪.

મુસલમાન–તા. ૨૬મી સાબાનથી ૫ મી રમઝાન સુધી, ૧૩૨૬ હીજરી.

વાર.	સુર્ય ઉદય	ચંદ્ર ઉદય	ચંદ્ર અસ્ત	પારસી રોજ.	સુર્યોદય કલાક મી.	સુર્યાસ્ત કલાક મી.
શની.	૨૬	૧	૨૯	૧૪	૫ ૪૪	૫ ૫૩
રવી.	૨૭	૨	૩૦	૧૫	૫ ૪૩	૫ ૫૩
સોમ.	૨૮	૩	૧	૧૬	૫ ૪૧	૫ ૪
મંગ.	૨૯	૪	૨	૧૭	૫ ૪૦	૫ ૫૪
બુધ.	૩૦	૫	૩	૧૮	૫ ૩૯	૫ ૫૫
ગુરૂ.	૧	૬	૪	૧૯	૫ ૩૭	૫ ૫૬
શુક્ર.	૨	૭	૫	૨૦	૫ ૩૬	૫ ૫૬

અનુક્રમણિકા

નાતાલ કેમ મદદ કરે? ૬૩૭
નવો કાયદો... ... ... ,,
કંપની જંગલ ૬૩૮
એડવાન્સબરગ ખબરપત્ર ... ... ,,
'રેંડ ડેલી મેલ' ૬૪૧
નાતાલથી મદદ ૬૪૨
હરબન ઈંડિઅન કોંગ્રેસ એસોસીએશન ,,
હીંદુસ્તાનથી મદદ ... ... ,,
જોહાનીસબર્ગમાં મીટીંગ ૬૪૩
હીંદીઓ શું માગે છે? ... ... ,,
ટ્રાંસવાલનો દુકાનો બંધ કરવાનો કાયદો ૬૪૪
ડરબનમાં બધુ હીંદીઓને નહીં બોલાવવા બાબત ૬૪૬
હિંદી લડવૈયાઓની અરજી ... ... ,
ઈંડીઅન પેટ્રીઓટીક યુનીયન ... ૬૪૭
જોહાનીસબર્ગની જેલમાં હુકમ ... ... ,,
મી. હસનમીંયાની રહેણી ... ... ,,
હમીદીયા ડરબાનીક સોસાયટી ... ૬૪૮
ટેલાગ્રેફીસ્ટોએ હોહાલ્લા ધર્મ વતેજક સભા ... ... ,,
નાદારી કોરટની મોટીસો વિગેરે ... ,,
આજ વર્તમાન ૬૫૮
ચીતરનારને ઇનામ ૧૦! ૬૫૦
નોંધ લેવા જેવા કારસો ... ... ,,
પરચુરણ ચરચા ... ... ,,
મેહરબાની બાબતોમાં કામ કરતા હિંદીની હાડમારી ૬૫૧
કંપના હીંદી ૬૫૨
કંપનીન ... ... ,,
કંપ ... ... ,,

ઈંડિઅન ઓપિનિઅન.

શનીવાર, તા ૨૬મી સપ્ટેંબર ૧૯૦૮.

નાતાલ કેમ મદદ કરે?

(૪–૭)

ટ્રાંસવાલની લડતમાં નાતાલે ગયે વરસે બહુ ભારે મદદ કરી હતી આ વેળા તો હદ થઇ છે. નાતાલના મુખી માણસો ને કેળવાએલા જેલમાં જઈ બેઠા છે.

પણ જ્યારે આમ થયું છે ત્યારે નાતાલ પધારે બેઠું. હવે નાતાલની ઉપર ટ્રાંસવાલના જેવો બોજો આવી પડયો. નાતાલના કેદીઓનાં બંધન ઝપાટા બંધ છોડવાની ફરજ ટ્રાંસવાલની તેમજ નાતાલની એકસરખી થઇ પડી છે. ટ્રાંસવાલને જે લાગુ છે તે અમારા જેનરાલ સમર્ગના ખબરપત્રમાં બતાવવામાં આવ્યું છે. એટલે નાતાલનો વિચાર કરીએ

નાતાલની ઓફ ફરજ તો એ છે કે લડતની કમીટીને નિભાવવા પૈસા નિયમ સર મોકલવા. આમ કરવા સારૂ ઉઘરાણું ઝપાટાબેર થયું જોઇએ. આ પગલું ભરાએલું છે એ સંતોષકારક વાત છે.

બીજી ફરજ એ છે કે બીજા આગેવાનો જેઓ ટ્રાંસ્વાલમાં વસેલા છે તેઓઓને, બહુ કેળવાએલા એટલે બારીસ્ટર ડાકતર એવા હીંદીએ ટ્રાંસવાલમાં ઝીપલાવવું ને મી. દાઉદ મહમદનો સાથ કરવો વળી જેઓ બધુ પૈડના રજીસ્ટરવાળાને, પરમીટ વાળા છે તેઓને ટ્રાંસવાલ મોકલવા. કોઇએ સરહદ ઉપર અગુઠો નહિ દેવો. ને આ પ્રમાણે આજથી હદ મેળવવા ટ્રાંસ વાલની જેલ ભરવી. આમ થાય તો ચોકકસ દિવસમાં લડતનો અંત આવે. અને હીંદીઓમાં નવું જોર આવ્યું છે તેની અજમાયેશ પણ હીંદીઓ લઇ શકે.

આમ કરવાથી નાતાલને ઘણો ફાયદો બનારો છે તેમાં તો શક નથી. નાતાલ ને ઘણી લડતો લડવાની છે. કંપાર જંબીથી કાયદો તોડવાનો છે. ગીરમીટીયા ના ફરજીયાત નિવાસનો કરજ છે, સાથે પૈડનો જુલમમાર મેરો કપાવવો છે. એ બધું કરવામાં જો નવા જોરની અરજ આગેવાનો ઘણા આગેવાનો કરશે તો આગળ ઉપર બહુ કામ આપશે. એવું જોર આવ્યું છે તેવુ જાન બચાયા ગોરાઓ આપણી છેડ કરતાં વિચારશે.

નાતાલ અંદર ઉપર હગણાજ મુંબઇથી સ્ટીમર આવવાની છે, ને સ્ટીમરમાં ઘણા હીંદી ટ્રાંસવાલના છે. તેઓને સમ સમવા તેઓને વકીલ કરવા અને તેઓ ટ્રાંસવાલમાં આવતી વેળા બીલકુલ અગુઠો ન આપે એમ બાંધેબસ્ત કરવો એ નાતાલના હીંદીનું કામ છે. આ કામ સારૂ તુરત ચોકકીદાર તીમાન જવાની જરૂર છે. આ વિચારો ઉપર અમે દરેક હીંદીનું ધ્યાન ખેંચીએ છીએ.

નવો કાયદો

નવા કાયદામાં બાદશાહે સહી કરી છે તે જોતાંએ ખરાબ કે ભડકામણી નિશાની નથી. તે કાયદો લાભકારક છે. હીંદી કોમે લઢીને તે લીધો છે. કોમ તેની સામે નથી થતી પણ બાકીનું નથી મળ્યું ત્યાં લગી તે કાયદાનો લાભ લેવા નથી માગતી. આ તે સત્યાગ્રહની ટેક છે. અને કોમ જાણે કોમને હાથે સંપૂર્ણ કામ પુરૂ કરાવવા માગતો ન હોય તેમ જણાય છે પુનરી કાયદાને જે નામે ગામ તેને નકામણ હતી, તેના કસમનો ભંગ હતો. એટલે તેની સામે થવામાં સ્વાર્થ હતો. નવા કાયદાનો લાભ તાત્કાલ લેવામાં ઘણે ભાગે પરમારથ રહેલો છે. તેમાં કેળવાએલાના માનની રક્ષણવણી થાય છે ને પુનરી કાયદો બીજાને હાની કારક ન થઇ પડે તેથી તે રદ કરવાની લડત ચાલે છે. આમ કરવાનો ઉપાય એ કે નવા કાયદાને શરણ ન થવું, તેનો લાભ ન લેવો.

આમ કરીને હીંદી કોમ પોતાના હક ડુબાવવાની નથી, પણ હક મેળવશે. કોમ આપણે બુદ્ધિ પૂર્વક યુકતજ્ઞાન ઉઠાવશું તેમ લાભ થવાનો છે. એટલે અમે ઉમેદ રાખીએ છીએ કે ટ્રાંસવાલના હીંદી [illegible] નવા કાયદા [illegible] કબુલ કરશે.

કેપનો જંજાળ

કેપના હિંદી શું કરી રહ્યા છે એ સમજી શકાતું નથી. કેપમાં ખુબ હકો જાણવા જેવી તક છે ત્યાં એક પછી એક મમતવત ચાલ્યા છે. એમ કહેવાય છે કે સાઉથ આફ્રીકન બ્રીટીશ પ્રીંડીયન એસોસીએશને પારલામેન્ટ આગળથી વેપારના તથા ઇમીગ્રેશનના કાયદા બાબત સીલેક્ટ કમીટી માગી કમીટી મળી પણ તેમાં હિંદીઓએ જોઇતો પુરાવો નહિ આપ્યો. તેવ કમીટી । રિપોર્ટ હિંદી વિરુદ્ધ બહુજ સખત આવ્યો છે. કમીટી ની ભલામણ મંજુર રહે તો ઇમીગ્રેશન નવા વેપારના કાયદાની રૂએ ઘણેજ સખતી થશે. કમીટી કહે છે કે કેપમાં લાઇસેન્સ હિંદીને વધારે અપાય છે. ગોરાને ઓછા મળે છે. કેટલાક ગોરાયે પુરાવો આપ્યો છે કે હિંદી વગર ગોરાથી રહે છે. ઓછું ખરચ કરે છે. ચોપડા ખરાબ રાખે છે. તેને ગોરા વેપારી કેમ પહોંચે? આ બધાનો જવાબ આપી શકાય તેવું છે. છતાં હિંદી સાક્ષીઓ ગભરાઇ જનારા નથી. પરીણામ એ આવશે કે વેપારના પરવાના ઘણાં હિંદીને વધારે મુશ્કેલી પડશે.

ઇમીગ્રેશનની કમીટી આગળ માંહોમાંહેની વરચેડ અને અદેખાઇની ચર્ચા થઇ જણાય છે. કેટલાક હિંદીએ પુરાવો આપ્યો છે કે બીજા કેટલાક હિંદી માત્ર પૈસાની લાલચે વગર હિંદીને દાખલ કરે છે. આ પુરાવો એટરની જનરલ પાસે ગયો છે અને તેની ઉપરથી વખતે કામ પણ ચાલે તો કમીટીની માગણી ઉપરની એસોસીએશન કરી હોય તો તેને અમે તકસેર વાર ગણીએ છીએ. કમીટી મારફતમાં ભુલ નથી થઇ પણ કમીટી માગતાં પહેલાં બધા જોઇતા પુરાવા તયાર કરવા જોઇતા હતા. જેઓ પક્ષના લઇ કામ કરે છે તેના સામે પુરાવો આપવાનું એસોસીએશન નું બિનસુસ કામ ન હતું તે સરકાર શોધી શકે છે તેમાં કમાટીના. જરૂર ન હોય આપણી સામે કરડી નજર કરનારા એટલા દુશ્મનો બેઠા છે કે આપણે હિંદીની સામે આમ સિપાહીપણું નથી કરી શકતા. ત્યાં દમ કટકા થાય અથવા કેમને નુકસાની થાય એવાં કેમલાં કામ જરે ત્યારે બહુજ વિચાર પુર્વક આપણે આગળ વધી શકાએ છીએ. પણ તેમાં કંઇ કમીટીની જરૂર હોય નહિ.

આનો અર્થ એવો નથી કે પક્ષના જોઇએ બેઠા માણસને દાખલ કરતા હોય તે બ્યાજબી કામ કરે છે. એવું કરનારને અમે કેમના શત્રુ ગણીએ છીએ. તેઓને લાંબે સખત કાયદા થાય છે: હકદારની ઉપર જુલમ થાય છે ને તેઓને લાંબે અંતે હિંદીને આ દેશ તજવાનો અથવા ગુલામી લેવાનો વખત આવે પણ આવા માણસને સમજાવવા એ કેમનું કામ છે. તેની સામે કામ ચલાવવાથી કંઇ તેવો સુધરે તેમ નથી. સડો કેમ માંથી કાઢવાનો રસ્તો એ કેમમાં સુધારો કરવાથી થશે, કેળવણીથી થશે; કાયદાના ડરથી નહિ થાય.

કેપના બન્ને મંડળોને અમારી સલાહ છે કે તેઓએ હુણી મણીને કામ કરવું. બન્નેએ સાથે થવુ અને કાયદાઓની સામે બ્યાજબી લડતો લેવી જો બન્ને લડી મરશે તો તેમાં વાંદરની જેમ બીજા પેસી તે બન્નેનો માલ લુટી લેશે. આ સમય અંદર લડવાનો નથી, પણ એકઠા રહી બન્નેની ઉપર માર આવે તેની સામે મજબુત હલ ઘરવાનો છે. કેપના ઘણા છાપા અમે જોઇ ગયા છીએ. તેમાં કમીટીના રિપોર્ટ ઉપરથી બધામાં લગભગ હિંદીની વિરુદ્ધ મત બહુ જ આવ્યો છે.

ખબરપત્ર

જોહાન્સ્બર્ગ

(અમારા ખાસ પ્રતીનીધી તરફથી.)

રવિવાર

જેલની હાડમારો

દુઃખનો પ્યાલો આપણે પુરો પીવાનો છે એ સાબીત થતું જાય છે. શ્રી સઇદ અલી જે બોકસબરગમાં બાર દહાડાની જેલ ભોગવી આવ્યા તેના દુઃખનો પાર નથી રહ્યો. તેને સખત મજુરીની સજા હતી. તેની પાસે પાયખાનાની બાલ્ટ ઉપડાવી. ઠંડા પાણીમાં તેને લાંબા વખત સુધી રાખ્યા. તેને પાદુ મારી. આ દુઃખ કેમ સહેવાય? તેની બાબતમાં શ્રી. કાચલીઆએ કેદખાનાના વડા ઉપર કાગળ લખ્યો. દાદ વખતે મળશે. પણ દાદ મળે કે નહિ છતાં આપણે બોલીએ પણ ઉપાડશુ, પાદુ પણ ખાશું. તેમાં ખાનદાની સમજશુ. બાલ્ટ ઉપાડતાં હરખાશુ ત્યારે આપણાં બધન છુટશે. ત્યારેજ આપણે સત્યાગ્રહ જાણ્યુ એમ ગણાશે. સત્યાગ્રહ એટલે મરણ પર્યંત જેને આપણે સત્ય જાણીએ છીએ તે ન છોડવું સત્યને સારૂ મને તેટલી હિંમત ઉછાળવી. બાકી કોઇ ને દેવી નહિ. બાકી દેશમાં સત્યનો ભંગ થાય છે. જે દુઃખ સહન કરવાની આપણામાં શક્તિ આવે તેનું નામ ખરી મુક્તિ તે પુરી જાણ્યા પછી જે કામ હરકતો સરકાર આપશે તેને આપણે દુર કરી શકાએ છીએ. તેથી શ્રી. સાયદ અલી ના દુઃખથી ગભરાવાને બદલે જરૂર જાણ્યું યે હિંદી જેલમાં જવા આતુર રહેશે એમ હું ઉમેદ રાખું છું.

નાતાલના જેલો

નાતાલના જેલને લગે રસ્તામા પથરા ભાંગવા બહાર નથી કહાડતા. તેથી હું તો દિલગીર થયો છું. પથરા તોડવાની કસ્ત તેઓને ઉઠાવી પડત તો છુટકારો રહેલો આવત. તેઓ સંદેશો મોકલ્યા કરે છે કે તેઓની ચીંતા કરવાની નથી. તેઓ જેમ તેટલી જેમ મળે તે ભોગવવા તયાર છે, રાજી છે. આપણે તેઓને ખાતર ઉતાવળ કરીને કશે સમાધાની નથી કરવાની. આપ કરેલું તેઓને લાજમ છે. અને આપણને લાજમ છે કે જરૂર કરતાં એક મીનીટ પણ તેઓને જેલમાં નહિ રાખતાં, તેઓ ને જલદી બહાર કાઢવા સારૂ જેમ બને તેમ બેબાકળા બીજાએ જેલનાં જવું.

અકટોબર બારો વખત

જેઓ બહાદુર આગેવાનોને બહાર કાઢવા માગે છે તેઓની ફરજ સીધી છે. અકટોબરમાં ઘણા હીંદીનું પાણી જવાઇ રહેશે. સપ્ટેમ્બરની આખરીએ ઘણા ફેરીવાળાની લાઇસેન્સ બલાસ થશે. ત્યારે તેઓ શું કરશે? તેઓની ફરજ છે કે વગર અચુકે, મોડે માગી લાઇસેન્સ આપે તોપણ જ્યાસુધી આપણી માગણી કબુલ થઇ નથી ત્યાંસુધી આપણે લાઇસેન્સ લેવા નહિ, અને વગર લાઇસેન્સથી બેધડક થઇ ફેરી ફરવી. આમ થાય તે સરકારને પોસાય તેમ નથી એટલે ફેરીવાળાને જેલમાં નાખવાજ પડે. જો તેટલી હીંમત ફેરીવાળા કરે તો તુરત છુટકારો થાય ને હું તો બાલી ઠોકીને કહી શકું છું કે બાર હજારની મધ્ય રચમાં આપણે તોરાનબાણી બેસી શકીએ. તથા જેઓ આપણે ખાતર જેલમાં ગયા છે તેઓને બહાર કાઢી શકીએ

ફેરીવાળાની લડાઇ

આ લડત ખરૂં જોતાં વેપારીને સારૂં છે વેપારમાં ફેરીવાળાને સારૂ છે ને હતુ પણ ફેરીવાળાની મારફતે જપાટાબંધ મળી શકે તેમ છે. આ દેશની અંદર આવી લડત લડને આપણે બતાવી શકીએ છીએ કે ફેરીમાં નામોશી નથી. તેમાં આબે

ગરીબાઈ હોય. ગરીબાઈમાં આનદાની છે આ વિચાર રાખી ફેરીવાળા પણ ખર્ચ કાંટો રાખે; કેળવણી પણ લેય, સારી સ્થિતિમાં રહે. માંહો માંહે કંકાસ ન કરે. તેઓ ખરા જ્ઞાની અને એવું કંઈ માગતું તેવા થવું તેઓના હાથમાં છે. તેઓને દક્ષિણ આફ્રિકામાં વધુ કરવાનું રહ્યું છે. તેઓ રાજવંશી અને એવી આ લડત છે એમ કહું તેઓને તપ્ત હીંદી કોમને સમજાવવા માગું છું.

પીકેટોની જરૂર

ફેરીવાળાઓએ બનેવારીમાં બહાદુરી બતાવી હતી. આ વખતે પણ બહાદુરી બતાવી છે. છતાં આપણે હજુ બીકણ છીએ. આપણી ઉપર ડેખરેખની જરૂર છે. તેમાં નવાઈ નથી. એટલે પીકેટો દરેક ગામમાં નીમાઈ જવા જોઈએ તેઓએ લાઈસેન્સ ઓફીસની ચોકી કરવાની છે. ને કોઈ પણ માણસ લાઈસેન્સ લેવા ન જાય તેમ કરવાનું છે. તેવું કરી શકાય તેટલા સારૂ દરેક કોમના આગેવાનોએ ચોકીએ ગોઠવાઈ જવાનું છે. તેમ થાય તો ભાગ્યે જ કોઈ લાઇસેન્સ લેવા જશે

પીકેટોની ફરજ

પીકેટોએ યાદ રાખવાનું છે કે કોઈની ઉપર જબરાઈ નથી કરવાની, કોઈને ધમકી નથી આપવાની. તેઓએ પોતાની લાકડી ઘેર મુકવી. આપણી જબરાઈ તે જુબાનમાં રહેલી છે. જીભને પણ સાંધી ચલાવવી. ગાળ આપીને નહિ. સમજાવીને નરમાશથી દરેક હીંદીને તેની ફરજ બતાવવાની છે કડગરસડોરપનો કેસ ગોખી રાખવો. આપણી ઉપર બેાટી રીતે પણ કોઈ જબરી વાપરવાનું બાળ ન લાવે એમ કરવાનું છે.

જેઓની પાસે આખા વરસની લાઇસેન્સ છે તેઓએ પોતાની લાઇસેન્સનો ઉપયોગ નથી કરવાનો પણ તે એસોસીએશનને સોંપી દેવી.

જેઓનાથી જેલનું જોખમ ન સહાવી શકાય તેણે થોડા દિવસ ફેરી ન કરવી એ વધારે સારૂ છે પણ લાઇસેન્સ લેવા જવું તે જુદું છે.

વળી બદમાસી

મી. ચોકલીંગમને વગર લાઇસેન્સથી વેપાર કરવા સારૂ પકડવામાં આવ્યા હતા. તે શનિવારે સાત દહાડાની જેલ ભોગવવા ગયા છે. તેણે દંડ આપવાની ના પાડી. મી. ગોડફ્રે તેનો બચાવ કરવા ગયા હતા.

મી ઇસપજી કાનમીઆ ઉપર નવું રજીસ્ટર નહિ લેવાનું તહોમત હતું તેને સાત દિવસની નોટીસ મળી છે. તે કેસ શનિવારે ચાલ્યો હતો. તેમાં મી. ગોડફ્રે ગયા હતા.

જેલોનો ખોરાક

જેલોના ખોરાક બાબત હજુ લખાયા ચાલ્યા કરે છે. પુષ્કળની તકરાર મટી નથી. તેમાં વળી જેલનો વડો લખે છે કે જાનેવારી માસમાં હીંદી કેદીને ઘી આપવામાં આવતું હતું તે બાદ મહેરબાની દાખલ હતું. ઘીની પરવાનગી બારામાં નથી. જોહાન્સબરગમાં હજુએ ઘી આપવામાં આવે છે પણ બોકસરસ્ટમાં નથી આપાતું તે ઉપરથી આ સવાલ ઉદ્‌ભવ્યો છે. મી. કાચલીઆએ તે બાબત નીચે કાગળ લખ્યો છે અને તે બાબત તારો પણ પાઠવ્યો છે. હવે શું થાય છે તે જોવાનું ખોરાક સારો મળે કે ન મળે તેની સાથે આપણને સંબંધ નથી. સરકાર તે જુલમ ગુજારશે તો તે પણ ઉઠાવશું એવી ચેંટ આપણામાં હોવી જોઈએ.

મી. ઈસા હાજી સુમાર

રેન્ડરટનના જુના વેપારી મી. ઈસા હાજી સુમાર વીલાયતની મુસાફરી કરી આવી પહોંચ્યા છે. મત ઉમેદ છે કે તે લડતમાં પુરેા ભાગ લઈ મદદ કરશે.

નવો કાયદો

નવા કાયદામાં બાદશાહની સહી થઈ છે. જે કાયદો લાલ કાગદ છે. જેમ ખુની કાયદાની નકામત આપણે નહોતા ઉઠાવ્યા તેમ નવા કાયદાનો લાભ આપણે નાં લેવો. બ્યાંસુધી બે સવાલનો ફડચો નથી આવ્યો ત્યાંસુધી. જેમને આપણે જેલમાં મોકલ્યા છે તેઓ જેલમાંથી ન છૂટે ત્યાંલગી આપણાથી નવા કાયદાનો લાભ નજ લેવાય.

સે. ભવાર

બાદશાહના પરોણા

જોહાન્સબરગના મી. મગન જીવન, મી. યુસુફ નાયત તથા મી. ચેટી પરાગ એટલા હીંદી આજે સાત દીવસની જેલ ભોગવવા ગયા છે. તેમનો વેપાર વગર લાઇસેન્સથી હતો. આ બધાને સારૂ મી. જયરાજ ગોડફ્રે ઉભા હતા. હડીપોરટથી કમીટીનો તાર છે કે મી. ડાહ્યા રખાને પણ લાઇસેન્સ પીન ફેરી કરવા સારૂ સાત દીવસની જેલ મળી છે.

દીલગીરી

મારે દીલગીરી સાથે જણાવવું પડે છે કે મી. મુળજીભાઇ પટેલ તથા મી હરીલાલ ગાંધી ઉપરનો કેસ સરકારે પેાચા લીધા છે. તેઓના કમનશીબે તાતાલની બહાદુર જેલોઓની તહેનાતમાં આ બને જુવાન નબી જઈ ચઢયા.

વિશેષ દીલગીરી

મને ખબર મળ્યા છે કે મી. હસન મામાં કરબનથી આવતાં તેમણે પોતાને અંગુઠો બોકસરસમાં આપ્યો

મી આદમ મહમદ શુલ

ઈંડીયન ઓપીનીયન વીભાગના પ્રમુખ અત્રે આવ્યા છે. તેમણે પોતાનું સરટીફીકેટ બાળવાને સારૂ એસોસીએશનને આપ્યું છે. જ્યારે બોકસરસ પહોંચ્યા ત્યારે તેની આજ્ઞાથી પોલીસે અંગુઠો નહીં માગ્યો. અને માગ્યો હોત તો આપત નહીં.

મી બેલીમ

એક મહીનાની સખત જેલ ભોગવી મી. બેલીમ ફ્રીરીઆનામાં ૧૬મી તારીખે છુટયા. તેમને મુબારકબાદીના તારો મળ્યા છે. વાંચનારને યાદ હશે કે મી. બેમલીન જાસીદારને પણ એક માસની જેલ મળેલી તેથી તેમણે એક ચોરાના નામ ઉપર દુકાન ફેરવીને ચલાવી પણ દુકાન બંધ નહીં કરી.

લાગણી થાય એવો કાગળ

"કાયદાના દુઃખમાં પીડાતો એક ગરીબ હીંદી" એવે નામે એક હીંદી લખે છે કે "હવે જે કંઈ કરતાં આ કાયદાનો નીકાલ લાવો તો અમો કંઈ કરતાં કંઈ ગીઆ જેવા થઈએ. નહીંતે મુઆ જેવા છીએ. આમાં બધુ દુઃખ સહન કરતા બાંધા બાળાને છે. મોટા વેપારી જે કેપીટલ વાળા છે તેની પીર ધાર બાંધ નથી થઈ. જે ગોરા બસો પાંચસોનો માલ મંગાવી આપતા તે હવે પાંચ હીસ્સાની ના પાડે છે ગોરાઓ કહે છે કે જ્યાંસુધી કાયદાનું સમાધાન નહીં થાય ત્યાંસુધી અમો વેપાર બંધ કરશું. તો અમારા મરીબોના દુકાનમાં દુઆ ચાહી કંઈ કરતાં સેટલ થાય તો અમારો જીવવા વખત આવે. વધુ દુઃખ સહન ન કરવું પડે તેમ ધણાજ લેશો."

આ લખનારની તરફ લાગણી થવા ના રહે નહીં. છતાં લખાણ જુદ્ધ ભરેલું છે એમ માંગ કહેવું જોઇએ. કેપીટલ વાળાને કંઈ નથી એમ માની લીધું છે એ તદ્દન ભુલ છે. મોટાને મોટો ઘસારો પડયો છે. નાનાને નાનો. એમ દરેક લડવૈયા હીંદીને સહન કરવું પડયું છે. ગોરા માલ ન આપે તો તેના ઉપર કાંઇ ટીકું નથી. ગોરાની તરફની અમલદારી ભોગવવા આપણે તૈયાર રહેવાનું જ છે દેશને ખાતર પૈસો જતો કરવો તેમાં દુઃખ માનવાનું નથી. આમ બતાવ્યા પછી હું કબુલ કરું છું કે ઉપરનું લખાણ તે બચ્ચા હીંદીના મનના વીચાર છે. તેને અનુસરીને લડત ચાલે છે.

જેટલો બોજો કામ ઉપાડી શકે છે તેટલોજ ઉપાડવા આગેવાનો તજવીજ કરે છે આમ થવાથી એક પણ દીંદીએ કાયદા બનવાનું નથી

કરગરસ્કોરપ

કરગરસ્કોરપના ફેરીવાળા વિષે જે વાત આપણામાં આવી છે કે તેઓ ફેરી કરવા નથી નીકળતા ને ઉપર મી. આરબેરટ્સ કેમાઇ લખે છે કે તે વાત તદ્દન જુદી છે. ત્યાંના દીંદી ફેરીવાળા પગર લાયસેન્સ થી પોતાનો વેપાર કરી રહ્યા છે.

નવા કાયદા વિષે

નવો કાયદો આ થી લાગુ છે. હવે તેની રૂએ રજીસ્ટર લેવાની નોટીસ બહાર પડશે. તે નોટીસ ૩૦મી નવેંબર સુધી ના પડશે એમ કહેવાય છે. ત્યાંસુધીમાં ટ્રાંસવાલમાં વસતા દીંદીએ પરમીટ કઢાવવાની છે આ બાબત બહારના કોની પાસે પોતાની પરમીટ નથી તેને એક વરસ ની અંદર અરજી કરવાની છે. આ બધાને હમણાં કાંઇજ નથી કરવાનું એ યાદ રાખવાનું છે. ઉતાવળની જરૂર નથી. જ્યાંસુધી સમાધાન નથી થયું ત્યાંસુધી આ કાયદાનો લાભ બીલકુલ લેવો ઘટતો નથી તેથી પરમીટ ઓફીસે હવેથી પીકેટ રાખવાની જરૂર પડશે આમ થાય અને લાયસેન્સ ન લેવાય તો તુરત નીકાલ આવી જશે.

ચુચવાડો

માત્ર છ કેળવાયલા દીંદી દર વરસે આવી શકે તો કોમ રાજી થશે એવી વાત ટ્રાંસવાલ લીડર માં આવી છે ત્યારથી ઘણી પુછપરછ ચાલી રહી છે. કોમ એમ કહે છે કે માત્ર છ દીંદી આવી શકે તેની આ લડત છે, કોઇ કહે છે આ તો નવી વાત. આ ગેરસમજ છે. કાયદામાં તો કેળવાયલાને એક સરખા હક હોવા જોઇએ એમ માગણી છે. આપણે કહી ચૂકયા છીએ કે કાયદો એકજ હોય પછી પરીક્ષા લેવે સમે તેવી અપરી લેય કે જેથી એક પણ દીંદી ન આવી શકે. આમ કહેવાનો અર્થ એ થયો કે કાયદા પ્રમાણે જોહાનીની જે પરીક્ષા લેવામાં આવે તેમાં તેઓ પાસ થાય તો દાખલ થઇ શકે, હવે રીક્ષા ગોરાની સહેલી કે મુશ્કેલ ન લે તથા દીંદીની અપરી લે તેમાં સામે ન થઇ શકાય આમ થાય તો આપણે વાંધો નથી ઉઠાવતા. ત્યારે સવાલ ઉઠયો કે આમાં શો કાયદેસર તેના જવાબમાં આપણે કહી ચુકયા છીએ કે આમુક હદ કરતાં વધારે દીંદી ન આવે એની પરવાનગીમાં પણ કાયદાનું કોઇ બંધારણ ન કરે. બધાને નીચમાં કરતાં ખરું જોતાં એક પણ દીંદી ન આવે એવું અને તેને બદલે ૬ આવવાનું તો તે થઇ જાય છે લડત માત્ર કાયદા ઘડે બારી બંધ નહીં કરવાની છે. જ્ય કાયદાથી બારી બંધ થાય તો ઉઘાડવી મુશ્કેલ છે. જે માત્ર અમલદાર પરીક્ષા લેય તમાં નાપાસ કરે તેથી બારી બંધ રહે તો તેનો ઉપાય સહજ શકાય છે. નાતાલને કેપમાં કાયદો એજ છે. પરીક્ષા ગોરાની નથી લેતા દીંદીની પરીક્ષા દરવરસે અપરી થતી જ્યછે ઓરેન્જ રેલીઆમાં કાયદોહજુ છે છતાં ગોરા સેંકડો દાખલ થાય છે દીંદીની પરીક્ષા એવી કઠણ લેય છે કે એક પણ દીંદી હજુસુધી દાખલ થયા પામ્યો નથી પણ જ્યારે ઓરેન્જ રેલીઆના લોકો વહેમાતા મરે અથવા અમલદાર ઠીક હોય તો ધાર્યા પરીક્ષા લઇ દીંદીને આવવા દેય. એટલે જે ૬ માણસની વાત નીકળી છે તે ટ્રાંસવાલના લોકોને સંતોષ પમાડવા તથા દીંદી કોમનું ધાર્યાપણું બતાવવા થયેલી છે. કાયદો એકજ અમલ જુદો એમજ ઉપરની માગણીનો અરથ છે. એટલે કે જે માગણી માસ મીટીંગે કરેલી હતી - ને જેનું નામ મી. રમટસે અરટી મેટમ (એટલે લડતની માગણી) એવું પાડયું હતું તેમાં અને આમા જરાએ ફેર નથી.

ચીનાઇ મદદ

ચાઇનીઝ મંડળ વતી મી. કર્નાને લડતની કમીટીને એટલવા સારૂ પા. ૧૦ આપ્યા છે. વાંચનારને યાદ હશે કે અગાઉ પણ તેટલા પૈસા મી રીચને એટ તરીખે ચીનાઇ મંડળ તરફથી ગયેલા. જે કેસ મી. અરવાતના નામનો સુપરીમ કોરટમાં ગયો હતો તેના ખરચમાં પણ તે મંડળની મદદ મળેલી હતી.

કોંગરેસની મદદ

કોંગરેસનો તાર આવ્યો છે કે વીલાયત ની કમીટીને પા. ૧૦૦ કેબલથી મોકલ્યા વામાં આવ્યા છે. આમ પહેલેથી થવ ની જરૂર હતી. છતાં હવે થયું તે પણ વખતસર છે.

સમાચાર

વોકસરસના કેદી

હરીલાલ ગાંધી વોકસરસથી છુટીને આવેલ છે. તે નાતાલ પાસીઓની સાથે ચણ રાત રહેલ. તે ખબર લાવ્યા છે કે કેદીઓની તબીયત સારી છે. બધુ ખુશાલીથી સેટલ કામ કરે છે. હવે તેઓને બહાર નથી કઢાતા પણ જેલના અંદર ઇમારતો વગેરે એક કરવાનું કામ ચાલે છે. મી. ઘાંધી બહાર 'ઇન્ડિયન ઓપીનીયન' વગેરે પરદુઃખભંજન રૂસ્તમ એક બનારો' એ ગાયન ગાઇ કલોલ કર્યા કરે છે.

નવા કાયદાના ધારા

નવા કાયદા રૂએ ધારા બહાર પડી ચુકયા છે તેની ઉપર ટીકા આવતે અઠવાડીયે આપીશ હાલ તો એટલુંજ જણાવવું છું કે આગલા ધારાઓ કરતાં આ ધારા ઘણાજ ચઢીઆતા છે. છતાં તેમાં કેટલાક કહેવાનું રહે છે તેનો નીકાલ જ્યારે સમાધાની થાય ત્યારે આવી શકે છે પરંતુ ખુમેદ રાખું છું કે દરેક દીંદી ખામોસ રાખશે. કોઇને ઉતાવળ કરી અરજી કરવાની જરૂર નથી.

તાંબીલનું કામ

મદ્રાસીઓનું કામ ઘણુંજ જોરાવર છે. તેઓ જેલમાં ગયા કરે છે એટલુંજ નહીં પણ તેઓ પૈસા એકઠા કરવામાં ચુકતા નથી. તેઓએ પા. ૬૨-૬ -નો એક ચેક એસોસીએશનને આપ્યો છે. આપ આપણે અનુમોદીએ છીએ કે જેઓ જેલ જાય છે તેઓ પૈસા પણ ઉદારત થી કઢાડે . એક દશામાં જોર કરે ને બધી દશા માં કરી શકે છે

મી. હસપ ફરિબાબલ બેલીમ

ફીન્ટીઆ નીઆમાં લખે છે કે જેલની અંદર પહેલુ અઠવાડીયું તેમને પકાવવા નું હતું. બીજે બેગે પરચુરણ કામ, ને છેલે અઠવાડીએ બહાર રસ્તા ઉપ કામ સોંપતા હતા. ખાવાનું બીજી જગ્યાની માફક હતું તકલીફ તેમને એ લાગી કે ખાતી વખતે ટોપી ઉતરાવતા હતા. તે લખે છે કે 'સ્વદેશ માટે મેં જે તકલીફ ઉઠાવી છે તે મેં મારી ફરજથી વધારે કરયું નથી. પાછી તકલીફ ઉઠાવવી પડશે તો ઉઠાવવાને તયાર છું.''

સમાધાની?

સમાધાની કરવાની વાત મી. હોસકેને કહાડી હતી. તેની સાથે મી. રમટસને વતચીત થયેલા તે ઉપરથી તેણે મી. હાજલીબ્બા, મી. ઇમામ અબદુલ કાદર બાવાઝીર, મી. કવીન. મી. મીન્સન, મી નાઇડુ તથા મી. ગાંધીને બોલાવેલ તેણે મી. કારસ્ટાઇટ તથા મી. કેદીઓ પોલાક ને પણ બોલાવ્યા હતા. પરીણામે મી હોસકેનની ઉપર કાગળ લખ્યો અને અસલ જે માગણી માસ મીટીંગમાં થયેલી તેજ ફરીથી કરવામાં આવી. મી. હોસકેને આ કાગળ મી. રમટસને મોકલ્યો. મી. રમટસનો જવાબ આજે આવ્યો છે તેમાં લખે છે કે તે માગણી તો અમારીના કિમીજ છે અને તે કાયમ થાય નહીં,

આથી કાંઈ નીરાશા પામવાનું કારણ નથી. નવા કાયદાને વધુ આપણે થપ્પડો ઠીકીએ કે નહીં તે તપાસવાને મી. સ્મટસને હક છે. તેમાંથી આપણે પાર ઉતરશું અને ભેખ લેવા તયાર હશું ત્યારેજ ફડચો આવશે.

વીલાયતના છાપા

વીલાયતના છાપા આપણને સલાહ આપ્યા કરે છે કે હવે આપણે બેસી જવું જોઇએ. વાંધા નહીં ઉઠાવવા જોઇએ. અને આપણે કાયદો કબુલ કરવો જોઇએ. આ ડાહિ શીખામણ છે. તે માન્ય કરાય તેવી નથી. માન્ય કરવાની જરૂર નથી. અગાઉની ઢપ પાછી આવી ચુકી છે. આપણી ફરજ એકજ છે આગેવું વ્યાજબી છે. તેથી તે ન મળે ત્યાંસુધી ઝુકયા કરવું, નવા કાયદાનો લાભ ન લેવો અને જેલો ભરવી.

મી. વલી મહમદ

જે પ્રીટોરીઆ ની જેલમાં પાંચ દહાડા કદાદી યાતનાની સાથે બહાર નીકળ્યા છે તે જણાવે છે કે જેલમાં પુષ્કળ આપતા હતા તેમાં ઝરબીનો બેગ હશે એમ માની કોઇએ ખાધું નહિ. બધા કેદીને લાઇનમાં ઉભા રાખેલા તેમ મી. ઇરમાઇલ જુમાથી ન થયું તેથી તેને પાટુ મારેલી. જ્યારે ગવરનરની આગળ આ ફરીયાદ કરવાનો વખત આવ્યો ત્યારે ચીફ વોરડરે ફરીયાદ કરવા ન આપી. ઇરપીનાલમાં જમીન ખોદવાનું, કચરાની બાકીટ ઉઠાવવાનું, તથા કપડાં ધોવરાવવાનું કામ કરાવતા હતા. આવી યાતનાઓ પડતાં છતાં દરેક હીંદીએ જેલ જવાની તયારી રાખવાની છે. પ્રીટોરીયાના હીંદી કેદીઓને હું મુબારકબાદી આપું છું કે તેઓ દેશને ખાતર જેલ ગયા ને દુઃખ ઉપાડ્યું.

'રેંડ ડેલી મેલ'

સર વેસ્ટ રીજવેએ 'લંડન ટાઇમ્સ'માં ગયા શુક્રવારે જે કાગળ લખ્યો છે તેનો તારથી આવેલ સારાંશ અમે બીજા તાર ના ખબરો સાથે આપીએ છીએ. આ તાર ઉપર ટીકા કરતાં જોહાન્સબરગનું 'રેંડ ડેલી મેલ' નીચે મુજબ લખે છે:—

સર વેસ્ટ રીજવેના કાગળ ઉપરથી જણાય છે કે એશિયાટીક સવાલ ઉપર કોનફરન્સ બોલાવવાની ખરેખરી જરૂર છે. કારણ કે સર જોસેફ જેવા જે પૂરવ નો પુરો અનુભવ ધરાવે છે, છતાં, કહે છે કે ટરાંસવાલમાં એશિયાટીકો શું માગે છે તેની હું બરાબર માહિતી નથી. તે કહે છે કે હીંદી આગેવાનો "કોઇને અટકાયત નહિ કોવા જોઇએ" એવું માગે છે. ખરેખર અમે મી. ગાંધી માટે દિલસોજી બતાવીએ છીએ. દરેક ઇંટરવ્યુ વખતે (આવા ઇંટરવ્યુ ઘણા થઇ ચુકયા છે) અને દરેક કાગળ તથા અરજીઓમાં (અને તેવા કાગળ તથા અરજીઓ કુદીબંધ લખાઇ ચુકેલ છે) તેણે એકની એકજ વાત ફરી ફરીને જાહેર કરેલ છે કે હું કોઇને અટકાયત ન હોવી જોઇએ એવું માગતો નથી. તે કબુલ કરે છે કે ઇમીગ્રેશન ઉપર જાપતો રાખો. એશિયાટીક કાયદાનો જન્મ થયો તે વખતે તેણે આજ કહયું હતું. ત્યાર પછી આજ સુધી પણ એજ કહયું છે અને કદાચ હજુ પણ એજ કહેશે. તેમ છતાં મહિના અને મહિનાઓ સુધી લડત ચાલ્યા પછી સર વેસ્ટ રીજવે અને બીજાઓ હવે પેટે જાહેર કરે છે કે હીંદી ઓ "કોઇને પણ અટકાયત ન હોવી જોઇએ" એવી માગણી કરે છે. અને આવી માગણી કેવળ મુખથિ જરેલી ગણી કાઢે છે. અલબત, આ માગણી કેવળ મુખથિ જરેલી છે. અને અમને ખાત્રી છે કે મી. ગાંધી પણ તેજ શબ્દો વા પરશે. મી. જોસેફ પડકાયા સાથે વહતા લગે છે. તેમણે જણાવ્યું તેવી માગણી કદી પણ કરવામાં આવી નથી.

ન્યાયને રસ્તે ચાલવું એ સારું છે. હીંદીઓએ કદી ન કરી હોય તેવી માગણી નો બોજો તેમના ઉપર નાખવાથી કાંઇ લાભ નથી. મી. ગાંધી જે કહે છે તે આ છે: અલબત, ઇમીગ્રેશન ઉપર જાપતો રાખો પરંતુ કાયદાને પાને એવું ન હોવું જોઇએ કે અમુક માણસ એશિયાટીક છે. એટલા માટે તેને ટરાંસવાલમાં આવવાની અટકાયત છે બાકીના હીંદી હકથી ટરાંસવાલમાં આવી શકે, મહેરબાનીથી નહિ, એવો જ્યાં સુધી મુદ્દો જળવાય ત્યાંસુધી ૨૦ વરસે એક માણસ સુધીની અટકાયત મુકવામાં આવે તોપણ તેને હરકત નથી. મી. ગાંધીને દક્ષિણ આફરિકાનો પુરો અનુભવ છે કે જો દરેક હીંદીને માટે ટરાંસવાલના બાર ખુલ્લા રાખવાની માગણી કરે તો આ મુલકમાં તેની દલીલો સાંભળવા ને પણ કોઇ ઉભું રહે નહિ. તેણે જે માગણી કરી છે તેથી તેને પહોના હેતુ જળવાય તેમ છે. મી. ગાંધીએ પોતાનો મુદ્દો એવી રીતે રજુ કર્યો છે કે હવે લડવાપણું પણ રહેતું નથી. તે એવું ધોરણ દાખલ કરાવવા માગે છે કે જેથી કરીને થોડાજ—બહુજ થોડા—એશીઆ ટીકો હક પુરવક આવી શકે. અમરી પરિક્ષા આપી કેટલા આવી શકે તે સંખ્યા મુકરર નથી થઇ શકતી પરંતુ સર વેસ્ટ રીજવેના કહેવા પ્રમાણે ખુલ્લાં બારણાં રાખવાનું તો એશિયાટીકો નથી માગતા. ટરાંસવાલ સરકારે એવું ધોરણ દાખલ કરેલું છે કે કોઇપણ એશીઆટીક હક પુરવક દાખલ થઇ શકે નહિ. અલબત, મુદતની પરમીટથી તે આવી શકે છે. વ્યવહારીક રીતે મી. સ્મટસ અને મી. ગાંધીના મતમાં બહુજ થોડો ભેદ રહયો છે; પણ તેથી ઉલટી રીતે ઠીકીએ તો આ તફાવત બહુ મોટો છે. પણ ખુલ્લાં દ્વાર રાખવાની તો વાતજ નથી. ઓસ્ટરેલીઆ, ન્યુઝીલાંડ, અથવા કેપમાં એશીઆટીકો કોઇપણ જાતના જાપતા વિના દાખલ થઇ શકે છે એવું સર જોસેફ ભાગ્યેજ કહી શકશે. છતાં તે કાલોની માં જે ધોરણ છે તેવું ધોરણ અહીં દાખલ કરવામાં આવે તો મી. ગાંધી સંતોષ માનશે.

એશીઆટીક સવાલ ઇમ્પીરીઅલ કોનફરન્સ બોલાવી ચરચાવવાની સુચના અમે બે વરસ ઉપર કરી હતી. અને આ સુચનાને 'લંડન ટાઇમ્સે' ઘણી વખત ટેકો આપ્યો છે. અમારો મત એવો છે કે આ આખા સવાલ ઉપર સંપુરણ ચરચા કરવાથી સારૂ પરિણામ આવશે. કોલોનીઓએ આમજ વરતવું એવું વહી સરકાર ફરમાવે એમ અમે માનતા નથી. પણ જો આવી રીતે વચ્ચે પડે તો રરા રાજ્ય બોજવતા દરેક રાજ્યો તેની સામે સખત વાંધો લેશે આવી કોનફરન્સથી કોલોનીમાં એશીઆટીક સવાલ વીશે કેવી લાગણી છે અને શું મુશ્કેલી છે તે બધા ધ્યાનમાં આવશે. કોનફરન્સથી અમુક ધોરણ બંધાય એ તો અસંભવીત છે, છતાં તેથી બીજા ઘણા ફાયદા થશે એ વાત ચોકસ છે.

મદ્રાસથી 'લંડન ટાઇમ્સ'નો ખબરપત્રી જણાવે છે કે દક્ષિણ હીંદુસ્તાનમાં હીંદી ઓનું મુખ્ય રાજ્યદ્વારી મંડળ મહાજન સભાએ લોરડ મોરલીનું દક્ષિણ આફરિકા ના હીંદીઓ ઉપર વરતતા જુલમ વીશે ધ્યાન ખેંચ્યું છે અને તેમને ન્યાય આપવાની માગણી કરી છે.

નાતાલથી મદદ

નાતાલ ઇન્ડિયન કોંગ્રેસ

આ માસની ૨૭ તારીખે મળેલી કોંગ્રેસની એક મીટીંગમાં આગળના ઠરાવ પ્રમાણે લંડનની કમિટીના નિભાવમાટે મી. રીચને મોકલવાના બાકી રહેલા પા. ૧૦૦ ઉઘરાવીને તરતજ મોકલવા વિષે જે નિશ્ચય થયો હતો તે વિષય ઉપર વધુ વિચાર કરવા માટે ના. ઇ. કોંગ્રેસની બે જનરલ સભાઓ તા. ૧૨ તથા તા. ૧૩ ઓગે કોંગ્રેસ હોલમાં મળી હતી. આગેવાનો તથા સામાન્ય વરગે મળી સારી હાજરી આપી હતી. બને મીટીંગોમાં ખુબ ચરચા થઇ હતી અને દરેક મત, તુરત ઉઘરાણું કરવા નિકળી પડવા બાબત પડતો મુકતો. કેટલાક ઉત્સાહી આગેવાનો ઉઘરાણું કરવા બહાર પડયા હતા. છેવટ વધારે સારી રીતે મોબલાઇઝ કરવા માટે તા. ૧૪મી ને સોમવારે કમિટીની મીટીંગ ભરી તેમાં ઉઘરાણીએ જનારનાં નામો તથા જગ્યાનાં નામો મુકરર કરવા માટે નક્કી કરવામાં આવ્યું હતું.

ઉપર જણાવ્યા મુજબ કોંગ્રેસની કમિટીની મીટીંગ તા. ૧૪ મીની રાતે ૮ વાગે મી. દાદા ઓસમાનની ઓફીસે મળી હતી. જેમાં બધા ખરા આગેવાનો હાજર હતા. મી. અબદુલા હાજી આદમની દરખાસ્તથી તથા મી. હાસમ જુમા અને મહમદ ઈબરાહીમના ટેકાથી મી. ઈસમાઇલ ગોરાએ ખુરશી લીધી હતી. સેક્રેટરી મી. દાદા ઓસમાને મી. રીચને પકડેલા મોકલવાની બહુ અગત્યતા જણાવી. કેટલીક ચરચા થયા બાદ મી. અબદુલ કાદરની દરખાસ્તથી અને મોલવી સાહેબ તથા મી. મહમદ ઇબરાહીમના ટેકાથી નીચે પ્રમાણે જુદી જુદી જગ્યાએ ઉઘરાણી કરવા નીકળી પડવા મેંબરો નીમાયા હતા:-

માંરસ્ટન, બેરનવીલ જંકશન, રીચમંડ, હાવીક, નોર્ટીંગહામ રોડ; રેસ્ટોટા, બાલ્સોવન, પાર્કનટાઉન, ન્યુજરમની, ઉનિયાંગા, ડેન્વર ટાઉન વિગેરે રવણે જવા માટે મી. યુસફ વધદ બહાર પડયા.

મી. ખરસાણી તથા મોલવી સાહેબ ફતેહ મહમદ મેર્ઝન ટાર્ફીન તરફ જવા માટે નીમાયા.

મી. અબદુલ કાદર તથા મી. મહમદ ઇબરાહીમ નમ્બર્ડિ તરફ જવા નીમાયા.

મી. હાસમ જુમા તથા મી. અબદુલા હાજી આદમ વેરુલમ તરફ જવા નીમાયા.

મી. ઇસમાઇલ વારમહમદ તથા ખમીસા સુમારને ટોંગાટમાં ઉઘરાણી કરવા નીમ્યા.

મી. સુલેમાન દાવજ તથા મી. ખસા સીદન હામ વિગેરે જગ્યા તરફ જવા નીમાયા.

મેસર્સ. દાદા ઓસમાન, ઇસમાલ ગોરા, અબદુલ હઇ તથા મુનશી મોગરારીયા ડરબન, ઉપોટોડ, અમગેની રોડ વિગેરે જગ્યાએ જવા નિમાયા. આ પછી મી. એમ. એસ. ટીમોલે કેટલીક કોમો તરફથી તથા ફરદર એસોસીએશને બનની મીટીંગ ભરી તે તરફથી ઉઘરાવી મદદ કરવા હીંમત ધરી. ચેરમેન તથા સેક્રેટરીએ સહુનો બહુ આભાર માન્યો. અને સારા દસ વાગ્યે મીટીંગ બરખાસ્ત થઇ.

ગયા સોમવારે તા. ૨૧મીના રોજ ના. ઇ. કોંગ્રેસે કેબલથી પા. ૧૦૦ મી. રીચને મોકલ્યા છે. ના. ઇ. કોં. ના સેક્રેટરી જણાવે છે કે હાલમાં જે ઉઘરાણું થાય છે તેમાં બબ્બીક સારો ઉત્સાહ બતાવે છે જે બહુ ખુશી થવા જેવું છે. આ ઉઘરાણીની બીગતવાર હકીકત પાછળથી આપવામાં આવશે. તે પુરી પાડવામાં આવશે.

ડરબન ઇન્ડિયન ફ્રેન્ચાઇઝ એસોસીએશન

આ એસોસી એશનની જનરલ મીટીંગ તા. ૧૬મી સપ્ટેમ્બર બુધવારે કોંગ્રેસ હોલમાં મળી હતી. મી. એબ્રાહમ કાનજી પ્રમુખ પદે બીરાજ્યા હતા. એસોસીએશનના મેંબરો અને બીજા મહદસ્થો મળી આશરે ૫૦૦ માણસો હાજર હતા. શરૂઆતમાં સેક્રેટરીએ ગઇ મીટીંગનો હેવાલ વાંચી સંભળાવ્યો અને આજની મીટીંગ બોલા વાનો હેતુ જણાવ્યો. પ્રમુખ સાહેબે ટ્રાંસવાલની બાબતનું વિવેચન કરી જણાવ્યું કે આપણે ટ્રાંસવાલની લડતમાં મદદ કરતા આવ્યા છીએ. આજ સુધી ૧૮૦ પૌંડની રકમ આપવામાં આવી છે. અને હાલમાં બીજા પૈસાની જરૂર છે. માટે આપણે એકત્ર થઇને બનતી મદદ કરવી જોઇએ. વીલાયતમાં મી. રીચ પૈસાનીબધીખોંચમાંછે ટ્રાંસવાલની બાબત માં વધારે હકીકત જણાવવા પ્રમુખે કોંગ્રેસના સેક્રેટરી મી. દાદા ઓસમાનને સુચના કરી. જે ઉપરથી તેમણે હીંદુસ્તાનથી આવેલો કેબલ વાંચી સંભળાવ્યો. અને વખતને અનુસરતો ખુલાસો કર્યો.

મોલવી ફતેહ મહમદ સાહેબે ટ્રાંસવાલ ની લડત વિષે, અને નાતાલના હીંદીઓની ફરજ વિષે લાંબલાઓ આપી અસરકારક ભાષણ કર્યું. "તેમણે પૈસા ઉઘરાવવા ચારસટાઉન સુધી પોતાને ખરચે જવાનું માથે લીધું. અને કહ્યું કે આલડતમાં લંડનની કમીટીને પૈસાની બેંચમાં આપણે નહિ રાખવી જોઇએ. તેઓ આપણે માટે મોટી જવાબદારી ઉઠાવી રહ્યા છે. આપણે તનમન અને ધનથી ટ્રાંસવાલને મદદ કરશું ત્યારેજ કાયદો તુટશે, ભણેલા ને માટે રસ્તો થશે અને આપણા આગે વાનો તથા બીજા હીંદીભાઇઓ જેલમાંથી છુટશે. બાદ મીટીંગમાંજ મી. વલી કાસમે ૨૫ શીલીંગ, મી. દુસેન આદમે ૩૦ શીલીંગ, મી. જમાલ કાસમે ૧૦ શીલીંગ તથા મી. એમ. એમ. પટેલે ૧૦/૬ રોકડા આપ્યા મોલવી સાહેબે વધુ ભાષણ કરી ૧૦ શીલીંગ આપી. મી. અમદ વલીએ ૨/૬ આપ્યા.

બાદ કેપટાઉન બ્રિ. ઇ લીગના પ્રમુખ મી. આદમ ગુલે નાતાલ તરફથી ટ્રાંસ વાલને મળતી મદદમાટે વખાણ કર્યા. મી. દાઉદ મહમદ વગેરે સાથે પોતે ટ્રાંસ વાલ ગયા પણ જેલમાં નહિ જઇ શકવા ને માટે દીલગીરી બતાવી. નાતાલના મીલેનો આધાર ટ્રાંસવાલની લડત ઉપર છે. તમે બધા એકસંપથી કામ લેશો તો આવી રહ્યો શકશો. કેપમાં નાતાલ જેવો એકસંપ નથી તેને માટે અફસોસ છે વગેરે.

ત્યારબાદ નીચે મુજબનો ઠરાવ પસાર કર્યો. પહેલા વરગ માટે ૧ ગીની, બીજા વરગમાટે ૧૦/૬, ત્રીજા વરગમાટે ૫-, અને ફેરીવાળા પાસે ૨/૬ ઉઘરાવવા ઉઘરાણું કરવામાટે બાર માણસોની કમીટી નીમવામાં આવી. છેવટે પ્રમુખ સાહેબે હાજર રહેલા મહદસ્થોનો ઉપકાર માની ઉઘરાણામાં બનતી મદદ કરવાનું જણાવી મીટીંગ બરખાસ્ત કરી.

ડરબનથી એક લખનાર જણાવે છે કે અત્રે મોલાના મોલવી ફતેહ મામદના બેડી બે વખત મીટીંગના ભાષણોથી લોકોને ઘણી અસર થઇ છે. આજે (શનીવારે) મેનલાઇનમાં માર્શલબરગથી ચારલ્સટાઉન સુધી મી. કુવાડીઆ સાથે તે ઉઘરાણું કરવા રવાના થશે. મી. કુવાડીઆ એરિસ્ટ બરગ સુધી સાથે રહેશે. મોલવી સાહેબની લાગણી તથા જુસ્સો વખાણ કરવા પાત્ર છે. તેઓની ઉમેદ ઉઘરાણું કરવું તથા મેનલાઇન નો ટુંટો કે જે કોંગ્રેસ સાથે છે તે પાર પાડી આવવો એવો છે. આ કામ તે ફતેહમાંદીથી ઉઠાવી આવે તો તેવણે કોમની અમુલ્ય સેવા બજાવી કહેવાશે.

હીંદુસ્તાનથી મદદ

રાજકોટ મહેરીલે ઇસ્લામ તરફથી ડરબન ની અંજુમન ઇસ્લામને નીચે મુજબ તાર મળ્યો છે: મોટી જાહેર મીટીંગ મળી છે. મોરલી, મીંટો તથા કલારક (મુંબઇના ગવરનર) ને તાર મોકલ્યા છે, અને કેદીઓ ને છુટા કરવાની વીનંતી કરી છે.

અલીગઢથી ઓલ ઇંડીઅન મોસ્લેમ લીગ' ના સેક્રેટરી મી. એચ. એમ. મુસાખાન જોહા-સબરમની હુમીદીઆ ઇસ્લા મીક પોસાયટીને એક કાગળ લખે છે કે ઓગસ્ટની ૬ઠ્ઠી તારીખે ઓલ ઇંડીઆ મોસ્લેમ લીગની કમીટીએ ટ્રાંસવાલના હીંદી ભાઇઓની તકલીફ માટે દીલગીરી ના અને દાદ આપવાના ઠરાવ પાસ કર્યા છે. આ ઠરાવની નકલ હીંદુસ્થાનની સર કાર તેમજ સભાના મુખ્ય અંગોમાં મોકલ વામાં આવેલ છે.

લેડીસ્મીથમાં મીટીંગ

તા. ૮ મી ને મંગળવારે ત્રણ વાગે ડરબનથી ટેલીફોનથી અતરે ખબર કરવામાં આવી કે આપણા લીડરોને ત્રણ માસની સખત જેલની સજા દરાંસવાલની સરકારે કરી છે. તે સાંભળી અતરે દરેક નાના મોટાઓમાં દીલગીરી ફેલાઇ રહી હતી. અને રાત્રે ખાસ મીટીંગ ભરવાને બેઠકમાં ઠરાવ કરવામાં આવ્યો હતો. જેની ખબર તેજ દિવસ સાંજે લેડીસ્મીથ ઇસ્લામીક સોસાયટીના હોલમાં માસ મીટીંગ ભરવામાં આવી હતી. સોસાયટીનો હોલ ચીકાર ભરાઈ જવાથી ઘણાઓને બહાર ઉભું રહેવું પડયું હતું. પ્રમુખપદ મી. ઇસ્માઇલ અહમદને આપવામાં આવ્યું હતું. પ્રમુખ ઉપરાંત મેસરસ મોગા, અહમદ ઉમર, મુલાં અહમદ, ઇસપ ભાઇ, કાસમ નાના ભાવા, બદરૂદીન, સમ્મદ વગેરે આગેવાનોએ ભાગ લીધો હતો.

શરૂઆતમાં પ્રમુખે જણાવ્યું કે ડરબનના આપણા માનવંતા લીડરો તથા બીજા કેળવાએલાઓને ત્રણ માસની સખત કેદખાનાની સજા થઇ છે આથી આપણે ઘણીજ દીલગીર છીએ. સરકારનું આ પગલું ઘણુંજ જુલમગાર છે. આવી રીતનો જુલમ ફ્રીઆના રાજ્યમાં પણ નથી. મરહુમ મહારાણીજીએ જે આપણને વચન આપ્યું હતું તે વચન આજે પળાતું નથી જે ઘણું અફસોસ ભરેલું છે. સાહેબો, આપણા લીડરોએ બહા દુરી બતાવી છે. તેઓ આપણા ઉપર પડતાં દુઃખોનું નીવારણ કરવાને માટે જેલ ગયા છે. જેઓ સમાજની તળાઇ ઉપર સુનારા છે તે આજે કમલીથા જમીન ઉપર સુતા હશે. ખુદા તેઓને સહન કરવાને શક્તિ આપે. વગેરે લંબાણ થી વિવેચન કરવું હતું.

મી. કાસમ નાના ભાવાએ જણાવ્યું કે આપણા આગેવાનોને આજે જેલની સજા કરવામાં આવી છે જે બહુજ દીલગીરી ભરેલું છે. એઓ સાહેબોના નામો તવારીખમાં નોંધાઇ રહેશે. દરાંસવાલ તેઓ કોમના ભલાને માટે ખાસ કરી જેલમાં જવાને ગયા હતા, એક આદમી રેલવે ના પાટા ઉપર જો સુતો હોય તો તે મોત મામવાનેજ સુતો હોય. તેમ એ લોકો દરાંસવાલમાં ગયા તે ખાસ કોમને માટે જે દુઃખ પડે તે સહન કરવાને ગયા હતા. ખુદા તેઓને સહન કરવાની શક્તિ બક્ષે.

બાદ બાદ મેસરસ અહમદ મુલા, મહમદ લોખાત, નાના ભાવા તથા અહમદ મસાજી ઉમરે ટુંકમાં વીવેચન કરી ઉપરના વકતાઓ જણાવેલ વિચારોને ટેકો આપ્યો હતો. અને આ મીટીંગમાં ઠરાવ થયો હતો કે લીડરો, તથા બીજાઓને મળેલી જેલ માટેની દીલગીરીના તાર નાતાલ ઇડિયન કોંગ્રેસ, હમીદીઆ મસ્લા મીક સોસાયટી તથા બ્રીટ્ટ ઇ૦ એસોસી એશન ઉપર મોકલવા.

બાદ મી. નાદીરશાહ ડેબુએ ટુંકું વીવેચન કરી દીલગીરી જાહેર કરી અને મુંબઇ સર ફીરોજશાહ મહેતા તથા સર સુલતાન મહમદશાહ આગાખાન ઉપર તાર મોકલવાની સુચના કરી અને તેને માટેનું ઉપરાણું કરવાનું માથે લીધું. મી. બદરૂદીન તથા મી.ઝેનાએ આ વાતને ટેકો આપ્યો અને તેમાં પૈસા આપવાનું જણાવ્યું. બાદ મીટીંગ બરખાસ્ત થઇ હતી.

ઉપરના ઠરાવ મુજબ અતરેની સોસા યટીના સેક્રેટરીએ ડરબન તથા જોહાન્સ બરગ તારો મોકલ્યા હતા તથા મી. ડેબુએ ઉપરાણું કરી નામદાર આગાખાન તથા સર ફીરોજશાહ મહેતાને તારથી જણાવ્યું છે કે આગેવાનોને સખત મજુરીની જેલ થી હીંદીઓની લાગણી ઘણીજ દુઃખાઇ છે. હીંદુસ્તાનમાં આ સજાની સામે મીટીંગો કરી વાંધો દરસાવવાની વીનંતી કરે છે.

હીંદીઓ શું માગે છે?

છાપામાં ચરચા અને મી. ગાંધીનો ખુલાસો

હીંદીઓ શું માગે છે તે બાબત હમણ કેટલીક જગ્યાએ અણસમજ ચાલ્યા કરતી લાગે છે. આ વીષે છાપામાં જે ચરચા ચાલે છે તે નીચે આપીએ વીએ.

"રાઇટ"

મી. સ્મટસે એશીઆટીક સવાલ કેટલી દુશીઆરીથી હાથ ધરેલ છે તે વિષે જેને શંકા હોય તેને અમે આજ સવારના 'રાઇટ્સમાં' જાહેર પડેલ અધીપતીનું લખાણ વાંચવાની ભલામણ કરીએ છીએ. આ લખાણનો સારાંસ તારથી મળેલ છે તે અમે બીજી જગ્યાએ છાપીએ છીએ. ઘણા મોટા બાદશાહી સવાલ ઉપર 'રાઇટ્સ' જે વિચાર દર્શાવે તે ન્યાયી હોય એમ આપણે માની લઇએ. અને તેજ મુજબ એશીઆટીક સવાલ ઉપર અમારા વિચાર પ્રમાણે, ખરો રાજ્યની મત દર્શાવેલ છે. તેણે જણાવ્યું છે કે કોલોનીઅલ સેક્રેટરીના તરફનો પુરાવો મજબુત છે. અને મી. ગાંધી અને તેના મિત્રો નવા લાભ મેળવવાને બદલે છે તેને લીધેજ હાલની મુશ્કેલીઓ રહેવા પામી છે. ગયા જાનેવારીમાં સલાહ થઇ ત્યારે આ નવી માગણી ખ્યાલમાં હતી નહિ. મી. ગાંધી સાથે થયેલી વાતચીત જે અમે બીજી જગ્યાએ પ્રસિદ્ધ કરીએ છીએ તે વાંચવા થી મી. ગાંધી કયા મુદ્દામાટે લડે છે તે વિષેની શંકા દુર થશે. આ એશીઆટીક આગેવાન ગોરા તથા એશીઆટીકોને નીષ્પક્ષપાતરીતે લાગુ પાડવામાં આવે તો ગમે તેવી અઘરી પરીક્ષા કબુલ રાખવા ખુશી છે. પરંતુ હાલના અથવા નવા ઇમીગ્રેશન કાયદાની રૂએ જેને દાખલ કરવામાં આવે તેને સંપુરણ સરખા હક આપવા માગણી કરે છે. જો આપણે ઘણી અઘરી પરીક્ષા લેવાનું દાખલ કરીએ તો ઘણા ગોરા જેની આ દેશના ઉદ્યોગની ખીલવણી ને માટે જરૂર છે તે દાખલ ન થઇ શકે અને જો હાલનું ધોરણ કાયમ રાખી ૧૭૦૦નો ખુની કાયદો રદ કરીએ તો નાતાલ અને ટ્રાંસવાલના બીજા ભાગમાં જે અસંખ્ય એશીઆટીક નીસાળોમાં ભણે છે તેમને માટે દરવાજા ખુલ્લા મુકાએ છીએ. આમાં પહેલો રસ્તો લાંબા જેવો નથી અને બીજા રસ્તાથી ગોરાઓને લાભને હાની પહોંચે છે. અને મી ગાંધી હાલના કાયદાની તો સખત વિરૂદ્ધ છે એટલે સલાહ થવાનો સંભવ રહેતો નથી.

મી. ગાંધીનો જવાબ

આ લખાણનો મી. ગાંધીએ નીચે મુજબ જવાબ આપ્યો છે:

હવે તમે અણસમજથી નહીં પણ ઇરાદા પુરસ્કર ખોટી હકીકત રજુ કરતા લાગો છો. તમે લખ્યો છો કે "ગોરા તથા એશીઆટીકોને નીષ્પક્ષપાત રીતે લાગુ પાડવામાં આવે તો ગમે તેવી અઘરી પરીક્ષા કબુલ રાખવા હું ખુશી છું" હું આજ સુધી કહેતો આવ્યો છું તેથા તદન ઉલટું છે. મારી માગણી તો એ છે કે ભણેલા હોય તે બધી શકે એવો કાયદો હોવો જોઇએ; પછી તેનો અમલ નિષ્પક્ષપાત રીતે નહિ, પરંતુ, બુદ્ધ સિદ્ધાંત ઉપર ભલે થાય. કાયદો અમલમાં કેવી રીતે મુકવો તેનો આધાર અમલમાં લાવનારની વીવેક બુદ્ધિ ઉપર ભલે રહે. જો આવી સત્તા કાયદો ન આપતો હોય તો હીંદી કોમ ખુશી છે કે હવે તેવી સત્તા અપાય.

આ હકીકત મેં જાહેરમાં તથા તમારા પ્રતીનીધી પાસે એક વખત નહિ, પણ ઘણી વખત રજુ કરી છે. તમે આગળના લખાણમાં જાહેર કરયું છે તેવી જાતનો ગેરસમજણનો સવાલ પણ નથી રહેતો. એકજ પંકતીના માણસો નથી વરતા તેવા રાજ્યમાં કાયદાનો અમલ કોઇ દીવસ સરખી રીતે નહિ થાય. હું એટલું જ આખું છું કે કોઇપણ માણસનું, ખાસ કરીને ઇંડીયનું, અપમાન થાય તેવો કાયદો નહીં હોવો જોઇએ. તમે જે કહ્યું તેના ટેકા રૂપે 'ટાઇમ્સનું' લખાણ બતાવો છો. પરંતુ 'ટાઇમ્સ' જનરલ સ્મટસે અથવા તેના તરફથી બીજા કોઇએ જે કાંઇ કહ્યું હોય તે ઉપરથી લખાણો લખ્યે રાખે છે. ખરી હકીકત શું છે તેની 'ટાઇમ્સને' હજુ ખબર પડી નથી.

મારા ભાઇઓ નવી માગણી કરે છે એ વાત હું તદન બનકાર કરૂ છું. ખરી હકીકત આ છેઃ લડાઇ પહેલાં ઇંડીઓ છુટથી આવી શકતા. સલાહ પછી ૮મી એશન બાબત પીસ પ્રીઝરવેશન કાયદાથી અમુક ચોરણ બંધાયું. આ કાયદાથી કેળવણી પામેલ નવા એશીઆટીકો દેશમાં આવી શકતા. ખુની કાયદાથી જે લોકો દેશમાં રહેવાને હકદાર હોય તેણે રજીસ્ટર થવું એમ નક્કી થયું. પણ કોણ દાખલ થઇ શકે તે નક્કી નથી થતું. મી. સ્મટસે આ વાત કબુલ રાખી છે. પછી પીસ પ્રીઝરવેશન ઓરડીનન્સને બદલે ૮મી મંટ રીસરટરીકશન એકટ દાખલ થયો; આથી સામાન્ય કેળવણીનું ધોરણ બંધાયું. ત્યારબાદ ખુની કાયદો અપ્રમાણીકપણે વચમા લાવી ઇંડીઓ ઃ હક ઉપર કાપ મુકયો. પરંતુ ખુની કાયદો ઇંડીઓએ કદી કબુલ રાખ્યોજ નથી. તેઓએ તો આ કાયદો રદ કરવાની માગણી હમેશાં કરે રાખી છે, અને તેને રદ કરાવવા માટે અનેક દુઃખો ઉઠાવ્યાં છે તો પછી ઇંડીઓ નવી માગણી કરે છે એમ કેમ કહી શકાય?

સુલેહની શરત મુજબ કાયદો રદ કરવા નો વખત આવ્યો ત્યારે જનરલ સ્મટસે કહ્યું કે જો ચાર શરત કબુલ રાખો તો કાયદો રદ કરૂં. આ ચારમાંથી ત્રણ શરતો સત્યાગ્રહની લડતનું જોર જોખને તથા કાયદાનો અમલ કરવામાં હરકત આવશે એમ જોખને પાછી ખેંચી લીધી. ચોથી શરત હજુ નથી પાછી ખેંચી લીધી અને જ્યાં સુધી તે શરત પાછી ખેંચી લેવામાં નહિ આવે ત્યાં સુધી ઇંડી અને બીજા એશીઆટીકો મી. સ્મટસને હમેશાં અપ્રમાણીક ગણશે.

અમને દીલગીરી થાય છે કે તમે અને પ્રોગ્રેસીવ પક્ષ જે વડી સરકારનું હીત સાચવનાર ગણાય છે તે બંને અસત્ય પક્ષને મદદ આપો છો.

વીરીનીખનની સલાહ થઇ તે વખતે જનરલ બોથાએ 'નેટીવ' શબ્દના અર્થમાં એશીઆટીકોને પણ બોલવવાનું જણાવ્યું. લો૦ મીલનર અને સર રીચરડ સોલોમને આની સામે વાંધો લીધો. પણ તેમ કરવામાં જનરલ બોથાનો હેતુ હતો તે તેઓએ કબુલ રાખ્યો અને તે હેતુ બતાવવાને માટે એશીઆટીકોને ન્યુનીસીપાલ કે ચાબ્રા પ્રતીનીધીપણે મળતા. બીજો દાખલો. જનરલ બોથાએ કહ્યું કે લો૦ કીચનરે અમને તરતજ સ્વરાજ્ય આપવાનું વચન આપ્યું હતું. અંગ્રેજની કીર્તી બતાવવા ખાતર આ કારસામાં પણ તેણે જે વચન માન્યું તે વડી સરકારે કબુલ રાખ્યું. ખુની કાયદો રદ કરવાની વાતમાં અંગ્રેજ અથવા કોલોનીની કીર્તીનું બાપ કાંઇ જુદી રીતે બચી શકે ખરૂં કે?

ફરીને 'સ્ટાર'

મી. ગાંધી અને તેના મિત્રોની હકીકત અમે ૮વાર પુરવક જુદી જણાવી છે એ વાતનો અમે ઇનકાર કરીએ છીએ. મી ગાંધીએ ફરીથી હકીકત જણાવી છે. આના જવાબમાં અમે કહીએ છીએ કે દેશના જે કાયદા ઘડાય તેમાં પછી કોઇપણ ધારા કે પ્રધાનનો હુકમ કામ લાગે નહિ. કાયદા તેનો ખરો અમલ થવા માટે ઘડવામાં આવે છે. સરકાર મુઠીભર એશીઆટીકોને ટ્રાંસવાલ બહાર રાખવાને ધારતી થાય તેવી ઘણી સખત પરીક્ષા લેય અને બીજા ગોરા કારીગર વર્ગની ઘણીજ સહેલી પરીક્ષા લેય. આથી તો રાજદ્વારીઓને હાથે કરી અપ્રમાણીકપણાનો ટોપલો ઓઢી લેવા જેવું થયું.

અપ્રમાણીકપણાનો ખુલાસો

ઉપરના લખાણના જવાબમાં મી. ગાંધી એ 'સ્ટાર' છાપામાં ફરીને નીચે મુજબ કાગળ લખ્યો છે

હું માનું છું કે કેળવાયેલ માટે બારણાં ખુલ્લાં રાખવાં એ તો તમો કબુલ કરો છો ત્યારે હવે બારણાં કેવી રીતે ખુલ્લાં રાખવાં એજ સવાલ રહયો છે. મેં જે હકીકો કાઢયો તેને "રાજ્યદ્વારીઓને હાથે કરીને અપ્રમાણીકપણાનો ટોપલો ઓઢી લેવા જેવો" ગણી કાઢયો. છતાં આખી દુનિયાના રાજદ્વારીઓ એમજ કરતા આવ્યા છે. પીસ પ્રીઝરવેશનના કાયદાનીરૂએ નવા નવા

જગ્યાને લાગુ નહીં પડે. આ છુટ એશીયાટીકટી રૂમ અથવા કાફર ઇટીંગ હાઉસને લાગુ પડતી નથી.

૭. પુરવણીના પહેલા ખાનામાં બતાવેલો ધંધો જે દુકાનમાં ચાલતો હોય તે દુકાન તે પુરવણીમાં બતાવેલા વખત સુધી ખુલી રહેશે. પણ દવા જરૂર પડતી ગમે તે વખતે વેચી શકાશે.

૮. ૧૮૯૬ના ૨૮મા કાયદામાં જણાવેલી દુકાનો જે રવિવારે ખુલી રાખવાની પરવાનગી છે તે શીવાયની દુકાનો જાહેર તહેવારોને દિવસે ખુલી રાખવામાં નહીં આવે અને જે દુકાનો રવિવારે ખુલી રાખવાનો હુકમ છે તે દુકાનો જાહેર તહેવારને દહાડે પણ રવિવારે જે વખત બતાવ્યો છે તેટલોજ વખત ખુલી રહેશે. વળી જાહેર તહેવારને આગલે દહાડે બધી દુકાનો શનીવારની જેમ ખુલી રાખવાની છુટ છે.

૯ ૨૨મી ડીસેમ્બરથી ૨૫મી ડીસેમ્બર સુધી જ્યારે જાહેર તહેવાર ન હોય ત્યારે શનીવારની જેમ દુકાન ખુલી રાખવાની છુટ છે. અને ૨૪ મી ડીસેમ્બર જો રવિવાર ન હોય અથવા જાહેર તહેવાર ન હોય તો તે દહાડે દુકાનો રાતના અગીયાર વાગ્યા સુધી ખુલી રાખવાની છુટ છે.

દુકાન બંધ કરવાના વખત પહેલાં જે માણસ દુકાનમાં ગયો હશે તેને બંધ કરવાનો વખત આવી ગયો હોય તોપણ ત્યાર પછી આવેલા ગ્રાહક સુધી દુકાનમાં રહી સોદો પુરો કરવાનો હક છે.

૧૦. શીસાડે વેચાણ કરનારો તથા ફેરીયાને પણ દુકાન બંધ કરવાનો વખત લાગુ પડશે.

૧૧. કલમ ચોથી ને પાંચમીમાં બતાવેલા દુકાનોનો સારૂ જે વખત નીચો છે ત્યાર પછી ખાવાની જગાઓમાં ત્યાંજ ખાવાની ચીજ શિવાય બીજું કંઇ વેચવાની મનાઇ છે.

૧૨. જે દુકાનમાં કે હવામાં દુકાનમાં પરચુરણ ચીજો વેચાતી હોય તે દુકાનમા તેવી ચીજો દુકાનો બંધ કરવાના વખત પછી નહીં વેચાય.

૧૩. કોઇ પણ કારણસર કોઇ દુકાનદાર પોતાના નોકર પાસે દર હફતામાં પોપન કલાક ઉપરાંત કામ નહીં લેવા.

૧૪ જે કોઇ માણસ આ કાયદાની કલમને પહેલીવાર ભાગ કરશે તેને પંદર પૌંડ સુધી દંડ થશે અથવા એક મહીના સુધીની કેદ અગર વખત ગુન્હાને સારૂ પચાસ પૌંડ સુધી દંડ અથવા છએ મહીના સુધીની કેદ.

કોઇ કંપની ગુન્હો કરે તો તેના મેનેજીંગ ડીરેક્ટર અથવા જે કામ ચલાવતો હોય તેનો તે ગુન્હો ગણાશે. (દરસાલવારોમાં દરેક ભાગીયાનો ગુન્હો ગણાશે.

પોતાની દુકાનમાં થએલ ગુન્હાને સારૂ દુકાનદાર પોતે જવાબદાર ગણાશે. પણ જો તે સાબેત કરી આપે કે તેણે કાયદા નો ભંગ કર્યો નથી કરેલી હતી તો તે ઘણી મુકત થશે ઘણી તથા નોકર અને ઉપર કામ નહીં ચાલી શકે.

૧૫. આ કાયદાના ભંગનો ગુન્હો થયા પછી એક મહીનો વીતી જાય તો તે ગુન્હો લાગુ નહીં પડે.

૧૬. આ કાયદો ૧૯૦૮ના ઓકટોબર ની પહેલી તારીખથી અમલમાં આવશે

પુરવણી.

ધંધાવારી.	સોમવાર	મંગળવાર	બુધવાર	ગુરૂવાર	શુક્રવાર	શનિવાર	રવિવાર
દવા વેચનાર.	સાંજે ૮ વાગે	સાંજે ૮ વાગે	સાંજે ૮ વાગે	બપોરે ૧ વાગે અને સાંજે ૭ થી ૮	સાંજે ૮ વાગે	સાંજે ૬ વાગે	સવારે ૧૦ થી ૧૨ અને સાંજે ૭ થી ૮
ઉકેલા, મકાઇ કે મગની વેચનાર	"	"	"	"	"	"	"
ફળ તથા મુડ વેચનાર	સાંજે ૭	સાંજે ૭	સાંજે ૭	બપોરે ૧ વાગે	સાંજે ૭	સાંજે ૬	સવારે ૧૦
કસાઇ	સાંજે ૭	સાંજે ૭	સાંજે ૭	"	સાંજે ૭	સાંજે ૬	"
કપડાં વેચનાર	"	"	"	"	"	"	"
કાચા વેચનાર	"	"	"	"	"	"	"
સિગારેટ ની રેમ અથવા માચર દીયાસલાઇ	"	"	"	"	"	"	"

મોરમોટમાં વધુ હીંદીઓને નહિ બોલાવવા બાબત

ઇન્ડિયન મેન્યુફેકચરર્સ એસોસીએશનના સેક્રેટરીએ પ્રાઇમ મીનીસ્ટરને મારિત્સબર્ગ રવાના જણાવ્યું છે કે મોરમોટીઆ હીંદીને અટકાવવા બાબત કેટલીક મીટીંગમાં ચર્ચા થયા પછી અમે નીચેનો ઠરાવ પાસ કર્યો છે:

૧. મોરમોટીઆ હીંદીઓને આવતા બંધ કરવા સરકારે જે કરારો કર્યા છે તે બરાબર છે, અને તેનું કામ પાકા તથા નેટીવ મજુરોને આપવું. મજુરીવાળા કામમાં બગવટ આવે તેટલા માટે નેટીવોને રહેવાની પાસે રહેવા માટે સરકારે સગવડ કરી આપવી.

૨. ખેરડી, ચા વગેરે ના ખેતરોમાં નેટીવ કરતાં હીંદી મજુરોની જરૂર છે એમ અમારી એસોસીએશન માને છે. પણ જ્યાં હાલની સંખ્યા વધુ આવા મજુરોની જરૂર નથી પડતી એટલે તે સંખ્યા મોરમોટમાંથી છુટા થએલા હીંદી ઓની વસ્તીમાંથી મળી શકશે.

૩ કેટલાક ધંધા મજુરોની તંગીને લીધે અટકી ન પડે તેને માટે સાવચેતી તરીકે સરકારે ચોક્કસ કાયદા કરવા જેમકે નેટીવો સાથે વરસનો કોનટ્રાક્ટર કરી શકાય, અથવા જુદી જુદી મુતાસીબ લીટીઓ શહેરમાં કામ કરતા મજુરોને તેના કુટુંબો સાથે રહેવાની અમુક રીતે સગવડ કરી આપે.

આ ઠરાવે ઉપર 'અરકયુરી' લખે છે કે આ બેઠકમાં આ બીલ ઉપર હજુ વધુ ચર્ચા થઇ શકે એવો સંભવ નથી. હીંદુસ્તાનથી મોરમોટમાં મજુરોને આવતા અટકાવવાનું બીલ હાલ તો એક ખુલ્લે મુદ્દા રહ્યું છે. પરંતુ જે બીલો પાસ કરવામાં પાર્લામેંટે જે વખત ગાળ્યો છે તે જોતાં એ હજુ સારું છે, કેમ કે આવી સ્થિતિમાં વધી સરકાર તરફથી તેને મંજુર મળવાનો બિલકુલ સંભવ નથી. બહાર આવેલાં બધું બીલમાંથી જે ખરે ખરું પાસ થઇ શકે તેવું બીજ તો તે એકજ હતું. એ બીલને કોલોનીના મોટા ભાગના ગોરા તેમજ હીંદીઓ પણ કબુલ રાખે છે. નેટીવ મજુરો ઉપર કેટલોક આધાર રાખી શકાય તે નવા બીલના અનુસંધી કોલક જાણી શકાશે. અને તે દરમ્યાન હીંદી મજુર સંમેલનારાઓએ હીંદી મજુરોને મોટા પ્રમાણમાં આવતા બંધ કરવામાં આપણે જે ખ્યાલ રાખ્યો કામ લેવાનું છે. જો કે અમે તો હર વખત એમજ કહેતા આવ્યા છીએ કે મોરમોટી આ હીંદીઓને એકદમ અટકાવવા કરતાં થોડે થોડે અટકાવવા અને તેની સાથે મોરમોટમાંથી છુટા થએલા હીંદી તેમજ નેટીવોને પણ થોડે થોડે કામે લગાડવા.

હીંદી લડવૈયાઓની અરજી

"રમટસ અને બોથા અમને ગોળી થી ઘણે ઉડાવી દીએ."

પટ્રાયુ અને પંજાબીઓ તરફથી લંડન ઝોબીની ખાતાના સેક્રેટરીને જે અરજી ડેપ્યુટેશનમાં આવી છે તે નીચે મુજબ છે.

૧ ઓરેન્જ રીવરે ખુની કાયદાના સંબંધમાં જે અરજ કરી હતી તેનો જવાબ

૨ માર્ચના રોજ નીચે મુજબ મળ્યો હતો:—

"તા. ૧૩ જાન્યુઆરીની તમારી રજીસ્ટ્રેશન કાયદા બાબતની અરજ હોઇ એલગીનને મળી છે. પરંતુ હવે સલાહ થઇ ગયેલા હોવાથી તે વિષે કાંઇ કરવાપણું રહેતું નથી."

૩ જે અરજના જવાબમાં આ ઉત્તર આવ્યું હતું તે અરજ નીચે મુજબ હતી

"આવી રીતે રજીસ્ટર થવું એ નામોશી ભરેલું છે, તથા હડહડતા અપમાન ભરેલું છે. જો તા. શહેનશાહના હીંદી લડવૈયાઓને ટ્રાંસવાલમાં ન્યાય અપાવવા તમે કટીબદ્ધ ન હો તો અમે એટલું માગીએ છીએ કે અમને નામોશી, જેલ અને દેશવટામાંથી બચાવો. અમે બ્રીટીશ લડવૈયા છીએ. રાજ્ય ના લક્ષ્ય માટે લડાઇના મેદાનમાં ઉતર્યા છીએ અને અમારા જીવન ને ભોગમમાં નાખ્યા તે માટે અમે મગરૂર છીએ. માટે અમે વધુમાં એવું ઇચ્છીએ છીએ કે તા. શહેનશાહ અમને માફેકી દાદ ન અપાવી શકે તો તેણે જનરલ બોથા અને સ્મટસ ને એવો હુકમ કરવો કે દક્ષિણ આફ્રિકાના રણક્ષેત્રમાં તેઓ (જનરલ બોથા અને સ્મટસ) અમને ગોળી થી ઠાર કરે, કે જે રણક્ષેત્રમાં બ્રીટીશ રાજ માટે અમે દુશ્મનોની ગોળીઓ ખાધે ધુમેલા છીએ."

૪ હાલ જે બનાવ બન્યા છે તે ઉપર થી જણાય છે કે સલાહ થયેલી તે પછી જાગી છે, અને આખી હીંદી કોમ ના. વડી સરકારને કાયદો રદ કરાવવાની અરજીઓ કરે છે કેમકે કાયદો રદ કરવાની સલાહમાં વાત થઇ હતી.

૫ આખી કોમ જે સલાહ થઇ તેને માટે શંકા ધરાવતી હતી. અને કાયદો રદ થશે નહીં તેની ખાત્રી નહીં મળવાને લીધે બહુ ઉશ્કેરાઇ ગઇ હતી. અને હીંદી કોમના આગેવાનોએ ૧૦ આંગળાંની છાપ આપવાનું કબુલ કરવું તેટલા સારૂ અમારા કેટલાક જાતી ભાઇઓ એકલે ને દિ નારાજ થયા હતા કે તેઓ દુશ્મનો કરતા પણ વધારે હલકા ઠરાવવાની આ રીત અમે પસંદ કરતા નથી. પરંતુ અમને જે શંકા થઇ હતી તે સહકારની હતી.

૬ અમારી રૂબરૂ કુંમાં નીચે મુજબ છે:

અ અરજદાર ખુની કાયદાને તાબે થનાર ગુલામી દશાને કબુલ કરે છે એમ નથી જ. શહેનશાહના લડવૈયાઓને માટે આવો કાયદો બહોજ નામોશી ભરેલો ગણાય.

બ તેટલા માટે અરજદારે સોગન ખાધા છે કે (૧) કાયદે કબુલ નહીં કરેલો અને તે રદ કરાવવો. (૨) બીજા હીંદીઓ ગમે તે પસંદ કરે જ્યાં ઇંગણાઓને માટે આંગળાંની છાપ તો કદી આપશે નહીં.

૭ સલાહ થઇ તે વખતે પોતાની કમીશનર અને બીજા અમલદારોની સલાહ ને માન આપવા ખાતર તથા કાયદો રદ થઇ જશે એવા બળવર મળવાથી અમે જાતી બાબતના અરજીઆત રજીસ્ટર કબુલ કરવા આવી રાજીખુશ અમે નથી થઇ શકતા નથી. કોમનીમાં રહી શકીએ એટલા સારૂ આવો ખુની કાયદો કબુલ કરીએ એ અમારા જેવા લડવૈયાને નામોશી લગાડનાર ગણાય.

૮ શહેનશાહના ડેપ્યુટેશન ભાગમાં અમારી ઓળખાણ કાઢવાને અમારો પોશાક તથા અમને મળેલાં 'ડીસચાર્જીસ' બુક હોવા જોઇએ.

૯ અમે કાયદાની બારીકાઓ જાણતા નથી. અમે ખુની કાયદો સમજતા પણ નથી. અમે તો શહેનશાહ માટે લડવું હોય તો તલવાર છીએ, તેથી વધુ કાંઇ ન જાણીએ. અમે અંગ્રેજ નથી જન્મ્યા. પરંતુ "ખુની કાયદા બાબત અમને જે થોડી વધતી ખબરો મળી છે તેથી અમે કહીએ છીએ કે તેવો કાયદો અમને જોઇએ નહીં.

૯ તેથી અમે અરજ કરીએ છીએ કે અમને ખાત્રી આપી તે મુજબ ખુની કાયદો રદ થવો જોઇએ અને નામોશી ભાગે તેના રજીસ્ટર વગેરેને તાબે થવાની ફરજ અમને નહીં પાડવી જોઇએ. તેમ છતાં સરકાર અમને દાદ આપવાને અશક્તિમાન હોય તો અમે આગળ કહ્યું હતું તેમ કરીને દીનતા કરીએ છીએ કે ના સહેનશાહે જનરલ બોથા અને સ્મટસને એવો હુકમ કરવો કે દક્ષિણ આફ્રિકાના રણક્ષેત્રમાં તેઓ (જનરલ બોથા અને સ્મટસ) અમને ગોળીથી ઠાર કરે, કે જે રણક્ષેત્રમાં બ્રીટીશ રાજા માટે અમે દુશ્મનોની ગોળીઓ તળે ઘુમેલા છીએ.

ઇંડિઅન પેત્રીઓટીક યુનીઅન

આ યુનીઅનના આશ્રય તળે ટોંગાટ અને આસપાસના ગામોના હીંદીઓની એક મોટી મીટીંગ ગયા રવિવારે મી. ઇસમા ઇસ્ક આબાના મકાનમાં મળી હતી યુની અન તરફથી મી. આયર (પ્રમુખ), મી મદનજપાંડે, મી. આર. લુગમનસ્વામી, અને એસ. ધનકયારી આવ્યા હતા. મી. એમ જી. નાયડુ પ્રમુખસ્થાને હતા. મી. આયરે એક લાંબા ભાષણ દરમ્યાન યુનીઅન તરફથી હીંદીઓના દુઃખની દાદ મેળવવા વડી સરકારને જે જાગી અરજી કરવામાં આવી છે તેમાં ટોંગારના હીંદીઓની સહાય આપવાની માગણી કરી હતી. મી. લુગમનસ્વામીએ આ દરખાસ્ત હીંદુસ્તાની ભાષામાં સમજાવી હતી. બાદ મેસરસ પી મી. દેસાઇ, કાલીદાસ માંધી, રામદત્ત પાંડેત, રામગર મહારાજ, ઇસ્માયલ, હસ્સ માયત આમા, અહમદ જી વાયડ, અને પેરેઇરામાં નામદારે ભાષણ કરવાં હતાં અને હીંદીઓ ઉપરની હાલમારના દુઃખની એક પુરી યાદી કરી વડી સરકારની અર જીમાં દાખલ કરવાને મી. પે. યુનીઅનને મોકલી આપવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો. બાદ અત્રે ટોંગાટમાં આ યુનીઅન નથી એક શાખા સ્થાપવામાં આવી હતી જેમાં મી એમ. જી નાયડુને પ્રમુખ, અને મેસરસ આર. કૃષ્ણા તથા આર એમ. સોદાને જોઇંટ સેક્રેટરી નીમવામાં આવ્યા હતા.

રૂટર તારથી જણાવે છે કે:—નવા નગરના જામ રણજીતસીંહે જામ નગરની ગાદી પોતાના ભત્રીજાને સોંપવા નો ઇરાદો જાહેર કર્યો છે. અને પોતે હમેશને માટે વીલાયતમાં રહેવા ઇરાદો રાખે છે.

ઓફસબર્ગની જેલમાં જુલમ

મી. મ. એગેાસીએશનના ચેરમેન મી. એ એમ કાછલીઆએ જેલના ડાયરેકટર ઉપર નીચે મુજબ કાગળ લખ્યો છે:—

ઓફસબર્ગની જેલમાંથી છુટા થયેલ એક મી સવદ અત્રીએ મારી એસોસી એશન ઉપર ગુજરાતીમાં કાગળ લખ્યો છે તેમાંથી જાણવા જેવા ભાગ નીચે આપું છું. આ કાગળ તેણે રવીવારથી તા. ૧૭ ના રોજ લખેલ છે.

"ખુદાને હરમીયાન રાખી હું નીચેની હકીકત લખી જણાવું છું. વગર લાઇસેન્સથી વેપાર કરવા માટે તા. ૧૯ ઓગસ્ટના રોજ બાજીકેટે મને શી. ૧૦ દંડ અથવા સાત દીવસની સખત મજુરી સાથ જેલની સજા કરી. મેં જેલ કબુલ કરી. હું જેલમાં ગયો ત્યારે મારી પાસે એક કાફર આવ્યો અને મને કપડાં કાઢી નાખવાનું કહ્યું મે લુગડાં કાઢી નાખ્યાં. પછી મને થોડાક શરીરે ને ઉઘાડે પગે કેટલેક દુર લઇ ગયા. પછી મને કાફરો સાથે ૨૫ પાનીટ ઘંડા પાણીમાં રાખ્યો. પછી પાણીમાંથી મને કાદી એકીસે લઇ ગયા. પછી મને થોડાં કપડાં પહેરવાને આપ્યાં, પરંતુ મને જોડા પહેરવાને આપ્યા નહીં. મે તેથી જેલર પાસે તે માગ્યા પહેલાં તેણે ના પાડી પછી તેણે ફરીથી બેક જોરી આપી. મે મોકળ માંગ્યા એટલે તેણે ગળા કાદી મે કરીથી માંગ્યા ત્યારે બહુજ મારીશ એમ કહ્યું. ત્યારે હું એટલો બોલ્યો કે જો હવે વધુ બોલીશ તો તે બરોબર મને મારશે. બીજે દીવસે મને પાયખાના ની ઓટો ઉપાડવાનું અને હલવવાનું કામ સોંપ્યું. આ કામ માટે મેં જેલર પાસે ફરીયાદ કરી પરંતુ મને એમ બાદ તમા યપાટ મળ્યો. તોપણ મે ફરીયાદ કરી કહ્યું કે હું પથર. ભાંગવાનું કામ કરવા ખુશી છું. અને આવી ઓટો ઉપાડવા નું કામ નહી કરૂં. ત્યારે મને ફરીથી લાત મારી. નાચારીથી મારે આ ઓટો ઉપાડવા પડી. તા ૨૨ મા ઓગસ્ટે (શનીવારે) બપોર કલાક સુધી મને ફરીથી ઘંડા પાણીમાં રાખ્યો પછી ઘણુ ધ્રુજવા લાગ્યું. હું ધ્રુજતો હતો. ખુદાને માલુમ છે કે તે કેટલું ધ્રુજ્યું મને તાવ આવ્યો, મારી છાતી દુખવા લાગી. રવમી તારીખે મને ઇસ્પીતાલ. છોડતી વખત જેલરે કહ્યું કે "હવે મારું હોય તો ફરીથી જેલમાં આવજે." મેં કહ્યું "ભલે, તારા હાથમાં હોય તો મારી નાખજે". પછી ૬૨ વાગાની ટ્રેનમાં હું રવાના થયો. ત્યારથી હું માંદો છું અને છાતીમાંથી લોહી પડે છે અને ડાકટરની દવા કરૂં છું. કાફર કેદીઓ કરતાં મને બુરી રીતે રાખતા. હું એકલો હીંદી હતો. ખુદાની મહેરબાનીથી હું જીવતો રહ્યો. મારી બધી ઉમરમાંથી બોદી થઇ છે. પરંતુ તેની હું ફીકર કરતો નથી. આપણા ભાઇઓ પોતાનું માન જળવવાને અંત લગી લડશે એમ હું આશા રાખું છું".

આ વાત કેટલે દરજે સાચી છે તે મારી એસોસીએશનને ખબર નથી. પરંતુ તેમાં જે હકીકત લખી છે તે વિષે પુરેપુરી તપાસ કરવાની જરૂર છે. હું આશા રાખું છું કે આ વિષે તપાસ કરવામાં આવશે અને તે દરમીયાન તમારી મારફત હું સરકારને જણાવવાની રજા લઉં છું કે મને તેની મુશ્કેલીઓ ઉઠાવવી પડે તે છતાં, મારી એસોસી એશન ઉપર જે દુઃખો પડે તે કેડાવવાની સલાહ આપે છે. આ ખબર પત્રોના નામ ઉપરથી જણાઇ શકાય છે કે મી સબ્બદઅલી હજરત પેગંબરના વંશના છે તેવા ગૃહસ્થને ઓફસબર્ગની જેલમાં અઠેટો ઉપાડવા જેવું હલકું કામ સોંપવાથી મુસલમાન કોમની લાગણી કેટલી બધી દુખાઇ છે તે વિષે હું વધુ ટીકા કરવાનું યોગ્ય ધારતો નથી.

મી. હસન મીંયાની રહેણી

'બાપ તેવા બેટા' એ કહેવત પ્રમાણે જો મી દાઉદ મહમદ અહીં પ્રજા ઉદ્ધારી રહ્યા છે તો મી હસન મીંયા પણ પિતા વતમાં જેમ વિદ્યાર્થીઓએ કરવું જોઇએ તેમજ કરી રહ્યા છે પોતાના જેલા કાગળમાં લખે છે કે:—હાલ હું ૬.૩૦ વાગ્યાના અમલમાં ઉઠું છું. કસરત કરૂં છું ને બાથમાં આપવા સમાચાર જોઉં છું. ૭.૩૦ થી ૯ વાગા સુધી નાસ્તો કરૂં છું. ૯.૩૦ થી ૧૨ાા સુધી વાંચું છું. ૧૨ાા થી ૨.૩૦ વાગા સુધી જમું છું. ૨.૩૦ થી રાતના ૮ વાગા સુધી પાછો વાંચું છું. નવ વાગે સપર લઉં છું, ને ૧૦ થી ૧૧ સુધી પાછો વાંચું છું. મી. રીચ મારા નિભાવ સુધારે છે. રવિવારના મારા રૂમાલ, મોજાં, સોબાસ વિગેરે ધોઉં છું. જોડા પણ હું જ સાફ કરૂં છું. દહાત રાંધવામાં હું પાકળ રહ્યો છું."

હમીદીઆ ઇસલામીક સોસાયટી

ના૦ સુલતાનની સાલગીરી તથા હુલઝ રેલ્વે માટે ધામધુમ

અગાઉના કરેલા ઠરાવ મુજબ સોસાયટીના હોલમાં તા. ૨૯ મી સપ્ટેમ્બરે એક મોટો મેળાવડો થયો હતો. હોલને ફુલ ઝાડ પાન, તથા વાવટાઓથી શણગારવામાં આવ્યો હતો. ઠરાવ મુજબ બધા મુસલમાન વેપારીઓની દુકાનો બંધ હતી. ફેરીવાળાઓએ પણ પોતાનો વેપાર બંધ કર્યો હતો. દરેક મુસલમાનના ઘર અને દુકાનોપર રંગબેરંગી ઝંડીના વાવટાઓ ઉડતા હતા. સોસાયટીના હોલમાં ચેરમેનની બેઠક ઉપર તર્કીના નામદાર સુલતાન અબ્દુલ હમીદખાનના તેમજ કાબુલના નામદાર અમીર હબીબુલ્લાખાનના ફોટો લટકાવ્યા હતા. અને તેની આજુબાજુ રંગ બેરંગી ઝાલરો લટકાવેલી હતી "ગોડ સેવ અવર બ્રેમ. ધી સુલતાન અબ્દુલ હમીદખાન ગાઝી" ના પોસ્ટર અંદર તથા બહાર લટકાવેલા હતા. એકંદર એવી રોનક કરવામાં આવેલ હતી કે જોનારનાં મન તે તરફ ખેંચાતા હતા. બરાબર સવારે દશ વાગે અંજેના મલાઇ તથા બીજા મુસલમાનો તરફથી દબદબા ભરેલો સર સલામ કરવામાં આવ્યો હતો. પહેલે મોખરે ૨ ઘોડેસવાર અને તેની પાછળ કેટલીક ઘોડાગાડીઓ હતી. બધી વાવટાએથી શણગારેલ હતી. પહેલી ગાડીમાં મી. ઓસમાન અહમદ એદી બાસ તુર્કી ડ્રેસમાં બેઠા હતા. મલાઇ લોકો રંગ બેરંગી વાવટા હાથમાં લઇ તથા હાવરડાઓ વગેરેય. તેમજ જુદા જુદા ડ્રેસોમાં સજ્જ થઇ રાષ્ટ્રીય વગેરે ગાતા વગાડતા ચાલતા હતા. દરેક ટોળાને બોખરે તુર્કીના નામદાર સુલતાનનો મોટો ફોટો રાખવામાં આવ્યો હતો. ફોરડસ બરમામાં રહી પ્રેસીડેન્ટ સ્કીટપર થઇ માર્કેટ સ્કોટમાં વળી બરાબર એક વાગે ફોરડસબરગની નવી મરજીદ આગળ બધા બેઝા થયા હતા. સરઘસને જોવામાટે ઘણાં લોકો ઉતરી પડ્યા હતા. મરજીદ આગળ ફોટોગ્રાફર આવ્યા હતા તેમણે જુદા જુદા રૂપમાં ઘણાં ફોટો લીધા હતા. ત્યારબાદ મરજીદમાં પ્રાર્થના થઇ હતી, અને મવલાના મોલવી અહમદ મુખતાર સાહેબે સુલતાનમાટે નેક દુઆ માગી હતી. પ્રાર્થના બરાબર થયા પછી એજ આકાર આ કરમસદ સોસાયટીના હોલ તરફ આવ્યું હતું. બરાબર બે વાગે મીટીંગનું કામ શરૂ કરવામાં આવ્યું હતું.

[આ મીટીંગનો હેવાલ તા. ૫ ઓક્ટોબરના અંકમાં ઇન્ડિયન્સબરગના ખબરપત્રમાં અમે આપી ગયા છીએ. અ. મ. ઓ]

મીટીંગ બરાબર થયા પછી સોસાયટીના હોલની સામેના મેદાનમાં છોકરાઓ તરફથી રમત ગમતનો મેળાવડો કરવામાં આવ્યો હતો. જેમાં બલાઇ તથા હીંદી મુસલમાનોના છોકરાઓએ ભાગ લીધો હતો. જીતનારાઓને ઇનામો અપાયાં હતાં. બાદ રાતના સોસાયટીના હોલમાં બપોરે બંધ રંગ બેરંગી રોશની કરવામાં આવી હતી અને રાતના સાત વાગે આતસબાજી ઉડાવામાં આવી હતી જે લગભગ કલાકેક સુધી ચાલી હતી ત્યાર બાદ સોસાયટીના હોલમાં મોલુદ શરીફ પઢવામાં આવી હતી મોલુદ શરીફ ખતમ થયા બાદ સંમતમાં બખત ગાળી મેળાવડો લગભગ રાતના એક વાગે બરાસ થયો હતો.

પોર્ચેસ્ટરમની મુસલમાન કોમ તરફથી શાહજાદા અરદાનુદીનને મદીના નીચે મુજબ તાર કરવામાં આવ્યો હતો. ના૦ સુલતાનના તખ્ત નશીનની સાલગીરી તથા હુજાજ રેલ્વે ખુલ્લા મારે મુબારકબાદી છે અહલ. પાસે દુવા ચાહીએ છીએ. બીજો તાર ના૦ સુલતાનના ખાનગી સેક્રેટરીને કોન્સ્ટાંટી નોપલ મોકલવામાં આવ્યો હતો. તેમાં ઉપરનાજ શબ્દો હતા.

મી. ઉમર બરાદીમ અમરસી લખે છે કે તા. ૧ લી સપ્ટેમ્બરના પાક દીવસે અહીં સરચે ઇસ્લામી બાપઓએ ધંધો વેપાર બંધ રાખ્યો હતો. અને હરાર કર્યો હતો કે આજે જે કોઇ દુકાન ખોલે તેણે ૫/- દંડ આપવો અને તે પૈસા હેજાજ રેલ્વે ફંડમાં ભરવા. પરંતુ અંજેની ચણ દુકાનમાંથી મી. ઇસપ દુકાનને એ હરાર ઉપર કાયમ નહીં રહેતાં દુકાન ખોલી હતી. આ બે દુકાનો બંધ જોઇને અહીંના બાજીસ્ટ્રેટે મી. ઇસપને તેની દુકાન માં પુછ્યું કે મી. દાદા ઓસમાન તથા મી. પી.બકસની દુકાનો શા કારણથી બંધ છે. તેના જવાબમાં મી. ઇસપે બધી હકીકત કહી. ત્યારે મજીસ્ટ્રેટે કહ્યું તમે દુકાન બંધ કેમ નથી રખી? શું તમો ઇસ્લામી ધરમ નથી પાળતા! આ પણી ધરમની વાત છે. ઠરાવ મુજબ કંઇની પાંચ શીલીંગ દેવાનો મી. ઇસપ દુકાનને કાગળ લખ્યો હતો પણ હજુ જવાબ આવ્યો નથી.

ઉલાગોઆએ લોહાણા ધર્મ ઉતે જક સમાજ

ઉપલી સમાજના સેક્રેટરી મી. પારથી દેવચંદ રતનાકર લખે છે કે મેનેજીંગ ડાયરેક્ટરોની એક મીટીંગ ગયા અઠવાડીયામાં શેઠ નાનજી દુલભદાસ કુ. ના મકાનમાં મળી હતી. જેમાં ભાણવડ નીવાસી શારસ્વત બ્રાહ્મણ જેનુ વીરજી બીમારીને લીધે તદન અશક્ત હોવાથી તા. ૧૭ સપ્ટે બરની સ્ટીમરમાં ઉડિઆ ચડાવી દેવામાટે મસલત ચલાવવામાં આવી હતી. છેવટે ટીકીટ તથા ખોરાકીના પાઉન્ડ ૮ આપવા નું નકી કરવું હતું. ગત વરસમાં સમાજના જનરલ ફંડના પા. ૪૩-૭-૦ થયેલ ત્યાર પછી શેઠ નાનજી મુળજી તથા કરસનદાસ હરીભાઇ રવદેશ ગયા ત્યારે બેટ દાખલ મળેલા પા. ૬-૬-૦ મળી પા. ૪૯-૧૩-૦ થયેલ. તેમાંથી આજ સુધી માં ફરનીચર ખરચના તથા ઉપલા પા. ૮ મળી પા. ૫૧-૧૮-૧૰ બાદ જતાં બાકી પા. ૩૭-૧૪ ૨ આજે એસેટસમા છે. જે સમાજના નામથી ટરેજરર શેઠ હીરજી મુળજીને ત્યાં જમા છે. સમાજના ધારા ધોરણ પ્રમાણે અત્રે વસતા લોહાણા ભાઇઓ પાસેથી મ.સીક શ્રી ઉધરાવવા મી. કરસનદાસ ખીમજી લાખાણીને નીમવામાં આવ્યા છે છતાં એક વરસ થયાં એક પેની પણ વસુલ આવેલ નથી જે સબંધે હું હીરેક્ટમેન્ટ ધ્યાન ખેંચું છું.

નાદારી કોર્ટનો નોટીસો વગેરે

(અવર્મેન્ટ રેપ્રેઝેન્ટાંગ)

રોંગાટના ગોટીપટી ચંનીયા. સોમાર, તથા ચંગામા નાયડુની મીલકતો નાદાર તરીકે તા. ૧૦ સપ્ટેમ્બરના રોજ સ્વીકારવામાં આવી છે. આ ત્રણે નાદારના લેણદારોની પહેલી મીટીંગ વેરલમ માજી સ્મોલ કોર્ટમાં તા. ૩૦ સપ્ટેમ્બરના રોજ મળશે.

ડરબનના વેપારી આમદ ગુલામની મીલકત નાદાર તરીકે તા. ૧૦ સપ્ટેમ્બરના રોજ સ્વીકારવામાં આવી છે. તેના લેણદારોની પહેલી મીટીંગ ડરબન માજી સ્મોલ કોર્ટમાં તા. ૩૦ સપ્ટેમ્બરના રોજ મળશે.

મેવીલના કની નાયનાની નાદાર મીલકતના સંબંધમાં તેની અમુક જરૂરત બાબત ટ્રસ્ટીઓને સુચના આપવા તેના લેણદારોની આમ મીટીંગ ડરબન માજી સ્મોલ કોર્ટમાં તા. ૬ ઓક્ટોબરના રોજ મળશે.

ચાલુ વરતમાન

—:o:—

તા. ૨૯ મંગળવારે મીકલમસનો જાહેર તહેવાર છે. આ તહેવારને રોજ બધી દુકાનો બંધ રહેશે. આ તહેવાર એકલે. નાતાલ માં પાળવામાં આવે છે. કાયદા મુજબ સોમવારે રાત સુધી દુકાનો ખુલ્લી રહી શકશે.

સ્વામીશંકરાનંદ તા. ૪ ઓકટોબરના રોજ ઉતરશે તેમને માન આપવા માટેની મીટીંગ મી. ઓધવ કાનજી નં પ્રમુખપણા નીચે ગયા બુધવારે રાતે તામીલ સ્કુલ વાળા મી. સામીના મકાનમાં મળી હતી. તે વખતે મી. આર મુડલેને પ્રમુખ, મી. ઓધવ કાનજી ઉપ-પ્રમુખ, મી. બ્રીલ દાસ ભાઇચંદ મેતા તથા મી. એલ. પાંડે સેક્રેટરી અને મી મહેાકમચંદ ટ્રેઝરર નીમવામાં આવ્યા હતા.

કેટલાક કામ પ્રસંગે મી. ગાંધી જોહનિસબરગથી આજરોજ ડરબન આવવાના છે.

ડા. જે. એફ. પ્રીસ્ટ 'સાઉથ આફ્રિકન મેડીકલ રેકરડ' નામના માસીક માં લખે છે કે હીંદી મજુરો વાટે 'એ-બી બેસ્ટો મીએસીસ' નામનો ઘણો ભયંકર અને ચેપી રોગ નાતાલમાં દાખલ થયો છે. એક એસ્ટેટમાં ૩૧માંથી ૨૭ અને બીજી એસ્ટેટમાં ૧૭માંથી ૧૨ જણા આવા રોગવાળા મળી આવ્યા છે. આ રોગની હકીકત એવી છે કે તે નામના એક જાતના ઝીણા જીવડા થાય છે. આ જીવડા પાણી કે ખોરાક વાટે અથવા નંદાં શરીર હોય ત્યારે શરીરમાં દાખલ થાય છે અને ધીમે ધીમે વધે છે. પછી તે ઉપર મુકે છે. અને સંખ્યાબંધ થઇ પડે છે આવા ફરદી જ્યાં જરૂર જણ છે ત્યાં આવું ફરદ એકદમ ફેલાય છે. આ ફરદની સાવચેતી માટે ડા. હીલ રવચ્છ પાણી વાપરવાની તથા બદન સાફ રાખવાની અને ખાતાં પીતાં પહેલાં હાથ ધોઇ સાફ કરવાની ભલામણ કરે છે, તથા જરૂર જણાં ચોખ્ખાં રાખવાની ભલામણ કરે છે

ન્યુકેસલથી એક ખબરપત્રી જણાવે છે કે વેસ્ટલેનોકરટન ખાણમાં કામ કરતા એક હીંદીનું તાબુબી પમાડે તેવી રીતનું મરણ જાહેર થયું છે. તે કામ ઉપર ચડેલ નહીં હોવાથી તેની તપાસ કરવામાં આવી, તપાસ કરતાં તેનું શબ એક પેટીમાંથી મળી આવ્યું. આ હીંદીએ જાતે આપઘાત કર્યો છે કે કોઇએ તેનું ખુન કરયું છે તે નક્કી થઇ શકયું નથી.

અમે અઠવાડીએ જણાવ્યા મુજબના મી. જરનારડ ગેઝીયલ ઉપર મુકામલા તહેા મદનવાળા કેસમાં શુક્રવારે મેજીસ્ટરેટ મી. ગ્રેગરીને મી. ગેઝીયલને મુન્હેમાર જાહેર કરી ત્રણ પૌંડ દંડ કર્યો છે. મી. ગેઝી યલે આ ઠરાવની સામે અપીલ નોંધાવી છે.

ઝીરમીટમાંથી છુટા થયેલા હીંદીઓ ઉપર-ખાસ કરીને ઓરતો ઉપર-ત્રણ પૌંડનો માથા વેરો છે તેની સામે વાંધો દરશાવવા ઇંડીઅન વીમેન એસોસીએશનના ૬૦ મેંબરોની સહીની એક અરજી લેજી સ્લેટીવ એસેમ્બલીને મોકલી આપવામાં આવી છે.

મારીત્સબરગથી એક ખબરપત્રી જણાવે છે કે અત્રેના કોમરસીઅલ રોડ ઉપરના વેપારીઓએ મહેરીલે રોનકુલ ઇસ્લામ બે લવાનો ૧૨૩ કોમરસીઅલ રોડ વાળા મકાનમાં જલસો કરયેા હતો. તે વખતે વાવટા તથા રોશનીથી મકાન શણગારવામાં આવ્યું હતું. ૮॥ વાગે લોકો જમા થઇ મેાલુદ શરીફની શરૂઆત થઇ હતી. અને ૧૨ વાગે બરાસ થયા બાદ મહેરીલના હકમાં કસીદા પડવામાં આવેલા તે પડવામાં આવ્યા હતા. ડરબનની અંજુમન ઇસ્લામ ના ચેરમેન મી. અબદુલ કાદર અદમ આ જલસામાં સામેલ હતા. તેવણ સાહેબે મહેરીલના મેમ્બરોને હીંમત આપી સારી મદદ આપી હતી. બાદ મહેરીલ તરફથી મી. અબદુલ કાદરનો આભાર માનવામાં આવ્યેા હતેા તથા દુઆ ચહાવામાં આવી હતી. બાદ જલસેા બરાસ થયેા હતેા.

કેપટાઉનમાં થેાડા વખત ઉપર ખોટા સીક્કા બનાવનારા ત્રણ હીંદી પકડાયા હતા તેમને બધે શુક્રવારે બ્લુરીએ ગુન્હેગાર ઠરાવ્યા છે. જાલા નામના એક હીંદી ની કેટલીક દલીલેનો ઉપરથી તેના તરફ દયા બતાવવાનું જાહેર કરયું છે. બે તહેામતદારોને દરેકને છ માસની સખત મજુરીની જેલ અને પા. ૨૫ દંડ તથા જાલાને ત્રણ માસની સખત મજુરીની જેલની સજા કરવામાં આવી હતી.

કેપટાઉનના ચીફ ઇમીગ્રેશન અમલદારે ટેબલબે હારબર બોરડ ઉપર એક એવો કાગળ લખ્યેા હતેા કે સ્ટીમરવાળાઓની પુરતી દેખરેખ છતાં અટકાયતમાં રાખેલા કેટલાક હીંદીઓ ઇંડીઅન ટાઉટ (દલાલ) ની મદદથી સ્ટીમરમાંથી છટકી બંદરે ઉતરી જવા પામે છે. આવા દરેક ઉતારૂ દીઠ સ્ટીમરવાળાને પા. ૧૦ દંડ ભરવેા પડે છે. આવા ગુન્હા અટકાવવા માટે એવી સુચના કરી છે કે ડોકમાં જે કોઇ એશીઆ ટીક દાખલ થાય તેણે પરમીટ કહાવવી. આ કાગળમાં જણાવેલી સુચના અમલમાં મેલવા ઉપર બોરડની મીટીંગમાં કેટલીક ચરચા થઇ હતી. પરંતુ સુચના મુજબ ની જોહવણ કરવાનું અસંભવીત જણાયા થી નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યેા હતેા. સ્ટીમરેાની સીડી ઉપર એક પેાલીસ ની ચેાકી રાખવી કે જે પેાલીસ આવા દલાલેાને સ્ટીમર ઉપર જતાજ અટકાવે. આ ઠરાવ મુજબ ઇમીગ્રેશન અમલદારને લખવામાં આવ્યું હતું

કરમરસડોરપથી એક ખબરપત્રી જણાવે છે કે ગઇ તા. ૧૭ ગુરૂવારે બપેા બોરા અને બાજુવાળાની હાજરી વચ્ચે છ ચીના મજુરોના શરીરને જમીનમાંથી કાઢી અસાધા રણ ઝબકા સાથે અગ્નીદાહ કરવામાં આવ્યા હતા. રાજ બળતી વખતે ફટાકડા ફોડવામાં આવ્યા હતા

પોસ્ટમાસ્તરે જાહેર કરયું છે કે ડેલાગોઆના કાગળ, પરસલ વગેરે ચીનો હવેથી લોરેન્સો મારકસના સરનામાથી પોસ્ટ કરવા.

નેરોબીના પ્રખ્યાત વેપારી મેસરસ અલાદીના વીસરામના મેનેજર મી. હસન ભાઇ દેશ જતા હોવાથી ત્યાંની મ્યુની સીપાલ કાઉંસીલમાંથી છુટા થયા છે. તેની જગ્યાએ ત્યાંના વેપારીઓએ મી. કૃપારામનું નામ આપેલું છે.

હીંદુસ્તાનની હવાલ

કલકત્તા, મદ્રાસ સ્ટીમર અમલેાટીમાં તા. ૧૦ ઓકટોબરના અરસામાં રવાના થશે.

સ્ટીમર ગવરનરમાં મુંબઇ જનારી ટપાલ તા. ૬ ઓકટોબર, મંગળવારે ૩-૩૦ વાગે બધ થશે.

ચરણા પત્ર.

અમારા ચરણાપત્રીઓ નીચેના નીયમો વાંચ રાખશે તો તેઓના પત્રો ઉપર તુરત ધ્યાન અપાવાનો સંભવ છે.

૧. કાગળની એકજ બાજુએ લખવું.

૨. અક્ષર ચોખા સાફીથી લખવા.

૩. નામ તથા ઠેકાણું બરોબર લખવાં. તે હમેશાં જવાબ પાઠવા સારૂં નહિ, પણ અમારી બાજુને સારૂં.

૪. મંગળવારના સાંજ સુધીમાં મળેલ લખાણો તેજ અઠવાડીયામાં દાખલ કરી શકાશે.

૫. રદ કરેલાં ચરણાપત્રો અથવી લખવા અથવા લખનારાઓને પાછાં મોકલી આપવાને અમે બંધાતા નથી.

૬. લખાણ હમેશાં ટૂંકું અને મુદ્દાસર રાખવું.—અધિપતિ.

ચરણાપત્રીઓને જવાબ

વલીમહમદ—તમે સરનામું લખતા નથી. તમે સીગ્નેચરથી તથા નહિ બંધ મોકલે તેવી રીતે લખેલ છે એટલે તમારો કાગળ પુરો વાંચી શકાતો નથી.

મી. અહમદ દાવજી વાહેદ તથા મી. એસ. ઇ. પટેલ—ખાસ અપવાદ વગર કવીતા છાપવાનું અમે બંધ રાખેલ છે.

મી. હાસમ મોતાલા—તમે લખેલ અખર અમે છાપી શકતા નથી.

એક મુસલમાન (ડરબન્સીંગ, સી. સી.)—તમે નામ તથા સરનામું લખતા નથી

મેસરસ એસ. પાડે તથા ઇસ્માયલ અહમદ (ડી બાર.)—ઉધરાણાની ટીપ અમે જાહેર અખબાર તરીકેજ છાપી શકીએ. તેનો દર એક ઇંચની એક કોલમ રાખેલ છે.

ચાંતરનારને લાઇસેન્સ છે?

મે. ઇ. ઓ. ના અધીપતિ,

પાટીયાં ચીતરનારને લાઇસેન્સ છે કે નહિ તે આપના છાપા મારફત અખબાર આપી ઉપકારી કરશો.

હી. કોરી જીવાભાઇ મગનભાઇ.

ડરબન, તા. ૧૪-૯-૦૮.

[ચીતરનારને લાઇસેન્સ નથી. અ. ઇ. ઓ.]

નોંધ લેવા જેવો કીસ્સો

મે. ઇ. ઓ. ના અધિપતિ જોગ,

ટ્રાંસવાલમાં વસતા હીંદી ભાઇઓ ઉપર ત્યાંની સરકાર જે જાલમ ગુજારે છે તે સરકારના કામને વધેાડી નાખવા તથા આપણા દેશી ભાઇઓ તરફ દીલસોજી દેખાડવા અર્થે ગયા તા. ૧૬ ઓગસ્ટને દીને તમામ ઇંડિઅન વેપારી તથા કલાર્કો ની મીટીંગ મળી હતી. આ મીટીંગમાં એક નાખુશ બનાવ આપણા મેમણ કોમને શરમાવા જેવો બન્યો હતો, જે તમામ મેમણ કોમને આપના પત્ર મારફત જાહેર કરવા રજા લઉં છું. આ મીટીંગનો પહેલો ઠરાવ જનરલ સ્મટસે ખુની કાયદો રદ કરવા સારૂ જે વચન આપ્યું હતું અને જે વચન તોડવાની તે હમણા કોશીષ કરે છે, તે વિરૂદ્ધ મીટીંગે પોતાની લાગણી જાહેર કરવા બાબતનો હતો. તે ઠરાવ મીટીંગમાં રજુ થયા બાદ તથા તેને ટેકો દેવાયા બાદ મી હાસમ વરીદ લાલપુરવાળા બોલ્યા કેઃ "ટ્રાંસવાલના ભાઇઓએ કાંઇ આપણને દીલસોજી દેખાડવા લખ્યું નથી તેથી દેખાડવાની કાંઇ જરૂર નથી. એ લોક તો આજ આઠ દસ વરસ થયા લડે છે અને લડશે. તેમાં આપણે વચ્ચે શું કામ પડવું." અને મી. હાસમ ઇસ્માયલ સરદારમહમદવાળા બોલ્યા કે, "આપણે અહીંયા મીટીંગ ભરી એ વાત સરકારને અને ગોરાઓને કાને જશે તો એ લોક આપણને કનેડશે." એવા વીચારોથી આ ઠરાવની વિરૂદ્ધમાં મત આપી મી. હાસમ વરીદ, તથા મી. હાસમ ઇસ્માયલ મીટીંગ છોડી ચાલતા થયા હતા. તથા તેમની સાથે મી. મુસા તારમહમદ, મી. હબીબ પીર મહમદ, મી. ઓસમાણ આદમ, મી. મોતા અબ્દુલા વિગેરે મીટીંગ છોડી ચાલ્યા ગયા હતા. આ જણવા જોગ બીના છે કે આ છએ જણ મેમણ છે. એવો કયો મેમણ છે કે આ બનાવ સાંભળી પોતે નીચું નહિ જોશે?

લી. મેમણ મહમદ હાજી કાસમ કાળા.

જોહેનીસબર્ગ, તા. ૨૧-૮-૦૮.

[આ કાગળ જેવો મળ્યો છે તેવોજ છાપીયે છીયે. એ ઉપરના છ ભાઇઓ ના નામથી મેમણ કોમને લજવાવાનું છે તો મી. ઇસ્માયલ જુમા, મી. તયબ, મી. ઇબ્રાહીમ ઓસમાન વગેરે જે જેલમાં ગયેલા છે તેઓના કામથી મગરૂર પણ થવાનું છે. આજે જેઓએ બીકણપણું બતાવ્યું છે તે ગમજશે! ત્યારે પોતાની મેળે જોરમાં આવશે. અ. ઇ. ઓ.]

પરચુરણ ચરચા

મેમણ નુરમહમદ, સુલેમાન, હાસમ તથા હબીબ ડરબનથી લખે છે કે મી. ઇબ્રાહીમ ઓસમાણ જેલ મહેલમાં બંધ આવ્યા તેથી એમો ઘણા ખુશી થયા છીએ કારણ કે તેવળ એક મેમણ કોમના આગેવાન તરીકે છે. અમે ખુદા પાસે દુવા માગીએ છીએ કે અમારી કોમને હિંમત અને આપણી ચાલુ લડતને ફતેહ આપે.

ડરબનથી "દીવાંસરી" લખે છે કે કડૂગરડોરપના હીંદીએ મી. પારસી રૂસ્તમજી અને બીજા ઉપર જે વારંટ કઢાવેલ તે બધુંજ અણઘટતું કરેલું છે. તેણે અત્યારે મી. રૂસ્તમજીના કુટુંબ ઉપર દીલસોજીનો તાર કરવો જોઇએ. આપણા માં ફાટફુટથી આપણને પોતાને ઘણું નુકશાન પહોંચે છે.

મી. ઇબ્રાહીમ ઇસ્માઇલ જલાલપુરવાસી મુકુટેએનડોનીથી લખે છે કે નાતાલ હીંદીના આગેવાનો ટ્રાંસવાલના ભાઇઓ માટે તેમ દેશના ભલાને માટે ૩ માસની સખત મજુરીની જેલ ભોગવવા ગયા છે તે સરવે સાહેબોને હું મારા અંતઃકરણથી મુબારકબાદી આપું છું. તેમજ તેવણ સાહેબોના કુટુંબોને દીલસોજી જાહેર કરું છું અને ખુદાતાલા પાસે માગું છું કે સરવેને જેવાજ આગેવાન સોંપજે, ને સરવેને જેવીજ હિંમત બક્ષજે. હવે મારા ટ્રાંસવાલના હીંદી ભાઇઓને એટલીજ અરજ કરૂં છું કે નાતાલના આગેવાનોને મુદત દીધી તેવારે કહેવાશે કે તમો સરવે ભાઇઓ આખર તલક કાયમ રહેશો. ને લડાઇનો અંત આવે ત્યાં લગી એકસંપ રહી લડશો.

ઇંડિઅન ભાઇઓના ભલાનો ચહાનાર લેડીસ્મીથથી લખે છે કે ડરબનના આગેવાન વોલકસરસમાં જેલ ગયા ત્યારે બધાએ દુકાન બંધ કરી પણ લેડીસ્મીથના એક આગેવાને બંધ કરી નહિ. [લખનાર અમને નામ પણ મોકલે છે. પણ પોતાનું નામ જાહેર કરવાની અમને મનાઇ કરી છે તેથી અમે દુકાન ખુલી રાખનારનું નામ જાહેર કરીશકતા નથી. અ. ઇ. ઓ.]

મી. મહમદ સુલેમાન દંડીથી લખે છે કે અત્રે હજામ કોઇ નથી તેથી બહુ હેરાન થવું પડે છે.

મી. ઇસ્માઇલ મહમદ નાયજલથી લખે છે કે તા. ૧૨નો ઇંડિયો વાંચી દુઃખનું ભરાઇ આવે છે. નાતાલના રોઠીઆ બહાદુરો જેલમાં ગયા છે એ હદ થઇ છે. હું આ બહાદુરો માટે દુઆ ગાઉં છું. તેણે આખી હીંદી કોમને મોટા આભારમાં મૂકી છે. આ આભારનો બદલો ઠરાંસ વાલના હીંદી ક્યારે અને કેવી રીતે બતાવશે ! કેટલાક ભાઇઓ તરફથી સાંભળવામાં આવે છે કે જ્યારે જેલ જવાનું મરશે ત્યારે ચાલ્યા જઇશું. આવા માણસોને મારે કહેવું જોઇએ કે એવો વખત ફરી આવવાનો નથી. જે દેશ એવા કરવાનો વખત હાલ છે તે ફરી આવવાનો નથી. માટે હિંમત રાખવી. ખુદા જરૂર મદદ દેશે.

મી. ભાણાભાઇ લોવર પારલથી લખે છે કે ટરાંસવાલમાં ૧૦૦૦ માણસ લડવા વાળા રહ્યા છે. એ બીના આખી કોમને શરમાવનારી છે. નાતાલના રોઠો કોમના હક માટે આજે જેલમાં જઇને બેઠા છે. છતાં ટરાંસવાલના ભાઇઓ એ દીલી રાખશે તો અલ્લાહપાકના ગુનેગાર કહેવાશે આ લડતમાં સરવેએ સાથે રહી ઓફસ પેથી કામ લેવાનું છે.

મી. ત્રંબકલાલ ગોવીંદલાલ દેસાઇ ડરબનથી લખે છે કે કેટલાક દુધવાળા જેઓ ગોરાઓના નોકર છે તેઓને બહુ કામ સોંપવામાં આવે છે. જો તેઓ દુધ વેચી ન શકે તો માર ખાય છે. એક દુધવાળાની બહરીને બચ્ચું આવ્યા પછી આઠ દિવસની અંદર તેને કામે લગાડવામાં આવી હતી. આ બાબત કોંગ્રેસે ધ્યાન પણ લેવો જોઇએ એમ પણ અમારો સ્વાર્પિત્રી લખે છે. [આ બધું કમકમાટ ભરેલું છે. સરસ રસ્તો એ છે કે એવા માણસની નોકરી છોડવી. અ. ઇ. ઓ.]

ડરબનથી 'કઠોરવાસી' નામથી બીજા એક લખનાર જણાવે છે કે કઠોરમાં ૧૩૦૦ ઘરની વસ્તીના સુની વહોરાના ચુંટી કાઢેલ આગેવાનોએ જે ઠરાવ બહાર પાડેલ તે અને તે ઉપર છાપવાળા અને બીનછાપવાળાએ જે ટીકા કરેલ છે તેની નામોનાસી કઠોરવાસીને છે માટે આ કોલોનીમાં વસતા તમામ કઠોરવાસીઓએ એક મીટીંગ ભરી ઠરાવ કરવો જોઇએ કે કઠોરના આગેવાનોએ જે પગલું ભરયું છે તે વખોડી કાઢવા જેવું છે. અને તે પાછું ખેંચી લેવા ભલામણ કરવી અને તે આગેવાનોને સમજાવવા કે એક જમાત અથવા એક ગામ પોતાની જમાતનો સુધારો કરવા ઠરાવ બાંધે તે ઉપર આવો જુલમ થાય રખે એવા કામ સુધરેલા મુસલમાનો કરતા જ નથી કેસ બો., બોહાણ, મુનોલી એજ ગામોની કન્યા કઠોરમાં આવવી જોઇએ એવી મરજી કરવી એ જહાલત છે. આ કામમાં કઠોર સોલાવરીના માજી ચેરમેન મી. અહમદ દાવજી વાહેદ પુરતી મહેનત લેશે એમ આશા રાખું છું.

મી. બહાદરખાન કરીમખાન અને બીજા ડરબનથી લખે છે કે 'ફીફ્થ ચારલ્સ' જરમન સ્ટીમરમાં આપણા હીંદી ભાઇઓને ઘણી મુશ્કેલી પડે છે. ઉપરીને કહેવાથી તે પણ નોટીસ લેતો નથી. આ બાબત બીજા આવનાર ભાઇઓ માટે આપું છું.

કવીન્સટાઉનથી મી. એચ. એ. પટેલ લખે છે કે અહીંયા થોડાએક હીંદી ભાઇઓ જેવા કે મી. ઇસ્માઇલ અહમદ કોસાડ વાળા ધોબીનું કામ કરે છે તેમ મી. ઇસ્માઇલ મહમદ હાફેજી અલેસરવાળા મોચીનું કામ કરી પોતાનો નિર્વાહ સુખેથી કરે છે ત્યારે બીજા આપણા વાળાઓ તેઓના તરફ નીહરતની નજર થી જુવે છે, તેમ આગળ વધી કોટકાર કરવાને પણ ચુકતા નથી આમ મોટાઈ નહિ બતાવવી જોઇએ. ગોરા બોઅ કોઇ પણ ધંધો કરવાને શરમાતા નથી. તો તે કામ સુખેથી પોતાની જીંદગી આજે પસાર કરે છે. આપણી કોમ એવા કોઇપણ રોજગારમાં મોટી એબ સમજે છે એ એક પડતીનું કારણ છે.

સમરસેટસ્ટેરેન્ડથી મેસરસ કુસેનખા હાજેખાં તથા મુસા આપુ સુતરીયા લખે છે કે જરૂરના કબરસ્તાન માટે આસપાસના ગામડાંઓમાં ઉઘરાણું કરવા જતાં અમને કેટલાંક નાણાં મળ્યાં છે. આજના બારીક સમયે વધુ ખરચ ન પોસાય તેથી અમે દુર ગામોમાં જઇ નથી શકતા, તો તેવા ભાગમાં કોઇ આગેવાને આ કામ ઉપાડી લઇ ઉઘરાણું કરવાની મેહરબાની કરવી. અને તે અમને અથવા જનાબ સભ્યદ ગોવહરઅલી નાયબ કાજી જુમા મરજીદ, ભરૂચ, વરખાર મનીઓરડરથી મોકલી આપવું.

' રાણાપ્રતાપ મહરેસા ફંડમાં પૈત્રાભરનાર ' જણાવે છે કે આ ફંડનો હીસાબ બહાર પડવાની જરૂર છે.

કોલસાની ખાણોમાં કામ કરતા હીંદીની હાડમારી

આ બનાવનો લેખક ૧૯૦૩ થી ૧૯૦૬ સુધીમાં લેડીસ્મીથમાં હતો. ત્યાર પછી કામ પ્રસંગે ઉઠિઆ ગયો હતો. જ્યારે હું લેડીસ્મીથમાં હતો ત્યારે અહીં તથા આસપાસની કોલસાની ખાણોમાં હીંદી ગરીબ કામ કરનારા ઉપર કેવી જરૂ પડે છે તેની ખબર લેતો હતો. મારી ગેરહાજરી દરમ્યાન ઘણા ના પસંદ બનાવો બનવા પામ્યા હતા જે બીલકુલ બહાર આવ્યા નહિ હતા. આ બનાવની ખબર મને પડે છે ત્યારે દુઃખનું સરાધ આવે છે. રામસે કોલીઅરી જે જુલમ કરવામાં પહેલા નંબરે આવે છે તેણે પોતાનો જોહાકીદાર ચાલુજ રાખેલ જણાય છે. કોલઅરીમાંથી કમેસ મજુરો ગેદીલી મા લેડીસ્મીથ ફરિયાદ કરવા આવતા હતા કે જેને માટે આગળ 'નાતાલ વીટનેસે' સખ્ત ટીકા કરી હતી તથા ૪ એ. માં પણ લખાણો બહાર પડયાં હતાં. તેમાંના કેટલા બનાવથી ઘણી ચકચાર ઉઠી થઇ હતી અને ખુદ કમીશન પણ નીમાયું હતું. તેવોજ એક બનાવ મે યા જુનમાં બનેલો હતો. એમ સમજું છું. લગભગ બધા આદમીઓ લેડીસ્મીથ ફરીયાદ કરવાને આવ્યા હતા. તેમને કાંઇપણ ધન્યાદ મળ્યો હતો નહિ. બે દીવસ સુધી ભુખ્યા તરસ્યા પાછા ચોલીસના પહેરા હેઠળ બીચારા પોતાને મુકામે પુગ્યા હતા. અત્રેના એક વેપારી મી. ગોગાએ તેઓ સહુને ચેટી અપાવ વા પોલીસને અરજ કરી પણ તે મંજુર રાખી નહિ. પણ પાછળથી તેઓને સર કાર તરફથી કાંઇ આવાનું આપવામાં આવ્યું હતું. તે પણ રડતીના આંસુ લુછવા જેવું હતું. આ સિવાય બીજા ઘણાં બનાવો બન્યા હતા. દરેક કોલીઅરીમાં ખોરાકમાટે ચાવલ વગેરે અપાય છે તે ઘણાજ હલકા હોય છે. આ ખબર મળતાં મુસ્કેલીથી તે ચાવલનો થોડો નમુનો મે મેળવ્યો છે. આવા ચાવલ પકાવીને કદાચ સુખવાસી કુતરાને નાખવા માં આવે તો તે પણ નહિ ખાશે. મજકુર નમુનો મેળવતાં ઘણીજ મહેનત પડી છે. કારણ કે મજુરો મેનેજરોથી બહુ ડરે છે. આ હા હા ! શો જુલમ ! આ ગરીબ બીચારા મજુરો ગોરાની બીલકુલ ગુલામથી પણ અધમ દશા ગુજરે છે. અને તે પણ બ્રિટીશ રાજ્યમાં.

બીજી ફરીયાદ માર્ગ કાન ઉપર આવી છે તે એ છે કે નીમેલા વખત કરતાં તેમની પાસેથી વધારે વખત કામ લેવાય છે. આ બનાવ સાધારણ જેવો થઇ પડયો છે. આને માટે કાંઇ ઇલાજ લેવાં માં નહિ આવશે? પેલા આપણા વીસા વતથી પાસ થઇ આવેલ બારીસ્ટરો પોતા નાં જાતભાઇ અને સગા વહાલાંઓને માટે બહાર નહિ આવે? સાહેબો, આ વખત ખાલી ભાષણો કરવાનો નથી પણ કાંઇ કામ કરી બતાવવાનો છે. તેઓની ફરજ દરેક કોલીઅરી અને આ અથવા શેરડીના એસ્ટેટોમાં ફરી દરેક જાતભાઇઓની હાલત કેમ છે તેની તપાસ કરવાની છે. પ્રોટે કટરના વાર્ષિક રીપોર્ટ ઉપરથી ઘણું શીખવા નું મળે છે. કેટલાં આપઘાતો થાય છે? કુલે મરણો કેટલાં થયાં છે? કોરટમાં કેટલા કેસો ચડે છે? ડાકટરી સારવાર કેવી છે? ખોરાક તથા પૈસા પુરા મળે છે? આવી તપાસ ચાલ્યા કરે અને તેની વીગતો છાપામાં બહાર પડે તો કાંઇક આ ગરીબ લોકોને રાહત મળવા સંભવ છે. માટે જેઓથી કાંઇ બની શકે તેમણે બનતું કરી આ ગરીબોની આંતરડીની દુવા લેવાની છે.

કેપના હીંદી

કેપટાઉનની લેજીસ્લેટીવ કાઉન્સીલની ૬ તારીખની બેઠકમાં સીલેક્ટ કમીટીનો ઇમીગ્રેશન વિષેનો રિપોર્ટ વાંચવામાં આવ્યો હતો તેનો સાર નીચે મુજબ છેઃ

ચાલુ પારલામેંટની બેઠક તુરતમાં બંધ થઇ જવાને લીધે કમીટીને પુરી તપાસ કરવા જેટલો વખત નથી. એટલે વધુ તપાસ આવતી બેઠક ઉપર મુલતવી રાખવાની ભલામણ કરે છે. તેના પુરાવા વગેરે તપાસ પૂરી થયા બાદ બહાર પાડવા. પરંતુ કેટલાક એસીઆટીકો લાંચ રૂશવત આપી કોલોનીમાં દાખલ થયા છે અને થાય છે એવો પુરાવો મળ્યો છે તે બાબત સરકારે તરતજ તપાસ કરવી જોઇએ. આ સાક્ષીઓ જાહેર કરે છે કે ઇમીગ્રેશન ખાતાવાળા એજંટોને સારો ઝભ્ભો આપે છે. આ વિષે ખરો પુરાવો મેળવવા ખાતર સાક્ષી ઉપર કામ નહીં ચલાવવાનું કમીટીએ વચન આપેલું હતું. આ ઉપરથી કેટ લાક સાક્ષીએ ખરી હકીકત રજુ કરી. આમાંના કેટલાક તેઓ પોતે ગેરકાયદેસર દાખલ થયા છે એમ કબુલ કરયું. તથા બીજાઓએ કબુલ કરયું કે એક હીંદી એજંટ મારફત પથીપ૦ પાઉંડ સુધી ખરચ કરી અમારા મિત્રોને અમે ઉતાર્યા છે. કેટલાક અજાણ્યા હીંદીઓ પાસેથી બહુ ભારે રકમો કઢાવવામાં આવી છે. આ બાબતમાં કેટલોક ચોખીત પુરાવો મળ્યો છે. પરંતુ વખતની આખીને લીધે સામાપક્ષને તપાસેલ નથી. આ પુરાવાના કાગળીઆ એટરની જનરલને મોકલી વધુ તપાસ કરવાની આ કમીટી ભલામણ કરે છે.

આ રીપોર્ટ ઉપર કાઉન્સીલની બીજી બેઠકમાં વધુ તપાસ કરવાનું નક્કી થયું હતું.

કેપટાઉન

નાતાલના શેઠીઆ વગેરેને કેદ મળી તેને માટે દીલગીરી જાહેર કરવા કેપટાઉન ની બ્રી. ઇ. લીગની મીટીંગ મી. આદમ એચ. જી મહમદના પ્રમુખપણા નીચે લુપરટરીટમાં આવેલા લીગના હોલમાં બુધ વાર તા ૨ના રોજ મળી હતી. મી. દાઉદ મહમદ વગેરેની દેશસેવાનાં વખાણ તથા સરકારના દોરને વખોડી કાઢનારાં ભાષણો થયાં હતાં બાદ નીચેના ઠરાવો રજુ કરવામાં આવ્યા હતા.

મી. ઘડીયારમે પહેલો ઠરાવ રજુ કર્યો કે કેપટાઉનના હીંદીઓની આ મીટીંગ ટ્રાંસ વાલમાં હીંદીઓ તરફ ચલાવવામાં આવતી ગીરીશને અણગમતી તથા જંગલી વરત ણુક તરફ પોતાનો અણગમો દેખાડે છે, અને આશા રાખે છે કે સહેનશાહત ઉપર ભયંકર આફત આવી પડે તે અગાઉ બ્રીટીશ રૈયત પોતાની ઉંઘમાંથી જાગશે. આ ઠરાવ વીલાયત કોલોની ખાતાના સકરેટરી ઉપર મોકલવાનું નક્કી થયું હતું.

બીજો ઠરાવ મી. એ. કાદરે રજુ કર્યોઃ સરવે હીંદીઓ પોતાની દુકાનો બંધ રાખવી.

ત્રીજો ઠરાવ મી જોશીએ રજુ કર્યોઃ દેશને માટે બલીદાન આપતા આ હીંદીઓ નાં કુટુંબ ઉપર તાર મોકલવા.

આ ઠરાવો સરવાનુમતે પાસ થયા બાદ મીટીંગ બરખાસ્ત થઇ હતી.

નાતાલના આગેવાન વગેરેને બોકસરસ્ટમાં જેલ મળ્યાનો તાર મળતાં સા. આ. ઇ. એસોસીએશનની એક મીટીંગ મી. ઇબ્રા હીમ તુરકીનના પ્રમુખપણા નીચે મળી હતી. મીટીંગમાં ઘણા સાહેબો હાજર થયા હતા. તેમાં મેસરસ જે. એમ. એચ. ગુલ, ઇસપ અહમદજી, હારીઝ ઇબ્રાહીમ, પટેલ ઇમામ, અલી આદમ, એમ આઇ. કાલા, આર. નવરોજી, એ. જમાલુદીન, મહમદ હુસેન વીગેરે બીજા ઘણા હતા. આગેવાનોને સખત જેલ મળ્યાના ખબર થી બધા લોકોનાં મન ઘણાં ઉશ્કેરાયાં હતાં. સેક્રેટરી મી. કાસમ અલીએ ના. ઇ. કોંગ્રેસ તથા બ્રી. ઇ. એસોસીએશન તરફ થી આવેલા તાર વાંચી સંભળાવ્યા.

મી. જે. એમ. એચ. ગુલે એક ટુંકા દાર ભાષણ કરયા પછી દરખાસ્ત કરી કે કોંગ્રેસ તથા એસોસીએશનને દીલસોજીના અને આગેવાનોએ દેશસેવાની ખાતર જેલ વસ કરી તેની તારીફના તારો મોકલવા. હીંદી કોમના આવા આગેવાનોને આખી દુનીઆ આજે મુબારકબાદી આપે છે. વગેરે. મી. એ. અલીએ તેને ટેકો આપ્યા બાદ દરખાસ્ત સરવાનુમતે પાસ થઇ હતી.

મી. ઇ. એ. પટેલની દરખાસ્તથી, મી. અલી મીયાંની સેકન્ડથી તથા મી. એચ. એમ. સુરતીના ટેકાથી તેજ શબ્દોનો એક તાર જોહાન્સબરગ હમીદીઆ-ઇસ્લામીક સોસાયટીને મોકલવાનો સરવાનુમતે ઠરાવ કરવામાં આવ્યો હતો. અને મેસરસ હોરમસજી, આર. નવરોજી અને કાસમ અલીએ ટ્રાંસવાલના હીંદીની હાલની સ્થીતી માટે ઘણો અફસોસ બતાવનારાં ભાષણો કરયાં હતાં. ભાષણકારોએ જણાવ્યું કે ટ્રાંસવાલના અમારા ભાઇઓ તરફ જે વરતણુક બતાવવામાં આવે છે તે ઘણી અન્યાયી છે. તે સીવાય બીજા કેટલાકોએ ભાષણો આપ્યાં હતાં. બાદ લાંબા વખત પછી મીટીંગ બરખાસ્ત થઇ હતી.

ડંડી

નાતાલના શેઠીયા વગેરેને જેલની સજા મળી તેને માટે દીલગીરી બતાવવાને અતરેની સોસાયટીની એક મીટીંગ તા. ૯ ના રોજ મળી હતી. પ્રમુખની ગેરહાજરી માં મો. બી. મુકાદમે દરખાસ્ત કરી કે જેલ મોકલેલા માટે કોંગરેસ, હમીદીયા સોસાયટી તથા બ્રી. ઇ. એસોસીએશનને દીલગીરીના તાર મોકલવા. આ દરખાસ્તને જુદા જુદા સાહેબોએ ભાષણો કરી ટેકો આપ્યો અને તેની નકલ જેલમાં બંધેલા ના કુટુંબીઓને મોકલવાનો ઠરાવ થયો.

કોંગરેસ તરફથી તાર મળતાની સાથે શહેરમાં બધા હીંદી વેપારીઓની દુકાનો બંધ કરવામાં આવી હતી.

WESTERN INDIA

Army Boot and Equipment Factory,

BOMBAY, India.

GOLD MEDAL
Madras Industrial and Art Exhibition, 1903

(ESTABLISHED 1887)

TWO GOLD MEDALS
Bombay Industrial and Agricultural Exhibition, 1904.

PROPRIETORS—

Messrs. Adamjee Peerbhoy & Sons.

MANUFACTURERS OF—

Military Ammunition Boots, Volunteer Ammunition Boots,
Police Ammunition Boots, Sandals, Gurgabi Shoes, &c.

Military, Volunteer and Police Harness, Saddlery, Accoutrements, etc., etc.
Leathers:—Russian, satin and black waxed calves, harness leathers of all kinds bag and carriage hood hides, Morocco, etc., etc.

Civilian Boots, shoes, harness and saddlery of every description.

Travelling Requisites:—Overland Trunks, dress cases, suit and shirt cases, portmanteaux Gladstone, brief, hand and courier bags, hat boxes, bed straps, soiled-linen bags, stick cases, etc., etc.

Mill Stores:—Single and double leather belting, Ginning rollers and washers, Roller skins pickers, hose pipe, etc., etc.

Miscellaneous Leather Goods:—Puttee and lace gaiters, collar boxes, brush cases, cigar and cigarette cases, school bags, Peon's bags, Mussacks, Syce's belts, bottle and tumbler cases, luggage labels, etc., etc., etc.

ALL ARTICLES GUARANTEED SOLID LEATHER.

Price List on Application.

BEATLEY & COMPANY,

REGISTERED

"BEE"  BRAND.

TRADE MARK.

અમે બહુજ પસંદગી કરેલો માલ વેચીએ છીએ, અને તેથી અમારા ગ્રાહકો હમેશાં સરસ અને ટકાઉ માલ અમારે ત્યાંથી ખરીદી શકે છે.

DURBAN:
487 SMITH STREET,
P.O. BOX 393

Telegrams: "BEETLE."

JOHANNESBURG
156 MARKET STREET
P.O. BOX 12

N. KALIDAS & CO.,

TAILORS AND OUTFITTERS.

ઓરડર મુજબ સુટ બનાવી આપવામાં આવે છે.

56 MARKET STREET,

BRANCH:
147 MARKET STREET, *Johannesburg*

V. BROS.,

TAILORS AND OUTFITTERS,
Stand No. 6, BOKSBURG LOCATION
P.O. Box 77.

ઓરડર મુજબ સુટ બનાવી આપવામાં આવેછે.

Suits Made to Order. Moderate Prices
Patterns of Latest Fashionable Clothing can be seen and supplied to order. Old Suits well repaired.

ટોપાઓ ! ટોપીઓ !! ટોપાઓ !!!

❀ ❀નવા તથા ઉંચી ઇગ્લીશ ફેલ્ટનો તુરકી ટોપીઓ.❀ ❀

નવા સેમ્પલ તથા ખુશનુમા રંગ.

કેમેરીઅન બેંગલોર અથવા નવાબ કેપ્સ.

મહારાજ ઓરટરાખાન અથવા પરસીઅન કેપ્સ.

ફીક્સાયત ભાવ.

બહાર ગામના ઓરડરપર પુરતું ધ્યાન આપવામાં આવશે.

પ્રાઇવેટલીસ્ટ માટે લખોઃ—

એસ. પીરભાઇ બટલર. S. Peerbhoy Butler,
૫૦૬, વેસ્ટ સ્ટ્રીટ, 506, West Street,
ડરબન. DURBAN.

Tel. add.: POHOOMULL. P.O. Box 118

POHOOMULL BROTHERS,

Wholesale & Retail Silk Merchants,
Corner of Longmarket & Parliament Sts.,
CAPE TOWN

Direct Importers of all kinds of Indian Art Curios Oriental Jewellery, Maltese Silk Lace Articles, etc
Established 1858. Head Office: Bombay.

H. Mahomed Hassan & Co.,

MERCHANTS AND IMPORTERS,
WHOLESALE AND RETAIL,
Stand No. 433. Corner Kaffir & 14th Streets,
VREDEDORP, JOHANNESBURG
Box 4140 Tel. Add.: "FAJANDAR."
Head Office: Vanoor Cochin, India

M. P. FANCY,

MERCHANT & IMPORTER
WHOLESALE AND RETAIL

એમ પી. ફેનસી

હોલસેલ ને રીટેલ મરચંટ.

ઇન્ડિયન ગ્રોસરી જથાબંધ હિંદુસ્તાની મંગાવી સસ્તે ભાવે વેચવામાં આવે છે. ખાસ ઘી પોરબંદરનું તથા કઠોળ ફુ—સરસ ચાવલ—ચોખું ગંધીઆણું—જથાબંધ. અજમાએશ કરી જુઓ

STAND 512, 12th Street, VREDEDORP
Box 5031, JOHANNESBURG
Telegrams: "FANCY,"

Ebrahim Norodien

IMPORTER AND
GENERAL DEALER,

WOODSTOCK, Near Cape Town

BRANCHES (28):

Woodstock, Salt River, Observatory
Mowbray, Claremont, Wynberg,
Parrow, etc.

Head Office: 28 Frere St., Woodstock

એન. મહમદ કુ.

નાતાલરનો જથ્થાબંધ અને હાટ માલ ફીક્સાયત ભાવે અમારે ત્યાંથી મળશે.

વધુ વિગત માટે લખોઃ— બોક્સ ૬૬૭ નં. ૨૮ કેમેરલ રોડ, ડરબન.

ઈ. ઈ. ડાહ્યાભાઈ

૨૨ મી સ્ટ્રીટ, મલાય લોકેશન.

બોક્સ ૨૩૮૮ જોહાન્સબર્ગ.

ગ્રાહકોને ઉપરોક્ત બન્ને હોલસેલ મરચંટ.

ઇન્ડિયન તથા ઇગ્લીશ ગ્રોસરી હમેશ જથાબંધ ફીક્સાયત ભાવથી મળશે.

ઇંટરનેશનલ પ્રીંટીંગ પ્રેસ તરફથી

બહાર પાડવામાં આવેલાં પુસ્તકો

	s.	d.
The Ethics Passive Resistance	0	3
Bhagavad Gita	1	0
The Story of the Râmâyana ...	0	6
A Book—and its Misnomer ...	0	6
ટ્રાન્સવાલનો ખુની કાયદો.		૦-૦-૬
જેલનાં કાવ્ય.		૦-૧-૦
ઇં ઓ. ડાયરી ૧૯૦૮		૦-૦-૬
મારો જેલનો અનુભવ.		૦-૦-૩
મુસ્તફા કામેલ પાશાનું જીવન ચરિત્ર		૦-૦-૩
એક સત્યવીરની કથા.		૦-૦-૧
સભ્યાગ્રહ (ઈતિહાસી નિબંધ)		૦-૦-૩
સર્વોદય		૦-૦-૬
મુસ્તફા કામેલ પાશાનું ભાષણ.		૦-૦-૬
નીતિ ધર્મ અથવા ધર્મ નીતિ.		૦-૦-૬
રામાયણ સાર, બાલકાંડ		૦-૧-૦
હરસંસ્વાલનો નવો કાયદો		૦-૦-૩

ટપાલ ખરચ મંગાવનાર માટે પોસ્ટેજ ખર્ચ પેની ૧ જુદું. કોઇપણ કોલોનીના સ્ટેમ્પ સ્વીકારવામાં આવે છે.

મળવાનું ઠેકાણુંઃ—

ઇંટરનેશનલ પ્રીંટીંગ પ્રેસ,
ફીનીક્સ, નાતાલ.

મફત! ડાયરી! મફત!!

ઇંટરનેશનલ પ્રીંટીંગ પ્રેસમાં વેચાતા નીચે જણાવેલા પુસ્તકો તથા ફોટાઓ માંથી રૂા. ૨/૬ ની ખરીદનારને સને ૧૯૦૮ના સાલની ડાયરી બેટ આપવામાં આવશે આ બધા પુસ્તકો દરેક મહત્વે વાંચવા લાયક છે.

ઇંટરનેશનલ પ્રીંટીંગ પ્રેસ,
ફીનીક્સ, નાતાલ.

ABDOOL RAHMAN,

MERCHANT,

POTCHEFSTROOM.

Tel. Address: "RAHMAN."
P.O. Box 12.

TRY

"Indian Opinion" Office,

— FOR RUBBER STAMPS —

in different languages.

EBRAHIM CAMROODEEN.

GENERAL MERCHANT.

Natal Leaf Tobacco a Specialty.

113 GRAY STREET, (Camroodeen's Buildings.)

Tel. Add.: "AJMERE." Durban

M. A. Karodia & Co.,

GENERAL MERCHANTS

Dealers in all kinds of Indian Groceries & Soft Goods.

Box 3598.

41 Market Street

JOHANNESBURG.

K. M. NAIDOO & CO.,

Wholesale & Export

Fruit & Produce Dealers

AND

OSTRICH FEATHER BUYERS.

P.O. Box 1. Tel. Address: "NAIDOO, ROBERTSON, C.C.

A. A. PILLAY,

Wholesale Fruit & Produce Dealer and Commission Agent

Box 1353

49 President St., Johannesburg.

THE IMPERIAL CIGAR

Manufacturing & Trading Co.,

Large stocks of the best brands of Cigars and Cheroots always on hand.

Telepeone 367. Tel. add: "CHEROOT"

Star buildings Umgeni Road,

DURBAN.

M. E NAGDEE & Co.,

General Merchants & Direct Importers,

Wholesale & Retail.

Head Office: Box 5, WARMBATHS, and NYLSTROOM.

HORMAJGY IDOLGY,

DIRECT IMPORTER

—AND—

GENERAL MERCHANT

P.O. Box, 382, DELAGOA BAY.

P.O. Box 2139, Johannesburg.

S. HALLOO.

TIN MANUFACTURER,

Galvanized Iron, Tobacco & Spirit Tins, Cash Boxes, Water Canteens, Steel Trunks, etc.

Factory: Stand 48, 16th St., Vrededorp

B. K. PATEL,

Fruit Merchant & Commission Agent.

28, PRESIDENT STREET,

P.O. Box 5250,

JOHANNESBURG.

ભવાન કાનજી પટેલ.

ફ્રૂટ મરચન્ટ એન્ડ કમીશન એજન્ટ.

૨૮ પ્રેસીડન્ટ સ્ટ્રીટ

પી. ઓ. બોક્સ, ૫૨૫૦

જોહાન્સબર્ગ.

ગોપાલજી ગવાન,

Mattress Maker, Wholesale Importer,

Dealer in Bedsteads, Coir Tickings, Mattress Cases, Feather Pillows,

3 Market St. (West), Box 6023, JOHANNESBURG

SOOKAR LAXMIDAS,

TAILOR & OUTFITTER.

ઓરડર મુજબ સુટ બનાવી આપવામાં આવે છે.

23 & 25 Market St., JOHANNESBURG

STAR LAUNDRY

(INDIAN)

New Clare, Waterfall.

Box 5277. JOHANNESBURG.

S. CASOOJEE.

General Merchant. All kinds of Groceries,

66 BUFFALO STREET Tel. & Add. "CASOOJEE."

Branch: 31 St. John's Road, 17 & 19 Milner Rd.,

EAST LONDON Box 270

નાગરદાસ હરી સોની

દરેક જાતના સોના ચાંદીના સરસ દાગીના બનાવનાર.

ઓફીસ નં. ૨૪૪–૨૪૫. એડિંગ્ટન બ્લોક,

વોલ્કસ્રસ્ટ સ્ક્વેર. P.O. Box 280 Pretoria

CHAN HENRY,

WHOLESALE AND RETAIL FAMILY GROCER ETC.

NEW STREET,

GRAHAMSTOWN, C. C.

RATANJI RUGNATH,

TAILOR and OUTFITTER.

ઓરડર મુજબ સુટ બનાવી આપવામાં આવે છે.

27 MARKET STREET,

BRANCH: 32 MARKET STREET, JOHANNESBURG.

ખાસની કેસેન્સ રસમ ઝીન.

આ રસને તાજા કેરીના રસમાં જરા ઉમેરવો નહિ

કુદરતી:–મહેનત અને ખરચીયા બચાવે



164 Grey Street

Durban.

SUN CIGARS, SUMATRA CHEROOTS

. . BOER TOBACCO . .

VIRGINIA TOBACCO, SHAG, &c., &c.

At Lowest Wholesale Prices.

Box 88. Tel. Address: "Poebandas."

Telephone 864.

સસ્તો અને ઉંચો માલ.

સન સીગારેટ, સુમાત્રા ચીરૂટ બોઅર બા ઇનીઆ ટોબેકો વગેરે બધાની તમારૂ નીચે સલાહ મળશે.

સન બ્રાન્ડ ટોબેકો વર્કસ.

૧૬૪ ગ્રે સ્ટ્રીટ, ડરબન.

દેશી મીઠાઈ

સારી અને સસ્તી, ચોખ્ખા ઘીની.

કે. છવાણ,

૧૬૦ એ મે ઓર, ડરબન.

Ismail Amod Kajee,

GENERAL MERCHANT & DEALER

Market Square, P.O. Box 11,

KRUGERSDORP.

GOOLAM MOHIDEEN,

GENERAL MERCHANT

P.O. Box 3755

2 Croton Road, Fordsburg,

JOHANNESBURG.

Vrajdas & Lalchand.

GENERAL MERCHANTS

Importers & Commission Agents,

Wholesale and Retail

P.O. Box 92. Lourenco Marques

A. M BHYAT,

Wholesale & Retail Merchant,

Market Street, Box 44,

HEIDELBERG.

Branches:— Pietersburg, Box 24.

Nigel, Box 43

Tel. Address: "BHYAT"

V. G. MAHARAJ,

Indian Silk Merchant and Direct Importer.

Corner of PRESIDENT and VON BRANDIS STREETS.

Between Rissik and Von Brandis Streets, 3 doors from Stora Bros.,

P.O. Box 5109. Tel. Add: "MAHARAJ" JOHANNESBURG.

M. E. SEEDAT,

General Merchant and Produce Agent.

Branch: INGOGO.

Tel. Add: "SEEDAT."

Box 7, NEWCASTLE.

DAWAD MAHOMED & Co.

ESTATE OWNERS.

FARMS TO SELL.

TOWN AND SUBURBAN
HOUSES TO LET

Application will receive prompt attention.

For further particulars apply to

PLOWRIGHT LANE

RATANJI MAKAN,

TAILORS & OUTFITTERS,

45 Market St. Kret's Building, KRUGERSDORP

બોઅરસ્યુટ્સ સુટ્સ બનાવીઆપવામાં આવેછે

Suits Made to Order, Moderate Prices.
Old Suits Well Repaired.

જાહેર ખબર

એક સત્સંગી કથા તથા ભુસ્તાદા પ્રમેશ પાશાનું બારણું વિગેરે ચોપડીઓ જોહાનેસ્બરગમાં મી. એમ. કે ગાંધીની ઓફીસમાં અને કેપટાઉનમાં મેસરસ પોદુમલ બ્રધરસના સ્ટોરમાંથી મળશે

MOONDAMAL SONS,

India, China, Malta, and Assam

SILK MERCHANTS.

WHOLESALE & RETAIL

107 West St., (Grey Street, Corner)
DURBAN.

E. Suleman Bros.,

Wholesale & Retail Timber & Iron Merchants.

Saw Mills & Timber Yards:

109 Queen Street, Durban

DADA OSMAN,

General Merchant & Commission Agent,

102 QUEEN STREET, DURBAN.

P.O. Box 98. Tel. add.: "PORBANDAR"

ESTABLISHED 1890.

દાદા ઓસ્માન.

જનરલ મરચંટ ને કમીશન એજંટ.

બોકસ ૯૮. ૧૯૬ ક્વીન સ્ટ્રીટ.

ડરબન

Telephone 864

A. F. CANAY & CO.,

Wholesale Grocers
& General Merchants,

JACOB'S BUILDING,

(OPPOSITE GAIETY THEATRE)

2 KORT STREET,

P.O. Box 3504. Tel. add. "Cama"
Telephone No. 1891

JOHANNESBURG.

A. E. CHOTABHAI,

MERCHANT.

P.O. Box 33,

KRUGERSDORP.

G. H. MIANKHAN & Co.,

General Merchants & Direct Importers,

Oldest Established Native Goods Merchants.

NATIVE CURIOS MANUFACTURED ON THE PREMISES.

ALSO ESTATE OWNERS.

HOUSES OFFICES SHOPS &C. TO LET.

APPLY—

124 & 126 FIELD STREET.

P.O. Box 97. Tel. Address: "MIANKHAN," Durban Telephone No. 855

M. C. ANGLIA & Co.

GENERAL MERCHANTS
DIRECT IMPORTERS.

339 Pine Street, DURBAN.

P.O. BOX 59

Telegraphic & Cable Add.: "ANGLIA."

Codes used ABC 4th edition and A1

ISMAIL KHAN,

Stand 382, Bertram's Road,

Corner Thames Rd., Bertram's

Dealer in Drapery, Grocery,
Ironmongery & Fancy Goods.

P.O. Box 4170, Johannesburg.

Prompt Attention to all Orders. Civility Guaranteed

A. A. RAHEMAN,

GENERAL MERCHANT AND DIRECT IMPORTER OF INDIAN GOODS,

Stand 641, 21st Street, VREDEDORP,

Box 3040, JOHANNESBURG.

M. A. PATTEL & Co.,

Upholsters, Coir and Wire Mattress Manufacturers.

Factory: 167 Loop Street, Capetown.

ગાદા તથા વાળાની મેટરેસ બનાવવાનું કારખાનું.

Telephone 1434.

ટેલરના તારના કંપની, લીમીટેડ.

હિંદુસ્થાન તથા યુરોપ માટેના તારના સસ્તા દર.

ટેલરની કંપની ફોરવર્ડીંગ હોકોને માટે હિંદુસ્થાન, આફ્રીકા, યુરોપ, ઓસ્ટ્રેલેશીઆના અને અમેરિકા તાર મોકલી આપે છે. નિયમીત મહીનાને દર સોમવાર રીડ એક સરખીજ રીતે ચલાવવામાં આવે છે.

ટેલરની કંપની તાર મોકલવા દુનિયાના કોઈપણ ઠેકાણાપર પૈસા મોકલી આપે છે.

ટેલરની કંપની તાર મોકલનાર તથા લેનાર બન્નેના સરનામા રજીસ્ટર કરે છે. આ રજીસ્ટર નામને માટે કોઈપણ પક્ષના લેવામાં નથી આવતા. ટેલરની આમ ડોર ખુલ્લુ છે તે રીતે ખુલ્લુ છે. આવી રીતે નામ રજીસ્ટર કરાવી ડોર સબ્સ્ક્રીબર્સમાં તાર લેવા તથા મોકલવાથી બહુ સસ્તે દરે કામ થઈ શકે છે.

બધી દર ડોરના આવેલા તાર ટેલરની કંપની તેના ખરચ કરી લેનાર બન્નેને મોકલી આપે છે.

વધુ વિગત માટે નીચેને સરનામે લખો.

મેનેજર,
ટેલરની એજન્સી,
ડેસ્પેચ બીલ્ડીંગ્સ,
૫૨, કીંગ વીલીઅમ સ્ટ્રીટ,
ડરબન.

ટેલરની એજન્સી,
ઈ. લન્ડનવિક સ્ટ્રીટ,
કેપટાઉન.

અથવા ટેલરની એજન્સી,
બી કોરના હાઉસ,
કમીશનર સ્ટ્રીટ,
જોહાનેસ્બરગ.

R. NAIKER,

Box Maker & General Merchant & Farmer,

BELLAIR.

Printed and Published by M. K. GANDHI, International Printing Press, Phœnix, Natal.

INDIAN OPINION

PUBLISHED WEEKLY

Vol. 6. Phœnix, Natal, Saturday, October 3rd, 1908. No. 40.

Tel: Add: "RUSTOMJEE." **JALBHOY & SORABJEE Bros.** Telephone No., 933.

110 Field Street, DURBAN.

HAVE ALWAYS IN STOCK

Rice, Dholl, Ghee Oils, Tamarind, Fish, Cocoanuts, Flour, Cape Snoek-Fish, Variouskinds of Spices, Natal Garlic, Old Newspapers, Harmoniums, Phonographs and Records etc. etc.

તમાકુ શાલ લાંબા પાતરાનો વેચાતો સેવાનો તથા વેચવાનો છે.

કેપટાઉનની સુકી મચ્છીના સોલ એજંટ. સદુપયી કીફાયત દાને મળશે.

TO LET—HOUSES, SHOPS, & WAREHOUSES.

PARSEE RUSTOMJEE, 110 Field Street, Durban.

GUSTAV BOCKRIS,

WHOLESALE MERCHANT,

81 Simmonds St., Box 3440, JOHANNESBURG

દરેક જાતનો કાપડવર અમારે ત્યાં દર અઠવાડીએ નવો આવે છે જોવા જે:—

બોતેરાનાં કપડાં, બ્લાઉનીસ, નાઇટ ગાઉન્સ, કમીસ, ઇોકરાંઓ માટેનો ફેન્સી સામાન ફ્રેમ્સ, બીબ્સ, ટોપી, કાનટોપી, ગાદલા, ઉનની શાલ, રૂમાલ, ચલપટા, સેસ, દરેક જાતનો વિલાયતી સામાન વિગેરે વિગેરે

અમારે ત્યાં ઉંચી જાતના ચીનાઈ ખ્યાલા, રેશમી સાડી બાંધી જાતનો ફેન્સી ટ્રીમમ સાથુકો તથા સ્ટેશનરી વિગેરે સામાનનો મોટો જથ્થો રાખવામાં આવે છે. દરેક માલ ઉદ્યમવત દામથી તથા બરાબર સંભાળથી પેક કરી મોકલવામાં આવે છે

એક વખત ઓરડર મોકલી ખાત્રી કરશો.

A. Tomaselli & Sons,

MARKET AND COMMISSION AGENTS.

All kinds of Produce received for Sale on the Johannesburg Market of Commission. Fruits a speciality.

Farmers and Produce Merchants can be assured to obtain the Highest Market Price and Prompt Settlement.

Weekly Market Reports sent free on application.

આફ્રીકા જાતની જોડવુસ તથા ફ્રુટના કમીશન ઉપર જોહાનેસબરગની માર્કેટમાં વેચી આપવામાં આવે છે. પાકતા વરતમ ચુકવવામાં આવે છે.

REFERENCES:

Mr. J. DE WIT, Head Market Master.
The National Bank of South Africa, Ltd.

OFFICE & STORE:—Becker's Building, Market Square

Box 3988. Tel. Address: TOMASELLI, Johannesburg

Sulliman Ismail Mia & Co.,

DIRECT IMPORTERS

સુલેમાન ઇસ્માઇલ મીઆની કું. જોહાનીસ બાબુએાને રહેવા ચીજોની જરૂર પડે ત્યારે યાદ કરવામાં આવી છે.

Corner Park Lane and
Avenue Rd., Fordsburg, J'burg.
Tel. Address: "SULIMAN."
Box 3553, JOHANNESBURG.

BABU TALWANTSING,

General Merchant & Produce Dealer,
58 Wick Street,
VERULAM

N.R.RAIDOO.

General Dealer & Direct Importer of Indian Groceries.

64 Walmer Road,

Forwarding and Commission Agent.
STORES: LOWER PIER STREET.
P.O. Box 353. Telegrams: "MELON."
PORTELIZABETH

Y. Samy,

FRUIT MERCHANT

6 Jones Street,
KIMBERLEY

Tel. Address: "MIA." P.O. Box 190

A. M. SULEMAN MIA & CO.,

WHOLESALE AND RETAIL

Merchants and Direct Importers.

એ. એમ. સુલેમાન મીઆં.

અમારે ત્યાં કાપડ અને ગ્રોસરી કિફાયત ભાવે મળી શકશે.

Corner Park Road and Park Lane,
Fordsburg, Johannesburg

BRANCH—
Boschbrook, Dis. Rustenburg

S. D. BOBERT,

General Importer, Wholesale and Retail Merchant

Cheapest House in the Market Square.

Branches at
LOCATION, POTCHEFSTROOM.

P.O. Box 441. ઈ. અબુ બકર આમદ એન્ડ બ્રધર, Tel. Address 'ABOOBAKER'

તરેહવાર રેશમના વેપારી—ડરબન, (નાતાલ).

E. ABOOBAKER AMOD & BROTHER,

ફોન ૧૪૪૪ **434, West Street, DURBAN.** વેસ્ટ સ્ટ્રીટ

Direct Importers of Fancy Goods. Best Silks.

Ladies' Clothing,	Skirts,	Bibs,
Blouses,	Underskirts,	Bonnets,
Night-gowns,	Children's Fancy	Bootees,
Combinations	Goods,	Hats,
Chemises,	Frocks,	Wool Shawls,

Handkerchiefs, Collars, Scarves, Lace, Insertion, Ribbon and Silks Goods in all colours.

BEST SILVER JEWELLERY PRICES MODERATE.

Come and see for yourself.

Attention, Neatness and Cheapness, Guaranteed.

Reuter's Telegram Company Ltd.,

Economical CABLEGRAMS to INDIA and the EAST

REUTER'S despatch cable messages for the public to India, the Far East, Europe, Australia, and America, and allow a rebate of one shilling a message to regular senders.

REUTER'S remit money by mail or telegraph to all parts of the world.

REUTER'S register the address of senders and receivers free of charge by a system that ensures considerable economy and the Reuter Social and Mercantile Code, which is the most complete of its kind in existence, enables senders to save still further.

All cablegrams sent in Reuter's Code are delivered to the receiver in plain language.

Further particulars can be obtained from—

MANAGER, (Also at the head Office for S.A.:—E. And, &c.—

Reuter's Agency, Davis Buildings, 69 Field Street, DURBAN.

Reuter's Building, St. George's Street, CAPETOWN

Reuter's Agency, The Corner House, Commissioner St., JOHANNESBURG.

D. COHEN.

WHOLESALE SOFT GOODS

Clothing a Speciality.

Men's Trousers	from 1/6	પાયજામા	શી. ૧/૬ થી
,, Jackets	,, 3/6	જેકેટ	શી. ૩/૬ થી
,, Suits	,, 8/-	સુટ	શી. ૮/- થી

Note the Address

80 COMMERCIAL ROAD, DURBAN.

EAST INDIAN TRADING Coy.,

General Merchants and Direct Importers of all kinds of Groceries, Soft Goods, etc., etc.

અમારે ત્યાં દેશની રહેણીકરણી અમારા આદતીઓના હિસાબે દેશી નામવાળી છે. જેથી દેનારને બહુ સહેલાઈ થઈ પડશે. માલ બહુ સારો છે.

પોર્ટ બંદરનું તાલું ખુશખોશાર થી અમારે ત્યાંથી મળશે.

102 Queen Street, Durban. P.O. Box 881

Telephone 864. Telegraphic Address: "PORBANDAR."

જી. પી. ભાભા,

કોરોબિયા અને એલન્સબરગ, પોલ્સબર્ગ

ઉભા છે ખેલવું છે.

22 BARKLEY ARCADE,

Corner West & Market Streets

P.O. Box 5880

JOHANNESBURG.

A. E. BHABHA,

GENERAL MERCHANT and DIRECT IMPORTER,

Cor. Church & Middel Streets,

MIDDELBURG, T'VAAL

Tel. Add "BHABHA." P.O. Box 38.

T. Sutton Flack & Co.,

ESTBLISHED 1868.

370, Smith Street, DURBAN.

Branch: P. M. BURG.

P.O. Box 23. Telephone 829

આંબલા અજોડીથી છાજે.

ઉન, ચામડાં, સીંગડાં, પેટાં અથવા બકરાં નાં ચામડાં, વેટસની બાલ વગેરે ખરીદવા માટીએ છીએ.

Ismail Suliman & Co.,

MERCHANTS & IMPORTERS

P.O. Box 4 Tel. Add.: "SULIMAN

RUSTENBURG.

Branches:

Dundee, Box 53 NATAL;
Zeerust Box 77 TRANSVAAL;
Lindleyspoort, Steenbokfontein, Rietfontein } Dis. RUSTENBURG.

શ્રી. કેવલરામ

વેપારી અને ડાયરેક્ટ ઈમ્પોરટર.

તરેહ તરેહ અને જાતનાં કપડાંનો સ્ટોક.

માર્કેટ સ્ટ્રીટ, (કાર્લટન હોટલની સામે)

બોક્સ ૫૪૨૦, જોહાનિસબરગ.

J. M. H. GOOL.

129 CASTLE STREET, CAPETOWN.

Wholesale Groceries, of all descriptions from India and England,

Also Exporter of Cape Smoke,

NATAL DEPOT:

Messrs. Jalbhoy & Serajee Bros., Durban.

ઘણુંજ ઉમદા તમાકુ મળશે.

જનરલ મરચન્ટ.

૧૨૯ કેસલ સ્ટ્રીટ.

ADAM H. G. MAHOMED,

Estate Owner

HOUSES TO LET

Noorbagh Kloof Street,

Telegrams: Adamgool CAPETOWN



THE NATAL DIRECT LINE

દેશ જનારાઓને ખુશ ખબર

સાધો મુંબઇ

એ જહાજોમાં મુસાફર પહોંચે તેથી

સ્ટીમરો ૬૨ મહિને એક વખત ઉપડે છે.

આ કંપનીની આગબોટમાં દરેક વરસના પાસેંજર માટે પુરેપુરી સગવડ છે તેમજ ખલાસી ઉઠીઅન છે, અને ઓફીસરો બીજા કામદારો વગેરે નરમ સ્વભાવના સહનશીલતાવાળા તેમજ આબાળુ છે તેથી પાસેંજરોને કોઇપણ રીતે જરા પણ મુંઝાવું પડશે નહી એ ખાતરી રાખશો.

મી. ગાંધી—આ બીલોને જો વડી સર કાર મંજુરી આપે તો મને ઘણું આશ્ચર્ય થશે. આ બીલને વિલાયતના લીકર લાઇ સેન્સીંગ બીલની સાથે સરખાવવામાં આવેલ છે. આ બેની વચ્ચે હાથી ઘોડાનો તફા વત છે. દારૂના લાઇસેન્સ હાની કરતા હોવાથી તેને અટકાવવા સખત મંગરૂરી ઘણેલી તેવીજ તેને અટકાવવાના પગલા ઘડવામાં આવે છે. આ લોકોને (લીકર લાઇસેન્સ વાળાઓને) બદલો આપવો કે નહીં તેજ સવાલ રહ્યો છે આ હીંદી વેપારીઓનાં લાઇસેન્સ કોલોનીના ગોરાલોકો વેપારી ધંધાને સદંતર બંધ કરાવવાને ગમે તે દલીલ લાવે પણ તે કાંઇ દારૂના લાઇસે ન્સની સાથે તો નજ ગણી શકાય. જ્યાં સુધી નાતાલમાં ગીરમીટીઆ હીંદીને બોલા વવાનું ધોરણ ચાલુ છે ત્યાંસુધી નાતાલમાં હીંદી સવાલ કદી ઠામ પડવાનો નથી. ગીરમીટ બંધ થાય એટલે હીંદી સવાલનું નીરાકરણ પોતાની મેળે થઇ જશે નાતાલ ના ગોરાઓને કમાઇ ખાવાના ઘણા રસ્તા છે. હીંદીઓના ધંદામાંથી રોટી પડાવી લીધા સિવાય નાતાલના ગોરાઓ બીજી રીતે આબાદ થઇ શકે છે. પણ જ્યાં સુધી ગીરમીટ ચાલુ છે ત્યાં સુધી હીંદીની વસ્તી વધતી જશે અને તેને લઇને હાલનો ખળભળાટ ચાલ્યા કરશે. અલબત્ત, હું માનું છું કે ગીરમીટ બંધ થવાથી કેટલાક ઉદ્યોગને હાની પહોંચશે પણ હમેશનો ખટખટાટ દુર કરવાને માટે કારખાનાવાળાઓએ આટલું નુકસાન સહન કરવાની જરૂર જોઉં છું. આ કારખાનાવાળાઓને બદલો તરીકે અમુક રકમ આપીને પણ ગીરમીટ તો જેમ બને તેમ જલદીથી બંધ થવાની જરૂર છે. હીંદીઓ ગીરમીટ બંધ કરવા ને માટે પુરેપુરા આતુર છે. ગીરમીટઆ ઓને બંધ કરવા માટે મી. એવન્સ જે મહેનત કરી રહ્યા છે તે પોતાની ધારેલ મુરાદ પાર પડશે ત્યાંસુધી લડશે એમ હું આશા રાખું છું.

'ફ્રેંડ'નો હોમાયત

જોહાન્સ્બર્ગનું 'ફ્રેંડ' આપું વિલાયત ના તારો ઉપર તા. ૨૨ ના અંકમાં નીચે મુજબ લખે છે:

ટરાંસવાલના હિંદી આગેવાનો શું માગે છે તે સર રીજર્ને સમજતા લાગતા નથી. ઇમીગ્રેશન ઉપર અટકાયત મુકવાને સરકારને હક છે એમ તેઓ કબુલ રાખે છે. તેઓની ફેણવાએલા જે એસીઆટીકોને દર વરસ આવવા દેવાની માગણી સરકાર કબુલ નથી રાખતી એ બુત્ર કરે છે. હીંદીઓ નીં આગેવાની કે દીલસોજી ગોરી પ્રજા તો કરે તેમ નથી એટલે તેઓ ધીમે ધીમે નીતી ન્યાયમાં ઉતરતા જશે. અને તે એટલે સુધી પણ પહોંચે કે તેઓના રીત ભાત અને સેનીટરી સ્થીતિથી ટરાંસવાલ ને હાની પહોંચે. જેઓ વસેલા છે તેમને દરે ત્યારે વસવાટ કરવાના હક આપવા માં આવે છે તો પછી તેમને સારા આગે વાનો પણ આપવા જોઇએ કે : જેથી તેમને પોતાને અને આપણને પણ લાભ

દાખી થાય તેમની કેમમાં બહેલા માણસો દાખલ થવાથી તેઓના ઉપર આપણે રાજ્ય કરવામાં સહેલાઈ પડશે. ટ્રાંસવાલના લીડીમાં મી. ગાંધીની પુરી વગ જોવામાં આવતી નથી. અને અમારી સમજણ એવી છે કે સલાહની વાત ચાલ્યા પછી તેના ભાઈઓ તેના ઉપર પુરો વિશ્વાસ રાખતા નથી. આ વિશ્વાસ તેણે એંકરટરીબીરટ થવાની ના પાડવાથી ખોયો છે. મી. ગાંધી એ જે ધોરણ પકડેલું છે તેજ ધોરણ બહેલા ઘણા એશીઆટીકો પકડે એવું છે એમાં કાંઇ સ્વદેહ નથી. આવા વર્ગ ના થોડા માણસો આવે તેને સરકારે સુખે થી આવવા દેવા જોઇએ. મી. ગાંધી તેના જાત ભાઇ પાસેથી જેવી વફાદારી ચોતે એકલાજ કરે એવું માગતા નથી. ગોરાને લીલાચે, થોડા બહેલા એશીઆટીકો આ દેશમાં ઘુસી ઘુસી જમાએ હોય તે તો લાભ કરતા છે.

સુધારાના ભવાડા

હીંદને લેખમ

આવા મથાળા નીચે મી. જસટીસ અમીર અલીએ 'નાઇનટીન્થ સેંચરી' નામના પ્રખ્યાત ચોપાનીયામાં બ્રુસાદાર લખાણ કરેલું છે. તે વાંચવા ને સમજવા લાયક હોવાથી અમે અમારા વાંચકોની પાસે રજુ કરીએ છીએ:—

સુધારાનો ચોતાર

આ જમાનામાં રાજ્યદ્વારી બાબતોમાં પુર્વ પશ્ચિમ વચ્ચેના સંબંધની બાબત તે સર્વથી વધારે અગત્યની છે. પુર્વ અને પશ્ચિમની વચ્ચે જે સંબંધ થયો છે તેવી થએલી હિલચાલ થયા વિના રહેત નહીં અને તે કેટલીક રિતે જરૂરની છે. પણ પશ્ચિમની પ્રજાએ સ્વાર્થીની હોવાથી પુર્વમાં જે હિલચાલ ચાલી રહી છે તેથા તે પ્રજાએ ડરી જએલી જોવા માં આવે છે. આવી સ્થિતિમાં જેને કેળવણી ગણી શકાય તેને પશ્ચિમના લોકો અશાંતિ ગણે છે. તેથી પશ્ચિમની પ્રજાને પુર્વમાં ફેલાતી અશાંતિની સામે થવાને સારૂ એકત્ર થવાની સલાહ આપવામાં આવે છે. તેનો હેતુ એવો છે કે પુર્વના લોકો ખરી કેળવણી ન પામે. આમ અમુક પ્રજાની આગળ વધવાની ઇચ્છાઓ કયાં લગી દાબી શકાય એ કોણ કહી શકતું નથી. પણ જે હિલચાલ પશ્ચિમ માં થાય તો વખાણવામાં આવે તેજ હિલચાલ પુર્વમાં થાય છે તેથી વખોડવા માં આવે છે એ તાજુબીની વાત છે. જે શબ્દોનો અર્થ પશ્ચિમમાં એક થાય છે તેને પુર્વમાં બીજો અર્થ તેજ લોકો આપતા જોવામાં આવે છે. દાખલા તરીકે જે ગુણને પશ્ચિમમાં સ્વદેશાભિમાન ગણી સરસ છે એમ કહેવામાં આવે છે તેને પૂર્વમાં અંધ-જુસ્સો એમ કહી તેવા જુસ્સાવાળાને ઝાડકવામાં આવે છે. સુધારો કરવાના તથા કેળવણી લેવાના જુસ્સાને અશાંતિ રૂપે ગણવામાં આવે છે. શબ્દો કે વાકયોના અનર્થ કરવાથી મહા મામલાઓ જાગ્યા છે એ આપણે પુરાણા કાળથી જોતા આવ્યા છીએ. ફ્રાંસમાં જ્યારે નેપોલીયન મુત્સદ્દી હતો અને ફ્રાન્સનું રાજ્ય પરદેશોમાં લંબાવવા માગતો હતો ત્યારે તેને લુંટારો કહી અંગ્રેજો તેની હાંસી કરતા. તેવીજ જાતના જુસ્સાને હાલ ઇગ્લાંડમાં 'ઇમ્પી રીયલીઝમ' કહી તે જુસ્સાને પુજવામાં આવે છે. અને તે જુસ્સાને નામે નબળાં રાજ્યોને હેરાન કરવામાં કીર્તી ગણાય છે. આવા જુસ્સાને બહાને હાલ અમે રિકામાં પણ બહારના દેશો જીતવાનો વા ચાલી રહ્યો છે. અમેરિકામાં પ્રજાસત્તાક રાજ્ય છે. જ્યાં આવું રાજ્ય હોય ત્યાં પરદેશો જીતવાની વાત નથી આવી શકતી. પણ પવિત્રતા તથા પરોપકારનો ઠેકો ફરી પરમુલકોમાં પોતાનો વાવટો ઉડાવવો એ ભારે કામ ગણી અમેરિકાના લોકો પોતાનું કામ ચલાવ્યે જાય છે.

ત્રણસેં વરસ પહેલાં બીજા લોકોને તાબે કરવાનું પશ્ચિમના લોકોને ધર્મ એ બહાનુ હતું. પંદરમી સદીમાં ખ્રીસ્ત ધર્મના પોપે આખી દુનિયાને પોરતુગીઝ તથા સ્પેનના ખ્રીસ્તિઓને સોંપી હતી એટલે કે દુનિયામાં જે મુલક ખ્રીસ્ત ન હોતા તેને તાબે કરવાનું કામ પોપે આ બે પ્રજાને સોંપ્યું હતું. આમ કરવામાં પોરતુગીઝ પ્રજાએ પુર્વમાં ને સ્પેનની પ્રજાએ પશ્ચિમમાં હજારો માણસોને લુટયા અને તેઓનો નાશ કર્યો હતો. હુર સ્પેન ની પ્રજાએ મૂર, આસટેક અને ઇંકના સુધારાનો સંહાર કર્યો અને ત્રણ સદર પ્રજાને ગુલામી આપી. એક અમેરિકન સભાસદે કહ્યું કે સ્પેને જેટલા માણસોને ધર્મને નામે કાપ્યા છે તેટલું ખુન બીજી કોઇ પ્રજાએ કર્યું નથી.

હવે ધર્મને બદલે બીજું નામ વાપરી તેજ ખુના મરકી ચાલી રહી છે. તેને પશ્ચિમનો સુધારો કહેવામાં આવે છે. આ જમાનાની ચડાઇઓ તે 'ગોરાની ફરજ' કહેવામ છે. અને લોકોને ખ્રીસ્તિ બના વવાને બદલે વેપારમાં પ્રવીણ બનાવવામાં આવે છે. હાલમાં પણ જો કે ખ્રીસ્ત ધર્મ ફેલાવવાની મહેનત ચાલે છે તેમ છતાં અગાઉ જેમ જોર વાપરવામાં આવતુ હતું તેમ નથી. જ્યારે લોકોને પાટલુન, લાંબી ટોપી પહેરતાં શીખવાય છે અને દારૂ પીતાં તથા વિષય ભોગવતાં આવડે છે ત્યારે તેઓ 'સુધર્યા' એમ કહેવામ છે. જ્યારે ધર્મને બહાને લડાઇઓ ચલાવતા, ત્યારે કષ્ટ ઓછાં થઇ શકતા હતા અને જો કે ધર્મ બદલવાથી કષ્ટ ચામડીનો ફોપ મટતો નહોતો તોપણ લોકોને એમ સુનોપ આપવામાં આવતો હતો કે બીજી દુનિયા માં તેઓનું ભલું ખ્રીસ્ત થવાથી થશે. પણ ઉપર બતાવ્યો તે સુધારાનો ફેલાવો એવો કષ્ટ બદલો આપતો નથી. લોકો દારૂમાં ચકચુર બને છે; પછી મરી જાય છે એટલે પૂરૂ થયું. તેઓની આબાદ જમીન તે સુધારો દાખલ કરનાર ગોરાને કબજે જાય છે. એમકે 'સુધારો' દાખલ કરવાની મહેનતનો તે બદલો ગણાય છે. આ સુધારાના સાથીનું ઝનુન તે પેલા ધર્મ ફેલાવનારના કરતાં ચડી જાય છે. જે ખ્રીસ્તિ હતા તે ધર્મ નો ફેલાવો કરવા કે ખેત્ર ગણાતા હવે ધર્મ ઉપર આધાર નથી; ચામડીના રંગ ઉપર છે, જેની ચામડી સફેદ છે તેને ઉપરનો 'સુધારો' ફેલાવવાનો હક છે—અને તેની ફરજ ગણાય છે. એ તે પેલો 'ગોરા માણ સનો બોજો' ગણાયો. આ સુધારકો માને છે કે જનતમાં ભલે બધા—કાળા ગોરા—પહોંચી શકતા હોય; પણ આ પૃથ્વી તે માત્ર ગોરી ચામડીવાળાનીજ હોવી જોઇએ. અને આવો હક હલકામાં હલકો ગોરો પણ ધરાવતો જોવામાં આવે છે.

અધુરૂ.

સ્વામીજી શંકરાનંદ રીસેપ્શન કમીટી ના સેક્રેટરીઓ લખી જણાવે છે કે સ્વામીજી તા. ૪થી ઓકટોબર ને રવિવાર ના રોજ બપોરના એક વાગે સ્ટીમર કેરીસબ્રુક કેસલમાં વિક્ટોરીયા ડોક આવી પહોંચશે માટે સરવે હીંદુ ભાઇઓ તેઓને લેવા માટે પોઇંટ ઉપર વખતસર જશે એમ વિનંતી કરવામાં આવે છે. આ સ્ટીમર શેડ 'બ' માં ઉભી રહેશે.

ચાલુ વરતમાન

ડરબનમાં કલારક રોડ ઉપરની એક જાપાનીઝ લૉંડરીમાં કામ કરતા કેટલાક હીંદી ધોબીઓ લૉંડરીનું કામ ચાલતું હતું તે ભાગમાં રાતના સુતા હતા તે માટે સેનીટરી ઇન્સ્પેકટરે લૉંડરીના માલીક ને મજીસ્ટ્રેટ પાસે ખડો કરેલ. મજી સ્ટ્રેટ માલીકનો એક પૌંડ દંડ કર્યો હતો.

નાતાલ પાર્લમેંટની મેઠક મયા સોમ વારે પુરી થઇ હતી. હરીથી ફીસેંબરની પાંચમી તારીખે ખુલશે.

મરકયુરીનો ખબરપત્રી જણાવે છે કે ગયા મંગળવારે લોરેન્સોમારકમાં વેપારીની દુકાનોના મુખ્ય લત્તામાં એન્ડામ બધરસ ની દુકાને આગ પહેલી દેખાઇ હતી. આ આગ એકદમ ફેલાઈ ગઇ હતી અને તેની સામેની એક હીંદીની દુકાન સપાટા માં આવી હતી. પાણીની અગવડને લીધે એવું લાગ્યું હતું કે આખી શેરી સળગી જશે અને કાંઇપણ બચવા નહીં પામે. પણ બહુ પવન નહીં હોવાથી આગ અંદર માં રહી ગઇ હતી. ને જગ્યામાં ઘણી એસીઆટીક દુકાનો હોવાથી તે લોકોમાં ઘણી ચીંતા ફેલાઇ હતી.

આ આગથી પૌંડ ૬,૫૦૦ જેટલું નુકસાન થયું છે.

ન્યુકેસલ પાસેની લેનોકસટન વાળી કોલસાની ખાણમાં ગયા જુન માસમાં ૭ હીંદીઓએ મળી એક મીનનનું ખુન કર્યાનો કેસ ચાલતો હતો. જસ્ટીસ કોર્ટે આ કેસનો ઠરાવ ગયા શુક્રવારે સંભળાવ્યો હતો. તેમાંના ચાર, દમુદરમ, દેવરસી, ચતુ, કુચીકોંજીને ફાંસીની સજા અને કુજમુતનને ૧૮ વરસની સખત મજુરીની કેદ તથા નુરમહમદ અને વીલાકુટીને સાત વરસની સખત મજુરીની જેલની સજા ફરમાવી હતી.

મદરાસના નામીચા મી. સુબ્રામનીયા આયરને પકડવામાં આવેલ છે. તેને માટે ડરબનની હીંદ સુધાર સભા તરફથી દીલ સોજનો તાર મોકલવામાં આવ્યો છે.

ગયા રવીવારને રોજ રમજાન માસનો ચાંદ દેખાયો હતો એટલે તે રોજથી પહેલું રોજું ગણવામાં આવે છે

પટેરી ॥ તહેવારપર વોકસરસની જેલમાં મી. પારસી રૂસ્તમજી તથા મી. રાંદેરીયા ને નાતાલ તથા ટ્રાંસવાલથી મુબારક બાદીના તારો મળેલા તે બાબતનો આ પત્રદ્વારા તેઓ તરફથી આભાર માનવા મી. જયસુખ રૂસ્તમજી અમને લખી જણાવે છે

છેલ્લા ગેઝેટમાં હીંદી મજુરોને લગતું નીચેની નોટીસ છપાઇ છે: પ્રેટોરીયસની લખીત પરવાનગી વગર જીરમીટમાં કામ કરતા કોઇ હીંદીને તેનો શેઠ ૧૦થી વધુ દીવસની રજા આપી શકે નહીં. અને હીંદુસ્થાન પાછા જવા, નોકરી શોધવા અથવા લાયસેન્સ કઢાવવા શીવાયનો પાસ પણ આપી શકે નહીં. આ કાયદો તોડ નારને બે પૌંડ સુધીની દંડની સજા થઇ શકશે.

ગયા શુક્રવારે રાતે સી નહામ પોલીસ સ્ટેશનની હદમાં એક હીંદીએ સીરીંગ ઝાડની ડાળીએ દોરીથી લટકાઇ આપઘાત કર્યાના ખબર મળ્યા . આપઘાત કરવાનું કારણ કાંઇ મળી શકયું નથી.

ગયા બુધવારે મયુર હલ્લા નામના એક હીંદી વેપારી ઉપર એક કાફરા પાસેથી એક સોનાની સાંકળી નવ પેનીમાં વેચાતી રાખવાનો કેસ ડરબન મજીસ્ટ્રેટની કોરટ માં ચાલ્યો હતો. આ કેસની વધુ તપાસ શુક્રવાર ઉપર મુલતવી રહી હતી.

ડરબન પ્રોવીનશીઅલ મોસ્લીમ લીગની પહેલી સભા ગઇ તા. ૧૨ ઓગસ્ટના રોજ પુનાખાતે મોલવી રફુદીનના પ્રમુખ પણા નીચે મળી હતી. જે વખતે જુદા જુદા ભાગમાંથી ઘણા ડેલીગેટો હાજર હતા. આ લીગના બંધારણ પ્રમુખ તરીકે ના૦ આગાખાન નીમાયા છે. આ લીગની બેઠકમાં તેવણ સાહેબ હાજર નહિ રહી શકવાથી તેમણે પોતાનું ભાષણ લખીત મોકલ્યું હતું જે મોલવી રફુદીને સભા સન્મુખ વાંચી બતાવ્યું હતું. આ પરિ પદમાં ઉરદુ ભાષાને ઉતેજન આપવાનો એક ઠરાવ પાસ થયો હતો.

નાતાલ ઇંડિયન કોંગ્રેસના ઉધરાણા માટે ધી ગ્રેંડ થીએટરીકલ કુંપની તરફ થી ડાર્યે હજરતનો ખેલ આવતા શની વારે તા. ૧૦મીને રોજ થવાનો છે. ખેલ બપાસ થતાં મી. દાઉદ મહમદ વગેરે ગુસરખોનો કેસ તથા કેદીની રવીતીમાં પથર ફોડવા વગેરેનું આખેકુબ કારસ બજવવામાં આવશે.

છેલ્લા ખબરો

જોહાન્સબરગ, ગુરૂવાર

મી મુસામીંયા (મી. ઇ. ઓસોસીએ શનના માજી પ્રમુખ મી. ઇસપ મીયાંના ભાઇ) તથા બીજા ૭૯ હીંદી જે નવરનર સ્ટીમરમાંથી ડેલાગોઆમે ઉતર્યા હતા તેઓને કમાટી પોરટ આવતાં પકડવા છે. તેઓએ અંગુઠા આપવાની ના પાડી છે. તેથી તેમને જારબરટન લઇ ગયા છે. તેમને સારૂ મી. પોલાક જારબરટન તરફ રવાના થયા છે. જુસ્સો પુષ્કળ છે. પણ તારો હીંમત રાખવાના મી. મુસા મીંયાને મોકલવામાં આવ્યા છે કે બીલકુલ અંગુઠે નહીં આપતાં જેલમાં જાય.

જારબરટન, શુક્રવાર

હીંદુસ્તાનથી જે ઉતારૂ આવ્યા છે તેણે કેલોની બહારથી નવા કાયદા મુજબ રજી સ્ટરની અરજી નહીં કરી તેટલા માટે આ ઉતારૂઓમાંના ૫૮ હીંદીને પ્રોહીબીટેડ ઇમીગ્રંટ તરીકે અહીંની કોરટમાં આજે ખડા કરવામાં આવ્યા છે. આ પટમાં મી. મુસા મીંયા પણ સામેલ છે. બચાવ તરફથી મી. પોલાક છે. બચાવે જાહેર કરયું કે અમે ગુન્હો કર્યો નથી. પટ જગ્યા પાસે પરગીટ હતી. આ બધાને દરેકને બે માસ સાદી જેલની અથવા ૨૫ પૌંડના દંડની સજા થઇ છે અને ત્યારબાદ હદપાર કરવાનો હુકમ મળ્યો છે. બધા જેલમાં ગયા છે.

જોહાન્સબરગ, શુક્રવાર

રટર જણાવે છે કે રજીસ્ટરની ઓફીસ વેન બરેંડીસરકેવરમાં ખુલી છે. પીકેટોબરા બરકરે છે. કોઇ રજીસ્ટર કઢાવવા ગયું નથી.

છપાઈ બહાર પડયા છે.

મહાત્માશ્રી તુલસીદાસજીકૃત

રામાયણ સાર.

બાલકાંડ.

કિંમત ૦—૧—૦ પોસ્ટેજ ૦—૦—૧

ટ્રાંસવાલનો સુધારેલો કાયદો.

કિંમત ૦—૦—૩ પોસ્ટેજ ૦॥ પેની.

નીતિ ધર્મ અથવા ધર્મ નીતિ.

કિંમત ૦—૦—૬ પોસ્ટેજ ૧ પેની.

ડરબનમાં ટ્રાંસવાલ વિષે હિલચાલ

મા. ગાંધીનો ડરબનમાં હાજરી

નાતાલ ઇન્ડિઅન કોંગ્રેસની મીટીંગ

(ઇ. ઓ. માટે ખાસ રીપોર્ટ)

ગયા શનિવારે તા. ૨૬મી સપ્ટેમ્બરને રોજ મી. ગાંધી જોહાન્સબરગથી આવની બપોરની ગાડીમાં ડરબન આવી પહોંચ્યા હતા. કોંગ્રેસના સેક્રેટરી મી. દાદા ઓસમાને બપોરે ૩ વાગે મીટીંગ બોલાવવાની સગવડ કરી રાખી હતી તે મુજબ કોંગ્રેસ હોલમાં વખતસર માણસો જમા થવા મંડયા હતા. લગભગ બધા આગેવાનો જોવામાં આવતા હતા. હૉલ માણસોથી ભરપુર થઇ ગયો હતો. આવનારાઓની સંખ્યા ૬૦૦થી ૧૦૦૦ની થઇ હશે. બરાબર વાગે કામ શરૂ થયું હતું. એકટીંગ ચેરમેન મી. અબદુલ કાદરે હું કેટલીસથી હાજર થવા માટે હાજરીનનો ઉપકાર માન્યો અને ટ્રાંસવાલની હાલત સબંધી મી. ગાંધીના સમાચારની ધીરજથી સાંભળવા વિનંતિ કરી

મી. ગાંધીએ કહ્યું કે નવા કાયદાને વડી સરકારની મંજુરી મળ્યા પછી મી રમટસની સુચનાથી મી હૉસ્કેન સમાધાનીની વાતચીત કરવા આવેલ પણ આપણી માગણી તેની તેજ હોવાથી તે નિષ્ફળ નીવડી. ટ્રાંસવાલના હીંદીઓએ આથી હાલ આગળ ચલાવવાનું નક્કી કરેલું છે. રજીસ્ટ્રેશન ઓફીસ તથા સસ્પેન્સીંગ ઓફીસે તપાસ રાખવા પીકેટો નીમાઇ ગયા છે. હવે નાતાલ શું બજારે મદદ કરે છે તે જોવાનું રહેલું છે મી દાઉદ મહમદ વિગેરે એ જેલમાં જઇ કોમની અસીમ સેવા બજાવી છે. તેઓના સંદેશા બહુ ઉત્સાહ ભર્યા છે. આપણને લાગ્યું છે કે તેમને બને તેટલી ઝડપથી આપણે છોડાવીએ. તેમને જેલ ભોગવ્યા પછી આપણે બેસી રહેવું ન જોઇએ. અહીંથી તમોએ તેમને બાદશાહી માન આપી મોકલ્યા છે. હવે તન, મન, ધનથી મદદ કરી તે માન ખરૂ સાબિત કરવું તે બતાવી દેવું ઘટે છે. તેઓએ ટ્રાંસવાલમાં આવી ઘણું કામ કરવું, અને બહુ સહન પણ કરવું છે. આપણે એક મત થઇ કામ કરશું તો ૨૪ કલાકમાં સમાધાની થાય અને કેદમાં ગએલા છુટે એમ છે. આપણામાં કેટલીક મુદથી આપણને વધારે દુઃખ સહન કરવું પડે છે પણ તેથી હીંમત હારવાનું નથી. આપણે જેટલું જોર કરશું તેટલી વધારે જીત મેળવશું. જનરલ સ્મટસે સમાધાની વખતે જે શરતો કરેલી તેમાં દગો દીધો તેથી આપણે લડત ચાલુ રાખવી પડી છે. હવેની લડત ટ્રાંસવાલના હીંદીનીજ નહિ પણ આખી કોમની કહેવાય. માત્ર ચામડીના રંગ દ્વેષને માટે જે અંકુશ મુકાય તે દૂર કરવા આપણે કબુલ નજ કરીએ. આજ લડતનો મદાર છે. આપણા બાજુની પણાને લઇને ટ્રાંસવાલના બાબાઓ આપણી તરફેણમાં બોલવા મંડી ગયા છે અને સારાની બુલ બોઅ થકવા છે. આપણી હવેની લડત એવી બારીક છે કે કદાચ બાબાઓ આપણો પક્ષ છોડી દીએ એટલુજ નહિ, પણ જે ગોરાઓ મદદ કરે છે તે પણ આપણને નજ દે તોપણ આપણે આ સત્યની લડતને પકડીજ રહેવાનું છે. આપણે જોયું છે કે શરૂઆતમાં જેલ જવાનો વખત આવતાં લંડનની કમીટીએ પણ આપણને ભડકામણ કરી હતી કે આપણે જેલમાં જવાની વાત છોડી દેવી. પણ આપણે અડગ રહી તેની દરકાર ના કરી અને તેને પુરી સમજ પાડી તેથી તે આપણને બનાવી રહી. તેમજ હાલ આપણને ઘણી તરફથી મદદ મળતી કદાચ બંધ થાય તોપણ જો આપણે મકમ રહીશું તો આપણું ટેકે તેઓને આપણી તરફ બોલ્યા વિના નહિ રહે. (તાળીઓ) હવેની લડત ટ્રાંસવાલની સરકાર સામેજ નથી પણ વડી સરકાર સામે પણ છે કારણ તેણે ઇમીગ્રેશન રીસ્ટ્રીકશન કાયદામાં સહી કરી તે બધા નવા હીંદીને બંધ કરવાનું સમજીને કરી છે. વડી સરકારના આ પગલા સામે હવેની લડત ગણી શકાય, આપણે બતાવી આપવાનું છે કે હીંદી માટેના કાયદામાં હીંદીઓજ સહી કરશે ત્યારે તે ખરા કાયદા કહેવાશે (તાળીઓ) પણ કરી બતાવવાનું જોર આપણામાં હોવું જોઇએ. એટલું જોર બતાવીએ તો માગ્યું મળે અને જેલમાં આગેવાનો ગયા તે તરતજ છુટે તેમાં જરાએ શંકા નથી. ત્યારે હવે જેઓ ટ્રાંસવાલમાં જઇ શકે તેમણે તુરત તપાર થવું. તેમને હું બધ જવાબદાર આવ્યો છું. તેઓની સાથે જઇ મારે તેમને છોડવવા માટે બચાવ કરવાનો નથા પણ બરી હકીકત કહી જેલમાંજ મોકલવાના છે. ઘણા માણસોના જેલ ગયા વિના છુટકારો નથી. જેઓ પાસે પાછી પરમીટ છે, જેઓની પાસે ડયતા વખતનાં ખરાં રજીસ્ટર છે, અથવા જેઓની પાસે કોઇ ફાગણીઆ ન હોય છતાં લડાઇ પહેલાં ટ્રાંસવાલમાં રહેલ છે, અને જેઓ કેળવાએલા છે તેઓ બધા ટ્રાંસવાલમાં આવી લડતમાં ભાગ લઇ શકે છે. આવા ૩૦૦ માણસ તપ થાર થવા જોઇએ. કેળવાએલાઓને ખાસ ધ્યાનમાં રાખવાનું છે કે તેઓ પોતાના અંગત હક માટે નહિ પણ કોમની આબરૂ માટે આવે છે કેળવાએલાને આવવા દેવાનો કાયદો આપણે કરાવવા માગીએ છીએ. તેના અમલ સામે આપણે વાંધો નથી. કાયદાનો અમલ સખતાઇથી થાય તે નાબુદ કરવામાં મુશ્કીલત આવતી નથી. કાયદાઓને નાબુદ કરવામાં ઘણી મુશ્કીલત નડે છે. તે આપણે જોઇ શકયા છીએ. ૧૮૮૫નો ટ્રાંસવાલનો કાયદો નાબુદ કરાવતાં આપણને ઘણી મહેનત પડશે. તેટલું જોર હજુ આપણામાં નથી આવ્યું. હજી આમાં રીવાજ એવો છે કે જે કાયદા થાય તે કાયદા કોમ કબુલ કરે તોજ તે અમલમાં આવે. તે પછી આપણે માટે રસ્તો ખુલ્લો છે હવે ફરી મેં ઉપર કહ્યા તેવા માણસોને ટ્રાંસવાલ લાઇ જવા હું મ મણી કરૂં છું. જે આગેવાનો આવી શકે તેમ છે તથા જેને માટે લડત લેવાઇ છે તેવા ડોકટરો, બેરીસ્ટરો આવે તો હીંદ ના ધન્યભાગ્ય સમજવા જોઇએ. તે ઉપરાંત દેશથી આવતી સ્ટીમરોના મારફે જરૂરી ટ્રાંસવાલ જાય ત્યારે આણુટો ન આવે તથા કાયદા નીચે ન બનવું જોઇએ તથા સત્યા માટે પીકેટો નીમાઇ જવા જોઇએ. આમ કરશું તોજ આપણે જે લીડરો જેલમાં ગયા છે તેને તુરત છોડાવવામાં કૃતેહમાદ થઇશું. વિગેરે.

મી. દાદા ઓસમાને જેને શંકા હોય તેને સવાલ પૂછી શંકાનું નિરાકરણ કરવા કહ્યું/તથા જેઓ જઇ શકે છે તેઓએ જઇને અને આફ્રીકાએ ઉધરાણામાં મદદ કરીને મદદ દેવા તૈયાર થઇ જવું જોઇએ.

ત્યારબાદ મી. હાજમ લુમાએ વિદા થઇ સવાલો પુછ્યા કે:—દાઉદ શેઠ વગેરેને મી. ગાંધીએ શું વીચાર કરી બોલાવ્યા છે તે સમજાતું નથી. લંડન કમીટીનો ખરચો હાલ કેટલો થાય છે તે જાણવું જોઇએ. વળી તેઓએ એવો વીચાર બતાવ્યો કે જેલમાં ગયેલા આગેવાનોને છોડવવાનો ઉપાય કેમ, નાતાલ તથા ટ્રાંસવાલમાંથી

જેમણે આગેવાનોનું ડેપ્યુટેશન વીગતવાર જવાથી તુરત થશે.

મી. ગાંધીએ જવાબ આપ્યો કે સમય બારીક આવ્યો જાણી નાતાલની મદદની જરૂર લાગી અને તે વખતેજ ડરબનમાં હાજીદ શેઠ, રુસ્તમજી શેઠ વગેરેને મેં આવવા માટે તાર કર્યો. આ તારને માન આપી તે સાહેબો ચોવીસ કલાકમાં અહીંથી નીકળી પડ્યા. તમોએ તેને બાદશાહી માન આપી વળાવ્યા. સહુ સાહેબો જાણે છે કે તેઓના આવ્યા પછીજ સરકારે અમલત શરૂ કરી, અને હાલ જે થયું સુધારા વાળો નવો કાયદો પસાર થયો તે ઘડાયો. ડેપ્યુટેશનથી કાંઇ વળવાનું નથી. આપણે હવે પુરેપુરૂં સમજી ગયા છીએ કે ઉપાય હવે આપણાજ હાથમાં છે. અને તે જેલ ભરવી તેજ છે. હવે જો જીત મળવામાં કાંઇ ખામી આવશે તો તેનો દોષ આપણાજ હાથમાં છે. સત્યાગ્રહ ના બળની સહુ કોઇને ખાત્રી થઇ ગઇ છે. છેવટે એટલુંજ કે હું કહી ગયો તેવા હીંદી ભાઇઓ ટ્રાંસવાલમાં ટોળા બંધ મારી સાથે આવે તો તુરત છુટ થાય તેમાં કાંઇ શક નથી. કમીટીના ખરચનો જવાબ આપતાં કહ્યું કે હાલમાં મી. રીચની સ્થીતી એવી છે કે તેમનુ બધું ખરચ આપણે આપવું પડે છે. તે પોતાનો બધો વખત આજ કામમાં રોકે છે. આથી પા. ૧૦નુ દર માસે ખરચ થાય છે. કમીટી કેવું કામ કરે છે તથા તે કેટલી અગત્યની છે તે દરેક હીંદી જાણે છે એટલે ઉપર કહ્યા પ્રમાણે ખરચ થતાં પણ આપણે નીભાવવી જોઇએ. એમ મારૂ માનવું છે. આ પછી મેસરસ દાદા ઓસમાન, હરમાયલ ગોરા, અબદુલ્લા હાજી આદમ તથા બીજા તાલેવંતસીહે મી. હાસમ જુમાના સવાલને વધેાડી કાઢયો અને કહ્યું કે અત્યારે માણસોનાં મન ઢીલાં પાડવા જેવું બોલવાનો વખત નથી. જેલ ભરવી તેજ ઉપાય છે. તે ઉપાયની આતરી વારંવાર થઇ ચુકી છે. માટે જેટલા બને તેટલાએ મી. ગાંધીની સાથે ટ્રાંસવાલમાં દાખલ થવું. મી. સંઘવીએ કહ્યું કે જેટલા જશે તેટલાએ, જેને મદદ કરવાની છે અને બાકીના ઉઘરાણામાં ભરીને મદદ કરી શકે છે. મી. ઓધવ કાનજી તથા મી. એમ. એસ. ટીમોલે પોતાના નામ નોંધાવી બીજાઓને તેમજ કરવા શુર ચઢાવ્યું. મી. દાદા ઓસમાને તુરત નામ નોંધાવવા હાજરીનને વિનંતી કરી, તથા મેસરસ મહમદ બજરાંગીમ, ઓધવ કાનજી, અબદુલ્લા હાજી આદમ, હરમાયલ દાદા ભાઇ ટીમોલ, ભાણા પરશોતમ, મુનશી મોગરારીમા વગેરે જે જે સાહેબોએ ઉઘરાણામાં મદદ કરી તેમનો આભાર માન્યો હતો. છેવટે ચેરમેને ઉભા થઇ કહ્યું કે આગેવાનોને ઝેાડાવવા માટે તો જેલ ભરવી તેજ ઉપાય છે. ડેપ્યુટેશન લઇ જવાથી બહુ ખરચો થતાં કંઇ વળે તેમ નથી માટે હીંદી ભાઇઓને મી. ગાંધી સાથે જવા બહાર પડવા બલામણ કરી. ત્યારબાદ છ વાગે સભા બરખાસ્ત થઇ હતી.

ટ્રાંસવાલમાં હક પુરવક જઇ શકે તેવા માણસોને તપાસ કરવા માટે મેસરસ મહમદ બજરાંગીમ, હરમાયલ દાદાભાઇ, એમ. એસ. ટીમોલ તથા એમ એમ. દીવાન ડરબનમાં સારી મહેનત કરી રહ્યા છે.

મોરીસમાં ગોરમીટીઆ ઉપર જુલમ

હીંદુસ્થાનના કેટલાક છાપામાં બીન્દરા બનની સહીનો એક કાગળ છપાયો છે. તેમાં મોરીસીઅસ બાતે હીંદી ઉપરના જુલમનુ વરણન લખવામાં આવ્યુ છે. આ કાગળમા લખે છે કે હીંદુસ્તાનથી મોટી મોટી લાલચો આપી અવળુ સવળુ સમજાવી મોરીશીઅસ ટાપુમાં હીંદીઓને મજૂરી માટે લઇ જાય છે. આ લોકોને શેરડીના ખેતરોવાળા ગેરા ખરીદી લીએ છે અને તેઓની પાસે ગુલામના જેવું નરક ઉપાડવાનું તથા નરક ખુડવાનું કામ કરાવે છે. અને તે કામ પણ જાતકારીને લે છે. તેઓના ઉપર ઘણી કરતાથી બહુ માર પડે છે. કેટલાક હીંદીઓ જુલમના ત્રાસથી શેરડીના વિશાળ ખેત રોમાં માસોના માસ સુધી સંતાઇ રહે છે અને શેરડી ચૂસી જીવે છે. કસાઇ પડેલા કમનશીબો છુટવા માગે તો છુટી શકતા નથી. એટલે દુઃખમાંથી છુટવાને કેટલાક તો આપઘાત કરે છે. મોરીશીઅસની કેદમાં તેમને માંસનો ખોરાક આપે છે.

ત્યાં બીલકુલ સ્વતંત્રતા જેવી નહીં. પગાર આપવાનું વચન આપવામાં આવે છે તેમાંથી એક કોડી પણ નથી આપતા અને હીંદુસ્તાનના લોકો બેંકે પત્રવ્યવહાર ચલાવવા દેવામાં આવતો નથી. ત્યાંનો કલેક્ટર એક અંગ્રેજ છે. તે અંગ્રેજ સરકારના પ્રતિનીધિ રૂપ છે. કુલીઓને જેલમાં મોકલવાની તેને સત્તા છે. તેને ટુંકારે કહે છે. બારે તેના સાથે એક વખત વાતચીત થઇ હતી. "હું હીંદુ

સ્તાનમાં હીંદુ મુસલમાન ખેડુનો નરક ઉંચકી જાય છે! અને કોણ હીંદુ આવું સહન કરી શકે? અમને લાવતાં પહેલાં કહેવું જોઇતું હતું કે અમારે આવું નીચ કામ કરવાનું છે. અમારાં નામ નોંધતી વખતે અમને એમ કહેવામાં આવ્યું હતું કે અમારે ખેતીવાડીનું કામ કરવાનું છે." તેના જવાબમાં મને ગાળો આપી ધક્કો મારી હડસેલી મુકયો હતો. મારા પેતા ઉપર પીત્તાની વાત હવે કહું છું. પ્રથમ મને નરક ઉચકવાનું કામ સોંપવા માં આવ્યું પણ તે કરવાની મેં ના પાડી જેથી એક ફ્રેંચ ખેડુતે મને એટલો માર્યો કે માર શરીર ઉપર પાડાં પડ્યાં જેના ડાઘા હજીપણ મારા શરીર ઉપર છે. મેં કહ્યું કે હું આ કામ કરું તેના કરતાં હું મરી જાઉં એ સારૂં છે. મને કહેવામાં આવ્યું કે મારા બધા હીંદુ ભાઇ ઓએ તે કામ કરવું તો મારે શા માટે ના પાડવી જોઇએ. મેં કહ્યું એકાદ બે મહીના મને બીજા કામ ઉપર મુકો આ પ્રમાણે અગ્રહ કરવાથી બાંડ સ્વચ્છ કરવાના કામ ઉપર મને મુકયો. આ ટાપુ અંગ્રેજ સરકારને કબજે છે અને ત્યાં એક હીંદી રેજીમેંટ રહે છે. તે લશ્કરી રેજીમેંટનો એક હીંદુ અમલદારને મેં મારા દુઃખની વાત કહી જેણે મારા ઉપર દયા લાવી દીલસેજ બતાવી અને દુઃખમાંથી છોડવવાને મદદ કરવાનું વચન આપ્યું. તેણે મારા સગાને કાગળ લખ્યો અને તે દ્વારા તે નરક સ્થાનમાંથી મારો છુટકારો થયો.

જેઓનાં વહાલાં માણસો તે ટાપુમાં હોય તેમણે તેમની જીંદગીની આશા છોડવી કારણ કે ગમે તો તેઓ મરી ગયા હોય અથવા તેમને પાછા ફરવું તદન અશક્ય હોય.

હું તે કંપનીની સામે દાવો માંડવા બરદો રાખું છું આ બાબત મને કાયદાની સલાહ આપવાની ભલાઇ કોઇ ગૃહસ્થ દેખાડશે?

ડરબન ઝેંડીચન હોસ્પીટલમાં એક હીંદી કામ કરનારને પોતાના શેઠના કહેવા મુજબ કામે નહી ચડવાથી, ગયા સોમવારે મેજીસ્ટ્રેટ પાસે ખડો કરવામાં આવ્યો હતો. ગુન્હેગારે ખુલાસામાં જણાવ્યું કે મને ખાવાના કલાકમાં કામ સોંપવામાં આવ્યું હતું. મેજીસ્ટ્રેટે ૭ દીવસની સખત મજુરીની જેલની સજા કરી

ટ્રાંસવાલના નવા કાયદા મુજબ ના ધારા

૧ આ કલમમાં જુદી જુદી વ્યાખ્યા આપી છે.

૨ એશીઆટીકનું રજીસ્ટર પહેલા ટાંચણ મુજબ રાખવું.

૩ રજીસ્ટ્રેશનની અરજી બીજા ટાંચણ મુજબ કરવી.

૪ (અ) ૧૯૦૮ના સપ્ટેંબરની ૨૧ મી તારીખે જે કોઇ એશિયાટીક ટ્રાંસવાલનો રહીશ ગણાતો હોય તેણે રજીસ્ટર કઢાવવું હોય તો તેણે કોલોનીઅલ સેક્રેટરી મુકરર કરે તે માણસ પાસે ગેજેટમાં બહાર પાડેલી તારીખ સુધીમાં હાજર થવું અને અરજી કરવાના ફોરમમાં માગેલી વિગતો પુરી પાડવી. તેમાં રજીસ્ટરાર બધાં આંગળાંને બદલે સહી અને અંગુઠાની છાપ અથવા એકલી અંગુઠાની છાપ કબુલ કરી શકે છે. અરજી કરનાર માણસે કોલોનીઅલ સેક્રેટરીએ મુકરર કરેલ અમલદારને નીચેની વિગતો પુરી પાડવી.

(૧) ૧૯૦૨ના પીસ પ્રીઝરવેશન કાયદા મુજબની પરમીટ,

(૨) ૧૮૮૫ના ૩ નંબરના કાયદા મુજબનું રજીસ્ટર અથવા તે કાયદામાં જણાવેલી ફી આપ્યા ની રસીટ,

(૩) રજીસ્ટરની અરજીના ટેકામાં બીજું જે કાંઇ દસ્તાવેજ તેની પાસે હોય તે,

(૪) જો તેને કોઇ દીકરો હોય અથવા તો કોઇ બીજાની ઉમરના છોકરાનો વાલી હોય અને જો તે બાળક કે છોકરાના નામની તેના રજીસ્ટરમાં નોંધ લેવરાવવા માગતો હોય તો તેને લગતો જે કાંઇ દસ્તાવેજ પુરાવો હોય તે અને તેનું નામ તેની ઉમર, જન્મભૂમી, જો ટ્રાંસવાલની બહાર જન્મેલ હોય તો ટ્રાંસવાલમાં દાખલ થયાની તારીખ અને તેની સાથે નાં સગાંઇ.

(બ) જે કોઇ ટ્રાંસવાલનો રહિવાસી એશિયાટીક રહીશ ૧૯૦૮ ના સપ્ટેંબરની ૨૧ તારીખે ટ્રાંસવાલની બહાર દક્ષિણ આફ્રીકાના બીજા ભાગમાં હોય તો તેણે રજીસ્ટરારને કાગળ લખી અરજીનું ફોરમ મંગાવવું. આ ફોરમ ભરી આ કલમના અ વિભાગની પેટા કલમ ૧, ૨, ૩ અને ૪માં જણાવેલ જે કાંઇ દસ્તાવેજ તેની પાસે હોય તે મોકલવા.

(ક) ૧૯૦૮ના સપ્ટેંબરની ૨૧ મી તારીખે ૧૬ વરસની અંદરની ઉમર નો જે કોઇ એશિયાટીક ટ્રાંસવાલમાં રહેતો હોય તેણે ૧૬ વરસની ઉપર પહોંચ્યા પછી એક માસની અંદર અરજી કરવી અને તે જો ટ્રાંસવાલની બહાર દક્ષિણ આફ્રિકાના બીજા ભાગમાં હોય તો ઉપલી ૪ પેટા કલમ મુજબ અરજી કરવી.

૫ રજીસ્ટરનું સરટીફીકેટ પાંચમા ટાંચણ મુજબ આપવું.

૬ અરજી મુજબ રજીસ્ટરેશન થયું હોય ત્યાં સુધી પરમીટ વગેરે જે કાંઇ કાગળો રજીસ્ટરારને આપવામાં આવ્યા હશે તે રજીસ્ટરાર પોતાની પાસે રાખી શકે છે. અને રજીસ્ટરારને કાંઇ ફેરો માલુમ પડશે તો તે દસ્તાવેજો પોતાની પાસે રાખી તપાસ કરી શકે છે.

૭ અરજી લેવા જે માણસને નીમવા માં આવે તેણે અરજદાર ને અરજની અને તેના ટેકામાં આપેલા દસ્તાવેજની પહોંચ આપવી. અને તે અરજી તથા દસ્તાવેજ રજીસ્ટરારને મોકલવાં.

૮ જો કાયદાની કડી કલમની પેટા કલમ (૧)માં જણાવ્યા મુજબ રજીસ્ટરાર કોઇ એશીઆટીકની અરજી રદ કરે તો તેણે અરજદારને સાથેના ૪થા નંબરના ટાંચણમાં જણાવ્યા મુજબ અરજી રદ કર્યા ની નોટીસ મોકલવી.

૯ દરેક એશિયાટીકે તેની પાસે માગવામાં આવે ત્યારે ગોરા પોલીસ અથવા અમલદારને તેનું પોતાનું રજીસ્ટર બતાવવું અને માગે તો નીચેની વીગતો આપવી.

(૧) તેનું આખું નામ.

(૨) તેનું તે વખતનું ઠેકાણું.

(૩) અ તે જો રજીસ્ટર બતાવે તો તેની સહી અને તેના અંગુઠા ની છાપ, અથવા ૪ જો તે રજીસ્ટ્રેશન સરટીફીકેટ ન બતાવી શકે તો તેની સહી અને અંગુઠા તથા આંગળાની છાપ.

૧૦ જેનું સરટીફીકેટ ખોવાઇ ગયું હોય અને તે ફરીથી નવું સરટીફીકેટ કઢાવવાની અરજી કરે તો તેણે નીચેની હકીકત રજુ કરવી.

(૧) ખોવાઇ ગએલ રજીસ્ટરનો નંબર

(૨) તેનું આખું નામ

(૩) તેનું તે વખતનું ઠેકાણું અને રજીસ્ટરાર અથવા સત્તાવાર બીજા મુકરર કરેલ માણસની સમક્ષ

(૪) રજીસ્ટરની મહેલી વખતે અરજી કરી તે વખતે એળખાણની જે તેણે નીશાની આપી હોય તે.

(૫) ખોવાએલું સરટીફીકેટ તેનું પોતાનું હતું તથા ૧૯૦૭ ના ઇમીગ્રંટસ રજીસ્ટ્રેશન કાયદાની રૂએ તેને ટ્રેસપાર કરવામાં નથી આવેલ એવું સોગનનામું.

જો નવા સરટીફીકેટ ઉપર ઓળખાણ ના સાધન અરથે સહી, અંગુઠાની છાપ, કે આંગળાની છાપ જે આગળ આપ્યાં હોય તે ન આપે તો તેને ફરીથી નવું સર ટીફીકેટ નહિ મળી શકે.

૧૧ વેપારીની કે બીજી કાંઇ બાબસે-સ લેતી વેળા અરજદારે જમાદાર આગળ પોતાનું રજીસ્ટર રજુ કરવું અને તે ઉપ રાંત કોલોનીઅલ સેક્રેટરીએ એશીઆટીક કાયદાની ૧૪ કલમની પેટા કલમ (૧)માં જણાવ્યા મુજબ જે ઓળખાણ માગવાનું ઠરાવ્યું હોય તે.

૧૨ મુદતની પરમીટની અરજી બીજા ટાંચણમાં બતાવેલ ફોરમ મુજબ કરવી.

૧૩ આ ધારાની કલમ મુજબ જે કોઇ નહિ વરતશે તેને ૧૦૦ પોંડ સુધીનો દંડ, અને દંડ નહિ આપે તો સખત મજુરી ની અથવા સાદી ત્રણ મહિના સુધીની જેલની સજા થઇ શકશે.

ટાંચણ પહેલું એશિયાટીકનું રજીસ્ટર કેવી રીતનું રાખવું તે છે. તેમાં માગેલી વિગત આ મુજબ છેઃ રજીસ્ટ્રેશન સરટી ફીકેટ નંબર, નામ જાત, નાત કે શાખા, ટ્રાંસવાલમાં જે તેના સમાં રહેતાં હોય તેની વિગતઃ તેમાં તેની ઓરતનું નામ, ૧૬ વરસની અંદરની ઉમરનો દીકરો અથવા તેના રક્ષણ તળે બીજું કોઇ હોય તો તેનું નામ ઉમર તથા સગાઇ.

ટાંચણ બીજું રજીસ્ટરની અરજીનું ફોરમ કેવી રીતનું રાખવું તે છે. તેમાં માગેલી વિગત આ મુજબ છેઃ આખું નામ, કોમ, જાત કે શાખા, ઉમર, ઉંચાઇ, રહેઠાણ, ધંધો, શરીર ની નીશાની, જન્મ દેશ, ટ્રાંસવાલમાં પહેલાં આવ્યાની તારીખ, ટ્રાંસવાલમાં પેલી વખત આવ્યા ની તારીખ ૧૯૦૨ના મેની ૩૧મી તારીખે ક્યાં હતો, બાપનું નામ, ઓરતનું નામ, તે ક્યાં રહે છે, અરજદાર ૧૯૦૭ ના ઇમીગ્રંટ રીસ્ટ

રીકરાન કાયદાની કલમ પાંચ કે છ મુજબ દેશપર કરવામાં આવેલ છે કે કેમ ?

૧૬ વરસની અંદરની ઉમરનો દીકરો અથવા બીજો કોઇ વોરડ હોય તેનું નામ, ઉમર, રહેઠાણ, વાલીની સગાઇ, અરજદાર ની સહી, અરજી લેનારની સહી, તારીખ અને ગામ.

અરજીના ફોરમની પછવાડેના ભાગમાં નામ, જમણા અને ડાબા હાથના આંગળા ની છુટી છુટી અને બધી બેળી છાપ, આપ લેનારનું નામ અને તારીખ.

ટાંચણ ત્રીજુ અરજી કર્યાની પહોંચનુ ફોરમ છે, તેમાં અરજીના દેકામાં આવેલ દસ્તાવેજ વીગેરેની નોંધ લેવામાં આવશે.

ટાંચણ ચોથું અરજી નામંજુર રાખવામાં આવી હોય તેની નોટીસનુ ફોરમ છે.

ટાંચણ પાંચમું રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ રદ્દ કરવાનું રાખ્યું તેનું ફોરમ છે. તેમાં લખેલી વિગત આ મુજબ છે. આખુ નામ, જાત, ઉમર, ઉંચાઇ, શરીરનુ વરણન, રજીસ્ટરારની સહી, સર્ટીફીકેટ આપ્યાની તારીખ, સર્ટીફીકેટ કઢાવનારની સહી, તેના જમણા અંગુઠાની છાપ, તેની ઓર તનું નામ, તેનું રહેઠાણ.

૧૬ વરસની અંદરની ઉમરનો દીકરો કે વોરડ હોય તેના નામ, ઉમર, રહેઠાણ ને સગાઇ.

આ સરટીફીકેટમાં રજીસ્ટરારે સિવાય બીજા કોઇએ કાંઇ લખવાનું કે કોઇ રીતે ચેડવા જુદવાનું નથી.

બીજુ ટાંચણ ગવરનર કિંગ કાઉન્સીલે મુકરર કરેલી પરમીટ કેવા રીતની આપવી તેનુ ફોરમ છે. તેમાં માગેલી વિગત આ મુજબ છે: જાત, નાત કે શાખા, જન્મદેશ, ઉમર, ઉંચાઇ, રહેઠાણ, ટરાંસવાલમાં કયા ગામમાં જવુ છે. શરીરનુ વરણન. કઢાવનારની સહી, તારીખ, અને કોલોનીઅલ સેક્રેટરીની સહી.

નવા કાયદા સંબંધી નોટીસ

નવા કાયદાની રૂએ રજીસ્ટર લેવાની નોટીસ બહાર પડી છે તે નીચે મુજબ છે. ૧૯૦૮ના સપ્ટેમ્બરની ૨૨ તારીખે ટરાંસવાલનો જે ઓફિશ્યલ રહીશ રજીસ્ટર રીતાનો હોય તેણે ૧૯૦૮ની તા. ૧ અકટોબરથી ૩૦ નવેમ્બર સુધીમાં અરજી કરવી. આ અરજી અકટોબર માસમાં જોહાનસબરગમાં વેન ચેન્ડીસમાં આવેલી સર કારી ઓફીસમાં થઇ શકશે અને નવેમ્બર માં પ્રીટોરીઆમાં નેશનલ બેંકવાળા મકાનમાં રજીસ્ટરારની ઓફીસે કરી શકાશે.

નાતાલના હોરા જેલમાં ગયા તે વિષેની કવિતા

[ઇ.ઓ. માટે ખાસ લખનાર શેખ મહેતાબ]

લાવણી

(રાજ કો જેલ મહેલમાં જાય દીનતા હીરા)

મુસલમાન પારસી હીંદુ જેલકે અંદર
કરદાહ મીસાલે ફોડે સડકપર પથ્થર
સુન સીતમ કલેજેપર ચલતે હાથ નશ્તર
ઝલે કરો જુલમ હાજર દય દકકા રજા પર
દામ મરીજાં કહેરે ખુદા ટ્રાંસવાલ ઉપર
મુસલમાન.

નાતાલ ઇંડિઅન કોંગ્રેસકા પીંજરા ખાલી
દાઉદ મહમદ ચેરમેનકા બેડીયાં ડાલી
શરીરતાચા જોડ દો ચાર ઘોડોંકી ગાડી
આમ પુપુ ખાનેકી ઉસકા જેલમેં બારી
કુલ તજા ઐયશો આરામ કૈસકે ખાતર
મુસલમાન.

પીરીમેં ગયા ઝીંદામેં મુગુરે શાની
કયા સખ્ત કામ લેતી સરકાર દીવાની
આસાર નજર આવે કમામતકા નીશાની
દે અય સ્મટસ કયું કરતા દય નાદની
નહીં દુગા કાસીકા સગા કલામ દય નાદર
મુસલમાન.

નાજોંકા પાલા હુવા હુસેન કુરજંદયા
વોહ અય વિલાયત કરને નામ પીદરકા
યા જખ્મ જુદાઇકા તાજા સખ્તે જીગરકા
આ પડા કબરકા ઓજ સ્મટસ સીતમગરકા
છોડ મહેલ, મહેલકા ગયા જેલમેં ચલકર
મુસલમાન.

સેક્રેટરી એમ.સી આંજલીયા સાયદુય કયના
કાસમનકા જેલમે ઉતરા આયેા દાન
ઉસનેબી અપને દીલમેં ઐસા ઠાના
કુરબાન દય અન મન ધન તન માલ અખના
પલ પલકા ખબર લા દેતા એન્ટ કુદર
મુસલમાન

એપારકા તમા નહીં રખા બાંધ સર શેરા
વાકસરસકા જેલમેં બયઠા બનકા મેરા
જેલરબી હુવા દંગ દેખ ચાંદકા ચહેરા
બા હીંમત દીદી શરતે રહેગા અકેલા
હક પાલે ઉઠેા કયું બયઠે ઘરમેં છુપ કર
મુસલમાન.

પારસી રૂસ્તમજી દુખમ હાતમ જૈસા
કયા જાત હિંદ ઔર ૨૭ હજારકા પૈસા
હાજારા "જલ" દય બાલ હીંમતમે કૈસા
દીયા ખુદાને ફરમાંદ જૈસા ચાહીયે વૈસા
રખતાદય ખબરબીજનેસકાપાદરદીક ખુસ્તર
મુસલમાન.

જલે ડાલ જેલ જલ્લાદ જબર જસ્તીસે
કરીબાદ હીંદમેં તીસ કરોડ બસ્તીસે
કરતે દય જેલમેં સેલ લીડર કોંગ્રેસકે
સદકે જાવે રૂસ્તમજી વાકસ પ્રેસીડેન્ટ કે
હુવા પયદા જૈસા હારા જમશેદ સીકંદર
મુસલમાન.

એન્ટુકેટેડ જેલમેં ગયે બેલ દીખલાને
જેલરકુ જેલમેં નયા રાસ્તા સીખલાને
ઇલમકી કલમકા જોર જાહીલ કયા જાને
કયું લગા રમટસ ગરદનપર છુરી દીલને
પુરખતર બડે બેકદર રાજકે અકસર
મુસલમાન.

બેપારતો યહાંકા ખુબ કીયે અબ વહાંકા
આખીરકા કીયે બેપાર બડા દો જહાંકા
નકદાર હુવા ખુરશીદ હીંદકા ગમ કયા
ચાંદગાયબ હુવા સાઉથઆફ્રિકાકી કાસમતકા
હીંદ બયઠા ખુદાકે ઉપર તવકકુલ રખકર
મુસલમાન.

કયા બયઠે ઓઢકર ગુરખા જબ ખુડાને
અપને બંધીવાનોંકે બંધ તુડાને
કીસલાયે દુનીયામેં પયદા કીયા ખુદાને
લાલોકે લીયે બાલોંકા બીછોના બીબીને
મહેતાબ બતા કર બતા તેરા દય કમતર
મુસલમાન.

રૂટરના તાર સમાચાર.

દક્ષિણ હૈદ્રાબાદમાં અતી વરસાદને લીધે ઘણું નુકસાન થયું છે ત્યાં ૩૬ કલાક માં ૧૫ ઇંચ પાણી પડયું હતું. મુસી નદીમાં સાહ ૧૦ ફીટ પાણી ચડયું હતું. ઘણાં ઘર અને પુલો ધોવાઇ ગયાં છે. નદીમાં જઇ જઇ માણસોના મુડદાં તરતાં દેખાતાં હતાં. એક ધરપીતાલનું મકાન ભાંગી પડવાથી તેમાંના સઘળા રહેનારાઓ દટાઇ ગયા હતા.

બીજા તારમાં જણાવે છે કે હૈદ્રાબાદ આગલાની વરસાદની હેલમાં ઘર પાનાના ઘરો માફક પડી ગયાં છે. કુણી જતા માણસોને બચાવવાને મળવા તથા હાથી ઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે. હૈદ્રાબાદની વસ્તીમાં પુરના નુકશ નથી મોટો ત્રાસ ફેલાયો છે. માણસોનો બચાવ કરવાને નીકળી પડેલી ટુકડીઓ પાછી ફરવા માંડી છે તેમના કહેવા પ્રમાણે મરણ સંખ્યા ૧૦૦૦ જેવડી મોટી છે. આશરે ૧૦ હજાર ઉપરાંત માણસો ઘરબાર કે કોઇ જાતના આધાર વીનાના થઇ ગયા છે. આમાંના કેટલાકે બાકી રહેલા ઘર ઉપર લુંટફાટ શરૂ કરી છે હૈદ્રાબાદની આફતમાં ૧૦૦૦ ઉપર માણ સોની જાન ગયાની મજુરી કરવામાં આવી છે, આ મુડદાંઓના સડવાથી રોગ ચાળી મરકી ચાલવાનો સંભવ છે. કોઇ ગેરાનું મરણ થયું જણાયું નથી.

569

મી. સુબ્રામનીયા આયર ઉપર રાજ્યદ્રોહનો આરોપ

મદરાસમાં પ્રગટ થતા 'સ્વદેસ મીત્ર' ના અધીપતી મી. જી. સુબ્રામનીયા આયરને રાજ્યદ્રોહી લખાણ માટે તા. ૧૬ ઓગસ્ટ ના રોજ પકડવામાં આવ્યા છે. આ લખાણો તા. ૬ એપ્રીલ, ૨૦ મે તથા ૬ જુનના અંકમાં જંગલ ખાતાં તરફની હેરાનગતી, ગરીબ લોકોને બે દીવસમાં મળતું એક ભોજન તથા ન્યાય ઉપરાંત છુટની પણ જરૂર છે તે વિષયનાં છે. મી. આયરને કુરતલમમાંથી પકડવામાં આવ્યા હતા, અને ત્રીજા વરગની ગાડીમાં મદરાસ લઇ જવામાં આવ્યા હતા. સ્ટેશનના પ્લેટફોરમ ઉપર માણસોની ઓટી સંખ્યા હાજર હતી. મદરાસ આવી પહોંચતાં ડેપ્યુટી કમીશનર તેમને બાનગી ગાડીમાં બેસાડી ચીફ પ્રેસીડેન્સી માજી સ્ટરેટ કોરટમાં લઇ ગયા હતા. મી. આયર તરફથી બચાવ માટે મી. રંગા ચાર્યુ વકીલ હાજર હતા. મી. આયરની તબીયત નાદુરસ્ત હોવાની તથા તેમની બારકાદીની હકીકત ધ્યાનમાં લઇ મી. રંગાચારયે મી. આયરને જામીન ઉપર છોડવાની માગણી કરી. પરંતુ માજીસ્ટરેટ મી. બરડે જામીન ઉપર છોડવાની ના પાડી હતી અને જણાવ્યું હતું કે આરોપી ની તબીયતની સત્તાવાળાઓ પુરતી સંભાળ રાખશે.

મી. આયરની બરકાદીં વિષે 'હીંદુ સ્થાન રીવ્યુ' ના ૧૯૦૪ના ઓગસ્ટ માસમાં એક લખાણ બહાર પડયું હતું તેનો સાર નીચે મુજબ છે.

મી. આયર ૧૮૫૫માં જન્મ્યા હતા. તેમના બાપ એક નામાંકીત વકીલ હતા. મી. આયરે ૧૮૭૮માં બી. એ. ની પરીક્ષા પાસ કરી હતી. ત્યાર પછી તરતજ તેણે મદરાસમાં 'હીંદુ' પત્ર બહાર પાડવા માંડયું. તે વખતે હાલમાં નામાંકીત હોદા ભોગવતા પાંચ ગૃહસ્થો તેમની સાથે જોડાયા હતા. આ છાપું શરૂ કરવાને તેમને ઘણી મુસ્કેલી પડી હતી. બે રૂપીયા જેટલી નાની રકમ બાપા નો પહેલો અંક પોસ્ટ કરવાને ટીકીટો ખરીદવા માટે ઉછીની લેવી પડી હતી. આવી ગરીબ સ્થીતીમાંથી આજે આખા દક્ષીણ હીંદુસ્તાનની હીંદી વરતીનું તે એક મુખ્ય છાપું ગણાય છે. આ છાપામાં ઝળકતાં લખાણો કરી મી. આયરે જાહેર પ્રજાની કીંમતી સેવા બજાવી હતી અને બોડામાં ઘણી નામના તથા ચાહ મેળવ્યાં હતાં. ૧૮૮૪માં આ છાપું અઠવાડીયામાં ૩ વખત નીકળતા લાગ્યું. તે અરસામાં મદ્રાસમાં મહાજન સભા રચપાઇ. તેમાં મી. આયરે સ્થાપક તરીકે ઘણો સમત્પનો ભાગ લીધો હતો. ૧૮૮૬ માં પબ્લીક સરવીસ કમીશન પાસે મી. આયરે ઘણી ઉપયોગી જુબાની આપી હતી. ૧૮૮૮માં 'હીંદુ' રોજ દુ શરૂ કર્યું હતું. ૧૮૯૭માં મી આયર વેલબી કમીશનમાં જુબા ની આપવાને મહાજન સભા તરફથી પ્રતી નીધી તરીકે વીલાયત ગયા. તેઓ વીલા યતથી આવ્યા તે વખતે મી. તીલક ઉપર રાજ્યદ્રોહ માટે કામ ચાલતું હતું. તે વખતે તેણે 'હીંદુ' છાપામાં જે લખાણ લખ્યા હતા તેથી તેમની ઘણી નામના ફેલાઇ હતી. ૧૮૯૮માં મી. આયર 'હીંદુ' છાપાથી છુટા થયા. આ વખતે આ છાપું ઉત્તમ પંકતીએ પહોંચ્યું હતું ૧૮૯૯માં તેમણે તામીલ ભાષામાં પ્રગટ થતું 'સ્વદેશ મીત્ર' નામનું છાપું હાથ માં ધરયું હતું. આ વખતથી તે છાપા માં ઘણો ઉતમ સુધારો થયો હતો. મી. આયરને દીલ્હી દરબાર વખતે આમંત્રણ આપવામાં આવ્યું હતું. ૧૯૦૨માં મી. આયર 'મદ્રાસ સ્ટાંડરડ' ના અધીપતી તરીકે નીમાયા હતા. અને તેજ સાલમાં ફ્રેકોનાડાખાતે ભરાયેલી મદ્રાસ પ્રાંતીક કોન્ફરન્સના પ્રમુખ ચુંટાયા હતા. મી. આયર સત્યને ચહાનાર, સાદા, સ્વ દેશાભીમાની તથા ઇશ્વર ઉપર સંપુરણ ભરોસો રાખી જે ખરૂં લાગે તે કરનારા છે.

પ્રેલાગોઆબે ઇંડીઅન લાઇબ્રેરી.

આ લાઇબ્રેરીના પ્રમુખ મી. મીસાક રબુછોડ સોલંકી લખે છે કે લાઇબ્રેરીના સેક્રેટરી મી. ધારશી દેવચંદ રતનાકર તા. ૧૭ના રોજ છોકરીઓ જવાના હોવાથી આપના પેપરના તા. ૪ના અંકમાં જણાવ્યા મુજબ તા. ૬ના રોજ મીટીંગ બોલાવવાનું બની શકયું નહોતું. કારણકે અત્રેના ગવર નર જનરલ તા. ૧૫ના રોજ વીસ્બોન જવાના હોવાથી તેઓ સાહેબને માનપત્ર આપવા માટે ઇંડીઅન એસોસીએશનની મીટીંગો વારંવાર બોલાવવામાં આવતી હતી. એટલે આ કામ મુલતવી રાખવામાં આવ્યું હતું. અને તે મીટીંગ તા. ૧૫ સપ્ટેંબરની સાંજે લાઇબ્રેરીના હોલમાં બોલાવવામાં આવી હતી. શરૂઆતમાં લાઇબ્રેરીના પ્રમુખ મી. મીસાક રબુછોડ સોલંકીએ પ્રોગ્રામ વાંચી સંભળાવ્યો. અને આજની મીટીંગમાં મી. અલી હાજી આદમભદ ભીડીયા ને ખુરશી લેવા દરખાસ્ત કરી. આ દર ખાસ્તને મી. સુલેમાન આદમભદ, હાજી કાસમ હાજી આદમભદ વજેરેના ટેકા મળ વાથી તાળીઓના ગડગડાટ વચ્ચે મી. ભીડીયા એ ખુરશી લઇ મળેલા માન બદલ આભાર માન્યો હતો. ઓગસ્ટની તા. ૩૧ સુધીનો રીપોર્ટ મી. ધારશી દેવચંદ રતનાકરે વાંચી સંભળાવ્યો. ત્યારબાદ નવા સેક્રેટરી તરીકે મી. નારાયણદાસ માધવલાલ બક્ષરાણી કનકખરાને તથા મેનેજીંગ કમીટી રેકટરો (બોર્ડ ઓફ ડીરેકટર્સ) તરીકે સરવાનુમતે શેઠ હાજી આમદ નુરમામદ, (હા. ઇ. હા. સુ. કુ.), મામદ મુસા તથા નાનજી દુલભદાસને પસંદ કરવામાં આવ્યા. જેઓએ મળેલા માન બદલ આભાર માન્યો હતો, અને લાઇબ્રેરીની ઉનંતી ચાહી હતી. ત્યારપછી જુના સેક્રેટરીને માનપત્ર તા. ૧૬ની રાતરે આપવાની દરખાસ્ત થતાં મી. મીસાક રબુછોડ સોલંકીએ સેક્રેટરી તથા બોર્ડની ફરજ બાબત તથા કરતવ્યોનું વીવેચન કરી મીટીંગ બરખાસ્ત કરી હતી.

તા. ૧૬ સપ્ટેંબરની રાતે બીજી મીટીંગ મળી હતી. શેઠ હાજી અહમદ નુરમહમદ ને પ્રમુખની ખુરશી આપવામાં આવી હતી જે તેમણે ઉપકાર સાથે સ્વીકારી હતી. જુના સેક્રેટરી મી. રતનાકરને આપવાનું માનપત્ર મી. માણેકલાલ ઉજમશીએ વાંચી સંભળાવ્યું. બાદ એક સુંદર સુખડની પેટીમાં મુકી ભેટ આપ્યું. મી. રતનાકરે સભાજનોનો તથા લાઇબ્રેરીનો આભાર માન્યો. અને લાઇબ્રેરીના ફંડમાં ૫/- ભેટ આપી મી. જેઠાલાલ પ્રાગજીએ ૨/૬ ભેટ આપી. બાદ મી. અલી હાજી આદમભદ ભીડીયાએ ભાષણ કરી પોતાનો આનંદ જાહેર કર્યો. મી. નારણદાસ માધવલાલે લાઇબ્રેરીથી થતા ફાયદા વીષે લંબાણથી વીવેચન કરયું હતું. છેવટે મી. સોલંકીએ હાજર થયેલાનો ઉપકાર માન્યો હતો અને મીટીંગ વંદેમાતરમના પોકાર સાથે બરખાસ્ત થઇ હતી.

બંગળામાં કેટલાક બનબુતા લોકોના ઘરમાં હથીઆર હોવાના શક ઉપરથી પોલીસ બારીક તપાસ ચલાવે છે. જરમન રાઇફલો અને ગુપ્તીઓ આવ્યાની ખબર મળી છે.

વીલાયતના લાઇસેન્સીંગ બીલની સામે વાંધો દર્શાવવા ગયા સોમવારે પાંચ લાખ માણસોની એક મહાન મીટીંગ હાઇડ પારકમાં મળી હતી.

ચરચા પત્ર.

અમારા વરચાપત્રીઓ નીચેના નીયમો લક્ષ રાખશે તો તેઓના પત્રો ઉપર તુરત ધ્યાન મળવાનો સંભવ છે.

૧. કાગળની એકજ બાજુએ લખવું.

૨. અક્ષર મોટા સાફીથી લખવા.

૩. નામ તથા ઠેકાણું બરોબર લખવાં. તે હમેશાં અહાર પાડવા સારૂં નહિ, પણ અમારી ખાતરી સારૂં.

૪. મંગળવારની સાંજ સુધીમાં મળેલ હકીકતો તેજ અઠવાડીયામાં દાખલ કરી શકાશે.

૫. રદ કરેલાં વરચાપત્રો બળવી રાખવા અથવા લખનારાઓને પાછાં મોકલી આપવાને અમે બંધાતા નથી

૬. લખાણ હમેશાં ટુંકું અને મુદ્દાસર

વરચાપત્રોઓને જવાબ.

મી. બી કે. ભટ—તમે લખેલ વિષય તદ્દન ધર્મનો હોઇ ઇ. ઓ માં ચરચા વવો એ ઠીક નથી જણાતું.

મી. અહમદ મહમદ કાજી—તમારો કાગળ નાતાલ ઇડિઅન કોંગ્રેસના સેક્રેટરી રીને મોકલ્યો છે.

રાવરજીની વાડીવાળા તમે લખો છો તે લખાણ છાપવાની જરૂર નથી.

'કોંગ્રેસનો મેંબર'—તમે જે તહોમત મુકો છો તે ગંભીર ગણાય. એટલે તમારૂં નામ અહાર પાડવાની પરવાનગી આપો તો અમે તે કાગળ છાપીશું.

અ. ઇ. ઓ.

"નાતાલનો મામલો"

એ. ઇ. ઓ. ના અધીપતિ જોગ.

તા. ૧૯ સપ્ટેંબરના અંકમાં "નાતાલ નો મામલો" એ મથાળા નીચેની હકીકત વાંચી મણે ખુશી થયો છું. તમે લખ્યા મુજબ કરવાની જરૂર છે. તમે ભલામણ કરો છો કે આપણે આપણા જોર ઉપર જુજવું, અને તે જોર તે સત્યાગ્રહ છે. નાતાલના વેપારીએ પગર લાઇસેન્સથી વેપાર કરવો. પણ મારા ધારવા પ્રમાણે અત્રેના ડીવીઝનમાં અનેક વેપારી એવા છે કે પગર લાઇસેન્સથી વેપાર કરતા તે પોતાનો વેપાર ચલાવી શકે તેમ નથી. કારણ કે તે એટલી તો થોડી મુડીથી વેપાર કરે છે કે તેમને સારા વેપારી માલ ન ધીરે. આવા નાના વેપારી ત્રણ માસ લાઇસેન્સ વગર વેપાર કરી શકે તેમ નથી. તો એવો કાંઇ બંદોબસ્ત થવો જોઇએ કે તે લોકોનો વેપાર ચાલી શકે હું આશા રાખું છું કે નાતાલના સરવે હીંદી વેપારી એકજ વાત રખી મક્કમ રહેશે તો જીત મેળવશે.

લી કસમ પોતાલા.

સ્ટાંગર, તા. ૨૧-૯-૦૮.

[આ સવાલ બરાબર ઉઠાવ્યો છે જો ગોરાઓ માલ ધીરતા બંધ થાય ને બીજી રીતે વેપાર ન થઇ શકે તો આપણે એશક વેપાર વીનાના થવું જોઇએ. લાઇસેન્સ લેવાથી કંઇ ગોરા ધીરધાર કરેજ એવો નિયમ નથી. સાધારણ નિયમ તો એ છે કે ગોરા કે કાળા વેપારી જેઓ ઘરાકનો ઇતબાર કરી શકે તેને બેધડક થઇ ધીર ધાર કરે છે. સત્યાગ્રહ એ કે જેમાં આપણે બંધુ નુકસાન સહન કરતાં પણ સત્યનો આગ્રહ કરી તેને છોડવું નહિ અ. ઇ. ઓ.]

નાતાલ ઇ. કોં. નું ઉધરાણું

એ. ઇ. ઓ. ના અધિપતિ જોગ,

નાતાલ ઇંડિઅન કોંગ્રેસની કમીટીએ અમો બે જણને કોંગ્રેસના ફાળા સારૂ પોરટ શેપસ્ટન તથા અમજી ટો મોકલ્યા હતા તે સામેનું લીસ્ટ મજકુર કાગળ સાથે છે એ પ્રમાણે જરૂર છાપશો.

પોરટ સેપસ્ટનમાં મી. અમજી દખાદીએ તથા અમઝીટામાં મી. એમ. એમ. સુલે માન કુ. વાળા સાહેબોઓએ તથા ઇસ્માઇલ સુલેમાન કડવાએ અમારી બહુજ પરોણાં ચાકરી કરી છે. અને ફાળો ઉધરાવવા તુરત સાથે નીકળી પડી અમને જે મદદ કરી છે તે વિષે તેમનો અરેખર હમો કોંગ્રેસ તરફથી ઉપકાર માનીએ છીએ તેમજ જે સાહેબોઓએ પૈસા ખુશી સાથે ભરીને અમને વીદાય કર્યા તેઓ સાહેબો નો પણ અમે ઉપકાર માનીએ છીએ.

લી. કોમના સેવકો

મહમદ ઇસ્માઇલ ચોપ્પટવાળા.

એ. ડી. મુનશી મોગરારીઆ.

ડરબન તા. ૧ લી ઓકટોબર ૧૯૦૮.

[ઉપર જણાવેલી ઉધરાણીની લીસ્ટ અમને મળી છે તે અમે આવતે અઠવાડીએ છાપશું તેમાં પોંડ ૧૪-૧૩-૦ પોરટ શેપસ્ટન તથા પોંડ ૪૯-૧૧-૦ અમઝીટામાંથી ઉધરાવ્યા છે. અ. ઇ. ઓ.]

પરચુરણ ચરચા

—:o:—

મી ઇ. એમ. સીદાત ડરેંગહલાઇથી લખે છે કે નાતાલ સરકારે આપણા કોકો ના જે લાઇસેન્સ માટે કાયદો ઘડેલ છે તેની સામા એક સંપથી વાંધો બતાવી લડવું જોઇએ. આવા કામમાં પૈસાની મદદ પુરી જોઇએ તો નાતાલમાં મોટી દુકાનવાળા ૧૦ પોંડ તથા નાની દુકાન વાળા ૩ અથવા ૫ પોંડ જરૂર દેશે. આજથી આપણે લડત નહિ શરૂ કરીએ તો ધીમે ધીમે ૧૦ વરસમાં આપણા ઘણા લાઇસેન્સ ખસાઇ જશે આ દેશમાં આપણા લોકોયા કાંઇ ધંધો થઇ શકશે નહિ માટે સર્વે ભાઇઓએ સાથે મળી પુર પહેલાં પાળ બાંધવી જોઇએ.

મી. મહમદ સુલેમાનના કાગળના જવાબમાં ફંડીથી ફકીર મામદ નથુ લખમ લખે છે કે અત્રે ૩ થી ૪ લખમ છે.

કડીપુર્યા મી. કે. એમ. દેસાઇ લખે છે કે અત્રેના મી. કાલા રવા પટેલ પગર લાઇસેન્સથી વેપાર કરવા માટે જેલમાં ગયા છે. તેમની પાસે અંગુઠો માગ્યો તે તેમણે આપ્યો નહિ. અત્રે સરવે ચુસ્ત છે અને જેલની ઉમેદોમાં દહાડા ગુજારીએ છીએ. પણ તકદીર પાછળ છે તેથી અમારો વખતજ આવતો નથી.

પારલથી મી. ભાણાભાઇ લખે છે કે નાતાલના શેઠીઆઓને ટ્રાંસવાલની સર કારે ઘણુ ઘણુ માસની મુદત મજુરીની જેલો આપી છે તે હીંદી કોમને ત્રાસ પેદા કરે તેવો મામલો ઉભો થયો છે. માટે જેના શરીરમાં દેશી લોહી ફરતું હશે અને જે દેશાભિમાન રાખતા હશે તેને ઘણો જુસ્સો અલ્લાહતાલા આપશે. નાતાલના શેઠોને હિંમત આપવા તેમજ આપણા દેશી ભાઇઓને સારૂ જેલમાં જવાને સારૂ ગામો ગામથી ઘણા દેશીઓ નીકળી પડશે અને દેશીઓના દુઃખમાં ભાગ લેશે એવી દુવા કરૂં છું. બીજું આજકાલ મંડળો બહુ ઉભા થાય છે તેમાં કોઇ

મંડળ કહે કે અમો કોમના હકો સાચવ વાનું કરશું. અને કોઇ મંડળ કહે કે અમો દીન તેમજ ધર્મના કામમાં દેખરેખ રાખશું એવું કહી મેંબરો પાસે છ પેની બે શીલીંગ ફી લીએ છે. પણ દેશની ખાતર આજે નાતાલવાસીઓ જેલ મહેલમાં પડયા છે તેને મદદ કરવાનું કોઇ કરતું નથી એ બહુ શરમની વાત છે. જેના શરીરમાં દેશી લોહી વહેતું હશે તેનું આ જનાવ જોઇ લોહી ઉકળશે. શેઠીઆ લોકોના કુટુંબને મારી પુર્ણ દિલસોજી છે.

શ્રી એમ. કારા મામલતદારની સેક્રેટરી તરફથી જણાવે છે કે નાતાલના શેઠીઆ ઓ કોમનેમાટે મોટું જોખમ ઉઠાવેલ છે. ખુદા તેમને કુતેહ આપે. તેમના કુટુંબ ને અમારી દિલસોજી છે.

કેપટાઉનથી મી. વલી મહમદ લખે છે કે નાતાલના લશ્કરી પોતાના ભાઇઓ માટે કેદમાં ગયા તેની ખુદા અજર દેશે. બીજા બીરાદરોએ સહુએ જેલને મહેલ સમજવો જોઇએ. તેઓએ જેલમાં જવું અને કેદખાના ભરી મુકવા જોઇએ. તેઓને છોડાવવાની રાતદિવસ મહેનત કરવી જોઇએ. આપણા વાય ન્યાંસુધી જેલમાં પુરાયા રહે ત્યાંસુધી આપણને પુરી ઉંઘ પણ ન હોવી જોઇએ.

ડારબીનથી મી. અહમદ ઇબ્રાહીમ પણ ઉપરની મતલબનો એક કાગળ લખે છે તથા શેઠીઆઓની હિંમતને માટે શાબાશી આપે છે.

રાજકોટ અંજુમને ઇસ્લામના જોઇંટ સેક્રેટરી મી. હાસમ જુસબ તા. ૧૮ ઓગસ્ટના કાગળમાં લખે છે કે અત્રેની અંજુમનની એક સભા શેઠ નુર મહમદ હાસમના પ્રમુખપણા નીચે ગઇ કાલે મળી હતી. આ મીટીંગમાં જુનાગઢના શાહ જહા શેહર જુમાખાનજી ખુદાની પાક નીગાહને પધારી ગયા તે માટે દીલગીરી જાહેર કરવાનો ઠરાવ પાસ કર્યો હતો. તે વખતે મરહુમ શાહજહાની કારકીર્દીના વખાણ થયા હતા. તેજ રાતના મજલીસ કરવાનો તથા બીજી સવારે જનત પઢાવ વાનો ઠરાવ થયો હતો અને આ ઠરાવોની નકલ તથા દીલાસાપત્ર મે૦ ખુદાવીંદ નવાબ સાહેબને મોકલવામાં આવ્યા હતા.

કેપટાઉનથી મી. મહમદ સુલેમાન લખે છે કે અત્રેના બે મંડળમાં બહુ અણબ નાવ છે તેથી કોમના હકમાં બહુ બુરું થવાનો સંભવ છે. ટ્રાંસવાલના પ્રમુખ તથા નાતાલના પ્રમુખો કોમને ખાતર જેલમાં દુઃખ ભોગવે અને કેપના ભાઇઓ પોતાની કોમના હકમાં બુરું કરવા માગે છે આ કેપના પ્રમુખોને મોટી શરમની વાત છે. બીજી કોલોની કરતાં કેપમાં બહું સારું છે, પણ તે એકસંપ નહિ રહેવાથી ખરી.

સોલ્ટરીવરથી મી. ભગા દાજી લખે છે કે કેપટાઉનનો અંત આવી ગયે લાગે છે કેમકે કમાંડ સંપ નથી. સહુ ચેરમેનની ખુરશી લેવા આતુર છે. કોમની સેવા કરે તેનું નામ અમર થાય છે. નાતાલ તથા ટ્રાંસવાલ કોન્સ્ટાબલરના ચેરમેનને હું બહા દુર કહું છું. એવા ચેરમેન હોય તો કામ ચોકસ થાય છે.

નાદારી કોર્ટનો નોટીસો વગેરે

(ગવરમેંટ ગેઝેટમાંથી)

બીલીયાર્ટવના વેપારી હાસમ ઉમરે તેના લેણદારોને પૈકી ૨/૬ આપવાનું જણાવ્યું છે. તેના લેણદારોની મીટીંગ ૬ ઓકટોબરના રોજ ડરબન માજીસ્ટ્રેટની ઓફીસમાં મળશે.

ડરબનના વેપારી ઇસ્માઇલ આદમ ટુટલાની નાદાર થવાની અરજી તા. ૧૫ સપ્ટેંબરના રોજ સ્વીકારવામાં આવી છે. તેના લેણદારોની પહેલી મીટીંગ તા. ૬ ઓકટોબરના રોજ ડરબન માજીસ્ટ્રેટની ઓફીસે મળશે.

ડરબનના અબોકાના અમુદખાન પોતાની મીલ્કત નાદાર તરીકે જાહેર કરવાની અરજી તા. ૧૦ નવેંબરના રોજ કરશે.

રમજાનખાન પોતાની મીલ્કત નાદાર તરીકે જાહેર કરવાની અરજી તા. ૧૦ નવેંબરના રોજ કરશે.

સીડનમના વેપારી હારૂનની નાદાર મીલ્કતના સંબંધમાં તેના લેણદારોની બીજી મીટીંગ તા. ૬ ઓકટોબર તથા ત્રીજી મીટીંગ તા. ૧૩ ઓકટોબરના રોજ ડરબન માજીસ્ટ્રેટની ઓફીસે મળશે.

ડરબનના કે. એમ પીલેની નાદાર મીલ્કતના સંબંધમાં વહેંચણીના આંકડા સુપ્રીમ કોરટના માસ્તરની આગળ રજુ કરવામાં આવ્યા છે જે તા. ૧૩ ઓકટો બર સુધી તપાસને માટે ખુલ્લા રહેશે. અને ત્યારબાદ તે કબુલ જાહેર કરવામાં આવશે.

હિંદુસ્તાનના ખબરો

(હીંદી છાપા ઉપરથી)

જુનાગઢ રાજ્યના માદી વારસ શાહ જહા શેર જુમા ખાનજી તા. ૧૫ ઓગ સ્ટે ૭ વરસની ભર જુવાન વયે ગુજરી જવાની ખબરથી આખા કાઠીયાવાડ તેમજ બહારની બીજી લાગતી વળગતી જગ્યાઓ માં ભારે દીલગીરી ફેલાઇ હતી. કેટલીક જગ્યાએ દુકાન બંધો વગેરે બંધ રાખવા માં આવ્યા હતા. મરહુમને તેમના દાદા અને કાકાની નજીક નવાબી મકબરામાં દફનાવવામાં આવ્યા હતા. નાન શાહ જાદાએ રાજકુમાર કોલેજમાં કેળવણી લીધી હતી, અને જુનાગઢના લશ્કરનાં તેઓ સરદાર હતા. જુનાગઢના નવાબ સાહેબ આ ઘાથી બહુજ દુઃખી થયા માંદા પડયા છે. મરહુમ શાહજાદાને બે બીબી છે. જેમાંના એક રાધનપુર વાળા બીબી સાહેબને એક પુત્રી છે.

વડોદરામાં એક દેશી બેંકની સ્થાપના થઇ ચુકી છે આ બેંકનું નામ 'બેંક ઓફ બરોડા' રાખવામાં આવ્યું છે. ગયા તા. ૧૯ જુલાઇના રોજ વડોદરાની હાઇકોરટમાં નવી બેંકની દીભાયતમાં એક સભા બોલાવવામાં આવી હતી. તેમાં મહારાજા ગાયકવાડ, રેસિડંટ કર્નલ મીડ, મેજર પોટિંજર, દિવાન મી. કેરસા રપજી દાદાચાંદજી, ઓનરેબલ સર વિઠ્ઠલ દાસ દામોદર ઠાકરસી, દિવાન બહાદુર અંબાલાલ સાકરલાલ દેસાઇ, શ્રીમંત સંપતરાવ ગાયકવાડ, મી. જમુભાઇ રામ ળદાસ, મી. આર. સી. વાદિઆ અને બીજા અમલદારો, સરદારો, માનદારીઓ વગેરે હાજર હતા. મહારાજાએ એક વિદ્વતા ભરેલ ભાષણમાં જણાવ્યું હતું કે જાપાને બેસાડેલા ઉંચા દાખલા ઉપરથી હીંદે જે ધડો લેવાનો છે તે ઓદ્યોગ કે નાણાં સંબંધી અને ઉદ્યોગને લગતી બાબતોમાં તેની માફક પશ્ચિમની વિદ્યા અને પશ્ચિમની રૂઢીઓ અંત બતાવી પોત

ની કરી લેવી. હું જાણું છું કે આમાં હું કશું નવું કહેતો નથી; તોપણ મારાં અભિપ્રાય પ્રમાણે તે ભવિષ્યના વધારાની ચાવી સરખું હોવાથી દરેક દરેક અક્ષરનું આસામી પણ તે સમજી શકે ત્યાંસુધી મારે તે ફરી ફરી તેનાં મન ઉપર ઠસાવતા રહેવું જોઇએ. સ્વદેશાભિમાનનો માત્ર ઉભરો કહાડવાથીજ આર્થીક પરતંત્રતાના કાદવમાંથી બાહેર નીકળી શકાવાનું નથી. આર્થીક સ્વતંત્રતા તેજ ખરા સ્વદેશી પણાની નેમ અને હેતુ હોવાં જોઇએ. પશ્ચિમની દેખાદેખી છીંદરીનું રહસ્ય પીછાણી લઇનેજ એ નેમ બર લાવી શકાય.

સુરતમાં ટરામવે ચાલુ કરવા માટે એક કંપની ઉભી થઇ છે.

સુરત ખાતે 'શક્તી' નામનું એક નેશ નથીસ્ટ પત્ર ગયા માસથી થઇ ચલ્યું છે.

આવતી કોંગ્રેસ સુરત ખાતે ભરાવાની હીલચાલ ચાલુ છે. એક બીજું છાપું જણાવે છે કે હીંદી નેશનલ કોંગ્રેસ મદ્રાસ માં ભરવાનું નક્કી થયું છે. કોંગ્રેસની બેઠકની યોજના કરવાની મદ્રાસના પ્રખ્યાત મંડળી મહાજન સભાના પ્રમુખ ઓનરેબલ નવાબ સઇદ મહમદના પ્રમુખપણા નીચે એક કમીટી નીમાઇ છે. જેમાં મેસરસ નામ બીબાર, સુબ્રહ્મણ્યમ આયર, રાઘવી આર, નાગભાસ્યમ વગેરે મેંબરો નીમાયા છે.

'સાંજ વરતમાન'નો એક ખબરપત્રી જણાવે છે કે કમીશનનું કામ પુરું થયા પછી મી. દત્ત ઇગ્લાંડથી અકટોબર માસ માં વડોદરા પાછા ફરશે અને હિવાન તરીકે ને હોદ્દો સંભાળશે.

હુન્નર ઉદ્યોગ શીખવવાને ઉતેજન આપનારા બંગાળામાં ઉભા થયેલા ખાતા તરફથી ચાર બંગાળીઓને રેશમ, ભરત કામ, છબી પાડવાનું, લીથોગ્રાફ વગેરે કામ શીખવાને જપાન મોકલવામાં આવ્યા છે.

સીધમાં એક મોટી રેલ આવવાથી ઘણું જબર નુકસાન થયું છે. ઘણા લોકો ઘરબાર વિનાના થઇ ગયા છે આ રેલથી ૪૦ ચોરસ માઇલના વીસ્તાર ઉપર પાણી ફરી વળ્યું હતું. સંકટ નીવારણ અરથે ફંડ ખોલવામાં આવેલ છે.

લાલા લજપતરાય તા. ૨૬ ઓગસ્ટના રોજ મુંબઇથી ઇંગ્લંડ તરફ ઉપડી ગયા છે. તેમને માન આપવા બંદર ઉપર મોટો મેળાવડો થયો હતો.

લાલા લજપતરાયના એક પુત્ર જરમની માં વધુદક અભ્યાસ કરવાને ગયા છે.

પંજાબમાં નહેરો બાંધવા પાછળ એક કરોડ રૂપીઆ ખરચવામાં આવનાર છે.

નીઝામ સરકારે પોતાની પ્રજાની આબાદી માટે એક વખાણવા લાયક યોજના તયાર કરી છે. ઔરંગાબાદ જીલ્લાના બીલ લોકો જે ચોરી લુંટફાટ વગેરેનો ધંધો કરતા હતા તેઓને સુધારવા માટે દોલતાબાદ નજીકની પડતર જમીનમાં એક બીલોનું ગામ વસાવવું. અને તેની સાથે એક શાળા ઉઘાડી તેઓના બાળકો ને કેળવણી આપવી અને તેઓની માનસીક શક્તિ સુધારવી, સુધારી, લુહારી વગેરે હુન્નરોની પણ તાલીમ આપવી.

મદ્રાસ મહાજન સભાની વારસીક સભા ઓગસ્ટ તા. ૭મીએ મળી હતી તે વખતે ઓ૦ નવાબ સઇદ મહમદને પ્રમુખ તરીકે ચુંટી કાહવામાં આવ્યા હતા.

નાગપુર ખાતે દેશના જુદા જુદા ઉદ્યોગ હુન્નરનું નવેંબર માસમાં એક પ્રદરશન ભરાવાનું ગોઠવણ થઇ છે. આ પ્રદરશન તા. ૧૫ નવેંબરના રોજ ઉઘડશે. તેમાં મોકલવાની ચીજો તથા જોવા જનાર માણસોની ટીકીટો માટેના દર રેલવે સત્તા વાળાઓએ સસ્તા રાખેલા છે. આ પ્રદરશન ના ફંડમાં એક લાખ તેત્રીસ હજાર રૂપી આની રકમની મદદ અત્યાર સુધીમાં મળી ચુકી છે.

મદ્રાસખાતે પ્રગટ થતા જાણીતા 'ઇંડિ અન રીવ્યુ' નામના માસીકના ઓગસ્ટના અંકમાં મી રીચે દક્ષિણ આફ્રિકામાં હીંદીની સ્થીતિ વિષે એક ઉત્તમ લેખ લખ્યો છે. અને તે વિષેનો એક બીજો લેખ અલ્હાબાદખાતે પ્રગટ થતા 'હીંદુ રતાન રીવ્યુ' નામના માસીકના સપ્ટેંબર ના અંકમાં મી. રીચે લખેલો છે.

મદ્રાસના જાણીતા 'હીંદુ' છાપામાં તા. ૧૬ ઓગસ્ટના રોજ ટરાંસવાલની સ્થીતિથી વાકેફ કરનારો એક લાંબો આર્ટીકલ અમીપંતીના હાથથી લખાયેલ બહાર પડયો છે.

રોકડ બજાર ભાવ

		શી. પે.	શી. પે.
આયલ માંગ્રા ૧૦૦રતલની		૨૩ ૬ થી	૨૪ ૦
બીમડીના	,,	૨૯ ૬ ,,	૩૦ ૬
એફ. એફ. ડી. આર.		૨૨ ૬ ,,	૨૩ ૬
એફ. ડી. આર.	,,	૨૧ ૬ ,,	૨૨ ૬
ચીની સક્કર	,,	૨૪ ૦ ,,	૨૫ ૦
દુંડાના	,,	૨૪ ૦ ,,	૨૫ ૦
દેશી તુવેર દાળ		૨૩ ૦ ,,	૨૩ ૬
તુવેર દાળ કાનપુરી		૨૩ ૬ ,,	૨૪ ૦
મસુરની	,,	૨૪ ૦ ,,	૨૪ ૬
મગની	,,	૨૬ ૦ ,,	૨૬ ૬
અડદની	,,	૨૬ ૦ ,,	૩૧ ૦
ચણા મુંબઇના	,,	૨૨ ૦ ,,	૨૩ ૦
,, દાળ	,,	૨૬ ૦ ,,	૨૭ ૬
વટાણા	,,	૧૩ ૬ ,,	૧૪ ૬
મઠાબ	,,	૧૧ ૦ ,,	૧૧ ૬
બીનીસ		૧૬ ૦ ,,	૧૭ ૦
કડવું તેલ ૧ બાલન		૩ ૩ ,,	૩ ૬
ગેરડીનું	,,	૨ ૬ ,,	૨ ૮
મીંદું	,,	૩ ૬ ,,	૩ ૬
નાળીએરનું	,,	૩ ૬ ,,	૩ ૮
બાંડ સફેદ નાતાલની		૧૫ ૬ ,,	૧૭ ૭
પીળા	,,	૧૪ ૬ ,,	૧૫ ૬
તીરકુળ નાતાલ		૧૦ ૬ ,,	૧૧ ૬
આટો		૧૧ ૩ ,,	૧૧ ૬
મદ્રાસી સોપારી ૧ રતલ			૬ ,,
મરચાં		૦ ૪ ,,	૦ ૫
ઘી પેટી ૪ ટીનના		૭ ૧૫ ,,	૮ ૦
પોરબંદર	,,	૮ ૧૦ ,,	૯ ૧૫
પારાશીન ઓરીજીનલ			
,, વાઇટ રોસ		૮ ૨ ,,	૮ ૫
,, ,, બાલન		૧૧ ૬ ,,	૧૨ ૬
નાળીએર		૧૦ ૦ ,,	૧૧ ૦
કથી		૬ ૬ ,,	૧૦ ૦
ડાયમંડ સોપ		૧૩ ૦ ,,	૧૩ ૬
સાંજુ સીક્સ રસ્ટોન		૧૬ ૦ ,,	૧૬ ૬
સાબુ સનલાઇટ		૪૨ ૬ ,,	૪૫ ૦
નેકટર ટી		૧ ૮ ,,	૧ ૬
માચીસ બાલન		૨ ૧૧ ,,	૩ ૦
સોપારી સેવરણની		૦ ૧૦ ,,	૧ ૦
નીડલ પોઇંટ સીગારેટ		૧૭ ૦ ,,	૧૭ ૬
દુધ નેસલનું		૨૦ ૩ ,,	૨૧ ૬
નીગ્રો (લીવરપુલ)			
ભરતા એકની		૪ ૩ ,,	૪ ૬

WESTERN INDIA

Army Boot and Equipment Factory,

BOMBAY, India.

GOLD MEDAL
Madras Industrial and Art Exhibition, 1903

(ESTABLISHED 1887)

TWO GOLD MEDALS
Bombay Industrial and Agricultural Exhibition, 1904.

PROPRIETORS—

Messrs. Adamjee Peerbhoy & Sons.

MANUFACTURERS OF

Military Ammunition Boots, **Volunteer Ammunition Boots,**
Police Ammunition Boots, **Sandals, Gurgabi Shoes, &c**

Military, Volunteer and Police Harness, Saddlery, Accoutrements, etc., etc.
Leathers:—Russian, satin and black waxed calves, harness leathers of all kinds bag and carriage hood hides, Morocco, etc., etc.

Civilian Boots, shoes, harness and saddlery of every description.

Travelling Requisites:—Overland Trunks, dress cases, suit and shirt cases, portmanteaux Gladstone, brief, hand and courier bags, hat boxes, bed straps, soiled-linen bags, stick cases, etc., etc.

Mill Stores:—Single and double leather belting, Ginning rollers and washers, Roller skins pickers, hose pipe, etc., etc.

Miscellaneous Leather Goods:—Puttee and lace gaiters, collar boxes, brush cases, cigar and cigarette cases, school bags, Peon's bags, Mussacks, Syce's belts, bottle and tumbler cases, luggage labels, etc., etc.,.etc.

ALL ARTICLES GUARANTEED SOLID LEATHER.

Price List on Application.

BEATLEY & COMPANY.

REGISTERED

"BEE"  BRAND.

TRADE MARK.

ઘરાક રાજી થાય એ દુકાનની સરસમાં સરસ જાહેર ખબર. "Bee" માર્કના સઘળો માલ સંતોષ આપવા માટેજ બનાવવામાં આવે છે.

DURBAN:
467 SMITH STREET,
P.D. BOX 393

Telegrams) "BEETLE."

JOHANNESBURG.
158 MARKET STREET.
P.D. BOX 12

કલ્પ વિકાસ વધવા માટે.

જેણે લાઇ નાખ્યું રોકનારને આજદીન સુધી નહિ મળેલી ઉત્તમ તક.

નવા પધ્ધતી મેવું ટકાના માસીક રોર હોલ્ડરો છે.

સ્પીનીંગ, વીવીંગ અને મીલને લગતું બીજું તમામ કામકાજ શીખવવા આજદીન સુધી નહીં થએલી ગોઠવણ.

ધી બરૂચ ઇન્ડસ્ટ્રીયલ કોટન સ્પીનીંગ એન્ડ વીવીંગ કું. લીમીટેડ.

ભરપણ કું. ૩૦૦૦૦૦—વધારવાની સત્તા સહિત.

મીલનું બાંધકામ ચાલુ છે. મશીનરી આવવા માંડી છે. શેરો નંબર ૩૦૦૦ કરેક રૂ. ૧૦૭નો કાગળમાં આપ્યો છે. તેનાં નાણાં નીચે લખ્યા પ્રમાણે લખવાં. રૂ. ૧૭ અરજ સાથે, રૂ. ૧૫ એલોટ થેલ સાથે અને બાકીના રૂપીઆ ડાયરેકટરો ઠરાવે ત્યારે આપવાં પડશે.

વધુ વિગતો અને અરજીના ફારમો નીચે સહી કરનારાઓ પાસેથી મળી શકશે.

મણેકલાલ અંબાલાલ કરની કું.—સેક્રેટરીસ, ટ્રેઝરર્સ એન્ડ એજન્ટસ—બરૂચ.

M. P. FANCY,
MERCHANT & IMPORTER
WHOLESALE AND RETAIL

એમ પી. ફેનસી
હોલસેલ ને રીટેલ મરચંટ.

ઇન્ડિઅન મિસરી જથાબંધ કિંમતથી ઘણી સસ્તી ઠામે વેંચવામાં આવે છે ખાસ ની ચોરબંદરનું તથા કલકત્તા ફુલ-સરસ આવલ-ચોખું ગંધીઆણું—જરૂર જોઇએ. અજમાએશ કરી જુઓ.

STAND 512, 17th Street, VREDEDORP
Box 6031, JOHANNESBURG
Telegrams: "FANCY."

Tel. Add.: POKOOMULL. P.O. Box 118

POKOOMULL BROTHERS,
Wholesale & Retail Silk Merchants,
Corner of Longmarket & Parliament Sts.
CAPE TOWN
Direct Importers of all kinds of Indian Art Curios Oriental Jewellery, Moltese Silk Lace Articles, etc
Established 1858 Head Office: Bombay.

E. Mahomed Hassan & Co.,
MERCHANTS AND IMPORTERS,
WHOLESALE AND RETAIL,
Stand No. 532. Corner Kaffir & 14th Streets,
VREDEDORP, JOHANNESBURG
Box 4140 Tel. Add.: "FAJANDAR."
Head Office: Yakoob Colaba, India

Ebrahim Norodien
IMPORTER AND
GENERAL DEALER,
WOODSTOCK, Near Cape Town

BRANCHES (22):
Woodstock, Salt River, Observatory Mowbray, Claremont, Wynberg, Parrow, etc.

Head Office: 24 Frere St., Woodstock

એમ. અહમદ કું.
નાળીએરનો જથ્થાબંધ અને છુટો માલ કીફાયત ભાવે અમારે ત્યાંથી મળશે.
વધુ વિગત માટે લખો:— ઓફીસ ૧૩૬ ના. ૨૮ કેમ્બરલ રોડ, ડરબન.

ઈ. ઈ. ઝવેરબાઈ
૨૨ મી સ્ટ્રીટ, મસ્જીદ સેકેરીયન.
ઓફીસ ૨૩૮૮ જોહાન્સબર્ગ.
સાબરેલ ઇમિટેશન અને હોલસેલ મરચંટ.
ઇન્ડિઅન તથા ઈસ્ટીઅ મિસરી હમેશ જથાબંધ કીફાયત ભાવથી મળશે.

ઇંટરનેશનલ પ્રીંટીંગ પ્રેસ તરફથી બહાર પાડવામાં આવેલાં પુસ્તકો

	£	d.
The Ethics Passive Resistance	0	3
Bhagavad Gita	1	0
The Story of the Râmâyana ...	0	6
A Book—and its Misnomer ...	0	6
ફ્રાન્સ્વાલનો ખુની કાયદો.	0	0	1
જેલનાં કાવ્ય.	0	1	0
ઇ ઓ. કાયદો ૧૯૦૮	0	0	1
મારો જેલનો અનુભવ.	0	0	3
મુસ્તફા કામેલ પાશાનું જીવન ચરિત્ર	0	0	3
એક સત્યવીરની કથા.	0	0	1
સત્યાગ્રહ (ઈનામી નિબંધ)	0	0	3
સર્વોદય	0	0	4
મુસ્તફા કામેલ પાશાનું ભાષણ.	0	0	1
નીતિ ધર્મ અથવા ધર્મ નીતિ.	0	0	1
રામાયણ સાર, બાલકાંડ	0	1	0
ટ્રાંસવાલનો નવો કાયદો	0	0	3

ટપાલ મારફત મંગાવનાર માટે પોસ્ટેજ ખર્ચ પેની ૧ જુદું. કોઇપણ કોલોનીના સ્ટાંપ સ્વીકારવામાં આવે છે.

મફત! હાજરો! મફત!!

'યુરોપમાં લડાઇનું વાદળ ઘેરાયાનો' તારો મળ્યા છે. પુર્વના પ્રશ્નમાં રાજ્યદ્વારી ભયંકરતા પણ વધતી ચાલી છે. આવે વખતે પુર્વની પ્રજાના આંતરીક સાથે દુશ્મનાવટ કરવામાંથી કોલોનીના રાજ્યદ્વારી વેગળા રહેશે એમ કહેવું ઘણું મનનું હોય. પરંતુ તેઓ હીંદીઓ તરફ જે વરતણુક ચલાવે છે તેમાં આ વિચાર જણાતો નથી. આ હીંદી પ્રશ્ન સાથે આપણે દાસ જે અટકાવ ચાલી રહયો છે તથા તેનું વખતો વખત આપણે જે અપમાન કરી રહયા છીએ તે દુરવાની અમને કાંઇ પણ જરૂર જણાતી નથી. તેથી કોલોનીને કાંઇ લાભ પણ થવાનો નથી. આ કોલોનીમાં ઘણાં હીંદીઓ ના ઉપરી પડે એ આપણે બધા ને કબુલ છે હીંદી આગેવાનો પણ તેવું માગતા નથી. અમુક હીંદી વીરોધના કાયદા પડવા સામે તેઓ વાંધો લીએ છે. તેઓ એ બહેલા હીંદીઓનો કારભાર સરકારની મુનસફી ઉપર રાખવાની માગણી કરીછે. અને તેમ નહીં તો સરકારની અરજ પડે તેવી બધરી પરીક્ષા લઇને દર વરસ છ મનુષ્યને આવવા દેવાની માગણી કરે છે. આવો હક તેમને ઇમીગ્રેશન કાયદા ના ડરે આપવો પણ હતો આ હક તેમણે છેડી દેવાની માગણી કરવી એમાં તો જનરલ સ્મટસ હીંદી ઓ પાસે નવી માગણી કરે છે હીંદીઓએ નવી માગણી કરી નથી એમ જે લોકો એમ્પથીસે કહયું છે તે ખરૂ છે; અને 'લંડન ટાઇમ્સ' તથા 'સ્ટાર' તેથી ઉલટું— હીંદીઓની માગણી નથી એ—કહયું છે તે વ્રત ખોટી છે. ઇમીગ્રેશન ઉપર આમ હદ બાંધવાનુ ધોરણ કેનેડા અને જપાન માં સંતોષકારક નીવડયું છે. ઓસ્ટ્રેલીઆ અને ન્યુઝીલેંડમાં એક વરીઅરમા એશીઆ ટીકની અમુકજ સંખ્યા આવી શકે એવો ધારો છે દક્ષીણમાંજ પોતાની બાહુદરી પ્રજાને અમુક સંખ્યામાં સરહદમાં દાખલ કરવા માટે આવા ધોરણનો કબજો કરેલ છે. કબજો કરતાં બહેલા લોકો વધારે સારા છે. એમાં કોઇ પણ ડાહયો માણસ ના પાડી શકે તેમ નથી. અબજી કરતાં બહેલાની જરૂરીયાતો વધારે હોય એટલે તેઓ વેપારમાં પણ જેરબ્રાજબી હરીફાઇ કરી શકે તેમ નથી. આમ છતાં રાજ્યની સલાહ કરવાને બદલે, સરકાર શું લઇ બેઠી છે! રાજદ્વારી કેદીઓને મોટા ગુન્હા કરનારા જેમ વરને છે, ને તેઓની ધાર્મીક લાગણીઓ બીલકુલ ગણકારતા નથી આવી દલીલ વચતા સાંભળે ગહનાર દરેક માણસ અથવા બીજાના મનમાં આજના અંકમાં છાપેલ કેનન જેરીની બાજણીને મળતા વિચારો આવે છે."

મી. ઝવેરબાઇ રાંદેરી

મી. ઝવેરબાઇ રાંદેરીનો કેસ બે ત્રણ વખત મુલતવી રહયા બાદ ગેવટે મંગળવારે ચાલ્યો હતો. બચાવ નક્કી થયો મી. પોલાક હતા મી. રાંદેરીને પ્રોહીબીટેડ ઇમીગ્રંટ ઠરાવનાર ઓફીસર કે આની સામે મી પોલાકે અગાઉના મુદ્દા ઉપરાંત દલીલો બતાવી બીજો સાંધો. નવા કાયદો અમલમાં આવ્યા તે વખતે મી. રાંદેરી ટ્રાંસવાલમાં હતા. કાયદા મુજબ રજીસ્ટરને માટેની અરજી તા ૧ ઓકટોબર ૧ જોઇએ. એ મુદ્દત સુધીમાં કરી શકયા. પરંતુ મી રાંદેરીને તો જેલમાંથી બહાર પગ મુકતાંવેંતજ તા. ૩૦મી સપ્ટેમ્બરના રોજ પકડેલ છે કદાચ તેને અરજી કરવા હોય તો પણ તે મુદ્દતમાં જણાવેલ દીવસજ અને તેમાં બતાવેલી જગ્યામાંજ કરી શકે. વળી તેની અરજી રજીસ્ટ્રાર નામંજુર કરે તો નવા કાયદા મુજબ નીમેલ આપ્રીસ્ટ્રેટને તે અપીલ કરી શકે છે અને તેના ઉપર સુપરીમ કોર્ટ માં અપીલ કરી શકે છે. એટલે તે આજ 'ા પ્રોહીબીટેડ ઇમીગ્રંટ ગણી શકાય નહીં. આપ્રીસ્ટ્રેટને આ દલીલ વાજબી લાગી છે તે ઉપર વિચાર કરી ચુકાદો પાછે હરાવ આપવાનું જણાવ્યું છે. મી. રાંદેરીને કાંઇ પણ તહોમત મુકયા વગર ૭ દીવસ જેલમાં રાખી મુકયા તથા જેલ ને બારણેજ પકડયા તેની સામે મી. પોલાકે સખત વાંધો બતાવ્યો હતો. મી. રાંદેરીને હાથ મુચરકા ઉપર છોડેલ છે.

કેદી વાળાઓ જેલમાં

રેંડફોન્ટીન, જોહાન્સબરગ ઓકસબરગ માં કેટલાક કેરીવાળા વગર લાયસેન્સે ફેરી હરવા માટે પોલા બાકીની દસ દીવસ માં જેલમાં ગયા છે. તે બધાના નામો આવી પહોંચ્યા નથી. મી. ઇમામબક્ષ અબીબ

નો કેસ ગઈકાલે સોમવારે ચાલ્યો હતો. તેના ઉપર વગર લાઇસેન્સથી ફેરી કરવાનું તહોમત હતું તે ૭ દીવસ જેલમાં ગયા છે. કરારસહોરપમાં મી. દેવા રધાને વગર લાઇસેન્સથી ફેરી કરવા માટે એક પાઉન્ડનો દંડ અથવા સખત મજૂરીની ૭ દીવસની જેલની સજા થઇ છે. મી. દેવા રધા જેલમાં ગયા છે. ફેરીવાળાઓને હું સલાહ આપું છું કે લડત ચલાવી હોય તો તેમણે લાઇસેન્સ ઑફીસને બારણે બીલકુલ ચડવું નહીં. આ વખત બધાએ સાથે મળી જોર કરવાનો છે

નોટીસ

અમને ખબર મળ્યા છે કે પ્રીટોરીયામાં માજીસ્ટરેટની કોરટ બહાર નોટીસ ચોડાઇ છે તેમાં બેનોનીના રહીશ મહમદ ઇબ્રાહીમે ખુની કાયદાની રૂએ અરજી કરેલ તેને રજીસ્ટર આપવાની ના પાડી છે અને તે બાબત માજીસ્ટરેટની કોરટમાં હાજર થવા અને જવાબ આપવા હુકમ થયો છે

બારબરટન

બારબરટનથી એક કાગળમાં અમને લખે છે કે બીજી તારીખે અત્રેની ઇંડિઅન એસોસીએશનની એક મીટીંગ મી. અબાના મકાનમાં મળી હતી. મી. એસ મુંગલી પ્રમુખ હતા મીટીંગમાં મી. પોલાકે લડત વિષે ખુલાસાવાર હકીકત સમજાવી. આ મી ઇબ્રાહીમ અસ્વાતે હીંદુસ્તાનીમાં તથા મી. ફીસ્તપાએ તામીલમાં સમજાવી હતી. મી. કાલીદાસ દેસાઇએ જણેલા હીંદીઓના હક જાળવવા તથા ખુની કાયદો રદ કરવાની સરકારને માગણી કરવાની દરખાસ્ત કરી હતી. આ દરખાસ્તને મી. મહમદ મુસાએ ટેકો આપ્યા બાદ સરવા મતે પાસ થઇ હતી. બાદ ઉધરાણાનું કામ શરૂ થયું હતું. મીટીંગ રાત્રે ૧૨ વાગે બરાસ થઇ હતી

પીકેટો

પીકેટોનું કામ સરસ ચાલે છે તેઓના નામઃ મેસરસ સી. કે. નાયડુ (મુખ્ય પીકેટ) એન. એ. કામા (સુપરવેકટર). ઇમામ અબદુલ કાદર બાવાઝીર, આર. કે. નાયડુ, એન. એમ. નાયડુ, એમ. પી કુંડે, એસ. મુડલે, જી. પી. વ્યાસ, એચ. એમ ગાંધી, મહમદખાન, તનુમૌમા, સી. વી. મુડલે, આર. એમ મુડલે, આર એમ આર. મુડલે, એસ. આર. પીલે, સી કે. મુડલે, આર. એસ. નાયડુ, એસ. વી. પડીઆચી, જી. પડીઆચી, કે કે. સ્વામી, આર. સ. પડીઆચી, વી. આર. નાયડુ, એસ. આર. નાયડુ, એન. એસ. મુદલે, એ. વી. ચેટી, ટી. મુડલે, એ. એસ. મુડલે, એન. ટી. ચેટી, એ. એ. મુડલે, આર. આર નાયડુ, એન. એસ. પીલે, વી. એ. પડીઆચી, આર. ડી જી. ચેટી, એમ. આર. નાયડુ, વી. આર. પડી આચી, મુળજી પટેલ, ઇસપ ઉમર, ઉમર રજી સાલે, બલભરામ અને જીવનજી તથા દીઆ પારસી.

બુધવાર

કોમાટી પુરટનો કોરસ્પો

આ બાબત અહીં બહુ ચર્ચા ચાલી રહી છે. 'રટાર' ના પ્રતિનીધીએ મી. ચમનીને મળી મી. પોલાકની હકીકત ખોટી છે હીંદીઓએ કોમ જતની ફરિયાદ કરી નથી. એમ જાહેર કરયું છે રેલ્વેમાં દુઃખની વાતમાં છાંટાભાર સત્યતા નથી. કોમાટીપુરટમાં અવાવરૂ અને ઉધાડી જગ્યામાં તેમને નહોતા રાખ્યા, પરતુ સરકારી જેલમાં રખેલા જે ઠીક સગવડવાળી છે. અની સામે મી પોલાકે લાંબો કાગળ લખ્યો છે તે ઓવતે અઠવાડીએ મોકલીશ.

મી ગાંધી જેલમાં

ડરબનથી અવતાં મી ગાંધી અને બીજાને વે કસરસમાં પકડયા છે. તેઓએ એ જામીન આપવાની ના પાડી છે અને જેલમાં ગયા છે. તેમના ઉપર શું તહોમત મુકયું એ હજી નથી થયું. અહીં અઠવાડીયું ચાલી રહી છે કે તેના ઉપર ભારે તહોમત મુકી સરકાર વધારે સજા કરવા માગે છે. હું આશા રાખું છું કે મણી જનરલ્યુઆરીમાં મી. ગાંધી જેલ ગયા તે જોર બતાવ્યું હતું તેથી વધારે જોર આ વખતે કામ બતાવશે.

ડરબન

(અમારા ખાસ પ્રતીનીધી તરફથી.)

વિલાયત કેબલ

શનીવાર તા ૩

આજ રોજ ડરબનથી નાતાલ ઇંડીઅન કોંગ્રેસ તરફથી લંડનની સાઉથ આફરીકા બ્રીટીશ ઇંડીઅન કમીટીને નીચે તો તાર મોકલવામાં આવ્યો છે

"બારબરટનમાં ૫૭ હીંદીઓને બે માસની જેલ મળી છે. કેદીઓને અરધા ભુખ્યે મારે છે. તેઓને જે મુસલમાન કે હીંદુને ન ખપે તેવો અરધીનો ખોરાક આપે છે. ટરાંસવાલ જનારા માણસો હજુ સ્ટીમરમાંથી ડરબનને કીનારે ઉતર્યા નથી. મદદ કરો."

નીચેનો તાર ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ, અંજુમન ઇસ્લામના પ્રમુખ તથા સરશીરોજશાહ મહેતાને મુંબઇ મોકલવામાં આવેલ છે.

"હીંદુસ્તાનથી આવેલા માણસોમાંના પટ હીંદીઓને ટરાંસવાલમાં ફરીથી દાખલ થતાં પકડયા છે. આમાં જોહાન્સબરગની બ્રીટીશ ઇંડીઅન એસોસીએશનના માજી પ્રમુખના ભાઇ મી. મુસાજીનાં પણ સામેલ છે. તેઓ બધાની પાસે પરમીટ છે. તેઓને પ્રોહીબીટેડ ઇમીગ્રંટ ઠરાવવા માં આવ્યા છે તેનો કેસ ચલાવી દરેકને બે માસની જેલની સજા કરી છે.

કેદીઓને અરધા ભુખ્યે મારે છે. તેઓને જે મુસલમાન કે હીંદુને ન ખપે તેવો અરધીનો ખોરાક આપે છે અને તે ન ખાય તો ભુખ્યા રહેવું પડે છે.

મુંબઇથી આવેલા હીંદીઓને અટકાવવામાં ટરાંસવાલને નાતાલ મદદ કરે છે. તેઓ નવો કાયદો કબુલ કરે નહીં ત્યાં સુધી સોલીસીટરને પણ મળતા અટકાવ્યા છે."

હીંદુસ્તાનથી ટરાંસવાલના ઉતારૂ

હીંદુસ્તાનથી ગવરનર સ્ટીમર પોઇન્ટ ઉપર તા. ૧લી ગુરૂવારે આવી પહોંચેલી તેમાં ટરાંસવાલના ઘણા ઉતારૂઓ ડેલાગોઆબેએ ઉતર્યા. બીજા કેટલાક અહીં ઉતરવાના છે એવા ખબર મળવાથી સ્ટીમર આવતા ની સાથે ઉતારૂઓને સમજાવી અમલદારો ના કાગદા મુજબ આંગળાં લઇ રજીસ્ટર ને માટે અરજીઓ ન કરાવી લાગે ને તપાસ રાખવાને સારૂ કેટલાક હીંદી આગેવાનો પોઇન્ટ ઉપર જઇ પહોંચેલા પણ કોઇને પેસેજર સાથે વાતચીત કરવા મળવાની તક આપવામાં આવેલી નહીં. તેમના વકીલને પણ તેમને મળવાની રજા મળી હતી નહીં. શુક્રવારે મી. ગાંધીએ મી. રમાયને મળી ઘણી તજવીજ કરી, પણ કોઇને બોટપર સરકારના હુકમથી જવા દેવામાં આવ્યા નહોતા હતા. ઇમીગ્રેશન અમલદાર હીંદીઓનાં આંગળાં લેવા આગળથી આવી પહોંચેલા હતા, પણ તેમનું કાંઇ વળ્યું નહીં બહાદુર હીંદીઓ કાયદાને તાબે ન થયા. તેથી તેમને પંદરીવરની કાચી જેલમા રાખવામાં આવ્યા. તેઓનાં નામ મેસરસ ઇસ્માઇલ આ દ મમી, (તેમનાં બેગમ સહીત) આદમ ઇસપ, મુસા હસન, ઇસપજી હસન ચુનારા, હસન આમુદ, ઇસપ ઇબ્રાહીમ. સુલેમાન ઇસ્માઇલ અને અસમદ ઇબ્રાહીમ છે તેઓને દેશ પાછા મોકલી દેવામાં આવશે એવી ખબર મળવાથી

શ્રી. ગાંધીની સલાહથી રેમર રોબીન્સન વકીલોએ સોગંદનામું કરી કેસ ચાલતા સુધી તેમની અટકાયત કરવા કોશીષ કરી છે.

રવીવાર, તા. ૪

સ્વામી શંકરાનંદ

સ્વામી શંકરાનંદ લંડનના મેલમાં એક વાગે આવવાના હોવાથી તેમને લેવા ને પોર્ટ પર ઘણા હીંદુઓ ગયા હતા. અને ગોરાઓમાં મી. જી. વીલીયમ્સ ડરબન થીઓસોફીક સોસાયટીના ચેરમેન તથા મી. કોરડીસ ફ્રીનીકસથી આવેલા હતા. સેક્રેટરીની ગેરહાજરીથી દરેક મહત્વનો એ પોર્ટ ઉપર જઇ સ્વામીજીની મુલાકાત લીધી હતી. માનપત્ર માટે આજે ત્રણ વાગે મીટીંગ ભરવાની નોટીસ કાઢવામાં આવી હતી તે સ્વામીજીના તારથી બીજા કોઇ દીવસ માટે મુલતવી રાખવામાં આવી હતી તેથી તેમને પરભારા તબધાર કરેલ મકાનપર લઇ જવામાં આવ્યા હતા. મકાનપર દર્શનાર્થે બહુ હીંદીઓની ભીડ થઇ જવાથી હીંદુ યંગ મેન્સ એસોસીએશન નવાળા હોલમાં સ્વામીજી ને લાવવામાં આવ્યા હતા. હોલ ચીકાર ભરાઇ ગયો હતો. સ્વામીજીએ કુંકમાં પોતાને મળેલા માન માટે સરવેનો ઉપકાર માન્યો અને કહ્યું કે ધરમના ઉપદેશ અરથે પોતાનું અહીં આવવું થયું છે. માણસ જાતનો માલીક જે પેદા કરનાર છે તેના સાથેના આપણા સંબંધનો ઉપ દેશ કરવો એ મરૂં કામ છે પછી તે મુસલમીન, હીંદુ કે ખરીસ્તી કોમ માંથી ગમે તે ધરમના માણસો મારી પાસે જરા પક્ષ પાંચકો આંધળો વિના આવી શકે છે. કેપટાઉનમાં મી. અબદુલ કાદર તથા બીજા મારી સાથે સારો સ્નેહ ધરાવતા હતા. સફરના થાકને લઇ વધારે કહેવાનું આગળપર રાખી તેઓ નિવાસ તરફ વિદાય થયા હતા.

સોમવાર તા ૫

સોગંદનામું

જવરનરમાં આવેલા હીંદીઓ માટે મી. રોબીનસને નીચે મુજબ સોગંદનામું કરેલ છે:

ગયે અઠવાડીએ ડરબનને કીનારે જવર નર સ્ટીમરમાં ટરાંસવાલ જવાને કેટલાક હીંદીઓ આવેલા છે. આ હીંદીઓને મુખ્ય ઇમીગ્રેશન અમલદારે કીનારેથી દુર હદ્દ ઉપર મોકલી આપ્યા છે. હું આથી પુરવક મારું છું કે તેઓ ટરાંસ વાલમાં દાખલ થવાને ખરા હકદાર છે. આજ સુધી આવા હીંદીઓને કોલોનીમાંથી પસાર થવાને વીઝીટીંગ પાસ આપવામાં આવે છે, પરંતુ આ હીંદીઓને, તેવા પાસ આપવાની ના પાડેલ છે. અને તેના કારણમાં મુખ્ય ઇમીગ્રેશન અમલદાર મને લખી જણાવે છે કે ટરાંસવાલ જનારા આ હીંદીઓએ ત્યાંના કાયદા મુજબ રજી સ્ટર થવાની નાખુશી બતાવેલ છે તેથી તેમને અટકાવેલ છે. આમ ઇમીગ્રેશન અમલદાર કાયદેસર રોકી શકે કે નહીં તેની ખાત્રી કરવાને કાયદેસર સલાહ લેવા ની આ હીંદીઓ તરફથી મને સુચના થઇ છે. ઇમીગ્રેશન અમલદારે મને પોતાને જણાવેલ છે કે જે સ્ટીમરમાં આ હીંદીઓ આવ્યા છે તેજ સ્ટીમરમાં તેમને પાછા મોકલવામાં આવશે. આ સ્ટીમર આજે પાછી જાય છે. આ હીંદીઓને તેના વકીલ તરીકે મને પણ મળવાની મનાઇ કરવામાં આવી છે. આ હીંદીઓ ને જો પાછા મોકલવામાં આવશે તો તેઓને ભારે નુકસાન થશે. તેટલા માટે હું અરજ કરૂં છું કે (૧) ઇમીગ્રેશન અમલદાર આ હીંદીઓનો કેસ ચાલતા સુધી તેમને પાછા દેશ ન મોકલાવી આપે તેવો હુકમ કાઢવો. (૨) અને તેના વકીલ તરીકે સલાહ આપવાને મી. રેમર રોબીન સનને તેમને સ્ટીમર ઉપર મળવા જવા પરવાનગી આપવી.

મનાઇ હુકમ

આ સોગંદનામા ઉપરથી માજીસ્ટ્રેટે ઇમી ગ્રેશન અમલદાર ઉપરના હીંદીઓનો કેસ ચાલતા સુધી પાછા નહીં મોકલી આપવા નો મનાઇ હુકમ કાઢેલ છે. આ કેસ ચાલે તે દરમીઆન બાકી ખોરાકી વગેરે નો ખરચો નાતાલ ઇંડીઅન કોંગરેસ તરફથી પુરો પાડવામાં આવે છે.

મી રોબીનસને બીજી ઓફીડેવીટમાં નુક સાનીની રકમ પા. ૩૦૦ની જણાવી છે. તથા રોકી રાખેલા હીંદીઓના બાકી ખરચ વગેરેની જામીનગીરી આપેલ છે.

મંગળવાર, તા. ૬

ટરાંસવાલ માટે ઉપડયા

મી. ગાંધી આજે સાંજની કારીડોર ટ્રેનમાં ટરાંસવાલ ઉપડી ગયા છે. તેમની સાથે કેટલાક ટરાંસવાલના જુના રહીશ તથા અંગરેજ બહેનોએ પણ ગયા છે. તેમાં મી. માવજી દરસનજી કોઠારી, મી. રતનશી સોદા, ઠોંગાટ, મી. રાઘવજી રૂગ નાથ તથા વેરસમના બાબુ તાલેવંતસીંગ ના દીકરા રવીકુમ્બુ હતા. આ ઉપરાંત ૬ ત્રીજાની ગાડીમાં પણ આઠેક જણા ટરાંસવાલ જવાને ઉપડી ગયા છે. તેઓનાં નામ મારી પાસે નહી હોવાથી આપી શકતો નથી.

શુક્રવાર, તા. ૭

ડરબન હાયર ગ્રેડ સ્કુલ

ડરબન હાયર ગ્રેડ સ્કુલના કેટલાક નીશાળીઆઓ પાસેથી મને ખબર મળ્યા છે કે તેઓને સ્કુલ છોડવાની ફરજ પડી છે. સરકાર તરફથી એવો હુકમ કાઢવા માં આવ્યો છે કે ૧૪ વરસની ઉપરના છોકરાઓને તે સ્કુલમાં જણાવી શકે નહીં. આથી ઘણા ૧૪ વરસની ઉપરના છોકરાઓએ નીશાળ છોડી દીધી છે. અને બીજા ઘણાને એક માસના અરસામાં સ્કુલ છોડવી પડશે. આ બધા હીંદી નીશાળીઆઓને પોતાનું ભણતર અધુરૂં મુકવું પડયું છે. તેઓનો અભ્યાસ પુરો કરવાનું કોઇ સાધન હાલતો ન હોવાથી તેઓને ઘેર બેસવાનુ રહ્યું. સર કારની આ અધમતાનો પાર રહ્યો નથી. એમ કહેવાય છે કે હીંદી છોકરાઓ કેળ વણી પામી ગોરાના રોટલામાં ભાગ પડાવે છે તે અટકાવવા આ ભારે પગલુ લેવાયું છે. આ બાતપર બજન રાખીએ કે ન રાખીએ તોપણ એટલું તો દેખાઇ આવે છે કે હીંદી બાળકોના ભણવાના ઉપાયો માટે હીંદીઓને આપ બળ ઉપર જ ઝુઝવાનું રહ્યું. આ પ્રસંગે મારે આપના ગયા અકમાં ફ્રીનીકસ સ્કુલ માટે જે આરટીકલ લખાણો છે તેપર દરેક હીંદીઓનું ધ્યાન ખેંચવાની જરૂર પડે છે. આશા રાખું છું કે હીંદી ભાઇઓ તેને ઘરતો જવાબ આપી ને વાતને ઉપાડી લેશે.

શ્રી. ગાંધી વગેરે પકડાયા

આજ બપોરે બે વાગે વોકસરસથી મી. સુલેમાન તરફથી તાર મળ્યો છે તેમાં લખે છે કે મી. ગાંધી અને બીજાઓને પકડયા છે. પોલીસે શું પગલાં ભરવાં તે પ્રીટોરીઆ અમલદારને પુછાવેલ છે. તેનો જવાબ નથી. ઝોહબે બેલ આપ્યા નથી બધા કાચી જેલમાં ગયા છે.

ગવરનરના ઉતારાનો કેસ

ટરાંસવાલના હીંદી ઉતારાઓને પોર્ટ પર પરહેજ રાખેલ છે તેને વકીલ મળી શકે કે નહિ તે સંબંધી કેસ આજે મારિત્સબરગમાં વડી અદાલતમાં કુલ બેંચ સમક્ષ ચાલ્યો, તેનું પરિણામ ડરબનમાં બપોરે બહાર પડી ગયું. મી. રોબીન્સ નને ટેલીફોન મળ્યો કે તેઓ કેસ જીતેલ છે અને ખરચ સરકારને માથે પડયો છે. એમ કે જે ગરજવંતી બાઇને ઉતારવાની

માગણી કરી હતી તે મંજુર થઇ નહિ પણ તેને માટે જે સગવડ જોઇએ તે કરી આપવા હુકમ થયો છે અરજદાર તરફથી શ્રી. હાજમ હતા, અને સરકાર તરફથી શ્રી. બરડ હતા. શ્રી. બરડે બચાવમાં કહ્યું કે હીંદીઓને ઉતારી નહિ શકાય ટ્રાંસવાલના રાજદ્વારી મામલાને લઇ તેઓ ત્યાં જઇ કાયદા જાણે આમ છે તેથી ટ્રાંસવાલ સરકારે એવી ધમકી બતાવી કે હીંદીઓને બંદર ઉપરજ રોકવા. અને જે સ્થળે હીંદીઓને પરહેજ રાખેલ છે તે ઓ સમવડવાળું વહાણ છે તેમાં સ્ટીમર ગવરનર કરતાં વધારે સારી સગવડ છે. ડમેલવાળી બાઇને ડાકટરના અભિપ્રાય પ્રમાણે પ્રસવવાની દોઢેક માસની વાર છે. તેની તબીયત સારી છે અને તે બધી સગવડ કરી આપવામાં આવી છે. વડા ન્યાયાધીશે ટીકા કરતાં કહ્યું કે રાજદ્વારી સવાલને અહીં નજરમાં લેવાનો નથા. દરેક સંજોગને તેના સલાહકાર સાથે કાયદે સર છુટથી વાત કરવાની આપણા કાયદા માં મુખ્ય છુટ છે. કાગળ ઉપરથી સંતોષ કારક રીતે વાત નજર થઇ શકે. બ્રિટીશ પ્રજા તરીકે અથવા એક માણસ તરીકે તેઓને ઉતરવાનો હક છે કે નહિ તે બાબતની સલાહ તેઓ શ્રી. રોબર્ટ રોબી નસન પાસેથી લેવા તેમાં જરા અટકણ ન આવવી જોઇએ. હીંદી બાઇને ઉતરવા દેવા બાબત તે ઉતરવાને હકદાર છે કે નહિ તેવો સવાલ અમારી આગળ લાવવામાં નથી આવ્યો એટલે તે પરવાનગી આપી શકાય નહિ, છતાં તે બાઇને બધી સગવડ છે અને ડાકટરની મુલાકાત લેવડ વેલ છે તે ઉપરાંત જો જે સગવડની જરૂર પડે તે સરકાર પુરી પાડશે. એમ જણાવ્યું કરું છું. અરજ સંબંધી ટીકા કરી કે ઇમીગ્રેશન ઓફીસર સરકારના હુકમ પ્રમાણે વરતેલા હોવાથી તેમને પોતાને કંઇ કહેવા જેવું નથી પણ અરજદારને અરજ મંજરજ જોઇએ અને સરકારે તેને અરજો આપવો પડશે.

સ્વામીજીનો આવકાર

સ્વામી શ્રી શંકરાનંદને ઉત્સાહ ભર્યો આવકાર કોંગરેસ હોલમાં આપવાનો હોવા થી તે હોલ બહુ ભપકાથી શણગારવામાં આવ્યો હતો. સીડીનો ભાગ લીલાં પાંદડાંથી ઢાંકેલો હતો. ઉપર બારે તરફ લીલાં તોરણો ઝુમી રહ્યાં હતાં. ભીંતો પંક્તિઓથી ઢંકાયેલી હતી તથા એક તરફ સ્ટેજપર "ૐ" લખેલ હતો. સ્ટેજ તથા સ્વામીજીની ખુરશીપર ફૂલમાળા જરીયાન બીજાવેલુ હતું. અગરબત્તી તથા સુગંધી પુલેની સુવાસ પ્રસરી રહી હતી. આ બધું શણગારવામાં મેસરસ આર. આર. મુડલે, કે. ઓ. ભટ, એમ. એમ. દીવાન, ડી. ડી દેશાઇ વગેરેએ સારી મહેનત લીધી હતી

આઠ વાગ્યા પહેલાં હોલ ચીકાર ભરાઇ ગયો હતો. હીંદુ, કોલોનીઅલો તથા મુસલ માન ભાઇઓ મળી એક હજારને આસરે માણસ એકઠું થયું હતું. રેલજની એક બાજુ ૧૦ થી ૧૨ જોરા બ્રહ્મચેા તથા બાનુઓએ જગ્યા લીધેલ હતી અને બીજી બાજુ વીસેક ટામીલ સ્ત્રીઓએ જગ્યા લીધી હતી. આઠ વાગ્યે સ્વામીજી પધાર્યા કે હોલ વંદેમાતરમના પોકારથી ગાજી ઉઠયો. તામીલ કન્યાએ પ્રાર્થના સાથે મંગલ ગીત ગાયું અને બે કન્યાએ ટેબલ સુધી સ્વામીજીની પાછળ ચાલી ગુલાબ જળ છાંટ્યું. ત્યારપછી સ્વામીજીને હાર તથા ગજરા અરપણ કરવામાં આવ્યા થીઓસોફીકલ સોસાયટીના ચેરમેન મી જી. વીલીયમ્સે ટુંક ભાષણમાં આ મહો ત્સવના મુળ કારણભુત શ્રી મહોકમચંદનો મોમે ઉપકાર માન્યો અને તેમના અંતીલા પ્રયાસ માટે તેમને ફુલનો હાર પહેરાવ્યો.

રીસેપ્શન કમીટીના ચેરમેન મી. મુડલે એ ઇગ્રેજી તથા તામીલમાં ભાષણ કરતાં કહ્યું કે મી. મોહમચંદના પ્રયાસથી સ્વામીજીને આપણે પામ્યા છીએ તે ખરૂં છે. અહીં ૫૦ વરસ થયાં હીંદીઓ આવતા થયા છે તેમાં આ પહેલા ધરમગુરૂ આપ ણને મળ્યા છે. અહીં આવી આપણે ધરમનું ભાન ભુલી ગયા છીએ. અને એવી સ્થીતીમાં વધારે વખત રહેવાનું થાય તો આપણું નામ ભુસાઇ જાય તેમાં કંઇ નવાઇ નથી. ધર્મ વિના આપણી દશા શું થાય તેનો ખ્યાલ કરવો ભય કર છે. ત્રણેક વરસ પહેલાં મી. મોહમચંદ ના પ્રયાસથી પ્રો. ભાઇ પરમાનંદ આવ્યા. તેમણે કઇક બીજ રોપેલ હતા તેને ઉછે રવા તહસર સ્વામીજી આવી પહોંચ્યા છે. તેમના આવવાથી અપુર્વ લાભ આપણે મેળવી શકશુ. વિગેરે કહી, અંગ્રેજી ભાષામાં લખાયેલુ શુભેચ્છા માનપત્ર સ્વામીજીને અરપણ કરયું. મી. મોહમ ચંદે પોતાને મળેલા માનમાટે મી વીલી યમ્સનો ઉપકાર માન્યો અને ધરમનું શીક્ષણ મેળવવા મળેલા અવસરપર વિવે ચન કરયું. તે પછી જુદા જુદા મંડળો તરફથી મેસરસઃ એચ. જે. એસ. ખેલ, (જી. સો. સેક્રેટરી) નોર્સે. (રંગીરામ્બુ જલ સોસાયટીના મેમ્બર). સી. બી. મહેતા (સેક્રેટરી સ્વામીજી રીસેપ્શન કમીટી). કે. ઓ. ભટ, સી. બી. શુકલ (ચેરમેન, સનાતન ધર્મ સભા). ઓધવ કાનજી(ચેરમેન,સુરત હીંદુ એસોસીએશન). પી કે. ભટ (કાંડી હીંદુ તરફથી). ટી. એમ. નાયકર (હીંદુ યંગમેન સોસાયટીના સેક્રેટરી) એન બી. નાયક (મારી તસ્વેરમ આર્ય સમાજ તરફથી). આર. સી. નાયડુ (સેક્રેટરી ધ. ને. પ્રે. એ.) તથા મહારાજ મણેશ ગીસાબ્રએ સ્વામીજી ને આવકાર આપી જુદી જુદી ભાષા ઓમાં ભાષણો આપ્યાં.

આ બધાનો જવાબ આપવા સ્વામીજી તાળીઓના મોટા ગડગડાટ વચ્ચે ઉઠયા અને પહેલાં હીંદીમાં સંસ્કૃત તથા કુરાને શરીફમાંથી ઉતરતા કહરાઓનાં દ્રષ્ટાંત આપી ખુબીદાર ભાષણ આપ્યું અને પછી તરત તેજ અરથનું ઇગ્રેજીમાં ભાષણ આપ્યું.

[જગ્યાની તંગીને લીધે અમારે આ ભાષણ આવતા અંક માટે મુલતવી રાખવું પડે છે. અ. ઇ. ઓ.]

માનપત્ર

અમે નીચે સહી કરનાર આ કીનારા પર આપના આવાગમનનો લાભ જઇ આપને હીંદુ ભાઇઓ તરફથી અંતઃકરણ પુરવક આવકાર આપીએ છીએ. આપન આવાગમનના અવસર માટે અમે મગરૂર બનીએ છીએ અને આશા રાખીએ છીએ કે ઘણા હીંદુભાઇઓની ધારમીક અને કેળવણી સંબંધી સ્થીતી ને તે ઘણે દરજે ફાયદાકારક નીવડશે. આ અંકમાં આપના જેવા આ પહેલાજ સન્યાસીને પામવાથી અમે પોતાને ભાગ્ય શાળી ગણીએ છીએ. અને પ્રાર્થના કરીએ છીએ કે આપનો ઉદ્દેશ સફળ થાઓ. વિગેરે. સહી કરનાર મેસર્સ આર. આર મુડલે, (ચેરમેન) લક્ષ્મન પાડે તથા સી. બી. મહેતા, (સેક્રેટરીઓ.) મોહમચંદ, (ટ્રેઝરર.) ઓધવ કાનજી, જયેારજ વીલીયમ, ગોપાળજી મોરારજી દેશાઇ, પ્રભાશંકર કે. વ્યાસ, મકનજી ખત્રી, વીરજી દામોદર અને ભાઇલાલ ઉમેદભાઇ પટેલ.

હીંદુસ્તાનની ટપાલ

સ્ટીમર અમલેાટીમાં કોલંબો રસ્તે જનારી ટપાલ બુધવાર તા. ૧૪ના રોજ સવારે ૬-૨૦ મીનીટે બંધ થશે.

ખારબરટનમાં રજીસ્ટરના કેસો

૫૮ હીંદીઓને બે માસની જેલ

[ઇ. ઓ. માટે ખાસ રીપોર્ટ]

મયા સોમવારે તા. ૨૮ સપ્ટેમ્બરના રોજ ગવરનર સ્ટીમર ડેલાગોઆબેના કીનારે આવી પહોંચી. તેમાં ટરાંસવાલના હીંદી દંતારૂઓની મોટી સંખ્યા હતી. આમાંના ઘણાખરાએ પોરટુગીઝ કબ્જામાંથી ટરાંસવાલ જવાનો ઇરાદો કર્યો અને તે મુજબ તેઓ લોરેન્સો મારકસ ઉતરી ટરાંસવાલને રસ્તે પકડ્યા. તા. ૨૯ મીએ કોમાટીપુરટ પહોંચ્યા. ત્યાં આવતાંવેંત પોલીસ અમલદારે તેમને અટકાવ્યા. અને ખુની કાયદા મુજબ અથવા તો તા. ૨૧ સપ્ટેમ્બરના રોજથી અમલ માં આવ્યો તે કાયદા મુજબના સરટી ફીકેટ માગ્યાં. કોઇ પાસે સરટીફીકેટ તો હતાં નહિ. એટલે તેઓને ચેતવણી આપી કે ૧૯૦૭ના ૩૬ નંબરના કાયદા મુજબ ટરાંસવાલની બહારથી તેઓ રજીસ્ટરની અરજી કરી શકે છે અને તેવી અરજી કરી નથી એટલે તેમને પ્રોહીબીટેડ ઇમીગ્રંટ ગણી પકડવામાં આવશે. જો તેઓને કાયદાની ખબર ન હોય અને દાખલ થયા હોય તો તેઓ ૧૦ આંગળાં આપી લોરેન્સો મારકસ પાછા જઇ શકે છે. તેઓ બધાએ આંગળાં આપવાની ના પાડી. એટલે તરતજ તેમને પકડી બારબરટન લાવવામાં આવ્યા. બારબરટન તેઓ ગુરૂવાર તા. ૧ ના રોજ બપોર બાદ પહોંચ્યા. તેજ વખતે તેમને કોરટમાં ખડા કરવામાં આવ્યા. માજીસ્ટ્રેટે તે દિવસે તેમના ઉપર કામ નહિ ચલાવતાં બીજે દિવસે હાજર થવાનું ફરમાવ્યું અને રાતના જેલમાં રાખી મુકવા. આ બધા ૭૬ માણસો હતા. તેમાં ૧૭ નાની ઉમરના હતા.

શુક્રવારે જ્યારે તે બધાને ફરીને કોરટ માં લઇ જવામાં આવ્યા. તેમના નામ નીચે મુજબ છે: મેસર્સ મુસા ઇસ્માઇલ મીયાં (ઓ. ઇ. એસોસીએશનના માજી પ્રમુખ મી. ઇસપ ઇસ્માઇલમીયાંના ભાઇ) સાલે મહમદ, ઇબરાહીમ ઇસ્માલ, મહમદ ઇસપ, ઇસ્માઇલ કાસમ, ઇબરાહીમ મુસા, હસન આમદ, ઇબરાહીમ હસન ભમ, ઇબરાહીમ ચુનારા, ઉમરજી મહમદ, નરોતમ દુલભ, હાસમ ઇસપ, ઇબરાહીમ મુસા, ઇસ્માઇલ આદમ, ઇસપ સાલેજી, સાલેજી હસન, ઇસ્માઇલ અહમદ હસન ઇસ્માઇલ, મુસા ઇબરાહીમ, આદમજી હુસેન, હુસેન મુસા, રસુલ નુર. ઇબરાહીમ આદમ, મહમદ મુસા, ઇસપ હુસેન, ઇબરાહીમ હાજમ, ઇસપ ઇસ્માઇલ, કબીર ઇસ્માઇલ, સાલે મુસા, આદમ મ.મુજી, ભગા છીતા, આદમજી મુસા, ઇબરાહીમ મુસા, આકુજી ઇબરાહીમ, મહમદ ઇસાક, હસન આદમ, ઇબરાહીમ ભ.ના, ઇબરાહીમ કબીર, હસન મુસા, હુસેનખાન મહમદ ખાન, રહેમાન મુરદ, મુસા સુલેમાન, ઇબરાહીમ અહમદ, મહમદ પટેલ, સુલેમાન આકુજી દાજી, મહમદ સુલેમાન, સુલેમાન અલી, ઇસ્માઇલ હાજી મુસા, છોટાલાલ વાલજીદાસ અને ઇબરાહીમ સાલે. તેઓના ઉપર ૧૯૦૭ના ૧૫ નંબરના ઇમીગ્રેશન કાયદાની કલમ ૫ અને તે સાથે તે કાયદાની કલમ ૨ની પેટા કલમ ૪નો ભંગ કર્યાનું તહોમત હતું. મી. હવી સરકાર તરફથી હાજર હતા અને મી. પોલાક બચાવ તરફથી હતા. બધાએ જણાવ્યું કે તેઓ ગુનેહગાર નથી.

જે પોલીસે તેમને પકડ્યા તેણે જુબાની આપી. ઉપર જણાવી તે સઘળી હકીકત કહી તેણે કહ્યું કે પ્રીટોરીયાથી ઓશીઆ ટીક રજીસ્ટરાર જે મુખ્ય ઇમીગ્રેશન અમલદાર છે તેની તરફથી તારમાં મળતી સુચના મુજબ મેં સઘળું કામ લીધેલું છે. આ તહોમતદારોમાંના પ૩ જણા પાસે પીસ પ્રીઝરવેશન કાયદા મુજબની પરમીટ છે. અને ૩ જણા પાસે બીજા દસ્તાવેજો છે. તેમાં લખેલ છે કે આ દસ્તાવેજ જે ધરાવનારના પાસે તેવીજ જાતની પરમીટ હતી. આ બધા દસ્તાવેજ ઉપર મોઝાંબીક પ્રજાના રહેતા ટરાંસવાલ ઇમીગ્રેશન અમલદારનો રબર સ્ટેમ્પ હતો અને સીસાપેનથી લખેલું હતું કે આ દસ્તાવેજના માલીકે કોલોનીમાં દાખલ થયા પછી આઠ દિવસની અંદર રજીસ્ટરને માટે અરજી કરવી. ઉલટ તપાસમાં તેણે જણાવ્યું કે પરમીટો તહોમતદારોની ન હતી એમ માનવાનું મારી પાસે કાંઇપણ કારણ નથી. નવા કાયદા મુજબ રજીસ્ટરાર કોણ છે તેના જવાબમાં સાક્ષીએ મી. ચમનીનું નામ આપ્યું. અને તેવી મતલબની નોટીસ ગેઝેટમાં બતાવવાનું પુછતાં જણાવ્યું કે તેવી નોટીસ તો છપાઇ નથી પરંતુ ૧૯૦૭ના ૨ નંબરના કાયદા મુજબ મી. ચમનીને ઓશીઆટીક રજીસ્ટરાર નીમવાની નોટીસ બહાર પડી છે તે અનુસાર મી. ચમનીને ૧૯૦૭ના કાયદાના રજીસ્ટરાર મથી શકાય પણ મોટો ઉપર રબર સ્ટેમ્પની જે છાપ છે તે ઓઝાંબીક પ્રજાના ટરાંસવાલે ઇમીગ્રેશન ખાતાની છે. ખુની કાયદો નાબુદ નથી થયો એ હું જાણું છું.

સરકારી વકીલે અહીં જણાવ્યું કે આ લોકોએ ૧૯૦૭ના કાયદા મુજબ આ કોલોની બહારથી અરજી કરી છે કે નહિ તે પુછવા ને ઓશીઆટીક રજીસ્ટરારને અહીં બોલાવવા જોઇએ. અને સાંજુધી કેસ મુલતવી રાખવો. પરંતુ મી. પોલાકે જણાવ્યું કે મારા અસીલોએ તેવી અરજી કરી નથી એમ કબુલ કરું છું એટલે રજીસ્ટરારને બોલાવવાની જરૂર નથી.

મી. મુસા ઇસ્માઇલ મીયાંએ સાક્ષી આપતાં જણાવ્યું કે હું ૨૯ તારીખે કોલોનીમાં દાખલ થયો છું. મને ૧૯૦૭ના ૨ નંબરના કાયદા મુજબ કોલોનીમાં દાખલ થવા પછી ૮ દિવસની અંદર રજીસ્ટરની અરજી કરવાનો હક છે. કોરટ માં જે પરમીટ રજુ થઇ છે તે મારી પોતાની છે. સત્યાગ્રહની લડતમાં હું સામેલ છું એટલે રજીસ્ટરને માટે અરજી કરવા ઇરાદો રાખતો નથી.

મી પોલાકે જણાવ્યું કે દરેક પાસે જે પરમીટ છે તે પોતાની છે કે કેમ તે સાબીત કરવાની કોરટને જરૂર જણાય તો એક એકને બોલાવી તેની તપાસ કરવી. પરંતુ સરકારી વકીલે જણાવ્યું કે દરેક પાસે પરમીટ તેની પોતાની છે એ હું કબુલ રાખું છું.

મી. પોલાકે પોતાના ભાષણમાં જણાવ્યું કે મારા અસીલો ઉપર ખોટું તહોમત મુકવામાં આવેલ છે. પહેલાંતો કોને અરજી કરવી તેજ ઠેકાણું નથી. નવા કાયદા મુજબ હજુ કોઇ રજીસ્ટરાર મુકરર થયેલ નથી. મી. ચમનીની રજીસ્ટરારે તરીકેની નીમણુંક ખુની કાયદા મુજબ થયેલ છે, તે બરાબર છે પરંતુ તેથી નવા કાયદા તરીકેના રજીસ્ટરાર છે એમ નથી નીકળી શકતુ. આ બંને કાયદા એક બીજા સાથે કાંઇ સંબંધ ધરાવતા નથી.

બીજું મારા અસીલો પાસે જે પરમીટ છે તે પરમીટને આધારે તેઓ કોલોનીમાં દાખલ થઇ શકે છે. અને ૧૯૦૭ના ૨ નંબરના કાયદા મુજબ કોલોનીમાં આવ્યા પછી ૮ દિવસની અંદર રજીસ્ટરની અરજી કરવાનો હક ધરાવી શકે છે. કેમ કે તે કાયદો હજુ નાબુદ થયો નથી.

આ બધું હકીકત ધ્યાનમાં લેતાં મારા અસીલને પ્રોહીબીટેડ ઇમીગ્રંટ ગણી શકાય નહિ. તેમ છતાં કોરટ આ વાત કબુલ ન રાખે તો હું કોરટને જણાવવા માગું છું કે મારા અસીલો સત્યાગ્રહી છે. તેઓને ૧૯૦૬ નં. બેનો કે ૧૯૦૮નો નંબર ૩૬નો આ બેમાંથી એકે કાયદો કબુલ નથી. તેઓ કોલોનીમાંથી કે કોલોની બહારથી રજીસ્ટરની અરજી કરવા માગતા નથી.

માજીસ્ટ્રેટે થોડો વખત કોરટનું કામ બંધ રાખ્યા પછી ફરીથી શરૂ કરયું. ત્યારે જણાવ્યું કે તહોમતદારોને હું ગુન્હેગાર ગણું છું અને તેઓને બબે માસની સાદી જેલ અથવા ૨૫ પૌંડના દંડની સજા કરું છું. અને વારંવાર તેમને હદપાર કરવાના વોરંટ મેળવવાની પ્રોસી કયુટરને સુચના કરું છું.

ઉપરના ૫૬ જણાના કેસ ચાલી રહ્યા બાદ બીજા બે મહમદ ઇસ્માઇલ ઇસ અને સુલેમાન મુસા વાડીવાળાને એજ કારણસર માજીસ્ટ્રેટ પાસે ખડા કરવામાં આવ્યા હતા. મી. પોલાક બચાવ નરફ થી હતા. આ બંનેને ઉપરના ૫૬ની માફક બબે માસની જેલની અથવા ૨૫ પૌંડના દંડની સજા થઇ હતી.

વારંવાર મી. મહમદ ઇસ્માઇલને પ્રોહીબીટેડ ઇમીગ્રંટ તરીકે જાહેર કરવામાં આવ્યો હતો. તેની પાસે એશીઆટીક સુપરવાઈઝર મી. ડબલ્યુ. જેકસનની સહીનો તા. ૨૨ ઓગસ્ટ ૧૯૦૭ની સાલનો એક કાગળ હતો. એમાં લખેલું હતું કે તે માણસ નોંધ હોવાથી તેને પરમીટની જરૂર નથી. તે યુરોપની કોઇ ભાષા લખી વાંચી શકતો ન હતો તેમ તેની પાસે ગુજરાતના પુરાં સાધન ન હતા. તહોમતદારે બનતે જુબાની આપી તેમાં જણાવ્યું કે પાંચ વરસ પહેલાં મને આ કાગળ જોહાન્સ બરગમાંથી મળે છે. તે વખતે મારી ઉમર ૧૫ વરસની હતી. ત્યાર પછી હું હીંદુસ્તાન ગયો હતો તે પાછો હમણાજ આવું છું.

મી. પોલાકે જણાવ્યું કે મારા અસીલ ની પાસે પરમીટ નથી તેટલા માટે પકડ વામાં આવેલ છે. રજીસ્ટરને માટે પકડ વામાં આવેલ નથી. તેની પાસે જે કાગળ છે તે જે વખતે તેને આપેલ છે તે વખતે એશીઆટીક રજીસ્ટરારની ઓથોરીસજ હતી નહિ. પરમીટો વગેરેનું કામ એશીઆટીક સુપરવાઇઝરના હસ્તક હતું. મારા અસીલ પાસે જે કાગળ છે તે કાયદેસર છે તેથી તેને છોડી મુકવો જોઇએ. બાજી સોટે કેટલોક વિચાર કર્યા બાદ મી. મહમદ ઇસ્માઇલને છોડી મુકયો હતો.

છેલ્લા ખબરો

વોકસરસ, ગુરૂવાર

મી ગાંધી અને બીજા પંદર જણા જેને ગઇ કાલે અહીં અટકાવેલ છે તે બધાને આજે કોરટમાં ખડા કરવામાં આવ્યા હતા. તેના ઉપર શું તહોમત મુકવું તે હજુ નકી થયું નથી. તે બધાનો કેસ આવતા બુધવાર સુધી મુલ તવી રહ્યો છે. માજીસ્ટ્રેટે દરેકના પા. પ૦ના બેલ ફરાવ્યા, પરંતુ કોઇએ બેલ આપ્યા નથી

મેસરસ બીખા કલ્યાણ, ઝીણાભાઇ વલ્લભભાઇ, અને મહમદ હુસેન જેને નવા કાયદા મુજબ જેલ મળી હતી તેને આવતી કાલે હદપાર કરવામાં આવશે.

વોકસરસ, ગુરૂવાર.

અહીંની જેલ ભરાઇ ગઇ છે સો એક જેટલા માણસો ડરબનથી ચડયા છે. એમ ધારી તેમની સગવડ માટે સરકાર તંબુ તથા રાવટી ખડી કરે છે. આવતી કાલે હદપાર કરનારા ઉપર મોટો અન્યાય ગુજરશે. ગેઝેટમાં નોટીસ બહાર પડયા વીના નવા કાયદા મુજબ તેમને સજા કરી એ પણ ગેરકાયદેસર હતી. આ.મ છતાં સત્યાગ્રહીઓ સત્યના આગ્રહને વળગી રહ્યા છે.

'વીટનેસ'નો ખબર પૈત્રી જણાવે છે કે વોકસરસમાં વધુ હીંદીઓ આવી પડશે એવી વકીથી પોલીસના ૧૦૦ એક માણસો આવેલા છે. અમારો ખબર પત્રી લખે છે કે ખુદા માલુમ, આ ૧૦૦ માણસનું ત્યાં વળી શું કામ હશે?

સુરતના જાણીતા વતની ઓનરેબલ સઇદ શેખ. એલ એલ્ઇસની મુંબઇ સરકારની ધારાસભાના મેમ્બર તરીકે ફરીથી નીમણુંક થઇ છે.

ના. નાયકવાડ મી. ટી. એમ. પંડયા ને અમેરિકા અને એમ. એમ. મહેતાને ઇંગ્લાંડ ખાતે શિક્ષણ પહતિનું જ્ઞાન મેળ વવા માટે અને મી. ખબરભાઇ પટેલને ખેતીનું શિક્ષણ લેવાને અમેરિકા મોકલનાર છે.

હીંદી પંચમાં રમુજી ચિત્ર

તા. ૬ સપ્ટેમ્બરના હીંદી પંચના અંકમાં "ઇનસાઇ!" એ મથાળાથી એક રમુજી ચિત્ર બહાર પડયું છે. તેમાં ઇમામ અબદુલ કાદર બાવાઝીરની ૭મી છે. દરબારવાલના કીલ્લાનો અરધો દરવાજો ખુલ્લો રાખી 'બોર' તેની સાથે નીચે મુજબ વાત કરે છે.

બોયર—એરે એઇ, અહીં મારા દરવાજા આગળ એમ જો ભટકયા કીધોસ તો પોલીસના હાથમાંજ તારૂ પાંખરૂ આપસ! ચાલ્યો જા અહીંથી, નહીં તો ઇનસાઇની ચાવડીએ ચઢાવી દેવસ!

ઇમામ—૬૦ બા૦—ઇનસાઇની ચાવડી? ઇનસાઇની! તો કયાં છે ઇનસાઇ? લાવો, મી૦ બોર, દેખાડો મ' ઇનસાઇ કયાં છે તે? મને ઇનસાઇજ જોઇએ છે.

બોયર—ચાલ, વધુ પટપટ ના કર! મુંગો, મુંગો અહીંથી પત!

ઇમામ—કાં વાટ'? અહીંથી કાં હું પતું?

બોયર—તો તારૂ' મારા ઘ બારમાં શું હપુ છે કે તું અહીં ભટકયાં કરેચ, હેં એ?

ઇમામ—જેવો તું તેવો હું! તું ચહેનશાહ એડવર્ડની પ્રજા છે, તેવોજ હું બી છું.

બોયર—હું કંઇ તે સમજતો નથી! મુંગો મુંગો ભલચ કે—કે——

બોકસબરગથી એક ખબરપત્રી લખે છે કે આજરોજ (બુધવારે) મહમદ મુસા બોજાને વગર લાઇસેન્સથી વેપાર કરવા માટે માજીસ્ટ્રેટ સ્લેડન સનમુખ રજા કરવામાં આવ્યા હતા. જેલમાં વળાવવા માટે એસોસીએશન તરફથી મી. જોરજ ગોડફ્રે હાજર થયા હતા. આરોપીએ જુબાનીમાં જણાવ્યું કે હું પાસીવ રીઝીસ્ટર છું. ખુની કાયદાના બાદથી લાઇસેન્સ કઢાવ્યું નથી. માજી સ્ટરેટ ગુન્હેગાર ઠરાવે તો જેલ જવા માટે બહુ રાજી છું. બાદ મી. ગોડફ્રેએ આરોપી માટે જેલની માગણી કરી હતી. માજીસ્ટરેટે બે પાઉંડ કે૬ અથવા ૧૪ દીવસની સાદી જેલની સજા કરી છે. મી. મહમદ મુસા જોજા ખુશી સાથે જેલમાં ગયા.

લંડન ટાઇમ્સના એક તારમાં રૂટર જણાવે છે કે મદ્રાસના 'સ્વદેશ મીત્રમ' અપાના આધપતિ મી. સુબ્રામનીયા અયર ને રાજદ્રોહના આરોપમાંથી મુકત કરેલછે

ફીનલાંડથી કાગળ

અમારો લંડનનો ખબરપત્રી ઓગસ્ટ માસમાં ડેનમારકની રાજધાની કોપન હેગન ખાતે પોર્ગ્રેસ મળી તેમાં હાજર થવાને ગયેલ ત્યાંથી ફીનલાંડ ગયેલ છે. આ ખબરપત્રીએ અંગ્રેજી વીભાગમાં એક કાગળ લખ્યો છે. આ મજબમાંથી કેટલીક હકીકત અમે નીચે આપીએ છીએઃ

ફીનલેંડ એટલે તળાવોનો દેશ. આ દેશમાં અનેક મોટા નાના તળાવો હોવાથી તેનું નામ ફીનલાંડ પડયું છે. આ દેશ વરસો વરસ દરીયાની સપાટીથી ઉપર ચડતો જતો હોય તેવું જણાય છે. ટાપુઓ જોડાઇ જાય છે. અને નવા ખડકો દરીયા માંથી પેદા થતા જાય છે રસ્તાની બહુ બારીકીથી દર વખતે તપાસ રાખવી પડે છે. ગયે વરસે રશીઅન ઝારના કટુંબને લઇને એક મોટ ગયેલી તે ખડક સાથે અથડાઇ અને સહુ મહા સંકટમાં આવી પડેલ તે આવજ કારણને લઇને હતુ. આમ જમ રે ફીનલાંડ કુદરતી રીતે વધતુ ચાલ્યું છે તે સાથે રાજદ્વારી રીતે અને દુનીયાના બીજા નવા સુધારાના પ્રવાહમાં પણ વધતુ ચાલ્યું છે. આ દેશમાં અમુક ઉમરે પહોંચ્યા પછી સ્ત્રી પુરૂષ બન્નેને વોટ આપવાના હક છે. અને હાલમાં ૬૯ સ્ત્રી મેમ્બરો પારલામેંટમાં બેસે છે. એક સજ્જોગ એવો બનેલો છે કે એક ઘરના સ્ત્રી તથા પુરૂષ બંને પારલામેંટના મેમ્બર છે.

આ દેશમાં કેટલાક મોટાં તળાવો તથા રમણીય પાણીના ધોધ ઘણાં છે. તમા રેલીફોન અને બીજળીની રોશનીનો લાભ ઘણી છૂટથી લેવામાં આવે છે. દેશમાં રેલ્વેનું કામ પણ સારા પાયાઉપર ચાલે છે પરંતુ રેલ્વેની આસ્ત એટલી બધી ઝડપવાળી હોતી નથી. ટ્રેનમાં બહુ સારી સગવડતા હોય છે તથા ડબલેજ વખતથી મોડી પહોંચે છે. દેશમાં અનેક મોટાં તળાવોમાં સ્ટીમરો ચાલે છે આ સ્ટીમરો પણ સુંદર અને સગવડવાળી હોય છે. ટ્રેન અગર સ્ટીમરમાં મુસાફરી કરવાનું ખરચ ઇગ્લાંડના પ્રમાણમાં બહુ કમતી આવે છે.

ફીનલાંડમાં કેળવણી બહુ સારા ધોરણ ઉપર અપાય છે. શહેરના ગરીબ અને તવંગર લોકો પોતાના છોકરાઓને ઉચી કેળવણી આપે છે એટલુંજ નહિ પણ નાના ગામડાઓમાં પણ બાળકોને કેળવણી આપવાની નીશાળે બહુ સારા પાયા ઉપર ચાલે છે. આ દેશમાં એક કાયદો એવો છે કે જે કોઇ માણસ અથવા સ્ત્રી પોતા ની સહી કરવા જેટલું ન લખી શકે તે પરણી શકે નહિ લગભગ બધાં છોકરાં ઓ સ્વીડીશ અને ફીનીશ ભાષા જાણે છે. અને બધા અમલદારે રશીઅન ભાષા સારી રીતે જાણવી જોઇએ છે. પોડાજ વરસ ઉપર ફીનીશ ભાષા જાણતી લોકોની સખ્યાતી. તે ભાષા દેશમાં બહુ જ જુજ પ્રમાણમાં બોલાતી. જે લોકો આ ભાષાથી અજાણ હતા તેમાંના કેટલાક આ ભાષાના અજ્ઞાન માટે મગરૂરી માનતા હતા. પરંતુ ૧૮મી તથા ૧૯મી સદીના ફીનીશ પ્રજાના પ્રજાપ્રેમ જુસ્સાના રંગ સાથે તેઓની ભાષાનો પણ આખા દેશમાં રંગ લાગ્યો અને હાલ તે ભાષા સરવ માન્ય થઇ પડી છે, તથા નેશનલ એસે મ્બલીમાં જ્યાં સ્વીડીશ ભાષા વપરાતી હતી તેની જગ્યાએ ફીનીશ ભાષા વપરાવા લાગી છે.

યુરોપના એક ખુણામાં આવેલા આ નાનકડા રાજ્યે પોતાનો ધ્વનિલાસ, પોતાના રીવાજ તથા પોતાની ભાષ સેંકડો વરસ થયાં જાળવી રાખ્યાં છે એ અભીમાનથી ભરેલું છે. જો કે તેના પાડોશી રશીઆ તથા સ્વીડનની ટાંપ તેના ઉપર હમેશાં ચાલુ છે. કેટલાક વરસો ઉપર ફીનલાંડ સ્વીડનથી સ્વતંત્ર થયુ છે અને રશીઆ ના ઝારે આ સંપની નીશાની તરીકે ફીન લાંડના ગ્રેંડ ડયુકનો ખેતાબ ધારણ કરેલ છે, એક જીતેલા મુલક તરીકે નહિ. આમ છતાં ફીનીશ લોકોના હક, છુટ અને રાજ્ય બંધારણ ઉપર રશીઆનુ દબાણ વધારે પડતુ રહેવા કરે છે. આવી હાલતને લઇને કેટલીક વખત રશીઅન ગવરનરનુ આ દેશમાં ખુન પણ થઇ જાય છે દેશમાં બધે રશીઅન અમલદારો થઇ ન જાય તેટલામાટે ફીનીશ લોકોએ ફીનીશ અમલદારો રશીઅન ભાષા જાણે તેવાનેજ રાજ્યની નોકરીમાં દાખલ કરવાનું ઠરાવેલુ છે. રશીઆની સત્તાની બીજી નીશાની એ છે કે ફીનલાંડ બહાર જતા દરેક કાગળ વગેરે ઉપર રશીઅન સ્ટાંપ ચોડાય. ફીનીશ સ્ટાંપનો ઉપયોગ દેશની બહારના કોઇ ઉપરજ થઇ શકે છે.

આ દેશ સુંદર અને રમણીય કુદ રતી દેખાવોથી ભરપુર છે. તે વિષે જે લખાયેલું છે તે ઉપરથી તેની સુંદરતાનો પુરો અરધો પણ ખ્યાલ નથી આવી શકતો. ઉનાળામાં લાંબા દહાડા હરી ફરવા છે ઓગસ્ટની આખરીએ રાત થંડી થવા લાગે છે ઉનાળાના દીવસોમાં ફરતા આસમાની રંગના દેખાતા સરોવરની શોભા, આ સરોવરને કીનારે પાઇન અને બીજા ઝાડોની હારની રમણીયતા અને તળાવોમાં નાના લીલાં બેટડાં આંખને આનંદ આપે તેવાં હોય કેટલીક જગ્યા એ પાણીના ધોધ આ આનંદમાં ઉમેરો કરતા હતા. આવાં સ્થાનો આ દેશમાં ઘણાં છે. આખો દેશ પરીઓની વાર્તાના દેશ જેવો લાગતો હતો ફીનલાંડના લોકો હોંશીયારી, ખંતીલા, ધીરજવાન અને કેટલીક કુદરતી પ્રતીકુળતા સામે મહેનતથી કામ લેનારા છે. શીયાળામાં અમુક વખત સુધી કેટલાક ઝાડમાં રાત રહે છે. થંડી ઘણી સખત પડે છે. બરફ અને શીતથી દેશ સફેદ રૂની પુણી જેવો થઇ રહે છે. આવા સમયમાં રહેણી કરણી કેવી જાતની રાખવી તેથી તેઓ ટેવાઇ ગયેલ હોય છે.

અહીં હુ આ વિષય ઉપર અટકી ઓરીયેંટલ કોંગ્રેસ વિષે થોડી હકીકત લખીશ. પુર્વના વિદ્યાર્થીઓ દર ત્રણ વરસે એક વખતે વિદ્યા વિષય ચરચાવવા ને ૪૦૦ સુધીની સખ્યામાં ભેળા થાય છે. તેમાં ૬૦૦ જેટલા આવેવાનો હોય છે. આ વખતની કોંગ્રેસ ડેનમારકની રાજધાની કોપનહેગખાતે મળી હતી. આમાં પુર્વ દેશના દરેક વીષયો ચરચાય છે. કોંગ્રેસના ૭ વિભાગ પાડેલા હોય છે. દરેક વિભાગની મીટીંગો કોપન હેગનની પાઠશાળાના વિશાળ મકાનના જુદા જુદા ઓરડાઓમાં બેસે છે. અને દરેકને માટે જુદા સેક્રેટરીઓ ચુંટાયેલા હોય છે. આ મહાન મંડળ વિષે ખુશી થવા જેવી હકીકત એ છે કે આ મંડળની સેશલરશીપ ગમે તે જાત અથવા ગમે તે દેશના વિદ્યાર્થીને મળી શકે છે. પુરવની અખુટ શોધખોળનું કામ અમુક વિદ્યાર્થીઓ ભેળા મળીને અને બાકીનાથી કર્યા જાય છે. આ સભામાં બ્રિટાનીયા તરફથી કેમ બ્રીજના પ્રોફેસર ઈ. જી. બ્રાઉન હાજર હતા. હીંદુસ્તાન તરફથી સર આરકલ લેલ હતા. આ સભામાં સંસ્કૃત, બુધીસ્ટ, પરસીયન, હીબ્રુ, ચાઇનીઝ તથા જાપાનીઝ ભાષાના વિદ્યાર્થીઓ હતા જેઓ તે તે ભાષા વિષે પણ ઉચું જ્ઞાન ધરાવતા હતા. લોનથી આવેલ બે પ્રતીનીધીઓ કોંગ્રેસમાં બે નીબંધો વાંચ્યા હતા. એક નીબંધ ડાક્ટર કીસીલ્યાએ "ઇસ્લેક મેજીક એન્ડ આર્ટસ ઇન મીસોપોટેમીયા." અને બીજો નીબંધ ડાક્ટર કુમાર સ્વામીએ "ઇન્ડિઅન

આરટ " ઉપર ચાંપેલ હતો. શ્રી. ફ્રેન્ટલ નામના એક રશિયનીઅને બનારહની નજીક બે દકનમાંથી અફીણના વખતના સ્થંભ વિષેની ઘણી રસીક હકીકત રજુ કરી હતી. આ ઉપરાંત બીજા અનેક વિષયો ઉપર નીબંધો આ કોંગ્રેસમાં વંચાયા હતા. કોંગ્રેસમાં હાજર થયેલાઓને માટે કોમરેસ કમીટી, કોરપોરેશન, કેટલાક ખાનગી ગૃહસ્થોએ તેમજ ડેનમારકના રાજા ફ્રેડરીક ૮મા કે જેણે એક વખત આ કોંગરેસની એક બેઠકમાં હાજર રહી ઘણો ઉપયોગી ભાગ લીધો હતો તે બધાએ ખાનપાનના કેટલાક મેળાવડા કર્યા હતા; અને આખા અઠવાડીઆના સખત કામ પછી વીદ્વાન પંડીતોને નાના નીશાળીઆઓની માફક આવા મેળાવડાઓની રમત ગમત તથા ડાન્સ માં ભાગ લેતા જોવા એ ખરેખર આનંદ આપનારું થઇ પડતું હતું. આવી કોંગ્રેસમાં આવેલા વિદ્યાર્થીઓમાં અન્યો અન્ય મિત્રતા વધી તથા પ્રીતીને વધારો થતો હતો તથા એકબીજાને પોતાનું કામ વધારે હોંશથી કરવાને બળ મળતું હતું. આ કોંગ્રેસની હવે પછીની બેઠક ૧૯૧૧માં ગ્રીસની રાજધાની આથેન્સખાતે મળશે. હીંદુસ્તાનની પુનણી વીદ્યાના શોધખોળ કરનારા વીદ્યાર્થીઓની એક મીટીંગ બોલાવવા ની સરકારના આમંત્રણથી હીંદુસ્તાનમાં જવા થાય એવો સંભવ છે.

શ્રી. હસનભાંયાનો કાગળ

લંડન તા. ૨૧-૯-૦૮

હું ખુદા પાકના ફજલો કરમથી બહુ મજેમાં છું. મારી તબીયત બહુ મજેમાં રહે છે. અભ્યાસ ચાલુ છે. પરિક્ષાના દિવસ નજદીક આવવાથી અત્યંત કામમાં છું. આંગલીઆ શેહનો ભાઇજાન આવેલ છે તે મારી સાથે રહે છે. તા ૬ ના રોજ સવારના પહોરમાં જોયો ભાઇ જોઉ છું તો વાંચ્યું કે નાગા વહાલા ભાવાજી, શ્રી હસનજી શેઠ, શ્રી. આંગલીઆ શેઠ વીગેરે માણસોને ટ્રાંસવાલની "અનસીવીલાઇઝડ" સરકારે માસ ૩ ની સખત મજુરીની સજા કરી. આ વાંચી મને કેટલી ખુશી ઉપજી તે હું નથી લખી શકતો. મારા વહાલા ભાવાજી પોતાની કોમની ખાતર જેલ ભોગવે એ મારા મોટા નસીબ હું માનું છું. હું પોતે અહીંયા છું તેથી દીલગીર છું. વહાલા ભાઇ, હું કેવલીક વખતે અહીંયાં કોરટમાં જાઉં છું જે વખતે સપ્રેજીસટના કેસ હોય છે. એ બહાદુર માણસો માજીસ્ટ્રેટને કહે છે કે "શું કામ તમો અમને ૩, ૪ કે ૬ મહીનાની સજા કરો છો? શું કામ અમને જેલમાંજ નથી રાખી મુકતા. કારણ કે તમો જાણો છો કે જ્યાં તલક અમારા હકો નહીં મળશે ત્યાં તલક અમે જેલને માટે તો તૈયાર છીએ." જ્યારે આ ભાઇઓ આવી બહાદુરી બતાવે ત્યારે આપણે શું કામ ડરીએ. એ લોક પ,૬, મહીનાની જેલ ખુશી સાથે ભોગવે છે. હીંમત રાખજો. હું ખુદા પાક પાસે એજ દુવા માગું છું કે ઓ ખુદા, તું મારા હીંદીભાઇઓને ફતેહ આપજે અને હીંમત આપજે.

જ્યારે અહીં તેઓની જેલની ખબર મળી તેવીજ અહીંના છાપાઓમાં આપણા બહાદુર મી રીચે પોકાર ઉઠાવ્યો છે મોટા મોટા માણસોની અહીં જંગી મીટીંગ ભરાશે. લોર્ડ એમ્પથીલ વગેરે હીંદના હીરા હોવી રે છોડી દમ આપણા કામે વળગી ગયા. ધન છે આવા બહાદુર નરોને કે પરાઇ કોમને માટે પોતે આટલી મહેનત કરી રહ્યા છે પાર્લામેંટ હાલ નથી બેસતી. આવતા મહીનામાં તા ૨૨ ના ખુલશે તેમાં બહુજ પોકાર થાશે એમ હું માનું છું હીંમત રાખજો, ખુદા પાક આપણને ફતેહ આપશેજ. આ દગલબાજ બ્રીટીશ સરકારે આપણા હીંદીઓ ઉપર બહુજ જુલમ કર્યો, એ જુઠું અંગ્રેજ રાજ પોતાનો જુલમી વાવટો નહીં પાડશે તો હવે એ રાજનો અંત આવ્યો. આજ તલક અંગ્રેજોના બોલ હીરાના જેવા હતા, પણ હવે એ રાજે જુઠાણા અને અન્યાયનો વાવટો ઉડાવ્યો છે. ક્યાંછે એ રા ના વચનો અને ક્યાં ગયા એ રાજના ન્યાયના માનુસો? લોર્ડ મોર્લસબરી કહેતા કે "Injustice will bring the mightiest to ruin, લોર્ડ લેન્સડાઉને હાઉસ ઓફ લારડસમાં કહેલું કે "ઉડિયનેના જે બોયર સરકાર હલાક કરે છે એ જોઇ મારું લોહી ઉકળે છે. અને હું આજીજી સાથે કહું છું કે તમો એ બોયરો સાથે ઇંડિઅનો માટે લડાઇ ઉઠાવો લેજો." આ શબ્દો તે લોર્ડ બોયર લડાઇ આગળી કહેલા. લોર્ડ સેલસબેરન તેમ બીજા માણસોના વચનો અને શબ્દો ક્યા ગયાં? એ બધાપર પાણી ફરી ગયું. એ સરકારે આપણને ગુલામ બનાવી દીધા. હવે એ ગુલામીમાંથી આપણને પોતાને છોડવવાની આપણી ફરજ છે. હોંડમાં એનું બી રોપાયું છે. તેમ બજીલમાં પણ એ બી રોપાયું છે. જરમની ઇંગ્લંડ સાથે લડવાને તયારી કરતું બધ ત્યાંના છાપાઓમાં નહીં હશે પણ અહીં તો જ્યાં જુઓ ત્યાં એ સવાલ દીન પે દીન ગંભીર થતો જાય છે. આવા ગંભીર વખતમાં જો આ રાજ પોતાની નાલાયક પોલીસી નહીં અટકાવશે તો આગળના મોટા મોટા રાજ્યોના ચુરેચુરા થઇ ગયા તેમ એનું પણ પરિણામ જલ્દ આવે એમાં કું કાંઇ નવાઇ નથી લખનો. વધારે લખતાં મારું લોહી ઉકળે છે.

નાદારી કોર્ટનો નોટીસો વગેરે

(અખબાર ગેઝેટમાંથી)

અમઝીટોના મી એમ આર પાલેની નાદાર મીલકતના સબંધમાં તેના લેણદા રોની ખાસ મીટીંગ મંગળવાર તા ૧૩ ઓકટોબરના રોજ અમઝીટોના મજીસ્ટ્રેટ ની કોરટમાં મળશે

લોઅર ડુંગેલા ગુટીગરડુ નામના એક કી ઇંડિઅન પોતાની મીલકત નાદાર તરીકે જાહેર કરવાની અરજી તા. ૨૩ નવેંબરના રોજ ડરબનની સરકીટ કોરટને કરશે.

કલેર એસ્ટેટના ભગુ નામના એક કી ઇંડિઅન પોતાની મીલકત નાદાર તરીકે જાહેર કરવાની અરજી તા. ૨૧ નવેંબરના રોજ ડરબનની સરકીટ કોરટને કરશે.

કલેરમોંટના તુરબતી પોતાની મીલકત નાદાર તરીકે જાહેર કરવાની અરજી તા. ૧૮ નવેંબરના રોજ ડરબનની સરકીટ કોરટ આગળ રજુ કરશે.

વેરૂલમના વેપારી ગ્રસભ પટેલ પોતાની મીલકત નાદાર તરીકે જાહેર કરવાની અરજી નાતાલની સુપ્રીમ કોરટને તા. ૨૭ ડીસે બરના રોજ કરશે.

ગ્રેટાઉનના હીંદી ફેરીઆ હુસેન ઇસાક પોતાની મીલકત નાદાર તરીકે જાહેર કરવા ની અરજી નાતાલની સુપ્રીમ કોરટને તા. ૨૭ ઓકટોબરના રોજ કરશે.

લેડીસ્મીથના વેપારી શેખ મહમદ રહીમ બાપ પોતાની મીલકત નાદાર તરીકે જાહેર કરવાની અરજી મારીત્સબરગની સુપ્રીમ કોરટમાં ૨૩ નવેંબરના રોજ કરશે

હીંદી ઉતારૂઓના દુઃખની કહાણી

બાપરાં છોકરાંઓ ઉપર જુલમ

(અમારા બાપરપત્રી તરફથી)

ગવરનર સ્ટીમરમાં આવેલા હીંદી ઉતારૂ ઓ જે ડેલાગોઆબેનેં રસ્તેથી ટરાંસવાલ જવાને તા. ૨૮ના રોજ ડેલાગોઆબેથી ઉપડયા હતા તેમાંના પ૭ જણાને કેદ મળી છે. તેઓનાપેટલાંક બાપરાં છોકરાંનેજોહાન્સબરગ મોકલી આપ્યાં છે તેમને અમારા પ્રતીનીધીએ મળી નીચે વીગત અમને મોકલી છે.

મી. દસપમીયાંની સાસુ અને મી. ગારદી ની મા આ ઉતારૂઓ સાથે હતા તેમની ઉમર ૮૦ વરસની છે. કુંવર મી. પાલાક તેની મુલાકાતે ગયા હતા. જે સમાચાર મળ્યા તે બહુ ચોંકાવનારા છે. તા. ૨૬મી સપ્ટેંબરના બપોર બાદ બે બ્રહી વાગે બધા પેસેંજરો આશરે ૬૦ માણસો સ્ટીમર ગવરનરમાંથી ઉતર્યા. તેમની પાસે કાંઇપણ ડેલાગોઆબેના માણસને જવાની પરવાનગી નહોતી.

સ્ટીમરમાંથી ઉતારી એક કેટલકક જેવા હાલમાં બધાને પુર્યા. ત્રણ વાગેથી આઠ વાગ્યા સુધી આવા ડબામાં રહેવું પડયું. મરદો, બાપરાં અને છોકરાંને એકજ ડબા માં પુરી રાખ્યાં. ડેલાગોઆના કોઇપણ હીંદીએ બારીએ કોનસ્ટેબ પાસે આ બાબતની ફરીયાદ વટીક ન કરી. મી. ઇસપમીયાં હસીમભાઇએ બે કલાક બારણ મોકલેલી તે ઉપર બધાનો આધાર હતો. રાતના તે બધાને ટરાંસવાલની મેલ ગાડીમાં બેસાડી દીધાં. કે માદીપેારટ આવતાં બધા ઇંડીઅન પેસેંજરો ઉતાર્યા, અને પોલીસ બધાને એક ઘરમાં લઇ ગયો જે બહુજ નાનુ હતું. રાત્રે પાથરવા પણ કાંઇ ન મળે, અને ગંધાતા ઘરમાં બધાને જોયા. અંદર જગ્યા નહીં હોવા થી મી. દસપમીયાંની સાસુ, મુસામીયાં ની ઓરત અને એક બીજી ઓરત અને બે નાનાં બાળકો તથા મુસામીયાં ખુલ્લી હવામાં પડી રહ્યાં. રસ્તે જતા કોઇ યુરોપીઅને કહ્યું કે તોફાન જેવું છે અને વર સાદ આવશે વાસ્તે વરંડા નીચે મકાનનો હતો ત્યાં બેસો. બધાં ત્યાં આખી રાત બેસી રહ્યાં. કાફર પોલીસ તે જોડેની રખેવાળી કરતો હતો. સવારના મુસામીયાંને જે જગ્યા ડબામાં બધાને પુર્યા હતા ત્યાં લઇ જવા માં આવ્યા. તે પાછા સાંજસુધી કર્યા નહીં અને આવવા ન દીધા. અને બાપરાં તથા છોકરાં નીરાધાર તે વરંડા નીચે પડી રહ્યાં હતાં. સાંજે પોલીસ સાથે મુસા મીયાં બાપરાંને લેવા આવ્યા. દસપમીયાંની સાસુને થકવાનું દરદ હોવાથી મુસામીયાં ઉપાડીને ઉપલા ડબામાં લઇ ગયા. ત્યાં બાપરાં છોકરાંને બધા સાથે રાખ્યાં. થોડા માણસોને નજીકમાં બીજા તેવાજ તબેલા માં રાત ગાળવા લઇ ગયા રાતે અગીઆર વાગ્યાને સુમારે પોલીસ તરફથી જણાવવા માં આવ્યું કે બાપરાં અને તેની કમરમાંનાં બાળકોને રજા છે. જેને જોહાન્સબરગ જવું હોય તે બધા, જે ઉપરથી મુસામીયાં પરવાનગી લઇ સ્ટેશન ઉપર દસપમીયાંની બુઢી સાસુને ઉપાડી બાપરાં છોકરાં સાથે ગયા કાફર પોલીસ ચોકી માટે સાથે હતો. જોયાં બાપરાં છોકરાંને તથા બુઢી ઓને સ્ટેશનગેટ પાસે પહોંચાડ્યાં કે કાફર પોલીસે ખરાબ શબ્દોમાં ગા દબ મુસા મીયાંને પાછા ફરવા ચેતવણી આપી. નીરાધાર બુઢી સ્ત્રી, મુસામીયાંની ઓરત તથા બે નાનાં બચ્ચાં તેનાથી વિખુટા પડયા થી ભારી ફાટ રડવા લાગ્યાં પણ પોલીસ ના દબાણથી મુસામીયાંથી પાછું ફરી જોવાયું નહીં. અને બધાંને રડતાં કકળતાં મુકી કેદીઓને ગોંધેલી ઝુપડી તરફ ચાલ્યા ગયા. એક બેતોનીનો સુરતી વહોરો જેના બાળબચ્ચાં પણ તેજ સ્ટીમરમાં ઉતરવા તેને લેવા ડેલાગોઆએ ગયેલ તેની પાસે રજીસ્ટર હતું જે તેણે બાળી નહોતું દીધું. તે પણ રજીસ્ટરવાળા પોતાનાં બાળબચ્ચાં સાથે આવતો હતો. તેના સંબંધી આ વીર ધીર ઓબો અને બાળકો ગાડીમાં બેસી જોહન્સબરગ આવ્યા. કમનસીબે કોમાટી પોરટના સ્ટેશન ઉપરથી મુસામીયાંના નામથી તાર અગીઆર વાગે બીજે દીવસ સવારના કરેલ કે બાલબચ્ચાંને સ્ટેશન ઉપર લેવા આવવું તે તારે ટરેન આવી ગયા પછી બ્રહી બહાર મોડો મળ્યો. એટલે હેરન થતા ઘરાંઓ ઘર બેબા થયાં. આ લોકોને કોમાટીપોરટમાં આવા ન કાંઇપણ નહોતું મળ્યું ભુખે બળવતાં છોકરાંઓ અને બાપરાંઓને જે રોટી હલીમભાઇ તરફથી મળી હતી તેના વધેલા ટુકડા અને મુસીબતે મળતાં પાણી ઉપર ગુજરો કરવો પડયો હતો અને તેવીજ સ્થીતી પુરાયેલા કેદીઓની થઇ હતી આ બુઢી ઓએ આપેલ કોયડા કમકમાટી ઉપજાવે એવા હતા. એક નાની બાળકી જે તેની મા સાથે હતી તે જ્યારે અમે બુઢી ઓના બીછાના પાસે તેની હકીકત સાંભળતા હતા ત્યારે આવી અને મા. પેલાકને જોઇ ચીસ પાડી નાશી ગઇ. તપાસ કરતાં જણાવવામાં આવ્યું કે કોમાટીપોરટમાં મોટા પોલીસની બાક તે છોકરીને એટલી બેસી ગઇ છે કે તે ઘર માં કે કુટુંબના કોઇ માણસ પાસે મોટા ને જુએ છે કે ચીસો પાડી નાસે છે. આ બતાવે છે કે તે છોકરીને કેવી ધાસ્તી મરી ગઇ છે કે ગોરા પોલીસ સાથેના માણસોને મહડી ગયા તે વખતે તેને પકડી જાય.

સત્તાનો દોર

ટરાંસવાલમાં કે માદીપોરટ આગળ ૭૮ હીંદીઓ તરફ બતાવવામાં આવેલ બહુ શરમ ભરેલી વરતણુંક તરફ આલમનું ધ્યાન ખેચાયા કુ બહા અફસોસ અને દીલગીરી સાથે આ કાગળ લખુ છું. આ ૭૮ હીંદીઓ જેમ કેટલીક ઓરતો તથા કેટલાક કુમળી વયના બાળકો પણ હતા. તે તા ૨૬ના રોજ ડેલાગોઆએ ઉતરમાં તેઓને બાપરાંની પેઠે ટરેનમાં પુરી કોમાટી પોરટ લાવ્યા. અહીં આગળ એટલે કોમાટીપોરટમાં ટરેન રાતના ૧૧ વાગે પહોંચે છે. તેઓની પાસે બીજા વરગની દીકાટ હતી. છતાં તેઓને વરાણે અને જુલમથી દોરનાં ગાંઠીઓમાં પુરવામાં આવ્યા હતા અને તે પણ મરદ ઓરત અને બચ્ચાંઓ એક સાથે. તેમાં જોહાન્સ બરગના કેટલાક આબરૂદાર વેપારીઓની ઓરતો તથા ખાનદાન વરગમાં ગણી શકાય તેવા માણસો હતાં. આમના તરફ પણ તેઓએ તેવીજ વરતણુંક ચલાવી હતી તેઓના તરફ જરા પણ લબ્બત, બતાવવાનુ અમલના તોરમાં ભણાયેલા અમલદારોને સુઝયું નહીં. તેઓ મોડ એટલે કે રાતના ૧૧ વાગે કોમાટીપોરટ પહોંચ્યા તે વખતે તેમને સ્ટેશનેથી ગાંડરની બરપીતાલમાં લઇ ગયા ત્ય આ બધાને એક ઓરડો જે બહુ વખત થયાં અવાવરૂ પડયો હતો તેમાં મરદ, ઓરત તથા છોકરાંને સાથે પુરમાં. ત્ય તેમને કાંઇ ખાવાને ખોરાક કે સુવાને પથારી અથવા બીજી કોઇ તરેહની સગવડ નહોતી. આવી દશામાં તેઓને રાત ગાળવી પડી. આ બધાં દુઃખોની આખી કહાણી કહેતાં કોઇને પણ ત્રાસ છુટયા વીના રહેતો નથી આ બધી વીપત્તિ નાખનાર તે ટરાંસવાલ સરકાર છે. લોરડ એમ્પથીલે ચોડાક દીવસ ઉપર બોલ્યું કે ટરાંસવાલ સરકાર સ્વરાજ્ય ભોગવવાને નાલાયક છે. તે બાબા જુલમગાર બનાવે થી સાચું ઠરે છે.

આમ સત્તાના જુલમગાર દોરના ભોગ થઇ પડેલા ૭૮ જણામાં જોહાન્સબરગની સુલેમાન ઇસ્માઇલ મીયાંની કંપનીના મેનેજીંગ ભાગીદાર મી. મુસા ઇસ્માઇલ

બીજાં પણ સામેલ હતાં. તેમાં ૮૦ વરસની એક વૃદ્ધ બાઇ પણ હતી. જે મારી સાસુ થાય છે. આ વૃદ્ધ બાઇની અવસ્થાને લઈને આંખો ગઈ છે. આવી અપંગ વયોવૃદ્ધ અને અબળા ઉપર અમલદારો આવો કેર વરતાવવામાં આવે એ દુઃખ દાયક વરણન કોઇપણ શબ્દોથી પુરતી રીતે કહી શકાય તેમ નથી. બીજી રીતે એટલે તા. ૩૦ ઓગસ્ટે આ કકળતી બાઇઓ તથા છોકરાંઓને તેમના વાલીઓ યા વીખુટાં પાડી અને કેટલાક બાળકોને તો તેમનાં આપની કાયમમાંથી ઉતારી જોહાન્સબરગ મેકલી આપ્યાં. આમ સઘળાં સ્ત્રી પુરૂષને મધ્યરાતે બત્તી રે આરામ લેવાનો વખત હોય તેવે વખતે આવી જુલમ ગાર રીતે વીખુટા પાડવામાં આવ્યા છે એવો જ્યારે વીચાર આવે છે ત્યારે અકે શ્વાસ અને દીલગીરીનો પાર રહેતો નથી. અને આ શું બનવા જોગું છે તે વિષે હરકોઇને ઉંડા વિચારો થયા વિના રહેતા નથી.

મને મેકલવામાં આવેલ તાર વિષે શું બન્યું તેની હકીકત પણ અત્રે જણાવવા હું રજા લઉં છું. કોમાટીપોરટથી મારા ભાઇ મુસાજીએ મને એક તાર કર્યો કે બધાં બાળકોને જોહાન્સબરગ મેકલી આપ્યાં છે. તેની એરત તથા મારી સાસુ આ બધાની સાથે છે અને તેમને સ્ટેશને લેવા આવજો. આ તાર પહેલી તારીખે સવારના ૧૧ વાગે મુકેલો તે મને સાંજના ૬-૪૫ મીનીટ સુધી એટલે કે ડોમ ટીપિરટની ટ્રેન જોહાન્સબરગ પહોંચી ગયા પછી બે કલાક સુધી નહીં મળેલો. કોમાટીપોરટ વગેરે જગ્યાએ જે જુલમ ગુજારવામાં આવ્યો તે અને આ તારની હકીકત જોતાં મને એમજ લાગે છે કે ટ્રાંસવાલની સરકાર ગરીબ હીંદીઓ ઉપર જુલમ કરી તેઓને ત્રાસ પમાડી વસ કરવા માગે છે આ વીસમી સદીના સુધરેલા જમાનામાં માણસો કેવા ઘાતકી સ્વભાવના હોય છે તેનો આવી અધમ રીત ભાતથી પુરેપુરો ખ્યાલ આવે છે. સાધારણ રીતે ઝંઝીબારનો જુલમ સહુ કરતાં ચઢી જાય છે પણ ટ્રાંસવાલમાં હીંદીઓ ઉપર રાજ્યકર્તાને નામે જુલમ ગુજરે છે તે ઝંઝીબારના જુલમથી ચઢી જાય એવો છે.

ટુંકામાં હું બે શબ્દો કહું છું કે બોર કરતાં આવો જુલમ તે અંગ્રેજની કીર્તીને કલંક લગાડનાર છે. જે લોકો ખાસ કરીને ટેક-આબરૂ-માનને ખાતર લડે છે તેમને આવી જુલમગાર વરતણુંક, જોહુકમી દોર કે ભુખે મારવાની પદ્ધતી કદી વશ કરી શકે તેમ નથી.

આ વિષય ઉપર ટ્રાંસવાલના છાપામાં નીચે મુજબ ટીકા થઇ છે:

'રેડ ડેવી એક્ટ'

લખે છે કે "ડલામીઆએની ટ્રાંસવાલ આવતાં કોમાટી પુરટમાં હીંદીઓ ઉપર જે વીતી તે વિષે ખાસ નોંધ લેવા લાયક કામળા અમે બીજી જગ્યાએ છાપીએ છીએ. આ હીંદીઓ પાસે પરમીટ તથા બોરડ મીલનરના વખતના મરજીયાત રજીસ્ટર છે. તેઓની સાથે બાજરાં છોકરાં તથા ૮૦ વરસની એક વૃદ્ધ બાઇ હતી તેઓએ રજીસ્ટરના કાયદા મુજબ સરજી કરવાની ના પાડી છે અને તે માટે તેઓને જેલ મળી છે. તેઓએ કાયદાને તાબે થવા ના પાડી છે તે તેમની સલામતીની લડતનો ભાગ છે. કાયદાના ભંગમાટે તેમને સજા થઇ છે તે સામે અમારે કાંઇ કહેવાનું નથી. પરંતુ તેમને વીષે મી. પોલાક જે ટ્રાંસવાલની સુપ્રીમ કોરટના એટરની છે તેણે કાગળો લખ્યા છે તે ઉપર આપણે પુરું ધ્યાન આપવાની જરૂર છે. મી. પોલાક હીંદીઓ સાથે કેટલાક વરસ થયાં સંબંધ ધરાવે છે. અને આ સત્યાગ્રહની લડત લડનારા તરફ ઘણી લાગણી ધરાવે છે. આ વીષયમા કુંવર તણુંક તરફ ધ્યાન ખેચે છે તેની સરકારે એકદમ તપાસ કરવાની જરૂર છે. આ કેસની ખરી હકીકત શું છે તે જગત જાણવા માગે છે. મી પોલાક ફરીયાદ કરે છે તેવી વરતણુંક શું આ બાજરાં છોકરાં ઓ તરફ બતાવવામાં આવી હતી? આ બાબત પુરી તપાસ થતાં સુધી અમારો મત આ વિષે અમે નહિ આપીએ. પરંતુ મી. પોલાક જેવા માણસે જાતે તપાસ કરી આ હકીકત લખી છે એટલે અમે આગ્રહ પુર્વક માગણી કરીએ છીએ કે આ વિષે જલદી, પુરે પુરી અને નિષ્પક્ષપાત તપાસ થવી જોઇએ."

"સ્ટાર"

લખે છે કે "મી. ગાંધીના ભાગીદાર મી. પોલાકનો કાગળ અમે બીજી જગ્યાએ છાપીએ છીએ. તેના તરફ અમલદારો એ ધ્યાન આપવાની જરૂર છે. પોર્ટુ ગીઝ રેફયુજીના કારભાર સમે અમારાથી કાંઇ કહી શકાય તેમ નથી. આમાં કોકનો પક્ષ વાંક છે એ ચોકકસ છે. પરંતુ પોરટુગીઝ અમલદારોએ આમ કુંવતા બાપ ના હોય એમ અમે માની શકતા નથી. આમાં હીંદીઓનો દોષ છે એમ માન્યા વિના આમને ચાલતું નથી. તેમણે પોતાના લાભઓના સુખને માટે જરા વિશેષ ધ્યાન આપ્યું હત અને રાજદ્વારી બાબત તરફ એટલું ધ્યાન આપ્યું હત તો તેમને આ દુઃખ ઉઠાવવું પડયું ન હોત. બ્રિ. ઇ. એસોસીએશન તરફથી એક માણસ મોકલ્યો હત તો બ્રિટીશ કોન્સલ મારફત આ ઉતારૂઓને મળી શકત અને તેમને કહી શકત કે કાયદા મુજબની પરમીટો મેળવ્યા વિના ટ્રાંસવાલમાં દાખલ થઇ શકાય તેમ નથી આ માણસ તેઓને જોઇતો ખોરાક પણ પહોંચાડી શકત જે લોકો કાયદાની વીરૂદ્ધ દાખલ થવા માગે તેને ખોરાક કે બીજી સગવડો આપવાનું કામ સરકારનું નથી. આ વીષે તપાસ કરવાની અમે માગણી કરીએ છીએ. તે દરમ્યાન અમે વાંચનારને જણાવીએ છીએ કે સામા પક્ષનું સાંભળ્યા પીતા મી પોલાક ના કાગળ ઉપરથી તેવો કોઇ જાતનો મત બાંધવો નહિ. આ વિષય ઉપર કોઇ જાતનો મત આપવાની ઘડીક રાખ્યા વિના અમે કહેવા માગીએ છીએ કે એશીયાટીક રજીસ્ટરારને સોરેન્સો મારકસ ખાતેના પ્રતિનીધીએ આ લોકોને જરૂરી પરમીટ વીના ટ્રાંસવાલમાં દાખલ નહિ થવા શકાય તેવી ચેતવણી નહિ આપી હોય એમ અમે માની શકતા નથી. જો શિષ્ટાચારીઓએ તેની શ્રી આમલ્યું નહિ માની હોય. અને કદાચ તેઓમાંના કેટલાક વધારે ડાહ્યા માણસોએ તો ધારેલું કરશે કે અમ કરવાથી તેઓની લડતને જોર મળશે. ગમે તેમ હોય, પરંતુ મી. પોલાકના કાગળો ની તપાસ કર્યા વગર તે ઉપર અમે પૂરતું વજન આપી શકતા નથી.

ગોરાઓના કાગળ

અંગ્રેજ અખબારના એક કેનન ડીગબી એમ. એરીનો નીચેનો કાગળ 'સ્ટાર' માં છપાયો છે. "તમારા આજના અંકમાં છપાયેલ મી. ઇસપ બાબાઇ ગાંધીના કાગળની હકીકત શું ખરી છે? ૭૨ લોકોને બાળકો, છોકરાં, અને એક ૮૦ વરસની વૃદ્ધ બાઇ સાથે સુવાની સગવડ કે ખાવાના ખોરાક વગર કોમાટીપુરટમાં શું એક અંધારા ભોંયરામાં રાત કાઢવાની ફરજ પડી હતી? અને શું આ બધું ટ્રાંસ વાલ સરકારના હુકમ નીચે બને આફ્રીકીએ કરવું હતું? આપણા ભાઇઓ, જેણે કે કાંઇ બોલ્યા નથી તેમની સામે ચલાવવામાં આવતી વરતણુંક કરતાં વરણન વાંચીને મારું મન કેટલે સુધી કેટલું દુઃખ છે તે હું કાગળ ઉપર બતાવી શકતો નથી. આ બીના સામે કદાચ કોઇ કાંઇ બચાવ

કરે જોકે દરજીથી કાંઇ બચાવ બહાર પડયો નથી. તોપણ તેથી આપણને થોડી નામોશી લાગે તેમ નથી! આપણે વાંચીએ છીએ કે રાજદ્વારી કેદીઓને સાથ રહ્યા મોટા અપરાધીઓના કપડાં પહેરવા પડે છે, એટલું જ નહિ પરંતુ તેઓને દરજીજ ન ખપે તેવો ખોરાક લેવાની પણ ફરજ પાડે છે. શું સરકાર ૫૦ જ વરસનો ઇતિહાસ ભુલી જાય છે? ચરબી વિષેની માત્ર શંકા ઉપરથી હીંદુસ્તાનમાં બળવો જાગ્યો હતો. એલિયાટીક સામેની આવી વરતણુંકનો અંત આવે તો સારું નહિ તો લોકોએ સખત રીતે આવા કારોબારની સામે થવાની જરૂર છે.

'કોમાટીપુરટના કારાગ્રહ' આવા મથાળાથી મી. પોલાકને સખત લાગણીનો કોમાટીપુરટની હકીકતનો કાગળ 'રેંડ ડેઈલી મેઈલ' માં લખ્યો છે આ કાગળની હકીકત 'અમારા ખબરપત્રી તરફથી' તથા મી. ઇસપમીયાંના કાગળ મુજબ છે મી. પોલાકે આ બધી હકીકત જાતે તપાસી જોઇ લખેલી છે.

બીજો કાગળ રેવરંડ પ્રીલીપ્સે બુધવાર ના 'લીડર' માં લખેલ છે. તેમાં હીંદીઓ સાથે સુપરેલી પ્રજાને આવું લાંછન ન લાગે તેવી વરતણુંક ચલાવવાની ગોરી પ્રજાને ઘણા આકરા શબ્દોમાં અપીલ કરી છે.

કયો અરધો દિવસ દુકાનો બંધ રહેશે?

ટ્રાંસવાલના દુકાનો બંધ કરવાના કાયદા ની રૂએ નીચેની નોટીસ ગેઝેટમાં બહાર પડી છે.

જોહાનિસ્બર્ગ, બેચલ, ક્રોસ્ટીઆના, ક્રેડલબર્ગ, ક્લરકસડોરપ, ક્રીકેતબરગ, લીડનબરગ, મેકેડોરપ, મીડલબરગ, નીલીસ્ટ્રમ, પીટ રસબરગ, પે.ચેસ્ટ્રમ, પોટગીટરસરસ્ટ, રસ્તનબરગ, સુબરેનીક, સ્ટાંડરટન, વેન્ટર સડોરપ, ફરીનીજીંગ, વોલરાન્સ્ટાડ અને ઝીરસ્ટઃ આ શહેરોની મ્યુનીસીપાલીટી ની હદમાં બુધવારનો અરધો દિવસ દુકાનો બંધ રાખવામાં આવશે.

આમરસ્ટરડામ, બારબરટન, પીટરીડીક વોકસરસ્સમાં શનીવારનો અરધો દિવસ દુકાનો બંધ રહેશે. આમરસફુર્ટ કેરોલીના અરમેલો અને વોકરસ્ટ્રમમાં નકમાસ્નના તહેવારની પહેલાંના ૪ અઠવાડીઆ સિવાય ના બીજા અઠવાડીઆમાં શનીવાર અને આ ચાર અઠવાડીઆમાં બુધવારનો અરધો દિવસ દુકાનો બંધ રહેશે.

વીટબેકમાં (હેલ્થ કમીટી ડીસ્ટરીકટ) બુધવારનો અરધો દિવસ દુકાનો બંધ રહેશે.

નાતાલના શેઠોઆઓના સમાચર

વોકસરસથી મી ગુલાબ નબી આએલ મુલ્યાં તા. ૪ અકટોબરના કાગળમાં લખે છે કે આજે રવીવારને રોજ હું નાતાલના શેઠીઆઓને તથા બીજા સાહેબોને મળવા ગયો હતો. તે સરવે સાહેબો તંદુરસ્તી મા છે. મારી બેચ્યની સાથે મુલાકાત થયેલ તે એવી રીતે કે મી. સલેમાન કાજી સાહેબે એવો અંદાજ કર્યો છે કે અમારા મુજારક મહીના રમજાન શરીફ માં તે લોકો સારૂ આખો મહીનો આગલી તથા પાછલી વખતનું ખાવાનું સાંજના પાંચ વાગે પહોંચતું કરવું. તેમ સરકાર પાસેથી એક જતી અપાવેલી છે અને વખત જોવા સારૂ એક ઘડીઆળ મોકલી છે. તે લોકો રોજા રાખે છે, અને નીમાજ પણ પઢે છે. મી. એમ. સી. એંગલીઆ ઇમામતને સારૂ નીમાયા છે. અને પનસુરો પણ પળે છે. સારી તરેહ થી ખુદાની બંદગી કરે છે. જેલમાંથી મી. દાઉદ મહમદ તથા બીજા બધા મુસલમાન પારસી અને હીંદુ ભાઇઓએ સરવે હીંદી ભાઇઓને સલામ કહેવરાવ્યા છે

જેલીને ખોરાક

ટ્રાંસવાલની જેલમાં અપાતા ખોરાક બાબત રેવરંડ જોસેફ ડોકનો 'લીડર' છાપામાં નીચે મુજબ કાગળ છપાયો છે.

આપણા દેશની જેલમાં હીંદી કેદીઓ તરફ જે ગેરવર્તણુંક તથા બીનજરૂરી સખતાઇ ગુજારવામાં આવે છે તે વિષેનો કેટલોક પુરાવો મને મળેલ છે. સત્યાગ્રહ ની લડતમાં તેઓના ઉપર કાયદાની હદ માં રહી જેટલું દુઃખ પડે તેટલું વેઠવાને તેઓ તયાર છે. અને તેટલે સુધીમાં તો જેલ થયેલાના મિત્રો કાંઇ વાંધો લીયે એમ નથી; પરંતુ તેઓના ઉપર જે જુલમ ગુજારવામાં આવે છે તેની સામે હું સખત પોકાર કરું છું.

ટ્રાંસવાલના જુદા જુદા કેદખાનામ તેઓને પોતાનો ખોરાક જુદું જુદું છે. આમ શા કારણથી કરવામાં આવેલ છે તેનો કોઇએ પણ ખુલાસો કર્યો નથી. દાખલા તરીકે એક જગ્યાએ મકાઇની સાથે ઘી અપાય છે અને બીજી જગ્યાએ મકાઇની સાથે ચરબી આપે છે. હીંદુઓ ધર્મના બાધને લઇને આવા ખોરાકને અભક્ષ્ય ગણે છે આવા ખોરાકને અડવાને બદલે તેઓ મોત વધારે પસંદ કરશે. મુસલમાનો જે વસ્તુ તેના ધર્મ મુજબ હલાલ ન થઇ હોય તેને સ્વીકારતા નથી. આ અને બીજા પ્રાણીની ચરબી તરફ સખત તીરસ્કાર બતાવે છે. જોહાન્સબરગની જેલમાં તેમને ઘી મળે છે ત્યારે પ્રીટોરીઆમાં તેઓનો ખોરાક ઘીને બદલે ચરબીમાં રાંધીને આપવામાં આવે છે. અને તેમાં કોઇપણ જાતનો કાંઇ ફેરફાર કરવાની ચોખ્ખી ના પાડે છે. આપણી સરકાર હીંદીઓને ભુખે મારી કાયદાને વશ કરવા માગે છે એમ હું માનતો નથી. કમકે તે વર્તણુંક તો જંગલી અને હીચકારાભરી ગણાય; પણ હીંદીઓ માને કે સરકાર આવી વરતણુંક ચલાવવા માગે છે તો તેમાં કોઇને નવાઇ લાગે તેવું નથી.

કેલાગોઆએ ઇંડીઅન લાઇબ્રેરી.

તા. ૧૮ સપ્ટેમ્બરના રોજ લાઇબ્રેરી ની સીલક પૌંડ ૬–૧૯–૬૧।। મી. ધારશી દેવચંદ પાસેથી સંભાળેલ. તે બાદ રૂા. ૫/– મી. નાગરદાસ પાનાચંદ તરફથી બેટની તથા રૂા. ૫/– ચંચાઇના ભાટીઆ ઠા. અમરશી વેલજી તરફથી મળી અને રૂા. ૨/૬ લવાજમ બાકીમાંથી વસુલ થઇ તથા રૂા. ૪/– પુસ્તક એક ગુમ થયેલ તેની કિંમતની મળતાં કુલ પૌંડ ૧–૬૬–૫૫। મળી તેમાંથી ખરચની રૂા. ૬/૬। જતાં સીલકમાં પૌંડ૧–૧૫–૬૧। છે. તા. ૬૭ સુધીમાં કુલ ૬૧ એકત્રીસ પુસ્તકોનો લાભ મેંબરોએ લીધેલ તે બાદ પુસ્તક બાર વધારે પ્રશસ્ય થતાં કુલ પુસ્તકો ચેતાલીસનો લાભ મેંબરોએ લીધો છે. તથા ૨૦૫ મહસ્થોએ લાઇબ્રેરીમાં પધારી ન્યુસપેપરો વાંચવાનો લાભ લીધો છે. અત્રેના જાણીતા વેપારી મી. નુર મામદ એન્ડ રવજી તથા શેઠ નુર મામદ બાબુલ તરફથી "મારીઠ હીંદી ગ્રેમીઠ" નામનું ચોપાનીયું કાયમ માટે લાઇબ્રેરીને ભેટ મળે છે. રહીમર ગવરનર અત્રે તા. ૨૮ના રોજ આવેલ તેની અદર અત્રેની લાઇબ્રેરી માટે નવાં પુસ્તકોની પેટી આવી પહોંચી . તો સરવે ભાઇઓએ તથા રમુજી પુસ્તકોનો લાભ લેવા ભલામણ છે

સુધારાના ભવાડા

હીંદને ભોગવ્યા

૨

આવા મથાળા નીચે મી. જસ્ટીસ અમીર અલીએ 'નાઇન્ટીન્થ સેંચરી' નામના પ્રખ્યાત ઇંગ્રેજીમાં જે જુસ્સાદાર લખાણ કર્યું છે તેનો પહેલો ભાગ અમે ગયા અઠવાડીઆમાં આપી ગયા છીએ. તે પછીનું લખાણ નીચે મુજબ છે.

કોલોનીમાં ગેર વર્તણુંક

પરવ કરતાં તે લોકો અજાણ જણાયા. ડેપ્યુટી પોલીસ કમીશનર પાસે ગયા. તે પણ અજાણ જણાયો. જે પોલીસે હુકમ કરેલ તેને બોલાવ્યો. તેણે કહ્યું કે તે તેના ઉપરી અમલદારની સુચના પ્રમાણે વરત્યો હતો. ઉપરી અમલદારને બોલાવ્યો તો આવો હુકમ આપવા બાબત અજાનતા બતારી પણ કહ્યું કે લાકડાની માટીવાળા ત્યાં બહુ અડચણ કરે છે માટે તેઓનો અસલ જગ્યાએ ઉભા રાખવા સુચના આપેલ. છેવટે હીંદી વેપારીઓના ઘરબારોની માઠીઓ ઘરબારો ત્યાં રહે છે ત્યાંજ રહેવા દેવા નક્કી થયું, અને સમાધાની પર આવ્યા છે. પ્રીટોરીયાનો આવું લડતના સાંભળમાં પણ જો બધા હીંદી આમ કરે તો કેવું સારું?

પ્રીટોરીયાનો આફ્રીકા બોઅરમાં હીંદી અને યુરોપીઅનો માટે જુદા જુદા વિભાગો છે. આ બાબત બે કલાકોમાંની આંખ ઉઘાડવા ત્યાંના ગોરા વેપારીઓને મારી બાસ ભલામણ છે રંગીલા બેદ બોઅરમાં દોષ તે બોઅર હીંદુપદ લગાડનાર નથી.

છેલ્લા અખબર

ગઇ કાલના રીપોર્ટમાં ચાર ગાળુસો રેસાનોગરાશીઆમાં અટકી જવાના અને પકડાવાના બબર લખેલ, તે બેજ માણસો છે. બારબરટનથી હમણાંજ તાર મળ્યો છે કે પાંચ જણાને સખત મજુરીની સાથે બણ મહીનાની જેલ મળી છે.

આસ્ટ્રેલીઆમાં મીસીસ બેસંટ

ઓસ્ટ્રેલીઆની મુલાકાત વિષે લખતાં મીસીસ બેસંટ 'થીઓસોફીસ્ટ' નામના માસીકમાં લખે છે કે "લાભિપ્રાના લાભ ગેર લાભનો વિચાર કર્યા વગર અણુસરગલુ મનુષ્યોને સત્તા આપવાથી શું પરિણામ આવે છે તે આ દેશમાં જોવા શકાય છે. રંગવાળી પ્રજા તરફ ત્યાં જે વિરુદ્ધ લાગણી છે તે જોતાં ત્યાંના ગોરાઓએ માત્ર ઓસ્ટ્રેલીઆ વિષે વિચાર કર્યો જણાય છે. બહારાત્મા વિષે જરા પણ વિચાર કર્યો નથી. ઓસ્ટ્રેલીઆના ગોરા સાહેબો સામે નજર કરતાં દેખાય છે કે ગરમ દેશની અસર તેમના ઉપર પણ થવા લાગી છે અને તેથી ઉત્તર હીંદુસ્થાનના વતનીઓ કરતાં તેઓ વધારે પીળાશ ઉપર આવતા જાય છે. ત્યારે હવે કુદરતની સામે તેઓ "ગોરું ઓસ્ટ્રેલીઆ" કેમ રાખી શકશે? બીજી કોલના ગોરાઓ આ તરફ આવે તો ઓસ્ટ્રેલીઆના કાયદા પ્રમાણે આવતાં તેને અટકાવી શકાય એમ છે! આવી સ્થિતિમાં એક શંકા ઉભી થાય છે કે ઓસ્ટ્રેલીઆના ગોરા વતની "કલરડ મેજોરીટર" (જીસસ ક્રાઇસ્ટ)ને કેવી રીતે લાગુ થશે?"

છેલ્લા અખબર

જોહાન્સબરગ, શુક્રવાર

ક્રામાડીપુરટથી પાછા ફરેલા હિંદીઓને ૩ માસની સખત મજુરીની જેલ મળી છે.

બારબરટનની જેલમાં બીજા ૧૭ ને હજુ રોકી રાખેલા છે. તેમના ઉપર અમુક તહોમત મુકરર થયું નથી.

વોકસરસ્ટથી બબર મળ્યા છે કે આશરે ૨૦ હીંદી અને બી. ગાંધીને ગઇ કાલે કાફરાઓની ટોળી સાથે પાવડા કોદાળી લઇ મારેઇટ સ્કવેરમાં રસ્તા ઉપર કામ કરવાને મોકલ્યા છે. એક માણસને મુરછા આવવાથી પડી ગયો. તેને અમલદારો તરતજ લઇ ગયા છે.

ક્રામાડીપુરટના કીસ્સા બાબત જાહેર તપાસ કરવાની સરકારે ના પાડી છે.

રવીવારે અઠવાડીયા બાસ મીટીંગ મળશે. કોકો છેવટ સુધી લડત લેવાનો દૃઢ વિચાર બતારી રહ્યા છે.

અને બબર મળ્યા છે કે બારબરટનમાં રોકેલા કોકરાંઓને આજે બપોરે સરકારે છુટા કર્યા છે. સરકારે તેમના લાંબા પોષણ બાબત કાંઇ પણ કરવાની ના પાડી છે.

પરચુરણ બબરો

વોકસરસ્ટથી ૬૮ જણાવે છે કે ગઇ કાલે જે હીંદીઓને સજા થઇ તેમને તથા બી. ગાંધીને આજે રસના ઉપર કામે જોડવામાં આવ્યા છે. બી. ગાંધી પોતાને ટ્રાંસવાલમાં મજુરી મુળા બાબત નાખુ છે

૬૮ જણાવે છે કે બ્રિટિશ કોલંબીયામાં કામ ધંધા વિનાના ૨,૦૦૦ હીંદુઓને કેનેડાની સરકારે વતી સરકાર સાથે ગોઠવણ કરી બ્રિટિશ હાંડુરાસ મોકલ્યા છે.

ડરબન હાયર ગરેડ સ્કુલમાંથી ૧૪ વરસની ઉમરના છોકરાઓને નોટીસ મળી છે તે સામે સરકારને હરાવો મોકલવાની નાતાલ ઇન્ડીઅન કોંગ્રેસની મીટીંગ બુધવારના રોજ મળી હતી. તેનો રીપોર્ટ આવતા અઠવાડીઆ ઉપર મુલતવી રાખવો પડે છે.

બી. તીલકને 'હારટીંગ' સ્ટીમરમાં તા. ૧૪ સપ્ટેંબરના રોજ રંગુન લઇ જવામાં આવ્યાનો તિલાયતના બાપામાં તાર છે.

વીલાયતની પારલામેંટ ૧૨મી તારીખને સોમવારે ખુલી છે. બહાદુર ગોરી બાઇઓ વોટના હક મેળવવા માટે પારલામેંટની બેઠકોમાં વખતો વખત વીઘ્ન નાખી રહી છે. આ બાઇઓના ટોળાંઓને અટકાવવા બાસ પાંચ હજાર પોલીસની ગોઠવણ કરેલી, હતી પરંતુ તેમની કાંઇ દરકાર નહીં કરતાં હજારો બાઇઓએ દરોરેા પાડયો હતો. જે વખતે પોલીસને મોટી મુશ્કેલી પડી છે અને ઘણી જેલ ગઇ છે તે ઉપર હજુ કેસ ચાલવાના છે. આ બાઇઓએ પોતાની લડત જોસ જોર ચાલુ રાખી છે.

જાપાનીઝ પોલીસ સ્ટેશન ઉપર ચીના ઓએ બંદુકનો મારો ચલાવવાથી કંતાઉ માં ચીન અને જાપાનના લશ્કર વચ્ચે ઝપાઝપી થઇ છે. આમાંથી મોટો વિગ્રહ થવાનો સંભવ છે જાપાને સંતોષકારક ખુલાસો નહીં મળે તો લડાઇ જાહેર કર વાનું પેકીંમ કહેવડાવી મોકલ્યું છે.

'ઇડિયા' જણાવે છે કે નાન્ સામકરાઉ સરકારના વડા પુત્ર અને વારસ પ્રીન્સ કેતેહસીંહરાવ જે કેટલોક વખત થયા બીમાર હતા તે તા. ૨૫ સપ્ટેમ્બરને મંગળવારના રોજ ગુજરી ગયા છે.

બી. ગાંધીને મળેલી જેલ માટે દીલગીરી બતાવનારા કેટલાક તારો મોકલનારા સાહેબો નો મીસીસ ગાંધી આ પત્ર દ્વારા આભાર માને છે.

૧૮ પાના આપતાં છતાં જગ્યાની તંગીને લીધે 'સત્યાગ્રહના ભવાડા' આવતા અઠવાડીઆ ઉપર અમારે મુલતવી રાખવું પડ્યું છે.

હીંદુસ્તાનની કપાલ

મોરીસ માડાગાસ્કરને રસ્તે પ્રેસીડેંટ સ્ટીમરમાં તા. ૨૭ મંગળવાર ૩-૩૦ મીનીટે હિંદુસ્થાનની કપાલ ભાંધ થશે

મી. હસન દાઉદ ની કેળવણી

મી. હસન દાઉદ પોતાના બાવાજી ઉપર ના કાગળમાં લખે છે કે:

"મુસા દાઉદ આદમ શેઠે ટાઉન કાઉન્સીલ ઉપર જે કાગળ લખ્યો છે તે ઠીક થયું. મી. રીચ ઘિગેરે ઘાંચી ખુશી થયા છે. મી. રીચે એ કાગળની નકલો ઉતારી બાપાઓમાં મોકલી છે. તે કાગળ અહીં કામ લાગ્યો છે. બાપાઓ આપણે માટે પોકાર કરી રહેલ છે. આ બધાનું માન મી. રીચને ઘટે છે. તેઓ રાતના ૧૦, ૧૧ વાગ્યા સુધી કામ કરે છે. આ કમી ટીને ગમે તેમ નીભાવજો. ફરી પાછી આવી કમીટી મળવી બહુજ મુશ્કેલ પડશે. મી. રીચ, મીસીસ રીચ બીમાર છે છતાં દિલોજાનથી કામ કરી રહ્યા છે. મી. રીચ અહીં પ્રખ્યાત છે કમીટીને છોડે તો તેને ઘણા કેસ મળે. કેટલીક વખતે કેસો આવે છે તો તેઓ ના પાડે છે. કેમકે તેમાં ધ્યાન આપે તો કમીટી નું કામ રહી જાય. આ બધો લાભ છોડી દઇ હીંદીઓની સેવામાં પોતાની "ઉમર ગુજારે છે. તેઓ કહે છે કે હું ખુદા પાસે એટલુંજ માગું છું કે મારી હયાતી માં હીંદીઓને ન્યાય મળે તે જોવા હું માગું છું. અહીં આપણા ઇગ્લાંડમાં ગોરા ઓની મીટીંગ ભરવા માગે છે. પણ પૈસા નહીં હોવાથી કંઇ કરી શકતા નથી.

મી. મુસાજી હસન અસમાજને લખતાં મી. હસન લખે છે કે

મારા ખરચ માટે આપે કોઇ તરેહની ફીકર કરવી નહિ. તેમ વહાલા ફેઇબાઓ ને પણ કહેજો કે મારા ખરચા માટે ફીકર કરશો નહિ. વહાલા બાવાજી મારા માટે ખરચો મોકલે છે તે બસ છે. તમારા ગરીબ ખાકસાર ફરજંદને તમો વહાલાં ઓ પાસેથી પૈસાની તમા નથી. પણ તેને તો તમો વહાલાંઓની ખીજમત અને દીદાર કરવાની તમા છે. અને ઓજ રાતને દિવસે તે પાક દરગાહે આલીમા પાસે માગે છે કે "ઓ દુનીયા ના પેદા કરનાર, ઓ યુદ્ધનો બક્ષનાર હું જે કામને માટે, અને જેની ખુશીમાં તારા પ્યારા હબીબ પાક ફરમાવે છે કે

"ઓતબો બુલ હલમ
વલય કાન બીસરીન"

આ બાબતે મને ૬૦૦૦ ગાઉ ઓકમો છે. તેમાં ઓ રણ તું ફતેહ આપજે, નેક તોફીક દેજે, ગુમરાહીમાંથી બચાવી નેક કામે લગાડતો રહેજે, મારા ઇમાન પર મુસ્તકીમ રાખજે, મારાં વહાલાંઓ ને તું બેય જહાનમાં તારા બાંયમાં રાખજે. મને જલદી મારાં વહાલાંઓથી જોડાયજે કે જેથી હું તેઓની સેવા કરતો થઇ જાઉં. અને જે વખતે હું આ દુનિયાએ ફાની છોડું તે વખતે જેમ મલકાના ઇમ (ફ.હ.) પોતાની મસનવી શરીફમાં ફરમાવે છે તે બબ્બરજે કે

"જીસ ઘડી તનસે કરે પરવાઝ જાં,
કર રાહતસે ગેરી જાયા જાં,
ઓરસેગા નકશા જાં આસાન કર,
કર તું મેરા ખાતેમાં ઇમાન પર,
બાસ્તે આલે નબી કે અય કરીમ,
કર મેરે અલ્લાબખ્શો જલ્લત મોકામ."

મારા વહાલા ગોરા બાવાજી આમજ હું તે પાક દરબારમાં યાચું છું. મને ઇલમ શીખી તમો વહાલાંઓની સેવા કરવા અને દીદાર જોવાની મરજી છે.

એક ગોરા સાહેબનો કૃરતા

"ઘેટાં અને હીંદીઓ સરખાં છે"

માજીસ્ટ્રેટની સખત ટીકા

ગયા મંગળવારે મારિત્સબરગની એક કોરટમાં જે. એલ. અરમીટેજ નામના એક ગોરાની માજીસ્ટ્રેટ મી. હાઇમ પાસે ઓળખ કરવામાં આવ્યો હતો. તેણે પોતાના ઓક હીંદી નોકર ઉપર હલ્લો કર્યો હતો એવું તેના ઉપર તોહમત હતું. ફરીયાદી હીંદી ઉપર અરમીટેજની ઓરત ઉપર હલ્લો કરવાનો કેસ ચાલ્યો હતો અને તેમાં તેને સજા થઇ હતી. આ ફરીયાદી એ જુબાનીમાં જણાવ્યું કે હું ડરબન હતો ત્યાંથી બાસ માણસ મોકલી તહોમત દારે મને પોતાને ઘેર બોલાવ્યો હતો. તહોમતદારે મને પુછ્યું કે મારી ઓરત ઉપર હલ્લો કરવાનું તને કોણે કહ્યું હતું? પછી તેણે મને નીચે પછાડ્યો. મારા બળા ઉપર કૂદી પડ્યો અને જમણા કાનની લટ ચાકુવતી કાપી નાખી. આમ કર્યા પછી તેણે કાંઇક દવા મુકી માટે બાંધ્યો અને કહ્યું કે તને ગમે ત્યાં પડ્યા વીકાય તે માટે તારો કાન કાપી લીધો છે.

ડાકટરે જુબાની આપી કે ફરીયાદીના કાનની બાજુએ સવા ઇંચ લટ કાપી લીધા દેખાય છે.

જુબાનીમાં તહોમતદારે જણાવ્યું કે સજ્જ ફારે મેરાના કાન કાપવાની પરવાનગી આપી છે. આ ફરીયાદી મેદાનોથી વિરોધ ચારો નથી. મારે પણ ફરીયાદીની સામે કેટલીક ફરીયાદ છે. સરકારે મને મારા બાપા છોડિયન બાબતમાં કશી મદદ કરી નથી.

માજીસ્ટ્રેટે કેસ ઉપર સખત ટીકા કરી તહોમતદારને જુર્માનાર બદલ કર્યો. માજીસ્ટ્રેટે બબ્બર કરયું કે તો મારું ધારવું. કરી શકતું હત તો. હું આ તહોમતદારને દેશની બહાર કાઢતમાં મોકલી જજ અને જુરી પારોથી તેને યોગ્ય બારે નાહ્યા આપાવત. તહોમતદાર એવું માનતો જણાય છે કે સરકારે મેરાના કાન કાપવાની પરવાનગી આપી છે એટલે તે આદમ જાતના કાન કાપી શકે! તહોમતદારે આ કામ બબ્બી તદ્દારી કરીને કરેલું જણાય છે. કારણ કે તેણે સાનસેલું ચાકુ, મલમ અને પટી બધું તદ્દયાર કરી રાખેલ હતું. એક માણસ બનતા જેને અમુક માણસની કંઇ બળી સોંપી છે તેવા માણસ આવું ક્રુર કામ કરે તેનો વિચાર કરતાં મને ત્રાસ છુટે છે. મી. અરમીટેજના તાબામાં હીંદીઓને કામ કરવાને સોંપતા એ હું બાબની ધારતો નથી.

તહોમતદારને આવું પગલું ભરવાની કાંઇ જરૂર ન હતી. આ ગરીબ માણસ જન્મ પર્યંત કુબડો થયો. વળી મી. અરમીટેજ કોરટમાં જાહેર કરે છે કે હીંદી અને ઘેટાં સરખાં છે. તહોમતદારને સું સજા કરવી તેના ફલાદ ઉપર આવતાં મારે કાંઇક આંચકો ખાવો પડે છે. તહોમતદારનું મગજ ઠેકાણે છે એવી જો મને ખાત્રી થાય તો હું તેને જેલમાં મોકલ્યા શિવાય બીજી કોઇ સજા કરું જ નહિ. પરંતુ હું જોઉં છું કે ફરીયાદીએ કેટલાક મહિનાની વાત ઉપર તેની ઓરત ઉપર હલ્લો કરેલ તેથી તેનું મન ઉશ્કેરાઇ ગયું હોવું જોઇએ. ગોરાઓની નોકરીમાં કામ કરતા હીંદીઓ તરફ આવી વરતણુંક ચાલવા દેવામાં આવે તો હીંદીઓની જીંદગી સહી સલામત ગણી શકાય નહિ. આ તહોમતદારને હું જે સજા કરું છું તેથી બીજા ગોરા શેઠોને ચેતવણી મળશે એમ હું આશા રાખું છું. હું તેને પૌંડ ૨૦ ના દંડ અથવા બે મહિનાની જેલની સજા ફરમાવું છું. અને આ હીંદી અને તેની ઓરતનું શું કરવું તે નક્કી કરવા માટે તેમને પ્રોટેકટર પાસે મોકલવાનો હુકમ કરું છું.

તહોમતદારને દંડ ભરવાની મુદત આપી હતી. તહોમતદારે આ હુકમ સામે અપીલ કરવાનો ઇરાદો કરેલ છે. માજીસ્ટ્રેટે બે વખતની અંદર અપીલ નોંધાવવાનું જણાવ્યું છે. પ્રોસીકયુટરે જણાવ્યું કે તહોમતદારને હલ્લો કરવા માટે અગાઉ બે વખત સજા થઇ છે.

વિલાયતના છાપામાં ટ્રાંસ્વાલ ના હીંદી વિષે ચરચા

'ટ્રાન્સ્વાલ'

લંડનનું 'ટ્રાન્સ્વાલ' છાપું લખે છે કે આપણે અંગ્રેજ રાજ્યની બધી રૈયતને સરખા શહેરી તરીકેના હક આપ્યા છે, પરંતુ હાલમાં વળી સરકારે રંગ તથા જાતીના સવાલ વિષે જે વલણ પકડેલું છે તે બેનાં શહેનશાહની હીંદી રૈયતનાં મન ઉપર ઘણી ખરાબ અસર થાય છે એ આપણે ધ્યાનમાં રાખવાની જરૂર છે. આ બેમાંથી ખરૂ શું છે તે બતાવવાને આપણે જેટલે દરજ્જે અશક્ત રહીએ તેટલે દરજ્જે આપણી કીર્તિને આપણે નુકસાન પહોંચાડીએ છીએ અને અન્યાય તથા અપ્રમાણીકપણાનો આરોપ માથે ઓઢી લઇએ છીએ. તેઓનાં ખરાં દુઃખ કરતાં આ હકીકત તેમને વધારે દુઃખ કરતા થઇ પડે છે. અમે આગળ જણાવ્યું છે તેમ ફરીને જણાવીએ છીએ કે આ વિષે કોનફરન્સ બોલાવી સંપુર્ણ રીતે ચરચાવવાની જરૂર છે, અને તે જેમ બને તેમ જલદીથી. આમ કોનફરન્સ બોલાવવાની આવશ્યકતા બતાવ્યા પછી તથા ટ્રાંસ્વાલ સરકારે બાદશાહી તેમજ સ્થાનીક સ્થિતિને લગતો ઘણો ઉપયોગી સવાલ હાથ ધરેલ છે એમ બતાવ્યા પછી અમે એમ પણ બતાવવાની જરૂર માનીએ છીએ કે ટ્રાંસ્વાલમાં હાલ જે ઝઘડા ઝાટ ચાલી રહ્યો છે તેનો લાભ હીંદીઓ સિવાય બીજાઓ મેળવવાની તક શોધે. હીંદીઓ આ વાતથી અજાણ હશે કે આવી રીતે 'એજીટેશન' કરવાથી વળી સરકારની કીર્તિને પરરાજ્યોમાં ઝાંખપ પહોંચશે.

'શાહીલ્ડ ડેલી ટેલીગ્રાફ'

લખે છે કે લીબરલ પક્ષે ટ્રાંસ્વાલમાં બોનાઓને કેટલી સારી મદદ કરી હતી એ જ્યારે યાદ કરીએ છીએ ત્યારે આ લીબરલ પક્ષ હીંદીના દુઃખ સામું કેમ નથી જોતો એ તાજુબી ઉપજાવે છે. ટ્રાંસ્વાલથી જે તાર મળેલ છે તે ઉપર થી દેખાય છે કે સરકારે હીંદીઓ ઉપર ટ્રાંસ્વાલમાં જે જુલમ અને અપમાન ચાલી રહ્યાં છે તે તરફ નજર કરવી જોઇએ. ત્યાંનો મામલો અસલ થયો જણ છે. આ દેશના લોકો જેમ આ હીંદ ના વહેલી સમજશે તેમ જલદીથી ગણાશે.

હીંદીએ પોતાની શરત પાળી છે, પરંતુ ટ્રાંસ્વાલ સરકારે નથી પાળી. સરકાર એશિયાટીકોની આવક ઉપર અંકુશ મુકવા માગે છે તેમ નથી, પણ તેમના ઉપર તદ્દન અટકાયત મુકવા માગે છે. આ વિશ્વ.સઘાતની સામે પ્રતકાર બતાવવાનો હીંદીઓએ સરસ રસ્તો શોધી કાઢયો છે. હાલમાં બહેલા કેટલાક હીંદીઓને જેલ અને દંડની સજા થઇ છે; અને જે ટ્રાંસ્વાલ સરકારે તેમના તથા તેમના ભાઇઓ ઉપર જે અટકાયતો મુકી છે તેને તાબે નહીં થવાના વાંકે મારેજ.

આ બધાથી શાહેનશાહતને બોધ પાઠ પહોંચવાનો સંભવ છે. આખુ હીંદુસ્તાન આ વિષે એકત્ર છે. ટ્રાંસ્વાલમાં હીંદુ, મુસલમાન અને પારસી એક સરખુ દુઃખ ભોગવે છે. અને હીંદુસ્તાનમાં તેના ભાઇ ઓ એક મને માગણી કરી રહ્યા છે કે અંગ્રેજ સરકારે તેમનું રક્ષણ કરવું. પરંતુ બ્રીટીશ સરકાર અંગ્રેજ રૈયતની વાત આવે એટલે તેના હમેશાંના નિયમ મુજબ ધર્મીજ કરી રાજ્ય નીતિ ધરીને બેઠી છે. અને અહીંનો જાહેરમત સર કારને આ વિષય ઉઘાડી લેવાની જરૂર પાડે નહીં તો મુશ્કેલ બળશે થાય એટલે સુધી આ મામલાને અહીંની સરકાર જવા દેવ જેવી છે. ખરૂ જોતાં હડિઓનો હાલનો મામલો ઉકળતી સ્થિતિમાં છે. બાવા સત્તેજો વચ્ચે બળતામાં ઘી હોમ વાની રાજ્ય નીતિ ધારણ કરી એ મુરબ્બા ના સરદાર બનવા જેવુ ગણાય. જો સર કાર શાહેનશાહની રૈયતના શહેરીઓના હકનું પણ રક્ષણ ન કરી શકે તો પછી તેઓ શાહેનશાહ તરફ વફાદારી ન બતાવે તેમાં તેમનો કેમ વાંક કહી શકાય? સર કારને વચ્ચે પડવાની સત્તા છે. કલરક વાતીના કાયદામાં ચોગ્ય ફેરફાર કરવાનો ચોખ્ખો હક સ્વરાજ્ય આપતી વખતે વળી સરકારે રાખેલો છે. એશિયાટીકોને ગમે તેટલી સંખ્યામાં આવવા દેવા જોઇએ એમ ટ્રાંસ્વાલ સરકારને ફરજ પાડવાનું કોઇ કહેતું નથી. પરંતુ કેળવાએલા બ્રીટીશ હીંદીઓનું અપમાન થાય તે વા રક્ષણ કાયદા પડવાની જરૂર હોવી ન જોઇએ. તેઓ ગોરાઓના ધંધાનો મજુરો નથી લઇ લેતા, ખરી રીતે તો તેઓ દેશની આબાદી કરવામાં લાંબે હલે મદદ ગાર થઇ પડે છે.

'ડેલી ક્રોનીકલ'

લખે છે કે નાની બાબતો દુર રાખતાં બંધારણી હકદાર એ રહે છે કે ટ્રાંસ વાલમાં વસવાનો હક ધરાવે છે તેવા હીંદી ઓને સ્વતંત્ર આદમી ગણવામાં આવશે કે તેમને વેપારની હરીફાઇમાંથી દુર રાખ વાને તેમના ઉપર દુઃખદાયક અટકાયતો મુકવામાં આવશે? લડાઇ પહેલાં આ સવાલ હતો. અને અત્યે પણ તેજ સવાલ રહ્યો છે. હીંદીઓ પોતે, તેમના પોતાના લાભની ખાતર, સંખ્યાબંધ નવા હીંદીઓ કોલોનીમાં આવે તેની ઉપર અટ કાયત મુકવાની ખુશી બતાવે છે પરંતુ જે હીંદીઓને ટ્રાંસ્વાલમાં રહેવાનો હક છે તેમને ટ્રાંસ્વાલને પોતાનું ઘર માની સુખેથી રહેવા દેવાની માગણી કરી છે. શ્રી લીટલટન જ્યારે કોલોની ખાતાના સેક્રેટરીના હોદા ઉપર હતા ત્યારે તેણે જેવું હતું કે આ માગણી કેટલે દરજ્જે વ્યાજબી છે. અને એ માગણી કબુલ રાખવાનાં અંગ્રેજ સરકારના લાભ રહે છે. હમણાંજ લોર્ડ ઓલ્ટીન અને લોર્ડ કરઝનએ ટ્રાંસ્વાલની ગોર સરકારને રક્ષણ મળવાની ખાતર હીંદીઓને તેમના વેપારી હરીફોના હાથમાં સોંપી દીધા છે. કોણ જાણે કે તુરકસ્તાનમાંથી બોઅર ટ્રાંસ્વાલમાં ઘુસણખોર થઇ શકે અને અંગ્રેજ વાવટાના રક્ષણ નીચે વેપાર કરે. પરંતુ આપણી પોતાની રૈયત જે આપણી સાથે રહી રણક્ષેત્ર ઉપર લડેલ છે તેઓ તરફ પારોઠની વરતણુંક ચલાવવામાં આવે!

'ડેઇલી ક્રોમ'

લખે છે કે કોલોનીઓ હીંદીથી ઉભરાઇ ન જાય તેને માટે અમુક અટકાયત મુકવાની જરૂર હોય પણ તેથી કેળવાએલા બ્રીટીશ હીંદીઓનું અપમાન થાય તે વા સખત કાયદા પડવાની જરૂર હોવી ન જોઇએ. તેઓ ગોરાઓના ધંધાનો મજુરો નથી લઇ લેતા, ખરી રીતે તો તેઓ દેશની આબાદી કરવામાં લાંબે હલે મદદ ગાર થઇ પડે છે.

તા. ૬ ઠ્ઠી ઓગસ્ટના રોજ પારસી નવ વરસની ખુશાલીમાં યુરોપની પારસી ઓસો સીએશન તરફથી ફ્રીદારીઓન રીસ્ટોરાંટમાં મીજબાની કરી હતી તે વખતે સર મંચેરજી ભાનગરીએ આપેલ ભાષણમાં જણાવ્યું હતું કે નામ શાહેનશાહ એડવર્ડ તેની વડા દાર હીંદી રૈયત ઉપર દક્ષિણ આફ્રિકાના કોલોનીમાં જે ગેરવર્તણુંક ચાલી રહી છે તેને હદ આપવાનું ધ્યાનમાં લેશે.

કોમાટીપુરટનો કોલ્સ્રો

શ્રી. પોલાકનો કાગળ

આ વીષય ઉપર 'સ્ટાર' પત્રની ગયે અઠવાડીએ અમે જે ટીકા છાપી છે તેના જવાબમાં શ્રી. પોલાકે નીચેની મતલબનો સખત ભાષામાં 'સ્ટાર' ના અધીપતીને એક કાગળ લખ્યો છે: એશીઆટીક કચાસ ની ખરી હકીકત વીષે હાલ તમે જે ગેર સમજુતી ફેલાવો છે તે જોતાં મારી ફરી યાદ ઉપરની તમારી ટીકા મને તાજુબી પમાડતી નથી. પણ મારે બતાવવું પડે છે કે તમારા જેવા મોટા છાપાને શોભતું તે આરડીકલ છે નહિ. શરૂઆત માંજ તમે, મેં જે હકીકત નથી કહી તેને માટે મને દોષીત ગણ્યો છે. પોરટુગીઝ અમલદારોએ ૮૦ હીંદીને લોરેન્સો મારકસ થી કોમાટીપુરટ સુધી દોરના ડબ્બામાં પુર્યા એમ મેં કહ્યું નથી. મેં ચોખ્ખુ જણા વ્યું છે કે પોરટુગીઝ અમલદારોએ આ લોકોને રટીમરમાંથી પરમાસ દોરના ડબ્બા માં હતાર્યા અને મેલ ટ્રેન જવાનો વખત થતાં સુધી તેમાં રાખ્યા. આ લોકોને રેલ્વેની મુસાફરીમાં બાવાની સગવડ ન કરી આપી હોય એટલે સુધી રેલ્વે અમલ દારોએ દોરતા બતાવી હોય એવું માનવા ની તમે ના પાડો છો એ દીલગીરીની વાત છે. પણ આ વાત સાચી છે એ હું ખાત્રીથી કહી શકું છું. ડેલાગોઆબેમાં તેમના ભાઇઓને જવાની સાફ મનાઇ કરવામાં આવી હતી. દોરના ડબ્બામાં તેમના ઉપર ચોકી હતી. અને તેમને રોટી પણ છેટેથી કે બારણાં આગી હતી હીંદીને દોષ મળી શકયું હતું નહિ. પિ ઇ. એસોસીએસનનો સભ્યાધારી પણ મળી શકત નહિ. લોરેન્સો મારકસમાં કોઇ એંગ રહેતો પણ નથી. અને ત્યાં જે હીંદીઓ રહે છે તે લગભગ બધા પોરટુગીઝ રહબત છે. તે બ્રિટીશ કોન્સલ ને કાંઇ કહી શકતા નથી. વળી ડેલાગોઆ બેના બ્રિટીશ કોન્સલ પાસેથી કાંઇ મદદ ની આશા રાખવી પણ ફોગટ છે. અંગ્રેજ ની હીંદી રહબત માટે આ કોન્સલે મોટાં બીક પ્રયત્નામાં કાંઇ પણ કરયું હોય એવો એક પણ દાખલો મને મળ્યો નથી. ડેલાગોઆબેના જાહેર મકાનમાં બ્રિટીશ કોન્સલની ઓફીસ એજ છે કે ત્યાં હીંદીઓને--અંગ્રેજ રહબત હોય છતાં-પાછળે દરવાજેથી દાખલ થવાની ફરજ પાડવામાં આવે છે.

તમે એમ માનો છો કે આ બધા ખર્ચ જરાજર પરમીટ ફેાત તો આવી હકાકી ભોગવવી પડત નહિ. બારબરટન ડોરબમાં મેં બતાવ્યું એ તમે જોયું હશે કે બે સિવાય દરેક આદમી પાસે કાયદેસર પર મીટ હતી. આ પરમીટવી તેમને તેમના કુટુંબ સાથે ટ્રાંસવાલમાં દાખલ થવાનો તથા વસવાનો હક આપતો હતો. લોરેન્સો મારકસમાં ઇમીગ્રેશન અમલદારે જરાજર પરમીટ વીના દાખલ નહિ થવા દીધાય એમ ચેતવણી આપવાની વાત કરો છો તો મારે કહેવું જોઇએ છે કે આ અમલદારે તો બધી પરમીટો તપાસીને તે ઉપર છાપ મારી આપી હતી કે "આઠ દીવસની અંદર રજીસ્ટરને માટે અરજી કરવી." આ મુદત ખુની કાયદાની ફ્રેમ જ આપી શકાય છે. અને આવી છાપ મારી હોય તેને કાયદા મુજબ કોલોનીમાં આવી આઠ દિવસની અંદર અરજી કરવાની છુટ છે એમ સરકારના સાક્ષી સારજંટ એનટે પણ કબુલ કરયું છે. હીંદીઓ પોતાની પરમીટ તપા તેના ઉપર આપા શેરાને આધારે દાખલ થયા. પરંતુ તેને લોરેન્સો મારકસમાં રોકાને રજીસ્ટરને માટે નવા કાયદા મુજબ અરજી કરવાની તક આપી હત તો તેઓ બધે ને બધરાં છોકરાં સાથે પરદેશમાં કવેરનેશનમાં રહેવું પડત. અને તે રજીસ્ટરદાર તેની અરજીઓનો કરતો. કરે ત્યાં સુધી! આવી અરજીનો કરવો કરતાં કેટલી દીલ થાય છે એ કોઇથી જાણ્યું નથી રહ્યું તમે જે દરેક બતાવ્યો છે તે ઉલટાંથી સુલાસો પડવા જેવો છે

પણ ખબર વીના સુચનાઓ કરીને પણ તમે સંતોષ નથી પામ્યા. મદદગારી તરફમાં મદદગાર થઇ પડે તેટલા માટે આ લોકોને ઉકારેલા હતા એવું જાહેર કરી હીંદી કોમનું તમે અપમાન કરો છો. તમે દરેક જગ્યાએ માની લીધું છે કે બ્રિટીશ હીંદીઓને આપણે ગોરાના જેવી સ્વભાવીક લાગણી હોવજ નહિ. તમે કહો છો કે એશીઆટીક કાયદાનું અપમાન કરી કોલોનીમાં દાખલ થાય તેને બચાવવું આપવાની કે બીજી સગવડ કરી આપવાની સરકારની ફરજ નથી. કાયદાનું અપમાન કરીને નહિ, પણ લાહેબ, એતો કાયદાને માન આપીને આ બધા દાખલ થયા છે. ખુની કાયદો હજુ રદ થયો નથી. જો તમે જાણી જતા હોતો છો. અને સરકારની કેદાઓ પ્રત્યે શું ફરજ છે! ૪૮ કલાક જુએ મારે વાની! તેને બચાવવાની! તેમને પાછરણ વીનાના રાખવાની! મહા પાતક ને મારે ત્યાંથી કાયદાના મારની સજા મળી હોય એવા સીદ્ધાને તમે આવી સજા કરતા નથી; તો પછી હીંદી ઉપર અન્યાયની ફરીયાદ સામે તમે આવી દલીલો મુકી અન્યાય કરો એમાં તમે ખરેખર ભૂલ કરોછો.

અને જે ખબરો મળી છે તે ખરી છે. પણ હું કાંઇ માની બેઠા તમો કે જગતને બતાવાની ફરજ તો નજ પાડી શકું. તમે બહેર તપાસ કરવાની સુચના કરી છે તેથી હું ઘણો ખુશી થયો છું. પણ 'ચોરને ઘેર ન્યાય' એવું નહિ કરતા!

શ્રી. ચમની સાથે મુલાકાત

'સ્ટાર' ના પ્રતીનીધીએ આ બાબત શ્રી. ચમનીની મુલાકાત લીધી તે વખતે શ્રી. ચમનીએ નીચે મુજબ જાહેર કરયું છે.

શ્રી. દસપ છસ્માઇલ મીયાંનો કાગળ મેં જોયો કે તરતજ તે વિષે બધું છે તે જાણવાની શ્રી. ચમનીએ તપાસ કરી એવા બબર મને (રજીસ્ટરના પ્રતી નીધીને) મળ્યા હતા. શ્રી પોલાકનો પહેલો કાગળ મેં તેને બતાવ્યો એટલે તેણે ધ્યાન પુરવક વાંચીને કહયું કે બરી હકીકત જાહેરમાં મુકવા માટે પહેલેથી માંડીને બધી વાત કરીશ.

૩૦ મી તારીખે મને કોમાટીપુરટથી તાર મળ્યો કે ૫૮ મોટી અને ૧૮ નાની ઉમરના એશીઆટીકો લોરેન્સો મારકસથી આવેલ છે. તેમની પાસે રજીસ્ટર ન હતા. તેમણે નવા કાયદા મુજબ અરજી કરેલી ન હતી. ટ્રાંસવાલની "બારથી અરજી થઇ શકે છે તેની તેમને બબર ન હોય એવો સભવ છે એમ ધારી તેઓને પકડતાં પહેલાં તેમને રેસાન માર શીઆ પાછા જવું હોય તો જવા દેવાના પોલીસને બબર કર્યા. પણ હીંદીએ પાછા જવાની ના પાડી એટલે તેને પકડવા વીના બીજો રસ્તો નહોતો. મોટી ઉમરના ને બારબરટન લઇ જવામાં આવ્યા. ત્યાં તેમને સજા થઇ.

રેલ્વેની તકલીફ બાબત લોરેન્સો માર કસના રેલ્વે બતાવાળા જણાવે છે કે કોઇ જગ્યાએ કાંઇપણ ફરીયાદ થયેલી ન હતી. આ હીંદીઓને દોરના ડબ્બામાં નહિ પણ સાધારણ મેલ ટ્રેનના બીજા નવા પહેલા વરગના ડબ્બામાં લાવવામાં આવ્યા હતા.

પોરટુગીઝ અમલદારો સામે પણ મારી પાસે કોઇ જાતની ફરીયાદ આવી નથી. સામાન્ય રીતે બાકી બાબતમાં તેઓ બધી જંજાળથી કામ લીએ છે.

ડામાડીપુરટમાં આ લોકોને પકડ્યા ત્યારે બધરાં છોકરાં તેમની સાથે ગયાં તેમને ડામાડી પુરટની સરકારી જેલમાં રાખેલાં હતાં. આ જગ્યામાં ઘણુ ઓરડા અને મોટો વાડો હતો. આ જેલ માં બરાબર દેખરેખ રાખવામાં આવે છે. દેશીઓને ખોરાક આપવા માંડ્યો, પણ તેમણે લેવાની ના પાડી હતી. તેમનો સામાન તેમની સાથે રહેવા દીધો હતો. તેમની સાથે કાંઇક ખાવાનું પણ હતું. તે ઉપરાંત તેમને જે કાંઇ જોઇએ તે ખરીદવાની રજા પણ આપી હતી. આ બધરાંઓ ખુલ્લામાં પડી રહેવાને બદલે આ જગ્યાએ રહી શકતા. ઘણુ ઓરડા માંથી એક બધરાંઓને માટે રાખી શકતા. મુસા કરમાહમદના કુટુંબને તેની માગણી થી જોહાન્સબરગ જવાની રજા આપી હતી. અને તેમને રેશને ચડાવા જવાની પણ રજા આપી હતી. જો કે અંધારૂ થઇ ગયું હતું અને ટ્રેન ચાલતાં સુધી રોકાવું પડતું. નેટીવ પોલીસે તેને ગાળ કાઢવાની વાત ખોટી છે.

એ. દકાકત ઉપરથી 'રટાર' ના બધી બતીએ જણાવ્યું છે કે હીંદીઓને તકલીફ ભોગવવા પડી નથી. તે લોકોને પાછા જવાની તક આપી છતાં નહિ ગયેલ એ બતાવે છે કે તેઓએ બધી જોઇએ તેવી કાય દાની ભાંજ કરેલી છે. બંને પક્ષની હકીકત આપણે સાંભળી છે. પરંતુ સત્તાધીશો આટલું સાંભળી બેસી નહીં રહે. મી. પોલાકને તેની હકીકત સાબીત કરવાનું તે કહેશે.

જાહેર તપાસની માગણી

ઉપરની હકીકત જાહેર કર્યા પછી મી. પોલાકે 'સ્ટાર' બાપામાં નીચેનો કાગળ લખ્યો છે. આવી બાબતમાં બધદ્વારા બધી હકીકત પૂરી તપાસી શકાય એમ મને અસંભવીત લાગે છે. મી. ચમનીએ કહેલી હકીકતથી તમે સંતોષ પામ્યા જણાઓ છો. પણ છતાં તમે જાહેર તપાસ કરવાનું જણાવો છો એ જોઇ હું ખુશી થાઉં છું. મી. ચમની આ વાત ઇનકાર કરે એ ધારેલું હતું; કેમકે જો કે તે પોતે ગુનેગાર નથી, છતાં તેના ઉપર ટ્રેટમેંટ જુદો આવી પડે એમ છે.

આવી ગંભીર બાબત ખાસ નીમેલા માજીસ્ટ્રેટ મારફત જાહેર તપાસ થવાની હું જરૂર જોઉં છું. અને જ્યાંસુધી આમ નથી થયું ત્યાંસુધી મારે અને મોટે ભાગે બીજા લોકોને, જે બીના આસપાસના પુરાવા સાથે જે જાહેર કરી છે તે માન્યા વીના ચાલે તેમ નથી. જેઓએ આ બીના જાહેર કરેલ છે તેને તેમાં બોટું નહોમત ગુલબામાં કાંઇ લાભ નથી મળતો પણ જે તેનો ઇન્કાર કરે છે તેનો આરો અભાવ કરવામાં સ્વારથ રહેલો છે એ યાદ રાખવા ની જરૂર છે. મી. ચમનીની પોતાની હકીકત સામે મારે પુરાવો લાવવાની જરૂર નથી. મારો કાગળ એજ મારી હકીકતને માટે બધો પુરાવો છે એમ પણ હું નથી કહેતો, પણ નીષ્પક્ષપાત તપાસ ચલાવવાને માટે તે પ્રથમ દર્શનીય પુરાવો છે એમ તો હું ચોકસ કહું છું.

તેઓની પરમીટ ઉપર લોરેન્સો મારકસ માં ઇમીગ્રેશન ખાતાના અમલદારે જે છાપ મારી હતી તે મેં જાતે જોયેલ છે. હીંદીઓ આ શેરાના ઉપર આધાર રાખી તથા તેઓ કોલોનીમાં દાખલ થયા પછી દુઃખ્યા હોય તો બુના કાયદા મુજબ આઠ દિવસની અંદર અરજી કરી શકે તેવા બચાવ રાખીને આવેલા હતા એમાં જરા પણ શક ન હોવો જોઇએ. આગમનમાં તેઓના સંબંધની મારે કાંઇ ફરીયાદ નહોતી.

મારા મુળ કાગળમાં લોરેન્સો મારકસ ના રેલ્વે ખાતાવાળા વિષે મેં જે ફરીયાદ કરી છે તે વિષે મને વધુ ખબર મળે છે કે હીંદીઓને લોરેન્સો મારકસમાં રોકના પ્રસંગમાં નહિ પણ સાધારણ દશામાં બેસા રેલા હતા તે વાત ખરી છે.

ટ્રાન્સ. ઇ. એસોસીએશનના પ્રમુખ મી. કાબલીઆએ પણ આ હકીકત વિષે જાહેર તપાસ કરી ખરૂં શું છે તે શોધ વાની કોલોનીઅલ સેક્રેટરીને કાગળ લખીને માગણી કરી છે.

આગમનમાં શું બન્યું?

આગમનથી 'લીડર' ને ખબરપત્રી ત્યાં શું બન્યું તે એક લાંબા કાગળમા જણાવે છે. અને કહે છે કે આ હીંદી ઓને ત્યાં દરેક જાતની સગવડ કરી આપ વામાં આવી હતી. તેઓને જે જગ્યાએ રાખેલહતા તેજગ્યાએ અસલ પોલીસ રહેતા. તેઓને બુબ્બે મારવાની વાત ખરી નથી. ડામાડી પુરટનો સારજંટ તેમને માટે આવશ્યની બેગ તથા રોટી લાવેલ પણ. તેઓએ તે લીધાં નહિ. દરેક સવારે જેલનો વાડો સાફ કરવામાં આવે છે એટલે તે જણાવ્યા પ્રમાણે ગંદો હોવાનો સંભવ નથી. જેલમાં તેમને ખોરાક પહોંચાડવાની પણ રજા આપેલી હતી. તેઓને સજા ફરમાવ્યા પછી તેઓને ચોકીએ લઇ જવામાં આવ્યા હતા. ત્યાં તેમના સગા બીજાઓએ તેમને આવવાનું તથા બીજી ઓખાં હતાં-જે કે સાધારણ રીતે આવી છુટ અપાતી નથી. છોકરાંઓને દરમેશ ખોરાક આપવાની માગણી કરી હતી પણ તે અહીંની એસોસીએશને કબુલ રાખી નહિ અને તેઓએ જાતે ખોરાક આપવાનું પસંદ કરયું.

મી. પોલાકનો કાગળ

ઉપરના કાગળના જવાબમાં મી. પોલાકે 'લીડર' માં લખ્યું છે કે આગમનમાં હીંદીઓને તકલીફ પડી તે એજ કે તેઓએ વકીલ મારફત ગેરવણ કરી ત્યારેજ તેમ ના સગાંઓને આવવાનું પહોંચાડવાની રજા મળી હતી. આથી બાબતમાં તેમને વકીલનો ખરચ કરવો પડે એ વાજબી ગણાય? જેલમાં તેમને હેરાનગતી થઇ એવી મેં ફરીયાદ કરેલી નથી. કેમકે ત્યાં બધું જેલના કાનુન મુજબ થયું હતું. કાનુનની બહાર પણ તેમને જે સગવડ આપેલી હતી તે મારી જાણમાં છે અને તે માટે તેઓ આભારી છે. છોકરાં બાબત મારે કહેવાનું કે આ છોકરાંઓને બે રસ્તા ખુલ્લા હતા. કાંતો જેલ જવું અથવા તો સ્થાનીક હીંદીની મદદ ઉપર રહેવું. મોટા માણસો જેલનો ખોરાક પુરો ખાઇ શકતા નથી. કેમકે તેમને મકાઇ ખાવાની ટેવ નથી. તો પછી છોકરાંઓ તો આ ભાગ્યેજ ખાઇ શકે, આ હકીકતને લીધે જ ત્યાંના હીંદીએ આ છોકરાંને જેલનો ખોરાક આપવા કરતાં જાતે ખાવાનું આપવાનું માથે લીધું હતું.

મી. ચમની ઇનકાર કરે છે

આ ખબરો વાંચે મી. ચમનીએ સત્તા વાર નીચે મુજબ જાહેર કરેલ છે.

સપ્ટેંબરની ૨૯ તારીખે ૫૮ મોટી અને ૬૯ નાની ઉમરના હીંદીઓ તથા રજીસ્ટર વિના ડામાડીપુરટને રસ્તે દાખલ થયા. તેઓ આવી રીતે દાખલ થયા તેથી તેમણે ૧૯૦૭ના ઇમીગ્રંટ રીસ્ટ્રરી કરાન કાયદાનો ભાગ કર્યો. આ ગુન્હા માટે તેમને ટ્રેનમાંથી ઉતારી સારજંટ મેજરલ ચોકીમાં લઇ ગયો. ત્યાં તેમને નીચે મુજબ સગવડ કરી આપવામાં આવી હતી.

ઘણુ ઓરડા એક જાવાને છાપરાવાળી જગ્યા અને મોટો વાડો હતો. તેઓ પોતાનો પોતાનો સામાન સાથે લઇ ગયા હતા. અને તે દુઃખી ન થાય તેને માટે દરેક જાતની સંભાળ રાખવામાં આવી હતી. ચોકીદારને બહારને દરવાજે રખ વામાં આવ્યો હતો કે જેથી કરીને અંદર ના માણસો એક બીજાના ઓરડામાં છુટ થી જઇ આવી શકે. આ લોકો અત્રેથી એમ ધારેલું હતું એટલે તે જગ્યા આગળથી ખાસ સાફ રખાવામાં આવી હતી.

તેઓની પાસે પોતાની ધાબળીઓ હતી અને બહારને દરવાજે તાળું મારી જતાં પહેલાં સારજન્ટે તપાસ કરી ખાત્રી કરી હતી કે તેઓ બધા સ્વસ્થ છે. આ હીંદી ને જ્યારે ચોકીમાં લઇ જવામાં આવ્યા ત્યારે મુસા ઇસમાઇલે પોતાના કુટુંબ સાથે રહેવાને રહેવાની માગણી કરી. અને તેની મા બીમાર હતી તે કારણને લીધે તેને ચોકીમાં નહિ લઇ જવાનું જણાવ્યું. તેની સાથે બે ઔરત અને બે છોકરાં હતાં. તેને ઉચ્ચકી લઇ જવા માટે પોલીસની મદદ આપવામાં આવી પરંતુ તે મદદ તેણે માન્ય રાખી નહીં. એટલે તેની માગણી સ્વીકારવામાં આવી. તેની પાસે પોતાનું પાકરણ હતું. અને સારજન્ટ મેજરે કહ્યું કે અહીં કોઇ જાતનું રક્ષણ થઇ શકે એમ નથી, છતાં, તેણે સ્ટેશન ઉપર રહેવાનું પસંદ કરયું. બીજી સવારે મુસા ઇસમાઇલે તેની માને ચોકીવાળા ઘરમાં લઇ જવાને ઘોડાક હીંદીને મદદે મોકલવાની માગણી કરી.

તા. ૩૦ સપ્ટેમ્બરના રોજ સવારે જ્યારે સારજન્ટ મેજર ચોકીએ તપાસને માટે આવેલ ત્યારે તેને કેઇ જાતની ફરીયાદ કરવામાં આવી ન હતી. કેમકે દરેક માણસને સંતોષ હતો. તેઓને ખાવાને આવશે કે મકાઇ જોશે એમ પુછ્યું ત્યારે બ્રિટાનીવતી એક માણસે આજીજીમાં કહયું કે અમારી પાસે અમારું પોતાનું પુષ્કળ ખાવાનું છે. બપોરે સારજન્ટે ફરીથી મુલાકાત લીધી ત્યારે જોયું કે તેમને ખાવાને પુષ્કળ આવલ મળેલા હતા. પણ તે ખાવાની હીંદીઓએ ના પાડી અને શાક, રોટી તથા મીઠ માગ્યાં. તે નહિ મળે એવું જણાવ્યું એટલે તેમણે પોતાની મેળે ખરીદી કરવાની રજા માગી. આ રજા તેમને મળી, અને ૮ જણા ખરીદી કરવાને ગયા. સાંજે વળી જેલ પાસે એક દુકાન છે ત્યાંથી વધુ ખાવાનું ખરીદી કરવાની પરવાનગી આપવામાં આવી હતી. તેમને કામણ તાર વગેરે મોકલવાની દરેક સગવડ કરી આપવામાં આવી હતી. તેમને બીડી પીવાની પણ રજા આપી હતી. તથા તેમણે જે જે માગણી કરી હતી તે ઉપર પુરતું ધ્યાન આપ્યું હતું. તેજ દિવસે મુસા ઇસમાઇલે તેના કુટુંબને જોહાન્સ બરગ મોકલવાની માગણી કરી એટલે સાંજે તેમને જોહાન્સબરગની ટ્રેનમાં મોકલવાની પરવાનગી આપી. મુસા ઇસમાઇલ ને તેની સાથે જવાની રજા આપી હતી. તે ત્યાં છ વાગ્યા સુધી રહેલ અને પછી ચોકીમાં લઇ જવામાં આવેલ. કોન્સ્ટેબલ એલનને આ બધાની સંભાળ રાખવાની ખાસ સુચના આપેલી હતી. મુસા ઇસ્માએ પ્રેસે કોઇપણ જાતની ફરીયાદ કરી હતી નહી પણ સામે તેને સંતોષ થયો હોય એવું જણાયું હતું.

૩૦ તારીખે બપોરે આ હીંદીઓ ઉપર રીતસર 'પ્રોહીબીટેડ ઇમીગ્રંટ'નો આરોપ મુકરર કરવામાં આવ્યો હતો અને તે વખતે પણ તેમને બધી જાતની (જેવી કે બાડી પીવા વગેરેની) છુટ આપવામાં આવી હતી. અને આ છુટ છેક અકટોબર ની પહેલી તારીખે બારબરટન ગયા ત્યાં સુધી આપેલી હતી. તેમને રોટી પણ આપવા માંડી હતી પણ તે લેવાની ના પાડી તેઓ આવી ગયા હતા.

આ બધા અકટોબરની પહેલી તારીખે બપોરે ૩-૫૦મીનીટે બારબરટન આવી પહોંચ્યા. ત્યાર પછી અરધા કલાકમાં તેમને કોરટમાં ખડા કર્યા. ત્યાં તેમના મીત્રોએ સાંજે જમવાનું આપવાની માગણી કરી હતી તે કબુલ રાખવામાં આવી હતી. અને તે જેલમાં ૭ વાગ્યાની અંદર પહોંચાડવું એમ જણાવ્યું હતું. ત્યાર પછી પણ જ્યારે તેઓ બધા કોરટમાં હતા ત્યારે બરાબર સમજણથી શકે તેવા ઇંટરપ્રીટર મારફત તેમને જણાવ્યું હતું કે તેમને ખાવાનું જેલમાં પહોંચાડી શકાય છે. અને એમ પણ બતાવ્યું હતું કે તપાસ ચાલતા સુધી આ લોકોને હમેશા સવારે ૭, બપોરે ૧૨ અને સાંજે ૬ વાગે ખાવાનું પહોંચાડી શકાય છે.

ત્યાર બાદ ૫૮ હીંદીઓને પા. ૨૫ દંડ અથવા બે માસની જેલની સજા થઇ. આ હીંદીઓને લેરેન્સો મારકસમાં ઘણી તકલીફ પડી એમ જે કહેવાય છે પણ તેને માટે ત્યાંના ટ્રાંસવાલ ઇમીગ્રેશન અમલદારને કોઇ પણ જાતની ફરીયાદ થએલી નથી. આ ઉતારૂઓ સાથે ચાર પોરટુગીઝ એશીઆટીક હતા. તેને કવેરન ટાઇનમાં લઇ ગયા અને આ બધાને અંદર રેથી ખાસ ટ્રેનમાં બીજા વર્ગના ડબ્બામાં સ્ટેશને પહોંચાડયા. અંદરે ઉતર્યા ત્યાંથી કોમાટીપુરટ પહોંચ્યા ત્યાંસુધી તેઓ ટ્રકમાં નહોતા પણ પહેલા અથવા બીજા વર્ગના ડબ્બામાં હતા, કવેરનટાઇનના કાયદા મુજબ જેવા ચાર કવેરનટાઇનવાળા હીંદી તે આ બધાથી જુદા રાખ્યા હતા.

ઇસ્ટ લંડનમાં અવ્યવસ્થા

(એક અખબારની તરફથી)

ઇસ્ટ લંડનથી એક 'ઇંડિઅન' લખે છે કે અત્રેની ટાઉન કાન્સીલે ખાસ હીંદી અનો માટે કાયદો બનાવ્યો છે કે હીંદીઓને ઉધાર આપવું નહિ. પહેલાં એક માણસ અમુક ડીપોઝીટ મુકી માલ લઇ શકતો. હવે જેની પાસે કેશ પચ્સા હોય તેજ માલ ખરીદી શકે છે. આમ ખાસ હીંદીઓ માટેજ કાયદો થાય તેથી કેવી પ્રજાત વધે તેનો ખ્યાલ વાંચનારની મુનસફી ઉપર છોડું છું. અત્રેના ટેલીગ્રાફપેપરમાં જાહેર થએલું કે હીંદીઓએ મારફાટ બાયકોટ કરી છે આ બાયકોટ હીંદીઓએ છોડી દીધો છે એ મોટી શરમની વાત છે. તેઓ કહે છે કે ટાકનની કાઉન્સીલ બાયકોટ વાળાની ખુશામત કરવા આવેલી પરંતુ તે બનવું તો અસંભવીત છે, કારણ આગળ ના વખતમાં લેકોએ મુકેલા ડીપોઝીટ પચ્સાની માગણી કરી તેનો જવાબ પણ નથી તો આ બાયકોટવાળાને બોલાવવા આવે એ બની શકે ખરું? કેપટાઉનની માફક અત્રે પણ અંદર અંદરના વાંધાને લઇને એક બીજા સાથે કુસંપ ચાલી રહયો છે. નાતાલ ટ્રાંસવાલમાં જેટ આવો કુસંપ હોય તો લટતના પગ કયા દિવસના ભાંગી ગયા હતે. કેપના ભાઇ ઓએ તેમનો દાખલો લઇ તેમની પાસેથી ઘણું શીખવાનું છે. અત્રેની હીંદુ ધરમ સોસાયટીએ મારી વાહવાહ પ્રમાણે ટ્રાંસવાલના ભાઇઓને માટે ઉઘરાણું કરેલું તે પચ્સાનો હિસાબ બહાર પાડવાની જરૂર છે. મારફાટમાં ડીપોઝીટ રકમના પચ્સાને માટે પણ ઇંડિઅન ઓપીનીઅનના આજેવાનોએ શું રસ્તો લીધો છે તે જાહેરમાં આવેલ નથી. ગરીબ લોકોની જાણ માટે આ બધાર પડવાની જરૂર છે. સેક્રેટરીએ પોતાના પચ્સા ખરેખી સરકારી કામો માંથેલાં છે તે કેટલાક સાહેબોની જાણમાં છે. ઉઘરાણાના પચ્સા કેટલાક સાહેબો પાસે પડયા છે તે એસોસીએશનને સોંપવાની જરૂર છે. આમ બધી અવ્યવસ્થા થઇ રહેલી છે તે મટાડવાને એસોસીએશનના આગેવાનોએ મહેનત લેવાની જરૂર છે. આશા છે કે આ તહેવારોમાં હીંદુ ધરમ સોસા યટી તથા મહોમેદન જમાતના આગેવાનો મળી વાંધાનો નીકાલ કરશે.

ટ્રાંસવાલના હીંદીને બોધ

"સંકટ વગર ઉદ્ધાર નથી"

ટ્રાંસવાલના હીંદી વિષે ચરચા કરતાં મુંબઇનું 'ગુજરાતી' નીચે મુજબ લખે છે:

દેશ અને દેશવાસીઓના હિતારથે દુઃખ સહન કરનારા મનુષ્યો હમેશાં સંકટના ભોગ થઇ પડે છે, તેમાં પણ ટ્રાંસવાલ માં જઇ વસેલા શ્રી. ગાંધીપર જે સંકટ આવી પડયું છે તે સંબંધમાં આખી હીંદની પ્રજાની તેની તરફ લાગણી વ્યાપી રહી છે એમ કહેવામાં હરકત નથી. ટ્રાંસવાલની સરકારે એશિયાટીક વિરૂદ્ધ જે ઝુંબેસ ચલાવી છે, અને તેમાં જે પ્રકારે અન્યાય કરવા માંડયો છે તે નહિ સહન થાય એવો છે. ટ્રાંસવાલના હીંદીઓએ છેલ્લી બસંદા અને અંગ્રેજ વચ્ચેની લડાઇમાં, અંગ્રેજોને મદદ કરી છે તે માટે તેનાપર બસંદા સ્વરયાનવાસીઓ બાજો વેર લેતા હોય તેવું આચરણ ટ્રાંસવાલની સરકારે આચરવા માંડયું છે, અને દિલગીરી ભરેલું એ છે કે ઇગ્લાંડની સરકાર પોતાના તાબાની હીંદી પ્રજાપર જે જુલમ થાય છે તે મુંગે મોઢે સહન કરે છે. ટ્રાંસવાલના ગોરાઓએ એશિયાટીક પ્રજા ને નામોશીમાં મુકવાનો પુરેપુરો પ્રયત્ન કરેલો છે. તેઓને માટે એવા ખરાબ ધારાઓ બાંધવામાં આવ્યા છે કે કોઇપણ લાગણીવાળો મનુષ્ય તે કદી પણ સ્વીકારી શકે નહિ. અને તેજ કારણસર ટ્રાંસવાલ માં રહેલા હીંદીવાનો અને બીજાઓ, ટ્રાંસવાલની સરકારના મનુષ્યપણાને લજ્જીત કરનારા ધારાને તાબે થવાને ના પાડે છે. તેના વેરથી ખુદવાઇને ટ્રાંસ વાલની હીંદી પ્રજાના નાયક શ્રી. ગાંધીના પુત્રને, પરમીટના ધારાને માન ન આપવા માટે, એક માસના સખત કેદખાનાની સજા કરી છે. ગયા ડીસેંબરમાં શ્રી. ગાંધીને કેદખાને મોકલવામાં આવ્યો હતો આજે તેના પુત્રને મોકલવામાં આવ્યો છે. અમે પ્રાર્થના કરીએ છીએ કે પોતાના દેશ બાંધવોનું અને હીંદના ગૌરવનું સંરક્ષણ કરવા જતા શ્રી. ગાંધી ઉપર જે આફત આવી પડી છે તે સહન કરવાને પ્રભુ તેને સામર્થ્ય આપે.

ટ્રાંસવાલના ૧૩ હજાર હીંદવાસીઓએ એવી જબરી લડત ઉઠાવી છે કે તેમને પહોંચી વળવાને ટ્રાંસવાલની સરકાર તૈયાર થઇ નથી; પરંતુ આડકતરી રીતે કુટુંબ બાકીના રહતા લેવામાં આવ્યા છે. "એક હીંદુ બાઇને કેદ મોકલી હતી, ત્યારે તેનું માથું ગોઠવી નાખ્યું હતું"! કેપેર એસ્ટેટમાં બે મુસલમાનોનાં ખુન થયા હતા પણ ત્યાંના ગોરા અમલદારોએ, મુસલ માનોની વારંવાર વિનવણી થયા કરતાં, સજો બે દિવસ મુકી સજા જવા દીધાં નહીં. એટલું જ નહીં પણ કાયદા પ્રમાણે ખુનીઓએ ફાંસી કહાડવાની તપાસ સુદ્ધાં કરી નથી.!!" બીજા કેટલાકોને કેદ ખાને મોકલે છે, કેટલાકોને દેશ બહાર કાઢી મુકે છે, અને શ્રી. ગાંધી જેવા આગે વાનોને, તેના કુટુંબપર સંકટ પાડી, સતાવાનો એ અમાનુષિક મારગ ગ્રહણ કર્યો છે. ટ્રાંસવાલના અમારા હીંદી ભાઇઓ ને અમે આગ્રહ પૂર્વક જણાવીએ છીએ કે તેઓએ પોતાનો શાંત અવરોધ (આપણે જેને સત્યાગ્રહ કહીએ છીએ) કદીપણ છોડવો નહિ: કેમકે તેમની મજ બુતાઇ ઉપર હિંદીસ્તાન છાપા નીચેના હીંદી વાનો, પરદેશમાં કેટલો હક ધરાવે છે તેનો નિશ્ચય અવલંબી રહ્યો છે. દેશ બાંધવોના હિત માટે સંકટ સહન કરવા નું છેજ—સંકટ વગર ઉદ્ધાર નથી, એ આપણે સારી રીતે જાણવું જોઇએ અને જણાવીએ છીએ. શ્રી. ગાંધીએ પોતાના પુત્રપર આવેલા સંકટથી જે મનોનિગ્રહ રાખ્યો છે તેને માટે તેના જેટલા વખાણ કરીએ તેટલા થોડા છે. તેમનાપર આવી પડેલું સંકટ અતિ ભારી છે એમાં શક નથી, છતાં એ સંકટની સામા તેઓ ઝીડયા રહ્યા છે, એ હીંદી પ્રજાનું પોતા ના હકને માટેનું ચીવટપણું અને દૃઢતા બતાવે છે. દિલગીરી ભરેલું તો એ છે કે ઇગ્લાંડની સરકાર કે જેની સામા ટ્રાંસ વાલીઓએ લડાઇ જાહેર કરી હતી અને ઇગ્લાંડને તોફા તોફા પોકારી હતી તે વખતે, ઇગ્લાંડને જે સહાયતા હીંદીવા નોએ કરી હતી તેની કંઇપણ કીંમત ન આંકતાં, પોતાના તાબાની પ્રજાપર જે સંકટ પડે છે તે તે મુખરૂપ જોયા કરે છે, એ ખરેખર ખેદકારક છે. શ્રી. ચેમ્બર લેને વસંદા સાથે લડાઇ ઉઠાવવામાં આવી ત્યારે કહ્યું કે અંગ્રેજ તાબાની બીજી પ્રજાના રક્ષણ માટે આ લડાઇ ઉઠાવવા માં આવે છે. તે પ્રજાના હકનું ભક્ષણ થતું જોયા છતાં, આજે તે મુંગી બેસી રહે છે એનું કારણ શું? સ્વરયાનવાસી ઓથી તે ડરે છે? સ્વરયાનવાસીઓ શું સ્વતંત્ર છે કે ઇગ્લાંડની સરકારનો હુકમ નહિ માને? સ્વરયાનવાસીઓ જબરા હોય તો જે નબળી અને રાજનિષ્ટ પ્રજા છે તેના હકનું ઉલ્લંઘન થાય એ શું ઇગ્લાંડના પ્રધાન મંડળને શોભા આપનારૂં ગણાય છે કે?

"આ હકીકત નાતાલને લગતી છે. 'ગુજરાતી'ના અધિપતિએ જરથી ટ્રાંસ વાલની માની લીધેલી હોય એમ જણાય છે. [અ. ઇ. ઓ.]

સ્વામીજીનું ભાષણ

ગયા ગુરવારે રાત્રે સ્વામી શ્રી શંકરા નંદે તેમને માનપત્ર અપાયા બાદ જે ભાષણ કરવું હતું તે નીચે મુજબ છે.

બહેનો તથા ભાઇઓ, તમને આજે આટલા ઉત્સાહી જોઇ મને આનંદ થાય છે. આજે જે માન તમે આપો છો તે મને નથી આપતા. મને તેનો અધિકાર નથી. સન્યાસીઓને માન અપમાન સરખાં છે. ત્યારે આ માન તે આપણા પુરાતન કાળના ઋષિઓને તમે આપો છો. કારણ તેમની કંઇ વિભૂતિને હું પામ્યો છું. એકથીઓસોફીસ્ટ મેરા મિત્ર તથા બીજા કોઇ તરફથી કહેવાયું છે કે આર્ય સમાજ માં અને તેમના ધરમમાં થોડો તફાવત છે. મારે કહેવું જોઇએ કે આપણો બધા નો ધરમ વેદ છે અને તે શુદ્ધ સત્યતા સિવાય બીજું કાંઇ નથી. થીઓસોફી મારગનો હું ઉપકાર માનું છું; કારણ તેણે ધરમનું ઘણું સંશોધન કરવું છે અને વેદ પુરાણ વિગેરે જાણવાનો પ્રયત્ન કરેલો છે. મારે મન તો બધા સરખા છે. ખ્રીસ્તિ, મુસલમાન, પારસી ને હીંદુ તે બધા મારી નજરે એકજ છે. સન્યાસીનો ધરમ એ છે કે તેને કોઇનો પક્ષપાત ન હોવો જોઇએ. મારાથી સરવેને અભયદાન છે. વેદ ભગ વાન કહે છે કે બધા એક મારગે ચાલો, સત્ય મારગે ચાલો, ઇશ્વર એક છે, ને સર્વ વ્યાપક છે, આ દુનિયા તેની કૃતિ છે. મનુષ્ય જાત તેનાં ફરજંદ છે, મારા પ્યારા મુસલમાન ભાઇઓ, કોરાને શરીફમાં કહ્યું છે કે કે તારૂં દીલ આપના માલીક રાખ, કોઇનું બુરૂં ન કર, દિલને કાબુમાં રાખ, જે માણસ કોઇનું દીલ દુખવે છે તે પાપ કરે છે. સરવેના દિલના ભાવ એક હોવા, પરમેશ્વરની ઉપા સના કરો. આપણે ઇશ્વરને વિશ્વભર કહીએ છીએ. મુસલમાન ભાઇઓ કહે છે ખુદા એક ખરદનેઃ માફીક છે. કરાંચ નથી કહેવામાં આવતું કે ઇશ્વર એ છે. તો પછી ધરમોમાં તફાવત કયાં રહ્યો? આપણને બીજું શું આડે આવે છે? જે તફાવત દેખાય છે તે આજ

સ્વારથ પરાયણ જુઠિને લઇને છે. હવે આપ સમજ્યા હશો કે મારો ધરમ શું છે. માણસ જાત ઇશ્વર સાથે એક તાર થાય તેવો ઉપદેશ કરવો તેજ મારો ધર્મ છે. જે માણસ ઇશ્વરને ઓળખે છે તેના તરફના બંધ છૂટી જાય છે. સંસયો તુટી જાય છે. અને તેનો શોક અને મોહ નાશ પામે છે. આપણામાં તફાવતો હોય તેથી શંકા કરવાની નથી. જે માણસમાં જેટલું સરણ કરવાની રહિત હોય તેટલું કરે છે. અને તે પ્રમાણે મત બાંધે છે. શુદ્ધ સત્યનો અનુભવ તો એકજ છે આગે તે આનંદમય છે. તેમાં કાંઇ બોદ હોય શંકેજ નહિ. જે માણસ તેને પામ્યો છે તેજ તેને જાણે છે. મન, વચન અને બુદ્ધિથી તેનું વરણન થઇ શકે તેમ નથી માટેજ કહ્યું છે કે સત્યં વદ એટલે સાચું બોલ. અને ધર્મં चर એટલે ધરમનુ આચરણ કર. કયાંય નથી કહ્યું કે ધરમને બોલ કારણ તે માત્ર આચરણથી પ્રાપ્ત થાય છે. માટે આપણે તેના તફાવતનો વિચાર નહિ કરતાં તે આચરવાની વસ્તુનું આચરણ કરશું તોજ પારને પામશું.

આજ અરથનું છેલ્લામાં ભાષણ કર્યું હતું. ભાષણને અંતે તેમણે જણાવ્યું કે ગોરા કે ગમે તે મહરથો ગુંચવાડા ભરેલા સવાલો માટે મને પુછવું હોય તો આશ્રમે આવવાથી મારી શક્તિ પ્રમાણે હું તેમને સમજાવીશ.

મી. એ. હાઇજ લંડનથી તા. ૧૮ સપ્ટેમ્બરના કાગળમાં લખી જણાવે છે કે ટ્રાંસવાલના ભારતીઓનો સંકટ વેઠવાનો કઠણ કરાર તથા નાતાલના ફ્રીહોલ્ડરોએ દેશને માટે આપેલ જાતી ભોગથી આ દેશમાં (વિલાયતમાં) જબરી અસર થઇ છે. અહીંની સરકાર ટ્રાંસવાલના હીંદી સવાલની ગંભીરતા હવેજ જોઇ શકી લાગે છે. તેની આંખ હવે ઉઘડી છે કે આ સવાલ વિષે કાંઇક કરવાની જરૂર છે. મી. સોરાબજી, મી. હરીલાલ ગાંધી અને બીજા બહાદુર ભાઇઓ જે દેશને માટે જાતી ભોગ આપી રહ્યા છે તેમને મારી આંતઃકરણ પુરવક મુબારકબારી છે. હું આશા રાખું છું કે મારા ભાઇઓ સત્ય અને ન્યાયને ખાતર પોતાની લડત ચાલુ રાખશે મને ખાત્રી છે કે આ બે વસ્તુને જગતમાં કયાંય પરાજય થયો નથી.

[મી. હાઇજ મી. આંગલીઆના ભત્રીજા છે. તે વિલાયત બારીસ્ટરનો અભ્યાસ કરવાને ગયા છે. હાલ તે મી. હુસેન હાજીદની સાથે રહે છે. અ. ઇ. ઓ.]

ચરચા પત્ર

અમારા વરષાપત્રીઓ નીચેના નોયમો યાદ રાખશે તો તેઓના પત્રો ઉપર વધારે ધ્યાન મળવાનો સંભવ છે.

૧. કાગળની એકજ બાજુએ લખવું.

૨. અક્ષર ફોડા સાફીથી લખવા.

૩. નામ તથા ઠેકાણું બરોબર લખવાં. તે હમેશાં બદલાર પાડવા સારું નહિ, પણ અમારી બહને સારું.

૪. મંગળવારની સાંજ સુધીમાં મજકુર લખાણો તેજ અઠવાડીઆમાં દાખલ કરી શકાશે.

૫. રદ કરેલાં વરચાપત્રો બળતી રાખવા અથવા લખનારાઓને પાછાં મોકલી આપવાને અમે બંધાતા નથી

૬. લખાણ હમેશાં ટુંકું અને મુદાસર કરવું.—અધિપતિ.

વરચાપત્રીઓને જવાબ.

મી. મહમદ કાસમ—એ વિષય છાપા માં હવે વધુ ચરચાવવાની જરૂર ધારતા નથી.

મી. અમીરા હુસેન—તમે પુછેલ સવાલ ની તપાસ કરી બાદર આપશું.

દંડીનો વેપારી—તમે મોકલી તે હકી કત જાહેર બબર તરીકે નાખી શકાય.

એન વગ ઇન્ડિઅન—તમારું લખાણ છાપવા જેવું અમે ધારતા નથી.

ચારલસટાઉન તથા વોકસરસ્ટના બબર પત્રો—તમે મોકલેલા બબર માટે તમારો આભાર માનીએ છીએ. તે બબરો વોકસરસ્ટના બબર પત્રમાં આપી જાય છે. એટલે ફરીને બીજી જગ્યાએ લીધા નથી.

અહમદ મહમદ કાજી (માલવદંત)—તમે જે છાપા વીષે વાત લખો છો તેજ છાપાને તમારી હકીકત મોકલવી એ ઠીક છે.

કવીતા મોકલનાર—તમારી કવીતા અમે નથી છાપી શકતા.

કડોદરાવાળી—તમે આ અંકમાં તમારું પ્રમાણ દાખલ કરવાનો આગ્રહ કરેલ છે પરંતુ તમારો કાગળ શુક્રવારની સવારે મળ્યો છે.

મુલતાની ફેરમ વિષે

મે. ઇ. ઓ. ના અધિપતિ જોગ,

આપના તા. ૩-૧૦-૦૮ના પેપરમાં મુલતાની ફેરીઆ વિષે બસારો કરેલ તે બાબતમાં લખવાનું કે અહીં તેમજ આસ પાસના ગામમાં હું જોવા ગયો. બધા મુલતાની ફેરીઆઓમાં તપાસ કરી આવ્યો છું. કોઇએ લાઇસેન્સ કઢાવ્યાં નથી અને ઓફ પણ મુલતાની લાઇસેન્સ કઢાવશે નહીં એ ખાત્રી રાખવી.

લી. પરશુરામ લક્ષ્મીરામ.

જોહાન્સબરગ,

તા. ૧૪-૧૦-૦૮

પરચુરણ ચરચા

કરબનથી "રાવણની વાઢીયળા" લખે છે કે આજે (તા. ૧૨ સપ્ટેમ્બર) ગોરા દલાલોએ પોતાના ગોરા વેપારીને સમજાવી સહી લીધી છે કે કોઇપણ ઇંડિઅન દલાલને માલ વેચવો નહિ તેમ દલાલી પણ આપવી નહિ. ગોરા વેપારી ઓએ આ પ્રમાણે સહી કરી આપી છે અને ઇંડિઅન દલાલોને બાયકોટ કરેલ છે માટે હીંદી વેપારીઓને લાજમ છે કે ગોરા દલાલો પાસેથી તેમણે કાંઇ ખરીદવું નહિ. આપણે કહાપી ગાલ જોવતો હોય તો અને જથ્થ ગોરા વેપારી પાસેથી ખરીદ કરવો આમ સઇદ મોંનાં માણસને આપણે પણ બાયકોટ કરવાથી તેમની આંખ ઉઘડશે.

કરબનથી મી. કાસમ મોટાલા લખે છે કે અત્રે તા. ૧૫મી રમજાન શરીફને શનીવાર ની રાત્રે આદમ બીલ્ડીંગમાં આશરે ત્રીસ જેટલા મુસલમાન ભાઇઓ બેગા થયા હતા. અને અંતઃકરણથી બહાદુર શેઠો દાઉદ મહમદ, એમ. સી. આંગલીઆ, પારસી રૂસ્તમજી અને બીજા જેલી ભાઇઓની હિંમત ઉપર આફરીન પુકારવામાં આવી હતી. અને સરવે હીંદુ મુસલમાન ભાઇ ઓ એવીજ હિંમતમાં આખર સુધી રાખશે એવું ઇચ્છવામાં આવ્યું હતું. તેજ રાત્રે જલસો પણ થયો હતો અને મી. આદમ ઇબ્રાહીમે રાત્રે ૧૦ વાગે

ટી પાર્ટી આપી હતી. ત્યારબાદ મી. આદમ હુસ્સૈનીએ પોતાનો હૉલ વાપરવા આપ્યો તે માટે તેમનો ઉપકાર માનવામાં આવ્યો હતો. ત્યારપછી રવીવારે એજ બીલડીંગમાં સરવે ભાઇઓ ભેગા થવાની આશા રાખવામાં આવે છે.

ફરગરસડોરપથી એક હીંદી લખે છે કે તા. ૭ ના અઠેના આસરે ૧૫ હીંદી અંગુઠા આપી લાઇસેન્સ લઇ આવ્યા છે. આ લોકોને એટલી ફરમ નથી આવતી કે મી. ગાંધી અને ડરબનના ગુરથી રોઝે આપણે માટે કેટલી મહેનત કરી રહ્યા છે.

અગાઝીરોથી મહમદ સુલેમાન મુલ્લાં લખે છે કે ૧૦ અકટોબરના આંકમાં ના: ઇ. કોંગ્રેસના મંત્રીપદમાં આમરની સેનીની ફી. પ્રે– છે તે જગ્યાએ ગ્યન બારબરનું નામ જોઇએ.

કેરોલીનાથી મી. ઇબ્રાહીમ અહમદ ટકોલીઆ લખે છે કે હું બાસ કરી બારબરટનના કેદીઓને તા. ૬ ના રોજ મળવા ગયો હતો પણ પરવાનગી મળી ન હતી. મી કાલીદાસ મળવા ગયા હતા તેની પાસેથી ખબર મળ્યા છે કે તેઓને જેલના કપડા પહેરાવેલાં નથી મી. મુસ્લમીંગાને દીલગીરી એટલીજ છે કે તેમને દીનના ભાગમાંથી રોકવામાં આવે છે. માજીસ્ટ્રેટનું કહેવું એમ છે કે તેઓ બધાને છોડી મુકશે.

ફરગરસડોરપથી એક હીંદુ લખે કેટલાક ભાઇઓની ચાલુ લડતની વીરુદ્ધ વરતણુંકને માટે બહુ દીલગીરી બતાવે છે. તેમને યાદ આવે છે કે જે શુરવીરો જેલ ગયા છે તથા જાય છે તેમની પણ આ સાહેબોના મન પાસળતા નથી !

ખુબાખુરીથી મી. અબ્દુલા સુલેમાન સાબદીયા રાજાવાલવાળા લખે છે કે બાસુટોલેન્ડમાં એક મંડળી થએલી હતી જેથી મુસલમાન ભાઇઓમાં સુપ બધે અને કાંઇ પૈસા એકઠા કરી દારુજ તે મંડળી લાંબો વખત ચાલી નહીં. મુસલમાન ભાઇઓમાં કુસંપ બહુ ચાલે છે. કુસંપને લીધે સારા કામમાં બહુ અડચણ આવે છે. હું આશા રાખું છું કે આ તુટેલી મંડળી માટે આપણા ભાઇઓ બનતી કોશીષ કરશે.

મી. ગોલત, મી. કેસી, મી. કાલાવાળા, તથા મી. મેદ જણાવે છે કે સુરત હીંદુ એસોસીએશન વિગેરે તરફથી તેમને તાર મળેલા તેઓનો આભાર લખીનવાર માનવાની તક તેમને નથી મળી તેથી આ મારફતે આભાર માને છે.

ફીનરલીથી એક 'મુસલમાન' લખે છે કે ચાલુ માસમાં મુસલમાનની બુદુલ ફીતરનો તહેવાર તથા હીંદુ લોકની દીવાળી છે. આ તહેવાર ઉપર સરવે હીંદી ભાઇઓ દુકાન તથા બધો રોજગાર બંધ કરવો જોઇએ. મને આશા છે કે સાઉથ આફ્રિકામાં સરવે હીંદી ભાઇઓ તેમ કરશે.

હાઇજ સાહેબને ઉતરવાની મના

ઇમીગ્રેશન ખાતાનો જુલમ

ગવર્નર સ્ટીમરમાં આવેલા કેટલાક ઉતારૂઓમાં એક મી. આમુજી કુરીર હાઇજ સાહેબ હતા. તેમને ઉતારવાને મુસલમાન ભાઇઓએ, ખાસ કરી વેરટ સ્ટ્રીટની મરજીદવાળા સાહેબોએ બહુ મહેનત કરી હતી. અને મરજીદ તરફની કાયદેસર અરજી પણ કરી હતી. મી. મહમદ અબેદ એમરીકેવાટકરી હતી. આ નીચે મુજબ છે.

(૧) હું વેપારી છું. મારો વેપાર ૫૮૨ વેરટ સ્ટીટ, ડરબનમાં છે. હું વેરટ સ્ટીટની મરજીદનો મેમ્બર છું. (૨) ગયે શુકરવારે ગવર્નર સ્ટીમરમાં આવેલ ઉતારૂઓમાં સુની મુસલમાની ધરમના હાઇજ સાહેબ આમુજી કુરીર આવેલા છે. તેમને બીજા ઉતારૂઓની સાથે હરક ઉપર લઇ જવા રાખેલા છે. (૩) આ મરજીદના બધા મેમ્બરો હાઇજ સાહેબને ચાલુ સન ૧૯૦૮ માસમાં અમારી સાથે રાખવાને ઘણાજ આતુર છે. (૪) અમારા ધરમ પ્રમાણે આ દિવસોમાં ખોરાક બાબુક રીતે જ લઇ શકાય એટલે હરક ઉપર આવા નીયમો પળાવાનું બની શકવું અસંભવીત છે. અમે હાઇજ સાહેબને દરકાર લઇ જવા દેવાની ઇચ્છા રાખતા નથી. અને અમારી જાણ પ્રમાણે તે પોતે પણ દરકાર લઇ જવા માગતા નથી. લીકીટીંગ પાસ થી તેમને ઉતારવાની હું જરૂરી જમીન ગીરી તથા ફી વગેરેનો ખરચ આપવાને તયાર છું.

આ અરજી ઇમીગ્રેશન ઓફીસે હાથો હાથ આપેલી. તેનો જવાબ મી. રમીથને પુછી આપવાનું કહેલું. બીજા સવારે વકીલ મી. કાઉલીને ટેલીફોન મળ્યો કે મી. રમીથે અરજી નામંજુર રાખી છે. અને તે એવા કારણસર કે બીજા કેટલાક મુસલમાનોએ આજ ધરમગુરૂને માટે આવાજ કારણસર અરજી કરી છે. આ ઉપરથી મી. કાઉલી જાતે મી. રમીથને મળ્યા. પણ તેમને આથી કાંઇ વિશેષ ખબર મળી શકયા નહીં.

ત્યારપછી છેવટે કોલોનીઅલ સેક્રેટરી ને આ બધી હકીકતનો લાંબોથી તાર કર્યો અને આ બાબત કેટલી અગત્યની છે તે જણાવ્યું. આ વખતે સ્ટીમરને ઉપડવાને ૪ કલાક બાકી હતા. સ્ટીમર ઉપડવા નો વખત નજીક આવતો ગયો તોપણ કાંઇ ખબર નહિ આવવાથી કા વાગે કોલોનીઅલ સેક્રેટરીને ટેલીફોનથી પુછાવ્યું એટલે ખબર મળ્યા કે આ બાબત ઇમી ગ્રેશન ઓફીસેથી હકીકત માગેલી છે.

આમ ઉપરા ઉપરી ટેલીફોન અને તારો કરતાં કાંઇ દાદ મળી નહીં અને સ્ટીમર તો ઉપડી ગઇ. ત્યારબાદ બીજે દિવસે સાડાબાર વાગે ખબર આવ્યા કે ઇમીગ્રેશન અમલદારે જે કરેલું છે તે બરાબર છે.

આ બાબત હવે વધારે શું પગલાં ભરવાં તે જણાયું નથી, દરમીઆન મી. કાઉલીની સલાહથી આ બધી વિગતનો કાગળ છાપામાં મોકલ્યો છે,

---

મારિત્સબરગમાં હીંદુ યંગમેન એસોસી એશન તરફથી તે મંડળનો વારસીક ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો ડરબનથી ખાસ આમંત્રણ હોવાથી સ્વામીજી તથા કેટલાક મહરથીઓએ હાજરી આપી હતી. સવારે ૯ વાગે ૪૮૨ વરચ સ્ટ્રીટમાં લગભગ ૫૦૦ માણસ એકઠું થયું હતું. મુખ્ય ભાગ મદરાશીઓનો હતો. ધાર્મીક ક્રિયાઓ પુરી થયા બાદ સ્વામીજીએ ધરમ ઉપર વ્યાખ્યાન આપ્યું હતું. મી. આર. આર. મુડલેએ તામીલમાં તેનો તરજુમો કરી બતાવ્યો હતો. તે પછી દુધ તથા ફ્રુટ વિગેરેનો ચાહ સભા વિસરજન થઇ હતી.

આવતા અઠવાડીઆના તહેવારો નીચે મુજબ છે. બુધવાર તા. ૨૧, વાઘબારસ; ગુરવાર તા. ૨૨, ધનતેરસ; શુકરવાર તા. ૨૩, કાળીચઉદસ; શનિવાર તા. ૨૪, દીવાળી; લક્ષ્મીપુજન; રવિવાર તા. ૨૫, ગોવરધનપુજા, અન્નકુટ; સોમવાર તા. ૨૬, બેસતુ વરસ; મંગળવાર તા. ૨૭, ભાઇબીજ; બધનો તહેવાર પણ મંગળવારે પળાશે એવા ખબર મળ્યા છે.

હિંદુસ્તાનના ખબરો

(હીંદી આપા ઉપરથી)

પોરબંદરથી એક ખબરપત્રી જણાવે છે કે નાં તરફી સુલતાન ગોગાઝમના તખ્તનશીનની સાલગીરી તા. 1 લી સપ્ટેંબરે હોવાથી તથા તેજ દિવસે પાક હીઝાઝ રેલ્વે ખુલ્લી મુકાવાથી તા. 31મી ની રાત્રે મુસલમાનોની એક મોટી મીજલસ જુમ્મા મસ્જીદમાં મળી હતી. તથા તા. 1 લી સવારે મુસલમાન ઇમામનું સર ઘસ કાઢવામાં આવ્યું હતું. મજેસ્તાના લેકચર હોલમાં લગભગ દોઢ હજાર મુસલમાનોની એક મોટી સભા શેઠ હાજી ઇસ્માઇલ હાજી દાદાના પ્રમુખપણા નીચે મળી હતી. જે વખતે નાં સુલતાનને મુબારકબાદીના સંદેશા મોકલવાનો ઠરાવ થયો હતો.

ભાવનગર અને પાલીતાણા વચ્ચે રેલ્વે બાંધવાનું નક્કી થયું છે. કાપણીની મોસમ ખલાસ થતાં તેની સરવાનું કામ શરૂ થશે. રેલ્વેનો બધો ખરચ ભાવનગર રાજ્ય કરશે. પાલીતાણાથી મદુવા સુધી તે રેલ્વેને લંબાવવામાં આવશે.

ધોરાજીમાં મરકી જેવસર ફાટી નીકળ વાથી લોકોની મોટી નાસભાગ થઇ છે.

પોરબંદરના મહારાણાની તબીયત પાછી હાલમાં બગડેલી જણાવવામાં આવે છે.

મોરબી રેલ્વેના મોરબીના નાં ઠાકોર એકલા માલીક હોવાથી પોતાની રેલ્વેના પ્રતિનીધિ તરીકે રેલ્વે કોન્ફરન્સના કામમાં ભાગ લેવાને પોતે જાતે સીમલે જઇ પહોંચ્યા છે.

સાંભળવામાં આવે છે કે ગાયકવાડી પ્રજાની પ્રજાકીય કોંગ્રેસ ભરવાની ચર્ચા હાલ ચાલી રહી છે.

શ્રીમંત સંપતરાવ ગાયકવાડને એબીસી નીયા (આફ્રિકા) શીકાર માટે જવા સર કારની પરવાનગી મળી છે.

સુરતના જાણીતા ઝવેરી શા. નેમચંદ મેળાપચંદ ગઇ તા. 3 જીએ મુંબઇખાતે ગુજરી ગયા છે. તેમણે ઘણી ધુપી સભા વતો કરી હતી અને મોતીના વ્યાપારમાં પુષ્કળ દોલત એકઠી કરી હતી. તે મરતી વખતે રૂ. ૫૦ હજાર ધર્મદામાં કાઢતા ગયા છે.

મુંબઇમાં બીજીણીક ટ્રામવે શરૂ થઇ ત્યારથી ઓગસ્ટની આખર તારીખ સુધીમાં ૫૦૦ અકસ્માત થયા છે.

નામદાર આગાખાનની ડેકોરરથીપની મદદ વડે હીન્દુસ્તાનમાં એક મોહમેડન એડયુ એટને રવાના કરવાનો હાલ ઠરાવ કરવામાં આવ્યો છે. તેને ત્રણ વરસ માટે દર વરસે ૨૫૦ પોંડની સ્કોલરશીપ આપવામાં આવશે અને સફરનો આવવા જવાનો ખરચ જુદો આપવામાં આવશે. જો એ ખરચમાં કાંઇ વધારો કરવાની જરૂર જણાશે તો અલીગઢ કોલેજના ટ્રસ્ટીઓ તે દર વરસે ૫૦ પોંડ ખરચવાની સત્તા આપવામાં આવી છે. ઇંગ્લાંડથી પાછા ફરતાં તે ગ્રેજ્યુએટને અલીગઢ કોલેજમાં યુરોપીઅન સ્ટાફ સાથે પાંચ વરસ કામ કરવું જોઇશે અને તેને યુરોપીયનની પંક તીનોજ પગાર વિગેરે આપવામાં આવશે.

નાં આગાખાન જેઓ કોલંબોખાતે મણા હતા તેઓ ત્યાંથી સપ્ટેંબર માસના બીજા અઠવાડીઆમાં હિલાયત જવા ઉપડી ગયા હતા.

મુંબઇના ગવરનર સર જયેજે કલા રટે ડકન મેડકેમ લીગના એક ડેપ્યુટેશન ની ગણેશખીંડના સરકારી મહેલમાં મુલાકાત લેવાની મોકુવણ કરી છે.

શ્રીયુત બાળગંગાધર તીલકને થયેલી સખત સજાથી મીસીસ તીલક અને તેના કુટુંબીઓ ઉપર દીલસોજી દર્શાવવાને મુંબઇની બાનુઓની એક જાહેર સભા મી. સરલાદેવી ગોચળના પ્રમુખપણા નીચે તા. ૮ સપ્ટેંબરના રોજ દીરાણાગમાં મળી હતી. જે વખતે હીંદુ તથા પારસી બાઇ ની મોટી સંખ્યા હાજર હતી. તે વખતે મીસીસ લક્ષ્મીબાઇ રાનાડે, મીસીસ સરલા દેવી ચોધરી, મીસીસ રાવ, મીસીસ ખરે, મીસીસ પટેલ, મીસીસ ગોખલે વગેરે હાજર હતા. સભામાં મીસીસ તીલક તરફ દીલસોજી બતાવવાનો ઠરાવ થયો હતો.

તા. ૪ સપ્ટેંબરના રોજ હીંદુસ્તાનના તમામ જુદા જુદા ભાગોમાં દાદાભાઇ જયંતી ઘણા ઉત્સાહ પુરઃસર ઉજવવામાં આવી હતી. મુંબઇની બાંધોએ મીસીસ સરલાદેવી ચોધરીના પ્રમુખપણા હેઠળ એક મીટીંગ બોલાવી દાદાભાઇ જયંતી ઉજવી હતી.

તા. ૧૨ સપ્ટેંબરે પુરાં થતાં ૧ વરસ માં પારસી સખાવત રૂા. પચીસ લાખને આંકડે પહોંચી હતી.

શ્રીયુત તીલકને થયેલ સજાને માટે મુંબઇની મીલના કામદારોએ દારૂ નહિ પીવાના સોગંદ લીધા હતા. હાલમાં તેઓ એ મખમલ કે બીજી જાતની પરદેશી ટોપી બીલકુલ નહિ વાપરવાના પણ સોગંદ લીધા છે.

મી. તીલકના કેસની અપીલ પ્રીવીકાઉ ન્સીલમાં લઇ જવાની જે માગણી કરવા માં આવી હતી તે બાબત હાઇકોર્ટના જજ મી. મેસીલરકેટ તથા મી. જસ્ટીસ બેચલરે તા. ૮ સપ્ટેંબરના રોજ લખીત મુકાદો આપ્યો હતો. નાં વડા જજે મુકાદો આપતાં જણાવ્યું કે હાલની અપીલ એડવોકેટ જનરલને કરવામાં આવેલી અરજીની ૩૨, ૩૩ અને ૩૬ મી કલમને આધારે કરવામાં આવી છે અને આ કેસ પ્રીવી કાઉન્સીલમાં જવા માટે તદન લાયક છે એવી તકરાર રજુ કરવામાં આવી છે, પણ પ્રીવી કાઉન્સીલ ઘણું કરીને હોજ દારી સેશન્સ મધ્યે ચુકેલા મુકરદમાઓની વચ્ચે આવી શકતી નથી, સિવાય કે તેવા કેસની તપાસ કોઇ રીતે બીનકાયદાસર ચલાવવામાં આવી હોય. મી. તીલકને તપાસ દરમ્યાન ઇન્સાફ નથી આપવામાં આવ્યો એમ અમે ધારી શકતા નથી. અને સઘળા સાંભળેલા તપાસતાં અમે એવાં મત ઉપર આવીએ છીએ કે આરોપી ને દરેક આરોપ માટે જુદી રીતની સજા કરવામાં આવી છે એટલે તે બીન કાયદા પુરવક ગણાય નહિ. તેટલા માટે અમો અપીલની માગણી સ્વીકારી શકતા નથી.

મીસીસ એનીબીસંટ એસ્ટેલીઆની મુસાફરીએ ગયેલ તે સપ્ટેંબર માસની શરૂઆતમાં મદ્રાસખાતે પાછા આવી પહોંચેલ છે.

---

૧૦ રૂપિઆના શેરોથી ત્રણ લાખ રૂપિઆની એક મોટી યંત્રણથી અલ્હાબાદ ખાતે ખાંડ બનાવવાનું મોટું કારખાનું ખોલવાની યોજના રચાઇ છે.

મદ્રાસના પ્રખ્યાત મી. જી. સુબ્રામન્યી

ઝાંબર ઉપરના રાજદ્રોહના કેસ બાબત ગઈકાલે મી. આયરનસ ૫૦૦૦ રૂપીઆના જામીન લઇ કેસ પાછો ખેંચી લીધો છે.

રાજદ્રોહ અટકાવવા મહાસોસ સાલ્યે નવેંબર કાયદો કરાથી લાંબા સ્ટાંડરડ, બારદ, દૂતાંત અને બીજા બે છાપાંઓ બંધ પડ્યા છે. દ્વાબમાં તે બધાંએ સાથે મળી ઝેરા પક્ષ ઉપર એક ભારું હાલવાની ગોઠવણ કરી છે.

મી. મદનજીતનું બાપું 'યુનાઇટેડ ભરમા' જણાવે છે કે પ્રોફેસરબાબ પરમા ખુદ હાલમાં રંગુનમાંતે છે. વિલાયતમાં તેમના બાપણોથી લાંબા લેકોની વેદીક લાગ્નિ તથા ધર્મ ઉપર ઘણી સારી આસ્થા બંધી હતી. પ્રોફેસર હીંદુસ્તાનનો ઇતિ હાસ લખે છે. આ ઇતિહાસ સંપૂર્ણ થઇ તરતજ બહાર પડે તેને માટે લોકો આતુરતાથી રાહ જુએ છે. ડી. એ. વી. કોલેજના સુપ્રીન્ટેન્ડંટ પંડીત જગતરામ પ્રોફેસરની સાથે રંગુન ગયા છે. તેઓ ત્યાંને લાહોરમાં ડી. એ. વી. કોલેજને લગતી એક આયુરવેદીકશાળા ખોલવાને માટે લખાણું કરવાને ગયા છે. તા. ૧૬ એપ્રિલ સુધી રોજ પ્રોફેસરને ૧૦૧ ડીગ્રી જેટલો તાવ હતો, છતાં, આગળની ગોઠવણ થઇ ચૂકેલી હતી, એટલે તેમણે એક મોટી થીયેટર સમક્ષ કેળવણી વિષે એક કલાક સુધી ભાષણ આપ્યું હતું. તેમનું બીજું ભાષણ 'આશ્રમ' વિષે તા. ૬ સપ્ટેમ્બર ના રોજ થવાનું હતું.

સાંજવર્તમાન જણાવે છે કે એનરેબલ મી. જી. કે. ગોખલે તા. ૬ ઠ્ઠી નવેંબરે પરસેવરેન્સથી હીંદુસ્તાન માટે રવાના થશે.

સરદાર અજીતસીંગ જેણે મી. તીલકને થયેલી સજા પછી સ્પષ્ટ ધારણ કર્યો છે તેણે મી. તીલકની યાદગીરી કાયમ રાખવા હરદ્વાર, બનારસ અને બીજાં ઠેકાણાંમાતે તીલક આશ્રમ એવા નામનાં મંદીરો ઉભાં કરવાની અરજ બહાર પાડી છે. આ સબંધમાં લખતાં સરદાર અજીતસીંગ જણાવે છે કે આશ્રમ રાજ દ્વારી બાબતોની તાલીમ આપનારી એક નવી યુનીવરસીટી જેવા હોવા જોઇએ અને તેણે બાહેશ લેખકો અને બાપણ કર્તાઓને તાલીમ આપવાની તેમ રાખવી જોઇએ કે તેઓ મી. તીલકનું કામ કરી બહિનબાબાથી આગળ ચલાવી શકે.

નાદારી કોર્ટની નોટીસો વગેરે

(ગવરમેંટ ગેઝેટમાંથી)

ટોંમાટનો ફ્રી ઇડિઅન જદુ પોતાની મીલકત નાદાર તરીકે જાહેર કરવાની અરજી તા. ૨૦ નવેંબરના રોજ ડરબન ની સરકીટ કોરટને કરશે.

વેરૂલમના વેપારી ઇસપ પટેલ પોતાની મીલકત નાદાર તરીકે જાહેર કરવાની અરજી તા. ૧૦ નવેંબરના રોજ ડરબન ની સરકીટ કોરટને કરશે.

ડરબનના વેપારી સુરાદખાનની નાદાર મીલકતના વહેંચણીના આંકડા મારિત્સ બરગની સુપરીમ કોરટમાં તપાસ તેની એક નકલ ડરબન માજીસ્ટ્રેટ કોરટમાં રાખવામાં આવેલ છે, જ્યાં આગળ તે. તા. ૨૭ ઓકટોબર સુધી તપાસને માટે રાખવામાં આવશે અને ત્યાર બાદ તે કાયમ રાખવા માં આવશે.

ઇ. ઓ. ના જુના અંક

ચાલુ વરસમાં દક્ષિણ આફરિકામાં ચાલ તી રાજદ્વારીક લડતને લીધે ઇંડિઅન ઓપિનિઅનના પાછળના અંકો ઘણાને ઉપયોગી થશે એમ ધારી ખાસ ઘટાડેલે ભાવે વેચવાના છે. પોતાના હીંદમાંના મિત્રે. ને ભેટ આપવા માટે અથવા પોતાના ઉપયોગ માટે આવી સરસ તકનો લાભ ફરી ફરી મળતો નથી.

અંક નંબર ૨, ૩, ૧૧, ૧૫, ૧૬, ૧૭, ૨૮, ૩૧ અને ૩૪ સિવાયના બાકી ના બધા અંકો દર ૧ પેની લેખે પોસ્ટેજ વખત સુધીજ વેચવાના છે.

પોસ્ટેજ ૧ પેની જુદું પડશે.

કિંમત સાથે પોસ્ટેજ અમારી ઉપર મોકલી જે ઘણાને હીંદુસ્તાન મોકલવાના હશે તેને નામ મળવાથી અહીંથી પરજાય અમે મોકલી દેશું.

ઇંડિઅનેશનલ પ્રીંટીંગ પ્રેસ,
ફીનીક્સ, નાતાલ.

ડરબન વીઓસોરીકલ સોસાયટીના મેંબર મી. જી. વીલીયમ્સ મરકપુરીમાં એક કુંડા કામળમાં બદરીઓને અઠીના ઘાયા મુજબ રેલવેની જે છુટ આપવામાં આવે છે તે પ્રમાણે સ્વામી સંકરાનંદને પણ તે છુટ આપવામાં આવે એવી અરજ મોકલે છે.

રોકડ ખબર ભાવ

			ઓ. ચે.	ઓ. ચે.
ચણા ગાંગ્રા પંજાબની	૨૩	૬ થી	૨૪	૦
મીમડીના	,,	૨૯	૬ ,,	૩૦ ૬
એફ. એફ. ડી. આર.	૨૨	૬ ,,	૨૩	૬
એફ. ડી. આર.	,,	૨૧	૬ ,,	૨૨ ૬
ચીની સક્કર	,,	૨૪	૦ ,,	૨૫ ૦
ડુંગળા	,,	૨૪	૦ ,,	૨૫ ૦
દેશી તુવેર દાળ		૨૩	૦ ,,	૨૩ ૬
તુવેર દાળ કલકત્તરી		૨૩	૬ ,,	૨૪ ૦
મસુરની	,,	૨૪	૦ ,,	૨૪ ૬
મગની	,,	૨૬	૦ ,,	૨૬ ૬
અડદની	,,	૨૬	૦ ,,	૩૧ ૦
ચણા મુંબઇના	,,	૨૨	૦ ,,	૨૩ ૦
,, દાળ	,,	૨૬	૦ ,,	૨૭ ૬
વટાણા	,,	૧૭	૬ ,,	૧૮ ૬
મકાઇ	,,	૧૧	૦ ,,	૧૧ ૬
બીનીસ		૧૬	૦ ,,	૧૭ ૦
કચ્ચું તેલ ૧ ગાલન		૩	૩ ,,	૩ ૬
એરંડીનું	,,	૨	૬ ,,	૨ ૮
ઓલું	,,	૩	૬ ,,	૩ ૬
નાળીએરનું	,,	૩	૬ ,,	૩ ૮
બ્રાંડ સફેદ નાતાલની		૧૫	૬ ,,	૧૭ ૬
પીળી	,,	૧૪	૬ ,,	૧૫ ૬
તીરકુળ નાતાલ		૧૦	૬ ,,	૧૧ ૬
આદુ		૧૧	૩ ,,	૧૧ ૬
મદ્રાસી સોપારી ૧ રતલ છા			૬	,,
મરચાં		૦	૪ ,,	૦ ૫
બી ચેરીફ્રીનના પીપ		૭	૧૫ ,,	૮ ૦
પોરબંદર	,,	૮	૧૦ ,,	૮ ૧૫
પારાફીન એરોહેડ				
,, વાઇટ રોસ		૮	૨ ,,	૮ ૫
,, ,, ગાલન		૧૧	૬ ,,	૧૨ ૬
નાળીએર		૧૦	૦ ,,	૧૧ ૦
હળદી		૬	૬ ,,	૧૦ ૦
ડાયમંડ સોપ		૧૩	૦ ,,	૧૩ ૬
સાબુ સીલ્ક રટોન		૧૬	૦ ,,	૧૬ ૬
,, સનલાઇટ		૪૨	૬ ,,	૪૫ ૦
કિટર ટી		૧	૮ ,,	૧ ૯
મારીસ સાબન		૨	૧૧ ,,	૩ ૦
સોપારી સેવરબંધી		૦	૧૦ ,,	૧ ૦
નીલ પેસ્ટ સીમ્પરેટ		૧૭	૦ ,,	૧૭ ૬
દુધ નેસલનું		૨૦	૩ ,,	૨૧ ૬
નીમડા (લીવરપુલ)				
સસ્તા એકની		૪	૩ ,,	૪ ૬

WESTERN INDIA

Army Boot and Equipment Factory,

BOMBAY, India.

GOLD MEDAL
Madras Industrial and Art Exhibition, 1903

(ESTABLISHED 1887)

TWO GOLD MEDALS
Bombay Industrial and Agricultural Exhibition, 1904.

PROPRIETORS—

Messrs. Adamjee Peerbhoy & Sons.

MANUFACTURERS OF—

Military Ammunition Boots, Volunteer Ammunition Boots,
Police Ammunition Boots, Sandals, Gurgabi Shoes, &c

Military, Volunteer and Police Harness, Saddlery, Accoutrements, etc., etc.
Leathers:—Russian, satin and black waxed calves, harness leathers of all kinds bag and carriage hood hides, Morocco, etc., etc.

Civilian Boots, shoes, harness and saddlery of every description.

Direct Importers of all Kinds of Indian Art Curios, Oriental Jewellery, Mattress Silk Lace Articles, etc. Established 1875. Head Office: Bombay.

A. Mahomed Hussan & Co.,

MERCHANTS AND IMPORTERS,
WHOLESALE AND RETAIL,

Stand No. 434. Corner Kerk & 11th Streets,
VREDEDORP, JOHANNESBURG.

Box 4140 Tel. Address: "HASNAR"
Head Office: Surat, Gujarat, India.

Ebrahim Norodien

IMPORTER AND
GENERAL DEALER,

WOODSTOCK, Near Cape Town

BRANCHES (22):
Woodstock, Salt River, Observatory Mowbray, Claremont, Wynberg, Paarl, etc.

Head Office: 24 Freere St., Woodstock

એન. મહમદ કું.

તાજીઝેરનો જથ્થાબંધ અને સારો માલ કીફાયત ભાવે અમારે ત્યાંથી મળશે.

વધુ વિગત માટે લખો:— બોક્સ ૬૨૪ ના. ૨૮ કેથેડરલ રોડ, ડરબન.

ઈ. ઈ. દાદાભાઈ

૨૨ મા ઓટ, મલાય લોકેશન.

બોક્સ ૨૩૮૮ જોહાનિસબર્ગ.

કાપડના ઉપારદર અને હોલસેલ મરચંટ - ઉડિઅન તથા ઈંગ્લીશ ગ્રોસરી ઇગેર જથ્થાબંધ કીમતે ભાવથી મળશે.

મફત! ડાયરી! મફત!!

ઇંટરનેશનલ પ્રીંટીંગ પ્રેસમાં વેચાતાં નીચે જણાવેલા પુસ્તકો તથા કોટોમાંથી માંથી સી. ૨/૬ ની ખરીદનારને સને ૧૯૦૯ના સાલની ડાયરી બેટ આપવામાં આવશે. આ બધા પુસ્તકો દરેક ગુજરાતી વાંચવા લાયક છે.

ઇંટરનેશનલ પ્રીંટીંગ પ્રેસ તરફથી બહાર પાડવામાં આવેલાં પુસ્તકો

	s.	d.
Ethics of Passive Resistance	0	3
Bhagavad Gita	1	0
The Story of the Rámáyana ...	0	6
A Book—and its Misnomer ...	0	6
ટ્રાન્સવાલનો ખુની કાયદો.	0	0
જેલનાં કાવ્ય.	0	1
ઈ. ઓ. ડાયરી ૧૯૦૮	0	0
મારો જેલનો અનુભવ.	0	0
મુસ્તફા કામેલ પાશાનું જીવન ચરિત્ર	0	0
એક સત્યવીરની કથા.	0	0
સહ્યાગ્રહ (પ્રતાની નિબંધ)	0	0
સર્વોદય	0	0
મુસ્તફા કામેલ પાશાનું ભાષણ.	0	0
નીતિ ધર્મ અથવા ધર્મ નીતિ.	0	0
રાણાયણ સાર, બાલકાંડ	0	1
ટ્રાંસવાલનો નવો કાયદો	0	0

ટપાલ મારફત મંગાવનાર માટે પોસ્ટેજ ખર્ચ પેની ૧ જુદું. કોઈપણ ભેલેનીના સ્ટાંપ સ્વીકારવામાં આવે છે.

ઇંટરનેશનલ પ્રીંટીંગ પ્રેસ,
ફીનીક્સ, નાતાલ.

વેપારીઓને અમુલ્ય તક.

અમારા કેટલાક માનવંતા ગ્રાહકોના આગ્રહથી અમોએ હાલમાં અમારા ચંબુ બનાવવાના કારખાના સાથે ટીનની પેટીઓ (Steel Trunks) બનાવવાનું ખાતું ખોલ્યું છે જેની અંદર બહારક દીંદી કારીગરોથી કામ લઇ અંગ્રેજી માલને ટક્કર મારે તેવી મજબુત અને તૈયારની ચોજીતા રંગની પેટીઓ બનાવીએ છીએ.

દરેક જાતના ચંબુ વિગેરે ટીનનું કામ સસ્તામાં સસ્તા ભાવે કરી આપીએ છીએ. એક વખત અમારા માલની અજમાયેશ કરવા ભલામણ કરીએ છીએ. પ્રાઇસ લીસ્ટ માટે લખો.

M. RAWAT & Co.,
Manufacturers of Camp Kettles and Steel Trunks.
(No. 1 Dean Street)
PIETERMARITZBURG, Natal.

ઇન્ડિઅન ઓપિનિઅન.

પુસ્તક ૬. ફોનીક્સ, શનીવાર, તારીખ ૨૪મો ઓક્ટોબર ૧૯૦૮. અંક ૪૩.

અઠવાડીક પંચાંગ.

પ્રીસ્તી–તા૰ ૨૪મી ઓક્ટોબરથી, તા૰ ૩૦ ઓક્ટોબર સુધી, ઇ૰ સ૰ ૧૯૦૮.

હીંદુ–આશો વદ૧૪થી કારતક સુદ ૫ સુધી. સંવત ૧૯૧૫.

મુસલમાન–તા૰ ૨૦મી રમઝાનથી ૨૭ સવાલ સુધી,૧૩૨૬ હીજરી.

વાર.	સુર્ય ઉદય.	હીંદુ તીથી.	સુર્ય અસ્ત.	પારસી રોજ.	સુર્યોદય. ક. મી.	સુર્ય અસ્ત. ક. મી.
રવી..	૨૪	૧૪	૨૭	૧૨	૫ ૧૧	૬ ૧૦
સોમ.	૨૫	૩૦	૨૮	૧૩	૫ ૧૦	૬ ૧૧
મંગ.	૨૬	૧	૨૯	૧૪	૫ ૯	૬ ૧૨
બુધ..	૨૭	૨	૦૩	૧૫	૫ ૮	૬ ૧૨
ગુરૂ .	૨૮	૩	૧	૧૬	૫ ૭	૬ ૧૩
શુક્ર .	૨૯	૪	૨	૧૭	૫ ૬	૬ ૧૪
શનિ .	૩૦	૫	૩	૧૮	૫ ૫	૬ ૧૪

અનુક્રમણિકા.

અણીનો સામલો... ... ... ૭૦૫
મુબારકબાદી ... ... ,,
ઇ. પબ્લીક લાઈબ્રેરી ૭૦૬
છેલ્લા ખબર ... ... ,,
જોહાન્સબરગ ખબરપત્ર ... ... ,,
પોકસરસ્ટ ,, ... ૭૦૮
ડરબન ૭૦૯
પરચુરણ ખબરો ૭૧૦
લડત વિષે ટ્રાંસવાલના છાપા શું કહે છે ?... ... ... ૭૧૧
હીંદી કોમ ઉપર 'રહારે' ગયેલો ધુમકેતુ ,,
જોહાન્સબરગમાં હીંદીઓની માફી માંગવી ૭૧૨
ઇડિઅન ફ્રેન્ચાઇઝ એસોસીએશન ... ૭૧૪
વિલાયતમાં દક્ષિણ આફ્રિકાના હીંદી વિષે ચરચા ૭૧૫
વિલાયતના છાપામાં કાગળો ... ... ,,
અરચાપત્ર ૭૧૬
કોમના હીંદી ... ... ,,
ખુલાસો ૭૧૭
પરચુરણ અરચા ... ... ,,
સુધારાના ઝઘડા ૭૧૮
નાતાલ સનાતન ધરમ સભા ... ... ,,
ફેણચણીની જરૂર ૭૧૯
સા. આ. વિ. ઇડિઅન એસોસીએશન... ૭૨૦
નાદારી કોરટની નોકીસો વિગેરે ... ૪
રેવડ અન્નરજામ ... ... ,,

ઈંડિઅન ઓપિનિઅન.

શનીવાર, તા ૨૪મી ઓક્ટોબર ૧૯૦૮.

અણીનો સામલો

ટ્રાંસવાલની લડતનો ચીતાર અમે આજ સુધી આપતા આવ્યા છીએ અને હજી પણ જેટલો આપશું તેટલો કદી વધુ પડતો નહીં કહી શકાય. જેમ વધારે હીંદીઓ જેલમાં જતા જાય છે તેમ પાછળના હીંદીની જવાબદારી વધતી જાય છે. ગયે અઠવાડીએ મી. ગાંધી તથા તેના સાથીઓ જેલ ગયા. આ અઠવાડીયામાં જોહાન્સબર્ગમાં ઘણા ફેરી વાળા પકડાયા અને જેલ ગયા. પોકસરસ્ટ, ડરબનમાં અને બીજી કેટલીક જગ્યાએ કેટલાક હીંદીઓ જેલમાં ગયા. આ બધુ જોતાં આપે છે કે હીંદીઓ હજુ ચેકયા નથી. ચાહશે એમ અમે માનતા પણ નથી. છતાં નજીકના બનાવો અમારે કાંઈ જણાવે છે. સમુદ્રમાં ઝંપલાવ્યા પછી આરામમાં અને હીંમતમાં હજારો માઈલ હંકારી પછી જ્યારે આપણે ખાત્રી પુરવક કહી શકાએ કે કીનારો હવે દુર નથી અને બોટી વધારે સંભાળ અને મહેનતથી પાર પહોંચી જશું તેવે વખતે કોણ ખલાસી નીરાશાનો ઉચ્ચાર કરશે? વળી આટલી સ્થિતિએ પહોંચ્યા પછી પાછા હંકારવાની મહેનત અને નાસીપાસી તથા આગળ વધવામાં થોડી મહેનત અને જરા ચે બે પરીણામોનો વચ્ચે યા હોમ કરી ઝંપલાવનારા કયું પસંદ કરશે? અમારૂં માનવું છે કે અત્યાર સુધી જેઓ જેવા કરનારા હતા તેઓને હવે શુર ચઢે તેવો આમલો આવી લાગ્યો છે. નવો કાયદો હીંદીઓ કબુલ કરે છે કે નહીં તે સરકાર જોયા વિના કેમ રહે? આટલું સમજવા પછી હીંદી કોમ કરી જાય નવો કાયદો કોમ કબુલ કરી લેશે? ટ્રાંસવાલ સરકારના ઉંચા હોદ્દેદારો પણ્લાએથી સમજી શકાયું કે કરારથી અથવા અકળાવીને હીંદી ઓને નવો કાયદો કબુલ કરાવી દેવ એટલે તેઓ જંગ જીત્યા એમ તેઓ માને છે. જ્યારે સરકારને ખાતરી થશે કે એની પજવણીની સામે હીંદીઓ બાઝવાની મારફત ઉભા રહ્યા છે ત્યારે ઉપાય તેઓના હાથમાં એકજ છે. અને તેઓએ હીંદીઓની બીનશરતી શરણાગતી સ્વીકારવી. જંગની મુદત પુરી થયા બીના બારબરટન તથા પોકસરસ્ટના હીંદીઓને દેશપાર કર્યા, ડરબનને કીનારે આવતી સ્ટીમરોના ઉતારૂઓને જેલીઓની સંખ્યામાં ઉમેરો થઇ જશે એવા ભયથી કોઇજ અટકાવ્યા. તે અને આવા બીજા અવી ચારી કામોથી જોઇ શકાય છે કે સરકાર મોટી સંખ્યામાં હીંદીઓને જેલમાં જરૂરી ગણે તેમ નથી.

બાપાઓનું વલણ કેવું છે તે બીજી જગ્યાએ આપેલા 'લીડર' તથા 'મેઇલ' ના અધિપતિના લખાણો ઉપરથી જોઇ શકાશે. વિલાયતમાં લે૰ ઓબ્રેયોલ ચીગેરે કેટલી મહેનત લઇ રહ્યા છે તે આપણે તારો ઉપરથી જોઇએ છીએ. વડી પારલામેંટમાં કેરડ કરબુએ કહ્યું છે કે બધા ભણેલા હીંદીને ટ્રાંસવાલ આવવા દેવ એમ આપણે કહી શકતા નથી પણ ઉંચી કેળવણીવાળાને આવવા દેવાની તૂં તરફેણમાં છું.

આવી ચેતરફની સ્થિતિ જોતાં આપે અમે અણીનો વખત કહી શકાએ છીએ. તો હવે તેને બહાદુરીથી અને ધીરજથી વળાવી લેવો એ હીંદી કોમની ફરજ છે.

મુબારક બાદી.

આ આંક બહાર પડયા પછી બીજે અને ત્રીજે દિવસે હીંદુ તથા મુસલમાન ના વરસના મોટા તહેવારો આવે છે. અમે જોઇએ છીએ કે આ ટીપેલા હીંદી કોમના ઘણા ભાઇઓ જેલમાં પાળશે. બધુ તેઓ કરજે ચઢેલા છે અને કરજે ચઢેલાનો મન સદા તહેવાર છે. સદા આનંદ છે. કેમકે તે પોતાને કૃતાર્થ ગણે છે. બહારથી જોનારાઓને દુખ પડે છે એમ દેખાશે. પણ તેને પોતાને અંદરથી ઉભરાતો આનંદ છે કે હું આ દુખ મારા દેશની આબરૂ માટે સહન કરૂં છું. અમને બની ઠોકી કહી શકીએ કે

મેં આ ફરીર વડે જે કાંઇ દેશસેવા અને બીજાના દુઃખ કાપવાની મદદ થઇ શકે તે કરીછે. હીંદુ કોમને સોનવારે બેસતા વરસના અને મુસલમાન કોમને મંગળવારે આવતી ઇદુલફીતરના આનંદને મંગળ પ્રસંગ ઉપર અમે મુબારકબાદી આપીએ છીએ. જેલમાં રહેલા જેલીઓને બેવડા આનંદની બેવડી મુબારક બાદી આપીએ છીએ.

ઇંડિયન પબ્લીક લાઇબ્રેરી.

—o—

આ અંકના આગેરેજ વિભાગમાં ટ્રાન્સવાલની લાઇબ્રેરી બંધ થવા માટે ફ્રિનિયનો કાગળ અમે છાપીએ છીએ, તેમાં તેના લખનાર જણાવે છે કે છાપા કે બોપડીઓની કશી વ્યવસ્થા નથી, લાઇબ્રેરી ઘણે ભાગે બંધ રહે છે. અને લાઇબ્રેરીઅનને જવલેજ મળી શકાય છે. તે વધુમાં જણાવે છે કે ટ્રાન્સવાલ જેવા દેશમાં લાઇબ્રેરી ની ઘણી જરૂર છે, તેથી તેને માટે જે કોઇ જવાબદાર હોય તેણે તેનો સારા પાયા ઉપર ચલાવવાની જરૂર છે. આ અવલોકનોનું કહેવું અમે વજુદવાળું ગણીએ છીએ. લાઇબ્રેરીની જરૂર છે એ વિષે મતભેદ હોઇ શકેજ નહીં, અને લાઇબ્રેરીની વ્યવસ્થા થતી નથી એ પણ અમારી જાણમાં છે. મેમ્બરો લવાજમ આપતા નથી એ ફરિયાદ અમારે હાને આવી છે. એ વાત જો સાચી હોય તો મેમ્બરોએ આવા જાહેર કામમાં નિયમિત મદદ કરી વ્યવસ્થા કરવા બદલ બદનારને મદદ કરવાની ફરજ વિચારથી જોઇએ. સારી લાઇબ્રેરી એ કોમનું ભૂષણ છે.

છેલ્લા અખબારો

—:o:—

[ઇ. એ. ટી. ખાસ તાર]

જોહાન્સબર્ગ, શુક્રવાર,

પ્રેસીડેન્ટ ક્રુગરની આજે અહીંયી રવાના થઇ છે તેમાં ટ્રાંસવાલના આશરે ૩૫ ઉતારૂ છે. ટ્રાંસવાલ સરકારની ઇચ્છરણી થી પોર્ટુગીઝ સત્તાવાળાઓએ અહીં ઉતરવા દીધા નથી તેમણે તેમણે નવા કાગળ ગુજરાની જરૂરીઓ કરવાની ના પાડી છે કેટલીક બાબતો જેના વધુ ટ્રાંસવાલમાં છે તેમને પણ ઉતરવા અપાયેલ નથી.

અખબર પત્ર

—:o:—

જોહાન્સબર્ગ

[અમારા ખાસ પ્રતિનિધી તરફથી]

સોમવાર

ગેર સમજ

બારબરટનમાં જે ૧૭ કેદકરાઓને પોલીસે રોકી રાખેલ છે તેમને છુટા કરવાનું થિ. ઇ. એસોસીએશનના પ્રમુખ મી કાલ્ટીઆએ કોલોનીઅલ સેક્રેટરને લખેલું તેના જવાબમાં તે લખે છે કે પાંચ આદમી જેને બે માસની જેલ મળી છે તેમને ફરીને રજીસ્ટર થવાની તક આપવામાં આવશે. આ હીંદીઓને આજે (તા. ૧૩ અક્ટોબર) પોર્ટુગીઝની હદમાં લઇ જવામાં આવ્યા છે અને ત્યાંથી જો તેઓ નવા કાયદા મુજબ રજીસ્ટરની અરજી કરશે તો તેઓની અરજી ઉપર રીતસર ધ્યાન આપવામાં આવશે. તેમના ૧૭ બાળકોને તેમની સાથે મોકલવામાં આવ્યા છે.

આ ઉપરથી એસોસીએશને ફરી લખ્યું છે કે અમારી માગણી શું છે તે સરકાર બરાબર સમજેલ નથી લાગતી. મારી એસોસીએશનની માગણી કે ૧૭ બાળકોને સરકારે રોકી રાખેલ તેમને મુકત કરવા ની છે. આ બાળકો ઉપર કોઇ જાતનું તહોમત મૂકવામાં આવેલ નથી છતાં તેમને રોકી રાખ્યા છે એ ગેર કાયદેસર છે.

આ લખાણ થયા પછી સરકારે ૧૭ બાળકોને છોડી મુકયા છે મી. નાયડુ તેમને અહીં લઇ આવ્યા છે.

જેલીઓનો ઓરડો

એ રાઇ વિષે એટર્ની જનરલને કાગળ લખવાના બોર્ડરમેં અડચણીએ હું આપી રહ્યો છું. એટર્ની જનરલે આ કાગળ નો જવાબ આપ્યો છે કે જેલના વડાએ આપેલ રીવાયમાં તેમને કાંઇ ઉમેરવાનું છે નહિ. એટલે હવે જણાય છે કે અદીની સરકાર તો હીંદીઓની દાદ આપવા માગતી નથી. ઓરાક વિષે વટી પારલામેંટમાં વાત ચરચાઇ છે ને તે વિષે તપાસ ચાલે છે.

હીંદુસ્તાનથી નવા ઉતારૂ

હીંદુસ્તાનથી પ્રેસીડેન્ટ સ્ટીમર કેલાકો આજેને કાનારે આજકાલ આવી પહોંચશે. તેમાં ટ્રાંસવાલ માટેના હીંદી ઉતારૂ ૩૫ જણ્યામાં છે. તેમાંથી જેઓ કેલાકોઆ એ ઉતરે તેમને બારબરટન લઇ જેલમાં દાખલ કરવા અને બનતા સુધી બધાને કરણ મોકલવાને પણ પોલીસ અત્યેથી આજે કેલાકોઆમાં ગયા છે.

બારકેટ કોની?

શુક્રવારની સવારના માર્કેટ સ્કવેરમાં પોલીસ ફેરીવાળાઓનાં લાઇસેન્સ તપાસતા ગએલ. કેટલાક ફેરીવાળા નાસભાગ કરવા લાગ્યા અને છટકી ગયા એક માણસ બાસકીટ ફેંકી ચાલ્યો ગયો તે બાસકીટ ની બધી કોઇ નહિ થતાં એક હીંદીએ પોતે તે બાસકીટ ઉઠાવી લીધી, અને પોલીસને કહ્યું કે તે પોતે તેનો ધણી છે અને પકડાયો. કોરટમાં કેસ ચાલતાં પોતે સાત દિવસની સખત મજુરી સાથની જેલ કરીકારી જેલ ગયા. કોમનું માન બળવા કેદીને નશી જતાં કોઇ પોતેજ તે બાસકીટનો ધણી નહીં હોવા છતાં જવાબ દારી ઉપાડી લીધી. આવા માણસો કોમ માં ઉલટથી મંડ્યા રહેશે તો બંધ તુરત તુટવાના એમાં જરાએ શક નથી.

મતીઆ કબ્રુથી

શનીવારે મતીઆ કબ્રુથીના એસેસરો ની મીટીંગ બ્રાં. ઇ. એસોસીએશનની ઓફીસમાં મળી હતી. શુક્રવારના બનાવ માટે તેમને બહુ લાગી આવ્યું અને તેજ રાત્રે મતીઆ કબ્રુથીની જનરલ મીટીંગ ભરવાનું નકી થયું. રાત્રે સાડા સાત વાગે મીટીંગ ભરાઇ. મી. દયાળ લાલાના પ્રમુખપણા નીચે કામ શરૂ થયું. મેસરસ કાછલીઆ, ગવરીશંકર વ્યાસ, અસવાત, નાયડુ, પીટરસબરગવાળા ખ્રીસ્તીઆ તથા મેરાજી વગેરે હાજર હતા. મી. વ્યાસે અસરકારક ભાષણ આપી બધાને ચાલુ સ્થિતિ વિષે સમજાવ્યા. લોકોનાં દીલ અત્યંત પીગળી ગયાં અને સમે તે ભોગે છેવટ સુધી લડ્યા રહેવા નિશ્ચય કરયો. મી. કાછલીઆએ પણ અસરકારક ભાષણ આપ્યું હતું.

મેસરસ ઇશ્વર પ્રેમજી, મોકળ કે. પટેલ, નાયા દેવા, કાનજી મોદર, વીગેરે એ અસરકારક ભાષણો આપ્યાં હતાં. મીટીંગમાં તેજ રાત્રે ૧૬ પીકેટો મુકરર થયા, ઉપરણ કરવા માટે ૭ માણસો નીમાયા અને મિ. ઇ. એસોસીએશનના કાળામાં પા. ૧૪-૧૬-૦ રોકડા થયા અને પા. પ બી. કે. પટેલ તથા તેની પાંશી તરફથી લખાવ્યા. કેટલાક પીકેટો લોકોને ફેરી કરવા નીકળવા અને પકડાયેલા ને બંધ આપવા નીમાયા. પીકેટોનાં નામ ક્રમ ઉપર અત્યેથી લખવાને મોકલીશું.

આજ મીટીંગ

મી. ગાંધીને જેલ મળી તેની સામે

પ્રોટેસ્ટના હરાયો પસાર કરવાને કાજે બપોરે હમીદીઆ મસ્જીદના કમ્પાઉંડમાં આમ મીટીંગ મળી હતી. મીટીંગનો આખો હેવાલ બીજી જગાએ આવશે એટલે અહીં વધુ નથી લખતો. બેઠકમાં જુસ્સો સારો હતો.

જારબરટન.

ગયે જુમ્મારે જારબરટનમાં ૧૮ જણાને વધુ મહિનાની જેલ મળી, તેની સાથે એક મી. ફતેહદીન કરીને હતા, તેમણે એક વખત અંગ્રેજી લશ્કરમાં નોકરી કરી હતી. તેનો કેસ ૫૪ જણાના કેસથી જુદો ચાલ્યો હતો. તેને સરકાર તરફથી ચાર કે પાંચ વરસ ઉપર ટીસ્ચાર્જ મળ્યો હતો. તે અમુક મુદત માટે હીંદુસ્થાન ગયેલ. પાછા આવતાં કોમાટીપુરટ આગળ તેને કાયદા વિનની બધી બજર પડી. તેની પાસે પરમીટ તથા રજીસ્ટર હતાં તેના જગાવ માટે મી. ગોડફ્રે હતા. માજીસ્ટરેટે તેનો રૂપ પાઉન્ડ દંડ અથવા બે માસ સખત મજુરીની જેલની સજા કરી. મી. ફતેહદીન જેલમાં ગયા છે.

તા. ૧૬મીએ બીજા બે જણાને કોલોનીની બહારથી અરજી નહીં કરવા માટે પકડવામાં આવ્યા હતા. તેનો કેસ ચલ્યા બાદ તેઓ ૫૪ની સાથે વધુ માસની સખત મજુરીની જેલમાં ગયા છે.

મી. પોલાક ઉપલા જારબરટન ગયા ત્યારે જે ઉપજ્યું થયું હતું તેમાં બરચાની રકમ ઉપરાંત પા. ૬-૧૫-૦ ચાલુ લડતને માટે જમા થયા છે.

ગુરૂવારે સાંજે જારબરટનમાં મીટીંગ થઇ હતી. મી. મંગલીએ ખુરશી લીધી હતી. સત્યાગ્રહની લડત ચાલુ રાખવાના ઠારવો થયા પછી સરકારના અન્યાયી પગલાને વખોડી કાઢવાનો તથા મી. ગાંધીને જેલ મળી તે માટે દીલગીરી જાહેર કરવાના ઠરાવો પસાર થયા હતા. પહેલો ઠરાવ મી. મહમદ મુસાએ રજુ કરેલ હતો અને મી. ફીશરોડ્રે ટેકો આપેલ હતો. બીજો ઠરાવ મી. કાહ્યા ગોપાલજીએ રજુ કરેલ હતો અને મી. કાળીદાસ દેસાઇએ ટેકો આપેલ હતો.

જરમીસ્ટન

મી. કે. એસ પડીઆચીને વગર લાઇસેન્સથી ફેરી કરવા માટે પા. ૨ દંડ અથવા ત્રણ દીવસની સાદા મજુરી સાથે જેલની સજા થઇ છે. દંડ નહીં આપતાં મી. પડીયાચી જેલ ગયેલ છે.

કરમરસડોરપ

મેસર્સ દાઉદ અને દાઉ જાણુને વગર લાઇસેન્સથી ફેરી કરવા માટે પા. ૨ દંડ અથવા ૭ સ દીવસની સખત મજુરી સાથે જેલની સજા થઇ છે. દંડ નહીં આપતાં બને જેલમાં ગયા છે.

જોનાનો

વગર લાઇસેન્સથી ફેરી કરવા માટે મેસરસ મહમદ બદન, મહમદ મીઆં સાહેબ, ઇસમાઇલ મહમદ સંજાત. મુસા આદમ, ઇસપ અમનજી, મુસા અબરામજી, મુરીઆ ભાણુ, ડાહ્યા જેવન અને ઉકા મુલાને પકડવામાં આવ્યા છે. બધા બેલ ઉપર છુટા થયા છે. કેસ મંગળવાર તા ૨૭ ચાલશે.

મતીઆ કબુતરોનો રંગ

મતીઆ કબુતરો વેપારી અને ફેરી વાળા જુદી જુદી હોલમાં બાર બાર અને પંદરની ટુકડી જાની નીકળી પડ્યા હતા તેમાંની ત્રણ ટુકડી પકડાવાની ઉમેદથી બાલઝાટો લઇ સવારથી જુદી જુદી જગાએ પકડાઇ. એક ટોળી જે સવારમાં પહેલી પકડાઇ તેમાં ઘણા ખરા બધા ફરઝ મરજોરા હતા. આ ટોળીમાં મેસરસ દયાળ લાલા, બી. કે. પટેલ વગેરે છે. આ બધાને સવારના કોરટમાં ખડા કરવામાં આવેલ. દરેકને પા. ૧ દંડ અથવા એક અઠવાડીઆની સખત મજુરી સાથે જેલની સજા થઇ. બધા હસતે મુખે જેલ ગયા છે. મી ગોડફ્રે બધાને જેલમાં વિદાય કરવા કોરટ માં હાજર હતા. મી. દયાળ લાલા અને બી. કે. પટેલે ઉભો રહેરો જેલની સજા મળ્યા બાદ સુરત પોતાના ભાઇઓને કહ્યાની મોકલ્યો કે પોકસરસ્ટમાં પરમારથી અગ્રે સરો જેલમાં સખત મજુરી કરે છે ત્યાં સુધી જે કોઇ ચમનથી રહેરો અને જેલ જવા બધા ઉપાય નહીં કરે તે પથરજ જન્મ્યો છે એમ જાણવું. સહુ પોતાની ફરજ ખરા દીલથી બજાવજો.

બપોર બાદ બીજા કેટલાક પકડાયા. આ બધાનો કેસ મંગળવાર ઉપર મુલતવી રહેલો.

મંગળવાર

આમલો વધુ રંગે ચઢેલો

આજે આસરે બસોથી ત્રણસો પકડાવાની ઉમેદથી શહેરની જુદી જુદી દીશાઓમાં ટોળાબંધ નીકળી પડ્યા હતા. મારકેટ રકવેરમાં સંખ્યાબંધ માણસો બાસ્કેટો સાથે ફરતા હતા. સવારમાં ઇન્સપેકટરે મારકેટ રકવેરમાંથી પાંચ સાત માણસોને પકડયા કે પાંચસેક માણસો એક દમ સાથે થઇ ગયા ને ચારજ એટીસ તરફ ચલ્યા. ઇન્સપેકટરે બીજાઓને ચાલ્યા જવા ઘણું કહ્યું પણ જ્યાં કહે અમે સહુ લાઇસેન્સ વગર ફેરી કરીએ છીએ અને તમારી સાથે આવે એટીસમાં આવશું. છેવટે ઇન્સપેકટર કંટાળી બધાને પકડતા મુકી ચાલ્યો ગયો. અને એટીસ માંથી પણ બધાને કાઢી મુકયા.

બીજુ ટોળું હેડક્વાર્ટર્સ હીતે પેલીસ સ્ટેશન ઉપર થોડા થોડા પકડાવેલ તે સાથે અને પાછળથી પોતાને ચારજમાં લેવરાવવાની ઉમેદથી ગયા. આશરે પાંચસો થી સીતેર હોકરો હતા, પણ બધાને સમ જવ્યા છતાં ન ભરવા એટલે ધક્કા મારીને કાઢયા. બારે કમાઉન્ડમાંથી ભરવા નહીં ત્યારે તેમના ઉપર પથરા ફેંકવા લાગ્યા. છેવટે તેમને પકડયા નહીં એટલે નિરાશ થઇ ચાલ્યા આવ્યા.

આજે કોરટ હીંદી ફેરીઆઓથી ચીકાર હતી. આશરે પીસ્તાલીસ જણાને પા. ૧ દંડ અથવા સાત દીવસની સખત મજુરી સાથે જેલની સજા થઇ છે બધા જેલ ગયા છે.

પોકેટોથી બીનો

એક ગોલાબક્ષ કરીને બનારસી ફેરીઆ એ જુબાની આપતાં માજીસ્ટરેટ આગળ ફરીયાદ કરી કે પોતે લાઇસેન્સ લેવા સારૂ સાત વખત લાઇસેન્સ ઓફીસ આગળ ગયો પણ પોકેટોએ તેને ઓફીસમાં જવા દીધો નહીં. પોતે અંગુઠો આપી લાઇસેન્સ લેવા ખુશી છે.

માજીસ્ટરેટે તેને પોલીસના રક્ષણ નીચે જવા ભલામણ કરી અને છોડી મુકયો.

ટરોલી વાળો જેલમાં

વગર લાઇસેન્સથી ટરોલી હાંકવા માટે એક માણસને પકડેલ. લાઇસેન્સ ઇન્સ પેકટરે જુબાની આપતાં જણાવ્યું કે ટરોલી ના લાઇસેન્સ માટે અંગુઠો મારવામાં નથી આવતો. એમજ કહી આપીએ છીએ. માજીસ્ટરેટે શી. ૧૦/- દંડ અથવા પાંચ દીવસની જેલની સજા કરી હતી. તે દંડ નહીં આપતાં જેલ ગએલ છે.

પોલીસનું જુઠાણું

મી. પ્રેમા પરશોતમ નામના એક સજ્જન વગર લાઇસન્સ માટે માજીસ્ટરેટ પાસે ઉભા કરેલ તેણે પોતે ગુનેગાર હોવાનું જાહેર કરવું. પેલીસે જુબાનીમાં કહ્યું કે તેણે તેને અમુક સ્ટ્રીટમાંથી પકડયો હતો. તહોમતદારને તે બાબત બાદગર હોવાનું પુછતાં કહે કે તેને તો સી ૭ નાગર ના પોલીસે બારકટાઉનથી પકડેલ છે. પણ આ પોલીસે ખોટી, તેમજ તે કહે છે તે જગ્યાએથી નહીં. વળી તહોમતદારે

કહ્યું કે ફીંગરપ્રીંટ ડાયરીમાં નામ પણ લખી ગયો છે. 'માજીસ્ટ્રેટે તહેામતદાર ને છોડી મુકયો. અને પોલીસ ઉપર જાડું બોલવા માટે ટીકા કરી જવાનું કહ્યું. પણ તહેામતદારે કહ્યું કે પેાતે ગુનેગાર હેાય જેલમાંજ જશે, પણ પોલીસે હાથ પકડી બહાર કાઢયો.

બેલ રદ થયો

એક કાનેમીયા પેસેજ કરવા ગયેલ તે તામ પોકારતી વખત હાજર રહી શક્યાથી રૂપ પાઉન્ડ બેલ રાખેલ તે રદ થયો.

સરસાઇ

આ જથ્થામાં ઘણેક સુરતી મુસલમાન અને ઘણેક કાનેમીયા તથા એક મરસી છે. બીજા જથ્થા મતીયા કણબી છે. મતીયા કણબી ઘણું સરસ કામ કરી રહ્યા છે. બેારડર બહાર જઇ ફરી દાખલ થયા અને ત્યાં પકડાવા માટે પણ પચાસેક માણસેાની ગેાઠવણ કરતા હેાય તેમ લાગી આવ્યું છે તે લેાકેાનેા ફાંસેા પણ ચાલુ છે. મતીયા કણબી છેવટનેા જરા આ લડતને અંતે ખાટી વ્યય તે ઠીક નહીં એમ ધારી સાંભળવા પ્રમાણે જાજપેારના સુરતી મુસલમાનેા કાંઇ વધારે સરસ કરી બતાવવા તૈયાર થયા હેાય તેમ જણાય છે. જો આ વાત ખરી હેાય તેા લાજપેાર વાળા તે મુબારકબાદી છે. આવા કામમાં સર સાઇ કરવામાં લાભ છે અને બીજી કેામેા પણ તેજ પ્રમાણે ધડેા લીએ એમ હું ઇચ્છું છું.

ખુબચાર

બીજા કેસ

આજે ઘણા માણસેા ગઇ કાલની માફક ફેરી કરવા નીકળ્યા પડયા હતા પણ કેાઇને પકડેલ નથી. ગઇ કાલના પકડાએલ મી' એન. એસ. મુડલેનેા કેસ વગર બાઇ સેન્સથી ફેરી કરવા માટેનેા આજે ચાલ્યેા. તે સાત દીવસની સખ્ત મજુરીની જેલ માં ગયા છે.

મી. ઉમરજી ઇસેને કેારટ બહાર ઘણા માણસેા ગઇ કાલે જમા થએલ ત્યારે પેાલીસે બહાર ગરબડ કરવાના વાંક માટે પકડેલ તેનેા આજે કેસ હતેા. માજીસ્ટ્રેટે તેને મુકત કરેલ છે.

હ. ઈ. એા ના કેમલેા

હમીદીયા ઇસલામીક સેાસાયટી મીટીંગેા બેાલાવવાની તમને વીનંતી કરે છે. વળી સરકારની પાસે માગણી કરેા કે ધર્મ ને બાધ કરતાં ખુની કાયદેા રદ કરેા, દેહપારેલા હીંદીને દાખલ થવાની છુટ આપેા. નહીં તેા આપણા હીંદના બાપમાં થાય છે. જેલમાં અલુખપનેા બેારાક ખાવાની ફરજ પાડવામાં આવે છે તેની સાને વાંધેા ઉઠાવેા મુસલમાન કેામના યુવન આગેવાનેા વીગેરે મળી લગભગ ૨૦૦ હિંદી જેલમાં છે."

ડરબનના જેલીઓને સંદેશો

મી. ઇસપ મીયાં મંગળવારે વેાકસરસ્ટ થી આવી પહેાંચ્યા છે. જેલમાં સહુના મુલાકાત લાંબા વખત સુધી લીધી અને બધા સાં જેલમાં કસેાલ કરી રહ્યા છે એમ ખબર લાવ્યા છે. બધાની તંદુરસ્તી ઘણીજ સારી છે. અને કહેવરાવ્યું છે કે ટ્રાંસવાલથી જેમ બને તેમ વધારે માણસેા ડરબન ઓલાંગેા બાગ કુરે પકડાય અને જેલમાં બધા ઇસપ મીયાંને આ બધાની મુલાકાતથી અત્યંત આનંદ થયેા છે.

મેસરસ કાચલીઆ અને કામા વાકસ રસ્ટથી આજે સવારના આવી પહેાંચ્યા છે. મેસરસ દાઉદ શેઠ, કરતમજી શેઠ, આંગડીઆ શેઠ, અને સેારાબજી વિગેરે સાઉથ આફ્રિકાના તમામ હીંદીઓને કહાવે છે કે બહુજ આનંદમાં દિવસેા તેઓ ગુજરે છે, અને ખાસ કરીને ટ્રાંસવાલના હીંદી ભાઇઓને કહેવરાવે છે કે વચન ઉપર કાયમ રહેજેા, અને તમારૂં જોર પુરેપુરૂં બતાવજો. જ્યાં સુધી શરીરમાં ખુન ફરતું હશે, ત્યાં સુધી તમારાં બંધન તેાડવા પેાતે જેલમાં રહેશે

વાકસરસ્ટના સાથી મુહુરથ.

મી. સુલેમાન કાજી વાકસરસ્ટમાં અહીંથી જતાં આવતાંઓની બરદાસ ઉઠાવી રહ્યા છે. દરેક દરેક કેામના જતા આવતા હીંદીનેા ખેાળો ઉલાવવાનેા તેમણે ઉમંગથી જે ભાગ લીધેા છે, અને લેય છે તે માટે આપણે તેમની આભારી છે.

લખનારી તાર.

અહીંના 'સ્ટેડ ટાઇમ્સ' અખબારમાં લખનકુથા વિલાયત જઇને નીચેનેા તાર છપાયેા છે. હીંદીઓ પ્રત્યે ટ્રાંસવાલના જુલમને લીધે આ વિભાગમાં હીંદીઓનાં મન બહુ ઉદ્વેગ થયાં છે. ઘણી મીટીંગેા થાય છે, અને તેમાં સરકારના આ પગલાને સખ્ત રીતે વખેાડી નાખવામાં આવે છે.

ચુકવારીને જાંચવું.

અહીંના પંકિટોના લીસ્ટમાં મી. એમ. આર. નાયકૂ એવું નામ છે, એ નામ એમ. આર. નાયકુ નથી, પણ એમ. પી. નાયકૂ છે.

ઉઘરાણું.

મેતીઆ કણબીઓનું ઉઘરાણું બુધવા રની સાંજ સુધી પા. ૫૦ બરાબર બાકી છે.

વોકસરસ્ટ

છુટયા અને પાછા જેલમાં ગયા

[સ્પેશ્યલથી તરફથી ઇ. ઓ. માટે રીપોર્ટ]

દેશને ખાતર અહીંની જેલમાં સુખ ચેનથી દીવસેા કાઢતાં ૬૧ બહાદુર હીંદી ઓની ૭ અઠવાડીઆની સજા આજરોજ (સેામવાર તા. ૬૪) પુરી થઇ હતી. તેમના નામઃ મેસરસ ઉમીયાશંકર મગનરામ શેલત, હરીશંકર દલ્લેર જોશી, મેાહનલાલ નીરભયરામ ગેાસ્વામીયા, સુરેંદ્રનાથ બાપુ રાય મેહ, મેાહનલાલ પરમાનંદદાસ કીલા વ.ળા, ઉમર ઓસમાન, ઇસ્મ.ઇલ ઇસપ, કાજી કાળાભીંઆ દાદાભીંઆ, ઇબરાહીમ હુસેન, વલી આદમજી અને મુળજી ઉકા. અમને બે ને પાંચ મીનીટે છુટા કરવામાં આવ્યા હતા. જેલના મકાનમાંથી બહાર નીકળ્યા કે ઇમીગ્રેશન ખાતાના અમલદાર કેારપેારલ કેમેરેાન અમને બધાને દેહપાર કરવાના વારંટ લઇ શુકનમાં મળ્યા. અને દેહપાર કરવાનું જણાવ્યું. ૨ ને ૫૫ મીનીટે અમને સહુને સલુકાઇથી હાથ મીલાવી (શેક-હેન્ડ) દેહપાર મુકયા. અમા રામાંથી મી. મેાહનલાલ કીલાવાળા સિવાય બધા તરતજ ટ્રાંસવાલની હદમાં પાછા દાખલ થયા. મી. મેાહનલાલ કીલાવાળા કેટલાક કારણને લઇને રેાકાઇ ગયા તે આવતી કાલે ડેાલેાનીમાં દાખલ થશે. બાકીના તેઓ ચાર્લસટાઉન ગયા છે. અમે સઘળા રીક્ષા ચારજ ઓરીએ ગયા. અમારેા કેસ કાલે ચાલશે. આજે અમને જેલમાં મેાકલવામાં આવ્યા છે. જોહાન્સ બરગથી મી. ઇસપ ઇસમાઇલજીઆ (માજી પ્રમુખ) મી. એ. એમ. કાજલીઆ (પ્રમુખ) મી. નાદીરશાહ કામા, તથા વેાકસરસ્ટથી મી. કાજી અને ચાર્લસટાઉનવાળા મી. અબજા હુસેનની કુંપનીના મી. અલીભાઇ આ છુટા થનારાઓને વધાવી લેવાને આવ્યા હતા, જેલમાં રહેલા બીજા હીંદી ભાઇઓની પણ તેમણે મુલાકાત લીધી હતી. અમારામાંના બધાની તબીયત તંદુ રસ્ત છે તથા માગેલું મળતાં સુધી જેલ માં દિવસેા કાઢવાને ખુશી છે. અમને વેાક સરસ્ટના જે રસ્તા ઉપરથી હદ તરફ લઇ જવામાં આવતા હતા તે રસ્તે ઘણા ગેારા સ્ત્રી પુરૂષેા આ બનાવેાડેા જોવાને ઉભા હતા. તેઓના ચહેરા કાંઇક ઉદાસ અને કંઇક ખુશ દેખાતા હતા. ૧૦ મીની ટમાં પાછા ફરવા ત્યારે પણ તેઓ હતાં અને તે વખતે તેઓ હસતાં હતાં અને

પુર્યું ડિલસોઝ બતાવતાં જણાતાં હતાં. કેટલાક ગોરા અને એક મડમે મી. શેલત ને બોલાવી પુછ્યું કે તમને ઘણું દુઃખ પડે છે ? તમે શું કરવા આ દુઃખ ઉઠાવો છો ? જ્યાં માન નથી ત્યાં તમારા હક્ક થકે પણ શું ફાયદો છે. તમો કયાંસુધી આમ સંકટ ઉઠાવશો ? આના જવાબમાં મી. શેલતે જણાવ્યું કે હું અને મારા દેશીભાઇઓ પોતાના દેશ અને દેશીભાઇ ના માન અને બ્યાજબી હકથી કાંઇપણ વધુ કીમતી લેખતા નથી. એટલે તે માટે જે દુઃખ પડ્યું અને પડશે, તેની જરાપણ દીકર થતી નથી. મારા દેશીભાઇઓ તથા હું માનીએ છીએ કે આવું દુઃખ ઉઠાવતાં મોત થશે તો સ્વરગ મળશે. સરકાર રોજ ડીપોરટ કરે તો અમો રોજ પાછા ટરાંસવાલમાં આવશું. જેલ અમારા હકને માનના રક્ષણનો મહેલ છે. અને તેમાં વસવું તે તો સહેલ અને સુખદાઇ માની એ છીએ. આ સાંભળી તેઓએ અતિ પ્રેમ બતાવ્યો અને પીઠ થાબડી શાબાશી આપી, અને વધારામાં જણાવ્યું કે તમારો દેશ અને માન તેજોજ અમારો દેસ અને માન છે, છતાં અમને તમારા જેવા શૂર વીરપર અતિ પ્રીતિ ઉપજ્યા થાય છે. બસે અમારું રહે કે જય, પણ તમારી આ હીમ્મત માટે તમને યોગ્ય બદલો ઇશ્વર આપે તો અમે અતિ રાજી થઇશું.

મૂરછા આવી

મી. ગાંધી અને સાથે બીજા જે જેલમાં ગએલા તે ખુશ મીજાજ અને તંદુરસ્ત છે. દિન પ્રતિદીન તેમનો જુસ્સો અને બળમાં વધારો થતો જાય છે. જેલ મળી તેને બીજે દિવસે ગુરવારે મેસરસ ગાંધી, રતનશી સોદા, રાઘવજી ઇશ્વરનાથ, લાલભાઇ નાથુભાઇ, બીખાભાઇ કલ્યાણજી, મોરાર મકન, ફકીરી, મોહનલાલ ગોરધનદાસ, મુળજી ઉકા, મુળજી રતનજી, ગુનસામી, લક્ષ્મણ પરતા ચલન, વસનજી લાલભાઇ, કૃષ્ણ તાલેવતસીંગ અને ઝીણાભાઇ વેલજીભાઇ આ બધાને જોડવાના કામપર લઇ ગયા. મી. ગ્રીમ્બ વોરપર સખત હોવેથી કામ ઘણું લીધું. અને પાણી પીવા પણ રજા ન આપી. આથી મી ઝીણાભાઇ બેહુશ થઇ ગયા. એટલે તેને ગાડીમાં સત્તાવીસ જેલમાં લઇ ગયા. ત્યાં સારવાર કરતાં બે દિવસમાં તેઓ તદ્દન સાજા થઇ ગયા. હાલ તેઓ તંદુરસ્ત છે. બીજે દિવસથી તેમને તથા તેમની ઉપરના કોઇ જણને કામપર લેતા નથી. બીજાઓ અદ્યાપિ પર્યંત કામપર જાય છે. આ સિવાયનામાંથી ઘણાખરા જગીઆમાં કામ કરે છે. દરજી મોગીને તેમના ધંધાને લગતું કામ આપવામાં આવ્યું છે. હવે કામ આગળ જેવું સખત નથી.

ખોરાક બદલાયો

ખોરાક બદલાયો છે. હવેથી સવારે પુપુ, બપોરે ચોખા અને શાક તથા દાળ અને સાંજે પણ ચોખા તથા દાળ શાક મળશે, થી રોજ ૧ ઔંસ મળશે અને બુધવાર તથા રવિવારે ઉપરના ખોરાક ઉપરાંત ૫૦ રતલ બીનીસ મળશે. આજે મેસરસ શેલત, મેદ, જોશી ડીપોરટ થએલા હોવા થી મેસરસ માવજીભાઇ. રતનજી સોદા, અને રાઘવજી રસોઇ કરશે, કાલથી મેસ રસ શેલત, મેદ અને જોશી રાંધવાનું પાછું સંભાળશે.

મુબારીને વાંચવું

ગયા વીકના ઇંડિઅન ઓપિનિઅનમાં જ્યાં રતનજી કૃષ્ણનાથ છે ત્યાં રાઘવજી કૃષ્ણનાથ વેરેલમજાળા એમ વાંચવું.

મંગળવાર.

સખત સજા આગી

ડીપોરટ થયેલામાંથી મી. કાલાવાળા શીવાયના કેસ આજે ચાલ્યા હતા. બચાવ માટે કોઇની જરૂર જણાવી નહીં તેમ તેમણે બચાવ પણ કાંઇ કરેલો નહીં. બધાએ બધુમાંથી સખ્ત આગી. જેઓ અંગરેજી નહોતા જાણતા, તેમના તરફથી મી. કામા ઇંટરપ્રીટર હતા. મી. જેસરી તથા મી. ગોકળજીઆએ અનુવાદ કામથી ૫૦ પૌંડના જામીન આપી ૮ દીવસની મુદત માગી છે. બીજાઓના કેસ ચાલ્યા પછી તેમને ૫૦ પૌંડના દંડ અથવા ૪ માસની સખત મજુરીની જેલની સજા મળી. તેઓને ઓછી સજા થઇ તેથી નીરાશ થયા. સહુ હસ્તે મુખે જેલમાં ગયા છે.

ડરબન

[અમારા ખાસ પ્રતીનીધી તરફથી]

સોમવાર તા. ૧૯

હાયરગ્રેડ સ્કુલ અને કોંગ્રેસ

ગયા બુધવારે રાત્રે કોંગ્રેસ હોલમાં મીટીંગ મળી હતી જે વખતે ડરબનના તમામ આગેવાન વેપારીઓ, કોલોનીઅલો વગેરે મળી ૧૦૦૦ જેટલા ઇસ્કસ્યો હાજર હતા. બીજા કેટલાક કામકાજ થઇ રહ્યા પછી ડરબન હાયરગ્રેડ સ્કુલમાં ૧૮ વરસ ની ઉપરના નીશાળીઆઓને સ્કુલ છોડવા ની નોટીસ મળી છે તે વિષે ચર્ચા શરૂ થઇ હતી. પ્રમુખપદે મી. અબદુલ કાદર હતા. તેમણે જણાવ્યું કે આ દુઃખદાયક ખબર મળવાથી દીલ્હી કેમ બહુ તાજુબી પામી છે. તેમણે આ નીશાળની સ્થાપના સમયે કેટલીક દરખાસ્ત કહી સરકારના જુદા જુદા કારભારીઓએ આ નીશાળને માટે જે વચનો આપ્યાં હતાં તે યાદ આપ્યાં.

સેક્રેટરી મી. દાદા ઓસમાને જણાવ્યું કે સરકારના આ કાર્યથી બધા દીલ્હી ઉકેરા ઓ કેળવણી લેતાં અટકશે. દીલ્હી કોમ મ્યુનીસીપાલીટીને દર વરસે કરના મોટી રકમ ભરે છે–બધા જોતાં ગોરા કરતાં પણ વિશેષ–તો દીલ્હી કોમના બાળકોને જરૂરી કેળવણી આપવાની સરકારની ફરજ છે. બાદ મી. આયરે ભાષણ કરી સરકાર ના આ કાર્યને વખોડી નાખવાનો તથા દીલ્હી કોમના બાળકોને જરૂરી કેળવણી આપવાની ફરજ છે તેનો ઠરાવ રજુ કર્યો જે મી. ઇસ્માયલ ગોરાનો ટેકો મળ્યા પછી સરવાનુમતે પાસ થયો હતો.

હુકક ઉપરના હીંદીઓ

ગયા શનિવારે મી. મહમદ કાજરાદીમ તથા મી. ઇસ્માઇલ પારેખે હુકક ઉપરના દીંદીઓની મુલાકાત લીધી હતી. બધા સારી હાલતમાં છે. અને પુરા જોરમાં છે. મીરીસ મળી મી. મહમદ કાજરાદીમને ત્યાં રહેલ છે.

ડિલસોઝનો કેબલ

ગાયકવાડ સરકારના પાટવી કુંવર કુલેહ સીંગરાવ ગુજરી ગયાના સમાચાર ઇ. એ. પરથી જણી હરબનની ગાયકવાડ સરકારની વતીએ ખાસ ઉચરાણું કરી નીચે પ્રમાણે ડિલસોઝનો કેબલ કરેલો છેઃ "કુમાર કુલેહસીંગરાવના અકાળ મૃત્યુના સમાચાર સાંભળી અહીંની ગાયકવાડ પ્રજા ને ઉંડું દરદ થયું છે; આ અનિવાર્ય કુદરતી કોપથી ગાયકવાડ સરકારને થતા દુઃખ માટે અંતઃકરણ પુરવક દિલસોઝ વ્યક્ત કરીએ છીએ. અને કુમારશ્રીના આત્માને શાંતિ મળો એવા ઇચ્છીએ છીએ."

મરકયુરીમાં હીંદી સવાલ

શનિવારના મરકયુરીમાં 'ઓન.' અને 'એચ. જી. એસ.'ની સહીથી બે સખત કાગળો પ્રગટ થયા છે તેમાં હાલમાં મર કયુરીએ ટરાંસવાલના હીંદીઓપર જે ટીકા કરી હતી તેની સામે વજનદાર દલીલો મુકી હતી. બંને કાગળોમાં હીંદીઓની લડતનું બ્યાજબીપણું અને સરકારના અન્ય માણીકપણા ઉપર ભાર મુકવામાં આવ્યો હતો. અને તેમાં નિષ્પક્ષપાતપણે હીંદી બોની તરફેણ કરનાર 'મરકયુરી' તથાએ

ટ્રાંસવાલના પ્રધાન મંડળની કરમતમાં હાજરીથી હવાઇ જઇને લુદું વલણ પક્ડ ઉલ્લુ તે માટે ડેપ્યુટેશન કરવામાં આવી હતી. આને જવાબ આપતાં તે બાબે કહ્યું છે કે:—હીંદીઓ પ્રત્યેનું તેનું વલણ હમેશાં જેવું જ છે, તેમાં કંઇ ફેર થયો નથી. હીંદીઓના બાજબી હકો તથા તેની સ્થિતિની તરફેણ હમેશાં આ બાબુ કરતુ આવ્યું છે તેનો પણ સાબીતી મળી આવશે. તેમની ઉપર હલકીવાળા કાયદા ઓ સામે હમેશાં પોકાર ઉઠાવતુ આવ્યું છે અને ઉઠાવશે. છતાં આ વખતે ટ્રાંસવાલના હીંદીઓ સરકાર સામે ઉંડા અને ગેરબાજબી ઝઘડામાં નહીં ઉતરે એમ આશા રાખીએ છીએ. હમણાંની હાલતમાં જોતે જતે બાજુએથી સમજી દલીલો મુકવામાં આવી છે તોપણ હીંદીઓએ હાલત બાલુ રાખવી જોઇએ એવું કંઇ બોધી રીતે અમે જોઇ શકયા નથી.

સર રોબીન્સનનું આવવું

ગુરૂવારે બપોરે સરકારી બાગમાં ટાઉન હોલની સામે સર જોન રોબીનસનનુ આવવું ખુશી મુકવા માટે મોટો મેળાવડો થયો હતો. તેની દીપા નાતાલના ગવરનર સર મેથ્યુનેથનને હાથે થઇ હતી. કનવેન શનના ડેલીગેટો તથા સર પરસી ગિલેરેની હાજરીને લઇ મેળાવડો બહુ જબરજસ્ત બન્યો હતો. ગરહુમના દુરજંદેથીપલ્લુ ને તથા રાજહારી કુશળતાને લઇ તેમની વાહવાહ તેના માનમાં બહુ મોટાં અને લાગણી થઇ આવે એવાં જાહેર થયાં હતાં. મરહુમ નાતાલના પહેલા મુખ્ય પ્રધાન હતા. સાઉથ આફ્રીકાના જુદા જુદા કોલોનીઓ જોડી એક સબળ સત્તા બનાવવાની તેમની એક મુખ્ય મુરાદ હતી. 'નાતાલના બનાવનાર' તરીકે આજે તેમને ઓળખવામાં આવે છે. કેટલાક વકતાઓ તરફથી કહેવામાં આવેલું કે તેઓનું શરીર પડયું છતાં હમણાં તેઓ આપણી વચ્ચે હયાત છે, તથા મરહુમનું આવવું આપણી સમક્ષ ઉભું રાખ્યા વિના પણ તેમની બાહદારત હમેશાં નાશ જ છે, વિગેરે રીતે તેમની શકિતના વખાણ કરી તેમનાં પગલાંપર ચાલવાની ગોરા જુવાનોને ભલામણ કરવામાં આવી હતી. જે પ્રજા પોતાના નામાંકિત પુરૂષો ની કદર કરી જાણે છે. તે પોતે માન ને લાયક છે એમ કબુલ કર્યા વિના રહે પડશે નહિ.

મંગળવાર તા. ૨૦

ડીપ્યુટેશન એસેમ્બલી ઓફીસમાં

ગોરારમ જોશી, ગોલત, મેઢ વિગેરે જે દોઢ માસની જેલ ભોગવી રહ્યા હતા તે ઓને હડપાર કરવાનો તાર મી. સુલેમાન તથા મી. કાજા તરફથી મળ્યો હતો. બંને તરતજ પાછા ગયા છે. અને મી. મીયા વાળા ડરબન તરફ આવ્યા છે એવો તાર પણ મળ્યો હતો. મી. મીયાખાના જપેાર ની ગાડીમાં ડરબન આવ્યા હતા. તેમની મુલાકાત લેતાં તેઓએ જણાવ્યું કે તેમની તબીયત બગડી જવાથી તેઓને પાછા આવવું પડયું. અને હાલ તેઓ અહીંજ પોતાની તબીયતની માવજત કરવાના છે. પાછા જવા વિષે પુછતાં તેમણે તબીયત સારી થયા પછી જવા વિચાર જણાવ્યો.

બુધવાર, તા. ૨૧.

હડસન ઉપરનો બાર્કીના સમાચાર

મંગળવારે સાંજે મીરીસ મળીને એક મુદ્દેનું બાળક આવતર્યું એવા અબર મળ્યા છે. બાઇની તબીયત સારી છે. બાઇને ઉતારવાની વકીલે માંગણી કરી હતી તે કેટલી બાજબી હતી તે આ ઉપરથી સાબીત થાય છે.

જોકસરસ્ટથી અબર

જોકસરસ્ટથી કોંગ્રેસપર તાર હતો કે હદપાર થએલામાંના જેઓ પાછા દાખલ થયા છે તેઓમાંથી આઠ જણને ૫૦ પૈાંડનો દંડ અથવા ૪ માસની સખત જેલ મળી છે અને બાકીના બે મી. જોશી તથા મી. ગોરાણીયાનો કેસ તા. ૨૩મી ઉપર મુલતવી રહ્યો છે.

મી. જોશી બપોરની ગાડીમાં ડરબન આવેલ. તેમની મુલાકાત લેતાં તેઓએ જણાવ્યું કે અગવના કામસર પોતાને તથા મી. ગોરાણીયાને મુદત માગવી પડી છે. ૨૩મી તારીખે તેમને જોકસરસ્ટમાં હાજર થઇ જેલમાં જવાનું છે. પોતાની સાથે બીજા હીંદીઓ લઇ જવા તેઓ ઉમેદ રાખે છે. તેમની તબીયત સરસ છે.

હડસનપરનું હીંદીનેા કેસ

વડી અદાલતમાં મંગળવારે તા. ૨૩નો રોજ હડસન રોકી રાખેલા હીંદીઓનો કેસ ચાલવાની મુદત પડી છે. કેસ વખતે મી. મર્સનિજ મારિત્સબરગ ઓફા વખામાં આવશે.

હડસનના હીંદીઓએ ઇદના તહેવારો ઉપર જમીનપર છુટા થવા ઇમિગ્રેશનના ચેરેકટર ઉપર કાગળ લખવાનું સાંભળ્યું છે. તેમાં તેઓએ જણાવ્યું છે કે તેઓ કંઇ ચોર કે લુંટારા નથી. આગરદાર વેપારીઓ ઉપર આવો અન્યાયી અંકુશ ન ઘટે વિગેરે.

દીવાળીનો તહેવાર

દીવાળીનો તહેવાર ગુરૂવારે પાળવામાં આવશે. તે દિવસ હીંદુભાઇઓ દુકાનો બંધ રાખી વીકટોરીયા સ્ટ્રીટના અબ્દુલ હબીબવાળા હોલમાં રોશની કરી ભજન હોમ કરશે. આ વિષે ગુજરાતી, તામીલ તથા ઇંગ્રેજી બાબાઓમાં ઇન્ડીયોએ કાગળમાં આવ્યા છે.

ઇદનો તહેવાર

ઇદનો તહેવાર ઓથિનબનમાં સોમ વાર છે તેને બદલે મંગળવાર જોઇએ એવા અબર મળ્યા છે. તે દિવસે બધા મુસલમાની બાઇઓ દુકાનો બંધ રાખી ઇદસાહ મુજબ તહેવાર ઉજવશે.

પરચુરણ ખબરો

મુજફરપુરમાં બોંબથી બે બાઇના મર્યા મે માસમાં જે ખુન થયા હતા તેના સંબંધ માં બુધવારે અલીપુરની કોરટમાં ૩૭ બંગાળીઓ ઉપર કેસ ચાલવાનું કામ શરૂ થયું હતું. આ કેસ દરમીયાન કલ કતામાં ચાલુ જમાનાની સુધરેલી ઢબ ઉપરનું ખુન કરવાના હથીઆરોનું એક મોટું કારખાનું હાથ લાગ્યું છે. અને તે સાથે દારૂ વગેરેથી ઉડાડી મુકવાને લગતા પુરતાઓની આખી લાયબરેરી હાથ લાગી છે. આ કેદીઓ ઉપર રાજની સામે લડાયતું કાવતરૂં કરવાનો આરોપ છે. તપાસ વખતે કોરટની આસપાસ મજબુત ચોકી પેરો રાખવામાં આવ્યો હતો.

ડરબનસ્ટોરસ કમીટી તરફથી અમને એક કાગળ મળ્યો છે જેની હકીકત ગયા અઠવાડીઆમાં જોહાન્સબરગના અબરપત્ર માં "ડરબનસ્ટોરસ" ના મથાળા નીચે આપેલ છે તેને મળતી છે. કમીટીએ લાઇ સેન્સ હોલ્ડર કેરી વાળાઓને બોકકોટ કરવાની ડરબનથી હરટ બોકલનારાઓને અપીલ કરી છે. મુખ્ય હકીકત ગયા અંકમાં આવી ગઇ છે તેમાટે આખો કાગળ અમે ફરીથી નથી છાપ્યો.

મી. એમ. એચ. સી. એક લાંબા કાગળ દરમીયાન હતીહાસીક દાખલા દલીલો આપી લખે છે કે આદમીએ ઇમાન તથા મુજરત, જાનમાલ જતા કરી બચાવવાં જોઇએ. જાનમાલ જતા કર્યા બાદ આપણી ગાજરની પીપુનો અવાજ બુદા બાદ કોણ સાંભળે તેમ નથી. ઉપરના બેનું જતન કરનારનું બુદા જતન કરે છે કેમકે તેના નામ અલ્લાહ, રહેમાન અને રહીમ છે.

હીંદુસ્તાનની ટપાલ

મેરીસ મહાગસ્કર અને વીલીઅર્સ રસ્તે જતી સ્ટીમર પ્રેસીડેંટમાં તા. ૨૩ના રોજ બપોરે ૩-૩૦ બંધ થશે અને કેલણીયા કલકતા રસ્તે સ્ટીમર અમપ્રેસી માં જનારી ટપાલ તા. ૨૬ની સવારે ૬-૩૦ મીનીટે બંધ થશે.

લડત વિષે ટ્રાંસવાલના છાપા શું કહે છે?

"સલાહ કરવી એ ફરજ છે"

જોહાન્સબરગનું 'લીડર' આપુ લખે છે કે:-

એશીઆટીક સવાલની હાલની સ્થીતિ થી યુરોપ અને હીંદુસ્તાનમાં કેટલા દુશ્મન થયા છે એ આ સવાલની જેની માથે જવાબદારી છે તે પુરૂં સમજે છે કે નહિ તે શંકાવાળી વાત છે. આપણને મળેલ તાર ઉપરથી જણાય છે કે સર મંચેરજી ભાવનગરી જે એક મહાન પારસી છે અને ચુસ્ત યુનીઅનીસ્ટ છે તે, મી. લજપતરાય અને મી. બીપીનચંદ્રપાલ લંડનમાં મળેલી ગ્રેટબ્રેટ મીટીંગમાં હાજર હતા. મી. લજપતરાય તો રાજદ્વારી કેદી તરીકે હીંદુસ્તાનમાં છે એટલે આ બાબતમાં તારવાળાની કાંઇક ભુલ હોવી જોઇએ. [મી. લજપતરાય આજ કેટલા વખત થયા છુટા થયા છે અને હાલ વીલાયતમાં છે તે બાબતથી 'લીડર' ના અધીપતી અજાણ હોય એમ લાગે છે. અ. ઇ. ઓ.] પરંતુ સર મંચેરજી તથા મી. બીપીન ચંદ્રપાલ એકી સાથે તેમની વગ ચલાવી રહ્યા છે તેમાં કંઇ ભુલ હોવાનો સંભવ નથી. એક છે તે મધ્યમ (મોડરેટ) પક્ષના આગેવાન છે; અને બીજા આંતીમ (એકસ્ટ્રીમ) પક્ષના આગેવાન છે. હીંદુસ્તાનમાં લખનૌમાં ઘણીજ મોટી વગ ધરાવનારા મુસલમાનોની મીટીંગ મળી છે. આ કારણથી અને તેના અમલથી હીંદુ મુસલમાન અગાઉ કોઇ વખત કેળા નહિ થયા હોય તેવી રીતે ભેળા થયા છે. મી. ગાંધી અને બીજાને રાજદ્વેષી ગણી સજા કરવામાં આવે છે તથા પછી બંને હદ પાર કરવામાં આવે છે તે તરતજ પાછા જેલના ઉમેદવાર થઇ હાજર થાય છે, આ તમાસો જોઇ રાજ્યનારા કેટલાક માણસો આ કેલાનીમાં પડયા છે એમાં શક નથી. પરંતુ આવા માણસો પણ આવે અણીને વખતે આ દાખલાને (હીંદુ મુસલમાન એકત્ર થાય તે) ઉતેજન આપવામાં ડહાપણ માને છે કે નહિ તે શંકાવાળી વાત છે. કોલોનીઅલ સેક્રેટરી ટરી ચોટ પીનાના કેશીઆટીકોની બાબત કરતાં બીજા ઘણા અગત્યના કામમાં રોકાઇ રહ્યા હશે એ માનવા જેવું છે. પણ આ કારભાર જે બીજાને કોઇ સોંપી જાતો હશે તે પરદેશમાં કોલોનીઅલ સેક્રેટરીની બાબતને તથા કલોસર યુનીઅનના કેસને બેદરકારીમાં પહોંચાડે છે. હમણાંની સ્થીતિ શું છે તેના વિષય કરો. કેનેડાને જેવા સખ્ત સંજોગોમાં જાપાનની પ્રજાની પ્રજા-જે એક પરરાજ્યની પ્રજા છે-આવવા દેવાની ફરજ પડી છે. આપણે પોતીકા રાજ્યની એક લાગણી પ્રજાને બીજા ભાગમાં આવવાની સદંતર બંધી કરવા માગીએ છીએ. અને તેપણ તે ગમે તેવા બિલકુલ, સાધારણ કે વિદ્વાન હોય તોની દરકાર કર્યા વગર. વળી હીંદીઓ કોઇપણ બાબત બંધારણમાં લીધા વીના બીજા હીંદીનિવાસે દાખલ થવાના હક માગતા નથી. અને તેઓ આવી માગણી કરે તો આપણે બધા તેની માગણીની સામે થઇએ. અને તે વાજબી પણ ગણાય. કાયદો રદ કરવાની બાબત મનની માન્યતાને શાંત કરવા માટેનીજ રહી છે. એટલે બીજી બાબત જે ખરી બંધારણની રહી છે તે એ કે આપણે એક વરસમાં ૭ જેટલા નવા એશીઆટીકને ટ્રાંસવાલમાં આવવા દેશું કે નહિ? આ સંખ્યા ઘણી થોડી છે છતાં તેટલા પણ એશીઆટીક ન આવે એ બનવા જેવું છે. ત્યારે હવે ખરી વાત તો એ રહી કે આપણે હીંદીનું માન જાળવવાને માગીએ છીએ કે નહિ? ખરેખર, હીંદીઓ કાયદાને તુમેશાં માન આપતા આવ્યા છે તે તથા તેમણે શરૂના સાહસને માટે જે ભોગ આપેલ છે તે જોતાં આપણે આટલું કરવું એ આપણી ફરજ છે. તેમને રાજદ્વેષી ગણવાથી, તેમને તેમનો સાધારણ બોલાક લેવા પણ અટકાવવાથી, અને હાલ આપણે સત્તાનો જે અમલ તેમના તરફ ચલાવીએ છીએ તેથી ઇગ્લાંડની સામેના હીંદુસ્તાનીને ઉતેજન આપીએ છીએ. તેમાંથી આપણે જે 'યુનીઅન' ની વાતો કરીએ છીએ તેમાં તદ્દન જોખમ ઉભું થવાનો સંભવ છે અને તેથી દક્ષિણ આફ્રિકાના નામને કલંક લાગવાનો ભય છે. પણ તે બધું ગમે તેમ હોય પરંતુ હાલ જે રસ્તો લેવામાં આવે છે તે લેવા જેવો તો નથીજ.

જોહાન્સબરગના 'ટ્રાંસવાલી મેલ' બાબામાં નીચેનો આરટીકલ છપાયો છે.

કેનેડાની સરકારે જાપાનથી કેટલા અને કેવા માણસો આવી શકે તે બાબત જે કંઇ પણ કરવા જે માર્ગ લીધો છે, ઇસ્ટર્ન ટ્રેડરીવ્યુ કહે છે કે "કાયદાનું ઉલ્લંઘન કરવાની ધમકી આપવી એ કોઇ પણ સંજોગોમાં ખોટું છે અને તેમાં ખાસ કરીને જ્યારે તે ધમકી આપનાર પોતે જ કાયદાનો અમલ કરવાની જવાબદારી ધરાવતો હોય ત્યારે તો ખરાબજ ગણાય એમ પણ કહે છે. હવે રાજ્ય અંગ્રેજ એજન્સી મારફત મે જે દરખાસ્તો જાપાન સાથે રજુ કરી તે બધી ધ્યાન પુરવક સાંભળી અને બંને પક્ષને ન્યાય મળે એમ ગોઠવણ કરવાનો સરકારે ભરોસો બતાવ્યો. દાખલા તરીકે, જાપાન ની પરદેશ બાતાની ઓફીસે જાપાનથી કેનેડા કેટલા પાસપોર્ટ વિગેરે જાય છે તેનું દર મહિને પત્રક મોકલવું. આ તેણે કબુલ રાખ્યું અને હવે દર માસે આવું પત્રક મળે છે. કેનેડાનું ઇમીગ્રેશન ખાતું આ પત્રક તપાસી ચેક કરે છે એટલે આશ્ચર્ય આવવા જેવું રહ્યું નથી. કેટલ જાપાનીઝ કારીગર સરકારની રજા વગર કેનેડામાં આવી શકે નહિ એવી ગોઠવણ થઇ છે. જાપાન સાથેની સલાહનો ભંગ કરવો અથવા તો દુશ્મની ભરેલા કાયદા ઘડવા તેમાં શો લાભ છે? એક બીજા સાથે આવી કાંઇ સમજુતીપર આવવામાંજ સાર છે." પ્રોટેસ્ટીઆની સરકાર આવી કાંઇ સમજુતી ઉપર નથી આવી શકતી શું?

હીંદી કોમ ઉપર 'સ્ટાર' કીંચેલો હુમલો

મી પોલાકનો જવાબ

મી. ગાંધીને વોક્સરસ્ટના માજીસ્ટ્રેટે બે મહિનાની સખત મજુરી સાથની કેદની સજા કીધી અને તેમને રસ્તાઉપર પાવડા કોદાળી સાથે કામ કરવા મોકલાય છે તે છતાં જોહાન્સબરગનો 'સ્ટાર' કાગળ માને છે કે સરકાર તેમની તરફ બહુજ નરમાશથી વરતે છે. વળી હવે આગેવાનો જેલમાં બંધ થઇ ગયા તેથી બીજા હીંદીઓ કોઇની સલાહ વિનાના થઇ જવા થી સત્યાગ્રહની આ લડત બેહદ ફાયદો કબુલ કરશે એવું સમજાવવાનો પ્રયત્ન કરે છે. તે કહે છે કે હીંદીઓ શરૂ કાયદાને માન આપનારા બનાય છે તેવા સખ્ત કાયદાઓ સામે પણ તેમનાથી બાજબીપણે કરિયાદ થઇ શકે નહિ. વળી તે ધમકી આપે છે કે જેલો હીંદીઓથી ભરી નાખશું પણ તેમની પાસેથી અહીંના કાફરોઓ પણ સરકારની સામે ચતા હાથે એવું બનવા નહિ દેશે.

ઉપરના લેખાણ ઉપરથી મી. પોલાકે નીચેનો મતલબનો કાગળ 'સ્ટાર' ના બધી પતીને લખ્યો છે.

હરિશ્ચંદ્રના બનાવો ઉપરથી તમને કંઇ મારા મળતો હોય એવું જણાતું નથી.

પણ મારે મન ભૂતકાળનો અનુભવ નકામો નથી. પોકસરૂટમાં થયા મુજબનો જેવો બનાવ અગાઉ તેવોજ બનવો આજથી નવ મહિના ઉપર સમાધાની થયા પહેલાં બનેલો હતો તે તમારા ખ્યાલમાં હશે. તે વખતે પણ તમે આશીથી માનતા હતા કે પોતાના સ્વદેશીઓની વચ્ચેની મી. ગાંધીની ગેરહાજરીને લીધે હવે તેઓનો સત્યાગ્રહ પડી ભાંગશે. પણ તે તમારી આશા ફોગટ નીવડી. તોપણ સત્યાગ્રહીને—જો કે તમે ધારતા હતા તેથી જુદીજ રીતે—નિ:શસ્ત્ર તો મળી.

જ્યારે સમાધાની થઇ ત્યારે તમે લખ્યું હતું કે "મી. ગાંધીને તેના દેશીભાઇઓ ઐટલું માન આપે છે કે થોડી ગેરહાજરી પાર પડવામાં બિલકુલ હરકત નહિ આવે" જો મી. ગાંધીનો તેમના ઉપર આવો કાબુ છે તો તમે શું એમ માનો છો કે તેમની ગેરહાજરીથી કાંઇ કમતી થશે? મી. ગાંધીને હિંદિયનો માન આપે છે તે તેના શરીરને નહિ, પણ તેના ગુણને. અને તમે જો તેથી ઉલટું માનતા હોય તો તમે ભૂલ કરો છો. વળી તમે લખ્યું છે કે "મી. ગાંધી અને બીજા આગેવાનોનો કાબુ પુરો છે." તમે શું એમ માનો છો કે નવ મહિના પહેલાંની રમીતિમાં આજે ફેર પડી ગયો છે?

રીચમંડમાં જનરલ સ્મટસે આપેલા ભાષણમાંથી નીચેનો ફકરો વાંચો. "મેં દરેક હીંદી આગેવાનને જેલમાં નાખ્યા, સેંકડો બીજાઓને પણ જેલમાં મોકલ્યા પણ તેની તેમની ઉપર કશી અસર થઇ નહિ." આજે પણ એજ હાલ છે અને આગેવાનો પણ એના એજ છે. બધા જનેવારીમાં સરકારે જે ફારસ કરેલું તેજ ફારસ પાછું કરવાને તમે સરકારને ભલામણ કરો છો? પણ હું કહું તેના કરતાં મી. સ્મટસ શું કહે છે તે તપાસો. "કોઇને જેલ મોકલવાની રાજનીતિ ધમકી આપવા ખાતર વાજબી ગણાય. પણ આ દેશમાં તે લાંબો વખત સુધી ચાલુ રાખી શકાય નહિ. આપણે દેશ કેદખાનાઓથી ભરી મુકવો જોઇએ. આ કામ બીલકુલ ન બની શકે એવું છે. કારણ કે જે લોકોને આત્મરક્ષણને ખાતર વાંધા હોય તેમને કેદમાં નાખવા તેમાં આપણી (ગોરાની) પાસે જે મોટી સત્તા છે તેનો દુરપયોગ કર્યો ગણાય અને તેથી આ દેશના ગોરાઓની આબરૂને દુનિયામાં ઝાંખપ લાગે." હવે જનરલ સ્મટસ પોતાના એજ શબ્દોને ખોટા ઠરાવે છે, તમે તેનાજ હાથલાની નકલ કરવા ઇચ્છો છો. પણ તે હજમ ન થાય એવું ખાણું છે. અને પાછળથી આફરો થશે તો તમારી અદેખાઇ કોઇ કરે એમ નથી.

તમને લાગે છે કે "આ ઔદ્યોગિક આંદોલનની કપરી ફીલસુફી તરફ ટ્રાંસવાલ સરકાર બહુ નરમાશથી વરતે છે." પોણા પડ્યા, સાહેબ, સરકાર પોતાથી બનતું કરી છુટી છે માટેજ મી. ગાંધીને કાયદામાં બક્ષાયેલી આકરામાં આકરી સજાના બે તૃતીયાંશ ભાગની સજા કાપી છે, અને તેને પાછો કુટાડી લઇ કામ કરવા જવું પડે છે. પણ બુદ્ધી જરા નહિ કે જનરલ સ્મટસના કહેવા પ્રમાણે મી. ગાંધી પોતાને સત્યને ખાતર દુ:ખ ઉઠાવવા માં આનંદ માને છે. તમારો ખવાસ અસાધારણ શયતાનીઅત ધરાવે છે. કારણ કે રાજદ્વારિક ગુન્હેગારોના આગેવાનને બે માસની સખ્ત મજુરી સાથેની કેદની સજાને પણ તમે બહુ નરમાસ ભરેલી ગણો છો. મી. ગાંધીના દુરથયા થી સત્યાગ્રહની લડતનો તુરતજ અંત આવી ગયો એ માનવામાં તમે ભુલ કરો છો. એવું મેં દેખાડી આપ્યું છે. એ વાત ખરી છે કે ગાંધી તો એકજ છે, પણ બીજા આગેવાનો ઓછા નથી કે જે સત્યને ખાતર જેલ જતાં આચકો ખાય. કેટલાક જઇ ચુકયા છે, અને બીજા તેજ પ્રમાણે જવા તત્પર છે. તમારી ધમકી ની કિંમત આ સત્યાગ્રહીઓને કશી નથી એ ખાત્રીથી માનજો. મારી સાથે બીજા પણ યુરોપીઅનો છે જેઓ થોરોનું નીચલું વાક્ય પુરણપણે માને છે. "જે રાજ્ય કોઇનો ગેર કાયદે કેદમાં રાખે તે રાજ્યમાં પ્રમાણિક માણસનું ખરું રહેઠાણ તે જેલ છે." હમણાં લખેલ ઇંગ્લાંડના ઇતિહાસ માંથી એક વાક્ય ટાંકીને હું ખલાસ કરીશ. પ્યુરિટનોને સુધારવાની સરકારની ઇચ્છા એ તેમને માટે તેમજ જાહેર પ્રજાને માટે માનભરેલું ગણાય. પણ કેદની, દંડ અને કેદ એ સુધરવાના વાક્યો હથિયાર ગણાય કે નહિ એ શંકા ભરેલું છે. સ્મટસ, હમણાં જ બની ગયેલા બનાવો ઉપરથી તમને બોધ મળતો નથી? તો પછી બે સદી પહેલાંનો ઇતિહાસ અરોબાર દેખી શકાતો હોય તો તેમાંથી કંઇ શીખશો?

અમુ રવીકૃષ્ણ તથા મી. રાઘવજી ઇસ્વામી જેલમાંથી મી. જોશી કરમન આવેલા છે તેમની મારફત દક્ષિણવાળે છે કે તેમનાપર દીલસોજીના તારો મોકલનાર તો તેઓ આ જાહેર દ્વારા આભાર માને છે.

જોહાન્સબરગમાં હીંદીઓની માસ મીટીંગ

મી. ગાંધીને સંદેશો

[૪. ઓ. માટે ખાસ રીપોર્ટ]

"અંત લગી દૃઢ રહેજો. સંકટ ઉઠાવવું એજ આપણો ઉપાય છે અને ઐટલું કર્યા પછી આપણે જીતેલાજ છીએ" મી. ગાંધીના આ સંદેશાને રવીવારની માસ મીટીંગમાં ઘણા હર્ષ અને આનંદથી વધાવી લેવામાં આવ્યો હતો.

આ સંદેશો તે રવીવારે બપોરે બાદ હમીદીઆ મસ્જીદ પાસેના મોગલાનના સેંકડો હીંદીઓ—મુસલમાન, પારસી, તે ખ્રીસ્તી ધર્મ પાળનારા હીંદી ગુજરાતી, કોંકણી, મદ્રાસી, પંજાબી અને બીજા—તી વચમાં વાંચવામાં આવ્યો હતો. તેઓ સવારના મી. ગાંધીને થયેલી સજા સામે વીધે દરશાવવાને અને સરકારના અન્યાયી પગલાંની એક અવાજે વખોડી કાઢવાને મળ્યા હતા. બપોરના અરસી વાગ્યેથી લોકોના ટોળાં આવવા લાગ્યાં હતાં. ગરમી સખ્ત હતી. એટલે રોબનાળાની સંખ્યા તે વધીને માટે ઓછી દેખાવા લાગી. પણ મીટીંગની શરૂઆતનો વખત થયો ઐટલે કે સુર્યનારાયણનો તાપ કમતી થયો ઐટલે સત્યાગ્રહનો નાદ બતાવવા ચાર વાગ્યે મસ્જીદના મોગાનની બંને બાજુ જગા હીંદીઓએ રોકી દીધી. તેમાં પ્રીટોરીયા, પીટર્સબર્ગ, જરગીરટન, ક્રોકસડોરપ, ક્રુગરસડોરપ, કરનલબરગ, બેનોની, સ્પ્રાંગટન, ક્રીસ્ટીયેટ, કુમરસડોરપ, કરનલબરગ, કેરફુના, રમીંગ, નાઇજલ વગેરે જગાઓથી બસ ગેરી ગેરીઓ હાજરી આપી હતી. મી. પોલાક, મી. કેનીઝ પોલોક વગેરે મોટા ગૃહસ્થો હાજર હતા. મી. કાચલીઆ પ્રમુખપદે બીરાજતા હતા. તેમણે ગુજરાતી માં અસરકારક ભાષણ આપ્યું હતું જે નીચે મુજબ હતું. આ ભાષણ મી. નાદી રસા કામાએ અંગ્રેજીમાં બોલી સંભળાવ્યું હતું.

પ્રમુખનું ભાષણ

ગૃહસ્થો, મને આશા હતી કે હું પ્રમુખપદે આવ્યા પછી પહેલી મીટીંગમાંજ તમને સારા સમાચાર કહીશ. તમને, સરકારને, અને કે મોટા સાહેબો આપણને મદદ કરી રહ્યા છે તેમને મારી પહેલીજ મીટીંગમાં મુબારકબાદી દેવાનો અવસર આવશે.

એવી હું આશા રાખતો હતો. બે વરસ થયાં આપણે જે ભોગ આપી રહ્યા છીએ તેનો અંત આવશે, અને આપણી વાજબી માગણી સરકારે કબુલ રાખવાના બદલ આપવાની હું આશા રાખતો હતો. પણ, અફસોસ, મારી આ બધી આશાઓ નિષ્ફળ ગઇ છે. આપણે બધાએ જોયું છે કે આપણી વાજબી માગણીઓ સામે સરકારે કેવી બેદરકારીથી આંખો મીંચી છે. આપણે જોયું છે કે સરકાર આપણને દેહેજ પઠાવવાને, અને આપણા માનનો પાયો જડમૂળથી ખોદી પાડવાને મચી રહેલી છે. અને આપણને માલુમ પડયું છે કે આપણા ધર્મની લાગણીઓ તરફ ઇરાદા પુરવક બેદરકારની નજરેથી જોવા માં આવ્યું છે. જે સ્વાતંત્રતા કે મરદાનગી મેળવવાને આપણા ગોરા ભાઇઓ બદલ પડે છે તો તે કામને તેઓ બહાદુરી ભરેલું ગણી વધારી લીએ છે ત્યારે તેજ મરદાનગી હીંદી મેળવવાને માગે છે તો તેને ધીકારી ગણી કદરમાં આવે છે! આપણે જોઇએ છીએ કે દેશના કેદખાનાં જોને જનરલ સ્મટસ કહે છે કે કાયદાની સામે થનારા, તેઓથી ઉભરાઇ ગયાં છે આપણી કોમના સ્વમંભ ગણાતા આગેવાનો જેલ ભોગવી રહ્યા છે. વેપારીઓ, ભણેલા, કારીયરો, ફેરીયા, તાતાલના જુલુ બાળવા વખતે કરેલી સેવા બદલ જેણે ચાંદ મેળવ્યા છે તેવા વગેરે ઘણા હીંદી આજકાલ જેલમાં છે. જે હીંદીઓ આ દેશમાં લડાઇ પહેલા વસી રહેલા છે, જેમને આ કોલોનીમાં આવવાનો પુરો હક છે અને જેઓ દક્ષિણ આફ્રિકા માં જન્મેલા છે તેવા હીંદીને પકડી જેલમાં પુર્યા છે. દેશથી પછા આવતાં આપણા હીંદી અરદ, જોરન તથા બાળોધ તરફ કમકમાટી ઉપજાવે તેવી વર્તણુંક બતાવવામાં આવેલ છે. તે વિષે ત્યારે ફરિયાદ કરી ત્યારે સરકારી અમલદારોએ તે ઇન્કાર કરે છે અને જાહેર તપાસની માગણી કરી તે પણ સરકારે કબુલ રાખી નથી. તેમના કુમળા ઉમરના બાળકોને સરકારે જેલમાં પુર્યા. કે કે સખત લડત લીધા પછી સરકારે તેમને હાલ મુક્ત કર્યા છે.

આ બધી વીપત્તીઓ હીંદી કોમને માથે બસ હજુ પુરતી હોય નહીં, તેટલા માટે, હવે સરકારે આપણી કોમના આગેવાન શ્રી. ગાંધીને જેલમાં પુર્યા. ઉપલા બનેલાઓમાં સરકારે શ્રી. ગાંધીને આ લડતમાંથી ખસેડવાનો ઇરાદો કર્યો. તે વખતે એવું ધારવામાં આવ્યું કે તેના જવાથી હીંદી કોમ બળહીણી બનશે અને કાયદાને વશ થઇ જશે. પણ તેથી આપણે ડર્યા નહીં. અત્યે પણ સરકારે તેજ પોરસ્યું પકડયું છે. અમે એટલેથી સંતોષ નહીં પામતાં શ્રી.ગાંધીએ પગલે ચાલી જે સત્યાગ્રહની લડતની આગેવાની ઉઠાવશે તેને ચૌતરણી-ડરામણી આપવામાં આવી છે કે તેમની પણ શ્રી. ગાંધીના જેવી સ્થિતિ થશે. ભાઇઓ, આપણે જેલમાં જવાને તો તૈયારજ છીએ. આપણે બધા આપણી કોમના એક માણસના દોરવ્યા દોરાઇએ છીએ એ માન્યતા શું ખુશ ભરેલી નથી? તેનો જવાબ આપણે ગયા જાન્યુઆરીમાં આપી દીધો છે. અને વળી આ વખતે પણ આપવાને તયાર છીએ. ગયે ઝુધવારે શ્રી. ગાંધીએ પોતાની જાતને બેગે, બહાદુરીથી, પોતાના ભાઇઓને બદલે જાત ઉપર સંકટ ઉઠાવવાના ઉમદા હેતુથી-જે હેતુને માટે તે આટલા બધા લોકપ્રીય થઇ પડયા છે-એવા શ્રી. ગાંધીએ, સરકાર ના અન્યાયી કાયદાને તાબે થવાને બદલે તેની સામે સત્યાગ્રહની લડત લેવાની સલાહ પોતે આપી છે અને તેની બધી જવાબદારી પોતાને શીર છે, એમ કોરટમાં જણાવ્યું. પણ તે વાત આપણે કબુલ રાખી શકતા નથી. તે કબુલ રાખવાથી તો આપણને હીણપત લાગે છે. શ્રી. ગાંધીની સલાહ આપણે કબુલ રાખી છે એ બરાબર છે. પરંતુ તે સલાહ આપણે બરાબર અને વિચાર્યા પછી સમજીને કબુલ રાખી છે, આપણા માન-રંજની સામે થવાનો તે ઉત્તમ રસ્તો છે એમ આપણે બરાબર સમજ્યા પછી દરેક આપણી પોતાની જવાબદારીએ સત્યાગ્રહની ■ડત શરૂ કરી છે. આપણામાંનો દરેક દરેક જરૂર પડયે આગેવાની લેવાને તયાર છે. આપણે આપણી ટેક, આપણું માન, બતાવવાની ખાતર લડીએ છીએ. આપણે આપણી ચામડી, અને જેને માટે હકદાર છીએ તે હક મેળવવાને માટે લડીએ છીએ. અને તે હક તે કયા? આ હક તે બે મુખ્ય બાબત છે. તે સીવાયની બીજી બાબત તેના પેટાની છે. પરંતુ મુખ્ય બાબત ગણવામાં આવતો ખુની કાયદો રદ કરવાની આપણે પહેલી માગણી કરીએ છીએ. કે જે ખુની કાયદા મુજબ બે જણાને તો સજા થઇ ચુકી છે, અને હજુ કેટલાકને થશે તે કહી સમજાતું નથી. પણ તે બંને તેમ હોય, ખુની કાયદો આપણી સ્વતંત્રતાને આડો આવનારો છે, એટલે તે કાયદો નાબુદ થવો જોઇએ. બીજી માગણી એ કે ઇમીગ્રેશન કાયદાની રૂએ આપણા ને જે હક મળેલ છે તે કાયમ રહેવા જોઇએ. તે કાયદાનો અમલ કરવામાં આપણે સરકારને મદદ આપવાને તયાર છીએ. સરકાર બોરર ઉપર ભલે મરડ પડે તેની અમારી પરિક્ષા લેવ તેની સામે આપણને વાંધો નથી. આમ કરવાથી આપણી કોમના હજુ મહત્વો ઘણી શકશે તેની કીકર નથી. બારીસ્ટર, ડાકટર, ધર્મગુરૂ કે શીક્ષકની આપણને નીતીને મારગે ચઢાવવાની જરૂર છે; તેની આપણને બાળક ની સ્થીતિમાંથી મનુષ્યની સ્થિતિમાં મુકવા ની જરૂર છે. તેઓ આવશે તો આ દેશને બહુ લાભ કર્તા થઇ પડશે. અને આ હકીકત આપણે સાચી નેમથી કહીએ છીએ તે બતાવવા માટે એમ પણ કહી ચુકયા છીએ કે આવા માણસો દર વરસે અમુક સંખ્યા-જેમ કે ૧૦-૨૦ વધુ નહિ આવે. કોણ આવી શકે તે વાત પેળવણીની નહીં થાય તેની સામે આપણને વાંધો નથી. પરંતુ તે ચામડીનો રંગ જોઇને નકી થવા ન જોઇએ. આ કાંઇ વધુ સમજાવવા નહિ. પણ તેમાં આપણું માન જળવાવાનો મુળ સમવાય છે એટલે આપણને સંતોષ છે. અને આટલું નથી બજતું ત્યાંસુધી આપણે સત્યાગ્રહની લડતમાં પકડાવાથી નહિ ભડકતા, દુઃખોથી નહીં ડરતા જેલથી નહીં ડરાવ થતાં, તન મન અને ધનને ભોગે આત્ર રહી સત્યાગ્રહની લડત પુરસ જોસથી ચાલુ રાખશું.

હવે હું વધારે નહીં કહેતાં તમારી પાસે જે ઠરાવો રજુ કરવામાં આવશે તેને તમે સર્વાનુમતે પાસ કરશો એવી આશા બતાવી બેસવાની રજા લઉં છું.

ત્યારબાદ નીચેના ઠરાવો સભા સન્મુખ એક પછી એક રજુ કરવામાં આવ્યા હતા.

ઠરાવ ૬ ઠો—આપણી એસોસીએશન ના સેક્રેટરી શ્રી. ગાંધીને સરકારે કેદ કર્યા તેને માટે બ્રિટીશ હીંદીઓની આ માસ મીટીંગ સરકારને ગુનાહગાર ઠરાવે છે, અને જણાવે છે કે આમ કરવાથી સરકારે હીંદીનું પાણી જોવાનો મોકો આપ્યો છે. આપણું માન જળવામાં આપણને અમુક માણસોજ જરૂર છે એમ સરકાર માનતી હોય તો તે ભુલ કરે છે. આપણે બળને ખાતર લડીએ છીએ. અમુક માણસ મારે લડતો નથી.

આ ઠરાવ રજૂ કરતાં મી. મસપ ઘરમા પ્રજામીત્રોએ દુઃખ પણ અસરકારક ભાષણ માં લોકોને ઠરેલ રહેવાની ભલામણ કરી. પોતે મફત સારીફ હજ પડવા જવાની તયારીમાં છે પરંતુ તેમના ભાઇ મી. મુસામીયાં જેલમાં હોવાથી શી એહવણ કરવી તે કાંઇ સુઝી શકતું નથી વિગેરે.

આ ઠરાવને ટેકો આપતાં મી. બ્યાસે જણાવ્યું કે મી ગાંધી તથા નાતાલના આપણા તાજરૂપી દીકરાઓ વૉકસરસ્ટની જેલમાં છે. સખત તાપમાં શુખ્યા તરસ્યા બર્ફેર રસ્તા ઉપર પથરા ફોડે છે તેઓ આપણે માટે બધી જાતનો ભોગ આપી રહ્યા છે ત્યારે હીંદી પોતાની ભારી ફરજ નહીં સમજશે? દરેક ગાંધીજરૂપે બની જશે. સરકાર મી. ગાંધીને આપણી આગળાયો છીનવી લઇ એમ ધારે છે કે કોમ બળાગી જશે, પણ સરકાર તેમ કરવામાં મોટી ભુલ કરે છે. મી. ગાંધીને પકડવાથી તો લોહીમાં બે સુમાર જુસ્સો આવ્યો છે. અને આ કોમ માટે તો સરકારને ખરેખર સુધારકબાદીજ ઘરે છે. કે આ પગલું ભરી કોમને પુષ્કળ જુસ્સો આપ્યો. મને તો હમેદ છે કે પોતાના વચન ઉપરથી ફરી જઈ પાપી નહીં બને. અલાર્મ મો તરફથી ટોળાબધ હીંદીઓએ જેલમાં જવા રેલની જેલો હીંદીના નાદથી ગજવી મુકવાનો રાક્ષસ છે અને તેમ કરી સરકારને બતાવવાનું છે કે તે કેટલાક ગાંધીને ખુંચવી લઇ શકશે?

મી. અસવાત (પીટરીનીમીત્ઝ) ભાળાએ ટેકો આપતાં જણાવ્યું કે ગમે તે ભોગે આપણે આપણા ઠરાવને મકકમપણે વળગી રહેવાનું છે.

મી. ખરસેદજી દેસાઇ (ફરગસડોરપ) એ કહ્યું કે મી. ગાંધી ભાઇને આપણે આગળથી સરકારે ખુંચવી લીધા તેથી બેવડો જુસ્સો કોમને આવ્યો જનેડું છું. ઠરવતના અગ્રેસરોનો છુટકારો આપણા હાથમાં છે. જ મહિનાના કેરીના લાભ-મેન્બ જેની પાસે હોય તેમણે એસોસીએશનને તુરતજ આપી દેવાની જરૂર છે.

મી. ભોકુભાઇ પટેલ (ફ્રસ્તનગરગ) ભાળાએ ટેકો આપતાં સાપથી રહેવાની ભલામણ કરી હતી.

મી. અબ્દુલ ગનીએ કહ્યું કે મી. મસપા ગાંધીએ જે ઠરાવ રજુ કર્યો છે તેને હું ટેકો આપું છું. મી. ગાંધીને સરકારે જેલ આપી તો માટે સરકારને મુબારક બાદી આપવામાં હું પણ કોમ સાથે ભળતો આવું છું. મી. ગાંધીને જેલમાં દુઃખ પડયું હશે તે મારાથી તો સહન થયું શકતું.

મી. સુદીવાળાએ (બોકસબરગ) ટેકો આપતાં જણાવ્યું કે સરકાર અને બીજા એમ માને છે કે મી. ગાંધીનાજ દોરવાયા લોકો દોરવાય છે અને તેથી તેમને ખુ અરી લેવાથી કોમને દોરવનાર કોઇ નહીં રહે પણ તેમાં સરકાર ભુલે છે વિગેરે.

મી. કે. કે. સામી નાઇકરે તામીલમાં ભાષણ કરવું હતું.

બાદ પહેલો ઠરાવ સર્વાનુમતે પાસ થયો હતો.

બીજો ઠરાવ—આ માસ મીટીંગ સરકારને ફરીને નમ્રતા પુરવક અરજ કરે છે કે ટ્રાંસવાલની જેલમાં અપાતા ખોરાકમાં ચલનો ફેરફાર કરે અને હીંદીઓના ધર્મને બાધ લાગે તેવી કોઇ પણ વસ્તુને ઉપયોગમાં લેવા નહિ.

આ ઠરાવ મી. હમામા આબ્દુલ કાદર આસજીર (ચેરમેન હમીદીયા ઇસ્લામીક સોસાયટી) રજુ કર્યા હતો. મી. મુળજી આઇ પટેલ, મી. કાછી (ક્રાંસ્ટરટન), અને મી. લક્ષ્મણસીંગ (જરમીસ્ટન) તરફથી ટેકો આપવાન ભાષણો થયા બાદ આ ઠરાવ સર્વાનુમતે પાસ થયો હતો.

ત્રીજો ઠરાવ—આ માસ મીટીંગ હીંદી કોમે માગેલી બે બીજા સરકાર ન કબુલ રાખે ત્યાંસુધી સત્યાગ્રહની લડત પુર જોરથી ચાલુ રાખવાનો ઠરાવ કરે છે.

આ ઠરાવ મી. પી. એ. મેદીઆર તરફથી રજુ કરવામાં આવ્યો હતો. અને મી. એમ. એમ. ખાડેરીઆ (પીટરસબરગ) તરફથી ટેકો આપવામાં આવ્યો હતો. આ ઠરાવના ટેકામાં મેસરસ ઇ. એસ. કુવાડીઆ મી. એલ. પટેલ (ક્રાંસ્ટરટન) અને હરીલાલ એમ. ગાંધીએ ભાષણો આપ્યાં હતાં.

ચોથો ઠરાવ—આ મીટીંગ વડી સરકારને નમ્રતા પુરવક બતાવે છે કે હાલની સ્થીતિથી સરકારના લાભને કેટલીક જરૂર પહોંચે છે તેનો ખ્યાલ કરવો. તથા મહા રાણીના દીકરાના અને નાક શહેનશાહના દીલ્હી દરબાર વખતના વચનો યાદ લાવી હાલની દુઃખદાયક સ્થીતિ જલદીથી દુર કરવાની અગત્યના બતાવે છે.

આ ઠરાવ મી. એડકરે (બારીસ્ટર-એટ-લો) એ રજુ કર્યો હતો અને મી. એમ. પી. ફેન્સીએ ટેકો આપ્યો.

ઠરાવ પાંચમો:—આ માસ મીટીંગ પ્રમુખ ને આ ઠરાવોની નકલો યોગ્ય જગ્યાએ મોકલવાની સત્તા આપે છે.

આ ઠરાવ મા. મી. કે. નાયડુ (પ્રીટોરીઆ) એ રજુ કર્યો હતો. અને મી. ઉમરજી સાલેએ ટેકો આપ્યો હતો.

બધા ઠરાવો સર્વાનુમતે પાસ થયા હતા.

મીટીંગનું કામ આટલું હતું તે વખતે પ્રીટોરીઆની તામીલ કોમ તરફથી પૌંડ ૩૦ અને જોહનસબરગની હીંદી કોમ તરફથી પૌંડ ૧૭ ના ચેક લડતની મદદ માટે આપવામાં આવ્યા હતા.

છેવટે પ્રમુખે સરવેના ઉપકાર માની મીટીંગ બરખાસ્ત કરી હતી.

ઇંડિયન ફ્રેન્ચાઇઝ એસોસીએશન

આ એસોસીએશનની જનરલ મીટીંગ તા. ૨૧મી અકટોબરે વિકટોરીઆ થીએટરમાં મી. એસ્કંબ કાનજીના પ્રમુખપણા નીચે મળી હતી. જે વખતે સરવે મેંબરો હાજર હતા. સેક્રેટરીએ મીનીટબુકમાંથી ગત મીટીંગનો હેવાલ વાંચી સંભળાવ્યો. અને આજની મીટીંગનો હેતુ જણાવ્યો કે ફ્રેન્ચાઇઝ્ડ્રપખાતે ફ્રેન્ચાઇઝ્ડ થએ માણસો એ લાઇસેન્સ લીધાં છે તેમને માટે શું ઓછવણ કરવી તથા કોઇ માણસ નાતાલથી અમુક મુદત સુધી માલ મંગાવે અને તે માણસ પૈસા ભરી રાખી બીજા માણસ પાસે માલ મંગાવે, તો પહેલા માણસના પૈસા વસુલ ન કરે ત્યાંસુધી બીજો માણસ માલ મોકલી શકે નહિ એ મુજબનો કાયદો ઘડવો.

પહેલા સવાલ માટે લાંબો વખતસુધી વીચારણ કરી બહુમતે ઠરાવ પસાર કરવા માં આવ્યો કે કરણનમાં ફ્રેન્ચાઇઝ્ડ થવો કરનારા કોઇએ ફ્રેન્ચાઇઝ્ડ્રપખાતે ફ્રેન્ચાઇઝ્ડ ચઢાવવું નહિ. અને તે બાબતનો તાર અને કાગળ ફ્રેન્ચાઇઝ્ડ્રપની કમીટી ઉપર મોકલવો. જાની કમીટીને વાસ્તવીક લાગે તેવડાં માણસોનાં નામો આવવાથી તે લોક પર ફ્રેન્ચાઇઝ્ડ ચઢાવવું. અને જ્યાંસુધી જવાબ ન આવે ત્યાંસુધી ફ્રેન્ચાઇઝ્ડ્રપના દરેક ફ્રેન્ચાઇઝ્ડ્રણાને બોયકોટ કરવા. બીજો તાર બ્રિ. ઇ. એસોસી એશનપર મોકલવો. ઉપરનો ઠરાવ પસાર કરવાનું કારણ એજ કે જે લોકોએ લાઇસેન્સ લીધાં હોય તેઓના લાઇસેન્સ અને રજીસ્ટર જાળવી મુકવાના માટે દરેક માણસે એ પ્રયત્ન કરવો. અને મુખ્યત્વે કરીને ફ્રેન્ચાઇઝ્ડ્રપ ના અધીકારીઓ પર ફ્રેન્ચાઇઝ્ડ્રણાએ પોતની ફરજ અદાકરવા બે કાગ પર પાડવું જોઇએ. એ બાબતની દેખરેખ રાખવા માટે ૭ પ્રીકોશ નીમવામાં આવ્યા.

બીજા સવાલ માટે સરવે મેંબરોએ સંમતી આપી અને કમીટી દીગવાની જરૂર જણાવી કે ઉપરથી ૨૫ માણસોની એક કમીટી નીમી. કમીટી તરફથી હુકમો થયા બાદ અમલમાં આવશે. અને જનરલ મીટીંગ બોલાવી પસાર કરવામાં આવશે. છેવટે હાજર રહેલા મહનુભાવોનો ઉપકાર માની મીટીંગ બરખાસ્ત થઇ હતી

વિલાયતમાં દક્ષિણ આફ્રિકાના હીંદી વિષે ચર્ચા

[તાર સમાચાર]

લંડન તા. ૧૭ શનીવાર.

કેક્સ્ટન હોલમાં હીંદીઓની માસ મીટીંગ મળી હતી. બોલનારાઓમાં સર મંચેરજી ભાવનગરી, પ્રખ્યાત લાલા લજપતરાય તથા બાબુ બીપીનચંદ્રપાલ હતા. તેમણે દક્ષિણ આફ્રિકાના હીંદીઓ તરફ ચલાવવામાં આવતી વરતણુંકને સખત શબ્દોમાં વખોડી નાખી હતી. તેઓએ હીંદુસ્તાનમાં અંગ્રેજ માલ સામે નો બાયકોટ જેવાજેવા ચાલુ કરવાની આગ્રહ પુરવક હીમાયત કરી, અને નાતાલના હીંદીઓના સામેના કાયદા માટે પણ આજ ધોરણ પકડવાની જરૂરીયાત બતાવી હતી.

'રેયર' નો ખબરપત્રી જણાવે છે કે ટ્રાંસવાલ વિષે વેસ્ટ મીનીસ્ટરખાતે જે મીટીંગ થઇ હતી તે વખતે સર મંચેરજી ભાવનગરીએ ઘણા આવેશમાં આવી જઇ જણાવ્યું હતું કે તે નાનકડી સરખી પૈસા નો ઠળીયા બાબુ ખોર પ્રજાએ, તેના કરતાં ઘણોજ જુનો સુધારો ધરાવતી હીંદુસ્તાન ની કરોડોની વસતીનું વિના કારણ અપ માન કરવું છે.

લંડન, તા. ૧૯, સોમવાર.

ટ્રાંસવાલની જેલમાં અપાતા હલકા ખોરાક વિષે વડી પાર્લામેંટમાં પુછાયલા સવાલના જવાબમાં કરનલ સીલીએ જણાવ્યું કે આ વિષે ટ્રાંસવાલ સરકાર અને કોલોનીઅલ ઓફીસ વચ્ચે લખાણ ચાલે છે.

દક્ષિણ આફ્રિકાના હીંદીઓ ઉપર પડતી હાડમારી વિષે રાહત માગવાને વડી પાર્લામેંટના બંને હાઉસ (હાઉસ ઓફ લોર્ડસ તથા હાઉસ ઓફ કોમન્સ) ના સભાસદો નું એક ડેપ્યુટેશન લોરડ મોરલી અને અરલ કરમુ પાસે લઇ જવાનું નક્કી થયું છે.

લો૦ એમ્પથીલે જણાવ્યું છે કે તે પોતે આ વિષય ઉપર હાઉસ ઓફ લોરડમાં ચરચા કરશે.

લંડન, તા. ૨૦ મંગળવાર

ટ્રાંસવાલના એશીઆટીક સવાલ વીષે સાડ પાનાની બ્લુ બુક આજ રેજ બહાર પડી છે. આ ચોપડીમાં લોરડ મોરલીએ આ વીષે હીંદુસ્તાનમાં ફેલાએલી લાગણી શાંત પાડવાની મીતા બતાવનારા કાગળો બતાવ્યા છે. તથા લોરડ મોરલીએ ટ્રાંસવાલ સરકારે આપેલી રાહતની કદર કરી હતી.

રેવરંડ એફ. બી. મેયર જે થોડા વખત ઉપર દક્ષીણ આફ્રીકામાં મુસાફરી કરી આવ્યા છે તેણે છાપાઓમાં કાગળ લખ્યો છે કે મી. ગાંધી જેવા ધરમાત્મા સાથે દુખ ભોગવવામાં હું માન સમજું છું.

ગયા વરસની આખરીએ અમે જે ડાયરી કાઢી હતી તે ઉપયોગી થએલી છે એમ ઇ. ઓ. ના કેટલાક વાંચનારાઓએ અમને જણાવ્યુ છે. તેમાં કેટલીક ખામી ઓ પણ બતાવેલી છે. આ વરસની આખ રીએ નવા વરસની ડાયરી ભેટ આપવાનો ઇરાદો રાખીએ છીએ. આમાં ગયા વરસની ડાયરી કરતાં કેટલોક સુધારો થશે. ગયે વરસે એક પાના ઉપર એક મહીનો હતો તેને બદલે આ ડાયરીમાં એક પાના ઉપર બે દિવસની નોંધ લઇ શકાશે. આ ડાયરીનું કદ 'સત્યાગ્રહ'ના પુસ્તક જેવું થશે. તેમાં કેટલીક ઉપયોગી બાબતો પણ દાખલ કરયું. કુલ પાના ૨૨૫ ની આસ પાસ થવાનો સંભવ છે. આ ડાયરીને માટે જે ઇ. ઓ ના વાંચનાર કંઇ ઉપ યોગી સુચના મોકલશે તેની બની શકે તે પ્રમાણમાં અમે નોંધ લઇશું. આ ડાયરી માટે સાઉથ આફ્રિકાના જુદા જુદા હીંદી મંડળોની ટુંકી અને મુદ્દાસર હકીકતો મોકલવાની અમારા વાંચનાર પાસે અમે માગણી કરીએ છીએ. આ ડાયરીમાં જાહેર ખબર નાખવાનો દર એક પાનાનો એક પાઉંડ રાખેલો છે અરધા પાનાને માટે અરધો દર છે. જે ગ્રાહકોએ આવતા વરસ ૧૯૦૮ના ડીસેમ્બરની ૩૧ તારીખ સુધીનું લવાજમ આપી દીધું હશે તેમને આ ડાયરી ભેટ આપવામાં આવશે.

એક અખબારથી અમને લખી જણાવે છે કે કેપટાઉન ખાતે સ્વામી શ્રી શંકરાનંદ ને આદર આપવામાં ત્યાંની મુનાફટેક હીંદુ એસોસીએશનના કારભારીઓ સભા સદો વીગેરે બીજા ઘણા હીંદુઓ હતા.

વીલાયતમાં વોટને માટે હકની લડત લેતી બાનુઓ સખ્યાબંધ જેલમાં જવા લાગી છે, જેમાંની ઘણીક તો નામાંકિત છે. તેઓના ઉતરાણામાં રોકડ તથા અંગેસત મળવા લાગ્યું છે.

કલકત્તામાં આગેવાન મંડળમાં એવી ચરચા થઇ છે કે, લેા૦ મીંટો હીંદી વઝર લેા૦ મોરલીને નવેંબર માસમાં દીલ્હીખાતે ૧૮૫૮ના દરબારની ૫૦ વરસની યાદગીરીમાં સભા મળનારી દરબારમાં સામેલ થવાનું આમંત્રણ કરયું છે. જે લેા૦ મોર્લેએ સ્વીકારયું છે.

નાતાલના હીંદી વિરુદ્ધ બીલો

છાપાઓની ટીકા

નાતાલમાંથી હીંદી વેપારીઓને હાંકી કાઢવા પારલામેંટે જે બીલો ઘડીને વીલાયત મંજુરી માટે મોકલ્યા હતા તેને વડી સરકાર નામંજુર રાખશે એવો સંભળ દેખાતા ખબર રૂટરે તારથી આપ્યા છે, તે સંબંધમાં જુદા જુદા છાપાએ જે ટીકા કરી છે તેનો સાર નીચે મુજબ છે.

નાતાલ મરકયુરી

લખે છે કે આ કાયદાથી અંગરેજની રૈયત ને કોલોનીમાં વસવાટ કરવાના હક આપવામાં આવેલ છે તે છીનવી લેવામાં આવે છે. આપણી સરકારે ગીરમીટ બંધ કરી એશીઆમાંથી નવા આવનાર ઉપર અટકાયત મુકનારા કાયદા કરવા હતા તો તેને વડી સરકારની મંજુરી મળી શકત. ગીરમીટ બંધ કરવા બાબતનું બીલ કેટલી બેઠકમાં ઘડાયું હતું; પણ તે તો લટકતું રહ્યું, અને આ બે બીલો જેને મંજુરી મળવાનો સંભવ નથી એમ અમે આગળ થી ચેતવણી આપી હતી તેના ઉપર વખત ગુમાવ્યો. જન્મભુમી તરીકે જેને રહેવાનો હક છે તેવા માણસને વેપાર કરી પોતાની રોટી કમાઇ ખાવાની અટકાયત મુકવામાં આવી છે. આવા કાયદા દરેક રીતે વિચાર કરતાં ખુની માલુમ પડે છે. તે હડહડતો અન્યાય છે. પણ તેથી એક દુઃખ મટી બીજું દુઃખ ઉભું થવાનું રહ્યું. કેમકે જો હીંદીઓ વેપાર નહીં કરી શકે તો પછી ઉદ્યોગ શરૂ કરશે એટલે આજ સુધી કોલોનીનો ઉદ્યોગ જે સુવાંગ આપ ણે હાથ છે તેમાં નવા હરીફ ઉભા થશે. આ બે કાયદા બ્રીટીશ ન્યાયને જોટા લગાડનાર છે, અને અપંગ જનતના કોમી કાયદા છે.

નાતાલ એડવરટાઇઝર

લખે છે કે આ કાયદાને વડી સરકાર ના મંજુરી આપવાનો ઇરાદો રાખે છે એવું લોરડ કરમુએ જાહેર કરયું છે તે ખબર થી નાતાલ તાજુબી પામશે નહીં. નાતાલ માં જન્મેલા અને બીજા હીંદીઓને એક સાથે રાખી બધાને એક સામટા વેપાર કરતા અટકાવવાનો ઇરાદો રાખે એવા બીજાને વડી સરકાર મંજુરી આપે નહીં એ એક હદ પણ વિચાર કરવા જેવો તેને માલુમ પડી રહે તેવું હતું. આવાં પગલાંથી આ દેશમાં પણ એવી લાંબા વખ તે સરકાર અને કલોનીઓ વચ્ચે મુશ્કેલી ઉભી કરવા આપે છે કે જેમાં મોટા ભાગના હીંદીઓને આપણા અટકાવવાનું બીલ લટકતું રહ્યું છે અને વેપારી હીંદી મારેના બીલની આ દશા થઇ છે એટલે હવે થયું એમ, કે નાતાલના હીંદી સવાલ માટે આજ સુધી જે ઢાહો કરી તે અને તે પછવાડે જે વખત અને પઇસો વાપર યો તે બધું એળે ગયું. દેશના સુધારા નવા આબાદીને હાની કરે તેવા પારલા મેંટના આ રમખીઆળ કામથી નાતાલના પેકો તેના પ્રત્યે અતી ગુસ્સે થયા છે.

નાતાલ ટાઇમ્સ

લખે છે કે આ બીલ નામંજુર કરી તે તો અપેક્ષાયોગ્ય માની લીધું હતું. અહીં ની સરકારે આવું બીલ પાસ કરીને એક રમું એજ અનએથી ભરેલું છે. આ બીલના બીલ વાંચન વખતે ડા. ગબીન્સે જાહેર કરયું કે સરકાર આ બીલને પાસ કરવાને ખરા દીલથી ઇરાદો રાખે છે. અને તેના દુરાગ્રહનું પરીણામ આવ્યું તે-આપ ણે જોઇએ છીએ. હીંદી વેપારીઓ ગોરા વેપારીઓ સાથે હરીફાઇ કરેછે. આ શીવાય બીજી કોઇ દલીલ આ બીલ પાસ કરાવવા માટે કોલોનીઅલ સેક્રેટરી મી. ગબીન્સે બતાવી ન હતી. હીંદી વેપારીઓ ની તરફેણમાં અમે નથી. અને અમે માનીએ છીએ કે નાતાલમાં જન્મેલા હીંદી સિવાયના નવા એકે હીંદી ભાઇસેન્સ કાઢવા નહીં જોઇએ. પરંતુ જે લોકોને અહીં વસવાની રજા આપી, અહીં જેને વેપાર ધંધામાં પઇસો પાથરવાની રજા આપી તેને વેપાર કરતા અટકાવવા એ હદી નહીં સાંકળી હોય એવી વાત છે; અને જે હીંદી નાતાલમાંજ જન્મેલો છે, જે નાતાલ સીવાય બીજે કોઇ દેશ જાણ તોજ નથી, તેને કોઇ રીતે વેપાર કરતો અટકાવવો એતો મહા ભયંકર છે. આવો ઠરાવ અન્યથી કાયદો ઇંગરેજના રાજમાં કોઇ જગ્યાએ પડયો નથી. અને નાતાલ તેમ કાયદા ઘડવાની પહેલ કરે તો જોઇ એ અફસોસની વાત છે. જે હીંદીઓ અહીં વસેલા છે તેમના તરફ કેવી વરતણુંક ચલાવવી તે વિશે ગમે તે મતભેદ હોય પણ નવા હીંદીઓને આઘાત કરી દક્ષિણ આફ્રીકાની મુશ્કેલીઓમાં ગુંચવાડો ઉભો કરવાને કોઇ પણ ઇરાદો રાખવું નથી.

ટ્રાંસવાલનો લંડનને લગતા જાણવા લાયક ખબરો

ટ્રાંસવાલ લીડરના અધીપતીએ ફરીને તા. ૬ના અંકમાં એક આરટીકલ લખી સરકારને હીંદીઓની બાબતમાં હજુસ રાખવાની ભલામણ કરી છે.

નાતાલ ટ્રાંસવાલના અધીપતી તા. ૨૩ ના અંકમાં એક આરટીકલ લખી જણાવે છે કે મી. ગાંધી જેવાને જેલમાં જવાનો પ્રસંગ આવ્યો એ દીલગીરીની વાત છે. લોરડ કરમુએ પારલામેંટમા જાહેર કરયું કે કેળવાયલા હીંદીને દાખલ કરવામાં અટકાવ નહીં આવે. અમારી સમજ પ્રમાણે મી. ગાંધીની માગણી પણ તેજ છે. તો કેનેડાની સરકારની માફક અમુક હીંદીઓને આવવા દેવાની ગોઠવણ કરી સલાહ શા માટે કરવામાં આવતી નથી? હાલની મુશ્કેલીઓથી હિંદુસ્થાનની સરકારને કેટલીક અડચણો નડે છે એ ટ્રાંસવાલે યાદ રાખવું જોઇએ.

મોરીસના માજી ગવરનર સર ચારલસ બરૂસે 'ઇમ્પાયર રીવ્યુ'ના અકટોબરના અંકમાં મજબુત દલીલો આપી ટ્રાંસવાલ ના હીંદીની તરફેણમાં એક લાંબો આરટીકલ લખ્યો છે.

લંડનનું 'સેટરડે રીવ્યુ' તા. ૨૬ સપ્ટેંબર ના અંકમાં લખે છે કે ટ્રાંસવાલની લડતથી ટ્રાંસવાલ તેમજ હિંદુસ્થાન અને જગતના હીંદીઓના મન ખાલાગી રહ્યાં છે. સુલેહને માટે મી. ગાંધી વીલાયત આવે છે. અને તે બાબત કેવી રીતે કામ લેવું તે લોરડ મોરલી અને લોરડ કરમુએ નકકી કરી રાખ્યું છે.

મી. પોલકે જોહાન્સબરગના બધાર્ં એક કાગળ લખી જાહેર કરયું છે કે સર કાર હીંદીઓ તરફ લડત દરમીયાન ખ્રીસ્તી ધરમને શરમ ભરેલી રીતે વરતાવુ બતાવે છે. આ કાગળમાં મીસીસ મનીને મીસીસ નાયડુની માફક એક બાળકનો જોગ આપવો પડયો તેનો દાખલો ટાંકયો છે. તે ઉપરાંત પ્રેસીડેંટ કરીગરમાંથી એક બાઇને કેમીકલવાળો ઉતારકામાં અટકાયત કરવામાં આવી તથા મી. ગાંધીને જેલી

કપડાંમાં પારેક રોકાનોથી કેટલું સુધી ચલણી લઇ જવામાં આવ્યા તે દાખલાઓ આપેલા છે.

સાંજવર્તમાનના પારસી નવા વર્ષના અંકમાં ૭૬ ચિત્રો માં ટ્રાંસવાલની સફરમાં જેલ જોવાની આવેલા મી. ગાંધી મી. અબ્દુલ કાદર બાવાઝીર તથા મી. ચેલારામજી રૂપારેલ વકીલોના ચિત્રો છે.

હિંદુસ્થાનની ઊંચી દરજ્જાના કેટલાક અખબારોને કાગળ મળ્યા છે તેમાં જણાવે છે કે મુંબઇમાં ટ્રાંસવાલ માટે જાહેર મીટીંગ બોલાવવાની સખત માગણી કરવામાં આવી છે.

મી. હરીલાલ વાલજી ઠાકરની સહીથી 'મુંબઇ સમાચાર'માં ટ્રાંસવાલની સખત જુલમ ભોગવી હીંદના કેળવાયલાના લાભ સાચવવા ને માટે છે અને તે કામમાં હિંદથી મદદ કરવાની ઘણી આવશ્યકતા છે તે બતાવનારો બે કોલમનો એક લાંબો કાગળ પ્રગટ થયો છે

મુંબઇના 'સાંજવરતમાન' છાપામાં જોહાનિસબરગથી 'મ. ઉ.' ની સહીથી લખાયેલો એક કાગળ પ્રગટ થયો છે તેમાં ટ્રાંસવાલની સખત ગોરાંની કેટલીક દરકાર આપી છે. તથા હીંદ પરસેથી મદદ શકે તે મદદ માગી છે.

હીંદી પંચમાં મહેંદ્ર મોહનું ચિત્ર આપી બતાવ્યું છે કે ટ્રાંસવાલના ગોરા રૂપી ગુંડે હીંદીરામરૂપી હાથીને પકડેલ છે એટલે હાથી નીચે પ્રમાણે પ્રાર્થના કરે છે.

("મને સહાય કરશે મોરારીરે"—એ રાહ.)

મને સહાય કરવા કોં' આવોરે!
પાપ ભયરનાં મુજથી મુકાવો! ટેક
દયા બતાવો! પીડા પતાવો!
કોઇ આવો! આવો! ઝટ આવો!
મને સહાય કરવા૦
પાછળી પહોંચી જાગ મદદે જંજલમાં
દમપંની રાખું ઉગારી:
એમ આવો "ખેરી" પ્યારા,
ટ્રાંસવાલ્યોથી બચાવો!
મને સહાય કરવા૦

૨૬૨ તારથી જણાવે છે કે:—જોહાનિસબરગમાં હીંદુઓના પ્રતિનીધીની એક મીટીંગમાં ટ્રાંસવાલ સરકાર ની એશિયાટીક આઇની વરતણુકને સખત શબ્દોમાં વખોડી કાઢનારા ઠરાવો થયા છે. દક્ષિણ આફ્રિકાથી મંજુરની આયાત બંધ કરવાની માગણી કરવામાં આવી હતી, અને તેમ નહિ થાય તો દક્ષિણ આફ્રિકા ની નામદારને બાયકોટ કરવાનું જાહેર કરવું હતું. વળી સરકારને વધારે પડવાની કરે કર પાસે હરીફોથી ખાસ પ્રતિનિધિ મોકલવા માગણી કરવામાં આવી હતી.

ટ્રાંસવાલના મામલા વિષે હીંદુસ્થાનના છાપાઓ શું કહે છે?

હિંદુસ્થાનના મામલા વિષે હીંદુસ્થાનના સઘળાં છાપાઓમાં વધુ ઓછી ચરચા ચાલી રહી છે. સઘળા છાપાએ ટ્રાંસવાલની રાજનીતીને સખત શબ્દોમાં વખોડી કાઢી છે. સરકારને વચ્ચે પડવા ની માગણી કરી છે, અને હીંદુસ્તાનની પ્રજાને સખત પોકાર કરવાની જરૂરીયાત કરી છે. કેટલાક લખાણો અમે નીચે આપીએ છીએ.

"ટાઇમ્સ ઓફ ઇંડિયા"

લખે છે કે:—ટ્રાંસવાલ ખાતેથી મળેલી ખબરો ઘણી દુઃખદાયક છે. હીંદીઓને દેશપાર કાઢ્યા પછી તેઓ સંસ્થાનમાં પાછા આવ્યા તે માટે તેઓને જેલમાં મોકલવા સંબંધી હીંદીઓએ જે અપીલ કરી છે, તે લાગણી વગર વાંચવી તે અશક્ય છે. તેઓ સઘળા ઉંચી પંકતી ના અને કેળવાએલા માણસો છે. અને કુદરત ફરજ અદા કરવા શીવાય બીજા કારણ માટે તેઓ કાયદાની સામે થાય તે માનવું અશક્ય છે. લોરડ એમ્પથીલ ના શબ્દોમાં ટ્રાંસવાલ સરકારની રાજ નીતી ગેરવાજબી છે, અને એક બાદશાહી ફરજ ન રદીકારવાની તે ભુલ કરે છે.

'પારસી'

તા. ૬ સપ્ટેંબરના અંકમાં લખે છે કે:—ટ્રાંસવાલની સરકાર અવધી કરી રહી છે. હીંદવાસીની હાડમારી અને હેરાનગતી હદથી જ્યાદા થઇ પડી છે. એક પછી બીજા હીંદીવાસને પેલા જુલમી પ્રોગ્રેશન એકટને તાબે નહીં થવા માટે પકડી દંડ યાતો કેદમાં મોકલવામાં આવે છે. એવી ગેરવાજબી અને નામોશી ભરેલી ધરપકડની ઉંધી ખાપર મળવાને હજી તો એક પખવાડીયું પસાર થયું નથી તેટલામાં આફ્રિકાની હીંદી કોંગ્રેસના અગ્રેસરોને પકડી કેદમાં મોકલવાના સંદેશાએ આફ્રિકાની સરકારની જુલમી રાજનીતીનો વધુ પુરાવો પુરો પાડયો છે. આ રીતના જોહુકમી અમલનો કયારે અંત આવશે એમ આજે સહુ કોઇ પુછે છે. કેટલું અજબ જેવું કે એકજ સહેનશાહની પ્રજા હીંદીના રાજ્ય અમલના પ્રતાપી ઝુંડા હેઠળ આ પ્રકારની જુલમો અને જબરજસ્ત રાજનીતી ને આધીન થતા અને તેઓને તેમાંથી મુકત કરવા માટે હજી સુધી આંખ આડા કાન કરવામાં આવે છે? એ શું વિશ્વીય અને વખોડી કાઢવા જેવું નથી કે જે સંસ્થાનો બ્રીટાનવામાં જે પ્રજાએ પોતાનું લોહી રેડયું અને બેસુમાર રંજ અને ગંજ ખેંચયો તે પ્રજાને ટ્રાંસવાલના મુલકમાંથી હાંકી કાઢવાની હડહડતી ગેર ઇનસાફી ને આપખુદ રાજનીતી અખત્યાર કરવામાં આવી છે? મરહુમ ગ્રહ પ્રતાપી મહારાણી વિકટોરીયાએ સરવે કોમોને ન્યાત જાતના કાયદા પણ તફાવત વગર એક સરખી રીતે ગણવાનો જે માત બર અને પવીત્ર કોલ આપ્યો હતો તે પાળવાને નામદાર હીંદીશ સરકારે ટ્રાંસવાલના સતાધારીઓને ફરજ પાડવા જોઇએ છે, અને હવે વધુ વખત સુધી આવી હાંજન લગાડનારી રાજનીતી ચલાવવી જોઇતી નથી. નામદાર લોરડ મોરલી જેવા હીંદી વજીર અને લોરડ મીંટો જેવા વાઇસરોયના રાજ્યઅમલનાં દક્ષિણ આફ્રિકાની હીંદીશન રહયતની દાદ લેવાએલી જોવાને અને તેની તરફથી સખત અન્યાયકારી નીકાળવાને આખું હીંદ આજે આતુર છે. પણ તે કયાં છે? હીંદુસ્તાનની હીંદી રહયતે પણ ટ્રાંસવાલ ની જુલમી રાજનીતી સામે પ્રોટેસ્ટ ઉઠાવવાને પછાત પડવું જોઇતું નથી. અને શકેરે શહેર તથા દેશે દેશમાં તેમની સામેની પ્રોટેસ્ટ સભાઓની હીલચાલ વહેલી ઉભી થવી જોઇએ છે. દેશી અગ્રેસરોએ પણ બીદાર બની પોતાના દેશી બંધુઓને દક્ષિણ આફ્રિકાના દુર દરા મુલકમાં પેદા થતી હેરાનગતી નો છેડો લાવવા માટે ઘટતી સર્વ ચલા, વવાને ચુકવું જોઇતું નથી.

'રાસ્ત ગોફ્તર'

તા. ૨૦ સપ્ટેંબરના અંકમાં લખે છે કે:—હીંદુસ્તાનમાંએક બીજીઅપશાંતિએદેખાવ દેવા માંડયોછે,અને તેદક્ષિણ આફ્રિકામાં ટ્રાંસવાલ અને નાતાલનાં સ્વતંત્ર બોલાં સંસ્થાનો ની ગોરી સરકારની અસહ્ય સખતાઇઓ ને લીધે ત્યાં વસતા માતબર વેપારીઓથી ગરીબ મજુરો સુધી સરવ હીંદીઓને અમલી પડતી ભારી હાડમારીને લયતી જોવેવી છે. આ ગોરાં સંસ્થાનોને ઇંગ્લાંડ ની સરકારે તેમનો સ્વતંત્ર કારોબાર સોંપી દઇને આપણા ગરીબડા દેશીભાઇ ઓને બચાવ જનારૂપે મદદ મોટી આપદામાં લાવી નાખ્યા છે. અને તેથી કોઇ દલકા કે ઉતરવી હીલમતા નહીં પણ ખાંની ઠરકાની મંડળીના સભાસદોને અને બીજા માતબર તેમજ આગેવાન વેપારીઓને આવી સખ્ત ભોંયરું કરમાવવામાં આવે

છે. આ બાબે બ્રિટીશ પ્રધનોના કાન ખોલવામાં આવ્યા છતાં કશું વળતું નથી. સંસ્થાનોના વજીરો કશું કરી શકયા નથી. તેઓ આ આફ્રિકન સંસ્થાનોને સ્વતંત્ર સમજીને તેમનાં કામની વચ્ચે આવવાની ના પાડે છે. પણ આ વાંધો કે બીજી જુદી જુદી પ્રજાઓ વચ્ચેનો નથી પણ નામ દાર શહેનશાહ છઠ્ઠા એડવર્ડની ગોરી અને કાળી પ્રજાઓ વચ્ચેનો છે, એમ ધ્યાનમાં લેવામાં આવતું નથી. હાલ આમલો એટલી બધી દૂર સુધી ગયો છે કે જેમ દક્ષિણ આફ્રીકાથી તેમજ આ બધી તરફથી અંગ્રેજી તેમજ બ્રિટીશ સરકારોપર જુલમની ફરિયાદના તારના સંદેશા બહુ આગ્રહ સાથ રવાના કરવા માં આવ્યા છે. મુંબઇ બાદેની પ્રેસીડન્સી એસોસીએશન, અંજુમને ઇસલામ, પારસી પંચાયતનાં ફંડોના ત્રસ્ટીઓ વગેરેએ ઘડતે ઠેકાણે સંદેશાઓ ઠોકીને બાપ। લાચાર થઇ પડેલા હીંદીઓના માટેની દાદ માગી છે. એક તરફથી આમ આપણી તરફ ચળવળ ઉઠેલી છે ત્યારે બીજી તરફ ઇંગ્લાંડ માં મદરાસના માજી ગવરનર લોર્ડ એમ્પ્ટ હીલે અને પારલામેંટના મજી સભાસદ સર મંચેરજી ભાવનગરીએ ત્યાંના આગેવાન પત્રોમાં અગત્યના લેખો પ્રગટ કરીને તેમાં દક્ષિણ આફ્રિકાના હીંદીઓની ફરિયાદને ટેકો આપ્યો છે. સર મનચેરજી ટ્રાંસવાલના પ્રધાન જનરલ સ્મટસને તથા તેના બીજા સાથીઓને ચેતાવે છે કે હીંદી ઓની વિરૂદ્ધની જે રાજનીતિ તેઓએ હાથ ધરી છે તેમાં તેઓ કેવો મોટો ભયંકર માથે બેચી લે છે તે બાબે ખુબ ફરિયા દ કરીને કામ લેવું.

મોટી દિલગીરીની વાત છે કે એ ગેર ઇનસાફ દુર કરવાને શાહનશાહતના વજીરો અશકત છે! તેઓ આ ગોરાં સંસ્થાનો ને સ્વરાજ્યના હકક આપી દઇને પોતાને તેમના કારોબારમાં વચ્ચે પડવા જેટલાથી સામરથવાન જોતા નથી. હીંદી અશાંતિ જોડે આ આફ્રિકન બેચેનીએ બ્રિટીશ સરકારને નાદક કટોકટીમાં લાવી મુકી છે. એનો દોષ નામદાર સરકારને માથે નથી પણ ટ્રાંસવાલની વસાહતી સરકારને માથે છે. તેણે સ્વરાજ્ય મેળવ્યું છે ખરું પણ તે ભોગવવાને લાયક તે સાબીત થયું નથી. તે અકર જો બ્રિટીશ સરકારને તાબે થાય નહિ, તેની સલાહ તે માને નહિ, અને ત્યાં બાદ વસેલા હીંદીઓને એક સરખા હક આપવાની તે ના પાડે, તો તેનું આ સ્વરાજ્ય રેતી કરતાંયે પાછું લઇ લેવું જોઇએ.

'અખબારે સોદાગર'

'અખબારે સોદાગર' એક લાંબા લખ. ણમાં દરમીઆન જણાવે છે કે—હર હીરે જસ્ટીસે બાજબી રીતે જણાવ્યું છે કે આ દેશમાં ફરી એકવાર લોક લાગણી ઘણીજ ઉશ્કેરાઇ છે. જો લોક લાગણી વિષે સર હીરોજશા બોલે છે તે બેશક સોદાગરી એક કોમ યા એક વિભાગની લાગણી નથી. પણ આખી હીંદી પ્રજાની એ લાગણી છે. જ્યાં જ્યારે કાંઇપણ તકરાર વગર એકે એક હીંદીવાસી ટ્રાંસવાલના પોતાના લાભાર્થો તરફ લાગણી અને દીલસોજી ધરાવે છે.

ટ્રાંસવાલ માટે હિંદુસ્થાનમાં મીટીંગો

સાંદેરની અંજુમને ઇસ્લામની જાહેર સભા

'અખબારે સોદાગર' નો સુરતખાતેનો ખબરપત્રી તા. ૨૩ સપ્ટેમ્બરના રોજ લખેછે કે: સાંદેરની અંજુમને ઇસ્લામની એક સભા ગઇ કાલે બપોરે ટ્રાંસવાલખાતે કેદ પકડ હએલા હીંદી આગેવાનોને કેદ પકડવામાટે દીલગીરી જાહેર કરવા તથા ટ્રાંસવાલના હીંદીઓ ઉપર ગુજરતી સખ્તાઇ દુર કરી તેવો ઠરાવ કરવાના. સંબંધમાં નામદાર હીંદી પ્રધાન, નામદાર લોર્ડ મોર્લે, નામદાર ગવરનર વિગેરેને વચ્ચે પડવા અરજ કરવા ને સબબદસીન કાજી સાહબ પોરબંદરવાલા પ્રમુખપણા હેઠળ મળી હતી, જે પ્રસંગે અંજુમનના સભાસદો વિગેરેની મોટી સંખ્યાએ સભામાં હાજરી આપી હતી પ્રમુખે પોતાને આપવામાં આવેલા પ્રમુખ તરીકેના માનને માટે આભાર બતાવતાં સભા બોલાવવાનું કારણ કહી સંભળાવ્યું હતું. એ પછી મી. માલમહમદ અબ્દુલ રહેમાને નીચેના ઠરાવો રજુ કર્યા જે સર્વાનુમતે પસાર થયા હતા.

ઠરાવ પહેલો:—આ સભા પોતાના દેશ બંધુઓ જેઓમાં જણાવેલા આગેવાન મી. ઇસ્તમજી, મી. દાઉદ મહમદ, અને મહમદ કાસમ આંગરીઆ વિગેરેને ટ્રાંસવાલ વિરે અફ્રિકાના મુલકમાં લાંબા વખતે અન્યાય તરીકે કેદની સજા કરી છે તે તરફ ઘારે અફસોસ જાહેર કરે છે.

ઠરાવ બીજો:—આ સભા વળી વધુ એવો ઠરાવ કરે છે કે, આવો કાયદો બ્રિટીશ પ્રજાને માટે કાયદેમુજબ ગણી અન્યાય સરખો છે. માટે બ્રિટીશ સર કારની વફાદાર પ્રજા તરીકે હીંદીવાસીઓએ લાયની ટ્રાંસવાલની લડાઇમાં ભારે લક્ષ પોતાનું લોહી રેડ્યું છે, ત્યારે નામદાર બ્રિટીશ સરકારની ફરજ છે કે, ટ્રાંસવાલ ના હીંદીઓને પોતાની એક વફાદાર પ્રજા ગણી તેમની રક્ષા કરી પોતાની પ્રજા સમજીને તેમના કુદરતી હકોનો નાશ નહીં થવા દેવો અને હાલમાં જે બેજાદારો કોમ ના આગેવાનોને લોની સરકારે સજા કરી છે, તેમને છોડી મેલવા અને અન્યાય અને દાદમારી જે હીંદીવાસીઓને ભોગવવી પડે છે તેનો અટકાવ કરવો.

ઠરાવ ત્રીજો: આ જાહેર સભા બ્રિટીશ પારલામેંટ અને પ્રધાન મંડળને ઘણી નમ્રપુરઃસર રીતે અરજ કરે છે કે, હીંદીઓ તરફ ગામાજુએ વરતવા પોતાથી બનતું કરી હીંદની વફાદાર પ્રજાને આભારી કરવી.

ઠરાવ ચોથો—ટ્રાંસવાલખાતે હીંદના માનવંતા આગેવાનોને કેદ કરવામાં આવ્યા છે, તેમને કેદમાંથી છોડવવાને આપણી માયાળુ સરકારને અરજ કરવાને એક તાર હીંદી પ્રધાન, નામદાર મોર્લેસાહેબ અને મુંબઇના નામદાર ગવરનરને મોકલી આપવા. આ ઠરાવોની નકલો સર મંચે રજી ભાવનગરી, મી. જસ્ટીસ અમીરઅલી, મૌલ્વી મોહમ્મદ યુસુફ, મી. અને રીચ ઉપર મોકલવી.

ઉપરના ઠરાવ પસાર થયા પછી નામદાર બાબા બ્યાનીતા હેઠ પીરભાઇ મહમદ મોનીએ ટ્રાંસવાલના હીંદીવાસીઓને આમની પડતી હાલમારી વિષે બોલતાં જણાવ્યું કે, ત્યાંના હીંદીઓએ આપણી માનવંત માયાળુ સર કારના આશ્રયથી ચીવટપણે સખત કાયદા ને તાબે ન થતાં ભારે જોહુકમ ઉઠાવી. હીંદીઓના હકમાટે અનશનની હાની અમી કેદ પણ ગયા છે. આ કામ તેમના પોતાના સ્વરાજ્ય માટે નહિ પણ આપણા સર્વ હીંદી ભાઇઓનાં ભલાં માટે છે. પણ હું દિલગીરી કરું છું કે, મી. ગાંધીએ ભારે જોહુકમ ઉઠાવી બલીદાન આપ્યો છે. પોતાના લાભ માટે કાંઇ કર્યું નથી. પોતાના વહાલા પુત્રને પણ દેશના ભલા માટે અને સામાન્ય હક મેળ વવને કેદ મોકલવામાં માન સમજ્યા છે. કેટલાકો એ માટે ગમે તે બોલે છે તે ભુલ ભરેલ છે. અંજુમને બોલાવેલી સભા માટે હું મારી ખુશાલી જાહેર કરતાં કહીશ કે ખરેખર આવા બાહોશ આગેવા નોએ ટ્રાંસવાલમાં તેમ વસતા હીંદીવાસીના તરફ પોતાની સાચી વફાદારી દેખાડી આ મહાન કામ માથે લીધું છે. ભાઇઓ, આપણી ફરજ છે કે, જ્યારે આપણા

ઉપર દુઃખ આવી પડે, ત્યારે તેની ખબર બ્રિટીશ સરકારના અધીકારીઓ અને પારલામેંટની સરકારને વધી ચડેલ કરવા. પ્રમુખે એ પછી જણાવ્યું કે, ટરાંસવાલની સરકારે આપણા હીંદી આગેવાનોને કેદ કીધા તે માટે આપણે દીલગીરી જાહેર કરી સમજી કોમના મદદથે એ મળી તે માટે સરકારને અરજ કરી, અને આપણે તેની વકીલ દ્વારા રૂબરૂત તરીકે દાદ માગવી.

એ પછી મી. અબ્દુલકરીમ મીયાંએ શેઠ પીરમહમદ શેનદ્રુને સભામાં પધારેલા માટે પોતાનો આનંદ મનવા પછી નામદાર શહેનશાહ, નામદાર વેલ્સરાજ, નામદાર ગવરનર અને પારલામેંટ માટે દુવા માંગી હતી. બાદ સભા બરખાસ્ત થઇ હતી.

સુરતના શહેરીઓની જાહેર સભા

બીજા ખબરપત્રી તા. ૨૨ સપટેંબરના હાલમાં લખે છે કેઃ—હીંદુસ્તાનના વતની ઓ તરફ ટરાંસવાલની સરકાર જે વરતણુંક ચલાવે છે અને આ દેશના આગેવાન વતનીઓને કેદમાં મોકલે છે અને દેશપાર કરે છે તે રાજ્ય નીતિ તરફ આ શહેરની જાહેર પ્રજાનો અણગમો અને નાપસંદગી દરશાવવાનો ઠરાવ કરવા આ શહેર તથા તેની આસપાસનાં સમસ્ત ગામોના તમામ લોકોની જાહેર સભા અંચની ડીસ્ટ્રીક્ટ એસોસીએશન તરફથી આજે સાંજે ૭ વાગતે ચોકબજારમાં મી રાવબહાદુર નગીનચંદ્ર ઝવેરચંદ ઝવેરી ના પ્રેસીડેંટપણાના જાહેર હોલમાં ભોલા વર્ગમાં આવી હતી. સભામાં ઓનરેબલ સભ્યવર્ગ શેઠ એલ એમ એદરૂસ, સરદાર દાવર કેખુશરો એદલજી મોદી, ખા. બા. ફ્રામજી એદલજી મોદી, રા. બા. ખંડુભાઇ ગુલાબભાઇ, મેસરસ ચંદ્રશંકર ભીમાનંદ, ઠાકોરરામ કપીલરામ, ચુનીલાલ માણેક લલ્લુ ભાંખી, બળવંતરાવ શ્રીપુરુષોત્તમ, ડો. રામલાલ લલુભાઇ, અનુપરામ કીરપા રામ, ગાયકવા કેરામજી બમુખાં, પીર મહમદ, સદરુદ્દીન એદરૂસ તથા બીજા મહત્વો વિગેરે મળી આશરે ૩૦૦થી૪૦૦ માણસો હાજર હતા.

શરૂઆતમાં સભામાં વકીલ મી. કાળા ભાઇ લલ્લુભાઇએ પોતાની નાદુરસ્ત તબીયતના કારણોથી હાજરી નહીં આપી શકવા માટે દિલગીરી બતાવતો તાર મોકલ્યો પછી ઓનરેબલ સભ્યવર્ગ શેઠ એલ એદરૂસને આપવામાં આવ્યો હતો. એ પછી તેઓ એ સભાના કામ તરફ દીલસોજી બતાવી દરાંસવાલના હીંદીવાસીઓની થઇ પડેલી કફોડી હાલત દૂર કરવામાં આવવી જોઇ એ તરફ બતાવતા નામદાર શહેનશાહની પ્રજા તરીકે બીજી પ્રજા સાથે હીંદી પ્રજાને સમાનતા ઉપર મુકવામાં આવશે એવું જણાવ્યું હતું.

સરદાર દાવર કેખુશરો એદલજી મોદીની દરખાસ્તને ડો. રામલાલે ટેકો આપવાથી હરાવ થયો કે અજની સભાનું પ્રમુખપદ ઓનરેબલ સભ્યવર્ગ શેઠ એલ એદરૂસને આપવું. દરખાસ્તની પુષ્ટીમાં તેઓએ સભા બોલાવવાનું કારણ કહી સંભળાવતાં જણાવ્યું કે ટરાંસવાલની અંદર આપણા સુરત જીલ્લાના મુસલમાનો મોટી સંખ્યામાં છે. તેથી એ સંખ્યા હીંદુઓની છે અને પારસીઓની સંખ્યા ઘણી જુજ છે.

ઓનરેબલ મી સભ્યવર્ગ શેઠ એલ એદરૂસે પ્રમુખપદ લઇ જણાવ્યું કે આજની મોટી સભાનું પ્રમુખપદ આપવાનું માન તમે મને આપ્યું છે તે માટે હું તમારો ઉપકાર માનું છું. સભા બોલાવવાનું કારણ સરદાર દાવર કેખુશરૂએ તમોને કહી સંભળાવ્યું છે. તે અને આપણા હીંદવાસીઓ ઉપર ટરાંસવાલમાં જે સંકટ ગુજરે છે તેમાંથી આપણી નામદાર સરકારને વકીલ દ્વારા હીંદી પ્રજા તરફથી મુકત કરવાને અરજ કરવાની છે. તેમ કામમાં મદદ કરવી એ મારી ફરજ હું સમજું છું.

પહેલો ઠરાવઃ—એ પછી સરદાર દાવર કેખુશરો એદલજી મોદીએ પહેલો ઠરાવ એવા રજુ કરેલો કેઃ—કેળવાએલા આબરૂદાર અને લોકમાં પ્રતિષ્ઠા પામેલા ટરાંસવાલમાં વસતા આ દેશના વતનીઓના ઉપર અંગ્રેજ સહેનશાહના એક અંગ ભુત તરીકેના પોતાના હક પ્રતિપાદન કરવા માટે કેદખતની અને દેશનીકાલની જે સખત સજા કરવામાં આવી છે તે માટે સુરત શહેર અને તેની આજુબાજુના પરા દેશના હીંદુ, મુસલમાન અને પારસી તમામ કોમના રહેવાસીઓની આ જાહેર સભા પોતાની ના પસંદગી અને દીલગીરી ની ઉંડી લાગણી જાહેર કરે છે.

શહેનશાહની હીંદુસ્તાનની પ્રજાનું પિતે શીઓના હકમાં પણ સંરક્ષણ કરવાને સારૂ સર્વ શક્તિમાન ઝીંટાનીઆનો બુઅર દેશ હમેશાં શક્તિમાન બનાવ્યો છે. તેથી બ્રિટીશ તાજના આશ્રય નીચે રહેના એક સ્વરાજ્ય બોલવતા બંધારણમાં બોઅર સામેના ઉશ્કા વિગ્રહમાં બ્રિટીશના વાવટા નીચે રહી લડનારે આબેહકમ શહેનશાહના રાજ્યાશ્રિત અને વફાદાર હીંદવાસીના ઉપર -જે સખત અને તેમને હલકા પાડે એવી વરતણુંક ચલાવવામાં આવે છે તેમાંથી તેઓને મુકત થવા માટે કંઇ હલ્લો ઉઠા વવામાં આવ્યો નથી તેથી આ સભા દીલગીરી છે. તેથી આ સભા હાજરત સેક્રેટરી ઓફ સ્ટેટ અને લીબરલ પ્રધાનમંડળને પણ આગ્રહ અને માનપૂર્વક અરજ ગુજારે છે કેઃ—દક્ષિણ આફ્રિકામાં વસતા નીરાધાર હીંદીવાસીના તરફથી તમે વચ્ચે પડો. આપનો બળવાન લાગવગ વાપરી એશીયાટીક રજીસ્ટ્રેશન એકટની હેરાન કરતી કલમો કઢી નંખાવો અને જે અધમ અને અસહ્ય હાલતમાં આવી પડયા છે તેમાંથી તેમને ઉગારો અને દરમ્યાનમાં જે હાડમારી તેમના ઉપર હદમાં વાપરવામાં આવે છે તે એકદમ બંધ કરાવો.

આ દરખાસ્તની પુષ્ટીમાં તેઓએ જણાવ્યું કે બોઅર સરકાર સાથે અંગ્રેજોને લડાઇ થઇ તે વખતે આપણા દેશીઓની મેદાનો લડાઇમાં બોલાવવામાં આવ્યો હતો. એ વખતે તે પ્રજા અબાદીમાં નહોતી પણ પાછળથી આબાદ થઇ હતી. તેઓએ લડાઇના હીંદીઓનો પોતાના કરતાં આગળ વધી જશે એવું જોયું ત્યારે નાના નાના કાયદાઓ કર્યા અને તેમના દેશમાં દેશીઓ જતા અંધ પડે તેમ કરવા લાગ્યા. તે વેળા બોઅર સરકારને બ્રીટીશ સરકારે જણાવ્યું હતું કે અમારી આ ઐજીઝ શહેનશાહની પ્રજા તમારા મુલકમાં આવે તેની સાથે એની વરતણુંક તમે ચલાવો તે ઠીક કહેવાય નહીં એ પછી બોઅર પ્રજા સાથે લડાઇ થતાં સરકાર ઉતરી. એ પછી લાંબા અમલદારો દેશીઓએ ટરાંસવાલમાં બન્દોબસ્તી રીતે ગોઠવી ગયા અને બોઅર મોકના જેવી રીતે આ ઐજીઝ અમલદારો ચલાવવા લાગ્યા. બ્રિટીશ સરકારે લાંબા બોઅરોની આગે કેટલીક સરતે કરી તેમને સ્વરાજ્ય આપ્યું.

આ વેળા દેશીઓના હકો સંભાળવાને નામદાર સરકારને જણાવેલું પણ આપણા દેશીભાઇઓ માટે ત્યાં કાંઇપણ બંદોબસ્ત થએલો જણાતો નથી. અને લાંબા બોઅર ઓએ દેશીઓ સામે વધુ સખત ઓના કાયદા ઘડયા કે કોઇ ટરાંસવાલમાં પેસે નહીં, અને પગારી ઉપર આવે નહિ. આ સખત કાયદા ઘડી દેશાંગી જેવા દેશીઓ ને ગણવા લાગ્યા. લાંબા નવા હીંદીઓને દાખલ થવા સામે અંકુશ મુકી દેવરાવ્યો પછીથી વેપાર માટે જઇ રહેલા હીંદીઓ ને તેમના નામો રજીસ્ટર કરાવી જવા અને અંગુઠા તથા આંગળીઓની છાપ આપવાની ફરજ પાડી, અને એ બંને નવે રહે તેમને હેરાન કરવા લાગ્યા. રજીસ્ટર માં નામ દાખલ કરાવવા માટે દેશીઓને બોલાવ

બદલે પચાસ વખત કહેવામાં આવે તો તેઓ ના કહે નહિ, પણ તેમને જ્યારે હલકી નજરે જોવામાં આવે તે વખત તેઓ ઉશ્કેરાય જાય. કેટલાક હીંદી વાનોને હાલમાં કાયદાનો ભંગ કરવા માટે કેદની સજા કરી છે જેઓ કેદમાં ગયા છે તેઓ પોતાના દેશીઓ તરફ સાચા અભિમાનની લાગણી ધરાવે છે. અનેનોમના સંબંધમાં હવે પછી વિવેચન થશે. આપણે જે ઠરાવ વાંચ્યો છે તે વાજબી છે અને તે કેટલના વતન માલ લુંટવાની કે એવી બીજી કોઇ તકરાર નથી પણ આપણા હીંદીભાઇઓની આબરૂની તકરાર છે. આપણને વિલાયતથી તારો મળ્યા છે તેમાં જણાવ્યું છે કે બહુ બારીકાયી ધ્યાન આપો. આથી આપણે નામદાર સરકાર ને આ બાબત ઘટતી અરજ કરી જણાવ્યું કે ટ્રાંસવાલમાં હીંદવાનો કેદમાં ગયા છે તેથી અમો પણ કેદમાં બેઠેલા સમજીએ છીએ.

એ દરખાસ્તને શ્રી. ખા. ખંડુભાઇ ગુલા બળાઇએ ટેકો આપ્યા પછી દરખાસ્ત પસાર થઇ હતી.

બાદ મેસરસ બળવંતરાય, પીરનમહ મદ, શાવકરા એચ. બસુણાં, એ. એમ. પારેખ, ગધુપતરામ અનુપરામ, ઠાકોરરામ કપીલરામ, મીર હશીબુદ્દીનખાન, મુસદ્દ મહમદ ભાણા વગેરેએજુદાજુદા રજુ થએલા ઠરાવો સંબંધી વીવેચન કરયું હતું. બાદ ઠરાવો પસાર થયા હતા. એ ઠરવો નીચે મુજબ છે:—

ઠરાવ બીજોઃ ગયા જનેવારી માસમાં જનરલ બી. સ્મટસે બી. મોહનલાલ કરમ ચંદ ગાંધીને જે વચન આપ્યું હતું અને જે વધારે સંતોષકારક સમાધાન થવાનો સંભવ હતો તેની તદન વિરૂદ્ધની જે રાજ્ય નીતિ ટ્રાંસવાલની સરકાર હાલ ચલાવે છે તેને આ સભા વખોડી કાઢે છે.

ઠરાવ ત્રીજોઃ મેસરસ હાજી મહમદ, પારસી રૂસ્તમજી, મહમદ કાસમ કાંગ હીઆ અને ટ્રાંસવાલમાં વસતા બીજા આગેવાનોના ઉપર જે હાડમારી અને વિપત્તિ ચાલુ રહી છે, તે માટે આ સભા તેમના તરફ ખરા અંતઃકરણથી દીલસોજી દરશાવે છે અને જે ઉત્તમ કાર્યને માટે તેઓ બહાદુરીથી જે લડત ચલાવે છે તેને માટે આ સભા તેમને ખરા દિલોજનથી મુબારકબાદી આપે છે.

ઠરાવ ચોથોઃ સર મનચેરજી ભાવનગરી અને હીંદુસ્તાનના બીજા મીત્રો જેમણે ટ્રાંસવાલના દેશીઓ ઉપર જે હાડમારી પડે છે તે બાબત ઈંગ્લંડની સરકારના લક્ષ ઉપર તત્પરતાથી આણી તે માટે તેમનો આભાર માને છે.

ઠરાવ પાંચમોઃ હીંદુસ્તાનના નામદાર પ્રધાન તથા નામદાર ગવરનર જનરલ તથા મુંબઇના નામદાર ગવરનરને આજની સભાના હેવાલની તારથી ખબર આપવા તથા નામદાર અંગ્રેજ સરકારના લક્ષ ઉપર આ હકીકત લાવવા સારૂ જે કાંઇ બીજાં પગલાં ભરવાં તેમને યોગ્ય અને મુનાસબ લાગે તે લેવા સારૂ આ સભાના સરનશીનને અધિકાર આપે છે.

ત્યારબાદ મી. અનુપરામે વડોદરાના મહારાજા ગાયકવાડ ઉપર તેમના યુવરાજ ના મરણથી આવી પડેલી મોટી મુશીબત માટે ઉંડી દીલગીરી દરશાવનારો ઠરાવ રજુ કર્યો હતો જે ગંભીરાઇ વચ્ચે પસાર થયા બાદ મીટીંગ બરખાસ્ત થઇ હતી.

ડર્બનમાં મીટીંગ

ટ્રાંસવાલમાં હીંદીવાનોની હાડમારીના સંબંધમાં દીલગીરી દરશાવી ઈંગ્લંડ તથા હીંદી સરકાર વચ્ચે પડવાના સંબંધ માં અરજ કરવા માટે ડર્બન કસબાના રહીશોની સુરતના જાણીતા શેઠ પીરન મહમદના પ્રમુખપણા હેઠળ મળેલી સભા માં થએલા ઠરાવ મુજબ મુંબઇના નામદાર ગવરનર જોગ તારનો સંદેશો રવાના કરવામાં આવ્યો હતો, તેનો એવો જવાબ નામદાર ગવરનરના ખાનગી સેક્રેટરી તરફથી હરી વળ્યો છે કે તમારો તારનો સંદેશો પુગાડતાં નામદાર ગવરનર તમારા ભાઇઓને દુઃખ પડે છે તે માટે દીલસોજી દરશાવે છે અને તમારા ભાઇ ઓને જે મુશીબત ખમવી પડે છે તેમાં ગવરનરની ખાત્રી છે કે તેમની મુશીબત ઉપર ઇંગ્લંડની સરકાર લક્ષપુર્વક ધ્યાન આપે છે.

આ મીટીંગ વિષે " સાંજ વર્તમાન " છાપાનો ડર્બન ખાતેનો ખબર પત્રી તા. ૧૬ સપ્ટેંબરના રોજ જણાવે છે કે અત્રેના રહેવારીઓની એક મહાન સભા ટ્રાંસવાલના હીંદીવાનો પર પડતા જુલમ સામે પ્રોટેસ્ટ ઉઠાવવા મળી હતી, જે વેળા દશ હજાર લોકોએ હાજરી આપી હતી. સભામાં બહુ સખત ભાષણો થયાં હતાં.

સીંધ હૈદ્રાબાદમાં મીટીંગ

ટ્રાંસવાલના હીંદીવાનો ઉપર પડતી હાડમારી સામે પ્રોટેસ્ટ કરવા સીંધ હૈદ્રાબાદના સીંધી હીંદુઓની એક મોટી જાહેર સભા તા. ૨૪ સપ્ટેંબરની રાતે હોલમેસ્ટેડ હોલમાં લાંબા માછ પબ્લીક પ્રોસીક્યુટર મી. સુંદરમલના પ્રમુખપણા હેઠળ મળી હતી. જે વેળા ટ્રાંસવાલ સરકારનાં પગલાંઓ સામે મજબુત વાંધો લેવામાં આવ્યો હતો અને નીચેના ત્રણ ઠરાવો સરવાનુમતે પાસ કરવામાં આવ્યા હતા.

પહેલા ઠરાવમાં ટ્રાંસવાલની સરકારની રાજનીતી વખોડી કાઢવામાં આવી હતી તથા ત્યાંના હીંદીવાનો તરફ દીલસોજી દેખાડવામાં આવી હતી તથા તેઓની હીંમત માટે ઘટતી પ્રસંશા કરવામાં આવી હતી. બીજા ઠરાવમાં વડી સરકા રને વચ્ચે પડવાની ઓલતેમાસ કરવામાં આવી હતી અને ત્રીજા ઠરાવમાં ટ્રાંસ વાલની સરકાર જે સખતાઇ લાંબા હીંદી વાનોપર ગુજારે છે તેના બદલામાં કાંઇ ઘટતાં પગલાં લેવાનું જણાવવામાં આવ્યું હતું.

સાલેમમાં મીટીંગ

" હીંદુ " નો ખબર પત્રી જણાવે છે કે ટ્રાંસવાલની સરકારની હીંદી પ્રત્યેની ગેરવરતણુંક સામે પોકાર કરવાને મદ્રાસ ઇલાકામાં આવેલ સાલેમ ગામમાં હીંદી ઓની એક જાહેર સભા તા. ૨૮ સપ્ટે બરના રોજ મળી હતી. જે વખતે દરેક કોમના વરમના તથા સ્થિતિના આશરે ૩૦૦૦ માણસોએ હાજરી આપી હતી. મીટીંગમાં થએલા ઠરાવો શેરડ એરલી તથા બીજા રોગ્ય અમલદારને મોકલવામાં આવ્યા હતા. જેમાં એવી માગણી કરવામાં આવી હતી કે હીંદીને ટ્રાંસવાલીમાં રાહત આપવાના એકદમ પગલાં લેવાં જોઇએ.

ઇસ્ટરન પ્રોવીન્સમાંથી અરજી

ઇસ્ટર્ન પ્રોવીન્સની મુસલમીન એસોસી એશને ટ્રાંસવાલના હરલાકી આગેવાનો ઉપર પડતા જુલમમાંથી તેમને મુક્ત કરવા માટે નામદાર વાઇસરોય લોર્ડ મીંટોને અરજી કરી છે.

રૂટર જણાવે છે કે અંગ્રેજને વિરૂદ્ધનો બળબળાટ આંગાળામાં હજુ ચાલી રહ્યો છે. કેટલાક આબરૂદાર આંગાળીઓ પક ડાયા છે પણ ઓંસાહના મરણથી કેસ તુટી પડયો છે. તાજેતરમાં બીસ માણસો એ એક પૈસા ધીરનાર ઉપર હરોળ પાડી તેને લુંટી લીધો છે. એક બીજા અબર આપનારનું ગોસાંઇની માફક ખુન થયું છે.

તુરકસ્તાનના નવા બંધારણની વિરૂદ્ધ જે બે માણસો કાવત્રા કરવાને પકડાયા હતા તેના ઉપર મજબુતપારે કામ ચલાવા તેને દેહાંત દંડની સીક્ષા કરવામાં આવી છે.

જોહાન્સબરગની માસ મીટીંગના જાણવા લાયક ભાષણો

—*—

રવીવાર તા. ૬ઠ્ઠની જોહાન્સબરગની માસ મીટીંગમાંના નીચેના ભાષણો નીરખીને મુલતરી રાખવાં પડ્યાં હતાં.

મી. રેઈડ પોલાકનું ભાષણ

હીંદીઓ સત્યાગ્રહથી કંટાળેલા છે કે હજી ઓવાજ મજબુત છે તે હું જોવા ઓબ્જો છું. આ બાબતમાં મારે તમને સલાહ દેવા બંધુ રહ્યું નથી. તમે તમારી મેળે દિવસે દિવસે બહુ દૃઢ થતા જાઓ છો તે માટે તમને શાબાશી ઘટે છે. ટ્રાંસવાલમાં ઈમીગ્રેશન કાયદા પ્રમાણે કેળવાએલા હીંદીઓને દાખલ થવાનો હક અપાવવાનો તમે નવેસરથી દાવો કરો છો એ તમારી ઉપર ગોરાઓ તરફથી ખોટો આરોપ મુકવામાં આવે છે. પણ તમારો નેતો દોષ નથી. તમે કહો છો કે જો ઈમીગ્રેશન કાયદામાં કેળવાએલા હીંદીને આવવાનો હક ન હોય તો સુપ્રીમ કોરટ ભલે તેમ કહ્યા કરે, ગોરાઓની દરખાસ્તને માન આપવાની આતુરતામાં તમે છાપી પાડેલ કેળવાએલા હીંદીઓ ન આવે એવો કાયદો થવાની પણ કબુલત આપો છો. તમારી આ વાજબી માગણી ગોરી પ્રજા કબુલ કરે છે. મિસ્ટર કાયદાસ્ત્રીઓ, ધર્મગુરૂઓ વિગેરે હક પુરવક આ દેશમાં આવી શકે અને સરકારની મહેરબાનીની મુદતની મરગીટથી નહીં એ માગણી ગોરી પ્રજા વાજબી ગણે છે. ચેમ્બર ઓફ કોમરસ અને બીજા રાજદ્વારીક મંડળો જે દરવો પસાર કરે તે આખી ગોરી પ્રજાના ન સમજવા. સત્યાગ્રહને માટે ગોરાઓએ બહુ ખમ્યું છે, પોતાનાં લોહી પણ રેડ્યાં છે. અને એના સત્યા ગૃહી તમે છો તેથી તેમની લાગણી તમારી તરફ છે. જનરલ સ્મટસે પોતે પણ આ વાત આગળ કબુલ કરી છે અને આ સુધારાના વખતમાં ટ્રાંસવાલ સરકારની આ વરતણુંક લાંબો સમય ટકી રહે એમ નથી. એટલા માટે ખુશી રહેજો અને ખાતરીથી માનજો કે જીત નજીક છે.

મી. પોલાકનું ભાષણ

આપણા પ્રમુખે કહ્યું કે "મી. ગાંધીની ગેરહાજરીમાં તેના બેનને આપણામાંના દરેક વહેંચી લેવો જોઈએ" તે તરફ હું ધ્યાન ખેંચું છું. હું માનું છું કે આપણે આ સારું કામ કરવાને તયાર છીએ (હા, હાના અવાજો.) વોકસરસ્ટમાં મી. ગાંધીએ આપેલી જુબાની હું ઘણા વખત સુધી ભુલી શકીશ નહિ. તેમણે પોતાની સઘ ખુશીથી કબુલ્યું કે ટ્રાંસવાલમાં દાખલ થવાને કાયદાની સત્ત ઉંડા વાની આ સરકારને મેં મદદ કરી છે તેમજ સલાહ આપી છે. પણ મી. ગાંધી એ જેમ કહ્યું તેમ આપણે પણ સરકાર ના આ કાયદાની સામે થયેલ છીએ અને બીજાને તેમ કરવાનું શીખાવ્યા છીએ. ચાર્લ્સટનમાં દેશપાર થયેલાને પાછા આવી કાયદાની દરકાર ન કરવાની મેં સલાહ આપી અને હજી પણ જ્યાંસુધી તેમ કરવાની જરૂર છે ત્યાંસુધી એવીજ સલાહ આપીશ. મી. ગાંધીની જાતુકો ન આપવા માટેની સલાહ કેમ ખોટી છે તે દેખાડી આપવું એ અપણી ફરજ છે. મી. ગાંધીનો સંદેશો કહી હું મારૂ ભાષણ પુરૂં કરીશ. "અંત સુધી દૃઢ રહેજો. સહન કરવું એજ આપણો ઇલાજ છે. જીત એ નકકી છે."

મી. હરીલાલ ગાંધીનું ભાષણ

મારા માનવંતા પીતાશ્રીને માટે હું મગરૂર છું. ખિટીશ રહપત તરીકે આપણે સહુ ખિટનના પુત્રો કહેવાઇએ, પણ ટ્રાંસવાલ સરકારના આ કાયદાને લીધે આજે તેના પુત્ર તરિકે ગણાતાં મને શરમ થાય છે. મારા પીતાશ્રીને સજા થઇ એ મારે માટે ખુશાલીનો દિવસ હતો. પણ તેર વરસ સુધી દક્ષિણ આફ્રિકામાં વસવાટ કર્યો છે એવા માણસની ખોળ આપણને માટે અંગુઠાની છાપ માંગવી એ હાંસી કારક છે. ખિટનના દિનચિંતક તરીકે આપણે સત્યને વળગી રહી અંત સુધી લડવું. કેટલાક ગોરાઓ કહે છે કે હીંદીઓ સહેનશાહને ભય કરતા છે. બીજાઓએ એ વાતનું ખોટાડ દેખાડી આપ્યું છે. પણ મારા માનવા પ્રમાણે હીંદીઓ શહેનશાહને ભય ભરેલા છે તે સાચું છે. કારણ કે સત્યાગ્રહ એ હમેશ જુલમીને ભય ભરેલું છે એમ કોણ નથી જાણતું? હમણાની રાજનીતિ શહેનશા હતને લાભ કરતા તો નથીજ, પણ વખતે તેને તોડી નાખવારૂપ થઇ પડે. ટ્રાંસવાલ સરકારના અન્યાયી કામો માટે વડી સરકાર પાસે આપણે ઇન્સાફ માંગ્યો, પણ ત્યાંથી શું મળ્યું? વડી સરકારના વચનો ઉપર પાણી ફરી વળે છે. તમારે હવે ઇશ્વર સિવાય બીજા કોની પાસે શાં માટે મદદ માંગવી? સરકાર કહે છે કે બધા હીંદી માટે આપણે ખુલ્લો દરવાજો મંજુર કરીએ છીએ. આવા બહાના કાઢી સરકાર લડત લંબાવવા ઇચ્છે છે, પણ આપણી લડતની સબતા વાજબી મીટીંગ પછી જણાયા વિના રહેવાની નથી. પણ જ્યાંસુધી તેમ ન થાય ત્યાંસુધી આપણે પુરા જોરથી લડશું. આખી દુનિયા આપણી લડતનું વાજબી પણું સ્વીકારે છે.

વોકસરસ્ટનો જેલમાં બદલાયેલ તાર

મી. સુલેમાન, વોકસરસ્ટથી તારથી જણાવે છે કે, વોકસરસ્ટ અને ચાર્લસ ટાઉનની મુસલમાન કોમે જેલીઓની સાથે બહેનો તહેનાર આનંદથી ગાળ્યો છે. નમાજ જેલના વાડામાં પઢવામાં આવી હતી. સઘળાએ સંતોષ બતાવ્યો છે અને જાહેર કરવું છે કે આ અપૂર્વ અવસર કદી ભુલી શકાશે નહિ. દક્ષિણ આફ્રિકાના જુદા જુદા ભાગમાંથી મળેલા મુબારકબાદીના સંખ્યાબંધ તારો માટે જેલીઓ સહુનો આભાર માને છે.

ચાર્લસટાઉનથી મી. ઇબ્રાહીમ ઇબ્રાહીમ લખે છે કે આજે (મંગળવાર) મુસલમાની તહેનાર બદલાયાનું હોવાથી ચાર્લસ ટાઉનના દરેક ગૃહસ્થોએ દુકાન બંધ કરી નમાજ પઢી, તરતજ, ગૃહસ્થો, બહેનો તથા ફેરીઆઓ બધા સાથે મળી પોતાની ગાડીઓ જોડાવી વોકસરસ્ટમાં બહાદુર હીરો જે જેલમાં છે તેમને બદલી મુબારકબાદી દેવા સારૂ જેલમાં ગયેલા હતા. ત્યાં તેઓ ૧૨ થી ૪ વાગતા સુધી જેલમાંજ રહેલા હતા. તે દરમ્યાન દરેક જગ્યાએથી બહાદુર હીરાઓને મુબારકબાદીના તારોનો વરસાદ પડ્યો હતો. અત્રે થી ગયેલા લોકો તેમને મળવાથી જાણે જેલજ નથી એવું જણાતું હતું. દરેક બહાદુર જેલી ખુશ ગીલ્નજમાં હતા અને ત્યાં આશરે ૮૦ થી ૯૦ સુધી બધા માણસો એકઠા થયા હતા. તે દેખાવ જાણે એક મેળો ભરાયા સરખો લાગતો હતો. જેલીઓએ ખાઇ પી આનંદથી તે દિવસ ગુજારેલ છે.

આ બાબતે લખી મી. ઇબ્રાહીમ ઇબ્રાહીમ જણાવે છે કે આ બહાદુર હીરા જે કોમ માટે જેલ ભોગવે છે તેમનો છોડવાનો એકજ રસ્તો છે અને તે એ કે કેપ ના નાતાલમાંથી ટ્રાંસવાલના હકદાર રહીશોએ દાખલ થઇ ટ્રાંસવાલની જેલો ભરી મુકવી.

ચરચા પત્ર

—:o:—

ચરચાપત્રીઓને જવાબ

ક્રા. અ.—દુકાનદારને પેટંટ મેડીસીન દવાઓ વેચવાને લાઇસેન્સની જરૂર નથી.

સત્યગ્રહ—તમારું નામ આપો તોજ તમારો કાગળ છાપી શકાય.

નજરે જોનાર—તમારા નામથી તમારો કાગળ છાપી શકાય.

પરચુરણ ચરચા

ડરબનથી મી. ગોપાળદાસ જણાવે છે કે દીવાળીના મોટા તહેવારોના દિવસમાં બીજા હીંદુ વેપારીઓએ દુકાનો બંધ કરી હતી ત્યારે મી. છ. રામચંદે દુકાન બંધ કરી હતી નહિ.

પાઇનટાઉનથી મી. ઇબ્રાહીમ આમેદ લખે છે કે અત્રેના એક દુકાનદાર મી. છ. એમ. કારીઆ પહને દિવસ નીમાજ વાસ્તે ડરબન નહિ ગયેલ તથા આખો દિવસ દુકાન ખુલ્લી રાખી તેથી અત્રેના બીજા ચારે દુકાનદારોએ તેને બોયકોટ કરેલ છે. તેનો અત્રેના મી. હાજી ઇબ્રાહીમ, મી. એચ. એમ. વાહેદ, મી. મો. સા. વાહેદ તથા મી. એ. ઇ. મુલ્લાએ સમજાવ્યો પરંતુ તે સમજ્યો નથી.

રસ્ટીંગથી મી. ઇ. એમ. સીદાત પોતાના અહીંપોરવાસી ભાઇઓ તેમજ બીજા બારબરટનમાં જેલ ભોગવે છે તેમને તથા તેમના કુટુંબને તેમની દેશ સેવા માટે મુબારકબાદી આપે છે.

ડરબનથી મહેરીલનો મેસર લખે છે કે કોહેર મહેરીલે રોનકુલ ઇસ્લામના ચેરમેન જનાબ મોલવી અબ્દુલ વાહેદ તથા સેક્રેટરી મી. મોહમદ હાજી યુસુફ અસ માલ તા. ૨૬-૧૦-૦૮ના સ્ટીમર પ્રેસી ડન્ટમાં અત્રે ડરબન આવી ગયા છે. એ બંને સાહેબોએ મજકુર મહેરીલની ચાર વરસ સુધી સારી સેવા બજાવી તેને ઉંચા પાયાપર લાવવાને ઘણી મહેનત કરી છે. આશા છે કે હાલમાં ત્યાં બીજા કારકારી ઓ નીમાયા છે તે મહેરીલમાં ખંતથી મહેનત કરશે તેમ મહેરીલ તરફથી ચાલતી ધી મહોમેડન ઇન્ડીયન નીશાળમાં ભણતા છોકરાની પરીક્ષા લઇ છોકરાંઓ ના ભણવાના ઉમંગમાં વધારો કરશે.

બીજું લખવાનું જે કોહેર મહેરીલે ઝીનતોલ ઇસ્લામના ડરબનખાતેના આગે વાનોને દીલગીરી સાથે જણાવવાનું જે આજ કેટલાએક માસ ઉપર ઉપલી મહે રીલ માટે એક ઉઘરાણું શરૂ કરવું હતું. તેમાં અગેવાનોએ પા. ૨૯૦ ના આશરો ભરી તે પૈસા બેંકમાં ડીપોઝીટ કરી હવે બેસી રહ્યા છે માટે ઉમેદ છે કે તે કામમાં ઉમંગથી મહેનત કરી તે ઉઘરાણું ચાલુ કરશે. મી. પારેખ, મી. ઇસપ મુલ્લાં, મી. કાજી તથા મી. વાંકડ વગેરે અગેવાનોને હું નમ્રતા પુરવક અરજ કરૂં છું કે આપ આ કામને જરૂર ઉપાડી તાકીદે શરૂ કરશો. મને આશા છે કે એ ઉઘરાણામાં આફ્રિકામાં વસતા અમારા કોમવાસી મદદ કરવામાં ચુકશે નહિ.

રટેનબોરાથી એક ખબરપત્રી લખે છે કે અત્રેની લીગની બ્રાન્ચના ચેરમેન મી. મલેક અશરફ તથા સેક્રેટરી મી. સીદીક ઇસ્માઇલ પોતાના વતન જનાર હોવાથી તેમના માનમાં મેળાવડો લીગના મેમ્બરો તથા દોસ્તો તરફથી શુક્રવારની રાત્રે થયો હતો. કેટલાક ગોરા લોકો પણ મીટીંગમાં હાજર હતા. નવા ચેરમેન તરીકે મી. ઇસ્માઇલ મોરીસવાળા, તથા સેક્રેટરી મી. તબરેજ હાજી હાસમ જોઇન્ટ સેક્રેટરી, મી. ઉમરજી ત્રેઝરર, મી. મુસા અહમદ વાકુજી. એ મુજબ એક મતથી નીમણુંક થઇ હતી. સ્વરગદ રીટાયર થયેલા સાહેબોએ જે કાંઇ કામકાજ કર્યું તે બદલ આભાર માન્યો બાદ ગમત થઇ મેળાવડો રાત્રે બાર વાગે બખાસ થયો હતો. મેળાવડામાં સમરસેટવેસ્ટથી મી. એ. એમ. ગોમટાવાળા, મુનશી મલેક હયાત તથા સાઉથબ્રુકટાઉન અને કેપના દોસ્તો હાજર હતા.

ટોંગાટથી મી. ઝે. ઇ. વાડડા એક લાંબા કાગળમાં ચાર જુ હાબલાઓ આપી લખે છે કે આ કોલોનીમાં હીંદીવાને પર દુઃખનું વાદળું ઘેરાયલુંજ છે અને દરાંસ વાલમાં આજ બબે વરસ થયા ચાલુ તક રારનો નીવેડો આવ્યો નહિ અને આપણા અગેવાન હીરા મી. દાઉદ મહમદ વીગેરે જેલ મહેલમાં પુરાએ છે. અને તેઓની પાછળ મી. ગાંધી પણ ગયા છે. હવે દરાં સવાલ ચિ. ઇ. એ. ના નવા નીમાયેલા પ્રમુખ સેમજ સધળા હીંદીવાનો સબધ

ગ્રહની લડતમાં મકકમ રહી જેલજોર લડત ચાલુ રાખશે તો જે માગીએ છીએ તે મળશે એમાં કાંઇ શક નહિ.

ખુદા જે કાંઇ કરે છે તે સારાને માટેજ કરે છે એ વિચાર જે લોકો મકકમપણે દીલમાં ઠસાવે તો બરોબર બનતી અનુભવ ઉપરથી કહી શકાય છે કે બાદશાહનો બાદશાહ તે ખુદા આપણનેસારૂ સારૂંજ કરે છે કેમકે આપણું શરીર દુઃખની કસોટી ઉપર કસાય છે. દાખલા તરીકે ચાંણીમાં બીયાંને પીલવાથી તેમાંથી તેલ નીકળે છે અને રેતી પીલવાથી કાંઇ તેલ નીકળતું નથી કેમકે તેમાં તેલ ચુષ્ય નથી. તેમજ માણસને દુઃખની ઘાણીમાં પીલાવા સિવાય તેની અંદરનો વાસ્તે નીકળતો નથી. માટે દુઃખ વેઠયા સિવાય સુખ પ્રાપ્ત થતું નથી. નાતાલમાં પણ સત્યા ગ્રહથી લડવાનો વખત આવ્યો છે. લાઇસેન્સ બાબત કોંગ્રેસ તરફથી લડત ચાલુ છે માટે આપણે એકસાથ થઇ લડત ચલાવ્યા વગર છુટકો થશે નહિ. લડત ચલાવી દુઃખ વેહવું તો અંતે સુખ મળશે.

સીલુકવેથી એક ખબરપત્રી લખે છે કે મી. ગાંધી અને બીજા ગ્રહસ્થોને સજા થવાના સમાચાર જ્યથી અહીંની હીંદી કોમ ઘણી દીલગીર થઇ છે. સા. આ. ચિ. ઇ. કમીટીને અહીંની એસોસીએશને તારથી ખબર કર્યા છે જેમાં જણાવ્યું છે કે આ સજાની સામે વાંધો એસો સીએશન દરશાવે છે અને વહી સરકારને વચ્ચે પડવાની વીનંતી કરે છે. એસોસીએશન તરફથી આજે વીગતવાર કાગળ પણ લખવામાં આવ્યો છે.

નાદારી કોર્ટની નોટીસો વગેરે

(ગવરમેંટ ગેઝેટમાંથી)

મી. છગન ઇસાક મુલ્લાંની દુકાનમાંથી મી. ઇબ્રાહીમ આદમજી મુલ્લાં તથા મી. કેખસરૂ જમસેદજી પારસી તા. ૨૦ અકટો બરથી છુટા થયા છે.

અમલનેરના વેપારી એસ. એ. મહમદ ની નાદાર મીલકતની વહેચણીના આંકડા સુપ્રીમ કોરટના માસ્તરની ઓફીસે ફાઇલ કરવામાં આવ્યા છે. જ્યાં આગળી તે તા. ૧૦ નવેમ્બર સુધી તપાસ માટે ખુલ્લા રહેશે અને બાદ મુકરર કરવામાં આવશે.

ડરબનના વેપારી ઇ. એમ. બાલાતની નાદારી મીલકતના સબંધમાં તેના લેણદા રોની બીજી મીટીંગ તા. ૩ તથા બીજી મીટીંગ તા. ૬ના રોજ ડરબન બાઇસ્ટેટ ની કોરટમાં મળશે.

હિંદુસ્તાનના ખબરો

(હીંદી છાપા ઉપરથી)

પોરબંદરના રાણા સાહેબની તબીયત હાલ વધારે નબળી જણાય છે.

કાઠીયાવાડમાં હાલમાં બધી જગ્યાએ મરકી ચાલુ થઇ જણાય છે. જામનગર ધોરાજીમાં સખત ચાલે છે. રાજકોટ, જેતપુર, માણાવદર, માંટવા વગેરે ભાગમાં મરકીના કેસ થાય છે. આણંદ (ગુજરાત) શહેરમાં પણ મરકી ચાલુ થઇ છે.

પાલીતાણા અને સિહોર વચ્ચે રેલ્વે બાંધવાનું નક્કી થયું છે.

લીંબડીના ઠાકોરે ગોંડળ કોલેજને વાર્ષીક રૂા. ૨૦૦૦ની મદદ આપી પોતાના રાજ્યના ભાયાતોના દશ કુંવરોને અંગ્રેજી કેળવણી આપવાની ગોઠવણ કરી છે.

પ્રીન્સ ફ્રેડરીકસીંગરાજના મરણથી શહેર માં ૩ દિવસ હડતાળ પડી હતી. દરામ વાળાઓએ આ નીયમ નહિ પાળવાથી પ્રજાએ તેનો બોયકોટ કર્યો હતો. પ્રીન્સ ની ઉત્તર ક્રીયા પાછળ રૂપીઆ ૩૫ હજાર નો ખરચ કરવામાં આવશે. તેની રકમ રૂા. ૧૦,૦૦૦ના વ્યાજમાંથી મરાઠા ક્ષત્રીય સમાજ મારફતે છોકરીઓને સ્કોલરશીપ આપવી; રૂા. ૨૦૦૦ પંઢરપુરમાં અનાથ બાળાશ્રમમાં; રૂા. ૪૦૦૦ લશ્કરીને કસરત કરાવી એના વ્યાજમાંથી મરનારના નામનું કપ આપવું; રૂા. ૩૦૦૦અપંગ ને કપડાં તથા ભોજન; રૂા. ૧૦૦૦ વડોદરાની પાંજરાપોળમાં અને રૂા. ૧૫,૦૦૦ ઉત્તર ક્રીયાનો ખરચ વિગેરે. પ્રજા તરફ થી એક ઠેંકણીલ બહાર પાડયું છે તેમાં જણાવ્યું છે કે શ્રીમંત યુવરાજ ફ્રેડરીક સિંહ રાવ મહારાજના તેરમાની ઉત્તર-ક્રીયા તારીખ ૨૬-૯-૦૮ શનીવારના રોજ થવાની છે, તેથી તેઓના આત્માને શાંતિના અર્થે તે દિવસે થતો પ્રાણીવધ અટકાવી લાખો જીવોના આત્માને શાંતિ આપવી એ બહુ જરૂરનું છે, રાજકુટુંબ, નામદાર દીવાન સાહેબ ઓરીસર મંડળ તથા વડોદરાની પ્રજા (જેઓને આમીશ ખોરાક ખપે છે તેઓએ) તે દીવસે કોઇપણ જાતનો આમીશ ખોરાક લેવાનો બંધ કર્યો છે. તો સ્વર્ગસ્થ યુવરાજશ્રીના આત્માની શાન્તીને માટે એકજ દિવસે દરેક રયતે તમામ મંડળી તેનો બહીષ્કાર કરે, એ બાબત ધ્યાનમાં લેવા યોગ્ય છે.

લંડન યુનિવરસીટીની ઇસ્ટર નેશનલ મેડલ એજ્યુકેશન કોંગ્રેસનો મહાન મેળાવડો તા. ૨૫ થી ૨૯ સપ્ટેંબરના દિવસોમાં મળવાનો હતો તેમાં વડોદરા રાજ્યના કેળવણીખાતાના પ્રધાન મી. આદરજી એમ. મસાનીને આ કોંગ્રેસની એકઝીકયુટીવ કમીટીના ઉપ પ્રમુખ તરીકે નીમવામાં આવ્યા છે. આ મી. મસાણી એ વડોદરાની વરનાકયુલર નિશાળોમાં સાયન્સનું પ્રાયમીક શિક્ષણ આપવાનો કરાવ બહાર પાડયો છે.

નાં૦ ગાયકવાડસરકારે કેળવણી બાતમાં હાલએક ગમત્તનો સુધારો કર્યો તેઅેછેકે જ્યાં નીસબતણી નિશાળોમાં સારી કેળવણીઆપવા ને માટે ખાસ કેળવાયેલા શીક્ષકો રાખવા નું ઠરાવ્યું છે. શીક્ષકોને તયાર કરવાને ખાસ એક ટ્રેનીંગ કોલેજ સ્થાપી છે. જુના શીક્ષકો જેઓ આ કોલેજમાં અભ્યાસ કરવાને ખુશી હોય તેમને પગાર ની અરધી રકમની સ્કોલરશીપ આપવાનું જાહેર કરવું છે. આ સગવડનો લાભ લેવાને ૧૦૦ નવા શીક્ષકો પહેલા ટ્રેનીંગ કલાસમાં જોડાયા. નવા વરસથી આ શીક્ષકોને લેવામાં આવનાર છે. તેમની જગ્યાએ સારા શીક્ષકોની નીમણુંક કરી છે. શીક્ષકોની વધી પડેલી સંખ્યાની સગવડ કરી આપવા માટે રૂા. ૫૦૦૦નું બાંધકામ કરવાની મંજુરી આપી છે. ટ્રેનીંગ કોલેજ પાછળ રૂા. ૫૦,૦૦૦ ખરચવાની બહાલી આપી છે.

મુંબઇ હાઇકોરટે મી. તીલકને સખ્ત મજુરી સાથે ૬ વરસના દેશનીકાલની સજા કરી હતી તે મુંબઇ સરકારે ફેરવીને સાદી સજા કરી છે. મી. તીલકને હાલ માંડલે લઇ જવામાં આવ્યા છે. તેમનો કેસ પ્રીવીકાઉન્સીલ આગળ લઇ જવાને મહેનત ચાલી રહી છે. આ કેસના ખર ચને પહોંચી વળવાને 'મરાઠા' તથા 'કેસરી' ના અધીપતિ તરફથી ફંડ ઓલવામાં આવ્યું છે.

'મરાઠા' ના હાલના અધીપતી મી. કેલકર ઉપર કોરટનું અપમાન થાય તેવા લખાણ લખવાનું આરોપ મુકી કામ ચલાવવામાં આવ્યું હતું. આ લખાણ મી. તીલકને જસ્ટીસ દાવરે કરેલી સજા સંબંધનું હતું. ચીફ જસ્ટીસ બેસીસ કોર્ટે તહોમતદારને રૂા. ૧૦૦૦ના દંડની અને ૧૪ દિવસની કેદની સજા કરી છે.

આ વરસની પારસી પ્રેસીડન્સી મેચમાં પારસીઓએ ૧૪૨ રને જીત મેળવી છે.

મહોમેડન કોલેજ ઓફ ડીફેન્સીટી નામની નવી મહોમેડન કોલેજનો પાયો નાખવાને મુસલમાન પ્રજાના પ્રતીનીધીઓનો ૨૫૦૦ માણસોનો સંમેલન મેળાવડો તલકનહાલ ખાતે કરવામાં આવ્યો હતો આ કોલેજમાં ધરવાથી ધરમનું શીક્ષણ ખાસ આપવામાં આવશે. કુરાન સાથે બાઇબલ, વેદ વગેરેનું પણ જ્ઞાન આપવા માં આવશે.

મદ્રાસ ખાતે આવતી ક્રીસટમસ ટાંકણે મળનારી કોંગ્રેસના પ્રેસીડન્ટ તરીકે ડો. રાશબીહારી ઘોસ બીરાજશે એવું નક્કી કરવામાં આવ્યું છે.

આર્ય સમાજ તરફથી મીરતખાતે એક મોટી ધર્મ કોન્ફરન્સ મળનાર છે.

નવાબ અઝમતઅલીખાન સાહેબે રૂપીઆ ત્રણ લાખની મીલ્કતની ઉપજ મુસલમાન કેળવણીનાં લાભ અરથે ધર્માદા કરવાનું જાહેર કરયું છે. એ મીલ્કતની ઉપજમાંથી દીલ્હી, લકનૌ, લાહોર તથા બીજા દેશોની અંજુમનનાં ફંડોમાં તથા નીશાળોમાં અને અલીગઢની કોલેજમાં વારસીક મદદો આપવામાં આવશે. મુસલમાન બારમીક કેળવણી આપવાનો પણ બંદોબસ્ત કરવામાં આવ્યો છે.

મદ્રાસના રોજંદા છાપામાં હૈદ્રાબાદનો ખબરપત્રી તા. ૨૯ સપ્ટેંબરના કાગળમાં લખે છે કે હૈદ્રાબાદમાં કુદરતનો મહાન કોપ પ્રસરેલો છે. મનુષ્યની યાદગીરીની બહાર જેવો ઇંદ્રાધાર વરસાદ ૩૬ કલાક ઉપર પડયો છે તે પહેલાં દશ દિવસ સુધી વરસાદ સતત્ ચાલુ હતો. ભરેલાં નદી નાળાં હતાં. તેવામાં આ ૩૬ કલાકના ધોધબંધ વરસાદથી ઉલ્લ ચાલી. આટલા વખતમાં ૧૦૫ ઇંચ વરસાદ પડયો. મુસી નદી સમુદ્ર સમાન થઇ પડી. નદી પરસેના રસ્તામાં ૧૦ ફીટ ઉપર પાણી હતું. તાર, રેલ વગેરે સાધનો નિરૂપયોગી થયાં. વાટીથી એગમપટ સુધીના વીસ્તાર ની જમીનમાં તોફાની સમુદ્રના જેવા પાણીના લોઢ ઉછળવા મંડયા. હુસેન સાગરના તળાવનું પાણી ટેકરી ઉપરની એ જીનની અગ્નીની ટોચ સુધી પહોંચ્યું હતું. રસ્તાના પુલો શહેરની દીવાલો નાના મોટાં મકાનો તુટી પડયાં છે. કેટલાંક ગામોના ગામો ડુબી ગયાં છે. હુસેન સાગર તળાવમાં પુરતુ જોર એક સે કડે ૩૫,૦૦૦ ઘનફુટનું હતું. પુર ઉતર્યા પછી હૈદ્રાબાદના પુરસ્ત ભાગમાં તથા અફઝુલ ગંજમાં ઘરની કે શેરીની નીશાની રહેવી જોવામાં આવતી નથી. બચાવની ટુકડીઓ ચો તરફ નીકળી પડેલી છતાં કોઇક રડયા ખડયાનેજ જીવતાં બચારી શકી છે. મડદાંની બધી શહેરમાં મરકી ફાટી નીકળવાનો મોટો ભય છે. કુલ દશ હજાર મનુષ્યોનો નાશ થયો જણાયો છે. હજુ વધારે મડદાં મળતાં જાય છે. લાખો રૂપીઆનું નુકશાન થયું છે.

BEATLEY & COMPANY.

REGISTERED

"BEE"  BRAND.

TRADE MARK.

ઘરાક રાજી થાય એ દુકાનની સરસમાં સરસ જનરેર ખાસ. "Bee" મારકા જાતો માલ સંતોષ આપવા માટેજ બનાવવામાં આવે છે.

DURBAN:
467 SMITH STREET,
P.O. BOX 393

Telegrams: "BEETLE."

JOHANNESBURG.
156 MARKET STREET.
P.O. BOX 12

ફક્ત થોડાજ વખત માટે.

ગોરો લઇ નાનાં રોકનારને આજદીન સુધી નહિ મળેલી ઉત્તમ તક.

વધા પગારી મેનું ટકના આકોક રોજ હોલ્ડરો છે.

સ્પીનીંગ, વીવીંગ અને મીલને લગતું બીજું તમામ કામકાજ શીખવવા આજદીન સુધી નહીં થએલી ગોઠવણ.

ધી ઇન્ડસ્ટ્રીયલ કોટન સ્પીનીંગ એન્ડ વીવીંગ કું. લીમીટેડ.

ભરપણ રૂા. ૭૦૦૦૦૦—વધારવાની સત્તા સહિત.

મીલનું બાંધકામ આગળ ચાલે છે, મશીનરી આવવા માંડી છે ગોરો નંબર ૭૦૦૦ દરેક રૂ. ૧૦૦નો રજીસ્ટરમાં આવ્યો છે. તેનાં નાણાં નીચે જણ્યા પ્રમાણે ભરવા. રૂ. ૨૭ અરજી સાથે, રૂ. ૨૫ એલોટ મેન્ટ સાથે અને બાકીના રૂપીઆ ડાયરેક્ટરો ઠરાવે ત્યારે આપવા પડશે.

વધુ વિગતો અને અરજીના ફારમો નીચે સહી કરનારાઓ પાસેથી મળી શકશે.

આલ્ફ્રેડલાલ અબ્બાસકરની કું.—સેક્રેટરીઝ, ટ્રેઝરર્સ એન્ડ એજન્ટસ—જોહ્નીસ

ISMAIL KHAN,

Stand 382, Bertram's Road,
Corner Thames Rd., Bertram's,

Dealer in Drapery, Grocery, Ironmongery & Fancy Goods.

P.O. Box 4178, Johannesburg.
Prompt Attention to all Orders. Civility Guaranteed

A. A. RAHEMAN,

GENERAL MERCHANT AND DIRECT IMPORTER OF INDIAN GOODS,

Stand 641, 21st Street, VREDEDORP,

Box 3040, JOHANNESBURG.

Tel. Add: POHOOMULL P.O. Box 178

POHOOMULL BROTHERS,

Wholesale & Retail Silk Merchants,

Corner of Longmarket & Parliament Sts.,

CAPE TOWN

Direct Importers of all kinds of Indian Art Curios Ornament Jewellery, Maltese Silk Lace Articles, etc Established 1858. Head Office: Bombay.

A. Mahomed Hussan & Co.,

MERCHANTS AND IMPORTERS,
WHOLESALE AND RETAIL,

Stand No. 432. Corner Kaffir & 16th Streets,
VREDEDORP, JOHANNESBURG

Box 4340 Tel. Add: "FAJACHAR."
Head Office: Varoda Colaba, India

Ebrahim Norodien

IMPORTER AND
GENERAL DEALER,

WOODSTOCK, Near Cape Town

BRANCHES (22):

Woodstock, Salt River, Observatory Mowbray, Claremont, Wynberg, Parrow, etc.

Head Office: 24 Frere St., Woodstock

એન. મહમદ કું.

નાળીએરનો જથ્થાબંધ અને સાટે માલ કીફાયત ભાવે અમારે ત્યાંથી મળશે.

વધુ વિગત માટે લખોઃ— બોક્સ ૧૨૪ નં. ૨૮ કેથેડરલ રોડ, કરબન.

ઈ. ઈ. કાચલીઆ

૨૨ મી સ્ટ્રીટ, મલાય લોકેશન.

બોક્સ ૨૪૮૮ જોહાન્સબર્ગ.

કાપડ તથા કરીયાણું અને હોલસેલ મરચાં

ઈડિઅન તથા ઈંગ્લીશ ગ્રોસરી હમેશ જથ્થાબંધ કીફાયત ભાવથી મળશે.

મફત! ડાયરી! મફત!!

ઇંટરનેશનલ પ્રીંટીંગ પ્રેસમાં છેવાની નીચે જણાવેલા પુસ્તકો તથા ફોટોગ્રાફ માંથી રૂા. ૨/૬ ની ખરીદનારને સને ૧૯૦૯ના સાલની ડાયરી ભેટ આપવામાં આવશે આ બધા પુસ્તકો દરેક મહસરે વાંચવા લાયક છે.

ઇંટરનેશનલ પ્રીંટીંગ પ્રેસ તરફથી બહાર પાડવામાં આવેલાં પુસ્તકો

	s.	d.
Ethics of Passive Resistance	0	3
Bhagavad Gita	1	0
The Story of the Rámáyana ...	0	6
A Book—and its Misnomer ...	0	6
ટ્રાન્સવાલનો ખુની કાયદો.	0	0½
જેલનાં કાપ્યા.	0	1½
ધ ઓ. ડાયરી ૧૯૦૮	0	0½
મારો જેલનો અનુભવ.	0	0½
મુસ્તફા કામેલ પાશાનું જીવન ચરિત્ર	0	0½
એક સત્યવીરની કથા.	0	0½
સલામત (ધર્મનો નિબંધ)	0	0½
સર્વોદય	0	0½
મુસ્તફા કામેલ પાશાનું ભાષણ.	0	0½
નીતિ ધર્મ અથવા ધર્મ નીતિ.	0	0½
રામાયણ સાર, બાલકાંડ	0	1½
ટ્રાંસવાલનો નવો કાયદો	0	0½

ટપાલ મારફત મંગાવનાર માટે પોસ્ટેજ ખર્ચ પેની ૧ જુદું. કોઇપણ કોયનીના સ્ટંપ સ્વીકારવામાં આવે છે.

ઇંટરનેશનલ પ્રીંટીંગ પ્રેસ,
ફીનીક્સ, નાતાલ.

વેપારીઓને અમુલ્ય તક.

અમારા કેટલાક માનવંતા ગ્રાહકોના આગ્રહથી અમોએ હાલમાં અમારા ચંબુ બનાવવાના કારખાના સાથે ટીનની પેટીઓ (Steel Trunks) બનાવવાનું ખાતું ખોલ્યું છે જેની અંદર ચાલાક **૩૦** કારીગરોથી કામ લઇ અંગ્રેજી માલને ટક્કર મારે તેવી મજબુત અને તરેહવાર સોનેરી રંગની પેટીઓ બનાવીએ છીએ.

દરેક જાતના ચંબુ વિગેરે ટીનનું કામ સસ્તામાં સસ્તા ભાવે કરી આપીએ છીએ. એક વખત અમારા માલની અજમાયેશ કરવા ભલામણ કરીએ છીએ. પ્રાઇસ લીસ્ટ માટે લખો.

M. RAWAT & Co.,
Manufacturers of Camp Kettles and Steel Trunks.
(No. 1 Dean Street)
PIETERMARITZBURG, Natal

WESTERN INDIA

Army Boot and Equipment Factory,

BOMBAY, India.

GOLD MEDAL
Madras Industrial and Art Exhibition, 1903

(ESTABLISHED 1887)

TWO GOLD MEDALS
Bombay Industrial and Agricultural Exhibition, 1904.

PROPRIETORS—

Messrs. Adamjee Peerbhoy & Sons.

MANUFACTURERS OF—

Military Ammunition Boots, **Volunteer Ammunition Boots,**
Police Ammunition Boots, **Sandals, Gurgabi Shoes, &c**

Military, Volunteer and Police Leathers :—Harness, Saddlery, Accoutrements, etc., etc. Russian, satin and black waxed calves, harness leathers of all kinds bag and carriage hood hides, Morocco, etc., etc.

Civilian Boots, shoes, harness and saddlery of every description.

Travelling Requisites :—Overland Trunks, dress cases, suit and shirt cases, portmanteaux Gladstone, brief, hand and courier bags, hat boxes, bed straps, soiled-linen bags, stick cases, etc., etc.

Mill Stores :—Single and double leather belting, Ginning rollers and washers, Rolier skins pickers, hose pipe, etc., etc.

Miscellaneous Leather Goods :—Puttee and lace gaiters, collar boxes, brush cases, cigar and cigarette cases, school bags, Peon's bags, Mussacks, Syce's belts, bottle, and tumbler cases, luggage labels, etc., etc., etc.

ALL ARTICLES GUARANTEED SOLID LEATHER.

Price List on Application.

ABDOOL RAHMAN,
MERCHANT,
POTCHEFSTROOM.
Tel. Address: "RAHMAN."
P.O. Box 12.

TRY
"Indian Opinion" Office.
— FOR RUBBER STAMPS —
in different languages.

EBRAHIM CAMROODEEN.
GENERAL MERCHANT,
Natal Leaf Tobacco a Speciality.
113 GREY STREET. (Camrodeen's Buildings)
Tel. Add.: "AJMERE." Durban.

M. A. Karodia & Co.,
GENERAL MERCHANTS
Dealers in all kinds of Indian Groceries & Soft Goods.
Box 3598.
41 Market Street
JOHANNESBURG.

K. M. NAIDOO & CO.,
Wholesale & Export
Fruit & Produce Dealers
AND
OSTRICH FEATHER BUYERS.
P.O. Box 1. Tel. Address: "NAIDOO. ROBERTSON, C.C.

A. A. PILLAY,
Wholesale Fruit & Produce Dealer and Commission Agent
Box 1353
49 President St., Johannesburg.

THE IMPERIAL CIGAR
Manufacturing & Trading Co.,
Large stocks of the best brands of Cigars and Cheroots always on hand.
Telephone 387. Tel. add: "CHEROOT"
Star Buildings Umgeni Road,
DURBAN.

M. E NAGDEE & Co.,
General Merchants & Direct Importers, Wholesale & Retail.
Head Office: Box 5, WARMBATHS, and at NYLSTROOM.

HORMAJGY IDOLGY,
DIRECT IMPORTER
—AND—
GENERAL MERCHANT
P.O. Box, 532, LOURENCO MARQUES.

P.O. Box 2133, Johannesburg.
S. HALLOO.
TIN MANUFACTURER.
Boilers, Tobacco & Sauce Tins, Camp Kettles, Water Canteens, Steel Trunks, etc.
Factory: Stand 48, 18th St., Vrededorp

B. K. PATEL,
Fruit Merchant & Commission Agent.
28, PRESIDENT STREET,
P.O. Box 5250,
JOHANNESBURG.
ભવાન કાનજી પટેલ.
ફ્રૂટ મરચંટ એન્ડ કમીશન એજંટ.
૨૮ પ્રેસીડન્સ સ્ટ્રીટ.
પી. ઓ. બોક્સ, ૫૨૫૦
જોહાન્સબર્ગ.

શેાપાર મહારાજ.
Mattress Maker, Wholesale Importer,
Dealer in Sodastraw, Coir Tickings, Mattress Cases, Feather Pillows,
3 Market St. (West), Box 6023, JOHANNESBURG

SOOKAR LAXMIDAS,
TAILOR & OUTFITTER.
ઓરડર મુજબ સુટ બનાવી આપવામાં આવે છે.
23 & 25 Market St., JOHANNESBURG

STAR LAUNDRY
(INDIAN)
New Clare, Waterfall,
Box 5377, JOHANNESBURG.

નાગરદાસ હરી સેાની
દરેક જાતના સેાના ચાંદીના દાગીના બનાવનાર.
ઓફીસ નં. ૨૪૪–૨૪૫. મેકિવાડીક ચેમ્બર્સ,
વરસેાપ: સ્ટ્રમ સ્ટ્રીટ. P.O. Box 280 Pretoria

V. BROS.,
TAILORS AND OUTFITTERS,
Stand No. 6, BOKSBURG LOCATION
P.O. Box 77.
ઓરડર મુજબ સુટ બનાવી આપવામાં આવેછે.
Suits Made to Order. Moderate Prices
Patterns of Latest Fashioned Cloth can be seen and supplied to order. Old Suits well repaired.

N. KALIDAS & CO.,
TAILORS AND OUTFITTERS.
ઓરડર મુજબ સુટ બનાવીઆપવામાં આવે છે.
36 MARKET STREET,
BRANCH: 147 MARKET STREET. *Johannesburg*

RATANJI RUGNATH,
TAILOR and OUTFITTER.
ઓરડર મુજબ સુટ બનાવી આપવામાં આવે છે.
27 MARKET STREET,
BRANCH: 31 MARKET STREET. JOHANNESBURG

સ્વદેશી કેરોના રસના ટીન.
આ રસને તાજા કેરીના રસમાં જરા ફેરફેર નહિ.
પુછેા:—મહેતા અને ખુડેરીઆ બ્રધર્સ.
બોક્સ ૧૬૦, પીટર્મેરીત્સ.



164 Grey Street
Durban.

SUN CIGARS, SUMATRA CHEROOTS
. . BOER TOBACCO . .
VIRGINIA TOBACCO, SNAO, &c.
At Lowest Wholesale Prices.
Box 88. Tel. Address: "Porbandar" Telephone 864.

સસ્તેા અને ઉંચેા માલ.
સન સીગારેટ, સુમાત્રા ચીરૂટ બોર ના બીજા તેમ વગેરે બનતી તમામ ચીજો સસ્તામાં મળશે.
. સન બ્રાન્ડ ટોબેકો વર્કસ.
૧૬૪ ગ્રે સ્ટ્રીટ, ડરબન.

દેશી ભીડાઇ.
સારી અને સસ્તી, ચેાખ્ખા ઘીની.
કે. ઇબ્રાહ્મ,
૧૬૦ ગ્રે સ્ટ્રીટ, ડરબન.

Ismail Amod Kajee,
GENERAL MERCHANT & DEALER
Market Square, P.O. Box 11,
KRUGERSDORP.

COOLAM MOHIDEEN,
GENERAL MERCHANT
P.O. Box 3755
2 Crown Road, Fordsburg.
JOHANNESBURG.

Vrajdas & Lalchand.
GENERAL MERCHANTS
Importers & Commission Agents,
Wholesale and Retail.
P.O. Box 92. Lourenco Marques

A. M BHYAT,
Wholesale & Retail Merchant,
Market Street, Box 44,
HEIDELBERG.
Branches:— Pietersburg, Box 84.
Nigel, Box 43
Tel. Address: "BHYAT"

V. G. MAHARAJ,
Indian Silk Merchant and Direct Importer.
Corner of PRESIDENT and VON BRANDIS STREETS.
Between Eloff and Von Brandis Streets.
3 doors from Stores Bros.,
P.O. Box 4109. Tel. Add: "MAHARAJ"
JOHANNESBURG.

M. E. SEEDAT,
General Merchant and Produce Agent.
Branch: INGOGO.
Tel. Add: "SEEDAT."
Box 7, NEWCASTLE.

DAWAD MAHOMED & Co.

ESTATE OWNERS.

FARMS TO SELL.

TOWN AND SUBURBAN
HOUSES TO LET

Application will receive prompt attention.

For further particulars apply

PLOWRIGHT LANE.

RATANJI MAKAN,

TAILORS & OUTFITTERS,

66 Market St., Keel's Building, KRUGERSDORP

ગોરવરમુજબ સૂટ બનાવી આપવામાં આવશે

Suits Made to Order. Moderate Prices.
Old Suits Well Repaired.

જાહેર ખબર

એક સત્યવીર કથા તથા મુરતબા હમેશ પાશાનું બાયસ્કોપ ચિત્રોરે ચોપડીઓ જોહાનેસ્બરગમાં મી. એમ. કે ગાંધીની ઓફીસમાં અને કેપટાઉનમાં મેસરસ ચેકુમલ ખીમજીના સ્ટોરમાંથી મળશે

MOONDAMAL SONS.

India, China, Malta, and Assam
SILK MERCHANTS.
WHOLESALE & RETAIL.
107 West St., (Grey Street, Corner)
DURBAN.

E. Suleman Bros.,

Wholesale & Retail Timber & Iron Merchants,

Saw Mills & Timber Yards:
109 Queen Street, Durban.

A. E. CHOTABHAI,

MERCHANT.

P.O. Box 33,

KRUGERSDORP.

G. H. MIANKHAN & Co.,

General Merchants & Direct Importers,

Oldest Established Native Goods Merchants.

NATIVE CURIOS MANUFACTURED ON THE PREMISES.

ALSO ESTATE OWNERS.

HOUSES OFFICES SHOPS &C. TO LET.

APPLY—

124 & 126 FIELD STREET.

P.O. Box 97. Tel Address: "MIANKHAN," Durban Telephone No. 855

રૂટરના તારની કંપની, લીમીટેડ.

હિંદુસ્થાન તથા યુરોપ માટેના તારના સસ્તા દર.

આ કંપની કોઇપણ જાતને માટે હિંદુસ્થાન, જપાન, યુરોપ, ઓસ્ટ્રેલેશીઆ અને અમેરિકા તાર મોકલી આપે છે. નિકમીત મકારને દર અઠવાડીઆ ઉપર એક ચોકકસ રીતે આપવામાં આવે છે.

આ કંપની તાર આપવા ટપાલથી દુનિઆના કોઈપણ ગામપર પૈસા મોકલી આપે છે.

આ કંપની તાર મોકલવાના તથા કેનાર મહીના સસ્તામા સસ્તા દર રાખે છે. આ ઉપરાંત નામને માટે કોઇપણ પહેલા કેનારમાં નથી આવતા. આ કંપની આમ કેમ જુદી છે તે એક રીતે ઠસપુરશ છે. આવી રીતે નામ વગર કરવી કેમ સન્દેશામાં તાર કેનાર તથા કેનારપણાથી ઘણા સસ્તે દરે કામ ઓછી ઝાઝ છે.

નવી રૂટર કોડમા આવેલા તાર આ કંપની તેના અરજ કરી કેનાર મહીને કરી વાર કરે છે.

વધુ વિગત માટે નીચેને સરનામે લખો.

મેનેજર,
આ કંપની મેનજરી,
કેનીક બીલ્ડીંગ્સ,
૫૬, કીંગ સ્ટ્રીટ,
ડરબન.

આ કંપની બીલ્ડીંગ,
જોહાનેસ્બરગ સ્ટ્રીટ,
ડરબન.

અથવા આ કંપની મેનજરી,
બી કોરનર હાઉસ,
કમીશનર સ્ટ્રીટ,
જોહાનેસ્બરગ.

SMOKE

"OUR BOBS"

CIGARETTES

THE BEST 3d PACKET
IN THE MARKET.

કોંગ્રેસના સેક્રેટરી મી. હાજી ઓસમા નને મી. રીચનો કાગળ મળ્યો છે. તેમ તારથી મોકલાવ્યાએલ પૈંડ ૬૦ ની પહોંચ છે. મી. રીચ લખે છે કે નાતાલના લાઇ સેન્સ બીલો સામે યએલ પ્રોટેસ્ટના ફરારો મને તારથી મળ્યા કે તરતજ હમીદીએ આ બીલો વિષે વડી સરકારે પગલે રજુ આત કરી હતી. સ્વતંત્ર કોલોનીએ ઘડેલ કાયદાને નામંજુર રાખવામાં વડી સરકાર સંપુર્ણ નારાજ છે, છતાં, આવા ઝેરી કાયદાને નામંજુર રાખવામાં જરાપણ અન્યાય એમ હું માનતો નથી. એકેક અઠવાડીઆમાં પ્રગતીમેટ મળે છે. તે વખતે પહેલી તકે આપણા સવાલની પુરી ચરચા કરવાના જરૂરી પગલાં લેવાય છે. હીંદુસ્તાનમાં કેટલાક આગેવાનોને તથા મંડળોને મે લખવાનું જરી રાખ્યું છે. ત્યાં હવે જાગૃતિ, પ્રમાણમાં ઘણી થોડી, થવા લાગી છે. મી. ગાંધી થોડા વખતમાં આ તરફ આવે છે એવા તાર અહીંના ભાષામાં છે. હું આશા રાખું છું કે આ બાબત ખરી હોય. કેમકે લડતનો રંગ દિવસે દિવસે જામતો જાય છે અને તેવે વખતે તેના આગેવાનોથી મને બહુ ઉપયોગી મદદ મળશે.

મી. હુસેનમીંઆ પાસ થયા

મી. હુસેનમીંઆ દાઉદ જે બારીસ્ટર નો અભ્યાસ કરવાને વિલાયત ગયા છે તે દાખલ થવાની પરિક્ષા પાસ થયાનો કેબલ આવ્યો છે મી. હુસેનમીંઆ તથા તેમના સંબંધીઓને આ ખુશ ખબર માટે મુબા રકબાદી આપું છું.

સરકસમાં અપમાન

ગયે શનિવારે જેલનાં સરકસનો ખેલ જોવા ટીકીટ લેવા જતાં કેટલાક હીંદી ઓને બહુ અપમાન સહન કરવું પડયું હતું. ટીકીટ વેચનાર એક ગોરી બાઇ દરેક હીંદીને અણઘટતા શબ્દોથી તરછોડી દુર ઉભા રહેવાનું કહેતી અને ગોરાઓને ટીકીટ આપવી બાકી રહ્યા બાદ હીંદીને ટીકીટ મળશે એવું કહેતી. જે હીંદીને સર કસ જોવા ના છુટકા કરતાં પોતાની આબરૂ

વધારે વહાલી હશે તેને માટે રસ્તો ખુલ્લો છે.

ઓવર પોરટમાં ભાષણ

ગયે રવીવારે બપોરે પછી ઓવર પોર્ટમાં હીંદુ મુસલમાન મળી આશરે ૫૦૦ માણસ ની સભા સ્વામી શ્રી શંકરાનંદે મનુષ્ય ની ફરજ ઉપર એક અસરકારક વ્યાખ્યાન આપેલું હતું. સભાની ક્રીયા પણ રીત સર થઇ હતી. મી. શેખ મહેતાએ પ્રસંગમાટે ખાસ બનાવેલી બે કવિતાઓ હારમોનીયમ સાથે ગાઇ બતાવી હતી. એક સાંજે મેળાવડો વિસરજન થયો હતો.

મંગળવાર.

વોક્સરસ્ટપર વધુ ધસારો

ગયા વીકમાં આગલી બે સ્ટીમરોના પાસેંજરો હજુ ઉપરથી ઉતરી ગયાના ખબર આવી ગયા તે પછી છેલ્લી સ્ટીમર પ્રેસીડેન્ટમાં આવેલા ઉતારૂઓને પણ ઉતરવાની રજા મળી ગઇ હતી. આ બન્ને સ્ટીમરોના ઉતારૂઓમાંથી ૩૪ જણા સોમવારની સાંજની ટ્રેનમાં વોક્સરસ્ટની જેલમાં જવાનો ઠરાવ કરી ઉપડી ચુકયા છે.

વોક્સરસ્ટની જેલમાં ભરતી

જેલમાંના છુટેલા હીંદીઓ તરફથી તેમના ભાઇબંધોને નાતાલમાં કાગળો મળેલા છે તેમાં એવું જણાવવામાં આવ્યું છે કે વોક્સરસ્ટની જેલમાંથી ૨૫ થી ૩૦ હીંદી જેલીઓને પ્રીટોરીયાની જેલમાં લઇ જવાની ગોઠવણ થયાનું સંભળાયું છે. આ ઉપરથી અનુમાન થઇ શકે કે પ્રીટોરીયાના હીંદીભાઇઓ સાંના જેલ ભરી મુકવામાં પઠાન છે, નહીંતો તેમાં બહાર ના ૨૫-૩૦ હીંદીઓનો સમાવેશ કેમ થઇ શકે ?

વડી અદાલતના ચુકાદાનો ટાઢો ઘા

હજુ ૫૨ના હીંદીઓને ખરખો આપવા સાથે મુકત કરવાના ખબર ગયે બુધવારે સાંભળી હીંદીભાઇઓ બહુ રાજી થઇ ગયેલા દેખાતા હતા, પણ જ્યારે પુરો ચુકાદો સહુના વાંચવામાં આવ્યો ત્યારે તેના ખાની બગર પડી. તે ચુકાદાથી ઉકત ત્રણ સ્ટીમરોનાજ ઉતારૂઓ ઉતરી શકે છે. કારણ કે તેઓ જે સ્ટીમરોમાં આવેલા તે આ ચુકાદા પહેલાં ડરબનથી હંકારી ગયેલી હતી. હવે જે સ્ટીમરોમાં ટ્રાંસવાલના હીંદી ઉતારૂઓ હશે તેને ટ્રાંસવાલના નવા કાયદાને તાબે નહીં થતાં—એટલે આંગળાં નહીં આપવાથી—મી. રમીયા પાછા તેજ સ્ટીમરમાં રવાના કરી શકશે.

ચુકાદા સામે પોકાર

ઉપલા ચુકાદાથી ટ્રાંસવાલ માટે નવા આવનાર હીંદીઓને જે હલાકી વેઠવી પડશે તે ખ્યાલ મી. રીચને આપવા નીચેનો કેબલ ટ્રાંસ્વાલે કરેલો છે:—"પોંઇટ પર રોકી રાખવામાં આવેલા હીંદીઓ બાબતના કેસમાં સુપ્રીમ કોરટે એવો ચુકાદો આપ્યો છે કે જેથી ટ્રાંસવાલના પાસેંજરોને હવે નાતાલમાં દાખલ થવા નહીં દેવામાં આવે. ઉલાગેલ્આબેનો રસ્તો પણ બંધ થયો છે તો ટ્રાંસવાલના હીંદીઓને હવે રસ્તે આવવું રહ્યું ? હમીદીયા સોસાયટી ના ચેરમેનને અને બીજા આગેવાનોને દોઢ માસની સખ્ત જેલ મળી છે."

વોક્સરસ્ટથી ખબર

મી. વાસુદેવ અને તેની સાથે બીજા ડરબનથી આવતાં વોક્સરસ્ટમાં પકડાયાના ખબર આપ્યા છે. મી. વાસુદેવની નબળી તબીયતના ખબર મળતાં હીંમત રાખી બહાદુરી બતાવવાનો કોંગ્રેસ તરફથી તાર કરવામાં આવ્યો છે. તેમના કેસની મુદત પડી છે.

રવાનીનું ભાષણ

ડરબન થીઓસોફીકલ સોસાયટીની માગ વાથી રવાના શ્રી. શંકરાનંદ કોંગરેસ હોલમાં અંગ્રેજી ભાષામાં શનિવારે સાંજે ૮ વાગે ભાષણ આપવાના છે.

હુલ્લડવાળા ઉતારૂઓ જેલમાં

સુપ્રીમ કોરટમાંથી છુટેલા હુલ્લડના ઉતારૂઓ વોક્સરસ્ટ ગયા પછી બુધવારે તેમનો કેસ ચાલ્યો હતો. તેમની સાથે નાતાલથી બીજા કેટલાક હીંદીઓ પણ હતા. તેમની કુલ સંખ્યા ૬૪ની હતી, તેમાં પાંચ નાની ઉમરના છોકરાઓ છે. ૨૯ને દરેકને ૨૫ પાઉંડ દંડ અથવા બે માસની સખત મજુરીની જેલની સજા થઇ છે. પાંચ છોકરાઓમાંથી ત્રણને ૧૫ પાઉંડ દંડ અથવા બે માસની સખત મજુરીની કેદ, એકને પાંચ પાઉંડ દંડ અથવા ૧૪ દિવસની સખત મજુરીની કેદ મળી હતી, અને પાંચમા છોકરાને છોડી મુકયો હતો. આ છોકરાઓની ઉમર ૧૦ થી ૧૨ વરસની છે. બધા જેલમાં ગયા છે.

હીંદુસ્તાનની ટપાલ

બેરા રસ્તે મુંબઇની સ્ટીમર અમદુખી માં જનારી ટપાલ તા. ૬ નવેંબર સોમવારે બપોરે ૪.૩૦ મીનીટે બંધ થશે.

કરાંચી રસ્તે સ્ટીમર એલેકઝાંડ્રીઆમાં જનારી ટપાલ તેજ દીવસે સવારે ૭.૩૦ મીનીટે બંધ થશે.

કોલંબો થઇ કલકત્તે સ્ટીમર ડનરીક માં જનારી ટપાલ નવેંબર તા. ૧૩ શુક્રવારે સાંજે ૪.૩૦ મીનીટે બંધ થશે.

જોહાન્સબર્ગ

[અમારા ખાસ પ્રતિનિધી તરફથી]

મંગળવાર

બોક્સબરગ

ગુરૂવારે બોક્સબરગમાં ૧૨ વધુ ફેરી વાળાને વગર લાઇસેન્સથી ફેરી કરવાના આરોપસર કોરટમાં ખેંડા કરવામાં આવ્યા હતા. તેમના નામ મેસરસ મેરાર કુકીર, હરી પરાગ, હરી પરસોતમ, મગજી મેરાર, અબદુલ કાસમ, ઇસમાઇલ ગાંડા, ઇબ્રાહીમ અમદ, ભટ્ટ મુસા, અમદ હાજી, ઇસમઇલ હુસેન, ગાદમા રતનજી, ઇસમાઇલ મકબુલ, મકન જીવણ. આ બધાને ૭ દિવસની સખત મજુરી સાથ જેલની મળી છે. બધા રાજી ખુશીથી જેલમાં ગયા છે. મી. હાસમ હાજીને વગર લાઇસેન્સે ફેરી કરવામાટે તા. ૨૧ ઓકટોબરના રોજ એક પૌંડ પાંચ શીલીંગ દંડ અથવા દશ દિવસની સખત મજુરી ની કેદની સજા થઇ છે. મી. હાજી જેલમાં ગયા છે.

વોક્સરસ્ટની જેલમાં ભરતી.

મી. અબદુલ કાદર બાવાઝીર તથા મી. મુસા ઇસાકજી અને બીજા બે ચારરસ ટાઉન જઇ પાછા ફરતા પકડાયા હતા તેમને ૬ વીકની સખત મજુરીની જેલ મળી છે. આ સાહેબોએ રજીસ્ટર નહીં બતાવ્યા તેમ અંગુઠા નહીં આપ્યા. પોલીસને પ્રીટોરીયેથી એવી સુચના થઇ હતી કે તેમને છોડી દેવા, પણ નામમાં કંઇક ફેરફાર થઇ જવાથી પોલીસે ખુશીથી પકડયા જેમ દેખાય છે. બીજે દીવસે અદીના અગેવાન મેસરસ. ફેન્સી, કુવાડીઆ, ખોલવડીઆ કડોદીઆ, નાનાલાલ રાહ, હેડલબરગના ભાગત શેઠ વિગેરે ગએલા તેમને પોલીસે જવા દીધા છે. આમ જેલ જવાની હરીફાઇ ચાલી રહી છે તેમાં ક્રમમ સાહેબના મનની આશા પુરી થઇ તે માટે તેમને મુબારકબાદી આપું છું. તેમના જેલ જવાથી આખા દક્ષીણ આફ્રીકાના હીંદીઓ મગરૂર થયા છે.

નીરાશ થયા

જોહાન્સબરગના આગેવાનો મેસરસ. ફેન્સી, કુવાડીઆ, ખોલવડીઆ, કડોદીઆ, હાજી હેડલબરગના ભાગત વિગેરે જેઓ ગઇ કાલ સાંજરે ચારરસ્ટ ઉતરી પાછા ફરવા તેમને પકડયા નહીં તેથી નીરાશ થઇ પાછા આવ્યા છે. મી. ભાયાતે જણાવેલી હીંમત

અને પકડવા માટે ચાર્જ ઓફીસના ઓફીસરો મારફત કરેલા અરજના ત્યાં વખાણ થયાં છે.

બાર વરસનો બાળક

હીરા મુળજી જે પોતાના બાપની સાથે ટ્રાંસવાલમાં દાખલ. થએલ અને જેને બે વીકની જેલ મળી હતી તેને આજે સવારના હજાર કરીયો કે તુરતજ પોતાના બાપથી છુટો નહીં પડવા બાંતર પાછો હરવાથી પકડવામાં આવ્યો. મજીસ્ટરેટે તેને એક માસની સાદી જેલની સજા આપી. છોકરો બાપની સેવામાં હાજર થયો છે છે.કરાની હીંમત અને બહાદુરી વખાણવા લાયક છે.

વેરકસરસ્ટથી ખબર

મી. બ્યાસ નાતાલથી આવતા ટ્રાંસવાલના પેસેંજરોને વેરકસરસ્ટની જેલમાં વળાવવા ગયા હતા તે સેામવારે પાછા હરયા છે. રવીવારે સવારના મેસરસ. ચુલે માન કાજી તથા બાકીજી વેરકસરસ્ટથી ચારલસટાઉન સુધી ગયા હતા. મેઈલ ટ્રેનમાં પાછા હરયા ત્યારે મેસરસ. વસુ દેવ રામજી ફરે, મુસા ઈસમાઈલ ઉરફે દાઉદ, ઈબરાહીમ આમદ સાંદેરી, મુસા હસપ પટેલ (મી. ઈસપ ઈસમાઈલ પટેલ કમરકસડોરપવાળાનો છોકરો, ઉમર વરસ ૧૦) તથા એક સુરતી ભુંડા વેરો અને તેનો છોકરો હતા. સુરતી ભુંડા વેરો પેતા ના છોકરાને લેવા હરબત જએલ તેની પાસે વેલકંટરી રજીસ્ટરેશન હતું. મી. કાજીએ તેનું નામ જાણવા ઘણી મહેનત કરી પણ ફોગટ. અંગુઠો નહીં આપવા ઘણો સમજાવ્યો પણ માન્યું નહીં હરેન વેરકસરસ્ટ પહોંચતાં સારજંટે સુરતી ભુંડા વેરાના કબામાં જઈ, બારીઓ બંધ કરી તેની સાથે વાતચીત કરી. બીજા બધા નેટાલ ઓફીસમાં લઈ જુનાં પરમીટ રજીસ્ટરો જોયાં. કોઈએ અંગુઠા આપ્યા નહીં. મી. ઈબરાહીમ આદમ સાંદેરી પાસે વેલ કરી રજીસ્ટર હતું તે જુલમમાં જતાવાઈ ગયું પણ અંગુઠો આપ્યો નહીં. ઈસપ પટેલના બહાદુર છોકરાએ પેતા ની પાસે રજીસ્ટર હોવા છતાં અંગુઠો આપવાની ચોખી ના પાડી. બધા સાથે ચાર્જ મુકી જેલમાં મોકલ્યા. મી. કાજીએ બધાની બહુ સારી બરદાસ કરી હતી મજકુર પાસે જરો સાથે પ્રીટોરીયાવાળા મી. જકરીયા કર બાબાની સ્ત્રી તથા મી. દાઉદની સ્ત્રી અને નાની દીકરી હતાં. મી બ્યાસે મી. કરતમજીને મળવા બાસ પરવાનગી મેળવી હતી. જેલમાં બધા બધાની મુલાકાત લઈ આવ્યા હતા. બધા બહુ આનંદમાં છે અને કસેલ કરે છે

બીજા કેપ જેલમાં

જોહાને બરગની માજીસ્ટરેટ કોરટની અંદર અને બહાર સખ્યાબંધ હીંદીઓ સાથે સવારના એકઠા થયા હતા. રાની વારે પચાસ ફેરીઆ પકડાયા હતા તેનો કેસ હતો. ૪૫ જણાને સાત દીવસની સખત મજુરી સાથ જેલ બધા એક બગડ દંડની સજા થઇ છે. બધા જેલમાં ગયા છે. એક હીંદુ અને ચાર મુસલમાનના નામો પેકર્યા ત્યારે હજર થયા નહીં. તેમના બેસના પૈસા જતા કર્યા. આ સરમ ભરેલું કહેવાય. લાગતા વળગતા એને મારી બલાયથુ છે કે આવા માણસોને હીંમત આપવી. નામો મળ્યેથી બહાર પાડવા ઓકસીશ.

ડાહ્યા લાલાનો કેસ

રેડ હીલ કેરટમાં જનાવરી રજીસ્ટર વાપરવા માટે ચલનો હતો તેને ૭ મ.સ ની સખત મજુરી સાથની જેલ અને પચાસ પાઉંડ દંડની સજા થઇ છે. દંડ ન ભરે તો બીજા ૭ માસની સખત મજુરી સાથની જેલ મળી છે. ડાહ્યા લાલાએ નિર્દોષપણે રજીસ્ટર જમાલ નામના માણસ પાસેથી મેળવ્યું હતુ. ઓપ્પી કેસનના ફારમ ઉપર ફીંગર છાપની ડાહ્યા લાલાના અને હાથના અંગુઠાના નીશાન લીધેલ અને તેને કહેવામાં આવ્યું હતુ કે મજકુર ફારમ પાસ કરી મી. ચમની રજીસ્ટર મોકલશે. થોડા દિવસ પછી રજીસ્ટર તેને ફરનમાં આપવામાં આવ્યું અને તેના ઉપર તેનું નામ નીશાન અંગુઠાનું નીશાન તથા મી. ચમનીના કેપી સહીત તથા રદ્દબતના નં. ૨ ના કાયદા પ્રમાણે ઓફીશીઅલ રજીસ્ટર એ કહ્યું છાપેલ તથા સહેલ હતું. ડાહ્યા લાલાએ પા. ૭ રેકર્ડ તથા પા. છની ફ્રેાડસિરી નોટ આપેલ. મજકુર રજીસ્ટરની બાબતમાં ડાહ્યા લાલાએ સતા વાળાઓને અને હીંદી કોમના આગેવાનોને પુછ્યું નહીં તેથી તે પોતે બનાવટી અથવા ચોરીનું રજીસ્ટર છે એમ સમજી તો હોવો જોઇએ એવી ટીકા કરી જજે તેને દોષીત ઠરાવ્યો હતો. આ કેસમાં મી. ગાંધીની જુબાની લેવાની હતી કોરટ ની આસપાસ સંખ્યાબંધ માણસો મી. ગાંધીના દરશન માટે એકઠા થયા હતા મી. હરીલાલ તથા મી. બ્યાસે મી. ગાંધી ની મુલાકાત થઈ અને તેમજ આજે લીધા હતી. મી. ગાંધી બહુજ આનંદમાં છે

તબીયત ઘણી સારી છે. લેકો ઉપર તેમને પુર્ણ વિશ્વાસ છે.

વધુ પકડા પડી

અરજેંટીસ ફેરીવાળા પકડાયાનું સાંભળ્યું છે.બીજા પકડાવા માટે બાસ્કેટો ફરતી ભરી પોલીસો, તથા ડીટેકટરોની આસપાસ ફરધ કરે છે. ગમેત છે કે વધુ હીંદી પકડાશે.

જરમી ફન.

જરમીસ્ટનમાં ગયી તરે ૧૧ માણસોને વગર લાઇસે સાથી ફેરી કરતા મને પકડવામાં આવ્યા હતા. તે બધાનો કેસ વારે કેસ હતો. તેમને બધુ ડીવસની સખત મજુરી સાથે જેલ મળી છે. બધા જેલ ગયા છે. ઘણાં માણસો પકડાવા માંડે કરે એ.

જરમીસ્ટનમાં સાંભળવામાં આવ્યું છે કે કાફર પોલીસ લાઇસેન્સ મ.જે છે અને પાસ પણ કેટલ માણસ પાસે માગે છે. જેઓ ન જાણતા હોય તેણે યાદ રાખવા નું છે કે કાફર પોલીસ પાસ જોવા માગી શકતી નથી. એસોસીએશન આ બાબત તપાસ કરે છે.

જરમીસ્ટનમાં જે બોકુમ થયો સાંભળ્યા છે કે ફેરી વાળા પકડાય તેની માલ મીલ કબજ જપત કરવી (દંડના બદલામાં) પણ જેલ ન મોકલવા. અને માલ મીલકત વગર ના હોય તેને જેલમાં મોકલવા. આ વાત ખરી હોય તો કોઇ પણ ફેરી વાળાએ ડરવાનું નથી. જરમીસ્ટનમાં ગયીવરે આઠ માણસો વગર લાઇસે-થી ફેરી કરવા માટે જેલ ગયા હતા.

વેરકસ્ટ

ડાહ્યા નરણી દરજી જેણે રજીસ્ટર ફોરજી બરજી કરેલ અને ટ્રાંસવાલમાં દાખલ થયો હતો અને ચાર વીકની જેલ મળી હતી તેને બે વીક બાદ મને સાથી વારે છોડી મુકયો છે. તેને રજીસ્ટર વેબી ડેશન બીલની રૂએ મળી ગયુ સાજાબાજ છે.

પારડીકપના મી. કાજીને વગર લાઇસે ન્સથી વેપાર કરવા માટે પાંચ પાઉંડનો દંડ થયો છે. દંડ ભર્યો નથી. માલ હરાજ કરશે એમ જણાય છે.

રીપોર્ટ

મી. ઈબ્રાહીમ મહમદને વગર લાઇસે ન્સથી વેપાર કરવા માટે સાત દિવસની જેલની સજા થઇ છે. તે ખુશીથી જેલ ગયા છે.

અરજરસન

મી. માંકડા બારબરટન ઓસે.સીએશન ના કામ માટે ગયા હતા તે સેામવારે પાછા ફર્યા છે મી. સુલેમાન મુસા ડાર રસ્ટનમાં ગોકોની રરાસ કરે છે તે

માટે આભાર માનવા આ પત્રદ્વારા મી. મંકડા સૂચવતા કરે છે.

મી. દસાર દાજી જેમને ગઇ વીકમાં કોમાટીપોર્ટ રસ્તે હદપાર કરવામાં આવેલ અને તુરતજ પાછા દાખલ થયા હતા. તેનો કેસ મેસરસ મુળજી પટેલ તથા હરી લાલ ગાંધીના જોવામાં હતો.

જેલમાંથી છુટયા

આજે સાત માણસો જેલમાંથી છુટયા છે. મી. ગોવીંદ દયાળ પટેલ તેમાંના એક છે કે જેણે બાકી જેલમાં જવા માટેજ બોગસ વખત ઉપર બીજાની બાસકેટ તપાસ વામતે ધણી નકી જતાં પોતાની હોવાનું જણાયું હતું. તે બીજી વખત જેલમાં ફેરી ફરતાં ગયા હતા. છુટા થતાંજ ફેરી કરવા મંડયા છે. તેમણે જેલના સમાચાર આપતાં કહ્યું કે મી ગાંધીના બહારસથી બધા જોગાઓ ઠમેક કરે છે અને મી. ગાંધીના સહવાસનો લાભ જેલમાં ગયા વગર બીજી કોઇ રીતે મળી શકે તેમ નથી.

ઉલાગોઆઓ જર્હ પાછા ફર્યા

મી. અસવાત અને સાથેના બીજા બહારથી જે બોટર કેસ કરી પકડાયા માટે ઉલાગોઆઓ તરફ ગયા હતા તે બધા ગયે શુક્રવારે પાછા ફર્યા છે. તેમનીસાથે પરમીટ રજીસ્ટરવાળા એક બહારથ હતા. કોઇએ રજીસ્ટર બતાવ્યાં નહીં ને આંગુઠા આપ્યા નહીં. તે બધા ને જવા દીધા છે.

મેસરસ નગદી તથા કાજી

મેસરસ નગદી તથા રહાંડરટનવાળા કાજી સેમવારે રતના વેકસરરટ નાતાલ થી આવતાં પેસેંજરોને જેલમાં વળાવવા માટે ઉપડી ગયા છે.

તામીલ કમાડોના ચેરમેનના દીકરા

તામીલ કોમ અત્યારે એટલું બધું કામ કરી રહી છે કે તેની તારીફ કરવી મુશ્કેલ થઇ પડે એમ છે. જેલમાં જવામાં તેમજ ઉપરાણામાં પણ તેઓ મદદી ગયા છે. તેમના ચેરમેન મી. વી એ. ચેટીએ પોતાના દીકરા મી. વરધનને બે વખત જેલમાં મોકલ્યા છે. બીજી વખતની જેલ ભોગવે છે. કુ તેમને મુબારકબાદી આપું છું.

જેલમાં ભરતી

ગઇ કાલે મેસરસ ઉમરજી કસે તથા ઉમરજી મહમદ અને બીજા ચાર વખર લાઇસન્સથી ફેરી કરવા માટે સાત દિવસ સખત મજુરી સાથે જેલ ગયા છે. આજે ફીનીશ કોરટો દીવી સત્યાગ્રહી ઓથી ભરાઇ ગઇ હતી. સીનેર બધુ દીવીઓ લાઇસેન્સ વગર ફેરી કરવા માટે સાત દિવસની સખત મજુરી સાથે જેલમાં ગયા છે. અને બીજા પગીસ્ટ્રેટ પકડાયા છે.

મી વાસુદેવ દવે

મી. વાસુદેવ રામજી દવેનો કેસ આવતાં મેજીસ્ટ્રેટ ઉપર મુખ્તારી રહેવાથી જોહાન્સબરગની બાસ મીનીસ્ટ્રેટ જોવા માટે અરજી પહોંચેવા છે. મંગળવારે જેલ જશે.

મી. ઇસપ પીંપાની વીદાયગીરી

એસોસીએશનના બે પ્રમુખ મી. ઇસપમીંયા સોમવારના મેજલમાં મકકા શરીફ હજ પઢવા માટે રવાના થયા છે. એસોસીએશનની કમીટીના મેમ્બરો તથા બીજા બહારથી તેમને વળાવવાને પારક સ્ટેશન ઉપર ગયા હતા. મી પોલાક પણ તે વખતે હાજર હતા.

સુપ્રીમ કોરટમાં અપીલ

બારબરટન ખાતે જે લોકો જેલમાં ગયા તેમાંથી મી મુસા ઇસ્માઇલ મીયાં અને બીજા કેટલાકે સુપ્રીમ કોરટમાં અપીલ નોંધાવી છે અને જામીન આપી છુટેલા છે.

જુબેરઃ

ગઇકાલ માસ મીટીંગ

આજ સુધીમાં કદી નહીં ભરાઇ હોય એવી ગઇકાલ મીટીંગ આજ રોજ સાંજ ત્રણ વાગે હમીદીયા મસજીદના યારડમાં મળી હતી.તેનું આખું વરણન આપીને ટપાલ પકડવા જેટલો વખત નથી જેટલે કુંક માં સાર આપું છું. લોકોનો અનહદ જુસ્સો ઉછળી આવ્યો હતો. નામાંકીત યુરોપીયને.એ હાજરી આપી હતી અને દરેક ઠરાવોને અંતે જુસ્સાદાર બાનણો કરી ટેકા આપ્યા હતા. મીટીંગ વાળી જગ્યા ઘણા બાજુથી સજાવવામાં આવી હતી. માણસોની કુલ સંખ્યા અણુમાં આવી હતી, જે ૩૫૦૦ની અંદાજમાં ગઇ હતી. દીવસોજીના ને બાસ મીટીંગના ઠરાવોને મળતા હોવાના આશરે ૪૫ તાર મોકલ્યા હતા. મીટીંગમાં હાજર થએલા ગોરાઓમાં નીચેના બહારથી હતા. મી. વીલીયમ હોરસ્ટીન એમ. એસ. એ, રેવરંડ હાર્વર્ડ, ડોક, અને ટીલીપ્સ; મેસરસ એવન્સ, ડેવીડ પેલાક, કેલન બેક, મીસીસમ, ડબલ્યુ એમ વોલસ, એડવોકેટ ઇસ્કેવેલ, એ. બીટલી, ડબ્લ્યુ. કીમ્બરલી, ધ. ડેલાઉ, એ કરટરાઇટ (કીંગના અપીપલી) મી. પોલાક અને બીજા કેટલાક. કેટલાક ગોરા જે અગવડતાને લઇ હાજર નહી થઇ શકયા હતા તેમણે દીલસોજીના કાગળો લખી મોકલ્યા હતા. બહાર થી આવે લા ડેલીગેટોની સંખ્યા બહુ જબરી હતી. જરમીસ્ટનથી ૨૨૧, કરગરસ્ડોરપથી ૩૭, વીરીનીગીંગથી ૫, પ્રીટોરીયાથી ૬૦, હેડલ બરગથી ૨, પીટરસબરગથી ૧, ફ્રીસ્ટેટ થી ૨૧, અને એ સીવાય બીજા દરેક ગામોમાંથી બધુ ઓછી સંખ્યામાં ડેલીગેટો આવ્યા હતા. આવેલા ડેલીગેટો તરફથી પઉન્ડ ૭૫ લડતના ફંડમાં મીટીંગ બરાસ થયેથી મળ્યા હતા. હું કામ, જે જુસ્સો દરશાવવામાં આવ્યો હતો તે જો કાયમ રહે તો પછી તો શું પણ પહાડો પણ તેડના ચારે નથી લાગે. એવો જોરમાં આવ્યો હતો. પ્રમુખમાં કાળજીપાએ ઇંગ્લાણથી મોકલેલ અભિનંદન તાર મેસરસ ડાકેટ મહમદ તથા પારસી રૂસ્તમજી તરફનો

જેલમાંથી અપેલ સંદેશો

વાંચી સંભળાવ્યો હતો કે આ મુજબ હતો: "અમારા ટરાંસવાલના હિંદી ભાઇઓ, અમે તમારા દુઃખમાં ભાગ લેવા આવ્યા છીએ. તમારે માટે જેલમાં ગયા છીએ. ત્યાં સુધી તમારી મજબુતી પ્રમાણે તમને મળશે ત્યારેજ અમે જેલમાંથી બહાર નીકળશું નહીં તર આપણે જનાજો નીકળશે."

આ સંદેશાથી દરેકના હૃદય પ્રતીત થઇ ગયા હતા.

ભાષણ અને ઠરાવો

અરબાબ પહેલે. હરાર શહેનશા ૬ તરફ વફાદારી બતાવવાનો રાજુ કરવામાં આવ્યો હતો. અને હીંદુસ્થાનમાં ઉજવવામાં આવતી જયુબીલીને ટાંકણે જે રહેમ ભરેલો હુકમ બહાર પાડવામાં આવ્યો હતો તે માટે ઉપકાર દર્શાવી તેવી રહેમ દરદાસ વાસમાં હાડમારી ભોગવી રહેલા હીંદીઓ તરફ બતાવવાની મજણી કરવામાં આવી હતી આ ઠરાવને સેક્રટરસ્ટેટીવ એસે ક્રીના મેમ્બર મી. હોરસ્ટીને ધણું જુસ્સાદાર ભાષણ કરી ટેકો આપ્યો હતો. તેમણે આ બહાદુરી ભરેલી લડત માટે હીંદી કોમને મુબારકબાદી આપી હતી. અને આવા શરમ ભરેલા કાયદા સામે જેટલા જોરથી લડત લઇ શકાય તેટલું જોર બતાવવા ભળામણ કરી કહ્યું કે હીંદી કોમની આગણી વધ્યી છે. તેઓ લાંબા વખતના વતની અને શાંત શહેરીઓ છે. હું તેમને મારાથી બનતી મદદ કરીશ. તેઓ લડત ચાલુ રાખશે. હું તેમની કદર કરું છું. તેમનું ભાષણ પુરું થતાં લોકોએ તાળીઓ પાડી પોતાનો હરખ તથા મંજુરી બતાવ્યાં હતાં. પ્રમુખે તેમને પુરતો હાર પહેરાવી આભાર તથા શુક્રીયા આપ્યાં હતાં.

ત્યારબાદ "લીડર"ના અધીપતી મી. કર્ટરાઇટે પણ તેવાજ ઉત્સાહવાળું ભાષણ કરી દીદી કેમને અત્ત સુધી લડત લેવા ભળામણ કરી હતી.

બીજો ઠરાવ દીદી કેમની માગણી મુજબ કાયદો રદ કરવામાં ન આવે, ત્યાંસુધી સત્યાગ્રહની લડત ચાલુ રાખવા નો હતો. આ ઠરાવના ટેકામાં રેવરંડ ડોક તરફથી ભાષણ થયું હતું તે સાંભળી લોકોની આંખમાં આંસુ પડ્યાં હતાં. તેમણે જણાવ્યું કે સરકારને કરેલી અપીલનો જવાબ નહીં મળવાથી લડતનો અન્ત આવતાં સુધી અમારે હવે તમારી સાથે જોડાયા સીવાય બીજો રસ્તો રહ્યો નથી. રેવરંડ ચાર્લસે જણાવ્યું કે આપણકરેલી શરતો દીદી કેમને મળે નહીં ત્યાંસુધી તેઓ લડત જારી રાખશે.

ત્રીજો ઠરાવ કેળવાયેલા દીદીને આપવા હેતુ બાબતનો હતો. તેના ટેકામાં કેપ્ટન પોમેરોય એસકવાયર, રેવરંડ ન્વેન હાવરડ અને મી. વૉલ્ટર એવન્સે જુસ્સાદાર ભાષણો કર્યા હતા. મીટીંગનું કામ બપોરના ઉત્સાહપુરવક ચાલી રહ્યા બાદ ટુંક ભાષણમાં ઓલની સાહેબ અહમદ મુખ્તારે ગેરા મિત્રોની દીલસોજી માટે ઉપકાર માન્યો હતો.બાદ રાજા સાડા પાંચ વાગે બરખાસ્ત જાહેર કરવામાં આવી હતી.

છેલ્લા ખબરો

જોહાન્સબરગ, ગુરૂવાર

આજે બાર વધુ કેદીવાળા અહીંની જેલમાં ગયા છે. ઓકસબરગની જેલમાં બે જણા ગયાના ખબર મળ્યા છે. જરમીસ્ટન મોસાત કેદીવાળાને છ દિવસની અને પોકસ રસ્ટમાં બે જણાને બે મહિનાની સખત મજુરીની જેલ મળી છે.

મી. ગાંધીને આજે અહીંથી પોકસરસ્ટ ની જેલમાં લઇ જવામાં આવ્યા છે તેને કેદીનાં કપડાં પહેરાવેલાં હતાં.

આજનું ટ્રાંસવાલ લીડર સરકારને ભલામણ કરે છે કે ગઇ કાલની ઓરાંઓની માસ મીટીંગ ઉપરથી સરકારે આ સવાલ ઉપર ફરીથી વિચાર કરવો ઘટે છે. અને બીજા ઓરાંઓને આ લડતમાં સામેલ થવાની ભલામણ કરે છે.

નાતાલમાં લાઇસેન્સની અરજી કરવાના ધારા

નાતાલમાં લાઇસેન્સની અરજી કરવા બીજેરે બાબતના ધારા તા. ૨૦ ઓકટોબર ના સરકારી ગેઝેટના ખાસ આંકમાં બહાર પડ્યા છે. તેમાંની કેટલીક જાણવા લાયક કલમો નીચે મુજબ છે.

૩. નવા લાઇસેન્સ કઢાવનાર અથવા ચાલુ લાઇસેન્સ હોય અને જગ્યા બદલવા માગતા હોય તેવા દરેક સખ્સે ફોરમ મુજબ લાઇસેન્સની અરજી કરવી અને લાઇસેન્સ વાળી જગ્યાનો નકશો અરજી સાથે રાખવો.

નવા લાઇસેન્સ અથવા ટ્રાંસફર કરવાના લાઇસેન્સની અરજી કરવામાં આવે તે વખતે અરજીની નકલની લાઇસેન્સ જે ડીસ ટ્રીકટ માટે કઢાવવાનો હોય તે ડીસટ્રીકટ ના છાપામાં જાહેર ખબર લાઇસેન્સ મળવા પહેલાં પહેલી વખત ૧૪ દિવસ આગાઉથી અને બીજી વખત ૧૪થી૨૦ દિવસ અગાઉ થી છપાએલી હોવી જોઇએ.

લાઇસેન્સની અરજી નવેંબર માસની પહેલી તારીખથી માજીસ્ટરેટની ઓફીસમાં કરી શકાશે અને બનતાં સુધી જે અનુક્રમમાં અરજી દાખલ થઇ હશે તે મુજબ તેનો નીકાલ કરવામાં આવશે.

૪. લાઇસેન્સની અરજી મળ્યા પછી લાઇસેન્સીંગ અમલદાર તંદુરસ્તી ખાતાના અમલદાર પાસેથી લાઇસેન્સ વાળી જગ્યા ની સ્વચ્છતા વગેરેનો રીપોર્ટ મંગાવી શકશે.

૫. લાઇસેન્સઅમલદારને જરૂર પડેતો અરજદારે બનતે તેની આગળ હાજર થવું અને લાઇસેન્સીંગ કાયદાની ૭મી કલમ મુજબ અંગ્રેજીમાં ચોપડા રાખવા વગેરેની શરતો અરજદારે બરાબર પાળેલ છે એ તે અમલદારને સંતોષ મળે તેવી રીતે બતાવવું. અને તેની અરજીના ટેકામાં બીજો જે કાંઇ પુરાવો હોય તે રજુ કરવો.

૬ નવી અથવા ટ્રાંસફર કરવાની લાઇસેન્સ બાબત જેને કાંઇ વાંધો ઉઠાવવા નો હોય તેણે ઉપર જણાવ્યા મુજબ અપાએલી જાહેર ખબર પુરીથઇ રહેવા આવતી હોય તેની ૪ દિવસ અગાઉથી માજીસ્ટરેટને અરજી કરવી. આવા કીસ્સા માં લાઇસેન્સીંગ અમલદારે બને પક્ષને સાંભળવાની અમુક તારીખ ઠરાવવી. અને તેવીપેની ૪ દિવસ અગાઉથી બનેને ખબર કરવી.

૭ લાઇસેન્સની અરજી કબુલ રાખવા માં આવી છે કે નહી તેનો ચુકાદો દરેક અરજી ઉપર લાઇસેન્સીંગ અમલદારે લખી આપવો.

૮ લાઇસેન્સીંગ અમલદારે અરજી અને તેને લગતી તમામ વીગત અને તેણે આપેલા ઠરાવની નોંધ રાખવી.

૧૦ લાઇસેન્સ પ્રી ગયાલ ન હોય ત્યાં સુધી લાઇસેન્સ કાઢી આપવામાં આવશે નહીં.

૧૧. લાઇસેન્સ અમલદાર મરજીમાં આવશે તે અરજદાર પાસેથી લાઇસેન્સ ની બીજી નકલમાં (કાઉંટર ફાઇલ) અથવા તે અમલદાર જણાવે તેવી બીજી જગ્યાએ સહી અને અંગુઠા અથવા આંગળાની છાપ મંગી શકશે.

અપીલના ધારા

૧૨. જે માણસ અપીલ કરવા ઇરાદો રાખતો હોય તેણે લાઇસેન્સ અમલદારે ચુકાદો આપ્યા પછી બે અઠવાડીઆની અંદર બોરડ અથવા કાઉન્સીલના કલારક ને ખબર આપવા અને તે વિષેની અરજી સાથે ખરચ પેટે પૌંડ ૧૨-૧૦-૦ ની રકમ ભરવી. એક કરતાં વધારે અરજદારે અપીલ કરી હોય તો બેરડનું ખરચ ભાગે પડતું આવશે

૧૩. અપીલ સાંભળવાની તારીખ અને તે સાથે અપીલેનું લીસ્ટ કોરટ હાઉસ અથવા ટાઉન એ.ડીસને ઇરવાજે અપીલ સાંભળવાની તારીખની પાંચ દીવસ અગાઉથી નોટાડવામાં આવશે.

૧૪. અપીલની નોટીસ મળ્યા પછી તરતજ કેસને સબંધે હોવાહોયતોલાઇસેન્સીંગ અમલદારે આપેલ ઠરાવનું કાંઇ પણ અમલ દારે કોરટના કલારકને મોકલી આપવા, જે અરજદાર છુટથી તપાસી શકશે.

૧૫. બોરડ અથવા કાઉન્સીલનું કામ બોર્ડો જણી શકે તેમ જાહેર રીતે ચલા વવામાં આવશે.

૧૬. આ કામની નોંધ કલારક તરફ થી રાખવામાં આવશે.

૧૭. અરજ પીસેના સબળા કારણોવા બોરડ અથવા કાઉન્સીલ આગળ વાંચવા માં આવશે

૧૮. અપીલ કરનાર અથવા તે સાથે સંબંધ ધરાવનાર બીજો કોઇ, બનતે અથવા તેના વતી બીજા કોઇ મારફત, જરૂરી પુરાવો હાજર કરી શકે છે. સામા પક્ષ વાળાને પણ આવી જાતનો હક છે.

૧૯. જરૂર જણાયે બોરડ અપીલની મુનાવણી બીજા વખત ઉપર મુલતવી રાખી શકે છે.

હમીદીયા ઇસ્લામીક સોસાયટી

જેલ ગયેલા બહાદુર પ્રમુખમાટે દિલસોજીના ઠરાવ

અસર કારક ભાષણો

[ઇ. ઓ. માટે ખાસ રીપોર્ટ]

હમીદીઆ ઇસ્લામીક સોસાયટીના આહેદેદાર પ્રમુખ મી. ઇમામ અબ્દુલ કાદર બાવાઝીર ને કોમી સેવા કરતાં તથા બીજા સાહેબો ને તેવાજ કારણસર સરકારે જેલની જે સજા કરી છે તેની સામે પ્રોટેસ્ટ કરવા તથા જેલ જનારા સાહેબો તરફ ઉંડી લાગણી દર્શાવવા માટે સોસાયટીના હોલમાં ગયે રવીવારે એક સભા બોલાવવામાં આવી હતી. મેમ્બરો સિવાય હીંદુ, મુસલમાન, પારસી, વગેરે જુદી જુદી હીંદી કોમના પણ અગ્રસ્થો જોવામાં આવતા હતા. જેમાંના કેટલાકના નામ નીચે મુજબ છે. મેસર્સ ઉમરજી સાલે (એડ્રીસ પ્રમુખ) મોલવી હાજી અહમદ મુખલાર, ઇ. એસ, કુવાડીઆ, એમ. પી. કેનરી, એમ. ઓ. કાજી, એ. એમ. કાજરીઆ, મસર્સ દરમા ઇસમીયાં, મુળજીભાઇ જી. પટેલ, એમ, એમ. ખંડેરીઆ, એચ. એમ. ગાંધી, જી. પી. વ્યાસ, એચ. એસ એલ. પોલાક વીગેરે. વીરીનીખનના મી. અરવાલ તથા મી. સુઝ અને રટાંડરટનના મી. કાજી પણ હાજર હતા.

સોસાયટીના હોલમાં બહાર તથા અંદર કાળા વાવટા મુકલામાં આવ્યા હતા. શ્રોતાજનોમાં પોતાના ચેરમેન માટે જે લાગણી હતી તે તેમના ચહેરાપરથી સ્પષ્ટ જણાતી હતી. સભાનો વખત જે ત્રણ વાગાનો હતો તે અગાઉથી લોકોના ટોળે ટોળાં આવવા લાગ્યા હતા અને બે વાગે હોલ ચીકાર ભરાઇ ગયો હતો. એટલે વરંડાઓ વગેરેમાં લોકોએ ઉભા રહેવા માંડયું હતું. અને પછી તો એટલી ગીરદી વધવા માંડી કે લોકોને સ્ટ્રીટમાં ઉભા રહેવું પડયું હતું. લગભગ ૧૦૦૦ ઉપર માણસો હાજર હતા.

બરાબર ત્રણ વાગે વકર્સ પ્રેસીડન્ટ મી. ઉમરજી સાલેજીએ પોતાની ચેર તાળી ઓના ગડગડાટ અને હુરરેના પોકાર વચ્ચે લીધી હતી. ચેરમેને મીટીંગનું કામ શરૂ કરતાં હાજરીનો આભાર માની જણાવ્યું કે લગભગ બે મહિના પછી મરા ભાઇઓ ને આટલા મોટા સમુદાયમાં એકઠા થયેલા જોઇ હું ખુશી થાઉં છું. જેલ જનારા સાહેબો તરફ આપણે દીલસોજી દેખાડવા માટે એકઠા મળ્યા છીએ. એ દીલસોજી દેખાડવી તારેજ ગણાશે કે જ્યારે આપણે પણ તેજ વિચાર (જેલ જવાનો) મનમાં રાખી તેપુરો કરીશું. મી ઇમામ સાહેબે જે સેવા કોમની તેમજ સોસાયટી અને પોતાના મુસલમાન ભાઇઓની કરી છે. તેનું વરણન કરવા માટે મારી પાસે પુરેપુરા શબ્દો નથી. પણ હુકમમાં ઓલ્યુંજ કહીશ કે ઇમામે જે મેવા કરી છે તે કોઇપણ બીજાની સેવા કરતાં ચઢીયાતી છે. એવા બોલ્યા ચેરમેન બાદ એવો કયો માણસ હશે કે જેના દીલમાં ઉંડી લાગણી ન થઇ હોય ? સરકારે આપણને લડવામાટે આ એક ઉત્તમ તક આપેલી છે. એ તકનો લાભ આપણે આપણી વાત સરકાર પાસેથી મગતાસુધી લડવાનું છે. જે માણસ સમજદાર તથા ગુલામગીરી પસંદ નહિ કરનારા છે તે તો આ અવસર હાથી લેનાર કોમના માટે છેવટ સુધી લડશેજ પણ જેનાં દીલમાં ગુલામગીરીની ભાવના હશે તથા જેને પોતાની આબરૂની દરકાર નહીં હશે તેવા માણસો જો આ લડતમાંથી ફરી જશે તો તેનાપર કોમનો ધીક્કાર છુટવા વગર રહેશે નહિ, તથા તે પહેલી પંકતીનો દેશદ્રોહી ગણાશે. સભ્ય જનોનો વધુ વખત ન રોકતા તમારી સામે જે ઠરાવો મુકવામાં આવે તે ધ્યાનપુરવક સાંભળી તેને પાસ કરવાની ભલામણ કરી હું બેસવાની રજા લઉં છું.

તે પછી મી. પોલાકે ભાષણ કરતાં જણાવ્યું કે તમે આજે તમારા ચેરમેન કે જે કોમને ખાતર જેલ ગયા છે (તાળીઓ) તેના તરફ તમારી લાગણી જાહેર કરવા ભેળા થયા છો એ જોઇ હું ઘણોજ ખુશી થાઉં છું. મી. ગાંધી આજે અત્રે નથી એ તેનું કારણ સારી પેઠે જાણો છો. મી. ઇમામ સાહેબને આજે સાત વરસથી ઓળખીએ છીએ અને છેલ્લા બે વરસથી તો દરેક માણસ તેમને ઓળખે છે. એમનાં સારા કામોની સરવેને ખબર છે. પોતાના ભાઇઓ વગર લાલચે-સખી પકડાયા તેમાં પણ પોતે ભાગ લીધો હતો. અને જેલ જઇ આવ્યા હતા. હમણાં પણ પોતાના ભાઇઓ પર પડતાં દુઃખ સહન ન થઇ શકવાથી પોતે બદ જેવા પુરાવાકરીને દ્વારે ચારકસટાડિન જઇ પકડાયા. અને જેલ ગયા. પોતાના બાલ બચ્ચાં તથા ધંધા રોજગારની દરકાર કોમને માટે નહિ કરનાર એવા બે ત્રણ આગેવાનો મળી આવે તો કોમની ખુરમ

ગીરીની બેડી આજેજ તુટવી જાણવી. કોમની હરેક ફરજ છે કે મી ઇમામ સાહેબના કુટુંબ તરફ દેખરેખ રાખે અને જરૂર જણાયે બનતી મદદ કરે. આપણે સરકાર સાથે ખુબ લડવા છીએ અને જે મેળવ્યું છે તે લડીનેજ. અને જે મેળવવાનું છે તે પણ લડવાથીજ મળશે. માટે લડવા માટે સરવેએ તયાર રહેવાનું છે. બુધવારે માસ મીટીંગ થવાની છે. તેમાં બહારના ડેલીગેટો આવે તેટલા માટે કાગળો લખવામાં આવેલા છે. અને તે પણ બધા આવશે. બુધવારે બપોરે રજા છે એટલે દરેક જણને એમાં ભાગ લેવા હું ભલામણ કરું છું. આ મીટીંગ ઘણીજ મોટા પાયે થશે. કારણકે એમાં બહારના ગોરાઓ જે આપણા તરફ દીલસોજી તેમજ લાગણી ધરાવે છે તેઓ મીટીંગમાં આવનાર છે. આજ સુધી તેઓ બાનગીમાં ભાગ લેતા રહે છે. પણ હવેથી તે જાહેર પડશે. એમને જાહેર પાડવા એ તમારી મરજીની પર આધાર રાખે છે. જેટલી મરજીની તમે દેખાડશો તેટલાજ હોંસથી એ લોકો તમારું કામ કરશે. એમાં તમારા તરફથી કંઇ ખામી એ લોકો ઉભેદ રાખતા નથી. પણ તમને ઇન્સાફ મળે તે લોકોને એ લોકો ઘણાં રાજી છે. તેઓમાં મી. હેસ્ટરીન, (પારલામેંટના મેમ્બર). મી. કેઇ, મી. ફ્રીલીપ્સ જેઓ પાદરીઓ છે તે ખાસ છે. એ ઉપરાંત બીજાઓ પણ કેટલાએક છે કે જેને તમે ઓળખતા નથી. એ લોકોને તમે તમારી મરજીનાઇ બુધવારે દેખાડી આપશો તો તેઓ પછી ગોરાઓની મોટી મીટીંગ બોલાવવાની તજવીજ કરશે. તેમજ તમારી વિરૂધ કોઇ પણ જગ્યાએ મીટીંગ થશે ત્યાં જઇને પણ તે લોકો સમજાવશે આપ આપા લડનાર બહાદુર પછી કોઇ પણ પોતાની નાહિમત દેખાડશે નહિં. મી. રીચ, લોરડ એમ્પથીલ, તથા સર ચારલ્સ બરલ તમારે માટે બહુજ મહેનત કરી રહયા છે. અને કરશે. પણ તે બધા તમારી મરજી ઉપર આધાર રાખે છે. તમે મરજીમુજબ કરશો તોજ સરવે ઠીક થશે. મારે માસ મીટીંગમાં ઘણું કહેવાનું છે એટલે અત્રે હું બેસવાજ કહીશ.

ઠરાવ

ત્યારબાદ નીચેના ઠરાવ એક પછી એક રજુ કરવામાં આવ્યા હતા.

૧. હમીદીઆ ઇસ્લામીક સોસાયટીની આ સભા મી. ઇમામ અબ્દુલ કાદર બાવા ઝીરને આ પ્રસ્તિ કામને મદદ કરવા માટે છ અઠવાડીઓની સખત મજુરીની જેલની

ઇજા મળી તે માટે મુબારકબાદી આપે છે. અને મીસીસ અબદુલ કાદર ઝવેરીને તરફ પેતાની દીલસોઝ જાહેર કરે છે.

મી. રાજબુદ્દીન દુબેને ઉતારે. તા. ૨ મી ડીસેમ્બરનાં મી. ઇમામ સાહેબના કુટુંબની સંપુર્ણ તારીખનું જ્ઞાન કરી આપો એવો એક આમારી ને આદેશ છે એ બનાવી અત્યંત દુઃખ તેનજ મુંબઇ જેવા મોટા શહેરમાં એમના ચારેક પાસે જે કોઇ આવા મરીદ છે મોટામાં મોટી છે તેમાં શોગવેજ છે તેનું જ્ઞાન કરી ઇમામ સાહેબ ના ઉંચા અરજની તરીફ કરી હતી. વધુમાં જણાવ્યું કે મી. ઇમામ સાહેબ, જેલમાં છે તે મુસલમાનોનાં ચેરમેન અને ઇમામ છે એટલે સરકારે બધા મુસ્લ મનોનેજ જેલ કર્યા ગણાશે. કું સોસાયટી ને જણાવવા કરું છું કે સોસાયટી તેમના પર પણ એક દીલસોઝનો કાગળ જુમ્મા મસીદની મારફતે લખશે. તેમનું સીરનામું નીચે મુજબ છે: સાલેમ બાવાજીર, કેટલુ જુમા મસ્જીદ, મારકેટ, મુંબઇ.

ઉપરના ઠરાવને મી. એચ. ડી. માલ, તથા મી. ઇબ્રહીમ આસવાત તરફથી સંપુર્ણ વિવેચનો સાથે ટેકા મળતાં સરવાનુમતે પાસ કરવામાં આવ્યો હતો.

૨. આ મીટીંગ દીલી ખેદ સાથેથી બે બાબતો દરસ્તાવ સરકાર મંજુર રાખે એવી સબળ હરી આપવા માટે વડી સરકારને વચ્ચે પડવા આગ્રહ પુરવક મુજાબણી કરે છે.

અ. હાજર મી. કછવીઆ (પ્રમુખ શ્રિ ઇ. એ.) એ યોગ્ય વિવેચન સાથે રજુ કર્યો.

ઉપરના ઠરાવને સ્ટાંડરટન વાળા મી. કાજી તરફથી ટેકા મળતાં સરવાનુમતે પાસ થયો હતો.

૩. આ મીટીંગ દીંદુસ્થાનના સબળા બારમાં તપાસનેજ સભાઓ બોલાવી હોસ્પિટલમાં તેમના ભાઇઓ તથા એકમલ્લુની ઉપર જે દાકમારીઓ પાડવામાં આવે છે તે સામે પ્રોટેસ્ટ જાહેર કરવાની દીલની અરજી મુબઇમાની કે.મને વીનંતી કરે છે.

મોલવી સાહેબ અહમદ મુખતારે પોતાની અસલ ઢબ મુજબ સંપુર્ણ વિવેચન કરી ઉપરનો ઠરાવ રજુ કર્યો હતો. આ ઠરાવને મી. દીલદારખાન તથા અહમદ હલીમ તરફથી ટેકો મળતાં સરવાનુમતે પાસ થયો હતો.

૪. આ મીટીંગ પોતાના માનવંતા પ્રમુખ ને ટેકા કરવા માટે ઠરાવસરાવે સરકારને મુબારકબાદી આપે છે કેમકે તેથી મોટા બીજા દરેક સેંગ્રસને આગેવાની બક્ષે છે. બાજ લખ આ ખરા દાવા માટે મરજુબી થી બહાદુર લેવાની તક આપેલી છે.

આ ઠરાવ મી. ફેનરીએ મી. ઇમામ સહેબની કરેલી ધરપકડની બજાવી રજુ કર્યો હતો. પોતે તથા બીજા સાહેબો જે ઇમામ સાહેબની પાછળજ બીજી ગાડી માં પકડાવા માટે તથા હતા પણ તેમને કમનશીબે સરકારે જવા દીધા હતા. મી. ફેનસીએ વેસ્ટમરસ્ટની જેલમાં બહાદુર કીદીઓની મુલાકાત લીધેલી તેનો ફાસિનર હેવાલ કહી સંભળાવ્યો. મી સુલેમાન કાસમ તથા મી. સુન તરફથી આ ઠરાવ ને ટેકા મળતાં સરવાનુમતે પાસ થયો હતો.

૫ આ મીટીંગ ઓનરીબ પ્રમુખને ઉપરના ઠરાવોની નકલ પહતી જણાવે મોકલવાની સત્તા આપે છે.

આ ઠરાવ મી. ઇબ્રહીમ કુરાદીયાએ રજુ કર્યો હતો તે પણ અહમદ મીંયાના ટેકાથી સરવાનુમતે પાસ કર્યો હતો

ત્યાર બાદ મી ઇબ્રહીમ કુરાદીયાએ મી દાદાભાઇના ઉતારાને માં અનરેબલ ફરજંદને માટે મુબારકબાદી આપવાની દરખાસ્ત રજુ કરી હતી જે મી. બાદશા ઇબ્રાહીમના ટેકથી સરવાનુમતે પાસ કરવામાં આવી હતી.

મી. ઇસપ મીંયા મદીના મુનવરા જેવા હોવાથી તેમણે કોમની બાબી પોતે કંઇ પણ જાણ કરી હોય તે માટે માંગી સોસાયટીને બે બીની બેટ આપી હતી. જે માટે સોસાયટી તરફથી પાસતે. જવાબ મોકલી અહમદ મુખતાર સાહેબે પાળતાં બેટ માટે આભાર માની તેમની કારકીર્દી ની તારીફ કરીને દુવા મુબારકી હતી તથા કાનુન મુજબ મેમ્બર બેટ કર્યો હતો.

અ. મેકરસ. ટી. ન.પ્રમુ. મુબઇ પટેલ તેમજ પીનટેટસાક સાહેબે તરફથીવખત ને અનુસરતું તેમજ મી. ઇમામ સાહેબ ને મુબારકબાદી આપતાં વિવેચન થયાં હતાં પછી હાજરીનનો આભાર માની ચેરમેને મીટીંગ બરખાસ્ત કરી હતી.

સુધારોને વાંચશો

ગયા અકમાં 'અનારકલી'ની જગ્યાએ 'લોહેકા' શબ્દ આવે છે. લોહેકા એ અવિવેકી નામ છે. બરો શબ્દ આવવા છે એ વિરે ટેકાવા વાંચનારે આમાં ધ્યાન ખેંચવું છે. બીજામાં પણ આમ અવિવેક થયો તે માટે અમે દિલગીર છીએ.

રૂટરના તાર સમાચાર

બોર ઉપરના કંપનીના હાથમાંથી દીંદુસ્થાનના રાજ્યની હકુમત અંગ્રેજ સરકાર ના હાથમાં આવ્યાને ૫૦ વરસ પુરા થયા તેની જયંતી દીંદુસ્થાનમાં ઉજવવામાં આવે છે. ક્વીનવીક્ટોરીઆ દીંદી પ્રજાને તારનો સદેશો મોકલી અંગ્રેજ રાજ્યની મગેલ દાયકા બણાવી જણાવ્યું છે કે દીંદમાં થતા કાયદાનાં જરૂર મુજબ ફેરફારો કરી દેવા એ સરકારની પુરી ફરજ છે વાઇસરોય સાહેબ હાલી કેટલુ ધરી શકાય છે કે સરકાર રેપ્રેજેન્ટેટીવ અધિકારી ચેહા પ્રમાણમાં દાખલ કરશે. ઉપરના જણાવમાં અમલ લીધે ૪૫ કેદીઓની સજા માફ કરવાનું જાહેર કરવામાં આવ્યું છે.

વાઇસરોયનો સદેશો. તેમાં આભાર કરીને સુધારા દાખલ કરવાનું વચન, દીંદુસ્તાન ના અંગ્રેજ જાપાએ વધારી લીધેલ છે. દીંદી જાપાઓ તે વિષે મુબઇની પસંદગી છે પરંતુ અંગ્રેજી જાપાઓએ નીરાશા જાહેર કરેલ છે. કેમકે તેઓ કેટલીક સાહસે મળવાની ઉમેદ રાખતા હતા.

દીંદુસ્થાનમાં અંગ્રેજી રાજ્યને ૫૦ વરસ થયાં તેની જુબીલીજ કે જોધપુરમાં સોમવારે મોટો દરબાર ભરવામાં આવ્યો હતો અને તે વખતે બોંબના બહાદ ટોળાં વચ્ચે વાઇસરોયનો દેદેગ વંસાદમાં આવ્યો હતો.

લોરડ કરઝન દક્ષિણ આફ્રિકાની મુસા ફરીએ નીકળવાનો ઇરાદો રાખે છે.

અંગ્રેજી રજામાં દરેક જગાએથી એક પેનીથી એક હજાર તારમાં મોકલી શકાય તે વિષે વિચાર કરવા માટે લંડન માં બોલા સમેલન એક કોનફરન્સ મળનાર છે.

બીનાઓએ કોંગોમિશ્ર જાપાનીઝ માલ નો બોયકોટ કરવાથી ખુબ ફાયદો થયેલા હતા, જે વખતે સંખ્યાબંધ દુકાનો લુંટવામાં આવી હતી. એક બોલીસે બાદુકથી ત્રે ચીના ના ખુન કર્યા છે. હુલ્લડ દરમીયાન બિજીસ અમલદારો કેટલાક બીજા પોલીસ જખમી થયા છે. હુલ્લડખોરોના એક ટોળાએ બધુ બીના વેપારીને પકડી તેમના નાક કાન કાપી લીધા હતા. હુલ્લડ હવે શાંત પડયું છે

જર્મન લોક આફ્રિકામાં પ્લેગના ઉપદ્રવ થયા જાણ્યા છે.

ટ્રાંસવાલના ઉતારૂઓના કેરાનો સુમોમ કોર્ટનો ચુકાદો

હીંદુસ્થાનથી આવેલ કેટલાક હીંદીને દરબનને કીનારે ઇમીગ્રેશન અમલદારે રોકી રાખેલા હતાતેનો કેસ ચલાવ્યા બાદ સીધ જરીસે જે ચુકાદો આપ્યો છે તે નીચે મુજબ છે.

રોમન ડચ કાયદા પ્રમાણે પ્રજાની સ્વતંત્રતાનું રક્ષણ કરવાના ડી. વીલીઅર્સ ના મત તરફ મારૂં વલણ છે. દરેક હતા જે કાયદાનો અમલ થાય છે તેમાં અને અમારા કેસમાં ફેર નથી. આ કેસ બહુ અગત્યનો છે, અને કોર્ટની પાસે આવો કેસ પહેલ વહેલોજ આવેલો છે. જ્યાં સુધીપણ શક ઉભો થાય ત્યાં કેદીને પ્રજા ની રાત પ્રતાની તરફેણમાં ઠળતું જોઇએ અને જ્યાં મુશ્કેલી ઉભી થાય ત્યાં માણા ભા લેવા ખુલાસો કાઢવો જોઇએ, મારી એવી પણ ખાત્રી છે કે સરકાર અને અમલદારોએ પણ આવા કાયદાનો અમલ માપાથી કરવે જોઇએ. અરજદારો અને તેમના વકીલો વચ્ચે વાત ન કરવા દેવા માટે મેં રીક્ષા કરી હતી. પણ તેથી એમ નથી સમજવાનું કે અમલદારોનું તે કામ ખાતરી અથવા કાયદા વિરૂદ્ધ હતું. રીજીઓ કશના ઓફીસર પોતાની સત્તાનો પૂરો અરથ ન સમજતા હોવાનો લીધે આમ થયા પામ્યું હતું ઐમ હું માનું છું. વળી જે સરકારની સુચના પ્રમાણે વરતે હતો. 'પ્રેફીબીટેડ ઇમીગ્રંટ'નો અરથ આ દેશ માં નથી કરવાનો છે પણ કેટલાંક ડીકલનેરી ઓ રજુ કરવામાં આવી છે. પણ કાયદા ઐના અરથ કરવામાં ડીકલનેરી ઉપર કલેવ કિરીમ મુકી શકાય નહિ. બને ડીકલનેરીનોજ ઉપયોગ કરવાનો હોય તે આ કાયદાનો હું જેવો અરથ કરવા ધારૂં છું તેજ અરથ પણ નીકળી શકે છે. જય આફ્રીકાઓને દાખલ થવા દેવામાં સખતાઇ અને પ્રેફીબીટેડ ઇમીગ્રંટને બાકા કરવા મારેની બાજવટ વરતે આ કા ય દો છે. આ કાયદાની પેલી કલમમ પ્રેફીબીટેડ પ્રમીગ્રંટ' ને ન બજવા તે જણાવ્યું છે, જેમ કે મીસમીદીઆ હીંદી ઓ. પાંચમી કલમાં જણાવ્યું છે કે જેઓ કેટલાક પુરોવિયત કાયદા મુજબ કોલોનીમાં દાખલ થવાની અરજ કરી શકે નહિ અથવા જે કોઇ પૈતાનું પૈસપ્રુ કરવાના સાધન રહિત હોય લાચારી થઇ જાહેરને માટે બોજારૂપ થઇ પડે એવો હોય તેને પ્રેફીબીટેડ ઇમીગ્રંટ ગણવો. આ વાત તો નકી છે કે અરજ કરેલ અરજી સ્વીકારવા નહોતા. પેલી કલમ મુજબ જે જોવાનું હોય તો તે જોવાઇ ગયું છે એવું કાયદામાં હોય તોપણ તેઓ કરજીઆત એવા પાસ મેળવી શકે એવી મારી ખાત્રી થતી નથી. ૨૫મી કલમમાં જણાવેલું છે કે આવા ઇમીગ્રંટીસ પાસ મેળવવા માટે ના ઉતારૂઓ વીઝીટીંગ પાસ મેળવી શકે એવું કાયદામાં હોય તોપણ તેઓ કરજીઆત એવા પાસ મેળવી શકે એવી મારી ખાત્રી થતી નથી. ૨૫મી કલમમાં જણાવેલું છે કે આવા વીઝીટીંગ પાસ આપવા યા ન આપવા એ અમલદારની મુનસફી ઉપર છે અમલદારની મુનસફીની આડે આવવાનો કોરટને અધીકાર હોય એ વાત શક ભરેલી ■

હવે બીજો વિચાર કરવાનો છે કે બીજી રીતે આ ઉતારૂઓ ઉતરી શકે કે નહીં. આ બાબતમાં રીસ્ટ્રીકશન એક્ટ સારૂ તેમની અટકાયતમાં રેવામાં કંઇ કહ્યું કે નહીં એ બાબત ઉપર કંઇ વિચાર આપવો નથી. તેમજ બીજા કોઇ રાજા કારી પરિણામ તરફ પણ મારી નજર દોડતે નથી. દાખલા કરવા જતાં તેના પરિણામ તરફ નજર કરવાની જરૂર નથી તેમજ દરેક ઉપરની વ્યવસ્થા અપુરતું છે તે વાત પણ મને ખાત્રી લાયક લાગતી નથી. જે સ્ટીમરમાં પ્રેફીબીટેડ ઇમીગ્રંટો આવ્યા હોય તેમાં જ તેમને પાછા કાઢવા જોઇએ. પણ સ્ટીમરના ઓફીસરની અરજથી તેમને જે સ્ટીમર પાછી જવા ત્યાં સુધી બીજા કોઇ વહાણમાં રાખી શકાય. જે સ્ટીમર માં આ ઉતારૂઓ આવ્યા છે તે સ્ટીમર તો ઉપડી ગઇ જે સ્ટીમર જોને મુકવાને પહોંચી પાછી વળે અને આ ઉતારૂને પણ ત્યાં તેને તો બહુ વખત જોઇએ. ૨૭મી કલમ પ્રમાણે ૧૬ મહીના વખત સુધી હદ ઉપર રાખી શકાય એવું સમજાતું નથી, પણ ત્યાં સુધી સ્ટીમર ઉભામાં હોય ત્યાં સુધીજ તેમને સમાય સ્ટીમરમાંથી માલ ઉતરતો હોય ત્યારે અથવા તેમાં ચઢતો હોય ત્યારે પેસેંજરો તેમાંજ રાખવા એ અગવડ કરતા છે, એટલુંજ નહિ પણ ઘાતકી છે. જે સ્ટીમરમાં આ ઉતારૂઓ આવ્યા છે તેજ સ્ટીમરમાં તેમને પાછા મોકલવા એ અગવડ છે. સ્ટીમરના ઉપડી ગયા પછી આ ઉતારૂને રોકી શકાય નહિ એમાં મને જરાએ શક નથી. એવું કહેવામાં આવે છે કે અરજદારોએ ઇંડર ડીકટ ગેળાની વોકાઇ રહેવાનું પસંદ કરવું એ વાત ખરી છે, છતાં તેટલા માટે હદે તેમને હદ ઉપર રોકી રાખવા વાજબી ગણાય નહિ. કાયદા પ્રમાણે પોતાનો હક જોગવવા માટે કોઇને લાચ્ચ થઇ શકે નહિ. એટલા માટે અરજદારોની અરજ હું મંજુર રાખું છું.

મી. જસ્ટીસ બોમંટ પણ સર જસ્ટીસના મતને મળતા થયા. ડીફેનેરી ને ઉપરોક્ત કાયદાનો અરથ કરતી વખતે થાય તો બહુથી મુશ્કેલીઓ ઉભી થાય. અને ઇમીગ્રંટ શબ્દનો અરથ જે નજીક માં આવવા ઇચ્છે એવો' થાય વિગેરે કહી કહ્યું કે હવે એમને છોડી દેવા જોઇએ.

મી જસ્ટીસ બુમે પણ કહ્યું કે ૧૭ મી કલમમાં આવા કેસ સિવાય કંઇ જણાવેલું ન હોવાથી આ ઉતારૂઓને છોડી દેવા જોઇએ.

અંતે સરવે મુમતે અરજદારોને છોડી મુકવા અને તેમનો ખરચ સરકારને માથે નાંખ્યો.

મી જસ્ટીસે જણાવ્યું કે તેમને વીઝીટીંગ પાસો આપવા

મારિત્સબરમના સ્ટેશન ઉપર એંજીન સાફ કરવા વીગેરેનું કામ કરતા ૧૦ ગોરા છોકરાઓને સરેરાસ રોજની ૭ શીલીંગ ૭ પેનીનો દરમાયો મળતો હતો. હાલ તેની જગ્યાએ રેલવે ખાતાએ ૧૮ હીંદી કામ કરનારા રાખ્યા છે તેને મહીનાની ૧૦ શીલીંગનો પગાર મળે છે!

ડીંગારીમામાં મનછા કારણના બના વથી સરદીમીથેનો ત્યાંના એક મીલર ઉપર ગુનાહિત હુમલો થયો હતો તેને લાંબી મુદતમાં આવ્યો છે.

ટ્રાંસવાલની લડતને લગતા જાણવા લાયક અભિપ્રાયો

ટ્રાંસવાલના એક ગોરાએ તેના મિત્રને વિલાયત ઠાગા લખી જણાવ્યું છે કે મારે હાલ જે હીંદી રસોયો છે તે દરેક રીતે સંતોષકારક છે. હવે ફરીથી ગોરાને રાખી હું ઉપાધીમાં પડવા માગતો નથી. આ કાગળ વિલાયતના 'મોરનીંગલીડર' છાપામાં પ્રગટ થયો છે.

મદ્રાસના જાણીતા માસીક 'ઇંડીઅન રીવ્યુ' ના સપ્ટેમ્બર માસના અંકમાં મી. રીચની કલમથી લખાએલ એક લેખ પ્રગટ થયો છે. જેમાં મી. સ્મટસે કાયદો રદ કરવાને આપેલ વચન ફરીથી આપી સાબીત કરવામાં આવ્યું છે. તથા બતાવવામાં આવ્યું છે કે ઇમીગ્રેશન ઓફીસરોએ કેળવાએલા હીંદીને ટ્રાંસવાલમાં દાખલ થવાનો જે હક છે તે હક હીંદીઓ જતો કરે તો કાયદો રદ કરવા ને ટ્રાંસવાલની સરકાર તયાર છે. પરંતુ હીંદી કોમે તે મધલાગણથી છેતરાઇ જઇ પોતાના લખેલા હીંદીભાઇઓના હક કુરબાની દેવાનું કબુલ કરવું નથી. આ બધાનું પરીણામ એ આવ્યું છે કે ફરીથી એકવાર ટ્રાંસવાલની કોલોની ઓફીસ ની વફાદાર રહેવાથી ગારપુર થવા લાગી છે. હીંદુસ્તાનની વફાદાર હીંદી પ્રજાનો વિશ્વાસ કમતી થવા લાગ્યો છે તેવે વખતે ટ્રાંસવાલની સરકાર તેવી માન્યતા (ગેર વિશ્વાસ) ના મુળ ઉંડા જાય તેવું પાછી પાય એ આશ્ચર્યની વાત છે.

મુંબઇના રોજીંદા છાપા "અખબારે સોદાગર" માં ટ્રાંસવાલના રહીશ મી. છગનલાલ મગનજી અદમજી ઓટાનીસદીએ તેઓના નાદેકોલમનોએકલાંબોકાગળ છપાયો છે. તેમાં મી. ઓટા લખે છે કે અરજીઆત રજીસ્ટર મુજબ હીંદીઓનો રજીસ્ટર થયા, પણ તે કાયદામાં પાછળથી કશો પણ ફેરફાર કરવામાં આવ્યો નથી. તેથી કરીને લાંબા હીંદીવાસીઓએ પોતાની લડત પાછી શરૂ કરી છે. જેથી આપણને હવે બેસી રહેવાનો વખત નથી. દરેક ગામના આગેવાન પ્રહરથી હીંદુ, મુસલમાન કે કોઇ પણ કોમ પોતાની જાતી મત અને દીનથી પુરી મહેનત કરી સભાઓ બોલાવી આપણી હીંદી કોમને ખાતર અને તેનાં ઇનસાફ મળવાને ખાતર લડત ચલાવી એ કાયદા સામે પ્રોટેસ્ટ કરશે એવી હું આશા રાખું છું. વળી આ લડત માટે આપણા આખા દીનના ભાઇએ પણ પોતાથી બનતી મહેનત કરી એ બાબત પોકાર કરવો જોઇએ છે. જો તેમ થશે તો અલબત્ત આશા છે કે જરૂર આપણને દાદ મળશે. તેમજ મારા વિચાર પ્રમાણે મુંબઇના અગેવાનોએ બીજી એક મોટી સભા ટુંક મુદતમાં બોલાવવી જોઇએ અને પોતાથી બને તેટલી આપણા દેશી ભાઇઓ સારૂ લડત ચલાવવી જોઇએ છે. હવે ટ્રાંસવાલની સરકારના ભરોસા પર બેસી રહેવાનું નથી કારણ કે સરકાર બોલે છે તે કરતી નથી. તેના ઘણા દાખલા આપણે નજરે જોઇ ચુકયા છીએ. તેથી આ લડતને હવે બાજુએ મુકવાનો વખત નથી અને જો તેમ ઉતાવળથી આપણી લડતને ફરીથી જારી કરવી એ આપણી ફરજ છે.

'ખબરદાર' એક લાંબા લેખમાં દરે ધ્યાન જણાવે છે કે ખરીત, આપણા દેશ મારફતે જે જે લાભો ક્રીશ્ચાનવાસી ગોરાઓને મળતા હોય તે હકનો લાભ હીંદી સરકારે તેમજ હીંદી પ્રજાએ તેઓને આપતો સદાનો માટે કરવો જોઇએ છે. અને જ્યાં સુધી એમ થશે નહી ત્યાં સુધી દક્ષિણ આફ્રિકાના મુલકના બ્રીટીશ સરેયાનો હીંદીવાસીને પોતાના મુલકમાં વાસ આપવા અટકાવ નથી.

'સાંજવરતમાન' નો ભરૂચ ખાતેનો ખબરપત્રી જણાવે છે કે ટ્રાંસવાલની હીંદી પ્રજાપરના અંકુશો દુર કરાવવા નાઓ બ્રીટીશ સરકારને અરજ કરવા અર્થની ટ્રાન્સવાલ એસોસીએશન તરફથી એક મીટીંગ ગયે રવીવારે (તા. ૨૭ સપ્ટેંબર) ના રોજ બોલાવવાની ગોઠવણ થઇ છે.

કલકત્તાની બ્રિટીશ ઇંડિયન એસોસીએશન તરફથી તેના મદદનીત સેક્રેટરી સર મુખુન કુમાર ટાગોર, જે મરહુમ મહારાજ જોતેંદ્ર મોહન ટાગોરના પુત્ર છે તેમણે ટ્રાંસવાલના હીંદી ઉપર આવી પડેલી આફતના સબંધમાં નીચેનો તાર વડી સરકારને મોકલ્યો છે.

"ટ્રાંસવાલની સરકાર તરફથી હીંદીઓ ઉપર જે જરતણુક અમલમાં આવે છે તેને મટે બ્રિટીશ ઇંડિયન એસોસીએશન પણીજ દીલગીરી જાહેર કરે છે અને જણાવે છે કે આ અપમાનને માટે આખી હીંદી પ્રજાને સખત લાગણી થઇ આવે છે. શહેનશાહની રહમત વડી સરકારપાસે આતુરતા પુરસ્કર રહેલુ માગે છે અને બોઅર અને બ્રીટીશ વચ્ચે પસ્તીની નમ્રતા ભરેલી માગણી કરે છે."

મી. રીચે જુલુ લોકોના બેસતા વરસને દીવસે એક અસરકારક કાગળ 'ન્યુસ્ટેટસ કરોનીકલ'માં લખેલો છે. તેમાં જણાવે છે કે છુટ-સ્વતંત્રતા-ને માટે કેટલાક સઇકા સુધી દુખ વેઠેલું એવી જુલુ કોમ હીંદી કોમ ઉપર પડતા તેવી જાતના દુખ દુર કરવામાં કાંઇ ભાગ નથી લેતી એ આશ્ચર્યની વાત છે.

વોક્સરસ્ટની જેલમાં જાપ આવેલ એક સત્યાગ્રહી જણાવે છે કે જેલમાં ૩ કામળ મળે છે. કપડામાં એક ખમીસ, સ્વેટર, અને એક કુરતુ અને તેના ઉપર સફેદ ડ્રીલનો કોટ, અને પાયજામો, લાંબા મોજાની તથા સેંડલ (સપાટ) ની જોડ. [ખોરાક વગેરેની બીજી હકીકત અગાઉ આ છાપામાં લખેલી હતી એટલે ફરીથી નથી છાપી. અ. ઇ. ઓ.]

ટ્રાંસવાલની ચાલુ લડતની શરૂઆતથી ૨૦ મી આગસ્ટ ૧૯૦૮ સુધીમાં જનેલા બનાવોની દુખી બીગતની તારીખવાર લખેલી એક જબરી યાદી મી. રીચે ઇતિહાસ રૂપે જાહેર પાડેલી છે. લડતને લગતા ટ્રાંસવાલ તથા ઇંગલાંડમાં લખાયલા કેટલાક કાગળ અગત્યના ફકરા, અગત્યના ઇતરવ્યુ અને છાપાવાળાઓની ટીકાટીપ્પણી ઉપયોગી ભાગ વીગેરેની આ યાદીમાં નોંધ લેવામાં આવી છે. લડતનો આ દુખી ઇતિહાસ ઇંગરેજી કોલમમાં અમે છાપેલો છે.

ઓરીંજીઆસના મજી ગવરનર સર ચારલસ બરૂસે વીલાયતના 'મોરનીંગ પોસ્ટ' છાપામાં કાગળ લખી જણાવ્યું છે કે ટ્રાંસવાલમાં હીંદી ઉપર મુખ્ય હાડમારી નીચે મુજબ છે. તેમને આવતા અટકાવવામાં આવે છે. રેજીસ્ટરેશનની રીત બાંધી બારેલી છે; રહેવાના, વેપાર કરવાના, કેળવણી આપવાના, રેલવે તથા ટ્રામમાં મુસાફરી કરવાની વીગેરે શહેરીઓ ને મળતાં સાધારણ હક પણ નથી. લડાઇ પહેલાં કે લડાઇ પછી કોઇ દિવસ હીંદીઓ એ 'અનરીસ્ટરીકટેડ ઇમીગ્રેશન'ની માગણી કરી નથી. તેઓ કેળવણી વગેરેના સાધન અરથે બીજા વર્ગના માણસને આવવા દેવાની માગણી કરે છે. હીંદીઓની આ માગણી વાજબી અને કબુલ રાખવા લાયક છે. સર ચારલસ બરૂસ છેવટમાં જણાવે છે કે હીંદીઓને શહેરી તરીકે સાધારણ હક આપવામાં કોઇ જાતનો વાંધો તુર્કી હોય એમ જોઇએ.

ટ્રાંસવાલના મામલા વિષે હીંદી છાપાના મત

ટ્રીબ્યુન

લાહોરનું ટ્રીબ્યુન છાપું લખે છે કે ટ્રાંસવાલમાં આપણા લોકોએ ઉપર આવી પડેલી હાડમારીને લીધે આ આખો દેશ એકથી બીજા છેડા સુધી સજ્જડ ખળભળી રહ્યો છે. મુંબઇ પ્રાંતની એસોસીએશનો શરૂઆત કરી અને વગર દીને વચ્ચે પડવાની વિલાયતની સરકારને માગણી કરી છે. સર વીરોજશા મેતાની આ શરૂઆત પછી દેશમાં જુદી જુદી જગ્યાએ એક પછી એક મીટીંગો થવા લાગી અને હીંદીઓને ન્યાય આપવાને સખત માગણીઓ થવા લાગી છે. કલ કત્તાની બ્રીટીશ ઇંડિઅન એસોસીએશન તરફથી પ્રોટેસ્ટ કરવામાં આવ્યો છે એવા ખબરની અમે નોંધ અગાઉ લીધી છે. હવે ખબર મળ્યા છે કે લીંબ સુરત અને નાગપુરમાં તેવી મીટીંગો થઇ છે. નાગપુરની મીટીંગે ટ્રાંસવાલમાં વેરાતી પડતી હાડમારી સામે સખત ગુસ્સો જાહેર કર્યો છે અને હીંદીઓની પીઠ ઠોકી મરદાનગીથી અને દ્રઢતાથી લડત ચાલુ રાખવાની ભલામણ કરી છે. સુરતમાં જુદી જુદી કોમના માણસોની જાહેર સભામાં ટ્રાંસવાલ સરકારના કાર્ય સામે ગુસ્સો તથા નાપસંદગી બતાવવામાં આવ્યા હતા. આ વખતે વિલાયતની સરકારે ચુપકીદી પકડી બેસી રહેવા જેવું નથી. તે શું પગલાં લીએ છે એ આખું હીંદ આતુરતાથી જોઇ રહ્યું છે.

ગુજરાતી

તા. ૨૬ મી સપ્ટેંબરના અંકમાં લખે છે કે:—અજાયબ જેવું એ છે કે બ્રિટીશ મહારાજ્ય-બ્રિટીશ મહારાજ્યના નામે મોટી મોટી વાતો કરનારા અંગ્રેજો, અંગ્રેજ અધિકારીઓ—આ દેશના અને ઇંગ્લાંડના—હીંદીવાસીઓના હકોનું સંરક્ષણ કરી તેમને જુલમમાંથી બચાવવાને વલંદા સરકાર પર કોઇ જાતનું દબાણ કરી શકતા નથી; અથવા જો તેઓ દબાણ કરતા હોય તો બ્રિટીશ મહારાજ્યને આ બાબતમાં શરમાવું નહીં છે કે તેના હાથ નીચેના સંસ્થાનિક સ્વરાજ્યવાળા નાફરમાને થઇ ગયા છે તેને દબાવવાને તે અશક્ત બન્યું છે. બ્રિટીશ રાજ્યની, કહો કે ઇંગ્લાંડની હાલની લીંબરલ સરકારની, આ રાજનીતિની અસર કેટલી ખરાબ થઇ છે અને ભવિષ્યમાં થશે તે લીબરલ પ્રધાન મંડળ જોઇ શકતું નથી. વર્તમાનપત્રો કહે, હીંદુઓએ અને મુસલમાનોએ અને એક બીજાને. આ દેશની તેમજ ઇંગ્લાંડની સરકારને, દોસ્તાંસા બજતી ચેતવણી છે, છતાં ન સમજવાય એવાં કારણોથી ટ્રાંસવાલ જાય વસેલા હીંદુ અને મુસલમાનોપર થતા જુલમનો અટકાર કરવામાં આવ્યો નથી. મુંબઇની પ્રેસીડન્સી એસોસીએશને પણ બ્રિટીશ મહારાજ્યના કારભારીઓને ચેતાવ્યા છે કે આફ્રિકામાં હીંદીવાસીઓપર થતા જુલમની અસર હીંદુસ્તાનમાં બ્રિટીશ મહારાજ્યની વિરુદ્ધ બનશે. અમને મજબુત શક છે કે ટ્રાંસવાલના બોઅરો બ્રિટીશ મહારાજ્યની જરા પણ દરકાર રાખતા હોય! વલંદાઓ માત્ર પોતાનો સ્વાર્થ તપાસે છે. તેઓ ઘર મરો કે કન્યા મરો-બ્રિટીશ મહારાજ્ય નાશ પામો કે અબાધ રહો:- હીંદીવાસીનો કમાય કે જુલમે મરે-તેની જરા પણ પરવા રાખતા નથી. બ્રિટીશ મહારાજ્યની આવી બેદરકારી રાખનારા વલંદા સંસ્થાનવાસીઓને ખુશ રાખવા માટે, ૩૦ કરોડ હીંદીવાસીની લાગણી દુભાવવી એ રાજનીતિ ડહાપણ ભરી નથી; તે નથી ઇંગ્લાંડ સમજતું, નથી લીબરલ સરકાર સમજતી કે નથી હીંદી સરકાર સમજતી. તેઓ તો બહેરા કુંડ થઇ બેઠા છે. દક્ષિણ આફ્રિકામાં હીંદુઓ અને મુસલમાનોપર જે અસત્ય જુલમ થાય છે-સખત મજુરીની, દંડની, દંડ ને ભરે તો કેદ, અને માની લીધેલા ગુન્હેગારના માલ મિલકત વેચી દંડ વસુલ કરવાની-કાયદા દ્વારા ધોળે દિવસે લુટવાની રીતીઓ ચાલુ કીધી છે. એ ભવિષ્યમાં ઘણું ભયંકર પરિણામ નીપજાવશે. જે હીંદીવાસીનો સાથે વાણિજ્યમાં ગોરાઓ હરીફાઇ કરી શકતા નથી તે હીંદીવાસીનો, લીબરલ સરકારનો અન્યાય સહન કરી જશે એ આશા નિરર્થક છે. જે ગોરાઓ હીંદીવાસીને રક્ષણ આપતા નથી તેના ખુંધા હીંદીવાસીનો ખમશે એ બની શકે તેમ નથી. હવે ૪૦ લાખ વલંદાઓને ખુશ રાખવા કે ૩૦ કરોડ હીંદીવાસીને ખુશ રાખવા એ સવાલનો નિર્ણય લીબરલ સરકારે કરવાનો છે. લે૰ એડમીને વલંદાઓને તે સંસ્થાનનો સ્વરાજના હકો બક્ષ્યા ત્યારે તેને ચેતવવામાં આવ્યો હતો. પણ દુંખી દ્રષ્ટિના તે પ્રધાનને પોતાના કાર્યનું પરિણામ શું આવશે તે જણાયું નહતું. મી. ઇરસ્કાઇને એડીનબરોમાં જે કહ્યું છે તે સત્યજ છે કે લે૰ એડમીને વલંદાઓને સ્વરાજ આપતા પહેલાં પોતાના હાથ બાળી નાંખવા હતા! ૪૦ લાખ બોઅરોનો સ્વરાજ બક્ષી ઇતિહાસમાં નામના કરવાની આશા ભલે લીબરલ પ્રધાનમંડળે રાખી હોય, પણ તે આશા સાથે ઇતિહાસકાર આ જુદી જશે નહિ કે બ્રિટીશ મહારાજ્યમાં, કાયદાસર ગુલામો, દક્ષિણ આફ્રિકાના એશીયાટીકો અને હીંદીવાસીને બનાવવાના પ્રયત્નો તરફ આંખ મીંચામણા કરનાર પણ ઇંગ્લાંડના અગ્રેજ લીબરલોજ હતા! સો વરસ પુરવે વીલીયમ વીલ્બરફોર્સે બ્રિટીશ મહારાજ્યમાંથી ગુલામગીરીનો નાશ કરાવી ઇંગ્લાંડને યશ આપાવ્યો હતો; તેજ ઇંગ્લાંડ દક્ષિણ આફ્રિકાના બોઅરો, હીંદુ અને મુસલમાનોને ગુલામોની સ્થીતિમાં મુકે તો શું હીંદીવાસીનો સહન કરશે? નહિજ. હીંદીવાસીનો ઇંગ્લાંડને કહેશે કે હીંદુસ્તાન સાચવો કે દક્ષિણ આફ્રિકા સાચવો! જો હીંદુસ્તાન રાખવું હોય તો હીંદીવાસીનું રક્ષણ કરો-રે હીંદીવાસીના હકનું, હીંદીવાસીના જાનમાલનું, હીંદીવાસીની માન આબરૂનું રક્ષણ કરો. બ્રિટીશ રાજ્યમાં તેવું રક્ષણ કરવાની સત્તા ન હોય તો જગતને તમે જાહેર કરો અને હીંદીવાસીને તેમનું પોતાનું રક્ષણ કરી લેવાના રસ્તા બંધ ના કરો. હીંદીવાસી કદી પણ ગુલામ થવાનું કબુલ કરશે નહિ. તેઓએ કદી ગુલામગીરી કરી નથી. અને બ્રિટીશ રાજ્યમાં ગુલામગીરી કરશે નહીં. તેઓ પોતાના હકો માટે લડશેજ! પોતાના જાનમાલ, માન આબરૂ માટે લડશે-સત્યને માટે લડશે અને પરીણામ જગ અપાવીજ. હીંદુસ્તાનનો ઇતિહાસ ખુલ્લે ખુલ્લું બતાવે છે કે હીંદુઓએ ને મુસલમાનો હીંદુસ્તાનમાં ગુલામગીરીને આવવા દીધીજ નથી. અંગ્રેજને ગીત આવે છે કે Britons will never be slaves—હીંદીવાસી પણ તેમજ કહે છે કે હીંદીવાસી ગુલામ બનશે નહિ, પણ શું જે બ્રિટનો પોતે ગુલામ થશે-નહિ. તેઓ શું હીંદીવાસીને ગુલામી અવસ્થામાં જવા દેવા ચાહશે એવું લાગે છે કે? અમને આશા છે કે તેઓ પોતે જેમ ગુલામ થશે નહિ, તેમ બીજાને થવા દેશે નહિ અને બીજાને કરવા દેશે નહિ.

'ખબરદાર'

તા. ૨૫ સપ્ટેંબરના અંકમાં લખે છે કે:—"અજરજને લેડર ઓલસીનની જગ્યા એ હું હતે તો મારો હાથ બાળી બા. રાખ કરતે અથવા તેને લકવો થવા દેતે પણ મુઠીભર બોઅરો જેઓ તમારી રૈયત નથી અને તમારા મિત્રો નથી તેઓને ખાતર ૩૦ કરોડ શખ્સની અનેકી પ્રજાનું માન અને તેમના હકો ગુમાવી દેતે નહિ."

ઉપરનું ઇંગ્રેજી વાક્ય આપણા શહેરના જાણીતા પારસી ફકાલ મી. રાજપુરજી બર જોરજી ભરૂચાનું છે જેઓએ ઓફીસનારો ખાતે આપણે કરતાં ઉપરના રામજાણુ સપુનો ઉચારયો છે. તેના એકે એક હરફ સાથે કરો સાચો દીદીવન મળતો થયા વીના રહેશે? ટરાંસવાલના સવાલથી ઉપરના બ્રાપણકુલના મગજ ઉપર કેવી રીતની મડી અસર થઇ છે. તે તેમના ઉપરના રવતંત્ર સપુનોથી માલમ પડી આવે છે, તે છતાં અજાયબી અને બેદ તો એ છે કે તામદ્દર બ્રિટીશ સરકાર ગાદલાની નીચમાં પડી છે.

ટાલની નામદર દીદી સરકાર અને દીદી વજીરે એકરાર કીધો છે કે દીદી વાનોને અસલતોપ માટે કેટલાક સબબો મલ્યા છે. પણ અમો એ એકરારમાં બધુ ઉમેરો એટલો કરવ માગીએ છીએ કે ટરાંસવાલમાં દીદીઓ ઉપર પડતો જુલમ પણ અસ લનો એક સબબ છે. બોઅરો સાથની ખુના મરકી ભરી જંગનો એક મરણજ દીદીવાનો ઉપરના તેમના જુલમમા ટવું ગણાવું હતું પણ હાલમાં તેઓ ઉપર જે બેરહેમ-ચોરણો જુલમ ગુજરે છે તે તરફ બ્રિટાનવ પ્રધાન મડળ મુબ બ પુ છે. ઇગ્રેજો માત્ર બેજ ભલી નિશાની બોઅરો ઉપર ચઢાઇ લઇ ગયા હત. આ બે ભલી નેમમાં એકતો દીદી વ.નો ઉપરનો બેઅરોનો જુલમ દુર કર વાનો હતો અને બીજી નેમ બોરાઓને ચુંટણીનો હક બક્ષવાની હતી. આ બે નેમ માટે ટરાંસવાલમાં લેડીની નદીઓ બેયા વહેતી થઇ હતી. અને કરોડોનો ખજાનો ખરચ થયો હતો અને છેવટે અગ્રેજો જીતા॥ બોઅર રાનડ્રોને વશ કરી શકયા હતા, જે હાલ પાર પ્રાતમાં દીદિવાનોએ પોતાની કીમતી જનો પડીક ની કરકર કીધી હતી નવિ.

દીદીવાનોની આવી સેવાનો બદલો બ્રિટીશ સરકારે કેવી રીતે આપ્યો છે ? અમોને જણાવતાં ખરે બેદ ઉપજે છે કે બહુજ નજીવી રીતે અને બહુજ નીરક્ષપણે.

અમો બાર મેલી જણાવીએ છે કે હાલમાં દીદી અસતોષમાં ટરાંસવાલનો સવાલ પણ અસતોષનું મુખ બેખવું જોઇએ છે. જેથી અસતોષમાં આ મુદ્દાને દીદી સરકાર આપણ- દેશમાંથી દુર નહીં કરશે ત્યાંસુધી અસતોષના ટરણુને દુર કરી શકા વાનું નથી.

મોડર્ન રીવ્યુ

અલ્હાબાદમાં પ્રગટ થતું અને બહોળો ફેલાવે પામેલું 'મોડર્ન રીવ્યુ' ઓકટોબર માસના અંકમાં લખે છે કે દક્ષિણ આફ્રિકા તથા કેનેડામાં દીદી ઉપર જે હાડ મારી પડે છે તે બેઉ કોમ પ્રત્ય મરણી આ થઇ નીકળી પડે તો આશ્ચર્ય પામવા જેવું નથી. પરંતુ આપણા બાઇઓ આ અણીને સમયે કોઇપણ જાતના ક્રેર જુલમનો રાતો બીધા વિના, પણી બહુ ટુ રીથી જાનમરદની બાદક સામા મડ રહ્યા છે. અને આપણી બેનો આવે અવસરે તેને કીમતી મદદ કરી રહી છે. ખરેખર આવા મરદ અને આવી ઓરતો યુગામો ની અખમ જાગણી જીવતાને સરજાગેલ નથી. પણ જે મન રાખ્યુ યજેલું નથી તે સદા જીતેલુંજ જણાય. શરીરને કેદ કર વામાં આવે અથવા ફાંસીને-લાકડે લટકા વવામાં આવે તો તેથી શું થયું ? સ્વતંત્ર અને માનવત જીવનજ જીવવા લાયક છે.

દક્ષિણ આફ્રિકામાં દરેક નાતજાતને કોમના દીદીઓ સાદાથી નાસવાને બદલે તે ઉદાવવાને આતુરતાથી બહાર પડે છે. તરંગર વેપારીઓ દેશના હક મેળવવાને અને બરીબ દીદી ફેરીવાળા સાથે પુરી દિલસોજી બતાવવા ખાતર વજર લાદસે નસથી ફેરી ફરી જેલ જવાને હોંશથી બહાર પડે છે. નાતજમાંથી દીદીઓ તેઓ ના ખરા હકનુ રક્ષણ કરવા ખાતર ટરાં સવાલમાં દાખલ થાય છે અને જેલમાં જાય છે. નાતાલમાં ફ્રીનીકસમાં બપાના ઇડિઅન ઓપિનિઅનમાંથી દક્ષિણ આફ્રીકાના છ બહાદુરોની છાણી અમે આ અકમાં આપીએ છીએ, તેમાંના મી. રવી. કે. ચમી નાયડુ દેશને ખાતર ત્રણ વખત જેલ ભોગવી આવેલ છે. ફ્રીનીકસના ઇસ્લા મીક સોસાયટીના પ્રમુખ મી. ઇમામ અબ દુલ હાજર બાવઝીર જે ત્યાંની દીદીઓના મરજીવના મદદગીર-પ્રીસ્ટ છે તેમણે પણ વજર લાઇસેન્સથી ફેરી ફરી સખત મજુરીની જેલ ભોગવેલ છે. મી. મોરા બજી શાપુરજીને રજીસ્ટર વીના ટરાંસવાલ માં રહેવા માટે એક માસની સખત મજુ રીની જેલ થઇ છે. મેસરસ પારસી રૂસ્તમજી, એમ. સી. અંજલીઆ અને ઇબ્રાહિમ મહમદ જેઓએ નાતાલથી પોતાના હક સાબીત કરેલ થયા હતા. તેમને રજીસ્ટર વીના રહેવા માટે કેદ કર્યા છે. અને આ સિવાય બીજા બણ દીદી તેમજ જાતની સજા ભોગવે છે. ખુન ખરાબા વીનાની લડાઇના આ. લડવૈયાઓ તેમની બહાદુરી અને બહાદુર ભરેલી રવદેશાભિ માનની લાગણી માટે, અને વળી તેઓ જુદી જુદી કોમના હોવા છતાં જે એકત તાથી લડત ચલાવે છે તેને માટે સલામ માનને લાયક છે.

ઉડિયન પેટ્રીઆ

મદ્રાસનું આ જાપું લખે છે કે કેલોની ઓએ યાદ રાખવાનું છે કે તેઓના ઉપર કોઇ આફત આવી પડે ત્યારે તેમને વડી સરકારની મદદ લીધા વિના ચાલે તેમ નથી. ઓસ્ટ્રેલીઆ, કેનેડા કે દક્ષિણ આફ્રિકાના યુરોપીઅર ગોરા વિજેતની બાંધા વીના હાલની સ્વરથ સ્થિતિ બેસવી શકે એ બેશક અશક્ય છે. તેઓ હાલની પર તણ્ક ઉપરથી એવું માનના દોર બેસ દેખાય છે કે તેમની પોતાની મે તેવી રીબાજાત છતાં બ્રિટન કોલોનીને મદદ કરવાને બધાયેલ છે. તેઓ એક ગાતના બચ્ચાં સમાન છે. તેમના તરફ માતાનો પુરો વિશ્વાસ છે છતાં તેઓ માતાનો હુકમ અથવા માતા તરફની ફરજ બજાવવામાં પછાત પડશે તો તેઓ તરતજ બ્રટીશ બાળકની પેઠે યશ જવાનો સભવ છે, વશી મુજબ આવે. વિશ્વાસ કયાંસુધી રાખવો એ અમે કહી શકતા નથી. પરંતુ વિશાળમાં દુરદર્શી વિચાર ધરાવનારા પુ.પે વસે છે એટલે કોલોનીઓએ પોતાની સ્થિતિનો ખ્યાલ રાખવો એ જરૂરનું છે.

કનવેનશનના ઉપર આવેલા ડેલીમેટોની એક નાની પાર્ટી ગયા સોમવારે કરમની તરફ ઉપડી ગઇ હતી સાંજના ગાડીમા ઓ બેસતાં મળેલા અનુભવ વિષે 'ઇડર' ને એક પત્રદ્વારા જણાવે છે કે ન.ટાલમાં એક બ.ખ કોલિયારીકની વસ્તિમાંથી માત્ર ૨૬,૦૦૦ મીરબીટમાં કામ કરે છે, અને તેમાંથી ૮,૦૦ ચા તથા ચાનીના કર બાનઓમાં કામ કરે છે, ચાને સુધરવા માટે બનવડી સખત મરજીમાં ગોરા કામ કરે એ અસભવીત છે. અને કદાચ કરે તેય તે ચ દુનીઆની બીજી ચાની સાથે હરિફાઇમાં ઉતરી શકે એ અસભવીત છે. દીદીઓ રબરની બાદક કામ કરે છે. તેમની સ્થિતિ બહુ કઠોળ જેવામાં આવી છે. અને તેમના ઉપર દેખરેખ રાખવામાં કાંઇ દહેશત રાખવા જેવું છે નહીં બેસ ના મકીક આ કામ કરનારનો સતોષ બતાવે છે. તેઓ ડર્બનમાં ૧૨૦ દીદીઓની મરજીમાં કામ કરે છે. મજુર રજા અને વેપારી બ્રિટિશદીકમાં બધોજ તફાવત છે. રદી મજુરો દિવસે દિવસે બ્રટીશ થતા જાય છે. અને બાકીનો મારે વહેલા મોડા ગીરમીટીઆ બોલાવવાની જરૂર પડશે. ચ.ના વાચેતરને માટે આ તરફની બીનો બણી ઉતમ મજુરમાં આવે છે.

આ અઠવાડીઆની અખબારોમાં કેટલાક સ્વરાજપત્રો મળેલા છે તે આવતા અઠવા ડીએ આપી શકશું.

ચરખા પત્ર

—:o:—

ચરખાપત્રીઓને જવાબ

બેડસ્પ્રુટના ખબરપત્રી—તમે મોકલેલ ખબર માટે આભાર થયો છે તે ખબર ગયા અંકના લોકાભિપ્રાયના ખબરપત્રમાં આવી ગએલ છે એટલે ફરી ને નથી છાપતા.

— —

એમ. (રીયુનીઅન)—તમે શું લખો છો તે સમજી શકાતું નથી.

—

એક મરીલ હીંદી મચેસરવાળા—તમારા નામશ્રીજ તમારો કાગળ છાપી કહાય.

—

પરચુરણ ચરચા

—:o:—

લોરેન્સોમારકવીસથી એક પત્ર તા. ૨૪ ઓકટોબરના કાગળમાં લખે છે કે તા. ૨૦ના રોજ મી. એમ. કે. ગાંધીના જામીદાર તથા હીંદીના આગ્રહ શુભેચ્છક મી. પોલાક આવેલા. તેમણે અત્રેના જાણીતા વેપારી શેઠ નાનજી દુધલદાસ એન્ડ કું. ને ત્યાં ઉતારો લીધો હતો. સામની અંદર હીંદીભાઈઓને ભેગા થતાં તેમને મળવાને બે કે પછી એક આવ્યા હતા. તેજ દિવસે બપોર પછી અત્રેની ઈંડિઅન ઓપીનીઅન એસોસીએશનના હોલમાં તમામ હીંદી ભાઈઓની મીટીંગ ભરવામાં આવી હતી. અને તે વખતે આજ સુધી લોરેન્સો માર્કવર્સના હીંદીઓ તરફથી બીલકુલ કાંઈ મદદ અગર તો દિલસોજીનો એકપણ શબ્દ ટ્રાંસવાલના શુરવીર હીંદીઓને આપેલ નથી તે બાબતમાં બે શબ્દ બોલવાના હતા પણ મીટીંગમાં સામના રોકી આઓ પધાર્યા નહિ તેથી મંડળનું કામ નહિ હતાં દિલગીરી સાથ વિસરજન થયું હતું. મી. નાનજી દુધલદાસને ત્યાં મી પોલાકની સારી રીતે આગતા સ્વાગતા કરવામાં આવી હતી. તા. ૨૧ની રાત્રે શેઠ આબદુલ્લાની કું.ને ત્યાં મી.પોલાકે ટ્રાંસવાલના લોકોની હાલત, બહાદુરી અને ઘડતર વીશ સહિત બાબત બે શબ્દ કહ્યા જે વખતે તમામ હાજર ગૃહસ્થોએ દિલસોજી બતાવી અને ટ્રાંસવાલના તમામ હીંદીભાઈ ઓને મદદ કરવા દિલથી જણાવી છે. તા. ૨૨ ના રોજ બપોરના મેસરસ વ્રજલાલ લાલચંદ કું. ને ત્યાં મી. પોલાકને જમવા જવાનું હતું, અને તે વખતે પણ જાહેર બાબતો વિચારવા કરવામાં આવી હતી મી. પોલાક ખુશી થયા હતા. મી. પોલાક જવાને નીકળ્યા તે વખતે અત્રેના દિલસોજી ધરાવનાર સખી મહુરથો સ્ટેશને ગયા હતા. તા. ૨૩ ના રોજ અત્રે થી નીચેના સ્ટેશનો તરફથી દિલમોજી ના તાર મીસીસ ગાંધી ઉપર મોકલવામાં આવેલા છે.

મેસરસ નાનજી દુધલદાસની કું., વ્રજ દાસ લાલચંદની કું., હીરજી મુલજીની કું., તારબુદાસ ત્રિ. મ.ધવજાર. તથા બીજા કેટલાક તાર કરજના છે. ટ્રાંસવાલના બહાદુર સહાયકારી હીંદીઓ માટે એક ઉપર રાખું કરવાનો વિચાર ચાલે છે.

ઉપરવાર ખબરપત્રી બીજા કાગળમાં લખી જણાવે છે કે ગનીપારે (તા. ૨૪ સપ્ટેંબર) અત્રે દીવાળીનો તહેવાર ગણવામાં આવ્યો હતો તે દિવસે અત્રેની ઇરપી તાબામાં એક સુતરી હીંદુ કુંભાર નામે ગણેશ ગુજરી ગયો. તેની લાસને હીંદુ વીધી મુજબ અગ્ની નહિ આપતાં ક્રીશ્ચી ઓને હાથે સરકારી કબરસ્તાનમાં દફનાવવામાં આવી હતી આટલા બધા હીંદુ છતાં આમ થયું એ હીંદુ કોમને ઘણું શરમાવા જેવું થયું.

—

I desire to voice my protest against this method of bringing pressure to bear upon employees. Since when have either the Municipality or the Government been the keepers of the consciences of their Indian employees? I venture to urge that no more pernicious principle can be imagined than that of a public body interfering with the conscientious objections of those whom it employs, provided that the latter fulfil their duties in an adequate and responsible manner. Whilst this particular incident may be overlooked because the victims are Indians, I would add that the underlying principle is one which will work havoc in our public institutions. We are sowing the wind, and we shall inevitably reap the whirlwind.]

Latest Telegrams from the Transvaal

[SPECIAL TELEGRAMS]

Johannesburg, Friday.

Yesterday's *Leader* contains two editorials supporting the Indian demands and strongly sympathising with the passive resistance movement. The paper says: what is obvious is that, if the temporary permits contemplated by the Government confer ordinary rights received by Asiatics, there is no point in resorting to them, and if they do not, then, though we may say to Indians we will not give even six of them per year admission as limited citizens, we cannot in honesty at the same time say to the public here and in India and London that we are offering no real bar to entrance and that, under permits, entrants would be in the same position as others. The *Leader* also says: Passive resistance in the East is as old as history, but we should like to learn of cases where it has been a terror except to evil rulers. Depend upon it, when a race is sufficiently intelligent to understand the meaning and significance of passive resistance, nothing that anybody can say to it will prevent it to resort to it if its sense of grievance be sufficiently strong. We need not fear passive resistance on the part of subject races if we are just to them.

Yesterday's mail papers to hand contain lengthy protests against the action of the Transvaal Government regarding the imprisonment of Mr. Gandhi and other passive resisters. Also protests from all parts of India saying that there is a growing volume of bitterness and indignation regarding the Transvaal situation.

The appeal of the Transvaal returning Indians in Barberton Gaol is upheld by the Supreme Court. The Chief Justice in passing judgment, caustically commented on the action of the Government in issuing warrants of deportation, pointing out that old residents of the Transvaal who had visited India and returned with their wives and families were not prohibited immigrants and the action of the Government in treating them as such was absolutely unjustifiable.

Since Monday, 227 more imprisonments have taken place, including 64 at Johannesburg, 97 at Germiston and 60 at Pretoria. All refused to pay fines. Since the Licensing Officers started operations at Germiston 150 have gone to gaol in that place alone.

INDIAN MAILS. The *Umvelosi* sails for Bombay on or about the 21st instant. The *Umkuzi* sails for Calcutta on or about the 25th instant.

Hawkers and Traders

A committee of the Barberton Chamber of Commerce, says the *Transvaal Leader*, has drawn up a petition to the Government intended to bring about an amendment of the law in the sense of making hawkers bear a fairer share of the public burdens. Our correspondent's despatch gives the salient paragraphs of the petition, which, it is to be hoped, will have the careful consideration of the Government and the public. It seems to us that there is much force in the arguments employed by the Barberton committee. It is playing with words to represent hawkers as friends and necessities of the poor when they are found employing sub-hawkers and working in the organised way and on the scale of which the petition makes mention. Barberton has, to our thinking, given the Colony a practical lead in dealing with a section of people which, incidentally, includes Asiatics. There is nothing to which any reasonable person can object in adjusting conditions of competition in the way proposed; because such an amendment of the law would not discriminate against British Indians. If it includes them, that cannot be helped. If the Municipalities would rigorously apply the highest Municipal standard to Asiatic traders equally with others, and if the education authorities had power to enforce the most advanced education standards, Asiatic competition would soon be rendered less difficult to meet.

DEPORTING A WHOLE COLONY. The entire Hindu Colony in British Columbia, including more than 2,000 persons, is to be moved to British Honduras. The plan for their transference is the result of negotiations between Sir Wilfrid Laurier, the Canadian Prime Minister; Lord Strathcona, the High Commissioner in London; and the Governor of Honduras. The Imperial Government will share the cost of the transportation. The Hindus are anxious to move, and will be employed in building railways. The plan was arranged in London recently at a meeting between Lord Strathcona and the Governor of Honduras.

Contents

EDITORIAL COLUMNS:— PAGE

What the Transvaal Thinks 549
Where We Agree 549
An Unusual Replacing 549
Indians on Natal Railways 550
Cato Manor Outrages 550

OTHER ARTICLES:—

New Licensing Regulations for Natal 550
"British Indians in the Transvaal" ... 551
Transvaal Press on the Situation ... 553
The Mass Meeting Speeches ... 555
Notes on the Transvaal Struggle ... 561
Swami Shankaranand 561
An Appeal to the King 562
Replacing Indian Servants 562
Latest Telegrams from the Transvaal 562
Hawkers and Traders 562

ઇન્ડિઅન ઓપિનિઅન.

પુસ્તક ૬. ફોનીક્સ, શનીવાર, તારીખ ૧૪મી નવેંબર ૧૯૦૮. અંક ૪૬.

અઠવાડીક પંચાંગ.

પ્રોરતી-તા૦ ૧૪મી નવેંબરથી, તા૦ ૨૦ નવેંબર સુધી, ૪૦ સં૦ ૧૯૦૮.

હીંદુ-કારતકવદ ૬ઠ્ઠી કારતક વદ ૧૨સુધી, સંવત ૧૯૧૫.

મુસલમાન-તા૦ ૧૬મી સફરથી ૨૫મી સફર સુધી, ૧૩૨૬ હીજરી.

વાર.	સૂર્ય ઉદય થાય.	ચંદ્ર ઉદય થાય.	ભરતી થાય.	પારસી રોજ.	સુર્યાસ્ત. ક.	મી.	સુર્ય અસ્ત. ક.	મી.
શની	૧૪	૬	૧૬	૩	૪	૫૫	૬	૨૭
રવી..	૧૫	૭	૨૦	૪	૪	૫૫	૬	૨૭
સોમ.	૧૬	૮	૨૧	૫	૪	૫૪	૬	૨૮
મંગ.	૧૭	૯	૨૨	૬	૪	૫૪	૬	૨૯
બુધ..	૧૮	૧૦	૨૩	૭	૪	૫૩	૬	૩૦
ગુર	૧૯	૧૧	૨૪	૮	૪	૫૨	૬	૩૧
શુક્ર	૦	૧૨	૨૫	૯	૪	૫૩	૬	૩૨

અનુક્રમણિકા.

સત્યાગ્રહરૂપી બોંબ ૭૫૩
વીલીઅમ હોરકીન એસકવાયર... ... ,,
ટ્રાન્સવાલ ખબરપત્ર ૭૫૪
નેટાલ્સબરસ ખબરપત્ર ૭૫૫
હિન્દુ ખબર ૭૫૭
ટ્રાંસવાલની લડતને લગતા બનાવો
લાયક ખબરો ... ... ,,
સ્વામીજીનું ભાષણ ૭૫૮
પરચુરણ ખબરો ... ... ,,
નેટાલ્સબરસની અંતર્ગર મીટીંગ ... ૭૫૯
માસમીટીંગમાં મળેલા તારના સંદેશા ૭૬૫
બીજીરા ઈન્ડિઅન લીગ ૭૬૬
ચરચા પત્ર... ... ... ૭૬૭
પરચુરણ ચરચા ... ... ,,
સરવે હીંદુભાઈઓને સુચના ... ... ,,
કરતના તાર સમાચાર ૭૬૮
ટેલાગોઆબે ઇન્ડિઅન લાઇબ્રેરી ... ,,
નવા વરસની ડાયરી ... ... ,,

ગયા અંકમાં ૭૪૮ પાને 'અલ્હાબાદમાં પ્રસ્તુત થતા મોટર્ન રીવ્યુ' ની જગ્યાએ 'કલકત્તામાં પ્રગટ થતુ મોટર્ન રીવ્યુ' એ છપાઈ ગયેલ છે.

ઈંડિઅન ઓપિનિઅન.

શનીવાર, તા ૧૪ મી નવેંબર ૧૯૦૮.

સત્યાગ્રહરૂપી બોંબ

સત્યાગ્રહના અદિમા અમે ઘણી વખત ગાઇ ગયા છીએ. જેમ જેમ વિચાર કરીએ છીએ, તેમ તેમ એ મહિમાનો પાર આવતો નથી એમજ જણાય છે. અને એ ગાતાં અમે મરાતાજ નથી. જંગળામાં બોંબ છુટી રહ્યા છે, અને અરસપરસ જનની પણ ખુવારી થતી ચાલી છે. અમે માનીએ છીએ કે એ બોંબ કરતાં સત્યાગ્રહી બોંબ ચઢી જશે. સ.ધારણ બોંબના ઝરા જ્યારે છુટે છે, ત્યારે માણસોને ઘાયલ કરે છે-મારી પણ નાંખે છે. અને પરિણામે તે ઉડાડનાર પણ મરે છે. સત્યાગ્રહી બોંબના ઝરા છુટે છે, ત્યારે માણસો સામા બેંચાઇ આવે છે, અને દુશ્મનોના મિત્રો થઇ પડે છે. તેમાં પરિણામે સામાનું જોર તુટે છે, અને બોંબ ઉડાડનારના જોરમાં વધારો થાય છે. આ બોંબમાં બેહદ્યુંબાકનો ગુણ છે, એમ અમે કહીએ તો બોટું નથી. વળી આ બોંબ લેવા પણ જવા પડતો નથી, તેમ વેની પેતી પણ બેસતી નથી. ટ્રાંસ્વાલના હીંદીઓ ખરેખર આ પસંદગીમાં તો ખાટયાજ છે. બધા અઠવાડીઆની માસ મીટીંગે આ સાબિત કરી આપ્યુ છે. કોઇ દિવસ ટ્રાંસ્વાલમાં ન થયેલી એવી મીટીંગ થઇ હતી એમ કહીએ તો પણ ચાલે. ગોરા દિલસોજી બતાવનારાઓની સંખ્યામાં ઉમેરો થતોજ જાયો છે. માણસોમાં દિવસે દિવસે નવુ શૂર આવતુંજ જાય છે. સરકારના હૃદયમાં પણ સત્યાગ્રહી બોંબના ઝરા ઉંડા પેસી ગયા જણાય છે. હવે ઘોડા વખતમાં તે પણ બેચાર જણ હીંદીની મિત્રાચારી શોધે તો અચરજ પામવા જેવુ નથી. બી. ઉમરજી સાહેબ તેમના ભાષણમાં કહી ગયા છે કે જેઓ છેવટ સુધી લડશે તેને હદની પેલી વારજો અમે જોઇતા ગણતા મળતા આવીએ છીએ. ખુદ બહેરામની એને અંગે ઉદારી પેરી કહીએ છીએ. એ પેરી ખુદાઇ ફરમાન ઉઠાવનારનેજ મળી શકે છે, અને એ પણ જેને મળી છે એની કદી હારજ નથી. ટ્રાંસ્વાલના હીંદીઓ એમનુ ખુદાઇ ફરમાન છેવટસુધી બજાવશે તો જીત એમનીજ છે એમ અમે ચોકસ માનીએ છીએ. જે જે ગોરાઓ અત્યારે હીંદી કોમને મદદ કરે છે તેઓ પોતાના રાજ્યમાં આવાન અનીતિ પ્રસરતી જોઇને ચોરોની પેઠે છેવટ સુધી મુલકને વચનથી બધાઇ ગયા છે. હીંદી કોમને ગુલામગીરીની સ્થિતિમાં તેઓ જોવા નથી માગતા. પોતાના રાજ્ય માં ગુલામગીરી ચાલે એ પણ તેઓ જોવા નથી માગતા. આમ જ્યારે પારકાઓ બીજા સારૂ લડે ત્યારે હીંદી કોમ પોતાના સારૂ મરતાં સુધી લડવા પછાત કેમ રહી શકે? સાહિબ આર્કડાની કોલોનીઓ જોડાઇ હીંદી કોમને કનેડે એ સ્વાભાવિક છે. જુદી જુદી કોલોનીના હીંદીઓ તે જોડાએલાજ પડયા છે એમ અમે માની એ છીએ. હીંદી કોમ પોતે કનેડાવા નહીં માગે તો કોલોનીઓની સત્તા નથી કે કનેડી શકે એમ અમે ખાતરી પુરવક કહી શકીએ છીએ. છેવટે અમે ફરીએ છીએ કે હીંદી કોમ હજુ પણ જેવો ઉદારજ રહેશે. વેપારીઓ શું કે કેમી વાળાઓ શું જેઓ સત્યાગ્રહ રૂપી બોંબ નો મારો ચલાવજ રાખશે-જે જેલ ભરવા બીજા જને તેવુ છે-તેઓ ઇદની પરીને અમે ઉપર કહયુ તેમ પામશે. અને બીજાઓ પસ્તાશે.

વીલીઅમ હોરકીન એસકવાયર
એમ. એફ. એ.

ગયા બુધવારની મીટીંગમાં પહેલો ઠરાવ રજુ કરનાર મી. વીલીઅમ હોરકીનની તવારીખ જાણવા લાયક હોઇ ઇંડિઅન ઓપિનિઅનના વાંચનારને, માટે નીચે આપીએ છીએ. આ તવારીખ ટ્રેન્સવાલ મંથલીના ૧૯૦૭ ના ઓકટોબર માસના અંકમાંથી કેટલીક લેવામાં છે.

મી. હોરકીનનો જન્મ ૧૮૫૬ ની સાલ

માં કોરનવેલ પરગણામાં થયો છે. તે ૧૮૭૪ની સાલમાં દક્ષિણ આફ્રિકામાં આવ્યા. અને ત્યારપછી નાતાલની ખાણોમાં કેટલાક વરસ સુધી કામ કરી ૧૮૬૬ માં રેંડની એક ખાણના મેનેજીંગ ડાયરેક્ટર તરીકે ટ્રાંસવાલમાં દાખલ થયા. તરતજમાં જાહેર કામ કરવાને જહાર પડ્યા. ચેંબર ઓફ માઇન્સની સ્થાપના કરનારાઓમાંના તે મુખ્ય મેંબર હતા. તે ચેંબર ઓફ કોમરસના મુખ્ય મેંબર છે અને છ વખત તેના પ્રમુખ તરીકે ચુંટાયા છે. તે ૧૯૦૪ થી ૧૯૦૬ સુધી દક્ષિણ આફ્રિકાની એસોસીએટેડ ચેંબર ઓફ કોમરસના પ્રમુખ હતા. તેઓ વીટ્વોટરસ્રેન્ડ ડીપ કંપનીના મુખ્ય છે. તેમની પેઢી વીલયતની ઘણી પેઢીઓના પ્રતિનીધીરૂપે કામ કરે છે.

મી. હોસ્કીને રાજદ્વારી કામોમાં મોટો ભાગ લીધો છે. ૧૮૬૨માં નેટાલસ યુનીઅનના એક મુખ્ય અને આગેવાન મેંબર હતા. રીફોર્મ કમીટીના મેંબર હતા અને તે વખતે રીફોર્મ દાખલ કરવાની બીલ પાસ માટે તેમને બે વરસ જેલ તથા સખત દંડની સજા થઇ હતી. લડાઇનું વાદળ ૧૮૬૬માં ટ્રાંસવાલમાં ચડી આવ્યું ત્યારે મી. હોસ્કીને આગળ પડતો ભાગ લીધો હતો અને પુટલેંડર કાઉન્સીલના પ્રમુખ તરીકે વોંડરર ખાતે મળેલી મોટી મીટીંગના પ્રમુખ ચુંટાયા હતા. લડાઇ જાહેર થઇ ત્યારે નાતાલ જઇ તેણે લશ્કરી ટુકડી ઉભી કરવામાં મદદ કરી હતી અને નીરાધાર રેફ્યુજીને માટે મદદ ખાતું ખોલવાનું કામ આથે લીધું હતું.

જોહાન્સબરગ આંગ્રેજના તાબામાં આવ્યા પછી મી. હોસ્કીન પાછા આવ્યા. તેણે દેશની ફરીથી સ્થાપના કરવામાં મહા ભારત સેવા બજાવી. તે પહેલી ચુંટાએલ ટાઉન કાઉન્સીલ તેમજ પહેલી લેજીસ્લેટીવ કાઉન્સીલના મેંબર હતા. અને પાછળથી ઈંટર કોલોનીઅલ કાઉન્સીલ તથા રેલવે કમીટીના મેંબર પણ થયા હતા.

મી. હોસ્કીન વેપારને લગતી બધી હકીકતના પુરા માહીતગાર હોવાથી તેમનું કહેવું સર્વ તરફથી માન્ય રાખવા જેવું ગણવામાં આવે છે. રેલવે તથા મહેસુલી બાતાનું તેને બહુ ઉંચું જ્ઞાન છે. ૧૯૦૩ માં જ્યોંફોન્ટીન બાતે મળેલી કરટન્સ યુનીઅન કોન્ફરન્સમાં ટ્રાંસવાલ તરફના પ્રતિનીધી હતા. મી હોસ્કીન બાહોસ્પારાજદ્વારી છે. અને તે ફીરેટના જબરા હીમાયતી છે, તે જાનબરી તરફથી પારલામેંટ માં ચુંટાયા છે. અને હાલમાં ઓફ ઓપોઝીશનના એક મુખ્ય મેંબર છે. તે રાજદ્વારી બાબતમાં હમેશાં આગળ પડતો ભાગ લેતા રહે છે. મીસીસ હોસ્કીન અને તેની દીકરીઓ પણ જાહેર કામમાં સારો ભાગ લીએ છે.

મી. હોસ્કીને હીંદી કોમને ન્યાય અને વાજબી હક અપાવવાને હરેક વખત મદદ નત લીધી છે. પારલામેંટ તેમજ જાહેર મીટીંગોમાં બેધડક થઇને પોતાના વીચારો દરશાવ્યા છે. પારલામેંટની છેલ્લી બેઠક માં પણ નવા બીલ ઉપર થયેલી ચરચા માં મી. હોસ્કીને બહેલાઓને આવતા દેશની હીમાયત કરી હતી.

અખબારપત્ર

—:o:—

ટ્રાન્સવાલ

[અમારા ખાસ પ્રતીનીધી તરફથી]

સોમવાર તા. ■

૬૭ માઇલ ચાલવાની સરત

શનીવારે ૭૬ ગોરાઓ ૧૭ માઇલ ચાલવાની સરતમાં ઉતરેલા હતા. તેઓ બરાબર ૨–૩૦ મીનીટે ટાઉન હોલ આગળથી ઉપડ્યા હતા. ત્યાંથી મુકરર કરેલ રસ્તે થઇ અવોક્રાના સ્ટેશને ૭ માઇલ સુધી જઇ લોરડઝ બ્રાઉન્ડમાં તેઓને પાછા ફરવાનું હતું. આમાંથી ૨૪ જણા એ ૧૭ માઇલનો પંથ સાડા ચાર વાગતા સુધીમાં પુરો કરેલો હતો. સહુથી પહેલે નંબરે મી. જે. રોબોસ કરીને એક ઇસ્ટ લંડનનો ગોરો હતો તેણે ૧ કલાક ૪૦ મીનીટમાં આ પંથ પુરો કર્યો હતો. ટાઉન હોલ આગળથી છુટ્યા ત્યારે તેમને જોવાને તમાસગીરો હજારોની સંખ્યામાં ત્યાં આગળ હ.ઇનબંધ ઉભેલા હતા.

મી. આજમ હાફેજી

પોરબંદરવાળા મી. હુસેન હાફેજીના દીકરા મી. આજમ હાફેજી બારીસ્ટરનો અભ્યાસ કરવાને વિલાયત ગયા છે તે દાખલ થવા ની પરિક્ષામાં પાસ થયાનો તાર મળ્યો છે. આ ખુશી ખબર માટે હું તેમને મુબારકબાદી આપું છું.

વિલાયત કેબલ

નાતાલ ઇંડિયન કોંગ્રેસ તરફથી શહેનશાહના જન્મ દિવસ ઉપર મુબારકબાદીનો તારનો સંદેશો મોકલવામાં આવ્યો હતો.

બીજો સંદેશો એવો મોકલવામાં આવ્યો હતો કે નાતાલ ઇંડિયન કોંગ્રેસ નવમી તારીખના આ શુભ દિવસે નામદાર શહેનશાહનું ધ્યાન ખેંચવા માગે છે કે ટ્રાંસવાલમાં અંતઃકરણની લાગણી માટે તેઓનું માન તથા વ્યાજબી હક જાળવવાને ખાતર ૨૦૦ કરતાં વધારે હીંદીઓ, જેમાં કેટલાક હીંદી કોમના સ્થંભ ગણાતા હીંદીઓ પણ સામેલ છે તેઓ સખત ટ્રાંસવાલમાં અંતઃકરણની લાગણી માટે, સ્વમાન જાળવવા માટે તથા વાજબી હક મેળવવા માટે સખત મજુરીની જેલ ભોગવે છે. કોંગ્રેસ આ સંબંધના છુટકારા માટે નમ્રતા પુરવક અરજ કરે છે.

હીંદુસ્તાન તાર

કોંગ્રેસ તરફથી હીંદુસ્તાન મુંબઇ પ્રેસીડન્સી એસોસીએશનને નીચેનો તાર ગયા શનિવારે મોકલવામાં આવ્યો છે. 'ટ્રાંસવાલ સરકારનો જુલમ વધતો ચાલ્યો છે તેવી સ્થિતિ હીંદુસ્થાનમાં હોય તો બળવો જાગે મી. ગાંધીને બોલ્યે ઉપડાવી જાહેર રસ્તે લઇ જવામાં આવ્યા છે. નાના બાળકોને કેદમાં પુરવા છે. બ્રિટીશ રક્ષણ તે માત્ર નામનું છે એ આખા હીંદુસ્તાને ખ્યાલમાં રાખવા જેવું છે.

એડવરટાઇઝરનું જુઠાણું

બોટી રીતે હીંદી કોમની પછવાડે લાગી રહેલું એડવરટાઇઝર છાપું લખે છે કે "એશીઆટીકોના 'ત્રાંણીઆની કીંમતના' એજીટેશનના આગેવાનો હીંદીઓ ઉપરમાં કોઇ જાતની અટકાયત વગર આવી શકે તથા ગોરાઓના જેટલા પુરા રાજદ્વારી અને શહેરીઓના હક ભોગવી શકે તે માટે લડત ચલાવી રહ્યા છે." એડવર ટાઇઝર ના આવા જુઠાણા સામે મી. પોલાકે કામ ળ લખ્યો છે કે તમે જણાવ્યું તેવું ટ્રાં સવાલની લડતના હીંદી કોમના કોઇપણ આગેવાને બાપણ કરયું હોય અથવા તે કોઇ જગાએ છપાયું હોય તો શબ્દો જાહેર કરવાની હું તમને ચેલેંજ કરું છું. અને તમે જો તેમ જાહેર ન કરી શકો તો તે શબ્દો પાછા ખેંચી લેશો એવી આશા રાખું છું.

જીઓલોજીકલ સોસાયટીને ભાષણ

રવીવારે ૮ વાગ્યે કોંગરેસ હોલમાં જીઓલોજીકલ સોસાયટીની મીંગણીમાં તત્વજ્ઞાનના વિષયપર શ્રી શંકરાનંદ સ્વામી એ એક ભાષણ આપ્યું હતું. વરસાદ સખત પડવા છતાં સાંભળનારા સારી સંખ્યામાં એકઠા થયા હતા. ગોરાઓની સંખ્યા ૭૦ થી ૮૦ની હતી, હીંદીઓની

સખ્યા પણ સારી હતી. શરૂઆતમાં સ્વામીજીએ ખાસ તયાર કરેલું ભાષણ વાંચી સંભળાવ્યું. પાછળથી એક ગોરા મહાશયે પુનરજન્મ ઉપર પ્રમાણ સહીત ખુલાસો માગવાથી સ્વામીજીએ બહુ સાધા રણ દૃષ્ટાંતોથી તે સ્પષ્ટ કરી બતાવ્યું હતું. ગોરા લોકો તરફથી સ્વામીજીના ભાષણથી તેમને મળેલા લાભ માટે બહુ સારો સંતોષ બતાવવામાં આવ્યો હતો. વિરોપ જીજ્ઞાસુને આશ્રમે આવવાથી એ મહાન અને ગુઢ વિષય ઉપર વધારે સમજુતી આપવા તેમણે જણાવ્યું હતું આશરે દશ વાગે સભા વિસરજન થઇ હતી.

નિશાળીઆઓને પાછી નોટીસ

નિશાળિઆઓ પાસેથી ખબર મળ્યા છે કે ૧૪ વરસની ઉમરનાએ ડીસેમ્બર માસ પછીથી નિશાળે નહીં આવવું એવી નોટીસ ઘણાને મળી ગઇ છે. બીજી વખતની આ નોટીસથી હીંદીઓની પુરી ખાતરી થશે કે હવે તેઓને આપ બળ ઉપર ઝુઝવાનું રહ્યું છે.

હાલી શીખામણ

ઉપર જણાવેલ ફ્રીમ એડવરડને કોલોનીઅલ સેક્રેટરી મારફત મોકલવામાં આવનારા સંદેસા તેને એક દિવસ મોડા મળવાથી તેણે કોંગ્રેસને કાગળ લખી સલાહ આપી છે કે આ સંદેશા હવે ટપાલ મારફત મોકલવા. કોંગ્રેસના સેક્રેટરીએ આ સલાહ માટે ઉપકાર માની કોલોનીઅલ સેક્રેટરીને તારથી ખબર આપ્યા છે કે તે સંદેશા ૭ લંદનથી કેબલ કરવાના છે.

લંડનની કમીટીનો ખરચો

લોહાન્સબરગની બ્રી. ઇ. એસોસીએશન તરફથી તાર મળ્યો છે કેઃ મી. રીચ તરફથી વધુ પક્ષસા મોકલવાનો કેબલ મળ્યો છે. નાણાની ગાદ તુરત મળવાની જરૂર છે.

સ્વામીજીનું ભાષણ

ગયા બુધવારે રાતે કોંગ્રેસ હોલમાં ધર્મ ના ચાલુ વિષય ઉપર શ્રી રા'કરાનંદ સ્વામીએ ભાષણ આપ્યું હતું. આ ભાષણ માં ધરમનું પાલન કરવાના સાધન તરીકે બ્રહ્મચર્યનો મહીમા બહુ અસરકારક રીતે બતાવ્યો હતો.

હીંદુસ્તાનની ટપાલ

સ્ટીમર એડેલ્ફ પુરબન મારફત મુંબઇ માટેની ટપાલ તા. ૧૬ના અરસા માં બંધ થશે.

સ્ટીમર અમેરોસોગી મારફત મુંબઇની ટપાલ તા. ૨૧ના અરસામાં બંધ થશે.

સ્ટીમર અમરુથી મારફત કલકતાની ટપાલ તા. ૨૫ના અરસામાં બંધ થશે.

જોહાન્સબર્ગ

[અમારા ખાસ પ્રતિનિધી તરફથી]

. શનીવાર.

શહેનશાહનો જન્મ દિવસ

બ્રિટીશ ઇન્ડિઅન એસોસીએશન તરફથી શહેનશાહને જન્મ દિવસની મુબારકદી નો કેબલ મોકલવામાં આવ્યો છે.

કાનમીઆનો જુલ્મ

ગયા રવીવારે માર્કેટ સ્કીટવાળા થીએટર માં મી. સુલેમાન હસનના પ્રમુખપણા નીચે કાનમીઆની જનરલ મીટીંગ મળી હતી જેમાં કેટલાક સુરતી મળી કુલ ૪૦૦ માણસ હાજર હતા. મેસરસ. બાબજી ઇબ્રાહીમ, હસન આદમ, અલીભાઇ ઇસ્મા ઇલજી, અહમદ ઇબ્રાહીમ, જસસ અસ માલ, મુસા મહમદ, મુસા ઉમર, દાદા ભાઇ ઇસપ વિગેરેએ જુસ્સાદાર ભાષણો કરવાં હતાં. કાયદાને રદ કરવામાં આવે નહીં તથા કેદીવધીની માગણી કબુલ થાય નહિ ત્યાંસુધી લડત ચાલુ રાખવા ઠરાવ કરી મીટીંગ વિસરજન થઇ હતી.

પેન ઉપર પાછું

સત્યાગ્રહની લડતમાં હીંદી કોમે ઘણું સહન કરયું છે. વેપારીઓને તથા ફેરી વાળાના નુકશાનનો પાર રહ્યો નથી. પણ તે બધું લડતને ખાતર બહાદુરીથી તેઓ સહન કરી રહ્યા છે. કેટલાક નોકરીયાત મી. કામા, મી. દીલદારખાન, મી. જ્હેરી વીગેરેએ નોકરી જતી કરી છે. હવે ખબર મળ્યા છે કે લોહાન્સબરગની મ્યુની સીપાલીટીએ પારદ અને સીમેટરીમાં કામ કરતા ગરીબ હીંદીઓને રજીસ્ટ્રેશન કાયદાને તાબે નહીં થવા માટે રજા આપી છે. મી. પોલાકે આ બાબત સ્થાનીક છાપાઓમાં સખ્ત કાગળ લખ્યો છે.

પ્રીટોરીયા

તા. ૪ ને રોજ ચાર ફેરીવાળાને માજીસ્ટ્રેટ પાસે બડા કરવામાં આવ્યા હતા. તેઓએ જણાવ્યું કે અંગુઠો નહીં આપવા થી લાયસેન્સ મળ્યું નહિ. માજીસ્ટ્રેટે તે લોકોને સાધન અંગ્રેજીમાં કરતાં શીખી જવ લાયસેન્સ લેવા સુચના કરી. પણ તેઓએ જણાવ્યું કે તેમની પાસે રજીસ્ટરો નથી. માજીસ્ટ્રેટે રજીસ્ટર સાથે તેમને કોર્ટ લાગતું વળગતું નથી એમ કહી બધાને છોડી મુકયા.

તા. ૫ ને રોજ બીજા ચાર ફેરીવાળા ને પકડવામાં આવ્યા હતા. મેસરસ. અહમદ આદમ, ડી. ડી. મોસીસ, રામ લીઆ મહારાજ અને વી. સી. પીલે. આ બધા જેલ ગયા છે. દરેકને બે પાઉન્ડ દંડ અથવા ચૌદ દિવસની સખ્ત મજૂ રી સાથે જેલની સજા થઇ છે.

બોકસબરગ

કઉક નજીવી બાબતસર એકાદ બે હીંદીને બોલા આવી થતાં કજીઆનું મોટું રૂપ પકડયું અને લોકેશનમાં મારામારી થઇ. કેટલાક માણસોને સખત ઇજા થઇ. ૭એક માણસોને પકડયા અને જેલ ઉપર છોડયા. અહીંના લોકલ પેપરવાળાઓ એ મજકુર કજીઆને ચાલુ લડત સાથે જોળી દીધો. જે ઉપરથી મેસરસ કાછલીઆ, ગોડફ્રે, લક્ષ્મીરામ, વી. જી. મહારાજ, સી. કેવળરામ વગેરે ગયા અને સમાધાન કરાવી પાછા આવ્યા. બોકસબરના હીંદી ઓને મારી ભલામણ છે કે જેવી હિંમત થી અત્યાર સુધી કામ કરતા આવ્યા છે તેવીજ રીતે કોઇપણ જાતના દંટા ફીસાદ માં નહિ પડતાં શાંત રીતે કામ કર્યા જશે.

હોલ્સબરગથી મળેલા સમાચાર

મી. ગાંધીને વોકસરસ્ટ કાફરાઓ સાથે ત્રીજા કલાસના ડબ્બામાં લઇ જતા હતા ત્યારે મી. સોમાભાઇ પટેલ બીજે ગામ જવા સ્ટેશન ઉપર ગયેલ. મી. ગાંધીને જોઇ તેઓ અજાયબ થયા. મી. ગાંધી માટે મી. સોમાભાઇ કાંઇ ખાવાનું લેવ.ને સ્ટેશનના રીફ્રેશર્ટમાં ગયા અને ત્યાંથી રીફ્રેશર્ટની યુરોપીઅન બાઇ પાસેથી બે શીલીંગના કેક માગ્યાં. કોનેમાટે જોઇએ છે એમ પુછતાં મી. ગાંધીનું નામ આપ્યું. જાણી બાઇએ મી. ગાંધીની સ્થિતિ જોઇ કબામણી બની જઇ પૈસા નહીં લેતાં પુરકળ કેક આપ્યાં. સોમાભાઇએ પૈસા આપવાની ઘણી હઠ કરી ત્યારે નામની ખાતર ફકત ૭ પેન્સ લીધા અને કહ્યું કે મી. ગાંધી જેવા મહાન પુરૂષની આવી સ્થિતિ જોઇ હૃદય ભરાઇ આવે છે; અને તેમને ખાવાનું આપવા બદલ પૈસા લેવા એ અધર્મતત્વ છે.

મી. ગાંધી ઉપર ખોટો

વોકસરસ્ટના સ્ટેશન ઉપર મી. નગદી તથા કાજી હતા, તેમણે મી. ગાંધીને સ્ટેશન ઉપર જોયા. જોઇને તેઓ ચકીત થઇ ગયા. તેમને ત્રીજા વરંગમાં કાફરાઓની સાથે કેદીના કપડામાં લાવવામાં આવેલા હતા. મી. ગાંધીને બળે કાંઇ ભરેલ કોથળો ઉપ ડાવી સ્ટેશનથી જેલ જે લગભગ દોઢેક માઇલ દુર છે ત્યાંસુધી ચાલતાં લઇ ગયા. આ ખબરથી માં તમા બહુ બળ

બળાટ થઇ રહ્યો છે. અને ગોરાઓની દીલસોજી તથા લાગણી વધ્યાં છે. મી. નઝદી જણાવે છે કે મી. ગાંધીનો ચહેરો આનંદી હતો અને હસતે મુખે ચાલ્યા જતા હતા. સોમવાર.

વોક્સરસ્ટ

પ્રીટોરીયાવાળા મોગા દામા જોહન્સના છોકરા પાસે તેના બાપની કરેલ એટીકે વીટ હોવાથી વોક્સરસ્ટમાં માણસોટે આંગુઠો લઇ છોડી મુકયો છે.

આદમ ઇસપ તથા ઇસ્મ ઇસ્લ આકુજી નાતાલથી આવતાં વોક્સરસ્ટમાં પકડાયેલા. તેમને બે માસની સખત જેલ મળી છે. બંને જેલ ગયા છે.

મી. પેલાક ગઇ કાલે રાત્રે મી. વાસુદેવ તથા મી. દાઉદ પટેલના કેસો માટે વોક્સરસ્ટ ગયા છે એમાંથી એકપણ ગૃહસ્થ વોક્સરસ્ટની કોરટમાં હાજર થયેલ નહીં હોવાથી મી. પેલાક નીરાશ થયા. મી. વાસુદેવ પ્રીટોરીયામાં છે, અને મી. પટેલ કલરકસ ડોરપમાં રીઢ થઇ ગયા છે. બંનેના કેસો મી. પેલાકે મુલતવી રખાવ્યા છે. તા. ૬૭ મી આવતા ગુરૂવાર ઉપર રહ્યા છે. બને ગૃહસ્થો ભણેલા અને આગળ પડતા છે. હમેદ રાખુ છુ કે એમાંથી એક પણ પાછી પાની નહીં કરે અને મુદતસર હાજર થઇ જેલ જશે.

વોક્સરસ્ટની જેલમાં

અહીની જેલમાં હાલ લગભગ છપ ની આસપાસ હીંદી જેલીઓ છે. જયા અઠવાડીઆમાં ૩૪ જણા જે જેલમાં ગયા છે તેમના નામ નીચે મુજબ છે. .

આજમ મીરજા આદમજી, કાજીમહમદીન, મોહમદ ઇબ્રાહીમ ગાનાં. કાસમ મોહી સદીન વાડી, મુસા કાસમ ચોપીઆ, આદમજી મુસા, અબ્રાહમ આદમજી, મોહમદ આદમજી, કસન ઉકા, લખમીદાસ રણછોડ, કાલીદાસ ભગવાન, ગાંડા ખુશાલ, હીરા મુખા, રણછોડ હીરા, કાલ્યા કેશવ, મુસા નારણ, લાલા હરી, કુંવરજી નારણ, કસન ગોપાળ, મોહન વલભ, નારણ મોહન, રણછોડ છોટા, મુખા ગોવન, મુસા કુરવા, મુળજી મનજી, પરાગ લાલા, મુરા દામા, જગા બીખા, ગીહા કુલજી, રતના મોરીયા, છગા લલા, અને કુરવા મકન.

જેલમાં એટલી બધી સંકડાશ છે કે બહાર તબુ ઉભા કરવામાં આવ્યા છે. બધા જેલીની તબીયત સારી રહે છે. ગઇ કાલે મી. મીઆં હુસેન અહમદને જેલોરીમાં દાખલ થતી વખતે અંગુઠો નહીં આપવા માટે છ અઠવાડીઆની સખત મજુરીની જેલની સજા થઇ છે.

વધુ પકડા પકડી

આજરોજ એકસોસ ફેરીવાળાને સાત દીવસની સખત મજુરી સાથ જેલ મળી છે અને શનીવારે બીજા ૧૬ ફેરીવાળાને વગર લાઇસેન્સથી ફેરી કરવા માટે સાત દીવસની જેલ મળી છે બધા જેલ ગયા છે.

આજે જોહાન્સબરગની જેલમાં ત્રણ જણા મેસરસ. ઇસ્મ.ઇલ એચ.વાલા, અલીભાઇ દયાદરવાળા તથા મુસા સાસરીઆ વાળા વગર લાઇસેન્સથી ફેરી કરવામાટે ગયા છે. મી. ઇસ્મ ઇલ શનીવારે સવારે પકડાયેલા ત્યારે જેલ મુકી છુટા થઇ બારીટમાંનો માલ વેચી નાખવા ફરતા હતા ત્યારે બપોર બાદ બીજી વખત તેજ દીવસ પકડાયા. તેને આજે દરેક કેસમાં સાત સાત દીવસ એટલે કુલે ચવદ દીવસની જેલની સજા થઇ છે, બીજા બેને દરેકને સાત દીવસની જેલ મળી છે.

આજે જેલમાંથી પ૩ માણસો છુટયા છે. તેમને લેવા ઘણા માણસો જેલ ઉપર ગયા હતા. ફેરીવાળાઓ પકડાવા માટે ઘણા ફરે છે પણ પોલીસ પકડવા ના કહે છે. હમેદ છે કે જથાબંધ ફેરી વાળા આ વીકમાં જેલ જશે.

લેવા કબુલી

લેણ કબુલીની નાની સરખી કોમ છે. તેમના આશરે કુલ ૮૪ માણસો હોવાનુ જણાય છે. આ કોમની એક મીટીંગ મી. નાના હીરાના સ્ટાંડમાં મળી હતી. તે વખતે તેઓએ સકત બંધથી ચલુ રાખવાને ઠરાવ કર્યો હતો. કોમમાંથી દરેકે ૧૦ શીલીંગ અને નાના છોકરાએ પાસેથી ૫ શીલીંગ ફકશવવાનુ ઠરાવ્યુ હતુ તથા ઉઘરાણુ શરૂ કરવુ હતુ. તેમણે ૪૦ પાઉંડ ઇ. એસોસીએશનના ફંડમાં મોકલી આપ્યા છે. અને વધુ ઉઘરાવે છે.

ન્યુકેસેરના વોળી

ગઇ કાલે એસોસીએશનના આગેવાનો ન્યુકેસેર વોળી લેવા પાસે ઉઘરાણા માટે ગયેલ ત્યાં ૫૦ પાઉન્ડ ઉપર થયાનુ જણાયુ છે હમેદ રાખુ છુ કે મજકુર બન્ને કોમોનો ધરો બીજા કોમો લેશે.

ઉઘરાણુ

મારા સાંભળવામાં આવ્યુ છે કે કેટલાક પાસે એસોસીએશન માટે થયેલ ઉઘરાણાની રકમો પડેલી છે આ વાત સાચી હોય તો મારી તેમને જણાવવુ છે કે તેમણે વગર ઢીલે એસોસીએશનની ઓફીસમાં નાણા તુરત ભરી દેવા.

પ્રીટોરીયામાં વધુ કેસો

ગયે શનીવારે પ્રીટોરીયામાં લગભગ ચાળીશેક માણસોને વગર લાઇસેન્સથી વેપાર કરવા માટે સમન્સો મળ્યા છે તે બધાના કેસો આજે છે. પરિણામ હજી જણાયુ નથી. હમેદ છે કે બધા જેલમાં જશે.

પારડીકોપ

પારડીકોપથી મી. કાજી જણાવે છે કે તેમને પા. ૧૦ દંડ વગર લાઇસેન્સથી વેપાર કરવા માટે થયેલ પોતાનો વીચાર દંડ ભરવાનો નહીં હતો પણ પોતે વોક્સરસ્ટ આવેલ અને પાછળથી તેનો છોકરો જે પંદર સોળ વરસની ઉમરનો છે તેની પાસે મેજીસ્ટરે જપ્ત થયેલ ખરચા સાથે દંડ વસુલ કર્યો. છોકરાને કહ્યુ કે દંડ નહીં આપે તો દુકાન બંધ થશે. છોકરાએ પાસેથી પા. ૧૧-૩-૦ આપી દીધા. મી. કાજીને વોક્સરસ્ટથી જતાં ખબર પડી ત્યારે લિ. ઇ. એસોસીએશન ને જાહેર કર્યુ.

જેલીઓ તરફની મુસારકબાદી

સાંભળવામાં આવ્યુ છે કે વોક્સરસ્ટ ની જેલમાંથી નાતાલ ઇન્ડિયન કોંગ્રેસના પ્રમુખ, ઉપ પ્રમુખ, સેક્રેટરી, હમીદીઆ ઇસ્લામીક હોસાયટીના ચેરમેન તથા લિ. ઇ. એસોસીએશનના સેક્રેટરી અને બીજા ૭૦ જેલીઓએ શહેનશાહ ઉઠ તેના જન્મ દીવસની ખુશાલી જાહેર કરનારો કેબલ મોકલ્યો છે. તેમજ જોહાન્સબરગ ની જેલમાંના ૧૨૧ જેલીઓ તરફથી પણ કેબલ મોકલ્યો છે.

જરમીસ્ટન

ગઇ વીકમાં ૪ ફેરીવાળા ૬ પોળી, અને એક ૬૨ વરસ ઉમરને લાઇસેન્સ વગર ધંધો કરવા માટે સાત દિવસની જેલ મળી છે. બધા જેલ ગયા છે. મી. વી. ચેટીને પા. ૫ દંડ અથવા એક મહીનાની જેલની સજા થતાં તેઓ આનંદથી જેલ ગયા છે. તે આ બીજી વખત જેલ ગયા છે.

મીસીસ ગાંધી

મીસીસ. ગાંધીની તબીયત બહુજ ખરાબ સ્થીતીમાં હોવાનો તાર મળતાં મી. હરીલાલ ગાંધી આજે સવારના તેમના માતુશ્રીની સારવારમાં સામેલ થવા ડરબન જવા રવાના થઇ ગયા છે. આ સમાચાર આખા ગામમાં ફરી વળતાં રાત્રે બાર પંદર માણસો તબીયતના ખબર પુછવા ગાંધીજી

એશનની ઓરીસે આવતા હતા. તબીયત સુધારા ઉપર છે એવા પાછળથી ખબર મળતાં સહુને સંતોષ થયો છે અને સહુ ઇચ્છે છે કે તેમની તબીયત જલદી સુધરી જાય.

મી. ગાંધીને વોક્સરસ્ટ જેલમાં આ ખબર મોકલવામાં આવ્યા હતા.

ગુરુવાર,

જરમીસ્ટન

ગઇ કાલે જરમીસ્ટન મ્યુનીસીપાલીટી ની ઇમારતોથી સાઇક્લેન્સ વીના ફેરી ફરતા બારીઓ તમામ ઇંડીને પકડવાના ખબર મળ્યા છે. તેમની સંખ્યા ૪૦ ઉપરની છે તેઓ બધા જેલ જવાને તયાર છે.

મી. હરિલાલ ગાંધી

મીરીસ ગાંધીની તબીયત વળતર ઉપર છે, એવા ખબર મળવાથી મી. હરીલાલ ગાંધી જોહસરસ્ટ રોકાયા છે ત્યાંથી આવતી કાલે અત્રે આવવા સંભવ છે.

પરચુરણ ખબરો

કોંગ્રેસથી ખબર મળ્યા છે કે મી. મદ મદ કાસમને પરમીટ બાબત કોર્ટમાં માં પડેલ છે.

મી. પોલાક વોક્સરસ્ટ કેસ માટે ગયા હતા તે આજ સવારે આવી ગયા છે.

બારબરટન વાળા લોકોની અપીલનો કેસ હાઇ કોરટમાં કાલે ચાલશે.

ક્રેડલબરગવાળા મી. બાયાત રાનીયારે પીટરસબરગ જનારા છે. ત્યાં એસોસીએશન માટે ઉઘરાણું કરશે અને ત્યાંના ઇંડી ભાઇઓ તેમને ઉઘરાણામાં બનતી મદદ કરશે એવી ગારી ભલામણ છે.

છેલ્લા ખબરો

[અમારા ખાસ પ્રતીનીધી તરફથી તાર.]

જોહાન્સબરગ, શુક્રવાર

'લોડર'ના જબરી હીમાયત

ગઇ કાલના ક્રાંસવાલ લીડરમાં અમી પતિએ બે મુખ્ય લખાણ લખ્યા છે અને તેમાં ઇંડીઓની માગણીને ટેકા આપ્યો છે તથા સત્યાગ્રહની લડતને સત્પુરુષ દિલ સોજી બતાવી છે. આ બાબુ જણાવે છે કે જેં મુદતની પરમીટથી જેટલા એશીઆ ટીક આવે છે તેને હક સાધારણ મળી શકતા હોય તો પછી ૬૨ વરસે માત્ર ૭ બણેલ એશીઆટીકોને કહેવી તરીકના પુરા હક આપી આવતા દેવાની માગણી કબુલ કરવા માં શું હરકત છે ? કેમકે બંને એ માગણી આપણે કબુલ ન રાખીએ તોપછી તેજ મોટે અહીના મોરા તેમજ લાડન કે ઇંડુસ્થાન ના લોકોને પ્રમાણીકપણે આપણાથી કેમ કહી શકાય કે આપણે નવા દાખલ થનાર એશીઆટીક સામે કાંઇ પણ વાંધો નથી લેતા. અને મુદતની પરમીટવાળાને તથા એશીઆટીકો જે છ બણેલાને આવવા દેવાનો હક માગે છે તે બંને સરખા છે એમ પણ કેમ કહી શકાય? વધુમાં આ બાબુ જણાવે છે કે એશીઆમાં સત્યા ગ્રહ અસહકારીજ ચાલતો આવ્યો ■ પણ આવા સત્યાગ્રહનો પ્રયોગ અન્યાયી રાજ કર્તાઓ સીવાય બીજા કોઇની સામે થયો હોય એવું કોણ બતાવી શકે એમ છે? બાબુથી બનતું કે, સત્યાગ્રહનો ખરો રંગ જ્યારે કોઇ પ્રજાને લાગે ■ ત્યારે તેને ખરી ભીડ પડે તો પછી સત્યાગ્રહનો ઉપ યોગ કરતાં તેને કોઇ અટકાવી શકે તેમ નથી. તાજાની પ્રજા તરફ આપણે ત્યાંથી હોઇએ તો તેના સત્યાગ્રહથી આપણે ડરવા ની જરૂર નથી.

ચોતરફથી ધીકકાર

ગઇ કાલે આવેલા મેલમાં વીલબરફોર્સ ના બાપાઓ મળ્યા છે તેમાં મી. ગાંધી અને બીજા સત્યાગ્રહીને જેલની કેદ માટે ટ્રાંસ વાલ સરકાર સામે જે પ્રોટેસ્ટ કરવામાં આવ્યા છે તેના લાંબા રીપોરટ મળેલા છે.

હીંદુસ્તાનના સઘળા ભાગોમાંથી પણ સખત પ્રોટેસ્ટ થએલો જોવામાં આવે છે. અને જણાય છે કે હીંદુસ્તાનમાં ટ્રાંસ વાલના મામલા ઉપરથી લોકોમાં અતિ કડવાશ તથા જુસ્સો વધેલા છે.

બારબરટનવાળી અપીલનો ચુકાદો

બારબરટનની જેલમાંના હીંદીઓની અપીલનો ચુકાદો સુપ્રીમ કોરટે હીંદીઓ ના લાભમાં આપ્યો છે. ચીફ જસ્ટીસે સરકારના ડીપોરટ કરવાના વોરન્ટ કાઢવા ના કામ ઉપર તીખા શબ્દોમાં ટીકા કરી છે અને બતાવ્યું છે કે ટ્રાંસવાલના જુના રહીશો જે થોડી મુદત હીંદુસ્થાન જઇ પોતાનાં બાયરાં છોકરાં સાથે પાછા ફરે છે તેમને પ્રોહીબીટેડ ઇમીગ્રંટસ ગણી શકાય નહિ: છતાં સરકારે તેમને પ્રોહીબી ટેડ ઇમીગ્રંટ ગણ્યા છે એ હડહડતો અન્યાય કર્યો છે.

પાંચ દિવસમાં ૨૨૭ જેલમાં

સોમવાર પછી એટલે આજ સુધી પાંચ દિવસમાં ૨૨૭ વધુ હીંદીઓ જેલમાં ગયા છે. આ સંખ્યામાં ૬૮ જોહાન્સબર્ગ, ૬૭ જરમીસ્ટન અને ૬૦ પ્રીટોરીઆ ખાતે ના છે. બધાએ ૬૦ દિવાની ના પાડી છે. જરમીસ્ટનમાં લાઇસેન્સીંગ અમલદારે લાઇસેન્સ તપાસવાનું શરૂ કર્યું ત્યારથી આજી તે એકજ જગ્યાએથી ૧૫૦ હીંદી જેલમાં ગયા છે.

ટ્રાંસવાલની લડતને લગતા જાણવા લાયક ખબરો

'એન અથવા એમ' ની સહીથી 'મરકયુરી'માં એક લખનાર જણાવે છે કે પટોરા ના કોલોનીના રાજકારીઓએ વડી સરકાર તરફ તેમની શું ફરજ છે તે બ્યાજમાં લાવી હીંદી સવાલનો તરતજ નીકાલ કરવો પટે છે. આ સવાલ જે રીતિમાં હાલ છેવટથી આ સુધરેલા જમાનાને મોટું કલંક લાગે છે અને બ્રીટીશ નીતિધરમને તથા અંગરેજ રાજ નીતિનેજ નહીં પણ આપણી આદમ જાતને માટે મોટા ભયરો છે. રવરાજ્ય ક્ષેત્ર વત કોલોનીને ઇમીગ્રેશન ઉપર અટકાયત મુકવાનો કદાચ હક હોય પણ તેથી રાહેન શાહની પ્રજાના કેળવાએલ વરગમાં આવો જુલમી અંકુશ મુકવાનો અધિકાર મળી શકતો નથી,

* * *

ક્રેડલબરગના મી. એસ. વી. પરેલની સહી થી ત્યાંના છાપામાં સરકારની એશીઆટીક તરફની રાજનીતીને સખત શબ્દોમાં વખોડી નાખનારો કાગળ બહાર પડયો છે. મી. પરેલ લખે છે કે ઉંચી કેળવણી પામેલા ને આ દેશમાં આવવા દેવાની ખરેખરી જરૂર છે તેની સામે કોઈ સબબ્ જોલોનીસ્ટ વાંધો લેવાને અસંભવીત છે. સંસારી તથા ધાર્મીક કેળવણીને લગતાં જરૂરી સાધનો વીના કોઇ પણ કોમ નભી શકેજ નહીં.

* * *

મેરીત્સબરગના 'નાતાલ ટાઇમ્સ' છાપામાં 'સ્ટરેટેજીક' કાગળ લખી જણાવ્યું હતું કે હીંદી કોમ અનાર્ય છે, કંજરા છે તથા તેમ ની ટ્રાંસવાલની વસ્તી ઝમાઝમી કરવાને ચલાવી રહ્યા છે. આ કાગળના જવાબમાં મેરીત્સબરગના મી. જે. ડબલ્યુ ગ્રેડફરેએ તેજ છાપામાં સજ્જડ કોલમના જોરદાર ઘણી સારી દલીલોવાળો રદીઓ આપ્યો છે.

* * *

'ચારલ્સ રૅટોરી'ની સહીનો લીડરમાં એક કાગળ છપાયો છે. તે જણાવે છે કે આજ કાલ સંખ્યાબંધ એશીઆટીક કેરીબાળા કાય દાનું ઉલંઘન કરી જેલ જાય છે તેથી પ્રોટયુસ ના વેપારીઓને મોટું નુકશાન થવા સંભવ છે. તેનો ઉપાય લેવા સારૂ ગોરાઓની એક કંપની ઉભી કરવાની મેં જાહેર ખબર આપી હતી. પરંતુ તેને પુરો ટેકો નહીં મળવાથી હજુ સુધી કાંઇ પગલું લઇ શકાયું નથી. હું ફરીથી અપીલ કરું છું. કે બોઅર એક પાઉંડના શેરથી બોઅર કંપની કરી ઘેર ઘેર ગોરા નોકરો મારફત ચાક પાન પહોંચાડવાની આ વ્યવસ્થાને ગોરા લોકો ઉપાડી લેશે.

* * *

બોઅસબરગમાં સત્યાગ્રહની લડત ઉઠી ડેલલાક હીંદીઓએ રજીસ્ટર ને લાઇસેન્સ લેવાનો ઇનકાર કરેલો છે, તથા તેવા લોકોને સામા પક્ષના માણસોએ મારફોડ કરેલી છે એવા ખબર બોઅર છાપાવાળાએ પ્રસિદ્ધ કરેલા. આ ખબર બનાવટી હોવાનું જણાવે છે. મી. ઇસોપજીભાઇ ઇમામસાહેબ એસોસીએશનના પ્રમુખ મી. કાછલીયાને ટેલીફોનમાં ખાત્રી કરતાં જણાવ્યું છે.

સ્વામીજીનું ભાષણ

—o—

ધર્મનું કર્તવ્ય શું?

ગુરુવાર તા. ૪ ના રોજ કોંગ્રેસ હૉલમાં ધરમ એ વિષય ઉપર વધુ વ્યાખ્યાન કરતાં તેનું કર્તવ્ય શું એ વિષે સ્વામીજીએ વિવેચન આપ્યું હતું. હૉલ મુશ્કેલ માનવ સમુદાય ૫૦૦ માણસોની હાજરી વચ્ચે બરોબર ૮ વાગે ભાષણ શરૂ કરતાં સ્વામીજીએ કહ્યું કે, ધરમ એ શબ્દ બોલવાથી ધરમ નથી બનતો. વ્યવહાર જીંદગી તો ધરમ છે. ધરમને આચરવા માંજ સુખ છે. જે કરવાથી સાંસારીક અને પારલૌકીક અભ્યુદય થાય તેનું નામ ધરમ. વશિષ્ટ મુની કહે છે કે જે કામ સ્વાર્થ વીના કરવામાં આવે છે તેનું નામ ધરમ. પૂરવ મીમાંસામાં જૈમીની ભગવાન કહે છે કે જે આચરણમાં પ્રેરણા મળે તેનું નામ ધરમ. તરસ લાગે ને મનુ સુભાવ છે એટલે પાણી પીવું પડે છે. તેમાં પ્રેરણા નથી થતી. ધરમનું આચરણ તો પ્રેરણા પામ્યાથીજ થાય છે. પરમ ઉપદેશક મનુ મહારાજે કહ્યું છે કે ધરમ ગોતવાના ચાર સ્થળ છે. શ્રુતી, સ્મૃતી, સદાચાર અને આત્મ-તુષ્ટી. શ્રુતી એટલે વેદ; વેદને જોખનારનું શીળ તે સ્મૃતી; સાધુઓનું ચરિત્ર તે સદાચાર-ભગવાં પહેરનાર સાધુ નહીં; પણ મન, વચન, કરમથી નીતીવાન તે સાધુ; અને અંતઃકરણનો અવાજ તે આત્મતુષ્ટી. ધરમ ગોતવાનું છેલ્લું સાધન જે આત્મ તુષ્ટી છે તેપર ઘણી વખત વિશ્વાસ નથી મુકી શકાતો. કેમકે સરોવરનું જળ રૂંગ રહીત હોવા છતાં પીળા ઉનાસમાં તેને ભરવાથી તે પાણી પીળું લાગે છે. તેમજ મલીન જનને અંતઃકરણનો નીરમળ અવાજ મળી શકતો નથી. માટે આત્મતુષ્ટીને શ્રુતી, સ્મૃતી અને મહાત્માઓના આચાર પર આધાર રાખવો પડે છે. એ ચાર વસ્તુ એગી થાય તેને ધરમ કહે છે. જો આમાં કયાંય સંદેહ ઉપજે તો પહેલું પ્રમાણ વેદ છે. બીજો આધાર સ્મૃતી છે. તેમાં મુખ્ય તે મનુની સ્મૃતી છે. વ્યવહાર જીંદગીમાં તે ધરમને વળગે છે. ધૃતી, ક્ષમા, દમોસ્તેયમ્ પ્રત્યાદી દશ ધરમના લક્ષણ છે.

ધૃતી એટલે ધીરજ. સંકટમાં મન ચળ્યું નહીં તે ધીરજ. વાલ્મીક રૂષી રામ ચંદ્ર માટે કહે છે કે રાજ્યાભીષેકને દિવસે જ્યારે પીતા વરદથી ૧૪ વરસના વનવાસની આજ્ઞા મળી ત્યારે જરાપણ વિશાદ વીના દુઃખી પીતાને આશ્વાસન આપતા, રાજપદ ધારણ કરવાની શીખામણ આપતી માતા તથા ભાઇને બોધ આપતાં વનમાં ચાલી નીકળ્યા તેનું નામ ધીરજ કહેવાય. આ ગુણનો દુરપયોગ થાય ત્યારે તેને ધીરજ ન કહેવાય. સત્યકરમમાં ધીરજ તેનું નામજ ધીરજ. બીજું લક્ષણ તે ક્ષમા એટલે માફ કરવું. જેનામાં તે ગુણ છે તેને મીત્રની જરૂર નથી પડતી. પોતાનું ભુંડું કરનારને ક્ષમા આપવી તેમાં જ ખરી બહાદુરી સમાયલી છે. ત્રીજું લક્ષણ દમ એટલે મનપર કાબુ રાખવો. રાગ દ્વેષ વીગેરે બીજા દુરવ્યસનોના ગુલામ થઇ માણસો પાયમાલ થઇ જાય છે. સમજે છતાં તે કુટેવને છુટી ન શકે તો તે શું કરી શકે! જે માણસે મનને જીત્યું છે તેણે દુનિયા જીતેલી છે. મનને કાબુમાં રાખવાથી જે તાકાદ મળે છે તે ખરી બહાદુરી કહેવાય છે. જે માણસ પાપી હોય છે તે પોતાના પડછાયા થી પણ ડરે છે. મનને કાબુમાં નહિ રાખનાર માણસ સાવ હીંમતહારો બની રહેછે. ચોથું લક્ષણ અસ્તેય એટલે ચોરી ન કરવી તે. કોઇનું બીજું કાંતરવું કે ઘર ફાડવું તેનું નામજ ચોરી નથી, પણ ઉંચ વ્યાજબી રીતે બીજાના માલ તથા મહેનતની મોળીકી કરવી તેનું નામ પણ ચોરી છે. અણપટતું વ્યાજ લેવું તથા વેપારમાં છેતરીને અસાધારણ નફો લેવો તેનું નામ પણ ચોરી કહેવાય. શૌચ એટલે સફાઇ તે રહેણીઆતની નીશાની છે. કપડાની, મનની અને શરીરની સફાઇ તેનું નામ તે સફાઇ છે. હાથ પગ પાણીથી સાફ થાય છે. દીલ સચાઇથી સાફ થાય છે, અને બુદ્ધિ વીદ્યાથી સાફ થાય છે. અહીં હીંદીઓ બહોળાસે વધારે મંદા રહેતા જોવામાં આવે છે. આથીજ તેમનો દરજ્જો પડી ભાંગ્યો છે. સંતોષ એટલે સંબર. જે કાંઇ ઇમાનદારીથી આપણને મળે તેથી રાજી રહેવું તેનું નામ સંતોષ. તપ એટલે મન, વચન અને કરમને કાબુમાં રાખવાનો પ્રયાસ. ઇંદ્રીય નીગ્રહ એટલે મોજ મજાના ગુલામ બની જતાં અટકવું તે. તમારા ભાઇઓ જેલમાં, ઇસ્પીતાલમાં કે પ્લેગમાં પાયમાલ થાય અને તમે મજા કરો તે ઇંદ્રીયનીગ્રહ નહિ. સરાબ તથા બીજા દુર વ્યસનોના કુબંદમાં ફીડા થઇ બદબદે તેનું નામ ઇંદ્રીયનીગ્રહ નથી. ધી એટલે અકલ. કપટ વીનાની અકલ વધારવી તે પણ ધરમના સાધનમાંનું એક છે. વીદ્યા એટલે તાલીમ પ્રકાશ વીના આદમી ખુદાને પીછાની શકતો નથી. વીદ્યા વીનાનો માણસ પશુ છે—પ્રાણીનું વડપણ વીદ્યાથીજ હતું. સત્ય એટલે જે સાંભળ્યું હોય તથા જેનું સમજ્યા હોઇએ તેનું એવું વરતન કરવું કે તેની બીજાને છાપ પડે. પોતાના મનનો ભાવ બીજા માપર બીજી છાપ પાડે છે તે જુદું. જે ચીજ જે પ્રમાણે દેખાયછે તેજ પ્રમાણે તેનો પ્રગટ કરીને સત્ય. બોટાઇથી માણસ કદાચ ધારી જાય છે, પણ તે તે બોટાને સાચાના રૂપમાં બતાવે છે ત્યારેજ તે હારી શકે છે. એટલે તે રથળે જય તો સત્યતાનોજ થયો. અક્રોધ એટલે ક્રોધ ન કરવો. ક્રોધ તો જુઠા આદમીને વધારે આવે છે. જ્યાં જુઠા પડીએ ત્યાં લડવાનું મન થાય છે. માટે ક્રોધને તજી રાખવો એ દશમું ધરમનું લક્ષણ છે.

ઉપર પ્રમાણેના બધા નીયમોનું જે માણસ પાલન કરે છે તેનામાં ધરમ દાખલ થયો એવું માની શકાય.

પરચુરણ ખબરો

કોલોનીઅલ કોનફરન્સ તા. ૫ ગુરવાર થી બેઠા સમયને માટે ઉઠી ગયું છે. તે ફરીને તા. ૨૩ ના રોજ કેપટાઉન ખાતે મળશે.

મી. ગ્રેબીઅલ બારીસ્ટર અને તેના અસીલ ઉપર એક બનાવટી બીલ તયાર કરવાનો આરોપ જે કેસ ચાલ્યો હતો તેમાં મી. ગ્રેબીઅલનો ત્રણ પાઉંડનો દંડ થયો હતો. તેની અપીલ ચાલતાં જરૂરીસ બોંમટે નીચલી કોરટનો ચુકાદો કાયમ રાખ્યો છે.

ટીનુજુલી તથા કાપીન્ટનના વીગેરે નેટી વે.ની બાસ કોરટ મારફત ગ્રેટાઉનમાં જે તપાસ ચાલે છે તેમાં કાપ્રીન્ટનને ૭ વરસ ની સખત મજુરીની જેલની સજા મળી છે.

ટ્રાંસવાલ પારલામેંટની ત્રીજી વખતની બેઠક તા. ૧૬ નવેંબર (સોમવાર)થી શરૂ થશે.

રૂટર કેપટાઉનથી જણાવે છે કે લાંની અંજુમને ખલ્લામ તરફથી ઠરાવ કરવામાં આવ્યો છે કે મહારાજ મળનારી ૪ડીઅન નેશનલ કોંગ્રેસમાં કેપ તરફના પ્રતીનીધી મોકલવાની જરૂર નથી.

જોહાન્સબરગના જી. નારાણ સામી હાલ રહીશ કરબનની નાદાર મીલકતની વહેંચણીના છેવટના આંકડા સુપ્રીમ કોરટના મારતરની કોરટમાં રજુ કરવામાં આવ્યા છે જ્યાં આગળ તે તા. ૨૫ સુધી તપાસ ને માટે રાખવામાં આવશે.

જોહાન્સબર્ગની ગંજાવર મીટીંગ

જાણવાલાયક ભાષણોનો વિગતવાર હેવાલ

ગોરાઓની દિલસોજી

ગઇ ૪થી તારીખે જોહાન્સબર્ગમાં જે ગંજાવર મીટીંગ મળી હતી તેનો ટુંક હેવાલ ગયે અઠવાડીએ અમે આપી ગયા છીએ. તેમાં થએલાં ભાષણોની વીગત નીચે મુજબ છેઃ

પ્રમુખનું ભાષણ

આ પાક મસ્જીદના મકાનમાં મેં છેલ્લું ભાષણ આપ્યું હતું ત્યાર પછીની સ્થિતી વધારે મુશ્કેલી ભરેલી થઇ પડી છે. આ ખુની કાયદો અમલ કરવાને ટ્રાંસવાલની સરકારે આપણા ઉપર જે જે જુલમ કરવાનું ધાર્યું તે આપણે કબુલ રાખવો પડયો છે. આ કાયદા પિછે સરકારનો મુળ ઉંડો ઇરાદો શું છે તેની આપણને હવે કાંઇક કાયદા ઘડનારાઓને મોંદેથી ખબર પડી છે. એને કે જાહેરાતમાં તો આપણને એમ કહેવામાં આવ્યું છે કે કાયદેસર વસેલા હીંદીઓના હકનું રક્ષણ કરવાને આ કાયદો ઘડવામાં આવ્યો છે. આ બે વરસની ચાલુ લડતથી અને આપણા ઉપર પડતા જુલમથી આપણે જોઇ શકીએ છીએ કે સરકાર લાંબા વખત થયાં વતની ગણાતાં હીંદીઓ ઉપર સખ્તાઇ વાપરવી બસેડવા ઇરાદો રાખે છે. કારણ કે આપણે થોડાજ સમય ઉપર એક મોભાદાર આદમીને મુખેથી સાંભળ્યું છે કે "તેઓને આ દેશમાંથી હડસેલીને તો કાઢી શકાય તેમ નથી કેમકે તેઓ બ્રીટીશ રાહેનશાહની રૅયત છે." આપણે અગેજી વાયટા નીચે છીએ તે વાયટા નીચેના બીજા ભાગમાંથી આપણને હડસેલો મારી કાઢી શકાય એવો ભય રાખવો પડે એ અફસોસની વાત છે. કેટલાક વરસો થયા આપણે આ દેશમાં ઘર કરી બેઠા છીએ, અને આપણને તક આપવામાં આવી હતે તો તેથી પણ વધારે કરવાને સજ્જ હતા. પરંતુ આપણી ઉપર દિવસે દિવસે વધારે સખ્તાઇ ગુજરતી આવી છે. અને આ કાયદાના જન્મ પછી તો આપણી ઉપરની સખ્તાઇનો આંકડો અંક વધ્યો છે.

હીંદી કોમ ગેરકાયદેસર આ કોલોનીમાં દાખલ થાય છે એવું આપણા ઉપર તહોમત મુકી આ કાયદો ઘડવામાં આવ્યો છે. આ તહોમત આપણે જાહેરરીતે અનેક વખત ના કબુલ કરેલ છે. અને તેવું તહોમત જુઠું છે એ આપણે દરેક વિચારવંત માણસો જે ૪રપાની નજરથી નથી જોતા તેઓના મનમાં જરાવર ઠસાવી શકયા છીએ. ખરી રીતે તો આપણા ઉપરનું આવું તહોમત આપણે આવી માન તથા આબરૂ ભરેલી રીતે, સુલેહથી અને જાતી જોમ આપી દૂર કરી શકયા છીએ, તેનેજ લક્ષને આજે આટલા બધા ગોરા મિત્રો આપણી વાજબી માગણીને ટેકો આપવા તથા આપણા ઉપર જે અન્યાય ગુજરે છે તે તરફ પુરી દીલસોજી બતાવવાને ભેગા મળેલા છે.

આપણી માગણી શું છે તે હવે બધા સારી રીતે જાણતા હશે એટલે મારે તે ફરીથી કહેવાની જરૂર વખતે ન જણાય. છતાં, બાહોશ મરહુમ રાજદૂરી સેસીલ રોડસ કહી ગએલ છે કે "જો તમારે પબ્લીકને કાંઇ કહેવું હોય તો ફરી, ફરી અને ફરીથી કહેતા રહો." તે શબ્દો મુજબ મારે આપણી માગણી ફરીથી જણાવવી એ જરૂરનું ધારું છું. આપણી આ સત્યાગ્રહની લડત બે વરસને માટેજ ચાલી રહી છે. તે સીવાયની સઘળી વાતો તેના પેટાની છે. પહેલી બાબત તે ખુની કાયદો રદ કરવાની છે. કેટલાક, જો કે તેઓ બીનમાહીતગાર અને બીન અનુભવી છે છતાં, તેવા કેટલાક ગોરા તરફથી કહેવામાં આવ્યું છે કે જો કાયદો રદ કરવામાં આવે તો કોલોની માં ગેરકાયદેસર આવતા હીંદીઓને અટકા વવાની કોઇ પણ જાતની સત્તા રહેશે નહીં. આવી માન્યતા બહુ ભુલ ભરેલી છે. કારણ કે ગોરી પ્રજાના લાભ ખાતર ગ્રેરાન અને નવા એશીઆટીક કાયદાથી પુરેપુરા સાચવી શકાય છે, અને તે વાત સરકારે પણ કબુલ રાખેલી છે. અને તે કાયદો માત્ર બોખારૂપ-નામનોજ-છે એવું આપણને જાહેર કરેલ છે. આપણે પોતે સરકારને સુચના કરી હતી કે ગેર કાયદેસર આવતા હીંદીઓ ઉપર વાજબી અટકાયત મુકવાને જરૂરી જણાય તેવી બધી કલમો જુના કાયદામાંથી કાઢીને નવા કાયદામાં દાખલ કરવી. આવી સુચના આપણે સમજીને આપેલી છે. આપણા ગોરા ભાઇઓના હીતનું રક્ષણ કરવાના હેતુથી તથા આપણા ઉપર જે બોટું આળ છે કે હીંદી કોમ મોટી સંખ્યામાં ગેરકાયદેસર કોલોનીમાં દાખલ થાય છે તે સાબ દુર કરવાના હેતુથી આપણે આ સુચના કરી છે. છતાં, આ સોલની વાત છે કે, આવી સાચી નેમને મરકરીરૂપે ગણી કાઢવામાં આવી હતી કે હીંદી કોમ તો ચરતો ઢીકેટ કરવાને માગે છે. વળી જુનો-ખુની-કાયદો કાયમ રાખવાથી ગોરાના લાભ કોઇ પણ રીતે જળવી શકાય છે એવું તો કાંઇ રહેતું નથી. અને એટલેથી બસ નથી. આ ખુની કાયદો કાયમ રહેવાથી આપણી કોમને જે હેરાનગતી તથા અન્યાય મળે છે તેનું વરણન કરવું મુશ્કેલ છે. આ ઝેરી કાયદો કાયદાના પુસ્તકોમાંથી જુસી નાખવામાં આવશે એમ આપણે માગ્યું હતું. આપણે હજુ પણ તેજ માગીએ છીએ. અને તે માગણી સ્વીકારાયા પહેલાં આપણે લડત ઉઠી દઇએ તો આપણે નામરદ ગણાઇએ.

બીજી બાબત ઉંચી કેળવણી પામેલા હીંદીને આવવા દેવા બાબતની છે. આટલું આપણે હક પુરવક માગી શકીએ છીએ. આ કાંઇ આપણે આજે નવું માગવા નથી બેઠા. આટલો હક તો આપણને હાલના કાયદાથી મળેલો છે. કાયદાનો અરથ કરવાનું કામ સુપરીમ કોરટના હાથે ચલે થાય એમ આપણે માગેલું છે. પણ આપણી આ વાજબી માગણી માન્ય રાખવાનું સરકારે યોગ્ય ધારયું નથી. અને તે માગણી માન્ય રાખવાની ના પાડી છે, છતાં, આપણે વાંધો ભરો છે એમ ખરખીત રીતે કબુલ રાખ્યું છે. અને તેથી કોલોનમાં, અહીં તથા ઇંગ્લાંડ માં, એવી અસર થઇ છે કે આપણે નવી માગણીઓ કરીએ છીએ. ખરી રીતે આપણે એમ માગીએ છીએ કે આજે જે હક અમે ભોગવીએ છીએ તેમાં કાંઇ વીઘ્ન નાખવું નહીં. વળી, વખતે કદાંચ એવી માન્યતા હોય કે આપણે આખું ટ્રાંસવાલ હીંદુસ્થાનના તમોમા માણસોથી ભરી દેવા માગીએ છીએ;

તો તે માન્યતા દૂર કરવાને ખાતર આપણે જાહેર રીતે કબુલ રાખ્યું છે કે કાયદાનો અમલ કરવામાં બહુ ઘણી સખ્તાઇ વાપરવામાં આવે. અને તેમાં પણ આપણે હદ બાંધીએ છીએ કે છ થી વધારે બહુરેલા કોઇ એક વરસામાં નહીં આવે. ઉંચી કેળવણી પામેલા જેવાકે ડાક્ટર, પ્લીડર, શીક્ષક કે ધર્મગુરુની આપણે ધરમ, નીતી અને તેવા બીજા કારણોને સારૂ ખાસ જરૂર છે. ભવીષ્ય માં કોઇ પણ નવા એશીઆટીક ન આવી શકે એવું જ્યારે આપણે કબુલ કરીએ છીએ તેવી સ્થીતીમાં ધરમ વીગેરેનું ઉંચું શીક્ષણ મેળવવાને જો કાંઇ સાધન ન રહે તો ટુંક સમયમાં આપણે આ દેશમાંથી નાબુદ થઇ જઇએ. આ સવાલના જવાબમાં કેટલાકે જાહેર કરયું છે કે તેવા લોકોને અરજી કરવાથી ગવરનર-જનરલ-ઇન-કાઉન્સીલ તરફની મુદતની પરમીટ કદી આપવામાં આવશે. પરંતુ આ કલમ, જે આપણે સહુ સમજીએ છીએ, તે કાંઇ નવી નથી. મુદતની પરમીટ મહેરબાનીની રાહે કદી આપવા માં આવે છે. તેથી કોઇ જાતનો હક નથી મળતો. તેથી કોઇ જાતની સ્વતંત્રતા નથી રહેતી. અને તેથી અમલદારની મરજીમાં આવે ત્યારે મુદતની પરમીટ પાછી ખેંચી તેવી પરમીટ ધરાવનારને કોલોની બહાર કાઢી શકાય છે. મુદતની પરમીટથી પાદશાહની કેળવણી પામેલા વીદ્વાન હીંદીઓ રજા-ચીઠ્ઠી ધરાવનારની પંક્તીએ મુકાઇ જાય છે, અને તેઓને જ્યારે જ્યારે પરમીટની મુદત બહાર થાય ત્યારે ફરીને સરકારની રજા મેળવવા ને અરજી કરવાનું રહે છે. અને તેઓને જુલમી અમલદારો, જે પોતાની મરજી પડે તે ઘડીએ પરમીટ રદ કરી કાઢી શકે છે. તેમાં સરકારની મહેરબાની માત્રજ્ઞાપણું રહે છે. આપણા કેળવાએલા વીદ્વાનો સરકારની રહેમદીલી ઉપર પાછળને દરવાજેથી દાખલ થાય એ આપણે માગતા નથી. તેઓ તો ખરા હકથી આગલે દરવાજેથી દાખલ થઇ શકે છે. આવો હક આપણે હાલ પણ ભોગવીએ છીએ, પરંતુ સરકાર તેમાં આડે આવવા માગે છે અને એક નવો પેંતરો કાઢી તે હક તજી દેવાની આપણને ફરજ પાડવાનો પ્રયત્ન કરે છે. આ કદી બની શકશે નહીં. આપણે જો આ કબુલ કરીએ તો તો આપણી કોમને આપણે હાથે કરીને હબસા જેવું થ.ય. આવો આત્મઘાત કરવામાં સમજુ ગોરા કોલોનીસ્ટ ભાઇ ઓ કદી સમતી નહીં આપશે એવી આપણને ખાત્રી છે.

આથી વીશેષ ખુલાસો કરવાની અહીં જરૂર રહેતી હોય એમ મને નથી લાગતું. હવે હું ટ્રાંસવાલમાં હમીદીઆ ફરજીઆદીક સોસાયટીના મંત્રીવતા પ્રમુખ ધમમ અબદુલ કાદર બાવાઝીરના જેલ જવા સંબંધી થોડી હકીકત કહીશ. આ બહા દુર નરે બીજી વખત જેલ ભોગવી લીધી છે. 'ભોગવી લીધી છે' એટલા માટે કે તે પોતે જેલને શોધતા ગયા છે. જ્યારે તેમના ભાઇઓ સજ્જન ભોગવે ત્યે વખતે પોતાને જેલ બહાર રહેવું એ ગેરવાજબી લાગ્યું છે. તેમણે મરજીઆત રજીસ્ટર લીધેલું અને તે નવા કાયદા મુજબ કાયદેસર ગણવામાં આવ્યું છે. છતાં, પ્રેસીડેન્ટીયલ ધમીગ્રંટ તરીકે તેને જે સજા કરવામાં આવી તે કબુલ રાખી છે. જેલની સ્થીતીમાં છુટા રહેવા કરતાં જેલમાં રહેવાનું તેણે વધારે પસંદ કરયું છે. આપણે જોયું છે કે નાતાલની સરકારે પણ ટ્રાંસવાલ સરકારના દુષ્કૃત્યને તાબે થઇ હીંદુસ્થાનથી ડરબન રસ્તે આવતા ટ્રાંસવાલના ઉતરૂઓને સ્ટીમરમાંજ ગેરકાયદેસર રોકયા હતા. તેઓએ નાતાલના કોઇ કાયદાનો ભંગ નહીં કરયો હતો. તેઓ ટ્રાંસવાલ સરકારના અન્યાય ભરેલા કાયદા સામે સત્યાગ્રહની લડતમાં સામેલ થશે એવી તેમના ઉપર શંકા હોવાથી આવું ગેરકાયદેસર પગલું ભરવામાં આવ્યું હતું. પણ ત્યાંની સુપરીમ કોર્ટે આવા અન્યાય સામે વાજબી દાદ આપવામાં પછાત નથી રહી. વળી આપ ણે જોયું છે કે નાના બાળકોને કેદ કરવા માં આવે છે તથા તેમને હદપાર કરવામાં આવે છે. તેઓ બહાદુરીથી ફરીથી દાખલ થાય છે એટલે તેમને ફરીને કેદમાં મોકલ વામાં આવે છે. આ બાળકો આપણા કરતાં વધારે માનને લાયક છે. તેઓ ઉમદા અને નમુનેદાર દાખલો બેસાડે છે. હું જોઇને ખુશી થયો છું કે, ને કે આપણા કોઇ આગેવાનોએ કેટલીક વખતે અફસોસ કરવા લાયક અને તદન બીન જરૂરી નબળાઇ બતાવી હશે, તોપણ, આપણા બીજા તમામ ભાઇઓએ મજબુતાઇથી અને મક્કમપણે લડત ચાલુ રાખી છે. તેઓ ધારેલી મુરાદ પાર પાડવાને દિવસે દિવસે વધારે દ્રઢ થતા ગયા છે. આ બીજી વખતની લડત ચાલુ થયા પછી આજસુધીમાં આશરે ૯૦૦ હીંદીઓ જેલમાં જઇ આવ્યા છે. કેટલાક તો ફરી ફરીને જેલમાં ગયા છે. હીંદી કોમનું જોર કેટલું છે તે જોવાને આટલી હકીકત પુરતી છે. જ્યાં સઘળા લોકો આગેવાન છે ત્યાં આગેવાની કરવી એ સહેલી વાત છે, અને જીત એ ચોકસ છે.

હવે છેવટમાં હું એક હકીકત જણા વવા માગું છું તે એ છે કે નામદાર શાહે નશાહે હીંદુસ્થાનમાં આંગ્રેજી રાજ્યને ૫૦ વરસ થયા તેની ખુશાલીમાં દરબાર ભરી જાહેર કરયું છે કે હીંદુસ્થાનમાં રેપ્રેસેન્ટે ટીવ (રાજ્યના કારોબાર કરવામાં પ્રજાની મદદ લઇ શકાય તેવું) રાજ્ય બંધારણ થોડા સમયમાં દાખલ કરવામાં આવશે. આ ખબરથી સહેનશાહની વફાદાર રૈયત તરીકે હીંદી પ્રજા ખુશી થઇ છે. પરંતુ મરહુમ મહારાણીએ જે દરજ્જો બહાર પાડયો હતો તેમાં જેના ઉપર આંગ્રેજી રાજ્યનો મુખ્ય પાયો છે તે વચનો બુઝી જઇ ટ્રાંસવાલ ના હીંદીઓ તરફ જે વરતણુંક ચલાવવા માં આવે છે તેથી આંગ્રેજી રાજ્યના બધી હેતુઓ તરફ હીંદી શંકાની નજરથી જુએ છે. આ કોલોનીમાં વસતા બ્રિટીશ હીંદીઓ હાલની હીંદુસ્થાનની જબુશ્રીથી ફરજરૂપે ઉજવે છે. તેઓ સ્વરાજ્યનો જે ખરો અરથ થઇ શકે તે મેળવી રહ્યા છે. ખુદાની મહેરબાનીથી તેઓ આજે આટલે સુધી નાતીગોત્ર આપવાને સમરથ થઇ શકયા છે, અને જીવનનો ખરો અરથ પુરો સમજવાને શક્તિવાન થવા લાગ્યા છે. તે અરથ તે એ છે કે આદમી જાત પોતા ઉપર કેવી રીતે કાબુ રાખી શકે છે તે શીખવું જોઇએ, તેણે બીજા કોઇને ગેરવાજબી દુઃખ આપવાની ના પડવી જોઇએ, તેણે માન ભોગવવા ખાતર બધું જાતું કરવું જોઇએ અને તેણે પોતાની જાતને પુરી રીતે બીજાથી જોઇએ. આપણો સ્વરાજ્યનો ખરો અરથ આજ છે. આ બધા ઉમદા ગુણો જો કે આપણે મેળવી નથી લીધા. પરંતુ સત્યાગ્રહની લડત આપણને તે રસ્તે લઇ જશે. સત્યનું આગ્રહ પુરવક પાલન કરવું એ હીંદુસ્થાનની પ્રજાના ધરમનો મુખ્ય સીદ્ધાંત છે.

છેવટમાં હું તમારો તથા જે ગોરા મિત્રો અત્રે આવ્યા છે તેમનો તમારી વતી આભાર માનું છું, અને જે ઠરાવો રજુ કરવામાં આવે તે ઉપર વીચાર કરી તેને તમારો ટેકો આપવા ભલામણ કરું છું.

રેવરંડ જોન હરબરડ

રેવરંડ જોન હરબરડે જણાવ્યું આપણે જાણ્યું કે આ મહાન મેળાવડામાં મને

આજે બોલવાની તથા આ જગતના સવાલને માટે તમે જે પગલાં ભરો છો તેમાં મારો ટેકો આપવાની મને તક મળી તે માટે હું પોતાને નશીબદાર સમજું છું. કોઇ તરફથી પુછવામાં આવે કે અમારા તરફથી આજ સુધી કેમ કાંઇ પગલું ભરવામાં આવ્યું ન હતું. પરંતુ તેના બ્યાજબી કારણો છે એમ હું માનું છું. આપણે બ્રીટીશ રાજ્યની પ્રજા છીએ, અને બ્રીટીશ રાજના ન્યાય ઉપર આપણને પુરો વિશ્વાસ છે, અને આપણને ખાત્રી છે કે વહેલા મોડે, સરકાર સમજશે, લોકો સમજશે અને તમારી માગણીઓ, બ્યાજબી માગણીઓ, ન્યાયની રીતે તમને મળવી જોઇએ એમ કબુલ કરશે. બીજા વખત ઉપર આ એજીટેશન ચાલુ કરવામાં આવ્યું સારે અમને માલુમ પડ્યું કે સરકાર તથા આ દેશના લોકો દ્રઢતાથી જાહેર કરી રહ્યા હતા.—અને આજે પણ જાહેર કરે છે-કે હીંદુસ્તાનથી આ દેશમાં વધુ હીંદીઓ આવી શકે નહીં. પણ અમે જ્યારે જોયું કે તમે આ હકીકત કબુલ રાખો છો ત્યારે અમને લાગ્યું કે સરકારે હવે આ વિષય પુરો કરવો ઘટે છે. જ્યારે હીંદી કોમ સાથે, ખાસ કરીને તે બહાદુર વીર અને દેશ અભિમાની-હું સાધુ કહું તોપણ ચાલે-ગાંધીના કાર્યથી સલાહ થઇ ત્યારે હીંદી કોમે તો જે તે માન્યું હોય પણ આપણામાંના ઘણા ગોરાઓ તો એમજ સમજ્યા હતા કે તમે (હીંદી કોમ) જે મરજીઆત રજીસ્ટર થાઓ તો સરકારે કાયદો રદ કરવાનું વચન આપ્યું છે, તમે મરજીઆત રજીસ્ટર થઇ ચુકયા છો, પરંતુ સરકારે કાયદો રદ કરવો નથી. (શરમના પોકાર). અને તેથી અમે માનીએ છીએ કે સહેનશાહને, આખી દુનીઆની બ્રીટીશ પ્રજાને અને આ દેશમાં જેઓ ન્યાય તથા સત્યને ચહાનારા છે તેમને વચન મુજબ આ કાયદો રદ કરાવવા માટેની અપીલ કરવાનું તમે વાજબી પગલું ભરો છો. સરકારે પોતે કબુલ કરયું છે કે તે કાયદો અમલમાં નહીં લાવી શકાય તેવો છે. તે રદ કરાવવાની તમે માગણી કરો છો, જે કાયદો ઘડવામાં તમારો કોઇ જાતનો અવાજ નથી અને જે કાયદો તમારા તરફથી મજબુત વિરોધ છતાં પાસ કરવામાં આવ્યો હતો તે રદ કરવાની તમે માગણી કરો છો. અને બીજું તમને નીતિ, કેળવણી અને ધરમ વિગેરે બાબતનું શિક્ષણ આપી શકે તેવા જ વિદ્વાન માણસોને તમે આવવા દેવાની આગ્રહપુર્વક કોમ તો તે હવે હીંદી સવાલ નથી રહ્યો, આ બ્રીટીશ સવાલ છે; આ ક્રીશ્ચીઅન સવાલ છે; આ સવાલ એવો છે કે અમે તે મનુષ્ય, જે અદમ જાત તરફ, બને કે તે ગમે તે રંગ નો હોય છતાં માનની નજરે જોઇએ છે, તે આવી માગણી માટે તેમના તરફ દીલ સોજ થયા વિના રહેશે નહિ. આપણે જે માણસોને બહાર રાખવામાં જે વધી દર રાખવામાં આવે છે તે તે માણસોને બહાર રાખવાનો પ્રયત્ન નથી, પરંતુ કેળવણી બહાર રાખવાનો પ્રયત્ન છે, કે સુધારો બહાર રાખવાનો પ્રયત્ન છે. અને તે નીતિ બળની તમારી કોમની બીલવણી માટે જરૂર છે એટલુજ નહીં, પણ તમારી કોમ સાથે જે પ્રજા સબંધમાં આવે છે તેની બીલવણી માટે પણ જરૂર છે. હું કહું છું તથા મારીથી માનું છું કે કોઇપણ સરકાર આવી મધ્યમસર માગણીઓ કબુલ કરવામાં હમેશને માટે વિરુદ્ધ મત દરશાવી શકે એમ નથી. ગોરાઓ જે તમારી સાથે રહેવાના છીએ તેમના લાભને સારૂ પણ આટલું તો જરૂરનું છે કે તમને જીવનના ઉત્તમ રસ્તે દોરે તેવાઓને આ દેશમાં આવવાની પરવાનગી મળવી જોઇએ. અને આટલાજ કારણથી ઘણા હીં સાથે તમારી સાથે હોવો રહી હું તમને આગ્રહ પુરવક જણાવું છું કે તમને જે અન્યાય કરવામાં આવે છે તેની સામે બહાદુરીથી તમારી લડત ચાલુ રાખજો. તમે જે બહાદુરીથી ખાતિ-બોઅ આપેલો છે તથા મહાન અને ઉમદા રીતે તમે જે લડત ચલાવી તમારી કોમ તથા તમારી ભવિષ્યની પ્રજાના લાભ માટે સત્ય અને ન્યાય મેળવવાનો પ્રયાસ કરેલો છે તે હું તેમજ આખો કોલોનીઓથી બીજા ગોરાઓ પીછાની શકયા છીએ અને હું આશા રાખું છું કે તમારી દુઃખ સમય માં કુનેહ થશે અને તમે જે આ બે સારી માગણીઓ સરકાર પાસે કરેલી છે તે કબુલ રાખવામાં આવશે.

ઓ. હોલ્સ્ટીન

લેજીસ્લેટીવ એસેંબલીના મેમ્બર મી. હોલ્સ્ટને પહેલા ઠરાવના ટેકામાં નીચે મુજબ ભાષણ આપ્યું હતું: આજે અત્યાર ના જે મહાન મેળાવડામાં તમે મેળા થયા છો તેને માટે હું તમને મુબારકબાદી આપું છું. તમે આટલી મોટી સંખ્યા માં આટલા દુઃખ સમયની નોટીસથી મળી શકયા છો એ બીના ઘણુંજ વખાણવા લાયક ગણાય. પણ તેથી વધારે વખાણ ને પાત્ર તો એ છે કે સરકારની સામે તમે જે હકમાં ચળવળી રહ્યા છો તેમાં આટલી બધી મજબુતી અને એકસંપ બતાવી શકયા છો. તમારા તરફ મારી પુરી લાગણી છે. તમારા ઉપર જે દુઃખ પડી રહ્યું છે તેને માટે મને કટલું દરદ થાય છે તથા તે દુઃખનો અંત કયારે આવશે તે જોવાને હું કેટલી બધી આતુરતાથી રાહ જોઇ રહ્યો છું એ તમને હું પુરે પુરો સમજાવી શકતો નથી. હું આશા રાખું છું કે હીંદી કોમ તરફ માનની નજરે જોવામાં આવશે, કેમકે તે માન ને લાયક છે. હવે, હું જે ઠરાવને ટેકો આપવાને ઉભો થયો છું તેને આપણામાંના દરેક જણ મળતા આવે એવો છે. આ ઠરાવમાં સહેનશાહે હીંદી પ્રજા ઉપર હીંદુસ્તાનમાં જે સંદેશો મોકલ્યો છે તેની તરફ ધ્યાન ખેંચવામાં આવ્યું છે. આ ઠરાવના પહેલા ભાગમાં હીંદુસ્થાન જે બ્રીટીશ રાજ્યના હસ્તક આવ્યા પછી દરેક રીતે આગળ વધેલું છે, તથા સહેનશાહત તરફ વફાદારી બતાવી છે તેની પીછાનમાં હીંદી તેમજ ગોરી પ્રજાના સહેનશાહે તેની તરફ દીલ સોજી, આશા અને દીલાસાજનક જોયો સંદેશો મોકલ્યો છે તેની તરફ ધ્યાન ખેંચવામાં આવ્યું છે. અને તે ઠરાવના બીજા ભાગમાં જે હકીકત છે તેને હું દરેક રીતે મળતો છું. આ હકીકત તે એ છે કે જે દિવસે સહેનશાહ તરફથી આવો સંદેશો હીંદુસ્થાનની ૩૦ કરોડ પ્રજાને મોકલવામાં આવ્યો છે તે વખતે તે સહેનશાહતના બીજા ભાગ-ટ્રાંસવાલ-માં બ્રીટીશ કારોબારને કલંકીત કરે તેવી રીતથી હીંદી પ્રજા ઉપર તેમની ચામડીના રંગને વાંકે હાડમારી ગુજારવામાં આવે છે. આને માટે મને બહુ ઉંડુ દરદ થાય છે. આવા અપમાનકારક કાયદાના અમલની સામે સંપુરણ રીતે વાંધો લેવાનો મેં વખતો વખતો પ્રયત્ન કર્યો છે. વળી હું ખુલ્લા દીલથી કહું છું કે તમારી સત્યાગ્રહની લડતવાજબી છે એટલું જ નહીં, પરંતુ તેને હોતેજન આપવા લાયક છે, અને તેમાં તમે અંત સુધી મક્કમ રહેશો તો તમને કુનેહ મળશે એમાં જરાએ શક નથી. માટે હું તમને બલ મણ કરું છું કે તમે આવીજ ખંતથી તમારી લડત ચાલુ રાખજો, અને તમને જે રીતે મદદ થઇ શકે તેમ કરવાને હું જનતે તયાર રહીશ. ૧૮૯૯માં આફ્રિકા માં લડાઇ ચાલી તે પહેલાં લાંબા વખત સુધી હું જનતે ગોવર સરકારના કેબીનમાં હીંદીઓની સ્થિતિ સુધારવાને જહુ મથન કરી રહ્યો હતો. મેં ડીરેક્ટીઓ

અંગ્રેજ રેસીડેંટને વખતો વખત અપીલ કરી હતી, પેં અહીંની સરકારને તેમજ અંગ્રેજ અમલના મુખ્ય પ્રતિનીધીને જણાવ્યું હતું કે ટ્રાંસવાલમાં હીંદીઓને તજી દઇ શકાશે નહીં. આ કારણથી, હું. હવે વેં, મુગો રહું તો હું મારી ફરજ બજાવવામાં પછાત પડયો ગણાઉં. આવે સમયે જ્યારે રાજ્યસત્તા બદલાઇ છે, અને જે રાજ્યસત્તા લોકોના હાથમાં રાખી તેનો અમલ કરવામાં આવે છે, તેવા સ્થિતિમાં લોકોને દરેક રીતે સારી પદ્ધતીએ મુકવાને આપણે બંધાયેલ છીએ. અને તેટલાજ માટે મારા આગળનાં કાર્ય વિચારીને તેને અનુસરીને આજે હું અંગ્રેજ સરકારની હીંદી રૈયતને મદદ કરવાને તથા તેમના તરફ જે ગેરવરતણુંક ચલાવવામાં આવે છે તેની સામે પ્રોટેસ્ટ કરવાને બહાર પડયો છું. તમે જે માગણી કરી છે તે વાજબી અને મધ્યમસર છે. તમારી કોમને ઉચું શિક્ષણ આપવાને એક વરસે ૭ જેટલી સંખ્યામાં ઉંચી રેજણી પામેલા હીંદીઓ આવે એટલીજ તમારી માગણી છે એવું જ્યારે જણાય છે, ત્યારે મારે ઓફીસ કબુલ કરવું જોઇએ કે તે માગણી ઘણી મધ્યમસર હોઇ સ્વીકારવા લાયક છે. ઇમીગ્રેશન ઉપર કોઇપણ જાતની અટકાયત ન હોય એવું દાક્ષણ આ દેશના રાજદ્વારી મામલામાં બનવું એ અશક્ય છે એમ તમે સારી રીતે સમજી શકો છો, અને હું પણ માનું છું કે તે વાત બરોબર છે. પણ દરેક દેશમાં, દરેક સુધરેલા દેશમાં, જેઓને એક વખત વતની થવાની રજા આપવામાં આવી છે તે બધાને રહીશ તરીકે પુરા માન્ય કરવામાં આવ્યા છે. અને તેને શહેરી ગણવામાં આવ્યા છે. તમે જુના રહીશ છો, તમે આ દેશમાં સ્થાયી થઇ રહ્યા છો, સુલેહ સંપથી ચાલનારા શહેરી છો, અને તેથી કરી તમારા હક સંપુર્ણ પ્રકારે સાબીત થઇ શકે છે. અને તેટલે દરજ્જે ત્યાંસુધી તમારી માગણી રહેશે ત્યાંસુધી હું તમારી પડખે ઉભો રહીશ. હું તેથી પણ વીશેષ કહેવા માગું છું કે આવા વીદ્વાન જ હીંદીઓ હકપુરવક, અને ખાસ મહેરબાનીથી નહિ, દેશમાં આવી શકે તો તેથી આપણી સર્વાનની પ્રજાને લાભ છે. તે રીતે જોતાં પણ દરેક વીચારશીલ પુરૂષ તમારી આ માગણીને ટેકો આપવા બદાર પડશે એમ હું આશા રાખું છું.

વિલીંગ્ડન સર્કલવાલા તરફથી કમલુદ્દીન એક માન હીંદીએ વાંચવામાં આવ્યો છે. અને દૌંદુરથાનમાં અંગ્રેજ રાજાને ૫૦ વરસ પુરા થયા તેની ખુશાલીમાં હમણાજ ઉત્સવ પાળવામાં આવ્યો છે. કેમકે આ વરસો દરમ્યાન દૌંદુરથાનમાં નોંધવા લાયક સુધારા થયા છે, ન્યાય અને છુટ મળ્યાં છે, સુલેહ શાંતી પથરાઇ છે અને હીંદી પ્રજને સારી પાયરીએ મુકવામાં આવેલ છે. આવા મહાન બનાવ પછી તરતજ આજે હીંદી પ્રજા ઉપરથી અપમાન તથા અવગણના કરનારા કાયદા નાબુદ કરવાની માગણી કરવાને આપણે મળ્યા છીએ તે માટે આજનો દિવસ હું ઘણો શુભ ગણું છું. તમારી જલદીથી કુતેહ થાએ એમ હું ઇચ્છું છું. તમે આજસુધી જે હિંમત તથા ધીરજ બતાવી રહ્યા છો તે કાયમ રહે, અને છેવટમાં ફરીનેહુ આશા રાખું છું જે તમારી માગણી ઓ વાજબી છે તેથી તમને જલદીથી કુતેહ મળે.

શ્રી કારસ્ટરાઇટ

લડતનું 'નવું સ્વરૂપ' એ મથાળા નીચે લખે છે કે, કોલોનીની સહુથી વડી અદાલતમાં પોતાનો કેસ લઇ જઇ કુલ બેંચ માસેથી એશિયાટીકોએ જે ચુકાદો મેળવ્યો છે તે વિષે આજે કાંઇ જણાવું કરવું એ હાલને માટે વાજબી ગણાય નહીં. તોપણ ચીફ જસ્ટીસે સરકારના એશિઆટિક ડીપારટમેંટની સામે આપેલા ચુકાદા ઉપરથી અમને જે જણાય છે તે કહ્યા વિના ચાલતું નથી, કે એશિયાટિક કાયદા ઓ લખવામાં ગુંચવણ ભરેલા છે બ્રિટીશ કાયદા બાંધનારાઓ સામાન્ય રીતે દરેક કેસોમાં પ્રતિનિધિ વિનાના લોકો માટે કાયદા બાંધતા પહેલાં તેમના આગેવાનોની સલાહ લે છે તેમ આપણી સરકાર પણ કરે તો આ ગુંચવાડો દુર થઇ ગયા વિના રહે નહીં. ગયા મેલમાં મળેલા બ્લુબુક ઉપરથી જોઇ શકાય છે કે આ કહાપણ ભરેલો રસ્તો વેસીડેન્સન એકટ પસાર કરતી વખતે લેવામાં આવ્યો હતો. મી. ગાંધી અને મી. લીજમ કરનની સાથે મળી લેવામાં આવેલા આ પત્રકો માટે જેટલા વખાણ થાય તેટલા ઓછા છે; કારણ કે તેમણે રજુ કરેલી નવ બાબતોમાંથી આઠ તો યુરોપીઅન રાજ દ્વારીઓએ કંઇ પણ આનાકાની વગર કબુલ કરી. દર વરસે ૬ કેળવાએલા હીંદીઓ દાખલ કરવા કે નહીં એ એકજ વાત તેમને વિચારવા જેવી જણાઇ. બ્લુબુક ઉપરથી જણાય છે કે એશિયાટીકોએ આ વાત ઉપર બહુ ભાર મુકેલો છે અને મી. હોસકનને હાઉસ ઓફ એસેંબલીમાં પણ આ બાબતને વજન આપ્યું હતું.

મી. ગાંધીએ ૧૯૦૭નો જુનો કાયદો રદ કરવા બાબત ભાર મુકેલો કે નહીં તે બ્લુબુક ઉપરથી જણાતું નથી; પણ મી. ગાંધીએ આ બાબત આગ્રહ કર્યો છે એમાં તો શક નથી. જો ૭ કેળવા એલા હીંદીઓની બાબત આપણી સર કારે કબુલ રાખી હત તો આ જુનો કાયદો રદ કરવામાં સરકાર આનાકાની કરત નહીં. (એશીઆટીકોને ઇન્સાફ આપવા ખાતર કહેવું જોઇએ કે કેળવણી નો કાયદો સામાન્ય રીતે લાગુ કરવાની તેઓએ દરખાસ્ત મુકી ત્યારે તેમના ઝેરી સલાહકારે તેની હદ ૭ કેળવાએલા ની કરાવવાનું જણાવતાં તેમણે તે વાત તુરતજ કબુલ કરી) કેળવણીવાળો વાંધો આ મુજબ ઉઠયો. ઇમીગ્રેશન કાયદા મુજબ કેળવાએલા એશિઆટીકો આવી શકે છે એવું તેમણે કહ્યું તે વાતમાં સરકારે નકાર જણાવ્યો. એશિયાટીકોએ સુપ્રીમ કોરટમાં કેસ કરવા જણાવ્યું. સરકારે આ વાત પણ કબુલ કરી નહીં. આથી એશિયાટિકોએ આ વાતને પણ પોતાની માગણીઓમાં દાખલ કરી. એટલામાટેજ કેટલાકો માને છે કે આતો એશિઆટિકોએ નવી માગણી પેશ કરી રજુ કરી છે. પણ ઉપરના ખુલાસા પછી જણાશે કે એ કંઇ નવી માગણી નથી. જુનો કાયદો રદ કરવાની બાબતમાંપણ જનરલ સ્મટસે જે કહ્યું તેમ તેનેબોખ કરેજ રાખ્યો હત તો વાંધો પડી જાત પણ તેના હાથ નીચેના અમલદારો કે જે તે વખત વખાણ કરતો આવ્યો છે, તેમણે આડોઅવળો અમલમાં આ જુના કાયદા નો અમલ કીધો છે. આથી એક વખત ના બદેઅમલો લોકોની જાણી થઇ કે

જ્યાંસુધી એ કાયદો છે, ત્યાંસુધી સુખે રહી શકાયજ નહીં.

આમાંથી આપણે યુરોપીઅનોએ સમજવાનું છે, તે એટલુંજ કે એશીઆટીકો ની માગણીઓ આપણી પાસે ખુલેખુલા રૂપમાં આવી છે. તેમાંની પહેલી એ છે કે જુનો કાયદો રદ કરવો. જનરલ સ્મટસે પણ કહેલ છે કે એ કાયદો અમલમાં આણી શકાય એવો નથી; તેમજ સુપરીમ કોરટના ચર્ચ કાલના ચુકાદાથી પણ તેમજ સીધ થયું છે. અને બીજી માગણી એવી છે કે વધુમાં વધુ છ કેળવાયલા હીંદીઓને દર વરસે દાખલ થવા દેવા. આમાંની બીજી માગણી બહુ ઉપયોગી તેમજ સમાધાનીમાં મુકેલી ઉભી કરનારી છે. હીંદી સરકાર આમ દર ઠરાવવાનો કાયદો કબુલ કરે એ વાતમાં રાજી બતાવાય છે. પણ આમ ઇચ્છા રાખનારાઓ જાણી જાય છે કે જુનો અમલવાડ બરોબર દાખવાત કાયદો બહાલ રાખ્યો તો સમજાવ બરોબર નવો કાયદો સાને માટે રદ કરે. કોલોનીઅલ સેક્રેટરી લોરડ ક્રસવુએ દુરબણજ કહયું છે કે જો થોડાક કેળવાયલા માણસોની માગણી બાબત બાંધો હોય તો તે બાબત સમાધાની થવા માં દરકત આવશે નહીં. બરાબર આ લોકો માટે ખાસ સમજવ કરશે. બાવા બેખબરદાર હોદેદારના શબ્દો ઉપરથી સર ઠાર ફરીથી સમાધાન માટે પ્રયત્ન કરે અને હીંદીઓને પકડવાનું કામ છોડી દઇ પોલીસને બીજું સારું કામ સોંપે તો વાજબી ગણાય, અને હીંદીઓ પણ પોતા ના છ કેળવાયલા બાબતોને પુરેપુરા હક થી દાખલ થવાનો કાયદો થાય એ ઉપર પુરું ધ્યાન આપશે.

'રાંડ ડેલી' મેલે સુચના કીધી હતી કે કેળવાયલા હીંદીઓને એવી પરમીટ આપ વી કે જેને દર વખતે બદલી આપવાની સરકાર બાનરી આપેતો સમાધાની ઝટ થાય. પણ આ સુચના કીધા બેજીજ તેને પડતી મેલી. ઇમીગરેશન કાયદામાં ખાસ જણાવેલું છે કે કોઇ પ્રોહીબીટેડ ઇમીગ્રંટ ને કોઇ પણ ધંધા માટે લાયસેન્સ નહીં મળે. ત્યારે એ આ છ કેળવાયલા હીંદીઓ ખાસ હક ધરાવનાર હોય છતાં કાયદા પ્રમાણે તેઓ પ્રોહીબીટેડ ઇમીગરંટ ગણા ય તો પોતાના બાઇઓના હીત માટે તેમ નાથી કોઇ ધંધો થઇ શકે નહીં. રાંડ ડેલી મેલ કહે છે કે હીંદીઓ કેળવાયલાનો હક માને છે. એ વાત ખોટી છે. હીંદીઓ તો જે હક ઇમીગરેશન કાયદા મુજબ તેમને છે તે કબુલ રાખવાનું જણાવે છે. અમારા બાઇબંધને આમાં કંઇ ફેર જણાતો નથી

પણ એમાંજ મુદ્દાસમાએલો છે. તેહવેછે જની હદ બાંધવી એ હારસ છે. પણ તેને યાદ નહીં હોય કે આખો ઇમીગરેશન કાયદો હારસ છે. પહેલા વરસમાં મુસાફરી કર નારને એક રીતે અને ત્રીજા વરસનાને બીજી રીતે ગણવામાં આવે એ હારસ નહીંતો બીજું શું? આવું રેજ થાય છે. જાપાનમાંથી કેનેડાએ આવી રીત લાગુ કરી તેમાં વાંધો નહીં; તો આપણે હીંદી તરફ તેવીજ રીતે વરતીએ તો તેમાં વાંધો કેમ?

ખરેખર દીલગીર થવા જેવું છે તે એ કે વાસ્તવીકમાં બંને બાજુ વચે કશો વાંધો છેજ નહીં. હીંદી કહે છે કે જુનો કાયદો રદ કરો. સરકાર બાલે છે કે તેનો અમલ થઇ શકતો નથી. સુપરીમ કોરટના ચુકાદાથી પણ એવુંજ જણાય છે. હીંદી ઓ કહે છે કે માત્ર છ ભણેલા હીંદીને દાખલ કરવાનો હક આપો. કોલોનીઅલ સેક્રેટરી કહે છે કે જરૂર તેઓ દાખલ થવાની અરજી કરે. તેમની તરફ નરમ રા થી વરતાવમાં આવશે. તેમને હક નહીં, પણ મહેરબાનીનો રાહે ટ્રાંસવાલમાં રહેવા ને આપશું. જ્યારે સરકારની મરજીમાં આવે ત્યારે તેમની પરમીટ ખેંચી લઇ કાઢી મુકી શકાય. દાખલા તરીકે કુમારશ્રી રણજીતસીંહજી જેને દરેક બીટનો વખાણે છે તે પણ ટ્રાંસવાલમાં આવે તો બંડી અન હોવાથી સરકાર જે ઘડીએ કાઢી મૂકે તેજ ઘડીએ જતા રહેવાને તેણે થઇ તયાર રહેવું જોઇએ. આગળ જ્યારે સમાધાની થઇ હતી તે વખતે હીંદીઓએ વાંધા કીધા હત તો સરકારની સ્થિતિ કેવી કફોડી થાત તેનો અમે ખ્યાલ કરી શકીએ છીએ. ગયા ફેબ્રુવારી માસમાં જુનો કાયદો રદ થશે એવી કબુલત મળી અને સત્યાગ્રહીઓની જેલના દરવાજા ઉઘડી ગયા તે વખતે હીંદીઓની એક પણ માસ મીટીંગ થઇ નથી કે જાહેર ખુશાલીજણાવીનથીએવાતદરેક યુરોપીઅન જાણતો હશે. જાણે કંઇ પણ બન્યું ન હોય તેમ પોતાના કામકાજમાં તેઓ લાગી ગયા હતા. આવી હકીકત છતાં અરધ વખરના વાંધા કોલોનીએ શાને માટે લેવા જોઇએ અને વળી સરકારને હીંદુસ્થાનની બાબત વધુ મુકેલીમાં ઉતારવી અને બાજીમાં આપણી કોમોજ યુનીઅનની રાજકીતિ વિરૂધ અવાજ ઉઠાવે એ સમજાતું નથી.

ટ્રાંસવાલની લડતને લગતા જાણવા લાયક ખબરો

ગયા શનીવારના 'રેંડ ડેલીમેલમાં' એક કરસ્પોન્ડન્ટ જણાવેલું છે. તેમાં મેસરસ વીલીયમ હોસ્કીન અને ઓલ્યવરટ કારટ રાઇટને હીંદી ટોપીઓ પહેરાવી ઉભા રાખેલા છે. મી. હોસ્કીનના હાથમાં પીપુડી (તેના ઉપર "મારી પોતાની" એવા શબ્દોછે)તથા વાવટો અને મી.કારટ રાઇટ ના હાથમાં પડધમ (તેના ઉપર "ટ્રાંસ વાલ લીડર" એવા શબ્દો છે) આપેલાં છે. તેમના મથાળા ઉપર પાટીયામાં લખેલ છે કે 'હલ્લારોની સંખ્યામાં જોગા થયો' અને 'મોટું ઓશીઆટીક સરઘસ નીકળવાની તયારી" નીચે લખેલું છે કે:– બીલ (વીલપમનું ટુંકુ નામ) ન.ઉમેદી ચહેરે કહે છે–આલ્યવરટ, તારૂં પડધમ જરા જોરથી વગાડી નથી શકતો? આપણે ખાલી જેજ જણા છે. બીજા તો મીલ નરી છે.

* * *

'હીંદીને વધારે પસંદ કરનાર' એવી સહીથી 'પ્રીટોરીયા ન્યુસ' માં હીંદી અને રશીઅન આલેમાંથી કયા સારા? એ મથાળા નીચે એક કાગળ બહાર પડયો છે. તેમાં લખે છે કે પેરવીઅન, દુનીયાના કચરા રૂપ છે તેને આપણી વચ્ચે રહેવા દઇએ છીએ, જ્યારે હીંદી કામ જે હાલની લડત પહેલાં ભાગેજ કોરટના બારણે જોવામાં આવતી તેના ઉપર આપણે સીતમ ગુજારીએ છીએ. જોરબાવેસ્ટર હારના વેચાણ, ચોરીથી સોનાની ખરીદી, કાફરોની લુંટ, ઉતરીને નાદાર થવું વગેરેના લડાઇ પછીના ગુન્હાના પત્રકો તપાસતાં માલુમ પડશે કે ૭૫ ટકા રશીઅન વીગેરે બનતના હોય છે. આવા લોકોને સરકાર ઉતેજન આપે છે એ ઘણી અફસોસની વાત છે. જ્યારે હીંદી નીયમસર વેપાર કરી પોતાની રોટી કમાય છે. લખનાર પેરવીઅનની છેતર પીંના પાંચ સાત દાખલા આપી જાહેર પ્રજાને ચેતવણી આપે છે કે તેની સાથે કામ પાડવામાં બહુજ ચોકસ રહેવું. તેઓ બાપમાં બોલું આપે છે અને જુના ઇરાને તાજા કરી વેચે છે. તેઓ બહુજ કંજુસ હોવાથી–કાફરાનું રાંધેલ પુપુ ખાઇ–દહાડા કાઢે છે. બને સાણસું ખરચ બચાવવાને મહીનામાં એક વખત નાહે છે.

* * *

જોહનીસબરગથી મી. મારકન જેલ તા. ના રોજ 'ડેલીમેલ' બાબામાં લખે છે

કે તમારા અખબારપત્રીઓએ જે અખબર આપ્યા છે કે હીંદીઓએ સત્યાગ્રહ છોડી દીધો છે અને તેથી કેટલાક હીંદીને. સરકારપક્ષ વાળાએ મારફેડ કરી છે તે વાત ખોટી છે. તેઓની મીટીંગ કોઇ બીજી તરેહના ખાસ કામને લગતી હતી. કોઇ પણ જનનો પુરાવો કે તપાસ કર્યા વીના તેવા અખબર બહાર પાડવામાં હીંદી કોમને અન્યાય થયો છે.

* * *

એડીનબરો ખાતે ભાષણ આપતાં મી. બાલ્ફાએ જણાવ્યું હતું કે 'ઓવર સીઝ ઉપર કરેલ ઉપકારનો બદલો તમે કેવો છો? હું તે બાબતી ઓવર પ્રજાના પરીચયમાં તો નથી આવ્યો પણ મારે કેટલાક સાથે મુલાકાતમાં ઓળખાણ થઇ હતી તે ઉપરથી હું તેમને સારી રીતે જાણું છું. તેઓ પોતાનો દેશ જતા હતા. મેં તથા મારા મિત્ર મી. લેટીમરે તેમને બચકાવ્યા અને વાટ ખરચની બોરાકી અને કાંઇ આપ્યાં. લગભગ પા. રૂપતી કીંમતનો માલ અમે આપ્યો તેઓ રડી પડયા, અને અમારો ઉપકાર માન્યો. તેઓએ પોતાને દેશ જઇ પૈસા આપવાનું કહ્યું. તેઓએ કહ્યું કે મરતાં સુધી પણ તમારું કરજ પુરશું અને તમે જે આભાર દર્શાવ્યો તેનો આભાર પત્ર મોકલશું. આમ કહી તેઓ ગયા, તે આજની ઘડી સુધી પૈસા કે ઉપકાર પત્ર એમાંથી કોઇના દરશન થયા નથી.'

* * *

વિલાયતના 'ડેઇલીન્યુસ' પાપામાં મી. જે. એચ. પોલાકે, મી. ગાંધીને વોકસર સ્ટની જેલમાંથી રસ્તા ઉપર પથ્થર ભાંગવાનું કામ સોંપેલું તે બીનેનો એક સચોત કાગળ છપ્યો છે. લખનાર જણાવે છે કે કોલોનીની આવી વરતણુંકથી આખા અંગ્રેજ રાજને ઝાંખપ લાગી છે. હું આશા રાખું છું કે આવતા સોમવારની મીટીંગ પારલામેંટ તથા દેશને આ ભયંકર મામલાથી પુરતા વાકેફ કરશે અને કેબીનેટને આ ખોટ વગરની અવાજક પ્રજાના હકનું રક્ષણ કરવાને તરતજ બહાર પડવાની અગત્યતા બતાવશે બીજોરે.

* * *

રેવરંડ એફ. બી. મેયર જે થોડા વખત પાર ઇંગ્લાંડથી દક્ષિણ આફરીકા ની મુલાકાતે આવ્યા હતા અને ઇંગ્લાંડમાં બહુ નામાંકિત પંકતી ધરાવે છે તેમણે 'ડેઈલી ક્રોનીકલ' માં કાગળ લખી જણાવ્યું છે કે મારા મિત્ર મી. ગાંધીને એમાસ્તની સખત મજુરીની સજા થઇ છે અને રસ્તા ઉપર પથ્થર ભાંગવાને ફાંદેલ છે એ સાંભળી મને શું લાગણી દરદ આવી છે. તે હું પુરી જણાવી શકતો નથી. હું દીલગીર છું કે તેની મદદ કરવાને અત્યારે હું જોહાન્સબરગમાં નથી! તેના જેવાં પવિત્ર અને ધર્માત્મા સાથે દુઃખ ભોગવવામાં હું માન સમજું છું. અને તે આ દેશમાં આવે ત્યારે મારા ઉત્તમ મિત્રોને તેમની ઓળખાણ કરાવવાની ઉમેદ રાખું છું. આદમીના હૃદય પીગળાવી નાખે તેવા ગુહ વિષયો ઉપર મેં તેમની સાથે કલાકો સુધી વાતો કરી છે. ટ્રાંસવાલમાં હકદાર હીંદીઓના હક માટે તે લડત ચલાવી રહ્યા છે. કદાચ તેણે કાયદાનો ભંગ કરવો હોય તોપણ તેને આવી હલકી મજુરીએ પહોંચાડવાની જરૂર ન હતી. પરંતુ, અરે! શુદ્ધ આત્મા ને આ દુનીયામાં શું હલકું છે? ખરું ખ્રિસ્ત કરે.સને ખ્રિસ્ત ધરમની માનવંત નીશાની બનાવી ગએલ છે. સતી પીલાત છે અને દંભી બાયલા તથા આપમતલબીઓ ગાદી ઉપર ચમન કરે છે. પણ આ સમજું તે મહાન કિસ્તાર જેવા વગર રહેતો નથી.

* * *

'ટ્રાન્સવાલ લીબ્યુ એન્ડ લીબ્યુઝ' માં એક કાગળ સખી સર મંચેરજી ભાવનગરી જણાવે છે કે થોડાંક વરસ થયાં હીંદીઓનાં મન દિવસે દિવસે વધુ કડુ થતાં જાય છે. કેમકે તેઓના જોવા માં આવે છે કે વડી સરકાર પેસી કોલો નીસ્ટની ટોળી, જે થોડાજ સમય ઉપર અંગ્રેજની સાથે દુશ્મનાવટ ધરાવતી હતી, તેને સહેલસાહતી હીંદી પ્રજાના હક ઉપર મારો ચલાવવાની અને માન ભંગ અને દુઃખોનો વરસાદ પાડવાની રજા આપે છતે સઘળું વેપારની ધરપાને લઇને. આ બીના આખા હીંદનો બ્રીટીશ ન્યાય અને બીજા રાજો સામે રક્ષણ કરવાની શક્તિ ઉપરથી વિશ્વાસ કહાડી દેવાને પુરતી છે.

* * *

જોહાનિસબરના જમ સાહેબે કોર્ટની રમતોમાં ભાગ લેવાનું છોડી દઇ રાજ્ય કારી જવાબદારી હાથ ધરવાનો ઇરાદા કર્યો, તેના માનમાં ગયા મહીનાની ૬૯ તારીખે કેમ્બ્રીજ ખાતે એક ખાણું આપવામાં આવ્યું હતું. તે વખતના ભાષણમાં જણાવ્યું કે ઉમ્રદે શાહેનશાહ ની સમગ્ર રૈયત તરફ સરખું વરતણું રાખે

પતાવી જોઇએ. કમનશીબે, હીંદી પ્રશ્ન સાથે ઓસ્ટ્રેલીઆ તથા કેનેડાના, અને હવે દક્ષિણ આફ્રિકાના દરકાર બંધ થયા છે. (ઇશ્વરના પોકાર) મને અફસોસ થાય છે, અને મને દુઃખ લાગે છે કે હીંદી પ્રશ્ન અંગ્રેજી સંસ્થાનોમાં દુબર ઉદ્યોગ થી પોતાની રોજી કમાઇ શકે એવો રસ્તો અંગ્રેજ સરકારલાયી શકતી નથી.

* * *

મી. રોબર્ટ સમરસેટ 'સ્ટાર' છાપાને એક લાંબા કાગળમાં લખે છે કે તમારું આવું વેર પહેલાં બોર સરકાર સામે લડી હીંદીનું રક્ષણ કરતું હતું, તે લડાઇ પછી તેનુંજ કટ્ટુ દુશમન બન્યું છે! હીંદુસ્તાન માં મળતી સ્વાધીનતા મીટીંગો અને તેમાં ભાગ લેનારા નામાંકિત નરો વિષે આ લખનાર ધ્યાન ખેંચી જણાવે છે કે તેમણે દક્ષિણ આફ્રિકાને બોણગટ કરવાનો જે વિચાર માંડયો છે તે બે.છો મંજુર મણવા જેવો નથી યાદ રાખજો કે તે વિચાર ફેલાયો તો દક્ષિણ આફ્રિકાને ઘાણજ સોસવું પડશે. ચિતારે.

* * *

વિલાયતના 'મોરનીંગ પોસ્ટ' છાપામાં મી. હેરોલ્ડ કોકસ, એમ. પી, લખે છે કે કોલોનીઓમાં હીંદી તરફ જે વરતન થતા વર્ષામાં આવે છે તેની સ્થિતિમાં ઓસ્ટ્રે લીઆના જુવાન ગોરાઓને ઇન્ડિઅન સીવીલ સરવીસમાં જોડાવાની જે સુચના થઇ છે તે સામે હું પ્રોટેસ્ટ કરું છું. કોલોનીઓ 'મારું મારા બાપનું' અને તારું મારું સદીઆરું' એવું વલણ રાખી બેઠા છે સાંસુધી આવા હક આપવાની વાત કરવી એ અન્યાય ભરેલું છે.

* * *

મુંબઇની પ્રેસીડેન્સી એસોસીએશનના પ્રમુખ સર ફીરોજશા મેતા તરફથી નીચેનો તાર લંડનની સા. આ. બ્રી. ઇ. કમીટીના પ્રમુખ લેા. એમ્પથીલને ગયા માસની તા. ૧૬ના બપરસામાં મોકલવામાં આવ્યો છે: "ટ્રાંસવાલ અમલદારોના હાથે ઉંચી જાતીના તથા આબરૂદાર હીંદીઓ તરફ ધાતકી વરતણુંક ચલાવવા માં આવે છે તેના જે તાજા સમાચાર મળ્યા છે તેથી લોકો અતી ઉશ્કેરાઇ ગયા છે. વિરૂદ્ધ લાગણીના મુખ એટલા બધા ઉકાળા ગયા છે કે બાયકોટ અમલમાં લાવવાને જે કાંઇ ભારે પગલાં સાબીત હોય તે લેવાની હીલચાલ મજબુતીથી ચાલી રહી છે. બુઝુર્ગ બાબુદાદાનેના બખ્તર આપવાની—હું

ફરજ સમજું છું કે આ મામલાથી આર્હાની સ્થિતિ, અને ખાસ કરીને આ સમયે, એટલી બધી બારીક થઇ પડી છે કે તેનું કંઇ માપ થઇ શકતું નથી. મારી એસોસીએશન સરકારને આજીજીથી જાહેર કરે છે કે અમારા સ્વદેશીઓનું રક્ષણ કરવામાં હીસ કરવા જેવો હવે વખત રહ્યો નથી. અમારા જુસ્સાનો ખ્યાલ માસ મીટીંગો ભરી નહીં બતાવવા બદલ અમે બહેતર ધારયું છે, કેમકે તેથી હીંદી સરકાર બહુ કઠોડી સ્થિતિમાં આવી પડે એવો અમને ભય છે. નહીં તો આખો દેશ એક છેડાથી બીજા છેડા સુધી ખળભળી ઉઠશે."

* * *

એસોસીએશન ઇસલામના પ્રમુખ સર કરીમભાઇ હબીબીએ સેક્રેટરી મોરગીને નીચે મુજબ તાર કરેલો છે: 'આપણી જાતીય વર્તણુક હીંદની જાહેર પ્રજાના મન ઉપર ઘણીજ ભયંકર અને હાનીકારક અસર પેદા કરશે. હાલના ગંભીર મામલા ઉપર જેનાં વડી સરકારને કઠોડી રીતીમાં નહીં મુકવાની ખાતર આગેવાનો માસ મીટીંગ બોલાવતા થોભી ગયા છે, નહીં તો આ અન્યાયની સામે આખો દેશ આજ ઉઠશે."

બહાર પત્ર

ટ્રાન્સવાલ

[અમારા પ્રતીનીધી તરફથી]

જાસી આવેલ છે

મી. વાસુદેવ ગયા શુક્રવારથી અહીં જાસી આવેલ છે એવા ખબર મળ્યા છે. આ બહુ શરમ ભરેલું કહેવાય. આશા છે કે અહીંના હીંદીભાઇઓ તેમને સમજતી પત્ર બોકસરસ્ટ મોકલશે.

કોમેનરના ખુનો

કોટોમેનરમાં થએલા ખુનોની હકીકત ગયે અઠવાડીએ આપવામાં આવી તે સંબંધમાં બે હીંદીઓ પકડાયા છે. ખુનો હેતુ હજી જાણવામાં આવ્યો નથી. ગુપ્ત પોલીસ તરફથી તપાસ કરવામાં આવતાં તેલવાળા કપડામાં વીંટેલી છ જેટલાણી ભરેલી રીવોલ્વર જમીનમાં દાટેલી માલુમ પડી આવી છે. તે ઉપરાંત બીજા પાંચ હીંદીઓને ખુનના મુદ્દા સંબંધમાં પકડવામાં આવ્યા છે.

ધીઓસોફીકલ સોસાયટીને ભાષણ

ગુરૂવારની રાતે કોંગ્રેસહોલમાં સ્વામીજી એ ઇંગ્રેજીમાં કરબન થીઓસોફીકલ સોસાયટીને ભાષણ આપ્યું હતું. ગોરા તથા હીંદીઓથી હોલ ચીકાર ભરાઇ ગયો હતો. નીતી એ વીષય ઉપર ભાષણ થયું હતું તે પુરું થતાં, ભરચુ પછી જીવની શું ગતી થાય છે તે અને એવા બીજા સવાલો ગોરા મહત્વો તરફથી પુછવામાં આવતાં તેની સંતોષ કારક સમજુતી સ્વામીજીએ આપી હતી.

બીજું ભાષણ

આવતા રવીવારે ડોપો રોડવાળા મંદીરમાં મંદીર કમીટીની વિનંતિથી સ્વામીજી ભાષણ આપવાના છે.

લંડન કમીટીને મદદની જરૂર

લંડન કમીટીના ખરચ માટે પા. ૧૦૦ હજી મોકલવામાં આવ્યા નથી. ઉમેદ છે કે આ અગત્યની બાબત ઉપર તુરત લક્ષ આપવામાં આવશે.

જોહાન્સબર્ગ

[અમારા પ્રતિનિધી તરફથી]

શનીવાર.

ખુલ્લુ ખુફ

વડી સરકાર અને અહીંની સરકાર વચ્ચે થએલ લખાણની આસમાની (કાળી) કીતાબ જાહેર પડી છે. તેમાં રંગ રંગની વાતો જોવામાં આવી છે. જનરલ બોથાએ ગવરનરને જુલાઇ ૧૧ ના કાગળમાં જાહેર કરયું છે કે મી. ગાંધી બધા ભણેલાને આવવાની મનાઇ કરે છે. બીજા એક કાગળમાં લખ્યું છે કે મી. ગાંધીએ નવા મુદ્દાઓ માન્યા છે, અને તે પછીના કેટલાક કાગળોમાં લખ્યું છે કે મી. ગાંધી અને તેના સોબતીઓએ લેટો પાસેથી જોર જુલમથી સરટીફીકેટો કઢાવ્યાં છે. સત્યાગ્રહની લડતમાં મુસલમાનો ભાગ લેતા નથી. મોટે ભાગે હીંદીઓ કાયદાને વશ થાય છે. વિગેરે. આવા અપાયમ જુઠાણા સામે દરેક દરેક કલમવાર મજબુત દલીલો રાખવાઓ અને હીંદી કોમના પ્રમુખ વીગેરેના ભાષણો તથા કાગળોના પ્રકરણો ટાંકીને 'રીપ્લાય' બહાર પાડવાના બે કોલમ ભરાય તેવો લાંબો રીપોર્ટ મી. પોલાકે આપેલ છે. તે રીપોર્ટ ત્રણ ભાગમાં બહાર પણ પડી ચુકયો છે. હીંદીઓની ચુંટણી થઇ ગયા પછી અમલીત થવાની જાહેરાત થઇ છે તે અમલીત થવા પહેલાં ચુકવાઇ જાય, જોહેલાને આવવા દેવાનો ધમીકે થત કાયદામાં હક છે તે હક કોરટે પણ મી. સોરાબજી, રતનજી લલ્લુ વગેરેના કેસમાં કબુલ રાખેલ છે આજ સુધીમાં એસોસી એશનના કારભારીઓથી જોર જુલમથી સરટીફીકેટ ઉઘરાવવાનો એક પણ કેસ બહાર પડયો નથી. મી. પોલાકે તેવો એક પણ કેસ સાબીત કરવાની જનરલ બોથા કે બીજા કોઇને ચેલેન્જ કરી છે. મુસલમાન કોમ લડતમાં ભાગ નથી લેતી તે તો જરાપણ ખોટારામાં ન રહે તેવી વાત હતી. તે વિશે આખા ટ્રાંસવાલના મુસલમાનોની મીટીંગના રિપોર્ટ ઉપરથી માલુમ પડી રહેશે કે મુસલમાનોએ આ હકીકત સામે કેટલો નિરસ્કાર જતાવેલ છે. લડતમાં થોડાજ ભાગ લીધે છે એ માની શકાય એવી વાત કેમ કહેવાય? આ સઘળું દીવા જેવું દેખતાં છતાં. આવું કહેવાની જનરલ બોથાની હીંમત આવી એ જોવા જેવું છે.

બારબરટનવાળી અપીલ

આ અપીલને બાબત હું તારથી ટુંકર વારે આપી ચુકયો છું. આપણી લડત કેટલી વાજબી છે, ને સરકારનો હીંદી તરફ કેટલો અન્યાય છે એ હવે ઘણા ગોરાઓ આ અપીલથી બનબુતા થયા છે. બાપાવાળાઓ સરકારને શરમ ભરેલી રીતે વળોડી રહયા છે. અને અહીંના ધારાશાસ્ત્રીઓ કાયદા ઘડવાને નાલાયક છે એમ બતાવી વિલાયતથી બાહોશ લોયરોને બોલાવવાની મરકરી કરી રહયા છે. 'પ્રીટોરીઆ ન્યુસ' જે હાલ શાંત પડી ગયું હતું તેણે સરકાર સામે સખત ટીકા કરી છે. જેટલાઓને માટે અપીલ થઇ હતી તે બધાને છોડી મુકયા છે. પણ તેના જોડાજ બીજા હજુ બોકસ રસ્ટ બારબરટન વીગેરે જગ્યાએ જેલમાં છે તેનું સરકાર શું કરવા માગે છે તે હજુ જણાયું નથી. પણ તેને છોડી મુકવા સિવાય સરકારને હવે બીજો રસ્તો રહ્યો નથી.

ગોરાની મીટીંગ

શુક્રવારે જોહાન્સબરગ રીટેલ ભરચંટસ એસોસીએશનની ગોરાની મીટીંગ મળી હતી. જે વખતે કેટલાક ગોરાઓએ ભાષણો કરી સરકારને હીંદી સામેના કાયદાને બરાબર અમલમાં લાવવાની ભલામણોના ભાષણો કરયાં હતાં. એક ગોરાએ આ કામ રાજ દારી દોવાનું જણાવી ચેપારીએ વચ્ચે પડવાની જરૂર નથી એવું જાહેર કરયું હતું. આ વિશે મત બહ પડયા બાદ સરકારના કાર્યને ઉત્તેજન આપનારો ઠરાવ પાસ થયો હતો.

'ડેલીમેલ' અને જનરલ સ્મટસ

ઘેરાં ઘોડાં અઠવાડીઆ થયાં સત્યાગ્રહને ઉત્તેજન આપનારી વાત જરા પુર ચરચાય છે તે ઉપરથી 'ડેલીમેલ' ના અધિપતિએ ડરબન જનરલ સ્મટસને તારથી પુછાવેલું જે સરકાર ડાકટર, બારીસ્ટર વગેરેને આવવા દેવાને ખુશી છે કે કેમ? આના જવાબમાં જનરલે તારથી ખબર આપેલા કે 'સરકાર આવા હીંદી ઓને આવવા દેવાની મુદતની પરમીટો કાઢવાને પુરી ખુશી છે પણ હજુ સુધી એકે મુદતની પરમીટની અરજી સરકારને મળી નથી.' આ ઉપરથી 'મેલે' જાહેર કરયું છે કે તકરાર એટલો નજીવો રહયો છે કે સત્યાગ્રહની લડતની જરૂર રહેતી નથી. મી. પોલાકે 'ડેલીમેલ'ને આ સંબંધમાં જે કાગળ લખ્યો છે તેથી સત્યાગ્રહની લડત હીંદી કોમ શા માટે લેય છે તેનું તેને પુરું જ્ઞાન થયું હોવું જોઇએ. જેને પોતાની જાતનું જરાપણ અભિમાન હશે તે શું સરકાર પાસે આવી સ્થિતિએ ભાંગો હુકમ કરવા જશે ખરા?

સોમવાર

ગેર સમજુતી

મી. ગાંધીને જેલી કપડાંમાં વોક્સરસ્ટ થી લાવવામાં આવ્યા હતા, જેથી તેમની તબીયત ઉપર અસર થઇ હતી, અને તેમને સ્ટેશનથી કીલ્લા સુધી પોટકું ઉપાડવું પડયું હતું, તથા સરકારે રસ્તામાં ખોરાકની સગવડ પણ કાંઇ કરી નહતી એવા ખબર સ્ટારના પ્રતિનીધીને મી. પોલાકે ગઇ તા. ૭મીએ આપ્યા હતા. આ ખબર તારથી વિલાયત મોકલવામાં આવ્યા હતા. ૬ઠ્ઠી તારીખે મી. પોલાકે આ ખબર વિષે કાગળ લખેલો કે તમારા રીપોરટરે આ બીના જાહેર કરવામાં વધ પડતી ભુલ કરી છે. આ બીના મી. ગાંધી અહીંથી ગયા ત્યારે નહીં પણ જોહાન્સબર્ગ રંગ આવ્યા તે વખતે બનેલી હતી. આ હકીકત આપ ખોટી છપાવાથી પ્રીજન્ટ આતાના એક પાયરી રેવરંડ બેન્સને સાથ નોટના છાપખામાં ટેલીફોક વધારે પડતી ટીકા કરી હતી. મી. પોલાકે તરતજ છાપાઓમાં કાગળ લખી ખરી બીના પ્રસ્તાવાવાર જાહેર કરી હતી.

જરમીસ્ટનનો રંગ

જરમીસ્ટનના હીંદીઓએ તો હદજ વાળી. ગયા અઠવાડીઆમાં ફકત બે દીવસમાં ૬૦ માણસો જેલમાં ગયા. તેમાં મી. કે. કે. પટેલ તથા બીજા ઘણા આગેવાનો પણ હતા. જરમીસ્ટનમાં કુલ ૧૫૦ માણસો આજસુધીમાં જેલમાં ગયા છે. જરમીસ્ટનના તમામ હીંદીઓ, ફરજી, મોચી બીજા ધંધાદારીઓ તેમજ વેપારી પણ જેલ જવા ખાતર ફેરીઆ બન્યા છે અને પકડારા બનતું કરી રહયા છે. અત્યારે જરમીસ્ટનમાં માત્ર બેંગરાં ઓઢારાં અને ઘર ચાચવવા રહેલ માણસો સિવાય બધા જેલમાં છે, ધોકેશન સુનું થઇ ગયું છે. સાંભળવામાં આવ્યું છે કે જરમીસ્ટનના તમામ હીંદીઓએ પ્રતિજ્ઞા લીધી છે કે લડતનો નિરેડો ન આવે ત્યાંસુધી શાંતીથી એક પણ માણસે બેસવું નહીં, પણ જેલમાં જવાના ઉપાયો શોધ્યા કરી જેલ જવું અને જેલનેજ ઘર સમજવું.

જરમીસ્ટનના બહાદુર હીંદીઓને હું મુબારકબાદી આપું છું. અને ઉમેદ રાખું છું કે મોટાં શહેરો અને નાના ગામોમાં જરમીસ્ટનના હીંદીઓનો દાખલો લેવાશે.

મી. દીલદારખાન

જે વોક્સરસ્ટ પકડાયા માટે અપેલા અને નોકરીમાંથી બરતરફ કરવાના ખબર મળેલા તે બરાબર નથી. મી. દીલદારખાન મેસર્સ રશ ડ્રીવેટની કું. માંજ નોકર છે અને ત્યાંજ હજી પણ કામ કરે છે. મી. ડ્રીવેટ ગયા અંકમાં મી. દીલદારખાનનું નામ જોઇ મી. પોલાક પાસે આવેલા અને આ વાત બરાબર નથી એમ જાહેર કરી ગયા છે.

કરગરસડોરપ

ઇસપ મહમદ ભામજીને તા. ૧૨ મીના રોજ વગર લાઇસેન્સથી ફેરી કરવા માટે પા. ૧ દંડ અથવા દસ દીવસની સખત મજુરીની જેલની સજા થઇ છે. દંડ નહીં આપતાં જેલ ગયેલ છે. તેની મીલ્કતમાંથી દંડ વસુલ કરવા પબ્લીક પ્રોસીકયુટરે મહેનત કરી પણ કાંઇ વળ્યું નહીં ત્યારે જેલમાં મોકલ્યો. જેલના પૈસા પણ બીજા માણસોએ રાખેલ હતા એટલે તેમાંથી પણ દંડ વસુલ કરી શકાયો નહીં. કાઢવા ભાણા જલાલપોરવાળાને પણ વગર લાઇસેન્સથી ફેરી કરવા માટે પા. ૧ દંડ અથવા દસ દીવસની જેલની સજા થઇ છે દંડ નહીં ભરતાં જેલમાં ગયેલ છે.

વેરસડોરપ

ઇસપજી સુલેમાનને વગર લાઇસેન્સથી ફેરી કરવામાટે ચાર દીવસની સખત મજુરી સાથે જેલની સજા થઇ છે. મી. મુસા સાલેને દુકાનદારનો ગ્રસ પાઉન્ડ દંડ થયો છે. દંડ ભરવાની ના પાડી છે જેલની સજા બીલકુલ કરી નથી. મી. મુસા સાલેનો માલ જપ્ત કરશે એમ વકી રખાલ છે. મી. મુસા સાલેનો કેસ આજે હતો પણ તેમના કેસની મુદત તા. ૧૫ ડીસેંબરની પડી છે.

મંગળવાર

જનરલ સ્મટસ

જનરલ સ્મટસ ડરબનથી પરત્યારા કેપ ટાઉન સ્ટીમર રસ્તે કનગેનરાનમાં જોડાવા જવાના હતા, અને ટરાંસવાલમાં હાલ આવવાના નહોતા. છતાં રવીવારે પ્રીટોરી આમાં આવી ગયા છે. ગઇ કાલે મીનીસ્ટ્રો પ્રીટોરીઆના ગવરનમેંટ હાઉસમાં બેઠી હતી અને આજે પણ મીનીસ્ટ્રો અગત્યના કામ સારૂ બેઠી છે. શા કારણસર બેઠી છે તે જણાયું નથી. જનરલ સ્મટસ આવતી કાલે પાછા જવાના હોવાનું સાંભળ્યું છે. પોતાના રહેકાણ દરમ્યાન પબ્લીક કામ કરવાના નથી એમ જણાયું છે. મી. હોસ્કીન પ્રીટોરીયામાં છે.

સુરતી મુસલમાન

સુરતી મુસલમાન ફેરીઆઓએ મોટા પ્રમાણમાં પકડાવાનું નકકી કરયું છે. આવતી કાલે મોટી ટુકડીઓ પકડાશે એવી વકકી છે. આજ સુધી પજાત પડી જવા માટે હવે પસ્તાય છે. મી. નજદી વોક્સ રસ્ટથી આવી ગયા છે. સુરતી મુસલમા નોને મોટા પ્રમાણમાં જેલમાં મોકલવાની તથા તે કોમમાંથી હાલો ઉખડાવવાની હીલચાલ કરી રહયા છે.

બીજા પ૩ તામીલ જેલમાં

ગઇ કાલે ફકત ૪ માણસો ૧૪ દીવસની જેલમાં ગયા છે. આજે બીજા ૪૯ માણસોને વગર લાઇસેન્સથી ફેરી કરવા માટે સાત દીવસની જેલની સજા થઇ છે. બધા જેલમાં ગયા છે. તેમના નામો મે એજેન્સી વિભાગમાં ટાંકેલ છે, કેમકે તે સપળા-ગ્રેપને-ટાગીલ કોમના છે.

જેલ જનારાઓએ નામ મોકલવા

જોહાન્સબરગ, જરમીસ્ટન વીગેરે જગ્યા એ જવાબંધ માણસો જેલમાં જતા હોવાથી અને બધાનાં નામો મળી શકતાં નથી. એટલે બહાર પાડવાને બની શકતું નથી. જેલમાં જતા દેશ ભકતોનું લીસ્ટ છાપામાં બહાર પડેલું જોવા સહુ આતુર છે. તો જે ભાઇઓ જેલમાં ગયા હોય અને નામ બહાર ન પડયાં હોય તેમણે એસોસી એશનની ઓફીસમાં જે તારીખ પોતે જેલ ગયા હોય તે તારીખ અને નામ મોકલી આપવાં. તેમજ જે તારીખે પોતાનો કેસ હોય તે તારીખે બિ. ઇ. એસોસીએશનની ઓફીસમાં નામ નોંધાવી જવું એટલે નામો બહાર પાડવાનું બની શકે.

પ્રીટોરીયા

મી. ઇસે અલીની ગ્રોસરના લાઇસેન્સ વાળી અપીલ સુપ્રીમ કોરટમાં ગઇ કાલે નીકળી હતી. જજમેંટ આજ ઉપર મુલતવી રાખેલ છે પરિણામ હજી જણાયું નથી. લાંબા ફેરીવાળાના કેસો ચાલ્યા તેમાં વકીલે માજીસ્ટ્રેટ પાસે ઓછી સજા કરવાની માગણી કરી હતી. મને ખબર આપવા ની સુચના થઇ છે કે આ સત્યાગ્રહીઓએ તેવી માંગણી કરવાનું વકીલને કાંઇ કહ્યું ન હતું. તેઓને જેટલી જેલ મળે તે ભોગવવાને તયાર હતા.

ગોરાઓનો હીલસોજી

અપાઓમાં ગોરાઓની દીલસોજીના દાખલોનો પાર રહ્યો નથી. જેઓ છાપામાં અહાર પડવા નથી માગતા તેઓ બીજાઓને સમજાવી અથવા બીજી રીતે પણ મદદ કરી રહ્યા છે. રેવરંડ કેનનગેરી તરફથી બે ગીની તથા એક એકાઉન્ટંટ મી. હરેક ગો. રટોકસ તરફથી એક પૌંડ થી. ઇ. ગો.માં મદદ મળી છે.

ચોકસરસ્ટ

ગયા શુકરવારે કેટલાક હીંદી જે મી. ગાંધીની સાથે દાખલ થએલા અને જેલ માં ગએલા તેમની જેલ પુરી થતાં કાલો નીઅલ સેક્રેટરીની સહીના વોરંટથી ડીપોરટ કરવામાં આવ્યા હતા. જોગ એવો બન્યો કે જે વખતે આ લોકોને ડીપોરટ કરવામાં આવ્યા તેજ પળે ચીફ જસ્ટીસે બારબરટન અપીલનો મુકાદો આપ્યો અને જાહેર કરયું કે કાલોનીઅલ સેક્રેટરી આમ ડીપોરટ કરવામાં તદન ગેરકાયદેસર પગલું ભરે છે. આ ૧૩ સત્યાગ્રહી તરત જ ફરીને દાખલ થયા છે. અને પકડાયા છે. તેઓનો કેસ ૧૯ તારીખ ઉપર મુલ તવી રહ્યો છે.

જેલીઓને શું કામ સોંપે છે?

ગયા સનીવારે ચોકસરસ્ટની જેલમાંથી ૨૦ થી ૨૫ જેલીઓની ટુકડીઓને મ્યુની સીપલ ચોટર-વરકસ, સમશાન સાફ કર વાના અને સોલજરોની કબરો સુધારવાના કામ ઉપર કારેવી હતી. મી. ગાંધી પણ આમાં સામેલ હતા.

મી. પોલાક ચોકસરસ્ટમાં

આજે ચોકસરસ્ટમાં મેસરસ વાહરેપ તથા મુસા અસમાલજી પટેલના કેસો હતા. તે ઉપર હાજર થવાને મી. પોલાક આજ કાલે અત્રેથી તે તરફ ગયા હતા. ત્યાં પહોંચતાં તેમને જણાયું કે બેમાંથી કોઇ કેસ ઉપર હાજર થયું નહોતું. મી. પોલાકે અને ઉપરના ન્યાયજ ૫.૭૫ ઉપર તાર કરી મુકત કર્યાના ખબર હમણાંજ મળ્યા છે. મી. પોલાક ચોકસરસ્ટથી પરબારા પ્રીટોરીઓ જવાના છે.

સુરતનબરગ

તા. ૧૩મી ના પાંચ વેપારીઓ ઇબરાહીમ નાના, ઇબરાહીમ મુસા અમન્ત, સુલેમાન અહમદ ઇસાક, સુલેમાન ઇસપ ધુનારા તથા અબદુલ મહમદ અમીરને વસ્ત્ર લાઇસેન્સથી વેપાર કરવા માટે પકડયા હતા. મી. ઇબરાહીમ નાના એ. એમ. સુલેમાન મીયાની કા. ના મેનેજર હોવાથી છોડી મુકયા અને બીજા બધાના દરેકના પા. ૫ ઇંડ થયો છે. કોઇએ હજુ સુધી ઇંડ ભરયો નથી. થી. ઇ. એ. ની સુચનાની રાહ જુવે છે.

ગુરૂવાર

બીજા આગેવાનો પકડાયા

આજે સવારના ફેરડઝબરગ પોલીસ સ્ટેશન હીંદીઓથી ચીકાર ભરાઇ ગયું હતું. મોટો ભાગ સુરતી મુસલમાનોનો હતો. મેસરસ મહમદ નગદી વોરમત્રાય વાળા, ઇબરાહીમ અસવાત વીરીનીગોંચ વાળા પણ એમાં હતા. ૬૬ માણસો ફેરડઝબરગમાં પકડાયા હતા. તે બધા ને સાત દિવસની સખત મજુરી સાથની જેલ અથવા પા. ૧ ના ઇંડની સજા થઇ હતી. બધા જેલમાં ગયા છે. મેસરસ નગદી અને અસવાત સુરતી મુસલમાનોને વધારે જુસ્સો અને હિમત આવે એટલાસારૂ પુરાણા જાકીટો પહેરી ફેરીના વેશમાં નીકળી પડયા હતા. મજકુર બને અહરથી મહીનાઓ થયા કામધંધો છોડી કોમી કામ પાછળ પડેલા છે. તેમની બહાર પણ જરૂર હતી છતાં પોતાની કોમ જેલ જવામાં પાછળ પડેલી જોઇ પોતે જેલ જવાનું અને પોતાનો ધકકો કોમ લીએ એવા ધારાદાથી જેલ ગયા. હું બંને સાહેબોને મુબારકબાદી આપું છું. આ લાટમાં મી. મસમાયલ હાઇજી તથા મારકેટવાલા જેઓ લાઇસેન્સ બાબત પકડાયા હતા, અને માજીસ્ટરેટે છોડી મુકયા હતા તે બધા છે. બાકી સઉ મહરાસીઓ તથા હીંદુઓ છે. બે મુસ તાનીઓ મેસરસ નજુમલ રામચંદ તથા ઉતારામ મુલચંદ પણ છે. બધાનાં નામ હજી મળ્યાં નથી. જેલની બહાર પાડવા મેહનીશ.

બીજા વધુ કેસો

ગઇ કાલે પકડાયેલા તેમના કેસો આજે હતા. સી કોરટમાં કેસ ચાલ્યા હતા. કુલ નવ માણસો નામે દુલજી કલાણ, પરશોતમ દુલજી, ગોવીંદ પેંચર, બીખા માધવ, સીતા ગલાબ, મુસા મહમદ, અને બાલુમ ઇબરાહીમ એટલાને સાત દિવસની જેલ મળી છે. સદવદ મહમદે એસના પઇસા ભરતા કરયા અને હાજર થયો નહીં.

આજે કુલ ૧૦૪ માણુસો પકડાયા હતા. ૩૮ માણુસોના કેસ આવતી કાલ ઉપર મુલતવી રહ્યા છે. કુલે આજ અને કાલ મળી ૭૪ માણુસો જેલ ગયા છે. આજના બાકી રહેલા કાલે જેલ જશે.

'ઇડિયન લીડર'

'લીડર' છાપું હીંદીની વતી જબરદસ્ત લડત ચલાવી રહ્યું છે. તેના કોલમોમાં લગભગ હમેશાં લાંબા લખાણો આવ્યાં કરે છે. ખુની કાયદો કેટલો ઉંચે રસ્તે દોરનારો છે, તથા ૬ જણાને આવવા દેવાની આપણી માગણી કેટલી બધી વાજ બી છે, તે બધી બહોળા દલીલોથી જાહેર પ્રજાને સમજાવવા પ્રયત્ન કરે છે. 'ડેલી મેલમાં' લખાણો થયા છે' તેના પણ સજજડ જવાબો આપ્યા છે. તથા હીંદીને આમ કનેડીને નહીં પણ ગોરાઓની પંકતી ઉપર લાવીને એશીઆટીક સવાલ નો નીવેડો લાવવાની ભલામણ કરી છે.

ઉધરાણું

ન્યુકેંટના ધોબી તરફથી પા. ૪૬ તથા રેલવેગોડીઓથી પા.૨૮-૧૩-૦ એસોસીએશન ફંડમાં મલ્યાં તેની બીજત અહેર ખબરમાં આપેલું છે: હમેદ રાખું છું જે બીજા ભાઇ ના ધોબી ભાઇએ પોતાની ઠોંસરીઓ તરફ નું ઉધરાણું એસોસીએશનની ઓફીસમાં તુરત ભરી જશે.

કાળા કામ તરફથી આજે પા. ૧૦-૦-૦ મલ્યા છે. પહેલાં તેમના તરફથી મહેજ રકમો પા. ૨૧-૧૦-૦ પા.૭-૧૨-૬ સાથે કુલ પા. ૩૯-૨-૬ મળી ગયા છે. હજી તેમનું ઉધરાણું ચાલુ છે. સુરતી મુસલમાનો પણ ઉધરાણું સારૂ કરશે એવી હમેદ રાખું છું. બોવા કણબી તરફનું પા. ૪૦નું ઉધરાણું લાય નાર નામ ગમે બહારગામે રહી ગયા તે આજે બોલાવું છું: મેસરસ બાબા ખુરાલ, રખા હરી, પ્રેમા પરશોતમ, ભગા કલ્યાણ, ખેતાભાઇ ભોજરામ, ખુશાલ ખુબા, દુલભ વીરા, માધવ ભકતી, રણછોડ ભકતી, નાના હીરા, નારા ભવાન, વલ્લભ નારણ અને બીજા કેટલાક.

જરમીસ્ટન

આજે ૧૬ માણુસોનો કેસ નવા લાઇસેન્સ થી ફેરી કરવા માટેનો હતો. બધાને ત્રણ દીવસની સખત મજુરી સાથે જેલ મળી છે. સઉ જેલમાં ગયા છે. જરમીસ્ટનમાં ૨૦ માણુસો ગેરા પ્રમાણમાં કે ઢગલા થયા હતા. તે બધા છુટયા છે અને ફરી કેસમાં જવાની હીંમતવાલા થઇ રહી છે.

પરચુરણ ખબરો

મી. પોલાક વોક્સરસ્ટ ગયેલા તે પ્રીટોરીયા થઈ આજે પાછા આવી પહોંચ્યા છે.

ટામીલ કમીટી તરફથી એક ટામીલ ગ્રહસ્થ વોક્સરસ્ટ પીકેટીંગ કરવા માટે વોલ્ંટીઅર તરીકે જઈ પહોંચ્યા છે, અને પોતાનું કામ શરૂ કરયું છે.

જોહન્સબરગના કેસો ગુરૂવાર ઉપર મુલતવી રહ્યા છે.

વોક્સરસ્ટમાં મી. ગાંધીની સાથે જેઓને ૭ અઠવાડીઆની જેલ મળી છે તે તા. ૨૪મીએ છુટા થશે.

સુપરીમ કોરટના ચુકાદા ઉપરથી મી. મુસા મીયાં જેવા બીજા કેદીઓને વોક્સરસ્ટ વગેરેની જેલમાંથી છુટા કરવા બાબત એટરની જનરલ તપાસ ચલાવે છે

ગયા અઠવાડીઆના ગેઝેટમાં એશીઆટીક રજીસ્ટરેશન કાયદા મુજબ અપીલ કરવાના ધારા બહાર પડયા છે. આ અપીલો સાંભળ વાને ધારા માજીસ્ટરેટ મી. એચ. એચ. એસ્કમ્બ નીમાયા છે.

છેલ્લા ખબરો

[અમારા પ્રતીનીધી તરફથી ખાસ તાર.]

જોહાન્સબરગ, શુક્રવાર ૧ વાગે

ગુરૂવાર પછી જોહાન્સબરગમાં ૫૭ અને જરમીસ્ટનમાં ૫૩ હીંદી જેલમાં ગયા છે.

પ્રીટોરીઆના મી. વી. યુ. સેઠને પા. પ દંડ અથવા એક માસ જેલની સજા મળીછે. તેણે જેલ જવાનો ઘરાદો જણાવ્યો પણ તેને કોરટમાંથી લઇ જવા બાદ તેના મીત્રો એ ગેરે રસ્તે દોરવાઇ જઇ મી. શેઠ દંડ આપવા નહીં માગતા હતા, છતાં દંડ ની રકમ ભરી આવ્યા.

સુપ્રીમ કોરટના ચુકાદાથી, ગઇ કાલે જારસ્ફરટનની જેલના બાકીના જેલીઓ અને વોક્સરસ્ટમાં મી. ગાંધી, ઇમામ અબદુલ કાદર બાવાઝીર-ચેરમેન હમીદીયા ઇસ્લામીક સોસાયટી, અને બીજા ચાર સિવાયના સઘળાને મુકત કરવામાં આવ્યા છે. વોક્સરસ્ટમાં કુલ આજરે છએને છોડ વામાં આવ્યા છે. આ સંબંધમાં નાતાલ ઇંડીઅન કોંગરેસના પ્રમુખ, ઉપ-પ્રમુખ, અને જોઇંટ-સેકરેટરી છે. તેઓ ગઇ કાલે રાતની ટ્રેનમાં જોહાન્સબરગ રવાના થવાની તયારીમાં હતા. તેવામાં પોલીસે તેમના આંગુઠાની છાપ માગી, જે આપવાની જુદાજુદે ચોખ્ખે ના પાડી. અને તેથી તેમોને અટકાયતી રખવામાં આવ્યા છે. આ આંગુઠાની છાપ પોલીસે પોતાની મુખત્યારીથી કે પ્રીટોરીયાથી મળેલી સુચ નાને મુજબ માગેલી હતી તે ખબર હજી સુધી મળ્યા નથી.

આ અઠવાડીયામાં જોહાન્સબરગમાં હીંદી કેદીઓએ અમુક ખોરાક માફક નહીં આવવાથી ખાવાની ના પાડી છે. તેનું પરિણામ એ આવ્યું છે કે તેઓ ને હમેશાં એક દંડ થાવસ ખાધને દહાડા કાઢવા પડે છે.

પ્રીટોરીયા મ્યુનીસીપાલીટી સામે મી. ઇસા અલીની અપીલ કોરટ નાંખવામાં આવી છે. ખરચા વિષે કાંઇ હુકમ કરવા માં આવ્યો નથી.

પાછળથી

જે સઘળાને વોક્સરસ્ટમાં રાખેલા તેમાં થી મેસરસ દાઉદ મહમદ, પારસી રૂસ્તમ જી, એમ. સી. આંગલીઆ તથા એસ. જે. રાંદેરીઆ સીવાયના સઘળાને છોડી મુકયા છે. આ ચારને અપોરે છુટા કરવાની આશા છે. તેઓ છુટા થયે આજ રાતના જોહાન્સબરગ રવાના થશે.

વોક્સરસ્ટ, શુક્રવાર.

અહીંની જેલમાં ૫૮ હીંદીઓને ગઇ કાલે ઉઠી મુકવામાં આવ્યા છે. મેસરસ દાઉદ મહમદ, પારસી રૂસ્તમજી, એમ. સી આંગલીઆ આ ૫૮ માં છે. એક કલાક પછી, આંગળાં આપવાની ના પાડવા માટે ફરીથી પકડવા. એટલે બધા ફરીથી હસતે મોઢે જેલમાં પાછા દાખલ થઇ ગયા. આજ સવારે તેમને માજીસ્ટરેટ ની કોરટમાં લઇ જવામાં આવ્યા.

પરંતુ મેસરસ દાઉદ મહમદ, પારસી રૂસ્ત મજી અને એસ. જે. રાંદેરીના સિવાયના બીજા બધાને માજીસ્ટ્રેટ સન્મુખ લાવ્યા પહેર છોડી મુકયા છે. સરકારના આવા કારણથી ઘણો ગુસ્સો વર્તાઇ રહ્યો છે. મી. ગાંધી, ઇમામ સાહેબ અને બીજા ચાર જેને નવા કાયદાની રૂએ જેલ મળેલી છે તેઓને છુટા કરવામાં આવ્યા નથી.

વોક્સરસ્ટ, શુક્રવાર, ૪-૩૫.

મેસરસ દાઉદ મહમદ, પારસી રૂસ્તમજી, એમ. સી. આંગલીઆ. અને એસ. જે. રાંદેરીઓને જોહાન્સબરગ જવાની રજા મળી છે.

ડરબાંસવાલ પારલામેંટ તા. ૨૬ નવેમ્બર મીજાજ મળવાની હતી તે તા. ૨૫ જાન્યુઆરી ૧૯૦૯ સુધી મુલતવી રાખવામાં આવેલ છે.

હીંદુસ્તાનની ટપાલ

સ્ટીમર અમકુઝી મારફત સીલોન રસ્તે જનારી ટપાલ તા. ૨૪ નવેંબર મંગળવારે સાંજે ૪. ૩૦ મીનીટે બંધ થશે.

સ્ટીમર કેલ્ઝર મારફત મુંબઇની ટપાલ ૮ ડીસેંબરના અરસામાં બંધ થશે.

સ્ટીમર અમબોલોસી મારફત મુંબઇ જનારી ટપાલ તા. ૨૫ના અરસામાં બંધ થશે.

લેડીસ્મીથ, તા. ૧૬ નવેમ્બર.

ગઇ કાલે એટલે રવિવારે અત્રેના મી. અહમદ કંમાદિમ મુલ્લાંની સાદી તેમના કાકા મી. મહમદ અમુજી મુલ્લાંની છોકરી સાથે થઇ હતી. જે વખતે ડરબન, મારિત્સ બરગ, ઇંડી, ન્યુકેસલ અને ચાલ્સટાઉનના નામીચા વેપારીઓ આવેલા હતા. ગામના તથા બહારથી આવેલા પરોણાઓને ખાણું આપવામાં આવ્યું હતું. સાદીનો વખત નજ વારનો હતો, જે વખતે કેટલાક ગોરાઓએ હાજરી આપી હતી મોલવી સાહેબ કુતેહમહમદ તરફથી વ.એજ કહે વામાં આવ્યા બાદ સમયને અનુકુળ બે શબ્દો કહેવામાં આવ્યા હતા, ત્યારબાદ અત્રેના પેશ ઇમામ મી. અહમદ વાહેદે નીકાહ પઢાવ્યા હતા. આ પ્રસંગે મી મુલ્લાં ને અત્રેની હમીદીઆ સોસાયટીના પ્રમુખ હોદ્દાથી એક માનપત્ર આપવામાં આવ્યું હતું. જે વખતે ઉપ-પ્રમુખ મી. ગોરા ખુરશીએ બીરાજ્યા હતા માનપત્ર મી. મહમદ હુસનજી લોખાને વાંચી સંભ ળાવ્યું હતું. ત્યાર બાદ એક બીજું માન પત્ર ઉરદુ ભાષામાં લખાએલું મોલવી સાહેબ મી. કુતેહ મહમદે મજકુર સે સા યટી તરફથી વાંચી સંભળાવ્યુ હતું. ત્યાર બાદ મી. અહમદ મુસાજી ઉમર તથા મી. ખરસાણીએ મી. મુલ્લાંએ બજાવેલી સેવા માટેનો ઉપકાર માન્યો હતો. મી મુલ્લાંએ વળતો જવાબ આપી સોસાયટીને ચાર પોટની બેટ આપી હતી. છેવટ સરબત વગેરે લીધા બાદ મેળાવડો વિસરજન થયો હતો.

સીડનહામમાં લુંટ ફાટ હજુ ચાલુ છે. ગયા શુક્રવારે કલેર એસ્ટેટમાં રહેતી એક બાઇના ઘરમાં દાખલ થઇ કેટલાક નેટીવો એ પહેલાં તેને મરણતોલ જખમો કર્યા. પછી જે કાંઇ થેડો દરદાગીનો હતો તે લુંટી ચાલ્યા ગયા. બાઇને કરપીતાલમાં લઇ ગયા છે. તેની સ્થિતિ બહુ ખરાબ છે. પોલીસ તપાસ ચલાવે છે.

મારીત્સબરગમાં એક ગોરાએ મદનડ નામના એક્લી દોનો કાન કાપી નાખ્યા બાબત જે કેસ અમે ગે દા વખત ઉપર આપી ગયા હતા તેના સંબંધમાં તેણે તે ગોરા જે. એચ અરમીટેજ ઉપર પા.૨૫૦નો દાવો માંડયો હતો. ગોરાએતેના ઉપર સામો તેની ઓરત ઉપર હલ્લો કરવાના વાંક મટે પા. ૬૦૦નો દાવો માંડેલો હતો. માજીસ્ટ્રેટે મનવાને પા ૧૦ તથા ખરચ અપાવી ગોરાનો કેસ કાઢી નાખ્યો હતો.

ગયા ગેમખરાના બાવાજીડાના તોફાનથી રહેંગરમાં ન્યુગીરડર સેંડ આગળ ૬ વરસની ઉપરના એક હીંદી છોકરા ઉપર પીત્તળી ઘડાવી મરણ નીપજ્યુ હતું.

હીંદી માટે લંડનમાં પોકાર

કેકસ્ટન હૉલમાં મીટીંગ

લાલાજી તથા પાળના ધુરંધરનાં ભાષણો

દક્ષિણ આફ્રિકામાં હીંદીઓની સ્થિતિ ના સંબંધમાં ઇંગ્લાંડમાં રહેતા હીંદીઓની એક મીટીંગ ગયા માસની ૨૬ તારીખે કેકસ્ટન હૉલમાં મળી હતી. જે વખતે સંખ્યાબંધ મદ્રસ્થો તેમજ કેટલીક બાનુ ઓ પણ હાજર હતાં. મીટીંગ વખતે ઘણોજ ભુસ્સો જોવામાં આવતો હતો. પ્રમુખ સ્થાને

સર મંચેરજી ભાવનગરી

બીરાજ્યા હતા. તેમણે ભાષણ દરમ્યાન જણાવ્યું કે, આખા હીંદનો મેળાવડો જો કોઇ થયો હોય તો તે આ મેળાવડો છે. કેમકે તે આખા હીંદમાં ચાલી રહેલી લાગણીનો પ્રતીનીધીરૂપે છે. આજ ઉપરાંત ૬૦ વરસ થયાં અંગ્રેજ સંસ્થાનોમાં આપણા હીંદીભાઇઓ તરફ બતાવવામાં આવતી વરતણુંકને લીધે આખા હીંદુસ્થાન માં જે ખળભળાટ થઇ રહ્યો છે તેવો બીજા કશાને માટે થયો જણાયામાં આવ્યો નથી. આ સવાલ એવો છે કે તેથી ખાલી હીંદુસ્થાનમાંજ નહીં, પણ આખી સહેનશાહત તેમજ સુધરેલી દુનિયામાં સઘળે ઘણીજ ઉંડી લાગણી ફેલાયલી છે. હું આ દુઃખની આખી કથા કરવાની જરૂર જોતો નથી. એટલુંજ કહેવું બસ છે કે દુનિયાની સુધરેલી પ્રજાના ઇતીહાસ માં આવું એક શરમ ભરેલું પ્રકરણ દાખલ થયું નથી કે જે વાંચતાં જાપીઝની પ્રજા આ જમાનાના કહેવાતા સુધારાને માટે હલકા વિચારો બાંધ્યા વગર રહે. લડાઇ પછી ઇંગ્લાંડમાં જવાબદાર પ્રધાનોએ વચનો આપ્યાં કે લડાઇ પુરી થશે કે તરતજ તે કોલોનીમાં વસતા હીંદીઓને યોગ્ય રાહત મળશે. પણ તે વચનો પાળ્યાં નહીં, અને તેઓની સ્થિતિ વધારે ખરાબ થઇ પડી. કારણ કે બોઅર લોકોએ તેમના તરફ બરાબર વરતણુંક બતાવવાનો પ્રયત્ન કરેલો, પણ તે અમલમાં લાવી શકયા ન હતા. પરંતુ, જેઇને આપણને અત્યંત તિરસ્કાર અને તાજુબી આવે છે કે હવે અંગ્રેજ અમલ નીચે તેના તેજ કાયદાનો બીપા પુરસ્કાર અમલ થાય છે. (હાસ્ય) આ બાબત કેવાક પ્રમાણમાં કારણભુત હોય એમ હું જાણતો નથી, તે માત્ર ચામડીના રંગને લીધેજ છે. જ્યારે ચુની પ્રધાનો પ્રથમ દાખલ કરવામાં આવ્યો, ત્યારે મી. ગાંધી-(તાળીઓ)-ઇંગ્લાંડ આવેલ અને લૉ૦ એલગીનને આ કાયદાને મંજુરી નહીં આપવાનું સમજાવી ગયા. પણ થોડા અઠવાડીઆ પછી તરતજ ટરાંસવાલને સ્વરાજ્ય મળ્યું ત્યારે પહેલ પહેલોજ રજીસ્ટ્રેશન કાયદો ઘડવામાં આવ્યો. આ કાયદો લૉ૦ એલગીને નામંજુર રાખ્યો તેના જેવોજ બરાબર હતો. હાલના બોઅર કારભારીઓનું વલણ એવું છે કે વડી સરકારના ગમે તે વિચારો હોય, પરંતુ તેઓ તે, અંગ્રેજ સરકારની હીંદી પ્રજા તરફ કેવી દુશ્મના વટ બતાવવાને ચુકતા નથી. આ નાન કડી સરખી પૈસાનો ડોળ ઘાલુ બોઅર પ્રજા હીંદની ૩૦ કરોડ પ્રજાનું અપમાન કરવાનું ધારે છે. સહેનશાહતના આ બોઅરમાંના છોકરા હીંદીની આ ૩૦ કરોડ પ્રજા, કે જેના તરફ ન્યાયભરી તથા રીત સર વરતણુંક બતાવવામાં આવે તો તેઓ વફાદાર રહી હુકમ ઉઠાવવાને તયાર છે, તેમનાં અંતઃકરણ તથા વિચારો બદલી નાખવા માગે છે. (હીઅર, હીઅર.) આ નાનકડી સરખી પૈસાનો ડોળ ઘાલુ બોઅર પ્રજાએ તેના કરતાં ઘણોજ જુનો સુધારો ધરાવતી હીંદની ૩૦ કરોડ વસતી નું વિનાકારણ અપમાન કરવું છે. સહે નશાહતના વાવટા નીચે હોવા છતાં વખતો વખત તેમનું અપમાન કરી લેવામાં આવે છે. કોઇપણ પ્રજાના આબરૂપસ્પદ નથી શકાય તેવા મી. ગાંધીને દેહમાં પુરેલા છે અને તેને રસ્તા ઉપર કામ કરાવવામાં આવે છે. આ તવારીખ એવી બને છે કે અંગ્રેજની જાપીઝની પ્રજા હીરમીંદગી સાથે વાંચશે (તાળીઓ) અંગ્રેજ સર કારે ટરાંસવાલને સ્વરાજ્ય આપતી વખતે હીંદના હકો જાળવવા માટે જરા જેટલી પણ દરકાર રાખેલ નથી. આપણને એમ કહેવામાં આવ્યું છે કે ટરાંસવાલ સ્વરા જ્ય મેળવેલું કોલોની છે એટલે વડી સર કાર કાંઇ કરી શકતી નથી. આ માત્ર બોલાં બહાના છે. આવું બહાનું અધમ ન્યાય આપવાને પંકાયેલ હોય તેના તરફ પણ મોટા લશ્કરો તૈયારી વાત છે. (તાળીઓ) સ્થિતિ દિવસે દિવસે બગડતી ચાલી છે અને વડી સરકાર કાંઇ પગલું ભરવાની ચેષ્ટા પણ કરી નથી. કારણ? કારણ એ કે ટરાંસવાલ સ્વરાજ્ય ભોગવતું સંસ્થાન છે. કેવું નજીવું કારણ છે! (તાળીઓ) હવે કાલીન તરવા કંઇ નવા માર્ગમાં જેવું કે બરાબર કરતા જેવું રહ્યું નથી. (તાળીઓ) હું આશરીબીજા કોઇપણ અગ્રણી મીટીંગના પ્રમુખપદે આજસુધી બેઠેલો નથી. હું ખાત્રી પુરવક કહું છું કે સરકાર પોતાની ફરજ નહીં બજાવે તો આખા હીંદમાં ભયંકરેલી હીલચાલ થઇ રહેશે. (લાંબા સમય સુધી તાળીઓ)

લાલા લજપતરાય

તાળીઓના ગડગડાટ શાંથે લાલા લજપત રાયે નીચેનો ઠરાવ રજુ કર્યો: "ઇંગ્લાંડ માં રહેતા હીંદીઓની આ જાહેર સભા અંગ્રેજ સંસ્થાનોમાં અને ખાસ કરી દક્ષિણ આફ્રિકામાં વસતા હીંદીભાઇઓના હક તથા છુટને બંધન કરતા કાયદાઓ સામે સખત પ્રોટેસ્ટ કરે છે, અને મનુષ્ય ના સાધારણ હકને પણ ઉંદી નાખવા જેવી જે વરતણુંક બતાવવામાં આવે છે તે સખત રીતે વખોડી કાઢે છે." આ ઠરાવના ટેકા માં તેણે કહ્યું કે આ સવાલથી કસોટી મળી રહે છે કે પશ્ચિમનો સુધારો કેવળ છે. દરેક વરસે પશ્ચિમના મુલકોમાંથી સંખ્યાબંધ મનુષ્યો પુરવના દેશો તરફ જાય છે અને ત્યાં જઇ નાસ્તિક પ્રજાને ભાષણો તથા મનુષ્યના સરખાપણા વીષે બોધ આપે છે। (હસાહસ) શહે નશાહતના બીજા ભાગમાં જે વરતન ચાલી રહ્યું છે તેથી ખાત્રીલાયક થઇ શકે છે કે આ ખાલી ઢંગ છે. (તાળીઓ) દક્ષિણ આફ્રિકામાં હીંદી પ્રજાએ ઉઠાવી લડાઇમાં જે લોહી રેડયું છે તે બદલે આ હકનો દાવો કરે છે, મહેરબાનીની રાહે નહીં. (હીઅર, હીઅર.) પણ આ વાત ખરી હોય કે ખોટી, પરંતુ તેઓને શહે નશાહતના શહેરી તરીકે કબુલ રાખવામાં આવ્યા હતા, અને તેથી તેઓ સમજતા હતા કે સહેનશાહત માટે લડવું એ તેમની ફરજ હતી. હવે જ્યારે જીત મળી ત્યારે બધા વચનોનેં ઝાડું મારવામાં આવ્યું. આ સવાલ હીંદના દરેક નાના ગામડામાં ચર્ચાઇ રહેલો છે. ત્યાં મજુરથી માંડી બારીસ્ટર, ડાકટર અને સીવીલીઅન સુધી દરેક પંકતીના હીંદીઓ વસે છે અને તેના સભ્યો તથા મિત્રો. હીંદના દરેક જુદા જુદા ભાગમાં છે. જેઓ એમ માનતા હોય કે આ એજીટેશન માત્ર મુઠીભર અંગ્રેજો ચલાવી રહ્યા છે તેઓ એમ સમજતા હોય એવું લાગે છે કે આવા વરતનથી હીંદના પ્રજાના અંતઃકરણમાં જખમો નથી લાગતા. આવી માન્યતા શુષ્ક હૃદયની નથી કેવળ ઘા ભરેલો છે. આ સંબંધ ચોકકસ નથી ગંભીર બાબ પ્રત્યે છે કે બ્રિટીશ રાજ્યકારીઓએ હવે આંખ ઉઘાડ

વાની જરૂર છે. વચ્ચેથી ટાંટા પાડવાનો વખત હવે વીતી ગયો છે. અંગ્રેજી રાજ્ય ના સંસ્થાનોમાં જે વરતને ચલાવવામાં આવે છે, તે, માણસોને ઘેલા તુર કરી નાખવાને પુરતુ છે. (તાળીઓ) હું અહીં બેઠેલા કોઇ સાહેબોના દીલ દુભાવવાને નથી માગતો, — પશ્ચિમની પ્રજા જે વખતે જંગલી સ્થિતિમાં હતી તે વખતે હીંદી એક મહાન પ્રજા ગણાતી હતી. હીંદુસ્થાન, અફઘાનીસ્તાન, બરમા કે બીજા મુલકોમાં જ્યાં જ્યાં તેઓ જતા ત્યાં સઘળા મનુષ્યોને એક સરખા ગણી તેમની સાથે કોઇ જાતની વધારાની બુદ્ધિ બતાવતા નહીં. મનુષ્ય માત્ર સાથે ભાઇચારો રાખવો એનું નામ જો ખ્રીસ્તી ધરમ હોય તો જેઓ ખ્રીસ્તી ધરમનો ઝંડો રાખે છે તેના કરતાં આપણે સારા ખ્રીસ્તી છીએ એ નીઃસંદેહ માનવું. (હીઅર, હીઅર.) મી. ગાંધી ની જેલ તકરીબના પાનામાં લખાઇ ચુકી છે. (તાળીઓ.)તે હીંદના ૩૦ કરોડની વતી જેલમાં પુરાયેલ છે. આ સમયે, આપણે તેના તરફ દીલસોજી બતાવ્યા સિવાય બીજું કોંઇ કરી શકતા નથી, અને તે બદલ નથી; પણ જ્યારે તે દીલસોજી હીંદની પ્રજાના અંતઃકરણમાં ઉંડી બેસી જશે ત્યારે તેનો પુરો રંગ જામશે અને એક યા બીજી રીતે બ્રિટીશ સહેનશાહત ના રાજદ્વારીઓ જે તેમના હાલના કરતા આગળી સહેનશાહતનો પાયો બેઠવાનું કામ કરી રહ્યા છે તેમની આંખોના પડદા ખોલશે. (તાળીઓ) હીંદીઓને સહેનશા હતના ઝંડાની ગણીમાં આવે છે, પણ તે શહેરીઓ દુનિયામાં જ્યારે બહાર નીકળે ત્યારે તેમને ધણી વીનાના કુત્રા સમાન ગણે વામાં આવે છે. (શરમના પોકાર.) તેનો ઉપાય શું? ઉપાય આપણા હાથમાં જ છે—(તાળીઓ)—અને તે હીંદુસ્થાન બહાર થઇ શકાશે. આપણે કોઇના હક ઉપર તરાપ મારવાને મોગતા નથી, પણ આપણા હક ઉપર કોઇ તરાપ મારે એમ બન્યા દેવાના પણ નથી. પરમેશ્વરની મહેરબાની થી હીંદની ભુમી રસાળ છે અને ત્યાં પુરતી જમીન, પુરતો ખોરાક, અને પુરતો તડકો-(દબદબો)-છે. તેઓ સહેનશાહત ના કોલોનીમાં જવા દીલ ખોલી રહ્યા નથી. તેઓ કોલોનીના લોકોના લાભને ખાતર, બોલાવ્યા પછી ગયા છે. જ્યારે તેમના પોતાના દેશમાં બીજાઓ આવી મોજણી પસંદી જાય છે ત્યારે તેમને આમ પરદેશ ખેડવાની જરૂર પડી છે. બ્યાનની આગબુબી કરી કરીને હવે હું કંટાળી ગયો છું. મુજે આ દુનિયામાં કોઇ મુહીમ પડતોજ નથી. (હીઅર, હીઅર.) દક્ષિણ આફ્રિકાના મારા ભાઇઓને મારો નમ્ર સંદેશો આ છે:

લાક્ષાજીનો સંદેશો

"તમે જે લડત મર્દાના રીતે બહાદુરીથી ચલાવી રહ્યા છો તે ચલાવ્યે રાખો, કેમકે તમે ખરે રસ્તે ચડ્યા છો. તમે જે બળ પેદા કરો છો, તમે જે બળ ફેલાયો છો તે કાળે કરી અભેદ્ય થઇ પડશે." (મોટેથી તાળીઓ.)

મી. જે. એમ. પારેખે એક ઉમદા અને છટાદાર ભાષણ કરી આ ઠરાવને ટેકો આપ્યો હતો. તેણે હીંદી પ્રજાને એકત્ર થવાને આમંત્રણ પુરવક ભલામણ કરી હતી, અને જણાવ્યું હતું કે સરકાર આખા હીંદને જેલમાં નથી નાખી શકતી, કેમકે જે નાખે તો પછી ચોકી કરવાવાળા કોણ રહેશે?

મી. સકલતવાળા તરફથી ટેકો મળ્યા બાદ આ ઠરાવ સરવાનુમતે પાસ કરવામાં આવ્યો હતો.

બાબુ બાબીનચંદ્રપાળ

બાબુ બીપીનચંદ્રપાળ, જેને ઘણુંજ આદર પુરવક વધાવી લેવામાં આવ્યા હતા તે બીજો ઠરાવ રજુ કરવાને ઉભા થયા. "આ મીટીંગ મી. ગાંધી અને તેના સોબતીઓ ઉપર ટ્રાંસવાલ સરકાર તરફથી બતાવવામાં આવતી ઝેરારતાનુને લીધે જે અકથનીય દુઃખ પડે છે તે માટે તેમના તરફ દીલસોજી જાહેર કરે છે અને તેઓએ એ જે બહાદુરી બતાવી છે તેમાટે તેમના તરફ પુરા માનની લાગણીથી જુએ છે. અને આશા રાખે છે કે જુના જમાનાની તથા મુકરેલી પ્રજાના હક સાબીત કરવાને તેમણે જે હડત ઉઠાવેલી છે તે બહાદુરી થી ચાલુ રાખવામાં આવશે." આ ઠરાવ ના ટેકામાં ભાષણ કરતાં તેમણે જણાવ્યું કે આપણે આભાર માનવો જોઇએ કે લોર્ડ કરજન જાણે હીંદના વાઇસરોય થયા. કારણ કે આટલા બધા વરસ સુધી હીંદ જે કુંભકરણની નીદ્રામાં પડ્યું હતું તેને તેણે જાગતુ કર્યું છે. તેને કરવું તો નહોતું-(દબદબો)-પરંતુ હવે શું કરવા બારે છે તેની કોઇને ખબર પડી શકતી નથી. હીંદુસ્થાનની પ્રજાએ દક્ષિણ આફ્રીકાના હીંદીભાઇઓનું દુઃખમાં પુરતુ લક્ષ આપ્યું નથી એમ કહેવામાં આવે છે. મનુષ્ય પોતાનું કામ પોતાને હાથેજ કરી શકે છે. ખરા બળ વગર જે હક મેળવવામાં આવે છે તે ખરા હક ગણી શકાય નહીં. આ હીંદની પ્રજા મનુષ્ય તરીકેના મુળ હક મેળવવાને પણ અશક્ત છે. ટ્રાંસવૅજ બ્રિટીશ કોલોનીના રાજ્યો તરફથી આપણી તરફ જે વરતન બતાવવામાં આવે છે તે આપણે સમજવાનું ઉતેજન મળે છે. આ સવાલનું નિરાકરણ હીંદુસ્થાનમાંથી થવું જોઇએ, અને હીંદને સ્વરાજ્ય મળે, હીંદનો કારભાર તેને હાથે ચાલે, અને તેના હાથમાં તેને હાથે બાંધવા તે પછી કોઇ સંસ્થાનની કે મુખ્ય મહારાજ્યની પણ સત્તા નથી કે તેમના તરફ હાલ દરેક સંસ્થાન માં વરતન ચલાવવામાં આવે છે તેવું જરા પણ વખત પણ નભી શકે. (તાળીઓ.) મી. ગાંધીના હાથથી કાંકરી ઉપર પડતો દરેક હથોડાનો ઘા આપણા દેશને બંધન કરનાર સાંકળોના અડોડા ઉપર પડતો સમજજો, અને તે હથોડાના ઘાથી જે કાંકરી માંથી વિભાગ થયા તે અડોડા વિભાગ દીઠ હીંદના બંધનની સાંકળના અનેક અડોડા ના કટકા થયા સમજજો. (તાળીઓ.) તમને છેવટ મારો સંદેશો આ છે:

શ્રીયુત પાળનો સંદેશો

"શાબાશ છે, મારાં મિત્રો; સત્ય અને સ્વતંત્રતાને ખાતર સંકટ ઉઠાવો. મંડ્યા રહો, બાલ ગાંધી. (તાળીઓ) સત્યનો જય થાય છે."

મી. સાવકરે તથા ડો. એ. કે. કુમાર સ્વામીએ ટેકો આપ્યા બાદ તાળીઓના નાદ સાથે આ ઠરાવ સર્વાનુમતે પાસ જાહેર કરવામાં આવ્યો હતો.

મી. જી. એસ. ખાપરડે

મી. ખાપરડેએ ત્રીજો ઠરાવ નીચે મુજબ રજુ કર્યો: "આ મીટીંગ નાતાલ ટ્રેડીંગ બીલની કલમોથી આખા હીંદુસ્થાનમાં જે ફેલાની લાગણી ફેલાયલી છે તેમાં સંપુરણ ભાગ લીએ છે. વડી સરકારની મંજુરી માટે આવેલુ આ બીલ મંજુર રાખવામાં આવશે તો તેથી તે દેશમાં લાંબા વખતથી રહેતી યોગ્ય સેંકડો હીંદીઓની પાયમાલી થશે, અને બહુ હલકારો હીંદી ઓની રોજી જોખમી લેવાશે. આવા કાયદા થી હીંદુસ્થાનમાં જે બોયકોટની રીત ધારણ કરવામાં આવી છે તેને વધારે ઉત્તેજન મળશે એમ આશા રાખે છે." આ ઠરખાસ્તના ટેકામાં મી. ખાપરડેએ હાલ્ય જનક ભાષણ કરતાં જણાવ્યું કે હીંદીઓ તરફ તેમ તામાં નતના રીવાજોને લીધે ગોરા તરફથી અગવડીયોમાં આવેલી પર તુ દક્ષિણ આફ્રિકામાં શું સ્થિતિ છે? ત્યાં ગુજરી નાત બંધાયેલી છે. અને હીંદુસ્થાનમાં અમુક નાત ઉપર જે બંધનો છે તેવા બંધન દક્ષિણ આફ્રિકામાં હીંદીઓ ઉપર છે. જો હીંદી પ્રજા દુનીઆમાં બહાર પડવા અથવા તો દુનિયાની હારે રહેવા માગતી હોય તો હીંદુસ્થાને પોતાની જાત

નોજ આશરો લેવો પડશે. આ આશરો હાથ જોડીને બેસી રહેવાથી મળવાનો નથી. તેમ વાતો કરવાથી કે ઠરાવો કરવાથી પ્રભુ મળવાનો નથી. ત્યારે કેમ મળવાને છે ? લો૦ કરસનદાસે આપણને શીખવ્યું છે. "ઠરાવ ઉપર ઠરાવો કરો" વાહ, તે આપણે કરી એ છીએ. અને તેના પરિણામરૂપે બોઅર કેટની લડતનો જન્મ થયો છે. (તાળીઓ) આપણે ટ્રાંસવાલ સરકારને કહીએ છીએ કે: સાહેબ સારૂ, તમે તમારા દેશના ધણી છો; "તમારો દીગલો આ રહ્યો: પેર આવ્યા જઓ, અમે તમારી સાથે કંઇ પણ કામ પાડવા માગતા નથી. તમારૂ એક રતલ માંસ તમે લઇ જતાં પણ લોહીનું તે સાથે એક ટીપું નહીં મળે. (હાસ્ય અને તાળીઓ).

મી. રોયપનના ઠરાવ ઉપર બોલવાથી આ ઠરાવને ટેકો આપવામાં આવ્યો હતો. ત્યારબાદ તાળીઓ સાથે સર્વાનુમતે આ ઠરાવ પાસ થવાનો જાહેર કરવામાં આવ્યો હતો.

છેવટમાં સર મંચેરજી ભાવનગરીનો પ્રમુખપદ માટે આભાર માની મીટીંગ બરખાસ્ત કરવામાં આવી હતી.

માનવંતા મી. ગોખલે

એ કાગળ લખી જણાવ્યું હતું કે આગળ પર બહાર ગામ અમુક કારણસર જવાનું હોવાથી હું કાલની મીટીંગમાં હાજર રહી નહિ શકું. તે મારે ખરેખર દિલગીર થવું જે કારણસર મીટીંગ બોલાવી છે તેની તરફ મારી સંપૂર્ણ દિલસોજી છે એવું કહેવાની ભાગ્યેજ જરૂર હોય કે દક્ષિણ આફ્રિકામાં આપણા પ્રિય મિત્ર મી ગાંધી— જેના જેવા ઉમદા ખવાસના નર મેં મારી જીંદગીમાં જોયા નથી—તે મી. ગાંધીની આગેવાની હેઠળ જે બહાદુરી ભરેલી લડત ચલાવી રહ્યા છે તે આપણા ઇતિહાસના પાનાઓમાં સદાય મશહૂરીથી ચમકશે. છેવટમાં આપણા દેશીભાઇઓ જીતે કે હારે, પરંતુ જે દેશમાં આવા નર રત્ન છે, તેના ભવિષ્યને માટે કોઇએ નીરાશ થવાનું નથી. હું આશા રાખું છું કે તમારી મીટીંગ, ફતેહમંદ નીવડો.

ટ્રાંસવાલના હીંદી સવાલ વિષે વિલાયતના છાપાઓની ટીકા

"ઇંડિયા"

... ના અંકમાં આ બાબત ઘણી જાતી જાણતી ... ના મંતવ્યો, નીચે ... છે કે હીંદી જાહેરમત આ સવાલ વીષે ઘણો ઉદાસી રહ્યો છે; અને બે૨ સરકારે તે શહેનશાહતની જવાબદારીનું કાંઇ ભાન હોય તો અહીંથી હવે અટકશે. પોકસરસ્ટ માં મી. ગાંધીને ફરીવાર પોલીસની ચોકી નીચે કેદીના કપડાંમાં રસ્તા ઉપરે પથરા ભંગાવવા નું કામ સોંપવાના બનાવથી આપણે પૂર્વમાં આ વાત ચરચાઇ રહી છે. હવે હદ વળી ગઇ છે. હીંદ કેટલું ખાળજળી ઉઠયું છે એ સ્પષ્ટ થયું છે. હાઉસ ઓફ કોમન્સ ની મીટીંગમાં જસ્ટીસ અમીર અલીએ હીંદના આવેશનો જે ચીતાર આપ્યો તેમાં જરા પણ વધુ પડતું કહ્યું નથી. લો૦ ઓમ્પથીલને સર રીચર્ડશાહ મેતાનો તાર આ વાતની સાક્ષી પુરે છે, અને નાતાલના ના નામ સાહેબે આ વાતનો જે પુરાવો આપ્યો તે વળી આ ઉપરાંત. કેકસ્ટન હોલની મીટીંગમાં ત્યારે સર મંચેરજી ભાવનગરી તથા મી. લાલા લજપતરાયે મી. ખાપરડે તથા મી. બીપીનચંદ્રપાળ સાથે મળી એક પ્લેટફોરમ ઉપર ભાષણો આપ્યાં તે કાંઇ જેવી તેવી વાત ન ગણી શકાય. આ સઘળું છતાં ઇંગ્લંડ જાગ્યું છે કે કેમ? વડી સરકાર ની બેદરકારભરી રાજનીતિથી આ મુશ્કેલીમાં હમેશ થયો છે. લોર્ડ ઓરવી તે વડી સરકારની સત્તાનો ઉપયોગ કરી એસીઆટીક બને તેવીને લગતા કાયદા સામે પહેલેથી દરના બતાવી હત તો આ મુશ્કેલી થવા પામત નહીં. પણ સ્વરાજ્ય મજૂર તે વખતે સર રીચર્ડ સોલે.મને જણાવ્યું હતું કે 'આ સરત તે માત્ર નામનીજ છે', એક પછી એક જેરી કાયદા કબુલ રાખવામાં આવ્યા..... લો૦ કરસન એ નાતાલના બેવારી કબજાને નામંજુર રાખવામાં મહોજ ઉદાપણ લીધો રહેતો કાઢયો છે. ટ્રાંસવાલના મામલા તરફ પણ તેવુંજ ઉતારવે ધ્યાન આપવાની જરૂર છે. કોમીનેટથી હીંદી કોમના આગા એશ્યા અને ટ્રાંસવાલની સરકાર દાબવા ઉપર ડામ દેવા મજે છે તે બધું સાંખી ને બેસી રહી શકાશે નહીં દાબ તે બેસી રહેશે અને પાછળથી જે કાંઇ કરવા બેસશે સારે તેમને માલુમ પડશે કે આગ લાગ્યા પછી કુવો ખોદવો તે નકામું છે.

આ સવાલ ઉપર દીદાની દીલગીરી દર્શાવનારા અને ટ્રાંસવાલ સરકારની રાજ નીતિને સખત શબ્દોમાં વખોડી કાઢનારા પેપરોમાં 'ડેલી ન્યુસ' (તા. ૧૭ ઓકટોબર), 'મોર્નીંગ સ્ટાંડર્ડ' તથા 'સેટ.જેમ્સ ગેઝેટ' (તા. ૨૦ ઓકટોબર), અને 'વેસ્ટમીન્સ્ટર' (તા. ૨૮ ઓકટોબર). તા. ઓબ્ઝર્વરના ... અમને મળેલાં છે જે જગા ઉપર અતી ... ને લીધે અમે ... કરી શકતા નથી.

હાઉસ ઓફ કોમન્સની મીટીંગ

ટ્રાંસવાલના હીંદી વીષે ચરચા

આ સવાલ વીષે ચરચા કરવાને ગયા માસની તા. ૨૬ મીએ હાઉસ ઓફ કોમન્સના મેંબરોની ખાસ મીટીંગ મળી હતી, જે વખતે પ્રમુખ, લો૦ ઓમ્પથીલ, જી. સી એસ. આઇ., ઉપરાંત નીચેના બીજા મેંબરો તથા સીરીયોમ્બન અને નામાંકીત બીજા હાજર હતા. લો૦ મેકીન્ટર્ન, સર એફ. કેનીંગ, સર મંચેરજી ભાવનગરી, કે. ઓરનટન, સર હેનરી કોટન, સર ચાર્લ્સ રેયાન, કે. રૂધરફરડ, સર વીલીયમ મરેમપ્ટન, જસ્ટીસ અમીર અલી, મેસર્સ જે. એમ રોબરટસન, હેરોલ્ડ કોકસ, ડબલ્યુ. પી. બાઇટસ, ઓ. એચ. સ્કોટ, જોસેફ વોલ્ટન, જે. એફ. મેકામ, કે. એચ. પોલાક, એલ. ડબલ્યુ. રીચ, એચ. હોગ્ટ, ટ્રેનીસ, એ. એચ. કે સરીટ, જયોરજ હારબુડ, જેમ્સ ઓગ્રેડી, સી. ઇ. મેસર, એચ. એફ. બી. હૅરિસ, અને જી. પી. ગોખ. આ મીટીંગ બોલાવવાને કારણો સરકુબુલરમાં જણાવવામાં આવ્યું હતું કે આગેવાન બેપારી ઓ અને બીજા હીંદીઓ મળી કુલ ૩૦૦ હીંદીઓ છેલ્લા બે માસમાં ધુની કાયદાને નાકબુલ કરવા માટે સખત મજુરીની જેલ ભોગવી રહ્યા છે તેઓ લડાઇ પહેલાંના રહીશ છે એમ કાયદેસર પુરવાર કરેલું છે આ મીટીંગમાં સર મંચેરજી ભાવનગરી તથા મી. જસ્ટીસ અમીર અલીએ ભાષણો આપ્યાં હતાં. હીંદુસ્થાનમાં લોકોની લાગણી કેટલે સુધી ઉશ્કેરાઇ ગએલી છે તે બતાવવાને તેમને મળેલા કાગળો તથા તારબાંધી કેટલીક હકીકત મીટીંગમાં વાંચી સંભળાવી હતી. આમાંના કેટલાંકેક લખાણો હીંદી સર દાર તરફ પક્ષપાતી બતાવનારા નામાંકીત નરો તરફથી હતાં. મી. અમીર અલીએ ટ્રાંસવાલના મામલાની ચર્ચતા જતી ગંભીરતા ઉપર ધ્યાન ખેચ્યું હતું. બાદ લો૦ હરસ અને લો૦ મોરલી પાસે ઠરાવ તથા પાર્લામેંટના મેંબરોનું એક ડેપ્યુટેશન લઇ જવાનું નકી કરવા માં આવ્યું હતું. અને લો૦ ઓમ્પથીલ તરફ મીટીંગમાં ... ઉપર ... કર્યું હતું આ ...

વડી પારલામેંટમાં ચરચા

ગઇ તા. ૨૧ મીએ હાઉસ ઓફ લોરડસમાં દક્ષીણ આફ્રિકાને લગતી નીચે ની ચરચા થઇ હતી.

લોરડ એમ્પથીલે હમા થઇ પુછ્યું કે ટરાંસવાલમાં મી. ગાંધી અને બીજા હીંદી જેલમાં ગયા તે તમારી જાણમાં હશે. તે વિષે હીંદુસ્થાનથી શું સખ્તણો મળ્યાં છે, અને આ જેલીઓ ઉપર સખ્તાઇથી ગેરવરતણુંક ચલાવવામાં આવે છે તથા તેમને કેદમાં અપોગ્ય અને અધુરો ખોરાક અપાય છે તે વિષેની કોલોની ખાતાના વડા પ્રધાન પાસે ફરીયાદ આવી છે? અને જો આવેલી હોય તો તે વિષે તેણે શું ઉપાયો લીધા છે? નાતાલની ધારા સભાએ ઘડેલ એશીઆટીક વેપારી વીરુદ્ધના બીલો વડી સરકારની મંજુરી માટે મળ્યાં છે? અને જો મંજેલાં હોય તો તે વિષે નામ વડી સરકાર શું કરવા માગે છે? આ સવાલનું નીરાકરણ કરવા માં વડી સરકાર અશકત નીવડે છે તેથી રહેનસાહત મોટા જોખમમાં આવી પડવા સંભવ છે. ટરાંસવાલમાં હીંદીઓની હાલ મારી,ભોગવટા સાથે સરખ્ખ જાહેર કરવા માંના કારણોમાંનું એક સબળ કારણ હતું. લડાઇ પછી આ દુઃખો જરા પણ કમી થયાં નથી, ઉલટાના વધેલાં છે. આવા કારણ ધડીને ટરાંસવાલની સરકાર હીંદીઓનો કોલોનીમાંથી પત્ત કાઢી નાખવાને ઇચ્છતી હોય એમ જણાય છે. આવી પોલીસી સામે વડી સરકાર કાંઇ પણ કરવાને અશકતી બતાવે છે તેમ તેમ ટરાંસવાલ હીંદીઓ તરફ વધારે સખ્તાઇ ભરેલી રાજનીતી ચલાવતી માલુમ પડે છે.

લોરડ એમ્પથીલના ઉપરના સવાલો તથા ભાષણના જવાબમાં કોલોની ખાતા ના વડા પ્રધાન અરલ ઓફ ક્રેવનએ જાહેર કરયું કે આ સવાલમાં પક્ષાપક્ષી રમી કાંઇ પણ બોલવામાં આવે એ અફસોસની વાત છે. દાખલા તરીકે લોરડ એમ્પથીલે કહ્યું કે ટરાંસવાલ સરકારનો ખરાદો હીંદીઓનો પત્ત કાઢી નાખવાનો છે. આમ આપણે વાજબી રીતે કહી શકતા નથી. મી. ગાંધીને કેદ કરવા બાબત જે—બનાવને માટે હું ધણોજ દીલગીરછું—છાપામાં મને જે ખબર મળેલા છે તેથી વીરોધ હું કાંઇ બનાવતો નથી; પરંતુ મી. ગાંધીને જાને માટે કેદ કરવામાં આવ્યા કે તેની વીગત ટરાંસવાલ સરકાર પાસેથી તાર મારફત મુળાવેલ છે. હું ધારું છું કે તે સત્યા ગ્રહની લડતમાં ભાગ લીધો છે તે બદલ તેને સજા થઇ હશે. જેઓ લડાઇ પહેલા ના ટરાંસવાલના રહીશ નથી તેમને આવવા દેવાના સબધ વીષે હું એમ ધારું છું કે જેઓ કેળવણીની પરીક્ષામાં પાસ થઇ શકે તે બધાને આવવા દેવાની માગણી હતી. ટરાંસવાલ સરકાર પાસે આ માગણી કબુલ રખાવવી એ અસંભવીત વાત છે, પણ અમુક વરસના થોડા માણસોને આવવા દેવા એ વાત જુદી છે. કેળવાએલ વરસના માણસો પુરતી સંખ્યામાં આવી શકે એવી ગોઠવણ કરી શકાય એમ છે. (હીઅર, હીઅર) પરવર નર-ઇન-કાઉન્સીલ તેમને તરતજ દાખલ કરશે. ટરાંસવાલમાં હીંદીઓ તરફ સખ્તાઇ ભરેલી વરતણુંકના સંબંધમાં એક ફરીયાદ મળી છે કે જુદા માણસો તથા બાળકો ને બંદા મકાનમાં રાખ્યા હતા તથા પુરતો ખોરાક પણ નહીં આપેલો હતો. આ વીષે ખરું શું છે તેની ખબર એક લખા પરવરનરને મેં તાર કરેલ છે. તેનો જવાબ મને મળ્યો નથી. વેપારીઓના લાઇસેન્સ બીલ બાબત જણાવવાનું કે ગીરમીટીઆ હીંદીઓને અટકાવવા બાબત નું પહેલું બીલ તો લટકતું રહ્યું છે. બીજા બે બીલો જે ઘડવામાં આવ્યા છે તે હજુ મારી પાસે આવેલા મેં જોયા નથી પરંતુ તેને સરકાર મંજુર રાખી શકે એવા નથી એમ ચેતવણી આપી છે.

હેરોલ્ડ કોકસે હાઉસ ઓફ કોમન્સમાં પુછ્યું હતું કે લડાઇ પહેલાં ટરાંસવાલના રહીશ હીંદીઓના ઉપર જે તકલીફો છે તે વડી સરકારના ખ્યાલમાં છે? તેઓ શહેરી તરીકેના હક અમર જમીનની માલીકી ધરાવી શકતા નથી, તેઓને ખાસ જોડેશનમાં રહેવું પડે છે, અને તેમને નામ ફેમ તથા નીશાન સાથેનાં રજીસ્ટરો રાખવાં પડે છે. તેમાં તેના કુટુંબની વીગત અને અંગુઠાની છાપ આપવાં પડેછે. લડાઇ પછી ટરાંસવાલમાં હીંદીઓના કયા દુઃખ ઓછાં થયાંછે એ જણાવવામાં આવશે?

ઉપરના સવાલના જવાબમાં નામદાર પ્રધાન કરનલ સીકીએ જાહેર કરયું કે ટરાંસવાલના હીંદીઓ ઉપર સંખ્યાબંધ બંધનો છે. મારા માનવંતા મિત્ર અમુક એક બંધન વીષે જણાવવાને બહલે સામા ન્ય વાત કહે છે, તેઓ એશીઆટીક જોડેશનમાં જાણીજ હશે. આ સંબંધે નામદાર વડી સરકાર ટરાંસ વાલ સરકાર સાથે ખાનગી પત્ર વહેવાર ચલાવે છે. લડાઇ પહેલાં જે મુખ્ય દુખને માટે ફરીયાદ હતી કે હીંદીઓને જોડેશનમાંજ રહી વેપાર કરવાના હક હતા. આ તેમજ બીજાં કેટલાંક નાના બંધન લડાઇ બાદ દુર કરવામાં આવ્યાં છે.

આખા ટરાંસવાલના મુસલમાનો નો માસ મીટીંગ

—o—

જનરલ બોથાના જુઠાણા સામે પ્રોટેસ્ટ

[૪. ઓ. માટે ખાસ રીપોર્ટ]

ગયા રવીવારના રોજ બપોરના ૩ વાગે આખા ટરાંસવાલના મુસલમાનોની મીટીંગ હમીદીયા ઇસ્લામીક સોસાયટીના હોલમાં મળી હતી છતાં લોકોથી સોસાયટીનો હોલ ભીકાર થઇ ગયો હતો. મી. પોલાક મીટીંગનો વખત થતાં આવી પહોંચ્યા હતા. કરસરસોરપ, રૂડીયોરટ, ન્યુસેન્ડ, બોકસબરગ, જરમીસ્ટન, બેનોની, વીરીની ખન. વીગેરે જગ્યાઓથી ડેલીગેટો આવ્યા હતા. સોસાયટીના એકટીંગ ચેરમેન મી. ઉમરજી સાલેજીએ તાળીઓના અવાજ વચ્ચે પોતાની ખુરસી લીધી હતી. સેક રેટરી મી. ફેનસીની ફરમાયથી મી. દીલ દારખાને થઇ મીટીંગનો રીપોરટ વાંચી સંભળાવ્યો. જે માં મહમદ હસીમની દરખાસ્ત અને મી. અબ્દુલ રઝાકના ટેકા થી પાસ થતાં ચેરમેને મીનીટ ઉપર સહી કરી હતી.

ચેરમેને આજની મીટીંગ બોલાવવાનું કારણ જણાવ્યું કે એક દિવસપર અઠવાર પડેલી બ્રુ શુકમાં જનરલ બોથાનો એવો રીપોરટ છે કે ટરાંસવાલની સત્યાગ્રહની લડતમાં મુસલમાનો મોટા પ્રમાણમાં ભાગ લેતા નથી. અને તેઓ એ બાબતથી તદન અલગ છે. આ રીપોરટનો રદીઓ આપ વાને આજ રોજ તમામ મુસલમાનોની મીટીંગ બોલાવવામાં આવી છે. જનરલ બોથાએ રીપોરટમાં જે હકીકત લખી છે. તે તમામ ખોટી છે, કારણ કે હીલચાલ શરૂ થઇ ત્યારથી આજસુધીમાં ઘણાં મુસલમાનો જેલમાં ગયા છે, હજુ ઘણા માણસો જેલમાં છે, અને ઘણા જવા તૈયાર છે. અને હું મુસલમાનોને આજ રોજ ફરમાવું છું કે જનરલ બોથાની બાતને જુઠી પાડવા જથ્થાબંધ માણસોએ

પારલામેંટ પાછી મળી છે. સાથે સાથે તોફાનો પણ શરૂ થયાં છે. સફરેજીસ્ટ પક્ષની બાઓએ દડ કીધી છે. હાઉસ ઓફ કોમન્સ ઉપર હલ્લો લઇ જતાં પોલીસે ઘણી બાઇઓને પકડી છે. મીસીસ પેનકરસ્ટ, મીસ ક્રીસ્ટાબેલ પેનકરસ્ટ અને મીસીસ હરમંડ એમને ત્રણ માસની જેલ મળી છે. કેસમાં બે પ્રધાનોને જુબાની આપવા કોરટમાં હાજર થવું પડયું હતું. મીસ પેનકરસ્ટ બારીસ્ટર છે. પણ જ્યારે બ્રી હોવાથી તેનાથી કોરટમાં કેસ ચલાવાતો નથી. પોતાનો કેસ જે ચાલાકીથી ચલાવ્યો છે, જે ચાલાકીથી તેણે સાક્ષીઓની ઉલટપાલટ તપાસ કરી છે, તેના સહુ કોઇએ વખાણ કીધા છે. પોતાના હકને માટે લડત લેનારી બાઇઓ નો દાખલો ટરાંસવાલના હીંદીઓને ગતે જન આપનારો છે.

લંડનમાં ઈદુલફીતર

આ તહેવાર ઉજવવાને હીંદ, તુરકસ્તાન ફરાન, ઇજીપ્ત અને મોરોકોના મુસલમા નો એક રીસ્ટોરંટમાં એકઠા થયા હતા. એક ઓરડામાં સફેદ ચાદર પાથરવામાં આવી હતી. જોડા ઉતારીને તે ઉપર ના મદાર તુરકીના એલચી સાથે રહી સઘળાએ તેમના રીવાજ મુજબ એક સાથે ખુદાની બંદગી કરી હતી. ખુબાદત કરવામાં નાના મોટાનો ભેદ નથી ગણાતો એ મુસલમાની ધરમની રીત વખાણવા લાયક છે.

મુસલમાની કળાકુનરનું પ્રદરશન

આ ગઢવાડીઆમાં મુસલમાની કળા કુનરનું એક પ્રદરશન લોરડ લેનસડાઉન ને હાથે તા. ૨૨ના રોજ ખુલ્લું મુકવામાં આવ્યું છે. જસટીસ અમીરઅલી અને બીજા ગરહસ્થો હાજર હતા. તે વખતે ના. તુરકીશ એલચીએ ભાષણ કરતાં કહ્યું કે ઇસલામ વિદ્યા કુનરને પાછળ હઠાવનાર નથી પણ આગળ વધારનાર છે. આ પ્રદરશન તે તેનો પ્રત્યક્ષ પુરાવો છે. હમણા તુરકીમાં જે સુધારા થાય છે તેમાં પણ ધરમગુરૂઓ અગરેસર ભાગ લે છે. આ પ્રદરશનમાં હીંદુસ્થાન, ઇજીપ્ત, ઇરાન, તુરકી અને મોરોકોમાં મુસલ માનોએ કરેલી ઉતમ કારીગીરી જોવાનો અપુરવ લાભ જુલાય એવો નથી. મોગલાઇ ના વખતની ચીત્રકળા, ઇરાનના ગાલીચા અને નળીઆ, ઇજીપતના ઘર, રાચરચીલું તથા લાકડા ઉપરનું નકશી કામના ઉતમ નમુના બહુજ ધ્યાન ખેંચનારા હતા. આ પ્રદરશન જોનારને તમામ કુનરકળા વિષે સમજણ પણ આપવામાં આવે છે. આસ પાસની નિશાળોમાંથી નાના વિદ્યારથીઓને બોલાવી બધું સમજાવી બતાવવામાં આવે છે, તથા તે ઉપર અનુકુળ ભાષણો આપવામાં આવે છે. આ સઘળાથી મુસ લમાન કારીગીરીનો યુરોપને સારો ભાસ આવે છે.

હીંદુસ્તાનની ટપાલ

સ્ટીમર અમકુરીમાં કેપનો રસ્તે જનારી ટપાલ તા. ૪ ડીસેંબર શુક્રવાર સવારે ૯. ૩૦ મીનીટે બંધ થશે.

સ્ટીમર કેઝરમાં શીલોંગના ટાપુ રસ્તે થઇ મુંબઇ જનારી ટપાલ તા. ૮ ડીસેંબર મંગળવારે બપોરે ૩. ૩૦ મીનીટે બંધ થશે.

સ્ટીમર રીસ્ટારમાં બેરા રસ્તે જનારી ટપાલ તા. ૧૫ના અરસામાં બંધ થશે.

રૂટર જણાવે છે કે નાતાલમાં હીંદી કેળવણી સંબંધના એક સવાલના જવાબ માં કરનલ સીલીએ હાઉસ ઓફ કોમન્સ માં જાહેર કરેલું છે કે નાતાલમાં હીંદી બાળકોની કેળવણીના સંબંધમાં તપાસ કરવામાં આવી છે.

કર્નલ સોલીના વિચારો

કેલેાની ખાતાના નામદાર પ્રધાન કર્નલ સોલીએ હીબરસ કેલેાનીઅલ કલબમાં ખાણુા બાદ "ઓરીયેંટલ ઇમીગ્રેશન" વિષે બેાલતાં જણાવ્યું કે, આ સવાલ હાલ વીશેષ અગત્યનેા ધારી જે તેના ઉપર બેાલવાનું ધારવું છે. રહેનશાહની મહત્તા વધારવાને ઘણી બાબતેા જરૂરની છે. તેમાંની એક એ છે કે એક બીજા દેશમાં માણસેા જઇ આવી શકે. હું માનું છું કે આ બની શકે તેવી વાત છે, પરંતુ તે વિષે ઝીણવટથી ખ્યાલ કરી આ ઘેરણ કેવા પ્રકારનું હેાવું જોઇએ તે નક્કી કરવાની જરૂર છે. અને તે ઘેારણની હદ સુધીમાં ઇમીગ્રેશનને દરેક રીતે ઉતેજન આપવું જોઇએ. અમુક કામની પાસે સંચા માણસ કામ કરાવી પાછી મેાકલી દેવા એ વિચારેા તજી દેવા જેવા છે. બ્રીટીશ રહેનશાહતના ભાગમાં જે લેાકેા આવે તેના સંબંધમાં એટલું યાદ રાખવાનું છે કે જેઓને એક વખત દાખલ કરવામાં આવે તેને રહેવરી તરીકે ગણવા. ટ્રાંસવાલમાં દીંદી સવાલ મુશ્કેલી ભરેલેા છે; નાતાલનેા દીંદી સવાલ તેથી પણ વધારે મુશ્કેલીવાળેા છે. જો કેલેાનીસ્ટેા એમ માનતા હેાય કે તેઓના દેશમાં, દેશના હીતને ખાતર, કેણ આવી શકે અને કેણ ન આવી શકે તે ઠરાવવાનું તેમના પેાતાના હાથમાં હેાવું જોઇએ, અને વળી સરકારે આ વાત કબુલ રાખવી જોઇએ. આ બધું કબુલ રાખવા લાયક હેાય તેા તેની સાથે તેમણે સમજવાનું છે કે જે લેાકેાને એક વખત રહેવા દેવામાં આવ્યા છે તેમના તરફ ભલી વરતણુંક ચલાવવી, એટલુંજ નહિ પણ તેમના તરફ હમેશાં મેાટું દીલ રાખી વરતવું. દક્ષીણ આફ્રીકામાં વિચીત્ર મામલેા થઇ પડયેા છે. હજારેા દીંદીઓ ત્યાં ગયા. ઘણાખરા નાતાલમાં આવ્યા તેને આવવાનેા આગ્રહ કરવામાં આવ્યેા હતેા અને ઉતેજન આપવામાં આવ્યું હતું. અને તેઓ ત્યાં હમેશને માટે ઘર કરી વસી શકશે, એવી માન્યતા આપવામાં આવી હતી. દક્ષીણ આફ્રીકાના લેાકેા આ વાત વધારે ગુંચવાડા ભરેલેા કરવા માગતા નથી. હું પેાતે તેઓના મતને મળતેા આવું છું. જનરલ બેાથા અને મી. સ્મટસ મારા વિચારેાને મળતા આવશે એમ માનવાનું મને કારણ છે. પણ એ નિર્શંક છે કે આ સવાલ હવે બહુ ભારી થઇ પડયેા છે, કારણ કે તે કેલેાનીમાં એશીઆટીક વસતી ગેારી વસતી કરતાં વધારે થઇ પડી છે. તેનું નીરાકરણ શું આવશે તે અત્યારે કેાઇ કહી શકે નહીં. પરંતુ તેમના તરફ ભલું વરતન અને કાયદેસર રાહત આપવાની જરૂર છે અને કહાય તે અસંજોગ બને તેા તેમને પુરતેા અને દીલા વરી બદલેા આપેા ઘટે છે. બાદ કરનલ સોલીએ ઓરટરેલીઆમાં ઇમીગ્રેશનને લગતી કેટલીક ચરચા કરી હતી.

ગેાગએાની દીલસેાજી

ટ્રાંસવાલના દીંદી સવાલથીવિલાયતમાં નામીચા ગેારાએો દીંદીને દાદ અપાવવા માટે કેટલી મહેનત કરી રહ્યા છે તેનેા ખ્યાલ કરવાને અમે નીચેના કાગળ પ્રગટ કરીએ છીએઃ

સર ચારલ્સ બરૂસ

મેારીશીઅસના માજી ગવરનર સર ચારલ્સ બરૂસ મી. રીચને લખે છે કે "ઇમ્પાયર રીવ્યુ" માસીકમાં જે લખાણ મેં કરયું છે તે ચેાપાનીઆ રૂપે બહાર પાડવાનેા હું ઇરાદેા રાખું છું. તેની નકલ આ સાથે બીડું છું તે તમારે તપાસી જઇ તેમાં જોઇતા સુધારા વધારા કરવા એ હું જરૂરનું ધારૂં છું. આ કામ તમે હાથ ધરેા તેા તેનું કેટલું ખરચ થશે. તથા તેની છપામણી વિગેરેનું મું દામ લાગશે તે મને જણાવશેા. આ ચેાપાનીઆ વેચી શકાય એમ નથી. આપણે ચેાગ્ય ઠેકાણે મફત વહેંચણ કરીશું.

મી રીચ

ઉપરના કાગળના જવાબમાં મી. રીચ માજી ગવરનરને લખે છે કે તમારા આ વિચારથી હું બહુ ખુશી થયેા છું. તે લખાણ જોઇ ઘટતી સુચનાઓ હું ઘણી ખુશીની સાથે કરીશ. ખરચ વીશે, મારે પેાતાનું ૬૦૦ નકલનું ચેાપાનીયું છપાવતાં મને પા. ૬૦નેા ખરચ લાગ્યેા હતેા. આ ચેાપાનીયું કાંઇક ઓછે ખરચે થઇ શકવા સંભવ છે. મને લાગે છે કે આ બધું લખવાની મહેનત ઉપરાંત તેના ખરચનેા બેાજો, તમારે માથે ન પડવેા જોઇએ. વળી તે સાથે મારે એમ પણ જણાવવું જોઇએ કે દક્ષિણ આફ્રીકાના ગરીબ દીંદીઓ જે આજ સુધી આ કોમીટીને માટે બધેા ખરચ ઉદારી રહ્યા છે, તેમની હાલ નાણાં સંબંધી રીતી બહુ બારીક થઇ પડી છે. તમારી આ દીલસેાજી અને દીલા વરીના તેમને ખબર પડશે ત્યારે તેઓ તમારા, ખરેખર, ઘણા આભારી થશે.

છેલ્લા ખબરેા

[સ્પે. એા. માટે ખાસ તાર]

વેાકસરસ્ટ, ગુરૂવાર

મેસરસ મેની અને મેાટાલાને અગુઠા નહીં આપવા માટે ગઇ કાલે રેાકવામાં આવ્યા હતા તેને આજે છેાડી મુકયા છે. તેઓ જોહાન્સબરગ જાય છે. મેસરસ હકીમ અને મુસાજીને સહી લઇ પાસ કર્યા છે. અહીંના જેલરેાઓની મુલાકાત હમણાંજ લીધી છે. તેઓ સઘળા ખુશી મજામાં છે.

જોહાન્સબરગ, શુક્રવાર

ઇમામ અબદુલ કાદર બાવાઝીર મી. ગાંધી અને બીજાઓ જે વેાકસરસ્ટ તથા બારબરટન ખાતે જેલમાં છે, તેમને ગેર કાયદે સર પુરેલા છે, એમ બતાવવાને ખાતરી રજુઆત કરવામાં આવી હતી. તેના જવાબમાં એટરની જનરલે તેમને છેાડવાનેા હુકમ કરવાની ના પાડી હતી. તેના કારણમાં એમ બતાવ્યું હતું કે પ્રમુખ તથા મી. ગાંધીએ રજીસ્ટર [illegible] છે એટલે તેમને ૯ મી કલમ લાગુ પડે છે. તે કલમ રજીસ્ટર થીનારા એશીઅાટીકને લાગુ પડતી નથી. ૯ મી કલમનેા અમલ બીજે થઇ શકે છે. દીંદીઓ આ ખુલાસેા કબુલ રાખી શકતા નથી. કારણ કે ૧૭ મી કલમમાં સરકાર ઓળખાણના સાધન કયારે માગી શકે તે બીના છે અને નવમાં કલમમાં ઓળખાણના કયા સાધન માગી શકે તે બીના છે વળી ૯ મી કલમ સધળાને-રજીસ્ટર થયેલ તથા નહીં થયેલને-એક સરખી રીતે લાગુ પડે છે. અને તે કલમ ડીસેમ્બરની પહેલી તારીખ અગાઉ અમલમાં આવી શરતી નથી.

પ્રિ. પ્રે. એસેાસીએશન જેલીઓના છુટકારાની માગણી કરતી નથી, પરંતુ બતાવે છે કે તેઓને કેદ રાખવા એ ગેર કાયદેસર છે. મુંગળવારે બોલેા વેાકસ રસ્ટના મુકામદા ઉપરથી પણ આ ચેાખ્ખું જોઇ શકાય છે.

'સ્ટાર' છાપાના કોલમેામાં મેસરસ. હોસકેન, કેક, હોવરડ, અને પોલે ક ઉપર હુમલેા કરનારાં લખાણેા ચાલી રહ્યા છે.

ગુરૂવારે સાંજે નાતાલના આગેવાનેા અને જેલમાંથી છુટેલા બીજાઓને ભેાજન આપવામાં આવી હતી જે વખતે ઉત્સાહ ભર્યા ભાષણેા આપવામાં આવ્યાં હતાં.

વધુ ચેતવણી

વેાકસરસ્ટમાં સ.૨૪૮ અંગુઠા માગે છે અને જે અંગુઠા આપવા ના પાડે તેની પાસેથી સહીજ માગે છે. અમારે જણાવવું જોઇએ કે સહી કાયદાની રૂપે માગે છે એટલે ફરજીયાત છે. દીંદી કોમ કાયદાને માટે લડી રહી છે. સહી આંગળા કે અંગુઠાની છાપ મરેની આ લડત નથી. ત્યાં સુધી કોમની માગણી કબુલ ન થાય ત્યાં સુધી આમ સહી પણ ન આપવી એમ અમારી સહુને સખત ભલામણ છે. અંગુઠા નથી લેના એમ સમજી કોઇએ ખોટેા લાભ લેવાનેા પણ નથી.

ટ્રાંસવાલની લડતને લગતા જાણવા લાયક અખરો

મી. હુસેન દાઉદ તેના એક મિત્રને કરણામય અંગ્રેજ કામળમાં લખી જણાવે છે કે મારા બાવા તથા રૂસ્તમજી શેઠને રસ્તા ઉપર પથરા ભાંગવાનો સમય આવ્યો એ જોઇ મારી આંખોમાંથી પાણી ટપકે છે. આ પાણી તેમને કરવી પડતી મજુરીના ન સમજશો. પણ મારા હીંદી ભાઇના તકદીરના વિલાપના સમજજો. મી. હુસેન હૃદય પીગળાવે તેવી બંદગી કરી કહે છે કે, હે! ખુદા અમે તારે શરણ છીએ. તું જુલમગારના પંજામાંથી છોડવ; અમે કાળી ચામડીના સરજ્યા તેથી આવું દુઃખ?" લાર્ડ બાઢ ધ્રુજીહાસીઇ દાખલા આપી જણાવે છે કે મેરી રાણીએ જ્યારે લેટીમર અને રીડલીને જીવતા બાળી મુકવાનો હુકમ કરેલો ત્યારે લેટીમરે કહ્યું "માસ્તર રીડલી, આજે આપણે મોટી ખુશીનો દહાડો છે. કારણ કે આજે આપણે એવી રોશની સળગાવીશું કે ખુદાની રહેમથી તે રોશની કદી બુઝાશે નહીં" તેમજ હું બંદગી કરું છું "ઓ ખુદા, મારા હીંદી ભાઇઓ જે રસ્તા બનાવે તે બધો કામો રાખજે, અને તે રસ્તાનું તોફાન માંથી રક્ષણ કરજે" હીંદીઓ આજે એવા રસ્તા બાંધે છે કે તે ખુદાની રહેમથી કદી પણ નાશ પામશે નહીં. કારણ કે તે રસ્તો સત્યનો છે–સ્વમાન–અને ધરમનું રક્ષણ કરવાનો છે.

* * *

હીંદીપત્રમાં એક વધુ કારટુન બહાર પડેલ છે જેમાં ટ્રાંસવાલનો એક મજબુત કિલ્લો બનાવી તેને એક હીંદી મોટ્ય હથોડાવતી તોડવાનો પ્રયત્ન કરે છે. આ હથોડા ઉપર લખેલું છે કે 'હડીયાર વિના સામે થવું' તેની નીચે લંડન મીટીંગ તથા ડેપ્યુટેશનનો કેદલોક હેવાલ લખેલો છે.

* * *

ઓકટોબરની ૨૬ી તારીખે લંડન કોલેજ ડીબેટીંગ સોસાયટીની મીટીંગમાં મી. જે. એચ. પોલાકે નીચેનો ઠરાવ રજુ કરેલ હતોઃ "સોસાયટીની આ મીટીંગ ટ્રાંસવાલમાં વસતા બ્રીટીશ હીંદીઓ તરફ જે વરતણુંક ચલાવવામાં આવે છે તે ઘણીજ શરમ ભરેલી જણે છે તથા વડી સરકાર ને વચ્ચે પડી ન્યાત લાવવાની અરજ કરે છે." મોજુદ વિદ્યાર્થીઓ ઘણા ભાઇ આ ઠરાવ પક્ષ લઇ જાહેર કરવામાં આવ્યો હતો।

'સાંજવરતમાન' જણાવે છે કે ટ્રાંસવાલમાં હીંદીઓ ઉપર પડતા જુલમ માટે પ્રોટેસ્ટ ઉઠાવવાને શેરીફ મારફત જાહેર સભા બોલાવવાની હીલચાલ થઇ છે.

* * *

ટ્રાંસવાલના હીંદીવાનોને ઝમવી પડતી હાડમારીઓના સંબંધમાં કોઠારના રહીશો એ તારનો જે સંદેશો નામદાર વાઇસરાય ઉપર મોકલ્યો હતો, તેના જવાબમાં જણાવવામાં આવ્યું છે કે, એ સવાલે હીંદી સરકારનું ધ્યાન ખેંચ્યું છે અને ટ્રાંસવાલમાં બ્રિટીશ હીંદીવાનો તરફ દીલસોજી ભરી વરતણુંક ચલાવવામાં આવે, તેવી પોતાની બનતી દરેક કોશીષ હીંદી સર કાર કરશે.

* * *

ગતીજ તુરમાહદ નામના એક હીંદીને હીંદુસ્થાનથી આવતા ડેલાગોઆબે તથા યીંડી વચ્ચે જે ઘકકા ઘકકી થયા તથા બોકસરસ્ટ જેલમાં ગેરકાયદેસર પૂરી રાખેલા કેદ થયેલા હીંદી તથા નાગીચા વેપારી ને ઉઠાવ પછી જે હાલસ બજવાયું અને અને હજુ બીજા ચાર હીંદી–જેમાં એક હમીદીયા સોસાયટીના પ્રમુખ છે તેને ગેરકાયદેસર જેલમાં રાખી મુકેલ છે, તે વિષે જાહેર પ્રજાનું ધ્યાન ખેંચનારો મી. પોલાકની સહીનો એક કાગળ ટ્રાંસવાલ ના છાપામાં છપાયો છે. આ કાગળમાં, મી. પોલાકે ચેમ્બર ઓફ કોમરસ મંડળ વારને દિવસે ઠરાવ કરવાની છે તે સામે ચેતવણી આપી છે કે કાયદો અમલમાં મુકવાને માટે જનરલ સ્મટસને ટેકો આપનારો ઠરાવ પાસ કરવો તે તો બાદી વાત છે, પણ તે અમલમાં મુકવો એ તેટલી સહેલી વાત નથી. ખુની કાયદો અમલમાં મુકી શકાય તેમ નથી કેમ મી. સ્મટસે કબુલ કરેલું છે. સુપરીમ કોરટે પણ તેમજ બતાવ્યું છે. તો હવે ચેમ્બર ઓફ કોમરસ બતાવી શકશે કે આ કાયદો કેવી રીતે અમલમાં મુકવો? સરકારે આ સંબંધમાં ઠરાવ આપ લેની રાજનીતી પકડી હત તો સત્યાગ્રહનો જન્મ પણ થવા ન પામેત. આજે સરકાર ના ત્રણે તેટલા કાયદાઓ છતાં એશીઆ ટીકો ટ્રાંસવાલમાં સંખ્યાબંધ આવી શકે તેવી સ્થીતી છે. હીંદી કોમ બોલી પોતાનો બોલ પાળનાર તરીકે શકતીમાન છે એમ જોઇ શકાયું છે, તો તેનો ખ્યાલ લઇને પછી જોહાન્સબરગ ચેમ્બર ઓફ કોમરસ પોતાનો રાય જાહેર કરવો એમ હું આશા રાખું છું.

મી. હુસેન મીંયાનો કાગળ

હાંકા, તા. ૨૩ ઓકટોબર.

ગુરૂવારના રોજ રાતના ૨, ૩૦ વાગે ઉમરાવની સભામાં આપણા હીરા લોરડ એમ્પથીલે એક અસરકારક ભાષણ કરેલ જેનું પરિણામ એ આવ્યું કે જે નાતાલ ના બે હીંદીઓની ગરદન કાપનારાં બીલો છે તે ઉપર મહેનરાજની સહી નહિ થશે એમ કોલોનીઅલ સેકરેટરી લોરડ ક્રરયુએ લોરડ એમ્પથીલને જવાબ આપ્યો છે. ટ્રાંસવાલનો મામલો હવે અહીંઆં બહુજ ફરી પાછો ચરચાવા લાગ્યો છે. છાપાઓ ભરપુર છે. ઘણું કરી બધા આપણીજ તરફમાં છે. ઇડિઆથી બહુ તારો આવે છે. ગુરૂવારના રોજ સર વીરાજલા મેતા તરફથી એક બહુજ સારો તાર આવ્યો હતો. તેની નકલો બધા છાપાઓમાં છપાઇ હતી. અહીંઆ ભારે અસર થઇ છે. તેને બીજે દિવસે હાઉસ ઓફ કોમન્સમાં લોર્ડ એમ્પથીલના પ્રમુખપણા નીચે એક મીટીંગ મળી હતી. તેમાં એવો ઠરાવ થયો હતો કે હાઉસ ઓફ કોમન્સના કેટલાક મેંબરો તેમ હાઉસ ઓફ લોરડસના કેટલાક ઉમ રાવોએ એક ડેપ્યુટેશન તરીકે લોરડ ક્રરયુ પાસે જવું. તેમજ ગયે અઠવાડીએ લાલા લજપતરાયના પ્રમુખપણા હેઠળ અહીંઆં હીંદીઓની એક મીટીંગ થઇ હતી. તેમાં જે ગોરા હતા તેઓ નીચું જોતા હતા. એક બે તો ઉઠીને ચાલ્યા પણ ગયા. કારણ કે બહુજ જુસ્સાદાર અને તીખાં ભાષણ થયાં હતાં. લોરડ એમ્પથીલ જેઓના વિલાપતમાં જુદા જુદા ભાગોમાં મહેલ છે તેઓ આપણેજ માટે ઉ વારંવા તરફ હાઉસ ઓફ લોરડસમાં બેસી રહે એ કાંઇ નાની સરખી વાત નથી. અરે, આપણે ખુદાપર હીંમત રાખી રહ્યા, તો મી. રીચ અને લોરડ એમ્પથીલના બોલોમાં કહીએ કે "જો હીંદી હવે હીંમતથી લડશે તો આપણે જીતવાનાજ છીએ. લોરડ એમ્પથીલ તો કહે છે કે હવે કોંગ્રેમાઇઝની વાત નહિ, પણ ખરી જીત મેળવવા ચાહું છું. હા, જો કોંગ્રેમાઇઝ બરાબર થાય તો ભલે, નહીં તો હવે ટ્રાંસવાલની સરકારને હરા વશુંજ।" માટે વહાલા ભાઇ, જ્યારે આપણે માટે આપણા હીરા લોરડ એમ્પ થીલ આવી હીંમત ધરાવે છે તો શું કામ આપણે આપણી મહાન લડતને છોડી દઇએ! આ વખતે આખા હીંદમાં પોકાર થઇ રહેલ છે. બેમોટ કરવા ને બહાદુર માતૃભૂમીનાં હીંદીઓ તયાર થઇ રહ્યા છે. તો બધી બહેનો ને વીરાજલા પોતાના તારોમાં જણાવે છે કે હીંદીઓ બોલાવે તો હીંમત કરે છે.

પરચુરણ ખબર પત્રો

—:o:—

[આ કૉલમમાં અમે દક્ષિણ આફ્રિકાના તમામ ભાગના ખબર પત્રો દાખલ કરશું. ખબરો સાફ અક્ષરે અને જેમ બને તેમ ટૂંકા માં મુદ્દાસર લખેલ હશે તેને દાખલ કરવાની પહેલી તક મળશે. અ. ઈ. ઓ.]

ડનહ્રમૅન, તા. ૨ નવેંબર.

અહીંની સરકારે જંગલના કોઇપણ વેપારીને પતરાના પાકા મકાન સિવાય નવું લાઇસેન્સ નહિ આપવાનો ધારો પસાર કરેલ છે. ગયા સાલમાં વેરાના રેસ ૨૫૦ ને બદલે ૫૦૦૦ કરેલ તે આ સાલમાં ઘેાળા માણસો પાસેથી રદ કરવામાં આવ્યા. પણ હીંદી પ્રજા પાસેથી તો જોર જુલમથી લેય છે.

ડબાનની પોરટુગીઝ સરકાર વગર નોટીસથી અચાનક સારા પ્રજાતદાર વેપારી ને પકડીને પાંચ સાત માસ સીવીલ જેલ માંરાખી સરવે માલ લીલામ કરી નાખે છે. તેમાં જેનાપર વહેમ આવે કે લાવો બાંધનાર આસામી બતાવે તેનો પણ માલ લીલામ કરે છે જેલ બોકલી કાંઇ ખોરાકી પણ આપતા નથી તો આ ગામમાં બ્રિટીશ કોનસલે તપાસ રાખવાની પુરી જરૂર છે.

ડનહ્રમબાનની પોરટુગીઝ સરકારે રેલવે લાઇન ચાલુ કરવાને બદલ ફેબ્રુઆરી માસમાં રીપોરટ બહાર પાડેલ પણ હજુ તેમાંનું કાંઇ સાધન થયું નથી.

ક્રેપટાઉન, તા. ૧૨ નવેંબર.

સા. આ. ઇ. ઓસોસીએશનના પ્રમુખ મી. ઇબ્રાહીમ નુરૂદીન જે કેપ કોલોની તરફથી ઇન્ડિઅન નેશનલ કોંગ્રેસમાં ડેલીગેટ તરીકે હીંદુસ્તાન રવાના થાય છે તેના માનમાં રવિવારે એક મેળાવડો થયો હતો, જે વખતે એસોસીએશન પ્રમુખ મી. એ. જે. ઘનશારે ખુરશી લીધી હતી. તેમણે ટુંકા દાર ભાષણ કર્યા પછી મી. ઇબ્રાહીમ નુરૂદીનને માનપત્ર તથા ચાંદ ભેટ કરવામાં. મી. જે. એમ. એચ ગુલ, મી. કાસમ અલી, ડા. નાંદી અને બીજા સાભ્યોએ પ્રસંગને અનુસરતાં મી. નુરૂદીન ની સેવાનાં વખાણ કર્યા. અને તેમની મુસાફરી સુખકારક નીવડે એમ ઇચ્છયું. મી. નુરૂદીને આ સઘળાનો રોગ્ય જવાબ આપ્યા બાદ મેળાવડો વિસરજન થયો હતો.

માનપત્ર અને સોનાનો મેડલ જે એક સુંદર બનાવવામાં આવ્યો હતો તેને માટે ખાસ ખાનગી ઉઘરાણું કરવા માં આવ્યું હતું. ઉઘરાણાની રકમમાંથી વધેલ નાણું સમરસેટ હસ્પીતાલમાં મોકલ વાનો ઠરાવ થયો હતો.

મી. નુરૂદીન ડેલીગેટ તરીકે જાય છે એ વાત ઉપર કેટલીક ચરચા થઇ છે. ગયા અઠવાડીઆમાં મીટીંગ થઇ હતી. આજની તારીખના 'આરગસ' છાપામાં એક કાગળ બહાર પડયો છે. જેની મત લબ એવી છે કે કેપ તરફથી કાંઇ બસુસ કારણસર ડેલીગેટ મોકલવાની અમે જરૂર જોતા નથી. અને મી. નુરૂદીનના વિચારો ને સા. આ. ઇ. ઓસોસીએશનના મેંબરો સિવાય હીંદી કોમનો મોટો ભાગ માન્ય રાખી શકતો નથી. અત્રે હીંદીઓને કોઇ ગંભીર હાડમારીઓ છે નહિ. અને જે કાંઇ છે તે કાગળ મારફત દરસાવી શકાય છે. આ કાગળ ઉપર મેસરસ આદમ એચ. છ. મહમદ (થી. ઇ. લીગ અને અંજુમને ઇસ્લામ એસોસીએશનના પ્રમુખ) મહમદ સહબદ, (સીફ એ ફ. મીઝાન ઓફ અફ્રધાન એસોસીએશન) તથા સી. પી. લછીરામ (યુનાઇટેડ હીંદુ એસોસીએશનના પ્રમુખ) ની સહીઓ છે.

રૂસ્તનબરગ, તા. ૧૪ નવેંબર.

ઇંડીઅન યુનાઇટેડ એસોસીએશનની એક મીટીંગ મી. ઇબ્રાહીમ મુસા એમની, મુસે માન આમેદ ઇસક, સુલેમાન કસમ ચુનારા વગેરેને લાઇસેન્સ વગર વેપાર કરવાના બાબતમાં સરકારે પૌંડ પ દંડ અને દંડ નહીં ભરે તો માલ વેચી પસા વસુલ લેવા. બાબતમાં પોતે માલ વેચવા દેવામાં લાંબેની કીંમતના સબબથી મુબાર કબાદી દેવા તથા આવી પડેલાં દુઃખમાં દિલસોજી દેવા અત્રેની મીટીંગ શેઠ ઇસ માઇલ સુલેમાનની કુાં. ના મકાનમાં મળી હતી, સભામાં આશરે ૨૦૦ારમ બહરચો હાજર હતા. સેકરેટરીએ ગઇ મીટીંગનો રીપોરટ સભાને વાંચી સંભળાવ્યો.

પ્રમુખ મી. હાજી સુલેમાન ભાષણે ભાષણ કરતાં જણાવ્યું કે કેટલીક મુદત થયા રાહ જોતા હતા કે હજી અહીંના આપણા ભાઇઓને ખુદાએ જેલમાં મુકયા નો વખત આપ્યો નથી, જેથી બહુ દીલ ગીર થઇએ. હવે આજે અત્રેની સરકારે આપણા બંદીવાન બીરાદરોને જેલમાં ન મોકલતાં દંડની સજા કરી. અને ૪૮ કલાકની અંદર દંડ નહિ ભરી જાય તો માલ જેવી દંડ વસુલ લેવાનો ઠરાવ કર્યો છે. આ પેની જુલમની વાત છે. (શરમ ના પોકારો) આજે આપણા ભાઇઓનો, સરકાર માલ વેચવા તયાર થઇ, તે વેચવા દેવા ખુશી જોપ હું એમને ખરેખરી શાબાશી આપું છું તેમ જ એમના ઉપર આવી પડેલી આફત માં દીલસોજી જાહેર કરું છું. કારણ આપણા ભાઇઓનો ખરાબો ખાસ જોય જવાનો હતો છતાં સરકારે હાલ તુરત લુંટારાની રાજનીતિ અનુસરી ઘેાજે દીવસે ઘાડ પાડવા તયાર થઇ છે. એ કાંઇ જેવી તેવી શરમની વાત નથી. બેર, પણ ભાઇઓ સરકાર આપણને ગમે તેમ કરે તોપણ ત્યાંસુધી આપણા મંત્રેલા હક ન આપે ત્યાંસુધી આપણી લડત ચાલુ રાખવી. અહરથે તમે જાણે છો કે નાતાલના લીડર તથા મી. ગાંધી કે જેવાણ સાહેબો ગાડી ઘેાડે બેસનારા અને સોમલની ગાદી ઉપર સુનારાગા આજે આપણે માટે બબ્બે મહીનાની સખત મજુરીની જેલ ભોગવે છે એ સાંભળી એવો કયો માણસ નીકળે કે જે આવા મોટા માણસોને દુઃખી જોઇ જેલની પહેલ ન કરે? આપણે જો એક સંપથી રહેશું તો ખેતદાલાલા, જરૂરથી કુતેહ દેશે. વ.ગેરે. બાદ સેકરેટરી મી. ઝખારીઆએ આ લડત છેવટ સુધી ટકાવી રાખવા ભલામણ કરી. તેમજ ઇતિહાસના કેટલાક દાખલા પીગેરે ટાંકી બબ્બે જ લંબાણથી વિવેચન કરયું. ટરેઝરર મી. છોટુ ભાઇ કેસનો હેવાલ કહી બોલ્યા કે જો આપણે ભેગા રહી કામ કરતા જરૂર તો તોફનસાબલા જતનજદીક છેવીગેરેભાષણ કરયું. બાદ ફીરોજશાના જનશીતા સત્યા ગ્રહી મી. પરમાદલ નૂમાએ સત્યાગ્રહની લડત શું છે અને તેનાથી કેટલા ફાયદા થ.શ છે અને થયા છે, તેનું અચ્છી રીતે વિવેચન કરયું. અને પોતે સભામાં મેંબરનું નામ નોંધાવ્યું અને એસેંબ્લી હજુ પણ સારા દરજ્જા ઉપર મુકવાની ભલામણ કરી. મી. નાનાભાઇએ ભાષણ કરતાં જણાવ્યું કે ખુદાએ મરી મુરાદ બર લાવી નથી તેથી બહુ દીલગીર છું. હું દુકાન નો મેનેજર હોઇ મને આરોપમાંથી મુકત કરી છોડી મુકયો તે જોઇ ઘણો દીલગીર છું. મી. ગુલામ મહમદ પેટેલીઆએ વખતને લગતું વીવેચન કરયું. અને નવા મેંબરો તરીકે મી. સુલેમાન નુરમહમદ, તથા મહમદ હાજીઆએ પોતાનાં નામો નોંધાવ્યાં મી. અબ્દુલ હમીદ અમીર લીબાતની પેઢી ગ્રીનરટવાળાના ભાગીદારે ય/ સભાને બારીક આપી. એસેંબ્લીની બીજી મીટીંગ તા. ૬ ૧૨-૦૮ ને બોલાવવાનો ઠરાવ કર્યો પછી આભાર લઇ સભા વિસરજન થઇ હતી.

આ મંડળની મીટીંગ વિસરજન થયા પછી આજરે એક કલાક પછી હમીદીઆ ઇસ્લામીક સોસાયટીનો તા.૨ માસ મીટીંગ બાબતનો આવ્યો તે ઉપર હરાવ કરવા એજ દીને ૪ વાગે ફરીથી મીટીંગ બોલાવવામાં આવી હતી. ચેરમેન મીં હાજી સુલેમાન ભાઇખાત હતા. તેમણે ભાષણ કરી સરવે હકીકતથી વાકેફ કરવા હતા. બાદ સરવાનુમતે જનરલ બોથાએ કરેલી રજુ આત જુદી છે અને અત્રે તથા ડીસ્ટ્રીક્ટ માં વસતા સઘળા મુસલમાનો સત્યાગ્રહની લડતને કાયમ વળગી રહે છે તે મતલબ નો તાર મોકલવામાં આવ્યો હતો.

ટ્રાંસવાલની લડતને લગતાં કાવ્યો

(રચયિતા કરી ઘણાક અક્ષર—એ રાહ.)

દેશ હીતને માટે દોડો,
કરો સમર્પણ તન મન ધન;
વિજય વાવટો જગ ફરકાવો,
જેલ જઇને કરો આનંદ;

હીંદના હીરા જરા ન ડરશો,
પગ પાછો ન ભરશો લગાર:
જરૂર જીત છે સત્યાગ્રહની,
વાળ વાંકો નહી તેનો થનાર. દેશહીત.

બહાદુર હીરા શુરવીર વીરા,
દ્રઢ રહી કરજો પુરણ કામ:
સહાય કરશે હીનની દેવી,
રહેશે સર્વનું અમર નામ. દેશહીત.

નાતાલના બહાદુર શેડીઓ,
દાઉદ, રૂસ્તમ, આંગલીઆ;
દેશને ખાતર વેઠ સહે છે,
ગાડી વિના નહી ફરનાર. દેશહીત.

દેશભક્ત તો જેલ ગયા છે,
સોરાબજીને બાપાકીર;
ચંપી નાયડુ તેની સાથે,
રહેજો ઉમંગે ધરીને ધીર. દેશહીત

બળી ગાંધીજી જેલ ખીરાજે,
કેદાણી કામ કરે છે કામ:
ધન્ય છે તેના માત પિતાને,
પરદુખ ભંજન તેનું નામ. દેશહીત.

જાયું તે તો જરૂર જવાનું
તે જાણો છો સર્વે જન:
તો તેમાં શું છે કરવાનું,
અંત લગી રહેજો દ્રઢ મન. દેશહીત.

સત્યાગ્રહની હીમત કીર્તા,
[illegible] આજ:
હીંદની લાજ ઓશિયાં છે છે,
પ્રભુ કૃપાએ સરશે કાજ. દેશહીત.

(અવનીપરથી તવ ચાલું વારી, એ રાહ.)

ટ્રાંસવાલમાં સત્ય લડાઇ,
લીધી મી. ગાંધીએ આજ;
હીમત ધરીને દોડી ભાઇઓ,
ગયા જેલમાં કરવા કાજ.
દેશને સારૂ હિત ઇચ્છે છે,
અંતર દુઃખ ન લેશ ધરે છે:
વિજય મળે તો પાછા ફરવું,
નહિ તો અંત સુધી લડવું.
શુરવીરોએ વિચારયું તે મનમાં,
હોંશ ધરે છે અતિ ઉરમાં;
સત્યનજો જય થશે રૂવૈયા,
પ્રભુ પાસે હું કરું યાચના.
જાઓ ધીર ધરીને ઝલદી,
નાતાલ શેડીઆની પરે;
શ્રી પ્રભુ સત્યની સહાય કરશે,
રહેજો દ્રઢ મન ધારીને.
દેશને માટે હિત ઇચ્છીને,
કેસારો સદકીર્તીને;
ખરો ધરમ તો એ છે સહુનો,
સુખી કરવા દેશી ભાઇઓને.
સત્યનું સરવે મહત્વ કરીને,
રાખો અશ્વિળ નામ તમારા;
તન મનથી હું કરું વિનંતિ,
દેશને ખાતર જશો જેલમાં.
જય આપીને દેજો શાંતિ,
જગપતિ દેવો દુર કરી;
નકકી જીત તો સત્યતણી છે,
સહાય કરજો શીદરી.

હોંદના દાદાની શીખામણ

મદાન દાદાભાઇ નવરોજીની ૮૪ મી જયંતી ઉપર મુબારકબાદીના જે તાર મોકલવામાં આવ્યા હતા તેના જવાબમાં દાદાએ મી. હ. એસે સીએશનને તથા નાતાલ ઇંડિઅન કોંગ્રેસને નીચેનો કાગળ લખેલ છે:—

"હીંદુસ્તાન અને ઇંગ્લંડમાં વસતા મારા સઘળા સ્નેહીઓ તથા મંત્રિ ઓ તેમના મારા પ્રત્યેના અતી ભલી લાગણી દરશાવનારા સંદેશાઓ માટે અંતઃકરણ પુરવક હું આભાર માનું છું.

આ પ્રસંગે હું સરવેને એવી વિનંતિ કરું છું કે સરવે ભાઇબહેને કોમપણ પ્રકારના ક્લેશ ભુલચુક-ઉદ્વેગપણા-થી વેગળા રહેવું. આપણી કુરિયાદો ઘણી છે અને તે વાજબી છે. ખરેખરા જરૂરી સુધારાને માટેની લડત આપણે ખાધા પિધા વિના, દરેક પ્રકારનો પ્રેમ કરવા સાથે અને સ્વાર્થ નો ત્યાગ કરી, શાંતિ ધીરજ અને ખંત રાખી, ચાલુ રાખો: અને અંગ્રેજ રાજની ન્યાયવૃત્તિ પાસે ખંચાયા વગર અને બીક રાખ્યા વગર તમારી ફરિયાદની દાદ માગો."

ટ્રાંસવાલ સામે મુસલમાન કોમનો લાગણીના તાર

મુસલમાન કોમ સત્યાગ્રહમાં ભાગ લેતી નથી એવું જનરલ બોથાએ જાહેર કર્યાની ખબર જોહાનીસબર્ગમાં બહાર પડતાં તેને રદીઓ આપવાને ગયે અઠવાડીએ આખા ટ્રાંસવાલના મુસલમાનોની જે માસ મીટીંગ મળી હતી તે વખતે હમીદીઆ ઇસ્લામીક સોસાયટીના સેક્રેટરી મી. ઇસ્રાએ નીચેના તાર મોકલ્યા હતા.

મુસલમાન કોમ—કરતનબરગ: તમારો તાર મળ્યો. માસ મીટીંગમાં પહોંચી શકાય તેવી દરેક નથી. કરતનબરગ અને ડીસ્ટ્રીક્ટના તમામ મુસલમાનોની મીટીંગ જનરલ બોથાએ જોહાનીસબર્ગમાં બહાર પાડેલ હકીકત સામે સખત વાંધો દર્શાવે છે. તેઓ સત્યાગ્રહની લડતને ટેકો આપે છે. મીટીંગના ઠરાવોને અમે ટેકો આપીએ છીએ

કોટાગાર્ડ, કાજી, પાંડોર, અને વાજત—કરતનબરગ: જનરલ બોથાએ જાહેર કરેલ હકીકતની સામે વાંધો દરશાવવા આવતી કાલની માસ મીટીંગમાં અમારી તરફથી ૩ થી ઉપર પ્રેસીડેટો હાજર રહેશે. સઘળા મુસલમાનો સત્યાગ્રહની લડતમાં સામેલ છે, અને અંત સુધી લડશે.

ભાયાત—પીટરસબરગ: દીલગીર છીએ. જરૂરી કામને લીધે મીટીંગમાં હાજર થઇ શકતા નથી. તમારી મીટીંગના ઠરાવની સામે મુસલમાન કોમ દીલગીર છે. જનરલ બોથાએ જાહેરાત કરી હકીકત મુસલમાન કોમ સત્યાગ્રહમાં ભાગ નથી લેતી એ જુદી છે.

બોટા—હેડલબરગ: પ્લીજેટ મોકલી નથી શકતા તે માટે દીલગીર છીએ. જનરલ બોથાનું લખાણ ખોટું છે. મુસલમાન કોમ હમેશાં એકત્ર રહેતી છે અને એકત્ર રહેશે. અમે, માગેલી બીના મંજુર થશે ત્યાં સુધી હમેશા મજબુતાઈથી લડશે.

ભાયાત—હેડલબરગ: જનરલ બોથાની લખાણમાં આપણા બાજુના જે બીના

બહાર પડી છે તેની સામે સખત વાંધો જાહેર કરીએ છીએ. વડી સરકાર પાસે આપણી ખરી લડતને ખોટારૂપમાં મુકવા માં હાઇ કમીશનરે જે ભાગ લીધેલો છે તે અત્યંત દીલગીરી ભરેલો છે. મુસલમાન કોમ સલાયદની લડતના આધાર ભૂત છે અને રાહત મળતાં સુધી તેમજ રહેશે એ વાતથી સઘળાને વાકેફ કરજો.

સુલેમાન અને બીજા—વોક્સરસ્ટ: જનરલ બોથાએ જાહેર કરેલ વીગત સામે પ્રોટેસ્ટ જાહેર કરવામાં સઘળા મુસલમાનો તમારી સાથે જોડાય છે. મુસલમાન કોમ ખાસ કરીને આ લડતમાં સામેલ છે કોમજો જુનો ઠામઠો ટરકીશ મુસલમાન રાષ્ટ્રપતનું અપમાન કરતા છે. તેમજ તે કાયદો મોટે ભાગે મુસલમાન કોમના હાકોને નુકશાન કરતા છે. અમે જનરલ બોથાને યાદ આપીએ છીએ કે દક્ષિણ આફ્રિકાના સ્થંભરૂપ ગણાતા મુસલમાનો વોક્સરસ્ટની જેલમાં બીરાજે છે.

મુસલમાન કમીટી—સ્ટાંડરટન: તમારા ઠરાવ તથા પ્રોટેસ્ટમાં બધા અંત:કરણ પુરવક ટેકો આપે છે અને જાતે હાજર થઇ શકતા નથી તે માટે દીલગીરી જાહેર કરે છે.

અંજુમનના સેક્રેટરી—પ્રીટોરીયા: જનરલ બોથાના લખાણને રદીયો આપવાને મળનારી મીટીંગ તરફ અમારી પુરણ દીલસોજી છે. દીલગીર છીએ. ટુંકી નોટીસ મળવાથી ડેલીગેટો નથી મોકલી શકતા.

પટેલ—કલરકસકોરપ તમારી મીટીંગ ને સઘળા મુસલમાનો સંપુરણ ટેકો આપે છે.

સુલેમાન—ક્રારજરટન: તમારો તાર મોડો મળ્યો, પણ મજબુત છીએ.

અબુબક્ષ મહમદ—પીટરસબરગ: જરૂરી કામને લઇ હાજર થઇ શકતા નથી તે માટે દીલગીર છીએ. અમે તમારી મીટીંગના ઠરાવ તરફ દીલસોજ છીએ.

બગસ અને બીજા—પ્રીટોરીયા: અમે પ્રીટોરીયાની મુસલમાન કોમ તમારી સેાસાયટી સાથે રહી મજબુત પ્રોટેસ્ટ જાહેર કરીએ છીએ. અંત સુધી સત્યા ગ્રહ ચાલુ રાખવોજ જોઇએ.

હીંદી મુસલમાનો—મીડલબરગ: ડેલીગેટ મોકલવાનુ અસંભવીત છે એટલે દીલ ગીર છીએ બોથાના લખાણ સામે પ્રોટે સ્ટ જાહેર કરીએ છીએ. સઘળા મુસ લમાનો નિર્ધારપણે સત્યાગ્રહની લડતમાં જોડાયેલ છે.

હીંદી છાપામાં ટીકા.

ટરાંસવાલની ચાલુ લડત વિષે હીંદુસ્તાન ના લગભગ સઘળા છાપાઓ સખત ટીકા કરી રહ્યા જોવામાં આવે છે. આ લખાણુ માંથી કેટલાક ટકરાઓ અમે નીચે ટાંકી એ છીએ.

"ગુજરાતી"

ટરાંસવાલની સરકારના ઉપાડાને જો દાબવામાં આવશે નહિ તો તે દહાડે દહાડે ઇંગ્લંડને પતજ કરશે નહિ. કારણ સ્પષ્ટજ છે. જેને માથે ધણી ન હોય તેના જેજ હાલ છે. ચીનમાં એક ક્રિશ્ચીયનના માથાની સામા માત્ર એક આંગલી કરવામાં આવે તો તેની આંગલી કપાવી નંખાવવા અંગ્રેજ સરકાર તયાર થાય છે; ઇજીપ્તમાં એક અંગ્રેજને લાકડી નો ટુકડો મારવામાં આવે તો તેને ખુન જેવી ભયંકર શીક્ષા કરાવવામાં આવે છે. ઇરાનમાં તેવું બન્યું તો પક્ષવાનો રાક્ષસી બદલો માગવામાં આવે છે; કારણ કે તે લોકના આબરૂદો મજબુત છે! હીંદી પ્રજા ના માથાપર કોઇ ધણીધોર નથી-તેને જે ટપલો મારવામાં આવે તે સહનજ કરવો જોઇએ. હીંદપર રાજ કરતી પ્રજાને માટે, મોટામાં મોટી શરમ ભરેલી વાત એ છે કે ટરાંસવાલમાંના હીંદીવાસીની મુલપર અદ્યાપિ પરયંત ધ્યાન આપવામાં આવ્યું નથી. મી. સ્મટસ હીંદીવાસી સાથે ખરે ખરો છલ પ્રપંચ ખેલ્યો છે; જો એવો છલ પ્રપંચ બીજા દેશમાં થયો હત તો અંગ્રેજ પ્રજા આકાશ અને પાતાલ બે ભેગા કરી દેત; પણ સ્વસ્થાનવાસીઓથી ઇગ્લંડની પ્રજા કોણ જાણે બીતી હોય તેમ તેને અઢેખા અઢોજા કરી પંપાળે છે. તેનું કારણ સમજાતું નથી પણ એવા પંપાળવાથી કાર્ય સિદ્ધ થશે નહિ. જો ઇગ્લંડે હીંદી પ્રજાને ધનસાહ અપાવવો હોય તો ટરાંસવાલીઓને સંપુરણ દબ દાવવા જોઇએ. પરંતુ ખરી હકીકત એટલીજ છે કે હીંદી પ્રજાની ઇંગ્લંડને દર કાર નથી, અને ટરાંસવાલીઓ ઇગ્લંડના હુકમને પત કરે એમે નથી; એટલા માટે ટરાંસવાલના એશિયાટીકોએ પોતાના બળ પર જેટલું ધુમાવ તેવું ધુમવું; અને એમ ધુમતા ધુમવતા ઇશ્વર સરખો હાતાર છે, તેજ જય અપાવશે.

"ગુજરાતી"

એક લાંબા આર્ટીકલમાં લખે છે કે હીંદના હાલના મારકાસાં મી. રીચક જેવા ને બદલ થઇ ત્યારે પણ બીજા ભાગોના પ્રમાણમાં મુંબઇ હમેશની માફક શાંત પડી રહ્યું છે. છતાં ટરાંસવાલના સવાલને લગતો ધણધણાવી કાઢનારો તાર મુંબઇ થી સર ફીરોજશા મેતા તરફથી મોકલવામાં આવ્યો છે. બંગાળાના ભાગલા સિવાય બીજો ભાગ્યેજ કોઇ બીજો અગત્યનો સવાલ છે જે વિષે હીંદમાં એક છેડાથી બીજા છેડા સુધી સખત પોકાર ઉઠી રહ્યો હોય! આ સવાલે ખરેખર, ચમત્કાર કરી દેખાડયો છે. જે હીંદીઓ બોમકોટના નામ થી પણ વેગળા રહેતા તેઓ હવે આવા સંજોગોને લીધે બોયકોટની હીલચાલ વિષે પુરી હીમાયત કરી રહ્યા છે. બધાં તાં તથા જાતો આ સવાલ સામે એકત્રપણે જોડાય છે. બંગાળો પોતાનામાં કુબ્બું પડયું છે તેને લક્ષને જોઇએ તેટલો આ સવાલ હાથ લઇ શકેલ નથી, પણ પરદેશમાં તેના ભાઇઓ ઉપર જે સંકટો પડે છે તે તરફ તેની દીલસોજી મુંબઇ જેટલીજ છે.

આ અંકુ ફરીથી તા. ૭૨ ઓકટોબર ના લખાણમાં જણાવે છે કે મી. ગાંધી તરફ ટરાંસવાલે બતાવેલ વફાદારી થી આ દેશની લાગણીઓ કેટલી ઉશ્કેરાઇ છે એ અંગ્રેજોની જાણ બહાર હોવું જોઇએ નહીં. જો મી. ગાંધીની જગ્યાએ એક અંગ્રેજ હોત અને ટરાંસવાલની જગ્યાએ એક સ્વતંત્ર દેશ હતે તો આખી અંગ્રેજ પ્રજા કોપથી ગાંડી તુરત બની ગઇ હત. અને કદાચ લડાઇ જાહેર કરી ન હતે તો લશ્કરને તયાર રહેવાનો હુકમ તો ચોકસ મળી ચુકયો હત. હીંદુસ્થાનને આ સઘળું મુંગે મોઢે સહન કરવું પડે છે. તેના લાગણી આંસુ પાડીને બેસી રહી છે. કોઇ પણ દેશ કે કોમની હીનતારૂપ ગણાતા જેવા, એક આદમીના ઉપર પરદેશમાં આમ જુલમ ગુજરવામાં આવે અને તેના ભાઇ ઓ તેને માટે કાંઇપણ કષાય લેવાને કેવળ અશકત બને—અરે, તેનો ખુલાસો માગવા ને પણ—અશકત બને તેનાથી વધારે બીજું શોચનીય શું ગણાય?.....આ દેશ માં સ્થિતિ ઘણી ખરાબ છે એ અમે જાણીએ છીએ, પરંતુ ટરાંસવાલ જેવું જંગલીપણું કયાંય જોવામાં આવ્યું નથી.

"મુસ્લીમ હેરલ્ડ"

લખે છે કે કોલોનીમાં આપણા ભાઇઓ ઉપરની આપત્તિ હૃદય ભેદક છે. આ સવાલ હીંદીનો હોવાથી કોલોનીના પ્રધાનો કાંઇ દરકાર કરતા હોય એવું જણાતું નથી. સામ્રાજ્યના રક્ષણ નીચે હોવા છતાં આપણી આવી સ્થિતિ રહે એ મોટું શોચ નીય નથી! ટરાંસવાલથી આવેલા કેબ્સા

ખબરો ચમકાવનારા છે.....અને આ સઘળું સેક્રેટરી ઓફ સ્ટેટ જે ઘણા ન્યાયી અને પ્રમાણીક મનાય છે તેના અમલ નીચે! વડી સરકાર હીંદ તરફ દિલસોજ છે એમ માનવાની અમે ના પાડીએ છીએ. ઇગ્લંડનું લશ્કરી કે નીતિબળ પડી ભાગ્યું હોય તો ન્યાય અને પ્રમાણીકતા ની ખાતર હવે વખત વિલંબે તેણે હીંદનો કારભાર તેને પોતાને હસ્તક સોંપી કોલો નીની ગેરબ્રાજતી વરતણુંકની સામે બદલો લેવાની સત્તા આપવી ઘટે છે. લોરડ મોરલી પોતાની ફરજ ન સમજી શકે તેમ હોય તો આપણે આશા રાખી શકીએ છીએ કે લોરડ મીટોને આ કોલોનીઓના જુલમી પંજામાંથી છોડાવવાની પુરી હીંમત હોવી જોઇએ. જો તેના કહેવા ઉપર વડી સરકારે ધ્યાન ન આપ્યું હોય તો લોરડ મીટોને લાજમ છે કે તેણે રાજી નામું આપી બતાવવું કે જે દેશનું અને જે દેશના લોકોનું રક્ષણ કરવાને તેને બેસાડવામાં આવેલ છે તેનાથી આવો અન્યુ ઘટતો અને જુલમગાર અન્યાય વધુ સાંખી શકાશે નહીં.

ડંડી ડીબેટીંગ સોસાયટી

આ સોસાયટીના સેક્રેટરી તા. ૨૧ના કાગળમાં લખે છે કે હમેશના રીવાજ મુજબ મી. હાજી ઇબરાહીમ ખાનના પ્રમુખપણા હેઠળ મીટીંગ મળી હતી. જે વખતે નવા મેંબરોના નામ મી. બી. એમ. મુકાદમે વાંચી સંભળાવ્યા હતા અને તેની દાખલ તથા માસીક ફી ખજનચીને સોંપવામાં આવી હતી. બાદ ના. સુલતાન ના ગાદીનશીનના તારનો ખરચ જે મેસરસ હાજી જમાલખાન તથા અબુબ તુરમહમદ તરફથી આપવામાં આવ્યો હતો તે મી. કાસમ મીરની દરખાસ્ત અને મી. બી. એમ. મુકાદમના ટેકાથી સોસાયટીમાંથી આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું. બાદ મી. આદમજી કાનમીંયાના રાજીનામા ઉપર ચરચા ચાલી હતી. તેમને બીજા વરસના મેંબર તરીકે હરાવવામાં આવ્યા. નવી ચુંટણી થતાં સુખી મી. બી. એમ. મુકાદમને જોઇન્ટ ટરેઝરર તરીકે મુકરર કરવામાં આવ્યા હતા. અને છેવટમાં નવી ચુંટણી માટે તા. ૬ જાન્યુઆરી રવીવારના રોજ મળવાનું ઠરાવી મીટીંગ બરખાસ્ત થઇ હતી.

ટ્રાંસવાલ માટે હીંદુસ્થાનમાં વધુ મીટીંગો

ડાભેલમાં જાહેર સભા

ડાભેલથી એક ખબરપત્રી લખે છે કે ટ્રાંસવાલના હીંદીઓ તરફની વરતણુંક સામે પ્રોટેસ્ટ કરવાને ડાભેલ તથા આજુ બાજુના માણસોની એક જબ્બર સભા તા. ૭ અકટોબરના રોજ સઇદ શાહબુદીન સાહેબના પ્રમુખપણા નીચે અંજુમ ને ઉસમાનીયામાં મળી હતી, તે વખતે નવસારી, સીમલક, કોઠાર, કારાકાઇયા વગેરે ગામોના ડેલીગેટો હાજર થયા હતા.

શરૂઆતમાં પ્રમુખ સાહેબે ભાષણ કરી ધ્યાન કહ્યું કે આપણે આજે એટલામાટે ભેગા થયા છે કે આપણા હીંદી ભાઇઓના ઉપર ટ્રાંસવાલની સરકારે ગેરબ-સાફની રૂએ સખત કેદની સજા કરી છે તેમાં બાહોશ કોમના એરખવાહ મેસરસ. દાવુદ મહમદ, મોહમદ કાસમ ઝવેરીઆ તથા પારસી રૂસ્તમજી વીગેરે ઘણા સાહેબો છે. તે સાહેબો પાસે જાહેર રસ્તા ઉપર પથર ફોડવાનું કામ લેવ છે. તે માટે આ મીટીંગ બહુ મોટી દીલસોજી જાહેર કરે છે. માટે આપણે આપણી બળવાન શહેનશાહી સરકારને વચ્ચે પડવા અને જલદીથી નીકાલ લાવવા સારૂ નમ્રતાપુરવક અરજ કરીએ છીએ. તે બાદ સઇદ જલાલુદીન સાહેબે શહેનશાહી સરકાર પાસે દાદ માગવા અને વચ્ચે પડવા અરજ કરી હતી. બાદ મી. ઇસ્માઇલ મહમદ બોબાતે ભાષણ કરવું અને ગામ ડાભેલને પોતાની ખરે ખરી ફરજ અદા કરવા બાબત ઐહેસાન માન્યો હતો. ત્યારબાદ ટ્રાંસવાલ સરકારની રાજનીતીને વખોડી કાઢનારા તથા વડી સરકારને વચ્ચે પડી આ ગેરબ્રાજતી વરતણુંકનો અંત આણવાની વીનંતી કરનારો ઠરાવ થયો હતો. આ ઠરાવની નકલ હીંદુસ્થાનના પ્રધાન તથા વેાઇસરોય અને મુંબાઇના ગવરનરને મોકલવાનું ઠરાવવામાં આવ્યું હતું. બાદ તે મુજબના તાર સઇદ જલાલુદીન સાહેબે વાંચી સંભળાવ્યા હતા. જેને મી. હાસમ મુસા તથા મી. નાથાભાઇ નેમચંદ તરફથી યોગ્ય વીવેચન સાથે ટેકો મળતાં પાસ જાહેર કરવામાં આવ્યા હતા.

કરાંચીમાં જાહેર સભા

'ખબરદાર' પત્ર જણાવે છે કે ટ્રાંસવાલના હીંદીઓ ઉપર ગુજરતી વીષે ઘણા સામે પ્રોટેસ્ટ કરવા માટે કરાંચી ખાતે ત્યાંની હીંદુ સીંધ સભાની આગેવાની હેઠળ એક જાહેર સભા મળી હતી. મી. હરચંદરાય વીશનદાસને પ્રમુખપદ આપવામાં આવ્યું હતું. સભાએ એવી મતલબના ઠરાવો પસાર કર્યા કે શહેનશાહી સરકારને આગ્રહ કરવો કે ટ્રાંસવાલના સત્તાવાળાઓ ઉપર આંકોશ મેલવો ઠરાવ્યુ કે ટ્રાંસવાલની સરકારની રાજનીતીથી શહેનશાહી લાભોને નુકસાન થાય એમ છે. બીજો ઠરાવ સભાએ પસાર કર્યો કે હીંદી સરકારે ટ્રાંસવાલના ગોરાઓને તેમજ ત્યાંના વેપારને બોયકોટ કરવો. આ૦ મી૦ વેળા સભામાં હાજર હતા અને તેવણે ટ્રાંસવાલના હીંદીઓ તરફ દીલસોજી દેખાડી હતી. તેવણે જણાવ્યું કે આને લગતી ખરી વીગતો મેળવવા અને હાલની મુસ્કેલીનો કાયો કરાવવાની નેમથી હું એ વીષે દક્ષિણ આફ્રીકા અને ઇગ્લાંડ ખાતેના મારા મીત્રો તથા હીંદી અમલ દારો જોડે સંદેશા ચલાવું છું.

રંગુનમાં જાહેર સભા

'અખબારે સોદાગર' નો રંગુન ખાતે નો ખબરપત્રી જણાવે છે કે તા. ૬ ઠ્ઠી અકટોબરે અત્રેના સઘળી વરણના રહીશો ની એક જાહેર સભા ટ્રાંસવાલના હીંદી વાસીઓ ઉપર પડતા જુલમના સંબંધમાં પ્રોટેસ્ટ કરવા મળી હતી. સભા મળવા ની ઠેરવેલા વખતની આગમચ સલાનો કુશાદે હોલ હીંદુ, મોહમેદન, ચીના વીગેરે સઘળી કોમના આસામીઓથી ચીકાર ભરાઇ ગયો હતો. અત્રેના જાણીતા બેરીસ્ટર મી. બી. એન. બરજોરજી પ્રમુખ સ્થાને બીરાજ્યા હતા.

પ્રમુખનું ભાષણ

પ્રમુખે સભાનું કામ આરંભતાં જણાવ્યું કે ટ્રાંસવાલના હીંદીવાસીની સ્થીતિ ખરીત દયાજનક થઇ પડી છે અને તેથી તેમના તરફ તમામ હીંદીવાસીની દીલસોજી હુસ્કેરાઇ છે. મહાન બ્રિટીશ શહેનશાહત ના વતનીઓ તરીકેના હક તેમને આપવા ના પાડવામાં આવે છે. ગયા ફેબ્રુઆરી માસમાં ટ્રાંસવાલનો મામલો બહોજ રસ ઉપર ચઢયો હતો અને ત્યાંના હીંદીવાસીઓ એ નામોશીભર્યા કાયદાઓને શરણ થવાને ના પાડયું હતું. આખરે કાંઇ સમાધાનીની ગોઠવણો કરવામાં આવી હતી. જે હીંદીવાસીઓ રાજીખુશીથી રજીસ્ટર થવાનુ કબુલ કરે તો બ્રીટીશ રજીસ્ટરમાં લેવા પાછો ખેંચી લેવામાં આવશે. હીંદી વાસીઓએ તો પોતાનો ભાગ ભજવ્યો. પણ પેલો કાયદો હજી ખેંચી લેવા આવ્યો નથી. એટલુંજ નહીં પણ બ્રીટીશ

રમટસે એમીઆડીક કાયદો દાખલ કીધો છે જેથી હીંદીવાનો ઉપર બીજા તરેહવાર કાયદાઓ પડે એમ છે. ગ્રહસ્થો, કોઇ પણ છુટા દેશના રહીશો એવા કાયદાઓને શરણ થાય નહીં અને જે રીતે તેઓ એ કાયદાની સામે થયા તે એકલો બહાદુરી ભર્યો મારગ તેમને માટે બાકી હતો. ત્યાંના હીંદીવાનો પોતાના જીવનગાળા ને માટે લડે છે અને સઘળા હીંદીવાનો નામદાર શહેનશાહની રૈયત છે અને એવી રૈયતના હક બોગવવા તેઓ લાયક છે એવી લડત તેઓ ચલાવવા માગે છે. એ હીંદીવાનોની બહાદુરીભરી લડતમાં તેમની સાથે રહેવું એ આપણી પહેલી ફરજ છે. અને હું આશા રાખીશ કે આપણે સઘળા એ આપણી ફરજ બજાવશું. આપણા દીલસોજ હીંદી વકીલ લે૦ એસ્કોમ્બને આપણે અપીલ કરવી જોઇએ અને નામદાર શહેનશાહ એડવર્ડ જેવણ સુલેહના સાધી છે તેવણને રક્ષણ માટે અરજ કરવી જોઇએ. (જોરદાર તાળીઓ.)

પ્રમુખના આ ભાષણનો ગુજરાતી, ઉરદુ, તામીલ, અને ચીનાઇ ભાષામાં તરજુમો કરવામાં આવ્યો હતો.

એ પછી પહેલો ઠરાવ મી. ઇસ્માઇલ અલી મુલ્લાંએ રજુ કર્યો હતો, અને તે ટરાંસવાલના હીંદીવાનો તરફ ચલાવવામાં આવતી વરતણુંક તરફ રંગુનવાસીઓનો મજબુત પ્રોટેસ્ટ દેખાડવાને લગતો હતો. વળી તેમનાં દુઃખોનો નીવેડો લાવવાને નામદાર શહેનશાહની સરકારને અરજ કરવાનો પણ ઠરાવ કરવામાં આવ્યો હતો અને તેમને માટે નામદાર જખતાવર શહેનશાહનું રક્ષણ માગવામાં આવ્યું હતું.

ઉપલા ઠરાવને મેસરસ તકેલીઓંગ અને મામુજી મુસાજીએ ટેકો આપ્યો હતો.

મી. કે. બી એનરજીએ દરખાસ્ત કરી કે મી. ગાંધી ઉપર નીચલો તારનો સંદેશો મોકલવો. ટરાંસવાલના હીંદી અને ચીના ઓના દુઃખો તરફ રંગુનના રહીશોની ભારે દીલસોજી છે અને તેઓએ જે ભોગ દેખાડ્યો છે તે માટે દુવા ગુજરવામાં આવે છે. ઇન્સાફ અને સદ્‌ગુણો અંતે ફાવશે.

ધુળીઆખાતે જાહેર સભા

'અખબારે સોદાગર' તા. ૨૪ ઓકટોબરના રોજ લખે છે કે ગયા બુધવારની સાંજે ધુલીઆના રહીશોની એક જાહેર સભા ટરાંસવાલ માંહેલા હીંદીવાનો ઉપર ગુજરતી સખતાઇના સંબંધમાં બોલાવવામાં આવી હતી, જેનું પ્રમુખસ્થાન ધુલીઆના રહીશ મી. મહાદેવરાવ આપટેને આપવામાં આવ્યું હતું. મી. કોટવાલ પલીડરની દરખાસ્ત ઉપરથી તથા તેને મી. ગુલાબચંદ હીરાલાલે ટેકો આપવાથી સભાએ સરવાનુમતે એવો ઠરાવ કર્યો હતો કે, ટરાંસવાલ માંહેલા હીંદીવાનો ઉપર જે સખતાઇ ત્યાંની સ્થાનીક સંસ્થા નીક સરકાર તરફથી પાડવામાં આવે છે તે સામે ધુળીઆના રહીશો પોતાનો મજબુત પ્રોટેસ્ટ જાહેર કરે છે અને વચ્ચે પડી વફાદાર હીંદીવાન બ્રિટીશ રૈયતને ઘટતો ન્યાય અને ઇન્સાફ અપાવવાને નામદાર શહેનશાહની સરકારને મજબુત અરજ કરે છે અને આશા રાખે છે કે નામદાર શહેનશાહ પોતે પોતાની એ વફાદાર રૈયતનો જુદા જુદા સંસ્થાનોમાં બચાવ કરનારાં પગલાં લેશે.

મી. વેલીનકર વકીલની સુચના ઉપરથી બીજો એવી મતલબનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો કે સંસ્થાનીક સરકાર તરફની સખતાઇથી જે ગરીબ હીંદીવાનો એ જે દુઃખ, આપદાઓ અને અડચણો જે હિમતથી ખમી છે તે માટે તેઓ તરફ આ સભા પુરતી દીલસોજી જાહેર કરે છે. આ ઠરાવ ટરાંસવાલ માંહેલા મી. ગાંધી બેરીસ્ટર ઉપર મોકલી આપવામાં આવ્યો છે.

કલકત્તામાં જાહેર સભા

બંગાળામાં તા. ૧૬ ઓકટોબરનો દિવસ જાહેર તહેવાર તરીકે પાળવામાં આવે છે તે દિવસે બધો વેપાર બંધ કરી સઘળાઓ સવારના ટોળાબંધ ઘાટ ઉપર જઇ નાહી ધોઇ રાખડી બાંધે છે. અને મોટી સભાઓ ભરે છે. આવી સભા આ વરસે ભરાવાની સઘળી ગોઠવણ થઇ ગઇ હતી, પરંતુ સરકાર તરફથી બંધી થતાં તે મીટીંગ મોકુફ રાખવામાં આવ્યું હતું. છતાં એક લાખ ઉપરાંત માણસોનું ટોળું સરઘસ નીકળ્યું હતું. આ મીટીંગમાં બંગાળાના નામાંકીત હીંદીઓ ભાષણ આપવાના હતા. તે ભાષણો તથા ઠરાવો આગળથી ઘડીને તયાર રાખવામાં આવ્યા હતા તે 'બંગાળી' ભાષામાં બહાર પડ્યા છે. આ મીટીંગના પ્રમુખ મી. રાય યતીંદ્રનાથ ચોધરી પોતાના ભાષણ દરમ્યાન ટરાંસવાલમાં હીંદી ઉપર પડતાં દુઃખની કહાણીનું વરણન કરવાના હતા. તેમના ભાષણનો સાર નીચે મુજબ છે: બંગાળાના ભાગલાએ દુનિયાને ચમકીત કરી આપ્યું છે કે, આપણા પોતાના દેશના કારોબારમાં આપણો કાંઇ અવાજ ધરાવતા નથી. બ્રિટીશ શહેનશાહતના જુદા જુદા ભાગમાં આપણા દેશી ભાઇઓની સ્થિતિ કેવી છે તેપર ક્યારે પીયાર કરો. આ બાબતમાં દાખલા તરીકે ટરાંસવાલ બાતેના હીંદીઓને લઇ શકાય. હીંદીઓ તરફ ચલાવવામાં આવતી માઠી વરતણુંકને બ્રિટીશ સરકારે બોઅર સરકાર સામેની લડાઇનું એક કારણ બતાવ્યું હતું. વળી હીંદીને તજી દીધા છે, ત્યારે બ્રિટીશ પ્રજા પરદેશમાંતે વેપાર અરથે જાય અને ત્યાં રહે ત્યારે બ્રિટીશ સરકાર તેઓનું રક્ષણ કરવા સમરથ છે તો પછી પોતાની હીંદી પ્રજાને ઇન્સાફ અપાવવા બ્રિટીશ સરકાર જુલ્મ કરતી સંસ્થાનોની સરકાર મધ્યે શા માટે દબાણ ચલાવતી નથી? આ સવાલનો ઉલાળો દેવો થશે ઘટે છે. આપણા ટરાંસવાલવાસીના ભાઇઓ માટે લો૦ એમ્પથીલ જે ઉમદી કોશીશ કરી રહ્યા છે તે માટે આપણે તેમના ઘણા આભારી છીએ.

મી. ચોધરીના ઉપરના ભાષણ બાદ કલકતાના નામીચા વેપારી મી. મુસાજી હસન અસમાલ તરફથી ટરાંસવાલ સરકારના વલણને વખોડી કાઢનારો, અને તે લડતમાં સંકટ ભોગવતા હીંદીઓ તરફ દીલસોજી બતાવનારો તથા પીલાયતમાં મદદ કરી રહેલા લો૦ એમ્પથીલ વીગેરે સાહેબોનો ઉપકાર માનનારો ઠરાવ રજુ કરવાનું નકકી થયું હતું.

ચરચા પત્ર

—:o:—

અમારા ચરચાપત્રીઓ નીચેના નીયમો ધ્યાન રાખશે તો તેઓના પત્રો ઉપર તુરત ધ્યાન બનવાનો સંભવ છે.

૧. કાગળની એકજ બાજુએ લખવું.

૨. અક્ષર ચોખા કાઢીને લખવા.

૩. નામ તથા ઠેકાણું બરોબર લખવાં. તે હમેશાં બહાર પાડવા સારૂં નહિ, પણ અમારી ખાતરી સારૂં.

૪. મંગળવારની કાંજ સુધીમાં મળેલ લખાણો તેજ અઠવાડીયામાં દાખલ કરી શકાશે.

૫. રદ કરેલાં ચરચાપત્રો બનતી રાખવા અથવા લખનારાઓને પાછાં મોકલી આપવાને અમે બંધાતા નથી

૬. લખાણ હમેશાં ટુંકું અને મુદાસર કરવું.—અધિપતિ.

ચરચાપત્રીઓને જવાબ

મી ઇ. એમ કોટવાલ—તપાસ કરી આગે લખશું.

બારબરટનની જેલ અને હીંદીની હાડમારી

મે. ઇ. ઓ. ના અધીપતિ જોગ.

ગયા રવિવારની મીટીંગમાં ઉપલી હકીકતના ખુલાસા માટે ઘણાક મહરબો તરફથી પુછવામાં આવ્યું હતું. પણ વરસાદનું આગમન અને વખતના સંકોચથી નિરાશ થવું પડયું હતું. તેથી મારે કહેવાનું છે તે છાપદ્વારા જણાવવા રજા લઉં છું.

ટ્રાન્સવાલથી નવા આવનાર મહરબોને અત્રેના સત્યાગ્રહીઓના જેટલી સત્યાગ્રહની સ્ટાર્ટની બાબતેજ માહીતી હોય! અને બન્યું પણ તેમજ. અકળાટ અને ગભરાટે ઘણા મહરબો ઉપર કાબુ કરેલો. પણ બહારથી મળતી ખબર પ્રમાણે કેટલાક મહરબ નાહીંમત થા નાહિંમેદ થયા હતા નહિ. યાહોમ કરી કરી અને કરીથી જેલ જત્રા સીધાવ્યા હતા. ખોરાકનો આરામ પણ કામની સખતાઇના અકળાટના ઉકળાટથી અપીલ કરવાનું દુરસ્ત ધારેલું. અને તે પ્રમાણે વિદ્વાન જજની સન્મુખ સાંભળવામાં આવી. ખુદાતાલાની મહેરબાનીથી તેમાં હીંદી કોમને ફતેહ મળી. અને મારા ધારવા પ્રમાણે સત્યા ગ્રહની લડાઇ મજબુત અને સંગીન થઇ. ટ્રાંસવાલના છાપા એકી અવાજે બરાડા પાડી રહ્યા છે કે કાયદાના ઘડનારા અને તેના અમલ કરનારા તદન ના લાયક છે. 'સન્ડે ટાઇમ્સ' તો આગળ ચાલતાં સરકારને કેમલથી કાયદા ઘડનારને બોલાવવાનું લખે છે. આથી સરકારને ચરમાવનાર નથી? શું હીંદીની હીંમતમાં વધારા માટે અને લડાઇમાં ચુસ્ત થવા માટે પુરતું નથી? હીંદીઓ સરકારની નબળાઇ જોઇ શકયા છે. અને કેવી કુનેહથી કામ લેવું એ જાણી શકયા છે. મી. ગાંધીના કહેવા મુજબ જેમમદાર અમલદારોએ ઘણી વખત છુટ કરી છે. અને કરતા ચાલ્યા જાય છે. જેનો લાભ આપણને મળ્યો છે. અને બાકીનો પણ ખુદા ઉપરના આધીન થી મળશે. યશોલી અપીલથી બારબર ટનના પ૮ જેલીના છુટકારા સાથે માન વંતા બીજા ગૃહસ્થોનો છુટકારો થયો એ શું હીંદી કોમ માટે મશહુર થવા જેવું નથી? ઘેર ઘેર ઉત્સાહ વ્યાપી રહ્યો છે, એવું શું જગ પ્રસિદ્ધ થઇ નથી રહ્યું? પ૮ મહરબો આ બધું બધા ભાઇઓ સમજે જોઇ શકયા છે. અને જેવાને તેવા તીમતમાં છે. તેમ ભવિષ્યમાં પડતાં સંકટો ઉપાડવા તલપી રહ્યા છે. એસોસીએશન ના ઉપકાર સાથે ફુલડાં સ્વીકારતાં કેદાળી અને ટોપલાની મોટે અવાજે માગણી કરી રહ્યા છે. એ ઉપરાંત હીંદી કોમને શું જોઇએ છીએ? સંકટ ઉઠાવવું એ સત્યા ગ્રહની કુંચી છે. તો પછી કોઇપણ બાબ સંકટનો ભય સમજ્યા પછી યાહોમની વાત પડતી મુકે એ બનવા જોગ નથી. છેવટ હું દરેક ભાઇને ભલામણ કરું છું કે હીંમતમાં રહી કિનારે આવેલા વહાણને બંદરપર સહી સલામત લાવશે. બારબરટ ના પ૮ સત્યાગ્રહી જેલીઓ પુરતા જોસ માં છે. અને કોમની ખીજમત કરવા તયાર ઉભા છે.

લી. બારબરટનના પ૮ જેલીમાંનો એક,
જોહાન્સબરગ, ઇબ્રાહીમ હુસેનભાઇ.
તા. ૨૩-૧૧-૦૮

પરચુરણ ચરચા

ગોંડળવાળા મી. દોલતરામ નરભેરામ શેઠે મુંબઇ યુનીવરસીટીની પરીક્ષા પસાર કરી કલકતાની હોમીયોપેથીકનો ૩ વરસ અભ્યાસ કર્યો હતો. તેમાં દરેક વરસે પહેલે નંબરે પાસ થઇ સોનાના ચાંદ મેળવ્યા હતા. તેઓ ભાવનગર મહારાજ તરફથી સ્કોલરશીપ મેળવી ત્રણ વરસે અમેરીકામાં શીકાગોની હેરીંગ કોલેજમાં હોમીયોપથીક એમ. ડી. નો અભ્યાસ કરવા માટે ગયા હતા. હાલ ખબર મળ્યા છે કે આ પરિક્ષા પણ પહેલે નંબરે પાસ કરી તેમણે સોનાનો ચાંદ મેળવ્યો છે.

'મરકયુરી' છાપામાં એક લખનાર જણાવે છે કે ટ્રાન્સવૈલમાં 'આરબ' વેપા રી ન હોવાથી ગોરા મન માનતો ભાવ લીએ છે આથી ત્યાંના ગરીબ લોકો વધારે ગરીબાઇમાં આવે છે. મેં એક પૌંડનો માલ ગોરાને ત્યાંથી ખરીદ્યો તે માલ 'આરબ' ને ત્યાંથી ૧૭ શીલીંગનો મળ્યો. 'આરબ' એક પેનીનું ૧ રતલ નીમક વેચે છે ત્યારે ગોરા વેપારી ૩ પેનીનું એક રતલ વેચે છે. આમ જેવડા જેવડા દામ લેવાના ગોરાના વલણથી તેમને ઉતેજન ન મળે એ સ્વાભાવીક છે.

ડારનલથી એક ખબરપત્રી લખે છે કે તા. ૧૬ સોમવારના રોજ અત્રે સખત વાવાઝોડું તથા તોફાન થયું તે દિવસે અત્રે બે મીલમાલીકો ઉપર પથારા પડયા. તેથી તેમનું મરણ થયું છે. બધા ઘરો ઉડી ગયા છે. જે. હયુસેટના ઘરોના લગભગ તમામ છાપ્પ તુટી ગયા છે. કાસમ ઇબ્રાહીમ.....ની દુકાન ઉડી ગઇ છે. સ્ટાંગરમાં કલણ નામના મુસલમાન ના ઘર ઉપર વીજળી પડી તેથી ઘર બળી ગયું છે. તેમાં ૮ બકરાં અને એક ગાડરનું મરણ થયું છે.

દીવાળી કમીટીના સેક્રેટરી મી. છોટાલાલ બી. દેશાઇ તરફથી હીંદુ દીવાળી મહોત્સવ ફંડનો હીસાબ અમને મળેલ છે તેમાં કુલ પા. ૨૪-૮-૬ ઉધરાણામાં થયા છે. તેમાંથી દક્ષિણા, બત્તીની ખરીદી, છપામણી, મોહાર, દહનનો સામાન તથા પરચુરણ ઉધારેશન મળી કુલ પા. ૨૦-૮-૨ નો ખરચ બતાવવામાં આવ્યો છે. આ હીસાબ કમીટીની મીટીંગમાં તા. ૧૪ મી એ રજુ કરતાં બાકીની સીલક પા. ૪-૧-૪ ની રકમ કમીટીએ રવામી શ્રી શંકરા નંદજીની કમીટીને તેમના ખરચ પેટે આપેલ છે.

વોરમબાયસથી મી. અહમદ કસપ નગદી લખે છે કે મારાભાઇ મહમદ કસપ નગદી, ઇબ્રાહીમ અસવાત તથા બીજા કેટલાક ભાઇઓ કોમને ખાતર ૭ દિવસની જેલમાં ગયાના ખબર જોહાન્સબરગથી મી. કાછલીઆ તરફથી મળ્યા તે વાંચી હું ઘણોજ ખુશી થયો છું. અત્રે સહુ મજબુત છે અને જેલ જવાને તયાર છે. સરવે ભાઇઓ એજ પ્રમાણે મજબુત રહી જેલ જશે તો આપણા આગેવાનોના બંધન જલદી છુટશે.

કેપટાઉનથી ઇતેબ્બર લખે છે કે દક્ષિણ આફરિકામાં હીંદીની હાડમારી અને સત્યા ગ્રહ જોઇનો અવાજ આખા હીંદુસ્તાન અને ઇંગ્લાંડમાં એક શહેનશાહ એડવર્ડના કાન અને હૃદય સુધી પહોંચ્યો છે. તે છતાં, હીંદુસ્તાનમાં ભરાનારી કોંગ્રેસમાં ડેલીગેટ ને પણ સર્વાનુમત સિવાય ડેલીગેટ-મોકલ્યા બરીબના પૈસાની ખુવારી કરતા કરતાં તેટલા પાઇસા વીલાયત મોકલવી મી. રીચ ની તંગી ઓછી કરી હોય તો પાઇસાનો સદઉપયોગ થયો ન ગણાય?

'એક હાલારી' લખે છે કે જોડીઆ પાસલાગીઆ મહકેસાના કંઠમાં આશરે ૧૭૫ પા. મારીતસબરગપતે બેકમાં કેટલા એક માણસ ગયા લટકે છે. જોડીઆમાં પાસલાગીઆ મહકેસાની સ્થિતિ બહુજ નાજુક છે, તો આ પરદેસી લોકોના હાલ કે તેમણે તરરાજ મોકલી આપવા જોઇએ.

ટ્રેન્સવાલ ઇન્ડિઅન લાયબરેરીના સેક્રેટરી લખે છે કે આ લાયબરેરીના સેક્રેટરી મી. નારણદાસ માધવજાલ કનકભરા રહીમર ઓરેન્જ ફ્રીમાં વતન તરફ રવાના થતા હોવાથી તેમની જગ્યા પુરવા તથા તેમના માનમાં મેંબરોની મીટીંગ બોલાવવામાં આવી હતી જે રાતના નવ વાગે મળી હતી. પણ ટોલાએક મેંબરો કામની જરૂરીઆત પ્રસંગે હાજર થઇ નહોતા શકયા તેથી આ સવાલ પડતો મુકી મી. નારણદાસ કુંકી કામગીરીમાં તેમણે લાય બરેરીને સંતોષ આપ્યા બદલ સરવે મેંબર મહરથીઓએ આભાર માની તેમજ સકળ સહર ધ્રબ્બી મીટીંગ બરખાસ્ત કરી. તેમની ખાલી પડેલી જગ્યાએ હાલ એકટીંગ તરીકે મે. પ્રેસીડેન્ટ સાહેબ મી. મીસાક રણછોડ સોલંકી સંભાળે છે.

ડરબનથી મી. વલી મહમદ કનમીયાં લખે છે કે આજે કેટલોક વખત થયાં ધ્રલામીઓમાં કજીયાનું મુળ પેઠેલું જોઉં છું. કેમકે ગયા રવીવારે ગ્રે સ્ટ્રીટપર કેટલાક કાનમીયાં તથા સુરતી ધ્રલામીઓ વચ્ચે ઝપાઝપી થઇ હતી. તેમાં કેટલાક ના માથા પણ ફુટયાં હતાં. હજુ આની સુલેહ થઇ નથી આ દીલગીર થવા જેવું છે. બંને પક્ષના આગેવાન તથા ડરબન ના દરેક ધ્રલામીઓ અને ઓંજુમન ધ્રલામના સુકાનીઓની ધ્રરજ છે કે આ કજીયાના મુળ કાઢી નાખવા. નહીં તો કદાચ મામલો વધશે તો ધ્રલામીઓનું માન ઘટશે.

જોહાન્સબરગથી ધ્રરજી પરસોતમ લખે છે કે અંક ૪૫ માં પાને ૭૪૦, કાઠીયા નરશી લાં નવસારીના ખત્રી ગ્રહમા નરસીંહ વાંચવું.

'એક મેંબર' લખે છે કે સેટીસ્મીથ ધ્રલામીયા સોસાયટીનો હીસાબ જાહેર પડવાની જરૂર છે.

કરસરસ્પ્રેરપથી એક લખનાર જણાવે છે કે અત્રેના કેટલાક ધ્રહટવાળા જેઓએ લાયસેન્સ લીધા છે અને રજીસ્ટરો ભાળવા ને નથી આપ્યા તેમને ગોબડોટ કરેલા. આ બોમ્બેટ માત્ર બોલવામાં તથા છાપામાં જ રહેશે છે. કેમકે તેમને માલ ધમ ધોકાર આવે છે અને તે ફ્રુટરર એસો સીએશનના બોયકોટ કરાવનારની ટેકડી કરે છે. આ બાબત તેઓએ મહેનત લઇ જે ઠરાવ જાહેરમાં મુકયો તેનો બરાબર અમલ કરવો ઘટે છે.

જોહાન્સબરગના બારબર હાવલા આકુજી લખે છે કે પોતાની બારબર શોપ બંધ કરી બે વખત જેલ જઇ આવ્યો, અને પાછો જવા તયાર છે અને બીજા બારબરોને પોતાનો ધડો લેવા જલામણ કરે છે અને લખે છે કે બીજા ભાઇઓને કોમના કામ વાસ્તે જેલ જતા જોઇ બીજા ઓ કુહાડામાં ઘંધો કરે અને જેલ જવા પ્રયત્ન ન કરે તે શરમ ભરેલું બહાનું.

જોહાન્સબરગથી મી. ઇસમાઇલ બી. મોમનીઆત લખે છે કે ચીખલી તાલુકા વાળાઓ પર કેટલાક અજુસમજુ માણસો ઓનો આરોપ મુકે છે કે તેઓ સત્યાગ્રહ ની આ ચાલુ લડતમાં ભાગ લેતા નથી આ દેખીતી ભુલ છે. અમે આ લડતમાં તન મન અને ધનથી મદદ કરીએ છીએ. ચીખલીવાળા હાલ ઓકસબરગ, જરમીસ્ટ ન, ગેનોની, સ્પ્રીંગ તથા અહીં વીગેરેની જેલોમાં સહેલ કરે છે. આજસુધી અહીં ની જેલમાં ચીખલી તાલુકાવાળા બારા ૧૬ ભાઇઓ જેલમાં ગયા છે. મી. મોમ નીઆત ડરબનના રીડીઆઓ જે દેશને ખાતર સંકટો ઉઠાવી જેલ ભોગવે છે, તેમનો ઉપકાર માને છે. વીગેરે.

નાદારી કોર્ટની નોટીસો વગેરે

(અંબરમેંદ્ર ગેઝેટમાંથી)

પીટરમારિત્સબરગના પ્રિન્સી કુપુસામીની મીલકત નાદાર તરીકે જાહેર કરવાની અરજી તા. ૧૬ ડીસેંબરના રોજ સુપ્રીમ કોરટને કરવામાં આવશે.

ટોંગાટના મોણી જદુની મીલકત નાદાર તરીકે જાહેર કરવાની અરજી ૨૦ નવેંબર ના રોજ સ્વીકારવામાં આવી હતી. તેના લેણદારોની પહેલી મીટીંગ ૧ ડીસેંબરના રોજ વેરહમ માજીસ્ટ્રેટની કોરટમાં મળશે.

ચાવલ.

(આડગ્રાહક)

લાખ ૬૨ ૧૬૫ રતલના ભરતાએ શી. ૨૮/-થી૩૦/- ખરીદી જેમ ખેડી તેમ લાભ કરતા

નમુદ અમવા લાણીતા વેપારીઓને ઉધાર. બીજે ઠેકાણેથી ખરીદવા પહેલાં અમારો સાન્પલ અને ભાવ તપાસજો.

કોલોનીઅલ સ્ટાર્ચ કું. લીમીટેડ.
પી. ઓ. બોકસ ૭૧, ડરબન.

રોકડ બજાર ભાવ

	શી. પે.	શી. પે.
ચાવલ માંજા ૧૫૨તાની	૨૪ ૦ થી	૨૪ ૬
બીબડીના ,,	૨૬ ૬ ,,	૩૦ ૬
એફ. એફ. ડી. આર.	૨૨ ૬ ,,	૨૩ ૬
એફ. ડી. આર. ,,	૨૧ ૬ ,,	૨૨ ૬
ચીની સક્કર ,,	૨૪ ૦ ,,	૨૫ ૦
ઘુંડાના ,,	૨૪ ૦ ,,	૨૫ ૦
દેશી તુવેર દાળ	૨૩ ૦ ,,	૨૩ ૬
તુવેર દાળ કાનપુરી	૨૩ ૬ ,,	૨૪ ૦
મગની ,,	૨૪ ૦ ,,	૨૪ ૬
મગની ,,	૨૬ ૦ ,,	૨૬ ૬
અડદની ,,	૨૬ ૦ ,,	૩૧ ૦
બબ્બા મુંબઇના ,,	૨૨ ૦ ,,	૨૩ ૦
,, દાળ ,,	૨૬ ૦ ,,	૨૭ ૬
વટાણા ,,	૧૭ ૬ ,,	૧૮ ૬
મઠાઇ ,,	૧૮ ૦ ,,	૧૮ ૬
બીનીસ	૧૬ ૦ ,,	૧૭ ૦
કચરું તેમ ૧ ગ્યાલન	૩ ૩ ,,	૩ ૬
ઓરડીયું ,,	૨ ૬ ,,	૨ ૮
બીડું ,,	૩ ૬ ,,	૩ ૬
નાળીએરનું ,,	૩ ૬ ,,	૩ ૮
બાંધ સફેદ નાતાલની	૧૫ ૬ ,,	૧૭ ૬
પીળા ,,	૧૪ ૬ ,,	૧૫ ૬
વીરડુળ નાતાલ	૧૦ ૬ ,,	૧૧ ૬
બાટા	૧૧ ૩ ,,	૧૧ ૬
ચકાસી સોપારી ૧ રતલ	બા	૦ ૬
મરચાં	૦ ૪ ,,	૦ ૫
બી પેટી ૪ ટીનના ચીં	૮ ૦ ૦ ,,	૮ ૧૦ ૦
પોરબંદર ,,	૮ ૧૦ ૦ ,,	૮ ૧૫ ૦
મારશીન ઓરોઢેડ		
,, વાઇટ રોસ	૮ ૨ ,,	૮ ૫
,, ,, બાયન	૧૧ ૬ ,,	૧૨ ૬
નાળીએર	૧૦ ૦ ,,	૧૧ ૦
હળી	૫ ૬ ,,	૭ ૦
કાયમંઢ સોપ	૧૪ ૦ ,,	૧૪ ૬
બાજુ સીલ્ક સ્ટોન	૧૧ ૦ ,,	૧૧ ૬
બાજુ સનબાઇટ	૪૨ ૬ ,,	૪૫ ૦
નેકટર ટી	૧ ૮ ,,	૧ ૯
બાસીસ બાયન	૨ ૧૧ ,,	૩ ૦
સોપારી સેવરણની	૦ ૧૦ ,,	૧ ૦
નીલ પોલ્ટ સીગારેટ	૧૬ ૬ ,,	૧૭ ૦
કુપ નેસબનું	૨૦ ૩ ,,	૨૧
નીમક (લીવરપુલ)		
બરલા ઓનની	૪ ૩ ,,	૪ ૬

SUIT No. 1031 of 1907.

In the High Court of Judicature at Fort William in Bengal.
Ordinary Original Civil Jurisdiction.

CASSIM AHMED MOLLAH
VS.
DAWOOD MAHOMED OLLAH

Residing at No. 7 Kaffir Street. Stand No. 197, at Vrededorp, Johannesburg in his Majesty's Colony of Transvaal in South Africa, Merchant.

To

The Defendant DAWOOD MAHOMED OLLAH.

Whereas Cassim Ahmed Mullah residing at No. 185 Lower Chitpore Road, Calcutta, and Issup Ahmed Mullah Residing at Cuttac Orissa in Bengal, merchants, have instituted a Suit in this Court against you for a declaration that the partnership existing between you and the plaintiffs in the business of A. D. Ollah & Co., is dissolved, for an account of the dealings and transactions of the said partnership carried on between the plaintiffs and you, for an order that you do pay to the plaintiffs what may be found due on the taking of the said account and for the costs of the suit you are hereby required to cause an appearance to be entered for you in the office of the Registrar of this Court within 42 days from the date of this publication of the substance of the summons to appear and answer in this suit inclusive of the day of publication and are further required by the Court to file your written statement within 70 days from such publication inclusive of the date of publication, and you are summoned to appear before this Court at or before the expiration of 3 calendar months from this notification, that is to say at the hour of 11 o'clock in the fore-noon of the day immediately following the expiration of such last mentioned time in person or by an advocate of the Court duly instructed to answer the above-named plaintiffs, and as the last mentioned day fixed for your appearance before the Court is appointed for the final disposal of the suit, you must be prepared to produce all your witnesses on that day and you will bring with you or send by your agent any document on which you intend to rely in support of your defence and you are hereby required to take notice that in default of your appearance before the Court on the last mentioned day the suit will be heard and determined in your absence.

Dated the 3rd day of September, 1908.

(Sd.) J. H. HECHLI,
Master.

High Court,
O.O.C. Ju.

કલકત્તાની ન્યાયાધીકારી હાઇકોરટ મધે

ઓરડીનરી ઓરીજીનલ
સીવીલ જુરીસ્ડીકશન.

કાસીમ અહમદ મુલા — વાદી.

દાઉદ મહમદ ઓલાહ, ૭ કાફર સ્ટ્રીટ, સ્ટેન્ડ નં. ૧૯૭ વ્રીડીડોરપ, જોહાન્સબરગ, ટરાંસવાલ. — પ્રતિવાદી

પ્રતિવાદી દાઉદ મહમદ ઓલાહને માલમ થાય જે કાસમ અહમદ મુલા મુકામ ૧૮૫, લોઅર ચીતપુર રોડ, કલકત્તા, અને ઇસપ અહમદ મુલા મુ. કટક ઓરીસાના વેપારીઓએ આ કોરટમાં તમારી સામે ફરિયાદ નોંધાવી છે કે એ. ડી. ઓલાહની કું. ના નામથી તમો અને વાદીઓ ભાગમાં વેપાર કરવા હતા તે કું. ના ભાગ છુટા કરતી વખતે નીકળવા દિસાબની રકમ અને આ કેસમાં ખરચ તમારે ભરી દેવો. એટલા માટે આ સમન્સ પ્રસિદ્ધ થયાથી ૪૫ દિવસની અંદર તમારે કોરટના રજીસ્ટરરાર પાસે જવાબ દેવા હાજર થવું. અને વળી આ છપાયાની તારીખથી ૭૦ દિવસની અંદર તમારે લખીત પુરાવો રજુ કરવો. અને આ જાહેરનામાથી ત્રણ મહિના પુરા થાય તેને બીજે દિવસે બપોરના ૧૨ વાગે તમારે જાતે અથવા તમારા વકીલ મારફતે મજકુર વાદીઓની ફરિયાદને જવાબ દેવા હાજર થવું. અને તેજ દિવસે તમારા પુરાવાના ટેકામાં સાક્ષીઓ રજુ કરવા અથવા જે કંઈ દસ્તાવેજ આ કેસમાં તમારે ઉપયોગી જણાય તે પણ તમારે જાતે અથવા તમારા એજંટ મારફતે તેજ દિવસે રજુ કરવા. અને ચેતવણી આપવામાં આવે છે કે મજકુર દિવસે તમે કોરટમાં હાજર થશો નહિ તો કેસ તમારી ગેર હાજરીમાં ચાલશે અને તેનો ચુકાદો તે મુજબ આપશે.

તા. ૩ જી સપ્ટેંબર સને ૧૯૦૮.

(સહી). જે. એચ. હેચલી.
માસ્તર.

હાઇ કોરટ
ઓ. ઓ. સી.
જ્યુરીસ્ડીકશન.

WESTERN INDIA

Army Boot and Equipment Factory,

BOMBAY, India.

GOLD MEDAL
Madras Industrial and Art Exhibition, 1903

(ESTABLISHED 1887)

TWO GOLD MEDALS
Bombay Industrial and Agricultural Exhibition, 1904.

PROPRIETORS—

Messrs. Adamjee Peerbhoy & Sons.

MANUFACTURERS OF—

Military Ammunition Boots, **Volunteer Ammunition Boots,**
Police Ammunition Boots, **Sandals, Gurgabi Shoes, &c**

Military, Volunteer and Police Harness, Saddlery, Accoutrements, etc., etc.
Leathers:—Russian, satin and black waxed calves, harness leathers of all kinds bag and carriage hood hides, Morocco, etc., etc.

Civilian Boots, shoes, harness and saddlery of every description.

Travelling Requisites:—Overland Trunks, dress cases, suit and shirt cases, portmanteaux Gladstone, brief, hand and courier bags, hat boxes, bed straps, soiled-linen bags, stick cases, etc., etc.

Mill Stores:—Single and double leather belting, Ginning rollers and washers, Roller skins pickers, hose pipe, etc., etc.

Miscellaneous Leather Goods:—Puttee and lace gaiters, collar boxes, brush cases, cigar and cigarette cases, school bags, Peon's bags, Mussacks, Syce's belts, bottle, and tumbler cases, luggage labels, etc., etc., etc.

ALL ARTICLES GUARANTEED SOLID LEATHER.

Price List on Application.

A. A. RAHEMAN.

General Merchant and Direct Importer of Indian Goods,

Stand 641, 21st Street, VREDEDORP,

Box 3040, JOHANNESBURG.

EBRAHIM CAMROODEEN.

GENERAL MERCHANT.

Natal Leaf Tobacco a Speciality.

113 GREY STREET, (Camrodeen's Buildings)

Tel. Add:- "AJMERE." Durban

M. A. Karodia & Co.,

GENERAL MERCHANTS

Dealers in all kinds of Indian Groceries & Soft Goods.

Box 3598.

41 Market Street

JOHANNESBURG.

A. A. PILLAY,

Wholesale Fruit & Produce Dealer and Commission Agent

Box 1353

49 President St., Johannesburg.

THE IMPERIAL CIGAR

Manufacturing & Trading Co.,

Large stocks of the best brands of Cigars and Cheroots always on hand.

Telephone 387. Tel. addr. "CHEROOT"

Star Buildings Umgeni Road,

DURBAN.

M. E NAGDEE & Co.,

General Merchants & Direct Importers,

Wholesale & Retail.

માલમ, સુથાર અને મજુરની પેઢા બનાવી રાખવામાં આવે છે.

Head Office: Box 5, WARMBATHS, and at NYLSTROOM.

HORMAJCY IDOLCY,

DIRECT IMPORTER

—AND—

GENERAL MERCHANT

P O. Box, 312, Lourenco Marques.

P.O. Box 2133, Johannesburg.

S. HALLOO.

TIN MANUFACTURER.

Settee, Tobacco & Snuff Tins, Camp Kettles, Water Canteens, Steel Trunks, etc.

Factory: Stand 48, 16th St., Vrededorp

જે. જે. રાણાભાઈ

૨૨ મી ઑટ, મલાઇ સેટલમેન્ટ.

બે ટ્રક ૨૩૮૮ જોહાન્સબર્ગ

ઉપરોક્ત ઠેકાણેથી અને ઝોબર્ગ સ્ટેશનથી ઉદ્રિઅન તથા ફ્રેંચ મેસ્ટી હેમે ખાસ્યાંધ મોકલવા આવશે છે.

B. K. PATEL,

Fruit Merchant & Commission Agent.

78, PRESIDENT STREET,

P.O. Box 5250.

JOHANNESBURG.

ભવાન કાનજી પટેલ.

ફ્રૂટ મરચંટ એન્ડ કમીશન એજંટ.

૭૮ પ્રેસીડન્ટ સ્ટ્રીટ.

પી. ઓ. બોક્સ, ૫૨૫૦

જોહાન્સબર્ગ.

મેટ્રાસ મેકર.

Matiress Maker, Wholesale Importer,

Dealer in Bedsteads, Coir Tickings, Mattress Cases, Feather Pillows.

3 Market St. (West), Box 6025. JOHANNESBURG

SOOKAR LAXMIDAS,

TAILOR & OUTFITTER.

ઓરડર મુજબ સુટ બનાવી આપવામાં આવે છે.

23 & 25 Market St., JOHANNESBURG

નામરદપણા હુની સોનો

દરેક રકમના સોના ચાંદીના સરસ દાગીના બનાવનાર.

થાય ત્યારે આપણા ધરમ અને આપણી જાતિ ઉપર જાહેરમાં કે ખાનગી રીતે હુમલા થાય ત્યારે તેવા કાયદાથી મળતા કહેવાતા લાભો અને હક્કો છોડી દઈ તેની સજા ઉઠાવીએ છીએ. ગુલામીની બેડી સોનાની બનાવી હોય તોપણ બેડીજ છે અને તેથી ઓછી દુઃખદાયક નથી. ગુલામ મને એકજ બોજ-એકજ દુઃખ તેની આખી જીંદગીમાં હોય છે. કોનો ઈતબાર કરવો મોજારી વા મરવું. ગુલામની કંઈ સ્થિતિ નથી; તેમજ નથી બળદની કે ગધેડાની કે કુતરાની, પણ મરદ તરીકે તેને સ્વતંત્રતાની ઉંચામાં ઉંચી ભાવના થાય અને બંધન-બેડીમાંથી છુટા થવું એ પોતાની ફરજ સમજે છે. આપણે ટ્રાંસવાલના હીંદીઓ ગુલામી બનમાં સહી કરવા નથી બનવા-ગુલામી બેડી પહેરવા નથી માગતા. આપણી સ્વતંત્રતા અને આપણી આબરૂ ઉપર થતા હુમલા ની આ બે સામે થઈએ છીએ.

વળી આપણને પુછે છે કે જેલના દુઃખ ખમો છો તેના કરતાં કાયદાના સુખ કાં ભોગવતા નથી? આપણા શરીર જેલમાં હોય તેથી શું? પણ આપણો આત્મા-રૂહ કેદનો ગુલામ બનતો નથી. તેમ હુકમને આધીન નથી જેલ મહેલમાં આપણે શા માટે ન જઈએ? કારણ કે ત્યાં આપણા શરીર બંધનમાં છે પણ આપણો આત્મા -રૂહ-આકાશના પવનની જેમ સ્વતંત્ર છે. વળી ગોરો કહે છે તેમ 'જે રાજ્યમાં કોઇને ગેર બાજબીપણે કેદ કરે તે રાજ્યમાં સાચા માણસનો મહેલ તે જેલ છે.'

હવે સરકારના જુલમ તરફ નજર કરો. બારબરટનમાં ૫૮ માણસને કંઈપણ પાંચ રિના ગેરબાજબીરીતે સખત મજુરીની જેલમાં ખેસી દીધા, તેમણે અપીલ નોંધાવી હતી તેની પણ દરકાર ન કરી. તેમને એવા ગુન્હા માટે સજા કીધી હતી. કે જેને સરકાર પોતે પણ સમજતી હતી કે તે ગુન્હો નથી. આપણે કહીએ છીએ કે તે ગુન્હો નથી. સુપ્રીમ કોરટે આપણી વાતને ટેકો દીધો કે તે ગુન્હો ન બનાવ. વળી આમ વખત ગુન્હે તેમને હદપાર પણ કીધા હતા. વોકસરસ્ટ માં આપણા પણ અજોગતાને વખત વાંકે દશ અઠવાડીઆની સખત મજુરી સાથની જેલમાં રાખ્યા. ઓટોરની જનરલે જેઓ હજી જેલમાં છે તેમને છોડી મુકવાને ના પાડી છે. તોપણ બારબરટન અને વોકસ રસ્ટમાંના માણસો બીલકુલ બે ગુન્હા છે એમ આપણે જાણી કહીએ છીએ, એકસોને ત્રીસ નીરપરાધી માણસોને બે

કારણે સજા કીધી છે અને તેમની પાસે થી સખત મજુરીનું કામ લેવાય છે. આપણા શરીરને અને આત્માને હલકો પાડવા સરકારે કંઈ બાકી રાખ્યું નથી. હવે કહે છે કે તમે અપીલ કાં ન કીધી. દરેક માણસે પોતાને થએલા નુકસાન બદલ અપીલ કરવીજ જોઇએ એવો નિયમ નથી પણ રાજ્યની તો ફરજ છે કે જોઇતે પ્રસંગે નુકસાન થતું અટકાવવું જોઇએ. ઇનસાફનો અમલ કરવો એ રાજ્યની પહેલી ફરજ છે. પણ આપણા આગેવાનો શરમ ભરેલા અધરપના ભોગ થઇ પડયા છે, અને કયદા તથા ઇનસાફ ની આપણે હાંસી કીધી નથી. વળી સર કારે તેમણે આ કામ નીરપરાધીપણે નથી કીધું, તેમ અજાણતાં પણ કીધું નથી. તેમણે આ ગેર ઇનસાફ જાણી જોઇને કીધો છે અને તેનો પુરાવો તેમને મોકેથી જ આપવામાં આવ્યો છે.

આપણી સત્યાગ્રહની લડતથી હબસી ઓ ઉપર ખોટી અસર થશે એટલા માટે સરકાર આપણી વાજબી વાત પણ સાંભ ળતી નથી. શું આ વાત ખરી છે? શું હબસીઓના મત ઉપર આપણી લડતથી ખોટી અસર થઇ છે? પોતાનાં દુઃખો થી ઉશ્કેરાઇ ન જતાં મન ઉપર કાબુ રાખતાં શીખે તો તેને શું માઠી અસર સમજવી? સત્યાગ્રહની લડત ઉપરથી હબસીઓ મારામારી ઉપર આવી જાય એવી દહેશત સરકારની તરફેણવાળા કરે છે. હવે શું મારામારી કરવીએ હબસીઓ થી બાકાત છે? લગભગ એક સો વરસ થયા સત્યાગ્રહની લડતનો દાખલો હબસી ઓને કોણએ બેસાડયો છે? ૧૮૫૬ માં નાતાલમાં હબસીઓએ જે હુલ્લડ કીધું હતું ત્યારે સત્યાગ્રહની ખબર પણ તેમને નહોતી. મનુષ્ય સત્યાગ્રહની લડત ઉપર થી મારામારી ઉપર આવી જતા નથી. પણ મારામારીમાં સાર ન સમજે ત્યારે તેઓ સત્યાગ્રહી થાય છે. મારામારી કર નાર કરતાં સત્યાગ્રહી ચઢતો છે.

જો સત્યાગ્રહ એ વાજબી છે તો પછી જોઇએ તે કોમ તેનો અમલ કરે તો તેમાં ડરવાનું કારણ શું છે? આવી ઉંચી ભાવનાનો દાખલો બેસાડતાં અમારે અટક વાનું નથી. બહુ ઉંચે તાકનાર માણસજ કાંઇ કરી શકે છે. તારે તો કોઇ એમ પણ કહેશે કે ધરમના પુસ્તક વાંચવા નહીં; કારણકે કોઇ અધમ પ્રાણી એમાંથી દોષજ જોતે. સત્યાગ્રહ એ આત્મા-કરણ કેળવાયલી ખાનદાનીનો વિષય છે. દક્ષિણ આફ્રીકાના દેશીઓ સત્યાગ્રહનું રહસ્ય સમજે તેને

તો ઘણી પેઢીઓની વાર છે. ત્યાંસુધી તો ધનસાહ્યથી તેઓ રાજી થશે, અને ગેર ધનસાહ્યથી નારાજ થઇ હાલ્યા સુધી કરતા આવ્યા છે તેમ તોફાન કરવાનોજ ઉપાય લેશે. ક્ષમાનો ગુણ જ્યાંસુધી તેઓ કેળવી શકશે નહીં ત્યાંસુધી બીજા કોઇપણ દાખ લાને તેઓ અનુસરવાના નથી. કોઇ વળી એમ પણ માને છે કે, જો તરસ પહેલાં આપણી માગણી કબુલ કરીયે તો તો કરકર નહોતી પણ હવે તો તેમ બનેજ નહિ કારણ કે તેમ કરવાથી સરકારની આબરૂ જાય. બને આપણી માગણીઓ વ્યાજબી અને ધનસાજી હોય તો પછી વ્યાજબી અને ધનસાજી કામ કરવામાં આંચકા જરાનો ડર રાખવાની જરૂર નથી. ડરને મારયે બેઠાને બેઠુંજ રહેવા દેવા ની રાજનીતિ બહુજ નુકસાનકારક છે. અપેક્ષુ બોટું કામ બોટું માલમ પડયે શુધારી શકાય છે.

હવે આપણી માગણીઓ શું છે તે હું ફરીથી કહી જઉં છું. જૂનો ખુની કાયદો રદ કરવાની સરકાર ખાત્રી આપે અને કેળવાએલા દેશીઓની સ્થિતિ વધારે સારી થાય કે તુરતજ આપણે નવા કાયદા પ્રમાણે ચાલવા તયાર છીએ. આપણે માગીએ છીએ કે આજે કેળવાયલો દેશી પેતાના હકની રૂએ દાખલ થઇ શકે અને કાયદા થી તેના હક ઉપર તરાપ મારી સેકાય નહીં. પછી પરિક્ષા સખત હશે ભલે પોતાજ હીંદીઓનો દાખલ કરવામાં આવે. એવો તફાવત દક્ષિણ આફ્રિકામાં સામાન્ય છે પણ કાયદા ના પુસ્તકમાં આપણા હકો ખુંચવી લેનારી કલમો દાખલ થાય ત્યારે આપણે ખુલેખુલ્લા તેની વિરૂદ્ધ છે.

આવતા મંગળવારથી લડત નવું રૂપ પકડે છે. એક બીજા પડખે ઉભા રહી સંપથી પાછા હટયા વિના આપણે લડવા નું છે. બને કયાંય ખોડો પડે તો તેને તુરત પુરી દેવો. આગેવાનો બધા જેલમાં જાય તો તમે સહુ આગેવાનો થજો. લડા ઇમાં ખલાસ થઇ જશે એવી આશામાં છેતરાતા નહીં. જ્યાં સુધી આપણી મુરાદ બર ન આવે ત્યાંસુધી આપણે પુરી ખંત થી લડવા ચાહજ રાખવાની છે. સરકાર આપણને થકવી નાખવા માગે છે. પણ હીંદી પેતાના દીનને માટે પોતાની જાતી ની મોટાઇને માટે, પોતાના મનની માટે ની પેતાની ટેક હરિ છે.ડતો નથી એવી હવે આપણે ખાત્રી કરી દેવી જોઇએ. દિવસે દિવસે આપણા મોટા મિત્રો પણ વધતા જાય છે. તેમની પણ ખાત્રી કરવી જોઇએ કે આપણે તેમના ટેકાને યોગ્ય છીએ. ભાતૃભાવથી અને સદ્ગનશીલતાથી આપણે જીતનો મુકો ઉઘાડયું એમાં શક નથી.

ઠરાવો.

પહેલો ઠરાવ: ૧૯૦૨ ના ૩૬ નંબર ના રજીસ્ટર કાયદા મુજબ રજીસ્ટર થવા ની જે મુદત જાહેર કરવામાં આવી હતી તે ખલાસ થવાને ટાંકણે આ મીટીંગ સર કારને વિનવે છે અને આગ્રહ પુરવક જાહેર કરે છે કે ખુની કાયદો રદ કરવાની તથા કેળવાએલા હીંદીઓનો દરજ્જો જળવાવા ની હીંદી કોમની માગણી કબુલ રાખવી.

આ ઠરાવ મી. આદમજીએ રજુ કરવો હતો મી. અહમદ હોરમસજી કેસાબ (કરસનડે રપ) તરફથી ટેકો મળતાં જણાવવામાં આવ્યું કે જેલો રોકડો અને કબજાથી ભરી દીધી વગેરે. ત્યાર પછી મેસરસ સુલેમાન મુસા (પેરોરરૂમ) અને એન. બી. નેમાળ (જરમીસ્ટન) તરફથી વિશેષ ટેકો મળતાં ઠરાવ સરવાનુમતે પાસ થયો. જાહેર કરવામાં આવ્યો હતો.

બીજો ઠરાવ: પહેલા ઠરાવમાં કરેલી માગણી સરકાર નાકબુલ રાખેતો, આ મીટીંગ ખરાદીલથી તથા અંતઃકરણ પુર વક અને ખુદાની દરમ્યાન રાખી ઠરાવ કરે છે કે ટ્રાન્સવાલના કોઇ નંબરના કાયદાથી મળતા લાભો કબુલ રાખવા નથી અને તેથી ગમે તેટલું નુકસાન વેઠવું પડે કે દુઃખો જોગવવા પડે તે ઉઠાવવા છે.

આ ઠરાવ મી. હાજી હબીબ તરફથી રજુ કરવામાં આવ્યો જે વખતે તેણે નીચે મુજબ ભાષણ કરયું હતું. આ ઠરાવ તમે સહુ બરાબર સમજ્યા હશો. મારે તમને મારી આજતમાં બે બોલ કહેવા હતા તે બુધવારની હગીદીઆ ક્રોકેટ કલબની મીટીંગ માં હું બોલી ગયોછું એટલે અહીં બોલવું હીક નથી ધારતો. મારી અહીં હાજરી માટે મેસરસ જોહરે તથા કામાનો ઐહસાન માનું છું. આપણા આગેવાનો કામ કરતા હોય તેમાં ખામી લાગે તે જણાવવી એ આપણી ફરજ છે. કામ પણ કેવામાં આપીસ કરવા જેવું હોય ,તો તેમ કરવુંજ જોઇએ. ગેરકાયદેસર જેલમાં રહેવું તે બ્યાજબી ન ગણાય. મી ગાંધી તરફ જેટલી લાગણી હું ધરાવું શું તેટલી ભાગ્યેજ કોઈ બીજો ધરાવતો હોય.. મી. ગાંધી જુલમો નથી ઇચ્છતા. અપીલ કરી હોય તો કાયદાની બારીઓથી છૂટી શકે. દરેક વખતે કાયદાની બારીકાઓ હોય તો અપીલ કરવી એ મોટી ભલામણ છે. આપણી લડત ટટ્ટાર દરજ્જે આવી છે તો સમજી શકે છે. ધેરઠેકડની સરતમાં જ્યારે પોલા દોડે છે ત્યારે નથી મરતા, પણ કન સુલીનો ફેર હોય અને હારજીતની જગ્યા એ આવવાનો વખત હોય ત્યારે કુદકા મારયા કરે છે અને ઉપર બેસનારો પોતા નું વજન કમતી કરે છે. તેમ તમારો વખત બરાબરીનો છે તે ધ્યાનમાં રાખ જો. જોહનસબેર લડવાનો આ વખત છે. તમારા આગેવાનોને પગલે ચાલજો અને તે કહે તેમ કરજો. બને વિરૂધ મત લાગે તો બોલજો. નથી બોલતા તે બરાબર નથી. આપણી લડત બે બાબત માટે છે. કાયદો રદ કરાવવો અને એજીટેશનના સવાલનો કુચો બાંધવો. એજીટેશનના સવાલમાં આપણે હરવાને ખુલો મુકવા નું નથી કહેતા. કરત છજ આબરૂની માગણી કરીએછીએ. વધુ માગતાએ નથી. આપણી ઉપર ઉલટા ડીરપેયમાં ત્રણ તહો મત મુકવામાં આવ્યા છે, કે મી ગાંધી કાયદો કબુલ કરે છે. મુસલમાનો ઘણે ભાગે લડતથી વિરૂધ છે. અને લોકો પાસે થી જોર જુલમથી રજીસ્ટરો કઢાવી નાખ્યાં. આ કઇનું જુઠાણું છે? મુસલમાનોએ આખા હરાંસવાલની માસ મીટીંગ ભરી બતાવી આપ્યું કે ડીરપેય ખોટો છે. જુલમથી રજીસ્ટરો કઢાવ્યા તે પણ હકીકત છે ખોટું છે, અને મી ગાંધી પર બોટું તહોમત મુકે છે એ પણ હરાવ કરી બોટું પાડી આપવુ, અને વધી સરકારને બતાવવું કે જનરલ બોથાના આ લખ્યા બોલ જુઠા અને બના વટી છે. આ જગ્યા એ લુરીયન જેવું વાવરો કરે છે, તે મને તો અરબી ઢાડીએ જણાય છે. કેમકે અન્યાયથી શોકની નીશાની વાપરે ધારણ કરી છે. છેવટમાં કહેવાનું એટલુંજ કે તમારા આગેવાનોને પગલે ચાલી તમારા વચનો ઉપર મકમ રહેજો.

મી. હબીબસાહેબે ટેકો આપતાં જણાવ્યું કે ગુલામી પટાને જેણે સળગાવ્યા છે તેને તા. ૧લીથી પકડવા શરૂ કરશે. જરમીસ્ટનમાં બધાયે હીંદીઓ વસે છે, તે બધા પકડાવા અને જેલ જવા તયાર છે, અને જેલ જરૂરજ. બે કોમ કયરો હતો તે કાઢી નાખ્યો છે. આ તો બસ્ટ અને વેસ્ટની લડત છે. વિગેરે.

બાદ મેસરસ સુલેમાન કડીવાલીમ બાપાત (કરસનગરસ), મી. નાયડુ (કીટેરીબા), ઇ. એમ. પટેલ (ડરબનીખન), મી. એ. મેદીઆર અને મુનશ્રીમહમદ ગીરધર પટેલ (જોહાનિયાસરસ), આ સરવે ગ્રહસ્થોએ આ ઠરાવને ટેકો આપ્યો હતો. ડરબનના મેસરસ દાઉદ મહમદ (પ્રમુખ નાં. ઇ. કોંગ્રેસ) પારસી રૂસ્તમજી (ઉપ-પ્રમુખ)

સોરાબજી અડાજનીઆ, યુ. એમ. શેલત અને એસ. જે. રાંદેરીઆ તરફથી પણ આ ઠરાવ મુજબ સોગન જાહેર કરવામાં આવ્યા હતા. બાદ સરવાનુમતે ઠરાવ પાસ જાહેર કરવામાં આવ્યો હતો.

ત્રીજો ઠરાવ: હીંદીઓની ચાલુ લડતમાં નાતાલના હીંદી આગેવાનો અને બીજા ૧૨૦ ભાઇઓ જેમણે કસમ તથા આબરૂ બચાવવાની ખાતર જેલ સહન કરી છે તથા નાણાંનું સંબંધી મોટું નુકસાન ઉઠાવ્યું છે તેમને સુધારકબાદી આપે છે.

આ ઠરાવ મી. જી. વી. મેડકરેએ રજુ કરેલો હતો તથા મી. જી. પી. બ્યાસ અને મી. એ. એસ. ખોટા (હેડલબરગ) ના ટેકાથી પાસ થયો હતો.

ચોથો ઠરાવ: ચાલુ લડતમાં જે ગોરા મીત્રોએ આપણી લડત બાબતમાં ઘણી મદદ કરેલી છે તેમનો આ મીટીંગ ઘણો આભાર માને છે.

આ ઠરાવ મી. ઇ. એસ. કુવાડીઆએ રજુ કરેલો તથા મેસરસ એમ. પી.ફેનસી, વી. વી. આર, નાયડુ, જી. કે. ડેસાઇ (બધા જોહાન્સબરગના) તથા મુસા ઇસમા ઇસ્લ ડાદુ (બોકસબરગ) ના ટેકાથી પાસ થયો હતો.

ઠરાવ પાંચમોઃ ઉપરનો ઠરાવ યોગ્ય જગ્યાએ મોકલવાની પ્રમુખને પરવાનગી આપે છે.

મીટીંગમાં બીજાઓ બોલ્યા હતા તેનો સાર અમને પાછળથી મળ્યો છે: આ બાબતો નીચે મુજબ છે.

મી. દાઉદ મહમદ

બોલ્યા કે કસમ લઇ કહું છું કે મારો જાન તમારે વાસ્તે તૈયાર છે. ભાઇશ્રી ભાઇ બોલ્યા તેથી મારૂં દીલ બહુ ખુશ થયું છે. જનરલ સ્મટસનું દીલ કાણું છે. જીસસ ક્રાઇસ્ટ જે તેમના ખુદા છે તેના મુલકમાં હું પેદા થયો છું તેને હાંકી પ્રહ્લા માગે છે. મરવાનું એક વાર છે. અને મરો તો ઉંચી મુછ રાખીને મરજો. કહત ખુદાથી ડરજો, બીજાથી ડરતા નહીં. સરકાર આપણા ઉપર જુલમ કરી રહી છે કારણ કે તે આપણને મરદ નહીં પણ બૈલ સમાન માને છે. અને ભરોસાને નથી આવવા દેતી કારણ કે મી. મેડકરે જેવા આદમીને પાછા આપણને શીખવે અને સારો પ્રમાણીક રસ્તો બતાવે તે જનરલ સ્મટસની સરકાર ને પસંદ નથી.

છેવટમાં જે તમામ ભાઇઓ હરી જઈ આવા ઝેરી કાયદાને શરણ થાય અથવા ગમે તેમ થાય તો પણ આ તમારો ગુલામ તો જ્યાં સુધી ધારણા પાર ન પડે ત્યાં સુધીની ઉમર તો જેલમાંજ ગાળીશ.

મી. પારસીરૂ રતમજી

એ ઉભા થઇ સર્વ ભાઇઓ તરફ લાંબા હાથ કરી કહ્યું કે તમો સર્વ અમોને તાળીઓના ગડગડાટ અને દુરરેના પોકારથી વધાવી લો છો પણ આપણી કહેવત મુજબ 'ચડ જાઓ બેટા શુલીપર રામજી ભલા કરેગા' એમ કરશો નહીં. પણ જેમ બોલીંગમાં હીટ મારી આઉટ કરવા પ્રયાસ કરો છો તેમજ દેશની ઇજ્જત અને માનને ખાતર, તમારી ખાનદાનીને ખાતર, દેશના ખરા હીરા થજો. દેશ દરોહી ન થજો અને બાલુ હજુરસીંગ બોલી ગયા તે અક્ષરે અક્ષર ધ્યાનમાં રાખજો. મી. ગાંધી વિગેરે તમારા આગેવાનોને દગો ન દેતા. અને જેમ બોલવામાં શુરવીર છો તેમ કામ કરી બતાવીને શુરવીર બનો, આ હડહડતું અપમાન સહન કરવાને બદલે તમારા પઇસાને તમારી કમાઇને અને તમારા ફરજોને ખુદાને સ્વાધીન મુકી તમો ખરેખર હીંદના બાળકો હો તો છેવટ સુધી લડજો, અને જો તેમાં પછાત પડી તમારી કોમને દગો દેશો તો તે દગો તમોને વંશ પરંપરા નડશે. તમો તમારા સોગન પાળજો. કારણ કયામત ને દહાડે દગાખોર થશે તેણે ખુદાને જવાબ દેવો પડશે. તે યાદ રાખજો. તમારો કમાન્ડર મરી જાય તો તેનો હોદ્દો તમો પોતે લેજો અને છેવટે જપ મેળવી તમારૂં પાણી બતાવજો.

મી. સોરાબજી

ઉભા થઇ બોલ્યા કે, ભાઇઓ, આપણામાં ના કેટલાક તો મંગળવારે પકડાશે. આપણામાંનો લગલગ પાંચમો ભાગ તો જેલ જઇ ચુક્યો છે. વળી આજની હીંદી કોમ જે પાંચ વરસ ઉપર હતી તે હવે નથી. તે જમાનો તો ચાલ્યો ગયો. વળી પાંચ વરસ બાદ તો તે જુદીજ જાતની પ્રજા થશે ટરાંસવાલ સરકારનો કેટલો જુલમ છે તે તો હાલમાં એક શીલીંગના દંડ માટે ૩૬ પાઉન્ડનો માલ જપ્ત કર્યો તેજ બતાવી આપે છે. તમો તમારૂં સરવસ્વ ગુમાવજો. પણ તમારી ટેક ન મુકજો અને આપણા ૩૦ કરોડ ભાઇઓની ઇજ્જત સાચવજો.

આપણે પ્રીન્સીપલને માટે લડીએ છીએ અને આજ સુધી આવી રીતે તેજ પ્રીન્સીપલ ને બજાવી રહ્યા છીએ, તેવીજ રીતે મોતની બાજી પણ હસતે મોઢે વધાવી લેજો અને છેવટમાં મારી વિનંતી છે કે તેજ ટેકને વળગી તમો નહીં ડરો તો ફતેહ આપણીજ છે.

મી. યુ. એમ. શેલત

બોલ્યા કે બધા કહી ગયા છે એટલે મારે માટે વધુ બોલવાનું રહ્યું નથી. લડત ની ખરી શરૂઆત હવે આવી છે. મી. ગાંધીએ આપણા વહાણને તારવું છે આપણે ખલાસી થઇ રહેવાનું છે. આપણે મહેનત કરવી તોજ વહાણ સહીસલામત કીનારે પહોંચશે. તમારા બળથી સરકાર ને અને દુનિયાને બતાવી આપજો કે આવા ઝુલમરો કાયદા સરકાર ઘડે તેને તમે માનવાના નથી.

મી. રાંદેરીઆ

બોલ્યા કે આપણા ઉપર જુલમ કરનારા ઓની ઔલાદ શું છે? તેના બાપ દાદા ઓ જંગલમાં ફરતા. એક જમાનો એવો હતો કે આપણે સ્વતંત્ર હતા. આપણે આપણા ખરા ગુણો તજી દીધા અને પશ્ચીમની બદી ગ્રહણ કરી. આગલી અને હાલની રસ્થીતીનો વિચાર કરતાં કાળજું ચીરાય છે. હમણા ચઢતીના ચીન્હો પાછા ફાંફક આંશો જણાય છે. તમારી ઇચ્છા પ્રમાણે ન થાય તો નિરાશ થતા નહીં અને મરતાં સુધી લડજો. ખુદ તમારી સાથે છે.

મી. ઇબરાહીમ કુવાડીઆ

એ જણાવ્યું કે જે ગોરાઓ આપણને મદદ કરી રહ્યા છે તે આપણાં દીલ સાચાં છે એમ ધારીનેજ મદદ કરેછે. હવે પાછા હઠશો તો જુદા ઠરશો. મને તો લાગે છે કે આપણી જીતજ થઇ છે. જનરલ સ્મટસનો આભાર માનવો જોઇએ, કે તેણે આપણને હીંમતવાન બનાવ્યા. હવેતો આપણી કસોટી લેવાય છે. કસોટી માં સાહ દીલથીજ કામ કરશો તો કોમનું ભલું થશે અને ઇજ્જત વધશે.

રૂટર તારથી જણાવે છે કે ફરનલ સીલી એ હાઉસ ઓફ કોમન્સમાં પુછાએલા સવાલના જવાબમાં જણાવ્યું કે ટરાંસવાલમાં હીંદી બાળકોને જેલમાં પુરવામાં આવ્યા છે તે વિષે વધુ તપાસ કરવામાં આવી છે.

ડરબન તથા જોહાન્સબરગની કેટલીક મીટીંગોના લાંબા રીપોર્ટોને લીધે કેટલાક ઉપયોગી ખબરો તથા ખબરપત્રી અને બરખાસ્તીઓના ઇસ્તાફા અમે આ અંકમાં નથી આપી શકયા તે માટે દીલગીર છીએ.

અખબારપત્ર

ડરબન

[અમારા પ્રતીનીધી તરફથી]

સોમવાર.

ઇંડિઅન ચેંબર ઓફ કોમર્સ

અત્રેના વેપારીઓની એક મીટીંગ શનિવારે સાંજના ચાર વાગે મેસરસ એમ. સી. કમરૂદીનની દુકાનમાં મળી હતી. જે વખતે મેસરસ અબદુલ કાદર, ઇસમાઇલ ગોરા, દાદા ઓસમાન, અબદુલ કે આમદ, ઇ. ટી. મોતાલા, ડી. એસ. વાદ, પી. વી. સંઘવી, જે. થી. મેતા, જી. ડી. હંસરાજ, સી. એ. બાસા, મુતુસામી, મહમદ આએદ, આપાસામી, મહમદ કછી, ઇસ પછ ઉમર, ભાણા પરશોતમ, હુસેન કાસમ, અબરાહીમ કમરૂદીન, એન. એમ. કાદર, મહમદ વલી, જીતનમીઆ, સકુર નુરમહમદ વીગેરે બીજા ઘણા વેપારી હાજર હતા. શરૂઆતમાં મી. અબદુલ કાદરે જણાવ્યું કે આજની મીટીંગ હીંદી વેપારી મંડળની સ્થાપના કરવાને બોલા વવામાં આવી છે. મી. એન. એમ. કાદરે ચેંબરની સ્થાપનાને લગતી કેટલીક વીગતો જણાવી. બાદ મેસરસ દાદા ઓસમાન, ઇસમાઇલ ગોરા તથા અબદુલ કાદરે તેના ફાયદા જણાવ્યા. વેપારી મંડળ સ્થાપવાનું નકી થતાં તેને 'ઇંડિઅન ચેંબર ઓફ કોમર્સ'નું નામ આપવાનું ઠરયું, તથા મી. અબદુલ કાદરની દરખાસ્તથી તથા મી. દાદા ઓસમાન અને મી. એન. એમ. કાદરના ટેકાથી મી. ઇસમાઇલ ગોરા ને પ્રમુખ તથા મી. પી. વી. સંઘવીને સેક્રેટરી નીમવામાં આવ્યા.

મી. દાદા ઓસમાને આ મેળાવડા માટે ખુશાલી બતાવી લંબાણથી ભાષણ કરતા જણાવ્યું કે ચેંબરને માતબર મંડળ બનાવ્યાથી વેપારમાં ઘણા જરૂરી સુધારા થઇ શકશે. આ મંડળની વતથી હીંદી વેપારીઓ સામે આડાઇ કરનારાઓને સમજાવી શકાય. આપણા વાળાને કેટલાક સમય થયાં નેસલનું દુધ નથી મળતું. જો કે તે દુધ પ્રથમ ચાલતું હીંદી વેપારી એ કરેલ, પણ ત્યારે બરાબર ચાલતું થયું ત્યારે નજીવા વાંધાને જહાને તે દુધ હીંદી વેપારીને આપવું બંધ કરયું. ગોરા વેપારી આમ બોયકોટ ચલાવે તેની સામે આપણું મંડળ હોય તો આપણે લડત લઇ શકીએ છીએ, અને તેમાં ઘનશ્યામ અલ્લા હતેહ પણ પામીએ. કેટલીક વસ્તુ ઓ આપણા વેપારીઓ બિલકુલ નહિ લીધા વિના બલકે બોટ ખાઇને વેચે છે તેમ નહિ થવું જોઇએ. આમ વેપાર બગાડવાથી તેને કાંઇ મળતું નથી, એટલુંજ નહિ પણ મોરાઓમાં હીંદીના વેપારની ઇજ્જત ઘટે છે. આવી વસ્તુઓ અમુક દામ થી નીચે કોઇ ન વેચે તેમ મુકરર થવાની જરૂર છે. ત્યારબાદ કેટલાક ભાષણો થયા હતા. જેમાં મી. અબદુલ હકની દરખાસ્ત થી નીચેની વસ્તુના તેની સામે જણાવેલ ભાવ રજુ કરવામાં આવ્યા હતા.

		શી.	પે-ન્સ
દુધ (નેસલ) એક ટીન		૦	૫૫
રાયનું (કડુ) તેલ એક બોટલ.		૦	૯
કોકોનટ તેલ	,,	૦	૧૦
કલીનું તેલ	,,	૦	૯
કેસ્ટર(રેડીનું) તેલ	,,	૦	૮
મેચીસ (સીંદ્ધ બાપની)એક ડઝન		૦	૪
ટી (પેકો સુશોંગ) એક પેકેટ		૦	૧૦
ડાયામંડ સાબુ	,,	૦	૪
સીલ્કસ્ટોન સાબુ	,,	૦	૪
એસ. ૨૦ કેલીકો	વાર ૧	૦	૪૫
ડી. ૨૭ લાલ સાટીન	,,	૦	૫
મદ્રાસી સોપારી	રતલ ૧	૧	૦
ઘી કલકત્તાનું	,,	૧	૧
ચુંબલા	,,	૦	૫

ઉપરના ભાવ સરવાનુમતે કબુલ રાખવામાં આવ્યા હતા. અને તે મુજબના હેંડબીલો અંગ્રેજીમાં છાપી સઘળે ફેલાવી દેવાની ગોઠવણ કરવામાં આવી હતી. આ ભાવ તા. ૧ ડીસેંબર ૧૯૦૮ ના રોજથી અમલમાં મુકવાનું ઠરાવવામાં આવ્યું હતું. જે ચીજોને હેન્ડબીલ ન મળી શકયા હોય અથવા તો બીજી રીતે ન ખબર મળી હોય તેઓને ભાવોમાંથી વંચી ચેંબરના કાનુનને વળગી રહેવાની વિનંતિ કરવામાં આવી હતી. ત્યાર બાદ ધારા ઘડવાની ચર્ચા ચાલી હતી, જે કામ બીજી મીટીંગને માટે મુલતવી રહયું હતું. પ્રમુખ મી. ઇસમાઇલ ગોરાએ ઘણેજ કામ માટે બહુ સંતોષ બતાવી જણાવ્યું કે ચેંબરના નિયમો તોડનારને કોરટની મારફત આપણાથી શીક્ષા તો નથી કરી શકાતી. પરંતુ દરેક વેપારી પોતે ખુદાનો ડર રાખી તેનો ચોર નહિ બને. મીટીંગનું કામ બલાસ થયા બાદ છુટા પડતા પહેલાં મી. અબદુલ કાદર તરફથી બધાને ચા આપવામાં આવી હતી.

હીંદુ યંગમેન્સ સોસાયટી

આ સભાનો ત્રીજા વરસનો ગરબીનો મેળાવડો ગયા રવીવારે નાતાલ ઇંડિઅન કોંગ્રેસના હોલમાં મોટી જાહોજલાલીથી ઉજવવામાં આવ્યો હતો. હોલને ઘણી સુંદર રીતે શણગારવામાં આવ્યો હતો. મધ્યસ્થ હીંદ દેવીનો તથા આસપાસ સ્વામી અભેદાનંદ, સ્વામી વીવેકાનંદ, સ્વામી શંકરાનંદ, શ્રીમન નયુરામ શર્મા, આદી હીંદના ધરમગુરૂઓની મોટા કદની તસવીરો જુદી જુદી જગાએથી એકઠી કરી ટાંગવામાં આવી હતી. સગવડ થતા વીધી કરવામાં આવી હતી, જે પુરી થયા બાદ સ્વામીજીએ ઘણાજ આર્દ્ર હૃદયથી ગદગદ કંઠે લાંબા વખત સુધી હીંદ તથા હીંદના પુત્રોનો ઉદ્ધાર કરવા ઇશ્વર પ્રાર્થના કરી હતી. જેથી શ્રોતાઓના મન ઉપર ઘણી સરસ છાપ પડી હતી. યજ્ઞની વિધી ગણેશ નામના એક હીંદુને હાથે કરવામાં આવી હતી. વૃદ્ધ ગણેશ જે આગળ ખ્રીસ્તી ધરમ પાળતો હતો તેને આજે ગાયત્રી તથા યજ્ઞથી શુદ્ધ કરવામાં આવ્યો. બાદ પ્રસાદ લઇ સરવે છુટા થયા હતા.

બપોરે વાગ્યાને સુમારે ફરીને તેજ હોલમાં આશરે ૬૦૦ માણસ ભેગા થયા હતા. સેક્રેટરીએ સભાનો રિપોરટ સંભળાવ્યો હતો. ત્યાર બાદ સોસાયટીના પ્રમુખ મી. આર. આર. મુડબે, લાલા ભોકમચંદ, નાતાલ સનાતન ધરમ સભા તથા, ઓવર પોરટ અને ગારિત્સબરગની હીંદુ મંડળી ઓના પ્રતિનીધિઓ વીગેરેનાં ભાષણો થયાં હતાં. તે ઉપરાંત કેટલાક ભાષણો તામીલ ભાષામાં પણ કરવામાં આવ્યાં હતાં. તે સરવે બલાસ થયા બાદ સ્વામી શ્રી શંકરાનંદ તરફથી એક સંપ અને મંડળીને કરવાના કાર્યો સંબંધી ઘણું ઉમદા ભાષણ આપવામાં આવ્યું હતું. [આ ભાષણનો સારરૂપ ખ્યાલ બીજી જગાએ આપેલ છે. અ. ઇ. ઓ.] તે પછી નાની વયની મદ્રાસી બાળાઓએ હારમોનીઅમ સાથે સુંદર ગીતો ગાયા હતા. છેવટમાં દુધ તથા મીઠાઇ દરેકને વહેચાયા બાદ મેળાવડો સાંજે ૭ વાગે વિસરજન થયો હતો.

હીંદી ક્રીકેટ કલબ

અત્રેના કેટલાક વેપારી તથા કરટ ચલાવનારા હીંદુ ભાઇઓએ રજાના દિવસોમાં ક્રીકેટ રમવાને એક કલબ થોડા અઠવાડી આ થયા કાઢેલી છે. તેઓ દર શનિ તથા રવિવારે હાપરસેડ રકુલ પાસેના મેદાનમાં રમવાને જાય છે.

મદ્રાસની કોંગ્રેસમાં ટ્રેલીગેટ

આ માસની આખરીએ મળનારી [illegible] સમાં ડેલીગેટ તરીકે કોઇને [illegible]

વાતચીત ચાલતી હતી પણ કાંઈ ચોક્કસ થયું હોય તેમ અખબાર મળ્યા નથી. પરંતુ એક મદ્રાસી મી. સી. આર. નાયડુ બાદ આ પ્રતિનિધિ મંડળ ઉપર તા. ૪ ડીસેમ્બરના અરસામાં અંગ્રેજી ઉપરના અખબાર મળ્યા છે. તેણે દક્ષિણ આફ્રિકાની હાલની સ્થિતિ ઉપર આપણને એક લાંબુ તથા અસરકારક ભાષણ તા૫ર કરેલું છે.

મંગળવાર.

સાચું ઓસડ

રેલવે સત્તાવાળાઓએ માલ ઉપરના ભાડાના દર થોડા વખત થયાં વધારેલ તે ઉપરથી વેપારમંડળની હોંદી કમીટી તરફથી મી. ૮. સી. મોટાણાએ ખરું ઓસડ શોધ્યું. તેમણે રેલવે ખાતાને જણાવ્યું કે તે આમ લુંટવાનો ધંધો આદરશે તો મહા કરબનથી ગાડાંઓમાં અંગારપું. અથવા હોંદી વેપારીએ સંપ કરી આવું પગલું ભરવા નું જણાવ્યું તેનું પરિણામ એ આવ્યું કે રેલવેના અમુક દર ઘટયા છે.

સ્ત્રીઓને ભાષણ

ગયા સોમવારે સાંજે ત્રણ વાગે ડોંગ રેસ હોલમાં સ્વામીજીએ સ્ત્રીઓની સભા માં ખાસ આમંત્રણથી ભાષણ આપ્યું હતું. લગભગ ૧૦૦ સ્ત્રીઓ હાજર હતી. સ્વામીજીએ સ્ત્રીઓના ધરમ ઉપર અસર કારક ભાષણ આપ્યું હતું.

જોહાન્સબર્ગ

[અમારા પ્રતિનિધી તરફથી]

જાનીવાર.

હમીદીયા કોર્પ્સ કલબ

શુક્રવારે સાંજે ખુલ્લું મુકવાનું હોવાથી હમીદીયા પ્રસ્તાવીક રોશનાયટીના હોલની સામેનું મેદાન બે વાગેથી ભરાવા માંડયું આશરે હજારેક માણસ એકઠું થયું હશે. પણ વાગે મેસરસ દાવુદ મહમદ, અને પારસી રૂસ્તમજી જેમના હાથે કલબ ખુલ્લી મુકવાનું હોવાથી હાર લેવા ઉતર્યા હતા થોડી મીનીટ અને જણાએાને હાર આપ્યા બાદ બાસ તબ્બાર કરેલ બેઠક ઉપર તેઓ સહેબો અને બીજા આમંત્રણ કરેલ ગૃહસ્થોએ બેઠક લીધા બાદ નાતાલ ના ગીરજાનેમાંના બેલાડીઓને હમીદીયા કોર્પ્સ કલબે પહેલો હાર આપ્યો. રમત પહેલી પન્દર મીનીટ ચાલ્યા બાદ સેસાયટી ના હોલમાં બપોના એકઠા થયા ત્યાં નોતરા મોટા ગૃહસ્થોને જમવા માટે ગોઠવણ કરવામાં આવી હતી. મેસરસ અબદુલ રહમાન, હાજી હમીદે નવા કોર્પ્સ કલબના કેપ્ટન તથા મેજરોએ ઘણી સરસ મહેનત લીધી હતી. મેસરસ દાવુદ મહમદ, રૂસ્તમજી પારસી, એમ. બી. આમજીઆ, સોરાબજી તથા બીજા નાતાલના ગીરજાતીઓને હોલ માં દાખલ થતાંજ તાલીઓના કડકડાટ અને હુરેના પોકારોથી વધાવી લીધા હતા.

મી. અબદુલ રહમાની દરખાસ્તથી મી. કાછલીઆને આ મીજલસનું પ્રમુખ પદ આપ્યું હતું. તરેહ તરેહના મેવા સોડા, આમન્ડ, ચા બીસ્કીટની ઘણી અચ્છી ગોઠવણ કરવામાં આવી હતી. નાસ્તા લીધા પછી મી. હાજી હમીદે આવી કલબોથી થતા ફાયદા સંબંધી વિષે ચર્ચણી કરી બતાવ્યા હતા. તેમજ તાતા લડ્યા અગેનેતની તારીફ કરી હતી કે, "કહી બતાવ્યા કરતાં કરી બતાવવું તે આનું નામ કહેવાય". ટ્રાંસવાલસરકાર ના કરતબનું વરણન કરતાં જણાવ્યું કે આજ ૨૫ વરસ થયાં ટ્રાંસવાલની કચ સરકાર હીંદીઓને દાબી દેતા થયી રહી હતી, પણ બ્રિટીશ કોન્સલ વચ્ચે પડી કહેતા કે ધર્મીષ્ટીઅસ વાવટો ઉડતો હોય તો દુઃખ નપડે. કને તે વાવટો ઉડતો થયા પછી ૧૯ વર્ષમાં વડી સરકારના અમલદારોએ એશીઆટીક કાયદો ઘડયો અને ટ્રાંસવાલને જણાવ્યું કે મારે વશે આ પ્રમાણે ચાલો, અને પોતે છુટી જઇ કહે છે કે ટ્રાંસવાલ સેલ્ફ ગવરનમેંટ છે. તેની વચમાં કેમ પડાય? ટ્રાંસવાલ સરકાર કહે છે કે લાખ ગાજા કે કરોડો ગાજા! મતલબ કે વડી સરકાર બીજાને હાથે મરાવી નાખવાની રાજનીતી લઇ બેઠી છે. છેવિયા ૫૦ વરસ થયાં—એટલે હીંદીઓને ગુલામીમાં નાખવાને ૫૦ વરસ થયાં-તેની જુબીલી ઉજવે છે, જ્યારે ટ્રાંસવાલમાં હીંદીઓને દુઃખો પડતાં ૨૫ વરસ થયાં તેની અહીં સીલ્વર જુબીલી વડી સરકાર ટ્રાંસવાલ સરકાર પાસે ઉજવાવે છે. જ્યારે હીંદુસ્થાનમાં ભપકો સપકો કરી ઉજવશે ત્યારે ટ્રાંસવાલની જેલો હીંદીઓ થી ભરી ઉજવે છે. આ બીજી વખત હીંદુસ્થાનને ઠગાને તજવીજ થાય છે. જીભાનથી કહે છે કે મારી માને પગલે ચાલીશ. પણ અમલદારો મરજી પડે તેમ કરેછે. ટ્રાંસવાલની સરકારને તો શાબાશી ઘટે છે કે સુતેલાઓને જગાડે છે, કહે છે કે સુતા રહેશો તો માર્યા જશો. આ બધાનું વર્ણન ચરનોજ પાથે મુકું છું- લો૦ સેલબોરન, સર વીન્યરડ સોલોમન, ડનકન અને ફરીસ. હવે ત્યારે કોઈએ તો વખા રહેવું. જુલમ કોઈએ અને કબુલતો આપી છે તે પ્રમાણે મગીશું. આખળાં બાબત સરકાર કહેતી કે તે ઓળખાણ માટે છે. શું મી. ગાંધીને સરકાર નહોતી ઓળખતી? અતો કમાણી મારવાનો રસ્તો સરકારે અખત્યાર કર્યો છે. સરકાર ઉપર બરોસો રાખવાથી પરીણામ બરાબર આવશે. ૧૮૯૭થી લાઇસેન્સ ગોરાઓના નામ ઉપર લાઇ વેપાર કરતા. પાછળથી બ્રિટીશ કોન્સલ કહેતો કે પૈસા ટેંડર કરો અને લાઇસેન્સ ન આપે તો વગર લાઇસેન્સથી વેપાર કરો. તેમ કરી આપવું રક્ષણ કરતો, અત્યારે ઉલટું થાય છે. વધારે બોલી બાબત નથી રે કવા માગતો. કુંટુંબ આ કલબનો ઉદેશ બેળા મળી સારા કામો થઇ શકે તેજ છે બાકી રમવા માટેજ છે એમ નથી સમજવાનું.

મી. જોસેજ ગેડફ્રે બોલ્યા કે ત્રીસ કરોડમાટે તેમજ જે ગોરાઓ તમને મદદ કરી રહ્યા છે તેમની ખાતર મક્કમ રહેજો. મી. હાજી હમીદ આટલો બધો આગળ પડતો ભાગ લેવા છે તેથી બહુ ખુશી છું. અને કહેવામાં આવ્યું હતું કે મી. હાજી હમીદ લડતમાં સામેલ નથી, પણ આજનું તેનું ભાષણ સાંભળી બહુ ખુશી થયો છું આટલો બધો આગળ પડતો ભાગ લેવા માટે તેમને મુબારકબાદી ઘટે છે. તે ઘણું કહી ગયા છે એટલે મારે હવે વધારે તે બાબત ઉપર બોલવાપણું નથી રહેતું. હું હીંદી તરીકે અને નાતાલીઅન તરીકે આપણા નાતાલના સાહેબોને માન આપવા સહુ બેળા આજે થયા છીએ તેમાં સામેલ થવા માટે મગરૂર છું. અને જણાવવું કરું છું કે નાતાલના આગેવાનોને પગલે ચાલી માતૃભૂમી માટે જેટલું સહન કરવું પડે તેટલું સહન કરવું. મી. ગાંધી કહે જ કમીશ્નો છોડી બધી તાતનો ભોગ આપી આપણે માટે જેલ ભોગવે છે તે યાદ રાખજો. મી હાજી હમીદ આવતા રવીવારની માસ મીટીંગમાં આવી જણાવ્યું કરે અને ફરીયાદોને ટેકો આપે તો તેના જેવું સરસ બીજું કંઈ નહીં સમજું. મારા કહેવાથી મી. હાજી. હમીદે માઠું નથી લગાડવાનું. મારી ફરજની રૂએ બોલું છું. ત્રીસ કરોડ હીંદીઓ તમારી લડત બહુજ બારીકીથી અને મગરૂરીથી જુએ છે. તેની ખાતર, અને તમારા દેશની ખાતર, જરાએ પાછા નહી હઠતાં. હીમતથી આગળ વધો. મી. હસન મીયાં બોલ્યા કે રૂસ્તમ, રીકંદર વીગેરે ચાલ્યા ગયા પણ નામ રહી ગયું. ડરપનના હીરાઓ બોજ આપવા આવ્યા છે તે જાલગાં રાખવાનું છે. હીંદુ મુસલમાન એકત્ર થઇ કામ

કરશે તો ગેરાદાબધ હતેદ થશે. આ ગ્રેન્જ સરકારની પોલીસીમાં દખલ જ૪ એક કોમનો માણસ બીજી કોમની મરદન કરશે તો તેના જેવો પાપી બીજો કોઇ નહીં. હીંદુ મુસલમાન એક થાઓ અને તામારી માતૃભૂમીની સેવા કરો. મેસરસ દાઉદ મહમદ કુવાદીઆ, દીલદારખાન, યંમી નાઈડુ, ઉમરજી સાલે, મી હવીન (ચેરમેન આફ્રીકન એસોસીએશન) અસવાત, હરીલાલ ગાંધી વીગેરે સમયને અનુસરતું બોલ્યા હતા. મી કામા બોલ્યા કે બ્રિટીશ હતેમની નીચે બોઅર અધિકારીઓ સેલ્ફ ગવરનમેંટને નામે રાજ ચલાવે છે. સન્નાદ વખતે આપણામાં સઓ હોવાનો સરકારે લાભ લીધો અને તાજેતર આપણે લડવું શરૂ કરવું પડયું. આપણી આ વખતે બેજ બાજન છે. જુનો કાયદો રદ થાય અને કેળાયેલા હીંદી શહેરી તરીકે દાખલ થાય તેજ છે. મી હાજી હબીબે આપણને ઘણું સમજાવ્યું છે અને કહી ગયા છે કે તમારી સાથે છું, પણ મારે યાદ દેવું જોઇએ કે પહેલી લડત વખતે તમારી સાથે હતા, પછી જુદા થયા. અને અત્યારે આ વખતે કહે છે કે છેવટ સુધી સાથે રહીશ. મી. હાજી હબીબ આપણને ભલામણ કરવા આવ્યા હતા તો હું કહું છું કે સાથે રહેવું હોય તો રજીસ્ટર આપી દેવ. બાગ અને સાચા હોય તો છેવટ સુધી સાથે ટકી રહે અને બતાવી આપે કે બોલ્યા તે પ્રમાણેજ કરે છે. જ્યાંસુધી હતેદ ન થાય અને માન આબરૂ રહી ન શકીએ ત્યાંસુધી દરેક ભોગ આપવા. મી. હાજી હબીબે કહ્યું, મેસરસ ગોડફ્રે તથા કામનો આભાર માનું તો ખોટું નહીં, આ વખતે ખુલાશો કરવાનો મારો મોકો છે. હું તેર વરસ થયાં બાજ લેતો હતો. હાલ નહીં લેવાનાં કારણો રજુ કરવાં જોઇએ. હું જે મહેનત કરતો હતો તે ફકત ભાઈનેજ માટે. અને તે કોઇપણ બાતના બદલા વગર. પણ કેટલાક બાયલા હીંચકારાઓએ મારા ઉપર કેટલીક બાબતોનાં ખોટાં તહોમતો મુકી મને બદનામ કરવા પ્રયત્ન કર્યો. એસોસીએશનના મેંબરો તરફથી પણ મને બોલાવવા તજવીજ થઇ. આવાં અનેક કારણોને લીધે એસોસીએશનની મીટીંગમાં દાખલ નથી થતો. પણ કોમી કામ માટે મારાથી બનતું કર્યાજ કરું છું. અને તે બધું ખુદા જાણે છે. જે માણસો મારી વિરૂદ્ધ મત બાંધતા હશે અને મારા ઉપર ખોટાં તહોમતો મુકે છે તેની પાસેથી ખુદા જવાબ લેશે. (મી. હાજી હબીબે કરેલા દલીલોનો અને પોતાના ઉપર મુકાયેલાં તહોમતો વિગતવાર કહી સંભળાવતાં શ્રોતાઓના મન ઉપર ઉંડી છાપ બેસાડી હતી, જે બાબતો કેટલીક મીટીંગો ના રીપોર્ટમાં આવી ગયેલ હોવાથી આ જગ્યાએ નથી આપતો.) ઉપરમાં પોતે બોલ્યા કે જ્યાંસુધી માણસોના મનમાંથી ખોટા વિચારો નાબુદ નહીં થાય અને બધી બાબતનો સંતોષકારક ખુલાસો નહીં થાય ત્યાંસુધી જાહેરમાં ભાગ નહીં લઉં.

મેસરસ દાઉદ શેઠ, પારસી રૂસ્તમજી, આંગલીઆ શેઠ અને સોરાબજીએ વખતને અનુસરતાં અને હૃદયભેદક ભાષણો કરવાં હતાં. મેસરસ ગોડફ્રે તથા કામાએ મી. હાજી હબીબના ખુલાસા માટે આભાર માની બધું સાંભળીલીધું અને બનેલ ઠરાવ કરવા અને બદલું છે તે જણાવ કરવા આગ્રહ કર્યો હતો અને મી. હાજી હબીબ ની હીંમત અને કામનાં વખાણ કરવાં હતાં. ત્યારબાદ મી. કાછલીઆએ લંબાણથી વીવેચન કરતું હતું. મી. હાજી હબીબ પાસે દેવાવતી બન્યું તે ઠરાવ કરવા આજ્ઞા કરી હતી. મી. હાજી હબીબ માસ મીટીંગમાં હાજર થયા, અને બોલવા છેવટે વચન આપ્યું હતું. અને છેવટ મીટીંગ રાત્રે ૧૦ વાગ્યે બરખાસ્ત થઇ હતી.

જોનોની

મી. કેટવાલ લખે છે કે જોનોનીમાં જે હીંદીઓનો કેસ ચાલેલ તેને દરેકને પા. ૨ દંડ અથવા ૨૪ દિવસની જેલ મળેલ, દંડ નહીંભરનારા સહુ જેલ જવા તયાર થયાને જેલમાં ગયા. પણ બપોરબાદ પાંચને જેલમાંથી કાઢી મુકયા. અને કહયું કે સરકાર જેલમાં રાખી બચરાવવા માગતી નથી. મજકુર પાંચને જેલમાંથી કાઢી મુકયા અને બીજા તામીલને જેનો કેસ તેમની સાથેજ હતો તેના મીત્રોએ જાણ્યું કે બીજાઓ દંડ ભરીને આવ્યા અને આ રહી ગયો તેથી ગપોગપ દંડ ભરી મજકુર તામીલનો છોકરો છોડાવી લીધો. આ બાબત મી. પોલાકે ત્યાંના પબ્લીક પ્રોસીકયુટરને પુછતાં જણાયું કે સરકાર માલ જપ્ત કરનાર છે અને જપ્તીના વારંટો કાઢયાં છે. દંડ વસુલ નહીં થાય તો જેલ મોકલશે. જોનોનીના માણસો આ બાબત શ્રધ્ધામાં હતા અને તે બાબત એસોસીએશન ઉપર તપાસ કરવા સબત કાગળો લખેલ. તે કાગળોને મી. પોલાકે કરેલ તપાસથી અને ઉપરના ખુલાસાથી સંતોષ થયો.

ક્રોક્સિઆના

મહમદ કાસમને મ ણસોની ખોટી રીતે ટ્રાંસવાલમાં દાખલ કરવા માટે પા. ૨૦ દંડ અને બે મહિનાની સખત મજુરી સાથે જેલની સજા થઇ છે દંડ ન ભરે તો બીજા બે મહિનાની જેલ વધારે ભોગવે, તેની સાથે આવેલા ત્રણ માણસો જેઓએ કાયદાને રાજ્ય થઇ અરજી કરવા મરજી બતાવી પણ તે બધાને ત્રણ ત્રણ પીકની જેલની સજા કરી અને જેલની સજા ખલાસ થયે બાદ તેમને હદપાર કરવાનો હુકમ થયો છે.

મંગળવાર

આગેવાનો તથા બીજાઓ પકડાયા

રજીસ્ટર થવાની મુદત ગઇ કાલે પુરી થઇ છે, એટલે હવે સરકાર બધાને પકડી શકે છે. પણ તેમ નહીં કરતાં આજે તો નીચેના મરદારોને પકડયા છે. મેસરસ દાઉદ મહમદ, પારસી રૂસ્તમજી, એમ. સી. આંગલીઆ, એસ. જે. સુંદેરી આ, એમ. એન. જોશાણીઆ, હાજી મીયાં. મહમદ હુસેન, પારસી સોરાબજી, યુ. એમ. શૈલત, મુલજી ઉકાભાઇ, ઉમર ઓસમાન, એચ. આઇ. જોશી, એમ. બી. મેઢ, ઇસમાઇલ ઇસપ, વલી આમદ જી અને હરીલાલ ગાંધી. તેઓએ જામીન આપવાની ના પાડી છે એટલે આવતી કાલ કેસ ઉપર હાજર થવાની કબુલાત લઇ હાલ છોડેલા છે.

જરમીસ્ટન

ભુલા મેઘજી, મંગા સોમા, મેઘજી નારણ, હરી દયાળ, દુલભ ધના, દલપત બજા, ને રામનારાયણ શંકરસીંગ આટલા સાત જણને આજે પકડેલ છે. તેઓની ઉપર તહોમત રજીસ્ટર નહીં બતાવવાનું છે. બીજા સોલ સાંજે પકડાશે.

અનાવશ્યક જેલમાંથી છુટયા

મેસરસ વલભરામ જીવાભાઇ, રણછોડ ભાઇ કાલ્યાભાઇ, મકનજી બીમભાઇ, રામભાઇ કરસનજી, જીવણ હાજી, કાનજી મોરાર તથા અંબાઇદાસ મકન જેલમાંથી તા. ૨૭ નવેમ્બરના રોજ છુટયા છે. મી. મકનજી બીમભાઇ બે વખત જેલ જઇ આવ્યા છે.

ગુરૂવાર

પકડાયેલાઓની હીંગત

ગાનીવારે દશ માણસોને વગર લાઇસેન્સ થી ફેરી કરવા સારૂ પા. ૧ દંડ અથવા ૭ દિવસની સખત મજુરી સાથની જેલ ની સજા થઇ હતી. બધા જેલ ગયા છે. મંગળવારે ૧ સુરતી મુસલમાન, ૭ ગુજરાતી, અને ૭ મદરાસી હીંદુઓને વગર લાઇસેન્સથી ફેરી કરવા માટે પા. ૧ દંડ અથવા ૭ દિવસની સખત મજુરી સાથની જેલની સજા કરી છે. બધા જેલમાં ગયા છે.

હીંદના હીરા જોહાનિસબર્ગની કોર્ટમાં

ગઇ કાલે જણાવી ગયા તે મુજબ પકડાયેલા નાતાલના રહીશોમાંના તથા બીજાઓ આજે કોર્ટમાં હાજર થયા હતા કોર્ટ અંદર તથા બહાર ગીર્દી ભરાઇ ગઇ હતી. પહેલો કેસ મી. હરીલાલ ગાંધી નો હતો. તેમણે કહ્યું કે મારે કાંઇ બચાવ કરવાનો નથી. કાયદેસર જે સજા થાય તે ભોગવવા તયાર છું. માજીસ્ટ્રેટે તેમને ગુન્હેગાર ઠરાવી ડીપોર્ટ કરવાનો હુકમ કર્યો. બીજા બધા વતી મી. પોલાકે તા. ૯ શુક્રવાર સુધી મુદત માગી, જે આપવામાં આવી હતી. મી. હરીલાલ ગાંધીને હદપારનું વારંટ તયાર ન હોવા થી જેલમાં રાખ્યા છે. બહારથી ખાવા પીવાનું આપવાની રજા મળી છે.

વધુ પકડા પકડી

હમણાજ મી. નાયડુ તરફથી ખબર મળ્યા છે કે બીજા ૪૬ માણસોને સવારે પકડવામાં આવશે. તેમના નામોઃ નારાણ મોના, જીવા મકન, કુવરજી નારાણ, ભીખા કલ્યાણ, રતનશી મુળજી સોઢા, પરાગ લાલા, લક્ષ્મનદાસ રણછોડ, ગાંડા ખુશાલ ડાણીદાસ ભગવાન, લાલા હરી, આમદ મુસા, આજમ સીદુ પટેલ, માવજી કરસ નજી કોઠારી, રાયજી રૂગનાથ મહેતા, કસન ઉકા, ડાહ્યા કુકીરા, મહમદ આમુ જી, જમા ભીખા, મુસા હાસીમ, કાજી બદરૂદીન, આદમ ઇસપ, નારણ જમા, મોના વલભ, મુલજી મનજી, બાજી જીવણ જુસા જીવણ, હીરા સુખા, ઇબરાહીમ આમદજી, રણછોડ છીબા, હીરજી મુલજી ભીખા ગોવન, ચુનીઆ લાલા, મુલજી ઉકા, વલી આમદજી, ઇસમાઇલ આકુજી, સુખા ગોવન, રતન પેમા, આજમ મીરજ જુસા એન. લીંબી, ઝીણાભાઇ વલભભાઇ, રવીકૃષ્ણ તાલવતસીંગ, કસન ગોપાલ, મીઠા કુલભ, મહમદ ઇ. જના, કાસીમ મોહીદીન રણછોડ હરી.

પ્રીટોરીઆ

અહીંનો ખબરપત્રી જણાવે છે કે ગયા અઠવાડીઆમાં ત્યાંના ઘણા હીંદી વેલીંટયાન બીજની રૂએ રજીસ્ટર થયા. આમાં કાનજી ભા, દીપુ, સુરતી મુસલમાન તથા ઘેાબી લોકો છે. તેઓને કેટલાક ડોળધાલુઓ રજીસ્ટર થવામાં મદદ કરે છે. આ ખરે ખર બેદકારક ગણાય. આ વખત કોમને દગો દેવાનો નથી. અહીંનો કોઇએક ધોબી પ્રીટોરીઆ જઇ પોતાના બળી ગયેલ રજીસ્ટર ની નકલ કઢાવી લાવ્યાના ખબર મળ્યા છે.

બેઅદબપણા માટે દાગલો

મી. અસ્સાત જેલમાંથી છુટા થયા તે વખતે તેને અને બીજા કેટલાક મુસલમાન કેદીઓને જાહેરમાં કેટલોક વખત સુધી નગ્ન ઉભા રાખ્યા હતા. નહાવા તથા જરૂરતે માટે પણ અદબ સાચવવા તેવી કોઇ જાતની ગોઠવણ નથી. હમીદીઆ સોસાયટી તથા બ્રી. ઓ. એસોસીએશન તરફથી આ વિષે એટરની જનરલને સખત કાગળો લખવામાં આવ્યા છે. તેમાં ખાસ બતાવવામાં આવ્યું છે કે આવી અદબ સાચવવી એ મુસલમાની કોમની ખાસ ધારમીક ફરજોમાંની એક છે.

મીડલબરગ

મી. ભાભાને પા. ૧૦ ઠંડ અથવા એક મહિનાની સખત મજુરી સાથે જેલની સજા થએલ. મી. ભાભા જેલ ગયા બાદ તેના કલારકને વગર લાયસેન્સથી દુકાન ચલવવા માટે પકડવામાં આવેલ અને તેને પણ પા. ૧૦ ઠંડ અથવા એક મહીનાની જેલની સજા કરેલ છે. આ અન્યાયજ કર્યો છે. માજીસ્ટ્રેટ કાયદાના જ્ઞાનમાં બરે પછાતજ હોવા જોઇએ, કાયદેસર મેનેજર કે કલારકને શીક્ષા થઇ શકતી નથી.

કરેસ્પરસડોરપ

બે માણસને રજીસ્ટર નહિ બતાવવા માટે પકડાયા છે. પા. ૨૫ જેલ કરેલ છે.

જરમીસ્ટન

સાત માણસોને રજીસ્ટર માટે પકડવા માં આવેલ તે બધાના કેસ તા. ૯મી ઉપર રીમાન્ડ થયા છે. દરેકનો પા. ૫ જેલ કરવો છે.

ક્રીશ્ચીઆના

મી. મીરજાખેર મહમદ કવાલી જેને ત્રણ વીકની જેલ થએલી, તેની મુદત પુરી થતાં છોડયા નહીં, અને છ વીક પુરી થયા બાદ છોડેલ છે તેને વધારે વખત જેલમાં રાખવા માટે એસોસીએશન તરફથી ચર્ચા વાળાઓને લખાણ કરવું છે.

નાતાલના આગેવાનો

આગેવાનો ઘણું સરસ કામ કરી રહયા છે. કરેસ્પરસડોરપ તમા પોમેરેટસ્બ તરફથી બસો પાઉન્ડ ઉપર ઉઘરાણું લાવ્યા છે. અને ટાઉનમાં તથા આસપાસના ડીસ્ટ્રીક્ટ માંથી ઉઘરાણું કરે છે. સો પાઉન્ડ ઉપર થયાનું જાણવું છે. આજે સહુ સાહેબો ઓકસબર્ગ ગયા છે.

ફરસતભજી શેઠ હરબનમાં

મી. ગાંધીના આવી આગેવથી અને બ્રી. ઇ. ઓ. ની કમીટીના મેંબરોની પરવાનગીથી પોતાનો કેસ તા. ૯ ઉપર મુલતવી રહેવો છે. તે દરમીયાન પોતાના બીજનેસના અગત્યના કામને લીધે કાલ બે દીવસ માટે આજ રાતના ડરબન મેલ માં ઉપડી જશે, અને આવતા રવીવારે કે સોમવારે પાછા હાજર થઇ જશે. ફરસતજી શેઠ ઘણીજ દીલગીરી સાથે જાય છે. કેમકે તેમનો વિચાર બીલકુલ જવાનો નહીં હતો. અને મી. ગાંધીએ તેમને બે દીવસ માટે જવા અતી આગ્રહ કરયો તેથીજ જાય છે.

વેલકમરરહ

મી. ઇ. એમ. ઠાજીને વગર લાઇસેન્સ થી વેપાર કરવા માટે મંગળવારે ૨૦ પાઉન્ડ દંડ અથવા છ અઠવાડીઆની જેલની સજા મળી છે. મી. ઠાજી જેલમાં જશે. મી. દાઉદખાનના કેસની અપીલ સની રે સુપ્રીમ કોર્ટમાં ચાલી હતી. તેમા તેને બીન ગુન્હેગાર ઠરાવી છોડી મુકવામાં આવ્યા છે. ગઇ કાલે બીજા બે હીંદીને આંગળાં નહીં આપવા માટે કોર્ટમાં ખડા કરવામાં આવ્યા હતા. તેમની પાસે મરજીઆત રજીસ્ટર હતા. મી. પોલાક બચાવ તરફથી હતા. તેમણે બતાવ્યું કે મારા અસીલને તા. ૨૮ના રોજ પકડવામાં આવેલ છે અને તે કલમો મુજબ તા. ૧ પહેલાં પકડી શકાતા નથી. આ દલીલ કબુલ રાખી માજીસ્ટ્રેટે તેમને છોડી મુકયા છે. આ કેસો ઉપરથી જોઇ શકાય છે કે મી. ગાંધીને નહીં છોડવા બાબત એટરની જનરલે જે મત દરશાવ્યો તે ખોટો ઠરે છે.

છેલ્લા ખબરો

[અમારા પ્રતીનીધી તરફથી આજ તાર.]

જોહાન્સબરગ, શુક્રવાર

ગઇ કાલે બીજા ૧૮ને અત્રે પકડવા માં આવ્યા છે બધાની બુધવાર સુધીની મુદત પડી છે.

મીડલબરગના મી. ભાભાના કલારકને જે સજા થઇ છે તેની અપીલ થવાની છે.

જોહાન્સબરગના કેસો બુધવારે ચાલવા ના છે તેનું છેવટ શું આવે છે તે સહુ ઘણી આતુરતાથી જોઇ રહયા છે.

ગઇ રાત્રે મી. હરીલાલ ગાંધીને ડીપોર્ટ કરવામાં આવેલ છે. તે આજ સવારે વળતી ટ્રેનમાં તરતજ પાછા પોકસરસ્ટ આવી ગયેલ છે.

ગોરા વેપારીઓની મીટીંગ

હીંદુસ્થાનથી વેપારી મંડળના કાગળો

જોહાન્સબરગની ચેંબર ઓફ કોમરસ ની એક ખાસ મીટીંગ તા. ૨૪ મંગળ વારને રોજ ટ્રાંસવાલનો એશીઆટીક સવાલ ચરચવાને મળી હતી. હાજર રહેલા ગોરા વેપારીઓમાં નીચેની કંપનીઓના પ્રતીનીધીઓ હાજર હતા. મેસરસ પેડન એન્ડ બરોઝ લીમીટેડ, જોન ફોરેસ્ટ અને કું., નોરમન એનેસ્ટી, નીવન અને મીચલ, હારવેમીનેકરની કું., હારપીન અને પેટરસન જે. વોસલની કું., આર જી.ડનની કું., પ્ર. એચ. એડલીંગ્ટનની કું., જી. એચ. ઓમીરાની કું., સ્ટોર બ્રધરસ, હરબરટ ધ્વાન્સની કું., પી. એમ. અને સન્સ, મીલાર અને કું., હીલમન બ્રધરસ ની કું., આર. કેંદરનીકું., મી. સ્ટોરકીન પણ હાજર હતા. પ્રમુખ મી. એ. એ. નોબલ હતા.

ચાલુ સ્થિતીનો સાર

પ્રમુખે કહ્યું કે સરવેને યાદ હશે કે લડાઇ પહેલાં હીંદી પસારા વીરુદ્ધ વાર વાર પોકાર થયા કરતો. આ પસારો બંધ કરવાના પ્રયત્નો નીષ્ફળ ગયા. ૧૯૦૨માં જ્યારે આ દેશમાં પાછી સુવ્યવસ્થા થઇ ત્યારે બધા વેપારી મંડળો એ એશીઆટીકોને બજાર (લોકેશન) માં કાઢવાની સરકારને ભલામણ કરી. મી. ચેંબરલેનની મુલાકાત વખતે આ મંડળની કમીટીએ નીચેની માગણીઓ તેમની પાસે રજુ કરેલી. (અ) આરો પ્રતાના નીયમ તરફની નજરથી જોતા ગોરાઓની વચ્ચે એશીઆટીકોનો વસવાટ બહુ ભયંકર છે (બ) તેઓ એટલો કસીને વેપાર કરે છે કે શહેરમાં તેમને વેપાર કરવા દેવાથી સાધારણ વરગના ગોરાને તેની સાથે હરીફાઇ કરવી બહુ મુશ્કેલ થઇ પડે. મી. ચેંબરલેને જવાબમાં કહેલું કે દક્ષિણ આફ્રીકામાં બધે સ્થળે મને આજ હકીકત કહેવામાં આવી છે. એશી આટીકોને વધારે આવતા અટકાવવાના પગલાં સરકાર લઇ શકે છે પણ અહીં વસવાટ કરી રહેલા હીંદીઓની સાથે સારી રીતે વરતવું જોઇએ. તેમાંના ઘણા કેળવાએલા છે. તેમની સાથે અપમાન ભરેલી રીતી ન રાખવી જોઇએ. એશી આટીકોનું ડેપ્યુટેશન મને મળ્યું. તેને મેં જવાબ આપ્યો હતો કે "અહીંની પ્રજા બીજી પ્રજાનો પસારો બંધ કરી શકે નહીં." હું (પ્રમુખ) પુછવું કે અહીં છે તેટલા એશીઆટીકો વધારે પડતા નથી? વડી સરકારે અયુદ્ધ કોમની આયાત બંધ કરવાને કોલોનીને છુટ આપી છે. એશીઆટીકોને કેટલીક રાહતનો હક છે. પણ તેમને માટે એલાયદી સગવડ કરવામાં આવે તેમાં વાંધા જેવું નથી. ૧૯૦૩માં ટ્રાંસવાલ કાઉન્સ દોલોની હતું ત્યારે અહીંની સરકારે એવો કાયદો ઘડયો કે જેથી રીપબ્લીકે વખતના કાયદા ઓ અમલમાં આવે અને બજાર સ્થપાય. જો કે લડાઇ પહેલાં બજારની બહાર વેપાર કરતા હીંદીઓના સ્થાવર હકોને પુરતી રાહત આપવામાં આવી હતી. તે વખતે આ ચેંબરે સરકારના આ પગલા ને મજબુત ટેકો આપવા સંભાળંધ ઠરાવો પસાર કરેલા કે કાયદો સખત રીતે અમલમાં મુકવો. ગોરાના નામથી કોઇ એશીઆટીકને વેપાર કરવા ન દેવા અને બજારની બહાર વેપાર કરતા એશી આટીકને નોટીસો આપી બજારમાં કાઢવા. પણ આપણે જાણીએ છીએ કે ૧૯૦૪ ના જુલાઇ માસમાં બજાર માટેની આ બધી મહેનત નીષ્ફળ ગઇ. તે પછી તરતજ આ મંડળે વડી સરકાર પાસેથી એવાં પગલાં લેવાનું અહીંની સરકારને ફરમાવ્યુ કરવું કે જેથી એશીઆટીકોને નવા લાયસેન્સ ન અપાય, ગોરાના નામ નીચે તેઓથી વેપાર ન થાય, અને નવા આવનારાઓ ઉપર પુરતો જાપતો મુકાય. આ ઉપરથી સર જ્યોરજ ફેરારની દરમ્યાનગીરીથી અહીંની ધારાસભાએ તપાસને માટે કમીશન નીમવાની સરકારને માગણી કરવાનો ઠરાવ પસાર કરેલો. કરી આ સવાલના ઉપાય માટે ૧૯૦૬ની ધારા સભાની બેઠકમાં હીલચાલ થઇ ત્યારે સપટેંબરની ૬ઠી તારીખે ટ્રાંસવાલના સઘળા વેપારી મંડળોની એક જંગી સભાએ એવો ઠરાવ પસાર કરેલો કે: ૧૮૮૫ના રીપબ્લીક કાયદામાં ફેરફાર કરવા વાળા નવા ઓરડીનન્સ ઉપર આ મંડળોએ પુરતો વિચાર કરેલો છે અને તેને તેઓ મજબુત ટેકો આપે છે; કેમકે તેથી એશીઆટીકોનો નવો પસારો બંધ થશે અને જેઓ ખોટી રીતે ઘુસી આવ્યા છે તેને બહાર કાઢી મુકાશે. ધારા સભાએ તે કાયદો પાસ કરી વડી સરકારની મંજુરી માટે વીલાયત મોકલ્યો. ત્યાં તેની વીરુદ્ધ પોકાર ઉઠવાથી અહીંથી જોવો કમીશન મોકલવામાં આવ્યો હતો કે જેણે જાણવાનું, મીડોરીયા, ભારબરટન, જરમી સ્ટન, કેપટાઉન, કિમબરલે, પોરટ એલીઝાબેથ, પોચેફસ્ટરૂમ, રીટફોનટીન, કરી પોરટ, ઝીરસ્ટ અને ઓરેંટપન્સબરગ. (પીટરસબરગ)ના વેપારી મંડળો મજકુર કાયદાને બહાલી મળવા માટે તથા તેને તુરત અમલમાં મુકવા માટે આગ્રહ પુરવક આજ્ઞા કરે છે. પરંતુ ટ્રાંસ વાલની પ્રજા સત્તાક પારલામેંટ થાય ત્યાં સુધી ને કાયદાને ત્યાંથી બહાલી મળી નહીં અને નવી પ્રજાસત્તાક પારલામેંટ મળી કે તરતજ તે કાયદો ફરી પસાર થયો અને વડી સરકારે તેને બહાલ રાખ્યો. આની સામે હીંદી કોમે સલામત વાપર્યો અને તેથી ૨૪-જાનેવારીએ આ મંડળે એવો ઠરાવ પસાર કરેલો કે દેશના ભલાને ખાતર આ કાયદાનો જરાપર અમલ કરવામાં સરકાર દઢ રહેશે એમ આ મંડળ માનછે છે. પણ તરતજ એશી આટીકોએ મરજીઆત રજીસ્ટર લેવા માંડયાં અને કાયદો મુલતવી રહ્યો. ફરી પારલામેંટ બેઠી ત્યારે આ રજીસ્ટરોને કાયદેસર કર્યા. તે નવા કાયદાની નોટીસ આ ૩૦મી તારીખે પુરી થાય છે. હજુ પણ એશીઆટીકો આવ્યા થયા કરે છે તે કારણથી કમીટીને આ મીટીંગ બોલાવવા ની જરૂર પડી છે.

મુંબઇના કાગળ

થોડા વખત થયા હીંદુસ્થાનથી ત્યાંના વેપારી મંડળો તરફથી કાગળો મળેલા છે તે નીચે મુજબ છે:-

મુંબઇ વેપારી મંડળના સેક્રેટરી લખે છે કે, તા. ૯ સપટેંબર ૧૯૦૮ને રોજ મારી કમીટીને જોહાન્સબરગથી નીચેનો કેબલ મળ્યો છે.

" દક્ષીણ આફ્રીકાના તામાંકીત હીંદી મેસરસ ઇસ્તમજી, હાજી મહમદ આંગલીયા તથા એક બીજા પારસીને ત્રણ માસની સખત જેલ અને બીજા ૨૧ ને દોઢ માસની સખત જેલ મળી છે. તેઓએ જેલ પસંદ કરી છે. બધા ટ્રાંસવાલમાં દાખલ થવાનો હક ધરાવે છે. આમાંના ત્રણ વોલંટીયર સરકારી સારવાર હુકડીના સારજંટ હતા. સખ્ત જંગલી ગણવામાં આવી છે. લડતના મુદા કાયદા નાબુદ કરવો તથા ઉંચી કેળવણીવાળા હીંદીને દાખલ થવાનો હક દેવો તે બેજ છે. હીંદ મદદ કરશે તેમ આશા છે. હડતાળ પાડવામાં આવી છે."

બીજો કેબલ ડરબનની હીંદી કોંગ્રેસ તરફથી મળેલો તેમાં કહે છે કે, "ટ્રાંસ વાલના હકમાં રહીલ ૫૦ હીંદીઓને ફરી દાખલ થતાં નવા આવનાર તરીકે

ગણી બે માસની જેલ આપી છે. કેદીને ભૂખ્યે મારે છે, કેમકે ચરબીવાળો ખોરાક ખાય અને કાં ભૂખે મરે. હીંદુ મુસલ માનને ચરબી ખાવી ધરમ વીરૂદ્ધ છે. દરબનમાં નવા આવનાર ટ્રાંસવાલના ઉતારૂઓ ત્યાંના નવા કાયદાને તાબે ન થાય તો ઉતરવા નથી પામતા. ટ્રાંસવાલ ને નાતાલ સરકાર મદદ કરે છે વકીલોને પણ મળવાની રજા નથી અપાઈ."

આ બધી તકલીફના કારણની ખરી હકીકત હજુ મળી નથી, અને અમે કાંઇ પણ મત દરશાવીએ તે પહેલાં બોઅર્સ ખબર મળવાની જરૂર છે. આથી બને અમને ખરા ખબર આપશો તો આભાર થશે. મારી કમીટી આ સવાલમાં ઉંડી લાગણી ધરાવે છે તે તમે સમજી શકશો. કેમકે હાલમાં હીંદીઓને આપવા માં આવતી તકલીફોથી અહીંના વતની ઉપર તથા વેપાર ઉપર બહુ માઠી અસર કરનારો એ સવાલ થઇ પડેલ છે. દક્ષીણ આફ્રીકાનો હીંદુસ્થાન સાથે કેવો વેપાર છે તે નીચેના આંકડા ઉપરથી જણાવામાં આવશે.

હીંદુસ્થાનમાં આવક

	માલ પૈંડ.	રોકડ પૈંડ.
કેપ કોલોની	૧,૪૩૪	૨,૮૦,૦૦૦
નતાલ	૩,૬૦૦	૪,૭૬,૦૦૦
બ્રિ. ઇ. આફ્રિકા	૬,૮૩,૦૦૦	૬૭,૦૦૦
કુલ પૈંડ	૬,૮૨,૦૩૪	૭,૭૩,૦૦૦

હીંદુસ્થાનથી જાવક

કેપ કોલોની	૨,૨૬૦૦૦	———
નાતાલ	૩,૮૫૦૦૦	———
બ્રિ. ઇ. આફ્રિકા	૪,૨૦,૦૦૦	૭૦,૦૦૦
કુલ પૈંડ	૧૧,૦૧,૦૦૦	૭૦,૦૦૦

આ સવાલમાં તમે જે કાંઇ મદદ કરશો તેની મારી કમીટી સારી કદર કરશે.

જી. આર. ગેમર પીઅર્સન.

મદ્રાસનો કાગળ

બીજો કાગળ મદ્રાસની વેપારી મંડળી ના પ્રમુખ ઓનરેબલ એ. જે. યોરકનો નીચે પ્રમાણે હતો:—જે કાયદો ત્યાંના હીંદીઓ પોતાના બ્રિટીશ પ્રજા તરીકેના હકને કચરી નાખનાર છે એમ માને છે તેવો કાયદો ટ્રાંસવાલની સરકારે ઘડવાથી જે ગંભીર સ્થિતિ ઉભી થઇ છે તે સંબંધમાં હીંદીઓ તથા સરકારને માટે આવે એવું સમાધાન કરાવવા તમારૂં મંડળ બનતી સઘ વાપરશે એમ મારૂં મંડળ માને છે. હાલની સ્થિતિની ગંભીરતા વીષે અમે તેટલું ઠસાવીશું તે અતી શયોક્તી નહીં ગણાય. ત્યાંના હીંદીઓની લાગણી તમે સારી રીતે જોઇ શકતા હશો. ત્યાંના છાપામાં તેઓ જે પોકાર ઉઠાવે છે તે અહીંના પોકાર કરતાં જરાપણ વધારે સખત નથી. તેઓ કહે છે કે બ્રિટીશ શહેરી તરીકે હીંદીઓને બાતલજ ગણવા માં આવેલ છે. હમણાં ત્યાં કરલાક હીંદી ઓ ઉપર લેવાયેલ પગલાંથી અહીં જે અસર પેદા થાય છે તેથી અહીં બ્રિટીશ રાજ્યની સલામતી માટે હીંદીઓના મન જીતવાનો પ્રયત્ન કરનારાઓને ઉદ્વેગ થયા વીના રહે તેમ નથી. ત્યાંના તથા અહીંના હીંદીઓ વધારે પડતો પોકાર કરે છે એમ માનીએ તોપણ એટલો ચોક્કસ વીના ની વાત છે કે જે દેશમાં તેઓને ઉદ્યોગ કાયદાકારક થઇ પડેલ છે ત્યાં તેઓને દાબી દેવાની દીવસાનથી તથા શહેરીપણાના સંબંધમાં કદ પણ નહીં મળવા થી જે કડવી લાગણી પેદા થયેલ છે તે બહુ ઉંડી અને સાચી છે. ટ્રાંસવાલમાં કેળવાયેલા તથા આબરૂદાર હીંદીઓ તરફ જે વરતણુંક બતાવવામાં આવી છે તેને અહીંની ગોરી પ્રજા વખોડી નાખે છે. વળી વડી સરકારને કોલોનીની હકુમતમાં વચમાં પાડવી તે ઠીક ન ગણવાથી અમે તમને પોતાને આ વીગેની ભલામણ કરીએ છીએ. અને એમ માનીએ છીએ કે આ બને મંડળોના સમાધાન માટે જો ધરબેલે સમેલ્ની કરવામાં આવે તો બહુ ગેર સમજ દુર થાય અને સંતોષકારક નીવેડો આવે. કેની રીતે સામાધાની કરવી તે અહીં કરતાં ત્યાંથી વધારે જોઇ શકાશે. તેથી તમે તે બાબત મારા મંડળને દોર બતાવશો તો તે બહુ ખુશી થશે. થયેલું સમાધાન પછી બાંયધા વીરે મારા મંડળને એવી સમજણ પડેલી છે કે:— શરૂઆતમાં ટ્રાંસવાલની સરકારે બે કાયદા ઘડયા. એક વડે ત્યાં વસેલા હીંદીઓને રજીસ્ટર કરવા અને બીજા કાયદાથી કેળ વાએલા માણસોને આવવાની છુટ મળતી હતી. પહેલા રજીસ્ટ્રેશન કાયદા સામે લીસચાલ થવાથી એમ સમાધાન થયું કે, વસી રહેલા હીંદીઓ મરજીયાત રજીસ્ટર થેય તથા ગેરહાજર હોય તે અમુક મુદત માં મરજીયાત રજીસ્ટર થઇ જાય. તેમજ નવા આવનાર હીંદીને નવો ઇમીગ્રેશન કાયદો લાગુ પડે. પણ એમ લાગે છે કે જનરલ સ્મટસે નવા ઇમીગ્રેશન કાયદામાં એવી રીતે ફેરફાર કરવાનું હીંદી કોમ પાસે માગ્યું કે જેથી એક પણ કેળવાયેલ કે કોમ નવો હીંદી દાખલ ન થઇ શકે. આથી સમાધાન પડી ભાગ્યું. આ સમા ધાન ફરી કેમ ન જળવાય તેનું કારણ મારૂં મંડળ સમજી શકતું નથી અને તેથી તે વીનંતી કરે છે કે કોમ પ્રકારે હીંદી તથા સરકાર સમાધાનીપર આવે એવાં પગલાં તમે ભરો. કદાચ તમારૂં મંડળ તે ડેપ્યુટેશનમાં હતેદ્દ ન પામ્યું તોપણ તેણે એટલી મહેનત લીધી તે જાણી મારૂં મંડળ સંતોષ પામશે. અને અહીંના હીંદી ઓના કચવાટને કંઇક દરજ્જે આપે કરવાનો અવકાશ મળશે.

ઠરાવ

મી. જોન ફોરેસ્ટે નીચલો ઠરાવ રજુ કર્યો: "આ ચેમ્બર વિશ્વાસ રાખે છે કે, હીંદી કોમ તથા તેના વિલાયત અને બીજા ભાગના હીતેચ્છુઓ તરફથી મુકવામાં આવતા ભારે દબાણથી સરકાર ડગશે નહીં, અને ૧૯૦૭નો તથા બીજો ૧૯૦૮ નો એશીઆટીક કાયદાનો સખત રીતે અમલ કરશે." આ સંબંધમાં પ્રમુખ તમને સમજાવી ગયા છે એટલે હું વધુ નથા બોલતો. સવાલ બહુ ગંભીર થઇ પડયો છે. આ મંડળી ચીંતાતુર મને આજસુધી એશીઆટીકોની તથા તેમના વેપારની તરફ જોઇ રહ્યું હતું. છેવટ તેને માટે જાપતાના પગલાં લેતી બીજી મંડળીઓમાં સામેલ થવું પડયું. એમ કહેવાય છે કે એશી આટીક વેપારી બહુ બહુ ભારીક હરીફ હોવાથી તેઓ તેની અદેખાઇ કરે છે તે વાત બીલકુલ નથી સ્થિતિ પ્રમાણે તેઓનો મોભો જળવાઇ રહે તથા તેમના અને તેમના વારસોના સંરક્ષણની તક તેઓ ગુમાવી ન દે એ સંભાળ રાખવા નો તેઓનો હેતુ છે. એટલું જણાવાયા પછી તેઓને કોઇપણ હરીફનો ડર નથી. આપણે જોયું છે કે એશીયાટીકો ના ખ્યાલમાં આ વાત નથી. તેઓ અતી સાદાઇથી સંતોષ પામે છે. પૈસો એકઠો કરી તેનો આ દેશમાં તે ઉદ્યોગ નથી કરતો, પણ પોતાના દેશમાં મોકલી દે છે. થોડો પણસો એકઠો થયો કે દેશ ચાલ્યો જાય અને પોતાનો પાસ કે પરમીટ બીજાને કામ આવે એટલા માટે તેને આપી દેય કે વેચી નાખે. આવી જાતનો માણસ નબોદ વાળનારો ગણી શકાય. દેખીતું છે કે આ નાના કોલોનીમાં આવી ગંભીર હકીકતો બનવા દેવામાં આવે તો દેશનો રસ ચુસાઇ જાય અને ઉન્નતિને ધક્કો પહોંચે. પ્રમુખે જણાવ્યું તે પ્રમાણે આશરે છ વરસ પહેલાં મી. ચેમ્બરલેન આવેલા તેમની પાસે આ સ્થિતિની રજુ આત થઇ હતી. તેણે કબુલ કરયું હતું કે આ કોલોનીમાં સમાઇ શકે તે કરતાં વધારે હીંદી આવે તેની સામે તેઓ થાય

તે વ્યાજબી છે. અહીં કેટલીક તકલીફો ને લઈને આ ઇમીગ્રેશન બીલ કરવાનું કબાલ્યું કરવું તે તદ્દન વ્યાજબી છે. હકાર એમ કહેવામાં આવશે કે વસેલા હીંદી ઓને કનેક્ટ નહીં કરવાની મી. ચેમ્બર લેનની દીખામણપર આપણે ધ્યાન આપ્યું નથી. બધા જાણતા હશો કે અમે પુરસે આંગળાંની બાબત બહુ બોલવામાં આવ્યું હતું, પણ તેને બદલે પુરી ઓળખાણ મેળવવાના બીજા સાધનો કોઇ એ બતાવ્યા ન હતા. અને હીંદીઓએ એમ તકરાર ઉઠાવેલી કે આંગળાં કરતાં કબદાના બુની બરાબર સામે તેઓને ખરો વાંધો હતો, છતાં જે મરહુમ રજીસ્ટર ની હીંદીઓની માગણી કબુલ રાખવા સરકારને તેઓએ ટેકો આપ્યો હતો. તેટલો વખત કાયદાને મુલતવી રાખવામાં આવ્યો હતો. અને જ્યારે પરસામેંટે મરહુમ રજીસ્ટરને કાયદેસર કરવા સારે સત્યાગ્રહનો અંત આવેલો જોયેલો હતો. તેઓ કોલોનીમાં દાખલ થયા છે તે સાબીત કરવાની તેમને સારી તક આપવામાં આવી હતી: અને કોઇની લાગણી ન દુખાય તેવી ખાસ સંભાળ રખાઇ હતી તેઓને વખત પણ પુરતો આપ્યો હતો. નવા આનારને અટકાવવા એ આ કોલોનીને કબદાકારક છે તે આપણે ઘણો વખત થયાં બતાવી આપ્યું છે. એશીઆટીકોનો સવાલ અહીંના તથા બિલાયતના લોકોમાં અનેકવાર ચરચાઇ ગયો છે. જે કાયદાઓ ઘડવામાં આવ્યા છે તે એશીઆટીકો પોતે જાહેર કરતાં બધાએ મંજુર રાખેલ છે. વળી તેઓની લાગણી ધ્યાનમાં લેવા કોઇપણ મુલક કરતાં ટ્રાંસવાલે બહુ બારીક દેખાડી છે. (હીઅર, હીઅર) હવેની ઉશ્કેરણીને તંત વિના બીજું નથી કહી શકતો. જે ઇમીગ્રેશન થી દેશનું બ્રાજસુધીમાં બહુ અનદીત થયું તે ચાલુ રાખવાની જેઓની માગણી છે તેઓ આ માગણી માટે એવું બહાનું લાવે છે કે કોમની આબાદી માટે ડોકટર વકીલ કે શિક્ષક વીગેરેને આવવાની છુટ મુકવામાં આવી નથી. આ બાબતમાં સરકારે પુરતી છુટ આપી છે કેમકે જનરલ સ્મટસે હાલમાંજ કહ્યું છે કે કોઇ ઉંચી કેળવણીવાળા હીંદી તરફથી અરજ કરવામાં આવશે તો તેપર પુરતું ધ્યાન આપવા સરકાર તત્પર છે. પણ એવી કોઇ અરજ મળી નથી. થશે તો યોગ્ય રીતે તેપર ધ્યાન આપવામાં આવશે. છેવટે હું કહેવા માગું છું કે દેશના કાયદા ભંગ કરવાના સબબની સામે તેઓએ મજબુતીથી ઉપાય લેવા જોઇએ. (હીઅર, હીઅર.) દેશના કાયદા તથા મુલકનો ભંગ કરવા માટે સત્યાગ્રહ એ એક ભયંકર રસ્તો છે. ખાસ કરી આ દેશમાં જ્યાં કાળા માણસોની મોટી વસ્તી છે ત્યાં તે અત્યંત દુખેદાયી કાયદા ગેરબ છે. અને મત પ્રમાણે સરકારની તો શું પણ આપણી એ ફરજ છે કે તે ઉપાયને જડમુળથી તોડી નાખવો. (હીઅર, હીઅર) આ લેકોને આ મામલની આખરી મુદતની મુદત આપવામાં આવી હતી. જે દરમ્યાન તેઓએ સરકારને તથા જે પ્રજાની વચમાં તેઓ રહેવા માગે છે તેને સંતોષ પમાડી શકત. આશા રાખું છું કે તેમને સારી બુદ્ધી સુઝશે. પણ જો તેઓએ સામે થવું જરી રાખ્યું તો મારે કહેવું જોઇએ કે દરેક રાજ્યના સેવકની ફરજ છે કે આ કાયદો અમલમાં મુકવા માટે સરકારને પુરતી મદદ આપવા સામેલ થવું. (તાળીઓ). મેજર પોકસરને તેને ટેકો આપ્યો હતો.

બાદ મી. હોરબીને તેની વીરહવું બાષણ આપ્યું હતું તથા બીજા ગોરાઓ એ પણ કેટલાક બાષણો આપ્યાં હતાં જે અમે આવતે અઠવાડીએ આપવા ઉમેદ રાખીએ છીએ.

મી. હુસેન મીયાંનો કાગળ

લંડન, તા. ૬ નવેંબર ૧૯૦૮.

આપણા બહાદુર મી. રીચ કામ કબજે જાય છે. તેમ આપણા હીરો લો. એમ્પથીલ વીગેરે પણ અત્યંત કામમાં ગુંથાઇ રહેલ છે. બાબાઓ ઉપર કાગળો લખે છે. સર વાટરલ્સ બરસ આપણે માટે કામ કરે છે, તેનો બદલો આપણી પાસે નથી. તેઓ બહાદુર ટ્રાંસવાલના મામલા ઉપર એક ચોપાનીયું બાપ્યું છે. અને જાણ મોટા માણસોને આપ્યું છે. આનો ખરચ તે સાદુબેજ આપ્યો છે. આ ઉપરથી આપણને બહુજ શીખવાનું છે કે આવા મોટા માણસ પોતાના કે મનેમ વખત જતો કરી પોતાના પૈસાથી છપાવી આવું ચોપાનીયું બુધે આપે એ કાંઇ નાની સરખી વાત નથી. આ બધું શું કામ? તે એજ કે એ હીરાઓ જાણે છે કે આપણા ઉપર અન્યાય થઇ રહેલ છે. તો જ્યારે આપણને આવા માણસો ની મદદ મળે, જ્યારે આપણી લડત સાચી છે એમ બીજાઓ માને છે ત્યારે આપણને શું કામ હીંમત પડવું? મને લખવાને શરમ થાય છે કે આપણી આંખો હજુ નહીં ઉઘડી. મી. ગાંધી સાથે નાતાલથી બહુજ કમતી માણસો ગયા એ ઇ. એ. ઉપરથી જાણી મને બહુજ દીલગીરી ઉપજે છે. અરે! આ વખત તો એવો છે કે ટ્રાંસવાલની જેલો ભરી દેવી જોઇએ. અને જ્યારે એમજ મારા ભાઇઓ કરશે તો આપણો છુટકારો તેજ ઘડી થાય તેમાં કંઇ શક નહીં. દીલગીરતમાં તો આપણને મદદ કરનારા હીરાઓ કામ કર્યાજ જાય છે. પણ હીંદુ સ્થાન શું કરે છે એ સવાલ પુછતાં મારી કલમ અટકે છે. આજે લગભગ દોઢ મહીનો થયો, તે વખતમાં તે દીલ્લ કરેલા ભાઇઓમાંથી કોઇની પણ હીંમત નથી ચાલતી કે અહીંઆ તારો કરી આ સરકારને બતાવી આપે કે હવે અમે તમારી ગુલામગીરીથી છુટા પડવાને સંપુર્ણ લીધા છે. ઇનસાફ છે કે નહીં? જે વખતે ત્યાંના બહાદુરોને જેલ મળેલ, તેને એક બે દિવસ પાછળ દક્ષિણથી તારો અવેલ પણ હવે તો આ દોઢ મહીનામાં એક પણ નથી! અરે આ વખતે તો તે પૃથ્વીનો ભાગ કે જ્યાં વીસ કરોડની વસ્તી છે, તે જગ્યાએ શો શો પોકાર થઇ રહેવો જોઇએ? આ વખતે તે માતૃ ભુમી આપણને મદદ કરે તેવી બીજી કશી જગ્યાએથી મદદ નહીં ઉપયોગી થઇ પડે. કારણ કે હાલની હીંદની સ્થિતિથી અને ના લોકોનાં મન બહુ ઉચક થઇ રહ્યાં છે. ત્યાંથી તારો આવ્યા કે અહીંના દરેક છાપાઓએ લખેલ કે ટ્રાંસવાલનો મામલો તે હીંદુસ્થાને ઉપાડી લીધો હશે તો હીંદુ સ્થાનમાં આપણા ગોરાઓની શું દશા છે એ અપસની મેજેજ દેખાશે. અહીંઆ હીંદુસ્થાનના તારોની મોટી અસર થઇ પડશે, પણ દીલગીર છું કે હજુ આમ નથી થયું. જો હીંદુસ્થાનથી એકજ અઠવાડીયું બરોબર તારો આવે તો બીજે દિવસે ટ્રાંસવાલથી પણ તારો મળે કે બહાદુર હીંદીઓ છુટયા. મી. રીચ અહીંઆથી ઘણુંએ હીંદુસ્થાનના છાપાઓમાં મીટીંગો બોલાવવા લખે છે, પણ તેનું શું થાય છે તે પણ નથી જણાતું. દુનિયા નો ઇતિહાસ બતાવી આપે છે કે જે જે લોકના જુલમની સરકાર સામે થએલ તેજ આ જગતમાં સુખેથી રહેલ, અને રહેશે. આ બેજ ઇતિહાસજ સાબીત કરી આપે છે કે ૧૧ થી ૧૬ સદી સુધી યુરોપીઅન આજ આપણોને પોતાના ગુલામ બનાવવાને કેટલી મુશીબતો ઉઠાવવી પડી? જ્યાં

પણ કેટલા આપ્યા? આજે તે મુશ્કેલીનો તું કૃણ એ આણ્યું કે અંગ્રેજે જેટલું છુટાપણું ભોગવે છે તેટલી બીજી કોઈ પ્રજા નથી ભોગવતી. આ લોકની જલદી કૃતેહ શું કામ થઇ? તેનો જવાબ એ છે કે એ લોક પાસે એક બહુજ કીમતી ચીજ હતી. અને તે ચીજ "એક સંપ" હતો. ઇંગ્લાંડમાં પરોટેસ્ટંટ અને કેથોલીક વચ્ચે કેટલી અદાવત હતી તે કુ નથી લખી શકતો. એકજ દાખલો આપું છું કે જે વખતે તે એક બીજાને મળતો તો તુરતજ ત્યાંજ તેને મારી નાખતો. પણ જે વખતે પોતાના મુલક ઉપર કોઇ દુશ્મન ચડાઇ કરતો અથવા જે વખતે સ્વદેશાભિમાની કામ આવી પડતું તે વખતે તે બને એકજ થઇ સામા થતા અને કૃતેહજ મેળવતા. હારેજ આજે ઇંગ્લાંડ યુરોપમાં પહેલી જગ્યા લીએ છે. કું તે પાક ખુદા પાસે એજ માગું છું કે, ઓ મારા પાક જહાન ના પેદા કરનારે, તું મારા હીંદીઓને સંપ આપ. જો આમ થાય તો પછી આપણી જીતજ છે.

ઇંડિયન ઇમીગ્રેશન

તપાસને માટે કમીશનની નીમણુંક

હીંદી ઇમીગ્રેશન સવાલ વીષે કમીશન નીમી તપાસ કરવાની ચરચા આજે કેટલાક સમય થયા ચાલતી હતી. ગઇ પાર્લામેંટની બેઠકમાં તેવું કમીશન નીમ્યાની ખાત્રી આપવામાં આવી હતી. તે કમીટીની નીમણુક તા. ૧ ડીસેંબરના સર કારી ગેઝેટમાં બહાર પડી છે. તેમાં કુલ સાત મેંબરો નીમાયા છે. તેમના નામોઃ લે૦ કરનલ એડીસન, ઓનરેબલ ડબલ્યુ. એમ્. કલેટન, એમ. એલ. એ., મેસરસ સી. એચ. હેસ્ટર, એમ. એલ. એ., એમ્. એ. આર. જોન્સ્ટન, એમ. એલ. એ., જે. રેકારીલ્ડ, એમ. એલ. એ., ડાનટેલર, એમ. એલ. એ. અને જે. વીલયમસન. તેઓ નીચેના ૭ વીષયો ઉપર તપાસ કરશે.

(૧) નાતાલમાં ગીરમીટમાં આવતા હીંદી ને બંધ કરવા અથવા તેમના ઉપર બટ કાયદા મુકવા વીષે તેની સલાહ શું પડે છે?

(૨) ઇંડિયન ઇમીગ્રેશન ટ્રસ્ટ બોરડ અને બીજા કાયદા તથા ધારામાં કાંઇ ફેર ફાર કરવા પડે છે કે કેમ અને જો પડે છે તો કેવી જાતના ફેરફાર કરવા? આ ફેરફારનો હેતુ એ છે કે હાલ અથવા ભવીષ્યમાં ગીરમીટમાં આવતા હીંદીઓ ઉપર પુરતો કાબુ રાખી શકાય.

(૩) હીંદી ઇમીગ્રંટને ફરીથી ગીરમીટ માં જોડાવા માટે હાલના કાયદા અને ધારો ઓ તથા તેમને અપાતો પગાર અનુકુળ છે કે કેમ?

(૪) નાતાલમાં હીંદી ગીરમીટીઆઓને બંધ કરવામાં આવે તો મધ્ય અથવા દક્ષિણ આફ્રિકામાંથી કોઇને દાખલ કરી શકાય કે કેમ?

આ સવાલનો વિચાર કરતાં નીચેની વસ્તુ બાબતો ધ્યાનમાં રાખવાની છે.

(અ) કોલોનીના કાઠાંના તથા અંદરના બાગની હવા તેમને માફક આવશે?

(બ) તેવા મજુર ઉપર હમેશનો આધાર રાખી શકાશે?

(ક) નાતાલમાં જુદા જુદા ઉદ્યોગમાં તે મજુરો ઉપયોગી થઇ શકશે?

(૫) ગીરમીટીઆઓ માટે દવા વગેરે ની ગોઠવણ અને તે માટે જે અમલદાર હોય તેના ઉપર સરકારી હકુમત વીષે કમીશનનો શું અભીપ્રાય છે? અને

(૬) ગીરમીટીયા હીંદીને દાખલ કરવા થી ભુતકાળમાં અહીંના મુળ વતની-નેટીવ-માટેની મજુરીમાં વીઘ્ન આવેલું છે કે કેમ?

ચેરમેનની નીમણુંક ઉપરના મેંબરો માંથી કમીશન પોતેજ કરશે. મી. ડબલ્યુ. આર. મોરીસન સેક્રેટરી નીમાયા છે.

ટરાંસવાલની લડતને લગતા જાણવા લાયક ખબરો

'સ્ટાર' તથા 'લીડર' છાપામાં આ સવાલ ઉપર હીંદીની તરફેણના કાગળો સંખ્યાબંધ બહાર પડતા- જોઉં છું. મુખ્ય લખનારાઓમાં રેવરંડ જે. ડોક, મી. એચ. એસ. એલ. પોલાક, મી. ડબલ્યુ એમ. વેસલ, રેવરંડ જોન હાવરડ, મી. એડવરડ ડેલાઉ વીગેરે છે.

* * *

ગ્રેહામ્સટાઉનના છાપા (જરનલ) માં મી. દીલીપ દાઉદનરોડ નામના ગોરાએ રેવરંડ એફ. બી. મેયરે મી. ગાંધી બાબત છાપામાં લખેલી હકીકતને અનુમોદન આપનારો કાગળ લખ્યો છે.

* * *

હીંદુસ્તાન માટેના ગ્રહેતસ્તાહના સંદેશા વીષે વીલાયતના 'ડેલી ક્રોનીકલ' છાપા ના પ્રતીનીધીએ લીધેલી મુલાકાત વખતે સર મંચેરજી ભાવનગરીએ જણાવ્યું કે સરકાર મોઢેથી સારા વચનો આપ્યા કરે એ બધી સારી વાત છે, પરંતુ તેથી પ્રજાની ફેલાયલી વીરૂદ્ધ લાગણીઓ શાંત થવાની નથી; કેમકે તેમના ઉપર જે જુલ્મો જખમો કરવામાં આવે છે તેતો રહ્યાતા નથી. એક મોટો જખમ ટરાંસ વાલ હીંદી પ્રત્યે ચાલતી ગેરવરતણુંકનો છે.

* * *

ન્યુંકેમ્બ્રેન્ટીનના 'ક્રેરંડ' છાપાને, જોહાન્સબરગનો ખબરપત્રી લખે છે કે ગયા રવીવારની મીટીંગમાં આશરે ૧૫ થી ૨૦ બાંહુ (ચીનીઓ) હાજર હતા તેઓ આ લડતને બારીકાઇથી સમજતા જોવા માં આવે છે.

* * *

સત્યાગ્રહની લડતમાં એક ચીનાએ આપઘાત કરેલો તેની બાદગીરીમાં ૬ થાન ચીનાઓએ ૨૦૦ બસો પૌંડ ખરચી એક કીર્તીસ્તંભ ઉભો કર્યો છે. તેના ઉપર ના લેખમાં જણાવ્યું છે કે "ચાઉકવાઇ ફોર" જેણે કોન્સ્ટીઅન્સની ખાતર તા. ૧૨ નવેંબર ૧૯૦૭ના રોજ આપઘાત કરેલો તેની યાદગીરીમાં" આ કીર્તી સ્તંભની છબી ગયા અઠવાડીઆના 'ટરાંસ વાલ લીડર્લી' માં બહાર પડી છે.

* * *

'પ્રીટોરીયા ન્યુસ' તરફથી નીચેના આંકડા બહાર પડયા છે.

૧ જુલાઇ ૧૯૦૭ થી ૩૦ સપ્ટે' ૧૯૦૮ સુધીમાં ખુની કાયદા મુજબ તથા મરજીયાત રજીસ્ટ્રેશન માટેની અરજી	૬૧૭૭
૧ ઓકટોબરથી ૩૦ નવેંબર ૧૯૦૮ સુધીમાં ૧૯૦૮ના ૩૬ નંબરના કાયદા મુજબ રજીસ્ટ્રેશન માટેની અરજી	૧૮૫
આજસુધીમાં થયેલી અરજી કુલ	૬૩૫૮
ખુની કાયદા મુજબ કાઢી આપેલ સરટીફીકેટ	૬૩૭
મરજીયાત રજીસ્ટ્રેશન	૭૪૧૨
૧૯૦૮ના નવા કાયદા મુજબ ...	૫૯
આજ સુધીમાં કાઢેલ સરટીફીકેટ કુલ	૮૧૦૮
મી. મુશીર હુસેન કીડવઇ લખનૌથી લખે છે કે:—મારા વહાલા હીંદુ તથા મુસલમાન ભાઇઓ, તમારા કેબલના સંદેશાના જવાબમાં લખવાનું કે તમારો સવાલ આગળ ધપાવવામાં મેં જાતનું કરયું છે. મેં લંડનના ટાઇમ્સ પત્રને લખ્યું છે કે ટ્રાંસવાલના વરતનથી અહીં બહુ બે દીલી પ્રસરી છે. લખનૌની એક મુસલમાની એસોસીએશનની મારફત સ્ટેટ સેક્રેટરી તથા વાઇસરોયને તારો મોકલ્યા છે. એક બીજી એસોસીએશને પણ વાઇસરોય પાસે પોકાર કરેલ છે. પ્રોવીન્શીઅલ મોસ્લેમ લીગ તરફથી પણ તાર થએલ છે. અહીંના 'ઇંડીઅન ડેલી ટેલી ગ્રાફ' નામના રોજીંદા પાના અધીપતિ ને મેં જબરો પોકાર ઉઠાવવા સમજાવેલ છે, અને તેણે બોવરની વિરૂધ એક સખ્ત આરટીકલ થએલ છેઃ તેઓ નીચર કરતાં પણ જંગલી છે. તે બાબુ આ સવાલમાં બહુ દીલસોજી બતાવતું થયું છે. તમારો તાર મારા કાગળ સાથે ફોરીને સેક્રેટરી મા. એસ. એચ. બટલરની મારફત ના. વાઇસરોયને મોકલ્યો છે. તે કાગળની નકલ આ સાથે છે. હમીદીયા સોસાયટીના તરફથી મને જે દીવસ કેબલ મળ્યો તેજ દીવસ હું સીમલા ઉપડી ગયો હતો પણ અચાનક મારી તબીયત બગડી જવાથી મારે પાછું આવવું પડ્યું. તમારો સવાલ જાતે રજુ કરવાના હેતુથી મેં વાઇસરોયની મુલાકાતની માંગણી કરી છે. દરમીયાન મારી અને બીજાઓની રજુઆતથી ના. વાઇસરોયે ટ્રાંસવાલના વરતન સામે સખ્ત વાંધો ઉઠાવ્યો છે એવા મને ભરોંસાદાર રથળેથી ખબર મળ્યા છે. તેમના મંડળે પણ એજ લાગણી ભરેલો ભાગ લીધેલો જતવામાં આવે છે. મહેરબાની કરી મને ત્યાંની હકીકતથી વાકેફ કરતા રહેશો, અને ખાતરી રાખશો કે મારી બધી શક્તિ તમારી સેવામાં રોકાશે.

હીંદુસ્થાનમાં અશાંતિ

એકસ્ટરીમીસ્ટો બીજી કોંગ્રેસ ભરશે

ટ્રાંસવાલનો હીંદી સવાલ

[તાર સમાચાર]

રૂટરનો કલકત્તાનો ખબરપત્રી જણાવે છે કે બંગાળાના લેફ્ટેનંટ ગવરનર સર લીયો ફ્રેઝરની જીંદગી લેવાના નવા કાવત્રા ના સંબંધમાં બહુ બંગાળીઓને પકડવા માં આવ્યા છે. હાલમાં લુંટ ને, ખેરજીલમ ના કેસો બહુ વધી પડયા છે. કેટલાક ખોટી દાઢીઓ અને ચહેરા ઉપર રંગ લગાડી લુંટફાટ કરવા નીકળી પડયા છે. આ અંગ્રેજ વિરૂદ્ધની દીલચાલનો એક ભાગ છે.

રાજદ્રોહી લખાણ માટે 'યુગાંતર' બાપુ બંધ કરવામાં આવ્યું હતું, તે ફરીથી નીકળવા લાગ્યું છે. તે ફ્રેંચની હદ ચંદ્ર નગર ખાતે નીકળે છે. તે મોરા લોકોને મારી નાખવાની આગ્રહ પુરવક ભલામણ કરે છે.

'રેંડોલી ગેઝ' નો ખબરપત્રી લંડનથી લખે છે કે હીંદુસ્તાનમાં મામલો બહુ ગંભીર થઇ ગયો છે એ હવે ગહીના અમલદાર વરગ તરફથી સ્પષ્ટ રીતે કબુલ કરવામાં આવ્યું છે. અહીંની ઇડિઆ ઓફીસ ઘણી ચીંતાની લાગણીથી જોઇ રહેલ છે.

બંગાળા અને ખાસ કરીને કલકત્તા, અસંતોષનું મધ્યસ્થાન છે અને ખાસ્તી રાખવામાં આવે છે કે કાયદાની સામે થવાના કાવતરાની હીલચાલના મુળ ધારવા કરતાં ઘણા ઉંડા ગએલાં છે.

થોડા સમય થયાં પોલીસ ઘણીજ ભારી કાર્યથી તપાસ ચલાવી રહી છે તેથી કેટલીક અસત્યની શોધ કરવાને કૃતેદ્દમંદ નીવડી છે. એક સહેરની પુરી તપાસ કરતા માલુમ પડયું છે કે મહોમેડન દુકાનોમાં બહુકો, રીવોલ્વરો અને દારૂગોળા નો મોટો જથ્થો સંતાડી રાખવામાં આવ્યો હતો.

ફ્રેંચની હદના મુલક ચંદ્રનગરને રસ્તે આ સઘળું કલકત્તે ચુપકીદીથી લાવવા માં આવ્યું હોય એવું માનવામાં આવે છે. આ હથીયાર સિવાય મુસલમાન કવાર ટરમાંથી જડયા છે તેથી ઘણી ચીંતા પેદા છે. કારણ કે હીંદુ સિવાય બીજા કોઇ એકસ્ટરીમ પક્ષમાં ભાગ લેતું નથી એવી આજસુધીની માન્યતા હતી.

તોફાન અટકાવવા માટેના ખાસ અગમ ચેતી ઉપાયો કલકત્તામાં લેવામાં આવે છે અને બંગાળામાં અંગ્રેજ લશ્કર બહુ વધારવામાં આવશે એવું ધારવામાં આવે છે. ઘણા ખરા ગોરા વતનીઓ હવે હથીયાર લઇ બહાર નીકળે છે અને ટેટ લોક તેમના કુટુંબોને તે કે શિયાળાની સુંદર રૂતુ હવે શરૂ થાય છે, છતાં, વિલાયત મોકલી આપે છે.

વાઇસરોય, લેફ્ટેનન્ટ ગવરનર અને મુખ્ય અમલદારોના મકાનો ઉપર રક્ષકો રાખવામાં આવે છે.

કલકત્તાથી રૂટરનો ખબરપત્રી તાર મારફત જણાવે છે કે ક્રીસ્ટમસને ટાંકણે મદ્રાસ ખાતે જે કોંગ્રેસ ભરવાનું નક્કી થયું છે તેની સાથે એકસ્ટ્રીમીસ્ટોએ એક બીજી કોંગ્રેસ નાગપોર ખાતે મેલાવવાનો ઠરાવ કરેલ છે. દેશમાં હાલ જે અશાંતી અને ઉશ્કેરણી ચાલી રહયાં છે તેના સમયમાં કોંગ્રેસની માલીકી નીચે હીંદી સુધારકોમાં બહુજ મતભેદ જાહેર પડયો છે. જેમણે ગયા વરસની સુરત ખાતેની કોંગ્રેસનું કામ ચાલવા દીધું નહોતું તેઓ મદ્રાસનો મેળાવડો બંધારણના નિયમ મુજબ છે એમ માન્ય રાખવાની ના પાડે છે. ગયા વરસની સુરત ખાતેની કોંગ્રેસ પડી ભાંગી તે વખતે મોડરેટ પક્ષના મેમ્બરો, જેઓની સંખ્યા મોટી હતી, તેમણે એક જુદી બેઠક કરી કોંગ્રેસના ધારા ધારણને એક કનવેનશનની નીમણુંક કરી હતી. તે મુજબ કનવેનશન અલ્હાબાદ ખાતે મળ્યું હતું અને જે ધારણો ઘડયા છે તે મુજબ મદ્રાસની કોંગ્રેસમાં કામ ચાલવાનું છે. આ મુજબ મદ્રાસની કોંગ્રેસનું કામ હાલ મોડરેટ પક્ષને હાથે ચાલશે. તેઓને હીંદના દાદા દાદાભાઇ નવરોજીનો ટેકો છે. અને તેઓ હીંદુસ્તાનમાં અંગ્રેજ રાજ્યના સતરૂપ રાજ્યદરોહ અને મારફાડની લડત ચલાવી રહયા છે તેમનાથી અલગ પડવા ઇરાદો રાખે છે. તેઓનું મુખ્ય અને પહેલું કામ હીંદુસ્તાન માટે સ્વરાજ્યની જરૂર છે અને તેને માટે તે લાયક છે તે જાહેર કરવાનું છે.

તે સિવાય બીજા સવાલો ચરચાશે અને દક્ષિણ આફ્રિકામાં હીંદીઓ ઉપરની હાડ મારી વીષે પુરતી ચરચા કરવામાં આવશે. દક્ષિણ આફ્રિકાના ૧૦ પ્રતિનીધીઓ જે સુરતખાતેની કોંગ્રેસ વખતે હાજર થયા હતા, પરંતુ ઝગડાને લઇ તેઓ કાંઇ જાહેર કરી શકયા નહતા. આને માટે આ વરસે ખાસ વધારે ધ્યાન આપવાનો પ્રબન્ધ કરવામાં આવશે.

ટ્રાંસવાલ અને નાતાલના એશીઆટીક કાયદાઓ વિરૂદ્ધ લાગણી દરસાવવાની

મોટીગેા હીંદુસ્થાનના જુદા જુદા ભાગેામાં મળી છે, અને સંસ્થાનીક રૂર ફારની વરતણુંકને સખતમાં સખત શબ્દેા માં વખેાડી કાઢવાનું કામ કેાંગ્રેસ માથે લેશે એ ચેાકસ છે.

ઇદુર તારથી જણાવે છે કે હીંદુસ્થાન માં ચાલતી અશાંતીને દાબી દેવા માટે આલુ કાયદામાં ફેરફાર કરી ગુનેહગારને સજા કરવાને માજીસ્ટરેટને વધુ સતા આપવા માટે કલકત્તામાં લેજીસલેટીવ કાઉ નસીલ મળવાની છે. બગાળાના લેફટેનંટ ગવરનર સહેજમાં બચી જવા પછી એક બગાળી ડીટેકટીવને મારી નાખવામાં આવ્યેા છે. ગેાંસાઇનું ખુન કરનારને ફાંસી દીધા પછી તેની દફનક્રીયામાં એક હજાર વિદ્યાર્થીએા હાજર થયા હતા. અને પેાતાનેા શેાક દેખાડવા માટે ગામ માં ઉઘાડે પગે ફરતા હતા. ગેાંસાઇના મરી જવાથી પુરાવાની ગેરહાજરીને લીધે માણેકટેાલા બેાંબ ફેકટરી કેસ ઢીલેા થઇ પડયેા. અને મહારાજા નજરેાણ તથા બીજાઓના કેસમાં સરકારને ખબર પુરી પાડનારે કેારટમાં સેાગંદ ઉપર કહ્યું કે મેં જે ખબર આપેલા તે પેાલીસના જુલમને લીધે બનેલું તેથી તે બધા બેાટા છે. આથી તે કેસ પણ ફાટી નાગ્યેા પડયેા. આ ઉપરાંત માજીસ્ટરેટ કેસ કમીટ કરે તે પહેલાં જમીન ઉપર છેાડવા બાબતની તકરાર વગેરેમાં બહુ વખત જતેા હેાવાથી તેમ થતું અટકાવવા ઉપલેા કાયદેા બાંધવાની લેારડ મીટેાની સરકારને સરકારી ધારાશાસ્ત્રીઓ તરફથી સલાહ મળી છે.

ફરનલ સીલીએ તા. ૭ ની પારલામેંટની બેઠકમાં જાહેર કરયું છે કે હીંદુસ્થાનમાં જે મુશ્કેલી ઉભી થાય તેા તેને પહેાંચી વળવાને લડાઇ બાતાની બેાટીસ નાતાલમાં સલકર રાખવાનેા વિચાર કરે છે.

બીના સંબધમાં "પેાલમેાલ ગેઝેટ" આપામાં એક જરકરી અનુકુળી જણાવે છે કે કરબનપાતે ૫૦૦૦ માણુસેાને તરત જ મુંબઇ પહેાંચી શકે એવી તયારી માં રાખવાની જરૂર છે. આ મુંબઇ તરતજ પહેાંચશે તેથી હીંદુસ્થાનમાં ધાકની મેાટી અસર થશે.

દક્ષિણ અફ્રીકાના મરતબ ખાતેથી આવતા વહાણેા મારફત લડાયક સામઓ [illegible] હીંદુસ્તાન રવાનગીથી આવત કરવામાં આવે છે.

જોહાન્સબરગની કેારટમાં ચાલેલા કેસેા

નાતાલના આસેવાનેા તેમજ બીજા જીલ્લામાંથી છુટેલના આજે કેસેા હેાવાથી એસેાસીએશનની એાફીસેથી સવળા કેારટમાં વખતસર હાજર થયા હતા. ગેારા અને એશીઆટીક પ્રેક્ષકેાથી કેારટ અને કેારટનું મેદાન ચીકાર ભરાઇ ગયા હતાં. રેવરંડ ડેાક, રેવરંડ હાવરડ, મી. કેલનબેક વીગેરે હાજર હતા. મેજીસ્ટરેટે આ કેસની પ્રેાસીજર નીચે મુજબ ધારી રાખી હતી જે તેણે પેાતાની બેહક બેસતી વખતે જાહેર કરી હતી. ૧૯૦૮ના ૩૫ નંબરના કાયદાની ૩૫ કલમ મુજબ અમલ કરવાનું જ રહે છે. સુપ્રી વરનન અથવા કેાઇ બીજા ગેારા પેાલીસ અમલ દાર એમ જાહેર કરશે કે તેણે પકડેલા એશીઆટીક પાસે રજીસ્ટરેશન સરટીફીકેટ માંગ્યું હતું અને તે બતાવી શકયેા નહતેા પછી હું તે એશીઆટીકને પુછીશ કે તેના પાસે કાયદેસર સરટીફીકેટ છે કે નહિ? તે જો બતાવી શકશે તેા હું તપાસીશ. અને જો તે નહી બતાવી શકે તેા હું પુછીશ કે રજીસ્ટર નહીં કઢાવવાનું તેની પાસે કેાઇ સબળ કારણ છે કે કેમ? અને તે સબળ કારણ બતાવશે તેા હું તેની ૮મી કલમ મુજબ તપાસ ચલાવીશ.અને તે કારણનહીં બતાવે અથવા બતાવેલ કારણ સંતેાષકારક નહીં હશે તેા હું તેને દંડવાર કરવાનેા હુકમ કાઢીશ. અને જો તેણે આપેલ કારણ સંતેાષકારક હશે તેા હું તેને સરટીફીકેટ ને માટે બારણ કરવાનેા હુકમ કરીશ આ અરજીઓ હું જ્યારે અને કેારટમાં અથવા ચેાકરમાં લઇ શકું છું.

મી. પેાલાક સાથે કેટલીક વાતચીત કર્યા બાદ મી. એસ. જે. રાંદેરીઆનેા કેસ પ્રથમ લેવાનું મુકરર થયું હતું અને તે ઉપરથી બીજા કેસના ચુકાદા લિયે આધાર રાખવાનું ઠરાવવામાં આવ્યું હતું

પુરાવેા

બાદ સુપ્રીન્ટેન્ડન્ટ વરનને જાહેર કરયું કે તહેામતદાર પાસે મેં સરટીફીકેટ માગ્યું હતું અને તે બતાવી શકેલ નથી. મી. પેાલાકના જવાબમાં સુ. વરનને જણાવ્યું કે મેં તહેામતદારને પેાલીસ કમીશનરની સુચનાથી પકડેલ છે. મી. ચમનીએ મને સુચના આપેલ નથી. હું ધારું છું કે મી. ચમની ૧૯૦૮ના ૩૬મા કાયદા પ્રમાણે રજીસ્ટરાર નીમાયા છે.

તહેામતદારે (મી. રાંદેરીઆએ) પેાતાના બચાવ માં ઉભા રહી [illegible] જવાબમાં જણાવ્યું કે મારી પાસે સરટીફીકેટ છે નહીં અને મને સરટીફીકેટની જરૂર નથી. મી. પેાલાકના જવાબમાં તેણે જણાવ્યું કે હું આગસ્ટની ૧૭ તારીખે પુરતા સાધનેા બતાવીને દાખલ થયેા છું.

ત્યારબાદ મી. પેાલાકે દલીલેા રજુ કરી કે ૧૯૦૮ના કાયદા મુજબ કેાઇ પણ રજીસ્ટરારની નીમણુંક થઇ નથી. મી. ચમની ૧૯૦૭ના કાયદા મુજબના રજીસ્ટરાર છે. ઇમીગ્રેશન કાયદા મુજબ સાધનેા પુરા પાડે તે કેાલેાનીમાં દાખલ થવાને હકદાર છે અને કેાઇ પણ કેારટ આ કેાલેાનીની બહાર કાઢી મુકવાની સતા ધરાવતી નથી. છેલ્લા મદા ઉપર કેટલીક ચરચા થયા પછી માજીસ્ટરેટે જણાવ્યું કે સુપ્રીમ કેારટે ઠરાવ્યું છે કે અનડીઝાયરે બલ સબ્જેકટને જે જગ્યાએથી આવ્યેા હેાય ને જગ્યાએ આ કેાલેાનીમાંથી પાછેા મેાકલી શકાય છે. બાદ આ કેસનેા ચુકાદેા રજીસ્ટરારની નીમણુંક કયાંના મુદા ઉપર વિચાર કરવા ખાતર કાલ ઉપર મુલતવી રખાયેા છે.

ખુલ્લા મેદાનમાં મીટીંગ

કેસ બ્બસાસ થયા પછી એસેાસીએશન ની એાફીસના પાછળના ભાગમાં ખુલ્લા મેદાનમાં મીટીંગ ભરાઇ હતી જે વખતે પ્રમુખ મી. કાછલીઆ, મી. દાઉદ મહમદ તથા મી. પેાલાકે હાલના મામલા ઉપર લાંબાણથી ભાષણેા આપ્યાં હતા.

છેલ્લા ખબરેા

[ઇ. એા. માટે ખાસ તાર]

જોહાન્સબરગ શુકરવાર.

ગઇ કાલે 'બી' કેારટમાં મી પેાલાકે નોંધ લેવરાવી છે કે મી. રાંદેરીઆના કેસમાં લેવાયેલ પ્રેાસીજર બાંધા જરેલ છે. મી. રાંદેરીઆ પાસે પીસ પ્રીઝરવેશન કાયદા મુજબની પરમીટ છે એવું પણ જાહેર કરયું હતું. માજીસ્ટરેટે ચુકાદે આપ્યેા કે આગળના કાયદાએા મુજબ મી. ચમની રજીસ્ટરાર તરીકે કામ કરી શકે છે. ૧૯૦૮ના કાયદા મુજબ ફરીથી નીમણુંક કરવાની જરૂર નથી. મી રાંદેરીઆ પાસે કાયદેસર રજીસ્ટર નથી. તે માટે ૧૯૦૮ના ૩૬મા કાયદા મુજબ તેને કેાલેાની બહાર મુકી આવવાનેા હુકમ કરે'છું.

આ ચુકાદાની સામે મી. પેાલાકે તરતજ અપીલ નેાંધાવેલી છે.

મી. રાંદેરીઆના રપ પૈકીના જમીન ઠરાવવામાં આવ્યા છે.

જોહાન્સબરગના બીજા કેસેા સુપ્રીમ કેારટના ઠરાવ મળતાંસુધી મુલતવી રખાયે.

પ્રીટેારીયાના ૧૭ કેસેા ગઇ કાલે ચાલ્યા હતા. તેની ૧૮ તારીખની મુદત પડી છે. આ કેસેા તથા બેાક્સબરગ, જરમીસ્ટન, ક્રુગરસડેારપને ક્રીડીપુરટના કેસેા પણ મી. રાંદેરીઆની અપીલના ચુકાદા ઉપર મુલતવી રહ્યા છે.

સ્ટાંડરટનમાં ૪ હીંદીને કેાલેાની બહાર મુકવાનેા હુકમ થયેા છે અને બીજા હીંદીને આઠદીવસની અંદર રજીસ્ટરેશનની અરજી કરવાનેા હુકમ થયેા છે.

ઈંડિયન ઈમીગ્રેશન

મરપુકરીનો ટીકા

અમે અઠવાડીએ ઇંડિઅન ઇમીગ્રેશનની તપાસ માટે જે કમીશનની નીમણુંક કરવામાં આવી છે તે ઉપર ટીકા કરતાં 'મરકુરી' છાપું જણાવે છે કે ગીરમીટ બાબત કમીશનથી તપાસ કરવાનું જાહેર થયું છે. એશીઆટીકનો વેપાર બંધ કરવાના બીલ, પારલામેંટ જાણતી હતી કે તેથી નાતાલ વખત ગુમાવવાનો છે, છતાં પાસ કરીને વિલાયત , મોકલ્યાં. આવા કાયદા અન્યાયી અને આખા અંગ્રેજી રાજ્યમાં નવી અને સુધરેલી પ્રજાને નહીં છાજતી રીતીં દાખલ કરનારા હતા એટલું જ નહીં, પરંતુ વેપારીને લગતા બીલો નાપાસ થવાથી અને ગીરમીટના બીલને ખેંચી લેવાથી હીંદુસ્થાનથી મોટા ને આયાત કરવાની સ્થિતિમાં બેવડી મુશ્કેલી ઉભી થઇ. કેમકે નાતાલમાં જન્મેલી હીંદી પ્રજા જે પોતાને શહેનશાહ હતની રૈયત કહેવરાવે છે તેને વેપાર કરી પોતાની રોજી કમાઇ ખાવાના સાધરણ હક-જે હક દરેક સુધરેલી પ્રજા, પોતાના દેશમાં દાખલ કરનારા મોકને આપે છે—તે પણ આ કાયદાથી છીનવી લેવાય છે. પોતાના દેશમાં કોણ આવી શકે તે મુકરરૂ કરવું રાજ્યકર્તા પ્રજાના હાથમાં છે, પણ એક વખત જે લોકોને દાખલ થવા દીધા તેને પોતાની પ્રમાણીક રોટી કમાઇ ખાતા અટકાવી શકાતા નથી. આવા નિયમોની અગર ન્યાયની કે શહેનશાહત તરફની પોતાની ફરજ વિચાર્યા વગર નાતાલ પારલામેંટે વધુ મતે આવા કાયદા પાસ કર્યા. નાતાલ સરકારની પારલામેંટના જેવા કોઇપણ મુલકમાં આવા આપમતલબી અને દુઃખ દેતા અન્યાયી કાયદા મંજુર કરી સાંભળવામાં આવ્યા નથી. અને અમે એટલે સુધી પણ કહીએ છીએ કે, જે પ્રજા સ્વમાન સમજતી હોય અને સ્વતંત્રતા ચાહતી હોય તેના વીરૂદ્ધ આવી રાજનીતી ધારણ કરવાની કોઇપણ પ્રજાની હીંમત ચાલી શકે નહીં: પછી ભલે તેને સહાયજ જાહેર કરની હોય તો જુદી વાત છે. પરંતુ બધા જાણતા હતા કે વડી સરકાર કોલોની અને આ અન્યાયી પગલાંની વચ્ચે છે. આ કાયદાને મંજુરી નહીં મળે એવું અમે ખાત્રી પુરવક માનતા હતા: જો કે બીલોમાંનું એક બીલ જેને વડી સરકારની મંજુરી મળવા ની પુરી વધી હતી અને હીંદી સરકાર તથા વડી સરકાર જે બીલ નાપાસ થવા થી ખુશી થતા તે-ગીરમીટ બંધ કરવાનું બીલ-તો લટકાવી રાખ્યું.

સરકારે આ કમીશનમાં અમુક એક પંકતીના કમીશનરોને નથી નીમ્યા એ ઠીક કરયું છે. આ કમીશનમાં કોસ્ટ વિભાગના, વાવેતરના ઉદ્યોગ તરફના અને વેપારીઓના પ્રતિનીધીઓ છે. આ પ્રતિનીધીઓ કોલોનીના ઉંચામ જવાબદાર માણસો છે કે નહીં તે અમે ખાત્રી પુરવક નથી કહી શકતા. અમને એક દીલગીરી થાય છે કે કારખાનાવાળાઓ તરફથી આ કમીશનમાં કોઇ જોવામાં નથી આવતું. અને કારખાનાઓ ગીરમીટીઆ મજુરીયોજ ચલાવી રહ્યા છે. એમ જ્યારે જોવામાં આવે છે, ત્યારે તેમનો પ્રતિનીધી પણ કોઇ હોવો જોઇએ એ જરૂરનું છે. છતાં સંભવ એવો છે કે કમીશન સર્વાનુમતે જવલેજ પોતાનો રીપોર્ટ બહાર પાડશે. અમે તે જોયા. પણ, આ સવાલ હાલ આપમતલબ તથા ખોટા વહેમોથી જે અંધારામાં પડી રહ્યો છે તે કમીશનના રીપોરટથી બરાબર અજવાળામાં આવશે એમ અમે માનીએ છીએ, હાલ જે વિચારો છે તેમાંનો એક એ છે કે ગીરમીટવાળા મજુરો સિવાય કોલોનીનો ઉદ્યોગ ચાલી શકેજ નહીં. બીજો વિચાર એવો છે કે ગીરમીટ એકદમ બંધ કરવી જ જોઇએ. આ બંનેની વચલો વિચાર એ છે કે ભુતકાળમાં ગીરમીટની અમે તેટલી અગત્યતા જોઇ, પણ હવે તો સમય એવો આવ્યો છે કે જ્યારે ગીરમીટ રહેતે રહેતે બંધ કરી નાખવી જોઇએ. રહેતે રહેતે એટલા માટે કે આજ સુધીમાં તેમનાથી જે ઉદ્યોગ ઉભો થયો છે તે એકદમ પડી ભાંગે નહીં. આ દેશમાં વસ્તા હીંદી ઓનો પણ આવોજ વિચાર છે. આ વિચાર ધરાવનારાઓ જાણતા છે કે હાલ જે મજુરોની જરૂર છે તેટલા મજુરો અહીંની વસ્તીમાંથી, જો સારી વ્યવસ્થા અને વાજબી પગાર આપવામાં આવે તો મળી શકે તેમ છે. હવે કમીશન બેઠું છે એટલે બધું જાણવા રહેશે. દરમ્યાન હાલના કાયદાઓથી એશીઆટીક વસ્તી વધતી અટકાવેલી છે એમ જોવામાં આવે છે. આ વરસના સપ્ટેંબર માસ સુધીના ૯ માસમાં ૫,૪૮૬ એશીઆટીક નાતાલ માં આવ્યા અને ૫,૮૧૨ ગયા છે. ઉપર ની ૫,૪૮૬ આવકની સંખ્યા બતાવી છે તેમાં ગીરમીટમાં આવેલાની સંખ્યા પણ સામેલ છે.

સંસ્થાનોનું જોડાણ કરવાની વાત ચાલે છે તેનું ઉંચટ આવ્યાથી આ સવાલનું રૂપ બદલાય જવાનો સંભવ છે. પછી તો તે સવાલનું નીરાકરણ લાવવાનું સેંટ્રલ પારલામેંટના હાથમાં રહેશે. અને અમે કહી શકીએ છીએ કે તે પારલામેંટ એશીઆટીક મજુરોને ગીરમીટમાં આવતા બંધ કરવાનું કામ પહેલું હાથ ધરશે.

કમીશનને જે મુદ્દાઓ તપાસવાને આપેલા છે તેમાં વાંધાવાળા લગભગ સઘળા મુદ્દા આવી જાય છે. અમે આશા રાખીએ છીએ કે કમીશનના કમતી નોંધ, જેમ જેમ કામ ચાલતું જશે તેમ તેમ જાહેર પ્રજાની જાણમાં આવતી જશે. કેમકે તેથી લોકો જાણવાને આતુર છે તે જાણી શકશે. બહાર પડેલી વીગતને લગતા માહીતી પુરાવા આપી શકાય. એક બે કે વધારે વરસ બાદ મોટા કદનું કમીશન ના રીપોરટનું પુસ્તક વાંચવું તેને બદલે રોજ રોજની તાજી હકીકત ધ્યાનમાં લઇ શકાશે.

ગીરમીટયા હીંદીના કાન કાપનાર ગોરા શેઠે કરેલી અપીલ

અમારા વાંચનારાઓને યાદ હશે કે થોડા વખત ઉપર મી. જે. એચ. આર્મીટેજ નામના એક ગોરા શેઠે પોતાના ગીરમીટીઆ હીંદીના કાન કાપેલા હોવા થી માજીસ્ટ્રેટે તેનો પા. ૨૦ દંડ કર્યો હતો. આ સજા સામે તેણે સુપ્રીમ કોરટમાં અપીલ કરેલી. તેમાં તેણે જણાવ્યું હતું કે તે હીંદીએ પહેલાં એની ઓ ઉપર સખત હુમલો કરેલો હોવા થી તેમજ પાત્રો ઘાકડી સાથે તેને પોતાના બંગલા પાસે જોવાથી બચાવ ખાતર તેણે તેના કાન કાપી નાખવાની સજા કરી હતી. વળી હુમલા સુધીમાં તેને પા. ૧૨૬નો ખરચ થયો છે. તેમજ માજીસ્ટ્રેટને પોતાની વિરૂદ્ધ લાગણી પેશી થઇ હતી તેથી આ કેસની જજ અને જુરી પાસે ફરીથી તપાસ કરાવવાની દાદ માગી. ચીફ જસ્ટીસે ચુકાદો આપતાં જણાવ્યું કે તેના આ ગુન્હા માટે માજીસ્ટ્રેટ વધુ સજા કરી શકત, પણ તેની ઓ ઉપર આક્રમણ કરેલા હુમલાને ધ્યાનમાં લઇ તેને માત્ર પા. ૨૦ના દંડની અથવા ૧ માસની કેદની સજા કરી હતી. તેથી માજીસ્ટ્રેટ આરોપીના વિરૂદ્ધમાં રોષવાળા થયા હતા એ વાત માની કરતી નથી. આરોપીએ

હીંદોના કાન કાપી નાખ્યા એક પેટાના કરતાં તે વધારે નથી એવું કહ્યું હતું. કાયદો કોઇથી હાથમાં લઇ શકાય નહીં. જે તેણે હીંદીને મારી નાખ્યો હત તો તેની ઉપર ખુનનો આરોપ મુકી કામ ચલાવત. એટલા વાસ્તે મેજીસ્ટ્રેટે કરેલ સજા વ્યાજબી છે અને આ અપીલ કાઢી નાખવામાં આવે છે.

ટ્રાંસવાલના હીંદી મામલા ઉપર છાપામાં ટીકા

"ટાઇમ્સ ઓફ ઇંડીયા"

ટ્રાંસવાલમાં હીંદીઓ ઉપર ગુજરતા જુલમ વિષે લખતાં ઇંગ્લંડના છાપાઓ માં કેનેડામાં બનતા તેવાજ બનાવોનો ઉલ્લેખ કરવામાં આવે છે. ત્યાં પણ હીંદીઓને દાખલ થતાં અટકાવવામાં આવે છે. આવી બાબતમાં કેનેડાની સર કારને વિષે કોઇ કંઇ ફરીયાદ ન કરે અને ટ્રાંસવાલ વિષે ઇંગ્લંડમાં ચરચા થાય છે. પણ ટ્રાંસવાલ અને કેનેડાના મામલા વચ્ચેનો ફેર ન સમજનારજ આવી ચર્ચા કરે છે. ત્યાં નવા માણસોને આવતાં અટકાવવાનો કાયદો થયો છે. ટ્રાંસવાલ માં પણ વરસથી વસીને હકદાર થએલા વતનીઓને હાંકી કાઢવાનો કાયદો થયો છે. સારી કેળવણી પામેલાને માટે ત્યાં વાંધો નથી. કેનેડાથી મી. મેકીન્ડર કરીને એક માણસ લખે છે કે " જેનામાં તે જનતનો અથવા ધરમનો વિદ્વાન પુરૂષ આવે તેની સામે દરકત કોઇની નથી. ભણેલા અને જોખમદાર માણસો જુદા રંગના કે મતના હોય છતાં તેમની સાથે ના વ્યવહારથી ફાયદેજ છે." ટ્રાંસવાલ ના અધિકારીઓ આ વાત સમજતા હોય એના પુરાવા છે? શું તેઓ સમજે છે કે હકદાર હીંદીઓ હાલ ટ્રાંસવાલમાં છે તેઓને જે તેમનીજ જનતના કેળવણી પામેલા પુરૂષોનો સંસર્ગ થાય તો આખરે રાજ્યને તેઓ વધુ નુકશાન કારક થાય?

વળી કેનેડાની સરકારે આ બાબતનો ફેસલો આણવા મી. મેકેન્ઝી કીંગને વડી સરકાર સાથે મસલત કરવા ખાસ ઇંગ્લાંડ મોકલ્યો. તેણે પોતાની સરકારને કરેલા રીપોરટમાં તે લખે છે કે રંગભેદનો આ સવાલ તે ખાસ કેનેડાનો નથી પણ આખી શહેનશાહતનો છે. જ્યારે કેનેડાને વડી સરકારે આવું ખપું માન આપ્યું છે ત્યારે શહેનશાહતમાં રહેવાના હકનું ભાન કેનેડીઅન સરકાર કદી ભુલશે નહીં. દક્ષિણ આફ્રિકામાં હીંદીઓના સવાલ બાબત નીકળેલી દોઢ પણ ઝુલુકમાં આવો રાજનતિનો વિચાર જોવામાં આવ્યો નથી. આ ઉપરથી જણાય છે કે દક્ષિણ આફ્રિકામાંના રાજદ્વારી પુરૂષો રાજનિતીમાં બહુજ પછાત છે અથવા બહુજ સ્વાર્થી રાજનીતિનો અમલ કરે છે.

થોડાઘણા પેસ કેળવાએલા હીંદીઓને ટ્રાંસવાલમાં આવવાનો હક આપવાથી ત્યાંની સરકાર એમ માને કે એતો બોદા એશીઆટીક ટોળાનો પ્રવેશ નથાય. તો તેવી તકરાર એ ત્યાંના રાજદ્વારી પુરૂષો રાજ ચલાવવામાં પોતાને હાથે પોતાની કમ અાવડત દેખાડે છે.

ઇપીરીઅલ કનવેનશન બોલાવી આ બાબતનો નીકાલ આણવા ઘેરો પ્રયત્ન ઇંગ્લંડમાં કરવામાં આવે છે. તેમાં એ રહસ્ય છે કે દક્ષિણ આફ્રીકાના હીંદી ઓની આકૃતો દુર કરવામાં ત્યાંના ગોરા ઓની સાંસારીક તેમજ આર્થીક સ્થીતિનુ પુરેપૂરૂં રક્ષણ થાય. લોરડ એમ્પથીલ અને તેના સાથીઓ હીંદીઓ માટે જે પોકાર ઉઠાવે છે તે તમામ વરગના હીંદીશ હીંદીઓને વગર અટકાયતે ટ્રાંસ વાલમાં દાખલ કરવા માટે નહીં, પણ જેમનો હક ત્યાં દાખલ થઇ રહેવાનો છે તેમના હક સાચવવાને માટે તેમ કરે છે. મી. ગાંધી અને તેના સાથીઓ પણ એમજ કહે છે. કોઇ કોલોની પોતાના દેશમાં યુરોપીઅન રીતીનો પ્રચાર કરે, છતાં ત્યાં રહેવાનો જે એશીઆટીકોનો હક છે તેનું રક્ષણ પણ કરી શકે છે. પણ જ્યારે કોઇ એક કોલોની નવા આવનારને માટેજ નહીં પણ જેઓ ખરે ખરા હકદાર છે તેમને પણ કાઢી મુકવા નો પ્રયત્ન કરે ત્યારે પરિસ્થિતિ હક જોખમ માં છે એમ સમજવું. આવી રાજનીતિ સખત ઠપકાપાત્ર છે.

"ટ્રાંસવાલ લીડર"

'ટાઇમ્સ ઓફ ઇંડિઆ' ના ઉપલા લખાણ ઉપર મુખ્ય આર્ટીકલમાં નીચે પ્રમાણે ટીકા કરે છે:

'ટાઇમ્સ ઓફ ઇંડિયા' કહે છે કે કેનેડા માં હીંદી મજુરને દાખલ થવા સામે અટકાયત મુકવામાં આવી છે. પણ ભણેલા માને માટે કંઇ દરકત નથી. થોડાક ભણેલા એશીયાટીકોને દાખલ કરવા એ અમારે માટે ડહાપણ ભરેલું છે કે નહીં એમ આપણી સરકાર કેનેડાની સરકારને પુછાવશે કે નહીં તે અમ જાણતા નથી. પણ કેનેડાનો પ્રાઇમમીનીસ્ટર વીલફરીડ લોરીઅરનો મત આ મુકેલી બારેલા સવાલમાં લેવામાં આવે તો બહુજ ઉપ યોગી થઇ પડે એમ અમને લાગે છે.

આપણી સરકારે વડી સરકાર સાથે મસલત કરવા કોઇ પ્રતિનીધી મોકલ્યો નહીં અથવા ઇપીરીઅલ કોંફરન્સ પાસે આ આખો એશીઆટીક સવાલ મુકયો નહીં. તે વિષેની 'ટાઇમ્સ ઓફ ઇંડિયા'ની ટીકાનું વાજબીપણું અમારા ધ્યાનમાં ઉતરતું નથી. લોકોને જે કે કશી ખબર નથી છતાં આપણી સરકારે આવો વિચાર કર્યો પણ હોય, પણ હીંદુસ્થાનથી કે ઇંગ્લંડથી કોઇ જણાવશે કે આવું બારીક કામ કરવા માટે દુથીઆર અને અનુભવી માણસ આપણી સરકારની નોકરીમાં છે? દાખલા તરીકે જે મહત્વ એશીઆટીક ખાતાના મુખી તરીકે કામ કરે છે તેને હીંદુસ્તાનના રાજદ્વારી કામનો કંઇ પણ અનુભવ નથી, પણ એક ચાહના બગીચાના મજુરોના ઓવરસીઅર નું કામ તેણે કર્યું છે. ટ્રાંસવાલના રાજદ્વારી પુરૂષો ઉપરની 'ટાઇમ્સ ઓફ ઇંડીયા' નીટીકા સાથે અમે પુરેપૂરા મળતા થતાં નથી. આ દાખલામાં ટ્રાંસવાલના રાજદ્વારી પુરૂષો તે સરકાર સમજવા છે. આપણી સરકાર જાણી જોઇને શહેનશાહી કુટુંબનો અનાદર કરે છે એ વાત અમે માની શકતા નથી. ગોરાઓથી બીજી વરણના લોકો તરફ આખી પ્રજાનું જે વલણ છે તેનુંજ આ પરિણામ છે. પણ નેશનલ કનવેનશનની સુચનાઓ દક્ષિણ આફ્રિકાના લોકો તેમજ વડી સરકાર કબુલ કરશે ત્યારે ધીમેધીમે આ વલણમાં ફેરફાર થશ જશે. સરકારનો ઓઠલીનોજ આમાં દોષ છે એમ નથી.

બે નવા વિચારો ઉપજે છે. એમા રાનીવારે 'સ્ટાર' શંકા કરી છે કે કદી પારણામેંટ છ કેળવાએલા હીંદીઓ માટે નો કાયદો મંજુર કરે તો તેનો અમલ કેમ કરવો? આ સવાલનો જવાબ એશિ યાટીક આગેવાનોએ આપવાનો છે. અહીં ની ઇંડીઅનએસોસીએશનતથાહીંદીસરકાર સાથે મળીને આ બાબતનો ફડચો આણી શકાય છે અને વડી સરકાર પોતાથી બનતી બધી મદદ કરશે એમાં શંકા નથી. અમને ખબર મળ્યા છે કે જાપાન અને કેનેડા વચ્ચે પણ આ પ્રકારનીજ સમજુતી થએલી છે.

"સાંજવર્તમાન"

તા. ૨૯ ઓકટોબરના અંકમાં એક લાંબા લખાણ દરમીયાન લખે છે કે,

નાતાલના વેપારના આંકડા તપાસી જોતાં જણાય છે કે નાતાલ ખાતે હીંદુસ્તાનથી દર વરસે રૂા. ૫૪ લાખનો માલ નીકાશ થાય છે, ત્યારે હીંદુસ્તાન ખાતે નાતાલથી માત્ર રૂા. ૭૫ હજારનો માલ આયાત થાય છે. હવે જો ટ્રાંસવાલના વેપારને બોયકોટ કરવામાં આવે તો મોટું નુકસાન હીંદુસ્તાનને જાય. તેનો અરધો કરોડનો વેપાર પડી ભાંગે. ત્યારે હવે કરવું શું? જો કે મામલો છેક નીરાશીજનક છે. તોપણ અમે મારીએ છીએ કે ખ્રીસ્તિ પ્રજાના મન ઉપર અસર કરવા માટે હજી આપણી લડત ચાલુ રાખવાની ઘણી જરૂર છે. તે લડતની અસર બરોબર ઇંગ્લંડની પ્રજાના મન ઉપર થાય એટલા માટે શેફીલ્ડ શહેર મોટી જાહેર સભાઓ ભરવી જોઇએ અને આપણા વેપારને નુકસાન થાય તે છતાં પણ ટ્રાંસવાલના વેપારને બોયકોટ કરવાના ઠરાવો અને તે ઠરાવને અમલમાં મુકવાની પ્રતિજ્ઞા લેવડાવવી જોઇએ. વળી ટ્રાંસવાલમાં વસતા પોતાના ભાઇઓ ઉપર જે આફત આવી છે તે માટે શોક બતાવવા એક દિવસ મોટી હડતાળ પાડવી જોઇએ. હીંદી નેશનલ કોંગ્રેસે આ સવાલને પહેલી પંકતીની અગત્ય આપી તેના સંબંધમાં નામદાર શહેનશાહની સરકાર ઉપર એક મજબુત અરજ મોકલી આપી અને એક ડેપ્યુટેશન હીંદુસ્તાનથી ખાસ ઇંગ્લંડ મોકલવું જોઇએ. જે અરજ નામદાર શહેનશાહની સરકાર ઉપર મોકલી આપવામાં આવે તે ઉપર લાખો હીંદીવાસીઓની સહીઓ લેવી અને તેવીજ અરજ આમની સભાના સભાસદો ઉપર મોકલી આપવી.

ડરબનથી મી.એમ. એચ. રાંદેરી લખે છે કે તા. ૪ને વાર જુમાને રોજ પાયન હાઉસવાળા મી. સઇયદઅલીન હા. મહમદ ના નીકાહ ડરબનવાળા મી. મહમદ કાસમ વાડાની ફોઇકરી સાથે જુમાની નીમાજ બાદ મુકરતી મસ્જીદમાં બપોરના ૧॥ વાગતે જનાબ મોલવી કુતેહમહમદ સાહેબે પઢાવ્યા હતા. લોકો મોટી સંખ્યામાં હાજર હતા. નીકાહ બાદ પરબુનાર તરફથી ડરબનની સુરતી મસ્જીદ, કોફેરના મદરેસાએ અંજુમન બસ્લામ અને કોફેરની આસરામ સોસાયટી વાળી મસ્જીદને દરેકને બબે પૌંડ બક્ષીસ ઠરવામાં આવ્યા હતા.

મી. હુરોન મોંયસનો કાગળ

લંડન તા. ૬૨ નવેંબર

ગયા શનીવારે મારા વહાલા બાવાજીનો જેલમાં ગયા પછી પહેલો કાગળ મને મળેલ. તે કાગળ-તે પાળું-કાગળ જોઇ મારૂં દીલ બહુ ખુશી થએલ. વળી તે ઉપર મારા વહાલા બાવાજીનો જેલનો મારકો જોઇને તો વળી વધારે ખુશાલી થએલ તેમજ તે કાગળ જોઇ રડવું પણ આવેલ. તે મારા વહાલા બાવાજીને જેલ મળવાથી નહીં પણ તે આજે આપણી હાલત ઉપર, આપણા ઉપર પડતા જુલમ તરફ જોઇ આંખોમાં આંસું ભરાઇ આવેલ. તે મારા વહાલા બાવાજી તો કાગળ ફ્રેમમાં જડાવી રાખેલ છે. તે તરફ જોઇ હું તે પાક મોહુદના હુજુર શુકરીયાના અદા કરૂં છું કે "એ મારા પાક પૃથ્વીના પેદા કરનાર, તારી સત્તા હું કબુ જબાનથી કરૂં કે તેં મારા વહાલા બાવાજીનો એટલો મોટો નસીબ કરયો કે આજે તેઓ પોતાના મુલ્કપણામાં પણ પોતાની વહાલી માતુશ્રીના હાલાને ખાતર જેલ બોગવી રહેલ છે. એ પાક ખુદા, તું તેઓની મહેનતનો બદલો આપજે તેઓને હીંમત આપજે. અને એ મુનાફેકના બક્ષનાર, તુંજ તેઓનો નીગેહ બાન છે. હું આમજ દુવા માગું છું. કોઇ પણ મને પુછે છે કે એ ફ્રેમમાં શું છે? હું તેઓને જવાબ આપું છું કે "એ અમેજીઝ જુલમી રાજના શહેરી હોવાનું ઇનામ છે." ખરેખર એજ ઇનામ છે. હું મારા હીંદીઓ જેલમાં બેધડક જાવછે તે જોઇ બહુજ ખુશી થાઉં છું. હું ઉમેદ રાખું છું કે, મારા વહાલા હીંદી ઓ હીંમતમાંજ રહશે. હું એમજ તે પાક કરતારે પાસે માગું છું કે એ મારા પેદા કરનાર, તું મારા વહાલા હીંદીઓને હીંમત આપજે. દરે આ દુનીયામાં જુદાઇ અને દગાબાજીની દુવા માગી રહેલ છે. તેમાંથી દરેક હીંદી પોતાનો બચાવ કરે એમ દરેકની ફરજ છે. જેઓ માસુમ છે અને જેઓ રાજમાં વગર અવાજના છે, તેઓ ઉપર તો આજે એ દુવાએ બહુજ જોર કરયું છે. હવે એ બધાને વધોટી નાખવાનો આપણો વખત આવ્યો છે. હવે આખી દુનીયા માં જે બોકેરાના હોય જુલમી રાજોએ દબાવી નાખેલ તેજ દબાએલ માણસો હવે પોકાર કરી રહેલ છે. અરે એવરતો પણ હવે હકો માટે લડે છે. જ્યા આટલું બધું થાય છે ત્યારે મારા હીંદીઓ શું કામ પાછા પડશે?

ટ્રેલાગોઆ બે ઇંડિયન લાઇબ્રેરી

આ લાઇબ્રેરીના સેક્રેટરી લખે છે કે:— લાઇબ્રેરીની ઓકટોબર માસમાં સિલક પા. ૨–૧૨–૧૦ હતી. બાદ નવેંબર માસના લવાજમના પા.૨–૧૬–૦ તથા પુસ્તક ગુમ થયા બદલ તેની બોદી કિંમત શી. ૧/૬ મી. તબસ્સમ કાસમ પાસેથી આવ્યા તે મળી કુલ પા.૪–૧૩–૭ થયા. તેમાંથી મકાનના ભાડાના તથા લાઇબ્રેરીયનના પગાર, પોસ્ટ, તથા પરચુરણ ખરચના મળી કુલ પા. ૨–૦–૬ બાદ જતાં બાકી સીલીક પા. ૨–૧૩–૧ તા. ૩૦–૧૧–૦૮ સુધી છે. ચાલુ માસ માં કુલ ૨૦૫ મેંબરોએ મુલાકાત લીધી હતી ત્યારે ૧૫ પુસ્તકો મેંબરોના નામ ઉપર આપવામાં આવ્યાં હતાં. આગળ કરતાં મુલાકાત લેનારાઓની કમ સંખ્યા હોવાનું કારણ લાઇબ્રેરીનું મકાન ફેરવવા નું હતું. તેની અગવડતાને લીધે ત્રણ દિવસ સુધી કામ બંધ પડયું હતું. હવે થી મેંબરોને વિનંતી કરવામાં આવે છે કે કુટે લોરેન્જરામાં લાઇબ્રેરી રાખવામાં આવી છે. તો ત્યાં પધારી વાંચવાનો લાભ લેશે.

સાંભળવા પ્રમાણે લાઇબ્રેરીની પ્રી મેન્બરોને ભારે પડતી હોવી જોઇએ. તો લાઇબ્રેરીને પુરતા મેંબરો મળશે કે સવા જમમાં ફેરફાર કરવામાં આવશે માટે ઉત્સુક ઉમેદવારોએ ચાલુ માસમાંજ પોતા ના નામ દાખલ કરાવવા ભુલવું નહીં. કેટલાએક બે બરો પુસ્તક લઇ ગયા બાદ તદન બેપરવાઇથી વરતે છે ને પુસ્તકો અકવાડીઆમાં પાછા વળતાં નથી. તો તેઓને વીનંતી કરવામાં આવે છે કે તેમ બને તેમ જલદી મેંબરોએ ધ્યાનમાં રાખવું જોઇએ કે બે પુસ્તકો સારી હાલતમાં પાછાં વળત કરવામાં આવતા હોય તો આગળ જતાં લાઇબ્રેરીને ખરચા માં ઉતરવું નહીં પડે. દરેક મેંબર સારી હાલતમાં પુસ્તક એક વીકમાંજ વળત કરતા જશે તો બીજાઓ પણ વખતસર લાભ લેવા પ્રમે.

તા. ૨૧–૧૧–૦૮ ના રોજ ડરબનથી ઉપાડેલી રટીમર અમદુંભી સલીલસલામત તા. ૨૯–૧૧–૦૮ના મુંબઇ પુગી ગઇ છે.

ચરચા પત્ર

—:o:—

અમારા ચરચાપત્રીઓ નીચેના નીયમો વાંચ રાખશે તો તેઓના પત્રો ઉપર તુરત ધ્યાન મળવાનો સંભવ છે.

૧. કાગળની એકજ બાજુએ લખવું.

૨. અક્ષર ચોખા સાફીથી લખવા.

૩. નામ તથા ઠેકાણું બરોબર લખવાં. તે હમેશાં બહાર પાડવા સારૂં નહિ, પણ અમારી ખાતરી સારૂં.

૪. મંગળવારની સાંજ સુધીમાં મોકલેલ લખાણો તેજ અઠવાડીયામાં છાપવા કરી શકાશે.

૫. રદ કરેલાં ચરચાપત્રો મળવી રાખવા અથવા લખનારાઓને પાછાં મોકલી આપવાને અમે બંધાતા નથી

૬. લખાણ હમેશાં ટુંકું અને મુદ્દાસર રાખવું.—અધિપતિ.

ચરચાપત્રીઓને જવાબ

આઉટ મોરલેંડ—નામ વિનાના કાગળો અમે છાપી શકતા નથી.

મી. એ. ઇબ્રાહીમ—નાતાલથી કેટલાક હીંદી બ્રિટીશ ગીઆના ગયેલ છે. અમે આ છાપાના કોલમોમાં જણાવ્યું છે તેથી વીશેષ ત્યાંની હકીકત નથી જાણતા. તે હકીકત તા. ૩૦ માર્ચ ૧૯૦૭ના અંકમાં છે. બીજીની હકીકત તા. ૨ મે ૧૯૦૮ના અંકમાં છે.

મી. વાસુદેવના કાગળના જવાબ

બે. ઇ. ઓ. ના અધીપતી જોગ

મી. વાસુદેવના કાગળ ઉપર આપે રીવ્યુ ન કરવાનું પસંદ કરી આપનું મોટું મન દેખાડ્યું છે એમણે કરીથી પાછી પાનીનું લખાણ વાંચવાથી એમને કરોધ ઉપજ્યો છે અને તેથી જે મનમાં આવે તે લખી નાખ્યું છે એમાં નવાઇ નથી. તેઓ માને છે કે આપે એમના વિશે લખાણ કરી એમને પ્રખ્યાત થવાનો તક આપ્યો છે. છતાં, વળી એમ પણ જણાવે છે કે આપે અસલ લખેલું બે અડકતરૂં વેર લેવાનો પ્રયત્ન હતો. મી. વાસુદેવની સાથે "ઓપિનિઅન"ના અધિપતિને શું વેર હશે એ સમજી શકાય એવું નથી. ટરાંસવાલમાં જવાનો હક ધરાવનાર દરેક હીંદીએ આ લડતમાં ભાગ લઇ હીંદી કોમને મદદ કરવી એવી તેની ફરજ છે એમ "ઓપિનિઅન" માને છે અને આ ફરજમાં જેઓ પછાત પડે તેઓને મોળા અથવા 'પાછી પાની' કરનારા માને છે. એ મતને અનુસરીને લખતાં 'ઓપિનિઅન' વિરૂદ્ધ ટીકાથી ડરે તો તેના સત્યાગ્રહમાં એટલી ખામી ગણાય. આ લડત કંઇ 'ઓપિનિઅન'ની નથી. હીંદી કોમની છે. જે કોમ કોમની સેવા કરવા પોતાના સ્વારથનો ભોગ આપે —પોતાની જનતીની શોભા વધારવામાં પોતાનું બલિદાન આપે—સમજીને રાજી ખુશીથી જનતનું હિત કરવા હોમાય એવા માણસને બહાદુર ન કહેવાય તો તેને બીજી શું ઉપમા? મી. વાસુદેવ. આપે તે જાણવા જેવું છે. હું માનું છું કે બધાથી આવું બની શકતું નથી. અને મી. વાસુદેવથી પણ ન બની શકતું હોય તો તેમાં તેમને શરમાવાનું નથી. પોતાની અશક્તિ કબુલ કરવામાં હીણપત નથી પણ તેને ઢાંકવામાં છે એમ મારો નમ્ર મત છે.

લી. સેવક, પુરૂષોત્તમ દેસાઇ

તા. ૯-૧૨-૦૮

બે. ઇ. ઓ. ના અધિપતી જોગ.

તા. ૫ ડીસેમ્બરના ઇ. ઓ. પાને ૮૨૪માં "પાછી પાની વિષે જવાબ" આપનારનો આરટીકલ વાંચી કું બહેજ વિસ્મિત થઉં છું. કારણકે "ચડ્યા બેઠા શુલીપર રામજી તેરા ભલા કરેગા" એવી એવી કેટલીક મારમીક બાબતો કું કે ધંગરેજી જ્ઞાન વાળા અને નાની બુદ્ધી વાળા બી હોવી જોઇએ. લખનાર બુલી જાય છે કે આ કામ કયાં ઇ. ઓ. ના અધીપતીનું કે મેનેજરનું કે કોઇ બીજાનું છે. એ તો સઘળી કોમનું છે. શું આજ સુધી ટરાંસવાલમાં હજારેક જેટલા માણસો જેલમાં ગયા તે કોઇના હુકમથી કે શરમથી? નહી, નહી, પોત પોતાની કોમના ભલા માટે ફરજ અદા કરતા.તો આ એકલાજ મી. વાસુદેવ આવું ખુશ ખરેલું મારમીક લખાણ લખી જે ઇ. ઓ.ને ચિરપાવ બંધાવ્યો છે. તે ઓપીનીઅનને નથી મળ્યો પરંતુ પોતાનેજ મળ્યો કહેવાય. એવું ઓપિનિઅનના નીચેના કેરેક્ટર નમ્રતાભર્યા શેરાથીજ સ્પષ્ટ માલુમ પડે છે.

લી. મનજી નથુભાઇ પેલાણી

પ્રિટોરીયા તા. ૮ ડીસેંબર

છેવટ સુધી લડો

બે. ઇ. ઓ. ના અધિપતિ જોગ,

આફ્રિકા, ઇન્ડીઆ, અને ઇંગ્લાંડના અહરથોના એકમતી પ્રોટેસ્ટ ટરાંસવાલના હીંદીઓ ઉપર જે દુઃખ અને જુલમ પડે છે તે સામે થતા છતાં, ટરાંસવાલની અભિમાની સરકાર તમારો મારી મોડું લાલ રાખી પોતાની જે હદના દેખાડે છે અને નિરદોષ હીંદીઓને રંજાડે છે તે તરફ દરેક હીંદી આશ્ચર્યથી જુએ છે. આ તો ચોખ્ખીજ બીના છે કે જેલમાં ભલે ગમે તેટલું દુઃખ હોય પરંતુ હીંદી કોમ પોતાની ઇજ્જતને વળગીજ રહેશે. બહેલાની બાબતમાં સરકાર જે જુદી તાણ તાણે છે તે અંગ્રેજના ઇન્સાફને શરમાવનારૂં છે. અંગ્રેજ સરકારે અંગ્રેજી બંધારણ સવેપરી તરીકે લેખી છે. તે બાબા બહેલા કોઇ પણ માણસ ઇમીગ્રેશન કાયદા પ્રમાણે ટરાંસવાલમાં દાખલ થઇ શકે છે ત્યારે સરકાર ફકત હીંદીઓનેજ અટકાવવા માગે છે એ ઉપરથી ચોકસ અનુમાન એટલું જ થાય છે કે હાલ રાજ્ય ચલાવતી ઉચ્ચ સરકાર નામદાર અંગ્રેજ સરકારની સર્વો પરી અંગ્રેજી બાપાને માન આપવા માગતી નથી. દરેક હીંદીની ચોકસ ફરજ તો એ છે કે બહેલાઓને જ્યાંસુધી સરકાર આપણી માંગ મુજબ ન આવવા દે ત્યાં સુધી તન મન અને ધનથી લડવું. અને જો એવી રીતે લડવામાં આવશે તો આપણી ચોકસ જીતજ છે. સરકાર જો સલાહ કરી આ વરસમાં છ બહેલા હીંદીને આવવા દીધા હોત તો આ તકરાર ઉદ્‌ભવા પામતજ નહીં, પરંતુ સરકારની જુદી આડાઇથી ટરાંસવાલની બહારના લગભગ ૪૦ બહેલા હીંદીઓ ટરાંસવાલમાં દાખલ થઇ ચુકયા છે જેમને સરકારે પકડીને બુધવાર સુધી કેસ મુલતવી રાખી જોડી ગુકયા છે. બધું કરીને એ લોકોને હદ પાર કરવામાં આવશે. તેમ કરીને સરકાર પાછી પોતાની હાંસી અને બેવકુફાઇ દુનિયામાં કરાવશે. હીંદી કોમને ટરાંસવાલમાં બહેલાઓ વગર ચાલી શકે એમ અનુમાનથી જણાતું નથી. મી. ગાંધી કને ટરાંસવાલ ન હોત તો ૧૯૦૭ના નંબર બીના એશીઆટીક કાયદામાં હીંદીઓને શું શું નુકશાન થનાર હતા તે કોઇ જાણતા નહીં અને રાંક હીંદી કોમ કયાર ની કાયદાને વશ થઇ રેજીસ્ટ્રેશનમાં રહેવા લાચક થઇ ચુકી હોત. પરંતુ એક બહેલા હીંદીના સમજાવવાથી હીંદી કોમે આ મહાન લડત ઉઠાવી અભિમાની સરકારને

સત્યાગ્રહથી હીંદી કોમે હરાવી ચુકી છે અને હરાવશેજ. અત્રેના છાપાઓમાં લંડનનો આજે એક તાર છપાયો છે. તેમાં છે કે હાઉસ ઓફ કોમન્સ જો લાઇસેન્સના બીલને મંજુરી આપશે. તો ડોકટર ગીલ્બર્ટ પોતે સત્યાગ્રહી થઇ જ્યાંસુધી તે બીલ નામંજુર ન થાય ત્યાં સુધી કોઇપણ જાતનો કર ભરશે નહીં. એ ઉપરથી સત્યાગ્રહની મહાન લડતનું તત્વ શું છે એ ચોકકસ સમજી શકાય છે. ટુંકમાં એટલુંજ કહીશ કે જો હીંદીને પોતાની આબરૂની દરકાર હશે તથા જો હીંદીની નસોમાં હીંદનું ખુશતની લોહી વહેતું હશે તેતો છેવટ સુધી સરકાર પાસે થી પોતાની માંગ કબુલ કરવા વાસ્તે લડશે. અને તેમ કરી દુનિયાના ઇતિહાસ માં પોતાનું નામ અમર કરીને મરશે.

જોહાન્સબરગ, તા. ૩–૧૨–૦૮.

લી. એમ. એ. માયેત.

"ટ્રાંસવાલને લગતાં કાવ્ય"

મે. ઇ. ઓ. ના અધીપતિ જોગ.

આપના છાપામાં બે ભાઇઓ તરફથી જે કવિતાઓ પ્રસિદ્ધ કરવામાં આવી હતી, ને વાંચી હું ખુશી થયો છું. આ ભાઇ ઓની વિદ્વતા માટે હું તેમને મારા અંતઃકરણપુરવક મુબારકબાદી આપું છું. આવી ભાઇઓ જ્યારે હીંદુસ્તાનમાં ઘેર ઘેર થશે, ત્યારેજ હીંદનો ઉદય નજીક આવ્યો એમ કહેવાશે. ખરેખર એ ભાઇઓને જેટલો ધન્યવાદ ઘટે છે, તેનાથી કંઇપણ તેમના માનવંત ધણીઓ ઓછા ધન્યવાદને પાત્ર નથી. કારણ કે એ તેમના પ્રયાસથીજ તેમજ સ્ત્રી સ્વતંત્રતાની ઉપાસનાને લીધે તેઓ આટલી બધી વિદ્વતાને પામી શકી હશે. હું આશા રાખું છું કે બને ભાઇ ઓ પોતાનાં કાવ્ય રસનો સ્વાદ વખતો વખત વાંચક વરગને ચખાડતી રહેશે. વળી સદરહુ ભાઇઓએ મજકુર કવિતા પ્રસિદ્ધ કરવામાં પોતાની જાતનેજ ગુમાન આપ્યું છે. એટલુંજ નહિ પણ તેમના ભાગ્યશાળી ધણીઓને આવી સાક્ષર પતિ ઓ હોવાને બદલ યત્નાનું એક મજબુત કારણ આપ્યું છે. અન્ય ભાઇઓને ભાઇ ઓ આવા દાખલાનું અનુકરણ ન કરશે, તો તેઓનાં કમનશીબ સમજવાં. જો કે એ ભાઇઓને પોતાનાં નામ જાહેરમાં મુકવાને મરતાંવેક ન લાગ્યું હોય, છતાં પણ જો એ નામો બહાર પડે તો તેમાં કંઇ હરકત જોતો નથી. એટલે હવે પછી પણ તેઓ બહાર પાડશે તો આટલી ઉપકાર વૃત્તિમાં વધારો થયેલ સમજીશ. મજકુર કવિતામાં અસલ ઘટના જેવું નથી, તથાપિ કેટલાંક નામોમાં ફેરફાર સાથે બુકિત કરવામાં સ્ત્રી ચતુરાઇનું દર્શન કરાવ્યું છે.

જોહાન્સબરગ, તા. ૨ ડીસેમ્બર ૧૯૦૮.

લી. મોરારજી ડાહ્યાભાઇ દેસાઇ,

[નામ બહાર પાડવા ભાઇઓ ખુશી નથી એટલે દીલગીર છીએ અ. ઇ. ઓ.]

ઇંડિયન પબ્લીક લાઇબ્રેરી.

મે. ઇ. ઓ. ના અધીપતિ સાહેબ,

આ લાયબરેરી જ્યારથી ખુલી ત્યાર થી તેના સંબંધમાં મારો જાતિ અનુભવ છે. મને શોખ છે અને તેથી હું મારી યથાશકિત મદદ પણ કરી ચુકયો છું. આટલું છતાં જ્યારે તેની આ સ્થિતિ જોઉં છું ત્યારે મને ઘણીજ દિલગીરી થાય છે ને ધારું છું કે દરેક હીંદીને તેટલી દીલગીરી થતી હોવી જોઇએ. લાય બરેરી જ્યારે સારી સ્થિતિમાં ચાલતી હતી ત્યારે કેટલાક ગ્રહસ્થોએ તેના હિતને ખાતર વચ્ચે પડી તેને પબ્લીકને હાથ સોંપાવી, ને બોરડ નીમાવી, પણ આજે જોઉં છું કે તે હીતને ખાતર નહોતું પણ બીજું કારણ હોવું જોઇએ. બીજા કારણ માં અદેખાઇ કે વિદ્વત્સંતોષીપણું પણ કહી શકું છું. કારણ કે જો હીતજ હતું તો આજે તે ગ્રહસ્થો કયાં છે? શું તે વખતે તેની ફરજ હતી અને અત્યારે નથી? મારી તો સલાહ છે કે હજુ પણ તે ગ્રહસ્થોએ તયાર થઇ લાયબરેરી શરૂ કરવી જોઇએ. ને પોતાથી બનતો પ્રયત્ન તે પાછી ખોલવા શરૂ કરવો. જે બોરડ નીમાએલ છે તેમાં સારા આબરૂ દાર ગ્રહસ્થો છે તે ગ્રહસ્થોને પણ લાજમ છે અને ફરજ છે કે તેઓએ આ બાબત તુરત ધ્યાનમાં લઇને તે ઉપરનો કરજો કે જેને માટે કેસ થયો છે તેનો નિકાલ કરી લાયબરેરી પાછી શરૂ કરવી, આ બાબત લંબાવું નહિ કરતાં ટુંકામાં ઇસારો કરું છું કે લાયબરેરી બંધ થશે અને તેની ઇસકામત સેલ થશે તો ભવિષ્યમાં નુકશાન થશે તે તો એકજ બાજુ, પણ હીંદી હિતેચ્છુઓને ખમુંજ સોસવું પડશે. લાયબરેરી ઉપર જુજ રકમના દેણા માટે ટાંચ આવે ને માલ સેલ થાય. એ દુઃ ખત ભવિષ્યમાં કોઇ રાજદ્વારી બાબતમાં યાદી અપાય તે નુકશાની થવા સંભવ છે.

ડરબન, તા. ૨–૧૨–૦૮

લી. લાયબરેરી હિતેચ્છુ.

પરચુરણ ચરચા

ડરબનથી "દીવાંસરી" લખે છે કે મોરીસ અને ત્યાંના વેપારીઓને ઘણી મુદત થયાં વખાણવામાં આવે છે. પણ હાલ તે સામે વાંચનારાઓની જાણ માટે નીચેની હકીકત રજુ કરું છું. નાતાલના શીડીઓ પકડાયા અને જેલ જવાનો તાર અહીંથી કરેલો જે ત્યાં મળતાંની સાથે અમારા કદરદાન શેઠ મી. અહમદ ગુલામ મહમદ આજમે પોતાની લાગણી જાહેર કરી અને આનગી મીટીંગ બોલાવી. આ મીટીંગમાં આવેલ કેટલાક સાહેબોએ જણાવ્યું કે નાતાલવાળા નાલાયક છે. શું કરવા સરકારની સામે થાય છે. કેમ કાયદો કબુલ નથી કરતા? આ સમાચાર જાણી મને ઘણીજ દીલગીરી થાય છે. અને ખરા લાયક નાલાયક કોણ તે જણાઇ આવે છે. નાતાલવાળાઓને આજે આખા જગતમાં શાબાશી મળે છે અને તેમને બહાદુર અને મરદ મણે છે. અમે તમા રી પાસેથી કાંઇ વસ્તુ નહીં માગતા હતા. ફકત બીજે ઠેકાણેથી પ્રોટેસ્ટના તાર જેમ પોલાયત ગયા તેમ તમે તરફથી જતે તો તમારી લાયકી જણાત. તમારી કમાણી, વેપાર અને જીવનદશાને શોભા આપત. તમારે પરાધ કોમ પાસેથી શીખવું ઘટે છે. તમારા માજી ગવરનર સર ચારલ્સ બુસ આજે અમારા હીંદીઓના વખાણ કરે છે. અને અમારા તરફથી ઇગ્લાંડમાં માનભર લડત ચલાવી રહયા છે. અમારા હીંદીઓના વખાણ આખું ઇગ્લાંડ કરી રહ્યું છે. સર ચારલ્સ બ્રુસ જેવા પરાધ કોમના નામાંકીત નરે તો પોતાના ખરચે આપણા ઉપર પડતા જુલમોની ચોપડી સુદ્ધાં છપાવીને બીજા માહીતગારોને મા હીતગાર કરી અમને દાદ અપાવવાની મહેનત લીધી છે. શાબાશ છે તેવા કદર કરવાવાળાઓને.

બોકસબરગથી એક લખનાર જણાવે છે કે અહીં ગોવીંદ માધવ ગોરજીના રહીશ વગર લાઇસેન્સથી વેપાર કરવા માટે ૯ દિવસની સખત મજુરીની જેલમાં ગયા છે. તેની ઉમર ૨૫ વરસની છે. આવી

નાની ઉમરે દેશાભિમાની લાગણી માટે દુઃખ મી. ગોવીંદને મુબારકબાદી આપું છું. અને કેટલાક ભાઇ આ લાઇસેન્સ અથવા લાઇસેન્સની નકલ બતાવી વેપાર કરે છે એ ઘણી દીલગીરીની વાત છે. અને કેટલાક ભાઇઓ આબરૂને ચેતાવ્યા વગર પોલીસ પાસે પકડાવે છે માટે ત્રેના સહુ ભાઇ ઓને ચેતીને ચાલવાની હું વીનંતિ કરું છું.

——

બેનોનીથી મી. ઇસ્માઇલ નાના માએત લખે છે કે તા. ૩ની સાંજે શેઠ દાઉદ મહમદ વીગેરે તથા મી. અહમદ કાળલીઆ આવ્યા હતા. તેમના માનમાં ઘણુ ખેડા ગાડી જેટલી અહીંથી માણસો તેમને એકપાન લેવાને ગયા હતા. તે સાહેબો આવ્યા કે મીટીંગ બોલાવી હતી. તેમાં બાકીના ભાઇઓએ પરમીટ તથા લાઇસેન્સ આપી દીધાં હતાં અને હકત બરાબર સમજાવવાનો જુરસો બતાવ્યો હતો. અને એસોસીએશન માટે ફંડ કરવું હતું જેમાં એકપાન તથા બેનોનીવાળા ભાઇઓએ પૌ. ૪૧ નું ઉધરાણું કરી આપ્યું હતું. તે સાહેબો જે કોમને માટે સંકટ ઉઠાવે છે તેમને માટે તેમનો પુરા દીલથી અમો બેનોનીવાળા ઉપકાર માનીએ છીએ.

——

વાશનબરગ (ટ્રેન્સવાલની) થી મી. હસન શરીફ લખે છે કે ટ્રાંસવાલમાં કેટલાક ભાઇઓએ રજીસ્ટર લઇ લીધાં છે એ ઘણી અસેડાસની વાત છે. આપણા આગેવાનો જે કામ કરી રહ્યા છે તેમાં સહુએ મદદ આપવી ઘટે છે.

——

મી. સાલેજી ઇસ્માઇલ લહેર લખે છે કે જોહાન્સબરગમાં અગીયારવાળા ૧૬ માં મી. આકુજી સાલેજી તથા મી. યુસુપ ઇસ્માઇલ કોલાભાઇ જે મારા પીતરાઇ ભાઇ થાય છે તેમને જેલ જવા માટે હું મુબારકબાદી આપું છું.

——

વેરૂલમથી એક "ખબરપત્રી" જણાવે છે કે અહીંના મસ્જીદની સ્થિતિ સુધારવા ની જરૂર છે. મસ્જીદના પ્રખાદતખાનામાં વરસાદથી ઘણું પાણી ભરાઇ જાય છે. મસ્જીદના ઘરોની કાંઇ ઉપજ હાલ મળતી નથી. તે ભાડે આપાય તો રાખનાર તૈયાર છે. મસ્જીદની મીલકમાં ઘટ છે તેને માટે અગર વેપારીઓ દાણીના દીઠ એક પેની કાઢે તો મસ્જીદના દફતમાં ઘણો ફાયદો થાય. આ સઘળું જમાતના આગેવાનોએ ધ્યાનમાં લઇ સુધારો કરવાનું છે.

——

'ક્રોનીકલ' લખે છે કે મદ્રેસાએ ઇસ્લામીઆના સ્થાપના કરનારા ટ્રસ્ટી સાહેબોએ ટ્રાંસવાલ જઇ સારી નાનીસરખી રકમ મદ્રેસાના ફંડમાં ઉધરાવી લાવ્યા છે અને એ મદ્રેસા હાલ રાંદેરમાં ચાલુ થઇ છે અને ત્યાં ૫૦ થી ૬૦ બાળકો ભણવાનો લાભ લીએ છે. આ ઉધરાણું કરવામાટે તેઓ નાતાલમાં પણ નીકળવાના હતા, પણ આજે બે ત્રણ માસ થયા, મગર હજુ ઉધરાણું કરવા નીકળ્યા નથી. હવે વધુ સુસ્તી નહીં કરતાં અલ્લાના કામ ઉપર કમર બાંધી જલદી કામ શરૂ કરવું જોઇએ.

——

પ્રીટોરીઆથી 'પ્રીટોરીઆવાસી હાલાહ' લખે છે કે, ઇ. ઓ. ના અંક ૪૮ (તા ૨૮ નવેંબર) માં 'હાલાહવાસી' જે જોડીઆ મદ્રેસાના પૈસા મેરીત્સબરગ પડ્યા છે તે જોડીએ મોકલી આપવા આગેવાનોને અલામણ કરે છે. તેને હું મળતો છું. હાલાહવાસીને હું જણાવું કરું છું કે તે પૈસા ત્રણ ટ્રસ્ટીઓને હસ્તક છે તેમાં બે ટ્રસ્ટી નો મત એવા છે કે તે પૈસા જોડીએ મોકલી આપવા જોઇએ. અને ત્રીજા ટ્રસ્ટીનો વિચાર અત્રે જમીન લેવાનો છે અને તેની ઉપજ થાય તે જોડીએ મોકલવી. અગર જમીન લેવા જતાં પૈસાની રકમ નાની છે તેમ કરજ કરી જમીન લેવાથી મદ્રેસાની ઉપજ થતી નથી. અને તે પૈસા જોડીએ ત્રીજા ટ્રસ્ટી મોકલવા દેતા નથી, તે ટ્રસ્ટી છે' તો બેંકમાં થી લઇ આપવામાં સહી કરતા નથી. તેજ વાંકથી બેંક તે પૈસાનો લાભ લેવા છે. ત્રીજા ટ્રસ્ટીને ખુદા તોફીક આપે ને તે બે ટ્રસ્ટીના મતને મળીને તે પૈસા તાકીદે મોકલી આપે

——

પીટરસબરગથી મી. એમ. એમ. ખંડેરીઆ લખે છે કે સુપ્રીમ કોરટના ચુકાદા પછી દરેક હિંદી જોઇ શકયો છે કે સરકારે અન્યાયી પગલાથી કેટલા બહાદુર હિંદીને છોડી દેવા પડ્યા હતા. તેની સાથે દેશભક્ત ગાંધી અમર મી. ઇમામ અબદુલ કાદરને પણ છોડવા જોઇતા હતા. પરંતુ તેમ નથી કરવું તે બતાવી આપે છે કે તે આગેવાનને જેલમાં સખ્ત મજુરી કરાવી શરમે કરાવવા ઇચ્છતા હશે. તેમાં ખરેખર મોટી ભુલ છે. આથી સરકારને સંતોષ નહીં થયો એટલે દેશ ભકત ગાંધીના પુત્ર મી. હરિલાલ જેઓ હજી ઉગતી વયના જુવાન છે. તેને ફરી ડીપોરટ કરી વોક્સરસ્ટની જેલમાં તેમના પીતાશ્રીની સાથે પુરેલ છે. દેશની ખાતર પીતાપુત્ર બોક્સરસ્ટની જેલમાં જે સજા ભોગવે છે તે બતાવી આપે છે કે આગેવાન કેમ જે વડી સરકાર તથા હીંદી સરકાર આંખે પાટી બાંધી થાય તે જોયા કરે છે. વીગેરે.

——

કરોંગાથી મી. ઇબ્રાહીમ મહમદ નીકાત લખે છે કે મી. દાઉદ મહમદ વીગેરે છુટી પાછા લડતમાં જોડાઇ ગયા એ જોઇ હું ઘણોજ ખુશી થયો છું. આપણે સહુએ તેવું થવાની જરૂર છે કેમ જે વડી સરકાર તથા હીંદી સરકાર આંખે પાટી બાંધી થાય તે જોયા કરે છે. વીગેરે.

——

ડેલાગોઆબે ૫ ઉધરાણાના લીસ્ટમાં મી. ફરામજી પેસ્તનજીએ ૧૦/- ભરેલ તેનું નામ જાહેર નથી પડ્યું તે તરફ ડેલાગોઆબેના એક મદદર્થે અમારું ધ્યાન ખેચ્યું છે.

SUIT No. 609 of 1907.

In the High Court of Judicature at Fort William in Bengal,
Ordinary Original Civil Jurisdiction.

CASSIM AHMED MOLLAH

VS.

DAWOOD MAHOMED OLLAH

Residing at No. 7 Kaffir Street, Stand No. 197, at Vrededorp, Johannesburg in his Majesty's Colony of Transvaal in South Africa, Merchant.

To

The Defendant DAWOOD MAHOMED OLLAH.

Whereas Cassim Ahmed Mullah residing at No. 135 Lower Chitpore Road, Calcutta, and Isaup Ahmed Mullah Residing at Cuttac Orissa in Bengal, merchants, have instituted a Suit in this Court against you for a declaration that the partnership existing between you and the plaintiffs in the business of A. D. Ollah & Co., is dissolved, for an account of the dealings and transactions of the said partnership carried on between the plaintiffs and you, for an order that you do pay to the plaintiffs what may be found due on the taking of the said account and for the costs of the suit you are hereby required to cause an appearance to be entered for you in the office of the Registrar to this Court within 45 days from the date of this publication of the substance of the summons to appear and answer in this suit inclusive of the day of publication and are father required by the Court to file your written statement within 70 days from such publication inclusive of the date of publication, and you are summoned to appear befor this Court at or before the expiration of 8 calendar months from this notification, that is to say at the hour of 11 o'clock in the fore-noon of the day immediately following the expiration of such last mentioned time in person or by an advocate of the Court duly instructed to answer the above-named plaintiffs, and as the last mentioned day fixed for your appearance before the Court is appointed for the final disposal of the suit, you must be prepared to produce all your witnesses on that day and you will bring with you or send by your agent any document on which you intend to rely in support of your defence and you are hereby required to take notice that in default of your appearance before the Court on the last mentioned day the suit will be heard and determined in your absence.

Dated the 3rd day of September, 1908.

(Sd.) J. H. HECHLI,
Master.

High Court,
O.O.C. Ju.

કલકત્તાની ન્યાયાધીકારી હાઇકોરટ મધે

ઓરડીનરી ઓરીજીનલ
સીવીલ જુરીસ્ડીકશન,

કાસીમ અહમદ મુલ્લા ... વાદી.

દાઉદ મહમદ ઓલાહ, ૭ કાફર સ્ટ્રીટ, સ્ટેન્ડ નં. ૧૯૭
વ્રીડીડોરપ, જોહાન્સબરગ, ટરાંસવાલ. } પ્રતિવાદી.

પ્રતિવાદી દાઉદ મહમદ ઓલાહને માલમ થાય જે કાસમ અહમદ મુલ્લા મુકામ ૧૩૫, લોઅર ચીતપુર રોડ, કલકત્તા, અને ઇસપ અહમદ મુલ્લા મુ. કટક ઓરીસાના વેપારીઓએ આ કોરટમાં તમારી સામે ફરિયાદ નોંધાવી છે કે એ. ડી. ઓલાહની કું. ના નામથી તમો અને વાદીઓ ભાગમાં વેપાર કરતા હતા તે કું. ના ભાગ છુટા કરતી વખતે નીકળતા હિસાબની રકમ અને આ કેસનો ખરચ તમારે ભરી દેવો. એટલા માટે આ સમન્સ પ્રસિદ્ધ થયાથી ૪૫ દિવસની અંદર તમારે કોરટના રજીસ્ટરર પાસે જવાબ દેવા રહાજર થવું. અને વળી આ છપાવ્યાની તારીખથી ૭૦ દિવસની અંદર તમારે લખીત પુરાવો રજુ કરવો, અને આ નોટીસનામાથી ત્રણ મહિના પુરા થાય તેને બીજે દિવસે બપોરના ૧૧ વાગે તમારે જાતે અથવા તમારા વકીલ મારફતે મજકુર વાદીઓની ફરિયાદને જવાબ દેવા હાજર થવું, અને તેજ દિવસે તમારા પુરાવાના ટેકામાં સાક્ષીઓ રજુ કરવા અથવા જે કંઈ દસ્તાવેજ આ કેસમાં તમને ઉપયોગી જણાય તેપણ તમારે જાતે અથવા તમારા એજંટ મારફતે તેજ દિવસે રજુ કરવા. અને ચેતવણી આપવામાં આવે છે કે મજકુર દિવસે તમે કોરટમાં હાજર થઇ શકશો નહિ તો કેસ તમારી ગેર હાજરીમાં ચાલશે અને તેનો ચુકાદો તે મુજબ આપશે.

તા. ૩ જી સપ્ટેંબર સને ૧૯૦૮.

(સહી). જે. એચ. હેચલી.

હાઇ કોરટ
ઓ. ઓ. સી.
જુરીસ્ડીકશન.

માસ્તર.

South African Directory

OF INDIAN MERCHANTS & OTHERS

ALIWAL NORTH, C.C.

Mohamed Surtie
erchant, Box 87

BARBERTON

Suleman Moosa,
Box 24.

BEACONSFIELD

Shahboodeen Dowry,
Robinson Street.

BELFAST

Abdul Latif Khamisa,
Meintjes Street, P.O. Box 34.
E. A. Salooojee,
Box 42.

BELLAIR

Rambhai Govindgee & Co.,
Farmers and Merchants.
D. A. Barenia,
Fruit supplier in South Africa

BOKSBURG

V. Bass,
Tailors & Outfitters,
Box 77, Stand No. 6, Location
Govind Mowjee & Co.,
Tailors & Outfitters
Box 99 Stand 11.

BUTHA BUTHE

Tayob Adam.

CAPETOWN

Adam H. G. Mahomed,
Estate Owner.
Noorbagh, 8, Kloof Street.
A. Cader
116 Long Street.
Chhaganal Bhawanidas Gheewala
Handeria, 21 Roger Street,
Ebrahim Noordien,
24 Frere Street, (Woodstock).
J. M. H. Gool,
129 Castle Street.
Hoosenkhan Kalekhan,
17 Market Street,
Somerset Strand, C.C.
Keshaw Ramjee,
213 Bree St, 17 Lion St, &
13A Corner Church and Bloem Sts.
C. P. Lucheram,
134 Plein Street
Head Office: 10 Orphan Street
D. Mancherjee,
Box 1036, 14 Wicht Street.
Mohideen Enoos,
189 Bree Street (corner Bree
and Bloem Streets

Cape Town

Popoomull Bros.,
Wholesale & Retail Silk Merchants,
Box 1126,

CHARLESTOWN

Amod Ismail Essack,
Box 10,
Cassim Suliman,
Box 27,
G. R. Moola,
Box 15,

LOURENCO MARQUES

H. H. De Silva Bros & Co,
Box 240.
Hajee Essa Hajee Suleman & Co.,
Box 398.
Hirjee Mooljee & Co,
Box 346.
Hormajot Idolgy,
Box 332.
Madhavjee Jetha & Co,
Box 140.
Manwar Hoosen Motan,
Box 92.
Narjee Dulabhdas & Co.,
Box 141.
Noor Mahomed & Rawji,
Box 329.
Parshotam Amarchand & Co.,
Box 109.
Vrajdas & Lalchand
Box 92.

DE AAR C.C.

C. Appavoo,
General Dealer,

DURBAN

Abdool Razak, Fruit Agent,
Box 167, 111 Victoria Street.
E. Aboobaker Amod & Bro.,
Box 441, 434 West Street.
M. C. Anglia & Co.,
Box 59, 339 Pine Street.
Bhana Parshotam,
357 Pine Street
M. C. Cameroodeen & Co.,
Box 126, Grey Street.
Dada Osman,
Box 88, 139 Queen Street.
Dawad Mahomed & Co.,
Plowright Lane.
Dawjee Mamoojee Timol,
Box 211, 116 Grey Street.
East Indian Trading Co.,
Box 88, 102 Queen Street.
Ebrahim Abdul Tyeb & Co.,
113 Field Street.
Ebrahim Cameroodeen,
113 Grey Street.
B. Ebrahim Ismail & Co.,
118 Commercial Road.

Durban

Esmail Dawjee Motala,
Saville Street,
(near Surti Musjid).
Hoosen Cassim & Co.,
Box 86 371 Pine St.,
Imperial Cigar Manufacturing Co.,
171 Umgeni Road.
Jalbhoy & Sorabjee Bros.,
110 Field Street.
Mahomed Ebrahim,
Commission Agent, Point.
Mackenjee Brothers, Tailors,
182 Grey Street.
A. E. Mayet,
154 Queen Street.
J. B. Mehta,
Box 580, Grey Street.
B. A. Maghraji,
Box 754, Photographer,
Sydenham Road (Opposite
Botanic Gardens).
G. H. Miankhan & Co.,
Box 97, 125 Field Street.
Odhav Kanji, Box 610.
Parshotam Valabh, Tailor,
123 Grey Street.
S. Peerbhoy Butler,
506 West Street.
P. V. Sanghavee & Co.,
Box 738, Grey Street.
Lala Babhai,
Fruit & Produce Merchant
86 Queen St., Box 635,
M. A. Simon,
Jeweller, 120 Grey Street.
E. Suleman Bros.,
100 Queen Street.
Sun Brand Tobacco Works,
Box 88, 164 Grey Street.

EAST LONDON

Ambaram Jiwan & Co.,
Indian Laundry, Cambridge,
Beresa Road, Box 223.
Harjiwan Ramjee,
Indian Laundry
3 Fairview Road,
Makan Bhana,
Indian Laundry, Cambridge,
Beresa Road, Box 223.

ENSELSBURG

E. Omar Rajan & Co.

સુધારાના ભવાડા.

બરટીસ અખીરઅલીના સભાષણો તરજુમો

કીંમત 3 પેની. પોસ્ટેજ ૧॥ પેની.

ESTCOURT

M. C. Desai,
Fruit & Produce Dealer,
Harding St., (oppo. Plough Hotel)
Ebrahim Mahomed Haffejee,
Box 13.
Ratanjee Laxman,
Tailor and Outfitter,
Harding Street,
Vithal Dana Bhavnagari,
Shoemaker. Harin treet
P. P. Michael,
Fruiterer, Harding Street.

GRAHAMSTOWN C.C.

Henry Willie,
Wholesale Fruit & Produce Dealer Forwarding & Commission Agent, Kowie St.
Marayan Joseph Naidoo,
New Street,
Mohanbhai Desai,
Fruit & Produce Dealer & Commission Agent, Box 106.
C. R. Samuel,
Fruit & Produce Dealer,
Box 38.
S. N. Samy,
Forwarding & Commission Agent, Box 110.
V. S. Thakore,
Indian Laundry,
Box 122 High Street.
K. Veerasamy,
Fruit Dealer, Box 93
Corner High & Spring Streets,

HANNERTSBURG
Zoutpansberg)
Essopjee Ismail,
General Dealer.

HEIDELBERG

Aboo Min Camroodeen,
Market Square,
A. M. Bhyat,
Market Street, Box 44.
Branches:
Pietersburg, Box 24; Nigel, Box43.

INHAMBANE

Abba Suliman,
Box 30.

JOHANNESBURG

Abdool Tayab & Co.,
Box 8,
Amod Moosajee & Co.,
27, Market St., Box 2941.
A. F. Camay & Co.,
Box 3504, 7 Kort Street.
M. S. Coovadia,
45 Market St., Box 270.
E. E. Dadabhoy,
22nd St. Malay Location, Box 2388.
Tel. 1915
DayaramBhookhan & Co.,
Tailors and Outfitters,
19 Market Street

Johannesburg.

P. B. Dorabjee,
Box 2937. Corner Alexandra St.,
M. P. Fancy,
Box 6031.
Goolam Mohideen,
Box 3755
Gopal Bhagvan,
Mattress Maker,
3 Market St. (West) P.O. Box 6028
Gulab Prag,
Box 5999.
S. Halloo,
Tin Manufacturer,
Factory: Stand 478, 16th Street,
Vrededorp.
Ismail Cassam,
New Laundry,
New Clare. P.O. Box 270
N. Kalidas & Co.,
Tailors and Outfitters,
36 & 147 Market Street
M. A. Karodia & Co.,
Box 3598, 41 Market Street
C. Kevalram,
Box 5320, Market Street.
V. G. Maharaj,
Silk Merchant & Direct Importer,
Corner of President and
Von Brandis Streets,
Box 4109.
Mahomed Ebrahim Kunkay
182 Market St. Corner Polly St.
A. Mahomed Hussan & Co.,
Stand 432 Corner Kaffir and
14th St., Vrededorp, Box 4140
Omarji Sale,
Box 5931.
B. K. Patel,
Box 5250
A. A. Pillay,
Box 1353, President St.
A. A. Rahiman,
Stand 641, 21st Street
Box 3040. Vrededorp
Ratanji Rognath,
Tailor and Outfitter,
27 & 31 Market Street
Sookar Laxmidas,
Tailor and Outfitter,
23 & 25 Market Street
A. M. Suleman Mia & Co.,
Cor. Park Rd. &Park Lane,
Fordsburg Branch: Boschhoek.
P.O. Box 2347.
J E. Tavaria,
224 Market Street.

KIMBERLEY

Ahmed Mahomed,
1 Broad Way
S. Appathurey Chetty,
2 Otto Street.
Ebrahim Adam,
Dennie Street, Malay Camp,
S. Nadarasen,
Fruiterer & Confectioner,
45, De Beers Road,
Rahim Jina,
Brett Street, Malay Camp,
Shamsoodeen Barday.
25 Brett Street.

KRUGERSDORP

Ratanji Makan,
Tailors and Outfitters,
65Market St., Keet's Building
A. E. Chotabhai,
Box 33.
Essop Ebrahim Patel & Co.,
63 Market Street, Box 84.
Hassan Amod,
Indian Location, Stand 18,
Box 84.
Ismail Amod Kajee,
Box 11.
Kalan Laloo,
Box 391.

KLERKSDORP

Patel & Co.,
Box 198.

MAFEKING

Cassim Soomar,
Box 61
Kajee Bapoo,
Box 79.

MIDDELBURG
(Transvaal).
A. E. Bhanda,
Box 35.

NEWCASTLE

M. E. Seedat,
General Merchant and
Produce Agent.
Box 7. Branch: Ingogo.

NORTHDENE

Devjee Laljee,

NYLSTROOM

A. M. Rawat,
Box 16.

PIET RETIEF

Ebrahim Osman,
Box 0.

PIETERMARITZBURG

M. Rawat & Co.,
Tinsmiths Tankmakers
1 Dean Street,

PIETERSBURG

Abdool Latib Ali & Co,
Corner of Joubert and Devenish Streets, Box 9.
A. M. Bhyat, Box 24,
A. Gokaldas,
Merchant & Baker, Box 178.
Hassim Moti & Co,
Market Square, Box 149.
Mehta & Khanderia Bros.,
Box 160, Market Street.

POTCHEFSTROOM

G. K. Desai,
Box123
Moosa Hassap.
M. E. Nanabhai,
Box 55.

PRETORIA

Ambaram Parahotam,
Tailor and General Dealer,
156 Prinsloo Street.

Ayob Amod & Co.,
174 Prinsloo St. Box 498
Two Branches: Standerton, Box 68

Ayob Bajee Beg Mahomed,
Box 498.

Mahomed Aba,
Box 498, Prinsloo Street.

Manjee Nathoobhai,
Box 110, Boom Street,
Indian Location.

Moosa Cassim Adam & Co.,
Box 1120.

Manabas Hari Soni,
Goldsmith,
Boom Street Box 280

V. S. Pillay,
Wholesale Fruit and Produce
Merchant, Box 642.

G. P. Vyas,
Agent, Box 1156.
Corner Prinsloo & Vermeulen Sts.

PORT ELIZABETH

Govind Mithal,
Tailor & Outfitter,
Military Road,

R. R. Namoo
Box 353.
Walmer Road

Tiekamdas Bros.,
Main Street. Box 5 1,

E. A. Vriawa,
General Merchant
Drapery & Grocery
45 Princess Street

RICHMOND

M. A. Parekh,
Porbandar Trading Co.,
P.O. Box 43.

ROODEPOORT

Ahmed Khan,
Box 02,

ROBERTSON.

K. M. Namoo & Co.,
Box 1.

RUSTENBURG

Ismail Suliman & Co.,
Box . Tel Add.: "Suliman.

SALISBURY

Bhimjee R. Naik,
Box 59.

SPELONKEN
(Transvaal.)

Kesavji Giga, Befoola.

STANGER

A. M. Mather,
Produce Dealer.
M. D. Seedat & Co.,
Box 35, Road Street.

STONDERT

Amod & Ismail,
Box 44,
Ebrahim Amod,
Box 44,

THORNEVILLE JUNCTION

H. A. Vanker,
General Dealer,

TONGAAT

M. E. Vawda,
Merchant & Farmer,
Box 72, Frosterley Estate

UITENHAGE C C.

Gopal Vallabh
Caledon Street,
Rano od Lala,
Indian Laundry. John St.,
Hari Vallabh,
Tailor & Outfitter, John St.,
K. Premjee,
Box 64, Market Street.
Chhita Morar,
Constitution Street.

UMSINGA

Dada Osman.

VERULAM

Babu Talwantsing,
58 Wick Street.
Hemraj Khimjee,
Goldsmith & Watchmaker,
22 Wick Street.
Raghavjee Devjee,
Goldsmith.

VOLKSRUST

G.R. Moola,
Box 1.
Vanmali Lakha,
Box 45.

VRYBURG

Dada Cassim,
Box 74.
Ebrahim Khan,
Box 73.
Goolam Mahomed,
Box 30.
Hajee Mian,
Box 70.
Joosuub Tayob & Co.
Market Street.
Joosuub Hassim & Co.,
P.O: Box 6.

WARMBATHS

M. E. Nagdee & Co.,
Head Office: Warmbaths,
and at Nylstroom

E. Suleman Bros.,

Wholesale & Retail Timber & Iron Merchants,

Saw Mills & Timber Yards:
109 Queen Street, Durban

Established 1885. Head Office: 11 Orphan St.

C. P. LUCHERAM

—SILK MERCHANT—

134 PLEIN STREET, CAPE TOWN.

Great variety of Useful Articles suitable for Presents,—

Maltese Laces, Teneriffe Drawn Thread Work, Brass and Bronze Ware, Carved Sandalwood, Embroidered Silks and Useful Novelties, etc.

Ebrahim Norodien

IMPORTER AND
GENERAL DEALER,
WOODSTOCK, Near Cape Town

BRANCHES (22):

Woodstock, Salt River, Observatory Mowbray, Claremont, Wynberg, Parrow, etc.

Head Office: 24 Frere St., Woodstock

DAWAD MAHOMED & Co

ESTATE OWNERS.

FARMS TO SELL.

TOWN AND SUBURBAN
HOUSES TO LET

Application will receive prompt attention.

For further particulars apply to

PLOWRIGHT LANE.

DADA OSMAN,

General Merchant & Commission Agent

102 QUEEN STREET, DURBAN.

P.O. Box 82. Tel. Add.: "FORBANDAR."

ESTABLISHED 1880.

દાદા ઓસ્માન.

જનરલ મરચંટ ને કમીશન એજંટ.

બોક્સ ૮૮. ૧૩૫ વીન સ્ટ્રીટ.

ડરબન

Telephone864

RATANJI MAKAN,

TAILORS & OUTFITTERS,

66 Market St., East's Building, JOHANNESBURG

ઓરડરમુજબ સુટ બનાવી આપવામાં આવશે

Suits Made to Order, Moderate Charges.

Old Suits Well Repaired.

ચાવલ.

(આડગાસ્કર)

બાવ હર ૧૬૫ રતલના બસ્તાએ પી. ૧૮/ /-
પારદી જેમ મોટી તેમ ભાવ સસ્તા
નમુદ અવશ્ય મહીતા વેપારીઓને ઉધાર. બીજે ઠેકાણેથી ખરીદયા પહેલાં અમારો સામ્પલ અને ભાવ તપાસજો.

ઠકોરજીભાઇ શીપર્સ એન્ડ કું. લીમીટેડ.
પી. ઓ. બોકસ ૭૬૬, ડરબન.

A. A. RAHEMAN.
GENERAL MERCHANT AND DIRECT IMPORTER OF INDIAN GOODS,
Stand 641, 21st Street, VREDEDORP,
મી. આંગલીઆ બોલ્યા કે મી. ગાંધી ના વચન પ્રમાણે ચાલનાર તામીલ કોમ વરતશે તેવી બીજી વરતી શકે તેમ નથી જોતો. બીજી કોમે તો તામીલ કોમને પગલે ચાલવાનું રહ્યું. ખરો મામલો તો હવેજ આવવાનો છે. અને જો મી. યંબી નાઇડુ અને તામીલ કોમનો પગલે ચાલશું તો લડત આપણી તરફેણમાં છે એમાં જરાએ શક નથી. ઇગ્લાંડ લાંબો વખત અન્યાય ચાલુ રહેવા દેશે તો સાઉથ આફ્રિકાના કોલોની અને હીંદુસ્થાન બેમાં થી એક ઇગ્લાંડે તજવાં પડશે. મી. ડોક જેવા મહાન પુરૂષો આપણા ઉપર અન્યાય થતો જોઇ આપણું પડખે ઉભા છે તે ભુલવું ન ઘટકો. મી. પોલાક જેવા રખેવાળ આપણને મળેલ છે. આપણે તેવા માણસો મળેલ હોવાથી મગરૂર થવું ઘટે છે. વિગેરે.

મી. ગોડફ્રેએ કહ્યું કે મી. યંબી નાઇડુના અવરણનીય કામોનાં વખાણ મારી આગળ બોલનારા બહુજ સરસ રીતે બોલી ગયા છે, એટલે મારે કાંઇ બોલવા નું નથી રહેતું. હું તેમને મળતો આવું છું. જ્યારે પ્રજાને ચઢવાનો વખત આવ્યો છે ત્યારે હીંદનો સીતારો ઝળકતો છે કે દરેક જગાએ ચળવળાટ લાગી રહેયો છે. મી. ગાંધી જેલની સાથે હું કેટલાંક વરસ રહ્યો હું, તેમણે મને અને કોમને બહુ સાચવ્યું છે, હું આ સ્થીતિ એ આવ્યો તે બધો મી. ગાંધીનોજ પ્રતાપ છે. મારે તમને એકજ બોલ કહેવાનો છે તે એજ કે તમારા દેશના ભવીષ્યની ખાતર, તમારી માતૃભૂમીના માનની ખાતર, તમારા જાન માલનો બોમ આપવો પડે તોપણ પછાત પડશો નહિ.

ત્યારબાદ મેસરસ પોલાક, રેવરંડ ડોક, કેલેનબેક, બ્રીટલબેક, આઇઝાક, કાછલીઆ, કલીન, સોરાબજી, મોલવી અહમદ મુખતીઆર સાહેબ, ઉમરજી સાલે, હાજી હબીબ, કામા, નાયડુ વગેરે સમય ને અનુસરતું બોલ્યા હતા.

અતિ આગ્રહ થવાથી તાલીઓના ગડગડાટ અને હુરરે, વંદેમાતરમના પોકારો વચ્ચે મી. ગાંધી બોલવા ઉભા. તામીલ કોમે જે સરસ કામ કરયું છે તેને આ હાર શોભે છે. એટલે મને પહેરાવેલો હાર તમારા ચેરમેનને પહેરાવું છું. વધારે મારે કાંઇ બોલવાનું રહેતું નથી. તામીલ કોમે બહુ સરસ કરયું છે એમ તમને લાગતું હોય તો તમારે તેના જેવું કરી બતાવવું અને પાછા પડશો તો તમારે માટે જે કાંઇ બોલાય તે થોડું

અમણવાર

વેપારીઓ જેલમાં

આજે ત્રણ વેપારીઓ મેસરસ આદમ હુસેન, મહમદ સુલેમાનભીંઆ, (મી. દસપ ભીંઆ માજી ચેરમેનના ભત્રીજા) અને મલેકઝાદીને વગર લાઇસેન્સથી વેપાર કરવા માટે પા. ૨૫ દંડ અથવા એક મહિના ની સખત મજુરી સાથે જેલની સજા થઇ છે. ત્રણે સાહેબો જેલ ગયા છે.

ત્રણ ફેરીવાળા મુસે દસપ સમની, મુસે અમરસ, તથા જી. સામીને વગર લાઇસેન્સ થી ફેરી કરવા માટે પા. ૧ દંડ અથવા સાત દીવસની સખત મજુરી સાથે જેલની સજા થઇ છે. સહુ જેલમાં ગયા છે.

નાતાલના સાહેબો

મેસરસ દાઉદ મહમદ, પારસી રૂસ્તમજી, આંગલીઆ, હાજી હબીબ, કાછલી આ. નગદી વિગેરે પ્રીટોરીઆ, વોરમબાથ, નેલીસ્ટરૂમ, પીટરસેબરગ સ્પેશલટ્રન વિગેરે જગાએ ઉતરવા માટે આજે સાતની ગાડીમાં નીકળી જશે. પહેલાં પીટરસ બરગ જશે, અને પછાતાં બધી જગાએ થતા આવશે.

વેપારસટોરપ

મી. યુસુફ રહમને વગર લાઇસેન્સથી વેપાર કરવા માટે દસ દિવસની સખત મજુરી સાથની જેલ મળી છે તથા બે ફેરીવાળાઓને વગર લાઇસેન્સથી ફેરી કરવા માટે સાત દિવસની સખત મજુરી સાથની જેલ મળી છે, બધા જેલમાં ગયા છે.

બેનોની તથા બોકસબરગ

અહીં રેજીસ્ટ્રેશન કાયદાને આધારે પકડાએલા તેમનાં નામો નીચે મુજબ છે.

મેસરસ અબદુલ ગફુર, મહમદ ખપરા, દીમ, બાબા બકસર, મહમદ ઇબુસ, પ્રેમા ગાંડા, રામા મકન, બચ, ડાહ્યા ખુશાલ, ગોપન માયજી, છીબા ગોવન, દસન, રામજી કાનજી, હરી રામજી, દેવાઇ, વીગેરે છે. નામ મળ્યાં તેટલાં બહાર પાડયાં મોકલ્યાં છે. બે જણાને લાઇસેન્સ વગર ફેરી ફરવા માટે ૨૦/-દંડ અથવા બણ દીવસની જેલની સજા થઇ છે. સહુ જેલમાં ગયા છે.

પોટર્સબરગ

મેસરસ હાજી હાસા અને ચાર્લી નામના બે માણસોને રજીસ્ટ્રેશનના કાયદાને આધારે પકડેલ તેના કેસો બેહાન્સબરગના કેસો ની અપીલનો ચુકાદો આવ્યા સુધી મુલતવી રહ્યા છે. ચાર્લી ૨૬ વરસનો ત્યાંનો રહીશ છે ગરીબ માણસ છે અને ગારડનનું કામ કરે છે.

પોકસરસ્ટ

મી. મહમદ બાબાને આરબસ ટાઉનની પોલીસે પકડેલ તેજ દીવસ તેનો કેસ ચલાવી એક મહીનાની જેલની સજા કરી તેની સામે અપીલ નોંધાવી છે. મી. બાબા બેલ ઉપર છુટી તરતજ ટરાંસ વાલમાં દાખલ થવા ત્યાં તેમને પકડયા છે. કેસ હરી ચાલશે.

ગુમવાર.

કાલા લોકોએ કયાં જવું ?

કાલા લોકોના જુરા હાલ છે. તેઓને રહેવાનું પુરૂં ઠેકાણું અહીં નથી. કસીપ રપરટમાં કોઇ જતા નથી. તેથી મ્યુનીસી પાલીટી ન્યુકલેરમાં કાલા લોકોની ટાઉન શીપ કરવા માગે છે. પણ જેવો આ વિચાર જાહેર પડયો કે તે લતાના ગોરા ઓ ઉથલી પડયા. ડાકટર કરાઉઝેના પ્રમુખપણા નીચે મીટીંગ ભરાઇ હતી. તેમાં ઘણા ગોરા હાજર હતા, અને એવો ઠરાવ કરયો કે ન્યુકલેરમાં બીલકુલ કાલા લોકોને ટાઉનશીપ આપવા દેવા નહીં. મને માલ્તી છે કે આ ઠરાવને લીધે ન્યુકલેરમાં કાલા લોકોને વસવા જેવી સગવડ થાય તેમ લાગતું નથી. આવી સ્થિતિમાં આપણે શું કરવું એ વિચારવા જેવું છે. મહાજન લેવાશન લાંબી મુદત ચાલે એવો સજાવ નથી.

તેથી હીંદીઓ પુર આવ્યા પહેલાં પાળ બાંધવાની જરૂર છે. જો સાહસ હોય તો આમાં પણ સત્યાગ્રહના ઘોરણ મુજબ કામ થઈ શકે તેમ છે. કોઇ પણ જગ્યાએ રહેતાં હીંદીને કાયદાથી બંધી નથી. માત્ર ગોરાઓ બોયકોટ કરે તેવીજ જગ્યાએ આપણાથી ન રહેવાય. જોહાન્સબર્ગની આસપાસ ઘણી એવી જમીન પડી છે કે જેમાં હીંદી વસી શકે છે. એવી જમીન આપણે ભાડે લઇ શકીએ છીએ, આમાં પ્રપંચો પેદા કરવા જેવું પણ બની શકે. કોઇએક હીંદી અથવા વધારે હીંદીઓ મોટા જમીનના કટકાનું લીઝ લઇ તેના ભાગ પાડી તેમાં પરચુરણ માણસોને વસાવી શકે છે. પણ આવું કામ કરવામાં જે હીંદી પંચસા કમાવા માગતા હોય, તેના મનમાં પરોપકારની પણ લાગણી હોવી જોઇએ. એવી લાગણીવાળો હીંદી આવી જમીનને બહુ સરસ બનાવી શકે છે. ગીચોગીચ રહેવાનું તથા બીજી બદકીને અટકાવી શકે છે. જેમ ગોરાઓ જ્યાં વસે છે ત્યાં પોતાની મેળે સુંદર બગીચા જેવું કરી રાખે છે, તેમજ આપણે કરી બતાવવા જેવું છે. આ બધું ધીમેધીમે આપણે કરી બતાવતાં નહીં શીખીએ તો છેવટે ટ્રાંસવાલમાંથી તો શું પણ આખા દક્ષીણ આફ્રીકામાંથી આપણો છાસ્ત્રી છુટવું પડશે અથવા તદ્દન ગુલામીની સ્થિતિમાં રહેવું પડશે.

હુચરના લાયક ચરચા

જોહાન્સબર્ગના બોયસન નામના હતા માં ગોરાઓની એક નિશાળ છે તેમાં એક છોકરાને દાખલ કરવામાં આવ્યો હતો. પણ તેનો રંગ કેવો ગણવો કે જેથી તેને દાખલ કરી શકતો નહોતો. પણ તેના માબાપ વખતે નુકસાનીનો દાવો કરે તે ઉપરથી તે છોકરાને કાયદો ગણી કાઢી મુકવાની જવાબદારી પોતાને માથે લીધી નહીં અને સ્કુલ બોરડને તે બાબત પુછ્યું. સ્કુલ બોરડે તેમાંથી મોટી ચરચા કરી તે હજી ઉંધાડા ઉપર આવી શકી નથી. આ ચરચા વખતે જેમ બાળકો વાદવિવાદ કરે તેમ જોહાન્સબર્ગના જે મોટા પંડયાઓ કહેવાય છે તે તકરાર કરવા મંડી રહ્યા. અમુક છોકરાને કાળો કહેવો કે ધોળો તેનો હરાવ કોણ આપે એ વિચાર કરવા પછી મીટીંગ મુલતવી રાખી છે. આમ જ્યાં ગોરાપાડા બાહોમાંહે વદયા કરે છે ત્યાં કાળા ઝાડનો ખો થતો જોવામાં આવે છે. કાળી ચામડીવાળા માણસોની સ્થિતિ કહેવડી કરી નાખવી એ ગોરાઓએ પોતાનો સાધારણ ધર્મ કરી મુકયો છે.

મી. ઇબ્રાહીમ કાજી

મી. ઇબ્રાહીમ કાજી પારસીકોપવાળાએ બહુજ સરસ કરયું એમ કહ્યા વગર ચાલે તેમ નથી. પહેલાં વગર લાયસેન્સથી વેપાર કરવા માટે તેમને ૧૪ દીવસની જેલની સજા થએલ ત્યારે બાદ પા. ૧૦ બીજી વખત ૧૦ થયો અને તેમની ગેરહાજરીમાં તેના ભોકરાએ ખરચા સામે જરી દીધો. અને ત્રીજી વખત જ્યારે તેમને સમન્સ મળ્યો ત્યારે તેમની સ્થીતી માલ હરાજ થવા દેવાતી નહીં હોવાથી મી. આઇઝેકના તાબતુ લાયસેન્સ લીધું અને કેસ ચાલતાં વ્યારે માલ હરાજ કરી દંડ વસુલ કરવા જેવું જણાયું નહીં ત્યારે ૭ વીકની જેલની સજા કરી. તેવાજ જેલમાં ગયા. હાલ વોકસરસ્ટની જેલમાં સખત મજુરી કરે છે.

પરચુરણ ખબરો

રહાંકરટનથી જે બાર જણાને દેહપાર કરવાનો હુકમ થએલ તેમને પરગ દીવસ દેહપાર કર્યા અને તુરતજ તેઓ પાછા દાખલ થયા. વોકસરસ્ટમાં તેઓ પકડાયા છે. તેઓનો કેસ મી. હરીલાલ ગાંધીના જોવોજ છે

વોકસરસ્ટમાં મકન ઉકા નામના માણસ ને લાયસેન્સ વગર ફેરી કરવા માટે પા. ૨ અથવા સાત દીવસની સખત મજુરી સામે જેલની સજા થઇ છે. શ્રી મકન જેલ ગયા છે.

મી. અહમદ આબાના કેસની મુદત તા. ૨૨મીની પડી છે.

રાંડ ડેલીમેલના પ્રીટોરીઆના ખબર પત્રમાં છે કે કેટલાક હીંદીઓ જેને રજીસ્ટર નથી મળ્યાં તેને માજીસ્ટરેટ પાસે ઉભા કરેલ અને કેસ મુલતવી રહેલ છે. તેમાંના કેટલાક હીંદીઓ જેઓએ રજીસ્ટર માટે અરજી નથી કરી તેવા પોતાને મારની ધારતીથી અરજી નથી કરી શકયા અને હવે અરજી કરવા તથા પોતાના હકો સાબીત કરવા તયાર થયા છે.

શહેનશાહના જન્મદીવસે મુબારકબાદી તો જે સંદેશો મોકલ્યો હતો તેનો જવાબ એસોસીએશનના સેક્રેટરીને મળેલો છે. તેમાં શહેનશાહે શ્રી ઇ. એસોસીએશનનો આભાર માન્યો છે.

મી. હરીલાલ ગાંધી વોકસરસ્ટ અને ક્રારલ્સટાઉન વચ્ચે ત્રીસ હેરા ખાતા હતા તેને બદલે હાલતો વોકસરસ્ટની કોર્ટ જેલમાં હવા ખાય છે. અપીલનો મુકામ મળતાં સુધી તેમનો કેસ હાલ મુલતવી રહેલ જણાય છે.

મી. રાદેરીઆના કેસની કીમત તારથી અમે અહવાડીએ હું આપી ગયો હું. પ્રીટોરીઆમાં પણ કેટલાક કેસ આવ્યા હતા તે અને બીજા બધા કેસો મી. રાંદેરીઆના કેસની અપીલના મુકામ ઉપર મુલતવી રહયા છે. અપીલના રીત સર મુદા ગઇ કાલે નોંધાવવામાં આવ્યા છે.

જોહાન્સબરગ ચેંબર ઓફ કોમરસ તરફથી મદાસની ચેંબર ઓફ કોમરસને ટ્રાંસવાલના હીંદી સવાલનો વીગતવાર કાગળ લખવામાં આવ્યો છે. [આ કાગળ અમને છાપતી વેળા મળ્યો છે. તે આવતે અઠવાડીએ આખો છાપશું' અ. ઇ. ઓ.]

છેલ્લા ખબરો

[પ્ર. ઓ. માટે ખાસ તાર]

જોહાન્સબરગ શુક્રવાર.

ગઇ કાલે અહીં ૪ ફેરીવાળાને તથા બોકસબરગમાં ત્રણને વગર લાયસેન્સથી વેપાર કરવા માટે કેદ કરવામાં આવ્યા છે. બોકસબરગમાં મી. કબીર ડાકાને અને કુમરજાડોરપમાં એક બીજા હીંદીને વગર રજીસ્ટર માટે પકડવામાં આવ્યા છે આજે અહીં લાયસેન્સ વગરના ૧૪ ફેરી વાળાને કેદ કરવામાં આવ્યા છે. અને વોકસરસ્ટમાં એક માણસને રજીસ્ટર નહીં હોવા માટે પકડવામાં આવેલ છે.

આજ સવારે અહીં કેટલાક હીંદીઓ, ખાસ કરીને દાઉજી, કાયદા મુજબ રજીસ્ટર કઢાવવાનો ઇરાદો રાખેછે એવા ખબર જાણવાથી વેાન બે ડીસ રકવેસ્ટે રજીસ્ટરે ચાન ઓફીસ ઉપર પીકેટો ઉભી કરી હતી. પીકેટોને દુર કરવા માટે સરકારે ચારે પીકેટો ને નવા કાયદા મુજબ રજીસ્ટર વીનાના હોવાને બહાને પકડયા છે. આ ચારમાં મી. ગાંધી નાયડુ સામેલ છે. પરંતુ તેની જગ્યાએ તરતજ બીજા ચાર પીકેટો હાજર થઇ ગયા હતા. સરકારે તેમને પણ પકડયા. એટલે બીજા સભ્યોમાંથ પીકેટો નીકળી પડયા. તેમાંથી ૧૬ને સરકારે પકડયા છે. આ ૧૬માં શ્રી. ઇ. ઓ. ના પ્રમુખ મી. જે.એમ. કાજીલીઆ, મી આમદ મુહામ્મદ અને કોમના બીજા કેટલાક આગેવાનો સામેલ છે. કુલ ૨૪ પકડાયા છે. બધાને છોડીને બપોરના માજીસ્ટ્રેટ પાસે હાજર જવાનો હુકમ થએલ છે.

બ્રહ્મ દેશ

ત્યાં વસતા હીંદીઓની સ્થિતિ

[લખનાર–મી. વી. મદનજીત]

આ જાપાના પ્રથમના માસીક મી. વી. મદનજીત જેમણે હાલ રંગુનખાતે 'યુનાઇટેડ બરમા' નામનું છાપું કાઢેલું છે. તેમણે લખેલી બ્રહ્મદેશની નીચેની હકીકત 'મુંબઇસમાચાર' છાપામાં બહાર પડી છે:

ગુજરાતી લોકો સાધારણ રીતે હીંદુસ્થાનમાં વેપાર રોજગારમાં આગળ પડતા છે. મારવાડીઓ હમેશ વ્યાજ ખાઇ સંતોષ માને છે. બંગાળા, મદ્રાસી અને બીજા કેટલાક પ્રાંતીક લોકો સરકારી નોકરીપર નજર રાખી રહે છે. ઉતર હીંદુસ્થાનના તેમજ પંજાબી અને બીજી કેટલીક કોમ, લશ્કરી, પોલીસ, દરવાણી કે એવી બીજી ઘણે દરજ્જે નાના પ્રકાર વાળી નોકરી કરી પોતાની આજીવીકા ચાવી લે છે, ત્યારે જ્યારે તેવો ગુજરાતી હશે તે પણ પરદેશ જઇ પોતાની આજીવીકા માટે કોઇપણ જાતના વેપાર ઉપર નજર કરે છે. કદાચ વગર પૈસાવાળો હશે, તો તે બીજા પૈસાવાળા મદદગારની મદદ માગે છે. થોડો ઘણો માલ ફેરી કરી, જે થોડો ઘણો વટાવ રહે તેના ઉપર ગુજરો કરે છે, અથવાતો એક નાનકડી સરખી દુકાનડી લઇ બેસી જાય છે. છેવટે કંઇ નહીં મળે તો વેપારી લોકોની નોકરી કરી ત્યારે કંઇક પણ પાસે મુડી થાય કે વેપાર કરવા જેજર થાય છે. બ્રહ્મદેશમાં હીંદુસ્થાનની સઘળી કોમો છે. ૧૮૫૨ માં જ્યારે રંગુન અંગ્રેજ સરકારના હસ્તકમાં આવ્યું, ત્યારના કેટલાક રહેવાસીઓ હજી હયાત છે. પહેલાં આ પ્રાંત કાળા પાણીનું સ્થાન હતું: તે વખતે હીંદુસ્થાનથી કાળા પાણીએ કાઢેલા માણસો આ દેશમાં આવેલા તેમાંના કેટલાક મનુષ્યો હજી જીવે છે, અને ઘણાંના બાળ બચ્ચાંઓ હજી પોતે હીંદુસ્થાનના છે એવો હક ધરાવે છે; જોકે તેઓએ હીંદુસ્થાન જોએલું પણ નથી. તેમાંના કેટલાક સારી સ્થિતીમાં છે. ગુજરાત તરફના ચાર પાંચ માણસો તેવા રીતે આવેલા છે, તેમાં એક ભાટીયા કોમના માણસ હતા, તેની બરમા ઓરત થી થયેલા દીકરા મોલમીનમાં સારી સ્થિતિમાં છે, અને પોતે ભાટીયા છે એવું અભીમાન ધરાવે છે. રંગુનથી પાંચ છ માઇલ દુર એક પારસીનું કુટુંબના બાવા જી દેશનીકાલ થઇ રંગુનમાં આવેલા છે. તે વૃદ્ધ ગૃહસ્થ હજી હયાત છે અને તેનાં બાળબચ્ચાં હાલ નઠારી સ્થિતિમાં નથી.

ગુજરાત તરફથી પોતાની મેળે આ તરફ આવેલા લોકોમાં સુરત પાસે આવેલા રાંદેરના સહાસીક મુસલમાનો પહેલાજ હતા. તેઓ હાલ ઘણી સારી અને પૈસા વાળી કોમ થઇ પરેલી છે. દેશની ગરીબાઇથી કંટાળી આ દેશ તરફ વહાણના ખલાસી તરીકે આવેલા ગરીબ લોકો આજે કરોડાધીપતી બની બેઠા છે. લક્ષ્મી ની સાથે અકલ અને મીજાજમાં પણ ખરા ખાનદાન થઇ પડેલા છે. મોટા મોટા વેપાર ખોલી અને અનેક તરેહથી અનુભવ કરી પોતે મોટી મોટી મીલ્કત જમા વેલી છે; અને આજે સુરતી લોકો રંગુનની ૭૫ ટકા મીલકતની માલેકી ધરાવે છે, એવી સાધારણ રીતે માન્યતા છે. તેઓના હાથમાં બન્દરો છે. એવું કહે વાય છે કે, સુરતી બડા બન્દરની કંપની આખા હીંદુસ્થાનના દેશીઓના હસ્તકમાં કોઇપણ કંપનીના કરતાં ઘણી માલબર પદસાવાળી અને કુતેદમંદ કંપની છે એ કંપનીના સઘળા ભાગીદારો રાંદેર અને આસપાસના મુસલમાન ગૃહસ્થો છે, અને તેઓજ સુધણા રીતે તેનો વહીવટ ચલાવે છે. સુરતી બન્દરના હાલ સાધારણ રીતે દશ કરોડ રૂપીયાની ઘરકામત અનુમાનછે, અને તેટલી રકમ મળતાં પણ કંપની પોતાની મીલ્કત વેચવા રાજી નથી. હાલ તેમના ડીરેકટરોમાં મી. અબ્દુલ રહીમ મી. ઇસપ દુપલી વીગેરે ઘણો લાગવગ ધરાવે છે, અને સરકારમાં તેમનું વજન છે. એ લોકો પાસે એક કરોડ અને પાંત્રીસ લાખ રૂપીઆ તેના વકરનાજ છે. તેમાંથી રંગુન અને દેશમાં કેટલીક રકુલો, મરજીદો અને બીજાં ધરમાદાના કામોનો નીભાવ થાય છે, તે કામના સદ્ધર્યા વૃદ્ધ અને ધનાદય ગૃહસ્થ બમાહીમ અલીમુલા એક ગરીબ માણસ તરીકે અહીં આવેલા. પરંતુ આજે રંગુનમાં તેની મીલ્કત કમતીમાં કમતી દોઢ કરોડ રૂપીઆની કહે વાય છે. તે ઉપરાંત સુરતી લોકોના પહેલવહેલાના મુખ્ય મોલમીનમાં તેમજ માંડલે વીગેરેમાં તેઓ સારી મીલ્કતના ધણી છે. એક વખત થીબો રાજાના વખતમાં મી. મુલ્લા દરમાહલ નામના એક ગૃહસ્થ રાજદ્વારી બાબતમાં ભાગ લેતા હતા. આ સુરતીઓમાંના કેટલાક લોકોએ અહીંની બરમી ઓરત સાથ નીકા કરેલા છે. તેમની ઓલાદ પણ આજે સારા વગવાળા મુસલમાનો છે. અને સઘળા સુરતીઓ તરીકે ઓળખાય છે. એમાંથી એક ગૃહસ્થ બારીસ્ટર પણ થયેલા છે, અને બીજા એક ગૃહસ્થ તેવા અભ્યાસ માટે વીલાયતમાં પ્રવાસ કરી રહ્યા છે. સાધારણ રીતે એ કોમ રેળવણીમાં હજી પછાત અને અજ્ઞાન હોઇને જે કોમમાં જેટલો ભાગ લઇ શકે તેટલો લેવામાં જરા ઉણે છે. તોપણ સાધારણ રીતે સુરતીઓ ઘણા વગવાળા, પક્ષસાદાર અને માતબર ગણાય છે, અને વખત જતાં ઘણું સારૂ કામ કરી શકશે એવી આશા છે.

સુરતી મુસલમાનો પછી અહીં આશરે બેહજાર પારસી લોકોનું એક નાનું સંસ્થાન પણ ઘણી સારી સ્થિતિમાં છે. કેટલાક પારસીઓ બરમી લોકોની ગોલા ઇના છે, પરંતુ તેમનાં બચ્ચાંઓ પારસી તરીકે રહે છે અને પારસીનો ધરમ પળે છે. તેઓમાંના કેટલાક ડાકટર, બારીસ્ટર, વકીલ, દુભાશીઆ અને સર કારી નોકરી કરે છે, ત્યારે ઘણા લોકો ખાનગી નોકરી અને રોજગાર કરી રહે છે. પારસી લોકોની એક અગીઆરી પણ અહીં છે. કેટલાક પારસીઓ અહીં સરકારી ઓદ્દા ઉપર પણ છે. બ્રહ્મદેશ ના પોસ્ટ માસ્તર મી. લાલકાકા આજ વરસમાં રજા લઇ ગયા છે. કરનલ ફ્રેંચ મેન અહીં ઇન્સપેકટર જનરલ ઓફ પ્રીજન નો મોટા ઓધ્હો ધરાવે છે, અને બીજા કેટલાક લોકો પોતાની ગતી અને બુદ્ધિ અનુસાર સારી સ્થિતિ ભોગવે છે, તોપણ તેઓમાં એક નબળાઇ છે. તેઓ જાહેર સવાલોમાં આગેવાની લેતાં ડરે છે. તેઓમાંના કેટલાક ઘણી વખતે દેશકાર્યમાં પ્રમુખની મદદ જોકતી હશે તો આપશે. પરંતુ પોતાનું નામ આપવા નારાજ રહે છે પારસીઓ પક્ષસા અને બુદ્ધિના પ્રમાણમાં દેશકાર્યમાં આગે વાની લે તો આશા છે કે આ દેશને ઘણો લાભ કરી શકે. તેમજ આપણા દેશીઓ માટે બીજા ઘણા ધંધાના દરવાજા ખુલ્લા થઇ શકે, ઉપર જણાવેલા મી. લાલકાકા તથા કરનલ ફ્રેંચમેન જેમ મોટા ઓધ્હા ધરાવે છે તેમ મી. નરીમાન નામના એક પારસી અહીંની ચીફ કોરટના ગુજરાતી ઇન્ટરપ્રીટર પાલી વીગેરે ભાષાના એક અચ્છા વીદ્વાન છે. મી. કાવસજી, મી. બરજોરજી વગેરે ઘણા મોટા બારીસ્ટરો છે અને તેઓ આજે રંગુનની કોરટમાં ઘણો સારો ધંધો ચલાવે છે. એક ચા વલના દલાલ મી. ડી. આર. રાઠલાદ

કેટલીક હીલચાલોમાં પોતાના વખતનો સારો ભોગ આપે છે, તેમના નામની નોંધ લેવા લાયક છે.

મુંબઇ ઈલાકાના અત્રેના હીંદુઓમાંથી કેટલાક ઘણા માતબર વેપારીઓ છે. તે ઓની અસલ પેઢીઓ મુંબઇમાં છે. તેઓમાંના ઘણાખરા ગુજરાતી, કચ્છી વાણીયાઓ છે, એકાદ ખોજા પણ છે, તેમજ કેટલાક દલાલનો ધંધો કરે છે. આ વેપારીઓમાંના કેટલાક લાખો રૂપી આની મોટપથી કામ કરે છે, અને ઘણો વેપાર ચોખા અને અનાજનો કરે છે. ચોખાના વેપારીઓમાં મેસરસ અમરચંદ માધવજીની પેઢી અગ્રણી ગણાય છે અને તે પેઢીના મેનેજર મી. જીવણદાસ ઘણા મોટા દીલવાળા, ઉદાર. દેશલકત અને પોતાના કામમાં ઘણી બાહેંશીવાળા એક ખાનદાન વણીક ગ્રહસ્થ છે. બીજી પેઢી વાળા પણ ઘણા ઉદાર છે અને દર મહીને હજારો રૂપીઆ ધરમાદા માટે કાઢે છે. રંગુનમાં કેટલાક દેશદાઝ દિલ થઇ છે તે પણ તેઓની મદદ વીના થઇ શકત કે નહીં એ કહી શકાય નહીં. જ્યારે જ્યારે દેશ કાર્ય આવી ઉભું રહે છે ત્યારે ત્યારે 'ચાલો ચાવલવાળા પાસે' પહેલો એ વીચાર આવે છે. અને ત્યાં જવા કે પત્રવાનો જોડો પુરો પડે છે. તેઓમાંના ઘણા માણસો અંગ્રેજી સ્કુલમાં ગયેલા નથી. અને ગ્રેજ્યુએટ કે અંડરગ્રેડ્યુએટ તેમાં એકે પણ નથી. પરંતુ વ્યવહારકુશળ પુરા હોઇને તેઓ સઘળા એક કુટુંબ તરીકે રહે છે, અને કોરટ અને વકીલનો અંદર અંદરને માટે કદી પણ ખરચ રાખતા નથી. જ્યારે જ્યારે તકરાર પડે ત્યારે ત્યારે બેચાર વેપારીઓ વચમાં પડી નીવેડો કરી નાખે છે, અને તેવા ઠરાવને બધે પક્ષ માન્ય કરે છે. હાલ તેઓએ એક "બરમા રાઇસ મરચંટ એસોસીએશન" સ્થાપેલું છે. તે એસોસીએશનનો હેતુ ચાવલના વેપારીઓના કેટલાક હક અંગ્રેજ મીલરો મારી ખાય છે, તેની સામે એક સંપ કરી હકત ચલાવવાનો છે. તે મંડળે મેસરસ કટીલ ખચરસ નામની માતબર અને તકબર પેઢીની સામે મુખ ઉઠાવી છે. એવું લાગે છે, કે એ મંડળ સારી રીતે ટકી રહેશે, અને ચાવલના વેપારમાં ચાલતા કેટલાક ગોટાળામાં સુધારો થશે. આ એસોસીએશનની સ્થાપનાથીજ અંગ્રેજ મીલરો ચોંકયા છે, અને રાઇસ મીલરો કરીને, બની રહે તેની તજવીજ કરી સારા ચોખા પીસી દેવા હોંશેહોંશે બરાવવા લાગી ગયા છે; જોકે આ મંડળની સ્થાપના આજે બેએક રોજ પહેલાંજ તેઓ આપબુદીથી દરકાર કરતા નહોતા.

જો ચોખાનો વેપાર આ કચ્છી વાણી વાઓ હાથમાં રાખી બેઠા છે, તો ગુજરાતી અને મારવાડી ઝવેરીઓએ હીરા, માણેક અને મોતી વીગેરે ઝવેરના સપળા વેપારનો જાણે ઇજારો લીધો હોય તેમ રંગુનમાં એક આડસર તરીકે થઇ પડેલા છે. આ ઝવેરીઓ ઘણા નથી, પરંતુ તેઓ પોતાના મોટા અને કીમતી વેપારથી, પોતાની આબરૂથી અને વગથી, તેમજ બીજા સારા સારા ખવાસોથી એક અગત્ય ની કોમ થઇ પડેલી છે કોઇપણ જાતનાં સારાં સારાં હીરા, માણેક કે મોતી વીગેરે જોઇતાં હોય, તો ગોરા કાળા ગમે તે માણસોએ મોગલ ઓટના આ ઝવેરીનો આશરો જરૂર લેવો જોઇએ. આ દેશમાં બે ત્રણ પઇસાવાળા અંગ્રેજ ઝવેરીઓ છે, પરંતુ તેઓ ઝવેર પરિક્ષામાં આ મુખ્ય ના ઝવેરીઓ આગળ ઝાંખા પડી જાય છે. સીંધી તથા ગુજરાતી મારવાડી મળી ઝવેરીઓની પંદરથી વધારે દુકાન નહીં હોય, પરંતુ તેઓની આપબુ, તેઓ નો સ્ટોક અને વ્યવહાર આગળ ઘણા વેપારીઓ ઝાંખવાણા પડી જાય છે. સીંધી ઓમાં મી. ગુલામલ પરશુરામ, અને ગુજ રાતીઓમાં મી. મનસુખલાલ સુરજમલ અને મેસરસ મગનલાલ પ્રાણજીવનદાસની કુંપનીની પેઢીઓ કીમતી પથરાનો સ્થાનીક તેમજ મુખ્યત્વે, પારીસ અને બીજે રહેતા સાથે મોટો વેપાર ચલાવે છે. મેસરસ મનસુખલાલ સુરજમલની પેઢી ઘણી પુરાણી છે, અને તેઓના મેનેજર મી. મનસુખ લાલ દરેક રીતે ઘણા લાયક ગ્રહસ્થ છે. તેઓ પાંજરાપોળના મંત્રી છે. દેશ કાર્ય તેમજ એવાં બીજા સારા કામમાં તેઓ સારો ભાગ લે છે, કેટલીક વખતે ધરના પઇસા ખરચી કાજતુ કામ પાર ઉતારે છે.

ચોખાવાળાની પેઢીઓ આશરે વરસો થી શરૂ થઇ છે. ત્યારે ઝવેરીઓની પેઢી તેમજ બીજા કેટલાક સુરતના ખત્રી હીંદુ ઓનાં સુરતી રેશમની એને નાણાવટીની પેઢીઓ આશરે ૪૦ વરસ ઉપર પહેલ વહેલાં શરૂ થયેલા અને રહતે રહતે આજે સારી સખ્યાની હસ્તી ધરાવે છે.

ચોખાના ઘણાખરા વેપારી તેમજ ઝવે રીઓ જાયન ધરમના છે, અને તેઓનું એક મંદીર પણ અહીં છે. તેમજ ગુજ રાતી છોકરાઓને ભણાવવાને એક સ્કુલ પણ ચલાવે છે. જો કે તે સ્કુલ સારા પાયાપર છે કે નહીં તે કહી શકાય નહીં. આ સ્કુલની એક કમીટી છે તેમાં રા. રા. મોજીલાલ પુરૂષોતમ નાના વીરાવગનરા નાગર બ્રાહ્મણ અમણી ભાગ લે છે. રા. રા. મોજીલાલ એક ગરીબ કારકુન તરીકે કામ કરવા રંગુનમાં આવેલા. પરંતુ પોતા ની બાહોશીથી અને વેપારી આલમે નેધર લેનડસ બેંકના બ્રાન્ચની સારી જગ્યા ભોગવે છે, અને પોતાની સ્થિતિના પ્રમા ણમાં પોતાની પાસે પાંચ પઇસા તેઓએ જમા કરેલા છે.

અધુરૂં

નાદારી કોર્ટની નોટીસો વગેરે

(અખબારે ગેઝેટમાંથી)

ધીંટરટનના વેપારી મોટાભા ઇબ્રાહીમ જે હાલ ગ્રેટાઉનના વેપારી હાજી યુસુફ સાથે ઇબ્રાહીમ અને હાજી યુસુફના નામથી વેપાર કરે છે તેની મીલકત નાદાર તરીકે જાહેર કરવાની અરજી તા. ૨૨ જાનેવારીના રોજ નાતાલની સુપ્રીમ કોરટ ને કરવામાં આવશે.

મારિત્સબરગના વેપારી એમ. એલ. ઓસમાનની નાદાર મીલકતના છેવટના વહેંચણીના આંકડા સુપ્રીમ કોરટના મારત રની કોરટમાં રાખવામાં આવ્યા છે, જાં આગળ તે તા. ૨૩ ડીસેંબર સુધી તપાસ માટે પડી રહેશે. અને ત્યારબાદ તે કાયમ રાખવાની અરજી કરવામાં આવશે.

ડરબન ૧૬૨ ગ્રેગ્રીટના વેપારી ઇ. એમ. અદાતની નાદાર મીલકતના સંબંધ માં લેણદારોની ખાસ મીટીંગ ડરબન માજી સ્ટેટની કોરટમાં તા. ૨૨ ડીસેંબર મંગળવાર ના રોજ મળશે.

ગ્રેટાઉનના ફેરીવાળા હુસેન ઇસાકની નાદાર મીલકતના સંબંધમાં મી. એચ. એલ. કરોક (ન નેશનલ બેંક બીલ્ડીંગ, ડરબન) ટ્રસ્ટી નીમાયા છે. તેના લેણ દારોની બીજી મીટીંગ ગ્રેટાઉન માજીસ્ટ્રેટ સનમુખ તા. ૨૨ ડીસેંબર, તથા ત્રીજી મીટીંગ તા. ૫ જાનેવારી ૧૯૦૯ના રોજ મળશે.

પીટરમારિત્સબરગના વપારી મુસા ઓસ માનની કુ. ની નાદાર મીલકતના સંબંધ માં વહેંચણીના આંકડા સુપ્રીમ કોરટના મારતરની પાસે રાખવામાં આવ્યા છે. અને તેની નકલ ડરબનના રેસીડેંટ માજી સ્ટેટની કોરટમાં રાખવામાં આવી છે. જ્યાં તા. ૨૯ ડીસેંબર સુધી તપાસી શકાશે અને ત્યારબાદ તે કાયમ કરવામાં આવશે.

કરનલ સીલીનું ભાષણ

તેણે બતાવેલી ઉદાર રાજનીતી

ગયા મહીનાની ૬૭ તારીખે લંડનની ન્યુરીફોરમ ક્લબની પોલીટીકલ કમીટીએ કરનલ સીલીને ખાણાની મીજબાની આપી હતી તે વખતે તેણે નેટીવ જાતો ઉપર મજબુત જાપતો રાખવાના વડી સરકાર પગલાં ભરશે એવી આશા બતાવી હતી.

કરનલ સીલીએ જણાવ્યું કે "સફેનચા હાથને તોડવા વખત એશીઆટીકને પ્રેમે નીમાંથી બહાર રાખવાની રાજનીતિ કેવા પોરથુ ઉપર રાખવાનું બની શકે તે વિચા રવાજેવું છે. અગાઉ હું થોડાવિચાર જણાવી ગયો છું. કેટલીએકોને ગરમ પ્રદેશમાં વસા વવા જોઇએ. ઠંડા પ્રદેશના લોકો ગરમ પ્રદેશના લોકો સાથે ભળવાની આશા રાખવી એ ફોકટ છે. બધુ ગોરા વરસા હોય ત્યાં હીંદીઓના જવાથી તેમનો દરજ્જો ઘટયો છે. અને તે સાથે જ્યાં તે લોકો જાય ત્યાની ગેરી પ્રજાનો દરજ્જો પણ ઘટે છે. તે લોકો જાત ખાઇને રહે છે એટલે તેઓ ગોરાના કરતાં ઓછા દરમાયો લઇ શકે. અને આથી તે બને વચ્ચે વેરભાવ પેદા થયો છે. એશીઆટીક ઇમીગ્રેશન બાબત જનરલ બોથાએ જે કરયું છે તે બરાબર છે. કારણ કે એશીઆટીકો ભળતા નથી. અને જ્યાં સુધી તેઓ ગોરાની સાથે મિત્ર અને ભાઇઓની માફક ભળી શકતા નથી, ત્યાં સુધી બહેતર છે કે તેઓએ જુદા દેશમાં વસવું. ટરાંસવાલમાં વસતા હીંદીઓ તરફ વાજબી અને માન ભરેલી વરતણુંક બતાવવી એમ આપણે બધા ઇચ્છીએ છીએ, પરંતુ જે ગડબડ ઉભી થઇ છે તેમાં ટરાંસવાલ સરકારનો વાંક નથી. કેનેડા તેમજ નાતાલમાં લોકો એ પોતાના લાભને સારૂ હીંદીઓને આવવા દીધા છે. તેઓના બોલાવ્યા વિના હીંદી પોતાનો દેશ છોડત નહીં એટલા માટે હાલ જે મુશ્કેલી ઉભી થઇ છે તે આપણે હાથે કરીને કરેલી છે. તેઓ ગરમ પ્રદેશના મજુરોનો લાભ લેવાની વાત છોડી દીએ, તો આ ગ્રેટ રાજનો પાયો વધારે મજબુત રહે. બ્રીટીશ રાજની હયાતી આ દેશની પ્રજાના લાભને માટે નથી, પણ આપણે જે દેશ ઉપર રાજ્ય ચલાવીએ છીએ તેઓના મૂળવતનીઓના સુખ અને લાભને માટે છે. દક્ષિણ આફ્રીકાના નેટીવોના હાથ પુરૂં મજબુત કરવામાં આવશે એવા હાઉસ ઓફ કોમન્સના ઠરાવને સરકાર વળગી રહેશે. કેપકોલોનીએ નેટીવોના તરફ ઘણી સારી રાજનીતી ધારણ કરેલી છે અને દક્ષિણ આફ્રિકાને એકત્ર બનાવતી વખતે પણ તેજ રાજનીતીનું પાલન કરવામાં આવશે.

મી. રીચનો જવાબ

આ ભાષણના જવાબમાં મી. રીચ 'માંચેસ્ટર ગારડીઅન' અખબારમાં લખે છે કે કરનલ સીલીએ પોતાના ભાષણમાં જન રલ બોથાની રાજનીતીને મંજુર રાખી છે, તે રાજનીતી એવી છે કે તેથી હીંદીઓ ના શહેરી તરીકેના હક છીનવી લઇ તેમને કાફરાની પાયરી ઉપર મુકી દેવા. આ તીઓના દાખલા ઉપરથી જણી શકાશે. બ્રીટીશ હીંદીઓ ફ્રેંચાઇઝના હક ધરાવી શકતા નથી; તેઓ જમીનના માલેક થઇ શકતા નથી; માત્ર લોકેસનમાં જમીન મળી શકે છે; સરકાર તેમને લોકેસનમાં રહેવાની ફરજ પાડી શકે છે; ટરામમાં બેસી શકતા નથી; ટ્રેનમાં પણ અગવડે ધીજ મુસાફરી કરી શકે છે; તેઓના છોકરાને કાફરનીજ નીશાળે મોકલી શકે, નહીંતો નહીંજ; અને રજીસ્ટરેશન કાયદા ની રૂએ કોલોનીમાં વસવાની રજા ચોડી, (ઢોરમાં જેમ મીંઆણા તથા ચોર વીગેરે ને રાખવી પડે છે તેમ) રાખવી પડે છે, અને માગે ત્યારે બતાવવી પડે છે. આ રજીસ્ટ્રેશન કાયદો નાકબુલ રાખવા માટે આજે સેંકડો હીંદીઓ ટરાંસવાલમાં સખત મજુરીની જેલ ભોગવી રહ્યા છે. આવી સ્થિતિમાં જનરલ બોથાની રાજનીતીને કબુલ રાખી કરનલ સીલી ભાષણ કરે કે "જે હીંદીઓ ટરાંસવાલમાં હતા તેમના તરફ વાજબી અને માન ભરેલી વરતણુંક રાખવામાં આવશે." એ પરસ્પર વિરોધી છે. વળી તેઓને બળવાની કાંઇપણ સમ વડ કરી આપવાને બદલે દરેક જગાએથી દુર રાખવામાં આવે છે તેવી સ્થિતિમાં 'તેઓ બળતા નથી' એમ કહેવું શું ગેર વાજબી નથી?

આ ભાષણના સંબંધમાં એક બીજો કાગળ મી. રીચે ઉપરની મતલબનો 'સાઉકેસલ ક્રોનીકલ' અખબારમાં લખેલો છે. આ કાગળમાં ટરાંસવાલ ઉપરાંત નાતાલ, કેપ, ઓરેંજરીવર તથા રોડેસીઆમાં હીંદીઓ ઉપર પડતી હાડમારીની પણ વિગત આપી છે.

જનમાષ્ટમી રજાઓતહીંદ વિજાયતથી હીંદુસ્થાન ઉપડી ચુકયા છે.

સ્વામીજીનું ભાષણ

ગયા બુધવારની સાંજે સ્વામી શ્રી શંકરાનંદે "ધર્મ" એ વિષય ઉપરનું આગળ આખ્યાન કર્યું હતું. છેલ્લા ભાષણમાં મનુષ્યની પહેલી અવસ્થા બ્રહ્મચર્યાશ્રમ કેવીરીતે પુરથુ થાય તે વિષે બોલવામાં આવ્યું હતું. આજનો વિષય ગૃહસ્થાશ્રમનો હતો. સ્વામીજી બોલ્યા કે:-

જેમ એક શબ્દ ફીલ્મ બરાબર શીખી રહે છે ત્યારે ફોજમાં તેની ભરતી થાય છે, તેમ પહેલો આશ્રમ પુરો થયે મનુષ્ય ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરે છે. મનુભગવાન કહે છે કે એક આશ્રમથી બીજા આશ્રમમાં પ્રવેશ કરવો, અને આશ્રમ રહીત રહેવું જ નહીં. આપણે હાલ ધર્મ બાંટ બધ થયા છીએ તેથી આપણીપર કોઇ પ્રકારનો અંકુશ નથી. મુસલમાને બાબતોમાં જે કોઇ રોજ ન રાખે અથવા નીમાજ ન પડે તેને તેના ભાઇઓ ધિક્કારે છે. અમારામાં તેમ નથી. પ્રાચીનમાં જે આશ્રમ વિનાનો રહે તેની સાથે કોઇ વ્યવહાર ન રાખતા. અને એવો નીયમ હતો કે જ્ઞ ધર્મ રહીત હોય તેને વિદ્યા કોઇ ન બણાવવું. તેની સાથે વિવાહ સંબંધ તજ દેતા. કુટુંબમાં બધો વ્યવહાર બધ થતો. આથી તે માણસને ડીગ્રેટ કરવામાં આવે છે તેથી પણ આકરી સજા થતી. એટલે દરેકને અમુક આશ્રમમાં રહેવું જ પડતું.

બ્રહ્મચર્યાશ્રમ માટે મનુ મહારાજ કહે છે કે ૧૬, ૧૮ અને તેપણ ન બને તો ૨૪ વરસ સુધી દરેક મનુષ્યે ત્રૈવેદવતીક આચાર્યના ઘરમાં રહી સંસ્કાર પામી તેમની અનુમતીથી વિવાહ કરવો. કન્યા સવર્ણી અને સુલક્ષણી હોવી જોઇએ. હાલમાં આપણામાં આ બાબતે લક્ષ બહુ બગાડે થયો છે. બ્રાહ્મણ પોતાના તથા ક્ષત્રી વરણમાં વરી શકે છે. તેમજ ક્ષત્રી પોતામાં તથા વૈશ્યમાં એવી રીતે વરી શકે છે. પણ વૈશ્ય ક્ષત્રી વરણમાં અથવા ક્ષત્રી બ્રાહ્મણ માં ન વરી શકે. કેમકે તેમ બનવાથી પરીણામ બુરૂ આવે. કાબેલા તરીકે બને કોઇ ઉચ્ચવર્ણી બી શુદ્ર સાથે લગ્ન કરે તો તેનો ઉદ્ય વિષય વાસનાનો હોવો જોઇએ. આવા લગ્નનાં સંતાનો પણ વિષયી અને પતીત જેવા થાય છે. તેમજ ક્ષત્રીય વયસ્ક કન્યા સાથે વિવાહ કરે તો વયસ્ક કન્યાના મનપર પતી પ્રત્યે દાસ ત્વની ભાવણા રહે છે, તેથી તેના બાળની પ્રેમ નથી અને બહુધણી તો બની પણ

આત્મ અભિમાનવાળા નહીં બને. એટલે સારાંશ કે જાતીય લક્ષ્ય શ્રેષ્ટ છે. સજ્જતીય માબાપના ફરજનને આપપણાનું જ્ઞાન. સ્વભાવીક રીતે આવે છે. હીંદુ કોમ શરૂઆતમાં સરવથી સજ્જતીય વંશની હોવાનું અભિમાન ધરાવી શકે છે. સજ્જતીય નરનારીના પરીપકવ વીર્યથી જે પ્રજા ઉત્પન થાય તે દીવ્ય હોય છે. હવે ઓલાદ શું કરવા પેદા કરવી તે કહું છું. લોકોની ખીદમત કરવા પોતાની અવેજીમાં કોઇને મુકી જવાની ફરજ છે. ગૃહસ્થાર્થ ઉપનીષદમાં પિતા પુત્રને બોધ આપે છે તે વિષે લખે છેઃ "હે પુત્ર, તું ૧૦૦ વરસનો થઇ મેં જે ધર્મનો, જાતીનો અથવા વિદ્યાનો ઉદ્ધાર કરવા જે કાર્ય આરંભેલ છે તેને પુરણ કર." પુ: નામના નરક થી તારે તે પુત્ર કહેવાય. બંગાળામાં બધા હીંદુ જ્યારે ખ્રીસ્તી થતા જતા હતા, ત્યારે એક દેશ દાઝકે તેમને બોધ આપેલો કે બાપઓ, જો દેશમાં પોતાના પોત્રીઓના ઉદ્ધાર માટે એક પુત્રે ગંગા નદી વાળી હતી તે દેશની પ્રજા જો ખ્રીસ્તી થઇ જશે, તો તેઓના પોત્રીનું રક્ષણ કોણ પુરું કરશે? એક ઇંગરેજ કવી કહે છે કે પોતાના બાપદાદાના નામને માટે મરવું તેના કરતાં પવિત્ર મોત બીજું કયું છે? હવે ગૃહસ્થની ફરજ વિષે કહું છું:

પહેલી ફરજ તે બ્રહ્મયજ્ઞ છે. એટલે કે દરેક ગૃહસ્થે વેદનો પાઠ પ્રથમ કરવો ઘટે છે. આજકાલની પ્રજા પોતાના દુનીયાદારી ગ્રંથ જે માત્ર બે ત્રણ પાકીટનો પગાર આપનારા હોય છે તેને ત્રણ ત્રણ સલામ કરે છે પણ પોતાના વેદા કરનારને પ્રાતઃ કાળમાં જે હાથ જોડતાં આળસ કરે છે.

બીજી ફરજ દેવયજ્ઞ છે, એટલે વરસ્યુ, અગ્નિ, પ્રકાશ વિગેરે ભૌતિક પદારથની તુપ્તી કરવા અરથે યજ્ઞ કરવો તે. સૂર્ય દેવતા કે વાયુ દેવતા કે જે વડે વનસ્પતિ તથા મનુષ્ય જીવન ધારી રહયા છે તે તત્વોનો જે આપણે સદુપયોગ કરીએ છીએ તેનો બદલો વાળવા અગ્નિ હોમ કરવો ઘટે છે. આપણે સ્વચ્છ હવા શરીરમાં લક્ષ મણીન હવા બહાર કાઢીએ છીએ. આ બધી અસ્વચ્છતા અગ્નિ હોત્રથી દુર થાય છે. આજે સેનીટરી ઇન્સપેકટર કોઇનો દંડ કરે તો ઘરમાં મચ્છર વિગેરે આવશે. પણ હમેશ અગ્નિ હોત્રનો જે પ્રકારનો સીવાજ છે તે કરવો કોઇને નહીં સુઝે. દુનીઆનો કોઇ સાયન્ટીસ્ટ બનથી હવા કેટલી શુદ્ધ આપણે તે સમજી શકયો નથી.

ત્રીજી ફરજ પીત્રીયજ્ઞ છે એટલે કે બુઝરગોની સેવા કરવી. મરેલા માટે શ્રાદ્ધ કરનારી પ્રજા આજે જીવતાં માબાપને માળો આપે છે તેના જેવી અધોગતિ કઇ? જે જન માબાપના ઉપકારની અવગણના કરી તેને તીરસ્કારે છે તે પશુ કરતાં પણ અધમ છે.

ચોથી ફરજ અતિથીયજ્ઞની છે. મહેમાનની સેવા કરવી તે. કોઇ અતિથી આંગણે આવ્યો હોય તેને આસન આપવું, ભોજન આપવું, મીઠી વાણીથી બોલાવવો એ ગૃહસ્થની ફરજ છે. કોઇ સારા માણસને ત્યાં આટલાની ખામી નહીં હોય. જે ઘરથી અતિથી ભુખ્યો જાય છે તેની બધી સમૃધ્ધી તેની પાછળ ચાલી જાય છે. અતિથીને જમાડીને તેની પ્રસાદીથીજ પ્રસન્ન રહેનારી પ્રજા આજે કેવી અધોગતિને પામી છે તે જોતાં બહુ દુઃખ ઉપજે છે.

પાંચમી ફરજ વીષયજ્ઞ છે. લુલા લંગડા વિગેરે અપંગ, પછી તે ગમે તે જાતના હોય, તેની સેવા કરવી તે ગૃહસ્થની ફરજ છે. રાજા દીલીપે સીંહને ગાયનો વધ કરતાં તત્પર જોયો ત્યારે તે પોતે સીંહના મુખમાં આગળ તેનો ભક્ષ થઇ ગાયનું રક્ષણ કરવું. એક રૂપીએ એક પક્ષી પાળતા બાજને પકડેલો જોઇ પોતાની જંઘામાંથી માંસ કાપી તે બાજને નાંખ્યું અને પક્ષી ને બચાવ્યું. આવા પુરૂષોની પ્રજા આજે અપંગની સેવાથી વિમુખ થઇ બેઠા છે.

છઠી ફરજ તે ભુતયજ્ઞ એટલે પ્રાણી માત્રની રક્ષા કરવી તે. આ ફરજની ખામી ને લઇ દેશમાંથી આજે ગાયો ઘટી ગઇ છે. ગાય, વાન, અશ્વ વિગેરે પ્રાણીઓ નું પુરાતન કાળમાં જતન થતું તેથી તે વખતે પ્રજા સુખી હતી. આજે મોટા ગૌરક્ષક ફંડો ખોલવામાં આવ્યા છે તેમાં માત્ર નામનાને ખાતર મોટી મોટી રકમો ભરનારા ગાયને બદલે ઘોડા વિગેરે પ્રાણી ઓનું પાલન કરે છે. દરેક ગૃહસ્થના ઘરમાં ગાય અવશ્ય હોવી જોઇએ.

કુંકામાં ઉપલા ૬ ધરમોપર જે મનુષ્ય આરૂઢ નથી તે બ્રહ્મચર્ય નથી. જો બ્રહ્મચર્યાશ્રમ નહીં સુધરે તો કોઇ આશ્રમ સારો નહીં થઇ શકે. બ્રહ્મચર્ય સન્યાસીને પાળશે, પાળોને પાળશે, એટલે બધા આશ્રમો તે આશ્રમનો આશ્રય રાખે છે. જનક, યાજ્ઞવલ્ક બ્રહ્મચર્ય હતા છતાં મહા જ્ઞાની હતા. આશ્રમમાં બ્રહ્મચર્યાશ્રમ શુદ્ધ હોય તોજ પ્રજા ઉદ્ધારને પામે. બ્રહ્મચર્યા શ્રમનું પાલન કરવા વિદ્યાની મોટી આવશ્યકતા છે. વિદ્યા પ્રાપ્ત થયેજ મનુષ્ય બધા આશ્રમો પાળી શકશે.

અન્ન વિગેરે વસ્તુનું દાન આજે દીધું અને કાલે નષ્ટ થાય છે. પણ વિદ્યાનું દાન નષ્ટ થતુંજ નથી. તે સરવથી ઉત્તમ છે. માટે પાઠશાળા બનાવો વાંચન શાળા બનાવો, કે જે સ્થલેથી માણસો વિદ્યા પ્રાપ્ત કરે.

કહેતાં દિલગીરી થાય છે કે અહીંની એકની એક લાયબ્રેરી પડી ભાંગી છે. અને મારે પક્ષપાત વિના કહેવું જોઇએ કે તેનું સત્યાનાશ વાળવામાં હીંદુ હતા. જો તમે કોમોની ઓલાદ હો તો તમારા બાપદાદાઓથી પચ્ચીસ ગાંઠી પ્રાયશ્ચિત કરો અને લાયબ્રેરી પાછી શરૂ કરો. જો તમે ઇંગ્રેજોની કારમાં રહેવા માંગતા હોતો તેઓના સરખા બનો. વિજેરે બહુ તીખા શબ્દોમાં શ્રોતાઓને સંબોધી બધાને વિદાય થતાં પહેલાં યથાશક્તિ ફાળમાં પૈસા ભરવા સ્વામીજીએ સોગન આપ્યા જે બાદ લગભગ દરેક ગૃહસ્થે યથાશક્તી ભરાવ્યું હતું. તેજ સ્થળે રોકડ ફાળો આશરે પા. ૧૦) થયો હતો. તે ઉપરાંત પાંચેક પાઉંડની રકમો નોંધાવાઇ હતી. ત્યાર પછી સભા વિસરજન થઇ હતી.

ટ્રાંસવાલની લડતને લગતા જાણવા લાયક ખબરો

ક્રાંસી ખાતે સીંધ સભાના આશ્રય હેઠળ તા. ૨૭ અકટોબરે મી. દરચંદ રાય વીશનદાસના પ્રમુખપણા નીચે એક સભા મળી હતી, જે વખતે ટ્રાંસવાલની સરકારે કોમ કોમ વચ્ચે દુશ્મનાવટની લાંગણી વધતી જાય તેવી અખત્યાર કરેલી વલણ રાહેનશાહતને મોટું નુકશાન કારક છે એમ જણાવી તે વિષે ઉપાયો લેવા સરકારને અરજ કરનારો તથા ટ્રાંસવાલના ગોરાઓ તથા તેમના માલ ને બોયકોટ કરવા હીંદી સરકારને અરજ કરવાના ઠરાવો થયા હતા.

* * *

ભારત કીરટીકટ એસોસીએશન તરફ થી ટ્રાંસવાલમાં વસતા હીંદીવાનો ઉપર ની હાડમારી સામે ઘંધિ ઉદાવવા ત્યાંના રહીશોની તા. ૪ અકટોબરની સાંજે ડા. સોરાબજી કરામજી કાપડીઆના પ્રમુખ પણા હેઠળ એક જાહેર સભા મળી હતી. મી. અટોલદાસ હરગોવનદાસે ટ્રાંસવાલ સરકારે લીધેલાં પગલાં તથા અંગ્રેજ સત્તાવાળાઓએ કરેલા અન્યાયને વખોડી કાઢનારો ઠરાવ રજુ કરેલો હતો. આ ઠરાવને મી. ઠાકોરલાલ વજીલે ટેકો આપ્યા

પછી તે સરવાનુમતે પાસ થયો હતો. અને એ ઠરાવ ના૦ ગવરનર, વાઇસરોય તથા હીંદી પ્રધાનને મોકલવાનો બીજો એક વધુ ઠરાવ થયો હતો.

* * *

મુંબઇનું 'આરમ પ્રકાશ' ટરાંસવાલની સ્થિતિથી હીંદી પ્રજાને વાકેફ કરનારા એક લાંબા આરટીકલ દરમીયાન લખે છે કે, વળી લે૦ મીંટોએ પણ ઇગ્લંડ ની સરકારને સ્પષ્ટ જણાવી દેવું જોઇએ કે જો વડી સરકાર તરીકે તે વચ્ચે પડીને જે દેશનો હું વાઇસરોય છું તેની રઇયતની વિરૂદ્ધના અન્યાયી કાયદા જો તે રદ નહીં કરે, તો મારૂં વાઇસરોય રહેવું માત્ર મફત પેન્શન આપા જેવા બેર હું ગણું છું અને તેથી કાંઇ નહીં તો સ્વમાન ખાતર પણ મારે રાજીનામું આપીને ઇગ્લંડ ચાલ્યા આવવું પડશે. હીંદીઓ અશાંત અને અસંતુષ્ટ થયા છે એવી ફરીયાદ અમલદારો કરે છે. પણ જો લે૦ મીંટોજ ઉપર સૂચવેલું એકજ પગલું ભરે, તો અમારી ખાત્રી છે કે સરકાર ઉપરની કાંઇ નહીં તો અરધી અપ્રીતિ તો રાજીનામાની ધમકીની ખબર પડતાં વાર ઉતરી જાય! બંગાળના વિભાગ કાઢી નાંખવામાં આવે તો બાકીની પણ નાશ પામે!

* * *

'હીંદી પંચ' જણાવે છે કે, દક્ષીણ આફ્રીકામાં હીંદીઓ ઉપર જે જુલમ જબ્બરી ગુજારવામાં આવે છે તે સામે પ્રોટેસ્ટ કરવાને મુંબઇના ગ્રહેરીઓની એક જાહેર સભા બોલાવવા માટે શેરીફ ઉપર ઘણીક વજ વાળી સહીઓનું એક રેકવીઝીશન મોકલવામાં આવ્યું છે.

* * *

'રીવ્યુ ઓફ રીવ્યુઝ' માસીકના અધિપતિએ લાલા લજપતરાયની મુલાકાત લઇ તમે હીંદુસ્થાનના વાઇસરોય હો તો ત્યાં શું ધોરણ ઉપર રાજ્ય ચલાવો એમ સવાલો પુછ્યા હતા. આ સવાલ જવાબ ના નોંધ તે માસીકના નવેંબર અંકમાં 'હું હીંદનો વાઇસરોય હત તો' એવા મથાળા નીચે બહાર પડી છે. આ 'ઇંટરવ્યુ' દર મીઆન લાલાજીએ જણાવ્યું કે સ્થરાન્ય બોઅરતા કોલોનીઓ ગ્રહેનશાહ ની હીંદી પ્રજાના મનુષ્ય તરીકેના સાધા રણ હક પણ બંધ કરી આજકાલ ગ્રહે નશાહતને તોડવાના જે પગલાં લઇ રહયા છે તે અત્યંત દહેશત ભરેલું છે. નાતાલ લગભગ ૧ હીંદીઓથી જ આબાદ થયું છે. ટરાંસવાલમાં હીંદી ઓ ઉત્તમ મદદ આપી રહયા છે. છતાં ગ્રહેનશાહના રાજ્યમાં મુસાફરી કરવાના તથા વસવાના હકને દાબી દેવામાં આવે છે. ગ્રહેનશાહતને માટે આ સઉથી ગંભીર માં ગંભીર સ્થિતિ પેદા કરનારી વાત છે.

અધિપતિ: તે તમે કેવી રીતે દુર કરો?

લાલાજી: એ મુશ્કેલ સવાલ છે. પણ એટલું તો હું કહી શકું છું કે જો હીંદી ઓને પગથી ઉપર ચાલવા અથવા છુટ થી વેપાર કરવા કે ઓરેંજીઆ અને કેનેડામાં વસવાના હક આપવામાં આવે નહીં તો કેનેડીઅન ઓસ્ટ્રેલીઅન અને સાઉથ આફ્રીકન હીંદુસ્તાનના કારોબાર માં દાખલ થવાની ઉમેદવારી કરવાની પરવાનગી મુદ્દાં આપું નહીં. અને તેમને હીંદુસ્તાનમાં વસવા કે વેપાર કરવાના હક પણ બંધ કરું. જેવાની સાથે તેવા થવું એમ હું માનું છું. અમને તેઓ જે હક આપે તેને અમે તેટલા હક આપશું. પરંતુ અમને કોલોનીમાંથી બાતલ રાખે અને તેઓ હીંદમાં આવી મજેનો શીકાર ખેલી જાય એ તો રાક્ષસી છે તેઓ કેટલીક વખત તો હીંદના કારોબારી ખાતામાં સહુથી મોટામાં મોટા હરજ્જા ની પગથી ભોગવે છે.

રૂટરના તાર સમાચાર

વાનકુંવર (બ્રીટીશ કોલંબીઆ)નો એક તાર ખબર આપે છે કે કેનેડા અને જાપાન વચ્ચે જે સલાહ થઇ હતી તે રદ કરી એશિયાટીકોને કેનેડામાંથી બહાર રાખવાનો ત્યાંની એક માસ મીટીંગે ઠરાવ બહાર પાડયો છે.

પહેલી ટરકીશ પારલામેંટ તા. ૧૭મી એ કોન્સ્ટાંટીનોપલ ખાતે મળી છે. મી. એરકવીથ, મી. બાલફર અને હાઉસ ઓફ કોમન્સના બીજા ૪૫૦ મેંબરોએ આ મેળાવડા ઉપર મુબારકબાદીના તાર મોકલ્યા હતા.

બ્રીટીશ કોલંબીઆથી બ્રીટીશ હાંડરાસ માં મોકલવાના હીંદીઓને હાંડરાસમાં નહીં મોકલવાની ત્યાંના ગવરનરે કોલંબીઆની સરકારને બલભધ્ધ કરી છે. અને તેના કારણમાં જણાવ્યું છે કે આ હીંદીમાંના કોઇ પણ ગરીબી સ્થિતિના છે એમ ગણી શકાય નહીં.

સા. આ. એ. પ્રેસ એજન્સી જણાવે છે કે તુરકસ્તાનના સુલતાન યોગ્ય વખત માં લંડન, પારીસ અને બરલીનની મુસા ફરીએ નીકળશે.

હીંદુસ્થાનમાં અશાંતિ

[તાર સમાચાર]

લંડન, શુક્રવાર.

રૂટર જણાવે છે કે આજરોજ કલકત્તા ખાતે વાઇસરોયની કાઉનસીલમાં ખુની ધુમકેા કરનારાને દાબી દેવા માટે માજી સ્ટેટને વધુ સતા આપનારો કાયદો પાસ કરવામાં આવ્યો હતો. આ કાયદામાં કાઉ નસીલના હીંદી મેંબરોએ પણ સંમતી આપી હતી.

આજની ઇડિઅન કાઉનસીલની બેઠક માં મોરલ મીંટોએ જાહેર કરયું હતું કે આ ખુની અને બહુ ફેલાએલા કાવતરા નો હેતુ અમલદારોના ખુન અને હીંદમાં થી અંગ્રેજી રાજને હાંકી કાઢવાનો છે એમ બળવાખોર તરફથી કબુલ રાખવા માં આવ્યું છે. હું અપીલ કરું છું કે દરેક પ્રજા અને જાતિએ સાથે જોડાઇ આ કાવતરાંનો અંત આણવો ઘટે છે.

લંડન, શનિવાર.

બળવાખોરોને દાબી દેવા માટે માજી સ્ટેટને વધુ સતા આપનારા કાયદાથી હીંદુ સ્તાનમાં રહેતા ગોરા ખુશી થયા છે. પરંતુ ઇગ્લાંડમાં એકસ્ટરીમ રેડીકલ પક્ષ - ના મેંબરોએ તે પગલાંને સખત રીતે વખોડી કાઢયું છે.

એક બંગાળી અઠવાડીક છાપા 'સાંજ બાતી' ના અધિપતિને પકડવામાં આવેલ છે. બંગાળાની કાઉન્સીલના હીંદી મેંબરે તેને જમીન ઉપર ઘોડવવાનો પ્રયત્ન કર્યો, પરંતુ તેની અરજી કબુલ રાખવામાં આવી નહિ. તહોમતદાર એક આગેવાન નેશને લીરટ પક્ષનો છે.

પુરવ બંગાળમાં નેશનેલીરટ પક્ષનો એક આગેવાન, કુમારદત્તને બારીસાલમાં પકડવામાં આવેલ છે અને ત્યાંથી સ્ટીમ લોંચમાં બેસાડી કોઇ અજ્ઞાત જગ્યાએ લઇ જવામાં આવેલ છે. આ બનાવથી કલકત્તામાં ઘણીજ ઉશ્કેરણી ફેલાએલી છે.

'મરકયુરી'નો ખાસ ખબરપત્રી જણાવે છે કે નવા પ્રસાર કરેલા ધારાની રૂએ કેટલીક એસોસીએશન જે બળવાખોરીમાં ખાસ ભાગ લીએ છે તેમની હીંદી સર કાર તરતજ તપાસ લેવાનું શરૂ કરશે. આ નવા કાયદામાં ગુન્હાઓ શોધી કાઢવા સંબંધી કલમ નહીં હોવાથી ગોરા નીરાશ થયા છે.

'લીડર'નો ખાસ ખબરપત્રી જણાવે છે કે સરકારે પારલામેંટમાં યોગ્ય રોજ ઉપર હીંદુસ્થાનને લગતા જે સુધારા કરવાનું

જાહેર કરવું હતું તે લોર્ડ મોરલીની બીમારીને લીધે હાલ મુલતવી રહેલ છે.

લંડન, સોમવાર.

નાગપોર ખાતે મગનારી એકટરીમીસ્ટ પક્ષ તરફની નેશનલ કોંગ્રેસની બેઠક બંધ રાખવામાં આવી છે.

પકડાએલાની તપાસ કરતાં એક મોટાં કાવતરાની ખબરો હાથ લાગી છે.

આ કાવતરાની બધી ગોઠવણ બહુ ખરસ રીતે કરવામાં આવી હોય તેવું જણાય છે તેમાં નાણા તથા હથિયારો હથી બાર મેળાં કરવાનાં જુદાં જુદાં ખાતાંઓ છે. નાણા સંબંધી ગોઠવણ કરનારા ખાતામાં જરૂર જણાએ ઘુંટપાટથી નાણા મેળાં કરવાનો પણ મનસુબો રાખેલો હતો. અને બીજું ખાતું લશ્કરી હથીઆર એકઠા કરવાનું તથા બોંબ બનાવવું કામ કરે છે.

લંડન, મંગળવાર.

બીજા સાત શ્રીમંત નેશનેલીસ્ટને કલ કતા ખાતે પકડવામાં આવ્યા છે. તેઓને દેશપાર કરવામાં આવ્યા છે.

'લીડર'નો ખબરપત્રી નેશનેલીસ્ટ આગેવાનો પકડાયા છે તેમાં બારીસાલના તાજવગરના રાજા મણાતા એક લક્ષાધી પતી બાલુ મલેક દત્ત પણ સામેલ છે.

હીંદના મામલાથી ઇડીઆ ઓફીસ ગંભીર વિચારમાં પડી ગઇ છે.

સા. આ. એ. પ્રેસ એજંસી જણાવે છે કે હીંદમાં નવા કાયદાની રૂએ જે પકડાપકડી તથા દેશપારની સજા ચાલી રહી છે તે વિષે હાઉસ ઓફ કોમન્સમાં વડા પ્રધાન મી. એસ્કવીથને આજે (ભંગ ળવારે) ઢગલાબંધ સવાલો પુંછવામાં આવ્યા છે. તેનો જવાબમાં તેણે સત્વરી હકીકત ટુંક મુદતમાં જાહેર કરવાનું વચન આપ્યું છે.

રાજપ્રકરણની ચાલુ હીલચાલ સંબંધી આપણા પુરવ બંગાળમાં સંખ્યાબંધ શાખા ઓ બંગાળા આસપાસની પુરવે હોવાના ખબરો મળ્યા છે.

લંડન, ગુરવાર.

હાઉસ ઓફ લોરડસની બેઠકમાં લોરડ મોરલીએ હીંદના મામલા વિષે એક કલાક સુધી ભાષણ આપ્યું. તેણે હીંદના મોડરેટ પક્ષને ખાસ અપીલ કરી જણાવ્યું કે પોતે બળવાથી નથી ડરતા પણ હાલના ખુનખાર મામલાથી ઘણી ભયંકર અસર થશે એમ જાહેર કરે છે. વાઇસરોયે લીધેલાં પગલાં બરોબર છે. લોર્ડ મોરલી એ સુધારા કરવાની એક મોટી યોજના ઘડી છે. આ યોજના મુજબ છલાકાની કાઉનસીલમાં ચુંટાએલા તથા નીમણુક કરવામાં આવેલા મેમ્બરોને, તથા વાઇસ રોયની પ્રલાકાની કારોબારી કાંઉસીલમાં પણ એક હીંદી મેમ્બર દાખલ કરવાનું જાહેર કરવામાં આવ્યું છે.

દીકરાની બાપને હીંમત

મી. હુસેનમીંયાએ મી. દાઉદ મહમદને કાગળ લખ્યો છે તેમાંથી નીચે પ્રમાણે ઉતારો અમે લઇએ છીએ:—

આપના જેલ જવાના સમાચાર મેં વધાવી લીધિલ અને તેને માટે ખુશાલી બતાવવા મેં શેઠ અબદુલ કાદર, દાદા શેઠ, વીગેરે સાહેબો ઉપર કાગળ લખેલ. હું એમ ધારતો હતો કે થોડા દિવસમાં સમાધાની થઇ જશે. પણ બધું મારા દીલમાં રહી ગયું, અને એ જુલમગાર અંગ્રેજોએ ઉપરથી મારો વીચાર ઉઠી ગયો. આપના જેલ ગયા પછી બે વખતે ડેપ્યુટેશન (જેમાં મોટા મોટા ઉમરાવો હતા.) લોર્ડ કરઝનને મળવા ગએલ. અને વખતે લોર્ડ કરઝને અંગ્રેજી પોલીસી વાપરી હતી. એટલે મીઠા શબ્દો વાપર્યા હતા. પણ તેમાંનું કાંઇજ નથી થયું. કરનલ સીલીએ આજે બે વીક ઉપર કહ્યું હતું કે જે હીંદીઓ કોલોની માં એક વખતે દાખલ થયા તો તેઓના હકો આપણા જોઇએ અને તેઓની સાથે ન્યાયથી વરતવું જોઇએ. અને આજે તેજ જુઠા સાહેબ કહે છે કે, નહીં, જનરલ બોથાની પોલીસી ખરી છે. હીંદીઓને કાઢવાજ જોઇએ. એ મારા વહાલા ભાવાજી, હવે હું એ અંગ્રેજોને જુઠા સીવાય બીજું શું કહું ! પાર્લામેંટ માં આવું જુઠું બોલી મેંબરોને ભમાવે છે. જે રાજમાં આવું અંધેર ચાલે તે રાજની પડતી દશાની આ નીશાનીઓ છે. જે રાજમાં દગો, અન્યાય, અને જુલમનો ઉપયોગ થાય છે તે રાજના દીવસ ગણવા નો વખત આવ્યો એ ઇતીહાસ આપણ ને બતાવે છે. ઇગ્રેજો આપણી બેમુલ કુજત ઉપર હાથ નાખવા માંગે છે. પણ મારા વહાલા હીંદીઓ એમ નહીં બવાદે એમ મારા દીલમાં કોતરાએલ છે. મહાન ખુદા તે જાલીમોને નાબુદ કરનાર કહે છે કે

"અબ જાલીમ આપ સબ મુજપાસ ફરીયાદ,
અગર તુમપર કરે કોઇ જુલમ બે દાદ;
કરું મજલુમકા મેં દસ્ત ગીરી,
કરું મેં જાલીમોકા ખારોબરબાદ."

અત્યારે આપણો આવો મોટો દસ્ત ગીરી કરનારો હોય તો પછી શું કામ પાછળ હટવું ? નહીં, મને ઉમેદ છે કે મારા હીંદીઓ તે મહાન ધણી ઉપર ભરોસો રાખી છેવટ સુધી લડશે. મને એમ લાગે છે કે વખતે આપને ફરી પાછું જેલ જવું પડશે. હું તો દુવા માગું છું. કે એટલા વખતમાં સુલેહ થઇ જશે. છતાં જો જેલ જવાનું થાય તો તે પાક ખુદા ઉપર ભરોસો રાખી જેલ મહેલમાં ખુશીથી જજો. તે સમાચાર પણ હું વધાવી લઇશ. છેવટ સુધી લડજો. તેમજ દરેક મારા વહાલા હીંદીઓ તયાર હશે એમ હું માનું છું. તે વહાલી માતૃ ભુમીનો સીતારો આપ વહાલાઓની જીતથી બુલંદ થશે. ફરી પાછું લખું છું કે છેવટ સુધી લડજો અને એ દગલબાજ અંગ્રેજોને બતાવી આપજો કે એ લોક આપણને ગુલામ બનાવવા માગે છે તે એ લોકોના મગજમાંથી કાઢી નાખે.

ચરખા પત્ર

:o:

અમારા અરજદારોને નીચેના નીયમો યાદ રાખશે તો તેઓના પત્રો ઉપર તુરત ધ્યાન મળવાનો સંભવ છે.

૧. કાગળની એકજ બાજુએ લખવું.

૨. અક્ષર ચોખા સાફીથી લખવા.

૩. નામ તથા ઠેકાણું બરોબર લખવાં તે હમેશાં અહાર પાડવા સારૂં નહિ, પણ અમારી અનુને સારૂં.

૪. મંગળવારની સાંજ સુધીમાં મળેલ લખાણો તેજ અઠવાડીયામાં દાખલ કરી શકાશે.

૫. રહ કરેલાં અરજદારો અથવા રાજદ્વારી અમના લખનારાઓને પત્રો પોસ્ટથી આપવાને અમે બંધાતા નથી

૬. લખાણ હમેશાં ટુંકું અને ટાઇપર કરવું.—અધિપતિ.

અરજદારીઓને જવાબ

મી. હાફેજ હુસેન મહમદ બદાત—તમે જે છાપામાં સવાલ પુછેલો છે તેની મારફત જવાબ માગવો ઘટે છે.

મેસરસ રામજી કુંવરજી અબરસ—તમારી ફરિયાદ તે છાપાવાળા પોતાને કરો.

દુકાનો બંધ કરવા વિષે

ટે. ધ. એો. ના અધિપતિ જોગ,

નવા વરસમાં ૧લી અને ૨જી તારીખે દુકાન બંધ રાખવી કે કેમ આજ દિવસ ! કેટલાક ભાઇઓ ૧લી અને ૨જી બે દિવસ દુકાનબંધ રાખવા કહે છે અને કેટલાક એકજ દિવસ કહે છે માટે ખરૂં શું છે તે આપના પેપર મારફત જણાવી આભારી કરશો.

ચાર્લ્સટાઉન, તા. ૯-૧૨-૦૮.

લી. અહમદ ઇસાક.

[બાબદો એમ છે કે એક દિવસ દુકાન બંધ કરવી પણ ઝાઝા લોકો બે દિવસ દુકાન બંધ કરે છે તેને લઇને કેટલાક હીંદી વેપારી પણ બે દિવસ દુકાન બંધ રાખે છે. અ. ધ. એો.]

પરચુરણ ચરચા

કેપટાઉનથી મી. વલી મહમદ લખે છે કે હું ટરાંસવાલના બહાદુર ભાઇઓને જેલ જવા માટે મુબારકબી આપું છું અને હવે કેલીની ઘડી સાચવવા વિનંતિ કરું છું. કેલો સમય કયારે હોય છે તે જે સાચવે છે તેની મુરાદ હાંસિલ જરૂરથી પાર પાડે છે.

ટોંગાટથી એક લખનાર જણાવે છે કે જેવી રીતે ડરબનમાં આપણું હીંદી વેપારી મંડળ રચવામાં આવેલું છે તેવી રીતે અહીંઆ પણ એક કમીટી થવી જોઇએ. કમીટી થએથી આપણને બહુ ફાયદો થશે. અને ભવિષ્યમાં આપણને બહુ લાભ થશે તો અમારા ટોંગાટના માનવંતા ઇડિયન મરચંટો ધ્યાનમાં લઇ એ કામ જલદીથી હાથમાં લેશે એવી ઉમેદ છે.

એક ખબરપત્રી જણાવે છે કે જોહાન્સ બરગના કેટલ મરચંટોએ સી. એસ. એ. આર. ની ગુડસ ઓફીસમાં એક જગ્યાએ "કુલી" એ શબ્દલખાણી ટીકેટ લાંબો વખત સુધી ચોડવામાં આવી હતી તેને માટે જોહાન્સબરગ "વ્હાઇટ ટ્રેડર્સ મેનેજર" ઉપર કુલી શબ્દ નાબુત કરી અને તેને બદલે ઇડિયન અગર ઓરિયાટીકસ શબ્દ ઓળખાણને માટે રાખવા તા. ૬ ડીસેમ્બર એક અરજ કરી હતી. પરિણામ એ આવ્યું કે 'કુલી' શબ્દ કાઢી નાંખ્યો 'ઇડીઅન્સ'ની ટીકીટ ચોટાડી છે. આજ કાલ ઇડિયનો સરકારની ભુલો સામે ટકર લેવા મંડી પડયા છે. અને તેમાં ફતેહ પણ પામે છે.

પરચુરણ ખબર પત્રો

[આ કોલમમાં અમે દક્ષિણ આફ્રિકાના તમામ ભાગના ખબરપત્રો દાખલ કરીએછીએ. ખબરેા સાફ અક્ષરે અને જેમ બને તેમ ટૂંકામાં મુદ્દાસર લખેલ હશે તેને દાખલ કરવાની પહેલી તક મળશે. અ. ધ. એો.]

રૂસ્તનબરગ, તા. ૬ ડીસેંબર.

ઇડિઅન યુનાઇટેડ એસેંબલીની મીટીંગ ઠરાવ મુજબ આજરોજ મળી હતી. પ્રમુખ સ્થાને મી. હાજી સુલેમાન હાજા હીમ બીરાજ્યા હતા. સેક્રેટરી મી. ભખારી આએ ગઇ મીટીંગનો રીપોરટ વાંચી સંભળાવ્યો. પ્રમુખે ભાષણ કરતાં જણાવ્યું કે આપણા ભાઇઓનો જે દંડ થયો છે તેનો માલ તા. ૧૨ મીએ હરાજ થશે તે વખતે આપણે જાતે રહી માલ ખરીદી લેવો કે જેથી આપણા ભાઇઓ વધુ દુઃખ સાનીમાં નહીં ઉતરે. તા. ૯ મીએ આપણી હમીદીયા સેાસાયટીના પ્રમુખ તથા તા. ૧૨ મીએ આપણી હેડ ઓફીસના માનવંતા સેક્રેટરી મી. ગાંધી છુટશે તેમને મુબારક બાદીનો તાર કરવા. બાદ એકસંપ થવા ઉપર વિવેચન કરવું હતું. સેક્રેટરી મી. ભખારીઆએ મારફીક શી હજુ કેટલીક જગ્યાએથી આવી નથી તેમને જલદી આપી દેવા ભલામણ કરી તથા માનવંતા પ્રમુખ મી. હાજી સુલેમાન ભાયાતે જિ. ઇ. એસોસીએશન ફંડમાં પૌંડ ૨૫ની રકમ આપી તેવી રીતે ઉપરાણામાં સહુ ભાઇઓને ઉત્સાહ ભર્યો ભાગ લેવાની વિનંતી કરી. બાદ ટરેઝરર મી. ઝેાટુ ભાઇએ હીંદુસ્થાનથી લડતને બળતી મદદ વિષે વીવેચન કરવું અને ઇ. ઓપિનીઅન માંથી એક હીંદુ બેન તરફનું લખાયેલ કવીત વાંચી સંભળાવ્યું, જે ઉપર સભા ની બરોબર નજર દોરાઇ હતી. અને એકમત રહેવા ભલામણ કરી હતી. બાદ મી. ઇસ્માઇલ જુમા, મી. સુલેમાન નુર મહમદે આભારો આપ્યા હતા. મેસરસ સુલેમાન નવલખી તથા એ. એચ. જુલ બુલીઆએ ડીસેંબર સુધીની ફી ભરી હતી. બાદ પાણી લઇ આવતી મીટીંગ બકરી ઇદને મુબારક દીને મળવાનો ઠરાવ કરી સભા વીસરજન થઇ હતી. અને સાર બાદ પ્રેમુખે ના૦ સુલતાનની બક્ષી દુવા ચાલી હતી.

ચાલુ વરતમાન

'મરકયુરી'નો ખબરપત્રી જણાવે છે કે ક્રીસ્તિ માસના તહેવારો આવવાથી કનવે નશનની બેઠક ગુરવારે જનેવરીની તા. ૧૧ સુધી મુલતવી રહી છે. કેલેાનીમેાની પારલામેંટ માર્ચ મહિના સુધી મુલતવી રહેવાનો સંભવ છે.

તા. ૨૫ ડીસેંબર, ગુરવાર જાહેર તહેવાર હોવાથી તે દિવસે સઘળી દુકાનો બંધ રહેશે. નાતાલના દુકાન બંધ કરવાના કાયદા મુજબ તા. ૨૨ ડીસેંબર મંગળવારથી ૩૧ ડીસેંબર સુધીના દિવસોમાં દુકાનો આખો દિવસ ખુલી રહેશે. તા. ૨૬નો દિવસ બોકસીંગડે કહેવાય છે. આ દિવસ ફેર, ઓરેંજરીવર, રોડેશીઆ તથા ટરાંસવાલમાં જાહેર તહેવાર તરીકે પાળવામાં આવે છે.

'મરકયુરી' ટાઉન કાઉન્સીલ તરફથી જણાવે છે કે આજે (શનીવારે) રીટેલ દુકાનો રાતના ૧૦ વાગ્યા સુધી ખુલી રાખી શકાશે.

સ્ટીમર અમચોબોસી તા. ૧૬ ડીસેંબર મુંબઇ પહોંચી ગઇ છે.

સ્વામીશ્રી શંકરાનંદ આજરોજ સ્ટેંગર જીપડી જશે ત્યાં આવતી કાલે, રવીવારે, બજ રીથી થવાની છે. ત્યાં આશરે બેએક દિવસ રોકાઇ વળતી વખતે ટોંગાટ ઉતરવાનું સંભળાયું છે અને ત્યાંથી આવતે શનિવારે વેડલમ આવશે, તે બંને જગ્યા એ વહ વીધી થવાની છે. તથા સ્વામીજી ધરમને લગતો બોધ આપશે.

'કોલોનીઅલ બોરન મહારાજ'ની સભા થી એક ખબરપત્રી 'એડવરટાઇઝર' છાપા માં લખે છે કે આપા નાતાલના હીંદીઓ માં એવી વાત ચાલી રહી છે કે ટોંગાટ માં શેરડીના કારખાનાની એક કોટડીમાં એક હીંદી બોરતે થોડા વખત ઉપર એક બાળકને જન્મ આપ્યો છે. આ બાળક તરતજ માણસના આકારનો થઇ ગયો અને તેણે જાહેર કરયું કે હું હીંદીઓના દુઃખ દુર કરવાને આવેલો છું. 'એડવરટાઇઝર' છાપું જણાવે છે કે આ ખબરની અમે નોંધજ નહીં લેત, પરંતુ ખબરપત્રી જણાવે છે કે આ વિચીત્ર છોકરો ગ્રેટકેટર તથા ગવરનરની મુલાકાત લેવાની પણ ગોઠવણ કરી છે. અમે (એડવરટાઇઝરના

અધિપતીઓ) પ્રોટેક્ટરની મુલાકાત લીધી હતી. પણ તે આ વિષે કાંઇ પણ જાણતા નથી એવું જણાવે છે. પરંતુ આ સમાચારથી આશ્ચર્ય પામી તપાસ કરવાને ટોંગાટ એક માણસ તેણે મોકલેલ છે.

વોક્સરસ્ટથી એક લખનાર જણાવે છે કે ગયા અંકમાં ૮૨૯ પાનાના બીજા કોલમ ની પાંચમી લીટીમાં 'ભીખાની' જગ્યાએ 'તીખા' (આમદ ગુલામ તીખા) વાંચશો.

ડરબન

[અમારા પ્રતીનીધી તરફથી]

ઇન્ડીઅન પબ્લીક લાઇબ્રેરી.

ગુરુવારની રાત્રે સ્વામીજીના જાપાનુને અને લાઇબ્રેરીના ફંડમાં જે રકમ એકઠી થઇ છે તેમાં બહારથી ઉમેરો થાય તો લાઇબ્રેરી પાછી જીવતી થાય એટલું જ નહીં પણ ઘણા સારા પાયા પર તેને લાવી શકાય. આગળની અગવડતાનો અનુભવ મળવાથી હવે તેને બરોબર હાથ ધરવામાં આવશે તો આવું પબ્લીક ઇન્સ્ટી ટ્યુશન કોમની આબરૂમાં ઉમેરો કરશે તેમાં શક નથી. પોતાની સ્કુલ બનાવવા તું મહાન કામ હીંદીઓની નજર આગળ હોવું જોઇએ. અને તેવું એક કામ ઉપાડવા પહેલાં તે કોમને પોતાની કસોટી કરી ખાતરી કરવાની છે કે તે તેવું કામ પાર ઉતારવા શક્તિ ધરે છે કે નહીં. આવી કસોટીમાંથી પાર ઉતરવા હીંદીઓના હાથમાં લાઇબ્રેરીનું કામ આવ્યું છે. એટલે પોતાની શક્તિનું માપ કરવાનો હીંદીઓને અવસર મળ્યો છે.

ઇંડિઅન ચેમ્બર ઓફ કોમર્સ

ઇંડિઅન ચેમ્બર ઓફ કોમરસ જે હાલમાં ડરબનમાં સ્થપાએલ છે તેના આજેવાન મેમ્બરો વધારવાને તથા તેના ધારા બરાબર અમલમાં આવે છે કે નહીં તે જોવા બેઠો કામ કરી રહ્યા છે. આમ બંધારણથી મહેનત થતી રહેશે તો તેનાં મીઠાં ફળ હીંદીઓ થોડા દીવસમાં ચાખશે એમાં કાંઇ નવાઇ નથી.

કોરપોરેશનની સખ્તાઇ

ડરબન કોરપોરેશનમાંથી જુના હીંદી કામદારોને કમતી કરી તેની જગ્યાઓ ગોરાઓ વડે પુરવામાં આવે છે. તે એટલે સુધી કે ડરબન કોરપોરેશન સ્ટોનયાર્ડમાં પથરા ભાંગવામાં પણ હીંદી ઓની જગ્યાએ ગોરાઓ જોવામાં આવે છે. હાલમાં ડરબનના જાણીતા સુચીત મહારાજ જેઓ કેટલાએક વરસો થયાં કોરપોરેશન સ્ટોરમાં કામ કરતા હતા તેમને પણ રજા આપવામાં આવી છે. સુચીત મહારાજ બે ત્રણ રોજમાં હીંદુસ્થાન ઉપડી જવા ધારણા રાખે છે.

નવા વર્ષનો ભેટ

અમારી નવા વરસની ડાયરી તયાર થયા આવી છે. પાકા પુઠાની ૨૨૦ પાનાની સુંદર ડાયરી ભેટ આપવાની છે. જેમણે ડીસેંબર ૧૯૦૮ સુધી લવાજમ ભરેલું છે અથવા હવે પછી જેઓ ૧૨ મહિનાનું લવાજમ આંગપર ભરી નવા ગ્રાહક થશે તેમનેજ આ ભેટ મળશે. તેથી લવાજમ મોકલવું એમાં ગ્રાહકોને લાભ છે.

નાતાલમાં નવા વરસથી લવાજમ એક વરસનું શી. ૧૫/- છે. બીજે કોઇપણ ઠેકાણે શી. ૧૭/- છે.

સ્ટીમરના ખબરો

સ્ટીમર વીરટોરીયા મારફત સીલોન અને હીંદુસ્થાનની ટપાલ આજરોજ ૯-૩૦ ગીનીટે બંધ થશે.

સ્ટીમર અમલાજી મારફત કલકત્તાની અને સ્ટીમર અમરીગા મારફત મુંબઇની ટપાલ તા. ૩૦ ડીસેમ્બરના અરસામાં બંધ થશે.

શ્રી. ઇ. એ. ફંડ

—:o:—

ત્રાંસવાલ શ્રી. ઇ. એસોસીએશનને મદદ કરવા ન્યાસાલેંડમાં ભરાએલા પૈસા ની ટીપ.

	પા.	શી.	પે.
મી. વી. એન. રેલે,	૨	૦	૦
,, ર	૧	૧	૦
,, સી. એન. વાદી વાળા	૧	૧	૦
,, એ. જે. ટરનર	૧	૦	૦
ડા. એ. એન. જોશી	૧	૦	૦
ડા. પી. ડી. જલા	૧	૦	૦
મી. હાજી તુરમહમદ હાસમ	૨	૦	૦
,, મહમદ હાજી કાસમની કુ.	૧	૦	૦
,, હાજી આન મહમદ મુસાક	૧	૦	૦
,, કેલાશમ	૧	૦	૦
,, સાલેહ મહમદ આદમ	૦	૧૦	૦
,, અબદુલ કરીમ આદમ	૦	૧૦	૦
,, મવલા મક્ષ	૦	૧૦	૦
,, જલાલુદીન	૦	૧૦	૦
,, અબાસ મુસુફ	૦	૧૦	૦
,, અલી મહમદ હાજી ઓસમાન	૦	૧૦	૦
,, સીકંદરખાન	૧	૦	૦
,, જે. એલેક્સ	૦	૧૦	૬
,, કરમંદ અલીશાહ	૦	૧૦	૦
,, સી. સીમસર્ટસ	૦	૧૦	૦
,, વલી મહમદ જુસફ	૦	૧૦	૦
,, આદમ જમાલ	૧	૦	૦
,, ઇદીઆસ હુસફ	૦	૧૦	૦
,, આરબી તારમહમદ	૦	૧૨	૬
,, ઇબ્રાહીમ અબદુલ કરીમ	૦	૧૨	૬
,, અહમદ હાસમ	૦	૧૦	૦
,, વલી મહમદ ઇસ્માઇલ	૦	૫	૦
,, ઓસમાન ખમીસા (રોડેસીયા-ફેારટ જેમીસન વાળા)	૦	૧૦	૦
મી. વલી મહમદ ઇસ્માઇલ	૦	૫	૦
,, જી. દેસાઇ	૦	૫	૦
,, કરીમ રહેમતલા	૦	૫	૦
,, મુસા અબદુલ સતીક	૦	૫	૦
,, મુસા સુલેમાન	૦	૫	૩
,, તઇબ્બ ગુરાક	૦	૫	૦
,, અમીરહબાખાન	૦	૫	૦
,, નીરથરામ	૦	૫	૦
,, એ. જે. ડીકોસ્ટા	૦	૫	૦
,, એ. એફ. ડાવસ	૦	૫	૦
,, બાપાલાલ	૦	૨૫	૦
,, પીરા દાતા	૦	૫	૦
,, હુસેન હાસમ	૦	૨	૬
,, તુરમહમદ તારમહમદ	૦	૨	૬
,, દાઉદ ઉમર	૦	૧	૩
,, અહમદ હુસફ	૦	૧	૩
,, બનારામ	૦	૨	૦
,, નારાયનદાસ	૦	૨	૦
,, પંડીતરામ	૦	૨	૦
,, હયાતખાન	૦	૫	૦
પાઉન્ડ.	૨૪	૬૬	૩
,, ડી.આર. પળસુલે	૧	૧	૦
,, અબદુલકાદર	૦	૫	૦
કુલ—	૨૬	૨	૩
પોસ્ટ ઓફીસનો ખરચો બીજો	૦	૬	૬
કુલ.	૨૫	૧૫	૬

કેપટાઉનમાંથી ઇંડિઅન ઓપિનિઅનની છુટક નકલ (કીંમત ૪ પેની) તાંના અમારા એજંટ મેસરસ પુદુમજી ખપર્શે (કિનર ન્યુઝ એજંટ અને પાર્લામેંટ ઓફીસ) ને ત્યાંથી દર જાવાડીએ મળશે.

ચાવલ.

(ભાડાગાડકર)

આપ કરે ૧૬૫ રતલના બરતામે પી. ૧૮/–થી૨૦/– ખરીદી કેમ મોટી તેમ ભાવ સસ્તા

નાના અથવા અહિંતા વેપારીઓને ઉધાર. બીજે ઠેકાણેથી ખરીદયા પહેલાં અમારો સાગ્રહ અને ભાવ તપાસજો.

COLONIAL SHIPPING Co. LIMITED

P.O. BOX 761 DURBAN.

A. A. RAHEMAN,

GENERAL MERCHANT AND DIRECT IMPORTER OF INDIAN GOODS,

Stand 641, 21st Street, VREDEDORP,

Box 3040, JOHANNESBURG.

EBRAHIM CAMROODEEN,

GENERAL MERCHANT.

Natal Leaf Tobacco a Speciality.

118 CRAY STREET, (Camroodeen's Buildings)

Tel. Add:- "AJMERE." Durban.

M. A. Karodia & Co.,

GENERAL MERCHANTS

Dealers in all kinds of Indian Groceries & Soft Goods. Box 3598.

61 Market Street

JOHANNESBURG.

A. A. PILLAY,

Wholesale Fruit & Produce Dealer and Commission Agent

Box 1353

49 President St., Johannesburg.

THE IMPERIAL CIGAR Manufactoring & Trading Co.,

Large stocks of the best brands of Cigars and Cheroots always on hand.

Telephone 387. Tel. add: "CHEROOT"

Star Buildings Umgeni Road,

DURBAN.

M. E NAGDEE & Co.,

General Merchants & Direct Importers,

Wholesale & Retail.

માલ, બુટ અને મજાણ ગોદા બનાવી સપ્લાય આપે છે.

Head Office: Box 5, WARMBATHS, and at NYLSTROOM.

ઈ. ઈ. ઝવેરબાઈ

૨૨ મી સ્ટ્રીટ, મલાય લોકેશન.

ગોલ્ડ રશ્ટ ગોહાન્સબર્ગ.

B. K. PATEL,

Fruit Merchant & Commission Agent.

28, PRESIDENT STREET,

P.O. Box 5250,

JOHANNESBURG.

ભવાન કાનજી પટેલ.

ફ્રૂટ મરચન્ટ એન્ડ કમીશન એજંટ.

૨૮ પ્રેસીડન્સ સ્ટ્રીટ.

પી. ઓ. બોક્સ, ૫૨૫૦

જોહાન્સબર્ગ.

મેાપારામ વાન,

Mattress Maker, Wholesale Importer, Dealer in Bedsteads, Coir Tickings, Mattress Cases, Feather Pillows,

3 Market St. (West), Box 6028, JOHANNESBURG

BOOKAR LAXMIDAS,

TAILOR & OUTFITTER.

ઓરડર મુજબ સુટ બનાવી આપવામાં આવે છે.

23 & 25 Market St., JOHANNESBURG

નાગરદાસ હરી સેાની

દરેક ૨૬મના સેાના ચાંદીના ચશ્મા દાગીના બનાવનાર.

ઓ. વા. ૨૪૪–૨૪૫ એડિંગટોન બ્લાક,

ટ્રાન્સવાલ: બુઅર સ્ટ્રીટ. P.O. Box 280 Pretoria

V. BROS.,

TAILORS AND OUTFITTERS,

Stand No. 6, BOKSBURG LOCATION

P.O. Box 77.

ઓરડર મુજબ સુટ બનાવી આપવામાં આવેછે.

Suits Made to Order. Moderate Prices Patterns of Latest Fashioned Cloth can be seen and supplied to order. Old Suits well repaired.

N. KALIDAS & CO.,

TAILORS AND OUTFITTERS.

ઓરડર મુજબ સુટ બનાવી આપવામાં આવે છે.

36 MARKET STREET,

BRANCH: 147 MARKET STREET. Johannesburg

Mehta & Khanderia Bros.,

MERCHANTS & IMPORTERS

Market St., and at Spelonken,

Tel. add. "KHANDERIA." Box 160

PIETERSBURG.

RATANJI RUGNATH,

TAILOR and OUTFITTER.

ઓરડર મુજબ સુટ બનાવી આપવામાં આવે છે.

87 MARKET STREET,

JOHANNESBURG

HORMAJGY IDOLGY,

DIRECT IMPORTER

—AND—

GENERAL MERCHANT

P.O. Box, 312, LOURENCO MARQUES.



164 Grey Street

Durban.

SUN CIGARS, SUMATRA CHEROOTS

. . BOER TOBACCO . .

VIRGINIA TOBACCO, SNAG, &c.

At Lowest Wholesale Prices.

Box 88. Tel. Address: "Forbrander"

Telephone 864.

સસ્તો અને ઉમદા માલ.

કાળ સીગારેટ, સુમાત્રા ચીરૂટ બિડ વગ બનીઆ કેમ વગેરે બનવી દમાઉ ચીજો બનાવી મળશે.

સન બ્રાન્ડ ટોબેકો વર્કસ.

૧૬૪ ગ્રે સ્ટ્રીટ, ડરબન.

દેશી ભીડાઈ.

સારી અને સસ્તી, ગેરન્ટી ૧૦ વર્ષ.

કે. છગન,

૧૬૦ એ ગ્રે સ્ટ્રીટ, ડરબન.

Ismail Amod Kajee,

GENERAL MERCHANT & DEALER

Market Square, P.O. Box 11,

KRUGERSDORP.

COOLAM MOHIDEEN,

GENERAL MERCHANT

P.O. Box 3755

2 Crown Road, Fordsburg.

JOHANNESBURG.

Yrajdas & Lalchand,

GENERAL MERCHANTS

Importers & Commission Agents,

Wholesale and Retail

P.O. Box 92. Lourenco Marques

A. M BHYAT,

Wholesale & Retail Merchant,

Market Street, Box 35,

HEIDELBERG.

Branches:— Pietersburg, Box 24.

Nigel, Box 43

Tel. Address: "BHYAT"

V. G. MAHARAJ,

Indian Silk Merchant and Direct Importer,

Corner of PRESIDENT and VON BRANDIS STREETS.

Between Eloff and Von Brandis Streets. 3 doors from Store Bros.,

P.O. Box 4109. Tel. Add: "MAHARAJ"

JOHANNESBURG.

M. E. SEEDAT,

General Merchant and Produce Agent.

Branch: INGOGO.

Tel. Add: "SEEDAT."

Box 7, NEWCASTLE.

BEATLEY & COMPANY.

REGISTERED

"BEE"  BRAND.

TRADE MARK.

વરાઇ રાજી થાય એ દુકાનની સરસમાં સરસ જાહેર ખબર. "Bee" મારકા વાળો માલ સંતોષ આપવા માટેજ બનાવવામાં આવે છે.

DURBAN:
1007 SMITH STREET,
P.O. BOX 393

Telegrams: "BEETLE."

JOHANNESBURG.
159 MARKET STREET.
P.O. BOX 12

A. E. CHOTABHAI,

MERCHANT.

P.O. Box 33,

KRUGERSDORP.

G. H. MIANKHAN & Co.,

General Merchants & Direct Importers,

Oldest Established Native Goods Merchants.

NATIVE CURIOS MANUFACTURED ON THE PREMISES.

ALSO ESTATE OWNERS,

HOUSES. OFFICES SHOPS &C. TO LET.

APPLY—

124 & 126 FIELD STREET.

P.O. Box 97. Tel Address: "MIANKHAN," Durban Telephone No. 856

રૂટરના તારના કંપની, લીમીટેડ.

હિંદુસ્થાન તથા યુરોપ આદેના તારના સસ્તા દર.

રૂટરની કંપની દરેકપણ દેશોને માટે હિંદુસ્થાન, બ્રહ્મદેશ, યુરોપ, ઓસ્ટ્રેલેશિયા અને અમેરિકા તાર મોકલી શકે છે. નિકમીત પ્રકારને દર ઘણોજ ઓછા રીતે આપવામાં આવે છે.

રૂટરની કંપની તાર અથવા ટપાલથી દુનિયાના કોઈપણ ગામપર પૈસા મોકલી શકે છે.

રૂટરની કંપની તાર મોકલનાર તથા લેનાર બન્નેના સરનામા રજીસ્ટર કરે છે. આ રજીસ્ટર નામને માટે કોઇપણ પાસના લેનારમાં નથી આવતા. રૂટરની આસ કોઇ ખુબ છે તે કોઇ રીતે સપુરણ છે. આવી રીતે નામ રજીસ્ટર કરાવી કોઇ ગામોમાં તાર લેના તથા મોકલવાની પણ સરલે કરે કામ ઉકેલી શકાય છે.

તમારી ચેંબરે જે વાજબી ધિરજ અખતીઆર કીધું છે તે માટે મારી કમીટી આભાર માને છે. આપને એક તરફી સદ્ગત ભરેલા ખબરોને આધારે જ આપને હીંદીઓ માટે લાગણી થઇ આવેલી જણાય છે. આ કાગળમાં ખરી બીના જણાવવાનો પ્રયત્ન છે. કોઇપણ હકદાર એશિયાટીકને કાઢી મુકવાની સરકારે ઇચ્છા નથી. છતાં અમારો મજબુત અભિપ્રાય છે કે દરેક એશિયાટીક અસર કારક રીતે રજીસ્ટર થવો જોઇએ, અને ટ્રાંસવાલના ગોરાના લાભને ખાતર બધા એશિયાટીકને માટે ખુલ્લા બારણા રાખી શકાય નહિ.

એશિયાટીકોએ કાયદા સામે લડત ચાલુ કીધી છે તેથી તેમજ ટ્રાંસવાલના બધા ગોરાઓના ચોખા આગ્રહની સામે થવાની તેમનીહદને લીધે મારી ચેંબર વચ્ચે પડી શકતી નથી તેથી દિલગીર છે.

જ્યાંસુધી એશિયાટીકો કાયદાને અનુસ રીને વરતે નહીં અને પોતાના આ કરી લીધેલા દેશમાં શાંતિથી રહેવાનું પસંદ કરે નહીં ત્યાંસુધી તેમને માટે કાયદામાં કંઇપણ ફેરફાર થાય એવી એશિયાટીકોએ આશા રાખવી નહિ.

ઇમીગ્રેશન ઓફીસનો જુલમ

બંદર ઉપર તકલીફ

ડરબનથી એક 'યુવાનમુસલમાન' અમને નીચે મુજબ લખી જણાવે છે: ડરબનની ઇમીગ્રેશન રીસ્ટ્રીકશન ઓફીસ ગરીબ હીંદીના ઉપર જુલમ ગુજારતા જરા પણ અચકાતી નથી. તે અત્રેની હીંદી કોમ જાણતાં છતાં તેના સામે એક શબ્દ પણ બોલી શકતી નથી. છેલ્લાં એક વરસ થયા દિનપર દિન નવા નવા જુલમ વધ તાજ જાય છે. મીનસીપાલ હેરી સ્મીથ હીંદી પ્રત્યે દીલસોજ હોવાનો ડોળ ધાલી બેઠા છે. તે પોતાના ડીપાર્ટમેન્ટમાં પુરા લાભ સત્તા ચાલી રહી છે તે મુજબ મોટે ભાગે કરે છે. તે ઉપરથી એમજ જણાય છે કે કોલોનીના અમલદારો ના હાથમાં તે પુતળાની જેમ નાચ્યા કરે છે, અથવા આપખુદ જુલમી સત્તા પસંદ કરનારા છે. ઉઘાડે છોગે સદરહુ ઓફીસ કેર વરતાયી રહી છે. અફસોસ છે કે આવા અંધેરની સામે આપણે કંઇ નથી કરી શકતા, મુંગે મોઢે જુલમ સહન કરી રીબાયા કરીએ છીએ.

સદરહુ ઓફીસમાં લગભગ વરસ થયા એરીડેવીટમાં બેઉ હાથના અંગુઠાની છાપ લીએ છે. શરૂમાં આ સામે થયા થોડા અક્ષરોએ અવાજ ઉઠાવેલ પણ આજેના નોએ દરકાર ન કરી જેથી પરીણામ એ આવ્યું કે હવે દરેક પાસેથી ફરજ પાડી અંગુઠા લીએ છે. સ્ત્રીઓને માટે શીલીંગ ૫/ નું સર્ટીફીકેટ મળતું તે પણ બંધ કરી તેને બદલે ડોમીસાઇલ સર્ટીફીકેટ લેવા ફરજ પાડી છે. ને ડોમીસાઇલની ફી પાઉન્ડ ૧ છે. આનું નામ હીંદી ઓ પાસેથી લેવો કે શું?

એન્યુકેશનલ સર્ટીફીકેટ થી. ૫/– થી આપતા તે બંધ કરી ડોમીસાઇલ આપે છે, ને તેની ફી પૌંડ એક છે.

સદરહુ ઓફીસને અરજી–એફીડેવીટ વીગેરે કરવું તે વકીલ મારફતેજ કરવું જોઇએ. આવો મી. સ્મીથે સખ્ત હુકમ કાઢેલ છે. જેથી હીંદી એજંટોને બદલે ગોરા વકીલને કમાવવાનો રસ્તો થયો. વકીલતો અરજીની ખાસી બે ગીની લીએ છે. પછી તમારૂં કામ થાય યા નહીં તેની તેને દરકાર કેવી? ગરીબ હીંદી એજંટો ધક્કા ખાતા ને કામ થયે થી. ૧૦ લેતા. હમણાંજ કેસ્ટરમાં એક માણસની સ્ત્રી તથા છોકરો આવેલ તેણે હીંદી એજંટ પાસે એફીડેવીટ કરાવી પણ તે ઇમીગ્રેશન ઓફીસે કબુલ ન રાખી ને કહ્યું કે વકીલ પાસે કરાવી લાવો. બિચારા હીંદી એજંટે બહુજ પુછવાં પુછવાં સામે આજીજી કરી પણ કંઇ વળ્યું નહીં. આખરે તે બિચારા હીંદીને વકીલ પાસે જવું પડ્યું ને ગીની ચારની બાદ કેડી.

ઉતારૂ પાસેથી અગાઉના જુના પાસ અમલદાર આગબોટપર લઇ લીએ છે ને નવા ઓફીસમાંથી લઇ જવા જણાવ્યું કરે છે. આતો સારૂં છે, પણ નવા બહ લીમાં આપતી વખતે પોલટેક્ષનો પાઉન્ડ ૧ ૧૨શીલાત જોરથી કહાવે છે. પાસા ન હોય તો ગમે તેમ કરે ત્યાંસુધી પાસ નથી આપતા. પછી તે માણસ નાતાલમાં ગમે ત્યાં રહેતો હોય. વધારે તો તાજુબી જેવું છે કે કીમબરલમાં આવેલને પણ તે

સાહેબો વેરો ભરવો પડે છે. આનું નામ ઘેર જે દિવસે લુંટ નહીં તો બીજું શું ? ઇસ્ટીમર કેઅરમાં એક હંડીનો વેપારી આવેલ તેણે હંડી જપ્ત ભરવા આજીજી કરી પણ મી. ડીકે ચોખી ના પાડી કે ત્યાંસુધી તમોને પાસ નહીં મળે. તેમજ દેશ જતી વખત પાસ કલાયતી વેળા પણ પોલટેક્ષની રીસીટ બતાવીજ પડે છે. જો કોઇ ભુલથી નહીં લાવ્યો હોય તો પાસ આપવા સાફ ના પાડે છે. આથી વાંચનારને ચેતાવું છું કે પોલટેક્ષની રીસીટ વિના જશો તો નહીં મળે —આમ પોલટેક્ષ જોવા તેને હક નહીં છતાં સામુ નજર બોલાય !

સદરહુ ઓફીસમાં નીચે, ઉપર, બહાર હીંદી, ગુજરાતી ને ઉરદુમાં નોટીસો ચોટેલ છે કે, અહીં કોઇએ બેસવું નહીં ઉભું રહેવું નહીં; દિવાલને અડકવું નહીં. ત્યાં કોઇ હીંદી જાય તેને તુરત છુટકો તો થતોજ નથી તેમજ બેસવા માટે ઉપર કુકત એકજ નનો બાંક છે. તે ઉપર ભાગ્યેજ ચાર માણસો બેસી શકે. ત્યારે વધારે હોય તો શું કરવું ? બહાર રોડના ઉપર ઉભું રહેવું ? કે ઉપરની નોટીસ નો અનાદર કરવો ? ઉપર મુજબ તકલીફ વેઠવી પડે છે, છતાં વળી નવું ધતીંગ ઉભું કરવું છે. સ્ટીમર કેઅર આવી કે ઓફીસર જઇને બધા ઉતારૂ ને તેમનો સામાન કોલસા ભરવાના મજવામાં ભરી હલકે ઉપર લઇ ગયો, જે હલકમાં ટ્રાંસવાલના ઉતારૂને રાખ્યા હતા. કેટલી છોકરાંને હલકે ઉપર સીડી મારફતે ચડાવવા ઉતારવા ને સામાન સંભાળતો વીગેરેથી લોકને દુઃખ વેઠવું પડે છે તે નજરે જોવા થી કંપારી છુટે છે; તેમાં હલકા પગાર ના અમલદારોના રોફને અપમાની શબ્દો સહન કરવા. ઉતરતી વખતે મજવામાં બેસી સ્ત્રી છોકરાંઓને કીનારે આવતા ઘણુંજ શરમ ભરેલું છે. આ બાબત મી. ડીકને પુછતાં જણાવ્યું કે અમારી ઓફીસનો હુકમ નથી પણ આસ્ટ્રેલીયાના ઓના કહેવાથી હલકે ઉપર લઇ જવાં પડ્યાં. આમાં આસ્ટ્રેલીયાવાળાઓએ કહ્યું હોય તેમ નથી જણાતું. બાકી રહેલાં ને હલકે ઉપર એક દિવસ આવાનું પણ આપવા રજા નથી મળતી. બીજે દિવસે અમુક વખત ઠરાવેલ તેથી જરા મોડું થાય તો માણસો ભુખ્યા રહે. આવા અંધેર સામે અહીંના હીંદી આગેવાનોએ નાસીપે પત્રકો ભરવા જરૂર જોઉં છું. કે જેથી કરિબ લોકની તકલીફ દુર થાય.

એક બીજા લખનાર મી. 'મુનશી' લખે છે કે નાતાલમાં જરમન લાઇનની આગબોટ ઉતારને લઇને આવે છે તેમને આગબોટમાંથી સીધા લાઇટરમાં ઉતારે છે તે વખતની તકલીફ એવી છે કે ખરા જીગરના આદમીથી જોઇ નહીં શકાય. બેર, મરદ માટે તો કંઇ નહીં, પણ આપણા લોકોના બાળ બચ્ચાં જે કોઇ દહાડો આવે ઠેકાણે ચડેલાં કે ઉતરેલાં નહીં તેને કેવું ભારી પડતું હશે તે તેમનું દીલ જાણતું હશે. આ બાબત ચંપતા ઉપાય કોંગ્રેસ લેશે એમ હું આશા રાખું છું. આવી તકલીફ કોઇ જગ્યાપર જોવા માં આવતી નથી. સદરહુ બાબતમાં કોંગ્રેસના અમલદારોએ જરમન લાઇનના એજંટથી એવો બંદોબસ્ત કરવો પડે છે કે જ્યારે સપ્રમા ઉતારૂ ખલાસ થઇ જાય અને, ગ્રેવીમીટેડ પ્રમીગ્રંટ રહી જાય ત્યારેજ તેને તે પોતાના અમલદારને સ્વાધીન કરી આપવા. આ તકલીફનો બંદોબસ્ત નહીં થશે તો ચઢ ઉતરમાં કોઇ દહાડો કોઇની જાનને પણ નુકશાન થશે.

[આજનેકાગળીતરફકોંગ્રેસનાઅમલદારો નું અમેધ્યાન ખેંચીએછીએ. અ ઇ. ઓ.]

બાણેામાં કામ કરતા હીંદીઓ

લેડીસ્મીથથી એક ખબરપત્રી લખે છે કે, જ્યારથી ચાવલપર તેજી થઇ છે ત્યારથી આગબોટવાળાઓ તેમજ ગા અને શેરડી ના વાવેતર કરનારાઓ બહુજ વિચારે પડેલા દીસે છે. સદુથી હલકામાં હલકા ચાવલ પણ એ લોકોને મોંઘા પડે છે. ગરીબોને કરગ જેવા ચાવલ ખવરાવવા ને તેઓ જરાપણ અચકાતા નથી એ હું આગળના કાગળમાં જણાવી ચુકયો છું. તે બાદ પ્રોટેક્ટર સાહેબે ફતે તપાસ કરી હતી તેમાં કાંઇક સુધારો થયેલો જણાયો એ કે હજી કાંઇ ઘણા સારા ચાવલ એ બીચારાને મળતા નથી. બેર પણ હાલતો મારા સમજવામાં આવ્યું છે કે દરેક એસ્ટેટવાળા માડાગાસકરથી ચાવલ લાવનાર છે, હેતુ સસ્તા પડે એટલો. ડાકટરે પણ તેની પક્ષમાં અભીપ્રાય આપ્યો,

વાહ વાહ! વાત તો ઘણીજ સારી. શું એસ્ટેટવાળાઓના લાભને ખાતર એ મરી બોને હલકીમાં નાખશે ? જેટલા હીંડિયા ના ચાવલ એ લોકોને માફક આવે છે તેટલા માડાગાસકરી ચાવલ કદી માફક આવશે નહીં, તનદુરસ્તીમાં બગાડો થશે, એટલું જ નહિ પણ બીચારા મરીબોના જાનો જોખમમાં આવી પડશે. ત્યારે હું હીંડિયા જોવા ગયો હતો ત્યારે માડાગાસકરના જે બંદર મંજુંગા, નોસીબેની મુલાકાત લેવાનો અવકાશ મેવાને મળ્યો હતો. તે વખતે ત્યાંની દરેક હીલચાલોની બારીક તપાસ મેં કાબી હતી. ચાવલને માટે ત્યાંના હીંદી ઘણીજ કર્યાદ કરતા હતા. તેઓ કહેતા કે હરેંચ સરકાર હીંદુસ્તાનના ચાવલ ઉપર મોટી જકાત નાંખી અત્રેના ચાવલ આવાની અમોને ફરજ પાડે છે જેથી અમે મરી ચાલ્યા જીએ. અમે એવી મોટી જકાત છતાં અમે મોટે ભાગે દરે તો હીંડિયાથી ચાવલ આયાત કરીએ છીએ. ત્યાંના ચાવલ તે મુલકના નેટીવ લોકોજ ખાય છે. હવે જ્યારે એ ચાવલ આ બીચારા વાવા વગરના ગરીબોને ખવડાવશે ત્યારે તે લોકોની ફરીયાદ કોણ સાંભળશે ? શું ઇસ્ટેટવાળાઓને મોટી બોટ નડે છે ? દરવરસ તે લોકો બહોળા સારો નફો કરે છે. સરકાર તે લોકોને મદદ કરે છે ત્યારે આ બિચારા ગરીબો ઉપરજ શું કરવા આફતો લાવે છે ?

એક બીજી બાબત ઉપર પણ મારૂ ધ્યાન જાય છે તે એ કે હીંડિયા જ્યારે માણસો પુરાં પાડે છે, અને નાતાલને લાભ કરે છે ત્યારે નાતાલ પારકા દેશ સાથે વેપાર કરીને બેવફા થવા માગે છે. આ સવાલ ઘણો મોટો અને વિચારવા જોગ છે.

છેલ્લા અખરો

[ઇ. ઓ. માટે ખાસ તાર]

જોહાન્સબરગ ગુરૂવાર.

સુપ્રીમ કોરટમાં મી. રાંદેરીઆની અપીલ આજે કાઢી નાખવામાં આવી છે. કોરટે જાહેર કરયું છે કે માજીસ્ટ્રેટને તહેનાત દાર ઉપર કામદાનો અમલ કરવાનોજ હતો એટલે અપીલ ચાલી શકે નહીં.

ડરબન વિક્ટોરીઆ સ્ટ્રીટના થીએટર માં બી સ્ટાર ડ્રેમાટીક કંપની બકરી ઇદને દિવસે નવો બેલ બાદશાહે ખુદાદોસ્ત નામે અંજનમે સખાવત ભજવી બતાવશે. પ્રસિદ્ધ કરતાઃ મહેતાબ, મેનેજર કી. પી. રાવત.

ડરબન ક્રીશ્ચન ફ્રરટરર એસોસીએશન ની બીજી રવીવારે સવારે ૧૦ વાગે મુરગેસા મીલ્ડીંગમાં ૬૨મા૫૬ ટીબોલના હોલમાં મળશે જે વખતે વરસના હિસાબ ની પીત જાહેર કરવામાં આવશે તથા નવા કારરવાઇયોની ચુંટણી કરવામાં આવશે.

હીંદુસ્તાનના અખબારો

(હીંદી છાપા ઉપરથી)

જામનગરની પ્રજાને સ્થાનીક સ્વરાજ્ય નો હક આપવાની જામસાહેબે મોહરબંધ કરી છે અને તે સંબંધી એક જાહેર નામુ બહાર પાડી મ્યુનીસીપાલીટીમાં રાજ્ય તરફના કેટલા ડાયરેક્ટરો તથા પ્રજા તરફના કેટલા ડાયરેક્ટરો નીમવા અને તેમને કેટલી સત્તા આપવી તથા તેમના તાબામાં કયા કયા ખાતાઓ સોંપવા તે જણાવ્યું છે.

રાજકોટના ઠાકોર સાહેબ વિલાયતથી પાછા ફર્યા છે. ત્યાં હાલ એક સ્વદેશી મેંક સ્થાપવામાં આવી છે.

ગોંડળના ઠાકોર સાહેબ સર ભગવતસીંહ જીની ૪૪મા વરસગાંઠની ખુશાલીમાં તા. ૨૫ અકટોબરે દરબાર ભરવામાં આવી હતી. નજરાણું થયા પછી રાજ્યાસન ઉપર આવ્યાને ૨૫ વરસ થયાં તે માટે ઠાકોર સાહેબે બે રાજ્ય, ગોંડળ, ઉપલેટા, જામવાડા અને સરસપ ખાતે લેવાતી ૧૫ ટકાની કસ્ટમ્સ ડયુટી માફ કરી છે જેથી ઠાકોર સાહેબે વાર્ષીક રૂા. ૫૦૦૦૦ જેટલી રકમની ઉદાર બક્ષીસ કરી છે. એ ઉપરાંત સારી નોકરી માટે કેટલાક અમલદારોના પગારોમાં વધારો આપવાનું જાહેર કરવું હતું.

મોરબી રાજ્યના અમલદારોને વફાદારી ભરી નોકરી બજાવ્યા પછી પેનશન આપવાનું જાહેર થયું છે. કોઇ અમલદાર પેનશન લીધા પહેલાં મરણ પામે તો તેની વિધવાને પણ પેનશન આપવાનું ઠરયું છે. મોરબીના દિવાન રા. બા. કૃષ્ણજી ધરમશી એ રાજીનામું આપ્યું છે.

હીંદી સેનાપતી લો૦ કીચનર નવેંબરની ૨૧ તારીખે સ્ટીમર રસ્તે વેરાવળ ખાતે ઉતર્યા હતા. ત્યાંથી પ્રભાસ પાટણના ખંડીએર જોઇ જુનાગઢ ગયા હતા, ત્યાં તેમને સારો આવકાર મળ્યો હતો. જુનાગઢમાં રાજ્યના અમલી હથીયાર તપાસ્યા હતા. ગીરનારના પગીહાસીક સ્થળો તપાસ્યા હતા. ત્યાંથી ખાસ ટ્રેન મારફત જામનગર ગયા હતા. સાંબાસ દરબાર ભરી મહારાજા તરફથી લોર્ડ કીચનરને સારું માન આપવામાં આવ્યું હતું. તા. ૨૬ બીજે દીવસ સવારે રવાના થયા હતા.

પોરબંદરના રાણાસાહેબની તબીયત બગડી જતી હોવાથી હજુર કોર્ટની અપીલો સાંભળવાને મી. ગુલાબરાય વજેશંકર જોષીને નીમવામાં આવ્યા છે.

ભાવનગરખાતે મુંબઇવાળા મી. એફ. સી. કરતમજી અને બીજાઓ તરફથી રૂા. ૧૦,૦૦૦૦ની થાપણથી એક મીલ ઉભી કરવાનું ઠરયું છે, અને મહારાજા સાહેબે કેટલીક છુટ આપવા કબુલ્યું છે. એ સિવાય બીજી મીલો કાઢવા માટે પણ હીલચાલ થાય છે.

નડીયાદમાં કપડવંજના કેટલાક વોરા મહાશયો એક મીલ કાઢવા વિચાર રાખે છે. ૫ મી જાન્યુઆરીએ જુદી જુદી ભરાનાર પ્રદરશન જોવા માટે ખેડા અને અમદાવાદ જીલ્લાના કરેક ગામમાંથી બળે બેતુ તે સરકારનાખરચે મોકલવાનું ઠરયું છે. તેમને ખાનાની તથા રહેવાની સોકવણ સરકાર તરફથી થશે. પ્રદરશનમાં આવેલી વસ્તુઓ માટે સારાં ઇનામો આપવાનુ ઠરયું છે. અદીના વતની અને વડોદરા ના નાયબ સુબા મી. ભોળાભાઇ ભાજરભાઇ તથા તેમના પિતાશ્રીની યાદગીરી માટે રૂા. ૧૦,૦૦૦ને ખરચે સ્ટેશન નજીક એક ધરમશાળા બંધાવવામાં આવી છે જે મોટા મેળાવડા કરવા ખુલ્લી મુકાઇ છે.

વડોદરા રાજ્યના અમલદારોમાં મોટો ફેરફાર થવાની વકી છે. કહેવાય છે કે દીવાન સાહેબ ખા. બા. કેરશાસપજી રજા ઉપર જઇ રીટાયર થશે અને મી. રમેશ ચંદ્ર દત્ત દીવાન નીમાશે. પંજાબના સુબીઆના ડેપ્યુટી કમીશનર સનંદી નોકરીવાળા મી. કેકચંદ દીવાન રૂા. ૨૫૦૦ના પગારે નીમાયા છે, તેઓ સેટલમેંટ કમી શનરનો ઓપ્પો બલાવશે અને હાલ તેઓ રા. બા. ગુણાકરરાવ નીંબાળકરની સાથે રહી માહીતી મેળવશે, અને તે પછી રા. બા. નીંબાળકર બાનમી કારભારી થશે. સેક્રેટેરીયટની રચના મી. દત્તની સલાહથી કરવામાં આવશે. વળી સનંદી અમલદાર મી. પી. જે. મીઠ પણ આ રાજ્યમાં નીમાવાની ઇચ્છા રાખે છે. રા. બા. વાસુદેવ સમરથ પણ સરસુબાની જગાએથી નાયબ દીવાન કે એવાજ બીજા ઓહા ઉપર નીમાનાર કહેવાય છે. નવા રાજીવાળીવન મી. ધીરજલાલ કાલભાભાઇ તે આ રાજ્યના અનુભવી અને જુના અમી કારી કે. ના. કાલભાભાઇ હરજીવનદાસ ના પુત્ર અને આખી મહારાજાની મુલાકાત લીધી હતી. મી. ધીરજલાલને અત્રેના મીત્રમંડળ તરફથી માન આપવાનો મેળા વડો થયો હતો તથા ડા. બાલાભાઇએ ટીપાર્ટી આપી હતી. મી. ધીરજલાલ ની બદલીખાતે નીમાયું કે થવાનું સાંભળાય છે. મી. મણીલાલ બાલાભાઇને વેપારી કામકાજ માટે રાજ્ય તરફથી અમેરીકા મોકલવાનું ઠરયું છે. મહારાજાએ સંયુકત પ્રાંતોની મુલાકાત વખતે દહેરાદુનની પાઠ શાળાની મુલાકાત લઇ તેના ફંડમાં રૂા. ૧૦૦૦ની રકમ આપી હતી. પ્રવાસેથી તેઓશ્રી રવીવારે (તા. ૧૫ નવેંબરે) અત્રે પધાર્યા છે અને તા. ૨૫ બીએ ચાંદોદ, કબોઇ, સીનોર, સંખેડા વીગેરે જગ્યાએ ફરવા નીકળનાર છે.

અમદાવાદખાતે મુંબઇના ફેલોશીપ જર્નલ અગ્રેસર શેઠ વીરચંદ દીપચંદ સી. આઇ. ઇ. તા. ૧૬ બીએ ૭૫ વરસની વયે સ્વરગવાસી થયા છે. તેમના માન માં અમદાવાદ શહેરમાં બીજે દિવસે રજા તાળ પડી હતી. મરહુમ જર્નલ કોમના અગ્રેસર મનાતા હતા. પાટણખાતે પ્રોવીન્સી જર્નલ કોન્ફરન્સના પ્રમુખ હતા. મુંબઇ તથા સોલાપુરખાતે દીલગીરી બતાવવા જાહેર મીટીંગ થઇ હતી.

ગુજરાત પાટીદારોની એક પ્રાંતિક કમી ટીએ કોમમાં સુધારા વધારા કરવા નીમાઇ છે. તેના સેક્રેટરી મી. ગોવિંદભાઇ હાથી ભાઇ નીમાયા છે.

તા. ગાયકવાડ સરકાર તરફથી ભાદરણ થઇ ધરમજ સુધી રેલ્વે કરવાનું નકી થવાથી બોરસદના રહીશોએ બોરસદ થઇ રેલ્વે લઇ જવા અરજી કરી છે.

મુંબઇના જાણીતા કપોળ સર કરસી સનદાસ નરોતમદાસ નાઇટ તા. ૧૬ નવેંબરે મુંબઇખાતે ૫૮ વરસની વયે સ્વરગ વાસી થયા છે. મરહુમે જુદા જુદા જાહેર કામોમાં મારી રકમો આપી હતી. મુંબઇ યુનીવરસીટીને સ્કોલરશીપ સ્થાપવા એક સારી રકમ આપી હતી. સુરત તથા ધરમાપોરખાતે લાગેવી આગમાં ઘરબાર વીનાના નીરાધારને મદદમાં તથા નાટક ખાને સેનેટોરીયમ બાંધવા વીગેરેના કામો માં તેમણે તેમના ભાઇ સાથે મળી રૂા. એક લાખની સખાવત કરી છે. આ સાથે તેમના પિતા તથા કાકાએ કરેલી સખાવતો ઉમેરીએ તો કુલ રૂા. દશ લાખની થાય છે. તે પહેલેથી જામનગર દીવાનપતી હતા. તેમના જમાનામાં કેટલીક

મીસ્રો તથા ગ્રીસીસ બંધ રહી હતી અને મુંબઇની મ્યુનીસીપાલીટીએ દીવાબીરી નો ઠરાવ પસાર કર્યો હતો. મરહુમે વસીયત નામામાં પોતાની પાછળ સખાવતોમાં સારી રકમ ખરચવાનું જણાવ્યું છે.

ઓલ ઇંડિઆ મહોમેડન કોળવણી કોન્ફરન્સ તા. ૨૬–૨૭–૨૮ ડીસેંબરના રોજ અમૃતસરખાતે મળશે. અને મુસ્લીમ લીગ ના મેળાવડા તા. ૨૯ અને તા. ૩૦ મીએ થશે. શીખ મહોમેડન કોન્ફરન્સ તા. ૩૧ ડીસેંબરે લખનઉખાતે મળશે. અમૃતસરખાતે ભરાનારી બેઠકમાં પ્રમુખ તરીકે બાંકીપુરવાળા મી. સયયદ અલી ઇમામને ચુંટી કાઢવામાં આવ્યા છે.

હૈદ્રાબાદખાતેના જળ પ્રલયમાં બધાં મળીને ૫૨ સત્તા, ૨૪૦૦૦ ઘર, રૂા. દોઢ કરોડની સ્થાવર મીલકત અને ૩૦૦૦ જનોની નુકશાની થઇ છે. એવું સત્તા વાર જાહેર કરવામાં આવ્યું છે.

અલીગઢની એંગલો ઓરીયેનટલ કોલેજના એક ટ્રસ્ટી અને બેરા રાજ્યના એક આગલા દીવાન ખા. બા. સરદાર મહમદ ખાન સી. એસ. આઇ. કે જેઓએ થોડા વખત ઉપર પોતાની વંશપરંપરાની મીલકત કોલેજના નામ ઉપર કેરવી આપી છે તેઓએ હાલમાં એ કોલેજમાં આવતા વીદ્યાર્થીઓને રહેવા માટે મકાનો બાંધવા ના કામમાં રૂા. ૪૦,૦૦૦ની રકમ બક્ષીસ આપી છે.

મદ્રાસખાતે કોલેરાનો રોગ ફાટી નીકળ્યો છે. મદ્રાસખાતે કોંગ્રેસની બેઠક માટે તા. ૨૮, ૨૯ અને ૩૦ મીના દિવસો નક્કી કરવામાં આવ્યા છે.

કોંગ્રેસના એડરેટપક્ષના આગેવાનોની તા. ૧૫ નવેંબરે કલકત્તાખાતે ઇંડિઅન એસોસીએશન હોલમાં એક કોન્ફરન્સ મળી હતી. જે વખતે મદ્રાસખાતે ભરાનારી કોંગ્રેસ માં બંગાળીઓએ કેવો ભાગ લેવો તેની ચરચા થઇ હતી. બાબુ સુરેંદ્રનાથ બેનરજીએ જણાવ્યું કે બંગાળીઓ એક મતે માને છે કે હાલના મામલામાં કોંગ્રેસથી અલગ રહેવામાં કહાપણ નથી. તેથી તેની સાથે એવી શરતે જોડાવું કે કનવેનશને કોંગ્રેસની જે ફીડ મુકરર કરી છે તે ઉપર સહી કરવી. કોંગ્રેસના નીયમ તથા બંધા રણનો આ વરસમાટે સ્વીકાર કરવો. પોરબંદરની જાહોલી મેળવવા માટે બંધા રણ અને નિયમ કોંગ્રેસમાં રજુ કરવા અને કલકત્તા કોંગ્રેસે બોયકોટ, સ્વદેશી સ્વરાજ્ય અને પ્રજાકીય કેળવણીને લગતા પસાર કરેલા ચાર ઠરાવો ખરડામાં દાખલ કરવા. મદ્રાસની રીસીપ્શન કમીટીને તેમ કરવાનું જણાવ્યું હતું. પણ તે બાબત કોંગ્રેસના જનરલ સેક્રેટરી (મેસરસ વાચ્છા તથા હજી બાકી બરે) ઉપર મોકલી હતી, જેઓ તેમ કરવાનું માથે લેવા તયાર નથી. કોન્ફરન્સમાં હાજર થયેલામાં મોટો મત બેદ જણાતો હતો પણ બંધારણની જાહોલી માટે કોંગ્રેસમાં હાજર થવું જોઇએ અને કલકત્તા કોંગ્રેસના ચાર ઠરાવો સબજેકટ કમીટીમાં રજુ થવા જોઇએ એ બાબતમાં સઘળા એક મત હતા. છેવટ એવું ઠરેલું હતું કે બંગાળીઓએ કોંગ્રેસમાં જોડાવું, કાઉનો વત્તર સરતે સ્વીકાર કરવો અને નીયમો બાબતો મેળવવા માટે પુરો પ્રયાસ કરવો. ૧. કોંગ્રેસનું બંધારણ અને નીયમો જાહોલી માટે રજુ કરવા. ૨. ઉપરના ૪ ઠરાવો કોંગ્રેસમાં રજુ કરવા. ૩. અને તેમાં ફતેહ મેળવવા માટે બંગાળીઓએ કોંગ્રેસમાં મોટી સંખ્યામાં હાજર થવું.

ના. વાછરામ જનેવારી મ.સમાં કલકતાખાતે સઘળા વરગના બંગાળીઓની સભા બોલાવશે અને તે હાલના અશાંત મામલા સંબંધી હોય એમ માનવામાં આવે છે.

"ઇંડિઆ" પત્રના આધપતિ મી. બોની વાસ બેનરજીને રીતુરી ક્ષમણ કરવાના આરોપ માટે મદ્રાસની હાઇકોરટે ૫ વરસના જન્મ દેશનીકાલની સજા કરી છે. અને તેની ઉપરના રીતુરી ક્ષમાયાચના કરવા માટેના બીજા ૬ આરોપો પાછા ખેંચી લેવામાં આવ્યા છે.

બંગાળામાં તાજ તરફના સાક્ષી ગોંસાઇનું ખુન કરનાર કનાઇલાલાસ દત્તના સાથી સત્યેંદ્રનાથ બોઝને તા. ૨૧ નવેંબરના રોજ અલીપોરની જેલમાં ફાંસી દઇને મારી નાખવામાં આવ્યો હતો. તેની લાસને તેના ખુશીઓને સ્વાધીન નહીં કરતાં જેલના વાડામાંજ અગ્નીદાહ કરવા માં આવી હતી જે વખતે તેના ૬ સગા ઓને જેલમાં દાખલ કર્યા હતા અને તેઓએ અગ્નીસંસ્કાર કર્યો હતો.

વાછરામની ધાગ સભાના બંધારાના એક સભાસદ તરીકે મુંબઇવાળા મી. માણેકજી બહેરામજી દાદાભાઇ બારીસ્ટર ની નેમણુક કરવામાં આવી છે.

સત્યેંદ્રનાથ બોઝને ફાંસી દેતી વખતે જાહેર મેળાવડાઓને અટકાવવાને સરકારે સઘળો પ્રયત્ન કર્યો હતો છતાં સંખ્યા બંધ વિદ્યાર્થીઓ કલકત્તાના ઉત્તર વિભાગ માં મળ્યા હતા અને એક નવું સ્વદેશીવત ગીત ગાતા સરઘસના આકારમાં નીકળ્યા હતા. હજારો ફાંસીના માચડા બનાવ્યા હતા અને બાનગી ઘરોમાં અને નીશાળો આગેરે રહેવાના મકાનમાં સત્યેંદ્રનાથના પુતળાં બનાવી બાનગી રીતે હીંદુ ધરમ ક્રીયા મુજબ બાળવામાં આવ્યા હતાં. અને લોકોએ તે દિવસે અપવાસ કર્યા હતા.

સર જોંડબ્લ્યુ કેરેઝરના ઉપર બુની હુમલો કરનાર બનેતીંદ્રનાથરાય ચોધરી પોતાનો ગુન્હો કબુલ કરવાનો ઇરાદો રાખે છે એવા સમાચાર મળ્યા છે.

નાદારી કોર્ટની નોટીસો વગેરે

(ગવરમેંટ ગેઝેટમાંથી)

ડરબન રોડના વેપારી મહમદ ઇસ્માઇલ પોતાની મીલકત નાદાર તરીકે જાહેર કરવાની અરજી તા. ૧૨ જાન્યુઆરી ૧૯૦૯ના રોજ સુપ્રીમ કોરટના માજીસ્ટ્રેટ સન્મુખ રજુ કરશે.

ડર્બનના વેપારી કાસમજી અને કાસમ ની નાદાર મીલકતના પહેંચણીના આંકડા સુપ્રીમ કોરટના માસ્તરની ઓફીસમાં કાયલ કરવામાં આવ્યા છે અને તેની નકલ ડરબન માજીસ્ટ્રેટની કોરટમાં રાખ વામાં આવી છે. ત્યાં આગળ તે તા. ૧૨ જાન્યુઆરી સુધી પડી રહેશે અને ત્યાર બાદ હાજર રાખવામાં આવશે.

મારિત્સબરગના વેપારી આર. હસન મહમદના લેણદારોની ખાસ મીટીંગ સુપ્રીમ કોરટના માસ્તરની કોરટમાં તા. ૫ જાન્યુ આરીના રોજ મળશે.

નીશાળીઆઓને નોટીસ

ગયા મંગળવારે પ્રગટ થએલા નાતાલ ના સરકારી ગેઝેટમાં નીચેની નોટીસ બહાર પડી છે:—

૧૯૦૯ના ફેબ્રવારીની પહેલાં તારીખ થી પાંચ વરસની અંદર અથવા ૧૪ વરસની ઉપરના કોઇ પણ વિદ્યાર્થીને દીવીઓ માટેની કોઇ પણ સરકારી નીશાળમાં હાજર રહેવા દેવામાં આવશે નહીં.

પ્રવાસ દેશ

ત્યાં વસતા હીંદીઓની સ્થિતિ

[લખનાર—મી. વી. મદનજીત]

[ગયા અંકથી ચાલુ]

ઉપર જણાવેલા ચેટ્ટીઆરા અને બીજા હીરના વેપારીઓ તેમજ બીજા કેટલાક લોકોની મદદથી તેમણે "ઇન્ડિઆ અને બરમા સ્ટોરસ લીમાટેડ" નામથી એક સ્વદેશી દુકાન કાઢેલી છે અને તે દુકાન તેમની દેખરેખ નીચે આજ સારો વેપાર કરે છે તેને માટે મી. મોહમ્મદઆલીને ધન્યવાદ ઘટે છે.

આ લેખ લખનાર ગુજરાતી નાગર બ્રાહ્મણ છે; અને મદ્રાસી, બંગાળી, બરમીસ, ચીના વીગેરે કોમની મદદથી "યુનાઇટેડ બરમા" નામનું પત્ર આજે બે વરસ થયાં કાઢેલું છે. આ દેશના સઘળા લોકોમાં દેશદાઝ ઉભી કરી, મહમદેશવટીઓ તેમજ હીંદવાસીઓ વચ્ચે એક સંપ થાય, બને કોમ દરદમેરા આનંદમાં રહી પોતાના દેશનો ઉદ્ધાર કરવા ઉભા થાય, અને અંગ્રેજી બાદશાહી નીચે આપણને બ્રિટીશ સંસ્થાનો જેવું સ્વરાજ્ય સંપાદન થાય, તેવા પુરૂષારથ કરવા હાલ એવા હેતુથી "યુનાઇટેડ બરમા" પત્ર બહાર પાડવામાં આવ્યું છે. આ "યુનાઇટેડ બરમા" એ આ દેશના સુતેલા લોકોને કેટલેક દરજ્જે જાગ્રત કરેલા છે અને સેંકડો વરસથી સુતેલા બરમા લોકો આંખ ચોળી ઉભા થવા લાગ્યા છે.

ગુજરાતી બીજી કોમ ઘણી છે, પરંતુ પારીઆવાડના મેમણોનો મોટો જથ્થો અહીં છે, અને તેમાંના ઘણા બાહોશ અને અબરદાર વેપારી છે. કેટલાક લોકોએ પોતાની બાહોશીથી ઘણી સારી સ્થિતિ સંપાદન કરેલી છે. મેમણો દરેક જાતના વેપારમાં ગુંથાયેલા છે, પરંતુ ચાવલ થેલી અને કપડાના વેપારમાં તેમનો લગ ભગ મોટો ભાગ મચી નમેલ છે, અને તેઓએ જાતમહેનત અને અકલ દુથી બારીથી સારી સારી પેઢીઓ જમાવેલી છે. જેમ ઝવેરનો વેપાર ઝવેરી વાણીયાઓના હાથમાં છે, અને લોઢાનો વેપાર વરીયાવના સુરતી લોકોના કબજામાં છે, તેવીજ રીતે થોડાક અપવાદ સાથે કેટલીક જાતના કપડાંનો વેપાર મેમણ લોકોએ પોતાનો કરી લીધો છે, અને તેઓ તે વેપાર સારી રીતે ચલાવે છે; અને જો એટલીસવાળા લોકો તેમને ખાઇ જતા ન હતે તો તેઓની આજે જેવી સારી સ્થિતી છે તેથી પણ ઘણી સારી સ્થિતિ થઇ જતે. મેમણોમાં પણ ઘણા માતબર લોકો છે, અને દાઉદ કુટલાં અને અનસ અને એ. એસ. જમાલ ઝવેરની બે પેઢીઓ ઘણી પૈસાવાળી ગણાય છે. પહેલા બન્ને ચાવલની એજન્સી અને રૂ વીગેરેનો વેપાર કરે છે, ત્યારે જમાલ ઝવેરી એક લક્ષાધીપતી અને એકદમ મોટા પાયા ઉપર પોતાનો વેપાર આદરેલો છે. એ. એસ. જમાલ ઝવેરી શેઠીઆઓનો કેટલોક ઇતીહાસ જાણવાજેવો અને અભ્યાસ કરવા જોગ છે. તેમના મેને જર મી. અબદુલ કરીમ એક ઘણાજ બુદ્ધિશાળી નર છે, અને તેમની અકલ્પ્યા અને અકળ દુરંદેશીથી તેઓ પોતાના કોમને હાલની ભાઠોજાલાલી સ્થિતિપર લઇ આવી શક્યા છે. આશરે ૫૦ વરસ ઉપર એક સાધારણ સ્થિતિમાં તેમના દાદા અત્રે આવ્યા હતા અને કેટલોક વેપાર કરી પોતાનો વ્યવહાર ચલાવતા હતા. મી. અબદુલ કરીમે અહીંની અંગ્રેજી સ્કુલમાં બે ત્રણ વરસ અભ્યાસ કરેલો, પરંતુ મુસલમાન કોમના અંગ્રેજી અભ્યાસ તરફના અણગમાને લીધે તેમજ બીજા કારણને લીધે અંગ્રેજી અભ્યાસ છોડી પોતે વેપારમાં પડયા. પોતાની મુંજસ પ્રમાણે તેઓ ઠીક ઠીક કમાતા હતા; પરંતુ તે દરમ્યાનમાં, રંગીલ ઝવેરી નામના અંગ્રેજી વેપારીના હાથ નીચે ચાલતો એક રૂનો પ્રેસ, તે ગોરા વેપારી ચલાવી શકતા નહોતા તે જમાલ ઝવેરીના હાથમાં આવ્યા પછી તેઓના વેપારે જુદીજ વલણ પકડી. અને તેમનો વેપાર જામતે જામતો વધી પડયો છે. તેઓ રૂનો વેપાર સારો કરે છે; ચોખાની મીલો પોતાની કરી બેઠેલા છે; મોટર જેલનાં અને સાબુ નાં કારખાનાં તેમજ નાનાં મોટાં અનેક કામો ખોલેલાં છે; લોઢાની ટંકશાળમાં પણ ઠીક માણસોનો નીભાવ થાય છે. હાલ રંગનજીલ્લા નામના ઝાણીતા કેરોસીન ના કુવાના માલેક થઇ પડયા છે, અને બરમા પેટ્રોલીઅમ કંપનીના નામથી એક કરોડ અને વીસ લાખ રૂપીઆની થાપણથી કેરોસીનનાં કારખાનાં ઉઘાડેલાં છે. જેમ. મી. અબદુલ કરીમ જમાલ વેપારમાં એક અલઉપ્રીક બુધ્ધિ ધરાવે છે. તેમ તેઓ ઉદાર, ધારમીક અને દેશદઝ વાળા છે. આપણા દેશનો ઉદ્ધાર વેપાર રોજગાર અને ઉદ્યમમાંજ સમાયેલો છે અને તે બાબે તોજ આપણા દેશનુ દારીદ્રય દુર થાય. તેમજ દર સંકલપના હોવાથી, તેમજ લક્ષ્મી હોય તો ગરીબ માણસોને મદદ કરી શકાય અને કેળવણી આપી શકાય તેવા વિચાર ધરાવતા હોવા થી તેઓ પૈસા કમાવા અને સારાં કામોમાં ખરચવા મંડી પડેલા છે. પોતા ની જુદી જુદી મીલોમાં સાબુનાં, મીણ તેલનાં અને લેદાં વગેરેનાં બીગ બીગ કારખાનાં ઉપરાંત, તેમની સ્ટીમર અને હાલ નીકળતાં કેરોસીન તેલના કારખાનાં નાનાં મોટાં સઘળાં મળી ૮૦૦૦ માણસો તેમના આશ્રય નીચે રોજી રળે છે. મી. અબદુલ કરીમ જમાલ કેળવણીના રતંભ છે, અને દર મહીને હીંદુસ્થાનના બીજા ભાગમાં તેમજ બરમામાં મળી રૂપીઆ બે હજાર પોતાના મુસલમાનભાઇ કે પછી પત્તર કોમના ગરીબ વરસને કેળવણી આપવામાં ખરચાદા કરે છે. એવું કહેવાય છે કે, કેળવણી માટે ગમે તે કોઇ વીદ્યાર્થી, પછી તે મુસલમાન હોય કે હીંદુ હોય, ગમે તે કોમનો હોય, અને તેમને અરજ કરે છે તો વીચાર કરી યોગ્યતા પ્રમાણે દરેક અરજદાર વીદ્યાર્થીને તેઓ કંઇજન આપે છે. મી. અબદુલ કરીમ જમાલના કેળવણી પ્રત્યેના આવા ઉત્સાહને લીધે રંગુનના લફટેનંટ ગવરનરે તેમની કદર બુજી તેમને એડયુકેશનલ સીનડીકેટના એક મેંબર કરેલા છે, અને મુસલમાન કોમમાંથી આવી રીતે મેંબર થવાનું માન તેઓને પહેલું જ મળેલું છે. તેઓની એક ઉમેદ રંગુનમાં મુસલમાનો માટે એક સારા પાયા ઉપર મોટી સ્કુલ કઢવાની છે, અને તેવી સ્કુલ કાઢવા માટે તેઓ દોઢેક લાખથી વધારે રૂપીઆ કાઢવા આશા રાખે છે. કોઇપણ સારા કામમાં પછી તે કોમીક, ધારમીક કે દેશહીતનું હોય, કે પછી ગમે તેવું હોય, તો મી. અબદુલ કરીમ જમાલ તરફથી મોટી રકમ વગર કહે મળે છે. બ્રહ્મદેશના રંગુનના હીંદ વાસીઓમાં જમાલ શેઠ એક હીરા છે અને ઇશ્વર તેમના ઉંચ આશયમાં તેમને હરહમેશ કૃતેહ આપો એવી સરવે કોમ તેમને આશીશ આપે છે.

આ બ્રહ્મદેશમાં સહુ મળી આશરે ૩૦૦૦૦ ગુજરાતીઓ હશે, તેમાં આશરે ૬૦૦૦ ગુજરાતી હીંદુ લોકો ત્રિવીધ સઘળા ગુજરાતી મુસલમાનો છે, અને તેઓમાંનો ઘણો ભાગ સુરત પાસે આવેલાં અંગ્રેજી અને ગાયકવાડી ગામોના રહીશ છે. મેમણો ઘણાખરા જામનગર, હેતપોર

વીગેરે કાઠીયાવાડનાં બીજાં સ્થળોથી આવેલા છે. તેમજ ઇતર જગ્યાના પણ કેટલાક મુસલમાનો છે. હીંદુઓ લગભગ બધાખરા કચ્છી અને કાઠીયાવાડી વાણીઆ બ્રાહ્મણો છે. જોકે સુરત તરફના અના વણા બ્રાહ્મણો અહીં થોડા નથી. પાટણ, પાલણપુર વીગેરે કેટલાક જીલ્લાના ગુજરાતીઓ અહીં વસે છે. આફ્રિકા એક સારો મુલક છે, અને નવા દોકાને વેપાર રોજગાર ગારમાં સારો નફો આપે છે. આ દેશ એક સંસ્થાન નહીં થાય તો હીંદુસ્થાનના લોકોને તેમાં બસુસન કરીને ગુજરાતી લોકોને વેપાર ખેડવાનું સારું સ્થળ છે. મને ભય રહે છે કે, આ દેશના સ્વાર્થી ગોરાઓ આ મુલકને હીંદુસ્થાનથી જુદો કરી તેનું જુદું સંસ્થાન બનાવવા કોશીશ કરે છે. તેમાં જો તેઓ કોશીશમાં નીવડ્યા તો અમારા હીંદવાસીઓ હાલના ઇતર સંસ્થાનો ની માફક હેરાન થઇ જશે. હું આપના પત્રદ્વારા સરવે દેશભકત હીંદવાસીઓને તેમાં બસુસ કરી આ દેશમાં રહેનારાઓને, ખાસ પ્રાર્થના કરું છું કે, પોતે દેશભકત હો કે સ્વાર્થ પરાયણ હો, ગમે તે તેમના વીચાર હોય તોપણ આ માથાપર લટકતી આફતને આધી કરવા પોતાથી બની શકે તેટલો આગ્રહ રાખવાની ફરજ સમજી પોતાનાં આચરણો કરશે એવી આશા છે.—મુખ્ય સમાચાર.

ચરચા પત્ર

અમારા ચરચાપત્રીઓ નીચેના નીયમો યાદ રાખશે તો તેઓના પત્રો ઉપર તુરત ધ્યાન બાપવાનો સંભવ છે.

૧. કાગળની એકજ બાજુએ લખવું.

૨. અક્ષર મોટા સાફીથી લખવા.

૩. નામ તથા ઠેકાણું બરોબર લખવાં તે હમેશાં જવાબ પાઠવા સારૂં નહિ, પણ અમારી બાજુને સારૂં.

૪. મંગળવારની સાંજ સુધીમાં મજકુર લખાણો તેજ અઠવાડીયામાં દાખલ કરી શકાશે.

૫. રદ કરેલાં ચરચાપત્રો બાબતી રાખવા બાબતે લખનારાઓને પાછાં મોકલી આપવાને અમે બંધાતા નથી

૬. લખાણ હમેશાં ટુંકું અને મુદાસર કરવું.—અધિપતિ.

ચરચાપત્રીઓને જવાબ

મી. હોરમસજી રતનજી—'મુંબઇ સમાચાર' તા. ૨૧ ઓકટોબર ૧૯૦૮ના અંકમાં 'બ્રહ્મદેશ'નું લખાણ છે.

પરદેશમાં રહેતા હીંદીની ફરજ

મે. ધ. ઓ. ના અધીપતિ જોગ.

પરરાજ્યમાં વસતી રૈયતની ઘણી ફરજો છે તે માંહેની થોડીએક કહીશ અને તે મારા ઉલાગોગ્યાગેના હીંદીભાઇઓને અસર કરશે તો હું મને કૃતાર્થ માનીશ.

પોતાના અંદર અંદરના કુસંપને છોડી દઇ એક સંપ થવાથી, તમે અંદર અંદર ના પ્રેમમાં વૃદ્ધિ કરશો, એક હીંદી કોમ બનશો. અને પરરાજ્યના દિલમાં તમારા માટે માનની લાગણી પેદા કરી શકશો. ઇન્ટરનેશનલ કાયદાઓને અનુસરીને વાજબી હક માગવાનું બની શકશે. પરરાજ્ય માં આથી વધારે શું કરી શકાય. એસોસીએશન એક એવી સંસ્થા કહી કે તેના થી દરેક કર્મ થઇ શકતું. પરંતુ તેને ચલાવી રાખવાની પણ પુરતી ખંત નહિ, પુરતી હોંસ નહિ–દરકાર નહિ. તો પછી તેનાં ફળ ચાખવાં પડેજ. આપણી એક સંપીથી તેમના ઉપર એક એવા બાપ પડે છે કે તેઓ આપણું માન રાખતાં શીખે છે. આપણા બ્યાજબી હકો મેળવવાને સીધો રસ્તો થાય છે. આપણી ફાટ ફુટથી આપણું માન ઘટી રાજ્ય આપણા ઉપર મરજીમાં આવે તે જુલમ ગુજારવા ને હીંમત કરે છે. આપણા ઉપર દબાણ ચલાવે છે. આપણા તરફ હલકી વરતણુંક ચલાવે છે. ખરાબ કાયદા બાંધવાને હીંમત કરે છે. અને આપણને ઉતારી પાડે તેવા સ્થિતિમાં મુકે છે. હીંદીઓનું માન તેમનો મરતબો બનાવી રાખવાને કોલોનીના કોઇ હીંદીભાઇએ પ્રયત્ન કરવો હોય તો તે મી. ગાંધીજી છે.

પોતાના હક માટે–પોતાની કોમ માટે પોતાના માન માટે પોતે એક સંપ થવું જોઇએ–એક મત થવું જોઇએ. અને તેવા પરિણામે એક સંસ્થા બાંધવી જોઇએ.

એસોસીએશન સુધ્ધ ગમ તેટલા ઉપરથી જ અનુમાન કરવાનું છે કે તેઓને કેટલી દરકાર છે, એવી સંસ્થા પાછી શરૂ કરવી જોઇએ. પરંતુ તેમાં હીંમતવાળાં માણસો, પુરતા પૈસા, મજબુત એક સંપી, દૃઢ સંકલ્પ અને સ્વમાન બનાવવાની એક નિમિતતા, વિગેરે સાધનો પુરતાં જોઇએ છીએ. હજી કેટલાક માણસો એવા છે કે જે એસોસીએશનને પાછો પુર જોસમાં આવેલ જોવાને ખરા દિલથી ઇચ્છતા છે. આ સંસ્થાને ચલાવવાને એક કાંઇ ઉભું કરવું જોઇએ. અને તેમાં દરેક હીંદી દીઠ દરમાસે અમુક રકમ ઉઘરાવવી જોઇએ. આજપાસનાં ગામમાં વિગેરે તમામ ઠેકાણે તેના પ્રતિનીધી નીમવા અને દરમાસે હીંદી ની ઠરાવેલ રકમ તે પ્રતિનીધી ઉલાગોગ્યા ગેની મુખ્ય શાખાએ મોકલી આપે. અમુક રકમથી તો ઓછું ચાલવાજ નહિ તેને, એક ધારો કરવો જોઇએ. મને ઉમેદ છે કે તેથી એક મોટું કાંઇ બેસી જશે. કોમ ના કામ માટે શહેરમાં વસતા કેટલાક ગરબાગાંઠયા માણસો સિવાય કોઇ ના નહિ પાડે તેને માટે ખાત્રી કરું છું.

આપણામાં જો સંપ હોય તો બ્રીટીશ કોંસલપર પણ આપણું કાંઇક દબાણ કરી શકીએ, પરંતુ કુવામાં ન હોય તો હવાડા માં કયાંથી આવે? અહીંઆં એટલા હીંદીઓ છે કે બાર પાંચ સંસ્થાઓ ખુશી થી ચાલી શકે એવા વેપારી મંડળ, ડીબે ટીંગ સોસાયટી વિગેરે અને હોંસી, ઉમંગી, ખંતીલા, દૃઢ મનવાળા, એકસંપ કરી, આ બાબત ઉપર પુરો ખ્યાલ કરશે.

માણસો તો છે પરંતુ મન કમાં નહિતર તેવી સંસ્થાઓના કાર્યકર્તા આંધી બાંધવા બેસું તો પાર ન આવે, સહન કરવાની પડી ગએલી ટેવથી હાડમારી વધતી જાય છે, માયું ઉચું કરીને હવે જોવું જોઇએ. મુરબ્બા બાબા ગએલ એસોસીએ શનને પાછી સજીવન કરવી જોઇએ. ઇડિયાનું માન ન બાળવે તે દેશદરોહી કહેવાય. અને આંહી તેના અપવાદ બહુ થોડા જ હશે. કલરડ રેસનો બ્યાલ આંહી પણ પેસેલ છે અને આપણી વિરૂદ્ધ રાજ્ય તી જે લાગણી છે તે દુર કરવાનો પ્રયત્ન કરવો જોઇએ અને તેમ કરવામાં આપણે કેટલાક ભોગ આપવાની પણ પુરતી જરૂર છે. તેમાં સદુથી ઉત્તમ તો સંપની જરૂર છે.

અહીંના લોકોની કેવી લાગણી છે તેનો બ્યાલ બારથી પુરતો નહિ આપી શકાય. પોરટુગાલ બ્રીટીશ સબજેકટના એક ગોરાને ગાળ દેશે તો બેચાર જમાદાર બાઇ બેસશે બારે ઇડિઅનને કહેશે તો ઉલટાનો ઇડિઅન તરફથી એવો જવાબ મળશે કે ઘણો ઉપકાર થયો. સ્ટીમર ઉપર ગાળો ખાવી અને મકા બાવા. સારજંટ હાસેલા મુરી ઢાંઢી મુકે અને મોટા મોટા શેઠીઆઓ પણ માનભંગ થઇ બેસી રહે. અહાહા ખરેખર કેવી લાગણી ના મનુષ્યો છે તેની કાંઇ બબર નથી પડતી. અહીંનોજ એક ઇડિઅન કહેતો હતો કે 'ઇડિયામાંથી કચરો બધો કાઢીને આંહી ભર્યો છે.' એક નાનકડી સરખી લાઇબરેરી છે તેનીપણ કોઇને દરકાર નથી. એક હીંદુ અને પારસી બીજા હીંદુ ઓને બાળવાનું સ્મશાન છે છતાં કહાણી

પરંતુ કોઇ સામું ન જુએ! અરે કેવું અન! ઇંડિઅન માટે ઇંડિઅનનેજ લાગણી ન હોય તો એકપરદેશીને તો કયાંથીજ હોય! ધરમાદાનાં ધરો વેસ્યાઓને તેમનાં નીચ કરમ કરવા માટે આપજો. પોલાક જેવા માણસ આવે ત્યારે મીટીંગમાં આવવાની હા પાડી પછી ન આવવું અને બીચારા પોલાકને શરમાઇને પાછું જતું રહેવું પડે. કહો, કેટલું સરમાવનારૂં? હમણાંજ કાયદા એવા સખત છે કે જેની વાત નહીં.

આપણે બ્રિટીશ રૅયત છીએ અને બ્રિટીશ રૅયત તરીકેના દરેક હક આપણે આપણા કૉંસ્યલની મારફતજ માગવાના છે. અધુરામાં પુરો કલરડ રેસનો ખ્યાલ દાખલ થયો છે તે એવો છે કે દરેક હીંદી ને પુરી હાડમારી ખમવી પડે છે. એક બાજુ બ્રિટીશ રૅયત અને કાળો બ્રિટીશ પ્રજા વચ્ચે કેટલો તફાવત છે તે દર રોજ બારી પેઠે જણે છે. પોતા ચઢાવવા આવ્યા નીરમુળા છે. દરેક સાનુકુળ થાય અને પોતાનું માન જાળવવાનો ચાલ આવે. બ્રિટીશ રૅયત તરીકેના માગવાની મરજી થાય. નહીં તો દરેક હીંદીની દયા હવે ફરીજ સમજવી."

લી. એક બ્રીટીશ સબજેક્ટ.

ઉલાગોઆબે, તા. ૧૭ ડીસેંબર

હૅદ્રાબાદ સંકટ નીવારણ ફંડ

મે. ક. ગો. ના અધીપતી જોગ

આપણે હીંદુસ્થાનથી મદદની આજણી કરી ઘણીજ અધીરાઇથી તેની આશા રાખી રાહ જોઇએ છીએ. પરંતુ હીંદુસ્થાન તરફની આપણી ફરજ અદા કરવામાં આપણે કેટલા પછાત છીએ તેનો એક દાખલો આપવાની રજા લઇશ.

થોડા દીવસની વાતપર નીઝામ હૅદ્રાબાદ કે જે એક પહેલી પંકતીનું મુસલમાની દેશી રાજ્ય છે તે ઉપર જે આસમાની આફત ઉતરી હતી તેથી હજારો કીંમતી જનોની ખુવારી અને લાખો રૂપીઆની નુકશાની સાથે લાખો માણસો બરબાદ બનીને થઇ ગયા હતા. આ વધતી આફતમાં ફસેલા-નીરાધાર-માટે મુસ્લીમોના દરેક ભાગમાં ફંડ ઉભા કરવામાં આવ્યા છે. આમ કરવું એ મનુષ્ય માત્રની ફરજ છે. પણ મારે દીલગીરી સાથે લખવું પડે છે કે દક્ષિણ આફ્રિકા તો હીંદી મંડળીઓએ જેવી કોઇ હીલચાલ લઇ કરેલી જોવામાં આવતી નથી. એ ઘણીજ કમનશીબી અને શરમની વાત છે. તેથી હું દરેક હીંદીને ખાસ કરી મુસલમાન ભાઇઓને આજીજી સાથે ભલામણ કરવાની રજા લઉં છું કે જનતી ઉતાવળે એ પરમાર્થી સવાલ ઉપરથી લઇ પોતાથી બની શકતી મદદ કરી અને બીજાને ભલામણ કરી એક સારૂં ફંડ ઉભું કરવાની કોશીશ કરે. એવાજ કામોથી-ઇનસાન-ઇનસાન ગણવાને લાયક બને છે. ઉમેદ છે કે દરેક પોતાની ફરજ બજાવશે. કહ્યું છે કે,

ઔર

દીલસી નહી ચે રહેમકા જરમે અસર નહી;
જરકા ખુદાકા ખોફ નહીં ચે અસર નહીં.

લી. મજબુમ.

તા. ક. તમો એ ફંડ ખોલવાની કબુલાત આપો તો એમાં પા. ૧-૧-૦ મોકલવા હું કબુલ થાઉંછું.

[આ ફંડ માટે અમને જે પથસા મળશે તે અમે ખુશીથી સ્વીકારશું અને તે રકમ હૅદ્રાબાદ મોકલી આપશું. આ હોનારત થયાને લાંબો વખત વીતી ગયો છે એટલે પથસા ભરનારાઓ જલદીથી મોકલી આપશે એવી ઉમેદ રાખીએ છીએ. ઓ. ઇ.]

ધરચુરણ ચરચા

જોહાન્સબરગથી રામજી હાસજી ખુથાડ વાળા જણાવે છે કે ગયા અકમાં પાનીયા ભાઇ હરીલાલ અને ખુલાભાઇ લખમીદાસ જણાવી ગયા કે અમો ગેરી કાયદાને શરણે થયા નથી અને થશું પણ નહીં. વારતે અમારા આગેવાનો મકનભાઇ વાલજીભાઇ, નાનાભાઇ વલભરામ, ભનીયાભાઇ છીગ લાભાઇ, ખુતીયા ભગત, એ અમારી સાથે આવશે તો અમો જેલમાં જવાને તયાર છીએ. અમારા આગેવાનો એ ઘણી સારી પહેલ કરી છે માટે આપણે પોતે જેલ જઇ આપણી ફરજ કરી બતાવવી.

જોહાન્સબરગથી મી. કાસમ મુસા બારજર મટવાડ લખે છે કે ટ્રાંસવાલની લડતમાં મી. ગાંધી, ઇમામ સાહેબ, નાતાલના શેઠીઆ, અમારી જનવાળા મી. ઇબ્રાહીમ હુસેન અને બીજાઓ જે જેલમાં ગયા છે તેમને હું મુબારકી આપું છું. તેમને પગલે ચાલવા હું મારી પોતાની ફરજ સમજી ચાલવાને તયાર છું. એ ખુદાપાક, અમારા ભાઇઓને હીંમત આપજે અને તેમને જીત આપજે. વીગેરે.

જોહાન્સબરગથી ઇ.ઉદ ખરમાઇલ વેડછેવાળા હમામ લખે છે કે અત્રેના એક બારજર ઢાવડા આકુબએ તા. ૨૮-૧૧-૦૮ના. છાપામાં લખેલું કે પોતે બે વખત પોતાની દુકાન બંધ કરી જેલમાં જઇ આવ્યો. પરંતુ એવા નામનો કોઇ પણ બારજર અહીં છે નહીં અને જેલમાં પણ ગયો નથી. તેના સરનામાની કોઇને ખબર નથી. તેનું કોકાણું આ પત્રદ્વારા જાહેર કરવું જોઇએ કારણ કે જો સાહેબ બે વખત જેલ જઇને આવ્યા તો અમારે અમારી હમામની કોમ મળી માનપત્ર આપવું છે.

જોહાન્સબરગથી મી. દીઆળ બચી લખે છે કે પાંચાભાઇ હરીલાલ તથા બીજા લખમીદાસ વીગેરે જેલ જવાને ખુશી બતાવે છે તેમની સાથે જેલ જવાને હું તયાર છું. મારી પાસે રજીસ્ટર છે છતાં તે બતાવીશ નહીં. આપણા મતીઆ ભાઇઓ એક સંપથી રહીએ છીએ. હીંમત રાખી જેલમાં જશું તો આપણું પાણી માલુમ પડશે અને આપણી જીત થશે.

કેરોલીનાથી મી. એસ. આઇ. ચાંપલ ધરાવાળા લખે છે કે આ ચાલુ લડતમાં અમારા ચીખલી તાલુકાના ભાઇઓ તન મન અને ધનથી ભાગ લેવા લાગ્યા છે. કેટલાક તો જેલ ગયા છે અને કેટલાક જવા છે. ઉધરાણામાં પણ તેઓ સારી મદદ કરે છે, હકીકતમાં અત્યાર સુધી પાછળ પડેલા હતા, પરંતુ હાલતો છાતી ઠોકીને આગળ પડયા છે. અને તે ચાલુ રાખશે એમ સરવે સાહેબોને મારી વીનંતી છે.

જોહાન્સબરગ, મેસરસ મકન પરાગ માછી, રેવજી રતનજી કોલા, જોવન છીબા માછી લખે છે કે તા. ૧૨ના ઇ. ઓ. માં જે ગેરી કાયદો તોડવાને સારૂ જેલ જવા હમારી કોળી જ્ઞાતીમાંથી પાંચ ભાઇઓએ નામ આપ્યાં તેની સાથે હમો પણ જેલ જવા તયારછીએ. એ પાંચ નામોના એક જણ પાસે ઉધરાણાના પા. ૫૮-૧૨-૬ છે તે એ બિ. ઇ. ઓ. માં આપી દેવા જોઇએ. અને છાપાદ્વારા બહાર પણ પાડવું જોઇએ.

જોહીન્સબીયથી મી. ખરમામદ આદમ જોગીઆત લખે છે, ઓરેડ સામના કબર રતાનની જગ્યા ખુલી છે તેમાં ઠોર બહાર

કબરોને બાગી નાંખે છે અને કબર ઉપર નાપાકી પડે છે માટે અગ્નિના બીરાદરો ઉઘરાણું કરી કબરસ્તાનનો જંદોબસ્ત કરશે એમ આશા રાખું છું.

મેફેકીંગથી એક લખનાર જણાવે છે કે આ તરફ કોઇ ફેરીવાળો એવો છે કે પ્રથમ સહેરમાં સારો લેવદેવનો સંબંધ રાખી વેપાર શરૂ કરે અને જ્યારે જરાપર વિશ્વાસ બેસે તે વખતે મોટી રકમનો માલ ખરીદી લોકોને ઠગી દઇ ચાલતો થઇ જાય અને પછી બીજા ગામ સાથે કામ પાડે. ત્યાંપણ તેવુંજ કરી ત્રીજી જગાએ જાય. આવા લોકોથી વેપારી તેમજ બીજા આસામીઓએ સાવચેત રહેવાનું છે.

દંડીના ફેરીવાળા મી. હારા ખમીસા લખે છે કે હું તા. ૧૨ સનીવારે બપોરે ન્યુકેસલ ડીસ્ટ્રીકટમાં ઉઘરાણીએ જતો હતો ત્યારે મારા ઉપર વિજળીની ઝપટ વાગી. હું થોડા વખતસુધી બેહુશ રહ્યો, હાથપગ થરથરવા લાગ્યા, અને જાણે અંધારી રાત હોય એમ દેખાવા લાગ્યું. અને મારા પર કોઇએ લાકડીનો ઘા કરયો હોય એમ જણાયું. શુદ્ધીમાં આવતાં મારાથી ૧૦ થી ૧૨ હાથને સુમારે એક ખાડો જોવામાં આવ્યો જ્યાંથી ધુમાડાના ગોટા નીકળતા હતા. આ મુલક માં રવિવારે માણસ બહાર નીકળતા નથી. મારા ઉપર ખુદાએ મેર કરી. નહી તો મારા મડદાને કુતરા ફાડયા ખાત જાત અને કાંઇ પતો લાગત નહીં. તેથી વર લાદમાં કરવું અને એકલું જવું ઠીક નથી એમ હું મારા ફેરીવાળા ભાઇઓને જણાવું કરું છું.

ન્યુકેસલથી 'મદરેસાના બેરખાં' લખે છે કે સુંદર મદરેસાએ ઇસ્લામીયાની હકીકત વારંવાર વાંચવામાં આવે છે એ ખુશીની વાત છે. પણ તે ચલવા બીજા સહેરવાસીઓ તરફથી થાય છે. તેના સ્થાપકો કે ટ્રસ્ટીઓ તરફથી કાંઇ જોવામાં આવતું નથી. તેમણે ડરબન ને ટ્રાંસવાલથી શું ઉઘરાવ્યું તે તથા કોઇ રકમનો રીપોરટ જાહેરમાં આવેલ નથી; તો ટ્રસ્ટીઓ તરફથી રીપોરટ જાહેર પાડવામાં આવશે તો બીજાઓ ફંડમાં પૈસા ભરવા ખુશી બતાવશે.

જોહાનેસબરગથી 'સ્વજાતીબંધુ' લખે છે કે અત્રે રહેતી વસ્તીની કોમ તરફથી બોઅર ડીપ્યુટી ઉપર બી. ઇ. એસોશીએશનને માટે ઉઘરાણું કરવાને એક મીટીંગ મળી હતી. ઉઘરાણું બરાબર થયા બાદ બીજી મીટીંગ પદ્ધતીની બાબત વ્યવસ્થા કરવા બોલાવવામાં આવી હતી. તેમાં પા. પ શ્રીયુત તીલકના કુટુંબ ઉપર બોકલી બારીના એસોસીએશનને આપવા નો ઠરાવ થયો હતો. હાલ તપાસ કરતાં પકકે પાયે મને બબર મળ્યા છે કે હજુ સુધી શ્રીયુત તીલકના કુટુંબ ઉપર આ પદ્ધસા મોકલાયા નથી. તો શું તે શરમ જેવું નથી? આખી કોમે ભેળા મળી જે ઠરાવ પાસ કરયો અને તેની વ્યવસ્થા કરવાનું અમુક માણસને સોંપેલ. તે મુજબ શા માટે વ્યવસ્થા કરવામાં નથી આવી તેનો ખુલાસો આ છાપા મારફત તે અમુક માણસ કરશે એવી હું આશા રાખું છું.

રૂટરના તાર સમાચાર

કોન્સ્ટાંટીનોપલનો એક તાર જણાવે છે કે ના. સુલતાને પારલામેન્ટના બાંધણ વખતે આશા બતાવી કે બાલકન મુશ્કેલીનો સુલેહ ભરયો અંત જલદીથી આવી જશે. ના. સુલતાને દરીયાઇ તથા ખુશકી લશ્કર ને મજબુતી આપવાનું જાહેર જાહેર કરયું હતું. તેમણે પારલામેન્ટ અને તેના મેંબરો ની આબાદી ચાહી હતી. લોકોએ ઘણીજ ખુશાથી બતાવી હતી. ના. સુલતાનને હુનીઆની સઘળી પારલામેન્ટ તરફથી મુબારકબાદીના સંદેશા મળ્યા હતા.

જાણીતા અંગ્રેજ મુલાકાત લેનારા અને પરદેશી બાબતોના ટરકીશ પારલામેંટની એક વખતે હાજર રહેવા ની મનાઇ કરવામાં આવી છે.

મીસીસ તથા મીસ પાનકરટ જેમને હાઉસ ઓફ કોમન્સ ઉપર ધસારો કરવાને લોકોને ઉસ્કેરણી કરવાના સંબંધમાં જેલ મળી હતી તેઓ બે મહીને જેલમાંથી છુટયા છે. વોટને માટે લડત લેતી બાઇઓએ તેમને અસાધારણ માન આપી વધાવી લીધા છે. મોટાં સરઘસ કાઢવામાં આવેલાં હતાં જે કલાકો સુધી વેસ્ટ એંડના જાહેર રસતા ઉપર વાવટા અને ગાડીઓ લઇ બેંડ સાથે સુર ચડાવનારાં ગીતો ગાતાં ફરતાં હતાં. આ સુરઘસમાં સંખ્યાબંધ બાઇઓએ વોટનો લડત સુચવનારો બાંસ ડરેસ પહેરયો હતો.

રોકડ બજાર ભાવ

	શી. પે.	શી. પે.
ચાવલ માંઝ રંગસ્તાની	૨૫ ૦ થી	૨૫ ૬
બીજડીના ,,	૨૯ ૬ ,,	૩૦ ૬
એચ. એચ. ડી. આર.	૨૨ ૦ ,,	૨૨ ૬
એચ. ડી. આર. ,,	૨૦ ૦ ,,	૨૦ ૬
ચીની સકકર ,,	૨૪ ૦ ,,	૨૫ ૦
દુંડાના ,,	૨૪ ૦ ,,	૨૫ ૦
દેશી તુવેર દાળ	૨૩ ૦ ,,	૨૩ ૬
તુવેર દાળ કાનપુરી	૨૩ ૬ ,,	૨૪ ૦
મસુરની ,,	૨૪ ૦ ,,	૨૪ ૬
મગની ,,	૨૯ ૦ ,,	૨૯ ૬
અડદની ,,	૨૯ ૦ ,,	૩૧ ૦
અણા મુંબઇના ,,	૨૨ ૦ ,,	૨૩ ૦
,, દાળ ,,	૨૮ ૦ ,,	૨૯ ૦
વટાણા ,,	૧૦ ૦ ,,	૧૦ ૬
નકાષ ,,	૧૬ ૦ ,,	૧૬ ૬
બીનીસ	૧૬ ૦ ,,	૧૭ ૦
કડવુ તેલ ૧ ગેલન	૩ ૩ ,,	૩ ૬
એરંડીનું ,,	૨ ૬ ,,	૨ ૮
બીનું ,,	૩ ૬ ,,	૩ ૯
નાળીએરનું ,,	૩ ૬ ,,	૩ ૮
આંબા સફેદ નાતાલની	૧૫ ૬ ,,	૧૭ ૬
પીળી ,,	૧૪ ૬ ,,	૧૫ ૬
તીરકુળ નાતાલ	૧૦ ૬ ,,	૧૧ ૬
આટો	૧૧ ૩ ,,	૧૧ ૬
અડાસી સોપારી ૧ રતલ	૭આ	૦ ૬
મરચાં	૦ ૪ ,,	૦ ૫
બી પેટી ૪ ટીનના પૈ	૭ ૧૦ ૦ ,,	૭ ૧૫ ૦
પોરબંદર ,,	૮ ૫ ૦ ,,	૮ ૧૦ ૦
પારાશીન ઓરોહેડ		
,, વાઇટ રોસ	૮ ૨ ,,	૮ ૫
,, ,, ગાલન	૧૧ ૬ ,,	૧૨ ૬
નાળીએર	૧૦ ૦ ,,	૧૧ ૦
કલી	૬ ૬ ,,	૭ ૦
ડાયમંડ સેપ	૧૩ ૦ ,,	૧૩ ૬
સાબુ સીક્ક રટોન	૧૧ ૦ ,,	૧૧ ૬
સાબુ સનલાઇટ	૪૨ ૬ ,,	૪૫ ૦
નેકટર ટી	૧ ૮ ,,	૧ ૯
આચીસ ગાલન	૨ ૧૧ ,,	૩ ૦
સોપારી સેવરણની	૦ ૧૦ ,,	૧ ૦
નીકલ પોકેટ સીગારેટ	૧૬ ૬ ,,	૧૭ ૦
દુધ નેસલનું	૨૦ ૩ ,,	૨૧ ૧
નીમક (લીવરપુલ)		
ભરતા એકની	૪ ૬ ,,	૪ ૭

જાહેર ખબર.

સ્વસ્થાન પોરબંદરની મુનસફ કોર્ટ.

દિવાની રેગ્યુલર કેસ નંબર ૯૩ સને ૧૯૦૭-૦૮

પટેલ વીઠલ હંસરાજ રહેવાસી કડોદરા. વાદી.

વિરૂદ્ધ

પરજીયા સોની આણંદ મસરી રહેવાશી વડવાળા, હાલ કરબન. પ્રતિવાદી.

દાવો રૂ. ૩૧૯–૧૨–૯

પ્રતિવાદી સોની આણંદ મસરી રહેવાસી વડવાળા હાલ કરબનનાને આ જાહેર ખબરથી ખબર આપવામાં આવે છે કે આ કામના વાદીએ તમારા ઉપર દાવો આંણેલ છે તે કામમાં તમારા ઉપર બે ત્રણ વખત સમન કઢાવ્યા, તે સમન બજવા દેવાના હેતુથી તમો નાસતા ફરો છો ને સમન બજવા દેતા નથી જેથી આ કામની છેવટ મુકરર તા. ૨૪ જાનેવારી ૧૯૦૯ના રોજ કોરટના ટાઇમ ૧૧ વાગે હાજર થવુ હાજર નહીં થશો તો કાયદેસર હુકમ કરવામાં આવશે.

આજ તા. ૧૮ માહે નવેંબર સને ૧૯૦૮ ના રોજ મેં મારી સહી તથા કોરટ નો સીક્કો કરી આપ્યું.

સ્વસ્થાન પોરબંદર મુનસફ કોરટ.

વો. ગોકલદાસ.
આ. મુનસફ.
સ્વ. પોરબંદર.

"રાજસ્થાન"

દર શનિવારે ૨૦ પૃષ્ટના કદમાં અમદાવાદમાં અહાર પડે છે. તેમાં ના લેખો સ્વતંત્ર કલમથી લખાય છે, કાઠિયાવાડ, ગુજરાતના તાજા ખબરો અપાય છે. દક્ષિણ આફ્રિકામાં વસતા હીંદવાસીઓના હકની લડત તેમાં મજબુત રીતે ચલાવવામાં આવે છે. ચાલુ વરસમાં ગ્રાહક થનારને એક ઐતિહાસીક નવલકથા નામે **કાશ્મીર અને કેસરી** (૨૫૦ પૃષ્ઠ) ભેટ આપવામાં આવે છે. વાર્ષિક લવાજમ (આફ્રિકાના ગ્રાહકોને માટે) માત્ર રૂપી. ૪. ૫. ૩ છે. વળી તેમાં એક ચાલુ નવલકથા આપવામાં આવે છે. નમુનો મફત. લવાજમ અગાઉથી લેવાનો રિવાજ છે.

મેનેજર—રાજસ્થાન, અમદાવાદ (ઇંડિયા).

Remember!

INDIAN OPINION DIARY is given to every Subscriber whose subscription is fully paid up.

A Book—and its Misnomer

A REPLY

Being a Brief Examination of "The Asiatic Danger in the Colonies" by L. E. NEAME.)

By the Editor of INDIAN OPINION

To be had from the Publishers: The International Printing Press, Phoenix

Post Free, 7d.

આર્ટ પેપર ઉપર છાપેલા સુંદર ફોટોગ્રાફ.

માનવંતા દાદાભાઇ નવરોજજી.
ઓ. જસ્ટીસ બદરૂદીન તયબજી.
મી. એમ. એચ. નાઝર.
ઉડપન સ્ટ્રેયર બેરર કોર.
અફઘાનિસ્તાનના અમીર.
મી. અમીરૂદીન કુજંદાર.
મેસર્સ એમ. કે. ગાંધી, અને એમ. એ. અલી.
મી. સોરાબજી શાપુરજી અડાજનીઆ.
પ્રીટોરીઆ માસ મીટીંગ.
કરબનના આગેવાનો વિગેરે.
મી. આદમજી મીંઆખાન.
મી. ઉમર હાજી આમદ ઝવેરી.
મી. ઇમામ અબદુલ કાદર બાવાજીર.

કીમત: દરેકની પેની એક. પોસ્ટેજ અરધી પેની.

કેપ ટરાંસવાલ તથા રોડેશીઆના પણ સ્ટાંપ સ્વીકારવામાં આવે છે.

ઇંડિયનોપીનીયન પ્રીંટીંગ પ્રેસ, ફીનીક્સ, નાતાલ.

જાહેર ખબર

એક સત્યવીર કથા તથા મુરતજ ઝમેલ પાસાનું બાવણ વિગેરે ચોપડીએ જોહાનેસ્બરગમાં મી. એમ. કે ગાંધીની ઓફીસમાં અને ફેમડાઉનમાં મેસરસ કુમલ બધરમલ સ્ટોરમાંથી મળશે.

Gandhi Heritage Portal

WESTERN INDIA

Army Boot and Equipment Factory,

BOMBAY, India.

GOLD MEDAL
Madras Industrial and Art Exhibition, 1903

(ESTABLISHED 1887)

TWO GOLD MEDALS
Bombay Industrial and Agricultural Exhibition, 1904.

PROPRIETORS—

Messrs. Adamjee Peerbhoy & Sons.

MANUFACTURERS OF—

Military Ammunition Boots, **Volunteer Ammunition Boots,**
Police Ammunition Boots, **Sandals, Gurgabi Shoes, &c**

Military, Volunteer and Police Harness, Saddlery, Accoutrements, etc., etc.
Leathers:—Russian, satin and black waxed calves, harness leathers of all kinds bag and carriage hood hides, Morocco, etc., etc.

Civilian Boots, shoes, harness and saddlery of every description.

Travelling Requisites:—Overland Trunks, dress cases, suit and shirt cases, portmanteaux Gladstone, brief, hand and courier bags, hat boxes, bed straps, soiled-linen bags, stick cases, etc., etc.

Mill Stores:—Single and double leather belting, Ginning rollers and washers, Roller skins pickers, hose pipe, etc., etc.

Miscellaneous Leather Goods:—Puttee and lace gaiters, collar boxes, brush cases, cigar and cigarette cases; school bags, Peon's bags, Mussacks, Syce's belts, bottle, and tumbler cases, luggage labels, etc., etc., etc.

ALL ARTICLES GUARANTEED SOLID LEATHER.

Price List on Application.

Gandhi Heritage Porta

પાવલ.

(ખાડાખાડર)

૧૯૧૫ રતલના ખરતાએ પી. ૧૮/–થી૨૦/–
ખરીદી જેમ પોતી તેમ ભાવ મળના
ન અથવા બાકીના વેપારીઓને ઉધાર. બીજે
થી ખરીદયા પહેલાં અમારો સાન્પલ અને
ભાવપત્રો.

COLONIAL SHIPPING Co. LIMITED
BOX 761 DURBAN.

A. A. RAHEMAN.

ERAL MERCHANT AND DIRECT
IMPORTER OF INDIAN GOODS,
nd 641, 21st Street, VREDEDORP,
ox 3040, JOHANNESBURG.

BRAHIM CAMROODEEN.

GENERAL MERCHANT.
kal Leaf Tobacco a Speciality.
GRAY STREET, (Camroodeen's Buildings.)
Add.: "AJMERE." Durban.

M. A. Karodia & Co.,

GENERAL MERCHANTS
ers in all kinds Box 3598.
Indian Groceries & Soft Goods.
Market Street
JOHANNESBURG.

A. A. PILLAY,

Wholesale Fruit & Produce
ler and Commission Agent
Box 1353
49 President St., Johannesburg.

HE IMPERIAL CIGAR

nufacturing & Trading Co.,
rge stocks of the best brands of
Cigars and Cheroots
always on hand.
hone 387. Tel. add: "CHEROOT"
Cigar Buildings Umgeni Road,
DURBAN.

M. E NAGDEE & Co.,

al Merchants & Direct Importers,
Wholesale & Retail.
Office: Box WARMBATHS,
and at NYLSTROOM.

ઈ. ઈ. દાદાભાઈ

૨૨ મી ઓટ, મલાય સેટલમેન્ટ.
ઓફસ ૨૩૮૮ જોહાન્સબર્ગ.

B. K. PATEL,

Fruit Merchant & Commission Agent.
28, PRESIDENT STREET,
P.O. Box 5250.
JOHANNESBURG.

ભવાન કાનજી પટેલ.

ફ્રૂટ મરચન્ટ એન્ડ કમીશન એજન્ટ.
૨૮ પ્રેસીડન્ટ સ્ટ્રીટ.
પી. ઓ. બોક્સ, ૫૨૫૦
જોહાન્સબર્ગ.

ગોપાલજી મગન.

Mattress Maker, Wholesale Importer,
Dealer in Bedsteads, Coir Tickings,
Mattress Cases, Feather Pillows.
3 Market St. (West), Box 6028. JOHANNESBURG

SOOKAR LAXMIDAS,

TAILOR & OUTFITTER.
ઓરડર મુજબ સુટ બનાવી આપવામાં
આવે છે.
& 35 Market St., JOHANNESBU

નાગરદાસ હરી સોની

કરેક ૨૪મના સોના ચાંદીના સરસ
દાગીના બનાવનાર.
ઓફ ન. ૨૪૪–૨૪૫. ચેરિયાડીક બ્લાક,
જોહાનીસ્બર્ગ. P.O. Box 280 Pretoria

V. BROS.,

TAILORS AND OUTFITTERS,
Stand No. 6, BOKSBURG LOCATION
P.O. Box 77.
ઓરડર મુજબ સુટ બનાવી આપવામાં આવેછે.
Suits Made to Order. Moderate Prices
Patterns of Latest Fashioned Cloth can be sent and
supplied to order. Old Suits well repaired.

N. KALIDAS & CO.,

TAILORS AND OUTFITTERS.
ઓરડર મુજબ સુટ બનાવી આપવામાં
આવે છે.
36 MARKET STREET,
BRANCH: 147 MARKET STREET. Johannesburg

Mehta & Khanderia Bros.,

MERCHANTS & IMPORTERS
Market St., and at Spelonken,
Tel. add. "KHANDERIA." Box 160
PIETERSBURG.

RATANJI RUGHNATH,

TAILOR and OUTFITTER.
ઓરડર મુજબ સુટ બનાવી આપવામાં
આવે છે.
27 MARKET STREET,
JOHANNESBURG

HORMAJCY IDOLCY,

DIRECT IMPORTER
—AND—
GENERAL MERCHANT
P.O. Box, 392, LOURENCO MARQUES.

SUN BRAND TOBACCO WORKS 164 Grey Street Durban.

SUN CIGARS, SUMATRA CHEROOTS
BOER TOBACCO
VIRGINIA TOBACCO, SHAG, &c.
At Lowest Wholesale Prices.
Box 88. Tel. Address: "
Telephone 864.

સસ્તો અને ઉમદા માલ.

ગન સીગારેટ, સુમાત્રા ચીરૂટ બેસ્ટ
ગીના કેક વગેરે બધાની તમારૂ ઓર્ડર
મારી મળશે.
ગન બ્રેન્ડ ટોબેકો વર્કસ.
૧૬૪ ગ્રે સ્ટ્રીટ, ડરબન.

દેશી મીઠાઈ.

સારી અને સસ્તી, ચોખ્ખા ઘીની
કે, બનાવી,
૧૬૦ ગ્રે સ્ટ્રીટ ડરબન.

Ismail Amod Kafee,

GENERAL MERCHANT & DEALER
Market Square, P.O. Box
KRUGERSDORP.

GOOLAM MOHIDEEN,

GENERAL MERCHANT
P.O. Box 3755
2 Crown Road, Fordsburg.
JOHANNESBURG.

Vrajdas & Lalchand,

GENERAL MERCHANTS
Importers & Commission Agents,
Wholesale and
P.O. Box 92. Lourenco Marques

A. M BHYAT,

Wholesale & Retail Merchants
Market Street, Box
HEIDELBERG.
Branches:— Pietersburg, Box
Nigel, Box 43
Tel. Address: "

V. G. MAHARAJ,

Indian Silk Merchant and Direct Importer.
Corner of PRESIDENT and
VON BRANDIS STREETS.
Between Eloff and Von Brandis Streets.
3 doors from Store Bros.
P.O. Box 4109. Tel. Add: "
JOHANNESBURG.

M. E. SEEDAT,

General Merchant and
Produce Agent.
Branch: INGOGO.
Tel. Add: "SEEDAT."
Box 7, NEWCASTLE.

Gandhi Heritage Portal

BEATLEY & COMPANY.

REGISTERED

"BEE"  BRAND.

TRADE MARK.

ઉપરોક્ત રાષ્ટ્ર બીજ એ દુકાનની સરસેમાં સરસ ઓદર બળર. "Bee" મારકા ... ગ્રાહકોને સંતોષ આપવા માટેજ બનાવવામાં આવે છે.

DURBAN:
[illegible] SMITH STREET,
P.S. BOX 393 Telegrams: "BEETLE." P.O. BOX 12

JOHANNESBURG.
156 MARKET STREET.

A. E. CHOTABHAI,

MERCHANT.

P.O. Box 33,

KRUGERSDORP.

G. H. MIANKHAN & Co.,

General Merchants & Direct Importers,

Oldest Established Native Goods Merchants.

NATIVE CURIOS MANUFACTURED ON THE PREMISES.

ALSO ESTATE OWNERS.

HOUSES. OFFICES SHOPS &C. TO LET.

APPLY—

124 & 126 FIELD STREET.

P.O. Box 97. Tel Address: "MIANKHAN," Durban Telephone No. 855

રૂટરના તારની કંપની, લીમીટેડ.

હિંદુસ્થાન તથા યુરોપ માટેના તારના સસ્તા દર.

[illegible] કંપની રાષ્ટ્રપક્ષ વેપારીને માટે હિંદુસ્થાન, બ્રાઝીલ, યુરોપ, મોરેશિયસ તથા ... તાર મોકલી શકે છે. નિયમીત ગ્રાહકોને દર સહેલા કીંમતે ... આપવામાં આવે છે.

[illegible] કંપની વધે અમારા ટપાલથી દુનિયાના કોઈપણ ... પર પૈસા મોકલી શકે છે.

[illegible] કંપની તાર મોકલનાર તથા લેનાર બન્નેના સરનામા ઇંગ્લંડ કરે છે. આ ... માટે કાયમનું પરવાનો લેવાનો નથી આવતો. [illegible] માટે ૧૨ મુ. છે તે ... કીંમતે છે. આવી રીતે નામ ઇંગ્લંડ કરાવી ૧૨ મહીનામાં તાર લેવા તથા ... પણ કરવે ૬૨ નામ ઉઠેલી શકાય છે.

... ૨૬૨ પોતાના આવેલા તાર રૂટરની કંપની તેના અમલ ... લેનાર બન્નેને ... છે.

... વિગત માટે નીચેને સરનામે લખો.

... રૂટરની એજન્સી, ... એજન્સ બીલ્ડીંગ્સ, ... રોડ, ડરબન.

... રૂટરની એજન્સી, ... ઓફીસ, ... સ્ટ્રીટ.

... રૂટરની એજન્સી, ... ઓફીસર સ્ટ્રીટ, ... રોડ, ... બિલ્ડીંગ્સ.

SMOKE

"OUR BOBS"

CIGARETTE

THE BEST 3d PACKE

IN THE MARKET.

10 of the faces of these boxes enti... you to a free packet of these Cigarett... from your Tobacconist— 100 of sam... to 1/6 cash or 10 free packets. By t... you share our profits.

ઉપયોગીવાળું આવું સસ્તુ પાકીટ બીજે ક્યાંય નથી

આ પાકીટના ઉપરના આંકોના દરા ... ઉપરાંત ડેકાલ્ટેરી એક પાકીટ મફત ... સ્વરૂપ છે. ૧૦૦ સ્ટર્લીંગ દરી. ૧/૬ નવાઇ આપ ... પાકીટ મફત. અમારી આ ... અમારા નફામાં ભાગીદાર થાવો છો.

M. C. ANGLIA & Co.

GENERAL MERCHANTS

DIRECT IMPORTERS

339 Pine Street. DURBA...

P.O. BOX 59

Telegraphic & Cable Add.: "ANGLIA."

Codes used ABC 4th edition and ...

A. Mahomed Hussan & Co.

MERCHANTS AND IMPORTERS,

WHOLESALE AND RETAIL,

Stand No. 62. Corner Kaffir & 14th Street,

VREDEDORP, JOHANNESBURG.

Box 632. Tel. Add.: "FAJALNAT"

Head Office: Vadsar Chara, India.

M. P. FANCY,

MERCHANT & IMPORTER

WHOLESALE AND RETA...

એમ. પી. ફેનસી.

હોલસેલ ને રીટેલ મરચંટ.

ખરિદ્દમન મોકલી જણાવેલ ... ની મંગાવી સસ્તે દામે વેચવામાં ... ૨. ખાસ કી પોરબંદરનું તથા ... -મરસ ચાવલ-ચોખું ... ૧૪. અજમાવેશ કરી જુઓ ...

STAND 512, 17th Street, VREDE...

Box 6035, JOHANNES...

Telegrams: "FANCY."

Gandhi Heritage Portal

Printed and Published by M. K. GANDHI, International Printing Press, Phoenix, Na...